ઉપોદ્ઘાત

[આગલી આવૃત્તિમાંથી]

મહર્ષિ વાગ્ભટે આ હૃદયરૂપ 'અષ્ટાંગહૃદય' નામના આ ગ્રંથમાં આયુર્વેદના આઠે
ગોને શ્લોકબદ્ધ કર્યા છે એટલું જ નહિ, પણ આયુર્વેદનો સમગ્ર ઉપદેશ શ્લોકોમાં પણ સૂત્રરૂપે
ાં છે આ ગ્રંથમાં ચરક અને સુશ્રુતસંહિતાનો ઉપદેશ ટૂંકમાં છતાં સંપૂર્ણ સમાવી દીધો છે.
જેમ ઉપનિષદો, ૫ અને ભગવદ્ગીતા એ વેદાંતની પ્રસ્થાનત્રયી છે, તેમ ચરકસંહિતા,
શ્રુતસંહિતા અને આ એ આયુર્વેદની વૃદ્ધત્રયી છે આ ઉપરથી પણ જણાય છે કે
યુર્વેદમાં અષ્ટાંગહૃદયનો મહિમા છે
આયુર્વેદમાં સાજાની અને સાજા થવાની એ બન્ને બાબતો આવે છે સૂત્રસ્થાનમાં દિનચર્યા,
ઋતુચર્યા, અન્નરક્ષા, માત્રીય વગેરે અધ્યાયોમાં સાજા શી રીતે રહી શકાય તેનો રસ્તો બતાવ્યો
પર તુ ભૂલેચૂકે પણ પડી જવાય તો સાજા થવા માટે આઠે અંગવાળી (સૂત્રસ્થાન અ૦
, શ્લોક ૫) અને સોળાવાળી (સૂત્ર૦ અ૦ ૧, શ્લોક ૨૬થી ૨૯) સંપૂર્ણ ચિકિત્સા આપી છે
આયુર્વેદમાં પુખ્તના માણસોની ચિકિત્સા (ચિકિત્સાસ્થાન અ૦ ૧થી ૨૨), બાળકોના રોગોની
ચિકિત્સા (કૌમારતંત્ર૦ અધ્યાય ૧થી ૩), ગ્રહચિકિત્સા (ભૂતતંત્ર ઉત્તર૦ અ૦ ૪થી ૭),
ાલાક્યચિકિત્સા (ઉત્તર૦ ૮થી ૨૪), શલ્યચિકિત્સા (ઉત્તર૦ અ૦ ૨૫થી ૩૪), વિષચિકિત્સા
ઉત્તર૦ અ૦ ૩૫થી ૩૮), રસાયન (ઉત્તર૦ અ૦ ૩૯) અને વાજીકરણ (ઉત્તર૦ અ૦
૪૦) એ આઠે અંગ એમાં સ્ત્રીઓના ખાસ રોગોની ચિકિત્સા છે (શારીરસ્થાન અ૦ ૧,૨,
ઉત્તર૦ અ૦ ૩૩), ઉ પણ છે (ઉત્તર૦ અ૦ ૨૭) તથા તે તે રોગ માટે સિદ્ધ ઔષધો
તથા ક્રિયાઓનો સંગ્રહ આપેલો હોય છે (ઉત્તર૦ અ૦ ૪૦ શ્લોક ૪૮થી ૫૮)
આયુર્વેદમાં યંત્રો અને શસ્ત્રો શાનાં, કેવાં, કેટલાં, કયા કામ માટે અને કેવી રીતે બનાવવાં તથા
એ કયાં અને કેવાં ૨૧, કેવી રીતે વાપરવાં વગેરે બધી માહિતી વિગતવાર આપેલી છે (સૂત્રસ્થાન
અ૦ ૨૫, ૨૬, ૨૮, ૨ વાઢકાપ કરતી વખતે દરદીને મૂર્છા ન આવે કે એને કપાયાની ખબર ન
પડે કે શસ્ત્રક્રિયા દરમિ વૈદ્યને હાથે થતી હેરાનગતિની એને ખબર ન પડે તથા નુકસાન ન થાય
એવા ઉપાયો પણ બ્યા છે (સૂત્ર અ૦ ૨૯, શ્લોક ૧૪,૧૫, ચિકિત્સા૦ અ૦ ૭, શ્લોક ૭૨)
શસ્ત્રક્રિયા શી રે કરવી, સોજાનું દારણ કે પાટન ક્યારે કરવું (સૂત્ર૦ અ૦ ૨૯, શ્લોક
૧૦થી ૧૩કે) કયા ાનમાં અને કેવડો કાપ મૂકવો (સૂત્ર૦ અ૦ ૨૯ શ્લોક ૧૭કેથી ૨૦કે), આડો
કાપ ક્યાં મૂકવો અકયાં ન મૂકવો (સૂત્ર૦ અ૦ ૨૮ શ્લોક ૨૨ ૨૩), બહુ છિદ્રોવાળા ભગંદરમાં
કેવી જાતનો ખાસ ૫ મૂકવો (ઉત્તર૦ અ૦ ૨૮, શ્લોક ૨૯કેથી ૩૧કે), કેવા ઘાને ટેભા મારવા
ન મારવા, ટેભાટલે ેટલે અંતરે મારવા (સૂત્ર૦ અ૦ ૨૯, શ્લોક ૪૮કેથી ૫૩કે), કયા
સંયોગોમાં અને ક સ્થાનમાં શાનો, શા માટે, કયા આકારનો અને કેવી રીતે પાટો બાંધવો
પાટો કયા નણુને બાંધવો, પાટો કેટલે કેટલે વખતે છોડવો (સૂત્ર૦ અ૦ ૨૯, શ્લોક ૬૯, ૫૭થી
૭૩કે) વગેરે વિગ બહુ ઝીણવટથી અને ચોકસાઈથી આપી છે
આયુર્વેદમાં ક્ત સીધીસાદી શસ્ત્રક્રિયાનું જ જ્ઞાન છે એમ નથી પડવું, આખડવું, વાગવું,
ભાગવું વગેરે અકસ્માતથી કચેલું અને કઢંગું નુકસાન થાય તો તેને પણ સમું કરવાના વિગતવાર
ઉપાય બતાવ્યા છે (ઉત્તર૦ અ૦ ૨૬,૨૭), એટલું જ, નહિ પણ નાક કપાઈને દૂર પડી ગયું હોય
તો નવું નાક બનાવવાનો વિધિ પણ બતાવેલો છે (ઉત્તર૦ અ૦ ૧૮, શ્લોક ૫૯ થી ૬૫)
યુદ્ધમાં સૈનિકને ભાલોડાં વાગે છે એ ભાલોડાં અનેક ઘાટનાં અને એક કે વધારે પાંખિનાં
વાગ્યાં હોય છે આ ભાલોડાં, છરા, બંદૂકની ગોળી વગેરે પાંચ ગતિમાંથી ગમે તે ગતિ (સૂત્ર૦
અ૦ ૨૮, શ્લોક ૨) કરીને શરીરમાં ગમે ત્યાં અણધાર્યાં પેસી રહે છે અને ત્યાં પડ્યાં રહે છે આ
અને આવાં શલ્યોને શરીરમાંથી બહાર કાઢવા માટે આખા શરીરમાંથી કયા ભાગમાં એ પડ્યાં છે
તે જાણવા માટે શા ઉપાયો કરવા, કયાં વાગ્યાં હોય તો કયાં લક્ષણો થાય, ક્યાંનું અને કેવું શલ્ય

VISIT…

LANZAROTE Caliente.COM

શાંત થાય તે માટે આહારવિહારની પરેજ અને ઔષધ વગેરે ક્રમ હોય છે. આ રીતે દોષ શાંત થયા પછી અને એને કાઢી નાખ્યા પછી શરીરને પાછું પહેલાં હતું એવું બળવાન બનાવવાનું હોય છે.

જ્યાં સુધી દરદી રોગ થતા પહેલાં જેવો હોય તેવો થઈ જાય નહિ, ત્યાં સુધી આયુર્વેદને પોતે રોગ મટાડ્યો હોવાનો મિથ્યા સંતોષ થતો નથી. દાખલા તરીકે તાવની ગરમી શરીર પર ન દેખાય એ એક જ લક્ષણથી એ તાવ ઊતરી ગયો માનતો નથી (નિદાન૦ અ૦ ૨, શ્લોક ૭૯). તેથી દરદીના શરીરમાં પહેલાંના જેવી શક્તિ પાછી આવે નહિ ત્યાં સુધી આયુર્વેદની ચિકિત્સા ચાલુ રહે છે. (ચિકિત્સા૦ અ૦ ૧, શ્લોક ૧૭૪); ઘા રૂઝાય એટલાથી જ આયુર્વેદની ચિકિત્સા પૂરી થતી નથી પણ ઘા રૂઝાયા પછી ઘાનો ડાઘ પણ ન રહે; એટલું જ નહિ, પણ ઘાવાળા ભાગ ઉપર પહેલાંની માફક પાછા વાળ પણ ઊગે ત્યાં સુધીના ઉપાયો એ બતાવે છે (ઉત્તર૦ અ૦ ૨૫, શ્લોક ૬૦ થી ૬૩).

આયુર્વેદના ઉપાયો વેદિયા નથી પણ અકસીર અને વ્યવહારુ છે. વાગ્ભટ લખે છે કે અષ્ટાંગહૃદયમાં કહેલાં રસાયનો કરી શકાય એવાં છે અને જે રસાયનો તૈયાર કરવા માટે દ્રવ્યો મેળવતાં (એ જમાનામાં) મુશ્કેલી પડે એવાં રસાયનો ગમે તેટલાં વખણાતાં હોય તોપણ તે આમાં કહ્યાં નથી (ઉત્તર૦ અ૦ ૩૯, શ્લોક ૧૭૭) તથા આ ગ્રંથમાં લખેલી ચિકિત્સાનું ફળ પ્રત્યક્ષ અનુભવાય છે (ઉત્તર૦ ૪૦, શ્લોક ૮૧). વળી આયુર્વેદની ચિકિત્સામાં ગરીબોનો વિચાર પણ કર્યો છે (ચિકિત્સા૦ અ૦ ૧૨, શ્લોક ૩૬, ૩૭; ઉત્તર૦ અ૦ ૩૯, શ્લોક ૧૪૩).

આયુર્વેદની ચિકિત્સાને અંગે કરવાના ઉપાયોમાં સ્વરસ, ક્વાથ, કલ્ક, ચૂર્ણ, હિમ, ફાણ્ટ, અવલેહ, સિદ્ધ ઘી, સિદ્ધ તેલ (કલ્પસિદ્ધિસ્થાન); સ્નેહન, (સૂત્ર૦ અ૦ ૧૬); શેક (સૂત્ર૦ અ૦ ૧૭), વમન (સૂત્ર૦ અ૦ ૧૮), વિરેચન (સૂત્ર૦ અ૦ ૧૮), બસ્તિ (સૂત્ર૦ અ૦ ૧૯), નસ્ય (સૂત્ર૦ અ૦ ૨૦), ધૂમપાન (સૂત્ર૦ અ૦ ૨૧), ગંડૂષ, કવલગ્રહ, પ્રતિસારણ, મુખાલેપ, શિરોબસ્તિ (સૂત્ર૦ અ૦ ૨૨), અંજન (સૂત્ર૦ અ૦ ૨૩), પુટપાક (સૂત્ર૦ અ૦ ૨૪), યંત્રક્રિયા (સૂત્ર૦ અ૦ ૨૫), જળો મૂકવી (સૂત્ર૦ અ૦ ૨૬), ફસ ખોલવી (સૂત્ર૦ અ૦ ૨૭), શસ્ત્રક્રિયા (સૂત્ર૦ અ૦ ૨૬ અને ૨૯), પાટા બાંધવા (સૂત્ર૦ અ૦ ૨૯), ક્ષારકર્મ (સૂત્ર૦ અ૦ ૩૦), ડામ (સૂત્ર૦ અ૦ ૩૦) વગેરે અનેક નાનીમોટી ક્રિયાઓનો સમાવેશ થાય છે. આ દરેક ક્રિયા અંગે જરૂરી સામાન્ય જ્ઞાન સૂત્રસ્થાન અને કલ્પસિદ્ધિસ્થાનના તે તે વિષયના અધ્યાયમાં પૂરતી ચોકસાઈ અને ઝીણવટથી આપેલું છે.

આવી ચિકિત્સાને અંગે ઔષધ, આહારવિહાર અને ક્રિયાઓ વિષે બધું સામાન્ય જ્ઞાન સૂત્રસ્થાનમાં અને કલ્પસિદ્ધિસ્થાનમાં આપ્યું છે અને તે તે રોગની વિગતવાર ચિકિત્સા ચિકિત્સાસ્થાનમાં, ઉત્તરસ્થાનમાં અને કેટલાક રોગો માટે સૂત્રસ્થાનમાં અને શારીરસ્થાનમાં આપી છે. એમાં ઉપચાર કરતા પહેલાં વિચારવાની બાબતો (સૂત્ર૦ અ૦ ૧૨, શ્લોક ૬૭, ૬૮), દવા લેવાના સમય (સૂત્ર૦ અ૦ ૧૪, શ્લોક ૩૭ થી ૪૧), દવાઓનાં અને સ્નેહોનાં માપ (અં. ડોઝ) પણ આપ્યાં છે (કલ્પ૦ અ૦ ૬, શ્લો ૧૦½થી ૧૪; સૂત્ર૦ અ૦ ૧૬, શ્લોક ૧૭થી ૧૯½). તેથી ચિકિત્સા કરવા માંડતાં પહેલાં સૂત્રસ્થાન અને કલ્પસિદ્ધિસ્થાન સરહસ્ય સમજવાં જોઈએ.

આપણા સદ્ભાગ્યે આજે આયુર્વેદ માટે અભિરુચિ વધતી જાય છે, પણ આયુર્વેદનો પ્રચાર કરનારમાંથી ઘણામાં આયુર્વેદનો પ્રચાર કરવાની ઇચ્છા જેટલી પ્રબળ હોય છે તેટલું એમનું આયુર્વેદના ઉપદેશોનું રહસ્ય સાથે જ્ઞાન ઊંડું હોતું નથી. તેથી એમની શુદ્ધ દાનતથી અપાયલી છતાં આયુર્વેદના સમગ્ર ઉપદેશથી વિરુદ્ધ સલાહે ચાલનાર લોકોને અને સરકારને આ કહેવાતી આયુર્વેદિક ચિકિત્સાથી સરવાળે ખાસ લાભ જણાવાનો નથી; અને તેથી એમના શુદ્ધ દાનતના પ્રયત્ન છતાં આયુર્વેદ નકામો હોવાની માન્યતા લોકોમાં અને સરકારમાં ઘર કરી બેસશે અને પછી કલમને એક જ ગોદે સરકાર આયુર્વેદને ગેરકાયદેસર ઠરાવશે. આમ આજનો શુદ્ધ દાનતનો પ્રયત્ન આયુર્વેદના સંપૂર્ણ જ્ઞાનને અભાવે આયુર્વેદનો વિઘાતક નીવડશે એવો ભય રહે છે.

દાખલા તરીકે, આજ કેટલીક સરકારોએ આયુર્વેદને ઉત્તેજન આપવાનું કામ ઉપાડ્યું છે. હવે જો આ કામ માટે મંજૂર કરેલી રકમમાંથી આયુર્વેદિક દવાખાનામાંથી દરદીને દવા આપીને

વિદાય કરવાનો હોય કે રાગવાર દવાઓની પેટીઓ તૈયાર કરીને એ પેટીમાથી દવા આપવાનુ કામ ગામડાની શાળાના મહેતાજીને કે પોસ્ટ માસ્તરને કે નામધારી વૈદ્યને સોપવાનુ હોય તો તેથી આયુર્વેદિક ચિકિત્સાની સાચી અસર જણાશે નહિ અને આયુર્વેદ ઊલટો હલકો પડશે.

દરદી કહે છે તે જ રોગ છે કે બીજો, રોગ સામ છે કે નિરામ, કયા રોગમા શુ પથ્ય છે અને શુ અપથ્ય છે, રોગની કઈ અવસ્થામા શી ક્રિયા કરવી જોઈએ, દવા લેતા પહેલા શુ કયા સુધી કરવુ જોઈએ અને દવા લીધા પછી શુ કયા સુધી કરવુ જોઈએ, કયા રોગમા દવા કયે સમયે લેવાય, દવા અને દવાનુ માપ નક્કી કરતા પહેલા શી શી બાબતોનો વિચાર કરવો જોઈએ, રોગ અને રાગના ઉપદ્રવોમાથી કોના ઉપાય ક્યારે પહેલા કરવા વગેરે અનેક બાબતોનો નિર્ણય કરવા જેટલુ આયુર્વેદનુ જ્ઞાન અને આવડત જેનામા ન હોય તે માણસ દરદી જણાવે તે રોગની દવાનુ પડીકુ વાળી આપે એનુ નામ આયુર્વેદિક ચિકિત્સા નથી આવી નામધારી આયુર્વેદની ચિકિત્સાની નિષ્ફળતાથી પણ આખરે તો સત્ય, સંપૂર્ણ અને વ્યવહારુ આયુર્વેદને જ ધોકો પહોચવાનો છે, તેથી આયુર્વેદે સુવૈદ્ય કેવો હોવો જોઈએ (સૂત્ર० અ० ૧, શ્લોક ૨૭½, ઉત્તર० અ० ૪૦, શ્લોક ૭૭) અને કુવૈદ્ય કેવો હોય (ઉત્તર० અ ૪૦ શ્લોક ૭૬) અને કુવૈદ્યના હાથમા આયુર્વેદરૂપી અમૃત પણ ઝેર બની જાય છે (ઉત્તર० અ० ૪૦, શ્લોક ૭૫) એ વાત સ્પષ્ટ જણાવી છે

ક્રિયા (અભ્યાસ, પ્રેક્ટિસ) વિનાનુ જ્ઞાન પાગળુ છે, જ્ઞાન વિનાની ક્રિયા આધળી છે જ્ઞાનનો અભ્યાસ (પ્રેક્ટિસ) કરવાથી (આયુર્વેદના ઉપદેશોનો વારવાર અમલ કરવાથી) રોગ મટાડવાનુ કામ બરાબર પાર પડે એવા રસ્તા સુઝાડનારી દૃષ્ટિ આવે છે (સૂત્ર० અ० ૧૨, શ્લોક ૫૫½); માટે આયુર્વેદના જ્ઞાન અને કર્મ બનેમા નિષ્ણાત બને એવા સુવૈદ્યો તૈયાર કરવા માટે કંઈ પણ સેળભેળ વિનાની જોગવાઈ કરવી જોઈએ યોગેશ્વર કૃષ્ણ અને ધનુર્ધારી અર્જુન (જ્ઞાન અને કર્મ) બને સાથે હોય ત્યા લક્ષ્મી, વિજય, આબાદી અને નીતિ હોય જ એમા કંઈ શંકા નથી

અષ્ટાગહૃદય ઉપર અનેક વિદ્વાનોએ સસ્કૃત ભાષામા ટીકાઓ લખી છે અને ગુજરાતી, હિંદી, મરાઠી, બંગાળી વગેરે અનેક પ્રાદેશિક ભાષાઓમા એ ગ્રથના ઘણા અનુવાદો થયા છે. તેમા એક ગુજરાતી અનુવાદ શ્રી બહેચરલાલ નથુરામ ભટ્ટે પ્રસિદ્ધ કર્યો હતો.

આ અનુવાદ પ્રમાણમા સારો લાગવાથી તેમા યોગ્ય સુધારા કરીને તૈયાર કરવાનુ કામ મને સસ્થાએ સોપ્યુ અનુવાદમા સુધારા કરતા કરતા કેટલીક મુશ્કેલીઓ ઊભી થઈ. મારા હાથમા પહેલો ચિકિત્સાસ્થાન અને કલ્પસિદ્ધિસ્થાનના અનુવાદનો ભેગો ગ્રથ આવ્યો. તેમા સુધારાવધારા અને ફેરફાર કરતા કરતા મને લાગ્યુ કે આવી રીતે ગ્રથને સુધારવા જતા વિચારનો અને ભાષાનો શંભુમેળો થાય છે અનુવાદ કરનારની ભાષામા મારી ભાષાના થીગડા દેવાનુ કામ મને રુચ્યુ નહિ વળી એમ પણ લાગ્યુ કે અનુવાદ અને વિસ્તૃત નોધ નવેસરથી લખાય તો જ અષ્ટાગહૃદયનો ઉપદેશ યથાર્થ રજૂ થઈ શકે, તેથી સૂત્રસ્થાનમા પુષ્કળ સમજૂતીનો વધારો કર્યો છે અને કેટલાક અધ્યાયોનો અનુવાદ તો નવેસરથી જ કર્યો છે. સૂત્રસ્થાન પૂરુ થયા પછી શ્રી બહેચરલાલવાળા અનુવાદના ગ્રથમા સુધારાવધારા કરવાનુ કામ પડતુ મૂક્યુ અને શારીરસ્થાન, નિદાનસ્થાન અને ઉત્તરસ્થાન એ ત્રણે સ્થાનનો અનુવાદ અને નોધ મે નવેસરથી જ લખ્યા છે.

સામરોગની ચિકિત્સા અને નિરામ રોગની ચિકિત્સાનો ભેદ આપણે ન સમજીએ અને શાસ્ત્રોક્ત પરેજ પાળતા ન શીખીએ ત્યાસુધી રોગ બરાબર મટી શકે નહિ, એ વાત સમજી શકાય તે માટે આ ગ્રથમા મારા બન્ને લેખો આ પછીના પાનામા આપ્યા છે તે વાચી જવા વિનતિ છે.

આ અનુવાદમા વપરાયેલા પારિભાષિક શબ્દોની, રોગોના નામોની અને રૂઢ નામવાળા ઔષધોની અકારાદિ અનુક્રમણિકા પણ આપી છે. તેથી જોઈતી હકીકત તરત હાથ લાગશે એવી આશા છે.

આ અનુવાદ કરવામા મે ઘણા ગ્રથોનો ઉપયોગ કર્યો છે ચરકસહિતા, સુશ્રુતસંહિતા, શાર્ઙ્ગધરસહિતા, સસ્કૃત ટીકાઓ, માધવનિદાન ઉપર મધુકોશ ટીકા, ગુજરાતી, હિદી, મરાઠી, બગાળી

અનુવાદો, બૃહન્નિઘંટુરત્નાકર, અમરકોષ વગેરે અનેક ગ્રંથોમાંથી મુશ્કેલીઓનો ઉકેલ આણવાનો પ્રયત્ન કર્યો છે. તે માટે તે તે ગ્રંથકર્તાઓનો હું આભારી છું. પણ સૌથી વધારે ઋણી તો હું મારા ગુરુશ્રી પૂજ્ય પ્રભાશંકર નાનભટ્ટ ગઢડાવાળા(રાજવૈદ્ય)નો છું. આ અનુવાદ કરવામાં મને જે કંઈ સમજાતું નહિ તે મને સમજાવવામાં એમણે અત્યંત રસ લીધો છે. વળી સ્વર્ગસ્થ કનુભાઈ ડાહ્યાભાઈ મહેતા, વૈદરાજ શ્રી મનુભાઈ ચુનીલાલ મહેતા અને ડૉ. રસિકલાલ જેઠાલાલ પરીખે પણ કેટલાંક સારાં સૂચનો કર્યાં છે, તે બદલ તેમનો પણ આભાર માનું છું.

આશા છે કે આ અનુવાદથી લોકો, વૈદ્યો અને સરકાર આયુર્વેદની સત્યતા, સંપૂર્ણતા અને વ્યવહારુતા સમજીને સોળે કળાવાળી ચિકિત્સાવાળા અષ્ટાંગ આયુર્વેદને ઉત્તેજન આપવા અને અપનાવવાને પ્રેરાશે.

અંતમાં અષ્ટાંગહૃદયનો ઊંડો અભ્યાસ આપણને દીર્ઘ આયુષ્ય અને સંપૂર્ણ આરોગ્ય મેળવવામાં માર્ગદર્શક થઈ પડે, એ જ પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

આકાશેઠ કૂવાની પોળ,
રાયપુર, અમદાવાદ

લિ.
વિજયશંકર ધનશંકર મુનશી

પરેજ પાળવાની જરૂર

આખી સૃષ્ટિના બધા પદાર્થો પંચમહાભૂતના બનેલા છે અને આપણું શરીર પણ સૃષ્ટિમાંનો જ એક પદાર્થ હોવાથી એ પણ પંચમહાભૂતનું બનેલું છે. બધા પદાર્થ પંચમહાભૂતના જ બનેલા હોવા છતાં એ બધા જાણે એકબીજાથી તદ્દન જુદાજુદા લાગે છે. તેનું કારણ એ છે કે પંચમહાભૂત એનાં એ જ હોવા છતાં એ અસંખ્ય જુદાજુદા પ્રમાણમાં એકબીજા સાથે ભળેલાં હોય છે, અને તેથી દરેક પદાર્થનાં રૂપરંગ જુદાંજુદાં દેખાય છે; પણ ખરું જોતાં એ બધા પદાર્થ પંચમહાભૂતનાં પૂતળાં જ છે.

આકાશ, વાયુ, તેજ, પાણી અને પૃથ્વી એ પાંચ મહાભૂત છે. તેમાં આકાશ તો માત્ર ખાલી જગ્યા છે, વ્યાપક છે, તેથી એ ગતિ કરી શકતું નથી અને પૃથ્વીતત્ત્વ પણ પોતાની મેળે ગતિ કરી શકતું નથી. આમ પાંચ મહાભૂતોમાંથી આકાશ અને પૃથ્વી એ બે તત્ત્વ ગતિ કરી શકતાં નથી.

પણ વાયુને, તેજ(અગ્નિ)ને અને પાણીને ગતિ હોય છે. વાયુ (પવન) વાય છે, અગ્નિના ભડકા ઊંચે ચડે છે અને પાણી ઢાળમાં વહે છે; આમ જો કે પાંચે મહાભૂતો જડ છે; છતાં એમાંથી ફક્ત ત્રણ–વાયુ, અગ્નિ અને પાણી ગતિ કરી શકે છે, તેથી શરીરનો સંચો પાંચે મહાભૂતનો બનેલો હોવા છતાં એ વાયુ અગ્નિ અને પાણીને લીધે ચાલે છે. શરીરના સંચાને ચલાવનાર વાયુ, અગ્નિ અને પાણીને આયુર્વેદની પરિભાષામાં વાત, પિત્ત અને કફ કહે છે.

વાત (વાયુ), પિત્ત (અગ્નિ) અને કફ–(પાણી)નું યોગ્ય પ્રમાણ શરીરમાં સચવાઈ રહે છે, ત્યાં સુધી આપણે સારું આરોગ્ય ભોગવીએ છીએ, પણ એ ત્રણમાંથી એક કે વધારેનું પ્રમાણ વધઘટે અને તેથી યોગ્ય પ્રમાણ ન રહે તો રોગ થાય છે.

શરીરની માફક મોટરગાડીનું એંજિન ચલાવવા માટે પણ હવા, પેટ્રોલ અને પાણીની જરૂર પડે છે. હવા, પેટ્રોલ અને પાણી એ મોટરના એંજિનનાં વાત, પિત્ત અને કફ જેવાં છે. જ્યાં સુધી એ ત્રણનું યોગ્ય પ્રમાણ સચવાઈ રહે છે, ત્યાં સુધી મોટરગાડી બરાબર ચાલે છે, પણ પ્રમાણ વધઘટે તો મોટર બગડે છે અને કોઈ વખત ફાટે છે અને ચાલતી બંધ થાય છે. હવા, પેટ્રોલ અને પાણીના યોગ્ય પ્રમાણમાં ફેર પડે તો ફટફટ અવાજ થાય છે, પેટ્રોલનો કાચો ધુમાડો નીકળે છે કે ધડાકા થાય છે.

ત્યારે આપણે જોયું કે શરીરમાં વાત, પિત્ત અને કફનું યોગ્ય પ્રમાણ ન રહેવાથી રોગ થાય-

છે. આવું શાથી થાય છે તે આપણે જોઈએ.

શરીરનો સંચો કામ કરતો હોવાથી એને રોજરોજ ઘસારો પડે છે. આ ઘસારો પૂરવા માટે આપણે ખાઈએ-પીએ છીએ, પણ ખાતીપીતી વખતે આપણે આ મુદ્દાની વાત ભૂલી જઈએ છીએ: જે તત્ત્વ જેટલું ઘસાયું હોય, ઓછું થયું હોય તેટલું તે પાછું ભરવા પૂરતો જ માપસર અને માફકસર ખોરાક લેવાને બદલે આપણે જીભના સ્વાદને વશ થઈને ગમે તે વસ્તુ ગમે તેટલી ખાઈ જઈએ છીએ; તેથી એ પૂરું પચતું નથી. એવા ન પચેલા ખોરાકના રસને આયુર્વેદમાં 'આમ' કહે છે. આમ એટલે કાચું.

તે ઉપરાંત ગમે તે વસ્તુ ગમે તેટલી ખાવાપીવાથી શરીરમાં વાત, પિત્ત અને કફના પ્રમાણમાં વધઘટ થઈ જાય છે. શરીરની માફક ખાવાપીવાની વસ્તુઓ પણ પંચમહાભૂતની બનેલી છે તેથી પચવાની ક્રિયાને લીધે વસ્તુઓમાંથી પંચમહાભૂત શરીરમાં છૂટાં પડે છે અને એમાંથી જેટલાં તત્ત્વો શરીરનો ઘસારો પૂરવા માટે જેટલા પ્રમાણમાં જરૂરનાં હોય તેટલાં તત્ત્વો તેટલા પ્રમાણમાં શરીરમાં લઈ લે છે, પણ ઘસારો પુરાયા પછી જે તત્ત્વ જેટલું વધી પડે તે તત્ત્વ તેટલા પ્રમાણમાં શરીરને બગાડે છે, માટે 'આમ' થાય એટલું કે વાત, પિત્ત અને કફના યોગ્ય પ્રમાણમાં વધઘટ થઈ જાય એવું ખાવુંપીવું ન જોઈએ.

શરીરમાં વાત, પિત્ત અને કફનું પ્રમાણ એકલા આહારથી જ બદલાય છે એવું નથી. વિહાર એટલે ખોરાક સિવાયની આપણી બીજી ક્રિયાઓથી પણ વાત, પિત્ત અને કફમાં વધઘટ થાય છે. દાખલા તરીકે, પાણીમાં બહુ રહેવાથી કફ (શરદી) થાય છે. તાપમાં બહુ રહેવાથી પિત્ત વધી પડે છે, બહુ બોલબોલ કરવાથી વાયુ વધી પડે છે. આ તો માત્ર દાખલા છે, પણ કેવા આહારથી અને કયા વિહારથી વાત, પિત્ત અને કફ થાય છે તેનું વિગતવાર વર્ણન આયુર્વેદનાં બધાં પુસ્તકોમાં આપ્યું છે.

જે કામ આહાર અને વિહાર કરે છે તે જ કામ ઋતુ કરે છે ઋતુના ફેરફારને લીધે શરીરમાં વાત, પિત્ત અને કફનું પ્રમાણ ફરી જાય છે. તે વખતે વધેલો દોષ (વાત, પિત્ત કે કફ) વધારે વધે નહિ, પણ ઊલટો ઓછો થાય અને ઓછો થયેલો દોષ વધે અને એ રીતે ત્રણે દોષનું યોગ્ય પ્રમાણ સચવાઈ રહે એવા આહારવિહાર કરવા જોઈએ. જેમ ઋતુ બદલાતાં ઋતુને યોગ્ય કપડા પહેરીને આપણો એ વિહાર આપણે બદલીએ છીએ, તેમ બધા આહારવિહારમાં યોગ્ય ફેરફાર કરવાની કાળજી રાખવી જોઈએ. સાજા માણસે રોજરોજ અને ઋતુએઋતુએ કેવો આહારવિહાર રાખવો તે પણ આયુર્વેદનાં પુસ્તકોમાં વિગતવાર આપેલું છે.

પણ આટલો બધો ઊંડો વિચાર કરીને આપણે આપણા આહારવિહાર નક્કી કરવાને ટેવાયેલા નથી. આપણામાં આહારવિહાર નક્કી કરવા જેટલી બુદ્ધિ, શક્તિ અને સંયમ આપણે કેળવતા નથી; તેથી રોગ આજે રોજનો થઈ પડ્યો છે.

આપણે જોયું કે મંદ અગ્નિને લીધે 'આમ' થાય અને વાત, પિત્ત અને કફનું યોગ્ય પ્રમાણ ફરી જાય ત્યારે રોગ થાય છે. તે ઉપરથી રોગ મટાડવાનો રામબાણ ઇલાજ પણ આપણે સમજી શકીશું. 'આમ' થયો હોય તો નકરકષ્ટ (નકોરડા) ઉપવાસ કરીને 'આમ' ને પકવવો જોઈએ; વાયુ વધ્યો હોય તો વાયુને ઓછો કરવો જોઈએ; પિત્ત વધ્યું હોય તો પિત્તને ઓછું કરવું જોઈએ; વાત, પિત્ત અને કફ કેવા આહારવિહારથી ઓછા થાય છે તે પણ આયુર્વેદમાં વિગતવાર આપેલું છે.

ત્યારે આપણે જોયું કે સાજા રહેવા માટે અને માંદા પડીએ તો સાજા થવા માટે આહારવિહારની મર્યાદા બાંધવાની ખાસ જરૂર છે. આપણા આયુર્વેદશાસ્ત્રે આ મર્યાદા આપણે માટે નક્કી કરી રાખી છે. આ મર્યાદાને આપણે પથ્ય અથવા પરેજ કહીએ છીએ. સીતામાતાએ લક્ષ્મણે બાંધી આપેલી આડ (મર્યાદા) ઓળંગી તેથી એમનું હરણ થયું, તેમ આપણે પણ આયુર્વેદે બાંધેલી આડ (મર્યાદા) ઓળંગીશું તો આપણા આરોગ્યનું હરણ થશે.

–વિજયશંકર ધનશંકર મુનશી

સામનિરામ–ચિકિત્સા

[આગલી આવૃત્તિમાંથી]

આજ રોગનો રાફડો ફાટ્યો છે. રોગ મટાડવા માટે આજ એવા ઉપચાર કરવામાં આવે છે કે બકરી કાઢવા જતાં ઊંટ પેસે, છતાં બકરી ન પણ નીકળે. તેનું કારણ એ છે કે રોગ કેમ થાય છે, રોગની કઈ કઈ અવસ્થાઓ છે અને કઈ અવસ્થામાં શું કરવું જોઈએ તેનું સાચું જ્ઞાન દાક્તર, વૈદ્ય કે લોકોને મળે એવા કેળવણીના સંસ્કાર નથી.

પાચનશક્તિ, જઠરાગ્નિ મંદ ન પડે ત્યાં સુધી વાગવું, દાઝવું કે એવા આગંતુક રોગ સિવાય બીજા કોઈ રોગ થતા નથી અને જઠરાગ્નિ મંદ પડે એટલે ખાધેલાપીધેલા આહારનો રસ પૂરો પચી શકતો નથી, તેથી તે કાચો રહે છે. કાચા રહેલા અન્નરસને આયુર્વેદમાં 'આમ' કહે છે. આ 'આમ' વાત, પિત્ત અને કફ નામના ત્રણ દોષને; રસ, લોહી, માંસ, ચરબી, હાડકું, મજ્જા અને વીર્ય નામની સાત ધાતુઓને, ઝાડા અને પેશાબને બગાડે છે. એ જઠરાગ્નિને પણ છાઈ દે છે.

આમ બધા રોગનું મૂળ કારણ તો મંદ અગ્નિ છે, પણ મંદ અગ્નિ થયા પછી રોગ થાય તે પહેલાં બીજી કેટલીક ક્રિયાઓ શરીરમાં થાય છે. દોષમાં 'આમ' ભળે અને દોષ વધી પડે ત્યારે એ દોષ એના પોતાના સ્થાનમાંથી બહાર ઊભરાય છે. આ ક્રિયાને દોષનો પ્રકોપ કહે છે. પછી ઊભરાયેલા દોષ પ્રસરવા માંડે છે. એ ક્રિયાને દોષનો પ્રસર કહે છે. પછી દોષ પ્રસરતોપ્રસરતો અમુક જગ્યાએ જઈ અટકી જાય છે, અમુક સ્થાનનો આશ્રય લે છે. આ ક્રિયાને દોષનો સ્થાનસંશ્રય કહે છે. જ્યારે દોષનો સ્થાનસંશ્રય થાય છે ત્યારે રોગ પ્રકટ થાય છે. આ સ્થિતિમાં જઠરાગ્નિ ઉપર 'આમ'નું આવરણ પણ થવા માંડે છે, તેથી જઠરાગ્નિ વધારે મંદ પડે છે, માટે આયુર્વેદ દોષના પ્રકોપને રોગનું કારણ માને છે. દોષના પ્રકોપમાં પ્રસર અને સ્થાનસંશ્રયનો સમાવેશ થઈ જાય છે.

ત્યારે રોગ મંદ અગ્નિને લીધે થાય છે, તેથી મંદ અગ્નિને લીધે 'આમ' થયા વિના રોગ સામાન્ય રીતે થઈ શકતો નથી. જેમાં 'આમ' હોય તેને 'સામ' (આમવાળું) અને જેમાં 'આમ' ન હોય તેને 'નિરામ' (આમ વિનાનું) કહે છે. લગભગ બધા રોગ શરૂઆતમાં સામ હોય છે. 'આમ' હોય ત્યારે નીચેનાં લક્ષણો થાય છે:

શરીરમાં 'આમ' હોય ત્યારે આળસ આવે છે, સુસ્તી રહે છે, હૃદયમાં આમવાળો અશુદ્ધ રસ આવવાથી હૃદયના થડકારા વધી જાય છે; વાત, પિત્ત અને કફ નીકળવા જોઈએ તે પ્રમાણમાં નીકળતા નથી; ઝાડો, પેશાબ તથા વાછૂટ બહુ જ થાય કે બહુ ઓછાં થાય કે તદ્દન બંધ થઈ જાય છે; પેડુ ભારે થઈ જાય છે; ખાવુંપીવું ભાવતું નથી અને શરીર સજ્જડ થઈ જાય છે.

ઉપર જણાવેલાં લક્ષણોમાંથી એક કે વધારે લક્ષણ કોઈ રોગમાં જણાય તો તે રોગ સામ છે એવું સમજવું જોઈએ. અને એકે લક્ષણ ન હોય તો નિરામ છે એમ સમજવું. રોગની નિરામ અવસ્થામાં પીડા હોતી નથી.

રોગની સામ અવસ્થામાં નકોરડા ઉપવાસ કરવા એ એક જ ઉપાય છે. રોગની સામ અવસ્થામાં દવા પણ ન લેવાય, તો પછી ખાવાપીવાની તો વાત જ શી? તરસ પ્રમાણે થોડું થોડું પાણી પીવા સિવાય બીજું કંઈ પણ કરવું જોઈએ નહિ શેક કરી શકાય. ઉપવાસ શી રીતે કરવા, કેવી રીતે છોડવા વગેરે ઉપવાસને લગતી બાબતો મેં 'માંદગીમાં ઉપવાસ' નામના પુસ્તકમાં લખી છે.

પણ આજ તો દાક્તરવૈદ્યને દવાખાને દરદી જાય એટલે એને જાતજાતની દવાઓ મળે છે. આ દવાઓ પણ 'સામ' રોગમાં 'આમ'માં વધારો કરે છે. તેથી જ પંડિત વરરુચિએ યોગશતકમાં લખ્યું છે કે દેહને નિરામ કર્યા પછી ઔષધ અપાય તો તે ઔષધ અમૃત જેવાં બને છે એટલે અમૃત જેવી અસર કરે છે. (निरामदेहस्य हि भेषजानि भवन्ति युक्तान्यमृतोपमानि) માટે કોઈ પણ રોગની, ખાસ કરીને તાવની, સામ અવસ્થામાં 'આમ'-વાળા દોષોને બહાર કાઢવાની કે આમને પકવવાની પણ દવા આપવી જોઈએ નહિ. વાગ્ભટ લખે છે કે,

જે માણસ તાવની સામ અવસ્થામાં વાત, પિત્ત અને કફરૂપી દોષોને બહાર કાઢવાની દવા પાય છે, તે ભરઊંઘમાં પડેલા કાળીનાગને આંગળીથી છંછેડે છે.

હવે પ્રશ્ન એ થાય કે દોષોને બહાર કાઢવાની દવા સામ અવસ્થામાં ભલે ન અપાતી હોય, પણ આમ પકવવા માટે પાચન ઔષધ પણ ન આપવું એવું આયુર્વેદમાં ક્યાં કહે છે? આ પ્રશ્નનો ઉત્તર પણ તાવની ચિકિત્સાના અધ્યાયમાંથી જ મળી રહે છે. વાગ્ભટ લખે છે કે જેમ દેવતા પર રાખ વળી જાય (દેવતા ઠીંગરાઈ જાય) ત્યારે અનાજ રંધાતું નથી, તેમ 'આમ'થી જઠરાગ્નિ ઢંવાઈ જાય છે, ત્યારે પણ અન્ન (ખાધુંપીધું) પચતું નથી; માટે જ્યાં સુધી દોષ (વાત, પિત્ત અને કફમાંનો 'આમ') પાકે નહિ, ત્યાં સુધી તાવવાળાને નકોરડા ઉપવાસ કરાવવા. આ ઉપરથી આપણે જોઈ શકીશું કે આમ પાકતા સુધી એટલે સામ દોષ નિરામ થતાં સુધી નકોરડા ઉપવાસ કરવાના છે, કોઈ પણ દવા કે ખાનપાન લેવાનું નથી.

આયુર્વેદની પરિભાષામા જ્વર શબ્દ જેમ તાવ માટે વપરાય છે, તેમ ગમે તે રોગ માટે પણ વાપરી શકાય છે. (અષ્ટાંગહૃદય, નિદાનસ્થાન અધ્યાય ૧, શ્લોક ૧) માટે ખરું જોતાં તાવની સામ અવસ્થા માટે જે કહ્યું છે તે બધા રોગની સામ અવસ્થાને લાગુ પડે છે; છતાં તાવમા જઠરાગ્નિ હોજરીમાંથી બહાર નીકળી ગયેલો હોય છે તેવું બીજા રોગોમાં હોતું નથી, તેથી તાવમાં નકોરડા ઉપવાસ કર્યા સિવાય છૂટકો થતો નથી પણ બીજા રોગની સામ અવસ્થામાં નકોરડા ઉપવાસથી ઝટ ફાયદો [illegible] હોવા છતાં બહુ જ હલકું અને બહુ જ [illegible] ખાવાનું આપીએ તો ચાલી શકે [illegible] તાવ સિવાયના બીજા રોગો માટે આપણે કહી શકીએ કે ઉપવાસથી જે ફાયદા થાય છે તે ફાયદા હલકું ભોજન કરવાથી પણ થાય છે. (ये गुणा लङ्घने प्रोक्तास्ते गुणा लघुभोजने) માટે રોગની સામ અવસ્થામાં નકોરડા ઉપવાસ કરીને શરીરને નિરામ બનાવ્યા વિના દવા અને ખોરાક આપવાથી રોગ વધે છે, બીજા ઉપદ્રવો થાય છે અને રોગી ખૂબ રગડાય છે. સામ અવસ્થામાં અપાયેલાં દવા અને ખોરાક ઝેરની ગરજ સારે છે.

શરૂઆતમાં દાક્તરવૈદ્યે જેને સાદા તાવના દરદી તરીકે જાહેર કર્યો હોય છે, તેને પછીથી ન્યૂમોનિયા, ઇન્ફ્લ્યુએન્ઝા, પ્લુરસી, મેનીનજાઈટીસ વગેરેમાંથી એક કે વધારે રોગના ભોગ થઈ પડેલા જોવામાં આવે છે. સામ રોગમાં દવા, ખોરાક, ઇન્જેકશન વગેરેની ધાલમેલ કરવાથી આ અનર્થ-પરંપરા ઊભી થાય છે. તાવનું સહેજ પણ લક્ષણ જણાય કે તરત દરદી નકોરડા ઉપવાસ કરવા માંડે તો એના આવા બૂરા હાલ ન થાય.

આયુર્વેદનો સનાતન સિદ્ધાંત આજ પણ આપણે સાચો પડતો જોઈએ છીએ. હમણાં હમણાં તાવ ઉતારી નાખવા માટે ટીકડીઓ અને ઇન્જેકશનો આપવામાં આવે છે; તેથા પરસેવા વગેરે દ્વારા દોષોને પરાણે બહાર કાઢી નાખવામાં આવે છે. આ ઊંટવૈદાને પરિણામે કેટલાયે દરદી મરી ગયા છે અને જે બચી ગયા છે તે ખૂબ રગડાયા છે, માટે રોગની અને ખાસ કરીને તાવની સામ અવસ્થામાં દવા કે ખોરાક આપવામાં કે વિહારનુ કુપથ્ય કરવામાં ઘણુ જોખમ રહેલું છે. માટે આપણે રોગ સામ છે કે નિરામ તે પારખતા જાતે શીખી લેવુ જોઈએ અને સામ રોગ નિરામ થયા પછી જ ઔષધ અને ખોરાકનો શાસ્ત્રોક્ત ક્રમ (અ. કોર્સ) ચાલુ કરવો જોઈએ. જો આપણે બધા આટલું કરીએ તો રોગ અને રોગીની સંખ્યા ઘટવા માંડે.

ખરું જોતાં લોકોનું આરોગ્ય બગડે જ નહિ એવો રસ્તો દેખાડવો એ દાક્તરવૈદ્યોની પહેલી ફરજ હોવી જોઈએ. પણ આજ દાક્તરવૈદ્યો સાજાનું આરોગ્ય ન બગડે એવો રસ્તો દેખાડવાનું મેવા-કાર્ય કરતા હોય કે લોકો પોતાનું આરોગ્ય ન બગડે તે માટે સલાહ માગવા જતા હોય એવું જણાતું નથી આજ તો દાક્તરવૈદ્યનું કામ લોકો માંદા પડે પછી શરૂ થાય છે તેથી દાક્તરવૈદ્યનો ધંધો જેટલો વધારે ધીકતો ચાલે તેટલી વધારે ખુવારી લોકોનાં તન અને ધનની થતી હોય છે.

અંતમાં પ્રભુ આપણને સામ-ચિકિત્સા અને નિરામ-ચિકિત્સાનો ભેદ સમજીને રોગના ઉપચાર કરવા-કરાવવાની સદ્બુદ્ધિ આપે એવું માગું છું.

-વિજયશંકર ધનશંકર મુનશી

અનુક્રમણિકા

સૂત્રસ્થાન

અધ્યાય ૧ લો

અધ્યાય ૨ જો

અધ્યાય ૩ જો

અધ્યાય ૪ થો

અધ્યાય ૫ મો

જળવર્ગ

ક્ષીરવર્ગ

ઇક્ષુ (શેરડી) વર્ગ

અધ્યાય ૬ઠો

તૈલવર્ગ

મદ્યવર્ગ

અધ્યાય ૬ઠો

શુકધાન્ય વર્ગ

શિંબીધાન્ય વર્ગ

રાંધેલું અન્ન

અધ્યાય ૮ મો

અધ્યાય ૯ મો

અધ્યાય ૧૦ મો

અધ્યાય ૧૧ મો

અધ્યાય ૧૨ મો

અધ્યાય ૧૮ મો

અધ્યાય ૧૯ મો

અધ્યાય ૨૦ મો

અધ્યાય ૨૧ મો

અધ્યાય ૨૨ મો

અધ્યાય ૨૩ મો

અધ્યાય ૨૭મો

અધ્યાય ૩૦ મો

શારીરસ્થાન

અધ્યાય ૧ લો

અધ્યાય ૨ જો

અધ્યાય ૩ જો

અધ્યાય ૪ થો

અધ્યાય ૫ મો

અધ્યાય ૬ ઠ્ઠો

નિદાનસ્થાન

અધ્યાય ૧ લો

અધ્યાય ૨ જો

અધ્યાય ૫ મો

ક્ષયરોગનું નિદાન

સ્વરભેદનું નિદાન

અરોચક (અરુચિ)નું નિદાન

ઊલટીના રોગનું નિદાન

હૃદયરોગનું નિદાન

વિષય | પૃષ્ઠ

તરસના રોગનું નિદાન

અધ્યાય ૬ ઠ્ઠો

મદાત્યયનું નિદાન

મદનું નિદાન — બીજી

અધ્યાય ૧૬ મો

ચિકિત્સાસ્થાન

અધ્યાય ૧લો—જ્વરચિકિત્સા

અધ્યાય ૪ થો–શ્વાસ(દમ, હાંફ)ની અને હેડકીની ચિકિત્સા

અધ્યાય ૭ મો—મદાત્યય, મદ, મૂર્ચ્છા અને સંન્યાસની ચિકિત્સા

મદાત્યયની ચિકિત્સા, સામાન્ય ચિકિત્સા

વિશેષ ચિકિત્સા

અધ્યાય ૯મો—અતિસારચિકિત્સા

વાયુના અતિસારના ઉપાય

પિત્તના અતિસારના ઉપાય

અધ્યાય ૧૦ મો–ગ્રહણીદોષચિકિત્સા

સામ સંગ્રહણીની ચિકિત્સા

અધ્યાય ૧૧ મો–મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ્ર, પથરીની ચિકિત્સા

વાયુના મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા

પિત્તના મૂત્રકૃચ્છ્રના ઉપાય

મૂત્રાઘાતના ઉપાય

પથરીની ચિકિત્સા

અધ્યાય ૧૨ મો–પ્રમેહ(મેહ)ની ચિકિત્સા

અધ્યાય ૧૯મો–કુષ્ઠ(ચામડીના રોગ)-ની ચિકિત્સા

અધ્યાય ૨૦ મો–ધોળા કોઢ અને કરમિયાની ચિકિત્સા

ધોળા કોઢની ચિકિત્સા

કૃમિ(કરમિયા)ની ચિકિત્સા

કલ્પસિદ્ધિસ્થાન

અધ્યાય ૧ લો-વમનકલ્પ

મદનકલ્પ

અધ્યાય ૨ જો-વિરેચનકલ્પ

અધ્યાય ૫ મો–બસ્તિના ઉપદ્રવના ઉપાય

નિરૂહબસ્તિના ઉપદ્રવના ઉપાય

સ્નેહબસ્તિના ઉપદ્રવના ઉપાય

અધ્યાય ૬ ઠ્ઠો–દ્રવ્યકલ્પ

વિષય પૃષ્ઠ

સ્વરસ વગેરે બનાવવાની રીત

સ્વરસ વગેરે કેટલું આપવું તેનું માપ

ઘી, તેલ વગેરે સ્નેહ પકવવાની સામાન્ય રીત

ઉત્તરસ્થાન

અધ્યાય ૧ લો–બાળકના ઉપચાર

અધ્યાય ૨ જો-બાળકના રોગના ઉપાય

અધ્યાય ૩ જો-બાળકોને થતી ગ્રહોની પીડાના ઉપાય

અધ્યાય ૧૪ મો—મોતિયાના ઉપાય

૭ ઉપદ્રવો

અધ્યાય ૧૫ મો—આખી આંખના રોગોનું જ્ઞાન

અભિષ્યંદ (આંખ આવવી)

અધ્યાય ૧૬ મો—આખી આંખના રોગોનો ઉપાય

અધ્યાય ૧૭ મો—કાનના રોગો વિષે જ્ઞાન

કર્ણશૂલ

અધ્યાય ૧૮ મો–કાનના રોગોનો ઉપાય

અધ્યાય ૧૯ મો–નાકના રોગોનું જ્ઞાન

અધ્યાય ૨૦ મો–નાકના રોગોના ઉપાય

અધ્યાય ૨૩ મો–માથાના રોગોનું જ્ઞાન

અધ્યાય ૨૪ મો–માથાના રોગના ઉપાય

અધ્યાય ૨૫ મો–વ્રણ(ગૂમડું, ઘા)ના ઉપાય

અધ્યાય ૨૬ મો–સદ્યોવ્રણના ઉપાય

અધ્યાય ૨૭ મો–ભંગના ઉપાય

ભંગના પ્રકાર

અધ્યાય ૨૮ મો–ભગંદરના ઉપાય

પિટિકાઓનાં લક્ષણ

ચિકિત્સા

અધ્યાય ૨૯ મો–ગ્રંથિ, અર્બુદ, હાથીપગ, અપચી અને નાડીનું જ્ઞાન

ગ્રંથિ (રસોળી, ગાંઠ)

અર્બુદ (અં. કેન્સર)

શ્લીપદ (હાથીપગ)

અનુવાદમાં વાપરેલી સંજ્ઞાઓના અર્થ

અ.=અધ્યાય
અ. હૃ.=અષ્ટાંગહૃદય
ઉ.=ઉત્તરસ્થાન
ક.=કલ્પસિદ્ધિસ્થાન
ચરક.=ચરકસંહિતા (નિર્ણયસાગર પ્રેસની ત્રીજી આવૃત્તિ.)
ચિ.=ચિકિત્સાસ્થાન
દા. ત.=દાખલા તરીકે
નિ=નિદાનસ્થાન
શા.=શારીરસ્થાન
શ્લો=શ્લોક
શ્લોક ૧,૨=ચાલુ અધ્યાયના શ્લોક ૧,૨
સિ.=સિદ્ધિસ્થાન (ચરકસંહિતા)
સુશ્રુત=સુશ્રુતની સંહિતા (નિર્ણયસાગર પ્રેસની સુધારેલી ત્રીજી આવૃત્તિ.)
સૂ=સૂત્રસ્થાન
સૂ ૧/૧૬=સૂત્રસ્થાન, અધ્યાય ૧ શ્લોક ૧૬
સૂ. ૧,૨=સૂત્રસ્થાન, અધ્યાય ૧ તથા ૨

પારિભાષિક નામવાળાં ઔષધોનો અકારાદિ અનુક્રમ

ઔષધનું નામ	સ્થાન	અધ્યાય	શ્લોક
અ			
અગસ્ત્ય હરીતકીરસાયન	ચિ૦	૩	
અણુતૈલ ...	સૂ૦	૨૦	૩૬ા–૩૮
અતિવૃષ્ય બસ્તિ	ક૦	૪	
અપરાજિત ખલ	ચિ૦	૯	૨૫ા–૨૮
અપ્રતિસાર અંજન	ઉ૦	૧૩	૪૨
અભયામલકરસાયન	ઉ૦	૩૯	૨૩ા–૨૭
અભયારિષ્ટ	ચિ૦	૮	
અમૃતપ્રાશ ઘી	ચિ૦	૩	૯૪–૧૦૧
અમ્લગણ	સૂ૦	૧૦	૨૫–૨૬
અયસ્કૃતિ	ચિ૦	૧૨	૨૮ા–૩૨
અર્કાદિગણ ...	સૂ૦	૧૫	૨૮
અર્ધાંશક્ષારઘૃત	ચિ૦	૪	
અર્ધાંશલવણઘૃત	ચિ૦	૪	
અશોકઘૃત	ચિ૦	૨૧	૩૩ા,૩૪
અશ્વગંધાઘૃત ...	ચિ૦	૫	
અષ્ટાંગ અગદ	ઉ૦	૩૬	૬૫ા–૬૬ા
અષ્ટાંગ ઘૃત	ઉ૦	૧	૪૩–૪૪ા
અષ્ટાંગ લવણ	ચિ૦	૭	૩૭ા–૩૯ા
	સૂ૦	૬	૧૪૩–૧૪૮ા
અસનાદિ ગણ	સૂ૦	૧૫	૧૯
અંજનાદિ ગણ	સૂ૦	૧૫	૧૪
અંબષ્ઠાદિ ગણ	સૂ૦	૧૫	૩૮
આ			
આમલકરસાયન	ઉ૦	૩૯	૨૭ા–૩૨
આયુષ્યને વધારે એવો ગણ	શા૦	૩	૧૧૯ા,૧૨૦
આરગ્વધમૂલઘૃત	ચિ૦	૧૯	૧૩,૧૩ા
આરગ્વધાદિ ગણ	સૂ૦	૧૫	૧૭
આરનાલતૈલ	ચિ૦	૨૨	૨૦ા,૨૧
આર્તગલઘૃત	ચિ૦	૫	
આવર્તકીઘૃત	ચિ૦	૧૯	૨૧ા,૨૩
ઈ			
ઇક્ષ્વાકુકલ્પ	ક૦	૧	
ઊ			
ઊષકાદિ ગણ	સૂ૦	૧૫	૨૩
એ			
એલાદિ ગણ	સૂ૦	૧૫	૪૩

રોગોનાં નામની અકારાદિ અનુક્રમણિકા

રોગનું નામ	સ્થાન	અધ્યાય	શ્લોક
ગર્ભિણીને ચળ આવે તો	શા०	૨	
ગલગંડ	ઉ०	૨૧,૨૨	
ગલવિદ્રધિ	,,	૨૧,૨૨	
ગલશુંડિકા	,,	૨૧,૨૨	
ગલાર્બુદ	,,	૨૧,૨૨	
ગલૌઘ	,,	૨૧,૨૨	
ગર્દિલર=ઉન્મંથ			
ગળગ્રહ=પાષાણગર્દભ			
ગળાના રોગો	,,	૨૧,૨૨	
ગળું પડવું (બાળરોગ)=તાલુકંટક			
ગંડમાલા	ઉ०	૨૯,૩૦	
ગંડાલજી	,,	૨૧,૨૨	
ગંધનામા	,,	૩૧,૩૨	
ગંભીર પત	નિ०	૧૬	
	ચિ०	૨૨	
ગંભીરા દૃષ્ટિ	ઉ०	૧૨,૧૩	
ગાલસૂણિયું=પાષાણગર્દભ			
ગાઠ	ઉ०	૨૯,૩૦	
ગાંડપણ	,,	૬	
ગિલાયુક	,,	૨૧,૨૨	
ગુદકુટ્ટ=અહિપૂતન			
ગુલ્મ	નિ०	૧૧	
	ચિ०	૧૪	
ગુહ્ય રોગો	ઉ०	૩૩,૩૪	
ગૂમડું	,,	૨૫	
ગૃધ્રસી	નિ०	૧૫	
	ચિ०	૨૧	
ગોળો	નિ०	૧૧	
	ચિ०	૧૪	
ગ્રથિત	ઉ०	૩૩,૩૪	
ગ્રંથિ	,,	૨૯,૩૦	
ગ્રંથિ આર્તવ	શા०	૧	
ગ્રંથિ વિસર્પ	નિ०	૧૩	
	ચિ०	૧૮	
ગ્રંથિ વીર્ય	શા०	૧	
ગ્રહણી	નિ०	૮	
	ચિ०	૧૦	
ઘ			
ઘા	ઉ०	૨૫,૨૬	
ઘ્રાણપાક	,,	૧૯,૨૦	

રોગનું નામ	સ્થાન	અધ્યાય	શ્લોક
ચ			
ચતુર્થક જ્વર	નિ०	૨	૭૧½-૭૨½
	ચિ०	૧	
ચતુર્થક વિપર્યય જ્વર	નિ०	૨	૭૩,૭૩½
	ચિ०	૧	
ચંદ્રકી દૃષ્ટિ	ઉ०	૧૪	
ચરબી બહુ વધી જવી	સૂ०	૧૪	
ચર્મકીલ	નિ०	૭	
	ઉ०	૩૧,૩૨	
ચર્મદલકુષ્ઠ	નિ०	૧૪	
	ચિ०	૧૯	
ચાચા=ઉંદરી			
ચામડીના રોગો	નિ०	૧૪	
	ચિ०	૧૯	
ચાંદી=ઉપદંશ			
ચિપ્ય	ઉ०	૩૧,૩૨	
ચોથિયો તાવ	નિ०	૨	૭૧½-૭૨½
	ચિ०	૧	
છ			
છત્રકી દૃષ્ટિ	ઉ०	૧૪	
છર્દિ	નિ०	૫	
	ચિ०	૬	
છિદ્રોદર	નિ०	૧૨	
	ચિ०	૧૫	
છિન્ન શ્વાસ	નિ०	૪	
	ચિ०	૪	
છિન્નાંશુકા દૃષ્ટિ	ઉ०	૧૪	
છીંકાનો રોગ=ભૃશક્ષવ			
છોડ=ઉપવેષ્ટક ગર્ભ	શા०	૨	
જ			
જતુમણિ	ઉ०	૩૧,૩૨	
જલસંત્રાસ	,,	૩૮	૧૫॥,૧૬
જલાર્બુદ	,,	૨૧,૨૨	
જલાસવ	,,	૧૦,૧૧	
જલોદર }	નિ०	૧૨	
જળધર }	ચિ०	૧૫	
જંગમ વિષ	,,	૩૫-૩૮	
જાડપણ=સ્થૌલ્ય			
જાતઘ્ની યોનિ	ઉ०	૩૩,૩૪	
જાલગર્દભ	,,	૩૧,૩૨	

પારિભાષિક શબ્દો(ખુલાસા સાથે)ની અકારાદિ અનુક્રમણિકા

અક્ષ=એક તોલો.
અક્ષિકૂટ=આંખનું ખામણું (અં. સોકેટ)
અગદ=વિષનો નાશ કરે એવું ઔષધ. (જે ઝેર માટે ઉપાય કરવાના હોય તે ઝેર માટે કહેલાં ખાસ અગદોનો ઉપયોગ કરવો.)
અગ્નિ-શા૦ ૩/૪૯-૭૬
અચ્છ=રગડો ઠરીને નીચે બેઠા પછી ઉપર તરતો પાતળો નીતર્યા પાણી જેવો ભાગ; બહુ પાતળું, નીતર્યું.
અચ્છપેય સ્નેહ-સૂ૦ ૧૬/૧૬
અજીર્ણાશન=અજીર્ણ હોવા છતાં ખાવું.
અતિયોગ-સૂ૦ ૧૨/૩૫ાા-૪૨ાા
અધ્યશન-સૂ૦ ૮/૩૩ાા
અનુપક્રમ-સૂ૦ ૧/૩૨ાા,૩૩
અનુપશય-નિ૦ ૧/૭
અનુપાન-સૂ૦ ૮/૪૭
અનુબળ-નિ૦ ૨/૫૦-૫૨
અનુબંધી=અનુબળ (નિ૦ ૩/૧૧ાા અરુણદત્ત).
અનુયંત્ર-સૂ૦ ૨૫/૩૯-૪૦ાા
અનુરસ-સૂ૦ ૯/૩ાા
અનુલોમન=અવળે માર્ગે ચઢેલા વાયુને સવળે માર્ગે થઢાવનાર.
અનુવાસનબસ્તિ-સૂ૦ અ૦ ૧૯
અનુશાયી=પેઠેલા, પેસીને (ચરક-નિ૦ ૩/૭ अनुप्रविश्य)
અનૂપ દેશ-સૂ૦ ૧/૧૩; શા૦ ૩/૭૯.
અનૂપ દેશનાં પ્રાણી-સૂ૦ ૬/૫૪ાા
અન્નપાનવિધિનો ત્યાગ-નિ૦ ૪/૧૯-૨૦ાા
અપચાર=રોગ થવાનુ કારણ (કુપથ્ય વગેરે).
અપાકી-ઉ૦ ૩૫/૭ાા
અપાંગ=લમણા તરફનો આંખનો ખૂણો.
અભિઘાત=ઝાટકો, ફટકો, પછડાવું, કચરાવુ, માર વગેરે.
અભિષ્યંદ=સ્રોતોને પૂરી દે એવો પાણી જેવો કફ.
અભિષ્યંદી=પાણી જેવો કફ કરીને સ્રોતોને પૂરી દે એવું.
અભ્યંગ=આખે શરીરે કે રોગવાળા અંગ પર યોગ્ય સ્નેહ ચોળવો.
અમાત્રાશન-સૂ૦ ૮/૨ાા-૩ાા
અમ્લ=ખાટો.
અમ્લક=સરકા જેવાં ખાટાં ગંધ અને સ્વાદવાળા ઓડકાર આવે (ચરક નિ૦ ૨/૬).
અરતિ=અણગમો, બેચેની.
અરિષ્ટ=દ્રવ્ય ઉકાળીને કાઢેલો દારૂ.
અવગાહ (=અવગાહન)=૧. વાયુ મટાડે એવાં ઔષધથી તૈયાર કરેલા તેલ વગેરે દ્રવ્યથી ભરેલા વાસણમા વાયુની પીડાવાળું અંગ બોળાયેલું રહે એ રીતે બેસવું. ૨. પાણીમાં પડ્યા રહેવું.
અવગાહસ્વેદ-સૂ૦ ૧૭/૧૦ાા,૧૧
અવગુંઠન=ઉ૦ ૧૬/૫
અવપીડક-સૂ૦ ૩/૬-૭
અવપીડનસ્ય-સૂ૦ ૨૦/૭
અવલેહ=ચાટણું.
અવસાદ=(માંસ) ઊંચું આવ્યું હોય તેને સરખું કરવું-બેસાડી દેવું.
અવ્યક્ત રસ-સૂ૦ ૯/૩ાા
અષ્ટાંગ લવણ-સૂ૦ ૬/૧૪૩-૧૪૮ાા સુધીનાં આઠ લવણ.

અસાધ્ય–સૂ૦ ૧/૩૨॥,૩૩
અંગસાદ=અંગ સજડ થઈ જવું.
અંજન–સૂ૦ અ૦ ૨૩
અંજલિ=સોળ તોલા,
અંડ=પેળિયા (અં. ટેસ્ટિકલ્સ).
અંતરાધિ–સૂ૦ ૧૧/૩૨
આક્ષેપ=આચકા.
આગંતુ રોગ–સૂ૦ ૧/૨૦, સૂ૦ ૪/૩૧
આગ્નેય દ્રવ્ય–સૂ૦ ૯/૧॥,૨
આઢક=૨૫૬ તોલા
આદાનકાલ–સૂ૦ ૩/૧॥–૪
આનૂપ દેશ–શા૦ ૩/૭૯
આમ્નિ–સૂ૦ ૧/૨૨
આપ્ય દ્રવ્ય–સૂ૦ ૯/૧॥,૨
આમ–સૂ૦ ૮/૧૩–૧૪; સૂ૦ ૧૩/૨૪॥–૨૬
આમાશય=હોજરી (સૂ૦ ૮/૬॥ અરુણુદત્ત અને સૂ૦ ૧૨/૧૯॥ હેમાદ્રિ).
આરનાલ–ચિ ૧/૧૩૩॥
આરોગ્ય–સૂ૦ ૧/૧૯॥; શા૦ ૬/૭૧–૭૨॥
આરોગ્યનું કારણ–સૂ૦ ૧/૧૯
આર્તવ=સ્ત્રીઓને બાળક અવતરવાને રસ્તેથી જે શુદ્ધ, જરા કાળું અને ગંધવિનાનું લોહી વાયુથી પ્રેરાઈને નીકળે છે તે; અટકાવ
આવાપ=૧. ભભરાવવાનાં ઔષધ, ૨. કવાથ, ઘી વગેરે યોગો તૈયાર (સિદ્ધ) થતા હોય તે દરમ્યાન ઉપરથી ભભરાવવાનાં (કે નાખવાનાં) વધારાનાં ઔષધ (આપ્ટે).
૩. સૂ૦ ૧૯/૪૫॥
આશય–શા૦ ૩/૧૦–૧૧
આશુકારી–સૂ૦ ૧/૧૮
આશ્ચોતન–સૂ૦ અ૦ ૨૩
આસવ–સૂ૦ ૩/૨૨
આસ્થાપન બસ્તિ–સૂ૦ અ૦ ૧૯
આહાર–૧. ખાવુંપીવું, ૨. ખાવાપીવાની વસ્તુઓ.
ઈક્ષુવિકૃતિ=શેરડી અને શેરડીમાંથી બનતી ચીજો; દાખલા તરીકે, શેરડીનો રસ, ગોળ, ખાંડ, સાકર, પતાસું વગેરે.
ઉચ્છ્વાસ=શરીરમાંથી બહાર નીકળતો શ્વાસ.
ઉત્કર્ષ=વૃદ્ધિ, પ્રકોપ.
ઉત્કારિકા=શીરો, લાપશી (સૂ૦ ૧૭/૫॥ અરુણુદત્ત).
ઉત્કલેદ=ઉત્કલેશ (આયુર્વેદીય વિશ્વકોષ).
ઉત્કલેશ=૧. દોષ કોપીને પોતાના સ્થાનમાંથી ચળે પણ શરીરમાંથી બહાર ન નીકળે; સૂ૦ ૮/૨૫ અરુણુદત્ત.
ઉત્તરબસ્તિ–સૂ૦ ૧૯/૭૦
ઉત્તરાયન–સૂ૦ ૩/૧॥–૪
ઉત્સંગ–ગૂમડાનું પરુ બહાર નીકળવાને બદલે અંદર ઊંડું ઊતરે.
ઉત્સાદન ઉ૦ ૨૫/૪૬
ઉત્સેધ=ઊપસી આવવું
ઉદમંથ=પાણીમાં ડોહેલો ઘીવાળો સાથુ (સૂ૦ ૩/૪૮ અરુણુદત્ત).
ઉદશ્વિત્=દહીંમાં દહીં જેટલું જ પાણી નાખીને કરેલી છાશ.
ઉદાવર્ત–નિ૦ ૭/૪૫॥–૫૨
ઉદ્વર્તન–સૂ૦ ૨/૧૪॥
ઉદ્વેષ્ટન=ગોટલા ચઢવા.
ઉપદ્રવ–સૂ૦ ૧૨/૬૦
ઉપનાહસ્વેદ–સૂ૦ ૧૭/૧॥–૫
ઉપલેપ=લપેડવું, ખરડવું.
ઉપવાસ=નકોરડા ઉપવાસ.
ઉપશય–સૂ૦ ૧/૨૨; નિ૦ ૧/૫॥–૬॥
ઉષ્મસ્વેદ–સૂ૦ ૧૭/૫॥–૬॥
ઊલટી કરાવે એવાં દ્રવ્યો–સૂ૦ ૧૫–૧
ઉષ્ણ=૧. અડકવામા ગરમ; ૨. ઉષ્ણવીર્ય.
ઊષ્ણવીર્ય–સૂ૦ ૧/૧૬॥
ઊર્ધ્વવાયુ–હોઈયાં હોઈયાં થયા કરે, વાયુ ઊંચો ચઢે.
ઊષા=૧. શરીરના અમુક ભાગમાં જ લાહ્ય બળે (સૂ૦ ૭/૧૮॥ અરુણુદત્ત); ૨. જાણે ક્ષાર ભભરાવ્યો હોય એવી લાહ્ય બળે (સૂ. ૭/૧૮॥ હેમાદ્રિ).
ઋતુ (સ્ત્રીની)–નિ૦ ૧/૨૬
ઓજસ–સૂ૦ ૧૧/૩૬॥–૩૮॥; શા૦ ૩/૬૩
ઓજસના ગુણો–નિ૦ ૬/૧
ઓદન–સૂ૦ ૬/૨૬
ઔત્સુક્ય=ઉત્સુકતા, કોઈ પણ વિષયની ઉત્કંઠા.
કટિ=કમ્મર તથા ફૂલાનો ભાગ
કટુ (=કટુક)=તીખું.
કનીનક=નાક બાજુનો આંખનો ખૂણો.
કફ મટાડે એવા દ્રવ્યો–સૂ૦ ૧૫/૭; અર્કાદિ, મુષ્કાદિ, અસનાદિ, સુરસાદિ, મુસ્તાદિ અને વત્સકાદિ વર્ગો.
કર્મબસ્તિ–સૂ૦ ૧૯/૬૨॥,૬૩
કર્ષ=એક તોલો.

કલ્ક-ક૦ ૬/૯॥
કલ્પ (કલ્પના)=વમન, વિરેચન કરાવે એવાં દ્રવ્યોનો સુખે ઉપયોગ કરી શકાય તે માટે એ દ્રવ્યોને બીજાં બહુ સુખે વાપરી શકાય તેવા જાતજાતનાં દ્રવ્યો સાથે ભેળવીને કરેલી બનાવટો અને યોગો (ચરક ક૦ ૧/૩)
કવલગ્રહ-સૂ૦ ૨૨/૧૧॥
કવલિકા=૧. કપડાની જાડી ગડ. ૨ ઔષધને વાટીને એની થેપલી આંખ પર મૂકીને તેના પર પાટો બાંધવો.
કષાય-૧ તૂરું, ૨. ક્વાથ.
કષાયગણ-સૂ૦ ૧૦/૩૧-૩૨
કષ્ટસાધ્ય-જુઓ કૃચ્છ્રસાધ્ય.
કંડરા=શા૦ ૩/૧૩॥
કંપ=ધ્રૂજવુ, કંપવા
કાકબ ગોળ=ગોળ બનાવતી વખતે શેરડીનો રસ ઊકળતાંઊકળતાં સહેજ ઘાટો થાય, પણ ઘણો પ્રવાહી રહે તેને કાકબ કહે છે.
કાયાગ્નિ=જઠરાગ્નિ (સૂ૦ ૧૧/૩૩॥ અરુણદત્ત)
કાલપ્રેરિત (કાલચોદિત)-શા૦ ૫/૧૩॥
કાલબસ્તિ-સૂ૦ ૧૯/૬૩॥,૬૩॥
કાળ-સૂ૦ ૧/૨૪
કાંજી=કળથી, ચોખા વગેરે અનાજને પાણીમાં રાંધ્યા પછી એનું ઓસામણ કાઢી લેવું. પછી એ ઓસામણમાં મસાલો નાંખી ખટાશ આવતાં સુધી આથી રાખવું. આથો આવ્યા પછી નિતારી લીધેલા આથાને કાંજી કહે છે
કાંડ (=કાંડભાગ)=બે ગાંઠ કે બે સાંધા વચ્ચેનો ભાગ.
કાંબલિક-સૂ૦ ૬/૩૨
કિણ્વ=દારૂ ગાળી લીધા પછી બાકી રહેલો રગડો.
કિલાટ=માવો.
કુડવ=સોળ તોલા.
કુધાન-સૂ૦ ૬/૧૧,૧૧॥
કુલ્માષ=મગ વગેરેનો બાકળા કે ઘૂઘરી.
કુશા (કુશ્ય)=ભંગના વ્રણને બાંધવા માટેનાં દ્રવ્ય, કામડી (સુશ્રુત ચિ૦ ૩/૬ ડલ્હણ)
કુંડસ્વેદ-સૂ૦ ૧૭/૧૧
કૂપસ્વેદ-સૂ૦ ૧૭/૧૧
કૂર્ચ-શા૦ ૩/૧૪
કૂર્ચિકા=દૂધમાં દહીં કે છાશ નાખીને ગરમ કરવાથી જે ફૂચાફૂચા છૂટા પડે તે. રસગુલ્લાં કૂર્ચિકાનાં બને છે
કૃચ્છ્ર-સૂ૦ ૧/૩૧॥
કૃચ્છ્રસાધ્ય-સૂ૦ ૧/૩૧॥
કૃશરા=તલ, ચોખા અને અડદની પેયા.
કોઠો=જુઓ કોષ્ઠ.
કોપ=વૃદ્ધિ, વધારો, સૂ૦ ૧૨/૨૨॥
કોપન-સૂ૦ ૧/૨૬; નિ૦ ૧/૧૨॥-૨૨॥
કોપવું=વીફરવું, બગડવું
કોષ્ઠ=શા૦ ૩/૧૧॥,૧૨
ક્રૂર કોષ્ઠ (કોઠો)-સૂ૦ ૧૮/૩૪
ક્લમ=ઉ૦ ૩૫/૧૧
ક્લેદ=ચેપનું પાણી, ભીનાશ, રસી.
ક્લોમ=પિપાસાસ્થાન.
ક્વાથ-ક૦ ૬/૧૦
ક્ષાર=જવખાર, સાજીખાર, ટંકણખાર વગેરે ક્ષારો (=ખાર); સૂ૦ ૬/૧૪૯॥-૧૫૧॥
ક્ષાર બનાવવાની સામાન્ય રીત-ચિ૦ ૮/૧૪૦-૧૪૩ના અનુવાદને આધારે સમજવી.
ક્ષીરવિકૃતિ=દૂધ અને દૂધમાંથી બનતી ચીજો. દાખલા તરીકે, દૂધ, દહીં, છાશ માખણ, ઘી, માવો, દૂધપાક, શીખંડ, બાસુદી, મીઠાઈ વગેરે.
ક્ષીરશાક=ગરમ કર્યા વિનાનું ફાટી ગયેલું દૂધ.
ક્ષીરીવૃક્ષ=પીપળો, ઉંબરો, પીપરનું ઝાડ, વડ અને પારસપીપળો એ પાંચ ઝાડ.(ઉ.૧/૬ ચંદ્ર)
ક્ષુદ્રધાન-ઉ૦ ૬/૧૧,૧૧॥
ક્ષૌમ=બનાવટી રેશમ, કેળ, શણ, ભીંડી વગેરેના રેસાનું બનાવટી રેશમ.
ખડધાન-શા૦ ૨/૮
ખર-સૂ૦ ૧/૧૮
ખલ-સૂ૦ ૬/૩૧
ખાંડવ-સૂ૦ ૩/૩૦
ગતિ-ઉ૦ ૨૯/૨૬-૨૭॥
ગણ્ડૂષ-સૂ૦ ૨૨/૧૧॥
ગર-ઉ૦ ૩૫/૫॥-૬॥; ૪૯, ૪૯॥
ગર્ભસ્રાવ=પહેલા ચાર મહિનામાં ગર્ભિણીનો ગર્ભ પ્રવાહીરૂપે નીકળી જાય તે.
ગળી=ગળીનું ઝાડ(કપડા ધોવામાં વપરાતી ગળી નહિ)
ગંધદ્રવ્યો-સૂ૦ ૧૫/૪૩
ગાંગજલ-સૂ૦ ૫/૧-૩
ગુણ-સૂ૦ ૧/૧૮
ગુરુ=૧. વજનમા ભારે, ૨. પચવામાં ભારે, ૩. સૂ૦ ૧/૧૮, ૪. સૂ૦ ૬/૨૬, ૩૧॥
ગુરુપાકી=પચ્યા પછી જેમાથી ઝાડો, પેશાબ અને કફ બને એવું (સૂ૦ ૫/૫૧-૫૨॥ હેમાદ્રિ)

ગ્રહ (ગ્રહણ)=અંગ પકડાઈ જાય
ગ્રહણી (અંગ)–શા૦ ૩/૪૯ાા
ગ્રાહી=ગુદા વગેરે મળદ્વારોને સંકોચી નાખે અને પાતળા મળને ચૂસીને ઘટ્ટ બનાવે એવું.
ઘટ=એક દ્રોણ.
ઘડપણ–શા૦ ૩/૧૦૫
ઘર્ષ=આંખો ચોટી જવી
ઘી–સૂ૦ ૫/૩૬ાા–૩૯
ઘૃતમંડ=ઘી બહુ વખત રહે ત્યારે ઠરીને નીચે બેઠેલા ઘી ઉપર જે પાતળું (પ્રવાહી) ઘી તરે છે તે.
ઘોલ=દહીંની તર ઉતારી લીધા વિના અને દહીંમાં પાણી નાખ્યા વિના વલોવેલા દહીંને ઘોલ કહે છે.
ચક્રતેલ–ઉ૦ ૨૬/૩૧
ચય (દોષોનો)–સૂ૦ ૧૨/૨૨
ચરણ=૧. પગનો પંજો, ૨. ચોથો ભાગ.
ચલ=૧. ગતિ કરવાના સ્વભાવવાળો. એક જગાએ પડી ન રહે એવો; ૨. સૂ૦ ૧/૧૮; ૩. વાયુ
ચંદ્રિકા=પાણીમાં પડેલા તેલના ટીપા જેવો આકાર (શા૦ ૫/૭૭ અરુણદત્ત)
ચામડી વગેરે=ચામડી, નખ, ઝાડો, પેશાબ. આંખ અને મોં (નિ. ૭/૩૩)
ચિકિત્સા=રોગના ઉપચાર કરવા.
ચૂર્ણ–ક૦ ૬/૯ાા
ચેષ્ટા=શરીર, મન અને વાણીથી થતાં કામ (સૂ૦ ૧૧/૧ અરુણદત્ત)
ચોચ=કોપરું, ફણસ (સૂ૦ ૮/૪૪ાા હેમાદ્રિ)
ચોપ–સૂ૦ ૩૮/૩
છચ્છિકા=દહીંમાં દહીં કરતાં અનેકગણું પાણી નાખીને કરેલી છાશ.
છાશ (તક્ર)–સૂ૦ ૫/૩૩–૩૪
છાયા–શા૦ ૫/૪૩, ૫૧, ૫૧ાા
છિદ્ર–ઉ૦ ૪/૫ાા–૮
છેદ=કાપીને છૂટું પાડી નાખવું
છેદી=અંદર અંદર બાઝી ગયેલા (ભેગા થઈ ગયેલા) દોષો વગેરેને પોતાના તીક્ષ્ણ ગુણને લીધે છૂટા પાડે એવું
જળચર વર્ગ–સૂ૦ ૬/૫૧, ૫૧ાા
જંગા (જાંઘ)=પગની એડી અને ઢીંચણ વચ્ચેનો ભાગ
જાળાં–શા૦ ૩/૧૩ાા
જાંગલ દેશ–સૂ૦ ૧/૨૩, શા૦ ૩/૭૮ાા
જાંગલ દેશના પ્રાણીઓ–સૂ૦ ૬/૫૪ાા

જીવન=૧. ઓજસ વધારે એવું, સૌમ્ય ધાતુઓને વધારે એવું (સૂ૦ ૫/૧ અરુણદત્ત); ૨. મૂર્ચ્છા વગેરે મટાડીને પ્રાણને ટકાવે એવું (સૂ૦ ૯/૧૯ હેમાદ્રિ).
જુલાબ કરાવે એવાં દ્રવ્યો–સૂ૦ ૧૫/૨
જ્ઞાન–શા૦ ૩/૧૧૫.
ઠંડા ઉપચાર=કપાળ પર ઠંડા પાણીની છાલકો મારવી, ઠંડા પાણીએ નાહવું, ઠંડાં પીણાં પીવાં વગેરે.
તક્ર=દહીંથી ત્રીજા ભાગનું પાણી દહીંમાં ઉમેરીને વલોવીને માખણ કાઢી લીધેલી વલોણાની છાશ.
તક્રપિંડ=મસકો.
તદર્થકારી ચિકિત્સા–સૂ૦ ૮/૨૩ાા,૨૪
તરુણ અસ્થિ=કુમળાં હાડકાં (અં. કાર્ટિલેજ).
તર્પણ=તૃપ્તિ કરે એવું, કંટાળો દૂર કરે એવું (સૂ૦ ૫/૧ અરુણદત્ત).
તર્પણ આંખનું–સૂ૦ અ૦ ૨૪
તર્પણવિધિ–સૂ૦ ૧૪
તર્પણાદિ ક્રમ–પેયાદિ ક્રમમાં જ્યાં પેયા આપવાની હોય ત્યાં તર્પણાદિ ક્રમમાં બહુ પાતળું તર્પણ (સૂ૦ ૧૪/૯, ૯ાા) આપવું અને પેયાદિ ક્રમમાં જ્યાં વિલેપી આપવાની હોય ત્યા તર્પણાદિક્રમમાં ઘાટું તર્પણ આપવું (ચરક–સિદ્ધિસ્થાન ૬/૨૫–ચક્રપાણિદત્ત).
તંદ્રા=મન અને કર્મેન્દ્રિયો કામ કરે પણ જ્ઞાનેંદ્રિયો અને બુદ્ધિ કામ ન કરે એવી સ્થિતિ, ઘેન, સુસ્તી. (સૂ૦ ૨/૧૬ હેમાદ્રિ)
તાપસ્વેદ–સૂ૦ ૧૭/૧
તાંબૂલ–સૂ૦ ૨/૬
તિક્ત=કડવું
તીક્ષ્ણ–સૂ૦ ૧/૧૮
તીક્ષ્ણ અગ્નિ–શા૦ ૩/૭૩
તીક્ષ્ણ અંજન=લેખન અંજન
તીક્ષ્ણ ક્ષાર–સૂ૦ ૩૦/૨૦–૨૧ાા
તીક્ષ્ણ દ્રવ્યો=લીમડો, કાયફળ, ઉપલેટ, મરી વગેરે
તીક્ષ્ણ ધૂમપાન–સૂ૦ ૨૧/૧૭–૧૮
તીક્ષ્ણ નસ્ય–સૂ૦ અ૦ ૨૦
તીક્ષ્ણ ફલવર્તિ=તીક્ષ્ણ દ્રવ્યો વડે બનાવેલી ફલવર્તિ.
તુલા=૪૦૦ તોલા, તોલુ.
તુષોદક=કાચા, ભરડેલા, ફોતરાંવાળા જવ પાણીમાં નાંખવા. પછી એને આથો આવે ત્યારે

નિતારી લીધેલા આથાના પાણીને તુષોદક કહે છે.
તૃણધાન-સૂ૦ ૬/૧૧, ૧૧ાા; શા૦ ૨/૮
તૃણપંચમૂળ-સૂ૦ ૬/૧૭૧
તેલ-સૂ૦ ૫/૫૪-૬૧ાા
તેલ સિદ્ધ કરવું (પકવવું)-ક૦ અ૦ ૬
ત્રિક=૧. કરોડરજ્જુ તથા બે ખભાનાં બે હાડકાંની ત્રિપુટી; ૨. કરોડરજ્જુ તથા બે પગના બે થાપાનાં બે હાડકાની ત્રિપુટી.
દક્ષિણાયન-સૂ૦ ૩/૪-૬
દધિકુર્ચિકા=ગરમ દૂધમાં દૂધ કરતાં અડધું પાણી ઉમેરીને પછી તેમાં ખાટું દહીં મેળવવાથી દધિકુર્ચિકા બને છે.
દધિમંડ=બહુ ખાટા દહીંમાંથી છૂટેલું દહીંનું પાણી.
દરણ=ચામડી વગેરે ફાટે, ચિરાય (સૂ૦ ૨૯/૧૧ાા ચંદ્ર).
દારણ=ક્ષાર વગેરે મૂકીને ગૂમડાંનું મોં કરવું (સૂ૦ ૨૯/૧૦ાા હેમાદ્રિ).
દારણ દ્રવ્યો-ઉ૦ ૨૫/૩૬ાા,૩૭
દાહ=૧ આખે શરીરે અગન (લાહ્ય) બળે (સૂ૦ ૭/૧૮ાા અરુણદત્ત). ૨. દેવતાથી દઝાતું હોય એવી લાહ્ય બળે (સૂ૦ ૭/૧૮ાા હેમાદ્રિ).
દિવ્યજળ=ગાંગજળ.
દીપન=જેના સેવનથી જઠરાગ્નિ વધારે પ્રદીપ્ત થાય એવું.
દૂધ અને દૂધમાથી બનતી ચીજો: જુઓ ક્ષીરવિકૃતિ.
દૂષીવિષ-ઉ૦ ૩૫/૩૨ાા-૩૭
દૂષ્ય-સૂ૦ ૧/૧૨ાા, ૧૩
દૃષ્ટિ=૧. આંખની કીકીની ઉપરનું કાચ જેવું પડ; ૨. કીકી.
દેશ-સૂ૦ ૧/૨૩, ૨૩ાા
દોષ-સૂ૦ ૧/૬
દ્રવ=૧. પ્રવાહી તથા પ્રવાહીના રૂપાંતર; ૨. સૂ૦ અ૦ ૫મા ગણાવેલી બધી વસ્તુઓ; ૩. સૂ૦ ૧/૧૮; ૪. હૃદયનો થરથરાટ.
દ્રવસ્વેદ-સૂ૦ ૧૭/૭-૧૧
દ્રોણ=૧૦૨૪ તોલા.
દ્રોણી-૪૦૯૬ તોલા.
દ્વેષ=બીજાનું બગાડવાની ઇચ્છા, વેર.
ધમની-સુશ્રુત શા૦ ૯
ધાતુ-સૂ૦ ૧/૧૨ાા
ધાન્યામ્લ=ચોખા, કોદરી વગેરે ધાનને ભરડાવીને આથવાથી એને આથો આવ્યા પછી નિતારી લીધેલું આથાનું પાણી
ધારણ=જેમ ઇમારતી લાકડાંનું ખોખું મકાનને ઊભું રાખે છે તેમ શરીરને ઊભું રાખવું.
ધૂમક-મોંમાંથી ધુમાડો નીકળતો હોય એવું લાગે (ચરક-નિ૦ ૨/૬)
ધૂમપાન (ધૂમ્રપાન)-સૂ૦ અ૦ ૨૧
ધૂમાયન-ધુમાડાની માફક બળતરા કરે.
ધ્માન (નસ્ય)-સૂ૦ ૨૦/૭ાા
ધ્વંસક-નિ૦ ૬/૨૧ાા, ૨૧ાા
નસ્ય-સૂ૦ ૧૪/૫, સૂ૦ ૨૦/૧
નસ્યનાં દ્રવ્યો-સૂ૦ ૧૫/૪
નાડી-ઉ૦ ૨૯/૨૬-૨૭ાા
નાડીસ્વેદ-સૂ૦ ૧૭/૭-૧૦
નાભસ દ્રવ્ય-સૂ૦ ૯/૧ાા,૨
નાવન=નસ્ય.
નાળિયેરનું પાણી-સૂ૦ ૫/૧૯
નિજ રોગ-સૂ૦ ૧/૨૦
નિદાન-સૂ૦ ૧/૨૨, નિ૦ ૧/૨ાા,૨ાા,૧૧ાા
નિરામ='આમ' વિનાનું.
નિરામનું લક્ષણ-નિ૦ ૨/૫૯ાા-૬૩
નિરૂહબસ્તિ-સૂ૦ અ૦ ૧૯
નિરૂહબસ્તિનાં દ્રવ્યો-સૂ૦ ૧૫/૩
નિઃશ્વાસ=બહારથી શરીરમા લેવાતો શ્વાસ
નિસ્તોદ=સોય ખોસ્યા જેવી પીડા (સૂ૦ ૨૩/૫ અરુણદત્ત).
નીલ=ગળી જેવા રંગનું.
પક્વ સ્નેહ-ક૦ ૬/૧૭-૧૮
પક્વાશય=ગ્રહણી સિવાયનું બાકીનું આંતરડું. (સૂ૦ ૧૧/૩૩ાા, સૂ૦ ૧૨/૯ાા)
પથ્ય=૧. શરીરના સ્રોતોમા ભરાયેલા દોષોને બહાર કાઢીને સ્રોતોને સાફ કરે એવું; ૨. સાજા માટે હિતકર; ૩. પરેજ.
પરિવેષ્ટન=જાણે શરીરે દોરડાં તાણી બાંધ્યાં હોય એવી પીડા (નિ૦ ૧૧/૩૭ તોડર).
પરિષેક (પરિષેચન)=રેડવાની દવામાં પોતાં બોળીને એ પોતાં મૂકીને એના પર દવા રેડવી કે છાંટવી.
પરિષેકસ્વેદ-સૂ૦ ૧૭/૭-૧૦
પરિહાર=નિયંત્રણ, આહારવિહારની પરેજ (સૂ૦ ૧૯/૬૯ અરુણદત્ત).
પરીકર્ત=કાતર વડે કતરાતું હોય એવી પીડા.
પરુષ=સાગના પાંદડાં જેવા સ્પર્શવાળું (નિ૦ ૭/૨૮ાા અરુણદત્ત).
પર્વ=કાંડ.

પલ=ચાર તોલા.
પંચકર્મ-વમન, વિરેચન, નિરૂહ, અન્વાસન અને નસ્ય.
પંચલવણ-સૂ૦ ૬/૧૪૪-૧૪૭॥
પંચવલ્કલ-ઉ૦ ૩૬/૬૨॥
પંચાંગ=ફળ, મૂળ, બી, પાંદડાં અને અંતર્છાલ.
પાકી=અન્નને, ધાનને તથા ચાંદાને પકવે એવું. (સૂ૦ ૬/૧૪૩॥ અરુણદત્ત).
પાચન=જેના સેવનથી ખાધુંપીધું પચે તથા આમ પાકે એવું.
પાટન=૧. શસ્ત્રથી કાપીને ગૂમડાનું મોં કરવું (સૂ૦ ૨૯/૧૦॥ હેમાદ્રિ). ૨. બહુ ઊંડું નહિ પણ ઉપરઉપરથી ચીરવું.
પાત્ર=૨૫૬ તોલા.
પાદ=પગનો પંજો.
પાદાઘાત=શરીર પર બીજા માણસને ઊભો રાખીને એના પગ વડે શરીરને ગદડાવવું.
પાન-સૂ૦ ૨/૬
પાનક=પાણી વગેરે દ્રવમાં ગોળ, આંબલી વગેરે નાખીને તૈયાર કરેલું શરબત.
પાર્થિવ દ્રવ્ય-સૂ૦ ૯/૧॥,૨
પિચુ=કર્ષ.
પિચ્છા-૧. નિ૦ ૧૦/૩૯॥; ૨. લસિકા (નિ૦ ૧૩/૩૬ અરુણદત્ત); ૩. ભાતના ઓસામણ જેવું ચીકણું પાણી.
પિચ્છાબસ્તિ-ચિ૦ ૮/૧૨૫-૧૨૮॥, ચિ૦ ૯/૭૨॥ -૭૬
પિચ્છિલ-સૂ૦ ૧/૧૮
પિત્ત મટાડે એવાં દ્રવ્યો-સૂ૦ ૧૫/૬; ન્યગ્રોધાદિ ગણ, પદ્મકાદિ ગણ.
પિંડસ્વેદ=૧. જે રોગમાં જે ઔષધો વડે શેક કરવાનો કહ્યો હોય તેમને બાફીને એમની પોટલી વડે કે એમના પિંડ (ગોળા) વડે શેક કરવો. ૨. સૂ૦ ૧૭/૫॥-૬॥
પિંડિકા (પિંડી)=૧. જંઘાના પાછળના ભાગમાં પિંડ જેવા આકારનો માંસનો કઠણ ભાગ (સૂ૦ ૪/૨॥ અરુણદત્ત; પગની પિંડી; ૨. જુઓ કવલિકા.)
પીડન=તાણે અથવા ખેંચે એવાં.
પીડન દ્રવ્યો-ઉ૦ ૨૫/૩૯॥,૪૦
પીયૂષ=તાજી વિયાયેલી ગાય, ભેંશ વગેરેનું પહેલા સાત વાસા સુધીનું ઘટ્ટ દૂધ.
પુટપાક-સૂ૦ અ૦ ૨૪
પુલાકસ્વેદ-ભાતના ઢેફાથી કરેલો શેક
પૂરણ=હાડકાના પોલાણમાં ભરાઈને એ પોલાણને પૂરવી; પોલાણને પૂરી દેવી.
પૂર્વરૂપ-સૂ૦ ૧/૨૨, સૂ૦ ૧૨/૬૦, નિ૦ ૧/૩-૪
પેયા-સૂ૦ ૬/૨૬
પેયાદિ ક્રમ-સૂ૦ ૧૮/૨૯
પ્રકૃતિ-સૂ૦ ૧/૯-૧૦; શા૦ ૩/૮૫-૧૦૪
પ્રકોપ-સૂ૦ ૧૨/૨૨,૨૨॥
પ્રચ્છાન=છૂંદવું, ઊઝરડા કરવા.
પ્રજ્ઞા-સમજશક્તિ.
પ્રજ્ઞાપરાધ=શરીર, વાણી કે મનથી થતું ખરાબ કામ.
પ્રતિભા=રોજ નવીનવી સૂઝ પડે એવી સમજણ-શક્તિ.
પ્રતિભોજન=વમન વગેરે ક્રિયા કરતા પહેલા કે કર્યા પછી એ ક્રિયાના અંગ તરીકે લેવું પડતું ભોજન (સૂ૦ ૨૭/૧૮ ચંદ્ર).
પ્રતિમર્શ (નસ્ય)-સૂ૦ ૨૦/૬॥
પ્રતિવાપ=૧. ખૂબ ઝીણાં લસોટેલાં બીજાં દ્રવ્યો દ્રવ દ્રવ્યમાં નાખવાં (સૂ૦ ૩૦/૧૬॥ અરુણ-દત્ત); ૨. આવાપ નાખ્યા પછી નાખવાનાં બીજાં દ્રવ્યો (સુશ્રુત, સૂ૦ ૧૧/૧૩ ડલ્હણ). ૩. કવાથ થતો હોય તે દરમ્યાન કે કવાથ થઈ ગયા પછી બીજાં ઔષધો નાખવાં (આપ્ટે).
પ્રતિસારણ=સૂ૦ ૨૨/૧૩
પ્રતુદ-સ૦ ૬/૪૬,૪૬॥
પ્રત્યંગ-શા૦ ૩/૧
પ્રત્યંજન-સૂ૦ ૨૩/૧૧,૧૧॥
પ્રત્યાખ્યાન ચિકિત્સા-શા૦ ૩/૪૭॥
પ્રત્યાખ્યેય=અસાધ્ય.
પ્રધમન (પ્રધ્માન) નસ્ય-સૂ૦ ૨૦/૭॥
પ્રભા-શા૦ ૫/૫૧, ૫૧॥
પ્રમથ્યા-સ. ૯/૫-૭
પ્રમાથી-ચિ૦ ૩/૧૫૭॥
પ્રલય=મૂર્છા (સૂ૦ ૮/૮॥ હેમાદ્રિ).
પ્રસન્ન-સૂ ૧/૧૮
પ્રસન્ના(-વારુણી)=સુરાને ઠરવા દીધા પછી ઉપર તરતું પાતળું પાણી.
પ્રસહ-સૂ૦ ૬/૪૭॥-૪૯॥
પ્રસાદન=સૂ૦ ૧/૧૮
પ્રસાદન અંજન-સૂ૦ ૧૩/૧૦॥

પ્રસાદન પુટપાક-સૂ૦ ૨૪/૧૬,૧૬ા
પ્રસાદ રસ-શા૦ ૩/૬૦ા
પ્રસૃતિ=આઠ તોલા.
પ્રસેક=મોંમાંથી લાળ અને થૂંક નીકળે.
પ્રસ્થ=૬૪ તોલા.
પ્રાગ્રૂપ=પૂર્વરૂપ.
પ્રાયોગિક ધૂમપાન=મધ્યમ ધૂમપાન
પ્રીણન=૧. મનને આનંદ આપે એવું; ૨. સ્રોતોમાં ચઢીને ઇંદ્રિયોનું પ્રસાદન કરીને તનમનની તૃપ્તિ કરે એવું.
ફલવર્તિ=જે દ્રવ્યોની ફલવર્તિ બનાવવાની હોય તે દ્રવ્યોને જુદાં જુદાં બારીક લસોટીને પછી ભેગાં કરીને લસોટવાં. પછી ઝીણી સળીની આસપાસ આ લુગદી ચોપડીને એને અંગૂઠા જેટલું જાડું બનાવવું. પછી એને છાયડે સૂકવીને એ સુકાય ત્યારે સળી ખેંચી લેવી, અને એ રીતે બનાવેલી આ વાટ-(દિવેટ)ની આસપાસ ઘી ચોપડવું. આ વાટને ફલવર્તિ કહે છે.
ફસ ખોલાવવી-સૂ૦ અ. ૨૭
ફાણિત=કાકબ ગોળ.
ફાણ્ટ-ક૦ ૬/૧૦ા
બસ્તિ-સૂ૦ અ. ૧૯
બંધ=સ્રોત પુરાઈ જાય (સૂ૦ ૧૦/૧૨ હેમાદ્રિ).
બાફેલું=દેવતા પર મૂકીને બાફેલું (પાણીમાં બાફેલું નહિ).
બાવચી-ઉ૦ ૩૯/૧૦૬ા
બાળક-શા૦ ૩/૧૦૫
બિડલવણ=પ્રસારણ વેલ(મરાઠી-ચાંદવેલ)ના ક્ષાર-માંથી બનાવેલું મીઠું.
બિડાલક-ઉ૦ ૧૬ા/૧ા
બિલેશય પ્રાણીઓ-સૂ૦ ૬/૪૭
બિંદુ-સૂ૦ ૨૦/૯,૯ા
બૃંહણ-સૂ૦ ૧૪/૧/૨
બૃંહણ ધૂમપાન-સ્નિગ્ધ ધૂમપાન
બૃંહણ નસ્ય-સૂ૦ ૨૦/૫ા
બૃંહણ સ્નેહ-સૂ૦ ૧૬/૧૯ા
ભાર=આઠ હજાર તોલા.
ભારે=જુઓ 'ગુરુ'
ભાવના આપવી (દેવી)-જે ઔષધને ભાવના આપવાની હોય તેના ચૂર્ણમાં જે ઔષધ વડે ભાવના આપવાની હોય તેનો સ્વરસ કે ક્વાથ રેડીને એ બધું એકરસ કરીને છાંયડે સૂકવવું. જેટલી વાર ભાવના આપવા-ની હોય તેટલી વાર આમ કરવું.
ભેદ=૧. બહુ ઊંડે સુધી ચીરવું, ૨. બહુ ઊંડે સુધી ચિરાતું હોય એવી પીડા.
ભેદી=કઠણ ઝાડાને ભાંગીને નરમ બનાવે એવું.
ભોજ્ય-ખોરાક ૭ પ્રકારનો છે: ચૂસવા જેવો, પીવા જેવો, ચાટવા જેવો, (દાળભાત જેવો) ભોજ્ય, (લાડુ જેવો) ભક્ષ્ય અને (કઠણ ભાખરી કે રોટલા જેવો) ચર્વ્ય.
ભૌમ જળ=જમીનને અડકેલું વરસાદનું પાણી.
ભ્રમ=ફેર (ચક્કર) આવે.
મજ્જા=હાડકાનાં પોલાણમાં રહેલો ચીકણો પદાર્થ (અં. મૅરો)
મત્સર=૧. બીજાના ગુણ ન સાંખી શકવા; ૨ ક્રોધ.
મત્સ્ય વર્ગ-સૂ૦ ૬/૫૨-૫૩ા
મત્સ્યંડિકા=ગુડસક્કર
મત્સ્યંડી=માટલાનો ગોળ, ઢીલો ગોળ.
મથિત=દહીંની તર કાઢી લઈને, પણ દહીંમા પાની નાખ્યા સિવાય વલોવેલું દહીં.
મદ=મીણો (કેફ, નશો) ચઢવો.
મદ્ય-સૂ૦ ૫/૬૨
મધુર=ગળ્યો.
મધુશર્કરા=તાપથી આપોઆપ ખાંડ જેવું બની ગયેલું મધ.
મધ્ય ઉમ્મર-શા૦ ૩/૧૦૫
મધ્ય કોષ્ઠ (કોઠો)-સૂ૦ ૧/૮ા
મધ્ય ધૂમપાન-સૂ૦ ૨૧
મધ્યમ ક્ષાર-સૂ૦ ૩૦/૮-૧૯ા
મધ્ય ધૂમપાન-સૂ૦ અ૦ ૨૧
મન્યા=જે પાછલી બાજુએ આવેલી છે એવી ડોકની શિરા.
મર્મ-શા૦ ૪/૩૭-૩૮
મર્શ નસ્ય-સૂ૦ ૨૦/૬ા
મષી-જેની મષી કરવાની હોય તેને સંપુટમાં મૂકીને એને બાળીને બનાવેલી રાખ.
મસ્તુ=ખટાશ પર આવેલા (બહુ ખાટા નહિ) દહીંમાથી છૂટેલું પાણી.
મહાભૂત=આકાશ, વાયુ, અગ્નિ, પાણી અને પૃથ્વી એ પાચમાંનું દરેક.
મહામૃગ પ્રાણીઓ-સૂ૦ ૬/૫૦,૫૦ા
મહાસ્નેહ-સૂ૦ ૧૬/૪
મહાસ્રોત=ગળાથી ગુદા સુધીનો અંદરનો માર્ગ.

મળ (ધાતુઓના) શા૦ ૩/૬૩॥
મળ (શરીરના)=વાયુ, પિત્ત, કફ, ઝાડો, પેશાબ, પરસેવો વગેરે.
મંડ–સૂ૦ ૬/૨૬
મંડ (ઘીનો)=જુઓ 'ઘૃતમંડ'.
મંથ=૧. સોળ તોલા ટાઢા પાણીમાં ઔષધનું ચાર તોલા ચૂર્ણ નાખીને એ બધું ભેગું ખૂબ વલોવીને પછી ગાળી લીધેલું પાણી; ૨. દ્રવમાં ડોહેલો સાથુ. ૩. મથિત.
મંદ–સૂ૦ ૧/૧૮
મંદ અગ્નિ (મંદાગ્નિ)–શા૦ ૩/૭૩
મંદક=જેમાં હજી ખટાશ ન આવી હોય એવું દહીં, કાચું દહીં.
માત્રા=માપ (અં. ડોઝ); સૂ૦ ૮/૧॥,૨, સૂ૦ ૮/૪૬,૪૬॥
માત્રા બસ્તિ–સૂ૦ ૧૯/૬૭
માત્રા (સમયની)–સૂ૦ ૨૨/૩૩
માધવ–સૂ૦ ૩/૨૨
માર્દીક–સૂ૦ ૩/૨૨
માષ=આઠ રતીભાર
માંસરસ–સૂ૦ ૬/૩૨
મિથ્યાયોગ–સૂ૦ ૧૨/૩૫॥–૪૨॥
મુખશોષ=મોં સુકાય
મુખાલેપ–સૂ૦ ૨૨/૧૪–૨૨॥
મૂઢવાયુ=અવળે માર્ગે ચઢેલો, પ્રતિલોમ વાયુ (સૂ૦ ૮/૩૦ અરુણદત્ત, હેમાદ્રિ).
મુહૂર્ત=લગભગ ૪૮ મિનિટ.
મૂત્રલ=૧. પેશાબ આણે એવું; ૨. જેમાંથી પેશાબનું તત્ત્વ વધારે નીકળે એવું.
મૃગ–સૂ૦ ૬/૪૩
મૃત્સ્ન=આંગળાથી ચોળીએ તો આગળીએ ચોંટે એવું, પિચ્છિલ અને ચકચકતું
મૃદુ–સૂ૦ ૧/૧૮
મૃદુ કોષ્ઠ (કોઠો)–સૂ૦ ૧૮/૩૩॥
મૃદુ ક્ષાર–સૂ૦ ૩૦/૧૯॥,૧૯॥॥
મૃદુ ધૂમપાન=સ્નિગ્ધ ધૂમપાન.
મૃષ્ટ–સૂ૦ ૧/૧૮
મેધા=૧. અનેક ગ્રંથના અર્થ સમજ્યેલા રાખવાની શક્તિ; ૨. સમજેલું કાયમ રાખવાની શક્તિ.
મેધ્ય=મેધા માટે સારું.
મૈરેય=૧. ખજૂરનો આસવ (સૂ૦ ૭/૪૦ અરુણદત્ત); ૨. સુરા અને આસવ એ બંનેને એક જ વાસણમાં સાથે આથવાથી બનેલો દારૂ (સૂ૦ ૭/૪૦ ડલ્હણ).
મોરટ=ફાટી ગયેલા દૂધનું પાણી.
મોરણ=વિયાયેલી ગાય, ભેંશ વગેરેનું સાત વાસા પછીનું ડહોળાયેલું (મેલું) દૂધ.
મોહ=૧. શું કરવું અને શું ન કરવું તે બાબતનું અજ્ઞાન; ૨. બેભાનીની શરૂઆતની દશા.
યમક સ્નેહ–સૂ૦ ૧૬/૪
યવાગૂ–ચિ૦ ૧/૩૦॥
યંત્ર–સૂ૦ ૨૫/૦॥–૨॥
યાપ્ય–સૂ૦ ૧/૩૨
યૂષ–સૂ૦ ૬/૩૨
યોગ=૧. ઔષધની ધારી અસર કરવાની શક્તિ (સૂ૦ ૧/૨૪ અરુણદત્ત). ૨. સૂ૦ ૯/૧૦
યોગબસ્તિ–સૂ૦ ૧૯/૬૪,૬૪॥
યોગવાહી=જેની સાથે મળે તેના ગુણ પકડી લે એવો.
રક્તસ્રુતિ–સૂ૦ અ. ૨૬/૩૪॥–૫૫॥; સૂ૦ અ. ૨૭
રસ (આહારનો કે ઔષધનો)=યૂષ, સ્વરસ, ક્વાથ, સૂ૦ ૬/૩૨॥
રસ (ધાતુ)–શા૦ ૩/૬૦
રસ (પ્રસાદરસ)–શા૦ ૩/૬૦॥
રસ (માંસરસ)–સૂ૦ ૬/૩૨
રસ (સ્વાદ)–સૂ૦ ૧/૧૪–૧૫॥; સૂ૦ ૯/૩॥; સૂ૦ અ ૧૦
રસક્રિયા=મલમ જેવું બનાવવું; સૂ૦ ૨૩/૧૩॥
રસાયન–ઉ૦ ૩૯/૧–૨
રસાયન વિધિ–ઉ૦ અ. ૩૯
રસાલા=મરી અને કેસર નાખેલો શીખંડ.
રસાંજન–સૂ૦ ૨/૫॥
રાગ=૧. વિષયો પર આસક્તિ; ૨. સૂ૦ ૩/૩૦.
રાત્રિચર્યા–સૂ૦ ૭/૫૩–૭૬
રિષ્ટ–શા૦ ૫/૧,૪–૫
રૂક્ષ (લૂખું)=૧. સૂ૦ ૧/૧૮, ૨. જેનું શરીર લૂખું પડ્યું હોય એવો માણસ.

વિમલ–સૂ૦ ૧/૧૮
વિમ્લાપન=ગૂમડાને કરમાવીને વેરી નાખવું.
વિરસતા (મોંની)=મોંનો સ્વાદ બગડી જાય.
વિરુદ્ધ આહાર–સૂ૦ ૭/૨૯ાા–૪૫ સૂ૦ ૭/૪૫.
વિરુદ્ધ ઉપચાર=રોગનું કારણ મટાડવાનો ઉપાય અને રોગ મટાડવાનો ઉપાય એ બે પરસ્પર વિરુદ્ધ હોવાથી એકે ઉપાય લાગુ ન પડે એવા ઉપાય (સૂ૦ ૮/૧૪, હેમાદ્રિ).
વિરુદ્ધાશન જુઓ 'વિરુદ્ધ આહાર'
વિરેચન–દ્રવ્યો–સૂ૦ ૧૫/૨
વિરેચન ધૂમપાન=તીક્ષ્ણ ધૂમપાન.
વિરેચન નસ્ય–સૂ૦ ૨૦/૪ાા, ૫
વિલયન=જુઓ 'વિમ્લાપન'
વિલેપી–સૂ૦ ૬/૨૬
વિવર્ણ=૧. બગડી ગયેલા રંગનું; ૨. ચામડીથી જુદા રંગનું.
વિશદ=કોરું; સૂ૦ ૧/૧૮
વિષમ=૧. યોગ્ય પ્રમાણસર ન હોય એવું; સૂ૦ ૧૨/૩૩ાા
વિષમ અગ્નિ–શા૦ ૩/૭૨ાા
વિષમતા–સૂ૦ ૧૨/૩૩ાા
વિષમાશન–સૂ૦ ૮/૩૪
વિષમ (ઇંદ્રિયોના)–સૂ૦ ૧૨/૩૪–૩૫
વિષસંકટ–ઉ૦ ૩૫–૫૯ાા,૬૦
વિષ્કર–સૂ૦ ૬/૪૩ાા–૪૫ાા
વિષ્ટંભ=૧. કૂખ આગળ પેટ ચઢે (સૂ૦ ૮/૩૦ાા અરુણદત્ત); ૨. અવયવો બહુ જ અક્કડ થઈ જાય તે (સૂ. ૮/૩૦ાા હેમાદ્રિ).
વિષ્ટંભી=વિષ્ટંભ કરે એવું.
વિસર્ગકાળ–સૂ૦ ૩/૪–૬ાા
વિહાર=રહેણીકરણી; ખાવાપીવા સિવાયની બીજી ક્રિયાઓ.
વીર્ય=શક્તિ.
વીર્ય (દ્રવ્યનું)–સૂ૦ ૧/૧૬ાા; સૂ૦ ૯/૧૨–૧૯
વીર્ય (ધાતુ)–શા૦ ૩/૬૨ાા
વૃદ્ધિ=સૂ૦ ૧/૧૩ાા; સંચય અને પ્રકોપ (સૂ૦ ૧૨/૧૯ હેમાદ્રિ).
વૃષ્ય–ઉ૦ ૪૦/૩૫
વેગ–સૂ૦ ૪/૧
વેશવાર (વેસવાર)=માંસ (કે બીજા પદાર્થને) બાફીને ખાંડ્યા કે લસોટ્યા પછી અંદર ઘી, સૂંઠ, ધાણા, જીરું, હિંગ, ગોળ વગેરેનો વઘાર કરેલું માંસનું (કે બીજા પદાર્થનું) પૂરણ.
વેષ્ટન=જુઓ 'પરિવેષ્ટન'.
વ્યવાયી=સૂ૦ ૧/૧૮; આખા શરીરમાં પ્રસરી ગયા પછી પચે એવું (સૂ. ૫/૫૪ાા અરુણદત્ત).
વ્યંજન=રોટલી, પૂરી, ભાખરી, ચોપડાં, ખાખરા, ભાત અને મીઠાઈ એ મુખ્ય જમણ છે. પણ મુખ્ય જમણ જમતાંજમતાં જરા સ્વાદફેર કરવા જમવામાં લહેજત આણવા, બોળવા કે ભેળવવા માટે જે પરચૂરણ વાનીઓ બનાવાય છે તેને વ્યંજન કહે છે. દાખલા તરીકે, દાળ, શાક, દહીં, અથાણું, પાપડ, ભજિયું, ચટણી વગેરે.
વ્યાધિવિપરીતાર્થકારી ચિકિત્સા–સૂ૦ ૮/૨૩ાા.
વ્યાધિવિપર્યય ચિકિત્સા–સૂ૦ ૮/૨૩
વ્યાધિસાત્મ્ય=ઉપશય
વ્રીહિ=લાલ ચોખા (સૂ૦ ૩/૨૯ાા અરુણદત્ત).
વ્રીહિધાન–સૂ૦ અ૦ ૧૬
શમન (શમ)–સૂ૦ ૧/૧૬, ૨૪ાા; સૂ૦ ૧૨/૧૯ાા, ૨૩ાા; સૂ૦ ૧૪/૫ાા–૬ાા
શમન ગંડૂષ–સૂ૦ ૨૨/૨
શમન ધૂમપાન–મધ્યમ ધૂમપાન.
શમન નસ્ય–સૂ૦ ૨૦/૬
શમન સ્નેહ–સૂ૦ ૧૬/૧૯
શમીધાન–સૂ૦ અ૦ ૬
શરબત=જુઓ 'પાનક'
શલાકા=સળી.
શલ્ય–સૂ૦ ૨૫/૦ાા
શશાંકકિરણ–સૂ૦ ૩/૩૨, કપૂરનાડિકા.
શસ્ત્ર–સૂ૦ અ૦ ૨૬
શંખ=શંખનાભિ (ઉ૦ ૧૬/૨૩ાા)
શાખા–સૂ૦ ૧૨/૪૪
શાલન=જમતા પહેલાં અને જમી રહ્યા પછી હરિતવર્ગના આદું વગેરે જે પદાર્થ કાચા

ને કાચા ખાવાથી ફાયદો થાય છે તેને શાલન કહે છે.
શાલિચોખા=છડેલા ધોળા ચોખા (સૂ૦ ૩/૨૯।। અરુણદત્ત)
શાલિધાનસૂ૦– અ૦ ૬
શાળચોખા=શાલિ ચોખા
શાંડાકી=૧. મૂળાનાં પાંદડાંના રસમાં રાઈ નાખીને બનાવેલી કાંજી. ૨. સરસવનાં પાંદડાંની સ્વરસમાં શાળ-ચોખાનો લોટ નાખીને બનાવેલી કાંજી
શાંડાકી વટક–સૂ૦ ૬/૩૪
શિરા=સિરા–શા૦ ૩/૧૯,૧૯।।
શિરોબસ્તિ–સૂ૦ ૨૨/૨૫।।–૩૧
શિરોવિરેચન (=નસ્ય)-સૂ૦ ૨૦/૭
શિવ–સૂ૦ ૧/૧૮
શિંબીધાન–સૂ૦ અ. ૬
શીખંડ=મરી અને કેસર નાખેલો શીખંડ
શીત=૧, શીતવીર્ય; ૨. અડકવામા ઠંડું; ૩. ક૦ ૬/૧૦
શીતજ્વર–નિ૦ ૨/૩૪।।–૩૫।।; ૪૭।।
શીતવિધિ=ઠંડા ઉપચાર; સૂ૦ ૪/૧૦।।
શીતવીર્ય–સૂ૦ ૧/૧૬।।
શીવણી–શા૦ ૩/૧૪
શુક્ત=સરકો.
શુક્ર=૧. વીર્ય; ૨. આંખનું ફૂલું.
શુચિ–સૂ૦ ૧/૧૮
શુદ્ધ=૧. પંચકર્મ કરીને શુદ્ધ થયેલો; ૨. સાફ કરેલો.
શુદ્ધવાયુ–નિ૦ ૧૫/૪૦।।
શુકધાન–સૂ૦ અ૦ ૬
શ્રુત=ક્વાથ.
શેરડી અને શેરડીમાંથી બનતી ચીજો–જુઓ 'ઇક્ષુ-વિકૃતિ.'
શોધન–સૂ૦ ૧/૨૪।।; સૂ૦ ૧૪/૪।।,૫
શોધન ગંડૂષ–સૂ૦ ૨૨/૨।।
શોધન ધૂમપાન=તીક્ષ્ણ ધૂમપાન.
શોધનસ્નેહ–સૂ૦ ૧૬/૧૮।।
શ્યાવ=મેલા આછા લાલ રંગનું (અમરકોષ), બદામી રંગનું
શ્લક્ષ્ણ–સૂ૦ ૧/૧૮
સક્થિ=સાથળના વળાથી પગના અંગૂઠા સુધીનો ભાગ.
સમ / સમાન = ૧. પ્રમાણસર; ૨. સાધારણ; ૩. સરખે ભાગે.
સમશન–સૂ૦ ૮/૩૩
સમ અગ્નિ–શા૦ ૩/૭૨।।
સમાન=૧. સરખા પ્રમાણમાં, ૨. યોગ્ય પ્રમાણમાં.
સમ્યગ્યોગ–૧૦ ૧/૧૮।।, ૧૯; સૂ૦ અ૦ ૮ની શરૂઆત.
સર=૧. મળને પોતાને સ્વાભાવિક માર્ગે સરકાવે એવું (સૂ૦ ૫/૩૪।। હેમાદ્રિ); ૨. દહીંની તર.
સવર્ણ=ચામડી જેવા રંગનું.
સંકીર્ણાશન=જ્યાં, જેની સાથે કે જે અન્નપાન ખાવા-પીવાની શાસ્ત્રમાં મના કરી હોય ત્યા, તેની સાથે કે તે અન્નપાન ખાવુંપીવું.
સંગ=અપ્રવૃત્તિ, બહાર ન નીકળે.
સંગ્રાહી=ગ્રાહી.
સંઘાત=કઠણપણું (૧૦ ૧૦/૧૨ હેમાદ્રિ).
સંચય (દોષનો)–સૂ૦ ૧૨/૨૨
સંતાનિકા=મલઈ.
સંધિકાળ (ઋતુઓનો)–૧૦ ૩/૫૭।।
સંનિપાત–સૂ૦ ૧/૧૨
સંપ્રાપ્તિ–સૂ૦ ૧/૨૨; નિ૦ ૧/૭।।–૧૧
સંમોહ=૧. બેભાન થઈ જવું (સૂ૦ ૪/૧૦ હેમાદ્રિ); ૨. ઇંદ્રિયો અને મનનો મોહ (નિ૦ ૬/૨૨।। તોડર).
સંરંભ (આંખનો)=આંખ, ઊભરાઈ આવીને સૂજી જાય.
સંશોધન–સૂ૦ ૧/૨૪।।
સંસર્ગ–સૂ૦ ૧/૧૨
સંસર્ગી=સંસર્જન: સૂ૦ ૧૮/૨૯ મા કહેલો પેયાદિ ક્રમ.
સંસ્કાર=બીજા દ્રવ્યના સંયોગથી મૂળ દ્રવ્યમાં આવેલા બીજા દ્રવ્યના ગુણ (સૂ૦ ૫/૫૬ હેમાદ્રિ)
સંસ્તરસ્વેદ=સૂ૦ ૧૭/૫।।–૬।।
સાત્મ્ય=જન્મથી કે ટેવ પાડવાથી માફક આવેલું (કોઠે પડેલું), શા૦ ૩/૫।।

સાદ=કામ કરવાની અશક્તિ (સૂ૦ ૮/૨૫ા હેમાદ્રિ).
સાધારણ દેશ–સૂ૦ ૧/૨૩ા; શા૦ ૩/૭૯
સાધારણ દેશનાં પ્રાણી–સૂ૦ ૬/૫૪ા
સાન્દ્ર (ઘટ્ટ)–સૂ૦ ૧/૧૮
સામ–સૂ૦ ૧૩/૨૭
સામુદ્ર જલ–સૂ૦ ૫/૩ા
સાર=૧. પચેલા અન્નનો કિટ્ટ સિવાયનો ભાગ (શા૦ ૩/૬૦ા); ૨ ઝાડના થડની વચમાં રહેતો ઝાડનો સારરૂપ ભાગ, જેમ કે ખેરસાર.
સારાંબુ=ખીખલો, સુખડ વગેરે નાખીને ઉકાળેલું પાણી (સૂ૦ ૩/૨૨ા અરુણદત્ત, હેમાદ્રિ)
સાલ્વણસ્વેદ–સૂ૦ ૧૭/૩ા
સાહસ–નિ૦ ૫/૪ા
સાળના ચોખા=જુઓ 'શાલિચોખા'
સિદ્ધ તેલ–ક૦ અ૦ ૬
સિરાવ્યધવિધિ–સૂ૦ અ૦ ૨૭
સીધુ=શેરડીના રસનો દારૂ (સૂ૦ ૩/૨૨ અરુણદત્ત, હેમાદ્રિ).
સુખ
સુખસાધ્ય } સૂ૦ ૧/૨૯ા–૩૧
સુસાધ્ય
સુપ્તિ=ચામડી બહેરી થઈ જવી.
સુરા=સૂ૦ ૩/૧૧ા; શાળચોખાના લોટમાંથી બનાવેલો દારૂ.
સૂક્ષ્મ=સૂ૦ ૧/૧૮; બહુ બારીક.
સેક
સેચન } ઉ૦ ૯/૨
સેવની=શરીરની ચામડીનો ઓટણ કર્યું હોય એવો ભાગ.
સૌમ્ય=ઠંડું, પાણીના ગુણોવાળું.
સૌવીર=ફોતરાં વિનાના છડેલા જવને રાંધીને આથવા. પછી બરાબર આથો આવે ત્યારે નિતારી લીધેલા આથાના પાણીને સૌવીર કહે છે.
સૌવીરાંજન–શાર્ઙ્ગધરસંહિતા, ઉત્તર ખંડ, અ. ૧૩, શ્લોક ૧૧૩,૧૧૪
સ્તબ્ધ=સૂકા લાકડા જેવું અક્કડ (અં. સ્ટીફ).
સ્તંભ=સૂકા લાકડા જેવું અક્કડપણું.
સ્તંભન=ગ્રાહી.
સ્તંભન ઔષધ–સૂ૦ ૧૭/૧૭ા–૧૯
સ્તૈમિત્ય=૧. શરીરે ભીનો પાટો બાંધ્યો હોય ને થાય એવી સ્થિતિ (સૂ૦ ૭/૬૦ા હેમાદ્રિ); અવયવોમાંથી ઉત્સાહ જતો રહે (સૂ૦ ૭/૬૦ા અરુણદત્ત).
સ્ત્યાન=ઠરી ગયેલું, પિંડો વળી ગયેલું (નિ૦ ૮/૨૭ અરુણદત્ત).
સ્થાન (દોષોનાં)–સૂ૦ ૧૨/૧–૩
સ્થિર=૧. પોતાની મેળે ગતિ ન કરી શકે એવું; ૨. સૂ૦ ૧/૧૮; ૩. જેની અસર લાંબો વખત ટકી રહે એવું (સૂ૦ ૬/૭ હેમાદ્રિ).
સ્થૂલ=સ્રોતોમાં ઝટ ન ચઢી જાય એવું; ૧૦ ૧/૧૮.
સ્નાયુ=(અં. મસલ) દેહમાં માંસ, હાડકાં તથા ચરબીના બંધનને સ્નાયુ કહે છે. (શાર્ઙ્ગધર પ૦ ૫/૩૬)
સ્નિગ્ધ=૧. ચીકાશવાળું; ૨. સૂ૦૧/૧૮; ૩. સૂ૦ અ૦ ૧૬ માં કહ્યા પ્રમાણે જેનું યોગ્ય સ્નેહન કર્યું હોય તેવો.
સ્નિગ્ધ ગંડૂષ–સૂ૦ ૨૨/૧ા
સ્નિગ્ધ ધૂમપાન–સૂ૦ અ૦ ૨૧
સ્નેહ=ચીકાશ; સૂ૦ ૧૬/૧–૨
સ્નેહન–સૂ૦ અ૦ ૧૬
સ્નેહન ધૂમપાન=સ્નિગ્ધ ધૂમપાન.
સ્નેહન નસ્ય=સ્નેહન કરવા માટે અપાતું નસ્ય (સૂ૦ ૨૦/૨૧ા અરુણદત્ત).
સ્નેહ(પકવ)–ક૦ ૬/૧૭, ૧૭ા, ૧૮
સ્નેહન પુટપાક–સૂ૦ ૨૪/૧૪,૧૪ા
સ્નેહબસ્તિ=અનુવાસન બસ્તિ.
સ્યંદન=વહી શકે એવો પાતળો કફ કરે એવાં અન્નપાન (નિ૦ ૧૧/૩૬ અરુણદત્ત).
સ્રંસ=સાંધામાંથી ઊતરી જવું, લબડી પડવું (સૂ૦ ૧૨/૪૯ અરુણદત્ત.)
સ્રાવ=પાણી, પરુ, રસી વગેરે બગાડ નીકળવો.
સ્રોત–શા૦ ૩/૪૦–૪૮
સ્રોતોનો રોધ=સ્રોતો દોષોથી પુરાઈ જાય.
સ્રોતાંજન–એક જાતનો સુરમો.

સ્રોત:શોધી=સ્રોતોમાં ભરાયલા દોષોને બહાર કાઢે એવું.
સ્વતંત્ર રોગ–સૂ૦ ૧૨/૬૦ાા
સ્વરસ–ક૦ ૬/૯,૯ા
સ્વરૂપ–સૂ૦ ૧/૨૨
સ્વસ્ત્યયન–ઉ૦ ૩૫/૩૨
સ્વસ્થહિત–સૂ૦ ૧/૧૬
સ્વાદુ=ગળ્યો.
સ્વાપ=જુઓ 'સુપ્તિ'.
સ્વિન્ન=દેવતામાં (પાણીમાં નહિ) બાફેલું.
સ્વેદન–ઔષધ–સૂ૦ અ૦ ૧૭
સ્વેદન ઔષધ–સૂ૦ ૧૭/૨૭ાા–૧૯
સ્વેદન–સૂ૦ અ૦ ૧૭
સ્વેદવિધિ સૂ૦ ૧૧. ૧૭
હરિચંદન=જે સુખડને કાપતાં અંદરથી લાલ નીકળે, બહુ સુગંધિદાર હોય અને બહુ ઠંડક આપે એવી હોય તેવી સુખડ.
હરિત=સરસડાના પાંદડા જેવા રંગનુ.
હરિતવર્ગ–જુઓ હરીતક વર્ગ.
હરીતક વર્ગ=જમતા પહેલાં અને જમી રહ્યા પછી જે વનસ્પતિ કાચી ને કાચી ખાવાથી ફાયદો થાય, પણ જે ખાવાથી તૃપ્તિ થાય નહિ તે વનસ્પતિ હરિતવર્ગમાં આવે છે. દાખલા તરીકે, આદું, કાગદી (=મીઠાં) લીંબુ, મૂળા, તુળસી, અજમોદ, સરગવો, કોથમીર, ગાજર, લસણુ, ડુંગળી વગેરે. સૂ૦ ૬/૧૦૫ાા,૧૦૬
હલકું=જુઓ લઘુ.
હંસોદક–સૂ૦ ૩/૫૧–૫૨ાા
હિમ=૧. ઠંડું; ૨. શીતકષાય ક૦ ૬/૧૦; ૩. સૂ૦ ૧–૧૮; ૪. ક૦ ૬/૧૦
હીનયોગ–સૂ૦ ૧૨/૩૫ાા–૪૨ાા
હૃદયાવરણ–ઉ૦ ૩૫/૪૪ાા
ઉ૦ ૩૬/૫૩–૫૪
હૃદ્દ્રવ=હૃદયનો ફડફડાટ (સૂ૦ ૧૧/૧૬ અરુણુદત્ત); હૃદય પીગળે.
હૃદ્ય=હૃદયને ફાયદો કરે એવું.
હૃલ્લાસ=થોડી પીડા સાથે હૃદયમાંથી ખારું પાણી ઊબકા આવીને મોં વાટે નીકળે.
હેતુ=નિદાન (નિ૦ ૧/૨ાા)
હેતુવિપરીતાર્થકારી ચિકિત્સા–સૂ૦ ૮/૨૩ાા
હેતુવિપર્યય ચિકિત્સા–સૂ૦ ૮/૨૨

महर्षि वाग्भटकृत

अष्टांगहृदय

સૂત્રસ્થાન

અધ્યાય ૧ લો

મંગલાચરણ

रागादिरोगान् सततानुषक्ता-
नशेषकायप्रसृतानशेषान् ।
औत्सुक्यमोहारतिदाञ्जघान
योऽपूर्ववैद्याय नमोऽस्तु तस्मै ॥१॥

જે પ્રાણીઓને નિરંતર વળગી જ રહ્યા છે, જે તમામ શરીરમાં (દેહ અને મનમાં) વ્યાપેલા છે અને જેને લીધે ઔત્સુક્ય, મોહ અને અરતિ થાય છે, તે પ્રીતિ, (દ્વેષ, લોભ) વગેરે (દેહ અને મનને પીડા કરનાર) સર્વ રોગનો જેણે નાશ કર્યો છે એવા અપૂર્વ વૈદ્યને મારા નમસ્કાર હજો.

अथात आयुष्कामीयमध्यायं व्याख्यास्यामः इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે આયુષ્યને સ્થિર કરવાની (ટકાવી રાખવાની) ઇચ્છાવાળાને હિતકર અધ્યાયનું વ્યાખ્યાન કરીએ છીએ. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ આ પ્રમાણે કહ્યું છે:

અથ શબ્દ મંગલવાચક છે.

આત્રેય, ધન્વંતરિ વગેરે મહામુનિઓ એ વિષય કૃપા કરીને કહી ગયા છે. મતલબ કે આ ગ્રંથમાં કાંઈ કપોલકલ્પિત નથી, પણ અનાદિ-સિદ્ધ સત્ય જ્ઞાન છે.

ઉપર પ્રમાણે પ્રથમ મંગળાચરણ, પછી પ્રસ્તુત અધ્યાયનો વિષય તથા પછી તે વિષય-ની યથાર્થતા માટે પ્રમાણ બતાવીને આ ગ્રંથના અધિકારીઓને અભિમુખ કરવા માટે કહે છે કે:

આયુર્વેદ જાણવાનું કારણ

आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम् ।
आयुर्वेदोपदेशेषु विधेयः परमादरः ॥२॥

ધર્મ, અર્થ અને સુખના સાધનરૂપ આયુષ્ય-ની જે ઇચ્છા રાખતો હોય, તેણે આયુર્વેદ-શાસ્ત્રના ઉપદેશો ઉપર અત્યંત આદર રાખવો; અર્થાત્ તે શાસ્ત્ર સારી રીતે સમજવું અને તે પ્રમાણે કરવું.

આ આયુર્વેદની મહત્તા સમજાવવાને તેની પરંપરા બતાવે છે:

આયુર્વેદનો ઉત્પત્તિક્રમ

ब्रह्मा स्मृत्वाऽऽयुषो वेदं प्रजापतिमजिग्रहत् ।
सोऽश्विनौ तौ सहस्राक्षं
सोऽत्रिपुत्रादिकान्मुनीन् ॥३॥
तेऽग्निवेशादिकांस्ते तु पृथक् तन्त्राणि तेनिरे ।

પ્રથમ બ્રહ્માએ આયુર્વેદ સંભારીને દક્ષ પ્રજાપતિને સમજાવ્યો, દક્ષે અશ્વિનીકુમારોને ભણાવ્યો અને તેમણે ઇંદ્રને અને ઇંદ્રે આત્રેય, ધન્વંતરિ, નિમિ, કાશ્યપ વગેરે મુનિઓને શીખવ્યો. આત્રેય વગેરેએ અગ્નિવેશ વગેરે છ મુનિઓને ભણાવ્યો. તે છ મુનિઓએ પોતાના નામ ઉપરથી અગ્નિવેશ, ભેડ, જાતૂકર્ણ, પરાશર, હારીત અને ક્ષારપાણિ નામે છ જુદા જુદા તંત્ર-ગ્રંથો રચ્યા.

આ ગ્રંથની ઉત્પત્તિ

तेभ्योऽतिविप्रकीर्णेभ्यः प्रायः सारतरोच्चयः ॥४॥
क्रियतेऽष्टाङ्गहृदयं नातिसंक्षेपविस्तरम् ।

જ્યારે ઉપર કહેલાં તંત્રો રચાયેલાં છે, ત્યારે આ ગ્રંથ કરવાનું શું કારણ? એ શંકાનું નિવા-

રણ કરવા માટે કહે છે, કે તે ગ્રંથોમા એક વાત જેટલા વિસ્તારથી એક ગ્રંથમા કહી હોય એટલા વિસ્તારથી એ બીજા ગ્રંથમાં કહેલી નથી. જેમ શલ્યચિકિત્સા સુશ્રુતમાંથી જેવી સમજાય છે તેવી અગ્નિવેશમાંથી સમજાતી નથી. ઊર્ધ્વાંગચિકિત્સા જનકના કરેલા તંત્રમાંથી જેવી સમજાય છે તેવી સુશ્રુતમાથી સમજાતી નથી ઇત્યાદિ. એટલા માટે તેમાથી વધારે સારભૂત બાબતોનો સંગ્રહ કરીને, નહિ અતિસંક્ષિપ્ત કે નહિ અતિશય વિસ્તારવાળો, એવો આ 'અષ્ટાંગહૃદય' નામનો ગ્રથ બનાવવા માંડ્યો છે. અતિસંક્ષિપ્ત જેવા કે 'સિદ્ધસાર' વગેરે ગ્રંથો થોડી બુદ્ધિવાળાને કામમા ન આવે, તેમ અતિ વિસ્તૃત જેવા કે 'સંગ્રહ' વગેરે ગ્રથો પણ તેમને ભણવાને ભારે પડે; માટે આ મધ્યમ ગ્રંથ રચ્યો છે. આ ગ્રથમાં આયુર્વેદના આઠ અંગનુ નિરૂપણ છે, માટે એનું નામ 'અષ્ટાંગહૃદય' આપ્યુ છે. (અષ્ટાગ એટલે આઠ અંગવાળો આયુર્વેદ. આ ગ્રંથ આયુર્વેદના હૃદયરૂપ છે, માટે એનુ નામ અષ્ટાગહૃદય રાખ્યુ છે.) તે આઠ અગ કયા કયા તે જણાવવાને કહે છે કે.

આઠ અંગ

कायबालग्रहोर्ध्वाङ्गशल्यदंष्ट्राजरावृषान् ॥ ५ ॥
अष्टावङ्गानि तस्याहुश्चिकित्सा येषु संश्रिता ।

પ્રથમ, પુખ્ત ઉમરના મનુષ્યોની ચિકિત્સાને 'કાયચિકિત્સા' કહે છે, તે આમાં છે; પછી અસંપૂર્ણ બળ અને ધાતુવાળાં બાળકોના રોગની ચિકિત્સા 'બાલચિકિત્સા' કહેવાય છે તે છે; પછી 'ગ્રહચિકિત્સા' નામે અંગ છે. તેમાં દેવ, ગ્રહ વગેરેનું શાંતિકર્મ કહ્યુ છે; પછી ગળાની હાંસડીથી ઉપલા ભાગના રોગોની ચિકિત્સા, જેને 'ઊર્ધ્વાંગચિકિત્સા' અથવા 'શાલાક્ય' કહે છે, તે અંગ છે; પછી શલ્યચિકિત્સા, દંષ્ટ્રાચિકિત્સા અથવા વિષચિકિત્સા, જરા (ઘડપણ) મટાડવાની એટલે રસાયનચિકિત્સા અને વૃષ (આખલા) જેવી વિષયશક્તિ લાવવા માટેની વૃષચિકિત્સા એટલે વાજીકરણચિકિત્સા છે. એ આયુર્વેદના આઠ અંગ છે.

પ્રથમ કાયચિકિત્સા છે અને દોષ, ધાતુ, મળ વગેરેના સમુદાયથી શરીર બન્યુ છે; માટે તે દોષ વગેરેનું નિરૂપણ કરે છે:—

ત્રણ દોષ

वायुः पित्तं कफश्चेति त्रयो दोषाः समासतः ॥६॥

ટૂંકમાં વાયુ, પિત્ત અને કફ એ ત્રણ દોષ છે. એ ત્રણ દોષ અરસપરસ ભેગા થવાથી જે ભેદ થાય તે અસંખ્ય છે; માટે 'ટૂંકમા' એમ કહ્યુ છે. લોહી વગેરે ધાતુઓની પેઠે વાયુ વગેરેને પણ ધાતુમાં ન ગણતાં દોષ કહેવાનુ કારણ એ કે ધાતુઓને વાયુ વગેરે બગાડે છે, પણ લોહી વગેરે ધાતુ વાયુ વગેરેને બગાડી શકતા નથી.

દોષનું સામર્થ્ય

विकृताविकृता देहं घ्नन्ति ते वर्तयन्ति च ।

એ વાયુ, પિત્ત અને કફ બગડે છે ત્યાર દેહ(જિંદગી)નો નાશ કરે છે અને નથી બગડતા ત્યારે દેહને ચલાવે છે (જિંદગીને ટકાવે છે).

દોષનું સ્થાન

ते व्यापिनोऽपि हृन्नाभ्योरधोमध्योर्ध्वसंश्रयाः॥७

એ વાયુ, પિત્ત અને કફ આખા શરીરમાં વ્યાપેલા છે; છતાં તેમનું ખાસ સ્થાન આ પ્રમાણે છે: વાયુ ડૂંટીથી નીચે રહે છે, પિત્ત ડૂંટી અને હૃદયની વચમાં રહે છે અને કફ હૃદયથી ઉપર રહે છે.

દોષનો કાળ

वयोहोरात्रिभुक्तानां तेऽन्तमध्यादिगाः क्रमात् ।

એ દોષો આખો વખત દેહમાં ફરતા હોય છે તો ખરા; પણ તેમનો ખાસ સમય આયુર્વેદમાં નીચે પ્રમાણે કહ્યો છે: મનુષ્યના આયુષ્યનો છેવટનો ભાગ (ઘડપણ) વાયુનો કોપકાળ જાણવો, આયુષ્યનો મધ્યભાગ(જુવાની) પિત્તનો કોપકાળ જાણવો તથા આયુષ્યનો આદિ ભાગ(બચપણ)ને કફનો કોપકાળ જાણવો. એ જ પ્રમાણે દિવસ કે રાત્રિનો અંત ભાગ તે વાયુનો, મધ્યભાગ તે પિત્તનો અને આદિ ભાગ તે કફનો કોપકાળ જાણવો, તેમ જ ભોજન પછી

રહે તે પછીનો સમય વાયુનો કોપકાળ, પચતુ હોય તે કાળ એટલે ભોજનનો મધ્યકાળ તે પિત્તનો કોપકાળ અને ભોજન કર્યા પછીનો શરૂઆતનો કાળ (ભોજનનો આદિ કાળ) તે કફનો કોપકાળ જાણવો. એ પ્રકારે આયુષ્ય, દિવસ, રાત્રિ તથા ભોજનના અંત, મધ્ય અને આદિકાળને અનુક્રમે વાયુ, પિત્ત તથા કફનો કોપકાળ સમજવો.

જઠરાગ્નિના પ્રકાર

तैर्भवेद्विषमस्तीक्ष्णो मन्दश्चाग्निः समैः समः ॥ ८ ॥

તે વાયુ વગેરે દોષોને લીધે જઠરાગ્નિ ચાર પ્રકારનો થાય છે; એટલે વાયુ વૃદ્ધિ પામે ત્યારે અગ્નિ 'વિષમ' કહેવાય છે, પિત્તની વૃદ્ધિથી અગ્નિ 'તીક્ષ્ણ' કહેવાય છે, કફની વૃદ્ધિથી 'મંદ' કહેવાય છે અને દોષ સમાન (જે પ્રમાણમાં જોઈએ તેવા) હોય તો જઠરાગ્નિ પણ 'સમ' (સમાન) કહેવાય છે. કદાચિત્ બે દોષનો ઉત્કર્ષ (વૃદ્ધિ) એકે કાળે હોય તો વૈદ્યે પોતાની બુદ્ધિથી સમજવુ કે વાયુનો સ્વભાવ યોગવાહી (જેની સાથે મળે તેના ગુણ પકડી લે એવો) છે; માટે વાતપિત્તનો ઉત્કર્ષ હોય તો અગ્નિ તીક્ષ્ણ જાણવો અને વાતકફનો ઉત્કર્ષ હોય તો અગ્નિ મંદ જાણવો; કફપિત્તનો ઉત્કર્ષ હોય ત્યારે આહાર અનુસાર અગ્નિ કદાચિત્ તીક્ષ્ણ કે કદાચિત્ મંદ હોય.

કોઠાના પ્રકાર

कोष्ठः क्रूरो मृदुर्मध्यो मध्यः स्यात्तैः समैरपि ।

તે વાયુ વગેરે દોષોના ઉત્કર્ષથી કોઠો પણ અનુક્રમે ક્રૂર (સખત), મૃદુ (કોમળ) અને મધ્ય (સાધારણ) એવા ત્રણ પ્રકારનો હોય છે તથા એ સર્વે દોષ સમાન હોય ત્યારે પણ સાધારણ કોઠો કહેવાય છે. એટલે વાયુનો ઉત્કર્ષ હોય તો ક્રૂર કોષ્ઠ જાણવો, પિત્તનો ઉત્કર્ષ હોય તો મૃદુ કોષ્ઠ અને કફનો ઉત્કર્ષ હોય તો મધ્યકોષ્ઠ જાણવો. દોષો સમાન હોવાથી મધ્યકોષ્ઠ છે કે કફના ઉત્કર્ષથી મધ્યકોષ્ઠ છે એ ભેદ સર્વદા યાદ રાખવો; કારણ કે વિરેચનના પ્રકારમાં કોઠાના પ્રકાર જાણવાની જરૂર છે અને કફના વધારાથી મધ્યકોષ્ઠવાળાને રેચ સારી રીતે લાગતો નથી, પણ દોષ સમાન હોવાને લીધે મધ્યકોષ્ઠ હોય તેને રેચ સારી રીતે લાગે છે વગેરે વાતો ત્યાં લક્ષમાં લેવી પડે છે.

પ્રકૃતિઓ

शुक्रार्तवस्थैर्जन्मादौ विषेणेव विषक्रिमेः ॥ ९ ॥
तैश्च तिस्रः प्रकृतयो हीनमध्योत्तमाः पृथक् ।
समधातुः समस्तासु श्रेष्ठा, निन्द्या द्विदोषजाः ।

વાત, પિત્ત અને કફ એ વૃદ્ધિ પામવાથી વિકાર કરનારા છે; તથાપિ ઝેરમાં જન્મનારાં જીવડાંનો જેમ ઝેર પ્રાણ લેતું નથી, તેમ ગર્ભસ્થાનમાં વીર્ય તથા આર્તવમાં એ દોષ (વાયુ, પિત્ત અને કફ) રહ્યા હોય છે, ત્યારે ગર્ભનો નાશ ન કરતા તે દોષ ગર્ભની પ્રકૃતિ પોતપોતાને અનુસાર કરી દે છે. એટલે ગર્ભાધાન સમયે જો વીર્યમાં કે અટકાવમાં વાયુ અધિક હોય, તો તે પ્રાણી 'હીન' પ્રકૃતિનું, પિત્ત વધારે હોય તો 'મધ્ય' પ્રકૃતિનું, કફ વધારે હોય તો 'ઉત્તમ' પ્રકૃતિનું અને ગર્ભાધાન સમયે વીર્યમાં કે અટકાવવામાં ત્રણે દોષ સમાન હોય તો 'સમ' પ્રકૃતિનું કહેવાય. એ સર્વમાં સમ પ્રકૃતિ ઉત્તમ છે. વાતપિત્ત, વાતકફ અને પિત્તકફ એમ બે દોષ ભેગા થવાથી ઊપજેલી મિશ્ર પ્રકૃતિઓ પણ નિંદ્ય છે; કેમ કે એવી પ્રકૃતિવાળાનાં શરીર રોગને પાત્ર બને છે.

વાયુના ગુણ

तत्र रूक्षो लघुः शीतः खरः सूक्ष्मश्चलोऽनिलः ।

એ ત્રણ દોષોમાં વાયુ લૂખો, હલકો, ઠંડો ખરછટ, સૂક્ષ્મ (એટલે ઓનોમાં ઝટ ચડી જાય એવો) અને ચલ એટલે ગતિ કરવાના સ્વભાવવાળો છે. ગરમ ઉપચારથી વાયુ શાંત થાય છે; માટે વાયુને શીત ગુણવાળો કહ્યો છે.

પિત્તના ગુણ

पित्तं सस्नेहतीक्ष्णोष्णं लघु विस्रं सरं द्रवम् ॥ ११

પિત્ત કાંઈક ચીકાશવાળું, તીક્ષ્ણ (જલદ), ઉષ્ણ, હલકું, દુર્ગંધવાળું (સડેલા માંસના જેવી ગંધવાળું), સર તથા પ્રવાહી છે.

કફના ગુણ

स्निग्धः शीतो गुरुर्मन्दः
श्लक्ष्णो मृत्स्नः स्थिरः कफः ।

કફ ચીકણો, ઠંડો, ભારે, મંદ (જલદ નહિ પણ ધીમે ધીમે કાર્ય કરનારો), લીસો, આંગળીથી ચોળીએ તો આંગળીએ ચોંટે એવો અને સ્થિર છે.

संसर्गः सन्निपातश्च तद्द्वित्रिक्षयकोपतः ॥ १२ ॥

એ ત્રણ દોષમાંથી બે દોષ પોતાનું પ્રમાણ છોડીને વધીને એકઠા થાય કે પ્રમાણ કરતાં ઓછા થઈને એકઠા થાય ત્યારે તેને 'સંસર્ગ' કહે છે. ત્રણે દોષ એ પ્રમાણે વધીને મળે કે ઓછા થઈને મળે, ત્યારે તેને 'સન્નિપાત' કહે છે.

ધાતુઓ

रसासृङ्मांसमेदोऽस्थिमज्जशुक्राणि धातवः ।
सप्त दूष्याः

રસ, લોહી, માંસ, ચરબી, હાડકાં, મજ્જા અને વીર્ય એ સાત ધાતુઓ છે. વાયુ વગેરે દોષ એ ધાતુઓને બગાડે છે; માટે એ ધાતુઓને 'દૂષ્ય' પણ કહે છે.

મળ

मला मूत्रशकृत्स्वेदादयोऽपि च ॥ १३ ॥

મૂત્ર, શકૃત (વિષ્ઠા), પરસેવો વગેરે 'મળ' કહેવાય છે. વાયુ વગેરે દોષો મળને પણ બગાડે છે; માટે મળની પણ 'દૂષ્ય' સંજ્ઞા જાણવી.

વધઘટ થવાનું કારણ

वृद्धिः समानैः सर्वेषां विपरीतैर्विपर्ययः ।

(૧) દોષો, ધાતુઓ, મળો વગેરેની પોતાની જાતના પદાર્થોથી, (૨) દોષો, ધાતુઓ, મળો વગેરેના ગુણ જેવા ગુણવાળા પદાર્થોથી અને (૩) દોષો, ધાતુઓ, મળો વગેરેનાં કામ જેવાં કામ (વિહાર) કરવાથી (એ ત્રણે રીતે) અનુક્રમે દોષો, ધાતુઓ મળો વગેરે પ્રમાણથી વધી જાય છે. (પણ) (૧) દોષો, ધાતુઓ, મળો વગેરેની જાતથી વિરુદ્ધ જાતના પદાર્થોથી, (૨) દોષો, ધાતુઓ, મળો વગેરેના ગુણથી વિરુદ્ધ ગુણવાળા પદાર્થોથી અને (૩) દોષો, ધાતુઓ, મળો વગેરેના કામથી વિરુદ્ધ કામ કરવાથી (એ ત્રણ રીતે) અનુક્રમે દોષો, ધાતુઓ, મળો વગેરે પ્રમાણથી ઓછા થાય છે.

લોહી લોહીથી વધે છે (એટલે લોહીમાં બીજું લોહી ઉમેરાય તો લોહી વધે છે), માંસ માંસથી વધે છે, ચરબી ચરબીથી વધે છે, હાડકું તરુણ હાડકાથી વધે છે, મજ્જા મજ્જાથી વધે છે, વીર્ય વીર્યથી વધે છે અને ગર્ભ કાચા ગર્ભથી વધે છે. આનું કારણ એ છે કે લોહી જળવર્ગનો પદાર્થ છે અને માંસ પાર્થિવ પદાર્થ છે; તેથી લોહીમાં લોહી ભળવાથી જળવર્ગમાં પોતાની જ જાતનો પદાર્થ (બીજું) લોહી ભળતું હોવાથી લોહી વધે છે અને પાર્થિવ પદાર્થ માંસમાં પોતાના જ વર્ગનો (પાર્થિવ) પદાર્થ (બીજું) માંસ ભળતું હોવાથી માંસ વધે છે. તે જ પ્રમાણે જળવર્ગના દૂધથી જળવર્ગના કફમાં વધારો થાય છે. આમ જે વર્ગનો જે દોષ, ધાતુ કે મળ હોય તે જ વર્ગના પદાર્થથી તે દોષ, ધાતુ કે મળમાં વધારો થાય છે.

વળી દ્રવ્ય જુદા વર્ગનું હોય પણ ગુણ સરખા હોય તોપણ દોષ, ધાતુ, મળ વગેરેમાં વધારો થાય છે. દાખલા તરીકે ખજૂર પાર્થિવ વર્ગનું છે અને કફ જળ વર્ગનો છે; છતાં ખજૂર અને કફ બન્ને ચીકાશવાળાં, ભારે, ઠંડાં વગેરે સરખા ગુણોવાળાં હોવાથી ખજૂરથી કફમાં વધારો થાય છે.

દ્રવ્યની જાત (વર્ગ) અને ગુણ એ બન્ને દોષ, ધાતુ અને મળના વર્ગ અને ગુણથી જુદાં હોય પણ જો આપણાં કામ (વિહાર) દોષ, ધાતુ અને મળના કામ જેવાં હોય તોપણ દોષ, ધાતુ અને મળમાં વધારો થાય છે. દાખલા તરીકે વાયુનું કામ ગતિ (હલન-ચલન) છે અને દોડવા, કૂદવા અને તરવામાં પણ ગતિ કરવી પડે છે; માટે દોડવાથી, કૂદવાથી અને તરવાથી વાયુમાં વધારો થાય છે.

સમાન દ્રવ્ય, ગુણ અને કામથી જેમ દોષ, ધાતુ અને મળમાં વધારો થાય છે, તેમ વિરુદ્ધ દ્રવ્ય, ગુણ અને કામથી દોષ, ધાતુ અને મળમાં

ઘટાડો થાય છે.

દાખલા તરીકે ક્ષાર અગ્નિવર્ગનો છે અને કફ જળવર્ગનો છે, તેથી ક્ષારથી કફ ઓછો થાય છે. આરનાલ (કાજી) હલકી, લૂખી, ગરમ, તીક્ષ્ણ, વિશદ હોવાથી એ કફથી વિરુદ્ધ ગુણવાળી છે, તેથી કાજીથી કફ ઓછો થાય છે. ઊંઘ, આળસ અને સંતોષ(સુખ)માં ગતિ કે ક્રિયા હોતી નથી અને વાયુમા ગતિ કે ક્રિયા હોય છે તેથી ઊંઘ, આળસ અને સતોષથી વાયુ ઓછો થાય છે.

રસ

रसाः स्वाद्वम्ललवणतिक्तोषणकषायकाः ॥ १४ ॥
षड् द्रव्यमाश्रितास्ते च यथापूर्वं बलावहाः ।

ગળ્યો, ખાટો, ખારો, કડવો, તીખો અને તૂરો એ છ રસ છે. તે રસ નાના પ્રકારના દ્રવ્ય(પંચભૂતના બનેલા દ્રવ્ય)મા રહેલા છે. તેમાથી દરેક પોતાનાથી પહેલાના રસ કરતા વધારે બળ આપે છે; એટલે તૂરા કરતા તીખો, તીખા કરતા કડવો, કડવા કરતા ખારો, ખારા કરતા ખાટો અને ખાટા કરતા ગળ્યો રસ વધારે બળ આપે છે.

રસની અસર

तत्राद्या मारुतं घ्नन्ति त्रयस्तिक्तादयः कफम् ॥१५
कषायतिक्तमधुराः पित्तमन्ये तु कुर्वते ।

એ રસમાથી ગળ્યો, ખાટો અને ખારો એ પહેલા ત્રણ રસ વાયુનો નાશ કરે છે તથા બાકીના ત્રણ–કડવો, તીખો તથા તૂરો વાયુ કરે છે (કોપાવે છે), તિક્ત (કડવો), તીખો અને તૂરો એ ત્રણ રસ કફનો નાશ કરે છે તથા બાકીના ત્રણ–મધુર, ખાટો અને ખારો એ કફને વધારે છે; તૂરો, કડવો તથા મધુર એ ત્રણ રસ પિત્તનો નાશ કરે છે તથા બાકીના ત્રણ–ખાટો, ખારો અને તીખો એ રસ પિત્તને વધારે છે. એ ઉપરથી એમ કહી શકાય, કે–

મધુર એટલે ગળ્યો રસ વાયુ તથા પિત્તનો નાશ કરે છે તથા કફને વધારે છે.

અમ્લ એટલે ખાટો રસ વાયુનો નાશ કરે છે તથા કફ અને પિત્તને પેદા કરે છે.

લવણ એટલે ખારો રસ વાયુનો નાશ કરે છે તથા કફ અને પિત્તને પેદા કરે છે.

તિક્ત એટલે કડવો રસ કફ અને પિત્તનો નાશ કરે છે અને વાયુને વધારે છે.

ઉષ્ણ એટલે તીખો રસ કફનો નાશ કરે છે અને વાયુ તથા પિત્તને પેદા કરે છે.

કષાય એટલે તૂરો રસ કફ અને પિત્તનો નાશ કરે છે તથા વાયુને વધારે છે.

દ્રવ્ય

शमनं कोपनं स्वस्थहितं द्रव्यमिति त्रिधा ॥ १६

શમન, કોપન અને સ્વસ્થહિત એવા ત્રણ પ્રકારનુ દ્રવ્ય છે. વાયુ વગેરે દોષને જે શમાવે તે શમન દ્રવ્ય. જેમ કે તેલ વાયુને શમાવે છે, ઘી પિત્તને શમાવે છે, મધ કફને શમાવે છે. જે વાયુ વગેરે દોષને કોપાવે છે (વધારે છે) તે કોપન દ્રવ્ય જાણવુ, જેમ કે કઠોળ વાયુને કોપાવે છે, પીપર પિત્તને કોપાવે છે, ગોળ કફને કોપાવે છે. જે દ્રવ્ય તદ્દન સાજા માણસના દોષ, ધાતુ અને મળને તેના પ્રમાણ કરતા વત્તાઓછાં કરતું નથી, તે સ્વસ્થહિત એટલે તદુરસ્તને માટે હિતકારી જાણવુ; જેમ કે જવ, ઘઉં, ચોખા, જાગલ પ્રદેશના પ્રાણીનુ માસ, ડોડીનુ શાક, વરસાદનુ પાણી, દૂધ વગેરે.

દ્રવ્યનું વીર્ય

उष्णशीतगुणोत्कर्षात्तत्र वीर्यं द्विधा स्मृतम् ।

તેમા (દ્રવ્યમા) અનેક ગુણો રહ્યા છે, છતા આખું જગત અગ્નિસોમાત્મક છે. એટલે તેમાની બધી વસ્તુઓના મુખ્ય બે વિભાગ થઈ શકે: ઉષ્ણ અને શીત એટલે ગરમ અને ઠંડી. બીજા બધા ગુણો કરતા પણ ઉષ્ણ અને શીત ગુણમા ઘણી વધારે શક્તિ હોવાથી દ્રવ્યમા વીર્ય બે પ્રકારનું કહેલું છે. ઉષ્ણવીર્ય અને શીતવીર્ય. (સોમ=ચદ્ર.)

દ્રવ્યનો વિપાક

त्रिधा विपाको द्रव्यस्य स्वाद्वम्लकटुकात्मकः ॥

ગળ્યો, ખાટો અને તીખો–ત્રણ પ્રકારનો દ્રવ્યનો વિપાક થાય છે. ખાધેલો પદાર્થ જઠરમા પાચન થયા પછી (વિપાક થયા પછી)

છેવટે તેના પરિણામરૂપ રસધાતુ બને છે. તેમાં ત્રણ રસ (સ્વાદ) રહે છે. તેને વિપાક કહે છે. રસ છ છે; તથાપિ પાચન થયા પછી ઉપર કહેલા ત્રણ જ રસ જણાય છે. ખાટા દ્રવ્યનો વિપાક પણ ખાટો; કડવા, તીખા અને તૂરાનો વિપાક તીખો તથા ગળ્યા અને ખારાનો વિપાક ગળ્યો થાય છે.

દ્રવ્યના ગુણ

गुरुमन्दहिमस्निग्धश्लक्ष्णसान्द्रमृदुस्थिराः ।
गुणाः ससूक्ष्मविशदा विंशतिः सविपर्ययाः ॥ १८

ગુરુ (ભારે), મંદ, હિમ (ટાઢો), સ્નિગ્ધ (ચીકણો), શ્લક્ષ્ણ (લીસો), સાન્દ્ર (ઘાડો), મૃદુ (કોમળ), પોચું, સ્થિર (એક સ્થાનમાં પડી રહેવાનો ગુણ), સૂક્ષ્મ (બારીક), વિશદ (કોરું) એ દસ તથા તેથી ઊલટા દસ ગુણો મળીને કુલ ગુણો વીસ થાય છે. ઊલટા દસ ગુણો અનુક્રમે આ પ્રમાણે છે: ૧ લઘુ (હલકું), ૨ તીક્ષ્ણ (જલદ), ૩ ઉષ્ણ (ગરમ), ૪ રૂક્ષ (લૂખો-સ્નેહ (ચીકાશ) વિનાનો), ૫ ખર-ખરડો કે-કરકરો, ૬ પ્રવાહી, ૭ કઠિન, ૮ સર, ૯ સ્થૂલ, ૧૦ પિચ્છિલ (ભાતના ઓસામણ જેવું ચીકાશું).

જે દ્રવ્યમાં બૃંહણ કરવાની (વજન વધારવાની) શક્તિ હોય તે ગુરુ, શરીરને હલકું કરવાની (વજન ઘટાડવાની) શકિત હોય તે લઘુ, શમન કરવાની શક્તિ હોય તે મંદ, જે દ્રવ્યમાં શોધન કરવાની શક્તિ હોય તે તીક્ષ્ણ, સ્તંભન કરવાની શક્તિ હોય તે હિમ, પરસેવો લાવવાની (શેક કરવાની) શક્તિ હોય તે ઉષ્ણ, ભીનું (પચપચું) કરવાની શક્તિ હોય તે સ્નિગ્ધ, સૂકવવાની શક્તિ હોય તે રૂક્ષ (લૂખું), રૂઝવવાની શકિત હોય તે શ્લક્ષ્ણ (લીસું), ખોતરવાની (છોલવાની) શકિત હોય તે ખર (કરકરું), પ્રસાદન કરવાની (ખીલવવાની) શક્તિ હોય તે સાન્દ્ર (ઘટ્ટ), ખળભળાવવાની (વલોવી નાખવાની) શકિત હોય તે દ્રવ, ઢીલું (પોચું) કરવાની શકિત હોય તે મૃદુ (કોમળ), કઠણ બનાવવાની શકિત હોય તે કઠણ, ટકાવી રાખવાની શકિત હોય તે સ્થિર, ચલાવવાની શકિત હોય તે ચલ, ઉઘાડવાની (ખોલવાની) શકિત હોય તે સૂક્ષ્મ, ટાંકી દેવાની શકિત હોય તે સ્થૂલ, લૂછી નાખવાની (કોરું પાડવાની) શકિત હોય તે વિશદ અને ખરડવાની (લપેડવાની) શકિત હોય તે પિચ્છિલ કહેવાય છે.

આ વીસ ગુણો ઉપરાંત બીજા ગુણો પણ દ્રવ્યમાં હોય છે, પણ એ બધા મુખ્ય વીસ ગુણમાં સમાઈ જાય એવા છે; તેથી ગુણ વીસ છે એમ કહ્યું છે. વીસ ઉપરાંતના કેટલાક ગુણો નીચે પ્રમાણે છે:

વ્યવાયી=આખા શરીરમા ફેલાઈ (પ્રસરી) ગયા પછી જ પચે એવી શકિત જે દ્રવ્યમા હોય તે વ્યવાયી કહેવાય છે.

વિકાશી=ધાતુઓમાંથી ઓજને છૂટું પાડીને શરીરના સાંધા ઢીલા કરી નાખવાની શકિત જે દ્રવ્યમાં હોય તે વિકાશી કહેવાય છે.

આશુકારી=પાણીમાં તેલની માફક શરીરમાં એકદમ પ્રસરી જવાની અને મારી નાખવાની શકિત જે દ્રવ્યમા હોય તે આશુકારી કહેવાય છે.

પ્રસન્ન=વિકસાવવાની (ખીલવવાની) શકિત જે દ્રવ્યમાં હોય તે પ્રસન્ન કહેવાય છે.

શુચિ=ખાતુ લપેડાઈ ગયેલા, ન દેખાતા મળને કોરા પાડવાની શકિત જે દ્રવ્યમાં હોય તે શુચિ કહેવાય છે.

વિમલ=દેખાય એવા મળને ધોઈ લૂછીને કોરા પાડવાની (સાફ કરવાની) શકિત જે દ્રવ્યમાં હોય તે વિમલ કહેવાય છે.

શિવ=પરિણામે હિત (ફાયદો) કરે તે દ્રવ્ય શિવ કહેવાય છે.

મૃષ્ટ=જીભને ગમે એવું દ્રવ્ય મૃષ્ટ કહેવાય છે.

રોગનું અને આરોગ્યનું કારણ

कालार्थकर्मणां योगो हीनमिथ्यातिमात्रकः ।
सम्यग्योगश्च विज्ञेयो रोगारोग्यैककारणम् ॥ १९॥

વર્ષા, ગ્રીષ્મ, શીત એ ત્રણ કાળ; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ અર્થ અને શરીરના, મનનાં અને વાણીનાં એ ત્રણનાં કામ-એ સર્વનો હીન, મિથ્યા કે અતિયોગ એ રોગનું કારણ જાણવું તથા તેમનો સમ્યગ્

રોગ તે આરોગ્યનું કારણ જાણવું. (કાળના યોગના દાખલા–ઓછી ટાઢ, બહુ ટાઢ કે મિથ્યા ઠંડી (ઠંડીની ઋતુ વિના બહુ ઠંડી) એ રોગનું કારણ છે, પણ સમ્યગ્ (એટલે જોઈએ તેટલી) ટાઢ આરોગ્ય રાખે છે; એ રીતે ઓછો તાપ, મિથ્યા તાપ (તાપની ઋતુ વિના બહુ તાપ) અને તાપની ઋતુમા પણ હદ ઉપરાંત તાપ રોગ કરે છે, પણ સમાન તાપ આરોગ્ય રાખે છે; ઓછી વર્ષા, અતિવર્ષા અને મિથ્યાવર્ષા એટલે અવૃષ્ટિ એ રોગનુ કારણ છે તથા સમાન વર્ષા એ આરોગ્યનુ કારણ છે;) એ જ પ્રમાણે અનંત પદાર્થોનો ને તે ઇંદ્રિય સાથે હીન(ઓછો)યોગ, અતિયોગ અને મિથ્યાયોગ રોગ કરે છે; પણ સમાનયોગ આરોગ્ય રાખે છે. શરીરના કામનો શરીર સાથે હીન, મિથ્યા કે અતિયોગ રોગનુ કારણ છે અને સમાનયોગ આરોગ્યનુ કારણ છે. વાણીના કામના હીન, મિથ્યા અને અતિયોગ રોગનુ કારણ છે, પણ સમ્યગ્યોગ આરોગ્ય રાખે છે.

રોગ અને આરોગ્યનું લક્ષણ

रोगस्तु दोषवैषम्यं, दोषसाम्यमरोगता ।

વાયુ વગેરે દોષનુ પોતાના પ્રમાણ કરતા વધવું કે ઘટવું તેને રોગ કહે છે અને તે દોષનુ પ્રમાણમાં રહેવું તેને આરોગ્ય કહે છે.

રોગના પ્રકાર

निजागन्तुविभागेन तत्र रोगा द्विधा स्मृताः ॥२०॥

પૂર્વે કહ્યા તે રોગ નિજ અને આગંતુ એવા બે પ્રકારના કહ્યા છે. જે રોગમાં પ્રથમ વાયુ વગેરે દોષોનું યોગ્ય પ્રમાણ ન સચવાઈ રહેવાથી શરીરમાં પીડા (રોગ) થાય તેમને નિજ રોગ કહે છે; તથા જે રોગમાં આગંતુ (બહારનું કારણ જેવું કે શસ્ત્ર વાગવું વગેરે) કારણથી પ્રથમ પીડા થાય અને તેથી વાતાદિક દોષ પછી કોપે તેને આગંતુ રોગ કહે છે. આ પ્રમાણે શરીરની અંદરના કારણ તથા બહારના કારણના ભેદને લીધે રોગના પણ ઉપર કહ્યા તેવા બે પ્રકાર થાય છે.

રોગનું સ્થાન

तेषां कायमनोभेदादधिष्ठानमपि द्विधा ।

એ રોગોમાંથી તાવ, ઉધરસ, રક્તપિત્ત વગેરે રોગોનું સ્થાન શરીર છે અને મદ, મૂર્છા, ઉન્માદ વગેરે રોગોનું સ્થાન મન છે. એ રીતે તેમનું સ્થાન પણ શરીર અને મન એવા ભેદથી બે પ્રકારનું છે.

માનસિક રોગના હેતુ

रजस्तमश्च मनसो द्वौ च दोषावुदाहृतौ ॥२१॥

રજ અને તમ એ બે મનના દોષ (બગાડનાર) કહેલા છે. વાયુ વગેરે દોષ પણ મનને વિકાર પમાડવામાં કારણરૂપ છે; તે છતાં રજ અને તમ એ દોષ પણ પ્રસંગાનુસાર જાણવા એવી મતલબ છે.

દરદીને તપાસવાની રીત

दर्शनस्पर्शनप्रश्नैः परीक्षेत च रोगिणम् ।

જોવાથી, સ્પર્શથી અને પ્રશ્નથી રોગીની પરીક્ષા કરવી એટલે ઉધરસ કે પ્રમેહ વગેરે રોગવાળાને કફ કે પેસાબ વગેરેના રંગ વગેરે જોઈને તે રોગીની પરીક્ષા કરવી. તાવ, ગોળો વગેરેમા ઉષ્ણતા, કઠિનતા વગેરે સ્પર્શથી જાણીને પરીક્ષા કરવી અને શૂળ, અરુચિ વગેરેમાં રોગીને પૂછીને તેના મુખથી વાત સાંભળીને પરીક્ષા કરવી.

રોગની પરીક્ષાના પ્રકાર

रोगं निदानप्राग्रूपलक्षणोपशयाप्तिभिः ॥२२॥

નિદાન, પ્રાગ્રૂપ, લક્ષણ, ઉપશય અને આપ્તિ એ પાંચ સાધનોથી રોગ પારખવો.

નિદાન: શરીરની બહારના જે કારણને લીધે રોગ થાય તે કારણ નિદાન કહેવાય છે. આહાર તથા વિહારના કુપથ્યથી રોગ થાય છે, પણ આહાર અને વિહારનુ કુપથ્ય શરીરની બહારનું કારણ છે; માટે આહાર–વિહારનુ કુપથ્ય રોગનું નિદાન (કારણ) કહેવાય છે.

પ્રાગ્રૂપ (પૂર્વરૂપ): રોગ થતા પહેલા થોડા સમય પહેલાં રોગ થવાનો છે એવુ બતાવનારાં કેટલાક લક્ષણો (ચિહ્નો) થાય છે. એ લક્ષણોને રોગનું પૂર્વરૂપ કહે છે. દા. ત.

તાવ આવતા પહેલાં થોડા સમય પહેલાં તાવ આવવાનો છે એવું દેખાડનારાં નિ. ૨/૬થી ૯ટ્ટમાં ગણાવેલાં ચિહ્નો થાય છે; માટે એ ચિહ્નો તાવનું પૂર્વરૂપ કહેવાય છે.

લક્ષણ : મૂળ રોગ થાય (જણાય) તેની સાથે જ જે લક્ષણો થાય છે તેને મૂળ રોગનું **રૂપ અથવા સ્વરૂપ** કહે છે, અને મૂળ રોગ થયા (જણાયા) પછી જે બીજા રોગ થાય છે તે મૂળ રોગના **ઉપદ્રવ** કહેવાય છે. રૂપ અને ઉપદ્રવ બન્નેને લક્ષણ કહે છે. દાખલા તરીકે નિ. ૨/૧૦ થી ૧૭ટ્ટમાં વાયુના તાવનાં લક્ષણ આપ્યાં છે.

ઉપશય : જે ઓસડ, આહાર અને વિહારના ઉપયોગથી જે રોગમાં આરામ કે રાહત થાય તે ઓસડ, આહાર અને વિહાર તે રોગના ઉપશય કહેવાય છે. ઉપશયનું બીજું નામ **વ્યાધિસાત્મ્ય** છે.

આપ્તિ (સંપ્રાપ્તિ): કિયો દોષ શરીરના કયા અંગમાં જાય છે; બીજા કયા દોષ વગેરે એ દોષની પાછળપાછળ આવે છે, તેથી એ અંગમાં શો વિકાર થાય છે અને એ વિકાર થવાથી આખરે રોગ કેવી રીતે ફૂટી નીકળે છે, એ બધી ક્રિયાઓની પરંપરાને આયુર્વેદમાં સંપ્રાપ્તિ કહે છે. દાખલા તરીકે દોષ હોજરીમાં આવે છે, એ દોષની પાછળ 'આમ' આવે છે, તેથી સોતોનાં મોં બંધ થઈ જાય છે, જઠરાગ્નિની ઉષ્મા (ઝાળ) પોતાના સ્થાનમાંથી બહાર ફેંકાઈ જાય છે. એ બહાર ફેંકાયેલો જઠરાગ્નિ પેલા દોષની પાછળપાછળ ફરે છે, તેથી આખું શરીર તપી જાય છે. આ તાવની સંપ્રાપ્તિ છે.

દરદીને કયો રોગ થયો છે તે નિદાન, પૂર્વરૂપ, લક્ષણ, ઉપશય અને સંપ્રાપ્તિ ઉપરથી નક્કી કરી શકાય છે. અમુક આહાર–વિહારથી અમુક રોગ થાય છે, અમુક રોગનું પૂર્વરૂપ શું છે, અમુક રોગનાં લક્ષણ કયાં કયાં છે, અમુક રોગમાં શું માફક આવે અને શું અવળું પડે, અમુક રોગની સંપ્રાપ્તિ શી છે; એ બધું આયુર્વેદમાં દરેક રોગ માટે આપેલું છે. હવે માંદા પડતા પહેલાં દરદીના આહાર–વિહાર કેવા હતા, મૂળ રોગ થતા પહેલાં એને બીજાં કયાં કયાં લક્ષણો ઊભાં થયાં હતાં, રોગ થયો તે સાથે અને થયા પછી કયાં કયાં લક્ષણો જણાય છે, અમુક પ્રકારની ક્રિયા, ઓસડ અને આહાર–વિહારથી એનું દરદ વધે છે કે ઘટે છે. એના રોગની સંપ્રાપ્તિ કઈ હતી, એ બાબતોનો વિચાર કરવાથી રોગ ચોક્કસ પારખી શકાય છે.

નિદાન બે જાતનું હોય છે: પાસેનું અને દૂરનું. પાસેનું નિદાન પણ વળી બે જાતનું હોય છે: પાસેનું અને બહુ પાસેનું. દાખલા તરીકે લૂખી, હલકી, ઠંડી વગેરે વસ્તુઓના ઉપયોગથી રોગ થાય ત્યારે એ વસ્તુઓનો ઉપયોગ રોગનું પાસેનું કારણ છે. પણ જે કારણ મળે કે તરત જ રોગ થાય છે તે રોગનું બહુ પાસેનું કારણ (નિદાન) કહેવાય છે. દાખલા તરીકે અમુક આહાર–વિહારથી વાયુ વગેરે દોષના પ્રમાણમાં વધઘટ થઈ જાય છે કે તરત જ રોગ થાય છે; માટે વાયુ વગેરે દોષના યોગ્ય પ્રમાણમાં વધઘટ થવી એ રોગનું બહુ પાસેનું કારણ (નિદાન) કહેવાય છે. બહુ જૂના વખતમાં રુદ્રનો કોપ થયો હોય તેથી તાવ આવે, તેથી રુદ્રનો કોપ એ તાવનું દૂરનું કારણ કહેવાય છે.

દેશના પ્રકાર

भूमिदेहप्रभेदेन देशमाहुरिह द्विधा ।

આયુર્વેદના આચાર્યોએ દેશ બે પ્રકારનો કહ્યો છે: માથું, હાથ વગેરે દેહના પ્રદેશને દેહનો દેશ કહે છે અને પૃથ્વીના પ્રદેશને ભૂમિદેશ કહે છે.

ભૂમિદેશના પ્રકાર

जाङ्गलं वातभूयिष्ठमनूपं तु कफोल्बणम् ॥ २३ ॥
साधारणं सममलं त्रिधा भूदेशमादिशेत् ।

જે દેશમાં પર્વત, પાણી, ઝાડ વગેરે થોડાં હોય તે દેશને 'જાંગલ' દેશ કહે છે. વાયુદોષ ત્યાં ભરપૂર હોય છે અને ત્યાં ઊપજતી વનસ્પતિ તથા પ્રાણી વગેરે પણ વાયડાં હોય છે. પુષ્કળ પાણી, વૃક્ષ વગેરે જ્યાં હોય તે

દેશને અનૂપ કહે છે. ત્યાં કફની પ્રવૃત્તિ ઘણી હોય છે અને તેથી ત્યાં ઉપજેલા પ્રાણી, વનસ્પતિ વગેરે સ્નિગ્ધ હોય છે, જ્યા વાયુ, પિત્ત અને કફ યોગ્ય પ્રમાણમાં હોય તેને સાધારણ દેશ કહે છે. આમ દેશ ત્રણ જાતનો કહેવો.

કાળના પ્રકાર

क्षणादिर्व्याध्यवस्था च कालो भेषजयोगकृत् ॥२४॥

ઓસડની ધારી અસર કરવાની શક્તિની દૃષ્ટિએ બે પ્રકારનો કાળ આયુર્વેદમાં કહ્યો છે: એક ક્ષણ વગેરે એટલે ક્ષણથી માંડીને વર્ષ વગેરે કાળ અને બીજો રોગની અવસ્થાનો કાળ. જેમ કે 'તાવ નિરામ હોય અને શરીર હલકું હોય ત્યારે ઔષધ આપવું' એ વાકયમા કાળ રોગની અવસ્થા ઉપરથી સમજાય છે તથા 'વિરેચન બપોરે આપવું' એ વાકયમા ઔષધનો અસર કરવાનો કાળ ક્ષણ વગેરે કાળથી બતાવ્યો છે.

ઔષધના પ્રકાર

शोधनं शमनं चेति समासादौषधं द्विधा ।

જગતમાં ઉત્પન્ન થતાં અનેક પ્રકારનાં બધા ઔષધોને શોધનઔષધ અને શમનઔષધ એવા બે વર્ગમા વહેંચી શકાય છે, તેથી ટૂંકમા ઔષધના બે પ્રકાર છે: શોધન અને શમન. જે ઔષધ કોપેલા (વધેલા) દોષને શરીરની બહાર કાઢી નાખીને રોગ મટાડે છે તે ઔષધને શોધનઔષધ કહે છે; જે ઔષધથી વાત, પિત્ત અને કફ શરીરની બહાર નીકળતા નથી; છતા જેનાથી વધી પડેલો દોષ ઓછો થઈને અને ઓછો થયેલો દોષ વધીને દોષોનુ યોગ્ય પ્રમાણ બની રહે છે અને સચવાઈ રહે છે તે ઔષધને શમનઔષધ કહે છે.

શારીરદોષનું મુખ્ય ઔષધ

शरीरजानां दोषाणां क्रमेण परमौषधम् ॥२५॥
बस्तिर्विरेको वमनं तथा तैलं घृतं मधु ।

શરીરમા ઉપજેલા વાયુ વગેરે દોષનુ મુખ્ય ઔષધ અનુક્રમે આ પ્રમાણે છે: વાયુનુ મુખ્ય શોધનઔષધ બસ્તિ એટલે સ્નેહ, કવાથ વગેરે ગુદામા ચડાવવા; પિત્તનું મુખ્ય શોધનઔષધ જુલાબ, અને કફનુ મુખ્ય શોધનઔષધ ઊલટી. તે જ પ્રમાણે વાયુનુ મુખ્ય શમનઔષધ તેલ, પિત્તનું મુખ્ય શમનઔષધ ઘી અને કફનું મુખ્ય શમનઔષધ મધ છે.

માનસિક દોષનું મુખ્ય ઔષધ

धीर्धैर्यात्मादिविज्ञानं मनोदोषौषधं परम् ॥२६॥

મનના દોષનુ મુખ્ય ઔષધ બુદ્ધિ, ધીરજ અને આત્મા વગેરેનુ જ્ઞાન છે. રજોગુણ અને તમોગુણ એ બે મનના દોષ છે. તેને લીધે કામ, ક્રોધ વગેરે થાય છે; તેથી રોગ થાય છે. આ રજોગુણ અને તમોગુણને મટાડવા માટે સારું શું અને નરસુ શું, હિત શું અને અહિત શું, એનો સાચો નિર્ણય કરી શકે એવી બુદ્ધિ કેળવવી જોઈએ. એવી બુદ્ધિ સારાનરસાનો ભેદ સમજી શકે; પણ એટલું બસ નથી. સારાનરસાનો ભેદ સમજ્યા પછી સારા(પથ્ય)ને વળગી રહેવું અને નરસા(કુપથ્ય)થી દૂર રહેવુ જોઈએ. આ કામને માટે ધીરજ કેળવવી જોઈએ, પણ હિત(પથ્ય)ને વળગી રહેવા માટે એકલી ધીરજ બસ નથી. એ ધીરજ પાછળ આત્મા, દેશ, કાળ વગેરેનુ જ્ઞાન હોવું જોઈએ. એટલે આપણે કોણ છીએ, કેવી પ્રકૃતિના છીએ, કયા પ્રદેશમાં રહીએ છીએ, કયો સમય કે ઋતુ ચાલે છે વગેરે બાબતોના આધારે ધીરજ કેળવવી જોઈએ. આમ બુદ્ધિ, ધીરજ અને આત્મા વગેરેનુ જ્ઞાન મનના દોષોનું મુખ્ય ઔષધ છે.

ઉપચારનાં ચાર અંગ

भिषग् द्रव्याण्युपस्थाता रोगी पादचतुष्टयम् ।
चिकित्सितस्य निर्दिष्टं, प्रत्येकं ततुर्गुणम् ॥२७॥

રોગની શાંતિ કરવારૂપી સઘળા ઉપચારનાં ચાર અંગ છે: વૈદ્ય, ઔષધ(દ્રવ્યો), રોગીની સારવાર કરનાર અને રોગી એ ચાર અંગમાનુ પ્રત્યેક અંગ ચારચાર ગુણવાળું છે.

વૈદ્યના ચાર ગુણ

दक्षस्तीर्थात्तशास्त्रार्थो दृष्टकर्मा शुचिर्भिषक् ।

પોતાના કામમા ચતુર, ગુરુ પાસેથી આયુર્વેદશાસ્ત્રનો અર્થ શીખેલો, શાસ્ત્ર પ્રમાણે ચિકિત્સા કરવામા અનુભવ મેળવેલો અને પવિત્ર

એટલે મન, વાણી અને શરીરથી મલિન કામ નહિ કરનારો (કમાવા અને ગજગજ ચલાવવા માટે નહિ, પણ કેવળ ધર્મને ખાતર વૈદું કરતો) એવા ચાર ગુણવાળો વૈદ્ય હોવો જોઈએ

ઔષધના ચાર ગુણ

बहुकल्पं बहुगुणं सम्पन्नं योग्यमौषधम् ॥२८॥

ઔષધ નીચેના ચાર ગુણવાળું હોવું જોઈએ (૧) સ્વરસ, કવાથ, ચૂર્ણ વગેરે અનેક જાતના કરી કરીને ઉપયોગમાં લઈ શકાય એવું, (૨) જ ૧/૧૮માં ગણાવેલા ગુણોમાંથી વધારેમાં વધારે ગુણોવાળું અને અનેક રોગ મટાડવાની શક્તિ(ગુણ)વાળું, (૩) સંપત્તિવાળું એટલે સડી ગયેલું, મુડદાલ કે ગમે ત્યાં ઊગી નીકળેલું નહિ, પણ યોગ્ય પ્રદેશમાં અને યોગ્ય માટીમાં ઊગેલું અને રસભર્યું અને (૪) રોગ, દેશ, કાળ, દોષ, દૂષ્ય, દેહ, ઉંમર, બળ વગેરેનો વિચાર કર્યા પછી જે આપવા જેવું લાગે એવું, દરદી અને દરદને યોગ્ય

સારવાર કરનારના ચાર ગુણ

अनुरक्तः शुचिर्दक्षो बुद्धिमान् परिचारकः।

રોગીની સારવાર કરનાર રોગી ઉપર પ્રીતિવાળો, મન, વાણી અને કર્મથી નિર્મળ, સઘળા કામમાં ચતુર અને બુદ્ધિશાળી હોવો જોઈએ

રોગીના ચાર ગુણ

आढ्यो रोगी भिषग्वश्यो ज्ञापकः सत्त्ववानपि॥२९॥

રોગી પણ ચાર ગુણવાળો હોવો જોઈએ. દરદી ઔષધ વગેરે સામગ્રી માટે પૈસા ખરચી શકે એવો ધનવાન, વૈદ્યનું કહ્યું કરનાર, પોતાના શરીર વગેરેમાં થતા ફેરફાર, કયા દવાદારૂ કરવાથી શું થયું વગેરે વૈદ્યને જણાવી શકે એવો તથા સત્ત્વવાળો (ધીરજવાળો અને ખડતલ) હોવો જોઈએ

સુખસાધ્ય રોગ

सर्वौषधक्षमे देहे यूनः पुंसो जितात्मनः ।
अमर्मगोऽल्पहेत्वग्ररूपरूपोऽनुपद्रवः ॥३०॥
अतुल्यदूष्यदेशर्तुप्रकृतिः पादसम्पदि ।
ग्रहेष्वनुगुणेष्वेकदोषमार्गो नवः सुखः ॥३१॥

રોગીનું શરીર શરીર તમામ જાતના ઔષધ અને ક્રિયાને સહન કરે એવું હોય, રોગી જુવાન હોય, પુરુષ હોય (સ્ત્રી જાતે બીકણ તથા ઔષધ વગેરે જનદ હોય તો સહન કરી શકે નહિ એવી હોય છે, માટે એને ગણી નથી), રોગી પોતાના મનને કબજામાં રાખે એવો હોય, તેને જે રોગ થયો હોય તે મર્મસ્થાનને ન લાગેલા હોય, રોગના હેતુ, પૂર્વરૂપ અને લક્ષણ થોડા હોય, ઉપદ્રવ ન થયા હોય દૃષ્ય, દેશ, ઋતુ, પ્રકૃતિ એ સર્વને સમાન રોગ ન હોય, જ ૧/૨૬થી ૨૯માં ગણાવેલી પાદસંપત્તિઓ હોય, સૂર્ય વગેરે ગ્રહો અનુકૂળ હોય, રોગ એક દોષથી થયો હોય, બાહ્ય, મધ્ય અને અભ્યંતર એ ત્રણ માર્ગમાંથી (સૂ ૧૨/૪૪થી ૪૮) એક માર્ગમાં રોગ થયેલો હોય, રોગ થોડા દિવસથી થયો હોય તો રોગ સુખસાધ્ય એટલે થોડા વખતમાં સહેલાઈથી મટે એવો જાણવો

નોંધ: અમુક રોગમાં દૃષ્ય, દેશ, ઋતુ અને રોગીની પ્રકૃતિ જે જાતના હોય તેનાથી જુદી જાતનો એ રોગ હોય તો તે રોગ થોડા દિવસમાં મટે છે દાખલા તરીકે ચરબી, અનૂપ દેશ, શિયાળો અને વાયુની પ્રકૃતિ એ ચારે પિત્તની વિરુદ્ધ (અસમાન) છે, માટે પિત્તના રોગમાં ચરબી બગડી હોય, પિત્તનો રોગ અનૂપ દેશમાં રહેનારને થયો હોય, શિયાળામાં થયો હોય અને વાયુની પ્રકૃતિવાળાને થયો હોય તો એ પિત્તનો રોગ જલદી મટે છે ... ઠંડો હોવાથી અને લોહી ગરમ હોવાથી રોગ અને દૃષ્ય અસમાન છે, તેથી કફથી બગડેલું લોહી ઝટ સુધરે છે અનૂપદેશ ઠંડો હોવાથી અને પિત્ત ગરમ હોવાથી અનૂપદેશમાં પિત્તના રોગ ઝટ મટે છે, કારણ કે રોગ અને દેશ અસમાન છે એ રીતે તાપવાળી શરદઋતુમાં ઠંડા કફના રોગ, ઋતુ અને રોગની અસમાનતાને લીધે તરત મટે છે વળી પિત્તપ્રકૃતિ ગરમ અને કફનો રોગ ઠંડો હોવાથી રોગ અને પ્રકૃતિની અસમાનતાને લીધે પિત્તપ્રકૃતિવાળાને થયેલો કફનો રોગ ઝટ મટે છે

કષ્ટસાધ્ય રોગ

शस्त्रादिसाधनः कृच्छ्रः सङ्करे च ततो गदः।

રોગ શસ્ત્રાદિકથી મટાડાય એવો હોય તથા પૂર્વે શ્લો. ૨૯કેથી ૩૧માં કહેલાં સુખસાધ્યના લક્ષણોમાંથી એકબીજાની વિરુદ્ધ લક્ષણો એકઠાં મળ્યાં હોય (જેમાં રોગી જુવાન હોવા છતાં મન વશ ન રાખી શકતો હોય, રોગી જિતેંદ્રિય છતા રોગ મર્મસ્થાનમા થયો હોય, ઇત્યાદિ) તો તે રોગ કૃચ્છ્રસાધ્ય એટલે આકરા અને મોટા ઉપાયોથી પણ મોડો મટે એવો જાણવો.

યાપ્ય રોગ

शेषत्वादायुषो याप्यः पथ्याभ्यासाद्विपर्यये ॥३२

પૂર્વે શ્લોક ૨૯કેથી ૩૧માં કહેલાં સુખ સાધ્યનાં લક્ષણોથી બહુ વિપરીત લક્ષણો હોવા છતાં પણ જેનુ આયુષ્ય બાકી રહેલુ હોય એવા રોગીનો રોગ માફક આવે એવા (પથ્ય) આહાર, વિહાર વગેરેના સતત સેવનથી કાબમા રહે તે રોગને યાપ્ય કહે છે.

અસાધ્ય રોગ

अनुपक्रम एव स्यात्स्थितोऽत्यन्तविपर्यये।
औत्सुक्यमोहारतिकृद्दृष्टरिष्टोऽक्षनाशनः ॥३३॥

શ્લોક ૨૯કેથી ૩૧મા ગણાવેલાં સુખસાધ્ય રોગનાં લક્ષણોથી અત્યંત વિપરીત લક્ષણોવાળો, એટલાં બધાં વિપરીત લક્ષણોવાળો કે એમા આવરદા પણ બાકી ન રહી હોય એવી, ઔત્સુક્ય, મોહ અને અરતિ કરે એવો, જેમા રિષ્ટ (મરણ થવાનુ છે એવુ દેખાડનાર ચિહ્ન) દેખાતુ હોય એવો અને જેમા આંખ વગેરે ઇંદ્રિયોની શક્તિ નાશ પામી હોય એવો રોગ અસાધ્ય એટલે ન મટે એવો હોય છે.

અનુપક્રમ=જેનો ઉપાય હોઈ શકે નહિ એવો. અત્યાખ્યેય=કોઈ ઉપાય ન હોવાથી છોડી દેવા લાયક.

ચિકિત્સા નહિ કરવા જેવા રોગી

त्यजेदार्तं भिषग्भूपैर्द्विष्टं तेषां द्विषं द्विषम्।
हीनोपकरणं व्यग्रमविधेयं गतायुषम् ॥ ३४ ॥
चण्डं शोकातुरं भीरुं कृतघ्नं वैद्यमानिनम्।

વૈદ્યો અને રાજાઓ જેનો દ્વેષ કરતા હોય, વૈદ્યો અને રાજાઓનો જે દ્વેષ કરતો હોય, પોતાનો (વૈદ્યનો) જે શત્રુ હોય, પાછળ શ્લોક ૨૭મા ઉપચારનાં જે ચાર અંગ કહ્યાં છે તેમાંથી એકાદ પણ જેને ઓછુ હોય, ઉપચાર સિવાય બીજા કામમાં આસક્ત હોય, વૈદ્યનુ કહ્યુ ન કરે તેવો હોય, જેનુ આયુષ્ય ખૂટ્યુ હોય, ક્રૂર કર્મ કરનારો, અવિચારી અને તામસી (ગ્રાઝી) હોય, સ્ત્રી વગેરેના વિરહથી શોકાતુર રહેનારો હોય, બીકણ (ઘડીઘડીમાં ગભરાઈ જાય એવો) હોય, ભલુ કરનારનુ ભૂંડું કરે એવો કૃતઘ્ન હોય તથા પોતે વૈદ્ય ન હોવા છતા પોતે વૈદ્ય છે એમ માનનો હોય, એવો રોગી જે સાધ્ય રોગના લક્ષણવાળો હોય તોપણ તેની ચિકિત્સા વૈદ્યે કરવી નહિ.

અધ્યાયોનો અનુક્રમ

तन्त्रस्यास्य परं चातो वक्ष्यतेऽध्यायसङ्ग्रहः ३५

હવે આ તંત્રના અધ્યાયોનો સંગ્રહ કહીએ છીએ.

સૂત્રસ્થાનના અધ્યાય

आयुष्कामदिनर्त्वीहारोगानुत्पादनद्रवाः।
अन्नज्ञानान्नसंरक्षामात्राद्रव्यरसाश्रयाः ॥ ३६ ॥
दोषादिज्ञानतद्भेदतच्चिकित्साद्युपक्रमाः।
शुद्ध्यादिस्नेहनस्वेदरेकास्थापननावनम् ॥ ३७ ॥
धूमगण्डूषदृक्सेकतृप्तियन्त्रकशस्त्रकम्।
शिराविधिः शल्यविधिः शस्त्रक्षाराग्निकर्मिकौ ३८
सूत्रस्थानमिमेऽध्यायास्त्रिंशत्।

(૧) આયુષ્કામીય, (૨) દિનચર્યા, (૩) ઋતુચર્યા, (૪) રોગાનુત્પાદનીય, (૫) દ્રવ-દ્રવ્યવિજ્ઞાનીય, (૬) અન્નસ્વરૂપવિજ્ઞાનીય, (૭) અન્નસરક્ષા, (૮) માત્રાશિતીય, (૯) દ્રવ્યાદિવિજ્ઞાનીય, (૧૦) રસભેદીય. (૧૧) દોષાદિવિજ્ઞાનીય, (૧૨) દોષભેદીય, (૧૩) દોષોપક્રમણીય, (૧૪) દ્વિવિધોપક્રમણીય, (૧૫) શોધનાદિગણસંગ્રહ, (૧૬) સ્નેહવિધિ, (૧૭) સ્વેદવિધિ, (૧૮) વમનવિરેચનવિધિ, (૧૯) બસ્તિવિધિ, (૨૦) નસ્યવિધિ, (૨૧) ધૂમવિધિ, (૨૨) ગંડૂષાદિવિધિ, (૨૩) આશ્ચોતનાજનવિધિ, (૨૪) તર્પણપુટપાકવિધિ,

(૨૫) યંત્રવિધિ, (૨૬) શસ્ત્રવિધિ, (૨૭) શિરાવ્યધવિધિ, (૨૮) શલ્યાહરણવિધિ, (૨૯) શસ્ત્રકર્મવિધિ, (૩૦) ક્ષારાગ્નિકર્મવિધિ. એ પ્રમાણે સૂત્રસ્થાનના આ ત્રીસ અધ્યાય છે.

શારીરસ્થાનના અધ્યાય

शारीरमुच्यते ।
गर्भावक्रान्तितद्व्यापदङ्गमर्मविभागिकम् ॥३९॥
विकृतिर्दूतजं षष्ठम्

હવે શારીરસ્થાન કહીએ છીએ :

(૧) ગર્ભાવક્રાંતિ શારીર, (૨) ગર્ભવ્યાપચ્છારીર, (૩) અંગવિભાગ શારીર, (૪) મર્મવિભાગ શારીર, (૫) વિકૃતિવિજ્ઞાનીય શારીર, (૬) દૂતવિજ્ઞાનીય શારીર, એ શારીરસ્થાનના છ અધ્યાય છે.

નિદાનસ્થાનના અધ્યાય

निदानं सार्वरोगिकम् ।
ज्वरासृक्‌श्वासयक्ष्मादिमदाद्यर्शोतिसारिणाम्
मूत्राघातप्रमेहाणां विद्रध्याद्युदरस्य च ।
पाण्डुकुष्ठानिलार्तानां वाताद्यस्य च षोडश ॥४१

(૧) સર્વ રોગનું નિદાન, (૨) જ્વરનિદાન, (૩) રક્તપિત્ત–કાસનિદાન, (૪) શ્વાસ–હિક્કાનિદાન, (૫) રાજયક્ષ્માદિનિદાન, (૬) મદાત્યયાદિનિદાન, (૭) અર્શોનિદાન (૮) અતિસાર–ગ્રહણીદોષનિદાન, (૯) મૂત્રાઘાત નિદાન, (૧૦) પ્રમેહનિદાન, (૧૧) વિદ્રધિ–વૃદ્ધિ–ગુલ્મનિદાન, (૧૨) ઉદરનિદાન, (૧૩) પાંડુશોફવીસર્પનિદાન, (૧૪) કુષ્ઠ-શ્વિત્રકૃમિનિદાન, (૧૫) વાતવ્યાધિનિદાન, (૧૬) વાતશોણિતનિદાન. એ પ્રકારે નિદાનસ્થાનના સોળ અધ્યાય છે.

ચિકિત્સાસ્થાનના અધ્યાય

चिकित्सितं ज्वरे रक्ते कासे श्वासे च यक्ष्मणि ।
वमौ मदात्ययेऽर्शःसु विशि द्वौ, द्वौ च मूत्रिते
विद्रधौ गुल्मजठरपाण्डुशोफविसर्पिषु ।
कुष्ठश्वित्रानिलव्याधिवातास्रेषु चिकित्सितम् ॥
द्वाविंशतिरिमेऽध्यायाः

(૧) જ્વરચિકિત્સિત, (૨) રક્તપિત્ત-ચિકિત્સિત, (૩) કાસચિકિત્સિત, (૪) શ્વાસ-હિક્કાચિકિત્સિત, (૫) રાજયક્ષ્મચિકિત્સિત, (૬) છર્દિહૃદ્રોગતૃષ્ણાચિકિત્સિત, (૭) મદાત્યયચિ૦, (૮) અર્શશ્ચિ૦, (૯) અતિસારચિ૦, (૧૦) ગ્રહણીચિ૦, (૧૧) મૂત્રાઘાતચિ૦, (૧૨) પ્રમેહચિ૦, (૧૩) વિદ્રધિવૃદ્ધિચિ૦, (૧૪) ગુલ્મચિ૦, (૧૫) ઉદરચિ૦, (૧૬) પાંડુરોગચિ૦, (૧૭) શ્વયથુચિ૦, (૧૮) વીસર્પચિ૦, (૧૯) કુષ્ઠચિ૦, (૨૦) શ્વિત્રકૃમિચિ૦ (૨૧) વાતવ્યાધિચિ૦, (૨૨) વાતશોણિતચિ૦. આ બાવીસ અધ્યાય ચિકિત્સાસ્થાનના છે.

કલ્પસ્થાનના અધ્યાય

कल्पसिद्धिरतः परम् ।
कल्पो वमेर्विरेकस्य तत्सिद्धिर्बस्तिकल्पना ॥४४
सिद्धिर्बस्त्यापदां षष्ठो द्रव्यकल्पः

એના પછી કલ્પસ્થાન છે.

(૧) વમનકલ્પ, (૨) વિરેચનકલ્પ, (૩) વમન–વિરેચનવ્યાપત્સિદ્ધિ, (૪) બસ્તિકલ્પ, (૫) બસ્તિવ્યાપત્સિદ્ધિ, (૬) ભેષજકલ્પ, એ છ અધ્યાય કલ્પસ્થાનના છે.

ઉત્તરતંત્રના અધ્યાય

अत उत्तरम् ।
बालोपचारे तद्व्याधौ तद्ग्रहे द्वौ च भूतगे ॥४५
उन्मादेऽथस्मृतिभ्रंशे, द्वौ द्वौ वर्त्मसु सन्धिषु ।
दृक्तमोलिङ्गनाशेषु त्रयो, द्वौ द्वौ च सर्वगे ॥४६॥
कर्णनासामुखशिरोव्रणे, भङ्गे भगन्दरे ।
ग्रन्थ्यादौ क्षुद्ररोगेषु गुह्यरोगे पृथग्द्वयम् ॥४७॥
विषे भुजङ्गे कीटेषु मूषकेषु रसायने ।
चत्वारिंशोऽनपत्यानामध्यायो वीजपोषणः ॥४८

એના પછી ઉત્તરતંત્ર (ઉત્તરસ્થાન) છે.

(૧) બાલોપચરણીય, (૨) બાલામયપ્રતિષેધ, (૩) બાલગ્રહપ્રતિષેધ, (૪) ભૂતવિજ્ઞાનીય, (૫) ભૂતપ્રતિષેધ (૬) ઉન્માદપ્રતિ૦, (૭) અપસ્મારપ્રતિ૦, (૮) વર્ત્મરોગવિજ્ઞાનીય, (૯) વર્ત્મરોગપ્રતિ૦, (૧૦) સંધિસિતાસિતરોગ-વિજ્ઞા૦, (૧૧) સંધિસિતાસિતરોગપ્રતિ૦, (૧૨) દૃષ્ટિરોગવિજ્ઞા૦, (૧૩) તિમિરપ્રતિ૦, (૧૪) લિંગનાશપ્રતિ૦, (૧૫) સર્વાક્ષિરોગ વિજ્ઞા૦, (૧૬) સર્વાક્ષિરોગપ્રતિ૦, (૧૭) કર્ણરોગ-

વિજ્ઞા૦, (૧૮) કર્ણરોગપ્રતિ૦, (૧૯) નાસા-રોગવિજ્ઞા૦, (૨૦) નાસારોગપ્રતિ૦, (૨૧) મુખરોગવિજ્ઞા૦, (૨૨) મુખરોગપ્રતિ૦, (૨૩) શિરોરોગવિજ્ઞા૦, (૨૪) શિરોરોગપ્રતિ૦, (૨૫) વ્રણવિજ્ઞા૦, (૨૬) સદ્યોવ્રણ પ્રતિ૦, (૨૭) ભંગપ્રતિ૦, (૨૮) ભગંદરપ્રતિ૦, (૨૯) ગ્રંથ્યર્બુદશ્લીપદાદિવિજ્ઞા૦, (૩૦) ગ્રંથ્યાદિપ્રતિ૦, (૩૧) ક્ષુદ્રરોગવિજ્ઞા૦, (૩૨) ક્ષુદ્રરોગપ્રતિ૦, (૩૩) ગુહ્યરોગવિજ્ઞા૦, (૩૪) ગુહ્યરોગપ્રતિ૦, (૩૫) વિષપ્રતિ૦, (૩૬) સર્પવિષપ્રતિ૦, (૩૭) કીટલૂતાદિવિષપ્રતિ૦, (૩૮) મૂષિકાલર્કવિષપ્રતિ૦, (૩૯) રસાયના-ધ્યાય, (૪૦) વાજીકરણાધ્યાય, એ પ્રમાણે ઉત્તરતંત્રના ચાલીસ અધ્યાય છે.

અધ્યાયની સંખ્યા

इत्यध्यायशतं विंशं
षड्भिः स्थानैरुदीरितम् ॥ ४८½ ॥

એ પ્રકારે સૂત્ર, શારીર, નિદાન, ચિકિત્સા, કલ્પસિદ્ધિ અને ઉત્તર એ છ સ્થાનમાં મળીને એકસોવીસ અધ્યાય કહ્યા છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने आयुष्कामीयोऽध्यायः प्रथमः ॥१॥

અધ્યાય ૨ જો

अथातो दिनचर्याध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

હવે દિનચર્યા (એટલે રોજરોજ માણસે શું શું કરવું તે વગેરે)નો અધ્યાય કહીએ છીએ. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહેલું છે.

સાજા માણસે ક્યારે ઊઠવું?

ब्राह्मे मुहूर्त उत्तिष्ठेत्स्वस्थो रक्षार्थमायुषः ।

સ્વસ્થ એટલે નીરોગી મનુષ્યે આયુષ્યનું રક્ષણ કરવાના હેતુથી પાછલી ચાર ઘડી રાત હોય તે વેળાએ (સૂર્યોદય થયા પહેલાં ૯૬ મિનિટે) ઊઠવું.

એ વેળાને બ્રાહ્મમુહૂર્ત કહે છે; કેમ કે બ્રહ્મચિંતન કરવા યોગ્ય તથા વેદાધ્યયન કરવા યોગ્ય એ કાળ છે. બે ઘડીનું એક મુહૂર્ત જાણવું. એક ઘડી એટલે ૨૪ મિનિટ.

દાતણ કરવાનો વિધિ

शरीरचिन्तां निर्वर्त्य कृतशौचविधिस्ततः ॥ १ ॥
अर्कन्यग्रोधखदिरकरञ्जककुभादिजम् ।
प्रातर्भुक्त्वा च मृद्वग्रं कषायकटुतिक्तकम् ॥ २ ॥
कनीन्यग्रसमस्थौल्यं प्रगुणं द्वादशाङ्गुलम् ।
भक्षयेद्दन्तपवनं दन्तमांसान्यबाधयन् । ३ ॥

ઊઠ્યા પછી 'આજે મારું શરીર કેવું છે? ખાધેલું મને પચ્યું છે કે નહિ?' વગેરે વિચાર શરીર વિષે કરીને પછી ઝાડેઝપટે જઈ આવવું. પછી આકડો, વડ, ખેર, કરંજ (કણજી), સાદડ વગેરે ઝાડનું દાતણ રોજ સવારે તથા જમી રહ્યા પછી પણ કરવું. દાતણનો છેડો કોમળ (કૂચો કરાય એવો) જોઈએ તથા તેનો સ્વાદ તૂરો, તીખો અને કડવો જોઈએ. દાતણ ટચલી આંગળીના ટેરવા જેટલું જાડું, બાર આગળ લાંબું જોઈએ. દાતણ એવી રીતે કરવું કે જેથી દાંતના પેઢાંને ઇજા ન થાય.

આ શ્લોકમાં જે ઝાડ ગણાવ્યાં છે તે તો માત્ર દૃષ્ટાંત તરીકે છે, પણ તૂરાં, તીખાં અને કડવા સ્વાદવાળાં બીજાં દાતણ પણ લઈ શકાય; કેમકે તૂરું દાતણ મોઢાને સાફ કરે છે, તીખું અરુચિ મટાડે છે અને કડવું મોંમાં જામેલો કફ સાફ કરે છે.

દાતણ કોણે ન કરવું?

नाद्यादजीर्णवमथुश्वासकासज्वरार्दिती ।
तृष्णास्यपाकहृन्नेत्रशिरःकर्णामयी च तत् ॥ ४ ॥

જેને અજીર્ણ, ઓકારી (ઊબકા), દમ, ઉધરસ, તાવ, અડદિયો વા, તરસ, મુખપાક, હૃદયનો રોગ, આંખનો રોગ, માથાનો રોગ કે કાનનો રોગ હોય, તેણે દાતણ કરવું નહિ.

રોજ સુરમાનું અંજન

सौवीरमञ्जनं नित्यं हितमक्ष्णोस्ततो भजेत् ।

પછી આંખને હિતકારી સૌવીર (સુરમા)નું અંજન હમેશાં આંજવું.

પ્રતિ૦=પ્રતિષેધ. વિજ્ઞા૦=વિજ્ઞાનીય

અઠવાડિયે રસાંજન આંજવું

चक्षुस्तेजोमयं तस्य विशेषात् श्लेष्मतो भयम् ॥
योजयेत्सप्तरात्रेऽस्मात्स्रावणार्थं रसाञ्जनम् ।

આંખ અગ્નિસ્વરૂપ છે; માટે તેને ખાસ કફનો ભય હોય છે; એટલા માટે તેમાંથી પાણી કાઢી નાખવા માટે સાતસાત રાતે એકવાર રસવંતીનું વસ્ત્રગાળ ચૂર્ણ આંજવું.

દારુહળદરના ક્વાથમાં ક્વાથથી ચોથા ભાગના બકરીના દૂધને ઘટ્ટ થતાં સુધી પકવવાથી રસાંજન બને છે.

નસ્ય, કોગળા, ધૂમપાન, પાન

ततो नावनगण्डूषधूमताम्बूलभाग्भवेत् ॥ ६ ॥

પછી નસ્ય, ગંડૂષ, ધૂમપાન કરવા તથા પાન ખાવું.

તાંબૂલ=પાન–નાગરવેલના પાન પર ચૂનો ચોપડી ખેરસારને કાથા તરીકે ભભરાવી, અંદર સોપારી, જાયફળ, લવિંગ, કપૂર, ચણકબાબ, લતાકસ્તૂરી (મુષ્કદાણા, કસ્તૂરભડ) મૂકીને વાળેલું બીડું.

પાન કોણે ન ખાવું?

ताम्बूलं क्षतपित्तास्ररूक्षोत्कुपितचक्षुषाम् ।
विषमूर्च्छामदार्तानामपथ्यं शोषिणामपि ॥ ७ ॥

જેને ક્ષતકાસ રોગ થયો હોય, જેને રક્તપિત્તનો રોગ હોય, જેનું શરીર લૂખું પડી ગયું હોય, જેની એક કે બંને આંખો દૂખવા આવી હોય; જે ઝેર, મૂર્છા કે મદથી પીડાતો હોય અને જેને ક્ષયરોગ થયો હોય તેમને પાન અપથ્ય છે (એટલે એમણે પાન ખાવું નહિ).

અભ્યંગ

अभ्यङ्गमाचरेन्नित्यं स जराश्रमवातहा ।
दृष्टिप्रसादपुष्ट्यायुःस्वप्नसुत्वक्त्वदार्ढ्यकृत् ॥ ८ ॥

મનુષ્યે હમેશાં અભ્યંગ આચરવો એટલે શરીરે તેલ લગાડવું; કેમ કે તે ઘડપણ, થાક અને વાયુને મટાડે છે તથા તે આંખને નિર્મળ કરે છે, પોષણ આપે છે, આયુષ્ય વધારે છે, ઊંઘ આણે છે, શરીરની ચામડીને સુંદર અને કરચલી વિનાની બનાવે છે અને શરીરને મજબૂત બનાવે છે.

અભ્યંગ ભૂખ લાગવા માંડે ત્યારે કરવો તથા નિત્ય ન બને તો બીજે–ત્રીજે દિવસે પણ કરવો. અભ્યંગ માટે સરસિયું વાપરવું.

અભ્યંગનાં ખાસ અંગ

शिरःश्रवणपादेषु तं विशेषेण शीलयेत् ।

અભ્યંગ ખાસ કરીને માથે, કાને તથા પગે કરવો. સૂર્યાસ્ત પછી કાનમાં તેલ મૂકવું.

અભ્યંગ કોણે ન કરવો?

वर्ज्योऽभ्यङ्गः कफग्रस्तकृतसंशुद्ध्यजीर्णिभिः ॥९॥

બહુ કફવાળા માણસે, ઔષધ વગેરે લઈને જેણે ઊલટી અને રેચ કર્યાં હોય તેણે અને અજીર્ણવાળાએ અભ્યંગ કરવો નહિ.

કસરતના ગુણ

लाघवं कर्मसामर्थ्यं दीप्तोऽग्निर्मेदसः क्षयः ।
विभक्तघनगात्रत्वं व्यायामादुपजायते ॥ १० ॥

કસરતથી શરીર હલકું (ફરફરું) થાય છે, કામ કરવાની શક્તિ આવે છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, ચરબી ઓછી થાય છે અને શરીરના અવયવો એકબીજાથી જુદા તરી આવે એવા (ઘાટીલા) અને સુદૃઢ (ઘટ્ટ) બને છે.

કસરતનો નિષેધ

वातपित्तामयी बालो वृद्धोऽजीर्णी च तं त्यजेत् ।

વાયુનો રોગ કે પિત્તનો રોગ જેને થયો હોય તેણે–બાળકે, ઘરડા માણસે અને અજીર્ણવાળાએ કસરત કરવી નહિ.

બાળક=સોળ વર્ષ સુધીનો માણસ.

કસરત માટેની લાયકાત અને મર્યાદા

अर्धशक्त्या निषेव्यस्तु बलिभिः स्निग्धभोजिभिः
शीतकाले वसन्ते च मन्दमेव ततोऽन्यदा ।

ઘી–દૂધ જેવું ચીકાશવાળું ભોજન જમનારા બળવાન માણસે કસરત કરવી. પોતાની અડધી જ શક્તિ ખપી જાય ત્યાં સુધી જ કસરત કરવી. શિયાળામાં અને વસંતઋતુમાં કસરત કરવી. બીજી ઋતુઓમાં બહુ થોડી તથા હલકી કસરત કરવી.

હૃદયનો વાયુ જ્યારે ઝટઝટ મોંમાં આવે (શ્વાસોચ્છ્વાસ વધવા માંડે), મોં સુકાવા માંડે, કપાળે, નાકે, સાંધાઓ ઉપર અને બગલમાં

પરસેવો થવા માંડે, ત્યારે અડધી શક્તિ ખપી ગઈ છે એમ જાણવું.

કસરત કર્યા પછી ચંપી

तं कृत्वाऽनुसुखं देहं मर्दयेच्च समन्ततः ॥ १२॥

કસરત કરીને પછી શરીરને જેમ દુઃખ ન થાય તેવી રીતે ચારે પાસે તેને મર્દન કરવું (મસળવું, ચંપી કરવી). (ચંપી પણ કસરતનું અંગ છે.)

બહુ કસરતથી હાનિ

तृष्णा क्षयः प्रतमको रक्तपित्तं श्रमः क्लमः ।
अतिव्यायामतः कासो ज्वरश्छर्दिश्च जायते ॥ १३॥

અતિશય કસરતથી તરસ, ક્ષય, પ્રતમક-શ્વાસ, રક્તપિત્ત, થાક, કંટાળો, ઉધરસ, તાવ અને ઊલટી થાય છે.

બહુ ઉજાગરા વગેરેથી હાનિ

व्यायामजागराध्वस्त्रीहास्यभाष्यादिसाहसम् ।
गजं सिंह इवाकर्षन् भजन्नति विलश्यति ॥ १४॥

કસરત, ઉજાગરા, ચાલવું, મૈથુન, હસવું, બોલવું અને ગજા ઉપરાંતનું કામ એ બધું હદ ઉપરાંત–અતિશય કરનાર માણસ હાથીને ખેંચનારા સિંહની પેઠે નાશ પામે છે.

ઉદ્વર્તનના ગુણ

उद्वर्तनं कफहरं मेदसः प्रविलायनम् ।
स्थिरीकरणमङ्गानां त्वक्प्रसादकरं परम् ॥ १५॥

ઉદ્વર્તન કફને મટાડે છે, ચરબીને ઓગાળી શોષી લે છે, અંગોને સ્થિર (દૃઢ) કરે છે અને ચામડીને સુંવાળી બનાવે છે.

હરડે જેવા તૂરાં દ્રવ્યો, ઘઉંનો, બાજરીનો કે ચણાનો લોટ કે પીંડીને શરીર ઉપર ઊંચે હાથે (નીચેથી ઊંચે) ચોળવા તેને ઉદ્વર્તન કહે છે.

નાહવાના ગુણ

दीपनं वृष्यमायुष्यं स्नानमूर्जाबलप्रदम् ।
कण्डूमलश्रमस्वेदतन्द्रातृड्दाहपाप्मजित् ॥ १६॥

નાહવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, વીર્ય વધે છે, આયુષ્ય માટે સારું છે તથા ઉત્સાહ અને બળ આવે છે; તેમ જ ખૂજલી, મેલ, થાક, પરસેવો, સુસ્તી, તરસ, બળતરા અને પાપનો નાશ થાય છે.

ઊના પાણીથી સ્નાન

उष्णाम्बुनाऽधःकायस्य परिषेको बलावहः ।
तेनैव तूत्तमाङ्गस्य बलहृत्केशचक्षुषाम् ॥ १७॥

માથા સિવાયના શરીરના બીજા ભાગ પર ઊનું પાણી રેડીને નાહવાથી બળ આવે છે, પણ માથા પર ગરમ પાણી રેડવાથી વાળ અને આંખોનું બળ નાશ પામે છે.

કોણે ન નાહવું?

स्नानमर्दितनेत्रास्यकर्णरोगातिसारिषु ।
आध्मानपीनसाजीर्णभुक्तवत्सु च गर्हितम् ॥ १८॥

અડદિયો વા નામના રોગવાળાને; આંખ, મો અને કાનના રોગવાળાને; અતિસાર, આધ્માન, પીનસ અને અજીર્ણના રોગવાળાને તથા જમેલાને નાહવાની મનાઈ છે.

વેગ (હાજતો) રોકવા નહિ ઇ૦

जीर्णे हितं मितं चाद्यान्न वेगानीरयेद्बलात् ।
न वेगितोऽन्यकार्यः स्यान्नाजित्वा साध्यमामयम् १९

ખાધેલું સારી રીતે પચી ગયા પછી શરીર અને દેશકાળને માફક આવે એવું તથા માપસર ખાવું. વાછૂટ, ઝાડો, પેશાબ વગેરેની હાજતો પરાણે કરવી નહિ, તેમ જ વાછૂટ, ઝાડો, પેશાબ વગેરેની હાજતો થયા છતાં તેને અટકાવીને બીજા કામે વળગવું નહિ. સાધ્ય રોગને મટાડ્યા સિવાય પણ બીજા કામે વળગવું નહિ. મતલબ કે સાધ્ય રોગની ઉપેક્ષા કર્યાથી તે અસાધ્ય થઈ જાય છે; માટે બીજાં કામ છોડીને પણ તરત જ ઇલાજ કરવા પર વિશેષ ધ્યાન આપવું.

ધર્મ પાળવાનું કારણ

सुखार्थाः सर्वभूतानां मताः सर्वाः प्रवृत्तयः ।
सुखं च न विना धर्मात्तस्माद्धर्मपरो भवेत् ॥ २०॥

સર્વ પ્રાણીઓને બધાં કામ સુખ ખાતર કરવાં ગમે છે અને સુખ ધર્મ વિના મળતું નથી; માટે ધર્મમાં તત્પર રહેવું. (આરોગ્ય પણ એક પ્રકારનું સુખ છે, માટે આરોગ્ય પણ ધર્મ વિના મળે નહિ.)

મિત્ર–શત્રુનો વિવેક

भक्त्या कल्याणमित्राणि सेवेतेतरदूरगः ।

આપણું શુભ ઇચ્છનારા મિત્રોનું પ્રેમથી

સેવન કરવું તથા શત્રુઓથી દૂર રહેવું.

હિંસા વગેરે દશ પાપકર્મ તજવાં

हिंसास्तेयान्यथाकामं पैशुन्यं परुषानृते ॥ २१ ॥
सम्भिन्नालापं व्यापादमभिध्यां दृग्विपर्ययम् ।
पापं कर्मेति दशधा कायवाङ्मानसैस्त्यजेत् ॥ २२ ॥

હિંસા, ચોરી અને વ્યભિચાર એ ત્રણ પ્રકારનું શારીરિક પાપકર્મ; ચાડિયાપણુ, કઠોર વચન, અસત્ય વચન અને સબંધ વગરનુ બડબડ કરવુ, એ ચાર વાણીનાં પાપકર્મ; બીજાનું અહિત કરવાનો વિચાર, અદેખાઈ, શાસ્ત્રથી અવળી દૃષ્ટિ, એ ત્રણ મનનાં પાપકર્મ; એમ દશ પ્રકારનાં પાપકર્મ શરીર, વાણી અને મનથી તજવાં

દુઃખી પર દયા રાખવી

अवृत्तिव्याधिशोकार्तानुवर्तेत शक्तितः ।

જેમને ગુજરાનુ કોઈ સાધન ન હોય, જેઓ રોગી હોય તથા જેઓ કાઈ દુઃખ આવી પડવાથી શોકાતુર હોય તેમના દુ.ખ દૂર કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરવો.

સમતા રાખવી

आत्मवत्सततं पश्येदपि कीटपिपीलिकम् ॥ २३ ॥

કીડા અને કીડીઓને પણ હમેશાં પોતાના સમાન ગણવા. મતલબ કે સુખદુઃખાદિક લાગણીઓમાં તેઓ પણ પોતાના સમાન જ છે, એમ જાણી તેમના પ્રત્યે વર્તવુ. કીડી–કીડાને પણ આત્મ સમાન ગણવાં તો પછી પશુ, પક્ષી, મનુષ્ય પ્રત્યે તેવી વર્તણૂક રાખવી એ તો સ્પષ્ટ જ છે.

દેવ વગેરેનું પૂજન કરવુ

अर्चयेद्देवगोविप्रवृद्धवैद्यनृपातिथीन् ।

દેવ, ગાય, બ્રાહ્મણ, વૃદ્ધ, વૈદ્ય, રાજા અને અતિથિ (મહેમાન) એમનુ પૂજન કરવુ એટલે તેમનું યથાયોગ્ય સન્માન કરવુ. વૃદ્ધ એટલે કેવળ વયોવૃદ્ધ જ ન સમજવા પણ શીલવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ વગેરે પણ જાણવા. 'રાજા' શબ્દ વડે તેણે અધિકાર આપેલા પુરુષો પણ જાણવા. પરગામ રહેનારા અને ભોજન વખતે આવેલા મનુષ્યને અતિથિ જાણવો.

યાચકને આપવું

विमुखान्नार्थिनः कुर्यान्नावमन्येत नाक्षिपेत् ॥ २४ ॥

યાચકને ના કહીને પાછો કાઢવો નહિ, તેની અવગણના કરવી નહિ કે તેનો કઠોર વચનથી તિરસ્કાર કરવો નહિ.

પરોપકાર કરવો

उपकारप्रधानः स्यादपकारपरेऽप्यरौ ।

અપકાર કરવામાં તત્પર શત્રુ પર પણ ઉપકાર કરવાની ટેવ રાખવી.

સમચિત્ત રાખવું

सम्पद्विपत्स्वेकमना हेतावीर्ष्येत्फले न तु ॥ २५ ॥

સપત્તિ અને વિપત્તિમાં સદા એકસરખું (હર્ષશોકથી પર) મન રાખવુ. ઈર્ષ્યા હેતુની કરવી, ફળની નહિ. મતલબ કે વિદ્યા વગેરે ગુણથી માન મળે છે, તો ગુણવાનનુ માનભગ કરવાની ઇચ્છા ન રાખતા તે માન મળવાનો હેતુ (કારણ) જે વિદ્યા તે પોતામા આણી તેના બરોબર થવા ઇચ્છા રાખવી. એ રીતે કરેલી ઈર્ષ્યા દુર્ગુણ નહિ, પણ ગુણરૂપ થાય છે.

ઈર્ષ્યા=બીજાનો ઉત્કર્ષ ન સાખી શકાય તે.

ક્યારે અને કેવું બોલવું?

काले हितं मितं ब्रूयादविसंवादि पेशलम् ।

પ્રસંગ આવ્યે જ બોલવુ અને તે પણ હિતકર થોડું (જરૂર પૂરતુ), સાચું તથા મધુર બોલવુ.

સદાચરણી થવું

पूर्वाभिभाषी सुमुखः सुशीलः करुणामृदुः ॥ २६ ॥
नैकः सुखी न सर्वत्र विश्रब्धो न च शङ्कितः ।

કોઈ મળે ત્યારે કુશળ પૂછીને બોલવાની પહેલ કરવી, હસમુખા તથા સદાચરણી થવું, દયાથી કોમળ થવુ, એકલા સુખ ભોગવી એકલપેટા ન થવુ, બધામાં વિશ્વાસ ન મૂકવો તેમ બધા ઉપર વહેમી પણ ન થવુ.

શત્રુતા કે અપમાન જાહેર કરવું નહિ

न कञ्चिदात्मनः शत्रुं नात्मानं कस्यचिद्रिपुम् ॥ २७ ॥
प्रकाशयेन्नापमानं न च निःस्नेहतां प्रभोः ।

અમુક માણસ મારો શત્રુ છે કે હું ફલાણાનો શત્રુ છું, એમ કોઈ દિવસ કોઈના

આગળ પ્રકટ (જાહેર) ન કરવું, પોતાનું અપમાન થયું હોય તે પણ પ્રકટ ન કરવું, તેમ જ પોતાના શેઠ, ધણી કે અધિકારીની અપ્રીતિ (ઇતરાજી) પણ જાહેર ન કરવી.

બીજા સાથે કેમ વર્તવું ?

जनस्याशयमालक्ष्य यो यथा परितुष्यति ॥२८॥
तं तथैवानुवर्तेत पराराधनपण्डितः ।

સામા માણસનું મન જોઈને જે માણસ જેમ ખુશી થાય તે માણસની સાથે તેમ વર્તવું. એ રીતે બીજાને રીઝવવામાં કુશળ થવું.

ઇંદ્રિયોનું નિયમન કરવું

न पीडयेदिन्द्रियाणि न चैतान्यति लालयेत् ॥२९

ઇંદ્રિયોને પીડા ન કરવી (દમવી નહિ) કે ઇંદ્રિયોને બહુ લાડ પણ ન લડાવવાં (બહેકાવવી પણ નહિ).

કર્મ કેવું કરવું ?

त्रिवर्गशून्यं नारम्भं भजेत्तं चाविरोधयन् ।

જેનાથી ધર્મ, અર્થ અને કામ એ ત્રણમાંથી એકે ન મળે તેવું કામ કરવું નહિ અને એ ત્રણને પરસ્પર બાધ ન આવે એવી રીતે કામ કરવું; એટલે કામ કરતાં ધર્મ થાય, પણ અર્થની કે કામની હાનિ થાય અથવા અર્થ મળે પણ ધર્મહાનિ કે કામહાનિ થાય અથવા કામ તૃપ્ત થાય પણ ધર્મહાનિ કે અર્થહાનિ થાય એવું કામ ન કરવું.

તટસ્થ રહેવું

अनुयायात्प्रतिपदं सर्वधर्मेषु मध्यमाम् ॥ ३० ॥

સર્વધર્મ—આચારમાં મધ્યમ માર્ગે ચાલવું; એટલે તટસ્થ રહીને ધર્મ પાળવો.

નિર્મળ રહેવું

नीचरोमनखश्मश्रुर्निर्मलाङ्घ्रिमलायनः ।

વાળ, નખ અને દાઢી–મૂછ કતરાવીને આછાં રાખવાં તથા પગ અને કાન, નસકોરાં વગેરે મળ નીકળવાનાં છિદ્રો ચોખ્ખાં રાખવાં.

સુઘડ રહેવું

स्नानशीलः सुसुरभिः सुवेषोऽनुल्बणोज्ज्वलः ॥
धारयेत्सततं रत्नसिद्धमन्त्रमहौषधीः ।

દરરોજ નાહવું, સુવાસિત રહેવું, ચોખ્ખાં વસ્ત્ર વગેરેથી વેશ સારો રાખવો. ઊજળા રહેવું. રત્ન, સિદ્ધમંત્ર અને મહૌષધિ નિરંતર ધારણ કરવાં.

છત્રી વગેરે લઈ બહાર જવું

सातपत्रपदत्राणो विचरेद्युगमात्रदृक् ॥ ३२ ॥

છત્રી લઈને તથા જોડા પહેરીને ચાલવું તથા ચાલતી વખતે પોતાની આગળ ચાર હાથ લગી નજર રાખવી.

રાતે બહાર ક્યારે અને કેવી રીતે નીકળવું ?

निशि चात्ययिके कार्ये दण्डी मौली सहायवान् ।

રાતે અનિવાર્ય કામ હોય તો જ બહાર જવું, પણ જતી વખતે હાથમાં લાકડી લઈને, માથે ફાળિયું કે પાઘડી બાંધીને તથા સાથે સોબતી લઈને જવું.

શું શું ન ઓળંગવું ?

चैत्यपूज्यध्वजाशस्तच्छायाभस्मतुषाशुचीन् ॥३३
नाक्रामेच्छर्करालोष्टबलिस्नानभुवो न च ।

ચોતરા પરના પવિત્ર ઝાડની છાયા, દેવ, ગુરુ, પિતા વગેરે પૂજ્ય વ્યક્તિઓની છાયા, ધજાની છાયા, અમંગળ વસ્તુની છાયા, રાખોડીનો ઢગલો, અનાજનાં છાલાં(ફોતરાં)નો ઢગલો, વિષ્ઠા, પેશાબ, અજીઠવાડ વગેરે ગંદવાડ, કાંકરી (રેતી), માટીનાં ઢેફાં, દેવ વગેરેને બલિદાન કે ઉતાર મૂકવાની અને નાહવાની જગા એ બધું ઓળંગવું નહિ.

નદી હાથથી ન તરવી વગેરે

नदीं तरेन्न बाहुभ्यां नाग्निस्कन्धमभिव्रजेत् ॥३४॥
सन्दिग्धनावं वृक्षं च नारोहेद्दुष्टयानवत् ।

હાથથી નદી તરવી નહિ, અગ્નિ(દેવતા)ના ઢગલાની સામે જવું નહિ, તોફાની ઘોડા ઉપર જેમ બેસવું ન જોઈએ તેમ વહેમ પડતી નાવમાં કે ઝાડ ઉપર પણ ચડવું નહિ.

છીંક વગેરેમાં સભ્યતા

नासंवृतमुखः कुर्यात्क्षुतिहास्यविजृम्भणम् ॥३५॥

મોઢું ઢાંકયા સિવાય (હાથ આડો રાખ્યા સિવાય) છીંક ખાવી નહિ, હસવું નહિ કે

ખગાસુ ખાવું નહિ.

નાક ખેંચવા વગેરેનો નિષેધ

नासिकां न विकुष्णीयान्नाकस्माद्विलिखेद्भुवम् ॥
नाङ्गैश्चेष्टेत विगुणं नासीतोत्कटकश्चिरम् ॥३६॥

મેલ કાઢવા સિવાય બીજી વખતે નસકોરાં વગેરે છિદ્રો ખેંચીને પહોળાં કરવાં નહિ. વિના કારણ ભોંય ખોતરવી નહિ. હાથ, પગ વગેરે અંગથી અવળી ચેષ્ટા કરવી નહિ તથા બહુવાર અધૂકડા બેસવું નહિ.

થાક લાગે તેમ ન કરવું

देहवाक्चेतसां चेष्टाः प्राक् श्रमाद्विनिवर्तयेत् ।
नोर्ध्वजानुश्चिरं तिष्ठेत्

દેહ, વાણી અને મનની ચેષ્ટા (કામ) થાકતા પહેલાં બંધ કરવી. ઢૂંટિયુ વાળીને બહુવાર ચત્તા સૂવું નહિ કે ઢીંચણ ઊંચા રાખીને બહુવાર ઊભા રહેવુ નહિ.

રાતે ક્યાં ન રહેવું ?

नक्तं सेवेत न द्रुमम् ॥३७॥
तथा चत्वरचैत्यान्तश्चतुष्पथसुरालयान् ।
सूनाटवीशून्यगृहश्मशानानि दिवाऽपि न ॥३८

ઝાડ નીચે, ચકલામાં, ગામના ચોતરા ઉપર, ચૌટામાં તથા દેવાલયમાં રાતે રહેવું નહિ. કતલખાનું, નિર્જન જંગલ, હવડ ઘર અને સ્મશાન એ જગાએ તો દિવસે પણ રહેવુ નહિ.

સૂર્ય સામું ન જોવું વગેરે

सर्वथेक्षेत नादित्यं न भारं शिरसा वहेत् ।
नेक्षेत प्रततं सूक्ष्मं दीप्तामेध्याप्रियाणि च ॥३९

સૂર્ય સામું કોઈ પણ સ્થિતિમાં અને કોઈ પણ વખતે જોવું નહિ, માથા ઉપર ભાર ઊંચકવો નહિ. ઝીણી, ચળકતી, ગંદી અને ન ગમતી વસ્તુઓ તરફ ધારીધારીને લાગટ જોયા કરવું નહિ.

મદ્યનો વેપાર ન કરવો

मद्यविक्रयसन्धानदानादानानि नाचरेत् ।

દારૂ વેચવો નહિ, બનાવવો નહિ, આપવો નહિ કે લેવો નહિ.

તજવા જેવી બાબતો

पुरोवाततपरजस्तुषारपरुषानिलान् ॥४०॥
अनृजुः क्षवथूद्गारकासस्वप्नान्नमैथुनम् ।
कूलच्छायां नृपद्विष्टं व्यालदंष्ट्रिविषाणिनः ॥४१॥
हीनानार्यातिनिपुणसेवां विग्रहमुत्तमैः ।
सन्ध्यास्वभ्यवहारस्त्रीस्वप्नाध्ययनचिन्तनम् ॥४२
शत्रुसत्रगणाकीर्णगणिकापणिकाशनम् ।
गात्रवक्त्रनखैर्वाद्यं हस्तकेशावधूननम् ॥४३॥
तोयाग्निपूज्यमध्येन यानं धूमं शवाश्रयम् ।
मद्यातिसक्तिं विश्रम्भस्वातन्त्र्ये स्त्रीषु च त्यजेत्

પૂર્વ દિશામાંથી આવતા પવનને, પૂર્વના તડકાને, ધૂળને, ઝાકળને અને સખત પવનને તજવાં. શરીર વાંકુંચૂંકું રહે તે સ્થિતિમાં છીંક, ઓડકાર કે ઉધરસ ખાવી નહિ, સૂવું નહિ, ખાવું–પીવુ નહિ કે મૈથુન કરવુ નહિ. નદી કે ડુંગર વગેરેની ભેખડ કે કરાડની છાયામાં (ઓથે) બેસવુ નહિ, રાજાનો જેના પર દ્વેષ હોય તેવો માણસ, દુષ્ટ હાથી વગેરે જનાવર, સાપ અને કૂતરા જેવાં દાઢવાળાં પ્રાણી, શિંગડાંવાળાં જનાવર, એમને તજવાં; એટલે તેમનાથી દૂર રહેવું. હલકા, અનાર્ય અને અતિશય ચીકણા માણસોની નોકરી ન કરવી. ઉત્તમ સાથે ઝઘડો ન કરવો. ભોજન, મૈથુન, ઊંઘ, ભણવું અને ભણેલું પાકું કરવું— એ પાંચ સંધ્યાકાળે ન કરવાં. શત્રુને ઘેર કે તેણે આપેલું, યજ્ઞમાંનું, ભાટ, ચારણ, ભાંડ, ભવૈયા વગેરે જેમાં ભળ્યા હોય તે, ગણિકાનું તથા દુકાનદારનું ભોજન તજવું. અંગ, મુખ અને નખ વડે (વાંસળી, વીણા વગેરે) વાજિંત્રો વગાડવાં નહિ. વાળ હાથથી છંટકોરવા નહિ. બે તરફ પાણી, અગ્નિ કે પૂજ્ય માણસો હોય તેમની વચ્ચે થઈને જવું નહિ. મડદાનો ધુમાડો લેવો નહિ. દારૂની લત ન લગાડવી અને સ્ત્રીઓનો વિશ્વાસ રાખવો નહિ તથા તેમને સ્વતંત્રતા આપવી નહિ. (કેટલાક 'ગણ' શબ્દનો અર્થ 'સહિયારું દાન કરનારા' કરે છે અને 'આકીર્ણ'નો અર્થ 'યોગ્ય–અયોગ્યનો વિચાર કર્યા વિના અન્નનું દાન કરનારા' કરે છે.)

લોકને અનુવર્તવું

आचार्यः सर्वचेष्टासु लोक एव हि धीमतः।
अनुकुर्यात्तमेवातो लौकिकेऽर्थे परीक्षकः ॥४५॥

બુદ્ધિશાળી માણસને બધા વ્યવહારની બાબતમાં લોકો મોટા ગુરુ છે; માટે લોકોમાં કોણ, ક્યારે અને શા માટે શું કરે છે તે બરાબર જોઈને બુદ્ધિશાળી માણસે તેમને જ અનુસરવું. (બધા લોકો જેમ વ્યવહાર ચલાવતા હોય તેમ ચલાવવો.)

સદ્‌વ્રત કોને કહેવું ?

आर्द्रसन्तानता त्यागः कायवाक्‌चेतसां दमः।
स्वार्थबुद्धिः परार्थेषु पर्याप्तमिति सद्‌व्रतम् ॥४६॥

સર્વ પ્રાણી ઉપર અત્યંત દયાભાવ, દાન, મન, વચન અને શરીરનો સંયમ, બીજાના કામમાં સ્વાર્થના જેવી બુદ્ધિ એટલે જાણે પોતાનું જ કામ હોય તેવી ખિલટથી પારકું કામ પણ કરવાની બુદ્ધિ; એટલું હોય તો તે સંપૂર્ણ સદ્‌વ્રત (સદાચરણ) છે.

રાત-દિવસનો વિચાર

नक्तंदिनानि मे यान्ति कथम्भूतस्य सम्प्रति।
दुःखभाङ्न भवत्येवं नित्यं सन्निहितस्मृतिः ॥४७

કેવો હું મારા રાતદિવસ હાલ ગાળું છું, એ સદા સંભાર્યા કરનાર દુઃખી થતો નથી. 'હાલ હું ક્યાં છું, હાલ કયો અને કેવો સમય છે, મારી ઉંમર કેટલી છે, મારું મન કેવું છે, મારે શું શું કામ છે અને મારાં રાતદિવસ હું કેવી રીતે ગાળું છું,' એ બાબતો સદા સંભાર્યા કરનાર માણસ કદી દુઃખી થતો નથી.

એ આચારનાં ફળ

इत्याचारः समासेन, यं प्राप्नोति समाचरन्।
आयुरारोग्यमैश्वर्यं यशो लोकांश्च शाश्वतान् ॥४८

એ પ્રમાણે સંક્ષેપમાં મનુષ્યનો આચાર કહ્યો. એ આચરણ પ્રમાણે જે ચાલશે તેને આયુષ્ય, આરોગ્ય, ઐશ્વર્ય (ગત્તા-સમૃદ્ધિ), યશ અને અવિનાશી લોક મળશે.

इत्यष्टांगहृदये सूत्रस्थाने दिनचर्याध्यायो द्वितीयः।

અધ્યાય ૩ જો

પૂર્વે દિનચર્યા કહી તેમાં ઋતુચર્યાની સામાન્ય વાતો તો આવી ગઈ, પણ ઋતુઓ એકબીજાથી ભિન્ન હોવાથી માણસના શરીર પર તેની જુદેજુદે કાળે જુદીજુદી અસર થાય છે; માટે ઋતુઋતુના ખાસ આહારવિહાર જાણવાની જરૂર છે; તેથી હવે ઋતુચર્યા કહેવાનો આરંભ કરે છે.

अथात ऋतुचर्याध्यायं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

હવે ઋતુચર્યાનો અધ્યાય કહેવા માંડીએ છીએ. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહેલું છે:

છ ઋતુઓ

मासैर्द्विसंख्यैर्माघाद्यैः क्रमात् षड् ऋतवः स्मृताः
शिशिरोऽथ वसन्तश्च ग्रीष्मो वर्षाशरद्धिमाः ॥१
शिशिराद्यास्त्रिभिस्तैस्तु विद्यादयनमुत्तरम्।
आदानं च, तदादत्ते नृणां प्रतिदिनं बलम् ॥२

માહ મહિનાથી ગણતરી શરૂ કરતા બે-બે માસની એક ઋતુ થાય છે. તે અનુક્રમે શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ અને હેમંત જાણવી. એટલે માહ અને ફાગણ મળીને શિશિર, ચૈત્ર-વૈશાખમાં વસંત, જેઠ-અષાડમાં ગ્રીષ્મ, એ રીતે જાણવું. એમાંથી શિશિર, વસંત અને ગ્રીષ્મ એ ત્રણ ઋતુઓમાં ઉત્તરાયણ જાણવું તથા તે ઉત્તરાયણ માણસોના બળનો આદાનકાળ સમજવો; એટલે સૂર્ય તે વખતમાં રાજરોજ માણસનું બળ લઈ લે છે. (સૂર્ય કઈ રાશિમાં છે તે ઉપરથી ઋતુઓનો ચોક્કસ નિર્ણય થાય છે. સૂર્ય મીન અને મેષ રાશિમાં હોય ત્યા સુધી વસંત ઋતુ હોય છે; એમ અનુક્રમે બે-બે રાશિઓ લઈ વસંતથી શરૂ કરીને ઋતુઓ અનુક્રમે ગણવી.)

આદાનકાળ

तस्मिन् ह्यत्यर्थतीक्ष्णोष्णरूक्षा मार्गस्वभावतः।
आदित्यपवनाः सौम्यान् क्षपयन्ति गुणान् भुवः॥
तिक्तः कषायः कटुको बलिनोऽत्र रसाः क्रमात्

ઉત્તરાયણનો સૂર્ય થયા પછીના કાળમાં

સૂર્યનો માર્ગ ઉત્તર તરફ બદલાવાના કારણથી સૂર્ય અને પવન અત્યંત તીક્ષ્ણ, ઉષ્ણ અને રૂક્ષ થાય છે; તેથી સૂર્ય અને પવન પૃથ્વીના સૌમ્ય ગુણોનો નાશ કરે છે. એ વખતમાં અનુક્રમે કડવો, તૂરો અને તીખો એ રસ વધે છે; અર્થાત્ શિશિરમાં કડવો રસ વધે છે, વસંતમાં તૂરો રસ વધે છે અને ગ્રીષ્મમાં કડવો રસ વધે છે.

આદાનકાળનું કારણ

तस्मादादानमाग्नेयम्

એ રીતે પૃથ્વીના સૌમ્ય ગુણની હાનિ અને રૂક્ષ ગુણની વૃદ્ધિ થાય છે; માટે સૂર્ય બળનું આદાન કરે છે એટલે બળ લઈ લે છે તેથી ઉત્તરાયણના છ માસને આદાનકાળ કહે છે. આદાનકાળમાં મુખ્યત્વે અગ્નિના ગુણો હોય છે.

વિસર્ગકાળ

ऋतवो दक्षिणायनम् ॥ ४ ॥
वर्षादयो विसर्गश्च यद्बलं विसृजत्ययम् ।

વર્ષા, શરદ અને હેમંત એ ત્રણ ઋતુઓ મળીને દક્ષિણાયન છે અને તેને વિસર્ગકાળ કહે છે; કેમ કે તે સમય બળ આપે છે. વિસર્ગ=આપવું.

વિસર્ગકાળનું કારણ

सौम्यत्वादत्र सोमो हि बलवान् हीयते रविः ॥
मेघवृष्टयनिलैः शीतैः शान्ततापे महीतले ।
स्निग्धाश्चेहाम्ललवणमधुरा बलिनो रसाः ॥६॥

મેઘની વૃષ્ટિ અને ઠંડા વાયુથી પૃથ્વીનું પડ ઠંડું થવાથી વિસર્ગકાળમાં સૌમ્યપણાને લીધે (શીતળતાને લીધે) ચંદ્ર બળવાન થાય છે તથા સૂર્ય નરમ પડે છે. વળી અનુક્રમે ખાટા, ખારા અને ગળ્યા એ સ્નિગ્ધ રસો પણ બળવાન થાય છે; એટલે વર્ષામાં ખાટો રસ, શરદમાં ખારો રસ અને હેમંતમાં ગળ્યો રસ બળવાન થાય છે (વધે છે).

ઋતુ પરત્વે બળ

शीतेऽग्र्यं वृष्टिघर्मेऽल्पं बलं मध्यं तु शेषयोः ।

શીતકાળમાં એટલે હેમંત અને શિશિરમાં માણસને ઉત્તમ બળ પ્રાપ્ત થાય છે; વર્ષા અને ગ્રીષ્મમાં અલ્પ બળ અને શરદ તથા વસંતમાં મધ્યમ (સામાન્ય) બળ પ્રાપ્ત થાય છે.

હેમંતમાં જઠરાગ્નિની પ્રબળતા

बलिनः शीतसंरोधाद्धेमन्ते प्रबलोऽनलः ॥७॥
भवत्यल्पेन्धनो धातून् स पचेद्वायुनेरितः ।
अतो हिमेऽस्मिन्सेवेत स्वाद्वम्ललवणान्रसान् ॥८॥

વિસર્ગકાળને લીધે બળવાન બનેલા માણસનો જઠરાગ્નિ ટાઢને લીધે શરીરનાં રુવાંડાંનાં છિદ્રો સંકોચાઈ જતાં હોવાથી શરીરની બહાર નીકળી શકતો નથી તેથી તે અંદર ને અંદર જતો હોવાથી જઠરમાં એ સચવાઈ રહે છે; તેથી હેમંતઋતુમાં એવા માણસનો જઠરાગ્નિ પ્રબળ બને છે. વળી એ પ્રબળ બનેલો જઠરાગ્નિ ટાઢને લીધે ઉત્પન્ન થયેલા પવન(વાયુ)થી વધારે ભભૂકી ઊઠે છે. આવા ભભૂકતા અગ્નિને જો ખોરાકરૂપી બળતણ ઓછું પડે તો તે શરીરની ધાતુઓને પકવે છે; માટે શિયાળાની આ ઋતુમાં (હેમંતમાં) ખારા, ખાટા અને ગળ્યા રસવાળાં અન્નપાન ખાવાં–પીવાં. (વર્ષાઋતુની ટાઢ વરસાદ અને ભેજવાળા પવનને લીધે પડે છે; તેથી વર્ષાઋતુમાં ટાઢ હોવા છતાં જઠરાગ્નિ પ્રબળ થવાને બદલે ઊલટો મંદ પડે છે.)

હેમંતની દિનચર્યા

दैर्घ्यान्निशानामेतर्हि प्रातरेव बुभुक्षितः ।
अवश्यकार्यं सम्भाव्य यथोक्तं शीलयेदनु ॥ ९ ॥
वातघ्नतैलैरभ्यङ्गं मूर्ध्नि तैलं विमर्दनम् ।
नियुद्धं कुशलैः सार्धं पादाघातं च युक्तितः ॥१०

એ ઋતુમાં રાતો લાંબી હોય છે; માટે વહેલી સવારે ભૂખ લાગે છે; તેથી દિનચર્યામાં કહ્યા પ્રમાણે દાતણપાણી તથા ઝાડોપેશાબ જેવાં જરૂરી કામ કરી લઈને હવે પછી કહ્યું છે તે પ્રમાણે કરવું.

બલાતેલ જેવાં વાયુને હણનારાં તેલ શરીરે ચોળવાં, માથે તેલ ચોપડવું, શરીર ચંપાવવું, કુસ્તી કરવામાં પ્રવીણ પુરુષો સાથે કુસ્તી કરવી અને યુક્તિપૂર્વક (થાકી ન જવાય એ રીતે) પગ વડે શરીર ગદડાવવું.

સ્નાન-ભોજન વગેરે

कषायापहृतस्नेहस्ततः स्नातो यथाविधि ।
कुङ्कुमेन सदर्पेण प्रदिग्धोऽगुरुधूपितः ॥ ११ ॥

रसान् स्निग्धान् पलं पुष्टं गौडमच्छसुरां सुराम्।
गोधूमपिष्टमाषेक्षुक्षीरोत्थविकृतीः शुभाः ॥१२॥
नवमन्नं वसां तैलं शौचकार्ये सुखोदकम्।
प्रावाराजिनकौशेयप्रवेणीकौचवास्तृतम् ॥१३॥
उष्णस्वभावैर्लघुभिः प्रावृतः शयनं भजेत्।
युक्त्याऽर्ककिरणान् स्वेदं पादत्राणं च सर्वदा॥१४॥

પછી લોધર જેવા તૂરા પદાર્થોથી શરીર ઉપરની ચીકાશ કાઢી નાખી યથાવિધિ (શિયાળામાં ગરમ પાણીથી) સ્નાન કરવું. કસ્તૂરીયુક્ત કેસરનો શરીરે લેપ કરવો તથા અગરબત્તીના ધૂપથી સુવાસિત થવું.

પછી સ્નિગ્ધ (ઘી–તેલથી વઘારેલા) માંસ-રસ, ચરબીભર્યું માંસ, ગોળનો બનાવેલો દારૂ, સુરાનું નીતર્યું પાણી, સુરા, ઘઉંનો લોટ, અડદ, શેરડી અને દૂધ એ ચારમાંથી બનતી સુંદર વસ્તુઓ ખાવીપીવી. નવું અનાજ, વસા અને તેલ ખાવાં. શૌચાદિક ક્રિયામાં સહેવાતું ઊનુ પાણી વાપરવું. સુતરાઉ રૂવાંવાળી જાડી ચાદર, સુવાળાં રૂવાંવાળું ચામડું, રેશમી વસ્ત્ર, કંતાન કે ગરમ કામળી બિછાવેલા બિછાના પર હલકું તથા ગરમ વસ્ત્ર ઓઢીને સૂઈ જવું. યુક્તિ પ્રમાણે (માફકસર) તડકે બેસવું, માફકસર તાપવું, પાવડીઓ કે મોજડીઓ આખો દિવસ પહેરી રાખવી.

સ્ત્રીસેવન

पीवरोरुस्तनश्रोण्यः समदाः प्रमदाः प्रियाः।
हरन्ति शीतमुष्णाङ्ग्यो धूपकुङ्कुमयौवनैः ॥१५॥

ભરાવદાર સાથળ, સ્તન અને ફૂલાવાળી; જુવાનીની મસ્તી(મદ)વાળી; મનગમતી; અગરના ધૂપથી તાજી તાપેલી હોવાથી, શરીરે તાજું કેસર ચોપડેલું હોવાથી અને જુવાનીને લીધે હૂંફાળા શરીરવાળી જુવાન સ્ત્રીઓ ટાઢ મટાડે છે, એટલે એવી સ્ત્રીઓની હૂંફમાં સૂઈ રહેવાથી (સંભોગથી નહિ) ટાઢ વાતી નથી.

મકાન

अङ्गारतापसन्तप्तगर्भभूवेश्मचारिणः।
शीतपारुष्यजनितो न दोषो जातु जायते ॥१६॥

અંગારાના તાપથી તપાવેલા ઓરડા કે ભોંયરામાં ફરનારને ટાઢથી ચામડી કડક (ખરબચડ) થઈ જઈને કંઈ રોગ થતો નથી. (શરીર સુંવાળું રહે છે અને ચામડી ફાટતી નથી.)

શિશિરચર્યા

अयमेव विधिः कार्यः शिशिरेऽपि विशेषतः।
तदा हि शीतमधिकं रौक्ष्यं चादानकालजम् ॥१७

શિશિરઋતુમાં પણ હેમંતની પેઠે જ પણ વધારે પ્રમાણમાં કરવું; કેમ કે શિશિરમાં ટાઢ વિશેષ પડે છે અને આદાનકાળને લીધે શરીર લૂખું પણ પડવા માંડે છે.

વસંતચર્યા

कफश्चितो हि शिशिरे वसन्तेऽर्कांशुतापितः।
हत्वाऽग्निं कुरुते रोगानतस्तं त्वरया जयेत् ॥१८॥
तीक्ष्णैर्वमननस्याद्यैर्लघुरूक्षैश्च भोजनैः।
व्यायामोद्वर्तनाघातैर्जित्वा श्लेष्माणमुल्बणम् ॥१९॥
स्नातोऽनुलिप्तः कर्पूरचन्दनागुरुकुङ्कुमैः।
पुराणयवगोधूमक्षौद्रजाङ्गलशूल्यभुक् ॥२०॥
सहकाररसोन्मिश्रानास्वाद्य प्रिययाऽर्पितान्।
प्रियास्यसङ्गसुरभीन् प्रियानेत्रोत्पलाङ्कितान् ॥२१॥
सौमनस्यकृतो हृद्यान्वयस्यैः सहितः पिबेत्।
निर्गदानासवारिष्टसीधुमार्द्वीकमाधवान् ॥२२॥
शृङ्गवेराम्बु साराम्बु मध्वम्बु जलदाम्बु च।

હેમંત અને શિશિરઋતુમાં કરેલાં મધુર અને સ્નિગ્ધાદિક ભોજનોથી તથા ઋતુને લીધે શરીરમાં કફ એકઠો થાય છે. તે વસંતઋતુમાં સૂર્યના તાપથી તપીને ઓગળે છે અને જઠરમાં પ્રસરીને જઠરાગ્નિને હોલવીને રોગો કરે છે; માટે નીચેના ઉપાયોથી વસંતઋતુમાં કફને જલદી મટાડવો. ઊલટી કરવી, નસ્ય ફૂંકાવવું વગેરે ઉપાયો વડે; હલકાં અને લૂખાં (રૂક્ષ) ભોજનથી, કસરત, ઉદ્વર્તન અને પાદાઘાત વડે વધી ગયેલા કફને જીતવો. પછી સ્નાન કરવું તથા ચંદન, કપૂર, અગર અને કેસરનો લેપ કરવો. પછી જૂના જવ, જૂના ઘઉં, મધ, લોઢાનો સોયો ખોસી શેકેલું જાંગલ પ્રાણીઓનું માંસ ખાવું તથા પોતાની પ્રિયાએ થોડા પીને આપેલા તેથી તેના મુખનો સ્પર્શ થવાથી સુગંધીદાર થયેલા, પ્રિયાના નેત્રકમળની દૃષ્ટિ પડવાથી

સુંદર લાગતા, મનને પ્રસન્ન કરે એવા, હૃદયને ફાયદો કરનારા, કેરીનો રસ ભેળવેલા અને રોગનો નાશ કરનારા આસવ, અરિષ્ટ, શેરડીના રસનો સરકો, દ્રાક્ષના રસનો દારૂ અને મધનો દારૂ–એ મિત્રોની સાથે બેસી પીવાં; તેમ જ સૂંઠ ઉકાળેલું પાણી, અસનાદિ ગણનાં ઔષધો ઉકાળેલું પાણી, મધપાણી કે મોથ ઉકાળેલું પાણી પીવું. (આ ચારમાથી જે માફક આવે તે પાણી પીવુ.)

વસંતમાં બપોર

दक्षिणानिलशीतेषु परितो जलवाहिषु ॥ २३ ॥
अदृष्टनष्टसूर्येषु मणिकुट्टिमकान्तिषु ।
परपुष्टविघुष्टेषु कामकर्मान्तभूमिषु ॥ २४ ॥
विचित्रपुष्पवृक्षेषु काननेषु सुगन्धिषु ।
गोष्ठीकथाभिश्चित्राभिर्मध्याह्नं गमयेत्सुखी ॥ २५ ॥

એ ઋતુમાં જ્યાં દક્ષિણ દિશાના પવનથી ઠંડક હોય, ચારે પાસ હમેશાં જ્યાં પાણી વહ્યા કરતુ હોય, જ્યાં કોઈ પણ જગ્યાએ વૃક્ષ વગેરેમાંથી સૂર્ય નહિ જેવો દેખાતો હોય કે બિલકુલ દેખાતો ન હોય, જ્યાં વજ્રમણિ, મરકતમણિ વગેરેથી ફરસબંધી કરેલી ભૂમિ ઝબકારા મારી રહી હોય, જ્યાં કોયલો ટહુકા કરી રહી હોય, જ્યાં કામવિલાસને પોષે એવી સુંદર જગ્યાઓ હોય, જ્યાં જાતજાતનાં રંગ-બેરંગી ફૂલવાળાં વૃક્ષો હોય અને જ્યાં સુવાસ મહેંકી રહી હોય એવા બાગોમાં રમતાં–રમતાં, વાતો કરતાં આનંદથી બપોર ગાળવી.

વસંતમાં તજવા જેવું

गुरुशीतदिवास्वप्नस्निग्धाम्लमधुरांस्त्यजेत् ।

(આ ઋતુમાં કફનો પ્રકોપ થાય છે તેથી) ભારે અને ઠંડું ખાવુંપીવું નહિ, દહાડે ઊંઘવું નહિ, સ્નિગ્ધ, ખાટું અને ગળ્યુ ખાવુંપીવુ નહિ. ખારાશથી પણ કફ થાય છે; છતાં વસંત-ઋતુમાં ખારાશ(ખારા રસ)ની મનાઈ કરી નથી. એનાં બે કારણ છેઃ એક તો ખારો રસ ઘટ્ટ કફ કરતો નથી, પણ પાણી જેવો કફ કરે છે અને બીજું, ખટાશ અને ગળપણ જેટલી છૂટથી ખારાશ(ખારા રસ)નો ઉપયોગ થતો નથી. આ બે કારણસર ખારા રસની વસંતમાં મના કરી નથી.

ગ્રીષ્મચર્યા

तीक्ष्णांशुरतितीक्ष्णांशुर्ग्रीष्मे संक्षिपतीव यत् ॥२६॥
प्रत्यहं क्षीयते श्लेष्मा तेन वायुश्च वर्धते ।
अतोऽस्मिन्पटुकट्वम्लव्यायामार्ककरांस्त्यजेत् ॥२७

ગ્રીષ્મઋતુમાં સૂર્ય બહુ તીક્ષ્ણ કિરણવાળો થઈને જગતનુ બળ જાણે ચૂસી લે છે, તેથી રોજરોજ કફ ઓછો થતો જાય છે અને તેથી વાયુ વધતો જાય છે; એટલા માટે આ ઋતુમાં ખારું, તીખું, ખાટું, કસરત અને સૂર્યનો તડકો એટલાં વાનાં તજવાં.

ગ્રીષ્મમાં સેવવા યોગ્ય

भजेन्मधुरमेवान्नं लघु स्निग्धं हिमं द्रवम् ।

હલકું, સ્નિગ્ધ, ઠંડું તથા પ્રવાહી હોય એવુ ગળપણ જ (મોટે ભાગે) ખાવુપીવુ.

ગ્રીષ્મમાં લેહ્ય

सुशीततोयसिक्ताङ्गो लिह्यात्सक्तून् सशर्करान् ॥२८

ખૂબ ઠંડા પાણીથી નાહવુ તથા સાકર મેળવીને સાથવો ચાટવો.

ગ્રીષ્મમાં દારૂ પીવાનો નિયમ

मद्यं न पेयं, पेयं वा स्वल्पं, सुबहु वारि वा ।
अन्यथा शोषशैथिल्यदाहमोहान् करोति तत् ॥२९

દારૂ ન પીવો. જો ન છૂટકે પીવો પડે તો બહુ થોડો પીવો અથવા થોડા દારૂમાં બહુ પાણી મેળવીને પીવો. જો એમ ન કરે તો દારૂ પીવાથી મોં સુકાય, ઢીલા થઈ જવાય અને શરીરે અગન બળે.

ગ્રીષ્મનું ભોજન

कुन्देन्दुधवलं शालिमश्नीयाज्जाङ्गलैः पलैः ।

ડોલરના ફૂલ જેવા કે ચંદ્રના જેવા ધોળા શાળના ચોખા જાંગલ દેશનાં પ્રાણીઓના માંસ સાથે ખાવા.

શું પીવું?

पिबेद्रसं नातिघनं रसालां रागखाण्डवौ ॥ ३० ॥
पानकं पञ्चसारं वा नवमृद्भाजने स्थितम् ।
मोचचोचदलैर्युक्तं साम्लं मृन्मयशुक्तिभिः ॥ ३१ ॥

માંસરસ પીવો પણ બહુ જાડો પીવો નહિ.

શિખંડ ખાવો. રાગ,* ખાંડવ પીવો તથા ચાટવો, ખટાશયુક્ત પંચસાર નામે પાનક× નવા માટીના વાસણમાં ભરેલું તથા કેળાના અને ખજૂરના કકડા નાખીને માટીની છીપથી÷ પીવું.

ગ્રીષ્મમાં જલપાન

पाटलावासितं चाम्भः सकर्पूरं सुशीतलम् ।

તેમ જ કપૂર નાખેલું તથા પાટલાનાં ફૂલથી સુવાસિત કરેલુ સારી પેઠે ઠંડું થયેલું પાણી પીવું.

ગ્રીષ્મમાં રાત્રિભોજન

शशाङ्ककिरणान्भक्ष्यान् रजन्यां भक्षयन् पिबेत् ।
ससितं माहिषं क्षीरं चन्द्रनक्षत्रशीतलम् ।

રાત્રે કપૂરી ભાત (કપૂર, ઘી અને તેજાના નાખીને રાંધેલો ભાત જેને સંસ્કૃતમાં 'કર્પૂર-નાલિકા' કહે છે તે) ખાવો તથા તેની સાથે ચંદ્ર અને નક્ષત્રની ઠંડકમાં–ખુલ્લામાં મૂકવાથી ઠંડું થયેલું સાકર નાખેલું ભેંસનું દૂધ પીવું.

ગ્રીષ્મમાં બપોર

अभ्रङ्कषमहाशालतालरुद्धोष्णरश्मिषु ॥३३॥
वनेषु माधवीश्लिष्टद्राक्षास्तवकशालिषु ।

ગગનચુંબી શાલનાં તથા તાડનાં વૃક્ષોને લીધે સૂર્ય જે વનમાં પેસી શકતો નથી તથા જ્યાં દ્રાક્ષનાં લૂમખાં સાથે માધવી નામે વેલના વેલા ગૂંથાઈ ગયા છે અને તેથી જે શોભે છે એવા વનમાં ઉનાળામાં બપોરે સૂઈ જવું.

ધારાગૃહાદિ

सुगन्धिहिमपानीयसिच्यमानपटालिके ॥३४॥
कायमाने चिते चूतप्रवालफललुम्बिभिः ।
कदलीदलकह्लारमृणालकमलोत्पलैः ॥ ३५ ॥
कोमलैः कल्पिते तल्पे हसत्कुसुमपल्लवे ।
मध्यंदिनेऽर्कतापार्तः स्वप्याद्धारागृहेऽथवा ॥ ३६ ॥
पुस्तस्त्रीस्तनहस्तास्यप्रवृत्तोशीरवारिणि ।

તથા આંબાવાડિયામાં આંબાનાં કુમળાં પાંદડાં તથા કેરીની લૂમો જેની આસપાસ ભરચક લચી રહી હોય એવો વાંસનો માંડવો બાંધવો તથા તેની આસપાસ સુગંધીદાર ઠંડું પાણી છાંટેલી ટટ્ટીઓ બાંધવી. એવા માંડવામાં કેળનાં પાંદડાં, પોયણાં, કમળતંતુ, કમળ અને કાળાં કમળથી બનાવેલા, જ્યાં પુષ્પની પાંખડીઓ ખીલી રહી હોય એવા સુંવાળા અને પોચા બિછાનામાં ઉનાળાના દિવસના બપોરે સૂર્યના તાપથી પીડાતા મનુષ્યે ઊંઘવું અથવા પૂતળીઓનાં સ્તન, હાથ અને મોંમાંથી ખસના વાળાથી ઠંડા અને સુગંધીદાર બનેલા પાણીના ફુવારા ઊડતા હોય એવા ધારાગૃહમાં બપોરે ઊંઘવું.

ગ્રીષ્મનો રાત્રિવાસ

निशाकरकराकीर्णे सौधपृष्ठे निशासु च ॥ ३७ ॥
आसना स्वस्थचित्तस्य चन्दनार्द्रस्य मालिनः ।
निवृत्तकामतन्त्रस्य सुसूक्ष्मतनुवाससः ॥ ३८ ॥
जलार्द्रास्तालवृन्तानि विस्तृताः पद्मिनीपुटाः ।
उत्क्षेपाश्च मृदूत्क्षेपा जलवर्षिहिमानिलाः ॥ ३९ ॥
कर्पूरमल्लिकामाला हाराः सहरिचन्दनाः ।
मनोहरकलालापाः शिशवः सारिकाः शुकाः ॥ ४० ॥
मृणालवलयाः कान्ताः प्रोत्फुल्लकमलोज्ज्वलाः ।
जङ्गमा इव पद्मिन्यो हरन्ति दयिताः क्लमम् ॥ ४१ ॥

રાતે ચંદ્રનાં કિરણ પથરાયાં હોય એવી હવેલીની અગાશીમાં બેસવું. જો માણસ શાંત ચિત્ત રાખે તો શરીરે ચંદન ચોપડવાથી, ફૂલની માળા પહેરવાથી, મૈથુનનો ત્યાગ કરવાથી, ઘણાં ઝીણાં અને હલકાં વસ્રો પહેર-

* રાગ અને ખાંડવ પીવાના તથા ચાટવાના પદાર્થ થાય છે. સાકર, મધ વગેરે રસ પીવાના હોય ત્યારે તે રાગ અને તેમાં ખટાશ મળી હોય ત્યારે ખાંડવ જાણવા. ગોળ, દાડમ, માંસરસ વગેરેના પણ રાગ તથા ખાંડવ બને છે. ચાટવા જેટલા જાડા રાખે ત્યારે તે લેહ્ય કહેવાય અને પીવા જેવા પાતળા રાખે ત્યારે તે પેય કહેવાય.

× ઉપર કહેલા રાગમાં તજ, તમાલપત્ર વગેરે મસાલા મેળવી પીવા યોગ્ય કરે ત્યારે તે પાનક કહેવાય. પંચસાર નામે પાનક આ પ્રમાણે : દ્રાક્ષ, જેઠીમધ, ખજૂર, કાળાં મરી, ફાલસાં–એ સર્વ સમાન લઈને પીવા જેવો પદાર્થ બનાવવો અને તેને કપૂર વગેરેથી સુગંધીદાર કરવો તેને પંચસાર નામે પાનક કહે છે. તે દાહ અને તરસને મટાડે છે.

÷ માટીની છીપને બદલે માટીનાં કોડિયાં કે કુલડીઓ આ કાળમાં સમજવાં.

વાથી, પાણીથી પલાળેલા તાડછાના પંખાથી, ભીના કમળના મોટા પાંદડાથી, હલકે હાથે હલાવાતા પાણીની છાંટ અને ઠંડો પવન આપતા વીંઝણાથી, કપૂર અને મોગરાની માળા પહેરવાથી, મોતીની માળા અને હરિચંદન નામના સુખડના મણકાની માળા પહેરવાથી, મનગમતી મીઠી વાતો કરવાથી, બાળકોને રમાડવાથી, મેનાપોપટથી, કમળના રેસાના કડા પહેરવાથી અને ખીલેલા કમળ જેવી તેજસ્વી તથા કમળના ચાલતા છોડ જેવી વહાલી પ્રિયતમાની હાજરીથી એનો (માણસનો) કંટાળો દૂર થાય છે.

વર્ષાચર્યા

આ ઋતુમાં અગ્નિ વધારે મંદ પડે છે

आदानग्लानवपुषामग्निः सन्नोऽपि सीदति।
वर्षासु दोषैर्दुष्यन्ति तेऽम्बुलम्बाम्बुदेऽम्बरे॥४२॥
सतुषारेण मरुता सहसा शीतलेन च।
भूबाष्पेणाम्लपाकेन मलिनेन च वारिणा॥४३॥
वह्निनैव च मन्देन, तेष्वित्यन्योन्यदूषिषु।
भजेत् साधारण सर्वमूष्मणस्तेजन च यत्॥४४॥

આદાનકાળને લીધે શરીરનું બળ ઓછું થયેલું હોવાથી અને તેથી અગ્નિ પણ મંદ થયેલો તો હોય છે જ. તેમાં વળી વર્ષાઋતુમાં દોષો (વાત, પિત્ત અને કફ) બગડવાથી તે વધારે મંદ થાય છે. આકાશમાં પાણીથી ભરેલા વાદળા વ્યાપી ગયા હોય તેથી, ઝાકળના ટીપાંવાળો તથા ઠંડો પવન એકાએક વાવા માડે છે તેથી, પૃથ્વીમાંથી બાફ નીકળે છે તેથી, ભેજને લીધે અન્નપાનમાં ખટાશ આવી જાય છે તેથી, પાણી મેલું હોય છે. તેથી તથા જઠરાગ્નિ મંદ હોવાથી એ ઋતુમાં દોષો કોપે છે. આ પ્રમાણે ત્રણે દોષો એકબીજાને બગાડતા હોવાથી ત્રણે દોષોનું શમન કરે એવા સામાન્ય ઉપાય તે ઋતુમાં કરના તથા જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર ઉપાય પણ કરવા

ગ્રીષ્મમાં તપેલી જમીન ઉપર વર્ષાઋતુમાં વરસાદ પડવાથી જે બાફ નીકળે છે તે સ્વભાવે જ વાત, પિત્ત અને કફ એ ત્રણેય દોષોનો પ્રકોપ કરે છે. વાદળામાંથી પડતો વરસાદ વાયુ અને કફ કરે છે. વર્ષાઋતુના ભેજને લીધે અન્નપાનમાં ખટાશ આવી જાય છે, તેથી પણ પિત્ત અને કફનો પ્રકોપ થાય છે. વળી આદાનકાળને લીધે અગ્નિ મંદ પડી ગયેલો હોવાથી પણ દોષોનો પ્રકોપ થાય છે, કારણ કે મંદ જઠરાગ્નિને લીધે જો આહાર પચે નહિ તો કફ થાય, આહાર ખાટો થાય તેથી પિત્ત થાય અને એ રીતે ધાતુને પોષણ આપનાર રસ અન્નમાંથી જેટલો ઓછો ઉત્પન્ન થાય તેટલા પ્રમાણમાં ધાતુઓ પણ પોષણને અભાવે ઓછી થતી જવાથી ખાલી પડી ગયેલી જગામાં વાયુ ભરાઈ જવાથી વાયુનો પ્રકોપ થાય છે, તેથી વર્ષાઋતુમાં વાયુના દરદોનું જોર વધી પડે છે. વર્ષાઋતુમાં સૌથી વિશેષ પ્રકોપ વાયુનો હોય છે, પિત્તનો પ્રકોપ વાયુથી ઓછો પણ કફથી વધારે હોય છે, તેથી વર્ષાઋતુમાં પિત્તનો સંચય થાય છે અને કફ વર્ષાઋતુમાં સૌથી ઓછો વધે છે. આમ વર્ષાઋતુમાં જઠરાગ્નિ મંદ હોવાથી ત્રણે દોષ કોપે છે અને ત્રણે દોષ કોપવાથી વળી જઠરાગ્નિ વધારે મંદ પડે છે.

વર્ષામાં શોધન અને આહાર

आस्थापनं शुद्धतनुर्जीर्णं धान्यं रसान् कृतान्॥
जाङ्गलं पिशितं यूषान् मध्वरिष्टं चिरन्तनम्॥४५॥
मस्तु सौवर्चलाढ्यं वा पञ्चकोलावचूर्णितम्।
दिव्यं कौपं शृतं चाम्भो भोजनं त्वति दुर्दिने॥४६॥
व्यक्ताम्ललवणस्नेहं संशुष्कं क्षौद्रवल्लघु।

વિરેચન વગેરેથી શરીર શુદ્ધ કરીને નિરૂહ-બસ્તિ લેવી, જૂનું ધાન ખાવું, સ્નેહ તથા સૂંઠ વગેરે નાખીને માંસરસ પીવા; જાંગલ દેશના પ્રાણીઓનું માંસ ખાવું; મગ, દાડમ વગેરેના યૂષ તથા જૂનો દ્રાક્ષનો દારૂ તથા અરિષ્ટ પીવા. સંચળ અથવા પંચકોલનું ચૂર્ણ નાખીને દહીંનું નીતર્યું પાણી પીવું. વરસાદનું, કૂવાનું તથા ઉકાળેલું પાણી પીવું. વરસાદની બહુ હેલી હોય ત્યારે આગળ પડતું ખાટું, ખારું અને સ્નેહયુક્ત, સૂકું, મધ મેળવેલું અને હલકું ભોજન કરવું.

વર્ષામાં વિહાર

अपादचारी सुरभिः सततं धूपिताम्बरः ॥ ४७ ॥
हर्म्यपृष्ठे वसेद्बाष्पशीतशीकरवर्जिते ।

આ ઋતુમાં બહાર જવું હોય તો પગે ચાલીને જવું નહિ, સુગંધીદાર પદાર્થો ચોળીને સ્નાન વગેરેથી સુવાસિત રહેવું. કપડાં પણ હમેશાં ધૂપ દીધેલાં (ધૂપથી ગરમ અને સુવાસિત કરેલાં) પહેરવાં. બાફ, ઠંડક તથા વાછંટ જ્યાં ન આવતાં હોય તેવી મેડીમાં રહેવું.

વર્ષામાં તજવા યોગ્ય

नदीजलोदमन्थाहःस्वप्नायासातपांस्त्यजेत् ॥ ४८ ॥

નદીનું પાણી. પાણીમાં ચોળેલો સાથુ–સાથવો, દિવસે ઊંઘ, બહુ મહેનત અને તડકો–એ પાંચ વાનાં આ ઋતુમાં તજવાં.

શરદ્ચર્યા

वर्षाशीतोचिताङ्गानां सहसैवार्करश्मिभिः ।
तप्तानां सञ्चितं वृष्टौ पित्तं शरदि कुप्यति ॥ ४९ ॥
तज्जयाय घृतं तिक्तं विरेको रक्तमोक्षणम् ।

વર્ષાઋતુમાં શરીર વરસાદ અને ટાઢથી ટેવાઈ ગયું હોય છે, તેથી શરદ્ઋતુમાં સૂર્યના તાપથી શરીર એકદમ તપવા લાગે છે, ત્યારે વર્ષાકાળમાં એકઠું થયેલું માણસોનું પિત્ત કોપે છે, તે શમાવવા માટે તિક્તઘૃત ખાવું, રેચ લેવા તથા રક્તસ્રાવ કરાવવો (ફસ ખોલાવવી).

શરદ્ભોજન

तिक्तं स्वादु कषायं च क्षुधितोऽन्नं भजेल्लघु ॥ ५० ॥
शालिमुद्गसिताधात्रीपटोलमधुजाङ्गलम् ।

સારી પેઠે ભૂખ લાગે ત્યારે શાળના ચોખા, મગ, સાકર, આંબળાં, પટોળ, મધ અને જાંગલ દેશનાં પ્રાણીઓનુ માંસ, એવું એવુ કડવું, ગળ્યુ, તૂરું અને હલકું ખાવુંપીવું.

હંસોદક

तप्तं तप्तांशुकिरणैः शीतं शीतांशुरश्मिभिः ॥ ५१ ॥
समन्तादप्यहोरात्रमगस्त्योदयनिर्विषम् ।
शुचि हंसोदकं नाम निर्मलं मलजिज्जलम् ॥ ५२ ॥
नाभिष्यन्दि न वा रूक्षं पानादिष्वमृतोपमम् ।

વળી દિવસે સૂર્યનાં કિરણ ચારેપાસ લાગવાથી તપેલું અને રાત્રિએ ચંદ્રનાં કિરણથી ઠંડું થયેલું તથા અગસ્ત્યના ઉદયથી ઝેર વિનાનુ બનેલું પવિત્ર જળ હંસોદક કહેવાય છે. તે નિર્મળ, વાયુ વગેરે દોષોને મટાડે એવું હોય છે. એ નથી અભિષ્યંદી કે નથી શરીરને લૂખું પાડે એવું અને પીવા વગેરેમાં અમૃતના જેવો. ગુણ કરનારું છે.

શરદનો સાયંકાળ

चन्दनोशीरकर्पूरमुक्तास्रग्वसनोज्ज्वलः ॥ ५३ ॥
सौधेषु सौधधवलां चन्द्रिकां रजनीमुखे ।

સાયંકાળે ચંદન, વીરણવાળો, કપૂર વગેરેથી સુવાસિત થઈને, મોતીની માળાઓ પહેરીને અને ઊજળાં વસ્ત્ર પહેરી ઊજળા બનીને ધોળાવેલી હવેલીની અગાશીમાં હવેલી જેવી ઊજળી ચાંદનીમાં બેસવું. (સાયંકાળ વીત્યા પછી ઝાકળ પડે છે; માટે સાયંકાળ વીત્યા પછી ન બેસવું.)

શરદમાં તજવા યોગ્ય

तुषारक्षारसौहित्यदधितैलवसातपान् ॥ ५४ ॥
तीक्ष्णमद्यदिवास्वप्नपुरोवातान् परित्यजेत् ।

ઝાકળ, જવખાર વગેરે ક્ષાર, ધરાઈને ખાવુંપાવું, દહીં, તેલ, વસા, તડકો, જલદ દારૂ, દિવસે ઊંઘ અને પૂર્વ દિશામાંથી આવતો પવન એટલાં દશ વાનાં શરદ્ઋતુમાં તજવાં.

સંક્ષેપમાં ઋતુઋતુનું ભોજન

शीते वर्षासु चाद्यांस्त्रीन्वसन्तेऽन्त्यान् रसान्भजेत् ॥
स्वादुं निदाघे शरदि स्वादुतिक्तकषायकान् ।
शरद्वसन्तयो रूक्षं शीतं घर्मघनान्तयोः ॥ ५६ ॥
अन्नपानं समासेन विपरीतमतोऽन्यदा ।

ખાવાપીવાની વાત ટૂંકામાં જાણવી હોય તો હેમંત, શિશિર અને વર્ષાઋતુમાં પહેલા ત્રણ રસ એટલે ગળ્યો, ખાટો અને ખારો એ ત્રણ રસ ખાવાપીવા; વસંતમાં છેલ્લા ત્રણ એટલે કડવો, તીખો અને તૂરો એ ત્રણ રસ ખાવાપીવા; ગ્રીષ્મમાં ગળ્યુ ખાવુંપીવું અને શરદ્ઋતુમાં ગળ્યો, કડવો તથા તૂરો એ ત્રણ

રસ ખાવાપીવા.

શરદ અને વસંતઋતુનાં લૂખું અન્નપાન વાપરવું અને તે સિવાયની એટલે હેમંત, શિશિર, વર્ષા અને ગ્રીષ્મઋતુમાં એથી વિપરીત એટલે સ્નિગ્ધ અન્નપાન વાપરવું. ગ્રીષ્મ તથા શરદમાં શીતળ ગુણવાળું અન્નપાન વાપરવું અને તે સિવાયની એટલે હેમંત, શિશિર, વસંત અને વર્ષાઋતુમાં એથી વિપરીત એટલે ઉષ્ણ ગુણવાળું અન્નપાન વાપરવું.

સર્વ રસનું સેવન

नित्यं सर्वरसाभ्यासः स्वस्वाधिक्यमृतावृतौ ॥५७

અમુક ઋતુમાં અમુક રસનું સેવન કરવું એમ પહેલાં કહ્યું છે, પણ તે રસનું જ સેવન કરવું અને બીજા રસોનો બિલકુલ ઉપયોગ ન કરવો એમ ન થવું જોઈએ. બધા રસની ટેવ હમેશાં રાખવી, પણ તે તે ઋતુઓમા તે તે રસ વધારે લેવા.

ઋતુસંધિ

ऋत्वोरन्त्यादिसप्ताहावृतुसन्धिरिति स्मृतः ।
तत्र पूर्वो विधिस्त्याज्यः सेवनीयोऽपरः क्रमात् ॥

ઊતરતી ઋતુનું છેલ્લું તથા તેની પછી બેસવાની નવી ઋતુનું પહેલું એમ બે અઠવાડિયાં મળીને જે પંદર દિવસ થાય તેને ઋતુસંધિ કહે છે. તે વખતે ચાલુ ઋતુમાં આચરવાનો વિધિ ધીમેધીમે તજતા જવો અને તેની જગ્યાએ આવતી નવી ઋતુમાં આચરવાનો વિધિ અમલમાં આણતા જવું.

એકાએક ફેરફાર કરવાથી નુકસાન

असात्म्यजा हि रोगाः स्युः
सहसा त्यागशीलनात् ।

કેમ કે અમુક વિધિ એકાએક તજવાથી કે આચરવાથી પ્રકૃતિને માફક ન આવવાથી ઉત્પન્ન થનારા રોગ થાય છે.

इत्यष्टांगहृदये सूत्रस्थाने ऋतुचर्याध्यायस्तृतीयः ॥ ३ ॥

અધ્યાય ૪ થો

अथातो रोगानुत्पादनीयाध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

હવે શી રીતે વર્તવાથી કે શું કરવાથી રોગ ન થાય તે વિષેનો અધ્યાય કહીશું. (વાયુ વગેરેના વેગને અટકાવવાથી રોગ થાય છે; માટે તે ન કરવું તથા તેવા રોગ થાય તો પછી તેની શાંતિ કેમ કરવી એ વાત પણ આ અધ્યાયમાં આવશે.) એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

વેગ અટકાવવાની મના

वेगान्न धारयेद्वातविण्मूत्रक्षवतृट्क्षुधाम् ।
निद्राकासश्रमश्वासजृम्भाश्रुच्छर्दिरेतसाम् ॥ १ ॥

વાયુ (વાછૂટ અને ઓડકાર), ઝાડો, પેશાબ, છીંક, તરસ, ભૂખ, ઊંઘ, ઉધરસ, મહેનતથી ચડેલો શ્વાસ, બગાસું, (હરખનાં કે શોકનાં) આંસુ, ઊલટી અને વીર્યપાત એમના વેગ(હાજતો)ને પરાણે રોકવા નહિ. (એટલાં વાનાંની પ્રવૃત્તિ થવાની શંકામાત્ર થાય તો પછી તે રોકવાથી રોગ થાય છે.)

વાછૂટ રોકવાથી થતા રોગ

अधोवातस्य रोधेन गुल्मोदावर्तरुक्क्लमाः ।
वातमूत्रशकृत्सङ्गदृष्ट्यग्निवधहृद्गदाः ॥ २ ॥

વાછૂટ થતી હોય તેને અટકાવવાથી ગુલ્મ, ઉદાવર્ત, કોઠામાં શૂળ અને ગ્લાનિ થાય છે તથા વાયુ, મૂત્ર અને ઝાડો બંધ થઈ જાય છે. આંખોનું તેજ અને જઠરનો અગ્નિ નાશ પામે છે તથા હૃદયના રોગ (હૃદ્રોગ) થાય છે.

ઝાડો રોકવાથી થતા રોગ

शकृतः पिण्डिकोद्वेष्टप्रतिश्यायशिरोरुजः ।
ऊर्ध्ववायुः परीकर्तो हृदयस्योपरोधनम् ॥ ३ ॥
मुखेन विट्प्रवृत्तिश्च पूर्वोक्ताश्चामयाः स्मृताः ।

ઝાડો રોકવાથી પગની પિંડીઓમાં કળતર, સળેખમ, માથું દુખવું, શરીરના ઉપલા ભાગમાં વાયુનો પ્રકોપ (હોઈયાં હોઈયાં થવું), પરીકર્ત, છાતીની રૂંધામણ, મોઢેથી ઊલટીમાં ઝાડો નીકળે, એ બધા રોગ તથા વાછૂટ રોકવાથી

થતા રોગ પણ થાય છે.

મૂત્ર રોકવાથી થતા રોગ

अङ्गभङ्गाश्मरीबस्तिमेढ्रवंक्षणवेदनाः ॥ ४॥
मूत्रस्य रोधात्पूर्वे च प्रायो रोगाः

પેશાબ રોકવાથી શરીર તૂટે છે, પથરી થાય છે, મૂત્રાશય, મૂત્રેન્દ્રિય અને અંડ એટલી જગાએ પીડા થાય છે, વાછૂટ તથા ઝાડો રોકવાથી થતા રોગમાંથી પણ કેટલાક રોગ થાય છે.

વાછૂટ, ઝાડો, પેશાબ રોકવાથી થતા વ્યાધિના ઉપાય

तदौषधम् ।
वर्त्यभ्यङ्गावगाहाश्च स्वेदनं बस्तिकर्म च ॥ ५॥

ફલવર્તિ, અવગાહ, તાપશેક અને બસ્તિ એ વાછૂટ, ઝાડો તથા પેશાબ રોકવાથી થયેલા રોગના ઉપાય છે.

ઝાડો રોકવાથી થયેલા વ્યાધિના ઉપાય

अन्नपानं च विड्भेदि विड्रोधोत्थेषु यक्ष्मसु

ઝાડો રોકવાથી થયેલા રોગમાં ઝાડાને તોડે એવાં અન્ન અને પીણાં પણ ઉપાય તરીકે વાપરવાં. (જવ, દહીનું નીતર્યું પાણી અને બથવાથી ભાજી ઝાડાને તોડે છે.)

અવપીડક

मूत्रजेषु तु पाने च प्राग्भक्तं शस्यते घृतम् ॥६॥
जीर्णान्तिकं चोत्तमया मात्रया योजनाद्वयम् ।
अवपीडकमेतच्च संज्ञितं

મૂત્રને રોકવાથી થયેલા રોગોમાં (૧) ખાવા બેસતા પહેલાં થોડું ઘી પીને પછી તરત ખોરાક ખાવો, (૨) તેમ જ આગલે દિવસે ખાધેલું પચી ગયા પછી વધારે પણ પચી રહે એટલું ઘી પીવું. આ બેમાંથી પહેલી રીતને પ્રાગ્ભક્ત–ઘૃતપાન કહે છે. તથા બીજી રીતને જીર્ણાંતિક–ઘૃતપાન કહે છે. અવપીડક એટલે પ્રાગ્ભક્ત અને જીર્ણાંતિક એ બન્ને પ્રકારનું ઘૃતપાન.

ઓડકાર રોકવાથી થતા રોગ

धारणात्पुनः ॥७॥
उद्गारस्यारुचिः कम्पो विबन्धो हृदयोरसोः ।
आध्मानकासहिध्माश्च हिध्मावत्तत्र भेषजम् ।८

હવે ઓડકાર રોકવાથી અરુચિ, કંપ, હૃદય અને છાતીમાં જાણે દોરડાંથી તાણી બાંધ્યુ હોય એવું દુઃખ, પેટ ચડવુ, ઉધરસ, હેડકી એટલા રોગ થાય છે. એનું ઔષધ હેડકી પ્રમાણે જાણવુ.

છીંક રોકવાથી થતા રોગ

शिरोर्तीन्द्रियदौर्बल्यमन्यास्तम्भार्दितं क्षुतेः ।

છીંક રોકવાથી માથું દુખે, ઇંદ્રિયો નબળી બને, ડોક રહી જાય અને અર્દિત નામે વાયુનો રોગ થાય છે.

છીંક રોકવાથી થતા રોગના ઉપાય

तीक्ष्णधूमाञ्जनाघ्राणनावनार्कविलोकनैः ॥ ९॥
प्रवर्तयेत्क्षुतिं सक्तां स्नेहस्वेदौ च शीलयेत् ।

છીંક રોકવાથી થયેલા રોગ મટાડવા માટે તીક્ષ્ણ ધૂમ, તીક્ષ્ણ અંજન, મરી જેવા તીક્ષ્ણ પદાર્થ છીંકણી માફક સૂંઘવા, તીક્ષ્ણ નસ્ય, સૂર્ય સામું જોવુ એ ઉપાય કરવા. રોજ સ્નેહન અને સ્વેદન કરવુ. આમ કરીને અટકેલી છીંકો આણવી.

તરસ રોકવાથી થતા રોગ

शोषाङ्गसादबाधिर्यसम्मोहभ्रमहृद्गदाः ॥ १०॥
तृष्णाया निग्रहात्तत्र शीतः सर्वो विधिर्हितः ।

તરસ રોકવાથી મુખશોષ (મોં સુકાવુ), શરીરની શિથિલતા, બહેરાપણું, મોહ, ભ્રમ (ચકરી) અને હૃદયનો રોગ થાય છે. તરસ રોકવાથી થયેલા આ રોગોમાં તમામ ઠંડા ઉપચાર ફાયદો આપે છે.

ભૂખ રોકવાથી થતા રોગ

अङ्गभङ्गारुचिग्लानिकार्श्यशूलभ्रमाः क्षुधः ॥११॥
तत्र योज्यं लघु स्निग्धमुष्णमल्पं च भोजनम् ।

ભૂખ રોકવાથી, ભૂખ લાગ્યા છતાં ન ખાવાથી, શરીર તૂટે છે; અરુચિ, ગ્લાનિ અને દૂબળાપણુ થાય છે; કોઠામાં શૂળ આવે છે, ફેર આવે છે. એ વ્યાધિઓ મટાડવાને હલકુ, સ્નિગ્ધ, ઊનુ તથા થોડુ ખાવાપીવાનુ આપવુ.

ઊંઘ રોકવાથી થતા રોગ

निद्राया मोहमूर्धाक्षिगौरवालस्यजृम्भिकाः॥१२॥
अङ्गमर्दश्च, तत्रेष्टः स्वप्नः संवाहनानि च ।

ઉજાગરો કરવાથી મોહ થાય છે, માથું તથા આંખો ભારે થાય છે, આળસ અને

ખવાય છે, શરીરમાં ચૂંથારા થાય છે. એ મટાડવા માટે ઊંઘવું તથા શરીરે થોડી ચંપી કરાવવી એ ઇચ્છવા જેવું છે.

ઉધરસ રોકવાથી થતા રોગ

कासस्य रोधात्तद्वृद्धिः श्वासारुचिहृदामयाः ॥
शोषो हिध्मा च, कार्योऽत्र कासहा सुतरां विधिः।

ઉધરસ રોકવાથી ઉધરસ વધે છે તથા દમ, અરુચિ, હૃદયના રોગ, ક્ષય અને હેડકીનો રોગ થાય છે. એમાં ઉધરસ મટાડવાના ઉપાય અતિશય કરવા.

થાકથી ચડેલો શ્વાસ રોકવાથી થતા રોગ

गुल्महृद्रोगसम्मोहाः श्रमश्वासाद्विधारितात् ॥
हितं विश्रमणं तत्र वातघ्नश्च क्रियाक्रमः।

ચાલવું, દોડવું, કસરત વગેરેથી થયેલી હાંફને રોકવાથી ગોળો, હૃદયના રોગ અને મોહ થાય છે. આરામ લેવો તથા વાયુ મટે એવા ઉપાય કરવા તે એમાં હિતકારક છે.

બગાસું રોકવાથી થતા રોગ

जृम्भायाः क्षववद्रोगाः सर्वश्चानिलजिद्विधिः ॥१५

છીંક રોકવાથી જે રોગ થાય છે તે રોગ બગાસું રોકવાથી પણ થાય છે. વાયુ મટે એવા બધા ઉપાય એમાં હિતકારક છે.

આંસુ રોકવાથી થતા રોગ

पीनसाक्षिशिरोहृद्रुङ्मन्यास्तम्भारुचिभ्रमाः।
सगुल्मा बाष्पतस्तत्र स्वप्नो मद्यं प्रियाः कथाः ॥१६

આંસુ રોકવાથી સળેખમ; આંખમાં, માથામાં અને હૃદયમાં પીડા; ડોક રહી જવાનો રોગ; અરુચિ, ભ્રમ અને ગોળો થાય છે. ઊંઘવું, દારૂ પીવો અને મનગમતી વાતો કરવી એ એમાં હિતકારક છે.

ઊલટી રોકવાથી થતા રોગ

विसर्पकोठकुष्ठाक्षिकण्डूपाण्ड्वामयज्वराः।
सकासश्वासहृल्लासव्यङ्गश्वयथवो वमेः ॥ १७॥

ઊલટીનો વેગ રોકવાથી રતવા, કોઢરોગ, કુષ્ઠ, આંખના રોગ, ખણુજ, પાંડુરોગ, તાવ, ઉધરસ, દમ, ઊબકા, વ્યંગરોગ, સોજા–એટલા રોગ થાય છે.

ઉપાય

गण्डूषधूमानाहारा रूक्षं भुक्त्वा तदुद्वमः।
व्यायामः स्रुतिरस्रस्य शस्तं चात्र विरेचनम् ॥१८
सक्षारलवणं तैलमभ्यङ्गार्थे च शस्यते।

ઊલટી રોકવાથી થયેલા રોગ મટાડવાને ગંડૂષવિધિમાં કહ્યા પ્રમાણે કોગળા કરવા; ધૂમપાનવિધિમાં કહ્યા પ્રમાણે ધુમાડો પીવો; ઉપવાસ કરવો; લૂખા પદાર્થ ખાઈને તેની ઊલટી કરવી, કસરત કરવી, લોહી કઢાવવું અને જુલાબ લેવો એ હિતકારક છે, તેમ જ ક્ષાર અને લવણ મેળવીને તેલ ચોળવું તે પણ ફાયદાકારક છે.

વીર્યનો વેગ રોકવાથી થતા રોગ

शुक्रात्तत्स्रवणं गुह्यवेदनाश्वयथुज्वराः ॥१९॥
हृद्व्यथामूत्रसङ्गाङ्गभङ्गवृद्ध्यश्मषण्ढताः।

વીર્યનો વેગ રોકવાથી વીર્ય ઝરે છે, ગુહ્ય અવયવો(ગુદા, અંડ તથા મૂત્રેન્દ્રિય)માં પીડા તથા સોજો, તાવ, હૃદયમા પીડા, પેશાબ ન થાય, શરીરનાં અંગો તૂટે, વધરાવળ, પથરીનો રોગ અને નપુંસકપણું એ રોગો થાય છે.

ઉપાય

ताम्रचूडसुराशालिवस्त्यभ्यङ्गावगाहनम् ॥२०॥
बस्तिशुद्धिकरैः सिद्धं भजेत्क्षीरं प्रियाः स्त्रियः।

વીર્ય રોકવાથી થયેલા રોગમાં કૂકડાનું માંસ ખાવું, સુરા પીવી, શાળના ચોખા ખાવા, બસ્તિ લેવી, તેલ ચોળવું, અવગાહન કરવું, મૂત્રાશયને અંદરથી સાફ કરે એવા કોળું વગેરે પદાર્થથી સિદ્ધ કરેલું દૂધ પીવું અને મનગમતી સ્ત્રીઓને ભોગવવી.

વેગ રોકવાથી થયેલા રોગ અસાધ્ય ક્યારે જાણવા?

तृट्शूलार्तं त्यजेत् क्षीणं विड्वमं वेगरोधिनम् ॥२१

વેગ રોકવાથી જેને રોગ થયા હોય તેને ઘણી તરસ લાગતી હોય અને તેથી પીડાતો હોય તથા શૂળ આવતું હોય, બહુ દૂબળો થઈ ગયો હોય; તેમ જ ઝાડાની ઊલટી થતી હોય તો તેવા રોગીને વૈદ્યે છોડી દેવો. (ઔષધ ન કરવું; કારણ કે તેનો રોગ અસાધ્ય છે.)

વેગોને પરાણે કાઢવાથી કે રોકવાથી થતા રોગ

रोगाः सर्वेऽपि जायन्ते वेगोदीरणधारणैः ।

વેગોને પરાણે આણવાથી કે રોકવાથી તમામ રોગ થાય છે. (ફક્ત ઉપર ગણાવ્યા એટલા જ નહિ, પણ ગમે તે અને ગમે તેટલા રોગ થઈ શકે છે.)

તેમાં વાતાનુલોમન વિધિ કરવો

निर्दिष्टं साधनं तत्र भूयिष्ठं ये तु तान् प्रति ॥२२
ततश्चानेकधा प्रायः पवनो यत्प्रकुप्यति ।
अन्नपानौषधं तस्य युञ्जीतातोऽनुलोमनम् ॥२३॥

વેગ પરાણે આણવાથી અને રોકવાથી જે રોગો થાય છે તેમાં ગોળો, ઉદાવર્ત વગેરે જે રોગો નામ દઈને ગણાવ્યા છે તે રોગો ઘણુંખરું થાય છે. તેના ઉપાય તે તે જગ્યાએ બતાવ્યા છે. નામ દઈને ગણાવેલા અને ન ગણાવેલા સર્વ ઉદાવર્ત રોગોમાં વાયુ અનેક પ્રકારે પુષ્કળ કોપે છે; માટે તેને (વાયુને) સ્વાભાવિક માર્ગે લાવી મૂકનાર અન્ન, પાન (પીણું) અને ઔષધો આપવાં.

લોભ વગેરેના વેગ અટકાવવા

धारयेत्तु सदा वेगान् हितैषी प्रेत्य चेह च ।
लोभेर्ष्याद्वेषमात्सर्यरागादीनां जितेन्द्रियः ॥२४॥

જે માણસ પરલોકમાં તથા આ લોકમાં પોતાનું ભલું ઇચ્છતો હોય તેણે ઇંદ્રિયોને જીતીને (ઇંદ્રિયોના વિષયોની લાલસા છોડી દઈને) લોભ, ઈર્ષ્યા, દ્વેષ, મત્સર અને આસક્તિ વગેરે વેગોને નિરંતર રોકવા. (ધાકધમકીને વશ થઈ આ વેગો રોકવાથી રોગ થાય છે; માટે ઇંદ્રિયોને જીતીને આ વેગોને રોકવા.)

શોધનની જરૂર

यतेत च यथाकालं मलानां शोधनं प्रति ।
अत्यर्थसञ्चितास्ते हि क्रुद्धाः स्युर्जीवितच्छिदः ॥२५

દરેક દોષ અને મળનું શોધન કરવા માટે તે તે દોષ અને મળ માટે અને શોધન કરવાની રીત માટે જે યોગ્ય સમય હોય તે સમયે મળનું શોધન કરવાનો યત્ન કર્યા કરવો; કેમ કે જ્યારે તે મળ પોતપોતાનાં સ્થાનમાં એકઠા થાય છે, ત્યારે તે પ્રકોપ પામીને આયુષ્યનો નાશ પણ કરી શકે છે.

दोषाः कदाचित्कुप्यन्ति जिता लङ्घनपाचनैः ।
ये तु संशोधनैः शुद्धा न तेषां पुनरुद्भवः ॥२६॥

લંઘન (ઉપવાસ) અને પાચન વગેરેથી સુધારેલા (સ્વાભાવિક સ્થિતિમાં આણેલા) દોષો પણ કદાચ કોપે છે, પણ સારી રીતે શોધન કરીને શુદ્ધ કરેલા દોષ ફરીથી ઊખળતા નથી.

રસાયન વગેરે યોગ

यथाक्रमं यथायोगमत ऊर्ध्वं प्रयोजयेत् ।
रसायनानि सिद्धानि वृष्ययोगांश्च कालवित् ॥२७

દેશ, કાળ, બળ, શરીર, આહાર, સાત્મ્ય, સત્ત્વ, પ્રકૃતિ વગેરે જાણનાર વૈદ્યે દોષોની શુદ્ધિ કર્યા પછી રસાયન અધ્યાયમાં કહેલા ક્રમ પ્રમાણે સિદ્ધ (અનેકવાર અજમાવી જોયેલા) રસાયણ અને વાજીકરણ પ્રયોગો કરવા.

નોંધ: યથાક્રમ=ઉ. ૩૯/૧૦૬થી ૧૪પ્રમાણે રસાયનનો ક્રમ અને ઉ. ૪૦/૬૬થી ૮ પ્રમાણે વાજીકરણનો ક્રમ.

યથાયોગ=દરદીની પ્રકૃતિ વગેરે માટે યોગ્ય હોય એવો રસાયનનો અને વાજીકરણનો યોગ.

બૃંહણક્રિયા

भेषजक्षपिते पथ्यमाहारैर्बृंहणं क्रमात् ।
शालिषष्टिकगोधूममुद्गमांसघृतादिभिः ॥ २८ ॥
हृद्यदीपनभैषज्यसंयोगाद्रुचिपक्तिदैः ।
साभ्यङ्गोद्वर्तनस्नाननिरुहस्नेहबस्तिभिः ॥२९॥

દવાથી (ખાસ કરીને શોધનથી) દૂબળા પડી ગયેલા દરદીને ક્રમસર અભ્યંગ, ઉદ્વર્તન, સ્નાન, બૃંહણ, નિરૂહબસ્તિ તથા બૃંહણ અનુવાસનબસ્તિની ક્રિયાઓ કરીને તથા (સૂંઠ, પીપર, આદું, તજ, એલચી વગેરે) હૃદ્ય અને દીપન ઔષધો ભેળવીને શાળ ચોખા, સાઠી-ચોખા, ઘઉં, મગ, માંસ, ઘી વગેરે ખાવાની રુચિ ઉત્પન્ન કરે એવા તથા પાચનશક્તિ વધારે એવા ખોરાક યોગ્ય ક્રમમાં આપીને એનું બૃંહણ કરવું એ હિતકર છે.

શોધન વગેરેનું ફળ

तथा स लभते शर्म सर्वपावकपाटवम् ।
धीवर्णेन्द्रियवैमल्यं वृषतां दैर्घ्यमायुषः ॥३०॥

એવી રીતે પ્રથમ શોધન, પછી બૃંહણ, પછી રસાયન પ્રયોગ કરવાથી તે મનુષ્ય આરોગ્યરૂપી સુખ પામે છે તથા પાંચભૌતિક અગ્નિ, સાત ધાતુઓના અગ્નિ અને તેરમો જઠરાગ્નિ–એ સર્વ અગ્નિ (શા. ૩) પ્રદીપ્ત થાય છે; બુદ્ધિ, શરીરનો રંગ અને ઇંદ્રિયો નિર્મળ થાય છે; વિષયશક્તિ વધે છે અને આવરદા લંબાય છે.

આગંતુક રોગ

ये भूतविषवाय्वग्निक्षतभङ्गादिसम्भवाः ।
रागद्वेषभयाद्याश्च ते स्युरागन्तवो गदाः ॥ ३१ ॥

જે તાવ વગેરે રોગ ભૂત (વળગાડ), ઝેર, વાવાઝોડું, દાઝવું, વાગવું, ભાંગવું વગેરેથી થયા હોય તેમને તથા કામ, ક્રોધ, ભય વગેરેને પણ આગંતુક રોગ સમજવા.

રોગ ન થવા દેવાના તથા મટાડવાના ઉપાય

त्यागः प्रज्ञापराधानामिन्द्रियोपशमः स्मृतिः ।
देशकालात्मविज्ञानं सद्वृत्तस्यानुवर्तनम् ॥ ३२ ॥
अथर्वविहिता शान्तिः प्रतिकूलग्रहार्चनम् ।
भूताद्यस्पर्शनोपायो निर्दिष्टश्च पृथक्पृथक् ॥ ३३ ॥
अनुत्पत्त्यै समासेन विधिरेषः प्रदर्शितः ।
निजागन्तुविकाराणामुत्पन्नानां च शान्तये ॥ ३४ ॥

પ્રજ્ઞાપરાધ છોડી દેવા, ઇંદ્રિયો કબજામાં રાખવી, સૂ. ૨/૪૭માં કહેલી બાબતો સ્મરણમાં રાખવી, જંગલ વગેરે દેશ, શિશિર વગેરે ઋતુ તથા વાતપ્રકૃતિ વગેરે પોતાની પ્રકૃતિ એ સર્વ સમજીને રહેવું, સત્ પુરુષો જે માર્ગે ચાલતા હોય તેને અનુસરવું, અથર્વવેદમાં કહેલું શાંતિકર્મ કરવું, નડતા ગ્રહોની પૂજા કરવી તથા ઉત્તરસ્થાનમાં ભૂતપ્રતિષેધ અધ્યાયમાં જે જુદાજુદા ઉપાય બતાવ્યા છે તે કરવા. નિજ તથા આગંતુક રોગો ન થવા દેવા માટે તથા થયા હોય તો તેને મટાડવા માટે ટૂંકામાં આ ઉપર કહેલો વિધિ દેખાડ્યો છે.

પ્રાકૃતિક રોગમાંથી બચવાનો ઉપાય : દોષોના શોધનનો સમય

शीतोद्भवं दोषचयं वसन्ते
विशोधयन् ग्रीष्मजमभ्रकाले ।
घनात्यये वार्षिकमाशु सम्यक्
प्राप्नोति रोगानृतुजान्न जातु ॥३५॥

શીતઋતુ (હેમંત અને શિશિર)માં ભેગા થયેલા દોષના સંચયનું વસંતની શરૂઆતમાં શોધન કરવું, ગ્રીષ્મઋતુમાં એકઠા થયેલા દોષના સંચયનું વર્ષાઋતુની શરૂઆતમાં શોધન કરવું, વર્ષાઋતુમાં એકઠા થયેલા દોષનુ શોધન શરદ-ઋતુની શરૂઆતમાં કરવુ. એ પ્રમાણે બરાબર કરનાર માણસને ઋતુથી થતા રોગ કદાપિ થતા નથી.

નીરોગી કેમ રહેવાય?

नित्यं हिताहारविहारसेवी
समीक्ष्यकारी विषयेष्वसक्तः ।
दाता समः सत्यपरः क्षमावा–
नाप्तोपसेवी च भवत्यरोगः ॥३६॥

રોજ પથ્ય આહારવિહારનુ સેવન કરનાર, જોઈ વિચારીને કામ કરનાર, ઇંદ્રિયોના વિષયો પર આસક્તિ ન રાખનાર, દાન આપનાર, સર્વને સમાન ગણનાર, સત્યનિષ્ઠ, ક્ષમા આપ-નાર અને આપ્તજનની સેવા કરનાર માણસ નીરોગી રહે છે.

આપ્તજન=જે માણસ જે બાબતની સંપૂર્ણ યોગ્યતાવાળો હોય તે માણસ તે બાબત પૂરતો આપ્તજન કહેવાય છે.

इति अष्टांगहृदये सूत्रस्थाने रोगानुत्पादनीयोऽध्यायश्चतुर्थः ।

અધ્યાય ૫ મો

ગયા અધ્યાયને અંતે પથ્ય આહાર અને વિહારનું સેવન કરવાનુ કહ્યું. વળી આગળ કહ્યુ છે કે વસંતઋતુમાં ભારે, ઠંડા પદાર્થો, દહાડે ઊંઘ, સ્નિગ્ધ, ખાટા અને ગળ્યા પદાર્થોનો ત્યાગ કરવો (સૂ. ૩/૨૫-૨૬); પણ કોને કયા આહારવિહાર પથ્ય છે તે તથા કયા પદાર્થ-માં કયા ગુણ છે તે પણ આગળ કહેવાયું નથી; તેથી આ અધ્યાયથી પદાર્થોના ગુણદોષ કહેવાની શરૂઆત કરે છે. પદાર્થ (દ્રવ્ય)ના મુખ્ય બે ભાગ પાડ્યા છે: દ્રવ અને અદ્રવ. એમાંથી દ્રવ પદાર્થ (દ્રવદ્રવ્ય) વિષેની હકીકત

આ અધ્યાયમા આપી છે.

अथातो द्रवद्रव्यविज्ञानीयमध्यायं व्याख्यास्यामः ॥ इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

હવે દ્રવ પદાર્થોના વિજ્ઞાનનો અધ્યાય અમે સમજાવીએ છીએ. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

જળવર્ગ

પાણીના ગુણ

जीवनं तर्पणं हृद्यं ह्लादि बुद्धिप्रबोधनम् ।
तन्वव्यक्तरसं मृष्टं शीतं लघ्वमृतोपमम् ॥ १ ॥
गङ्गाम्बु नभसो भ्रष्टं स्पृष्टं त्वर्केन्दुमारुतैः ।
हिताहितत्वे तद्भूयो देशकालावपेक्षते ॥ २ ॥

આકાશમાંથી પડતા (વસ્ત્ર વગેરેમાં અદ્ધર ઝીલેલા) પાણીને ગંગામ્બુ કહે છે. તે જીવન, તર્પણ, હૃદ્ય, આનંદ આપનારું, બુદ્ધિને જાગૃત કરનારું, બહુ પાતળું, અવ્યક્ત રસવાળું એટલે છ રસમાંથી એક પણ રસ (સ્વાદ) સ્પષ્ટ માલૂમ ન પડવાથી એમાં કયો રસ છે તેનો નિર્ણય થઈ શકે નહિ એવું, મૃષ્ટ, અડકવામાં ઠંડું તથા ઠંડું પડે એવું, હલકું તથા અમૃત જેવું ગુણકારી છે. પણ ખાસ તો આકાશમાંથી જમીન પર પડેલા પાણીને જ્યારે સૂર્ય અને ચંદ્રનાં કિરણો લાગે છે અને વાયુનો સ્પર્શ થાય છે, ત્યારે તે દેશકાળ પ્રમાણે ગુણકારી કે અવગુણકારી થાય છે.

નોંધ:–'ખાસ તો' એ શબ્દો એવું સૂચવે છે કે મોટેભાગે તો વરસાદનું જમીન પર પડેલું પાણી દેશના અને કાળના ગુણદોષને લીધે ગુણવાળું કે અવગુણવાળું બને છે, પણ આકાશમાંથી અદ્ધર ઝીલેલું પાણી પણ દેશકાળના ગુણદોષ પ્રમાણે કેટલેક અંશે ગુણવાળું કે અવગુણવાળું થાય છે. દાખલા તરીકે વરસાદનું પાણી જે પાત્રમાં અદ્ધર ઝીલ્યું હોય તે પાત્રના ગુણદોષ એ પાણીમાં આવે છે. વળી વર્ષાઋતુના વરસાદનું અદ્ધર ઝીલેલું પાણી ફાયદો કરે છે, પણ વર્ષાઋતુ સિવાયની બીજી ઋતુમાં પડેલા વરસાદનું અદ્ધર ઝીલેલું પાણી નુકસાન કરે છે. આમ વરસાદનું અદ્ધર ઝીલેલું પાણી (ગંગામ્બુ, દિવ્યામ્બુ) ફાયદો કરે કે નુકસાન તેનો આધાર પણ કેટલેક અંશે દેશ (પાત્ર) અને કાળ (ઋતુ) પર છે.

પણ આ નિયમ જમીન પર પડેલા વરસાદના પાણી(ભૌમજલ)ને ખાસ લાગુ પડે છે. દાખલા તરીકે, જાંગલ દેશમાં પડેલું વરસાદનું પાણી હિતકારી છે. અનૂપ દેશમાં પડેલું વરસાદનું પાણી નુકસાન કરે છે. તેમાંયે વળી સ્વચ્છ જગ્યાએ પડેલું પાણી ફાયદો કરે છે. અસ્વચ્છ (મેલી, ગંદી) જગ્યાએ પડેલું પાણી નુકસાન કરે છે. કૂવામાં પડેલું પાણી ફાયદો કરે છે, તળાવમાં પડેલું પાણી નુકસાન કરે છે. સારા વાસણમાં વરસાદનું પાણી ભર્યું હોય તો તે ફાયદો કરે છે. ખરાબ વાસણમાં ભર્યું હોય તો નુકસાન કરે છે. તરસના રોગવાળાના શરીરમાં પાણી જાય તો ફાયદો કરે છે, જળંધર જેવા રોગવાળાના શરીરમાં જાય તો નુકસાન કરે છે. આ બધા દાખલા દેશ(ભૂમિ, જગ્યા, વાસણ, દેહ, જળાશય)ને લીધે પાણીમાં ગુણ કે દોષ આવે તેના છે.

તે જ પ્રમાણે કાળને લીધે પણ જમીન પર પડેલા વરસાદના પાણીમાં ગુણદોષ આવે છે. દાખલા તરીકે, શરદ અને ગ્રીષ્મઋતુમાં પાણી ફાયદો કરે છે, બીજી ઋતુઓમાં નુકસાન કરે છે. દિવસે પાણી ફાયદો કરે છે, રાતે નુકસાન કરે છે. ખાતાંખાતાં વચ્ચેવચ્ચે પીધેલું પાણી ફાયદો કરે છે, ખાધા પહેલાં તરત અને ખાધા પછી તરત પીધેલું પાણી નુકસાન કરે છે.

ગાંગજળનું લક્ષણ

येनाभिवृष्टममलं शाल्यन्नं राजते स्थितम् ।
अक्लिन्नमविवर्णं च तत्पेयं गाङ्गम्

ગાંગપાણીની પરીક્ષા એ છે, કે રૂપાના વાસણમા શાલિ ચોખાના ભાતનો પિંડ (ગોળો) મૂકીને તે પર જે વરસાદનું પાણી છાંટ્યા પછી પણ (એક મુહૂર્ત સુધીમાં) તે ભાતનો પિંડ પચપચો ન થઈ જાય અને પોતાના અસલ

રંગનો રહે, તે પાણી ગાંગજળ છે એમ સમજીને તેને (નાહવાના તથા) પીવાના ઉપયોગમાં લેવું.

સામુદ્રજળ ન પીવું

अन्यथा ॥ ३ ॥

सामुद्रं तत्र पातव्यं मासादाश्वयुजाद्विना ।

એથી ઊલટું હોય તો એટલે જે વરસાદનું પાણી છાંટવાથી શાલી ચોખાના ભાતના પિંડનો રંગ એક મુહૂર્તમાં બદલાય અને એ પિંડ પચપચો થઈ જાય તો તે પાણીને 'સામુદ્રજળ' કહેવું; સામુદ્રજળ આસો સિવાય બીજા મહિનામાં નાહવા કે પીવામાં વાપરવું નહિ. (આસો મહિનામાં અદ્ધર ઝીલેલું વરસાદનું પાણી ક્ષારવાળું હોવાથી એ છાંટવાથી ભાત સ્વાભાવિક રીતે પચપચો થાય છે, પાણી ખરાબ હોવાથી નહિ; માટે આસો મહિનામાં ઝીલેલું પાણી પીવામાં હરકત નથી.)

કેવું ભૌમજળ પીવું ?

ऐन्द्रमम्बु सुपात्रस्थमविपन्नं सदा पिबेत् ॥ ४ ॥
तदभावे च भूमिष्ठमान्तरिक्षानुकारि यत् ।
शुचिपृथ्वसितश्वेते देशेऽर्कपवनाहतम् ॥ ५ ॥

રૂપા વગેરેના ચોખ્ખા વાસણમાં ઝીલેલું અને ભરેલું વરસાદનું પાણી જો બગડેલું ન હોય તો તે સદાય પીવું (પણ મલિન, અપવિત્ર, નિંદિત પાત્રમાં ઝીલેલું ન પીવું); તેવું પાણી ન મળે તો કાળી કે ગોરાડુ જમીનના વિશાળ અને પવિત્ર (ચોખ્ખા) ભાગમાં ભરાયેલું, ચારે પાસેથી સૂર્યના તડકા અને પવનના સપાટા લાગતા હોય તેવું પણ ઉપર કહેલા ગાંગજળના ગુણોમાંથી જેટલા બને એટલા વધારે ગુણોવાળું પાણી નાહવા તથા પીવા માટે વાપરવું.

ન પીવાલાયક પાણી

न पिबेत्पङ्कशैवालतृणपर्णाविलास्तृतम् ।
सूर्येन्दुपवनादृष्टमभिवृष्टं घनं गुरु ॥ ६ ॥
फेनिलं जन्तुमत्तप्तं दन्तग्राह्यतिशैत्यतः ।
अनार्तवं च यद्दिव्यमार्तवं प्रथमं च यत् ॥ ७ ॥
लूतादितन्तुविण्मूत्रविषसंश्लेषदूषितम् ।

કાદવ, લીલ, ઘાસ અને પાંદડાંથી મેલું થયું હોય તથા છવાઈ ગયું હોય એવું, સૂર્ય કે ચંદ્રના કિરણ જેના પર પડતાં ન હોય એવું, પવનના સપાટા જેને લાગતા ન હોય એવું, તરતનું વરસેલું, ડહોળું (માટી, રેતી વગેરે ભળવાથી જાડું થયેલું), ભારે, ફીણવાળું, જીવાતવાળું, તડકાથી ગરમ થઈ ગયેલું તથા દાંત કળે એવું ઠંડું પાણી પીવું નહિ. (તરતનું વરસેલું પાણી ન પીવું એમ કહેવામાં એ મતલબ છે કે તે દિવસનું વરસેલું પાણી કે એવા પાણી સાથે ભળેલું પાણી ન પીવું. પણ ત્રણ રાતો વીત્યા પછી પાણી નીતર્યું હોય તે ઉપયોગમાં લેવાય. ચોમાસામાં વરસાદના પાણીથી ભરાઈ રહેલા ખાબોચિયામાંનું પાણી તાપથી ઊકળતું હોય છે; તેવું પાણી ખુલ્લા પવનમાં હોય, સૂર્ય-ચંદ્રનાં કિરણો તે પર પડતાં હોય તોપણ ન લેવું.)

જે દિવ્ય જળ વર્ષાઋતુ સિવાય બીજી ઋતુમાં પડેલું હોય તે પીવું નહિ. વર્ષાઋતુમાં પણ પહેલા વરસાદનું પાણી પીવા યોગ્ય નથી, તેમ જ કરોળિયા વગેરે ઝીણાં જંતુઓની લાળ (જાળ), હગાર, મૂત્ર, ઝેર વગેરે અડકવાથી દૂષિત થયેલું પાણી પણ પીવા યોગ્ય નથી.

નદીઓનું નિરૂપણ

पश्चिमोदधिगाः शीघ्रवहा याश्चामलोदकाः ॥ ८ ॥
पथ्याः समासात्ता नद्यो विपरीतास्त्वतोऽन्यथा

ટૂંકમાં જે નદીઓ પશ્ચિમ તરફના સમુદ્રને મળતી હોય, જલદી (ઝડપથી) વહેતી હોય એટલે વેગવાળી હોય તથા નિર્મળ પાણીવાળી હોય તે નદીઓને હિતકર જાણવી. (મતલબ કે તેનું પાણી માફક આવે એવું સમજવું.) એથી ઊલટા પ્રકારની જે નદીઓ હોય એટલે પશ્ચિમ સિવાય બીજા સમુદ્રને મળનારી, ધીમા વહેણવાળી તથા મેલા પાણીની હોય તેનું પાણી અહિતકારક જાણવું.

કેવી નદીઓ પથ્ય અને અપથ્ય છે ?

उपलास्फालनाक्षेपविच्छेदैः खेदितोदकाः ॥ ९ ॥
हिमवन्मलयोद्भूताः पथ्यास्ता एव च स्थिराः
कृमिश्लीपदहृत्कण्ठशिरो रोगान् प्रकुर्वते ॥ १० ॥

જે નદીઓ હિમાલય તથા મલય પર્વતમાંથી

નીકળી હોય તેનું પાણી જો નદીઓમાંના પથ્થર સાથે અથડાવાથી ઊછળતું હોય, ખળખળતું હોય કે પાણીના બે પ્રવાહ છૂટા પડી જતા હોય અને એ રીતે પાણી અથડાઈ-કૂટાઈને 'હલકું બન્યું હોય તો તે પાણી હિતકર છે; પણ જો તે જ નદીઓનાં પાણી સ્થિરપણે વહેતાં હોય તો તે કરમિયા, હાથીપગ, હૃદયરોગ, ગળાના રોગ અને માથાના રોગ કરે છે.

કઈ નદીઓનું પાણી કેવું છે?

प्राच्यावन्त्यपरान्तोत्था दुर्नामानि महेन्द्रजाः ।
उदरश्लीपदातङ्कान् सह्यविन्ध्योद्भवाः पुनः ॥११॥
कुष्ठपाण्डुशिरोरोगान् दोषघ्न्यः पारियात्रजाः ।
बलपौरुषकारिण्यः सागराम्भस्त्रिदोषकृत् ॥१२॥

પૂર્વ માળવા અને પશ્ચિમ માળવાના સીમાડા ઉપર આવેલા પર્વતોમાંથી વહેતી નદીઓનાં પાણી હરસ નામે રોગ કરે છે. મહેંદ્રાચળમાંથી નીકળેલી નદીઓનાં પાણી ઉદરરોગ તથા હાથીપગ નામનો રોગ કરે છે. સહ્યાદ્રિ અને વિંધ્યાચળમાંથી નીકળતી નદીઓ ચામડીના રોગ, ખણજ, પાંડુરોગ અને માથાનાં દરદ કરે છે. પારિયાત્ર નામે પર્વતના તળાવોમાંથી નીકળેલી નદીઓ વાયુ વગેરે દોષનો નાશ કરે છે તથા બળ અને વીર્યનો વધારો કરે છે. સમુદ્રનું પાણી વાયુ વગેરે ત્રણે દોષને ઉત્પન્ન કરે છે.

કૂવા-તળાવ વગેરેનાં પાણી

विद्यात्कूपतडागादीन् जाङ्गलानूपशैलतः ।

જાંગલપ્રદેશ, અનૂપપ્રદેશ કે પર્વત પ્રદેશમાં કૂવા, તળાવ વગેરે હોય તેનાં પાણી તે તે પ્રદેશના ગુણદોષ પ્રમાણે ગુણ કે અવગુણ કરે છે, એટલે જાંગલ પ્રદેશના કૂવા વગેરેનાં પાણી હલકાં જાણવાં. અનૂપ પ્રદેશના કૂવા વગેરેનાં પાણી ભારે સમજવાં. પર્વત ઉપરના (ઊંચાણના પ્રદેશના) કૂવા વગેરેનાં પાણી વધારે હલકાં સમજવાં.

પાણી કોણે, ક્યારે, કેટલું પીવું?

नाम्बु पेयमशक्त्या वा स्वल्पमल्पाग्निगुल्मिभिः ॥१३
पाण्डूदरातिसारार्शोग्रहणीशोषशोथिभिः ।
ऋते शरन्निदाघाभ्यां पिबेत्स्वस्थोऽपि चाल्पशः ॥१४

જેનો જઠરાગ્નિ થોડો હોય કે જેને ગોળો, પાંડુ, ઉદરરોગ, અતિસાર, હરસ, સંગ્રહણીરોગ અને સોજાનો રોગ હોય તેણે પાણી બિલકુલ ન પીવું; પણ ન જ રહેવાય તો ઘણું જ થોડું પીવું. તંદુરસ્ત માણસે પણ શરદ અને ગ્રીષ્મઋતુ સિવાય બાકીના કાળમાં થોડુંથોડું જ પાણી પીવું. (રોગી માણસે પાણી પીવું પડે તો ઉકાળેલું પાણી ઠંડું થયા પછી પીવું.)

જમતી વખતે પાણી પીવાની રીત

समस्थूलकृशा भुक्तमध्यान्तप्रथमाम्बुपाः ।

અડધું જમી રહ્યા પછી પાણી પીવાથી ધાતુઓ યોગ્ય પ્રમાણમાં રહે છે, તેથી શરીર જોઈએ તેવું રહે છે. ભોજનને અંતે પાણી પીવાથી આમાશયમાં કફની વૃદ્ધિ થાય છે તેથી શરીર થોલા જેવું થાય છે. ખાતાં પહેલાં પાણી પીવાથી જઠરાગ્નિને તે હોલવી નાખે છે, તેથી એ અગ્નિમાં પચાવવાની શક્તિ રહેતી નથી અને અન્ન સારી રીતે પચે નહિ તેથી તે માણસનું શરીર દૂબળું થાય છે.

ઠંડા પાણીના ગુણ

शीतं मदात्ययग्लानिमूर्च्छाच्छर्दिश्रमभ्रमान् ॥१५
तृष्णोष्णदाहपित्तास्रविषाण्यम्बु नियच्छति ।

ઠંડું પાણી પીવાથી મદાત્યય (બહુ દારૂ પીવાથી થયેલા રોગ), ગ્લાનિ, મૂર્છા, ઊલટી, થાક, ફેર, તરસ, સૂર્ય વગેરેનો તાપ, બળતરા, પિત્ત તથા લોહીના રોગ તથા ઝેરના ઉપદ્રવ મટે છે.

ઊના પાણીના ગુણ

दीपनं पाचनं कण्ठ्यं लघूष्णं बस्तिशोधनम् ॥१६॥
हिध्माध्मानानिलश्लेष्मसद्यःशुद्धिनवज्वरे ।
कासामपीनसश्वासपार्श्वरुक्षु च शस्यते ॥१७॥

ઊનું પાણી જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, આમને અને આહારને પચાવે છે, કંઠને (અવાજને) સુધારનારું, હલકું, ગરમ તથા મૂત્રનું શોધન કરનારું છે. હેડકી, આધ્માન, વાયુ તથા કફના રોગોમાં, દોષનું શોધન કર્યાં પછી તરત જ પીવામાં, નવા તાવમાં, ઉધરસમાં, આમમાં, સળેખમમાં, દમમાં અને પાસામાં શૂળ વગેરે

પીડા થતી હોય તે રોગમાં ગરમ પાણી ફાયદાકારક છે. (અર્થાત્ એ રોગોમાં પાણી આપવું પડે તો ગરમ આપવું.)

ઉકાળીને ઠંડું કરેલું પાણી

अनभिष्यन्दि लघु च तोयं क्वथितशीतलम्।
पित्तयुक्ते हितं दोषे व्युषितं तत्त्रिदोषकृत्॥ १८॥

ઉકાળીને ઠંડું કરેલ પાણી અભિષ્યંદી નથી અને હલકું છે.

જે રોગમાં બીજા દોષ સાથે પિત્ત ભળેલું હોય તેમાં ગરમ કરી ઠંડું કરેલું પાણી હિતકારક છે; એટલે વાતપિત્તમાં, પિત્તકફમાં અને સન્નિપાત-(ત્રિદોષ)મા ઉકાળીને ઠંડું પાડેલુ પાણી પીવુ સારું છે; પણ એ રાતવાસો રહે તો તે જ પાણી ત્રિદોષઉત્પન્ન કરે છે. પાણી ઉકાળીને ઠંડું પાડવાનો નિયમ આ પ્રમાણે છે: જાંગલ દેશમા વાયુ અને ગરમી વિશેષ હોવાથી તેનુ પાણી હલકું છે માટે જલદી શુદ્ધ થાય છે, તેથી પાણીનો ચતુર્થાંશ બળવા દઈને બાકીનુ પાણી ઠંડું કરી વાપરવુ. અનૂપ દેશની જમીન ઠંડી હોવાથી તેનુ પાણી ભારે હોય છે; માટે તેને ત્રણ ભાગનુ બાળવુ અને બાકીનુ ઠંડું કરી ઉપયોગમાં લેવુ. સાધારણ દેશનુ પાણી અરધું બાળવું અને પછી ઠંડુ કરી વાપરવું.×

× પાણી વિશે કેટલીક હકીકત સુશ્રુતાદિ ગ્રંથોમાં કહી છે તે જાણવાલાયક છે. સુશ્રુતમાં કહે છે કે, ઉકાળેલું જે પાણી વેગ અને ફીણ વિનાનું, નિર્મળ તથા હલકું થાય તથા ચોથે ભાગે બાકી રહ્યું હોય તે કફના રોગને મટાડે છે, ત્રણ ચતુર્થાંશ રહ્યું હોય તો તે પિત્તને મટાડે છે અને અરધું રહ્યું હોય તો તે વાતદોષને મટાડે છે. સંગ્રહમાં કહે છે કે, એક જાતનું પાણી પીધા પછી તે પચી ગય. સિવાય બીજી જાતનું પાણી તે પર પીવું નહિ. મતલબ કે કૂવાનું પાણી પીધા પછી તે પચી ગયા વિના તળાવનુ ન પીવું. તળાવનું પીધા પછી તે પચી ગયા વિના કૂવાનું ન પીવું વગેરે. એ જ રીતે કાચું પાણી પીધા પછી ઉકાળેલુ પાણી ન પીવું અને ઉકાળેલું પીધા પછી કાચું પાણી ન પીવું. એકજ જાતનું પાણી પણ વચમાં ભોજન કર્યા વિના કે કાંઈ ખાધા વિના ન પીવું. તરસ લાગ્યા છતાં પણ અત્યંત પાણી પીનારને પિત્ત અને કફ થાય છે, તાવવાળાએ તો આ વાત વિશેષ ધ્યાનમાં લેવા જેવી છે; કેમકે જે કફ જઠરમાંથી અગ્નિને ઓલવીને તાવ આણે છે તે કફ કાચું પાણી પીવાથી વધે છે.

નાળિયેરના પાણીના ગુણ

नारिकेलोदकं स्निग्धं स्वादु वृष्यं हिमं लघु।
तृष्णापित्तानिलहरं दीपनं बस्तिशोधनम्॥ १९॥

નાળિયેરમાં રહેલું પાણી સ્નિગ્ધ, ગળ્યું, વૃષ્ય, ઠંડું, હલકું, તરસ, પિત્ત અને વાયુને મટાડનારું, દીપન તથા મૂત્રાશયનું શોધન કરનારું છે. (જરાક પાકા પણ લીલા નાળિયેરમાંથી તરત કાઢેલા પાણીને નાળિયેરનુ પાણી કહે છે.)

વર્ષાઋતુમાં પથ્યાપથ્ય પાણી

वर्षासु दिव्यनादेये परं तोये वरावरे।

વર્ષાઋતુમાં દિવ્ય જળ અતિ ઉત્તમ છે અને નદીનુ પાણી અતિ નુકસાનકારક છે.

એ પ્રમાણે સંક્ષેપમાં જળવર્ગ પતાવીને ક્ષીરવર્ગનો આરંભ કરે છે. તેમાં પણ દૂધ પ્રાણીમાત્રને સદા જીવનદાતા હોવાથી પ્રથમ તેનાથી આરંભ કર્યો છે.

ક્ષીરવર્ગ

દૂધના ગુણ

स्वादुपाकरसं स्निग्धमोजस्यं धातुवर्धनम्॥ २०॥
वातपित्तहरं वृष्यं श्लेष्मलं गुरुशीतलम्।
प्रायः पयः

એકંદરે દૂધ સ્વાદમાં તથા પચ્યા પછી પણ ગળ્યું હોય છે. તે સ્નિગ્ધ, ઓજસને વધારે એવું, ધાતુઓને વધારનારું, વાતપિત્તને મટાડે એવું, વૃષ્ય, કફ કરે એવું, ભારે અને ઠંડુ છે. 'એકંદરે' કહેવાનું કારણ એવું છે કે, સિંટડીનુ દૂધ લગાર ગરમ, લૂખું તથા ખારું છે; બકરીનું દૂધ હલકું છે, ઘેટીનુ દૂધ ગરમ છે. એક ખરીવાળાં જનાવરનું દૂધ ગરમ તથા કાંઈક ખટાશ અને ખારાશ પર છે; એમ દૂધ ભિન્નભિન્ન ગુણનાં હોવાથી દૂધના સામાન્ય ગુણ કહેતી વખતે 'એકંદરે' એમ કહ્યુ છે તે યોગ્ય જ છે.

ગાયનું દૂધ

अत्र गव्यं तु जीवनीयं रसायनम् ॥ २१ ॥
क्षतक्षीणहितं मेध्यं बल्यं स्तन्यकरं सरम् ।
श्रमभ्रममदालक्ष्मीश्वासकासातितृट्क्षुधः ॥ २२ ॥
जीर्णज्वरं मूत्रकृच्छ्रं रक्तपित्तं च नाशयेत् ।

એમાં ગાયનું દૂધ જીવનીય છે, રસાયન છે, ક્ષતકાસવાળાને તથા ક્ષયવાળાને હિતકર છે, મેધ્ય છે, બળ આપે છે, ધાવણ પેદા કરે છે અને સર છે. થાક, ફેર, મદ, નિસ્તેજપણું, દમ, ઉધરસ, બહુ તરસ, ભૂખ, જીર્ણજ્વર, મૂત્રકૃચ્છ્ર અને રક્તપિત્ત એ અગિયાર રોગ મટાડે છે.

ભેંશનું દૂધ

हितमत्यग्न्यनिद्रेभ्यो गरीयो माहिषं हिमम् ॥ २३ ॥

ભેંશનું દૂધ ગાયના કરતાં ભારે અને ઠંડું એટલે શીતવીર્ય છે. તીક્ષ્ણ જઠરાગ્નિવાળાને તથા જેને ઊંઘ ન આવતી હોય તેને એ હિતકર છે.

બકરીનું દૂધ

अल्पाम्बुपानव्यायामकटुतिक्ताशनैर्लघु ।
आजं शोषज्वरश्वासरक्तपित्तातिसारजित् ॥ २४ ॥

બકરી પાણી થોડું પીએ છે તેથી તથા દોડવા–કૂદવારૂપી કસરત તે વિશેષ કરે છે તેથી તેમ જ કડવો ને તીખો પાલો ખાય છે તેથી તેનું દૂધ હલકું છે. (ગાય, ભેંશ વગેરેના દૂધને માટે પણ એ નિયમ જાણી લેવો; એટલે જ્યારે પ્રાણીઓના ખોરાકમાં ફેરફાર થાય, ત્યારે દૂધના ગુણમાં પણ ફેર પડે. દિવસના કરતાં રાતે ઘણુંખરું પ્રાણીઓ થોડાં ફરેહરે છે; માટે રાતે તેમનાં અંગને કસરત થોડી પહોંચવાથી સવારનું દૂધ સાંજના દૂધ કરતાં ભારે જાણવું. બકરીનું દૂધ બહુધા કેમ હલકુ છે, તેનુ કારણ ઉપર બતાવ્યું છે.) વળી તેનું દૂધ ક્ષય, તાવ, દમ, રક્તપિત્ત અને અતિસારને મટાડે છે.

ઊંટડીનું દૂધ

ईषद्रूक्षोष्णलवणमौष्ट्रकं दीपनं लघु ।
शस्तं वातकफानाहकृमिशोफोदरार्शसाम् ॥ २५ ॥

ઊંટડીનું દૂધ લગાર લૂખું, ગરમ તથા ખારું હોય છે. જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર અને હલકું છે. વાત, કફ, આનાહ, કરમિયા, સોજો, ઉદરરોગ અને હરસ એટલા રોગ ઉપર ફાયદાકારક (દવારૂપ) છે.

સ્ત્રીનું ધાવણ

मानुषं वातपित्तासृगभिघाताक्षिरोगजित् ।
तर्पणाश्चोतनैर्नस्यैः

વાયુથી, પિત્તથી, લોહીથી અને વાગવાથી થયેલા આંખના રોગોમાં મનુષ્ય સ્ત્રીના દૂધનું–ધાવણનું આંખમાં ભરણ ભરવાથી, ટીપાં મૂકવાથી અને નાકમાં નસ્ય ફૂંકવાથી એ આંખના રોગ મટે છે.

ઘેટીનું દૂધ

अहृद्यं तूष्णमाविकम् ॥ २६ ॥
वातव्याधिहरं हिध्माश्वासपित्तकफप्रदम् ।

ઘેટીનું દૂધ હૃદયને નુકસાન કરે છે, ઉષ્ણવીર્ય છે, વાયુના રોગને મટાડે છે તથા હેડકી, દમ, પિત્ત અને કફ કરે છે.

હાથણીનું દૂધ

हस्तिन्याः स्थैर्यकृत्

હાથણીનુ દૂધ શરીરને દઢ બનાવે છે.

એક ખરીવાળાં જનાવરનું દૂધ

. बाढमुष्णं त्वैकशफं लघु ॥ २७ ॥
शाखावातहरं साम्ललवणं जडताकरम् ।

ઘોડી, ગધેડી જેવાં ફાટ વિનાની ખરીવાળાં જનાવરોનું દૂધ અત્યંત ગરમ અને હલકું હોય છે; શરીરની હાથપગરૂપી શાખાઓમાં થયેલા વાયુના રોગને મટાડે છે. કંઈ ખાટું તથા ખારું હોય છે તથા તન અને મનને જડ બનાવે એવું હોય છે.

માત્ર બાકી રહે ત્યારે ઉતારી લેવું. એને યુક્તિથી ઉકાળેલુ દૂધ કહે છે. એમ ઉકાળેલું દૂધ બહુ હલકું થાય છે. મનુષ્યસ્ત્રીનું ધાવણ કાચું હોવા છતાં અભિષ્યંદી હોતુ નથી અને હલકુ હોય છે.

કઢેલા અને ધારોષ્ણ દૂધના ગુણ

भवेद्गरीयोऽतिश्रृतं धारोष्णममृतोपमम् ।

બહુ ઉકાળેલુ (કઢેલુ) દૂધ કાચા દૂધ કરતાં પણ વધારે ભારે બને છે. ધારોષ્ણ દૂધ અમૃત જેવું છે. (આંચળમાંથી સીધું પીનારના મોંમાં દોહેલા દૂધને ધારોષ્ણ દૂધ કહે છે. આંચળમાંથી વાસણમાં તાજા જ દોહેલા ફીણ-ભર્યા કાચા હૂંફાળા દૂધને પણ ધારોષ્ણ દૂધ કહી શકાય.)

દહીંના ગુણ

अम्लपाकरसं ग्राहि गुरूष्णं दधि वातजित् ॥२९॥
मेद:शुक्रबलश्लेष्मपित्तरक्ताग्निशोफकृत् ।
रोचिष्णु शस्तमरुचौ शीतके विषमज्वरे ॥३०॥
पीनसे मूत्रकृच्छ्रे च रूक्षं तु ग्रहणीगदे ।
नैवाद्यान्निशि नैवोष्णं वसन्तोष्णशरत्सु न ॥३१॥
नामुद्गसूपं नाक्षौद्रं तन्नाघृतसितोपलम् ।
न चानामलकं नापि नित्यं नो मन्दमन्यथा ॥३२॥
ज्वरासृक्पित्तवीसर्पकुष्ठपाण्डुभ्रमप्रदम् ।

દહીં સ્વાદમાં ખાટું હોય છે અને પચ્યા પછી પણ ખાટુ રહે છે. વળી એ ગ્રાહી છે. તે ભારે, ગરમ અને વાયુને મટાડે એવું છે. ચરબી, વીર્ય, બળ, કફ, પિત્ત, લોહી, અગ્નિ અને સોજો, એટલા વાનાને ઉત્પન્ન કરે છે અર્થાત્ ચરબી વગેરેનો વધારો કરે છે, અગ્નિને પ્રદીપ્ત કરે છે અને દહીં ખાવાથી સોજો ચડે છે (થોથર આવે છે). વળી દહીં ભાવે એવું છે તથા અરુચિને મટાડે છે. ટાઢિયા–વિષમ-જ્વરમાં પણ દહીં હિતકર છે. જૂનુ સળેખમ અને મૂત્રકૃચ્છ્રને દહીં મટાડે છે. ગ્રહણીરોગમાં તર કાઢી લીધેલું, લૂખુ, દહીં ફાયદો આપે છે. વળી દહીં રાતે તો કદી ખાવુ જ નહિ તેમ અગ્નિ વગેરેથી ગરમ થયેલું દહીં પણ ન ખાવુ. વસંતઋતુ, ગ્રીષ્મઋતુ કે શરદઋતુમાં પણ દહીં ન ખાવુ. બાકીની ત્રણ ઋતુઓમાં પણ મગની ઓસાવેલી દાળ વિના કે મધ વિના કે ઘી–સાકર વિના કે આમળાં વિના દહીં ખાવું નહિં. મતલબ કે એકલું દહીં ખાવાથી કફ વગેરે દોષ કોપે છે; પણ ઉપરના અનુપાન સાથે દહીં યોગ્ય સમયે ખાવાથી દોષ કોપતા નથી. દહીં રોજ ન ખાવું. મંદક ખાવું નહિ. એ ઉપરથી મધ વગેરે પણ પરિપકવ અવસ્થાને ન પામ્યું હોય તે ખાવુપીવુ નહિ, એ વાત પણ સમજી લેવાની છે. જો ઉપરની સૂચનાઓ (મર્યાદા) પાળ્યા વિના દહીં ખાવામાં આવે તો તાવ, રક્તપિત્ત, રતવા, ચામડીના રોગ, પાંડુ અને ચકરીના રોગ થાય છે.

નોંધ: ટાઢિયા વિષમજ્વરમાં વાયુ, કફ કે વાયુ અને કફના ભેગા કોપવાથી ટાઢ વાય છે. દહીંથી વાયુનો પ્રકોપ મટે છે. માટે જો ટાઢિયો વિષમજ્વર વાયુના પ્રકોપથી આવ્યો હોય કે ટાઢિયો વિષમજ્વર વાયુ અને કફના ભેગા પ્રકોપથી આવ્યો હોય તેમા વાયુનુ જોર કફ કરતાં વધારે હોય તો જ દહીં આપવાથી ફાયદો થાય છે.

પીનસરોગમાં જ્યારે બીજા દોષો કરતાં વાયુનુ જોર વધારે હોય ત્યારે જ દહીં ફાયદો કરે છે. દહીં ગરમ હોવાથી પકવે છે અને સળેખમ પાકે એટલે મટે છે.

ઘી-સાકર સાથે ભેળવીને દહીં ખાવાનુ કહ્યુ છે તેમાં ઘી અને સાકર સરખાં લઈને ભેગાં કરવાં.

કેટલાક આચાર્યોનુ માનવુ એવું છે કે, કશામાં ભેળવ્યા સિવાય એકલું દહીં પણ થોડું ખાવાની હરકત નથી. જો હરકત હોત તો એકલા દહીંના ગુણ આયુર્વેદમાં ગણાવ્યા ન હોત.

છાશના ગુણ

तक्रं लघु कषायाम्लं दीपनं कफवातजित् ॥३३॥
शोफोदरार्शोग्रहणीदोषमूत्रग्रहारुचीः ।
प्लीहगुल्मघृतव्यापद्गरपाण्ड्वामयान् जयेत् ॥३४॥

છાશ હલકી, તૂરી, ખાટી, દીપન તથા કફ અને વાયુને મટાડે એવી છે. સોજો, ઉદરરોગ, હરસ, ગ્રહણીરોગ, મૂત્રકૃચ્છ્ર, અરુચિ, બરોળ, ગોળો, ઘી અતિશય પીવાથી થયેલો ઉપદ્રવ,

કૃત્રિમ ઝેરની અસર અને પાંડુરોગ, એ અગિયાર રોગને છાશ મટાડે છે.×

છાશ (तक्र) : આયુર્વેદમાં વલોવેલા દહીંને तक्र (છાશ) કહે છે. દહીંને પાણી નાખીને વલોવાય અને પાણી નાખ્યા વિના પણ વલોવાય. વળી દહીંને તર સાથે વલોવાય અને તર ઉતારી લીધા પછી પણ વલોવાય. આમ છાશ ચાર જાતની હોય છે. તેમાં આ શ્લોકમાં તર ઉતારી લીધેલી; પાણી ઉમેરેલા દહીંને વલોવીને બનાવેલી માખણ કાઢી લીધેલી છાશના ગુણ આપ્યા છે. તર અને માખણવાળા પાણી ઉમેરેલા દહીંની છાશના ગુણ એટલા જ છે, પણ એ ગુણ ઓછી અસરવાળા છે. પાણી ઉમેર્યા વિનાના દહીંની છાશના ગુણની અસર વળી તેથીયે ઓછી છે.

દહીંમાંથી છૂટેલા પાણીના ગુણ

तद्वन्मस्तु सरं स्रोतःशोधि विष्टम्भजिल्लघु ।

ખટાશ પર આવેલા દહીંમાંથી છૂટેલું પાણી સર, સ્રોતોને શુદ્ધ કરનાર, વિષ્ટંભ મટાડનાર તથા (બહુ) હલકું છે.

માખણના ગુણ

नवनीतं नवं वृष्यं शीतं वर्णबलाग्निकृत् ॥ ३५ ॥
संग्राहि वातपित्तासृक्क्षयार्शोऽर्दितकासजित् ।

તાજું માખણ વૃષ્ય, શીતવીર્ય, શરીરનો રંગ સુધારે એવું અને બળ આપે એવું હોય છે. અગ્નિ પ્રદીપ્ત કરે એવું, ગ્રાહી અને વાયુ, રક્તપિત્ત, ક્ષય, હરસ, અડદિયો વા અને ઉધરસને મટાડે એવું છે. (આ શ્લોકમાં છાશમાંથી કાઢેલા માખણના ગુણ કહ્યા છે.)

દૂધનું માખણ

क्षीरोद्भवं तु सङ्ग्राहि रक्तपित्ताक्षिरोगजित् ॥

દૂધને જ વલોવીને કાઢેલું માખણ સંગ્રાહી છે તથા રક્તપિત્ત અને આંખના રોગને મટાડે છે.

ઘીના ગુણ

शस्तं धीस्मृतिमेधाग्निबलायुःशुक्रचक्षुषाम् ।
बालवृद्धप्रजाकान्तिसौकुमार्यस्वरार्थिनाम् ॥३७।
क्षतक्षीणपरीसर्पशस्त्राग्निग्लपितात्मनाम् ।
वातपित्तविषोन्मादशोषालक्ष्मीज्वरापहम् ॥ ३८ ॥
स्नेहानामुत्तमं शीतं वयसः स्थापनं परम् ।
सहस्रवीर्यं विधिभिर्घृतं कर्मसहस्रकृत् ॥ ३९ ॥

બુદ્ધિ, સ્મૃતિ, મેધા, જઠરાગ્નિ, બળ, આયુષ્ય, વીર્ય અને આંખને ઘી ફાયદાકારક છે. બાળકને, વૃદ્ધને, સંતાન ઇચ્છનારને, કાંતિ ઇચ્છનારને, સુકુમારપણું ઇચ્છનારને અને સારો અવાજ ઇચ્છનારને પણ ઘી ફાયદાકારક છે, તેમ જ ક્ષતકાસવાળાને, વિસર્પરોગવાળાને, શસ્ત્ર જેને વાગ્યું હોય તેને, દેવતાથી દાઝયો હોય તેને અને ધાતુ વગેરેનો ક્ષય થઈ જવાથી જેનું શરીર સેવાઈ ગયું હોય તેને ઘી ફાયદાકારક છે. [અથવા ક્ષત(ચાંદું)વડે ક્ષીણ થયેલાને તથા વિસર્પ, શસ્ત્ર અને અગ્નિ વડે શક્તિહીન થયેલાને ઘી હિતકર છે.] વાયુ, પિત્ત, ઝેર, ગાંડપણ, ક્ષય, નિસ્તેજપણું અને તાવ, એટલાં વાનાંનો ઘી નાશ કરે છે. બધા સ્નેહમાં તે ઉત્તમ છે, શીતવીર્ય છે અને ઉંમરે તે ઉંમરે જુવાની રાખવા માટે તે ઉત્તમ વસ્તુ છે. યોગ, સંસ્કાર, પાન, અભ્યંગ, અનુવાસન વગેરે અનેક રીતે ઘીનો ઉપયોગ કરવાથી

× છાશની વિશેષ હકીકત સુશ્રુતમાં આ પ્રમાણે છે : ક્ષત (વાગેલું) હોય ત્યારે, ઉનાળામાં, દુર્બળ મનુષ્યને તથા મૂર્છા, ફેર, બળતરા અને રક્તપિત્તના રોગમાં છાશ આપવી નહિ. શિયાળામાં, મંદાગ્નિમાં, કફના વ્યાધિઓમાં, સ્રોતો પુરાયા હોય ત્યારે અને વાયુ કોપ્યો હોય ત્યારે છાશ ગુણકારી છે; તેમ જ કહ્યું છે, કે કાચી છાશ કોઠામાંના કફનો નાશ કરે છે અને ગળામાં કફ કરે છે. સળેખમ, દમ અને ઉધરસ વગેરેમાં કાચી છાશ ન આપતાં તેની કઢી કરીને આપવી. મંદકની છાશ વાયુને કોપાવનારી, રુક્ષ, અભિષ્યંદી અને પચવી મુશ્કેલ છે. બહુ ખાટી છાશ ગરમ અને તીક્ષ્ણ હોવાથી પિત્ત કરે છે. માખણ કાઢી લીધા પછીની છાશ ત્રણે દોષને મટાડે છે. માખણવાળી છાશ સોજાને મટાડે છે, ખાટી છાશ સિંધવ સાથે પીવાથી વાયુ મટે છે, સાકર સાથે મીઠી છાશ પિત્ત મટાડે છે, સૂંઠ, પીપર તથા મરી અને સંચળ સાથે જરા ખાટી છાશ પીવાથી કફ મટે છે. દહીંનો મંદ ભાગ કરતાં વધારે હલકો છે. છાશની કઢી પચવામાં ભારે છે.

ઘી અનેક શક્તિ ધરાવે છે અને અનેક કામ કરે છે.

નોંધ: જે દ્રવ્ય વડે ઘીને પકવવામા આવે, જે દ્રવ્ય સાથે ભેળવીને ઘીને વાપરવામા આવે, એ દ્રવ્યની શક્તિ ઘીમા આવે છે. તેથી ઘી અનેક શક્તિવાળુ બની શકે છે. વળી એનો પીવામા, ચાટવામા, ચોપડવામાં, અનુવાસન-બસ્તિ આપવામા વગેરે અનેક રીતે ઉપયોગ થઈ શકે છે.

જૂના ઘીના ગુણ

मदापस्मारमूर्च्छायशिरःकर्णाक्षियोनिजान् ।
पुराणं जयति व्याधीन् व्रणशोधनरोपणम् ॥४०

દસ વરસનુ જૂનુ ઘી મદ, વાઈ, મૂર્છા અને માથુ, કાન, આખ તથા યોનિના રોગો મટાડે છે. વળી તે ઘાનો બગાડ સાફ કરે છે અને ઘાને રૂઝવે છે.

કિલાટ વગેરેના ગુણ

बल्याः किलाटपीयूषकूर्चिकामोरणादयः ।
शुक्रनिद्राकफकरा विष्टम्भिगुरुदोषलाः ॥ ४१ ॥

કિલાટ, પીયૂષ, કૂર્ચિકા, મોરણ (તક્ર, પિંડક અને ક્ષીરશાક) બળ આપે છે, વીર્ય બનાવે છે, ઊંઘ આણે છે, કફ કરે છે, વિષ્ટંભી છે, ભારે અને વાયુ વગેરે દોષને ઉત્પન્ન કરે એવા છે.

કયાં દૂધ-ઘી સારાં?

गव्ये क्षीरघृते श्रेष्ठे निन्दिते चाविसम्भवे ।

બધા દૂધ-ઘીમા ગાયના દૂધ તથા ઘી ઉત્તમ છે, તથા ઘેટીનાં દૂધ તથા ઘી અધમ છે. દૂધ તથા ઘી જ કહ્યા છે, પણ તે જ માત્ર ન સમજતા ગાયના દહી, છાશ વગેરે પણ ઉત્તમ અને ઘેટીના અધમ જાણવા.

ઇક્ષુ (શેરડી) વર્ગ

શેરડીના રસના ગુણ

इक्षोः सरो गुरुः स्निग्धो बृंहणः कफमूत्रकृत् ॥४२
वृष्यः शीतोऽस्रपित्तघ्नः स्वादुपाकरसो रसः ।

શેરડીનો રસ સર, ભારે, સ્નિગ્ધ, બૃહણ, કફ કરે એવો, મૂત્ર બનાવે એવો, વૃષ્ય, ઠડો, રક્તપિત્તને મટાડે એવો, સ્વાદમા ગળ્યો અને પચ્યા પછી પણ ગળ્યો છે. સ્નિગ્ધ વગેરે ગુણવાળો આ રસ છે; માટે વાયુને મટાડે છે, પણ ભોજન કર્યા પછી પિવાય તો વાયુને વધારે છે. પથરા વગેરેથી કચરીને કાઢેલા રસના આ ગુણ છે.

ચૂસેલો રસ

सोऽग्रे सलवणो दन्तपीडितः शर्करासमः ॥४३

શેરડીનો રસ પૂછડા આગળનો કાંઈક ખારાશ પર હોય છે. (વચલા ભાગનો રસ ગળ્યો તથા મૂળ આગળનો બહુ ગળ્યો હોય છે, એ પણ સુશ્રુતમા કહ્યુ છે.) ચૂસીને ખાધેલી શેરડીના રસના ગુણ સાકરના ગુણ જેવા છે.

યંત્રથી પીલીને કાઢેલો રસ

मूलाग्रजन्तुजग्धादिपीडनान्मलसङ्करात् ।
किञ्चित्कालं विधृत्या च विकृतिं याति यान्त्रिकः
विदाही गुरुर्विष्टम्भी तेनासौ

યંત્ર(કોલુ)મા શેરડી પીલીને રસ કાઢવામા આવે ત્યારે શેરડીના મૂળિયા પાસેનો ભાગ, પૂછડા પાસેનો ભાગ, સડેલો ભાગ, (છાલ) વગેરે પિલાય છે તેથી તથા કોલુમા ચોંટેલો મેલ (રસમા) ભળતો હોવાથી તથા શેરડી પીલવા માંડે ત્યારથી તે રસ યંત્રની બહાર નીકળે ત્યાર સુધીમા (કુદરતી રીતે જ) થોડી વાર થતી હોવાથી યંત્રથી કાઢેલો રસ બગડે છે; તેથી એ વિદાહી, ભારે અને વિષ્ટંભી બને છે.

શેરડીની જાતો

तत्र पौण्ड्रकः ।
शैत्यप्रसादमाधुर्यैर्वरस्तमनु वांशिकः ॥ ४५ ॥

તેમાયે ધોળી શેરડીનો રસ શીતળતા, નિર્મળતા અને ગળપણમા ઉત્તમ છે. વાંશિયા (કાળી) શેરડીનો રસ ગુણમા તેના કરતાં ઊતરતો છે.

શેરડીની બીજી જાતો

शतपर्वककान्तारनैपालाद्यास्ततः क्रमात् ।
सक्षाराः सकषायाश्च सोष्णाः किञ्चिद्विदाहिनः ॥

શતપર્વક કરીને શેરડીની એક જાત છે તે

ઉપર કહેલી વાંશિયા શેરડી કરતાં ગુણમાં ઊતરતી છે, તેના કરતાં કાંતાર જાતની અથવા જંગલી શેરડી ઊતરતી છે અને તેના કરતાં નેપાળમાં એક જાતની શેરડી થાય છે. તે નેપાળી શેરડી કહેવાય છે તે ઊતરતી છે. એ બધી કાંઈક ખારાશ પર, તુરાશ પર તથા કાંઈક ગરમ અને વિદાહી છે.

કાકબના ગુણ

फाणितं गुर्वभिष्यन्दि चयकृन्मूत्रशोधनम् ।

કાકબ (કાચો ગોળ) ભારે, અભિષ્યંદી, ત્રિદોષ કરે એવો અને મૂત્રનુ શોધન કરે એવો છે.

ધોયેલા ગોળના ગુણ

नातिश्लेष्मकरो धौतः सृष्टमूत्रशकृद्गुडः ॥४७॥
प्रभूतकृमिमज्जासृङ्मेदोमांसकफोऽपरः ।

મેલ વિનાનો ગોળ બહુ કફકર્તા નથી અને ઝાડો-પેશાબ લાવે છે. ધોયા વિનાનો (મેલો) ગોળ કરમિયા, મજ્જા, લોહી, ચરબી, માસ અને કફ પુષ્કળ કરે છે.

જૂનો તથા નવો ગોળ

हृद्यः पुराणः पथ्यश्च, नवः श्लेष्माग्निसादकृत् ।

જૂનો ગોળ હૃદયને હિતકારી છે તથા શરીરના સ્રોતોને સાફ કરે એવો છે. નવો ગોળ કફ કરે છે તથા જઠરાગ્નિને મંદ કરે છે.

માટલાનો ગોળ વગેરે ઉત્તરોત્તર સારાં છે

वृष्याः क्षीणक्षतहिता रक्तपित्तानिलापहाः ।
मत्स्यण्डिकाखण्डसिताः क्रमेण गुणवत्तमाः ॥

માટલાનો ગોળ, ખાંડ અને સાકર, એ ત્રણે વૃષ્ય, ક્ષતકાસવાળાને હિતકારક અને રક્તપિત્ત તથા વાયુનો નાશ કરે એવાં છે; તેમ જ એ દરેક ઉત્તરોત્તર વિશેષ ગુણવાળા છે; એટલે ગોળ કરતાં ધોયેલો ગોળ, તેના કરતાં માટલાંનો ગોળ, તેના કરતાં ખાંડ અને ખાંડ કરતાં સાકર વિશેષ ગુણવાળી છે.

યાસશર્કરા

तद्गुणा तिक्तमधुरा कषाया यासशर्करा ।

ધમાસાના રસની બનાવેલી સાકર જેને 'યાસશર્કરા' કહે છે, તેના ગુણ સાકરના જેવા જ છે; પણ તે કડવી, ગળી અને તૂરી છે.

સાકરોના સામાન્ય ગુણ

दाहतृट्छर्दिमूर्च्छासृक्पित्तघ्न्यः सर्वशर्कराः

ઉપર કહી તે અને બીજી બધા પ્રકારની સાકરો, દાહ, તરસ, ઊલટી, મૂર્છા અને રક્તપિત્ત મટાડે છે.

શેરડીમાંથી બનતી વસ્તુઓમાં ઉત્તમ અને અધમ

शर्करेक्षुविकाराणां फाणितं च वरावरे ।

શેરડીમાથી બનતી બધી વસ્તુઓમાં સાકર સર્વથી ઉત્તમ છે અને ફાણિત (કાકબ) સર્વથી ઊતરતો છે.

મધના ગુણ

चक्षुष्यं छेदि तृट्श्लेष्मविषहिध्मास्रपित्तनुत् ॥५१
मेहकुष्ठकृमिच्छर्दिश्वासकासातिसारजित् ।
व्रणशोधनसन्धानरोपणं वातलं मधु ॥५२॥
रूक्षं कषायमधुरं तत्तुल्या मधुशर्करा ।

મધ આંખને હિત કરનારું તથા છેદી છે; તરસ, કફ, ઝેર, હેડકી અને રક્તપિત્તને મટાડે એવુ છે; મેહ, કુષ્ઠ, કરમિયા, ઊલટી, દમ, ઉધરસ અને અતિસારનો નાશ કરે એવું છે. વ્રણમાંથી પરુ વગેરે કાઢી નાખી તેને શુદ્ધ કરે છે. ભાંગેલાં હાડકાંને સાંધે છે અને ઘા રુઝાવે છે. મધ વાયડું, લૂખું, તૂરું અને ગળ્યુ છે. મધમાંથી બનેલી સાકરના ગુણ પણ મધના જેવા જ છે.*

* ભમરિયું મધ ધોળું હોય છે. એક જાતની નાની માખીનું બનાવેલું મધ જે ઘી જેવા રંગનું હોય છે, તેને 'પૌત્તિક' મધ કહે છે. 'ક્ષૌદ્ર' જેને કોઈ લોકો 'ધુશિયુ' મધ કહે છે, જે રતાશપડતું હોય છે તે તથા 'માક્ષિક' જાતનું મધ તેલ જેવું હોય છે; એમ ચાર પ્રકારના મધના ગુણાગુણ નીચે પ્રમાણે છે:-ભ્રામર (ભમરિયા) મધનો રંગ ધોળો હોય છે તથા તે તર્પણ અને ગળ્યું છે; પૌત્તિક મધનો રંગ ઘીના જેવો હોય છે તથા તે ત્રિદોષ કરે એવું છે: ક્ષૌદ્ર મધનો રંગ કાંઈક રાતો હોય છે તથા તે ભારે અને અભિષ્યન્દી છે; માક્ષિક જાતનું મધ લૂખું, કાંઈક ભારે, હલકું, વાયુ ન કરે એવું, ગળ્યુ તથા વ્રણને ફાયદાકારક છે.

નવું મધ ગળ્યું તથા અભિષ્યંદી છે. જૂનું એથી ઊલટા ગુણવાળું હોય છે.

ગરમ કરેલા મધથી નુકસાન

उष्णमुष्णार्तमुष्णे च युक्तं चोष्णैर्निहन्ति तत्।५३

દેવતા, તાપ કે તડકા વગેરેથી ગરમ, થયેલુ મધ વાપરવાથી મરી જવાય છે. તાપેલા, શેક કરેલા, દેવતા પાસે બેઠેલા, તડકેથી આવેલા વગેરે ગરમ થયેલા માણસને મધ આપવાથી એ મરી જાય છે. ગરમીની ઋતુમા કે ગરમ પ્રદેશમા મધ લેવાથી મરી જવાય છે. અને ઉના ખાનપાન સાથે મધ લેવાથી પણ મરી જવાય છે.

ગરમ કરેલા મધના ઉપયોગ

प्रच्छर्दने निरूहे च मधूष्णं न निवार्यते।
अलब्धपाकमाश्वेव तयोर्यस्मान्निवर्तते ॥ ५४ ॥

ઉલટી કરાવવામા અને નિરૂહબસ્તિ આપવામા ગરમ કરેલુ મધ વાપરવાને હરકત નથી; કેમ કે તે બે ક્રિયામા તો મધ પચી જાય તે પહેલા ઝટ પાછુ બહાર નીકળી જાય છે.

તૈલવર્ગ

બધાં તેલના સામાન્ય ગુણ

तैलं स्वयोनिवत्तत्र मुख्यं तीक्ष्णं व्यवायि च।
त्वग्दोषकृदचक्षुष्यं सूक्ष्मोष्णं कफकृन्न च ॥५५॥
कृशानां बृंहणायालं स्थूलानां कर्शनाय च।
बद्धविट्कं कृमिघ्नं च संस्कारात्सर्वरोगजित् ॥५६

જે તેલ જે પદાર્થમાથી નીકળે છે તે પદાર્થના ગુણવાળુ તે તેલ હોય છે.

તલના તેલના ગુણ

તલનુ તેલ તીક્ષ્ણ, વ્યવાયી, રોજ પીવાથી ચામડી બગાડે એવુ, આંખોને નુકસાન કરનાર, સૂક્ષ્મ, ગરમ (ઉષ્ણવીર્ય) છે; પણ તલની પેઠે કફ કરે એવુ નથી.

શરીરે જે દૂબળા હોય તેમને તેલ પુષ્ટ કરી શકે છે, તેમ જે શરીરે સ્થૂલ (જાડા) હોય તેમને પાતળા પણ કરી શકે છે. (દૂબળા દેહવાળાના છિદ્રો સંકુચિત હોવાથી બીજા પુષ્ટિજનક પદાર્થ તેમાં પ્રવેશ કરી શકતા નથી, પણ તેલ તેમા પ્રવેશ કરીને ઝટ તેનુ શોધન કરે છે અને તેથી તેમા અન્નરસ ચડી શકવાથી શરીરની પુષ્ટિ થાય છે. એ જ પ્રમાણે સ્થૂળ દેહનાં છિદ્રોમાં જઈને તેમાંની ચરબી વગેરેનો, તેલ પોતાના તીક્ષ્ણ, ઉષ્ણ વગેરે ગુણથી નાશ કરે છે અને તેથી ધાતુઓ સમ થવાથી શરીર કૃશ થાય છે.) વળી તેલ મળને કઠણ કરે છે (ઝાડો બાંધે છે), કરમિયાનો નાશ કરે છે તથા બીજાં ઔષધ તેલમાં નાખીને જો તેને તૈયાર કરવામા આવ્યુ હોય તો તે સંસ્કારને લીધે બધા રોગોને મટાડે છે.

દિવેલ (એરંડિયું)

सतिक्तोषणमैरण्डं तैलं स्वादु सरं गुरु।
वर्ध्मगुल्मानिलकफानुदरं विषमज्वरम् ॥ ५७ ॥
रुक्शोफौ च कटीगुह्यकोष्ठपृष्ठाश्रयौ जयेत्।
तीक्ष्णोष्णं पिच्छिलं विस्रं रक्तैरण्डोद्भवं त्वति ॥

એરંડિયુ જરા કડવુ તથા જરા તીખું છે. વળી તે ગળ્યુ, સર અને ભારે છે. વધ-ગવળ, ગોળો, વાયુ, કફ, ઉદરરોગ, વિષમ-જ્વર અને કમર, મૂત્રેન્દ્રિય, ગુદા, કોઠો તથા પીઠમા થતી કળતર અને સોજાને પણ તે મટાડે છે. એરંડિયુ તીક્ષ્ણ, ગરમ, પિચ્છિલ અને દુર્ગંધવાળુ છે. રાતા દિવેલાના એરંડિયામા તે જ ગુણો વધારે પ્રમાણમા રહ્યા છે.

સરસિયું તેલ

कटूष्णं सार्षपं तीक्ष्णं कफशुक्रानिलापहम्।
लघु पित्तास्रकृत् कोठकुष्ठार्शोव्रणजन्तुजित् ॥५९

સરસવનું તેલ (સરસિયુ) તીખું, ગરમ, તીક્ષ્ણ, કફ, વીર્ય અને વાયુનો નાશ કરે એવું, હલકુ, રક્તપિત્ત કરે એવુ તથા કોઢ, ચામડીના રોગ, હરસ, વ્રણ અને કરમિયાને મટાડે એવું છે.

બહેડાંનું તેલ

आक्षं स्वादु हिमं केश्यं गुरु पित्तानिलापहम्।

બહેડાંનુ તેલ ગળ્યુ, ઠંડુ, માથાના વાળને વધારે એવુ, ભારે તથા પિત્ત અને વાયુને મટાડે એવું છે.

લીંબોળીનું તેલ

नात्युष्णं निम्बजं तिक्तं कृमिकुष्ठकफप्रणुत् ॥६०॥

લીમડાની લીંબોળીનું તેલ બહુ ગરમ

નથી. એ કડવું તથા (જૂ વગેરે) કરમિયા, કુષ્ઠ અને કફને વિશેષ કરીને મટાડે એવુ છે.

અળસી તથા કસુંબીનું તેલ

उमाकुसुम्भजं चोष्णं त्वग्दोषकफपित्तकृत् ।

અળસી તથા કસુંબીનાં બી જેને કાબરી કહે છે તેનુ તેલ ગરમ છે. તે ચામડીનો બગાડ અને કફ તથા પિત્ત ઉત્પન્ન કરે તેવું છે.

વસા, મજ્જા અને ચરબીના ગુણ

वसा मज्जा च वातघ्नौ बलपित्तकफप्रदौ ॥६१॥
मांसानुगस्वरूपौ च विद्यान्मेदोऽपि ताविव ।

વસા તથા મજ્જા એ બે વાયુનો નાશ કરે છે, બળ આપે છે, પિત્ત અને કફ કરે છે તથા જે પ્રાણીનાં તે હોય તે પ્રાણીના માંસના જેવા ગુણવાળાં હોય છે. ચરબી પણ વસા અને મજ્જાના જેવા જ ગુણવાળી હોય છે.

મદ્યવર્ગ

મદ્યના ગુણ

दीपनं रोचनं मद्यं तीक्ष्णोष्णं तुष्टिपुष्टिदम् ॥६२॥
सस्वादुतिक्तकटुकमम्लपाकरसं सरम् ।
सकषायं स्वरारोग्यप्रतिभावर्णकृल्लघु ॥६३॥
नष्टनिद्रातिनिद्रेभ्यो हितं पित्तास्रदूषणम् ।
कृशस्थूलहितं रूक्षं सूक्ष्मं स्रोतोविशोधनम् ॥६४॥
वातश्लेष्महरं युक्त्या पीतं विषवदन्यथा ।

તમામ પ્રકારનુ મદ્ય જો યુક્તિથી પિવાય તો તે દીપન, રુચિ ઉત્પન્ન કરે એવુ, તીક્ષ્ણ, ગરમ, સંતોષ આપે એવુ, બળ આપે એવુ, જરા ગળ્યું, કડવુ તથા તીખું, સ્વાદે તથા પચ્યા પછી પણ ખાટું, સર, જરા તૂરું, અવાજ, આરોગ્ય, પ્રતિભા અને કાંતિ આપનારું, હલકું, ઊંઘ ન આવતી હોય તેને ઊંઘ આણે એવું તથા બહુ ઊંઘ આવતી હોય તેની ઊંઘ કમી કરે એવું, પિત્ત તથા લોહીને બગાડે એવું, દૂબળાને પુષ્ટ કરનાર તથા થોલા જેવા શરીરને કૃશ કરે એવું, લૂખું, સૂક્ષ્મ સ્રોતોનુ શોધન કરે એવું, વાયુ અને કફને મટાડે એવું છે. આગળ મદાત્યય નિદાનમાં (નિ. ૬/૪૧) મદ્ય પીવાની યુક્તિ કહેવામાં આવશે, તે પ્રમાણે પીવામાં આવે તો જ ઉપર કહેલા ગુણ મદ્ય આપે છે; પણ તેવી યુક્તિ તજીને ગમે તેમ પીનારને તે ઝેરના જેવો અવગુણ કરે છે.

નોંધ : મદ્ય ઊંઘ ન આવતી હોય તો આણે અને બહુ આવતી હોય તો ઓછી કરે એ બે વિરુદ્ધ દેખાતાં કામ મદ્ય કેવી રીતે કરી શકે ? આ શંકાનું સમાધાન નીચે પ્રમાણે છે: વાયુના પ્રકોપથી ઊંઘ ઊડી જાય છે અને મદ્યથી વાયુનો પ્રકોપ મટે છે; માટે મદ્યથી ઊંઘ આવી શકે. કફના પ્રકોપથી બહુ ઊંઘ આવે છે અને મદ્યથી કફનો પ્રકોપ મટે છે, માટે મદ્યથી વધારે પડતી ઊંઘ ઓછી થઈ શકે.

એકનુ એક મદ્ય દૂબળા અને જાડા બન્નેને ફાયદો કેવી રીતે કરી શકે ? એ શંકાનો ખુલાસો તેલની બાબતમાં કર્યો છે તે પ્રમાણે સમજવો.

મદ્ય=દ્રાક્ષ, શેરડી, માક્ષિક મધ, શાળ ચોખા, વ્રીહિ ચોખા, ખજૂર વગેરેમાંથી ગાળેલો દારૂ.

નવા તથા જૂના મદ્યના ગુણ

गुरु तद्दोषजननं नवं जीर्णमतोऽन्यथा ॥६५॥

નવું એટલે તાજું મદ્ય ત્રિદોષ કરે છે તથા ભારે છે. જૂનુ એટલે એક વર્ષ વીત્યા પછીનુ મદ્ય ત્રિદોષને મટાડે છે તથા હલકું છે.

કયા સંયોગોમાં અને કેવો દારૂ ન પીવો ?

पेयं नोष्णोपचारेण न विरिक्तक्षुधातुरैः ।
नात्यर्थतीक्ष्णमृद्वल्पसम्भारं कलुषं न च ॥६६॥

ગરમ પદાર્થની સાથે, ગરમ ઋતુમાં, ગરમ પ્રકૃતિવાળાએ, ગરમી પાસે બેસીને, તાપ–તડકેથી આવીને, એ રીતે ગરમ ઉપચાર સાથે દારૂ પીવો નહિ. જુલાબ લીધેલાએ કે ભૂખ્યાએ દારૂ પીવો નહિ. બહુ જલદ કે છેક મૃદુ (કેફ વિનાનો) તેમ જ દારૂ બનાવવામાં જોઈએ તે કરતાં ઓછી સામગ્રીથી બનાવેલો દારૂ પીવો નહિ. મેલો (ધૂળ કે કસ્તરવાળો) દારૂ પણ પીવો નહિ.

સુરા

गुल्मोदरार्शोग्रहणीशोषहृत् स्नेहनी गुरुः ।
सुराऽनिलघ्नी मेदोऽसृक्स्तन्यमूत्रकफावहा ॥६७

સુરા નામે મદ્ય ગોળો, ઉદરરોગ, હરસ, ગ્રહણીરોગ અને ક્ષય મટાડે છે, તેમ જ શરીરને સ્નિગ્ધ કરે છે. એ ભારે, વાયુ મટાડે એવું, ચરબી, લોહી, ધાવણ, મૂત્ર અને કફ કરે (બનાવે) એવું છે.

વારુણી

तद्गुणा वारुणी हृद्या लघुस्तीक्ष्णा निहन्ति च ।
शूलकासवमिश्वासविबन्धाध्मानपीनसान् ॥६८॥

વારુણી નામે દારૂના સુરાના જેવા જ ગુણ છે. તે ઉપરાંત વારુણી હૃદયને હિતકર, હલકી અને તીક્ષ્ણ છે તથા તે શૂળ, ઉધરસ, ઊલટી, દમ, વિબંધ, આફ્માન અને પીનસરોગને મટાડે છે.

બહેડાંનો દારૂ : જવનો દારૂ

नातितीव्रमदा लघ्वी पथ्या वैभीतकी सुरा ।
व्रणे पाण्डवामये कुष्ठे न चात्यर्थं विरुध्यते ॥६९॥
विष्टम्भिनी यवसुरा गुर्वी रूक्षा त्रिदोषला ।

બહેડાનો દારૂ બહુ જલદ કેફવાળો નથી, તે હલકો તથા આજા માણસ માટે સારો છે. ત્રણ, પાંડુરોગ અને કુષ્ઠરોગમાં બીજા મદ્યની પેઠે આ બહેડાનો દારૂ બહુ અવગુણ કરતો નથી. જવના લોટનો દારૂ વિષ્ટંભી, ભારે, લૂખો અને ત્રણે દોષને કોપાવે એવો છે.

અરિષ્ટ

यथाद्रव्यगुणोऽरिष्टः सर्वमद्यगुणाधिकः ॥७०॥
ग्रहणीपाण्डुकुष्ठार्शःशोफशोषोदरज्वरान् ।
हन्ति गुल्मकृमिप्लीह्वः कषायकटुवातलः ॥७१॥

જે જે વસ્તુઓનો અરિષ્ટ બનાવ્યો હોય તે તે વસ્તુઓના ગુણ તેમાં આવે છે. મદ્યના બધા ગુણો તેનામાં મદ્ય કરતા આગળપડતા હોય છે. ગ્રહણીરોગ, પાંડુ, કુષ્ઠ, હરસ, સોજો, ક્ષય, ઉદરરોગ, તાવ, ગોળો, કરમિયા અને બરોળ એટલા રોગને અરિષ્ટ મટાડે છે. તે તૂરો, તીખો તથા વાયડો હોય છે.

દ્રાક્ષના રસનો દારૂ

मार्द्वीकं लेखनं हृद्यं नात्युष्णं मधुरं सरम् ।
अल्पपित्तानिलं पाण्डुमेहार्शःकृमिनाशनम् ॥७२॥

દ્રાક્ષના રસનો દારૂ લેખન, હૃદયને હિતકર, બહુ ગરમ નહિ એવો, ગળ્યો અને સર છે; તે બીજા મદ્ય કરતા પિત્ત અને વાયુ થોડા કરે છે તથા તે પાંડુ, પ્રમેહ, હરસ અને કરમિયાનો નાશ કરે છે.

ખજૂરનો દારૂ

अस्मादल्पान्तरगुणं खार्जूरं वातलं गुरु ।

ખજૂરના દારૂમાં દ્રાક્ષના દારૂથી કંઈક વિશેષ ગુણો છે. વળી તે વાયડો અને ભારે છે.

સાકરનો દારૂ

शार्करं सुरभिः स्वादुर्हृद्यो नातिमदो लघुः ॥७३॥

સાકરનું બનાવેલું મદ્ય સુગંધીદાર, ગળ્યું, હૃદયને હિતકર, બહુ કેફ ન ચઢાવે એવું અને હલકું છે.

ગોળનો દારૂ

सृष्टमूत्रशकृद्वातो गौडस्तर्पणदीपनः ।

ગોળનો દારૂ ઝાડો તથા પેશાબ આણનારો, વાયડો, તર્પણ અને દીપન છે.

સીધુ નામે દારૂ

वातपित्तकरं सीधुः स्नेहश्लेष्मविकारहा ॥७४॥

શેરડીના રસના દારૂને સીધુ કહે છે. સીધુ (શેરડીના રસનો સરકો) વાયુ તથા પિત્ત કરે છે તથા સ્નેહ અને કફના વિકારનો નાશ કરે છે.

પક્વ રસનો સીધુ

मेदःशोफोदरार्शोघ्नस्तत्र पक्वरसो वरः ।

ઉપર કહેલો સીધુ બે પ્રકારનો થાય છે. એક શેરડીના કાચા રસનો તથા બીજો શેરડીના ઉકાળેલા (પક્વ) રસનો. તેમાંથી પક્વ રસનો સીધુ ઉત્તમ અને ચરબી, સોજો, ઉદરરોગ અને હરસને મટાડે છે.

મધનો આસવ

छेदी मध्वासवस्तीक्ष्णो मेहपीनसकासजित् ॥७५

મધનો આસવ છેદી, તીક્ષ્ણ તથા પ્રમેહ, પીનસ અને ઉધરસને મટાડે એવો છે.

શુક્ત (સરકો)

रक्तपित्तकफोत्क्लेदि शुक्तं वातानुलोमनम् ।
भृशोष्णतीक्ष्णरूक्षाम्लं हृद्यं रुचिकरं सरम् ॥७६
दीपनं शिशिरस्पर्शं पाण्डुदृक्कृमिनाशनम् ।

શુક્ત (સરકો) લોહી, પિત્ત અને કફને પાતળાં પાડી દે છે, વાયુનું અનુલોમન કરે છે, તે પુષ્કળ ગરમ, તીક્ષ્ણ, લૂખું, ખાટું, હૃદયને હિતકર, રુચિ ઉત્પન્ન કરે એવું, સર, દીપન તથા અડકવામાં ઠંડું છે. તે પાંડુરોગ, આંખના રોગ, અને કરમિયાનો નાશ કરે એવું છે.

ગોળ વગેરેનાં શુક્ત ઉત્તરોત્તર હલકાં છે

गुडेक्षुमद्यमार्द्वीकशुक्तं लघु यथोत्तरम् ॥ ७७ ॥

ગોળના શુક્ત કરતાં શેરડીનું શુક્ત હલકું છે, તેના કરતાં મધનું અને મધના કરતાં દ્રાક્ષના રસનું શુક્ત હલકું છે.

કંદ વગેરેમાં શુક્તના ગુણ

कन्दमूलफलाद्यं च तद्वद्विद्यात्तदासुतम् ।

કંદ, મૂળ, ફળ, (ગાંઠા, છાલ, પાંદડાં) વગેરે જે જાતના સરકામાં લાંબા વખત સુધી પડી રહીને અથાયા કરે તે સરકાના ગુણ એ કંદ, મૂળ, ફળ વગેરેમાં આવે છે.

ખાટા થવા દીધેલા આસવના ગુણ

शाण्डाकी चासुतं चान्यत्कालाम्लं रोचनं लघु ॥

શાંડાકી તથા બીજા પણ આસવ જે વખત જતાં ખાટા થતા હોય તે સર્વે રુચિકર તથા હલકા છે.

ધાન્યામ્લ, સૌવીરક અને તુષોદકના ગુણ

धान्याम्लं भेदि तीक्ष्णोष्ण
पित्तकृत्स्पर्शशीतलम् ।
श्रमक्लमहरं रुच्यं दीपनं बस्तिशूलनुत् ॥ ७९ ॥
शस्तमास्थापने हृद्यं लघु वातकफापहम् ।
एभिरेव गुणैर्युक्ते सौवीरकतुषोदके ॥ ८० ॥
कृमिहृद्रोगगुल्मार्शःपाण्डुरोगनिबर्हणे ।
ते क्रमाद्वितुषैर्विद्यात्सतुषैश्च यवैः कृते ॥ ८१ ॥

ધાન્યામ્લ ભેદી, તીક્ષ્ણ, ગરમ, પિત્ત કરનારું, અડકવામાં ઠંડું, થાક તથા કંટાળો મટાડે એવું, રુચિ ઉત્પન્ન કરે એવું, દીપન, મૂત્રાશયમાં શૂળ થતું હોય તેને મટાડે એવું, નિરૂહબસ્તિમાં વાપરવા યોગ્ય, હૃદયને હિતકર, હલકું તથા વાયુ અને કફને મટાડે એવું છે. સૌવીરક અને તુષોદકમાં પણ એ જ એટલે ધાન્યામ્લ જેવા જ ગુણ છે. તે કૃમિરોગ, હૃદયના રોગ, ગોળો, હરસ અને પાંડુરોગને મટાડે છે. તે બે અનુક્રમે ફોતરાં વિનાના અને ફોતરાંવાળા જવનાં બને છે એમ જાણવું. (એટલે ફોતરાં વિનાના જવના આથાના પાણીને સૌવીરક કહે છે, ફોતરાંવાળા જવના આથાના પાણીને તુષોદક કહે છે. ચોખા કે કોદરાના આથાના પાણીને ધાન્યામ્લ કહે છે.)

ગાય વગેરેનું મૂત્ર

मूत्रं गोऽजाविमहिषीगजाश्वोष्ट्रखरोद्भवम् ।
पित्तलं रूक्षतीक्ष्णोष्णं लवणानुरसं कटु ॥ ८२ ॥
कृमिशोफोदरानाहशूलपाण्डुकफानिलान् ।
गुल्मारुचिविषश्वित्रकुष्ठार्शांसि जयेल्लघु ॥ ८३ ॥

ગાય, બકરી, ઘેટી, ભેંશ, હાથી, ઘોડા, ઊંટ, ગધેડા—એમનુ મૂત્ર પિત્ત કરે એવું, લૂખું, તીક્ષ્ણ, ગરમ, થોડુંક ખારું તથા તીખું છે, તેમ જ કરમિયા, સોજો, ઉદરરોગ, આનાહ, શૂલ, પાંડુરોગ, કફ, વાયુ, ગોળો, અરુચિ, ઝેર, ધોળો કોઢ, કુષ્ઠ અને હરસ એટલા રોગને મટાડે છે તથા હલકું છે.

અધ્યાયનો ઉપસંહાર

तोयक्षीरेक्षुतैलानां वर्गैर्मद्यस्य च क्रमात् ।
इति द्रवैकदेशोऽयं यथास्थूलमुदाहृतः ॥ ८४ ॥

આ પ્રમાણે પાણી, દૂધ, શેરડી, તેલ અને મદ્યના વર્ગની જે ખાસ જાણીતી વસ્તુઓ છે. તેનું જ જરૂરજોગું વર્ણન કર્યું છે.

इत्यष्टांगहृदये सूत्रस्थाने द्रवद्रव्यविज्ञानीयोऽध्यायः पञ्चमः ।

અધ્યાય ૬ ઠ્ઠો

अथातोऽन्नस्वरूपविज्ञानीयमध्यायं व्याख्यास्यामः । इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

(દ્રવદ્રવ્ય વિષે કહી રહ્યા પછી) હવે અન્ન (દ્રવ ન હોય એવા આહાર)ના સ્વરૂપ (રસ, વીર્ય, વિપાક, સ્વભાવ, ગુણ, કર્મ વગેરે) વિષેના વિજ્ઞાનનો અધ્યાય કહીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

ધાન પાંચ જાતનું હોય છે: શાલિધાન, વ્રીહિધાન, શૂકધાન, શિંબીધાન અને ક્ષુદ્રધાન

(૬) તૃણધાન.

જે ધાન છડ્યા વિના પણ ધોળું હોય અને હેમંતઋતુમાં જેનો પાક ઊતરે તેને શાલિધાન કહે છે. જે ધાન વર્ષાઋતુમાં (ચક્રપાણિદત્ત પ્રમાણે શરદઋતુમાં) પાકે, છડ્યા પછી ધોળું થાય અને જેને પાકતાં બહુ વાર લાગે તેને વ્રીહિધાન કહે છે. જે ધાનને શૂક એટલે સૂંખળાં (અણીદાર રૂંવાટી અથવા છેડે અણી) હોય છે તેને શૂકધાન કહે છે. જે ધાનના દાણા શિંગ(ફળી)માં થાય તેને શિંબીધાન અથવા શમીધાન કહે છે. જે ધાન ખેતી કર્યા વિના આપોઆપ ઊગી નીકળે છે તેને તૃણધાન, ક્ષુદ્ર-ધાન કે કુધાન કહે છે. શૂકધાનમાં શાલિધાન અને વ્રીહિધાનનો સમાવેશ થઈ જાય છે. સાઠી-ધાન (સાઠીચોખા) વાવ્યા પછી સાઠ દિવસે તૈયાર થાય છે અને ગ્રીષ્મઋતુમાં તે પાકે છે.

શૂકધાનનો મુખ્ય ખોરાક તરીકે ખાવામાં ઉપયોગ થાય છે અને શિંબીધાન તો મુખ્ય ધાન (શૂકધાન) સાથે થોડું ભેળવવા માટે જ અથવા સ્વાદ કરવા ખાતર જ વાપરવાનું હોય છે. વળી શિંબીધાન માફક આવે એવું (પથ્ય) હોતું નથી, તેથી પહેલાં શૂકધાનનું સ્વરૂપ કહે-વાથી અધ્યાયની શરૂઆત કરી છે.

શૂકધાન્ય વર્ગ

શાલિ-ડાંગરના ગુણ

रक्तो महान् सकलमस्तूर्णकः शकुनाहृत ।
सारामुखो दीर्घशूको रोध्रशूकः सुगन्धिकः ॥१॥
पुण्ड्रः पाण्डुः पुण्डरीकः प्रमोदो गौरसारिवौ ।
काञ्चनो महिषः शूको दूषकः कुसुमाण्डकः ॥२॥
लाङ्गला लोहवालाख्याः कर्दमाः शीतभीरुकाः ।
पतङ्गास्तपनीयाश्च ये चान्ये शालयः शुभाः ॥३॥
स्वादुपाकरसाः स्निग्धा वृष्या बद्धाल्पवर्चसः ।
कषायानुरसाः पथ्या लघवो मूत्रला हिमाः ॥४॥

(ડાંગરના ઘણા ભેદ છે. તેમ દેશદેશની ભૂમિની યોગ્યતાના પ્રમાણમાં જુદાજુદા દેશમાં ડાંગરની જુદીજુદી જાતો થાય છે, તેમનાં નામ પણ જુદાંજુદાં હોય છે. આમાં જે નામ આપ્યાં છે તે જાતની ડાંગર ગુજરાતમાં સામાન્ય રીતે હોતી નથી. શૂકધાન્યમાં પ્રથમ રાતી શાળ બતાવી છે તે આપણા પ્રાંતમાં માલૂમ પડે છે. બીજી મહાશાળ છે. કલમ નામની ડાંગર બહુ વખણાય છે. તે કાશ્મીરમાં મહાતંદુલ નામથી ઓળખાય છે. તે ઘણું કરીને બિહાર પ્રાંતમાં ઘણી ઊગે છે. તૂર્ણક જાતની ડાંગર કાશ્મીરમાં આજવ નામથી ઓળખાય છે. શકુનાહૃત ડાંગર પણ બિહાર પ્રાંતમાં થાય છે. એ શ્રાવસ્તી નગરીમાં અને ઉજ્જનમાં વક્ર નામથી ઓળખાય છે. એને માટે એવી વાત કહે છે, કે કોઈ પક્ષીએ એ ડાંગરની લૂમ ચાંચમાં ઘાલીને આણેલી; તે વાવવાથી આ ડાંગરની જાત બિહારમાં બુદ્ધ જન્મ્યા તે વખતે ઊગી. સારામુખ નામે ડાંગર થાય છે તેનાં સૂંખળાં કાળાં હોય છે. દીર્ઘશૂક ડાંગરનાં સૂંખળાં લાંબાં અને ધોળાં હોય છે. રોધ્રશૂક ડાંગરનાં સૂંખળાં લોધરનાં ફૂલના જેવા આકારનાં હોય છે. સુગંધક ડાંગર પંજાબના જાલંધર પ્રદેશમાં અને બિહારમાં ગંધશાલિ તરીકે અને માળવામાં દેવશાલિ તરીકે ઓળ-ખાય છે.)

રક્ત(રાતી)શાળ, મહા(મોટી)શાળ, કલમ, તૂર્ણક, શકુનાહૃત, સારામુખ, દીર્ઘશૂક, રોધ્રશૂક, સુગંધક, પુંડ્ર, પાંડુ, પુંડરીક, પ્રમોદ, ગૌર, સારિવ, કાંચન, મહિષ, શૂક, દૂષક, કુસુમાંડક, લાંગલ, લોહવાલ, કર્દમ, શીત-ભીરુક, પતંગ, તપનીય તથા બીજી જે નુકસાન ન કરે એવી સારી શાળ—ડાંગરની જાતો છે તે સ્વાદે તથા પચ્યા પછી પણ મીઠી, સ્નિગ્ધ, વૃષ્ય, જેમાંથી ઝાડારૂપે થોડું જ નીકળી જાય અને જેનો ઝાડો બંધાયેલો ઊતરે એવી, પાછળ-થી તૂરી લાગે એવી, પથ્ય, હલકી, પેસાબ આણે એવી અને ઠંડી હોય છે.

રાતી શાળ વગેરેના ગુણ

शुकजेषु वरस्तत्र रक्तस्तृष्णात्रिदोषहा ।
महांस्तमनु कलमस्तं चाप्यनु ततः परे ॥५॥

ઉપર જે ડાંગરની જાતો કહી તેમાં રાતી શાળ શ્રેષ્ઠ છે અને તે તરસ તથા ત્રિદોષને મટાડે

છે, તેનાથી ઊતરતી મહાશાળ જાતની ડાંગર છે, તેનાથી ઊતરતી કલમ જાતની ડાંગર છે અને બાકીની રહી તે તેનાથી ઊતરતી છે.

બીજી જાતની ઊતરતી ડાંગરો

यवका हायना- पांसुवाष्पनैषधकादयः ।
स्वादूष्णा गुरवः स्निग्धाः
पाकेऽम्लाः श्लेष्मपित्तलाः ॥६॥
सृष्टमूत्रपुरीषाश्च पूर्वं पूर्वं च निन्दिताः ।

યવક, હાયન, પાંસુબાષ્પ (કોરક), નૈષધક વગેરે ડાંગરના ભેદ છે. તેમાં નૈષધકના કરતાં બાષ્પ નકામી, તે કરતાં પાંસુ જાતની ડાંગર નઠારી, તેનાથી હાયન વધારે નઠારી અને યવક નો સૌથી નઠારી જાણવી. એ સર્વે ગળી, ગરમ, ભારે, સ્નિગ્ધ, પચે ત્યારે ખાટી, કફ અને પિત્ત કરનારી તથા ઝાડો અને પેસાબ આણનારી છે.

સાઠીચોખા

स्निग्धो ग्राही लघुः स्वादुस्त्रिदोषघ्नः
स्थिरो हिमः ॥७॥
षष्टिको व्रीहिषु श्रेष्ठो गौरश्चासितगौरतः ।

જેમ રાતી શાળ બધી શાળો(એ જાતની ડાંગરો)માં ઉત્તમ છે, તેમ સાઠી જાતની ડાંગર વ્રીહિઓ(વ્રીહિ જાતની ડાગરો)માં ઉત્તમ છે. સાઠી બે પ્રકારનો થાય છે: એક ધોળો (ધોળા સ્ંખળાંવાળો) અને બીજો કાળાધોળાં સ્ંખળાવાળો. તેમાંથી પહેલો ઉત્તમ છે. સાઠી-ચોખા સ્નિગ્ધ, ગ્રાહી, હલકા, ગળ્યા, ત્રણે દોષને મટાડનાર, સ્થિર અને શીતવીર્ય છે. તે તાવ, થાક, ગ્લાનિ વગેરેને હરનારા છે, માટે જ રસાયન પ્રયોગમાં અને બીજી જગાએ ઠેરઠેર તે આપવાના કહ્યા છે. જવ પણ સ્થિર છે; પરંતુ ભારે અને વાયુ કરનાર હોવાથી તેનો ઉપયોગ કરવાનું કહ્યું નથી.

ડાંગરની બીજી જાતો

ततः क्रमान्महाव्रीहिकृष्णव्रीहिजतुमुखाः ॥८॥
कुक्कुटाण्डकलावाख्यपारावतकशूकराः ।
वरकोद्दालकोज्ज्वालचीनशारददर्दुराः ॥९॥
गन्धनाः कुरुविन्दाश्च गुणैरल्पान्तराः स्मृताः ।

મહાવ્રીહિ, કૃષ્ણવ્રીહિ, જતુમુખ, કુક્કુટાંડક, લાવાખ્ય, પારાવતક, શૂકર, વરક, ઉદ્દાલક, ઉજ્જ્વાલ, ચીનાઈ, શારદ, દર્દુર, ગંધન અને કુરુવિંદ–એ ડાંગરો અનુક્રમે સાઠી ડાંગર કરતાં ગુણમાં ઊતરતી કહેલી છે.

પાટલ વ્રીહિ

स्वादुरम्लविपाकोऽन्यो व्रीहिः पित्तकरो गुरुः ॥१०॥
बहुमूत्रपुरीषोष्मा त्रिदोषस्त्वेव पाटलः ।

ઉપર જે વ્રીહિની (એ જાતની ડાંગરની) જાતો કહી, તેમાં નહિ આવેલો એક પાડળનાં ફૂલના રંગ જેવા રંગવાળો પાટલ નામનો વ્રીહિ થાય છે. તે ગળ્યો, પચે ત્યારે ખાટો, પિત્ત કરનારો, ભારે, બહુ મૂત્ર અને બહુ ઝાડો તથા બહુ ગરમી પેદા કરનાર તથા ત્રિદોષ કરે એવો છે.

તૃણધાન્ય

कङ्गुकोद्रवनीवारश्यामाकादि हिमं लघु ॥११॥
तृणधान्यं पवनकृल्लेखनं कफपित्तहृत् ।

કાંગ, કોદરા, બંટી, સામો (ચીણો) વગેરે તૃણધાન્ય ઠંડાં, હલકાં, વાયુ કરે એવાં, લેખન અને કફ તથા પિત્તને મટાડે એવાં છે.

કાંગના ગુણ

भग्नसन्धानकृत्तत्र प्रियङ्गुर्बृंहणी गुरुः ॥१२॥

ઉપર કહેલા તૃણધાન્યમાંથી કાંગમાં ભાંગેલું અંગ સાધવાનો ગુણ રહેલો છે, તેમ જ તે બૃંહણ અને ભારે છે. (કાંગ ચાર જાતની થાય છે: રાતી, પીળી, કાળી અને ધોળી. તેમાંથી રાતી કરતાં પીળી ગરમ એમ ઉત્તરોત્તર માગી, લૂખી અને કફ હરનાગી માનેલી છે.)

કોદરાના ગુણ

कोरदूषः परं ग्राही स्पर्शे शीतो विषापहः ।

કોદરા બહુ જ ગ્રાહી, અડકવામાં ઠંડા અને ઝેરના વિકારને મટાડે એવા છે.

જવના ગુણ

रूक्षः शीतो गुरुः स्वादुः सरो विड्वातकृद्यवः ॥१३
वृष्यः स्थैर्यकरो मूत्रमेदःपित्तकफान् जयेत् ।
पीनसश्वासकासोरुस्तम्भकण्ठत्वगामयान् ॥१४॥

જવ લૂખા, ઠંડા, ભારે, ગળ્યા, સર, ઝાડો

તથા વાયુ કરે એવા, વૃષ્ય, સ્થિરતા કરનાર અને મૂત્ર, ચરબી, પિત્ત તથા કફના રોગને જીતનારા છે. તે જ રીતે સળેખમ, દમ, ઉધરસ, ઊરુસ્તંભ તથા ગળાના અને ચામડીના રોગને પણ મટાડે છે.

(ઝાડો કરનાર એટલે પચ્યા પછી જેનો વધારે ભાગ ઝાડારૂપે નીકળી જાય એવા.)

જવની બીજી જાતો

न्यूनो यवादनुयवो रूक्षोष्णो वंशजो यवः ।

બીજી જાતનો એક જવ થાય છે તેને કોઈ ઠેકાણે અનુયવ* (ખાડિયા જવ) કહે છે. તે જવથી ઊતરતા ગુણનો છે.

વાંશિયા જવ વાંસમા ઉત્પન્ન થાય છે. તે લૂખા તથા ગરમ છે.

ઘઉંના ગુણ

वृष्यः शीतो गुरुः स्निग्धो जीवनो वातपित्तहा ॥ १५
सन्धानकारी मधुरो गोधूमः स्थैर्यकृत्सरः ।

ઘઉં વૃષ્ય, ઠંડો, ભાર, સ્નિગ્ધ, જીવન, વાતપિત્તને મટાડે એવો, ભાગેલા અંગને સાંધનાર, ગળ્યો, સ્થિરતા કરનાર અને સર છે.

ઘઉંની જાત

पथ्या नन्दीमुखी शीता कषायमधुरा लघुः ॥ १६

એક જાતનો ઘઉં લાંબો અને પાતળો થાય છે, તેને 'નંદીમુખી' ઘઉ કહે છે. તે ઘઉં પથ્ય, ઠંડો, તૂરો, ગળ્યો અને હલકો છે.

શિંબીધાન્ય વર્ગ

શિંબીધાન્યના સામાન્ય ગુણ

मुद्गाढकीमसूरादि शिम्बीधान्यं विबन्धकृत् ।
कषायं स्वादु सङ्ग्राहि कटुपाकं हिमं लघु ॥ १७
मेदःश्लेष्मास्रपित्तेषु हितं लेपोपसेकयोः ।

મગ, તુવેર, મસૂર વગેરે શીંગમાં થનારાં અનાજ વિબંધ કરે છે, એ તૂરાં, ગળ્યાં, સંગ્રાહી, પચે ત્યારે તીખાં, શીતવીર્ય, હલકાં તથા ચરબી, કફ અને રક્તપિત્તમા હિતકારક છે. લેપ કરવાથી તથા શેકધાનમા થોડાં ભેળવીને ખાવાથી ફાયદો કરે છે. 'વગેરે' શબ્દમાં મઠ, ચણા, વાલ, ચોળાનો સમાવેશ થઈ જાય છે.

મગના ગુણ

वरोऽत्र मुद्गोऽल्पचलः कलायस्त्वतिवातलः॥१८
राजमाषोऽनिलकरो रूक्षो बहुशकृद्गुरुः ।

શિંબીધાન્યમાં મગ ઉત્તમ છે અને તે થોડા વાયડો છે. વટાણા બહુ વાયડા છે. ચોળા વાયડા, લૂખા અને બહુ મળ બનાવે એવા તથા ભારે છે.

કળથીના ગુણ

उष्णाः कुलत्थाः पाकेऽम्लाः
शुक्राश्मश्वासपीनसान् ॥ १९ ॥
कासार्शःकफवातांश्च घ्नन्ति पित्तास्रदाः परम् ।

કળથી ગરમ, પચ્યા પછી ખાટી, વીર્યની પથરીનો રોગ; દમ, પીનસ, ઉધરસ, હરસ અને કફ તથા વાયુને મટાડે એવી છે તેમ જ અતિશય રક્તપિત્ત કરે એવી છે. (એ કઠોળ છે માટે તૂરી. ગળી, ગ્રાહી એવા કઠોળના સામાન્ય ગુણ પણ એમા સમજવા. એ ઉષ્ણવીર્ય છે તથા રક્તપિત્ત કરે છે, માટે આંખને નુકસાન કર એવી જાણવી.)

વાલના ગુણ

निष्पावो वातपित्तास्रस्तन्यमूत्रकरो गुरुः ॥ २० ॥
सरो विदाही दृक्छुक्रकफशोफविषापहः ।

વાલ વાયુ, પિત્ત, લોહી, ધાવણ અને મૂત્ર ઉત્પન્ન કરે એવા છે; ભારે, સર, વિદાહી છે; આંખ, વીર્ય, કફ, સોજો અને ઝેરનો નાશ કરે એવા છે.

અડદના ગુણ

माषः स्निग्धो बलश्लेष्ममलपित्तकरः करः ॥ २१ ॥
गुरूष्णोऽनिलहा स्वादुः शुक्रवृद्धिविरेककृत् ।

અડદ સ્નિગ્ધ છે; બળ, કફ, મળ અને પિત્તને પેદા કરે એવા છે, સર છે; ભારે, ગરમ, વાયુને મટાડે એવા, ગળ્યા, વીર્યની વૃદ્ધિ કરે એવા અને વીર્યને ઝટ બહાર કાઢે એવા છે.

કટભી તથા કૌંચાંના ગુણ

फलानि माषवद्विद्यात्काकाण्डोलात्मगुप्तयोः ॥ २२

કટભી (ગરણી) નામની એક વનસ્પતિ થાય છે તેના ફળ તથા કૌવચનાં ફળ (કૌંચાં)

* (અનુયવને શૂક એટલે અણીદાર રૂંવાડાં કે અણી હોતી નથી; તેથી તેને ખાડિયો કે બુઠ્ઠો જવ કહે છે.)

પણ અડદના જેવા ગુણવાળાં છે એમ જાણવું.

તલના ગુણ

उष्णस्त्वच्यो हिमः स्पर्शे केश्यो बल्यस्तिलो गुरु
अल्पमूत्रः कटुः पाके मेधाऽग्निकफपित्तकृत् ॥२३

તલ ગરમ તથા ચામડીને હિતકર, અડકવામાં શીતળ, માથાના વાળને વધારે એવા, બળ આપનાર, ભારે, પેસાબ થોડો આણે એવા, પચ્યા પછી તીખા, મેધા, જઠરાગ્નિ, કફ અને પિત્ત એ સર્વનો વધારો કરે એવા છે.

અળશીના તથા કસુંબીના બીજના ગુણ

स्निग्धोमा स्वादुतिक्तोष्णा कफपित्तकरी गुरुः ।
दृक्शुक्रहृत्कटुः पाके तद्वद्वीजं कुसुम्भजम् ॥२४

અળશી સ્નિગ્ધ, ગળી, કડવી, ગરમ, કફ અને પિત્ત કરે એવી, ભારે, આંખ અને વીર્યને હાનિ કરે એવી તથા પચે ત્યારે તીખી છે.

કસુંબીના બીજના ગુણ અળસીના જેવા જ છે.

હલકી જાતનુ અન્ન

माषोऽत्र सर्वेष्ववरो यवकः शूकजेषु च ।

તમામ શિંબીધાનમાં અડદ બધા કરતાં ખરાબ છે તથા શૂકધાનમાં શ્લોક નં. ૫૨ વાળા યવક ચોખા સૌથી ખરાબ છે.

નવું ધાન વગેરેના ગુણ

नवं धान्यमभिष्यन्दि लघु संवत्सरोषितम् ॥२५
शीघ्रजन्म तथा सूप्यं निस्तुषं युक्तिभर्जितम् ।

જેને પાકયા પછી એક વરસ ન વીતી ગયું હોય એવું નવું ધાન અભિષ્યંદી છે. પાકયા પછી એક વરસ સુધી રાખી મૂકેલુ ધાન હલકું બને છે. (પણ એક વરસથી વધારે રાખી મૂકવાથી સત્ત્વ વિનાનુ બની જાય છે.) વાવ્યા પછી થોડા જ દિવસમાં પાકે એવું, છડેલું (ફોતરાં વિનાનુ), યુક્તિથી શેકેલું અને ભરડવાથી જેની દાળ પડે એવુ (મગ જેવુ) શિંબીધાન હલકું છે.

રાંધેલું અન્ન

મંડના ગુણ

मण्डपेयाविलेपीनामोदनस्य च लाघवम् ॥ २६ ॥
यथापूर्वं शिवस्तत्र मण्डो वातानुलोमनः ।
तृड्ग्लानिदोषशेषघ्नः पाचनो धातुसाम्यकृत् ॥२७
स्रोतोमार्दवकृत्स्वेदी सन्धुक्षयति चानलम् ।

મંડ, પેયા, વિલેપી અને ભાત એમાંથી પહેલાંની બનાવટ પછીની બનાવટ કરતાં હલકી હોય છે; એટલે ભાત કરતાં વિલેપી, તે કરતાં પેયા અને તે કરતાં મંડ હલકો જાણવો. તેમાં મંડ બહુ હિતકારક અને વાયુને તેના સ્વાભાવિક માર્ગમાં લાવી મૂકનાર છે. વળી તે તરસ, ગ્લાનિ, લંઘન પછી બાકી રહેલા દોષને મટાડે એવો, પાચન, ધાતુઓને યોગ્ય પ્રમાણમાં લાવી મૂકે એવો સ્રોતોને, કુમળા બનાવે એવો પરસેવો લાવે એવો અને અગ્નિને પ્રદીપ્ત કરે એવો છે.

મંડ–જે દ્રવ્યનો મંડ કરવો હોય તે દ્રવ્ય કરતાં ચૌદગણુ પાણી લેવુ. પછી પાણી અને દ્રવ્ય ભેગાં કરી દ્રવ્ય બફાય અને સીજે ત્યાં સુધી ઉકાળવું. પછી એમાંથી ઓસામણ નિતારી લેવું. આ ઓસામણને મંડ કહે છે,

પેયા–જેટલા દ્રવ્યની પેયા બનાવવાની હોય તેના કરતાં વજનમાં ચૌદગણું પાણી લેવું. પછી દ્રવ્ય અને પાણી ભેગાં કરી ઉકાળવાં. જ્યારે દ્રવ્ય બરાબર પાકે કે તરત ખૂબ પ્રવાહી રહે એ સ્થિતિમાં એને ઉતારી લેવું. આવી બનાવટને પેયા કહે છે.

વિલેપી–જે દ્રવ્યની વિલેપી બનાવવાની હોય તે દ્રવ્ય એક ભાગ અને પાણી એનાથી ચારગણું લેવું. પછી બન્નેને ભેગાં કરી ઉકાળતાં-ઉકાળતાં જ્યારે એ દ્રવ્ય બફાઈને સીજીને ખડું લચકો (લોચો) દાળ જેવું ઘટ્ટ બની જાય, ત્યારે એ બનાવટને વિલેપી કહે છે.

ઓદન–જે દ્રવ્યનો ઓદન બનાવવાનો હોય તે દ્રવ્ય બફાઈને અને સીજીને છૂટા ભાત જેવું (જેનો દાણેદાણો બફાઈને સીજયો હોય છતાં દાણેદાણો છૂટો રહ્યો હોય અને પાણીનો અંશ પણ ન રહ્યો હોય એવા ભાત જેવું) થાય ત્યારે એ બનાવટને ઓદન કહે છે.

મંડ, પેયા, વિલેપી અને ઓદન બનાવવા માટે પચવામાં હલકામાં હલકી વસ્તુ ડાંગરની ધાણી કે ફૂલેલા મમરા છે.

પેયાના ગુણ

क्षुत्तृष्णाग्लानिदौर्बल्यकुक्षिरोगज्वरापहा ॥ २८
मलानुलोमनी पथ्या पेया दीपनपाचनी ।

પેયા ભૂખ, તરસ, ગ્લાનિ, દૂબળાપણું, કૂખના રોગ અને તાવને મટાડે છે; વાયુ વગેરે મળોનું અનુલોમન કરે છે; એ પથ્ય, દીપન અને પાચન છે.

વિલેપીના ગુણ

विलेपी ग्राहिणी हृद्या तृष्णाघ्नी दीपनी हिता ॥
व्रणाक्षिरोगसंशुद्धदुर्बलस्नेहपायिनाम् ।

વિલેપી ગ્રાહી, હૃદ્ય, તરસ મટાડે એવી, દીપન છે; એ વ્રણ અને આંખના રોગવાળાને, જેનું શોધન કર્યું હોય તેને, દૂબળાને અને જેને (ઘી વગેરે) સ્નેહપાન કરાવ્યુ હોય તેને ફાયદો કરે છે.

ઓદનના ગુણ

सुधौतः प्रस्रुतः स्विन्नोऽत्यक्तोष्मा चौदनो लघुः ।
यश्चाग्नेयौषधक्वाथसाधितो भृष्टतण्डुलः ।
विपरीतो गुरुः क्षीरमांसाद्यैर्यश्च साधितः ॥३१

સારી રીતે ધોયેલા ચોખાનો રાંધેલો, ઓસામણ કાઢી નાખેલો, સીજવેલો, ગરમાગરમ ભાત હલકો હોય છે. ચિત્રા વગેરે ગરમ ઔષધના ક્વાથમાં રાંધેલો ભાત વધારે હલકો થાય છે. શેકેલા ચોખાનો ભાત તો તેથી પણ વધારે હલકો થાય છે; એથી ઊલટો એટલે ધોયા વિના ઓરેલા ચોખાનો, ન ઓસાવેલો, ન સીજેલો, ઠંડો પડી ગયેલો હોય તે ભારે સમજવો. દૂધમાં બનાવેલો ભાત પચવામાં ભારે છે; તેમ જ માંસરસ, ઘી વગેરેથી બનાવેલો ભાત પણ પચવામાં ભારે છે.

બનાવટના ભારેપણાનો કે હલકાપણાનો આધાર કઈ બાબતો પર છે ?

इति द्रव्यक्रियायोगमानाद्यैः सर्वमादिशेत् ।

મંડ, પેયા, વિલેપી અને ઓદન પચવામાં હલકાં બને છે કે ભારે તેનો આધાર એ કયા દ્રવ્યનાં બનાવ્યાં છે, કેવી રીતે બનાવ્યાં છે, અંદર બીજું શું શું નાખ્યું છે, જ્યાં એક જ દ્રવ્ય હોય ત્યાં એ વધારે લીધું છે કે ઓછું અને જ્યાં વધારે દ્રવ્ય ભેગાં કરીને બનાવવાનાં હોય ત્યાં કયું દ્રવ્ય કેટલું ભેળવ્યું છે વગેરે બાબતો ઉપર રાખે છે. (તે ઉપરાંત એ દ્રવ્યના દેશ અને કાળ ઉપર એની બનાવટના હલકાભારેપણાનો આધાર રાખે છે.)

દાખલા તરીકે (દ્રવ્યનો દાખલો) જવના મંડ કરતાં રાતી શાળનો મંડ વધારે હલકો છે. (ક્રિયાનો દાખલો) તેવતા ઉપર શેકાયલી વસ્તુ કરતાં તેવતાથી તપેલી કડાઈ વગેરેમાં ગરમ થયેલી, રેતીમાં ફોડેલી એ જ વસ્તુની ઘાણી વધારે હલકી છે. (યોગનો દાખલો) મરી વગેરે ખાધેલું પચાવે એવા મસાલાવાળી વાની એવા મસાલા વિનાની એ જ વાની કરતાં વધારે હલકી છે. (માન એટલે માપનો દાખલો) હલકી વસ્તુ પણ માપ કરતાં વધારે ખાવાથી ભારે પડે છે અને ભારે વસ્તુ બહુ ઓછી ખાવાથી પચી જાય છે. મગની દાળની ખીચડીમાં મગની દાળ વધારે હોય તો ખીચડી ભારે બને છે અને ચોખા વધારે હોય તો ખીચડી હલકી બને છે. (દેશના દાખલા) જાંગલ દેશના ચોખાનો ભાત અનૂપ દેશના ચોખાના ભાત કરતાં હલકો છે. ખરાબ વાસણમાં પડી રહેલી દ્રાક્ષનું શરબત સારા વાસણમાં રાખી મૂકેલી દ્રાક્ષના શરબત કરતાં ભારે છે. તાંબાના વાસણમાં રાંધેલો ભાત માટીના વાસણમાં રાંધેલા ભાત કરતાં હલકો છે. (કાળના દાખલા) વર્ષાઋતુમાં પડેલા વરસાદના અદ્ધર ઝીલેલા પાણીમાં રાંધેલો ભાત પથ્ય છે, વર્ષાઋતુ સિવાય પડેલા વરસાદના પાણીમાં રાંધેલો ભાત અપથ્ય છે. ઉકાળીને ઠારેલું પાણી દિવસનું ઉકાળેલું દિવસે અને રાતનું ઉકાળેલું રાતે પથ્ય છે, પણ દિવસે ઉકાળીને ઠારી રાખેલું પાણી રાતવાસી થાય તો તે અપથ્ય છે. વાવ્યા પછી પાકતાં થોડા દિવસ લાગે એવા ધાનની બનાવટ વાવ્યા પછી ઘણે દિવસે પાકે એવા ધાનની એ જ બનાવટ કરતાં વધારે હલકી છે. કાચા કે સૂકા મૂળાનું શાક પથ્ય છે, ઘરડા કે લીલા મૂળાનું શાક અપથ્ય છે.

માંસરસના ગુણ

बृंहणः प्रीणनो वृष्यश्चक्षुष्यो व्रणहा रसः ॥३२॥

માંસનો રસ બૃંહણ, પ્રીણન, વૃષ્ય, આંખને હિતકર અને વ્રણને મટાડનાર છે.

નોંધ : માંસરસ ત્રણ જાતનો હોય છે-કૃત, અકૃત અને દકલાવણિક. ઘી, તેલ વગેરે સ્નેહ અને સૂંઠ વગેરે મસાલાવાળો માંસરસ કૃત કહેવાય છે અને એ બધું ન નાખેલો માંસરસ અકૃત કહેવાય છે. જેમાં માંસ વગેરે થોડું વાપર્યું હોય અને બહુ જ પાતળો બનાવ્યો હોય એવો માંસરસ દકલાવણિક કહેવાય છે.

માંસરસ બનાવવાની રીત

બકરીના સાથળનું હાડકાં વિનાનું અને તેતરનું હાડકાં વિનાનું સોળ તોલા માંસ લેવું. તેનું ઝીણું કચુબર કરવું. એ કચુંબર પાણીથી ધોઈ નાખવુ. પછી એમાં લીંડીપીપર, પીપરીમૂળ, સૂંઠ, ચિત્રક અને ધાણા એટલો મસાલો દરેક અડધો અડધો તોલો નાખવો. એમાં ૩૮૪ તોલા (દોઢ આઢક) પાણી નાખવુ. એ બધું ભેગું કરી ઉકાળવું. ઊકળતાં ઊકળતા ચોથા ભાગનું પાણી બાકી રહે, ત્યારે દેવતા પરથી ઉતારી લેવું. પછી એમાં દાડમના આઠ તોલા દાણા કચરીને નાખવા. પછી એ બધું ખૂબ મસળીને એને કપડાથી ગાળી લેવું. ગાળી લીધેલા પાણીમાં હિંગ, સિંધવ અને જીરું નાખવાં. એને બરાબર ધૂપ દઈને આપવામાં આવે તો જેમણે શોધન કર્યું હોય તેમને, જે શોધન કરવા માગતા હોય તેમને, જે સુકાતા જતા હોય તેમને, જેમનો રોગ તદ્દન મટી ગયો હોય તેમને, વ્રણવાળાને, વાયુના રોગવાળાને, જેમનુ હાડકું ભાગ્યુ હોય કે સાંધામાંથી ઊતરી ગયુ હોય તેમને, જેમની ધાતુઓ ઓછી થઈ ગઈ હોય તેમને તથા જેમની ઇન્દ્રિયોની શક્તિ તથા ઓજસ ઓછાં થઈ ગયા હોય તેમને આ માંસરસ પથ્ય છે.

આ માંસરસ માપસર અને માફકસર જ પીવો જોઈએ. ઉપર આપેલાં વજન વસ્તુઓનું પ્રમાણ દેખાડે છે. જે પ્રાણીનું માંસ જે રોગમાં વાપરવાનું કહ્યું હોય તે પ્રાણીના માંસનો માંસરસ બનાવવો.

રસ : માંસથી બનાવેલો માંસરસ.

ખલ : જે રીતે માંસરસ બનાવવાનો કહ્યો છે, તે રીતે માંસને બદલે ફળનો ફળરસ બનાવવામાં આવે તેને ખલ કહે છે.

કાંબલિક : જે રીતે માંસરસ બનાવવાનો કહ્યો છે, તે રીતે માંસને બદલે મૂળ(ઝાડનાં મૂળિયાં)નો રસ બનાવીને અંદર તલનુ કચરિયું અને ખટાઈ આગળપડતી નાખે તેને કાંબલિક કહે છે.

યૂષ : જે રીતે માંસરસ બનાવવાનો કહ્યો છે, તે રીતે માંસને બદલે અનાજ(ધાન)નો રસ બનાવવામાં આવે તેને યૂષ કહે છે.

મગના યૂષના ગુણ

मौद्गस्तु पथ्यः संशुद्धव्रणकण्ठाक्षिरोगिणाम् ।

મગનુ પાણી એટલે યૂષ, દોષનુ શોધન કરેલાને, વ્રણવાળાને તથા ગળા અને આંખના રોગવાળાને પથ્ય છે. એ પણ સંસ્કાર આપેલો (કૃત) અને સંસ્કાર નહિ આપેલો (અકૃત) એવા બે પ્રકારનો જાણવો. સંસ્કાર આપેલો મગનો યૂષ આ પ્રમાણે છે : ૮ તોલા મગ લઈને સોળગણા પાણીમાં રાંધવા તથા ચતુર્થાંશ પાણી રહે તેમા તે મગ ચોળી નાખવા અને પાણી લૂગડાથી ગાળી લેવું. તેમા દાડમના બીજનો રસ ચાર તોલા નાખવો. સિંધવ, સૂંઠ, ધાણા એ ત્રણ વાનાં પા પા તોલો નાખવાં. પીપર, અને જીરું ત્રણ ત્રણ માસા નાખવુ. આ પ્રમાણે સંસ્કારવાળો થયેલો મગનો યૂષ પિત્ત તથા કફના રોગને હરે છે. એ પ્રમાણે જુદા જુદા રોગ માટે જુદા જુદા ઓષધોનો સંસ્કાર અપાય છે.

કળથીના યૂષના ગુણ

वातानुलोमी कौलत्थो गुल्मतूनीप्रतूनिजित् ॥

કળથીનો યૂષ વાયુનું અનુલોમન કરે છે, ગોળો અને તૂનિ તથા પ્રતૂનિરોગને મટાડે છે.

તલ, ખોળ વગેરેની બનાવટોના ગુણ

तिलपिण्याकविकृतिः शुष्कशाकं विरूढकम् ।

शाण्डाकीवटकं दृग्घ्नं दोषलं ग्लपनं गुरु ॥३४॥

તલ અને ખોળની બનાવટો (તલસાંકળી, ખોળ અને ગોળની વાની વગેરે), શાકની સૂકવણી, વરૂઢા (શણગેલું ધાન), શાંડાકી વટક (શાંડાકી અ૦ ૫, ૭૮ તથા વડું-શાંડાકીમાં બોળેલું વડું કે શાડાકીથી બાંધેલું વડું તે શાડાકી વટક), એ સર્વ આંખને નુકસાન કરે એવાં, ત્રણ દોષને બગાડે એવાં, ગ્લાનિ કરે એવાં અને ભારે છે.

શિખંડના ગુણ

रसाला बृंहणी वृष्या स्निग्धा बल्या रुचिप्रदा ।

શિખંડ, બૃંહણ, વૃષ્ય, સ્નિગ્ધ, બળ આપનાર તથા રુચિ ઉપજાવનાર છે.

પાનકના ગુણ

श्रमक्षुत्तृट्क्लमहरं पानकं प्रीणनं गुरु ॥ ३५ ॥
विष्टम्भि मूत्रलं हृद्यं यथाद्रव्यगुणं च तत् ।

પાનક (શરબત) થાક, ભૂખ, તરસ, કંટાળો, એ બધું મટાડે છે, પ્રીણન તથા ભારે છે, વિષ્ટંભી, મૂત્રલ, હૃદયને હિતકર તથા જે પદાર્થનું બનાવ્યું હોય તે પદાર્થના ગુણવાળું તે થાય છે.

ડાંગરની ધાણીના ગુણ

लाजास्तृट्छर्द्यतीसारमेहमेदःकफच्छिदः ॥ ३६ ॥
कासपित्तोपशमना दीपना लघवो हिमाः ।

ડાંગરની ધાણી તરસ, ઊલટી, ઝાડાનો (અતિસારનો) રોગ, પ્રમેહ, ચરબી તથા કફરોગને મટાડે છે; ઉધરસ અને પિત્તને શમાવે છે, દીપન, હલકી, તથા ઠંડી (શીતવીર્ય) છે.

પૌંઆના ગુણ

पृथुका गुरवो बल्याः कफविष्टम्भकारिणः ॥ ३७ ॥

પૌંઆ ભારે, બળ આપનાર તથા કફ અને વિષ્ટંભ કરનારા છે.

ધાણીના ગુણ

धाना विष्टम्भिनी रूक्षा तर्पणी लेखनी गुरुः ।

ધાણી વિષ્ટંભી, લૂખી, તર્પણ, લેખન અને ભારે છે.

સાથુના ગુણ

सक्तवो लघवः क्षुत्तृट्श्रमनेत्रामयव्रणान् ॥ ३८ ॥
घ्नन्ति सन्तर्पणाः पानात्सद्य एव बलप्रदाः ।
नोदकान्तरितान्न द्विर्न निशायां न केवलान् ॥
न भुक्त्वा न द्विजैश्छित्त्वा सक्तूनद्यान्न वा बहून् ।

ફોતરાં વિનાના જવને શેકીને દળેલા લોટને સાથુ કહે છે. સાથુ હલકો છે તથા ભૂખ, તરસ, થાક, આંખના રોગ તથા વ્રણને મટાડે છે, તર્પણ છે તથા પાણીમાં ડોહીને પીવાથી તરત જ બળ આપે છે. (હલકો છે માટે લૂખો અને વાયુ કરે એવો પણ જાણવો. સાથુ લૂખો અને વાયુજનક છે તથાપિ તૃપ્તિ કરનારો અને તત્કાળ બળ ઉપજાવનારો છે; કેમ કે એવો એનો પ્રભાવ છે.) સાથુ ખાતા વચમા પાણી ન પીવું, સાથુ દિવસમાં બે વાર ન ખાવો, રાતે ન ખાવો, પાણી વગેરે વિના એકલો ન ખાવો, બીજું કાંઈ ખાધા ઉપર ન ખાવો, દાંતે કરડીને (સાથુનો લાડુ વગેરે) ન ખાવો અને અતિશય ન ખાવો.

ખોળના ગુણ

पिण्याको ग्लपनो रूक्षो विष्टम्भी दृष्टिदूषणः ॥

ખોળ ગ્લાનિ કરનારો, લૂખો, વિષ્ટંભી અને આંખને નુકસાન કરનારો છે.

માંસના વેસવારના ગુણ

वेसवारो गुरुः स्निग्धो बलोपचयवर्धनः ।

માંસનો વેસવાર (પૂરણ) ભારે, સ્નિગ્ધ તથા બળ અને શરીરને વધારે એવો છે.

પૂરણના ગુણ

मुद्गादिजास्तु गुरवो यथाद्रव्यगुणानुगाः ॥४१॥

મગ વગેરેના વેસવાર ભારે અને જે પદાર્થોના તે બનાવેલા હોય તેના ગુણવાળા હોય છે. (વેસવારમાં લોટ, મસાલા વગેરેનો પણ સમાવેશ થાય છે.)

રોટલા-રોટલી વગેરેના ગુણ

कुकूलकर्परभ्राष्ट्रकन्द्वङ्गारविपाचितान् ।
एकयोनींल्लघून्विद्यादपूपानुत्तरोत्तरम् ॥ ४२ ॥

રોટલી (રોટલો, ભાખરી વગેરે) એના એ દ્રવ્યના લોટની બનાવી હોય તો કુકૂલ પર પકવેલી રોટલી કરતાં કર્પર (કે ખર્પર) પર પકવેલી રોટલી વધારે હલકી બને છે. કર્પર કરતા ભ્રાષ્ટ્ર પર પકવેલી રોટલી વધારે હલકી બને છે, ભ્રાષ્ટ્ર કરતાં કંદુ પર પકવેલી રોટલી વધારે હલકી બને

છે અને કંદુ કરતાં અંગારા પર નાખીને પકવેલી રોટલી વધારે હલકી બને છે. (કહેવાનો આશય એ છે કે દેવતા અને રોટલી વચ્ચે જેમ ઓછું અંતર રહે તેમ રોટલી વધારે હલકી બને છે. કુકૂલ વગેરે શબ્દોના અર્થ જુદાજુદા માણસો જુદાજુદા કરે છે. પણ આપણે એમાંથી એક અર્થ લઈશું.)

भस्मगोमयचूर्णादिपिहितोऽग्निः कुकूलकः ।
ईषज्ज्वलितवह्निस्य कपालमिह कर्परम् ॥
भ्राष्ट्रं नामाग्निपतापादग्निवर्णं तु मृन्मयम् ।
कन्दुः स्यात्सुबहुच्छिद्रो वह्निज्वालाप्रवेशवान् ॥
अज्वालो दग्धकाष्ठोऽग्निर्विधूमोऽङ्गार उच्यते ।

કુકૂલ=રખ્યા, છાણનો ભૂકો વગેરેથી છવાયેલો (ભારેલો) દેવતા.

કર્પર=થોડા સળગેલા દેવતા ઉપર મૂકેલો (માટીનો) તવો (ઠીબ).

ભ્રાષ્ટ્ર=દેવતાથી તપીને લાલચોળ (અગ્નિ જેવા રંગનો) બની ગયેલો માટીનો તવો.

કંદુ=અગ્નિના ભડકા જેમાંથી પેસી શકે એવાં અનેક કાણાંકાણાંવાળો (ચારણી જેવો) તવો.

અંગારા=ધુમાડો વિનાના સળગતા અંગારા.

માંસવર્ગ

મૃગવર્ગ

हरिणैणकुरङ्गर्क्षगोकर्णमृगमातृकाः ।
शशशम्बरचारुष्कशरभाद्या मृगाः स्मृताः ॥४३

હરણ, એણ, કુરંગ, ઋક્ષ, ગોકર્ણ, મૃગમાતૃકા, સસલો, સાબર, ચારુષ્ક અને શરભ વગેરે પશુઓ મૃગવર્ગનાં છે. (એ ઉપરાંત કાલપુચ્છક, પૃષત વગેરે પણ એમાં જ ગણાય છે.)

નોંધ=હરણ=તાંબાવર્ણો મૃગ, એણ=કાળિયાર જ, કાળો મૃગ. કુરંગ=બીજા મૃગો કરતાં વધારે ઝડપી અને ચતુર ગતિવાળો મૃગ. ઋક્ષ=ભૂરા અંડવાળું પ્રાણી છે. ગોકર્ણ=ગાય જેવા કાનવાળું ગધેડાના આકારનું પ્રાણી. મૃગમાતૃકા=હલકા અને મોટા પેટવાળી, સસલા જેવી હોય છે. શશ=સસલું. શંબર=સાબર. ચારુષ્ક=શરીરે બહુ દેખાવડું હોય છે. શરભ=એને આઠ પગ હોય છે; એમાંથી ચાર પગ પીઠ (બરડા) પર હોય છે. ઊંટ જેવડું મોટું હોય છે, મોટાં શિંગડાં હોય છે, કાશ્મીરમાં મળી આવે છે. પૃષત=ટપકાંટપકાંવાળો ચિત્રમૃગ.

વિષ્કિરવર્ગ

लाववार्तीकवर्तीररक्तवर्त्मककुक्कुभाः ।
कपिञ्जलोपचक्रारव्यचकोरकुरुवाहवः ॥४४॥
वर्तको वर्तिका चैव तित्तिरिः क्रकरः शिखी ।
ताम्रचूडाख्यबकरगोनर्दगिरिवर्तिकाः ॥ ४५ ॥
तथा शारपदेन्द्राभवरटाद्याश्च विष्किराः ।

લાવું, લાવરી, વર્તીર, રક્તવર્ત્મ, કુક્કુભ, ધોળું તેતર, ઉપચક્ર, ચકોર, કુરુબાહુ, ચકલો, ચકલી, તેતર, ક્રકર, મોર, તામ્રચૂડ, બકર, ગોનર્દ, ગિરિકા નામની ચકલી, શારપદ, ઇંદ્રાભ અને વરટ વગેરે વિષ્કિર એટલે વીણી(ખોતરીને) ખાનારાં પક્ષી કહેવાય છે.

પ્રતુદવર્ગ

जीवञ्जीवकदात्यूहभृङ्गाह्वशुकसारिकाः ॥ ४६ ॥
लट्वाकोकिलहारीतकपोतचटकादयः ।
प्रतुदाः

જીવંજીવક, જળકાગડો, ભૃંગાહ્વ નામે પક્ષી, પોપટ, મેના, ચકલીની જાતનું એક પક્ષી જેને કોઈ લોક નટવો કહે છે તે, કોયલ, જંગલી લીલાપીળા રંગનું કબૂતર, હોલો, ચકલી (જુદી જાતની) એ જનાવરો ચાંચ વતી ફોલીને ખાનારાં પક્ષી છે માટે તેમને 'પ્રતુદ' કહે છે.

બિલેશયવર્ગ

भेकगोधाहिश्वाविद्याद्या बिलेशयाः ॥ ४७॥

દેડકો, ઘો, સાપ, શાહુડી, (નોળિયો) વગેરે બિલેશય એટલે દરમાં રહેનાર પ્રાણીઓ છે.

પ્રસહવર્ગ

गोखराश्वतरोष्ट्राश्वद्वीपिसिंहर्क्षवानराः ।
मार्जारमूषकव्याघ्रवृकबभ्रुतरक्षवः ॥ ४८॥
लोपाकजम्बुकश्येनचाषवान्ताद्वायसाः ।
शशघ्नीभासकुररगृध्रोलूककुलिङ्गकाः ॥ ४९ ॥

धूमिका मधुहा चेति प्रसहा मृगपक्षिणः ।

ગાય, બળદ, ગધેડો, ખચ્ચર, ઊંટ, ઘોડો, દીપડો, સિંહ, રીંછ, વાંદરો, બિલાડી, ઉંદર, વાઘ, વરુ, બભ્રુ, તરસ, લોપાક, શિયાળ, શકરો, બાજ, ચાસ, કૂતરો, કાગડો, શશઘ્ની, ઘરનો કુકડો, કુરર, ગીધ, ઘુવડ, કાળો ચકલો, ધૂમિકા નામે જાનવર, મધુહા નામે જાનવર એ બધાં પશુ અને પક્ષીઓ પ્રસહ એટલે બળાત્કારે તોડીફાડીને ખાનારાં છે.

મહામૃગવર્ગ

वराहमहिषन्यङ्कुरुरुरोहितवारणाः ॥ ५० ॥
सृमरश्चमरः खड्गो गवयश्च महामृगाः ।

ભૂંડ, પાડો, ન્યંકુ નામે હરણ, રુરુ નામે હરણ, રોહિત નામે હરણ, હાથી, સૃમર નામે મૃગ, ચમરી ગાય જેનાં પૂંછડાં ચમરીઓ જેવાં થાય છે તે, ગેંડો અને રોઝ એ 'મહામૃગ' કહેવાય છે.

નોંધ: ન્યંકુ=કુરંગ જેવું અને અટપટાં પુષ્કળ શિંગડાંવાળું પ્રાણી. રુરુ=બહુ શિંગડાં-વાળું પણ શરદઋતુમાં પોતાનાં શિંગડાં તજી દે એવું પ્રાણી. રોહિત=રાતા રંગનું હરણ. ગવય=ગાય કે બળદ જેવું દેખાય પણ ગળે લટકતી માંસભરી ગોદડી (ધાબળો) ન હોય તથા વાંસે ખૂંધ (ઢેકો) ન હોય એવું પ્રાણી. સૃમરને સંસ્કૃતમાં વનતુરગ અથવા મહાશૂકર કહે છે.

જળચરવર્ગ

हंससारसकादम्बबककारण्डवप्लवाः ॥ ५१ ॥
बलाकोत्क्रोशचक्राह्वमद्गुक्रौञ्चादयोऽप्चराः ।

હંસ, સારસ, બતક, બગલો, જળકાગડો, જળકૂકડી, બગલાની જાતનું એક બલાકા નામે પ્રાણી, ઉત્ક્રોશ નામે પક્ષી, ચક્રવાક પક્ષી અથવા સરસડાં, મદ્ગુ નામે જળકાગડો, ક્રૌંચ અથવા વહીલા નામે પક્ષી; એ વગેરે 'જળચર' પક્ષીઓ ગણાય છે.

જળચર=પાણીની સપાટી પર ચાલનારાં પ્રાણી.

કારંડવ=હંસ જેવું અને ધોળું જળચર, પ્લવ=મોટું અને ગળે કોથળી લટકતી હોય એવું જળચર. બલાકા=નાના બગલાની જાત.

મત્સ્યવર્ગ

मत्स्या रोहितपाठीनकूर्मकुम्भीरकर्कटाः ॥ ५२ ॥
शुक्तिशङ्खोद्रशम्बूकशफरीवर्मिचन्द्रिकाः ।
चुलुकीनक्रमकरशिशुमारतिमिङ्गिलाः ॥ ५३ ॥
राजीचिलिचिमाद्याश्च

રોહિત, પાઠીન એ જાતના મોટા મત્સ્ય, કાચબો, કુંભીર નામે મગર, કરચલો, છીપમાં રહેનાર માછલી, શંખમાં રહેનાર જળચર, જળબિલાડી, નાના શંખ, ઝીણી માછલી, વર્મિ, ચંદ્રિકા, ચુલુકી નામે જળજંતુ, નક્ર, મકર એ જાતના મગર, શિશુમાર અને તિમિંગિલ નામે મત્સ્ય, રાજી અને ચિલિચિમ નામે જળચર વગેરેને મત્સ્યવર્ગમાં ગણેલાં છે.

નોંધ: મત્સ્ય=પાણીની સપાટી નીચે રહે-નારાં પ્રાણી.

રોહિત–શરીરે લાલ, પીઠ કાળી, માછલાં અને લીલ ખાઈને રહે છે. પાઠીન–પેટ ચાંદી જેવું, બાકીના શરીરનો રંગ કાળો, કાંટાકાંટા-વાળી. કુંભીર–મોટો અને મગર જેવો. વર્મિ–(૧) સાપના આકારની માછલી, (૨) રોહિત માછલીની એક જાત. ચંદ્રિકા–પડખામાં કાંટાકાંટા હોય છે અને ગોળાકાર હોય છે ચુલુકી–હાથી જેવા ઘાટનો, અંદરની બાજુએ મુખવાળો, બહાર નીકળતો શ્વાસ ખાનાર મત્સ્ય, નક્ર–દોરડાના આકારનો. મકર–સિંહ જેવી કે તલવાર જેવી મારી નાંખે એવી દાઢવાળો. શિશુમાર–બચ્ચાંને મારી નાખે એવો. તિમિંગિલ –સો જોજન (ચારસો માઈલ) જેટલા લાંબા-પહોળા જીવોને પણ ગળી જાય એવો. રાજી–બહુ લાંબો અને વજ્ર જેવો. ચિલિચિમ–શીંગડાં-વાળો, લાલ આંખોવાળો; બધી પાસ લાલ લિસોટાવાળો.

આઠ પ્રકારનું માંસ

मांसमित्याहुरष्टधा ।

શાસ્ત્રકારોએ એ પ્રમાણે આઠ પ્રકારનું માંસ કહ્યું છે.

મિશ્ર પ્રદેશનાં પ્રાણી

योनिष्वजावीव्यामिश्रगोचरत्वादनिश्चिते ॥ ५४ ॥

ઉપર કહેલા આઠ પ્રકારમાંથી બકરું તથા ગાડર જાંગલ પ્રદેશમાં હોય છે, તેમ અનૂપ પ્રદેશમાં પણ હોય છે અને ગમે તે પ્રદેશમાં ચરે છે; માટે તેમને ત્રણમાથી અમુક પ્રદેશનાં પ્રાણી કહી શકાય નહિ, તેથી તે મિશ્રપ્રદેશનાં પ્રાણી છે.

કયો પ્રાણીવર્ગ કયા પ્રદેશનો કહેવાય?

आद्यान्त्या जाङ्गलानूपा मध्यौ साधारणौ स्मृतौ ।

આઠ વર્ગમાંથી પહેલાં ત્રણ એટલે મૃગ, વિષ્કિર અને પ્રતુદ એ જાંગલ પ્રદેશમાં થનારાં પ્રાણી જાણવાં અને છેવટનાં ત્રણ એટલે મહામૃગ, જળચર અને મત્સ્ય એ અનૂપ પ્રદેશમાં થનારાં પ્રાણી જાણવાં. વચલા બે વર્ગ એટલે બિલેશય (દરમાં રહેનારાં) તથા પ્રસહ એ બે બંને પ્રદેશમાં થનારાં હોવાથી સાધારણ પ્રદેશનાં સમજવાં.

જાંગલ વર્ગના ગુણ

तत्र बद्धमलाः शीता लघवो जाङ्गला हिताः ॥५५॥
पित्तोत्तरे वातमध्ये सन्निपाते कफानुगे ।

એ પ્રાણીઓમાંથી જાંગલ પ્રદેશનાં પ્રાણી (મૃગ, વિષ્કિર અને પ્રતુદ) ખાવાથી મળ બંધાયેલો થાય છે. તે પ્રાણી શીતવીર્ય, હલકાં અને જે સન્નિપાતમાં પિત્તનું જોર અધિક હોય, વાયુ મધ્યમ હોય અને કફ થોડો હોય તેમાં હિતકારક છે.

સસલાના ગુણ

दीपनः कटुकः पाके ग्राही रूक्षो हिमः शशः ॥

જાંગલ પ્રાણીઓમાં સસલો દીપન, પચે ત્યારે તીખો, ગ્રાહી, લૂખો અને શીતવીર્ય છે.

તેતર વગેરેના ગુણ

ईषदुष्णगुरुस्निग्धा बृंहणा वर्तकादयः ।
तित्तिरिस्तेष्वपि वरो मेधाग्निबलशुक्रकृत् ॥५७॥
ग्राही वर्ण्योऽनिलोद्रिक्तसन्निपातहरः परम् ।

વર્તકથી માંડીને (શ્લોક ૪૪કેથી ૪૬કે) બધાંય જાંગલ પ્રાણીઓ કાંઈક ગરમ, ભારે, સ્નિગ્ધ અને બૃંહણ છે. તે સર્વેમાં વળી તેતર ઉત્તમ છે, કેમ કે તે મેધા ઉત્પન્ન કરનારો, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારો, બળ આપનારો તથા વીર્ય ઉત્પન્ન કરે એવો છે. વળી તે ગ્રાહી, રંગ સુધારે એવો અને જે સન્નિપાતમાં વાયુ પ્રબળ હોય તેને સારી રીતે મટાડે એવો છે.

મોરના ગુણ

नातिपथ्यः शिखी पथ्यः श्रोत्रस्वरवयोदृशाम् ॥

મોર બહુ પથ્ય નથી, ફક્ત કાન (સાંભળવું), અવાજ, જુવાની અને આંખને પથ્ય છે.

કૂકડાના ગુણ

तद्वच्च कुक्कुटो वृष्यः

કૂકડો પણ મોરના જેવા ગુણવાળો છે તથા વૃષ્ય છે.

ગામકૂકડાના ગુણ

ग्राम्यस्तु श्लेष्मलो गुरुः ।

ગ્રામ્ય કૂકડો એટલે ગામમાં રહેનારો કૂકડો કફકર્તા અને ભારે છે.

કકર વગેરેના ગુણ

मेधाऽनलकरा हृद्याः क्रकराः सोपचक्रकाः ॥५९

ક્રકર નામે પક્ષી જેને કોઈ લોક કળકળિયો કહે છે તે તથા ઉપચક્રક પક્ષી જે એક જાતના નાના ચલ્લા જેવું પક્ષી થાય છે, તે મેધા અને અગ્નિને સતેજ કરે એવાં તથા હૃદ્ય છે.

કાણકપોતના ગુણ

गुरुः सलवणः काणकपोतः सर्वदोषकृत् ।

કાણકપોત ભારે, કાંઈક ખારાશ પર અને ત્રણે દોષ કોપાવે એવો છે.

કાણકપોત=એક જાતનો નાનો લાલ હોલો.

ચકલાના ગુણ

चटकाः श्लेष्मलाः स्निग्धा वातघ्नाः
शुक्रलाः परम् ॥ ६० ॥

ચકલાં કફ કરનારાં, સ્નિગ્ધ, વાયુને મટાડે એવાં અને સારી પેઠે વીર્ય ઉત્પન્ન કરનારાં છે.

બિલેશય વગેરે વર્ગનું ઉત્તરોત્તર અધિકપણું

गुरूष्णस्निग्धमधुरा वर्गाश्चातो यथोत्तरम् ।
मूत्रशुक्रकृतो बल्या वातघ्नाः कफपित्तलाः ॥६१॥

બિલેશય પ્રાણીથી માંડીને તે પછીના વર્ગનાં

પ્રાણીઓનુ માંસ ઉત્તરોત્તર વધારે ભારે, ગરમ, સ્નિગ્ધ, ગળ્યુ, મૂત્ર તથા વીર્ય પેદા કરનારું, બળ આપનારું, વાયુને મટાડે એવુ તથા કફ અને પિત્તને પેદા કરે એવું છે; મતલબ કે બિલેશય કરતાં પ્રસહ વર્ગનાં પ્રાણીઓમાં ભારે, ગરમ વગેરે ગુણ વધારે પ્રમાણમાં છે, તે કરતાં મહામૃગમાં વધારે છે, તે કરતાં જળચર અને તે કરતા મત્સ્યમાં ભારે, ગરમ, સ્નિગ્ધ વગેરે ઉપર કહેલા ગુણ વધારે પ્રમાણમાં છે.

મહામૃગ વગેરેના ગુણ

शीता महामृगास्तेषु, क्रव्यादप्रसहाः पुनः ।
लवणानुरसाः पाके कटुका मांसवर्धनाः ॥ ६२ ॥
जीर्णार्शोग्रहणीदोषशोषार्तानां परं हिताः ।

તેમાંયે મહામૃગ વર્ગમાં ગણાવેલાં પ્રાણી શીતવીર્ય (ઠંડા) છે. હવે પ્રસહ વર્ગનાં પણ કાચુ માસ ખાનારા પ્રાણી (બિલાડો, ગીધ, ઘુવડ વગેરે) પચે ત્યારે તીખા થાય છે તથા તેમનો અનુરસ ખારો હોય છે. માસનો વધારો પુષ્કળ કરે છે, નિરામ હરસ, ગ્રહણી અને ક્ષયરોગથી પીડાતા માણસને બહુ હિતકારક છે.

બકરાના માંસના ગુણ

नातिशीतगुरुस्निग्धं मांसमाजमदोषलम् ॥ ६३ ॥
शरीरधातुसामान्यादनभिष्यन्दि बृंहणम् ।

બકરાનું માંસ બહુ ઠંડું નથી તથા બહુ ભારે નથી અને બહુ સ્નિગ્ધ નથી. વળી એ વાયુ વગેરે દોષને કોપાવતું નથી. માણસના શરીરની ધાતુઓના જેવા ગુણવાળી બકરાના શરીરની ધાતુઓ છે, માટે બકરાનું માંસ અભિષ્યંદી નથી અને બૃંહણ છે.

ગાડરનું માંસ

विपरीतमतो ज्ञेयमाविकं बृंहणं तु तत् ॥ ६४ ॥

ગાડર(ઘેટા)નું માંસ બકરાં કરતાં ઊલટા ગુણવાળું છે એટલે બહુ ગરમ, બહુ સ્નિગ્ધ, બહુ ભારે, ત્રણે દોષને કોપાવનારું અને અભિષ્યંદી છે, પણ બૃંહણ છે.

ગોમાંસના ગુણ

शुष्ककासश्रमात्यग्निविषमज्वरपीनसान् ।
कार्श्यं केवलवातांश्च गोमांसं सन्नियच्छति ॥६५

ગાયનું માંસ સૂકી ઉધરસ, થાક, અતિશય અગ્નિ, વિષમજ્વર, સળેખમ, દૂબળાપણુ અને શુદ્ધ વાયુના રોગને મટાડે છે.

પાડાના માંસના ગુણ

उष्णो गरीयान्महिषः स्वप्नदार्ढ्यबृहत्त्वकृत् ।

પાડાનું માંસ ગરમ, વધારે ભારે, નિદ્રા આણનાર તથા શરીરને દૃઢ કરે એવુ અને બૃંહણ છે.

વરાહના માંસના ગુણ

तद्वद्वराहः श्रमहा रुचिशुक्रबलप्रदः ॥ ६६ ॥

ભૂંડના માંસના ગુણ પણ પાડાના માસના જેવા જ છે. તે ઉપરાત ભૂંડનુ માંસ શ્રમ(થાક)-ને મટાડનાર, રુચિ ઉપજાવનાર તથા વીર્ય અને બળ આપનાર છે.

મત્સ્યવર્ગના ગુણ

मत्स्याः परं कफकराः

(પાછળ શ્લોક ૬૧ મા કહ્યુ છે, કે બિલેશય પ્રાણીઓના વર્ગથી માંડીને તે પછીના વર્ગનાં પ્રાણી ઉત્તરોત્તર વધારે ભારે, વધારે ગરમ, વધારે સ્નિગ્ધ, વધારે ગળ્યા, વધારે મૂત્ર-વીર્ય-બળ આપનાર, વિશેષ વાયુનાશક અને વિશેષ કફ અને પિત્ત કરે એવાં છે. એ બધા ગુણો માછલામા સૌથી વધારે છે; કેમ કે એ છેલ્લો વર્ગ છે. એમ છતાં પણ કફ કરવાનો ગુણ તો તેમાં અતિશય જ છે, એ જણાવવાને આ સ્થળમાં વિશેષ કહ્યુ છે, કે) મત્સ્ય બહુ કફકર્તા છે.

ચિલિચિમ મત્સ્યના ગુણ

चिलिचिमस्त्रिदोषकृत् ।

ચિલિચિમ જાતનુ માછલું ત્રિદોષ કરે એવું છે.

સર્વોત્તમ માંસ

लावरोहितगोधैणाः स्वे स्वे वर्गे वराः परम् ॥६७॥

લાવું, રોહિત જાતનો મત્સ્ય, સાંઢા અને એણ (કાળિયાર જ જાતનુ હરણ) પોતપોતાના વર્ગમાં સર્વોત્તમ છે. એટલે લાવું વિષ્કરવર્ગમાં, રોહિત મત્સ્યવર્ગમાં, સાંઢા બિલેશયવર્ગમાં અને એણ મૃગવર્ગમાં સર્વોત્તમ છે.

કેવું માંસ ખાવું?

मांसं सद्योहतं शुद्धं वयःस्थं च भजेत्

તાજા મારેલા પ્રાણીનું માંસ ખાવું. તે માંસ શુદ્ધ એટલે સ્નાયુ તથા હાડકાં વિનાનું અને જુવાન તથા નીરોગી પ્રાણીનું ખાવું. બાળક, વૃદ્ધ કે રોગી પ્રાણીનું માંસ ખાવું નહિ.

કેવું માંસ ન ખાવું?

त्यजेत् ।
मृतं कृशं भृशं मेद्यं व्याधिवारिविषैर्हतम् ॥ ६८ ॥

પોતાની મેળે મરી ગયેલાં પ્રાણીનું (જેના મરવાનુ કારણ જાણવામાં આવતું નથી તેનું) માંસ ન ખાવું, તેમ જ દૂબળા પ્રાણીનું, પુષ્કળ ચરબીવાળા પ્રાણીનું, રોગથી મરેલા પ્રાણીનુ, પાણીમાં ડૂબીને મરેલાનું કે ઝેરથી મરી ગયેલા પ્રાણીનું માંસ ન ખાવું.

નરમાદાના માંસ વગેરેના ગુણ

पुंस्त्रियोः पूर्वपश्चार्धे गुरुणी गर्भिणी गुरुः ।
लघुर्योषिच्चतुष्पात्सु विहङ्गेषु पुनः पुमान् ॥ ६९ ॥
शिरःस्कन्धोरुपृष्ठस्य कट्याः सक्थ्नोश्च गौरवम् ।
तथाऽऽमपक्काशययोर्यथापूर्वं विनिर्दिशेत् ॥ ७० ॥
शोणितप्रभृतीनां च धातूनामुत्तरोत्तरम् ।
मांसाद्गरीयो वृषणमेढ्रवृक्कयकृद्गुदम् ॥ ७१ ॥

પ્રાણીઓમાં નર અને માદા બેમાંથી નરના શરીરનો માથાથી ડૂંટી સુધીનો ભાગ ભારે તથા માદાનો ડૂંટીથી નીચેનો ભાગ ભારે× હોય છે. ગર્ભવાળી માદા બીજી માદાઓ કરતાં ભારે છે. ચોપગાં પ્રાણીમાં સ્ત્રીજાતિનું માંસ નર કરતાં હલકું છે અને પક્ષીઓમાં સ્ત્રીજાતિ કરતાં નરનું માંસ હલકું છે. જાંઘના માંસ કરતાં કમરનું માંસ ભારે છે. તે કરતાં પીઠનું, તે કરતાં સાથળનું, તે કરતાં ખભાનું અને સૌ કરતાં માથાનું માંસ વધારે ભારે છે. વળી પક્વાશય કરતાં આમાશયનું માંસ ભારે છે. વળી લોહી વગેરે ધાતુઓ ઉત્તરોત્તર ભારે છે. એટલે લોહીથી માંસ ભારે, માંસથી ચરબી, ચરબીથી હાડકું, હાડકાંથી મજ્જા અને મજ્જાથી વીર્ય ભારે છે, તેમ જ અંડ, મૂત્રેન્દ્રિય, વૃક્ક (અ. કીડની), કાળજું અને ગુદા એ અંગો માથાના માંસ કરતાં પણ અનુક્રમે એકએક કરતાં વધારે ને વધારે ભારે છે.

ગુદા=મળાશય.

× પચવામાં, તોલમાં ભારે નહિ.

શાકવર્ગ

પાઠાદિવર્ગ

शाकं पाठाशठीसूषासुनिषण्णसतीनजम् ।
त्रिदोषघ्नं लघु ग्राहि सराजक्षववास्तुकम् ॥७२॥

પહાડ નામે વનસ્પતિ, ષડ્કચૂરો, કાસોંદરો, ચોટીગણુ નામે ચાર પાંદડાંની ભાજી, સતીનજ નામે વનસ્પતિ, રાજક્ષવ, બથવાની ભાજી, એ સર્વનાં શાક ત્રિદોષને મટાડે એવાં, હલકાં અને ગ્રાહી છે.

લાંબડીની ભાજી

सुनिषण्णोऽग्निकृद्वृष्यस्तेषु

તેમાં સુનિષણ્ણ(ચાર પાંદડાંની ભાજી)નું શાક જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર અને વૃષ્ય છે.

રાજક્ષવના ગુણ

राजक्षवः परम् ।
ग्रहण्यर्शोविकारघ्नः

રાજક્ષવ ગ્રહણી અને અર્શના રોગ મટાડે છે.

બથવાનું શાક

वर्चोभेदि तु वास्तुकम् ॥७३॥

બથવાની ભાજીનું શાક કઠણ ઝાડાને તોડે એવું છે.

કાકમાચી

हन्ति दोषत्रयं कुष्ठं वृष्या सोष्णा रसायनी ।
काकमाची सरा स्वर्या

ધોળી પીલુડીનું શાક ત્રિદોષને અને કુષ્ઠને મટાડે એવું, વૃષ્ય, જરા ગરમ તથા રસાયન, સર અને અવાજ સુધારે એવું છે.

લૂણીની ભાજી

चाङ्गेर्यम्लाऽग्निदीपनी ॥ ७४ ॥
ग्रहण्यर्शोऽनिलश्लेष्महितोष्णा ग्राहिणी लघुः ।

ચાંગેરી એટલે લૂણી ખાટી, દીપન, ગ્રહણી

રોગ, હરસ, વાયુ, કફ એ સર્વને મટાડે એવી, ગરમ, ગ્રાહી અને હલકી છે.

પટોળ વગેરે

पटोलसप्तच्छदारिष्टशार्ङ्गेष्टावल्गुजाऽमृताः ॥ ७५ ॥
वेत्राग्रबृहतीवासाकुन्तलीतिलपर्णिकाः ।
मण्डूकपर्णीकर्कोटकारवेल्लकपर्पटाः ॥ ७६ ॥
नाडीकलायगोजिह्वावार्ताकं वनतिक्तकम् ।
करीरं कुलकं नन्दी कुचैला शकुलादनी ॥७७॥
कटिल्लं केम्बुकं शीतं सकोशातककर्कशम् ।
तिक्तं पाके कटु ग्राहि वातलं कफपित्तजित् ॥७८

પટોળ, સાથેર, લીમડો, ભારંગી, બાવચી, ગળો, નેતરની ટોચ તરફનો કુમળો ભાગ, ભોરીંગણી, અરડૂસી, કુંતલી, તિલપર્ણિકા, મંડૂકપર્ણી (બ્રાહ્મી), કંકોડાં, કારેલાં, ઘાસિયો પિત્તપાપડો, નાડીકલાય, ગળજીભી, વંતાક, જંગલી કુડો, કેરા, કાકટીઅરવો, નાંદરૂખી, કાળીપાટ, જળપીંપળી, રાતી સાટોડી, કોખીચ, કડવું તૂરિયું, કપિલો—એ અઠ્ઠાવીસ વનસ્પતિઓ કડવી, પચે ત્યારે તીખી, ગ્રાહી, વાયડી અને કફ તથા પિત્તને મટાડે એવી છે.

પટોળ તથા બન્ને રીંગણી

हृद्यं पटोलं कृमिनुत्स्वादुपाकं रुचिप्रदम् ।
पित्तलं दीपनं भेदि वातघ्नं बृहतीद्वयम् ॥ ७९ ॥

પટોળ હૃદયને હિતકર છે, કરમિયાનો નાશ કરે છે, પચે ત્યારે ગળ્યુ અને રુચિ ઉત્પન્ન કરે એવું છે. રીંગણી અને ભોરીંગણી (ભોટિંગડી) બન્ને પિત્ત કરે એવી, દીપન, ભેદી અને વાયુને મટાડે એવી છે.

અરડૂસીના ગુણ

वृषं तु वमिकासघ्नं रक्तपित्तहरं परम् ।

અરડૂસી ઊલટી અને ઉધરસને મટાડે એવી તથા રક્તપિત્તનો નાશ કરવામાં ઉત્તમ છે.

કારેલીના ગુણ

कारवेल्लं सकटुकं दीपनं कफजित्परम् ॥ ८० ॥

કારેલું કાંઈક તીખું, દીપન અને કફને મટાડવામાં ઉત્તમ છે.

વંતાક

वार्ताकं कटुतिक्तोष्णं मधुरं कफवातजित् ।
सक्षारमग्निजननं हृद्यं रुच्यमपित्तलम् ॥ ८१ ॥

વંતાક તીખું, કડવું, ગરમ, ગળ્યું, કફ અને વાયુને મટાડે એવું, જરા ક્ષારના ગુણવાળું. અગ્નિને પ્રદીપ્ત કરનાર, હૃદયને હિતકર, રુચિ ઉપજાવનાર અને કાંઈક પિત્તકર્તા છે.

કેરાં

करीरमाध्मानकरं कषायं स्वादु तिक्तकम् ।

કેરાં આધ્માન કરે એવાં, તૂરાં, ગળ્યાં અને કડવાં છે.

ગલકાં વગેરે

कोषातकावल्गुजकौ भेदिनावग्निदीपनौ ॥ ८२ ॥

તૂરિયાં (ગલકાં) અને બાવચી ભેદી તથા અગ્નિનું દીપન કરનાર છે.

તાંદળજો

तण्डुलीयो हिमो रूक्षः स्वादुपाकरसो लघुः ।
मदपित्तविषास्रघ्नः

તાંદળજો ઠંડો, લૂખો, પચે ત્યારે સ્વાદમાં ગળ્યો, હલકો અને મદ, પિત્ત, ઝેર તથા લોહીના રોગોનો નાશ કરે એવો છે.

મુંજ

मुञ्जातं वातपित्तजित् ॥ ८३ ॥
स्निग्धं शीतं गुरु स्वादु बृंहणं शुक्रकृत्परम् ।

મુંજાત (મુંજ) વાયુ તથા પિત્તને મટાડે એવી, સ્નિગ્ધ, ઠંડી, ભારે, ગળી, બૃંહણ અને અત્યંત વીર્ય ઉત્પન્ન કરે એવી છે.

પાલખની ભાજી

गुर्वी सरा तु पालङ्क्या

પાલખની ભાજી ભારે અને સર છે.

પોઈની ભાજી

मदघ्नी चाप्युपोदका ॥ ८४ ॥

પોઈની ભાજી મદ(મીણો)નો નાશ કરનારી છે. (પાલખના ગુણવાળી પણ છે.)

રાઈની ભાજી

पालङ्क्यावत्स्मृतश्चञ्चुः स तु संग्रहणात्मकः ।

રાઈની ભાજી પાલખની ભાજીના જેવા જ ગુણવાળી છે, પણ રાઈની ભાજી ગ્રાહી છે અને પાલખની ભાજી સર છે એટલો ફેર છે.

વિદારીકંદ

विदारी वातपित्तघ्नी मूत्रला स्वादुशीतला ॥८५॥
जीवनी बृंहणी कण्ठ्या गुर्वी वृष्या रसायनम् ।

ભોંયકોળું વાયુ તથા પિત્તને મટાડે એવું, મૂત્ર પેદા કરે એવું, ગળ્યું, ઠંડું, જીવન, બૃંહણ, ગળા માટે હિતકારક, ભારે, વૃષ્ય અને રસાયન છે.

ડોડી

चक्षुष्या सर्वदोषघ्नी जीवन्ती मधुरा हिमा ॥८६॥

ડોડી આંખને હિતકારક છે અને બધા દોષનો નાશ કરનારી છે. ગળી ડોડી ઠંડી છે.

કોળું વગેરે શાક

कूष्माण्डतुम्बकालिङ्गकर्कार्वेर्वारुतिण्डिशम् ।
तथा त्रपुसचीनाकचिर्भटं कफवातकृत् ॥ ८७ ॥
भेदि विष्टम्भ्यभिष्यन्दि स्वादुपाकरसं गुरु ।

કોળું, (દૂધીનું) તૂંબડું, તરબૂચ, સક્કરટેટી, કાકડી, તિંડિશ જાતની કાકડી, તાસળી કાકડી, ચીની કાકડી, ચીભડું એ સર્વે કફ અને વાયુ કરે એવા, ભેદી, વિષ્ટંભી, અભિષ્યંદી, પચે ત્યારે સ્વાદમાં ગળ્યાં અને ભારે છે.

કોળું

वल्लीफलानां प्रवरं कूष्माण्डं वातपित्तजित् ॥
बस्तिशुद्धिकरं वृष्यं

વેલાનાં ફળોમાં ઉત્તમ ફળ કોળું છે. તે વાયુ તથા પિત્તને મટાડે એવું, મૂત્રાશયનું શોધન કરે એવું અને વૃષ્ય છે.

તાંસળી કાકડી

त्रपुसं त्वतिमूत्रलम् ।

તાંસળી કાકડી બહુ મૂત્ર પેદા કરે એવી છે.

(દૂધીનું) તૂંબડું વગેરે

तुम्बं रूक्षतरं ग्राहि कालिङ्गैर्वारुचिर्भटम् ॥ ८९ ॥
बालं पित्तहरं शीतं विद्यात्पक्वमतोऽन्यथा ।

(દૂધીનું) તૂંબડું બહુ લૂખું અને ગ્રાહી છે. તરબૂચ, કાકડી અને ચીભડું એ કાચાં હોય ત્યારે પિત્તને મટાડે એવાં અને ઠંડાં છે, પણ પાકાં હોય ત્યારે એથી વિપરીત એટલે પિત્ત કરે એવા તથા ગરમ છે.

શીર્ણવૃંત શાકના ગુણ

शीर्णवृन्तं तु सक्षारं पित्तलं कफवातजित्॥९०
रोचनं दीपनं हृद्यमष्ठीलाऽऽनाहनुल्लघु ।

શ્લોક ૮૬ૢ, ૮૭, ૮૯વાળાં શાક જ્યારે ડીંડા-માંથી આપોઆપ ખરી પડે એવાં પાકે ત્યારે તે કાંઈક ક્ષારવાળા, પિત્ત ઉપજાવનારાં, કફ અને વાયુને મટાડે એવાં, રુચિ ઉપજાવે એવા, દીપન, હૃદ્ય, અષ્ઠીલા અને આનાહને મટાડે એવાં તથા હલકાં છે.

કમળનાળ વગેરે

मृणालबिसशालूककुमुदोत्पलकन्दकम् ॥ ९१ ॥
नन्दीमाषककेलूटशृङ्गाटककसेरुकम् ।
क्रौञ्चादनं कलोड्यं च रूक्षं ग्राहि हिमं गुरु ॥९२

કમળનો નાળ બે પ્રકારનો થાય છે: એક પાતળો અને બીજો જાડો. પાતળા નાળને 'મૃણાલ' કહે છે અને જાડાને 'બિસ' કહે છે. એ મૃણાલ, બિસ, રાતા કમળનો કંદ, (ધોળા) પોયણાનો કંદ, કાળા કમળનો કંદ, નંદી એટલે તુંડીકેરી, માષક એટલે વાસ્તુલ, જળઉબરો, શિંગોડા, કસેલાં, ક્રૌંચાદન, કમળ-કાકડી કે કમળના બીજ એ સર્વે લૂખા, ગ્રાહી. ઠંડા અને ભારે છે.

કલંબ વગેરે

कलम्बनालिकामार्षकुटिञ्जरकुतुम्बकम् ।
चिल्लीलट्वाकलोणीकाकुरुटकगवेधुकम् ॥ ९३ ॥
जीवन्तझुञ्झ्वेटगजयवशाकसुवर्चलाः ।
आलुकानि च सर्वाणि तथा सूप्यानि लक्ष्मणम् ॥
स्वादु रूक्षं सलवणं वातश्लेष्मकरं गुरु ।
शीतलं सृष्टविण्मूत्रं प्रायो विष्टभ्य जीर्यति ॥९५॥
स्विन्नं निष्पीडितरसं स्नेहाढ्यं नातिदोषलम् ।

કલંબ, નાલિકા, ડાંભોની ભાજી, કુટિંજર, કૂબો, ચીલની ભાજી (લાલ બથવાની ભાજી), લટ્વાક, લૂણીની ભાજી, ઓટીગણની ભાજી, ગવેધુક નામે તૃણધાન્ય, રાતી નાળનો ડાભો, ઝુંઝુ નામે વનસ્પતિ, કુંવાડિયો, હલકાં પાદ-ડાની ચીલની ભાજી, બપોરિયા, તમામ જાતના આલુ જેવાં કે રતાળુ, અળવી, બટાકા વગેરે, તમામ જાતનાં કઠોળનાં પાંદડાં જેની ભાજી થઈ શકે તે તથા જેઠીમધ, એ સર્વે ગળ્યા, લૂખાં, કાંઈક ખારાં, વાયુ તથા કફ કરે

એવાં, ભારે, ઠંડાં, ઝાડો તથા પેશાબ આણે એવાં અને ઘણુંખરું વિષ્ટંભ કર્યાં પછી પચે એવાં છે. એ સર્વને બાફીને અને એને નિચોવીને એનું પાણી કાઢી નાખ્યા પછી રહેલાં શાકભાજીને પુષ્કળ તેલ મૂકીને, વઘારીને, ઉપયોગમાં લીધાં હોય તો બહુ દોષ ઉપજાવતાં નથી.

સર્વ પ્રકારનાં આલુ=રતાળુ, અળવી, બટાકા વગેરે.

ચીલની ભાજી

लघुपत्रा तु या चिल्ली सा वास्तुकसमा मता ॥

નાના પાદડાંની જે ચીલની ભાજી છે, તેના ગુણ બથવાની ભાજીને મળતા છે.

અરણી અને વરણો

तर्कारीवरुणं स्वादु सतिक्तं कफवातजित् ।

અરણી અને વાયવરણો એ બે ગળ્યા, કાંઈક કડવા અને કફ તથા વાયુને મટાડે એવા છે.

સાટોડી

वर्षाभ्वौ कालशाकं च सक्षारं कटुतिक्तकम् ॥९७
दीपनं भेदनं हन्ति गरशोफकफानिलान् ।

બન્ને[1] પ્રકારની (લાલ અને ધોળી, લાંબી અને ટૂંકી) સાટોડીઓ તથા કાળિંગડુ કાંઈક ખારયુક્ત, સ્વાદમાં તીખું તથા કડવુ, દીપન, ભેદી, કૃત્રિમ ઝેર, સોજો, કફ અને વાયુનો નાશ કરે એવાં છે.

કણજી

दीपनाः कफवातघ्नाश्चिरिबिल्वाङ्कुराः सराः ॥

કરંજના (કણજીના) અંકુર દીપન, કફ તથા વાયુને મટાડે એવા અને સર છે.

શતાવરીના અંકુર

शतावर्यङ्कुरास्तिक्ता वृष्या दोषत्रयापहाः ।

શતાવરીના અંકુર કડવા, વૃષ્ય અને ત્રણે દોષને મટાડે એવા છે.

વાંસના અંકુર

रूक्षो वंशकरीरस्तु विदाही वातपित्तलः ॥ ९९ ॥

વાંસના અંકુર લૂખા, વિદાહી તથા વાયુ અને પિત્ત કરે એવા છે.

પત્તૂર અથવા મત્સ્યાક્ષક

पत्तूरो दीपनस्तिक्तः प्लीहार्शःकफवातजित् ।

પત્તૂર અથવા મત્સ્યાક્ષક દીપન, કડવો, પ્લીહા (બરોલ), હરસ, કફ તથા વાયુને મટાડે એવો છે.

કાસોંદરો

कृमिकासकफोत्क्लेदान् कासमर्दो जयेत्सरः ॥१००

કાસોદરો, કરમિયા, ઉધરસ, કફ અને ઉત્કલેદને મટાડે છે તથા સર છે.

કસુંબીની ભાજી

रूक्षोष्णमम्लं कौसुम्भं गुरु पित्तकरं सरम् ।

કસુંબીની ભાજી લૂખી, ગરમ, ખાટી, ભારે, પિત્ત કરે એવી અને સર છે.

સરસવની ભાજી

गुरूष्णं सार्षपं बद्धविण्मूत्रं सर्वदोषकृत् ॥ १०१ ॥

સરસવની ભાજી ભારે, ગરમ, ઝાડો તથા પેશાબને બાંધે એવી અને ત્રણે દોષ કરે એવી છે.

નાના (કુમળા) મૂળા

यद्बालमव्यक्तरसं किञ्चित्क्षारं सतिक्तकम् ।
तन्मूलकं दोषहरं लघु सोष्णं नियच्छति ॥१०२॥
गुल्मकासक्षयश्वासव्रणनेत्रगलामयान् ।
स्वराग्निसादोदावर्तपीनसांश्च

જે નાના મૂળાનો સ્વાદ સ્પષ્ટ માલૂમ પડે એવો ન હોય, પણ કાંઈક ક્ષારના ગુણવાળા તથા કાંઈ કડવા હોય તે મૂળા ત્રણે દોષને મટાડે એવા, હલકા તથા કાંઈ ગરમ છે. વળી એવા મૂળા ગોળો, ઉધરસ, ક્ષય, દમ, વ્રણ, આંખ અને ગળાના રોગ, અવાજ બેસી જવાનો રોગ, જઠરાગ્નિનુ મંદપણુ, ઉદાવર્ત અને સળેખમ એ રોગને મટાડે છે.

મોટા મૂળા

महत्पुनः ॥ १०३ ॥
रसे पाके च कटुकमुष्णवीर्यं त्रिदोषकृत् ।
गुर्वभिष्यन्दि च

પણ મોટા મૂળા સ્વાદમાં અને પચે ત્યારે તીખા છે, ઉષ્ણવીર્ય એટલે ગરમ છે, ત્રણે દોષને

[1] ગોળ પાંદડાંની તથા બીજી લાંબાં પાંદડાંની સાટોડી થાય છે.

પેદા કરે એવાં, ભારે તથા અભિષ્યંદી છે.

રાંધેલા મૂળા

स्निग्धसिद्धं तदपि वातजित् ॥ १०४॥

તેલ વગેરે મૂકીને વઘારેલા મોટા મૂળા પણ વાયુને મટાડે છે. (તો પછી તેલ મૂકીને વઘારેલા નાના મૂળા પણ વાયુને મટાડે એમાં શી નવાઈ!)

સૂકા મૂળા

वातश्लेष्महरं शुष्कं सर्वम्

નાના મૂળા તથા મોટા મૂળા સર્વે સૂકા હોય તો વાયુ તથા કફને મટાડે છે.

કાચા મૂળા

आमं तु दोषलम्।

નાના કે મોટા ગમે તે જાતના મૂળા કાચા હોય તો તેનાથી ત્રણે દોષ થાય છે.

ધોળું રતાળુ

कटूष्णो वातकफहा पिण्डालुः पित्तवर्धनः ॥१०५

પિંડાલુ તીખું તથા ગરમ છે, વાયુ તથા કફને મટાડે છે અને પિત્તને વધારે છે. એનું બીજું નામ ધોળું રતાળું છે.

કુઠેર વગેરે

कुठेरशिग्रुसुरससुमुखासुरिभूस्तृणम्।
फणिज्जार्जकजम्बीरप्रभृति ग्राहि शालनम् ॥१०६
विदाहि कटु रूक्षोष्णं हृद्यं दीपनरोचनम्।
दृक्शुक्रकृमिहृत्तीक्ष्णं दोषोत्क्लेशकरं लघु ॥ १०७

રાની તુલસી, સરગવો, કાળી તુલસી, રાની તુલસી જેવી નાનાં પાંદડાંની તુલસી, રાઈ, રોહિસ ખડ, સફેદ મરવો નામે તુલસી જેવી વનસ્પતિ, અર્જક નામની રાની તુલસી, જંબીર તુલસી વગેરે વનસ્પતિઓ ગ્રાહી, શાલન, વિદાહી, તીખી, લૂખી, ઉષ્ણવીર્ય (ગરમ), હૃદયને હિતકર, દીપન, રુચિ ઉપજાવનાર તથા આંખના રોગ, વીર્યરોગ અને કૃમિરોગને મટાડે એવી, તીક્ષ્ણ, દોષાને ઉખળાવે એવી અને હલકી છે.

કાળી તુલસી

हिध्माकासविषश्वासपार्श्वरुक्पूतिगन्धहा।
सुरसः

કાળી તુલસી હેડકી, ઉધરસ, થાક, દમ, પડખાંનુ શૂળ અને દુર્ગંધ મટાડે છે.

સુમુખ તુલસી

सुमुखो नातिविदाही गरशोफहा ॥१०८॥

(રાની તુલસી જેવી નાનાં પાંદડાવાળી) તુલસી બહુ વિદાહી નથી તથા તે કૃત્રિમ ઝેર તથા સોજાને મટાડે છે.

લીલા ધાણા-કોથમીર

आर्द्रिका तिक्तमधुरा मूत्रला न च पित्तकृत्।

કોથમીર કડવી, ગળી અને પેશાબ પેદા કરે એવી છે, પણ પિત્ત કરતી નથી.

લસણ

लशुनो भृशतीक्ष्णोष्णः कटुपाकरसः सरः ॥१०९
हृद्यः केश्यो गुरुर्वृष्यः स्निग्धो रोचनदीपनः।
भग्नसन्धानकृद्बल्यो रक्तपित्तप्रदूषणः ॥ ११०॥
किलासकुष्ठगुल्मार्शोमेहक्रिमिकफानिलान्।
सहिध्मापीनसश्वासकासान् हन्ति रसायनम् ॥

લસણ બહુ તીક્ષ્ણ તથા ઉષ્ણવીર્ય છે; સ્વાદમાં અને પચે ત્યારે તીખું, સર, હૃદ્ય, વાળ માટે સારું, ભારે, વૃષ્ય, સ્નિગ્ધ, રુચિકર્તા અને દીપન, ભાંગેલાં હાડકાં સાંધે એવું, બળ આપે એવુ, લોહી અને પિત્તને બગાડે એવું, કિલાસ નામે કોઢ, કુષ્ઠ, ગોળો, હરસ, પ્રમેહ, કૃમિરોગ, કફ, વાયુ, હેડકી, પીનસ, દમ, ઉધરસ એ સર્વ રોગને મટાડે છે તથા રક્તપિત્તનો રોગ કરે છે.

ડુંગળી

पलाण्डुस्तद्गुणन्यूनः श्लेष्मलो नातिपित्तलः।
कफवातार्शसां पथ्यः स्वेदेऽभ्यवहृतौ तथा ॥११२

ડુંગળીના ગુણ લસણના જેવા જ છે; પણ તેના કરતાં જરા ઊતરતા છે. તે કફકર્તા છે અને બહુ પિત્ત કરતી નથી, તેમ જ તેનો શેક કરવાથી તથા ખાવાથી કફ, વાયુ અને હરસને પથ્ય છે.

ગાજર

तीक्ष्णो गृञ्जनको ग्राही पित्तिनां हितकृन्न सः।

ગાજર તીક્ષ્ણ અને ગ્રાહી છે. પિત્તવાળાને તે હિતકારક નથી.

સૂરણ

दीपनः सूरणो रुच्यः कफघ्नो विशदो लघुः ॥११३

વિશેષાદ્દર્શસાં પથ્યઃ

સૂરણ દીપન, રુચિકારક, કફ મટાડે એવું, વિશદ અને હલકું છે. ખાસ કરીને તે હરસના રોગમાં પથ્ય છે.

બિલાડીનો ટોપ

भूकन्दस्त्वतिदोषलः ।

બિલાડીનો ટોપ ત્રણે દોષને બહુ કોપાવનાર છે. (પેનિસિલિન બિલાડીના ટોપમાંથી બને છે.)

હરિતવર્ગની વનસ્પતિનું કયું અંગ વધારે ભારે?

पत्रे पुष्पे फले नाले कन्दे च गुरुता क्रमात् ॥११४

પાંદડાં, ફૂલ, ફળ, નાળ (દાંડો) અને કંદ એ અનુક્રમે ઉત્તરોત્તર ભારે છે; એટલે પાંદડાં કરતાં ફૂલ ભારે, ફૂલ કરતાં ફળ ભારે, ફળ કરતાં દાંડો ભારે અને દાંડા કરતાં કંદ ભારે છે. આ નિયમ હરિતવર્ગને લાગુ પડે છે, પણ મૂળા અપવાદ રૂપ છે.

ઉત્તમ અને અધમ શાક

वरा शाकेषु जीवन्ती सार्षपं त्ववरं परम् ।

બધી શાકભાજીઓમાં ડોડી સૌથી ઉત્તમ છે અને સરસવની ભાજી સૌથી ખરાબ છે.

શાકભાજી કરતાં ફળોનો ખાવામાં થોડો ઉપયોગ છે; માટે પ્રથમ શાકવર્ગ બતાવીને તે પછી ફળવર્ગ કહેવાનો આ ગ્રંથમાં ક્રમ રાખ્યો છે. ખરનાદમાં પણ કહ્યું છે કે, ભોજન કરી રહ્યા પછી ફળ ખવાય છે; માટે હવે ફળવર્ગનો આરંભ કરે છે.

ફળવર્ગ

કાળી દ્રાક્ષ

द्राक्षा फलोत्तमा वृष्या चक्षुष्या सृष्टमूत्रविट् ॥
स्वादुपाकरसा स्निग्धा सकषाया हिमा गुरुः ।
निहन्त्यनिलपित्तास्रतिक्तास्यत्वमदात्ययान् ॥
तृष्णाकासश्रमश्वासस्वरभेदक्षतक्षयान् ।

બધાં ફળમાં ઉત્તમ ફળ કાળી દ્રાક્ષ છે. તે વૃષ્ય, આંખને હિતકારી, ઝાડો તથા પેશાબ શરીરમાંથી બહાર કાઢનારી, સ્વાદમાં તથા પચે ત્યારે ગળી, સ્નિગ્ધ, લગારેક તૂરી, ઠંડી અને ભારે છે. તે વાયુ, રક્તપિત્ત, મોઢાની કડવાશ, મદાત્યય નામે રોગ, તરસનો રોગ, ઉધરસ, થાકથી ચડેલી હાંફ, સ્વરભંગ, ક્ષત અને ક્ષય એટલા રોગ મટાડે છે.

દાડમ

उद्रिक्तपित्ताञ्जयति त्रीन्दोषान्स्वादु दाडिमम् ॥
पित्ताविरोधि नात्युष्णमम्लं वातकफापहम् ।
सर्वं हृद्यं लघु स्निग्धं ग्राहि रोचनदीपनम् ॥११८

બધાં દાડમમાંથી ગળ્યું દાડમ, જેમાં પિત્ત વધારે પ્રબળ હોય તેવા ત્રિદોષને મટાડે છે. બીજું (ખાટું) દાડમ પિત્ત કરતું નથી કે પિત્તને શમાવતું પણ નથી અને એટલા માટે એવું દાડમ વાયુ તથા કફને મટાડે છે. ગળ્યાં અને ખાટાં સર્વ દાડમ હૃદ્ય, હલકાં, સ્નિગ્ધ, ગ્રાહી, રુચિકર્તા અને દીપન છે.

કેળાં વગેરે

मोचखर्जूरपनसनारिकेलपरूषकम् ।
आम्रातताल काश्मर्यराजादनमधूकजम् ॥ ११९॥
सौवीरबदराङ्कोल्लफल्गुश्लेष्मातकोद्भवम् ।
वातामाभिषुकाक्षोडमुकूलकनिकोचकम् ॥१२०
उरुमाणं प्रियालं च बृंहणं गुरु शीतलम् ।
दाहक्षतक्षयहरं रक्तपित्तप्रसादनम् ॥ १२१ ॥
स्वादुपाकरसं स्निग्धं विष्टम्भि कफशुक्रकृत् ।

કેળાં, ખજૂર, ફણસ, નાળિયેર, ફાલસાં, આંબાડા (જંગલી આંબા), તાડફળ, સીવણનાં ફળ, રાયણ, મહુડાં, સૌવીર બોર અથવા કર્કિંધુ બોર, અંકોલનાં ફળ, કાળાં ઉમરડાં, ગૂંદાં, બદામ, અભિષુક નામે ફળ, અખોડ, પિસ્તાં, બીજી જાતનાં પિસ્તાં, ઉરુમાણ અથવા સ્નિગ્ધ ફળ, ચારોળી એ સર્વ બૃંહણ, ભારે, ઠંડાં, બળતરા, ક્ષત, ક્ષય હરે એવાં; લોહી અને પિત્તને સુધારે એવાં, સ્વાદમાં તથા પચે ત્યારે ગળ્યાં, સ્નિગ્ધ, વિષ્ટંભી તથા કફ અને વીર્યને ઉપજાવનાર છે.

તાડફળ વગેરેના ગુણ

फलं तु पित्तलं तालं सरं काश्मर्यजं हिमम् ॥१२२
शकृन्मूत्रविबन्धघ्नं केशयं मेध्यं रसायनम् ।
वातामाद्युष्णवीर्यं तु कफपित्तकरं सरम् ॥१२३॥

परं वातहरं स्निग्धमनुष्णं तु प्रियालजम् ।
प्रियालमज्जा मधुरो वृष्यः पित्तानिलापहः ॥१२४
कोलमज्जा गुणैस्तद्वत्तृट्छर्दिःकासजिच्च सः ।

તાડફળ પિત્ત કરે છે, કાશ્મરી(સીવણી)નું ફળ સર, કડું છે તથા ઝાડા અને પેશાબનો વિબંધ મટાડે એવું છે. તે વાળને વધારનાર, મેધાને વધારનાર અને રસાયન છે. ખદામ વગેરે ફળ ગરમ, કફ તથા પિત્ત કરે એવાં, સર, વાયુનો છેક જ નાશ કરે એવાં અને સ્નિગ્ધ છે. ચારોળી ઠંડી છે. ચારોળીના ફળની મીંજ (ચારોળી) ગળી, વૃષ્ય તથા પિત્ત અને વાયુનો નાશ કરે એવી છે. બોરની મીંજના ગુણ પણ ચારોળીની બરોબર છે, તેમ જ તે તરસ, ઊલટી અને ઉધરસને મટાડે છે. (બોરનો ઠળિયો ભાંગ્યા પછી અંદરથી જે ગર નીકળે તેને બોરની મીંજ કહે છે.)

બીલાના ગુણ

पक्वं सुदुर्जरं बिल्वं दोषलं पूतिमारुतम् ॥ १२५ ॥
दीपनं कफवातघ्नं बालं ग्राह्युभयं च तत् ।

પાકું બીલું પચવામાં બહુ ભારે છે, ને ત્રણે દોષને ઉત્પન્ન કરે છે તથા દુર્ગંધવાળી વાછૂટ કરાવનારું છે. નાનું (અથવા કૂમળું) બીલું દીપન અને કફ તથા વાયુને મટાડે એવુ છે, તેમ જ કાચું અને પાકું બંને બીલાં ગ્રાહી છે.

કોઠાના ગુણ

कपित्थमामं कण्ठघ्नं दोषलं दोषघाति तु ॥१२६
पक्वं हिध्मावमथुजित् सर्वं ग्राहि विषापहम् ।

કાચું કોઠું કંઠનો નાશ કરે છે એટલે અવાજ બગાડે છે અને ત્રણે દોષને ઉત્પન્ન કરે છે, પણ પાકું કોઠું ત્રણે દોષનો નાશ કરે છે તથા હેડકી અને ઊલટી મટાડે છે. કાચું તથા પાકું બંને કોઠાં ગ્રાહી અને ઝેરનો નાશ કરે એવાં છે.

જાંબુના ગુણ

जाम्बवं गुरु विष्टम्भि शीतलं भृशवातलम् ॥१२७
सङ्ग्राहि मूत्रशकृतोरकण्ठ्यं कफपित्तजित् ।

જાંબુ ભારે, વિષ્ટંભી, ઠંડું, બહુ વાયડું, ઝાડા-પેશાબને ઊતરવા ન દે એવું, કંઠને હાનિ પહોંચાડે એવું અને કફ તથા પિત્તને મટાડે એવું છે.

કેરીના ગુણ

वातपित्तास्रकृद्बालं बद्धास्थिकफपित्तकृत् ॥
गुर्वाम्रं वातजित्पक्वं स्वाद्वम्लं कफशुक्रकृत् ।

કેરીના નાના મરવા વાયુ તથા રક્તપિત્ત કરે છે. જીણું બાઝ્યું હોય એવી કેરી કફ તથા પિત્ત કરે છે. પાકી કેરી ભારે, વાયુને મટાડે એવી, ગળી, ખાટી તથા કફ અને વીર્યને પેદા કરે એવી છે.

કોકમ

वृक्षाम्लं ग्राहि रूक्षोष्णं वातश्लेष्महरं लघु ॥१२९

કોકમ ગ્રાહી, લૂખાં, ગરમ, વાયુ તથા કફને મટાડે એવાં અને હલકાં છે.

શમીના ઝાડની શિંગો

शम्या गुरूष्णं केशघ्नं रूक्षम्

શમીનું ફળ ભારે, ગરમ, વાળનો નાશ કરે એવું અને લૂખું છે.

પીલુડાં (ખારી જાલ)

पीलु तु पित्तलम् ।
कफवातहरं भेदि प्लीहार्शःकृमिगुल्मनुत् ॥१३०॥
सतिक्तं स्वादु यत्पीलु नात्युष्णं तत्त्रिदोषहृत् ।

પીલુડાં (ખારી જાલ) પિત્ત કરનારાં, કફ અને વાયુને મટાડે એવાં, ભેદી, બરોળની ગાંઠ, હરસ, કરમિયા અને ગોળાને મટાડે એવાં છે. (પાકેલાં પીલુડાં કાંઈક કડવાં અને મધુર હોય છે.) એવાં કડવાં તથા ગળ્યાં જે પીલુડા હોય તે બહુ ગરમ નથી અને ત્રિદોષને મટાડે એવાં છે.

બિજોરું

त्वक्तिक्तकटुका स्निग्धा मातुलुङ्गस्य वातजित् ॥
बृंहणं मधुरं मांसं वातपित्तहरं गुरु ।
लघु तत्केसरं कासश्वासहिध्मामदात्ययान् ॥१३२
आस्यशोषानिलश्लेष्मविबन्धच्छर्द्यरोचकान् ।
गुल्मोदरार्शःशूलानि मन्दाग्नित्वं च नाशयेत् ॥

બિજોરાંની છાલ કડવી, તીખી, સ્નિગ્ધ અને વાયુને મટાડે એવી છે. એનો ગર બૃંહણ, ગળ્યો, વાયુ તથા પિત્તને મટાડે એવો અને ભારે છે. તેના ફળમાંનું કેસર હલકું છે.

તથા તે ઉધરસ, દમ, હેડકી, મદાત્યયરોગ, મુખશોષ, વાયુ, કફ, વિબંધ, ઊલટી, અરુચિ, ગોળો, ઉદરરોગ, હરસ, શૂળ અને મંદાગ્નિ એટલા રોગોનો નાશ કરે છે.

ભિલામો

भल्लातकस्य त्वङ्मांसं बृंहणं स्वादु शीतलम् ।
तदस्थ्यग्निसमं मेध्यं कफवातहरं परम् ॥ १३४।

ભિલામાની છાલ અને ગર બૃંહણ, ગળ્યાં અને ઠંડાં છે. તેનું બીજ (ઠળિયો) અગ્નિ જેવું, મેધાને વધારે એવું અને કફ તથા વાયુનો છેક જ નાશ કરે એવું છે.

પાલેવત અને આલુ

स्वाद्वम्लं शीतमुष्णं च द्विधा पालेवतं गुरु ।
रुच्यमत्यग्निशमनं रुच्यं मधुरमारुकम् ॥१३५॥

પાલેવત અથવા રૈવતક ગળ્યા અને ખાટા એમ બે પ્રકારનાં થાય છે. તેમાથી જે ગળ્યા હોય છે તે ઠંડા, ભારે અને જઠરાગ્નિને બહુ હોલવે એવા હોય છે અને જે ખાટા થાય છે તે ગરમ અને રુચિકર હોય છે. આલુ (જરદાલુ) રુચિકર્તા અને ગળ્યુ હોય છે.

પાકાં આલુ

पक्वमाशु जरां याति नात्युष्णगुरुदोषलम् ।

પાકાં આલુ જલદી પચે છે. તે બહુ ગરમ નથી તથા ભારે અને વાયુ વગેરે દોષ કર એવાં છે.

કાળી દ્રાક્ષ, ફાલસાં અને કરમદાં

द्राक्षापरूषकं चार्द्रमम्लं पित्तकफप्रदम् ॥ १३६ ॥
गुरूष्णवीर्यं वातघ्नं सरं सकरमर्दकम् ।

કાળી દ્રાક્ષ, ફાલસા અને કરમદાં લીલા હોય ત્યારે ખાટા, પિત્ત અને કફ કર એવાં, ભારે, ગરમ, વાયુ મટાડે એવા અને સર હોય છે.

બોર વગેરે

तथाऽम्लं कोलकर्कन्धुलकुचाम्रातकारुकम् ॥
ऐरावतं दन्तशठं सतूदं मृगलिण्डकम् ।
नातिपित्तकरं पक्वं शुष्कं च करमर्दकम् ॥१३८॥

બોર, ચણીબોર, નાનાં ફણસ, અંબાડા, આલુ, નારંગી, કાગદી (મીઠાં) લીંબુ, શેતૂર અને મૃગલિંડિક એ સર્વ પાકાં હોય ત્યારે ખાટી દ્રાક્ષના જેવા ગુણવાળાં છે તથા સૂકાં કરમદાં બહુ પિત્ત કર એવાં નથી.

આંબલી વગેરે

दीपनं भेदनं शुष्कमम्लीकाकोलयोः फलम् ।
तृष्णाश्रमक्लमच्छेदि लघ्विष्टं कफवातयोः ॥१३९

આંબલી તથા બોરડીનાં સૂકાં ફળ દીપન, ભેદી; તરસ, થાક અને કંટાળો મટાડે એવાં, હલકાં અને કફ તથા વાયુને પથ્ય છે.

અધમ ફળ–નાનાં ફણસ

फलानामवरं तत्र लकुचं सर्वदोषकृत् ।

બધાં ફળોમા નાના ફણસ સૌથી ખરાબ છે; તે ત્રણે દોષ કર એવાં છે.

તજવા જેવાં ધાન્ય વગેરે

हिमानलोष्णदुर्वातव्यालव्यालादिदूषितम् ॥१४०॥
जन्तुजुष्टं जले मग्नमभूमिजमनार्तवम् ।
अन्यधान्ययुतं हीनवीर्यं जीर्णतयाऽति च ॥१४१ ॥
धान्यं त्यजेत्तथा शाकं रूक्षसिद्धमकोमलम् ।
असञ्जातरसं तद्वच्छुष्कं चान्यत्र मूलकात् ॥१४२
प्रायेण फलमप्येवं तथाऽऽमं बिल्ववर्जितम् ।

હિમ પડવાથી, દવ લાગવાથી, તડકાથી, સામા અથવા પૂર્વના પવનથી તથા સાપ વગેરે ઝેરી પ્રાણીઓની લાળ વગેરેને લીધે દૂષિત થયેલા ધાન્ય તજવાં એટલે વાપરવાં નહિ. તે જ પ્રમાણે જે ધાન્યમાં જીવડાં પડ્યાં હોય (સડી ગયું હોય કે જાળાં બાઝ્યાં હોય), પાણીમા ડૂબેલું હોય (મતલબ કે પલળેલું હોય અથવા જેની માજંરા પાણીમાં ડૂબી હોય), જે જમીનમાં જેનો પાક થવો જોઈતો નથી તેવી જમીનમાં કે ખરાબ જમીનમાં પાકેલું (ઊગેલું) હોય, જે ઋતુમાં ઉગાડવું જોઈતુ નથી તે ઋતુમાં ઊગેલું હોય, બીજા વિરુદ્ધ ધાન્ય સાથે ઉગાડેલું હોય, બહુ જૂનું થવાથી કે એવાં જ બીજાં કારણથી સત્ત્વ (કસ) વગરનું થઈ ગયું હોય એવાં ધાન્ય ખાવાના ઉપયોગમાં લેવાં નહિ; તેમ જ શાક-ભાજી પણ ઉપર ગણાવી તે રીતે દૂષિત થયેલી હોય, કાંજી વગેરે લૂખા પદાર્થમાં રાંધેલી કે

તેલ, ઘી વગેરે સ્નિગ્ધ પદાર્થો વિના રાંધી હોય, ઘરડી હોય, પૂરી ભીંજવા દીધી ન હોય, તેમ જ સૂકી હોય તે તજવી. ફક્ત મૂળા સૂકા (મૂળાની સૂકવણી) પથ્ય છે. ફળ પણ એવાં જ હોય તેને સામાન્ય ગણીને તજવાં. એટલે દ્રાક્ષ વગેરે સૂકાં ફળ પણ પથ્ય છે; પણ તેવાં ફળ બાદ કરતાં બાકીનાં ફળ સૂકાં અને પાછળ ધાન અને શાકના દોષ કહ્યા તે દોષવાળાં હોય તે ઉપયોગમાં ન લેવાં. વળી બીલી સિવાય બીજાં ફળ કાચાં પણ ઉપયોગમાં ન લેવાં. (બીલી તો કાચી પણ પથ્ય છે, એમ પાછળ કહ્યું છે.)

ઔષધવર્ગ

લવણ

विष्यन्दि लवणं सर्वं सूक्ष्मं सृष्टमलं मृदु ॥१४३॥
वातघ्नं पाकि तीक्ष्णोष्णं रोचनं कफपित्तकृत्।

બધાં લવણ અભિષ્યંદી, સૂક્ષ્મ, મળને શરીરમાંથી બહાર કાઢી નાખે એવાં, વાયુનો નાશ કરે એવાં, વ્રણ વગેરેને પકાવે એવાં, તીક્ષ્ણ, ઉષ્ણવીર્ય (ગરમ), રુચિ ઉપજાવે એવાં અને કફ તથા પિત્ત કરે એવાં છે.

સિંધવ

सैन्धवं तत्र सस्वादु वृष्यं हृद्यं त्रिदोषनुत् ॥१४४
लघ्वनुष्णं दृशः पथ्यमविदाह्यग्निदीपनम्।

બધાં લવણમાં સિંધવ કાંઈક ગળ્યો, વૃષ્ય, હૃદ્ય, ત્રણે દોષનો નાશ કરે એવો, હલકો, કાંઈક ગરમ, આંખને પથ્ય, કાંઈક વિદાહી અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરે એવો છે. એ ઉપરાંત અભિષ્યંદી, સૂક્ષ્મ વગેરે લવણના સામાન્ય ગુણ એમાં સમજવા.

સંચળ

लघु सौवर्चलं हृद्यं सुगन्ध्युद्गारशोधनम् ॥१४५
कटुपाकं विबन्धघ्नं दीपनीयं रुचिप्रदम्।

સંચળ હલકું, હૃદ્ય, સારી વાસવાળું, ખરાબ ઓડકારને સુધારે એવું, પચે ત્યારે તીખું, વિબંધનો નાશ કરે એવું, દીપન અને રુચિ ઉપજાવે એવું છે.

બીડલવણ

ऊर्ध्वाधःकफवातानुलोमनं दीपनं बिडम् ॥१४६
विबन्धानाहविष्टम्भशूलगौरवनाशनम्।

બીડલવણ ઊંચે અને નીચે રહેલા કફ તથા વાયુને પોતપોતાને સ્વાભાવિક માર્ગે લઈ જનારું, દીપન તથા વિબંધ, આનાહ, વિષ્ટંભ, શૂળ અને જડતા (ભારેપણું) એ સર્વનો નાશ કરનારું છે.

ઘસિયું મીઠું

विपाके स्वादु सामुद्रं गुरु श्लेष्मविवर्धनम् ॥१४७

ઘસિયું મીઠું (સમુદ્રના પાણીને સૂકવીને ઉત્પન્ન કરેલું મીઠું) પચે ત્યારે ગળ્યું, ભારે અને કફને વધારે એવું છે.

ઔદ્‌ભિદ લવણ (ખારો)

सतिक्तकटुकक्षारं तीक्ष्णमुत्क्लेदि चौद्भिदम्।

ઔદ્‌ભિદ લવણ જરા કડવું તથા તીખું, ક્ષારના ગુણવાળું, તીક્ષ્ણ અને ઉત્ક્લેદ કરે એવું છે.

કૃષ્ણ લવણ

कृष्णे सौवर्चलगुणा लवणे गन्धवर्जिताः ॥१४८

કૃષ્ણલવણ અથવા કાળા મીઠાનો ગુણ સંચળના જેવો જ છે. માત્ર સંચળમાં સુગંધ હોય છે, પણ કાળા મીઠામાં સુગંધ હોતી નથી.

રોમક લવણ ઇત્યાદિ

रोमकं लघु पांसूत्थं सक्षारं श्लेष्मलं गुरु।

કાચલવણ (ખંગડીખાર) હલકું છે, ઉસ કાંઈક ખારો, કફકર્તા અને હલકો છે.

લવણની પરિભાષા

लवणानां प्रयोगे तु सैन्धवादि प्रयोजयेत् ॥

જ્યાં એકથી વધારે લવણ વાપરવાનાં કહ્યાં હોય ત્યાં સિંધવથી શરૂ કરીને આપેલા ક્રમમાં લવણ વાપરવાં; એટલે બે લવણ કહ્યાં હોય તો સિંધવ અને સંચળ લેવાં; ત્રણ લવણ કહ્યાં હોય તો સિંધવ, સંચળ અને બીડલવણ લેવાં. એ પ્રમાણે સિંધવ પ્રથમ ગણીને અનુક્રમે બીજાં લવણ જાણવાં.

જવખાર

गुल्महृद्ग्रहणीपाण्डुप्लीहानाहगलामयान्
श्वासार्शःकफकासांश्च शमयेद्यवशूकजः ॥१५०॥

જવખાર ગોળો, હૃદયના રોગ, ગ્રહણી, પાંડુરોગ, બરોળનો રોગ, આનાહ, ગળાના રોગ, દમ, હરસ, કફરોગ, ઉધરસ એ સર્વને શમાવે છે.

સાજી વગેરે બીજા ખાર

क्षारः सर्वश्च परम तीक्ष्णोष्ण' कृमिजिल्लघु ।
पित्तासृग्दूपण पाकी छेद्यहृद्यो विदारणः ॥१५१॥
अपथ्य कटुलावण्याच्छुक्रौज. केशचक्षुषाम् ।

બધાય ખાર (ક્ષાર) અત્યંત તીક્ષ્ણ, ગરમ, કૃમિરોગ મટાડે એવા, હલકા, પિત્ત તથા લોહીને બગાડે એવા, પાકી, છેદી, હૃદયને અહિતકારી, (પાકા ગડ–ગૂમડ વગેરેને) ફાડ નાર, તીખાશ તથા ખારાશને લીધે વીર્ય, ઓજ, વાળ, આંખને અપથ્ય (નુકસાન-કારક) છે.

હિંગના ગુણ

हिङ्गु वातकफानाहशूलघ्नं पित्तकोपनम् ॥१५२॥
कटुपाकरसं रुच्य दीपनं पाचनं लघु ।

હિંગ વાયુ, કફ, આનાહ અને શૂળ એ સર્વનો નાશ કરે છે, પિત્તને કોપાવે છે, પચે ત્યારે તથા સ્વાદમા તીખી છે, રુચિ ઉપજાવે છે, દીપન, પાચન અને હલકી છે.

હરડેના ગુણ

कषाया मधुरा पाके रूक्षा विलवणा लघुः ॥१५३
दीपनी पाचनी मेध्या वयस. स्थापनी परम् ।
उष्णवीर्या सराऽऽयुष्या बुद्धीन्द्रियबलप्रदा ॥१५४
कुष्ठवैवर्ण्यवैस्वर्यपुराणविषमज्वरान् ।
शिरोऽक्षिपाण्डुहृद्रोगकामलाग्रहणीगदान् ॥
सशोषशोफातीसारमेदमोहवमिक्रिमीन् ।
श्वासकासप्रसेकार्शः प्लीहानाहगरोदरम् ॥१५६
विबन्धं स्रोतसा गुल्ममूरुस्तम्भमरोचकम् ।
हरीतकी जयेद्व्याधींस्तांस्तांश्च कफवातजान् १५७

હરડેમા તૂરો રસ આગળપડતો છે, હરડે પચે ત્યારે ગળી છે, લૂખી છે, ખારા સિવાય-ના બાકીના પાંચે રસ એમા છે. એ હલકી, દીપન, પાચન, મેધાને હિતકારક, જુવાનીને ટકાવી રાખે એવી, ગરમ (ઉષ્ણવીર્યવાળી), સર, આયુષ્યને વધારનારી તથા બુદ્ધિને અને ઇંદ્રિયોને બળ આપનારી છે. વળી તે ચામડીના રોગ, ફિક્કાશ, અવાજનો બગાડ, પુરાણ અને વિષમ તાવ, માથાના રોગ, આંખના રોગ, પાંડુરોગ, હૃદયના રોગ, કમળો, ગ્રહણીરોગ, ક્ષયરોગ, સોજાનો રોગ, અતિસાર, ચરબીનો રોગ, મૂર્છા, ઊલટી, કૃમિરોગ, દમ, ઉધરસ, બહુ પરસેવાની ભીનાશ કે મોમાથી લાળ વગેરે ગળતુ હોય તે, હરસ, બરોળ, આનાહ, કૃત્રિમ ઝેર, ઉદરરોગ, સ્રોતોનો વિબંધ, ગોળો, ઊરુ-સ્તંભરોગ, અરુચિનો રોગ અને કફ તથા વાયુથી થતા અનેક રોગો મટાડે છે. (બાગ-ભટ્ટ લખે છે કે જે હરડે પાણીમા ડૂબે તે ફાયદો કરે છે.)

આમળાં

तद्वदामलकं शीतमम्ल पित्तकफापहम् ।

આમળુ પણ હરડેના જેવા ગુણોવાળુ જ છે, ફેર એટલો છે કે આમળુ ઠંડું છે. વળી એમા ખાટો રસ આગળ પડતો છે તથા પિત્ત અને કફનો નાશ કરે એવુ છે.

બહેડાં

कटु पाके हिमं केश्यमक्षमीषच्च तद्गुणम् ॥१५८॥

બહેડું પચે ત્યારે તીખું, ઠંડું, વાળ માટે હિતકર છે અને તેમા હરડે તથા આમ-ળાના ગુણો છે, પણ એ ગુણો બહેડામા થોડા પ્રમાણમા છે.

ત્રિફળા

इयं रसायनवरा त्रिफलाऽक्ष्यामयापहा ।
रोपणी त्वग्गदक्लेदमेदोमेहकफास्रजित् ॥१५९॥

હરડે, આમળા તથા બહેડા મળીને જે ત્રણ ફળનુ ભેગુ ચૂર્ણ બને છે તેને 'ત્રિફળા' કહે છે. ત્રિફળા ઉત્તમ રસાયન છે. આંખના રોગનો નાશ કરે એવી, રૂઝવે એવી, કુષ્ઠ વગેરે ચામડીના રોગનો નાશ કરે એવી, ક્લેદને, ચરબીને, પ્રમેહને, કફને અને લોહીના રોગ મટાડે એવી છે.

નોંધ: ત્રિફળાનું પ્રમાણ ધન્વંતરિએ

બતાવ્યું છે. હરડેનું ફળ બે તોલાનું વજનમાં લેવું; બહેડું એક તોલો વજનનું લેવું અને આમળું અડધો તોલો વજનનું લેવું. એ રીતે થવાથી ત્રિફળામાં એક હરડે, બે બહેડાં અને ચાર આમળાં લેવાં, એવું સમજવું. હરડે બે તોલાની, બહેડું એક તોલાનું અને આમળું અરધા તોલાનું હોય ત્યારે જ તે પરિપક્વ અને જોઈતો ગુણ આપનારું કહેવાય; માટે એ પ્રમાણ રાખ્યું છે.

ત્રિજાત અને ચતુર્જાત

सकेसरं चतुर्जातं त्वक्पत्रैलं त्रिजातकम् ।
पित्तप्रकोपि तीक्ष्णोष्णं रूक्षं रोचनदीपनम् ॥१६०

તજ, તમાલપત્ર અને એલચી એ ત્રણ મળીને 'ત્રિજાત' કહેવાય છે અને એ ત્રિજાતમાં ચોથું કેસર વધારીએ તો 'ચતુર્જાત' કહેવાય છે. ત્રિજાત અને ચતુર્જાત પિત્તને કોપાવે એવાં, તીક્ષ્ણ, ગરમ, લૂખાં, દીપન અને રુચિકર્તા છે.

મરી

रसे पाके च कटुकं कफघ्नं मरिचं लघु ।

મરી સ્વાદમાં અને પચે ત્યારે તીખાં છે, કફનો નાશ કરે એવાં અને હલકાં છે.

લીંડીપીપર

श्लेष्मला स्वादुशीताऽऽर्द्रा गुर्वी स्निग्धा च पिप्पली ॥ १६१ ॥
सा शुष्का विपरीताऽतः स्निग्धा वृष्या रसे कटुः ।
स्वादुपाकाऽनिलश्लेष्मश्वासकासापहा सरा ॥१६२
न तामत्युपयुञ्जीत रसायनविधिं विना ।

લીલી પીપર કફ કરે એવી, ગળી, ઠંડી, ભારે અને સ્નિગ્ધ છે. જો તે સૂકી હોય તો લીલી કરતાં ઊલટા ગુણવાળી એટલે કફનો નાશ કરે એવી, ગરમ અને હલકી છે. સૂકી પીપર સ્નિગ્ધ, વૃષ્ય અને સ્વાદમાં તીખી છે. પચે ત્યારે તે ગળી છે અને વાયુ, કફ, દમ, ઉધરસ એ રોગોને મટાડે એવી અને સર છે. "વર્ધમાનપિપ્પલી' વગેરે રસાયનવિધિમાં કહેલા પ્રયોગો સિવાય અમથો તેનો બહુ ઉપયોગ કરવો નહિ. (સૂકી પીપરના કેટલાક ગુણ બે વખત કહેવામાં આવ્યા છે, તે વિશેષપણું જણાવવા માટે છે.)

સૂંઠના ગુણ

नागरं दीपनं वृष्यं ग्राहि हृद्यं विबन्धनुत् ॥ १६३ ॥
रुच्यं लघु स्वादुपाकं स्निग्धोष्णं कफवातजित् ।

સૂંઠ દીપન, વૃષ્ય, ગ્રાહી, હૃદ્ય, વિબંધ મટાડે એવી, રુચિ ઉપજાવે એવી, હલકી, પચે ત્યારે ગળી, સ્નિગ્ધ, ગરમ અને કફ તથા વાયુને મટાડે એવી છે.

આદું તથા ત્રિકટુ

तद्वदार्द्रकमेतच्च त्रय त्रिकटुकं जयेत् ॥ १६४ ॥
स्थौल्याग्निसदनश्वासकासश्लीपदपीनसान् ।

આદાના ગુણ સૂંઠના જેવા જ છે. સૂંઠ, પીપર તથા મરી એ ત્રણને 'ત્રિકટુ' કહે છે. તે શરીરની સ્થૂલતા (થૉલાપણું), જઠરાગ્નિની મંદતા, દમ, ઉધરસ, હાથીપગા નામે રોગ અને સળેખમ મટાડે છે.

ચવક અને પીપરીમૂળ

चविकापिप्पलीमूलं मरिचाल्पान्तरं गुणैः ॥१६५॥

ચવક અને પીપરીમૂળમાં મરી જેવા જ ગુણ જરા ઓછા પ્રમાણમાં છે; એટલે એમનો પણ રસ તથા વિપાક તીખો થાય છે, તેમ જ તે કફનો નાશ કરે છે, હલકાં છે તથા ગરમ છે.

ચિત્રો

चित्रकोऽग्निसमः पाके शोफार्शःकृमिकुष्ठहा ।

ચિત્રો પચે ત્યારે અગ્નિ જેવો ગરમ છે, તેમ જ સોજો, હરસ, કૃમિ અને ચામડીના રોગનો તે નાશ કરે છે.

પંચકોલ

पञ्चकोलकमेतच्च मरिचेन विना स्मृतम् ॥ १६६ ॥
गुल्मप्लीहोदरानाहशूलघ्नं दीपनं परम् ।

મરી સિવાયનુ ત્રિકટુ, ચવક, પીપરીમૂળ અને ચિત્રો એ પાંચ(પીપર, સૂંઠ, ચવક, પીપરીમૂળ અને ચિત્રો)ને 'પંચકોલ' કહે છે. પંચકોલ ગોળો, બરોળ, ઉદરરોગ, આનાહ અને શૂળ મટાડે છે તથા ઉત્તમ દીપન છે.

મોટાં પંચમૂળ

बिल्वकाश्मर्यतर्कारीपाटलाटिण्टुकैर्महत् ॥ १६७ ॥
जयेत्कषायतिक्तोष्णं पञ्चमूलं कफानिलौ ।

બીલી, શીવણી, અરણી, કાળી પાડળ અને અરડૂસો એ પાંચનાં મૂળને મોટાં પંચમૂળ કહે છે. મોટાં પંચમૂળ તૂરાં, કડવા અને ગરમ છે તથા કફ અને વાયુને મટાડે છે.

લઘુપંચમૂળ

ह्रस्वं बृहत्यंशुमतीद्वयगोक्षुरकैः स्मृतम् ॥ १६८ ॥
स्वादुपाकरसं नातिशीतोष्णं सर्वदोषजित् ।

બેઠી ભોરીંગણી અને ઊભી ભોરીંગણી- એ બંને ભોરીંગણીઓ, શાલિપર્ણી અને પૃશ્નિ- પર્ણી તથા ગોખરુ એ પાંચના મૂળને લઘુ (નાના) પંચમૂળ કહે છે. લઘુપંચમૂળ પચે ત્યારે તથા સ્વાદમાં ગળ્યાં, બહુ ઠંડાં નહિ કે બહુ ગરમ નહિ અને સર્વ દોષને મટાડે એવા છે. (શાલિપર્ણી=સમેરવો, પૃશ્નિપર્ણી=ગંધી સમેરવો.)

મધ્યમપંચમૂળ

बलापुनर्नवैरण्डशूर्पपर्णीद्वयेन तु ॥ १६९ ॥
मध्यमं कफवातघ्नं नातिपित्तकरं सरम् ।

બલદાણા, સાટોડી, એરંડા (દિવેલા) મુદ્ગપર્ણી અને માષપર્ણી એ પાંચનાં મૂળને મધ્યમ (વચલાં) પંચમૂળ કહે છે. મધ્યમ- પંચમૂળ કફ તથા વાયુનો નાશ કરે છે, બહુ પિત્ત ઉત્પન્ન કરતાં નથી અને સર છે. (મુદ્ગ- પર્ણી=જંગલી મગ, માષપર્ણી=જંગલી અડદ.)

જીવનપંચમૂળ

अभीरुवीराजीवन्तीजीवकर्षभकैः स्मृतम् ॥ १७० ॥
जीवनाख्यं तु चक्षुष्यं वृष्यं पित्तानिलापहम् ।

શતાવરી, કાકોલી, ડોડી, જીવક, ઋષભક એ પાંચના મૂળને જીવનપંચમૂળ કહે છે. જીવન- પંચમૂળ આંખને હિતકર, વૃષ્ય અને પિત્ત તથા વાયુનો નાશ કરનારાં છે.

તૃણપંચમૂળ

तृणाख्यं पित्तजिद्दर्भकाशेक्षुशरशालिभिः ॥ १७१ ॥

દર્ભ, કાસડો, શેરડી, શરકટ અને શાલી જાતની ડાંગર એ પાંચના મૂળને તૃણપંચમૂળ કહે છે. તૃણપંચમૂળ પિત્તને મટાડે એવાં છે.*

સંગ્રહ નામે ગ્રંથમાં એના કરતાં વિશેષ કહ્યું છે તે જાણવા લાયક છે; માટે તેમાંથી મુખ્યમુખ્ય વસ્તુઓના ગુણ નીચે બતાવ્યા છે:

સોનુ–બૃંહણ, સ્નિગ્ધ, સ્વાદમાં અને પચે ત્યારે ગળ્યુ; વિષદોષને હરનારું, ઠંડું, કાંઈક તૂરું અને રસાયન છે.

રૂપું–સ્નિગ્ધ, તૂરું, ખાટું, પચે ત્યારે ગળ્યુ, સર, યુવાવસ્થાને સ્થિર કરનારું, ઠંડું, લેખન તથા વાયુ અને પિત્તને મટાડે એવુ છે.

તાંબું–કંઈક કડવુ તથા ગળ્યુ, તૂરું, લેખન, હલકું, સ્વાદમાં અને પચે ત્યારે તીખું. ઠંડું, રુચવે એવુ તથા કફ અને પિત્તને મટાડે એવુ છે.

કાંસુ–એનો સ્વાદ પાછળથી તૂરો છે. તે વિશદ, લેખન, સર, આંખને નિર્મળ કરે એવુ, લૂખુ, કડવુ તથા પિત્ત અને કફનો નાશ કરનારું છે.

પિત્તળ–કાંઈ કડવુ તથા ખારું, ભેદી, પાંડુ- રોગ, ચામડીના રોગ, કૃમિ તથા વાયુનો નાશ કરનારું અને થોડુંક લેખન છે.

કલાઈ તથા સીસાના ગુણ પિત્તળના જેવા છે.

કૃષ્ણલોહ–(પોલાદ–ગજવેલ) આંખને હિત- કારક, તૂરું, ગળ્યુ, કડવું, લેખન, વાયકુ, ઠંડુ, કૃમિ, પિત્ત તથા કફનો નાશ કરનારું છે.

મોતી, પરવાળાં, હીરો, વૈડૂર્ય, સ્ફટિક વગેરે મણિ અને રત્નો સર, ઠંડાં, તૂરાં, ગળ્યાં, લેખન, આંખને હિતકર, હાથે પહેરવાથી ઝેર અને અલક્ષ્મીનો નાશ કરનાર અને વિષને શમાવનાર છે.

કાચ–કાંઈક ક્ષારના ગુણવાળો, ગરમ અને આંખે આંજવાથી નેત્રને ફાયદો આપનારો છે.

શંખ અને સમુદ્રફીણ–ઠંડાં, તૂરાં અને અત્યંત લેખન છે.

મોરથુથુ–તીખું, જરા ક્ષારના ગુણવાળું, તૂરું, વિશદ, હલકું, લેખન, ભેદી આંખને હિત-

* આ જગ્યાએ ઔષધિ વગેરેના ગુણાગુણ બંધ થાય છે.

કર; ખણુજ, કૃમિ અને ઝેરનો નાશ કરનાર છે.

સોનાગેરુ–વિશદ, સ્નિગ્ધ, તૂરું, ગળ્યુ અને ઠંડું છે.

મનશીલ–કફનો નાશ કરનાર, લેખન, તીખો, સર અને કડવો છે.

હરતાલ–સ્નિગ્ધ, તૂરી, તીખી અને ઝેરનો નાશ કરનારી છે.

સુરમાનું અંજન–તૂરું, ગળ્યું, ઠંડું, લેખન અને સ્નિગ્ધ છે, તેમ જ રક્તપિત્ત, ઝેર, ઊલટી, હિક્કા, એ રોગનો નાશ કરનારું તથા આંખને નિર્મળ કરનારું છે.

રસાંજન–કફનો નાશ કરનારું, કડવું, તીખું, છેદી અને કાંઈક ગરમ છે.

શિલાજિત–સર્વ દોષનો નાશ કરનાર, ઉધરસ, પ્રમેહ તથા ક્ષયને મટાડનાર, કફને હણનાર, ગરમ, તીખો અને રસાયન છે, તેમ જ કડવો, છેદી અને યોગવાહી હોવાથી બધા રોગને મટાડનાર છે.

વાંસકપૂર–તૂરું, ગળ્યુ, લૂખુ અને ઉધરસનો નાશ કરનારું છે.

સફેદ તપખીર–ક્ષય, ઉધરસ, દમ એ રોગોને મટાડનારી, ગળી તથા ઠંડી છે.

અન્ન વર્ગનો ઉપસંહાર

शूकशिम्बीजपक्कान्नमांसशाकफलौषधैः ।
वर्गितैरन्नलेशोऽयमुक्तो नित्योपयोगिकः ॥१७२॥

શૂકધાન્ય, શિંબીધાન્ય, રાંધેલુ અન્ન, માંસ, શાક, ફળ, ઔષધ એવા વર્ગ પાડીને નિત્ય ઉપયોગમાં આવનારા આહારની અમુક જ વસ્તુઓ આ અધ્યાયમાં કહી છે. જે નિત્ય ઉપયોગમાં નથી આવતા એવા ઘણા પદાર્થો રહ્યા છે, પણ ગ્રંથકર્તાએ જેમ બને તેમ સામાન્ય ઉપયોગ પર લક્ષ્ય રાખીને અહીં લખ્યું છે.

માપ, યોગ, ક્રિયા, દેશ, કાળ, અવસ્થા વગેરે કારણને લીધે, જે દ્રવ્ય જેવાં કહ્યાં છે તેથી ઊંધી અસર કરતાં પણ કોઈ વાર માલૂમ પડે છે. (માપનો દાખલો) તલ જેટલું ઝેર ખાવાથી વખતે તે અમૃત સરખો ગુણ આપે છે; (યોગનો દાખલો) ભિલામાં ચામડીના રોગ કરે છે તેમ છતાં તલ સાથે ખાવાથી ચામડીના રોગો મટાડે છે; (ક્રિયાનો દાખલો) સાથુ હલકો છે, પણ તેના લાડુ કરીને ખાવાથી તે ભારે પડે છે. (દેશનો દાખલો) દહીં, પીલુડાં, શમીની શિંગો, કેરાં, મારવાડમાં રહેનારને ખહુ માફક આવે છે; (કાળનો દાખલો) ઘી અને દૂધ બહુધા હેમંત ઋતુમાં મંદાગ્નિવાળાનો કફ વધારે છે. (અવસ્થાનો દાખલો) દહીં અને દૂધ વાયુનાશક છતાં પણ બરાબર થયાં ન હોય ત્યારે વાયુ કરે છે. વળી દૂધ રેચક છતાં કોઈને બંધકોશ કરે છે. એવુ બધુ પોતાની બુદ્ધિથી સમજી લેવાનુ છે.

इत्यष्टांगहृदये सूत्रस्थाने अन्नस्वरूपादिविज्ञानीयः षष्ठोध्यायः

અધ્યાય ૭ મો

अथातोऽन्नरक्षाध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

ગયા અધ્યાયમાં આહાર માટે રોજ ઉપયોગમાં આવતાં દ્રવ્યો કહ્યાં; પણ એ દ્રવ્યો ઝેર વગેરેથી બગડે, એ દ્રવ્યોનો વિરુદ્ધ આહાર થાય, એ દ્રવ્યોનો ઉપયોગ કરવામાં યોગ્ય વિધિ ન પળાય, સૂવામાં અને સંભોગમાં પણ વિધિ ન પળાય તો રોગ થાય છે અને કદાચ મરી પણ જવાય છે; માટે હવે જેમાં અન્નનુ રક્ષણ કરવાની વાત પહેલી આવે છે, એવો અન્નરક્ષા અધ્યાય કહીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:–

રાજાએ વૈદ્ય પાસે રાખવો

राजा राजगृहासन्ने प्राणाचार्यं निवेशयेत् ।
सर्वदा स भवत्येवं सर्वत्र प्रतिजागृविः ॥ १ ॥

રાજાએ રાજમહેલની પાસે વૈદ્યને વસાવવો જોઈએ. એમ કરવાથી તે વૈદ્ય સર્વદા અન્ન, પાન, શયન, સંભોગ વગેરે બધી બાબતમાં બરાબર ધ્યાન આપી શકે.

અન્નપાનનું ઝેરથી રક્ષણ કરવું

अन्नपानं विषाद्रक्षेद्विशेषेण महीपतेः ।
योगक्षेमौ तदायत्तौ धर्माद्या यन्निबन्धनाः ॥२॥

રાજાનુ અન્નપાન કોઈ પણ રીતે અને તેમાયે ખાસ કરીને ઝેરથી ન બગડે તેની બહુ કાળજી રાખવી, કારણ કે લોકોના યોગ અને ક્ષેમનો આધાર રાજા ઉપર છે અને ધર્મ વગેરે પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)નો આધાર યોગ અને ક્ષેમ ઉપર છે.

યોગ=જે ન મેળવ્યુ હોય તે મેળવવુ, કમાણી. ક્ષેમ=મેળવેલી વસ્તુની યોગ્ય સભાળ રાખવી. લોકોને અન્ન, વસ્ત્ર વગેરે મળે તે યોગ અને મળ્યા પછી ચોરી વગેરે ઉપદ્રવો ન થાય તેની સભાળ રાખવી તે ક્ષેમ.

ઝેરથી બગડેલા ભાતનું લક્ષણ

ओदनो विस्रवान् सान्द्रो यात्यविस्राव्यतामिव ।
चिरेण पच्यते पक्वो भवेत्पर्युषितोपमः ॥ ३ ॥
मयूरकण्ठतुल्योष्मा मोहमूर्च्छाप्रसेककृत् ।
हीयते वर्णगन्धाद्यैः क्लिद्यते चन्द्रिकाचितः ॥ ४ ॥

ઝેરવાળા ચોખાનો ભાત ગળડી જેવો ઘાટો થાય છે અને (અદર પાણી હોય તોપણ) ઓસાવી શકાતો નથી, રાધતી વખતે બહુ વારે રધાય છે અને રધાયા પછી રાતવાસી હોય તેવો ઠડો અને કડક થઈ જાય છે, એમાથી મોરના ગળા જેવા ભૂરા રગની વરાળ નીકળે છે. એવા ભાતની વરાળ લેવાથી મોહ, મૂર્છા અને પ્રસેક થાય છે. વળી ઝેરથી બગડેલા ભાતના કુદરતી રંગ, ગધ, રસ, સ્પર્શ વગેરે જતા રહે છે, એ ગદગદો થાય છે તથા પાણીમા પડેલા તેલના છાટાના જેવા (મોરના પીછાની આખો જેવા) ચાસ્લાચાસ્લા તેમા પડી જાય છે.

વ્યંજનોમાં પડેલા ઝેરની પરીક્ષા

व्यञ्जनान्याशु शुष्यन्ति ध्यामक्वाथानि तत्र च ।
हीनाऽतिरिक्ता विकृता छाया दृश्येत नैव वा ॥५
फेनोर्ध्वराजीसीमन्ततन्तुबुद्बुदसम्भवः ।
विच्छिन्नविरसा रागाः खाण्डवाः शाकमामिषम् ॥ ६ ॥

વ્યજનો ઝેરને લીધે તરત સુકાઈ જાય છે. તેને ઉકાળ્યા હોય તો તેનો ક્વાથ મેલા રગનો થાય છે. તે ક્વાથમા જોનારની છાયા નાની, મોટી કે બેડોળ દેખાય છે કે વખતે છાયા સમૂળગી દેખાતી નથી. તે વ્યજનોમા (વ્યજનવાળા દ્રવ્યમા) ફીણ, લિસોટા, બે ભાગ જુદા થવાથી થયેલી સેંથી જેવી રેખા, તાત, પરપોટા વગેરે થાય છે. ઝેરથી બગડેલા રાગ, ખાડવ, શાક અને માસ ફાટી ગયેલા દૂધની માફક ફોદાફોદાવાળા થઈ જાય છે અને એમનો સ્વાદ ઊતરી જાય છે.

બીજા પદાર્થોમાં ભળેલા ઝેરની પરીક્ષા

नीला राजी रसे ताम्रा क्षीरे दध्नि दृश्यते ।
श्यावाऽऽपीतासिता तक्रे घृते पानीयसन्निभा ॥
मस्तुनि स्यात्कपोताभा राजी कृष्णा तुषोदके ।
काली मद्याम्भसोः क्षौद्रे हरित्तैलेऽरुणोपमा ॥ ८ ॥
पाकः फलानामामानां पक्वानां परिकोथनम् ।
द्रव्याणामार्द्रशुष्काणां स्यातां म्लानिविवर्णते ॥
मृदूनां कठिनानां च भवेत्स्पर्शविपर्ययः ।
माल्यस्य स्फुटिताग्रत्वं म्लानिर्गन्धान्तरोद्भवः ॥
ध्याममण्डलता वस्त्रे शदनं तन्तुपक्ष्मणाम् ।
धातुमौक्तिककाष्ठाश्मरत्नादिषु मलाक्तता ॥११॥
स्नेहस्पर्शप्रभाहानिः सप्रभत्वं तु मृण्मये ।

માસરસમા ઝેર ભળ્યુ હોય તો તેમા ગળી જેવા રગના લિસોટા દેખાય છે. દૂધમા રાતા, દહીમા કાળા, છાશમા જરા ભૂરાશપડતા પીળા, ઘીમા પાણી જેવા, મસ્તુમા હોલા જેવા રગના, તુષોદકમા કાળા, મદ્ય અને પાણીમાં કાળા, મધમા લીલા અને તેલમા રાતા લિસોટા દેખાય છે. ઝેરના યોગથી કાચા ફળ પાકી જાય છે અને પાકા ફળ કોહી જાય છે, લીલા પદાર્થો કરમાઈ (ચિમળાઈ) જાય છે અને સૂકા પદાર્થનો રગ ફટકી જાય છે, પોચા પદાર્થ કઠણ થઈ જાય છે અને કઠણ પદાર્થ પોચા થઈ જાય છે, ફૂલના અગ્રભાગ ખરી પડે છે, ફૂલ કરમાઈ જાય છે કે તેની સુવાસ નાશ પામીને કોઈ બીજી જ જાતની વાસ તેમાથી નીકળે છે. લૂગડા પર કાળા (મેલા) ડાઘ (ધાબા) પડી જાય છે, તેની રુવાટી ખરી પડે છે. ધાતુ, મોતી, લાકડુ, પથ્થર, રત્ન વગેરેને ઝેરનો યોગ થવાથી તે મલિન થાય છે–તે ઉપર મેલ

બળે છે અને તેમાંથી જે સ્નિગ્ધ હોય તેના સ્નેહનો, જે અડકવામાં ગરમ કે ઠંડું હોય તેના સ્પર્શનો અને જે ચળકતું હોય તેના ચળકાટનો નાશ થાય છે. માટીના વાસણને ઝેર અડકવાથી માટી પોતે નિસ્તેજ (ઝાંખી) હોવા છતાં એનાં વાસણ ચળકે છે.

ઝેર આપનારનાં લક્ષણ

विषदः श्यावशुष्कास्यो विलक्षो वीक्षते दिशः ॥
स्वेदवेपथुमांस्त्रस्तो भीतः स्खलति जृम्भते ॥१२॥

ઝેર આપનારનું મોઢું કાળું પડી ગયેલું તથા સુકાઈ ગયેલું હોય છે. જાણે શરમાતો હોય, ભોંઠો પડ્યો હોય કે બ્હાવરો બન્યો હોય તેમ તે ચારે પાસ જુએ છે, તેમ જ પોતાના ગુનાની બીકથી તેને પરસેવો થાય છે અને ધ્રૂજે છે. એ ચમકે છે, બીએ છે, ચાલતાં લથડિયાં કે ઠોકરો ખાય છે અને બગાસાં ખાય છે.

ઝેર આપનારનાં બીજાં પણ લક્ષણ કહ્યાં છે: તે પ્રસંગ વિના હસવા માંડે છે, સવાલનો કાંઈ સંબંધ વિનાનો જવાબ આપે છે કે વખતે ઉત્તર જ આપતો નથી. બોલવાની ઇચ્છા હોય પણ બોલતાં મૂંઝાય છે, આંગળીઓના કડાકા (ટચાકા) ફોડે છે, માથું ખંજવાળે છે, હોઠ ચાટે છે, ભોંય ખોતરે છે, કામ કરવામાં ઉતાવળ કરે છે, કરવાનું હોય તેનાથી ઊલટું કામ કરે છે, પોતાની જગ્યાએ ઠરતો નથી, ઇત્યાદિ ચિહ્નથી એ વિષ આપનાર છે એમ જાણવું.

દેવતામાં ઝેરવાળું અન્ન પડે તો શું થાય ?

प्राप्यान्नं सविषं त्वग्निरेकावर्तः स्फुटत्यति ॥१३॥
।शिखिकण्ठाभधूमार्चिरनर्चिर्बोग्रगन्धवान् ।

ઝેરવાળું અન્ન દેવતામાં નાખ્યું હોય તો અગ્નિ એક ભડકે બળે છે અને ચટચટ (તડતડ) એવો અવાજ થઈ બહુ ફૂટે છે તથા મોરના ગળા જેવો ભૂરો (અથવા મેઘધનુષ્ય જેવો અનેક રંગનો) ધુમાડો તથા ભડકો નીકળે છે, કોઈકવાર સમૂળગો ભડકો નીકળતો નથી અને તેમાંથી મડદા જેવી વાસ મારે છે.

એના ધુમાડાથી પણ પ્રસેક, રૂંવાં ઊભાં થવાં, માથું દુખવું, પીનસ, આંખ દુખવી વગેરે રોગ થાય છે.

ઘી, તેલ વગેરે તથા મીઠું અગ્નિમાં નાખવાથી પણ અગ્નિમાં ઉપર કહેલા વિકાર થાય છે; માટે ઝેરની પરીક્ષાની બીજી રીત કહે છે.

પક્ષી વગેરેથી ઝેરની પરીક્ષા

म्रियन्ते मक्षिकाः प्राश्य काकः क्षामस्वरो भवेत् ॥ १४ ॥
उत्क्रोशन्ति च दृष्ट्वैतच्छुकदात्यूहसारिकाः ।
हंसः प्रस्खलति ग्लानिर्जीवञ्जीवस्य जायते ॥
चकोरस्याऽक्षिवैराग्यं क्रौञ्चस्य स्यान्मदोदयः ।
कपोतपरभृद्दक्षचक्रवाका जहत्यसून् ॥ १६ ॥
उद्वेगं याति मार्जारः शकृन्मुञ्चति वानरः ।
हृष्येन्मयूरस्तद्दृष्ट्या मन्दतेजो भवेद्विषम् ॥१७॥
इत्यन्नं विषवज्ज्ञात्वा त्यजेदेवं प्रयत्नतः ।
यथा तेन विपद्येरन्नपि न क्षुद्रजन्तवः ॥ १८ ॥

ઝેરવાળું અન્ન ખાવાથી માખો મરી જાય છે, કાગડાનો અવાજ નરમ પડી જાય છે; ઝેરયુક્ત અન્ન જોઈને જ પોપટ, જળકાગડો અને મેના તો ચીસો પાડવા માંડે છે, હંસ ચાલતાં લથડિયાં ખાય છે, જીવંજીવ નામે પક્ષીને ગ્લાનિ ઊપજે છે, ચકોરની આંખમાંથી લાલાશ ઊડી જાય છે, ક્રૌંચ(વહીલાં)ને મદ થાય છે, હોલો, કોયલ, કૂકડો અને ચક્રવાક–એ પક્ષીઓ તો ઝેર જોઈને જ પ્રાણ તજે છે. બિલાડું ઝેરવાળું અન્ન જોઈને શોકાતુર થઈ જાય છે, વાંદરાને ઝાડો–પેશાબ થઈ જાય છે, મોર (તે જોઈને) આનંદ પામે છે. ઝેરવાળા અન્ન પર મોરની નજર પડવાથી તે અન્નના ઝેરની અસર ઓછી થઈ જાય છે. એ પ્રમાણે વિષવાળા અન્નની પરીક્ષા કરીને તેને સંભાળથી એવી જગ્યાએ નાખી દેવું કે જેથી માખો વગેરે ક્ષુદ્ર પ્રાણીઓ પણ એને લીધે મરે નહિ. ——

ઝેર અડકે તેની અસર અને ઉપાય

स्पृष्टे तु कण्डूदाहोपाज्वरार्तिस्फोटसुप्तयः ।
नखरोमच्युतिः शोफः सेकाद्या विषनाशनाः ॥
शस्तास्तत्र प्रलेपाश्च सेव्यचन्दनपद्मकैः ।

ससामवल्कतालीसपत्रकुष्ठामृतानतैः ॥ २० ॥

ઝેર અડકે તો ખરજ(ચળ), દાહ, ઊષા, તાવ, શૂળ, ફોલ્લા અને સુસ્તી થાય છે, તેમ જ નખ અને રૂવાંડાં ખરી પડે છે, સોજો આવે છે. ત્યાં શેક, (અભ્યંગ, અવગાહ) વગેરેથી ઝેર નાશ પામે છે; માટે તે એવે પ્રસંગે ફાયદાકારક છે, તેમ જ કાળા વાળાનુ મૂળ, સુખડ, કમળનું લાકડું, ધોળો ખેર, તાલીસપત્ર, ઉપલેટ, ગળો અને તગરમૂળ એ ઔષધિઓના લેપ પણ હિતકારક છે.

મોંમાં ઝેર અડકે તેની અસર અને ઉપાય

लालाजिह्वौष्ठयोर्जाड्यमूषाचिमिचिमायनम् ।
दन्तहर्षो रसाज्ञत्वं हनुस्तम्भश्च वक्त्रगे ॥ २१ ॥
लेप्याद्यैस्तत्र गण्डूषाः सर्वे च विषजिद्धितम् ।

ઝેર મોઢામા અડકે તો મોંમાંથી લાળ ગળે છે, જીભ અને હોઠ જડ થઈ જાય છે, ઊષા (દાહ) થાય છે, મોમાં ચમચમે (ચચરે) છે, દાંત અંબાઈ જાય છે, જીભથી સ્વાદ પરખાતા નથી, હનુસ્તંભ થાય છે. એવે પ્રસંગે ઉપર કહ્યાં તે–કાળા વાળાનુ મૂળ, સુખડ, કમળનું લાકડું, ધોળો ખેર, તાલીસપત્ર, ઉપલેટ, ગળો, તગરમૂળ–એ વગેરેના કોગળા કરવા અને બીજું પણ જે ઝેર મટાડે એવુ હોય તે ત્યા ફાયદો કરે છે.

આમાશયમાં તથા પક્વાશયમાં ગયેલા ઝેરનાં લક્ષણ તથા ઉપાય

आमाशयगते स्वेदमूर्च्छाध्मानमदभ्रमाः ॥२२॥
रोमहर्षो वमिर्दाहश्चक्षुर्हृदयरोधनम् ।
विन्दुभिश्चाचयोऽङ्गानां पक्वाशयगते पुनः ॥२३॥
अनेकवर्णं वमति मूत्रयत्यतिसार्यते ।
तन्द्रा कृशत्वं पाण्डुत्वमुदरं बलसङ्क्षयः ॥२४॥
तयोर्वान्तिविरिक्तस्य हरिद्रे कटभीं गुडम् ।
सिन्दुवारितनिष्पावशाल्पिकाशतपर्विकाः ॥ २५ ॥
तण्डुलीयकमूलानि कुक्कुटाण्डमवल्गुजम् ।
नावनाञ्जनपानेषु योजयेद्विषशान्तये ॥ २६ ॥

ઝેર જો આમાશયમાં ગયુ હોય તો પરસેવો, મૂર્છા, આધ્માન, મદ, ફેર, રૂવાં ઊભાં થવાં, ઊલટી, દાહ, નેત્રરોગ અને હૃદયનો રોગ થાય છે. શરીર ઉપર પાણીનાં ટીપાં જેવા અનેક ફોલ્લા પથરાઈ જાય છે, ઝેર જો પક્વાશયમાં ગયું હોય તો અનેક રંગની ઊલટી થાય છે, પેશાબ થાય છે, ઝાડા થાય છે, તંદ્રા, કૃશતા (દૂબળાપણુ), ફીકાશ આવે છે, ઉદરરોગ થાય છે અને બળનો નાશ થાય છે. આમાશયમાં ઝેર ગયું હોય તેને ઊલટીઓ કરાવવી તથા પક્વાશયમાં ઝેર ગયુ હોય તેને ઝાડા કરાવવા. પછી હળદર, આંબાહળદર, ગરણી, ગોળ, નગોડ, વાલ, હિંગુપત્રી. વજ, તાંદળજાનાં મૂળ, મરઘીનુ ઈંડું અને બાવચી એ ઔષધિઓ, ઝેરની શાંતિ માટે નસ્ય, અંજન અને પીવામાં વાપરવી. (ઊલટી કરાવવી એમ કહ્યુ છે ત્યાં મીંઢળ, તુબડી, કાયફળ, ગલકીના ફળમા મધ તથા વાલનુ પાણી નાખીને ઊલટી કરાવવી. ઊલટી કરાવ્યા પછી સ્નેહપાન કરાવીને રેચ આપવો, પણ પક્વાશયમાં ઝેર ગયુ હોય ત્યારે ઊલટી કરાવ્યા વિના જ ગળીના ફળ અને ઘી એ બે સાથે આપીને રેચ આપવો.)

विषभुक्ताय दद्याच्च शुद्धायोर्ध्वमधस्तथा ।
सूक्ष्मं ताम्ररजः काले सक्षौद्रं हृद्विशोधनम् ॥२७॥
शुद्धे हृदि ततः शाणं हेमचूर्णस्य दापयेत् ।

જેણે ઝેર ખાધું હોય તેવા માણસને ઉપરનીચે (એટલે ફરીથી ઊલટીઓ અને જુલાબ કરાવીને) શુદ્ધ કરીને દવા આપવાને યોગ્ય વખતે હૃદયને શુદ્ધ કરનાર તાંબાનું અતિ બારીક ચૂર્ણ મધ સાથે આપવુ. પછી હૃદય શુદ્ધ થયા પછી ૦૧ તોલો સોનાનું ચૂર્ણ આપવું.

સોનાનું ચૂર્ણ ખાનારાને ગુણ

न सज्जते हेमपाङ्गे पद्मपत्रेऽम्बुवद्विषम् ॥ २८ ॥
जायते विपुलं चायुर्गरेऽप्येव विधिः स्मृतः ।

કમળના પત્ર પર જેમ પાણી ચોટતું નથી તેમ સોનાનુ ચૂર્ણ પીનારના શરીરમાં વિષ વળગતુ નથી, તેમ જ તેનુ આયુષ્ય લાંબું થાય છે. જે વિધિ ઝેર માટે કહ્યો છે, તે જ વિધિ ગર એટલે કૃત્રિમ ઝેરની બાબતમાં પણ કરવો.

વિરુદ્ધ આહાર ઝેર સમાન છે

विरुद्धमपि चाहारं विद्याद्विषगरोपमम् ॥ २९ ॥

વિરુદ્ધ આહારને પણ ઝેર તથા ગર જેવો જાણવો.

વિરુદ્ધ ભોજન

आनूपमामिषं माषक्षौद्रक्षीरविरूढकैः ।
विरुध्यते सह बिसैर्मूलकेन गुडेन वा ॥ ३० ॥
विशेषात्पयसा मत्स्या मत्स्येष्वपि चिलीचिमः ।

અનૂપ દેશના પ્રાણીના માંસને અનૂપ માંસ કહે છે. તેમનુ માંસ અડદ, મધ, દૂધ, વરૂઢાં (શણગાવેલાં ધાન), કમળનાં જાડાં મૂળ, મૂળા અને ગોળ એ સાતમાંના દરેકથી વિરુદ્ધ છે. (અનૂપ દેશના પ્રાણીમાં પણ) ખાસ કરીને મત્સ્ય વર્ગનાં પ્રાણી દૂધની સાથે વધારે વિરુદ્ધ છે અને મત્સ્યમાં પણ ચિલિચિમ જાતનો મત્સ્ય દૂધની સાથે અત્યંત વધારે વિરુદ્ધ છે. વિરુદ્ધ ભોજન એક ટંકે ખાવુ નહિ.

જો એ વિરુદ્ધ આહાર કોઈ કરે તો સંગ્રહમાં કહે છે તેમ તેજ, બળ, સ્મૃતિ, બુદ્ધિ, ઇંદ્રિયોની શક્તિ અને મનની શક્તિનો નાશ થાય છે તથા વિસ્ફોટક, ગોળો, મદ, ગડ, પ્રમેહ, ક્ષય, તાવ અને રક્તપિત્ત એવા ભારે રોગો થાય છે અને મૃત્યુ પણ થાય છે.

દૂધ સાથે શું વિરુદ્ધ છે?

विरुद्धमम्लं पयसा सह सर्वं फलं तथा ॥ ३१ ॥
तद्वत्कुलत्थवरककङ्गुवल्लमकुष्टकाः ।

તમામ ખાટા પદાર્થ દૂધની સાથે વિરુદ્ધ છે. (તમામ એટલે દ્રવ પદાર્થ જેવા કે કાંજી વગેરે તથા અદ્રવ જેવા કે ખાટી લૂણી વગેરે બધા ખાટા પદાર્થ દૂધ સાથે વિરુદ્ધ છે. દૂધની સાથે મેળવીને અથવા દૂધ સાથે અથવા દૂધ ખાધા પછી અથવા દૂધ પીધા પછી તરત પણ તે ન ખાવા એમ કહેવાની મતલબ છે.) તેમ જ દૂધની સાથે બધાં ફળ પણ વિરુદ્ધ છે. (કયાં કયા ફળ દૂધ સાથે વિરુદ્ધ છે, તે ચરક મુનિએ આ પ્રમાણે ગણાવ્યાં છે: કેરી, અંબાડો, નાનાં ફણસ, કરમદાં, કેળાં, કાગદી લીંબુ, બોર, કોશામ, ઓટફળ, જાંબુ, કોઠું, આમલી, પારેવત, અખોડ, ફણસ, નાળિયેર, દાડમ, આમળાં અને એવાં બીજાં ફળ દૂધ સાથે વિરુદ્ધ છે.)

તે જ પ્રમાણે કળથી, વરક નામે ડાંગરની જાત થાય છે તેના ચોખા, કાંગ, વાલ અને મઠ એ પણ દૂધ સાથે વિરુદ્ધ છે. (અડદ અને નિષ્પાવ નામે વાલની જાત થાય છે તે પણ દૂધ સાથે વિરુદ્ધ છે, એમ સંગ્રહમાં કહેલુ છે.)

દૂધ સાથે વિરુદ્ધ શાક

भक्षयित्वा हरितकं मूलकादि पयस्त्यजेत् ॥ ३२ ॥

મૂળા વગેરે હરિત વર્ગનાં શાક ખાઈને પછી દૂધ ખાવુ નહિ. લસણ પણ હરિત વર્ગનું છે, છતાં ઔષધપ્રયોગ (ચિ. ૧૪/૪૫)માં કહેલું હોય તો ત્યાં બાધ નથી; કેમ કે ત્યાં અગ્નિ વગેરેના યોગથી દ્રવ્યાંતર (બીજું દ્રવ્ય) બની જાય છે.

બીજા વિરુદ્ધ આહાર

वाराहं श्वाविधा नाद्यान्मा पृषतकुक्कुटौ ।
आममांसानि पित्तेन माषसूपेन मूलकम् ॥ ३३ ॥
अविं कुसुम्भशाकेन बिसैः सह विरूढकम् ।
माषसूपगुडक्षीरदध्याज्यैर्लकुचं फलम् ॥ ३४ ॥
फलं कदल्यास्तक्रेण दध्ना तालफलेन वा ।
कणोषणाभ्यां मधुना काकमाचीं गुडेन वा ॥ ३५ ॥
सिद्धां वा मत्स्यपचने पचने नागरस्य वा ।
सिद्धामन्यत्र वा पात्रे कामात्तामुषितां निशाम् ॥

શાહુડીના માંસ સાથે ડુક્કરનુ માંસ ખાવુ નહિ. પૃષત (ટપકાંટપકાવાળો ચિત્રમૃગ) અને કૂકડો એ જાનવરોનું માસ દહીં સાથે ખાવું નહિ. પિત્તની સાથે કાચા માસ ખાવાં નહિ. અડદની દાળ સાથે મૂળો ખાવો નહિ. કસૂંબીનાં શાક સાથે ઘેટાંનુ માંસ ખાવુ નહિ. કમળના બિસની સાથે શણગેલુ ધાન ખાવુ નહિ. અડદની દાળ, ગોળ, દૂધ, દહીં તથા ઘી એમાથી કોઈની સાથે પણ નાનાં ફણસ ખાવા નહિ. છાશ, દહીં કે તાડફળની સાથે કેળાં ખાવાં નહીં. પીપર અને મરી (ભેગા), મધ કે ગોળ સાથે ધોળી પીલુડી ખાવી નહિ, તેમ જ મત્સ્ય રાંધવાના વાસણમાં કે સૂંઠ ઉકાળેલા વાસણમાં રાંધેલી ધોળી પીલુડી પણ ખાવી નહિ અથવા બીજા ગમે તે વાસણમા રાંધી હોય તોપણ રાત-

વાસી થયેલી ધોળી પીલુડી કદાપિ ખાવી નહિ.

પીપર વગેરે ક્યારે વિરુદ્ધ છે?

मत्स्यनिस्तलनस्नेहे साधिताः पिप्पलीस्त्यजेत् ।
कांस्ये दशाहमुषितं सर्पिरुष्णं त्वरुष्करे ॥ ३७ ॥

માછલાં તળતાં વધેલા તેલ વગરે સ્નેહમાં તળેલી પીપર તજવી (એટલે ખાવી નહિ, તેમ ચોપડવા વગેરે ઉપયોગમાં પણ લેવી નહિ. એ જ રીતે હવે પછી પણ જ્યાં 'તજવું' એમ જ કહ્યુ હોય ત્યાં તમામ ઉપયોગ તજવા એમ સમજવુ). દશ દિવસ લગી કાંસાના વાસણમા રહેલું ઘી તજવુ, એટલે ખાવું નહિ કે ચોળવા વગેરેમાં પણ ન વાપરવુ. ભિલામાના ઉપયોગ સાથે કોઈ પણ ગરમ પદાર્થ ખાવોપીવો નહિ (કે ગરમ ક્રિયા કરવી નહિ, ગરમીથી દૂર રહેવુ). વળી પાછળ કહ્યુ છે કે ઉષ્ણ ઋતુમા ઉષ્ણ ઉપચારથી ઉષ્ણ પ્રકૃતિવાળાએ મધ પીવુ નહિ, વગેરે ઉપરથી પણ આ જગાએ સમજવુ કે ભિલામાની પેઠે મધ પણ ઉષ્ણ પદાર્થ આદિથી વિરુદ્ધ છે. તે જ પ્રમાણે દહીં અને મધ પણ ઉષ્ણથી વિરુદ્ધ છે.

ભાસ તથા કપિલો ક્યારે વિરુદ્ધ છે?

भासो विरुध्यते शूल्यः कम्पिल्लस्तक्रसाधितः ।

ભાસ નામે પક્ષીનુ માંસ લોઢાનો સળિયો ખોસીને દેવતા પર શેકેલું હોય તો તે વિરુદ્ધ આહાર છે. છાસમાં રાંધેલો કપિલો વિરુદ્ધ આહાર છે.

એ સિવાય સંગ્રહ નામે ગ્રંથમાં વિશેષ કહેલું છે, કે સૌવીર સાથે તલસાંકળી, દૂધની સાથે લવણ, માખણ સાથે શાક, નવું અને જૂનું તથા કાચું અને પાકું એક ટંકે ખાવું એ વિરુદ્ધ છે, તેમ જ ગરમીથી તપેલો માણસ એકદમ ઠંડા પાણીમાં પડે તો ચામડી અને આંખને નુકસાન પહોંચે છે તથા તરસ બહુ વધે છે. ગરમીથી તપેલો માણસ એકદમ પાણી પીએ તો રક્તપિત્ત થાય છે, શરીરની મહેનત કર્યા પછી એકદમ ખાવાથી ઊલટી, ઊબકા કે ગોળાનો રોગ થાય છે, વાણીથી મહેનત કર્યા પછી એટલે બહુ બોલ્યા પછી એકદમ ખાનારનો અવાજ બેસી જાય છે.

દૂધપાક સાથે શું વિરુદ્ધ છે!

एकध्यं पायससुराकृशराः परिवर्जयेत् ॥ ३८ ॥

દૂધપાક, સુરા અને કૃશરા એ એક ટંકે ખાવાં નહિ.

સમાન ભાગે લેવાથી શું શું વિરુદ્ધ બને છે?

मधुसर्पिर्वसातैलपानीयानि द्विशस्त्रिशः ।
एकत्र वा समांशानि विरुध्यन्ते परस्परम् ॥ ३९
भिन्नांशा अपि मध्वाज्ये दिव्यवार्यनुपानतः ।

મધ, ઘી, વસા, તેલ અને પાણી એમાંથી ગમે તે બેબે કે ત્રણત્રણ કે ચારચાર કે પાંચે સમાન ભાગે એકઠાં કર્યાં હોય તો તે પાચ દ્રવ્યો પરસ્પર વિરુદ્ધ છે. આવાં કુલ ૨૬ મિશ્રણ થઈ શકે છે. જો તે મિશ્રણમાં એ પાંચ સિવાયનું બીજું કોઈ દ્રવ્ય મળ્યુ હોય તો તે વિરુદ્ધ નથી. દા. ત. અગસ્ત્ય લેહમા તેલ, ઘી અને મધની સાથે પીપર કહેલી છે, માટે તે સમાન છતાં પણ વિરુદ્ધ નથી.

મધ અને ઘી સરખે ભાગે ન હોય તોપણ તે ખાધા પછી દિવ્ય જળ પીવુ તે વિરુદ્ધ આહાર છે.

मधुपुष्करबीजं च मधुमैरेयशार्करम् ॥ ४० ॥
मन्थानुपानः क्षैरेयो हारिद्रः कटुतैलवान् ।

મધ અને પુષ્કરબીજ એક ટંકે હોય તો વિરુદ્ધ છે. મધ, મૈરેય તથા સાકરનો બનાવેલો દારૂ એ ત્રણ એક ટંકે હોય તો તે વિરુદ્ધ છે. દૂધપાક ખાધા પછી મંથ પીવો તે વિરુદ્ધ છે. હારિદ્ર નામે શાક સરસિયા સાથે વિરુદ્ધ છે.

તલનો કલ્ક તથા ઉપોદકા વિરુદ્ધ છે

उपोदकाऽतिसाराय तिलकल्केन साधिता ॥ ४१ ॥

તલના કલ્ક (કચરિયા) સાથે સિદ્ધ કરેલી પોથીની ભાજી અતિસાર કરે છે.

બલાકા કોની સાથે વિરુદ્ધ?

बलाका वारुणीयुक्ता कुल्माषैश्च विरुध्यते ।
भृष्टा वराहवसया सैव सद्यो निहन्त्यसून् ॥ ४२ ॥

બલાકા નામની બગલીની જાત થાય છે. તેનું માંસ વારુણી નામે મદ્યની સાથે, તેમ જ

મગ વગેરેના ખાકળાની સાથે પણ વિરુદ્ધ છે. તે જ બગલીનુ માંસ જો ડુક્કરની વસામાં શેકેલું હોય તો તે તત્કાળ મારી નાખે છે.

તેતર વગેરે શાની સાથે વિરુદ્ધ છે?

तद्वत्तित्तिरिपत्राढ्यगोधालावकपिञ्जलाः ।
एरण्डेनाग्निना सिद्धास्तत्तैलेन विमूर्च्छिताः ॥४३

તે જ પ્રમાણે તેતર, મોર, સાંઢા, લાવું અને ધોળું તેતર એમનાં માંસ એરંડિયા તેલમાં એરંડાના અગ્નિથી રાંધ્યાં હોય તો તે તત્કાળ મારી નાખે છે.

હારીત શાની સાથે વિરુદ્ધ છે?

हारीतमांसं हारिद्रशूलकप्रोतपाचितम् ।
हरिद्राबह्निना सद्यो व्यापादयति जीवितम् ॥४४॥

હારીત નામે પક્ષીનું માસ હળદરના લાકડાના સોયામાં પરોવીને હળદરના લાકડાના દેવતાથી રાંધ્યું હોય તો તે તત્કાળ જીવ લે છે.

भस्मपांशुपरिध्वस्तं तदेव च समाक्षिकम् ॥

રાખ કે ધૂળથી મેલુ થયેલુ હારીત પક્ષીનું માંસ મધ સાથે વિરુદ્ધ છે.

વિરુદ્ધ આહારનું લક્ષણ તથા ઉપાય

यत्किञ्चिद्दोषमुत्क्लेश्य न हरेत्तत्समासतः ॥ ४५ ॥
विरुद्धं शुद्धिरत्रेष्टा शमो वा तद्विरोधिभिः ।

જે દ્રવ્ય (અન્ન, પાન કે ઔષધ) કે ક્રિયા-દોષને તેના સ્થાનમાંથી ઉપાડે (ખસેડે) પણ પછી તેને શરીરમાંથી બહાર કાઢી નાખે નહિ તેને ટૂંકામાં વિરુદ્ધ કહે છે.

એવા પ્રસંગે (વિરુદ્ધ આહારથી રોગ થાય ત્યારે) વમન, વિરેચન વગેરેથી શુદ્ધિ કરવી એ ઇચ્છવા જેવું છે; [કેમ કે કોપેલા દોષ (વિરુદ્ધ ભોજનથી ઊપડેલા દોષ)ને વમન, વિરેચન વગેરેથી બહાર કાઢવાથી પાછું આરોગ્ય પ્રાપ્ત થાય છે.] અથવા વિરુદ્ધ આહારથી જે દોષ ઊખળ્યા હોય તેનાં વિરોધી ઔષધ અને અન્નપાન વગેરેથી તે દોષનું શમન કરવુ જોઈએ.

द्रव्यैस्तैरेव वा पूर्वं शरीरस्याभिसंस्कृतिः ॥ ४६ ॥

અથવા વિરોધી અન્નપાન વગેરેથી કોપેલા દોષને શમાવે એવાં (એટલે તે દોષનાં વિરોધી) દ્રવ્યથી શરીરને પહેલેથી જ (વિરોધી આહાર લેતાં પહેલાં) સંસ્કારયુક્ત કરી રાખ્યું હોય તો પછી વિરુદ્ધ (વિરોધી) આહારથી નુકસાન થતું નથી. જેમ કે પિત્ત તથા કફને હરનારાં મધ, હરડે વગેરે ઔષધ નિત્ય ખાવાથી દેહ એવો દૃઢ થઈ રહે છે કે પિત્ત અને કફ ઊખળે એવા વિરુદ્ધ આહારથી રોગ થતો નથી (દોષ ઊખળતો નથી).

વિરુદ્ધ આહાર કોને નડતો નથી?

व्यायामस्निग्धदीप्ताग्निवयःस्थबलशालिनाम् ।
विरोध्यपि न पीडायै सात्म्यमल्पं च भोजनम् ॥ ४७ ॥

રોજ કસરત કરનારને, સ્નિગ્ધ અને વૃષ્ય આહાર જેને સાત્મ્ય હોય તેને, જેના જઠરાગ્નિ પ્રદીપ્ત હોય તેને, જુવાન માણસને અને બળવાન માણસને વિરુદ્ધ-આહાર પણ નડતો નથી. વળી જે માણસને વિરુદ્ધ આહાર સાત્મ્ય હોય તેને અને જે માણસ વિરુદ્ધ આહાર થોડો લેતો હોય તેને પણ વિરુદ્ધ આહાર નડતો નથી.

અપથ્ય ટેવ કેવી રીતે છોડવી?

पादेनापथ्यमभ्यस्तं पादपादेन वा त्यजेत् ।
निषेवेत हितं तद्वदेकद्वित्र्यन्तरीकृतम् ॥ ४८ ॥

અપથ્ય આહારવિહારની ટેવ પડી ગઈ હોય તો તે ટેવ એકદમ ન છોડી દેતાં નીચે બતાવેલી રીતે ક્રમેક્રમે છોડવી. જે અપથ્ય આહાર-વિહારની ટેવ પડી હોય તે ચોથે ભાગે અથવા સોળમે ભાગે એક, બે અને ત્રણ દિવસનુ અંતર રાખીને, ચોથે ભાગે કે સોળમે ભાગે છોડવો અને અપથ્ય આહારવિહાર જેટલો છોડ્યો હોય તેટલો જ પથ્ય આહારવિહાર છોડેલો અપથ્ય આહારવિહારને બદલે લેવો.

સમજૂતી : દાખલા તરીકે જવ અપથ્ય છે અને ઘઉં પથ્ય છે. હવે જો આપણને ઘઉંને બદલે જવ ખાવાની ટેવ પડી ગઈ હોય તો જવ છોડીને આપણે ઘઉં ખાતા કેવી રીતે થઈ જવુ કે જેથી જવની ટેવ છૂટે, ઘઉં ચઢે અને આ ફેરફારથી માંદા ન પડાય, તે યુક્તિ આ શ્લોકમાં બતાવી છે.

ફેરફારને પહેલે દિવસે અપથ્ય

ચોથો ભાગ છોડી દેવો અને એ છોડેલા ભાગ જેટલું પથ્ય (ઘઉં) લેવું અને એ રીતે પથ્ય અને અપથ્ય મળીને સરવાળો, અસલ જેટલું અપથ્ય લેતા હોઈએ તેના જેટલો કરવો. ૨૦ તોલા જવ રોજ ખાવાની ટેવ પડી ગઈ હોય તો એ ટેવ છોડવા માટે પહેલે દિવસે ૧૫ તોલા જવ ખાવા અને ૫ તોલા ઘઉં ખાવા. આમ સરવાળો ૨૦ તોલા થઈ રહેશે. જે ટંકે જેટલું વજન અપથ્ય લેતા હોઈએ તે ટંકે તેટલા વજનને હિસાબે કામ કરવું.

પછી એક દિવસ પાડવો એટલે બીજે દિવસે બધું અપથ્ય જ લેવું, પથ્ય બિલકુલ લેવું નહિ, અને ત્રીજે દિવસે પહેલા દિવસ જેવું કરવું. ચોથે દિવસે અડધોઅડધ અપથ્ય છોડી દેવું અને તેને બદલે છોડેલા અપથ્ય જેટલું જ પથ્ય લેવું. દાખલા તરીકે ૧૦ તોલા જવ અને ૧૦ તોલા ઘઉં લેવા.

પછી બે દિવસ પાડવા એટલે પાંચમે અને છઠ્ઠે દિવસે ત્રીજા દિવસ જેવું કરવું અને સાતમે દિવસે ચોથા દિવસ જેવું કરવું. આઠમે દિવસે પા (૦।) ભાગનું અપથ્ય અને પોણા ભાગનું પથ્ય લેવું. દાખલા તરીકે ૫ તોલા જવ અને ૧૫ તોલા ઘઉં લેવા.

પછી ત્રણ દિવસ પાડવા એટલે નવમે, દસમે અને અગિયારમે દિવસે સાતમા દિવસ જેવું કરવું અને બારમે દિવસે આઠમા દિવસ જેવું કરવું. તેરમે દિવસે બધું પથ્ય જ લેવું, અપથ્ય બિલકુલ લેવું નહિ. દાખલા તરીકે ૨૦ તોલા ઘઉં લેવા, જવ બિલકુલ લેવા નહિ.

પછી ચૌદમે દિવસે બારમા દિવસના જેવું કરવું, પંદરમે દિવસે તેરમા દિવસ જેવું કરવું, એ રીતે પાછો એક દિવસ પડ્યો. પછી સોળમા દિવસથી રોજ બધું પથ્ય જ લેવું અને અપથ્ય તદ્દન છોડી દેવું. અપથ્ય પૂરેપૂરું છૂટી ગયેલું હોવાથી પછી બબ્બે કે ત્રણત્રણ દિવસનું અંતર રાખવાની જરૂર પડતી નથી.

આમ ચોથેચોથે ભાગે તદ્દન અપથ્ય પરથી તદ્દન પથ્યની ટેવ પાડતાં પંદર દિવસ લાગે છે. પણ સોળમે સોળમે ભાગે અપથ્ય છોડીને છોડેલા જેટલું પથ્ય લેતાં લેતાં અપથ્ય તદ્દન છોડીને તદ્દન પથ્યની ટેવ ઉપરની રીતે પાડવી હોય તો ૬૩ દિવસ લાગે છે.

આ ક્રમ હેમાદ્રિની આયુર્વેદ રસાયન ટીકાને આધારે લીધો છે. અરુણદત્તની સર્વાંગસુંદર ટીકાના ક્રમ કરતાં ઉપરનો ક્રમ વધારે સલામતીભર્યો લાગે છે.

પથ્યાપથ્યનો એકાએક ફેરફાર કરવાથી વિકાર થાય છે

अपथ्यमपि हि त्यक्तं शीलितं पथ्यमेव वा ।
सात्म्यासात्म्यविकाराय जायते सहसाऽन्यथा ॥

પાછળ કહ્યો તે ક્રમ લક્ષમાં લીધા વિના સાત્મ્ય એવું અપથ્ય એકદમ તજવાથી અને અસાત્મ્ય એવું પથ્ય એકદમ સેવવાથી પણ વિકાર થાય છે. એવી રીતે સાત્મ્ય તથા અસાત્મ્યથી થતા વિકાર અપથ્ય એકદમ તજવાથી તથા પથ્ય એકદમ સેવવાથી થાય છે.

ક્રમ પાળવાથી ફાયદો

क्रमेणापचिता दोषाः क्रमेणोपचिता गुणाः ।
सन्तो यान्त्यपुनर्भावमप्रकम्प्या भवन्ति च ॥५०॥

પૂર્વે કહ્યો તે ક્રમ પાળીને અપથ્યનો ત્યાગ તથા પથ્યનું સેવન કરવાથી અપથ્યની ટેવથી ઉત્પન્ન થયેલા દોષ ધીમેધીમે ઓછા થતા થતા ફરીને થતા નથી અને પથ્યની ટેવથી ઉત્પન્ન થયેલા ગુણ ક્રમસર વધતાવધતા સ્થિર થાય છે.

દોષ કોપાવવા નહિ

अत्यन्तसन्निधानानां दोषाणां दूषणात्मनाम् ।
अहितैर्दूषणं भूयो न विद्वान् कर्तुमर्हति ॥५१॥

દોષો શરીરની ઘણા જ પાસે છે. વળી ધાતુ વગેરેને બગાડવાનો તેમનો સ્વભાવ છે, માટે ડાહ્યા માણસે એવા અત્યંત નજીક અને બગાડ કરે એવા દોષોને, અહિતકર પદાર્થોના સેવન વગેરેથી વધારે બગાડ કરે એવા બનાવવા જોઈએ નહિ.

નોંધ : અપથ્ય આહારવિહારને કોઠે પાડવાની આ શ્લોકમાં મના કરી છે. અપથ્ય આહારવિહાર એકવાર બરાબર કોઠે પડી જાય

પછી એ નુકસાન કરતો નથી એ વાત ખરી છે; છતાં પણ એ કોઠે પડે ત્યાં સુધી એની ટેવ પાડવામાં જેટલા દિવસ જાય તેટલા દિવસ સુધી તો એ જરૂર નુકસાન કરે છે; માટે અપથ્ય આહારવિહારની ટેવ પાડવી નહિ.

આહાર વગેરેના નિયમથી આયુષ્ય લાંબું થાય છે

आहारशयनाब्रह्मचर्यैर्युक्त्या प्रयोजितैः ।
शरीरं धार्यते नित्यमागारमिव धारणैः ॥५२॥

આહાર, ઊંઘ અને મૈથુન શાસ્ત્રોક્ત યુક્તિ પ્રમાણે કર્યાં હોય તો જેમ થાંભલાઓ વડે ઘર ટકી રહે છે, તેમ શરીર પણ નિત્ય ટકી રહે છે; અર્થાત્ આહાર, ઊંઘ અને મૈથુન ત્રણે વાનાં માપસર અને માફકસર હોય તો શરીર ઘણો કાળ ટકી રહે છે. શરીરરૂપી ઘરના એ ત્રણ જાણે થાંભલા છે.

આહારનું વર્ણન ક્યાં ક્યાં કર્યું છે?

आहारो वर्णितस्तत्र तत्र तत्र च वक्ष्यते ।

એ ત્રણ(આહાર, ઊંઘ અને મૈથુન)માંથી ઋતુચર્યા, દ્રવદ્રવ્યવિજ્ઞાનીય અને અન્નસ્વરૂપ-વિજ્ઞાનીય એ ત્રણ અધ્યાયમાં આહારનું તો વર્ણન થયેલું છે અને તે તે સ્થળમાં (જ્વર-ચિકિત્સા વગેરે અને માત્રાશીતીય અધ્યાયમાં) વળી આહારનું વર્ણન થશે.

નિદ્રાની જરૂર

निद्रायत्तं सुखं दुःखं पुष्टिः कार्श्यं बलाबलम् ॥५३
वृषता क्लीबता ज्ञानमज्ञानं जीवितं न च ।

સુખ (આરોગ્ય), દુઃખ (રોગ), પુષ્ટિ, કૃશતા, બળ, નિર્બળતા, વીર્યનો વધારો, વીર્યનો ઘટાડો, જ્ઞાન, અજ્ઞાન, જીવન, મરણ-એનો આધાર ઊંઘ ઉપર છે.

અનિયમિત નિદ્રા નુકસાન કરે છે

अकालेऽतिप्रसङ्गाच्च न च निद्रा निषेविता ।॥५४
सुखायुषी पराकुर्यात् कालरात्रिरिवापरा ।

જાણે સંહાર કરવાને નીકળેલી બીજી મહાકાળી હોય તેમ કવખતની ઊંઘ, વધારે પડતી ઊંઘ અને સમૂળગી ન લીધેલી ઊંઘ (ઉજાગરો) સુખ અને આયુષ્યનો નાશ કરે છે.

રાતે જાગવું તથા દિવસે ઊંઘવું કેવું છે?

रात्रौ जागरणं रूक्षं स्निग्धं प्रस्वपनं दिवा ॥५५
अरूक्षमनभिष्यन्दि त्वासीनप्रचलायितम् ।

રાતનો પણ ઉજાગરો રૂક્ષ છે (તો દિવસે પ્રમાણમાં વધારે તાપ હોવાથી દહાડે કરેલો ઉજાગરો રાતના ઉજાગરા કરતાંયે વધારે રૂક્ષ છે). દહાડે ઊંઘવું એ સ્નિગ્ધ (અભિષ્યંદી) છે (તો રાતે પ્રમાણમાં વધારે ટાઢી હોવાથી રાતે ઊંઘવું એ દિવસે ઊંઘવા કરતાં વધારે સ્નિગ્ધ છે). પણ બેઠેબેઠે ઝોકાં આવે ત્યારે જ ઊંઘવું (ઊંઘમાં ઢળી પડવું) એ નથી રૂક્ષ કે નથી અભિષ્યંદી. (શરીર રૂક્ષ (લૂખું) બને તો વાયુના રોગ થાય અને શરીરમાં અભિષ્યંદ થાય તો કફ અને પિત્તના રોગ થાય.)

દિવસે સૂવું ક્યારે હિતકર છે?

ग्रीष्मे वायुचयादानरौक्ष्यरात्र्यल्पभावतः ॥५६॥
दिवास्वप्नो हितोऽन्यस्मिन् कफपित्तकरो हि सः ॥
मुक्त्वा तु भाष्ययानाध्वमद्यस्त्रीभारकर्मभिः ॥५७॥
क्रोधशोकभयैःक्लान्तान् श्वासहिध्मातिसारिणः
वृद्धबालाबलक्षीणक्षततृट्शूलपीडितान् ॥५८॥
अजीर्ण्यभिहतोन्मत्तान् दिवास्वप्नोचितानपि ।
धातुसाम्यं तथा ह्येषां श्लेष्मा चाङ्गानि पुष्यति ॥

ગ્રીષ્મ ઋતુમાં દિવસે ઊંઘવું હિતકારક છે, કેમ કે તે ઋતુમાં વાયુનો સંચય થાય છે, તે વખતે બળનો આદાનકાળ હોવાથી રૂક્ષતા (લૂખાશ) વિશેષ વધે છે, રાત્રિઓ એટલી ટૂંકી હોય છે કે ઊંઘ પૂરી થતી નથી. (વળી દિવસે ઊંઘવું એ સંતર્પણ ગુણવાળું છે.) ગ્રીષ્મ સિવાય બીજી ઋતુઓમાં દિવસે ઊંઘવાથી કફ તથા પિત્ત થાય છે, છતાં બહુ બોલીને થાકેલો, વાહનમાં કે ઘોડે બેસીને થાકેલો, પગે ચાલવાથી થાકેલો, તેમ જ દારૂ પીવાથી, મૈથુનથી, ભાર ઉપાડવાથી, ક્રોધ કરવાથી, શોક કરવાથી, બીક લાગવાથી અને કામ કરીને થાકી ગયેલા હોય તેમને તો ગ્રીષ્મ સિવાયની બીજી ઋતુ-ઓમા પણ દિવસે ઊંઘવાથી ફાયદો થાય છે; કેમ કે દિવસની નિદ્રા સ્નિગ્ધ ગુણવાળી હોવાથી તે થાકથી થયેલી રૂક્ષતા શમાવે છે. ને જ

પ્રમાણે દમ, હેડકી, અતિસારનો રોગ જેમને થયો હોય તેમને પણ રોગનો વેગ ભૂલવા માટે ગ્રીષ્મ સિવાયની બીજી ઋતુઓમાં પણ દિવસે ઊંઘવુ સારું છે. વૃદ્ધ, બાળક અને નિર્બળનું સંતર્પણ કરવા તથા ક્ષતકાસ રોગવાળાને, તરવાર વગેરેથી ઘાયલ થયેલાને, તરસના રોગવાળાને તથા શૂલરોગની પીડાવાળાને રોગનો વેગ (હુમલો) ભુલાવવા માટે ગ્રીષ્મ સિવાયની બીજી ઋતુઓમાં પણ દિવસે નિદ્રા ફાયદાકારક છે. અજીર્ણવાળો, લાકડી વગેરેનો જેને માર પડ્યો હોય તેવો, ગાંડો તથા જેમણે બારે માસ દિવસે ઊંઘવાની ટેવ પાડી હોય એમને પણ ઉપર પ્રમાણે બધી ઋતુઓમાં દિવસે નિદ્રા હિતકર છે; કેમ કે તેથી ધાતુઓ સમ થાય છે. એ પ્રમાણે 'બહુ બોલીને થાકેલો' ત્યાંથી માંડીને 'ગાંડો' સુધી સર્વ દિવસે નિદ્રા કરવાને યોગ્ય છે. માટે એમના સિવાય બીજાને ગ્રીષ્મ વિનાની ઋતુમાં દિવસે ઊંઘવાથી કફ તથા પિત્ત થાય છે.

આ બાબતમાં કોઈ વાંધો લે કે નિદ્રા સ્નિગ્ધ ગુણવાળી છે, માટે કફ ઉપજાવે છે, કફવૃદ્ધિ થવાથી અગ્નિ મંદ થાય છે, અગ્નિ મંદ થવાથી અજીર્ણ થઈ અન્ન પચતુ નથી, અન્ન ન પચવાથી શરીરનુ પોષણ થતું નથી અને તેથી શરીરે નુકસાન થાય છે; માટે દહાડે ઊંઘવું કોઈને જ હિતકારક નથી તો પછી અજીર્ણવાળાને તો ખાસ નુકસાન કરે. એના સમાધાન માટે એટલુ સમજવું કે દિવસે ઊંઘવાથી ઉપર કહેલા મનુષ્યોની ધાતુ સમ થાય છે. ધાતુ સમ થવાથી દોષો પોતાના સ્થાનમાં રહીને જઠરાગ્નિને બાધ કરતા નથી; એવી રીતે અગ્નિ પોતાની પાચનક્રિયા ચલાવે છે તથા વૃદ્ધિ પામેલો કફ અંગોની પુષ્ટિ કરે છે; માટે જ શાસ્ત્રકર્તાએ છેવટે કહ્યું છે, કે દિવસે ઊંઘવાથી એ પુરુષોની ધાતુઓ સમ થાય છે તથા કફ અંગોનું પોષણ કરે છે.

દિવસે તથા રાતે કોણે ન સૂવું?

बहुमेदःकफाः स्वप्युः स्नेहनित्याश्च नाहनि।
विषार्तः कण्ठरोगी च नैव जातु निशास्वपि ॥६०॥

જેમના શરીરમાં ચરબી તથા કફ વધારે છે તથા જેઓ રોજ સ્નિગ્ધ ભોજન વગેરેથી સ્નિગ્ધ રહે છે, તેમણે ગ્રીષ્મકાળમાં પણ દિવસે ઊંઘવુ નહિ. ઝેરથી પીડાયેલા તથા ગળાના રોગવાળાએ તો રાતે પણ ઊંઘવું નહિ. (શ્લોક ૫૭ થી ૫૮નો જેને લાગુ પડતા હોય તેને જો આ શ્લોક લાગુ પડતો હોય તો એણે આ શ્લોક પાળવો.)

કવખતે ઊંઘવાથી હાનિ

अकालशयनान्मोहज्वरस्तैमित्यपीनसाः।
शिरोरुक्शोफहृल्लासस्रोतोरोधाग्निमन्दताः ॥६१

કવખતે ઊંઘવાથી તાવ, સ્તૈમિત્ય, પીનસ, માથું દુખવુ, સોજો, હલ્લાસ, સ્રોતોનો રોધ અને મંદાગ્નિ થાય છે.

અતિનિદ્રાની ચિકિત્સા

तत्रोपवासवमनस्वेदनावनमौषधम्।
योजयेदतिनिद्रायां तीक्ष्णं प्रच्छर्दनाञ्जनम् ॥६२
नावनं लङ्घनं चिन्तां व्यवायं शोकभीक्रुधः।
एभिरेव च निद्राया नाशः श्लेष्मातिसङ्क्षयात् ॥६३॥

અકાળ નિદ્રાથી થયેલા રોગોમાં ઉપવાસ, વમન, સ્વેદન અને નસ્ય એ ઔષધ છે. ઊંઘ બહુ આવતી હોય તેને તીક્ષ્ણ ઊલટીની દવા આપવી; તીક્ષ્ણ અંજન આંજવાં તથા નસ્ય. ઉપવાસ, ચિંતા, મૈથુન, શોક, ભય અને ક્રોધ કરાવવાં; કારણ કે એ બધાંથી કફનો પુષ્કળ નાશ થતો હોવાથી ઊંઘનો પણ નાશ થાય છે.

ન ઊંઘવાથી હાનિ

निद्रानाशादङ्गमर्दशिरोगौरवजृम्भिकाः।
जाड्यग्लानिभ्रमापक्तितन्द्रा रोगाश्च वातजाः॥

ઊંઘનો નાશ થવાથી શરીર કસમોડા ખાય છે (ચૂંથારા થાય છે), માથું ભારે થાય છે, બગાસાં આવે છે, જડતા આવે છે, ગ્લાનિ થાય છે, ફેર આવે છે, પચતું નથી, તંદ્રા થાય છે અને વાયુથી થતા રોગ થાય છે.

યોગ્ય નિદ્રા લેવી

यथाकालमतो निद्रां रात्रौ सेवेत सात्म्यतः
असात्म्याज्जागरादर्धं प्रातः स्वप्यादभुक्तवान् ॥

એટલા માટે રોજ ઊંઘવાને સમયે (જેટલા વાગે ઊંઘી જવાની ટેવ હોય તેટલા વાગ્યે) રાતે પ્રકૃતિને માફક આવે તેટલી (બે પહોર કે ત્રણ પહોર) ઊંઘ લેવી, ઉજાગરાથી ટેવાયેલા ન હોઈએ છતાં રાતે જાગરણ થયુ હોય તો જેટલો વખત તેવું જાગવામાં આવે, તેથી અર્ધો વખત સવારમાં ખાધા વિના ઊંઘવુ. (કેટલાક સ્વભાવે જ થોડી ઊંઘવાળા હોય છે, તેમણે સવારે ઊંઘવાની જરૂર નથી; પણ જેમને ઉજાગરો દાખવે છે તેમને માટે વિશેષે કરીને કહેલુ છે.) પહોર= આશરે ત્રણ કલાક.

સારી રીતે ઊંઘવાના ઉપાય

शीलयेन्मन्दनिद्रस्तु क्षीरमद्यरसान् दधि ।
अभ्यङ्गोद्वर्तनस्नानमूर्धकर्णाक्षितर्पणम् ॥ ६६ ॥
कान्ताबाहुलताश्लेषो निर्वृतिः कृतकृत्यता ।
मनोऽनुकूला विषयाः कामं निद्रासुखप्रदाः । ६७
ब्रह्मचर्यरतेर्ग्राम्यसुखनिःस्पृहचेतसः ।
निद्रा सन्तोषतृप्तस्य स्वं कालं नातिवर्तते ॥ ६८

જેને ઊંઘ વખતસર ન આવતી હોય તેણે દૂધ, દારૂ, માંસરસ અને દહીં ખાવાં; શરીરે તેલ ચોળવુ, ઉદ્વર્તન કરવુ, નાહવું, માથે તેલ ઘાલવુ, કાનમા તથા આંખમાં તેલ વગેરે મૂકીને તર્પણ કરવુ તથા પોતાની સ્ત્રીના હાથરૂપી વેલ વીંટીને (સ્ત્રીને ભેટીને) સૂઈ રહેવું (પણ મૈથુન કરવુ નહિ, કેમ કે તેથી તો ઊંઘ ઊડી જાય છે); સુખ, જે કામ કરવાના હોય તે કર્યાં હોવાનો સંતોષ, મનને ગમે એવા વિષયો એ ઘસઘસાટ ઊંઘ આણે છે. મૈથુનની જેને ઇચ્છા નથી એવા, સંતોષી, બ્રહ્મચર્ય પાળવામાં આનંદ માનનાર માણસને વખતસર ઊંઘ આવ્યા વિના રહેતી નથી.

કોની સાથે, ક્યાં, ક્યારે, કેવી સ્થિતિમાં અને કોણે મૈથુન કરવું નહિ?

ग्राम्यधर्मे त्यजेन्नारीमनुत्तानां रजस्वलाम् ।
अप्रियामप्रियाचारां दुष्टसङ्कीर्णमेहनाम् ॥ ६९ ॥
अतिस्थूलकृशां सूतां गर्भिणीमन्ययोषितम् ।
वर्णिनीमन्ययोनिं च गुरुदेवनृपालयम् ॥ ७० ॥
चैत्यश्मशानाऽऽयतनचत्वराम्बुचतुष्पथम् ।
पर्वाण्यनङ्ग दिवसं शिरोहृदयताडनम् ॥ ७१ ॥
अत्याशितोऽधृतिः क्षुद्वान् दुःस्थिताङ्गः पिपासितः ।
बालो वृद्धोऽन्यवेगार्तस्त्यजेद्रोगी च मैथुनम् ॥७२

ચતી ન સૂતી હોય એવી (ઊંધી કે આડી પડેલી), રજસ્વલા (અભડાયેલી), ન ગમતી, ન ગમે એવા વર્તનવાળી; દોષોથી, રોગથી કે મેલથી બગડેલી યોનિવાળી, સાંકડી યોનિવાળી, બહુ જ જાડી (થોલા જેવી), બહુ જ દૂબળી, સુવાવડી, ગર્ભવતી (દહાડાવાળી), પરાઈ, બ્રહ્મચર્ય પાળનારી તથા (બકરી, ગધેડી, ભેંસ વગેરે) માણુસ સિવાયની બીજી જાતની સ્ત્રી સાથે મૈથુન કરવુ નહિ. ગુરુનુ ઘર, દેવમંદિર, રાજાનો મહેલ, ચૈત્ય, સ્મશાન, કેદખાનુ, ચકલુ, જળાશય, ચૌટું એ જગામાં મૈથુન કરવુ નહિ. (સૂર્યની સંક્રાંતિ જેવા) પર્વના (પવિત્ર) દિવસોએ મૈથુન કરવુ નહિ. જે અવયવ (આંગળી, મુઠ્ઠી, ગુદા વગેરે) મૈથુન માટે બનાવાયાં નથી તે અવયવ વડે તથા કોઈ પણ દિવસે દહાડે મૈથુન કરવુ નહિ. માથું તથા હૃદયનુ તાડન પણ તજવુ. વળી બહુ ખાધા પછી ઉદાસ (ઊંચે) મને, ભૂખ લાગેલી હોય ત્યારે, કોઈ અંગમા પીડા થતી હોય ત્યારે, તરસ લાગી હોય ત્યારે, બાળકે, ઘરડા માણસે, ઝાડો–પેશાબ વગેરેની હાજત (વેગ) થઈ હોય ત્યારે અને રોગીએ મૈથુન કરવુ નહિ.

નોંધ: કામસૂત્રમા લખ્યુ છે કે કપાળમા, પીઠ પર, હૃદય પર, પડખામાં હાથથી સ્ત્રીને થપાટો મારવી. એમ કરવાથી સ્ત્રીને કામ વ્યાપે છે. પણ એવુ કરવાથી કામ વ્યાપતો હોય તોપણ એવુ કરવુ નહિ; કારણકે એવી રીતે થપાટો મારવાથી કે સ્ત્રીનાં અંગો પર માથાં મારવાથી તિમિર વગેરે રોગ થાય છે. (વાક્યપ્રદીપિકા ટીકા)

ઋતુવાર મૈથુનનો નિયમ

सेवेत कामतः कामं तृप्तो वाजीकृतां हिमे ।
त्र्यहाद्वसन्तशरदोः पक्षाद्वर्षानिदाघयोः ॥७३॥

વાજીકરણ(ઉ. અ. ૪૦)થી તૃપ્ત થયેલા પુરુષે હેમંતઋતુમાં મરજી મુજબ મૈથુન કરવુ.

વસંત અને શરદઋતુમાં ચોથેચોથે દિવસે મૈથુન કરવું અને વર્ષા તથા ગ્રીષ્મઋતુમાં એક પખવાડિયાને આંતરે મૈથુન કરવું.

અનિયમિત મૈથુનથી હાનિ

भ्रमक्लमोरुदौर्बल्यबलधात्विन्द्रियक्षयाः ।
अपर्वमरणं च स्यादन्यथा गच्छतः स्त्रियम् ॥७४॥

ઉપર(શ્લોક ૬૮ૢ થી ૭૩)માં કહ્યા તે નિયમોનો ભંગ કરીને મૈથુન કરનારને ફેર, કંટાળો, સાથળોની દુર્બળતા, બળ, ધાતુ અને ઇંદ્રિયોની શક્તિનો નાશ તથા અકાળ મૃત્યુ થાય છે.

નિયમિત મૈથુનનું ફળ

स्मृतिमेधायुरारोग्यपुष्टीन्द्रिययशोबलैः ।
अधिका मन्दजरसो भवन्ति स्त्रीषु संयताः ॥७५

શ્લોક ૬૮ૢથી ૭૪માં કહેલા નિયમો બરાબર પાળીને વિધિસર મૈથુન કરનાર પુરુષોની સ્મૃતિ, મેધા, આયુષ્ય, આરોગ્ય, પુષ્ટિ, ઇંદ્રિયોની શક્તિ, યશ અને બળ વધે છે. એ ઝટ ઘરડા થતા નથી (એમની જુવાની લાંબી ટકે છે).

મૈથુન કર્યા પછીનો વિધિ

स्नानानुलेपनहिमानिलखण्डखाद्य-
शीताम्बुदुग्धरसयूषसुराप्रसन्नाः ।
सेवेत चानु शयनं विरतौ रतस्य
तस्यैवमाशु वपुषः पुनरेति धाम ॥ ७६ ॥

મૈથુન કરી રહ્યા પછી પુરુષે નાહવું, ચંદન વગેરેનો લેપ કરવો, ઠંડો પવન ખાવો, જલેબી વગેરે ખાંડની ખાવાની વાનગીઓ ખાવી, ઠંડુ પાણી, દૂધ, માંસરસ, યૂષ, સૂરા અને પ્રસન્ના પીવાં અને પછી ઊંઘી જવું. આમ કરવાથી પુરુષના શરીરમાંથી ગયેલું તેજ (શક્તિ, વીર્ય) તરત પાછું આવે છે.

કેવો વૈદ્ય રાખવાથી રાજાને શા લાભ થાય છે?

श्रुतचरितसमृद्धे कर्मदक्षे दयालौ
भिषजि निरनुबन्धं देहरक्षां निवेश्य ।
भवति विपुलतेजः स्वास्थ्यकीर्तिप्रभावः
स्वकुशलफलभोगी भूमिपालश्चिरायुः ॥७७॥

(આગળ કહ્યુ તે બધું હિત અને અહિત વૈદ્ય જ જાણી શકે છે માટે) સારી રીતે શાસ્ત્ર ભણેલા, ઉત્તમ આચરણવાળા, ઉપચાર કરવામાં કુશળ અને દયાળુ વૈદ્યના હાથમાં નિઃશંકપણે પોતાના (રાજાના) દેહનું રક્ષણ કરવાનું કામ સોંપવાથી રાજા અત્યંત તેજ, આરોગ્ય, કીર્તિ અને પ્રભાવવાળો થાય છે, પોતે કરેલાં પુણ્યનાં ફળ ભોગવી શકે છે અને લાંબા આયુષ્યવાળો થાય છે.

इत्यष्टांगहृदये सूत्रस्थानेऽन्नरक्षाध्यायो नाम सप्तमोऽध्यायः ।

અધ્યાય ૮ મો

અન્નપાન વગેરે ઝેર વગેરેથી બગડે નહિ એની કાળજી રાખ્યા છતા પણ એવાં ન બગડેલાં અન્નપાન જો માપથી ઓછાં કે વધારે ખવાયપિવાય તો મરી જવાય છે; પણ જો માપસર ખવાયપિવાય તો પ્રાણ ટકી રહે છે, માટે અન્નરક્ષાના અધ્યાય પછી હવે માત્રાશિતીય અધ્યાય કહેવા માંડે છે.

અન્નપાનના સમ્યગ્યોગને માત્રા કહે છે. જ્યારે અન્નપાન પચે તે કરતાં ઓછું ખાઈએ ત્યારે અન્નપાનનો હીનયોગ, પચે તે કરતાં વધારે ખાઈએ ત્યારે અતિયોગ અને જે જાતનુ અન્નપાન ખાવાપીવાની શાસ્ત્રની મના હોય તે જાતનુ અન્નપાન ખાઈએપીએ, જેની સાથે ખાવાપીવાની શાસ્ત્રની મના હોય તેની સાથે ખાઈએપીએ કે જ્યાં ખાવાપીવાની મના હોય ત્યાં ખાઈએપીએ ત્યારે મિથ્યાયોગ થયો કહેવાય. હીનયોગ, અતિયોગ, મિથ્યાયોગ એ ત્રણે અસમ્યગ્યોગ છે. જે અસમ્યગ્યોગ ન હોય તે સમ્યગ્યોગ છે.

અસમ્યગ્યોગ સાત રીતે થાય છે: સંકીર્ણાશન, વિરુદ્ધાશન, અમાત્રાશન, અજીર્ણાશન. સમાશન, અધ્યશન અને વિષમાશન.

अथातो मात्राशितीयमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે (અન્નરક્ષાધ્યાય પછી) માત્રાશિતીય અધ્યાય સમજાવીશું. એ વિષયમાં 'આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

ભોજન વગેરેમાં માપની જરૂર

मात्राशी सर्वकाले स्यान्मात्रा ह्यग्नेः प्रवर्तिका ।
मात्रां द्रव्याण्यपेक्षन्ते गुरूण्यपि लघून्यपि ॥ १ ॥

(રોગી કે નીરોગી) દરેકે સર્વદા માપ પ્રમાણે ખાવુપીવુ જોઈએ; કેમ કે માપસર ખાવાપીવાથી જઠરાગ્નિ પોતાના (પચાવવાના) કામે લાગે છે. (લોટ, દૂધ, દ્રાક્ષ, અખોડ, શેરડી, અડદ, અનૂપ દેશના પ્રાણીનુ માસ વગેરે જેવા ભારે દ્રવ્ય તથા દિવ્ય જળ, રાતી શાળ, સાઠીચોખા, મગ, લાવુ, ધોળું તેતર, એણુ, મૃગ, સસલાં, સાબર વગેરે હલકા દ્રવ્યો પણ પચી શકે તે માટે માપની જરૂર છે.)

માત્રાનું પ્રમાણ

गुरूणामर्धसौहित्यं लघूनां नातितृप्तता ।
मात्राप्रमाणं निर्दिष्टं सुखं यावद्विजीर्यति ॥ २ ॥

જેટલુ ખાધાથી આપણે બરાબર ધરાઈએ તેનાથી અડધા માપમા જ ભારે પદાર્થ ખાવા. જેટલુ ખાવાથી આપણે ધરાઈએ તેનાથી જરાયે વધારે માપમા હલકા પદાર્થ ન ખાવા; (એટલે) બીજી ટંક પડેલા જેટલુ સહેલાઈથી પચી જાય એટલુ જ ખાવુપીવુ એ યોગ્ય માપનુ લક્ષણ (વ્યાખ્યા) છે.

ઓછું ખાવાપીવાથી હાનિ

भोजनं हीनमात्रं तु न बलोपचयौजसे ।
सर्वेषां वातरोगाणां हेतुतां च प्रपद्यते ॥ ३ ॥

માપ કરતા (સહેલાઈથી પચી શકતુ હોય તે કરતા) ઓછુ લીધેલુ ભોજન નથી બળ આપતુ, નથી પુષ્ટિ કરતુ કે નથી ઓજની વૃદ્ધિ કરતુ, પણ વાયુના તમામ રોગોના કારણરૂપ બને છે.

વધારે ખાવાપીવાથી હાનિ

अतिमात्रं पुनः सर्वानाशु दोषान् प्रकोपयेत् ।

પણ સહેલાઈથી પચી શકે તેના કરતા વધારે લીધેલુ ભોજન તત્કાળ ત્રણે દોષને કોપાવે છે.

અલસક અને કોગળિયાની સંપ્રાપ્તિ

पीड्यमाना हि वाताद्या युगपत्तेन कोपिताः ॥४
आमेनान्नेन दुष्टेन तदेवाविश्य कुर्वते ।
विष्टम्भयन्तोऽलसकं च्यावयन्तो विसूचिकाम् ॥
अधरोत्तरमार्गाभ्यां सहसैवाजितात्मनः ।

માપથી વધારે ખાધેલા, તેથી ન પચેલા અને તેથી બગડી ગયેલા અન્નપાનને લીધે સ્રોતો પુરાઈ જતા હોવાથી વાયુ વગેરે ત્રણે દોષની સ્વાભાવિક ગતિ ન થઈ શકવાથી તે દોષો ભેગા થઈને સાથે કોપે છે (વીફરે છે) અને એ રીતે કોપેલા એ દોષો પેલા ન પચેલા બગડેલા અન્નપાન સાથે ભળી જઈને એ અન્નપાનને સ્રોતોમા પૂરી રાખે છે (વિષ્ટંભ કરે છે.) ત્યારે અલસક રોગ થાય છે અને જ્યારે એ કોપેલા દોષો પેલા ન પચેલા, બગડેલા અન્નપાન સાથે ભળી જઈને એ અન્નપાનને નીચેને રસ્તે (ઝાડા વાટે) અને ઉપરને રસ્તે (ઊલટી વાટે) જોરથી (ઉપરાછાપરી) બહાર કાઢે છે, ત્યારે કોગળિયુ (કોલેરા) રોગ થાય છે. આ બે રોગ અસંયમી (અકરાંતિયા) માણસને થાય છે.

અલસક નામ પાડવાનું કારણ

प्रयाति नोर्ध्वं नाधस्तादाहारो न च पच्यते ॥६
आमाशयेऽलसीभूतस्तेन सोऽलसकः स्मृतः ।

અલસક રોગમા ઉપરને માર્ગે એટલે મુખવાટે પણ આહાર બહાર નીકળતો નથી, તેમ નીચેને માર્ગે એટલે ગુદા વાટે પણ નીકળતો નથી, તેમ પચતો પણ નથી; પણ આળસુ માણસની માફક આમાશયમા એમ ને એમ પડી રહે છે, તેથી તેને 'અલસક' રોગ કહે છે.

વિસૂચિકા કહેવાનું કારણ

विविधैर्वेदनोद्भेदैर्वाय्वादिभृशकोपतः ॥ ७ ॥
सूचीभिरिव गात्राणि विध्यतीति विसूचिका ।

વાયુ વગેરે ત્રણે દોષના અત્યંત કોપવાને લીધે જાતજાતની પીડાઓ ઉત્પન્ન થવાથી જાણે સોયા વડે અંગ વીંધાતા હોય તેવી વેદના જે રોગમા થાય છે તેને વિસૂચિકા (કોલેરા) કહે છે.

વિસૂચિકાનાં લક્ષણ

तत्रशूलभ्रमानाहकम्पस्तम्भादयोऽनिलात् ॥ ८ ॥
पित्ताज्ज्वरातिसारान्तर्दाहतृट्प्रलयादयः ।

कफाच्छर्द्यङ्गगुरुतावाक्सङ्गष्ठीवनादयः ॥९॥

એમા (કોલેરામા) વાયુને લીધે (વાયુ વધારે કોપ્યો હોય તો) શૂળ, ફેર, આનાહ, કંપ, સ્તંભ વગેરે ઉપદ્રવો થાય છે; પિત્તને લીધે (પિત્ત વધારે કોપ્યુ હોય તો) તાવ, અતિસાર, કોઠામા અગન બળવી, તરસ અને મૂર્છા વગેરે ઉપદ્રવો થાય છે તથા કફને લીધે (કફ વધારે કોપ્યો હોય તો) ઊલટી, શરીરનુ ભારેપણુ, તોતડાપણુ, લાળ અને થૂંક નીકળવુ વગેરે ઉપદ્રવો થાય છે.

અલસકનાં લક્ષણ

विशेषाद्दुर्बलस्याल्पवह्नेर्वेगविधारिणः ।
पीडितं मारुतेनान्नं श्लेष्मणा रुद्धमन्तरा ॥१०॥
अलसं क्षोभितं दोषैः शल्यत्वेनैव संस्थितम् ।
शूलादीन् कुरुते तीव्रांश्छर्द्यतीसारवर्जितान् ॥११
सोऽलसः

ખાસ કરીને નબળા, થોડા જઠરાગ્નિવાળા અને વેગને અટકાવનારા માણસે ખાધેલા અન્ન ઉપર વાયુ દબાણ કરે છે, પણ (એને ઝાડા, ઊલટી વાટે બહાર ન નીકળવા દેતા) આમાશયના મધ્યભાગમા કફ તેને રોકી રાખે છે, તેથી તે અન્ન આળસુ થઈને પડ્યુ રહે છે. પછી ત્યા એ આહારને વાયુ વગેરે દોષો ખળભળાવ્યા કરે છે. તેથી ત્યા શલ્યની માફક રહીને એ આહાર તીવ્ર શૂળ વગેરે (કોલેરામા કહેલી) વેદનાઓ ઉત્પન્ન કરે છે, પણ ઊલટી કે ઝાડા થતા નથી. એને અલસ (અલસક) નામે રોગ કહે છે. (નબળા, અલ્પાગ્નિવાળા તથા વેગ અટકાવનારને આ રોગ વિશેષે કરીને થવાનો સંભવ છે, એમ પ્રથમ કહ્યુ છે એનુ કારણ આ પ્રમાણે છે: દુર્બળ માણસના શરીરમા ધાતુની પુષ્ટિ ખરાબર હોતી નથી; માટે તે આહાર સહન કરી શકતો નથી. અલ્પ અગ્નિવાળાને આહાર સારી રીતે પચતો નથી. વેગ અટકાવનારનો પાછો મારેલો વાયુ ઊલટે માર્ગે જાય છે અને કફ તથા પિત્તને પણ ઊલટે માર્ગે લઈ જાય છે, માટે અન્ન પચાવવાની ક્રિયામા હરકત થવાથી તેવા માણસોને અલસક રોગ વિશેષે કરીને થવાનો સંભવ છે.)

દંડકાલસક

अत्यर्थदुष्टास्तु दोषा दुष्टामबद्धखाः ।
यान्तस्तिर्यक्तनुं सर्वां दण्डवत्स्तम्भयन्ति चेत् ॥
दण्डकालसकं नाम तं त्यजेदाशुकारिणम् ।

(અલસકમા) વાયુ વગેરે દોષ અત્યંત બગડીને એ બગડેલા આમથી સ્રોતોને પૂરી દે તથા પોતે શરીરમા આડા પ્રસરે અને આખા શરીરને લાકડા જેવુ અક્કડ કરી નાખે તો તેને 'દંડકાલસક' નામે રોગ કહે છે. એ રોગ તરત મારી નાખે છે, માટે તેની ચિકિત્સા કરવી નહિ.

આમદોષની ભયંકરતા

विरुद्धाध्यशनाजीर्णशीलिनो विषलक्षणम् ॥१३॥
आमदोषं महाघोरं वर्जयेद्विषसंज्ञकम् ।
विषरूपाशुकारित्वाद्विरुद्धोपक्रमत्वतः ॥ १४ ॥

વિરુદ્ધ ભોજન, અધ્યશન અને અજીર્ણ હોવા છતા ખાવુપીવુ, એ ત્રણ કામ કરવાની જેને આદત પડી છે એવા માણસનો આમદોષ મહાભયંકર અને ઝેરના લક્ષણ જેવા લક્ષણવાળો હોય છે, તેથી એને ઝેર કહે છે. તે આમ વિષની પેઠે જલદી મારી નાખે છે તથા એના ઉપચાર વિરુદ્ધ છે, માટે તે રોગમા દવા કરવાનુ વૈદ્યે છોડી દેવુ. (એના ઉપચાર વિરુદ્ધ છે એટલે શુ? એ આમવિષનુ લક્ષણ વિષના જેવુ હોવાથી એના ઉપર ઠંડા ઉપાય કરવા જોઈએ; પણ આમ સ્વભાવે જ ઠંડો છે, માટે ગરમ ઉપચાર કરવા જોઈએ. ઠંડા ઉપચાર કરવાથી આમ વધે અને ગરમ ઉપચાર કરવાથી ઝેર વધારે પ્રસરે. આ રીતે આમરૂપી વિષમા કોઈ ઉપાય લાગુ પડતો નથી.)

અલસકની ચિકિત્સા

अथाममलसीभूतं साध्यं त्वरितमुल्लिखेत् ।
पीत्वा सोग्रापटुफलं वार्युष्णं योजयेत्ततः ॥ १५ ॥
स्वेदनं फलवर्तिं च मलवातानुलोमनीम् ।
ताम्यमानानि चाङ्गानि भृशं स्विन्नानि वेष्टयेत् ॥

ઉપર કહ્યા પ્રમાણે સાધ્ય–અસાધ્યનો નિશ્ચય કરીને જો આમ અલસકરોગના લક્ષણ

વાળો હોય તથા સાધ્ય હોય તો ઊના પાણી સાથે વજ, સિંધવ તથા મીંઢળનું ચૂર્ણ પીને ઊલટી કરી જલદીથી તેને (આમને) બહાર કાઢી નાખવો; પછી સ્વેદનવિધિથી પરસેવો કાઢવો તથા મળ અને વાયુનું અનુલોમન કરે એવી ફળવર્તિ ગુદામાં મૂકવી. (ફળવર્તિ એ હાથના અંગૂઠા જેટલી જાડી અને અંગૂઠા જેટલી લાંબી, ઔષધિનો પટ દીધેલી તથા ઘી ચોપડેલી દિવેટ હોય છે. તે ગુદામાં મૂકવાથી પેટ ચડેલું શમી જાય છે તથા ઝાડાની અને વાછૂટની પ્રવૃત્તિ થઈ પીડા મટે છે.) વળી આ આમદોષમાં વાયુ વગેરે દોષોને લીધે શરીરનાં અંગ સંકોચાઈ ગયાં હોય તો તે અંગ પર પુષ્કળ શેક કરીને પછી કપડાં વીંટવાં. (હેમાદ્રિ પ્રમાણે આ ચિકિત્સા કોલેરામાં પણ શરૂઆતમાં કરવી જોઈએ.)

કોગળિયાના ઉપચાર

विसूच्यामतिवृद्धायां पार्ष्ण्योर्दाहः प्रशस्यते ।
तदहश्चोपवास्यैनं विरिक्तवदुपाचरेत् ॥ १७ ॥

કોગળિયું (કોલેરા) બહુ વધી ગયું હોય તો બન્ને પગની એડી ઉપર લોઢાની શલાકાથી ડામ દેવા એ ઉત્તમ ગણાય છે તથા તે દિવસે તેને ઉપવાસ કરાવીને વિરેચન આપેલાને જે ક્રમે જે ઉપચાર (સૂ. ૧૮/૪૫ૃ) કરવાના કહ્યા છે, તે ક્રમે તે ઉપચાર કરવા.

અજીર્ણનો ઉપાય

तीव्रार्तिरपि नाजीर्णी पिबेच्छूलघ्नमौषधम् ।
आमसन्नोऽनलो नालं पक्तुं दोषौषधाशनम् ॥
निहन्यादपि चैतेषां विभ्रमः सहसाऽऽतुरम् ।

અજીર્ણવાળાને પેટમાં તીવ્ર શૂળ થતું હોય તોપણ શૂળને મટાડનારું ઔષધ તેણે પીવું નહિ કે ખાવું નહિ. માત્ર ઉપર (શ્લોક ૧૫મા) કહેલું ઊલટી કરાવે એવું ઊનું પાણી જ પીવું. શૂળને મટાડનારું ઔષધ પીવું નહિ; એટલું જ નહિ, પણ ઊલટી કે ઝાડાને શમાવનાર ઔષધ પણ ખાવુંપીવું નહિ; કારણ કે આમ વડે મંદ થયેલો જઠરાગ્નિ દોષ, ઔષધ તથા ભોજન એ ત્રણેને પચાવી શકતો નથી. વળી દોષ, ઔષધ તથા ભોજન—એ ત્રણેને લીધે ઉપદ્રવ થવાથી રોગી એકાએક મરી પણ જાય છે; માટે અજીર્ણના રોગવાળાને શૂળ હોય કે ન હોય તોપણ કંઈ પણ ઔષધ કે ભોજન ખાવાપીવા આપવું નહિ.

जीर्णाशने तु भैषज्यं युञ्ज्यात् स्तब्धगुरूदरे ॥१९
दोषशेषस्य पाकार्थमग्नेः सन्धुक्षणाय च ।

જે ભોજન પચ્યું ન હોય તે પચી ગયા પછી જ્યારે કોઠો સ્તબ્ધ અને ભારે થાય ત્યારે બાકી રહેલા દોષને પકવવાને તથા જઠરાગ્નિને પ્રદીપ્ત કરવા માટે રોગીને (પાચન તથા દીપન) ઔષધ આપવું.

નોંધ:—ખાધેલુંપીધેલું પચી ગયું હોવાનાં લક્ષણ :

ઓડકાર ચોખ્ખા આવે, ઉત્સાહ આવે, યોગ્ય પ્રમાણમાં યોગ્ય વેગો આવે, સ્ફૂર્તિ આવે, ભૂખ અને તરસ લાગે, એ ખાધુંપીધું પચી ગયું હોવાનાં લક્ષણ છે. (સૂ. ૮/૧૯ ટીકા)

બધા આમવિકારોમાં શું કરવું ?

शान्तिरामविकाराणां भवति त्वपतर्पणात् ॥२०॥
त्रिविधं त्रिविधे दोषे तत्समीक्ष्य प्रयोजयेत् ।

આમથી થતા (આળસ, જડતા, મંદાગ્નિ વગેરે) વિકારો નકોરડા ઉપવાસ કરવાથી શાંત થાય છે, માટે અજીર્ણવાળાને ઉપવાસ કરાવવા. તે ઉપવાસ (નીચેના શ્લોકોમાં કહેલા) ત્રણ પ્રકારના દોષમાં ત્રણ પ્રકારના કહેલા છે. તે દેશ, કાળ, અગ્નિ, બળ વગેરેનો વિચાર કરી વૈદ્યે કરાવવા.

કેટલા દોષમાં શું કરવું ?

तत्राल्पे लङ्घनं पथ्यं मध्ये लङ्घनपाचनम् ॥ २१ ॥
प्रभूते शोधनं तद्धि मूलादुन्मूलयेन्मलान् ।

જો દોષ થોડો હોય તો ઉપવાસ પથ્ય છે, (કેમ કે ઉપવાસથી અગ્નિ તથા વાયુની વૃદ્ધિ થાય છે અને તેથી થોડો દોષ હોય છે તે ઝટ સુકાઈ જઈ મટી જાય છે). દોષ મધ્યમ (થોડો નહિ કે ઘણો નહિ એવો) હોય તો ઉપવાસ તથા પાચન બંને અનુક્રમે પથ્ય છે. દોષ પુષ્કળ હોય ત્યારે તો શોધનઔષધ પથ્ય છે. શોધનઔષધ આપવાનું કારણ એ છે કે તે મૂળમાંથી દોષોને કાઢી નાખે છે. (દોષ ઉપવાસથી નિરામ થયા પછી

શુ કરવુ તે માટે આ શ્લોક છે. આમવાળાને તો શ્લોક ૧૭કૃથી ૨૦ લાગુ પડે છે.)

બીજા રોગોની ચિકિત્સા પણ એમ જ કરવી

एवमन्यानपि व्याधीन् स्वनिदानविपर्ययात् ॥२२॥
चिकित्सेदनुबन्धे तु सति हेतुविपर्ययम् ।
त्यक्त्वा यथायथं वैद्यो युञ्ज्याद्व्याधि-
विपर्ययम् ॥ २३ ॥

જેમ આમના વિકારોને મટાડવાને એ વિકારો જે સંતર્પણરૂપી કારણથી થાય છે, તે કારણથી વિરુદ્ધ અપતર્પણ(ઉપવાસ)રૂપી ઉપાય કરીએ છીએ, તેમ આમના વિકાર સિવાયના બીજા રોગો મટાડવાને પણ તે રોગ (સંતર્પણ, ઠંડી વગેરે) જે કારણથી થયા હોય તે કારણથી વિરુદ્ધ (ઉપવાસ, ગરમ ઉપચાર વગેરે) ઉપાય કરવા. (આને નિદાનથી અથવા હેતુથી વિપરીત (હેતુવિપર્યય) ચિકિત્સા કહે છે.) પણ નિદાનથી વિપરીત ચિકિત્સા કરવા છતાયે રોગ ન મટે તો નિદાનથી વિપરીત (નિદાનવિપર્યય) ચિકિત્સા છોડી દઈને વૈદ્યે તે તે રોગ માટે યોગ્ય હોય એવી રોગથી વિપરીત (વ્યાધિવિપર્યય) ચિકિત્સા કરવી.

હેતુવિપર્યય ચિકિત્સામા રોગ જે કારણથી થયા હોય તે કારણથી વિરુદ્ધ હોય એવા ઔષધ, આહાર અને વિહારનો ઉપયોગ કરવાનો હોય છે. દા. ત. કફજ્વરનુ કારણ કફ કે શરદી છે, માટે કફજ્વરમા (ઉપવાસથી તાવ ઊતર્યા પછી) સૂંઠ વગેરે ગરમ ઔષધ આપવા. થાક લાગવાથી વાતજ્વર આવે ત્યારે થાકથી કોપેલો વાયુ એ તાવના કારણરૂપ હોવાથી થાક અને વાયુથી વિરુદ્ધ એવો સ્નિગ્ધ મામરસમા ગયેલો ભાત ખવડાવવો અને દિવસે ઊંઘવાથી કફ કોપે ત્યારે દિવસે ઊંઘવુ એ કફના પ્રકોપનુ કારણ હોવાથી, એ કારણથી વિરુદ્ધ રાતે ઉજાગરારૂપી વિહાર કરાવવો. આ હેતુવિપર્યયચિકિત્સાના દાખલા છે.

અતિસાર રોગમા ઝાડા થવાનો રોગ હોય છે, માટે ઝાડાને રોકે એવુ કાળીપાટ જેવુ ઔષધ આપવુ. (બીજા દાખલા માટે જુઓ. ઉ. અ. ૪૦ શ્લોક ૪૭કૃથી ૫૮). અતિસારના રોગમા ઝાડાને રોકે એવો મગૂર વગેરે આહાર આપવો; ઉદાવર્તરોગમા ઊંચે ચડેલા વાયુથી વિરુદ્ધ ક્રિયાઓ (વાયુને નીચે ઉતારવા માટે જરૂરી ક્રિયાઓ) કરાવવી. આ વ્યાધિવિપર્યય ચિકિત્સાના દાખલા છે. વ્યાધિવિપર્યય ચિકિત્સામા એવા ઔષધ, આહાર અને વિહારનો ઉપયોગ થાય છે કે જે રોગના કારણરૂપ દોષ વગેરેથી વિરુદ્ધ હોવાને બદલે પોતાના પ્રભાવને લીધે રોગથી જ વિરુદ્ધ હોય.

આ બે ઉપરાંત હેતુવ્યાધિવિપર્યય ચિકિત્સા હોય છે. એમા વપરાતા ઔષધ, આહાર અને વિહાર રોગના કારણથી અને રોગથી–એ બન્નેથી વિરુદ્ધ હોય છે અને તેથી રોગને મટાડે છે. દા. ત. વાયુથી આવેલા સોજામા વાયુ રોગનુ કારણ છે અને સોજા રોગ છે; માટે એ રોગમા વાયુથી વિરુદ્ધ અને સોજાથી પણ વિરુદ્ધ એવા દશમૂળ આપવા; શીતવાતજ્વરમા વાયુ કારણ છે અને તાવ રોગ છે, માટે એ રોગમા ઉષ્ણવીર્ય હોવાને લીધે વાયુથી વિરુદ્ધ અને પ્રભાવને લીધે તાવથી વિરુદ્ધ એવી પેયા આપવી; દિવસે ઊંઘવાથી શરીર સ્નિગ્ધ થઈ જવાથી તંદ્રા (સુસ્તી) આવે છે, એમા સ્નિગ્ધતા કારણ છે અને તંદ્રા રોગ છે; માટે એ બન્નેથી વિરુદ્ધ એવો રાતે ઉજાગરો કરાવવો. આ હેતુવ્યાધિવિપર્યય ચિકિત્સાના દાખલા છે.

તદર્થકારી ચિકિત્સા

तदर्थकारि वा पक्वे दोषे त्विद्धे च पावके ।
हितमभ्यञ्जनस्नेहपानबस्त्यादि युक्तितः ॥ २४॥

અથવા તે જ કામ કરી શકે એવુ કરવુ અને જ્યારે દોષ પાકે (=નિરામ થાય) અને જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, ત્યારે જઠરાગ્નિ હોલવાય નહિ એવી યુક્તિથી અભ્યંગ, સ્નેહપાન, બસ્તિ, રસાયન, વાજીકરણ વગેરે કરવુ હિતકર છે.

'તે જ કામ કરી શકે એવું કરવુ' એટલે શુ?

શ્લોક ૨૨કૃ,૨૩મા કહેલી હેતુવિપર્યય ચિકિત્સા અને વ્યાધિવિપર્યય ચિકિત્સા જે રોગ મટાડવાનુ કામ કરે છે, તે જ રોગ

મટાડવાનુ કામ હેતુવિપર્યય અને વ્યાધિવિપર્યય સિવાયની બીજી એક જાતની ચિકિત્સા પણ કરી શકે છે. એ ચિકિત્સામાં જે ઔષધ, આહાર કે વિહારનો ઉપયોગ કરવામાં આવે છે તે એવાં હોય છે કે તે રોગનો જે સ્વભાવ હોય એવું જ કરે અને છતાં રોગ મટાડે.

આ પ્રકારની ચિકિત્સાને વાગ્ભટ 'તદર્થકારી' ચિકિત્સા કહે છે. દા. ત. દેવતાથી દાઝ્યા ઉપર અગર વગેરેનો ગરમ લેપ કરવારૂપી ઔષધ કરવુ, દારૂ પીવાથી થયેલા મદાત્યયરોગમાં દારૂ પાવારૂપી આહાર આપવો, કસરત કરવાથી રૂંધાયેલા વાયુમાં પાણીમાં તરવારૂપી કસરત કરાવવાનો વિહાર કરાવવો. આ 'તદર્થકારી' ચિકિત્સાના દાખલા છે.

'તદર્થકારી' ચિકિત્સા પણ ત્રણ જાતની છે: હેતુવિપરીતાર્થકારી, વ્યાધિવિપરીતાર્થકારી અને હેતુવ્યાધિવિપરીતાર્થકારી. તેમાંથી હેતુવ્યાધિવિપરીતાર્થકારીના દાખલા ઉપર આપ્યા છે. પિત્તથી થયેલા વ્રણશોથમાં પિત્ત કરે એવાં ગરમ પોટીસ બાંધવારૂપી ઔષધ કરવું, વ્રણશોથ પાકતો હોય ત્યારે વિદાહી ખોરાક ખવડાવવારૂપી આહાર આપવો અને વાયુથી થયેલા ગાંડપણમાં વાયુને કોપાવે એવી ભડકાવવાની ક્રિયા કરવારૂપી વિહાર–આ હેતુવિપરીતાર્થકારી ચિકિત્સાના દાખલા છે.

ઊલટીઓના રોગમાં ઊલટી કરાવે એવું મીંઢળ વગેરે પાવારૂપી ઔષધ આપવું, અતિસાર(ઝાડા)ના રોગમાં જુલાબ કરાવવા માટે જુલાબ કરાવે એવું દૂધ આપવારૂપી આહાર આપવો, ઊલટીઓના રોગમાં ઊલટી કરવા માટે મોંમાં આંગળીઓ નાખવારૂપી વિહાર–આ વ્યાધિવિપરીતાર્થકારી ચિકિત્સાના દાખલા છે.

આમાજીર્ણનુ લક્ષણ

अजीर्णे च कफादामं तत्र शाफोऽक्षिगण्डयोः ।
सद्योभुक्त इवोद्गारः प्रसेकोत्क्लेशगौरवम् ॥ २५ ॥

કફથી જે અજીર્ણ થાય છે તેને 'આમાજીર્ણ' કહે છે. આમાજીર્ણમાં આંખોનાં ખામણાં (ખાડા) તથા ગાલ સૂજે છે, તરત ખાધું હોય તેવા કાચા ઓડકાર આવે છે અને શરીર ભારે થાય છે, મોંમાંથી થૂંક અને લાળ પડે છે, મોંમાં મોળમોળ આવે છે અને શરીર ભારે થઈ જાય છે.

વિષ્ટબ્ધાજીર્ણનું લક્ષણ

विष्टब्धमनिलाच्छूलविबन्धाध्मानसादकृत् ।

વાયુ કોપવાથી અજીર્ણ થાય છે તેને 'વિષ્ટબ્ધાજીર્ણ' કહે છે. વિષ્ટબ્ધાજીર્ણમાં શૂળ, વિબંધ, આધ્માન અને અશક્તિ થાય છે.

વિદગ્ધાજીર્ણનું લક્ષણ

पित्ताद्विदग्धं तृण्मोहभ्रमाम्लोद्गारदाहवत् ॥ २६

પિત્તથી વિદગ્ધ નામે અજીર્ણ થાય છે તથા તેમાં તરસ, મોહ, ફેર, ખાટા ઓડકાર તથા પેટમાં બળતરા થાય છે.

અજીર્ણની ચિકિત્સા

लङ्घनं कार्यमामं तु विष्टब्धे स्वेदनं भृशम् ।
विदग्धे वमनं यद्वा यथावस्थं हितं भवेत् ॥२७॥

આમાજીર્ણમાં ઉપવાસ કરવા, વિષ્ટબ્ધાજીર્ણમાં પુષ્કળ શેક કરવો, વિદગ્ધાજીર્ણમાં ઊલટીઓ કરાવવી; અથવા એ ત્રણ પ્રકારનાં અજીર્ણમાં જે અજીર્ણની જે અવસ્થામાં જે ઉપાય હિતકારક હોય તે ઉપાય કરવા.

વિલંબિકાનું લક્ષણ

गरीयसो भवेल्लीनादामादेव विलम्बिका ।
कफवातानुबद्धाऽऽमलिङ्गा तत्समसाधना ॥२८॥

જ્યારે આમ પુષ્કળ થઈ જાય છે, એ આમ સ્રોતોમાં ભરાઈ જાય છે અને કફ અને વાયુને લીધે ઊંચે કે નીચે ચડીઊતરી શકતો નથી, ત્યારે વિલંબિકા રોગ થયો કહેવાય છે. એનાં લક્ષણ આમાજીર્ણનાં લક્ષણ પૂર્વે (શ્લોક ૨૫માં) કહ્યાં તેવાં હોય છે. એના ઉપાય પણ આમાજીર્ણના જેવા જ છે.

રસશેષાજીર્ણ

अश्रद्धा हृद्व्यथा शुद्धेऽप्युद्गारे रसशेषतः ।
शयीत किञ्चिदेवात्र सर्वश्चानाशितो दिवा ।२९
स्वप्यादजीर्णी सञ्जातबुभुक्षोऽद्यान्मितं लघु ।

ખાધેલા અન્નનો થોડો ભાગ બરાબર પચ્યાવિનાનો રહી જાય છે, ત્યારે તે રસશેષ અજીર્ણ

કહેવાય છે. એમા ઓડકાર શુદ્ધ આવે છે, છતા ખાવાનુ મન થતુ નથી, હૃદયમા શૂળ થાય છે તથા શરીર ભારે થાય છે (એ લક્ષણોથી રસશેષ અજીર્ણ ઓળખવુ.) બધા અજીર્ણના રોગીઓએ ખાધા વિના દિવસે થોડીવાર સૂઈ રહેવુ, રસશેષ અજીર્ણમા જ્યારે સૂઈ ઊઠ્યા પછી ભૂખ લાગે, ત્યારે માપસર તથા હલકુ ખાવુ પીવુ.

અજીર્ણનાં સામાન્ય લક્ષણ

विबन्धोऽतिप्रवृत्तिर्वा ग्लानिर्मारुतमूढता ॥३०॥
अजीर्णलिङ्गं सामान्यं विष्टम्भो गौरवं भ्रमः।

ઝાડો, પેશાબ વગેરે મળબંધ થઈ જાય કે બહુ જ થાય, હર્ષ ન થાય, વાયુ ઊલટા માર્ગે ગતિ કરે, વિષ્ટંભ થાય, શરીર ભારેભારે લાગે, ફેર આવે, એ બધી જાતના અજીર્ણના સામાન્ય લક્ષણ છે.

આમ થવાનાં બીજાં કારણો

न चातिमात्रमेवान्नमामदोषाय केवलम् ॥ ३१ ॥
द्विष्टविष्टम्भिदग्धामगुरुरूक्षहिमाशुचि ।
विदाहि शुष्कमत्यम्बुप्लुतं चान्नं न जीर्यति ॥३२॥
उपतप्तेन भुक्तं च शोकक्रोधक्षुदादिभिः।

બહુ ખાધાપીધાથી જ આમ થાય છે એમ નથી, પણ જે અન્ન ભાવતુ નથી તે, જે વિષ્ટંભી હોય તે, ગધતાગધતા બળેલુ, કાચુ, ભારે, લૂખુ, અતિશય ટાઢુ, છાંડેલુ કે વાળ વગેરેથી દૂષિત થયેલુ, વિદાહી, સૂકુ તથા ઘણા પાણીમા ડૂબેલુ (બહુ પાણી પી પી કરવાથી) અન્ન પચતુ નથી. વળી શોક, ક્રોધ, ભૂખ, લોભ, ભય વગેરેથી સંતાપ પામેલા મનુષ્યને પણ અન્ન પચી શકતુ નથી. (ખરી ભૂખ લાગે છતા ખાવાપીવા ન મળે, ત્યારે ભૂખનો સંતાપ થયો કહેવાય.)

સમશન, અધ્યશન અને વિષમાશન

मिश्रं पथ्यमपथ्यं च भुक्तं समशनं मतम् ॥३३॥
विद्यादध्यशनं भूयो भुक्तस्योपरि भोजनम्।
अकाले बहु चाल्पं वा भुक्तं तु विषमाशनम् ॥३४
त्रीण्यप्येतानि मृत्युं वा घोरान् व्याधीन्
सृजन्ति च ।

(ઘઉં જેવુ) પથ્ય અને (જવ જેવુ) અપથ્ય અન્ન ભેગુ કરીને (અથવા એક ટંકે) ખાવામાં આવે, ત્યારે તે ભોજનને આયુર્વેદમા 'સમશન' કહે છે. ખાધેલુંપીધેલુ હજી હોજરીમાં જરા પણ પચ્યુ હોય છતાં તે ઉપર ફરીને ખાવાપીવામા આવે તેને 'અધ્યશન' કહે છે. (એક વાર કરેલો આહાર પચ્યો ન હોય છતા તે ઉપર ભોજન કરવામા આવે તેને જ અધ્યશન માનવુ.) શ્લોક ૫૫મા જણાવેલા ભોજન કરવાના યોગ્ય સમય સિવાય ગમે તે વખતે ઘણુ કે થોડુ ખાવામા આવે તેને 'વિષમાશન' કહે છે. સમશન, અધ્યશન તથા વિષમાશન—એ ત્રણે મૃત્યુ કરે છે કે (ગોળા જેવા) ભયંકર વ્યાધિઓ ઉત્પન્ન કરે છે.

જમવા વિષે

काले सात्म्यं शुचि हितं स्निग्धोष्णं लघु तन्मनाः॥
षड्रसं मधुरप्रायं नातिद्रुतविलम्बितम्।
स्नातः क्षुद्वान् विविक्तस्थो धौतपादकराननः॥
तर्पयित्वा पितॄन् देवानतिथीन् बालकान्
गुरून्।
प्रत्यवेक्ष्य तिरश्चोऽपि प्रतिपन्नपरिग्रहान् ॥३७॥
समीक्ष्य सम्यगात्मानमनिन्दन्नब्रुवन् द्रवम्।
इष्टमिष्टैः सहाश्नीयाच्छुचिभक्तजनाहृतम् ॥३८॥

શ્લોક ૫૫મા કહ્યા પ્રમાણેનો જમવાનો સમય થાય ત્યારે, નાહીને, બરાબર ભૂખ લાગે ત્યારે, એકાંતમા બેસીને, હાથ, પગ અને મો ધોઈને, પિતૃઓ, દેવો, મહેમાનો, બાળકો અને વડીલોને જમાડીને—તૃપ્ત કરીને, (ગાય, ઘોડો, પોપટ વગેરે) પાળેલા પશુપંખીઓ (અને નોકર વગેરે આશ્રિતો)ને માટે જમવાની શી ગોઠવણ છે તેની તપાસ કરીને, પીરસેલી વાનીઓમાથી પોતાને શુ પથ્ય છે અને શુ અપથ્ય છે તેનો સારી રીતે વિચાર કરીને, રસોઈની નિંદા કર્યા વિના, મૂગે મોએ, પ્રિયજનો સાથે બેસીને, તનમનથી સ્વચ્છ અને પ્રેમાળ માણસોએ પીરસેલુ, સાત્મ્ય, સ્વચ્છ, પથ્ય, સ્નિગ્ધ, ગરમ, એકંદરે હલકુ, છયે રસવાળુ છતા જેમા ગળપણ (ગળી વાનીઓ) વધારે હોય એવુ, જેમા દ્રવ (પ્રવાહી) વાનીઓ

વધારે હોય એવું જમણ બહુ રઘવાટ કર્યા વિના કે બહુ વાર કર્યા વિના, જમતી વખતે જમવામાં જ જીવ રાખીને જમવું.

શું ન ખાવું?

भोजनं तृणकेशादिजुष्टमुष्णीकृतं पुनः ।
शाकावरान्नभूयिष्ठमत्युष्णलवणं त्यजेत् ॥ ३९ ॥

જે ભોજનમાં (કસ્તર) તરણાં, વાળ, (માખ) વગેરે પડ્યાં હોય, જેને એકવાર રાંધ્યા પછી ઠંડું પડી ગયાથી ફરીને ઊનું કર્યું હોય, જેમાં શાક ઘણાં હોય, જેમાં અડદ વગેરે અધમ ધાન્ય બહુ હોય, જે બહુ ગરમ અને બહુ ખારું હોય તેવું ભોજન તજવું (ન કરવું).

રોજરોજ શું ન ખાવું?

किलाटदधिकूर्चीकाक्षारशुक्ताममूलकम् ।
कृशशुष्कवराहाविगोमत्स्यमहिषाविषम् ॥ ४० ॥
माषनिष्पावशालूकबिसपिष्टविरूढकम् ।
शुष्कशाकानि यवकान् फाणितं च न शीलयेत् ॥

કિલાટ, દહીં, કૂર્ચિકા, ખાર, શુક્ત, કાચા મૂળા; શરીરે કૃશ હોય એવાં ડુક્કર, ઘેટું, બળદ, મત્સ્ય અને પાડાનું સૂકું માંસ; અડદ, વાલ, શાલૂક કંદ, કમળનાં બિસ, લોટ, ફણગાવેલું ધાન, શાકની સૂકવણીઓ, યવક નામની એક જાતની હલકી ડાંગર થાય છે તે અને કાકબગોળ; એટલાં વાનાં રોજ-રોજ ખાવાં નહિ. (ન છૂટકે કે દવા તરીકે કોઈક દિવસ ખાવામાં હરકત નથી.)

રોજનો ખોરાક

शीलयेच्छालिगोधूमयवषष्टिकजाङ्गलम् ।
सुनिषण्णकजीवन्तीबालमूलकवास्तुकम् ॥ ४२ ॥
पथ्यामलकमृद्वीकापटोलीमुद्गशर्कराः ।
घृतदिव्योदकक्षीरक्षौद्रदाडिमसैन्धवम् ॥ ४३ ॥

શાળના ચોખા, ઘઉં, જવ, સાઠીચોખા, જંગલ દેશનાં પ્રાણીઓનું માંસ, હરડે, આમળાં, કાળી દ્રાક્ષ, પટોળ, મગ, સાકર, ઘી, દિવ્ય જળ, દૂધ, મધ, દાડમ, સિંધવ એ પદાર્થો રોજ ખાવા.

રોજ લેવાની દવા

त्रिफलां मधुसर्पिर्भ्यां निशि नेत्रबलाय च ।
स्वास्थ्यानुवृत्तिकृद्यच्च रोगोच्छेदकरं च यत् ॥४४

(કેવળ ઉપર કહ્યા તે જ પદાર્થો રોજ ખાવા અને બીજું કંઈ રોજ ન ખાવું એવું નથી.) આંખને બળ આપવા માટે રાતે મધ તથા ઘી સાથે ત્રિફળા(૧ હરડે, ૨ બહેડાં, ૩ આમળાં)નુ ચૂર્ણ ચાટવું. જે જે અન્નપાન શરીરનું આરોગ્ય સાચવી રાખે એવુ ઋતુચર્યાવિધિ વગેરેમાં કહ્યુ હોય તે તથા રોગ થવા ન દે એવાં કરિયાતુ, કઢ, રસાયન વગેરે જે દ્રવ્ય હોય તેનું પણ રોજ સેવન કરવું.

ભોજનનો ક્રમ

बिसेक्षुमोचचोचाम्रमोदकोत्कारिकादिकम् ।
अद्याद्द्रव्यं गुरु स्निग्धं स्वादु मन्दं स्थिरं पुरः ॥४५
विपरीतमतश्चान्ते मध्येऽम्ललवणोत्कटम् ।

કમળના બિસ, શેરડી, કેળાં, કોપરું, કેરી, લાડુ, લાપસી (શીરો, પૂરણપોળી) વગેરે જે વસ્તુ ભારે, સ્નિગ્ધ, ગળી, મંદ અને સ્થિર છે તે પહેલાં ખાવી; એથી ઊંધી (એટલે હલકી, લૂખી, તીખી, તીક્ષ્ણ અને સર) જે વસ્તુઓ હોય તે ભોજનના અંતે ખાવી; ખાટી અને ખારી વસ્તુઓ ભોજનની વચમાં ખાવી. કેટલાક ગ્રંથકારોનો એવો મત છે કે તીખા, ખારા, ખાટા એવા પદાર્થો પ્રથમ ખાવા; કેમ કે મધુર ભોજન ભારે હોવાથી જઠરમાં વિષ્ટંભ કર્યા પછી તે પચે છે. પણ એ મત તો મંદ અગ્નિવાળાને કે અમુક પ્રદેશ પૂરતો લાગુ પડે છે.)

કેટલું ખાવું?

अन्नेन कुक्षेर्द्वावंशौ पानेनैकं प्रपूरयेत् ॥ ४६ ॥
आश्रयं पवनादीनां चतुर्थमवशेषयेत् ।

જઠર(પેટ, હોજરી)ના ચાર ભાગ કલ્પીને તેમાંના બે ભાગ ખાવાપીવાના અન્નથી ભરવા, એક ભાગ પીવાના પાણીથી ભરવો અને એક ભાગ પવન વગેરે નિરાંતે ફરી શકે એટલા માટે ખાલી રાખવો.

કયા ખોરાકનું શું અનુપાન છે?

अनुपानं हिमं वारि यवगोधूमयोर्हितम्

दध्नि मद्ये विषे क्षौद्रे कोष्णं पिष्टमयेषु तु ।
शाकमुद्गादिविकृतौ मस्तु तक्राम्लकाञ्जिकम् ॥४८
सुरा कृशानां पुष्ट्यर्थं स्थूलाना तु मधूदकम् ।
शोषे मांसरसो मद्यं मांसे स्वल्पे च पावके ॥४९॥
व्याध्यौषधाध्वभाष्यस्त्रीलङ्घनातपकर्मभिः ।
क्षीणे वृद्धे च बाले च पयः पथ्यं यथाऽमृतम् ॥५०

જવ તથા ઘઉં ની વાનીઓ ખાધા પછી ઠંડું પાણી પીવુ હિતકારક છે, તે જ પ્રમાણે દહી, દારૂ, ઝેર, મધ એ પદાર્થો ખાધા પછી પણ ઠંડુ પાણી હિતકારક છે. કોઈ પણ લોટની બનાવેલી વાનીઓ ખાધા પછી સહેજ પાણી પીવુ હિતકર છે. શાક, મગ વગેરેની વિકૃતિઓ ખાધા પછી મસ્તુ, છાશ કે ખાટી કાજી પીવી હિતકારક છે. શરીરે કૃશ–દૂબળા હોય તેમને પુષ્ટિ માટે સુરા પીવી હિતકર છે. શરીરે સ્થૂળ (થેલા જેવા) હોય તેમનુ શરીર ઉતારવા માટે મધ તથા પાણી ભેગા કરીને પીવા હિતકારક છે. શોષ–ક્ષયરોગમા માસ રસ પીવો હિતકર છે (કેમ કે તે પુષ્ટિ કરનારો છે). માસ ખાધા પછી દારૂ પીવો હિતકર છે, તેમ જઠરાગ્નિ બહુ થોડો હોય તેને પણ દારૂ પીવો ઠીક છે. રોગ, દવા, મુસાફરી, બહુ બોલવુ, મૈથુન, ઉપવાસ, તડકો અને કામકાજથી જેનુ શરીર ઘસાઈ ગયુ હોય, જે વૃદ્ધ હોય, જે બાળક હોય, તેને દૂધ અમૃતના જેવુ પથ્ય છે.

વિકૃતિ=મૂળ વસ્તુ આથીને એમા બીજા રસ ઉત્પન્ન થયા પછી એની જે વાનીઓ બનાવવામા આવે તેને વિકૃતિ કહે છે. દા. ત. વડા, ઢોકળા વગેરે. (હેમાદ્રિ)

અનુપાન કેવું હોવું જોઈએ ?

विपरीतं यदन्नस्य गुणैः स्यादविरोधि च ।
अनुपानं समासेन सर्वदा तत्प्रशस्यते ॥ ५१ ॥

જે અન્ન ખાધા પછી જે વસ્તુ અનુપાન તરીકે લેવી હોય તે અનુપાનની વસ્તુના ગુણ પેલા અન્નના ગુણથી વિરુદ્ધ (ઊલટા) જોઈએ, પણ અનુપાનની વસ્તુ અને અન્ન મળીને વિરુદ્ધ આહાર (સૂ. ૭/૨૯ થી ૪૫) ન બનવો જોઈએ, દાખલા તરીકે સ્નિગ્ધ ભોજન પછી લૂખું, લૂખા ભોજન પછી સ્નિગ્ધ, ઠંડા ભોજન પછી ગરમ, ગરમ ભોજન પછી ઠંડું, ગળ્યા ભોજન પછી ખાટુ, ખાટા ભોજન પછી ગળ્યુ, એમ ભોજન થી વિરુદ્ધ ગુણવાળુ અનુપાન જોઈએ, પણ એ વિરુદ્ધ ગુણવાળુ અનુપાન પણ જો મૂળ ભોજન સાથે વિરુદ્ધ આહારરૂપ બનતુ હોય તો એ અનુપાન વિરુદ્ધ ગુણવાળુ હોવા છતા પણ વિરુદ્ધ આહારરૂપ હોવાથી અનુપાન તરીકે લેવુ જોઈએ નહિ. દૂધ ગળ્યુ અને છાશ ખાટી હોવાથી એ બને વિરુદ્ધ ગુણવાળા છે, છતા પણ સૂ. ૭/૩૧ પ્રમાણે દૂધ સાથે ખટાશ ખાવી-પીવી તે વિરુદ્ધ આહાર હોવાથી દૂધના અનુપાન તરીકે છાશ પીવી જોઈએ નહિ (દૂધ પછી છાશ પીવી જોઈએ નહિ).

અનુપાનનું કામ

अनुपानं करोत्यूर्जां तृप्तिं व्याप्तिं दृढाङ्गताम् ।
अन्नसङ्घातशैथिल्यविक्लित्तिजरणानि च ॥ ५२ ॥

અનુપાન મનમા હર્ષ ઉત્પન્ન કરે છે, શરીર તથા ઇન્દ્રિયોની તૃપ્તિ કરે છે, અન્નરસને સ્રોતોમા ચડાવે છે, શરીરને મજબૂત કરે છે, ખોરાકના ગઠ્ઠાને નરમ કરે છે, ભીના કરે છે તથા પચાવે છે.

કયા રોગમાં અનુપાન હિતકારક નથી?

नोर्ध्वजत्रुगदश्वासकासोरःक्षतपीनसे ।
गीतभाष्यप्रसङ्गे च स्वरभेदे च तद्धितम् ॥५३॥

ગળાની હાસડીથી ઉપરના ભાગમા જે રોગો થાય છે તેમા, દમમા, ઉધરસમા, ઉરઃક્ષત રોગમા, સળેખમમા, બહુ ગાવા અને બોલબોલ કરવાનુ હોય ત્યારે અને સ્વરભેદ નામે રોગમા અનુપાન હિતકારક નથી. (ઉપર કહ્યા તે રોગવાળાના આમાશયને અનુપાન દૂષિત કરે છે તથા છાતી અને કંઠમા રહેલા આહારના સ્નિગ્ધ ભાગ સાથે મળી જઈને અભિષ્યંદ, મંદાગ્નિ, ઊલટી વગેરે રોગ પેદા કરે છે.)

પીવાના પદાર્થ કોણે તજવા?

प्रक्लिन्नदेहमेहाक्षिगलरोगव्रणातुराः ।
पानं त्यजेयुः

જેના શરીરમા બહુ ભેજ થઈ ગયો હોય

(એટલે આમરોગ, રતવા વગેરેથી જેઓ પીડાતા હોય) તેમ જ પ્રમેહ, આંખના રોગ, ગળાના રોગ અને વ્રણરોગ જેમને થયા હોય તેમણે દ્રવ પદાર્થ તજી દેવા. (અન્નપાનની ઉપર જે અનુપાનરૂપે પીવામાં આવે છે તે જ તજવું એમ નહિ, પણ કંઈ પણ પીવુ જ નહિ. પાણી પણ થોડુ પીવુ.) (અરનાદ નામે ટીકાકાર કહે છે કે પ્રમેહ, બરોળ, વ્રણ, ચામડીના રોગ; પાંડુ, જઠરના રોગ, સળેખમ, ક્ષય, અતિસાર અને મંદાગ્નિ એટલા રોગવાળાએ પાણી બહુ થોડું પીવુ, તેમ જ ઊર્ધ્વાંગવાયુના રોગવાળો, બહુ બોલવાથી તથા મહેનતથી થાકેલો, ઉરઃક્ષતવાળો, દમ, ઉધરસ, હેડકી, ઊલટી, અડદિયો વા અને ઊર્ધ્વરોગવાળો તથા ખાધા વિનાનો, એમણે ઠંડું પાણી પીવુ નહિ.)

ખાધાપીધા પછી શું ન કરવું?

સર્વશ્ચ भाष्याध्वशयनं त्यजेत् ॥ ५४ ॥
पीत्वा भुक्त्वाऽऽतपं वह्निं यानं प्लवनवाहनम् ।

સાજા કે માંદા બધાએ ખાધા તથા પીધા પછી તરત બહુ બોલવું નહિ, ચાલવુ નહિ, સૂવુ નહિ, તડકા અને દેવતાથી દૂર રહેવું, ગાડી વગેરેમાં બેસીને જવુ નહિ, પાણીમાં તરવુ નહિ તથા ઘોડા વગેરે પર બેસીને જવુ નહિ.

ભોજન કરવાનો સમય

प्रसृष्टे विण्मूत्रे हृदि सुविमले दोषे स्वपथगे
विशुद्धे चोद्गारे क्षुदुपगमने वातेऽनुसरति ।
तथाऽग्नावुद्रिक्ते विशदकरणे देहे च सुलघौ
प्रयुञ्जीताहारं विधिनियमितं कालः स हि मतः ॥५५

જયારે ઝાડો તથા પેશાબ સારી રીતે (ખૂબ ખુલાસાથી) થઈ ગયો હોય, હૃદય બહુ નિર્મળ હોય (એટલે રસશેષ અજીર્ણને લીધે હૃદય જરા પણ ભારે ન હોય), વાયુ વગેરે દોષ પોતપોતાના માર્ગમા ગતિ કરતા હોય,× ઓડકાર બહુ શુદ્ધ (કોઈ પણ સ્વાદ કે ગંધવિનાના) આવતા હોય, ભૂખ સારી રીતે લાગી હોય, વાયુ પોતાને યોગ્ય માર્ગે જતો હોય, જઠરાગ્નિ બરાબર પ્રદીપ્ત થયેલો હોય, શરીરની ઇંદ્રિયો ચપળ તથા શરીર ખૂબ હલકું હોય, ત્યારે પૂર્વે શ્લોક ૩૫થી ૫૩મા કહેલા નિયમ પ્રમાણે ભોજન કરવુ; કેમ કે ભોજનકાળ તે જ છે. (એટલે આ શ્લોકમા કહ્યો છે તે જ સમય ભોજન કરવાને યોગ્ય છે.)

× આહાર ન પચ્યો હોય ત્યારે પચ્યા વિનાના અન્નથી વાયુ વગેરેની ગતિ રોકાય છે અને તેઓનો જે પ્રમાણે ફરવાનો સ્વભાવ છે તે પ્રમાણે તે ફરી શકતા નથી; પણ ખાધેલું સારી રીતે પચી ગયા પછી જ તે પોતપોતાના માર્ગમા બરાબર ફરી શકે છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने मात्राशितीयोऽध्यायोऽष्टमः ॥८॥

અધ્યાય ૯ મો

અત્યારસુધી અન્નપાન વગેરેના દ્રવ્યનો કેટલોક ઉપયોગી ભાગ તથા તે ખાવાપીવા માટે તેનુ પ્રમાણ એટલે આયુર્વેદમા જેને 'માત્રા' કહે છે તે બતાવ્યાં; પણ દ્રવ્ય અને દ્રવ્યનાં રસ, ગુણ, વીર્ય, વિપાક અને પ્રભાવની પરીક્ષા કરીને જ અન્નપાન વાપરવું જોઈએ તે માટે તથા અન્નપાનના જે દ્રવ્યો વિશે કંઈ કહ્યુ નથી તે દ્રવ્યો પણ વાપરવા યોગ્ય છે કે નહિ તેનો વિચાર તે દ્રવ્યો અને તેના રસ, ગુણ, વીર્ય, વિપાક અને પ્રભાવ પરથી કરી શકાય તે માટે હવે દ્રવ્યાદિવિજ્ઞાનીય અધ્યાય કહેવા માંડે છે.

अथातो द्रव्यादिविज्ञानीयमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

હવે દ્રવ્ય વગેરે(દ્રવ્ય, ગુણ, રસ, વીર્ય, વિપાક, પ્રભાવ)નુ જ્ઞાન થવાને ઉપયોગી અધ્યાય સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યુ છે.

રસ વગેરેમાં દ્રવ્ય મુખ્ય છે

द्रव्यमेव रसादीनां श्रेष्ठं ते हि तदाश्रयाः ।

રસ, ગુણ, વીર્ય, વિપાક અને પ્રભાવમાં દ્રવ્ય જ મુખ્ય છે; કેમ કે તે (રસ વગેરે) દ્રવ્યને આધારે રહ્યા છે. (દ્રવ્યવિનાના નર્યા રસ વગેરે કદી મળી આવતા નથી; માટે દ્રવ્ય જ તેમા શ્રેષ્ઠ છે.)

દ્રવ્યનું લક્ષણ

पञ्चभूतात्मकं तत्तु

(હરડે વગેરે સ્થાવર તથા બકરાં વગેરે જંગમ) દ્રવ્ય પંચમહાભૂત(આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી)નું બનેલુ છે.

क्ष्मामधिष्ठाय जायते ॥ १ ॥

(સ્થાવર અને જંગમ દરેક દ્રવ્ય પાંચ મહાભૂતોનુ બનેલું છે એ ખરું; છતા) દરેક દ્રવ્ય (પદાર્થ) બનવાની શરૂઆત પૃથ્વીતત્ત્વ–(માટી)થી થાય છે (દરેક દ્રવ્યમા પાયારૂપે પૃથ્વીતત્ત્વ હોય છે.

अम्बुयोन्यग्निपवननभसां समवायतः।
तन्निर्वृत्तिर्विशेषश्च

(દરેક દ્રવ્યના પાયારૂપ–નક્કર આધારરૂપ–પૃથ્વીતત્ત્વ હોય છે એ વાત ખરી, પણ) એ દ્રવ્યની ઉત્પત્તિમા જળતત્ત્વ યોનિનો ભાગ ભજવે છે. (આમ, માટી જેમ દ્રવ્યનુ અધિષ્ઠાન–નક્કર આધાર–છે તેમ પાણીથી માટી બધાઈને ભેગી થતી હોવાથી એને ગમે તે આકાર (ઘાટ) આપી શકાય એવી બને છે; તેથી પાણી દ્રવ્યની યોનિ (કારણ) છે. પછી અગ્નિ, વાયુ અને આકાશ પણ એમા (માટી અને પાણીમા) એકરૂપ થઈને મળી જાય, ત્યારે દ્રવ્ય પૂરેપૂરું બને તથા તેના જુદાજુદા ઘાટ બને. (પાણીથી બધાવલા માટીના ગારાને (પિંડાને) ઘડા વગેરેનો અમુક આકાર આપ્યા પછી એને નિભાડામા–અગ્નિમા તપાવવાથી અગ્નિ ગારામા એકરૂપ થઈને ભળે છે અને એને કઠણ બનાવે છે, વાયુ એમા એકરૂપ થઈને ભળે છે અને એને (ઘડા વગેરેને) તપતી કે ઠંડા પડતી વખતે (સંકોચ, વિકાસ વગેરે) ક્રિયા આપે છે, અને આકાશ એમા એકરૂપ થઈને–ભળીને એને (અણુઅણુ વચ્ચે) અવકાશ (ખાલી જગા) આપે છે (જ્યાથી ઘડામાથી પાણી ઝમે છે.) આમ માટી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાચ મહાભૂતને ઘડા સાથે જે સંબંધ છે તે જ સબધ એમને કોઈ પણ દ્રવ્ય સાથે છે.

व्यपदेशस्तु भूयसा ॥ २ ॥

પણ અમુક દ્રવ્ય પાર્થિવ છે, અમુક દ્રવ્ય આપ્ય (પાણીનુ) છે, વગેરે જે સંજ્ઞા વ્યવહારમાં વપરાય છે તે સંજ્ઞા તે તે દ્રવ્યમાં કયુ તત્ત્વ (મહાભૂત) બીજાં તત્ત્વો કરતાં વધારે છે, તે ઉપરથી વપરાય છે. દાખલા તરીકે જે દ્રવ્યમાં આકાશ, વાયુ, અગ્નિ અને જળ કરતા પૃથ્વીતત્ત્વ વધારે હોય તેને પાર્થિવ દ્રવ્ય કહેવાનો રિવાજ છે. જે દ્રવ્યમા પાણીનુ તત્ત્વ બાકીનાં ચાર તત્ત્વો કરતાં વધારે હોય તેને આપ્ય, અગ્નિનુ તત્ત્વ વધારે હોય તેને આગ્નેય, વાયુનું તત્ત્વ વધારે હોય તેને વાયવ્ય અને આકાશનું તત્ત્વ બાકીનાં ચાર તત્ત્વો કરતાં વધારે હોય તેને નાભસ દ્રવ્ય કહે છે.

દ્રવ્યમાં વિવિધ રસ હોવાનું કારણ

तस्मान्नैकरसं द्रव्यं भूतसङ्घातसम्भवात्।

પંચમહાભૂતના સમુદાયથી દ્રવ્યની ઉત્પત્તિ છે, માટે દ્રવ્યનો રસ (સ્વાદ) પણ એક નથી. (જેમ દ્રવ્ય પંચમહાભૂતનુ બનેલુ છે, તેમ રસ પણ પંચમહાભૂતથી થયેલો છે. એ જ કારણથી દરેક દ્રવ્યમા જુદાજુદા પ્રકારના રસ માલૂમ પડે છે. દ્રાક્ષ, અખોડ, દૂધ, શેરડી, મધ, ગોખરુ વગેરે બધાય દ્રવ્ય ગળ્યાં છે, છતા તેમનુ ગળપણ જુદીજુદી જાતનુ માલૂમ પડે છે, એ જ પ્રમાણે બિજોરું, આમલી, લીંબુ વગેરે ખાટા છે; પણ તેમની ખટાશ જુદીજુદી જાતની માલૂમ પડે છે, લવણમા પણ તેમ જ છે, તેનુ કારણ એ છે, કે એ પદાર્થોમા બીજા રસ પણ રહેલા છે; પણ જે રસ આગળ પડતો માલૂમ પડે છે તે રસવાળો તે પદાર્થ છે એમ વ્યવહારમાં બોલાય છે. એટલે બીજા રસ છતાં પણ ગળપણુ આગળ પડતુ હોય નો તે ગળ્યુ કહેવાય છે, ખટાશ આગળપડતી હોય તો તે ખાટું કહેવાય છે વગેરે. આમ દ્રવ્ય પંચમહાભૂતનુ બનેલુ હોવાથી તેનામાં એક જ રસ હોય એવુ હોતુ નથી.)

नैकदोषास्ततो रोगास्तत्र व्यक्तो रसः स्मृतः ॥३॥
अव्यक्तोऽनुरसः किञ्चिदन्ते व्यक्तोऽपि चेष्यते।

રોગ એક દોષનો હોઈ શકે નહિ તેનું કારણ

(જે કારણસર દ્રવ્ય અમુક એક જ રસ-વાળું હોતુ નથી) તે જ કારણસર રોગો પણ એક જ દોષના પ્રકોપથી થતા નથી. (આકાશ અને વાયુ વાયુ કરે છે, અગ્નિ પિત્ત કરે છે, પાણી અને પૃથ્વી કફ કરે છે. આમ પંચમહાભૂતમાથી ત્રણ દોષો ઉત્પન્ન થાય છે અને પાંચે મહાભૂતનાં બનેલાં દ્રવ્યોના આહારથી તથા પાંચે મહાભૂતના સંબંધમાં અવાય એવા વિહારથી રોગો થાય છે. માટે રોગો ત્રણે દોષના પ્રકોપથી થાય છે, એક દોષના પ્રકોપથી નહિ.)

રસ અને અનુરસ

દ્રવ્યના અનેક રસોમાંથી જે રસ (સ્વાદ) દ્રવ્ય મોંમાં મૂકતાં વેંત જ તરત સ્પષ્ટ જણાઈ આવે તેને તે દ્રવ્યનો રસ કહે છે. જે રસ પહેલેથી કે છેલ્લે સુધી ખિલકુલ જણાતો નથી, જે રસ જરાજરા જણાય છે અને જે રસ દ્રવ્ય મોંમાં મૂક્યા પછી તરત નહિ પણ છેવટે સ્પષ્ટ જણાઈ આવે છે એ ત્રણે રસને અનુરસ કહે છે.

રસના ગુણો

गुर्वादयो गुणा द्रव्ये पृथिव्यादौ रसाश्रये ॥ ४॥
रसेषु व्यपदिश्यन्ते साहचर्योपचारतः ।

(શ્લોક ૧ પ્રમાણે) પૃથ્વીતત્ત્વથી જેની બનવાની શરૂઆત થઈ છે એવા દ્રવ્યમાં (ભારેપણુ વગેરે) ગુણો અને (ગળપણુ વગેરે) રસ સાથેસાથે રહેલા છે. તેથી દ્રવ્યમાં જે ગુણો હોય છે તે એ દ્રવ્યમા રહેલા રસોમાં પણ છે એવુ બોલવાનો રિવાજ પડી ગયો છે.

ખરું જોતાં ગુણ દ્રવ્યમાં હોય, રસમાં નહિ. છના દ્રવ્યમાં ગુણ અને રસ એકી સાથે રહેતા હોવાથી દ્રવ્યના ગુણ રસના ગુણ પણ છે એવુ માનવાનો રિવાજ પડી ગયો છે. દાખલા તરીકે ગોળમાં ભારેપણાનો ગુણ અને ગળપણનો રસ–એ બે એક સાથે રહે છે, તેથી ખરું જોતાં ગોળ જ ભારે હોવા છતાં એમાં રહેલું ગળપણ પણ ભારે છે એવુ કહેવાનો રિવાજ પડી ગયો છે.

પાર્થિવ દ્રવ્યના ગુણ, ધર્મ, કાર્ય

तत्र द्रव्यं गुरुस्थूलस्थिरगन्धगुणोल्बणम् ॥ ५॥
पार्थिवं गौरवस्थैर्यसङ्घातोपचयावहम् ।

પંચમહાભૂતથી બનેલાં દ્રવ્યોમાંથી પાર્થિવ દ્રવ્યમાં ભારે, સ્થૂળ, સ્થિર અને ગંધ–એ ધર્મ આગળ પડતા છે. (પાંચે મહાભૂત તેમાં મળેલાં છે; તેથી પૃથ્વી ઉપરાંત બીજાં ચારેના ધર્મ પણ પાર્થિવ દ્રવ્યમાં દેખાય છે, પણ ઉપર કહ્યા તે ધર્મ તેમાં આગળ પડતા છે.) એ ગુણોને લીધે પાર્થિવ દ્રવ્ય ભારેપણુ, સ્થિરતા, કઠણપણુ અને સ્થૂળતા આણે છે.

આપ્ય દ્રવ્યનાં ગુણ, ધર્મ, કાર્ય

द्रवशीतगुरुस्निग्धमन्दसान्द्ररसोल्बणम् ॥ ६॥
आप्यं स्नेहनविष्यन्दक्लेदप्रह्लादबन्धकृत् ।

(મુખ્યત્વે જળથી બનેલા દ્રવ્યને 'આપ્ય' કહે છે.) આપ્ય દ્રવ્યમાં ઠંડું, ભારે, સ્નિગ્ધ, મંદ, ઘટ્ટ અને રસ–એ ધર્મ આગળ પડતા છે. (બીજાં મહાભૂત તેમાં મળેલાં છે તેથી તેમના ધર્મ પણ તેમાં દેખાય છે; પરંતુ ઉપર કહ્યા તે ધર્મ તેમાં વિશેષ છે.) વળી તે સ્નેહન કરે એવું, નીતરે એવું, ભીનું કરે એવું, તૃપ્તિ કરે એવુ અને બાંધીને પિંડો બનાવે એવુ છે.

આગ્નેય દ્રવ્યનાં ગુણ, ધર્મ, કાર્ય

रूक्षतीक्ष्णोष्णविशदसूक्ष्मरूपगुणोल्बणम् ॥ ७॥
आग्नेयं दाहभावर्णप्रकाशपचनात्मकम् ।

(મુખ્યત્વે અગ્નિ મહાભૂતથી બનેલા દ્રવ્યને 'આગ્નેય' કહે છે.) આગ્નેય દ્રવ્ય લૂખું, તીક્ષ્ણ, ગરમ, વિશદ, સૂક્ષ્મ અને રૂપ–એ ગુણ-ધર્મવાળું છે. (બીજાં મહાભૂતના પણ અંશ એમાં છે, તેથી તેમના ગુણધર્મ પણ એમાં જણાય છે; પણ અગ્નિના ગુણધર્મ તેમાં વિશેષ જોવામાં આવે છે.) આગ્નેય દ્રવ્ય દઝાડે છે; એ કાંતિ, રંગ અને પ્રકાશ આપે એવુ તથા પચાવે એવું છે.

વાયવ્ય દ્રવ્યનાં ગુણ, ધર્મ, કાર્ય

वायव्यं रूक्षविशदलघुस्पर्शगुणोल्बणम् ॥ ८॥
रौक्ष्यलाघववैशद्यविचारग्लानिकारकम् ।

(મુખ્યત્વે વાયુ મહાભૂતથી ઉપજેલા દ્રવ્યને 'વાયવ્ય' કહે છે.) વાયવ્ય દ્રવ્ય લૂખું,

વિશદ, હલકું અને સ્પર્શ–એ ગુણધર્મવાળું છે. (એટલા ગુણધર્મ એમાં વિશેષ જણાય છે.) વળી એ દ્રવ્ય લુખાશ, હલકાપણુ, વિશદપણુ, ક્રિયા (હલનચલન) અને ગ્લાનિ કરે છે.

નાભસ દ્રવ્યનાં ગુણ, ધર્મ, કાર્ય

नाभसं सूक्ष्मविशदलघुशब्दगुणोल्बणम् ॥ ९॥ सौषिर्यलाघवकरम्

(મુખ્યત્વે આકાશ મહાભૂતથી બનેલા દ્રવ્યને ‘નાભસ’ દ્રવ્ય કહે છે.) નાભસ દ્રવ્ય સૂક્ષ્મ, વિશદ, હલકું અને શબ્દ–એ ગુણધર્મવાળું છે. (એ ગુણધર્મો તેમાં વિશેષ જણાય છે.) નાભસ દ્રવ્ય કાણાં કાણાં પાડી નાખે છે અને હલકાપણુ આણે છે.

બધાં દ્રવ્ય ઔષધ છે

जगत्येवमनौषधम् ।
न किञ्चिद्विद्यते द्रव्यं वशान्नानार्थयोगयोः ॥ १०

આમ (દરેક દ્રવ્ય પાંચે મહાભૂતનું બનેલું હોવાથી અને તેથી જુદા જુદા ગુણધર્મોવાળું હોવાથી) જગતમાં કોઈ દ્રવ્ય એવુ નથી કે જે કોઈ ને કોઈ ખપપૂરતું અને કોઈ ને કોઈ યોગથી ઔષધ તરીકે ઉપયોગમાં ન આવે. (એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે આપવાથી જે ધારી અસર કરવાની શક્તિ આવે છે તેને યોગ કહે છે.)

આ શ્લોકમાં એવું કહેવા માગે છે કે જે દ્રવ્ય અમુક અસર કરવા માટે અપાતું નથી તે જ દ્રવ્ય બીજી અસર કરવા માટે આપી શકાય છે. દાખલા તરીકે ગધેડાં, ઘેટાં વગેરેનાં લીડાંનો રસ તદ્દન નકામો હોવા છતાં જો એ રસ ટીપેટીપે આપવામાં આવે તો દમ, ઉધરસ વગેરે રોગમાં દવા તરીકે ઉપયોગી થઈ પડે છે. તે જ પ્રમાણે જે દ્રવ્ય એક યોગથી ઉપયોગમાં આવતું નથી તે જ દ્રવ્ય બીજા યોગથી ઉપયોગી થઈ પડે છે. દાખલા તરીકે અડદ અત્યંત અપથ્ય હોવા છતાં એનાં વડાં બનાવીને માખણ સાથે આપવાથી અર્દિત વગેરે રોગમાં દવા તરીકે કામ આવે છે.

દ્રવ્યમાં કયું મહાભૂત વધારે હોય તો શી અસર થાય છે?

द्रव्यमूर्ध्वगमं तत्र प्रायोऽग्निपवनोत्कटम् ।
अधोगामि च भूयिष्ठं भूमितोयगुणाधिकम् ॥११

તેમાં જે દ્રવ્યમાં અગ્નિ અને વાયુ વધારે (આગળ પડતા) હોય છે તે દ્રવ્ય (શરીરમાં) સામાન્ય રીતે ઊંચું ચડે છે અને જે દ્રવ્યમાં પૃથ્વી અને પાણીના ગુણ આગળ પડતા હોય છે તે દ્રવ્ય (શરીરમાં) સામાન્ય રીતે નીચું ઊતરે છે.

इति द्रव्यम्

દ્રવ્યની વાત પૂરી થઈ.

रसान् भेदैरुत्तरत्रोपदेक्ष्यते ।

રસના અનેક (ત્રેસઠ) ભેદ હોવાથી રસ વિષે હવે પછી (અધ્યાય ૧૦માં) કહેવામાં આવશે.

વીર્ય વિષે ખારણાદનો મત

वीर्यं पुनर्वदन्त्येके गुरु स्निग्धं हिमं मृदु ॥१२॥
लघु रूक्षोष्णतीक्ष्णं च तदेवं मतमष्टधा ।

હવે કેટલાક(ખારણાદ વગેરે)નો મત એવો છે, કે દ્રવ્યમાં રહેલા ગુરુ (ભારે), સ્નિગ્ધ, ઠંડો, મૃદુ, હલકો, લૂખો, ગરમ અને તીક્ષ્ણ, એ ગુણો પોતે જ વીર્ય છે અને એ ઉપર ગણાવ્યા તે મુખ્ય ગુણ આઠ છે; માટે દ્રવ્યમાં આઠ પ્રકારનુ વીર્ય છે.

વીર્ય વિષે ચરકમુનિનો મત

चरकस्त्वाह वीर्यं तत् क्रियते येन या क्रिया ॥१३
नावीर्यं कुरुते किञ्चित्सर्वा वीर्यकृता हि सा ।

ચરકમુનિ કહે છે કે દ્રવ્ય જે કામ (અસર) કરે છે તે કામ કરવામાં દ્રવ્યનો જે સ્વભાવ સાધનરૂપ બને છે તે સ્વભાવને વીર્ય કહે છે. વીર્ય વિનાનું દ્રવ્ય કંઈ જ કરી શકે નહિ; કારણ કે તે કામ (અસર) વીર્યને લીધે જ થાય છે.

ગુરુ વગેરે ગુણોને વીર્ય કહેવાં જોઈએ

गुर्वादिष्वेव वीर्याख्या तेनान्वर्थेति वर्ण्यते ॥१४॥
समग्रगुणसारेषु शक्त्युत्कर्षविवर्तिषु ।
व्यवहाराय मुख्यत्वाद्बह्वग्रग्रहणादपि ॥ १५ ॥

(ઉપર શ્લોક ૧૨, ૧૨½ માં ગણાવેલા) ગુરુ વગેરે (આઠ) ગુણ સૂ. ૧/૧૮ માં ગણાવેલા વીસે ગુણોમાં સારરૂપ હોવાથી, એ આઠ

ગુણોમાં બીજા ગુણો કરતાં (અસર કરવાથી) વધારે શક્તિ હોવાથી, વ્યવહાર માટે એ આઠ ગુણો મુખ્ય હોવાથી, એ આઠ ગુણોનો ઉલ્લેખ અનેક વાર કરાતો હોવાથી અને ઘણા ગુણો ગણાવાતા હોય ત્યાં એ આઠ ગુણો બધાથી પહેલા ગણાવાતા હોવાથી ગુરુ વગેરે આઠ ગુણોને માટે વીર્ય શબ્દ વાપરવો એ સાર્થક છે, એવું કહેવામાં આવે છે. (સારરૂપ=લાંબા વખત સુધી મૂળ સ્થિતિમાં ટકી રહે એવા.)

રસ વગેરેને પણ વીર્ય કહેવા જોઈએ નહિ

अतश्च विपरीतत्वात्सम्भवत्यपि नैव सा।
विवक्ष्यते रसाद्येषु वीर्यं गुर्वादयो ह्यतः ॥ १६ ॥

દ્રવ્યના રસ, વિપાક, પ્રભાવ અને કર્મમાં પણ કામ (અસર) કરવાની શક્તિ છે, તેથી રસ, વિપાક, પ્રભાવ અને કર્મને વીર્ય કહી શકાય; છતાં પણ (શ્લોક ૧૪,૧૫ માં ગણાવેલાં) જે કારણોને લીધે સૂ. ૧/૧૮ માં ગણાવેલા વીસ ગુણોમાંથી માત્ર ગુરુ વગેરે આઠ ગુણોને જ વીર્ય કહ્યા છે; તે જ કારણસર (દ્રવ્યનાં) રસ, વિપાક, પ્રભાવ અને કર્મને દ્રવ્યનું વીર્ય કહેવાશે નહિ, તેથી ગુરુ વગેરે આઠ ગુણો વીર્ય છે.

વીર્યના બીજી રીતે ભેદ

उष्णं शीतं द्विधैवान्ये वीर्यमाचक्षते

કેટલાક (સુશ્રુત વગેરે) આચાર્ય ગરમ અને ઠંડું એવા બે પ્રકારનું જ વીર્ય છે એમ કહે છે. તેમને મતે ગુરુ વગેરે આઠ પ્રકારનું વીર્ય નથી.

વીર્યના બે પ્રકાર કહેવાનું કારણ

अपि च।
नानात्मकमपि द्रव्यमग्नीषोमौ महाबलौ ॥ १७ ॥
व्यक्ताव्यक्तं जगदिव नातिक्रामति जातुचित्।

અને વળી જેમ (સ્થાવર, જંગમ, ચેતન, અચેતન એવા) બહુરૂપી જગતનો સમાવેશ વ્યક્ત (દૃશ્ય) અને અવ્યક્ત (અદૃશ્ય) એ બે વર્ગમાં બરાબર ન થાય એવું કદી બનતું નથી તેમ (પૃથ્વી વગેરે) અનેક તત્ત્વોનાં બનેલાં અને તેથી અનંત પ્રકારનાં હોવા છતાં પણ દ્રવ્યો મહાશક્તિશાળી અગ્નિ અને સોમ (જળમય ચંદ્ર, જળ) એ બેની સત્તાની બહાર કદી જઈ શકતાં નથી. (કોઈ દ્રવ્ય આગ્નેય એટલે ગરમ હોય છે તો કોઈ દ્રવ્ય સૌમ્ય એટલે ઠંડું હોય છે. પણ આગ્નેય ન હોય કે સૌમ્ય પણ ન હોય એવું કોઈ પણ દ્રવ્ય કદી હોતું નથી. આમ કોઈ દ્રવ્ય ઉષ્ણવીર્ય એટલે ગરમ હોય છે તો કોઈ દ્રવ્ય શીતવીર્ય એટલે ઠંડું હોય છે. ઉષ્ણવીર્ય ન હોય કે શીતવીર્ય પણ ન હોય એવું કોઈ દ્રવ્ય કદી હોતું નથી. ગુરુ વગેરે વીસ ગુણોની આરોગ્ય પર જેટલી અસર થાય છે તેના કરતાં અગ્નિ અને સોમ (ગરમી અને ઠંડક કરવાની દ્રવ્યોની શક્તિ)ની વધારે અને સીધી અસર થાય છે, વળી એ વીસ ગુણો પોતે પણ છેવટે તો ગરમી કે ઠંડક કરે છે માટે અગ્નિ અને સોમને મહાશક્તિવાળા કહ્યા છે.)

ઉષ્ણ તથા શીતવીર્યનું કર્મ

तत्रोष्णं भ्रमतृड्ग्लानिस्वेददाहाशुपाकिताः ॥१८
शमं च वातकफयोः करोति शिशिरं पुनः।
ह्लादनं जीवनं स्तम्भं प्रसादं रक्तपित्तयोः ॥१९

તેમાં ઉષ્ણવીર્ય ફેર, તરસ, ગ્લાનિ, પરસેવો, બળતરા, જલદી પકવવાનુ કામ તથા વાયુ અને કફને શમાવવાનું કામ કરે છે અને શીતવીર્ય તૃપ્તિ આપે છે, જીવન છે, સ્તંભ કરે છે અને લોહી તથા પિત્તને સ્વચ્છ કરે છે.

વિપાકનું લક્ષણ

जाठरेणाग्निना योगाद्यदुदेति रसान्तरम्।
रसानां परिणामान्ते स विपाक इति स्मृतः ।२०

જ્યારે રસો (રસવાળાં દ્રવ્યો) બરાબર પચી રહે ત્યારે જઠરાગ્નિના સંયોગથી એ રસોમાંથી જે બીજો (મૂળ રસથી જુદો) રસ ઉત્પન્ન થાય તેને આયુર્વેદમાં વિપાક કહે છે.

દ્રવ્યમાં મૂળ જે રસ હોય છે તેને રસ કહે છે. શા. ૩/૫૬ફ઼ પ્રમાણે પાચનક્રિયા દરમ્યાન ગળ્યો, ખાટો અને તીખો રસ થાય છે તેને પણ રસ કહે છે; પણ મૂળ રસ કે પાચનક્રિયા દરમ્યાન થયેલા રસ જઠરાગ્નિને લીધે

ખરાખર પચી રહે ત્યારે એક રસ બદલાઈને બીજો રસ બની જાય છે. તે નવા રસને વિપાક કહે છે.

વિપાકના પ્રકાર.

स्वादुः पटुश्च मधुरमम्लोऽम्लं पच्यते रसः ।
तिक्तोषणकषायाणां विपाकः प्रायशः कटुः ॥२१

ગોળ વગેરે ગળ્યા તથા સિંધવ વગેરે ખારા રસ પચી રહે ત્યારે સામાન્ય રીતે ગળ્યા બને છે. દહીં, કાંજી વગેરે ખાટા પદાર્થોનો રસ પચી રહે ત્યારે પણ સામાન્ય રીતે ખાટો જ રહે છે. કડવો, તીખો તથા તૂરો રસ પચી રહે ત્યારે સામાન્ય રીતે તીખો થાય છે. 'સામાન્ય રીતે' કહેવાનું કારણ એ છે, કે કોઈક વાર એથી જુદો રસ જોવામાં આવે છે; જેમ કે વ્રીહિ જાતની ડાંગરના ગળ્યા રસનો વિપાક ગળ્યો નહિ પણ ખાટો થાય છે, તૂરારસનો વિપાક તીખો થવો જોઈએ તેમ છતા હરડેનો વિપાક મધુર થાય છે, તીખા રસનો વિપાક તીખો થવો જોઈએ તેમ છતાં સૂંઠ, આદું, પીપર, એમનો તીખો રસ પચી રહે ત્યારે ગળ્યો થાય છે.

દ્રવ્ય રસ વગેરે વડે શુભાશુભ કર્મ કરે છે

रसैरसौ तुल्यफलस्तत्र द्रव्यं शुभाशुभम् ।
किञ्चिद्रसेन कुरुते कर्म पाकेन चापरम् ॥ २२ ॥
गुणान्तरेण वीर्येण प्रभावेणैव किञ्चन ।

એ વિપાકના રસ પોતાની જાતના મૂળ રસ જેવી જ અસર કરે છે. તેમાં દ્રવ્ય કેટલીક સારી કે ખરાબ અસર પોતાના રસથી કરે છે, કેટલીક વિપાકના રસથી કરે છે, કેટલીક (રસ સિવાયના) બીજા ગુણથી કરે છે, કેટલીક વીર્યથી કરે છે અને કેટલીક પ્રભાવથી જ કરે છે.

દ્રવ્યનો મૂળ રસ પચી રહે ત્યારે પણ એનો એ જ રસ કાયમ રહેતો હોય ત્યાં તો કંઈ શંકા ઊભી થતી નથી, પણ જ્યારે મૂળ રસ પચી રહે ત્યારે બદલાઈને બીજો રસ બની જાય ત્યારે સવાલ થાય, કે શરીર ઉપર અસર શા પ્રમાણે થાય? દાખલા તરીકે ખારા રસનો વિપાક ગળ્યો થાય છે તો એ ખારા રસમાંથી થયેલા ગળ્યા રસની અસર ખારા રસ જેવી થાય કે ગળ્યા રસ જેવી? તેના જવાબમાં કહે છે કે વિપાક રસની અસર એ જ જાતના મૂળ રસ જેવી થાય છે. દાખલા તરીકે ગળ્યા વિપાક રસની અસર ગળ્યા રસ જેવી થાય છે.

દ્રવ્યની શરીર પર બે અસર થાય છે: દોષોનું શમન કરવારૂપી સારી અને દોષોનો પ્રકોપ કરવારૂપી ખરાબ. દ્રવ્યની આ સારી અને ખરાબ અસર કેટલીક રસને લીધે, કેટલીક વિપાકને લીધે, કેટલીક ગુણોને લીધે, કેટલીક વીર્યને લીધે અને કેટલીક પ્રભાવને લીધે થાય છે.

રસ વગેરેમાંથી કોની અસર થાય છે?

यद्यद्द्रव्ये रसादीनां बलवत्त्वेन वर्तते ॥ २३ ॥
अभिभूयेतरांस्तत्तत्कारणत्वं प्रपद्यते ।
विरुद्धगुणसंयोगे भूयसाऽल्पं हि जीयते ॥२४॥

દ્રવ્યમા રસ વગેરેમાના જે જે બળવાન હોય છે તે તે બાકીના બીજાઓને નકામા બનાવી દઈને (અસર કરવાના કામમાં) કારણરૂપ બની જાય છે; કારણકે વિરુદ્ધ ગુણો ભેગા થાય ત્યારે ઘણા હોય તે થોડાને જીતી લે છે.

શ્લોક ૨૧કે થી ૨૨કે પ્રમાણે તો દ્રવ્યની સારીનરસી અસરનો આધાર રસ, વિપાક. વીર્ય અને પ્રભાવ ઉપર છે. પણ એ ચારની અસર પરસ્પર વિરુદ્ધ હોય ત્યારે દ્રવ્યની અસરનો આધાર કોના ઉપર છે તે બાબત આ શ્લોકમાં કહી છે.

નિયમ એવો છે કે જે જબરો હોય તે જીતે. જબરા બે રીતે થવાય—આપબળથી કે બીજાની મદદથી. કોઈ દ્રવ્યમાં એકલા રસની અસર પણ એટલી બધી હોય કે એને લીધે એનાં વિપાક, વીર્ય અને પ્રભાવની અસર મરી જાય તો રસ પોતાના આપબળથી સામા નબળાને જીતે છે એમ કહેવાય. પણ જો રસ અને વીર્ય બંનેની ભેગી અસરને લીધે વિપાક અને પ્રભાવની અસર નકામી થઈ જાય તો રસ આપબળથી નહિ પણ વીર્યની મદદથી જીતે છે એમ કહેવાય. આમ રસ, વિપાક, વીર્ય અને પ્રભાવની અસર જ્યારે પરસ્પર વિરુદ્ધ હોય ત્યારે જેની એકલાની કે જેના પક્ષની અસર

વધારે હોય તે જીતે છે અને સામા પક્ષની અસર થતી નથી. દ્રવ્ય તરીકે આપણે દૂધનો દાખલો લઈએ. દૂધ શીતવીર્ય છે, તેથી ખરું જોતાં દૂધથી વાયુનો પ્રકોપ થવો જોઈએ; પણ દૂધ ગળ્યું છે અને ગળ્યું હોવાથી એ ચીકાશ, ભારે વગેરે વાયુનું શમન કરે એવા અનેક ગુણોવાળું છે, તેથી ગળ્યો રસ અને એના મદદગાર ચીકાશ વગેરે ગુણો આગળ દૂધના વીર્યનું કંઈ ચાલતું નથી. તેથી દૂધ વાયુનું શમન કરે છે, પ્રકોપ કરી શકતું નથી.

રસ વગેરેનું સ્વાભાવિક બળ

रसं विपाकस्तौ वीर्यं प्रभावस्तान्यपोहति ।
बलसाम्ये रसादीनामिति नैसर्गिकं बलम् ॥२५

જ્યારે રસ અને વિપાક એકસરખી શક્તિથી પરસ્પર વિરુદ્ધ અસર કરે એવાં હોય ત્યારે વિપાક રસને હરાવે છે. જ્યારે એક બાજુ રસ ને વિપાક અને બીજી બાજુ એકલું વીર્ય એકસરખી શક્તિથી પરસ્પર વિરુદ્ધ અસર કરે એવાં હોય; ત્યારે વીર્ય રસ અને વિપાક એ બંનેને હરાવે છે. જ્યારે એક બાજુ રસ, વિપાક અને વીર્ય અને બીજી બાજુ એકલો પ્રભાવ એકસરખા બળથી પરસ્પર વિરુદ્ધ કામ કરતાં હોય, ત્યારે વિપાક એ ત્રણેને હરાવે છે; આવું રસ, વિપાક, વીર્ય અને પ્રભાવનું સ્વાભાવિક બળ છે.

મધ ગળ્યું છે તેથી મધથી વાયુનું શમન થવુ જોઈએ; પણ તેમ ન થતાં ઊલટો વાયુનો પ્રકોપ થાય છે; કારણ કે મધનો રસ પચે ત્યારે તીખો થતો હોવાથી વિપાકનો તીખો રસ વાયુનો પ્રકોપ કરે છે, મૂળ ગળ્યા રસને વાયુનુ શમન કરવા દેતો નથી. આ રીતે વિપાક રસને જીતે છે,

પાડાનું માંસ સ્વાદમાં અને પચે ત્યારે ગળ્યું હોય છે, તેથી રસ અને વિપાકને લીધે પાડાના માંસથી પિત્તનું શમન થવું જોઈએ, પણ તેમ થતું નથી; કારણ કે એ માંસ ઉષ્ણવીર્ય હોવાથી પિત્તનો પ્રકોપ કરે છે. આ રીતે દ્રવ્યનું વીર્ય રસ અને વિપાકને હરાવે છે.

સુરા સ્વાદમાં અને પચે ત્યારે ખાટી હોય છે તથા એ ઉષ્ણવીર્ય છે, છતાં એનું ધાવણ (દૂધ) બને છે (સૂ. ૫/૬૭). રસ અને વિપાકની ખટાશ તથા ઉષ્ણવીર્યને લીધે તો સુરામાંથી દૂધથી વિરુદ્ધ વસ્તુ બને છતાં સુરાનો એવો પ્રભાવ છે કે, એનું ધાવણ બને છે. આ રીતે તેના પ્રભાવ આગળ રસ, વિપાક અને વીર્ય હારી જાય છે.

પ્રભાવ એટલે શું?

रसादिसाम्ये यत् कर्म विशिष्टं तत् प्रभावजम् ।

બે દ્રવ્યનાં રસ, વીર્ય, વિપાક સમાન (એકનાં એક) હોવા છતાં પણ તેમાંનુ એક દ્રવ્ય અમુક કાર્ય કરે તથા બીજું દ્રવ્ય તેનાથી ખાસ જુદી જાતનુ કાર્ય કરે, ત્યારે એ ખાસ કામ કરવાનાં દ્રવ્યના ધર્મ(સ્વભાવ)ને એ દ્રવ્યનો પ્રભાવ છે એમ કહેવાય છે.

પ્રભાવનાં ઉદાહરણ

दन्ती रसाद्यैस्तुल्याऽपि चित्रकस्य विरेचनी ॥२६
मधुकस्य च मृद्वीका घृतं क्षीरस्य दीपनम् ।

નેપાળો તથા ચિત્રો એ બે રસ, વીર્ય અને વિપાકમાં સરખાં છે, તેમ છતાં નેપાળો વિરેચન કરે છે અને ચિત્રો વિરેચન નથી કરતો એ તેમનો દરેકનો પ્રભાવ છે. જેઠીમધ અને કાળી દ્રાક્ષ એ બંનેનાં રસ, વીર્ય અને વિપાક સમાન છે, તેમ છતાં કાળી દ્રાક્ષ રેચક છે અને જેઠીમધ રેચક નથી, એ તેમનો દરેકનો પ્રભાવ છે. ઘી અને દૂધનાં રસ, વીર્ય અને વિપાક સમાન હોવા છતાં પણ ઘી દીપન છે અને દૂધ દીપન નથી, એ તેમનો પ્રભાવ છે.

દ્રવ્યેદ્રવ્યે દ્રવ્ય, રસ વગેરેનું વિશેષ કર્મ

इति सामान्यतः कर्म द्रव्यादीनां पुनश्च तत् ॥२७
विचित्रप्रत्ययारब्धद्रव्यभेदेन भिद्यते ।

દ્રવ્ય, ગુણ, રસ, વિપાક, વીર્ય અને પ્રભાવ જાણે એકબીજાથી સ્વતંત્ર હોય એ રીતે એ દરેકનાં સામાન્ય કામ ઉપર કહ્યાં; પણ ખરું જોતાં તો ગુણ, રસ, વિપાક, વીર્ય અને પ્રભાવ અમુક દ્રવ્યને આશરે રહેલાં હોય છે અને બધાં દ્રવ્યો પંચમહાભૂતનાં બનેલાં હોવા છતાં કોઈ પણ બે દ્રવ્યમાં રહેલાં પાંચે મહાભૂતનું

માપ એકસરખું હોતું નથી. તેથી બધાં દ્રવ્ય ખરું જોતાં જુદાજુદા માપમાં મળેલાં પાંચે મહાભૂતોનાં બનેલાં છે; તેથી તે દ્રવ્યો અને તેમને આશરે રહેલાં ગુણ, રસ, વિપાક, વીર્ય અને પ્રભાવ પણ એમનામાં (દ્રવ્ય, રસ વગેરેમા) રહેલાં પાંચે મહાભૂતના માપમાં અનેક પ્રકારના ભેદ પડવાથી અનેક પ્રકારનાં બની જાય છે.

દ્રવ્ય બનાવવામા પાચે મહાભૂત જે માપમાં ભેગા થયાં હોય તે જ માપમાં પાંચે મહાભૂત ભેગા થવાથી એ દ્રવ્યના રસ વગેરે બન્યાં હોય તો એ દ્રવ્યને 'સમાનપ્રત્યયારબ્ધ' કહે છે; પણ જો પાંચે મહાભૂતોનુ માપ દ્રવ્ય કરતાં રસમા, રસ કરતાં વિપાકમાં, વિપાક કરતા વીર્યમાં અને વીર્ય કરતાં પ્રભાવમા જુદુંજુદુ હોય તો તે દ્રવ્યને 'વિચિત્રપ્રત્યયારબ્ધ' કહે છે.

દ્રવ્યભેદનું ઉદાહરણ

स्वादुर्गुरुश्च गोधूमो वातजिद्वातकृद्यवः ॥ २८ ॥
उष्णाः मत्स्याः पयः शीतं कटुः सिंहो न शूकरः।

ઘઉં ગળ્યો અને ભારે છે માટે વાયુને મટાડવારૂપી ગળપણનુ કામ તે કરે છે; કેમ કે ઘઉં સમાનપ્રત્યયારબ્ધ દ્રવ્ય છે. પણ જવ ગળ્યો અને ભારે હોવા છતાં વાયુને મટાડવાનું ગળપણનુ કામ તે કરતો નથી, પણ ઊલટો વાયુની વૃદ્ધિ કરે છે; કેમ કે જવ વિચિત્રપ્રત્યયારબ્ધ દ્રવ્ય છે. મત્સ્યવર્ગનાં પ્રાણી ગળ્યાં તથા ભારે હોવા છતાં ગળપણને છાજે એવાં શીતવીર્ય નથી; કારણ કે એ વિચિત્રપ્રત્યયારબ્ધ દ્રવ્ય છે; દૂધ ગળ્યુ તથા ભારે છે અને ગળપણુ હોવુ જોઈએ એવુ શીતવીર્ય છે; કારણ કે એ સમાનપ્રત્યયારબ્ધ દ્રવ્ય છે. સિંહ ગળ્યો અને ભારે છતાં ગળપણને અનુરૂપ ગળ્યો વિપાક તેનો થતો નથી, પણ તીખો વિપાક થાય છે; કારણ કે એ વિચિત્રપ્રત્યયારબ્ધ દ્રવ્ય છે. ભૂંડ ગળ્યું અને ભારે છે અને તેનો વિપાક ગળપણને અનુરૂપ ગળ્યો જ થાય છે; કારણકે એ દ્રવ્ય સમાનપ્રત્યયારબ્ધ છે. એ પ્રમાણે સમાન પ્રત્યયારબ્ધ દ્રવ્યોના વિપાક, વીર્ય વગેરે ફક્ત રસ જાણવાથી સમજી શકાય છે. જે સમાનપ્રત્યયારબ્ધ દ્રવ્યના રસ તથા વિપાક મધુર હોય તે દ્રવ્ય શીતવીર્ય જાણવું, જેમ કે દૂધ. જેના રસ તથા વિપાક ખાટા તથા તીખા હોય તેને ઉષ્ણવીર્ય જાણવુ, જેમ કે ચવક અને ચિત્રો, પણ વિચિત્રપ્રત્યયારબ્ધ દ્રવ્યોનો તેવો નિયમ થઈ શકે નહિ. માટે તેના ગુણ તો પ્રત્યેક દ્રવ્યના જુદાજુદા જાણવા જોઈએ; કેમ કે એમાં કોઈ દ્રવ્ય મધુર છતાં ગરમ હોય છે; જેમકે આનૂપ માંસ; કોઈ દ્રવ્ય તૂરું અને કડવુ છતાં ગરમ હોય છે, જેમ કે મોટાં પંચમૂળ, ખાટા રસવાળું આમળું જેમ ગરમ નથી તેમ ખારા રસવાળો સિંધવ પણ ગરમ નથી. વળી આકડો, અગર અને ગળો એ કડવાં છે છતાં ઉષ્ણ છે. ખાટાં રસવાળા કેટલાંક દ્રવ્ય ગ્રાહી છે, જેમ કે કોઠું, ખાટા રસવાળાં કેટલાક દ્રવ્ય ભેદક છે, જેમકે આમળાં, પીપર અને સૂંઠ તીખા છતાં વીર્યજનક છે. તૂરું દ્રવ્ય ઘણુંખરું સ્તંભન તથા ઠંડુ હોય છે, પણ હરડેમાં એથી ઊલટું છે, એટલે હરડે તૂરી છતાં ભેદક અને ગરમ છે. એ પ્રમાણે વિચિત્રપ્રત્યયારબ્ધ દ્રવ્યોનો કાંઈ નિયમ કરી શકાય નહિ. સમાનપ્રત્યયારબ્ધ દ્રવ્યોનો સંયોગ કરવામાં શીત અને ઉષ્ણ એ વિરોધી વીર્ય ભેગાં થાય તો હરકત નથી, પણ વિચિત્રપ્રત્યયારબ્ધ દ્રવ્યોનો સંયોગ કરતાં શીત અને ઉષ્ણવીર્ય એવાં બે વિરોધી તત્ત્વો ભેગાં થાય તેમાં જોખમ રહેલું છે.

इत्यष्टांगहृदये सूत्रस्थाने द्रव्यादिविज्ञानीयोऽध्यायो नवमः ॥९॥

અધ્યાય ૧૦ મો

ગયા અધ્યાયમા દ્રવ્યનું નિરૂપણ કરતાં શ્લોક ૧૧કેમાં કહ્યુ છે, કે રસ વિષે ઘણુ કહેવાનુ હોવાથી હવે પછી કહીશું તે કહેવા માટે 'રસભેદીય' નામે આ અધ્યાય શરૂ કરે છે.

अथातो रसभेदीयमध्यायं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

હવે રસના ભેદ બતાવનાર અધ્યાય

સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

કયા મહાભૂતથી કયા રસની ઉત્પત્તિ?

क्ष्माम्भोऽग्निक्ष्माम्बुतेजःखवाय्वग्न्यनिलगोऽनिलैः।
द्वयोल्बणैः क्रमाद् भूतैर्मधुरादिरसोद्भवः ॥ १ ॥

પૃથ્વી (માટી) અને પાણી, અગ્નિ અને પૃથ્વી, પાણી અને અગ્નિ, આકાશ અને વાયુ, અગ્નિ અને વાયુ, પૃથ્વી અને વાયુ, એ મહાભૂતના જોડકા અનુક્રમે આગળ પડતાં હોય ત્યારે અનુક્રમે ગળ્યો, ખાટો, ખારો, કડવો, તીખો અને તૂરો રસ બને છે.

દરેક રસ પાંચે મહાભૂતનો બનેલો હોય છે, પણ એ પાંચે મહાભૂતમા ઉપર કહેલાં મહાભૂતના જોડકામાથી જે જોડકુ આગળ પડતુ હોય તે જોડકુ અમુક રસ બનાવે છે. દાખલા તરીકે પૃથ્વી અને પાણીનુ જોડકુ આગળ પડતુ હોય તો ગળપણ બને વગેરે.

રસનાં લક્ષણ

મધુર રસ(ગળપણ)નું લક્ષણ

तेषां विद्याद्रसं स्वादु यो वक्त्रमनुलिम्पति।
आस्वाद्यमानो देहस्य ह्लादनोऽक्षप्रसादनः ॥२॥
प्रियः पिपीलिकादीनाम्

એ છ રસમાથી જે રસ ખાતાપીતા મોઢામાં ચોપડાઈ જાય છે, જેનો સ્વાદ લેતાં લેતાં આનંદ થાય છે તથા ઇંદ્રિયોને જે પ્રસન્ન કરે છે તથા જે રસ કીડીઓ વગેરેને પ્રિય છે તેને મધુર રસ જાણવો.

ખાટા રસનું લક્ષણ

अम्लः क्षालयते मुखम्।
हर्षणो रोमदन्तानामक्षिभ्रुवनिकोचनः ॥ ३ ॥

ખાટો રસ ખાતાપીતા મોમા પાણી છૂટે છે, શરીરના રુંવાંટા ઊભા થાય છે, દાંત અંબાઈ (ખટાઈ) જાય છે, આંખો તથા ભવાં સંકોચાય છે.

ખારા રસનું લક્ષણ

लवणः स्यन्दयत्यास्यं कपोलगलदाहकृत्।

ખારો રસ ખવાતાંપિવાતાં મોંમાં પાણી છોડે છે, ગાલ અને ગળામાં બળતરા કરે છે. (તથા અન્નમાં રુચિ આણે છે).

કડવા રસનું લક્ષણ

तिक्तो विशदयत्यास्यं रसनं प्रतिहन्ति च ॥४॥

કડવો રસ ખવાતાંપિવાતા મોમાંની ચીકાશ દૂર કરે છે અને બીજો રસ ગ્રહણ કરવાની શક્તિનો નાશ કરે છે.

તીખા રસનું લક્ષણ

उद्वेजयति जिह्वाग्रं कुर्वंश्चिमिचिमां कटुः।
स्रावयत्यक्षिनासास्यं कपोलौ दहतीव च ॥५॥

તીખો રસ ખાતા-પીતાં મોઢામાં ચમચમાટ થાય છે, જીભનું ટેરવુ આવી જાય છે. (ટેરવા આગળ જીભ આવી જાય છે); આંખ, નાક અને મોઢામાંથી પાણી ગળે છે તથા ગાલ જાણે કે બળે છે.

તૂરા રસનું લક્ષણ

कषायो जडयेज्जिह्वां कण्ठस्रोतोविबन्धकृत्।

તૂરો રસ જીભને સ્વાદ પારખવાની ક્રિયામાં મંદ કરે છે તથા ગળામાંના સ્રોતોનો વિબંધ કરે છે (એટલે શ્વાસોચ્છ્વાસની પ્રવૃત્તિ પણ અનિયમિત જેવી કરી નાખે છે).

રસનાં લક્ષણનો ઉપસંહાર

रसानामिति रूपाणि

ઉપર કહ્યા તે પ્રમાણે ગળ્યો વગેરે છ રસના લક્ષણ છે.

હવે તે રસોના જે જે કર્મ છે તે નીચે પ્રમાણે છે:

कर्माणि

હવે રસના કર્મ (અસર) કહીએ છીએ.

રસનાં કાર્ય

મધુર રસનું કાર્ય

मधुरो रसः ॥६॥
आजन्मसात्म्यात्कुरुते धातूनां प्रबलं बलम्।
बालवृद्धक्षतक्षीणवर्णकेशेन्द्रियौजसाम् ॥ ७ ॥
प्रशस्तो बृंहणः कण्ठ्यः स्तन्यसन्धानकृद् गुरुः।
आयुष्यो जीवनः स्निग्धः पित्तानिलविषापहः ॥८

कुरुतेऽत्युपयोगेन स मेदः श्लेष्मजान् गदान्।
स्थौल्याग्निसादसन्न्यासमेहगण्डार्बुदादिकान्॥९।

ગળપણુ પ્રાણીને જન્મથી જ સાત્મ્ય છે (કેમ કે બાળપણથી જ દૂધ વગેરે મધુર પદાર્થોથી એનો દેહ બંધાયો છે), માટે તે ધાતુઓના બળની અત્યંત વૃદ્ધિ કરે છે; બાળકને, વૃદ્ધને, ક્ષતકાસવાળાને હિતકર છે; શરીરની કાંતિ, વાળ, ઇંદ્રિયો અને ઓજને માટે હિતકારી છે, બૃંહણ છે, કંઠને ફાયદાકારક છે, ધાવણ ઉત્પન્ન કરે છે, ભાગેલા અંગને સાધે છે અને ભારે છે, આયુષ્યની વૃદ્ધિ કરે એવું, જીવન, સ્નિગ્ધ તથા પિત્ત, વાયુ અને વિષનો નાશ કરે એવું છે. ગળપણનો ઉપયોગ અતિશય કરવામા આવે તો એ ચરબી તથા કફથી થતા જાડાપણું, મંદાગ્નિ, સંન્યાસ, પ્રમેહ, ગંડ, અર્બુદ વગેરે રોગો કરે છે.

ખાટા રસનું કામ

अम्लोऽग्निदीप्तिकृत् स्निग्धो हृद्यः पाचनरोचनः।
उष्णवीर्यो हिमस्पर्शः प्रीणनः क्लेदनो लघुः॥
करोति कफपित्तास्रं मूढवातानुलोमनः।
सोऽत्यभ्यस्तस्तनोः कुर्याच्छैथिल्यं तिमिरं भ्रमम्॥११॥
कण्डुपाण्डुत्ववीसर्पशोफविस्फोटतृड्ज्वरान्।

ખટાશ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે એવી, સ્નિગ્ધ, હૃદ્ય, પાચન, રુચિ કરે એવી, ઉષ્ણવીર્ય, અડકવામા ઠંડી (એટલે ચોપડવાથી કે પીવા વગેરેથી ઠંડક કરે એવી), પ્રીણન, પચપચું કરે એવી અને હલકી છે. એ કફ તથા રક્તપિત્ત કરે છે તથા અનુલોમન છે. ખટાશનો વધારે પડતો ઉપયોગ કરવાથી શરીર ઢીલું થઈ જાય છે અને આંખે ઝાંખ આવે છે, ફેર આવે છે; ખણુજ, પાંડુ, રતવા, સોજો, વિસ્ફોટક, તરસ અને તાવ—એ રોગો થાય છે.

ખારા રસનું કામ

लवणः स्तम्भसङ्घातबन्धविध्मापनोऽग्निकृत्॥१२
स्नेहनः स्वेदनस्तीक्ष्णो रोचनश्छेदभेदकृत्।
सोऽतियुक्तोऽस्रपवनं खलतिं पलितं वलिम्॥
तृट्कुष्ठविषवीसर्पान् जनयेत्क्षपयेद्बलम्।

ખારાશ સ્તંભ, કઠણપણું અને બંધનો નાશ કરે એવી, અગ્નિને પ્રદીપ્ત કરે એવી, સ્નેહન, સ્વેદન, તીક્ષ્ણ, રુચિ ઉપજાવે એવી તથા છેદ અને ભેદ કરે એવી છે. ખારાશનો બહુ ઉપયોગ કરવાથી પત થાય છે, માથે ટાલ પડે છે તથા પળિયા આવે છે, શરીરે કરચલીઓ પડી જાય છે, તથા તરસ, કુષ્ઠ, ઝેર અને રતવા થાય છે. વળી તે બળનો પણ નાશ કરે છે.

કડવા રસનું કામ

तिक्तः स्वयमरोचिष्णुररुचिं कृमितृड्विषम्॥१४
कुष्ठमूर्च्छाज्वरोत्क्लेशदाहपित्तकफान् जयेत्।
क्लेदमेदोवसामज्जशकृन्मूत्रोपशोषणः॥ १५॥
लघुर्मेध्यो हिमो रूक्षः स्तन्यकण्ठविशोधनः।
धातुक्षयानिलव्याधीनतियोगात् करोति सः॥१६

કડવો રસ (કડવાશ) જાતે ભાવે એવો નથી, પણ તે અરુચિ, કૃમિ, તરસ, ઝેર, કુષ્ઠ, મૂર્છા, તાવ, ઉત્કલેશ, બળતરા, પિત્ત અને કફને મટાડે છે, ભિનાશ, ચરબી, વસા, મજ્જા, ઝાડો અને પેશાબને શોષી લે છે. વળી તે હલકો, મેધાને હિતકર, ઠંડો, લૂખો, ધાવણ સુધારે એવો અને ગળાને સાફ કરે એવો છે. એનો વધારે પડતો ઉપયોગ કર્યો હોય તો તે ધાતુક્ષય અને વાયુના રોગ ઉત્પન્ન કરે છે.

તીખા રસનું કામ

कटुर्गलामयोदर्दकुष्ठालसकशोफजित्।
व्रणावसादनः स्नेहमेदः क्लेदोपशोषणः॥१७॥
दीपनः पाचनो रुच्यः शोधनोऽन्नस्य शोषणः।
छिनत्ति बन्धान् स्रोतांसि विवृणोति कफापहः॥
कुरुते सोऽतियोगेन तृष्णां शुक्रबलक्षयम्।
मूर्च्छामाकुञ्चनं कम्पं कटिपृष्ठादिषु व्यथाम्॥१९

તીખો રસ (તીખાશ) ગળાના રોગ, ઉદર્દ, કુષ્ઠ, અલસક અને સોજા મટાડે છે, વ્રણના ઉત્સેધને મટાડે છે; ચીકાશ, ચરબી અને ભીનાશનુ શોષણ કરે છે. વળી તે દીપન, પાચન, રુચિ ઉત્પન્ન કરે એવો, શોધન અને અન્નનું શોષણ કરે એવો છે (એટલે અન્નના રસને બાળી નાખે છે); શરીરના સાંધાઓના જેડાણને છૂટાં

કરે છે, સોતોને પહોળા કરે છે અને કફનો નાશ કરે છે. તીખાશનો વધારે પડતો ઉપયોગ કરવાથી તરસનો રોગ થાય છે, વીર્ય અને બળનો નાશ થાય છે, મૂર્છા, શરીરની નસો વગેરેનો સંકોચ, કંપ તથા કેડ અને પીઠ વગેરે સ્થાનમાં પીડા થાય છે.

તૂરા રસનું કામ

कषायः पित्तकफहा गुरुरस्रविशोधनः ।
पीडनो रोपणः शीतः क्लेदमेदोविशोषणः ॥२०
आमसंस्तम्भनो ग्राही रूक्षोऽतित्वक्प्रसादनः ।
करोति शीलितः सोऽति विष्टम्भाध्मानहृद्रुजः॥
तृट्कार्श्यपौरुषभ्रंशस्रोतोरोधमलग्रहान् ।

તૂરો રસ (તૂરાશ) પિત્ત અને કફનો નાશ કરે છે, ભારે છે તથા લોહીને શુદ્ધ કરે છે; પીડન, રોપણ, ઠંડો, ક્લેદ (ભીનાશ) અને ચરબીનું શોષણ કરે એવો છે. આમને પાકવા ન દે એવો, ગ્રાહી, લૂખો અને ચામડીને અતિશય નિર્મળ કરે એવો છે. તેની બહુ ટેવ પાડવાથી વિષ્ટંભ, આધ્માન, હૃદયમાં પીડા, તરસ, દૂબળાપણું, નપુંસકતા, સ્રોતોનો રોધ અને મળને નીકળવા ન દે–એટલા ઉપદ્રવ થાય છે.

રસના ગણ (વર્ગ)

મધુર સ્કંધ–ગળ્યો ગણ

घृतहेमगुडाक्षोडमोचचोचपरूषकम् ॥ २२ ॥
अभीरुवीरापनसराजादनबलात्रयम् ।
मेदे चतस्रः पर्णिन्यो जीवन्ती जीवकर्षभौ ॥ २३
मधूकं मधुकं बिम्बी विदारी श्रावणीयुगम् ।
क्षीरशुक्ला तुगाक्षीरी क्षीरिण्यौ काश्मरी सहे ॥
क्षीरेक्षुगोक्षुरक्षौद्रद्राक्षादिर्मधुरो गणः ।

ઘી, સોનુ, ગોળ, અખોડ, કેળાં, કોપરું, ફાલસા, શતાવરી, કાકોલી, ફણસ, રાયણ, બલા, અતિબલા અને નાગબલા, મેદા તથા મહામેદા, શાલિપર્ણી, પૃશ્નિપર્ણી, મુદ્‌ગપર્ણી અને માષપર્ણી, ડોડી, જીવક અને ઋષભક, મહુડાં, જેઠીમધ, ઘિલોડાં, વિદારીકંદ, શ્રાવણી અને મહાશ્રાવણી, ક્ષીરકાકોલી, વંશલોચન, ક્ષીરિણી, મહાક્ષીરિણી, શીવણ, મહાસહા અને ક્ષુદ્રસહા, દૂધ, શેરડી, ગોખરુ, મધ, કાળી દ્રાક્ષ વગેરે મધુર ગણ છે.

અમ્લ સ્કંધ–ખાટો ગણ

अम्लो धात्रीफलाम्लीकामातुलुङ्गाम्लवेतसम् ॥ २५
दाडिमं रजतं तक्रं चुक्रं पालेवतं दधि ।
आम्रमाम्रातकं भव्यं कपित्थं करमर्दकम् ॥ २६ ॥

આમળાં, આમલી, બિજોરું, અમ્લવેતસ, દાડમ, રૂપુ, છાશ, સરકો, પારેવત, દહીં, કેરી, આમ્રાતક, ઓટફળ, કોઠું, કરમદાં એ ખાટો ગણ છે.

લવણ સ્કંધ–ખારો ગણ

वरं सौवर्चलं कृष्णं बिडं सामुद्रमौद्भिदम् ।
रोमकं पांसुजं शीसं क्षारश्च लवणो गणः ॥२७

સિંધવ, સંચળ, કાળું લવણ, બીડલવણ, સમુદ્રના પાણીમાંથી થતું મીઠું, ઔદ્‌ભિદ લવણ, રોમક લવણ, પાંસુજ લવણ, સીસુ અને (સાજીખાર, નવસાર, ખડિયોખાર વગેરે) ખાર–એ લવણ વર્ગ છે.

તિક્ત સ્કંધ–કડવો ગણ

तिक्तः पटोली त्रायन्ती वालकोशीरचन्दनम् ।
भूनिम्बनिम्बकटुकातगरागुरुवत्सकम् ॥ २८॥
नक्तमालद्विरजनीमुस्तमूर्वाटरूषकम् ।
पाठापामार्गकांस्यायोगुडूचीधन्वयासकम् ॥२९॥
पञ्चमूलं महद्व्याघ्यौ विशालाऽतिविषा वचा ।

પટોળી, ત્રાયમાણ, સુગંધીવાળો, વીરણવાળો, સુખડ, કરિયાતું, લીમડો, કડુ, તગર, અગર, ઇંદ્રજવ, કરંજ, હળદર, દારુહળદર, મોથ, મોરવેલ, અરડૂસી, પહાડમૂળ, અઘેડો, કાંસુ, લોઢું, ગળો, ધમાસો, મોટાં પંચમૂળ, ઊભી તથા બેઠી ભોરિંગણી, ઇંદ્રવારણી, અતિવિષની કળી અને વજ–એ કડવો ગણ છે.

કટુ સ્કંધ–તીખો ગણ

कटुको हिङ्गुमरिचकृमिजित्पञ्चकोलकम् ॥ ३० ॥
कुठेराद्या हरितकाः पित्तं मूत्रमरुष्करम् ।

હિંગ, મરી, વાવડિંગ, પંચકોલ (અ. ૬/૧૦૬માં ગણાવેલાં), રાની તુલસી વગેરે હરિતવર્ગ, પિત્ત, મૂત્ર અને ભિલામાં–એ તીખો ગણ છે. (એ ઉપરાંત સરસવ, મનશિલ, ઉપલેટ વગેરેને પણ એમાં જ ગણવા.)

કષાય સ્કંધ–તૂરો ગણ

वर्गः कषायः पथ्याऽक्षं शिरीषः खदिरो मधु ॥३१
कदम्बोदुम्बरं मुक्ताप्रवालाञ्जनगैरिकम् ।
बालं कपित्थं खर्जूरं बिसपद्मोत्पलादि च ॥३२॥

હરડે, બહેડા, સરસડો, ખેર, મધ, કદંબ, ઉદુંબર–ઉંબરડો, મોતી, પરવાળાં, કાજળ, ગેરુ, કૂણા કોઠા, કૂણું ખજૂર, કમળનાળ, કમળ, કાળું કમળ, એ વગેરે તૂરો ગણ છે. (એ ઉપરાંત કાગ, લોધર, મોટો અગરૂસો વગેરે પણ તે જ વર્ગના છે.)

કયા રસવાળા દ્રવ્યના શા ગુણ હોય છે?

ગળ્યા દ્રવ્યના ગુણ

मधुरं श्लेष्मलं प्रायो जीर्णाच्छालियवादृते ।
मुद्गाद्गोधूमतः क्षौद्रात्सिताया जाङ्गलामिषात् ३३

સામાન્ય રીતે જૂની ડાંગર, જૂના જવ, મગ, ઘઉં, મધ, સાકર તથા જાંગલ પ્રાણીના માંસ સિવાયના બીજા ગળ્યા દ્રવ્ય કફ કરે છે. (મધ, તેલ વગેરે ગળ્યાં નથી; છતાં પણ કફ કરે છે, માટે 'સામાન્ય રીતે' એમ કહ્યુ છે.)

ખાટા તથા ખારા દ્રવ્યના ગુણ

प्रायोऽम्लं पित्तजननं दाडिमामलकादृते ।
अपथ्यं लवणं प्रायश्चक्षुषोऽन्यत्र सैन्धवात् ॥३४॥

સામાન્ય રીતે દાડમ અને આમળાં સિવાયના બીજા ખાટા પદાર્થો પિત્ત કરે છે. (દાડમ અને આમળા ખાટાં છતા પણ પિત્ત કરતાં નથી.)

સામાન્ય રીતે સિંધવ સિવાયના બીજાં ખારા દ્રવ્ય આંખને નુકસાન કરે છે.

કડવા તથા તીખા દ્રવ્યના ગુણ

तिक्तं कटु च भूयिष्ठमवृष्यं वातकोपनम् ।
ऋतेऽमृतापटोलीभ्यां शुण्ठीकृष्णारसोनतः ॥३५॥

સામાન્ય રીતે ગળો અને પટોળી સિવાયનાં બાકીનાં કડવા દ્રવ્ય તથા સૂંઠ, પીપર અને લસણ સિવાયના બાકીનાં તીખાં દ્રવ્ય વીર્ય ઓછું કરે એવાં અને વાયુને કોપાવે છે.

તૂરા દ્રવ્યના ગુણ

कषायं प्रायशः शीतं स्तम्भनं चाऽभयां विना ।

સામાન્ય રીતે હરડે સિવાયનાં બાકીના તૂરા દ્રવ્ય શીતવીર્ય (ઠંડાં) તથા સ્તંભન છે.

રસોનુ વીર્ય

रसाः कट्वम्ललवणा वीर्येणोष्णा यथोत्तरम् ॥३६
तिक्तः कषायो मधुरस्तद्वदेव च शीतलाः ।

તીખો, ખાટો અને ખારો રસ ઉત્તરોત્તર ઉષ્ણવીર્ય છે (એટલે તીખો રસ ઉષ્ણ (ગરમ), ખાટો તેથી વધારે ગરમ અને ખારો સૌથી વધારે ગરમ છે). તે જ પ્રમાણે કડવો, તૂરો અને ગળ્યો એ રસ ઉત્તરોત્તર શીતવીર્ય છે (એટલે કડવો રસ શીતવીર્ય છે, તૂરો તેથી વધારે શીતવીર્ય અને ગળ્યો સૌથી વધારે શીતવીર્ય છે).

કયા રસ સ્નિગ્ધ કે લૂખા?

तिक्तः कटुः कषायश्च रूक्षा बद्धमलास्तथा ॥३७॥

કડવો, તીખો અને તૂરો એ રસ (ઉત્તરોત્તર) લૂખા તથા વિષ્ટંભી છે. (એટલે કડવો રૂક્ષ અને વિષ્ટંભી છે, તીખો તેથી વધારે અને તૂરો સૌથી વધારે રૂક્ષ તથા વિષ્ટંભી છે.)

રસની સ્નિગ્ધતા

पट्वम्लमधुराः स्निग्धाः सृष्टविण्मूत्रमारुताः ।

ખારો, ખાટો અને ગળ્યો રસ (ઉત્તરોત્તર) સ્નિગ્ધ તથા ઝાડો, પેશાબ અને વાયુને શરીરમાંથી બહાર કાઢી નાખનાર છે.

કયા રસ ભારે?

पटोः कषायस्तस्माच्च मधुरः परमं गुरुः ॥३८॥

ખારા કરતા તૂરો રસ ભારે અને ગળ્યો રસ તૂરાથીયે વધારે ભારે છે.

કયા રસ હલકા?

लघुरम्लः कटुस्तस्मात्तस्मादपि च तिक्तक ।

ખાટો રસ હલકો છે, ખાટા કરતા તીખો રસ વધારે હલકો છે અને કડવો રસ તીખાથીયે વધારે હલકો છે.

રસનો સંયોગ

संयोगाः सप्तपञ्चाशत्कल्पना तु त्रिषष्टिधा ॥३९
रसानां यौगिकत्वेन यथास्थूलं विभज्यते ।

છ રસો શરીરને ઉપયોગી થાય એ દૃષ્ટિએ એ છ રસના મુખ્ય સંયોગો (મિશ્રણ)ના ૫૭ વર્ગ પડે છે; પણ એ છ રસોની મુખ્ય કલ્પના (બનાવટો)ના ૬૩ વર્ગ પડે છે.

દરેક રસ રસ તરીકે કામ કરે તે ઉપરાંત અનુરસ તરીકે પણ કામ કરી શકે છે. વળી દ્રવ્યેદ્રવ્યે રસનું માપ પણ એકસરખું હોતું નથી. તેથી અનુરસનો અને રસના માપનો વિચાર કરીને જો છ રસના સંયોગો અને કલ્પનાના વર્ગ (વિભાગ) પાડીએ તો મિશ્રણ અને કલ્પનાના પાર વિનાના વર્ગો પડે; પણ આ શ્લોકમાં મુખ્ય વર્ગની સંખ્યા જ કહી છે.

રસના સંયોગનો પ્રકાર

एकैकहीनास्तान् पञ्चदश यान्ति रसा द्विके ॥४०
त्रिके स्वादुर्दशाम्लः षट् त्रीन् पटुस्तिक्त पञ्चकम् ।
चतुष्केषु दश स्वादुश्चतुरोऽम्लः पटुः सकृत् ॥
पञ्चकेष्वेकमेवाम्लो मधुरः पञ्च सेवते ।
द्रव्यमेकं षडास्वादमसंयुक्ताश्च षड्रसाः ॥४२॥

[સૂ. ૧/૧૪ પ્રમાણે અનુક્રમે ગળ્યો, ખાટો, ખારો, કડવો, તીખો અને તૂરો—એ છ મૂળ રસ છે. એ છ મૂળ રસમાંથી પહેલા (ગળ્યા) રસને બાકીના પાંચ રસમાંના દરેક સાથે અલગ અલગ ભેળવવાથી પાંચ જોડકાં (દ્વિક) થાય છે, પછી પહેલા રસને તદ્દન છોડી દઈને બીજા (ખાટા) રસને એના પછીના ચાર રસમાંના દરેક સાથે અલગ અલગ ભેળવવાથી ચાર જોડકાં થાય છે, પછી બીજા રસને પણ તદ્દન છોડી દઈને ત્રીજા (ખારા) રસને એના પછીના ત્રણ રસમાંના દરેક સાથે અલગ અલગ ભેળવવાથી ત્રણ જોડકાં થાય છે, પછી ત્રીજા રસને પણ તદ્દન છોડી દઈને ચોથા (કડવા) રસને એની પછીના બે રસમાંના દરેક સાથે અલગ અલગ ભેળવવાથી બે જોડકાં થાય છે, અને આખરે ચોથા રસને પણ તદ્દન છોડી દઈને પાંચમા (તીખા) રસને એના પછીના તૂરા રસ સાથે ભેળવવાથી એક જોડકું થાય છે. આ રીતે] અનુક્રમે એક રસ લઈને તેની સાથે તેની પછીના દરેક રસને અલગ અલગ ભેળવીને અને અનુક્રમે લીધેલા રસને એક પછી એક છોડતા જઈને બાકી રહેલા રસોમાંથી અનુક્રમે પહેલા રસને તેની પછીના દરેક રસ સાથે અલગ અલગ ભેળવીને રસનાં જોડકાં બનાવવાથી જોડિયા (બે બે) રસનાં પંદર જોડકાં (મિશ્રણ) બને છે. [એ પંદર જોડકાંનાં નામ: ગળ્યોખાટો (ખટમધુરો), ગળ્યોખારો, ગળ્યોકડવો, ગળ્યોતીખો, ગળ્યોતૂરો; ખાટોખારો, ખાટોકડવો, ખાટોતીખો, ખાટોતૂરો; ખારોકડવો, ખારોતીખો, ખારોતૂરો; કડવોતીખો, કડવોતૂરો; તીખોતૂરો.]

ત્રણત્રણ રસનો સંયોગ (ત્રિક) કરવામાં ગળ્યો રસ બીજા બે રસ સાથે ભળવાથી ત્રણ ભેગા રસના દસ સંયોગ (મિશ્રણ) થાય છે, ખાટો રસ બીજા બે રસ સાથે ભળવાથી ત્રણ ભેગા રસના છ સંયોગ થાય છે, ખારો રસ બીજા બે રસ સાથે ભળવાથી ત્રણ ભેગા રસના ત્રણ સંયોગ થાય છે અને કડવો રસ બીજા બે રસ સાથે ભળવાથી ત્રણ ભેગા રસનો એક સંયોગ થાય છે. (આમાં જે ત્રણ રસનો સંયોગ એક વાર થઈ ગયો હોય તે જ ત્રણે રસના સંયોગની ગણતરી બીજી વાર થતી નથી. ત્રણ રસના કુલ સંયોગો ૨૦ થાય છે, તે નીચે પ્રમાણે છે: ગળ્યોખાટોખારો, ગળ્યોખાટોકડવો, ગળ્યોખાટોતીખો, ગળ્યોખાટોતૂરો, ગળ્યોખારોકડવો, ગળ્યોખારોતીખો, ગળ્યોખારોતૂરો, ગળ્યોકડવોતીખો, ગળ્યોકડવોતૂરો, ગળ્યોતીખોતૂરો; ખાટોખારોકડવો, ખાટોખારોતીખો, ખાટોખારોતૂરો, ખાટોકડવોતીખો, ખાટોકડવોતૂરો, ખાટોતીખોતૂરો; ખારોકડવોતીખો, ખારોકડવોતૂરો, ખારોતીખોતૂરો; કડવોતીખોતૂરો.)

ચાર ભેગા રસનુ ચોકડું (ચતુષ્ક) બનાવવામા ગળ્યો રસ બીજા ત્રણ રસ સાથે ભળવાથી ચાર ભેગા રસના દસ સંયોગો થાય છે, ખાટો રસ બીજા ત્રણ રસ સાથે ભળવાથી ચાર ભેગા રસના ચાર સંયોગો થાય છે અને ખારો રસ બીજા ત્રણ રસ સાથે ભળવાથી ચાર ભેગા રસનો એક સંયોગ (મિશ્રણ) થાય છે. (આમાં જે ચાર રસનો સંયોગ એક વાર થઈ ગયો હોય તે જ ચારે રસનો સંયોગ બીજી વાર ગણતરીમાં લેવાતો નથી. આ રીતે ચાર રસના કુલ સંયોગો ૧૫ થાય છે તે નીચે પ્રમાણે છે:

ગળ્યો ખાટો ખારો કડવો, ગળ્યો ખાટો ખારો તીખો, ગળ્યો ખાટો ખારો તૂરો, ગળ્યો ખાટો કડવો તીખો, ગળ્યો ખાટો કડવો તૂરો, ગળ્યો ખાટો તીખો તૂરો, ગળ્યો ખારો કડવો તીખો, ગળ્યો ખારો કડવો તૂરો, ગળ્યો ખારો તીખો તૂરો, ગળ્યો કડવો તીખો તૂરો; ખાટો ખારો કડવો તીખો, ખાટો ખારો કડવો તૂરો, ખાટો ખારો તીખો તૂરો, ખાટો કડવો તીખો તૂરો; ખારો કડવો તીખો તૂરો.)

પાંચ ભેગા રસનુ પંચક બનાવવામાં ખાટો રસ બીજા ચાર રસ સાથે ભળવાથી પાંચ ભેગા રસનો એક સંયોગ (મિશ્રણ) થાય છે અને ગળ્યો રસ બીજા ચાર રસ સાથે ભળવાથી પાચ ભેગા રસના પાંચ મિશ્રણ થાય છે. (ખાટા અને ગળ્યા સિવાયનો બીજો રસ પોતાના સિવાયના બીજા ચાર રસ સાથે ભળવાથી જે પાચ રસના મિશ્રણ થાય છે, તે મિશ્રણો ખાટો અને ગળ્યો રસ એક પછી એક પોતાના સિવાય બીજા ચાર રસ સાથે મળવાથી થાય છે તેના તે જ છે, તેથી એ સયોગોની ગણતરી થઈ શકે નહિ. પાચ ભેગા રસના કુલ સંયોગો છ છે, તે નીચે પ્રમાણે છે: ખાટો ખારો કડવો તીખો તૂરો, ગળ્યો ખાટો ખારો કડવો તીખો, ગળ્યો ખાટો ખારો કડવો તૂરો, ગળ્યો ખાટો ખારો તીખો તૂરો, ગળ્યો ખાટો કડવો તીખો તૂરો, ગળ્યો ખારો કડવો તીખો તૂરો.

છયે રસ ભેગા મળ્યા હોય એવુ દ્રવ્ય—એવો સયોગ—એક છે. (ગળ્યો ખાટો ખારો કડવો તીખો તૂરો).

(આ રીતે છ રસો જુદી જુદી રીતે મળીને ૫૭ સંયોગો—મિશ્રણો—થાય છે. તે ઉપરાત) છ રસો એકબીજા સાથે ભળ્યા વિનાના પોતે અલગઅલગ પણ હોય છે. (ગળ્યો, ખાટો, ખારો, કડવો, તીખો, તૂરો.)

ત્રેસઠ રસભેદનું વિવરણ

षट् पञ्चकाः, षट् च पृथग्रसाः स्यु-
श्चतुर्द्विकौ पञ्चदशप्रकारौ ।
भेदास्त्रिका विंशतिरेकमेव
द्रव्यं षडास्वादमिति त्रिषष्टिः ॥४३॥

(શ્લોક ૪૦થી ૪૨મા બતાવ્યા પ્રમાણે) પાંચ ભેગા રસના ૬ સંયોગો, ૬ છૂટા (ભળ્યા-વિનાના શુદ્ધ) રસો, ચાર ભેગા રસોના ૧૫ સંયોગો, બે ભેગા રસોના ૧૫ સંયોગો, ત્રણ ભેગા રસોના ૨૦ સંયોગો (મિશ્રણો) અને છયે ભેગા રસનું એક જ દ્રવ્ય—એ રીતે કુલ ૬૩ રીતની રસની બનાવટો (કલ્પનાઓ) છે.

રસની સૂક્ષ્મ કલ્પના

ते रसानुरसतो रसभेदा-
स्तारतम्यपरिकल्पनया च ।
सम्भवन्ति गणनां समतीता
दोषभेषजवशादुपयोज्याः ॥४४॥

રસના એ ૬૩ પ્રકારમાં વળી દરેક પ્રકાર-માં અમુક મુખ્ય રસ હોય અને બાકીના અનુરસ હોય. વળી એમાના કયા રસનો સ્વાદ બીજા રસોના સ્વાદ કરતાં કેટલે અંશે ઓછો કે વધારે છે કે સૌથી વધારે છે, એ બધી બાબતોનો ખ્યાલ રાખી એ રસના એ ૬૩ ભાગના વળી પેટા ભાગ પાડીએ તો ગણી ન શકાય એટલા પેટા ભાગ સંભવે છે.

દોષ અને ઔષધનો વિચાર કરીને જે દોષ અને જે ઔષધ ઉપર જે (શુદ્ધ કે મિશ્ર) રસ વાપરવા યોગ્ય હોય તે વાપરવા.

દાખલા તરીકે એકલા વાયુના દરદમા ખટાશ, પિત્ત અને વાયુ બંનેના ભેગા પ્રકોપથી થયેલા દરદમાં ખાટાકડવાનુ મિશ્રણ, કફ અને વાયુ બંનેના ભેગા પ્રકોપથી થયેલા દરદમા ખાટાતીખાનું મિશ્રણ, આમ દોષનો વિચાર કરી રસનો ઉપયોગ કરવો.

તે જ પ્રમાણે જુલાબની દવા એક રસવાળી હોય તે હૃદય માટે સારી નથી; તેથી એવી દવામા બીજા રસ મેળવીને વધારે રસવાળી કરવી.

રસનો ઉપયોગ કરવામાં જેમ દોષ અને ઔષધનો વિચાર કરવો જોઈએ તેમ દેશ, કાળ, ઉંમર, સાત્મ્ય વગેરે બાબતોનો પણ વિચાર કરવો જોઈએ.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने रसभेदीयाख्यो नाम
दशमोऽध्यायः ॥१०॥

અધ્યાય ૧૧ મો

પાછલા અધ્યાયમાં છેવટે કહ્યુ કે દોષ અને ઔષધનું સામર્થ્ય જોઈને રસનો ઉપયોગ કરવો; માટે દોષનુ શું સામર્થ્ય છે અને તે કેવા છે એ વગેરે જાણવાની જરૂર છે; એ માટે આ અધ્યાયનો આરંભ કર્યો છે.

अथातो दोषादिविज्ञानीयमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે દોષો વગેરેના વિજ્ઞાનને લગતો અધ્યાય વિસ્તારથી કહીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યુ છે:

ધાતુઓ અને મળો દોષોના આધારરૂપ હોવાથી ધાતુઓ અને મળોનું બરાબર જ્ઞાન થયા વિના દોષોનું યથાર્થ જ્ઞાન થઈ શકતું નથી; માટે આ અધ્યાયમાં 'દોષો વગેરેનું વિજ્ઞાન' એટલે 'દોષો, ધાતુઓ અને મળોનુ વિજ્ઞાન' વિસ્તારથી કહ્યું છે.

દોષ, ધાતુ અને મળ

दोषधातुमला मूलं सदा देहस्य

દોષો, ધાતુઓ અને મળો (જ્યારે સમ એટલે યોગ્ય પ્રમાણમાં હોય ત્યારે) સદા (જન્મ વગેરે બધી અવસ્થાઓમા) દેહના મૂળ(કારણ)રૂપ છે. (ઝાડની શરૂઆત મૂળથી થાય છે તેથી એનાં બધાં અંગોમા જેમ મૂળ મુખ્ય છે, તેમ શરીરમાં પણ દોષો, ધાતુઓ અને મળો મુખ્ય છે, એ સમ હોય તો આરોગ્ય રહે અને વિષમ હોય તો રોગ થાય.)

દોષોનાં કામ

तं चलः ।
उत्साहोच्छ्वासनिश्वासचेष्टावेगप्रवर्तनैः ॥ १ ॥
सम्यग्गत्या च धातूनामक्षाणां पाटवेन च ।
अनुगृह्णात्यविकृतः पित्तं पक्त्यूष्मदर्शनैः ॥ २ ॥
क्षुत्तृड्रुचिप्रभामेधाधीशौर्यतनुमार्दवैः ।
श्लेष्मा स्थिरत्वस्निग्धत्वसन्धिबन्धक्षमादिभिः ॥

વાયુ સમ હોય ત્યારે ઉત્સાહ, ઉચ્છ્વાસ, નિશ્વાસ, ક્રિયા, તેર વેગો આવવા, ધાતુઓની બરાબર (ધીમીયે નહિ અને ઉતાવળીયે નહિ એવી) ગતિ અને ઇંદ્રિયોની ચપળતા, એટલાં વાનાં બરાબર થતાં હોવાથી સમ (ન બગડેલો) વાયુ શરીરને ઉપયોગી છે.

પિત્ત સમ હોય ત્યારે પચવાનુ કામ, ગરમી, જોવાનુ કામ, ભૂખ, તરસ, રુચિ, દેહની કાંતિ, મેધા, બુદ્ધિ, શૂરાતન, શરીરની મૃદુતા, એટલાં વાનાં બરાબર થતાં હોવાથી સમ પિત્ત શરીરને ઉપયોગી છે.

કફ સમ હોય ત્યારે શરીર દૃઢ બને છે, સ્નિગ્ધ થાય છે, શરીરના સાંધા બરાબર જોડાયેલા રહે છે, ખડતલપણુ આવે છે વગેરે બરાબર થતું હોવાથી સમ કફ શરીરને ઉપયોગી છે.

ધાતુઓનાં કામ

प्रीणनं जीवनं लेपः स्नेहो धारणपूरणे ।
गर्भोत्पादश्च धातूनां श्रेष्ठं कर्म क्रमात्स्मृतम् ॥४॥

પ્રીણન, જીવન, લેપ, સ્નેહન, ધારણ, પૂરણ અને ગર્ભની ઉત્પત્તિ એ અનુક્રમે રસ, લોહી, માસ, ચરબી, હાડકાં, મજ્જા અને વીર્ય એ સાત (સમ) ધાતુઓનું શ્રેષ્ઠ (મુખ્ય) કામ છે એવુ આયુર્વેદશાસ્રમાં કહ્યુ છે.

ઉપર દરેક ધાતુનુ એક એક શ્રેષ્ઠ કામ અનુક્રમે કહ્યુ પણ દરેક ધાતુ બીજાં કામ પણ કરે છે. રસ સંતોષ આપે છે, લોહીને પોષણ આપે છે, લોહી શરીરના રંગને નિર્મળ કરે છે અને માંસને પોષણ આપે છે. માંસ બળ આપે છે અને ચરબીને પોષણ આપે છે, ચરબી પરસેવો આણે છે, શરીરને દૃઢ બનાવે છે અને હાડકાને પોષણ આપે છે. હાડકાં મજ્જાને પોષણ આપે છે, મજ્જા બળ આપે છે અને વીર્યને પોષણ આપે છે. વીર્ય હર્ષ અને બળ આપે છે.

મળનાં કામ

अवष्टम्भः पुरीषस्य. मूत्रस्य क्लेदवाहनम् ।
स्वेदस्य क्लेदविधृति

(સમ એટલે ન બગડેલા) ઝાડાનુ ઉત્તમ (મુખ્ય) કામ શરીરને ધારણ કરવાનુ છે,

સમ મૂત્રનુ ઉત્તમ કામ શરીરમાંથી ક્લેદને બહાર કાઢવાનું છે અને સમ પરસેવાનું ઉત્તમ કામ ક્લેદને વ્યવસ્થિત કરવાનું છે. (જો બધો ક્લેદ શરીરમાથી નીકળી જાય તો શરીર સુકાઈ જાય, માટે પરસેવો જરૂર પૂરતા ક્લેદને બહાર નીકળવા દઈને શરીરને લીલુ રાખવા પૂરતા ક્લેદને અંદર પકડી રાખવા માટેની કુદરતી ગોઠવણ છે.)

સમ ઝાડાનું બીજુ કામ વાયુને અને જઠરાગ્નિને ધારણ કરવાનુ છે. સમ મૂત્રનું બીજું કામ મૂત્રાશય ભરવાનુ છે અને સમ પરસેવાનુ બીજું કામ વાળ ન ખરવા દેવાનુ છે. ઉપરાંત બીજાં પણ નાનામોટા કામ હોય છે.

વધેલા વાયુનાં કામ

वृद्धस्तु कुरुतेऽनिलः ॥ ५ ॥
कार्श्यकार्ष्ण्योष्णकामत्वकम्पाऽऽनाहशकृद्-
ग्रहान् ।
बलनिद्रेन्द्रियभ्रंशप्रलापभ्रमदीनताः ॥ ६ ॥

વાયુ વધે ત્યારે તે શરીરને કૃશ (પાતળું) અને કાળું કરે છે, ગરમ પદાર્થની ઇચ્છા થાય છે, કંપ અને આનાહ કરે છે, ઝાડાને રોકે છે; બળનો, ઊંઘનો અને ઇંદ્રિયોનો નાશ કરે છે, લવરી થાય છે અને દુખિયારાપણુ (લાચાર સ્થિતિ) થાય છે.

વૃદ્ધ=વધેલું=શરીરમાં યોગ્ય પ્રમાણથી વધી ગયેલુ.

વધેલા પિત્તનાં કામ

पीतविण्मूत्रनेत्रत्वक्क्षुत्तृड्दाहाऽल्पनिद्रताः ।
पित्तम्

વધેલા પિત્તને લીધે ઝાડો, પેશાબ, આંખો અને ચામડી પીળાં થઈ જાય છે, બહુ ભૂખ અને તરસ લાગે છે, બળતરા થાય છે તથા ઊંઘ ઓછી થઈ જાય છે.

વધેલા કફનાં કામ

श्लेष्माऽग्निसदनप्रसेकालस्यगौरवम् ॥ ७ ॥
श्वैत्यशैत्यश्लथाङ्गत्वं श्वासकासातिनिद्रताः ।

કફ વધી પડે છે ત્યારે જઠરાગ્નિ મંદ પડે છે, પ્રસેક થાય છે, આળસ આવે છે, શરીર ભારેભારે થઈ જાય છે, ચામડી ધોળી થઈ જાય છે, અંગ ઠંડાં થઈ જાય છે, શરીર ઢીલુંઢીલુ થઈ જાય છે, દમ અને ઉધરસ થાય છે અને બહુ ઊંઘ આવે છે.

વધેલા રસનું તથા લોહીનું કામ

रसोऽपि श्लेष्मवत् रक्तं विसर्पप्लीहविद्रधीन् ॥८॥
कुष्ठवातास्रपित्तास्रगुल्मोपकुशकामलाः ।
व्यङ्गाग्निनाशसम्मोहरक्तत्वङ्नेत्रमूत्रताः ॥ ९ ॥

વધેલા રસની અસર પણ વધેલા કફના જેવી જ છે. લોહી જ્યારે વધી પડે છે ત્યારે વિસર્પરોગ, બરોળ, ગંડ, કુષ્ઠ, પત, રક્તપિત્ત, ગોળો, ઉપકુશ નામે દાતનો રોગ, કમળો, વ્યંગ-રોગ, જઠરાગ્નિનો નાશ અને મૂર્છા કરે છે. વળી તેનાથી ચામડી, આંખ અને મૂત્ર રાતાં થાય છે.

વધેલા માંસનું કામ

मांसं गण्डार्बुदग्रन्थिगण्डोरूदरवृद्धिताः ।
कण्ठादिष्वधिमांसं च

વધેલુ માસ ગંડરોગ, અર્બુદ, ગ્રંથિ વગેરે રોગ ઉત્પન્ન કરે છે; ગાલ, સાથળ અને ઉદર (પેટ) વધી જાય છે અને ગળું, તાળવુ, જીભ વગેરે ઠેકાણેના માંસ ઉપર બીજું માંસ વધે છે.

વધેલી ચરબીનું કામ

तद्वन्मेदस्तथा श्रमम् ॥ १० ॥
अल्पेऽपि चेष्टिते श्वासं स्फिक्स्तनोदर-
लम्बनम् ।

ચરબી વધે છે, ત્યારે બગડેલા માંસની પેઠે ગંડ વગેરે બધું થાય છે. તે ઉપરાંત થોડી પણ મહેનત કરવાથી થાક લાગે છે તથા હાંફી જવાય છે; કૂલા, સ્તન તથા પેટ મોટાં થઈ લબડે છે.

વધેલાં હાડકાંનું કામ

अस्थ्यध्यस्थ्यधिदन्तांश्च

વધેલાં હાડકાંથી અધ્યસ્થિ અને અધિદંત રોગ થાય છે. (હાડકા ઉપર બીજું હાડકું ઊગે તેને અધ્યસ્થિ કહે છે.)

વધેલી મજ્જાનું કામ

मज्जा नेत्राङ्गगौरवम् ॥ ११ ॥
पर्वसु स्थूलमूलानि कुर्यात्कृच्छ्राण्यरूंषि च ।

વધેલી મજ્જા આંખો અને શરીરને ભારે કરે છે તથા સાંધાઓમાં સ્થૂળ મૂળવાળાં અને કષ્ટસાધ્ય ગૂમડાં કરે છે.

વધેલા વીર્યનું કામ

अतिस्त्रीकामतां वृद्धं शुक्रं शुक्राश्मरीमपि ॥१२॥

વધેલા વીર્યથી ફરીફરીને સ્ત્રી ભોગવવાનું મન થાય છે તથા શુક્રાશ્મરી નામનો પથરીનો રોગ થાય છે.

વધેલા ઝાડાનું કામ

कुक्षावाध्मानमाटोपं गौरवं वेदनां शकृत् ।

વધેલા ઝાડાથી આધ્માન, આટોપ, કૂખમાં ભાર તથા પીડા થાય છે.

વધેલા મૂત્રનું કામ

मूत्रं तु बस्तिनिस्तोदं कृतेऽप्यकृतसंज्ञताम् ॥१३॥

વધેલા પેશાબથી મૂત્રાશયમાં પીડા થાય છે તથા પેશાબ થયો હોવા છતાં પણ જાણે પેશાબ કર્યો જ ન હોય એમ પેશાબની ખણસ થયા કરે છે.

વધેલા પરસેવાનું કામ

स्वेदोऽतिस्वेददौर्गन्ध्यकण्डूः

વધેલા પરસેવાથી બહુ પરસેવો થાય છે, શરીર ગંધાય છે અને ચળ (ખણુજ) આવે છે.

વધેલા બીજા મળનાં કામ

एवं च लक्षयेत् ।
दूषिकादीनपि मलान् बाहुल्यगुरुतादिभिः ॥१४॥

એ જ રીતે આંખના પીયા વગેરે મળ પણ વધારેપડતા થવા માંડે તથા તે અવયવ ભારે લાગે તે ઉપરથી જાણવું કે તે મળ વધ્યા છે. (નાકનો મળ, કાનનો મળ, વગેરે પણ સાધારણ નિયમ કરતાં વધારે જણાય તથા નાક, કાન વગેરે ભારે લાગવા માંડે ત્યારે તે સ્થળનો મળ વધી ગયો છે એમ જાણવું.)

ઓછા વાયુનાં લક્ષણ

लिङ्गं क्षीणेऽनिलेऽङ्गस्य सादोऽल्पं भाषितेहितम् ।
संज्ञामोहस्तथा श्लेष्मवृद्ध्युक्तामयसम्भवः ॥१५॥

વાયુ ક્ષીણ થાય-વાયુ જેટલા પ્રમાણમાં શરીરમાં જોઈએ તે કરતાં ઓછો થાય-ત્યારે તેનાં ચિહ્ન આ પ્રમાણે છે: શરીરનાં અંગ પોતપોતાનું કર્મ કરી શકતાં નથી, બોલવાનું તથા શરીરની ક્રિયા ઓછી થાય છે, બુદ્ધિ બહેર મારી જાય છે તથા કફની વૃદ્ધિ થવાથી જે રોગો ઉત્પન્ન થાય છે એવું પાછળ (શ્લોક ૭, ૭½માં) કહેલું છે, તે સર્વ રોગ થાય છે.

ઓછા પિત્તનાં લક્ષણ

पित्ते मन्दोऽनलः शीतं प्रभाहानिः

પિત્ત કમી થવાથી જઠરાગ્નિ મંદ પડે છે, શરીર ઠંડું થાય છે તથા પ્રભા જતી રહે છે.

ઓછા કફનાં લક્ષણ

कफे भ्रमः ।
श्लेष्माशयानां शून्यत्वं हृद्द्रवः श्लथसन्धिता ॥१६

કફ કમી થવાથી ફેર આવે છે; છાતી, માથું, સાંધા વગેરે કફનાં સ્થાન (શ્લેષ્માશય) ખાલી પડી જાય છે; હૃદય પીગળે છે તથા સાંધાઓ ઢીલા પડી જાય છે.

ઓછા રસનાં લક્ષણ

रसे रौक्ष्यं श्रमः शोषो ग्लानिः शब्दासहिष्णुता ।

રસ ઓછો થવાથી શરીર લૂખું પડી જાય, થાક લાગે, મોં સુકાય, કંટાળો આવે તથા અવાજ સહન થાય નહિ.

ઓછા લોહીનાં લક્ષણ

रक्तेऽम्लशिशिरप्रीतिसिराशैथिल्यरूक्षताः ॥१७॥

લોહી કમી થઈ જાય ત્યારે ખાટા પદાર્થની અને ઠંડા પદાર્થની ઇચ્છા થાય, શિરાઓ ઢીલી પડી જાય તથા શરીર લૂખું થઈ જાય.

ઓછા માંસનાં લક્ષણ

मांसेऽक्षग्लानिगण्डस्फिक्शुष्कतासन्धिवेदनाः ।

માંસ કમી થવાથી ઇંદ્રિયો નબળી પડે છે, ગાલ તથા કૂલા સુકાય છે અને સાંધામાં ફાટ કે કળતર થતું હોય તેવી પીડા થાય છે.

ઓછી ચરબીનાં લક્ષણ

मेदसि स्वपनं कट्याः प्लीह्नो वृद्धिः कृशाङ्गता ॥

ચરબી ઓછી થઈ જવાથી કમરનો સ્વાપ થાય છે, બરોળ વધે છે અને શરીર પાતળું થઈ જાય છે.

ઓછાં હાડકાંનાં લક્ષણ

अस्थ्न्यस्थितोदः शदनं दन्तकेशनखादिषु ।

હાડકાં પાતળાં થઈ જવાથી હાડકાંમાં તોડ થાય છે તથા દાંત, વાળ અને નખ વગેરે ખરી પડે છે.

ઓછી મજ્જાનાં લક્ષણ

अस्थ्नां मज्जनि सौषिर्यं भ्रमस्तिमिरदर्शनम् ॥

મજ્જા ઓછી થવાથી હાડકાંમાં છિદ્રો પડી જાય છે, ફેર આવે છે તથા આંખે અંધારાં આવે છે.

ઓછા વીર્યનાં લક્ષણ

शुक्रे चिरात् प्रसिच्येत शुक्रं शोणितमेव वा ।
तोदोऽत्यर्थं वृषणयोर्मेढ्रं धूमायतीव च ॥२०॥

શુક્ર (વીર્ય) ઓછું થવાથી વીર્ય નીકળતાં બહુ વાર થાય છે અથવા વીર્યને બદલે લોહી પડે છે, અંડમાં અત્યંત તોડ થાય છે તથા મૂત્રેન્દ્રિય જાણે ધુમાડા જેવી કાળી પડી જાય છે.

ઓછા ઝાડાનાં લક્ષણ

पुरीषे वायुरन्त्राणि सशब्दो वेष्टयन्निव ।
कुक्षौ भ्रमति यात्यूर्ध्वं हृत्पार्श्वे पीडयन् भृशम् ॥

શરીરમાં ઝાડો યોગ્ય પ્રમાણથી ઓછો હોય ત્યારે વાયુ જાણે આંતરડાંને વીંટતો હોય તેમ (વીંટાઈ વળતો હોય તેમ) અવાજ કરતોકરતો કૂખમાં ફરે છે અને (કોઈ વાર) હૃદય અને પડખાંને ભીંસ મારતોમારતો ઊંચો ચડે છે.

ઓછા મૂત્રનાં લક્ષણ

मूत्रेऽल्पं मूत्रयेत्कृच्छ्राद्विवर्णं सास्रमेव वा ।

શરીરમાં મૂત્ર ઓછું હોય ત્યારે મહામહેનતે વિવર્ણ અથવા રુધિર સહિત પેશાબ થાય છે (લોહી જેવા રંગનો કે લોહીવાળો થોડો પેશાબ થાય છે).

ઓછા પરસેવાનાં લક્ષણ

स्वेदे रोमच्युतिः स्तब्धरोमता स्फुटनं त्वचः ॥२२

શરીરમાં પરસેવો પ્રમાણથી ઓછો હોય ત્યારે કેટલાંક રુવાં ખરી પડે છે, કેટલાંક રુવાં કડક થઈ જાય છે, તેમ જ ચામડી ફાટે છે.

બીજા મળો ઓછા હોય તેનાં લક્ષણ

मलानामतिसूक्ष्माणां दुर्लक्ष्यं लक्षयेत् क्षयम् ।
स्वमलायनसंशोषतोदशून्यत्वलाघवैः ॥२३॥

આંખના પીયા, કાનનો મેલ, નાકનું લીંટ વગેરે અતિ સૂક્ષ્મ મળ બહુ થોડા આવતા હોય તો તે ઓછા છે એમ સમજવું કઠણ છે, છતાં તે તે મળના સ્થાનરૂપ ઇંદ્રિય સુકાઈ જાય, તેમાં તોડ થાય, તે ખાલી થઈ ગયેલી જણાય તથા તે હલકી થઈ ગયેલી લાગે તે ઉપરથી તે તે મળ ઓછો થઈ ગયો છે એવું સમજવું.

દોષ, ધાતુ અને મળ વધ્યા છે કે ઘટ્યા છે તે જાણવાનું સામાન્ય લક્ષણ

दोषादीनां यथास्वं च विद्याद् वृद्धिक्षयौ भिषक् ।
क्षयेण विपरीतानां गुणानां वर्धनेन च ॥२४॥
वृद्धिं मलानां सङ्गाच्च क्षयं चातिविसर्गतः ।

(ઉપર શ્લોક ૫ થી ૨૩ સુધીમાં પ્રમાણથી વધારે અને પ્રમાણથી ઓછા દોષ, ધાતુ અને મળ હોય તો શાં શાં લક્ષણો થાય તે વિગતવાર કહ્યું. હવે એ જ વાત ટૂંકમા કહે છે.)

દરેક દોષ, ધાતુ અને મળના પોતપોતાના જે ગુણ હોય છે તે ગુણોથી વિરુદ્ધ ગુણ શરીરમાં ઓછા થઈ ગયેલા જણાય તો તે દોષ, ધાતુ કે મળ પ્રમાણથી વધારે છે એમ સમજવું અને જો એ વિરુદ્ધ ગુણો વધી ગયેલા જણાય તો તે દોષ, ધાતુ કે મળ પ્રમાણથી ઓછો છે એમ સમજવું. (વળી મળ પ્રમાણથી વધ્યા છે કે ઘટ્યા છે તે જાણવાની બીજી પણ રીત છે. આ બીજી રીત દોષ તથા ધાતુને લાગુ પડતી નથી.) મળ (નીકળવા જોઈએ એટલા) નીકળતા ન હોય તો તે પ્રમાણથી વધારે છે એમ સમજવુ અને જોઈએ તે કરતા વધારે નીકળતા હોય તો પ્રમાણથી ઓછા છે એમ સમજવું.

લૂખાશ, ઠંડક, હલકાપણું વગેરે વાયુના ગુણ છે. હવે જો શરીરમાં એનાથી વિરુદ્ધ ચીકાશ, ગરમી, ભારેપણું વગેરે ગુણો વધી ગયેલા જણાય તો સમજવું કે શરીરમાં વાયુનું પ્રમાણ ઓછું

થઈ ગયુ છે અને જે એ વિરુદ્ધ ગુણો (ચીકાશ વગેરે) જોઈએ તે કરતાં ઓછા થઈ ગયેલા જણાય તો જાણવું કે શરીરમાં વાયુનુ પ્રમાણ વધી ગયુ છે. આ રીતે બીજા દોષ, ધાતુ અને મળનો વધારોઘટાડો નક્કી કરવો. (દોષોના ગુણ સૂ. ૧/૧૦૬ થી ૧૧૬ માં આપેલા છે.)

મળના વધારા કરતાં મળનો ઘટાડો વધારે પીડા કરે છે

મલોચિતत्वाद्देहस्य क्षयो वृद्धेस्तु पीडनः ॥२५॥

(દોષ ધાતુ અને મળ પ્રમાણથી વધી જાય કે ઘટી જાય તે બન્ને સ્થિતિમા પીડા તો થાય છે; છતાં) દોષ, ધાતુ અને મળથી શરીર ટેવાઈ ગયેલુ હોવાથી દોષ વગેરેના વધી જવાથી જેટલી પીડા થાય છે, તેના કરતા દોષ વગેરેના ઘટી જવાથી વધારે પીડા થાય છે.

દોષોના વધારાઘટાડાથી થતા રોગના સામાન્ય ઉપચાર

तत्रास्थनि स्थितो वायुः, पित्तं तु स्वेदरक्तयोः ।
श्लेष्मा शेषेषु, तेनैषामाश्रयाश्रयिणां मिथः ॥
यदेकस्य तदन्यस्य वर्धनक्षपणौषधम् ।
अस्थिमारुतयोर्नैवं, प्रायोवृद्धिर्हि तर्पणात् ॥२७
श्लेष्मणाऽनुगता तस्मात् संक्षयस्तद्विपर्ययात् ।
वायुनाऽनुगतोऽस्माच्च वृद्धिक्षयसमुद्भवान् ॥ २८
विकारान् साधयेच्छीघ्रं क्रमाल्लङ्घनबृंहणैः ।

(હવે દ્રવ્યોનો વધારો અને ઘટાડો કયા કારણથી થાય છે તે વગેરે બાબતોનુ જ્ઞાન થવા માટે દોષ અને દૂષ્ય વચ્ચે આશ્રયાશ્રયીભાવ કહે છે.) તેમા (દોષો, ધાતુઓ અને મળોમાં), હાડકામાં વાયુ રહે છે (એટલે હાડકુ આશ્રય-સ્થાન છે અને વાયુ આશ્રયી એટલે એ સ્થાનમાં રહેનારો છે), પરસેવામા અને લોહીમા પિત્ત રહે છે અને બાકીની ધાતુઓ અને મળોમા (એટલે રસ, માંસ, ચરબી, મજ્જા, વીર્ય, પેશાબ, ઝાડો વગેરે ધાતુઓ અને મળોમાં) કફ રહે છે. આમ એક તરફ ધાતુઓ અને મળો અને બીજી તરફ દોષો, એ બન્ને વચ્ચે આશ્રય અને આશ્રયીનો સંબંધ હોવાથી (એટલે અમુક દોષ અમુકઅમુક ધાતુ અને મળમાં રહેતો હોવાથી) આશ્રય અને આશ્રયીના સંબંધથી જોડાયેલાં એમનામાંથી (એક તરફ આશ્રયરૂપ ધાતુઓ અને મળો અને બીજી તરફ આશ્રયીરૂપ દોષો, એ બેમાથી) એકને (આશ્રય કે આશ્રયીને) જે (આહાર, વિહાર ને ક્રિયા) વધારી શકે, ઘટાડી શકે ને ઔષધરૂપ બની શકે (યોગ્ય પ્રમાણમાં લાવી શકે) તે (આહાર, વિહાર અને ક્રિયા) બીજાને (આશ્રયી કે આશ્રયને) વધારી શકે, ઘટાડી શકે અને યોગ્ય પ્રમાણમાં લાવી શકે. (આ સામાન્ય નિયમ છે, પણ આ નિયમ આશ્રય હાડકાં અને એના આશ્રયી વાયુને લાગુ પડતો નથી. તેથી કહે છે કે) હાડકાં અને વાયુની બાબતમાં એવું (ઉપર કહ્યુ તેવુ) બનતુ નથી; કારણ કે બૃંહણ કરવાથી સામાન્ય રીતે દોષ, ધાતુ અને મળ વધે છે અને જ્યાં જ્યાં કશાનો પણ વધારો થાય છે ત્યાં ત્યાં પાછળપાછળ કફ પણ હોય છે જ, (તે જ પ્રમાણે) તેનાથી (બૃંહણથી) ઊંધું (લંઘન–લાંઘણ) કરવાથી સામાન્ય રીતે દોષ, ધાતુ અને મળ ઘટે છે અને જ્યા જ્યાં કશું પણ ઘટે છે ત્યા ત્યાં પાછળપાછળ વાયુ પણ આવે છે જ. તેથી દોષો વગેરે વધી જવાથી થયેલા રોગોને તથા દોષો વગેરે ઓછા થવાથી થયેલા રોગોને અનુક્રમે લંઘનથી અને બૃંહણથી તરત જ મટાડવા. (વૃદ્ધિથી થયેલા રોગોને લંઘનથી અને ઘટાડાથી થયેલા રોગોને બૃંહણથી બિલકુલ વખત ગુમાવ્યા વિના મટાડવા. આ સામાન્ય નિયમ છે. તે વાયુને લાગુ પડતો નથી. વાયુનો સામાન્ય ઉપચાર શ્લોક ૨૯મા કહેશે.)

('હાડકાં અને વાયુની બાબતમાં એવુ બનતુ નથી' એવુ શ્લોકમા કહ્યુ છે તેનુ કારણ એ છે કે હાડકાને વધારવાને બૃંહણ કરવું પડે. એ બૃંહણમાં સ્નિગ્ધ, ગળ્યા વગેરે વાયુનો નાશ કરે એવા પદાર્થો વાપરવા પડે, તેથી હાડકું વધારવા જતાં વાયુ વધવાને બદલે ઘટે છે. તે જ પ્રમાણે વાયુને વધારવા માટે લૂખા, કડવા વગેરે ઉપાય કરવા પડે પણ

એ ઉપાયોથી હાડકું વધવાને બદલે ઘટે છે. આ રીતે આશ્રય અને આશ્રયીમાંનું એક જેનાથી વધે તેનાથી બીજુંયે વધે, એક જેનાથી ઘટે તેનાથી બીજુંયે ઘટે એ સામાન્ય નિયમ હાડકાં અને વાયુના સંબંધમાં લાગુ પડતો નથી.)

वायोरन्यत्र, तज्जांस्तु तैरेवोत्क्रमयोजितैः ॥२९॥

વાયુ સિવાયના બાકીના દોષ, ધાતુ અને મળના વધારાથી થયેલા રોગ લંઘનથી અને એમના ઘટાડાથી થયેલા રોગ બૃંહણથી મટાડવા, પણ વાયુના રોગ તો, તે લંઘન અને બૃંહણનો ક્રમ ઉલટાવીને મટાડવા. (એટલે વાયુના વધારાથી થયેલા રોગ બૃંહણથી અને વાયુ ઘટી જવાથી થયેલા રોગ લાંઘણથી મટાડવા.)

રસથી થતા રોગનો ઉપાય

વાયુ વગેરે દોષોની વૃદ્ધિ અને ક્ષયથી ઊપજેલા વિકારોની વિશેષ ચિકિત્સા આ જગાએ બતાવી નથી; કેમ કે આગળ 'દોષોપક્રમણીય' નામે તેરમો અધ્યાય કહેવાશે ત્યાં એ વાત વિસ્તારથી કહેવાની છે; માટે અહીં સામાન્ય ઉપાય બતાવ્યો છે. વાત, પિત્ત અને કફની સામાન્ય ચિકિત્સા થયા પછી રસની વૃદ્ધિથી ઊપજેલા વિકારોની ચિકિત્સા કહેવી જોઈએ, પણ પાછળ શ્લોક ૭ માં કહ્યું છે; કે 'વધેલા રસની અસર પણ વધેલા કફના જેવી જ છે.' માટે કફની ચિકિત્સા પ્રમાણે જ રસની સામાન્ય ચિકિત્સા જાણી લેવી. રસ પછી રુધિરની ચિકિત્સા કહેવી જોઈએ. તે હવે કહે છે.

લોહી વગેરે ધાતુઓના તથા મળોનાં વધારાઘટાડાથી થતા રોગોના ખાસ ઉપાય

विशेषाद्रक्तवृद्ध्युत्थान् रक्तस्रुतिविरेचनैः ।
मांसवृद्धिभवान् रोगान् शस्त्रक्षाराग्निकर्मभिः ॥
स्थौल्यकार्श्योपचारेण मेदोजानस्थि-
सङ्क्षयात् ।
जातान् क्षीरघृतैस्तिक्तसंयुतैर्बस्तिभिस्तथा ॥३१॥
विड्वृद्धिजानतीसारक्रियया, विट्क्षयोद्भवान् ।
मेषाजमध्यकुल्माषयवमाषद्वयादिभिः ॥ ३२ ॥
मूत्रवृद्धिक्षयोत्थांश्च मेहकृच्छ्रचिकित्सया ।
व्यायामाभ्यञ्जनस्वेदमद्यैः स्वेदक्षयोद्भवान् ॥३३॥

લોહી વધી ગયાથી થયેલા રોગોને ખાસ ફસ્સ ખોલીને તથા રેચ આપીને મટાડવા, માંસ વધી ગયાથી થયેલા રોગોને ખાસ શસ્ત્રથી કાપીને, ક્ષારથી બાળીને અને અગ્નિથી ડામ દઈને મટાડવા. (ચરબીથી થયેલા રોગોને એટલે) ચરબી વધી જવાથી થયેલા રોગોને અને ચરબી ઘટી જવાથી થયેલા રોગોને અનુક્રમે (સૂ. અ. ૧૪ માં કહેલા) શરીર ઘટાડવાના અને શરીર વધારવાના ઉપાય કરીને મટાડવા (એટલે ચરબી વધી જવાથી થયેલા રોગમાં શરીર ઉતારવાના અને ચરબી ઓછી થઈ જવાથી થયેલા રોગમાં શરીર વધારવાના ઉપાય કરવા), હાડકાં ઘસાઇ જવાથી (ગળી જવાથી) થતા રોગોને કડવાં ઔષધોવાળાં દૂધ અને ઘીથી તથા કડવાં ઔષધોવાળી બસ્તિઓ આપીને મટાડવા, ઝાડાનો ભરાવો થઈ જવાથી થયેલા રોગને (ચિ. અ. ૯ માં) અતિસાર રોગ માટે બતાવેલા ઉપાયથી મટાડવા, શરીરમાં ઝાડાનું પ્રમાણ ઓછું થઈ જવાથી થયેલા રોગોને ઘેટાના તથા બકરાના મધ્ય(અંતરાધ)નું માંસ આપીને; ઘી, હિંગ વગેરેનો વઘાર કરેલા અડદ વગેરેના બાકળા કે ઘૂઘરી આપીને; જવ, અડદ અને ચોળા વગેરે આપીને મટાડવા; શરીરમાં પેશાબનો વધારો થઈ જવાથી થયેલા રોગને (ચિ. અ. ૧૨ માં કહેલા) મેહરોગના ઉપાય કરીને મટાડવા અને પેશાબ ઘટી જવાથી થયેલા રોગોને (ચિ. અ. ૧૧ માં કહેલા) મૂત્રકૃચ્છ્ર રોગના ઉપાય કરીને મટાડવા શરીરમાં પરસેવો ઓછો થઇ જવાથી થયેલા રોગોને કસરત, અભ્યંગ, શેક અને દારૂથી મટાડવા.

(હાડકાંરૂપી ધાતુ ઓછી થઈ ગઈ હોય તેને વધારવા માટે ઉપર કડવાં દ્રવ્યોનો ઉપયોગ કરવાનું લખ્યું છે; પણ કડવાં દ્રવ્યોથી

તો વાયુ વધે તેથી હાડકાં વધારે સુકાય અને પરિણામે હાડકાં વધવાને બદલે સુકાતાં જાય; માટે એ ઉપાય યોગ્ય નથી એવી શંકાના ઉત્તરમાં ટીકાકાર કહે છે કે જે દ્રવ્ય સ્નિગ્ધ; સૂકવી નાખે એવું અને કરકરું બનાવે એવુ હોય તે દ્રવ્ય જ હાડકાંને વધારી શકે છે, પણ એક જ દ્રવ્યમાં એ ત્રણે ગુણ હોય એવું કોઈ પણ દ્રવ્ય નથી, તેથી સ્નિગ્ધ ઘી–દૂધ સાથે સૂકવી નાંખે એવાં કડવાં દ્રવ્યો મેળવવાથી જે મિશ્રણ થાય છે તે સ્નિગ્ધ, સૂકવી નાખે એવુ અને કરકરું બનાવે એવું હોય છે; કારણ કે ઘી–દૂધ સાથે કડવાં દ્રવ્ય ભળવાથી તે મિશ્રણ કરકરું પણ થાય છે; તેથી બતાવેલો ઉપાય યોગ્ય છે.) મધ્ય=અંતરાધિ=પશુના માથાથી આગલા બે પગ સુદ્ધાંતનો આગલા બે પગ સુધીનો ભાગ તથા પૂછડાથી પાછલા બે પગ સુદ્ધાંતનો પાછલા બે પગ સુધીનો ભાગ–એ બે ભાગ કાપીને કાઢી નાખ્યા પછી પશુના શરીરના બાકી રહેલા ભાગને મધ્ય કહે છે.

ધાતુઓને વધારવા–ઘટાડવાના ઉપાય

स्वस्थानस्थस्य कायाग्नेरंशा धातुषु संश्रिताः।
तेषां सादातिदीप्तिभ्यां धातुवृद्धिक्षयोद्भवः ॥३४॥
पूर्वो धातुः परं कुर्याद् वृद्धः क्षीणश्च तद्विधम् ।

પોતાના સ્થાનમાં (ગ્રહણીમાં) રહેલા જઠરાગ્નિના (ધાત્વગ્નિ તરીકે ઓળખાતા) અંશો (રૂપાંતરો) ધાતુઓમાં રહે છે. એ ધાત્વગ્નિઓ મંદ પડે ત્યારે (જે ધાતુઓમાં રહેલો અગ્નિ મંદ પડ્યો હોય તે) ધાતુ વધે છે અને એ ધાત્વગ્નિઓ વધારે પડતા પ્રદીપ્ત થાય, ત્યારે (જે ધાતુઓનો અગ્નિ વધારે પડતો પ્રદીપ્ત થયો હોય તે) પ્રમાણ કરતાં ઓછી થાય છે. (સૂ. ૧/૧૩ માં જે ક્રમમાં ધાતુઓ ગણાવેલી છે તે અનુક્રમે) આગલી ધાતુના વધારાથી એની પછીની ધાતુ વધે છે અને આગલી ધાતુના ઘટાડાથી એની પછીની ધાતુ ઘટે છે. (માટે જે ધાતુને વધારવી હોય તે ધાતુનો ધાત્વગ્નિ મંદ પડે એવું કરવું અને તે ધાતુની પહેલાની ધાતુ વધે એમ કરવું. અને જે ધાતુને ઘટાડવી હોય તે ધાતુનો ધાત્વગ્નિ બહુ સતેજ થાય એવું કરવુ અને તે ધાતુની પહેલાંની ધાતુ ઓછી થાય એવુ કરવું. (દાખલા તરીકે લોહી વધારવું હોય તો લોહીમાં રહેલો ધાત્વગ્નિ મંદ પડે અને (સૂ. ૧/૧૩ માં) લોહીથી પહેલા ગણાવેલી રસ નામની ધાતુ વધે એવુ કરવું. લોહી ઓછું કરવું હોય તો લોહીમાં રહેલો ધાત્વગ્નિ બહુ સતેજ થાય એવું કરવુ અને (સૂ. ૧/૧૩ માં) લોહીથી પહેલાં ગણાવેલી રસ નામની ધાતુ ઓછી થાય એવું કરવુ.)

શરીરમાં બગાડ શી રીતે થાય છે અને તેથી રોગો ક્યાં થાય છે?

दोषा दुष्टा रसैर्धातून् दूषयन्त्युभये मलान् ॥३५॥
अधो द्वे, सप्त शिरसि, खानि स्वेदवहानि च ।
मला मलायनानि स्युर्यथास्वं तेष्वतो गदाः ॥३६॥

(દ્રવ્યમાં રહેલા ગળ્યા વગેરે) રસોથી (રસોના મિથ્યાયોગ અને અતિયોગથી) બગડેલા દોષો ધાતુઓને બગાડે છે, બગડેલા દોષ અને ધાતુ મળોને બગાડે છે અને બગડેલા મળો નીચેનાં બે (મૂત્રેન્દ્રિય અને ગુદા), માથામાં સાત (બે કાન, બે આંખ, બે નસકોરાં અને મોં) તથા પરસેવો કાઢનારાં છિદ્રો એટલાં મળના સ્રોતોને (માર્ગોને) બગાડે છે, તેથી તેમાં (દોષ, ધાતુ અને મળના સ્રોતોમાં) રોગો થાય છે. (એકલા રસોના જ નહિ, પણ દ્રવ્યમાં રહેલા વીર્ય વગેરેના પણ મિથ્યાયોગ અને અતિયોગથી ઉપર કહેલા ક્રમમાં બગાડ થાય છે અને રોગો થાય છે.)

ઓજસ નામના મળના ગુણ, કાર્ય વગેરે

ओजस्तु तेजो धातूनां शुक्रान्तानां परं स्मृतम् ।
हृदयस्थमपि व्यापि देहस्थितिनिबन्धनम् ॥३७॥
स्निग्धं सोमात्मकं शुद्धमीषल्लोहितपीतकम् ।
यन्नाशे नियतं नाशो यस्मिंस्तिष्ठति तिष्ठति ॥३८॥
निष्पद्यन्ते यतो भावा विविधा देहसंश्रयाः ।

પણ આયુર્વેદશાસ્ત્ર કહે છે કે રસથી વીર્ય સુધીની સાતે ધાતુઓના (દરેક ધાતુના) ઉત્તમ તેજ(શક્તિ, બળ)ને ઓજસ કહે છે. એ ઓજસનું સ્થાન હૃદય છે; છતા એ આખા

શરીરમાં રહેલું છે; એ દેહની જુદીજુદી સ્થિતિ- (બચપણ, જુવાની, ઘડપણ વગેરે અવસ્થાઓ)ના કારણરૂપ છે. એ સૌમ્ય, ચોખ્ખું તથા જરા રાતું અને પીળું હોય છે. એના નાશથી (એ ન હોય ત્યારે) નક્કી મરી જવાય છે અને એ હોય ત્યારે (માણસ) જીવે છે. જેને દેહ છે એવા જાતજાતના પદાર્થો (પ્રાણીઓ) એમાંથી (ઓજસમાંથી) જન્મે છે.

પુરુષના શરીરમાં જે વીર્ય રહેલું છે તે અત્યંત શુદ્ધ હોય છે, તેથી તેમાં કચરો (મળ) હોતો નથી પણ સ્ત્રી સાથે મૈથુન કરવાથી સ્ત્રીના ગર્ભાશયમાં જેટલું વીર્ય જાય છે તેમાં સ્ત્રીનો અટકાવ પણ ભળે છે.

આ રીતે ગર્ભાશયમાં અટકાવ સાથે મળીને વીર્ય લોચારૂપ બને છે અને તેમાં જીવ આવે છે. ગર્ભાશયમાના આ વીર્યના મળભાગને ઓજસ કહે છે અને એ વીર્યના સારભાગ- (સત્વ)ને ગર્ભ કહે છે. ઓજસ અને ગર્ભની સરખામણીમાં ઓજસ મળ છે પણ ઓજસ અને રસ વગેરે ધાતુઓની સરખામણીમાં ઓજસ સાર છે. એકનું એક ઓજસ એક દૃષ્ટિએ મળરૂપ છે અને બીજી દૃષ્ટિએ સારરૂપ છે; માટે મળરૂપ ઓજસ અને સારરૂપ ઓજસ એવાં બે જુદાંજુદાં ઓજસ છે એમ કહેવું જોઈએ નહિ.

આઠ ટીપાં જેટલું મળરૂપ ઓજસ ગર્ભના હૃદયમાં જાય છે, ત્યાં એ અટકાવ સાથે ભળવાથી જરા રાતુંપીળું થાય છે.

ઓજસ ઘટવાનાં કારણ, અસર અને વધારવાના ઉપાય

ओजः क्षीयेत कोपक्षुद्ध्यानशोकश्रमादिभिः ॥३९
बिभेति दुर्बलोऽभीक्ष्णं ध्यायति व्यथितेन्द्रियः ।
दुश्छायो दुर्मना रूक्षो भवेत्क्षामश्च तत्क्षये ॥४०
जीवनीयौषधक्षीररसाद्यास्तत्र भेषजम् ।

ક્રોધ, ભૂખ, ચિંતા, શોક, થાક, (શ્રમ, ભડકેલુ, તીખો અને લૂખો ખોરાક) વગેરેથી ઓજસ ઓછું થાય છે. ઓજસ ઓછું થાય ત્યારે માણસ બીએ છે, નબળો પડે છે, વારંવાર ચિંતા કરે છે (વિચારમાં પડી જાય છે), હૃદય વગેરે સ્થાનોમાં પીડા થાય છે, શરીરની કાંતિ બગડે છે, માણસ નિરુત્સાહી બને છે, શરીર લૂખું પડી જાય છે અને માણસ દૂબળો પડે છે. એવું થાય ત્યારે ઓજસને વધારવા માટે સૂ. ૧૫/૮ વાળાં જીવનીયગણનાં ઔષધો, દૂધ, માંસરસ, (સાકર વગેરે ગળ્યા પદાર્થ) વગેરે ઔષધરૂપ છે.

ઓજસ વધે તો શું થાય?

ओजोवृद्धौ हि देहस्य तुष्टिपुष्टिबलोदयः ॥४१॥

ઓજસ વધવાથી દેહને તૃપ્તિ થાય છે (ધરાય છે), દેહ ભરાય છે અને દેહમાં *શક્તિ* વધે છે.

દોષો વગેરેના વધારા અને ઘટાડાનો ઉપાય

यदन्नं द्वेष्टि यदपि प्रार्थयेताविरोधि तु ।
तत्तत्त्यजन् समश्नंश्च तौ तौ वृद्धिक्षयौ जयेत् ॥४२

દરદીને જે આહાર માટે રુચિ ન થતી હોય તે તજીને અને તે તે દોષ વગેરે માટે અપથ્ય ન હોય એવા જે આહાર માટે રુચિ થાય કે ખાઈને તે તે દોષો વગેરેના પ્રમાણ કરતાં વધારાં અને ઘટાડાને મટાડવા. (દરદીને સામાન્ય રીતે કેવા આહારની રુચિ થાય છે તે નીચેના શ્લોકમાં આપ્યુ છે. એ નિયમને આધારે દોષોની વૃદ્ધિ અને ક્ષય મટાડવાનો ઉપરનો ઉપાય લખ્યો છે. પણ જ્યાં દરદીને નીચેના શ્લોકમાં જણાવ્યા કરતાં જુદી જાતની રુચિ થતી હોય, ત્યાં ઉપરનો ઉપાય કરવો જોઈએ નહિ; કારણ કે એવા ઉપાય અપથ્ય છે.)

રુચિ પ્રમાણે આહાર આપવાનું કારણ અને એનો અપવાદ

कुर्वते हि रुचिं दोषा विपरीतसमानयोः ।
वृद्धाः क्षीणाश्च भूयिष्ठं लक्षयन्त्यबुधास्तु न ॥४३

જ્યારે દોષો (દોષો, ધાતુઓ અને મળો) પ્રમાણથી વધી જાય છે, ત્યારે સામાન્ય રીતે તે તે વધેલા દોષ વગેરેના ગુણોથી વિરુદ્ધ ગુણવાળા આહાર માટે દરદીને રુચિ થાય છે અને જ્યારે દોષો વગેરે પ્રમાણથી ઓછા થઈ જાય છે, ત્યારે સામાન્ય રીતે તે તે ઓછા થયેલા દોષ વગેરેના ગુણો જેવા જ ગુણોવાળા

આહાર માટે દરદીને રુચિ થાય છે. પણ આવુ હમેશા નહિ પણ સામાન્ય રીતે (ઘણીવાર) બનતુ હોવાથી, એટલે કોઈક વાર આવુ ન પણ બનતુ હોવાથી, મદ બુદ્ધિવાળા માણસો (વૈદો) નક્કી કરી શકતા નથી કે અમુક રુચિ થાય તે ઉપરથી અમુક દોષ વગેરે વધ્યા કહેવાય કે ઘટ્યા કહેવાય. (આમ હોવાથી દરદીની રુચિ ઉપરથી દોષ વગેરેનો વધારોઘટાડો નક્કી કરવો એ જોખમભરેલું છે. તેથી હવે પછીના શ્લોકમા બીજી રીત બતાવે છે.)

વાયુ વધે ત્યારે સામાન્ય રીતે વાયુના ગુણોથી ઊંધા સ્નિગ્ધ, ખાટા, ગળ્યા એ ગુણોવાળા આહારની ઈચ્છા થાય છે. પિત્ત વધે ત્યારે પિત્તના ગુણોથી ઊંધા ઠડા, ગળ્યા, લૂખા, કડવા, તૂરા એ ગુણોવાળા અન્નની ઈચ્છા થાય છે અને કફ વધે ત્યારે કફના ગુણથી ઊધા લૂખા, ગરમ, તીખા, કડવા, તૂરા એ ગુણવાળા આહારની ઇચ્છા થાય છે. તેથી રુચિ પ્રમાણે ખોરાક આપવાથી વધેલો દોષ ઘટે છે; કારણ કે દોષથી વિરુદ્ધ ગુણોવાળા આહારથી દોષ ઘટે છે.

દોષ ઘટી ગયો હોય તો દોષના ગુણ જેવા જ ગુણવાળા આહારની ઇચ્છા થાય છે. તેથી ઘટેલા દોષને પોતાના જ ગુણવાળો આહાર મળવાથી એ દોષ વધવાથી ઘટાડો દૂર થાય છે. વાયુ ઓછો થયો હોય તો લૂખા, તૂરા વગરે વાયુના ગુણવાળા આહારની ઇચ્છા થાય છે, પિત્ત ઓછુ થયુ હોય તો ખાટા, ખારા, તીખા એ પિત્તના ગુણવાળા આહારની ઇચ્છા થાય છે અને કફ ઓછો થઈ ગયો હોય ત્યારે સ્નિગ્ધ, ગળ્યા, ખાટા, ખારા એ કફના જેવા (કફ કરે એવા) આહારની ઇચ્છા થાય છે.

ઉપર પ્રમાણે રુચિ થાય એ તો સામાન્ય નિયમ છે, પણ કેટલીક વાર દોષોની જુદીજુદી ગતિને લીધે કે આમ હોય ત્યારે ઉપરના નિયમથીં ઊંધી રુચિ થાય છે. દાખલા તરીકે નિ. અ. ૧૬/૨૯મા લખે છે કે વાયુના રોગમા તીખુ અને લૂખુ ખાવાની ઇચ્છા થાય તો વાયુ સામ છે એમ સમજવુ. માટે દરદીની રુચિ ઉપરથી દોષનો વધારો કે ઘટાડો નક્કી કરવામા છેતરાઈ જવાય એવુ છે.

વધેલા અને ઘટેલા દોષોને લીધે જેવા આહારની રુચિ સામાન્ય રીતે થાય છે તેનાથી વિરુદ્ધ ગુણવાળા આહારનો દ્વેષ (રાગ) પણ થાય છે એવુ શ્લોકમા લખ્યુ નથી છતા સમજી લેવાનુ છે.

દોષનાં ક્ષય, વૃદ્ધિ તથા સમતાનું બીજું લક્ષણ

यथाबलं यथास्वं च दोषा वृद्धा वितन्वते ।
रूपाणि, जहति क्षीणाः, समाः स्वं कर्म कुर्वते॥४४

દોષ જ્યારે વૃદ્ધિ પામે ત્યારે પોતાના બળ પ્રમાણે (પોતે કેટલો વધ્યો છે તે પ્રમાણે) પોતપોતાના ગુણ, કર્મ અને લક્ષણનો વિસ્તાર કરે છે (વધારે છે); જ્યારે દોષ ઓછો થાય ત્યારે પોતે કેટલો ઘટ્યો છે તે પ્રમાણે પોતપોતાના ગુણ, કર્મ અને લક્ષણો તજે છે (ઓછા કરે છે). જેમ કે વાયુ વૃદ્ધિ પામ્યો હોય ત્યારે લૂખાશ, ઠડાશ, કરકરાપણુ વગેરે વૃદ્ધિ પામેલા જણાય છે; વાયુ ઓછો થાય ત્યારે તે ગુણો જવા માડે છે. (જ્યારે દોષ નથી હોતા વૃદ્ધિ પામેલા કે નથી હોતા ક્ષીણ થયેલા ત્યારે તે સમ કહેવાય છે.) સમ દોષ પોતાનુ (ઉત્સાહ, ઉચ્છ્વાસ વગેરે) કર્મ નિયમિત રીતે કર્યે જાય છે. (દોષોના કામ વગેરે માટે જુઓ ગૃ. અ. ૧૨.)

દોષ સમાન રાખવા

य एव देहस्य समा विवृद्धयै
त एव दोषा विषमा वधाय ।
यस्मादतस्ते हितचर्ययैव
क्षयाद्विवृद्धेरिव रक्षणीयाः ॥ ४५ ॥

જે દોષો સમ હોય ત્યારે શરીરને હૃષ્ટપુષ્ટ કરે છે, તે જ દોષો વિષમ (યોગ્ય પ્રમાણ કરતા ઓછાવધતા) હોય ત્યારે મારી નાખે છે. તેથી પથ્ય આહારવિહારનુ સેવન કરીને એ દોષોને જેમ પ્રમાણથી વધતા રોકવા જોઈએ તેમ પ્રમાણથી ઓછા થતા પણ રોકવા જોઈએ.

इत्यष्टांगहृदये सूत्रस्थाने दोषादिविज्ञानीय-
एकादशोऽध्यायः ॥

અધ્યાય ૧૨ મો

દોષો વગેરેના સંબંધમાં જેટલું કહેવું જોઈએ તે બધું પાછલા અધ્યાયમાં પૂરું થયું નથી અને દોષના પ્રકારોનું બરાબર જ્ઞાન થયા વિના દોષ-વિજ્ઞાન સારી રીતે થયું કહેવાય નહિ; માટે દોષના ભેદ વગેરેનું જ્ઞાન થવાનો અધ્યાય હવે શરૂ કરે છે.

अथातो दोषभेदीयाध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે (દોષનાં નામ, સ્થાન, વિભાગ વગેરે આપીને) દોષોના પ્રકારોનું જ્ઞાન થવાને હિત-કર અધ્યાય સમજાવીશું. આ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

વાયુનું સ્થાન

पक्वाशयकटीसक्थिश्रोत्रास्थिस्पर्शनेन्द्रियम् ।
स्थानं वातस्य, तत्रापि पक्वाधानं विशेषतः ॥१॥

પક્વાશય, કૂલા, સક્થિ, કાન, હાડકું અને ચામડી એ વાયુનાં (સામાન્ય) સ્થાન છે; પણ પક્વાશય એ વાયુનું ખાસ સ્થાન છે.

પિત્તનું સ્થાન

नाभिरामाशयः स्वेदो लसीका रुधिरं रसः ।
दृक् स्पर्शनं च पित्तस्य, नाभिरत्र विशेषतः ॥२॥

નાભિ (ડૂંટી), આમાશય, પરસેવો, લસિકા, લોહી, રસ, આંખ, ચામડી એ (આઠ) પિત્તનાં સ્થાન છે. તેમાં નાભિ એ પિત્તનું ખાસ સ્થાન છે. ત્વચામાં વાયુ છે તથા પિત્ત પણ છે. એ વાતમાં કોઈ શંકા કરશે કે એક જ સ્થાનમાં બે દોષ કેમ રહી શકે? એનું સમાધાન એ છે કે પિત્ત અગ્નિસ્વરૂપ છે તથા વાયુ તે અગ્નિને પ્રજ્વલિત કરનારો છે; માટે અગ્નિનો મિત્ર છે, વિરોધી નથી. એ રીતે વાયુ અને પિત્તની મૈત્રી હોવાથી એ બંને એક સ્થાનમાં રહી શકે છે. વાયુ યોગવાહી હોવાથી પણ પિત્ત સાથે રહે છે.

લસિકા: [હૃદય રસાશય છે; એટલે હૃદય-માંથી અન્નરસ લોહી સાથે ભળીને શરીરમાં બધે પથરાયેલી ધમનીઓ (Arteries) અને ધમનીનાં જાળાં (Capillaries) દ્વારા શરીરને પોષણ આપવા માટે પહોંચી જાય છે. ધમનીઓ અને તેનાં જાળાંમાં લોહી સાથે રસ વહે છે. તે વખતે તેમાં સાથેસાથે શરીરનો કચરો પણ ભળતો જાય છે. આ ધમનીના જાળામાં વહેતો રસ જાળામાંથી બહાર ઝમે છે અને તેમાંથી શરીરનાં અંગો અને ધાતુઓ પોષણ મેળવે છે. અંગો અને ધાતુઓ ચૂસી રહે ત્યાર પછી જે ઝમેલો રસ વધે છે, તેમાંનો કેટલોક ભાગ શિરાઓ (Veins)નાં જાળાં ચૂસી લે છે, કેટ-લોક ભાગ માંસ અને ચામડી વચ્ચે ખાલી જગાઓમાં ભરાય છે અને કેટલોક ભાગ લસિકાવિધાનના જાળા ચૂસી લે છે. શિરાનાં જાળાંમા ચુસાયેલો રસ શિરાઓમાં થઈને યોગ્ય ક્રમે ફેફસામાં શુદ્ધ થવા જાય છે, તે વખતે તેમાંનો કચરો નાક વાટે ઉચ્છ્વાસ સાથે બહાર નીકળી જાય છે. ચામડી અને માંસ વચ્ચેની ખાલી જગ્યામાં ભરાયેલા રસનો કચરો ચામડી નીચેની ચરબીમાંથી પરસેવારૂપે બહાર નીકળી જાય છે અને લસિકાવિધાને ચૂસેલો રસ પાછો હૃદયમાં લોહી ભેગો ઠલવાય છે. આ લસિકાવિધાન શરીરમાં બીજે બધે સૂક્ષ્મ છે; પણ બે સાથળના મૂળમાં અને ત્યાંથી ભેગું થઈને કરોડની બાજુએ થઈને ખભા પાસેથી નીચું વળીને હૃદય સાથે જોડાય છે, એટલો ભાગ વધારે સ્થૂળ છે. તેથી લસિકાની ગ્રંથિઓ (Glands) ગળામાં, બગલમાં અને સાથળના મૂળમાં વધારે મોટી હોય છે.]

કફનું સ્થાન

उरःकण्ठशिरःक्लोमपर्वाण्यामाशयो रसः ।
मेदो घ्राणं च जिह्वा च कफस्य, सुतरामुरः ॥३॥

છાતી, ગળું, માથું, ક્લોમ, સાંધાઓ, આમાશય, રસ, ચરબી, નાક અને જીભ–એ (દશ) કફનાં સ્થાન છે. તેમાં છાતી એ કફનું ખાસ સ્થાન છે.

વાયુના ભેદ

प्राणादिभेदात्पञ्चात्मा वायुः

(ગયા અધ્યાયમાં દોષોનાં સામાન્ય કામ તો કહ્યાં છે, પણ હવે દોષોનાં ખાસ કામ કયાં

છે તે કહે છે. તેમા વાયુ વિષે કહે છે.)

પ્રાણ, ઉદાન, વ્યાન, સમાન અને અપાન એ પાચ ભેદને લીધે વાયુ પાચ સ્વભાવ-(પ્રકાર)નો છે.

(જેમ એક જ માણસ લણવાનુ, રાધવાનુ વગેરે જુદાજુદા કામ કરે તેને લીધે લણનાર, રસોઇયો વગેરે જુદાજુદા એના નામ પડે છે, તેમ વાયુ એક જ હોવા છતા પણ એ જુદા-જુદા સ્થાનમા જુદુજુદુ કામ કરતો હોવાથી એ સ્થાન અને કામને લીધે એ પાચે જુદા નામે ઓળખાય છે.)

પ્રાણવાયુનાં સ્થાન, કામ વગેરે

प्राणोऽत्र मूर्धगः ।
उर:कण्ठचरो बुद्धिहृदयेन्द्रियचित्तधृक् ॥ ४ ॥
ष्ठीवनक्षवथूद्गारनिःश्वासान्नप्रवेशकृत् ।

ઉપર પ્રાણ વગેરે પાચ વાયુના ભેદ કહ્યા તેમા પ્રાણવાયુ માથામા રહે છે, છાતી તથા ગળામા તે ફરે છે, બુદ્ધિ, હૃદય, ઇંદ્રિયો અને મનને તે ધારણ કરે છે, થૂકવુ, છીંકવુ, ઓડકાર, શ્વાસ લેવો અને અન્ન ગળામા થઈને પેટમા લઈ જવું, એ તેના કામ છે.

ઉદાનવાયુનાં સ્થાન, કામ વગેરે

उर: स्थानमुदानस्य नासानाभिगलांश्चरत् ॥ ५ ॥
वाक्प्रवृत्तिप्रयत्नोर्जाबलवर्णस्मृतिक्रियः ।

ઉદાનવાયુ છાતીમા રહે છે. તે નાક, ડૂંટી અને ગળામા ફરે છે. બોલવાની પ્રવૃત્તિ થવી, પદાર્થ ગ્રહણ કરવો વગેરે કામનો પ્રયત્ન થવો, શ્વાસ મૂકવો, જોર આપવુ, કાંતિ આપવી અને સ્મરણશક્તિ આપવી, એ તેના કામ છે.

વ્યાનવાયુનું સ્થાન, કામ વગેરે

व्यानो हृदि स्थितः कृत्स्नदेहचारी महाजवः । ६॥
गत्यपक्षेपणोत्क्षेपनिमेषोन्मेषणादिकाः ।
प्रायः सर्वाः क्रियास्तस्मिन् प्रतिबद्धाः
शरीरिणाम् ॥ ७ ॥

વ્યાનવાયુ હૃદયમા રહે છે. એ આખા શરીરમા ફરે છે. પ્રાણ વગેરે કરતા એની (વ્યાનવાયુની) ગતિ વધારે ઝડપી છે. જવુ-આવવુ (ચાલવુ), શરીરના અગને નીચુ કરવુ, ઊચુ કરવુ, આખો મીચવી, ઉઘાડવી વગેરે માણસોની બધી ક્રિયાઓ સામાન્ય રીતે વ્યાન વાયુને લીધે થાય છે.

(કોઈ અપક્ષેપણનો અર્થ 'નીચે નાખવુ' અને ઉત્ક્ષેપણનો અર્થ 'ઉછાળવુ' કરે છે.)

સમાનવાયુનું સ્થાન વગેરે

समानोऽग्निसमीपस्थः कोष्ठे चरति सर्वतः ।
अन्नं गृह्णाति पचति विवेचयति मुञ्चति ॥ ८ ॥

સમાનવાયુ જઠરાગ્નિની પાસે રહે છે (ગ્રહણીમા જે જગા અગ્નિએ રોકી ન હોય તે ખાલી જગામા રહે છે.) એ આખા કોઠામા (હોજરી, ગ્રહણી તથા મોટા અને નાના આતરડામા) બધે ફરે છે. એ અન્નનો કબજો લે છે, (જઠરાગ્નિને બરાબર ચેતવીને) પચાવે છે, અન્નરસને મળમૂત્રથી છૂટો પાડે છે અને મળમૂત્રને છોડી દે છે (અપાનવાયુને સોપી દે છે).

અપાનવાયુનું સ્થાન વગેરે

अपानोऽपानगः श्रोणिबस्तिमेढ्रोरुगोचरः ।
शुक्रार्तवशकृन्मूत्रगर्भनिष्क्रमणक्रियः ॥ ९ ॥

અપાનવાયુ ગુદામા રહે છે; કૂલા, મૂત્રાશય, મૂત્રેદ્રિય અને સાથળમા તે ફરે છે, વીર્ય, આર્તવ (અટકાવ), ઝાડો, પેશાબ અને ગર્ભ એટલી વસ્તુઓને બહાર કાઢવાનુ કામ તે કરે છે.

પિત્તના ભેદ–પાચક પિત્ત

पित्तं पञ्चात्मकं तत्र पक्वामाशयमध्यगम् ।
पञ्चभूतात्मकत्वेऽपि यत्तैजसगुणोदयात् ॥१०॥
त्यक्तद्रवत्वं पाकादिकर्मणाऽनलशब्दितम् ।
पचत्यन्नं विभजते सारकिट्टौ पृथक् तथा ॥११॥
तत्रस्थमेव पित्तानां शेषाणामप्यनुग्रहम् ।
करोति बलदानेन पाचकं नाम तत्स्मृतम् ॥१२॥

પિત્ત પાચ પ્રકારનુ છે.

તેમા જે પક્વાશય અને આમાશયની વચ્ચે (ગ્રહણીમા) રહેલુ છે તેને પાચક પિત્ત કહે છે. તે પિત્ત પચમહાભૂતનુ બનેલું હોવા છતા અગ્નિના ગુણ તેમા અધિક હોવાથી (અગ્નિતત્ત્વ વિશેષ હોવાથી) તેનુ દ્રવપણુ (પ્રવાહીપણુ) મટીને તે કઠણ થયેલુ હોય છે.

પચાવવા વગેરેની ક્રિયા તે કરતું હોવાથી તેને અગ્નિ એવું નામ આપેલું છે. તે અન્નને પચાવે છે. અન્નરસ તથા મળમૂત્રને છૂટાં પાડે છે. વળી ગ્રહણીમાં જ રહ્યેરહ્યે તે બાકીનાં ચાર પ્રકારનાં પિત્તને પોતપોતાનુ કામ કરવાની શક્તિ આપીને એમને ઉપયોગી થઈ પડે છે.

રંજક પિત્ત

आमाशयाश्रयं पित्तं रञ्जकं रसरञ्जनात् ।

જે પિત્ત હોજરીમાં રહેલું છે, તે રસને રંગે છે માટે તેને 'રંજક પિત્ત' એવું નામ આપેલુ છે.

સાધક પિત્ત

बुद्धिमेधाभिमानाद्यैरभिप्रेतार्थसाधनात् ॥ १३ ॥
साधकं हृद्गतं पित्तं

સાધક પિત્ત હૃદયમાં રહે છે. બુદ્ધિ, મેધા, અહંકાર વગેરે દ્વારા ધારેલું કામ પાર પાડવામાં એ સાધન(મદદ)રૂપ છે; માટે એને 'સાધક (ધારેલા અર્થને સિદ્ધ કરનાર) પિત્ત' કહે છે.

આલોચક પિત્ત

रूपालोचनतः स्मृतम् ।
दृक्स्थमालोचकं

જે પિત્ત આંખની કીકીમાં રહેલું છે તે રૂપ (આકાર, રંગ વગેરે) જુએ છે; માટે તેને 'આલોચક' પિત્ત કહે છે.

ભ્રાજક પિત્ત

त्वक्स्थं भ्राजकं भ्राजनात्त्वचः ॥ १४ ॥

ચામડીમાં રહેલું પિત્ત ચામડીને (ગરમી આપી) ચળકાવે છે માટે તેને ભ્રાજક (ચળકાવનાર) પિત્ત કહે છે. (એ અભ્યંગ, લેપ વગેરેને પકવે છે)

કફના પ્રકાર

श्लेष्मा तु पञ्चधा

કફ પણ પાંચ પ્રકારનો છે; (અવલંબક, ક્લેદક, બોધક, તર્પક અને શ્લેષક)

અવલંબક કફ

उरःस्थः स त्रिकस्य स्ववीर्यतः ।
हृदयस्यान्नवीर्याच्च तत्स्थ एवाम्बुकर्मणा ॥ १५ ॥
कफधाम्नां च शेषाणां यत्करोत्यवलम्बनम् ।
अतोऽवलम्बकः श्लेष्मा

અવલંબક કફ છાતીમાં રહે છે. ત્યાં રહ્યેરહ્યે એ પોતાની શક્તિથી ત્રિકને પોતાનું (ત્રિકનુ) કામ કરવાની શક્તિ આપે છે. પોતાની શક્તિથી અને અન્નરસની શક્તિથી એ (અવલંબક કફ) છાતીમાં રહ્યેરહ્યે હૃદયને પોતાનું કામ કરવાની શક્તિ આપે છે અને છાતીમાં રહ્યેરહ્યે એ (અવલંબક કફ) પાણીની ગરજ સારીને (ક્લેદન, પૂરણ, તર્પણ, સંશ્લેષ–જોડાણ કરવુ વગેરે પાણીનાં કામ કરીને) કફનાં બાકીનાં સ્થાનોને (શ્લોકમાં રૂમાં ગણાવેલાં સ્થાનોમાંથી હૃદય અને ત્રિક સિવાયનાં બીજાં સ્થાનોને પોતપોતાનું કામ કરવાની શક્તિ આપે છે. તેથી (અવલંબન એટલે શક્તિ આપતો હોવાથી) એ છાતીમાં રહેલા કફને અવલંબક કફ કહે છે.

ક્લેદક કફ

यस्त्वामाशयसंस्थितः ॥ १६ ॥
क्लेदकः सोऽन्नसङ्घातक्लेदनात्

ક્લેદક કફ આમાશયમાં રહે છે. ત્યાં રહ્યેરહ્યે એ ખાધેલા અન્નની ગડીઓ પડી ગઈ હોય તેને ભીંજવીને નરમ કરે છે; માટે તેને ક્લેદક (ભીંજવનાર) કફ કહે છે.

બોધક કફ

रसबोधनात् ।
बोधको रसनास्थायी

બોધક કફ જીભમાં રહે છે. એને લીધે જીભને સ્વાદનું જ્ઞાન થાય છે, તેથી તેને 'બોધક કફ' કહે છે.

તર્પક કફ

शिरःसंस्थोऽक्षतर्पणात् ॥ १७ ॥
तर्पकः

તર્પક કફ માથામાં રહે છે. તે ઇંદ્રિયોને તૃપ્ત કરે છે, તેથી તેને 'તર્પક કફ' કહે છે.

શ્લેષક કફ

सन्धिसंश्लेषाच्छ्लेषकः सन्धिषु स्थितः ।

શ્લેષક કફ સાંધાઓમાં રહે છે. એ સાંધા-

ઓને (ચીકાશથી) એકત્ર જોડી રાખે છે, તેથી તેને "શ્લેષક" (એકત્ર જોડી રાખનાર) કફ કહે છે.

ઉપસંહાર

इति प्रायेण दोषाणां स्थानान्यविकृतात्मनाम् १८
व्यापिनामपि जानीयात्कर्माणि च पृथक् पृथक् ।

જોકે વાયુ, પિત્ત અને કફ–એ ત્રણ દોષો આખા શરીરમાં પ્રસરેલા હોય છે તોપણ એ દોષો જ્યારે બગડેલા ન હોય, ત્યારે એમનાં પોતપોતાના (જુદાંજુદાં) સ્થાન અને કામ કયાં કયા છે, તે મોટે ભાગે (મુખ્યમુખ્ય) (શ્લોક ૧ થી ૧૭ફે સુધીમાં) કહ્યાં છે એમ સમજવું.

ઉપરના શ્લોકમાં દોષ બગડ્યો ન હોય ત્યારે એ દોષનાં અમુક સ્થાન અને કામ છે એમ કહ્યુ. તેને અંગે દોષ બગડ્યો ક્યારે કહેવાય તે જાણવુ જોઈએ. દોષની મૂળ બે અવસ્થા હોઈ શકે છેઃ સમ અને વિષમ. વિષમની વળી બે પેટા અવસ્થાઓ છેઃ ક્ષય અને વૃદ્ધિ. વૃદ્ધિની વળી બે પેટા અવસ્થાઓ છેઃ ચય (સંચય) અને પ્રકોપ. આમ, દોષની કુલ ચાર અવસ્થાઓ હોઈ શકે છે. સમ, ક્ષય, ચય અને પ્રકોપ. તેમાંથી દોષ પહેલી (સમ) અવસ્થામાં હોય ત્યારે એને અવિકૃત (ન બગડેલો) કહે છે અને છેલ્લી ત્રણ અવસ્થામાં હોય ત્યારે એને બગડેલો (વિકૃત) કહે છે.

દોષની વૃદ્ધિ અને ક્ષયના સામાન્ય લક્ષણ ગયા અધ્યાયમાં કહેવાઈ ગયાં છે. તેથી હવે દોષની વૃદ્ધિ (સંચય અને પ્રકોપ) તથા શમન (સમતા અને ક્ષય) શાં કારણોથી થાય છે તે કહેવાનો આરંભ કરે છે.

દોષની વૃદ્ધિ અને શમનનાં કારણ

વાયુની વૃદ્ધિ અને શમનનાં કારણ

उष्णेन युक्ता रूक्षाद्या वायोः कुर्वन्ति सञ्चयम् १९
शीतेन कोपमुष्णेन शमं स्निग्धादयो गुणाः ।

(સૂ. ૧/૧૦ફેમાં કહેલા) લૂખાશ વગેરે વાયુના ગુણો (પોતાનાથી વિરુદ્ધ) ગરમી સાથે જોડાય છે, ત્યારે એ વાયુનો સંચય કરે છે. એ લૂખાશ વગેર ગુણો (એ ગુણોમાંની જ એક એવી) ઠંડકના સંબંધમાં આવે છે, ત્યારે એ વાયુનો પ્રકોપ કરે છે અને (સૂ. ૧૧/ફે માં કહેલા) સ્નિગ્ધ વગેરે ગુણો જ્યારે ગરમીના સંબંધમાં આવે છે, ત્યારે એ બંને વાયુના વિરોધી હોવાથી વાયુનુ શમન થાય છે. [શમ, શમન કે પ્રશમ શબ્દમાં દોષનો ક્ષય (ઓછુ થવુ) અને સામ્ય (પ્રમાણસર હોવું) એ બંને અવસ્થાનો સમાવેશ થઈ જાય છે.]

પિત્તની વૃદ્ધિ અને શમનનાં કારણ

शीतेन युक्तास्तीक्ष्णाद्याश्चयं पित्तस्य कुर्वते ॥२०॥
उष्णेन कोपं, मन्दाद्याः शमं शीतोपसंहिताः ।

(સૂ. ૧/૧૧ માં કહેલા) તીક્ષ્ણ વગેરે પિત્તના ગુણો સાથે (એનાથી વિરુદ્ધ) ઠંડકનો ગુણ મળે તો તેથી પિત્તનો સંચય થાય છે, એ જ તીક્ષ્ણ વગેરે ગુણો સાથે (એમાંની જ એક એવી) ગરમી ભળે તો પિત્તનો પ્રકોપ થાય છે અને (સૂ. ૧/૧૧ફે માં કહેલા) મંદ વગેરે ગુણો સાથે ઠંડક ભળે તો (એ બંને પિત્તથી વિરુદ્ધ હોવાથી) પિત્તનું શમન થાય છે.

કફની વૃદ્ધિ અને શમનનાં કારણ

शीतेन युक्ताः स्निग्धाद्याः कुर्वते श्लेष्मणश्चयम् २१
उष्णेन कोपं तेनैव गुणा रूक्षादयः शमम् ।

(સ. ૧/૧૧ફે માં કહેલા) સ્નિગ્ધ વગેરે કફના ગુણો સાથે (એ ગુણોમાંની જ એક એવી) ઠંડક ભળવાથી (કફ ઠરી જતો હોવાથી) કફનો સંચય થાય છે, એ જ સ્નિગ્ધ વગેરે ગુણો (એ ગુણોથી વિરુદ્ધ) ગરમીના સંબંધમાં આવે ત્યારે (કફ ઓગળતો હોવાથી) કફનો પ્રકોપ થાય છે અને લૂખા વગેરે ગુણો ગરમીના સંબંધમાં આવે, ત્યારે એ બંને કફના વિરોધી હોવાથી કફનું શમન થાય છે.

દોષના સંચયનાં અર્થ અને લક્ષણ

चयो वृद्धिः स्वधाम्न्येव प्रद्वेषो वृद्धिहेतुषु ॥२२॥
विपरीतगुणेच्छा च

દોષ પોતાના સ્થાનમાં જ પ્રમાણ કરતાં વધી જાય તેને ચય (સંચય) કહે છે. (દોષ પોતાના સ્થાનમાં સહેલાઈથી હરીફરી શકે એવી સ્વાભાવિક સ્થિતિમાં હોય, ત્યારે એ

હોય પોતાના સ્થાનનો જેટલો ભાગ રોકતો હોય છે તેટલો જ ભાગ એ દોષ થીજી ગયેલો હોય ત્યારે પણ રોકે તો એ દોષ સરખી જગા રોકતો હોવા છતાં ઘટ્ટ હોવાને લીધે પ્રમાણમાં વધી જાય છે. આને દોષનો સંચય કહે છે.) દોષનો સંચય થાય ત્યારે જે કારણોથી (જે જાતના આહારવિહારથી) એ દોષ વધે છે તે કારણોની દરદીને સૂગ આવે છે અને એ દોષથી વિરુદ્ધ ગુણવાળા આહારવિહારની ઇચ્છા થાય છે.

(સંચય થયા પછી દોષનું આખું સ્થાન દોષથી ભરાઈ જાય તેને પ્રકોપ નામનો સંચય કહે છે અને એ સ્થિતિમાં દોષના ગુણો જેવા જ ગુણોવાળા આહારવિહારની સૂગ આવે છે. ત્યારપછી એ દોષ પોતાના સ્થાનમાંથી નીકળી બીજાના સ્થાનમાં દાખલ થાય છે, પ્રસરે છે. આને પ્રસર નામનો સંચય કહે છે. એ સ્થિતિમાં દોષના ગુણથી વિરુદ્ધ ગુણવાળા આહારવિહારની ઇચ્છા થાય છે.) (દોષના ગુણ માટે જુઓ સૂ. ૧/૧૦થી ૧૨).

પ્રકોપ અને શમનાં અર્થ અને લક્ષણ

कोपस्तून्मार्गगामिता ।
लिङ्गानां दर्शनं स्वेषामस्वास्थ्यं रोगसम्भवः २३
स्वस्थानस्थस्य समता विकारासम्भवः शमः ।

પણ દોષ પોતાનો સ્વાભાવિક માર્ગ છોડીને બીજે માર્ગે જાય તેને કોપ (પ્રકોપ) કહે છે. દોષનો પ્રકોપ થાય, ત્યારે જે દોષનો પ્રકોપ થયો હોય તેના પ્રકોપનાં જે લક્ષણો ગયા અધ્યાયમાં આપ્યાં છે તે દેખાય છે, બેચેની થાય છે અને રોગ થાય છે.

દોષ પોતાના સ્થાનમાં હોય, ત્યાં પણ યોગ્ય પ્રમાણમાં હોય અને દોષને લીધે રોગ ન થાય, એ ત્રણે ભેગાં હોય ત્યારે દોષનો શમ (પ્રશમ) કહેવાય છે.

સંચય, પ્રકોપ, પ્રશમની ઋતુઓ

चयप्रकोपप्रशमा वायोर्ग्रीष्मादिषु त्रिषु ॥ २४ ॥
वर्षादिषु तु पित्तस्य, श्लेष्मणः शिशिरादिषु ।

(સૂ. ૩/૧, ૨માં આપેલા ઋતુઓના ક્રમ પ્રમાણે) ગ્રીષ્મથી માંડીને ત્રણ ઋતુઓમાં (ગ્રીષ્મ, વર્ષા અને શરદમાં) વાયુના અનુક્રમે સંચય, પ્રકોપ અને પ્રશમ થાય છે; વર્ષાથી માંડીને ત્રણ ઋતુઓમાં (વર્ષા, શરદ અને હેમંતમાં) પિત્તના અનુક્રમે સંચય, પ્રકોપ અને પ્રશમ થાય છે અને શિશિરથી માંડીને ત્રણ ઋતુઓમાં (શિશિર, વસંત અને ગ્રીષ્મમાં) કફના અનુક્રમે સંચય, પ્રકોપ અને પ્રસર થાય છે.

કૌંસ( )માં લખેલા પ્રકોપ મુખ્ય નથી પણ ગૌણ છે.

	દોષ		
ઋતુ	વાત	પિત્ત	કફ
હેમન્ત	(પ્રકોપ)	શમન	સંચય
શિશિર	(પ્રકોપ)	×	સંચય
વસન્ત	×	×	પ્રકોપ
ગ્રીષ્મ	સંચય	(પ્રકોપ)	શમન
વર્ષા	પ્રકોપ	સંચય	×
શરદ	શમન	પ્રકોપ	×

સંચયની ઋતુમાં પ્રકોપ કેમ નથી થતો?

चीयते लघुरूक्षाभिरोषधीभिः समीरणः ॥२५॥
तद्विधस्तद्विधे देहे कालस्यौष्ण्यान्न कुप्यति ।
अद्भिरम्लविपाकाभिरोषधीभिश्च तादृशम् ॥ २६
पित्तं याति चयं कोपं न तु कालस्य शैत्यतः ।
चीयते स्निग्धशीताभिरुदकौषधिभिः कफः २७
तुल्येऽपि काले देहे च स्कन्नत्वान्न प्रकुप्यति ।

ગ્રીષ્મઋતુમાં વનસ્પતિ (અનાજ, ફળ વગેરે) આદાનકાળની અસરને લીધે હલકી અને લૂખી થઈ ગયેલી હોય છે, તેથી (એટલે હલકાં અને લૂખાં અન્નપાનથી) આદાનકાળમાં તેવા જ (હલકા અને લૂખા પડી ગયેલા) દેહમાં તેવા જ (હલકા અને લૂખા) વાયુનો સંચય થાય છે, પણ પ્રકોપ થતો નથી; કારણ કે ઋતુ ગરમ હોય છે (વાયુના શીત ગુણથી વિરુદ્ધ ગુણવાળી હોય છે).

વર્ષાઋતુમાં પાણી અને વનસ્પતિમાં (ભેજને લીધે) ખટાશ આવી જાય છે, તેથી એ ખાટાં થઈ ગયેલાં પાણી અને વનસ્પતિથી

એવા જ (ખાટા થઈ જતા) પિત્તનો સંચય થાય છે, પ્રકોપ થતો નથી; કારણ કે એ ઋતુમાં (પિત્તથી વિરુદ્ધ ગુણવાળી) ઠંડક હોય છે.

શિશિર ઋતુમાં સ્નિગ્ધ અને ઠંડાં પાણી અને વનસ્પતિથી એવા જ (સ્નિગ્ધ અને ઠંડા થયેલા) દેહમાં ઋતુ પણ એવી જ (ઠંડી) હોવા છતાં એવા જ (સ્નિગ્ધ અને ઠંડા) કફનો સંચય થાય છે, પ્રકોપ થતો નથી; કારણ કે ઠંડકને લીધે કફ ઠરી (થીજી) જાય છે.

ખરું જોતાં અન્નપાન, દેહ, દોષ અને ઋતુમાંથી ઘણાંખરાં સમાન ગુણવાળાં હોય તો એમની ભેગી અસરથી દોષનો પ્રકોપ થવો જોઈએ, છતાં અમુક ઋતુમાં અમુક દોષનો પ્રકોપ ન થતાં સંચય જ કેમ થાય છે તેનું કારણ આ શ્લોકમાં આપ્યું છે.

સંચય, પ્રકોપ અને પ્રશમનું મુખ્ય કારણ

इति कालस्वभावोऽयमाहारादिवशात्पुनः ॥२८॥
चयादीन् यान्ति सद्योऽपि दोषाः कालेऽपि वा न तु ।

શ્લોક ૨૪થી ૨૭ॢમાં આ (દોષોનો સંચય, પ્રકોપ અને પ્રશમ) ઋતુના સ્વભાવને લીધે થાય છે એમ કહ્યું; પણ આહાર વગેરે (આહાર, વિહાર, દેશ, રસાયન, વાજીકરણ, વમન, વિરેચન)ને લીધે પણ તરત જ (ઋતુ વગેરે પણ) દોષોના સંચય, પ્રકોપ અને પ્રશમ થાય છે અથવા ઋતુમાં પણ સંચય, પ્રકોપ અને પ્રશમ થતા નથી.

અમુક ઋતુમાં અમુક દોષના સંચય, પ્રકોપ અને પ્રશમ થાય એ તો સામાન્ય નિયમ છે. પણ દોષોના સંચય, પ્રકોપ અને પ્રશમનો મોટો આધાર તો આહાર, વિહાર, દેશ, શરીર-શુદ્ધિ વગેરે ઉપર છે.

દોષના સંચય, પ્રકોપ અને પ્રશમ થાય એવા આહારવિહાર વગેરે હોય તો ગમે તે ઋતુમાં ગમે તે દોષનો સંચય, પ્રકોપ અને પ્રશમ થઈ શકે છે, પણ જો દોષના સંચય, પ્રકોપ અને પ્રશમ થાય એવા આહારવિહાર વગેરે ન હોય તો શ્લોક ૨૪/૨૪ॢમાં જણાવેલી ઋતુઓમાં પણ સંચય, પ્રકોપ અને પ્રશમ થતા નથી, તો પછી બીજી ઋતુઓમાં તો થાય જ ક્યાંથી?

દોષ વધે છે હાથીવેગે, ઘટે છે કીડીવેગે

व्याप्नोति सहसा देहमापादतलमस्तकम् ॥२९॥
निवर्तते तु कुपितो मलोऽल्पाल्पं जलौघवत् ।

જેમ પાણીનું પૂર એકદમ બધે પ્રસરી જાય છે, પણ પછી ધીમેધીમે ઊતરે છે, તેમ કોપેલા દોષ પગના તળિયાથી તે માથા લગી એકદમ બધે વ્યાપી જાય છે, પણ તે પછી ધીમેધીમે (પોતાના સ્થાન તરફ) પાછા ફરે છે (ઓછા થાય છે).

नानारूपैरसङ्ख्येयैर्विकारैः कुपिता मलाः ॥३०॥
तापयन्ति तनुं तस्मात्तद्धेत्वाकृतिसाधनम् ।
शक्यं नैकैकशो वक्तुमतः सामान्यमुच्यते ॥३१॥

કોપેલા દોષો અનેક જાતના અસંખ્ય રોગો કરીને શરીરને દુઃખ દે છે, તેથી દરેક રોગનાં જુદાં જુદાં કારણ, લક્ષણ અને ઉપાય (નિદાન-સ્થાન, ચિકિત્સાસ્થાન વગેરે ઠેકાણે) કહી શકાય નહિ, તેથી રોગનાં સામાન્ય (બધા રોગને લાગુ પડે એવાં) કારણ, લક્ષણ અને ઉપાય (અહીં) કહીએ છીએ. (અસંખ્ય રોગો માટે જુદુંજુદું કહેવું શક્ય નથી તેથી અહીં બધાને લાગુ પડે એવું કહ્યું છે. પણ મુખ્યમુખ્ય રોગોને વિષે નિદાન, ચિકિત્સા, ઉત્તર વગેરે સ્થાનોમાં જુદુંજુદું પણ કહ્યું છે.)

નિજ રોગોનું કારણ દોષો

दोषा एव हि सर्वेषां रोगाणामेककारणम् ।
यथा पक्षी परिपतन् सर्वतः सर्वमप्यहः ॥३२॥
छायामत्येति नात्मीयां यथा वा कृत्स्नमप्यदः ।
विकारजातं विविधं त्रीन् गुणान्नातिवर्तते ॥३३॥
तथा स्वधातुवैषम्यनिमित्तमपि सर्वदा ।
विकारजातं त्रीन्दोषान्

બધા રોગોનું મુખ્ય કારણ દોષો જ છે. જેમ પક્ષી ગમે તે દેશમાં ગમે તે વખતે ફરે તો પણ એની છાયા તો એની સાથે ને સાથે જ હોય છે અથવા જેમ આ અનેક પ્રકારના બધા સૃષ્ટિના પદાર્થો સત્ત્વ, રજસ અને તમસ—એ

ત્રણ ગુણ વિનાના હોતા નથી, તેમ પોતપોતાના ધાતુવૈષમ્યને કારણે થયેલા રોગો પણ કદી પણ ત્રણ દોષ વિનાના (ત્રણ દોષની વિષમતા વિનાના) હોતા નથી.

ધાતુનો અર્થ અહીં ધાતુ, દોષ અને મળ કરવાનો છે. રોગેરોગે ધાતુઓની વિષમતા જુદી-જુદી જાતની હોય છે, તેથી 'પોતપોતાનું ધાતુ-વૈષમ્ય' એવો શબ્દપ્રયોગ કર્યો છે. ધાતુઓ, દોષો અને મળોની વિષમતાને ધાતુવૈષમ્ય કહે છે. વિષમતા ચાર રીતે થઈ શકે છે: ધાતુ વગેરે પ્રમાણથી ઓછી થવાથી, વધી જવાથી, બગડવાથી અને કોપવાથી (પોતાનો માર્ગ છોડીને બીજે માર્ગે જવાથી). ધાતુ, દોષ અને મળ સૂ. ૧૧/૧થી ૪૬માં આપેલાં પોતપોતાના સ્વાભાવિક કામ ન કરે ત્યારે વિષમ થયા છે એમ સમજવું.

વળી આ શ્લોકમાં કહ્યું છે કે જે રોગ ધાતુ, દોષ અને મળની વિષમતાથી ઉત્પન્ન થાય છે તે દોષો વિના ઉત્પન્ન થતા નથી. આ ઉપરથી એવું કહેવા માગે છે કે જે રોગો ધાતુ વગેરેની વિષમતાથી ઉત્પન્ન થતા નથી એવા આગંતુક રોગો દોષો વિના ઉત્પન્ન થાય છે. નિજ રોગોમાં દોષો હોય છે, આગંતુક રોગોમાં શરૂઆતમાં દોષો હોતા નથી.

દોષોના પ્રકોપનું કારણ

तेषां कोपे तु कारणम् ॥ ३४ ॥
अर्थैरसात्म्यैः संयोगः कालः कर्म च दुष्कृतम् ।
हीनातिमिथ्यायोगेन भिद्यते तत्पुनस्त्रिधा ॥ ३५ ॥

અસાત્મ્ય વિષય સાથે ઇંદ્રિયોનો સંબંધ, બગડેલી ઋતુ અને (આ જન્મનું કે પૂર્વ જન્મનું) પાપ–એ ત્રણ દોષોના કોપનું કારણ છે. એ ત્રણ કારણમાંના દરેક કારણના વળી હીનયોગ, અતિયોગ અને મિથ્યાયોગની દૃષ્ટિએ ત્રણત્રણ પેટા વિભાગ પડે છે. (આમ દોષ કોપવાના નવ કારણ છે.)

અસાત્મ્ય વસ્તુ સાથે ઇંદ્રિયોનો સંબંધ

અહીં અર્થ અથવા વિષય એટલે શબ્દ (અવાજ), સ્પર્શ, રૂપ (આકાર, રંગ), રસ (સ્વાદ) અને ગંધ. કાનનો વિષય શબ્દ, ચામડીનો વિષય સ્પર્શ, આંખનો વિષય રૂપ, જીભનો વિષય રસ અને નાકનો વિષય ગંધ છે. અમુક વિષય અમુક ઇંદ્રિયનો હોય છતાં પણ અમુક માણસની એ ઇંદ્રિયને એ વિષય સાત્મ્ય ન હોય તો તેના સેવનથી દોષો કોપે છે. સાજા માણસને પણ કોઈને કંકોડાં સાત્મ્ય છે (સદે છે) અને કોઈને નથી સદતાં. એક સાજો માણસ કંકોડાંનું શાક ખાય તો એના દોષ કોપતા નથી પણ બીજા સાજા માણસથી ભૂલેચૂકે પણ એક કકડો કંકોડું અજાણતાંયે ખવાઈ ગયું હોય તો એને ચૂંકાય છે, ઝાડા થઈ જાય છે. પહેલા માણસને કંકોડાં માપસર સાત્મ્ય છે, બીજાને કંકોડાં અસાત્મ્ય છે. આમ અસાત્મ્ય પદાર્થ સાથે (એમના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ કે ગંધ દ્વારા) શરીરનો સંબંધ થાય છે, ત્યારે દોષો કોપે છે.

ઇંદ્રિય અને અર્થના હીન, અતિ અને મિથ્યાયોગ એટલે શું?

हीनोऽर्थेनेन्द्रियस्याल्प संयोगः स्वेन नैव वा ।
अतियोगोऽतिसंसर्गः, सूक्ष्मभासुरभैरवम् ॥३६॥
अत्यासन्नातिदूरस्थं विप्रियं विकृतादि च ।
यदक्ष्णा वीक्ष्यते रूपं मिथ्यायोगः स दारुणः ॥३७
एवमत्युच्चपूत्यादीनिन्द्रियार्थान् यथायथम् ।
विद्यात्

કોઈ પણ ઇંદ્રિયને પોતાના વિષય સાથે જરૂર કરતાં થોડો સંબંધ થાય કે બિલકુલ સંબંધ થાય જ નહિ એને હીનયોગ કહે છે; જરૂર કરતાં વધારે સંબંધ થાય તેને અતિયોગ કહે છે; આંખ ઝીણું, ચળકતું, ભયંકર, બહુ પાસેનું, બહુ આઘું, ન ગમે એવું, બેડોળ વગેરે રૂપ (આકાર, રંગ) જુએ તેને મિથ્યાયોગ કહે છે. મિથ્યાયોગ ભયંકર છે. ઉપરના આંખના દાખલા ઉપરથી સમજી લેવું કે (કાન, નાક વગેરે) તે તે ઇંદ્રિય બહુ મોટો અવાજ, દુર્ગંધ વગેરે વિષયના સંબંધમાં આવે ત્યારે તે તે ઇંદ્રિયનો અને તેના વિષયનો મિથ્યાયોગ થાય છે.

જ્યારે કાન બહુ મોટો, કઠોર, પ્રિયજનના નાશનો, ભયંકર વગેરે અનિષ્ટ અવાજ સાંભળે,

ત્યારે કાન અને અવાજનો મિથ્યાયોગ થયો કહેવાય. જ્યારે નાકને દુર્ગંધ, વિષ્ઠાની ગંધ વગેરે અનિષ્ટ ગંધ આવે, ત્યારે નાકનો અને ગંધનો મિથ્યાયોગ થયો કહેવાય. જ્યારે સ્નાન કરવું, ચંદન વગેરે ચોપડવું, ઠંડી વસ્તુનો સ્પર્શ કરવો, ગરમ વસ્તુનો સ્પર્શ કરવો વગેરે પ્રકારના સ્પર્શ જે શાસ્ત્રોક્ત ક્રમે કરવા જોઈએ તે ક્રમમાં ન કરાય, ત્યારે ચામડી અને સ્પર્શનો મિથ્યાયોગ થયો કહેવાય છે; તેમ જ જે ક્રમમાં રસ(સ્વાદ)નો ઉપયોગ જીભે લેવો જોઈએ તે ક્રમમાં ન લે કે અપથ્ય દ્રવ્યના રસનો સ્વાદ જીભ લે, ત્યારે જીભ અને રસનો મિથ્યાયોગ થયો કહેવાય.

ઋતુના હીન, અતિ ને મિથ્યાયોગ

कालस्तु शीतोष्णवर्षाभेदात् त्रिधा मतः ॥ ३८ ॥
स हीनो हीनशीतादिरतियोगोऽतिलक्षणः ।
मिथ्यायोगस्तु निर्दिष्टो विपरीतस्वलक्षणः ॥ ३९ ॥

ઠંડીનો, ગરમીનો અને વરસાદનો—એ ત્રણ ભેદને લીધે કાળ (ઋતુ) પણ ત્રણ પ્રકારનો છે. ઠંડી, ગરમી અને વરસાદ જે કાળમાં જેટલા હોવાં જોઈએ તે કરતાં ઓછાં હોય, ત્યારે તે હીનકાળ કહેવાય છે. જ્યારે ઠંડી, ગરમી અને વરસાદ જે કાળમાં જેટલાં હોવાં જોઈએ તેનાથી વધારે હોય છે, ત્યારે કાળનો અતિયોગ થયો કહેવાય છે અને જે કાળમાં ઠંડી, ગરમી ને વરસાદમાંથી જે હોવું જોઈએ તેનાથી ઊલટું જ થાય તેને કાળનો મિથ્યાયોગ કહે છે. (દા. ત. હેમંતઋતુમાં થોડી ટાઢ પડે તો હીનયોગ, બહુ જ ટાઢ પડે તો અતિયોગ અને તાપ પડે તો મિથ્યાયોગ થયો કહેવાય છે.)

કામના હીન, અતિ ને મિથ્યાયોગ

कायवाक्चित्तभेदेन कर्मापि विभजेत् त्रिधा ।
कायादिकर्मणो हीना प्रवृत्तिर्हीनसंज्ञकः ॥ ४० ॥
अतियोगोऽतिवृत्तिस्तु, वेगोदीरणधारणम् ।
विषमाङ्गक्रियारम्भपतनस्खलनादिकम् ॥ ४१ ॥
भाषणं सामिभुक्तस्य रागद्वेषभयादि च ।
कर्म प्राणातिपातादि दशधा यच्चनिन्दितम् ॥४२॥
मिथ्यायोगः समस्तोऽसाविह वाऽमुत्र वा कृतम् ।

શરીરથી થતું, વાણીથી થતું અને મનથી થતું એવા કામના ત્રણ ભેદને લીધે કામના પણ ત્રણ ભાગ પાડવા. શરીરનું, વાણીનું કે મનનું કામ થવું જોઈએ તે કરતાં ઓછું થાય તો કામનો હીનયોગ કહેવાય અને વધારે થાય તો અતિયોગ કહેવાય. અંગો વાંકાંચૂકાં રાખીને કામ કરવા માંડવું. પડવું, લપસવું વગેરે (શરીરથી થતાં કામ), જમતાંજમતાં બોલવું (વાણીથી થતું કામ), અને સૂ. ૨/૨૧,૨૨માં જણાવેલાં શરીરનાં, વાણીના અને મનનાં પાપકર્મો એ બધાં આ જન્મે કર્યાં હોય કે ગયા જન્મોમાં, તોપણ એ કામનો મિથ્યાયોગ છે.

કોપેલા દોષ કેટલા અને ક્યાં રોગ કરે છે?

निदानमेतद्दोषाणां, कुपितास्तेन नैकधा ॥ ४३ ॥
कुर्वन्ति विविधान् व्याधीन्
शाखाकोष्ठास्थिसन्धिषु ।

આ (શ્લોક ૩૪થી ૪૨½ સુધીમાં કહ્યું તે) દોષોના પ્રકોપનું કારણ છે. એ કારણને લીધે અનેક પ્રકારે કોપેલા દોષ શાખામાં (શ્લોક ૪૪મા કહેલા બાહ્ય માર્ગમાં), કોઠામાં (શ્લોક ૪૫½માં કહેલા અંતઃકોષ્ઠ માર્ગમાં) અને હાડકાંના સાંધામાં (શ્લોક ૪૭,૪૭½માં કહેલા મધ્યમ માર્ગમાં) અનેક જાતના રોગ કરે છે.

શાખા વગેરેમાં થનારા રોગ
(બહિર્ભાગે થનારા રોગ)

शाखा रक्तादयस्त्वक् च बाह्यरोगायनं हि तत् ॥ ४४ ॥
तदाश्रया मषव्यङ्गगण्डालज्यर्बुदादयः ।
बहिर्भागाश्च दुर्नामगुल्मशोफादयो गदाः ॥ ४५ ॥

શાખા (હાથ, પગ), લોહી, માંસ, ચરબી, હાડકું, મજ્જા અને વીર્ય—એ છ ધાતુઓ અને ચામડી એટલા રોગનો બાહ્ય (બહારનો, ઉપરનો) માર્ગ છે. મષ, વ્યંગ, ગંડાલજી, અર્બુદ (વિસર્પ, વિદ્રધિ) વગેરે તથા હરસ, ગોળો, સોજા વગેરે રોગોને બહારના ભાગના રોગ કહે છે.

કોષ્ઠમાં થનારા રોગ (અંતર્ભાગમાં થનારા રોગ)

अन्तःकोष्ठो महास्रोत आमपक्वाशयाश्रयः ।
तत्स्थानाः छर्द्यतीसारकासश्वासोदरज्वराः ॥
अन्तर्भागं च शोफार्शोगुल्मवीसर्पविद्रधि ।

આમાશય અને પક્વાશયના આશ્રયરૂપ મહાસ્રોત (એટલે ગળાથી શરૂ થતો ગુદા સુધીનો માર્ગ, જેમાં હોજરી, ગ્રહણી, નાનું આંતરડું અને મોટું આંતરડું આવી જાય છે તે) એટલાંને રોગનો અંતઃકોષ્ઠ (અંદરનો, ઊંડાણનો) માર્ગ કહે છે. ઊલટી, અતિસાર, ઉધરસ, દમ, ઉદરરોગ, તાવ, સોજા, હરસ, ગોળો, રતવા અને ગડ એ તે સ્થાનમાં (=અંતઃકોષ્ઠમાં) થતા—ઊંડાણના ભાગમાં થતા—રોગ છે.

શરીરના મધ્યમ ભાગમાં થનારા રોગ

शिरोहृदयबस्त्यादिमर्माण्यस्थ्नां च सन्धयः ॥४७॥
तन्निबद्धाः शिरास्नायुकण्डराद्याश्च मध्यमः ।
रोगमार्गः स्थितास्तत्र यक्ष्मपक्षवधार्दिताः ॥४८॥
मूर्धादिरोगाः सन्ध्यस्थित्रिकशूलग्रहादयः ।

માથું, હૃદય, મૂત્રાશય વગેરે તથા મર્મસ્થાનો તથા હાડકાના સાંધા તથા તે બધાની સાથે જોડાયેલા શિરા, સ્નાયુ, કંડરા વગેરે—એટલાં રોગનો મધ્યમ (વચલો) માર્ગ છે. ક્ષય, પક્ષાઘાત, અડદિયો વા, માથું (હૃદય, મૂત્રાશય) વગેરેના રોગ અને સાંધામાં, હાડકામાં અને ત્રિકમાં શૂળ, જડતા વગેરે રોગ ત્યાં (મધ્યમ માર્ગમાં) થાય છે.

કોપેલા વાયુનાં કામ (અસર)

स्रंसव्यासव्यधस्वापसादरुक्तोदभेदनम् ॥४९॥
सङ्गाङ्गभङ्गसङ्कोचवर्तहर्षणतर्षणम् ।
कम्पपारुष्यसौषिर्यशोषस्पन्दनवेष्टनम् ॥५०॥
स्तम्भः कषायरसता वर्णः श्यावोऽरुणोऽपि वा ।
कर्माणि वायोः-

સ્રંસ (૧. અંગ લબડી પડે, ૨. ઢીલુંઢીલું થઈ જાય), વ્યાસ (૧. અંગમાં આચકા લાગે, ૨. અંગ સંકોચાઈ ન શકે), વ્યધ (૧. હથોડા વાગતા હોય એવું લાગે, ૨. વીંધતા હોય એવી પીડા થાય), સ્વાપ (૧. અંગ પોતાના કામની બાબતમાં જડ—બહેરું બની જાય, ૨. કંઈ અડકે તો ખબર ન પડે), સાદ (અંગ પોતપોતાનું કામ ન કરી શકે), રુક્ (સતત શૂળ—સણકા આવે), તોદ (સોય ખોસ્યા જેવી પીડા થાય એટલે કકડેકકડે સણકા મારે), ભેદન (અંગને ફાડવામાં આવતું હોય એવી પીડા), સંગ (ઝાડો, પેશાબ, વગેરે પોતાનાં સ્થાનમાંથી નીકળી ન શકે તથા મૂગા થઈ જવાય), અંગભંગ (શરીર જાણે ભાંગતું—કચરાતુ હોય એવી પીડા થાય), સંકોચન (અંગ સંકોચાઈ જાય, લાંબું ન થઈ શકે), વર્ત (ઝાડાની લીંડીઓ બંધાઈ જાય), હર્ષણ (૧. રૂંવાડા ઊભાં થઈ જાય, ૨. અંગ જાણે કાંટાકાટાવાળું થઈ જાય), તર્ષણ (તરસ લાગે), કંપ (અંગ હાલ્યા કરે), પારુષ્ય (અંગ કઠણ થઈ જાય), સૌષિર્ય (કાણાંકાણાં પડી જાય), શોષ (અંગ સુકાઈ જાય), સ્પંદન (અંગ ફરકે, થડકે), વેષ્ટન (અંગને જકડીને બાંધ્યું હોય એવી પીડા થાય), સ્તંભ (અંગ અક્કડ થઈ જાય), મોમાં તૂરું-તૂરું લાગે, અંગ કાળું પડી જાય અથવા આછું લાલ થઈ જાય—આ (કોપેલા) વાયુના કામ છે.

કોપેલા પિત્તનાં કામ (અસર)

पित्तस्य दाहरागोष्मपाकिताः ॥५१॥
स्वेदः क्लेदः स्रुतिः कोथः सदनं मूर्च्छनं मदः ।
कटुकाम्लौ रसौ वर्णः पाण्डुरारुणवर्जितः ॥५२॥

દાહ (લાહ્ય બળે), રાગ (અંગ લાલ થઈ જાય), ઉષ્મ (અંગ ગરમ થઈ જાય), પાક (ગૂમડાં વગેરે પાકે), પરસેવો થાય, મળ પચપચા થઈ જાય, શરીરમાંથી બહાર વહેવું—વહેવડાવવું, સડાવવું, સદન (માથું દુખાડી વગેરે કામથી અંગને સજજડ કરી દે), મૂર્છા આણવી, મદ ચડાવવો, મો તીખું અને ખાટું રહે, અંગનો રંગ ધોળા અને લાલ સિવાય બીજો ગમે તે થઈ જાય—આ કોપેલા પિત્તનાં કામ છે.

કોપેલા કફનાં કામ (અસર)

श्लेष्मणः स्नेहकाठिन्यकण्डूशीतत्वगौरवम् ।
बन्धोपलेपस्तैमित्यशोफापक्त्यतिनिद्रताः ॥५३॥

वर्णः श्वेतो रसौ स्वादुलवणौ चिरकारिता ।

(જે જગ્યાએ કફ કોપ્યો હોય ત્યાં) ચીકણુ થઈ જાય, કઠણ થઈ જાય, ખણજ (ચળ) આવે, ઠંડુ થઈ જાય, ભારે થઈ જાય, બંધ (૧. સ્રોતો પુરાઈ જાય, ૨. ચોટાડી દે), પોતે (કફ) અંગ ઉપર લપેડાઈ–ખરડાઈ જાય, સ્તૈમિત્ય (અંગ ચપળતાથી પોતાનું કામ ન કરી શકે); સોજા, ખોરાક, ગૂમડાં વગેરેને પાકવા ન દે, બહુ ઊંઘ આવે, અંગનો રંગ ધોળો થઈ જાય, મોમાં ગળ્યુ ગળ્યુ અને ખારું ખારું લાગે તથા રોગ ધીમે ધીમે વધે–આ કોપેલા કફનાં કામ (અસરો) છે.

દરદીને વારંવાર તપાસવાનું કારણ

इत्यशेषामयव्यापि यदुक्तं दोपलक्षणम् ॥ ५४ ॥
दर्शनाद्यैरवहितस्तत्सम्यगुपलक्षयेत् ।
व्याध्यवस्थाविभागज्ञः पश्यन्नार्तान् प्रतिक्षणम् ॥ ५५ ॥

રોગની અવસ્થાઓ(Stages)ને ખરાખર ઓળખી શકે એવા, ધ્યાન રાખે એવા વૈદ્યે દરદીઓને દર્શન વગેરેથી (સૂ. ૧/૨૧૬માં જણાવેલી ત્રણ રીતે) ઘડીએ ઘડીએ તપાસીને બધાયે રોગોમાં વ્યાપી ગયેલાં (થતાં) (કોપેલા) દોષોનાં જે લક્ષણો ઉપર કહ્યાં તે ખરાખર જોવાં (ઉપર કહેલાં લક્ષણોમાંથી કયાં અને કેટલાં લક્ષણો દરદીને થાય છે તે ખરાખર જોવુ).

अभ्यासात्प्राप्यते दृष्टिः कर्मसिद्धिप्रकाशिनी ।
रत्नादिसदसज्ज्ञानं न शास्त्रादेव जायते ॥ ५६ ॥

(કોપેલા દોષનાં લક્ષણો દરદીમાં થતાં હોય તે વારવાર જોવાની) ટેવથી રોગ મટાડવાનુ કામ ખરાખર પાર પડે એવા રસ્તા સુઝાડનારી દૃષ્ટિ આવે છે. ઝવેરાત વગેરે ખરું છે કે ખોટું (નકલી) તેની સમજણ ફક્ત ઝવેરાત વગેરેના શાસ્ત્રના જ્ઞાનથી જ આવતી નથી.

કોઈ પણ વિષયમાં દૃષ્ટિ ખરાખર ખૂપે એટલા માટે એ વિષયને લગતી વિદ્યા પૂરી ભણવી જોઈએ તથા એ વિદ્યામાં જે કામ કરવાનું હોય તે વારંવાર કરવું જોઈએ. ઊંડી સમજણ (insight) થવા માટે શાસ્ત્ર (bookish knowledge) અને અભ્યાસ (repeated practical knowledge) એ બંનેની જરૂર પડે છે.

ત્રણ પ્રકારના રોગ

दृष्टापचारजः कश्चित्कश्चित्पूर्वापराधजः ।
तत्सङ्करात्भवत्यन्यो व्याधिरेवं त्रिधा स्मृतः ॥५७

કેટલાક (આ જન્મે કરેલાં અને તેથી) જોયેલાં કુપથ્ય વગેરે કારણથી થયેલા, કેટલાક ગયા જન્મમાં કરેલા પાપથી થયેલા અને બીજા કેટલાક એ બંને (આ જન્મનું કુપથ્ય અને પૂર્વજન્મનાં પાપનુ ફળ) ભેગાં થવાથી થયેલા એ રીતે રોગ ત્રણ પ્રકારના છે એવુ આયુર્વેદ કહે છે. (આમાંથી પહેલા પ્રકારના રોગોને દૃષ્ટજ અથવા દૃષ્ટકર્મજ, બીજા પ્રકારના રોગોને અદૃષ્ટજ અથવા અદૃષ્ટકર્મજ અને ત્રીજા પ્રકારના રોગોને દૃષ્ટાદૃષ્ટજ અથવા દૃષ્ટાદૃષ્ટકર્મજ રોગ પણ કહે છે.)

એ ત્રણ પ્રકારનાં રોગનાં લક્ષણ

यथानिदानं दोपोत्थः कर्मजो हेतुभिर्विना ।
महारम्भोऽल्पके हेतावातङ्को दोषकर्मजः ॥ ५८ ॥

શ્લોક ૩૪થી ૪૪ સુધીમાં દોષોના પ્રકોપનાં જે કારણ (નિદાન) કહ્યાં છે તે કારણથી કોપેલા દોષને લીધે થયેલા રોગને દોષોત્થ (દૃષ્ટજ, દૃષ્ટકર્મજ, દૃષ્ટાપચારજ) રોગ કહે છે. દોષ કોપે એવાં કારણો વિના જે રોગ થયો હોય તેને કર્મજ (અદષ્ટજ, અદષ્ટકર્મજ, પૂર્વપરાધજ) રોગ કહે છે. દોષ કોપે એવું કારણ જરાક જ બન્યુ હોય (આહારવિહારનુ ન જેવુ કુપથ્ય થયુ હોય) છતાં જે રોગ શરૂઆતથી જ ઉગ્ર સ્વરૂપમાં થાય (એટલે રોગના પૂર્વરૂપ અને રૂપનાં લક્ષણો શરૂઆતથી જ ઉગ્ર સ્વરૂપમાં થાય) તેને દોષ અને દૈવ બંનેને લીધે થયેલો (દોષકર્મજ, દૃષ્ટાદૃષ્ટજ, દૃષ્ટાદૃષ્ટકર્મજ) રોગ કહે છે.

ઉપશય ઉપરથી રોગની જાત ઓળખવાની રીત

विपक्षशीलनात्पूर्वः कर्मजः कर्मसङ्क्षयात् ।
गच्छत्युभयजन्मा तु दोपकर्मक्षयात्क्षयम् ॥ ५९ ॥

રોગ જે કારણથી થયો હોય તેનાથી વિરુદ્ધ પ્રકારના આહારવિહારનુ સેવન કરવાથી જે રોગ મટે તે રોગ પહેલા પ્રકારનો (દોષના પ્રકોપથી થયેલો) છે, રોગની પીડા ભોગવીને. અથવા પ્રાયશ્ચિત્ત કરીને પ્રારબ્ધનો નાશ કરવાથી જે રોગ મટે તે કર્મજ (પ્રારબ્ધથી થયેલો) રોગ છે અને દોષ અને પ્રારબ્ધ બંનેનો નાશ કરવાથી જે રોગ મટે તે રોગ દોષ અને પ્રારબ્ધ બંનેથી થયેલો છે (એમ જાણવુ).

રોગના ત્રણ પ્રકારના પેટાવિભાગ

द्विधा स्वपरतन्त्रत्वाद्याद्ययोऽन्त्याः पुनर्द्विधा ।

શ્લોક પ૭વાળા ત્રણ પ્રકારના રોગના દરેકના સ્વતંત્ર (મૂળ રોગ) અને પરતંત્ર–એ રીતે બે ભાગ પડે છે. તેમાંથી પાછળના (પરતંત્ર) રોગના વળી પાછા બે પેટાભાગ પડે છે.

પરતંત્ર રોગના બે પેટાભાગ

पूर्वजाः पूर्वरूपाख्या, जाताः पश्चादुपद्रवाः ॥६०॥

સ્વતંત્ર એટલે મૂળ રોગ થાય તે પહેલાં જે રોગો (લક્ષણો) થાય છે તે પૂર્વરૂપને નામે ઓળખાતા રોગ અને મૂળ રોગ થયા પછી જે ઉપદ્રવો થાય છે તે ઉપદ્રવો–(આ પૂર્વરૂપ અને ઉપદ્રવો એ પરતંત્ર રોગના બે પેટાભાગ છે.)

સ્વતંત્ર રોગ કોને કહેવાય?

यथास्वजन्मोपशयाः स्वतन्त्राः स्पष्टलक्षणाः ।

અમુક રોગ જે કારણથી થતો હોવાનું શાસ્ત્રમાં (નિદાનસ્થાન વગેરે યોગ્ય સ્થળે) કહ્યુ હોય તે કારણથી જે રોગ થયો હોય, જે રોગ માટે જે ઉપચાર શાસ્ત્રમાં (ચિકિત્સાસ્થાન વગેરે જગાએ) કહ્યા હોય તે ઉપચારથી જે રોગ મટે અને જે રોગનાં શાસ્ત્રોક્ત લક્ષણો સ્પષ્ટ જણાતાં (દેખાતાં) હોય (આ ત્રણે શરતો જે રોગમાં પૂરી પડતી હોય) તે રોગને સ્વતંત્ર રોગ કહે છે.

પરતંત્ર રોગ કોને કહેવાય?

विपरीतास्ततोऽन्ये तु

પણ બીજા એટલે પરતંત્ર રોગ એનાથી (સ્વતંત્ર રોગથી) ઊંધા હોય છે. (અમુક રોગ જે કારણથી થતો હોવાનુ શાસ્ત્રમાં કહ્યુ હોય તે કારણથી જે રોગ ન થયો હોય, જે ઉપચારથી મટતો હોવાનુ શાસ્ત્રમાં કહ્યુ હોય તે ઉપચારથી જે મટે નહિ અને જેનાં લક્ષણો સ્પષ્ટ જણાતાં ન હોય તે રોગને પરતંત્ર રોગ કહે છે.)

દોષના બે પ્રકાર

विद्यादेवं मलानपि ॥६१॥

(ફક્ત રોગ જ સ્વતંત્ર અને પરતંત્ર હોય છે એમ નથી;) દોષ પણ એ જ પ્રમાણે સ્વતંત્ર તથા પરતંત્ર બે પ્રકારના જાણવા.

દોષનાં બે પ્રકારનાં લક્ષણ

तांल्लक्षयेदवहितो विकुर्वाणान् प्रतिज्वरम् ।

દરેક રોગમાં કોપેલા દોષોનાં લક્ષણ વૈદ્યે ધ્યાનપૂર્વક જોવાં. (અને તે ઉપરથી નક્કી કરવુ કે એ કોપેલો દોષ સ્વતંત્ર છે કે પરતંત્ર. અમુક દોષ જે કારણથી કોપતો હોવાનુ શાસ્ત્રમાં કહ્યુ હોય તે કારણથી જે દોષ કોપ્યો હોય, જે દોષનો પ્રકોપ મટાડવા માટે શાસ્ત્રમાં જે ઉપાય કહ્યો હોય તે ઉપાયથી જે કોપેલો દોષ શમી જાય અને જે દોષના પ્રકોપનાં લક્ષણો સ્પષ્ટ જણાઈ આવે તે દોષનો પ્રકોપ સ્વતંત્ર છે એમ જાણવુ. પણ જો ઉપરની ત્રણ શરતોથી વિરુદ્ધ રીતે દોષનો પ્રકોપ થયો હોય તો તે દોષનો પ્રકોપ પરતંત્ર છે એમ જાણવું.)

મૂળ રોગ અને ઉપદ્રવની ચિકિત્સાનો ક્રમ

तेषां प्रधानप्रशमे प्रशमोऽशाम्यतस्तथा ॥६२॥
पश्चाच्चिकित्सेत्तूर्णं वा बलवन्तमुपद्रवम् ।

સ્વતંત્ર (મૂળ) રોગ મટતાં એ (પરતંત્ર રોગો–ઉપદ્રવો) મટે છે. પણ એ રીતે જો ઉપદ્રવો ન મટે તો મૂળ રોગ મટી ગયા પછી એ ચાલુ રહેલા ઉપદ્રવોની (એમનાં પોતપોતાનાં ઔષધોથી) ચિકિત્સા કરવી. (જો એવું ન કરીએ તો એ ઉપદ્રવો અસાધ્ય થઈ જાય.) પણ જો એ ઉપદ્રવ બળવાન હોય તો તરત જ (મૂળ રોગની ચિકિત્સા પડતી મૂકીને પણ પહેલાં) એની (ઉપદ્રવની) ચિકિત્સા કરવી.

એનું કારણ

व्याधिक्लिष्टशरीरस्य पीडाकरतरो हि सः ॥६३॥

કારણ કે મૂળ રોગથી પીડાયેલા શરીરવાળા માણસને એ ઉપદ્રવ વધારે પીડા કરે છે.

રોગ મટાડવા માટે શું જાણે તો ચાલે?

विकारनामाकुशलो न जिह्नीयात् कदाचन ।
न हि सर्वविकाराणां नामतोऽस्ति ध्रुवा स्थितिः ॥ ६४ ॥

આ ફલાણો રોગ છે એવુ રોગનું નામ ન કહી શકનાર વૈદ્યે કદી શરમાવું નહિ; કારણ કે બધા રોગોનુ પોતપોતાનુ નામ પાડીને એ રોગોની સદાને માટે નક્કી એકની એક સ્થિતિ હોતી નથી.

દોષ કોપવાનાં અનેક કારણોમાંથી કયો દોષ કયા કારણથી કોપ્યો છે, કયા દોષના પ્રકોપથી રોગ થયો છે, કયા કયા દોષ ભેગા કોપ્યા છે, એકલો કે ભેગો કોપેલો કયો દોષ કેટલા પ્રમાણમાં કોપ્યો છે; દોષોની ગતિ ઊંચી, નીચી કે આડી છે, દોષ કયા સ્થાનમા જઈને રોગ કરે છે, કઈ ધાતુ અને કયો મળ કેટલો બગડ્યો છે, દોષ વગેરેની વૃદ્ધિ થઈ છે કે ક્ષય વગેરે અનેક બાબતો ઉપર રોગનો આધાર હોવાથી રોગો પણ અસખ્ય હોય છે. તે બધાના નામ પાડવા અશક્ય છે. તેથી શાસ્ત્રમાં મુખ્ય-મુખ્ય રોગના નામ આપેલાં છે, બાકીનાનો સમાવેશ કફના રોગ, પિત્તના રોગ, વાયુના રોગ વગેરે વર્ગમાં થઈ જાય છે. આમ બધા રોગોને નામ ન આપી શકાય એવું હોવાથી તથા એકના એક જ રોગમા પણ ખોટા આહાર, વિહાર, ક્રિયા, ઔષધ વગેરેને લીધે અનેક વિકાર થાય છે; તેથી બધા રોગોને જુદા જુદા નામ આપી શકાય નહિ. માટે દરદીના રોગનુ નામ ન દઈ શકનાર વૈદ્યે શરમાવાની જરૂર નથી. આપણે કામ સાથે કામ છે, નામ સાથે નહિ. અને દરેક દોષના પ્રકોપના લક્ષણો ઉપરથી કયો દોષ કોપ્યો છે એ પારખનાર વૈદ્ય રોગનુ નામ નહિ જાણતો હોય તોપણ રોગના સફળ ઉપચાર કરી શકશે. માટે રોગનું નામ ન જાણવામાં કંઈ નાનમ નથી, પણ દોષના પ્રકોપના લક્ષણો અને એ પ્રકોપને મટાડવાના ઉપાયો ન જાણવામાં નાનમ છે. (જે રોગોનાં લક્ષણો વગેરે આયુર્વેદમાં આપેલાં છે તે રોગોનુ નામ ન પાડી શકવામાં અભ્યાસની ખામી હોવાથી વૈદ્યને જરૂર શરમાવા જેવુ છે.)

અનેક રોગો થવાનાં કારણ

स एव कुपितो दोषः समुत्थानविशेषतः ।
स्थानान्तराणि च प्राप्य विकारान् कुरुते बहून् ॥
तस्माद्विकारप्रकृतीरधिष्ठानान्तराणि च ।
बुद्ध्वा हेतुविशेषांश्च शीघ्रं कुर्यादुपक्रमम् ॥ ६६ ॥

એ જ કોપેલો દોષ અનેક જુદા જુદાં કારણોથી કોપતો હોવાથી અને કોપીને અનેક જુદાં જુદા સ્થાનોમાં જતો હોવાથી એ દોષ (જે કારણથી કોપ્યો હોય અને જે સ્થાનમાં પહોંચ્યો હોય તે પ્રમાણે) અનેક રોગો ઉત્પન્ન કરે છે. માટે રોગના કારણરૂપ દોષ, દોષે પકડેલાં બીજા સ્થાનો તથા દોષ કોપવાનાં કારણ પારખીને વૈદ્યે તરત જ ઉપચાર કરવા.

(રોગ કયા કયા દોષથી થયો છે, કયા દોષે કયા સ્થાનમાં જઈને રોગ કર્યો છે તથા દોષ કયા કારણથી કોપ્યો છેઃ એ ત્રણ બાબત પારખીને તરત રોગની ચિકિત્સા કરવી.)

ઉપચાર કરતા પહેલાં વિચારવાની બાબતો

दूष्यं देशं बलं कालमनलं प्रकृतिं वयः ।
सत्त्वं सात्म्यं तथाऽऽहारमवस्थाश्च पृथग्विधाः ॥ ६७ ॥

सूक्ष्मसूक्ष्माः समीक्ष्यैषां दोषौषधनिरूपणे ।
यो वर्तते चिकित्सायां न स स्खलति जातुचित् ॥ ६८ ॥

રોગમાં કયા ધાતુ અને મળ બગડ્યા છે (દૂષ્ય), કયા (અનૂપ વગેરે) પ્રદેશમા કે શરીરના કયા ભાગમા રોગ થયો છે (દેશ), રોગનું અને રોગીનુ બળ કેટલુ છે (બલ), ઋતુ કઈ છે અને દિવસ કે રાતનો કયો સમય છે (કાલ), જઠરાગ્નિ કેવો છે-વિષમ, મંદ કે તીક્ષ્ણ (અનલ), દરદીની પ્રકૃતિ કેવી છે-વાયુની, પિત્તની, કફની કે મિશ્ર (પ્રકૃતિ), દરદીની ઉમ્મર કેટલી છે તથા રોગની ઉમ્મર

કેટલી છે એટલે રોગ શરૂ થયે કેટલો વખત થયો (વય), દરદીમાં ધીરજ કેટલી છે (સત્ત્વ), દરદીને શું માફક આવે છે અને શું માફક નથી આવતું (સાત્મ્ય); દરદીનો ખોરાક કેવો છે, એ માંસાહારી છે કે વનસ્પતિ આહારી, છ રસમાંથી કયો રસ એ વધારે ખાય છે (આહાર); રોગ કઈ અવસ્થામાં છે, રોગનાં મૂળ લક્ષણો- માંથી વળી કયાં પેટા લક્ષણો ફૂટી નીકળ્યાં છે (રોગની ઝીણામાં ઝીણી અનેક જાતની અવસ્થાઓ)—એટલી બાબતોનો બરાબર વિચાર કરીને જે એમના (રોગોના) દોષ અને ઔષધનો વિચાર કરે છે તે ઉપચાર કરવામાં કદી ભૂલ કરતો નથી.

રોગનાં લક્ષણ નરમ છે કે ઉગ્ર તે પારખવામાં રાખવાની સાવચેતી

गुर्वल्पव्याधिसंस्थानं सत्त्वदेहबलाबलात् ।
दृश्यतेऽप्यन्यथाकारं तस्मिन्नवहितो भवेत् ॥६९॥

રોગનું ભારે અને હલકું સંસ્થાન (લક્ષણ કે સ્વરૂપ) દરદીનાં ધીરજ, શરીર, બળ અને નિર્બળતાને લીધે ઊંધું પણ દેખાય છે; માટે એ બાબતમાં (રોગના સ્વરૂપ કે લક્ષણની બાબતમાં) ખાસ ધ્યાન આપવું.

(સામાન્ય રીતે તો રોગનાં લક્ષણો ઉગ્ર હોય તો ઉગ્ર દેખાય છે અને નરમ હોય તો નરમ દેખાય છે, પણ કેટલીક વાર દરદી ધીરજવાળો હોય, દરદીનું શરીર પ્રચંડ હોય, દરદી બળવાન હોય તો રોગનાં લક્ષણો ઉગ્ર હોય છતાં ઉગ્ર દેખાતાં નથી, ઊલટાં નરમ દેખાય છે. તે જ પ્રમાણે દરદી પોચા મનનો હોય, દરદીનું શરીર પાતળું હોય, દરદી નબળો હોય તો રોગનાં લક્ષણો ખરી રીતે નરમ હોય છતાં ઉગ્ર દેખાય છે. આમ રોગનું સ્વરૂપ સમજવામાં દરદીની સ્થિતિ આપણને થાપ ખવડાવી દે છે. માટે રોગનું ખરેખરું સ્વરૂપ (લક્ષણો) કેવું છે તે નક્કી કરવામાં બહુ ધ્યાન રાખવું.)

સાવચેતી રાખવાનું કારણ

गुरुं लघुमिति व्याधिं कल्पयंस्तु भिषग्बुवः ।
अल्पदोषाकलनया पथ्ये विप्रतिपद्यते ॥ ७० ॥

(શ્લોક ૬૯વાળી સૂચના પ્રમાણે ધ્યાન ન રાખનાર) નામધારી વૈદ્ય ભારે રોગને હલકો માનીને રોગમાં જે દોષ કોપ્યો છે તે થોડો જ છે એવો નિશ્ચય કરીને પથ્ય(દવા અને પરેજ)ની બાબતમાં ભૂલ કરે છે. (તે જ પ્રમાણે હલકા રોગને ભારે માનનાર વૈદ્ય પણ ભૂલ કરે છે.)

અવળી સમજણનું પરિણામ

ततोऽल्पमल्पवीर्यं वा गुरुव्याधौ प्रयोजितम् ।
उदीरयेत्तरां रोगान् संशोधनमयोगतः ॥ ७१ ॥
शोधनं त्वतियोगेन विपरीतं विपर्यये ।
क्षिणुयान्न मलानेव केवलं वपुरस्यति ॥ ७२ ॥

તેથી (એની અવળી સમજણથી) ભારે રોગમાં થોડું કે થોડી અસર કરે એવું (નરમ-mild) સંશોધન આપવાથી તેનો હીનયોગ થવાથી (ઓછું પડવાથી) એ સંશોધનથી રોગો વધારે ઉછાળો મારે છે (કારણ કે દવાને લીધે સ્થાનમાંથી ચળેલા પણ દવા ઓછી પડવાથી શરીરની બહાર ન નીકળી શકતા દોષો અંદર ને અંદર રહી ધમાલ મચાવે છે). તે જ પ્રમાણે એથી ઊલટી સ્થિતિમાં એટલે રોગ હલકો હોય છતાં ભારે છે એમ માની લીધું હોય ત્યારે પુષ્કળ કે બહુ જલદ શોધન આપવાથી તેનો અતિયોગ થવાથી (દવા વધારે પડવાથી) એ સંશોધન ફક્ત દોષોને ઓછા કરી નાખે છે; એટલું જ નહિ પણ શરીરનો પણ નાશ કરે છે (શરીર નંખાઈ જાય છે). (સંશોધન ઓછું કે વધારે પડે તેથી જેમ નુકસાન થાય છે તેમ બીજી દવા ઓછી કે વધારે પડવાથી નુકસાન થાય છે. સંશોધન તો માત્ર દાખલારૂપે જ આપેલું છે.)

અવશ્ય આરોગ્ય કરે એવી રીતે ઔષધ આપવું

अतोऽभियुक्तः सततं सर्वमालोच्य सर्वथा ।
तथा युञ्जीत भैषज्यमारोग्याय यथा ध्रुवम् ॥७३

તેથી (આયુર્વેદ વાંચવા, સમજવા અને આચરવામાં) સદા પ્રયત્નશીલ રહેતા વૈદ્યે બધી રીતે વિચાર કરીને એવી રીતે દવા આપવી કે જેથી (દરદીને) આરોગ્ય ચોક્કસ મળે.

દોષની વૃદ્ધિ અને ક્ષય

वक्ष्यन्तेऽतः परं दोषा वृद्धिक्षयविभेदतः ।

હવે આગળ (દોષોની) વૃદ્ધિ અને ક્ષયના પ્રકારની દૃષ્ટિએ દોષો વિષે કહેવામાં આવશે.

દોષોની વૃદ્ધિના પ્રકાર

पृथक् त्रीन् विद्धि

દરેક દોષ છૂટોછૂટો વધે એ રીતે ત્રણ (વધેલા) દોષ છે એવુ જાણ. ૧. વધેલો વાયુ, ૨. વધેલુ પિત્ત, ૩. વધેલો કફ.

संसर्गस्त्रिधा, तत्र तु तान्नव ॥७४॥

બે બે દોષ સાથે વધે એવુ ત્રણ રીતે થાય છે. (વાયુ અને પિત્તની વૃદ્ધિ, વાયુ અને કફની વૃદ્ધિ, પિત્ત અને કફની વૃદ્ધિ.) તેમાં (બે બેની વૃદ્ધિમાં) નવ સંયોગો થાય છે એમ સમજ. (કયા નવ સંયોગા તે હવે પછીના શ્લોકમાં આપ્યુ છે.)

त्रीनेव समया वृद्ध्या, षडेकस्यातिशायने ।

દરેક જોડકામાંના બંને દોષની સરખી વૃદ્ધિથી ત્રણ જોડકાં અને ત્રણ જોડકાંમાંના દરેક જોડકામાંના બે દોષમાનો એક દોષ બીજા દોષથી વધારે વધેલો હોય એ ગણતરીથી છ જોડકાં. (આમ બે દોષ ભેગા વધે તેના કુલ નવ સંસર્ગ થાય છે.)

૪. વાયુ અને પિત્ત બંને સરખાં વધેલાં, ૫. વાયુ અને કફ બંને સરખાં વધેલાં, ૬. પિત્ત અને કફ બંને સરખાં વધેલા, ૭. વાયુ અને પિત્ત બને વધેલાં હોય એમાં વાયુ પિત્તથી વધારે હોય એવું મિશ્રણ, ૮. વાયુ અને પિત્ત બંને વધેલાં હોય એમાં પિત્ત વાયુથી વધારે હોય એવુ મિશ્રણ, ૯. વાયુ અને કફ બંને વધેલા હોય એમાં વાયુ કફથી વધારે હોય એવુ મિશ્રણ, ૧૦. વાયુ અને કફ બંને વધેલા હોય એમા કફ વાયુથી વધારે હોય એવુ મિશ્રણ, ૧૧. પિત્ત અને કફ બંને વધેલાં હોય એમાં પિત્ત કફથી વધારે હોય એવુ મિશ્રણ. ૧૨. પિત્ત અને કફ બંને વધેલાં હોય એમાં કફ પિત્તથી વધારે હોય એવું મિશ્રણ.

त्रयोदश समस्तेषु

ત્રણે દોષ સાથે વધે એવા તેર સંયોગો (મિશ્રણો) છે એમ જાણ.

षड् द्व्येकातिशायेन तु ॥७५॥

ત્રણે દોષ વધ્યા હોય તેમાંથી ગમે તે બે દોષ બાકીના ત્રીજા કરતાં વધારે હોય અને ગમે તે એક દોષ બાકીના બે દોષ કરતાં વધારે હોય એ રીતે છ મિશ્રણ તું જાણ.

વાયુ, પિત્ત અને કફ ત્રણે વધ્યા હોય એમાં
૧૩. પિત્ત અને કફ વાયુ કરતાં વધારે હોય,
૧૪. કફ અને વાયુ પિત્ત કરતાં વધારે હોય,
૧૫. વાયુ અને પિત્ત કફ કરતાં વધારે હોય,
૧૬. વાયુ અને પિત્ત કરતાં કફ વધારે હોય,
૧૭. વાયુ અને કફ કરતાં પિત્ત વધારે હોય,
૧૮. પિત્ત અને કફ કરતાં વાયુ વધારે હોય.

एकं तुल्याधिकैः

૧૯. ત્રણે દોષ સરખા વધ્યા હોય એવું એક મિશ્રણ જાણ.

षट् च तारतम्यविकल्पनात् ।

ત્રણે દોષ પ્રમાણથી વધારે હોય તેમાં એક દોષ જેટલો વધારે હોય તેના કરતાં બીજો દોષ વળી વધારે વધેલો હોય અને ત્રીજો દોષ વળી બીજા કરતાંયે વધારે વધેલો હોય (એટલે ત્રીજો દોષ સૌથી વધારે વધેલો હોય) એવા વૃદ્ધિના તર અને તમના હિસાબે (એક અમુક અંશે વધેલો, બીજો તેનાથી વધારે વધેલો અને ત્રીજો એ સૌથી વધારે વધેલો એ હિસાબે) છ મિશ્રણ જાણવાં.

વાયુ, પિત્ત અને કફ ત્રણે વધેલાં હોય તેમાં

વધેલો	વધારે વધેલો	સૌથી વધારે વધેલો
૨૦. વાયુ	પિત્ત	કફ
૨૧. વાયુ	કફ	પિત્ત
૨૨. પિત્ત	કફ	વાયુ
૨૩. પિત્ત	વાયુ	કફ
૨૪. કફ	વાયુ	પિત્ત
૨૫. કફ	પિત્ત	વાયુ

पञ्चविंशतिमित्येवं वृद्धैः

આમ વધેલા દોષોથી ૨૫ પ્રકારનાં મિશ્રણ થાય છે એવું તું જાણ.

દોષોના ક્ષયના પ્રકાર

क्षीणैश्च तावतः ॥७६॥

દોષ પ્રમાણથી ઓછા થયા હોય તેનાં પણ એટલાં જ એટલે ૨૫ પ્રકારના મિશ્રણ થાય છે.

દોષની વૃદ્ધિથી થતા ૨૫ મિશ્રણો પહેલાં વિગતવાર આપ્યાં છે, તે ઉપરથી દોષના ઘટાડાથી થતા ૨૫ મિશ્રણો કર્યાં છે તે સમજી લેવાં.

एकैकवृद्धिसमताक्षयैः षट् ते

ત્રણ દોષમાંથી એક પ્રમાણથી વધેલો હોય, એક સમ હોય અને એક પ્રમાણથી ઓછો હોય એ રીતે ગણતા દોષો છ પ્રકારના છે (દોષોનાં છ મિશ્રણ થાય છે).

	વધેલો	સમ	ઓછો
૧	વાયુ	પિત્ત	કફ
૨	પિત્ત	વાયુ	કફ
૩	કફ	પિત્ત	વાયુ
૪	કફ	વાયુ	પિત્ત
૫	વાયુ	કફ	પિત્ત
૬	પિત્ત	કફ	વાયુ

पुनश्च षट् ।

एकक्षयद्वन्द्ववृद्धया सविपर्ययाऽपि ते ॥७७॥

અને વળી ત્રણ દોષમાંથી એકનો ઘટાડો અને બાકીના બેનો વધારો .અને તેથી ઊંધુ (એકનો વધારો અને બાકીના બેનો ઘટાડો) એ રીતે દોષો (દોષોનાં મિશ્રણો) છ જાણ.

	પ્રમાણથી ઓછો	પ્રમાણથી વધારે
૧	વાયુ	પિત્ત, કફ
૨	પિત્ત	કફ, વાયુ
૩	કફ	વાયુ, પિત્ત
૪	વાયુ, પિત્ત	કફ
૫	પિત્ત, કફ	વાયુ
૬	કફ, વાયુ	પિત્ત

भेदा द्विषष्टिर्निर्दिष्टाः

(આ પ્રમાણે દોષોના) ૬૨ પ્રકાર કહ્યા છે.

त्रिविधः स्वास्थ्यकारणम् ॥७७½॥

વાત, પિત્ત અને કફ ત્રણે સમ હોય એ દોષોનો ૬૩મો પ્રકાર આરોગ્યના કારણરૂપ છે. (એ સિવાયના ૬૨ પ્રકારના દોષો રોગના કારણરૂપ છે.)

દોષોના અસંખ્ય પ્રકાર

संसर्गाद्रसरुधिरादिभिस्तथैषां ।
दोषांस्तु क्षयसमतावित्रृद्धिभेदैः ।
आनन्त्यं तरतमयोगतश्च यातान् ।
जानीयादवहितमानसो यथास्वम् ॥७८½॥

રસ, લોહી વગેરે દૂષ્યોમાંથી અમુક પ્રમાણથી ઓછા હોય કે પ્રમાણસર હોય કે પ્રમાણથી વધારે હોય, વળી એ દૂષ્યો અંદરઅંદર એકબીજાથી પ્રમાણમા વધારે હોય અને સૌથી વધારે હોય, એ બધા હિસાબે અનેક પ્રકારનાં દૂષ્યો હોય તેની સાથે આ ખાસક દોષોનો સંબંધ થવાથી વળી દોષો અનંત (અસંખ્ય) બની જાય છે; તેને એકાગ્ર મનવાળા વૈદે પોતપોતાનાં લક્ષણો ઉપરથી ઓળખવા.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने दोषभेदीयो नाम द्वादशोऽध्यायः ।

અધ્યાય ૧૩ મો

अथातो दोषोपक्रमणीयमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

(પાછલા અધ્યાયમાં કહ્યું છે કે 'વિકાર પામેલા (બગડેલા) દોષનો તત્કાળ ઉપાય કરવો; માટે હવે દોષની ચિકિત્સા (ઉપચાર) કરવાને હિતકારક અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ આ પ્રમાણે કહ્યુ છે:

વાયુનો ઉપાય

वातस्योपक्रमः स्नेहः स्वेदः संशोधनं मृदु ।
स्वाद्वम्ललवणोष्णानि भोज्यान्यभ्यङ्गमर्दनम् ॥
वेष्टनं त्रासनं सेको मद्यं पैष्टिकगौडिकम् ।
स्निग्धोष्णा बस्तयो बस्तिनियमः सुखशीलता ॥
दीपनैः पाचनैः सिद्धाः स्नेहाश्चानेकयोनयः ।
विशेषान्मेद्यपिशितरसतैलानुवासनम् ॥ ३ ॥

સ્નેહ, સ્વેદ, હલકું સંશોધન; ગળ્યા. ખાટા અને ખારા સ્વાદવાળો ખોરાક; તેલ

ચોળવું, ચંપી, અંગ ઉપર કપડાં વીંટવાં, ઓચિંતું બિવડાવવું (ભડકાવવું), (દશમૂલાદિ ક્વાથ વગેરેની) ધાર કરવી (રેડવો, છંટકાવ કરવો), લોટનો દારૂ, ગોળનો દારૂ, સ્નિગ્ધ અને ગરમ નિરૂહબસ્તિઓ, અનુવાસનબસ્તિ, રોજરોજ સુખમાં રહેવું, (ચિત્રો વગેરે) દીપન ઔષધોથી અને (મોથ વગેરે) પાચન ઔષધોથી સિદ્ધ કરેલા (તલ, ચારોળી, અખોડ, અળશી વગેરેનાં તેલ તથા ગાય અને ભેંસનાં ઘી વગેરે) અનેક દ્રવ્યોમાંથી કાઢેલા સ્નેહો અને ખાસ કરીને તો ચરબીભર્યા માંસનો માંસરસ, તલનું તેલ અને અનુવાસન એ ત્રણ વાયુના ઉપચાર (ઔષધ) છે.

પિત્તનો ઉપાય

पित्तस्य सर्पिषः पानं स्वादुशीतैर्विरेचनम् ।
स्वादुतिक्तकषायाणि भोजनान्यौषधानि च ॥४॥
सुगन्धिशीतहृद्यानां गन्धानामुपसेवनम् ।
कण्ठेगुणानां हाराणां मणीनामुरसा धृतिः ॥५॥
कर्पूरचन्दनोशीरैरनुलेपः क्षणे क्षणे ।
प्रदोषश्चन्द्रमाः सौधं हारि गीतं हिमोऽनिलः ॥६
अयन्त्रणसुखं मित्रं पुत्रः सन्दिग्धमुग्धवाक् ।
छन्दानुवर्तिनो दाराः प्रियाः शीलविभूषिताः ॥७
शीताम्बुधारागर्भाणि गृहाण्युद्यानदीर्घिकाः ।
सुतीर्थविपुलस्वच्छसलिलाशयसैकते ॥ ८ ॥
साम्भोजजलतीरान्ते कायमाने द्रुमाकुले ।
सौम्या भावाः पयः सर्पिर्विरेकश्च विशेषतः ॥९॥

ઘી પીવું, ગળ્યાં અને ઠંડાં દ્રવ્યોના જુલાબ લેવા; ગળ્યાં, કડવાં અને તૂરાં ભોજન અને ઔષધો; સુગંધીદાર, ઠંડા અને હૃદ્ય હોય એવા સુગંધીદાર પદાર્થોની સુવાસ લેવી; ગળે વીંટાઈ રહે એવા હારનાં (મરકત, ચંદ્રકાંત, પદ્મરાગ વગેરે) મણિને છાતી સરસાં રાખવાં, કપૂર, સુખડ અને વીરણવાળો એ ત્રણનો ક્ષણે-ક્ષણે આછોઆછો લેપ કર્યા કરવો, રાતની શરૂઆતનો સમય, ચંદ્ર (ચાંદની), ધોળી હવેલી, મનગમતું ગાયન, ઠંડો પવન, જેનાથી નર્યું સુખ થાય એવો મિત્ર, કાલુંમીઠું બોલતો પુત્ર, પતિની ઇચ્છા પ્રમાણે વર્તનારી, વહાલી અને શિયળથી શોભતી સ્ત્રી, ઠંડા પાણીમાં ફુવારાવાળાં ફુવારાઘર, બગીચામાં આવેલી વાવ, પાણીમાંથી સહેલાઈથી સામે પાર જઈ શકાય એવા વિશાળ અને સ્વચ્છ જળાશયના (કિનારા પર) કમળો અને પાણીનો કિનારો જેની અડોઅડ હોય એવાં, વૃક્ષોથી ભરચક કિનારા ઉપર (બાંધેલા) ઘાસના ઝૂંપડામાં સૌમ્ય પદાર્થોનું સેવન અને ખાસ કરીને તો દૂધ, ઘી અને વિરેચન એ ત્રણ પિત્તના ઉપાય છે.

કફનો ઉપાય

श्लेष्मणो विधिना युक्तं तीक्ष्णं वमनरेचनम् ।
अन्नं रूक्षाल्पतीक्ष्णोष्णं कटुतिक्तकषायकम् ॥१०
दीर्घकालस्थितं मद्यं रतिप्रीतिः प्रजागरः ।
अनेकरूपो व्यायामश्चिन्ता रूक्षं विमर्दनम् ॥११
विशेषाद्वमनं यूषः क्षौद्रं मेदोघ्नमौषधम् ।
धूमोपवासगण्डूषा निःसुखत्वं सुखाय च ॥१२

સૂ. અ. ૧૮માં કહ્યા પ્રમાણે શાસ્ત્રોક્ત વિધિથી આપેલાં તીક્ષ્ણ વમન અને તીક્ષ્ણ વિરેચન; લૂખું, થોડું, તીક્ષ્ણ, ગરમ, તીખું, કડવું અને તૂરું અન્ન (ખોરાક); જૂનો દારૂ, મૈથુનનો આનંદ, ઉજાગરો (જાગરણ), અનેક પ્રકારની કસરત, ચિંતા, (કોઈ પણ જાતની ચીકટ કે સ્નિગ્ધ પદાર્થ વાપર્યા વિના) લૂખી પુષ્કળ ચંપી અને ખાસ કરીને તો વમન, યૂષ, મધ, ચરબીનો નાશ કરે એવું ઔષધ, ધૂમપાન, ઉપવાસ, ગંડૂષ અને અંતે સુખ (પુણ્ય, ધર્મ) થાય એવી રીતે (વ્રત વગેરે કરીને) દુઃખ (કષ્ટ) વેઠવું એ કફના ઉપાય છે.

ભેગા કોપેલા દોષનો ઉપાય

उपक्रमः पृथग्दोषान् योऽयमुद्दिश्य कीर्तितः ।
संसर्गसन्निपातेषु तं यथास्वं विकल्पयेत् ॥ १३ ॥

આ જે ઉપાય છૂટાછૂટા દોષને લગતા (શ્લોક ૧થી ૧૨ સુધીમાં) કહ્યા તે જ ઉપાય બે દોષ કે ત્રણે દોષ ભેગા કોપ્યા હોય ત્યારે કયા કયા દોષ કોપ્યા છે તેનો વિચાર કરીને તે તે કોપેલા દોષના ભેગા ઉપાય કરવા.

બે દોષ સાથે કોપ્યા હોય તેનો બીજો ઉપાય

ग्रैष्मः प्रायो मरुत्पित्ते वासन्तः कफमारुते ।
मरुतो योगवाहित्वात्, कफपित्ते तु शारदः ॥१४

વાયુ અને પિત્ત સાથે કોપ્યા હોય ત્યારે સામાન્ય રીતે (સૂ. અ. ૩મા આપેલી) ગ્રીષ્મ-ઋતુની ઋતુચર્યા પ્રમાણે કરવુ અને કફ અને વાયુ સાથે કોપ્યા હોય ત્યારે સામાન્ય રીતે વસંતઋતુની ઋતુચર્યા પ્રમાણે કરવુ, કારણ કે વાયુ યોગવાહી છે, તથા કફ અને પિત્ત સાથે કોપ્યા હોય ત્યારે સામાન્ય રીતે શરદઋતુની ઋતુચર્યા પ્રમાણે કરવુ.

[શંકા=ગ્રીષ્મની ઋતુચર્યામા પુષ્કળ ઠંડક કરવાની કહી છે અને વસંતની ઋતુચર્યામા તીક્ષ્ણ વમન અને નસ્ય લેવાનુ કહ્યુ છે, તેથી આ બન્ને ઋતુઓની ઋતુચર્યાથી તો ઊલટો વાયુ વધી પડે, છતા બે કોપેલા દોષમાનો એક વાયુ હોય ત્યારે પણ એને મટાડવા માટે ગ્રીષ્મ અને વસંતની ઋતુચર્યા પ્રમાણે વર્તવાનુ કેમ કહ્યુ છે? ઉત્તર—વાયુ યોગવાહી છે એટલે એ જેની સાથે ભળે છે તેના ગુણ અને કર્મ એનામા આવી જાય છે, તેથી જ્યારે વાયુ પિત્ત સાથે હોય ત્યારે એ (વાયુ) દાહ વગેરે કરે છે. તેથી ગ્રીષ્મઋતુમા કરવાથી ઠંડકથી ફાયદો થાય છે. વળી ગ્રીષ્મઋતુમા તો સ્નિગ્ધ વગેરે ગુણવાળી વસ્તુઓનુ પણ સેવન કરવાનુ કહ્યુ છે, તેથી વાયુનો સીધો ઉપાય પણ થાય છે, માટે વાયુ અને પિત્ત સાથે કોપ્યા હોય ત્યારે ગ્રીષ્મની ઋતુચર્યા પાળવી એ બરાબર ઉપાય છે હવે વસંતઋતુમા પણ વાયુ કફ સાથે ભળીને કફના રોગ કરે છે અને તેના ઉપાયરૂપે વસંતઋતુની ઋતુચર્યા છે, માટે વાયુ અને કફ ભેગા કોપ્યા હોય ત્યારે વસંતઋતુની ઋતુચર્યા પાળવી એ ઉપાય બરાબર છે. વાયુ પિત્ત સાથે ભળે ત્યારે પિત્તના ઉપાય અને કફ સાથે ભળે ત્યારે કફના ઉપાય કરવા જોઈએ. ત્રણે દોષ સાથે કોપે ત્યારે વર્ષાઋતુની ઋતુચર્યા સામાન્ય રીતે પાળવી.]

દોષનો પ્રકોપ ક્યારે અને કેવી રીતે મટાડવો?

चय एव जयेद्दोषं कुपितं त्वविरोधयन्।
सर्वकोपे बलीयांसं शेषदोषाविरोधतः॥ १५॥

દોષનો સંચય થતો હોય તે દરમ્યાન જ તે દોષને મટાડવાના ઉપાય કરવા. (સંચય થઈ રહ્યા પછી દોષ કોપે અને રોગ કરે ત્યા-સુધી બેસી રહેવુ નહિ. પણ જો કોઈ પણ કારણસર એમ ન બને અને સંચય થયેલો દોષ કોપે તો) કોપેલા દોષને એવી રીતે મટાડવો (મટાડવાને એવા ઉપાય કરવા) કે જેથી બીજા દોષ કોપે નહિ. ત્રણે દોષ સાથે કોપ્યા હોય તો ત્રણેમાથી જેનો પ્રકોપ સહુથી વધારે બળવાન હોય તેને મટાડવાના ઉપાય પહેલા કરવા, પણ તે એવી રીતે કરવા કે એ ઉપાયથી મટાડવા ધારેલો દોષ મટે છતા બીજા દોષ કોપે નહિ.

શુદ્ધ પ્રયોગ કોને કહેવાય?

प्रयोगः शमयेद्व्याधिमेकं योऽन्यमुदीरयेत्।
नाऽसौ विशुद्धः शुद्धस्तु शमयेद्यो न कोपयेत्॥

જે પ્રયોગ એક રોગનુ શમન કરે પણ બીજો રોગ કરે તે પ્રયોગ શુદ્ધ નથી. જે પ્રયોગ એક રોગનુ શમન કરે પણ બીજો રોગ કરે નહિ તે શુદ્ધ પ્રયોગ છે.

દોષો કોષ્ઠમાંથી શાખા, હાડકાં અને મર્મમાં શા માટે જાય છે?

व्यायामादूष्मणस्तैक्ष्ण्यादहिताचरणादपि।
कोष्ठाच्छाखास्थिमर्माणि द्रुतत्वान्मारुतस्य च १७
दोषा यान्ति

કસરતથી, સખત તાપથી, કુપથ્ય કરવાથી અને વાયુની ઝડપથી દોષો કોઠામાથી શાખા, હાડકા અને મર્મસ્થાનોમા જાય છે.

(કસરતથી થાક લાગે છે. થાકને લીધે વાયુ ઊંચો ચડે છે. વળી કસરતથી શરીર સખળ-ડખળ થઈ જાય છે, થાક લાગે છે અને ગરમ થઈ જાય છે વગેરે કારણોને લીધે કોષ્ઠમાનો દોષ ઢીલો પડીને રહે છે. કસરતને લીધે ઊંચે ચડતો વાયુ તેને (દોષને) તેના સ્થાનમાથી ખેરવી નાખે છે અને શાખાઓમા ફેંકે છે. દેવતા, તડકો વગેરેના સખત તાપથી પાતળા પડેલા દોષ તે જ ગરમીથી પહોળા થયેલા મુખ-વાળા ઓનો દ્વારા શાખા વગેરેમા જાય છે.

કુપથ્ય કરવાથી દોષો કોષ્ઠમાં પ્રમાણ કરતાં ઘણા વધી જાય છે તેથી તે કોષ્ઠમાથી ઉભરાઈને ચોમાસાના પૂરની માફક શાખા, હાડકાં અને મર્મોમાં પહોંચી જાય છે અને વાયુની પ્રસરવાની ગતિ ઝડપી હોવાથી પણ કોષ્ઠમાંના દોષો શાખા, હાડકાં અને મર્મોમાં જાય છે.)।

દોષો શાખા વગેરેમાંથી કોષ્ઠમાં શી રીતે આવે છે?

તથા તેભ્યઃ સ્રોતોમુખવિશોધનાત્।
વૃદ્ધ્યાઽભિષ્યન્દનાત્પાકાત્કોષ્ઠં વાયોશ્ચ નિગ્રહાત્ ॥ ૧૮ ॥

તે જ પ્રમાણે સ્રોતોનાં મો પહોળાં થવાથી, દોષો પ્રમાણ કરતાં વધી જવાથી, (દ્રવતા, તડકો, તીક્ષ્ણ અને ગરમ દ્રવ્યો વગેરે સાથે સંબંધમાં આવવાથી તથા દૂધ, દહીં વગેરે અભિષ્યંદી ભોજન કરવાથી થતા) દોષોના અભિષ્યંદથી, (પાચન ઔષધ વગેરેથી પાકી ગયેલા દોષો કોઈ ઠેકાણે ચોંટી રહેતા ન હોવાથી) દોષો પાકી જવાથી અને વાયુના નિગ્રહથી દોષો તેમાંથી (શાખા, હાડકાં અને મર્મમાંથી) કોષ્ઠમાં આવે છે.

કોઠા વગેરેમાં ગયેલા દોષો કેમ રોગ કરતા નથી?

તત્રસ્થાશ્ચ વિલમ્બેરન્ ભૂયો હેતુપ્રતીક્ષિણઃ।

અને ત્યાં (કોષ્ઠમાં, શાખામાં, હાડકામાં અને મર્મોમાં) ગયેલા દોષો દોષોનો પ્રકોપ થાય એવાં કારણો ફરીથી મળે તેની રાહ જોતા (રોગ કર્યા વિના) પડ્યા રહે છે. (દોષ વધીને કોષ્ઠમાં કે શાખા વગેરેમા બીજે માર્ગે ગયો હોય તે પણ રોગ કરવા જેટલી શક્તિવાળો ન હોવાથી દોષનો પ્રકોપ થાય એવાં કારણ ફરીથી ન મળે ત્યા સુધી રોગ કરી શકતો નથી, પણ પ્રકોપનુ કારણ ફરીથી મળતાં ત્યાંથી બીજા સ્થાનમાં જાય છે.)

દોષો કયા કારણથી અને કયાં રોગ કરે છે?

તે કાલાદિબલં લબ્ધ્વા કુપ્યન્ત્યન્યાશ્રયેષ્વપિ ॥૧૯

દોષોના જેવા જ ગુણવાળા કાળ (દેશ, અપથ્ય) વગેરે તરફથી દોષોને બળ મળતાં (ફરી વધારે થતાં) એ દોષો બીજા દોષના સ્થાનમાં પણ (એટલે પોતાના સ્થાનમાં અને બીજાના સ્થાનમાં પણ) કોપે છે (રોગ કરે છે).

પરસ્થાનમાં ગયેલા દોષની ચિકિત્સા

તત્રાન્યસ્થાનસંસ્થેષુ તદીયામબલેષુ તુ।
કુર્યાચ્ચિકિત્સામ્

તેમાં જે પારકા સ્થાનમાં આવેલા દોષ બળવાન ન હોય તો એ પારકું સ્થાન જે દોષનુ હોય તે દોષ મટાડવાના ઉપાય કરવા (જે દોષ પોતાનુ સ્થાન છોડીને પારકા સ્થાનમાં આવ્યો હોય તે દોષ મટાડવાના ઉપાય કરવા નહિ). (દા. ત. કફ પોતાનુ સ્થાન છોડીને પિત્તના સ્થાનમાં ગયો હોય અને ત્યાં એ કફ બળવાન ન હોય તો પિત્ત મટાડવાના ઉપાય કરવા, કફ મટાડવાના ઉપાય કરવા નહિ.)

અન્ય સ્થાનમાં ગયેલા બળવાન દોષની ચિકિત્સા

સ્વામેવ બલેનાન્યાભિભાવિષુ ॥ ૨૦ ॥

પણ જો પારકા સ્થાનમાં ગયેલા દોષ બળવાન હોય તો એ આવેલા બળવાન દોષ મટાડવાના જ ઉપાય કરવા. (દા. ત. જો કફ પોતાનુ સ્થાન છોડીને પિત્તના સ્થાનમાં આવ્યો હોય અને એ કફની શક્તિ એ સ્થાનમાં રહેલા પિત્તની શક્તિને દબાવી દે એવી બળવાન હોય તો કફ મટાડવાના ઉપાય કરવા).

પરસ્થાનમાં ગયેલા દોષની બીજી ચિકિત્સા

આગન્તું શમયેદ્દોષં સ્થાનિનં પ્રતિકૃત્ય વા।

(અમુક દોષ પોતાનું સ્થાન છોડીને બીજા દોષના સ્થાનમા જાય ત્યારે) જ્યાં એ દોષ આવ્યો હોય તે સ્થાન ખરી રીતે જે દોષનું હોય તે દોષ પહેલાં મટાડીને પછી આવેલા દોષને મટાડવો અથવા આવેલા દોષને પહેલાં મટાડ્યા પછી તે સ્થાનના દોષને મટાડવો.

આડા ગયેલા દોષોની ચિકિત્સા

પ્રાયસ્તિર્યગ્ગતા દોષાઃ ક્લેશયન્ત્યાતુરાંશ્ચિરમ્ ૨૧
કુર્વીત તેષુ ત્વરયા દેહાગ્નિબલવિત્ ક્રિયામ્।

આડા ગયેલા (શરીરના જે માર્ગોમાં દોષનુ સંશોધન થઈ શકે છે તે માર્ગો છોડીને આડા-

અવળા ગયેલા) દોષો સામાન્ય રીતે રોગીઓને લાંબા વખત સુધી પીડે છે (કારણ કે એ દોષોનું સંશોધન થઈ શકતું નથી.) માટે દેહ, અગ્નિ અને બળ જાણનાર વૈદ્યે (દરદીનાં દેહ, અગ્નિ અને બળનો વિચાર કર્યા વિના) આડા ગયેલા દોષોની ચિકિત્સા ઉતાવળે કરવી નહિ. (દેહ, અગ્નિ અને બળનો પૂરો વિચાર કરીને ધીમેધીમે ચિકિત્સા કરવી.)

તિર્યક્સ્થાનમાં ગયેલા દોષની ચિકિત્સા

शमयेत्तान् प्रयोगेण सुखं वा कोष्ठमानयेत् ॥२२॥
ज्ञात्वा कोष्ठप्रपन्नांश्च यथासन्नं विनिर्हरेत् ।

(સ્નેહન, સ્વેદન વગેરે) શાસ્ત્રોક્ત પ્રયોગથી એમનું (આડા ગયેલા દોષોનું) શમન કરવું અથવા દરદીને દુઃખ ન થાય એ રીતે એ આડા ગયેલા દોષોને શ્લોક ૧૭½, ૧૮ માં કહેલી રીતે કોષ્ઠમાં આણવા; અને એ કોષ્ઠમાં આવ્યા છે એવું જાણ્યા પછી ગુદા, મોં કે નાક એ ત્રણમાંથી જે રસ્તો પાસે હોય તે રસ્તેથી એ દોષોને (ઊલટી, જુલાબ વગેરે કરાવીને) બહાર કાઢવા.

(જો દોષ થોડો હોય તો પહેલો ઉપાય કરવો; નહિ તો બીજો ઉપાય કરવો.)

સામ અને નિરામ દોષનાં લક્ષણ

स्रोतोरोधबलभ्रंशगौरवानिलमूढताः ॥ २३ ॥
आलस्यापक्तिनिष्ठीवमलसङ्गारुचिक्लमाः ।
लिङ्गं मलानां सामानां, निरामाणां विपर्ययः ॥२४

સ્રોતો પુરાઈ જાય, બળ ઘટે, શરીર ભારેભારે થઈ જાય, વાયુ બરાબર ફરી શકે નહિ, આળસ આવે, ખાધુંપીધું પચે નહિ, લાળ અને થૂંક નીકળે, મળો નીકળે નહિ, ખાવાની ઇચ્છા થાય નહિ, કંટાળો આવે—આ સામ દોષનાં લક્ષણ છે. નિરામ દોષનાં લક્ષણ એથી ઊલટાં છે.

આમ એટલે શું?

ऊष्मणोऽल्पबलत्वेन धातुमाद्यमपाचितम् ।
दुष्टमामाशयगतं रसमामं प्रचक्षते ॥ २५ ॥

જઠરાગ્નિ થોડા બળવાળો હોવાથી ન પચેલી, વાયુ વગેરે દોષો એમાં ભળવાથી બગડેલી, હોજરીમાં રહેલી રસ નામની પહેલી ધાતુને 'આમ' કહે છે.

આમ વિષે બીજા આચાર્યોનો મત

अन्ये दोषेभ्य एवाति दुष्टेभ्योऽन्योन्यमूर्च्छनात् ।
कोद्रवेभ्यो विषस्येव वदन्त्यामस्य सम्भवम् ॥२६

બીજા આચાર્યો કહે છે કે જેમ કોદરીમાંથી ઝેર થાય છે તેમ બહુ જ બગડેલા દોષો એકબીજા સાથે લપટાઈ જવાથી આમ (આમ નામનું ઝેર) પેદા થાય છે.

સામ એટલે શું?

आमेन तेन सम्पृक्ता दोषा दूष्याश्च दूषिताः ।
सामा इत्युपदिश्यन्ते ये च रोगास्तदुद्भवाः ॥२७

તે આમવાળા દોષોને અને (આમવાળા દોષોથી) બગડેલા દૂષ્યોને 'સામ' કહે છે; અને દોષોથી થતા આમવાળા રોગોને પણ સામ કહે છે.

સામ દોષોનું શોધન કરવા વિષે

सर्वदेहप्रविसृतान् सामान् दोषान् न निर्हरेत् ।
लीनान् धातुष्वनुत्क्लिष्टान् फलादामाद्रसानिव ॥ २८ ॥
आश्रयस्य हि नाशाय ते स्युर्दुर्निर्हरत्वतः ।

જેમ કાચા ફળમાંથી રસ કાઢવો જોઈએ નહિ, તેમ આખા શરીરમાં પ્રસરી ગયેલા, ધાતુઓમાં ભળી ગયેલા અને પોતાના સ્થાનમાંથી ન ખસેલા સામ દોષોને (વમન, વિરેચન વગેરેથી) બહાર કાઢવા નહિ; કારણ કે (જો તેમને બહાર કાઢવામાં આવે તો) સામ દોષ બહાર કાઢવા મુશ્કેલ હોવાથી તે એમના આશ્રયરૂપ શરીરનો નાશ કરે છે.

(કાચી કેરીમાં રસ પણ કાચો હોય છે, તે આખી કેરીમાં પ્રસરેલો હોય છે, કેરીને રેસેરેસે ભરાઈને વળગી રહેલો હોય છે અને પોતાના સ્થાનમાં છૂટો પડીને અલગ તરી આવેલો હોતો નથી, તેથી કાચી કેરીમાંથી રસ કાઢવા જતાં આખી કેરી ચોળાઈ, ચૂંથાઈ, છૂંદાઈને નાશ પામે છે, તે જ રીતે શ્લોકમાં કહી છે એ ત્રણ સ્થિતિમાં સામ દોષને બહાર કાઢતાં શરીરનો નાશ થાય છે.)

વ્યાપી ગયેલા સામ દોષોની ચિકિત્સા

पाचनैर्दीपनैः स्नेहैस्तान् स्वेदैश्च परिष्कृतान् ॥२९
शोधयेच्छोधनैः काले यथासन्नं यथाबलम् ।

પાચન દ્રવ્યોથી, દીપન દ્રવ્યોથી, સ્નેહોથી અને તાપ–શેકથી એમને (ઉપરના શ્લોકમાં જણાવેલા સામ દોષોને) સંશોધન કરવા લાયક બનાવીને પછી એમને યોગ્ય સમયે દરદીના બળનો વિચાર કરીને આપેલાં શોધન દ્રવ્યો વડે (શ્લોક ૩૦, ૩૦½માં જણાવ્યા પ્રમાણે) જે માર્ગ પાસે પડે તે માર્ગેથી બહાર કાઢવા.

(પાચન દ્રવ્યોથી સામ દોષ પાકે છે, દીપન દ્રવ્યોથી ધાતુઓમાંથી છૂટા પડે છે, સ્નેહનથી પોતાના સ્થાનમાંથી ખસે છે અને સ્વેદનથી દોષો કોષ્ઠમાં આવે છે, પછી શોધનથી એ શરીરની બહાર નીકળી જાય છે.)

ક્યા સ્થળના દોષોને કયો માર્ગ પાસે છે?

हन्त्याशु युक्तं वक्त्रेण द्रव्यमामाशयान्मलान् ॥३०
घ्राणेन चोर्ध्वजत्रूत्थान् पक्वाधानाद् गुदेन च ।

મોં વાટે આપેલું (શોધન) દ્રવ્ય હોજરીમાંથી દોષોને તરત બહાર કાઢી નાખે છે, નાક વાટે આપેલું (શોધન) દ્રવ્ય ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં થયેલા દોષોને ઝટ બહાર કાઢી નાખે છે અને ગુદા વાટે આપેલું (શોધન) દ્રવ્ય પક્વાશયમાંથી દોષોને તરત બહાર કાઢી નાખે છે.

કેવા સામ દોષોને કેમ શરીરમાં ન રોકી રાખવા?

उत्क्लिष्टानध ऊर्ध्वं वा न चामान् वहतः स्वयम् ॥ ३१ ॥
धारयेदौषधैर्दोषान् विधृतास्ते हि रोगदाः ।

સ્થાનમાંથી ઊંચે કે નીચે ખસેલા, પોતાની મેળે જ વહેતા (બહાર નીકળતા) સામ દોષોને સ્તંભન ઔષધોથી નીકળતા રોકવા નહિ; કારણ કે એવા સામ દોષોને નીકળતા રોકવાથી એ દોષો રોગ કરે.

સામ દોષ મેળે નીકળે ત્યારે શું કરવું?

प्रवृत्तान् प्रागतो दोषानुपेक्षेत हिताशिनः ॥३२
विबद्धान् पाचनैस्तैस्तैः पाचयेन्निर्हरेत वा ।

માટે પથ્ય ભોજન કરનારના મેળે બહાર નીકળતા સામ દોષોને શરૂઆતમાં (શરીરનું બળ ટકી રહે ત્યાં સુધી) ગણકારવા નહિ (નીકળવા દેવા). જો એ મેળે નીકળતા સામ દોષો થોડા થોડા જ નીકળતા હોય તો તે તે પાચન દ્રવ્યોથી એમને પકવવા અથવા બહાર કાઢવા (દોષ થોડો હોય તો પકવવો, પુષ્કળ હોય તો બહાર કાઢવો).

(સામ દોષ માટે જે આહારવિહાર પથ્ય હોય તે પાળીને શ્લોકમાં કહ્યું છે, તે પ્રમાણે કરવાનું છે.)

સાજા માણસ માટે શોધન કરવાનો સમય

श्रावणे कार्तिके चैत्रे मासि साधारणे क्रमात् ॥
ग्रीष्मवर्षाहिमचितान् वाय्वादीनाशु निर्हरेत् ।

ગ્રીષ્મઋતુમાં સંચિત (ભેગો થયેલો) વાયુ સાધારણ શ્રાવણ માસમાં તરત બહાર કાઢી નાખવો, વર્ષાઋતુમાં ભેગા થયેલા પિત્તને સાધારણ કાર્તિક માસમાં તરત બહાર કાઢી નાખવું અને હેમંત અને શિશિરઋતુમાં ભેગા થયેલા કફને સાધારણ ચૈત્ર માસમાં તરત બહાર કાઢી નાખવો.

(શ્રાવણ માસમાં અતિશય તાપ, વૃષ્ટિ કે ટાઢ ન હોય ત્યારે, કાર્તિક માસમાં અતિશય તાપ, વરસાદ કે ટાઢ ન હોય ત્યારે અને ચૈત્ર માસમાં અતિશય તાપ, વરસાદ કે ટાઢ ન હોય ત્યારે દોષોનું શોધન કરવું એવું કહેવા માટે આ શ્લોકમાં 'સાધારણ' શબ્દ વાપર્યો છે).

તે તે ઋતુઓના સંધિકાળમાં શોધન કરવું

अत्युष्णवर्षशीता हि ग्रीष्मवर्षाहिमागमाः ॥३४
सन्धौ साधारणे तेषां दुष्टान् दोषान् विशोधयेत् ।

ગ્રીષ્મ, વર્ષા અને હેમંત ઋતુઓ બેસે ત્યારે અનુક્રમે પુષ્કળ ગરમી, વરસાદ અને ઠંડી પડે છે, તેથી કોપેલા દોષોનું શોધન એ ઋતુઓના સાધારણ સંધિકાળમાં કરવું. (સંધિકાળમાં બહુ તાપ, વરસાદ ને ટાઢ હોતાં નથી.)

(ગ્રીષ્મઋતુમાં આદાનકાળને લીધે શરીર

ઊતરી જાય છે, સૂર્યના પુષ્કળ કઠોર કિરણોથી તપી જાય છે, તરસ, કંટાળો વગેરેથી અકળામણ થાય છે, દોષો બહુ જ ઊંડા ઊતરી ગયા હોય છે, શરીર ઢીલુ થઈ જાય છે અને ગ્રીષ્મઋતુમા ઔષધ સૂર્યના ઘણા જ પ્રખર તાપને લીધે ગરમ અને તીક્ષ્ણ બની જતુ હોવાથી ઔષધની વધારેપડતી અસર થઈ જાય છે વર્ષાઋતુમા વાદળા અને વરસાદને લીધે ઢીલા પડી ગયેલા જગતમા જઠરાગ્નિ મંદ પડે છે, શરીર આદાનકાળને લીધે દૂબળુ પડી જાય છે અને ઓષધો (વનસ્પતિ)ના મૂળ વરસાદના પાણીમા ડૂબેલા રહેતા હોવાથી ઔષધની અસર એ ઋતુમા ઓછી થઈ જાય છે, વળી જમીનમાનો બાફ ઝાડપાનને અડકતો હોવાથી એ શેકાઈ જાય છે, તેથી પણ એ અપથ્ય બની જતા હોવાથી એની અસર ઓછી થઈ જાય છે. શિયાળામા બહુ ઠંડી લાગવાથી શરીર વાયુને લીધે બહુ વિષ્ટબ્ધ થઈ જાય છે અને એમા દોષો સ્તબ્ધ અને ભારે બની જાય છે અને ઔષધને પણ ઠંડીની સખત અસર થયેલી હોવાથી ગરમ ઔષધ સંશોધન માટે આપવામા આવે તોપણ એની અસર ઓછી થઈ જાય છે. તેથી જ્યારે બહુ તાપ, વરસાદ ને ઠંડી ન હોય, તે વખતે જ સંશોધન કરવુ જોઈએ.)

માંદાનો સંશોધનકાળ

स्वस्थवृत्तमभिप्रेत्य, व्याधौ व्याधिवशेन तु ॥ ३५

ઉપર જે સંશોધનકાળ કહ્યો તે સાજા માણસ માટે છે, પણ રોગમા સંશોધનકાળ રોગ ઉપર આધાર રાખે છે (ગમે તે ઋતુમા રોગ થયો હોય છતા જે ઋતુમા રોગ થયો હોય તે ઋતુમા જ રોગને યોગ્ય સંશોધન રોગની યોગ્ય અવસ્થામા કરવુ પડે છે)

સાધારણ કાળ ન હોય ત્યારે સંશોધન શી રીતે કરવુ ?

कृत्वा शीतोष्णवृष्टीनां प्रतीकारं यथायथम् ।
प्रयोजयेत्क्रियां प्राप्तां क्रियाकालं न हापयेत् ॥

ટાઢ, તાપ અને વરસાદ—એ ત્રણમાથી જેની જરૂર સંશોધન માટે ન હોય તેની અસર દરદીને ન થાય એવી ગોઠવણ કરીને સંશોધનની ક્રિયા કરવાની સ્થિતિ ઊભી થાય, ત્યારે સંશોધનની ક્રિયા કરવી. સંશોધન કરવાને યોગ્ય અવસર ચૂકવો નહિ.

હેમંતઋતુમા સંશોધનની જરૂર ઊભી થાય તો દરદીને ઓરડામા રાખવો, ઉનાળામા ફુવારા ઘરમા રાખવો, ચોમાસામા તદ્દન કોરી જગામા રાખવો અને ભેજ ન લાગે એવુ કરવુ.

દવા લેવાના સમય

युञ्ज्यादनन्नमन्नादौ मध्येऽन्ते कवलान्तरे ।
ग्रासे ग्रासे मुहुः सान्नं सामुद्गं निशि चौषधम् ॥

અનન્ન, અન્નાદિ, અન્નમધ્ય, અન્નાન્ત, કવલાંતર, સગ્રાસ, મુહુર, સાન્ન, સામુદ્ગ અને નૈશ ઔષધ આપવુ.

(કેટલી રીતે અને કયે વખતે ઔષધ આપી શકાય છે તે આ શ્લોકમા બતાવ્યુ છે ખોરાક પચે એટલે ઔષધ આપવુ અને ઔષધ પચે એટલે ખોરાક આપવો એવુ વારાફરતી ચલાવ્યે રાખવુ તેને અનન્ન અથવા અભક્ત ઔષધ કહે છે. ઔષધ લઈને તરત જમવુ તેને અન્નાદિ અથવા પ્રાગ્ભક્ત ઔષધ કહે છે અડધુ જમીને પછી ઔષધ લઈને પછી પાછુ બાકીનુ જમવાનુ જમી લેવુ તેને અન્નમધ્ય અથવા મધ્યેભક્ત ઔષધ કહે છે. જમી રહીને તરત ઔષધ લેવુ તેને અન્નાંત અથવા અધોભક્ત ઔષધ કહે છે. એક કોળિયો ખાઈને પછી ઔષધ લઈને પછી બીજો કોળિયો ખાઈને પછી પાછુ ઔષધ લેવુ એમ કોળિયો અને ઔષધ ભેગા ન થઈ જાય એ રીતે વારાફરતી કર્યા કરવુ અને છેક છેલ્લા કોળિયા પછી ઔષધ ન લેવુ તેને કવલાંતર અથવા ગ્રાસાંતર ઔષધ કહે છે. ખાવાના ખોરાક સાથે દવા ભેળવીને પછી એ ખોરાકના દરેક કોળિયા સાથે ભેળવીને ઔષધ ખાવુ તેને સગ્રાસ ઔષધ કહે છે. જમ્યા—ન જમ્યાનો વિચાર કર્યા વિના વારંવાર ઔષધ લેવુ તેને મુહુર ઔષધ કહે છે. ખોરાક રાંધતી વખતે તેમા ઔષધ નાખીને રાંધેલો

ખોરાક ખાવો અથવા ખોરાકમાં ભેળવીને ઔષધ લેવું તેને સાન્ન ઔષધ કહે છે. પહેલું ઔષધ, પછી તરત ભોજન અને ભોજન પછી પાછું તરત ઔષધ લેવું એને સામુદ્ગ ઔષધ કહે છે. રાત્રે સૂતા પહેલાં તરત ઔષધ લેવું તેને નૈશ ઔષધ કહે છે.)

કયા રોગમાં ક્યારે ઔષધ આપવું?

कफोद्रेके गदेऽनन्नं बलिनो रोगरोगिणोः।
अन्नादौ विगुणेऽपाने समाने मध्य इष्यते ॥३८॥
व्यानेऽन्ते प्रातराशस्य सायमाशस्य तूत्तरे।
ग्रासग्रासान्तयोः प्राणे प्रदुष्टे मातरिश्वनि ॥३९॥
मुहुर्मुहुर्विषच्छर्दिहिध्मातृट्श्वासकासिषु।
याज्यं सभोज्यं भैषज्यं भोज्यैश्चित्रैररोचके ॥४०॥
कम्पाक्षेपकहिध्मासु सामुद्गं लघुभोजिनाम्।
ऊर्ध्वजत्रुविकारेषु स्वप्नकाले प्रशस्यते ॥ ४१ ॥

કફના પ્રકોપથી થયેલા રોગમાં જો એ રોગ અને રોગી બળવાન હોય (રોગનું જોર પુષ્કળ હોય અને રોગીમાં શક્તિ હોય) તો અનન્ન ઔષધ આપવું (કફના રોગમાં નિર્બળ રોગીને સાન્ન ઔષધ આપવું કે જેથી એને ગ્લાનિ ન થાય), અપાનવાયુ કોપે (બગડે) ત્યારે અન્નાદિ ઔષધ આપવું, સમાન વાયુ બગડે (કોપે) ત્યારે અન્નમધ્ય ઔષધ આપવું એ ઇચ્છવા યોગ્ય છે. વ્યાનવાયુ કોપે ત્યારે દરદીને સવારે જમાડીને તરત અન્નાન્ત ઔષધ આપવું, ઉદાનવાયુ કોપે ત્યારે દરદીને સાંજે જમાડીને તરત અન્નાંત ઔષધ આપવું, પ્રાણવાયુ કોપે ત્યારે કવલાંતર અને સગ્રાસ ઔષધ આપવાં; ઝેર, ઊલટી, હેડકી, તરસ, દમ, ઉધરસ એટલા રોગોમાં મુહુર્ ઔષધ આપવું; અરુચિ રોગમાં ભાતભાતનાં ભોજ્ય સાથે સાન્ન ઔષધ આપવું; કંપ, આક્ષેપક અને હેડકીના રોગોમાં દરદીઓએ હલકું ખાવું અને સામુદ્ગ ઔષધ લેવું તથા ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં થયેલા રોગોમાં નૈશ ઔષધ લેવું એ ઉત્તમ છે. (ઔષધના નામના અર્થ માટે જુઓ શ્લોક ૩૬, ૩૭).

इत्यष्टांगहृदये सूत्रस्थाने दोषोपक्रमणीयो नाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

અધ્યાય ૧૪ મો

ગયા અધ્યાયમાં દોષોના સામાન્ય ઉપચાર કહ્યા. હવે આ અધ્યાયમાં દોષોના ઉપચારના બે મુખ્ય ભેદ–બૃંહણ અને લંઘન–બતાવીને એ બે ભેદ વિષે સમજાવે છે. આમ આ અધ્યાયમાં દોષોની વિશેષ ચિકિત્સા કહી છે.

अथातो द्विविधोपक्रमणीयमध्यायं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः

હવે અમે બે પ્રકારના ઉપચારનો વિષય જે અધ્યાયમાં આવે છે તે અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

બે પ્રકારના ઉપચાર શા માટે?

उपक्रम्यस्य हि द्वित्वाद्द्विधैवोपक्रमो मतः।

રોગ બે પ્રકારનો (સામ અને નિરામ) હોવાથી રોગના ઉપચાર પણ બે પ્રકારના હોય એ ઇષ્ટ છે.

બે પ્રકારના ઉપચાર, એનું લક્ષણ

एकः सन्तर्पणस्तत्र द्वितीयश्चापतर्पणः ॥ १ ॥
बृंहणो लङ्घनश्चेति तत्पर्यायावुदाहृतौ।
बृंहणं यद्बृहत्त्वाय लङ्घनं लाघवाय यत् ॥ २ ॥
देहस्य

એ બે પ્રકારના ઉપચારમાં એક સંતર્પણ અને બીજો અપતર્પણ કહેવાય છે. સંતર્પણનું બીજું નામ બૃંહણ છે અને અપતર્પણનું બીજું નામ લંઘન છે એવું કહે છે. જે ઉપચારથી શરીર સ્થૂલ (લાંબુંપહોળું, ભારે, બૃહત) બને તેને બૃંહણ કહે છે અને જે ઉપચારથી શરીર હલકુંપાતળું (કૃશ, લઘુ) બને તેને લંઘન કહે છે.

ક્યાં દ્રવ્ય બૃંહણ અને ક્યાં દ્રવ્ય લંઘન?

भवतः प्रायो भौमापमितरच्च ते।

સામાન્ય રીતે પાર્થિવ દ્રવ્ય અને આપ્ય (જલીય) દ્રવ્ય બૃંહણ હોય છે અને બાકીનાં એટલે આગ્નેય, વાયવ્ય અને નાભસ દ્રવ્યો સામાન્ય રીતે લંઘન (અપતર્પણ) હોય છે.

(કેટલીક વાર જવ, મસૂર, મઠ, તાદળજો વગેરે પાર્થિવ અને આપ્ય દ્રવ્યો પણ લંઘન હોય છે તથા સૂંઠ, પીપર વગેરે જેવા તીખા આગ્નેય અને વાયવ્ય દ્રવ્યો પણ બૃંહણ હોય છે, માટે 'સામાન્ય રીતે' શબ્દ વાપર્યો છે.)

સ્નેહન વગેરેનો બૃંહણલંઘનમાં સમાવેશ

स्नेहनं रूक्षणं कर्म स्वेदनं स्तम्भनं च यत् ॥३॥
भूतानां तदपि द्वैध्याद्द्वितयं नातिवर्तते ।

સ્નેહન, રૂક્ષણ, સ્વેદન અને સ્તંભન કરનારા દ્રવ્યોના કારણરૂપ પંચમહાભૂતો પોતે જ બૃંહણ અને લંઘન એ બે વર્ગમાં સમાઈ જાય છે, તેથી સ્નેહન, રૂક્ષણ, સ્વેદન અને સ્તંભન એ જે ચાર કર્મ છે તે પણ બૃંહણ અને લંઘન એ વર્ગમાં સમાઈ જાય છે.

લંઘનના પ્રકાર

शोधनं शमनं चेति द्विधा तत्रापि लङ्घनम् ॥४॥

લંઘન અને બૃંહણ એ બેમાંથી વળી લંઘન બે પ્રકારનું છે—શોધન અને શમન.

શોધનનો અર્થ, શોધન કેટલાં ?

यदीरयेद्बहिर्दोषान् पञ्चधा शोधनं च तत् ।
निरूहो वमनं कायशिरोरेकोऽस्रविस्रुतिः ॥५॥

જે ઔષધ શરીરમાંના દોષોને બહાર કાઢે તેને શોધન કહે છે. શોધન પાંચ જાતનું છે. નિરૂહ, વમન, કાયવિરેક, શિરોવિરેક, રક્તસ્રુતિ.

(માથા સુદ્ધાંત આખા શરીરના મળને નીચેના દ્વારથી બહાર કાઢે, તે ઔષધને કાયવિરેક (જુલાબ) કહે છે, પણ એકલા માથામાંના મળને નાક વાટે બહાર કાઢે તે ઔષધને શિરોવિરેક (નસ્ય) કહે છે.

શમન કોને કહેવાય તેના પ્રકાર

न शोधयति यद्दोषान् समान्नोदीरयत्यपि ।
समीकरोति विषमान् शमनं तच्च सप्तधा ॥६॥
पाचनं दीपनं क्षुत्तृड्व्यायामातपमारुताः ।

જે દ્રવ્ય કે ક્રિયા દોષોને શરીરની બહાર કાઢે નહિ, સમદોષોને બગાડે પણ નહિ (પોતાના પ્રમાણથી વધતાઓછા કરે નહિ) અને વિષમ (પ્રમાણથી વધી ગયેલા કે ઓછા થઈ ગયેલા) દોષોને સમ પણ કરે છે તેને શમન કહે છે. શમન સાત જાતનું છે. પાચન, દીપન, ભૂખ્યા રહેવું (ખોરાક ખાવોપીવો નહિ, ઉપવાસ), તરસ્યા રહેવું, કસરત (મહેનત), તડકો અને પવન.

બૃંહણ પણ શમન હોઈ શકે

बृंहणं शमनं त्वेव वायोः पित्तानिलस्य च ॥७॥

બૃંહણથી શુદ્ધ વાયુનું અને પિત્ત સાથે ભળેલા વાયુનું શમન થાય છે તેથી તેટલા પૂરતું બૃંહણ પણ શમન છે.

કોનું કોનું બૃંહણ કરવું જોઈએ?

बृंहयेद्व्याधिभैषज्यमद्यस्त्रीशोककर्शितान् ।
भाराध्वोरःक्षतक्षीणरूक्षदुर्बलवातलान् ॥८॥
गर्भिणीसूतिकाबालवृद्धान् ग्रीष्मेऽपरानपि ।

રોગ, દવા, દારૂ, મૈથુન અને શોકથી દૂબળા થઈ ગયેલા, ભાર ઊંચકીને, ચાલીને (મુસાફરી કરીને) અને ઉરક્ષતથી દૂબળા થઈ ગયેલા, લૂખા પડી ગયેલા, નબળા અને વાયડા (શુદ્ધ વાયુથી પીડાતા) માણસો, ગર્ભિણી, સુવાવડી, બાળકો અને વૃદ્ધોનું બૃંહણ કરવું અને ગ્રીષ્મઋતુમાં તો ઉપર ગણાવ્યા તે ઉપરાંત બીજાઓનું (બધાનું, સાજાનું) પણ બૃંહણ કરવું.

નોંધ : સામ અવસ્થામાં કોઈનું પણ બૃંહણ કરવું નહિ. (सामे पुनस्तैरपि लङ्घनं कार्यमेव । ભાવપ્રકાશ. ચિકિત્સાપ્રકરણ ૮)

બૃંહણના ઉપાય

मांसक्षीरसितासर्पिर्मधुरस्निग्धबस्तिभिः ॥९॥
स्वप्नशय्यासुखाभ्यङ्गस्नाननिर्वृतिहर्षणैः ।

ખાવાપીવામાં માંસ, દૂધ, સાકર અને ઘી આપીને, ગળપણવાળી અને સ્નિગ્ધ બસ્તિ આપીને, ઊંઘાડીને, પથારીમાં સુવાડી રાખીને, સુખમાં રાખીને, અભ્યંગ કરીને, નવડાવીને, સંતોષ આપીને, હર્ષ થાય એવું કરીને બૃંહણ કરવું.

લંઘન કોને કોને કરાવવું ?

मेहामदोषातिस्निग्धज्वरोरुस्तम्भकुष्ठिनः ॥१०॥
विसर्पविद्रधिप्लीहशिरःकण्ठाक्षिरोगिणः ।
स्थूलांश्च लङ्घयेन्नित्यं शिशिरे त्वपरानपि ॥११॥

મેહ (પ્રમેહ), આમદોષ (સૂ. ૮/૧૩,૧૪),

જેનું વધારે પડતું સ્નેહન થઈ ગયું હોય એવા (સૂ. ૧૬/૩૧); તાવ, ઊરુસ્તંભ, ચામડીના રોગ, વિસર્પ, ગડ, ખરોળ, માથાના રોગ, ગળાના રોગ, આંખના રોગ, એટલા રોગવાળા તથા જાડા માણસોનુ રોજ (ગમે તે ઋતુ હોય તોપણ) લંઘન કરવું અને હેમંત તથા શિશિર ઋતુઓમાં તો બીજાઓનું (સાજાઓનું, બધાનું) લંઘન કરવું.

શોધન અને શમન લંઘન કોનું કેવી રીતે કરવું?

तत्र संशोधनैः स्थौल्यबलपित्तकफाधिकान् ।
आमदोषज्वरच्छर्दिरतीसारहृदामयैः ॥ १२ ॥
विबन्धगौरवोद्गारहृल्लासादिभिरातुरान् ।
मध्यस्थौल्यादिकान् प्रायः पूर्वं पाचनदीपनैः ॥१३
एभिरेवामयैरार्तान् हीनस्थौल्यबलादिकान् ।
क्षुत्तृष्णानिग्रहैर्दोषैस्त्वार्तान् मध्यबलैर्दृढान् ॥१४
समीरणातपायासैः किमुताल्पबलैर्नरान् ।

તેમાં (બધા લંઘન કરાવવા યોગ્ય દરદીઓમાં) જેમનામાં જાડાપણું (થોલાપણું), બળ, પિત્ત અને કફ વધારે હોય તેમને સંશોધન કરાવીને લંઘન કરાવવું; આમદોષ, તાવ, ઊલટી, અતિસાર, હૃદયના રોગ, વિબંધ, શરીર ભારેભારે લાગવું, ઓડકાર, હૃલ્લાસ વગેરે રોગના દરદીઓને અને જેમનામાં જાડાપણું, બળ, પિત્ત અને કફ સાધારણ હોય તેમને સામાન્ય રીતે પહેલાં પાચન અને દીપન ઔષધો આપીને લંઘન કરાવવું (અને પછી સંશોધન કરીને લંઘન કરાવવું); એ જ રોગોથી પીડાતા (ઉપર ગણાવેલા આમદોષથી હૃલ્લાસ સુધીના રોગોથી પીડાતા) દરદીનાં જાડાપણું, બળ, પિત્ત અને કફ જો ઓછાં હોય તો એમને ભૂખ્યા રાખીને અને તરસ્યા રાખીને લંઘન કરાવવું; દોષોનું જોર સાધારણ હોય અને દરદી સશક્ત હોય તો એમને પવન, તડકો અને કસરતરૂપી લંઘન કરાવવું; તો પછી દોષોનુ જોર થોડું હોય ત્યારે પવન, તડકો અને કસરતરૂપી લંઘન કરાવવુ જોઈએ એમાં તો પૂછવાનું જ શું?

કોની બૃંહણ ચિકિત્સા ન કરવી?

न बृंहयेल्लङ्घनीयान्

જેમનું લંઘન (અપતર્પણ) કરવાનું હોય તેમનું (લંઘન કરાવતાં પહેલાં) બૃંહણ ન કરવું.

બૃંહણ કરતાં પહેલા શું કરવું?

बृंह्यांस्तु मृदु लङ्घयेत् ॥ १५ ॥
युक्त्या वा देशकालादिबलतस्तानुपाचरेत् ।

પણ જે બૃંહણ કરવા યોગ્ય હોય તેમને હલકું લંઘન કરાવવુ અથવા દેશ, કાળ (સત્ત્વ, સાત્મ્ય) વગેરેના બળનો વિચાર કરીને સંતર્પણ અને અપતર્પણ ભેગાં કરીને યુક્તિપૂર્વક ઉપચાર કરવા (નર્યું લંઘન કરવું નહિ).

બરાબર બૃંહણ થયું હોવાનું લક્ષણ

बृंहिते स्याद्बलं पुष्टिस्तत्साध्यामयसङ्क्षयः ॥१६॥

જ્યારે બરાબર બૃંહણ થાય ત્યારે બળ આવે છે, શરીરની પુષ્ટિ થાય છે અને બૃંહણથી મટે એવા રોગ મટે છે.

બરાબર લંઘન થયું હોવાનાં લક્ષણ

विमलेन्द्रियता सर्गो मलानां लाघवं रुचिः ।
क्षुत्तृट्सहोदयः शुद्धहृदयोद्गारकण्ठता ॥ १७ ॥
व्याधिमार्दवमुत्साहस्तन्द्रानाशश्च लङ्घिते ।

બરાબર લંઘન થાય ત્યારે ઇંદ્રિયો નિર્મળ (ચપળ) થાય છે, મળો મેળે બહાર નીકળે છે, શરીર હલકું (ફરફરું) થાય છે, ખાવાની રુચિ થાય છે, ભૂખ અને તરસ સાથે લાગે છે, હૃદય, ઓડકાર અને ગળું શુદ્ધ થાય છે, રોગ નરમ પડી જાય છે, ઉત્સાહ આવે છે અને સુસ્તી ઊડી જાય છે.

અતિ બૃંહણ અને અતિ લંઘનનાં લક્ષણ

अनपेक्षितमात्रादिसेविते कुरुतस्तु ते ॥ १८ ॥
अतिस्थौल्यातिकार्श्यादीन्, वक्ष्यन्ते ते च सौषधाः ।

લંઘન અને બૃંહણ કેટલું કરવું જોઈએ તેનું માપ(માત્રા), દેશ, કાળ વગેરે બાબતોનો વિચાર કર્યા વિના કરેલાં તે (બૃંહણ અને લંઘન) અનુક્રમે શ્લોક ૨૦માં ગણાવેલાં અતિસ્થૌલ્ય વગેરે રોગ તથા શ્લોક ૨૯થી ૩૦માં ગણાવેલા અતિકાર્શ્ય વગેરે રોગ કરે

છે. એ રોગો હવે પછી એમને મટાડવાનાં ઔષધ સાથે કહેવામાં આવશે.

અતિબૃંહણ શું કરે છે?

रूपं तैरेव च ज्ञेयमतिबृंहितलङ्घिते ॥ १९ ॥

(અતિસ્થૌલ્ય વગેરે અને અતિકાર્શ્ય વગેરે તો અનુક્રમે અતિ બૃંહણ અને અતિ લંઘનનાં કાર્ય (પરિણામ છે) એ વાત ખરી, પણ જ્યાં કાર્ય ઉપરથી જ કારણ સમજી શકાય એવું હોય ત્યાં કાર્ય પોતે કારણના લક્ષણરૂપ જ હોય છે.)

વધારે પડતું બૃંહણ થઈ ગયુ હોય અને વધારે પડતું લંઘન થઈ ગયુ હોય તેનુ લક્ષણ (ચિહ્ન) એમના ઉપરથી જ (અતિસ્થૌલ્ય વગેરે અને અતિકાર્શ્ય વગેરે ઉપરથી) સમજવુ.

અતિ બૃંહિતનાં લક્ષણ

अतिस्थौल्यापचीमेहज्वरोदरभगन्दरान् ।
कासस‍ंन्यासकृच्छ्रामकुष्ठादीनतिदारुणान् ॥२०॥

વધારે પડતુ બૃંહણ થવાથી બહુ જાડા થઈ જવાય તથા અપચી, મેહ, તાવ, ઉદરરોગ, ભગંદર, ઉધરસ, સંન્યાસ, મૂત્રકૃચ્છ્ર, આમ, ચામડીના રોગ વગેરે ઘણા ભયંકર રોગો થાય છે.

એનો ઉપાય

तत्र मेदोनिलश्लेष्मनाशनं सर्वमिष्यते ।

(શ્લોક ૧૯૩, ૨૦વાળા) બહુ જાડાપણું વગેરે રોગોમાં ચરબી, વાયુ અને કફનો નાશ કરે એવું બધું ઇચ્છાય છે (કરવું જોઈએ).

સ્થૂલતા વગેરેના ઉપચાર

कुलत्थजूर्णश्यामाकयवमुद्गमधूदकम् ॥ २१ ॥
मस्तुदण्डाहतारिष्टचिन्ताशोधनजागरम् ।
मधुना त्रिफलां लिह्याद्गुडूचीमभयां घनम् ॥
रसाञ्जनस्य महतः पञ्चमूलस्य गुग्गुलोः ।
शिलाजतुप्रयोगश्च साग्निमन्थरसो हितः ॥२३॥
विडङ्गं नागरं क्षारः काललोहरजो मधु ।
यवामलकचूर्णं च योगोऽतिस्थौल्यदोषजित् ॥

કળથી, જુવાર (જાર), સામો, જવ, મગ, મધપાણી (મધ અને પાણી ભેગાં કરીને પીવાં), મસ્તુ, દહીંથી ચોથા ભાગનું પાણી નાખીને વલોવેલી છાશ, અરિષ્ટ, દારૂ, ચિંતા, સંશોધન, ઉજાગરો, મધ સાથે ત્રિફળા ચાટવી, મધ સાથે ગળો ચાટવી, મધ સાથે હરડે ચાટવી, મધ સાથે મોથ ચાટવી, અરણીના સ્વરસ સાથે (ભેળવીને) રસવંતીનો, મોટાં પંચમૂળનો, ગૂગળનો અને શિલાજિતનો પ્રયોગ એટલું હિતકારક છે; વાવડિંગ, સૂંઠ, જવખાર, ગજવેલનું બારીક ચૂર્ણ, મધ, જવ અને આમળાંનું ચૂર્ણ–એ સાતે વસ્તુઓ સરખે ભાગે લઈને ભેગી કરીને વાપરવી. આ બધાંથી બહુ જાડાપણુ મટે છે.

સ્થૂલતા વગેરે મટાડવાનો બીજો ઉપાય

व्योषकट्वीवराशिग्रुविडङ्गातिविषास्थिराः ।
हिङ्गुसौवर्चलाजाजीयवानीधान्यचित्रकाः ॥२५
निशे बृहत्यौ हपुषा पाठा मूलं च केम्बुकात् ।
एषां चूर्णं मधु घृतं तैलं च सदृशांशकम् ॥२६॥
सक्तुभिः षोडशगुणैर्युक्तं पीतं निहन्ति तत् ॥
अतिस्थौल्यादिकान् सर्वान् रोगानन्यांश्च तद्विधान् ॥ २७ ॥
हृद्रोगकामलाश्वित्रश्वासकासगलग्रहान् ।
बुद्धिमेधास्मृतिकरं सन्नस्याग्नेश्च दीपनम् ॥ २८॥

ત્રિકટુ, કડુ, ત્રિફળા, સરગવો, વાવડિંગ, અતિવિષની કળી, સમેરવો, હિંગ, સંચળ, જીરું, અજમો, ધાણા, ચિત્રક, હળદર, દારુહળદર, બેઠી ભોરીંગણી, ઊભી ભોરીંગણી, પળાંસી, કાળીપાટ, કોબીચનાં મૂળ–આ ચોવીસ ઔષધ સમભાગે લઈને એનુ ચૂર્ણ ભેગું કરવુ. વજનમાં આ ચૂર્ણ જેટલું મધ લેવું. ચૂર્ણના વજન જેટલા જ વજન જેટલું ઘી, ઘી જેટલા વજનનુ તેલ લેવું અને ચૂર્ણના વજનથી સોળગણો જવનો સાથુ લેવો. આ બધુ એકઠુ કરીને (ઠંડા પાણી સાથે માપસર) પીવાથી શ્લોક ૧૯૩, ૨૦વાળા બહુ જાડાપણું વગેરે બધા રોગ, તે જ પ્રકારના (અતિબૃંહણથી થતા) બીજા રોગ, હૃદયના રોગ, કમળો, ધોળો કોઢ, દમ, ઉધરસ અને ગલગ્રહરોગ મટે છે. બુદ્ધિ, મેધા અને યાદશક્તિ આવે છે અને મંદ અગ્નિ પ્રદીપ્ત થાય છે.

અતિલંઘનથી થતા રોગ

अतिकार्श्यं भ्रमः कासस्तृष्णाधिक्यमरोचकः ।
स्नेहाग्निनिद्रादृक्श्रोत्रशुक्रौजःक्षुत्स्वरक्षयः ॥२९॥
बस्तिहृन्मूर्धजङ्घोरुत्रिकपार्श्वरुजा ज्वरः ।
प्रलापोर्ध्वानिलग्लानिच्छर्दिपर्वास्थिभेदनम् ॥
वर्चोमूत्रग्रहाद्याश्च जायन्तेऽतिविलङ्घनात् ।

વધારેપડતુ લંઘન કરવાથી બહુ દૂબળાપણું, ફેર, ઉધરસ, પુષ્કળ તરસ, અરુચિ; શરીરની ચીકાશ, અગ્નિ, ઊંઘ, જોવાની શક્તિ, સાંભળવાની શક્તિ, વીર્ય, ઓજસ, ભૂખ અને અવાજ એ નવ વસ્તુનો નાશ; મૂત્રાશય, હૃદય, માથું, જાંઘ, સાથળ, ત્રિક, પડખાં એ સાત જગાએ પીડા; તાવ, લવરી, વાયુ ઊંચો ચડે, ગ્લાનિ, ઊલટી, પર્વનાં હાડકાં જાણે ભાંગી જતાં હોય એવું દુઃખ; ઝાડો–પેશાબ રોકાઈ જાય વગેરે રોગ થાય છે.

જાડાપણા કરતાં દૂબળાપણું સારું હોવાનું કારણ

कार्श्यमेव वरं स्थौल्यात्
न हि स्थूलस्य भेषजम् ॥ ३१ ॥
बृंहणं लङ्घनं वाऽलमतिमेदोग्निवातजित् ।

અતિસ્થૂલતા કરતાં અતિકૃશતા ઉત્તમ છે; કેમ કે અતિ જાડાને જેમ બૃંહણ ઉપચાર લાગુ પડતા નથી તેમ લંઘન ઉપચાર પણ તેને લાગુ પડતા નથી, માટે અતિ જાડાનું તો ઔષધ જ નથી. એનું કારણ એ છે કે અતિ જાડાને જો બૃંહણ ઉપાય લાગુ કરે, તો બૃંહણ ઉપાયથી ચરબીની બહુ વૃદ્ધિ થાય છે અને જઠરાગ્નિનો નાશ થાય છે, માટે માંસ, દૂધ વગેરે બૃંહણ ઉપાય તેના ઉપયોગના નથી; લંઘન ઉપાયથી મેદનો નાશ થાય છે પણ વાયુ વૃદ્ધિ પામે છે; માટે કોદરા, સામો વગેરે લંઘન ઉપાય પણ તેને હિતકર નથી. આ વાત માત્ર સાધારણ સ્થૂલતા કે કૃશતાવાળા મનુષ્યને માટે નથી; કેમ કે અતિસ્થૂલ અને અતિકૃશના જ ઉપચારની અહીં વાત કરી છે.

मधुरस्निग्धसौहित्यैर्यत्सौख्येन च नश्यति ॥३२॥
कर्शिमा स्थविमाऽत्यन्तविपरीतनिषेवणैः ।

મધુર અને સ્નિગ્ધ પદાર્થો ધરાઈને ખાવાપીવાથી દૂબળાપણું સહેલાઈથી નાશ પામે છે, પણ જાડાપણું તો મોટેભાગે કડવાં, તીખાં અને તૂરાં એવાં અત્યંત વિપરીત ઔષધો અને અન્નપાનથી જ મટે છે. સ્થૂલ અને કૃશ એ બન્નેને એવો વ્યાધિ થાય કે જે બૃંહણ ઉપચારથી શાંત થઈ શકે, ત્યારે કૃશને તો તે ઉપચાર માફક આવી જલદી રોગ મટે છે; પણ સ્થૂલને તો ઉપચાર વિરુદ્ધ હોવાથી સહેલાઈથી મટી શકતો નથી; તેમ જ જો એ બે જણને લંઘન ઉપચારથી મટે એવો કોગળિયું વગેરે રોગ થાય તો તે પણ દૂબળાને સહેલાઈથી મટે છે અને જાડાને તે પણ વિરુદ્ધ ઉપચાર હોવાથી મહામહેનતે મટે છે; કારણ કે એમાં મુખ્ય ઉપાય શેક કરવાનો હોય છે, તે પણ સ્થૂલને યોગ્ય નથી; કેમ કે 'બહુ જાડા માણસને શેક કરવો નહિ' એમ શાસ્ત્રમાં (સૂ. ૧૭/૨૧ માં) કહ્યું છે. જો ઉપવાસ કરાવે તો તે પણ યોગ્ય નથી; કેમ કે 'તેનાં સ્રોતો ચરબી વડે રુંધાયેલાં હોવાથી વાયુ કોઠામાં વિશેષે કરીને ફરે છે તથા ત્યાં રહીને અગ્નિને પ્રદીપ્ત કરે છે, તેથી તેને ભૂખ વિશેષ લાગે છે અને જેમ કોઈ વૃક્ષના પોલાણમાં રહેલો અગ્નિ વાયુથી પ્રજ્વલિત થઈને તે વૃક્ષને બાળી મૂકે છે, તેમ સ્થૂલ મનુષ્યના શરીરમાં રહેલો અગ્નિ પણ પ્રજ્વલિત થઈને તેનો નાશ કરે છે.' માટે લંઘન (ઉપવાસ) પણ સ્થૂલને કામનો નથી. જો બૃંહણ ઉપાય કરે તો આમદોષ વૃદ્ધિ પામે. કૃશને એ સર્વ ઉપાયો અનુકૂળ હોવાથી સુખકર છે, માટે જાડાપણા કરતાં દૂબળાપણું સારું છે.

દૂબળા મનુષ્યનું ઔષધ

योजयेद्बृंहणं तत्र सर्वं पानान्नभेषजम् ॥ ३३ ॥
अचिन्तया हर्षणेन ध्रुवं सन्तर्पणेन च ।
स्वप्नप्रसङ्गाच्च कृशो वराह इव पुष्यति ॥ ३४ ॥

કૃશ મનુષ્યને જે કાંઈ બૃંહણ અન્ન, પાન, ઔષધ હોય તે સર્વ આપવું; અર્થાત્ જેટલું પૌષ્ટિક તેટલું કૃશને હિતકર છે. વળી શોક વગેરેથી તેને આકુળ ન થવા દેવો, નિશ્ચિંત

રાખવો, તેના મનને હર્ષ ઉત્પન્ન કરવો તથા પૌષ્ટિક ખોરાક ખવરાવવો. વળી અતિ નિદ્રા કરાવવી; કેમ કે તેથી તે ભૂંડની પેઠે પુષ્ટ થાય છે.

માંસ દેહની પુષ્ટિ બહુ કરે છે

न हि मांससमं किञ्चिदन्यद्देहबृहत्त्वकृत् ।
मांसादमांसं मांसेन सम्भृतत्वाद्विशेषतः ॥ ३५ ॥

માંસના સમાન શરીરને વધારે એવું બીજું કાંઈ છે નહિ; તેમાં યે માંસ ખાનારાં પ્રાણીઓનુ માંસ વિશેષ કરીને શરીરને વધારે છે; કેમ કે તેનુ માંસ માંસથી પુષ્ટ થયેલું હોય છે.

સ્થૂલ અને કૃશના ઉપચારનું સંક્ષેપમાં કથન

गुरु चातर्पणं स्थूले विपरीतं हितं कृशे ।
यवगोधूममुभयोस्तद्योग्याहितकल्पनम् ॥ ३६ ॥

જે દ્રવ્ય ભારે હોવા છતાં અપતર્પણ (લંઘન) કરે એવું હોય તે દ્રવ્ય જાડા દેહવાળા મનુષ્યને હિતકર છે; કેમ કે મધ, કમળનો કંદ અથવા જાયફળ, એવાં એવાં ઔષધ સ્થૂલને હિતકર છે, કેમ કે તે રુક્ષ હોવાથી મેદનો નાશ કરે છે; તથા ભારે હોવાથી જલદી પચતાં નથી. એથી જે ઊલટાં ગુણવાળાં એટલે સંતર્પણ (બૃંહણ–પૌષ્ટિક) ગુણવાળાં અને હલકાં હોય તે કૃશ (પાતળા) મનુષ્યને હિતકર છે; જેમ કે શાળના ચોખા, સાઠીચોખા, હરણનું માંસ, લાવરાં, તેતર, બકરીનું માંસ અને દૂધ વગેરે. અતિકૃશ મનુષ્યનો જઠરાગ્નિ પણ મંદ હોય છે, માટે જો કદી એવા મનુષ્યને ભારે અન્નપાન, ઔષધ વગેરે આપીએ તો તેનો અગ્નિ મંદ પડી જાય; જો એવા મનુષ્યને ખરેખરો પૌષ્ટિક ખોરાક ન આપીએ તો તે વધારે દૂબળો પડી જાય, માટે હલકું અને સંતર્પણ અન્નપાન અને ઔષધ દૂબળાને હિતકર છે. વળી હલકું છતાં પણ જે અપતર્પણ ગુણવાળું હોય તે, (સામો, કોદરા વગેરે) પણ સ્થૂલને હિતકર છે, વળી જે ભારે નથી કે હલકું પણ નથી એવું ચરબીનાશક ઉજાગરો, સ્ત્રીસેવા, કસરત, ચિંતા વગેરે પણ સ્થૂલ શરીરવાળાને હિતકર છે.

સ્થૂલ અને કૃશ બંનેને અનુક્રમે જવ તથા ઘઉં હિતકર છે; પણ તે સ્થૂલ તથા કૃશને માફક આવે એવી જવ તથા ઘઉંની વાની કરી હોય ત્યારે. (જો જવનું એવું ભોજન બનાવ્યું હોય કે તે ભારે અને અપતર્પણ કરનારું થાય તથા ઘઉંનું એવું ભોજન બનાવ્યું હોય કે તે હલકું અને સંતર્પણ કરનારું થાય તો જ જવ જાડાને અને ઘઉં દૂબળાને હિતકર જાણવા.)

दोषगत्याऽतिरिच्यन्ते ग्राहिभेद्यादिभेदतः ।
उपक्रमा न ते द्वित्वाद्भिन्ना अपि गदा इव ॥३७॥

કોઈ શંકા કરે કે તાવ, અતિસાર, ગોળો વગેરે અનેક રોગના અનેક ઉપચાર હોવા જોઈએ એમ છતા બધાય રોગના બે જ ઉપક્રમ શા માટે કહો છો? તો તેનું સમાધાન થવા સારું કહે છે કે, કોપેલા વાત, પિત્ત, કફ, એ દોષ જુદા હોય, એ બે મિશ્ર હોય, ત્રણે એકઠા હોય, વળી તેમાં એકાદ ઓછા બળવાળો અને એકાદ અધિક બળવાળો હોય, એ પ્રમાણે અનંત પ્રકાર થાય છે; વળી તે જ દોષ સમાન હોય, વૃદ્ધ હોય કે ક્ષીણ હોય; વળી તે આડી ગતિવાળા, ઊંચે ગતિવાળા કે નીચે ગતિવાળા હોય, વળી તે શાખામાં રહેલા હોય, કોષ્ઠમાં રહેલા હોય કે સાંધાઓમાં રહેલા હોય, એ પ્રમાણે અનંત ભેદ થવાથી તેમના ઉપચાર પણ ગ્રાહી, ભેદી વગેરે પ્રકારથી અનંત થાય છે. એમ છતાં પણ તે સર્વે ઉપચાર સંતર્પણ અને અપતર્પણ એ બે પ્રકારના ઉપચારમાં સમાઈ જાય છે. દૃષ્ટાંત: જેમ તાવના અનેક પ્રકાર છે તેમ છતાં સામજ્વર અને નિરામજ્વર એ બે વર્ગમાં સર્વે તાવનો સમાવેશ થાય છે, તેમ રોગોના ઉપચાર વિષે પણ જાણવું.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने द्विविधोपक्रमणीयो नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫ મો

अथातः शोधनादिगणसङ्ग्रहमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

(પાછલા અધ્યાયમાં બે પ્રકારના ઉપક્રમ (ઉપચાર) કહી એમ કહ્યુ છે કે બીજા બધા ઉપક્રમનો એ બેમાં સમાવેશ થાય છે. હવે તે ઉપક્રમોમાં શોધન ઔષધો સર્વ દોષને જીતનારાં હોવાથી મુખ્ય છે માટે તે ઔષધોનો સમૂહ બતાવવાનો આરંભ આ અધ્યાયમાં કરવાની ઇચ્છાથી કહે છે.) હવે શોધન વગેરે ગણનો સંગ્રહ જેમાં કહેલો છે એવો અધ્યાય સમજાવીશું. (શોધન ચાર પ્રકારનું: વમન, વિરેચન, આસ્થાપન અને શિરોવિરેચન. એ ચાર જાતનાં દ્રવ્ય શોધન દ્રવ્ય જાણવાં.) આ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છેઃ

વમન દ્રવ્યો

मदनमधुकलम्बानिम्बबिम्बीविशाला-
त्रपुसकुटजमूर्वादेवदालीकृमिघ्नम् ।
विदुलदहनचित्राः कोशवत्यौ करञ्जः
कणलवणवचैलासर्षपाश्छर्दनानि ॥ १ ॥

મીંઢળ, જેઠીમધ, કડવી તુંબડી, લીમડો, ઘિલોડાં (ટિંડોરાં), ઇદ્રવારણી, કડવી કાકડી, ઇંદ્રજવ, મોરવેલ, કૂકડવેલ, વાવડિંગ, જલવેતસ, ચિત્રો, ઉંદરકની, કડવું તૂરિયું, કડવું ગલકુ, કરંજ, પીપર, સિંધવ, વજ, નાની એલચી, સરસવ-એ સર્વ ઊલટી કરાવનારાં દ્રવ્ય છે. (તેમાં મીંઢળ, ઇદ્રવારણી, કડવી કાકડી, ઇંદ્રજવ, વાવડિંગ, એલચી અને સરસવનાં ફળ ઊલટી કરાવનારાં જાણવાં; જેઠીમધ, નેતર, ચિત્રો, દંતી અને વજ, એમનાં મૂળ ઊલટી કરાવનારાં જાણવાં; લોધર, દારૂડી, કપિલો, એમની છાલ ઊલટી કરાવનારી છે. બાકીનાં દ્રવ્યનાં ફળ, પત્ર અને ફૂલ ઊલટી કરવામાં લેવાં.)

વિરેચન દ્રવ્યો

निकुम्भकुम्भत्रिफलागवाक्षी-
स्नुक्शङ्खिनीनीलिनितिल्वकानि ।
शम्याककम्पिल्लकहेमदुग्धा
दुग्धं च मूत्रं च विरेचनानि ॥ २ ॥

નેપાળો, નસોતર, ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), ગાવસુકડાં, થોર, શંખાવળી, એક જાતની નાની ગળી, લોધર, ગરમાળો, કપિલો, દારૂડી, દૂધ અને મૂત્ર એ સર્વ દ્રવ્ય વિરેચન કરાવનારાં છે.

નિરૂહણ દ્રવ્યો

मदनकुटजकुष्ठदेवदाली-
मधुकवचादशमूलदारुरास्नाः ।
यवमिशिकृतवेधनं कुलत्था
मधु लवणं त्रिवृता निरूहणानि ॥ ३ ॥

મીંઢળ, કડાછાલ, ઉપલેટ, કૂકડવેલ, જેઠીમધ, વજ, દશમૂલ, દેવદાર, રાસ્ના, જવ, સવા, ઘિલોડાં, કળથી, મધ, સિંધવ, નસોતર– એ સર્વે દ્રવ્ય નિરૂહણ બસ્તિ આપવાને ઉપયોગી છે.

નસ્યનાં દ્રવ્યો

वेल्लापामार्गव्योषदार्वीसुराला
बीजं शैरीषं बार्हतं शैग्रवं च ।
सारो माधूकः सैन्धवं तार्क्ष्यशैलं
त्रुट्यौ पृथ्वीका शोधयन्त्युत्तमाङ्गम् ॥ ४ ॥

વાવડિંગ, અઘેડો, ત્રિકટુ, દારુહળદર, રાળ, સરસડાનાં બીજ, રીંગણીનાં બીજ, સરગવાનાં બીજ, મહુડાનો સાર, સિંધવ, સૂક્ રસાંજન, નાની એલચી અને મોટી એલચી, (હગુપત્રી એ દ્રવ્ય મગજનુ શોધન કરનારાં છે (અર્થાત્ નાક વાટે માથાનો મળ કાઢીને માથાની શુદ્ધિ કરનારાં છે).

વાયુનાશક ઔષધો

भद्रदारु नतं कुष्ठं दशमूलं बलाद्वयम् ।
वायुं वीरतरादिश्च विदार्यादिश्च नाशयेत् ॥ ५ ॥

તેલિયો દેવદાર, તગર, ઉપલેટ, દશમૂળ, બલા, અતિબલા, એ ભદ્રદારુ (તેલિયો દેવદાર) વગેરે ઔષધોનો ગણ તથા હવે પછી શ્લોક ૨૪માં વીરતરાદિ ગણ અને શ્લોક ૯માં વિદાર્યાદિ ગણ કહ્યા છે, તે વાયુનો નાશ કરે છે.

પિત્તનાશક ઔષધો

दूर्वाऽनन्ता निम्बवासाऽऽत्मगुप्ता
गुन्द्राऽभीरुः शीतपाकी प्रियङ्गुः ।
न्यग्रोधादिः पद्मकादिः स्थिरे द्वे
पद्मं वन्यं सारिवादिश्च पित्तम् ॥ ६ ॥

ધરો, ધમાસો, લીંબડો, અરડૂસો, કૌચાં, ગુંદ્રા, શતાવરી, ચણોઠી, કાંગ—એ દૂર્વાદિ ગણ તથા હવે પછી શ્લોક ૪૧માં કહેલો ન્યગ્રોધાદિ ગણ તથા શ્લોક ૧૨માં કહેલો પદ્મકાદિ ગણ અને શાલિપર્ણી, પૃશ્નિપર્ણી, કમળ અને મોથ અને શ્લોક ૧૧માં કહેલો સારિવાદિ ગણ એ સર્વ ઔષધો પિત્તનો નાશ કરનારાં છે.

કફનાશક ઔષધો

आरग्वधादिरर्कादिर्मुष्ककाद्योऽसनादिकः ।
सुरसादिः समुस्तादिर्वत्सकादिर्बलासजित् ॥ ७ ॥

પછી આરગ્વધાદિ (શ્લોક ૧૭), અર્કાદિ (શ્લોક ૨૮), મુષ્કકાદિ (શ્લોક ૩૨), અસનાદિ (શ્લોક ૧૯), સુરસાદિ (શ્લોક ૩૦), મુસ્તાદિ (શ્લોક ૪૦) અને વત્સકાદિ (શ્લોક ૩૩,૩૪) ગણ કહેવામાં આવશે, તે સર્વે કફને જીતનારા (મટાડનારા) છે.

જીવનીય ગણ

जीवन्ती काकोल्यौ मेदे द्वे मुद्गमाषपर्ण्यौ च ।
ऋषभकजीवकमधुकं चेति गणो जीवनीयाख्यः ॥

જીવંતી (ડોડી), કાકોલી, ક્ષીરકાકોલી, મેદા અને મહામેદા, જંગલી મગ અને જંગલી અડદ (સંસ્કૃતમાં તેને મુદ્ગપર્ણી અને માષપર્ણી કહે છે), જીવક, ઋષભક, જેઠીમધ એ ઔષધો જીવનીય ગણ કહેવાય છે. (આ એક ઉદાહરણ છે એમ સમજવું; કેમ કે તે ઔષધિઓના મધુર, શીતળ, સ્નિગ્ધ વગેરે ગુણ જોઈને દૂધ, શેરડી, અખોડ, દ્રાક્ષ, વિદારીકંદ વગેરે પણ જીવનીય એટલે જીવન આપનારાં ઔષધો છે, એમ બુદ્ધિમાન વૈદ્યોએ સમજી લેવું જોઈએ.)

વિદાર્યાદિ ગણ

विदारिपञ्चाङ्गुलवृश्चिकाली-
वृषावदेवाह्वयशूर्पपर्ण्यः ।
कण्डूकरी जीवनह्रस्वसंज्ञे
द्वे पञ्चके गोपसुता त्रिपादी ॥ ९ ॥
विदार्यादिरयं हृद्यो बृंहणो वातपित्तहा ।
शोषगुल्माङ्गमर्दोर्ध्वश्वासकासहरो गणः ॥१०॥

વિદારીકંદ, એરંડો, મેંઢાશિંગી, નાની સાટોડી, દેવદાર, જંગલી મગ, જંગલી અડદ, કૌચાં, જીવનપંચમૂળ, નાનાં પંચમૂળ, સારિવા, સિસામણી એ ઔષધો મળીને વિદાર્યાદિ ગણ કહેવાય છે. એ વિદાર્યાદિ ગણ હૃદ્ય, બૃંહણ, વાયુ અને પિત્તનો નાશ કરનાર તથા ક્ષય, ગોળો, અંગમર્દ (શરીરનુ કળતર), ઉદાવર્ત, દમ અને ઉધરસ, એટલાં વાનાં મટાડનારો છે.

સારિવાદિ ગણ

सारिवोशीरकाश्मर्यमधूकशिशिरद्वयम् ।
यष्टी परूषकं हन्ति दाहपित्तास्रतृड्ज्वरान् ॥११॥

સારિવા, વીરણવાળો, સીવણીનાં ફળ, મહુડો, ધોળી સુખડ, રક્તચંદન (રતાંજળી), જેઠીમધ અને ફાલસા, એ સારિવાદિ ગણ દાહ, રક્તપિત્ત, તરસ અને તાવ એ સર્વનો નાશ કરે છે.

પદ્મકાદિ ગણ

पद्मकपुण्ड्रौ वृद्धितुगर्द्ध्यः
शृङ्ग्यमृता दश जीवनसंज्ञाः ।
स्तन्यकरा घ्नन्तीरणपित्तं
प्रीणनजीवनबृंहणवृष्याः ॥ १२ ॥

પદ્મકાષ્ઠ, પાંડેરાવા, વંશલોચન, વાંસકપૂર, ઋદ્ધિ, કાકડાશિંગ અને ગળો, જીવનીય ગણનાં દશ ઔષધો—એ બધાં ધાવણ બનાવે એવાં, પ્રીણન, જીવન, બૃંહણ અને વૃષ્ય છે; તેમ જ તે વાયુ અને પિત્તનો નાશ કરે છે.

પરૂષકાદિ ગણ

परूषकं वरा द्राक्षा कट्फलं कतकात् फलम् ।
राजाह्वं दाडिमं शाकं तृण्मूत्रामयवातजित् ॥१३॥

ફાલસા, ત્રિફળા, કાળી દ્રાક્ષ, કાયફળ, કતકફળ, ગરમાળો, દાડમ, સાગ, એ સર્વ મળીને પરૂષકાદિ ગણ કહેવાય છે. એ તરસ, મૂત્રના રોગ અને વાયુને મટાડે છે.

અંજનાદિ ગણ

अञ्जनं फलिनी मांसी पद्मोत्पलरसाञ्जनम् ।
सैलामधुकनागाह्वं विषान्तर्दाहपित्तनुत् ॥ १४ ॥

અંજન (સોતાંજન), કાંગ, જટામાંસી, કમળ, કાળું કમળ, રસાંજન, એલચી, જેઠીમધ, નાગકેસર એ અંજનાદિ ગણ વિષ, શરીરની અંદર થતી બળતરા; તેમ જ પિત્તને મટાડે છે.

પટોલાદિ ગણ

पटोलकटुरोहिणीचन्दनं
मधुस्रवगुडूचिपाठान्वितम् ।
निहन्ति कफपित्तकुष्ठज्वरान्
विषं वमिमरोचकं कामलाम् ॥ १५ ॥

પટોલ, કડુ, સુખડ, મોરવેલ, ગળો, પહાડમૂળ એ છ ઔષધ મળીને પટોલાદિગણ કહેવાય છે. તે કફ, પિત્ત, કુષ્ઠ, તાવ, વિષ, ઊલટી, અરુચિ અને કમળો, એટલા રોગોને હણે છે.

ગુડૂચ્યાદિ ગણ

गुडूचीपद्मकारिष्टधानकारक्तचन्दनम् ।
पित्तश्लेष्मज्वरच्छर्दिदाहतृष्णाघ्नमग्निकृत् ॥ १६ ॥

ગળો, પદ્મકાષ્ઠ, લીંબડો, ધાણા, રતાંજળી એ પાંચ ઔષધનો ગુડૂચ્યાદિ ગણ કહેવાય છે; તે પિત્ત, કફ, તાવ, ઊલટી, બળતરા અને તરસ એટલા રોગ મટાડે છે તથા જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે.

આરગ્વધાદિ ગણ

आरग्वधेन्द्रयवपाटलिकाकतिक्ता-
निम्बामृतामधुरसास्रुवत्रृक्षपाठाः ।
भूनिम्बसैर्यकपटोलकरञ्जयुग्म-
सप्तच्छदाग्निसुषवीफलबाणघोण्टाः ॥१७॥
आरग्वधादिर्जयति छर्दिकुष्ठविषज्वरान् ।
कफं कण्डूं प्रमेहं च दुष्टव्रणविशोधनः ॥ १८ ॥

ગરમાળો, ઇંદ્રજવ, રાતીપાડળ, કરંજવેલ, લીંબડો, ગળો, મોરવેલ (મૂર્વા), વીકળો, પાડળ, કરિયાતું, રાતો કાંટાસળિયો, પટોલ, બન્ને જાતના કરંજ (ચિરિબિલ્વ પૂતિકરંજ અને નક્તમાળ), સાતવણનું ઝાડ, ચિત્રો, મહીડાશિંગ મીંઢળ, કાળા ફૂલનો કાંટાસળિયો, સોપારી, એ ઔષધો આરગ્વધાદિ ગણમાં ગણાય છે. એ આરગ્વધાદિ ગણ ઊલટી, કુષ્ઠ, વિષ, તાવ, કફ, ખણુજ અને પ્રમેહ એ રોગોને મટાડે છે તથા દુષ્ટ વ્રણને શુદ્ધ કરે છે.

અસનાદિ ગણ

असनतिनिशभूर्जश्वेतवाहप्रकीर्याः
खदिरकदरभण्डीशिंशिपामेषशृङ्ग्यः ।
त्रिहिमतलपलाशा जोङ्गकः शाकशालौ
क्रमुकधवकलिङ्गच्छागकर्णाश्वकर्णाः ॥१९
असनादिर्विजयते श्वित्रकुष्ठकफक्रिमीन् ।
पाण्डुरोगं प्रमेहं च मेदोदोषनिबर्हणः ॥ २० ॥

બીબલો, હરમો, ભોજપત્ર, સાદડવૃક્ષ, પૂતિકરંજ, ખેર, ગોરડ, સરસડો, સીસમ, મહીડાશિંગ, મલયાગરુ ચંદન, રતાંજળી, દારુહળદર, તાડ, ખાખરો, અગર, સાગ, રાળ, સોપારી, ધાવડો, ઇંદ્રજવ, મોટું રાળવૃક્ષ, નાનું રાળવૃક્ષ, એ અસનાદિ ગણ, ધોળો કોઢ, કફ, કૃમિ, પાંડુરોગ, પ્રમેહ અને ચરબીના રોગનો નાશ કરનારો છે.

વરુણાદિ ગણ

वरुणसैर्यकयुग्मशतावरी-
दहनमोरटबिल्वविषाणिकाः ।
द्विबृहतीद्विकरञ्जजयाद्वयं
बहलपल्लवदर्भरुजाकराः ॥ २१ ॥
वरुणादिः कफं मेदो मन्दाग्नित्वं नियच्छति ।
आढ्यवातं शिरःशूलं गुल्मं चान्तः सविद्रधिम् ॥

વાયવરણો, રાતો કાંટાસળિયો તથા પીળો કાંટાસળિયો, શતાવરી, ચિત્રો, મૂર્વા, બીલી, મહીડાશીંગ, બેઠી ભોરીંગણી અને ઊભી ભોરીંગણી, પૂતિકરંજ, નક્તમાળ કરંજ, અરણી અને હરડે, સરગવો, ડાભ, હિંતાલ જાતનું તાડ, એ વરુણાદિ ગણ કહેવાય છે.વરુણાદિગણ કફ, ચરબી, મંદાગ્નિ, ઊરુસ્તંભ, માથાનું શૂલ, આંતર–ગુલ્મ અને વિદ્રધિરોગને મટાડે છે.

ઊષકાદિ ગણ

ऊषकस्तुत्थकं हिङ्गु कासीसद्वयसैन्धवम् ।
सशिलाजतु कृच्छ्राश्मगुल्ममेदःकफापहम् ॥२२॥

ખારો, મોરથૂથુ, હિંગ, હીરાકસી, પીળી

હીરાકસી, સિંધવ, શિલાજિત, એ ઊષકાદિ ગણુ કહેવાય છે; ઊષકાદિ ગણુ મૂત્રકૃચ્છ્ર, પથરીનો રોગ, ગોળો, ચરબી અને કફનો નાશ કરે છે.

વીરતરાદિ ગણુ

वेल्लन्तरारणिकबूकवृषाश्मभेद-
गोकण्टकेत्कटसहाचरबाणकाशाः ।
वृक्षादनीनलकुशद्वयगुण्ठगुन्द्रा-
भल्लूकमोरटकुरण्टकरम्भपार्थाः ॥२४॥
वर्गो वीरतराद्योऽयं हन्ति वातकृतान् गदान् ।
अश्मरीशर्करामूत्रकृच्छ्राघातरुजाहरः ॥ २५ ॥

કાળો વાળો, અરણી, શિવલિંગી, અરડૂશી, પાષાણભેદ, ગોખરુ, ઈકડ, પીળો કાંટાશેળિયો, કાળાં ફૂલવાળો કાંટાશેળિયો, કાસડો, વૃક્ષવંદા, નાલી (હિ. નરસલ), નાનો અને મોટો બન્ને પ્રકારના દર્ભ (ડાભ), ગુંઠતૃણ, ગુંદા (પાની) અરલૂ, મોરવેલ, કાંટાશેળિયો, ઊતરણી, ગૂરજ-મુખી, એ વીરતરાદિ ગણુ વાયુના રોગનો નાશ કરે છે; તથા પથરી, શર્કરા, મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાઘાતની પીડાને હરે છે.

રોધ્રાદિ ગણુ

रोध्रशाबररोध्रपलाशा
जिङ्गिणीसरलकट्फलयुक्ताः ।
कुत्सिताम्बकदलीगतशोकाः
सैलवालुपरिपेलवमोचाः ॥ २६ ॥
एष रोध्रादिको नाम मेदःकफहरो गणः ।
योनिदोषहरः स्तम्भी वर्ण्यो विषविनाशनः ॥२७

લોધર, ધોળો લોધર, ખાખરો, જીંગણી (ચિસોટી), દેવદાર, કાયફળ, રાસ્ના, કદંબ, કેળ, આસોપાલવ, ચણકબાબ, મોથ, શલ્લકીવૃક્ષ (ધૂપેડો) એ રોધ્રાદિ ગણુ કહેવાય છે; રોધ્રાદિ ગણુ ચરબી અને કફને મટાડે છે, યોનિદોષને દૂર કરે છે, સ્તંભન કરે છે, શરીરનો રંગ સુધારે છે અને ઝેરનો નાશ કરે છે.

અર્કાદિ ગણુ

अर्कालर्कौ नागदन्ती विशल्या
भार्ङ्गी रास्ना वृश्चिकाली प्रकीर्या ।
प्रत्यक्पुष्पी पीततैलोदकीर्या
श्वेतायुग्मं तापसानां च वृक्षः ॥२८॥
अयमर्कादिको वर्गः कफमेदोविषापहः ।
कृमिकुष्ठप्रशमनो विशेषाद् व्रणशोधनः ॥ २९ ॥

રાતા ફૂલવાળો આકડો, ધોળા ફૂલવાળો આકડો, નેપાળો, વછનાગ, ભારંગ, રાસ્ના, મહીડાશિંગ, કરંજ, અઘેડો, માલકાંકણી, મોટો કરંજ, ધોળી ગરણી, ધોળું નસોતર, ઇંગોરિયું- એ વનસ્પતિઓ અર્કાદિ વર્ગમાં ગણાય છે. અર્કાદિવર્ગ કફ, ચરબી અને ઝેરનો નાશ કરે છે, કૃમિરોગ અને કુષ્ઠને શમાવે છે તથા ખાસ કરીને વ્રણને શુદ્ધ કરે છે.

સુરસાદિ ગણુ

सुरसयुगफणिज्जं कालमाला विडङ्गं
खरबुसवृषकर्णीकट्फलं कासमर्दः ।
क्षवकसरसिभार्ङ्गीकार्मुकाः काकमाची
कुलहलविषमुष्टीभूस्तृणो भूतकेशी ॥ ३० ॥
सुरसादिर्गणः श्लेष्ममेदःकृमिनिषूदनः ।
प्रतिश्यायारुचिश्वासकासघ्नो व्रणशोधनः ॥३१॥

ધોળી તથા કાળી બન્ને જાતની તુળસી, ધોળો મરવો, કાળી બાવચી (તુકમરિયાં નહિ), વાવડિંગ, મરવો, ઉંદરકની, કાયફળ, કાંસો-દરો, રાઈ, સરસી (તુંબરપત્રિકા), ભારંગ, મધુમાધવી, કાકમાચી, ગોરખમુંડી, બકાન લીમડો, રોહિસ ખડ, જટામાંસી એ વનસ્પતિઓ મળીને સુરસાદિ ગણુ થાય છે; તે સુરસાદિ ગણુ કફ, મેદ, કૃમિ, સળેખમ, અરુચિ, દમ અને ઉધરસ મટાડે છે તથા વ્રણમાંથી મળ કાઢી નાખી તેને શુદ્ધ કરે છે.

મુષ્કકાદિ ગણુ

मुष्ककस्नुग्वराद्वीपिपलाशधवशिंशिपाः ।
गुल्ममेहाश्मरीपाण्डुमेदोर्शःकफशुक्रजित् ॥ ३२ ॥

મરખો (નકટી), થોર, ત્રિફળા, ચિત્રો, ખાખરો, ધાવડો, સીસમ, એ વનસ્પતિઓ મુષ્કકાદિ ગણુની છે અને તે ગોળો, પ્રમેહ, પથરી, પાંડુરોગ, ચરબી, હરસ, કફ અને વીર્યના રોગનો નાશ કરે છે.

વત્સકાદિ ગણુ

वत्सकमूर्वाभार्ङ्गी-
कटुका मरीचं घुणप्रिया च गण्डीरम् ।

पला पाठाऽजाजी
कट्वङ्गफलाजमोदसिद्धार्थवचाः ॥ ३३ ॥
जीरकहिङ्गुविडङ्गं पशुगन्धा पञ्चकोलकं हन्ति ।
चलकफमेद-पीनसगुल्मज्वरशूलदुर्नाम्नः ॥ ३४ ॥

કડાછાલ, મોરવેલ, ભારંગ, કડુ, મરી, અતિવિખની કળી, થોર, એલચી, પહાડમૂળ, થોળું જીરું, મોટા અરડૂસાનુ ફળ, અજમોદ, ધોળા સરસવ, વજ, જીરુ, હિંગ, વાવડિંગ, જંગલી તુળસી, પંચકોલ-એ ઔષધિઓ વત્સકાદિ ગણુની છે. તે વત્સકાદિ ગણુ વાયુ, કફ, ચરબી, સળેખમ, ગોળો, તાવ, શૂળ અને હરસ એ રોગનો નાશ કરે છે.

વચાદિ ગણુ : હરિદ્રાદિ ગણુ

वचाजलददेवाह्वनागरातिविपाभयाः ।
हरिद्राद्वयपष्ट्याह्वकलशीकुटजोद्भवाः ॥ ३५ ॥
वचाहरिद्रादिगणावामातीसारनाशनौ ।
मेदः कफाढ्यपवनस्तन्यदोषनिबर्हणौ ॥ ३६ ॥

વજ, મોથ, દેવદાર, સૂંઠ, અતિવિષ, હરડે, એ વચાદિ ગણુ કહેવાય છે. હળદર, દારુહળદર, જેઠીમધ, પૃશ્નિપર્ણી, ઇંદ્રજવ, એ હરિદ્રાદિ ગણુ કહેવાય છે. એ બંને (વચાદિ અને હરિદ્રાદિ) ગણુ આમાતિસારનો નાશ કરે છે; ચરબી, કફ, ઊરુસ્તંભ અને ધાવણુના દોષને પણુ નાશ કરે છે.

પ્રિયંગ્વાદિ ગણુ : અંબષ્ઠાદિ ગણુ

प्रियङ्गुपुष्पाञ्जनयुग्मपद्माः
पद्माद्रजो योजनवल्ल्यनन्ता ।
मानद्रुमो मोचरसः समङ्गा
पुन्नागशीतं मदनीयहेतुः ॥ ३७ ॥
अम्बष्ठा मधुकं नमस्करी
नन्दीवृक्षपलाशकच्छुराः । ·
रोध्रं धातकिबिल्वपेशिके
कट्वङ्गः कमलोद्भवं रजः ॥ ३८ ॥
गणौ प्रियङ्ग्वम्बष्ठादी पक्वातीसारनाशनौ ।
सन्धानीयौ हितौ पित्ते व्रणानामपि रोपणौ ॥३९

કાગ, પુષ્પાજન (ફૂલભરણુ અથવા જસતના ફૂલ) લાલ તથા કાળો બંને પ્રકારનો સુરમો, સ્થળ કમળ, કમળનુ કેસર, મજીઠ, ધમાસો, શીમળો, મોચરસ, લાજાળુ (લાજુલાડી), પુન્નાગ, સુખડ, ધાવડી, એ પ્રિયંગ્વાદિ ગણુ કહેવાય છે. પહાડમૂળ, જેઠીમધ, લાજાળુ, નંદીવૃક્ષ (નાદરૂખીનુ ઝાડ), ખાખરો, રાતો ધમાસો, લોધર, ધાવડી, બીલાની મીજ, મોટો અરડૂસો, કમળનુ કેસર-એ અંબષ્ઠાદિ ગણુ કહેવાય છે. પ્રિયંગુ અને અંબષ્ઠાદિ ગણુ પકવાતિસારનો નાશ કરે છે તથા ભાગેલાં હાડકાને સાધનારા છે. વળી તે પિત્તને મટાડવામા હિતકર છે અને વ્રણુને રુઝાવે છે.

મુસ્તાદિ ગણુ

मुस्तावचाग्निद्विनिशाद्वितिक्ता-
भल्लातपाठात्रिफलाविषाख्याः ।
कुष्ठं त्रुटी हैमवती च योनि-
स्तन्यामयघ्ना मलपाचनाश्च ॥ ४० ॥

મોથ, વજ, ચિત્રો, હળદર, દારુહળદર, કડુ, કાકચિયા, ભિલામા, પહાડમૂળ, ત્રિફળા, અતિવિષ, ઉપલેટ, નાની એલચી, ધોળી વજ, એ મુસ્તાદિ ગણુ યોનિરોગ અને ધાવણુના રોગને મટાડે છે તથા મળનુ પાચન કરે છે.

ન્યગ્રોધાદિ ગણુ

न्यग्रोधपिप्पलसदाफलरोध्रयुग्मं
जम्बूद्वयार्जुनकपीतनसोमवल्काः ।
प्लक्षाम्रवञ्जुलपियालपलाशनन्दी-
कोलीकदम्बविरलामधुकं मधूकम् ॥ ४१ ॥
न्यग्रोधादिर्गणो व्रण्यः सङ्ग्राही भग्नसाधनः ।
मेदः पित्तास्रतृड्दाहयोनिरोगनिबर्हण ॥ ४२ ॥

વડ, પીપળો, ઉંબરો (ગુલ્લર), લોધર, પઠાણી લોધર, પારસજાબુડો, આધારણુ જાબુડો, સાદડ, અંબાડો, ધોળો ખેર, પીપરનુ ઝાડ, આંબો, નેતર, ચારોળી, ખાખરો, નાદરૂખી, બોરડી, કંદબ, ટીંબરવો, જેઠીમધ, મહુડાં એ ન્યગ્રોધાદિ ગણુ વ્રણુને હિતકર, બહુ ગ્રાહી, ભાગેલા હાડને સાધનારો તથા ચરબી, રક્તપિત્ત, તરસ, બળતરા અને યોનિરોગનો નાશ કરે છે.

એલાદિ ગણુ

एलायुग्मतुरुष्ककुष्ठफलिनीमांसीजलध्यामकं
स्पृक्काचोरकचोचपत्रतगरस्थौणेयजातीरसाः ।

વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

સ્નેહન અને રૂક્ષણ દ્રવ્યોના ગુણ

गुरुशीतसरस्निग्धमन्दसूक्ष्ममृदुद्रवम् ।
औषधं स्नेहनं प्रायो, विपरीतं विरूक्षणम् ॥१॥

જે દ્રવ્ય ભારે, ઠંડાં, સર, સ્નિગ્ધ, મંદ, સૂક્ષ્મ, મૃદુ અને પ્રવાહી હોય તે ઘણુંખરું સ્નેહન ઔષધ જાણવાં; એથી ઊલટાં એટલે હલકાં, ગરમ, સ્થિર, લૂખા, તીક્ષ્ણ, સ્થૂલ, કઠણ, ઘટ્ટ, એવા ગુણવાળું જે દ્રવ્ય હોય તે ઘણુંખરું રૂક્ષણ ઔષધ જાણવું. 'ઘણુંખરું' કહેવાનું કારણ એ છે કે સરસિયું, બકરીનું દૂધ, વિષ્કિર, પ્રતુદ અને મૃગવર્ગનાં પ્રાણીઓનાં માંસ હલકાં હોવા છતાં સ્નેહન છે; પાડો અને મત્સ્યવર્ગનાં માંસ ગરમ છતાં પણ સ્નેહન છે; જવ ભારે, ઠંડા, સર વગેરે ગુણવાળો છતાં રૂક્ષણ છે.

ઉત્તમ સ્નેહ

सर्पिर्मज्जा वसा तैलं स्नेहेषु प्रवरं मतम् ।
तत्रापि चोत्तमं सर्पिः संस्कारस्यानुवर्तनात् ॥२॥
माधुर्यादविदाहित्वाज्जन्माद्येव च शीलनात् ।

(દૂધ, અનૂપ દેશનાં પ્રાણીનું માંસ વગેરે બધા સ્નેહરૂપ પદાર્થોમાં) ઘી, મજ્જા, વસા અને તેલ, એ ચાર સ્નેહ ઉત્તમ છે; તેમા પણ ઘી ઉત્તમ છે; કેમ કે જે પદાર્થોનો તેને સંસ્કાર કર્યો હોય તે પદાર્થનું અનુવર્તન તે કરે છે, (એટલે જે ઔષધિઓ મેળવીને ઘી પકવ્યુ હોય તે ઓષધિઓથી જે ગુણ થાય તે ગુણ તેમનાથી સિદ્ધ કરેલુ ઘી પણ આપી શકે છે અને તે સાથે વળી તે ઘી પોતાના ગુણ છોડતું નથી. તેલ વગેરે બીજા સ્નેહો જે અન્ય ઓષધિઓથી સિદ્ધ કર્યા હોય તો તે ઔષધિઓના જેવા ગુણ આપે છે, પણ તે પોતાના ગુણ છોડી દે છે, માટે બીજા સ્નેહ કરતા ઘી સર્વોત્તમ સ્નેહ છે.) વળી, ઘી ગળ્યુ હોવાથી વિદાહી ન હોવાથી અને જન્મથી જ એની ટેવ પડતી હોવાથી એ બધા સ્નેહોમાં ઉત્તમ છે.

पित्तघ्नास्ते यथापूर्वमितरघ्ना यथोत्तरम् ॥ ३ ॥

ઘી, મજ્જા, વસા અને તેલ એ ચારમાના દરેકની પહેલાંનો સ્નેહ પિત્તનો વધારે ને વધારે નાશ કરનાર છે; એટલે તેલથી પૂર્વે વસા શબ્દ છે; માટે વસા પિત્તનો નાશ કરે છે; તેની પૂર્વે મજ્જા છે, તે પિત્તનો વધારે નાશ કરે છે તથા તેની પૂર્વે ઘૃત છે, તે પિત્તનો સાથી વધારે નાશ કરે છે. એ જ પ્રમાણે ઘી વગેરે ચાર સ્નેહમાંથી ઉત્તરોત્તર પ્રત્યેક સ્નેહ વાત તથા કફનો નાશ કરનારાં છે; એટલે ઘી પછી મજ્જા કહેલી છે; માટે મજ્જા વાયુ અને કફનો નાશ કરે છે; વસા તેથી વધારે વાયુ અને કફનો નાશ કરે છે તથા તેલ સૌથી વધારે વાયુ અને કફનો નાશ કરે છે. શ્લોકમાં તેલ કોઈની પૂર્વે (પહેલાં) નથી પણ છેલ્લું લખ્યું છે માટે તેલ પિત્તનો નાશ કરતું નથી. તે જ પ્રમાણે ઘી કોઈની ઉત્તરે (પછી) લખ્યું નથી પણ સૌથી પહેલુ લખ્યુ છે માટે ઘી વાયુ અને કફનો નાશ કરતું નથી.

સ્નેહનું ભારેપણું

घृतात्तैलं गुरु वसा तैलान्मज्जा ततोऽपि च ।

ઘી કરતાં તેલ ભારે છે; તેલ કરતાં વસા ભારે છે અને વસા કરતાં મજ્જા ભારે છે.

સ્નેહની સંજ્ઞાઓ

द्वाभ्यां त्रिभिश्चतुर्भिस्तैर्यमकस्त्रिवृतो महान् ॥४॥

એ ચાર સ્નેહમાંથી ગમે તે બે સ્નેહ ભેગા કહેવા હોય તો તેને 'યમક' કહે છે; ગમે તે ત્રણ સ્નેહ ભેગા કહેવા હોય તો તેને 'ત્રિવૃત' કહે છે અને ચારે સ્નેહ ભેગા કહેવા હોય તો તેને 'મહાસ્નેહ' કહે છે.

સ્નેહન કરવા જેવા માણસો

स्वेद्यसंशोध्यमद्यस्त्रीव्यायामासक्तचिन्तकाः ।
वृद्धबालाबलकृशा रूक्षाः क्षीणास्त्ररेतसः ॥ ५ ॥
वातार्तस्यन्दतिमिरदारुणप्रतिबोधिनः ।
स्नेह्याः

જેને સ્વેદન કર્મ કરવાની જરૂર હોય તેને પ્રથમ સ્નેહ આપવો જોઈએ તથા જે રોગીના મળનું શોધન કરવું હોય તેને પણ પ્રથમ સ્નેહન કર્મથી સ્નિગ્ધ કરવો; કેમ કે સ્નેહન કર્યા વિના સ્વેદન કે શોધન થાય નહિ.

વળી મદ્યપાનમાં જે આસક્ત હોય, સ્ત્રીસંગમાં આસક્ત હોય, કસરત કરવામાં જે આસક્ત હોય, જેનો વિચાર કે ચિંતા કરવાનો સ્વભાવ હોય, વૃદ્ધ હોય, બાળક હોય. નિર્બળ હોય, શરીરે દૂબળો હોય, રૂક્ષ હોય, જેનાં લોહી અને વીર્ય ક્ષીણ થઈ ગયાં હોય, વાયુરોગથી પીડાતો હોય, અભિષ્યંદ નામે નેત્રરોગી હોય, આંખે તિમિરનો રોગ થયો હોય, આંખે કૃચ્છ્રોન્મીલ રોગ થયો હોય, એટલા રોગી સ્નેહન કરવા યોગ્ય છે. (આંખો દુખવા આવે તેને અભિષ્યંદ કહે છે. અભિષ્યંદ સામ હોય ત્યાંસુધી સ્નેહન કરવું નહિ.)

સ્નેહન ન કરવા યોગ્ય માણસો

न त्वतिमन्दाग्नितीक्ष्णाग्निस्थूलदुर्वलाः ॥६॥
ऊरुस्तम्भातिसारामगलरोगगरोदरैः ।
मूर्च्छाच्छर्द्यरुचिश्लेष्मतृष्णामद्यैश्च पीडिताः ॥७॥
अपप्रसूता युक्ते च नस्ये बस्तौ विरेचने ।

જેમનો અગ્નિ અતિશય મંદ પડી ગયો હોય તેમને સ્નેહન કર્મ ન કરવું; કેમ કે તેમને સ્નેહ પચી શકતો નથી. અતિતીક્ષ્ણ અગ્નિવાળાને સ્નેહન કરવાથી તેનો અગ્નિ અત્યંત વધી જઈને ધાતુઓને બાળે છે માટે તેને પણ સ્નેહન કરવું યોગ્ય નથી. અતિ જાડા માણસે સ્નેહન કરવાથી અગ્નિ અને મેદની વૃદ્ધિ થવાથી તે વધારે જાડો થાય છે, માટે તેને પણ સ્નેહન યોગ્ય નથી. અતિશય દુર્બળને સ્નેહ પચતો નથી માટે તેમને પણ સ્નેહન ન કરવું; પણ અતિ દુર્બળ ન હોય, પણ દુર્બળ હોય તેને સ્નેહન કરવાની હરકત નથી. એ જ પ્રમાણે ઊરુસ્તંભ, અતિસાર, આમરોગ, ગળાના રોગ, કૃત્રિમ ઝેરના રોગ, ઉદરરોગ, મૂર્ચ્છા, ઊલટીનો રોગ, અરુચિ, કફરોગ, તરસનો રોગ અને મદ્યપાન, એટલા રોગથી પીડાયેલાને પણ સ્નેહન હિતકર નથી માટે ન કરવું. જેને ગર્ભસ્રાવ થયો હોય તેને તથા જેમને નસ્ય આપ્યું હોય, બસ્તિ આપી હોય કે વિરેચન આપ્યું હોય તેમને પણ સ્નેહન કરવું યોગ્ય નથી.

ઘીથી સ્નેહન કોને હિતકર છે?

तत्र धीस्मृतिमेधादिकाङ्क्षिणां शस्यते घृतम् ॥८॥

તેમાં જેઓ બુદ્ધિ, સ્મૃતિ, મેધા અને અગ્નિ ઇચ્છતા હોય તેમને ઘીથી સ્નેહન કરવું યોગ્ય છે. (તે જ પ્રમાણે સ્વર, આયુષ્ય અને વર્ણની ઇચ્છાવાળાને પણ ઘી ઉત્તમ છે.)

તેલથી સ્નેહન કોને હિતકર છે?

ग्रन्थिनाडीकृमिश्लेष्ममेदोमारुतरोगिषु ।
तैलं लाघवदार्ढ्यार्थिक्रूरकोष्ठेषु देहिषु ॥९॥

રસોળી, નાડીરોગ, કૃમિરોગ, કફરોગ, ચરબીના રોગ અને વાયુના રોગ, એ રોગમાં તેલથી સ્નેહન કરવું યોગ્ય છે. વળી સ્ફૂર્તિ અને શરીરની મજબૂતી ઇચ્છનારાઓએ પણ તેલથી સ્નેહન કરવું; તેમ જ ક્રૂર (સખત) કોઠાના માણસને પણ તેલથી જ સ્નેહન હિતકર છે.

વસા અને મજ્જા એ સ્નેહ કોને હિતકર છે?

वातातपाध्वभारस्त्रीव्यायामक्षीणधातुषु ।
रूक्षक्लेशक्षमात्यग्निवातावृतपथेषु च ॥१०॥
शेषौ

વાયુથી, રોગથી, તડકામાં ફરવાથી કે તાપ વેઠવાથી, ચાલીને મુસાફરી કરવાથી, સ્ત્રીસંગથી અને કસરત કરવાથી જેની ધાતુઓ ક્ષીણ થઈ ગઈ છે તેમને વસા અને મજ્જા એમાંથી ગમે તે સ્નેહ હિતકર છે. વળી લૂખા શરીરવાળાને, કષ્ટ વેઠનારને, બળવાન જઠરાગ્નિવાળાને તથા વાયુ વડે જેનાં સ્રોતો પુરાઈ ગયા છે તેને વસા અને મજ્જાથી સ્નેહન કરવું હિતકર છે.

વસા બીજે ક્યાં હિતકર છે?

वसा तु सन्ध्यस्थिमर्मकोष्ठरुजासु च ।
तथा दग्धाहतभ्रष्टयोनिकर्णशिरोरुजि ॥११॥

વસા નામે ચરબી સાંધાઓમાં પીડા ઊપજી હોય ત્યારે, હાડકામાં પીડા ઊપજી હોય ત્યારે, મર્મસ્થાનની પીડામાં, કોઠાની પીડામાં, દાઝવા સંબંધી પીડામાં, વાગવા સંબંધી પીડામાં, ભ્રષ્ટયોનિ નામે યોનિરોગની પીડામાં, કાનના રોગની પીડામાં અને માથાના રોગની પીડામાં હિતકર છે.

કાળ પરત્વે સ્નેહનો નિયમ

तैलं प्रावृषि, वर्षान्ते सर्पिरन्यौ तु माधवे ।

નીરોગી મનુષ્યને સ્નેહનો ઉપયોગ કરવો હોય તો તેણે વર્ષાઋતુમાં તેલનો, શરદમાં ઘીનો અને વસા તથા મજ્જાનો વસંતઋતુમાં ઉપયોગ કરવો.

સ્નેહ ક્યારે લેવો?

ऋतौ साधारणे स्नेहः शस्तोऽह्नि विमले रवौ ॥१२

જે ઋતુમાં જે સ્નેહ લેવાનો (શ્લોક '૧૧૩'માં) કહ્યો છે તે ઋતુ સાધારણ હોય તે વખતે તે સ્નેહ લેવો. વળી સ્નેહ દહાડે લેવો તથા સૂર્ય વાદળાં કે ધુમ્મસ વગેરેથી ઢંકાયેલો ન હોય ત્યારે લેવો. (સાધારણ ઋતુ-એટલે અતિયોગ, હીનયોગ કે મિથ્યાયોગ ન થયો હોય એવી ઋતુ.)

તેલ બીજે કયે વખતે વાપરવું?

तैलं त्वरायां शीतेऽपि

રોગનો જલદી ઉપાય કરવાની જરૂર હોય અને રોગીને તેટલા માટે સ્નેહપાન કરાવવાની ઉતાવળ હોય તેવે વખતે તથા શિયાળામાં (હેમંત અને શિશિરઋતુમાં) પણ શોધન કરતાં પહેલાં સ્નેહન કરવાને તેલ ઉત્તમ છે. (કેવળ વર્ષાઋતુમાં જ તેલ ઉત્તમ છે એમ ન જાણવું.)

ઘી બીજે કયે વખતે વાપરવું?

घर्मेऽपि च घृतं निशि ।

ઘી ફક્ત શરદઋતુમાં જ સ્નેહન માટે વાપરવું એવું નથી, પણ ગ્રીષ્મઋતુમાંયે રાતે ઘી સ્નેહન માટે વાપરવું.

કોનું સ્નેહન રાતે કરવું-વાપરવું?

निश्येव पित्ते पवने संसर्गे पित्तवत्यपि ॥१३॥

પિત્તનો પ્રકોપ થયો હોય કે પિત્તના રોગ થયા હોય, વાયુનો પ્રકોપ થયો હોય કે વાયુના રોગ થયા હોય અને જેમાં પિત્ત વધારે હોય એવો વાતપિત્ત કે કફપિત્તનો ભેગો પ્રકોપ થયો હોય ત્યારે રાતે જ સ્નેહન કરવું (દહાડે નહિ).

અયોગ્ય સમયે કરેલા સ્નેહનથી શું થાય?

निश्यन्यथा वातकफाद्रोगाः स्युः पित्ततो दिवा ।

જેમનું દહાડે સ્નેહન કરવું જોઈએ તેમનું સ્નેહન રાતે કરવાથી વાયુના અને કફના રોગ થાય છે. જેમનું રાત્રે સ્નેહન કરવું જોઈએ તેમનું દહાડે સ્નેહન કરવાથી પિત્તના રોગ થાય છે.

સ્નેહનો ઉપયોગ કેવી રીતે કરવો?

युक्त्याऽवचारयेत् स्नेहं भक्ष्याद्यन्नेन बस्तिभिः ॥१४
नस्याभ्यञ्जनगण्डूषमूर्धकर्णाक्षितर्पणैः ।

સ્નેહનો ઉપયોગ યુક્તિથી એટલે માપ, કાળ, ક્રિયા, ભૂમિ, દેહ, દોષ, સ્વભાવ વગેરેનો વિચાર કરીને કરવો. વળી ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય વગેરે સર્વ પ્રકારના અન્ન સાથે તેનો ઉપયોગ કરવો. તે ઉપરાંત નિરૂહબસ્તિ, અનુવાસનબસ્તિ અને ઉત્તરબસ્તિ એવી ત્રણ પ્રકારની બસ્તિઓમાં, નસ્યમાં, શરીરે ચોપડવામાં, ગંડૂષમાં તથા માથાનું તર્પણ જેને 'શિરોબસ્તિ' કહે છે તેમાં, કર્ણપૂરણ એટલે કાનમાં મૂકવામાં અને અક્ષિતર્પણમાં (સૂ. અ. ૨૪) સ્નેહનો ઉપયોગ કરવો.

સ્નેહની વિચારણા (કલ્પના)

रसभेदैककत्वाभ्यां चतुःषष्टिर्विचारणाः ॥१५॥
स्नेहस्यान्याभिभूतत्वादल्पत्वाच्च क्रमात्स्मृताः ।

ભક્ષ્ય વગેરે ખોરાક સાથે સ્નેહ આપવામાં આવે, ત્યારે એ રીતે આપેલા સ્નેહની અસર બીજાં (=ખોરાકનાં) દ્રવ્યોને લીધે દબાઈ જાય છે તથા બસ્તિ, નસ્ય, અભ્યંગ, ગંડૂષ, શિરોબસ્તિ, કાનમાં મૂકવું, આંખમાં મૂકવું એ રીતે આપેલો સ્નેહ માપમાં ઓછો હોય છે. આમ શ્લોક ૧૪,૧૪૩ માં કહેલી રીતે સ્નેહ આપવાથી અનુક્રમે સ્નેહ દબાઈ જાય છે અને સ્નેહ ઓછો અપાય છે, એ બે કારણસર એ રીતે આપેલા સ્નેહને સ્નેહની વિચારણા (=સ્નેહના પ્રયોગની કલ્પના) કહે છે. સૂ. ૧૦/૪૩ પ્રમાણે ખોરાકમાં ૬૩ રસ હોવાથી ખોરાક સાથે આપેલા સ્નેહની ૬૩ પ્રકારની વિચારણા થઈ શકે છે અને બસ્તિ, નસ્ય વગેરે રીતે અપાયેલા સ્નેહમાં એકલો સ્નેહ જ આપવાનો હોવાથી એની એક પ્રકારની વિચારણા થઈ

શકે છે. આમ સ્નેહની કુલ ૬૪ વિચારણા છે.

અચ્છપેય સ્નેહ

यथोक्तहेत्वभावाच्च नाच्छपेयो विचारणा ॥१६॥

સ્નેહવિચારણા છે કે નહિ તે નક્કી કરવા માટે ગયા શ્લોકમા જે બે કારણો કહ્યાં છે તે બને કારણો (મોથી) પીવા યોગ્ય નિર્ભેળ સ્નેહને લાગુ પડતા નથી; તેથી (મોથી) પીવા યોગ્ય નિર્ભેળ સ્નેહવિચારણા નથી.

(ખોરાક સાથે સ્નેહ ભેળવવાથી સ્નેહ નિર્ભેળ ન રહેવાથી સ્નેહની અસર દબાઈ જાય છે અને બસ્તિ વગેરેમા આપેલો સ્નેહ નિર્ભેળ હોવા છતા એનુ માપ ઘણુ ઓછુ હોય છે. આ બે કારણસર શ્લોક ૧૪,૧૪½ મા જણાવેલી રીતે આપેલા સ્નેહને વિચારણા કહે છે. પણ એ બે કારણ મુખ વાટે પીવા યોગ્ય નિર્ભેળ સ્નેહને લાગુ પડતા નથી; કારણ કે એ રીતે સ્નેહ નિર્ભેળ રહે છે અને એ પુષ્કળ જોઈતા પ્રમાણમા પીવો પડે છે. તેથી પીવા યોગ્ય નિર્ભેળ સ્નેહને વિચારણા કહેતા નથી.)

અચ્છપેય=જોઈતા મારા પ્રમાણમા મુખ વાટે પીવાનો નિર્ભેળ સ્નેહ.

સ્નેહની અચ્છપેય કલ્પના શ્રેષ્ઠ હોવાનું કારણ

स्नेहस्य कल्पः स श्रेष्ठः स्नेहकर्म-
शुसाधनात् ।

સ્નેહપાન કરવાનો અચ્છપેય નામે કલ્પ (પ્રયોગ, કલ્પના) સર્વથી ઉત્તમ છે, કેમ કે તર્પણ, કોમળતા વગેરે સ્નેહથી થતા કાર્ય તે જલદીથી કરે છે.

સ્નેહનાં માપ

द्वाभ्यां चतुर्भिरष्टाभिर्यामैर्जीर्यन्ति या क्रमात् ॥
ह्रस्वमध्योत्तमा मात्रास्तास्ताभ्यश्च
ह्रसीयसीम् ।
कल्पयेद्वीक्ष्य दोषादीन् प्रागेव तु ह्रसीयसीम् ॥१८

સ્નેહની જે માત્રા (પીવાનુ વજન, અ. ડોઝ) બે, ચાર અને આઠ પહોરમા પચી જાય છે તે અનુક્રમે હ્રસ્વ, મધ્યમ અને ઉત્તમ માત્રા જાણવી. (અર્થાત્ સ્નેહની જેટલી માત્રા પીધા પછી બે પહોરમા પચી જાય, તે સ્નેહની હ્રસ્વ માત્રા (થોડું માપ) જાણવી; જે પીધા પછી ચાર પહોરમા પચી જાય છે, તે મધ્યમ માત્રા જાણવી અને જે પીધા પછી આઠ પહોરમા પચી જાય છે તેને ઉત્તમ માત્રા જાણવી.) એમાની હ્રસ્વ માત્રા કરતા પણ જે નાની માત્રા, એટલે જે બે પહોર કરતાં પણ વહેલી પચી જાય છે, તે હ્રસીયસી (વિશેષ નાની કે થોડી) માત્રા સમજવી. દોષ, ઔષધ, દેશ, કાળ, બળ, શરીર, આહાર, સત્ત્વ, સાત્મ્ય અને પ્રકૃતિ વગેરે જોઈને તે ત્રણ પ્રકારની તથા તેથી પણ નાની માત્રાનો પ્રયોગ કરવો. જે માણસના કોઠાની પાચનશક્તિની ખબર નથી એવા મનુષ્યને ઉત્તમ માત્રા આપવી યોગ્ય હોય, ત્યા પ્રથમ તો 'હ્રસીયસી' માત્રા જ આપવી; કેમ કે શક્તિ કરતા વિશેષ સ્નેહપાન થવાથી અનેક પ્રકારના ભયકર રોગ થાય છે. મતલબ કે પ્રથમ થોડુ સ્નેહપાન કરાવતાં કરાવતાં પછી ધીમેધીમે વધારે સ્નેહ પાતા જવુ.

શોધન સ્નેહ પીવાનાં સમય અને માપ

ह्यस्तने जीर्ण एवान्ने स्नेहोऽच्छ' शुद्धये बहुः ।

ગયા દિવસનુ ખાધેલુ પચે કે તરત જ (પણ ભૂખ લાગ્યા પહેલાં) શોધન કરવાના હેતુથી નિર્ભેળ સ્નેહની ઉત્તમ માત્રા લેવી; (કારણ કે ભૂખ લાગ્યા પછી પીધેલો સ્નેહ જઠરાગ્નિના પ્રદીપ્તપણાને લીધે 'શોધનકાર્ય' કર્યા સિવાય તથા દેહને શોધનયોગ્ય કર્યા સિવાય જલદી પચી જાય છે.)

શમન સ્નેહ પીવાનાં સમય અને માપ

शमनः क्षुद्वतोऽनन्नो मध्यमात्रश्च शस्यते ॥१९॥

દોષોનુ શમન કરવા માટે જે સ્નેહ પીવાનો હોય તે ગયા દિવસનુ અન્ન પચી જાય પછી અને ભૂખ લાગ્યા પછી મધ્ય માપથી પીવો એ વખણાય છે. (અનન્ન (૧) અન્ન સાથે ભેળવ્યા વિના, (૨) શરીરમા સ્નેહને અન્ન સાથે સબધ ન થાય એ રીતે, એટલે ગયા દિવસનુ અન્ન પચી જાય ત્યારે.)

(આગલા દિવસનુ અન્ન પચી જાય કે તરત જ પણ ભૂખ લાગ્યા વિના જો શમન

સ્નેહ પિવાય તો એ સ્નેહ સ્રોતોમા ભરાયેલા કફ સાથે લપટાઈ જવાથી એ સ્નેહ આખા શરીરમા પ્રસરી શકે નહિ તેથી તે દોષોનુ શમન કરી શકે નહિ.)

બૃંહણ સ્નેહનાં સમય અને માપ

बृंहणो रसमद्याद्यैः सभक्तोऽल्पः

શરીરનુ બૃંહણ કરવા માટે આપવાનો સ્નેહ માસરસ, દારૂ, દૂધ વગેરે દ્રવ સાથે આપવો, અન્ન (સૂ. ૧૩/૩૬૬૬, ૩૭) આપવો અને અત્યંત થોડા માપથી આપવો.

બૃંહણ સ્નેહ કોને હિતકર છે?

हितः स च ।
बालवृद्धपिपासार्तस्नेहद्विण्मद्यशीलिषु ॥ २० ॥
स्त्रीस्नेहनित्यमन्दाग्निसुखितक्लेशभीरुषु ।
मृदुकोष्ठाल्पदोषेषु काले चोष्णे कृशेषु च ॥२१॥

બાળક, વૃદ્ધ, તરસના રોગથી પિડાયેલો, સ્વભાવથી જ જેને સ્નેહની સૂગ હોય, રોજ દારૂ પીનાર, નિત્ય સ્ત્રીસેવન કરનારો, નિત્ય સ્નેહનો ઉપયોગ કરનારો, મંદ અગ્નિવાળો, સુખિયો, મહેનત સહન ન કરી શકે એવો, મૃદુ કોઠાવાળો, અલ્પ દોષ(વાયુ વગેરે)વાળો અને દૂબળો, એટલા મનુષ્યોને બૃંહણ સ્નેહ હિતકર છે. વળી તે ગ્રીષ્મ વગેરે ગરમીની ઋતુમા હિતકર છે.

સ્નેહનું કાર્ય

प्राङ्मध्योत्तरभक्तोऽसावधोमध्योर्ध्वदेहजान् ।
व्याधीञ्जयेद्बलं कुर्यादङ्गानां च यथाक्रमम् ॥२२

ભોજનની પહેલા જો સ્નેહપાન કર્યું હોય એટલે સ્નેહપાન પ્રથમ કરીને પછી ભોજન કર્યું હોય તો શરીરના અધોભાગના (નીચેના ભાગના) રોગોનો તે નાશ કરે છે, ભોજનના મધ્યમા જો સ્નેહપાન કર્યું હોય તો તે શરીરના વચલા ભાગના રોગોનો નાશ કરે છે, ભોજનને અંતે જો સ્નેહપાન કર્યું હોય તો દેહના ઉપરના ભાગના રોગોનો તે નાશ કરે છે, અને તે જ પ્રમાણે અનુક્રમે શરીરના નીચેના ભાગના અંગને, મધ્ય ભાગના અંગને તથા ઉપરના ભાગના અંગને બળ આપે છે.

સ્નેહપાન પછીના ઉપચાર

वार्युष्णमच्छेऽनु पिबेत् स्नेहे तत्सुखपक्तये ।
आस्योपलेपशुद्ध्यै च तौवरारुष्करे न तु ॥२३॥
जीर्णाजीर्णविशङ्कायां पुनरुष्णोदकं पिबेत् ।
तेनोद्गारविशुद्धिः स्यात्ततश्च लघुता रुचिः ॥२४

નિર્મળ સ્નેહપાન કર્યું હોય ત્યારે તે સ્નેહ સારી રીતે પચે તે માટે તથા તે મુખમા ચોપડાઈ રહ્યો હોય તેની શુદ્ધિ માટે તેની પાછળ ગરમ પાણી પીવુ. તવરિયા ચોગિયાનુ તેલ તથા ભિલામાનુ તેલ પીધુ હોય તો તેની પાછળ ઊનુ પાણી પીવુ નહિ, કેમ કે તે અતિ ઉષ્ણવીર્ય છે. સ્નેહ પીધે ઘણીવાર થયા પછી તે પચ્યો હશે કે નહિ એવી શંકા થાય તો ફરીને પણ ગરમ પાણી પીવુ; તેથી ઓડકાર શુદ્ધ આવે છે તથા શરીરમા લઘુતા (હલકાશ) થઈને રુચિ ઉત્પન્ન થાય છે.

સ્નેહપાનનો વિધિ

भोज्योऽन्नं मात्रया पास्यन् श्वः पिबन्
पीतवानपि ।
द्रवोष्णमनभिष्यन्दि नातिस्निग्धमसङ्करम् ॥२५

આવતી કાલે સ્નેહ પીવાનો હોય તેને (સ્નેહ પીવાને આગલે દિવસે), જે દિવસે સ્નેહ પીવાનો હોય તે દિવસે અને જે દિવસે સ્નેહ પીવાનુ કામ બંધ થાય–પૂરુ થાય તે દિવસે પણ પ્રવાહી, ગરમ (ઊનુ), અભિષ્યંદી ન હોય એવુ, થોડુ સ્નિગ્ધ અને અનેક વસ્તુઓનુ કે અપથ્ય વસ્તુઓનુ બનાવેલુ ન હોય એવુ અન્ન (ખોરાક) ખવડાવવુ. (સ્નેહપાનને આગલે દિવસે, જેટલા દિવસ સ્નેહપાન કરવાનુ હોય તેટલા દિવસો અને સ્નેહપાન જેટલા દિવસ કર્યું હોય તેટલા બીજા દિવસો સુધી સ્નેહપાન પૂરુ થયા પછી પણ શ્લોકમા કહ્યા પ્રમાણે ખવડાવવુ.)

उष्णोदकोपचारी स्याद्ब्रह्मचारी क्षपाशयः ।
न वेगरोधी व्यायामक्रोधशोकहिमातपान् ॥२६
प्रवातयानयानाध्वभाष्यात्यासनसंस्थितीः ।
नीचात्युच्चोपधानाहःस्वप्नधूमरजांसि च ॥२७॥
यान्यहानि पिबेत्तानि तावन्त्यन्यान्यपि त्यजेत् ।

સ્નેહપાન કરેલા માણસે ઊનુ પાણી વાપરવુ, બ્રહ્મચર્ય પાળવુ, તેણે રાત્રે જ સૂવુ (દિવસે સૂઈ રહેવુ નહિ), વેગ અટકાવવા નહિ; કસરત, ક્રોધ, શોક, ટાઢ, તડકો, અતિ પવન, ઘોડે કે ગાડીએ બેસી મુસાફરી કરવી, પગે ચાલીને મુસાફરી કરવી, બહુ બોલવુ, એક આસને બેસી રહેવુ, નીચે ઓશીકે, અતિ ઊંચે ઓશીકે સૂઈ રહેવુ, દિવસે ઊંઘવું, ધુમાડો સેવો, ઊડતી રજ ગળામાં કે નાકમાં જવા દેવી, એટલાં વાનાં જેટલા દિવસ સ્નેહપાન કર્યું હોય તેટલા દિવસો અને સ્નેહપાન પૂરું થયા પછી બીજા એટલા ને એટલા દિવસો સુધી તજવાં.

सर्वकर्मस्वयं प्रायो व्याधिक्षीणेषु च क्रमः ॥२८

શ્લોક ૨૫મેથી ૨૭મે સુધીમાં સ્નેહન માટે જે નિયમો પાળવાના કહ્યા છે, તે જ નિયમો સ્વેદન, વમન, વિરેચન વગેરેમાં તથા રોગથી દૂબળા પડી ગયેલાની બાબતમાં સામાન્ય રીતે પાળવા.×

શમનસ્નેહ પછીનો વિધિ

उपचारस्तु शमने कार्यः स्नेहे विरिक्तवत् ।

શમનસ્નેહપાન પછીનો વિધિ વિરેચન વિધિમાં (સૂ. ૧૮/૨૭મેથી ૨૯)માં કહેલા ઉપચાર જેવો કરવો.

સ્નેહપાનની મુદત

त्र्यहमच्छं मृदौ कोष्ठे क्रूरे सप्तदिनं पिबेत् ॥२९
सम्यक्स्निग्धोऽथवा यावदतः सात्म्यी भवेत्परम् ।

× સંગ્રહ નામે ગ્રંથમાં વિશેષ પણ કહ્યું છે કે સ્નેહપાન કર્યા પછી સારે વસ્ત્ર ઓઢીને જ્યાં પવન આવતો હોય તેવી જગાએ બિછાનામાં આરામ લેવો તથા તે પચે ત્યાં સુધી રાહ જોવી. તરસ લાગે તો બહુ ગરમ નહિ કે બહુ ઠંડું નહિ એવું પાણી પીવું. જો માથું દુખે, ફેર આવે, બહુ થૂંક આવે, મૂર્છા થાય, દાહ થાય, અરુચિ થાય કે શરીરને થાક જેવું માલૂમ પડે તો તે ઔષધ પચ્યુ નથી એમ જાણવુ. પણ એવું ન થતાં શરીર હલકું લાગે, વાયુની પ્રવૃત્તિ સ્વાભાવિક ગતિથી થાય, શરીરને સ્વસ્થતા માલૂમ પડે, ભૂખ લાગે, તરસ પણ યોગ્ય રીતે લાગે, ઓડકાર શુદ્ધ આવે તો જાણવું કે તે સ્નેહ પચી ગયો છે.

મૃદુ કોઠાવાળાને ત્રણ દિવસ અચ્છપેય સ્નેહ પાવો; (મધ્ય કોઠાવાળાને ચારપાંચ દિવસ પાવો;) ક્રૂર કોઠાવાળાને સાત દિવસ પાવો; પણ એ નિયમ સમજવો નહિ. નિયમ તો એવો છે કે જ્યાં સુધી બરાબર સ્નિગ્ધ થયાનાં લક્ષણ માલૂમ પડે ત્યાં સુધી સ્નેહ પાવો. સ્નિગ્ધ થયાનાં લક્ષણ જણાય ત્યાર પછી સ્નેહ પીવાથી સ્નેહ સાત્મ્ય થઈ જવાથી સ્નેહથી કરવાનું કામ થતું નથી અને સ્નેહ અત્યંત થઈ જવાથી રોગ પણ ઉત્પન્ન કરે છે. સાત દિવસ સ્નેહ પાયા પછી પણ સ્નેહનુ લક્ષણ ન માલૂમ પડે તો એક દિવસનો અંતરાય વચમાં જવા દઈને ફરી સ્નેહ પાવો શરૂ કરવો એમ પણ ઘણાક સારા વૈદ્યોનો અભિપ્રાય છે.

બરાબર સ્નિગ્ધ, રૂક્ષ અને અતિસ્નિગ્ધનાં લક્ષણ

वातानुलोम्यं दीप्तोऽग्निर्वर्चः स्निग्धमसंहतम् ॥
स्नेहोद्वेगः क्लमः सम्यक्स्निग्धे, रूक्षे विपर्ययः ।
अतिस्निग्धे तु पाण्डुत्वं घ्राणवक्त्रगुदस्रवाः ॥३१

સારી રીતે (બરાબર) સ્નિગ્ધ થયા(સ્નેહપાન કરેલા)નાં લક્ષણ એવાં છે, કે વાયુ સ્વાભાવિક માર્ગે પ્રવર્તે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, ઝાડો સ્નિગ્ધ અને નરમ આવે, સ્નેહ ઉપર અભાવ આવે અને ગ્લાનિ થાય. (સ્નિગ્ધ ન હોય તે રૂક્ષ કહેવાય) રૂક્ષનાં લક્ષણ એથી ઊલટાં છે. એટલે વાયુ અવળી ગતિ કરે, જઠરાગ્નિ મંદ પડે, ઝાડો લૂખો અને કઠણ થાય તથા શરીર લૂખું અને કોરું પડી જાય. વધારે પડતા સ્નિગ્ધ થયેલા માણસનો રંગ ધોળો (ફિક્કો) થઈ જાય તથા નાક, મોં અને ગુદામાંથી પીધેલા સ્નેહની ચીકાશ નીકળે.

નિયમો પાળ્યા વિના પીધેલા સ્નેહથી નુકસાન

समात्रयाऽहितोऽकाले मिथ्याहारविहारतः ।
स्नेहः करोति शोफार्शस्तन्द्रास्तम्भविसंज्ञता. ॥
कण्डूकुष्ठज्वरोत्क्लेशशूलानाहभ्रमादिकान् ।

માપથી વધતો–ઓછો સ્નેહ પીવાથી, જે સ્નેહ જેને પીવાનો નિષેધ કર્યો છે તે સ્નેહ તેણે

પીવાથી, કાળનો નિયમ છોડીને (ગ્રીષ્મ વગેરે નિષેધ કરેલી ઋતુમાં) સ્નેહ પીવાથી, દ્રવ, ઉષ્ણ, ઇત્યાદિ પૂર્વે કહેલા આહાર સિવાય બીજા આહાર સાથે અથવા જ્યાં આહાર સાથે પીવો ઘટે છે ત્યાં આહાર વિના જ સ્નેહ પીવાથી, ગરમ પાણી વાપરવું વગેરે પૂર્વે (શ્લોક ૨૫૬થી ૨૭૬માં) કહેલા વિહાર પાળ્યા વિના સ્નેહ પીવાથી તે સ્નેહ સોજો, હરસ, તંદ્રા, સ્તંભ, મૂર્છા, ખણુજ, કુષ્ઠ, તાવ, ઉત્કલેશ, શૂળ, આનાહ, ચક્કર વગેરે રોગ કરે છે.

અવિધિસર કરેલા સ્નેહપાનથી થયેલી પીડાની ચિકિત્સા

क्षुत्तृष्णोल्लेखनस्वेदरूक्षपानान्नभेषजम् ॥ ३३ ॥
तक्रारिष्टखलोद्दालयवश्यामाककोद्रवम् ।
पिप्पलीत्रिफलाक्षौद्रपथ्यागोमूत्रगुग्गुलु ॥ ३४ ॥
यथास्वं प्रतिरोगं च स्नेहव्यापदि साधनम् ।

અવિધિસર સ્નેહપાન કરવાથી જે ઉપદ્રવો થાય તેનાં ઔષધ:–ભૂખ્યા રહેવું, તરસ્યા રહેવું, ઊલટીઓ કરવી, શેક કરવો; લૂખાં ઔષધ, અન્ન અને પીણાં ખાવાં તથા પીવાં; છાશ, અરિષ્ટ; ખલ, કોદરાના જેવા નાના અને ગોળ ચોખા જેમાંથી નીકળે છે એવી ઉદ્દાલ નામે ડાંગર, જવ; સામો, કોદરા, પીપર, ત્રિફળા, મધ, હરડે, ગોમૂત્ર, ગૂગળ એ ઔષધોમાંથી જે જે ઔષધ જે જે દોષમાં લાગુ પડતું હોય અને જે જે રોગને માટે જે જે ઔષધ યોગ્ય હોય તે તે આપવું.

વિરૂક્ષણનું લક્ષણ

विरूक्षणे लङ्घनवत्कृतातिकृतलक्षणम् ॥ ३५ ॥

અતિ સ્નેહપાન કરાવ્યાથી (અતિ સ્નિગ્ધ કર્યાથી) વિકાર થાય છે તે મટાડવા વિરૂક્ષણ એટલે લૂખું પાડવાની ક્રિયા કરવામાં આવે છે. એ વિરૂક્ષણ બરાબર થયું છે કે અતિશય વિરૂક્ષણ થઈ ગયું છે તેનાં લક્ષણ લંઘન જેવાં છે. એટલે બહુ દૂબળાપણું વગેરે અતિલંઘનનાં અને ઇંદ્રિયો નિર્મળ થવી વગેરે બરાબર લંઘનનાં લક્ષણ પછવાડે (સૂ. અ. ૧૪માં) કહેલાં છે તે પ્રમાણે અનુક્રમે અતિ વિરૂક્ષણનાં અને બરાબર વિરૂક્ષણનાં લક્ષણ જાણવાં.

સ્નેહન પછી સ્વેદન, વમન અને વિરેચન ક્યારે કરવું?

स्निग्धद्रवोष्णधन्वोत्थरसभुक् स्वेदमाचरेत् ।
स्निग्धस्त्र्यहं स्थितः कुर्याद्विरेकं, वमनं पुनः ॥३६
एकाहं दिनमन्यच्च कफमुत्क्लेश्य तत्करैः ।

બરાબર સ્નેહન થાય ત્યારે માણસે સ્નિગ્ધ, પ્રવાહી અને ગરમ (ઉષ્ણવીર્ય અને ઊનો) જાંગલ દેશનાં પ્રાણીઓનો માંસરસ ખાવો અને સ્વેદન કરવું (શેક કરવો). પછી જો વિરેચન (જુલાબ) લેવો હોય તો બરાબર સ્નેહન થયા પછી ઉપર કહેલો ખોરાક ખાઈને અને શેક કરીને ત્રણ દિવસ વિતાવવા અને પછી ચોથે દિવસે વિરેચન લેવું. પણ જો બરાબર સ્નેહન થયા પછી પહેલું વમન (ઊલટીની દવા) લેવું હોય તો એક દિવસ જાંગલ દેશનાં પ્રાણીનો ઉપર કહ્યો છે તેવો માંસરસ ખાવો અને સ્વેદન કરવું; બીજે દિવસે અડદ, દૂધ, માછલાં, ગોળ વગેરે કફકારક ખોરાક ખાઈને કફનો ઉત્કલેશ કરવો અને ત્રીજે દિવસે વમનઔષધ લઈને ઊલટીઓ કરવી.

માંસલ વગેરે માણસોને સ્નિગ્ધ કરવાની રીત

मांसला मेदुरा भूरिश्लेष्माणो विषमाग्नयः ॥३७॥
स्नेहोचिताश्च ये स्नेह्यास्तान् पूर्वं रूक्षयेत्ततः ।
संस्नेह्य शोधयेदेवं स्नेहव्यापन्न जायते ॥ ३८ ॥
अलं मलानीरयितुं स्नेहश्चासात्म्यतां गतः ।

જેમના દેહમાં માંસનો ભાગ અતિશય હોય, જેમના દેહમાં ચરબી અતિશય હોય, કફનો ભાગ અતિશય હોય, જેમનો અગ્નિ વિષમ હોય તથા જેમને સ્નેહ કોઠે પડી ગયો હોય તેમને સંશોધન માટે સ્નેહપાન કરાવવાની જરૂર હોય તો પ્રથમ તેમને રૂક્ષણ ઉપાયથી લૂખા પાડીને પછી સ્નેહન ઉપાયથી સ્નિગ્ધ કરીને એમનું સંશોધન કરવું; કેમ કે એમ કરવાથી અતિ સ્નેહપાનથી જે વિકારો થાય છે તે થતા નથી; એટલું જ નહિ, પણ તેથી સ્નેહ સાત્મ્ય ન થઈ જઈને વાયુ વગેરે મળને તથા ઝાડા વગેરે મળને પણ સારી રીતે

અધ્યાય ૧૭ મો

अथातः स्वेदविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

દોષનુ શોધન કરવાના પ્રસંગમાં પ્રથમ સ્નેહનો ઉપયોગ કરવાનું કહ્યું. દેહને સ્નિગ્ધ કર્યા પછી દોષોને ઓગાળીને કોઠામાં આણવા માટે (શ્લો. ૨૯૬) શેક કરવાની જરૂર પડે છે, માટે હવે સ્વેદવિધિનો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

સ્વેદ(શેક)ના ચાર પ્રકાર

स्वेदस्तापोपनाहोष्मद्रवभेदाच्चतुर्विधः ।

તાપ, ઉપનાહ, ઉષ્મ અને દ્રવ એવા ભેદથી ચાર પ્રકારનો સ્વેદ છે. (એનાં લક્ષણ અનુક્રમે કહેવાશે.)

તાપરૂપ (કોરા) સ્વેદનું લક્ષણ

तापोऽग्नितप्तवसनफालहस्ततलादिभिः ॥ १ ॥

દેવતા ઉપર તપાવેલાં વસ્ત્રથી, લોઢું અગ્નિથી તપાવીને લોઢાથી, અગ્નિ ઉપર તપાવેલી હથેલીથી વગેરે રીતે શેક કરીને પરસેવો કાઢવો તેને તાપસ્વેદ કહે છે. (લાકડું, રેતી, ઘડો, ધાતુનાં વાસણ વગેરેને અગ્નિથી ગરમ કરીને તે વડે શેકવાને તથા દેવતાથી સીધા તાપવાને પણ તાપસ્વેદ કહે છે.)

ઉપનાહસ્વેદ(પોટીસ)નું લક્ષણ

उपनाहो वचाकिण्वशताह्वादेवदारुभिः ।
धान्यैः समस्तैर्गन्धैश्च रास्नैरण्डजटामिषैः ॥ २ ॥
उद्रिक्तलवणैः स्नेहचुक्रतक्रपयःप्लुतैः ।
केवले पवने, श्लेष्मसंसृष्टे सुरसादिभिः ॥ ३ ॥
पित्तेन पद्मकाद्यैस्तु साल्वणाख्यैः पुनः पुनः ।

બંધારણ (પોટીસ) બાંધીને પરસેવો કાઢવો તેને ઉપનાહસ્વેદ કહે છે. જો શુદ્ધ વાયુનો રોગ હોય તો બંધારણમાં વજ, કિણ્વ, સુવા, દેવદાર, તલ, અળસી, અડદ વગેરે ઉષ્ણવીર્ય અને સ્નિગ્ધ ધાન્ય; ઉપલેટ, અગર, તગર, તુલસી વગેરે બધી જાતનાં ગંધદ્રવ્ય; રાસ્ના, દીવેલાનાં મૂળ, માંસ—એ દ્રવ્યોમાં લવણ આગળ પડતું મેળવીને તથા સ્નેહ, સરકો, છાશ અને દૂધમાં તે દ્રવ્યોને ભીંજવીને લેવાં; મતલબ કે એ દ્રવ્યોમાં આગળપડતું મીઠું નાખીને તથા સ્નેહ, વગેરેમાં પલાળીને પછી તેનું બંધારણ બાંધવું. જો વાયુમાં કફ મળેલો હોય તો સૂ. ૧૫/૩૦માં કહેલા સુરસાદિ ગણનુ પોટીસ બાંધવું. પિત્ત જો વાયુમાં મળેલું હોય તો પદ્મકાદિ ગણનું બંધારણ બાંધવું; (પિત્ત વાયુમાં મળેલું હોય એટલે અધિક પિત્ત કે સમાન પિત્ત ન જાણવું પણ થોડું પિત્ત વાયુમાં મળેલું હોય ત્યારે, એમ જાણવું. આ ત્રણ પ્રકારનાં બંધારણ માત્ર વાયુના આધિક્યનાં બતાવ્યાં છે તથા તે વિશેષે કરીને ગ્રીષ્મઋતુમાં કરવાનો વિધિ છે એમ જાણવું; કારણ કે ઉષ્ણઋતુમાં પરસેવો સ્વાભાવિક થાય છે જ માટે બહુ સ્વેદ (પરસેવો) કાઢવાના પ્રયોગ કરવા ગ્રીષ્મમાં માફક નથી; એટલું જ નહિ, પણ ઠંડા ઉપાય યોજવાની તે ઋતુમાં જરૂર પડે છે. માટે જો ઉપનાહસ્વેદથી પરસેવો કાઢવાની જરૂર પડે તો ઉપર બતાવેલા ત્રણ પ્રકારના સ્વેદોપચારથી પરસેવો કાઢવો એને 'સાલ્વણ' સ્વેદ કહે છે.) સાલ્વણ સ્વેદથી જ્યાં સુધી સ્વેદન કાર્ય યથાયોગ્ય થાય ત્યાં સુધી ફરીફરીને પરસેવો કાઢવો. (સાલ્વણ સ્વેદમાં તક્રનો ઉપયોગ અતિશય કરવો એમ પણ કહેલું છે.)

પોટીસ બાંધવાનાં વસ્ત્ર વગેરે

स्निग्धोष्णवीर्यैर्मृदुभिश्चर्मपट्टैरपूतिभिः ॥ ४ ॥
अलाभे वातजित्पत्रकौशेयाविकशाटकैः ।
बद्धं रात्रौ दिवा मुञ्चेन्मुञ्चेद्रात्रौ दिवाकृतम् ॥

બંધારણ (પોટીસ) બાધવાને પાટા તરીકે સ્નિગ્ધ, ઉષ્ણવીર્ય, મૃદુ તથા દુર્ગંધ વિનાના ચામડાના પાટા વાપરવા. તે ન મળે તો એરંડાનાં પાંદડાં જેવાં વાયુને મટાડે એવાં પાંદડાં, રેશમી વસ્ત્ર, કામળી કે શાટક (સાડીના કકડા) વડે બંધારણ બાંધવું. જો બંધારણ રાત્રે બાંધ્યુ હોય તો તે દિવસે છોડવું; અને જો દિવસે બાંધ્યુ હોય તો રાત્રે છોડવુ.

પ્રેરી શકે છે અર્થાત્ મળની પ્રવૃત્તિ સારી રીતે થઈ શકે છે.

બાળક વગેરેને સ્નિગ્ધ કરવાના યોગ

**बालवृद्धादिषु स्नेहपरिहारासहिष्णुषु ॥ ३९ ॥
योगानिमाननुद्वेगान् सद्यः स्नेहान् प्रयोजयेत् ।
प्राज्यमांसरसास्तेषु, पेया वा स्नेहभर्जिता ॥४०॥
तिलचूर्णश्च सस्नेहफाणितः, कृशरा तथा ।
क्षीरपेया घृताढ्योष्णा, दध्नो वा सगुडः सरः ॥४१
पेया च पञ्चप्रसृता स्नेहैस्तण्डुलपञ्चमैः ।
सप्तैते स्नेहनाः सद्य, स्नेहाश्च लवणोल्बणाः ॥४२**

બાળક, વૃદ્ધ વગેરે જેઓ સ્નેહનો પરિહાર (પરેજ) સહન કરી શકે એવા નથી તે સુખથી કરી શકે એવા તથા તરત સ્નિગ્ધ કરે એવા આ સ્નેહનના યોગ તેમને માટે કરવા. તેમને પુષ્કળ માંસના થોડા પાણીથી બનાવેલા માંસરસ, સ્નેહમા છમકારેલી પેયા, સ્નેહ અને ગોળ નાખેલું તલનું કચરિયું, સ્નેહ અને ગોળ નાખેલી ખીચડી, દૂધથી બનાવેલી અને ઘી નાખેલી તથા ઊની ઊની એવી પેયા (પાતળી રાબડી), ગોળ સહિત દહીની તર; વળી ઘી, તેલ, વસા, મજ્જા તથા ચોખા, એ પાચે વાનાં દરેક આઠ આઠ તોલા લઈને તેની પેયા કરવી; એ સર્વે યોગ તત્કાળ સ્નેહનો ગુણ કરે એવાં તથા સ્નેહનો પરિહાર ન કરવો પડે એવાં છે. એમ એ સાતે સ્નેહ બાળક, વૃદ્ધ વગેરેને ઉપયોગી જાણવા; તેમ જ આગળ પડતુ લવણ નાખેલા ઘી વગેરે સ્નેહ પણ તત્કાળ સ્નેહનો ગુણ આપે એવા છે.

લવણ સાથે કાચા સ્નેહ પણ તત્કાળ ગુણ કરે છે તેનું કારણ

तद्ध्यभिष्यन्द्यरूक्षं च सूक्ष्ममुष्णं व्यवायि च ।

પૂર્વે કહ્યુ કે લવણયુક્ત સ્નેહ પણ તત્કાળ સ્નેહનો ગુણ આપે છે, તેનું કારણ એ છે કે લવણ અભિષ્યંદી છે, લૂખું નથી તથા સૂક્ષ્મ, ઉષ્ણ અને વ્યવાયી છે.

કુષ્ઠ વગેરેમાં સ્નેહન માટે શું ન વાપરવું?

**गुडानूपामिषक्षीरतिलमाषसुरादधि ॥ ४३ ॥
कुष्ठशोफप्रमेहेषु स्नेहार्थं न प्रकल्पयेत् ।**

કુષ્ઠ, સોજા અને પ્રમેહ એ રોગમાં સ્નેહનો ઉપયોગ કરવાની જરૂર હોય તો તેમાં ગોળ, અનૂપદેશનાં પ્રાણીઓનું માંસ, દૂધ, તલ, અડદ,, સુરા અને દહીં એ પદાર્થોનો સ્નેહન માટે ઉપયોગ કરવો નહિ.

કુષ્ઠ વગેરેમાં શી રીતે સ્નેહન કરવું?

**त्रिफलापिप्पलीपथ्यागुग्गुल्वादिविपाचितान् ॥
स्नेहान् यथास्वमेतेषां योजयेदविकारिणः ।**

ઉપર કહેલા કુષ્ઠ, સોજો અને પ્રમેહ એ રોગવાળાને જેને જેમ ઘટે તેમ ત્રિફળા, પીપર, હરડે, ગૂગળ વગેરેથી પક્વ કરેલા અને વિકાર ન કરે એવા સ્નેહ આપવા.

ક્ષીણ થયેલાને કેવા સ્નેહ આપવા?

क्षीणानां त्वामयैरग्निदेहसन्धुक्षणक्षमान् ॥ ४५ ॥

રોગ વડે દૂબળા થયેલાઓને એવા સ્નેહ આપવા કે જે જઠરાગ્નિને પ્રબળ કરે તેમ શરીરની પુષ્ટિ પણ કરે.

સ્નેહનો ઉપયોગ કરવાનું ફળ

**दीप्तान्तराग्निः परिशुद्धकोष्ठः
प्रत्यग्रधातुर्बलवर्णयुक्तः ।
दृढेन्द्रियो मन्दजरः शतायुः
स्नेहोपसेवी पुरुषः प्रदिष्टः ॥ ४६ ॥**

જે માણસ વારંવાર સ્નેહનુ સેવન કરે છે (એટલે પીવામાં, અભ્યંગમાં, માથે ચોપડવામા, નેત્રના તર્પણમાં અને કાનમાં મૂકવામા વગેરેમા વારંવાર સ્નેહનો ઉપયોગ કરે છે) તેનો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, કોઠો શુદ્ધ થાય છે, ધાતુ નવીનવી બને છે, તે બળ અને કાંતિથી યુક્ત થાય છે, તેની ઇંદ્રિયો દઢ થાય છે, તેને ઘડપણ મોડું આવે છે અને તેનુ સો વર્ષનુ આયુષ્ય થાય છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने स्नेहविधिर्नाम
षोडशोऽध्यायः ॥ १६ ॥

અધ્યાય ૧૭ મો

अथातः स्वेदविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

દોષનુ શોધન કરવાના પ્રસંગમાં પ્રથમ સ્નેહનો ઉપયોગ કરવાનુ કહ્યુ. દેહને સ્નિગ્ધ કર્યા પછી દોષોને ઓગાળીને કોઠામાં આણવા માટે (શ્લો. ૨૯૬) શેક કરવાની જરૂર પડે છે, માટે હવે સ્વેદવિધિનો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

સ્વેદ(શેક)ના ચાર પ્રકાર

स्वेदस्तापोपनाहोष्मद्रवभेदाच्चतुर्विधः ।

તાપ, ઉપનાહ, ઉષ્મ અને દ્રવ એવા ભેદથી ચાર પ્રકારનો સ્વેદ છે. (એનાં લક્ષણ અનુક્રમે કહેવાશે.)

તાપરૂપ (કોરા) સ્વેદનું લક્ષણ

तापोऽग्नितप्तवसनफालहस्ततलादिभिः ॥ १ ॥

દેવતા ઉપર તપાવેલાં વસ્ત્રથી, લોઢું અગ્નિથી તપાવીને લોઢાથી, અગ્નિ ઉપર તપાવેલી હથેલીથી વગેરે રીતે શેક કરીને પરસેવો કાઢવો તેને તાપસ્વેદ કહે છે. (લાકડું, રેતી, ઘડો, ધાતુનાં વાસણ વગેરેને અગ્નિથી ગરમ કરીને તે વડે શેકવાને તથા દેવતાથી સીધા તાપવાને પણ તાપસ્વેદ કહે છે.)

ઉપનાહસ્વેદ(પોટીસ)નું લક્ષણ

उपनाहो वचाकिण्वशताह्वादेवदारुभिः ।
धान्यैः समस्तैर्गन्धैश्च रास्नैरण्डजटामिषैः ॥ २ ॥
उद्रिक्तलवणैः स्नेहचुक्रतक्रपयःप्लुतैः ।
केवले पवने, श्लेष्मसंसृष्टे सुरसादिभिः ॥ ३ ॥
पित्तेन पद्मकाद्यैस्तु साल्वणाख्यैः पुनः पुनः ।

બંધારણ (પોટીસ) બાંધીને પરસેવો કાઢવો તેને ઉપનાહસ્વેદ કહે છે. જો શુદ્ધ વાયુનો રોગ હોય તો બંધારણમાં વજ, કિણ્વ, સુવા, દેવદાર, તલ, અળસી, અડદ વગેરે ઉષ્ણવીર્ય અને સ્નિગ્ધ ધાન્ય; ઉપલેટ, અગર, તગર, તુલસી વગેરે બધી જાતનાં ગંધદ્રવ્ય; રાસના, દીવેલાના મૂળ, માંસ–એ દ્રવ્યોમા લવણ આગળ પડતું મેળવીને તથા સ્નેહ, સરકો, છાશ અને દૂધમાં તે દ્રવ્યોને ભીંજવીને લેવાં; મતલબ કે એ દ્રવ્યોમાં આગળપડતું મીઠું નાખીને તથા સ્નેહ, વગેરેમાં પલાળીને પછી તેનુ બંધારણ બાંધવુ. જો વાયુમાં કફ મળેલો હોય તો સૂ. ૧૫/૩૦માં કહેલા સુરસાદિ ગણનુ પોટીસ બાધવુ. પિત્ત જો વાયુમાં મળેલુ હોય તો પદ્મકાદિ ગણનુ બંધારણ બાંધવુ; (પિત્ત વાયુમાં મળેલુ હોય એટલે અધિક પિત્ત કે સમાન પિત્ત ન જાણવુ પણ થોડું પિત્ત વાયુમાં મળેલું હોય ત્યારે, એમ જાણવું. આ ત્રણ પ્રકારના બંધારણ માત્ર વાયુના આધિક્યનાં બતાવ્યાં છે તથા તે વિશેષે કરીને ગ્રીષ્મઋતુમાં કરવાનો વિધિ છે એમ જાણવું; કારણ કે ઉષ્ણઋતુમા પરસેવો સ્વાભાવિક થાય છે જ માટે બહુ સ્વેદ (પરસેવો) કાઢવાના પ્રયોગ કરવા ગ્રીષ્મમાં માફક નથી; એટલું જ નહિ, પણ ઠંડા ઉપાય યોજવાની તે ઋતુમાં જરૂર પડે છે. માટે જો ઉપનાહસ્વેદથી પરસેવો કાઢવાની જરૂર પડે તો ઉપર બતાવેલા ત્રણ પ્રકારના સ્વેદોપચારથી પરસેવો કાઢવો એને 'સાલ્વણ' સ્વેદ કહે છે.) સાલ્વણ સ્વેદથી જ્યાં સુધી સ્વેદન કાર્ય યથાયોગ્ય થાય ત્યાં સુધી ફરીફરીને પરસેવો કાઢવો. (સાલ્વણ સ્વેદમાં તક્રનો ઉપયોગ અતિશય કરવો એમ પણ કહેલું છે.)

પોટીસ બાંધવાનાં વસ્ત્ર વગેરે

स्निग्धोष्णवीर्यैर्मृदुभिश्चर्मपट्टैरपूतिभिः ॥ ४ ॥
अलाभे वातजित्पत्रकौशेयाविकशाटकैः ।
बद्धं रात्रौ दिवा मुञ्चेन्मुञ्चेद्रात्रौ दिवाकृतम् ॥

બંધારણ (પોટીસ) બાધવાને પાટા તરીકે સ્નિગ્ધ, ઉષ્ણવીર્ય, મૃદુ તથા દુર્ગંધ વિનાના ચામડાના પાટા વાપરવા. તે ન મળે તો એરંડાનાં પાંદડાં જેવાં વાયુને મટાડે એવાં પાંદડાં, રેશમી વસ્ત્ર, કામળી કે શાટક (સાડીના કકડા) વડે બંધારણ બાંધવું. જો બંધારણ રાત્રે બાંધ્યુ હોય તો તે દિવસે છોડવું; અને જો દિવસે બાંધ્યુ હોય તો રાત્રે છોડવુ.

ઉષ્માસ્વેદ

ऊष्मा तूत्कारिकालोष्टकपालोपलपांसुभिः ।
पत्रभङ्गेन धान्येन करीषसिकतातुषैः ॥ ६ ॥
अनेकोपायसन्तप्तैः प्रयोज्यो देशकालतः ।

ખાફ આપીને પરસેવો કાઢવો તેને ઉષ્મા-સ્વેદ કહે છે. તે ઉત્કારિકા, માટીનું ઢેફું, ઘડાની ઠીબ અથવા કાચલાં, પથરા, ધૂળ, પાંદડાંના કકડા, ધાન્ય, છાણનાં અડાયાં, રેતી, છોડાં વગેરેને અનેક ઉપાયથી તપાવીને દેશ, કાળ, દોષ, દ્રવ્ય વગેરેનો વિચાર કરીને પરસેવો કાઢવામાં વાપરવાં; જવ, અડદ, એરંડો, અળસી, કસુંબીનાં બીજ વગેરેના લોટને પાણીમાં બાફીને લાપસી જેવો કરી તે વડે પરસેવો કાઢવામાં આવે છે તેને (લાપસી જેવા પદાર્થને) ઉત્કારિકા કહે છે. તે ઉત્કારિકાની વરાળ લેવી. માટીનો ગોળો વગેરે પદાર્થોને લાલચોળ કરીને દોષ વગેરેનો વિચાર કરીને પાણીમાં, ખાટા ધાન્યામ્લમાં કે શુક્ત વગેરેમાં નાખીને તેની વરાળ લેવી. એવી વરાળ ખાટલામા સૂઈ જઈને લેવી. ગાય વગેરેના છાણનો ગોળો કરીને તેને ગરમ કરીને શેક કરવો તેને પિંડસ્વેદ કહે છે. ખાટલામાં બાફેલાં પાદડાં અથવા ખટાશયુક્ત જવ વગેરે ધાન્ય બાફીને તે પાથરી તે ઉપર કામળી કે ઊનનું વસ્ત્ર અથવા રેશમી વસ્ત્ર, અથવા દીવેલા વગેરેનાં વાયુહારક પાંદડાં પાથરીને તે ઉપર સૂઈ જવું તથા શરીર ઉપર તેવું જ કાંઈ ગરમ કપડુ ઓઢવું, એ રીતે સ્વેદ કાઢવો તેને સંસ્તરસ્વેદ કહે છે. અથવા બાફ લેવાના પદાર્થો એક માટીના વાસણમાં ઉકાળીને તેની પાસે પાસે જાડું કપડુ ઓઢીને બેસવું તથા વરાળ લેવી એ પણ સંસ્તરસ્વેદ કહેવાય છે. એ રીતે અનેક ઉપાયથી, દ્રવ્યોને તપાવીને બાફ લેવા તે ઉષ્માસ્વેદ કહેવાય છે.

દ્રવસ્વેદનું લક્ષણ (પરિષેક સ્વેદ)

शिग्रुवारणकैरण्डकरञ्जसुरसार्जकात् ॥ ७ ॥
शिरीषवासावंशार्कमालतीदीर्घवृन्ततः ।
पत्रभङ्गैर्वचाद्यैश्च मांसैश्चानूपवारिजैः ॥ ८ ॥
दशमूलेन च पृथक् सहितैर्वा यथामलम् ।
स्नेहवद्भिः सुराशुक्तवारिक्षीरादिसाधितैः ॥ ९ ॥
कुम्भीर्गलन्तीर्नाडीर्वा पूरयित्वा रुजार्दितम् ।
वाससाऽऽच्छादितं गात्रं स्निग्धं सिञ्चेद्यथा-
सुखम् ॥ १० ॥

ઊના પાણી વગેરેથી શેકવું તેને દ્રવસ્વેદ કહે છે. એની રીત આ છે: સરગવો, વીરણવાળો, એરંડો; કરંજ, તુલસી, નાંદરૂખી, સરસડો, અરડૂસી, વાંસ, આકડો; ચમેલી, અરડૂસો, એ સર્વનાં પાંદડાં; વચાદિ ગણ (સૂ. ૧૫/૩૪કે), પાણીમાં જન્મેલાં અને અનૂપ દેશનાં પ્રાણીનું માંસ તથા દશમૂળ એ સર્વે જુદાંજુદાં અથવા દોષ વગેરેના હિસાબે તેમાંનાં બેત્રણ કે બધાંય એકઠાં લેવાં તથા તેમને દોષના હિસાબે ઘી વગેરે સ્નેહ, સુરા, સરકો, પાણી, દૂધ વગેરેથી સિદ્ધ કરવાં. પછી તે દદૂડી પડે એવા કાણાવાળા તપેલામાં કે નળીમાં ભરીને રોગીના અંગના જે ભાગ ઉપર પીડા થતી હોય તે ઉપર કપડુ ઢાંકીને જેમ તેને સુખ થાય તેમ અથવા દોષની પીડાને ઘટિત હોય તેમ ધાર કરવી. આને પરિષેક નામનો દ્રવસ્વેદ કહે છે.

અવગાહસ્વેદ

तैरेव वा द्रवैः पूर्णं कुण्डं सर्वाङ्गगेऽनिले ।
अवगाह्यातुरस्तिष्ठेदर्शःकृच्छ्रादिरुक्षु च ॥ ११ ॥

અથવા પૂર્વે પરસેવો કાઢવાનાં (શેક કરવાનાં) દ્રવ્યો કહ્યાં છે તે એક કુંડમાં કે મોટા વાસણમાં ભરીને, જે માણસને સર્વાંગ વાયુનો રોગ થયો હોય તેણે તેમાં ગળા સુધી ડૂબીને બેસવું. હરસ, મૂત્રકૃચ્છ્ર, (પથરી, આનાહ, હાથપગમાં પીડા) વગેરેની પીડામાં પણ એ જ રીતે શેક કરવો.

આ કુંડસ્વેદ ઉપરથી બીજા કૂપસ્વેદ વગેરે પણ સ્વેદ કાઢવાના પ્રકાર છે એમ જાણવું. ખાટલા નીચે ખાડો કરીને તેમાં વાયુનાશક કાષ્ઠનો કે છાણાંનો દેવતા કરી ધુમાડો નાશ પામે ત્યારે તે ઉપરના ખાટલામાં રોગીને સુવાડીને પરસેવો કાઢવો તેને 'કૂપસ્વેદ' કહે છે. એવા જ બીજા 'કુટિસ્વેદ' વગેરે પણ સ્વેદ કાઢવાના પ્રકાર છે, તે બીજા ગ્રંથોમાં કહેલા છે.

પરસેવો કાઢવા માટે પરેજ

निवातेऽन्तर्बहिः स्निग्धो जीर्णान्नः स्वेदमाचरेत् ॥

પવન વિનાની જગાએ, ખાધુંપીધું પચી ગયુ હોય તેવા માણસે પરસેવો કાઢવાની ક્રિયા કરવી તથા પરસેવો કાઢતા પહેલાં સ્નેહપાન કરીને અંદરથી તથા અભ્યંગ વગેરે ચોળીને બહારથી (ઉપરથી) સ્નિગ્ધ થવુ. જેને ગયા દિવસનું ખાધેલું પચેલું ન હોય તેણે તે પચ્યા વિના પરસેવો કાઢવો નહિ. આમાજીર્ણ વગેરે રોગવાળા માણસે પરસેવો ન જ કાઢવો.

શેક પુષ્કળ, સાધારણ કે થોડો ક્યારે કરવો?

व्याधिव्याधितदेशर्तुवशान्मध्यवरावरम् । १२ ॥

રોગ, દરદી, દેશ, કાળ વગેરેનો વિચાર કરીને મધ્યમ, ઉત્તમ કે હીન એ ત્રણમાંથી એક માપથી શેક કરવો.

કયા દોષમાં કેવો શેક કરવો?

कफार्तो रूक्षणं रूक्षो, रूक्षः स्निग्धं कफानिले ।

કફથી પીડાતા દરદીએ અંદરથી કે બહારથી શરીરનું સ્નેહન કર્યા વિના રૂક્ષ (લૂખા) રહીને લૂખો શેક કરવો (=સ્નેહ વિનાનાં લૂખાં દ્રવ્યોથી શેક કરવો). જો કફ અને વાયુ ભેગા કોપ્યા હોય તો દરદીએ અંદરથી ને બહારથી શરીરનું સ્નેહન કર્યા વિના રૂક્ષ (લૂખા) રહીને સ્નિગ્ધ શેક કરવો (=સ્નેહવાળાં દ્રવ્યોથી શેક કરવો.)

દોષ કયા સ્થાનમાં છે તે ઉપરથી શેકની જાતનો નિર્ણય

आमाशयगते वायौ कफे पक्वाशयाश्रिते ॥१३॥
रूक्षपूर्वं तथा स्नेहपूर्वं स्थानानुरोधतः ।

પકવાશય વાયુનું સ્થાન છે અને આમાશય કફનું સ્થાન છે. હવે વાયુ પોતાનુ સ્થાન છોડીને આમાશયમાં ગયો હોય તો પ્રથમ રૂક્ષ (લૂખો) શેક કરીને પછી સ્નિગ્ધ શેક કરવો; કેમ કે તે સ્થાનના કફનો પ્રતિકાર રૂક્ષ શેકથી કરીને પછી વાયુનો પ્રતિકાર સ્નિગ્ધ શેકથી કરવો યોગ્ય છે. પૂર્વે સૂ. ૧૩/૧૯½ થી ૨૦½ માં કહ્યું છે કે જે દોષનું જે સ્થાન હોય તેનો પ્રતિકાર પ્રથમ કરીને પછી આગંતુ દોષને શમાવવો. આ જગાએ વાયુ આગંતુ દોષ છે માટે તેનો પ્રતિકાર પછી કરવો યોગ્ય છે. એ જ પ્રમાણે પક્વાશયમાં કફ આગંતુ અને વાયુ તે સ્થાનવાળો છે માટે પ્રથમ સ્નિગ્ધ શેકથી વાયુનો પ્રતિકાર કરીને પછી રૂક્ષ શેકથી કફનો પ્રતિકાર કરવો. એ રીતે સ્થાન અનુસાર શેકની પૂર્વાપર યોજના કરવી.

કયાં અંગો ઉપર શેક થોડો કરવો?

अल्पं वङ्क्षणयोः, स्वल्पं दृङ्मुष्कहृदये न वा ॥

સાથળના સાંધા ઉપર થોડો શેક કરવો; આંખ, અંડ અને હૃદય, એ જગાએ તો બહુ જ થોડો શેક કરવો અથવા એ ત્રણ જગાએ તો શેક ન જ કરવો.

બરાબર શેક થયાનાં લક્ષણ: પછી શું કરવું?

शीतशूलक्षये स्विन्नो जातेऽङ्गानां च मार्दवे ।
स्याच्छनैर्मृदितः स्नातस्ततः स्नेहविधिं भजेत्

જેને શેક કરવા માંડ્યો હોય તે માણસનાં ઠંડક અને શૂળ શાંત પડે (મટી જાય) અને શરીરનાં હાથ, પગ વગેરે અંગ મૃદુ થાય, ત્યારે તેને બરોબર શેક થયો છે એમ જાણવું. પછી તે માણસે ધીમેધીમે શરીરની ચંપી કરીને ઊના પાણીથી નાહવુ. અને પછી સ્નેહવિધિમાં (સૂ. ૧૬/૨૫½ થી ૨૭½ માં) કહ્યા પ્રમાણે આહારવિહાર રાખવા.

વધારે પડતા શેકથી થતી હાનિ તથા તેના ઉપાય

पित्तास्रकोपतृण्मूर्छास्वराङ्गसदनभ्रमाः ।
सन्धिपीडा ज्वरः श्यावरक्तमण्डलदर्शनम् ॥१६
स्वेदातियोगाच्छर्दिश्च, तत्र स्तम्भनमौषधम् ।
विषक्षाराग्न्यतीसारच्छर्दिमोहातुरेषु च ॥१७॥

વધારે પડતો શેક કરવાથી લોહીનો અને પિત્તનો પ્રકોપ થાય છે, તરસ, મૂર્છા, અવાજ બેસી જાય, અંગ સજ્જડ થઈ જાય, ચક્કર, સાંધાઓમાં પીડા, તાવ, કાળાં તથા રાતાં મંડળ (ચકામાં) શરીર ઉપર દેખાય અને ઊલટી એવા ઉપદ્રવ થાય છે. એવે પ્રસંગે સ્તંભન ઔષધ કરવું. વળી વિષ, ક્ષારકર્મ, અગ્નિ, અતિસાર, ઊલટી અને મૂર્છા એટલાથી પિડાયેલાને પણ સ્તંભન ઔષધ કરવું.

સ્વેદન તથા સ્તંભન ઔષધના ગુણ અને રસ

स्वेदनं गुरु तीक्ष्णोष्णं प्रायः, स्तम्भनमन्यथा ।
द्रवस्थिरसरस्निग्धरूक्षसूक्ष्मं च भेषजम् ॥१८॥
स्वेदनं स्तम्भनं श्लक्ष्णं रूक्षसूक्ष्मसरद्रवम् ।
प्रायस्तिक्तं कषायं च मधुरं च समासतः ॥१९

જે ઔષધ ભારે, તીક્ષ્ણ અને ગરમ હોય તે સામાન્ય રીતે સ્વેદન ઔષધ જાણવું; અને જે એથી વિપરીત એટલે હલકું, મંદ અને ઠંડુ હોય તેને સ્તંભન જાણવું.

જે ઔષધ પ્રવાહી, સ્થિર, સર, સ્નિગ્ધ, રૂક્ષ અને સૂક્ષ્મ હોય તેને સ્વેદન ઔષધ જાણવું. સ્તભન ઔષધ શ્લક્ષ્ણ, રૂક્ષ, સક્ષ્મ, સર અને પ્રવાહી હોય છે.

ઘણું ખરું જે ઔષધ કડવું, તૂરું અને મધુર રસવાળું હોય તેને ટૂંકામાં સ્તંભન ઔષધ કહેવું.

બરાબર સ્તંભન થયાનાં લક્ષણ

स्तम्भितः स्याद्बले लब्धे यथोक्तामयसङ्क्षयात् ।

જ્યારે સ્તંભન ઔષધના યોગથી માણસમાં બળ આવે તથા તે ઔષધથી જે રોગનો નાશ કરવાનો હોય તે રોગ નાશ પામે ત્યારે તે માણસને સ્તંભન ઔષધનો ગુણ લાગ્યો એમ જાણવું.

અતિ સ્તંભિતનું લક્ષણ

स्तम्भत्वक्स्नायुसङ्कोचकम्पहृद्वाग्घनुग्रहैः ॥२०॥
पादौष्ठत्वक्करैः श्यावैरतिस्तम्भितमादिशेत् ।

શરીરનો સ્તંભ, ચામડી તથા સ્નાયુઓનો સંકોચ; શરીરનો કંપ; હૃદય, વાણી અને હડપચીનું રહી જવું; પગ, હોઠ, ચામડી અને હાથનું કાળા પડી જવું, એ લક્ષણોથી જાણવું કે વધારે પડતું સ્તંભન કરવામાં આવ્યું છે.

શેક ન કરવા જેવા રોગી

न स्वेदयेदतिस्थूलरूक्षदुर्बलमूर्च्छितान् ॥ २१ ॥
स्तम्भनीयक्षतक्षीणक्षाममद्यविकारिणः ।
तिमिरोदरवीसर्पकुष्ठशोषाढ्यरोगिणः ॥ २२ ॥
पीतदुग्धदधिस्नेहमधून् कृतविरेचनान् ।
भ्रष्टदग्धगुदग्लानिक्रोधशोकभयार्दितान् ॥ २३ ॥
क्षुत्तृष्णाकामलापाण्डुमेहिनः पित्तपीडितान् ।
गर्भिणीं पुष्पितां, सूतां, मृदु चात्ययिके गदे ॥२४

બહુ જાડા માણસને શેક કરવો નહિ; કેમ કે અતિ સ્થૂલ માણસનો પરસેવો કાઢતાં તેનો મેદ ઓગળે છે અને તેથી શરીરમાં ઉથલપાથલ થાય છે. રૂક્ષ માણસને શેક કરવાથી તે દૂબળો પડી જાય છે, માટે તેનો પણ પરસેવો કાઢવો નહિ. એ જ રીતે નબળા, મૂર્છારોગવાળા, જેને સ્તંભન કરવાની જરૂર છે તે, ક્ષતકાસવાળા, શરીરે સુકાઈ ગયેલા, મદ્યવિકારથી રોગી થયેલા, તિમિર રોગવાળા, ઉદરરોગવાળા, વિસર્પરોગવાળા, કુષ્ઠરોગવાળા, શોષરોગવાળા, પતના રોગવાળા; જેણે દૂધ, દહીં, સ્નેહ કે મધ પીધું હોય એવા, જેણે રેચ લીધો હોય એવા, ગુદા (આમળું) બહાર નીકળી હોય એવા, જેની ગુદા દાઝી હોય એવા; જેને ગ્લાનિ, ક્રોધ, શોક કે ભય થયો હોય તે; ભૂખ, તરસ, કમળો, પાંડુ, પ્રમેહ અને પિત્તથી પીડાયેલા; ગર્ભવતી, ઋતુ પ્રાપ્ત થયેલી (અભડાયેલી) અને જેને પ્રસવ થયો હોય એવી (સુવાવડી) સ્ત્રી–એ સર્વને શેક કરવો નહિ; કેમ કે શેક કરવાથી તેમને બીજા રોગ થાય છે. (ભૂખ્યા માણસને શેક કરવાથી દેહને અત્યંત ગ્લાનિ થાય છે; કમળો અને પાંડુરોગવાળાને શેક કરવાથી પિત્તની વૃદ્ધિ થઈને રોગ વધે છે; પિત્ત જેમાં પ્રધાન છે એવા રોગવાળાને શેક કરવાથી રોગની વૃદ્ધિ થાય છે; ગર્ભવતીને શેક કરવાથી ગર્ભને નુકસાન થાય છે; રજસ્વલાને શેક કરવાથી પુષ્કળ અટકાવ આવવા માંડે છે; સુવાવડીને શેક કરવાથી શરીર દૂબળું થાય છે; એ જ પ્રમાણે બીજા રોગોમાં પણ જાણી લેવું.) જો એમાંના ('બહુ જાડા'થી 'સુવાવડી' સુધીમાંના) કોઈને વિષૂચિકા (કોલેરા) વગેરે અતિ ભયંકર રોગ થયો હોય તો બહુ હલકો શેક કરવો.

કયા રોગીને શેક કરવો ?

श्वासकासप्रतिश्यायहिध्माध्मानविबन्धिषु ।
स्वरभेदानिलव्याधिश्लेष्मामस्तम्भगौरवे ॥ २५ ॥
अङ्गमर्दकटीपार्श्वपृष्ठकुक्षिहनुग्रहे ।

महत्त्वे मुष्कयोः खल्यामायामे वातकण्टके ॥२६
मूत्रकृच्छ्रार्बुदग्रन्थिशुक्राघाताढ्यमारुते।
स्वेदं यथायथं कुर्यात्तदौषधविभागतः ॥२७॥

દમ, ઉધરસ, સળેખમ, હેડકી, આધ્માન, વિબંધ, સ્વરભેદ, વાયુના રોગ, કફ, આમ, સ્તંભ, ભારેપણું, શરીરમાં ચૂંથારા, કમ્મર, પડખાં, કૂખ અને હડપચી રહી ગઈ હોય; વધરાવળ, ખલ્લી નામે વાતરોગ, આયામ નામે વાતરોગ, વાતકંટક નામે વાયુનો રોગ, મૂત્રકૃચ્છ્ર, અર્બુદ, રસોળી, શુક્રાઘાત, ઊરુસ્તંભ-એ સર્વ રોગમાં તે તે રોગને યોગ્ય ઔષધના વિભાગ કરીને, કોઈ જગાએ તાપસ્વેદ, કોઈ જગાએ ઉપનાહસ્વેદ, કોઈ જગાએ ઉષ્મા-સ્વેદ અને કોઈ જગાએ દ્રવસ્વેદ, એમ જ્યાં જે યોગ્ય હોય તે જાતનો શેક કરવો.

અગ્નિવિનાનો શેક ક્યાં હિતકર છે?

स्वेदो हितस्त्वनाग्नेयो वाते मेदःकफावृते।

ચરબી અને કફથી વાયુ વીંટાયેલો (રોકાયેલો) હોય ત્યાં અનાગ્નેય એટલે અગ્નિ-વિનાનો શેક હિતકર છે.

અગ્નિવિનાના શેકના પ્રકાર

निवातं गृहमायासो गुरुप्रावरणं भयम् ॥२८॥
उपनाहाहवक्रोधा भूरिपानं क्षुधाऽऽतपः ॥२८॥

જ્યાં બિલકુલ વાયુ (પવન) ન આવતો હોય એવું ઘર, શ્રમ, ભારે (ગોદડું વગેરે) ઓઢવું, ભય; સ્નિગ્ધ, ગરમ અને પોચા ચામડાનો પાટો બાંધવારૂપી ઉપનાહસ્વેદ, યુદ્ધ, ક્રોધ, અતિશય મદ્યપાન, ભૂખ અને તડકો એ સર્વે અગ્નિવિનાના શેક છે. (જેમાં અગ્નિનો ઉપયોગ કોઈ પ્રકારે ન થતો હોય એ રીતે વજ વગરેને ગરમ કર્યા વિના એમનું ખંધારણ બાંધવું તે પણ અગ્નિવિનાનો ઉપનાહ-સ્વેદ છે.)

સ્વેદનું મુખ્ય કર્મ

स्नेहक्लिन्नाः कोष्ठगा धातुगा वा
स्रोतोलीना ये च शाखास्थिसंस्थाः।
दोषाः स्वेदैस्ते द्रवीकृत्य कोष्ठं
नीताः सम्यक् शुद्धिभिर्निर्ह्रियन्ते ॥ २९ ॥

જે દોષ કોઠામાં રહેલા હોય અથવા ધાતુઓમાં રહેલા હોય અથવા સ્રોતોમાં રહેલા હોય અથવા હાથપગરૂપી શાખાનાં હાડકાંમાં રહેલા હોય તે દોષને સ્નેહ વડે નરમ કરીને અને શેક વડે પ્રવાહી બનાવીને કોઠામાં લાવી શકાય છે; તથા ત્યાં લાવ્યા પછી વમનવિરેચન-રૂપ શુદ્ધિથી તેમને શરીરમાંથી સારી રીતે બહાર કાઢી શકાય છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने स्वेदविधिर्नाम
सप्तदशोऽध्यायः ॥ १७ ॥

અધ્યાય ૧૮મો

अथातो वमनविरेचनविधिमध्यायं
व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

(ગયા અધ્યાયના છેલ્લા શ્લોકમાં કહ્યું છે કે વમનવિરેચનરૂપ શુદ્ધિથી દોષને બહાર કાઢી નાખી શકાય છે; ત્યારે વમન અને વિરેચનનો વિધિ કેવો છે તે જણાવવાના હેતુથી આ અધ્યાયનો આરંભ કરી ગ્રંથકાર કહે છે કે) હવે વમન અને વિરેચનનો વિધિ જેમાં કહેલો છે એવો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ આ પ્રમાણે કહી ગયા છે:

(વમન=ઊલટીઓ કરાવવી. વિરેચન=જુલાબ કરાવવા.)

વમન અને વિરેચન ક્યારે આપવું?

कफे विदध्याद्वमनं संयोगे वा कफोल्बणे।
तद्वद्विरेचनं पित्ते

કફના રોગમાં અને જેમાં કફ વિશેષ હોય એવા વાતકફ, પિત્તકફ અથવા વાતપિત્તકફમાં વમન આપવું; તેમ જ પિત્તના રોગમાં વિરેચન આપવું તથા જેમાં પિત્ત વિશેષ હોય તેવા ભેગા દોષમાં એટલે વાતપિત્ત, કફપિત્ત કે વાતકફ-પિત્તમાં પણ વિરેચન આપવું.

વમન કરાવવા જેવા રોગી

विशेषेण तु वामयेत् ॥ १ ॥
नवज्वरातिसाराधःपित्तासृग्राजयक्ष्मिणः।

कुष्ठमेहापचीग्रन्थिश्लीपदोन्मादकासिनः ॥ २ ॥
श्वासहृल्लासवीसर्पस्तन्यदोषोर्ध्वरोगिणः ।

નવો તાવ જેને આવ્યો હોય, અતિસારનો રોગ જેને થયો હોય, જેને અધોગામી રક્તપિત્ત થયું હોય, જેને ક્ષયરોગ થયો હોય, જેને કુષ્ઠ પ્રમેહ, અપચી, રસોળી, હાથીપગું, ગાંડપણ, ઉધરસ, દમ, હેડકી, રતવા એ રોગ થયા હોય, જેનું ધાવણ બગડ્યું હોય, અને જેને ગળાની હાંસડીથી ઉપરના ભાગમાંનો કોઈ રોગ હોય તેને તો ખાસ ઊલટીઓ કરાવવી. (તાવના પૂર્વરૂપમાં ઊલટીઓ કરાવવી, તાવ આવ્યા પછી નહિ.)

વમન ન કરાવવા જેવા રોગી

अवाम्या गर्भिणी रूक्षः क्षुधितो नित्यदुःखितः ॥
बालवृद्धकृशस्थूलहृद्रोगिक्षतदुर्बलाः ।
प्रसक्तवमथुप्लीहतिमिरक्रिमिकोष्ठिनः ॥ ४ ॥
ऊर्ध्वप्रवृत्तवाय्वस्रदत्तबस्तिहतस्वराः ।
मूत्राघात्युदरी गुल्मी दुर्वमोऽत्यग्निरर्शसः ॥ ५ ॥
उदावर्तभ्रमाष्ठीलापार्श्वरुग्वातरोगिणः ।
ऋते विषगराजीर्णविरुद्धाभ्यवहारतः ॥ ६ ॥

ગર્ભવતી સ્ત્રી, રૂક્ષ (લૂખો પડેલો) મનુષ્ય, ભૂખ્યો, નિત્ય દુઃખી, બાળક, વૃદ્ધ, દૂબળો, સ્થૂલ, હૃદયના રોગવાળો, ક્ષત (ચાંદુ, ઘા વગેરે) જેને હોય એવો, નબળો, ઊલટીનો જેને હેવા પડી ગયો છે તે, પ્લીહા(બરોળ)ના રોગવાળો, તિમિરરોગવાળો, જેના કોઠામાં બહુ કરમિયા થયા હોય તે, જેને વાયુ કે લોહી મોં વગેરે ઊંચેને માર્ગેથી નીકળતું હોય, બસ્તિ આપેલો, સ્વરભંગવાળો, મૂત્રાઘાતના રોગવાળો, ઉદરરોગવાળો, ગળાના રોગવાળો, જેને ઊલટી કરતાં બહુ દુઃખ થતું હોય તે, અતિશય જઠરાગ્નિના જોરવાળો, હરસરોગવાળો, ઉદાવર્ત રોગી, ફેર, અષ્ઠીલા અને પડખામાં પીડાવાળો અને વાયુના રોગવાળો, એટલા રોગીઓ ઊલટી (વમન) કરાવવાને યોગ્ય નથી.

ઉપર જે વમન કરાવવાને યોગ્ય નથી એવા રોગી બતાવ્યા છે, તેમને પણ વિષ કે ગર ચડ્યું હોય, અજીર્ણ ભોજન થયું હોય કે વિરુદ્ધ ભોજન થયું હોય તો વમન કરાવવું જ જોઈએ.

ગર્ભિણી વગેરેએ કયા વિધિઓ ન કરવા?

प्रसक्तवमथोः पूर्वे प्रायेणामज्वरोऽपि च ।
धूमान्तैः कर्मभिर्वर्ज्याः, सर्वैरेव त्वजीर्णिनः ॥ ७

વમન ન કરાવવા યોગ્ય રોગીઓ ઉપર ગણાવ્યા છે તેમાં 'ઊલટીનો જેને હેવા પડી ગયો છે તે' પણ ગણાવ્યો છે; એની પહેલાંના એટલે 'ગર્ભવતી'થી માંડીને 'નબળો' સુધીના અગિયાર જાતના રોગીઓને અને આમજ્વરવાળાને વમન ન કરાવવું; એટલું જ નહિ, પણ સામાન્ય રીતે સ્નેહ, સ્વેદ, વમન, વિરેચન, બસ્તિકર્મ, નસ્ય તથા ધૂમપાન, એટલાં કર્મ પણ તેમને ન કરાવવાં. કોગળા વગેરે કરાવવાના વિધિ જે ધૂમપાન પછી આ ગ્રંથમાં કહેવાશે તે વિધિઓની તેમને મનાઈ આ સ્થળમાં કરવાનો હેતુ નથી. હજી હમણાં જ ભોજન જેણે કરેલું છે એવા જ્વરવાળા મનુષ્યને વમન આપી શકાય તથા આઠ માસ જેને થયા હોય એવી ગર્ભવતીને નિરૂહબસ્તિઓ અપાય એ સૂચવવાને 'સામાન્ય રીતે' શબ્દ વાપર્યો છે. અજીર્ણવાળા માણસોને તો વમન વગેરે પણ ન આપવાં, તેમ ગંડૂષ (કોગળો) વગેરે વિધિ પણ તેમને લાગુ ન કરવા; અર્થાત્ કોઈ વિધિ તેમને લાગુ કરવો નહિ. પણ હજી હમણાં જ જમી ઊઠેલા અજીર્ણના રોગીને ઊલટીઓ કરાવવાની છૂટ છે.

વિરેચન આપવા જેવા રોગી

विरेकसाध्या गुल्मार्शोविस्फोटव्यङ्गकामलाः ।
जीर्णज्वरोदरगरच्छर्दिप्लीहहलीमकाः ॥ ८ ॥
विद्रधिस्तिमिरं काचः स्यन्दः पक्वाशयव्यथा ।
योनिशुक्राश्रया रोगाः कोष्ठगाः कृमयो व्रणाः ॥ ९
वातास्रमूर्ध्वगं रक्तं मूत्राघातः शकृद्ग्रहः ।
वाम्याश्च कुष्ठमेहाद्याः

ગોળો, હરસ, વિસ્ફોટક, વ્યંગ નામે ક્ષુદ્ર રોગ, કમળો, જીર્ણજ્વર, ઉદરરોગ, કૃત્રિમ ઝેર, ઊલટીનો રોગ, બરોળનો રોગ, હલીમક નામે રોગ, વિદ્રધિરોગ, તિમિરરોગ, કાચ-

રોગ, આંખ દુખવા આવે, પકવાશયની પીડા, યોનિરોગ, વીર્યસ્થાનના રોગ, કોઠામાના રોગ, કૃમિરોગ, વ્રણરોગ, પતનો રોગ; મોં, નાક વગેરે હાંસડીની ઉપરના માર્ગેથી લોહી પડવાનો રોગ, મૂત્રાઘાત અને ઝાડાની કબજિ-યાત, એ રોગ વિરેચન આપીને મટાડવા જેવા છે તેમ જ શ્લોક ૨,૨૬માં ગણાવેલા કુષ્ઠથી તે ઊર્ધ્વરોગ સુધીના ઊલટી કરાવવાને યોગ્ય દરદીઓ પણ વિરેચન આપવા યોગ્ય છે.

વિરેચન ન આપવા જેવા રોગી

न तु रेच्या नवज्वरी ॥ १० ॥
अल्पाग्न्यधोगपित्तास्रक्षतपाय्वतिसारिणः ।
सशल्यास्थापितक्रूरकोष्ठातिस्निग्धशोषिणः ॥ ११ ॥

પણ નવા જ્વરવાળાને, અલ્પાગ્નિવાળાને, અધોગામી રક્તપિત્તવાળાને, ગુદામાં ક્ષતવાળાને, અતિસારવાળાને, શલ્યવાળાને, આસ્થાપન-બસ્તિ આપેલાને, ક્રૂર કોઠાવાળાને, અતિ સ્નિગ્ધ થયેલાને અને ક્ષયરોગીને વિરેચન આપવું નહિ.

જેને નવો તાવ આવ્યો હોય તેને વિરે-ચન આપવુ નહિ; કેમ કે તેને વિરેચન આપવા-થી કાચા દોષ બહાર ન નીકળી શકવાથી વાયુ કોપે છે. ક્ષયરોગીને પણ અવસ્થા જોઈને મૃદુ વિરેચન આપવાનું કહેલું છે, તેમ અતિસાર-વાળાને પણ કોઈ પ્રસંગે મૃદુ વિરેચન આપવા-નું કહેલુ છે, પરંતુ નવા જ્વરવાળાને તો થોડું પણ વિરેચન આપવાનુ કહેલું નથી. જઠરાગ્નિનુ બળ જેને થોડું હોય, તેને પણ વિરેચન ન આપવું; કેમ કે તે ઔષધનો વેગ સહન કરી શકતો નથી. અધોગામી રક્તપિત્તવાળાને વિરેચન આપવાથી રક્તપિત્ત બહુ નીકળી જવાથી વખતે જીવનને હાનિ કરે માટે તેમને પણ વિરેચન ન આપવુ. ગુદામાં જેને ચાંદું થયુ હોય અથવા વાગ્યુ હોય તેને વિરેચન આપવાથી પ્રાણ નીકળી જાય એવી પીડા થાય છે, માટે તેને પણ વિરેચન ન આપવુ. અતિસારવાળાને વિરેચનથી રોગ વધે માટે તેને વિરેચન ન આપવું. જેને કોઈ શલ્ય પેઠું હોય તેને વિરેચન આપવાથી તે ઘામા વાયુ થાય છે માટે તેને વિરેચન ન આપવુ. જેને આસ્થાપનબસ્તિ આપી હોય તેનાથી ઔષધનો વેગ સહન ન થઈ શકવાથી નબળાઈ આવે છે માટે તેને પણ વિરેચન ન આપવું. ક્રૂર કોઠાવાળાને જુલાબ લાગતો નથી, તેથી કોઠામાં રહેલા દોષ ઊખળ્યા છતાં ગુદા વાટે બહાર ન નીકળતાં હૃદયમાં શૂળ, સાંધામાં ફાટ, પેટ ચડવુ, ઊલટી, મૂર્છા, શ્રમ વગેરે રોગ ઉત્પન્ન કરીને પ્રાણને હાનિ કરે છે માટે તેને પણ વિરેચન ન આપવું. જેને સ્નેહપાન અતિશય થઈ ગયું હોય તેને વિરેચન આપવાથી વધારે પડતા જુલાબ થઈ જાય છે, માટે તેને પણ વિરેચન ન આપવું. ક્ષયરોગવાળાની ધાતુઓ ક્ષીણ થયેલી હોય છે અને શરીરમાં-ના મળને લીધે તેના દેહનું બળ ટકી રહેલું હોય છે, માટે વિરેચન આપી તેના મળને બહાર કાઢવાથી તેના દેહનો નાશ થાય; માટે તેને પણ વિરેચન આપવું નહિ.

વમન કરાવવાનો વિધિ

अथ साधारणे काले स्निग्धस्विन्नं यथाविधि ।
श्वोवम्यमुत्क्लिष्टकफं मत्स्यमाषतिलादिभिः ॥
निशां सुप्तं सुजीर्णान्नं पूर्वाह्ने कृतमङ्गलम् ।
निरन्नमीषत्स्निग्धं वा पेयया पीतसर्पिषम् ॥ १३
वृद्धबालायलक्लीबभीरून् रोगानुरोधतः ।
आकण्ठं पायितान्मद्यं क्षीरमिक्षुरसं रसम् ॥ १४॥
यथाविकारविहितां मधुसैन्धवसंयुताम् ।
कोष्ठं विभज्य भैषज्यमात्रां मन्त्राभिमन्त्रिताम्
'ब्रह्मदक्षाश्विरुद्रेन्द्रभूचन्द्रार्कानिलानलाः ।
ऋषयः सौषधिग्रामा भूतसङ्घाश्च पान्तु वः ॥ १६
रसायनमिवर्षीणाममराणामिवामृतम् ।
सुधेवोत्तमनागानां भैषज्यमिदमस्तु ते ॥ १७॥
ॐनमो भगवते भैषज्यगुरवे वैडूर्यप्रभराजाय ।
तथागतायार्हते सम्यक्सम्बुद्धाय । तद्यथा ।
ॐभैषज्ये भैषज्ये महाभैषज्ये समुद्गते स्वाहा' ॥
प्राङ्मुखं पाययेत्

(વમન કે વિરેચન આપવા યોગ્ય છે કે નહિ તેની ખાતરી કરીને) જેને વમન કરાવવાનું હોય તે મનુષ્યને સૂ. ૧૭/૩૩થી ૩૬માં કહ્યા

પ્રમાણે ઋતુ સાધારણ હોય તે વખતે પહેલા સ્નેહપાનવિધિમા કહ્યા પ્રમાણે યોગ્ય સ્નેહ પાવો તથા સ્વેદવિધિમા કહ્યા પ્રમાણે યોગ્ય શેક કરવો; પછી મત્સ્ય, અડદ, તલ વગેરેથી તેના કફને સ્થાનથી ચલિત કરવો તથા આખી રાત તેને સારી પેઠે ઊંઘાડવો. આટલું જે દિવસે ઊલટીઓ કરાવવી હોય તેને આગલે દિવસે કરવું. ગયા દિવસનુ ખાધેલુ અન્ન સારી પેઠે પચી જવા દેવું. પછી બીજે દિવસે (ઊલટી કરાવવાને દિવસે) દિવસના પૂર્વભાગમા (સવારમાં) દેવ, બ્રાહ્મણ, ગુરુ, વૃદ્ધ, વગેરેનુ પૂજન તથા મંગળ ઉપચાર કરીને રોગીએ કાંઈ પણ ખાવુ નહિ અથવા પેયાની સાથે થોડુંક ઘી પીવું અને એ રીતે લગાર સ્નિગ્ધ થવું. વૃદ્ધ, બાળક, નિર્બળ, નપુસક, બીકણ, એમને રોગના પ્રમાણમા મદ્ય, દૂધ, શેરડીનો રસ અથવા માસરસ ગળા સુધી આવે તેમ પેટભરીને પાવો અને પછી ઔષધની માત્રા આપવી તે વમનની માત્રા, જેવો જેવો રોગ તે પ્રમાણે આપવી, તથા મધ અને સિંધવ સાથે મેળવીને તે માત્રા આપવી. માત્રા આપતા પહેલા તેના કોઠાનો વિચાર કરવો (એટલે મૃદુ, મધ્ય કે ક્રૂર કોઠાવાળો તે રોગી છે એ વિચારવું). તે માત્રા બ્રહ્મથી સ્વાહા સુધીના મત્ર વડે મંતરીને આપવી. તે મંત્રનો અર્થ આ પ્રમાણે છે:

'બ્રહ્મ, દક્ષપ્રજાપતિ, બે અશ્વિનીકુમાર, રુદ્ર-દેવ, ઇંદ્ર, પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, વાયુ, અગ્નિ, ઋષિ-ઓ, ઔષધિના સમૂહ અને ભૂતસમુદાય–એ સર્વ તમારું રક્ષણ કરો. જેમ ઋષિઓને રસાયન, જેમ દેવતાઓને અમૃત, જેમ ઉત્તમ નાગલોકોને સુધા, તેમ આ ઔષધ તને (રોગીને) ગુણકારી થાઓ. ઔષધના ગુરુ, વૈડૂર્યમણિ જેવી કાંતિ-વડે શોભનારા, સારી રીતે જાગ્રત થયેલા (જ્ઞાન પામેલા), આર્હંત જિનેશ્વર દેવને નમસ્કાર છે. ઔષધ–ઔષધ–મહાઔષધને પ્રણામ કરીને પ્રાશન કરુ છુ.' એ મંત્ર ભણીને પૂર્વ તરફ રોગીનુ મુખ રાખીને વમનની માત્રા પાવી.

ઊલટીનું ઔષધ પીધા પછી શું કરવું?

पीतो मुहूर्तमनुपालयेत् ।

तन्मनाः

ઊલટીનુ ઔષધ પીધા પછી રોગીએ બે ઘડી સુધી ઊલટી થવાની રાહ જોવી તથા ઊલટી કરવામા ચિત્ત રાખવું.

ઊલટીની શંકા થાય તો ઊલટી કરવી

जातहृल्लासप्रसेकश्छर्दयेत्ततः ॥ १८ ॥
अङ्गुलिभ्यामनायस्तो नालेन मृदुनाऽथवा ।
गलताल्वरुजन् वेगानप्रवृत्तान् प्रवर्तयन् ॥ १९ ॥
प्रवर्तयन् प्रवृत्तांश्च जानुतुल्यासने स्थितः ।
उभे पार्श्वे ललाटं च वमतश्चास्य धारयेत् ॥२०॥
प्रपीडयेत्तथा नाभिं पृष्ठं च प्रतिलोमतः ।

પછી જ્યારે હલ્લાસ અને પ્રસેક આવે ત્યારે બે આગળીઓ મોઢામા ઘાલીને એરંડાના કે બીજા કશાના કોમળ દાંડા વડે કળેકળે (બળ કર્યા વિના) અને ગળાને તથા તાળવાને ઈજા ન થાય એવી રીતે ઊલટી કરવી. ઊલટીનો જે વેગ પ્રવૃત્ત (શરૂ) ન થયો હોય તેને પ્રવર્તાવીને તથા પ્રવૃત્ત થયેલા વેગને તેમ ને તેમ ચાલવા દઈને, (પાટ જેવા) ઘૂંટણપૂર ઊંચા આસને બેસીને ઊલટી કરવી. ઊલટી કરનાર મનુષ્યના બે પાસાં તથા કપાળ બીજા માણસે ઝાલી રાખવા, ડૂંટી દબાવવી અને પીઠને દબાવતા-દબાવતા કમ્મરથી ડોક સુધી નીચેથી ઊંચે હથેલી ફેરવવી.

કયા દોષમાં કેવું વમન ઔષધ આપવું?

कफे तीक्ष्णोष्णकटुकैः पित्ते स्वादुहिमैरिति ॥२१॥
वमेत् स्निग्धाम्ललवणैः संसृष्टे मरुता कफे ।

કફમા તીક્ષ્ણ, ઉષ્ણ અને તીખુ દ્રવ્ય ઊલટી કરાવવા માટે આપવું; પિત્તમા ગળ્યુ અને ઠંડુ વમન આપવું; કફમા વાયુ મળેલો હોય તો સ્નિગ્ધ, ખાટુ અને ખારું વમન ઔષધ આપવુ.

ક્યાંસુધી ઊલટીઓ કરવી?

पित्तस्य दर्शनं यावच्छेदो वा श्लेष्मणो भवेत् ॥

જ્યાં સુધી પિત્ત ઊલટીમા નીકળેલુ દેખાય અથવા કફ છૂટો પડીને નીકળે ત્યા સુધી વમન કરવુ.

ઊલટી બરાબર ન થાય તો શું કરવું?

हीनवेगः कणाधात्रीसिद्धार्थलवणोदकैः ।
वमेत्पुनः पुनः

જેને જરૂર કરતાં ઓછી ઊલટીઓ થાય તેણે પીપર, આમળાં, સરસવ, સિંધવ એ ઔષધોનું ચૂર્ણ (ઊના) પાણીમાં નાખીને પીને ફરીફરીને ઊલટી કરવી.

ઊલટીના અયોગનાં લક્ષણ તથા ઉપદ્રવ

तत्र वेगानामप्रवर्तनम् ॥ २३ ॥
प्रवृत्तिः सविबन्धा वा केवलस्यौषधस्य वा ।
अयोगस्तेन निष्ठीवकण्डूकोठज्वरादयः ॥ २४ ॥

(ઊલટી સારી રીતે થાય તેને 'સમ્યગ્યોગ' કહે છે; ઘણી થાય તેને 'અતિયોગ' કહે છે અને ઊલટી ન થાય તેને 'અયોગ' કહે છે.) એ ત્રણમાંથી, ઊલટીનો ઉછાળો ન આવે અથવા ઉછાળો આવ્યા છતાં ઊલટી થાય નહિ અથવા કેવળ ઔષધ જ ઊલટીમાં નીકળે તેને ઊલટીનો 'અયોગ' જાણવો. ઊલટીનો અયોગ થવાથી બહુ થૂંક આવે છે તથા ખણુજ, કોઢ અને તાવ વગેરે રોગ થાય છે. ('વગેરે' શબ્દથી અરુચિ, ગૌરવ, આધ્માન, સ્ફોટ, આળસ, શૂળ, સળેખમ, રૂંવાડાં ઊભાં થવાં, સોજા–એ ઉપદ્રવો પણ થાય છે એમ કહેવા માગે છે.)

સમ્યગ્યોગનું લક્ષણ

निर्विबन्धं प्रवर्तन्ते कफपित्तानिलाः क्रमात् ।
सम्यग्योगे

વમન ઔષધનો સમ્યગ્યોગ થયો હોય (બરાબર લાગ્યું હોય) તો કફ, પિત્ત અને વાયુ અનુક્રમે અટકયા સિવાય છૂટાછૂટા નીકળે છે.)

અતિયોગનું લક્ષણ

अतियोगे तु फेनचन्द्रकरक्तवत् ॥ २५ ॥
वमितं क्षामता दाहः कण्ठशोषस्तमो भ्रमः ।
घोरा वाय्वामया मृत्युर्जीवशोणितनिर्गमात् ॥

ઊલટીનો અતિયોગ (વધારે પડતી અસર) થવાથી ફીણવાળી, મોરના પીછામાં હોય છે એવા ચાંલ્લાચાલ્લાવાળી અને લોહીવાળી ઊલટી થાય છે; શરીર દૂબળું થઈ જાય છે, બળતરા થાય છે, ગળે શોષ પડે છે, આંખે અંધારાં આવે છે, ફેર આવે છે; ભયાનક વાયુના રોગ થાય છે તથા ઓજસ નીકળી જવાથી મૃત્યુ પણ થાય છે.

સમ્યગ્યોગથી ઊલટી થયા પછીના ઉપચાર

सम्यग्योगेन वमितं क्षणमाश्वास्य पाययेत् ।
धूमत्रयस्यान्यतमं स्नेहाचारमथादिशेत् ॥२७॥

બરાબર ઊલટી થઈ રહ્યા પછી થોડીવાર ઠંડો પવન વગેરેથી હરદીને કળ વળે ત્યારે સ્નિગ્ધ, મધ્ય અને તીક્ષ્ણ, એ ત્રણ પ્રકારના ધૂમમાંથી એકાદ પ્રકારનું યોગ્ય ધૂમપાન કરાવવું તથા તે પછી સૂ. ૧૬/૨૫થી ૨૭માં વિધિ બતાવ્યો છે તે પ્રમાણે કરવું.

વમન કરેલાએ શું ખાવું?

ततः सायं प्रभाते वा क्षुद्वान् स्नातः
सुखाम्बुना ।
भुञ्जानो रक्तशाल्यन्नं भजेत्पेयादिकं क्रमम् ॥२८॥

પછી અગ્નિ પ્રદીપ્ત હોય તો તે જ દિવસે સાંજે અને અગ્નિ મંદ હોય તો બીજે દિવસે સવારે જ્યારે ભૂખ લાગે, ત્યારે સહેજ ઊના પાણીથી સ્નાન કરીને રાતી ડાંગરના ચોખાનો ભાત ખાવો અને નીચે બતાવેલા પેયા વગેરે ક્રમનું સેવન કરવું.

પેયાદિ ક્રમ

पेयां विलेपीमकृतं कृतं च
यूषं रसं त्रीनुभयं तथैकम् ।
क्रमेण सेवेत नरोऽन्नकालान्
प्रधानमध्यावरशुद्धिशुद्धः ॥ २९ ॥

પ્રધાન, મધ્યમ કે કનિષ્ઠ, એ ત્રણ પ્રકારમાંથી એકાદ પ્રકારની શુદ્ધિ(શોધન)થી શુદ્ધ થયેલા માણસે અનુક્રમે ત્રણત્રણ ટંક સુધી, બે બે ટંક સુધી અને એકએક ટંક સુધી અનુક્રમે પેયા, વિલેપી; સૂંઠ, લવણ વગેરેથી સંસ્કાર આપ્યા વિનાનો યૂષ, સંસ્કાર આપેલો યૂષ, સંસ્કાર આપ્યા વિનાનો માંસરસ અને સંસ્કાર આપેલો માંસરસ, એનું સેવન કરવું; [અર્થાત્ પ્રધાન (ઉત્તમ) શુદ્ધિથી શુદ્ધ થયેલા માણસે પ્રથમ ત્રણ ભોજન (ટંક) સુધી પેયા પીવી.

પ્રમાણે ઋતુ સાધારણ હોય તે વખતે પહેલા સ્નેહપાનવિધિમાં કહ્યા પ્રમાણે યોગ્ય સ્નેહ પાવો તથા સ્વેદવિધિમાં કહ્યા પ્રમાણે યોગ્ય શેક કરવો; પછી મત્સ્ય, અડદ, તલ વગેરેથી તેના કફને સ્થાનથી ચલિત કરવો તથા આખી રાત તેને સારી પેઠે ઊંઘાડવો. આટલુ જે દિવસે ઊલટીઓ કરાવવી હોય તેને આગલે દિવસે કરવું. ગયા દિવસનુ ખાધેલુ અન્ન સારી પેઠે પચી જવા દેવું. પછી બીજે દિવસે (ઊલટી કરાવવાને દિવસે) દિવસના પૂર્વભાગમાં (સવારમા) દેવ, બ્રાહ્મણ, ગુરુ, વૃદ્ધ, વગેરેનુ પૂજન તથા મંગળ ઉપચાર કરીને રોગીએ કાંઈ પણ ખાવું નહિ અથવા પેયાની સાથે થોડુક ઘી પીવું અને એ રીતે લગાર સ્નિગ્ધ થવું. વૃદ્ધ, બાળક, નિર્બળ, નપુંસક, બીકણ, એમને રોગના પ્રમાણમા મધ, દૂધ, શેરડીનો રસ અથવા માંસરસ ગળા સુધી આવે તેમ પેટભરીને પાવો અને પછી ઔષધની માત્રા આપવી તે વમનની માત્રા, જેવો જેવો રોગ તે પ્રમાણે આપવી, તથા મધ અને સિંધવ સાથે ભેળવીને તે માત્રા આપવી. માત્રા આપતાં પહેલા તેના કોઠાનો વિચાર કરવો (એટલે મૃદુ, મધ્ય કે ક્રૂર કોઠાવાળો તે રોગી છે એ વિચારવું). તે માત્રા બ્રહ્મથી સ્વાહા સુધીના મંત્ર વડે મંતરીને આપવી. તે મંત્રનો અર્થ આ પ્રમાણે છે:

'બ્રહ્મ, દક્ષપ્રજાપતિ, બે અશ્વિનીકુમાર, રુદ્રદેવ, ઇંદ્ર, પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, વાયુ, અગ્નિ, ઋષિઓ, ઔષધિના સમૂહ અને ભૂતસમુદાય—એ સર્વે તમારું રક્ષણ કરો. જેમ ઋષિઓને રસાયન, જેમ દેવતાઓને અમૃત, જેમ ઉત્તમ નાગલોકોને સુધા, તેમ આ ઔષધ તને (રોગીને) ગુણકારી થાઓ. ઔષધના ગુરુ, વૈડૂર્યમણિ જેવી કાંતિવડે શોભનારા, સારી રીતે જાગ્રત થયેલા (જ્ઞાન પામેલા), આર્હત જિનેશ્વર દેવને નમસ્કાર છે. ઔષધ—ઔષધ—મહાઔષધને પ્રણામ કરીને પ્રાશન કરું છુ.' એ મંત્ર ભણીને પૂર્વ તરફ રોગીનુ મુખ રાખીને વમનની માત્રા પાવી.

ઊલટીનું ઔષધ પીધા પછી શું કરવું?

पीतो मुहूर्तमनुपालयेत् ।
तन्मनाः

ઊલટીનુ ઔષધ પીધા પછી રોગીએ બે ઘડી સુધી ઊલટી થવાની રાહ જોવી તથા ઊલટી કરવામાં ચિત્ત રાખવું.

ઊલટીની શંકા થાય તો ઊલટી કરવી

जातहृल्लासप्रसेकश्छर्दयेत्ततः ॥ १८ ॥
अङ्गुलिभ्यामतायस्तो नालेन मृदुनाऽथवा ।
गलताल्वरुजन् वेगानप्रवृत्तान् प्रवर्तयन् ॥ १९ ॥
प्रवर्तयन् प्रवृत्तांश्च जानुतुल्यासने स्थितः ।
उभे पार्श्वे ललाटं च वमतश्चास्य धारयेत् ॥२०॥
प्रपीडयेत्तथा नाभिं पृष्ठं च प्रतिलोमतः ।

પછી જ્યારે હલ્લાસ અને પ્રસેક આવે ત્યારે બે આગળીઓ મોઢામા ઘાલીને એરંડાના કે બીજા કશાના કોમળ દાંડા વડે કળેકળે (બળ કર્યા વિના) અને ગળાને તથા તાળવાને ઈજા ન થાય એવી રીતે ઊલટી કરવી. ઊલટીનો જો વેગ પ્રવૃત્ત (શરૂ) ન થયો હોય તેને પ્રવર્તાવીને તથા પ્રવૃત્ત થયેલા વેગને તેમ ને તેમ ચાલવા દઈને, (પાટ જેવા) ઘૂંટણપૂર ઊંચા આસને બેસીને ઊલટી કરવી. ઊલટી કરનાર મનુષ્યના બે પાસાં તથા કપાળ બીજા માણસે ઝાલી રાખવા, ડૂંટી દબાવવી અને પીઠને દબાવતા-દબાવતા કમ્મરથી ડોક સુધી નીચેથી ઊંચે હથેલી ફેરવવી.

કયા દોષમાં કેવું વમન ઔષધ આપવું?

कफे तीक्ष्णोष्णकटुकैः पित्ते स्वादुहिमैरिति ॥२१
वमेत् स्निग्धाम्ललवणैः संसृष्टे मरुता कफे ।

કફમાં તીક્ષ્ણ, ઉષ્ણ અને તીખું દ્રવ્ય ઊલટી કરાવવા માટે આપવું; પિત્તમાં ગળ્યુ અને ઠંડુ વમન આપવું; કફમા વાયુ મળેલો હોય તો સ્નિગ્ધ, ખાટુ અને ખારું વમન ઔષધ આપવું.

ક્યાંસુધી ઊલટીઓ કરવી?

पित्तस्य दर्शनं यावच्छेदो वा श्लेष्मणो भवेत् ॥

જ્યા સુધી પિત્ત ઊલટીમાં નીકળેલું દેખાય અથવા કફ છૂટો પડીને નીકળે ત્યાં સુધી વમન કરવું.

અંત સમજવો એટલે તે કરતાં વિશેષ વમનની જરૂર નથી અને જો વિશેષ વમન થાય તો તે અતિયોગ ગણાય તથા સમ્યગ્ વિરેચન કરતાં સમ્યગ્વમનનું પ્રમાણ અરધું (અડધો પ્રસ્થ, એક પ્રસ્થ અને બે પ્રસ્થ) સમજવું. વિરેચનમાં છેવટે કફ પડે ત્યારે વિરેચનની ક્રિયા પૂરી થઈ છે એમ જાણવું; અર્થાત્ કફ પડતાં સુધી વિરેચન થવાની જરૂર છે તે ઉપરાંત થાય તો અતિયોગ કહેવાય.

ઊલટી અને જુલાબનું માપ શી રીતે કાઢવું?

द्वित्रान् सविट्कानपनीय वेगान्
मेयं विरेके, वमने तु पीतम् ॥३२॥

વિરેચનમાં જે વેગો સાથે ઝાડો નીકળ્યો હોય એવા શરૂઆતના બેત્રણ વેગને બાદ કરીને (જવા દઈને) બાકીના વેગોનું કે ઝાડાનું માપ કાઢવું. વમનમાં જે ઔષધ પીધેલું હોય તેને બાદ કરીને બાકીના વેગોનું અને ઊલટીનું માપ કાઢવું.

વમન કરાવેલાને વિરેચન આપવું

अथैनं वामितं भूयः स्नेहस्वेदोपपादितम्।
श्लेष्मकाले गते ज्ञात्वा कोष्ठं सम्यग्विरेचयेत् ॥

હવે ઊલટીઓ કરાવેલા માણસનું ફરીને સ્નેહન અને સ્વેદન કરીને દિવસનો કફનો પ્રકોપ થવાનો સમય (સૂ. ૧/૭૬) વીતી ગયા પછી રોગીનો કોઠો મૃદુ છે, મધ્યમ છે કે ક્રૂર છે તેનો નિશ્ચય કરીને તેને સમ્યગ્યોગ થાય એવી રીતે વિરેચન આપવું.

મૃદુ કોષ્ઠનાં લક્ષણો અને તેનું વિરેચન ઔષધ

बहुपित्तो मृदुः कोष्ठः क्षीरेणापि विरिच्यते।

જે કોઠામાં બહુ પિત્ત હોય તેને મૃદુ કોષ્ઠ જાણવો; તેને દૂધથી પણ વિરેચન થઈ શકે છે. (ગરમાળાથી પણ તેને વિરેચન થઈ શકે છે.)

ક્રૂર કોષ્ઠનાં લક્ષણ અને વિરેચન ઔષધ

प्रभूतमारुतः क्रूरः कृच्छ्राच्छ्यामादिकैरपि ॥३४

જેના કોઠામાં અત્યંત વાયુ હોય તેને ક્રૂર કોઠાવાળો જાણવો. તેને કાળા નસોતર વગેરેથી પણ મહાપરાણે જુલાબ થાય છે. (તેને પીલીઓ, થોરનું દૂધ, ત્રિફળા વગેરેનો જુલાબ પણ મહાપરાણે થાય છે.)

દોષ પ્રમાણે જુલાબ

कषायमधुरैः पित्ते विरेकः, कटुकैः कफे।
स्निग्धोष्णलवणैर्वायौ

પિત્ત વધારે હોય તો (હરડે જેવાં) તૂરાં અને (કાળી દ્રાક્ષ જેવાં) ગળ્યાં ઔષધોથી વિરેચન આપવું; કફ વધારે હોય તો (નેપાળો વગેરે) તીખા પદાર્થથી વિરેચન આપવું અને વાયુ વધારે હોય તો (એરંડિયું વગેરે) સ્નિગ્ધ, ગરમ અને ખારા ઔષધથી વિરેચન આપવું.

જુલાબ ન થાય તો શું કરવું?

अप्रवृत्तौ तु पाययेत् ॥ ३५ ॥
उष्णाम्बु, स्वेदयेदस्य पाणितापेन चोदरम्।

જુલાબ આપ્યા છતાં જુલાબ ન થાય તો તેને ગરમ પાણી પાવું તથા હાથ ગરમ કરીને તે વડે તેનું પેઢું શેકવું.

થોડો જુલાબ થાય તો શું કરવું?

उत्थानेऽल्पे दिने तस्मिन्भुक्त्वाऽन्येद्युः पुनः
पिबेत् ॥ ३६ ॥

જે દિવસે રેચ લીધો હોય તે દિવસે થોડોક જ જુલાબ થાય (જોઈએ તેવો જુલાબ ન થાય) તો તે દિવસે પછી ભોજન કરવું; અને બીજે દિવસે રોગીએ ફરીને જુલાબનું ઔષધ પીવું.

અદૃઢ કોઠાવાળાએ ફરી રેચ લેવો

अदृढस्नेहकोष्ठस्तु पिबेदूर्ध्वं दशाहतः।
भूयोऽप्युपस्कृततनुः स्नेहस्वेदैर्विरेचनम् ॥ ३७॥
यौगिकं सम्यगालोच्य स्मरन्पूर्वमतिक्रमम्।

સ્નેહન કરવા છતાં જેનો કોઠો નરમ ન થયો હોય તેણે દશ દિવસ પછી ફરીને પણ સ્નેહપાન અને સ્વેદકર્મ કરીને શરીર વિરેચન લેવા યોગ્ય કરવું તથા પહેલાં કંઈ ભૂલને લીધે જુલાબ નહોતો થયો તે બાબત ધ્યાનમાં લઈને સારી રીતે વિચાર કરીને યૌગિક વિરેચન ઔષધ પીવું. (અગાઉ આપેલું વિરેચન નહિ પણ બીજું અસર થાય એવું યોગ્ય વિરેચન પીવું.)

વિરેચનના અયોગનું લક્ષણ

हृत्कुक्ष्यशुद्धिररुचिरुत्क्लेशः श्लेष्मपित्तयोः ॥
कण्डूर्विदाहः पिटिकाः पीनसो वातविड्ग्रहः।

એટલે પહેલે દિવસે જાણે સવારમાં વમન વગેરે કરીને શુદ્ધ થયો હોય તો સાંજના ભોજન વખતે પેયા પીવી અને બીજે દિવસે સવાર અને સાંજ બંને ભોજનકાળે પેયા પીવી. ત્રીજે દહાડે વિલેપી બંને વખત પીવી અને ચોથે દહાડે સવારમાં પણ વિલેપી જ પીવી; એ પ્રમાણે ત્રણ ભોજન સુધી વિલેપી પીવી. તે પછીના ત્રણ ભોજનમાં અકૃત (સૂંઠ, લવણ વગેરેથી સંસ્કાર કર્યા વિનાનો–મોળો) યૂષ પીવો; એટલે ચોથે દહાડે સાંજે અને પાંચમે દહાડે સવારસાંજ બંને વખત અકૃત યૂષ પીવો. તે પછી ત્રણ ભોજન (ટંક) સુધી એટલે છઠ્ઠે દિવસે બે વખત અને સાતમે દિવસે સવારે કૃત (સંસ્કાર આપેલો–સૂંઠ, મરી, મીઠું વગેરે મસાલો નાખેલો) યૂષ પીવો. પછી ત્રણ ભોજન સુધી એટલે સાતમે દિવસે સાંજે તથા આઠમે દિવસે બંને વખત માંસરસ પીવો. એ પ્રમાણે સાત રાત સુધી પેયા વગેરેનું સેવન કરીને પછી પ્રકૃતિને માફક જે ભોજન હંમેશા જમતાં હોઈએ તે જમવાનો મહાવરો પાડવો. ઉત્તમ શુદ્ધિથી શુદ્ધ થયેલાનો આ ક્રમ કહ્યો. હવે મધ્યમ શુદ્ધિથી શુદ્ધ થયેલાનો ક્રમ આ પ્રમાણે છે: તેણે અનુક્રમે બે–બે ભોજન(ટંક)માં એટલે પ્રથમ બે ટંક પેયા, પછી બે ટંક વિલેપી, પછી બે ટંક અકૃત યૂષ, પછી બે ટંક કૃત યૂષ; પછી બે ટંક માંસરસ અને પછી હંમેશનું ભોજન, એ ક્રમે ભોજન કરવું; કનિષ્ઠ શુદ્ધિથી શુદ્ધ થયેલાએ એક જ ટંક પ્રથમ પેયા, બીજે દિવસે સવારે વિલેપી, બીજે દિવસે સાંજે અકૃત યૂષ, ત્રીજે દિવસે સવારે કૃત યૂષ, ત્રીજે દિવસે સાંજે માંસરસ અને પછી પ્રકૃતિભોજન (હંમેશનું માફક આવતું ભોજન) કરવું. (કોઈ પંડિતોને મતે) માંસરસ પણ અકૃત (સંસ્કાર આપ્યા વિનાનો) અને કૃત (સૂંઠ વગેરે મશાલાથી સંસ્કાર આપેલો) એમ બે પ્રકારનો સેવો એમ છે. એમ ગણીશું તો સાતને બદલે આઠ રાત્રિઓ પછી પ્રકૃતિભોજન કરવું એમ થશે.]

(પ્રધાન, મધ્યમ અને કનિષ્ઠ શુદ્ધિના અર્થ માટે જુઓ શ્લોક ૩૧.)

પેયાદિ ક્રમનું ફળ

यथाऽणुरग्निस्तृणगोमयाद्यैः
सन्धुक्ष्यमाणो भवति क्रमेण ।
महान् स्थिरः सर्वपचस्तथैव
शुद्धस्य पेयादिभिरन्तराग्निः ॥ ३० ॥

જેમ દેવતા બહુ થોડો હોય છે ત્યારે તેને પ્રથમ ઘાસ, છાણાં વગેરેથી સળગાવવામા આવવાથી તે ક્રમેક્રમે મોટો, સ્થિર અને બધું પકવવાને સમર્થ થાય છે; તેમ જ દોષની શુદ્ધિ કરેલા માણસનો જઠરાગ્નિ પણ (શ્લોક ૨૯વાળા) પેયા વગેરે ક્રમથી પ્રદીપ્ત કરવામાં આવે તો ક્રમેક્રમે મોટો, સ્થિર અને બધું પચાવવાને સમર્થ થાય છે.

પ્રધાન, મધ્યમ અને કનિષ્ઠ શુદ્ધિ એટલે શું?

जघन्यमध्यप्रवरे तु वेगा-
श्चत्वार इष्टा वमने षडष्टौ ।
दशैव ते द्वित्रिगुणा विरेके
प्रस्थस्तथा स्याद्विचतुर्गुणश्च ॥ ३१ ॥

કનિષ્ઠ વમનમાં ઊલટીના વેગ ચાર જાણવા એટલે ઊલટીના ચાર વેગ જ જેમાં થાય તે કનિષ્ઠ વમન સમજવું, મધ્યમ વમનમાં ઊલટીના છ વેગ અને ઉત્તમ વમનમાં આઠ વેગ સમજવા; વિરેચનમાં કનિષ્ઠ વિરેચનના દશ વેગ, મધ્યમના તેથી બમણા એટલે વીશ અને ઉત્તમના તેથી ત્રમણા એટલે ત્રીશ વેગ જાણવા. (એક ઉછાળે કે ધક્કે જેટલો ભાર શરીરમાંથી નીકળે તેને એક વેગ જાણવો. કેવળ વેગની ગણતરીથી જ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ વિરેચન જાણવું એમ નથી; પણ તેનું માપ પણ કહ્યું છે કે) કનિષ્ઠ વિરેચનમાં એક પ્રસ્થ, મધ્યમમાં બે પ્રસ્થ અને ઉત્તમમાં ચાર પ્રસ્થ જેટલું વજન બહાર નીકળે છે.

વમન વિરેચનનો સમ્યગ્યોગ

पित्तावसानं वमनं विरेका-
दर्धं, कफान्तं च विरेकमाहुः ।

ઊલટીમાં છેવટે પિત્ત પડે ત્યારે વમનનો

અંત સમજવો એટલે તે કરતાં વિશેષ વમનની જરૂર નથી અને જે વિશેષ વમન થાય તો તે અતિયોગ ગણાય તથા સમ્યગ્ વિરેચન કરતાં સમ્યગ્વમનનું પ્રમાણ અરધું (અડધો પ્રસ્થ, એક પ્રસ્થ અને બે પ્રસ્થ) સમજવું. વિરેચનમાં છેવટે કફ પડે ત્યારે વિરેચનની ક્રિયા પૂરી થઈ છે એમ જાણવું; અર્થાત્ કફ પડતાં સુધી વિરેચન થવાની જરૂર છે તે ઉપરાંત થાય તો અતિયોગ કહેવાય.

ઊલટી અને જુલાબનું માપ શી રીતે કાઢવું?

द्वित्रान् सविट्कानपनीय वेगान्
मेयं विरेके, वमने तु पीतम् ॥३३॥

વિરેચનમાં જે વેગો સાથે ઝાડો નીકળ્યો હોય એવા શરૂઆતના બેત્રણ વેગને બાદ કરીને (જવા દઈને) બાકીના વેગોનું કે ઝાડાનું માપ કાઢવું. વમનમાં જે ઔષધ પીધેલું હોય તેને બાદ કરીને બાકીના વેગોનું અને ઊલટીનું માપ કાઢવું.

વમન કરાવેલાને વિરેચન આપવું

अथैनं वामितं भूयः स्नेहस्वेदोपपादितम्।
श्लेष्मकाले गते ज्ञात्वा कोष्ठं सम्यग्विरेचयेत् ॥

હવે ઊલટીઓ કરાવેલા માણસનું ફરીને સ્નેહન અને સ્વેદન કરીને દિવસનો કફનો પ્રકોપ થવાનો સમય (સૂ. ૧/૯૩) વીતી ગયા પછી રોગીનો કોઠો મૃદુ છે, મધ્યમ છે કે ક્રૂર છે તેનો નિશ્ચય કરીને તેને સમ્યગ્યોગ થાય એવી રીતે વિરેચન આપવું.

મૃદુ કોષ્ઠનાં લક્ષણો અને તેનું વિરેચન ઔષધ

बहुपित्तो मृदुः कोष्ठः क्षीरेणापि विरिच्यते।

જે કોઠામાં બહુ પિત્ત હોય તેને મૃદુ કોષ્ઠ જાણવો; તેને દૂધથી પણ વિરેચન થઈ શકે છે. (ગરમાળાથી પણ તેને વિરેચન થઈ શકે છે.)

ક્રૂર કોષ્ઠનાં લક્ષણ અને વિરેચન ઔષધ

प्रभूतमारुतः क्रूरः कृच्छ्राच्छ्यामादिकैरपि ॥३४

જેના કોઠામાં અત્યંત વાયુ હોય તેને ક્રૂર કોઠાવાળો જાણવો. તેને કાળા નસોતર વગેરેથી પણ મહાપરાણે જુલાબ થાય છે. (તેને પીલીઓ, થોરનું દૂધ, ત્રિફળા વગેરેનો જુલાબ પણ મહાપરાણે થાય છે.)

દોષ પ્રમાણે જુલાબ

कषायमधुरैः पित्ते विरेकः, कटुकैः कफे।
स्निग्धोष्णलवणैर्वायौ

પિત્ત વધારે હોય તો (હરડે જેવાં) તૂરાં અને (કાળી દ્રાક્ષ જેવાં) ગળ્યાં ઔષધોથી વિરેચન આપવું; કફ વધારે હોય તો (નેપાળો વગેરે) તીખા પદાર્થથી વિરેચન આપવું અને વાયુ વધારે હોય તો (એરંડિયું વગેરે) સ્નિગ્ધ, ગરમ અને ખારા ઔષધથી વિરેચન આપવું.

જુલાબ ન થાય તો શું કરવું?

अप्रवृत्तौ तु पाययेत् ॥ ३५ ॥
उष्णाम्बु, स्वेदयेदस्य पाणितापेन चोदरम्।

જુલાબ આપ્યા છતાં જુલાબ ન થાય તો તેને ગરમ પાણી પાવું તથા હાથ ગરમ કરીને તે વડે તેનું પેટ શેકવું.

થોડો જુલાબ થાય તો શું કરવું?

उत्थानेऽल्पे दिने तस्मिन्भुक्त्वाऽन्येद्युः पुनः
पिबेत् ॥ ३६ ॥

જે દિવસે રેચ લીધો હોય તે દિવસે થોડોક જ જુલાબ થાય (જોઈએ તેવો જુલાબ ન થાય) તો તે દિવસે પછી ભોજન કરવું; અને બીજે દિવસે રોગીએ ફરીને જુલાબનું ઔષધ પીવું.

અદૃઢ કોઠાવાળાએ ફરી રેચ લેવો

अदृढस्नेहकोष्ठस्तु पिबेदूर्ध्वं दशाहतः।
भूयोऽप्युपस्कृततनुः स्नेहस्वेदैर्विरेचनम् ॥ ३७॥
यौगिकं सम्यगालोच्य स्मरन्पूर्वमतिक्रमम्।

સ્નેહન કરવા છતાં જેનો કોઠો નરમ ન થયો હોય તેણે દશ દિવસ પછી ફરીને પણ સ્નેહપાન અને સ્વેદકર્મ કરીને શરીર વિરેચન લેવા યોગ્ય કરવું તથા પહેલાં કંઈ ભૂલને લીધે જુલાબ નહોતો થયો તે બાબત ધ્યાનમાં લઈને સારી રીતે વિચાર કરીને યૌગિક વિરેચન ઔષધ પીવું. (અગાઉ આપેલું વિરેચન નહિ પણ બીજું અસર થાય એવું યોગ્ય વિરેચન પીવું.)

વિરેચનના અયોગનું લક્ષણ

हृत्कुक्ष्यशुद्धिररुचिरुत्क्लेशः श्लेष्मपित्तयोः ॥
कण्डूर्विदाहः पिटिकाः पीनसो वातविड्ग्रहः।

अयोगलक्षणम्

(વિરેચન બરાબર થાય ન તેને વિરેચનનો અયોગ કહે છે.) વિરેચનનો અયોગ થવાથી હૃદય અને કૂખની શુદ્ધિ થતી નથી, અરુચિ થાય છે, કફ અને પિત્તનો ઉત્ક્લેશ થાય છે, શરીરે ખણુજ આવે છે અંતર્ભાગમા અને બહાર પણ લાહ્ય બળે છે, શરીર ઉપર ઝીણી ફોલ્લીઓ નીકળે છે, મળોખમ થાય છે, વાયુ સરતો નથી અને ઝાડાની કબજિયાત થાય છે–એ વિરેચનના અયોગના લક્ષણ છે.

વિરેચનના સમ્યગયોગનું લક્ષણ

योगो वैपरीत्ये यथोदितात् ॥ ३९ ॥

ઉપર કહેલા અયોગના લક્ષણથી ઊંધા લક્ષણ જેવામા આવે, ત્યારે વિરેચનનો સમ્યગ્ યોગ થયો છે એટલે બરાબર વિરેચન થયુ છે એમ જાણવુ, એટલે હૃદય અને કૂખની શુદ્ધિ થાય, રુચિ ઉત્પન્ન થાય, કફ અને પિત્તના ઉત્ક્લેશ ન થાય; ખણુજ. બળતરા, ફોલ્લીઓ, સળેખમ વગેરે કાઈ થાય નહિ, વાયુ યોગ્ય રીતે સરે અને ઝાડાની કબજિયાત રહે નહિ, ત્યારે જાણવુ કે વિરેચન બરાબર થયુ છે.

વિરેચનના અતિયોગનું લક્ષણ

विट्पित्तकफवातेषु निःसृतेषु क्रमात्स्रवेत् ।
निःश्लेष्मपित्तमुदकं श्वेतं कृष्णं सलोहितम् ॥४०॥
मांसधावनतुल्यं वा मेदःखण्डाभमेव वा ।
गुदनिःसरणं तृष्णा भ्रमो नेत्रप्रवेशनम् ॥ ४१ ॥
भवन्त्यतिविरिक्तस्य तथाऽतिवमनामयाः ।

(જ્યારે વિરેચન વધારેપડતુ થાય ત્યારે તેને વિરેચનનો અતિયોગ કહે છે.) વિરેચનનો અતિયોગ થવાથી ઝાડો, પિત્ત, કફ અને વાયુ નીકળી ગયા પછી અનુક્રમ કફ વિનાનુ એકલા પિત્તવાળુ પાણી નીકળે છે, તે પાણી ધોળા રંગનુ, કાળા રંગનુ કે જરા રાતા રંગનુ હોય છે, અથવા માંસના ધોવાણ જેવુ કે ચરબીના કકડા જેવુ હોય છે, વળી ગુદા (આમળ) બહાર નીકળે છે, તરસ બહુ લાગે છે, ફેર આવે છે, આંખો ઊંડી જતી રહે છે અને અતિશય ઊલટી થવાથી દૂબળાપણુ વગેરે જે ઉપદ્રવો (સૂ. ૧૮, ૨૫૩) થાય છે, તે ઉપદ્રવો પણ થાય છે.

બરાબર વિરેચન થયા પછીના ઉપચાર

सम्यग्विरिक्तमेनं च वमनोक्तेन योजयेत् ॥४२॥
धूमवर्ज्येन विधिना

જ્યારે જુલાબ બરાબર થયો છે એમ માલૂમ પડે ત્યારે સારી રીતે વમન થયેલાના જે ઉપચાર શ્લોક ૨૭મા કરવાના કહ્યા છે, તેમાના ધૂમપાન વિધિ સિવાયના બીજા ઉપચાર વિરેચન થયેલાને પણ કરવા.

વિરેચન આપેલાનું ભોજન

ततो वमितवानिव ।
क्रमेणान्नानि भुञ्जानो भजेत्प्रकृतिभोजनम् ॥४३॥

પછી ઊલટી કરાવેલા માણસને જે રીતે રાતી ડાંગરના ચોખાનો ભાત અને પેયા વગેરે ખવરાવવાનો તથા ક્રમેક્રમે કેટલેક દહાડે પછી હમેશના ભોજન ઉપર લાવી મૂકવાનો ક્રમ શ્લોક ૨૮, ૨૯મા કહ્યો છે, તે રીતે વિરિક્ત (વિરેચન કરાવેલા) માણસે પણ ધીમેધીમે તે જ ક્રમથી રોજનુ માફક આવતુ ભોજન ખાતા થઈ જવુ.

શોધન કર્યું હોય તે દિવસે કોણે ઉપવાસ કરવો ?

मन्दवह्निमसंशुद्धमक्षामं दोषदुर्बलम् ।
अदृष्टजीर्णलिङ्गं च लङ्घयेत्पीतमेषजम् ॥ ४४ ॥

જેનો જઠરાગ્નિ મંદ હોય, જેના દોષની શુદ્ધિ સારી રીતે થઈ ન હોય, શોધનથી જે શરીરે કૃશ ન થયો હોય, જે દોષને લીધે નબળો થઈ ગયો હોય, તથા પીધેલુ ઔષધ પચી ગયાના ચિહ્ન જેનામા માલૂમ ન પડતા હોય, એ પાંચ જણને ઔષધ પાયા પછી ઉપવાસ કરાવવો.

નોંધ:—ઔષધ પચી ગયું હોય તેનાં લક્ષણ:–વાયુ અનુલોમ થઈ જાય, સ્વસ્થતા આવે, ભૂખતરસ લાગે, બળ આવે, મન આનંદમા આવે, સ્ફૂર્તિ આવે, ઇંદ્રિયો ચપળ થઈ જાય, ચોખ્ખા ઓડકાર આવે–એ ઔષધ પચી ગયાના લક્ષણ છે.

ઔષધ પચ્યા વિના રહ્યું હોય તેનાં લક્ષણ

કંટાળો, બળતરા, શરીર અકડાઈ જાય, ફેર, મૂર્ચ્છા, માથું દુખે, અણગમો, બળ ઓછું થાય—એ ઔષધ પચ્યા વિના રહ્યું હોય તેનાં લક્ષણ છે. (ચરકસંહિતા સિદ્ધિસ્થાન અ. ૬ શ્લો. ૨૬,૨૭)

શોધનને દિવસે ઉપવાસ કરાવવાનું કારણ

स्नेहस्वेदौषधोत्क्लेशसङ्गैरिति न बाध्यते ।

સ્નેહ પીવાથી, શેક કરવાથી અને શોધન ઔષધ પીવાથી જે દોષોનો ઉત્ક્લેશ થયો હોય તે દોષોમાંથી કેટલોક ભાગ શરીરની બહાર નીકળી ગયા પછી બાકી રહેલા જે દોષ સ્રોતોમાં ચોંટી ગયા હોય છે તે ચોંટી ગયેલા દોષો, ઉપર (શ્લોક ૪૩કે,૪૪ માં) કહ્યા પ્રમાણે ઉપવાસ કરનારને હેરાન કરતા નથી.

પેયાદિ ક્રમની જરૂર

संशोधनास्रविस्रावस्नेहयोजनलङ्घनैः ॥ ४५ ॥
यात्यग्निर्मन्दतां तस्मात् क्रमं पेयादिमाचरेत् ।

દોષનુ બરાબર સંશોધન કરવાથી, ફસ ખોલાવીને લોહી કઢાવવાથી, સ્નેહ પીવાથી અને ઉપવાસથી અગ્નિ મંદ પડે છે; માટે પૂર્વે (શ્લોક ૨૯ માં) કહેલા પેયાદિ ક્રમનુ સેવન કરવુ. (કોઈ કહેશે કે સંશોધન કરવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે એમ આગળ (શ્લોક ૬૦ માં) કહેવાના છે તે વચન સાથે આ વચનને વિરોધ આવશે; કેમ કે અહીં એમ કહેલુ છે કે સંશોધન કરવાથી અગ્નિ મંદ પડે છે; માટે આનો ઉત્તર શો છે? તો એનો ઉત્તર એવો છે કે દોષનુ સંશોધન કરતા કરતા અગ્નિ મંદ પડે છે, પણ સંશોધન બરાબર થાય પછી પેયા વગેરે ક્રમ પાળનારનો અગ્નિ પ્રદીપ્ત થાય છે.)

પેયાદિ ક્રમ કોને હિતકર નથી?

स्रुताल्पपित्तश्लेष्माणं मद्यपं वातपैत्तिकम् ॥ ४६
पेयां न पाययेत्तेषां तर्पणादिक्रमो हितः ।

શોધનમા જે રોગીના પિત્ત અને કફ થોડાં જ બહાર નીકળ્યાં હોય, જે દારૂ પીતો હોય, તથા જેનામાં વાત, પિત્ત દોષ પ્રબળ હોય, એ ત્રણને શ્લોક ૨૯ વાળાં પેયા વગેરે પાવાં નહિ; પણ તેમને પહેલી ટંકે ડાંગરની ધાણીનો સાથુ, બીજે ટંકે માંસરસમાં કરેલો ભાત એવો તર્પણ વગેરે ક્રમ હિતકર છે.

વમન અને વિરેચન ઔષધ ક્યારે અસર કરે છે?

अपक्वं वमनं दोषान् पच्यमानं विरेचनम् ॥४७
निर्हरेद्वमनस्यातः पाकं न प्रतिपालयेत् ।

વમન ઔષધ પોતે પચ્યા પહેલાં દોષોને બહાર કાઢી શકે છે; તથા વિરેચન ઔષધ પોતે પચતાંપચતાં દોષોને બહાર કાઢે છે; માટે વમન ઔષધ પચવાની રાહ જોવી નહિ.

दुर्बलो बहुदोषश्च दोषपाकेन यः स्वयम् ॥४८॥
विरिच्यते भेदनीयैर्भोज्यैस्तमुपपादयेत् ।

નબળા અને બહુ દોષવાળા માણસને દોષ પાકી જવાથી આપોઆપ જુલાબ થતા હોય તો તેને ભેદી ભોજન આપવુ એટલે એને વિરેચનની ગરજ સરશે.

દુર્બળ વગેરેને કેવું અને કેટલું ઔષધ આપવું?

दुर्बलः शोधितः पूर्वमल्पदोषः कृशो नरः ॥४९॥
अपरिज्ञातकोष्ठश्च पिबेन्मृद्वल्पमौषधम् ।
वरं तदसकृत्पीतमन्यथा संशयावहम् ॥ ५० ॥
हरेद्बहूंश्चलान् दोषानल्पानल्पान् पुनः पुनः ।

જેઓ નબળા હોય, જેમના દોષનુ પૂર્વે શોધન કરેલુ હોય, જેમના શરીરમાં થોડો દોષ હોય, જેઓ શરીરે પાતળા હોય, જેમનો કોઠો કેવો છે તેની ખબર ન હોય, તેમણે થોડું તથા મૃદુ (હળવુ) ઔષધ પીવુ; કેમ કે તેમને ઘણુ તથા તીક્ષ્ણ ઔષધ આપવાથી તેમની જિંદગી જોખમમાં આવી પડે છે. તેમને વારંવાર થોડુંથોડુ ઔષધ આપવાથી ચલિત થયેલા ઘણા દોષોને તે થોડેથોડે બહાર કાઢે છે અને એ રીતે તે રોગીના બળની હાનિ કર્યા સિવાય તેનો દોષ નીકળી જાય છે, માટે એ પાંચ પ્રકારના માણસોએ થોડું અને હળવુ ઔષધ અનેક વાર પીવુ.

દુર્બળ માણસના અલ્પ દોષની ચિકિત્સા

दुर्बलस्य मृदुद्रव्यैरल्पान् संशमयेत्तु तान् ॥५१

દુર્બળ માણસના અલ્પ દોષને હળવા

ઔષધો વડે શમાવવા.

क्लेशयन्ति चिरं ते हि हन्युर्वैनमनिर्हृताः ।

પણ જો દોષ બહુ હોય તો તેનું થોડા અને હળવા ઔષધ વડે વારંવાર શોધન કરવું; કેમ કે તે દોષનું શોધન કરવામાં ન આવે તો રોગીને ઘણા કાળ સુધી પીડે છે અથવા તે દોષ નીકળી ન જાય તો વખતે રોગીનો નાશ પણ કરે છે.

મંદાગ્નિવાળાનું અને ક્રૂર કોષ્ઠનું શોધન

मन्दाग्निं क्रूरकोष्ठं च सक्षारलवणैर्घृतैः ॥५२॥
सन्धुक्षिताग्निं विजितकफवातं च शोधयेत् ।

જેનો જઠરાગ્નિ મંદ હોય તથા કોઠો ક્રૂર હોય એવા રોગીને ક્ષાર તથા લવણ સાથે ઘી આપીને અનુક્રમે પ્રથમ તેનો અગ્નિ પ્રદીપ્ત કરવો તથા કફ અને વાયુને જીતવા અને પછી તેનું શોધન કરવું.

કોને જુલાબ લાગતો નથી અને એમને જુલાબ શી રીતે કરાવવા?

रूक्षबह्वनिलक्रूरकोष्ठव्यायामशीलिनाम् ॥ ५३ ॥
दीप्ताग्नीनां च भैषज्यमविरेच्यैव जीर्यति ।
तेभ्यो बस्तिं पुरा दद्यात्ततः स्निग्धं विरेचनम् ॥
शकृन्निर्हृत्य वा किञ्चित्तीक्ष्णाभिः फलवर्तिभिः ।
प्रवृत्तं हि मलं स्निग्धो विरेको निर्हरेत्सुखम् ॥

લૂખા શરીરવાળો, ઘણા વાયુવાળો, ક્રૂર કોઠાવાળો, રોજ કસરત કરનારો અને પ્રદીપ્ત અગ્નિવાળો હોય તેને આપેલું વિરેચન તેને જુલાબ કર્યા વિના જ પચી જાય છે. એવા મનુષ્યોને પ્રથમ બસ્તિ આપવી, તથા તે પછી સ્નિગ્ધ વિરેચન આપવું, અથવા તીક્ષ્ણ ફળવર્તિઓ વડે થોડો મળ બહાર કાઢીને પછી સ્નિગ્ધ વિરેચન આપવાથી નીકળવા માંડેલો મળ સહેલાઈથી બહાર નીકળશે.

શોધન કરતા પહેલાં થોડુંક જ સ્નેહન કોને કરવું?

विषाभिघातपिटिकाकुष्ठशोफविसर्पिणः ।
कामलापाण्डुमेहार्तान्नातिस्निग्धान् विशोधयेत्

ઝેર, અભિઘાત (વાગવું કે ચોટ લાગવી), ફોલ્લીઓ, કુષ્ઠ, સોજા, રતવા, કમળો, પાંડુ અને મેહ, એ રોગથી પીડાયેલા રોગીઓને થોડાક જ સ્નિગ્ધ કરીને એમનું શોધન કરવું.

વિરેચન કેવું આપવું?

सर्वान् स्नेहविरेकैश्च, रूक्षैस्तु स्नेहभाविनान् ।

બધા કોઈને સ્નેહ વડે વિરેચન આપવું પણ જેમને સ્નેહપાન કરાવીને સ્નિગ્ધ કર્યા હોય તેમને રૂક્ષ ઔષધથી વિરેચન આપવું. (મતલબ કે જેમને થોડાક જ સ્નિગ્ધ કર્યા હોય તેવા શ્લોક પહેલાના વિષ વગેરેથી પીડાતા રોગીને પણ સ્નિગ્ધ વિરેચન આપવું.)

સ્નેહ અને સ્વેદ વારંવાર યોજવાં

कर्मणां वमनादीनां पुनरप्यन्तरेऽन्तरे ॥५७॥
स्नेहस्वेदौ प्रयुञ्जीत, स्नेहमन्ते बलाय च ।

વમન વગેરે (વમન, વિરેચન, અનુવાસન અને નિરૂહબસ્તિ) ક્રિયાઓની વચ્ચેવચ્ચે ફરી ફરીને સ્નેહન અને શેક કરવા અને છેક છેલ્લે સ્નેહન કરવાથી બળ આવે છે.

(પહેલા સ્નેહન અને શેક, પછી વમન, પછી સ્નેહન અને શેક, પછી વિરેચન, પછી સ્નેહન અને શેક, પછી અનુવાસનબસ્તિ, પછી સ્નેહન અને શેક, પછી નિરૂહબસ્તિ, પછી સ્નેહન અને શેક, પછી અનુવાસન કરવું.)

સ્નેહન, સ્વેદન અને શોધનના ક્રમની જરૂર

मलो हि देहादुत्क्लेश्य ह्रियते वाससो यथा ।५८
स्नेहस्वेदैस्तथोत्क्लिष्टः शोध्यते शोधनैर्मलः ।

જેમ સાબુ વગેરે સ્નિગ્ધ પદાર્થ નાખીને તથા પછી બાફીને વસ્ત્રનો મેલ છૂટો પાડીને તેને કાઢી નાખવામાં આવે છે, તેમ સ્નેહપાન અને શેક વડે મળને તેના સ્થાનમાંથી છૂટા પાડીને પછી શોધન ઔષધોથી મળને શરીરમાંથી દૂર કરવામાં આવે છે.

સ્નેહ અને સ્વેદ કર્યા વિના શોધનથી હાનિ

स्नेहस्वेदावनभ्यस्य कुर्यात्संशोधनं तु यः ॥५९
दारु शुष्कमिवानामे शरीरं तस्य दीर्यते ॥५९ ॥

જેમ સૂકું લાકડું નમાવવાથી (વાળવાથી) ચિરાઈ જાય છે, ફાટી જાય છે કે ભાગી જાય છે તેમ જે માણસ સ્નેહન તથા શેક કર્યા સિવાય લાગલો જ શોધન કરવા માંડે છે તે માણસનું

શરીર ચિરાઈ જાય છે. મતલબ કે સ્નેહપાન કર્યા વિના તથા શેક કર્યા વિના વમન, વિરેચન વગેરે કર્મ શરીરને હાનિકારક છે.

સંશોધનનું ફળ

बुद्धिप्रसादं बलमिन्द्रियाणां
धातुस्थिरत्वं ज्वलनस्य दीप्तिम् ।
चिराच्च पाकं वयसः करोति
संशोधनं सम्यगुपास्यमानम् ॥ ६०३ ॥

શોધન સારી રીતે (યથાવિધિ) કરવામાં આવે તો તેથી બુદ્ધિ નિર્મળ થાય છે, ઇંદ્રિયો બળવાન થાય છે, ધાતુઓ સ્થિર થાય છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને ઘડપણ મોડું આવે છે.

इत्यष्टांगहृदये सूत्रस्थाने वमनविरेचनविधिर्नामाष्टादशोऽध्यायः ॥ १८ ॥

અધ્યાય ૧૯ મો

अथातो बस्तिविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે બસ્તિવિધિ સંબંધી અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

બસ્તિ ક્યારે અપાય? બસ્તિના પ્રકાર

वातोल्बणेषु दोषेषु वाते वा बस्तिरिष्यते ।
उपक्रमाणां सर्वेषां सोऽग्रणीस्त्रिविधस्तु सः ॥
निरूहोऽन्वासनं बस्तिरुत्तरः

જે દોષમાં વાયુ પ્રધાન છે એવા વાયુપિત્ત (ભેગા) અને વાયુકફ (ભેગા)ના રોગોમાં અથવા કેવળ વાતદોષમાં પણ બસ્તિ આપવાની જરૂર છે; કેમ કે સર્વે ઉપક્રમો (ચિકિત્સા)માં બસ્તિ ઉત્તમ છે. એ બસ્તિ ત્રણ પ્રકારની છે: નિરૂહ, અનુવાસન, ઉત્તર.

ક્યા રોગમાં નિરૂહબસ્તિ આપવી?

तेन साधयेत् ।
गुल्मानाहखुडप्लीहशुद्धातीसारशूलिनः ॥ २ ॥
जीर्णज्वरप्रतिश्यायशुक्रानिलमलग्रहान् ।
वर्ध्माश्मरीरजोनाशान् दारुणांश्चा-
निलामयान् ॥ ३ ॥

ગોળો, આનાહ, પત, ખરોળ, નિરામ અતિસાર, શૂળ, જીર્ણજ્વર, સળેખમ, વીર્ય રોકાઈ રહે, વાયુ ન સરે, મળ રોકાઈ રહે, વધરાવળ, પથરી, સ્ત્રીનો માસિક અટકાવ જતો રહે, ભયંકર વાયુના રોગ—એ સર્વ રોગનો નિરૂહબસ્તિ વડે ઉપચાર કરવો.

નિરૂહબસ્તિ કોને ન આપવી?

अनास्थाप्यास्त्वतिस्निग्धः क्षतोरस्को
भृशं कृशः ।
आमातिसारी वमिमान् संशुद्धो दत्तनावनः ॥४॥
श्वासकासप्रसेकार्शोहिध्माध्मानाल्पवह्नयः ।
शूनपायुः कृताहारो बद्धच्छिद्रोदकोदरी ॥ ५ ॥
कुष्ठी च मधुमेही च मासान् सप्त च गर्भिणी ।

અતિશય સ્નિગ્ધ (જેને અતિશય સ્નેહપાન થઈ ગયુ હોય તે), ઉરઃક્ષતવાળો, અત્યંત દૂબળો, આમાતિસારવાળો, ઊલટીના રોગવાળો, શોધન કરેલો, નસ્ય આપેલો, ઉધરસવાળો, દમવાળો, પ્રસેકવાળો, હરસવાળો, હેડકીવાળો, આધ્માનવાળો, મંદાગ્નિવાળો, જેની ગુદાએ સોજો હોય તે, જેણે ખાધું હોય તે, બદ્ધોદર, છિદ્રોદર અને જળોદર રોગ જેને થયા હોય તે, કુષ્ઠરોગવાળો, મધુમેહ નામે મેહવાળો અને સાત માસ પૂરા થાય ત્યાં સુધી સગર્ભા સ્ત્રી—એટલા રોગીઓને આસ્થાપન (નિરૂહ) બસ્તિ અપાય નહિ. (જો અતિ સ્નિગ્ધને આસ્થાપનબસ્તિ આપે તો તે બસ્તિ તેના દોષને સ્થાનમાંથી ચલિત કરીને સોજો અને ઉદરરોગ પેદા કરે. ઉરઃક્ષતવાળાને અને દૂબળાને નિરૂહબસ્તિ આપવાથી તે બસ્તિ આપવાથી શરીરના દોષ ખળભળી ઊઠવાથી શરીરને પીડા થાય. આમાતિસારવાળાને બસ્તિ આપવાથી દોષ સારી રીતે બહાર ન નીકળવાથી અને શરીરને ક્ષોભ થવાથી અતિશય પીડા થાય. ઊલટીના રોગવાળાને નિરૂહ આપવાથી દોષોનો ઉત્ક્લેશ નિરૂહબસ્તિને ઊંચી ચડાવી દે. જેમ ખાર ચાંદાને બાળે છે તેમ વમન—વિરેચનથી શોધન કરેલા અને ખાલી પડી ગયેલા શરીરને નિરૂહબસ્તિ બાળે છે. નસ્ય લીધું હોય તેની હાંસ-

ડીથી ઉપરના ભાગની શિરાઓ ખુલ્લી થયેલી હોવાથી નિરૂહ વિભ્રંશ કરે છે. ઉધરસ તથા દમ વગેરે રોગવાળાના દોષોનો ઉત્ક્લેશ થયેલો હોવાથી નિરૂહબસ્તિ ઊંચી ચડી જાય છે. હરસ વગેરે રોગવાળાઓને નિરૂહ આપવાથી અત્યંત પેટ ચડે છે કે મરણ પણ થાય છે, મંદ અગ્નિવાળાને સ્તંભ, જડતા વગેરે થાય છે. ગર્ભવતીને પહેલા સાત મહિના સુધી નિરૂહબસ્તિ આપવાથી ગર્ભને નુકસાન થાય, ગર્ભ પડે કે રક્તપિત્તનો રોગ થાય.)

અનુવાસનબસ્તિ કોને આપવી ?

आस्थाप्या एव चान्वास्या विशेषादतिवह्नयः ॥६॥
रूक्षाः केवलवातार्ताः

જેમને આસ્થાપનબસ્તિ આપવાની છે, તેમને (શ્લો. ૨,૨૩,૩) અન્વાસનબસ્તિ પણ આપવી. તેમા ખાસ કરીને રૂક્ષ (લૂખા), કેવળ વાયુના રોગથી પીડાયલા અને અતિશય જઠરાગ્નિના જોરવાળાને અનુવાસનબસ્તિ આપવી.

અન્વાસનબસ્તિ ન આપવા જેવા રોગી

नानुवास्यास्त एव च ।
येऽनास्थाप्यास्तथा पाण्डुकामलामेहपीनसाः ॥७॥
निरन्नप्लीहविड्भेदिगुरुकोष्ठकफोदराः ।
अभिष्यन्दिभृशस्थूलकृमिकोष्ठाढ्यमारुताः ॥८॥
पीते विषे गरेऽपच्या श्लीपदी गलगण्डवान् ।

જેમને આસ્થાપનબસ્તિ આપવામા આવતી નથી એટલે જેને નિરૂહબસ્તિની મના કરેલી છે, તેમને (શ્લો. ૩૩થી ૫૩) અનુવાસનબસ્તિ પણ આપવી નહિ, તેમ જ પાંડુ, કમળો, મેહ, સળેખમ એ રોગવાળાને અનુવાસનબસ્તિ ન આપવી; જેણે ભોજન ન કર્યું હોય એટલે ઉપવાસી હોય તેને, બરોળના રોગવાળાને, જેને ઝાડો નરમ (ભાંગેલો) થતો હોય, જેનો કોઠો ભારે હોય (=જેના કોઠામા ભાર હોય), કફોદરનો રોગ જેને થયો હોય, જેને અભિષ્યંદ થયો હોય, જેઓ શરીરે પાતળા કે જાડા હોય, જેમના કોઠામા કરમિયા હોય, જેમને ઊરુસ્તંભનો રોગ થયો હોય, જેણે ઝેર કે ગર પીધું હોય, જેને અપચી–ગંડમાળાનો રોગ થયો હોય, જેને હાથીપગ રોગ થયો હોય, જેને ગલગંડ રોગ થયો હોય, તેમને અનુવાસનબસ્તિ આપવી નહિ.

નિરૂહ તથા અન્વાસનબસ્તિનું યંત્ર

तयोस्तु नेत्रं हेमादिधातुदार्वस्थिवेणुजम् ॥९॥
गोपुच्छाकारमच्छिद्रं श्लक्ष्णर्जु गुलिकामुखम् ।

નિરૂહ અને અન્વાસનબસ્તિ આપવા માટે જે યંત્ર કરવામા આવે છે તેનુ 'નેત્ર' સોનુ, રૂપુ, પિત્તળ, લોઢું, કાંસું, કલાઈ, સીસુ વગેરે ધાતુનુ બનાવવુ; અથવા સીસમ વગેરે લાકડાનુ બનાવવુ; અથવા હાથીદાંત વગેરે હાડકાનુ બનાવવુ; અથવા વાંસનુ બનાવવુ. તે આકારમા ગાયના પૂંછડા જેવુ ક્રમે ક્રમે પાતળું થતુ જતુ અને ગોળ હોવુ જોઈએ. તે ચૂએ એવુ કાણું ન હોવુ જોઈએ. સ્પર્શ કરતા સુંવાળું લાગે એવુ હોવુ જોઈએ તથા તેનુ મુખ મોતી જેવુ ગોળ અને બૂઠું જોઈએ. (નેત્ર=બસ્તિ આપવાની નળી.)

નેત્રની લંબાઈ

ऊनेऽब्दे पञ्च, पूर्णेऽस्मिन्नासप्तम्याेऽ-
ङ्गुलानि षट् ॥१०॥
सप्तमे सप्त, तान्यष्टौ द्वादशे, षोडशे नव ।
द्वादशैव परं विंशाद्वीक्ष्य वर्षान्तरेषु च ॥११॥
वयोबलशरीराणि प्रमाणमभिवर्धयेत् ।

બાળક(રોગી)ની ઉંમર એક વરસ કરતા ઓછી હોય તો તે નેત્ર (નળી) રોગીના પાંચ આગળ જેટલું લાંબુ રાખવું, એક વરસ પૂરું થયા પછીથી તે છ વરસ પૂરાં થતાં સુધીની રોગીની ઉમર હોય તો તેને તેના છ આગળ લાંબું નેત્ર રાખવુ, સાતમે વરસે સાત આગળનુ નેત્ર રાખવુ, બારમે વરસે આઠ આગળનુ નેત્ર રાખવુ, સોળમા વરસે નવ આગળનુ નેત્ર રાખવુ અને વીસમા વરસ પછી ગમે તે ઉમરવાળાને માટે રોગીના બાર આગળ લાંબું નેત્ર જોઈએ. (આંગળીની પહોળાઈને આગળ કહે છે.)

રોગીની ઉમર, બળ, શરીર વગેરે જોઈને વચલા વર્ષો એટલે નવમુ, દશમુ વગેરે વર્ષોમાં

તે નેત્રનું પ્રમાણ વધારવું. દાખલા તરીકે આઠમે વર્ષે ૭½ આંગળ, નવમે વર્ષે ૭¾ આંગળ વગેરે.

નેત્રની જાડાઈ

स्वाङ्गुष्ठेन समं मूले स्थौल्येनाग्रे कनिष्ठया ॥१२

ને નેત્રનું મથાળું રોગીના અંગૂઠાના મૂળ જેટલું જાડું (ઘેરાવાવાળું) રાખવું તથા તેનો અગ્ર ભાગ ટચલી આંગળીના અગ્ર ભાગ જેટલો જાડો રાખવો.

નળીના ઉપરના છિદ્રનું માપ

पूर्णेऽब्देऽङ्गुलमादाय तदर्धार्धप्रवर्धितम् ।
त्र्यङ्गुलं परमं छिद्रं मूलेऽग्रे वहते तु यत् ॥१३॥
मुद्गं माषं कलायं च क्लिन्नं कर्कन्धुकं क्रमात् ।

(દરદી એક વરસથી ઓછી ઉંમરનો હોય તો નળીના ઉપરના છિદ્રનો ઘેરાવો દરદીનો અડધો આંગળ રાખવો. દરદીની ઉંમર એક વર્ષની હોય તો નળીના ઉપલા છિદ્રનો ઘેરાવો દરદીનો એક આંગળ રાખવો. દરદીની ઉંમર સાત વર્ષની હોય તો નળીના ઉપલા છિદ્રનો ઘેરાવો દરદીનો સવા આંગળ રાખવો. દરદી બાર વર્ષની ઉંમરનો હોય તો નળીના ઉપલા છિદ્રનો ઘેરાવો દરદીનો દોઢ આંગળ રાખવો. દરદી સોળ વર્ષનો હોય તો નળીના ઉપલા છિદ્રનો ઘેરાવો દરદીના પોણાબે આંગળ રાખવો. દરદી સત્તર વર્ષનો હોય તો નળીના ઉપલા છિદ્રનો ઘેરાવો દરદીના બે આંગળ જેટલો રાખવો. દરદી અઢાર વર્ષનો હોય તો નળીના ઉપલા છિદ્રનો ઘેરાવો દરદીના સવાબે આંગળ રાખવો. દરદી ઓગણીસ વર્ષનો હોય તો નળીના ઉપલા છિદ્રનો ઘેરાવો દરદીના અઢી આગળ રાખવો. દરદી વીસ વર્ષનો હોય તો નળીના ઉપલા છિદ્રનો ઘેરાવો દરદીના પોણા-ત્રણ આંગળ રાખવો. દરદી એકવીસ વર્ષનો હોય તો નળીના ઉપલા છિદ્રનો ઘેરાવો દરદીના ત્રણ આંગળ જેટલો રાખવો. એકવીસથી મોટી ઉંમરવાળા દરદી માટે એકવીસ વર્ષના દરદી માટે રાખવાનું છે એટલું જ છિદ્ર રાખવું. આંગળ એટલે આંગળીની પહોળાઈ જેટલુ માપ.)

નળીના નીચેના છિદ્રનું માપ

(નળીના નીચેના છેડાના છિદ્રનો ઘેરાવો એક વરસની ઉંમરના દરદી માટે મગનો દાણો પેસી શકે એટલો, સાત વરસના દરદી માટે અડદનો દાણો પેસી શકે એવડો, બાર વરસના દરદી માટે વટાણાનો દાણો પેસી શકે એવડો, સોળ વરસના દરદી માટે પલાળેલો (પાણીમાં ફૂલેલો) વટાણાનો દાણો પેસી શકે એવડો અને એકવીસ વર્ષના દરદી માટે નાનું બોર પેસી શકે એવડો રાખવો.)

દરદીની ઉંમર પૂરા એક વર્ષની હોય તેને માટે એના એક આંગળ જેટલા ઘેરાવાવાળું નળીના ઉપલા છેડાનુ છિદ્ર રાખવુ. એ રીતે શરૂ કરીને આંગળના ચોથા ભાગ જેટલું વધારતાં વધારતાં આખરે ત્રણ આંગળના માપ જેટલા ઘેરાવાવાળું છિદ્ર મોટામાં મોટું રાખવુ. પણ નળીના નીચલા છેડાનું છિદ્ર અનુક્રમે મગ, અડદ, વટાણો, પાણીમાં ફૂલેલો વટાણો અને નાનું બોર પસાર થઈ શકે એવડું રાખવું.

નળીને બે છેડે વીંટીઓ(અંગૂઠીઓ)ચડાવવી

मूलच्छिद्रप्रमाणेन प्रान्ते घटितकर्णिकम् ॥ १४ ॥
वर्त्याऽग्रे पिहितं, मूले यथास्वं द्व्यङ्गुलान्तरम् ।
कर्णिकाद्वितयं नेत्रे कुर्यात्

નળીના મૂળમાં (=બસ્તિ સાથે જોડવાના છેડામાં) જેટલા માપનુ છિદ્ર હોય તેટલા માપની ઊપસેલી કડી (વીંટી) નળીના અગ્ર ભાગ આગળ (=ગુદા તરફને છેડે) નળીને પહેરાવવી, અને નળીના ગુદા તરફના છેડાનું છિદ્ર વાટ ખોસીને બંધ કરવું; નળીના બસ્તિ તરફને છેડે બે ઉપસેલી કડીઓ (વીંટીઓ) નળીને એવી રીતે પહેરાવવી કે એ બે કડીઓ વચ્ચે દરદીના બે આગળ જેટલુ અંતર રહે.

(નળીને નીચલે ગુદા તરફને છેડે કડી ચડાવવાથી નળીનો નીચલો છેડો ગુદામાં વધારે પેસી જતો અટકે છે. નળીને ઉપલે બસ્તિ તરફને છેડે બે વીંટીઓ ચડાવીને એ બે વીંટી-ઓ વચ્ચે બે આંગળનું અંતર રાખવાથી બે ઊપસેલી વીંટીઓ વચ્ચે પડતા બે આંગળના

ખાડામાં બસ્તિને નળી સાથે બરાબર બાંધી શકાય છે તેથી નળી ઘડીમા બસ્તિમાં ઊંચી ચડી જાય કે ઘડીમાં બસ્તિમાંથી નીચી સેતરી જાય એવુ બનતુ નથી. નળીના નીચલા ભાગના છિદ્રને વાટ ખોસીને બંધ કરવાથી એ છેડેથી કંઈ કચરો કે જીવાત કે બીજુ કંઈ નળીમાં ચડીને બસ્તિમાં જઈ શકતુ નથી.)

નેત્ર(નળી)માં મૂકવાની બસ્તિ

तत्र च योजयेत् ॥ १५॥
अजाविमहिषादीनां बस्ति सुमृदितं दृढम् ।
कषायरक्तं निश्छिद्रग्रन्थिगन्धशिरं तनुम् ॥१६॥
ग्रथितं साधु सूत्रेण सुखसंस्थाप्यभेषजम् ।

અને તેલ પાઈને ખૂબ મસળેલુ, મજબૂત, હરડે જેવા તૂરા દ્રવ્યોના રસથી રંગેલુ, કાણું ન હોય એવુ (કાણાવિનાનુ), ગાઠા વિનાનુ, ગંધ વિનાનુ, રગો વિનાનુ, પાતળુ, બસ્તિમા હવા ન પેસી શકે એ રીતે સૂતળીના પુષ્કળ આંટા મારીને બરાબર ગાંઠા વાળીને નળી સાથે બાધેલુ. જેટલી દવા અદર મવડાવવાની હોય તેટલી સહેલાઈથી અદર ભરી શકાય એવુ, બકરો, ઘેટો, પાડો (બળદ, હરણ, ભૂડ) વગેરે પ્રાણીનું મૂત્રાશય (=બસ્તિ, બ્લેડર) તેમાં (એટલે નળીને ઉપલે છેડે ફીટ કરેલી બે વીંટીઓના વચગાળામાં) બરાબર બાધવું (નળીનો ઉપરનો છેડો પ્રાણીના મૂત્રાશયમાં જરા ચડાવીને મૂત્રાશયનું છિદ્ર બે વીંટીઓના વચગાળામા બરાબર બાધી દેવું).

પ્રાણીના મૂત્રાશયને બદલે શું વાપરી શકાય?

बस्त्यभावेऽङ्कपादं वा न्यसेद्वासोऽथवाघनम् ॥१७

જો પ્રાણીનું મૂત્રાશય ન મળે તો તેને બદલે સાથળનુ ચામડું, પરંતુ ચામડું કે ઘટ્ટ કપડુ મૂકવુ (=નળી સાથે બાધવું).

(અંદરની દવા નીતરી ન જાય તેટલા માટે ઘટ્ટ કપડું વાપરવું; ઘટ્ટ કપડુ ન હોય તો મીણ પાયેલું કપડું વાપરવું.)

નિરૂહબસ્તિની માત્રા (માપ)

निरूहमात्रा प्रथमे प्रकुञ्चो वत्सरे परम् ।
प्रकुञ्चवृद्धिः प्रत्यब्दं यावत्षट्प्रसृतास्ततः ॥१८॥
प्रसृतं वर्धयेदूर्ध्वं द्वादशाष्टादशस्य तु ।
आसप्ततेरिदं माने, दशैव प्रसृताः परम् ॥१९॥

નિરૂહબસ્તિ આપવી હોય ત્યારે તેની માત્રા આ પ્રમાણે છે: પહેલા વર્ષમાં એક પલ (છ માસની ઉંમર હોય તેવાને અરધું પલ). ઉંમર એક વરસ ઉપરાંત હોય તો દર વર્ષે એક એક પલ માત્રા વધારવી. એ પ્રમાણે બાર વર્ષની ઉંમરનાને બાર પલ દ્રવ્ય બસ્તિમાં આપવું. પછી તેરમા વર્ષથી તે સત્તરમા વર્ષ સુધી એ માત્રા બબે પલ પ્રમાણે દર વર્ષે વધારતા જવી. અઢાર વર્ષથી તે સિત્તેર વર્ષની ઉંમર થતા સુધી ચોવીસ પલ પ્રમાણે નિરૂહની માત્રા (માપ) જાણવી. સિત્તર વર્ષની ઉંમર પછીનાને માટે વીસ પલ માત્રા જાણવી. પલ એટલે ચાર તોલા. નિરૂહબસ્તિની માત્રાનુ વજન કહેલુ છે તે કષાય (ક્વાથ), સ્નેહ સહિત જાણવું.

અનુવાસનબસ્તિની માત્રા

यथायथं निरूहस्य पादो मात्राऽनुवासने ।

અનુવાસનબસ્તિ આપવી હોય તો નિરૂહની માત્રા જે ઉમરે જેટલી કહેલી છે, તે ઉંમરે તે કરતા ચોથા ભાગનું માપ અનુવાસન બસ્તિનુ લેવું; જ્યાં નિરૂહબસ્તિ એક પલ કહી હોય ત્યા અનુવાસન દ્રવ્ય એક કર્ષ એટલે એક તોલો લેવું.

અનુવાસનનો પૂર્વવિધિ

आस्थाप्यं स्नेहितं सिन्नं शुद्धं लब्धबलं पुनः ॥२०॥
अन्वासनार्हं विज्ञाय पूर्वमेवानुवासयेत् ।
शीते वसन्ते च दिवा रात्रौ केचित्ततोऽन्यदा ॥२१
अभ्यक्तस्नातमुचितात्पादहीनं हितं लघु ।
अस्निग्धरूक्षमशितं सानुपानं द्रवादि च ॥२२॥
कृतचङ्क्रमणं मुक्तविण्मूत्रं शयने सुखे ।
नात्युच्छ्रिते न चोच्छीर्षे संविष्टं वामपार्श्वतः ॥२३
सङ्कोच्य दक्षिणं सक्थि प्रसार्य च ततोऽपरम् ।

જે મનુષ્ય નિરૂહબસ્તિ આપવાને યોગ્ય હોય, જેને સ્નેહ વડે સ્નિગ્ધ કર્યો હોય, વમન વિરેચનથી નીચે-ઉપર શુદ્ધ થયો હોય તથા બસ્તિનો વેગ સહન કરવાને પાછો શક્તિમાન થયો હોય તથા અનુવાસનબસ્તિને યોગ્ય હોય

એવા રોગીને નિરૂહ આપતા પહેલાં જ અનુવાસનબસ્તિ આપવી. હેમંતમા. શિશિરમાં અને વસંતમાં દિવસે અન્વાસનબસ્તિ આપવી. કેટલાકનો મત એમ છે કે તે વિનાની ઋતુમાં એટલે ગ્રીષ્મ, વર્ષા અને શરદમા રાતે આપવી; (પણ ધન્વંતરિ મતને અનુસરનારાનું કહેવું નો એમ છે કે રાતે તો બસ્તિ ન જ આપવી, કેમ કે રાતે સ્નેહ શરીરમા દાખલ કરવાથી દોષ સ્થાનથી ચલિત થાય છે, અને સ્નેહ વીર્ય સાથે મળીને આધ્માન, ભારેપણું અને જ્વર ઉપજાવે છે.) અનુવાસનબસ્તિ જેને આપવાની હોય તેને અંગે તેલ વગેરે ચોળીને પછી તેને સ્નાન કરાવવું; તથા જેટલું ભોજન તેને સામાન્ય રીતે માફક આવતું હોય તે કરતા ચોથા ભાગ જેટલું ઓછું લેવું; હિતકર, હલકું, બહુ સ્નિગ્ધ નહિ કે બહુ રૂક્ષ નહિ એવું, અનુપાન સહિત અને પાતળું, ઉષ્ણ વગેરે ગુણવાળું એવું ભોજન તેને કરાવવું. (જો અતિસ્નિગ્ધ ભોજન કરે તો બંને માર્ગેથી દાખલ થયેલો સ્નેહ મદ, મૂર્છા, મંદાગ્નિ વગેરે રોગ કરે છે. જો અતિ લૂખું ભોજન કરે તો વિષ્ટંભ, બલહાનિ, વર્ણહાનિ વગેરે થાય.) ભોજન કર્યા પછી તેણે થોડુંક ફરવું જોઈએ. પછી ઝાડો–પેશાબ કરી તેણે સ્વસ્થ થવું. પછી સગવડ પડે એવી પથારીમા (ખાટલામા) તેને સુવાડવો; તે (પથારી) બહુ ઊંચી ન હોવી જોઈએ અને માથું ઊંચું ન રાખવું. રોગીને ડાબે પાસે સુવાડવો તથા તેનો જમણો પગ સંકોચીને તથા ડાબો પગ લાંબો રાખીને સંકોચેલો તેનો જમણો પગ પ્રસારેલા ડાબા પગ પર પડે એમ સુવાડવો.

બસ્તિ કેવી રીતે આપવી?

अथास्य नेत्रं प्रणयेत्स्निग्धे स्निग्धमुखं गुदे ॥२४
उच्छ्वास्य बस्तेर्वदने बद्धे हस्तमकम्पयन्।
पृष्ठवंशं प्रति ततो नातिद्रुतविलम्बितम् ॥ २५॥
नातिवेगं न वा मन्दं सकृदेव प्रपीडयेत्।
सावशेषं च कुर्वीत वायुः शेषे हि तिष्ठति ॥२६॥

પછી એ પ્રમાણે રોગીને સુવાડીને તેની ગુદા ઉપર સ્નેહ ચોપડવો તથા બસ્તિના મુખ (અગ્ર) પર પણ સ્નેહ ચોપડવો. પછી બસ્તિમાંથી વાયુને બહાર કાઢી નાખીને તેને (નેત્રને) બસ્તિના મોં આગળ બાંધવું, પછી હાથ ધ્રૂજે નહિ એવી રીતે બહુ ઉતાવળે નહિ કે બહુ ધીમે નહિ, બહુ વેગથી નહિ કે બહુ મંદ નહિ એવી રીતે તે બસ્તિનું ઔષધ કે સ્નેહ ઉપર જાય (બરડાની કરોડ તરફ તે જાય) એમ એક જ વાર નળી દબાવવી. બસ્તિ ચડાવતાં બસ્તિમાં થોડો સ્નેહ (કે ઔષધ) બાકી રાખવો (બસ્તિમાનું બધું ઔષધ કે સ્નેહ શરીરમા ચડાવી દેવું નહિ); કેમ કે બસ્તિના છેવટના ભાગમાં વાયુ હોય છે.

બસ્તિ આપ્યા પછીની ક્રિયા

दत्ते तूत्तानदेहस्य पाणिना ताडयेत्स्फिचौ।
तत्पार्ष्णिभ्यां तथा शय्यां पादतश्च त्रिरुत्क्षिपेत् ॥ २७ ॥
ततः प्रसारिताङ्गस्य सोपधानस्य पार्ष्णिके।
आहन्यान्मुष्टिनाऽङ्गं च स्नेहेनाभ्यज्य मर्दयेत् ॥ २८ ॥
वेदनार्तमिति स्नेहो न हि शीघ्रं निवर्तते।
योज्यः शीघ्रं निवृत्तेऽन्यः स्नेहोऽतिष्ठन्नकार्यकृत् ॥ २९ ॥

બસ્તિ આપ્યા પછી તેનું શરીર ચત્તું રાખીને હાથથી તેના કૂલા ઉપર ત્રણ વખત મારવું, તેમ જ તેની પાની વતી તેના કૂલા ઉપર ત્રણ વખત મારવું, વળી પગ ભણીથી ખાટલો ત્રણ વાર ઊંચો કરવો, પછી તેને કૂલા નીચે ઓશીકું મૂકીને લાંબો સુવાડવો અને તેની પાનીઓ ઉપર ત્રણ વાર મુક્કી મારવી; પછી શરીર ઉપર તેલ ચોળીને ચંપી કરવી. રોગીનું શરીર વેદનાવાળું હોય છે માટે બસ્તિ દ્વારા શરીરમાં ગયેલો સ્નેહ જલદી પાછો નીકળતો નથી. પણ જો જલદી પાછો નીકળી જાય તો બસ્તિ દ્વારા ફરીને સ્નેહ આપવો; કેમ કે શરીરમા સ્નેહ રહે નહિ તો તેથી જે અસર કરવાની હોય તે થતી નથી.

સ્નેહ નીકળ્યા પછી શું કરવું?

दीप्ताग्निं त्वागतस्नेहं सायाह्ने भोजयेल्लघु।

જ્યારે સ્નેહ પાછો નીકળવાને સમયે પાછો

નીકળે, ત્યારે પ્રદીપ્ત થયેલા અગ્નિવાળા માણસને સાયંકાળે હલકું ભોજન કરાવવું. (પણ જો સ્નેહ વખતસર બહાર ન નીકળે કે દરદીનો અગ્નિ મંદ હોય તો એને સાંજે કાંઈ પણ ખવડાવવું નહિ.)

સ્નેહ બહાર નીકળવાનો યોગ્ય વખત

निवृत्तिकालः परमस्त्रयो यामास्ततः परम् ॥३०
अहोरात्रमुपेक्षेत, परतः फलवर्तिभिः।
तीक्ष्णैर्वा बस्तिभिः कुर्यायत्नं स्नेहनिवृत्तये ॥३१

સ્નેહ શરીરમાંથી પાછો નીકળવાની વધારેમાં વધારે મુદત ત્રણ પહોર છે. એટલા વખતમાં જો સ્નેહ પાછો ન નીકળે તો તે ત્રણ પહોર પછી એક રાત્રિદિવસ જેટલો વખત સુધી સ્નેહ બહાર નીકળવાની રાહ જોવી. તેટલામાં પણ જો સ્નેહ પાછો ન નીકળે તો પછી ફલવર્તિઓ મૂકીને અથવા તીક્ષ્ણ બસ્તિઓ (ક. ૪/૬૯) વડે સ્નેહ પાછો બહાર કાઢવાનો પ્રયત્ન કરવો. (ફલવર્તિઓ અર્શચિકિત્સામાં (ચિ. ૮/૨૦થી ૨૧કમાં) કહેલી છે. પ્રહર=ત્રણ કલાક.)

સ્નેહ પાછો ન જ નીકળે તો શું કરવું?

अतिरौक्ष्यादनागच्छन्न चेज्जाड्यादिदोषकृत्।
उपेक्षेतैव हि ततोऽध्युषितश्च निशां पिबेत् ॥३२
प्रातर्नागरधान्याम्भः कोष्णं, केवलमेव वा।

શરીરના અતિશય લૂખાપણાને લીધે શરીરમાં ગયેલો સ્નેહ બહાર પાછો ન જ નીકળે અને માંહે રહીને પણ જડતા, મંદ અગ્નિ વગેરે ઉપદ્રવ કરે નહિ, તો પછી તે સ્નેહ બહાર કાઢવાનો યત્ન કરવો નહિ. પછી એક રાત વચમાં જવા દઈને સવારે સૂંઠ અને ધાણાનો ક્વાથ લગાર ગરમગરમ પીવો અથવા એકલું સહેજ પાણી પીવું. (આમ કરવાથી શરીરમાં રહી ગયેલો ન પાછો સ્નેહ પાછો.)

ફરીને અનુવાસન કરવાનો કાળ

अन्वासयेत्तृतीयेऽह्नि पञ्चमे वा पुनश्च तम् ॥३३
यथा वा स्नेहपक्तिः स्यादतोऽत्युल्बणमारुतान्।
व्यायामनित्यान् दीप्ताग्नीन् रूक्षांश्च
प्रतिवासरम् ॥ ३४ ॥

તે રોગીને ફરીને ત્રીજે દિવસે અથવા પાંચમે દિવસે અથવા જેટલા દિવસમાં સ્નેહ પચતો હોય તેટલા દિવસે પાછી અનુવાસનબસ્તિ આપવી. પણ જેઓ નિત્ય કસરત કરતા હોય, જેમનો જઠરાગ્નિ પ્રદીપ્ત હોય તથા જેમનું શરીર લૂખું હોય, તેમને એ જ કારણસર (સ્નેહ ઝટ પચી જતો હોવાથી) દરરોજ અનુવાસનબસ્તિ આપવી.

નિરૂહબસ્તિ કોને, ક્યારે, કેવી આપવી?

इति स्नेहैस्त्रिचतुरैः स्निग्धे स्रोतोविशुद्धये।
निरूहं शोधनं युञ्ज्यादस्निग्धे स्नेहनं तनोः ॥

એ પ્રમાણે પૂર્વે કહ્યું તેમ ત્રણ કે ચાર અનુવાસનબસ્તિ આપીને તેને એ રીતે સ્નિગ્ધ કર્યા પછી સ્રોતોનું શોધન કરવા માટે શોધન નિરૂહબસ્તિ આપવી. જો શ્લોક ૬કેથી ૯કે વાળા અનુવાસનબસ્તિને યોગ્ય દરદી ન હોય તો તેમને અનુવાસનબસ્તિ આપ્યા વિના જ એવી નિરૂહબસ્તિ આપવી કે જે શોધન અને સ્નેહન બને હોય.

નિરૂહબસ્તિ આપવાની પૂર્વ તૈયારી

पञ्चमेऽथ तृतीये वा दिवसे साधके शुभे।
मध्याह्ने किञ्चिदावृत्ते प्रयुक्ते बलिमङ्गले ॥ ३६॥
अभ्यक्तस्वेदितोत्सृष्टमलं नातिबुभुक्षितम्।
अवेक्ष्य पुरुषं दोषभेषजादीनि चादरात् ॥ ३७॥
बस्तिं प्रकल्पयेद्वैद्यस्तद्विद्यैर्बहुभिः सह।

છેલ્લી અનુવાસનબસ્તિ આપ્યા પછી ત્રીજે કે પાંચમે દિવસે સારા સાધક યોગમાં મધ્યાહ્ન કાંઈક નમે તે વખતે બલિદાન અને મંગળ આચાર કરીને રોગીને શરીરે તેલ ચોળાવવું તથા તેને શેક કરવો. પછી દરદીએ ઝાડો-પેશાબ કરી આવવા. પછી જરા ભૂખ લાગી હોય એવા તે રોગીને તથા દોષ, ઔષધ, સાત્મ્ય વગેરેનો વિચાર કરીને વૈદ્યે ઘણા બસ્તિના નિષ્ણાતોને પોતાની સાથે રાખીને આદરથી બસ્તિમાં આપવાનું દ્રવ્ય તૈયાર કરવું.

નિરૂહબસ્તિમાં આપવાનું દ્રવ્ય કેવી રીતે તૈયાર કરવું?

क्राथयेद्विंशतिपलं द्रव्यस्याष्टौ फलानि च ॥३८

પછી બસ્તિ કલ્પમાં કહેલાં દ્રવ્યો ૮૦ તોલા

તથા આઠ મીંઢળ લઈને તે બંનેને સોળગણા પાણીમાં ઉકાળવાં અને ચોથા ભાગનું પાણી રહે ત્યારે તે દેવતા પરથી ઉતારી લેવું. (વસ્તુઓનું વજન પ્રમાણ બતાવવા આપ્યું છે. એટલું બધું બસ્તિ તરીકે આપવાનું નથી.)

દોષ પરત્વે સ્નેહનું પ્રમાણ

ततः क्वाथाच्चतुर्थांशं स्नेहं वाते प्रकल्पयेत् ।
पित्ते स्वस्थे च षष्ठांशमष्टमांशं कफेऽधिके ॥३९॥

પછી વાયુનો રોગ હોય તો ક્વાથ કરતાં ચોથા ભાગનો સ્નેહ નાખવો, (નિરૂહબસ્તિની માત્રા ચોવીશ પલની કહેલી છે, માટે સ્નેહ છ પલ લેવો.) પિત્ત અધિક હોય એવા રોગીને અને સાજા માણસને તો છઠ્ઠે ભાગે એટલે ચાર પલ સ્નેહ લેવો. જો કફ અધિક હોય તો આઠમે ભાગે એટલે ત્રણ પલ સ્નેહ લેવો.

સ્નેહનો સાધારણ નિયમ

सर्वत्र चाष्टमं भागं कल्काद्भवति वा यथा ।
नात्यच्छसान्द्रता बस्तेः

અથવા વાત, પિત્ત, કફમાં અને સાજા માણસ માટે સર્વત્ર દ્રવ્યનો આઠમા ભાગનો સ્નેહ નાખવો, મતલબ કે જે રીતે બસ્તિ અતિશય પાતળી કે અતિશય ઘાટી ન થાય તેમ કરવું. (આ નિયમ પ્રમાણે ક્વાથનો અમુક ભાગ નહિ પણ ક્વાથ બનાવવા માટે કરેલાં દ્રવ્યોના કલ્કનો આઠમો ભાગ સ્નેહ નાખવો.)

સ્નેહમાં નાખવાનાં બીજાં દ્રવ્યનું પ્રમાણ

पलमात्रं गुडस्य च ॥ ४० ॥
मधुपट्वादिशेषं च युक्त्या

ગોળ એક પલ (ચાર તોલા) અને મધ, સિંધવ વગેરે બીજું યુક્તિથી નાખવું. (મધ ચાર પલ તથા સિંધવ એક તોલો નાખવો; કોઈવાર જવખાર એક તોલો નંખાય છે. ગોળનું માપ બતાવવાનું કારણ એ છે કે પિત્તમા તેથી અધિક વજન ન લેવું. એ સિવાય માંસરસ, સુરા, આસવ, મૂત્ર, દૂધ, કાંજી વગેરે પણ વપરાય છે.)

બસ્તિનું ઔષધ શી રીતે તૈયાર કરવું?

सर्वं तदेकतः ।
उष्णाम्बुकुम्भीबाष्पेण तप्तं खजसमाहतम् ॥४१॥
प्रक्षिप्य बस्तौ प्रणयेत्पायौ नात्युष्णशीतलम् ।
नातिस्निग्धं न वा रूक्षं नातितीक्ष्णं न वा मृदु ॥
नात्यच्छसान्द्रं नोनातिमात्रं नापटु नाति च ।
लवणं तद्वदम्लं च

પછી તે બધું ભેગું કરીને ઊનું પાણી ભરેલા ઘડાની વરાળથી એ બધું ગરમ કરીને લાકડાની કડછીથી તેને હલાવવું. પછી બસ્તિમાં તે ઔષધ નાખીને તે બસ્તિ ગુદામાં મૂકવી. તે અતિશય ગરમ કે અતિશય ઠંડું ન જોઈએ. તે અતિશય સ્નિગ્ધ કે અતિ લૂખું, અતિ તીક્ષ્ણ કે અતિ કોમળ, અતિ પાતળું કે અતિ જાડું, અતિ ઓછું કે અતિ ઘણું, લવણવિનાનું કે અતિ ખારું, બહુ ઓછું ખાટું કે અતિ ખાટું ન જોઈએ. (બસ્તિનું દ્રવ્ય વધારે પડતુ પાકી ન જાય તે માટે વરાળથી ગરમ કરવાનુ કહ્યું છે.)

पठन्त्यन्ये तु तद्विदः ॥ ४३ ॥
मात्रां त्रिपलिकां कुर्यात्स्नेहमाक्षिकयोः पृथक् ।
कर्षार्धं माणिमन्थस्य स्वस्थे कल्कपलद्वयम् ॥४४
सर्वद्रवाणां शेषाणां पलानि दश कल्पयेत् ।

બસ્તિના વિધિને જાણનારા બીજા કેટલાએક એમ કહે છે કે સ્નેહ અને મધ એ બંને ત્રણ ત્રણ પલ જુદાં જુદાં લેવાં. અરધો તોલો સિંધવ લેવો. સાજા માણસને માટે કલ્ક (ક્વાથ બનાવવાના ઔષધોનો કલ્ક) બે પલ લેવો. બાકીના સર્વે દ્રવ પદાર્થો દશ પલ લેવા.

माक्षिकं लवणं स्नेहं कल्कं क्वाथमिति क्रमात् ॥
आवपेत निरूहाणामेष संयोजने विधिः ।

પછી પ્રથમ કૂંડામાં (ઘૂંટવાના પાત્રમાં) મધ નાખીને તેને ઘૂંટવું. પછી તેમાં સિંધવ નાખીને મેળવવું તથા ઘૂંટવું. પછી તેમાં સ્નેહ નાખીને ઘૂંટવો. પછી તેમાં કલ્ક નાખીને મેળવવો. તથા પછી તેમાં ક્વાથ નાખીને મેળવવો. એ પ્રમાણે અનુક્રમે મેળવવાથી તે દ્રવ્યો એકરસ બની જાય છે. નિરૂહને મેળવવાનો એ વિધિ છે. (દ્રવ્યો એકરસ થાય તો એની જોઈએ તેવી અસર થાય છે.)

નિરૂહ આપ્યા પછીનો વિધિ

उत्ताना दत्तमात्रे तु निरूहे तन्मना भवेत् ।४६॥
कृतोपधान सञ्जातवेगश्चोत्कटक सृजेत् ।

નિરૂહ આપ્યા પછી નિરૂહ બહાર નીકળવાનો વેગ આવે તે બાબતનું ધ્યાન રાખીને, ઓશીકું ફૂલા નીચે રાખીને ચત્તા સૂઈ રહેવું તથા એનો વેગ આવે એટલે અધૂકડા બેસીને તે વેગને બહાર કાઢવો

નિરૂહની મુદ્દત: નિરૂહ પાછો ન નીકળે તો શું કરવું ?

आगतौ परम कालो मुहूर्तो मृत्यवे परम् ॥४७॥
तत्रानुलोमिक स्नेहक्षारमूत्राम्लकल्पितम् ।
त्वरित स्निग्धतीक्ष्णोष्ण बस्तिमन्य प्रपीडयेत् ॥
विदध्यात्फलवर्ति वा स्वेदनोत्त्रासनादि च ।

નિરૂહ પાછો બહાર આવવાની વધારેમાં વધારે મુદ્દત એક મુહૂર્ત (બે ઘડી=૪૮ મિનિટ) જાણવી એટલી વારમાં જો નિરૂહ પાછો ન નીકળે તો પછી મરણ થાય માટે ૪૮ મિનિટ સુધી જો નિરૂહ પાછો ન નીકળે તો ઉતાવળે બીજી નિરૂહબસ્તિ આપવી ને બીજી નિરૂહ બસ્તિ અનુલોમન કરે એવી, ગોમૂત્ર, છાશ, કાંજી વગેરે ખટાઈ તથા જવખારની બનાવેલી તથા સ્નિગ્ધ, તીક્ષ્ણ અને ઉષ્ણ, એવી બનાવીને ચડાવવી, અથવા અર્શચિકિત્સાના અધ્યાયમાં કહેવાશે એવી ફળવર્તિ આપવી અથવા શેક કરવો કે રોગીને ભય વગેરે બતાવીને ભડકાવવો

પોતાની મેળે નિરૂહ પાછો નીકળે તો

स्वयमेव निवृत्ते तु द्वितीयो बस्तिरिष्यते ॥४८॥
तृतीयोऽपि चतुर्थोऽपि यावद्वा सुनिरूढता ।

જો નિરૂહ શ્લોક ૪૭કેથી ૪૮કેવાળા ઉપાય કર્યા વિના જ એની મેળે પાછો નીકળે તો બીજી બસ્તિ આપવી તે નીકળે તો ત્રીજી આપવી, તે નીકળે તો ચોથી આપવી એ પ્રમાણે દોષો બરાબર બહાર નીકળી જાય ત્યાં સુધી (સમ્યગ્યોગ થતા સુધી) કરવું શ્લોક ૪૭કેથી ૪૮કે-વાળા ઉપાયથી નિરૂહ પાછો કાઢવો પડ્યો હોય તો બીજી નિરૂહબસ્તિ ન આપવી

નિરૂહબસ્તિના અયોગ, સમ્યગ્યોગ, અતિયોગના લક્ષણ

विरिक्तवच्च योगादीन्विद्यात्

નિરૂહબસ્તિ ઓછી લાગી હોય કે ન લાગી હોય, બરાબર લાગી હોય કે વધારે પડતી લાગી હોય તેના લક્ષણ અનુક્રમે સૂ. ૧૮/૩૮થી ૪૧કેમાં આપેલા વિરેચનના અયોગ, સમ્યગ્યોગ અને અતિયોગના લક્ષણ જેવા છે

નિરૂહબસ્તિ બરાબર લાગે પછી કરવાનું ભોજન

योगे तु भोजयेत् ॥५०॥
कोष्णेन वारिणा स्नात तनु धन्वरसौदनम् ।

નિરૂહનો સમ્યગ્યોગ થયો હોય એટલે સારી રીતે નિરૂહ અપાયો (લાગ્યો) હોય તો દરદીને કળ વળે એવા ઊના પાણીથી તેને નવરાવીને જાંગલ પ્રાણીઓના પાતળા માંસરસમાં મનાવેલો ભાત ખવરાવવો

ભોજન કરવાનું કારણ

विकारा ये निरूढस्य भवन्ति प्रचलैर्मलै ॥५१॥
ते सुखोष्णाम्बुसिक्तस्य यान्ति भुक्तवत शमम् ।

નિરૂહબસ્તિ આપવાથી મળો પોતાના સ્થાનમાંથી ચલાયમાન થવાથી જે વિકાર ઉત્પન્ન થાય છે તે સહેજ ઊના પાણીથી સ્નાન કરીને પછી ભોજન કરવાથી શાંત થાય છે (માટે નિરૂહ લાગ્યા પછી ગરમ સ્નાન અને ભોજનની જરૂર છે)

વાયુથી પીડાતાને અનુવાસનબસ્તિ આપવાનો કાળ

अथ वातार्दित भूय सद्य एवानुवासयेत् ॥५२॥

વાયુથી પીડિત માણસને નિરૂહબસ્તિની ક્રિયા પૂરી થયા પછી તરત જ અનુવાસન બસ્તિ આપવી, એટલે નિરૂહબસ્તિ બહાર નીકળી જાય પછી તરત જ તેને તે જ દિવસે અનુવાસનબસ્તિ આપવી

અનુવાસનના સમ્યગ્, હીન અને અતિયોગનું લક્ષણ

सम्यग्घीनातियोगाश्च तस्य स्यु स्नेहपीतवत् ।

જેને અનુવાસનબસ્તિ સારી રીતે અપાઈ

હોય તેને સારી રીતે સ્નેહપાન કરેલા માણસ જેવાં ચિહ્ન જણાય છે, હીનયોગમાં સ્નેહપાનના હીનયોગ જેવાં અને અતિયોગમાં સ્નેહપાનના અતિયોગ જેવાં ચિહ્ન જાણવાં. (લક્ષણો માટે જુઓ સૂ. ૧૬/૩૦, ૩૧.)

અનુવાસનનો સમ્યગ્યોગ થયો ક્યારે કહેવાય ?

किञ्चित्कालं स्थितो यश्च सपुरीषो निवर्तते ॥५३
सानुलोमानिलः स्नेहस्तत्सिद्धमनुवासनम् ।

જે અનુવાસન થોડોક વખત કોઠામાં રહીને ઝાડા સાથે તથા અનુલોમ થયેલા વાયુ સાથે પાછું નીકળે છે, તે અનુવાસનબસ્તિ સિદ્ધ થઈ છે એમ જાણવું.

દોષ પરત્વે અનુવાસનબસ્તિની સંખ્યા

एकं त्रीन् वा बलासे तु स्नेहबस्तीन् प्रकल्पयेत् ॥ ५४ ॥
पञ्च वा सप्त वा पित्ते, नवैकादश वाऽनिले ।
पुनस्ततोऽप्ययुग्मांस्तु पुनरास्थापनं ततः ॥५५॥

કફનો વિકાર હોય તો સ્નેહબસ્તિ એટલે અનુવાસનબસ્તિ એક અથવા ત્રણ આપવી; પિત્તનો વિકાર હોય તો પાંચ અથવા સાત આપવી; વાયુનો વિકાર હોય તો નવ અથવા અગિયાર આપવી; પછી એકી સંખ્યામાં સ્નેહબસ્તિઓ આપવી; એ પછી ફરીને આસ્થાપન-(નિરૂહ)બસ્તિ આપવી.

અનુવાસનબસ્તિવાળાનું ભોજન

कफपित्तानिलेष्वन्नं यूषक्षीररसैः क्रमात् ।

જેને અનુવાસનબસ્તિ આપી હોય તેને કફનો વિકાર હોય તો યૂષની સાથે, પિત્તનો વિકાર હોય તો દૂધની સાથે અને વાયુનો વિકાર હોય તો માંસરસની સાથે અન્ન ખાવાને આપવું.

વાયુના રોગમાં નિરૂહબસ્તિનાં ઔષધ અને સંખ્યા

वातघ्नौषधनिष्क्वाथत्रिवृतासैन्धवैर्युतः ॥ ५६ ॥
बस्तिरेकोऽनिले स्निग्धः स्वाद्वम्लोष्णो रसान्वितः ।

વાયુના રોગમા નિરૂહબસ્તિ આપવી હોય તો, વાયુને હણનારાં ઔષધ એટલે દશમૂળ વગેરેના કવાથમાં નસોતર તથા સિંધવ નાખીને તથા તેમાં સ્નેહ તથા ગળ્યા, ખાટા અને ખારા રસવાળાં દ્રવ્ય તથા માંસરસ નાખીને એક બસ્તિ આપવી તે હિતકર છે.

પિત્તમાં નિરૂહબસ્તિનાં ઔષધ અને સંખ્યા

न्यग्रोधादिगणक्वाथपद्मकादिसितायुतौ ॥५७॥
पित्ते स्वादुहिमौ साज्यक्षीरेक्षुरसमाक्षिकौ ।

પિત્તના વિકારમાં ન્યગ્રોધાદિ ગણમાં કહેલાં ઔષધોનો કવાથ કરીને તેમાં પદ્મકાદિ ગણનાં દ્રવ્યોનો કવાથ તથા સાકર મેળવીને તથા તેમાં ઘી, દૂધ, શેરડીનો રસ અને મધ નાખીને ગળી તથા ઠંડી કરીને બે બસ્તિ આપવી.

કફમાં નિરૂહબસ્તિનાં ઔષધ અને સંખ્યા

आरग्वधादिनिष्क्वाथवत्सकादियुतास्त्रयः ॥५८
रूक्षाः सक्षौद्रगोमूत्रास्तीक्ष्णोष्णकटुकाः कफे ।

કફના વિકારમાં આરગ્વધાદિ ગણમાં કહેલાં ઔષધોનો કવાથ તથા વત્સકાદિ ગણમાં કહેલાં ઔષધોનો કવાથ મેળવીને તેમાં મધ અને ગોમૂત્ર નાખીને લૂખી, તીક્ષ્ણ, ઉષ્ણ અને તીખી એવી ત્રણ બસ્તિ આપવી.

સન્નિપાતમાં નિરૂહબસ્તિ

त्रयस्ते सन्निपातेऽपि दोषान् घ्नन्ति यत. क्रमात् ॥ ५९ ॥

ત્રણ દોષ એકત્ર કોપ્યા હોય ત્યારે એટલે સન્નિપાતમાં પણ તે (શ્લોક ૫૬ થી ૫૮ની વાળી) ત્રણ બસ્તિ હિતકર છે; કેમ કે તે અનુક્રમે ત્રણે દોષને દૂર કરે છે.

ચોથી બસ્તિ ન આપવાનું કારણ

त्रिभ्यः परं बस्तिमतो नेच्छन्त्यन्ये चिकित्सकाः ।
न हि दोषश्चतुर्थोऽस्ति पुनर्दीयेत यं प्रति ॥६०

ત્રણ બસ્તિથી ત્રણ દોષ મટી જાય છે, અને ચોથો દોષ છે નહિ કે જેને માટે ચોથી બસ્તિ આપવામાં આવે; એટલા માટે ત્રણ કરતાં વિશેષ બસ્તિ આપવાનું બીજા કેટલાક વૈદ્યો ઇચ્છતા નથી.

બીજું કારણ

उत्क्लेशनं शुद्धिकरं दोषाणां शमनं क्रमात् ।
त्रिधैव कल्पयेद्बस्तिमित्यन्येऽपि प्रचक्षते ॥ ६१ ॥

બીજા કેટલાક વૈદ્યો એમ પણ કહે છે કે, દોષનુ ઉત્કલેશન કરવુ, તે દોષની શુદ્ધિ કરવી અને તે દોષને શમાવવા એ ત્રણ કર્મને માટે અનુક્રમે ત્રણ બસ્તિઓની યોજના કરવી ઘટે છે.

આવા મતમતાંતરમાં શું કરવું ?

दोषौषधादिबलतः सर्वमेतत्प्रमाणयेत् ।

દોષો, ઔષધ અને બળ ઉપરથી આ બધુ પ્રમાણરૂપ ગણવુ. (એટલે જે દોષો વધારે હોય, ઔષધ હળવું હોય અને રોગ તથા રોગીનું બળ વધારે હોય તો વધારે બસ્તિઓ આપવી, પણ જે દોષો ઓછા હોય, ઔષધ જલદ હોય અને રોગ તથા રોગીનું બળ ઓછુ હોય તો ઓછી બસ્તિઓ આપવી.)

નિરૂહબસ્તિ ક્યાં સુધી આપ્યા કરવી ?

सम्यङ्निरूढलिङ्गं तु नासम्प्राप्य निवर्तयेत् ॥

સારી રીતે નિરૂહબસ્તિનો યોગ ન થાય ત્યાંસુધી બસ્તિ આપવાનું બંધ રાખવુ નહિ, પણ ફરીફરીને પણ નિરૂહબસ્તિ આપવી.

કેટલી અને કઈ બસ્તિઓના ક્રમને 'કર્મ' કહેવાય ?

प्राक्स्नेह एकः पञ्चान्ते द्वादशास्थापनानि च ।
सान्वासनानि कर्मैवं बस्तयस्त्रिंशदीरिताः ॥६३

પહેલી એક સ્નેહબસ્તિ (અનુવાસનબસ્તિ), પછી વારાફરતી નિરૂહબસ્તિ અને અનુવાસન-બસ્તિ દરેક બારબાર (=એક નિરૂહબસ્તિ, એક અનુવાસનબસ્તિ, બીજી નિરૂહબસ્તિ, બીજી અનુવાસનબસ્તિ એ રીતે વારાફરતી આપેલી બાર નિરૂહ અને બાર અનુવાસન બસ્તિ), અને છેલ્લે પાંચ અનુવાસનબસ્તિ મળી કુલ ૩૦ બસ્તિના ક્રમ(અં. કોર્સ)ને 'કર્મ' કહે છે.

કેટલી અને કઈ બસ્તિઓના ક્રમને 'કાલ' કહેવાય ?

कालः पञ्चदशैकोऽत्र प्राक् स्नेहोऽन्ते त्रयस्तथा ।
षट् पञ्चबस्त्यन्तरिताः

પહેલી અનુવાસન, પછી વચ્ચે વચ્ચે પાંચ નિરૂહબસ્તિ આવે એવી છ અનુવાસનબસ્તિ, અને આખરે ત્રણ અનુવાસનબસ્તિ મળી કુલ ૧૫ બસ્તિના ક્રમ(અં. કોર્સ)ને 'કાલ' કહે છે. (આ ક્રમ પ્રમાણે અનુવાસન, અનુ-વાસન, નિરૂહ, અનુવાસન, નિરૂહ, અનુવાસન, નિરૂહ, અનુવાસન, નિરૂહ, અનુવાસન, નિરૂહ. અનુવાસન, અનુવાસન, અનુવાસન, અનુવાસન એ ક્રમમાં પંદર બસ્તિ અપાય છે.)

કેટલી અને કઈ બસ્તિના ક્રમને 'યોગ' કહેવાય ?

योगोऽष्टौ बस्तयोऽत्र तु ॥६४॥
त्रयो निरूहाः स्नेहाश्च स्नेहावाद्यन्तयोरुभौ ।

આઠ બસ્તિઓના ક્રમને 'યોગ' કહે છે. એમાં (એ યોગમા) ત્રણ નિરૂહ, ત્રણ અનુ-વાસન, સૌથી પહેલી એક અનુવાસનબસ્તિ અને સૌથી છેલ્લી એક અનુવાસનબસ્તિ મળી કુલ આઠ બસ્તિઓ હોય છે. (આઠ બસ્તિનો ક્રમ–અનુવાસન, નિરૂહ, અનુવાસન, નિરૂહ, અનુવાસન, નિરૂહ, અનુવાસન, અનુવાસન.)

એક જ જાતની બસ્તિ ન આપવાનુ કારણ

स्नेहबस्तिं निरूहं वा नैकमेवाति शीलयेत् ॥६५
उत्क्लेशाग्निवधौ स्नेहान्निरूहान्मरुतो भयम् ।

સ્નેહબસ્તિ અથવા નિરૂહબસ્તિ એકલી જ આપવી નહિ; કેમ કે એક જ જાતની બસ્તિનુ અતિશય સેવન કરવાથી વિકાર થાય છે. સ્નેહબસ્તિનુ અતિ સેવન કરવાથી ઉત્કલેશ થાય છે તથા જઠરાગ્નિ મંદ થાય છે અને નિરૂહબસ્તિનુ અતિશય સેવન કરવાથી વાયુ કોપવાનો ભય ઉત્પન્ન થાય છે.

બન્ને પ્રકારની બસ્તિની જરૂર

तस्मान्निरूढः स्नेह्यः स्यान्निरूह्यश्चानुवासितः ॥

માટે જેને નિરૂહબસ્તિ આપી હોય તેને અનુવાસનબસ્તિ આપવી જોઈએ, અને જેને અનુવાસનબસ્તિ આપી હોય તેને નિરૂહબસ્તિ આપવી જોઈએ.

અનુવાસન અને નિરૂહબસ્તિ વારાફરતી લેવાનું ફળ

स्नेहशोधनयुक्त्यैवं बस्तिकर्म त्रिदोषजित् ।

અનુવાસનબસ્તિથી સ્નેહન કરીને પછી નિરૂહબસ્તિથી શોધન કરવુ, પછી પાછુ અનુ-વાસનબસ્તિથી સ્નેહન કરવું, પછી પાછું

નિરૂહબસ્તિથી શોધન કરવું; એવી સ્નેહન અને શોધનની યુક્તિથી કરેલી બસ્તિની ક્રિયા ત્રણે દોષને મટાડે છે.

માત્રાબસ્તિ નામની અનુવાસનબસ્તિ

ह्रस्वया स्नेहपानस्य मात्रया योजितः समः ॥६७
मात्राबस्तिः स्मृतः स्नेहः

સૂ. ૧૬/૧૭, ૧૭ કે મા કહેલી સ્નેહપાનની હ્રસ્વ માત્રા જેટલો સ્નેહ અનુવાસનબસ્તિમા આપવામા આવે ત્યારે એને માત્રાબસ્તિ કહે છે.

માત્રાબસ્તિ કોણે અને ક્યારે લેવી ?

शीलनीयः सदा च सः ।
बालवृद्धाध्वभारस्त्रीव्यायामासक्तचिन्तकैः ॥६८॥
वातभग्नाबलाल्पाग्निनृपेश्वरसुखात्मभिः ।
दोषघ्नो निष्परीहारो बल्यः सृष्टमलः सुखः ॥६९॥

બાળક, વૃદ્ધ, બહુ ચાલનાર, બહુ સ્ત્રીસંભોગ કરનાર, રોજ કસરત કરનાર, ચિંતાતુર, વાયુથી પીડાતા, જેના હાડકા ભાગ્યા હોય એવા, નબળા, થોડા અગ્નિવાળા, રાજા, તવંગર અને સુખિયા લોકોએ એ માત્રાબસ્તિ લેવી; કેમ કે એ દોષનો નાશ કરનાર, પરિહારવિનાની, બળ આપનાર અને ઝાડો વગેરે મળને કાઢી નાખે એવી તથા ઉપદ્રવો ન કરે એવી છે.

ઉત્તરબસ્તિ કોને કયા રોગમાં આપવી ?

बस्तौ रोगेषु नारीणां योनिगर्भाशयेषु च ।
द्वित्रास्थापनशुद्धेभ्यो विदध्याद्वस्तिमुत्तरम् ॥७०

પુરુષોને મૂત્રાશય(અં. બ્લેડર)મા રોગ થાય ત્યારે અને સ્ત્રીઓને મૂત્રાશયમા, યોનિમા અને ગર્ભાશયમા રોગ થાય ત્યારે પહેલા બેત્રણ નિરૂહબસ્તિથી એમનુ શોધન કરીને પછી એમને ઉત્તરબસ્તિ આપવી. (ગુદાને બદલે ગુદાથી ઉત્તર એટલે ઊંચે રસ્તે એટલે મૂત્રેન્દ્રિયને રસ્તે બસ્તિ આપવામા આવે તેને ઉત્તરબસ્તિ કહે છે.)

પુરુષની ઉત્તરબસ્તિની નળીનું માપ

आतुराङ्गुलमानेन तन्नेत्रं द्वादशाङ्गुलम् ।
वृत्तं गोपुच्छवन्मूलमध्ययोः कृतकर्णिकम् ॥७१॥
सिद्धार्थकप्रवेशाग्रं श्लक्ष्णं हेमादिसम्भवम् ।
कुन्दाश्वमारसुमनःपुष्पवृन्तोपमं दृढम् ॥ ७२ ॥

ઉત્તરબસ્તિ આપવાને જે નળી જોઈએ તે રોગીનાં બાર આગળ લાંબી, ગાયના પૂંછડા જેવા આકારની તથા તેના મૂળમા (બસ્તિ તરફને છેડે) અને મધ્યમાં કર્ણિકા (વીંટી, અંગૂઠી) પહેરાવેલી જોઈએ. તેના અગ્રભાગમા (ગુદા તરફને છેડે) સરસવ પેસે એવુ છિદ્ર જોઈએ તથા તે નળી સોના વગેરે (શ્લોક ૯ વાળી) ધાતુની બનાવેલી જોઈએ. તે અતિશય લીસી તથા મોગરો, કરેણ અથવા ચમેલીના ફૂલના ડીંટા તરફની નળીના જેવી અને મજબૂત જોઈએ. (એ નળી પુરુષને ઉપયોગી છે એમ જાણવુ; કેમ કે સ્ત્રીઓને દશ આગળ લાંબી તથા મગ પેસે એવા છિદ્રવાળી જોઈએ વગેરે આગળ કહેવાશે.)

ઉત્તરબસ્તિની માત્રા

तस्य बस्तिर्मृदुलघुर्मात्रा शुक्तिर्विकल्प्य वा ।

તે નળીને ઉપલે છેડે પોચુ અને હલકુ શ્લોક ૧૫ કે મા કહેલા પ્રાણીઓનુ મૂત્રાશય બાંધવુ. તેમા ભરવાના સ્નેહનુ માપ બે તોલા રાખવુ અથવા રોગીના બળ, ઉંમર, દેહ, સત્ત્વ, સાત્મ્ય વગેરે જોઈને સ્નેહનુ માપ નક્કી કરવુ.

પુરુષને ઉત્તરબસ્તિ આપવાની રીત

अथ स्नाताशितस्यास्य स्नेहबस्ति विधानतः ॥७३
ऋजोः सुखोपविष्टस्य पीठे जानुसमे मृदौ ।
हृष्टे मेढ्रे स्थिते चर्जौ शनैः स्रोतोविशुद्धये ॥७४॥
सूक्ष्मां शलाकां प्रणयेत्तया शुद्धेऽनुसेवनि ।
आमेहनान्तं नेत्रं च निष्कम्पं गुदवत्तत ॥ ७५ ॥
पीडितेऽन्तर्गते स्नेहे स्नेहबस्तिक्रमो हितः ।

પાઠ, પૂજા, પ્રાર્થના વગેરે મંગલ કર્મ કરીને, નાહીને, અનુવાસનબસ્તિમા (શ્લોક ૨૧ કે, ૨૨ મા) કહ્યા પ્રમાણે ખાઈને, ઢીંચણ જેટલા ઊંચા, પોચા આસન પર ટટાર પણ અઢેલીને જ્યારે દરદી બેસે ત્યારે તેની મૂત્રેન્દ્રિય ટટાર થાય (ઉત્થાન થાય) એટલે એ મૂત્રેન્દ્રિયને ઊંચી કરીને (આડીઅવળી કે લબડતી રાખીને નહિ) સ્રોતને અંદરથી સાફ કરવા માટે ધીમેધીમે પાતળી (પણ બુઠ્ઠી) સળી

મૂત્રેન્દ્રિયમાં ધીમેધીમે આગળ ને આગળ સરકાવવી. પછી સળીથી મૂત્રેન્દ્રિયનો અંદરનો માર્ગ સાફ થાય એટલે (સળી કાઢી લઈને) મૂત્રેન્દ્રિયના નીચેના ભાગમાં જે શીવણી (ચામડી જાણે ઓટી લીધી હોય એવો ચામડીના ઓટણ જેવો આકાર) હોય છે તે શીવણીને રસ્તે રસ્તે મૂત્રેન્દ્રિયમાં (મૂત્રેન્દ્રિયના કાણામાં) મૂત્રેન્દ્રિયના છેડા સુધી (એટલે લગભગ છ આંગળ જેટલી) નળી શ્લોક ૨૪, ૨૫માં ગુદામાં નળી સરકાવવાની બાબતમા જે સૂચના પાળવાની છે તે બરાબર પાળીને, હાથ ધ્રૂજે નહિ એ રીતે ધીમેધીમે સરકાવવી. પછી બસ્તિમા ભરેલો સ્નેહ બસ્તિ દબાવીને મૂત્રેન્દ્રિયમા ચડાવી દેવાયા પછી શ્લોક ૨૬૬થી શરૂ થતા અનુવાસનબસ્તિના ક્રમ પ્રમાણે કરવુ એ હિતકારક છે.

બસ્તિની સંખ્યા

वस्तीननेन विधिना दद्यात्रींश्चतुरोऽपि वा ॥ ७६ ॥
अनुवासनवच्छेषं सर्वमेवास्य चिन्तयेत् ।

આ રીતે ત્રણ કે ચાર પણ ઉત્તરબસ્તિઓ આપવી. આ ઉત્તરબસ્તિની બાબતમા જે વિગતો ઉપર કહી નથી તે વિગતો (જે કહેવાનુ બાકી રહ્યું છે તે બધુ) અનુવાસનબસ્તિ પ્રમાણે સમજી લેવુ.

સ્ત્રીઓને ઉત્તરબસ્તિ

स्त्रीणामार्तवकाले तु योनिर्गृह्णात्यपावृतेः ॥७७॥
विदधीत तदा तस्मादनृतावपि चात्यये ।
योनिविभ्रंशशूलेषु योनिव्यापदसृग्दरे ॥ ७८ ॥

શા. ૧/૨૬માં કહેલા સ્ત્રીઓના ઋતુકાળમા યોનિ ઉઘાડી રહેતી હોવાથી ઉત્તરબસ્તિનો સ્નેહ યોનિ લઈ શકે છે, માટે સ્ત્રીઓને તે વખતે ઉત્તરબસ્તિ આપવી; પણ યોનિવિભ્રંશ, યોનિમા શૂળ આવે, યોનિવ્યાપદ્, લોહીવા, એવા ગંભીર (કટોકટીના) રોગોમાં ઋતુકાળ સિવાય પણ સ્ત્રીઓને ઉત્તરબસ્તિ આપવી.

સ્ત્રીઓને આપવાની ઉત્તરબસ્તિની નળીનું માપ

नेत्रं दशाङ्गुलं मुद्गप्रवेशं चतुरङ्गुलम् ।
अपत्यमार्गे योज्यं स्याद् द्व्यङ्गुलं मूत्रवर्त्मनि ॥७९
मूत्रकृच्छ्रविकारेषु, बालानां त्वेकमङ्गुलम् ।

સ્ત્રીઓની ઉત્તરબસ્તિની નળી દશ આંગળ લાંબી અને એના અગ્ર ભાગનું (યોનિ તરફના છેડાનુ) છિદ્ર મગનો દાણો પેસી શકે એવડુ રાખવુ. (બીજાં બધાં માપ અને આકાર પુરુષની ઉત્તરબસ્તિ જેવાં રાખવાં. પણ સ્ત્રીની બાબતમાં મોગરો વગેરે ફૂલના ડીંટાનુ માપ બરાબર નથી. એને ઠેકાણે સ્ત્રીના મૂત્રમાર્ગના ઘેરાવા જેટલો ઘેરાવો રાખવો. સ્ત્રીનો મૂત્રમાર્ગ અને બાળક અવતરવાનો માર્ગ જુદા જુદા હોય છે તે ધ્યાનમા રાખવુ.) ઉત્તરબસ્તિની નળી સ્ત્રીની યોનિના બાળક અવતરવાના માર્ગમાં ચાર આગળ દાખલ કરવી. (આ સૂચના ઉપરથી એવુ સમજી લેવુ કે નળીને યોનિ તરફને છેડે ચાર આગળ જગા છોડીને પછી અંગૂઠી (વીંટી) પહેરાવવી, કે જેથી ચાર આંગળથી વધારે નળી યોનિમાં જતી ન રહે.) પણ મૂત્રકૃચ્છ્રના રોગોમા મોટી સ્ત્રીને મૂત્રમાર્ગમાં બે આગળ નળી ચડાવવી (અને નળી વધારે ન ચડી જાય તે માટે નળીને યોનિ તરફને છેડે બે આગળ જગા છોડીને નળીને અંગૂઠી પહેરાવવી) પણ નાની છોકરીને મૂત્રકૃચ્છ્રના રોગોમાં યોનિમા એક આંગળ નળી ચડાવવી (અને નળી વધારે ન ચડી જાય ને માટે નળીને યોનિ તરફને છેડે એક આંગળ જગા છોડીને નળીને વીંટી પહેરાવવી.)

સ્ત્રીઓને ઉત્તરબસ્તિની માત્રા

प्रकुञ्चो मध्यमा मात्रा, बालानां शुक्तिरेव तु ॥८०

સ્ત્રીઓને ઉત્તરબસ્તિમા આપવાના સ્નેહનું મધ્યમ (સાધારણ) માપ ચાર તોલા છે, પણ નાની છોકરીઓને આપવાની ઉત્તરબસ્તિના સ્નેહનુ માપ બે તોલા છે.

સ્ત્રીઓને ઉત્તરબસ્તિ આપવાનો વિધિ

उत्तानायाः शयानायाः
सम्यक् सङ्कोच्य सक्थिनी ।
ऊर्ध्वजान्वास्त्रिचतुरानहोरात्रेण योजयेत् ॥८१॥
वस्तींस्त्रिरात्रमेवं च स्नेहमात्रां विवर्धयन् ।
त्र्यहमेव च विश्रम्य प्रणिदध्यात्पुनस्त्र्यहम् ॥८२॥

બન્ને સક્થિને (પગને) બરાબર સંકો-

ચીને (=ઢીંચણ ઊભાં રહે એ રીતે) ચત્તી સુવાડીને સ્ત્રીને એક રાતદિવસમાં ત્રણચાર ઉત્તર બસ્તિ આપવી. (છોકરી માટે રોજ અડધો તોલો અને મોટી સ્ત્રી માટે રોજ એક તોલો એ રીતે) સ્નેહનું માપ વધારતા જઈને ઉપર કહ્યા પ્રમાણે ત્રણ દિવસ સુધી રોજ ઉત્તર બસ્તિ આપવી. પછી ત્રણ દિવસ રોકાઈ જઈને વળી પાછી બીજા ત્રણ દિવસ સુધી ઉત્તર બસ્તિ આપવી.

(આ શ્લોકમાં આપેલી ઉત્તર બસ્તિની રોજની સંખ્યા, સ્નેહનું વધારવાનું માપ, કેટલા દિવસ લાગટ ઉત્તર બસ્તિ આપવી, કેટલા દિવસ રોકાઈ જવું અને પછી પાછી કેટલા દિવસ આપવી એ હકીકત પુરુષોને આપવાની ઉત્તર બસ્તિને પણ લાગુ પાડવાની છે.)

વમન, વિરેચન વગેરે શુદ્ધિ વચ્ચે કેટલા દિવસનું અંતર રાખવું જોઈએ ?

पक्षाद्विरेको वमिते ततः पक्षान्निरूहणम् ।
सद्यो निरूढश्चान्वास्यः सप्तरात्राद्विरेचितः ॥८३॥

જેને વમન કરાવ્યું હોય તેને ત્યાર પછી એક પખવાડિયે વિરેચન આપવું. ત્યાર પછી એક પખવાડિયે નિરૂહ બસ્તિ આપવી. નિરૂહ બસ્તિ આપ્યા પછી તરત જ અનુવાસન બસ્તિ આપવી. (આ તો વમન, વિરેચન, નિરૂહ બસ્તિ અને અનુવાસન બસ્તિના ક્રમમાં દરેક વચ્ચે કેટલું અંતર રહેવું જોઈએ તે કહ્યું, પણ જો વિરેચન પછી નિરૂહ બસ્તિ આપવાની ન હોય પણ અનુવાસન બસ્તિ આપવાની હોય તો) વિરેચન કરાવ્યા પછી સાત દિવસ રહીને અનુવાસન બસ્તિ આપવી.

બસ્તિનું પ્રયોજન

यथा कुसुम्भादियुतात्तोयाद्रागं हरेत्पटः ।
तथा द्रवीकृताद्देहाद्बस्तिर्निर्हरते मलान् ॥ ८४ ॥

(કોઈ કહેશે કે બસ્તિ મળને જ કેમ બહાર કાઢે છે? મળની સાથે ધાતુને પણ કેમ બહાર નહિ કાઢતી હોય? તેનો જવાબ એમ છે, કે) જેમ કસૂંબો, કેસર વગેરે પાણીમાં નાખીને તેમાં વસ્ત્ર બોળ્યું હોય, તો તે વસ્ત્રને ફક્ત રંગ જ લાગે છે પણ કસૂંબો કે કેસર વગેરે લાગતું નથી (વસ્ત્ર રંગ જ પકડી લે છે પણ કસૂંબો અને કેસર એમ ને એમ રહે છે) તેમ દેહમાંના દ્રવરૂપ કરેલા ધાતુઓ અને મળમાંથી બસ્તિ મળને જ બહાર કાઢે છે (ધાતુઓને શરીરમાં રહેવા દે છે).

બસ્તિ અડધોઅડધ કે આખી ચિકિત્સા હોવાનું કારણ

शाखागताः कोष्ठगताश्च रोगा
मर्मोर्ध्वसर्वावयवाङ्गजाश्च ।
ये सन्ति तेषां न तु कश्चिदन्यो
वायोः परं जन्मनि हेतुरस्ति ॥८५॥
विट्श्लेष्मपित्तादिमलोच्चयानां
विक्षेपसंहारकरः स यस्मात् ।
तस्यातिवृद्धस्य शमाय नान्य-
द्बस्तेर्विना भेषजमस्ति किञ्चित् ॥८६॥
तस्माच्चिकित्सार्ध इति प्रदिष्टः
कृत्स्ना चिकित्साऽपि च बस्तिरेकैः ।

(બંને હાથ તથા બંને પગને શાખાઓ કહે છે.) એ શાખાઓમાં થયેલા રોગ તથા કોઠા-(મહાસ્રોત)માં થયેલા રોગ તથા મર્મસ્થાનમાં થયેલા રોગ તથા ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં થયેલા સર્વ રોગ, ધોળો કોઢ વગેરે અમુક અવયવમાં થતા રોગ, આખા શરીરમા થનારા તાવ વગેરે રોગ, એ સર્વે રોગની ઉત્પત્તિ થવામાં વાયુ કરતા બીજું કોઈ મોટું કારણ નથી.

ઝાડો, કફ, પિત્ત વગેરે મળના સંચયનો, વિક્ષેપ અને સંહાર કરનાર (છૂટા કરી પ્રસરાવનાર તથા એકત્ર કરનાર) વાયુ છે અને વાયુ જ્યારે અતિશય વૃદ્ધિ પામે છે, ત્યારે તેને શમાવવાને બસ્તિ વિના બીજું કોઈ ઔષધ નથી. (સ્નેહ, સ્વેદ વગેરે છે ખરા પણ બસ્તિ જેવાં તે સમર્થ નથી, માટે તેમની ગણના કરવામાં આવી નથી; અને તેથી બસ્તિ એ જ મુખ્ય ઔષધ છે.) રોગના મુખ્ય કારણરૂપ વાયુનું બસ્તિ શમન કરે છે, માટે કેટલાક આચાર્યો બસ્તિને 'અડધોઅડધ ચિકિત્સા' કહે છે, એટલે એક બાજુ બીજી સઘળી ચિકિત્સાઓ અને એક બાજુએ એકલો બસ્તિવિધિ, એ બે

સમાન છે એવું કહે છે. તેમ કેટલાક આચાર્યો તો એમ પણ કહે છે કે બસ્તિ આખી ચિકિત્સા છે, (કારણ કે બસ્તિ આપવાથી પિત્ત, કફ અને ઝાડા સાથે પવન સમૂળગો બહાર નીકળે છે).

ફસ ખોલવાનું મહત્ત્વ

तथा निजागन्तुविकारकारि-
रक्तौपघत्वेन शिराव्यधोऽपि ॥८७॥

વાયુ વગેરેથી થતા નિજ રોગો અને ઝેર, દાઝવું વગેરે કારણોથી થતા આગંતુ રોગો એ બંને પ્રકારના રોગો કરનાર લોહીના ઔષધ-રૂપ ફસ ખોલીને લોહી કાઢવાની ક્રિયા છે, તેથી ફસ ખોલીને લોહી કાઢવાની ક્રિયા રતવા, ગડગૂમડ વગેરે લોહીબગાડના અનેક રોગોનું શમન કરી શકતી હોવાથી શિરાવ્યધ (ફસ ખોલીને લોહી કાઢવાની ક્રિયા) અડધોઅડધ ચિકિત્સા જેવી છે. વળી જે રોગો ઠંડા, ગરમ, સ્નિગ્ધ, લૂખા વગેરે ઉપચારોથી મટ્યા ન હોય તે રોગો પણ ફસ ખોલીને લોહી કાઢવાથી મટી શકે છે માટે શિરાવ્યધ એ આખી ચિકિત્સા છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने बस्तिविधिर्नाम-
मैकोनविंशतितमोऽध्यायः ॥ १९ ॥

અધ્યાય ૨૦ મો

अथातो नस्यविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

(અત્યારસુધીમાં વમન, વિરેચન, અનુવાસન, નિરૂહ(અને ઉત્તર બસ્તિ)નું નિરૂપણ કર્યું; હવે હાંસડીના ઉપરના ભાગના શોધનના કર્મનું નિરૂપણ કરીને 'પંચ કર્મ' કહેવાનું કામ પૂરું કરશે; તેથી અધ્યાયનો આરંભ કરતાં તંત્રકાર કહે છે કે,) હવે નસ્યવિધિનો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ક્યા રોગમાં અને શા માટે નસ્યની જરૂર?

ऊर्ध्वजत्रुविकारेषु विशेषान्नस्यमिष्यते ।
नासा हि शिरसो द्वारं तेन तद्व्याप्य
हन्ति तान् ॥ १ ॥

(છાતી અને ખભાના સાંધા(ગળાની હાંસડી)ને 'જત્રુ' કહે છે. તે હાંસડીથી ઉપરના ભાગને ઊર્ધ્વજત્રુ કહેવાય છે. (હાંસડીથી ઉપરના ભાગમાં જે વિકાર થાય છે તેમાં ખાસ કરીને નસ્ય આપવું જોઈએ; (વમન, શિરાવ્યધ વગેરે ઉપચાર પણ કરી શકાય છે છતાં નસ્ય ખાસ આપવું જોઈએ) કેમ કે નાક એ માથાનું દ્વાર છે, માટે તે રસ્તે આપેલું ઔષધ નસકોરાં વાટે ઊંચે આંખ, ગળું વગેરેની શિરાઓમાં દાખલ થઈને માથામાં પ્રસરી જઈને હાંસડીથી ઉપરના ભાગના રોગોનો નાશ કરે છે.

નસ્યના પ્રકાર

विरेचनं बृंहणं च शमनं च त्रिधाऽपि तत् ।

નસ્ય વિરેચન, બૃંહણ અને શમન, એ ત્રણ પ્રકારનું છે.

વિરેચન નસ્ય ક્યા રોગોમાં અપાય?

विरेचनं शिरःशूलजाड्यस्यन्दगलामये ॥ २ ॥
शोफगण्डकृमिग्रन्थिकुष्ठापस्मारपीनसे ।

માથાનું શૂળ, જડતા, આંખ આવી હોય, ગળાના રોગ, સોજો, ગંડરોગ, કૃમિ, રસોળી, કુષ્ઠ, વાઈ અને સળેખમ–એ રોગમાં વિરેચન નસ્ય હિતકર છે. (જો કે વાઈ હાંસડીથી ઉપરના ભાગનો રોગ નથી છતાં તે વિરેચન નસ્યથી મટે છે; તેમ બીજા પણ કેટલાક રોગ જે હાંસડીથી ઉપરના ભાગના રોગ નથી હોતા તે પણ વિરેચન નસ્યથી મટે છે. વળી પ્રસેક, મોંનો સ્વાદ બગડી જાય, ગંધનું જ્ઞાન ન થવું વગેરે રોગ પણ વિરેચન નસ્યથી મટે છે.)

બૃંહણ નસ્ય ક્યા રોગોમાં અપાય?

बृंहणं वातजे शूले सूर्यावर्ते स्वरक्षये ॥ ३ ॥
नासास्यशोषे वाक्सङ्गे कृच्छ्रबोधेऽवबाहुके ।

વાયુથી ઉત્પન્ન થયેલા શૂળમાં, સૂર્યાવર્ત રોગમાં, સ્વરક્ષય એટલે સાદ બેસી ગયો હોય તે રોગમાં, નાક કે મોં સુકાઈ જવાના રોગમાં, તોતડાપણાના રોગમાં, કૃચ્છ્રોન્મીલ રોગમાં તથા અવબાહુક નામે વાતરોગમાં બૃંહણ નસ્ય હિતકર છે.

શમન નસ્ય કયા રોગોમાં અપાય?

शमनं नीलिकाव्यङ्गकेशदोषाक्षिराजिषु ॥ ४ ॥

નીલિકા, વ્યંગ, વાળ ખરી પડે, આંખમાં લિસોટાલિસોટા જેવી શિરાઓ તરી આવે, એટલા રોગોમાં શમન નસ્ય હિતકર છે.

વિરેચન નસ્યનાં દ્રવ્ય

यथास्वं यौगिकैः स्नेहैर्यथास्वं च प्रसाधितैः ।
कल्कक्वाथादिभिश्चाद्यं मधुसिन्धुवासवैरपि ॥ ५ ॥

(૧) જે સ્નેહ જે દોષને યોગ્ય હોય તે સ્નેહથી, (૨) જે ઔષધ જે દોષને યોગ્ય હોય તે ઔષધના કલ્ક, ક્વાથ વગેરેમાંથી જે યોગ્ય હોય તેનાથી સિદ્ધ કરેલા સરસિયા જેવા યોગ માટે લાયક સ્નેહોથી તથા (૩) મધ, સિંધવ અને આસવથી પણ પહેલું એટલે વિરેચન નસ્ય અપાય છે.

બૃંહણ અને શમન નસ્યનાં દ્રવ્યો

बृंहणं धन्वमांसोत्थरसासृक्खपुरैरपि ।
शमनं योजयेत्पूर्वैः क्षीरेण सलिलेन वा ॥ ६ ॥

જાંગલ પ્રદેશનાં પ્રાણીઓના માંસરસ અને લોહીથી, શલ્લકીના ગુંદર જેવા બૃંહણ કરે એવા ગુંદરોથી અને બૃંહણ દ્રવ્યો વડે સિદ્ધ કરેલા ઘી જેવાં બૃંહણ સ્નેહથી બૃંહણ નસ્ય આપવું. શમન નસ્ય ઉપર શ્લોક પહેલાં કહ્યાં તે 'જાંગલ પ્રદેશનાં પ્રાણીઓના માંસરસ' વગેરે દ્રવ્યોથી, દૂધથી કે પાણીથી આપવુ.

મર્શ, પ્રતિમર્શ, અવપીડ, શિરોવિરેચન અને પ્રધમન નસ્યો

मर्शश्च प्रतिमर्शश्च द्विधा स्नेहोऽत्र मात्रया ।
कल्काद्यैरवपीडस्तु स तीक्ष्णैर्मूर्धरेचनः ॥ ७ ॥
ध्मानं विरेचनश्चूर्णो

એમાં મર્શ અને પ્રતિમર્શ એ નસ્યના બે પ્રકાર નસ્યમાં આપવાના સ્નેહના માપને ધોરણે પાડવામાં આવે છે (સ્નેહનુ નસ્ય આપવાનું હોય તેમાં સ્નેહ પુષ્કળ હોય તો તો મર્શ નસ્ય અને સ્નેહ થોડો હોય તો તે પ્રતિમર્શ નસ્ય કહેવાય છે). કલ્ક, ક્વાથ, સ્વરસ વગેરેનું નસ્ય આપવાનુ હોય ત્યારે મૃદુ દ્રવ્યોના કલ્ક, ક્વાથ, સ્વરસ વગેરેથી અપાતા નસ્યને અવપીડ નસ્ય કહે છે અને તીક્ષ્ણ દ્રવ્યોના કલ્ક, ક્વાથ, સ્વરસ વગેરેથી અપાતા નસ્યને મૂર્ધવિરેચન (શિરોવિરેચન) નસ્ય કહે છે. નસકોરામાં મરી વગેરેના વસ્ત્રગાળ ચૂર્ણને ફૂંકીને હાંસડીથી ઉપરના ભાગમાંથી દોષોને બહાર કાઢી નાખવા આપેલા વિરેચન નસ્યને ધ્માન (પ્રધ્માન, પ્રધમન) નસ્ય કહે છે.

પ્રધ્માન (=પ્રધમન, ધ્માન) નસ્યનું યંત્ર

युञ्ज्यात्तं मुखवायुना ।
षडङ्गुलद्विमुखया नाड्या भेषजगर्भया ॥ ८ ॥
स हि भूरितरं दोषं चूर्णत्वादपकर्षति ।

તે ચૂર્ણ નાકમાર્ગે દાખલ કરવા માટે એક નળી (ભૂંગળી) કરવી. તે છ આંગળ લાંબી રાખવી તથા તેને બે મોઢાં રાખવાં (એટલે બે છેડે ખુલ્લી રાખવી). તેમાં ચૂર્ણ ભરીને તે રોગીના નસકોરા આગળ રાખીને મુખના વાયુ વડે ફૂંક મારવી એટલે ઔષધ માથામાં જશે અને તે ચૂર્ણ હોવાને લીધે પુષ્કળ દોષને ખેંચી કાઢશે. (ક્વાથ, રસ વગેરે ચૂર્ણની માફક દોષોને ચૂસી શકે નહિ. તેથી ચૂર્ણથી વધારે પ્રમાણમાં દોષો બહાર નીકળે.)

મર્શ, અવપીડ અને શિરોવિરેચન નસ્યનું માપ

प्रदेशिन्यङ्गुलीपर्वद्वयान्मग्नसमुद्धृतात् ॥ ९ ॥
यावत्पतत्यसौ बिन्दुर्दशाष्टौ षट् क्रमेण ते ।
मर्शस्योत्कृष्टमध्योना मात्रास्ता एव च क्रमात् ॥
बिन्दुद्वयोनाः कल्कादेः

અંગૂઠાની પાસેની પહેલી આંગળી જેને તર્જની કે પ્રદેશિની કહે છે, તેના ત્રણ વેઢામાંથી છેલ્લા બે વેઢા (પર્વ) સ્નેહમાં બોળીને તરત કાઢી લઈ તેનાં ટીપાં પડવા દેવાં. તેમાંનુ જે એક પ્રથમ ટીપું પડે તેને 'બિંદુ' કહેવું. એવાં દશ બિંદુ એ મર્શસ્નેહની ઉત્તમ માત્રા (માપ) જાણવી; આઠ બિંદુ એ મર્શસ્નેહની મધ્યમ માત્રા જાણવી; અને છ બિંદુ એ મર્શસ્નેહની કનિષ્ઠ (ઓછામાં ઓછી) માત્રા જાણવી. તેમાંથી જ બે બિંદુ કમી કરતા જઈએ તો કલ્ક, (ક્વાથ, સ્વરસ) વગેરેથી અપાતા અવપીડ અને શિરોવિરેચન નસ્યની ઉત્તમ, મધ્યમ

અને કનિષ્ઠ (હીન) માત્રા અનુક્રમે જાણવી; એટલે આઠ બિંદુ ઉત્તમ માત્રા, છ બિંદુ મધ્યમ માત્રા અને ચાર બિંદુ એ કનિષ્ઠ માત્રા જાણવી.

નસ્ય કોને ન આપવું?

योजयेन्न तु नावनम्।
तोयमद्यगरस्नेहपीतानां पातुमिच्छताम् ॥ ११ ॥
भुक्तभक्तशिरःस्नातस्नातुकामस्रुतासृजाम्।
नवपीनसवेगार्तसूतिकाश्वासकासिनाम् ॥ १२ ॥
शुद्धानां दत्तवस्तीनां तथाऽनार्तवदुर्दिने।
अन्यत्रात्ययिकाद्व्याधेः

જેણે પાણી, દારૂ, ગર કે સ્નેહ પીધો હોય કે જે પાણી, દારૂ, ગર કે સ્નેહ પીવા માગતો હોય તેને, જમેલાને, માથાબોળ નાહેલાને, માથાબોળ નાહવા માગતો હોય તેને, જેની ફસ ખોલીને લોહી કાઢયું હોય તેને, કાચા સળેખમવાળાને, તેર વેગમાથી કોઈ વેગની હાજત જેને થઈ હોય તેને, સુવાવડીને, દમવાળાને, ઉધરસવાળાને, વમન કે વિરેચનથી શુદ્ધ થયેલાને, જેને બસ્તિ આપી હોય તેને અને વર્ષાઋતુ ન હોવા છતાં આકાશ વાદળાથી ઘેરાયુ હોય ત્યારે નસ્ય આપવુ નહિ. પણ જો રોગ એવો હોય અથવા રોગ એવી અવસ્થામા હોય કે નસ્ય ન આપવાથી દરદીની હાલત ગંભીર થઈ જાય તો એવા કટોકટીના રોગમાં ઉપર જેમને નસ્ય ન આપવાનુ કહ્યુ છે તેમને પણ નસ્ય આપવુ.

જેમણે જળ વગેરેનું પાન કરેલુ છે અથવા જેઓ જળ વગેરે પીવા ઇચ્છે છે, તેમને નસ્ય આપ્યુ હોય તો નાક તથા મોં ગળ્યા કરે છે અને લપેડાયેલાં રહે છે તથો તિમિર અને માથાના રોગ થાય છે. ભોજન કરેલા માણસને નસ્ય આપવાથી તેના દોષ ઉપલા ભાગનાં સ્રોતને રોકીને ઊલટી, દમ, ઉધરસ અને સળેખમ પેદા કરે છે. માથે તેલ ચોળેલા માણસને નસ્ય આપવાથી માથામા શૂળ, આખમાં શૂળ, કાનમાં શૂળ, ગળાના રોગ, સળેખમ, હનુસ્તંભ, મન્યાસ્તંભ, અર્દિતવાયુ અને શિરઃકંપ, એ રોગ થાય છે. માથાબોળ નાહેલા અને નાહવાની ઇચ્છાવાળાને નસ્ય આપવાથી દોષ તેના માથામાં જડ થઈને જડતા, અરુચિ અને સળેખમ પેદા કરે છે; લોહી કાઢેલા મનુષ્યને નસ્ય આપવાથી કૃશતા, અરુચિ અને મંદાગ્નિ થાય છે; નવુ (કાચુ) સળેખમ થયેલુ હોય તેને નસ્ય આપવાથી તેનાં સ્રોતો બંધ થઈ જવાથી સળેખમ બગડે છે અને કૃમિરોગ, ખણુજ અને ખરજવું નામે રોગ થાય છે. ઝાડો, પેશાબ, વગેરે વેગ આવ્યો હોય તે વખતે મનુષ્યને નસ્ય આપવાથી, વેગને રોકી રાખવાથી જે રોગ થાય છે તે રોગ મોટા પ્રમાણમાં થાય છે. સુવાવડીને નસ્ય આપવાથી લોહી કાઢેલાને જે રોગ થાય છે તે રોગ થાય છે. દમ અને ઉધરસવાળાને નસ્ય આપવાથી દમ અને ઉધરસ વધી પડે છે. વમન–વિરેચનથી જેમની શુદ્ધિ કરી હોય તેમને નસ્ય આપવાથી દમ, ઉધરસ, સ્વરભંગ, ઇંદ્રિયોની શક્તિનો નાશ, માથું ભારે થઈ જાય, કૃમિરોગ અને ખણુજ એ રોગ થાય છે. જેમને બસ્તિ આપેલી હોય તેમના સ્રોતો ખુલ્લા હોવાથી એમને નસ્ય આપવાથી નસ્ય વધારેપડતુ પ્રસરી જવાથી દમ અને ઉધરસ વગેરે થાય છે. વર્ષાઋતુ સિવાય કવખતે વાદળાંથી આકાશ ઘેરાયુ હોય તે વખતે નસ્ય લેવાથી એકાએક માથું દુખે છે તથા કંપ, જડતા, તાલુપાક, નેત્રપાક, ખણુજ, મન્યાસ્તંભ, કંઠરોગ, સળેખમ અને અરૂંષિકા નામે ફોલ્લીઓ થવાનો રોગ થાય છે. એ પ્રમાણે જ્યારે અયોગ્ય માણસને નસ્ય આપવાથી રોગ ઉત્પન્ન થાય ત્યારે જે દોષનુ જે સ્થાન હોય તેનો વિચાર કરીને તથા દોષની વૃદ્ધિનું પ્રમાણ જોઈને યોગ્ય રીતે સ્નેહ, સ્વેદ, શિરોવિરેચન, મુખાલેપ, સેક, તીક્ષ્ણ અવપીડ નસ્ય, ધૂમપાન, ગંડૂષ વગેરે વિધિમાંથી જે ઠેકાણે જે કરવા જેવુ હોય તે કરવુ.

નસ્ય કોણે ક્યારે લેવું?

अथ नस्यं प्रयोजयेत् ॥ १३ ॥
प्रातः श्लेष्मणि, मध्याह्ने पित्ते, सायंनिशोश्चले।
स्वस्थवृत्ते तु पूर्वाह्णे शरत्कालवसन्तयोः ॥ १४ ॥

शीते मध्यंदिने, ग्रीष्मे सायं वर्षासु सातपे ।
वाताभिभूते शिरसि हिध्मायामपतानके ॥१५॥
मन्यास्तम्भे स्वरभ्रंशे सायंप्रातर्दिनेदिने ।
एकाहान्तरमन्यत्र

કફનો રોગ હોય તો સવારમાં નસ્ય આપવું; પિત્તના રોગમાં બપોરે નસ્ય આપવું; વાયુના રોગમાં સાયંકાળે અને રાતે નસ્ય આપવું. (સંગ્રહમાં વિશેષ કહ્યું છે કે, મુખમાંથી લાળ નીકળતી હોય, ઊંઘમાં લવારો થતો હોય, દાંત કટકટાવતો (ખખડાવતો) હોય, કૃચ્છ્રોન્મીલ રોગ થયો હોય, મુખમાંથી દુર્ગંધ નીકળતી હોય, કાનમાં અવાજ થયા કરતો હોય, અડદિયો વા નામે રોગ થયો હોય, માથાના રોગ થયા હોય, દમ થયો હોય, ઉધરસ થઈ હોય, કે ઊંઘ ન આવતી હોય તો રાતે નસ્ય આપવું.)

સાજા માણસે નસ્ય લેવું હોય તો શરદ અને વસંતઋતુમાં સવારે નસ્ય લેવું; શિયાળામાં બપોરે નસ્ય લેવું; ઉનાળામાં સાંજે નસ્ય લેવું; અને વર્ષાઋતુમાં સૂર્યનો તડકો હોય ત્યારે નસ્ય લેવુ. માથામાં વાયુ ભરાઈ ગયો હોય, તેમ જ હેડકી, અપતાનક, મન્યાસ્તંભ અને સ્વરભંગ–એ રોગ થયા હોય તો દરરોજ સવારે અને સાંજે બે વાર નસ્ય લેવું. એ સિવાય બીજા રોગોમાં એક દિવસને અંતરે તે તે દોષના પ્રકોપના સમયે નસ્ય લેવું.

નસ્ય કેટલી મુદત સુધી લેવું?

सप्ताहं च तदाचरेत् ॥ १६ ॥

એક અઠવાડિયા કરતાં (સાત દિવસ કરતાં) વધારે નસ્ય કોઈ પણ રોગમાં લેવું નહિ.

નસ્ય આપવાનો વિધિ

स्निग्धस्विन्नोत्तमाङ्गस्य प्राक्कृतावश्यकस्य च ।
निवातशयनस्थस्य जत्रूर्ध्वं स्वेदयेत् पुनः ॥१७॥
अथोत्तानर्जुदेहस्य पाणिपादे प्रसारिते ।
किञ्चिदुन्नतपादस्य किञ्चिन्मूर्धनि नामिते ॥ १८॥
नासापुटं पिधायैकं पर्यायेण निषेचयेत् ।
उष्णाम्बुतप्तं भैषज्यं प्रणाड्या पिचुनाऽथवा ॥१९
दत्ते पादतलस्कन्धहस्तकर्णादि मर्दयेत् ।
शनैरुच्छिद्य निष्ठीवेत्पार्श्वयोरुभयोस्ततः ॥२०॥
आभेषजक्षयादेवं द्विस्त्रिर्वा नस्यमाचरेत् ।

જેને નસ્ય આપવાનું હોય તેણે પ્રથમ ઝાડો, પેશાબ, દાતણ વગેરે આવશ્યક કર્મ કરી લેવાં. પછી તેને માથે સ્નેહ ચોપડવો અને પછી માથે શેક કરવો. પછી પવન ન આવે એવા સ્થળમાં તેને પથારીમાં સુવાડીને તેના હાંસડીથી ઉપરના ભાગમાં ફરીથી શેક કરવો. પછી ચત્તો, સીધો, તથા હાથપગ પસારીને તેને સુવાડવો, તેના પગ કાંઈક ઊંચા રાખવા અને તેનું માથું કાંઈક નીચું રાખવું. પછી તેનું એક નસકોરું બંધ કરીને બીજા નસકોરામાં એમ વારાફરતી બન્ને નસકોરામાં ગરમ પાણીની વરાળથી ગરમ કરેલુ ઔષધ પરનાળીથી અથવા રૂના પૂમડા વડે રેડવુ. (એક નસકોરામાં રેડ્યા પછી બીજા નસકોરામાં પણ તે જ રીતે રેડવું.) નસ્ય આપ્યા પછી પગનાં તળિયાં, ખભા, હાથ, કાન, ડોક, કપાળ વગેરેનું મર્દન કરવું.

નસ્યમાં જેટલું ઔષધ સરવાળે નાકમાં રેડવાની કે ચડાવવાની જરૂર હોય તેટલું બધું ઔષધ એક જ નસ્યમાં ન રેડી દેવું પણ બે ત્રણ નસ્ય આપીને નક્કી કરેલું ઔષધ પૂરું કરવું. (બે નસકોરામાં વારાફરતી એકએક વાર નસ્ય અપાય તે નસ્યનો એક પુટ થયો કહેવાય. એવા એક જ પુટમાં બધા ઔષધનું નસ્ય આપી ન દેવુ, પણ બે કે ત્રણ પુટ આપીને નક્કી કરેલી ઔષધની કુલ માત્રા પૂરી કરવી.)

ઔષધની ઓછી માત્રા આપવાથી (જોઈએ તે કરતાં થોડા પ્રમાણમાં આપવાથી) તે દોષને તેના સ્થાનમાંથી ચલિત કરે પણ બહાર કાઢી શકે નહિ, તેથી ભારેપણું, અરુચિ, ઉધરસ, પ્રસેક, સળેખમ, ઊલટી અને કંઠરોગ થાય છે. જો અધિક માત્રા આપવામાં આવે તો તેથી ઔષધનો અતિયોગ થઈને તેથી જે વિકાર થાય તેવા વિકાર થાય છે. જો બધું જ ઔષધ એક વારના જ નસ્યમાં નાકમાં

રેડી દીધું હોય તો તે માથાના રોગ, સળેખમ, નાકમાં ક્લેદ અને ઉચ્છ્વાસમાં રોકાણ કરે છે. દવા અતિશય ગરમ હોય તો દાહ, પાક, તાવ, રક્તદોષ, મૂર્છા અને ચક્કર–ફેર ઉત્પન્ન કરે છે. દવા અતિશય ઠંડી હોય તો હીન માત્રાથી જે દોષ થાય છે, તેવા દોષ થાય છે. બહુ નીચું માથું રાખેલું હોય તો તેથી ઔષધ બહુ દૂર જવાથી મૂર્છા, જડતા અને તાવ પેદા કરે છે. સંકુચિત અંગ રાખીને (અંગ બરાબર પ્રસાર્યા વિના) નસ્ય લીધું હોય તો તે ઔષધ ધમનીઓમાં બરાબર પ્રવેશ કરતું નથી અને તેથી દોષનો ઉત્ક્લેશ કરે છે.

નસ્યથી મૂર્છા આવે તો તેનો ઉપાય

मूर्च्छायां शीततोयेन सिञ्चेत्परिहरन् शिरः ॥२१

જો નસ્યને લીધે ઔષધના વેગથી અસાત્મ્યપણાને લીધે મૂર્છા આવે તો માથા વિના બાકીના અંગ ઉપર ઠંડું પાણી છાંટવું.

વિરેચન નસ્યને અંતે સ્નેહન નસ્ય આપવું

स्नेहं विरेचनस्यान्ते दद्याद्दोषाद्यपेक्षया ।

વિરેચન નસ્યને અંતે (વિરેચન નસ્યનો આખો વિધિ પૂરો થઈ રહે ત્યારે) દેશ, દોષ, સાત્મ્ય વગેરેનો વિચાર કરીને સ્નેહન નસ્ય આપવા યોગ્ય હોય તો આપવું.

નસ્ય લઈને ક્યાં સુધી સૂઈ રહેવું ?

नस्यान्ते वाक्शतं तिष्ठेदुत्तानः

નસ્યનો વિધિ પૂરો થયા પછી હ્રસ્વસ્વરનો સો વાર ઉચ્ચાર કરી રહીએ એટલા વખત સુધી (અથવા એકથી સો ગણી રહીએ ત્યાં સુધી) ચત્તા સૂઈ રહેવું (પણ ઊંઘવું નહિ).

સૂઈ ઊઠયા પછી ધૂમપાનાદિ કરવું

धारयेत्ततः ॥ २२ ॥

धूमं पीत्वा कवोष्णाम्बुकवलान् कण्ठशुद्धये ।

સો માત્રા ગણી રહેવાય એટલા સમય સુધી સૂઈને ઊઠ્યા પછી વિરેચન ધૂમ વગેરેમાંથી કોઈ પણ એક પ્રકારના યોગ્ય ધૂમનું પાન કરીને સહેજ સહેજ ગરમ પાણીના કોગળા કંઠની શુદ્ધિ માટે કરવા. (પછી સ્નેહપાનની વિધિમાં સૂ. १६/२५ થી २७માં કહ્યા પ્રમાણે સઘળો આચાર કરવો.)

સ્નેહન નસ્યના સમ્યગ્ યોગનું લક્ષણ

सम्यक्स्निग्धे सुखोच्छ्वासस्वप्नबोधाक्षपाटवम् ॥ २३ ॥

માથું જો સારી રીતે સ્નિગ્ધ થયું હોય તો શ્વાસોચ્છ્વાસ સરળતાથી ચાલે, સારી રીતે ઊંઘ આવે, સારી રીતે જાગ્રત થવાય અને ઇંદ્રિયોમાં સારી ચપળતા આવે.

સ્નેહન નસ્યના હીનયોગનું લક્ષણ

रूक्षेऽक्षिस्तब्धता शोषो नासास्ये मूर्धशून्यता

માથું (જો અતિ તીક્ષ્ણ નસ્યથી કે સ્નેહન નસ્ય ઓછું પડવાથી) રૂક્ષ થયું હોય તો આંખોમાં જડતા આવે, મુખ તથા નાકમાં શોષ થાય અને માથું ખાલી પડી જાય.

સ્નેહન નસ્યના અતિયોગનું લક્ષણ

स्निग्धेऽति कण्डूगुरुताप्रसेकारुचिपीनसाः ॥२४॥

માથું અતિ સ્નિગ્ધ થયું હોય તો ખણજ આવે, માથું ભારે થાય, પ્રસેક થાય, અરુચિ થાય તથા સળેખમ થાય.

વિરેચન નસ્યનો સમ્યગ્ યોગ

सुविरिक्तेऽक्षिलघुतावक्त्रस्वरविशुद्धयः ।

સારી રીતે માથાનું વિરેચન થયું હોય તો આંખો હલકી થાય તથા મુખ અને અવાજ વિશુદ્ધ થાય.

વિરેચન નસ્યનો હીન અને અતિયોગ

दुर्विरिक्ते गदोद्रेकः, क्षामताऽतिविरेचिते ॥२५॥

માથાનું વિરેચન સારી રીતે ન થયું હોય તો રોગ વધે અને અતિ વિરેચન થયું હોય તો શરીર દૂબળું થઈ જાય.

પ્રતિમર્શ સ્નેહ માત્રા કોને આપવી ?

प्रतिमर्शः क्षतक्षामबालवृद्धसुखात्मसु ।
प्रयोज्योऽकालवर्षेऽपि

પ્રતિમર્શ સ્નેહ માત્રા જે પાછળ કહેલી છે તે ક્ષતવાળાને, દૂબળાને, બાળકને, વૃદ્ધને અને સુખિયા લોકોને આપવાની છે. તે અકાળે માવઠું થયું હોય તોપણ આપી શકાય. (એટલે વર્ષાઋતુ ન હોવા છતાં આકાશ

વાદળાંથી ઘેરાયું હોય કે માવઠું થયું હોય ત્યારે પણ આપી શકાય.)

પ્રતિમર્શ ન આપવા યોગ્ય રોગી

न त्विष्टो दुष्टपीनसे ॥२६॥
मद्यपीतेऽवलश्रोत्रे कृमिदूषितमूर्धनि ।
उत्कृष्टोत्क्लिष्टदोषे च, हीनमात्रतया हि सः ॥२७

ખગડેલા સળેખમ રોગવાળાને, જેણે દારૂ પીધો હોય તેને, જેનાથી બરાબર સાંભળી શકાતું ન હોય તેને, જેનું માથું કૃમિ વડે પીડાતું હોય તેને તથા જેના દોષ વધ્યા હોય તેને, જેના દોષ સ્થાનથી ચલિત થયા હોય તેને, પ્રતિમર્શ નસ્ય આપવું હિતકર નથી; કેમ કે પ્રતિમર્શ સ્નેહની માત્રા ઓછી હોય છે, (તેથી તેવા (ઉપર કહ્યા તેવા) માણસના દોષ તેનાથી માત્ર ઊખળે છે, પણ દોષ બહાર નીકળી શકતા નથી.)

પ્રતિમર્શના પંદર કાળ અને માત્રા

निशाहर्भुक्तवान्ताहःस्वप्नाध्वश्रमरेतसाम् ।
शिरोभ्यञ्जनगण्डूषप्रस्रावाञ्जनवर्चसाम् ॥२८॥
दन्तकाष्ठस्य हास्यस्य योज्योऽन्तेऽसौ द्विबिन्दुकः ।

રાત્રિ, દિવસ, ભોજન, વમન, દહાડે ઊંઘ, પગે ચાલીને મુસાફરી કરવી, શ્રમ કરવો, વીર્ય નીકળવું, માથે તેલ ઘાલવુ, ગંડૂષ, ફસ ખોલાવીને લોહી કઢાવવું, આંખ આંજવી, પેશાબ કરી આવવો, દાતણ કરવું અને હસવું, એ પંદર કાળને અંતે પ્રતિમર્શ સ્નેહ બે બિંદુ જેટલો નાકમાં મૂકવો.

પ્રતિમર્શનું ફળ

पञ्चसु स्रोतसां शुद्धिः, क्लमनाशस्त्रिपु क्रमात् ॥२९॥
दृग्बलं पञ्चसु, ततो दन्तदार्ढ्यं मरुच्छमः ।

રાત્રિ, દિવસ, ભોજન, વમન અને દહાડે ઊંઘ એ પાંચને અંતે પ્રતિમર્શ નસ્ય આપવાથી સ્રોતો શુદ્ધ થાય છે. મુસાફરી, શ્રમ અને મૈથુન, એ ત્રણેને અંતે પ્રતિમર્શ નસ્ય આપવાથી થાક ઊતરે છે (મનને આનંદ થાય છે તથા માથું પણ હલકું થાય છે). માથે તેલ ઘાલવું, ગંડૂષ, ફસ ખોલાવીને લોહી કઢાવવું, આંખો આંજવી તથા ઝાડે ફરી આવવું, એ પાંચ પછી પ્રતિમર્શ નસ્ય આપવાથી આંખો બળવાન થાય છે. દાતણ કર્યા પછી અને હસ્યા પછી પ્રતિમર્શ નસ્ય આપવાથી દાંત મજબૂત થાય છે તથા વાયુનુ શમન થાય છે.

નસ્ય, ધૂમપાન, કવલગ્રહ અને શોધન કરવાની ઉંમર

न नस्यमूनसप्ताब्दे नातीताशीतिवत्सरे ॥३०॥
न चोनाष्टादशे धूमः, कवलो नोनपञ्चमे ।
न शुद्धिरूनदशमे न चातिक्रान्तसप्ततौ ॥३१॥

સાત વરસ કરતાં ઓછી ઉંમરવાળાને તથા એંશી વરસ કરતાં વધારે ઉંમરવાળાને નસ્ય આપવું નહિ. અઢાર વરસ કરતા ઓછી ઉંમરવાળાને ધૂમપાન કરાવવું નહિ. પાંચ વરસ કરતાં ઓછી ઉંમરવાળાને કવલગ્રહ કરાવવો નહિ. દશ વરસ કરતાં ઓછી ઉંમરવાળાનું તથા સિત્તેર વરસ ઉપરાંતની ઉંમરવાળાનુ વમન, વિરેચન વગેરેથી શોધન કરવું નહિ.

પ્રતિમર્શ સદા સેવવા યોગ્ય શા માટે?

आजन्ममरणं शस्तः प्रतिमर्शस्तु बस्तिवत् ।
मर्शवच्च गुणान् कुर्यात्स हि नित्योपसेवनात् ॥३२॥
न चात्र यन्त्रणा नापि व्यापद्भ्यो मर्शवद्भयम् ।

જન્મથી તે મરણ લગી પ્રતિમર્શ નસ્ય સ્નેહબસ્તિની પેઠે હિતકારક છે; તથા રોજ સેવન કરવાથી તે મર્શનસ્યના જેવો જ ફાયદો કરે છે. વળી એ પ્રતિમર્શમાં કોઈ પ્રકારનુ બંધન (જેવુ કે સૂ. ૧૬/૨૫થી ૨૭ વાળું ઉષ્ણોદક સેવવું વગેરે) નથી તથા નેત્રની જડતા, શોષ, વગેરે નસ્યથી થતાં નુકસાન (શ્લોક ૨૩) થવાનો ભય નથી.

પ્રતિમર્શમાં તેલ શ્રેષ્ઠ છે

तैलमेव च नस्यार्थे नित्याभ्यासेन शस्यते ॥३३॥
शिरसः श्लेष्मधामत्वात्स्नेहाः स्वस्थस्य नेतरे ।

પ્રતિમર્શ નસ્યમાં નિત્ય વાપરવા માટે તેલ જ ઉત્તમ છે, કેમ કે માથું એ કફનુ સ્થાન છે; માટે સાજા માણસને તેલ સિવાય બીજા સ્નેહ ઠીક નથી.

મર્શ, પ્રતિમર્શ વગેરેમાં તફાવત

आशुकृच्चिरकारित्वं गुणोत्कर्षापकृष्टता ॥ ३४ ॥
मर्शे च प्रतिमर्शे च विशेषो न भवेद्यदि ।
को मर्शं सपरीहारं सापदं च भजेत्ततः ॥३५॥
अच्छपानविचारार्यौ कुटीवातातपस्थिती ।
अन्वासमात्राबस्ती च तद्वदेव विनिर्दिशेत् ॥३६॥

મર્શ નસ્યમાં અને પ્રતિમર્શ નસ્યમાં ફેર એટલે છે કે મર્શ તરત અસર કરે છે અને વધારે ફાયદો કરે છે, જ્યારે પ્રતિમર્શ લાંબે વખતે અસર કરે છે અને થોડો ફાયદો કરે છે. જો મર્શ અને પ્રતિમર્શ વચ્ચે એવો તફાવત ન હોય, તો આહારવિહારની પરેજ ન પાળવી પડે એવું અને જેનાથી નુકસાન થવાનો ભય નથી એવું પ્રતિમર્શ નસ્ય છોડીને જેમાં આહારવિહારની પરેજ પાળવી પડે એવું અને જે લેવાથી નુકસાન (ઉપદ્રવો) થવાનો સભવ છે એવું મર્શ નસ્ય કોણ લે? અચ્છ-પેય સ્નેહ અને સ્નેહની વિચારણા વચ્ચે, ઝૂંપડીમાં પુરાઈ રહીને કરવાના રસાયન પ્રયોગ અને પવન તથા તડકામા રહીને કરી શકાય એવા રસાયન પ્રયોગ વચ્ચે તથા અન્વાસન બસ્તિ અને માત્રાબસ્તિ વચ્ચે એવો જ ફેર જાણવો. (એટલે અચ્છપેય સ્નેહ, ઝૂંપડીમાં રહીને કરવાના રસાયન પ્રયોગ અને અન્વાસન બસ્તિ તરત અસર કરે છે અને વધારે ફાયદો કરે છે, જ્યારે સ્નેહની વિચારણા, પવન અને તડકામાં રહેવાની છૂટ સાથે કરવાના રસાયન પ્રયોગો અને માત્રાબસ્તિ લાંબે વખતે અસર કરે છે અને થોડો ફાયદો કરે છે.)

અણુતૈલ

जीवन्तीजलदेवदारुजलद-
त्वक्सेव्यगोपीहिमं
दार्वीत्वङ्मधुकप्लवागुरुवरी-
पुण्ड्राह्वबिल्वोत्पलम् ।
धावन्यौ सुरभिं स्थिरे कृमिहरं
पत्रं त्रुटिं रेणुकां
किञ्जल्कं कमलाद्बलां शतगुणे
दिव्येऽम्भसि क्वाथयेत् ॥
तैलाद्रसं दशगुणं परिशेष्य तेन
तैलं पचेत सलिलेन दशैव वारान् ।
पाके क्षिपेच्च दशमे सममाजदुग्धं
नस्यं महागुणमुशन्त्यणुतैलमेतत् ॥३८॥

ડોડી, વાળો, દેવદાર, મોથ, તજ, કાળો વાળો, સારિવા, પદ્મકાષ્ઠ, દારુહળદરની છાલ, જેઠીમધ, ક્ષુદ્રમોથ, અગર, શતાવરી, ધોળું કમળ, બીલું, કાળું કમળ, ઊભી અને બેઠી ભોરિંગણી, શલ્લકી, સમેરવો, ગંધિસમેરવો, વાવડિંગ, તમાલપત્ર, નાની એલચી, રેણુકબીજ, પદ્મકેસર, ખળદાણા, એ ઔષધ સમાન ભાગે લેવાં તથા તેનો સોગણા દિવ્ય જળમાં ક્વાથ કરવો. પછી તમામ ઔષધોના વજન જેટલા વજનનું તેલ લેવું. તે તેલથી દશગણો ક્વાથ બાકી રહે ત્યાં-સુધી તે ક્વાથ ઉકાળવો. પછી તે ક્વાથમા દશવાર તે તેલને પકાવવું. તે એવી રીતે કે એક વાર તેલ તથા ક્વાથ સમાન ભાગે લઈને ઉકાળતા તેલ માત્ર શેષ રહે ત્યારે તેલ કાઢી લઈ તેમા ફરી તેટલો જ ક્વાથ મેળવી ઉકાળવું. એમ કરતા દશવાર તેલ ક્વાથમાં પાચન થયા પછી તેમા બકરીનું દૂધ તેલ સમાન નાખવું અને તેમા તે તેલ શેષ રહેતાં સુધી પાચન કરવું. એ રીતે સિદ્ધ કરેલા તેલને 'અણુતૈલ' કહે છે; કેમ કે તે અણુઓમાં (સૂક્ષ્મ સ્રોતોમાં) પણ જલદી પ્રવેશ કરે છે. એ અણુતૈલ મહાગુણવાળું ઉત્તમ નસ્ય છે.

રોજ નસ્ય લેવાના લાભ

घनोन्नतप्रसन्नत्वक्स्कन्धग्रीवास्यवक्षसः ।
दृढेन्द्रियास्तपलिता भवेयुर्नस्यशीलिनः ॥३९॥

રોજ નસ્ય લેનારની ચામડી ઘટ્ટ થાય છે; ખભા, ડોક અને છાતી ઊંચા થાય છે, મોં નિર્મળ થાય છે, ઇંદ્રિયો મજબૂત થાય છે અને એમને પળિયાં (ધોળા વાળ) આવતા નથી.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने नस्यविधिर्नाम
विंशोऽध्यायः ॥ २० ॥

અધ્યાય ૨૧ મો

अथातो धूमपानविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

(હાંસડીથી ઉપરના ભાગની ચિકિત્સાના પ્રસંગમાં ધૂમપાનવિધિ કહેવાની ઇચ્છાથી તંત્રકર્તા કહે છે કે) હવે અમે ધૂમપાનવિધિ જેમાં કહેલો છે એવો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે.

ધૂમપાનની જરૂર

जत्रूर्ध्वकफवातोत्थविकाराणामजन्मने ।
उच्छेदाय च जातानां पिबेद्धूमं सदाऽऽत्मवान् ॥१

હિતકર આહાર તથા વિહાર કરનારા સમજુ માણસે ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં કફ તથા વાયુથી થતા વિકારો ન થાય એટલા માટે તથા થયા હોય તેનો નાશ થાય એટલા માટે હમેશાં ધૂમપાન કરવું.

ધૂમપાનના પ્રકાર: ક્યારે કેવું ધૂમપાન કરવું?

स्निग्धो मध्यः स तीक्ष्णश्च, वाते वातकफे कफे ।
योज्यः

તે ધૂમ સ્નિગ્ધ, મધ્ય અને તીક્ષ્ણ એવા ત્રણ પ્રકારનો છે; તેમાંથી વાતરોગમાં સ્નિગ્ધ ધૂમપાન કરાવવું, વાતકફમાં મધ્યમ ધૂમપાન કરાવવું અને કફરોગમાં તીક્ષ્ણ ધૂમપાન કરાવવું.

કોણે ધૂમપાન ન કરવું?

न रक्तपित्तार्तिविरिक्तोदरमेहिषु ॥ २ ॥
तिमिरोर्ध्वानिलाध्मानरोहिणीदत्तबस्तिषु ।
मत्स्यमद्यदधिक्षीरक्षौद्रस्नेहविषाशिषु ॥ ३ ॥
शिरस्यभिहते पाण्डुरोगे जागरिते निशि ।

રક્તપિત્તથી પીડાયેલો, વિરેચન જેણે લીધું હોય એવો, ઉદરરોગવાળો, મેહવાળો, તિમિર રોગવાળો, ઊર્ધ્વવાયુવાળો, આધ્માન રોગવાળો, રોહિણી રોગવાળો, જેને બસ્તિ આપી હોય તે; જેણે મત્સ્ય, દારૂ, દહીં, દૂધ, મધ, સ્નેહ, અને ઝેર ખાધું હોય તે; જેને માથામાં કાંઈ વાગ્યું હોય તે, પાંડુરોગવાળો તથા જેણે રાત્રે ઉજાગરો કર્યો હોય તે–એટલા માણસોને ધૂમપાન કરાવવું નહિ.

કવખતે કે અતિધૂમપાનથી નુકસાન

रक्तपित्तान्ध्यबाधिर्यतृण्मूर्च्छामदमोहकृत् ॥ ४ ॥
धूमोऽकालेऽतिपीतो वा

જે સમયે ધૂમપાન કરવાનું આયુર્વેદમાં કહ્યું છે તેનાથી બીજે વખતે ધૂમપાન કરનારને તથા અતિશય ધૂમપાન કરનારને રક્તપિત્ત, આંધળાપણું, બહેરાપણું, તૃષારોગ, બેભાનપણું, મીણો અને મોહ થાય છે.

અતિ ધૂમપાનથી થયેલા નુકસાનનો ઉપાય

तत्र शीतो विधिर्हितः ।

અતિશય ધૂમપાન કરવાથી કે કવખતે ધૂમપાન કરવાથી ઉપર કહ્યા તેવા ઉપદ્રવ થાય તો તેના ઉપાય તરીકે ઠંડા ઉપચાર કરવા.

દરેક પ્રકારના ધૂમપાનના કાળ

क्षुतजृम्भितविण्मूत्रस्त्रीसेवाशस्त्रकर्मणाम् ॥ ५ ॥
हासस्य दन्तकाष्ठस्य धूममन्ते पिबेन्मृदुम् ।
कालेष्वेषु निशाहारनावनान्ते च मध्यमम् ॥६॥
निद्रानस्याञ्जनस्नानच्छर्दितान्ते विरेचनम् ।

છીંક, બગાસું, ઝાડો, પેશાબ, મૈથુન, શસ્ત્રકર્મ, હસવું અને દાતણ કરવું, એ આઠ કર્મને અંતે મૃદુ એટલે સ્નેહન (સ્નિગ્ધ) ધૂમ પીવો. 'છીંક'થી 'દાતણ કરવું' એ આઠ કર્મને અંતે તથા રાત્રિના અંતરમાં, ભોજન કર્યા પછી અને નસ્ય લીધા પછી મધ્યમ ધૂમ પીવો. નિદ્રા, નસ્ય, અંજન, સ્નાન અને વમન એ કર્મને અંતે વિરેચન અથવા તીક્ષ્ણ ધૂમ પીવો.

ધૂમપાન કરવાની નળી

बस्तिनेत्रसमद्रव्यं त्रिकोशं कारयेदृजु ॥ ७ ॥
मूलाग्रेऽङ्गुष्ठकोलास्थिप्रवेशं धूमनेत्रकम् ।

બસ્તિમાં નેત્ર (નળી) કરવાને જે દ્રવ્ય વાપરવાનું સૂ. ૧૯/૯માં કહેલું છે તે જ દ્રવ્ય (એટલે ધાતુ, લાકડું, હાડકું કે વાંસ)માંથી એકાદ દ્રવ્યથી ધૂમપાન કરવાની નળી કારીગર પાસે સીધી બનાવરાવવી. તેના ત્રણ સાંધા (જોડાય એવા

કકડા) રાખવા. તે સીધી હોવી જોઈએ. તેના મૂળ આગળ અંગૂઠો પેસે એવડું તથા અગ્રભાગ આગળ (નળીના મોંમા રાખવાના છેડે) બોરનો ઠળિયો પેસે એવડું છિદ્ર રખાવવું. (નળી સળંગ ન કરાવવી પણ ત્રણ કકડે જોડાય એવી કરાવવી. બધા કકડા મળીને કેટલી લંબાઈ થવી જોઈએ તે નીચેના શ્લોકમાં આપ્યુ છે.)

ધૂમપાનની નળીની લંબાઈ

तीक्ष्णस्नेहनमध्येषु त्रीणि चत्वारि पञ्च च ॥ ८ ॥
अङ्गुलानां क्रमात्पातुः प्रमाणेनाष्टकानि तत् ।

તીક્ષ્ણ ધૂમપાન કરવા માટે ધૂમપાન કરનારના ચોવીસ આગળ લંબાઈની નળી, સ્નેહન ધૂમપાનમાં બત્રીસ આગળ લંબાઈની નળી તથા મધ્યમ ધૂમપાનમા ચાળીસ આગળ લંબાઈની નળી જોઈએ.

ધૂમપાન શી રીતે કરવું?

ऋजूपविष्टस्तच्चेता विवृतास्यस्त्रिपर्ययम् ॥ ९ ॥
पिधाय च्छिद्रमेकैकं धूमं नासिकया पिबेत् ।

ટટાર બેસીને, ધૂમપાન કરવામાં ચિત્ત રાખીને, મોં ઉઘાડું રાખીને, એકએક નસકોરું વારાફરતી બંધ કરીને, બને નસકોરાથી વારાફરતી ત્રણ ત્રણ વાર ધુમાડો પિવાય એ રીતે નાકથી ધૂમપાન કરવુ.

(દાખલા તરીકે, જમણા નસકોરાથી ધૂમપાન શરૂ કરવું હોય તો ડાબું નસકોરું દબાવીને જમણા નસકોરા આગળ નળીનો છેડો રાખીને ધુમાડો ઊંચે ચડાવવો અને જમણા નસકોરામાંથી પાછો કાઢવો. પછી જમણું નસકોરું દબાવીને ડાબા નસકોરા આગળ નળીનો છેડો રાખીને ધુમાડો ઊંચે ચડાવવો (ખેંચવો) અને ડાબા નસકોરામાંથી પાછો કાઢવો. આટલું થાય ત્યારે એક પર્યાય અથવા પરિવર્ત થયો કહેવાય. આવા ત્રણ પર્યાય કરવા.)

ધૂમપાન પહેલું મોંથી કે નાકથી ક્યારે કરવું?

प्राक् पिबेन्नासयोत्क्लिष्टे दोषे घ्राणशिरोगते ।१०॥
उत्क्लेशनार्थं वक्त्रेण, विपरीतं तु कण्ठगे ।

નાક અને માથામાંના દોષોનો જો આપોઆપ ઉત્કલેશ થયો હોય તો પહેલાં નાકથી અને પછી મોંથી (તીક્ષ્ણ) ધૂમપાન કરવું; જો નાક અને માથામાંના દોષોનો ઉત્કલેશ થયો ન હોય તો એમનો ઉત્કલેશ કરવા માટે પહેલું મોંથી અને પછી નાકથી (તીક્ષ્ણ) ધૂમપાન કરવું; પણ ગળામાંના દોષોની બાબતમા નાક અને માથાના દોષોની બાબતમા જે કરવાનું કહ્યુ તેનાથી ઊંધું કરવુ (એટલે ગળામાના દોષોનો આપોઆપ ઉત્કલેશ થયો હોય તો પહેલાં મોંથી અને પછી નાકથી (તીક્ષ્ણ) ધૂમપાન કરવુ, પણ જો ગળામાંના દોષોનો ઉત્કલેશ ન થયો હોય, તો તેમનો ઉત્કલેશ કરવા માટે પહેલા નાકથી અને પછી મોંથી (તીક્ષ્ણ) ધૂમપાન કરવુ.)

મુખથી જ ધૂમ બહાર કાઢવો: કારણ

मुखेनैवोद्वमेद्धूमं नासया दृग्विघातकृत् ॥ ११ ॥

ધુમાડો બહાર કાઢવો તે મોંથી જ કાઢવો, કેમ કે નાકમાથી ધુમાડો બહાર કાઢવાથી આંખની જોવાની શક્તિનો નાશ થાય છે.

એક ટંકે કેટલું ધૂમપાન કરવું?

आक्षेपमोक्षैः पातव्यो धूमस्तु त्रिस्त्रिभिस्त्रिभिः ।

ધુમાડાને શરીરની અંદર ખેંચવો તેને આક્ષેપ (આદાન) કહે છે અને અંદર ખેંચેલા ધુમાડાને બહાર પાછો કાઢવો તેને મોક્ષ (વિસર્ગ) કહે છે. ધુમાડાનો આક્ષેપ, મોક્ષ, આક્ષેપ, મોક્ષ; આક્ષેપ, મોક્ષ; એ ક્રમે ત્રણ વાર ધુમાડાનો આક્ષેપ અને મોક્ષ કરવાથી એક પાન થયું કહેવાય. એવા ત્રણ પાન કરવા (ક્રમસર સરવાળે નવ આક્ષેપ અને નવ મોક્ષ થાય ત્યાં સુધી ધૂમપાન કરવુ).

દિવસમાં કયું ધૂમપાન કેટલી વાર કરવું?

अह्नः पिबेत्सकृत् स्निग्धं, द्विर्मध्यं, शोधनं परम् ॥
त्रिश्चतुर्वा

રાતદિવસમાં સ્નિગ્ધ ધૂમપાન એક વાર કરવું, મધ્ય ધૂમપાન બે વાર કરવું; પણ તીક્ષ્ણ ધૂમપાન ત્રણ કે ચાર વાર કરવું.

મૃદુ (=સ્નિગ્ધ) ધૂમપાનનાં દ્રવ્યો

मृदौ तत्र द्रव्याण्यगुरुगुग्गुलु।
मुस्तस्थौणेयशैलेयनलदोशीरवालकम् ॥ १३ ॥
वराङ्गकौन्तीमधुकबिल्वमज्जैलवालुकम्।
श्रीवेष्टकं सर्जरसो ध्यामकं मदनं प्लवम् ॥ १४ ॥
शल्लकी कुङ्कुमं माषा यवाः कुन्दुरुकस्तिलाः।
स्नेहः फलानां साराणां मेदो मज्जा वसा घृतम् ॥ १५ ॥

એ ત્રણ પ્રકારનાં ધૂમપાનમાંથી મૃદુ ધૂમપાનમાં અગર, ગગળ, મોથ, થુવેર, શિલાજિત, જટામાંસી, કાળો વાળો, ખસનો વાળો, તજ, રેણુકબીજ, મહુડો, બીલાંનો ગર્ભ (ગલ), ચણકબાબ, સરલનો ગુંદ, રાળ, રોહિસઘાસ, મીણ, ક્ષુદ્રમોથ, શલ્લકી (ધૂપેડો) કેસર, અડદ, જવ, શલ્લકીનો ગુંદર, તલ, ફળનો સ્નેહ (દિવેલ વગેરે), સારોનો સ્નેહ (દેવદાર વગેરેનું તેલ), ચરબી, મજ્જા, વસા અને ઘી એટલાં દ્રવ્યો લેવાં.

મધ્ય (=શમન) ધૂમપાનનાં દ્રવ્ય

शमने शल्लकी लाक्षा पृथ्वीका कमलोत्पलम्।
न्यग्रोधोदुम्बराश्वत्थप्लक्षरोध्रत्वचः सिता ॥ १६ ॥
यष्टीमधु सुवर्णत्वक् पद्मकं रक्तयष्टिका।
गन्धाश्चाकुष्ठतगराः

મધ્ય ધૂમપાન જેને શમન ધૂમપાન પણ કહે છે, તેમાં શલ્લકી વૃક્ષનો ગુંદર, લાખ, એલચી, કમળ, કાળું કમળ, વડ, ઉમેડો (ગુલ્લર), પીપળો, પીપર, લોધરની છાલ, સાકર, જેઠીમધ. ગરમાળો, પદ્મકાષ્ઠ, મજીઠ; અને ઉપલેટ તથા તગર એ બે સિવાયનાં બીજાં સુગંધિ દ્રવ્યો, એ સર્વે શમન ધૂમપાનમાં ઉપયોગમા લેવાં.

તીક્ષ્ણ (વિરેચન) ધૂમપાનનાં દ્રવ્ય

तीक्ष्णे ज्योतिष्मती निशा ॥ १७ ॥
दशमूलमनोह्वालं लाक्षा श्वेता फलत्रयम्।
गन्धद्रव्याणि तीक्ष्णानि गणो मूर्धविरेचनः ॥१८॥

તીક્ષ્ણ ધૂમપાનમાં માલકાંકણી, હળદર, દશમૂળ, મણશીલ, હરતાલ, લાખ, ગરણી, ત્રિફળા, ઉપલેટ, તગર વગેરે તીક્ષ્ણ ગંધદ્રવ્યો અને (મરી, અંઘેડો વગેરે) શિરોવિરેચન ઔષધિઓનો ગણ (સૂ. ૧૫/૪) ઉપયોગમાં લેવા યોગ્ય છે.

ધૂમપાન માટે વાટ

जले स्थितामहोरात्रमिषीकां द्वादशाङ्गुलाम्।
पिष्टैर्धूमौषधैरेवं पञ्चकृत्वः प्रलेपयेत् ॥ १९ ॥
वर्तिरङ्गुष्ठकस्थूला यवमध्या यथा भवेत्।
छायाशुष्कां विगर्भां तां स्नेहाभ्यक्तां यथायथम् ॥ २० ॥
धूमनेत्रार्पितां पातुमग्निप्लुष्टां प्रयोजयेत्।

દર્ભના મૂળની બાર આંગળ લાંબી સળીને (ગાભાને–ગર્ભને) એક અહોરાત્ર (રાત્રિ-દિવસ) પાણીમાં પલાળી રાખવી. પછી જે જાતનું ધૂમપાન કરવું હોય તે જાતના ધૂમપાન માટે કહેલાં ઔષધો લસોટીને તે સળી ઉપર પાંચ વાર લેપ કરવો. (એક વાર લેપ કર્યા પછી સુકાય એટલે બીજી વાર લેપ કરીને પાછી સૂકવવી. એમ પાંચ વાર લેપ કરવો.) એ રીતે વચમાં જાડી અને બે પાસને છેડે પાતળી એવી જવ જેવી ગોળ દીવેટ અંગૂઠા જેટલી જાડી થાય તેમ કરવું. તે દીવેટને છાયામા સૂકવવી તથા સુકાયા પછી પેલી દર્ભના મૂળની સળી તેમાંથી કાઢી લેવી. પછી તેના ઉપર જે જાતના ધૂમપાનને માટે જે સ્નેહ યોગ્ય હોય તે સ્નેહ ચોપડીને તથા અંગારા વડે સળગાવીને ધૂમપાન કરવાની નળીમાં તેને મૂકવી અને રોગીને તેનો ધુમાડો પીવાનું કહેવું. (નળીની જે બાજુ અંગૂઠા જેવડા છિદ્રવાળી હોય તેમાં તે ઔષધની દીવેટ ખોસવી અને સાંકડા છિદ્ર તરફથી ધૂમપાન કરવું.)

ધૂમપાનનો બીજો પ્રકાર

शरावसम्पुटच्छिद्रे नाडीं न्यस्य दशाङ्गुलाम् ॥ २१ ॥
अष्टाङ्गुलां वा वक्त्रेण कासवान् धूममापिबेत् ॥ २१३ ॥

કોડિયાના સંપુટમાં એક છિદ્ર કરી તેમાં આઠ આંગળ કે દશ આંગળની નળી મૂકીને ઉધરસના રોગીએ મુખ વડે ધૂમપાન કરવું.

(એક કોડિયામાં ખેર કે બાવળના ધુમાડા વિનાના અંગારા ભરીને તેમાં ઉધરસ મટે એવું ચૂર્ણ કે ઔષધ કે ગોળી નાખીને તે ઉપર એક બાજુ કોડિયું ઢાંકવું તથા તે ઢાંકેલા કોડિયાને મથાળે ધૂમપાન કરવાની નળી બેસતી આવે એવું છિદ્ર કરવું. તેમાં આઠ કે દશ આગળની નળી ઘાલીને તે વતી ઉધરસના રોગીએ મોંથી ધૂમપાન કરવું.)

ધૂમપાનનું ફળ

कासः श्वासः पीनसो विस्वरत्वं
पूतिर्गन्धः पाण्डुता केशदोषः ।
कर्णास्याक्षिस्रावकण्ड्वर्तिजाड्यं
तन्द्रा हिध्मा धूमपं न स्पृशन्ति ॥ २२ ॥

ઉધરસ, દમ, સળેખમ, સ્વરભંગ, મુખની દુર્ગંધ, શરીરની પાંડુતા, વાળના રોગ, કાન, મુખ અને આંખ એ ત્રણમાં સ્રાવ, ખણુજ, પીડા અને જડતા; સુસ્તી અને હેડકી એટલા રોગ ધૂમપાન કરનારને થતા નથી.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने धूमपानविधिर्नामैकविंशतितमोऽध्यायः ॥ २१ ॥

અધ્યાય ૨૨ મો

अथातो गण्डूषादिविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

(હવે ધૂમપાન પછી ગંડૂષ (દવાના કોગળા ભરવા) વગેરેનો વિધિ જ યોગ્ય છે, એટલે કહે છે કે)

હવે અમે ગંડૂષ (કોગળા ભરવા) વગેરેના વિધિનો અધ્યાય વિસ્તારથી કહીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:–('ગંડૂષ વગેરે'માં ગંડૂષ, કવલગ્રહ, પ્રતિસારણ, મુખાલેપ, માથામાં તેલ નાખવું અને કાનમાં તેલ મૂકવું એટલી બાબતોનો સમાવેશ થાય છે.)

ગંડૂષના પ્રકાર

चतुष्प्रकारो गण्डूषः स्निग्धः शमनशोधनौ ।
रोपणश्च

દવાના કોગળા ભરવા તેને ગંડૂષ કહે છે. એ ગંડૂષના ચાર પ્રકાર છે: સ્નિગ્ધ, શમન, શોધન અને રોપણ.

ક્યા પ્રકારનો ગંડૂષ કોને આપવો?

त्रयस्तत्र त्रिषु योज्याश्चलादिषु ॥ १ ॥
अन्त्यो व्रणघ्नः

તે ગંડૂષોમાંથી પહેલા ત્રણ પ્રકારના ગંડૂષ અનુક્રમે વાયુ વગેરે દોષોમાં આપવા તથા છેલ્લો ગંડૂષ વ્રણ મટાડનારો છે. એટલે સ્નિગ્ધ ગંડૂષ વાતવ્યાધિવાળાને, શમન ગંડૂષ પિત્તના રોગીને અને શોધન ગંડૂષ કફના રોગીને આપવો. વ્રણ થયો હોય ત્યારે ચોથા પ્રકારના 'રોપણ' ગંડૂષ નામના કોગળા ભરાવવા.

સ્નિગ્ધ ગંડૂપના રસ

स्निग्धोऽत्र स्वाद्वम्लपटुसाधितैः ।
स्नेहैः

એમાથી સ્નિગ્ધ ગંડૂષ ગળ્યાં, ખાટાં અને ખારાં દ્રવ્યથી સિદ્ધ કરેલા સ્નેહ વડે બને છે.

શમન ગંડૂપના રસ

संशमनस्तिक्तकषायमधुरौषधैः ॥ २ ॥

શમન ગંડૂષ કડવાં, તૂરાં અને ગળ્યાં ઔષધથી બને છે.

શોધન ગંડૂપના રસ

शोधनस्तिक्तकट्वम्लपटूष्णैः

શોધન ગંડૂષ કડવા, તીખા, ખાટાં, ખારાં અને ગરમ દ્રવ્યથી બને છે.

રોપણ ગંડૂપના રસ

रोपणः पुनः ।
कषायतिक्तकैः

રોપણ ગંડૂષ તૂરાં અને કડવાં દ્રવ્યથી બને છે.

કોગળાના ઔષધમાં શું ભેળવવું?

तत्र स्नेहः क्षीरं मधूदकम् ॥ ३ ॥
शुक्तं मद्यं रसो मूत्रं धान्याम्लं च यथायथम् ।
कल्कैर्युक्तं विपक्वं वा यथास्पर्शं प्रयोजयेत् ॥४॥

ઉપર કહેલા ચાર ગંડૂષોમાં જે દોષ કે જે રોગને માટે જે રસ યોગ્ય હોય તે રસવાળાં દ્રવ્યોના કલ્ક સાથે સ્નેહ, દૂધ, મધ, પાણી, સરકો, દારૂ, માંસરસ, મૂત્ર, ધાન્યામ્લ એ

નવમાંથી જે પ્રસંગે જે યોગ્ય હોય તે ભેળવીને કે (જરૂર હોય તો) પકવીને એ રીતે તૈયાર થયેલા પ્રવાહીના ગરમ કોગળા ભરાવવાની જરૂર હોય ત્યાં ગરમ અને ઠંડા કોગળા ભરાવવાની જરૂર હોય ત્યાં ઠંડા કોગળા ભરાવવા.

દંતહર્ષ વગેરે રોગમાં ગંડૂષ

दन्तहर्षे दन्तचाले मुखरोगे च वातिके।
सुखोष्णमथवा शीतं तिलकल्कोदकं हितम् ॥५॥
गण्डूषधारणे

દાંત ખટાઈ (અંબાઈ) ગયા હોય ત્યારે, દાંત હાલતા હોય ત્યારે, તથા વાયુથી થયેલા મુખરોગમાં લગારેક ગરમ અથવા ઠંડા તલના કલ્કના પાણીના કોગળા હિતકર છે. (તલના કલ્કનું પાણી ઠંડું લેવું કે સશેકું તેનો આધાર કયા દોષના પ્રકોપને લીધે રોગ થયો છે તેના ઉપર છે.)

સામાન્ય ગંડૂષ

नित्यं तैलं मांसरसोऽथवा।

(સાજા માણસે) રોજ કોગળા ભરવા માટે તેલ અથવા માંસરસ હિતકર છે.

ક્યારે શાના કોગળા ભરવા?

ऊषादाहान्विते पाके क्षते चागन्तुसम्भवे ॥६॥
विषे क्षाराग्निदग्धे च सर्पिर्धार्यं पयोऽथवा।

ઊષા અને દાહવાળા મુખપાકમાં, કોઈ આગંતુ કારણથી મોંમાં ક્ષત (ચાંદું) થયું હોય અથવા વિષ, ક્ષાર કે અગ્નિથી મોંમાં કોઈ જગાએ દઝાયું હોય તો ઘીનો અથવા દૂધનો કોગળો ભરી રાખવો હિતકર છે.

वैशद्यं जनयत्याशु सन्दधाति मुखे व्रणान् ॥७॥
दाहतृष्णाप्रशमनं मधुगण्डूषधारणम्।

મધના કોગળા ભરી રાખ્યા હોય તો તે મોંને કોરું કરે છે (ચીકાશ દૂર કરે છે), મુખમાં વ્રણ થયા હોય તેને રૂઝવે છે તથા દાહ અને તરસને શમાવે છે.

धान्याम्लमास्यवैरस्यमलदौर्गन्ध्यनाशनम् ॥८॥

ધાન્યામ્લનો ગંડૂષ ભરી રાખવાથી તે મુખની વિરસતા, મુખનાં મળ અને દુર્ગંધનો નાશ કરે છે.

तदेवालवणं शीतं मुखशोषहरं परम्।

તે જ ધાન્યામ્લ લવણ નાખ્યા વિનાનું તથા ઠંડું હોય તો તેના ગંડૂષ ભરી રાખવા એ મુખશોષને હરનારું ઉત્તમ ઔષધ છે.

आशु क्षाराम्बुगण्डूषो भिनत्ति श्लेष्मणश्चयम् ॥

પાણીમાં ક્ષાર નાખીને પછી ગાળી લીધેલા પાણીના કોગળા ભરવાથી મોંમાં કફ(થૂંક, લાળ)નો ભરાવો થતો મટે છે.

सुखोष्णोदकगण्डूषैर्जायते वक्त्रलाघवम्।

સશેકા (હૂંફાળા) પાણીના કોગળા ભરી રાખવાથી મોં હલકું થાય છે.

કોગળા કેવી રીતે ભરવા?

निवाते सातपे स्विन्नमृदितस्कन्धकन्धरः ॥१०॥
गण्डूषमपिबन् किञ्चिदुन्नतास्यो विधारयेत्।

(મોંમાં કોગળો ભરીને) પવન ન આવે પણ તડકો આવે એવી જગાએ બે ખભા તથા ડોક રાખીને એ રીતે બે ખભા તથા ડોક પર તડકાનો શેક કરીને, પછી બે ખભા તથા ડોક પર ચંપી કરાવીને, કોગળો પી ન જતાં જરા ઊંચું મોં રાખીને કોગળો મોંમાં ભરી રાખવો.

કોગળા ક્યાં સુધી ભરવા?

कफपूर्णास्यता यावत्स्रवद्घ्राणाक्षताऽथवा ॥११॥

મોંમાં કફ ભરાઈ જાય અથવા નાક અને આંખમાંથી પાણી ગળે ત્યાં સુધી કોગળા ભર-ભર કરવા. (આરોગ્ય થાય ત્યાંસુધી પાંચ-સાત કોગળા ભરવા.)

ગંડૂષ અને કવલ વચ્ચે તફાવત

असञ्चार्यो मुखे पूर्णे गण्डूषः, कवलोऽन्यथा।

કોગળા ભરવાના દ્રવ્યથી મોં એટલી હદ સુધી પૂરેપૂરું ભરી દેવામાં આવે કે એ દ્રવ્ય મોંમાં હલાવીચલાવી (ખખળાવી) શકાય નહિ તેને ગંડૂષ કહે છે, નહિ તો કવલ કહે છે (એટલે કોગળા ભરવાની દવા મોંમાં થોડી ભરાય અને તેથી દવાને મોંમાં અને ગળામાં ખખળાવી શકાય તો એને કવલ કહે છે):

કવલથી મટતા રોગ

मन्याशिरःकर्णमुखाक्षिरोगाः
प्रसेककण्ठामयवक्त्रशोषाः।

हृल्लासतन्द्रारुचिपीनसाश्च
साध्या विशेषात्कवलग्रहेण ॥१२॥

મન્યાના રોગ, માથાના રોગ, કાનના રોગ, મોંના રોગ, આંખના રોગ, પ્રસેક, ગળાના વિકારો, મુખશોષ, હૃલ્લાસ, તંદ્રા, અરુચિ, સળેખમ, એ રોગ ખાસ કરીને કવલ ભરવાથી મટાડવા જેવા છે.

જખમ ઉપર લગાડવાનું ઔષધ (પ્રતિસારણ)

कल्को रसक्रिया चूर्णस्त्रिविधं प्रतिसारणम् ॥१३

જખમ, ચાંદું વગેરે ઉપર લગાડવાના કે ચોપડવાના ઔષધને પ્રતિસારણ કહે છે. તે પ્રતિસારણ ત્રણ પ્રકારનું હોય છેઃ કલ્ક, મલમ અને ચૂર્ણ. જળ વગેરેમાં ઔષધોને બારીક વાટવાં તેને કલ્ક કહે છે; મધ વગેરેમા ઔષધ નાખીને મલમ જેવું કરવુ તેને રસક્રિયા કહે છે તથા કોરા ઔષધને ખાંડીને બારીક ભૂકો કરવો તેને ચૂર્ણ કહે છે.

युञ्ज्यात्तत् कफरोगेषु गण्डूषविहितौषधैः ।

એ પ્રતિસારણ શોધન ગંડૂષમા કહેલા ઔષધોનુ બનાવીને ખાસ કરીને કફના રોગમાં વાપરવુ.

મુખાલેપના પ્રકાર

मुखालेपस्त्रिधा दोषविषहा वर्णकृच्च सः ॥ १४॥

મુખ (ચહેરા) ઉપર કરવાનો લેપ ત્રણ પ્રકારનો છેઃ દોષહા એટલે દોષને હણનાર, વિષહા એટલે વિષને હણનાર અને વર્ણકૃત એટલે કાંતિ આપનાર.

ઉષ્ણ અને શીત લેપ

उष्णो वातकफे शस्तः, शेषेष्वत्यर्थशीतलः ।

તે મુખાલેપ વાયુ અને કફમા ગરમ હોય તે ઠીક તથા પિત્ત તથા વિષમાં અતિ શીતળ હોય તે ઠીક છે.

લેપનું પ્રમાણ

त्रिप्रमाणश्चतुर्भागत्रिभागार्धाङ्गुलोन्नतिः ॥ १५॥

તે મુખાલેપ એક આંગળના ચોથા ભાગ જેટલો, ત્રીજા ભાગ જેટલો અને અડધો આંગળ ઊંચો (જાડો) જોઈએ; મતલબ કે એક ચતુર્થાંશ આંગળ (હીન લેપ) અથવા એક તૃતીયાંશ આંગળ (મધ્યમ લેપ) અથવા એક દ્વિતીયાંશ (અડધો) આગળ જાડો (ઉત્તમ લેપ) લેપ કરવો.

મુખાલેપ ક્યાં સુધી રાખવો? પછી શું કરવું?

अशुष्कस्य स्थितिस्तस्य, शुष्को
दूषयति च्छविम् ।
तमार्द्रयित्वाऽपनयेत्तदन्तेऽभ्यङ्गमाचरेत् ॥ १६॥

તે મુખ ઉપર કરવાનો લેપ જ્યાં સુધી લીલો હોય ત્યા સુધી મુખ પર રહેવા દેવો. તે સુકાઈ જાય તો મુખની કાંતિ બગાડે છે. તે લેપ કાઢી નાખવો હોય ત્યારે તેને ભીનો કરીને કાઢી નાખવો અને પછી અભ્યંગ ચોળવુ.

મુખાલેપવાળાની પરેજી

विवर्जयेद्दिवास्वप्नभाष्याग्न्यातपशुक्क्रुधः ।

મુખ ઉપર જેણે લેપ ધારણ કર્યો હોય તેણે દિવસે ઊંઘવુ નહિ, બોલવુ નહિ; દેવતા, તડકો, શોક ને ક્રોધ એમાથી એકેનુ સેવન કરવુ નહિ. જો એ છમાના કોઈનુ પણ તે સેવન કરે તો ખણુજ, ચામડી ઉપર સોજો, સળેખમ, દૃષ્ટિનો નાશ વગેરેનો ભય ઊભો થાય છે.

મુખાલેપ કોને ન કરવો?

न योज्यः पीनसेऽजीर्णे दत्तनस्ये हनुग्रहे ॥१७॥
अरोचके जागरिते

સળેખમવાળાને, અજીર્ણવાળાને, જેને નસ્ય આપ્યુ હોય તેને, હનુગ્રહરોગવાળાને, અરુચિ રોગવાળાને અને ઉજાગરાવાળાને મુખાલેપ કરવો નહિ.

બરાબર કરેલા મુખાલેપના ફાયદા

स तु हन्ति सुयोजितः ।
अकालपलितव्यङ्गवलीतिमिरनीलिकाः ॥ १८ ॥

મુખાલેપ જો બરાબર થયો હોય તો અકાળે વાળ ધોળા થઈ ગયા હોય તે પાછા કાળા થઈ જાય છે, વ્યંગ રોગ મટે છે, મોં પર કરચલીઓ પડી હોય તે જતી રહે છે, તિમિર અને નિલિકા રોગ મટે છે.

છ ઋતુના જુદાજુદા મુખાલેપનાં દ્રવ્યો

कोलमज्जा वृषान्मूलं शाबरं गौरसर्षपाः ।
सिंहीमूलं तिलाः कृष्णा दार्वीत्वङ्-
निस्तुषा यवाः ॥ १९ ॥

दर्भमूलहिमोशीरशिरीषमिशितण्डुलाः ।
कुमुदोत्पलकह्लारदूर्वामधुकचन्दनम् ॥ २० ॥
कालीयकतिलोशीरमांसीतगरपद्मकम् ।
तालीसगुन्द्रापुण्ड्राह्वयष्टीकाशनतागुरु ॥ २१ ॥
इत्यर्धार्धोदिता लेपा हेमन्तादिषु षट् स्मृताः ।

ઉપર લખેલા શ્લોકોમાંના પ્રત્યેક અડધા શ્લોકમાં અનુક્રમે હેમંત વગેરે છ ઋતુમાં કરવાના લેપનાં દ્રવ્યો બતાવેલાં છે. બોરના ઠળિયાની મીંજ, અરડૂસીનું મૂળ, લોધર, ધોળા સરસવ–એ ચાર ઔષધોનો લેપ હેમંતઋતુમાં કરવો; ભોરિંગણીનુ મૂળ, તલ, પીપર, દારુહળદર, તજ અને છોડાં કાઢી નાખેલા જવ–એ છ ઔષધોનો લેપ શિશિરઋતુમાં કરવો. દર્ભનુ મૂળ, પદ્મકાષ્ઠ, વાળો, સરસડો, વરિયાળી અને ચોખા–એ છનો લેપ વસંતઋતુમાં કરવો. પોયણાં, કાળું કમળ, કહ્લાર, ધરો, મહુડાની કૂંપળો, ચંદન–એ છનો લેપ ગ્રીષ્મઋતુમાં કરવો. પીળું ચંદન, તલ, વાળો, જટામાંસી, તગર અને પદ્મકાષ્ઠ–એ છનો લેપ વર્ષાઋતુમાં કરવો. તાલીસપત્ર, ગુંદ્રા, શ્વેત કમળ, જેઠીમધ, અસાણા અને તગર–એ છનો લેપ શરદઋતુમાં કરવો.

મુખાલેપનું ફળ

मुखालेपनशीलानां दृढं भवति दर्शनम् ॥ २२ ॥
वदनं चापरिम्लानं श्लक्ष्णं तामरसोपमम् ।

જે માણસો રોજ મુખ ઉપર લેપ કરે છે, તેમની દૃષ્ટિ (જોવાની શક્તિ) દૃઢ થાય છે, તેમનુ મુખ કરમાયેલું રહેતુ નથી તથા લીસુ અને રાતા કમળ જેવુ થાય છે.

મૂર્ધતૈલ–માથે ઘાલવાનું તેલ

अभ्यङ्गसेकपिचवो बस्तिश्चेति चतुर्विधम् ॥ २३ ॥
मूर्धतैलम्

અભ્યંગ, સેક, પિચુ અને બસ્તિ એ ચાર રીતે માથામાં તેલ ઘલાય છે,

નોંધ :–માથામાં તેલ ચોપડવુ એને અભ્યંગ મૂર્ધતૈલ કહે છે. માથા ઉપર તેલ રેડવુ તેને સેક મૂર્ધતૈલ કહે છે. માથા ઉપર તેલનાં પોતાં મૂકવાં તેને પિચુમૂર્ધતૈલ કહે છે. માથાને તેલની બસ્તિ આપવી તેને બસ્તિ મૂર્ધતૈલ કહે છે.

बहुगुणं तद्विद्यादुत्तरोत्तरम् ।

મૂર્ધતૈલના એ ચાર પ્રકાર ઉત્તરોત્તર બહુ ગુણ આપનારા છે. (એટલે અભ્યંગ કરતાં સેક, તે કરતાં પિચુ અને પિચુ કરતાં બસ્તિતૈલ વધારે ગુણકારક છે.)

કયા પ્રકારનું મૂર્ધતૈલ ક્યારે વાપરવું?

तत्राभ्यङ्गः प्रयोक्तव्यो रौक्ष्यकण्डूमलादिषु ॥२४॥

માથું લૂખું પડી ગયું હોય, માથામાં ખણજ આવતી હોય અને માથામાં મેલ થયો હોય, ત્યારે માથામાં તેલનો અભ્યંગ કરવો.

अरूंषिकाशिरस्तोददाहपाकव्रणेषु तु ।
परिषेकः

માથામાં અરૂષિકા નામે ક્ષુદ્રરોગ થયો હોય, માથામાં અંકુશ ખોસાતો હોય એવી પીડા થતી હોય, બળતરા થતી હોય, પાકતું હોય અને વ્રણ થયો હોય ત્યારે માથા ઉપર તેલ રેડવુ.

पिचुः केशशातस्फुटनधूपने ॥२५॥
नेत्रस्तम्भे च

વાળ ખરી જતા હોય, વાળ ફાટતા હોય કે વાળના મૂળમાં લાહ્ય બળતી હોય અને આંખોનો સ્તંભ થયો હોય તો મૂર્ધતૈલનાં પોતાં મૂકવાં.

बस्तिस्तु प्रसुप्त्यर्दितजागरे ।
नासास्यशोषे तिमिरे शिरोरोगे च दारुणे ॥२६॥

ચામડી બહેરી થઈ ગઈ હોય, અડદિયો વા થયો હોય, ઊંઘ ન આવતી હોય, નાક સુકાતું હોય; મુખશોષ, તિમિરરોગ અને માથાનો ભયંકર રોગ એ રોગમાં બસ્તિ નામે મૂર્ધતૈલનો ઉપયોગ કરવો.

શિરોબસ્તિ (બસ્તિમૂર્ધતૈલ) આપવાની રીત

विधिस्तस्य निषण्णस्य पीठे जानुसमे मृद्री ।
शुद्धाक्तस्विन्नदेहस्य दिनान्ते गव्यमाहिषम् ॥२७॥
द्वादशाङ्गुलविस्तीर्णं चर्मपट्टं शिरःसमम् ।
आकर्णबन्धनस्थानं ललाटे वस्त्रवेष्टिते ॥ २८ ॥
चैलवेणिकया बद्ध्वा माषकल्केन लेपयेत्
ततो यथाव्याधि शृतं स्नेहं कोष्णं निषेचयेत् ॥२९

ऊर्ध्वं केशभुवो यावद्द्व्यङ्गुलम्

શિરોબસ્તિ આપવાની રીત નીચે પ્રમાણે છે:

વમન અને વિરેચનથી શરીરનું શોધન કરીને, શરીરે તેલ ચોળીને અને શેક કરીને દરદીને સૂર્યાસ્ત વખતે કે રાત્રે ઢીંચણ જેટલી ઊંચી અને પોચી પાટ ઉપર બેસાડીને બંને બાજુએ અડદના ઝીણા લોટની કણક ચોપડેલું વસ્ત્ર તેના લલાટ પર વીંટીને પછી તેના બાર આંગળ પહોળો (પનો) અને તેના માથાના ઘેરાવા જેટલો (કે ઘેરાવાથી વધારે) લાંબો ગાયના કે ભેંશના ચામડાનો પટો (કપડા સાથે ચોંટે એવી રીતે) કાન સુધી નીચો (કાન પર ચસમાંની દાંડી રહે છે ત્યાં સુધી નીચો) રહે એ રીતે અને આખો પટો માથાને ફરતો વીંટાઈ (બંધાઈ) રહે એ રીતે (ચામડાના પટાને) કપડાની ચીંદરડીથી (વાધરીઓથી કે કસોથી) બાંધીને પછી તે પટા ઉપર અડદના લોટની કણકનો લેપ કરવો. પછી દોષ, દૂષ્ય વગેરેને મટાડે એવી રીતે સિદ્ધ કરેલો સ્નેહ કડો પડતો-પડતો સશેકો થાય, ત્યારે માથાના વાળની જગા ઉપર એક આગળ સ્નેહ તરે એ રીતે બસ્તિના (ચામડાના પટાના) ઉપરના ભાગમાંથી સ્નેહ રેડવો.

(રેડેલા સ્નેહના રેલા બસ્તિમાંથી નીચા ન ઊતરે પણ સ્નેહ બધો બસ્તિમાં ભરાઈ રહે એટલા માટે અડદના લોટની કણકથી શીડી દેવાનું લખ્યું છે.)

(જમણા કાનથી, જમણી ભમ્મર ઉપરનો વાળવિનાનો કપાળનો ભાગ, ત્યાથી ડાબી ભમ્મર ઉપરનો વાળવિનાનો કપાળનો ભાગ, ત્યાંથી ડાબા કાન ઉપર ચસમાંની દાંડી રહે છે તે ભાગ, ત્યાંથી ડોક(બોચી)નો વાળવિનાનો ભાગ, ત્યાંથી પાછા જમણા કાન ઉપર ચસમાંની દાંડી રહે છે તે ભાગ—એમ માથાની વાળ-વિનાની ફરતી જગાને માટે આ શ્લોકમાં લલાટ શબ્દ વાપર્યો છે. વસ્ત્ર અને ચામડાના પટાની નીચેની કિનાર એ લલાટને ફરતી ચોંટાડવાની અને બાંધવાની છે. વાળ સાથે કણક ન ચોંટે એ સંભાળવું.)

धारयेच्च तम्।

आवक्त्रनासिकोत्क्लेदाद्दशाष्टौ षट् चलादिषु ॥३०

मात्रासहस्राण्यरुजे त्वेकं

મોંમાંથી અને નાકમાંથી થૂંક, લાળ, લીંટ, પાણી વગેરે નીકળવા માંડે, ત્યાં સુધી શીરોબસ્તિ રાખી મૂકવી (એ સામાન્ય નિયમ છે). (પણ મોં અને નાક ગળવા માંડવાની રાહ કેટલો વખત સુધી જોવી તે જણાવવા માટે કહે છે કે) વાયુના રોગમાં દસ હજાર માત્રા સુધી, પિત્તના રોગમાં આઠ હજાર માત્રા સુધી અને કફના રોગમાં છ હજાર માત્રા સુધી, પણ સાજા માણસને એક હજાર માત્રા સુધી શિરોબસ્તિ રાખી મૂકવી. (મોં અને નાક ગળવા માંડે તો એટલી માત્રાઓ થતા પહેલા પણ બસ્તિ ઉતારી લેવી, પણ મોં અને નાક ગળવા ન માંડે તોપણ એટલી માત્રાઓથી વધારે વખત સુધી બસ્તિ રાખવી નહિ.)

स्कन्धादि मर्दयेत्।

मुक्तस्नेहस्य

શિરોબસ્તિ છોડી નાખ્યા પછી ખભા, માથું અને ગરદન, એ જગાએ ચોળવું (મસળવું). (પછી સ્નેહન ક્રિયામાં કહ્યા પ્રમાણે 'ઉષ્ણો-દક સેવવું' વગેરે જે કહ્યું છે તે પ્રમાણે આચરવું; કેમ કે શિરોબસ્તિને માટે સ્નેહ શબ્દ વાપર્યો છે અને રોગીઓને સર્વ કર્મમાં બહુધા એ ક્રમ લાગુ પડે છે.)

શિરોબસ્તિની વધારેમાં વધારે મુદત

परमं सप्ताहं तस्य सेवनम् ॥३१॥

એ પ્રમાણે બહુમાં બહુ તો એકસાથે સાત દિવસ શિરોબસ્તિનું સેવન કરવું.

કાનમાં દવા કે તેલ મૂકવું

धारयेत्पूरणं कर्णे कर्णमूलं विमर्दयन्।

रुजः स्यान्मार्दवं यावन्मात्राशतमवेदने ॥३२॥

જે દવા કે તેલ કાનમાં મૂકવાનું હોય તેનાથી ટીપેટીપે કાન ભરી દઈને કાનના નીચેના છેડા પાસે મર્દન કરવું (મસળવું). જેણે કાનમાં પીડા થતી હોય તે મટાડવાને

દવા કે તેલ મુકાવ્યું હોય તેણે પીડા નરમ પડે ત્યાં સુધી કાનમાં દવા કે તેલ રાખી મૂકવું અને જેને પીડા ન થતી હોવા છતાં (સાવચેતી ખાતર) મુકાવ્યુ હોય તેણે એકસો માત્રા જેટલા સમય સુધી રાખી મૂકવું.

માત્રાનું પ્રમાણ

यावत्पर्येति हस्ताग्रं दक्षिणं जानुमण्डलम् ।
निमेषोन्मेषकालेन समं मात्रा तु सा स्मृता ॥३३

જેટલીવારમાં જમણા ઢીંચણની ઢાંકણીના ઘેરાવાની આસપાસ જમણા હાથનો અગ્રભાગ ફરી વળે તેટલા કાળને માત્રા કહે છે અને તે કાળ આંખ મીંચીને તરત ઉઘાડીએ તેની બરોબર છે.

મૂર્ધતૈલનું ફળ

कचसदनसितत्वपिञ्जरत्वं
परिफुटनं शिरसः समीररोगान् ।
जयति, जनयतीन्द्रियप्रसादं
स्वरहनुमूर्धबलं च मूर्धतैलम् ॥ ३४ ॥

વાળ ઊતરતા હોય, વાળ ધોળા થઈ જતા હોય, વાળ પીળચટ્ટા થઈ જતા હોય, વાળ ફાટતા (તરડાઈ જતા) હોય, માથામાં વાયુના રોગ થયા હોય તે મૂર્ધતૈલ(શિરો-બસ્તિ)થી મટે છે. વળી મૂર્ધતૈલથી આંખ વગેરે ઇંદ્રિયોનું પ્રસાદન થાય છે તથા અવાજ, હડપચી તથા માથામાં બળ આવે છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने गण्डूषादिविधिर्नाम
द्वाविंशोऽध्यायः ॥ २२ ॥

અધ્યાય ૨૩ મો

अथात आश्चोतनाञ्जनविधिमध्यायं
व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

(ગળાની હાંસડીથી ઉપરના ભાગના રોગના વિષયને અંગે હવે આંખના રોગના ઉપાયની રીત બતાવવા માટે કહે છે કે:)

હવે અમે આશ્ચોતન (આંખમાં દવાનાં ટીપાં મૂકવાં) અને અંજન (આંખમાં દવા આંજવી) એ બે ક્રિયાનો વિધિ બતાવનારો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

આશ્ચોતનનો ફાયદો

सर्वेषामक्षिरोगाणामादावाश्चोतनं हितम् ।
रुक्तोदकण्डूघर्षाश्रुदाहरागनिबर्हणम् ॥ १ ॥

બધા આંખના રોગોમાં (આંખનાં) પીડા, તોદ, ચળ (ખણુજ), આંખ ચોંટી જાય, પાણી નીકળવું, બળતરા અને લાલાશને મટાડે એવું આશ્ચોતન પહેલું કરવું એ હિતકર છે.

કયા દોષમાં કેવાં ટીપાં મૂકવાં?

उष्णं वाते, कफे कोष्णं, तच्छीतं रक्तपित्तयोः ।

વાયુના પ્રકોપથી થયેલા આંખના રોગમાં ગરમ ટીપાં મૂકવાં, કફથી થયેલામાં સશેકાં અને પિત્તથી થયેલામાં ઠંડાં ટીપાં મૂકવાં એ હિતકર છે.

આશ્ચોતન શી રીતે કરવું?

निवातस्थस्यवामेन पाणिनोन्मील्य लोचनम् ॥२
शुक्तौ प्रलम्बयाऽन्येन पिचुवर्त्या कनीनिके ।
दश द्वादश वा बिन्दून् द्व्यङ्गुलादवसेचयेत् ॥३
ततः प्रमृज्य मृदुना चैलेन, कफवातयोः ।
अन्येन कोष्णपानीयप्लुतेन स्वेदयेन्मृदु ॥ ४ ॥

પવન ખિલકુલ ન આવે એવી જગાએ દરદીને બેસાડીને, ડાબે હાથે તેની આખ ઉઘાડીને, દવા ભરેલી છીપમાં અડધી બોળાયેલી રહે એ રીતે મૂકી રાખેલી કપડાની વાટથી દવાનાં દસબાર ટીપાં આંખને નાકવાળે ખૂણે (નાક સાથે જોડાયેલા આંખના ખૂણામાં) એવી રીતે પાડવા કે ટીપાં પાડતી વખતે હાથ આંખથી બે આંગળ ઊંચો રહે. પછી જો કફ અને વાયુથી આંખનો રોગ થયો હોય તો લૂછેલું પોતું કાઢી નાખીને બીજું પોતું સશેકા પાણીમાં બોળી-બોળીને આંખને જરાજરા શેકવી.

કેવાં ટીપાંથી શું નુકસાન થાય?

अत्युष्णतीक्ष्णं रुग्रागदृङ्नाशायाक्षिसेचनम् ।
अतिशीतं तु कुरुते निस्तोदस्तम्भवेदनाः ॥ ५ ॥
कषायवर्त्मतां घर्षं कृच्छ्रादुन्मेषणं ग्रहम् ।
विकारवृद्धिमत्यल्पं संरम्भमपरिस्रुतम् ॥ ६ ॥

આંખમાં બહુ ગરમ કે બહુ તીક્ષ્ણ ટીપાં

પાડવાથી આંખમાં પીડા થાય છે, આંખ લાલ થઈ જાય છે, જોવાની શક્તિનો નાશ થાય છે. આંખમાં બહુ ઠંડાં ટીપાં પાડવાથી આંખમાં નિસ્તોદ, સ્તંભ અને પીડા થાય છે, પોપચાં લૂખાં પડી જાય છે અને આંખો ચોંટી જાય છે. વધારેપડતા ટીપાં મૂકવાથી આંખ ઉઘાડતાં કષ્ટ થાય છે. જરૂર કરતાં ઓછાં ટીપાં પાડવા-થી આંખનો રોગ વધે છે અને જો આંખમાં ટીપાં નાખ્યા પછી આંખમાંથી પાણી ન નીકળી જાય તો આંખનો સંરંભ થાય છે (એટલે આંખ સૂજી જાય છે).

મૂકેલી દવા દોષોને કઈ રીતે મટાડે છે?

गत्वा सन्धिशिरोघ्राणमुखस्रोतांसि भेषजम् ।
ऊर्ध्वगान्नयने न्यस्तमपवर्तयते मलान् ॥ ७ ॥

આંખમાં નીકળેલી દવા આંખના સાંધાનાં, માથાનાં, નાકનાં અને મોંનાં સ્રોતોમાં જઈને હાંસડીથી ઉપરના અવયવોમાં ગયેલા મળોને પાછા વાળે છે.

દવા ક્યારે આંજવી ?

अथाञ्जनं शुद्धतनोर्नेत्रमात्राश्रये मले ।
पक्वलिङ्गेऽल्पशोफार्तिकण्डूपैच्छिल्यलक्षिते ॥८॥
मन्दघर्षाश्रुरागेऽक्ष्णि प्रयोज्यं घनदूषिके ।
आर्ते पित्तकफासृग्भिर्मारुतेन विशेषतः ॥ ९ ॥

જો મળ (દોષ) ફક્ત આંખમાં જ રહેલો હોય (આંખ ઉપરાંત બીજા કોઈ અવયવમાં વ્યાપેલો ન હોય); આંખ થોડી જ સૂજી હોય, આંખમાં બહુ ચળ આવતી હોય અને આંખ પિચ્છિલ હોય, એ ત્રણ લક્ષણ ઉપરથી સમજી શકાય એવું આંખના સામ દોષ પાક્યા હોવાનુ ચિહ્ન જણાય અને આંખ ધીમેધીમે ચોંટી જતી હોય અને આંખમાંથી ધીમેધીમે પાણી નીકળતુ હોય અને આંખમાં મળ ઘટ્ટ થઈ ગયો હોય, આંખ પિત્ત, કફ કે લોહીના પ્રકોપથી દુખતી હોય અને ખાસ કરીને તો વાયુના પ્રકોપથી દુખતી હોય તો પછી (આંખમાં ટીપાં મૂક્યા પછી) દરદીના શરીરને વમન, વિરેચન વગેરેથી શુદ્ધ કરીને એની આંખમાં આંજવાની દવા આંજવી.

અંજનના પ્રકાર

लेखनं रोपणं दृष्टिप्रसादनमिति त्रिधा ।
अञ्जनम्

લેખન, રોપણ અને દૃષ્ટિપ્રસાદન, એવા ત્રણ પ્રકાર અંજનના છે. (શસ્ત્ર વડે જેમ શુક્ર. અર્મ વગેરેને ખોતરી કાઢવામાં આવે છે તેમ જે અંજન દોષને ખોતરી કાઢે છે તેને લેખન અંજન કહે છે. અભિષ્યંદ વગેરે નેત્રરોગને જે રૂઝવે છે તે રોપણ અંજન જાણવુ. દૃષ્ટિને જે નિર્મળ કરે છે તેને દૃષ્ટિપ્રસાદન અજન જાણવુ. સંગ્રહ ગ્રંથમાં એક સ્નેહન અંજનનો પ્રકાર કહેલો છે, પણ તે રોપણ તથા પ્રસાદન અંજનમાં સમાઈ જતો હોવાથી તેને અહીં જુદો ગણ્યો નથી).

લેખન અંજન

लेखनं तत्र कषायाम्लपटूषणैः ॥१०॥

તે ત્રણે અંજનમા લેખન અંજન તૂરાં, ખાટાં, ખારાં તથા તીખા ઔષધોથી બનાવીને (શુક્ર, અર્મ વગેરે નેત્રરોગવાળાને) આંજવું.

રોપણ અંજન

रोपणं तिक्तकैर्द्रव्यैः

રોપણ અંજન કડવાં દ્રવ્યથી બનાવવું. ('કડવાં દ્રવ્ય' તો માત્ર ઉપલક્ષણ છે. તે ઉપરથી એમ સમજવુ કે તૂરાં તથા સ્નેહન દ્રવ્ય પણ રોપણ અંજનમાં લેવાં.)

પ્રસાદન અંજન : પ્રત્યંજન

स्वादुशीतैः प्रसादनम् ।
तीक्ष्णाञ्जनाभिसन्तप्ते नयने तत्प्रसादनम् ॥ ११ ॥
प्रयुज्यमानं लभते प्रत्यञ्जनसमाह्वयम् ।

ગળ્યાં અને ઠંડાં દ્રવ્યથી બનાવેલું અંજન પ્રસાદન અંજન છે. એ ગળ્યાં તથા ઠંડાં દ્રવ્યથી બનાવેલું બહુ બારીક ચૂર્ણ તીક્ષ્ણ અંજનને લીધે રાતી અને આળી થઈ ગયેલી આખમાં આંજવામાં આવે છે, ત્યારે તેને પ્રત્યંજન કહે છે.

અંજન શલાકા

दशाङ्गुला तनुर्मध्ये शलाका मुकुलानना ॥१२॥
प्रशस्ता, लेखने ताम्री, रोपणे काललोहजा ।

अङ्गुली च, सुवर्णोत्था रूप्यजा च प्रसादने ॥१३

અંજન કરવાની શલાકા (સળી) દશ આંગળ લાંબી, (ચોળા જેટલી જાડી) તથા વચમાંથી પાતળી અને તેના બંને છેડા ફૂલની કળી જેવા રાખવા. લેખન અંજનમાં ત્રાંબાની સળી વડે, રોપણમાં ગજવેલની સળી વડે અથવા હાથની આંગળી વડે અને પ્રસાદન અંજનમાં સોનાની અથવા રૂપાની સળી વડે આંજવું એ ઉત્તમ છે.

અંજનની ત્રણ પ્રકારની બનાવટ

पिण्डो रसक्रिया चूर्णस्त्रिधैवाञ्जनकल्पना ।
गुरौ मध्ये लघौ दोषे तां क्रमेण प्रयोजयेत् ॥१४

ગોટી, મલમ અને ચૂર્ણ, એ ત્રણ પ્રકારે અંજનની બનાવટ કરવામાં આવે છે. દોષ જ્યારે ભારે, મધ્યમ કે હલકા હોય ત્યારે તે અનુક્રમે યોજવામાં આવે છે. એટલે દોષનું જોર અતિશય હોય તો ગોટી કરીને આંજવી, દોષનુ જોર મધ્યમ હોય તો દવાનો મલમ કરીને આંજવો અને દોષનુ જોર કમી હોય તો દવાનુ ચૂર્ણ આંજવું.

ગોટી અને મલમ કેટલાં આંજવાં?

हरेणुमात्रा पिण्डस्य वेल्लमात्रा रसक्रिया ।
तीक्ष्णस्य, द्विगुणं तस्य मृदुनः

જો ગોટી તીક્ષ્ણ દ્રવ્યોની હોય તો એ ગોટીમાંથી માત્ર રેણુકબીજ જેટલો ભાગ (ઓરસિયા પર) ઘસીને આંખમાં આંજવો. જો આંજવાનો મલમ તીક્ષ્ણ દ્રવ્યોનો બનાવ્યો હોય તો એમાંથી માત્ર વાવડિંગ જેટલો મલમ આંજવો. જો ગોટી મૃદુ દ્રવ્યોની બનાવી હોય તો બમણી (બે રેણુકબીજ જેટલી) (ઓરસિયા પર) ઘસીને આંજવી. જો મલમ મૃદુ દ્રવ્યોનો બનાવ્યો હોય તો બમણો (વાવડિંગના બે દાણા જેટલો) આંજવો.

ચૂર્ણ અંજનનું પ્રમાણ

चूर्णितस्य च ॥ १५॥
द्वे शलाके तु तीक्ष्णस्य, तिस्रस्तदितरस्य च ।

ચૂર્ણરૂપ અંજન જો તીક્ષ્ણ હોય તો તેની બે શલાકાઓ (સળીઓ) અને મૃદુ હોય તો તેની ત્રણ શલાકાઓ લેવી.

બીજા ગ્રંથમાં કહ્યુ છે કે લેખન અંજન તાંબાના, રૂપાના કે કાંસાના પાત્રમાં રાખવું; રોપણ અંજન સોનાના કે વડના પાત્રમાં અથવા શંખમાં રાખવું; પ્રસાદન અંજન સ્ફટિકના, પીપળાના કે સુખડના પાત્રમાં રાખવું; કેમ કે એમ રાખવાથી અંજનના ગુણમાં બગાડ થતો નથી. અંજનની ગોટી ઘસવાને માટે જે પથ્થર રાખવો તે વચમાંથી લગાર નમતો (ખાડાવાળો) તથા તેમાંથી પથ્થરની બારીક રજ ખિરડે નહિ એવો રાખવો; વળી તે પાંચ આંગળ લાંબો તથા ત્રણ આંગળ પહોળો રાખવો.

અંજન કરવાના કાળનો નિયમ

निशि स्वप्ने न मध्याह्ने म्लाने नोष्णगभस्तिभिः ॥
अक्षिरोगाय दोषाः स्युर्वर्धितोत्पीडितद्रुताः ।
प्रातः सायं च तच्छान्त्यै
व्यभ्रेऽर्केऽतोऽञ्जयेत्सदा ॥ १७॥

રાત્રે અંજન કરવું નહિ, તેમ ઊંઘતી વખતે પણ અંજન કરવું નહિ, વળી બપોરે પણ અંજન કરવુ નહિ, તેમ ગરમ કિરણોથી નેત્ર મ્લાન થયેલાં (કરમાયેલાં) હોય તે વખતે પણ અંજન કરવું નહિ; કેમ કે તે વખતે અંજન કરવાથી દોષ વધે છે, ફૂલે છે તથા કાળની ઉષ્ણતાને લીધે પીગળીને શરીરમાં પાછો ચુસાઈ જાય છે અને એવી રીતે બનવાથી તે દોષ નેત્રરોગ ઉત્પન્ન કરે છે. એટલા માટે જ્યારે સૂર્ય વાદળાથી રહિત નિર્મળ હોય ત્યારે તે દોષની શાંતિ અર્થે પ્રાતઃકાળમાં અથવા સાયંકાળમાં સદા અંજન કરવુ.

અંજનના સમય વિષે બીજાનો મત

वदन्त्यन्ये तु न दिवा प्रयोज्यं तीक्ष्णमञ्जनम् ।
विरेकदुर्बलं चक्षुरादित्यं प्राप्य सीदति ॥ १८॥

કેટલાક એમ કહે છે કે દિવસે તીક્ષ્ણ અંજન આંજવું નહિ; કેમ કે તીક્ષ્ણ અંજન વડે જેનુ વિરેચન થયુ છે એવી આંખ સૂર્યનાં કિરણને જોઈને નબળી થઈ જાય છે.

स्वप्नेन रात्रौ कालस्य सौम्यत्वेन च
शीतसात्म्या दृगाग्नेयी स्थिरतां लभते

આંખ અગ્નિતત્ત્વની બનેલી છે તેથી ઠંડક તેને માફક આવે છે. માટે તીક્ષ્ણ અંજનને લીધે આંખમાંથી પાણી નીકળી રહ્યા પછી પણ તીક્ષ્ણ અંજનને લીધે પુષ્કળ સંતાપ પામેલી આંખનુ રાત્રે ઊંઘ મળવાથી અને રાત્રિના વખતની સૌમ્યતાને લીધે તર્પણ થાય છે (તેથી તીક્ષ્ણ અંજન રાત્રે આંજવું).

પરમતના હેતુનું ખંડન

मन्युद्रिक्ते बलासे तु लेखनीयेऽथवा गदे ।
काममह्नयपि नात्युष्णे तीक्ष्णमक्ष्णि प्रयोजयेत् ॥ २० ॥

પણ જો કફનો પુષ્કળ પ્રકોપ થયો હોય અથવા (વેલ અને ફૂલું જેવા) લેખન કરવું પડે એવા રોગ હોય તો દહાડે પણ બહુ તાપ ન હોય ત્યારે આંખમાં તીક્ષ્ણ અંજન ખુશીથી આંજવુ.

अश्मनो जन्म लोहस्य तत एव च तीक्ष्णता ।
उपघातोऽपि तेनैव तथा नेत्रस्य तेजसः ॥२१॥

લોઢું પથ્થરમાંથી (પહાડ ઉપર પથ્થર સાથેથી) જન્મે છે અને લોઢાની (લોઢાના શસ્ત્રની) ધાર પથ્થર પર જ કાઢવામાં આવે છે અને એ જ પથ્થર પર પછાડવાથી એ શસ્ત્રનો નાશ પણ થાય છે (શસ્ત્ર બુઠ્ઠું થઈ જાય છે). એવું જ આંખને તેજથી થાય છે.

(આંખ તેજની બનેલી છે, સૂર્યના સાધારણ તેજથી આંખનુ તેજ વધે છે, જોવાની શક્તિ વધે છે, પણ આંખને હિતકર હોય તે કરતાં વધારે ગરમીથી આંખનો નાશ થાય છે. માટે શ્લોક ૧૮માં કેટલાક આચાર્યોનો જે મત આપ્યો છે કે દહાડે આંખમાં તીક્ષ્ણ દવા કદી આંજવી નહિ તે મત ખોટો છે.)

न रात्रावपि शीतेऽति नेत्रे तीक्ष्णाञ्जनं हितम् ।
दोषमस्रावयेत्स्तब्धं कण्डूजाड्यादिकारि तत् ॥

રાત્રિએ પણ કફ વધતો હોવાથી અતિશય ઠંડી થયેલી આંખમાં તીક્ષ્ણ અંજન હિતકારી છે એમ સમજવું નહિ; કેમ કે રાત્રે આંજેલું અંજન કાળની સૌમ્યતાને લીધે થીજી જવાથી દોષને વહેવડાવીને બહાર કાઢતું નથી; પણ ચેળ અને જડતા વગેરે ઉપદ્રવો ઉત્પન્ન કરે છે. માટે શ્લોક ૧૯માં જે કહ્યું છે તે પણ ખોટું છે, પણ પૂર્વે શ્લોક ૧૫, ૧૬માં જે કહેલુ છે કે પ્રાતઃકાળે તથા સાયંકાળે અંજન આંજવું, તે જ વાંધાવિનાનું છે એમ સમજવું.

અંજન કોને ન કરવું?

नाञ्जयेद्भीतवमितविरिक्ताशितवेगिते ।
क्रुद्धज्वरिततान्ताक्षिशिरोरुक्शोकजागरे ॥२३॥
अदृष्टेऽर्के शिरःस्नाते पीतयोर्धूममद्ययोः ।
अजीर्णेऽग्न्यर्कसन्तप्ते दिवासुप्ते पिपासिते ॥२४॥

બીનેલાની, જેને વમન, વિરેચન વગેરે આપીને શુદ્ધ કર્યો હોય તેની; જેણે તરત ખાધેલું હોય, જેને ઝાડા, પેશાબ વગેરે વેગ આવ્યો હોય, જે ક્રોધે ભરાયો હોય, તાવવાળો હોય, સૂક્ષ્મ કે તેજસ્વી પદાર્થ જેયાથી કે વાગવાથી જેની આંખો થાકી ગઈ હોય, જેના માથામાં પીડા થતી હોય, જે શોક કે ઉજાગરાવાળો હોય તેની; તથા જે દિવસે સૂર્ય વાદળમાં ઢંકાયેલો હોય તે દિવસે; જે મનુષ્યે માથું પલાળીને સ્નાન કર્યું હોય તેની, જેણે ધૂમપાન કે મદ્યપાન કર્યું હોય, જેને અજીર્ણ થયુ હોય, જે અગ્નિના તાપથી કે સૂર્યના તાપથી તપેલો હોય, જે દિવસે ઊંઘ્યો હોય તથા જે તરસ્યો હોય, એવા મનુષ્યોની આંખમાં વૈદ્યે અંજન આંજવું નહિ.

ન આંજવા જેવું અંજન

अतितीक्ष्णमृदुस्तोकबहुच्छघनकर्कशम् ।
अत्यर्थशीतलं तप्तमञ्जनं नावचारयेत् ॥ २५ ॥

અતિશય તીક્ષ્ણ, અતિશય મૃદુ, અતિ થોડું કે અતિ ઘણું, અતિ પાતળું કે અતિ જાડું, કરકરું, અતિ શીતળ કે અતિ ગરમ થયેલું અંજન વૈદ્યે રોગીની આંખમાં આજવુ નહિ.

(બીજા ગ્રંથમાં અંજનનો વિધિ કહ્યો છે તે પ્રમાણે આરામથી બેઠેલા વૈદ્યે પોતાના ડાબા અંગૂઠા વડે આરામથી બેઠેલા રોગીના નેત્રની ઉપરની પાંપણ ઉપાડીને તેમાંના કાળા

ભાગની નીચે આંખના નાક તરફના ખૂણાથી ને આંખના લમણા તરફના છેડા લગી અંજન આંજવું.)

અંજન કર્યા પછી શું કરવું ?

अथानुन्मीलयन् दृष्टिमन्तः सञ्चारयेच्छनैः ।
अञ्जिते वर्त्मनी किञ्चिच्चालयेच्चैवमञ्जनम् ॥२६॥
तीक्ष्णं व्याप्नोति सहसा, न चोन्मेषनिमेषणम् ।
निष्पीडनं च वर्त्मभ्यां क्षालनं वा समाचरेत् ॥

પછી (આંખમાં અંજન અંજાયા પછી) આંખો ઉઘાડ્યા વિના આંખને અંદર ને અંદર ચારે બાજુએ ફેરવવી, આંજેલાં પોપચાં (બંધ આંખે) જરા પટપટાવવાં અને એ રીતે આંજેલી દવાને આંખમાં ફેલાવવી. આ પ્રમાણે તીક્ષ્ણ અંજન આંખમાં ફરી વળે છે માટે આંજ્યા પછી તરત (ઉપર જણાવેલા વિધિનો ભંગ કરીને) આંખ ઉઘાડવાસ કરવી નહિ, પોપચાં દબાવવાં નહિ (પોપચાં વડે દબાવીને આંખમાંથી પાણી કાઢી નાખવુ નહિ) કે આંખ ધોઈ નાખવી નહિ.

આંખ ક્યારે ધોઈ નાખવી ?

अपेतावघर्षसंरम्भं निर्वृत्तं नयनं यदा ।
व्याधिदोषर्तुयोग्याभिरद्भिः प्रक्षालयेत्तदा ॥२८॥

જ્યારે આંખમાં નાખેલી કે આંજેલી દવાથી આંખમાં થતો ક્ષોભ (બળવું, ખૂંચવું વગેરે અસર) બંધ થાય અને તેથી આંખને ચેન પડે (દુઃખ બંધ થાય) ત્યારે રોગ, દોષ અને ઋતુને લાયક પાણીથી આંખ ધોવી. (ધોવા માટે ઠંડું, સહેજ ગરમ વગેરે કેવું પાણી વાપરવું તેનો આધાર આંખનો કયો રોગ છે, કયા દોષના પ્રકોપથી થયો છે, ઋતુ કઈ ચાલે છે વગેરે બાબતો ઉપર છે.)

પછી આંખ કેવી રીતે સાફ કરવી (લૂછવી)?

दक्षिणाङ्गुष्ठकेनाक्षि ततो वामं सवाससा ।
ऊर्ध्ववर्त्मनि सङ्गृह्य शोध्यं वामेन चेतरत् ॥

આંખ ધોયા પછી વસ્ત્રથી વીંટેલા જમણા હાથના અંગૂઠાથી ઉપલું પોપચું બરાબર ઉપાડીને ડાબી આંખ લૂછી નાખવી અને વસ્ત્રથી વીંટેલા ડાબા હાથના અંગૂઠાથી ઉપલું પોપચું બરાબર ઉપાડીને જમણી આંખ લૂછી નાખવી.

ન ધોવાથી, ન લૂછવાથી નુકસાન

वर्त्मप्राप्तोऽञ्जनाद्दोषो रोगान् कुर्यादतोऽन्यथा ।

જે અંજનને લીધે પોપચામાં આવેલા દોષને આંખ ધોઈ લૂછીને ધોવાલૂછવામાં ન આવે તો તે દોષ રોગ કરે છે.

ચળ વગેરે થાય તો શું કરવું?

कण्डूजाड्येऽञ्जनं तीक्ष्णं धूमं वा
योजयेत् पुनः ॥ ३० ॥

જો આંખમાં ચળ આવે અને આંખમાં જડતા આવે તો તીક્ષ્ણ અંજન આંજવું અથવા વળી તીક્ષ્ણ ધૂમપાન કરાવવું.

तीक्ष्णाञ्जनाभितप्ते तु चूर्णं प्रत्यञ्जनं हितम् ॥३०½

જો આંખ તીક્ષ્ણ અંજનને લીધે સંતાપ પામે (રાતી અને આળી થઈ જાય) તો પ્રત્યંજન નામના અંજન તરીકે ઠંડું ચૂર્ણ આંજવું.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने आश्चोतनाञ्जनविधिर्नाम त्रयोविंशोऽध्यायः ॥ २३ ॥

અધ્યાય ૨૪ મો

अथातस्तर्पणपुटपाकविधिमध्यायं
व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે તર્પણ અને પુટપાકનો વિધિ જેમાં કહેલો છે એવો અધ્યાય સમજાવીશું. (પાછલા અધ્યાયમાં આશ્ચોતન અને અંજનનો વિધિ કહેલો છે તથા આશ્ચોતન અને અંજન વડે નેત્ર દુર્બળ થઈ જાય છે માટે તેને બળવાન કરવાને તર્પણ તથા પુટપાકનો વિધિ યોગ્ય છે.) એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

કયા રોગમાં અને ક્યારે આંખનું તર્પણ કરવું?

नयने ताम्यति स्तब्धे शुष्के रूक्षेऽभिघातिते ।
वातपित्तातुरे जिह्मे शीर्णपक्ष्माविलेक्षणे ॥ १ ॥
कृच्छ्रोन्मीलशिराहर्षशिरोत्पाततमोर्जुनैः ।
स्यन्दमन्थान्यतोवातवातपर्यायशुक्रकैः ॥ २ ॥

आतुरे शान्तरागाश्रुशूलसंरम्भदूषिके ।
निवाते तर्पणं योज्यं शुद्धयोर्मूर्धकाययोः ॥ ३ ॥
काले साधारणे प्रातः सायं वोत्तानशायिनः ।

જેની આંખ જોઈ શકતી ન હોય, સ્તબ્ધ થઈ ગઈ હોય, સૂકી અને લૂખી હોય, આંખમાં ઓફો વગેરે કંઈ વાગ્યુ હોય, વાયુ કે પિત્તથી આંખ પીડાતી હોય, આંખ વાંકી થઈ હોય, પાંપણો ખરી પડી હોય, ઝાંખું દેખાતુ હોય, કૃચ્છ્રોન્મીલ, શિરાહર્ષ, શિરોત્પાત, તિમિર, અર્જુન, અભિષ્યંદ, અધિમંથ, અન્યતોવાત, વાતપર્યાય, શુક્ર, એ આંખના દશ રોગ થયા હોય; રતાશ, આંસુ, શૂળ, સોજો અને પીયા—એ પાંચ શમી ગયા હોય, તેની વમન, વિરેચન અને નસ્ય વડે શરીર તથા મસ્તકની શુદ્ધિ કરીને, પવનવિનાના પ્રદેશમાં, વસંત વગેરે સાધારણ કાળમાં, સવારે કે સાંજે, ચત્તો સુવાડીને આંખનુ તર્પણ કરવુ.

(આંખના રોગો માટે જુઓ ઉત્તરસ્થાન.)

તર્પણનો વિધિ

यवमाषमयीं पालीं नेत्रकोशाद्बहिः समाम् ॥ ४ ॥
द्व्यङ्गुलोच्चां दृढां कृत्वा यथास्वं सिद्धमावपेत् ।
सर्पिर्निमीलिते नेत्रे तप्ताम्बुप्रविलायितम् ॥ ५ ॥
नक्तान्ध्यवाततिमिरकृच्छ्रबोधादिके वसाम् ।
आपक्ष्माग्रात्

જવ અને અડદનો લોટ પલાળીને તે વડે આંખના ખામણાની બહાર ચારે પાસ દઢ, બે આંગળ ઊંચી અને સરખી પાળ કરવી તથા તે પાળની અંદર જે દોષને જે ઔષધ યોગ્ય હોય તે ઔષધોમાં સિદ્ધ કરેલું તથા ગરમ પાણીમાં તે ઘીનું વાસણ મૂકીને વીઘારેલું (ઓગળેલું) ઘી આંખો મીંચાવીને રેડવું.

દિવસે દેખાય પણ રાત્રે ન દેખાય તેને નક્તાંધ્ય (રતાંધળાપણુ) કહે છે. એ નક્તાંધ્યમાં (એટલે રતાંધળો હોય તેને) વાયુથી થયેલા નેત્રરોગમાં, તિમિર નામે નેત્રરોગમાં અને કૃચ્છ્રબોધ (કષ્ટે કરીને દેખાતું હોય તે રોગ) વગેરે આંખના રોગોમાં ઘીને ઠેકાણે વસા રેડવી. તે વસાને પણ ઔષધોમાં સિદ્ધ કરવી તથા ગરમ પાણી ઉપર મૂકીને ઓગાળવી જોઈએ. ઘી અને વસા આંખની પાંપણોના છેડા ડૂબે એટલાં મીંચેલી આંખ ઉપર રેડવાં.

તર્પણ સ્નેહ ધારણ કરી રાખવાનો કાળ

अथोन्मेषं शनैस्तस्य कुर्वतः ॥ ६ ॥
मात्रा विगणयेत्तत्र वर्त्मसन्धिसितासिते ।
दृष्टौ च क्रमशो व्याधौ शतं त्रीणि च पञ्च च ॥७
शतानि सप्त चाष्टौ च, दश मन्थे, दशानिले ।
पित्ते षट्, स्वस्थवृत्ते च बलासे पञ्च धारयेत् ॥८

હવે ઘી કે વસા રેડયા પછી તેને ધીમે-ધીમે આંખ ઉઘાડવાનુ કહેવું અને તે વખતે માત્રાઓ ગણવા માંડવી. તેમાં વર્ત્મ, સંધિ, સિત, અસિત અને દૃષ્ટિના આંખના રોગ હોય તો ઘી વગેરે નાખ્યા પછી અનુક્રમે સો, ત્રણસો, પાંચસો, સાતસો અને આઠસો માત્રા જેટલી વાર તે ઘી કે વસા રાખી મૂકવી. (એટલે વર્ત્મ એટલે પોપચાંના રોગમા સો માત્રા જેટલી વાર સુધી, આંખના સંધિગત રોગ હોય તો ત્રણસો માત્રા જેટલી વાર લગી, સિત એટલે નેત્રના ધોળા ભાગ સંબંધી રોગ હોય તો પાંચસો માત્રા લગી, અસિત એટલે નેત્રના કાળા ભાગનો રોગ હોય તો સાતસો માત્રા લગી અને દૃષ્ટિમાં એટલે કાળા ભાગની માંડે જે કીકી હોય છે તેનો રોગ હોય તો આઠસો માત્રા લગી ઘી કે વસા રાખી મૂકવી.) અધિમંથ નામે રોગમા એક હજાર માત્રા લગી, વાયુના રોગમાં પણ હજાર માત્રા લગી, પિત્તના રોગમાં છસો માત્રા લગી, સાજા માણસે પણ છસો માત્રા લગી તથા કફના રોગમાં પાંચસો માત્રા લગી ઘી કે વસા આંખના ખામણામા રાખી મૂકવાં.

તર્પણ કર્યા પછીનું કર્મ

कृत्वाऽपाङ्गे ततो द्वारं स्नेहं पात्रे निगालयेत् ।
पिबेच्च धूमं, नेक्षेत व्योम रूपं च भास्वरम् ॥९॥

ઉપર કહ્યો તેટલા વખત સુધી સ્નેહ આંખના ખામણામાં રાખીને પછી આંખના લમણા તરફના ખૂણા આગળ લોટની પાળ તોડીને આંખ ઉપરનો સ્નેહ વાસણમાં લઈ લેવો. પછી સાથેના

ગોળા વડે આંખના ખામણાને સાફ કરીને સ્નેહથી પ્રેરાયેલા કફનું શમન કરવાને ધૂમપાન કરવું તથા આકાશ સામું જોવું નહિ કે તેજસ્વી પદાર્થ કે તડકા વગેરે સામું જોવું નહિ.

તર્પણ કોણે કેટલા દિવસ કરવું?

इत्थं प्रतिदिनं वायौ, पित्ते त्वेकान्तरं, कफे ।
स्वस्थे च द्व्यन्तरं दद्यादातृप्तेरिति योजयेत् ॥१०॥

એ પ્રકારે વાયુથી થયેલા આંખના રોગમાં નિત્ય તર્પણ કરવું, પિત્તની થયેલા રોગમાં એકએક દિવસને આંતરે તર્પણ કરવું, કફથી થયેલા રોગમાં અને સાજા માણસે બે બે દિવસને આંતરે કરવું. એ પ્રમાણે જ્યાં સુધી આંખની તૃપ્તિ થાય ત્યાં સુધી કરવું.

આંખની તૃપ્તિ, અતૃપ્તિ અને અતિતૃપ્તિનાં લક્ષણ

प्रकाशक्षमता स्वास्थ्यं विशदं लघु लोचनम् ।
तृप्ते, विपर्ययोऽतृप्तेऽतितृप्ते श्लेष्मजा रुजः ॥११॥

ઘી કે વસાથી આંખનું તર્પણ કર્યાથી આંખની તૃપ્તિ બરાબર થઈ હોય તો આંખ તેજ ખમી શકે છે; આંખ સ્વસ્થ, કોરી અને હલકી થાય છે; જો બરાબર તર્પણ ન થયું હોય તો એથી ઊલટું થાય છે, એટલે આંખ તે જ ખમી શકે નહિ તથા અસ્વસ્થ, ખરડાયેલી અને ભારે થાય છે, અતિતર્પણ થયું હોય તો કફથી થતી ચેળ, પિચ્છિલતા વગેરે પીડા થાય છે.

તર્પણ કર્યા પછી પુટપાકની જરૂર

स्नेहपीता तनुरिव क्लान्ता दृष्टिर्हि सीदति ।
तर्पणानन्तरं तस्माद्दृग्बलाधानकारणम् ॥१२॥
पुटपाकं प्रयुञ्जीत पूर्वोक्तेष्वेव यक्ष्मसु ।

સ્નેહપાન કર્યા પછી શરીર જેમ શ્રમયુક્ત થાય છે તેમ સ્નેહથી તૃપ્ત થઈને આંખ પણ શ્રમિત થઈ નબળી થાય છે. એટલા માટે તર્પણ કર્યા પછી દૃષ્ટિમાં બળ આપનાર પુટપાકની યોજના કરવી. જે રોગમાં તર્પણ કરવામાં આવે છે તે જ રોગમાં પુટપાક કરવામાં આવે છે; માટે પૂર્વે (શ્લોક ૩થી ૨૬માં) તર્પણ કરવા યોગ્ય જે રોગ કહેલા છે તેમાં તર્પણ કર્યા પછી પુટપાકની યોજના કરવી.

ત્રણ પ્રકારનો પુટપાક

सवाते स्नेहनः, श्लेष्मसहिते लेखनो हितः ॥१३॥
दृग्दौर्बल्येऽनिले पित्ते रक्ते स्वस्थे प्रसादनः ।

તે પુટપાક સ્નેહન, લેખન અને પ્રસાદન એવા ત્રણ પ્રકારનો છે; તેમાંથી વાયુથી થયેલા આંખના રોગમાં સ્નેહન, વાતકફના રોગમાં લેખન અને દૃષ્ટિની નિર્બળતામાં, વાયુમાં, પિત્તમાં, રક્તમાં અને સાજા માણસને પ્રસાદન પુટપાક હિતકર છે.

સ્નેહન પુટપાક બનાવવાની રીત

भूशयप्रसहानूपमेदोमज्जवसामिषैः ॥ १४ ॥
स्नेहनं पयसा पिष्टैर्जीवनीयैश्च कल्पयेत् ।

બિલેશય, પ્રસહ તથા અનૂપ દેશનાં પ્રાણીઓનાં ચરબી, મજ્જા, વસા અને માંસને તથા જીવનીય ગણનાં ઔષધોને દૂધમાં પીસીને (લસોટીને) તે વડે વૈદ્યે સ્નેહન પુટપાક બનાવવો. (માંસ અને ઔષધના કલ્ક જુદા જુદા બનાવવા અને જુદા રાખવા.)

લેખન પુટપાક બનાવવાની રીત

मृगपक्षियकृन्मांसमुक्तायस्ताम्रसैन्धवैः ॥ १५ ॥
स्रोतोजशङ्खफेनालैर्लेखनं मस्तुकल्कितैः ।

જાંગલ પ્રદેશનાં મૃગ અને (વિષ્કિર અને પ્રતુદ) પક્ષીઓનાં કાળજું અને માંસ તથા મોતી, લોઢું, તાંબું, સિંધવ, સુરમો, શંખ, સમુદ્રફીણ અને હરતાલ—એ દ્રવ્યોમાં દહીંનું નીતર્યું પાણી નાખીને તે વડે લેખન પુટપાક બનાવવો. (માંસ વગેરેનો અને ઔષધનો કલ્ક જુદાજુદા કરવા અને રાખવા.)

પ્રસાદન પુટપાકની કલ્પના

मृगपक्षियकृन्मज्जवसान्त्रहृदयामिषैः ॥ १६ ॥
मधुरैः सघृतैः स्तन्यक्षीरपिष्टैः प्रसादनम् ।

મૃગ અને પક્ષી વગેરેના કાળજું, મજ્જા, વસા, આંતરડાં, હૃદય અને માંસ વડે તથા મધુર ગણનાં ઔષધોને ઘી સાથે તથા સ્ત્રીના ધાવણ સાથે વાટીને તે વડે પ્રસાદન પુટપાક બનાવવો. (માંસ વગેરેનો અને ઔષધનો કલ્ક જુદોજુદો બનાવવો અને જુદા રાખવા.)

પુટપાક બનાવવાની રીત

बिल्वमात्रं पृथक् पिण्डं मांसभेषजकल्कयोः ॥१७॥
उरुबूकवटाम्भोजपत्रैः स्नेहादिषु क्रमात् ।
वेष्टयित्वा मृदा लिप्तं धवधन्वनगोमयैः ॥१८॥
पचेत्प्रदीप्तैरग्न्याभं पक्वं निष्पीड्य तद्रसम् ।
नेत्रे तर्पणवद्युञ्ज्यात्

માંસના અને ઔષધના કલ્કનો બીલા જેવડો જુદોજુદો ગોળો કરવો. પછી જો સ્નેહન પુટપાક હોય તો તે ગોળાને એરંડાનાં પાંદડાંમાં લપેટવો; જો લેખન પુટપાક હોય તો તે ગોળાને વડનાં પાદડાંમાં લપેટવો અને જો પ્રસાદન પુટપાક હોય તો તે ગોળાને કમળનાં પાંદડાંમાં લપેટવો. પછી તેના ઉપર કાળી માટીનો (બે આંગળ જાડો) લેપ કરવો. પછી તે ગોળાને જો સ્નેહન પુટપાક હોય તો ધાવડાના લાકડાના અંગારામાં, જો લેખન પુટપાક હોય તો ધામણીના લાકડાના અંગારામાં અને જો પ્રસાદન પુટપાક હોય તો ગાયના છાણનાં અડાયાંના અગ્નિમાં પકવવો. પછી તે ગોળો અગ્નિના જેવા રંગનો થાય ત્યારે પુટપાક પાકયો છે એમ જાણી તેને બહાર કાઢી પાંદડાં કાઢી નાખીને ગોળાને વસ્ત્રમાં લપેટીને તેનો રસ નીચોવી કાઢવો અને તે રસને શ્લોક ૪ થી ૬માં તર્પણવિધિમા કહેલી રીતે આંખ માટે વાપરવો.

પુટપાક કેટલો વખત રાખવો?

शतं द्वे त्रीणि धारयेत् ॥१९॥
लेखनस्नेहनान्त्येषु

લેખન પુટપાક સો માત્રા લગી, સ્નેહન પુટપાક બસો માત્રા લગી અને પ્રસાદન પુટપાક ત્રણસો માત્રા લગી આખના ખામણામાં રાખી મૂકવો.

પુટપાક કેવો વાપરવો?

कोष्णौ पूर्वौ, हिमोऽपरः ।

સ્નેહન અને લેખન પુટપાક લગાર ગરમ રેડવા અને પ્રસાદન પુટપાક ઠંડો રેડવો.

પછી ધૂમપાન કરવું

धूमपोऽन्ते तयोरेव

પહેલા અને બીજા એટલે સ્નેહન અને લેખન પુટપાકને અંતે સ્નેહથી પ્રેરાયેલા કફની શાંતિને અર્થે ધૂમપાન કરવું. (પ્રસાદનને અંતે ધૂમપાન કરવું નહિ.)

પુટપાકના સમ્યગ્યોગ વગેરેનાં લક્ષણ

योगास्तत्र च तृप्तिवत् ॥२०॥

તે ત્રણે જાતના પુટપાકોમાં યોગ તર્પણની પેઠે જાણવા, એટલે પુટપાક સારી રીતે થયાનાં શાં લક્ષણ, સારી રીતે નહિ થયાનાં શાં લક્ષણ તથા અતિશય થયાના શા લક્ષણ, તે શ્લોક ૧૦ા, ૧૧ માં તર્પણમાં કહેલાં છે તે પ્રમાણે જ જાણવાં.

તર્પણ અને પુટપાક માટે કોણ લાયક નથી?

तर्पणं पुटपाकं च नस्यानर्हे न योजयेत् ।

જે માણસ નસ્ય લેવાને યોગ્ય ન હોય તેને તર્પણ તથા પુટપાક આપવા નહિ.

તર્પણાદિકના પથ્યનો અવધિ

यावन्त्यहानि युञ्जीत द्विस्ततो हितभाग्भवेत् ॥

તર્પણ તથા પુટપાક જેટલા દિવસ સુધી આપવામાં આવે તેનાથી બમણા દિવસ સુધી હિતકર (પથ્ય) અન્નપાન વગેરેનુ સેવન કરવુ.

રાત્રે શું કરવું?

मालतीमल्लिकापुष्पैर्बद्धाक्षो
निवसेन्निशाम् ॥

જેણે તર્પણ અને પુટપાક કર્યા હોય તે માણસે ચમેલી અને મોગરાનાં ફૂલ આંખે બાંધીને રાત્રે સૂઈ રહેવું.

નસ્ય, અંજન, તર્પણ અને પુટપાકની જરૂર

सर्वात्मना नेत्रबलाय यत्नं
कुर्वीत नस्याञ्जनतर्पणाद्यैः ।
दृष्टिश्च नष्टा विविधं जगच्च
तमोमयं जायत एकरूपम् ॥ २२॥

નસ્ય, અંજન અને તર્પણ વગેરે વડે નેત્રને બળ આપવાનો માણસે દિલ દઈને યત્ન કરવો; કેમ કે જો દૃષ્ટિનો નાશ થાય તો તેને આ જગત વિવિધ પ્રકારનુ હોવા છતાં એક સરખું અંધકારમય થઈ પડે છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने तर्पणपुटपाकविधिर्नाम
चतुर्विंशोऽध्यायः ॥ २४ ॥

અધ્યાય ૨૫ મો

બસ્તિ, નસ્ય, અંજન, ક્ષારકર્મ વગેરેનો આધાર યંત્ર ઉપર હોવાથી હવે યંત્રવિધિ (યંત્રની બનાવટ) નામનો અધ્યાય કહે છે.

अथातो यन्त्रविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે અમે યંત્રવિધિ અધ્યાય કહીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યુ છે:

યંત્ર એટલે શું ?

नानाविधानां शल्यानां नानादेशप्रबाधिनाम् ।
आहर्तुमभ्युपायो यस्तद्यन्त्रं यच्च दर्शने ॥ १ ॥
अर्शोभगन्दरादीनां शस्त्रक्षाराग्नियोजने ।
शेषाङ्गपरिरक्षायां तथा बस्त्यादिकर्मणि ॥ २ ॥
घटिकालाबुशृङ्गं च जाम्बवौष्ठादिकानि च ।

જુદીજુદી જાતનાં, શરીરના જુદાજુદા ભાગમાં રહીને નડતાં (પીડા કરતાં) શલ્યોને બહાર ખેંચી કાઢવાનો જે ઉપાય (સાધન) તે યંત્ર છે. હરસ, ભગંદર, (નાડીવ્રણ) વગેરેને જોવાનુ જે સાધન તે યંત્ર છે. હરસ, ભગંદર વગેરેમાં શસ્ત્ર(હથિયાર)થી કાપતી વખતે (વાઢકાપ કરતી વખતે), ક્ષારથી બાળતી વખતે અને અગ્નિથી ડામ દેતી વખતે જે ભાગ કાપવાનો, બાળવાનો, કે ડામવાનો હોય તેના સિવાયના બાકીના બીજા ભાગને નુકસાન ન થાય એવુ, બીજા ભાગનુ રક્ષણ કરવા માટેનું જે સાધન તે યંત્ર છે; વળી બસ્તિ, નસ્ય વગેરે આપવાનુ જે સાધન તે યંત્ર છે. ઘટિકા (કુલડી), અલાબુ (તુમડી) અને શૃંગ (રૂમડી) એ યંત્ર છે અને જાંબવૌષ્ઠ (સંદંશ) વગેરે પણ યંત્ર છે.

નોંધ :–શલ્ય–તરણુ, લાકડું, પથ્થર-(કાંકરી), ધૂળ, લોઢું, હાડકું, વાળ, નખ, પરુ, દુષ્ટ વ્રણુ, મરેલો કે મૂઢ ગર્ભ વગેરે વસ્તુઓ જ્યારે શરીરમાં પીડા કરે, ત્યારે એમને શલ્ય કહેવામાં આવે છે. (સુશ્રુતસંહિતા, સૂત્રસ્થાન અધ્યાય ૧.)

તૈયાર યંત્રો કામમાં ન પણ આવે

अनेकरूपकार्याणि यन्त्राणि विविधान्यतः ॥ ३ ॥
विकल्प्य कल्पयेद्बुद्ध्या

યંત્રોના આકાર (ઘાટ) અને યંત્રોથી કરવાનાં કામ અનેક હોય છે, તેથી યંત્રો પણુ અનેક પ્રકારનાં હોય છે. માટે જે જગાએ જે કામ કરવાનું હોય તેનો વિચાર કરીને યંત્ર બનાવવું.

यथास्थूलं तु वक्ष्यते ।

છતાં (સામાન્ય યંત્રો બનાવતાંબનાવતાં જેમજેમ ઊંડી સૂઝ પડતી જાય તેમતેમ પ્રસંગની જરૂરિયાત પ્રમાણેનાં બીજાં યંત્રો પણ વૈદ્ય બનાવી શકે એ હેતુથી) મોટાંમોટાં યંત્રો વિષે કહેવામાં આવશે.

સ્વસ્તિકયંત્રો, એમનો ઉપયોગ

तुल्यानि कङ्कसिंहर्क्षकाकादिमृगपक्षिणाम् ॥ ४ ॥
मुखैर्मुखानि यन्त्राणां कुर्यात्तत्संज्ञकानि च ।
अष्टादशाङ्गुलायामान्यायसानि च भूरशः ॥५
मसूराकारपर्यन्तैः कण्ठे बद्धानि कीलकैः ।
विद्यात्स्वस्तिकयन्त्राणि मूलेऽङ्कुशनतानि च ॥
तैर्दृढैरस्थिसंलग्नशल्याहरणमिष्यते ।

કંક (બગલું), સિંહ, ઋક્ષ (રીંછ), કાક (કાગડો) વગેરે પશુપક્ષીઓનાં મુખ જેવાં મુખવાળાં અને તે પશુપંખીઓનાં મુખ ઉપરથી જેના નામ પાડ્યાં છે એવાં (કંકમુખ, સિંહ-મુખ, ઋક્ષમુખ, કાકમુખ વગેરે (નામનાં), અઢાર આંગળ લાંબાં, ઘણુખરું ગજવેલનાં બનાવેલાં (કેટલીકવાર સ્વસ્તિકયંત્રો હાથી-દાંતનાં કે લાકડાના પણ બને છે, માટે 'ઘણુ-ખરું' શબ્દ વાપર્યો છે), કંઠમાં બંને છેડે મસૂરની દાળ જેવી તળેથી ચપટી અને ઉપરથી ગોળ અને લીસી એવી જડ (ખીલી) મારેલાં, અને મૂળ આગળ હાથીના અંકુશની માફક વાળેલાં એવાં યંત્રો સ્વસ્તિકયંત્રો છે એમ જાણવુ. લપટાં ન પડી ગયાં હોય એવાં અને તૂટી ન જાય એવાં દૃઢ (મજબૂત) સ્વસ્તિક-યંત્રોથી હાડકાંને વળગેલાં શલ્ય ખેંચી કઢાય એ ઇષ્ટ છે.

(મુખ=શલ્ય પકડવાનો યંત્રનો છેડો. મૂલ=હાથમાં પકડવાનો યંત્રનો છેડો.)

(કંઠ=બંને પાંખિયાંને ભેગાં કરીને જડ મારવાની જગા.)

પશુપક્ષીઓનાં મુખ જેવાં મુખ કરવાનાં કહ્યાં છે એનો અર્થ એવો નથી કે એમનાં માથાના ઘાટ જેવો ઘાટ કરવો, પણ સ્વસ્તિક-યંત્રના જે છેડેથી શલ્ય પકડવાનું હોય તે છેડાની મોંફાડ એ પશુપક્ષીની મોંફાડ જેવી કરવી અને એ મોંફાડને ઉપરનીચેને બંને છેડે અંદરની બાજુએ ઊભા અને આડા ઊંડા કાપા પાડીને એવી ચોકડીઓ પાડવી કે જેથી એ પશુપંખીના મોંમાં જે રીતે શિકાર પકડાઈ રહે છે અને પછી છટકી શકતો નથી તે રીતે યંત્રના મુખમાં શલ્ય પકડાયા પછી ગમે એટલું ખેંચીએ તોપણ છટકી શકે નહિ.

સ્વસ્તિકયંત્રનાં બંને પાંખિયાંને બરાબર વચ્ચે જડ મારીને જોડવાં જોઈએ. બંને પાંખિયાંને જ્યાં જડ મારીને જોડવાનાં હોય છે તે વચ્ચેના ભાગને આ શ્લોકમાં કંઠ કહે છે.

અંકુશ જેવા વળેલા બંને છેડા હાથમાં રાખીને યંત્રના મુખમાં પકડાયેલા શલ્યને ખેંચી કાઢવાનુ હોય છે. શરીરના કયા ભાગમાંથી શલ્ય કાઢવાનું છે તેના ઉપર કયુ સ્વસ્તિક-યંત્ર વાપરવું અનુકૂળ પડે એનો આધાર છે.

સંદંશ યંત્ર (સાંડશી)

कीलबद्धविमुक्ताग्रौ सन्दंशौ षोडशाङ्गुलौ ।
त्वक्सिरास्नायुपिशितलग्नशल्यापकर्षणौ ।

જેનુ દરેક પાંખિયુ સોળ આંગળ લાંબુ હોય છે એવાં બે સંદંશ યંત્ર છે. તેમાં એક જાતના સંદંશનાં બે પાંખિયાંને બંને બાજુએ મસૂરની દાળ જેવી નીચે ચપટી અને ઉપરથી ગોળ અને લીસી જડ મારેલી હોય છે, તેને કીલબદ્ધાગ્ર સંદંશ (સાંડશી) કહે છે. તથા બીજી જાતના સંદંશનાં બે પાંખિયાંના મુખ આગળના છેડા છૂટા હોય છે તેને વિમુક્તાગ્ર સંદંશ (ચીપિયો) કહે છે. આ બંને જાતના સંદંશ ચામડી, શિરા, સ્નાયુ અને માંસ એ ચારમાંથી ગમે તે સાથે લાગેલા શલ્યને ખેંચી કાઢવાના કામમાં આવે છે.

ષડંગુલ સંદંશ (સમાણી)

षडङ्गुलोऽन्यो हरणे सूक्ष्मशल्योपपक्ष्मणाम् ॥८॥

બીજો એક છ આંગળ લાંબાં પાંખિયાંવાળો સંદંશ છે. તે નાકના વાળ વગેરે સૂક્ષ્મ શલ્યોને ખેંચી કાઢવા માટે તથા આંખની પાંપણોની બાજુમાં આંખમાં જે નવા પાપણના વાળ ઊગે છે તેને ખેંચી કાઢવા માટે વપરાય છે. આને ષડંગુલ સંદંશ (સમાણી) કહે છે.

મુચુંડી નામનુ સંદંશ (સમાણી)

मुचुण्डी सूक्ष्मदन्तर्जुर्मूले रुचकभूषणा ।
गम्भीरव्रणमांसानामर्मणः शेषितस्य च ॥९॥

મુચુડી નામના સંદંશ યંત્રના બંને પાંખિયાંના મુખભાગમા દાતા પહેલા હોય છે, પાંખિયાં સીધાં હોય છે અને મૂળ પાસે વીંટી (કડી) પહેરાવેલી હોય છે. (આ વીંટી નીચી ઉતારવાથી બંને પાંખિયાંના મુખ ભેગાં થાય છે, અને વીંટી ઊંચી ચઢાવવાથી યંત્રનું મુખ પહોળું રહે છે.) ગંભીર વ્રણના અધિમાંસને અને કાપતાં બાકી રહી ગયેલી વેલને ખેંચી કાઢવા માટે મુચુંડીનો ઉપયોગ થાય છે.

તાલયંત્ર

द्वे द्वादशाङ्गुले मत्स्यतालवत् द्व्येकतालके ।
तालयन्त्रे स्मृते कर्णनाडीशल्यापहारिणी ॥१०॥

બે તાલયંત્ર છે. માછલીના તાળવાના આકાર જેવા આકારના મુખવાળાં અને દરેક બાર આંગળ લાંબુ એવાં બે પાંખિયાંવાળા તાલયંત્રને દ્વિતાલક તાલયંત્ર કહે છે. માછલીના તાળવાના આકાર જેવા આકારના મુખવાળા એક જ પાંખિયાના બાર આંગળ લાંબા તાલ-યંત્રને એકતાલ તાલયંત્ર (અ. ડાઈરેક્ટર) કહે છે. એ બંને તાલયંત્રો કાનની નાડીમાં (કાનમાં, કાનની ભૂંગળીમાં) ભરાયેલા શલ્યને બહાર કાઢે છે એમ શાસ્ત્રમાં કહેલું છે.

નાડીયંત્રો (ભૂંગળાં, ભૂંગળી)

नाडीयन्त्राणि सुषिराण्येकानेकमुखानि च ।
स्रोतोगतानां शल्यानामामयानां च दर्शने ॥११॥

क्रियाणां सुकरत्वाय कुर्यादाचूषणाय च ।
तद्विस्तारपरीणाहदैर्घ्यं स्रोतोनुरोधतः ॥ १२ ॥

કાન વગેરે સ્રોતોમાં પડેલા શલ્યને જોવા માટે, ગળા વગેરે સ્રોતોમાં થયેલા રોગોને જોવા માટે, વાઢકાપ, ક્ષારથી ખાળવું, ડામ દેવો, ધોવું, દવા મૂકવી વગેરે ક્રિયાઓ સરળતાથી કરી શકાય એટલા માટે તથા ઝેરવાળા અંગ વગેરેને ચૂસવા માટે -છિદ્રોવાળાં, એક, કે અનેક મુખ(છિદ્રો)વાળાં નાડીયંત્રો બનાવવાં. નાડીયંત્રના ખાકાનો ઘેરાવો, નાડીયંત્રનો ઘેરાવો તથા નાડીયંત્રની લંબાઈ જે સ્રોત માટે એનો ઉપયોગ કરવાનો હોય તેનો વિચાર કરીને રાખવાં.

ગળામાંનું શલ્ય જોવાનું નાડીયંત્ર

दशाङ्गुलाऽर्धनाहाऽन्तःकण्ठशल्यावलोकिनी ।
नाडी

ગળાની અંદર ભરાયેલા શલ્યને જોવા માટેની ભૂંગળી દશ આંગળ લાંબી અને એનાથી અડધા (=પાંચ આંગળ) ઘેરાવાવાળી હોય છે.

'વારંગ' પકડવા માટેનું નાડીયંત્ર

पञ्चमुखच्छिद्रा चतुष्कर्णस्य सङ्ग्रहे ॥१३॥
वारङ्गस्य, द्विकर्णस्य त्रिच्छिद्रा तत्प्रमाणतः ।

ચાર કર્ણ(=પાંખિયાં)વાળું વારંગ(=તીરનું ફળું) પકડવા (ભરાવવા) માટે જેના મુખ (=ભૂંગળીનો ગળા તરફનો છેડો) તરફની બાજુમાં (ભૂંગળીના ફરતા ઘેરાવામાં) પાંચ બાકાં હોય એવી ભૂંગળી જોઈએ અને બે પાંખિયાંવાળું તીરનું ફળું પકડવા માટે ભૂંગળીના મુખ તરફના છેડા તરફના ફરતા ઘેરાવામાં ત્રણ બાકાં હોય એવી ભૂંગળી જોઈએ.

(ધનુર્વિદ્યામાં તીરનાં ફળાં અનેક આકારનાં અને એક કે અનેક પાંખિયાંવાળાં હોય છે; કેટલાંક ફળાં આગળથી સીધાં અને અણીદાર, કેટલાંક ગોળ અને બુઠ્ઠાં, કેટલાંક અર્ધચંદ્રાકાર, કેટલાંક માથાની ચોટલી જેવા આકારનાં, કેટલાંક હાથીના અંકુશ જેવા આકારનાં, કેટલાંક એક પાંખિયાનાં, કેટલાંક અનેક પાંખિયાનાં વગેરે. ફળાંને પકડવાનાં (ભૂંગળીમાં ભરાવવાનાં) બાકાં ભૂંગળીના ફરતા ઘેરાવામાં રાખવાનાં હોય છે.)

શરીરમાં પેઠેલાં શલ્ય જોવાની નાડી

वारङ्गकर्णसंस्थानानाहदैर्घ्यानुरोधतः ॥ १४ ॥
नाडीरेवंविधाश्चान्या द्रष्टुं शल्यानि कारयेत् ।

તીરના ફળાને કેટલાં પાંખિયાં છે, એનો આકાર કેવો છે, એનો ઘેરાવો કેટલો છે અને લંબાઈ કેટલી છે એ બધાને હિસાબે આવી અને બીજી નાડીઓ (ભૂંગળીઓ) ગળા વગેરે સ્રોતોમાં પેઠેલા શલ્ય જોવા માટે બનાવડાવવી.

શલ્યને મચડવાનું નાડીયંત્ર

पद्मकर्णिकया मूर्ध्नि सदृशी द्वादशाङ्गुला ॥१५॥
चतुर्थसुषिरा नाडी शल्यनिर्घातिनी मता ।

શલ્યને બાકામાં ભરાવીને મચડી નાખવા માટેની નાડી માથે (=અંદર ખોસવાને છેડે) કમળના ડોડા જેવા આકારની, બાર આંગળ લાંબી અને એના ચોથા ભાગના (=ત્રણ આંગળ) લાંબાં બાકાંવાળી હોવી જોઈએ.

હરસ માટે નાડીયંત્રો

अर्शसां गोस्तनाकारं यन्त्रकं चतुरङ्गुलम् ॥१६
नाहे पञ्चाङ्गुलं पुंसां प्रमदानां षडङ्गुलम् ।
द्विच्छिद्रं दर्शने व्याधेरेकच्छिद्रं तु कर्मणि ॥१७॥
मध्येऽस्य त्र्यङ्गुलं छिद्रमङ्गुष्ठोदर-
विस्तृतम् ।
अर्धाङ्गुलोच्छ्रितोद्वृत्तकर्णिकं च
तदूर्ध्वतः ॥ १८ ॥

હરસ માટેના યંત્રનો આકાર ગાયના આચળ જેવો હોવો જોઈએ. એ યંત્ર ચાર આંગળ લાંબું અને એના મૂળ આગળનો ઘેરાવો પુરુષ માટે પાંચ આગળ અને સ્ત્રીઓને માટે છ આંગળ હોવો જોઈએ. હરસ જોવા માટેના યંત્રમા બાજુમાં (યંત્રના ફરતા ઘેરાવામાં) સામસામાં બે બાકાં રાખવાં જોઈએ, પણ હરસ પર કાપવા, બાળવા વગેરે ક્રિયા કરવા માટેના યંત્રમાં બાજુમાં (યંત્રના ફરતા ઘેરાવવામાં) એક બાકું રાખવું જોઈએ. આ છિદ્ર (બાકાં) ત્રણ આંગળ લાંબાં અને અંગૂઠાના વચલા ભાગ જેટલાં પહોળાં હોવાં

જોઈએ તથા આ ખાકાં નાડીયંત્રના બે છેડાની વચમાં (=બે છેડેથી સરખે અંતરે) હોવાં જોઈએ. આ ભૂંગળીની ઉપરની કિનાર (વૈદ્ય તરફના છેડાની કિનાર) અડધો આંગળ ઊંચી (વધારે-પહોળી) અને ધાર વાળી દીધેલી હોવી જોઈએ (જેથી આખી ભૂંગળી ગુદામાં પેસી ન જાય અને ધાર વાગે નહિ).

શમીયંત્ર

शम्याख्यं तादृगच्छिद्रं यन्त्रमर्शःप्रपीडनम् ।

હરસને ભીંસ દઈને દખાવવા માટેનું શમી નામનું નાડીયંત્ર એવું જ (શ્લોક ૧૬ થી ૧૮માં કહ્યુ છે એવું જ) પણ બાજુમાં એકે છિદ્ર-વિનાનું હોવું જોઈએ.

ભગંદરયંત્ર

सर्वथाऽपनयेदोष्ठं छिद्रादूर्ध्वं भगन्दरे ॥ १९ ॥

ભગંદર માટેનું નાડીયંત્ર શ્લોક ૧૬થી ૧૮-વાળા હરસના નાડીયંત્ર જેવું બનાવવું, પણ એની બાજુમાં રાખેલું છિદ્ર (ખાકું) ઠેઠ ઉપરના છેડા સુધી (=વૈદ્ય તરફના છેડા સુધી) સળંગ રાખવું કે જેથી એ છેડાની ફરતી કિનાર(કાંઠલા)નો ભાગ ખાકા જેટલા માપ-મા છિદ્ર સાથે સળંગ કપાયેલો રહે.

નાકમાંના રોગ માટે નાડીયંત્ર

घ्राणार्बुदार्शसामेकच्छिद्रा नाड्यङ्गुलद्वया ।
प्रदेशिनीपरीणाहा स्याद्भगन्दरयन्त्रवत् ॥ २० ॥

નાકમાં અર્બુદ કે મસા થયા હોય તે માટેનું નાડીયંત્ર બાજુમાં એક છિદ્રવાળું, બે આંગળ લાંબું, અંગૂઠા જોડેની આંગળીના ઘેરાવા જેટલા ઘેરાવાવાળું અને ભગંદરના નાડીયંત્ર જેવું (=ઠેઠ મૂળ તરફની કિનાર કપાઈ જાય એવા છિદ્રવાળું) હોવું જોઈએ.

અંગુલિત્રાણયંત્ર

अङ्गुलित्राणकं दान्तं वार्क्षं वा चतुरङ्गुलम् ।
द्विच्छिद्रं गोस्तनाकारं मद्यन्त्रविवृतौ सुखम् ॥

અંગુલિત્રાણ (આંગળીને ઉપર નીચેના દાંત વચ્ચે કચરાવા ન દેનાર, આંગળીનું રક્ષણ કરનાર ટોટી નામનું) નાડીયંત્ર હાથીદાંતનું કે વૃક્ષ(લાકડા)નું બનાવેલું, ચાર આંગળ લાંબું, બાજુમાં બે છિદ્રો(ખાકાં)-વાળું અને ગાયના આંચળ જેવા આકારનું હોવું જોઈએ. એ અંગુલિત્રાણ નાડીયંત્ર ખિડાઈ ગયેલું મોં પહોળું કરાવવા માટે અથવા મોંમાં નસ્તર મૂકતી વખતે દરદીનું મોં પહોળું રાખવા માટે અનુકૂળ પડે છે. (વૈદ્ય આંગળી પર આ ટોટી પહેરીને દરદીનું ખિડાયેલું મોં પહોળું કરે તો વૈદ્યની આંગળી દરદીના દાંત વચ્ચે કચ-રાતી કે કપાતી નથી.)

યોનિવ્રણેક્ષણયંત્ર

योनिव्रणेक्षणं मध्ये सुषिरं षोडशाङ्गुलम् ।
मुद्राबद्धं चतुर्भित्तमम्भोजमुकुलाननम् ॥ २२ ॥
चतुःशलाकमाक्रान्तं मूले तद्विकसेन्मुखे ।

યોનિમાંના વ્રણને જોવા માટેનું યોનિવ્રણે-ક્ષણ નામનું નાડીયંત્ર વચમાં પોલું, સોળ આંગળ લાંબું, અંગૂઠી (વીંટી) પહેરાવેલું, ચાર કકડા ભેગા કરીને બનાવેલું, કમળની કળી જેવા આકારના મુખવાળું, ચાર સળીઓવાળું હોય છે. આ યંત્રને મૂળ આગળથી દબાવીને સાંકડું કરવાથી તે યંત્રનું મો પહોળું થાય છે. (ચાર પાંખિયાં પાતળાં હોય છે તે વળી ન જાય તે માટે પાંખિયાં સાથે ચાર શલાકા પાંખિયાંની અંદરની બાજુએ જડી દીધેલી હોય છે.)

નાડીવ્રણને ધોવા વગેરે માટેનાં યંત્ર

यन्त्रे नाडीव्रणाभ्यङ्गक्षालनाय षडङ्गुले ॥२३॥
बस्तियन्त्राकृती मूले मुखेऽङ्गुष्ठकलायखे ।
अग्रतोऽकर्णिके मूले निबद्धमृदुचर्मणी ॥ २४ ॥

એક નાડીવ્રણમાં તેલ મૂકવા(=ચોપડવા) માટે અને બીજું નાડીવ્રણને ધોવા માટે એમ બે યંત્રો હોય છે. એ છ આંગળ લાંબા હોય છે. એમનો આકાર બસ્તિયંત્ર (સૂ. અ. ૧૯) જેવો હોય છે, એમને મૂળવાળે છેડે અંગૂઠા જેવડું અને મુખવાળે છેડે વટાણા જેવડું છિદ્ર હોય છે. એમને આગળ (મુખવાળે છેડે) કર્ણિકા (વીંટી) ચઢાવેલી હોતી નથી (પણ મૂળ-વાળે છેડે પોચા ચામડાની કોથળી ચઢાવીને બાંધવા માટે બસ્તિયંત્રની માફક બે કર્ણિકા-

એ કરેલી હોય છે). એમના મૂળવાળે છેડે પોચા ચામડાની બસ્તિપુટના આકારની કોથળી બાંધેલી હોય છે.

જળંધરમાં જળ કાઢવાની નળી

द्विद्वारा नलिका पिच्छनलिका वोदकोदरे ।

બે છેડે પોલી (=સળંગ પોલી) નળી અથવા મોરપીંછાની બનાવેલી નળી જળંધરમાં (પાણી કાઢવા માટે) હોય છે.

ધૂમપાન વગેરેનાં યંત્ર

धूमवस्त्यादियन्त्राणि निर्दिष्टानि यथायथम् ॥२५॥

ધૂમપાન કરવાનું યંત્ર, બસ્તિ લેવાનું યંત્ર વગેરે યંત્રો પોતપોતાને સ્થાને (સૂ. અ. ૨૧ તથા ૧૯ માં) કહેવાઈ ગયાં છે.

શૃંગ, શીંગડું (રૂમડી)

त्र्यङ्गुलास्यं भवेच्छृङ्गं चूषणेऽष्टादशाङ्गुलम् ।
अग्रे सिद्धार्थकच्छिद्रं सुनद्धं चूचुकाकृति ॥ २६ ॥

શીંગડું (રૂમડી) બાર આંગળ લાંબું હોય છે. એના મુખ(=દરદીના અંગ ઉપર મૂકવાનો છેડો)ના ઘેરાવાનો વ્યાસ ત્રણ આંગળ હોય છે. એના અગ્રભાગમાં (=વૈદ્યનું મોં રાખવાને છેડે, શીંગડાની અણીવાળે છેડે) સરસવ પેસે એવડું છિદ્ર હોય છે. અગ્રભાગવાળે છેડે સ્ત્રીના સ્તનની ડીંટડી જેવા આકારનો મણકો રેણ મારીને કે પેચ કરીને બરાબર ચઢાવેલો હોય છે. (ડીંટડી ઉપર મીણનો લોચો મૂકી રાખવો. ઉપયોગમાં લેતી વખતે મીણમાં કાણું પાડીને સળંગ છિદ્ર કરવું અને વૈદ્યે રૂમડીનો પહોળો ભાગ દરદીના અંગ પર મૂકીને અગ્રભાગ આગળ પોતાનું મોં રાખીને મોંથી હવા પાછી ખેંચી હવા રૂમડીમાંથી બહાર કાઢી લેવી. પછી મોં લઈ લેતા પહેલાં જીભ વતી મીણ દબાવી દઈને કાણું બંધ કરી દેવું. પછી જ્યારે અસર થઈ રહે ત્યારે છિદ્ર ખોલી નાખીને રૂમડી ઉપાડી લેવી.) રૂમડી (વાયુ, ઝેર, લોહી, પાણી, ધાવણ વગેરેને) ચૂસીને (ખેંચીને) બહાર કાઢવાનું કામ કરે છે.

અલાબુ, તુમડી (અં. કપીંગ ગ્લાસ)

स्याद्वादशाङ्गुलोऽलाबुर्नाहे त्वष्टादशाङ्गुलः ।
चतुरुयङ्गुलवृत्तास्यो दीप्तोऽन्तः श्लेष्मरक्तहृत् ।

તુમડી બાર આંગળ લાંબી, અઢાર આંગળના ઘેરાવાવાળી, એના મુખ આગળ ચાર કે ત્રણ આંગળ ગોળ અને (અંદરથી હવા કાઢી નાખવા માટે, વેકયુમ કરવા માટે) અંદર સળગતા દેવતાવાળી હોય છે. એ કફ અને લોહી ખેંચી કાઢવાનું કામ કરે છે.

(તુમડીમાં થોડો દેવતા નાખીને એના પર ખપાટિયાં છાઈ દે છે. તેથી તુમડીની હવા પાતળી થઈ બહાર નીકળી જાય છે અને અંદર (અં.) વેકયુમ (હવાનો અભાવ) થાય છે, પણ તુમડી ઊંધી વાળતી વખતે દેવતા ખપાટિયાં પર રહેતો હોવાથી શરીર દાઝી જતું નથી.)

ઘટી, કસલી, કુલડી

तद्वद्धटी हिता गुल्मविलयोन्नमने च सा ।

ઘટી અલાબુ(તુમડી)ના જેવી જ હોય છે. એ (કફ અને લોહી કાઢી નાખવા માટે વપરાતી હોવા ઉપરાંત) ગોળાને વેરી નાખવા માટે અને ગોળાને ઊંચો ઉપાડવા માટે વાપરવી હિતકારક છે.

શલાકા–સળી (અં. પ્રોબ)

शलाकाख्यानि यन्त्राणि नानाकर्माकृतीनि च ॥
यथायोगप्रमाणानि

શલાકા નામનાં યંત્રો (સળીઓ) અનેક કામ કરવા માટે ઉપયોગમા લેવાય છે તેથી તેના આકાર પણ અનેક હોય છે અને જે પ્રસંગે વાપરવાની હોય તે પ્રમાણે એમનાં (લંબાઈ, ઘેરાવો વગેરે) માપ હોય છે.

બે એષણી (ગંડૂપદમુખા) શલાકા

तेषामेषणकर्मणी ।
उभे गण्डूपदमुखे

એમાં (એ બધી જાતની સળીઓમાં) બે સળીઓ (ઘાનો માર્ગ, પરુ વગેરે) શોધવાના કામમાં આવે છે. એ સળીઓનું મોં (=ખોસવાનો છેડો) અળશિયાના મોં જેવું હોય છે. (અળશિયું ચાલે ત્યારે એનું મોં ઘડીમાં બુઠ્ઠું અને ઘડીમાં અણીદાર થાય છે. તે જ પ્રમાણે

આ બે સળીમાંથી એક સળીનુ મોં બુઠ્ઠું હોય છે અને બીજીનું અણીદાર હોય છે.)

શલ્યહારિણી શલાકા

स्रोतोभ्यः शल्यहारिणी ॥ २९ ॥
मसूरदलवक्त्रे द्वे स्यातामष्टनवाङ्गुले ।

શરીરનાં સ્રોતોમાંથી શલ્ય બહાર કાઢવા માટે બે શલાકા (અં. સ્કુપ) હોય છે. એમના મુખનો આકાર મસૂરની દાળ જેવો (=કડછીના ચાડા જેવો) હોય છે. એ સળીઓ આઠનવ આંગળ લાંબી હોય છે. (આ સળીઓનો આકાર કાનમાંથી મેલ કાઢવાની સળી જેવો હોય છે.)

શંકુયંત્ર (આંકડા)

शङ्कवः षट्

શંકુયંત્ર છ હોય છે.

વ્યૂહન શંકુ

उभौ तेषां षोडशद्वादशाङ्गुलौ ॥ ३० ॥
व्यूहनेऽहिफणावक्त्रौ

તેમાંના બેનાં મોં સાપની ફેણ જેવા આકારનાં હોય છે, એક સોળ આંગળ અને બીજો બાર આંગળ લાંબો હોય છે. એ બંને શંકુ લબડી પડેલા કે છૂટા પડેલા માંસ વગેરેને પોતાની જગ્યાએ ગોઠવી દેવાના કામમાં વપરાય છે.

ચાલનશંકુ

द्वौ दशद्वादशाङ्गुलौ ।
चालने शरपुङ्खास्यौ

(બીજા) બે શંકુનાં મોં બાણનાં પીંછાં તરફના બાણના છેડા જેવા આકારનાં હોય છે. એ બંને શંકુ શલ્યને હચમચાવવાના (હલાવવાના) કામમાં વપરાય છે. એમાંનો એક બાર આંગળ અને બીજો દસ આગળ લાંબો હોય છે.

આહરણ શંકુ

आहार्ये बडिशाकृती ॥ ३१ ॥

શલ્યને ખેંચી કાઢવા માટે બે શંકુ માછલાં પકડવાના આંકડા જેવા આકારના હોય છે.

ગર્ભશંકુ

नतोऽग्रे शङ्कुना तुल्यो गर्भशङ्कुरिति स्मृतः ।
अष्टाङ्गुलायतस्तेन मूढगर्भं हरेत् स्त्रियाः ॥३२॥

આગળથી (અં. હૂકની માફક) વાળેલા, સળિયા જેવા આકારના તથા આઠ આંગળ લાંબા શંકુને ગર્ભશંકુ કહે છે. એના વડે સ્ત્રીમાંથી (મરેલા) મૂઢ ગર્ભને બહાર કાઢવો.

સર્પફણા યંત્ર

अश्मर्याहरणं सर्पफणावद्वक्रमग्रतः ।

પથરી કાઢવા માટેનું યંત્ર (સળી) આગળથી સાપની ફેણ જેવુ વળેલુ હોય છે.

શરપુંખમુખ યંત્ર

शरपुङ्खमुखं दन्तपातने चतुरङ्गुलम् ॥ ३३ ॥

દાંત પાડવા માટેનુ આ યંત્ર (સળી) બાણના પીંછા તરફના બાણના છેડા જેવા આકારના મુખવાળી અને ચાર આંગળ લાંબી હોય છે.

પ્રમાર્જની શલાકા

कार्पासविहितोष्णीषाः शलाकाः षट् प्रमार्जने ।

જેમને મથાળે કાનસથી આંકા પાડીને બાંધે રૂની પાઘડી પહેરાવી હોય (=રૂ વીંટયુ હોય) એવી છ શલાકા (સળીઓ) ક્ષાર, કલેદ વગેરે સાફ કરવાના કામ માટે હોય છે.

पायावासन्नदूरार्थे द्वे दशद्वादशाङ्गुले ॥ ३४॥

ગુદાને અંદરથી સાફ કરવા માટે, પાસેથી સાફ કરવા માટે દસ આંગળની અને ઊંડાણમાં સાફ કરવા માટે બાર આંગળની એમ બે શલાકા (મથાળે રૂ વીટેલી) હોય છે.

द्वे षट्सप्ताङ्गुले घ्राणे, द्वे कर्णेऽष्टनवाङ्गुले ।

નાકને અંદરથી સાફ કરવા માટે બે સળીઓ (મથાળે રૂ વીંટેલી) હોય છેઃ એક છ આંગળ લાંબી અને બીજી સાત આંગળ લાબી. કાનને અંદરથી સાફ કરવા માટે બે સળીઓ (મથાળે રૂ વીંટેલી) હોય છેઃ એક આઠ આંગળની અને બીજી નવ આંગળની.

કર્ણશોધન યંત્ર

कर्णशोधनमश्वत्थपत्रप्रान्तं स्रुवाननम् ॥ ३५ ॥

કાનનું શોધન કરવા માટેની (કાનમાંથી

મેલ વગેરે ઉખાડીને બહાર કાઢવા માટેની) સળીનો છેડો પીપળાના પાંદડાના છેડા જેવો હોવો જોઈએ અને એ સળીનું મોં સરવાના ચાડા જેવું હોવું જોઈએ.

ડામ દેવાનાં ડુંભાણાં તથા ક્ષાર મૂકવાની સળીઓ

शलाकाजाम्बवौष्ठानां क्षारेऽग्नौ च पृथक् त्रयम्।
युञ्ज्यात् स्थूलाणुदीर्घाणां

જાડી, પાતળી (=ઝીણી) અને લાંબી એમ ત્રણ શલાકાઓ ક્ષાર મૂકવા માટે જુદી તથા જેના હોઠ પારસજાંબુ જેવા છે એવાં ત્રણ જાંબવૌષ્ઠ યંત્ર–જાડું, પાતળું અને લાંબું–ડામ દેવા માટે જુદાં બનાવવાં. (જાંબવૌષ્ઠ યંત્રના મોંવાળો છેડો પારસજાંબુ જેવો લંબગોળ, લીસો અને આગળથી જરા ખાડાવાળો હોય છે.)

અંત્રવૃદ્ધિમાં વાપરવાની શલાકા

शलाकामन्त्रवर्त्मनि ॥ ३६॥
मध्योर्ध्ववृत्तदण्डां च मूले चार्धेन्दुसन्निभाम्।

આંતરડાંની વધરાવળ માટે ડામ દેવાની શલાકાને એક છેડે અડધા ચંદ્ર જેવો આકાર હોય છે અને એ અડધા ચંદ્ર જેવા આકારના વચલા ભાગમાં ઊંચે ગોળ દાંડો હોય છે.

નાસાર્શ વગેરે ડામવાની શલાકા

कोलास्थिदलतुल्यास्या नासार्शोऽर्बुददाहकृत् ॥३७

નાકના હરસ (મસા) અને અર્બુદને ડામ દેવા માટેની સળીનું મોં (ચાડું) ચણીબોરના ઠળિયાની ફાડ જેવું હોય છે. (ઠળિયાની ફાડમાંથી બિયું કાઢી નાખવાથી ચાડા જેવો આકાર થાય છે. સળીના ચાડામાં ક્ષારનો ભૂકો ભરીને મસા અને અર્બુદ ઉપર મૂકવાનો હોય છે.)

ક્ષાર અને ઔષધ મૂકવાની સળીઓ

अष्टाङ्गुला निम्नमुखास्तिस्रः क्षारौषधक्रमे।
कनीनीमध्यमानामीनखमानसमैर्मुखैः ॥ ३८॥

ક્ષાર અને ઔષધ રેડવા માટેની શલાકા આઠ આંગળ લાંબી, મોં તરફ ઢાળવાળી; ટચલી આંગળી, વચલી આંગળી અને ટચલી આંગળીની જોડેની (અનામિકા) આંગળી એ ત્રણ આંગળીના નખ જેવડી અને નખ જેવા આકારની (આઈસ્ક્રીમ ખાવા માટેની ખાસ ચમચી જેવા આકારની) ત્રણ શલાકા હોય છે.

મેઢ્રશુદ્ધિ વગેરે માટેનાં યંત્ર

स्वंस्वमुक्तानि यन्त्राणि मेढ्रशुद्ध्यञ्जनादिषु।

મૂત્રેંદ્રિયને અંદરથી સાફ કરવા માટેની, આંખમાં દવા આંજવા વગેરે માટેની શલાકાઓ પોતપોતાની યોગ્ય જગાએ કહી છે. (મૂત્રેંદ્રિય માટે ઉત્તરબસ્તિવિધિમાં અને અંજન માટે અંજનવિધિમાં શલાકાઓનું વર્ણન કર્યું છે.)

અનુયંત્રો

अनुयन्त्राण्ययस्कान्तरज्जुवस्त्राश्ममुद्गराः ॥३९॥
वध्रान्त्रजिह्वावालाश्च शाखानखमुखद्विजाः।
कालः पाकः करः पादो भयं हर्षश्च, तत्क्रियाः ॥४०
उपायवित्प्रविभजेदालोच्य निपुणं धिया ॥४०½

લોહચુંબક, દોરડું, કપડું, પથ્થર, મગદળિયા, ચામડાનો પટો (વધ્ર), આંતરડાંને વણીને કરેલી તાંત, જીભ, વાળ, ઝાડની ડાળીઓ, નખ, મોં, દાંત, સમય (=ડામ કરતાં જેટલો સમય લાગવો જોઈએ તેટલો સમય), પાકવું, હાથ, પગ, ભય અને હર્ષ એટલાં અનુયંત્રો છે. ઉપાય જાણનાર વૈદ્યે આ અનુયંત્રોથી કરવાની ક્રિયાઓને વિચારપૂર્વક કુશળતાથી વહેંચી દેવી (=કયા અનુયંત્રનો ક્યારે, શો અને કેવી રીતે ઉપયોગ કરવો તે વૈદ્યે બરાબર વિચાર કરીને દરેક પ્રસંગે નક્કી કરવું અને પછી એનો કુશળતાથી ઉપયોગ કરવો).

(દાખલા તરીકે ઝાડની જાડી ડાળીને વચ્ચેથી ચીરીને એની અર્ધગોળાકાર જાડી છાલને સૂકવીને એનો ઉપયોગ હાથ, પગ વગેરેને માટે ખાપિયાં (=ખપાટિયાં) તરીકે કરી શકાય; તાંતથી ટાંકા મારી શકાય; જીભ ફેરવીને આંખમાંથી કાંકરી કાઢી શકાય વગેરે.)

યંત્રોથી થતાં કામ

निर्घातनोन्मथनपूरणमार्गशुद्धि-
संव्यूहनाहरणबन्धनपीडनानि।
माचूषणोन्नमननामनचालभङ्ग-
व्यावर्तनर्जुकरणानि च यन्त्रकर्म ॥४१½

મચડવુ, ઊંચુનીચુ કરવું, રેડવું (=ક્ષાર વગેરે ભરવું), શોધવું (માર્ગ), શોધન કરવું, યોગ્ય જગાએ ગોઠવીને મૂકવું, બહાર ખેંચી કાઢવું, બાંધવું, દબાવવું, ચૂસવું, ઊંચુ ઉપાડવું, વાળવું, હચમચાવવું, ભાંગવું, ગોળ ફેરવવું અને સીધુ કરવું એ યંત્રોનાં કામ છે.

કંકમુખ યંત્ર મુખ્ય હોવાનાં કારણ

विवर्तते साध्ववगाहते च
ग्राह्यं गृहीत्वोद्धरते च यस्मात्।
यन्त्रेष्वतः कङ्कमुखं प्रधानं
स्थानेषु सर्वेष्वधिकारि यच्च ॥४२३॥

કંકમુખ યંત્ર (શ્લોક ૪) ગોળ ફરે છે, બરાબર ઊંડું ઊતરે છે અને જે શલ્યને પકડવાનું હોય તેને પકડીને બહાર ખેંચી કાઢે છે તેથી અને વળી બધી જગ્યાએ (અવયવોમાં) એ વાપરી શકાય એવું હોય છે તેથી યંત્રોમાં કંકમુખ યંત્ર મુખ્ય છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने यन्त्रविधिर्नाम पञ्चविंशतितमोऽध्याय. ॥ २५ ॥

અધ્યાય ૨૬ મો

अथातः शस्त्रविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે વૈદ્યોએ ઉપયોગમા લેવાનાં શસ્ત્રોનો વિધિ જેમા કહેલો છે એવો અધ્યાય સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

શસ્ત્રો કેટલાં, કેવાં અને કેવી રીતે બનાવેલાં હોવાં જોઈએ ?

षड्विंशतिः सुकर्मारैर्घटितानि यथाविधि ।
शस्त्राणि रोमवाहीनि बाहुल्येनाङ्गुलानि षट् ॥१
सुरूपाणि सुधाराणि सुग्रहाणि च कारयेत् ।
अकरालानि सुध्मातसुतीक्ष्णावर्तितेऽयसि ॥ २ ॥
समाहितमुखाग्राणि नीलाम्भोजच्छवीनि च ।
नामानुगतरूपाणि सदा सन्निहितानि च ॥ ३ ॥
स्वोन्मानार्धचतुर्थांशफलान्येकैकशोऽपि च ।
प्रायो द्वित्राणि, युञ्जीत तानि स्थानविशेषतः ॥

એક વાળને પણ કાપી શકે એવાં, મોટે ભાગે છ આંગળ લાંબાં, રૂપાળાં (=ઘાટીલાં), પુષ્કળ ધારવાળાં, બરાબર પકડી (ઝાલી) શકાય એવાં ૨૬ શસ્ત્રો (હથિયારો) કુશળ કારીગરો પાસે વિધિપુરઃસર (જે શસ્ત્ર જે રીતે બનાવવાનું કહ્યું હોય તે રીતે) બનાવડાવવા. એમની ધારમાં ખાણ પડેલી ન હોવી જોઈએ. વારંવાર ભઠ્ઠીમાં નાખીને સારી રીતે ધમેલા (તપાવેલા), ઊંચી જાતની ગજવેલના (સુતીક્ષ્ણ) અને ખૂબ આવર્તિત (પાપડની લૂઈની માફક ટિપાઈ ટિપાઈને લાંબુ થઈ જાય એટલે વળી પાછો પિંડો કરીને ટીપેલું એમ અનેક વાર ટીપેલા) લોખંડ(=લટ)ના બનાવેલા, કાળા કમળ જેવો (=ગળી જેવો) રંગ ચઢાવેલા, પોતપોતાનાં નામ જેવા આકારવાળાં, સદા વૈદ્યની પાસે રહેતા, જે શસ્ત્રની જેટલી લંબાઈ હોય તેનાથી આઠમા ભાગના માપના ફળાવાળા–એવા શસ્ત્રોને જુદીજુદી જગ્યાએ વાપરવાના હોય છે, એનો વિચાર કરીને દરેક શસ્ત્ર સામાન્ય રીતે બેત્રણ જુદાજુદા માપનુ કરાવી રાખવુ. (ગળી જેવો રંગ=gun–metal colour).

શસ્ત્રોનાં નામ

(मण्डलाग्रं वृद्धिपत्रमुत्पलाध्यर्धधारके ।
सर्पैषण्यौ वेतसाख्यं शरार्यास्यत्रिकूर्चके ॥१॥
कुशास्यं साटवदनमन्तर्वक्त्रार्धचन्द्रके (कम्)।
व्रीहिमुखं कुठारी च शलाकाङ्गुलिशस्त्रके ॥२॥
वडिशं करपत्राख्यं कर्तरी नखशस्त्रकम् ।
दन्तलेखनकं सूच्यः कूर्चो नाम खजाह्वयम् ॥३॥
आरा चतुर्विधाकारा तथा
स्यात्कर्णवेधनी (नम्)॥)

(મંડલાગ્ર, વૃદ્ધિપત્ર, ઉત્પલ, અધ્યર્ધધારક, સર્પ, એષણી, વેતસ, શરારિમુખ, ત્રિકૂર્ચક, કુશમુખ, સાટમુખ, અન્તર્વક્ત્રાર્ધચંદ્રક, વ્રીહિમુખ, કુઠારી, શલાકા, અંગુલિશસ્ત્ર, બડિશ, કરપત્ર, કર્તરી, નખશસ્ત્ર, દંતલેખન, સોય, કૂર્ચ, ખજ, ચાર પ્રકારની આરા, કાનવીંધણુ).

મંડલાગ્ર શસ્ત્ર

मण्डलाग्रं फले तेषां तर्जन्यन्तर्नखाकृति ।
लेखने छेदने योज्यं पोथकीशुण्डिकादिषु ॥५॥

એ શસ્ત્રોમાં જે મંડલાગ્ર નામનું શસ્ત્ર છે, તેનુ ફળું અંગૂઠા જોડેની આંગળીના નખના નીચલા ભાગ જેવા ઘાટનું અને આગળથી નીચુ વાળેલું હોય છે. આંખનાં ખીલ, ગલશુંડિકા વગેરે રોગમા ખોતરવાના અને છેદન કરવાના કામમાં એ વપરાય છે.

વૃદ્ધિપત્ર (=અસ્રો)

वृद्धिपत्रं क्षुराकारं छेदभेदनपाटने।
ऋज्वग्रमुन्नते शोफे गम्भीरे च तदन्यथा ॥६॥
नताग्रं पृष्ठतो दीर्घह्रस्ववक्त्रं यथाश्रयम्।

વૃદ્ધિપત્ર નામનુ શસ્ત્ર અસ્રા જેવા ઘાટનુ હોય છે. એ છેદન, ભેદન અને પાટન કરવામાં વપરાય છે. સોજો ઊંચો ઊપસી આવેલો હોય ત્યારે વૃદ્ધિપત્રનો આગલો ભાગ સીધો હોય છે, પણ નાડીવ્રણમાં (ગંભીરમાં) તેનાથી જુદી જાતનો હોય છે એટલે એનો આગલો ભાગ પીઠથી નીચે વાળેલો (નીચો વાળેલો, ઊંચો વાળેલો નહિ) હોય છે. જે જગ્યાએ વૃદ્ધિપત્રનો ઉપયોગ કરવાનો હોય તે જગ્યાને હિસાબે વૃદ્ધિપત્રનુ મુખ લાબું કે ટૂંકુ હોય છે. (વૃદ્ધિ નામના ઔષધના પાદડા જેવો આકાર હોય છે માટે વૃદ્ધિપત્ર કહે છે.)

ઉત્પલપત્ર શસ્ત્ર, અધ્યર્ધધારા શસ્ત્ર

उत्पलाध्यर्धधाराख्ये भेदने छेदने तथा ॥७॥

ઉત્પલપત્ર નામનું શસ્ત્ર કમળના પાંદડા જેવા ઘાટનું હોય છે. અધ્યર્ધધારા શસ્ત્રના ફળાને નીચલી આખી બાજુએ ધાર હોય છે અને ઉપલી અડધી બાજુએ ધાર હોય છે (એમ દોઢ બાજુએ ધાર હોય છે). એ બંને શસ્ત્રો ભેદન અને છેદનના કામમાં વપરાય છે.

સર્પમુખ શસ્ત્ર

सर्पास्य घ्राणकर्णार्शश्छेदनेऽर्धाङ्गुलं फले।

સર્પમુખ શસ્ત્રના મોંનો આકાર સાપના મોં જેવો હોય છે. એનું ફળું અડધા આંગળનુ હોય છે. એ નાકના અને કાનના મસા કાપી નાખવા માટે વપરાય છે.

ગંડૂપદમુખ એષણી

गतेरन्वेषणे श्लक्ष्णा गण्डूपदमुखैषणी ॥८॥

વ્રણની ગતિ કઈ દિશામાં અને કયાં સુધી થઈ છે તે શોધવાના કામમાં લીસી અને અળશિયાના મોં જેવા મોંવાળી ગંડૂપદમુખ નામની એષણી શલાકા વપરાય છે.

સૂચિમુખ શલાકા (ભેદની શલાકા)

भेदनार्थेऽपरा सूचीमुखा मूलनिविष्टला।

સોયના મોં જેવા મોવાળી અને મૂળમાં (સોયની માફક) નાકાવાળી બીજી જાતની શલાકા ભેદન માટે વપરાય છે.

વેતસપત્ર

वेतसं व्यधने

વીંધવાના કામમાં વેતસપત્ર નામનું શસ્ત્ર વપરાય છે. એનો આકાર નેતરના પાંદડા જેવો હોય છે.

શરારિમુખ અને ત્રિકૂર્ચક

स्राव्ये शरार्यास्यत्रिकूर्चके ॥९॥

ઉઝરડા કરીને લોહી વગેરે કાઢવાના કામમાં શરારિમુખ શસ્ત્ર અને ત્રિકૂર્ચક શસ્ત્ર વપરાય છે. શરારિમુખ શસ્ત્રનુ મોં શરારિ નામના પક્ષીની ચાંચ જેવુ હોય છે. ત્રિકૂર્ચક શસ્ત્રમાં ત્રણ ઊભી ખીલીઓ ખોસેલી હોય છે.

કુશમુખ અને આટામુખ

कुशाटावदने स्राव्ये द्व्यङ्गुलं स्यात्तयोः फलम्।

કુશ(ડાભ)ના મો જેવા મોંવાળુ કુશમુખ (કુશપત્ર) શસ્ત્ર અને આટા નામના પક્ષીની ચાચ જેવા મોંવાળુ આટામુખ શસ્ત્ર એ બંને શસ્ત્ર ઉઝરડા કરીને કે ખૂંદીને લોહી વગેરે કાઢવાના કામમાં વપરાય છે. એ શસ્ત્રોનુ ફળું બે આંગળનુ હોય છે.

અંતર્મુખ શસ્ત્ર

तद्वदन्तर्मुखं तस्य फलमध्यर्धमङ्गुलम् ॥१०॥
अर्धचन्द्राननं चैतत्

અંતર્મુખ શસ્ત્રનુ મોં ખાડાવાળુ હોય છે, એનુ ફળું દોઢ આંગળ લાંબુ હોય છે, એનુ મોં અર્ધચંદ્ર જેવા આકારનુ હોય છે અને એ તેના જેવા જ કામમાં (એટલે કુશમુખ અને આટામુખની માફક લોહી વગેરે કાઢવાના કામમા) વપરાય છે.

વ્રીહિમુખ શસ્ત્ર

तथाऽध्यर्धाङ्गुलं फले।
व्रीहिवक्त्रं प्रयोज्यं च तच्छिरोदरयोर्व्यधे ॥१२॥

વળી વ્રીહિમુખ શસ્ત્રનુ મુખ ડાંગર જેવુ અને એનુ ફળુ ડાગર જેવા ઘાટનુ હોય છે. એનુ ફળુ દોઢ આગળ લાબુ હોય છે. એ માસલ ભાગની શિરા વીધવાને (ખોલવાને) તથા જળધરમા ઉદર વીંધવા માટે વપરાય છે.

કુઠારી

पृथु' कुठारी गोदन्तसदृशार्धाङ्गुलानना।
तयोर्ध्वदण्डया विध्येदुपर्यस्थ्नां स्थितां शिराम्॥

કુઠારીનો દ ડ (=બુઠ્ઠો છેડો) ચપટો હોય છે. એ ગાયના દાત જેવી હોય છે. એનુ મુખ અડધો આગળ હોય છે. એનો ચપટો ભાગ ઊંચે રાખીને (એટલે ધાર નીચે રાખીને) એનાથી હાડકા ઉપર આવેલી શિરા (માસ વિનાના ભાગમા આવેલી શિરા) વીધવી (ખોલવી).

તામ્રી શલાકા

ताम्री शलाका द्विमुखी मुखे कुरुबकाकृतिः।
लिङ्गनाशं तया विध्येत्

તામ્રી શલાકા તાબાની બનાવેલી હોય છે. એને બે મુખ હોય છે. એના મુખનો આકાર કાટાઅશેળિયાના ફૂલની કળી જેવો હોય છે. એ સળીથી મોતિયો વીધવો.

અંગુલિશસ્ત્ર

कुर्यादङ्गुलिशस्त्रकम् ॥ १३ ॥
मुद्रिकानिर्गतमुख फले त्वर्धाङ्गुलायतम्।
योगतो वृद्धिपत्रेण मण्डलाग्रेण वा समम् ॥१४॥
तत्प्रदेशिन्यग्रपर्वप्रमाणार्पणमुद्रिकम्।
सूत्रबद्धं गलस्रोतोरोगच्छेदनभेदने ॥ १५ ॥

અગુલિશસ્ત્ર એવી રીતે બનાવવુ કે વીંટીમાથી એ શસ્ત્રનુ મુખ બહાર નીકળે (અ. Project થાય), એનુ ફળુ અડધો આગળ લાબુ હોય, આકાર વૃદ્ધિપત્ર જેવો કે મડલાગ્ર જેવો કરવો, વીટીનુ છિદ્ર વૈદ્યની અગૂઠા જોડેની આગળીના પહેલા વેઢાના માપનુ હોય અને વીટીને દોરો બાધવો (એ દોરાનો બીજો છેડો વૈદ્યને કાંડે બાધવો કે જેથી પહેરેલી વીટી નીકળી ન જાય). આ અગુલિશસ્ત્ર ગળાના અંદરના માર્ગમા થતા રોગના છેદન અને ભેદનના કામમા વપરાય છે.

બડિશ

ग्रहणे शुण्डिकार्शादेर्बडिशं सुनताननम्।

બડિશ માછલી પકડવાના આકડા જેવા આકારનુ હોય છે. એનુ મુખ (અંકુશની માફક) પુષ્કળ વળેલુ હોય છે. એ શુડિકા, અર્શ (વેલ), (પ્રતિજિહ્વિકા) વગેરે રોગમાં ચામડી વગેરે ભાગને ઊંચો ઉપાડીને પકડી રાખવા માટે વપરાય છે.

કરવત (આરી)

छेदेऽस्थ्नां करपत्रं तु खरधारं दशाङ्गुलम्॥
विस्तारे द्व्यङ्गुलं सूक्ष्मदन्तं सुत्सरुबन्धनम्।

કરવતની ધાર ખર (=દાતા દાતાવાળી) હોય છે. એ દસ આગળ લાબુ અને બે આગળ પહોળુ હોય છે. એના દાંતા ઝીણા હોય છે. અને એને હાથો (પકડવાની મૂઠ) જડેલો હોય છે. એ હાડકાનુ છેદન કરવા માટે (વહેરવા માટે) વપરાય છે.

કર્તરી (કાતર)

स्नायुसूत्रकचच्छेदे कर्तरी कर्तरीनिभा ॥ १७॥

કાતર જેવી કર્તરી સ્નાયુ, દોરા અને વાળ કાપવા માટે વપરાય છે.

નખશસ્ત્ર (નરેણી)

वक्रर्जुधारं द्विमुख नखशस्त्रं नवाङ्गुलम्।
सूक्ष्मशल्योद्धृतिच्छेदभेदप्रच्छानलेखने ॥१८॥

નખશસ્ત્ર(નરેણી)ને બે મુખ હોય છે. એક મુખની ધાર ત્રાસી અને બીજા મુખની ધાર સીધી હોય છે. નરેણી નવ આગળ લાબી હોય છે. એ ઝીણા શલ્ય (ફાસ, કાટો વગેરે) કાઢવા માટે તથા છેદન, ભેદન, ઉઝરડવુ અને ખોતરવુ–એટલા કામ માટે વપરાય છે.

દંતલેખન શસ્ત્ર

एकधारं चतुष्कोणं प्रबद्धाकृति चैकतः।
दन्तलेखनकं तेन शोधयेद्दन्तशर्कराम् ॥ १९॥

દંતલેખન શસ્ત્ર (=દાતની ખેરી ઉખાડવાનું શસ્ત્ર) એક બાજુએ ધારવાળું, ચોખૂણિયુ હોય છે. એને એક ખૂણે દાંડીને આંટાઆંટા હોય છે. આ શસ્ત્રથી દાંતની ખેરી (=દાંતમાં બાઝેલી પતરીઓ) ઉખાડવી. (આ શસ્ત્ર દાંત ખોતરવાની સળી જેવું હોય છે. આગળથી એનો આકાર ચોખૂણિયો હોય છે અને એનો ચારમાંનો એક ખૂણો ઊંચે હોય છે. એની સામેના ખૂણા સાથે દાંડી જોડાયેલી હોય છે અને બાકીના બે ખૂણા બે બાજુએ હોય છે.)

સોય

वृत्ता गूढदृढाः पाशे तिस्रः सूच्योऽत्र सीवने।
मांसलानां प्रदेशानां त्र्यस्रा त्र्यङ्गुलमायता ॥२०॥
अल्पमांसास्थिसन्धिस्थव्रणानां द्व्यङ्गुलायता।
व्रीहिवक्त्रा धनुर्वक्रा पक्वामाशयमर्मसु ॥ २१॥
सा सार्धद्व्यङ्गुला

એમાં (શસ્ત્રોમાં) સોયો ત્રણ હોય છે. એ બધી ગોળ અને નાકા આગળ જાડી અને મજબૂત હોય છે.

માંસલ ભાગમા વાપરવાની સોયના મુખને ત્રણ પાસાં હોય છે અને એ સોય ત્રણ આગળ લાંબી હોય છે.

થોડા માંસવાળા ભાગમાં થયેલા વ્રણ માટેની અને હાડકાના સાંધામા થયેલા વ્રણ માટેની સોય બે આંગળ લાંબી હોય છે.

પક્વાશય, આમાશય અને મર્મસ્થાનમાં વાપરવાની સોયનું મુખ ડાંગર જેવુ હોય છે, એ કામઠા જેવી વળેલી હોય છે અને અઢી આંગળ લાંબી હોય છે.

કૂર્ચ (સોયોનો કૂચડો)

सर्ववृत्तास्ताश्चतुरङ्गुलाः।
कूर्चो वृत्तैकपीठस्थाः सप्ताष्टौ वा सुबन्धनाः
स योज्यो नीलिकाव्यङ्गकेशशातेषु कुट्टने।

આખીયે ગોળ (=નાકા વિનાની અને બધે સરખી ગોળ), દરેક ચાર આગળ લાંબી એવી સાતઆઠ સોયોને (ताः) (લાકડાના) એક ગોળ હાથામાં સજજડ રહે એવી રીતે ઊભી ખોસવી. આ શસ્ત્રને કૂર્ચ કહે છે. નીલિકા, વ્યંગ અને કેશશાત (તાલ પડવી) રોગોમાં તથા છૂંદવાના કામમાં એ વપરાય છે.

ખજ

मर्धाङ्गुलमुखैर्वृत्तैरष्टाभिः कण्टकैः खजः॥२३॥
पाणिभ्यां मथ्यमानेन घ्राणात्तेन हरेदसृक्।

દરેક કાંટા(લોખંડનો અક્કડ અણીદાર તાર)નું મુખ અડધો આંગળ હોય એવા આઠ ગોળ કાંટાને લાકડાના ગોળ હાથાને એક છેડે બાજુ પર અંતરેઅંતરે ફરતા ખોસીને ખજશસ્ત્ર બનાવાય છે. એ શસ્ત્રને નાકમાં દાખલ કરીને દહીં વલોવવાના લાકડાના રવૈયાની માફક ફેરવીને નાકમાથી લોહી કાઢવુ. (ખજશસ્ત્રનો આકાર નસકોરામાં પેસી શકે એવડા નાના દહીં વલોવવાના રવૈયા જેવો હોય છે. રવૈયાને જે છેડે પાખિયાં હોય છે તે છેડે પાંખિયાંની જગાએ ફરતા તાર (સોય) ખોસવાના હોય છે. તારવાળો છેડો નાકમાં ખોસીને પછી એ શસ્ત્ર રવૈયાની માફક ફેરવવાનુ હોય છે.)

કાનનું બૂટવીંધણું

व्यधनं कर्णपालीनां यूथिकामुकुलाननम् ॥ २४॥

કાનની બૂટ વીંધવાના શસ્ત્રનુ મોં જૂઈના ફૂલની કળી જેવુ હોય છે.

આરા (આર)

आराऽर्धाङ्गुलवृत्तास्या तत्प्रवेशा तथोर्ध्वतः।
चतुरस्रा, तया विध्येच्छोफं पक्वामसंशये ॥ २५॥
कर्णपालीं च बहलाम्।

આરા (આર) અડધો આંગળ લાંબા અને ગોળ મુખવાળા હોય છે. ગોળ મુખથી ઊંચેનો ભાગ ચાર પાસાંવાળો હોય અને તે અડધો આંગળ જેટલો હાથામાં (ડટ્ટામાં) ખોસેલો હોય છે. ગૂમડુ પાક્યુ છે કે કાચુ છે તે બાબતનો વહેમ પડે ત્યારે ખાતરી કરવા માટે ગૂમડાને આરાથી વીંધવું (ગૂમડામાં આર ખોસવી) તથા જાડી કાનની બૂટ પણ આરથી વીંધવી. (ચામડામા સોય નાખતાં પહેલાં ચામડામાં કાણું પાડવા માટે મોચી જે આર

વાપરે છે તેના જેવું જ પણ માપમાં ઉપર શ્લોકમાં કહ્યું છે એવું આરાશસ્ત્ર હોય છે.)

કર્ણવેધની

यहलायाश्च शस्यते ।
सूची त्रिभागसुषिरा त्र्यङ्गुला कर्णवेधनी ॥२६॥

કાનની જાડી બૂટ વીંધવામાં ત્રણ આંગળ લાંબી અને સોયના ત્રણચતુર્થાંશ ભાગમાં નાકાંનાકાંવાળી કાન વીંધવાની સોય વખણાય છે. (સોય કુલ ત્રણ આંગળ લાંબી, એને એક છેડે અણી અને અણી વિનાના છેડા તરફના સવાબે આંગળ જેટલા ભાગમાં નાકાંનાકાં હોવાં જોઈએ.)

અનુશસ્ત્રો

जलौकःक्षारदहनकाचोपलनखादयः ।
अलौहान्यनुशस्त्राणि, तान्येवं च विकल्पयेत् ॥
अपराण्यपि यन्त्रादीन्युपयोगं च यौगिकम् ।

જળો, ક્ષાર, ડામ દેવાનું હુંભાણું, કાચ, પથ્થર (કાંકરો), નખ (લોહચુંબક, સાગનું કડક પાંદડું, નગોડનું કડક પાંદડું) વગેરે લોખંડનાં ન બનેલાં હોય એવાં અનુશસ્ત્રો છે. તેમને (અનુશસ્ત્રોને) તથા બીજાં યંત્રો વગેરેને (યંત્રો તથા અનુયંત્રોને) પણ એ જ રીતે (શસ્ત્રો અને યંત્રો બનાવવાનાં કહ્યાં છે એ રીતે) બનાવવાં તથા એ બધાંનો જે પ્રસંગે જેવો ઉપયોગ કરવો જોઈએ તેવો ઉપયોગ કરવો.

શસ્ત્રનાં કામ

उत्पाट्यपाट्यसीव्यैष्यलेख्यप्रच्छानकुट्टनम् ॥२८॥
छेद्यं भेद्यं व्यधो मन्थो ग्रहो दाहश्च तत्क्रियाः ।

નીચું ખોસીને ઊંચું ચીરવું, ચીરવું, સીવવું, શોધવું, ખોતરવું (=ખણવું), ઉઝરડા કરવા, છૂંદવું, કાપીને છૂટું પાડવું, ફાડવું (=ઊંડે સુધી ચીરવું), વીંધવું, દહીં વલોવતા હોઈએ એમ વલોવવું, શસ્ત્ર ભરાવીને પકડી રાખવું અને ડામ દેવો એ શસ્ત્રનાં કામ છે.

શસ્ત્ર કેવું ન હોવું જોઈએ ?

कुण्ठखण्डतनुस्थूलह्रस्वदीर्घत्ववक्रताः ॥ २९ ॥
शस्त्राणां खरधारत्वमष्टौ दोषाः प्रकीर्तिताः ।

શસ્ત્રો બુઠ્ઠાં, તૂટેલાં, (બહુ) પાતળાં, (બહુ) જાડાં, (બહુ) ટૂંકાં, (બહુ) લાંબાં, વાંકાંચૂકાં અને ખાણવાળાં હોવાં એ શસ્ત્રોના આઠ દોષ કહેવાય છે. (આ આઠમાંથી એક પણ બાબત જે શસ્ત્રમાં હોય તે શસ્ત્ર ખામીવાળું ગણાય છે. એમાં કરવત અપવાદરૂપ છે; કારણ કે એને દાંતા હોવાથી એ દાંતારૂપી ખાણીવાળું હોય એ જરૂરી છે.)

શસ્ત્રો ઝાલવાની રીત

छेदभेदनलेख्यार्थं शस्त्रं वृन्तफलान्तरे ॥ ३० ॥
तर्जनीमध्यमाङ्गुष्ठैर्गृह्णीयात्सुसमाहितः ।
विस्रावणानि वृन्ताग्रे तर्जन्यङ्गुष्ठकेन च ॥३१॥
तलप्रच्छन्नवृन्ताग्रं ग्राह्यं व्रीहिमुखं मुखे ।
मूलेऽप्याहरणार्थानि क्रियासौकर्यतोऽपरम् ॥३२॥

છેદન, ભેદન અને લેખન કરવા માટે શસ્ત્રના વૃંત (=ડીટું, ડટ્ટો, હાથાનો છેડો) અને ફળાની વચ્ચેના ભાગ આગળથી તર્જની (અંગૂઠાની જોડેની આંગળી), વચલી આંગળી અને અંગૂઠો એ ત્રણથી શસ્ત્રને બહુ સાવધાનીથી પકડવું. લોહી વગેરે કાઢવા માટેનાં (શરારિમુખ વગેરે) શસ્ત્રોને વૃંત(ડટ્ટા)ની ટોચ આગળથી તર્જની અને અંગૂઠો એ બે વડે પકડવાં. હાથની હથેલીમાં શસ્ત્રના ડટ્ટાનું મથાળું છુપાયેલું રહે એવી રીતે વ્રીહિમુખ શસ્ત્રને મુખ આગળથી (પાંચે આંગળીઓ વડે) પકડવું. શલ્ય બહાર ખેંચી કાઢવા માટે શસ્ત્રોને મૂળ આગળથી પકડવાં. બાકીનાં (પાટન વગેરે) કામનાં શસ્ત્રો કામ કરવામાં ફાવટ આવે એ રીતે પકડવાં.

શસ્ત્રોની કોથળી (પાકીટ)

स्यान्नवाङ्गुलविस्तारः सुघनो द्वादशाङ्गुलः ।
क्षौमपत्रोर्णकौशेयदुकूलमृदुचर्मजः ॥ ३३ ॥
विन्यस्तपाशः सुस्यूतः सान्तरोर्णास्थशस्त्रकः ।
शलाकापिहितास्यश्च शस्त्रकोशः सुसञ्चयः ॥ ३४

શસ્ત્રો રાખવાની કોથળી નવ આંગળ પહોળી, પુષ્કળ જાડી, બાર આંગળ લાંબી; બનાવટી રેશમનું કાપડ, પત્રોર્ણ (એક જાતનું રેશમી કાપડ), રેશમી દુકૂલ કાપડ કે મુલાયમ ચામડાની બનાવેલી; ખભે લટકાવવા માટે

પટ્ટાવાળી, સારી રીતે સીવેલી, અંતરે અંતરે બનાવેલાં ખાનાંમાં મૂકેલાં શસ્ત્રોવાળી અને સળી ખોસીને બંધ કરેલા ઢાંકણાંવાળી અને સારા સંચયવાળી (બધાં હથિયારોના સંચયવાળી) હોવી જોઈએ.

જળો

जलौकसस्तु सुखिनां रक्तस्रावाय योजयेत् ।

પણ સુખિયા લોકોનું લોહી કાઢવા માટે જળો મૂકવી.

ઝેરી જળો ન મૂકવી

दुष्टाम्बुमत्स्यभेकाहिशवकोथमलोद्भवाः ॥३५॥
रक्ताः श्वेता भृशं कृष्णाश्चपलाः स्थूलपिच्छिलाः
इन्द्रायुधविचित्रोर्ध्वराजयो रोमशाश्च ताः ॥३६॥
सविषा वर्जयेत्

ખરાબ પાણીમાં જન્મેલી; માછલાં, દેડકાં અને સાપ(વગેરે)ના મડદાંમાંથી, સડામાંથી તથા મળમાંથી જન્મેલી, રાતી, ધોળી, બહુ કાળી, ચપળ (=બહુ દોડાદોડ કરતી, બહુ સ્ફૂર્તિવાળી), જાડી, ચીકણી, જેના શરીર પર મેઘધનુષ્ય જેવી રંગબેરંગી ઊભી (કે ઊપસેલી) લીટીઓ હોય એવી અને રૂંવાટીવાળી એ જળો ઝેરી હોય છે. એમને છોડી દેવી (વાપરવી નહિ).

ઝેરી જળોનું નુકસાન : ઉપાય

ताभिः कण्डूपाकज्वरभ्रमाः ।
विषपित्तास्रनुत्कार्यं तत्र

તેમનાથી (=ઝેરી જળો મૂકવાથી) ખણજ (ચેળ) આવે છે, અંગ પાકે છે, તાવ આવે છે અને ચક્કર આવે છે. એવુ થાય ત્યારે ઝેર, પિત્ત અને લોહીના વિકાર મટાડવા માટે જે ક્રિયા કરવાની કહી છે તે ક્રિયા કરવી.

સારી જળો

शुद्धाम्बुजाः पुनः ॥ ३७ ॥
निर्विषाः शैवलश्यावा वृत्ता नीलोर्ध्वराजयः ।
कषायपृष्ठास्तन्वङ्ग्यः किञ्चित्पीतोदराश्च याः ॥

ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થયેલી શેવાળ (લીલ) જેવા રંગની, ગોળ, ગળી જેવા રંગના ઊભા (કે ઊપસેલા) લિસોટાવાળી, પીપળાની છાલ જેવા રંગની પીઠવાળી, પાતળા (નાજુક) શરીરવાળી અને જરા પીળા પેટવાળી જે જળો હોય છે, તે ઝેર વિનાની હોય છે.

રક્તમત્તા જળો ન વાપરવી

ता अप्यसम्यग्वमनात् प्रततं च निपातनात् ।
सीदन्तीः सलिलं प्राप्य रक्तमत्ता इति त्यजेत् ॥

સારી જળો પણ જો બરાબર નિચોવી કાઢેલી ન હોય અને સારી જળોને જો લોહી ચૂસવા માટે એક પછી એક દરદીને સતત લગાડવામાં આવે, તો તેથી જ્યારે એમને પાછી પાણીમાં નાખવામાં આવે, ત્યારે એ હાલ્યાચાલ્યા વિના પડી રહે છે. એવી જળોને લોહી પીને કેફ ચઢ્યો છે એમ સમજીને છોડી દેવી (વાપરવી નહિ).

(જ્યારે ચુસાવવુ હોય એટલું લોહી ચૂસવા દીધા પછી જળોને ઉપાડી લઈએ, ત્યારે એ જળોમાં ભરાયેલું લોહી નિચોવી કાઢવું. એ ક્રિયાને જળોનું વમન કહે છે.)

જળો શી રીતે મૂકવી?

अथेतरा निशाकल्कयुक्तेऽम्भसि परिप्लुताः ।
अवन्तिसोमे तक्रे वा पुनश्चाश्वासिता जले ॥४०॥
लागयेद्धृतमृत्स्तन्यरक्तशस्त्रनिपातनैः ।
पियन्तीरुन्नतस्कन्धाश्छादयेन्मृदुवाससा ॥४१॥

ઝેરી અને રક્તમત્તા સિવાયની બીજી જળોને હળદરનો કલ્ક નાખેલા પાણીમાં, કાંજીમાં કે છાશમાં નાખવી, પછી (પાણીમાં એમને માફક આવે છે માટે) પાણીમાં નાખીને એમને શાંત પાડવી (ઉત્સાહમાં આણવી) અને પછી દરદીને લગાડવી. જો આમ કર્યાં છતાં જળો ન વળગે તો જે ભાગમાંથી લોહી ચુસાવવાનું હોય તે ભાગ પર ઘી, માટી, ધાવણ કે લોહી મૂકવું અથવા શસ્ત્રથી લોહી કાઢવું કે જેથી એ બધું ખાવા માટે જળો લલચાઈને દરદીને વળગે. પછી જ્યારે જળો ખભા ઊંચા કરીકરીને લોહી પીતી હોય, ત્યારે એમના પર પોચું (પોલું રહે એવી રીતે અને મુલાયમ) કપડું

ઓછાડી દેવું.

જળો બગડેલું લોહી જ પહેલું કેમ ચૂસે છે?

सम्पृक्ताद्दुष्टशुद्धास्राज्जलौका दुष्टशोणितम् ।
आदत्ते प्रथमं हंसः क्षीरं क्षीरोदकादिव ॥४२॥

જેમ દૂધ અને પાણી ભેગાં કર્યાં હોય તેમાંથી હંસ દૂધ જ પીએ છે તેમ બગડેલું અને શુદ્ધ લોહી ભેગાં (સેળભેળ) થઈ ગયાં હોય (શુદ્ધ અને અશુદ્ધ લોહીનાં જાળાં–કેપીલરીઝ–જ્યાં મળતી હોય) તેમાંથી જળો બગડેલું લોહી જ પહેલું પીએ છે.

જળો મૂકવાથી મટતા રોગ

(गुल्मार्शोविद्रधीन् कुष्ठवातरक्तगलामयान् ।
नेत्ररुग्विषवीसर्पान् शमयन्ति जलौकसः ॥१॥)

(ગોળો, હરસ, ગડ, કુષ્ઠ, પત, ગળાના રોગ, આંખના રોગ, ઝેર અને રતવા એટલા રોગ જળો મૂકવાથી મટે છે.)

જળો ક્યારે ઉપાડી લેવી?

दंशस्य तोदे कण्डवां वा मोक्षयेत्

જે જગાએ જળો કરડી હોય (દાંત બેસાડ્યા હોય) તે જગાએ સોય ખોસ્યા જેવું દુઃખ થાય અથવા ખણુજ આવે એટલે જળોને ઉપાડી લેવી. (જો લોહી પીવાની લોલુપતાને લીધે જળો ઉપાડવા છતાં ન ઊખડે તો એના મોં ઉપર હળદરનું કે સિંધવનું ચૂર્ણ મૂકવું એટલે એ છૂટી જશે.)

ઉપાડી લીધા પછી શું કરવું?

वामयेच्च ताम् ।
पटुतैलाक्तवदनां श्लक्ष्णकण्डनरूषिताम् ॥४३॥

એ લોહી ચૂસીને છૂટી જાય ત્યાર પછી એના (જળોના) મોઢા ઉપર સિંધવ અને તેલ ચોપડીને તથા ડાંગરનાં લીસાં ફોતરાં એના પર ભભરાવીને એને (જળોને) ઊલટી કરાવવી.

એક વાર મૂકેલી જળો ફરી ક્યારે મૂકવી?

रक्षन् रक्तमदाद्भूयः सप्ताहं ता न पातयेत् ।

લોહીના કેફમાંથી જળોને બચાવી લેવા માટે (લોહીનો કેફ એમને ન ચડે એટલા ખાતર) એક વાર મૂકેલી જળો ફરીથી સાત દિવસ સુધી ન મૂકવી.

જળોને બરાબર વમન થયાનાં લક્ષણ

पूर्ववत् पटुता दार्ढ्यं सम्यग्वान्ते जलौकसाम् ॥

દરદીને વળગાડતા પહેલાં જળોમાં જે ચપળતા અને દૃઢતા હોય એવી જ ચપળતા અને દૃઢતા જળોને લોહીનું વમન કરાવ્યા પછી જળોમાં આવે તો બરાબર વમન થયું કહેવાય.

વધારેપડતું વમન થયાનાં લક્ષણ

क्लमोऽतियोगान्मृत्युर्वा

વમન કરાવ્યા પછી જળો કંટાળેલી હોય કે મરી જાય તો વધારે પડતું વમન થયું કહેવાય.

જોઈએ તેટલું વમન ન થયું હોય તેનું લક્ષણ

दुर्वान्ते स्तब्धता मदः ।

જોઈએ તેનાથી ઓછું વમન થયું હોય તો જળો સજ્જડ રહે છે અને એને કેફ રહે છે.

જળોને કેવી રીતે રાખવી? કારણ–

अन्यत्रान्यत्र ताः स्थाप्या घटे
मृत्स्नाम्बुगर्भिणि ॥४५॥
लालादिकोथनाशार्थं, सविषाः स्युस्तदन्वयात् ।

ઘડાને અંદરથી સારી માટીથી લીંપીને અંદર પાણી ભરીને એ ઘડામાં જળોને રાખવી. જળોની લાળ (ઝાડો, પેશાબ) વગેરેના કહોવાટનો નાશ કરવા માટે જળોને જુદા જુદા ઘડામાં રાખવી (ઘડા બદલવા); (કારણ કે) એના (લાળ વગેરેના) સંબંધમાં રહેવાથી જળો ઝેરવાળી બની જાય.

જળો વળગે (કરડે) છતાં લોહી ન નીકળે તો શું કરવું?

अशुद्धौ स्रावयेद्दंशान् हरिद्रागुडमाक्षिकैः ॥४६॥

જળો વળગે (કરડે) છતાં શુદ્ધિ ન થાય (લોહી ન નીકળે), તો જે જગાએ જળો કરડી હોય તે જગાએ હળદર, ગોળ અને મધ ઘસીને લોહી વહેવડાવવું.

शतधौताज्यपिचवस्ततो लेपाश्च शीतलाः ।

પછી તે જગાએ સો વાર ધોયેલા ઘીનાં પૂમડાં મૂકવાં અને ઠંડા લેપ કરવા.

જળો મૂકવાનું ફળ

दुष्टरक्तापगमनात्सद्यो रागरुजां शमः ॥ ४७ ॥

બગડેલું લોહી બહાર નીકળી જવાથી રતાશ અને પીડા તરત જ મટી જાય છે.

अशुद्धं चलितं स्थानात्स्थितं रक्तं व्रणाशये ।
ध्यम्लीभवेत्पर्युषितं तस्मात्तत्स्रावयेत्पुनः ॥ ४८ ॥

અશુદ્ધ લોહી પોતાના સ્થાન(નસો, જાળાં વગેરે)માંથી નીકળે પણ ચામડી તોડીને બહાર ન નીકળતાં ડંખમાં જ ચામડી તળે ભરાઈ રહે તો તે રાતવાસી થવાથી ખાટું થઈ જાય છે. માટે ફરીથી (જળો મૂકીને) લોહી કાઢવું.

કુલડી, તુમડી, રૂમડી અને ફસ ખોલવાનો ઉપયોગ

युञ्ज्यान्नालाबुघटिका रक्ते पित्तेन दूषिते ।
तासामनलसंयोगात्

તુમડી અને કુલડી(કસલી)નો દેવતા સાથે સંબંધ થયેલો હોવાથી પિત્તથી બગડેલું લોહી કાઢવા માટે તુમડી અને કુલડી વાપરવી નહિ.

અલાબુ વગેરે યંત્ર કયાં યોજવાં?

युञ्ज्यात्तु कफवायुना ॥ ४९ ॥

કફ અને વાયુથી બગડેલું લોહી કાઢવા માટે કુલડી અને તુમડી વાપરવી.

कफेन दुष्टं रुधिरं न शृङ्गेण विनिर्हरेत् ।
स्कन्नत्वात्

કફથી બગડેલું લોહી થીજી ગયુ હોય છે, તેથી એવું લોહી કાઢવા માટે રૂમડી વાપરવી નહિ, (કારણ કે રૂમડીમાં દેવતા ભરાતો ન હોવાથી થીજેલુ લોહી ઓગળી શકતું નથી).

वातपित्तास्यां दुष्टं शृङ्गेण निर्हरेत् ॥५०॥

વાયુ અને પિત્તથી બગડેલુ લોહી રૂમડીથી કાઢવું.

કેવું લોહી કઈ ક્રિયાથી કાઢવું? શી રીતે ઉઝરડા કરવા?

गात्रं बद्ध्वोपरि दृढं रज्ज्वा पट्टेन वा समम् ।
स्नायुसन्ध्यस्थिमर्माणि त्यजन्
प्रच्छानमाचरेत् ॥ ५१ ॥
अधोदेशप्रविसृतैः पदैरुपरिगामिभिः ।
न गाढघनतिर्यग्भिर्न पदे पदमाचरन् ॥ ५२ ॥
प्रच्छानेनैकदेशस्थं ग्रथितं जलजन्मभिः ।
हरेच्छृङ्गादिभिः सुप्तमसृग्व्यापि शिराव्यधैः ॥५३

જે ભાગમાંથી લોહી કાઢવું હોય તેનાથી ઊંચેના ભાગ ઉપર જોરથી દોરડુ કે પાટો તાણી બાંધવો. પછી જે ભાગમાંથી લોહી કાઢવું હોય ત્યાંના સ્નાયુ, સાંધા, હાડકા અને મર્મસ્થાનને છોડી દઈને બાકીના ભાગમાં એવી રીતે ઉઝરડા કરવા કે ઉઝરડાનાં પદક (લિસોટા, આંકા) નીચેથી ઊંચે જાય, ઉઝરડા ઊંડા ન હોય, બહુ પાસે પાસે ન હોય, આડા (કે, વાંકાચૂંકા) ન હોય અને એક ઉઝરડા ઉપર બીજો ઉઝરડો ન હોય. અમુક એક ભાગનું લોહી કાઢવાનુ હોય તો પ્રચ્છાનથી (ઉઝરડા ભરીને) કાઢવુ; ગંઠાઈ ગયેલું લોહી જળો મૂકીને કાઢવુ, જ્યાં અડકવાથી સ્પર્શનું જ્ઞાન દરદીને ન થાય એવું લોહી રૂમડી વગેરેથી (રૂમડી, તુમડી કે કસલીથી) કાઢવુ અને આખા શરીરમાં પ્રસરેલું લોહી કાઢવાનું હોય તો ફસ ખોલીને કાઢવુ.

प्रच्छानं पिण्डिते वा स्यात्

લોહી ઘટ્ટ થઈ ગયું હોય તોપણ ઉઝરડા કરીને લોહી કાઢી શકાય.

अवगाढे जलौकसः ।

લોહી બહુ ઊંડેથી કાઢવાનુ હોય તો જળો મૂકવી.

त्वक्स्थेऽलाबुघटीशृङ्गम्

ચામડીમાંનું લોહી કાઢવુ હોય તો તુમડી, કુલડી કે રૂમડી વાપરવી.

शिरैव व्यापकेऽसृजि ॥ ५४ ॥

પણ આખા શરીરમાંથી લોહી ઓછું કરવાને લોહી કાઢવાનુ હોય, ત્યારે તો ફસ ખોલવા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી.

वातादिधाम वा शृङ्गजलौकोलाबुभिः क्रमात् ।

અથવા વાયુના સ્થાનમાં રહેલું લોહી રૂમડીથી, પિત્તના સ્થાનમાં રહેલું લોહી જળો મૂકવાથી અને કફના સ્થાનમાં રહેલું લોહી તુમડીથી કાઢવું.

લોહી કાઢયા પછી અતિશય ઠંડા ઉપચારથી થતું નુકસાન: ઉપાય

स्रुतासृजः प्रदेहाद्यैः शीतैः स्याद्वायुकोपतः ॥५५
ससतोदकण्डूः शोफस्तं सर्पिषोष्णेन सेचयेत् ॥ ५५½ ॥

જેનું લોહી કાઢવામાં આવ્યું હોય તેને ઠંડા પ્રદેહ વગેરે ઠંડા ઉપચારોથી વાયુ કોપે તેથી તોદ અને ખણુજવાળો સોજો આવે છે. (એ સોજો મટાડવાને) એ સોજા ઉપર ઊનું ઘી ચોવવું (રેડવું).

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने शस्त्रविधिर्नाम षड्विंशोऽध्यायः ॥ २६ ॥

અધ્યાય ૨૭ મો

अथातः सिराव्यधविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ગયા અધ્યાયમાં લોહી કાઢવાના કેટલાક પ્રકાર કહ્યા તેમાં શિરાવ્યધ પણ ગણાવેલો છે; પરંતુ શિરાવ્યધ વિષે કેટલુક વિશેષ કહેવાનું હોવાથી તેનો જુદો અધ્યાય કરવાની જરૂર હોવાથી ગ્રંથકર્તા કહે છે કે હવે શિરાવ્યધ-(ફસ ખોલવી)ના વિધિનુ જેમાં નિરૂપણ કરેલુ છે એવો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યુ છે:

શુદ્ધ લોહીનાં લક્ષણ અને કામ

मधुरं लवणं किञ्चिदशीतोष्णमसंहतम् ।
पद्मेन्द्रगोपहेमाविशशलोहितलोहितम् ॥ १ ॥
लोहितं प्रभवः शुद्धं, तनोस्तेनैव च स्थितिः ।

શરીરમાં રહેલુ શુદ્ધ લોહી ગળ્યુ, કાંઈક ખારું, જરા ઠંડુ, જરા ગરમ, પ્રવાહી; રંગે રાતું કમળ, ગોકળ ગાય, સોનું, ઘેટાના લોહી તથા સસલાના લોહી જેવું રાતું હોય છે. તેવા શુદ્ધ રુધિરથી જ દેહ ઉત્પન્ન થાય છે અને ટકી રહે છે (જીવનો રહે છે).

શુદ્ધ લોહી બગડવાનાં કારણ

तत्पित्तश्लेष्मलैः प्रायो दूष्यते

તે લોહી સામાન્ય રીતે (ક્ષાર, ગરમ અને તીક્ષ્ણ પદાર્થ વગેરે) પિત્તકારક પદાર્થના સેવનથી તથા (અડદ, તલ, વગેરે) કફકારક પદાર્થથી બગડે છે. તે ઉપરાંત ગયા જન્મોમાં કરેલા કર્મને યોગે દૈવયોગથી, શરદ વગેરે ઋતુઓની શરીર ઉપર અસર થવાથી અને કોઈક વાર વાયુકારક પદાર્થના સેવનથી પણ લોહી બગડે છે, એવું દેખાડવાને 'સામાન્ય રીતે' શબ્દ વાપર્યો છે.

લોહી બગડવાથી કયા રોગ થાય છે?

कुरुते ततः ॥ २ ॥
विसर्पविद्रधिप्लीहगुल्माग्निसदनज्वरान् ।
मुखनेत्रशिरोरोगमदतृट्लवणास्यताः ॥ ३ ॥
कुष्ठवातास्रपित्तास्रकट्वम्लोद्गिरण भ्रमान् ।
शीतोष्णस्निग्धरूक्षाद्यैरुपक्रान्ताश्च ये गदाः ॥४॥
सम्यक्साध्या न सिध्यन्ति ते च रक्तप्रकोपजाः ।

લોહી બગડવાથી વિસર્પ, ગડ, બરોળ, ગોળો, મંદાગ્નિ, તાવ, મુખરોગ, આંખના રોગ, માથાના રોગ, મદ, તરસ, મોંમાં ખારુંખારું લાગ્યા કરવાનો રોગ, કુષ્ઠ, પત, રક્તપિત્ત, તીખો ઓડકાર, ખાટો ઓડકાર અને ફેર એટલા રોગ થાય છે. વળી જે રોગ સાધ્ય હોવા છતાં પણ ઠંડા, ગરમ, સ્નિગ્ધ, રૂક્ષ વગેરે ઉપચાર બરાબર કરવા છતાં પણ મટતા નથી, તે રોગ પણ લોહીના કોપથી થયેલા હોય છે.

કયા રોગમાં ફસ ખોલવી?

तेषु स्रावयितुं रक्तमुद्रिक्तं व्यधयेत्सिराम् ॥५॥

ઉપર(શ્લોક ૨½થી ૪½ માં) કહ્યા તે રોગોમા બગડેલુ અને વધી ગયેલું લોહી કાઢી નાખવા માટે શિરા (ફસ) ખોલવી.

ફસ ક્યારે ન ખોલવી?

न तूनषोडशातीतसप्तत्यब्दस्रुतासृजाम् ।
अस्निग्धास्वेदितात्यर्थस्वेदितानिलरोगिणाम् ॥६॥
गर्भिणीसूतिकाजीर्णपित्तास्रश्वासकासिनाम् ।
अतीसारोदरच्छर्दिपाण्डुसर्वाङ्गशोफिनाम् ॥७॥

स्नेहपीते प्रयुक्तेषु तथा पञ्चसु कर्मसु ।
नायन्त्रितां सिरां विद्ध्येन्न तिर्यङ्नाप्यनुत्थिताम्
नातिशीतोष्णवाताभ्रेष्वन्यत्रात्ययिकाद्गदात् ।

જે મનુષ્યને સોળ વર્ષ થયાં ન હોય, જેને સિત્તેર કરતાં વધારે વર્ષ થયાં હોય, જેનુ લોહી પહેલાં કાઢ્યું હોય, જેને સ્નેહપાનથી સ્નિગ્ધ કર્યો ન હોય, જેને શેક કર્યો ન હોય, જેને વધારે પડતો શેક કર્યો હોય, જેને વાયુનો રોગ થયો હોય, જે ગર્ભવતી, સુવાવડી, અજીર્ણરોગવાળો, રક્તપિત્ત રોગવાળો, દમરોગવાળો, ઉધરસના રોગવાળો, અતિસારના રોગવાળો, ઉદરરોગી, ઊલટીના રોગવાળો, પાંડુરોગી અને આખા શરીરે સોજાવાળો હોય તેની ફસ ખોલવી નહિ. વળી જેને સ્નેહપાન કરાવેલું હોય તથા જેણે વમન, વિરેચન વગેરે પંચકર્મ કર્યાં હોય તેની પણ ફસ ખોલવી નહિ. વળી શિરાને બાંધ્યા સિવાય ખોલવી નહિ. ત્રાંસી શિરા ખોલવી નહિ. સ્પષ્ટ દેખાતી ન હોય તેવી શિરા ખોલવી નહિ, અતિશય ઠંડી પડતી હોય, અતિશય ગરમી પડતી હોય, અતિશય પવન વાતો હોય, વાદળાં થયાં હોય ત્યારે ફસ ખોલવી નહિ. પણ ફસ ખોલવા જેવા રોગ ગંભીર બને ત્યારે તો શ્લોક ૮૯માં કહેલા ઠંડી, ગરમી વગેરેની દરદીને અસર ન થાય તેવી ગોઠવણ કરીને પણ ફસ ખોલવી.

ક્યા રોગમાં કઈ ફસ ખોલવી ?

शिरोनेत्रविकारेषु ललाट्यां मोक्षयेत्सिराम् ॥९॥
अपाङ्ग्यामुपनास्यां वा

માથાના અને આંખોના રોગોમાં કપાળની ફસ ખોલવી અથવા આંખના લમણા તરફના ખૂણાની ફસ ખોલવી અથવા નાકની પાસેના ભાગમાંની ફસ ખોલવી.

कर्णरोगेषु कर्णजाम् ।

કાનના રોગમાં કાનની પાસેના ભાગમાંની શિરા ખોલવી.

नासारोगेषु नासाग्रे स्थिताम्

નાકના રોગમાં નાકના અગ્રભાગમાં રહેલી શિરા ખોલવી.

नासाललाटयोः ॥ १० ॥
पीनसे

સળેખમમાં નાક અને કપાળની વચ્ચેની શિરા ખોલવી.

मुखरोगेषु जिह्वौष्ठहनुतालुगाः ।

મુખરોગમાં જીભ, હોઠ, હડપચી અને તાળવુ, એમાં રહેલી શિરા ખોલવી.

जत्रूर्ध्वग्रन्थिषु ग्रीवाकर्णशङ्खशिरःश्रिताः ॥ ११ ॥

ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં રસોળી થઈ હોય, તો ડોક, કાન, લમણું અને માથું, એ જગામાં રહેલી શિરા ખોલવી.

उरोपाङ्गललाटस्था उन्मादे

ગાંડપણમાં છાતી, અપાંગ (આંખનો લમણા તરફનો ખૂણો) અને કપાળ એ જગામાં રહેલી શિરા ખોલવી.

ऽपस्मृतौ पुनः ।
हनुसन्धौ समस्ते वा सिरां भ्रूमध्यगामिनीम् ॥

વાઈના રોગમાં હડપચીના સાંધામાં રહેલી શિરા ખોલવી, અથવા આખી હડપચીના સઘળા ભાગમાંથી ગમે તે ભાગમાંની શિરા ખોલવી, અથવા બે ભમ્મરની વચ્ચેની શિરા ખોલવી.

विद्रधौ पार्श्वशूले च पार्श्वकक्षास्तनान्तरे ।

ગડ થયુ હોય ત્યારે તથા પાસાંમાં શૂળ આવતું હોય ત્યારે તે તે બાજુની કક્ષા-(કાખ)ની શિરા તથા બે સ્તનના વચગાળામા આવેલી શિરા ખોલવી.

तृतीयकेऽंसयोर्मध्ये

એકાંતરિયા તાવમાં બંને ખભાની સંધિમાં રહેલી શિરા ખોલવી.

स्कन्धस्याधश्चतुर्थके ॥ १२ ॥

ચોથિયા તાવમાં ખભાની નીચે રહેલી શિરા ખોલવી.

प्रवाहिकायां शूलिन्यां श्रोणितो द्व्यङ्गुले स्थिताम्

શૂળવાળા મરડામાં કેડથી બે આંગળ નીચે આવેલી શિરા ખોલવી.

शुक्रमेढ्रामये मेढ्रे

વીર્યના રોગમાં તથા મૂત્રેન્દ્રિયના રોગમાં મૂત્રેન્દ્રિયની શિરા ખોલવી.

ऊरुगां गलगण्डयोः ॥ १४ ॥

ગળાના રોગમાં અને કંઠમાળમાં સાથળમાં રહેલી શિરા ખોલવી.

गृध्रस्यां जानुनोऽधस्तादूर्ध्वं वा चतुरङ्गुले ।

ગૃધ્રસીરોગમાં ઢીંચણથી ચાર આંગળ નીચે આવેલી શિરા અથવા ઢીંચણથી ચાર આંગળ ઊંચે આવેલી શિરા ખોલવી.

इन्द्रबस्तेरधोऽपच्यां द्व्यङ्गुले

અપચી નામે રોગમાં ઇંદ્રબસ્તિથી બે આંગળ નીચેની શિરા ખોલવી. (ઇંદ્રબસ્તિ. શા. ૪/૫)

चतुरङ्गुले ॥ १५ ॥

ऊर्ध्वं गुल्फस्य सक्थ्यर्तौ, तथा क्रोष्टुकशीर्षके ।

સક્થિની પીડામાં પગની ઘૂંટીથી ચાર આંગળ ઊંચેની શિરા ખોલવી.

ક્રોષ્ટુકશીર્ષક નામે વાયુના રોગમાં પણ પગની ઘૂંટીથી ચાર આંગળ ઊંચે શિરા ખોલવી.

पाददाहे खुडे हर्षे विपाद्यां वातकण्टके ॥१६॥
चिप्पे च द्व्यङ्गुले विध्येदुपरि क्षिप्रमर्मणः ।

પાદદાહ, ખત, પાદહર્ષ, વિપાદિકા નામે રોગ, વાતકંટક તથા ચિપ્પ નામે રોગમાં ક્ષિપ્ર નામના મર્મથી બે આંગળ ઊંચે શિરા ખોલવી.

गृध्रस्यामिव विश्वाच्याम्

વિશ્વાચી નામે રોગમાં ગૃધ્રસીની પેઠે ઢીંચણથી ચાર આગળ નીચે કે ઊંચે આવેલી શિરા ખોલવી.

કહેલી શિરા ન દેખાય તો શું કરવું?

यथोक्तानामदर्शने ॥ १७ ॥

मर्महीने यथासन्ने देशेऽन्यां व्यधयेत् सिराम् ।

કહેલી શિરાઓ ન જડે તો તે શિરાની પાસે જે બીજી શિરા હોય તેનો વેધ કરવો (વીંધવી, ખોલવી), પણ ત્યાં મર્મસ્થળ ન હોવું જોઈએ તે ધ્યાનમાં રાખવું.

મોંની અંદરની શિરાઓ સિવાયની ગળાથી ઉપરના ભાગમાં આવેલી શિરા ખોલવાનો વિધિ

अथ स्निग्धतनुः सज्जसर्वोपकरणो बली ॥१८॥
कृतस्वस्त्ययनः स्निग्धरसान्नप्रतिभोजितः ।
अग्नितापातपस्विन्नो जानूच्चासनसंस्थितः ॥१९॥
मृदुपट्टात्तकेशान्तो जानुस्थापितकूर्परः ।
मुष्टिभ्यां वस्त्रगर्भाभ्यां मन्ये गाढं निपीडयेत् ॥
दन्तप्रपीडनोत्कासगण्डाध्मानानि चाचरेत् ।
पृष्ठतो यन्त्रयेच्चैनं वस्त्रमावेष्टयन्नरः ॥ २१ ॥
कन्धरायां परिक्षिप्य न्यस्यान्तर्वामतर्जनीम् ।
एषोऽन्तर्मुखवर्ज्यानां सिराणां यन्त्रणे विधिः ॥

જેની શિરા ખોલવાની હોય તેનું શરીર સ્નેહન કરીને સ્નિગ્ધ કરવું જોઈએ. જે સાધનોની જરૂર પડવાનો સંભવ હોય તે બધા તૈયાર પાસે રાખવાં જોઈએ. એ (દરદી) બળવાન જોઈએ. એણે સ્વસ્ત્યયન કરી લેવું. સ્નિગ્ધ માંસરસ અને અન્નનું પ્રતિભોજન કરવું. દેવતાના તાપથી અને તડકે તાપવું. ઢીંચણ જેટલા ઊંચા (પાટ કે ખુરશી જેવા) આસન ઉપર બેસવું. માથાના વાળના છેડા(ચોટીના વાળ)ને ઝીણા વસ્ત્રના પાટાથી બાંધવા. બે અધૂકડાં ઢીંચણ પર બે કોણી ટેકવવી. બન્ને મુઠ્ઠીમાં વસ્ત્ર રાખીને બન્ને મુઠ્ઠીઓ વડે બન્ને મન્યાઓ સખત દબાવવી. દાંત પીસી રાખવા (ઉપરના અને નીચેના દાંત એકબીજા સાથે દબાવી રાખવા), ખોંખારા કરવા, ગાલ ફુલાવવા. જેની ફસ ખોલવાની હોય તે આટલું કરે એટલે એની પાછળ ઊભા રહીને કપડું વીંટનાર બીજા માણસે દરદીની ડોકમાં કપડું વીંટીને તથા પાટામાં દરદીની ડાબા હાથની તર્જની (અંગૂઠા જોડેની આંગળી) રખાવીને શિરાને કપડું વીંટવું. મોંમાં આવેલી શિરાઓ સિવાયની શિરાઓને બાંધીને ફુલાવવા માટેનો આ વિધિ છે. ગળાની અને પાટાની વચ્ચે દરદી પોતાની આંગળી રાખે છે એનું કારણ એ છે કે, એમ કરવાથી ગળાનો પાટો આંગળી જેટલો ઢીલો રહેવાથી ગળાના પાટાથી દરદીનો શ્વાસ રૂંધાય નહિ.

ततो मध्यमयाऽङ्गुल्या वैद्योऽङ्गुष्ठविमुक्तया ।
ताडयेत्

પછી ડાબા હાથના અંગૂઠાને ડાબા હાથની વચલી આગળી અડકાડીને પછી અંગૂઠા પરથી

વચલી આંગળીને છટકાવીને વચલી આંગળી વડે શિરા ઉપર ટકોરા મારવા. (એમ કરીને શિરા ફૂલે એવું કરવું.)

उत्थितां ज्ञात्वा स्पर्शाद्वाऽङ्गुष्ठपीडनैः ॥२३॥
कुठार्या लक्षयेन्मध्ये वामहस्तगृहीतया ।
फलोद्देशे सुनिष्कम्पं सिरां, तद्वच्च मोक्षयेत् ॥
ताडयन् पीडयंश्चैनां

અડકીને અથવા અંગૂઠાથી દબાવીને જાણી લેવું કે શિરા ફૂલી છે કે નહિ. એ રીતે શિરા ફૂલેલી જણાય એટલે કુઠારી નામના યંત્રને એના ધારવાળા ભાગ આગળથી ડાબે હાથે કુઠારી બિલકુલ ધ્રૂજે નહિ (હાલી ન જાય) એ રીતે પકડીને કુઠારી શિરામાં ઊભી ખોસવી અને એ જ રીતે પાછી (એટલે અંગૂઠા પરથી વચલી આંગળી છટકાવીને કુઠારી પર ટકોરો મારીને અથવા અંગૂઠાના વચલા ભાગથી કુઠારી દબાવીને) શિરા (ફસ) ખોલવી (=શિરામાં ખોસેલી કુઠારી કાઢી લેવી).

નાક પાસેની શિરા વીંધવાની રીત

विध्येद्व्रीहिमुखेन तु ।
अङ्गुष्ठेनोन्नमय्याग्रे नासिकामुपनासिकाम् ॥२५॥

પણ નાકના ટેરવા આગળ અંગૂઠાથી નાક ઊંચું કરીને નાકની પાસે આવેલી શિરાને વ્રીહિમુખ શસ્ત્રથી ખોલવી.

જીભની નીચેની શિરા ખોલવાની રીત

अभ्युन्नतविदष्टाग्रजिह्वस्याधस्तदाश्रयाम् ।

જીભનું ટેરવું તાળવા તરફ ઊંચું વળાવીને અને પછી એ વાળેલું ટેરવું દાંતથી (ઉપરના દાંતથી) બરાબર પકડાવીને જીભની નીચે આવેલી શિરાને જીભની નીચેના ભાગથી ખોલવી (વીંધવી).

ડોકની શિરા વીંધવાની રીત

यन्त्रयेत्स्तनयोरुर्ध्वं ग्रीवाश्रितसिराव्यधे ॥ २६ ॥

ડોકમાં આવેલી શિરા વીંધવી હોય ત્યારે પહેલાં શિરા ફૂલે એવી રીતે બંને સ્તનથી ઊંચેના ભાગ ઉપર કપડું વીંટવું.

ભુજની શિરા ખોલવાની રીત

पाषाणगर्भहस्तस्य जानुस्थे प्रसृते भुजे ।
कुक्षेरारभ्य मृदिते विध्येद्बद्धोर्ध्वपट्टके ॥ २७ ॥

હાથ(ભુજ)ની શિરા વીંધવી હોય તો (દરદીને અધૂકડો બેસાડીને) તેના હાથની કોણી ઢીંચણ પર ટેકવીને હાથ લાંબા રખાવવા. હથેલીમાં પથરો રખાવવો, કૂખથી માંડીને હાથ સુધીનો ભાગ ચોળવો (કે જેથી શિરા ફૂલીને ઉપર તરી આવે.) પછી જે શિરા વીંધવાની હોય તેનાથી ઊંચે હાથ પર પાટો બાંધવો અને પછી શિરા વીંધવી. (ભુજ=ખભાથી કાંડા સુધીનો હાથ.)

હસ્તની શિરા ખોલવાની રીત

विध्येद्धस्तसिरां बाहावनाकुञ्चितकूर्परे ।
बद्ध्वा सुखोपविष्टस्य मुष्टिमङ्गुष्ठगर्भिणम् ॥
ऊर्ध्वं वेध्यप्रदेशाच्च पट्टिकां चतुरङ्गुले ।

હાથ(હસ્ત)ની શિરા વીંધવાની હોય ત્યારે દરદીને બેસવું ફાવે એ રીતે બેસાડીને, કોણી આગળથી હાથ વાળવા દીધા વિના હાથ સીધો રખાવીને, અંગૂઠો મૂઠીમાં રહે એ રીતે હાથની મૂઠી વળાવીને, જે જગ્યાએ શિરા વીંધવાની હોય તે જગ્યાએથી ચાર આંગળ ઊંચે નાનો પાટો તાણી બાંધીને પછી હાથની શિરા ઊભી વીંધવી. (હસ્ત=કાંડાથી આંગળીનાં ટેરવાં સુધીનો હાથ.)

પડખાંની શિરાનો વેધ

विध्येदालम्बमानस्य बाहुभ्यां
पार्श्वयोः सिराम् ॥ २९ ॥

પડખાની શિરા ખોલવી હોય તો દરદી બન્ને હાથ ઊંચા કરીને બંને હાથ વડે કોઈ ઊંચી વસ્તુ પકડી રાખે પછી પડખાની શિરા ખોલવી.

મૂત્રેંદ્રિયની શિરાનો વેધ

प्रहृष्टे मेहने

મૂત્રેંદ્રિયની શિરા ખોલવી હોય તો મૂત્રેંદ્રિય ટટ્ટાર થયા પછી ખોલવી.

જંઘાની શિરાનો વેધ

जङ्घासिरां जानुन्यकुञ्चिते ।

જંઘાની શિરા ખોલવી હોય તો ઢીંચણ લાંબા રખાવીને ખોલવી.

પગની શિરાનો વેધ

पादे तु सुस्थितेऽधस्ताज्जानुसन्धेर्निपीडिते ॥
गाढं कराभ्यामागुल्फं चरणे तस्य चोपरि ।
द्वितीये कुञ्चिते किञ्चिदारूढे हस्तवत्ततः ॥३१॥
बद्ध्वा विध्येत्सिराम्

પગની શિરા ખોલવી હોય તો દરદીનો પગ સારી રીતે ગોઠવીને ઢીંચણના સાંધાની નીચેના ભાગથી પગની ઘૂંટી સુધી બે હાથથી પગને દબાવીને (જે જગાએથી ફસ ખોલવાની હોય તે તરફ લોહીની ગતિ હાથ વડે દબાવીને-કરાવીને) પછી એ પગ ઉપર બીજો પગ વાળીને-જરા ચડાવીને પછી હાથની ફસ ખોલવા માટે જે કરવાનુ કહ્યુ છે તે કરીને (જે જગાએ વીંધવાનુ હોય ત્યાંથી ચાર આંગળ ઊંચે પાટો તાણી બાંધીને) પગની શિરા (ફસ) ખોલવી.

इत्थमनुक्तेष्वपि कल्पयेत् ।
तेषु तेषु प्रदेशेषु तत्तद्यन्त्रमुपायवित् ॥ ३२ ॥

શરીરના જે જે ભાગની શિરા વિષે આગળ નથી કહ્યુ તે તે ભાગની શિરા વીંધતી વખતે કરવાની યંત્રણા ઉપાય જાણનાર વૈદે આગળ કહેવાઈ ગયેલી યંત્રણાઓ ઉપરથી ઉપજાવી કાઢવી. યંત્રણા=અંગ શી રીતે ગોઠવવુ, ક્યાં આગળથી દબાવવુ, ક્યાં આગળ પાટો તાણી બાંધવો વગેરે વિધિ.

કેટલુ ઊંડુ વીંધવુ?

मांसले निक्षिपेद्देशे व्रीह्यास्यं व्रीहिमात्रकम् ।
यवार्धमस्थ्नामुपरि सिरां विध्यन्
कुठारिकाम् ॥ ३३ ॥

માંસવાળા અવયવમાં આવેલી શિરા વીંધવાની હોય તો વ્રીહિમુખ યંત્ર વાપરવું અને તે યંત્ર શિરામાં ડાંગર જેટલું ઊંડુ ખોસવુ, પણ જો હાડકા ઉપર આવેલી શિરા ખોલવી હોય તો કુઠારી યંત્ર વાપરવું અને અડધા જવ જેટલી ઊંડી કુઠારી શિરામાં ખોસવી.

બરાબર વીંધાયાનું લક્ષણ

सम्यग्विद्धा स्रवेद्धारां यन्त्रे मुक्ते तु न स्रवेत् ।

જો શિરા બરાબર વીંધાઈ હોય તો એમાંથી લોહીની ધારા નીકળે છે, પણ જો યંત્ર (કુઠારી કે વ્રીહિમુખ) વીંધમાં પાછુ મૂકવામાં આવે તો લોહીની ધાર ન વહે.

શિરાવેધના અસમ્યગ્ યોગનું લક્ષણ

अल्पकालं वहत्यल्पं, दुर्विद्धा तैलचूर्णतैः ॥३४॥
सशब्दमतिविद्धा तु स्रवद्दुःखेन धार्यते ।

જો શિરા થોડી વીંધાઈ હોય તો થોડું લોહી નીકળે છે, ખરાબ રીતે વીંધાઈ હોય તો (લોહી ન નીકળે એવી રીતે વીંધાઈ હોય તો) તેલ અને કળીચૂનો ભેગાં કરીને ઘસવાથી એમાંથી લોહી નીકળે છે અને જો વધારે-પડતી વીંધાઈ ગઈ હોય તો શિરામાંથી લોહી નીકળતાં અવાજ થાય છે અને મહામહેનતે લોહી નીકળતું રોકી શકાય છે.

લોહી ન નીકળવાનાં કારણો

भीमूर्च्छायन्त्रशैथिल्यकुण्ठशस्त्रातितृप्तयः ॥ ३५ ॥
क्षामत्ववेगितास्वेदा रक्तस्यास्रुतिहेतवः ।

ભય, મૂર્ચ્છા, વીંધવાનુ યંત્ર (પાટો) ઢીલું બંધાયું હોય, યંત્ર (કુઠારી કે વ્રીહિમુખ) બુઠ્ઠું હોય, બહુ જ ધરાઈને ખાધુંપીધું હોય, ફિક્કાશ, ફસ ખોલતી વખતે તેરમાંનો કોઈ વેગ આવ્યો હોય અને બરાબર શેક ન થયો હોય: ફસ ખોલ્યા છતા લોહી ન નીકળવાનાં આટલાં કારણો છે. (એટલે એવા માણસોની ફસ ખોલવી નહિ.)

લોહી બરાબર ન નીકળે તો શું કરવું?

असम्यगस्त्रे स्रवति वेल्लव्योषनिशानतैः ॥ ३६ ॥
सागारधूमलवणतैलैर्दिह्यात्सिरामुखम् ।

જો લોહી બરાબર ન નીકળે તો વાવડિંગ, ત્રિકટુ, હળદર, તગર, રસોડાની ધુમાડી, સિંધવ અને તેલ એટલાં વાનાં ભેગાં કરીને શિરાના મુખ ઉપર (શિરા ખોલી હોય તે જગ્યાએ) ચોપડવા.

લોહી બરાબર નીકળ્યું હોય તો શું કરવું?

सम्यक्प्रवृत्ते कोष्णेन तैलेन लवणेन च ॥ ३७ ॥

જો લોહી બરાબર નીકળ્યુ હોય તો તેલ અને સિંધવ ભેગાં કરીને સહેજ ગરમ કરીને શિરાના મુખ ઉપર ચોપડવાં.

अग्रे स्रवति दुष्टास्रं कुसुम्भादिव पीतिका ।

જેમ કસુંબામાં રતાશ અને પીળાશ ભળેલાં

હોવા છતાં એમાંથી પીળાશ પહેલી નીકળે છે. તેમ શિરાનાં બગડેલાં અને ન બગડેલા લોહીનો ભેગો રગડો હોવા છતાં એમાંથી બગડેલુ લોહી પહેલુ નીકળે છે.

શુદ્ધ લોહી કેટલું વહી જાય?

सम्यक्स्रुत्वा स्वयं तिष्ठेच्छुद्धं तदिति नाहरेत् ॥

બરાબર જોઈએ તેટલું નીકળી ગયા પછી જે આપોઆપ નીકળતુ બધ થઈ જાય તે શુદ્ધ લોહી છે. તેને પછી કાઢવુ નહિ. (કેમ કે એ શુદ્ધ લોહી જિંદગીના કારણરૂપ છે.)

ફસ ખોલતાં દરદીને મૂર્ચ્છા આવે તો શું કરવું?

यन्त्रं विमुच्य मूर्च्छायां वीजिते व्यजनैः पुनः ।
स्रावयेन्मूर्च्छति पुनस्त्वपरेद्युस्त्र्यहेऽपि वा ॥३९॥

જો ફસ ખોલતાંખોલતાં દરદી બેભાન થઈ જાય તો યંત્ર (કુઠારી કે વ્રીહિમુખ) વીંધમાથી બહાર કાઢી લઈને, દરદીને પંખો નાખીને ભાનમાં આણીને ફરીથી લોહી કાઢવુ. પણ ફરીથી લોહી કાઢતાકાઢતાં વળી પાછી મૂર્છા આવે તો (એ દિવસે લોહી ન કાઢતા) બીજે કે ત્રીજે દિવસે લોહી કાઢવુ.

કયા દોષથી બગડેલું લોહી કેવું હોય?

वाताच्छ्यावारुणं रूक्षं वेगस्राव्यच्छफेनिलम् ।

વાયુથી બગડેલુ લોહી કાળું, રાતુ, લૂખુ, ઝટ વહેતું, પાતળું અને ફીણવાળું હોય છે.

पित्तात् पीतासितं विस्रमस्क-न्यौष्ण्यात्सचन्द्रिकम् ॥ ४० ॥

પિત્તથી બગડેલુ લોહી પીળું, કાળું, ગંધાતુ, પિત્તની ગરમીને લીધે ઠરી ન જાય એવુ અને મોરપીંછામા હોય છે એવા ચાંલ્લા–ચાંલ્લાવાળું હોય છે.

कफात् स्निग्धमसृक्पाण्डु तन्तुमत्पिच्छिलं घनम् ।

કફથી બગડેલુ લોહી સ્નિગ્ધ, ધોળું (ફિક્કું), તાંતવાળું, પિચ્છિલ અને ઘટ્ટ હોય છે.

संसृष्टलिङ्गं संसर्गात्

બે દોષથી બગડેલું લોહી એ બે દોષમાંથી દરેક દોષથી બગડેલા લોહીનાં ભેગાં લક્ષણવાળું હોય છે.

त्रिदोषं मलिनाविलम् ॥ ४१ ॥

ત્રણે દોષથી બગડેલુ લોહી મેલુ અને ડહોળું હોય છે.

વધારેમાં વધારે કેટલું લોહી કાઢવું?

अशुद्धौ बलिनोऽप्यस्रं न प्रस्थात्स्रावयेत्परम् ।
अतिस्रुतौ हि मृत्युः स्याद्दारुणा वा चलामयाः ॥

જેનુ લોહી કાઢવાનુ હોય તે બળવાન હોય તોપણ, થોડુ લોહી કાઢવાથી એનુ લોહી પૂરું શુદ્ધ ન થાય તોપણ એનુ લોહી એક પ્રસ્થ-(૬૪ તોલા)થી વધારે કાઢવુ નહીં; કારણ કે વધારે પડતુ લોહી નીકળી જવાથી મોત થાય અથવા વાયુના ભયંકર રોગો થાય.

લોહી વધારે પડતું વહી જાય તો શું કરવું?

तत्राभ्यङ्गरसक्षीररक्तपानानि भेषजम् ।

લોહી વધારે પડતુ વહી જાય તો અભ્યંગ કરવો, માંસરસ ખાવો તથા દૂધ અને લોહી પાવુ એ દવા છે.

ફસ ખોલીને લોહી કાઢ્યા પછી શું કરવું?

स्रुते रक्ते शनैर्यन्त्रमपनीय हिमाम्बुना ॥ ४२ ॥
प्रक्षाल्य तैलप्लोताक्तं बन्धनीयं सिरामुखम् ।

લોહી કાઢી રહ્યા પછી યંત્રને ધીમેધીમે કાઢી લઈને, શિરાના વીંધને ઠંડા પાણીથી ધોઈને, એના પર તેલનુ પૂમડું મૂકીને પાટો બાંધવો,

એક વાર લોહી કાઢ્યા છતાં અશુદ્ધ લોહી રહી જાય તો શું કરવું?

अशुद्धं स्रावयेद्भूयः सायमह्न्यपरेऽपि वा ॥४३॥
स्नेहोपस्कृतदेहस्य पक्षाद्वा भृशदूषितम् ।

એક વાર લોહી કાઢ્યા છતાં શરીરમા અશુદ્ધ લોહી રહ્યુ હોય તો એ જ દિવસે સાંજે કે બીજે દિવસે ફરી પાછી ફસ ખોલીને લોહી કાઢવુ અથવા જો લોહી ઘણુ જ બગડેલુ હોય તો એ માણસના શરીરનુ ફરીથી સ્નેહન કરીને એક પખવાડિયા પછી પાછું લોહી કાઢવું.

किञ्चिद्धि शेषे दुष्टास्रे नैव रोगोऽतिवर्तते ॥४४॥
सशेषमप्यतो धार्यं न चातिस्रुतिमाचरेत् ।

(વધારે પડતુ લોહી નીકળી જાય તેના કરતાં બગડેલુ લોહી થોડું રહી જાય તે સારું,

કારણ કે) બગડેલું લોહી થોડું શરીરમાં રહી જાય તેથી લોહીના બગાડથી થતો રોગ થતો નથી. તેથી બગડેલું લોહી થોડું રહી જાય તોપણ લોહી નીકળતું બંધ કરવું, પણ વધારે પડતું નીકળી જાય એવું કરવું નહિ.

રહી ગયેલું અશુદ્ધ લોહી શી રીતે કાઢી નાખવું કે શુદ્ધ કરવું ?

हरेच्छृङ्गादिभिः शेषम्

થોડું રહી ગયેલું અશુદ્ધ લોહી રૂમડી, તુમડી, કુલડી વગેરેથી કાઢવું (ફસ ખોલીને ન કાઢવું).

प्रसादमथवा नयेत् ॥ ४६ ॥
शीतोपचारपित्तास्रक्रियाशुद्धिविशोषणैः ।
दुष्टं रक्तमनुद्रिक्तमेवमेव प्रसादयेत् ॥ ४७ ॥

અથવા થોડું રહી ગયેલુ અશુદ્ધ લોહી રૂમડી વગેરેથી કાઢવા જતા વધારે પડતુ નીકળી જવાનો ભય લાગે તો ઠંડા ઉપચાર કરીને, રક્તપિત્તના રોગમાં કરવાની ક્રિયા કરીને, વમન, વિરેચન વગેરેથી શોધન કરીને અને ઉપવાસથી લોહીનું શોષણ કરીને બગડેલું લોહી શુદ્ધ કરવું. વળી જે બગડેલુ લોહી હજી કોપ્યુ ન હોય (વધ્યું ન હોય) અને તેથી જેને ફસ ખોલીને કાઢવા જેવું ન હોય તે બગડેલા લોહીને પણ ઉપરની રીતે જ શુદ્ધ કરવુ.

લોહી નીકળતું બંધ ન થાય તો શું કરવું?

रक्ते त्वतिष्ठति क्षिप्रं स्तम्भनीमाचरेत्क्रियाम् ।

પણ એ લોહી નીકળતું બંધ ન થાય તો (શ્લોક ૪૮ થી ૫૦માં કહેલી) સ્તંભનક્રિયા કરવી.

સ્તંભનક્રિયા

रोध्रप्रियङ्गुपत्तङ्गमाषयष्ट्याह्वगैरिकैः ॥ ४८ ॥
मृत्कपालाञ्जनक्षौममषीक्षीरित्वगङ्कुरैः ।
विचूर्णयेद्व्रणमुखं पद्मकादिहिमं पिबेत् ॥ ४९ ॥
तामेव वा सिरां विध्येद्व्यधात्तस्मादनन्तरम् ।
सिरामुखं वा त्वरितं दहेत्तप्तशलाकया ॥ ५० ॥

લોધર, કાંગ, રતાંજલી, અડદ, જેઠીમધ, સોનાગેરુ, માટીની ઠીબ, રસાંજન, રેશમી વસ્ત્રની રખિયા, વડ વગેરે ક્ષીરીવૃક્ષની અંતછાલ અને એ જ વૃક્ષના અંકુરો એટલાં વાનાંનું (વસ્રગાળ) ચૂર્ણ ભેગું કરીને શિરાના વીંધ ઉપર ભભરાવવું, પદ્મકાદિ ગણનો હિમ પીવો અથવા પડેલા વીંધની પાસે જ બીજો વીંધ કરવો (પાસે પાસે બે છિદ્ર કરવાથી એક છિદ્રમાંથી લોહી નીકળે નહિ) અથવા તપાવેલી સળીથી એકદમ શિરાના વીંધ (મુખ) પર ચપકો દેવો. (આમ કરવાથી લોહી નીકળતું બંધ થઈ જાય છે.)

આહારવિહારની પરેજ ક્યાં સુધી પાળવી ?

उन्मार्गगा यन्त्रनिपीडनेन
स्वस्थानमायान्ति पुनर्न यावत् ।
दोषाः प्रदुष्टा रुधिरं प्रपन्ना-
स्तावद्धिताहारविहारभाक् स्यात् ॥५१॥

યંત્ર ખોસવાથી (દબાવવાથી) પોતાનો સ્વાભાવિક માર્ગ છોડીને બીજે રસ્તે ચડી ગયેલા (બગડેલા) દોષો (બગડેલા) લોહીમાં જવાથી વધારે બગડે છે, તેથી જ્યાં સુધી એ દોષો પોતાના સ્વાભાવિક સ્થાનમાં પાછા ન આવી જાય. ત્યાં સુધી ફસ ખોલાવેલા માણસે હિત (પથ્ય) આહારવિહાર રાખવા.

લોહી કઢાવ્યા પછીના પથ્ય આહારવિહાર

नात्युष्णशीतं लघु दीपनीयं
रक्तेऽपनीते हितमन्नपानम् ।
तदा शरीरं ह्यनवस्थितासृ-
गग्निर्विशेषादिति रक्षितव्यः ॥५२॥

લોહી કઢાવ્યા પછી બહુ ગરમ ન હોય કે બહુ ઠંડું ન હોય એવું, હલકું અને દીપન અન્નપાન હિતકર છે; કારણ કે તે વખતે શરીરમાં લોહીના કામનો કંઈ ઢંગધડો હોતો નથી. તેથી તે વખતે અગ્નિ(જઠરાગ્નિ)ની ખાસ સંભાળ રાખવી જોઈએ.

(શરીરનો આધાર લોહી પર છે, લોહીનો આધાર પિત્ત પર છે અને પિત્ત પોતે જ અગ્નિ છે, માટે આવે વખતે અગ્નિ કુપથ્યથી મંદ ન પડી જાય તે સંભાળવું.)

શુદ્ધ લોહીવાળાનાં લક્ષણ

प्रसन्नवर्णेन्द्रियमिन्द्रियार्था-
निच्छन्तमव्याहतपक्तृवेगम् ।
सुखान्वितं पुष्टिबलोपपन्नं
विशुद्धरक्तं पुरुषं वदन्ति ॥ ५३ ॥

જેનો રંગ અને ઇંદ્રિયો નિર્મળ હોય, જે ઇંદ્રિયોના વિષયોને ઇચ્છે, જેના જઠરાગ્નિનો વેગ અખંડ રહે, જે સદા સુખમાં રહે, જે હૃષ્ટપુષ્ટ અને બળવાન હોય તેને શુદ્ધ લોહીવાળો પુરુષ કહે છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने शिराव्यधविधिर्नाम सप्तविंशोऽध्यायः ॥ २७ ॥

અધ્યાય ૨૮ મો

अथातः शल्याहरणविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

(પાછળ શિરાવ્યધના અધ્યાયમાં શલ્યરૂપ લોહી જે આખા શરીરમાં વ્યાપીને પીડા કરે છે તેને કાઢી નાખવાનો પ્રકાર કહ્યો); હવે લોખંડ વગેરે વસ્તુનું શલ્ય શરીરના અમુક ભાગમાં પેસી ગયું હોય તેને કાઢવાનો વિધિ જેમાં કહેલો છે, એવો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે :

શલ્યની પાંચ ગતિ

वक्रर्जुतिर्यगूर्ध्वाधः शल्यानां पञ्चधा गतिः ।

વાંકી, સીધી, ત્રાંસી, ઊભી (ઉપરની તરફ), નીચી (નીચેની તરફ), એ પ્રકારે શલ્યની ગતિ પાંચ પ્રકારની છે. (એટલે શલ્ય વાગતી વખતે કોઈક વાર શરીરમાં અડધા ચંદ્ર જેવું વાંકું જાય છે, કદાપિ સીધું, કદાચિત્ ત્રાંસુ, કદાચિત્ નીચેથી પેસીને ઊંચે જાય છે અને કદાચિત્ ઊંચેથી શરીરમાં પેસીને નીચે જાય છે, માટે પાંચ પ્રકારની શલ્યની ગતિ કહેલી છે. લોઢું, લાકડું, હાડકું વગેરે પદાર્થ શરીરમાં પેસી જાય તે શલ્ય કહેવાય છે. તીર વાગવાથી ભાલોડું શરીરમાં વાગે, કાંટો પગમાં પેસી જાય, બંદૂકની ગોળી શરીરમાં પેસી જાય એ વગેરે શલ્ય જાણવાં.)

શરીરમાં શલ્ય હોવાનાં લક્ષણ

श्यामं शोफरुजावन्तं स्रवन्तं शोणितं मुहुः ॥१॥
अभ्युन्नतं बुद्बुदवत्पिटिकोपचितं व्रणम् ।
मृदुमांसं च जानीयादन्तःशल्यं समासतः ॥२॥

શલ્ય શરીરમાં પેસી ગયું હોય તથા ત્વચા (ચામડી) ઉપર તે દેખાતું ન હોય, ત્યારે તે જગ્યાએ સૂજી આવીને પાછળથી ત્યાં આગળ વ્રણ થાય છે. તે વ્રણનો રંગ કાળો હોય, તે ઉપર સોજો ચડેલો હોય, તે જગ્યા ઉપર પીડા થતી હોય, તેમાંથી વારંવાર લોહી નીકળતું હોય, પરપોટાની પેઠે ઊંચું ઊપસેલું હોય, તેની આસપાસ ઝીણીઝીણી ફોલ્લીઓ થયેલી હોય અને તે જગ્યાનુ માંસ કોમળ થઈ ગયુ હોય, ત્યારે જાણવુ કે એ વ્રણમાં શલ્ય છે.

ચામડીમાં શલ્ય હોવાનાં લક્ષણ

विशेषात्त्वग्गते शल्ये विवर्णः कठिनायतः ।
शोफो भवति

(પાછલા શ્લોકમાં શરીરમાંના શલ્યનાં સામાન્ય લક્ષણ કહ્યાં; તે ઉપરાંત) જો શલ્ય ચામડીમાં જ હોય તો વિશેષે કરીને ચામડી સૂજી આવે તથા તે સોજો વિવર્ણ, કઠણ અને ઘણી જગ્યામાં પથરાયેલો હોય છે.

માંસમાં રહેલા શલ્યનાં લક્ષણ

मांसस्थे चोषः शोफो विवर्धते ॥ ३ ॥
पीडनाक्षमता पाकः शल्यमार्गो न रोहति ।

જો શલ્ય માંસમાં પેઠેલું હોય તો તેમાં ચોષ થાય (આખા શરીરમાં તીવ્ર અગન ઊઠે અને તે સાથે અણગમો આવે એવી પીડાને ચોષ કહે છે), સોજો વધે છે, પીડા સહન થઈ શકતી નથી, તે વ્રણ પાકે છે અને જે માર્ગે શલ્ય માંસમાં પેઠું હોય તે માર્ગમાં અંકુર (રૂઝ) આવતો નથી.

માંસપેશીમાં રહેલા શલ્યનાં લક્ષણ

पेश्यन्तरगते मांसप्राप्तवच्छ्वयथुं विना ॥ ४ ॥

શલ્ય જો માંસની પેશીમા ગયેલું હોય તો જે લક્ષણ માંસમાં ગયેલા શલ્યનાં થાય છે

તેજ લક્ષણ એમાં પણ જણાય છે; પરંતુ એમાં સોજો આવતો નથી.

સ્નાયુમાં રહેલા શલ્યનાં લક્ષણ

आक्षेपः स्नायुजालस्य संरम्भस्तम्भवेदनाः ।
स्नायुगे दुर्हरं चैतत्

જો શલ્ય સ્નાયુમાં ભરાયું હોય તો સ્નાયુઓમાં આક્ષેપ થાય, સંરંભ થાય, સ્તંભ થાય અને વેદના થાય. વળી સ્નાયુમાં રહેલું શલ્ય કાઢવું પણ મુશ્કેલ હોય છે.

શિરામાં રહેલા શલ્યનાં લક્ષણ

सिराध्मानं सिराश्रिते ॥५॥

જો શલ્ય શિરામાં હોય તો શિરાઓ (વાયુથી) ફૂલે છે.

સ્રોતોમાં રહેલા શલ્યનાં લક્ષણ

स्वकर्मगुणहानिः स्यात्स्रोतसां स्रोतसि स्थिते ।

જો શલ્ય સ્રોતોમાં ભરાયુ હોય તો તે સ્રોતનાં કર્મ અને ગુણનો નાશ થાય.

નોંધ : જે સ્રોત વાટે રસ વગેરે જે વહેતુ હોય તે વહેતુ બંધ થાય તે સ્રોતનાં કર્મનો નાશ થયો કહેવાય. જે સ્રોતનો જે કુદરતી રંગ હોય તેનો નાશ થાય તે સ્રોતના ગુણનો નાશ થયો કહેવાય. (ડલ્હણ)

ધમનીમાં રહેલા શલ્યનાં લક્ષણ

धमनीस्थेऽनिलो रक्तं फेनयुक्तमुदीरयेत् ॥६॥
निर्यात् शब्दवान् स्याच्च हृल्लासः साङ्गवेदनः ।

શલ્ય જો ધમનીમાં રહ્યું હોય તો તેમાંનો વાયુ ફીણવાળું લોહી બહાર કાઢે છે; તેમ જ વાયુ અવાજ કરતો કરતો બહાર નીકળે છે; વળી અંગની પીડાની સાથે ઊબકા (ઉલાળા) આવ્યા કરે છે.

હાડકાંના સાંધામાં રહેલાં શલ્યનાં લક્ષણ

सङ्घर्षो बलवानस्थिसन्धिप्राप्तेऽस्थिपूर्णता ॥७॥

હાડકાંના સાંધામાં જો શલ્ય ચોંટ્યુ હોય તો શલ્ય ઘસાવાથી અસહ્ય પીડા થાય છે અને હાડકું પુરાઈ જાય છે.

હાડકાંમાં ચોંટેલું શલ્ય

नैकरूपा रुजोऽस्थिस्थे शोफः

જો શલ્ય હાડકાંમાં ચોંટયું હોય તો હાડકાં ઉપર સોજો આવે છે અને અનેક પ્રકારની પીડાઓ થાય છે.

સંધિમાં ચોંટેલું શલ્ય

तद्वच्च सन्धिगे ।
चेष्टानिवृत्तिश्च भवेत्

હાડકાંમાં રહેલા શલ્યથી જેવી પીડા થાય છે, તેવી જ પીડા શરીરના સાંધાઓમાં શલ્ય લાગેલું હોય ત્યારે પણ થાય છે. તે ઉપરાંત તે સાંધાઓની ચેષ્ટાઓ (હાલવાચાલવા વગેરેની ક્રિયાઓ) પણ બંધ પડે છે. (હાડકાંના સાંધા અને શરીરના સાંધા જુદા હોય છે.)

કોઠામાં લાગેલું શલ્ય

आटोपः कोष्ठसंश्रिते ॥८॥
आनाहोऽन्नशकृन्मूत्रदर्शनं च व्रणानने ।

કોઠામાં શલ્ય લાગ્યું હોય ત્યારે આટોપ અને આનાહ થાય છે. વળી શલ્ય વાગવાથી જે વ્રણ થયો હોય છે તે વ્રણના મુખમાં અન્ન, ઝાડો અને પેશાબ દેખાય છે.

મર્મમાં લાગેલું શલ્ય

विद्यान्मर्मगतं शल्यं मर्मविद्धोपलक्षणैः ॥९॥

મર્મસ્થાનમા શલ્ય લાગ્યુ હોય તેનાં લક્ષણ મર્મવિદ્ધનાં લક્ષણ ઉપરથી જાણી લેવાં. (મર્મવિદ્ધનાં લક્ષણ શા. ૪/૪૭ માં આપ્યાં છે.)

શલ્ય ક્યાં છે તે સ્રાવ ઉપરથી પારખવાની રીત

यथास्वं च परिस्रावैस्त्वगादिषु विभावयेत् ।

શલ્ય ચામડી વગેરે કયે ઠેકાણે છે (ચામડી, માંસ, પેશી વગેરેમાંથી કયાં લાગેલું છે) તે એ દરેકમાં રહેતા પોતપોતાના દ્રવના સ્રાવ ઉપરથી સમજી લેવું.

(ચામડીમાં લસિકા છે માટે ચામડીમાં શલ્ય હોય તો લસિકામાં વહેતું પાણી વ્રણવાટે બહાર નીકળે. શિરામાં લોહી વહે છે તેથી શિરામાં શલ્ય હોય તો વ્રણમાંથી લોહી નીકળે. હાડકાંમાં મજ્જા હોય છે તેથી હાડકામાં શલ્ય હોય તો વ્રણમાંથી મજ્જા નીકળે. આમ વ્રણમાંથી જે દ્રવ બહાર નીકળતો હોય તે દ્રવ ચામડી વગેરેમાંથી કયાં હોય છે તેના

વિચાર કરીને ચામડી વગેરેમાંથી કયાં શલ્ય છે તેનો નિર્ણય કરી શકાય છે.)

શલ્યનું રોહણ ક્યારે થાય?

रुह्यते शुद्धदेहानामनुलोमस्थितं तु तत् ॥१०॥

શલ્ય જે શરીરના અનુલોમ માર્ગમાં લાગેલું હોય તો વમન–વિરેચન વગેરેથી શુદ્ધ થયો છે દેહ જેનો એવા માણસનું તે શલ્ય નીકળી ગયા પછી તે જગ્યાએ અંકુર આવે છે.

શલ્ય ફરી ક્યારે ઊખળે છે?

दोषकोपाभिघातादिक्षोभाद्भूयोऽपि बाधते ।

શલ્યથી થયેલો વ્રણ રૂઝાયા જેવો લાગે છતા ખરાખર રૂઝાયો ન હોય તો દોષોના પ્રકોપને લીધે, વાગવાપછડાવાથી, વગેરે કારણસર સોજો આવવાથી ફરીથી હરકત કરે છે (ઊખળે છે, પીડા કરે છે).

શલ્ય નીકળી ગયા વિના ઘા રૂઝાયો હોવાનાં લક્ષણ

त्वङ्नष्टे यत्र तत्र स्युरभ्यङ्गस्वेदमर्दनैः ॥ ११ ॥
रागरुग्दाहसंरम्भा यत्र चाज्यं विलीयते ।
आशु शुष्यति लेपो वा तत्स्थानं शल्यवद्वदेत् ॥

જો શલ્ય ચામડીમાં છુપાઈ રહ્યું હોય છતાં ઘા રૂઝાઈ ગયો હોય તો ચામડી પર અભ્યંગ, શેક અને મર્દન (મસળવું) કરવાથી જો રતાશ, ખળતરા અને સોજો થાય તો ચામડીમાં શલ્ય છે એમ કહેવું; ઠરેલું ઘી ચામડી પર મૂકયા પછી ઘી વીઘરે (ઓગળે) તો ચામડીમાં શલ્ય છે એમ કહેવું; અથવા ચામડી પર સુખડ વગેરેનો લેપ કર્યા પછી લેપ તરત સુકાઈ જાય તો ચામડીમાં શલ્ય છે એમ કહેવું.

मांसप्रणष्टं संशुद्धया कर्शनाच्छलथतां गतम् ।
क्षोभाद्रागादिभिः शल्यं लक्षयेत्

માંસમાં શલ્ય છુપાઈ રહ્યું હોય છતાં ઘા રૂઝાઈ ગયો હોય તો વમન, વિરેચન વગેરેથી દરદીનું શોધન કરવાથી કર્ષણ થવાથી (શરીર ઊતરવાથી) માંસથી છૂટું પડેલું શલ્ય હાલવા ચાલવાથી રતાશ, ખળતરા અને સોજો થાય છે. તે ઉપરથી શોધન કર્યા પછી રતાશ–ખળતરા અને સોજો થાય તો માંસમાં શલ્ય છે એવું સમજવું.

तद्वदेव च ॥ १३ ॥
पेश्यस्थिसन्धिकोष्ठेषु नष्टम्

પેશી, હાડકાંના સાંધા અને કોઠામાં શલ્ય છુપાઈ રહ્યું હોય છતાં ઘા રુઝાઈ ગયો હોય તો માંસમાં છુપાઈ રહેલા શલ્યની રીતે એને પારખવું.

अस्थिषु लक्षयेत् ।
अस्थ्नामभ्यञ्जनस्वेदबन्धपीडनमर्दनैः ॥ १४ ॥

શલ્યનો ઘા રૂઝાઈ ગયો હોય છતાં હાડકાંમાં શલ્ય છુપાઈ રહ્યુ હોય તો હાડકાંને તેલ ચોળવાથી, શેક કરવાથી, પાટો ખાધવાથી, દખાવવાથી અને ચોળવાથી (મસળવાથી) શલ્ય હાલવાચાલવાથી રતાશ, ખળતરા તથા સોજો આવે છે. માટે ઉપરની ક્રિયાઓ કર્યા પછી રતાશ, ખળતરા અને સોજો આવે તો હાડકાંમાં શલ્ય છે એવું સમજવું.

प्रसारणाकुञ्चनतः सन्धिनष्टं तथाऽस्थिवत् ।

ઘા ઉપરથી રૂઝાઈ ગયો હોવા છતાં શલ્ય શરીરના સાંધાઓમાં છુપાઈ રહ્યું હોય તો સાધાને લાંખાટૂંકા કરીને વાળવાળ કરવાથી તથા હાડકાની માફક તેલ ચોળવા વગેરેની ક્રિયા કરવાથી શલ્ય છૂટું પડવાથી રતાશ, ખળતરા અને સોજો થાય તો શલ્ય છે એમ સમજવુ.

नष्टे स्नायुशिरास्रोतोधमनीष्वसमे पथि ॥ १५ ॥
अश्वयुक्तं रथं खण्डचक्रमारोप्य रोगिणम् ।
शीघ्रं नयेत्ततस्तस्य संरम्भाच्छल्यमादिशेत् ॥

સ્નાયુ, શિરા, સ્રોત કે ધમનીમાં શલ્ય છુપાઈ રહ્યુ હોય, છતાં ઘા રૂઝાઈ ગયો હોય તો શલ્યવાળા દરદીને ઘોડા જોડેલા, ભાંગેલા પૈડાંવાળા રથમાં બેસાડીને ખાડાટેકરાવાળા રસ્તા પરથી ઝટ (રથ ખૂબ દોડાવીને) બીજે સ્થળે લઈ જવો. તેથી શલ્ય છૂટું પડવાથી રતાશ, ખળતરા અને સોજો આવશે. તે ઉપરથી સ્નાયુ વગેરેમાં શલ્ય છે એમ સમજવુ.

मर्मनष्टं पृथङ्नोक्तं तेषां मांसादिसंश्रयात् ।

મર્મમાં છુપાઈ રહેલું શલ્ય ઓળખવા

માટે જુદાં લક્ષણ આપ્યાં નથી, કારણ કે મર્મ માંસ વગેરેમાં જ હોય છે. (તેથી માંસ વગેરેમાં છુપાયેલા શલ્યને પારખવાની રીતે જ મર્મમાં છુપાયેલા શલ્યને પારખવુ.)

શલ્ય ક્યાં છે તે જાણવાની સામાન્ય રીત

सामान्येन सशल्यं तु क्षोभिण्या क्रियया सरुक् ॥

શ્વાસોચ્છ્વાસ, પ્રાણાયામ વગેરે ક્ષોભ કરનારી (શરીરમાં ખળભળાટ કરે, સખળડખળ કરે એવી) ક્રિયાઓ કરવાથી જે સ્થાનમાં પીડા થાય તે સ્થાન શલ્યવાળું છે એમ જાણવું.

શલ્યનો આકાર ઓળખવાની રીત

वृत्तं पृथु चतुष्कोणं त्रिपुटं च समासतः ।
अदृश्यशल्यसंस्थानं व्रणाकृत्या विभावयेत् ॥१८

ટૂંકામાં કહીએ તો શલ્ય ગોળ, બે ખૂણાવાળું (પહોળું), ચાર ખૂણાવાળું અને ત્રણ ખૂણાવાળું હોય છે. જે શલ્ય નજરે જોઈ શકાતું ન હોય તેનો આકાર એણે પાડેલા વ્રણ(ઘા)ના આકાર ઉપરથી સમજી લેવો. (શલ્ય આગળથી જેવા આકારનુ હોય તેવા આકારનો ઘા પાડીને શરીરમાં દાખલ થાય છે. ઘા રૂઝાયા પછી પણ એવા આકારનો ડાઘ ચામડી પર રહે છે.)

શલ્ય બહાર કાઢવાના ઉપાય

तेषामाहरणोपायौ प्रतिलोमानुलोमकौ ।

એમને (શલ્યોને) બહાર કાઢવાના બે ઉપાય છે: પ્રતિલોમ ઉપાય અને અનુલોમ ઉપાય. (જે રસ્તેથી શલ્ય શરીરમા પેઠું હોય તે જ રસ્તે એને બહાર પાછુ કાઢવુ તેને પ્રતિલોમ ઉપાય કહે છે. અને જે રસ્તે શલ્ય શરીરમા પેઠું હોય તેની સામેની દિશામાં કાપ મૂકીને રસ્તો કરીને શલ્ય બહાર કાઢવુ તેને અનુલોમ ઉપાય કહે છે.)

ખાસ સૂચના: શલ્ય કઈ રીતે બહાર કાઢવુ તે બાબતોનો નિર્ણય અનેક દૃષ્ટિએ કરવો જોઈએ. શલ્યનો આકાર, શલ્ય ક્યાં પેઠું છે તે, શલ્ય જે રસ્તે ગયું હોય તે જ રસ્તે પાછુ ખેંચવાથી સલામતી છે કે સામી બાજુએ નવો કાપ મૂકીને ખેંચી કાઢવામાં સલામતી છે, મર્મસ્થાનને કંઈ આંચ આવે છે કે નહિ વગેરે બાબતોનો વિચાર કરીને શલ્ય કાઢવું જોઈએ.

अर्वाचीनपराचीने निर्हरेत्तद्विपर्ययात् ॥ १९ ॥

ઊંચેથી પેસીને નીચે ગયેલા શલ્યને અને નીચેથી પેસીને ઊંચે ગયેલા શલ્યને એ શલ્યે જે દિશામાં ગતિ કરી હોય તેનાથી ઊંધી દિશા તરફ ખેંચીને બહાર કાઢવાં.

सुखाहार्यं यतश्छित्त्वा ततस्तिर्यग्गतं हरेत् ।

ત્રાંસા (તિરકસ) પેઠેલા શલ્યને શરીરનો જે ભાગ કાપીને સરળતાથી અને સલામતીથી બહાર કાઢી શકાય તે ભાગમાંથી બહાર કાઢવુ.

કયું શલ્ય હચમચાવવું નહિ?

शल्यं न निर्घात्यमुरःकक्षावङ्क्षणपार्श्वगम् ॥
प्रतिलोममनुत्तुण्ड छेद्यं पृथुमुखं च यत् ।

છાતી, બગલ, જાંઘનાં વળાં (સાંધા) અને પડખામાં પેઠેલું શલ્ય, નીચેથી ઊંચે પેઠેલું શલ્ય, જેના મુખનો આકાર પાણીના પરપોટા જેવો ન હોય એવું શલ્ય, કાપવું પડે એવુ શલ્ય અને પહોળું શલ્ય હચમચાવવું નહિ.

કયું શલ્ય કાઢવું નહિ?

नैवाहरेद्विशल्यघ्नं नष्टं वा निरुपद्रवम् ॥ २१ ॥

(જે શલ્ય શરીરમાં રહે ત્યાં સુધી માણસ જીવે પણ એ શલ્ય કાઢવાથી માણસ મરી જાય તે શલ્યને વિશલ્યઘ્ન શલ્ય કહે છે.)

વિશલ્યઘ્ન શલ્યને અને જે શલ્ય દેખાતુ ન હોય (છુપાઈ ગયું હોય) પણ કંઈ ઉપદ્રવ ન કરતું હોય તે શલ્યને બહાર કાઢવું નહિ.

કેવું શલ્ય કયા યંત્રથી કાઢવું?

अथाहरेत्करप्राप्यं करेणैव

હાથથી પકડીને ખેંચી કાઢી શકાય એવા શલ્યને હાથથી જ ખેંચી કાઢવું.

इतरत्पुनः ।

दृश्यं सिंहाहिमकरदर्मिकर्कटकाननैः ॥ २२ ॥

પણ બીજું (હાથથી પકડીને ન ખેંચી કાઢી શકાય એવુ) શલ્ય જો દેખાય એવું હોય તો સિંહમુખ, સર્પમુખ, મકરમુખ, વર્મિમુખ અને કર્કટમુખ નામનાં સ્વસ્તિક યંત્રો

(સૂ. અ. ૨૫) વડે ખેંચી કાઢવું.
(વર્મિ જાતની માછલી છે. કર્કટક=કરચલો).

अदृश्यं व्रणसंस्थानाद्ग्रहीतुं शक्यते यतः ।
कङ्कभृङ्गाह्वकुररशरारीवायसाननैः ॥ २३ ॥

હાથથી પકડીને ન ખેંચી કાઢી શકાય એવું શલ્ય જો દેખાતું ન હોય તો ઘાના આકાર ઉપરથી શલ્યનો આકાર સમજી લઈને શલ્યને કંકમુખ, ભૃંગાહ્વમુખ, કુરરમુખ, શરારીમુખ અને કાકમુખ નામનાં સ્વસ્તિક યંત્રો વડે ખેંચી કાઢવુ.

(શલ્ય ખેંચી કાઢતા પહેલાં શલ્યનો આકાર જાણવાની ખાસ જરૂર છે. દા. ત. શલ્યનુ મુખ (આગલો છેડો) હાથીના અંકુશ જેવો વળેલો હોય (ભરતગૂંથણની અંકોડી જેવો હોય) તો શલ્યને અમુક રીતે ખેંચી કાઢવા જતાં શરીરની નસો વગેરેમાં ભરાઈ જાય છે અને જોર કરવા જતાં શરીરના નવા-નવા ભાગ કપાતા જાય છે અને દરદીને ત્રાસ પડે છે. માટે શલ્ય કેવી રીતે અને કયાંથી બહાર કાઢવું એનો આધાર શલ્યના ઘાટ પર પણ છે).

सन्दंशाभ्यां त्वगादिस्थम्

ચામડી વગેરેમાં (ચામડી, શિરા, સ્નાયુ અને માંસમાં) રહેલું શલ્ય સંદંશ યંત્ર-(સૂ. અ. ૨૫)થી ખેંચી કાઢવું.

तालाभ्यां सुषिरं हरेत् ।

કાણાવાળા શલ્યને તાલયંત્રથી ખેંચી કાઢવું.

सुषिरस्थं तु नलकैः

કાણાંમાં પેઠેલા શલ્યને નાડીયંત્રોથી ખેંચી કાઢવું.

शेषं शेषैर्यथायथम् ॥ २४ ॥

બાકીનાં શલ્યને (કયા યંત્રથી બહાર કાઢવું એ બાબત જે શલ્ય માટે ઉપર ન કહી હોય તે શલ્યને) બાકીનાં (સ્વસ્તિક, સંદંશ, તાલ અને નાડીયંત્ર સિવાયનાં) યંત્રો-માંથી જે યંત્ર જે પ્રસંગે ઉપયોગમાં લેવા જેવાં હોય તેનાથી ખેંચી કાઢવું.

યંત્રથી ખેંચી ન કઢાય એવા શલ્યને શી રીતે કાઢવુ ?

शस्त्रेण वा विशस्यादौ ततो निर्लोहितं व्रणम् ।
कृत्वा घृतेन संस्वेद्य बद्ध्वाऽऽचारिकमादिशेत् ॥

અથવા (જો શલ્યને યંત્રથી પકડીને ખેંચી કાઢવા જેવું ન હોય તો) પહેલાં માંસ વગેરે શસ્ત્રથી કાપીને શલ્ય બહાર કાઢવું. પછી ઘાનું લોહી બંધ કરવું, સશેકા ઘીથી ઘાને શેક કરવો (ઘી ચોળવું), ઘામાં ઘી અને મધની વાટ ભરીને પાટો બાંધવો અને સૂ. ૨૯/૨૯થી ૪૮ માં કહ્યા પ્રમાણે કરવાનુ કહેવું.

सिरास्नायुविलग्नं तु चालयित्वा शलाकया ।

શિરા અને સ્નાયુમાં જે શલ્ય વળગેલું હોય તે શલાકા વડે હલાવીને ઢીલું પાડવું અને પછી ખેંચી કાઢવું.

हृदये संस्थितं शल्यं त्रासितस्य हिमाम्बुना ॥२६
ततः स्थानान्तरं प्राप्तमाहरेत्तद्यथायथम् ।
यथामार्गं दुराकर्षम्

હૃદયમાં રહેલું શલ્ય ખેંચી કાઢવુ મુશ્કેલ છે, તેથી શલ્યવાળા માણુસ ઉપર ઓચિંતું ઠંડું પાણી રેડીને એને ભડકાવવાથી શલ્ય (હૃદયમાંથી નીકળીને) બીજી જગ્યાએ આવી જશે. પછી એ શલ્યને યોગ્ય રસ્તેથી અને યોગ્ય યંત્રથી બહાર ખેંચી કાઢવું.

अन्यतोऽप्येवमाहरेत् ॥ २७ ॥

બીજી કોઈ જગાએથી પણ જો શલ્ય ખેંચી કાઢવું મુશ્કેલ હોય તો તેને હૃદયના શલ્યની માફક ખેંચી કાઢવું.

अस्थिदष्टे नरं पद्भ्यां पीडयित्वा विनिर्हरेत् ।

જો શલ્ય હાડકામાં લાગ્યું હોય તો તે માણુસ જો બળવાન હોય તો તેના ઉપર બે પગ મૂકીને ઊભા રહીને શલ્ય ખેંચી કાઢવું.

इत्यशक्ये सुबलिभिः सुगृहीतस्य किङ्करैः ॥ २८

આવી રીતે માણુસ ઉપર ઊભા રહીને પણ એનું શલ્ય કાઢી શકાય એવું ન હોય તો બહુ બળવાન નોકરો પાસે શલ્યવાળા માણુસને સજજડ પકડી રખાવીને (યોગ્ય યંત્રથી) શલ્ય કાઢવું.

तथाऽप्यशक्ये वारङ्गं वक्रीकृत्य धनुर्ज्यया ।
सुबद्ध वक्त्रकटके बध्नीयात्सुसमाहितः ॥ २९ ॥
सुसंयतस्य पञ्चाङ्ग्या वाजिनः कशयाऽथ तम् ।
ताडयेदिति मूर्धानं वेगेनोन्नमयन् यथा ॥ ३० ॥
उद्धरेच्छल्यम्

ઉપર કહેલા બે પ્રકારમાંથી એકે પ્રકારથી જો શલ્ય ખેંચી કાઢવું અશક્ય હોય તો અને શલ્ય તરીકે જો કોઈ શસ્ત્ર હોય તો તે શલ્યના અગ્રભાગને વાંકો વાળીને સ્નાયુ (તાંત) વગેરેની બનાવેલી ધનુષ્યની પણછથી તેને સારી રીતે બાંધવુ. પછી એક ઘોડાના ચારે પગ પછાડી-(બંધવિશેષ)થી બાંધીને તથા મોઢા આગળ-થી પણ રાશો વડે બાધીને પેલો શલ્યને બાંધેલો બંધ ઘોડાના મોરડા (મોંના ચોકડા) સાથે મજબૂત બાધવો. પછી ઘોડાને ચાબુક મારવો એટલે તે વેગથી પોતાનું મુખ ઊંચુ કરશે. એના ખેંચાણથી હાડકામાં સજ્જડ ચોટેલું શલ્ય પણ બહાર ખેંચાઈ આવશે.

एवं वा शाखायां कल्पयेत्तरोः ।

એ જ પ્રમાણે વૃક્ષની ડાળી સાથે બાધીને પણ શલ્ય કાઢવુ. (તેની રીત એવી છે કે, શલ્ય સાથે બાધેલી પણછને એક ઝાડની ડાળી ઘણાં જણે મળીને નમાવી હોય તેની સાથે મજબૂત બાંધવી અને દરદીને પકડી રાખવો. પછી તે ડાળી છોડી દેવી એટલે ડાળ ઊંચી થવાની સાથે શલ્ય બહાર ખેંચાઈ આવશે.)

बद्ध्वा दुर्बलवारङ्गं कुशाभिः शल्यमाहरेत् ॥ ३१

જો શલ્યની ટોચ પાતળી હોય તો તેનો બહારનો છેડો વાળીને તેની સાથે વાસની ચીપ (ખપાટ) બાંધીને પછી શલ્ય ખેંચી કાઢવુ.

શલ્ય ઉપર સોજો ફરી વળ્યો હોય તો

श्वयथुग्रस्तवारङ्गं शोफमुत्पीड्य युक्तितः ।

જો શલ્યની ટોચનો ભાગ સોજામાં ઢંકાઈ ગયો હોય તો સોજાને ઉપરથી દબાણ કરીને શલ્ય નો બહારનો છેડો દેખાયા પછી યોગ્ય યુક્તિ-પૂર્વક શલ્ય ખેંચી કાઢવુ.

ઉત્તુંડિત શલ્ય કાઢવાની રીત

मुद्गराहतया नाड्या निर्घात्योत्तुण्डितं हरेत् ॥

જો શલ્યનું મુખ પરપોટા જેવું જણાતુ હોય તો નાડીયંત્ર વડે તેને હલાવીને હથોડી વગેરેથી ને નાડીને ઠોકીને પછી તે શલ્યને કાઢવુ.

तैरेव चानयेन्मार्गममार्गोत्तुण्डितं तु यत् ।

જો પરપોટા જેવા મુખવાળું શલ્ય એવી જગ્યાએ પેઠું હોય કે જ્યાંથી એને કાઢવાનો માર્ગ ન હોય તો તેના વડે (શ્લોક ૩૨ માં કહેલા ઉપાયો વડે હચમચાવીને) શલ્યને પહેલુ માર્ગમાં લાવવું (અને પછી ખેંચી કાઢવુ).

કડીવાળાં શલ્ય કાઢવાની રીત

मृदित्वा कर्णिनां कर्णं नाड्यास्येन निगृह्य वा ॥

(ચાના પ્યાલાને હોય છે એવી) કડી-વાળા શલ્યની કડીને શલ્ય સાથે દબાવી દઈને અથવા નાડીયંત્રના મુખમાં પકડી રાખીને પછી તે શલ્ય કાઢવુ.

કડીવિનાનું શલ્ય કાઢવાની રીત

अयस्कान्तेन निष्कर्णं विवृतास्यमृजुस्थितम् ।

પહોળા મોંવાળા, સીધા પેઠેલા, કડીવિનાના શલ્યને લોહચુંબક વડે બહાર ખેંચી કાઢવુ.

પકવાશયમાંનું શલ્ય કાઢવાની રીત

पक्वाशयगतं शल्यं विरेकेण विनिर्हरेत् ॥ ३४ ॥

પકવાશયમાં રહેલા શલ્યને જુલાબ આપીને બહાર કાઢવુ.

વિષ, ધાવણ, આદિરૂપ શલ્ય

दुष्टवातविषस्तन्यरक्ततोयादि चूषणैः ।

બગડેલો વાયુ, ઝેર, ધાવણ, લોહી, પાણી વગેરે શલ્યોને ચૂષણ (ચૂસી લે એવાં રૂમડી વગેરે) યંત્રોથી બહાર કાઢવાં.

ગળામાંનું શલ્ય કાઢવાની રીત

कण्ठस्रोतोगते शल्ये सूत्रं कण्ठे प्रवेशयेत् ॥ ३५ ॥
बिसेनाक्ते ततः शल्ये बिसं सूत्रं समं हरेत् ।

જો શલ્ય ગળાના સ્રોતમાં હોય તો કમળ-ની દાંડી સાથે બરાબર બાધેલી સૂતળીને ગળામાં ઉતારવી. પછી જ્યારે સૂતળીમાં શલ્ય પકડાઈ જાય, ત્યારે કમળની દાંડી અને સૂતળી બન્નેને સાથે પકડીને શલ્યને બહાર કાઢવુ.

नाड्याऽग्नितापितां क्षिप्त्वा-
शलाकामप्स्थिरीकृताम् ॥ ३६ ॥

आनयेज्जातुषं कण्ठात्

જો ગળાના સ્રોતમાં લાખનું બનેલું શલ્ય હોય તો દેવતામાં તપાવેલી શલાકા (સળી)ને નાડીયંત્ર વડે ગળામાં નાખીને પછી દરદીને પાણી પાઈને એ શલાકાને પીધેલા પાણીના ધક્કાથી લાખના શલ્ય સાથે ચોંટાડી દઈને (પછી નાડીયંત્ર પાછું ખેંચી લઈને) લાખનું શલ્ય ગળામાંથી બહાર કાઢવું. (તપાવેલી સળીથી ગળું દાઝી ન જાય તે માટે નાડીયંત્રથી સળી ગળામાં ઉતારવી જોઈએ. એ ગરમ સળી લાખને અડકે એટલે લાખ સાથે સળી ચોંટી જાય. સળીને ચોંટેલી લાખ નાડીયંત્ર સાથે બહાર નીકળી આવે.)

जतुदिग्धामजातुषम् ।

જો શલ્ય લાખનું ન હોય તો (લાકડું, વાંસ વગેરેનું હોય તો) એક શલાકાને લાખ ચોપડીને તથા અગ્નિ વડે તપાવીને નાડીયંત્ર દ્વારા ગળામા ઉતારીને દરદીને પાણી પાઈને શલ્ય બહાર કાઢવું.

માછલીનો કાંટો ગળામાંથી શી રીતે કાઢવો?

केशोन्दुकेन पीतेन द्रवैः कण्टकमाक्षिपेत् ॥३७॥
सहसा सूत्रबद्धेन वमतः

માંસ ખાતાંખાતાં માછલીનો કાંટો ગળામાં અટકી રહ્યો હોય તો વાળના ગૂંચળાને લાંબી દોરી બાંધીને એ ગૂંચળું ઊલટીઓ કરાવે એવા દ્રવ્યથી તૈયાર કરેલા પ્રવાહી સાથે પીને ઊલટીઓ કરીને ગૂંચળામાં ભરાયેલો કાંટો અને ગૂંચળું દોરી વડે એકદમ બહાર ખેંચી લેવાં. (દોરીનો બીજો છેડો હાથમાં રાખવો.)

વાળનુ ગૂંચળું ગળામાંથી શી રીતે કાઢવું?

तेन चेतरत् ।

અને તેનાથી બીજું (કાઢવું). (એટલે જો ગળામાં વાળનું ગૂંચળું ભરાઈ ગયું હોય તો ઊલટીઓ કરાવે એવા દ્રવ્યથી તૈયાર કરેલા પ્રવાહી સાથે લાંબો દોરો બાંધેલો માછલીનો કાંટો પી જવો અને ઊલટી કરીને કાંટામાં ભરાયેલું વાળનું ગૂંચળું દોરી વડે એકદમ બહાર ખેંચી કાઢવું. (દોરીનો બીજો છેડો હાથમાં રાખવો.)

મોં અને નાકમાં રહેલું શલ્ય કાઢવાની રીત

अशक्यं मुखनासाभ्यामाहर्तुं परतो नुदेत् ॥३८॥

મોં અને નાકમાં ભરાયેલું શલ્ય જો મોં અને નાકમાંથી કાઢી શકાય એવું ન હોય તો એને બીજે (કોઠામાં) લઈ જવું. (પછી કોઠાના શલ્યની રીતે કાઢવું.)

अप्पानस्कन्धघाताभ्यां ग्रासशल्यं प्रवेशयेत् ।

જો કોળિયો શલ્યરૂપે ગળામાં અટકી ગયો હોય તો પાણી પાઈને અને ખભા પર મુક્કીઓ મારીને એને કોઠામાં ઉતારવું.

આંખ વગેરેમાં પડેલાં સૂક્ષ્મ શલ્ય

सूक्ष्माक्षिव्रणशल्यानि क्षौमवालजलैर्हरेत् ॥३९॥

આંખ અને વ્રણમાં બારીક શલ્ય પડ્યાં હોય તો રેશમી વસ્ત્ર વડે, વાળ વડે અથવા પાણી વડે તે કાઢવાં.

પાણીરૂપ શલ્ય કાઢવાની રીત

अपां पूर्णं विधुनुयादवाक्शिरसमायतम् ।
वामयेच्चामुखं भस्मराशौ वा निखनेन्नरम् ॥४०॥

(નદી, તળાવ વગેરેમાં અકસ્માત પડી જવાથી પાણી પિવાઈ ગયું હોય તે પાણી શલ્યરૂપ નડે છે, માટે તેને બહાર કાઢવું જોઈએ.) જેનામાં પાણી શલ્યરૂપે ભરાઈ રહ્યું હોય તે માણસને ઊંધે માથે લાંબો કરીને લટકાવીને હીંચકા ખવરાવવા, તેને ઊલટી કરાવવી અથવા રાખોડીના ઢગલામાં તેને મોં સુધી દાટવો.

કાનમાં ભરાયેલું પાણી કાઢવાની રીત

कर्णेऽम्बुपूर्णे हस्तेन मथित्वा तैलवारिणी ।
क्षिपेदधोमुखं कर्णं हन्याद्वाऽऽचूषयेत वा ॥४१॥

કાનમાં પાણી ભરાઈ ગયું હોય તો તેલ તથા પાણી એકઠાં કરીને તેને હાથ વડે ડોહીને પછી તે કાનમાં નાખવું તથા કાનને (ઊંધો) નીચો રાખીને ઉપરથી ઠોકવું અથવા રૂમડીયંત્રથી પાણી ચૂસી લેવું.

કાનમાં જીવડું ભરાઈ ગયું હોય તો—

कीटे स्रोतोगते कर्णं पूरयेल्लवणाम्बुना ।
शुक्तेन वा सुखोष्णेन मृते क्लेदहरो विधिः ॥४२॥

રીતે વ્રણ થાય છે. (શસ્ત્ર વગેરે વાગવાથી પણ વ્રણ થાય છે માટે 'સામાન્ય રીતે' શબ્દ વાપર્યો છે.) માટે સોજાને ન પાકવા દેવા માટે (સોજો વેરી નાખવા માટે) પુષ્કળ ઠંડા લેપ, સેક (પાણીથી ઝારવુ), ફસ ખોલવી, સંશોધન વગેરે ઉપાયોથી સોજો મટાડવાના ઉપાય યત્નપૂર્વક કરવા.

સામ (કાચા) સોજાનાં લક્ષણ

शोफोऽल्पशोऽल्पोष्मरुक् सामः सवर्णः
कठिनः स्थिरः ॥ २ ॥

સોજો સામ હોય ત્યાં સુધી થોડો, થોડો ગરમ, થોડી પીડાવાળો, ચામડી જેવા રંગનો, કઠણ અને સ્થિર હોય છે.

પચ્યમાન (પાકવા માંડેલા) સોજાનાં લક્ષણ

पच्यमानो विवर्णस्तु रागी बस्तिरिवाततः ।
स्फुटतीव सनिस्तोदः साङ्गमर्दविजृम्भिकः ॥३॥
संरम्भारुचिदाहोषातृड्ज्वरानिद्रतान्वितः ।
स्त्यानं विष्यन्दयत्याज्यं व्रणवत्स्पर्शनासहः ॥४॥

સોજો પાકતો હોય ત્યારે તે ચામડીથી જુદા રંગનો, ચોપડેલા લેપ વગેરેને રંગે એવો (=લેપ વગેરેનો રંગ બદલી નાખે એવો), હવા ભરેલી બસ્તિ જેવો અક્કડ, અંગો તૂટતાં હોય એવી પીડાવાળો અને સળંગ સણકાવાળો હોય છે તથા શરીરમાં ચૂંથારા થાય છે, બગાસા આવે છે, સંરંભ, અરુચિ, બળતરા, ઉષા, તરસ, તાવ અને ઊંઘ એટલા ઉપદ્રવો થાય છે, ઠરેલુ ઘી મૂકીએ તો ઘી વીઘરી જાય છે તથા જેમ વ્રણને કંઈ અડકે તો ખમાતું નથી તેમ પાકતા સોજાને કંઈ અડકે તો ખમાતું નથી.

(અહીં, સંરંભ=દાબવાથી, ઘસવાથી, કાપવાથી, ફોડવાથી, બચકું ભરવાથી વગેરેથી જેવી પીડા થાય તેવી અનેક જાતની વર્ણન ન થઈ શકે એટલી બધી પીડા.)

સોજો પાક્યાનાં લક્ષણ

पक्वेऽल्पवेगता म्लानिः पाण्डुता वलिसम्भवः ।
नामोऽन्तेपून्नतिर्मध्ये कण्डूशोफादिमार्दवम् ॥५॥
स्पृष्टे पूयस्य सञ्चारो भवेद्वस्ताविवाम्भसः ।

સોજો પાકી જાય ત્યારે પીડાનું જોર નરમ પડી જાય છે, સોજો કરમાઈ જાય છે, સોજાનો રંગ ધોળો થઈ જાય છે, સોજા પર કરચલીઓ પડે છે, સોજો ચારે પાસથી નમી જાય છે (બેસી જાય છે) પણ વચ્ચેથી પુષ્કળ ઊપસી આવે છે (ઊંચો થાય છે), ખણજ, સોજો વગેરે નરમ પડી જાય છે, તથા જેમ બસ્તિમાં પાણી આઘુંપાછું થાય છે તેમ પાકેલા સોજાને અડકવાથી એમા પરુ આઘુંપાછું ખસે છે.

પાકવાનાં કારણ

शूलं नर्तेऽनिलाद्दाहः पित्ताच्छोफः कफोदयात् ।
रागो रक्ताच्च पाकः स्यादतो दोषैः सशोणितैः ।

વાયુ વિના શૂળ (સણકા) આવે નહિ, પિત્ત વિના બળતરા થાય નહિ, કફ વધે નહિ ત્યાં સુધી સોજો આવે નહિ અને લોહી વિના રતાશ આવે નહિ, માટે (પાકે ત્યારે સણકા, બળતરા, સોજો અને રતાશ એ ચારે વાનાં હોવાથી) લોહી અને ત્રણે દોષોને લીધે પાકે છે.

બહુ પાકી ગયાનાં લક્ષણ

पाकेऽतिवृत्ते सुषिरस्तनुत्वग्दोषभक्षितः ॥७॥
वलीभिराचितः श्यावः शीर्यमाणतनूरुहः ।

જ્યારે સોજો વધારે પડતો પાકી જાય ત્યારે, (સોજાનો ચામડી નીચેનો ભાગ) ખાલી પડી જાય છે, સોજાવાળી ચામડી પાતળી થઈ જાય છે, સોજાની અંદરનાં માસ વગેરે પરુ વડે ખવાઈ જાય છે, સોજાવાળા ભાગમાં ખીચોખીચ કરચલીઓ પડી જાય છે, સોજાવાળો ભાગ કાળો પડી જાય છે અને સોજાવાળા ભાગના વાળ ખરી પડે છે.

રક્તપાકનાં લક્ષણ

कफजेषु तु शोफेषु गम्भीरं पाकमेत्यसृक् ॥८॥
पक्वलिङ्गं ततोऽस्पष्टं यत्र स्याच्छीतशोफता ।
त्वक्सावर्ण्यं रुजोऽल्पत्वं घनस्पर्शत्वमश्मवत् ॥
रक्तपाकमिति ब्रूयात्तं प्राज्ञो मुक्तसंशयः ।

જ્યારે કફથી થયેલા સોજામાં બહુ ઊંડું (નીચેનું) લોહી પાકે, અને તેથી જે સોજામાં પાકનાં લક્ષણો (શ્લોક ૪ફેથી ૫ફે) સ્પષ્ટ રીતે જણાઈ આવે એવાં ન હોય, સોજો અડકવાથી

કીડી, કાનખજૂરો વગેરે જંતુ કાનમાં ભરાઈ ગયાં હોય તો સિંધવવાળા પાણીથી તે કાન ભરી કાઢવો અથવા સહન કરી શકાય એટલા ગરમ કરેલા શુક્ત વડે તે કાન ભરવો. જ્યારે તે જંતુ કાનમાં મરી જાય ત્યારે કાનનો મેલ કાઢવાની રીતે તેને પણ બહાર કાઢવો. (ખાલી પિચકારી કાનમાં રાખીને એ પિચકારીનો હાથો ઊંચો ખેંચીને કાનમાંનો પચપચો થયેલો બધો કચરો પિચકારીમાં ખેંચી લેવો અને બહાર કાઢી નાખવો.)

ક્યાં શલ્ય ઓગળી જાય છે?

जातुपं हेमरूप्यादिधातुजं च चिरस्थितम् ।
ऊष्मणा प्रायशः शल्यं देहजेन विलीयते ॥४३॥

લાખ તથા સોનું, રૂપુ વગેરે ધાતુનું શલ્ય જો દેહમાં ઘણો કાળ રહે, તો દેહમાંની ગરમીથી તે ઘણુંખરું ઓગળી જાય છે.

ન ઓગળે એવાં શલ્ય

मृद्वेणुदारुशृङ्गास्थिदन्तबालोपलानि न ।
विषाणवेण्वयस्तालदारुशल्यं चिरादपि ॥४४॥
प्रायो निर्भुज्यते तद्धि पचत्याशु पलासृजी ।

માટી, વાંસ, લાકડું, શિંગડું, હાડકું, દાંત, વાળ અને કાંકરાનાં શલ્ય શરીરની ગરમીથી (થોડા વખતમાં) ઓગળી જતાં નથી. શિંગડુ (હાથીદાંત), વાંસ, લોખંડ, તાડ અને લાકડું એટલાનાં શલ્ય લાંબા વખતે પણ શરીરની ગરમીથી ઓગળી જતાં નથી. એ શલ્યો (વિષાણ(હાથીદાંત)થી દારુ (લાકડું) સુધીનાં શલ્યો) તરત માંસ અને લોહીને પકવે છે (સડાવે છે) તેથી એ શલ્યો ઘણુંખરું જ્યાં ચોંટ્યાં હોય ત્યાંથી છૂટા પડીને બહાર નીકળી જાય છે.

માંસમાં પેઠેલા શલ્યની ક્રિયા

शल्ये मांसावगाढे चेत्स देशो न विदह्यते ॥४५॥
ततस्तं मर्दनस्वेदशुद्धिकर्षणबृंहणैः ।
तीक्ष्णोपनाहपानान्नघनशस्त्रपदाङ्कनैः ॥ ४६ ॥
पाचयित्वा हरेच्छल्यं पाटनैषणभेदनैः ।

શલ્ય માંસમાં અંદર પેસી ગયુ હોય અને તે જગા જો પાકે નહિ તો જ્યા આગળ શલ્ય હોય ત્યાં આગળ પ્રથમ મર્દન કરીને તથા સ્વેદન કરીને તેને પકવવું તથા પાકયા પછી તેને ચીરીને અથવા વ્રણ ફોડીને શલ્યને બહાર કાઢવું. અથવા વિરેચન આપીને શુદ્ધ કરીને અથવા વમન આપીને, અથવા કર્ષણ કરીને, અથવા બૃંહણ કરીને, અથવા તીક્ષ્ણ ઉપનાહ આપીને, અથવા તીક્ષ્ણ અન્નપાન આપીને, અથવા બુઠ્ઠા શસ્ત્રની બુઠ્ઠી ધાર વડે લિસોટા કરવાથી તે શલ્યવાળી જગાને પકવીને, તેને ચીરીને અણીદાર એષણી શલાકાથી ફોડીને અને ફાડીને શલ્ય કાઢવુ.

ઉપસંહાર

शल्यप्रदेशयन्त्राणामवेक्ष्य बहुरूपताम् ॥ ४७ ॥
तैस्तैरुपायैर्मतिमान् शल्यं
विद्यात्तथाऽऽहरेत् ।४७½॥

ધાતુ, શિંગડુ, વાંસ વગેરેનાં અનેક પ્રકારનાં શલ્ય થાય છે તથા ચામડી, માંસ, હાડકું વગેરે શલ્ય પેસવાના પ્રદેશ પણ અનેક છે; તેમ જ સ્વસ્તિક, કંકમુખ, નાડી વગેરે યંત્ર પણ અનેક છે. એ રીતે શલ્ય, શલ્યના પ્રદેશ અને શલ્યનાં યંત્રનાં અનેક રૂપ જાણીને બુદ્ધિમાન વૈદ્યે તે તે ઉપાય વડે કરીને શલ્યને પારખી કાઢવું તથા તે તે સ્થળમાં ઘટે તેવા ઉપાયથી તેને બહાર કાઢવું.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने शल्याहरणविधि-
र्नामाष्टाविंशोऽध्यायः ॥ २८ ॥

અધ્યાય ૨૯મો

अथातः शस्त्रकर्मविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે શસ્ત્રકર્મ (નસ્તર, વાઢકાપ)ની વિધિ જેમાં કહેલી છે એવો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યુ છે:

વ્રણ શી રીતે થાય છે?

व्रणः सञ्जायते प्रायः पाकाच्छ्वयथुपूर्वकात् ।
तमेवोपचरेत्तस्माद्रक्षन् पाकं प्रयत्नतः ॥ १ ॥
सुशीतलेपसेकास्रमोक्षसंशोधनादिभिः ।

પડેલો સોજો થઈને પાકે તેમાંથી સામાન્ય

રીતે વ્રણ થાય છે. (શસ્ત્ર વગેરે વાગવાથી પણ વ્રણ થાય છે માટે 'સામાન્ય રીતે' શબ્દ વાપર્યો છે.) માટે સોજાને ન પાકવા દેવા માટે (સોજો વેરી નાખવા માટે) પુષ્કળ ઠંડા લેપ, સેક (પાણીથી ઝારવુ), ફસ ખોલવી, સંશોધન વગેરે ઉપાયોથી સોજો મટાડવાના ઉપાય યત્નપૂર્વક કરવા.

સામ (કાચા) સોજાનાં લક્ષણ

शोफोऽल्पोऽल्पोष्मरुक् सामः सवर्णः
कठिनः स्थिरः ॥ २ ॥

સોજો સામ હોય ત્યાં સુધી થોડો, થોડો ગરમ, થોડી પીડાવાળો, ચામડી જેવા રંગનો, કઠણ અને સ્થિર હોય છે.

પચ્યમાન (પાકવા માંડેલા) સોજાનાં લક્ષણ

पच्यमानो विवर्णस्तु रागी बस्तिरिवाततः ।
स्फुटतीव सनिस्तोदः साङ्गमर्दविजृम्भिकः ॥३॥
संरम्भारुचिदाहोषातृड्ज्वरानिद्रतान्वितः ।
स्त्यानं विष्यन्दयत्याज्यं व्रणवत्स्पर्शनासहः ॥४॥

સોજો પાકતો હોય ત્યારે તે ચામડીથી જુદા રંગનો, ચોપડેલા લેપ વગેરેને રંગે એવો (=લેપ વગેરેનો રંગ બદલી નાખે એવો), હવા ભરેલી બસ્તિ જેવો અક્કડ, અંગો તૂટતાં હોય એવી પીડાવાળો અને સળંગ સણકાવાળો હોય છે તથા શરીરમાં ચૂંથારા થાય છે, બગાસાં આવે છે, સંરંભ, અરુચિ, બળતરા, ઉષા, તરસ, તાવ અને ઊંઘ એટલા ઉપદ્રવો થાય છે, ઠરેલુ ઘી મૂકીએ તો ઘી વીઘરી જાય છે તથા જેમ વ્રણને કંઈ અડકે તો ખમાતું નથી તેમ પાકતા સોજાને કંઈ અડકે તો ખમાતું નથી.

(અહીં, સંરંભ=દાબવાથી, ઘસવાથી, કાપવાથી, ફોડવાથી, બચકું ભરવાથી વગેરેથી જેવી પીડા થાય તેવી અનેક જાતની વર્ણન ન થઈ શકે એટલી બધી પીડા.)

સોજો પાકયાનાં લક્ષણ

पक्वेऽल्पवेगता म्लानिः पाण्डुता वलिसम्भवः ।
नामोऽन्तेषून्नतिर्मध्ये कण्डूशोफादिमार्दवम् ॥५॥
स्पृष्टे पूयस्य सञ्चारो भवेद्वस्ताविवाम्भसः ।

સોજો પાકી જાય ત્યારે પીડાનુ જોર નરમ પડી જાય છે, સોજો કરમાઈ જાય છે, સોજાનો રંગ ધોળો થઈ જાય છે, સોજા પર કરચલીઓ પડે છે, સોજો ચારે પાસથી નમી જાય છે (બેસી જાય છે) પણ વચ્ચેથી પુષ્કળ ઊપસી આવે છે (ઊંચો થાય છે), ખણુજ, સોજો વગેરે નરમ પડી જાય છે, તથા જેમ બસ્તિમાં પાણી આઘુંપાછુ થાય છે તેમ પાકેલા સોજાને અડકવાથી એમાં પરુ આઘુંપાછું ખસે છે.

પાકવાનાં કારણ

शूलं नर्तेऽनिलाद्दाहः पित्ताच्छोफः कफोदयात् ।
रागो रक्ताच्च पाकः स्यादतो दोषैः सशोणितैः ।

વાયુ વિના શૂળ (સણુકા) આવે નહિ, પિત્ત વિના બળતરા થાય નહિ, કફ વધે નહિ ત્યાં સુધી સોજો આવે નહિ અને લોહી વિના રતાશ આવે નહિ, માટે (પાકે ત્યારે સણકા, બળતરા, સોજો અને રતાશ એ ચારે વાનાં હોવાથી) લોહી અને ત્રણે દોષોને લીધે પાકે છે.

બહુ પાકી ગયાનાં લક્ષણ

पाकेऽतिवृत्ते सुषिरस्तनुत्वग्दोषभक्षितः ॥७॥
वलीभिराचितः श्यावः शीर्यमाणतनूरुहः ।

જ્યારે સોજો વધારે પડતો પાકી જાય ત્યારે, (સોજાનો ચામડી નીચેનો ભાગ) ખાલી પડી જાય છે, સોજાવાળી ચામડી પાતળી થઈ જાય છે, સોજાની અંદરનાં માસ વગેરે પરુ વડે ખવાઈ જાય છે, સોજાવાળા ભાગમાં ખીચોખીચ કરચલીઓ પડી જાય છે, સોજાવાળો ભાગ કાળો પડી જાય છે અને સોજાવાળા ભાગના વાળ ખરી પડે છે.

રક્તપાકનાં લક્ષણ

कफजेषु तु शोफेषु गम्भीरं पाकमेत्यसृक् ॥८॥
पक्वलिङ्गं ततोऽस्पष्टं यत्र स्याच्छीतशोफता ।
त्वक्सावर्ण्यं रुजोऽल्पत्वं घनस्पर्शत्वमश्मवत् ॥
रक्तपाकमिति ब्रूयात्तं प्राज्ञो मुक्तसंशयः ।

જ્યારે કફથી થયેલા સોજામાં બહુ ઊંડું (નીચેનુ) લોહી પાકે, અને તેથી જે સોજામાં પાકનાં લક્ષણો (શ્લોક ૪ફેથી ૫ફે) સ્પષ્ટ રીતે જણાઈ આવે એવાં ન હોય, સોજો અડકવાથી

ઠંડો લાગે, સોજાનો રંગ બીજી ચામડીના રંગ જેવો હોય, પીડા થોડી હોય, સોજો અડકવાથી પથ્થર જેવો ઘટ્ટ લાગે તો બુદ્ધિશાળી માણસે કંઈ પણ શંકા રાખ્યા વિના એને રક્તપાક કહેવો (લોહી પાકી ગયું છે એમ કહેવું, સોજો પાક્યો છે એવું ન કહેવું).

દારણ અને પાટન ક્યારે કરવું?

अल्पसत्त्वेऽबले बाले पाकाद्वाऽत्यर्थमुद्धते ॥१०॥
दारणं मर्मसन्ध्यादिस्थिते चान्यत्र पाटनम् ।

થોડી હિંમતવાળાને, નબળાને કે બાળકને દારણ કરવું. શ્લોક ૭, ૭½ વાળાં લક્ષણોવાળો અતિપાક થયો હોય ત્યારે અને મર્મસ્થાન, સાંધા વગેરે ભાગમાં દારણ કરવું, બાકીના પ્રસંગે પાટન કરવું. (ઉ. ૨૫/૩૭માં દારણ દ્રવ્યો આપ્યાં છે.)

કાચા સોજાનું દારણ કે પાટન કરવાથી નુકસાન

आमच्छेदे सिरास्नाय्वाद्यापदोऽसृगतिस्रुतिः ॥ ११
रुजोऽतिवृद्धिर्दरणं विसर्पो वा क्षतोद्भवः ।

જો સોજો કાચો હોય છતાં દારણ કે પાટન કરવામાં આવે તો શિરા અને સ્નાયુના રોગ થાય છે (શિરા અને સ્નાયુને નુકસાન થાય છે), લોહી પુષ્કળ નીકળે છે, પીડા ઘણી જ વધી જાય છે, ચામડી વગેરે ફાટીતૂટી જાય છે અથવા ઘાને લીધે થતો વિસર્પરોગ થાય છે.

પાકેલા સોજાને ન કાપવાથી નુકસાન

तिष्ठन्नन्तः पुनः पूयः सिरास्नाय्वसृगामिषम् ॥
विवृद्धो दहति क्षिप्रं तृणोलपमिवानलः ।

પણ જો પરુ અંદર ને અંદર રહે તો તે વધ્યા કરે છે અને એમ વધેલું પરુ, જેમ વધેલો અગ્નિ ઘાસની ગંજીને તરત બાળી નાખે છે તેમ શિરા, સ્નાયુ, લોહી અને માંસને તરત બાળી નાખે છે.

यश्छिनत्त्यामम‌ज्ञानाद्यश्च पक्वमुपेक्षते ॥ १३ ॥
श्वपचाविव विज्ञेयौ तावनिश्चितकारिणौ ।

જે વૈદ્ય પોતાના અજ્ઞાનને લીધે (અણુ-સમજ કે ગફલતને લીધે) કાચું કાપે છે અને જે વૈદ્ય પાકેલું કાપવામાં ઢીલ કરે છે તે બેયા વિચાર્યા વિના કામ કરનાર બંને વૈદો ચંડાળ જેવા (ખૂની જેવા) જાણવા (કારણ કે એમને હાથે દરદીનું ખૂન થાય છે, એમની બિન-આવડત કે બેદરકારીથી દરદી મરી જાય છે).

નસ્તર મૂકતાં પહેલાં શું કરવું?

प्राक् शस्त्रकर्मणश्चेष्टं भोजयेदन्नमातुरम् ॥ १४ ॥
पानपं पाययेन्मद्यं तीक्ष्णं यो वेदनाक्षमः ।
न मूर्च्छत्यन्नसंयोगान्मत्तः शस्त्रं न बुध्यते ॥१५

નસ્તર મૂકતાં પહેલાં (વાઢકાપ કરતાં પહેલાં) દરદીને ભાવતું ભોજન ખવડાવવું, દરદી નસ્તરની પીડા સહન કરી શકે એવો ન હોય તેવા દરદીને જો એ દારૂ પીતો હોય તો તીક્ષ્ણ દારૂ પાવો (દારૂ ન પીતો હોય તેને તો ભાવતું ભોજન ખવડાવ્યું હોય તેટલાથી નભે છે). ભોજનના સંયોગને લીધે દરદીને મૂર્ચ્છા આવતી નથી અને દારૂ પીધેલાને શસ્ત્રથી કપાયાની ખબર પડતી નથી.

ભાવતું ભોજન અને દારૂ કોને ન આપવાં?

अन्यत्र मूढगर्भाश्ममुखरोगोदरातुरात् ।

મૂઢગર્ભ, પથરી, મુખરોગ અને ઉદરરોગના દરદી સિવાયના દરદીને ભાવતું ભોજન અને દારૂ આપવાં.

નસ્તર મૂકવાનો વિધિ

अथाहृतोपकरणं वैद्यः प्राङ्मुखमातुरम् ॥ १६ ॥
सम्मुखो यन्त्रयित्वाऽऽशु
न्यस्येन्मर्मादि वर्जयन् ।
अनुलोमं सुनिशितं शस्त्रमापूयदर्शनात् ॥ १७ ॥
सकृदेवाहरेत्तच्च

પછી જેટલી સાધનસામગ્રીની નસ્તરને અંગે જરૂર પડવાનો સંભવ હોય તે બધી સાધનસામગ્રી વૈદ્ય લાવીને તૈયાર રાખે એટલે રોગીનું મોં પૂર્વ દિશા તરફ રખાવીને, વૈદ્ય એના સામું મોં રાખીને, એ હાલીચાલી ન જાય એ રીતે એને બાંધીને મર્મ, (શિરા, સાંધા વગેરે) સિવાયના ભાગમાં ખૂબ ધારવાળું શસ્ત્ર પરુ દેખાય ત્યાં સુધી એકદમ અનુલોમ ખોસવું અને તે શસ્ત્રને એકસાથે (કકડે કકડે કે અચકાતે અચકાતે નહિ) પાછું ખેંચી લેવું. (શસ્ત્રને અનુલોમ ખોસવું એટલે વાળના કે રૂંવાડાંના

વળાકની દિશાએ શસ્ત્ર ખોસવું કે જેથી વાળ શસ્ત્રની આડા આવીને શસ્ત્રને ખાણુ ન પાડે કે બુઠ્ઠું ન કરી દે.)

કયા સ્થાનમાં અને કેવડો કાપ મૂકવો?

पाके तु सुमहत्यपि।
पाटयेत् व्यङ्गुलं
सम्यग्व्यङ्गुलत्र्यङ्गुलान्तरम् ॥ १८ ॥
एषित्वा सम्यगेषिण्या परितः सुनिरूपितम्।
अङ्गुलीनालवालैर्वा यथादेशं यथाशयम् ॥१९
यतो गतां गतिं विद्यादुत्सङ्गो यत्र यत्र च।
तत्र तत्र व्रणं कुर्यात्सुविभक्तं निराशयम् ॥ २०
आयतं च विशालं च यथा दोषो न तिष्ठति।

સોજાનો ગમે તેટલો મોટો ભાગ પાકયો હોય તોપણુ ફક્ત બે આંગળનો ચીરો પાકેલા ભાગમા મૂકવો. જો બીજો ચીરો મૂકવાની જરૂર હોય તો બે કે ત્રણુ આંગળને અંતરે મૂકવો. વળી (બહુ પહોળો ન હોય પણ ઊંડો અને માંસથી ભરેલો હોય એવા સોજામાં) એષણી શલાકા (સૂ. ૨૫/૮) વડે, (સોજો પહોળો હોય તો) ડાબા હાથની અંગૂઠા જોડેની આંગળી વડે, (જો સોજો બહુ પહોળો અને છીછરો હોય અને માંસલ ભાગમાં ન હોય તો) કેરાં વગેરેના ઝાડની દાંડી વડે, અને (જો સોજો બહુ જ સાંકડો હોય તો) ભૂંડના વાળ વડે બરાબર ચારે બાજુ શોધીને નક્કી કરવું કે સોજામાં નાડીવ્રણ કઈ કઈ જગાએ છે અને એ રીતે સોજાના જે ભાગમાં દૂર સુધી નાડીવ્રણ ગયેલુ જણાય તે ભાગમાં અવયવ અને આશયના હિસાબે કાપ મૂકવો. જ્યાં જ્યાં સોજાને (ગૂમડાને) મોં થયેલુ હોય ત્યાં ત્યાં ચામડીને ચીર્યા પછી બરાબર પહોળી કરી શકાય એ રીતે અને (આમાશય વગેરે) કોઈ પણુ આશય ન ચિરાય એવી રીતે લાંબો અને પહોળો ચીરો મૂકવો કે જેથી દોષ અંદર ને અંદર રહી જાય નહિ.

નસ્તર મૂકનાર કેવો જોઈએ?

शौर्यमाशुक्रिया तीक्ष्णं शस्त्रमस्वेदवेपथू ॥ २१ ॥
असम्मोहश्च वैद्यस्य शस्त्रकर्मणि शस्यते।

વૈદ્યનું શૌર્ય (બહાદુરી), હાથની ચતુરાઈ (દરદીને ખબર ન પડે એ રીતે હલકે હાથે ઝટ શસ્ત્ર વાપરી લેવુ), ધારવાળું શસ્ત્ર, પરસેવો ન થાય, ધ્રૂજી ન જવાય, મૂર્છા ન આવે (અથવા, મૂંઝવણુ ન થાય) એટલાં વાનાં નસ્તર મૂકવાના કામમાં વખણાય છે.

આડો કાપ કયાં મૂકવો?

तिर्यक्छिन्द्याल्ललाटभ्रूदन्तवेष्टकजत्रुणि ॥ २२ ॥
कुक्षिकक्षाक्षिकूटौष्ठकपोलगलवङ्क्षणे।

કપાળ, ભમ્મર, દાંતનુ પેઢું, ગળાની હાંસડી, કૂખ, બગલ, અક્ષિકૂટ, હોઠ, ગાલ અને જાંઘનો સાંધો (વંક્ષણ)–એટલી જગાએ ત્રાંસો કાપ મૂકવો.

अन्यत्र छेदनात्तिर्यक् सिरास्नायुविपाटनम् ॥

શ્લોક ૨૨, ૨૨½ સિવાયની જગાએ ત્રાંસો કાપ મૂકવાથી શિરાઓ અને સ્નાયુઓ કપાઈ જાય છે (માટે શ્લોક ૨૨, ૨૨½ સિવાયની જગ્યાઓએ ત્રાંસો કાપ ન મૂકવો).

નસ્તર મૂકી રહ્યા પછી શું શું કરવું?

शस्त्रेऽवचारिते वाग्भिः शीता-
म्भोभिश्च रोगिणम्।
आश्वास्य परितोऽङ्गुल्या परिपीड्य
व्रणं ततः ॥ २४ ॥
क्षालयित्वा कषायेण प्लोतेनाम्भोऽपनीय च।
गुग्गुल्वगुरुसिद्धार्थहिङ्गुसर्जरसान्वितैः ॥ २५ ॥
धूपयेत्पटुषड्ग्रन्थानिम्बपत्रैर्घृतप्लुतैः।
तिलकल्काज्यमधुभिर्यथास्वं भेषजेन च ॥ २६ ॥
दिग्धां वर्तिं ततो दद्यात्तैरेवाच्छादयेच्च ताम्।
घृताक्तैः सक्तुभिश्चोर्ध्वं घनां कवलिकां ततः ॥
निधाय युक्त्या बध्नीयात्पट्टेन सुसमाहितम्।
पार्श्वे सव्येऽपसव्ये वा नाधस्तान्नैव चोपरि ॥२८

નસ્તર મારી રહ્યા પછી વૈદ્યે મીઠી વાણીથી અને ઠંડા પાણીથી દરદીને સ્વસ્થ કરવો. પછી વ્રણુને બધી બાજુથી દબાવીને (પરુ કાઢી નાખીને) ક્વાથથી ઘા ધોવો. પછી કપડાના પોતાથી ઘામાંનુ પાણી કાઢી નાખવું (ઘાને પાણી વિનાનો કોરો કરવો). પછી ઘીમાં ડુબાડી રાખેલાં ગૂગળ, અગર, સરસવ, હિંગ, રાળ, સિંધવ,

વજ અને લીમડાનાં પાંદડાંથી ઘાને ધૂપ દેવો. પછી તલનું કચરિયુ, ઘી, મધ અને જે દોષથી સોજો થયો હોય તે દોષને મટાડે એવુ ઔષધ કપડાની વાટ ઉપર ચોપડીને તે વાટથી ઘા ભરી દેવો (વાટનો એક છેડો ઘાના મોંની બહાર રહે એવી રીતે રાખવો કે જેથી ઘા પૂરો રુઝાય તે પહેલાં ઉપરની ચામડી જોડાઈ ન જાય). પછી એ વાટ ઉપર (ઘાના મોં આગળ) ઘીનું મોણુ દીધેલો સાથુ મૂકીને વાટને ઢાંકી દેવી. પછી કપડાની જાડી ગડ મૂકીને યુક્તિથી (દોષ, કાળ વગેરેને કેવો પાટો અનુકૂળ આવશે તેનો વિચાર કરીને) બહુ ધ્યાન રાખીને ઘાને એવી રીતે પાટો બાંધવો કે પાટાની ગાંઠ ઘાની ડાબી કે જમણી દિશામાં આવે પણ ઘાની ઉપરની કે નીચેની બાજુએ ન આવે).

વ્રણમાં પાટા વગેરે કેવા જોઈએ ?

शुचिसूक्ष्मदृढाः पट्टाः कवल्यः सविकेशिकाः ।
धूपिता मृदवः श्लक्ष्णा निर्वलीका व्रणे हिताः ॥

વ્રણ માટે પાટા, કપડાની ગડીઓ અને વાટો સ્વચ્છ, ઝીણાં, મજબૂત, ધૂપ દીધેલા, પોચાં, લીસાં (સુંવાળા), કરચલી વિનાનાં હોય તે હિતકર છે.

कुर्वीतानन्तरं तस्य रक्षां रक्षोनिषिद्धये ।
बलिं चोपहरेत्तेभ्यः

પછી જેને નસ્તર મૂકયુ હોય તેના વ્રણની રક્ષા કરવી અને રાક્ષસો આવી ન શકે એટલા માટે એમને (રાક્ષસોને) બલિ આપવું.

માથે કઈ વનસ્પતિ રાખવી ?

सदा मूर्ध्ना च धारयेत् ॥ ३० ॥
लक्ष्मीं गुहामतिगुहां जटिलां ब्रह्मचारिणीम् ।
वचां छत्रामतिच्छत्रां दूर्वां सिद्धार्थकानपि ॥ ३१

પછી શમી, શાલિપર્ણી (સમેરવો), પૃશ્નિ-પર્ણી (ગધી સમેરવો), જટામાંસી, બ્રાહ્મી, વજ, ધાણા, બીજી જાતના ધાણા, ધરો અને સરસવ એ બધુ સદા માથે રાખવું (માથે બાંધી કે પહેરી રાખવું).

વ્રણવાળાનું પથ્ય

ततः स्नेहदिनेहोक्तं तस्याचारं समादिशेत् ।

પછી સ્નેહપાન કર્યા પછીની દિનચર્યા (સૂ. ૧૬/૨૫½ થી ૨૭½) પ્રમાણે કરવાનું દરદીને કહેવું.

દહાડે ઊંઘવાથી વ્રણમાં નુકસાન

दिवास्वप्नो व्रणे कण्डूरागरुक्शोफपूयकृत् ॥३२॥

દહાડે ઊંઘવાથી વ્રણમાં ખણુજ, રતાશ, પીડા, સોજો અને પરુ થાય છે.

મૈથુનની ખાસ મનાઈ

स्त्रीणां तु स्मृतिसंस्पर्शदर्शनैश्चलितच्युते ।
शुक्रे व्यवायजान् दोषानसंसर्गेऽप्यवाप्नुयात् ॥

સ્ત્રીઓને સંભારવાથી, અડકવાથી અને જોવાથી પણ વીર્ય ચલિત થઈને નીકળે તો મૈથુન કર્યા વિના પણ મૈથુન કરવાથી થતાં નુકસાન થાય છે. (માટે સ્ત્રીઓને યાદ કરવી નહિ, અડકવું નહિ તથા જોવી નહિ.)

(व्रणे श्वयथुरायासात् स च रागश्च जागरात् ।
तौ च रुक् च दिवास्वापात्ताश्च
मृत्युश्च मैथुनात् ॥ १ ॥)

(વ્રણમા મહેનત કરવાથી સોજો આવે છે, ઉજાગરો કરવાથી સોજા આવે છે અને રતાશ આવે છે, દહાડે ઊંઘવાથી સોજો, રતાશ અને પીડા થાય છે અને મૈથુનથી સોજો, રતાશ, પીડા અને મોત થાય છે.)

વ્રણમાં પથ્ય આહાર

भोजनं च यथासात्म्यं यवगोधूमषष्टिकाः ।
मसूरमुद्गतुवरीजीवन्तीसुनिषण्णकाः ॥ ३४ ॥
बालमूलकवार्ताकतण्डुलीयकवास्तुकम् ।
कारवेल्लककर्कोटपटोलकटुकाफलम् ॥ ३५ ॥
सैन्धवं दाडिमं धात्री घृतं तप्तहिमं जलम् ।
जीर्णशाल्योदनं स्निग्धमल्पमुष्णोदकोत्तरम् ॥
भुञ्जानो जाङ्गलैर्मांसैः शीघ्रं व्रणमपोहति ।

જવ, ઘઉં, સાઠીચોખા, મસૂર, મગ, તુવેર, ડોડી, સુનિષણ્ણકની ભાજી, નાના કુમળા મૂળા, વંતાક, તાંદળજો, બથવાની ભાજી, કારેલાં, કંકોડા, પટોળ, કડુનું ફળ, સિંધવ, દાડમ, આંબળાં, ઘી, ઉકાળીને ઠારેલું પાણી, જૂના શાળચોખાનો ઘીનો દોરો દીધેલો થોડો ભાત,–એમાંથી જે માફક આવે તે જાંગલ પ્રદે-

શનાં પ્રાણીઓના માંસરસ સાથે ખાવું અને પછી પી શકાય એવું ગરમ પાણી પીવું. આ ભોજનથી ઘા ઝટ મટી જાય છે. (પથ્ય આહાર ખાવામાં પણ શી સંભાળ રાખવી તે હવે પછીના શ્લોકમાં કહ્યું છે.)

અજીર્ણથી વ્રણમાં નુકસાન

अशितं मात्रया काले पथ्यं याति जरां सुखम् ॥
अजीर्णात्त्वनिलादीनां विभ्रमो बलवान् भवेत् ।
ततः शोफरुजापाकदाहानाहानवाप्नुयात् ॥३८॥

માપસર (સૂ. ૮/૪૬, ૪૬) અને વખતસર (સૂ. ૮/૫૫) ખાધેલો પથ્ય ખોરાક સહેલાઈથી પચી જાય છે. અજીર્ણથી તો વાયુ વગેરેનો જબરો ક્ષોભ થાય. તેથી (એ ક્ષોભને લીધે) સોજો અને પીડા થાય, વ્રણ કાચો ને કાચો રહે (સામ થાય), બળતરા બળે અને વ્રણ ઉપર આનાહ થાય.

વ્રણમાં અપથ્ય

नवं धान्यं तिलान् माषान् मद्यं मांसमजाङ्गलम् ।
क्षीरेक्षुविकृतीरम्लं लवणं कटुकं त्यजेत् ॥ ३९ ॥
यच्चान्यदपि विष्टम्भि विदाहि गुरु शीतलम् ।
वर्गोऽयं नवधान्यादिर्व्रणिनः सर्वदोषकृत् ॥४०॥

નવું ધાન, તલ, અડદ, દારૂ, જાંગલ પ્રદેશ સિવાયનાં બીજાં પ્રાણીઓનું માંસ, દૂધ અને દૂધમાંથી બનતા પદાર્થ, શેરડી અને શેરડીમાંથી બનતા પદાર્થ; ખટાશ, ખારાશ, તીખાશ અને બીજું જે કંઈ વિષ્ટંભી, વિદાહી, ભારે અને ઠંડું હોય તે છોડી દેવું (=અપથ્ય છે). આ 'નવું ધાન'થી તે 'ઠંડું' સુધીનો વર્ગ વ્રણના રોગીના ત્રણે દોષને કોપાવે છે.

અમુક દારૂથી થતું ખાસ નુકસાન

मद्यं तीक्ष्णोष्णरूक्षाम्लमाशु व्यापादयेद्व्रणम् ।

તીક્ષ્ણ, ગરમ, લૂખો અને ખાટો દારૂ તરત જ વ્રણને અનેક પ્રકારનું નુકસાન કરે છે (ઘાને બગાડી નાખે છે).

વ્રણની સંભાળ

वालोशीरैश्च वीजयेत न चैनं परिघट्टयेत् ॥४१॥
न तुदेन्न च कण्डूयेच्चेष्टमानश्च पालयेत् ।
स्निग्धवृद्धद्विजातीनां कथाः शृण्वन्मनःप्रियाः ॥ ४२ ॥
आशावान् व्याधिमोक्षाय क्षिप्रं व्रणमपोहति ।

ચમરીના વાળના પંખાથી (ચમરીથી) અને વાળાના પંખાથી વ્રણને પવન નાખવો. વ્રણને કંઈ પણ વસ્તુ સાથે ઘસાવા દેવો નહિ, ઘામાં દુઃખે એવું કંઈ કરવું નહિ. ઘામાં કે ઘા ઉપર ખણવું નહિ, કંઈ પણ કામ કરતાં કરતાં ઘાની સંભાળ રાખવી. સ્નેહીઓ, વડીલો અને બ્રાહ્મણોની મનગમતી વાતો સાંભળતાં સાંભળતાં રોગ મટાડવાની બાબતમાં આશા રાખનાર દરદીને ઘા ઝટ મટી જાય છે.

વ્રણ ધોવા વગેરેનું કામ ફરી ક્યારે કરવું?

तृतीयेऽह्नि पुनः कुर्याद्व्रणकर्म च पूर्ववत् ॥४३॥
प्रक्षालनादि, दिवसे द्वितीये नाचरेत्तथा ।
तीव्रव्यथो विग्रथितश्चिरात्संरोहति व्रणः ॥४४॥

પછી બીજે દિવસે શ્લોક ૨૪થી ૨૮ માં કહેલું વ્રણકર્મ (વ્રણને ધોવાનું વગેરે કામ) કરવું નહિ, પણ ત્રીજે દિવસે પાછું વ્રણને ધોવા વગેરેનું કામ કરવું. બીજે દિવસે વ્રણકર્મ કરવાથી વ્રણમાં સખત પીડા થાય છે, ગુંથો પડી જાય છે (ગાંઠાગાંઠા પડી જાય છે) અને વ્રણ ઘણે લાંબે વખતે રુઝાય છે.

વાટ અને કલ્ક કેવાં હોવાં જોઈએ એનું કારણ

स्निग्धां रूक्षां श्लथां गाढां दुर्न्यस्तां च विकेशिकाम् ।
व्रणे न दद्यात्कल्कं वा

વ્રણમાં બહુ સ્નિગ્ધ, બહુ લૂખી, બહુ ઢીલી કે બહુ ઠાંસી ઠાંસીને વાટ ભરવી નહિ તેમ વાટ પદ્ધતિસર ગોઠવીને મૂકવી (ખરાબ રીતે–અવ્યવસ્થિત રીતે મૂકવી નહિ); તેમ જ કલ્ક પણ બહુ સ્નિગ્ધ, બહુ લૂખો, બહુ ઢીલો, બહુ જાડો થર કરીને અને અવ્યવસ્થિત રીતે ચોપડેલો ન હોવો જોઈએ.

स्नेहात्क्लेदो विवर्धते ॥ ४५ ॥
मांसच्छेदोऽतिरुग्रौक्ष्याद्दरणं शोणितागमः ।
श्लथातिगाढदुर्न्यासैर्व्रणवर्त्मावघर्षणम् ॥ ४६ ॥

બહુ ચીકાશથી ઘા વધારે પચપચો થાય

છે. બહુ લુખાશને લીધે માંસ કપાઈને જાય છે, બહુ પીડા થાય છે, ચામડી વગેરે ચિરાય છે અને લોહી નીકળે છે. બહુ ઢીલાં, બહુ ઠાંસી ઠાંસીને અને અવ્યવસ્થિત રીતે વાટ અને કલ્ક મૂકવાથી ઘાનો માર્ગ ઘસાય છે.

વાટ ભરવાના ફાયદા

सपूतिमांसं सोत्सङ्गं सगतिं पूयगर्भिणम् ।
व्रणं विशोधयेच्छीघ्रं स्थिता ह्यन्तर्विकेशिका ॥

ઘામાં ભરેલી વાટ સડેલા માંસવાળા, ઊપસી આવેલા, પરુને લીધે ખવાઈ ગયેલા, માંસને લીધે ખાલી પડી ગયેલા ભાગવાળા અને ગર્ભમાં (ઊંડાણમાં) પરુવાળા ઘાનું પણ ઝટ શોધન કરે છે (સાફ કરે છે, શુદ્ધ કરે છે).

કાચુંપાકું કપાયાના ખાસ ઉપચાર

व्यम्लं तु पाटितं शोफं पाचनैः समुपाचरेत् ।
भोजनैरुपनाहैश्च नातिव्रणविरोधिभिः ॥ ४८ ॥

(સોજો પાકયો છે કે નહિ તે ન સમજાયાથી) જો વ્યમ્લ (વિદગ્ધ, કાચોપાકો) સોજો (ગૂમડું) ચિરાયું હોય (કે ફોડ્યું હોય), તો ઉપચાર તરીકે વ્રણને બહુ અપથ્ય ન હોય એવાં (વ્રણને પથ્ય હોય અથવા થોડાં જ અપથ્ય હોય એવાં) દ્રવ્યોનું ભોજન કરાવવું અને એવા દ્રવ્યોથી ઉપનાહ શેક કરવો. (સોજો વિદગ્ધ એટલે કાચોપાકો હોય તે સ્થિતિમાં સોજાના લોહીમાંથી ખટાશ જતી રહે છે, તેથી એવા કાચાપાકા સોજાને વ્યમ્લ સોજો કહે છે.)

કયા વ્રણને ટેભા (ટાંકા) મારવા?

सद्यः सद्योव्रणान् सीव्येद्विवृतानभिघातजान् ।
मेदोजांल्लिखितान् ग्रन्थीन् ह्रस्वाः
पालीश्च कर्णयोः ॥ ४९ ॥
शिरोक्षिकूटनासौष्ठगण्डकर्णोरुबाहुषु ।
ग्रीवाललाटमुष्कस्फिङ्मेढ्रपायूदरादिषु ॥ ५० ॥
गम्भीरेषु प्रदेशेषु मांसलेष्वचलेषु च ।

વાગવાથી પડેલા પહોળા ઘા (સદ્યોવ્રણ), ચરબીથી થયેલી પણ શસ્ત્રથી ખોતરીને કાઢી નાખેલી રસોળી, કાનની બૂટ ટૂંકી હોય તેને લાંબી કરવા શસ્ત્રથી ખોતરી (છોલી) હોય એવી બૂટ, માથું, અક્ષિકૂટ, નાક, હોઠ, લમણું, કાન, સાથળ, હાથ, ડોક, કપાળ, અંડ, કુલા, મૂત્રેન્દ્રિય, ગુદા, ઉદર વગેરે ઊંડા, માંસલ અને અચળ (સ્થિર) ભાગોમાં થયેલા વ્રણને તરત (તે ને તે જ દિવસે) સીવી લેવા (ટેભા મારવા). (જેટલો ભાગ કુદરતી રીતે જ વળી શકે નહિ કે લાંબાટૂંકો થઈ શકે નહિ તે 'અચળ' કહેવાય છે).

કયા વ્રણને ટેભા ન મારવા?

न तु वङ्क्षणकक्षादावल्पमांसे चले व्रणान् ॥५१॥
वायुनिर्वाहिणः शल्यगर्भान् क्षारविषाग्निजान् ।

સાથળનાં વળાં, બગલ વગેરે થોડા માંસવાળા અને ચલ (જે જગાએથી અવયવ વળે કે લાંબાટૂંકો થાય એવા) ભાગમાં થયેલા વ્રણ, જ્યાંથી વાયુ બહાર નીકળતો હોય એવા વ્રણ, જેમાં શલ્ય હોય એવા વ્રણ તથા ક્ષાર, ઝેર અને અગ્નિથી થયેલા વ્રણને સીવવા નહિ (ટાંકા મારવા નહિ).

ઘા સીવી લેતા પહેલાં શું કરવું?

सीव्येचलास्थिशुष्कास्रतृणरोमापनीय तु ।५२॥
प्रलम्बि मांसं विच्छिन्नं निवेश्य स्वनिवेशने ।
सन्ध्यस्थि च स्थिते रक्ते
स्नाय्वा सूत्रेण वल्कलैः ॥ ५३ ॥
सीव्येन्न दूरे नासन्ने गृह्णन्नाल्पं न वा बहु ।

પોતાના સ્થાનમાંથી ખસી ગયેલાં હાડકાં, સુકાઈ ગયેલું લોહી, કસ્તર (ઘાસ વગેરે) અને વાળ ઘામાં હોય તો તે કાઢી નાખીને; શસ્ત્રથી કપાયેલા, બહુ લબડતા માંસને અને સાંધાનું હાડકું જો ઘામાં હોય તો તેને પોતાને યોગ્ય સ્થાને ગોઠવી દઈને; લોહી નીકળતું તદ્દન બંધ થયા પછી, ચામડીની કિનાર(પાળ)ની બહુ પાસે કે બહુ આઘે ન હોય એવી રીતે તથા ટાંકા વચ્ચે બહુ થોડું કે બહુ વધારે અંતર ન રહે એવી રીતે વ્રણને સ્નાયુ(તાંત)થી, સૂતરના દોરાથી કે શણ વગેરે ઝાડની છાલમાંથી બનેલા દોરાથી સીવી લેવો. (ઘાની પાળથી અડધો તસુ આઘા-ઊંચે ટાંકા લેવા અને ટાંકા ટાંકા વચ્ચે અડધોઅડધો તસુનું અંતર રાખવું.)

ટાંકા માર્યા પછી શું કરવું ?

सान्त्वयित्वा ततश्चार्तं व्रणे मधुघृतद्रवैः ॥ ५४ ॥
अञ्जनक्षौमजमषीफलिनीशल्लकीफलैः ।
सरोध्रमधुकैर्दिग्धे युञ्ज्याद्बन्धादि पूर्ववत् ॥ ५५ ॥

પછી દરદીને (ઠંડા પાણીથી, હાથ ફેરવીને, પંખો નાખીને વગેરે રીતે) સ્વસ્થ કરીને; સોતાંજન, રેશમી વસ્ત્રની મેંશ, કાંગ, ધૂપેડા-(શલ્લકી)નાં ફળ, લોધર અને જેઠીમધ એટલાં ઔષધોને મધ અને ઘીમાં કાલવીને ઘા ઉપર ચોપડીને; પહેલાંની માફક (વ્રણના પાટનમાં શ્લોક ૨૪૬ થી ૨૮માં કહેલું બધું કરીને) પાટો બાંધવાનું વગેરે કરવું.

વ્રણની કિનાર સુકાઈ ગઈ હોય તો શું કરીને સીવવું ? : કારણ

व्रणो निःशोणितौष्ठो यः
किञ्चिदेवावलिख्य तम् ।
सञ्जातरुधिरं सीव्येत्सन्धानं ह्यस्य शोणितम् ॥

જે વ્રણના બે હોઠ (ચામડીની ધાર, કિનાર) સુકાઈ જઈને લોહી વિનાના થઈ ગયા હોય તે વ્રણના હોઠને શસ્ત્રથી જરાજરા જ છોલવા અને એ રીતે જ્યારે ચામડીની કિનાર પર લોહી આવે, ત્યારે વ્રણને સીવી લેવો (ટેભા મારવા), કારણ કે લોહી વ્રણને સાંધે છે.

કયા પ્રસંગે શાના પાટા વાપરવા ?

बन्धनानि तु देशादीन् वीक्ष्य युञ्जीत तेषु च ।
आविकाजिनकौशेयमुष्णं, क्षौमं तु शीतलम् । ५७
शीतोष्णं तूलसन्तानकार्पासस्नायुवल्कजम् ।
ताम्रायस्त्रपुसीसानि व्रणे मेदःकफाधिके ॥ ५८ ॥
भङ्गे च युञ्ज्यात्फलकं चर्मवल्ककुशादि च ।

તેમાં (વ્રણોમાં) દેશ, (કાલ, સાત્મ્ય) વગેરે બાબતોનો વિચાર કરીને પાટો બાંધવો. ઊનનો (ગરમ કાપડનો), ચામડાનો અને રેશમી પાટો ગરમ છે; ક્ષૌમ વસ્ત્રનો પાટો ઠંડો છે તથા શાલ્મલી વગેરે વૃક્ષના રેસામાંથી બનાવેલા કાપડનો, સુતરાઉ કાપડનો, સ્નાયુઓના કાપડનો અને ઝાડની છાલનો બનાવેલો પાટો ઠંડા અને ગરમ બંને ગુણવાળો છે. જો વ્રણમાં ચરબી અને કફ વધારે હોય તો તાંબાનો, લોખંડનો, કલાઈનો અને સીસાનો પાટો બાંધવો. જો હાડકું ભાંગ્યું હોય તો (તાંબાનો, લોખંડનો, કલાઈનો, સીસાનો પટો), લાકડાની ચીપ, ચામડું, ઝાડની છાલ, વાંસની ચીપ વગેરે બાધવાં.

પાટાના પંદર આકાર અને સ્થાન

स्वनामानुगताकारा बन्धास्तु दश पञ्च च ॥५९
कोशस्वस्तिकमुत्तोलीचीनदामानुवेल्लितम् ।
खट्वाविबन्धस्थगिकावितानोत्सङ्गगोष्फणाः ॥
यमकं मण्डलाख्यं च पञ्चाङ्गी चेति योजयेत् ।
यो यत्र सुनिविष्टः स्यात्तं तेषां तत्र बुद्धिमान् ॥६१
(विद्ध्यात्तेषु तेष्वेव कोशमङ्गुलिपर्वसु ।
स्वस्तिकं कर्णकक्षादिस्तनेषूक्तं च सन्धिषु ॥१॥
मुत्तोलीं मेढ्रग्रीवादौ युञ्ज्याच्चीनमपाङ्गयोः ।
सम्बाधेऽङ्गे तथा दाम, शाखास्वेवानुवेल्लितम् ॥२
खट्वां गण्डे हनौ शङ्खे, विबन्धं पृष्ठकोदरे ।
अङ्गुष्ठाङ्गुलिमेढ्राग्रे स्थगिकामन्त्रवृद्धिषु ॥ ३ ॥
वितानं पृथुलाङ्गादौ तथा शिरसि चेरयेत् ।
विलम्बिनि तथोत्सङ्गं, नासौष्ठचिबुकादिषु ॥ ४ ॥
गोष्फणं सन्धिषु तथा, यमकं यमिके व्रणे ।
वृत्तेऽङ्गे मण्डलाख्यं च, पञ्चाङ्गींचोर्ध्वजत्रुषु ॥५॥)

કોશ, સ્વસ્તિક, મુત્તોલી (પ્રતોલી), ચીન, દામ, અનુવેલ્લિત, ખટ્વા, વિબંધ, સ્થગિકા, વિતાન, ઉત્સંગ, ગોષ્ફણ, યમક, મંડલાખ્ય અને પંચાંગી એ પંદર પ્રકારના પાટા છે. દરેક પાટાનો આકાર પોતપોતાનાં નામવાળી વસ્તુના આકાર જેવો હોય છે. એ પંદર પાટામાંથી જે જે જાતનો પાટો જ્યાં (જે ભાગમાં) બરાબર ગોઠવાઈને બંધ બેસે ત્યાં બુદ્ધિશાળી વૈદ્યે બાંધવો.

(૧. કમળના પોટા જેવો પાટો બંધાય તેને કોશબંધ કહે છે. ચોકડી જેવો પાટો બંધાય તેને સ્વસ્તિકબંધ કહે છે. સરિયામ રસ્તા જેવો સપાટ અને કરોળિયાનાં જાળાં જેવાં છિદ્રોવાળો પાટો બંધાય તેને મુત્તોલી કે પ્રતોલીબંધ કહે છે. (મુત્તોલી=તારના શીકા જેવી બનાવટની છાબડી). ઘણા ચીરાઓથી બાંધવામાં આવતા પાટાને ચીનબંધ કહે છે. સ્ત્રીઓ દામણી (બંધી) બાંધે છે, એવા આકારનો

પાટો બંધાય તેને દામબંધ કહે છે. પાટાની પાછળના ભાગમાં આંટા (વળ) દઈને પાટો બંધાય તેને અનુવેલ્લિત બંધ કહે છે. ખાટલાના આકારમાં પાટો બંધાય તેને ખટ્વાબંધ કહે છે. જાતજાતના બંધોથી બંધાતા છ ગાંઠોવાળા પાટાને વિબંધબંધ કહે છે. દરજીની આંગળીએ પહેરવાની અંગૂઠી (ટોટી) જેવો પાટો બંધાય તેને સ્થગિકાબંધ કહે છે. ચંદરવા જેવો પાટો બાંધવામાં આવે તેને વિતાનબંધ કહે છે. ખોળા જેવા આકારનો કે ઢાળ પડતો પાટો બાંધવામાં આવે તેને ઉત્સંગબંધ કહે છે. ગોફણ જેવા આકારનો પાટો બાંધવામાં આવે તેને ગોષ્ફણબંધ કહે છે. બેટારૂપે બાંધવામાં આવતા પાટાને યમકબંધ કહે છે. ટોપીની માફક ગોળ આકારમાં જે પાટો બંધાય છે તેને મંડલબંધ કહે છે. પાંચ તરફથી બાંધવામાં આવતા પાટાને પંચાંગીબંધ કહે છે.

(આંગળીના વેઢા ઉપર કોશબંધ; કાન, બગલ, સ્તન અને સાંધા ઉપર સ્વસ્તિક બંધ; મૂત્રેંદ્રિય, ડોક વગેરે ઉપર મુત્તોલીબંધ; આંખના લમણા તરફના ખૂણા ઉપર ચીનબંધ, સાંકડી જગાએ દામબંધ, હાથપગરૂપી શાખાઓ ઉપર અનુવેલ્લિતબંધ, ગંડ (ચહેરાની એક તરફની આખી બાજુ), હડપચી અને કપાળના હાડકા ઉપર ખટ્વાબંધ; બરડા અને પેટ ઉપર વિબંધબંધ; અંગૂઠાના, આંગળીના અને મૂત્રેન્દ્રિયના ટેરવા ઉપર તથા અંત્રવૃદ્ધિરોગ (સારણગાંઠ) ઉપર સ્થગિકાબંધ; લાંબા પહોળા અંગ ઉપર તથા માથા ઉપર વિતાનબંધ, લબડતા ભાગ ઉપર ઉત્સંગબંધ; નાક, હોઠ, હડપચી વગેરે ઉપર તથા સાંધાઓ ઉપર ગોષ્ફણબંધ, બે ઘા સાથેસાથે હોય તો યમકબંધ, ગોળ ભાગ ઉપર મંડલબંધ અને ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં પંચાંગીબંધ બાંધવો.)

કયા ભાગમાં અને કયા દોષમાં કેવી રીતે બાંધવું અને પાટો કેટલે કેટલે વખતે છોડવો ?

बध्नीयाद्गाढमूरुस्फिक्कक्षावङ्क्षणमूर्धसु ।
शाखावदनकर्णोरःपृष्ठपार्श्वगलोदरे ॥ ६२ ॥
समं मेहनमुष्के च, नेत्रे सन्धिषु च श्लथम् ।
यथोयाच्छिथिलस्थाने वातश्लेष्मोद्भवे समम् ॥
गाढमेव समस्थाने, भृशं गाढं तदाशये ।
शीते वसन्तेऽपि च तौ मोक्षणीयौ
त्र्यहात्त्र्यहात् ॥ ६४ ॥
पित्तरक्तोत्थयोर्बन्धो गाढस्थाने समो मतः ।
समस्थाने श्लथो, नैव शिथिलस्याशये तथा ॥६५
सायं प्रातस्तयोर्मोक्षो ग्रीष्मे शरदि चेष्यते ।

સાથળ, ફૂલા, બગલ, સાથળનાં વળાં, માથું એટલાં અંગ ઉપર પાટો તાણીને બાંધવો. હાથપગ, મોં, કાન, છાતી, પીઠ, પડખાં, ગળું, પેટ, મૂત્રેંદ્રિય અને અંડ એટલાં અંગ ઉપર પાટો તાણીને નહિ તેમ ઢીલો પણ નહિ એવી રીતે બાંધવો. આંખ પર અને હાડકાના સાંધા પર ઢીલો પાટો બાંધવો.

શરીરના જે ભાગ પર ઢીલો પાટો બાંધવાનું કહ્યું છે, તે ભાગ પર વાયુથી કે કફથી વ્રણ થયું હોય તો ઢીલોયે નહિ અને તાણીનેયે નહિ એવો સમધારણ પાટો બાંધવો. શરીરના જે ભાગ પર સમધારણ પાટો બાંધવાનું કહ્યું છે તે ભાગ પર વાયુથી કે કફથી વ્રણ થયું હોય તો તાણીને પાટો બાંધવો. જે આશય એટલે સ્થાન પર (શ્લો. ૬૧½) તાણીને પાટો બાંધવાનું કહ્યું છે તે સ્થાનમાં વાયુથી કે કફથી વ્રણ થયું હોય તો ખૂબ તાણીને પાટો બાંધવો. વાયુથી કે કફથી થયેલા વ્રણના પાટા શિયાળામાં (હેમંત અને શિશિરમાં) અને વસંતમાં ત્રણત્રણ દિવસને અંતરે છોડવા.

જે અંગો ઉપર (શ્લોક ૬૧½) તાણીને પાટો બાંધવાનું કહ્યું છે તે અંગો પર પિત્તથી કે લોહીથી વ્રણ થયું હોય તો સમધારણ પાટો બાંધવો. જે અંગો ('શાખા'થી 'મુષ્ક' સુધી) ઉપર સમધારણ પાટો બાંધવાનું કહ્યું છે તે અંગો પર પિત્તથી કે લોહીથી વ્રણ થયું હોય તો ઢીલો પાટો બાંધવો. અને જે ભાગો (આંખ અને સાંધા) પર ઢીલો પાટો બાંધવાનું કહ્યું છે, તે અંગો પર પિત્તથી કે લોહીથી વ્રણ થયુ

હોય તો પાટો સમૂળગો બાંધવો નહિ. પિત્તથી અને લોહીથી થયેલા વ્રણમાં ગ્રીષ્મ અને શરદ-ઋતુમાં સવારે અને સાંજે એમ રોજ બે વાર પાટો છોડવો. (વાયુ અને કફથી થયેલા વ્રણમાં પણ ગ્રીષ્મ અને શરદઋતુમાં રોજ સવારે અને સાંજે પાટો છોડવો.)

પાટો ન બાંધવાથી નુકસાન

अबद्धो दंशमशकशीतवातादिपीडितः ॥ ६६ ॥
दुष्टीभवेच्चिरं चात्र न तिष्ठेत्स्नेहभेषजम् ।
कृच्छ्रेण शुद्धिं रूढिं वा याति रूढो विवर्णताम् ॥

જો વ્રણ (ઘા) પર પાટો ન બાંધવામાં આવે તો કરડનારાં કે ડંખ મારનારાં પ્રાણીઓના બચકાથી કે ડંખથી, મચ્છરથી, ઠંડીથી, પવનથી,(ધૂળ, ધુમાડો) વગેરેથી ઘામાં પીડા થાય તેથી ઘા બગડે, ઘામાં દવા તરીકે મૂકેલો સ્નેહ ઘામાં લાંબો વખત રહે નહિ (નીકળી જાય), ઘામાંથી બગાડ બરાબર ન નીકળી શકવાથી ઘા મહા-મહેનતે સાફ થાય, ઘા બરાબર જોડાયેલો ન રહેવાથી મહામહેનતે રુઝાય અને રુઝાયા પછી પણ રુઝાયેલા ઘાની ચામડીનો રંગ બાકીના શરીરની ચામડીના રંગથી જુદો પડે.

પાટો બાંધવાના ફાયદા

बद्धस्तु चूर्णितो भग्नो विश्लिष्टः पाटितोऽपि वा ।
छिन्नस्नायुसिरोऽप्याशु सुखं संरोहति व्रणः ॥६८
उत्थानशयनाद्यासु सर्वेहासु न पीड्यते ।
उद्वृत्तौष्ठः समुत्सन्नो विषमः कठिनोऽतिरुक् ॥६९
समो मृदुररुक् शीघ्रं व्रणः शुध्यति रोहति ।

કચરાવાથી (છૂંદાવાથી, પછાડ લાગવાથી), ભાંગવા–તૂટવાથી, હાડકું ઊતરી જવાથી, ચિરાઈ જવાથી કે સ્નાયુઓ અને શિરાઓ તૂટી જવાથી વ્રણ થયુ હોય તોપણ તેના પર પાટો બાધવાથી તે સહેલાઈથી જલદી રુઝાઈ જાય છે; ઊઠવાની, સૂવાની વગેરે ક્રિયાઓ કરતાં ઘામાં દુખાવો થતો નથી; ઘાની કિનારો (પાળ) ઊંચી વળી ગઈ હોય કે ઘા બધી બાજુથી સૂજી ગયો હોય કે બીજી રીતે વિષમ હોય (સપાટ કે સરખો ન હોય) તોપણ પાટો બાધવાથી તે સમ (સરખો) થઈ જાય છે, કઠણ ઘા પોચો થાય છે અને બહુ પીડાવાળો ઘા પીડાવિનાનો બને છે. વળી પાટો બાંધવાથી ઘા ઝટ સાફ થાય છે અને રુઝાય છે.

स्थिराणामल्पमांसानां रौक्ष्याद्नुपरोहताम् ॥
प्रच्छाद्यमौषधं पत्रैर्यथादोषं यथर्तु च ।
अजीर्णतरुणाच्छिद्रैः समन्तात्सुनिवेशितैः ॥ ७१ ॥
धौतैरकर्कशैः क्षीरिभूर्जार्जुनकदम्बजैः ।

લાંબા વખતથી રુઝાતા ન હોય એવા (સ્થિર), જેમાં માંસ થોડુ જ ભરાતુ (ઊગતુ) હોય એવા અને લૂખાશને લીધે રુઝાતા ન હોય એવા ઘા માટે કલ્ક, સ્નેહ વગેરે જે ઔષધ વાપરવાનુ હોય તે ઔષધ વાપરીને પછી ક્ષીરીવૃક્ષનાં, ભોજપત્રના ઝાડનાં, સાદડ-ના ઝાડનાં કે કદબના ઝાડના દોષ અને ઋતુને યોગ્ય હોય એવાં, પાકાંયે ન હોય, તદ્દન નાનાંયે ન હોય અને કાણાંવાળાં કે ફાટેલાં–તૂટેલાં ન હોય એવાં તથા કરકરાં ન હોય એવાં પાંદડાં ધોઈને બધી બાજુએ બરાબર ગોઠવીને એ પાંદડાં વડે એ ઔષધને બરાબર ઢાંકી દેવુ.

(ક્ષીરીવૃક્ષ=વડ, પીપળો, પારસપીપળો, ઉંમરડો (ગૂલર) વગેરે દૂધઝરતાં ઝાડ. દોષ અને ઋતુને યોગ્ય પાંદડાંના ગુણ–દા. ત. વાયુથી થયેલા વ્રણમાં અને ઠંડીની ઋતુમાં સ્નિગ્ધ અને ઉષ્ણ, પિત્તથી થયેલા વ્રણનાં અને ગરમીની ઋતુમાં ઠંડક આપે એવાં, કફથી થયેલા વ્રણમાં અને વસંતઋતુમાં લૂખાં અને ગરમ પાંદડાંનો ઉપયોગ કરવો.)

કયા વ્રણને પાટો ન બાંધવો ?

कुष्ठिनामग्निदग्धानां पिटिकामधुमेहिनाम् ॥ ७२ ॥
कर्णिकाश्चोन्दुरुविषे क्षारदग्धा विषान्विताः ।
बन्धनीया न मांसपाके गुदपाके च दारुणे ॥७३॥
शीर्यमाणाः सरुग्दाहाः शोफावस्थाविसर्पिणः ।

ચામડીના રોગવાળાના વ્રણ, અગ્નિથી દાઝેલાના વ્રણ, મધુમેહના રોગીની પીટિકા (પાઠું), ઉંદરના ઝેરને લીધે માંસ વધીને થયેલાં ઢીમડાં, ક્ષારથી બાળેલાં વ્રણ, ઝેરવાળાં વ્રણ; માંસ પાકતું (સડતું) હોય, ગુદા ભયંકર રીતે પાકતી હોય, સડીને માંસ ખરી પડતું હોય

એવા વ્રણ; પીડાવાળા વ્રણ, લાહ્ય બળતી હોય એવા વ્રણ, ગમે તે અવસ્થામાં પણ સૂજેલા રહેતા હોય એવા વ્રણ અને રતવાવાળા વ્રણ–એ તેર પ્રકારના વ્રણ પર પાટો બાંધવો નહિ.

ઘામાં જીવાત કેવી રીતે પડે તે કાઢવાનો ઉપાય

अरक्षया व्रणे यस्मिन् मक्षिका निक्षिपेत्कृमीन् ॥
ते भक्षयन्तः कुर्वन्ति रुजाशोफास्रसंस्रवान् ।
सुरसादिं प्रयुञ्जीत तत्र धावनपूरणे ॥७५॥
सप्तपर्णकरञ्जार्कनिम्बराजादनत्वचः ।
गोमूत्रकल्कितो लेपः सेकः क्षाराम्बुना हितः ॥
प्रच्छाद्य मांसपेश्या वा व्रणं तानाशु निर्हरेत् ।

ઘાનું રક્ષણ ન કરવાથી માખીઓ ઘામાં જે કીડા મૂકે છે તે કીડા ઘાને અંદરથી કોરી ખાય છે અને તેથી પીડા અને સોજો થાય છે તથા લોહી ટપકે છે. તે ઘામાં ઘાને ધોવા માટે અને ઘામાં ભરવા માટે સુરસાદિ ગણનો ઉપયોગ કરવો. સાતવણ, કણજી, આકડો, લીમડો અને રાયણ એટલાં ઝાડની અંતરછાલને ગાયના મૂતરમાં વાટીને લેપ કરવો અને ક્ષારનુ પાણી છાંટવું કે રેડવું એ હિતકર છે; અથવા ઘા ઉપર બીજા પ્રાણીની માંસપેશીઓ ઢાંકીને (એ માંસ ખાવા કીડા ઉપર આવે ત્યારે) તેમને તરત કાઢી નાખવા.

દોષવાળા વ્રણને ઝટ રૂઝવવાથી નુકસાન

न चैनं त्वरमाणोऽन्तः सदोषमुपरोहयेत् ॥७७॥
सोऽल्पेनाप्यपचारेण भूयो विकुरुते यतः ।

વ્રણમાં (ઘામાં) જરા પણ દોષ રહ્યો હોય ત્યાં સુધી ઘાને ઉતાવળ કરીને રૂઝવવો નહિ; કારણ કે એ રીતે રૂઝવેલો ઘા સહેજ પણ કુપથ્ય થતાં ફરી પાછો ઊખળે છે.

રુઝાયા પછી પણ છસાત માસ સુધીની પરેજ

रूढेऽप्यजीर्णव्यायामव्यवायादीन् विवर्जयेत् ॥
हर्षं क्रोधं भयं चापि यावदास्थैर्यसम्भवात् ।
आदरेणानुवर्त्योऽयं मासान् षट्
सप्त वा विधिः ॥७९॥

ઘા રુઝાઈ જાય ત્યાર પછી પણ રૂઝ સ્થિર ન થાય ત્યાં સુધી અજીર્ણ (અપચો), કસરત (મહેનત), મૈથુન વગેરે તથા હરખ, ક્રોધ અને ભયનો ત્યાગ કરવો. આ વિધિ છ કે સાત માસ સુધી ખરા દિલથી (માનપૂર્વક) પાળવો.

ન કહેલી પરિસ્થિતિમાં શું કરવું?

उत्पद्यमानासु च तासु तासु
वार्तासु दोषादिबलानुसारी ।
तैस्तैरुपायैः प्रयतश्चिकित्से-
दालोचयन् विस्तरमुत्तरोक्तम् ॥८०॥

(માખી કીડા મૂકી જાય ત્યારે શું કરવું એ તો કહ્યુ પણ વ્રણમાં જેટલું જેટલું બનવું સંભવિત છે તે બધું કંઈ વિગતવાર કહી શકાય નહિ માટે) જુદીજુદી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે દોષ, દૂષ્ય, કાળ વગેરે બાબતોનો વિચાર કરીને વૈદ્યે ઉત્તરસ્થાનમાં વ્રણ, સદ્યોવ્રણ, ભંગ અને ભગંદરના ઉપાયમાં જે કંઈ વિગતવાર કહ્યુ છે તેનો વિચાર કરીને જુદાજુદા ઉપાયોથી ઉપચાર કરવા.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने शस्त्रकर्मविधि-
र्नामैकोनत्रिंशोऽध्यायः ॥ २९ ॥

અધ્યાય ૩૦ મો

હવે પછી ક્ષારકર્મ (ક્ષાર મૂકીને બાળવાની ક્રિયા) અને અગ્નિકર્મ (ડામ દેવાની ક્રિયા)ના વિધિ વિષેનો અધ્યાય શરૂ કરવામાં આવે છે. જેમ શસ્ત્રથી ચીરવા વગેરેની ક્રિયા કરીને એ રીતે મટી શકે એવા રોગના ઉપાય કરવામાં આવે છે, તેમ ક્ષારથી બાળીને અને અગ્નિથી ડામ દઈને મટાડી શકાય એવા રોગના ઉપાય કરવામાં આવે છે. તેથી કહે છે કે–

अथातः क्षाराग्निकर्मविधिमध्यायं
व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે પછી ક્ષારકર્મ અને અગ્નિકર્મના વિધિ વિષેનો અધ્યાય અમે સમજાવીશું. તે વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે.

શસ્ત્રો અને અનુશસ્ત્રોમા ક્ષાર શ્રેષ્ઠ હોવાનું કારણ

सर्वशस्त्रानुशस्त्राणां क्षारः श्रेष्ठो बहूनि यत् ।
छेद्यभेद्यादिकर्माणि कुरुते विषमेष्वपि ॥ १ ॥
दुःखावचार्यशस्त्रेषु तेन सिद्धिमयात्सु च ।
अतिकृच्छ्रेषु रोगेषु यच्च पानेऽपि युज्यते ॥ २ ॥

ક્ષારથી છેદન, ભેદન (પાટન, લેખન) વગેરે અનેક ક્રિયા કરી શકાતી હોવાથી, શરીરના વિષમ (સમ ન હોય એવા ખાચાખૂંચીવાળા) ભાગોમા પણ ક્ષારનો ઉપયોગ થઈ શકતો હોવાથી, (નાકનું અર્બુદ વગેરે) જે રોગોમાં શસ્ત્રનો ઉપયોગ કરવો મુશ્કેલ હોય ત્યા પણ ક્ષારનો ઉપયોગ કરી શકાતો હોવાથી, તેનાથી (શસ્ત્રથી) મટી ન શકે એવા (દુષ્ટ વ્રણ જેવા) બહુ દુઃસાધ્ય રોગોમા પણ ક્ષાર વાપરી શકાતો હોવાથી, ક્ષારનો પીવામા પણ (પીવાની દવા તરીકે પણ) ઉપયોગ થઈ શકતો હોવાથી ક્ષાર બધા શસ્ત્રો અને અનુશસ્ત્રોમાં ઉત્તમ છે.

કયા રોગોમાં ક્ષાર પીવો?

स पेयोऽर्शोऽग्निसादाश्मगुल्मोदरगरादिषु ।

હરસ, મંદાગ્નિ, પથરી, ગોળો, ઉદરરોગ, ગર (કૃત્રિમ ઝેર), આનાહ (શૂળ) વગેરે રોગોમા ક્ષાર પિવાય છે.

કયા રોગોમાં ક્ષારનો લેપ કરવો?

योज्यः साक्षान्मषश्वित्रबाह्यार्शःकुष्ठसुप्तिषु ॥३॥
भगन्दरार्बुदग्रन्थिदुष्टनाडीव्रणादिषु ।

મષ, ધોળો કોઢ, હરસના મસા ગુદાની બહાર નીકળ્યા હોય તે રોગ, ચામડીના રોગ, સ્વાપ, ભગંદર, અર્બુદ, રસોળી, દુષ્ટ નાડીવ્રણ વગેરે રોગોમાં ક્ષારનો લેપ કરવો.

કયા રોગમાં ક્ષાર પીવામાં કે લેપમાં (કોઈ રીતે) ન વાપરવો?

न तूभयोऽपि योक्तव्यः पित्ते रक्ते चलेऽबले ॥४॥
ज्वरेऽतिसारे हृन्मूर्धरोगे पाण्ड्वामयेऽरुचौ ।
तिमिरे कृतसंशुद्धौ श्वयथौ सर्वगात्रगे ॥५॥
भीरुगर्भिण्यृतुमतीप्रोद्वृत्तफलयोनिषु ।
अजीर्णेऽन्ने शिशौ वृद्धे धमनीसन्धिमर्मसु ॥६॥
तरुणास्थिसिरास्नायुसेवनीगलनाभिषु ।
देशेऽल्पमांसे वृषणमेढ्रस्रोतोनखान्तरे ॥७॥
वर्त्मरोगादृतेऽक्ष्णोश्च शीतवर्षोष्णदुर्दिने ।

પિત્ત, લોહી કે વાયુથી થતા રોગમાં, નબળા માણુસને થયેલા રોગમા, તાવ, અતિસાર, હૃદયના રોગ, માથાના રોગ, પાંડુરોગ, અરુચિ, તિમિર એટલા રોગોમાં, જેનું સંશોધન કર્યું હોય તેને, આખા શરીરે આવેલા સોજાના રોગમાં, બીકણુને, ગર્ભિણીને, અટકાવવાળી (અભડાયેલી)ને ઉ. ૩૩/૩૨½ થી ૩૩½ મા કહેલી ઉદાવૃત્તા યોનિવ્યાપદ્વાળીને, ખોરાક ન પચ્યો હોય તે સ્થિતિમા, બાળકને, ઘરડાને, ધમની ઉપર, સાંધા ઉપર અને મર્મ ઉપર, કુમળાં હાડકાં, શિરા, સ્નાયુ, સેવની, ગળુ અને ડૂંટી ઉપર; થોડા માંસવાળા ભાગ ઉપર; અંડ, મૂત્રેન્દ્રિય, સ્રોત, આંગળી અને નખના વચગાળામાં, પોપચાં–પાંપણુના રોગો સિવાયના બીજા આંખના રોગોમાં, હેમંત અને શિશિર-ઋતુમા, વર્ષાઋતુમા, ગ્રીષ્મઋતુમાં અને આકાશ વાદળથી ઘેરાયેલું હોય તે દિવસે–એટલા રોગોમા, એટલા માણુસોને, એટલી જગ્યાએ અને એટલા સમયે પીવામાં કે ચોપડવામાં (એ બેમાંથી એકે રીતે) ક્ષાર વાપરવો નહિ.

(પ્રોદ્વૃત્તફલયોનિ–સ્ત્રીનું રજ ગર્ભ રહેવારૂપી ફળના સાધનરૂપ હોવાથી રજને પણ ફળ કહે છે. તેથી જે યોનિમાંથી ફળ (=રજ) ઊંચે ચડી ગયું હોય તે યોનિને પ્રોદ્વૃત્તફલયોનિ અથવા ઉદાવૃત્તા યોનિ કહે છે.)

મધ્યમ ક્ષાર

कालमुष्ककशम्याककदलीपारिभद्रकान् ॥ ८ ॥
अश्वकर्णमहावृक्षपलाशास्फोतवृक्षकान् ।
इन्द्रवृक्षार्कपूतीकनक्तमालाश्वमारकान् ॥ ९ ॥
काकजङ्घामपामार्गमग्निमन्थाग्नितिल्वकान् ।
सार्द्रान् समूलशाखादीन् खण्डशः परिकल्पितान् ॥ १० ॥
कोशातकीश्चतस्रश्च शूकं नालं यवस्य च ।
निवाते निचयीकृत्य पृथक् तानि शिलातले ॥११॥
प्रक्षिप्य मुष्ककचये सुधाश्मानि च दीपयेत् ।
ततस्तिलानां कुतलैर्दग्ध्वाऽग्नौ विगते पृथक् ॥१२

कृत्वा सुधाश्मनां भस्म द्रोणं त्वितरभस्मनः।
मुष्ककोत्तरमादाय प्रत्येकं जलमूत्रयोः ॥ १३॥
गालयेदर्धभारेण महता वाससा च तत्।
यावत्पिच्छिलरक्ताच्छस्तीक्ष्णो
जातस्तदा च तम् ॥ १४॥
गृहीत्वा क्षारनिष्यन्दं पचेल्लौह्यां विघट्टयन्।
पच्यमाने ततस्तस्मिंस्ताः सुधाभस्मशर्कराः ॥१५
शुक्तीः क्षीरपकं शङ्खनाभीश्चायसभाजने।
कृत्वाऽग्निवर्णान्बहुशः क्षारोत्थे कुडवोन्मिते १६
निर्वाप्य पिष्ट्वा तेनैव प्रतीवापं विनिक्षिपेत्।
श्लक्ष्णं शकृद्दक्षशिखिगृध्रकङ्ककपोतजम् ॥ १७॥
चतुष्पात्पक्षिपित्तालमनोह्वालवणानि च।
पचेतः सुतरां चातो दर्व्या तमवघट्टयेत् ॥ १८॥
सबाष्पैश्च यदोत्तिष्ठेद्बुद्बुदैर्लेहवद्घनः।
अवतार्य तदा शीतो यवराशावयोमये ॥ १९॥
स्थाप्योऽयं मध्यमः क्षारो

કાલમુષ્કક (મોક્ષ), ગરમાળો, કેળ, દેવદાર, રાળ, થોર, ખાખરો, ગરણી, ઇદ્રજવ, ઇંદ્રવૃક્ષ (અર્જુન, કડાયો), આકડો, પૂતિકરંજ, કણજી, ધોળી કણેર, અઘેડી, અઘેડો, અરણી, ચિત્રો, લોધર, આટલાં ઝાડના જરા લીલાં (અને લીલાં ન મળે તો પાણીમાં પલાળીને જરા લીલા બનાવેલાં) મૂળિયાં, ડાળી વગેરે (એટલે એ વૃક્ષોના પાંચે અંગ)ના (કુહાડી, સૂડી વગેરેથી) ઝીણાઝીણા ટુકડા કરવા. પછી ચારે જાતની કોશાતકી (=ગલકું, તૂરિયું, કડવાં તૂરિયા વગેરે=ધારાકોશાતકી, મહાકોશાતકી, હસ્તિકોશાકી, તિક્તકોશાતકી), જવ, વાંસી જવ–એ ૨૫ વસ્તુઓના જુદાજુદા ઢગલા પથ્થર પર કરવા. પછી મુષ્કકના ઢગલામાં કળી–ચૂનાનાં ઢેફાં નાખવા પછી બધા ઢગલાને તલનાં ફોતરા વડે જુદાજુદા સળગાવવા. જ્યારે સળગતુ આપોઆપ બંધ થાય (બધુ બળી રહ્યા પછી દેવતા આપોઆપ હોલવાઈ જાય) ત્યારે મુષ્કકના ઢગલામાથી ચૂનાની ભસ્મ જુદી કાઢી લેવી. એ ચૂનાની ભસ્મ એક દ્રોણ અલગ રાખવી અને બીજા બધા દ્રવ્યોની ભસ્મ પણ સરવાળે એક દ્રોણ અલગ રાખવી. બીજાં બધાં દ્રવ્યોની કુલ એક દ્રોણ ભસ્મમાં મુષ્કકની ભસ્મનું પ્રમાણ વધારે લેવુ. પછી એક કડાઈ પર મોટું કપડું બાંધીને તે કપડામા મુષ્કક વગેરે દ્રવ્યોની એક દ્રોણ ભસ્મ નાખીને તેમાં અડધો ભાર પાણી અને અડધો ભાર ગાયનું મૂતર નાખીને એ ભસ્મને કપડામાંથી કડાઈમાં ગાળવી. ગાળેલું પાણી અને મૂતર પિચ્છિલ, રાતું, નીતર્યું અને તીક્ષ્ણ થાય ત્યાં સુધી ફરીફરીને એ ભસ્મ ગાળ્યા કરવી. પછી એ ક્ષારના પાણીને એ જ કડાઈમાં પકવવુ. પકવતા પકવતાં હલાવ્યા કરવુ (કે જેથી ચોંટે નહિ). પછી જ્યારે પાકતુ હોય (ઊકળતુ હોય) ત્યારે પેલી જુદી રાખેલી ચૂનાની ભસ્મના ઢેફાં, છીપોલીઓ, ચાક (ખડી), અને શંખનો ગરભ એ ચાર વાનાંનો પ્રતિવાપ કરવો. (પ્રતિવાપ કરવાની રીત.) ઉપરનાં ચારે વાના અગ્નિમાં તપાવીને લાલચોળ કરવા. પછી ક્ષારનું ૩૨ તોલા ઊકળતુ પાણી એક લોખંડની કડાઈમા જુદું કાઢીને તેમા પેલા તપાવેલા ચાર વાના નાખવાં. પછી એ ચાર વાના ઠંડા પડે એટલે ફરીને દેવતા પર તપાવવા અને પાછાં ક્ષારના એના એ જ પાણીમા નાખવાં. એવુ અનેકવાર કર્યાં પછી એ ચાર વાનાંને એ જ પાણીથી વાટીને ને બધુ (ક્ષારનુ ૩૨ તોલા પાણી અને ચૂનાની ભસ્મ વગેરે વાટેલાં ચાર વાનાં) પેલા ઊકળ્યા કરતા ક્ષારના પાણીમાં પ્રતિવાપરૂપે નાખવું. વળી કૂકડો, મોર, ગીધ, કંકપક્ષી અને હોલો એટલાં પક્ષીઓની હગારને બારીક લસોટીને તે પણ પ્રતિવાપ તરીકે નાખવુ. ચોપગાં પશુઓ અને પક્ષીઓનુ પિત્ત, હરતાલ, મનશીલ અને સિંધવ વગેરે પાંચ લવણ પણ એમા પ્રતિવાપ તરીકે નાખવા. આ બધુ પ્રતિવાપ તરીકે નાખ્યા પછી કડછીથી ચારે બાજુએ પુષ્કળ હલાવવુ અને ઘટ્ટ બનાવવુ. જ્યારે એ ક્ષારનુ પાણી વરાળવાળા પરપોટા સાથે લેહ (ચાટણા) જેવુ ઘટ્ટ થાય, ત્યારે તેને દેવતા પરથી ઉતારી લેવું. પછી એ ઠંડું પડે ત્યારે એને લોખંડના વાસણમાં ભરીને જવના ઢગલામાં (સાત રાત સુધી) મૂકી રાખવુ– આને મધ્યમ ક્ષાર કહે છે.

મૃદુ ક્ષાર અને તીક્ષ્ણ ક્ષાર

न तु पिष्ट्वा क्षिपेन्मृदौ ।
निर्वाप्यापनयेत्तीक्ष्णे पूर्ववत् प्रतिवापनम् ॥ २० ॥
तथा लाङ्गलिकादन्तिचित्रकातिविषावचाः ।
स्वर्जिकाकनकक्षीरिहिङ्गुपूतीकपल्लवाः ॥ २१ ॥
तालपर्त्री विडं चेति सप्तरात्रात्परं तु सः ।
योज्य.

મધ્યમ ક્ષાર બનાવવા માટે જે કરવાનું કહ્યું છે તે બધું કરવું પણ કળી–ચૂનાનાં ઢેફાં વગેરે ચાર વસ્તુઓ વાટીને નાખવાને બદલે આખી નાખવી અને નાખીને તરત કાઢી લેવી. બીજું બધું મધ્યમ ક્ષારની માફક કરવું. આને મૃદુ ક્ષાર કહે છે,

તીક્ષ્ણ ક્ષાર બનાવવા માટે મધ્યમ ક્ષાર બનાવવા માટે જે કહ્યુ છે તે બધું તો કરવુ જ, પણ વધારામાં પ્રતિવાપ તરીકે મધ્યમ ક્ષાર માટેનાં પ્રતિવાપનાં દ્રવ્યો ઉપરાંત જળપીપળી, દંતીમૂળ, ચિત્રો, અતિવિષની કળી, વજ, સાજીખાર, ધંતૂરો, ક્ષીરી, હિંગ, કણજીનાં પાંદડાં, ધોળી મૂસળી, બીડલવણ એટલું નાખવું. આ ક્ષાર (ત્રણે ક્ષાર) સાત રાત જવના ઢગલામાં રાખ્યા પછી વાપરવા.

કયા ક્ષારનો કયા રોગમાં ઉપયોગ કરવો?

तीक्ष्णोऽनिलश्लेष्ममेदोजेष्वर्बुदादिषु ॥२२॥
मध्येष्वेष्वेव मध्योऽन्यः पित्तास्रगुदजन्मसु ।
बलार्थं क्षीणपानीये क्षाराम्बु पुनरावपेत् ॥२३॥

વાયુ, કફ કે ચરબીથી થયેલા ક્ષારથી મટે એવા અર્બુદ વગેરે રોગો જો ઉગ્ર સ્વરૂપમાં થયા હોય તો તીક્ષ્ણ ક્ષાર વાપરવો. એ જ રોગો (વાયુ, કફ કે ચરબીથી થયેલા, ક્ષારથી મટે એવા અર્બુદ વગેરે રોગો) જો સાધારણ સ્વરૂપમાં થયા હોય તો મધ્યમ ક્ષાર વાપરવો. પિત્ત અને લોહીથી થયેલા હરસ માટે બીજો (એટલે મૃદુ) ક્ષાર વાપરવો.

ક્ષારમાં પાણી ઓછું થઈ જાય (ક્ષાર ઘટ્ટ થઈ જાય) તો તેનું બળ કાયમ રાખવા માટે ફરીથી ક્ષારનું બીજું પાણી ઉમેરવું. (ક્ષારનું પાણી ક્ષારવિધિ પ્રમાણે તૈયાર કરેલું હોવું જોઈએ.)

ક્ષારના ગુણ

नातितीक्ष्णमृदुः श्लक्ष्णः पिच्छिलः
शीघ्रगः सितः ।
शिखरी सुखनिर्वाप्यो न विष्यन्दी न चातिरुक् ॥
क्षारो दशगुणः शस्त्रतेजसोरपि कर्मकृत् ।
आचूषन्निव संरम्भाद्गात्रमापीडयन्निव ॥ २५ ॥
सर्वतोऽनुसरन् दोषानुन्मूलयति मूलतः ।
कर्म कृत्वा गतरुजः स्वयमेवोपशाम्यति ॥२६॥

ક્ષાર બહુ તીક્ષ્ણ નથી, બહુ મૃદુ (ધીમી અસર કરે એવા) નથી. એ શ્લક્ષ્ણ, પિચ્છિલ ઝટ પ્રસરી જાય એવો, ધોળો, ફોલ્લો કરે એવો, કાંજી વગેરે નાખીને સહેલાઈથી ઠંડો કરાય એવો (એને લીધે બહુ બળતું હોય તો કાંજી વગેરેથી એની બળતરા ઝટ મટી જાય એવો) છે. એનો સ્રાવ થતો નથી. (પચપચું કરતો નથી.) એ બહુ પીડા કરતો નથી. આ દસ ગુણવાળો ક્ષાર શસ્ત્ર અને અગ્નિ (ડામ) જે કામ કરે છે તે કામ પણ કરી શકે છે. અવયવને જાણે કે ઝડપથી ચૂસીને અને દબાવીને તથા ચારે બાજુ પ્રસરી જઈને ક્ષાર દોષોને મૂળમાંથી ઉખેડી નાખે છે. ક્ષાર પોતાનું કામ (બાળવા વગેરેનું) કરી રહે ત્યારે માણસની પીડા દૂર થાય છે અને ક્ષાર આપોઆપ શાંત થઈ જાય છે.

ક્ષારના પ્રયોગનો વિધિ

क्षारसाध्ये गदे छिन्ने लिखिते स्रावितेऽथवा ।
क्षारं शलाकया दत्त्वा प्लोतप्रावृतदेहया ॥२७॥
मात्राशतमुपेक्षेत

જે રોગ મટાડવાને ક્ષારનો ઉપયોગ કરવાનો કહ્યો હોય તે રોગમાં પહેલાં કાપ મૂકયા પછી કે શસ્ત્ર ઘસીને લેખન કર્યા પછી કે લોહી કાઢ્યા પછી કપડાંનું પોતું વીંટાળેલી શલાકાથી (યોગ્ય જગ્યાએ) ક્ષાર મૂકીને સો માત્રા સુધી બેસી રહેવું.

હરસના રોગમાં સો માત્રા સુધી શું કરવું?

तत्रार्शःस्वावृताननम् ।
हस्तेन यन्त्रं कुर्वीत

તેમાંયે ક્ષારથી મટાડવાના હરસના રોગમાં

ક્ષાર મૂકીને સે માત્રા સુધી ચંત્રતુ મો હાથથી ઢાંકી રાખવુ.

વર્ત્મરોગ અને નાકના અર્બુદમાં શું કરવું ?

वर्त्मरोगेषु वर्त्मनी ॥ २८ ॥
निर्भुज्य पिचुनाऽऽच्छाद्य कृष्णभागं विनिक्षिपेत् ।
पद्मपत्रतनुः क्षारलेपो, घ्राणार्बुदेषु च ॥ २९ ॥

ક્ષારથી મટાડવાના વર્ત્મરોગોમા (=આખના પોપચાના રોગોમા) પોપચા ઉથલાવીને આખના કાળા ભાગ પર ક્ષાર પડે નહિ તે માટે કાળા ભાગને સુતરાઉ કાપડની ગડથી ઢાંકી દઈને ક્ષાર મૂકવો. ત્યા કમળના પાંદડા જેવો ક્ષારનો પાતળો લેપ કરવો (હરસની માફક જાડો લેપ ન કરવો) અને નાકના અર્બુદમા પણ કમળના પાદડા જેવો પાતળો લેપ કરવો.

નાકના અર્બુદમાં ખાસ ક્રિયા

प्रत्यादित्यं निषण्णस्य समुन्नम्याग्रनासिकाम् ।
मात्रा विधार्याः पञ्चाशत्

નાકના અર્બુદમા ક્ષાર મૂકયા પછી સૂર્યની સામે બેસીને નાકનુ ટેરવું ઊંચુ રાખીને પચાસ માત્રા સુધી ક્ષારનો લેપ રહેવા દેવો. (પણ પોપચા વધારે કોમળ હોવાથી પોપચા પરનો લેપ થોડી માત્રા સુધી રહેવા દેવો.)

કાનના મસામાં શું કરવુ ?

तद्वदर्शांसि कर्णजे ॥ ३० ॥

કાનના મસામા તે જ પ્રમાણે (નાકના અર્બુદ જેવુ) કરવુ.

કહેલો સમય (માત્રા) વીત્યા પછી શું કરવુ ?

क्षारं प्रमार्जनेनानु परिमृज्यावगम्य च ।
सुदग्धं घृतमध्वक्तं तत्पयोमस्तुकाञ्जिकैः ॥ ३१ ॥
निर्वापयेत्ततः साज्यैः स्वादुशीतैः प्रदेहयेत् ।
अभिष्यन्दीनि भोज्यानि भोज्यानि क्लेदनाय च ॥

પછી (ક્ષારનો લેપ કરીને અમુક માત્રા સુધી લેપ રહેવા દીધા પછી) ક્ષારને પોતાથી લૂછીને–સાફ કરીને એ સ્થાન બરાબર (જોઇએ તેટલું) બળ્યું છે એવુ જણાય તો તે જગાએ ઘી અને મધ મૂકીને પછી તે સ્થાને દૂધ, મસ્તુ કે કાંજી રેડીને (કે છાંટીને) ઠંડક કરવી. પછી (જેઠીમધ જેવા) ગળ્યા અને ઠંડા દ્રવ્યોમા ઘી ભેળવીને તેનાથી તે જગાએ લેપ કરવો. અને પછી (સારી રીતે બળેલા અર્બુદ, મસા વગેરેના મૂળને પચપચુ કરીને ખેરવી નાખવા માટે) પચપચુ કરવા માટે અભિષ્યંદી અન્નપાન ખાવાંપીવાં. (બળેલા ભાગનુ ક્લેદન થવાથી તે મૂળમાંથી ખરી પડે છે.)

ન ખરી પડે તો શું કરવુ ?

यदि च स्थिरमूलत्वात्क्षारदग्धं न शीर्यते ।
धान्याम्लबीजयष्ट्याह्वतिलैरालेपयेत्ततः ॥ ३३ ॥
तिलकल्कः समधुको घृताक्तो व्रणरोपणः ।

અને જે રોગનુ મૂળ સ્થિર હોવાને લીધે એ ક્ષારથી બાળ્યા છતા મૂળમાથી ન ખરી પડે, તો ધાન્યામ્લને તળિયે બેઠેલો ભાગ, જેઠીમધ અને તલનો લેપ કરવો. જેઠીમધ સાથે અને ઘી સાથે કાલવેલો તલના કલ્કનો લેપ કરવાથી ઘા રુઝાય છે.

ક્ષારથી બરાબર બળેલાનાં લક્ષણ

पक्वजम्बवसितं सन्नं सम्यग्दग्धम्

(ક્ષાર મૂકયાની અસર થવાને લીધે) જે જગા પાકા જાંબુ જેવી કાળી થઈ જાય અને જ્યા ખાડો પડે તે જગા ક્ષારથી બરાબર (જોઈએ તેટલી) બળી છે (એમ સમજવુ).

ક્ષારથી ખરાબ રીતે બળેલાનાં લક્ષણ

विपर्यये ॥ ३४ ॥
ताम्रतातोदकण्ड्वाद्यैर्दुर्दग्धम्

જો એનાથી ઊંધુ હોય (એટલે જો ક્ષાર મૂકેલી જગા પાકા જાંબુ જેવી કાળી ન થઈ ગઈ હોય અને ત્યાં ખાડો ન પડ્યો હોય) તાંબા જેવો રંગ થઈ ગયો હોય, તોદ, ખણજ (સોજો, વિસ્ફોટ) વગેરે થતુ હોય તો તે ઉપરથી જાણવુ કે એ જગા ક્ષારથી ખરાબ રીતે બળી છે.

ખરાબ રીતે બળેલી જગાએ શું કરવુ ?

तं पुनर्दहेत् ।

તેને (ખરાબ રીતે બળેલી જગાને) ફરીથી ક્ષાર મૂકીને બાળવી.

વધારે પડતું બળ્યાનાં લક્ષણ

अतिदग्धे स्रवेद्रक्तं मूर्च्छादाहज्वरादयः ॥ ३५ ॥

જો (ક્ષારથી) વધારે પડતું બળ્યું હોય તો તે જગાએથી લોહી નીકળે છે, મૂર્છા, દાહ, તાવ, (વિસર્પ, સોજો, વિસ્ફોટ) વગેરે થાય છે.

ગુદામાં વધારે પડતું બળે તો શું થાય?

गुदे विशेषाद्विण्मूत्रसंरोधोऽतिप्रवर्तनम् ।
पुंस्त्वोपघातो मृत्युर्वा गुदस्य शातनाद्ध्रुवम् ॥

ગુદા વધારે પડતી બળે તો, (શ્લોક ૩૫માં જણાવેલા લક્ષણો ઉપરાંત) ખાસ તો ઝાડો-પેશાબ રોકાય છે અથવા કોઈ વાર ઝાડો-પેશાબ બહુ જ થઈ જાય છે, (વીર્યનો નાશ થવાથી) નપુંસકપણું આવે છે અથવા ગુદા ફાટી જવાથી ચોક્કસ મોત થાય છે.

નાકમાં વધારે પડતું બળ્યું હોય તો શું થાય?

नासायां नासिकावंशदरणाकुञ्चनोद्भवः ।
भवेच्च विषयाज्ञानम्

નાકમા (ક્ષારથી) વધારે પડતુ બળ્યું હોય તો નાકનાં બે નસકોરા વચ્ચેનુ હાડકુ ફાટી જાય છે અને સંકોચાઈ જાય છે અને નાકને પોતાના વિષયનુ (સારી કે ખરાબ ગંધનુ) જ્ઞાન થતું નથી.

કાન વગેરેમાં વધારે પડતું બળ્યું હોય તો શું થાય?

तद्वच्छ्रोत्रादिकेष्वपि ॥ ३७ ॥

તે જ પ્રમાણે કાન વગેરેમાં ક્ષારથી વધારે પડતું બળી ગયુ હોય તો કાન વગેરે અવયવ ફાટી જાય છે અને સંકોચાઈ જાય છે તથા એ અવયવને પોતપોતાના વિષયનુ (સાંભળવા વગેરેનુ) જ્ઞાન થતું નથી.

ક્ષારથી વધારે પડતું બળ્યું હોય તો શું કરવુ?

विशेषादत्र सेकोऽम्लैर्लेपो मधु घृतं तिलाः ।
वातपित्तहरा चेष्टा सर्वैव शिशिरा क्रिया ॥३८॥
अम्लो हि शीतः स्पर्शेन क्षारस्तेनोपसंहितः ।
यात्याशु स्वादुतां तस्मादम्लैर्निर्वापयेत्तराम् ॥

એમાં (ક્ષારથી વધારે પડતું બળ્યું હોય ત્યાં) ખાસ ખાટાં દ્રવ્યો છાંટવા (કે રેડવાં), મધ, ઘી અને તેલનો લેપ કરવો તથા વાયુ અને પિત્ત બનેને મટાડે એવી બધી જ ઠંડક આપે એવી ક્રિયા કરવી એ ઇચ્છવા જોગ (હિતકર) છે. ખાટો રસ અડકવામાં ઠંડો છે. એની સાથે ક્ષાર મળે તો ક્ષાર એકદમ ગળ્યો બની જાય છે. માટે ખાટા દ્રવ્યોથી બહુ જ ઠંડક કરવી. ('ખાસ' શબ્દ વાપરીને એવું કહેવા માગે છે કે આ શ્લોકોમાં જણાવેલી ખાસ ક્રિયાઓ ઉપરાત દૂધ, મસ્તુ કે કાંજી છાંટીને ઠંડું પાડવાની સામાન્ય ક્રિયા પણ કરવી.)

ક્ષાર ક્યારે મારે અને ક્યારે મટાડે?

(विषाग्निशस्त्राशनिमृत्युतुल्यः
क्षारो भवेदल्पमतिप्रयुक्तः ।
स धीमता सम्यगनुप्रयुक्तो
रोगान्निहन्यादचिरेण घोरान् ॥ १ ॥)

(ક્ષાર જો ઓછો કે વધારે મુકાય તો ઝેર, અગ્નિ, શસ્ત્ર, વજ્ર (વીજળી પડવી) અને મોત જેવો થાય, પણ એ જ ક્ષાર જો બુદ્ધિશાળી વૈદ્ય વડે સારી રીતે મુકાયો હોય તો તેથી મહા ભયંકર રોગો પણ તરત મટી જાય.)

ડામ દેવાની ક્રિયા ક્ષારથી સારી શા માટે?

अग्निः क्षारादपि श्रेष्ठस्तद्दग्धानामसम्भवात् ।
भेषजक्षारशस्त्रैश्च न सिद्धानां प्रसाधनात् ॥४०

અગ્નિથી બાળેલા (ડામેલા) રોગો ફરીથી થતા નથી તથા દવા, ક્ષાર અને નસ્તરથી ન મટેલા રોગો પણ ડામ દેવાથી મટે છે, તેથી ડામ દેવાની ક્રિયા ક્ષારથી બાળવાની ક્રિયાથી પણ વધારે સારી છે.

ડામ ક્યાં દેવાય?

त्वचि मांसे सिरास्नायुसन्ध्यस्थिषु स युज्यते ।

ચામડી, માસ, શિરા, સ્નાયુ, સાધા અને હાડકાં ઉપર ડામ દેવાય છે.

કયા રોગોમાં અને શેના વડે ડામ દેવાય?

ચામડી જ બળે એવો ડામ ક્યારે અને શાનાથી દેવો?

मषाङ्गग्लानिमूर्धार्तिमन्थकीलतिलादिषु ॥ ४१ ॥
त्वग्दाहो वर्तिगोदन्तसूर्यकान्तशरादिभिः ।

મધ, ગ્લાનિ, માથું દુખવું, મંથરોગ, કીલરોગ, તલ વગેરે રોગોમાં (કપડું, ગૂગળ વગેરેની) વાટ, ગાયના દાંત, સ્ફટિક મણિ (સૂર્યકાંતમણિ), શર (સાંઠો) વગેરે સાધનથી ચામડી પર ડામ દેવાય છે (=ફક્ત ચામડીને જ ડામની અસર થાય એવો ડામ દેવાય છે). (વગેરે શબ્દથી સૂચવે છે કે પીપર, બકરીની લીંડી, શલાકા (સળી) વગેરેથી પણ ચામડીને ડામ દેવાય છે.)

માંસ બળે એવો ડામ ક્યારે અને શાનાથી દેવો?

अर्शोभगन्दरग्रन्थिनाडीदुष्टव्रणादिषु ॥ ४२ ॥
मांसदाहो मधुस्नेहजाम्बवौष्ठगुडादिभिः ।

હરસ, ભગંદર, રસોળી, નાડીવ્રણ, દુષ્ટ વ્રણ, (અર્બુદ, કંઠમાળ, હાથીપગ, સારણગાંઠ) વગેરે રોગોમાં મધ, સ્નેહ, જાંબવૌષ્ઠ શલાકા, ગોળ, (સોય, મીણ, તાંબું, લોખંડ, ચાંદી, કાંસું) વગેરે સાધનથી માંસ બળે એવો ડામ દેવો.

શિરા, સ્નાયુ, સાંધો અને હાડકું બળે એવો ડામ કયા રોગમાં અને કયાં સાધનોથી દેવો?

श्लिष्टवर्त्मन्यसृक्स्रावनीलयसम्यग्व्यधादिषु ॥
सिरादिदाहस्तैरेव

શ્લિષ્ટવર્ત્મ (ઉ. ૮/૧૭), લોહી નીકળ્યા કરતું હોય, નીલિરોગ, શિરા બરાબર ન વીંધાઈ હોય વગેરે રોગોમા તે જ સાધનોથી (શ્લોક ૪૨,૪૨ફ્રમાં કહેલા સાધનોથી) શિરા વગેરે (=શિરા, સ્નાયુ, સાંધા અને હાડકું) બળે એવો ડામ દેવો.

ડામ કોને ન દેવો?

न दहेत्क्षारवारितान् ।
अन्तःशल्यासृजो भिन्नकोष्ठान्
भूरिव्रणातुरान् ॥ ४४ ॥

જેમને ક્ષાર મૂકવાની મના કરી છે તેમને (શ્લો. ૪થી ૭ફ્રૂ), જેમના શરીરમા અંદર શલ્ય હોય, જેમને અંદર શલ્ય અને લોહી ભરાઈ રહ્યું હોય, જેમનો કોઠો શસ્ત્ર વગેરેથી ભેદાયો હોય, જે ઘણા વ્રણથી પીડાતા હોય તેમને ડામ દેવો નહિ.

ડામ દીધા પછી શું કરવું?

सुदग्धं घृतमध्वक्तं स्निग्धशीतैः प्रदेहयेत् ।

બરાબર ડામ દેવાય એટલે (બરાબર ડામ દેવાયાથી રોગની જગા જણાય એટલે) ઘી અને મધ ચોપડીને (જેઠીમધ વગેરે) સ્નિગ્ધ અને ઠંડાં દ્રવ્યોનો જાડો લેપ કરવો.

બરાબર ડામ દેવાયો હોવાનું લક્ષણ

तस्य लिङ्गं स्थिते रक्ते शब्दवल्लसिकान्वितम् ॥४५
पकतालकपोताभं सुरोहं नातिवेदनम् ।

યોગ્ય સ્થાન પર બરાબર ડામ દેવાયો હોવાનુ લક્ષણ એ છે કે જ્યારે ડામથી બળવાની ક્રિયા દરમ્યાન નીકળતું લોહી બંધ થાય છે, ત્યારે તે જગાએ પરપોટા જેવો (પટપટ) અવાજ થાય છે, તે જગા લસિકાવાળી (ડાભ, શસ્ત્ર વગેરેથી અંગ કપાય ત્યારે શરૂઆતમાં પાણીનાં ટીપાની જે આકૃતિ દેખાય છે તેવાં પાણીના ટીપાના આકારવાળી) થઈ જાય છે, તે જગા કોઈવાર પાકા તાડફળ જેવા અને કોઈવાર હોલા જેવા રંગની થઈ જાય છે, સહેલાઈથી રુઝાઈ જાય છે અને બહુ પીડા થતી નથી.

દુર્દગ્ધ અને અતિદગ્ધનાં લક્ષણ

प्रमाददग्धवत्सर्वं दुर्दग्धात्यर्थदग्धयोः ॥ ४६ ॥

દુર્દગ્ધ (ડામ ખરાબ દેવાયો હોય તે) અને અતિદગ્ધ (ડામ વધારેપડતો દેવાયો હોય તે) એ બંનેના બધાં લક્ષણ (હવે પછી કહેલા) પ્રમાદદગ્ધના લક્ષણ જેવા છે.

પ્રમાદદગ્ધનાં પ્રકાર અને લક્ષણ

चतुर्धा तत्तु तुच्छेन सह

તે પ્રમાદદગ્ધ (બેદરકારીથી દેવાયેલો ડામ) તુચ્છદગ્ધ સાથે ચાર જાતનો છે (સમ્યગ્દગ્ધ, દુર્દગ્ધ, અતિદગ્ધ અને તુચ્છદગ્ધ).

તુચ્છદગ્ધનાં લક્ષણ

तुच्छस्य लक्षणम् ।
त्वग्विवर्णोष्यतेऽत्यर्थं न च स्फोटसमुद्भवः ॥४७

(ડામ દીધા પછી) ચામડીનો રંગ બદલાય, લાય પુષ્કળ બળે છતાં ફોલ્લા ન ઊઠે

એ તુચ્છદગ્ધનું લક્ષણ છે. (જે સ્થાન પર અગ્નિ થોડો જ અડકયો હોય તેને તુચ્છદગ્ધ સ્થાન કહે છે.)

દુર્દગ્ધનાં લક્ષણ

सस्फोटदाहतीव्रोषं दुर्दग्धम्

જે જગાએ (ડામ દીધાથી) ફોલ્લા ઊઠે, બળતરા બળે, તીવ્ર ઉષા જેવી લાય બળે તે જગા દુર્દગ્ધ છે (એમ જાણવું).

અતિદગ્ધનાં લક્ષણ

मतिदाहतः ।
मांसलम्बनसङ्कोचदाहधूपनवेदनाः ॥ ४८ ॥
सिरादिनाशस्तृण्मूर्च्छाव्रणगाम्भीर्यमृत्यवः ।

વધારેપડતો ડામ દેવાયો હોય તો માંસ લબડી પડે, (શિરા વગેરે) સંકોચાઈ જાય, બળતરા બળે, ધુમાડી જેવો કાળો રંગ થઈ જાય છે, પીડા થાય છે, શિરા વગેરેનો નાશ થાય છે, તરસ લાગ્યા કરે છે, મૂર્છા આવે છે, ઊંડા ઘા પડે છે અને મોત આવે છે.

નોંધઃ—સમ્યગદગ્ધનું લક્ષણ શ્લોક ૪૫, ૪૫ માં આપેલું છે.

તુચ્છદગ્ધના ઉપાય

तुच्छस्याग्निप्रतपनं कार्यमुष्णं च भेषजम् ॥४९॥
स्त्यानेऽस्रे वेदनाऽत्यर्थं विलीने मन्दता रुजः ।

તુચ્છદગ્ધમાં લોહી એકઠું થઈને ઠરી ગયેલું હોય છે તેથી પુષ્કળ પીડા થાય છે, પણ એ ઠરી ગયેલું ચુસાઈ જાય તો પીડા નરમ પડી જાય, તેથી તુચ્છદગ્ધ અંગને દેવતાથી તપાવવું અને ગરમ ઓસડ આપવાં.

દુર્દગ્ધના ઉપાય

दुर्दग्धे शीतमुष्णं च युञ्ज्यादादौ ततो हिमम् ॥५०॥

દુર્દગ્ધમાં ઠંડું અને ગરમ ઔષધ વારાફરતી કરવું, પણ શરૂઆત ઠંડા ઔષધથી કરવી. (ઠંડું, ગરમ, ઠંડું, ગરમ એ રીતે)

સમ્યગ્દગ્ધ સ્થાનમાં શું કરવું

सम्यग्दग्धे तवक्षीरीप्लक्षचन्दनगैरिकैः ॥
लिम्पेत्साज्यामृतैरूर्ध्वं पित्तविद्रधिवत्क्रिया ॥५१॥

સમ્યગ્દગ્ધ જગાએ પહેલાં ઘી અને ગળો સાથે વંશલોચન, પીપર, સુખડ અને સોનાગેરુનો લેપ કરવો અને પછી પિત્તવિદ્રધિ માટે જે ક્રિયા કરવાની કહી છે તે ક્રિયા કરવી.

અતિદગ્ધના ઉપાય

अतिदग्धे द्रुतं कुर्यात्सर्वं पित्तविसर्पवत् ।

પિત્તથી થયેલા વિસર્પમાં જે અંદરનું અને બહારનું ઔષધ કહેલું છે તે બધું અતિદગ્ધમાં તરત જ કરવું.

સ્નેહદગ્ધના ઉપાય

स्नेहदग्धे भृशतरं रूक्षं तत्र तु योजयेत् ॥५२॥

સ્નેહથી ડામ દીધો હોય (કે દાઝ્યો હોય) ત્યારે અત્યંત લૂખા લેપ વગેરે અત્યંત લૂખી ક્રિયા કરવી, પણ રોગની અવસ્થા પ્રમાણે આગળ કહેવાઈ ગયેલા ઉપાય પણ કરવા.

(शस्त्रक्षाराग्नयो यस्मान्मृत्योः परममायुधम् ।
अप्रमत्तो भिषक् तस्मात्तान्
सम्यगवचारयेत् ॥ १ ॥)

(શસ્ત્ર, ક્ષાર અને અગ્નિ એ મોતનું મોટું હથિયાર છે, તેથી વૈદે બિલકુલ ગફલત કર્યા વિના સમ્યગ્યોગ થાય એવી રીતે એમનો ઉપયોગ કરવો.)

समाप्यते स्थानमिदं हृदयस्य रहस्यवत् ।

અષ્ટાંગહૃદયના રહસ્યરૂપ આ સૂત્રસ્થાન પૂરું થાય છે.

સૂત્રસ્થાન રહસ્યરૂપ શા માટે?

अत्रार्थाः सूत्रिताः सूक्ष्माः प्रतन्यन्ते हि सर्वतः ।५३

(સૂત્રસ્થાન રહસ્યરૂપ છે) કારણ કે આ સૂત્રસ્થાનમાં કુશાગ્ર બુદ્ધિવાળા સમજી શકે એવા વિષયો સૂત્રરૂપે રજૂ કરેલા છે (થોડા શબ્દોમાં પણો અર્થ સમાય એવી રીતે રજૂ કરેલા છે) અને એ જ વિષયો બધે બાકીનાં બીજાં સ્થાનોમાં) વિસ્તારપૂર્વક કહ્યા છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने क्षाराग्निकर्मविधिर्नाम त्रिंशत्तमोऽध्यायः ॥ ३० ॥

★

महर्षि वाग्भटकृत

अष्टांगहृदय

શારીરસ્થાન

અધ્યાય ૧ લો

હવે સૂત્રસ્થાન પછી આ શારીરસ્થાન શરૂ થાય છે. ચિકિત્સાના આધારરૂપ, આખા ગ્રંથના સારરૂપ આઠ અંગો સૂ. ૧/૫માં ગણાવ્યાં છે. એમાં શરીર નિજ અને આગંતુ રોગોનું સ્થાન છે, પણ એ શરીર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થના સાધનરૂપ હોવાથી એનુ રક્ષણ કરવા માટે ગ્રંથકારે હેતુ (રોગનાં કારણ), લિંગ (રોગનાં લક્ષણ) અને ઔષધ (રોગના ઉપાય) એ ત્રણ સ્કંધ (વિષય-વિભાગ) વાળો આ ગ્રંથ લખ્યો છે. તેમાં સૂ. ૧/૫માં શરીરનું સ્થાન પહેલું હોવાથી અને શરીર મુખ્ય હોવાથી પહેલું સૂત્રસ્થાન અને પછી આ શારીરસ્થાન શરૂ કરવામાં આવ્યું છે.

अथातो गर्भावक्रान्तिशारीरं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે જેમાં ગર્ભની સંપ્રાપ્તિ કહી છે એવું શારીરસ્થાન અમે સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

ગર્ભ એટલે શું?

शुद्धे शुक्रार्तवे सत्त्वः स्वकर्मक्लेशचोदितः ।
गर्भः सम्पद्यते युक्तिवशादग्निरिवारणौ ॥ १ ॥

જેમ યુક્તિથી (જરૂરી સાધનસામગ્રીનો ઉપયોગ કરવાથી) અરણિમાં અગ્નિ પ્રકટે છે, તેમ પોતાનાં કર્મ અને ક્લેશથી પ્રેરાયેલો જીવ શુદ્ધ (વાયુ વગેરેથી ન બગડેલા) ભેગાં મળેલાં વીર્ય અને આર્તવમાં યુક્તિથી ગર્ભરૂપે પ્રકટ થાય છે.

(કર્મ=પૂર્વજન્મોનાં કામ. ક્લેશ=અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ. જે જેવું નથી તેને તેવું જાણવું તે અવિદ્યા. દોરડી સાપ નથી છતાં દોરડી સાપ રૂપે દેખાય તેનું નામ અવિદ્યા. અસ્મિતા=આત્મા જાણે બુદ્ધિથી જુદો નથી એવુ સમજાય તેને અસ્મિતા કહે છે. રાગ=સુખ અથવા સુખનાં સાધન પાછળ અંતઃકરણમાં પડી રહેનાર ઇચ્છા. દ્વેષ=દુઃખ અથવા દુઃખનાં સાધન પાછળ અંતઃકરણમાં પડી રહેનાર ક્રોધ. અભિનિવેશ=પૂર્વજન્મના સંસ્કારના બળે સંસારના ભોગોને વળગી રહેવાનો સ્વભાવ અને એ ભોગોને મૃત્યુ ખૂંચવી લેશે એવો મરણનો ભય. યુક્તિ=કોઈપણ બાબત પાર પાડવા માટેનાં સાધન, ઉપાય અને વસ્તુ.)

ગર્ભ શી રીતે વધે છે?

बीजात्मकैर्महाभूतैः सूक्ष्मैः सत्त्वानुगैश्च सः ।
मातुश्चाहाररसजैः क्रमात्कुक्षौ विवर्धते ॥ २ ॥

વીર્ય અને આર્તવરૂપ બનેલાં, સૂક્ષ્મ (ઇંદ્રિયોને અગોચર), જીવને અનુસરનારાં અને માતાના આહારના રસમાંથી છૂટાં પડેલાં (પાંચ) મહાભૂતોથી એ ગર્ભ કૂખમાં (માતાના ઉદરમાં) ધીમેધીમે વધે છે.

જીવ ગર્ભાશયમાં જતો દેખાતો નથી તેનું શું?

तेजो यथार्करश्मीनां स्फटिकेन तिरस्कृतम् ।
नेन्धनं दृश्यते गच्छत्सत्त्वो गर्भाशयं तथा ॥३॥

જેમ સૂર્યકાંત મણિ પર પડીને પાછું ફેંકાયેલું (પરાવર્તન પામેલું) સૂર્યનાં કિરણોનું તેજ નીચે પડેલા બળતણમાં જતું દેખાતું નથી તેમ

જીવ પણ ગર્ભાશયમાં પેસતો દેખાતો નથી.

(સૂર્યનાં કિરણો સૂર્યકાંતમણિ પર પડે ત્યારે સૂર્યકાંતની નીચે મૂકેલું બળતણ સળગી ઊઠે છે તે ઉપરથી જેમ આપણે અનુમાન કરીએ કે સૂર્યકાંતથી પાછું ફેંકાયેલું સૂર્યનું તેજ બળતણમાં પેસતું દેખાતું નથી; છતાં બળતણમાં પેઠું જ હોવું જોઈએ, તેમ જીવ પણ ગર્ભાશયમાં જતો દેખાતો ન હોવા છતાં એ ગર્ભાશયમાં જતો હોવો જોઈએ એવુ સમજવું જોઈએ.)

જીવ અનેક રૂપ કેમ ધારણ કરી શકે છે?

कारणानुविधायित्वात्कार्याणां तत्स्वभावता ।
नानायोन्याकृतीः सत्त्वा धत्तेऽतो द्रुतलोहवत् ॥४॥

કાર્યો (બનાવવાની વસ્તુઓ) પોતાનાં કારણોમાંથી બનતાં હોવાથી કાર્યોનો સ્વભાવ કારણના સ્વભાવ જેવો હોય છે. તેથી જેમ પીગળેલું લોઢું (જુદાંજુદાં બીબાંમાં ઢાળવાથી) જુદાજુદા આકાર ધારણ કરે છે, તેમ જીવ પણ એકરૂપ હોવા છતાં (પોતાના પૂર્વજન્મનાં કર્મ અને ક્લેશ પ્રમાણે) જુદાંજુદાં જાતિ અને આકાર ધારણ કરે છે.

પુરુષ, સ્ત્રી અને નપુંસક એ ભેદ શી રીતે થાય?

अत एव च शुक्रस्य बाहुल्याज्जायते पुमान् ।
रक्तस्य स्त्री, तयोः साम्ये क्लीबः

. એ જ કારણસર (શ્લોક ૩જામાં કહ્યા પ્રમાણે કાર્યનો સ્વભાવ કારણના સ્વભાવ જેવો હોવાથી) આર્તવ કરતાં વીર્ય વધારે હોય તો પુરુષ જન્મે છે (બને છે), વીર્ય કરતાં આર્તવ વધારે હોય તો સ્ત્રી જન્મે છે અને એ બે (વીર્ય અને આર્તવ) સરખાં હોય તો નપુંસક જન્મે છે.

એકસાથે ઘણાં બાળકો કેમ જન્મે છે?

शुक्रार्तवे पुनः ॥ ५ ॥
वायुना बहुशो भिन्ने यथास्वं बह्वपत्यता ।

પણ જ્યારે વીર્ય અને આર્તવ(રજ)ના અનેક ટુકડા વાયુને લીધે થઈ જાય છે, ત્યારે વીર્ય અને આર્તવ એ બેમાંથી જે વધારે હોય તેને હિસાબે પુરુષજાતિનાં કે સ્ત્રીજાતિનાં અનેક બાળકો એકસાથે જન્મે છે.

(ભૂંડણ, કૂતરી વગેરેને એકસાથે અનેક બચ્ચાં અવતરે તેનું આ જ કારણ છે. એકસાથે એક કરતાં વધારે બાળકો જન્મે એમાં કેટલાંક નર અને કેટલાંક માદા જન્મે કે બધાં નર અને બધાં માદા જન્મે એનો આધાર વાયુથી પડેલા વીર્ય અને આર્તવ(ભેગા)ના ટુકડાઓમાં કેટલા ટુકડામાં વીર્ય અને આર્તવમાંથી શું વધારે છે તેના પર છે.)

કઢંગી જાત અને આકારનું કારણ

वियोनिविकृताकारा जायन्ते विकृतैर्मलैः ॥ ६ ॥

બગડેલા (પોતાનો માર્ગ છોડીને બીજે માર્ગે ગયેલા) વાયુ વગેરે મળોને લીધે કઢંગી જાતના અને કઢંગા આકારવાળા ગર્ભ જન્મે છે.

સ્ત્રીને ક્યારે, કેટલા દિવસ, ક્યારથી, ક્યાં સુધી અટકાવ આવે?

मासि मासि रजः स्त्रीणां रसजं स्रवति त्र्यहम् ।
वत्सराद्द्वादशादूर्ध्वं याति पञ्चाशतः क्षयम् ॥७॥

આહારરસમાંથી (રસધાતુમાંથી નહિ) ઉત્પન્ન થયેલું રજ (અટકાવ, આર્તવ) સ્ત્રીઓને (લગભગ) બાર વરસની ઉંમર થયા પછી મહિને મહિને (દર મહિને) ત્રણ દિવસ સુધી નીકળે છે, અને (લગભગ) પચાસ વરસની ઉંમર થયા પછી તેનો નાશ થાય છે (બંધ થઈ જાય છે).

સમર્થ પુત્ર અવતરવાનાં કારણો

पूर्णषोडशवर्षा स्त्री पूर्णविंशेन सङ्गता ।
शुद्धे गर्भाशये मार्गे रक्ते शुक्रेऽनिले हृदि ॥ ८ ॥
वीर्यवन्तं सुतं सूते

જેને વીસ વર્ષ (ઉમ્મર) પૂરાં થયાં હોય એવા પુરુષ પાસે મૈથુન કરાવેલી સોળ વર્ષ (ઉમ્મર) પૂરાં થયાં હોય એવી સ્ત્રી જો ગર્ભાશય, ગર્ભને બહાર નીકળવાનો રસ્તો, રજ (આર્તવ), વીર્ય, વાયુ અને હૃદય શુદ્ધ (દોષોથી બગડ્યા વિનાનાં) હોય તો (ઘણુંખરું) વીર્યવાન (સમર્થ) પુત્રને જન્મ આપે છે.

ततो न्यूनाब्दयो पुनः ।
रोग्यल्पायुरधन्यो वा गर्भो भवति नैव वा ॥ ९ ॥

પણ સ્ત્રી અને પુરુષ જો એથી ઓછી

ઉમ્મરનાં હોય (અને ગર્ભાશય વગેરે શુદ્ધ ન હોય) તો ગર્ભ રોગી; ટૂંકા આવરદાવાળો અને અધન્ય થાય છે અથવા ગર્ભ રહેતો જ નથી.

ગર્ભ ન રહેવાનાં કારણો

वातादिकुणपग्रन्थिपूयक्षीणमलाह्वयम् ।
चीजासमर्थं रेतोस्रम्

વાયુ વગેરે દોષો, કુણપ (મુડદું, મડદા જેવુ ગંધાતું), ગ્રંથિ (ગાંઠ, રસોળી) પૂય (પરુ), ક્ષીણ અને મળ (ઝાડો, પેશાબ) એ સંજ્ઞાથી ઓળખાવાતું વીર્ય અને આર્તવ ગર્ભના બીજરૂપ બનવાને શક્તિમાન થતુ નથી.

વાયુથી બગડેલા વીર્યને વાતશુક્ર, પિત્તથી બગડેલા વીર્યને પિત્તશુક્ર, કફથી બગડેલા વીર્યને કફશુક્ર કહે છે. મડદા જેવા ગંધાતા વીર્યને કુણપશુક્ર કહે છે. ગંઠાઈ ગયેલા વીર્યને ગ્રંથિશુક્ર કહે છે. પરુ જેવા વીર્યને પૂયશુક્ર કહે છે. ક્ષીણ થઈ ગયેલા વીર્યને ક્ષીણશુક્ર કહે છે. ઝાડા જેવા વીર્યને મલશુક્ર (પુરીષશુક્ર) કહે છે અને પેશાબ જેવા વીર્યને પણ મલશુક્ર (મૂત્રશુક્ર) કહે છે. એ જ રીતે એટલા જ પ્રકાર સ્રીના આર્તવના પણ હોય છે.

વીર્ય અને આર્તવ કઈ જાતનું છે તે ઓળખવાની રીત

स्वलिङ्गैर्दोषजं वदेत् ॥ १० ॥
रक्तेन कुणपं, श्लेष्मवाताभ्यां ग्रन्थिसन्निभम् ।
पूयाभं रक्तपित्ताभ्यां, क्षीणं मारुतपित्ततः ॥११॥

સૂ. ૧/૧૦થી ૧૧માં આપેલાં દરેક દોષનાં લક્ષણો ઉપર વીર્ય અને આર્તવ કયા દોષથી બગડેલું છે તે કહેવું. લોહી બગડેલું હોય તો કુણપવીર્ય કે કુણપઆર્તવ છે એમ કહેવું. કફ અને વાયુ બંને બગડ્યા હોય તો રસોળી જેવો આકાર થઈ જાય છે તેને ગ્રંથિશુક્ર કે ગ્રંથિઆર્તવ કહેવું. લોહી અને પિત્ત એ બંને બગડ્યાં હોય તો વીર્ય અને આર્તવ પરુ જેવુ થઈ જાય છે તેને પૂયશુક્ર અને પૂયઆર્તવ કહેવું. વાયુ અને પિત્ત એ બંને બગડ્યાં હોય તો વીર્ય અને આર્તવ ઓછાં થઈ જાય છે માટે એને ક્ષીણશુક્ર અને ક્ષીણઆર્તવ કહેવુ.

कृच्छ्राण्येतान्यसाध्यं तु त्रिदोषं मूत्रविट्प्रभम् ।

(શ્લોક ૧૦થી ૧૧માં ગણાવેલાં) આ બધાં વીર્ય અને આર્તવ દુઃસાધ્ય (સુધારવાં મુશ્કેલ) છે, પણ ત્રણે દોષ બગડવાથી થયેલાં હોવાથી પેશાબ જેવાં વીર્ય અને આર્તવ તથા ઝાડા જેવાં વીર્ય અને આર્તવ અસાધ્ય (ન મટી શકે એવાં) છે.

બગડેલું વીર્ય સુધારવાના ઉપાય

कुर्याद्वातादिभिर्दुष्टे स्वौषधम्

વીર્ય વાયુ વગેરે દોષોથી બગડેલું હોય તો જે દોષ કોપ્યો હોય તેને મટાડવાનુ ઔષધ કરવુ (સ. અ. ૧૩).

कुणपे पुनः ॥ १२ ॥
धातकीपुष्पखदिरदाडिमार्जुनसाधितम् ।
पाययेत्सर्पिरथवा विपक्वमसनादिभिः ॥ १३ ॥

પણ કુણપશુક્ર હોય તો ધાવડીનાં ફૂલ, ખેર, દાડમ અને સાદડ એટલી વસ્તુઓથી સિદ્ધ કરેલું ઘી અથવા અસનાદિ ગણનાં ઔષધોથી પકવેલું ઘી પીવું.

पलाशभस्माश्मभिदा ग्रन्थ्याभे

વીર્ય રસોળી જેવું ગંઠાઈ ગયું હોય તો ખાખરાની ભસ્મ કે પાષાણભેદથી પકવેલું ઘી પાવુ.

पूयरेतसि ।
परूपकवटादिभ्याम्

વીર્ય પરુ જેવુ હોય તો પરૂપકાદિ ગણ અને ન્યગ્રોધાદિ ગણનાં ઔષધોથી પકવેલું ઘી પાવું.

क्षीणे शुक्रकरी क्रिया ॥ १४ ॥

વીર્ય ઓછુ થઈ ગયું હોય તો વીર્ય બને એવી ક્રિયા કરવી.

संशुद्धो विट्प्रभे सर्पिर्हिङ्गुसेव्यादि-साधितम् ।
पिबेत्

ઝાડા જેવુ વીર્ય હોય તો પહેલાં દરદીએ વમન અને વિરેચનથી સંશોધન કરીને પછી

હિંગ, વીરણવાળો, (ચિત્રક, કાંગ, રિસામણી, કમળનું કુમળું મૂળ) એટલાં ઓષધથી સિદ્ધ કરેલું ઘી પીવું.

બગડેલા આર્તવના ઉપાય

ग्रन्थ्यार्तवे पाठाव्योषवृक्षकजं जलम् ॥ १५ ॥

(ગ્રંથિઆર્તવ, કુણપઆર્તવ, પૂયઆર્તવ અને ક્ષીણઆર્તવ સિવાયના બાકીના આર્તવરોગોમાં તે તે જાતના બગડેલા વીર્ય પ્રમાણેના ઉપાય કરવા પણ) ગ્રંથિઆર્તવમાં કાળી પાટ, ત્રિકટુ અને ઇંદ્રજવનુ પાણી પીવું.

पेयं कुणपपूयास्त्रे चन्दनं वक्ष्यते तु यत्।
गुह्यरोगे च तत्सर्वं कार्यं सोत्तरबस्तिकम् ॥१६॥

કુણપઆર્તવ અને પૂયઆર્તવમાં (પાણી સાથે) ચંદન પીવું. તે ઉપરાંત ઉત્તરસ્થાનમા ગુહ્યરોગપ્રતિષેધાધ્યાયમાં જે બધું કરવાનું કહેવામાં આવશે તે અને ઉત્તરબસ્તિ એટલું કરવું. (ક્ષીણઆર્તવનો ઉપાય કહ્યો નથી, કારણ કે એ સમજી લેવાનો છે. જેમ વીર્ય ઓછું થઈ ગયું હોય ત્યારે વીર્ય બને એવી ક્રિયા કરવાની છે તેમ આર્તવ ઓછું થઈ જાય ત્યારે લોહી બને એવી ક્રિયા કરવી જોઈએ એવુ સમજી લેવાનુ છે.)

સારો ગર્ભ રહી શકે એવા શુદ્ધવીર્યનાં લક્ષણ

शुक्रं शुक्लं गुरु स्निग्धं मधुरं बहलं बहु।
घृतमाक्षिकतैलाभं सद्गर्भाय

ધોળા, ભારે, સ્નિગ્ધ, ગળ્યા, ઘટ્ટ, પુષ્કળ, ઘી જેવા, મધ જેવા અને તલ જેવા વીર્યથી સારો ગર્ભ રહે છે.

(ઘી જેવા વીર્યથી ગોરો, મધ જેવા વીર્યથી આછો કાળો અને તેલ જેવા વીર્યથી ઘેરો કાળો ગર્ભ રહે છે.)

સારો ગર્ભ રહી શકે એવા શુદ્ધ આર્તવનાં લક્ષણ

आर्तवं पुनः ॥ १७ ॥
लाक्षारसशशास्त्राभं धौतं यच्च विरज्यते।

પણ જે આર્તવ લાખના રસ જેવું, સસલાના લોહી જેવું અને ધોવાથી રંગ ઉતરી જાય એવું હોય તે આર્તવથી સારો ગર્ભ રહે છે.

ગર્ભ રહે તે પહેલાં સ્રીપુરુષ કેવા હોવાં જોઈએ?

शुद्धशुक्रार्तवं स्वस्थं संरक्तं मिथुनं मिथः ॥१८॥
स्नेहैः पुंसवनैः स्निग्धं शुद्धं शीलितबस्तिकम्।

ગર્ભ રહે તે પહેલાં સ્રીપુરુષનુ યુગલ (જોડું) શુદ્ધ વીર્ય અને શુદ્ધ આર્તવવાળું, તદ્દન નીરોગી, પરસ્પર પ્રેમાળ, મનગમતો પુત્ર અવતરે એવો ગર્ભ રહે એવા સ્નેહોથી સ્નિગ્ધ થયેલું, વમન અને વિરેચનથી શુદ્ધ થયેલુ અને નિત્ય બસ્તિ લીધેલું હોવું જોઈએ.

પુરુષે ખાસ શું કરવું?

नरं विशेषात्क्षीराज्यैर्मधुरौषधसंस्कृतैः ॥ १९ ॥

એવા યુગલમાંના પુરુષને ખાસ કરીને ગળ્યાં ઓષધથી સિદ્ધ કરેલાં ઘી અને દૂધ પાવાં.

સ્રીએ ખાસ શું કરવું?

नारीं तैलेन माषैश्च पित्तलैः समुपाचरेत्।

એવા યુગલમાંની સ્રીને (ખાસ કરીને) પિત્ત કરે એવાં તેલ અને અડદ ખવડાવવાં.

ગર્ભ ધારણ કરનાને યોગ્ય સ્રીનાં લક્ષણ

क्षामप्रसन्नवदनां स्फुरच्छ्रोणिपयोधराम् ॥ २० ॥
स्रस्ताक्षिकुक्षिं पुंस्कामां विद्यादृतुमतीं स्त्रियम्।

જે સ્રીનું મોં (કંઈ પણ રોગ વિના) સુકાયું (પાતળું થઈ ગયેલું) હોય અને પ્રસન્ન (નિર્મળ) હોય, જેનાં ફૂલા અને સ્તન ફરકતા (ધડકતાં) હોય, જેની આંખો અને કૂખ નમણી હોય, અને જેને પુરુષ ભોગવવાની ઇચ્છા થઈ હોય એ સ્રી ઋતુમતી (ગર્ભ ધારણ કરવાને યોગ્ય) છે એમ જાણવું.

ઋતુકાળ વિના ગર્ભ ન રહેવાનું કારણ

पद्मं सङ्कोचमायाति दिनेऽतीते यथा, तथा ॥२१
ऋतावतीते योनिः, सा शुक्रं नातः प्रतीच्छति।

જેમ દિવસ આથમતા કમળ બિડાઈ જાય છે તેમ ઋતુ (શ્લોક ૨૬, ૨૬૩) વહી જતાં યોનિ (કમળ) બિડાઈ જાય છે, તેથી તે વીર્યને ઝીલી શકતી નથી.

मासेनोपचितं रक्तं धमनीभ्यामृतौ पुनः ॥ २२ ॥
ईषत्कृष्णं विगन्धं च वायुर्योनिमुखान्नुदेत्।

(આહારના રસને લીધે) મહિના સુધી

વધેલા, (આર્તવને બહાર કાઢનાર વાયુના સંબંધમાં આવવાથી) જરા કાળા અને ગંધ વિનાના આર્તવને વાયુ ઋતુકાળમાં (શ્લો. ૨૬, ૨૬ટ્ટે) બે ધમની દ્વારા યોનિના મુખમાંથી બહાર ધકેલે છે. (તેથી ઋતુકાળમાં યોનિના કમળનું મોં ખુલ્લું રહે છે.).

અટકાવના ત્રણ દિવસ સ્ત્રીએ કેવી રીતે રહેવું?

ततः पुष्पेक्षणादेव कल्याणध्यायिनी त्र्यहम् ॥२३
मृजालङ्कारहिता दर्भसंस्तरशायिनी ।
क्षैरेयं यावकं स्तोकं कोष्ठशोधनकर्षणम् ॥ २४ ॥
पर्णे शरावे हस्ते वा भुञ्जीत ब्रह्मचारिणी ।

પછી અટકાવ દેખાય કે તરત જ ત્રણ દિવસ સુધી સ્ત્રીએ શુભ વિચારોમાં રહેવું, નાહવુંધોવું નહિ; શણગાર ઉતારી નાખવા, ડાભની સાદડી પર સૂવું, (કોઠામાં ગર્ભ રહેતો હોવાથી) કોઠાનું શોધન કરે અને કર્ષણ કરે એવી દૂધમાં રાંધેલા જવની વાની જ ખોરાક તરીકે પાંદડા પર, કોડિયામાં કે હથેળીમાં લઈને થોડી જ ખાવી (બીજું કંઈ પણ ખાવું નહિ અને બીજાં વાસણ વાપરવાં નહિ) તથા બ્રહ્મચર્ય પાળવું.

અટકાવના ચોથે દિવસે શું કરવું?

चतुर्थेऽह्नि ततः स्नाता शुक्लमाल्याम्बरा शुचिः ॥ २५ ॥
इच्छन्ती भर्तृसदृशं पुत्रं पश्येत्पुरः पतिम् ।

પછી ચોથે દિવસે નાહીને, ધોળી ફૂલમાળા (હાર, ગજરા, વેણી) તથા ધોળાં વસ્ત્ર પહેરીને, તન અને મનથી સ્વચ્છ થઈને, પતિના જેવો પુત્ર ઇચ્છતી સ્ત્રીએ સૌથી પહેલાં પતિને જોવો.

ઋતુકાળના દિવસો : છોકરો કે છોકરી અવતરવાનો નિયમ

ऋतुस्तु द्वादश निशाः पूर्वास्तिस्रोऽत्र निन्दिताः ॥ २६ ॥
एकादशी च, युग्मासु स्यात्पुत्रोऽन्यासु कन्यका ।

બાર રાત સુધી ઋતુકાળ હોય છે. તેમાં પહેલી ત્રણ રાત (મૈથુન માટે) નિષિદ્ધ છે તથા અગિયારમી રાત પણ નિષિદ્ધ છે. બેકી સંખ્યાની રાતે (૪, ૬, ૮, ૧૦, ૧૨મી રાતે) પુત્ર જન્મે એવો ગર્ભ રહે છે અને એકી સંખ્યાની રાતે (૫, ૭, ૯મી રાતે) પુત્રી અવતરે એવો ગર્ભ રહે છે.

(બેકી સંખ્યાની રાતે આર્તવ ઓછું હોવાથી પુત્રગર્ભ રહે છે, પણ એકી સંખ્યાની રાતે આર્તવ વીર્ય કરતાં વધારે હોવાથી વીર્ય પ્રમાણમાં ઓછું પડે છે તેથી પુત્રીગર્ભ રહે છે. પણ જો આહારવિહારને લીધે બેકી સંખ્યાની રાતે આર્તવ વીર્યથી વધી જાય તો છોકરી તો અવતરે પણ તે છોકરી દેખાવમાં છોકરા જેવી, નબળી અને ઓછાં અંગવાળી હોય. જો આહારવિહારને લીધે એકી સંખ્યાની રાતે આર્તવ કરતાં વીર્ય વધી જાય તો અવતરે તો છોકરો પણ તે છોકરો દેખાવમાં છોકરી જેવો, નબળો અને ઓછાં અંગવાળો હોય. અગિયારમી રાતે અને તેરમી રાતે મૈથુન કરવાથી નપુસક બાળક જન્મે.)

ઇચ્છા પ્રમાણેનું બાળક અવતરે એવી રીત

उपाध्यायोऽथ पुत्रीयं कुर्वीत विधिवद्विधिम् ॥२७
नमस्कारपरायास्तु शूद्राया मन्त्रवर्जितम् ।

પછી અથર્વવેદ જાણનાર ગોરે (બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યની સ્ત્રી)ની બાબતમાં અવતરનાર પુત્ર માટે હિતકર હોય એવો વેદવિધિ વિધિપુરઃસર કરવો, પણ નમસ્કાર કરીને બેઠેલી શૂદ્ર સ્ત્રીની બાબતમાં એ જ વિધિ મંત્રોચ્ચાર કર્યા વિના કરવો.

अवन्ध्य एवं संयोगः स्यादपत्यं च कामतः ॥२८॥

એ રીતે (વેદવિધિ કરવાથી) સ્ત્રીપુરુષનો સંયોગ સફળ થાય છે (ગર્ભ રહે છે) અને ઇચ્છા પ્રમાણેનું બાળક અવતરે છે.

सन्तो ह्याहुरपत्यार्थं दम्पत्योः सङ्गतिं रहः ।

સારા માણસો કહે છે કે વરવહુની એકાંતમાં સંગતિ બાળક મેળવવા માટે છે. (મૈથુનનું સુખ મેળવવા માટે નહિ.)

સંગતિ=ખાસ સમયને યોગ્ય ખાસ સંયોગ.

दुरपत्यं कुलाङ्गारो गोत्रे जातं महत्यपि ॥ २९ ॥

ઊંચા કુળમાં જન્મેલું હોય તોપણ ખરાબ બાળકને કુલાંગર (કુળમાં અંગારો) કહે છે.

इच्छेतां यादृशं पुत्रं तद्रूपचरितांश्च तौ ।
चिन्तयेतां जनपदांस्तदाचारपरिच्छदौ ॥ ३० ॥

માબાપ જેવો પુત્ર (કે પુત્રી) ઇચ્છતાં હોય તેના જેવાં આચરણ અને પરિચ્છદ (રાચરચીલું અને પરિવાર) એમણે રાખવાં તથા ઇચ્છેલા બાળક જેવાં રૂપરંગ અને આચરણવાળા (અમુક દેશના) લોકોનું ચિંતવન કરવું.

कर्मान्ते च पुमान् सर्पिःक्षीरशाल्योदनाशितः ।
प्राग्दक्षिणेन पादेन शय्यां मौहूर्तिकाज्ञया ॥३१॥
आरोहेत् स्त्री तु वामेन तस्य दक्षिणपार्श्वतः ।
तैलमाषोत्तराहारा तत्र मन्त्रं प्रयोजयेत् ॥ ३२ ॥

વેદવિધિ પ્રમાણેનું કર્મ પૂરું થાય પછી ઘી, દૂધ અને શાલિચોખાનો ભાત ખાઈને સારું મુહૂર્ત (મહુરત) કાઢી આપનાર જોશીની આજ્ઞાથી (સારા મુહૂર્તમાં) પુરુષે પહેલાં જમણો પગ પથારીમાં (ખાટલામાં) મૂકીને (સ્ત્રીથી પહેલાં) ખાટલામાં ચઢવું; અને તેલ અને અડદ જેમાં આગળ પડતા હોય એવો આહાર ખાધેલી સ્ત્રીએ પહેલો ડાબો પગ ખાટલામાં મૂકીને પુરુષની જમણી બાજુએથી ખાટલામા ચઢવુ; અને ત્યાં નીચેનો મંત્ર ભણવો :–

ખાટલામાં ભણવાનો મંત્ર

ॐआहिरसि आयुरसि सर्वतः
प्रतिष्ठासि धाता त्वां
दधातु विधाता त्वां दधातु ब्रह्मवर्चसा भवेति ।
ब्रह्मा बृहस्पतिर्विष्णुः सोमः सूर्यस्तथाऽश्विनौ ।
भगोऽथ मित्रावरुणौ वीरं ददतु मे सुतम् ॥३३॥

(સંસ્કૃતમાં રચેલો મંત્ર સંસ્કૃતમાં ભણવો).

તું અહિ (શેષ ભગવાન) છે, તું આયુષ્ય છે, તુ બધી બાજુએ આધારરૂપ છે, બ્રહ્મા તને ઘડે (મોકલે, પ્રેરે), વિધાતા તને મોકલે, તુ બ્રહ્મજ્ઞાનના તેજથી બન; બ્રહ્મા, બૃહસ્પતિ, વિષ્ણુ, ચંદ્ર, સૂર્ય, બન્ને અશ્વિન, ભગ (લક્ષ્મી), મિત્ર (આદિત્ય) અને વરુણ મને વીર પુત્ર આપો.

सान्त्वयित्वा ततोऽन्योन्यं संविशेतां
मुदान्वितौ ।
उत्ताना तन्मना योषित्तिष्ठेदङ्गैः सुसंस्थितैः ॥३४॥

પછી વરવહુએ એકબીજાને વહાલનાં મીઠાં વચનો કહીને ક્ષોભ દૂર કરીને આનંદમાં આવી જઈને મૈથુન કરવું. મૈથુન દરમ્યાન સ્ત્રીએ ચત્તા સૂવું, મૈથુનમાં જ મન રાખવું અને શરીરના અવયવો બરાબર ગોઠવેલા રાખવા (વાંકાચૂંકા કે ઊંચાનીચા રાખવા નહિ).

तथा हि बीजं गृह्णाति दोषैः स्वस्थानमास्थितैः ।

સ્ત્રીએ એવી રીતે સૂઈ રહેવાનુ કારણ એ છે કે શ્લોક ૩૪માં કહ્યા પ્રમાણે વર્તવાથી દોષો પોતપોતાના સ્થાનમાં રહ્યા હોય તે સ્થિતિમાં (=દોષોનો પ્રકોપ થયા વિના) સ્ત્રી બીજ (ગર્ભ) ધારણ કરે છે.

તરત ગર્ભ રહ્યો હોવાનાં લક્ષણ

लिङ्गं तु सद्योगर्भाया योन्या बीजस्य सङ्ग्रहः ॥३५
तृप्तिर्गुरुत्वं स्फुरणं शुक्रास्रानुबन्धनम् ।
हृदयस्पन्दनं तन्द्रा तृड्ग्लानिर्लोमहर्षणम् ॥३६॥

જે સ્ત્રીને તરત ગર્ભ રહે ને સ્ત્રીનાં લક્ષણ એ છે કે યોનિ સારી રીતે બીજને ગ્રહણ કરે છે, સ્ત્રીને તૃપ્તિ થાય છે, કૂખ ભારે થાય છે અને ફરકે છે, વીર્ય અને આર્તવ યોનિના મુખમાંથી બહાર નીકળી જતાં નથી, હૃદય ફરકે છે, સુસ્તી આવે છે, તરસ લાગ્યા કરે છે, મન ઉદાસ રહે છે અને રૂંવાડાં ઊભાં થઈ જાય છે.

પહેલા મહિનામાં ગર્ભની અવસ્થા

अव्यक्तः प्रथमे मासि सप्ताहात्कललीभवेत् ।
गर्भः पुंसवनान्यत्र पूर्वं व्यक्तेः प्रयोजयेत् ॥३७॥

પહેલા મહિનામાં શરૂઆતના સાત દિવસ પછી ગર્ભ કલલ (લીંટના ગોળ લોચા) જેવો હોય છે અને આખો પહેલો મહિનો અવ્યક્ત રહે છે (એટલે, ગર્ભમાં અવયવો વગેરે બંધાતા નથી). માટે ગર્ભમાં અવયવો વ્યક્ત થાય (જુદાજુદા તરી આવે એ રીતે બંધાય) તે પહેલાં (એટલે, પહેલા મહિનામાં) છોકરો અવતરે એવાં ઔષધ આપવાં.

बली पुरुषकारो हि दैवमप्यतिवर्तते

(જો પૂર્વજન્મના કર્મથી આ જન્મે છોકરી અવતરવાનુ નિર્માણ થયુ હોય અને તેથી વીર્ય અને આર્તવના મિશ્રણમા વીર્ય કરતાં આર્તવ વધારે હોય તો નિયમ પ્રમાણે છોકરી જ અવતરવી જોઈએ, અને આર્તવ કરતાં વીર્ય વધારે હોય તો છોકરો જ અવતરવો જોઈએ. તો પછી પહેલા મહિનામાં છોકરો અવતરે એવાં ઔષધો ખવડાવવાથી છોકરીનો છોકરો શી રીતે થઈ શકે? આ શંકાના સમાધાનમાં કહે છે કે)

કારણ કે પુરુષાર્થ (ઉદ્યમ) ખળવાન હોય તો તે નસીબને પણ પાછુ પાડી દે છે.

છોકરો અવતરે એવા પ્રયોગ

पुष्ये पुरुषकं हैमं राजतं वाऽथवाऽऽयसम् ॥३८
कृत्वाऽग्निवर्णं निर्वाप्य क्षीरे तस्याञ्जलिं पिबेत् ।

પુષ્ય નક્ષત્રમાં સોનાના, ચાંદીના કે લોઢાના બનાવેલા પુરુષની આકૃતિવાળા પૂતળાને (ઢીંગલાને) દેવતામાં તપાવીને એ પૂતળું દેવતા જેવુ લાલચોળ થઈ જાય ત્યારે એને દૂધમાં છમકારીને (ડુબાડીને ટાઢું પાડીને) એ દૂધમાંથી ૧૬ તોલા દૂધ (સ્ત્રીએ) પીવુ.

गौरदण्डमपामार्गं जीवकर्षभसैर्यकान् ॥ ३९ ॥
पिबेत्पुष्ये जले पिष्टानेकद्वित्रिसमस्तशः ।

ધોળા દાંડાનો અઘેડો, જીવક, ઋષભક અને કાંટાઅશેળિયો એ ચારે ઔષધોને અલગ અલગ લસોટીને પુષ્ય નક્ષત્રમા એ દરેકને છુટું છુટું પીવુ, એ ચારમાંથી બે બે ભેગા કરીને જેટલાં મિશ્રણુ થાય તે મિશ્રણો જુદાંજુદાં પીવા, એ ચારમાંથી ત્રણ ત્રણ ભેગાં કરીને જેટલાં મિશ્રણો થાય તે મિશ્રણો જુદાંજુદાં પીવાં અને એ ચારેને ભેગાં કરીને બનેલુ એક મિશ્રણ પીવુ.

क्षीरेण श्वेतबृहतीमूलं नासापुटे स्वयम् ॥४०॥
पुत्रार्थं दक्षिणे सिञ्चेद्वामे दुहितृवाञ्छया ।

જેને ધોળાં ફૂલ આવે છે એવી ભોરીંગણીના મૂળને દૂધ સાથે લસોટીને કલ્ક (લૂગદી) બનાવવી. એ લૂગદીની પોટલી કરીને (ગર્ભિણી સ્ત્રીએ) પોતે જો પુત્ર મેળવવાની ઇચ્છા હોય તો જમણા નસકોરામાં નિચોવવી અને પુત્રી મેળવવાની ઇચ્છા હોય તો ડાબા નસકોરામાં નિચોવવી.

पयसा लक्ष्मणामूलं पुत्रोत्पादस्थितिप्रदम् ॥४१॥
नासयाऽऽस्येन वा पीतं वटशुङ्गाष्टकं तथा ।
ओषधीर्जीवनीयाश्च बाह्यान्तरुपयोजयेत् ॥४२॥

પુત્ર ઉત્પન્ન કરે એવું અને પુત્ર જીવતો ન હોય તો જિવાડે એવુ લક્ષ્મણાનું મૂળ કે વડના ઝાડની આઠ કૂપળો નાકમાથી કે મોંથી પીવી, અથવા જીવનીયગણનાં ઔષધોનો શરીરની ઉપર (નાહવામાં, ચોળવામાં વગેરે રીતે) તથા અંદર (ખાવાપીવા વગેરેમાં) ઉપયોગ કરવો.

ગર્ભ ઉદરમાં ટકી રહે તે માટે કરવાનો ઉપાય

उपचारः प्रियहितैर्भर्त्रा भृत्यैश्च गर्भधृक् ।
नवनीतघृतक्षीरैः सदा चैनामुपाचरेत् ॥ ४३ ॥

ગર્ભિણી સ્ત્રીના વરે અને નોકરો(કે સેવકો)એ ગર્ભિણીને ગમે એવા પણ પથ્ય હોય એવા આહારવિહાર કરાવીને ગર્ભ ઉદરમાં ટકી રહે એવો ઉપચાર કરવો; અને એને માફક આવે એ રીતે માખણ, ઘી અને દૂધ ખવડાવવારૂપી ઉપચાર કરવો.

૯ ગર્ભિણીએ શું શું ન કરવુ?

अतिव्यवायमायासं भारं प्रावरणं गुरु ।
अकालजागरस्वप्नं कठिनोत्कटकासनम् ॥ ४४ ॥
शोकक्रोधभयोद्वेगवेगश्रद्धाविधारणम् ।
उपवासाध्वतीक्ष्णोष्णगुरुविष्टम्भिभोजनम् ॥ ४५ ॥
रक्तं निवसनं श्वभ्रकूपेक्षां मद्यमामिषम् ।
उत्तानशयनं यच्च स्त्रियो नेच्छन्ति तत्त्यजेत् ॥४६
तथा रक्तस्रुतिं शुद्धिं वस्तिमामासतोऽष्टमात् ।
एभिर्गर्भः स्रवेदामः कुक्षौ शुष्येन्म्रियेत वा ॥४७॥

સગર્ભા સ્ત્રીએ બહુ મૈથુન કરવું નહિ, બહુ મહેનત કરવી નહિ, ભાર ઊંચકવો નહિ, ભારે (વજનદાર) પહેરવુઓઢવુ નહિ, ઊંઘવાને વખતે જાગવુ નહિ, જાગવાને વખતે ઊંઘવું નહિ, કઠણ જગા ઉપર કે કઠણ ઊકક ઉપર બેસવુ નહિ, અધૂકડા બેસવું નહિ, શોક કરવો નહિ, ક્રોધ કરવો નહિ, બીવુ નહિ, મનને ઉદ્વેગ કરવો નહિ, તેર વેગોને અને અભાવાને રોકવા

નહિ, ઉપવાસ કરવો નહિ, મુસાફરી કરવી નહિ; તીક્ષ્ણ, ગરમ, ભારે અને વિષ્ટંભી ભોજન ખાવુ-પીવુ નહિ; રાતુ વસ્ત્ર પહેરવુ નહિ, ખાડા કોતરોમા અને કૂવામા જોવુ નહિ, દારૂ પીવો નહિ, માસ ખાવુ નહિ, ચત્તા સૂવુ નહિ, જેને અનેક સુવાવડો આવી ગઈ હોય અથવા જે સુવાવડ કરવામા (સુવાવડીની આરવાર કરવામા) કુશળ હોય એવી સ્ત્રીઓ જે આહારવિહાર ન ઇચ્છતી હોય તે આહારવિહાર છોડી દેવા, અને આઠમો મહિનો બેસે ત્યારથી ફસ ખોલાવીને લોહી કઢાવવુ નહિ, વમન વિરેચનરૂપી શોધન કરવુ નહિ, બસ્તિ લેવી નહિ. ઉપર જે બધુ કરવાની મના કરી છે તે કરવાથી કાચો (અધૂરો) ગર્ભ નીકળી જાય, કૂખમા ગર્ભ સુકાઈ જાય કે મરી જાય.

ગર્ભિણીના આહારની ગર્ભ ઉપર અસર

वातलैश्च भवेद्गर्भः कुब्जान्धजडवामनः।
पित्तलैः खलतिः पिङ्ग, श्वित्री पाण्डुः कफात्मभिः ॥४८॥

જો ગર્ભિણી વાયડો આહાર કરે તો ગર્ભ ખૂધો, આધળો, જડ અને ઠીંગણો થાય; પિત્ત કરે એવો આહાર કરે તો ગર્ભ માથે તાલવાળો અને પીળચટ્ટો થાય અને કફ કરે એવો આહાર કરે તો ગર્ભ ધોળા કોઢવાળો અને ફિક્કા ધોળા રંગનો થાય.

ગર્ભિણી માંદી પડે તો કેવી દવા આપવી ?

व्याधींश्चास्या मृदुसुखैरतीक्ष्णैरौषधैर्जयेत्।

સગર્ભા સ્ત્રીના રોગો મુલાયમ (સુવાળા), સહેલાઇથી લઈ શકાય એવા અને ભાવે એવા તથા જલદ ન હોય એવા ઔષધ વડે મટાડવા.

બીજા મહિનાનો ગર્ભ

द्वितीये मासि कललाद्घनः पेश्यथवाऽर्बुदम् ॥४९॥
पुंस्त्रीक्लीबाः क्रमात्तेभ्यः

બીજે મહિને ગર્ભ કલલ (લીટના ગોળ લોચા જેવો) મટીને ઘટ્ટ (કઠણ), પીશી જેવો લાભો કે અર્બુદ જેવો ગોળ થાય છે. ઘટ્ટ ગર્ભમાથી છોકરો બને છે, પીશી જેવા ગર્ભમાથી છોકરી બને છે અને અર્બુદ જેવા ગર્ભમાથી નપુંસક બને છે.

વ્યક્ત ગર્ભનાં લક્ષણ

तत्र व्यक्तस्य लक्षणं।
क्षामता गरिमा कुक्षेर्मूर्च्छा च्छर्दिररोचकः ॥५०॥
जृम्भा प्रसेकः सदनं रोमराज्याः प्रकाशनम्।
अम्लेष्टता स्तनौ पीनौ सस्तन्यौ कृष्णचूचुकौ ॥
पादशोफो विदाहोऽन्ये श्रद्धाश्च विविधात्मिकाः।

તેમાં, ગર્ભ વ્યક્ત થાય (=ગર્ભનાં અંગપ્રત્યંગ સ્પષ્ટ બધાવા માડે) ત્યારે ગર્ભિણીમા નીચેનાં લક્ષણો થાય છે: શરીર ક્ષિતરે (પાતળુ થાય), કૂખ ભારે થાય, મૂર્ચ્છા આવે, ઊલટીઓ થાય, અરુચિ થાય, બગાસા આવે, મોમાથી લાળ પડે, અશક્તિ આવે, પેઢુ ઉપરની વાળની રેખાઓ સ્પષ્ટ તરી આવે, ખાટું ખાવાપીવાનુ મન થાય, સ્તન ભરાવદાર થાય, સ્તનમાં દૂધ આવે, સ્તનની ડીંટડીઓ કાળી થાય, પગે સોજા આવે. બીજા આચાર્યો કહે છે કે (ગર્ભ વ્યક્ત થાય ત્યારે) શરીરમા લાય બળે અને અનેક પ્રકારના ભાવાઅભાવા થાય.

ગર્ભિણીના અભાવાની અવગણના શા માટે ન કરવી જોઈએ ?

मातृजं ह्यस्य हृदयं मातुश्च हृदयेन तत् ॥५२॥
सम्बद्धं तेन गर्भिण्या नेष्टं श्रद्धाविमाननम्।

એનુ (ગર્ભનું) હૃદય (ચેતનાનુ સ્થાન) એની મામાથી પેદા થાય છે અને એ (ગર્ભનુ હૃદય) માના હૃદય સાથે જોડાયેલું હોય છે. (તેથી ગર્ભિણીના હૃદયને સંતાપ થાય તો ગર્ભના હૃદયને પણ સંતાપ થાય છે. આમ હૃદય પરવશ હોવાથી પોતાના સ્વભાવ અનુસાર ઇચ્છા ઉપરાંત જાતજાતની ઇચ્છા થાય છે.) માટે ગર્ભિણીના અભાવાની અવગણા કરવી એ ઇચ્છવા જેવુ નથી.

देयमप्यहितं तस्यै हितोपहितमल्पकम् ॥ ५३ ॥

(ગર્ભિણીને પથ્ય આહારવિહારની ઇચ્છા થાય તો એ તો અપાય જ પણ) એને અપથ્ય આહારવિહારની ઇચ્છા થાય તોપણ પથ્ય આહારવિહાર સાથે ભેળવીને બહુ જ થોડો

અપથ્ય આહારવિહાર પણ કરવા દેવો.

श्रद्धाविघाताद्गर्भस्य विकृतिश्च्युतिरेव वा ।

ગર્ભિણીના અભાવાની અવગણના કરવાથી (ગર્ભિણીને ચિંતા થાય છે તેથી વાયુ કોપે છે અને વાયુના કોપથી) ગર્ભ (જો લાંબા વખતથી રહ્યો હોય તો) બેડોળ થઈ જાય છે અથવા (થોડા વખતનો જ હોય તો) નાશ પામે છે. (જો અભાવા પૂરા પાડવામા આવે તો ગર્ભિણીને શક્તિશાળી અને દીર્ઘાયુષી બાળક અવતરે છે.)

ત્રીજા મહિનામાં શું શું વ્યક્ત થાય?

व्यक्तीभवति मासेऽस्य तृतीये गात्रपञ्चकम् ॥
मूर्धा द्वे सक्थिनी बाहू सर्वसूक्ष्माङ्गजन्म च ।
सममेव हि मूर्धाद्यैर्ज्ञानं च सुखदुःखयोः ॥५५

ત્રીજે મહિને એના (ગર્ભના) પાંચ અવયવો–માથુ, બે પગ અને બે હાથ–વ્યક્ત થાય છે, ચેતનાના સ્થાનરૂપ બધા સૂક્ષ્મ અંગો ઉત્પન્ન થાય છે તથા માથુ વગેરે પાંચ અવયવોની સાથે સાથે જ (ગર્ભને) સુખદુઃખનુ જ્ઞાન થાય છે.

ગર્ભને પોષણ શી રીતે મળે છે?

गर्भस्य नाभौ मातुश्च हृदि नाडी निबध्यते ।
यया स पुष्टिमाप्नोति केदार इव कुल्यया ॥५६॥

ગર્ભની ડૂંટી અને ગર્ભિણીનુ હૃદય એ બન્ને એક નાડીથી જોડાયેલા હોય છે અને જેમ નહેર વાટે ખેતરને (ખેતરમા વાવેલા પાકને) પોષણ મળે છે, તેમ એ નાડી દ્વારા એ ગર્ભને પોષણ મળે છે.

(ગર્ભિણીએ ખાધેલો આહાર એના જઠરાગ્નિથી પચતો હોય છે, ત્યારે એ આહારનો પ્રસાદ નામે ઓળખાતો નિર્મળ રસ બને છે. હવે ગર્ભની ડૂંટી સાથે જોડાયેલી નાડી સાથે બીજી નાડી જોડાયેલી હોય છે. એ બીજી નાડી સાથે માનુ હૃદય જોડાયેલુ હોય છે. માના હૃદયમાંથી આહારના રસનો સારભાગ ધમનીઓ વાટે વહેતોવહેતો બીજી નાડીમા જાય છે. ત્યાથી ક્રમેક્રમે ગર્ભની ડૂંટીમા જાય છે અને પછી એ આહારરસનો સારભાગ ગર્ભના પક્વાશયમા કાયાગ્નિ વડે પચતોપચતો, એમા અતિશય પ્રસાદરસ હોવાને લીધે, ધાતુઓ વગેરેને પોષણ આપે છે. વળી રૂંવાડાના છિદ્રો દ્વારા ગર્ભમા ફક્ત ઉપસ્નેહ જ પેસે છે, આમ ખુદ અન્નપાન પોતે ગર્ભમા ન જતા હોવાથી અને જે રસ ગર્ભમા જાય છે તે મળવિનાનો હોવાથી ગર્ભમા સ્થૂલ પેશાબ અને ઝાડો બનતા નથી.)

ચોથા અને પાંચમા મહિનામાં ગર્ભનો વિકાસ

चतुर्थे व्यक्तताऽङ्गानां, चेतनायाश्च पञ्चमे ।

જે અંગો અત્યારસુધી સૂક્ષ્મ હોવાથી અવ્યક્ત હોય છે તે બધા અંગો ચોથા મહિનામા વ્યક્ત થાય છે અને પાંચમા મહિનામા (મન જેનુ બીજુ નામ છે એવી) ચેતના વ્યક્ત થાય છે.

છઠ્ઠા મહિનામાં ગર્ભનો વિકાસ

षष्ठे स्नायुसिरारोमबलवर्णनखत्वचाम् ॥ ५७ ॥

છઠ્ઠે મહિને સ્નાયુઓ, શિરાઓ, રૂંવાડાં, બળ, રંગ, નખ અને ચામડી વ્યક્ત થાય છે (જુદા તરી આવે છે).

સાતમે મહિને

सर्वैः सर्वाङ्गसम्पूर्णो भावैः पुष्यति सप्तमे ।

સાતમા મહિનામા ગર્ભના બધા અવયવો વ્યક્ત થઈને એ સંપૂર્ણ બને છે અને સ્ત્રીના બધા ભાવાઅભાવાથી (ભાવાઅભાવા પૂરા પાડવાથી) એ ગર્ભ પોષાય છે.

સાતમે મહિને ઉપદ્રવો: એનું કારણ

गर्भेणोत्पीडिता दोषास्तस्मिन् हृदयमाश्रिताः ।
कण्डूं विदाहं कुर्वन्ति गर्भिण्याः किक्किसानि च ॥

તે વખતે (સાતમા મહિનામા) ગર્ભને લીધે ઉખળીને (ઊંચે ધકેલાઈને) ગર્ભિણીના દોષો ગર્ભિણીના હૃદયમા જઈને ગર્ભિણીને ખણુજ, વિદાહ (હાથ, પગ અને ખભાના મૂળમા અનેક પ્રકારનો સંતાપ) અને કિક્કિસ (સાથળ, સ્તન અને પેઢુ ઉપર લિસોટા જેવી કરચલીઓ) કરે છે.

ઉપદ્રવોના ઉપાય

नवनीतं हितं तत्र कोलाम्बुमधुरौषधैः ।
सिद्धमल्पपटुस्नेहं लघु स्वादु च भोजनम् ॥५९
चन्दनोशीरकल्केन लिम्पेदूरुस्तनोदरम् ।
श्लेष्मणा चैणहरिणशशशोणितयुक्तया ॥ ६० ॥
अश्वघ्नपत्रसिद्धेन तैलेनाभ्यज्य मर्दयेत् ।
पटोलनिम्बमञ्जिष्ठासुरसैः सेचयेत्पुनः ॥ ६१ ॥
दार्वीमधुकतोयेन मृजां च परिशीलयेत् ।

એ ઉપદ્રવોમાં (એ ઉપદ્રવો મટાડવાને) બોરનું પાણી અને કાળી દ્રાક્ષ વગેરે ગળ્યાં ઔષધથી સિદ્ધ કરેલું માખણ; થોડા મીઠાવાળું, થોડા સ્નેહવાળું, હલકું અને ગળ્યું અન્નપાન હિતકર છે. સાથળ, સ્તન અને ઉદર ઉપર સુખડ અને વીરણવાળાનો કલ્ક અથવા કાળિ-ચાર, હરણ કે સસલાના લોહીમાં ભેળવીને ત્રિફળા ચોપડવી; ધોળી કણેરનાં પાંદડાંથી સિદ્ધ કરેલું તેલ સાથળ, સ્તન અને ઉદર પર ચોપડીને ત્યાં ચંપી કરવી; વળી ત્યાં પટોળ, લીમડો, મજીઠ અને તુળસીના ક્વાથની કે હિમની ઠંડી ધાર કરવી; અને દારુહળદર અને જેઠી-મધના પાણીથી રોજ નાહવું; હાથ, પગ, મોં ધોવાં વગેરે શરીરની બાહ્ય શુદ્ધિ કરવી.

આઠમે મહિને

ओजोऽष्टमे सञ्चरति मातापुत्रौ मुहुः क्रमात् ॥६२
तेन तौ म्लानमुदितौ तत्र जातो न जीवति ।
शिशुरोजोनवस्थानान्नारी संशयिता भवेत् ॥६३

આઠમે મહિને (બધી ધાતુઓના તેજરૂપ) ઓજસ માતામાં અને પુત્રમાં (ગર્ભમાં) વારંવાર વારાફરતી આવ-જા કરે છે, તેથી તે બંને વારાફરતી કરમાય છે અને પ્રફુલ્લ થાય છે. (જ્યારે ઓજસ માતામાં આવે છે ત્યારે મા પ્રફુલ્લ થાય છે અને બાળક કરમાય છે, અને જ્યારે ઓજસ બાળકમાં જાય છે ત્યારે બાળક (ગર્ભ) પ્રફુલ્લ થાય છે અને માતા કરમાય છે.) જો બાળક આઠમા મહિનામાં અવતરે તો એ વખતે (આઠમા મહિનામાં) ઓજસ બાળક(ગર્ભ)માં સ્થિર થઈને રહેતું ન હોવાથી બાળક જીવતું નથી. પણ સ્ત્રી જીવશે કે નહિ તે વિશે શંકા રહે છે (કદાચ મરી જાય, કદાચ જીવે પણ ખરી), કારણ કે એનું કેટલુંક ઓજસ લાંબા વખતથી સ્થિર થઈને રહેલું હોય છે અને કેટલુંક ઓજસ મા અને બાળક વચ્ચે ફરતું રહે છે.

क्षीरपेया च पेयाऽत्र सघृताऽन्वासनं घृतम् ।
मधुरैः साधितं शुद्ध्यै पुराणशकृतस्तथा ॥ ६४॥
शुष्कमूलककोलाम्लकषायेण प्रशस्यते ।
शताह्वाकल्कितो बस्तिः सतैलघृतसैन्धवः ॥ ६५

એમાં (આઠમા મહિનામાં) ઘી નાખેલી ક્ષીરપેયા પીવી, જેઠીમધ વગેરે ગળ્યાં ઔષધથી સિદ્ધ કરેલા ઘીની અનુવાસનબસ્તિ આપવી, જૂના ઝાડાનું શોધન કરવા માટે સૂકો મૂળો (મૂળાની સૂકવણી), ચણકબાબ અને ખટાશના ક્વાથથી અને સુવાના કલ્કવાળી, તેલ, ઘી અને સિંધવવાળી નિરૂહબસ્તિ આપવી. (ક્ષીરપેયા=દૂધ અને ભાત ચોળીને પીવા જેવું કરવું.)

પ્રસવનો સમય

तस्मिंस्त्वेकाहयातेऽपि कालः सूतेरतः परम् ।

આઠ મહિના પૂરા થયા પછી એક પણ દિવસ જાય ત્યાર પછી (બાર મહિના સુધી) બાળકને જન્મવાનો યોગ્ય સમય છે.

વરસ પછી શું થાય?

वर्षाद्विकारकारी स्यात्कुक्षौ वातेन धारितः ॥६६

જો બાર મહિના પૂરા થયા છતાં વાયુ ગર્ભને કૂખમાં પકડી રાખે (અવતરવા ન દે) તો તે ગર્ભ રોગ કરે છે.

નવમે મહિને શું કરવું?

शस्तश्च नवमे मासि स्निग्धो मांसरसौदनः ।
बहुस्नेहा यवागूर्वा पूर्वोक्तं चानुवासनम् ॥६७॥

નવમે મહિને માંસરસમાં રાંધેલો સ્નિગ્ધ ભાત કે બહુ સ્નેહવાળી યવાગૂ અને શ્લોક ૬૩રૂ, ૬૪માં આગળ કહેવાયેલી મધુર દ્રવ્યોથી સિદ્ધ કરેલા ઘીની અનુવાસનબસ્તિ હિતકર છે.

तत एव पिचुं चास्या योनौ नित्यं निधापयेत् ।
वातघ्नपत्रभङ्गाम्भः शीतं स्नानेऽन्वहं हितम् ॥६८

(યોનિમાં વાયુનો પ્રકોપ ન થાય તો યોનિમાંથી ગર્ભ સરળતાથી અવતરી શકે છે તેથી વાયુનો પ્રકોપ મટાડવા માટે) એમાં જ (=ગળ્યાં દ્રવ્યોથી સિદ્ધ કરેલા ઘીમાં જ) પોતું (કે પૂમડું) બોળીને એ પોતું ગર્ભિણીની યોનિમાં રોજ મૂકવું અને વાયુ મટાડે એવાં પાદડાંના ઠકડાથી કરેલા ક્વાથને ઠંડો પાડીને એ પાણી એને રોજ નાહવા માટે આપવું એ હિતકર છે.

निःस्नेहाङ्गीं न नवमान्मासात्प्रभृति वासयेत् ।

નવમો મહિનો બેસે ત્યારથી (પ્રસવ થાય ત્યાં સુધી) ગર્ભિણીને સ્નેહ વિનાનાં અંગોવાળી રાખવી નહિ (એટલે એનું રોજ સ્નેહન કરવું).

શું અવતરશે તે જાણવાનાં લક્ષણો

प्राग्दक्षिणस्तनस्तन्या पूर्वं तत्पार्श्वचेष्टिनी ॥ ६९
पुन्नामदौर्हृदप्रश्नरता पुंस्वप्नदर्शिनी ।
उन्नते दक्षिणे कुक्षौ गर्भे च परिमण्डले ॥ ७० ॥
पुत्रं सूतेऽन्यथा कन्यां या चेच्छति नृसङ्गतिम् ।
नृत्यवादित्रगान्धर्वगन्धमाल्यप्रिया च या ॥७१॥

જે ગર્ભિણીના જમણા સ્તનમાં પહેલું ધાવણ થાય, કામ કરતી વખતે જે એ પહેલું જમણું અંગ ઉપાડીને કામ કરે, નરજાતિનાં નામવાળી વસ્તુઓ માટે એને ઇચ્છા (ભાવ) થાય, નરજાતિનાં નામવાળી વસ્તુઓ અને વ્યક્તિઓ વિષે સવાલો પૂછે, નરજાતિની વસ્તુઓ અને વ્યક્તિઓનાં સ્વપ્ન આવે, જમણી કૂખ ડાબી કૂખ કરતાં વધારે ઊંચી ઊપડી આવે, ગર્ભનો આકાર (દડા જેવો) ચારે બાજુથી ગોળમટોળ હોય તો ગર્ભિણીને પુત્ર અવતરે છે, પણ જે ગર્ભિણીને ઊંધાં લક્ષણો થાય (પહેલું ડાબા સ્તનમાં ધાવણ થાય, કામ કરતી વખતે પહેલું ડાબું અંગ ઉઠાવીને કામ કરે, નારીજાતિની વસ્તુઓ અને વ્યક્તિઓ માટે ભાવ થાય, સવાલો પૂછે અને સ્વપ્ન આવે, ડાબી કૂખ ઊંચી આવે ગર્ભનો આકાર ગોળમટોળ ન હોય), ગર્ભિણી પુરુષનો સંગ ઇચ્છતી હોય, ગર્ભિણીને નાચ, વાજિંત્ર, ગાયન, સુગંધ, ફૂલના હારગજરા ગમતા હોય તો તે ગર્ભિણીને છોકરી અવતરે છે.

क्लीबं तत्सङ्करे, तत्र मध्यं कुक्षेः समुन्नतम् ।

છોકરો અવતરવાનાં અને છોકરી અવતરવાનાં લક્ષણો ભેગાં હોય તો નપુંસક બાળક જન્મે છે. ગર્ભ નપુંસક હોય ત્યારે કૂખનો વચલો ભાગ (ડાબોયે નહિ અને જમણોયે નહિ) ઊપસેલો હોય છે.

यमौ पार्श्वद्वयोन्नामाकुक्षौ द्रोण्यामिव स्थिते ॥

બે છેડે ઊપસેલા (પહોળા) અને વચ્ચેથી સાંકડા લાકડાના પીપ જેવા આકારની કૂખમા બે પડખાં ઊપસેલાં હોય તો ગર્ભિણીને બે બાળક અવતરે છે.

સુવાવડના ઓરડામાં ક્યારે જવું?

प्राक् चैव नवमान्मासात् सा सूतिगृहमाश्रयेत् ।
देशे प्रशस्ते सम्भारैः सम्पन्नं साधकेऽहनि ॥७२

નવમા મહિના પહેલાં ગર્ભિણીએ (પૂર્વ દિશા તરફ ઢાળવાળા કે ઉત્તર દિશા તરફ ઢાળવાળા) શુભ સ્થાનમાં બનાવેલા, સુવાવડને અંગે જે સાધનસામગ્રીની જરૂર પડવાનો સંભવ હોય, તે બધી સાધનસામગ્રીવાળા સુવાવડના ઓરડામાં કામ સિદ્ધ થાય એવા શુભ અને પુત્રજન્મને અનુકૂળ નક્ષત્ર હોય એવા દિવસે રહેવા જવું.

तत्रोदीक्षेत सा सूतिं सूतिकापरिवारिता ।

ત્યા (સુવાવડના ઓરડામાં) સૂતિકાઓ (જેને ઘણી સુવાવડો આવી ગઈ હોય અને જે પ્રસવ વખતે શું કરવું તે બાબતના વ્યવહારમા કુશળ હોય એવી સ્ત્રીઓ) જેની સેવા માટે હાજર હોય એવી ગર્ભિણીએ પ્રસવ થવાની આશા કરતાં રહેવું.

પ્રસવ થવાની તૈયારી હોય તેનાં લક્ષણ

अद्यश्वःप्रसवे ग्लानिः कुक्ष्यक्षिश्लथताक्लमः ॥७४
अधोगुरुत्वमरुचिः प्रसेको बहुमूत्रता ।
वेदनोरूदरकटीपृष्ठहृद्बस्तिवङ्क्षणे ॥ ७५ ॥
योनिभेदरुजातोदस्फुरणस्रवणानि च ।

આજકાલમાં પ્રસવ થવાનો હોય તો ગર્ભિણીને ગ્લાનિ થાય છે (હર્ષ જતો રહે છે), કૂખ અને આંખો શિથિલ (ઢીલાં) થઈ જાય

છે (પોતાના સ્થાનમાંથી જાણે ખસી ગયા હોય એવાં લાગે છે), કંટાળો આવે છે, નીચેનો ભાગ ભારેભારે લાગે છે, અણગમો આવે છે, મોંમાંથી થૂંક અને લાળ નીકળે છે, બહુ પેશાબ થાય છે, સાથળ, ઉદર, કૂલા (કેડ), પીઠ, હૃદય, મૂત્રાશય અને સાથળનાં વળાં એટલી જગ્યાએ પીડા થાય છે, યોનિ જાણે ફાટતી હોય, સણકા મારતા હોય, જાણે અંકુશ (કે સોય) ખોસાતો હોય એવી પીડા યોનિમાં થાય છે, યોનિ ફરકે છે અને યોનિમાંથી સ્રાવ થાય છે (યોનિમાંથી પ્રવાહી બહાર નીકળે છે).

आवीनामनु जन्मातस्ततो गर्भोदकस्रुतिः ॥७६॥

તે પછી (ઉપર ગણાવેલી યોનિની પીડાઓ વગેરે પછી) ગર્ભ બહાર નીકળતી વખતે જે ખાસ શૂળ આવે છે તે શૂળ (વેણ) આવવા માંડે છે અને પછી ગર્ભનું પાણી નીકળે છે.

પ્રસવકાળ પાસે આવે ત્યારે શું કરવું?

अथोपस्थितगर्भां तां कृतकौतुकमङ्गलाम् ।
हस्तस्थपुन्नामफलां स्वभ्यक्तोष्णाम्बुसेचिताम् ॥
पाययेत्सघृतां पेयां

પછી (=ગર્ભનું પાણી નીકળવા માંડે ત્યાર પછી) જેનો પ્રસવકાળ પાસે આવી પહોંચ્યો હોય એવી ગર્ભિણીને હાથ વગેરે જગાએ રાખડી બાધવાનું મંગલ કર્મ કરવું, નરજાતિના નામવાળું ફળ એના હાથમાં આપવું, એને શરીરે સારી રીતે તેલ લગાડવું, એના (=ગર્ભિણીના) ઉપર સહેવાય એવું ગરમ પાણી રેડવું અને પછી ઘી નાખીને પેયા પાવી.

तनौ भूशयने स्थिताम् ।
आभुग्नसक्थिमुत्तानामभ्यक्ताङ्गीं पुनः पुनः ॥७८
अधो नाभेर्विमृद्नीयात्कारयेज्जृम्भचङ्क्रमम् ।

પછી એને જમીન પર પોચી પથારીમાં સુવાડવી, પગ વળાવાને અને પહોળા રખાવીને ચત્તી સુવાડવી, એના શરીરે વારંવાર તેલ લગાડવુ, એની ડૂંટીથી નીચેના ભાગમાં ચોળવુ (ઉંચેથી નીચે હાથ ફેરવવો) તથા એને બગાસાં ખવડાવવાં અને ઉતાવળે ચલાવવી.

गर्भः प्रयात्यवागेवं, तल्लिङ्गं हृद्विमोक्षतः ॥७९॥
आविश्य जठरं गर्भो बस्तेरुपरि तिष्ठति ।

આમ કરવાથી ગર્ભ નીચો ઊતરે છે (માના હૃદયસ્થાનને છોડીને નીચો ઊતરે છે). માના હૃદયથી છૂટો પડ્યા પછી ગર્ભ જઠરમાં દાખલ થઈને મૂત્રાશય ઉપર (પાસે) આવે છે એ (હૃદયથી ગર્ભ છૂટો પડ્યો હોવાનુ) લક્ષણ છે.

आव्योऽभित्वरयन्त्येनां खट्वामारोपयेत्ततः ॥

વેણ (પ્રસવની વેદનાનાં શૂળ) ઉતાવળે આવતાં જાય એટલે એને (ગર્ભિણીને) ખાટલામાં બેસાડવી.

अथ सम्पीडिते गर्भे योनिमस्याः प्रसारयेत् ।

પછી જ્યારે ગર્ભ બધી તરફથી વાયુના દબાણમાં આવે (વાયુથી ધકેલાય) ત્યારે (તેલ વગેરે ચોપડીને) યોનિને પહોળી કરવી (હાથથી નહિ).

मृदु पूर्वं प्रवाहेत बाढमाप्रसवाच्च सा ॥८१॥

(પછી) ગર્ભ યોનિના મોં પાસે આવતાં સુધી ગર્ભિણીએ ગર્ભને યોનિના મોં આગળ આણવા માટે હળવુહળવુ જોર કરવું અને જ્યારે ગર્ભ યોનિના મોં આગળ આવ્યો છે એમ જણાય ત્યારે પ્રસવ થતા સુધી પુષ્કળ જોર કરવું.

हर्षयेत्तां मुहुः पुत्रजन्मशब्दजलानिलैः ।

'તને પુત્ર આવશે' વગેરે વચનોથી, ઠંડા પાણીથી અને પવન નાખીને એને (ગર્ભિણીને) વારંવાર ઉત્સાહમાં (આનંદમા) આણવી.

प्रत्यायान्ति तथा प्राणाः
सूतिक्लेशावसादिताः ॥८२॥

પ્રસવની વેદનાથી કરમાઈ ગયેલા એના પ્રાણ એમ કરવાથી (એને આનંદમાં આણવાથી) પાછા આવે છે (તાજા થઈ જાય છે).

ગર્ભ ન નીકળે કે ઓર ન પડે તો શું કરવું?

धूपयेद्गर्भसङ्गे तु योनिं कृष्णाहिकञ्चुकैः ।
हिरण्यपुष्पीमूलं च पाणिपादेन धारयेत् ॥८३॥
सुवर्चलां विशल्यां वा जराय्वपतनेऽपि च ।
कार्यमेतत्तथोत्क्षिप्य बाह्वोरेनां विकम्पयेत् ॥८४॥
कटीमाकोटयेत्पाष्ण्या स्फिजौ गाढं निपीडयेत् ।
तालुकण्ठं स्पृशेद्वेण्या मूर्ध्नि दद्यात्स्नुहीपयः ॥८५
भूर्जलाङ्गलिकीतुम्बीसर्पत्वक्कुष्ठसर्षपैः ॥

पृथग्द्वाभ्यां समस्तैर्वा योनिलेपनधूपनम् ।८६॥
कुष्ठतालीसकल्कं वा सुरामण्डेन पाययेत् ।
यूषेण वा कुलत्थानां बाल्वजेनासवेन वा ॥८७॥

ગર્ભ પોતે નીકળવાની પ્રવૃત્તિ ન કરે તો કાળા સાપની કાંચળીનો ધૂપ યોનિને આપવો અને હિરણ્યપુષ્પીનું મૂળ, અળશી કે વછનાગ ગર્ભિણીને હાથે અને પગે બાંધવો. ઑર ન પડતી હોય ત્યારે પણ ઉપર કહ્યું તે કરવું; એટલું જ નહિ, પણ એના બે હાથનાં ખાવડાંમાંથી (બગલમાંથી) પકડીને એને (ગર્ભિણીને) ખંખેરવી (હલાવવી), કેડ પર એડીએ મારવી, બન્ને કૂલાને (ભેગા કરીને) પુષ્કળ દબાવવા, માથાના વાળની લટ તાળવા પર અને ગળા પર અડકાડવી, માથામાં થોરનું દૂધ નાખવું; ભોજપત્ર, જળપીપર (રતવેલિયો), તૂમડી (દૂધીની તૂમડી), સાપની કાંચળી, ઉપલેટ અને સરસવ એ છમાંથી દરેકના છૂટા છૂટા દ્રવ્યથી કે એ છમાંથી ગમે તે બે દ્રવ્યથી કે એ છયે ભેગાં દ્રવ્યોથી યોનિ પર લેપ કરવો અને યોનિને એ દ્રવ્યોની ધૂણી આપવી અથવા ઉપલેટ અને તાલીસપત્રનો કલ્ક સુરાના નીતર્યા પાણી સાથે કે કળથીના યૂષ સાથે કે બલ્વજ તૃણના આસવ સાથે પાવો.

ઑર ન પડે તો બીજું શું કરવું?

शताह्वासर्षपाजाजीशिग्रुतीक्ष्णकचित्रकैः ।
सहिङ्गुकुष्ठमदनैर्मूत्रे क्षीरे च सार्षपम् ॥ ८८ ॥
तैलं सिद्धं हितं पायौ योन्यां
वाऽप्यनुवासनम् ।
शतपुष्पावचाकुष्ठकणासर्षपकल्कितः ॥ ८९ ॥
निरूहः पातयत्याशु सस्नेहलवणोऽपराम् ।
तत्सङ्गे ह्यनिलो हेतुः सा निर्या-
त्याशु तज्जयात् ॥ ९० ॥

સુવા, સરસવ, અજમો, સરગવો, મરી, ચિત્રો, હિંગ, ઉપલેટ અને મીંઢળ વડે ગાયના મૂતરમાં અને દૂધમાં (એ બન્નેમાં) સિદ્ધ કરેલું સરસિયું ગુદામાં અને યોનિમાં અનુવાસનબસ્તિરૂપે આપવું એ હિતકર છે. સુવા, વજ, ઉપલેટ, લીંડીપીપર, સરસવ એટલાં ઔષધોના કલ્કમાં સ્નેહ અને સિંધવ નાખીને એની નિરૂહબસ્તિ આપવાથી ઑર તરત પડે છે. ઑર વળગી રહેવાનું (ન પડવાનું) કારણ વાયુ છે. વાયુને મટાડવાથી તે (ઑર) ઝટ બહાર નીકળે છે.

कुशला पाणिनाऽक्तेन हरेत्कृत्तनखेन वा ।

અથવા ઑર કાઢવાના કામમાં કુશળ સ્ત્રીએ પોતાના હાથના નખ કાપીને, હાથે તેલ ચોપડીને હાથ વડે (નાળને રસ્તેરસ્તે) ઑર કાઢવી.

ગર્ભ અને ઑર નીકળી રહ્યા પછી શું કરવું?

मुक्तगर्भापरां योनिं तैलेनाङ्गं च मर्दयेत् ॥९१॥

યોનિમાંથી ગર્ભ અને ઑર નીકળી રહે એટલે યોનિ પર અને આખા શરીર પર સુવાવડીને તેલ ચોળવું.

મક્કલ્લ રોગમાં શું કરવું?

मक्कल्लाख्ये शिरोबस्तिकोष्ठशूले तु पाययेत् ।
सुचूर्णितं यवक्षारं घृतेनोष्णजलेन वा ॥ ९२ ॥
धान्याम्बु वा गुडव्योषत्रिजातकरजोन्वितम् ।

જો ગર્ભ નીકળ્યા પછી માથામાં, મૂત્રાશયમાં અને કોઠામાં શૂળ આવવારૂપી મક્કલ્લ રોગ થાય તો ઘી સાથે કે ગરમ પાણી સાથે બરાબર લસોટીને ઝીણો કરેલો જવખાર પાવો અથવા જૂનો ગોળ, સૂંઠ, પીપર, મરી, તજ, તમાલપત્ર, એલચી એટલાં દ્રવ્યોનો બારીક ભૂકો નાખીને ધાણાનો ક્વાથ પાવો.

બાળક અવતરે કે તરત બાળકને શું કરવું?

अथ बालोपचारेण बालं योषिदुपाचरेत् ॥ ९३ ॥

હવે ગર્ભ જન્મે (બાળક અવતરે) કે તરત જ સુવાવડમાં શું કરવું તે જાણનાર સ્ત્રીએ બાળકના ઉપચાર (ઉ. અ. ૧ માં કહેલા ઉપચાર) કરવા.

સુવાવડીનો વિધિ

सूतिका क्षुद्वती तैलाद्घृताद्वा महतीं पिबेत् ।
पञ्चकोलकिनीं मात्रामनु चोष्णं गुडोदकम् ॥९४
वातघ्नौषधतोयं वा तथा वायुर्न कुप्यति ।

विशुध्यति च दुष्टास्रं द्वित्रिरात्रमयं क्रमः ॥९५॥

સુવાવડીને જો ભૂખ લાગે તો એણે પંચ-કોલનું ખારીક ચૂર્ણ નાખીને ઘીની મોટી માત્રા પીવી અને એના ઉપર ઊનુંઊનું જૂના ગોળનું પાણી પીવુ અથવા (ઘી પીધા પછી) વાયુને મટાડે એવાં ઔષધોનો કવાથ પીવો. એમ કરવાથી વાયુ કોપતો નથી અને ખરાબ લોહી નીકળી જાય છે. આ ક્રમ (કોર્સ) ત્રણ રાત (વાસા) સુધી પાળવો.

(૨૪ કલાકે પચી રહે એટલી સ્નેહની માત્રાને મોટી માત્રા કહે છે.)

स्नेहायोग्या तु निःस्नेहममुमेव विधिं भजेत्।
पीनवत्याश्च जठरं यमकाक्तं विवेष्टयेत् ॥ ९६ ॥

પણ જે સુવાવડીનું સ્નેહન કરવા જેવું ન હોય તેણે ઉપર (શ્લોક ૯૩૩ થી ૯૫માં) કહેલો વિધિ કરવો પણ સ્નેહ (ઘી કે તેલ) ન પીવો (બીજું બધું પીવું).

સ્નેહન કરવા યોગ્ય કે સ્નેહન કરવાને અયોગ્ય સુવાવડી જ્યારે પોતપોતાને યોગ્ય વસ્તુઓ પી રહે, ત્યારે એને જઠર (પેડું) ઉપર ઘી અને તેલ ચોપડીને પેડુ ઉપર વસ્ત્ર વીંટી દેવું (બહુ કઠણ કે બહુ ઢીલું ન રહે એવી રીતે વીંટવું કે જેથી એમાં પવન ન ભરાઈ જાય તેમ કાણું પણ ન પડી જાય).

जीर्णे स्नाता पिबेत्पेयां पूर्वोक्तौषधसाधिताम् ।
त्र्यहादूर्ध्वं विदार्यादिवर्गक्वाथेन साधिता ॥९७॥
हिता यवागूः स्नेहाढ्या सात्म्यतः पयसाऽथवा ।
सप्तरात्रात्परं चास्यै क्रमशो बृंहणं हितम् ॥९८॥

શ્લોક ૯૩૩ થી ૯૬ પ્રમાણે જે પીધું હોય તે પચી રહે ત્યારે નાહીને પહેલાં કહેલાં ઔષધથી (=પંચકોલથી) સિદ્ધ કરેલી પેયા પીવી. ત્રણ વાસા પછી (ચોથા વાસાથી) વિદાર્યાદિ ગણનાં ઔષધોના કવાથથી બનાવેલી સ્નેહ નાખેલી યવાગૂ અથવા દૂધથી બનાવેલી યવાગૂ એ બેમાંથી જે માફક આવે તે યવાગૂ પીવી સારી છે. સાત રાત (વાસા) પછી (આઠમા વાસાથી) એનું ક્રમેક્રમે (ધીમેધીમે) બૃંહણ કરવુ હિતકર છે. (જીવનીયગણનાં ઔષધ, બૃંહણ ઔષધ, મધુર વર્ગનાં ઔષધ-થી તૈયાર કરેલા અભ્યંગ, ઉદ્વર્તન, શેક, અવગાહ અને હૃદયને હિતકર અન્નપાનથી બૃંહણ કરવું).

द्वादशाहेऽनतिक्रान्ते पिशितं नोपयोजयेत् ।

બાર દિવસ (વાસા) પૂરા ન થાય ત્યાં સુધી માંસ ખવડાવવું નહિ.

સુવાવડીના શાસ્ત્રોક્ત ઉપચાર કરવા

यत्नेनोपचरेत्सूतां दुःसाध्यो हि तदामयः ।९९॥
गर्भवृद्धिप्रसवरुक्क्लेदास्रस्रुतिपीडनैः ।

સુવાવડીને થતો રોગ (સુવારોગ) ગર્ભ (ઉદરમાં) વધવાથી; ગર્ભ નીકળવાથી, સુવા-વડીને ગર્ભ કાઢતાં પીડા થયેલી હોવાથી, પાણી અને લોહી વહી ગયેલું હોવાથી અને સુવાવડીને દબાવેલી હોવાથી (એ બધાં કારણોસર) મટાડવો મુશ્કેલ હોય છે. માટે (સુવારોગ થવા ન પામે તે માટે) સુવાવડીની શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પ્રયત્નપૂર્વક સુવાવડ કરવી (ઉપચાર કરવા).

एवं च मासादध्यर्धान्मुक्ताहारादियन्त्रणा ॥१००
गतसूताभिधाना स्यात्पुनरार्तवदर्शनात् ॥१००३

અને આ રીતે દોઢ મહિના પછી આહાર-વિહાર વગેરેના અંકુશ(પરેજ)માંથી છૂટી થયા પછી ફરીથી માસિક અટકાવ આવે એટલે સ્ત્રી 'સુવાવડી' કહેવાતી બંધ થાય છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने द्वितीये शारीरस्थाने
गर्भावक्रान्तिर्नाम प्रथमोऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨ જો

अथातो गर्भव्यापदं शारीरं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ગર્ભની સંપ્રાપ્તિરૂપી શરીરનું વિજ્ઞાન જેમાં કહેલું છે એવા અધ્યાય પછી હવે અમે ગર્ભના રોગ (વ્યાપદ્) સંબંધી અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

(આ અધ્યાયમા ગર્ભના રોગ ઉપરાંત ગર્ભના રોગની ચિકિત્સા પણ કહી

આ અધ્યાયમાં મોટે ભાગે ગર્ભના રોગ વિષે કહેલું હોવાથી અધ્યાયનું નામ ગર્ભવ્યાપદ શારીર રાખ્યુ છે.)

ગર્ભિણીને આર્તવ દેખાય કે શૂળ આવે તો શું કરવું ?

गर्भिण्याः परिहार्याणां सेवया रोगतोऽथ वा ।
पुष्पे दृष्टेऽथवा शूले बाह्यान्तः स्निग्धशीतलम् ॥
सेव्याम्भोजहिमक्षीरिवल्ककल्काज्यलेपितान् ।
धारयेद्योनिबस्तिभ्यामार्द्रार्द्रान् पिचुनक्तकान् ॥

શા. ૧/૪૪કૈથી ૪૬કૈમાં જે આહાર-વિહારનો ત્યાગ કરવાનું ગર્ભિણીને કહ્યું છે તે આહારવિહારનું સેવન કરવાથી અથવા (સ્વ-ભાવે જ અપથ્ય એવાં સરસવનું શાક, મંદક, દહીં વગેરે આહારથી અને માત્રા, દેશ, કાલ વગેરેને લીધે થતા) રોગને લીધે જો ગર્ભિણીને આર્તવ દેખાય કે શૂળ આવે તો બહારથી (=સ્નાન, અવગાહ વગેરે કરીને) અને અંદરથી (=ભોજન, અનુપાન વગેરે દ્વારા) સ્નિગ્ધ અને ઠંડક કરે એવા ઉપાય કરવા અને વીરણવાળો, કમળ, પદ્મકાષ્ઠ, પીપળો વગેરે દૂધવાળા ઝાડની છાલનો કલ્ક અને ઘીનો લેપ કરેલા પુષ્કળ લીલા (=સુકાય નહિ એવાં) પોતાં (પૂમડાં) અને વાટો યોનિ અને બસ્તિ વડે રાખવા (મૂકવા), એટલે યોનિના કમળ-ના મોમાં અને પેશાબના છિદ્રમાં મૂકવાં. (પૂમડા અને વાટનો છેડો બહાર રાખવો કે જેથી એને બહાર ખેંચી લેવાય.)

शतधौतघृताक्तां स्त्रीं तदम्भस्यवगाहयेत् ।
ससिताक्षौद्रकुमुदकमलोत्पलकेसरम् ॥ ३ ॥
लिह्यात् क्षीरघृतं खादेच्छृङ्गाटककसेरुकम् ।
पिबेत्कान्ताब्जशालूकबालोदुम्बरवत्पयः ॥ ४ ॥
शृतेन शालिकाकोलीद्विबलामधुकेक्षुभिः ।
पयसा रक्तशाल्यन्नमद्यात्समधुशर्करम् ॥ ५ ॥
रसैर्वा जाङ्गलैः

આર્તવ દેખાતો હોય કે શૂળ આવતું હોય એવી ગર્ભિણી સ્ત્રીને સો વાર ધોયેલું ઘી ચોપડીને પછી તેના (=વીરણવાળો, કમળ, પદ્મકાષ્ઠ, પીપળો વગેરે દૂધવાળાં ઝાડની છાલ–એટલાં ઔષધના) પાણીમા (=ઠંડા પાડેલા કવાથમાં) અવગાહન કરાવવું. એ સ્ત્રીએ સાકર, મધ, પોયણું, ધોળુ કમળ અને કાળું કમળ એ ત્રણના કેસરા સાથે દૂધ અને ઘી ચાટવું; શિંગોડાં અને કસેલાં ખાવાં, ઠાંગ, કમળ, રાતા કમળનું મૂળ, કાચું ઉમર ડાનું ફળ એટલી વસ્તુઓ સાથે ઉકાળેલું દૂધ પીવું; શાળના ચોખા, કાકોલી, બળદાણા, અતિબલા, જેઠીમધ અને શેરડી નાખીને ઉકા-ળેલા દૂધ સાથે રાતી શાળના ચોખાનો ભાત મધ અને સાકર નાખીને ખાવો; અથવા જંગલ પ્રાણીઓના માંસરસ સાથે રાતી શાળના ચોખા-નો ભાત, મધ અને સાકર નાખીને ખાવો.

દૂધમાં ઔષધો નાખીને દૂધ ઉકાળવાની રીત

ઔષધથી આઠગણુ દૂધ લેવુ અને દૂધથી ચારગણુ પાણી લેવું. ઔષધ, દૂધ અને પાણી ભેગાં કરીને ઉકાળવા. ઉકાળતા ઉકાળતાં જ્યારે ઉમેરેલું પાણી બળી જાય અને અસલ હતું એટલું દૂધ બાકી રહે ત્યારે દેવતા પરથી ઉતારી લેવુ.

शुद्धिवर्ज्यं चास्रोक्तमाचरेत् ।

જે ગર્ભિણીને આર્તવ દેખાય કે શૂળ આવે તેને રક્તપિત્તની ચિકિત્સામાં કહેલા શોધન સિવાયના બધા બહારના અને અંદરના ઉપચાર કરવા.

ત્રણ મહિના દરમ્યાન કે સામ આર્તવ દેખાય તો શું કરવુ ?

असम्पूर्णत्रिमासायाः प्रत्याख्याय प्रसाधयेत् ॥ ६
आमान्वये च

ગર્ભ રહ્યે ત્રણ મહિના પૂરા થતા પહેલાં જો આર્તવ દેખાય અને ગર્ભ રહ્યા પછી ગમે તેટલે મહિને પણ જો આમવાળો (સામ) આર્તવ દેખાય તો એને અસાધ્ય સમજીને ઉપાય કરવા.

(ત્રણ મહિના દરમ્યાન જો આર્તવ દેખાય તો સામાન્ય રીતે ગર્ભ ટકતો નથી. આર્તવ, નીકળે તેની સાથે આમ ભળેલો હોય તોપણ ગમે તેટલા મહિના થયા હોય છતા પણ

આમને મટાડવાના લૂખા, તીક્ષ્ણ, ગરમ અને તીખા ઉપચાર ગર્ભિણીને અવળા પડે છે અને આર્તવને મટાડવાના ઠંડા અને સ્નિગ્ધ ઉપચાર આમને અવળા પડે છે, માટે એ અસાધ્ય છે એમ સમજીને પ્રયત્ન કરવો.

આર્તવ અને આમ બંનેને લાગુ પડે એવા ઉપાય

तत्रेष्टं शीतं रूक्षोपसंहितम् ।
उपवासो घनोशीरगुडूच्यररलुधान्यका ॥ ७ ॥
दुरालभापर्पटकचन्दनातिविषाबलाः ।
क्वथिताः सलिले पानं तृणधान्यानि भोजनम् ॥
मुद्गादियूषैरामे तु जिते स्निग्धादि पूर्ववत् ।

સામ આર્તવ દેખાય તો (કડવા, તૂરા વગેરે) લૂખા પાડનાર દ્રવ્યો સાથે ભેળવીને ઠંડા ઉપચાર કરવા. (દેશ, સત્ત્વ વગેરેનો વિચાર કરીને) ઉપવાસ કરાવવા. મોથ, વીરણવાળો, ગળો, મોટો અરડૂસો, ધાણા, ધમાસો, પિત્તપાપડો, સુખડ, અતિવિષની કળી, ખળદાણા-એ દસ ઔષધોનો પાણીમા ક્વાથ કરીને પાવો. ખડધાન ખવડાવવા અને તે સાથે મગ, (મઠ, મસૂર) વગેરેના યૂષ પણ ખાવા આપવા. પછી જ્યારે આમ પાકી જાય ત્યારે પહેલાની માફક (શ્લોક ૧) સ્નિગ્ધ, ઠંડુ વગેરે ખાવાપીવામા અને બહારથી લેપ વગેરે કરવામા વાપરવુ.

ખડધાન=તૃણધાન્ય-બંટી, કોદરી, સામો, કાગ, ચીણો, નાગલી, મકાઈ વગેરે.

ગર્ભ પડે તો શું કરવું?

गर्भे निपतिते तीक्ष्णं मद्यं सामर्थ्यतः पिबेत् ॥९॥
गर्भकोष्ठविशुद्ध्यर्थमर्तिविस्मरणाय च ।
लघुना पञ्चमूलेन रूक्षां पेया ततः पिबेत् ॥१०॥
पेयाममद्यपा कल्के साधिता पाञ्चकौलिके ।
बिल्वादिपञ्चकक्वाथे तिलोद्दालकतण्डुलैः ॥ ११ ॥
मासतुल्यदिनान्येवं पेयादिः पतिते क्रमः ।
लघुरस्नेहलवणो दीपनीययुतो हितः ॥ १२ ॥

ઉપરના ઉપાય કર્યા છતા ગર્ભ પૂરેપૂરો પડે (નીકળી જાય) તો ગર્ભ અને કોઠાની શુદ્ધિ માટે તથા પીડા ભૂલવા માટે શક્તિ પ્રમાણે તીક્ષ્ણ (જલદ) દારૂ પીવો અને પછી (દારૂની અસર થઈ રહે ત્યારે) લઘુપંચમૂળથી બનાવેલી લૂખી પેયા પીવી. જે સ્ત્રી દારૂ ન પીતી હોય તો પંચકોલના કલ્કમા તલ અને ઉદ્દાલક ચોખા નાખીને સિદ્ધ કરેલી પેયા અને બીલાના મૂળ વગેરે મોટા પંચમૂળના ક્વાથમાં તલ અને ઉદ્દાલક ચોખા નાખીને સિદ્ધ કરેલી પેયા પીવી. આ પ્રમાણે પચવામા હલકો, સ્નેહ અને લવણ નાખ્યા વિનાનો, (મરી, ચિત્રો વગેરે) દીપન દ્રવ્યો નાખેલો પેયાદિ ક્રમ ગર્ભ પડે ત્યારે જેટલે મહિનો ગર્ભ પડ્યો હોય તેટલા દિવસ સુધી કરવો હિતકર છે. (દા. ત. પાંચમે મહિને ગર્ભ પડ્યો હોય તો પાચ દિવસ સુધી પેયાદિ ક્રમ કરવો.)

दोषधातुपरिक्लेदशोषार्थं विधिरित्ययम् ।

આ (ઉપર કહેલો) વિધિ દોષો (પિત્ત અને કફ) અને ધાતુઓની ભીનાશ સૂકવી નાખવા માટે છે. (વાયુ ભીનાશ કરતો નથી તેથી અહીં દોષ એટલે પિત્ત અને કફ.)

स्नेहान्नवस्तयश्चोर्ध्वं बल्यदीपनजीवनाः ॥ १३ ॥

પછી (દોષો અને ધાતુઓની ભીનાશ સુકવ્યા પછી) ચારે સ્નેહ, સ્નિગ્ધ અન્નપાન અને સ્નિગ્ધ બસ્તિઓ એ ત્રણે એવા આપવા કે જેથી બળ વધે, અગ્નિ પ્રદીપ્ત થાય અને ઓજસ વધે.

ઉપવિષ્ટક ગર્ભ

सञ्जातसारे महति गर्भे योनिपरिस्रवात् ।
वृद्धिमप्राप्नुवन् गर्भः कोष्ठे तिष्ठति सस्फुरः ॥१४
उपविष्टकमाहुस्तं, वर्धते तेन नोदरम् ।

ગર્ભ બળવાન થાય અને કદમા મોટો થાય ત્યાર પછી જો યોનિમાથી આર્તવ કે બીજા કશાનો સ્રાવ થાય તો ગર્ભ વધતો અટકી જઈને કોઠામાં (ઉદરમા) પડયો રહે છે પણ ફરકે છે ખરો. એવા ગર્ભને ઉપવિષ્ટક ગર્ભ કહે છે. એ ઉપવિષ્ટક ગર્ભ કોઠામાં પડ્યો રહે તેથી ગર્ભિણીનુ પેટ વધતું નથી. (યોનિમાથી આર્તવ વગેરે નીકળવાથી વાયુ કોપે છે. કોપેલો વાયુ પિત્ત અને કફને સાથે લઈને ગર્ભને રસ પહોંચાડનારી નાડીમા જઈને સામુ

દખાણુ કરે છે. આમ જ્યારે નાડી દોષોથી પુરાય છે, ત્યારે બાળકને પૂરતો રસ નાડીમાંથી જઈ શકતો ન હોવાથી ગર્ભ વધતો નથી.)

નાગોદર ગર્ભ

शोकोपवासरूक्षाद्यैरथवा योन्यतिस्रवात् ॥ १५ ॥
वाते क्रुद्धे कृशः शुष्येद्गर्भो नागोदरं तु तम्।
उदरं वृद्धमप्यत्र हीयते स्फुरणं चिरात् ॥ १६ ॥

શોક, ઉપવાસ, રૂક્ષ વગેરે વાયુને કોપાવે એવા આહારવિહારથી જ્યારે વાયુ કોપે છે અથવા જ્યારે અતિશય આર્તવ રહી જવાથી વાયુ કોપે છે, ત્યારે ગર્ભ સુકાઈને પાતળો થઈ જાય છે. એને નાગોદર ગર્ભ કહે છે (કેટલાક એને ઉપશુષ્કક ગર્ભ કહે છે). એમા (નાગોદર ગર્ભમા) ગર્ભિણીનુ ઉદર મોટુ થયું હોય તોપણ પાછુ નાનુ થઈ જાય છે અને ગર્ભ લાંબે વખતે ફરકે છે. (ઉપવિષ્ટક ગર્ભમા પેટ મોટુ ન થાય, પણ મોટુ થયેલુ હોય તે નાનુ થઈ જતુ નથી. નાગોદર ગર્ભમા પેટ વધે તો નહિ જ, પણ વધેલુ હોય તે પણ નાનુ થતુ જાય છે.)

ઉપવિષ્ટક અને નાગોદર ગર્ભનો ઉપાય

तयोर्बृंहणवातघ्नमधुरद्रव्यसंस्कृतैः ।
घृतक्षीररसैस्तृप्तिरामगर्भाश्च खादयेत् ॥ १७ ॥
तैरेव च सुभिक्षायाः क्षोभणं यानवाहनैः ।

તે બનેને (=ઉપવિષ્ટક ગર્ભવાળી અને નાગોદર ગર્ભવાળી એ બને ગર્ભિણીઓને) બૃંહણુ કરવાનો, વાયુ મટાડવાનો અને ગળપણુ એ ત્રણે ગુણ જેમા ભેગા હોય એવા (કાળી દ્રાક્ષ, સાકર વગેરે) દ્રવ્યોથી સિદ્ધ કરેલા ઘી, દૂધ અને માસરસ ધરાય ત્યા સુધી ખવડાવવા તથા કાચા ગર્ભ એવી યુક્તિથી ખવડાવવા કે ગર્ભિણીને સૂગ ન ચડે. (સૂગ ચડે તો ગર્ભને અને ગર્ભિણીને નુકસાન થાય.) જ્યારે એનાથી (=ઉપર કહેલા ઘી, દૂધ, માસરસ અને કાચા ગર્ભ ખાઈને) ધરાય ત્યારે એ ગર્ભિણીને રથ વગેરે યાન(ગાડી)મા અને હાથી, ઘોડા વગેરે વાહન પર બેસાડીને વેગથી હાકવુ કે જેથી ગર્ભિણીના શરીરમા ક્ષોભણુ (સખળડખળ) થાય.

લીન ગર્ભ: એનો ઉપાય

लीनाख्ये निस्फुरे श्येनगोमत्स्योत्क्रोशबर्हिजा ॥
रसा बहुघृता देया माषमूलकजा अपि ।
बालबिल्वं तिलान्माषान्सक्तूंश्च पयसा पिबेत् १९
समेदमांसं मधु वा कट्यभ्यङ्गं च शीलयेत् ।

(જે કારણથી ઉપવિષ્ટક અને નાગોદર ગર્ભ થાય છે અને એ બે ગર્ભના જે લક્ષણો છે તે કારણ અને લક્ષણો લીન ગર્ભનાં પણ છે, પણ લીન ગર્ભનુ એક લક્ષણ વધારે છે. તે એ કે લીન ગર્ભ સમૂળગો ફરકતો નથી. તેથી વાગ્ભટે આ શ્લોકમા ફક્ત એ ખાસ લક્ષણ જ આપ્યુ છે.)

લીન નામનો ગર્ભ સમૂળગો ફરકતો નથી. લીન ગર્ભમા ગર્ભિણીએ બાજપક્ષી, બળદ, માછલી, કુરરી, મોર, એટલા પ્રાણીનો માસરસ બહુ ઘી નાખીને પીવા તથા અડદ અને મૂળાના રસ બહુ ઘી નાખીને પીવા તથા કાચુ બીલુ, તલ, અડદ અને સાથુ એ બધુ દૂધ સાથે પીવુ અથવા ચરબીભર્યા માસરસ સાથે દ્રાક્ષનો દારૂ પીવો તથા રોજ કેડ પર તેલ ચોળવુ.

हर्षयेत्सततं चैनामेवं गर्भः प्रवर्धते ॥ २० ॥

વળી એને સદા આનંદમા રાખવી. એ રીતે ગર્ભ વધે છે.

पुष्टोऽन्यथा वर्षगणैः कृच्छ्राज्जायेत, नैव वा ।

ઉપર જણાવેલા પોષણ સિવાય જો બીજી રીતે (અવળી રીતે, લૂખા વગેરે પદાર્થોથી) ગર્ભને પોષણ મળે તો તે ગર્ભ અનેક વર્ષે મહામહેનતે જન્મે અથવા ન પણ જન્મે.

ગર્ભિણીના ઉદાવર્તરોગનો ઉપાય

उदावर्तं तु गर्भिण्याः स्नेहैराशुतरां जयेत् ॥२१॥
योग्यैश्च बस्तिभिर्हन्यात्सगर्भां स हि गर्भिणीम् ।

ગર્ભિણીના ઉદાવર્તરોગને ચારે પ્રકારના સ્નેહમાથી યોગ્ય સ્નેહથી બનાવેલા પીણા વગરે પાઈને તથા યોગ્ય અનુવાસન બસ્તિઓ આપીને તરતોતરત મટાડવો, કારણ કે એ ઉદાવર્તરોગ ગર્ભિણીને અને ગર્ભને મારી નાખે.

ગર્ભ ઉદરમાં મરી જાય તેનાં કારણ અને લક્ષણ

गर्भेऽतिदोषोपचयादपथ्यैर्दैवतोऽपि वा ॥ २२ ॥

मृतेऽन्तरुदरं शीतं स्तब्धं ध्मात भृशव्यथम् ।
गर्भास्पन्दो भ्रमस्तृष्णा कृच्छ्रादुच्छ्वसनं क्लमः ॥
अरतिः स्रस्तनेत्रत्वमावीनामसमुद्भवः ।

દોષો અતિશય વધી જવાથી, કુપથ્ય કરવાથી કે નસીબ સંજોગે ગર્ભ અંદર ને અંદર (ઉદરમાં) મરી જાય ત્યારે ઉદર ઠંડું, સ્તબ્ધ, ફૂલકાની માફક વાયુથી ફૂલેલું, બહુ પીડાવાળું હોય છે, ગર્ભ ફરકતો નથી, ફેર આવે છે, તરસ લાગે છે, બહુ મહેનતે ઊંચો શ્વાસ લેવાય છે, કંટાળો આવે છે, અણગમો થાય છે (સૂવા-બેસવામાં ચેન પડતું નથી), આંખો ઠેકાણે રહેતી નથી, પ્રસવ થવાનો હોય ત્યારે થતાં વેણ (શૂળ) આવતાં નથી.

ગર્ભ ઉદરમાં મરી જાય તો શું કરવું?

तस्याः कोष्णाम्बुसिक्तायाः पिष्ट्वा
योनिं प्रलेपयेत् ॥
गुडं किण्वं सलवणं तथान्तः पूरयेन्मुहुः ।
घृतेन कल्कीकृतया शाल्मल्यतसिपिच्छया ॥ २५
मन्त्रयोगैर्जरायूक्तैर्मूढगर्भो न चेत्पतेत् ।
अथापृच्छ्येश्वरं वैद्यो यत्नेनाशु तमाहरेत् ॥ २६
हस्तमभ्यज्य योनिं च साज्यशाल्मलिपिच्छया ।
हस्तेन शक्यं तेनैव

જે ગર્ભિણીના ઉદરમાં ગર્ભ મરી ગયો હોય તે ગર્ભિણી પર સહેજ (જરા ગરમ) પાણી છાંટીને પછી ગોળ, કિણ્વ અને સિંધવ ભેગાં લસોટીને યોનિ ઉપર એનો જાડો લેપ કરવો તથા શાલ્મલી વૃક્ષનો ગુંદર અને અળશીનો ગુંદર એ બંને ઘી સાથે લસોટીને એનો કલ્ક યોનિની અંદર ભરવો. પછી ગર્ભને પાડવા માટે (અષ્ટાંગસંગ્રહમાં કહેલા) મંત્રો જપવા તથા ઓર કાઢવા માટે શા. ૧/૮૨ફેથી ૯૦ફે માં કહેલા ઉપાયો ગર્ભ પાડવા માટે કરવા. તેમ છતાં જો મૂઢ ગર્ભ ન પડે તો રાજાની પરવાનગી લઈને વૈદ્યે જો ગર્ભ હાથથી કઢાય એવો હોય તો શાલ્મલીના ગુંદર અને ઘીને ભેગાં કરીને તે હાથ ઉપર અને યોનિમાં ચોપડીને એ હાથ વડે જ ગર્ભને યત્નપૂર્વક તરત બહાર કાઢવો.

गात्रं च विषमं स्थितम् ॥२७॥
आञ्छनोत्पीडसम्पीडविक्षेपोत्क्षेपणादिभिः ।
आनुलोम्य समाकर्षेद्योनिं प्रत्यार्जवागतम् ॥ २८ ॥

બહાર કાઢવામાં આડું આવે એવી કઢંગી રીતે અંગ રાખીને ગર્ભ અંદર પડ્યો રહ્યો હોય તો હાથથી ગર્ભને સીધો લાંબો ગોઠવીને, ઊંચો દબાવીને, ચારે બાજુથી દબાવીને, વધારે ધક્કો મારીને, ઊંચો ધક્કો મારીને વગેરે પોતાની બુદ્ધિથી અનેક ઉપાયો કરીને ગર્ભને યોનિમાંથી સરળતાથી બહાર કાઢી શકાય એવો સીધો કરીને કુદરતી રીતે નીકળે છે ત્યારે જે સ્થિતિમાં ગોઠવાયેલો હોય છે તેવી સ્થિતિમાં યોનિના માર્ગમાં ગર્ભને ગોઠવીને પછી વૈદ્યે ખેંચી કાઢવો.

શસ્ત્ર વાપરીને કાઢવા પડે એવા મૂઢ ગર્ભના ઉપાય

हस्तपादशिरोभिर्यो योनिं भुग्नः प्रपद्यते ।
पादेन योनिमेकेन भुग्नोऽन्येन गुदं च यः ॥२९॥
विष्कम्भौ नाम तौ मूढौ शस्त्रदारणमर्हतः ।

જે ગર્ભનો હાથ, પગ કે માથું એ ત્રણમાંથી ગમે તે અંગ યોનિ આગળ આડું આવીને રહ્યું હોય તે ગર્ભને વિષ્કંભ મૂઢગર્ભ કહે છે. જે ગર્ભનો એક પગ યોનિ આગળ આડો પડ્યો હોય અને બીજો પગ ગુદા આગળ આડો પડ્યો હોય તે ગર્ભને પણ વિષ્કંભ મૂઢગર્ભ કહે છે. આ બંને પ્રકારના વિષ્કંભ મૂઢગર્ભને શસ્ત્રથી વેરીને અંગ છૂટું પાડીને (કકડા કરીને) કાઢવા પડે છે.

मण्डलाङ्गुलिशस्त्राभ्यां तत्र कर्म प्रशस्यते ॥३०

મંડલાગ્ર શસ્ત્ર (સૂ. ૨૬/૫,૫ફે) અને અંગુલિશસ્ત્ર (સૂ. ૨૬/૧૩,૧૩ફે, ૧૪) એ બે શસ્ત્રથી એ બે પ્રકારના વિષ્કંભ મૂઢ ગર્ભનું કામ કરવું સારું છે.

वृद्धिपत्रं हि तीक्ष्णाग्रं न योनाववचारयेत् ।

વૃદ્ધિપત્ર નામનું શસ્ત્ર આગળથી બહુ અણીદાર હોય છે, તેથી તે યોનિમાં વાપરવું નહિ (કારણ કે તેથી યોનિમાં વાગી બેસવાનો ભય રહે છે).

पूर्वं शिरःकपालानि दारयित्वा विशोधयेत् ॥३१

कक्षोरस्तालुचिबुकप्रदेशेऽन्यतमे ततः ।
समालम्ब्य दृढं कर्षेत्कुशलो गर्भशङ्कुना ॥३२॥
अभिन्नशिरसं त्वक्षिकूटयोर्गण्डयोरपि ।

પહેલાં તો માથાની ખોપરીનાં હાડકાંને શસ્ત્રથી કાપીને ગર્ભિણીના ઉદરની બહાર કાઢવાં. પછી ગર્ભનાં બગલ, છાતી, તાળવું અને હડપચી એમાંથી જે અંગને બરાબર પકડવાનો લાગ ફાવે એવો હોય તે અંગમાં ગર્ભશંકુયંત્ર (સૂ. ૨૫/૩૧૬,૩૨) ભરાવીને એ કામ કરવામાં કુશળ હોય એવા વૈદ્યે જોરથી ખેંચવું. પણ જે ગર્ભનું માથું ન કાપ્યું હોય તેને ઉપર કહેલા અંગો ઉપરાંત આંખોનાં ખામણાંમાં અને લમણાંમાં એ એમાંથી લાગ ફાવે ત્યાં પણ ગર્ભશંકુયંત્ર ભરાવીને કુશળ વૈદ્યે જોરથી ખેંચવું.

बाहु छित्त्वांऽससक्तस्य वाता-
ध्मातोदरस्य तु ॥ ३३ ॥
विदार्य कोष्ठमन्त्राणि बहिर्वा सन्निरस्य च ।

જે ગર્ભનો ખભો આડો આવતો હોય (ગર્ભને બહાર નીકળવા ન દેતો હોય) તેનો એ ખભાવાળો હાથ ખભામાંથી કાપીને છૂટો કરીને અને જે ગર્ભનું પેટ ફૂલી ગયું હોય તેના આમાશય અને પક્વાશયના આશ્રયરૂપ કોઠાને ચીરીને એમાંથી આંતરડાં કાઢીને સારી રીતે બહાર ફેંકી દઈને પછી ગર્ભને બરાબર ગોઠવીને લાગ ફાવે તે અંગમાં ગર્ભશંકુયંત્ર ભરાવીને કુશળ વૈદ્યે જોરથી ખેંચવું.

कटीसक्तस्य तद्वच्च तत्कपालानि दारयेत् ॥ ३४ ॥

જે ગર્ભનો કૂલો યોનિની આડો આવતો હોય (ગર્ભને બહાર નીકળવા ન દેતો હોય) તેના તે કૂલો ઉપર પ્રમાણે (વાતાધ્માતોદર ગર્ભની માફક) ચીરીને તેમાંથી કૂલાનાં હાડકાના કકડા સારી રીતે બહાર કાઢી નાખવા અને પછી લાગ ફાવે ત્યાં ગર્ભશંકુ ભરાવીને કુશળ વૈદ્યે જોરથી ખેંચવું.

यद्यद्वायुवशादङ्गं सज्जेद्गर्भस्य खण्डशः ।
तत्तच्छित्त्वाऽऽहरेत्सम्यग्रक्षेन्नारीं च यत्नतः ॥

વાયુને લીધે ગર્ભનું જે જે અંગ જકડાઈ ગયું હોય (અક્કડ થઈ ગયું હોય અને તેથી વાળીને કે ફેરવીને ગોઠવી શકાય એવું ન રહ્યું હોય) તે તે અંગને કકડેકકડે કાપી નાખીને બહાર કાઢી નાખવું અને ગર્ભિણીને યત્નપૂર્વક બરાબર સંભાળી લેવી. (કાપવાની ક્રિયામાં ગર્ભિણીને નુકસાન ન થાય એ બાબતની ખાસ કાળજી રાખવી. ગર્ભનું આખું અંગ એકસાથે કાપવા જતાં ગર્ભિણીને નુકસાન થાય, માટે કકડેકકડે કાપીને આખું અંગ કાપવાનું કહ્યું છે.)

गर्भस्य हि गतिं चित्रां करोति विगुणोऽनिलः ।
तत्रानल्पमतिस्तस्मादवस्थापेक्षमाचरेत् ॥ ३६ ॥

કોપેલા વાયુને લીધે ગર્ભ અનેક જુદીજુદી સ્થિતિમાં યોનિમાં આવીને પડેલો હોય છે. તેથી એવે પ્રસંગે જે સ્થિતિમાં ગર્ભ યોનિમાં પડચો હોય તે સ્થિતિ માટે યોગ્ય ક્રિયા મહાબુદ્ધિશાળી વૈદ્યે કરવી. (ઉપર જે ક્રિયા ન કહી હોય તે ક્રિયા કરવી પડે તોપણ પૂરતો વિચાર કર્યા પછી જરૂર જણાય તો કરવી.)

छिन्द्याद्गर्भं न जीवन्तं मातरं स हि मारयेत् ।
सहात्मना, न चापेक्ष्यः क्षणमप्यस्तजीवितः ॥३७

ગર્ભ અંદર જીવે છે કે મરી ગયો છે એની પૂરી ખાતરી કર્યા વિના વૈદ્યે જીવતા ગર્ભને કાપવો નહિ, કેમ કે જીવતો ગર્ભ કાપવાથી ગર્ભ અને ગર્ભિણી બંને મરી જાય. પણ મરી ગયેલા ગર્ભને કાપીને કાઢવામાં એક ક્ષણ પણ બેદરકાર રહેવું નહિ (ઢીલ કરવી નહિ).

અસાધ્ય મૂઢ ગર્ભવાળી સ્ત્રીનાં લક્ષણ

योनिसंवरणभ्रंशमक्कल्लश्वासपीडिताम् ।
पूत्युद्गारां हिमाङ्गीं च मूढगर्भां परित्यजेत् ॥३८

યોનિ (કમળ) બંધ થઈ ગયું હોય, યોનિ (કમળ) પોતાના સ્થાનમાંથી ખસી ગઈ હોય, મક્કલ્લ રોગ થયો હોય, શ્વાસ થયો હોય, ગંધાતા ઓડકાર આવતા હોય, શરીર ઠંડું થઈ ગયું હોય એવી મૂઢ ગર્ભવાળી સ્ત્રીને અસાધ્ય સમજીને છોડી દેવી.

મૂઢ ગર્ભ કાઢચા પછીની ક્રિયા

अथापतन्तीमपरां पातयेत्पूर्ववद्भिषक् ।
एवं निर्हृतशल्यां तु सिञ्चेदुष्णेन वारिणा ॥३९॥

द्याद्भ्यक्तदेहायै योनौ स्नेहपिचुं ततः ।
योनिर्मृदुर्भवेत्तेन शूलं चास्याः प्रशाम्यति ॥४०॥

પછી (મૂઢ ગર્ભ કાઢ્યા પછી) જો ઓર ન પડતી હોય તો પહેલાંની માફક (શા. ૧/૮૨થી ૯૦માં કહેલી રીતે) વૈદ્યે પાડવી (બહાર કાઢવી). આ રીતે ઓરરૂપી શલ્ય બહાર નીકળી ગયા પછી ગરમ પાણીથી ગર્ભિણીને નવડાવવી. પછી ગર્ભિણીના શરીરે તેલ ચોપડવું અને એની યોનિમાં સ્નેહનું પૂમડું (પોતું કે વાટ) મૂકવું. એમ કરવાથી યોનિ પોચી પડશે અને એનું શૂળ મટી જશે.

दीप्यकातिविषारास्नाहिङ्ग्वेलापञ्चकोलकात् ।
चूर्णं स्नेहेन कल्कं वा क्वाथं वा
पाययेत्ततः ॥४१॥
कटुकातिविषापाठाशाकत्वग्हिङ्गुतेजिनीः ।
तद्वच्च दोषस्यन्दार्थं वेदनोपशमाय च ॥४२॥
त्रिरात्रमेवं, सप्ताहं स्नेहमेव ततः पिबेत् ।
सायं पिबेदरिष्टं च तथा सुकृतमासवम् ॥४३॥
शिरीषककुभक्वाथपिचून् योनौ विनिक्षिपेत् ।
उपद्रवाश्च येऽन्ये स्युस्तान्
यथास्वमुपाचरेत् ॥४४॥

(પછી) અજમો, અતિવિષની કળી, રાસ્ના, હિંગ, એલચી અને પંચકોલનું ચૂર્ણ અથવા એ બધાંનાં ચૂર્ણને યોગ્ય સ્નેહ સાથે મેળવીને કરેલો કલ્ક અથવા એ બધાં ઔષધોનો ક્વાથ એ ગર્ભિણીને પાવો. વળી કડુ, અતિવિષની કળી, કાળીપાટ, સાગ, તજ, હિંગ અને તેજબળ (તજબળ) એ જ રીતે (એટલે ચૂર્ણ કરીને કે યોગ્ય સ્નેહ સાથે કલ્ક કરીને કે ક્વાથ કરીને) પાવાં. આ બંને દવા દોષોને બહાર વહેવડાવી કાઢવા માટે, તથા પીડા શાંત કરવા માટે ત્રણ રાત સુધી પાવાની છે. પછી (ત્રણ રાત સુધી ઉપરની બે દવા પાયા પછી) સાત દિવસ સ્નેહ જ પીવો (એટલે કંઈ પણ લૂખું ઔષધ લેવું નહિ), સાંજે અરિષ્ટ તથા સારી રીતે બનાવેલો આસવ પીવો. વળી સરસડો અને કકુભના ક્વાથમાં બોળીને પોતાં (પૂમડાં) યોનિમાં મૂકવાં. વળી તાવ વગેરે બીજા જે ઉપદ્રવો થયા હોય તે ઉપદ્રવોના પોતપોતાના ઉપાય કરવા.

पयो वातहरैः सिद्धं दशाहं भोजने हितम् ।
रसं दशाहं च परं लघुपथ्याल्पभोजना ॥४५॥
स्वेदाभ्यङ्गपरा स्नेहान् बलातैलादिकान् भजेत् ।
ऊर्ध्वं चतुर्भ्यो मासेभ्यः सा क्रमेण
सुखानि च ॥४६॥

પછી વાયુ મટાડે એવાં ઔષધોથી સિદ્ધ કરેલું દૂધ એને દસ દિવસ સુધી ભોજન તરીકે આપવું એ હિતકર છે. ત્યાર પછીના દશ દિવસ સુધી માંસરસ ભોજન તરીકે આપવો અને ત્યાર પછી એણે હલકું, પથ્ય અને થોડું ભોજન કરવું. એણે તાપવું અને શેક કરવો તથા અભ્યંગ કરવો. બલાતેલ વગેરે સ્નેહોનો ઉપયોગ કરવો. મૂઢ ગર્ભ કાઢ્યા પછી ચાર મહિના પૂરા થાય ત્યારે (એટલે પાંચમા મહિનાથી) એણે પોતાને સુખ થાય એવા આહારવિહાર ક્રમેક્રમે રાખવા.

બલાતેલ

बलामूलकषायस्य भागाः षट् पयसस्तथा ।
यवकोलकुलत्थानां दशमूलस्य चैकतः ॥४७॥
निष्क्वाथभागो भागश्च तैलस्य तु चतुर्दश ।
द्विमेदादारुमञ्जिष्ठाकाकोलीद्वयचन्दनैः ॥४८॥
सारिवाकुष्ठतगरजीवकर्षभसैन्धवैः ।
कालानुसार्याशैलेयवचागुरुपुनर्नवैः ॥४९॥
अश्वगन्धावरीक्षीरशुक्लायष्टीपरूषकैः ।
शताह्वाशूर्पपर्ण्येलात्वक्पत्रैः श्लक्ष्णकल्कितैः ॥
पक्वं मृद्वग्निना तैलं सर्ववातविकारजित् ।
सूतिकाबालमर्मास्थिहतक्षीणेषु पूजितम् ॥५१॥
ज्वरगुल्मग्रहोन्मादमूत्राघातान्त्रवृद्धिजित् ।
धन्वन्तरेरभिमतं योनिरोगक्षयापहम् ॥५२॥

<u>બળદાણાનાં મૂળનો ક્વાથ</u> ૭ ભાગ, દૂધ ૭ ભાગ; જવ, બોર, કળથી અને દશમૂળ એ તેર ઔષધો સમભાગે લઈને એનો ક્વાથ એક ભાગ, (આમ કુલ ૬+૬+૧=૧૩ ભાગ થયા), ચૌદમો ભાગ (એટલે એક ભાગ) તેલનો. (દા. ત. જો તેલ ૧૬ પલ લઈએ તો બલાનાં મૂળનો ક્વાથ ૯૬ પલ લેવો. બલાનાં

મૂળનો ૯૬ પલ ક્વાથ કરવા માટે ખળદાણુનાં મૂળ ૨૪ પલ લેવાં, પાણી ૩૮૪ પલ લેવું અને બધું ઊકળતેઊકળતે ચોથા ભાગનું એટલે ૯૬ તોલા પાણી બાકી રહે એટલે ઉતારી લેવું. દૂધ ૯૬ તોલા લેવું, જવ વગેરે ચાર વસ્તુઓનો ક્વાથ ૧૬ પલ લેવો. તે માટે જવ, બોર, કળથી અને દશમૂળ એ તેર ઔષધો મળીને ચાર તોલા લેવાં. એમાં ૬૪ તોલા પાણી નાખવું અને ઊકળતેઊકળતે સોળ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી લેવું (પછી મેદા, મહામેદા, દેવદાર, મજીઠ, કાકોલી, ક્ષીરકાકોલી, સુખડ, ધોળી સારિવા, ઉપલેટ, તગર, જીવક, ઋષભક, સિંધવ, કાળી સારિવા, શિલાજિત, વજ, અગર, સાટોડી, આસોંદ, શતાવરી, ક્ષીરવિદારી, જેઠીમધ, ત્રિફળા, બોળ, સુવા, શૂર્પપર્ણી (=મુદ્ગપર્ણી અને માષપર્ણી), એલચી, તજ અને તમાલપત્ર (મેદાથી તમાલપત્ર સુધીનાં ઔષધો દરેક સમભાગે પણ સરવાળે તેલથી ચોથા ભાગનાં લઈને) એટલાં ઔષધોને ખૂબ બારીક લસોટીને એનો કલ્ક કરવો. પછી ખળદાણાના મૂળનો ક્વાથ, દૂધ, જવ વગેરે તેર ઔષધોનો ક્વાથ, તેલ અને મેદા વગેરે ઔષધોનો કલ્ક એ બધું ભેગું કરીને ધીમે તાપે પકવવું. (તેલ પકવવાની રીત માટે જુઓ કલ્પસ્થાન અધ્યાય ૬.) આ તેલ વાયુના બધા વિકારોને મટાડે છે; સુવાવડી, બાળક, મર્મસ્થાન, હાડકાં, પછાડ (=મૂઢ માર)વાળાં અંગ, શરીર ઘસાઈ જાય; તાવ, ગોળો, વળગાડ, ગાંડપણ, મૂત્રાઘાત અને અંત્રવૃદ્ધિ રોગને મટાડે છે; ધન્વંતરિને બહુ ગમે છે, યોનિના રોગોનો અને ક્ષયનો નાશ કરે છે.

ગર્ભનો પ્રસવ થતાંથતાં ગર્ભિણી મરી જાય તો શું કરવું?

वस्तिद्वारे विपन्नायाः कुक्षिः प्रस्पन्दते यदि ।
जन्मकाले ततः शीघ्रं पाटयि-
त्वोद्धरेच्छिशुम् ॥ ५३ ॥

ગર્ભનો જન્મ થવાને વખતે (પણ જન્મ થતાં પહેલાં) જો ગર્ભિણી મરી જાય અને એ ગર્ભિણીના મૂત્રાશયના દ્વાર પાસે જો ગર્ભિણીની કૂખ ફરકતી હોય તો તરત જ કુશળ વૈદ્ય તે ભાગ ચીરીને બાળકને બહાર કાઢીને બચાવી લેવું.

ગર્ભસ્રાવમાં ગર્ભની રક્ષા માટે શું કરવું?

मधुकं शाकबीजं च पयस्या सुरदारु च ।
अश्मन्तकः कृष्णतिलास्ताम्रवल्ली शतावरी ॥५४॥
वृक्षादनी पयस्या च लता सोत्पलसारिवा ।
अनन्ता सारिवा रास्ना पद्मा च मधुयष्टिका ॥५५॥
बृहतीद्वयकाश्मर्यक्षीरिशुङ्गत्वचा घृतम् ।
पृश्निपर्णी बला शिग्रुः श्वदंष्ट्रा मधुपर्णिका ।५६।
शृङ्गाटकं बिसं द्राक्षा कसेरु मधुकं सिता ।
सप्तैतान् पयसा योगानर्धश्लोकसमापनान् ॥५७॥
क्रमात्सप्तसु मासेषु गर्भे स्रवति योजयेत् ।

(૧) જેઠીમધ, સાગનું બી, ક્ષીરકાકોલી અને દેવદાર.

(૨) કોવિદાર (=ચંપો કાંચનાર), કાળા તલ, મજીઠ, શતાવરી.

(૩) વૃક્ષવંદા (=વાંદો), ક્ષીરકાકોલી, કાળી ધરો, કાળી સારીવા.

(૪) ધમાસો, સારીવા, રાસ્ના, પદ્મા અને જેઠીમધ.

(૫) બેઠીભોરીંગણી, ઊભીભોરીંગણી, શીવણનાં ફળ, દૂધવાળાં ઝાડની કૂંપળો અને અંતરછાલ તથા ઘી.

(૬) પૃશ્નિપર્ણી, ખળદાણા, સરગવો ગોખરુ, ગળો.

(૭) શિંગોડાં, કમળની કુમળી નાળ, કાળી દ્રાક્ષ, કસેલાં, જેઠીમધ, સાકર.

આ અડધાઅડધા શ્લોકમાં પૂરા થતા સાત યોગો (ઔષધસમૂહો) છે. ગર્ભિણીને પહેલા સાત મહિનામાંથી જેટલામા મહિનામાં ગર્ભસ્રાવ થતો હોય તેટલામા મહિનામાં ગર્ભની રક્ષા માટે તેટલામો યોગ દૂધ સાથે પાવો. (પહેલા મહિનામાં ગર્ભસ્રાવ થતો હોય તો પહેલો યોગ દૂધ સાથે પાવો. બીજા મહિનામાં ગર્ભસ્રાવ થતો હોય તો બીજો યોગ દૂધ

સાથે પાવો વગેરે. તેથી ગર્ભ નીકળી જતો અટકે છે, પણ છેક સુવાવડ આવતા સુધી ઉપર કહેલા મહિનામહિનાના યોગો પીવા.)

कपित्थबिल्वबृहतीपटोलेक्षुनिदिग्धिकात् ॥ ५८ ॥
मूलैः शृतं प्रयुञ्जीत क्षीरं मासे तथाऽष्टमे ।
नवमे सारिवानन्तापयस्यामधुयष्टिभिः ॥ ५९ ॥
योजयेद्दशमे मासि सिद्धं क्षीरं पयस्यया ।
अथवा यष्टिमधुकनागरामरदारुभिः ॥ ६० ॥

તથા આઠમે મહિને કોઠું, બીલુ, ઊભી ભોરીંગણી, પટોળ, શેરડી, બેઠી ભોરીંગણી–એટલાં ઔષધોનાં મૂળ સાથે સિદ્ધ કરેલું દૂધ આપવું. નવમા મહિનામા સારિવા, ધમાસો, ક્ષીરકાકોલી અને જેઠીમધ એટલા ઔષધો વડે સિદ્ધ કરેલુ દૂધ આપવુ. દસમે મહિને ક્ષીરકાકોલીથી અથવા જેઠીમધ, સૂંઠ અને દેવદારથી સિદ્ધ કરેલું દૂધ આપવુ.

રક્તગુલ્મ: ગર્ભ રહ્યો હોવાનો વહેમ

अवस्थितं लोहितमङ्गनाया
वातेन गर्भं ब्रुवतेऽनभिज्ञाः ।
गर्भाकृतित्वात्कटुकोष्णतीक्ष्णैः
स्रुते पुनः केवल एव रक्ते ॥ ६१ ॥
गर्भं जडा भूतहृतं वदन्ति
मूर्तेर्न दृष्टं हरणं यतस्तैः ।
ओजोशनत्वादथवाऽव्यवस्थै-
र्भूतैरुपेक्ष्येत न गर्भमाता ॥ ६२ ॥

વાયુને લીધે સ્ત્રીના શરીરમા રોકાઈ રહેલા લોહીને (આર્તવને) અણસમજુ લોકો ગર્ભ કહે છે; કારણ કે વાયુને લીધે અટકાવ ન આવવાથી આર્તવ સ્ત્રીના પેટમાં ભરાઈ રહેતો હોવાથી પેટનો આકાર અને બીજાં લક્ષણો જાણે ગર્ભ રહ્યો હોય એવા થાય છે, પણ જ્યારે એ રક્તગુલ્મવાળી સ્ત્રી તીખા, ગરમ અને તીક્ષ્ણ પદાર્થો ખાય છે ત્યારે એકલુ લોહી જ યોનિમાંથી નીકળે છે. (ગર્ભ તો રહ્યો જ ન હોવાથી લોહી સાથે ગર્ભ નીકળતો નથી.) તે વખતે જ લોકો અણસમજમા એમ માનતા હતા કે ગર્ભ રહ્યો છે તે જડ લોકો એવું કહે છે કે ગર્ભને ભૂત ઉપાડી ગયું છે, કારણ કે ગર્ભના શરીરને લઈ જતાં એમણે કોઈને જોયુ હોતું નથી. (ગર્ભ હતો એવુ મૂર્ખાઓએ માની લીધુ હોય છે પણ ગર્ભ નીકળતો કે ઉપાડી જવાતો દેખાતો નથી, તેથી એ એમ કહે છે કે ભૂત ગર્ભને લઈ ગયુ હોવુ જોઈએ.) હવે ભૂત તો ઓજસ ખાઈને જીવે છે (શરીર ખાઈને ભૂત જીવતુ નથી). તેથી ગર્ભ જો રહ્યો હોત તો ભૂત બાળકના શરીરનું ઓજસ ખાઈ જાય પણ શરીર ખાઈ જાય નહિ, તેથી લોહી સાથે બાળકનુ શરીર પણ નીકળવું જોઈએ. હવે ઘડીભર એમ માની લઈએ કે ભૂત ઓજસ ખાવાની મર્યાદાને તોડીને શરીર પણ ખાઈ જાય છે, તોપણ ગર્ભિણીનું શરીર જેવડુ હોય છે તેવડુ ગર્ભનુ શરીર હોતુ નથી. તેથી ભૂતને શરીર ખાવું હોય તો પહેલું ગર્ભિણીનું શરીર ખાવાનું શા માટે છોડે ? તેથી ગર્ભિણીને ભૂતે ખાધી નથી. ને ઉપરથી પણ સાબિત થાય છે કે ભૂતે ગર્ભને પણ ખાધો નથી. માટે એવે પ્રસંગે એવું માનવું જોઈએ કે ગર્ભ રહ્યો જ નથી.

इत्याष्टाङ्गहृदये सूत्रस्थाने द्वितीये शारीरस्थाने
गर्भव्यापन्नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩ જો

ગયા અધ્યાયમા ગર્ભવ્યાપદ્ વિષે કહ્યું, પણ શરીરના અવયવોના જ્ઞાન વિના મૂઢ ગર્ભને બહાર કાઢી શકાતો નથી માટે હવે શરીરનાં અંગપ્રત્યંગ વિષે કહેવું જરૂરનું હોવાથી વાગ્ભટ કહે છે કે:

अथातोऽङ्गविभागं शारीरं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

તેથી હવે જેમા અંગપ્રત્યંગના વિભાગ આવે છે એવો શરીર સંબંધી વિષય સમજાવીશુ. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

શરીરનાં અંગ અને પ્રત્યંગ

शिरोऽन्तराधिर्द्वौ बाहू सक्थिनीति समासतः ।
षडङ्गमङ्गं प्रत्यङ्गं तस्याक्षिहृदयादिकम् ॥ १ ॥

ટૂંકામાં માથું, અંતરાધિ, બે હાથ, બે પગ એ ૭ અંગોનું (મુખ્ય અવયવોનું) શરીર બનેલું છે. એના (એ શરીરના) પેટા અવયવો આંખ, હૃદય, (+કાન, નાક) વગેરે છે.

પ્રત્યંગ=મુખ્ય અવયવનો પેટા અવયવ દા. ત. હાથ અંગ છે પણ હાથનો પોંચો, આંગળીઓ વગેરે પેટા અવયવ છે.

અંતરાધિ=પૃ. ૧૧/૩૨.

પંચમહાભૂતના ગુણ

शब्दः स्पर्शश्च रूपं च रसो गन्धः क्रमाद्गुणाः ।
खानिलाग्न्यम्बुभुवाम्

શબ્દ (અવાજ), સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ અનુક્રમે આકાશ, વાયુ, તેજ (અગ્નિ), પાણી અને પૃથ્વીના (ખાસ) ગુણો છે.

(આકાશનો ગુણ શબ્દ, વાયુનો ગુણ સ્પર્શ એ રીતે અનુક્રમ જાણવો.)

एकगुणवृद्धयन्वयः परे ॥ २ ॥

પાછળના મહાભૂતમાં એનાથી પહેલાના મહાભૂતનો એકએક ગુણ ઉમેરાતો જાય છે. (આકાશ પોતે પહેલું હોવાથી એ કોઈની પાછળ નથી તેથી એનામાં ફક્ત શબ્દ ગુણ છે. વાયુ આકાશની પાછળ હોવાથી એના પોતાના સ્પર્શગુણમાં એની પહેલાના આકાશનો શબ્દ ગુણ ઉમેરાય છે. તેથી વાયુમાં શબ્દ અને સ્પર્શ એ બે ગુણ છે, એ રીતે તેજમાં શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ ગુણ છે, પાણીમાં શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર ગુણ છે અને પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચે ગુણ છે.)

કયા મહાભૂતમાંથી શું બને છે?

तत्र खात् खानि देहेऽस्मिन्
श्रोत्रं शब्दो विविक्तता ।
वातात्स्पर्शत्वगुच्छ्वासा वह्नेर्दृग्रूपपक्तयः ॥ ३ ॥
आप्या जिह्वारसक्लेदा
घ्राणगन्धास्थि पार्थिवम् ।

તેમાંથી (એ પાંચ મહાભૂતોમાંથી) આ દેહમાં (મનુષ્ય વગેરે સ્થૂલ દેહમાં) આકાશને લીધે છિદ્રો, કાન (સાંભળવાની ઇંદ્રિયનું સ્થાન), અનાજ અને ખાલીપણું થાય છે (બને છે), વાયુને લીધે સ્પર્શ, ચામડી (સ્પર્શ થવાની ઇંદ્રિયનું સ્થાન) અને ઉચ્છ્વાસ (પ્રાણ) થાય છે, તેજને લીધે દૃષ્ટિ (જોવાની ઇંદ્રિયનું સ્થાન), રૂપ અને પકવવાનું કામ થાય છે; પાણીને લીધે જીભ (જીભના જે ભાગને લીધે સ્વાદ આવે છે તે ભાગ), રસ અને ભીનાશ થાય છે તથા પૃથ્વીને લીધે નાક (સૂંઘવાની ઇંદ્રિયનું સ્થાન), ગંધ અને હાડકાં થાય છે.

દેહમાં મા તરફથી અને બાપ તરફથી શું શું બને છે?

मृद्वत्र मातृजं रक्तमांसमज्जगुदादिकम् ॥ ४ ॥
पैतृकं तु स्थिरं शुक्रधमन्यस्थिकचादिकम् ।
चैतनं चित्तमक्षाणि नानायोनिषु जन्म च ॥ ५ ॥

આ દેહમાં લોહી, માંસ, મજ્જા, ગુદા વગેરે જે કંઈ પોચું છે તે માંમાંથી ઉત્પન્ન થયું છે, પણ વીર્ય, ધમની, હાડકાં વગેરે જે કંઈ સ્થિર છે તે બાપમાંથી ઉત્પન્ન થયું છે. ચિત્ત, ઇંદ્રિયો તથા (હાથી, બકરી, ઘોડો, મસલું વગેરે) જુદીજુદી યોનિમાં અવતરવું (જન્મવું) એટલું ચેતના(=આત્મા)ને લીધે બને છે.

सात्म्यजं त्वायुरारोग्यमनालस्यं प्रभा बलम् ।

પણ આયુષ્ય, આરોગ્ય, આળસનો અભાવ (ઉદ્યમ), પ્રભા (કાંતિ) અને બળ (શક્તિ) એટલા વાનાં સાત્મ્યને લીધે ઉત્પન્ન થાય છે.

(સાત્મ્ય ત્રણ જાતનું છે—વ્યાધિસાત્મ્ય, દેહસાત્મ્ય અને દેશસાત્મ્ય. સાત્મ્ય એટલે કોઠે પડેલું, ટેવને લીધે સ્વભાવરૂપ બની ગયેલું. અહીં રોગની નહિ પણ દેહની ઉત્પત્તિનો પ્રસંગ ચાલતો હોવાથી સાત્મ્યનો અર્થ દેહસાત્મ્ય અને દેશસાત્મ્ય લેવો.)

रसजं वपुषो जन्म वृत्तिर्वृद्धिरलोलता ॥ ६ ॥

આહારના રસને લીધે શરીર જન્મે છે, ટકે છે, વધે છે અને તૃષ્ણાનો અભાવ રહે છે.

सात्विकं शौचमास्तिक्यं शुक्लधर्मरुचिर्मतिः ।
राजसं बहुभाषित्वं मानक्रुद्दम्भमत्सरम् ॥ ७ ॥
तामसं भयमज्ञानं निद्राऽऽलस्यं विषादिता ।

શૌચ (શરીર, મન અને વાણીની શુદ્ધિ), આસ્તિકતા (પરલોક હોવાની આસ્થા), નિષ્કપટ ધર્મની ભક્તિ, પ્રજ્ઞા એટલાં વાનાં સત્ત્વગુણને લીધે થાય છે. બહુ બોલવું, માન, ક્રોધ, દંભ અને મત્સર એટલાં વાનાં રજોગુણને લીધે થાય છે. ભય, અજ્ઞાન, ઊંઘ, આળસ અને વિષાદ (ખેદ, દિલગીરી) એટલાં વાનાં તમોગુણને લીધે આવે છે. (પંચમહાભૂત પણ ત્રણ ગુણ(સત્ત્વ, રજસ અને તમસ)નાં બનેલાં હોવાથી એ ત્રણ ગુણોને લીધે શું બને છે તે આ શ્લોકમાં કહ્યું છે.)

इति भूतमयो देहः

(ઉપર શ્લોક ૨૬થી ૭૬માં જેટલાં વાનાં ગણાવ્યાં તે બધાં દેહને આધારે રહે છે; છતાં એમાંથી પાંચ મહાભૂત મુખ્ય છે; કારણ કે દેહ પાંચ મહાભૂતનો બનેલો છે; તેથી કહે છે કે) આ પ્રમાણે દેહ પાંચ મહાભૂતોનો બનેલો છે.

ચામડી

तत्र सप्त त्वचोऽसृजः ॥८॥
पच्यमानात्प्रजायन्ते क्षीरात्सन्तानिका इव ।

જેમ ઊકળતા (પાકતા) દૂધ પર તર વળે છે તેમ લોહી પાકતું જાય (પરિપક્વ થતું જાય) તેમાંથી ચામડીનાં સાત પડ બને છે.

કળાઓ

धात्वाशयान्तरक्लेदो विपक्वः स्वस्वमूष्मणा ॥९॥
श्लेष्मस्नाय्वपराच्छन्नः कलाख्यः काष्ठसारवत् ।
ताः सप्त

રસ વગેરે સાત ધાતુઓના આશયની વચ્ચેની ખાલી જગામાં જે ભીનાશ હોય છે તે પોતપોતાના ધાત્વગ્નિથી બરાબર પાકે છે અને પાકયા પછી એની આસપાસ કફ, સ્નાયુ અને ઓર છવાઈ જાય છે; ત્યારે એ ભીનાશને કલા કહે છે. જેમ લાકડાના (ઝાડના થડના) મધ્યભાગમાં એ લાકડાનો સાર (ગર્ભભાગ) હોય છે, તેની માફક જ ધાતુના આશયની મધ્યમાં કલા હોય છે. (દાખલા તરીકે ખેરના ઝાડનું થડ વચ્ચેથી ચીરવામાં આવે ત્યારે એમાંથી ધોળો ખેરસાર નીકળે છે. જેમ ખેરસાર ખેરના લાકડાના સાર(સત્ત્વ)રૂપ છે, તેમ દરેક ધાતુની કળા તે તે ધાતુના સારરૂપ છે. એ સાર ઘણો થોડો થતો હોવાથી એને કળા કહે છે. કળા=થોડો ભાગ) કળા સાત છે. (માંસધરા, અસૃગ્ધરા મેદોધરા કફાશ્રયા, વિડાધરા, પિત્તધરા અને શુક્રધરા.)

સાત આધાર (આશયો)

सप्त चाधारा रक्तस्याद्यः क्रमात् परे ॥१०॥
कफामपित्तपक्वानां वायोर्मूत्रस्य च स्मृताः ।
गर्भाशयोऽष्टमः स्त्रीणां पित्तपक्वाशयान्तरे ॥

અને સાત આશયો પણ બને છે—પહેલો લોહીનો, પછી અનુક્રમે કફનો, આમનો, પિત્તનો ઝાડાનો, વાયુનો અને પેશાબનો એટલા બીજા આશય બને છે એવું શાસ્ત્ર કહે છે. (જે કોથળીમાં લોહી રહે તે રક્તાશય, આમ રહે તે આમાશય વગેરે) સ્ત્રીઓને આઠમો આશય ગર્ભાશય છે. તે પિત્તાશય અને પક્વાશયની વચ્ચે આવેલો છે.

કોષ્ઠનાં અંગો

कोष्ठाङ्गानि स्थितान्येषु हृदयं क्लोम फुप्फुसम्
यकृत्प्लीहोन्दुकं वृक्कौ नाभिडिम्भान्त्रबस्तयः ॥१२

એ સાત આધારોમાં હૃદય, ક્લોમ, ફેફસું કાળજું, બરલ, ઉન્દુક, બે વૃક્ક (અં. કીડની), નાભિ, ડિંભ, આંતરડાં અને બસ્તિ એટલાં કોઠાનાં અંગ આવેલાં છે.

જીવનનાં સ્થાન

दश जीवितधामानि शिरोरसनबन्धनम् ।
कण्ठोऽस्रं हृदयं नाभिर्बस्तिः शुक्रौजसी गुदम् ॥

ગળું, લોહી, હૃદય, નાભિ (ડૂંટી, બસ્તિ (મૂત્રાશય), વીર્ય, ઓજસ અને ગુદા એ દસ જીવનના સ્થાન છે (એ દસમાં જીવન વધારે પ્રમાણમાં રહે છે.)

જાળાં, કંડરા, કૂર્ચા, શીવણી, માંસરજ્જુ, અસ્થિસંઘાત, સીમંત અને હાડકાં

जालानि कण्डराश्चाङ्गे पृथक् षोडश निर्दिशेत् ।
षट् कूर्चाः सप्त सीवन्यो मेढ्रजिह्वाशिरोगताः ॥
शस्त्रेण ताः परिहरेच्चतस्रो मांसरज्जवः ।
चतुर्दशास्थिसङ्घाताः सीमन्ता द्विगुणा नव ॥१५

अस्थ्नां शतानि षष्टिश्च त्रीणि दन्तनखैः सह।

શરીરમાં જાળાં અને કંડરાઓ દરેક સોળ સોળ છે, એમ (ગુરુએ) શીખવવું (કહેવું), છ કૂર્ચા; એક મૂત્રેન્દ્રિયની; એક જીભની અને પાંચ માથાની મળી સાત શીવણી; એના પર શસ્ત્ર ચલાવવું નહિ (વાઢકાપ કરવી નહિ). ચાર માંસના રજ્જુઓ (દોરડાં) છે. ચૌદ અસ્થિસંઘાત છે. અઢાર સીમંત (વાળની સેંથી) છે, ત્રણસો સાઠ હાડકાં છે એમાં દાંત અને નખનો સમાવેશ થઈ જાય છે.

(જાળાં=હાલ ગુજરાતીમાં જેને કેશવાહિની કહેવાનો રિવાજ પડતો જાય છે અને અંગ્રેજીમાં જેને કેપિલરીઝ કહે છે તેના સામસામા જથ્થાઓને જાળાં કહે છે. કંડરા=આંગળીઓ, હાથ, પગ વગેરે અવયવોને લાંબાટૂંકા કે વાંકાચૂંકા કરનારી પાતળી અને નક્કર દોરડીઓને કંડરા કહે છે. જાડી કંડરાઓને માંસરજ્જુ કહે છે. કંડરા અને માંસરજ્જુને અંગ્રેજીમા ટેન્ડન કહે છે. કૂર્ચા=એકબીજાની પડખેપડખે ગોઠવાયેલા હાડકાંના કકડા, શીવણી=જાણે સોયથી ઓટી લીધું હોય એવો આકાર. અસ્થિસંઘાત–જુદાંજુદાં હાડકાં જે જગાએ ભેગાં થતાં હોય તે જગ્યા.)

धन्वन्तरिस्तु त्रीण्याह, सन्धीनां च शतद्वयम् ॥
दशोत्तरं

ધન્વંતરિ કહે છે કે હાડકાં ત્રણસો છે અને સાંધા બસો ને દસ છે.

सहस्रे द्वे निजगादात्रिनन्दनः।

અત્રિના પુત્ર (આત્રેય) કહી ગયા છે કે સાંધા બે હજાર છે.

સ્નાયુઓ

स्नाय्वां नवशती

સ્નાયુઓ નવસો છે. (શરીરમાં માંસ, હાડકાં અને ચરબીના બંધનને સ્નાયુ કહે છે.)

માંસપેશીઓ

पञ्च पुंसां पेशीशतानि तु ॥१७॥
अधिका विंशतिः स्त्रीणां योनिस्तनसमाश्रिताः।

પુરુષોને પાંચસો માંસપેશીઓ હોય છે. સ્ત્રીઓને યોનિ અને બંને સ્તનોમાં વીસ માંસપેશીઓ પુરુષો કરતાં વધારે હોય છે (એટલે સ્ત્રીઓને કુલ પાંચસો ને વીસ માંસપેશીઓ હોય છે).

મૂલ શિરાઓ

दश मूलसिरा हृत्स्थास्ताः सर्वं सर्वतो वपुः ॥
रसात्मकं वहन्त्योजस्तन्निबद्धं हि चेष्टितम्।

હૃદયમાં રહેલી દસ મૂળ શિરાઓ છે. એ મૂળ શિરાઓ આહારના રસરૂપ (આહારના રસના સત્ત્વરૂપ) ઓજસને આખા શરીરમાં બધી દિશામા લઈ જાય છે. (વાણી, શરીર અને મનનાં) કામનો આધાર એ દસ મૂળ શિરા પર છે.

કયા અંગમાં કેટલી શિરાઓ છે? તેમાંની કઈ ન વીંધવી?

स्थूलमूलाः सुसूक्ष्माग्राः पत्ररेखाप्रतानवत् ॥१९
भिद्यन्ते तास्ततः सप्तशतान्यासां भवन्ति तु।

આ દસ મૂળ શિરાઓ મૂળે આગળ જાડી અને ટોચને છેડે બહુ પાતળી (ઝીણી) હોય છે. પાંદડાંની નસોના ફેલાવાની માફક એકમાંથી અનેક ફાંટાઓરૂપે એ જુદીજુદી ફૂટી નીકળે છે. તેથી શિરાઓ સાતસો છે. (શિરા–શિરા સાંધાઓને જોડે છે અને દોષો અને ધાતુઓને શરીરમાં લઈ જાય છે, ફેરવે છે.)

तत्रैकैकं च शाखायां शतं तस्मिन्न वेधयेत् ॥२०
सिरां जालन्धरां नाम तिस्रश्चाभ्यन्तराश्रिताः।

તેમાંથી (સાતસો શિરાઓમાંથી) એક–એક સો દરેક શાખામાં (બે હાથ અને બે પગમાં) છે. તેમાં (હાથપગની ચારસો શિરાઓમાં) જે જાલંધરા નામની શિરા છે તેને અને ત્રણ અંતર્મુખ શિરાઓને એમ દરેક હાથ અને પગની ચાર ચાર મળી કુલ સોળ શિરાઓ વીંધવી નહિ.

षोडशद्विगुणाः श्रोण्यां, तासां द्वे द्वे तु वङ्क्षणे ॥
द्वे द्वे कटिकतरुणे शस्त्रेणाष्टौ स्पृशेन्न ताः।

કૂલામાં બત્રીસ શિરાઓ છે. તેમાંથી દરેક જાંઘના વળાની બે [illegible] વળાંની ચાર) અને કમ્મરની બે [illegible] દરેક બાજુએ

કુમળાં હાડકાંમાંની બે બે (=કમ્મરની ચાર) મળી એ આઠ શિરાઓને અડકવું નહિ (શસ્ત્ર અડકાડવું નહિ).

पार्श्वयोः षोडशैकैकामूर्ध्वगां वर्जयेत्तयोः ॥२२॥

પડખાંમાં સોળ શિરાઓ છે. તેમાંથી દરેક પડખાની પાર્શ્વસંધિ નામે ઓળખાતી ઊંચે જતી શિરાને વીંધવી નહિ.

द्वादशद्विगुणाः पृष्ठे पृष्ठवंशस्य पार्श्वयोः ।
द्वे द्वे तत्रोर्ध्वगामिन्यौ न शस्त्रेण परामृशेत् ॥२३

પીઠ(બરડા)માં ચોવીસ શિરાઓ છે. તેમાંથી કરોડરજ્જુની બંને બાજુએ આવેલી ઊંચે જતી બે બે (=કુલ ચાર) શિરાને શસ્ત્ર અડકાડવું નહિ.

पृष्ठवज्जठरे तासां मेहनस्योपरि स्थिते ।
रोमराजीमुभयतो द्वे द्वे शस्त्रेण न स्पृशेत् ॥२४

પીઠ જેટલી (=ચોવીસ) શિરાઓ જઠરમાં છે. તેમાંથી રોમરાજિ(ડૂંટીથી મૂત્રેન્દ્રિય સુધીની વાળની ઊભી હાર)ની બંને બાજુની, મૂત્રેન્દ્રિયની ઉપર આવેલી બે બે શિરાઓ-(કુલ ચાર શિરાઓ)ને શસ્ત્ર અડકાડવું નહિ.

चत्वारिंशदुरस्यासां चतुर्दश न वेधयेत् ।
स्तनरोहिततन्मूलहृदये तु पृथग्द्वयम् ॥ २५ ॥
अपस्तम्भाख्ययोरेकां तथाऽपालापयोरपि ।

છાતીમાં ચાળીસ શિરાઓ છે. એમાંથી નીચેની ચૌદ શિરાઓ વીંધવી નહિ. દરેક સ્તનના રાતા ભાગમાંની બે બે (=ચાર), દરેક સ્તનના મૂળ આગળની બે બે (=ચાર), હૃદયની બે, અપસ્તંભ નામની બે શિરામાંથી દરેક બાજુની એકએક (=બે) અને અપાલાપ નામે ઓળખાતી બે શિરામાંથી દરેક બાજુની એક-એક(=બે)એમ કુલ ચૌદ શિરાઓ વીંધવી નહિ.

ग्रीवायां पृष्ठवत्तासां नीले मन्ये कृकाटिके ॥२६
विधुरे मातृकाश्चाष्टौ षोडशेति परित्यजेत् ।

ડોકમાં પીઠ જેટલી (એટલે ચોવીસ) શિરાઓ છે. તેમાંથી બે નીલા, બે માન્યા, બે કૃકાટિકા, બે વિધુરા અને આઠ માતૃકા મળી કુલ સોળને છોડી દેવી (=વીંધવી નહિ.)

हन्वोः षोडश तासां द्वे सन्धिबन्धनकर्मणी ॥२७

બંને જડબાં(=ડાચાં)માં સોળ શિરાઓ છે. તેમાંથી સાંધાને જોડવાનું કામ કરનારી બે શિરાઓને છોડી દેવી (વીંધવી નહિ).

जिह्वायां हनुवत्तासामधो द्वे रसबोधने ।
द्वे च वाचःप्रवर्तिन्यौ

જીભમાં જડબાં જેટલી (એટલે સોળ) શિરાઓ છે. તેમાંથી જીભના નીચેના ભાગમાં આવેલી સ્વાદનું જ્ઞાન કરાવનારી બે શિરાઓને અને બોલવાની પ્રવૃત્તિ કરાવનારી બે શિરાઓને (કુલ ચાર શિરાઓને) છોડી દેવી.

नासायां चतुरुत्तरा ॥ २८ ॥
विंशतिर्गन्धवेदिन्यौ तासामेकां च तालुगाम् ।

નાકમાં ચોવીસ શિરાઓ છે. તેમાંથી ગંધનું જ્ઞાન કરાવનારી બે શિરાઓને અને તાળવામાં જતી એક શિરાને (=કુલ ત્રણ શિરાને) વીંધવી નહિ.

षट्पञ्चाशन्नयनयोर्निमेषोन्मेषकर्मणी ॥ २९ ॥
द्वे द्वे, अपाङ्गयोर्द्वे च तासां षडिति वर्जयेत् ।

બે આંખમાં છપ્પન શિરાઓ છે. તેમાંથી, પોપચાંને ઉઘાડવાસ કરાવનારી બે બે શિરાઓને (=ચાર), આંખના લમણા તરફના છેડાની બે મળી કુલ છ શિરાઓને છોડી દેવી (વીંધવી નહિ).

नासानेत्राश्रिताः षष्टिर्ललाटे,
स्थपनीश्रिताम् ॥ ३० ॥
तत्रैकां, द्वे तथाऽऽवर्तौ, चतस्रश्च कचान्तगाः ।
सप्तैवं वर्जयेत्तासाम्

નાકની અને બે આંખની શિરાઓ (૨૪+૫૬=૮૦) કહી તેમાંની સાઠ શિરાઓ લલાટમાં છે. એમાંથી સ્થપની નામના મર્મમાં આવેલી એક, આવર્ત નામનાં બે મર્મમાં આવેલી બે શિરાઓ અને વાળના છેડા આગળની (જ્યાંથી વાળ ઊગતા બંધ થાય છે ત્યાં આગળની) ચાર શિરાઓ મળી કુલ સાત શિરાઓને છોડી દેવી.

कर्णयोः षोडशात्र तु ॥ ३१ ॥
द्वे शब्दबोधने शङ्खौ सिरास्ता एव चाश्रिताः ।
द्वे शङ्खसन्धिगे तासाम्

બે કાનમાં સોળ શિરાઓ છે. એમાં

અવાજનુ જ્ઞાન કરાવનારી બે શિરાઓ, બે લમણાં તથા લમણા સાથે સંબંધ રાખતી કાનની શિરાઓ હોય છે. તેમાંથી લમણાના સાંધામાં આવેલી બે શિરાઓ છોડી દેવી.

मूर्ध्नि द्वादश तत्र तु ॥ ३२ ॥
एकैकां पृथगुत्क्षेपसीमन्ताधिपतिस्थिताम् ।

માથામાં બાર શિરાઓ છે, તેમાંથી બંને ઉત્ક્ષેપમાંની એક એક (=બે), પાંચ સીમંત (સેંથા)માંની એકએક (=પાંચ) અને અધિપતિમાં એક મળી કુલ આઠ શિરાઓને શસ્ત્ર અડકાડવું નહિ.

इत्यवेध्यविभागार्थं प्रत्यङ्गं वर्णिताः सिराः ॥३३॥

આ પ્રમાણે શું ન વીંધવુ જોઈએ તેને અલગ પાડીને જુદું બતાવવા માટે દરેક અંગની શિરાઓનુ વર્ણન કર્યું છે.

अवेध्यास्तत्र कार्त्स्न्येन देहेऽष्टानवतिस्तथा ।
सङ्कीर्णा ग्रथिताः क्षुद्रा वक्राः
सन्धिषु चाश्रिताः ॥ ३४ ॥

એ બધી શિરાઓમાં શરીરમાં કુલ અઠ્ઠાણુ શિરાઓ તથા જે શિરાઓ ગૂંચવાઈ ગઈ હોય, જે શિરાને ગાંઠ પડી ગઈ હોય, જે શિરા બહુ નાની અને બારીક હોય, વાંકી હોય અને હાડકાંના સાંધામાં આવેલી હોય તે શિરાઓને વીંધવી નહિ.

શિરાઓનું કામ

तासां शतानां सप्तानां पादोऽस्रं वहते पृथक् ।
वातपित्तकफैर्जुष्टं शुद्धं चैवं स्थिता मलाः ॥३५॥
शरीरमनुगृह्णन्ति पीडयन्त्यन्यथा पुनः ।

શિરાઓમાંથી સાતસો શિરાઓનો એક-એક ચોથો ભાગ (૧૭૫ શિરાઓ) વાયુ, પિત્ત અને કફવાળું તથા શુદ્ધ લોહી વહે છે (લઈ જાય છે). (એટલે ૧૭૫ શિરાઓમાં વાયુવાળું લોહી, ૧૭૫માં પિત્તવાળું લોહી, ૧૭૫માં કફવાળું લોહી વહે છે અને ૧૭૫માં શુદ્ધ લોહી વહે છે.) આ પ્રમાણે રહેલા (પોતપોતાની શિરામાં રહેલા) દોષ શરીરને ઉપયોગી થઈ પડે છે પણ બીજી રીતે (=જે શિરા જે દોષની ન હોય તે શિરામાં) રહેલા દોષ શરીરને પીડા (રોગ) કરે છે.

વાયુ, પિત્ત. કફ અને શુદ્ધ લોહી વહેતી શિરાનાં લક્ષણ

तत्र श्यावारुणाः सूक्ष्माः पूर्णरिक्ताः
क्षणात्सिराः ॥ ३६ ॥
प्रस्पन्दिन्यश्च वातास्रं वहन्ते

એમાં (=એ સાતસો શિરામાં) બદામી-રંગની લાલ, ઝીણી, ઘડીમાં ભરાતી અને ઘડીમાં ખાલી થતી અને ધડકતી શિરાઓમાં વાયુ-વાળું લોહી વહે છે.

पित्तशोणितम् ।
स्पर्शोष्णाः शीघ्रवाहिन्यो नीलपीताः

અડકવામાં ઊની, જલદી વહેતી (=લઈ જતી) અને લીલીપીળી શિરાઓમાં પિત્તવાળું લોહી વહે છે.

कफं पुनः ॥ ३७ ॥
गौर्यः स्निग्धाः स्थिराः शीताः

પણ ગોરી, સ્નિગ્ધ, સ્થિર અને અડકવામાં ઠંડી શિરાઓમાં કફ (=કફવાળું લોહી) વહે છે.

संसृष्टं लिङ्गसङ्करे ।

ઉપર કહેલી ત્રણ દોષવાળા લોહીને લઈ જનારી શિરાઓનાં લક્ષણ જે શિરાઓમાં ભેગાં હોય તે શિરા તે તે દોષોને ભેગા વહે છે (=શરીરમાં બધે પહોંચાડે છે).

गूढाः समस्थिताः स्निग्धा रोहिण्यः
शुद्धशोणितम् ॥ ३८ ॥

શરીરમાં ઊંડી રહેલી, સમ સ્થિતિમાં રહેતી, સ્નિગ્ધ રોહિણી નામની શિરાઓમાં શુદ્ધ લોહી વહે છે.

ધમની

धमन्यो नाभिसम्बद्धा विंशतिश्चतुरुत्तरा ।
ताभिः परिवृता नाभिश्चक्रनाभिरिवारकैः ॥ ३९ ॥
ताभिश्चोर्ध्वमधस्तिर्यग्देहोऽयमनुगृह्यते ।

ડૂંટી સાથે જોડાયેલી ધમનીઓ ચોવીસ છે. જેમ પૈડાના મણાની આસપાસ ચારે બાજુ ફરતા પૈડાના આરા હોય છે તેમ ડૂંટીની આસપાસ ચારે બાજુ ફરતી આ ધમનીઓ હોય છે. અને એ ધમનીઓ ઊંચે, નીચે, આડે એમ બધી દિશામાં દેહને (પોષીને) ઉપયોગી થઈ પડે છે.

બહિઃસ્રોતો

स्रोतांसि नासिके कर्णौ नेत्रे पाय्वास्यमेहनम् ॥
स्तनौ रक्तपथश्चेति नारीणामधिकं त्रयम् ।

બે નસકોરાં, બે કાન, બે આંખ, ગુદા, મો અને મૂત્રેન્દ્રિય એ નવ સ્રોતો પુરુષને હોય છે. તે ઉપરાંત સ્ત્રીને બે સ્તન અને અભડાય ત્યારે લોહી નીકળવાનો માર્ગ એ ત્રણ સ્રોતો વધારે હોય છે. (સ્ત્રીને કુલ બાર સ્રોતો હોય છે.)

અંતઃસ્રોતો

जीवितायतनान्यन्तःस्रोतांस्याहुस्त्रयोदश ।४१॥
प्राणधातुमलाम्भोन्नवाहीनि

પ્રાણવાયુ, ધાતુઓ, મળો (ઝાડો, પેશાબ, પરસેવો), પાણી અને અન્ન વહેનારાં સ્રોતોને (=માર્ગોને) અંતઃસ્રોતો કહે છે. એ જીવનનાં ખાસ સ્થાન છે.

દુષ્ટ અને શુદ્ધ સ્રોતો શું શું કરે?

अहितसेवनात् ।
तानि दुष्टानि रोगाय विशुद्धानि सुखाय च ॥४२

આહારવિહારના કુપથ્યથી એ (=સ્રોતો) બગડે તો રોગ થાય છે; અને શુદ્ધ સ્રોતો સુખ (=આરોગ્ય) આપે છે.

દોષોનાં અને ધાતુનાં સ્રોતોનાં લક્ષણ

स्वधातुसमवर्णानि वृत्तस्थूलान्यणूनि च ।
स्रोतांसि दीर्घाण्याकृत्या प्रतानसदृशानि च ॥

જે ધાતુ વહેનારું જે સ્રોત હોય તે ધાતુના રંગનું તે સ્રોત હોય છે. આકારમાં કેટલાંક સ્રોત ગોળ, કેટલાંક જાડાં અને કેટલાંક પાતળાં હોય છે, બધા સ્રોત લાંબાં હોય છે અને પાંદડાંની નસોની માફક ફાંટાફાંટા પડીને બધે પથરાઈ ગયેલાં હોય છે.

સ્રોતો બગડવાનું કારણ

आहारश्च विहारश्च यः स्याद्दोषगुणैः समः ।
धातुभिर्विगुणो यश्च स्रोतसां स प्रदूषकः ॥४४॥

દોષ વહેનારાં સ્રોતોમાંથી જે સ્રોત જે દોષ વહેવાને નિર્માણ થયુ હોય તે સ્રોત તે દોષના ગુણ જેવા ગુણવાળા આહારવિહારના સેવનથી બગડે છે. ધાતુ વહેનારાં સ્રોતોમાંથી જે સ્રોત જે ધાતુ વહેવાને નિર્માણ થયુ હોય તે સ્રોત તે ધાતુના ગુણથી વિરુદ્ધ ગુણવાળા આહારવિહારના સેવનથી બગડે છે.

સ્રોત બગડયું હોવાનું લક્ષણ

अतिप्रवृत्तिः सङ्गो वा सिराणां ग्रन्थयोऽपि वा ।
विमार्गतो वा गमनं स्रोतसां दुष्टिलक्षणम् ॥४५

જે સ્રોતમાં જે વહેતું હોય તે સ્રોતમાંથી તે વસ્તુ વધારે પડતી નીકળી જાય (દા. ત. મૂત્રવાહી સ્રોતમાંથી વધારે પડતો પેશાબ થાય), કે સમૂળગી ન નીકળે (કે બહુ ઓછી નીકળે), કે શિરાઓ(=સ્રોતો)ની ગાંઠ પડી જાય, અથવા જે વસ્તુ વહેતી હોય તે પોતાના સ્રોત સિવાય બીજે રસ્તે વહે એ સ્રોત બગડ્યું હોવાનું લક્ષણ છે.

बिसानामिव सूक्ष्माणि दूरं प्रविसृतानि च ।
द्वाराणि स्रोतसां देहे रसो यैरुपचीयते ॥४६॥

કમળના મૂળિયાની માફક સ્રોતોનાં દ્વાર (મુખ) ઝીણાં અને દૂરદૂર સુધી આખા શરીરમાં પ્રસરેલાં હોય છે અને એમના વડે (એ મુખો વાટે) શરીરમાં પ્રસાદ નામના રસમાં વધારો થાય છે.

સ્રોતો વીંધાય તો શું શું થાય?

व्यधे तु स्रोतसां मोहकम्पाध्मानवमिज्वराः ।
प्रलापशूलविण्मूत्ररोधा मरणमेव वा ॥ ४७॥
स्रोतोविद्धमतो वैद्यः प्रत्याख्याय प्रसाधयेत् ।
उद्धृत्य शल्यं यत्नेन सद्यःक्षतविधानतः ॥४८॥

સ્રોતો વીંધાય (કે સ્રોનો ઉપર વાગે) તો મોહ, કંપ, આધ્માન, ઊલટી, તાવ, લવરી, શૂળ, ઝાડો રોકાય, પેશાબ રોકાય એટલાં દરદ થાય અથવા મોત આવે. માટે વૈદે જેનું સ્રોત વીંધ્યુ હોય તેનું સ્રોતમાં રહેલું શલ્ય યત્નપૂર્વક કાઢીને સદ્યોવ્રણ માટે કહેલા વિધિથી એની પ્રત્યાખ્યાન ચિકિત્સા કરવી.

પ્રત્યાખ્યાન ચિકિત્સા–ચિ. ૧૧/૪૪,૪૪૬ પ્રમાણે કરવાના ઉપાય.–

અન્નને કોણ પચાવે છે?

अन्नस्य पक्ता पित्तं तु पाचकाख्यं पुरेरितम् ।
दोषधातुमलादीनामूष्मेत्यत्रेयशासनम् ॥४९॥

પહેલા (સૂ. ૧૨/૯થી ૧૨) કહેવાઈ ગયુ છે કે પાચક પિત્ત અન્નને પકવે છે. દોષો, ધાતુઓ અને મળો વગેરેના અગ્નિ અન્નને પકવે છે એવી આત્રેયની આજ્ઞા છે.

ગ્રહણી

तदधिष्ठानमन्नस्य ग्रहणाद्ग्रहणी मता ।
सैव धन्वन्तरिमते कला पित्तधराह्वया ॥५०॥
आयुरारोग्यवीर्यौजोभूतधात्वग्निपुष्टये ।
स्थिता पक्वाशयद्वारि भुक्तमार्गार्गलेव सा ॥५१॥

એનુ (જઠરાગ્નિનું પાચક પિત્તનું) સ્થાન અન્નને ગ્રહણ કરતુ હોવાથી (ખાધેલાપીધેલો આહાર પચવા માટે એ સ્થાનમાં ગ્રહણ થતો હોવાથી) એ સ્થાનને ગ્રહણી માની છે. એ જ ગ્રહણી (અ. ડુઓડીનમ) ધન્વંતરિના મતે પિત્તધરા નામની કળા છે. (ખાધેલાપીધેલો આહાર કઠમાથી સીધો પકવાશયમા ન ઊતરી જાય તે માટે) એ ગ્રહણી ખાધેલા અન્નના માર્ગમા આગળા(ઉલાળા, ભોગળ)ની માફક આવેલી છે. (એટલે જેમ કબાટના બારણા મેળે ઊઘડી ન જાય તે માટે ઉલાળો રાખવામા આવે છે તે પ્રમાણે ખાધેલો ખોરાક ગળામાંથી ઊતરતો ઊતરતો સીધો પકવાશયમાં ન જતો રહે તે ખાતર હોજરી અને પકવાશયની વચ્ચે ગ્રહણી આવેલી છે. ગ્રહણીનુ મોં બંધ રહે છે તે અમુક સંજોગોમાં જ ઊઘડે છે. તેથી ખોરાક ગ્રહણીમાં પડ્યો રહે છે અને ત્યાં પચે છે.)

भुक्तमामाशये रुध्वा सा विपाच्य नयत्यधः ।
बलवत्यबला त्वन्नमाममेव विमुञ्चति ॥ ५२ ॥

ખાધેલા ખોરાકને આમાશયમા રોકી રાખીને એને પચાવીને પછી બળવાન ગ્રહણી એને નીચે (પકવાશયમાં) લઈ જાય છે. પણ નબળી ગ્રહણી ખાધેલા ખોરાકને કાચો ને કાચો જ પકવાશયમા છોડી દે છે.

ગ્રહણી શાથી બગડે?

ग्रहण्या बलमग्निर्हि स चापि ग्रहणीबलः ।
दूषितेऽग्नावतो दुष्टा ग्रहणी रोगकारिणी ॥५३

ગ્રહણીનું બળ અગ્નિ છે અને અગ્નિનું બળ ગ્રહણી છે. તેથી અગ્નિ બગડે એટલે બગડેલી ગ્રહણી રોગ કરે છે.

અન્ન પચવાથી શું થાય?

यदन्नं देहधात्वोजोबलवर्णादिपोषणम् ।
तत्राग्निर्हेतुराहारान्न ह्यपक्वाद्रसादयः ॥५४॥

શરીર, ધાતુઓ, ઓજસ, બળ, શરીરનો રંગ વગેરેને અન્ન પોષણ આપે છે તેનુ કારણ અગ્નિ (જઠરાગ્નિ) છે, કારણ કે પચ્યા વિનાના આહારમાથી રસ વગેરે બની શકતાં નથી.

પહેલી પાચનક્રિયા

अन्नं कालेऽभ्यवहृतं कोष्ठं प्राणानिलाहृतम् ।
द्रवैर्विभिन्नसङ्घातं नीतं स्नेहेन मार्दवम् ॥ ५५॥
सन्धुक्षितः समानेन पचत्यामाशयस्थितम् ।
औदर्योऽग्निर्यथा बाह्यः
स्थालीस्थं तोयतण्डुलम् ॥ ५६॥

સૂ. ૮/૫૫માં કહેલા ભોજનના સમયે ખાધેલા-પીધેલા અન્નને પ્રાણવાયુ કોઠામાં લઈ જાય છે. ત્યાં (પાણી, દારૂ, દૂધ વગેરે) દ્રવોને લીધે એની ગડીઓ ભાગી જાય છે, (ઘી વગેરે) સ્નેહોને લીધે એ મૃદુ બને છે. એવા (ગડીઓ ભાગીને એકરસ બનેલા અને મૃદુ બનેલા), આમાશયમાં પડેલા અન્નને સમાન વાયુથી પ્રજ્વલિત કરાયેલો જઠરાગ્નિ, જેમ બહારનો (ચૂલાનો કે સઘડીનો) અગ્નિ તપેલીમાં ભરેલા પાણી (આંધણુ, અધરણ) અને ચોખાને પકાવે છે તેમ પકાવે છે.

आदौ षड्रसमप्यन्नं मधुरीभूतमीरयेत् ।
फेनीभूतं कफं, यातं विदाहादम्लतां ततः ॥५७॥
पित्तमामाशयात्कुर्याच्च्यवमानं, च्युतं पुन. ।
अग्निना शोषितं पक्वं पिण्डितं कटु मारुतम् ॥

ખોરાક છયે રસવાળો હોવા છતા (પચતાં-પચતાં) એ પહેલાં તો ગળ્યો બની જઈને ફીણરૂપે કફને ઉપર આણે છે (અથવા, પેદા કરે છે). ત્યાર પછી (પચવાની ક્રિયાની વચલી અવસ્થામા) આમાશયમાથી ગ્રહણીમાં પડતાં પડતાં વિદાહ થવાથી ખાટુ બનેલું અન્ન પિત્તને પેદા કરે છે. પછી (ત્રીજી અવસ્થામાં) ગ્રહણીમાંથી પકવાશયમાં ગયેલું, જઠરાગ્નિથી પચેલું, પ્રવાહીપણું જેનુ શોષાઈ

ગયુ છે એવુ, લોચા જેવું બનેલુ અને તીખું બનેલુ અન્ન વાયુને પેદા કરે છે.

બીજી પાચનક્રિયા

भौमाप्याग्नेयवायव्याः पञ्चोष्माणः सनाभसाः । पञ्चाहारगुणान्स्वान् स्वान् पार्थिवादीन् पचन्त्यनु ॥ ५९ ॥

આકાશાગ્નિ સહિત પાર્થિવ, જલીય, આગ્નેય અને વાયવ્ય એ પાંચ અગ્નિ પોતપોતાના પાર્થિવ વગેરે (=પાર્થિવ, જલીય, આગ્નેય, વાયવ્ય અને આકાશીય) એ પાંચ આહારના ગુણોને પછી (=જઠરાગ્નિ અન્નને પકવી રહે છે ત્યાર પછી) પકાવે છે.

(ખોરાકમાં આકાશીય, વાયવ્ય, આગ્નેય, જલીય અને પાર્થિવ એ પાંચે પ્રકારનાં દ્રવ્યો હોય છે. એ દરેક જાતનુ દ્રવ્ય પાંચ મહાભૂતનુ બનેલુ હોય છે, પણ એમાં જે મહાભૂતનુ પ્રમાણ વધારે હોય છે, તે ઉપરથી એનું નામ આકાશીય વગેરે પડેલુ હોય છે. તેથી દરેક દ્રવ્યમાં અગ્નિતત્ત્વ હોય છે. જ્યારે જઠરાગ્નિ આહારને પચાવી રહે છે, ત્યાર પછી એ પચેલા આહારમાંના આકાશીય દ્રવ્યમાં રહેલો અગ્નિ તે દ્રવ્યમાં રહેલા તે દ્રવ્યના ગુણોને પકવે છે. તે જ પ્રમાણે વાયવ્ય વગેરે દ્રવ્યોમા રહેલો અગ્નિ વાયવ્ય વગેરે દ્રવ્યોમાં રહેલા ગુણોને પકવે છે. જે જે જાતના દ્રવ્યમાં જે અગ્નિ રહેલો હોય છે, તે તે જાતના દ્રવ્યના ગુણોને તે અગ્નિ પકવે છે. આમ પહેલી પાચનક્રિયા જઠરાગ્નિ કરે છે, પછી બીજી પાચનક્રિયા ભૂતાગ્નિ (=પંચમહાભૂતથી બનેલા પાંચ જાતનાં દ્રવ્યોમાં રહેલા પાંચ જાતના અગ્નિ) કરે છે.

પોષણક્રિયા

यथास्वं ते च पुष्णन्ति पक्वा भूतगुणान् पृथक् ।

(આમ) પોતપોતાના ભૂતાગ્નિથી પચેલા તે (=પાચ મહાભૂતના ગુણો) શરીરમાંનાં પંચમહાભૂતોના ગુણોને જુદાજુદા (=દરેક મહાભૂત પોતાની જાતના મહાભૂતના ગુણોને) પોષે છે (વધારે છે).

(દા. ત. પાર્થિવ ભૂતાગ્નિથી પચેલા પાર્થિવ ગુણો શરીરમાંના પાર્થિવ ગુણોને પોષે છે. એ રીતે દરેક મહાભૂતના ગુણો વિષે સમજવુ.)

पार्थिवाः पार्थिवानेव शेषाः शेषांश्च देहगान् ॥ ६० ॥

તેમાં પાર્થિવ ભૂતાગ્નિથી પચેલા પાર્થિવ મહાભૂતના ગુણો શરીરમાંના પાર્થિવ મહાભૂતના ગુણોને પોષે છે અને બાકીના (જલીય, આગ્નેય, વાયવ્ય અને આકાશીય મહાભૂતથી પચેલા તે તે પોતપોતાની જાતના મહાભૂતના ગુણો) પોતપોતાના બાકીનાને (=શરીરમાં રહેલા પોતપોતાના જલીય, આગ્નેય, વાયવ્ય અને આકાશીય મહાભૂતના ગુણોને) પકવે છે.

ઝાડો-પેશાબ શી રીતે બને છે?

किट्टं सारश्च तत्पक्वमन्नं सम्भवति द्विधा ।

એનાથી પચેલા આહારના બે ભાગ પડે છે–કિટ્ટ (મેલ) અને સાર (પ્રસાદરસ, નિર્મળ રસ).

तत्राच्छं किट्टमन्नस्य मूत्रं विद्याद्घनं शकृत् ॥ ६१

એમા (=મેલમા) આહારનો પ્રવાહી કચરો એ પેશાબ છે અને ઘટ્ટ કચરો એ ઝાડો છે.

ત્રીજી પાચનક્રિયા

सारस्तु सप्तभिर्भूयो यथास्वं पच्यतेऽग्निभिः ।

પહેલા જઠરાગ્નિ વડે અને પછી પાંચ ભૂતાગ્નિઓ વડે પાકીને સારરૂપ બનેલો (=પ્રસાદરસરૂપ બનેલો) આહારનો રસ વળી પાછો પોતપોતાના સાત અગ્નિઓ વડે (=જે ધાતુમાં રસ જાય તે ધાતુમા રહેલા અગ્નિ વડે) પકવાય છે. (આ ત્રીજી પાચનક્રિયા છે.)

ખાધેલા ખોરાકના કાચા રસને પહેલાં જઠરાગ્નિ અને પછી ભૂતાગ્નિ પકવે છે, ત્યારે તેમાંથી મળભાગ છૂટો પડી જાય છે અને સારભાગ રહે છે, એને પ્રસાદરસ કહે છે. પછી આ પ્રસાદરસ પહેલા હૃદયમા જાય છે. ત્યાં રહેલો વ્યાન વાયુ એ રસને ધમીને (અ. પંપ કરીને) હૃદયમાં રહેલી દસ મૂળ શિરાઓ દ્વારા શરીરમાં મોકલે છે, ત્યારે એ પ્રસાદરસ આખા શરીરમાં વહેતી રસ નામની ધાતુ સાથે

મળીને એકરૂપ થઈ જાય છે. ત્યાં રસધાતુના આશયમાં રહેલો રસધાતુનો ધાત્વગ્નિ એ પ્રસાદ-રસને પકવે છે. તેથી એ લોહીરૂપી ધાતુના સારરૂપ બની જાય છે. પછી એ લોહીના સાર-રૂપ બનેલો પ્રસાદરસ લોહીના આશયમાં જાય છે; ત્યાં લોહીના આશયમાં રહેલા લોહીરૂપી ધાતુના ધાત્વગ્નિથી એ રસ પાકે છે. તેથી એ માંસધાતુના સારરૂપ બને છે. આ રીતે અનુક્રમે પ્રસાદરસનુ શું શું બનતું જાય છે તે હવે કહે છે:

ધાતુઓ શી રીતે બને છે?

रसाद्रक्तं ततो मांसं मांसान्मेद-स्ततोऽस्थि च ॥ ६२ ॥
अस्थ्नो मज्जा ततः शुक्रं शुक्राद्गर्भः प्रजायते ।

રસમાંથી લોહી, એમાથી (=લોહીમાંથી) માંસ, માંસમાંથી ચરબી, એમાથી (=ચરબી-માંથી) હાડકું, હાડકામાંથી મજ્જા (અ. મૅરો), એમાંથી (=મજ્જામાંથી) વીર્ય, (અને) વીર્ય-માંથી ગર્ભ ઉત્પન્ન થાય છે.

ધાતુઓના મળ

कफः पित्तं मलाः खेषु प्रस्वेदो नखरोम च । ६३
स्नेहोऽक्षित्वग्विशामोजो धातूनां क्रमशो मलाः ।

(દરેક ધાતુનો પ્રસાદરસ પોતપોતાના ધાત્વગ્નિ વડે પાકીને શું શું બને છે તે કહ્યું પણ એ બનતાં બનતાં એ દરેકમાંથી જે મેલ છૂટો પડે તે કયો છે તે હવે કહે છે. જેમ ખાધેલોપીધેલો આહાર પચીને પ્રસાદરસ બનતાંબનતાં એમાંથી જે મેલ છૂટો પડ્યો તેને ઝાડો અને પેશાબ કહે છે, તેમ દરેક ધાતુમાં ગયેલો પ્રસાદરસ પાકતાં-પાકતાં છૂટા પડેલા મળ કયા કયા છે તે હવે કહે છે.)

કફ, પિત્ત, (નાક, કાન, વગેરે) છિદ્રોમાં આવતા મેલ, પરસેવો, નખ અને રૂંવાડાં; આંખ, ચામડી અને ઝાડાની ચીકાશ (=આંખના પીયા વગેરે ચીકાશ), અને ઓજસ એ અનુક્રમે ધાતુઓના (=રસ, લોહી, માંસ, ચરબી, હાડકું, મજ્જા અને વીર્યના) મેલ છે.

(રસનો મેલ કફ, લોહીનો મેલ પિત્ત એમ અનુક્રમ લેવાનો છે.)

ધાતુઓના સાર શી રીતે બને છે?

प्रसादकिट्टौ धातूनां पाकादेवं द्विधर्च्छतः ॥ ६४ ॥

આમ (પ્રસાદરસથી પોષાતી) ધાતુઓના પણ પચવાને લીધે પ્રસાદ (=સારભાગ) અને કિટ્ટ (=મેલ) એવા બે ભાગ પડી જાય છે.

परस्परोपसंस्तम्भाद्धातुस्नेहपरम्परा ।

પ્રસાદરસનો પ્રવાહ તૂટ્યા વિના ચાલુ રહે છે તેથી આગળ કહેવાઈ ગયું છે તે પ્રમાણે એક ધાતુ બીજી ધાતુને પોષણ આપ્યા કરે એવો પરસ્પર પોષણનો પ્રવાહ પણ ચાલુ રહેવાથી ધાતુઓના સ્નેહ(=સાર)ની પરંપરા (=પ્રવાહ ચાલુ રહે છે (=એક ધાતુના સારમાંથી બીજી ધાતુનો સાર બન્યા કરે છે).

આહારમાંથી વીર્ય કેટલે વખતે બને?

केचिदाहुरहोरात्रात्षडहादपरे. परे ॥ ६५ ॥
मासेन याति शुक्रत्वमन्नं पाकक्रमादिभिः ।

જઠરાગ્નિ, ભૂતાગ્નિ અને ધાત્વગ્નિથી પચ-વાનો જે ક્રમ આગળ કહ્યો તે ક્રમ વગેરેથી (=ક્રમેક્રમે પચીને અને દ્રવ્યના પ્રભાવ વગેરેથી) એક દિવસરાતમાં (=ચોવીસ કલાકમાં) આહાર-નું વીર્ય બને છે એમ કેટલાક આચાર્યો કહે છે, બીજા કેટલાક કહે છે કે ૭ દિવસે આહાર-નું વીર્ય બને છે અને બીજા કેટલાક વળી કહે છે કે એક મહિને આહારનું વીર્ય બને છે.

सन्तता भोज्यधातूनां परिवृत्तिस्तु चक्रवत् ॥ ६६

(જે ધાતુમાંથી બીજી ધાતુ બનતી હોય તે ધાતુ એ બીજી ધાતુના ખોરાકરૂપ છે. રસ-માંથી લોહી બને છે તેથી રસ લોહીના ખોરાકરૂપ છે. આ રીતે એક ધાતુ પોતાની પછીની ધાતુનું ભોજ્ય (=ખોરાક) છે.) ભોજ્ય ધાતુઓનું ભ્રમણ (=ફરવાનું) પૈડાના ભ્રમણની માફક અટક્યા વિના સદા ચાલુ રહે છે.

वृष्यादीनि प्रभावेण सद्यः शुक्रादि कुर्वते ।

વૃષ્ય વગેરે દ્રવ્યો પોતાના પ્રભાવથી તરત જ (શ્લોક ૬૫, ૬૫રૈમાં કહેલી મુદત ન લગાડતાં તરત જ) વીર્ય વગેરે બનાવે છે. ('વગેરે' શબ્દ

વાપરીને એવું કહેવા માગે છે કે એકલાં વૃષ્ય દ્રવ્યો જ તરત વીર્ય બનાવે છે એવું નથી પણ વિષ, ગર. શમન ઔષધ, અને મૂઢગર્ભ તથા જરાયુને બહાર કાઢવાની ક્રિયા કરનાર દ્રવ્યો પણ તરત જ પોતાની અસર કરે છે.)

प्रायः करोत्यहोरात्रात्कर्मान्यदपि भेषजम् ॥६७॥

વૃષ્ય વગેરે ઉપરાંત બીજાં કેટલાંક (=દીપન વગેરે કરનાર) ઔષધ પણ સામાન્ય રીતે એક દિવસરાતમાં (ચોવીસ કલાકમાં) પોતાનું કામ (અસર) કરે છે.

રસ શુદ્ધ હોવા છતાં પણ રોગ ક્યારે કરે? રોગ અમુક ભાગમાં જ કેમ થાય છે?

व्यानेन रसधातुर्हि विक्षेपोचितकर्मणा ।
युगपत्सर्वतोऽजस्रं देहे विक्षिप्यते सदा ॥६८॥
क्षिप्यमाणः खवैगुण्याद्रसः सज्जति यत्र सः ।
तस्मिन्विकारं कुरुते खे वर्षमिव तोयदः ॥६९॥

જેમ પવન વડે આકાશમાં ઘેરાયેલું વાદળ બધા આકાશ નીચે નહિ પણ થોડા જ ભાગમાં વરસાદ કરે છે (=વરસે છે) તેમ (આખા શરીરમાં) ફેરવવું એ જેનું સ્વાભાવિક કામ છે એવા વ્યાન વાયુ વડે રસધાતુ શરીરમાં બધે એક સાથે સતત હમેશાં ફેરવાય છે, એ ફેરવાતો રસ સ્રોતોના બગાડને લીધે સ્રોતોમાં જ્યાં ચોંટી જાય છે (=અટકી પડે છે) ત્યાં તે (=ચોંટેલો રસ) રોગ કરે છે.

(રસધાતુ–જઠરાગ્નિથી પાકેલા આહારના રસને પ્રસાદ કહે છે. એ પ્રસાદરસ ધાતુના આકારનો હોવાથી તેને ધાતુ કહે છે.)

દોષો શુદ્ધ હોવા છતાં પણ રોગ ક્યારે કરે?

दोषाणामपि चैवं स्यादेकदेशप्रकोपणम् ।

એ જ પ્રમાણે (=જે કારણથી–સ્રોતો બગડવાથી–રસ શુદ્ધ હોવા છતાં અમુક ભાગમાં રોગ કરે છે તે જ પ્રમાણે–તે જ કારણથી એટલે સ્રોતો બગડવાથી) દોષો પણ (વ્યાન વાયુ વડે) આખા શરીરમાં (એક સાથે સતત હમેશાં ફેરવાતા હોવા છતાં) એક ભાગમાં કોપે છે (=શરીરના અમુક ભાગમાં જ રોગ કરે છે). (આ કારણથી શરીરના અમુક ભાગમાં જ કરોળિયા, દાદર, સોજા વગેરે રોગ થાય છે.)

अन्नभौतिकधात्वग्निकर्मेति परिभाषितम् ॥७०॥

(શ્લોક ૫૪૨ થી ૬૯૨ સુધીમાં) અન્નના અગ્નિનું (=અન્નને પકવનાર જઠરાગ્નિનું), ભૂતાગ્નિનું અને ધાત્વગ્નિનું કામ સમજાવ્યું.

જઠરાગ્નિનું રક્ષણ કરવાનું કારણ

अन्नस्य पक्ता सर्वेषां पक्तॄणामधिको मतः ।
तन्मूलास्ते हि तद्वृद्धिक्षयवृद्धिक्षयात्मकाः ॥७१
तस्मात्तं विधिवद्युक्तैरन्नपानेन्धनैर्हितैः ।
पालयेत्प्रयतस्तस्य स्थितौ ह्यायुर्बलस्थितिः ॥७२

અન્નને પચાવનાર અગ્નિ (=જઠરાગ્નિ) બધા પચાવનારાઓમાં (=અગ્નિઓમાં) અધિક (શ્રેષ્ઠ, અગત્યનો) છે, કારણ કે એ અગ્નિઓનું મૂળ એ (=જઠરાગ્નિ) છે (=જઠરાગ્નિને લીધે પાંચ ભૂતાગ્નિ અને સાત ધાત્વગ્નિ સંભવે છે), એ જઠરાગ્નિ વધે તો બીજા અગ્નિ વધે છે અને ઘટે તો બીજા અગ્નિ ઘટે છે; તેથી પથ્ય હોય એવાં અન્નપાનરૂપી બળતણ વિધિપુરઃસર આપીને એનું (=જઠરાગ્નિનું) સંયમપૂર્વક રક્ષણ કરવું. એની (=જઠરાગ્નિની) હયાતી ઉપર આયુષ્ય અને બળની હયાતીનો આધાર છે.

સમ, વિષમ, તીક્ષ્ણ અને મંદ અગ્નિ

समः समाने स्थानस्थे विषमोऽग्निर्विमार्गगे ।
पित्ताभिमूर्च्छिते तीक्ष्णो
मन्दोऽस्मिन्कफपीडिते ॥७३॥

જ્યારે સમાન વાયુ પોતાના સ્થાનમાં હોય ત્યારે અગ્નિ (=જઠરાગ્નિ) સમ હોય છે, જ્યારે સમાન વાયુ પોતાનું સ્થાન (માર્ગ) છોડીને બીજે માર્ગે જાય છે, ત્યારે અગ્નિ વિષમ (ઢંગધડા વિનાનો) થાય છે, જ્યારે સમાન વાયુ કોપેલા પિત્ત સાથે સેળભેળ થઈ જાય છે, ત્યારે અગ્નિ તીક્ષ્ણ થાય છે અને જ્યારે સમાન વાયુ કફથી દબાઈ જાય છે ત્યારે અગ્નિ મંદ થાય છે.

समोऽग्निर्विषमस्तीक्ष्णो मन्दश्चैवं चतुर्विधः ।

અગ્નિ ચાર પ્રકારનો છે: સમ, વિષમ, તીક્ષ્ણ અને મંદ.

ચાર પ્રકારના અગ્નિનાં કાર્ય

यः पचेत्सम्यगेवान्नं भुक्तं सम्यक् समस्त्वसौ ॥

विषमोऽसम्यगप्याशु

सम्यग्वाऽपि चिरात्पचेत्।

तीक्ष्णो वह्निः पचेच्छीघ्रमसम्यगपि भोजनम् ॥

मन्दस्तु सम्यगप्यन्नमुपयुक्तं चिरात्पचेत्।

कृत्वाऽऽस्यशोपाटोपान्त्रकूजनाध्मानगौरवम् ॥

જે અગ્નિ સારી રીતે (શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે) ખાધેલાપીધેલા આહારને સારી રીતે જ પચાવે છે તે સમ અગ્નિ છે. વિષમ અગ્નિ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ન ખાધેલા (=દેશ, કાલ, માત્રા વગેરેની વિધિનો ભંગ કરીને ખાધેલા) આહારને પણ ઝટ પચાવી દે છે અથવા કોઈ વાર વળી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ખાધેલા આહારને પણ લાંબે વખતે પચાવે છે. તીક્ષ્ણ અગ્નિ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ન ખાધેલા આહારને પણ ઝટ પચાવી દે છે, પણ મંદ અગ્નિ તો શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ખાધેલા આહારને પણ લાંબે વખતે પચાવે છે અને પચાવતાપચાવતાં મો સુકાય, આટોપ, આંતરડામાં ગડગડાટ, આધ્માન અને ભારેપણું (-શરીર ભારેભારે લાગે) એટલા ઉપદ્રવ કરે છે.

શરીરનું ત્રણ પ્રકારનું બળ

सहजं कालजं युक्तिकृतं देहबलं त्रिधा।

શરીરનુ બળ ત્રણ પ્રકારનુ હોય છે: સહજ (જન્મથી મળેલુ), કાલજ (ઋતુ વગેરે સમયને લીધે ઉત્પન્ન થતુ) અને યુક્તિકૃત (યુક્તિઓથી આહારવિહાર વગેરેની યોજનાથી આણેલું).

तत्र सत्त्वशरीरोत्थं प्राकृतं सहजं बलम् ॥ ७७ ॥

वयस्कृतमृतूत्थं च कालजं युक्तिजं पुनः।

विहाराहारजनितं तथोर्जस्करयोगजम् ॥ ७८ ॥

તેમા સત્ત્વ(સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ)ને લીધે તથા હાડમાસ વગેરેથી બનેલા શરીરને લીધે જે સ્વાભાવિક બળ ઉત્પન્ન થાય તે સહજ બળ છે. જુવાની વગેરે ઉમ્મરને લીધે આવતુ અને હેમંત વગેરે ઋતુને લીધે આવતુ બળ કાલજ બળ છે. પણ યુક્તિજ (યુક્તિકૃત) બળ વિહાર અને આહારથી ઉત્પન્ન થાય છે અને શક્તિ આણનારા (રસાયન અધ્યાય અને વાજીકરણ અધ્યાયમાં કહેલા) યોગોથી આવે છે.

ત્રણ પ્રકારના દેશ

देशोऽल्पवारिद्रुनगो जाङ्गलः स्वल्परोगदः।

आनूपो विपरीतोऽस्मात्समः साधारणः स्मृतः॥

થોડાં પાણી, ઝાડ અને પહાડવાળો, (અને એ કારણસર શરીરના સ્રોતો શુદ્ધ રહેતા હોવાથી) બહુ ઓછા રોગ કરે એવો દેશ તે જાંગલ દેશ છે. એનાથી ઊંધો (બહુ પાણી, ઝાડ અને પહાડવાળો અને તેથી સ્રોતોને બગાડીને બહુ રોગ કરે એવો) દેશ આનૂપ દેશ છે. સમ (જેમાં પાણી, ઝાડ અને પહાડ બહુ થોડાંયે ન હોય તેમ બહુ વધારે પણ ન હોય અને તેથી રોગ અને આરોગ્ય સાધારણ રહે એવો) દેશ સાધારણ દેશ છે.

શરીરમાં મજ્જા વગેરેનું માપ

मज्जमेदोवसामूत्रपित्तश्लेष्मशकृन्त्यसृक्।

रसो जलं च देहेऽस्मिन्नेकैकाञ्जलिवर्धितम् ॥८०

મજ્જા, ચરબી, વસા, પેશાબ, પિત્ત, કફ, ઝાડો, લોહી, રસ અને જળ એ આ શરીરમા એકએક ખોબો વધારે છે. (એટલે, મજ્જા એક ખોબો, ચરબી બે ખોબા, વસા ત્રણ ખોબા, પેશાબ ચાર ખોબા એમ અનુક્રમે એકએક ખોબો વધે છે.)

पृथक् स्वप्रसृतं प्रोक्तमोजोमस्तिष्करेतसाम्।

द्वावञ्जली तु स्तन्यस्य चत्वारो रजसः स्त्रियाः॥

ઓજસ, મસ્તિષ્ક (મગજમા પેદા થતો ઘી જેવો ચીકણો પદાર્થ) અને વીર્ય એ દરેક વસ્તુ માણસની પોતાની એક પોશ (અડધો ખોબો) જેટલા હોય છે. પણ સ્ત્રીને પોતાના બે ખોબા જેટલું ધાવણ અને ચાર ખોબા જેટલું રજસ (અટકાવ સાથે જતી ધાતુ) હોય છે.

समधातोरिदं मानं विद्याद्वृद्धिक्षयावतः ॥ ८२ ॥

ઉપર કહેલાં માપ સમધાતુ (જેની ધાતુઓ-દોષો-પ્રમાણસર હોય એવા) માણસના છે એમ સમજવુ. (જે માણસમા વાયુ કે પિત્ત કે કફ અધિક હોય એવા એક દોષની પ્રકૃતિવાળાના કે બે દોષની પ્રકૃતિવાળાનાં કે ત્રણે દોષની પ્રકૃતિવાળાનાં આ માપ નથી.) જેમની

સમપ્રકૃતિ (=સમધાતુ) નથી તેમનામાં તો એ બધું (=શ્લોક ૭૯થી ૮૧ સુધીમાં કહેલી વસ્તુઓ) એનાથી (=શ્લોક ૭૯થી ૮૧ સુધીમાં કહેલા માપથી) વધારે કે ઓછી હોય છે.

સાત પ્રકૃતિઓ શા કારણથી બંધાય છે?

शुक्रासृग्गर्भिणीभोज्यचेष्टागर्भाशयर्तुषु ।
यः स्याद्दोषोऽधिकस्तेन प्रकृतिः सप्तधोदिता ॥

(બાપના) વીર્યમાં, (માના) રજસમાં, ગર્ભિણી(=મા)ના આહાર, વિહાર, ગર્ભાશય અને ઋતુમાં જે દોષ વધારે હોય તેના ઉપરથી (માણસની) સાત પ્રકારની પ્રકૃતિ કહી છે. (વાયુપ્રકૃતિ, પિત્તપ્રકૃતિ, કફપ્રકૃતિ, વાતપિત્તપ્રકૃતિ, વાતકફપ્રકૃતિ, પિત્તકફપ્રકૃતિ અને ત્રણે દોષની ભેગી પ્રકૃતિ—એ સાત પ્રકૃતિઓ છે.)

વાયુ સૌથી બળવાન દોષ હોવાનાં કારણો

विभुत्वादाशुकारित्वाद्बलित्वादन्यकोपनात् ।
स्वातन्त्र्याद्बहुरोगत्वाद्दोषाणां प्रबलोऽनिलः ॥८४

વાયુ બધે પ્રસરેલો હોવાથી, ઝટ અસર કરે એવો (કે ઝટ મારી નાંખે એવો) હોવાથી, (બીજા બે દોષ કરતાં) બળવાન હોવાથી, બીજા બે દોષોને કોપાવતો હોવાથી, પોતે સ્વતંત્ર હોવાથી (બીજા કોઈથી એની ગતિ થતી નથી પણ પોતે સ્વતંત્ર રીતે ગતિ કરી શકે અને કરાવી શકે એવો હોવાથી), તથા વાયુના રોગો પણ બહુ હોવાથી ત્રણે દોષોમાં વાયુ જબરો છે.

(વાયુના ૮૦ રોગ છે, પિત્તના ૪૦ રોગ છે અને કફના ૨૦ રોગ છે. તેથી વાયુથી વધારે રોગ છે એમ કહ્યું છે.)

વાયુપ્રકૃતિવાળાનાં લક્ષણો

प्रायोऽत एव पवनाध्युषिता मनुष्या
दोषात्मकाः स्फुटितधूसरकेशगात्राः ।
शीतद्विषश्चलधृतिस्मृतिबुद्धिचेष्टा-
सौहार्ददृष्टिगतयोऽतिबहुप्रलापाः ॥ ८५ ॥
अल्पपित्तबलजीवितनिद्राः
सन्नसक्तचलजर्जरवाचः ।
नास्तिका बहुभुजः सविलासा
गीतहासमृगयाकलिलोलाः ॥ ८६ ॥
मधुराम्लपटूष्णसात्म्यकाङ्क्षाः
कृशदीर्घाकृतयः सशब्दयानाः ।
न दृढा न जितेन्द्रिया न चार्या
न च कान्तादयिता बहुप्रजा वा ॥८७।
नेत्राणि चैषां खरधूसराणि
वृत्तान्यचारूणि मृतोपमानि ।
उन्मीलितानीव भवन्ति सुप्ते
शैलद्रुमांस्ते गगनं च यान्ति ॥ ८८ ॥
अधन्या मत्सराध्माताः
स्तेनाः प्रोद्बद्धपिण्डिकाः
श्वशृगालोष्ट्रगृध्राखु-
काकानूकाश्च वातिकाः ॥ ८९ ॥

તેથી જ વાયુપ્રકૃતિવાળા માણસો સામાન્ય રીતે વાયુથી ભરેલા હોય છે. તેમના વાળ અને અવયવો તરડાયેલા અને ધૂળિયા રંગના હોય છે. તેમને ઠંડી ગમતી નથી. તેમની ધીરજ, યાદદાસ્તી, બુદ્ધિ, ક્રિયા, મૈત્રી, દૃષ્ટિ અને ગતિ અસ્થિર હોય છે. તેઓ બહુ બોલબોલ કરે છે. તેમનાં પિત્ત, બળ, આયુષ્ય અને ઊંઘ ઓછાં હોય છે. તે મૂંગા, તોતડા, અસ્થિર વાણીવાળા, ખોખરા અવાજવાળા અને નાસ્તિક હોય છે. તે બહુ ખાય છે, વિલાસી હોય છે. સંગીત, હાસ્ય, શિકાર અને તકરાર એમને ગમે છે. ગળ્યુ, ખાટું, ખારું અને ગરમ એમને સદે છે અને એની એમને ઇચ્છા થાય છે. એમનુ શરીર પાતળું અને લાંબું હોય છે. એ ચાલે ત્યારે અવાજ થાય છે. એ મજબૂત બાંધાના હોતા નથી. પોતાની ઇંદ્રિયો પોતાને વશ હોતી નથી. એ સંસ્કારી હોતા નથી. સ્ત્રીઓને એ ગમતા નથી. એમને બહુ છોકરાં હોતાં નથી. એમની આંખ ખરછટ, પરોળી, ગોળ, અસુંદર અને મડદા જેવી હોય છે. એ ઊંઘતા હોય ત્યારે એમની આંખો જાણે ઉઘાડી હોય એવું લાગે છે. સ્વપ્નમાં એ પર્વત પર, ઝાડ પર ને આકાશમાં ચડે છે. એ કમનસીબ હોય છે, મત્સરથી ભરેલા હોય છે. એ ચોર હોય છે. એમના પગની પિંડીઓ બહુ ઊપસી આવેલી હોય છે. એમનો સ્વભાવ કૂતરાં, શિયાળ, ઊંટ, ગીધ, ઉંદર અને કાગડા જેવો હોય છે. (સ્વભાવ=અવાજ, આકાર અને

ચેષ્ટાનું અનુકરણ.)

પિત્તપ્રકૃતિવાળાનાં લક્ષણો

पित्तं वह्निर्वह्निजं वा यदस्मा-
त्पित्तोद्रिक्तस्तीक्ष्णतृष्णाबुभुक्षः ।
गौरोष्णाङ्गस्ताम्रहस्ताङ्घ्रिवक्त्रः
शूरो मानी पिङ्गकेशोऽल्परोमा ॥ ९० ॥
दयितमाल्यविलेपनमण्डनः
सुचरितः शुचिराश्रितवत्सलः ।
विभवसाहसबुद्धिबलान्वितो
भवति भीषु गतिर्द्विषतामपि ॥ ९१ ॥
मेधावी प्रशिथिलसन्धिबन्धमांसो
नारीणामनभिमतोऽल्पशुक्रकामः ।
आवासः पलिततरङ्गनीलिकानां
भुङ्क्तेऽन्नं मधुरकषायतिक्तशीतम् ॥ ९२ ॥
घर्मद्वेषी स्वेदनः पूतिगन्धि-
र्भूर्युच्चारक्रोधपानाशनेर्ष्यः ।
सुप्तः पश्येत्कर्णिकारान्पलाशान्
दिग्दाहोल्काविद्युदर्कानलांश्च ॥ ९३ ॥
तनूनि पिङ्गानि चलानि चैषां
तन्वल्पपक्ष्माणि हिमप्रियाणि ।
क्रोधेन मद्येन रवेश्च भासा
रागं व्रजन्त्याशु विलोचनानि ॥ ९४ ॥
मध्यायुषो मध्यबलाः पण्डिताः क्लेशभीरवः ।
व्याघ्रर्क्षकपिमार्जारयक्षानूकाश्च पैत्तिकाः ॥ ९५ ॥

પિત્ત અગ્નિ છે કે અગ્નિમાંથી ઉત્પન્ન થયેલું છે. તેથી પિત્તપ્રકૃતિવાળાને બહુ જ ભૂખ અને તરસ લાગે છે. એનું શરીર ગોરું અને ગરમ રહે છે. હાથ, પગ અને મોં તાંબા જેવા રંગનાં હોય છે. એ શૂરવીર અને સ્વમાની હોય છે, વાળ પીળચટ્ટા હોય છે અને રુવાંટી ઓછી હોય છે; ફૂલની માળા, લેપ અને શણગાર એને ગમે છે; તે સારાં કામ કરે છે, પવિત્ર હોય છે, આશ્રિતો ઉપર પ્રેમ રાખે છે; વૈભવ, સાહસ, બુદ્ધિ અને બળવાળો હોય છે; સંકટમાં શત્રુઓને પણ શરણ આપે છે; મગજની ગ્રહણશક્તિ સારી હોય છે. એના સાંધા, બાંધો અને માંસ શિથિલ હોય છે. સ્ત્રીઓને એ ગમતો નથી. વીર્ય અને વિષયેચ્છા ઓછાં હોય છે. તે ગળ્યું, તૂરું, કડવું અને ઠંડું ખાય છે. તેનાથી તાપ સહન થતો નથી. એને પરસેવો બહુ થાય છે. એનો પરસેવો દુર્ગંધ મારે છે. એને બહુ ઝાડા થાય છે. તે બહુ ક્રોધ કરે છે, બહુ પાણી પીએ છે, બહુ ખાય છે અને બહુ અદેખો હોય છે. ઊંઘમાં (સ્વપ્નમાં) પીળી કણેર, ખાખરો, ગરમાળો, દિશાઓમાં આગ, ખરતો તારો, વીજળી, સૂર્ય અને દેવતા જુએ છે. એની આંખો ઝીણી, પીળચટ્ટી અને અસ્થિર હોય છે. એની પાંપણો પાતળી અને થોડી હોય છે. આંખને ઠંડક ગમે છે. ક્રોધ કરે ત્યારે, દારૂ પીએ ત્યારે અને સૂર્યના તેજમાં એની આંખો એકદમ લાલ થઈ જાય છે. એનો આવરદા બહુ થોડોયે નહિ અને બહુ લાંબોયે નહિ એવો મધ્યમ હોય છે. બળ પણ મધ્યમ હોય છે. એ પંડિત હોય છે, ક્લેશથી દૂર રહે છે. વાઘ, રીંછ, વાંદરાં, બિલાડી અને યક્ષોના જેવો એનો સ્વભાવ હોય છે.

કફપ્રકૃતિવાળાનાં લક્ષણો

श्लेष्मा सोमः श्लेष्मलस्तेन सौम्यो
गूढस्निग्धश्लिष्टसन्ध्यस्थिमांसः ।
क्षुत्तृड्दुःखक्लेशघर्मैरतप्तो
बुद्ध्या युक्तः सात्त्विकः सत्यसन्धः ॥९६
प्रियङ्गुदूर्वाशरकाण्डशस्त्र-
गोरोचनापद्मसुवर्णवर्णः ।
प्रलम्बबाहुः पृथुपीनवक्षा
महाललाटो घननीलकेशः ॥ ९७॥
मृद्वङ्गः समसुविभक्तचारुदेहो
बह्वोजोरतिरसशुक्रपुत्रभृत्यः ।
धर्मात्मा वदति न निष्ठुरं च जातु
प्रच्छन्नं वहति दृढं चिरं च वैरम् ॥९८
समदद्विरदेन्द्रतुल्ययातो
जलदाम्भोधिमृदङ्गसिंहघोषः ।
स्मृतिमानभियोगवान् विनीतो
न च बाल्येऽप्यतिरोदनो न लोलः ॥९९
तिक्तं कषायं कटुकोष्णरूक्ष-
मल्पं स भुङ्क्ते बलवांस्तथाऽपि ।
रक्तान्तसुस्निग्धविशालदीर्घ-
सुव्यक्तशुक्लासितपक्ष्मलाक्षः ॥ १०० ॥

अल्पव्याहारक्रोधपानाशनेहः
प्राज्यायुर्वित्तो दीर्घदर्शी वदान्यः ।
श्राद्धो गम्भीरः स्थूललक्षः क्षमावा-
नार्यो निद्रालुर्दीर्घसूत्रः कृतज्ञः ॥१०१॥
ऋजुर्विपश्चित्सुभगः सुलज्जो
भक्तो गुरूणां स्थिरसौहृदश्च ।
स्वप्ने सपद्मान्सविहङ्गमालां-
स्तोयाशयान् पश्यति तोयदांश्च ॥१०२॥
ब्रह्मरुद्रेन्द्रवरुणतार्क्ष्यहंसगजाधिपैः ।
श्लेष्मप्रकृतयस्तुल्यास्तथा सिंहाश्वगोवृषैः ॥

કફ એ ચંદ્ર છે. તેથી કફપ્રકૃતિવાળાનો સ્વભાવ ઠંડો હોય છે. એના શરીરના સાંધા, હાડકાં અને માંસ ચરબીથી ઢંકાયેલાં, ચીકાશવાળાં અને બરાબર જોડાયેલાં હોય છે. તે ભૂખ, તરસ, દુઃખ, ક્લેશ અને તાપથી અકળાતો નથી. બુદ્ધિશાળી, સાત્ત્વિક અને પ્રતિજ્ઞા પાળનારો હોય છે. દાંગ, ધરો, ધોળો બરુ, પોલાદ, ગોરોચના, કમળ અને સોના જેવો એના શરીરનો રંગ હોય છે. એના હાથ લાંબા, છાતી વિશાળ અને ભરાવદાર, કપાળ મોટું તથા વાળ ભરાવદાર અને કાળા હોય છે. એનાં અંગ કોમળ અને એનો સુંદર દેહ પ્રમાણબદ્ધ (ઘાટીલો) હોય છે. એનાં અંગેઅંગ જુદાં તરી આવે એવાં હોય છે. એનામાં ઓજસ, રતિ, રસ અને વીર્ય પુષ્કળ હોય છે. એને ઘણો પુત્રપરિવાર હોય છે. એ ધર્મિષ્ઠ હોય છે. એ કઠોર વાણી બોલતો નથી, લાંબા વખત સુધી સખત વેર મનમાં (છૂપું) રાખે છે, મોટા મદોન્મત્ત હાથીની માફક ચાલે છે. વાદળાં, સમુદ્ર, મૃદંગ અને સિંહ જેવો એનો અવાજ હોય છે. એની યાદદાસ્તી સારી હોય છે. એ ખંતીલો હોય છે, વિનયવાળો હોય છે, બચપણમાં પણ બહુ રોરો કરતો નથી. એ લાલચુ હોતો નથી. એ કડવું, તૂરું, તીખું, ગરમાગરમ, લૂખું અને થોડું ખાય છે, છતાં બળવાન હોય છે. એની આંખો ખૂણામાં રાતી, ઘણી પાણીદાર, પહોળી, લાંબી, ધોળો અને કાળો ભાગ બરાબર જણાઈ આવે એવી તથા ભરાવદાર પાંપણોવાળી હોય છે. તે ઓછાબોલો હોય છે. તેનો ક્રોધ, ખાવુંપીવું તથા ઇચ્છાઓ ઓછાં હોય છે. એની આવરદા તથા પૈસો ઘણો હોય છે. એ દીર્ઘદર્શી અને ઉદાર હોય છે. એ શ્રદ્ધાવાળો, ઠરેલ, બહુ દાન આપે એવો, ક્ષમાવાન, સંસ્કારી, બહુ ઊંઘનારો, નિરાંતિયો અને કદરદાન હોય છે. સરળ, સમજુ, સુંદર, શરમાળ, ગુરુભક્ત અને મૈત્રીમાં સ્થિર હોય છે. સ્વપ્નમાં એને કમળ, પક્ષીઓની હાર, જળાશયો અને વાદળાં દેખાય છે. એ બ્રહ્મા, રુદ્ર, ઇંદ્ર, વરુણ, ગરુડ, હંસ, ઐરાવત હાથી, સિંહ, ઘોડો, ગાય અને આખલા જેવો હોય છે.

બે દોષની કે ત્રણે દોષની પ્રકૃતિવાળાનાં લક્ષણો

प्रकृतीर्द्वयसर्वोत्था द्वन्द्वसर्वगुणोदये ।

જે માણસમાં ઉપરની ત્રણ પ્રકૃતિમાંથી ગમે તે બે પ્રકૃતિ ભેગી હોય તેનામાં તે બે પ્રકૃતિનાં લક્ષણો ભેગાં જણાય છે અને જે માણસમાં ત્રણેય પ્રકૃતિ ભેગી હોય, તેનામાં ત્રણેય પ્રકૃતિનાં લક્ષણો ભેગાં જણાય છે.

સાત્ત્વિક, રાજસ અને તામસ વગેરે પ્રકૃતિ

शौचास्तिक्यादिभिश्चैवं गुणैर्गुणमयीर्वदेत् ॥

શ્લોક ૬૬થી ૭૬માં આપેલા શૌચ, આસ્તિકતા વગેરે ગુણો ઉપરથી ગુણમય (સત્ત્વ, રજસ અને તમસની બનેલી) પ્રકૃતિઓ પણ એ જ પ્રમાણે (=ત્રણ દોષની પ્રકૃતિની પ્રમાણે ત્રણ ગુણની જુદીજુદી, બે બે ગુણની ભેગી અને ત્રણે ગુણની ભેગી એમ કુલ સાત) જાણવી.

બચપણ, વચલી ઉંમર અને ઘડપણની વ્યાખ્યા

वयस्त्वापोडशाद्वालं तत्र धात्विन्द्रियौजसाम् ।
वृद्धिरासप्ततेर्मध्यं तत्रावृद्धिः परं क्षयः ॥१०५॥

સોળમા વરસ સુધી બાળવય (=બચપણ) કહેવાય છે. તેમાં ધાતુઓ, ઇંદ્રિયો તથા ઓજસની વૃદ્ધિ થાય છે. (બચપણના પણ ત્રણ પેટા વિભાગ છે—બાળક એકલા દૂધભર રહે એવું, દૂધ અને અન્ન બંને ખાયપીએ એવું, અને એકલા અન્નભર રહે એવું.

વરસ સુધી વચલી (=વચેટ) ઉંમર કહેવાય છે. તેમાં ધાતુઓ, ઇંદ્રિયો અને ઓજસ્ વધતાં નથી. (તેના યે ત્રણ ભાગ છે. ત્રીસમા વરસ સુધી જુવાની, ચાળીસમા વરસ સુધી સંપૂર્ણત્વ અને સિત્તેરમા વરસ સુધી અપરિહાનિ.) પછી (૬૯ વરસ પૂરાં થાય ત્યારથી જીવતાં સુધી) ધાતુઓ, ઇંદ્રિયો અને ઓજસનો ધીમેધીમે નાશ થતો જાય છે.

કેવું શરીર સુખ અને આયુષ્ય માટે યોગ્ય છે?

स्वं स्वं हस्तत्रयं सार्धं वपुः पात्रं सुखायुषोः ।
न च यद्युक्तमुद्रिक्तैरष्टाभिर्निन्दितैर्निजैः ॥१०६॥
अरोमशासितस्थूलदीर्घत्वैः सविपर्ययैः ।

પોતપોતાના સાડાત્રણ હાથ લાંબું (=ઊંચુ) શરીર સુખ અને આયુષ્ય માટે યોગ્ય છે. એવુ શરીર પણ જો જન્મથી જ તદ્દન રૂંવાડા વિનાનુ, કાળુ મેશ, ખહુ જાડુ, ખહુ લાંબું (=ઊંચુ) કે એનાથી ઊલટા ગુણોવાળું (=ખહુ રૂંવાડાવાળું, ધોળુંધોળું, ખહુ પાતળું, ખહુ ઠીંગણુ) એ આઠ નિંદાયેલા વધારેપડતા ગુણોવાળું ન હોય તો જ તે સુખ અને આયુષ્યને માટે યોગ્ય છે.

સારાં અવયવોનાં લક્ષણ

सुस्निग्धा मृदवः सूक्ष्मा नैकमूलाः स्थिराः कचाः
ललाटमुन्नतं श्लिष्टशङ्खमर्धेन्दुसन्निभम् ।
कर्णौ नीचोन्नतौ पश्चान्महान्तौ श्लिष्टमांसलौ
नेत्रे व्यक्तासितसिते सुबद्धघनपक्ष्मणी ।
उन्नताग्रा महोच्छ्वासा पीनर्जुर्नासिका समा
ओष्ठौ रक्तावनुद्वृत्तौ, महत्यौ नोल्बणे हनू ।९
महदास्यं, घना दन्ताः स्निग्धाः श्लक्ष्णाः सिताः समाः
जिह्वा रक्ताऽऽयता तन्वी, मांसलं चिबुकं महत्
ग्रीवा ह्रस्वा घना वृत्ता, स्कन्धावुन्नतपीवरौ ॥
उदरं दक्षिणावर्तगूढनाभि समुन्नतम् ।
तनुरक्तोन्नतनखं स्निग्धमाताम्रमांसलम् ॥११२॥
दीर्घाच्छिद्राङ्गुलि महत्पाणिपादं प्रतिष्ठितम् ।
गूढवंशं बृहत्पृष्ठं, निगूढाः सन्धयो दृढाः ॥११३॥
धीरः स्वरोऽनुनादी च, वर्णः स्निग्धः स्थिरप्रभः ।

માથાના વાળ ખહુ સ્નિગ્ધ, મૃદુ, ઝીણા, જુદાંજુદાં મૂળવાળા (=દરેક વાળ જુદોજુદો ઊગેલો, એક વાળમાંથી બીજા વાળ શાખારૂપે ફૂટી નીકળે એવા નહિ) અને સ્થિર (=મજબૂત) હોય; કપાળ ઊંચુ, સપાટ લમણાવાળું, અર્ધચંદ્ર જેવુ હોય; ખંને કાન નીચેની ખાજુએ નીચા અને ઉપરની ખાજુએ ઊંચા, પાછળની ખાજુએ મોટા, ખરાખર ચોંટેલા (=ચોડેલા) અને માંસલ હોય; ખંને આંખ ધોળો અને કાળો ભાગ જુદા તરી આવે એવી, સારી રીતે ખંધાયેલી ભરાવદાર પાંપણોવાળી હોય; નાક અણીવાળું, ખહુ ઉચ્છ્વાસ લઈ શકે એવું ભરાવદાર, સીધું અને સપાટ હોય; ખે હોઠ રાતા હોય પણ લખડતા ન હોય, જડખાં (=ડાચાં) મોટાં હોય પણ ઊંચા ન હોય, મોં (=મોફાડ) મોટું હોય, દાંત એકખીજાને અડોઅડ ઊગેલા હોય, સ્નિગ્ધ, લીસા, ધોળા અને સમ (સરખી રીતે હારખંધ ગોઠવાયેલા) હોય; જીભ રાતી, લાંબી અને પાતળી હોય; હડપચી માંસલ અને મોટી હોય; ડોક ટૂંકી, ઘટ્ટ અને ગોળ હોય; ખભા ઊંચા અને ભરાવદાર હોય, પેટ જમણી ખાજુ ઘૂમરીવાળી અને ઊંડી ડૂંટીવાળું તથા સારી રીતે ઊંચું હોય, હાથપગના નખ પાતળા, રાતા અને ઊંચા (=ઊપસેલા) હોય; હાથપગ સ્નિગ્ધ, આછા તાંખાવર્ણા, માંસલ અને મોટા હોય તથા આંગળીઓ લાંબી, છિદ્રવિનાની (આંગળીઓ લાંબી કરીએ તો વચ્ચે પોલાણ ન રહે એવી) હોય એવા પ્રતિષ્ઠિત (=સારા) હાથપગ હોય; કરોડરજ્જુ દેખાય નહિ એવી રીતે જેમાં માંસ વગેરે નીચે છુપાયેલું રહે એવી વિશાળ પીઠ (=ખરડો) હોય, શરીરના સાંધાઓ માંસ, ચરખી વગેરે નીચે છુપાયેલા રહે એવા અને મજબૂત હોય; અવાજ ગંભીર અને ઘંટ વાગી રહ્યા પછી પાછળથી એનો રણકાર ચાલુ રહે છે એવા રણકારવાળો હોય તથા શરીરનો રંગ સ્નિગ્ધ અને સ્થિર પ્રભાવાળો હોય (આ તે તે અવયવોનાં શુભ લક્ષણો છે).

શુભ મન કેવું હોય?

स्वभावजं स्थिरं सत्त्वमविकारि विपत्स्वपि

સત્ત્વ (=મન) સ્વભાવથી ઘડાયેલું (=પોત-પોતાની પ્રકૃતિ પ્રમાણેનું, દારૂ વગેરે બાહ્ય કારણોથી બનેલું નહિ), સ્થિર અને દુઃખમાં પણ ક્ષોભ ન પામે એવું હોય તે સારું મન છે.

શુભ શરીર કોને કહેવાય?

उत्तरोत्तरसुक्षेत्रं वपुर्गर्भाद्विनीरुजम् ।
आयामज्ञानविज्ञानैर्वर्धमानं शनैः शुभम् ॥ ११५

ઉત્તરોત્તર સારા ક્ષેત્રવાળું, ગર્ભથી માંડીને મરણ સુધી નીરોગી; લંબાઈ (=ઊંચાઈ), જ્ઞાન અને વિજ્ઞાન એ ત્રણ બાબતમાં ક્રમેક્રમે વધતું વપુ (=મન સાથેનું શરીર) શુભ છે.

(ઉત્તરોત્તર સારા ક્ષેત્રવાળું-શ્લોક ૧૦૫કે થી ૧૦૬કેમાં કહેલાં લક્ષણો જેમાં છે તે શુભ શરીર છે. શ્લોક ૧૦૭થી ૧૧૩કેમાં કહેલાં અવયવોનાં શુભ લક્ષણ જેમાં છે તે વધારે શુભ શરીર છે અને શ્લોક ૧૧૪માં કહેલા સત્ત્વનાં લક્ષણ જેનામાં છે તે સૌથી વધારે શુભ શરીર છે. આ રીતે શરીરરૂપી ક્ષેત્ર ઉત્તરોત્તર વધારે શુભ છે.)

(જ્ઞાન અને વિજ્ઞાન-મોક્ષનો વિષય જાણવો તેને જ્ઞાન કહે છે અને મોક્ષ સિવાયના બીજા શિલ્પ, ચિત્ર વગેરે વિષયો જાણવા તેને વિજ્ઞાન કહે છે-અમરકોષ.)

इति सर्वगुणोपेते शरीरे शरदां शतम् ।
आयुरैश्वर्यमिष्टाश्च सर्वे भावाः प्रतिष्ठिताः ॥

ઉપર કહ્યા તે બધા ગુણોવાળા શરીરમાં સો વરસનું આયુષ્ય, ઐશ્વર્ય (=સત્તા અને સંપત્તિ) અને બધા મનગમતા ભાવ (=વસ્તુઓ) રહેલાં છે.

શરીરના બળનું પ્રમાણ શા ઉપરથી જાણવું?

त्वग्रक्तादीनि सत्त्वान्तान्यष्टावष्टौ यथोत्तरम् ।
बलप्रमाणज्ञानार्थं साराण्युक्तानि देहिनाम् ॥११७
सारैरुपेतः सर्वैः स्यात्परं गौरवसंयुतः ।
सर्वारम्भेषु चाशावान्सहिष्णुः
सन्मतिः स्थिरः ॥ ११८ ॥

પહેલા કરતાં બીજો, બીજા કરતાં ત્રીજો એમ અનુક્રમે વધારે ને વધારે ચડિયાતા, ચામડી, લોહી વગેરેથી શરૂ થઈને સત્ત્વ સુધીના (=ચામડી, લોહી, માંસ, ચરબી, હાડકાં, મજ્જા, વીર્ય અને સત્ત્વ) એ આઠ સાર માણસોના (=માણસો વગેરે દેહધારીઓના) બળનું પ્રમાણ જાણવા માટે કહ્યાં છે. એ બધા (=આઠે) સારવાળો માણસ, બહુ ગૌરવવાળો, બધાં કામમાં આશા રાખનાર, સહનશીલ, સદ્‌બુદ્ધિવાળો અને સ્થિર હોય છે.

સાત્ત્વિક વગેરે પ્રકૃતિવાળાને સુખદુઃખનો અનુભવ

अनुत्सेकमदैन्यं च सुखं दुःखं च सेवते ।
सत्त्ववांस्तप्यमानस्तु राजसो नैव तामसः ॥११९

સાત્ત્વિક પ્રકૃતિનો માણસ સુખ ભોગવતાં ફુલાઈ જતો નથી અને દુઃખ ભોગવતાં ગરીબડો (=લાચાર) થઈ જતો નથી. રાજસ પ્રકૃતિનો માણસ સુખ અને દુઃખ ભોગવતાં તપી જાય છે (=એને અહંકાર થાય છે. હું જ આવું સુખ ભોગવું છું, બીજો કોઈ નહિ. મારા સિવાય બીજો કોઈ આવું દુઃખ વેઠી શકે નહિ. આવો અહંકાર થાય છે.) તામસ પ્રકૃતિનો માણસ સુખ અને દુઃખ અનુભવતો જ નથી. (=એ એટલો બધો જડ હોય છે કે સુખ અને દુઃખ આવે ત્યારે પણ સુખ અને દુઃખ એને સમજાતું નથી.)

પુણ્ય અને આયુષ્યને વધારનારો ગણ

दानशीलदयासत्यब्रह्मचर्यकृतज्ञताः ।
रसायनानि मैत्री च पुण्यायुर्वृद्धिकृद्गणः ॥१२०

દાન, શિયળ, દયા, સત્ય, બ્રહ્મચર્ય, કૃતજ્ઞતા (=કદરદાની, ગુણિયલપણું), રસાયનો અને મૈત્રી એ પુણ્ય અને આયુષ્યને વધારનારો ગણ (=સમૂહ) છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने शारीरस्थानेऽङ्गविभागो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪થો

અંગવિભાગ પછી મર્મવિભાગ વિષેનું શરીર-સંબંધી જ્ઞાન શરૂ કરે છે, કારણ કે મર્મ અંગોને આશરે રહેલાં છે. એ વિષે પુષ્કળ કહેવાનું હોવાથી અંગવિભાગથી જુદો અધ્યાય પાડીને કહે છે.

अथातो मर्मविभागं शारीरं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે મર્મવિભાગ વિષેનું શરીર-સંબંધી જ્ઞાન અમે સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

શરીરમાં કુલ મર્મ

सप्तोत्तरं मर्मशतम्

મર્મો ૧૦૭ છે.

કયા અંગમાં કેટલાં મર્મ?

तेषामेकादशादिशेत् ।
पृथक्सक्थ्नोस्तथा बाह्वोस्त्रीणि कोष्ठे नवोरसि ॥
पृष्ठे चतुर्दशोर्ध्वं तु जत्रोस्त्रिंशच्च सप्त च ।

એમાં (=૧૦૭ મર્મોમાં) બે પગ અને બે હાથમા દરેકમાં અગિયાર અગિયાર (=૪૪), કોઠામાં ત્રણ, છાતીમાં નવ, પીઠમાં ચૌદ, ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં સાડત્રીસ (=૩૭) મર્મ છે એવુ (આચાર્યે) શીખવવું.

પગનાં અગિયાર મર્મ

તલહૃત્ (૪. હાથ અને પગનાં)

मध्ये पादतलस्याहुरभितो मध्यमाङ्गुलिम् ॥ २
तलहृन्नाम रुजया तत्र विद्धस्य पञ्चता ।

પગના તળિયાની વચ્ચે પગની વચલી આંગળીથી સીધી લીટીમાં તલહૃત્ નામનું મર્મ છે. ત્યાં વીંધાય (વાગે, કપાય કે વીંધાય) તો માણસનું વેદનાથી મૃત્યુ થાય છે. (મર્મ વીંધાયાથી જે ઉપદ્રવ થતો હોય તે મટાડવાનો ઉપાય કરવો એમ જણાવવા માટે કયો ઉપદ્રવ થાય તે લખ્યુ છે—સર્વાંગસુંદર ટીકા શ્લોક ૫.)

ક્ષિપ્ર (૪. હાથનાં અને પગનાં)

अङ्गुष्ठाङ्गुलिमध्यस्थं क्षिप्रमाक्षेपमारणम् ॥३॥

અંગૂઠા અને આગળીની વચ્ચે ક્ષિપ્ર નામનુ મર્મ આવેલું છે. તે મર્મ વીંધાયાથી આક્ષેપક નામનો વાયુનો રોગ કરીને મારી નાખે છે.

કૂર્ચ (૪. હાથનાં અને પગનાં)

तस्योर्ध्वं द्व्यङ्गुले कूर्चः पादभ्रमणकम्पकृत् ।

ક્ષિપ્ર નામના મર્મથી બે આંગળ ઊંચે કૂર્ચ નામનું મર્મ છે. તે વીંધાયાથી પગ ભમે છે અને કંપે છે.

કૂર્ચશિર (૪. હાથનાં અને પગનાં)

गुल्फसन्धेरधः कूर्चशिरःशोफरुजाकरम् ॥ ४ ॥

ઘૂંટીના સાધાની નીચે કૂર્ચશિર નામનું મર્મ છે. એ મર્મ વીંધાય તો સોજો અને પીડા થાય છે.

ગુલ્ફ (૨)

जङ्घाचरणयोः सन्धौ गुल्फो
रुक्स्तम्भमान्द्यकृत् ।

જંઘા અને ચરણના સાધામા ગુલ્ફ નામનુ મર્મ છે. તે મર્મ વીંધાયાથી પીડા, સ્તંભ અને (સાંધાના હલનચલનની) મંદતા થાય છે.

જંઘા=ઘૂંટી અને ઢીંચણ વચ્ચેનો પગ. ચરણ=પગનો પંજો.

ઇંદ્રબસ્તિ (૨ પગનાં + ૨ હાથનાં=૪)

जङ्घान्तरे त्विन्द्रबस्तिर्मारयत्यसृजः क्षयात् ॥५॥

જંઘાની વચમાં (એડીથી બાર આંગળ) ઇંદ્રબસ્તિ નામનું મર્મ છે. તે મર્મ વીંધાયાથી લોહી વહી જવાથી મરણ થાય છે.

જાનુ (ઢીંચણ) (૨)

जङ्घोर्वोः सङ्गमे जानु खञ्जता तत्र जीवतः ।

જંઘા અને સાથળના સંગમસ્થાનમા જાનુ (ઢીંચણ) નામનું મર્મ છે. તે મર્મ વીંધાય તો સામાન્ય રીતે માણસ મરી જાય છે પણ જો જીવતો રહે તો લંગડો થાય છે.

આણી (૪. હાથનાં અને પગનાં)

जानुनस्त्र्यङ्गुलादूर्ध्वमाण्यूरुस्तम्भशोफकृत् ॥६॥

ઢીંચણથી ત્રણ આંગળ ઊંચે આણી નામનું મર્મ છે. તે મર્મ વીંધાય તો ઊરુસ્તંભ અને સોજો થાય છે.

ઉર્વી (૪. બે હાથનાં. બે પગનાં)

उर्व्यूरुमध्ये तद्वेधात्सक्थिशोषोऽस्रसङ्क्षयात् ।

સાથળની વચ્ચે ઉર્વી નામનું મર્મ છે. તે વીંધાયાથી લોહી ઓછું થઈ જવાથી સાથળ સુકાઈ જાય છે.

લોહિતાક્ષ (૪ બે હાથનાં, બે પગનાં)

ऊरुमूले लोहिताक्षं हन्ति पक्षमसृक्क्षयात् ॥७॥

સાથળના મૂળમાં લોહિતાક્ષ નામનું મર્મ છે. તે વીંધાયાથી લોહી ઓછુ થઈ જવાથી પક્ષાઘાત થાય છે.

વિટપ (૨)

मुष्कवङ्क्षणयोर्मध्ये विटपं षण्ढताकरम् ।

અંડ અને સાથળના વળા વચ્ચે વિટપ નામનું મર્મ છે. એ મર્મ વીંધાય તો નપુંસક કરી નાખે છે.

(અહીં બે પગનાં મળી ૨૨ મર્મ પૂરાં થયાં.)

હાથનાં અગિયાર મર્મ

મણિબંધ (૨), કૂર્પર (૨), કક્ષાધર (૨)

इति सक्थ्नोस्तथा बाह्वोर्मणिबन्धोऽत्र गुल्फवत् ॥ ८ ॥

कूर्परं जानुवत्कौण्यं तयोर्विटपवत्पुनः ।

कक्षाक्षमध्ये कक्षाधृक् कुणित्वं तत्र जायते ॥९॥

એટલાં અને એવાં પગના મર્મ છે. જેવાં અને જેટલાં પગનાં મર્મ છે, તેવા અને તેટલાં હાથનાં મર્મ છે. એમાં (હાથનાં મર્મોમાં) પગમાં જ્યાં ગુલ્ફ મર્મ આવેલુ છે તે જ જગ્યાએ હાથમાં મણિબંધ નામનુ મર્મ આવેલું છે. (=હથેલી અને કોણીથી નીચેના હાથની વચ્ચે એટલે કાંડામાં મણિબંધ નામનું મર્મ છે.) પગમાં જાનુ મર્મ જે ઠેકાણે છે તે જ ઠેકાણે હાથમાં કૂર્પર મર્મ છે. તે બે મર્મ (મણિબંધ અને કૂર્પર) વીંધાય તો હાથનો પોંચો અને આંગળીઓ વળી જાય છે (પોંચાને અને આંગળીઓને ખૂંધ આવે છે). બગલ અને અક્ષ-(=બગલથી કોણી સુધીનો હાથ)ની વચ્ચે કક્ષાધૃક્ નામનું મર્મ છે. તે મર્મ વીંધાય તો આખા હાથ અને હાથના પોંચાને ખૂંધ આવે છે(=વળી જાય છે). (હાથનાં ૧૧ મર્મમાંથી જેટલાં મર્મનાં નામ પગનાં મર્મનાં નામથી જુદાં છે તેટલાં મર્મ ગણાવ્યાં. બીજાં મર્મનાં નામ અને એ વીંધાયાની અસર પગનાં મર્મ જેવાં જ છે. એ રીતે બે હાથનાં ૨૨ મર્મ થયાં.)

કોઠાનાં ત્રણ મર્મ

ગુદા (૧)

स्थूलान्त्रबद्धः सद्योघ्नो विड्वातवमनो गुदः ।

ગુદા નામનું મર્મ મોટા આંતરડા સાથે જોડાયેલું છે. એમાથી ઝાડો અને વાયુ (વાછૂટ) નીકળે છે. એ મર્મ જો વીંધાય તો તરત મોત થાય છે.

બસ્તિ (મૂત્રાશય) (૧)

मूत्राशयो धनुर्वक्रो बस्तिरल्पास्रमांसगः ॥१०॥

एकाधोवदनो मध्ये कट्याः सद्यो निहन्त्यसून् ।

ऋतेऽश्मरीव्रणाद्विद्धस्तत्राप्युभयतश्च सः ॥११॥

मूत्रस्राव्येकतो भिन्ने व्रणो रोहेच्च यत्नतः ।

બસ્તિ (અં. બ્લૅડર) પેશાબની કોથળી છે. એ કામઠા જેવી વળેલી છે. એ જે ભાગમાં આવેલી છે ત્યા લોહી અને માંસ હોય છે. એને એક જ મોં (=બાકું) હોય છે અને તે નીચે હોય છે. એ કૂલાઓના વચલા ભાગમાં આવેલી છે. બસ્તિમર્મ વીંધાય તો તરત મારી નાખે છે. પથરી કાઢવા માટે બસ્તિમાં વ્રણ (ઘા) કરવો પડે તે કામ સિવાય જો એ વીંધાય તો એ તરત મારી નાખે છે. તેમાં યે (=પથરી કાઢવા માટે પણ) જો બસ્તિની કરચલી પડી હોય તે સ્થિતિમાં કાપવા જતાં બે બાજુ વીંધાય તો એ તરત મારી નાખે છે. એ બસ્તિ એક બાજુથી વીંધાય તો પેશાબ ઝર્યા (=ટપકયા) કરે એવો વ્રણ થાય અને એ વ્રણ બહુ પ્રયત્ન કરીએ ત્યારે રુઝાય છે.

નાભિ (૧)

देहामपक्वस्थानानां मध्ये सर्वसिराश्रयः ॥ १२ ॥

नाभिः, सोऽपि हि सद्योघ्नो

શરીરના મધ્યભાગમાં તથા આમાશય અને પક્વાશયની વચમાં નાભિ (=દૂંટી)

આવેલી છે. એ બધી શિરાઓનો આધાર છે. તે નાભિરૂપ મર્મ વીંધાય તોપણ તરત મરણ થાય છે.

છાતીનાં નવ મર્મ

હૃદય (૧)

द्वारमामाशयस्य च ।
सत्वादिधाम हृदयं स्तनोरःकोष्ठमध्यगम् ॥ १३ ॥

હૃદય આમાશયનું દ્વાર છે, સત્ત્વ વગેરેનું (=સત્ત્વ, રજસ, તમસ, વિજ્ઞાન, આત્મા વગેરેનું) એ સ્થાન છે. એ કોઠો (=મહાસ્રોત) અને છાતીની વચમાં તથા બે સ્તનની વચ્ચે આવેલું છે.

સ્તનરોહિત (૨), સ્તનમૂલ (૨)

स्तनरोहितमूलाख्ये द्व्यङ्गुले स्तनयोर्वदेत् ।
ऊर्ध्वाधोऽस्रकफापूर्णकोष्ठो
नश्येत्तयोः क्रमात् ॥१४॥

સ્તનથી બે આગળ ઊંચે સ્તનરોહિત નામનું મર્મ છે અને સ્તનથી બે આંગળ નીચે સ્તનમૂલ નામનું મર્મ છે એમ કહેવુ. જો એ બે મર્મ વીંધાય તો અનુક્રમે લોહીથી કોઠો ભરાઈ જવાથી અને કફથી કોઠો ભરાઈ જવાથી મરણ થાય છે. (=સ્તનરોહિત વીંધાવાથી કોઠામાં લોહી ભરાઈ જાય છે અને તેથી મરણ થાય છે; સ્તનમૂલ વીંધાવાથી કોઠામાં કફ ભરાઈ જવાથી મરણ થાય છે.)

અપસ્તંભ (૨)

अपस्तम्भावुरःपार्श्वे नाड्यावनिलवाहिनी ।
रक्तेन पूर्णकोष्ठोऽत्र श्वासात्कासाच्च नश्यति ॥

છાતીના પડખામાં વાયુને વહેનારી બે અપસ્તંભ નામની નાડીઓ છે. એ બે મર્મ વીંધાય તો કોઠામા લોહી ભરાઈ જાય છે અને હાંફ અને ઉધરસથી દરદી મરી જાય છે.

અપાલાપ (૨)

पृष्ठवंशोरसोर्मध्ये तयोरेव च पार्श्वयोः ।
अधोंऽसकूटयोर्विद्यादपालापाख्यमर्मणी ॥ १६ ॥
तयोः कोष्ठेऽस्रजा पूर्णे नश्येत्पाकेन पूयताम् ।

કરોડરજ્જુ અને છાતીના વચગાળામાં તથા કરોડરજ્જુ અને છાતીથી ઉપરના ભાગમાં આવેલા ખભાના ઢેકાની નીચે આવેલાં અપાલાપ નામનાં બે મર્મ છે એમ જાણવુ. એ બે મર્મ વીંધાયાથી કોઠો લોહીથી ભરાઈ જાય છે. અને જ્યારે એ લોહીનું પરુ થાય છે ત્યારે માણસ મરી જાય છે.

પીઠમાં ચૌદ મર્મ

કટીકતરુણ (૨)

पार्श्वयोः पृष्ठवंशस्य श्रोणीकर्णौ प्रति स्थिते ॥
वंशाश्रिते स्फिग्गोरूर्ध्वं कटीकतरुणे स्मृते ।
तत्ररक्तक्षयात्पाण्डुर्हीनरूपो विनश्यति ॥ १८ ॥

કરોડરજ્જુની બંને બાજુએ કૂલાના કર્ણભાગ તરફ આવેલાં, કરોડરજ્જુને આશ્રયે રહેલાં, કૂલાથી ઉપરના ભાગમાં આવેલાં બે કટીકતરુણ (=કમ્મરનાં કુમળાં હાડકા) છે એવુ આયુર્વેદ કહે છે. તે બે મર્મ જો વીંધાય તો લોહી ઓછુ થઈ જવાથી માણસને પાંડુરોગ થાય છે, એનુ રૂપ (=કાન્તિ) જતુ રહે છે અને માણસ મરી જાય છે.

કુકુંદર (૨)

पृष्ठवंशं हामयतो यौ सन्धी कटिपार्श्वयोः ।
जघनस्य बहिर्भागे मर्मणी तौ कुकुन्दरौ ॥१९॥
चेष्टाहानिरधःकाये स्पर्शाज्ञानं च तद्व्यधात् ।

કરોડરજ્જુની બને બાજુએ, કમ્મરના બહારના ભાગમા, કમ્મર અને પડખાના જે બે સાંધા (=જોડાણ) છે તે કુકુંદર નામના બે મર્મ છે. એ બે મર્મ વીંધાવાથી કેડથી નીચેના શરીરની ચેષ્ટા (=લાખું ટૂંકું થવુ, ચાલવું વગેરે ક્રિયા) થઈ શકતી નથી તથા સ્પર્શનું જ્ઞાન પણ થતું નથી.

નિતંબ (૨)

पार्श्वान्तरनिबद्धौ यावुपरि श्रोणिकर्णयोः ॥२०॥
आशयच्छादनौ तौ तु नितम्बौ तरुणास्थिगौ ।
अधःशरीरे शोषोऽत्र दौर्बल्यं मरणं ततः ॥२१॥

બે પડખાંના વચગાળામાં જોડાયેલા, કમ્મરના કર્ણભાગથી ઉપર આવેલા, મૂત્રાશય વગેરે આશયોને ઢાંકી દેતા, કુમળા હાડકામાં આવેલા બે નિતંબ (=કૂલા) છે તે બે મર્મ છે. તે

વીંધાયાથી કેડથી નીચેના ભાગમાં સોજો આવે છે, એ ભાગ નબળો પડી જાય છે અને પછી મરણ થાય છે.

પાર્શ્વસંધિ (૨)

पार्श्वान्तरनिबद्धौ च मध्ये जघनपार्श्वयोः ।
तिर्यगूर्ध्वं च निर्दिष्टौ पार्श्वसन्धी तयोर्व्यधात् ॥
रक्तपूरितकोष्ठस्य शरीरान्तरसम्भवः ।

બે પડખાંના વચગાળામાં જોડાયેલા, કમ્મર અને પડખાંની વચમાં ત્રાંસાં અને ઊભાં ગોઠવાયેલાં બે મર્મને (=દરેક બાજુએ એકએક એમ બે મર્મને) બે પાર્શ્વસંધિ કહે છે. એ બે વીંધાયાથી માણસનો કોઠો લોહીથી ભરાઈ જાય છે અને તેથી તેને બીજું શરીર મળે છે (=મરી જાય છે, આ શરીર છૂટી જાય છે અને બીજું શરીર મળે છે).

બૃહતી (૨)

स्तनमूलार्जवे भागे पृष्ठवंशाश्रये सिरे ॥ २३ ॥
बृहत्यौ, तत्र विद्धस्य मरणं रक्तसङ्क्षयात् ।

સ્તનના મૂળ આગળના સપાટ ભાગમાં કરોડરજ્જુને આધારે રહેલી બે બૃહતી નામની શિરાઓ છે. ત્યાં વીંધાયાથી લોહી ઓછું થઈ જવાને કારણે મૃત્યુ થાય છે.

અંસફલક (૨)

बाहुमूलाभिसम्बद्धे पृष्ठवंशस्य पार्श्वयोः ॥२४।
अंसयोः फलके बाहुस्वापशोषौ तयोर्व्यधात् ।

કરોડરજ્જુની બંને બાજુએ હાથના મૂળ (હાથનો ખભામાંનો ભાગ) તરફ જોડાયેલાં અંસફલક નામનાં બે મર્મ છે. તે બે મર્મ વીંધાયાથી હાથ ખોટા પડી જાય છે અને સુકાઈ જાય છે.

અંસ (૨)

ग्रीवामुभयतः स्नाव्नी ग्रीवाबाहुशिरोन्तरे ॥ २५ ॥
स्कन्धांसपीठसम्बन्धावंसौ बाहुक्रियाहरौ ।

ડોકની બંને બાજુએ ડોક, હાથ અને માથાના વચગાળામાં આવેલા, સ્કંધ અને અંસની પીડને જોડનારા બે સ્નાયુઓ છે. તેમને અંસ કહે છે. એ બે મર્મ વીંધાયાથી હાથની ક્રિયા (=કામકાજ) અટકી પડે છે.

ગળાની હાંસડીથી ઉપરનાં ૩૭ મર્મ

નીલા (૨), મન્યા (૨)

कण्ठनाडीमुभयतः सिरा हनुसमाश्रिताः ॥ २६ ॥
चतस्रस्तासु नीले द्वे मन्ये द्वे मर्मणी स्मृते ।
स्वरप्रणाशवैकृत्यं रसाज्ञानं च तद्व्यधे ॥ २७ ॥

ગળાની નાડીની બે બાજુએ હડપચી સાથે જોડાયેલી ચાર શિરાઓ છે તેમાંથી બે શિરાને નીલા કહે છે અને બે શિરાને મન્યા કહે છે. એ ચાર મર્મ છે. એ વીંધાયાથી ગળામાંથી અવાજ નીકળતો નથી, અવાજ બગડી જાય છે અને સ્વાદનું જ્ઞાન થતું નથી.

માતૃકા (૮)

कण्ठनाडीमुभयतो जिह्वानासागताः सिराः ।
पृथक् चतस्रस्ताः सद्यो घ्नन्त्यसून्मातृकाह्वयाः ॥२८

ગળાની નાડીની બંને બાજુએ (એમ દરેક બાજુએ) જીભ અને નાકમાં ગયેલી ચારચાર શિરાઓ છે. એ આઠે માતૃકા નામનાં શિરામર્મ છે. એ વીંધાયાથી તરત પ્રાણ જાય છે.

કૃકાટિકા (૨)

कृकाटिके शिरोग्रीवासन्धौ, तत्र चलं शिरः ।

માથું અને ડોકના જોડાણમાં બંને બાજુએ જે કૃકાટિકા નામનાં બે મર્મ છે તે વીંધાય તો માથું ડોલ્યા કરે છે.

વિધુર (૨)

अधस्तात्कर्णयोर्निम्ने विधुरे श्रुतिहारिणी । २९ ॥

બંને કાનની નીચે ઊંડાં વિધુર નામનાં બે મર્મ છે તે વીંધાય તો કાનથી સાંભળી શકાતું નથી.

ફણ (૨)

फणावुभयतो घ्राणमार्गं श्रोत्रपथानुगौ ।
अन्तर्गलस्थितौ वेधाद्गन्धविज्ञानहारिणौ ॥ ३० ॥

નાકની અંદરના માર્ગની બંને બાજુએ, કાનના અંદરને રસ્તેરસ્તે જતાં, ગળાની અંદર આવેલા ફણ નામનાં બે મર્મ છે. તે વીંધાય તો ગંધનું જ્ઞાન થતું નથી.

અપાંગ (૨), આવર્ત (૨)

नेत्रयोर्बाह्यतोऽपाङ्गौ भ्रुवोः पुच्छान्तयोरधः ।
तयोपरि भ्रुवोर्निम्नावावर्तावान्ध्यमेषु तु ॥ ३१ ॥

બંને આંખની બહારના ભાગમાં ભમ્મરના પૂંછડાના છેડાથી નીચે (=ભમ્મરના વાળના અણિયાળા છેડાથી નીચે) અપાંગ નામનાં બે મર્મ છે અને ભમ્મરના અણિયાળા છેડાથી ઊંચે આવર્ત નામનાં બે નીચાં મર્મ છે. એ ચાર મર્મ વીંધાય તો માણુસ આંધળો થાય છે.

શંખ (૨)

अनुकर्णं ललाटान्ते शङ्खौ सद्योविनाशनौ।

(ભમ્મરના અણિયાળા છેડાથી ઊંચે) કપાળને છેડે, કાનની પાસે શંખ (=લમણું) નામનાં બે મર્મ છે. તે વીંધાય તો તરત મારી નાખે છે.

ઉત્ક્ષેપ (૨), સ્થપની (૧)

केशान्ते शङ्खयोरूर्ध्वमुत्क्षेपौ, स्थपनी पुनः ॥३२
भ्रुवोर्मध्ये, त्रयेऽप्यत्र शल्ये जीवेदनुद्धृते।
स्वयं वा पतिते पाकात्सद्यो नश्यति तूद्धृते ॥३३

લમણાથી ઊંચે જયાં વાળનો છેડો આવે છે (=જ્યાંથી આગળ માથાના વાળ ઊગતા નથી), ત્યાં ઉત્ક્ષેપ નામનાં બે મર્મ છે તથા બે ભમ્મરના વચગાળામાં સ્થપની નામનું મર્મ છે. એ ત્રણમાં શલ્ય હોય તેને કાઢયા વિના રહેવા દેવાથી અથવા શલ્યને લીધે પાકવાથી શલ્ય આપોઆપ પડી જવાથી (નીકળી જવાથી) માણુસ જીવતો રહે છે, પણ જો ત્યાંનું શલ્ય કાઢવામાં આવે તો માણુસ તરત મરી જાય છે.

શૃંગાટક (૪)

जिह्वाक्षिनासिकाश्रोत्रखचतुष्टयसङ्गमे।
तालुन्यास्यानि चत्वारि स्रोतसां, तेषु मर्मसु ॥३४
विद्धः शृङ्गाटकाख्येषु सद्यस्त्यजति जीवितम्।

જીભ, આંખ, નાક અને કાનનાં સ્રોતોનો જયાં સંગમ થાય છે એવા તાળવામાં (=તાળવાના હાડકાની ઉપરના પોલાણુમાં રહેલા ખોપરીના હાડકામાં) (જીભ, આંખ, નાક અને કાનનાં) સ્રોતોનાં શૃંગાટક નામનાં ચાર મર્મો છે. એ મર્મ વીંધાય તો માણુસ તરત પ્રાણુ છોડે છે.

સીમંત (૫)

कपाले सन्धयः पञ्च सीमन्तास्तिर्यगूर्ध्वगाः ॥३५॥
भ्रमोन्मादमनोनाशैस्तेषु विद्धेषु नश्यति।

(માથાની ખોપરી પાંચ છૂટાછૂટા કકડાને જોડીને બનાવેલી છે.) ખોપરીમાં આડા અને ઊભા પાંચ સાંધા (=હાડકાંનાં જોડાણુ) છે. તે દરેકને સીમંત (=સેંથી) કહે છે. એ સીમંત નામનાં મર્મ વીંધાય તો ફેર, ગાંડપણુ અને ભુલકણાપણાથી માણુસ મરી જાય છે.

અધિપ (૧)

आन्तरो मस्तकस्योर्ध्वं सिरासन्धिसमागमः॥
रोमावर्तोऽधिपो नाम मर्म सद्यो हरत्यसून्।

માથાની અંદરના ભાગમાં ઊંચે રુવાંટીનાં ગૂંચળાં જેવું, શિરાઓના જોડાણુના સમાગમ-(=સંગમ)રૂપ અધિપ નામનું મર્મ છે. (એ બધાં મર્મોનો રાજા છે, બધાં મર્મનો આધાર એના ઉપર છે. માટે એને અધિપ કહે છે.) એ મર્મ વીંધાય તો તરત પ્રાણુ લે છે.

બીજાં મર્મ

विषमं स्पन्दनं यत्र पीडिते रुक् च मर्म तत् ॥३७

શરીરના જે ભાગમાં વિષમ થડકારા થતા હોય તે ભાગ મર્મ છે. અને શરીરના જે ભાગને દબાવવાથી વિષમ પીડા થતી હોય તે ભાગ પણુ મર્મ છે.

મર્મ એટલે શું?

मांसास्थिस्नायुधमनीसिरासन्धिसमागमः।
स्यान्मर्मेति च तेनात्र सुतरां जीवितं स्थितम्॥

માંસ સાથે માંસના સંગમને (=જ્યાં એક માંસપેશી બીજી માંસપેશીને મળતી હોય તે ભાગને), જ્યાં એક હાડકું બીજા હાડકાને મળતું હોય તે ભાગને, જ્યાં એક સ્નાયુ બીજા સ્નાયુને મળતો હોય તે ભાગને, જ્યાં એક ધમની બીજી ધમનીને મળતી હોય તે ભાગને, જ્યાં એક શિરા બીજી શિરાને મળતી હોય તે ભાગને અને જ્યાં એક સાંધો બીજા સાંધાને મળતો હોય તે ભાગને મર્મ કહે છે. એ કારણુસર (=એ જગાએ સંગમ થતો હોવાથી) ત્યાં જીવન વધારે રહેલું છે.

મર્મોની સંખ્યા અને પ્રકાર

बाहुल्येन तु निर्देशः षोढैवं मर्मकल्पना।
प्राणायतनसामान्यादैक्यं वा मर्मणां मतम्॥३९

(શ્લોક ૩૭૩, ૩૮ની વ્યાખ્યાને હિસાબે તો શરીરમાં અસંખ્ય મર્મ છે. છતાં પણ મર્મ ૧૦૭ છે એમ કહેવાનું કારણ એ છે કે) જે મોટાં મર્મ છે (=જે મર્મ તરીકે પ્રસિદ્ધ છે) તેનો જ ઉલ્લેખ કર્યો છે. (પ્રસિદ્ધ મર્મોની સંખ્યા ૧૦૭ છે પણ) ઉપર પ્રમાણે (=માંસ, હાડકાં, સ્નાયુ, ધમની, શિરા અને સંધિ-એ છ વસ્તુઓના પોતપોતાની જાતની વસ્તુઓ સાથેના સંગમને મર્મ કહે છે તેથી) મર્મ છ પ્રકારનાં છે. અથવા પ્રાણ(જીવન)નાં ખાસ સ્થાનરૂપ હોવાની બાબત બધાં મર્મોમાં સમાન હોવાથી મર્મોની એકતા માનેલી છે (=મર્મોના છ પ્રકાર પાડવાની પણ જરૂર નથી એવું આયુર્વેદ માને છે).

કયું મર્મ છમાંથી કયા પ્રકારનું છે?

માંસનાં બનેલાં મર્મ (૧૦)

मांसजानि दशेन्द्राख्यतलहृत्स्तनरोहिताः ।

માંસનાં બનેલાં મર્મ (=માંસના સમાગમથી બનેલાં મર્મ) દસ છે: બે પગનાં ઇંદ્રબસ્તિ (શ્લોક ૫), બે હાથનાં ઇંદ્રબસ્તિ (શ્લોક ૮), બે પગનાં તલહૃત (શ્લોક ૨, ૨૩), બે હાથનાં તલહૃત (શ્લોક ૮) અને દરેક સ્તનનું એક એક એમ બે સ્તનરોહિત (શ્લોક ૧૩૩).

હાડકાંમાં મર્મ (૮)

शङ्खौ कटीकतरुणे नितम्बावंसयोः फले ॥ ४० ॥
अस्थ्यर्माणि

હાડકામાં આઠ મર્મ છે: બે શંખ (શ્લોક ૩૧૩), બે કટીકતરુણ (શ્લોક ૧૭૩), બે નિતંબ (શ્લોક ૨૦૩) અને બે અંસફલક (શ્લોક ૨૪૩).

સ્નાયુઓમાં મર્મ (૨૩)

स्नावमर्माणि त्रयोविंशतिराणयः ।
कूर्चकूर्चशिरोऽपाङ्गक्षिप्रोत्क्षेपांसबस्तयः ॥ ४१ ॥

સ્નાયુઓમાં ૨૩ મર્મ છે: ચાર આણી (શ્લોક ૬, ૮. બે હાથમાં બે, બે પગમાં બે), ચાર કૂર્ચ (શ્લોક ૩૩, ૮), ચાર કૂર્ચશિર (શ્લોક ૪, ૮), બે અપાંગ (શ્લોક ૩૦૩), ચાર ક્ષિપ્ર (શ્લોક ૩, ૮) બે ઉત્ક્ષેપ (શ્લોક ૩૨), બે અંસ (શ્લોક ૨૫૩), એક બસ્તિ (શ્લોક ૧૦).

ધમનીમાં મર્મ (૯)

गुदापस्तम्भविधुरशृङ्गाटानि नवादिशेत् ।
मर्माणि धमनीस्थानि

ધમનીમાં રહેલાં નવ મર્મ છે એવું શીખવવું: એક ગુદા (શ્લોક ૯૩), બે અપસ્તંભ (શ્લોક ૧૪૩), બે વિધુર (શ્લોક ૨૯), ચાર શૃંગાટક (શ્લોક ૩૪૩).

શિરાઓને આશરે રહેલાં મર્મ (૩૭)

सप्तत्रिंशत्सिराश्रयाः ॥ ४२ ॥
बृहत्यौ मातृका नीले मन्ये कक्षाधरौ फणौ ।
विटपे हृदयं नाभिः पार्श्वसन्धी स्तनाधरे ॥४३
अपालापौ स्थपन्युर्व्यश्चतस्रो लोहितानि च ।

શિરાઓને આશરે રહેલાં મર્મ ૩૭ છે: બે બૃહતી (શ્લોક ૨૩૩), આઠ માતૃકા (શ્લોક ૨૮), બે નીલા (શ્લોક ૨૬૩), બે મન્યા (શ્લોક ૨૬૩), બે કક્ષાધર (શ્લોક ૯), બે ફણ (શ્લોક ૩૦), બે વિટપ (શ્લોક ૭૩), એક હૃદય (શ્લોક ૧૩), એક નાભિ (શ્લોક ૧૨૩), બે પાર્શ્વસંધિ (શ્લોક ૨૨), બે સ્તનમૂલ (શ્લોક ૧૪), બે અપાલાપ (શ્લોક ૧૬), એક સ્થપની (શ્લોક ૩૨), ચાર ઉર્વી (શ્લોક ૬૩, ૮), ચાર લોહિતાક્ષ (શ્લોક ૭, ૮).

સાંધાનાં મર્મ (૨૦)

सन्धौ विंशतिरावर्तौ मणिबन्धौ कुकुन्दरौ ॥४४
सीमन्ताः कूर्परौ गुल्फौ कृकाटयौ जानुनी पतिः ।

સાંધાનાં મર્મ વીસ છે: બે આવર્ત (શ્લોક ૩૧), બે મણિબંધ (શ્લોક ૮), બે કુકુંદર (શ્લોક ૧૯), પાંચ સીમંત (શ્લોક ૩૫), બે કૂર્પર (શ્લોક ૮૩), બે ગુલ્ફ (શ્લોક ૪૩), બે કૃકાટી (શ્લોક ૨૮૩), બે જાનુ (શ્લોક ૬), અને એક અધિપ (શ્લોક ૩૬૩).

પરમત

मांसमर्म गुदोऽन्येषां, स्नाव्वी
कक्षाधरौ तथा ॥ ४५ ॥
विटपौ विधुराख्ये च, शृङ्गाटानि सिरासु तु ।

अपस्तम्भावपाङ्गौ च, धमनीस्थं न तैः स्मृतम् ॥

ગુદા માંસનું મર્મ છે (ધમનીનું નહિ), બે કક્ષાધર સ્નાયુનાં મર્મ છે (શિરાનાં નહિ), બે વિટપ સ્નાયુનાં મર્મ છે (શિરાનાં નહિ), બે વિધુર સ્નાયુનાં મર્મ છે (ધમનીનાં નહિ), ચાર શૃંગાટક શિરાનાં મર્મ છે (ધમનીનાં નહિ), બે અપસ્તંભ શિરાનાં મર્મ છે (ધમનીનાં નહિ), બે અપાંગ શિરાનાં મર્મ છે (સ્નાયુનાં નહિ), અને ધમનીનાં મર્મ છે જ નહિ (=ધમનીનાં મર્મ જેવો કોઈ પ્રકાર છે જ નહિ) એવું બીજા કેટલાક આચાર્યો માને છે.

૭ પ્રકારનાં મર્મ વીંધાયાનાં લક્ષણ અને પરિણામ

विद्धेऽजस्रमसृक्स्रावो मांसधावनवत्तनुः।
पाण्डुत्वमिन्द्रियाज्ञानं मरणं चाशु मांसजे ॥४७॥

માંસનું મર્મ વીંધાય ત્યારે સતત લોહી નીકળ્યા કરે છે, એ લોહી માંસના ધોવરામણ જેવું અને પાતળું હોય છે, માણસ ફિક્કો પડી જાય છે, ઇંદ્રિયોને પોતાના વિષયનું જ્ઞાન થતું નથી અને તરત મૃત્યુ થાય છે.

मज्जान्वितोऽच्छो विच्छिन्नः
स्रावो रुक् चास्थिमर्मणि।

હાડકાનું મર્મ વીંધાય ત્યારે મજ્જાવાળો, પાતળો પદાર્થ અવારનવાર નીકળે છે તથા પીડા થાય છે.

आयामाक्षेपकस्तम्भाः
स्नावजेऽभ्यधिकं रुजा ॥४८॥
यानस्थानासनाशक्तिर्वैकल्यमथवाऽन्तकः।

સ્નાયુનું મર્મ વીંધાય ત્યારે આયામ, આક્ષેપક, સ્તંભ (એટલા વાયુના રોગ થાય છે), બહુ પીડા થાય છે, આવજા કરી શકાતી નથી, ઊઠી કે બેસી શકાતું નથી, અંગોમાં ખોડ આવે છે અથવા મરણ થાય છે.

रक्तं सशब्दफेनोष्णं धमनीस्थे विचेतस. ॥४९॥

ધમનીનું મર્મ વીંધાય ત્યારે માણસને મૂર્ચ્છા આવે છે, તથા ફીણવાળું ગરમ લોહી અવાજ કરતુંકરતું નીકળે છે.

सिरामर्मव्यधे सान्द्रमजस्रं बह्वसृक्स्रवेत्।
तत्क्षयात्तृड्भ्रमश्वासमोहहिध्माभिरन्तकः ॥५०॥

શિરાનું મર્મ વીંધાય ત્યારે રગડા જેવું પુષ્કળ લોહી સતત નીકળ્યા કરે છે, અને લોહી ઓછું થવાથી તરસ, ફેર, હાંફ, મોહ અને હેડકી એટલા ઉપદ્રવો થવાથી માણસ મરી જાય છે.

वस्तु शूकैरिवाकीर्णं रूढे च कुणिखञ्जता।
बलचेष्टाक्षयः शोषः पर्वशोफश्च सन्धिजे ॥५१॥

સાંધાનું મર્મ વીંધાય ત્યારે વસ્તુ (=વીંધાયેલા ભાગ) ઉપર જાણે કાંટાકાંટા ઊગી નીકળ્યા હોય એવું થાય છે, અને એ વીંધ રુઝાયા પછી માણસ ઠૂંઠો કે લંગડો થઈ જાય છે, બળ ઓછું થઈ જાય છે, ચેષ્ટા (અંગનું હલનચલન, કામકાજ) ઓછું થઈ જાય છે, અંગ સુકાઈ જાય છે અને પર્વભાગ ઉપર સોજો આવે છે.

ક્યાં મર્મ કેટલા વખતમાં મારી નાખે છે?

नाभिशङ्खाधिपापानहृच्छृङ्गाटकबस्तयः।
अष्टौ च मातृकाः सद्यो निघ्नन्त्येकान्नविंशतिः ॥
सप्ताहः परमस्तेषां कालः कालस्य कर्षणे।

નાભિ, શંખ (૨), અધિપ, અપાન (=ગુદા), હૃદય, શૃંગાટક (૪), બસ્તિ અને આઠ માતૃકા (૮) એ ઓગણીસ મર્મ તરત મારી નાખે છે. એ મર્મ વધારેમાં વધારે સાત દિવસમાં મૃત્યુને ખેંચી લાવે છે (=મોત આણે છે).

त्रयस्त्रिंशदपस्तम्भतलहृत्पार्श्वसन्धयः ॥५३॥
कटीतरुणसीमन्तस्तनमूलेन्द्रबस्तयः।
क्षिप्रापालापबृहतीनितम्बस्तनरोहिताः ॥५४॥
कालान्तरप्राणहरा मासमासार्धजीविताः।

અપસ્તંભ (૨), તલહૃત્ (૪), પાર્શ્વસંધિ (૨), કટીકતરુણ (૨), સીમંત (૫), સ્તનમૂલ (૨), ઇંદ્રબસ્તિ (૪), ક્ષિપ્ર (૪), અપાલાપ (૨), બૃહતી (૨), નિતંબ (૨), સ્તનરોહિત (૨) એ ૩૩ મર્મો વધારે વખતે મારી નાખે છે, એ મર્મો વીંધાયા પછી એક મહિનો કે અડધો મહિનો જીવતા રહી શકાય છે.

उत्क्षेपौ स्थपनी त्रीणि विशल्यघ्नानि, तत्र हि ॥
वायुर्मांसवसामज्जमस्तुलुङ्गानि शोषयन्।

शल्यापाये विनिर्गच्छन्
श्वासात्कासाच्च हन्त्यसून् ॥ ५६ ॥

બે ઉત્ક્ષેપ અને સ્થપની એ ત્રણ મર્મ એમાંથી શલ્ય કાઢવામાં આવે તો મારી નાંખે છે એ મર્મોમાથી શલ્ય નીકળી જવાથી વાયુ બહાર નીકળતાં નીકળતાં માંસ, વસા, મજ્જા અને મગજને સૂકવી નાખીને શ્વાસ અને ઉધરસ કરીને મારી નાખે છે.

फणावपाङ्गौ विधुरे नीले मन्ये कृकाटिके ।
अंसांसफलकावर्तविटपोर्वीकुकुन्दराः ॥ ५७ ॥
सजानुलोहिताक्षाणिकक्षाधृक्कूर्चकूर्पराः ।
वैकल्यमिति चत्वारि चत्वारिंशच्च कुर्वते ॥ ५८ ॥
हरन्ति तान्यपि प्राणान् कदाचिदभिघाततः ।

ફણા (૨), અપાંગ (૨), વિધુર (૨), નીલ (૨), મન્યા (૨), કૃકાટિક (૨), અંસ (૨), અંસફલક (૨), આવર્ત (૨), વિટપ (૨), ઉર્વી (૪), કુકુંદર (૨), જાનુ (૨), લોહિતાક્ષ (૪), આણિ (૪), કક્ષાધર (૨), કૂર્ચ (૪), કૂર્પર (૨)–એ ૪૪ મર્મો અંગમાં ખોડ આણે છે અને કોઈકવાર એ મર્મો ઉપર વાગવાથી પ્રાણ પણ લે છે (=મારી નાખે છે).

अष्टौ कूर्चशिरोगुल्फमणिबन्धा रुजाकराः ॥ ५९

કૂર્ચશિર (૪), ગુલ્ફ (૨) મણિબંધ (૨), એ આઠ મર્મ પીડા કરે છે.

મર્મોનાં માપ

तेषां विटपकक्षाधृगुर्व्यः कूर्चशिरांसि च ।
द्वादशाङ्गुलमानानि

તેમાં (=૧૦૭ મર્મોમાં) વિટપ, કક્ષાધૃક્ (=કક્ષાધર), ઉર્વી અને કૂર્ચશિર બારબાર આંગળ માપનાં છે.

द्व्यङ्गुले मणिबन्धने ॥ ६० ॥
गुल्फौ च स्तनमूले च

બે મણિબંધ, બે ગુલ્ફ અને બે સ્તનમૂલ બબે આંગળ માપના છે.

त्र्यङ्गुलं जानुकूर्परम् ।

બે જાનુ અને બે કૂર્પર ત્રણત્રણ આંગળ છે.

अपानबस्तिहृन्नाभिनीलाः सीमन्तमातृकाः ॥ ६१
कूर्चश्टङ्गाटमन्याश्च त्रिंशदेकेन वर्जिताः ।
आत्मपाणितलोन्मानाः

અપાન (=ગુદા), બસ્તિ, હૃદય, નાભિ, નીલા, સીમંત, માતૃકા, કૂર્ચ, શૃંગાટક, મન્યા એ ૨૯ મર્મો દરેક માણસની પોતપોતાની હથેલી (=ચાર આંગળ) જેટલા માપનાં છે.

शेषाण्यर्धाङ्गुलं वदेत् ॥ ६२ ॥
पञ्चाशत्षट् च मर्माणि, तिलव्रीहिसमान्यपि ।
इष्टानि मर्माण्यन्येषाम्

બાકીનાં ૫૬ મર્મો દરેક માણસનાં પોતપોતાના અડધો આંગળ જેટલા માપનાં છે. બીજા કેટલાક આચાર્યો માને છે કે મર્મો તલ જેવડાં કે ડાંગર જેવડાં છે.

चतुर्धोक्ताः सिरास्तु याः ।६३
तर्पयन्ति वपुः कृत्स्नं ता मर्माण्याश्रितास्ततः ।
तत्क्षतात्क्षतजात्यर्थप्रवृत्तेर्धातुसंक्षये ॥ ६४ ॥
वृद्धश्चलो रुजस्तीव्राः प्रतनोति समीरयन् ।
तेजस्तदुद्धतं धत्ते तृष्णाशोषमदभ्रमान् ॥ ६५ ॥
स्विन्नस्रस्तश्लथतनुं हरत्येनं ततोऽन्तकः ।

શા. ૩/૩૪થી ૩૫માં વાયુવાળું, પિત્તવાળું, કફવાળું અને શુદ્ધ લોહી વહેનારી એમ ચાર પ્રકારની શિરાઓ કહી છે તે આખા શરીરનુ તર્પણ કરે છે (=પોષણ આપે છે). એ બધી (૭૦૦) શિરાઓ મર્મોમાં પણ જાય છે. તેથી તેના ઉપર (=મર્મો ઉપર) ઘા થવાથી (શિરાઓમાંથી) લોહી પુષ્કળ નીકળવાથી (ધાતુઓને લોહી દ્વારા પોષણ ઓછું ને ઓછું મળવાથી) ધાતુઓ ઓછી થતી જાય છે તેથી વધેલો (=કોપેલો) વાયુ તેજને (=પિત્તને) કોપાવી તીવ્ર પીડા (શૂળ) ઉત્પન્ન કરે છે અને કોપેલું તે (=પિત્ત) તરસ, શોષ, કેફ અને ફેરના ઉપદ્રવો પેદા કરે છે અને ત્યાર પછી (=એ ઉપદ્રવો થયા પછી) જેનું શરીર પરસેવાથી રેબઝેબ થઈ જાય છે, લબડી પડે છે અને ઢીલુ પડી જાય છે એવા તે માણસને યમ લઈ જાય છે.

મર્મ પર વાગે તેનો ઉપાય

वर्धयेत्सन्धिनो गात्रं मर्मण्यभिहते द्रुतम् ॥ ६६ ॥

छेदनात्सन्धिदेशस्य सङ्कुचन्ति सिरा ह्यतः।
जीवितं प्राणिनां तत्र रक्ते तिष्ठति तिष्ठति ॥ ६७ ॥

મર્મ ઉપર વાગે ત્યારે તે અવયવના સંધિ-(=સાંધા)ને તરત કાપીને છૂટો પાડી નાખવો, કારણ કે સાંધાના ભાગને કાપવાથી શિરાઓ સંકોચાઈ જાય છે તેથી (સંકોચાયેલી શિરા-ઓમાંથી લોહી બહાર નીકળી ન શકતું હોવાથી) પ્રાણીઓનુ (=માણસોનું) લોહી ત્યાં રોકાઈ રહેતું હોવાથી તેમાં જીવન પણ રોકાઈ રહે છે (=મરી જવાતું નથી).

મર્મ ઉપર ક્ષાર, ડામ અને વિષ વગેરેની ક્રિયા ન કરવાનું કારણ

सुविक्षतोऽप्यतो जीवेदमर्मणि न मर्मणि।
प्राणघातिनि जीवेत्तु कश्चिद्वैद्यगुणेन चेत् ॥ ६८ ॥
असमग्राभिघाताच्च सोऽपि वैकल्यमश्नुते।
तस्मात्क्षारविषाग्न्यादीन् यत्नान्मर्मसु वर्जयेत् ॥

(બધે ઠેકાણે વીંધાવાથી પ્રાણી મરી જતું નથી પણ મર્મ વીંધાવાથી પ્રાણી મરી જાય છે) તેથી જો મર્મ સિવાયનો ભાગ વીંધાયો હોય તો માણસ જીવે, પણ પ્રાણ લે એવું મર્મ ડાભની અણીથી પણ વીંધાયું હોય તો માણસ જીવતો નથી. પણ એ પ્રાણ લે એવું મર્મ પણ ડાભની અણીથી અધૂરું વીંધાયું હોય (=જેવું-તેવું વીંધાયુ હોય) તો તથા વૈદ્યના ગુણને લીધે (=વૈદ્ય, દ્રવ્યો અને સારવાર કરનાર એ ચિકિત્સાના ત્રણ પાદના ચારે ગુણથી) કોઈ દરદી જીવી જાય તોપણ તેને ખોડ રહી જાય છે. માટે ક્ષારથી ખાળવાની, ઝેર ચોપડવાની, ડામ દેવાની વગેરે ક્રિયાઓ મર્મ ઉપર ન કરવી, એમાં ગફલત કરવી નહિ. (પ્રાણઘાતક મર્મ—શ્લોક ૫૧થી ૫૮. ચિકિત્સાના પાદ સૂ. ૧/૨૬, ૨૭)

મર્મ ઉપર થયેલા રોગ શું કરે?

मर्माभिघातः स्वल्पोऽपि प्रायशो बाधतेतराम्।
रोगा मर्माश्रयास्तद्वत्प्रक्रान्ता यत्नतोऽपि च ॥७०

મર્મ ઉપર જરા પણ વાગે તો તેને લીધે સામાન્ય રીતે બહુ જ પીડા થાય છે. તે જ પ્રમાણે મર્મસ્થાનમાં થયેલા રોગોના કાળજી-પૂર્વક ઉપચાર કરવામાં આવે તોપણ એ રોગો સામાન્ય રીતે ઘણી જ પીડા કરે છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने द्वितीये शारीरस्थाने मर्मविभागो नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫ મો

ચોથા અધ્યાયમાં મર્મસ્થાનો વિષે કહ્યું. મરણ કરે તે, મર્મ એવો મર્મ શબ્દનો અર્થ છે. રિષ્ટ (=વિકૃતિ) વિના મરણ થતું નથી. આમ પરંપરાએ મર્મ અને વિકૃતિ (=રિષ્ટ) વચ્ચે સંબંધ હોવાથી હવે મર્મવિભાગ કહી રહ્યા પછી વિકૃતિવિજ્ઞાનીય (મરણ થવાનું છે એવું જણાવનારાં લક્ષણોનું જ્ઞાન કરાવનારું) શરીર સંબંધી જ્ઞાન હવે કહેવામાં આવશે.

अथातो विकृतिविज्ञानीयं शारीरं व्याख्यास्यामः इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

હવે અમે વિકૃતિ (=રિષ્ટ=મરણનાં લક્ષણો) વિષે જ્ઞાન થાય એવું શરીરસંબંધી જ્ઞાન સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિ-ઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

पुष्पं फलस्य धूमोऽग्नेर्वर्षस्य जलदोदयः।
यथा भविष्यतो लिङ्गं रिष्टं मृत्योस्तथा ध्रुवम् ॥१॥

જેમ (ઝાડને) ફૂલ આવે તે ભવિષ્યમાં ફળ આવશે એવું દેખાડનારું ચિહ્ન છે, જેમ ધુમાડો થાય તે ભવિષ્યમાં અગ્નિ (આગ) સળગશે એવું દેખાડનારું ચિહ્ન છે, જેમ વાદળું ચડી આવે તે ભવિષ્યમાં વરસાદ પડશે એવું દેખાડનારું ચિહ્ન છે, તેમ રિષ્ટ એ ભવિષ્યમાં થનારા મરણનું ચોક્કસ ચિહ્ન છે.

(आयुष्मति क्रियाः सर्वाः सफलाः सम्प्रयोजिताः।
भवन्ति भिषजां भूत्यै कृतज्ञ इव भूभुजि ॥ १ ॥
क्षीणायुषि कृतं कर्म व्यर्थं कृतमिवाधमे।
अयशो देहसन्देहं स्वार्थहानिं च यच्छति ॥ २ ॥
तदिदानीं गतासूनां लक्षणं सम्प्रचक्षते।
विकृतिः प्रकृतेः प्राज्ञैः प्रदिष्टा रिष्टसंज्ञया ॥ ३ ॥)

(કદરદાન રાજા માટે કરેલા કામની માફક, આવરદાવાળા દરદી માટે કરેલી બધી સફળ

ક્રિયાઓ વૈદ્યની ચડતી કરે છે, પણ નીચ રાજા માટે કરેલા કામની માફક, ખૂટેલા આવરદાવાળા દરદી માટે ફોગટ કરેલી ક્રિયા વૈદ્યને અપજશ અને જીવનું જોખમ આપે છે તથા વૈદ્યના હિતને નુકસાન કરે છે.. તેથી હવે જેમના પ્રાણ ગયેલા (=જવાના) છે એવા દરદીઓના લક્ષણ કહે છે. (રોગનો અને રોગીનો) સ્વભાવ બદલાઈ જાય તેને જાણકાર માણસો 'રિષ્ટ' નામે ઓળખાવે છે.)

अरिष्टं नास्ति मरणं दृष्टरिष्टं च जीवितम् ।

રિષ્ટ વિના મરણ થતું નથી અને રિષ્ટ દેખાયા પછી જિંદગી (બહુ) ટકતી નથી.

રિષ્ટ પારખવામાં ગફલત

अरिष्टे रिष्टविज्ञानं न च रिष्टेऽप्यनैपुणात् ॥ २ ॥

આવડતના અભાવે (આવડત ન હોવાથી) જે લક્ષણ ખરી રીતે રિષ્ટ નથી તે રિષ્ટ છે એવુ સમજાય છે અને રિષ્ટ હોવા છતાં રિષ્ટ છે એવુ સમજાતુ નથી.

केचित्तु तद्द्विधेत्याहुः स्थाय्यस्थायि विभेदतः ।

સ્થાયી અને અસ્થાયી એ બે ભેદ ઉપરથી કેટલાક કહે છે કે રિષ્ટ બે જાતનુ છે—સ્થાયી અને અસ્થાયી.

અસ્થાયી રિષ્ટનું લક્ષણ

दोषाणामपि बाहुल्याद्रिष्टाभासः समुद्भवेत् ॥३॥
स दोषाणां शमे शाम्येत्स्थाय्यवश्यं तु मृत्यवे ।

દોષો બહુ વધી જવાથી પણ રિષ્ટનો આભાસ (રિષ્ટ હોય એવો ખોટો દેખાવ) થાય છે. દોષો શમી જાય એટલે એ રિષ્ટનો આભાસ પણ શમી જાય છે. (આવા રિષ્ટના આભાસને અસ્થાયી રિષ્ટ કહે છે. અસ્થાયી રિષ્ટ મરણ સૂચવતુ નથી તેથી ખરું જોતાં એ રિષ્ટ જ નથી.) પણ સ્થાયી રિષ્ટથી તો ચોક્કસ મરણ થાય છે.

(સ્થાયી) રિષ્ટનું લક્ષણ

रूपेन्द्रियस्वरच्छायाप्रतिच्छायाक्रियादिषु ॥ ४ ॥
अन्येष्वपि च भावेषु प्राकृतेष्वनिमित्ततः ।
विकृतिर्या समासेन रिष्टं तदिति लक्षयेत् ॥ ५ ॥

રૂપ (શરીરનો રંગ, આખથી દેખાતા આકૃતિ, રંગ વગેરે), ઇંદ્રિયો, સ્વર (અવાજ), છાયા, પ્રતિચ્છાયા (પ્રતિબિંબ); શરીર, વાણી અને મન એ ત્રણથી થતી ક્રિયાઓ વગેરે ભાવો તથા બીજા પણ પોતપોતાની પ્રકૃતિ અનુસાર મળેલા (સ્વાભાવિક) ભાવોમા કંઈ કારણ વિના ફેરફાર થઈ જાય તે રિષ્ટ છે એવુ ટૂંકામાં રિષ્ટનું લક્ષણ જાણવુ. (આમ રૂપની વિકૃતિ, ઇંદ્રિયોની વિકૃતિ વગેરે રિષ્ટ છે. એ બધાં આગળ વિગતવાર સમજાવ્યા છે. છાયા અને પ્રતિચ્છાયા માટે જુઓ શ્લોક ૪૨થી ૫૨).

કાલચોદિત (=જેમનું મરણ એક વરસની અંદર આવવાનું હોય એવા) માણસોનાં લક્ષણ—રૂપમાં વિકાર

केशरोमनिरभ्यङ्गं यस्याभ्यक्तमिवेक्ष्यते ।

જેના વાળ અને રૂવાડા તેલ ન નાખ્યું હોય છતા જાણે તેલ નાખ્યુ હોય એવુ દેખાય છે (તે માણસ કાલચોદિત છે).

ઇંદ્રિયોમાં વિકાર

यस्यात्यर्थं चले नेत्रे स्तब्धान्तर्गतनिर्गते ॥ ६ ॥
जिह्मे विस्तृतसङ्क्षिप्ते सङ्क्षिप्तविनतभ्रुणी ।
उद्भ्रान्तदर्शने हीनदर्शने, नकुलोपमे ॥ ७ ॥
कपोताभे अलाताभे स्रुते लुलितपक्ष्मणी ।

જેની આંખો આમતેમ પુષ્કળ ભમતી હોય, સજ્જડ થઈ ગઈ હોય, બહુ ઊંડી ઊતરી ગઈ હોય, બહુ બહાર નીકળી આવી હોય, વાકી થઈ ગઈ હોય, બહુ પહોળી (ફાટી) થઈ ગઈ હોય, બહુ બિડાયેલી રહેતી હોય, ભમ્મરો બહુ સકોચાયેલી અને કમાન જેવી બહુ વળેલી થઈ ગઈ હોય, આંખો બહાવરું જોતી હોય, આંખે થોડું દેખાતુ હોય કે સમૂળગું ન દેખાતુ હોય, આંખો નોળિયાની આંખો જેવી કે હોલાની આંખો જેવી થઈ ગઈ હોય, અંગારા જેવી થઈ ગઈ હોય, પાપણો જાણે પવનથી ઊડતી હોય એવી થઈ ગઈ હોય (તે માણસ કાલચોદિત છે એવું સમજવું).

नासिकाऽत्यर्थविवृता संवृता पिटिकाचिता ॥८॥
उच्छूना स्फुटिता म्लाना

જેનું નાક બહુ જ પહોળું રહે કે બહુ જ સાંકડું થઈ જાય, ફોલ્લીઓફોલ્લીઓથી ભરાઈ

જાય, સૂજી જાય, ફાટી જાય (તરડાઈ જાય) અને ચિમળાઈ જાય (તે માણસ કાલચોદિત છે એમ સમજવું.)

यस्यौष्ठो यात्यधोऽधरः
ऊर्ध्वं द्वितीयः स्यातां वा पक्वजम्बूनिभावुभौ ॥९॥

જેનો નીચલો હોઠ નીચે લબડી પડે, ઉપલો હોઠ ઊંચો ચડી જાય કે જેના બંને હોઠ પાકા જાંબુ જેવા રંગના થઈ જાય (તે માણસ કાલચોદિત છે એમ જાણવું).

दन्ताः सशर्कराः श्यावास्ताम्राः पुष्पितङ्किताः सहसैव पतेयुर्वा

જેના દાંત રેતાળ (રેતી ચોંટી હોય એવા કરકરા), કાળા, તાંબાવર્ણા થઈ ગયા હોય, જાણે અંદરથી ફૂલ ઊગતાં હોય એવા કે કાદવ ચોપડ્યો હોય એવા થઈ ગયા હોય તથા એકાએક પડી જતા હોય (તે માણસ કાલચોદિત છે એમ સમજવું).

जिह्वा जिह्वा विसर्पिणी ॥ १० ॥
शूना शुष्का गुरुः श्यावा लिप्ता सुप्ता सकण्टका ।

જેની જીભ વાંકી થઈ ગઈ હોય, કારણ વિના મોમાં પેસ–નીકળ કરે, સૂજી ગઈ હોય, સુકાઈ ગઈ હોય, ભારે થઈ ગઈ હોય, કાળી પડી ગઈ હોય, કફ વગેરેથી લીંપાયેલી રહેતી હોય, જડ થઈ ગઈ હોય, (સ્વાદ પારખી ન શકતી હોય), જીભે જાણે કાંટાકાટા પડી ગયા હોય (તે માણસ કાલચોદિત છે એમ સમજવુ).

शिरः शिरोधरा वोढुं पृष्ठं वा भारमात्मनः ॥११
हनू वा पिण्डमास्यस्थं शक्नुवन्ति न यस्य च ।

જેની ડોક પર માથું (સ્થિર) રહી શકતુ નથી, જેની પીઠ, પીઠ ઉપર રહેલા શરીરનું વજન ઝીલી શકતી નથી અને જેની હડપચી મોમાં મૂકેલા કોળિયાને પકડી રાખી શકતી નથી (=આપોઆપ કોળિયો બહાર નીકળી જાય છે) (તે માણસ કાલચોદિત છે એમ સમજવુ).

यस्यानिमित्तमङ्गानि गुरूण्यतिलघूनि वा ॥ १२

જેનાં અવયવો કંઈ પણ કારણ વિના બહુ ભારે કે બહુ હલકાં થઈ ગયાં હોય (તે માણસ કાલચોદિત છે એમ સમજવું).

विषदोषाद्विना यस्य खेभ्यो रक्तं प्रवर्तते ।

ઝેરના દોષ વિના (ઝેર ખાધાપીધા વિના પણ) જેનાં છિદ્રોમાંથી લોહી નીકળતું હોય (તે માણસ કાલચોદિત છે એમ સમજવું.)

उत्सिक्तं मेहनं यस्य वृषणावतिनिःसृतौ ॥ १३ ॥
अतोऽन्यथा वा यस्य स्यात्

જેની મૂત્રેન્દ્રિય ઊંચી ચડી ગઈ હોય અને જેના અંડ બહુ લબડી પડ્યા હોય અથવા જેને એથી ઊલટું હોય (એટલે જેની મૂત્રેન્દ્રિય બહુ લબડી પડી હોય અને અંડ ઊંચે ચઢી ગયા હોય) (તે માણસ કાલચોદિત છે એમ સમજવુ).

सर्वे ते कालचोदिताः ।

ઉપર શ્લોક પહેલી ૧૩ મે સુધીમા ગણાવ્યા તે બધા માણસો કાલચોદિત* છે.

રિષ્ટવાળો દરદી કેટલા વખતમા મરશે એવી કાળની મુદ્દત ન કહી હોય, ત્યારે શ્લોક ૨૪, ૨૫ ઉપરથી સમજી લેવું કે એવો દરદી એક વરસથી વધારે જીવશે નહિ.

यस्यापूर्वाः सिरालेखा बालेन्द्वाकृतयोऽपि वा ॥
ललाटे बस्तिशीर्षे वा षण्मासान्न स जीवति ।

જેના કપાળ પર કે મૂત્રાશયના મથાળા (ટોચ) પર પહેલા ન હોય એવી (=નવી) શિરાઓની રેખાઓ દેખાય કે અધૂરા ચંદ્ર જેવી વાંકી આકૃતિઓ દેખાય તે માણસ છ મહિના જીવતો નથી (=છ મહિનાની અંદર મરી જાય છે.)

पद्मिनीपत्रवत्तोयं शरीरे यस्य देहिनः ॥ १५ ॥
प्लवते प्लवमानस्य षण्मासास्तस्य जीवितम् ।

જેમ કમળના પાંદડા પરથી પાણી સરી પડે છે, તેમ પાણીમાં નાહતા જે માણસના શરીર પરથી પાણી સરી પડે છે (જે માણસનુ શરીર પાણીથી ભિંજાઈ શકતુ નથી) તેની જિંદગી છ મહિના હોય છે (=છ મહિનાથી વધારે જીવતો નથી).

हरिताभाः सिरा यस्य रोमकूपाश्च संवृताः ॥ १६ ॥
सोऽम्लाभिलाषी पुरुषः पित्तान्मरणमश्नुते ।

* કાલચોદિત=યમ વડે હંકારાતા, મરણને આરે આવીને ઊભેલા.

જેની શિરાઓ સરસડાનાં પાંદડાં જેવા રંગની (=લીલી) હોય, રૂંવાડાંનાં છિદ્રો ખિડાઈ ગયાં હોય અને જેને ખાટું ખાવાપીવાની ઇચ્છા થતી હોય (એ ત્રણે લક્ષણો થતાં હોય) તે માણુસ પિત્તથી મરે છે.

यस्य गोमयचूर्णाभं चूर्णं मूर्ध्नि मुखेऽपि वा ॥१७
सस्नेहं, मूर्ध्नि धूमो वा, मासान्तं तस्य जीवितम् ।

જેના માથા પર કે મોં પર ગાયના છાણ (છાણાના) ભૂકા જેવું સ્નેહવાળું ચૂર્ણ છાંટયું હોય એવું જણાય અથવા જેને માથે ધુમાડો જણાય તેની જિંદગી એક મહિના સુધી હોય છે.

मूर्ध्नि भ्रुवोर्वा कुर्वन्ति सीमन्तावर्तका नवाः ॥१८॥
मृत्युं स्वस्थस्य षड्रात्रात्त्रिरात्रादातुरस्य तु ।

માથે કે ભમ્મરોમાં પહેલાં ન હોય એવી (=નવી થયેલી) ગોળ સેંથીઓ સાજા માણુસનું છ રાતની અંદર અને માંદા માણુસનું ત્રણ રાતની અંદર મૃત્યુ સૂચવે છે.

जिह्वा श्यावा मुखं पूति सव्यमक्षि निमज्जति ॥
खगा वा मूर्ध्नि लीयन्ते यस्य तं परिवर्जयेत् ।

જેની જીભ કાળી થઈ હોય, મોં ગંધાતું હોય, ડાબી આંખ ઊંડી ઊતરી ગઈ હોય અને પક્ષીઓ માથે બેસતાં હોય તેને વૈદ્યે છોડી દેવો.

यस्य स्नातानुलिप्तस्य पूर्वं शुष्यत्युरो भृशम् ॥२०
आर्द्रेषु सर्वगात्रेषु सोऽर्धमासं न जीवति ।

નાહીને શરીરે ચંદન વગેરેનો લેપ કર્યા પછી બીજા અવયવો ભીના હોય ત્યારે પહેલાં જેની છાતી પુષ્કળ સુકાઈ જતી હોય તે અડધો મહિનો પણ જીવતો નથી.

अकस्माद्यगपद्गात्रे वर्णौ प्राकृतवैकृतौ ॥ २१ ॥
तथैवोपचयग्लानिरौक्ष्यस्नेहादि मृत्यवे ।

કંઈ પણ કારણ વિના શરીર પર શરીરનો અસલ રંગ તથા બગડેલો રંગ બે એકસાથે જણાય તે મરણ સૂચવે છે, કંઈ પણ કારણ વિના શરીર વધેલું અને ઘટેલું એકસાથે જણાય તે મરણ સૂચવે છે. કંઈ પણ કારણ વિના શરીરમાં લૂખાશ અને ચીકાશ વગેરે બંને એક સાથે જણાય તે મરણ સૂચવે છે. ('વગેરે' શબ્દમાં ઠંડક અને ગરમી વગેરે વિરુદ્ધ ગુણનાં જોડકાંનો સમાવેશ થાય છે. 'એક સાથે'=અડધા અંગ ઉપર અસલ રંગ, જાડાશ કે લૂખાશ અને બીજા અડધા અંગ ઉપર બગડેલો રંગ, પાતળાપણુ કે ચીકાશ જણાય.)

यस्य स्फुटेयुरङ्गुल्यो नाकृष्टा न स जीवति ॥२२
क्षवकासादिषु तथा यस्यापूर्वो ध्वनिर्भवेत् ।
ह्रस्वो दीर्घोऽति वोच्छ्वासः पूतिः सुरभिरेव वा ॥

જેની આંગળીઓને ખેંચવા છતાં ટચાકા ફૂટતા નથી, જેની છીંક અને ઉધરસનો અવાજ પહેલાં ન થતો હોય એવો થાય, જેનો શ્વાસોચ્છ્વાસ બહુ ટૂંકો, બહુ લાંબો, દુર્ગંધવાળો કે સુગંધીદાર હોય તે માણુસ જીવતો નથી.

आप्लुतानाप्लुते काये यस्य गन्धोऽतिमानुषः ।
मलवस्त्रव्रणादौ वा वर्षान्तं तस्य जीवितम् ॥२४

જેના નાહેલા અને ન નાહેલા શરીરમાંથી માણુસના શરીરની ગંધથી જુદી જાતની સારી કે ખરાબ વાસ આવતી હોય અથવા જેનાં મળ, કપડાં, ઘા, વગેરેમાંથી માણુસની ગંધથી જુદી જાતની સારી કે ખરાબ વાસ આવતી હોય તેની જિંદગીનો એક વરસમાં અંત આવે છે.

भजन्तेऽत्यङ्गसौरस्याद्यं यूकामक्षिकादयः ।
त्यजन्ति वाऽतिवैरस्यात्सोऽपि वर्षं न जीवति ॥२५

શરીરમાં પુષ્કળ સારો રસ હોવાથી જેને જૂઓ પડે છે અને માખીઓ વગેરે જેના પર બેસે છે તે માણુસ તથા શરીરમાંનો રસ બહુ બગડી ગયેલો હોવાથી જૂઓ, માખીઓ વગેરે જેનો ત્યાગ કરે છે તે માણુસ પણ એક વરસ જીવતો નથી.

सततोष्मसु गात्रेषु शैत्यं यस्योपलक्ष्यते ।
शीतेषु भृशमौष्ण्यं वा स्वेदः स्तम्भोऽप्यहेतुकः ॥

જેના અવયવ સદા ગરમ રહેતા હોય છતાં એમાં (પુષ્કળ) ઠંડક આવી જાય, જેના અવયવ હમેશાં ઠંડા રહેતા હોય છતાં એમાં પુષ્કળ ગરમી આવી જાય, જેને કારણ વિના અતિશય પરસેવો થાય કે પરસેવો થતો રોકાઈ જાય (તે માણુસ પણ એક વરસ જીવતો નથી).

या जातशीतपिटिकः शीताङ्गो वा विदह्यते ।

उष्णद्वेषी च शीनार्तः स प्रेताधिपगोचरः ॥२७॥

જેના શરીર પર શરદીની (કફની) ફોલ્લીઓ થઈ હોય છતાં જેને લાહ્ય બળે છે, જેનું શરીર ઠંડું હોવા છતાં જેને લાહ્ય બળે છે અને જે ઠંડી(શરદી)થી પીડાતો હોવા છતાં ગરમ પદાર્થોનો દ્વેષ કરે છે તે માણુસ યમની સત્તામાં ગયેલો હોય છે (=મરી જાય છે).

उरस्यूष्मा भवेद्यस्य जठरे चातिशीतता ।
भिन्नं पुरीषं तृष्णा च यथा प्रेतस्तथैव सः ॥२८॥

જેની છાતીમાં ગરમી હોય અને ઉદરમાં પુષ્કળ ઠંડક હોય, જેને ઝાડો નરમ (ભાંગેલો) થાય અને પુષ્કળ તરસ લાગ્યા કરે તે માણુસ મડદા જેવો છે (=એનું મરણ પાસે આવ્યું હોય છે.)

मूत्रं पुरीषं निष्ठ्यूतं शुक्रं वाऽप्सु निमज्जति ।
निष्ठ्यूतं बहुवर्णं वा यस्य मासात्स नश्यति ॥२९॥

જેનો પેશાબ, ઝાડો, થૂંક કે વીર્ય પાણીમાં ડૂબી જાય અથવા જેનું થૂંક અનેક રંગનું હોય તે માણુસ એક મહિનામાં મરી જાય છે.

घनीभूतमिवाकाशमाकाशमिव यो घनम् ।
अमूर्तमिव मूर्तं च मूर्तं चामूर्तवत्स्थितम् ॥३०॥
तेजस्व्यतेजस्तद्वच्च शुक्लं कृष्णमसच्च सत् ।
अनेत्ररोगश्चन्द्रं च बहुरूपमलाञ्छनम् ।३१॥
जाग्रद्रक्षांसि गन्धर्वान् प्रेतानन्यांश्च तद्विधान् ।
रूपं व्याकृति तत्तच्च यः पश्यति स नश्यति ।३२

આંખનો રોગ ન હોવા છતાં જેને (પોલું) આકાશ નક્કર (પૃથ્વી) જેવું દેખાતું હોય અને નક્કર (પૃથ્વી) જેને આકાશ જેવી પોલી દેખાતી હોય, સાકાર વસ્તુઓ જેને નિરાકાર જેવી દેખાતી હોય અને નિરાકાર વસ્તુઓ જેને સાકાર બનેલા જેવી દેખાતી હોય, ચળકતી વસ્તુ જેને ઝાંખી દેખાતી હોય અને તે જ પ્રમાણે ધોળી વસ્તુ કાળી અને ન હોય તે હોય એવું દેખાતું હોય, જેને ચંદ્ર અનેક રૂપ (=સસલાંની અનેક આકૃતિ)વાળો કે સમૂળગો સસલાના ડાઘ વિનાનો દેખાતો હોય, જે જાગતો હોય ત્યારે રાક્ષસો, ગંધર્વો, ભૂતપિશાચ અને એવા જ બીજા આકારો જોતો હોય અને જે જાગતો હોય ત્યારે વિકૃત આકારવાળું રૂપ જોતો હોય તે મરી જાય છે.

सप्तर्षीणां समीपस्थां यो न पश्यत्यरुन्धतीम् ।
ध्रुवमाकाशगङ्गां वा स न
पश्यति तां समाम् ॥ ३३ ॥

(આકાશમાં) સપ્તર્ષિઓની પાસે આવેલી અરુંધતીને જે જોઈ શકતો નથી, જે ધ્રુવના તારાને કે આકાશગંગાને જોઈ શકતો નથી તે માણુસ એ વરસ જોઈ શકતો નથી (=વરસ પૂરું થતાં પહેલાં મરી જાય છે).

मेघतोयौघनिर्घोषवीणापणववेणुजान् ।
शृणोत्यन्यांश्च यः शब्दानसतो
न सतोऽपि वा । ३४॥
निष्पीड्य कर्णौ शृणुयान्न यो धुकधुकास्वनम् ।
तद्वद्गन्धरसस्पर्शान् मन्यते यो विपर्ययात् ।३५॥
सर्वशो वा न यो, यश्च दीपगन्धं न जिघ्रति ।
विधिना यस्य दोषाय स्वास्थ्यायाविधिना रसाः ॥ ३६ ॥
यः पांसुनेव कीर्णाङ्गो योऽङ्गे घातं न वेत्ति वा ।
अन्तरेण तपस्तीव्रं योगं वा विधिपूर्वकम् ॥३७॥
जानात्यतीन्द्रियं यश्च तेषां मरणमादिशेत् ।

વાદળાંનો ગડગડાટ, પાણીના પૂરનો ઘુઘવાટ, વીણા, ઢોલક અને વાંસળીના અવાજ ન થતા હોય છતાં જેને સંભળાય છે કે થતા હોય છતાં જેને સંભળાતા નથી, બંને કાનમાં આંગળી ઘાલીને કાન બંધ કરવાથી જેને કાનમાં 'ધુક' 'ધક' એવો અવાજ સંભળાતો નથી, તે જ પ્રમાણે ગંધ (વાસ), રસ (સ્વાદ) અને સ્પર્શ ખરી રીતે હોવા જોઈએ તેનાથી ઊંધા જેને લાગે છે (દાખલા તરીકે સુગંધ હોવા છતાં દુર્ગંધ લાગે, ગળ્યું હોવા છતાં ખાટું લાગે, ઊનું હોવા છતાં ઠંડું લાગે), અથવા જેને ગંધ, સ્વાદ અને સ્પર્શનું સમૂળગું જ્ઞાન થતું નથી, જેને તાજા હોલવેલા દીવાની વાસ આવતી નથી, શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે આપેલા રસો (પણ) જેના દોષોનો પ્રકોપ કરે (=રોગ કરે) અને શાસ્ત્રોક્ત વિધિથી વિરુદ્ધ રીતે અપાયેલા રસો (પણ) જેને આરોગ્ય આપે,

શરીર પર જાણે ધૂળ ઊડી હોય એવું જેનું શરીર થઈ ગયું હોય, શરીર પર ફટકો પડ્યા-ની પણ જેને ખબર પડતી નથી, ઉગ્ર તપ કર્યા વિના કે વિધિપુરઃસર કડક યોગસાધના કર્યા વિના (અથવા રસાયનયોગ કર્યા વિના) જેને ઇંદ્રિયોથી પર વિષયનું જ્ઞાન થાય તે બધા માણસોના મરણની આગાહી કરવી.

સ્વરવિકૃતિ

हीनो दीनः स्वरोऽव्यक्तो यस्य
स्याद्गद्गदोऽपि वा ॥ ३८ ॥
सहसा यो विमुह्येद्वा विवक्षुर्न स जीवति ।

જેનો અવાજ ઓછો (નરમ), લાચારી ભરેલો, અસ્પષ્ટ કે ગદ્ગદ (ગળગળો) થઈ જાય અથવા જેને બોલવાની ઇચ્છા હોય છતાં બોલતાં ગૂંચાય (બોલવાની સૂઝ પડે નહિ અને તેથી બોલી શકે નહિ) તે માણસ જીવતો નથી.

स्वरस्य दुर्बलीभावं हानिं च बलवर्णयोः ॥३९॥
रोगवृद्धिमयुक्त्या च दृष्ट्वा मरणमादिशेत् ।

કંઈ પણ કારણ વિના અવાજ કમજોર થઈ જાય, શક્તિ અને રંગ ઓછાં થઈ જાય અને રોગ વધતો જાય એ જોઈને મરણની આગાહી કરવી.

अपस्वरं भाषमाणं प्राप्तं मरणमात्मनः ॥ ४० ॥
श्रोतारं चास्य शब्दस्य दूरतः परिवर्जयेत् ।

પોતાના અસલ કુદરતી અવાજ કરતાં જુદા અવાજથી જે માણસ પોતાનું પાસે આવેલું મરણ કહે છે (=પોતે મરવાનો છે એવું કહે છે) તે માણસને તથા એ અવાજ સાંભળનાર ('હું મરી જઈશ' એવા શબ્દ વિકૃત અવાજે બોલાતા હોય તે સાંભળનાર) માણસને (વૈદે) દૂરથી છોડી દેવા.

છાયાનું રિષ્ટ

संस्थानेन प्रमाणेन वर्णेन प्रभयाऽपि वा ॥ ४१ ॥
छाया विवर्तते यस्य स्वप्नेऽपि प्रेत एव सः ।

જેની છાયાની આકૃતિ બદલાઈ જાય (એટલે, જે પોતે સમ આકૃતિનો હોય છતાં એની છાયાની આકૃતિ વિષમ હોય અથવા જે પોતે વિષમ આકૃતિનો હોય છતાં એની છાયાની આકૃતિ સમ હોય), જેની છાયાનું પ્રમાણ ફરી જાય (એટલે, જે પોતે લાંબો હોય છતાં એની છાયા ટૂંકી હોય અથવા જે પોતે ટૂંકો હોય છતાં એની છાયા લાંબી હોય), જેનો રંગ અમુક હોય છતાં એની છાયાનો રંગ ફરી જાય, અથવા જેની પોતાની પ્રભા અમુક હોય છતાં એની છાયાની પ્રભા ફરી ગઈ હોય તે માણસ સ્વપ્નમાં પણ મડદું જ છે (તો પછી જાગ્રત અવસ્થામાં મડદું હોય તેમાં શી નવાઈ! એટલે એ માણસ થોડા વખતમાં મરી જાય છે).

(છાયા અને પ્રભા માટે જુઓ શ્લોક ૪૨ થી ૫૨ફે).

છાયા અને પ્રતિચ્છાયા

आतपादर्शतोयादौ या संस्थानप्रमाणतः ॥४२॥
छायाऽङ्गात्सम्भवत्युक्ता
प्रतिच्छायेति सा पुनः ।
वर्णप्रभाश्रया या तु सा छायैव शरीरगा ॥४३॥

શરીરની આકૃતિ અને માપના હિસાબે જે છાયા શરીરમાંથી તડકો, આટલું, પાણી (+ઘી) વગેરેમાં ઉત્પન્ન થાય છે તેને પ્રતિચ્છાયા (પ્રતિબિંબ) કહે છે. પણ જે છાયા શરીરના રંગ અને પ્રભાને આશ્રયે બને છે તથા જે (શરીરની બહારના તડકો, આટલું વગેરે પદાર્થોમાં પડેલી ન હોય પણ) શરીરમાં જ રહેલી હોય (શરીરને આશ્રયે જ રહેલી હોય) તેને છાયા જ કહે છે.

પ્રતિચ્છાયાનું રિષ્ટ

भवेद्यस्य प्रतिच्छाया
छिन्ना भिन्नाऽधिकाऽऽकुला ।
विशिरा द्विशिरा जिह्मा
विकृता यदि वाऽन्यथा ॥ ४४ ॥
तं समाप्तायुषं विद्यान्न चेल्लक्ष्यनिमित्तजा ।
प्रतिच्छायामयी यस्य न चाक्ष्णीक्ष्येत कन्यका ॥

જેનું પ્રતિબિંબ પ્રત્યક્ષ જોઈ જાણી શકાય એવા કાંઈ કારણ વિના કપાયેલું, છિદ્રોવાળું, પ્રમાણથી મોટું, બદલાયા કરતું, માથા વિનાનું, બે માથાવાળું, વાંકું અથવા બીજી કોઈ રીતે

વિકૃત થયેલું હોય તેની આવરદા પૂરી થઈ છે એમ જાણવું. જેની આંખમાં (આંખની કીકીમાં) સામે ઊભેલી વસ્તુ કે વ્યક્તિના પ્રતિબિંબરૂપ પડતી પૂતળી જેવી આકૃતિ દેખાય નહિ તેનો આવરદા પણ પૂરો થયો છે એમ જાણવું.

કયા મહાભૂતની છાયા કેવી હોય?

खादीनां पञ्च पञ्चानां छाया विविधलक्षणाः ।
नाभसी निर्मलाऽऽनीला सस्नेहा सप्रभेव च ॥
वाताद्रजोऽरुणा श्यावा भस्मरूक्षा हतप्रभा ।
विशुद्धरक्ता त्वाग्नेयी दीप्ताभा दर्शनप्रिया ॥४७॥
शुद्धवैदूर्यविमला सुस्निग्धा तोयजा सुखा ।
स्थिरा स्निग्धा घना शुद्धा श्यामा
श्वेता च पार्थिवी ॥ ४८ ॥

આકાશ વગેરે પાંચ મહાભૂતોની જુદાંજુદાં લક્ષણોવાળી પાંચ છાયા હોય છે. (મહાભૂતો તો પાંચ જ છે. તેનાં જુદાંજુદાં અનેક પ્રમાણમાં મિશ્રણ થવાથી અસંખ્ય પદાર્થો બને છે. છતાં એ અસંખ્ય પદાર્થોની છાયા પાંચ જ પ્રકારની હોય છે, અસંખ્ય પ્રકારની નહિ. એવુ બતાવવાને 'પાંચ છાયા હોય છે' એવું લખ્યુ છે.) એમાં આકાશને લીધે ઉત્પન્ન થતી છાયા નિર્મળ, આછા ગળી જેવા રંગની, જરા સ્નિગ્ધ અને જાણે પ્રભાવાળી હોય એવી હોય છે. વાયુને લીધે ઉત્પન્ન થતી છાયા ધૂળિયા, આછી રાતી, બદામી રંગની, રાખોડી જેવી લૂખી અને પ્રભા વિનાની હોય છે. અગ્નિને લીધે ઉત્પન્ન થયેલી છાયા (તપાવેલા સોના જેવી) શુદ્ધ લાલ રંગની, તેજસ્વી અને જોવી ગમે એવી હોય છે. પાણીથી ઉત્પન્ન થયેલી છાયા શુદ્ધ નીલમના જેવી નિર્મળ, પુષ્કળ સ્નિગ્ધ અને આરોગ્ય આપે એવી હોય છે. અને પૃથ્વીથી ઉત્પન્ન થતી છાયા સ્થિર, સ્નિગ્ધ, નક્કર, નિર્મળ, (ગળી જેવી) કાળી અને ધોળી હોય છે.

છાયાઓનુ ફળ

वायवी रोगमरणक्लेशायान्याः सुखोदयाः ।

વાયુથી ઉત્પન્ન થયેલી છાયાને લીધે રોગ, મરણ અને ક્લેશ થાય છે.' બીજી છાયાઓ સુખ લાવે છે.

પ્રભા

प्रभोक्ता तैजसी सर्वा, सा तु सप्तविधा स्मृता ॥
रक्ता पीता सिता श्यावा
हरिता पाण्डुराऽसिता ।

બધી જાતની પ્રભા તેજની (અગ્નિની) બનેલી છે એમ કહ્યું છે. અને એ (પ્રભા) સાત જાતની છે એમ શાસ્ત્ર કહે છે: રાતી, પીળી, ધોળી, બદામી રંગની, સરસડાના પાંદડા જેવા રંગની અને આછી (મેલી) ધોળી.

तासां याः स्युर्विकासिन्यः
स्निग्धाश्च विमलाश्च याः ॥५०॥
ताः शुभा, मलिना रूक्षाः
सङ्क्षिप्ताश्चाशुभोदयाः ।

એ પ્રભાઓમાંથી જે પ્રભા ફેલાયેલી (પ્રસરેલી), સ્નિગ્ધ અને નિર્મળ હોય તે શુભ (કલ્યાણકારી) હોય છે અને જે પ્રભા મેલી, લૂખી અને સંકોચાયેલી (સાંકડી) હોય તે અશુભ કરે છે.

છાયા અને પ્રભા વચ્ચે તફાવત

वर्णमाक्रामति छाया प्रभा वर्णप्रकाशिनी ॥५१॥

છાયા (રાતા વગેરે) રંગને દબાવી દે છે (ખાઈ જાય છે), પ્રભા (રાતા વગેરે) રંગને પ્રકાશ આપે છે. (છાયાથી રંગ દબાઈ જાય છે, પ્રભાથી રંગ તરી આવે છે.)

आसन्ने लक्ष्यते छाया विकृष्टे भा प्रकाशते ।

કોઈ પણ વસ્તુની પાસે જઈને એને જોવાથી એ વસ્તુનો જે દેખાવ આવે તે એની છાયા દેખાય છે; કોઈ પણ વસ્તુથી દૂર જઈને એને જોવાથી એ વસ્તુનો જે દેખાવ આવે તે એની પ્રભા પ્રકાશે છે.

(પર્વતને પાસેથી અને દૂરથી જોઈએ ત્યારે એના જુદાજુદા દેખાવ આવે છે. તેથી કહેવત પડી છે કે ડુંગરા દૂરથી રળિયામણા.)

नाच्छायो नाप्रभः कश्चिद्विशेषाश्चिह्नयन्ति तु ॥
नृणां शुभाशुभोत्पत्तिं काले छायासमाश्रयाः ।

કોઈ પણ માણસ એવો નથી કે જેને છાયા

ન હોય અને પ્રભા ન હોય. પણ માણસોની છાયામાં રહેલા તફાવત (જુદીજુદી છાયાઓ) એવું સૂચવે છે કે અમુક વખતે શુભ થશે અને અશુભ થશે.

निकषन्निव यः पादौ च्युतांसः परिसर्पति ॥५३
हीयते बलतः शश्वद्योऽन्नमश्नन् हितं बहु ।
योऽल्पाशी बहुविण्मूत्रो बह्वाशी
चाल्पमूत्रविट् ॥ ५४ ॥
यो वाऽल्पाशी कफेनार्तो दीर्घं श्वसिति चेष्टते।
दीर्घमुच्छ्वस्य यो ह्रस्वं निःश्वस्य परिताम्यति ॥५५
ह्रस्वं च यः प्रश्वसिति व्याविद्धं स्पन्दते भृशम्।
शिरो विक्षिपते कृच्छ्राद्योऽञ्च-
यित्वा प्रपाणिकौ ॥ ५६ ॥
यो ललाटात्स्रुतस्वेदः श्लथसन्धानबन्धनः ।
उत्थाप्यमानः सम्मुह्येद्यो बली दुर्बलोऽपि वा ॥
उत्तान एव स्वपिति यः पादौ विकरोति च ।
शयनासनकुड्यादेर्योऽसदेव जिघृक्षति ॥ ५८ ॥
अहास्यहासी सम्मुह्यन् यो लेढि दशनच्छदौ।
उत्तरौष्ठं परिलिहन् फूत्कारांश्च करोति यः ॥५९॥
यमभिद्रवति च्छाया कृष्णा पीताऽरुणाऽपि वा।
भिषग्भेषजपानान्नगुरुमित्रद्विषश्च ये ॥ ६० ॥
वशगाः सर्व एवैते विज्ञेयाः समवर्तिनः ।

જે ખભેથી નમી જઈને પગ (જમીન પર) ઘસડતો ઘસડતો ચાલતો હોય, પથ્ય ખોરાક પુષ્કળ ખાવા છતાં જેનું બળ રોજરોજ ઓછું થતું જતું હોય, થોડું ખાવા છતા જેને બહુ ઝાડો-પેશાબ થતાં હોય, બહુ ખાવા છતાં જેને થોડા ઝાડો પેશાબ થતા હોય, થોડું ખાય છતાં જે કફના રોગથી પીડાતો લાંબા શ્વાસ લે અને આળોટતો હોય (તરફડતો હોય), ઉચ્છ્વાસ લાંબો લઈને અને નિઃશ્વાસ ટૂંકો લઈને જે પીડાય છે, જે ટૂંકા શ્વાસોચ્છ્વાસ લે છે અને જેની નાડી બહુ ઢંગધડા વિનાની થડકતી હોય, હાથની કોણી-થી કાંડા સુધીના ભાગને સંકોચીને મહામુશ્કેલીથી જે માથું ફેરવી શકતો હોય, જેના કપાળમાંથી પરસેવો નીતરતો હોય અને શરીરના સાંધાના બંધ ઢીલા થઈ ગયા હોય, જે બળવાન હોય કે નબળો હોય પણ જેને ઉઠાડતા ઉઠાડતાં પાછો બેભાન થઈ જતો હોય, જે ચત્તો સૂઈને જ ઊંઘતો હોય અને જે પગને વિકૃત(=પહોળા) કરતો હોય, જે પથારી, બેઠક, ભીંત (કે શરીર) વગેરેમાંથી જે હાજર ન હોય તે જ વસ્તુ પકડવાની (ઝાલવાની, લેવાની) ઇચ્છા કરતો હોય (कुड्य=ભીંત, कुडि=શરીર), જે હસવાના પ્રસંગ વિના (વારંવાર) હસતો હસતો બેભાન થઈ જઈને પોતાના હોઠ (જીભ વડે) ચાટતો હોય, જે પોતાનો ઉપલો હોઠ ચાટતાં ચાટતા ફૂંફાડા મારતો હોય, જેના પર કાળી, પીળી કે આછી લાલ છાયા ફરી વળી હોય; અને જેઓ વૈદ્યનો, દવાનો, પીણાંનો, અન્નનો, વડીલોનો અને મિત્રોનો દ્વેષ કરતા હોય તે બધા માણસો યમને વશ થયા છે (=થોડા વખતમા મરવાના છે) એમ જાણવું.

योबालललाटहृदयं यस्य स्विद्यति शीतलम् ॥६१॥
उष्णोऽपरः प्रदेशश्च शरणं तस्य देवताः ।

જેનાં ડોક, કપાળ અને હૃદય ઠંડા હોવા છતા એમાથી પરસેવો થયા કરતો હોય અને શરીરનો બાકીનો બીજો ભાગ ગરમ હોય તેને દેવ સિવાય કોઈનો આશરો નથી (=તે મરી જાય છે).

[पूर्वरूपाणि सर्वाणि ज्वरोक्तान्यतिमात्रया ।
यं विशन्ति विशन्त्येनं मृत्युर्ज्वरपुरःसरः ॥१॥]

[તાવના નિદાનમાં કહેલાં તાવના પૂર્વ-રૂપના બધા લક્ષણો ઉગ્ર રૂપમાં જે માણસમાં દાખલ થયા હોય તે માણસમા તાવને આગળ કરીને મોત દાખલ થયુ હોય છે.]

योऽणुज्योतिरनेकाग्रो दुःच्छायो
दुर्मनाः सदा ॥ ६२ ॥
बलिं बलिभृतो यस्य प्रणीतं नोपभुञ्जते ।
निर्निमित्तं च यो मेधां शोभामुपचयं श्रियम् ॥
प्राप्नोत्यतो वा विभ्रंशं स प्राप्नोति यमक्षयम् ।

જેનો અગ્નિ ઓછો થઈ ગયો હોય, મન બહાવરું બની ગયુ હોય, શરીરની છાયા બગડી ગઈ હોય ને જે હમેશા ઉદાસ (ગમગીન) રહેતો હોય (કે મન નબળું પડી ગયુ હોય); જેનું આપેલું બલિદાન (કાગવાશ વગેરે) બલિ-

દાન ખાનારાં (કાગડા વગેરે) પ્રાણીઓ ખાતાં નથી, કંઈ પણ કારણ વિના જ જેનામાં મેધા આવે છે, શોભા આવે છે, શરીર હૃષ્ટપુષ્ટ થાય છે અને લક્ષ્મી મળે છે તથા કંઈ પણ કારણ વિના જ જેનાં મેધા, શોભા, શરીરની પુષ્ટિ અને લક્ષ્મી જતાં રહે છે તે યમને ઘેર જાય છે (=મરી જાય છે).

गुणदोषमयी यस्य स्वस्थस्य व्याधितस्य वा ॥६४
यात्यन्यथात्वं प्रकृतिः षण्मासान्न स जीवति ।

જે સાજા કે માંદા માણસનો ગુણો કે દોષોનો બનેલો સ્વભાવ અસલ હોય તેનાથી ઊંધો થઈ ગયો હોય તે માણસ છ મહિના (પણ) જીવતો નથી (સ્વભાવ બદલાયા પછી છ મહિનાની અંદર મરી જાય છે).

ગુણ=(૧) સત્ત્વ વગેરે ગુણ, (૨) સદ્ગુણ.
દોષ=(૧) વાયુ વગેરે દોષ, (૨) દુર્ગુણ.

भक्तिः शीलं स्मृतिस्त्यागो बुद्धिर्बलमहेतुकम् ॥
षडेतानि निवर्तन्ते षड्भिर्मासैर्मरिष्यतः ।

જે માણસ છ મહિનામાં મરવાનો હોય, તેનાં ભક્તિ, શિયળ (ચારિત્ર્ય), સ્મરણશક્તિ, દાન આપવાની ટેવ, બુદ્ધિ અને બળ એ છ વાનાં કંઈ પણ કારણ વિના જતા રહે છે.

मत्तवद्गतिवाक्कम्पमोहा मासान्मरिष्यतः ॥६६॥

એક મહિનામાં મરનારની ચાલ (ગતિ), વાણી (બોલ), કંપ અને મોહ દારૂડિયા માણસ જેવા હોય છે.

नश्यत्यजानन् पडहात्केशलुञ्चनवेदनाम् ।
न याति यस्य चाहारः कण्ठं कण्ठामयादृते ॥६७

જેના વાળ તોડવામાં (ચૂંટવામાં) આવે છતાં એને વાળ તોડવાની પીડાની ખબર પડતી ન હોય તે માણસ તથા ગળાના રોગ વિના પણ ખોરાક જેને ગળે ઊતરતો ન હોય તે માણુસ છ દિવસમાં મરી જાય છે.

प्रेष्याः प्रतीपतां यान्ति प्रेताकृतिरुदीर्यते ।
यस्य निद्रा भवेन्नित्या नैव वा न स जीवति ॥६८

જેના નોકરો (=સારવાર કરનારાઓ) સામા પડતા હોય, જેના શરીરનો આકાર પ્રેતના આકાર જેવો દેખાતો હોય, જે સદા (રાતદિવસ) ઊંઘ્યા કરતો હોય કે જેને કદી ઊંઘ ન આવતી હોય તે જીવતો નથી.

પ્રેત=મડદું, ભૂત.

चक्रमापूर्यतेऽश्रूणां स्विद्यतश्चरणौ भृशम् ।
चक्षुश्चाकुलतां याति यमराज्यं गमिष्यतः ॥६९॥

જે માણસ યમના દરબારમાં જવાનો હોય તેનાં આંસુનાં સ્રોતોનાં મોં પુરાઈ ગયાં હોય છે, તેના બંને પગે પુષ્કળ પરસેવો થયા કરે છે અને એની આંખ બહાવરી બનેલી હોય છે.

यैः पुरा रमते भावैररतिस्तैर्न जीवति ।

જે વસ્તુઓ (કે, વિષયોથી) પહેલાં સુખ થતુ હોય તે વસ્તુઓથી (કે, વિષયોથી) જેને સુખ થતું ન હોય તે માણસ જીવતો નથી.

सहसा जायते यस्य विकारः सर्वलक्षणः ॥७०।
निवर्तते वा सहसा, सहसा स विनश्यति ।

જેને સંપૂર્ણ લક્ષણોવાળો રોગ એકાએક (=કંઈ પણ કારણ વિના) થાય અથવા જેને એવો રોગ એકાએક શમી જાય તે માણસ તરત મરી જાય છે.

તાવનાં રિષ્ટ

ज्वरो निहन्ति बलवान् गम्भीरो दैर्घरात्रिकः ॥७१
सप्रलापभ्रमश्वासः क्षीणं शूनं हतानलम् ।
अक्षामं सक्तवचनं रक्ताक्षं हृदि शूलिनम् ॥७२॥
सशुष्ककासः पूर्वाह्णे योऽपराह्णेऽपि वा भवेत् ।
बलमांसविहीनस्य श्लेष्मकाससमन्वितः ॥७३॥

બળવાન્ (=બળવાન હેતુ, પૂર્વરૂપ, રૂપ વગેરે વાળો), ગંભીર (=ઊંડો, બધી ધાતુઓમાં પેસી ગયેલો), ઘણી રાતોથી આવતો (=લાંબા વખતથી આવતો), લવરી, ચક્કર અને શ્વાસ (હાંફ) એ ત્રણ ઉપદ્રવવાળો તાવ, જેની ધાતુઓ ઓછી થઈ ગઈ હોય, જેને સોજા આવ્યા હોય, જેનો જઠરાગ્નિ હોલવાયો હોય, જે બળવાન હોય છતાં એને બોલતાં લોચા વળતા હોય, જેની આંખો રાતી થઈ ગઈ હોય અને જેના હૃદયમાં શૂળ આવતુ હોય એવા દરદીને મારી નાખે છે. સવારે આવતા તાવ સાથે સૂકી ઉધરસ આવતી હોય કે સાંજે આવતા તાવ સાથે સૂકી ઉધરસ આવતી હોય

તો તે બંને તાવ દરદીને મારી નાંખે છે. કફની ઉધરસવાળો તાવ બળવિનાના અને માંસ-વિનાના દરદીને મારી નાખે છે.

રક્તપિત્તનાં રિષ્ટ

रक्तपित्तं भृशं रक्तं कृष्णमिन्द्रधनुष्प्रभम् ।
ताम्रहारिद्रहरितं रूपं रक्तं प्रदर्शयेत् ॥ ७४ ॥
रोमकूपप्रविसृतं कण्ठास्यहृदये सजत् ।
वाससोऽरञ्जन पूति वेगवच्चाति भूरि च ॥ ७५
वृद्धं पाण्डुज्वरच्छर्दिकासशोफातिसारिणम् ।

જે રક્તપિત્ત પુષ્કળ રાતુ હોય, પુષ્કળ કાળું હોય કે મેઘધનુષ્ય જેવી પ્રભાવાળું હોય (તે રક્તપિત્ત દરદીને મારી નાંખે છે); જે રક્તપિત્ત તાંબાવર્ણું, હળદર જેવું પીળું કે સરસડાના પાંદડાના રંગનું અને રાતુ રૂપ (=દશ્ય, આકાશ) દેખાડે (તે રક્તપિત્ત દરદીને મારી નાંખે છે). જે રક્તપિત્ત બધાં રૂવાડાંનાં છિદ્રોમાંથી પુષ્કળ નીકળતું હોય (તે રક્તપિત્ત દરદીને મારી નાંખે છે). જે રક્તપિત્ત ગળામાં, મોંમાં અને હૃદયમાં એકસાથે ચોંટી જાય છે (તે રક્તપિત્ત દરદીને મારી નાંખે છે). જે રક્તપિત્ત કપડાને પાકું રંગી શકતું નથી (તે રક્તપિત્ત દરદીને મારી નાંખે છે). ગંધાતું, વેગથી વહેતું અને પુષ્કળ વહેતું (એ દરેક પ્રકારનું રક્તપિત્ત દરદીને મારી નાંખે છે). રક્તપિત્ત ઘરડા દરદીને તથા પાંડુ, તાવ, ઊલટી, ઉધરસ, સોજા અને અતિસારના દરદીઓને મારી નાખે છે.

(શુદ્ધ લોહીમાં બોળેલા કપડાનો રંગ સુશેકા પાણીમાં બોળવાથી ઊતરી જાય છે પણ પિત્તમાં બોળેલા કપડાનો રંગ સુશેકા પાણીમાં બોળવાથી તદ્દન ઊતરી જતો નથી. તેથી રક્તપિત્તમાં પિત્ત હોવા છતાં કપડાને એનો રંગ પાકો ન ચડતો હોય તો તે રક્તપિત્ત મારી નાંખે છે. રક્તપિત્ત જ્યારે ધાતુઓને ઓગાળે છે ત્યારે એ રક્તપિત્તમાં ધાતુઓ ભળવાથી દુર્ગંધ મારે છે. આમ ગંધાતા રક્તપિત્તમાં ધાતુઓ પણ બગડીને નીકળી જતી હોવાથી એ રક્તપિત્ત દરદીને મારી નાંખે છે.)

ઉધરસ અને દમનું રિષ્ટ

कासश्वासौ ज्वरच्छर्दितृष्णातीसारशोफिनम्

તાવ, ઊલટીઓ, તરસ, અતિસાર અને સોજા એ પાંચ ઉપદ્રવવાળાને ઉધરસ અને દમના રોગ મારી નાંખે છે.

ક્ષયરોગનું રિષ્ટ

यक्ष्मा पार्श्वरुजानाहरक्तच्छर्द्यंसतापिनम् ।

પડખામાં પીડા, આનાહ, લોહીની ઊલટી અને ખભા તપી જવા એ ચાર ઉપદ્રવોવાળો ક્ષયરોગ દરદીને મારી નાંખે છે.

ઊલટીઓના રોગનું રિષ્ટ

छर्दिर्वेगवती मूत्रशकृद्गन्धिः सचन्द्रिका ॥ ७७
सास्रविट्पूयरुक्कासश्वासवत्यनुषङ्गिणी ।

જોરથી થતી, પેશાબ અને ઝાડા જેવી ગંધાતી, ચંદ્રિકાઓવાળી, લોહીવાળી, ઝાડાવાળી, પરુવાળી, પીડાવાળી, સાથે ઉધરસ કે દમ હોય એવી અને લાંબા વખતથી બંધ ન થતી ઊલટીઓનો રોગ દરદીને મારી નાંખે છે.

તરશના રોગનું રિષ્ટ

तृष्णाऽन्यरोगक्षपितं बहिर्जिह्वं विचेतनम् ॥७८॥

બીજા રોગથી દૂબળા પડી ગયેલા, જીભને મોંની બહાર કાઢતા અને બેભાન બની ગયેલા (એ ત્રણે ભેગાં લક્ષણોવાળા) દરદીને તરશનો રોગ મારી નાંખે છે.

મદાત્યયનું રિષ્ટ

मदात्ययोऽतिशीतार्तं क्षीणं तैलप्रभाननम् ।

મદાત્યય રોગ બહુ શરદીથી પીડાતા, દૂબળા પડી ગયેલા અને જેના મોંની પ્રભા તેલની પ્રભા જેવી હોય તેવા દરદીને મારી નાંખે છે.

હરસનું રિષ્ટ

अर्शांसि पाणिपन्नाभिगुदमुष्कास्यशोफिनम् ॥७९
हृत्पार्श्वाङ्गरुजार्छर्दिपायुपाकज्वरातुरम् ।

જેના હાથ, પગ, ડૂંટી, ગુદા, અંડ અને મોં પર સોજો આવ્યો હોય; જેને હૃદયમાં, પડખામાં અને શરીરમાં પીડા થતી હોય; જેને ઊલટી, ગુદા પાકવી અને તાવ એ ઉપદ્રવો થયા હોય તે દરદીને હરસનો રોગ મારી નાખે છે.

અતિસારનું રિષ્ટ

अतीसारो यकृत्पिण्डमांसधावनमेचकै ॥ ८० ॥
तुल्यस्तैलघृतक्षीरदधिमज्जवसासवै ।
मस्तुलुङ्गमषीपूयवेसवारांबुमाक्षिकै ॥ ८१ ॥
अतिरक्तासितस्निग्धपूत्युच्छ्वयनवेदनः ।
कर्बुरं प्रस्रवन् धातून् निष्पुरीषोऽथवाऽतिविट् ॥
तन्तुमान् मक्षिकाक्रान्तो राजीमांश्चन्द्रकैर्युतः ।
शीर्णपायुवलिं मुक्तनालं पर्वास्थिशूलिनम् ॥ ८३
स्रस्तपायुं बलक्षीणमन्नमेवोपवेशयन् ।
सतृट्श्वासज्वरच्छर्दिदाहानाहप्रवाहिकं ॥ ८४

(અતિસારના રોગમાં) ઝાડા, કાળજું, માંસનું ધોવાણ, મોરના પાંછા પરની આંખ, તેલ, ઘી, દૂધ, દહીં, મજ્જા, વસા, આસવ, મસ્તુ, ભિલ્લોરું, કાજળ, પરુ, વેસવાર, પાણી અને મધ (એમાંથી ગમે તે એક) જેવા હોય, ઝાડા બહુ લાલ, બહુ કાળા, બહુ ચીકાશવાળા, બહુ ગંધાતા, બહુ વેદનાવાળા, ધાતુઓ વહી જતી હોવાથી રંગબેરંગી, વિષ્ટા વિનાના કે બહુ વિષ્ટાવાળા, તાંતવાળા, માખીઓ હલ્લો મચાવે એવા, લિસોટાવાળા, મોરના પાંછા પરની આંખો (=ચાંલ્લા) જેવા આકાર જેમાં દેખાય એવા, ફક્ત ખાધેલુંપીધેલું જ જેમાં બારોબાર નીકળી જતું હોય એવા, તરસ, શ્વાસ, તાવ, ઊલટી, બળતરા, આનાહ અને મરડાના ઉપદ્રવ થયા હોય એવા ઝાડાવાળો અતિસારનો રોગ જેની ગુદામાંની વલીઓ (નિ ૭/૩૬થી ૪૬) છિન્નભિન્ન થઈ ગઈ હોય, જેની ગુદાનો બંધ છૂટી ગયો હોય, જેના પર્વમાં અને હાડકામાં શૂળ આવતું હોય, જેને આમળ નીકળી હોય અને જે નબળો પડી ગયો હોય એવા અતિસારના દર્દીને મારી નાખે છે.

પથરીનું રિષ્ટ

अश्मरी शूनवृषणं बद्धमूत्रं रुजार्दितम् ।

પથરીનો રોગ જેના અંડ સૂજી ગયા હોય, જેનો પેશાબ બંધાઈ (રોકાઈ) રહ્યો હોય અને જેને પીડા થતી હોય એવા દર્દીને મારી નાખે છે.

મેહરોગનું રિષ્ટ

मेहस्तृड्दाहपिटिकामांसकोथातिसारिणम् ॥ ८५

તરસ, બળતરા, પાઠું (કે ફોલ્લી), માંસ સડે (કે માંસ ઓગળીને પેશાબમાં નીકળે) અને અતિસાર એટલા ઉપદ્રવવાળા દર્દીને મેહરોગ મારી નાખે છે.

પિટિકાનું રિષ્ટ

पिटिका मर्महृत्पृष्ठस्तनांसगुदमूर्धगाः ।
पर्वपादकरस्था वा मन्दोत्साहं प्रमेहिणम् ॥ ८६
सर्वे च मांससङ्कोथदाहतृष्णामदज्वरैः ।
विसर्पमर्मसंरोधहिध्माश्वासभ्रमक्लमैः ॥ ८७ ॥

મર્મસ્થાન, હૃદય, પીઠ (બરડો), સ્તન, ખભો, ગુદા, માથું, પર્વ, પગ અને હાથ એટલી જગાએ થયેલી પિટિકા, જેનો ઉત્સાહ મંદ પડી ગયો હોય એવા પ્રમેહના દર્દીને મારી નાખે છે. તથા માંસનો સડો, બળતરા, તરસ, કેફ, તાવ, રતવા, મર્મસ્થાનનો સંરોધ, હેડકી, દમ, ફેર અને કટાળો એટલા ઉપદ્રવોવાળી પિટિકા બધાને મારી નાખે છે.

ગોળાનું રિષ્ટ

गुल्मः पृथुपरीणाहो घनः कूर्म इवोन्नतः ।
सिरानद्धो ज्वरच्छर्दिहिध्माध्मानरुजान्वितः ॥ ८८
कासपीनसहृल्लासश्वासातीसारशोफवान् ।

વિશાળ ઘેરાવાવાળો, ઘટ્ટ (નક્કર), કાચબા જેવો ઊપસી આવેલો, જેમાં શિરાઓ તરી આવી હોય એવો, અને તાવ, ઊલટી, હેડકી, આધ્માન, વેદના, ઉધરસ, સળેખમ, હૃલ્લાસ, શ્વાસ, અતિસાર અને સોજા એટલા ઉપદ્રવોવાળો ગોળાનો રોગ મારી નાખે છે.

ઉદરરોગનું રિષ્ટ

विण्मूत्रसङ्ग्रहश्वासशोफहिध्माग्निज्वरभ्रमैः ॥ ८९
मूर्च्छाच्छर्द्यतिसारैश्च जठरं हन्ति दुर्बलम् ।
शूनाक्षं कुटिलोपस्थमुपक्लिन्नतनुत्वचम् ॥ ९० ॥
विरेचनहृतानाहमानह्यन्तं पुनः पुनः ।

ઝાડો રોકાઈ રહે, પેશાબ રોકાઈ રહે, શ્વાસ થાય, સોજા ચડે, હેડકી, તાવ, ફેર, મૂર્ચ્છા, ઊલટીઓ અને અતિસાર એટલા ઉપદ્રવોવાળો ઉદરરોગ નબળા, જેની આંખો સૂજી ગઈ હોય એવા, જેની મૂત્રેંદ્રિય વાંકી વળી ગઈ હોય એવા, જેના શરીર અને ચામડી

ભીનાંભીનાં રહેતાં હોય એવા અને જેને વિરેચન આપીને આનાહ મટાડવામાં આવતો હોય છતાં જેને ફરીફરીને આનાહ થતો હોય એવા દરદીને મારી નાંખે છે.

પાંડુરોગનું રિષ્ટ

पाण्डुरोगः श्वयथुमान् पीताक्षिनखदर्शनम् ॥९१

સોજાના ઉપદ્રવવાળો પાંડુરોગ જેનાં આંખ, નખ અને દેખાવ પીળાં થઈ ગયાં હોય એવા દરદીને મારી નાખે છે.

સોજાનું રિષ્ટ

तन्द्रादाहारुचिच्छर्दिमूर्च्छाध्मानातिसारवान् ।
अनेकोपद्रवयुतः पादाभ्यां प्रसृतो नरम् ॥ ९२ ॥
नारीं शोफो मुखाद्धन्ति कुक्षिगुह्यादुभावपि ।
राजीचितः स्रवंश्छर्दिज्वरश्वासातिसारिणम् ॥

ઘેન, બળતરા, અરુચિ, ઊલટી, મૂર્ચ્છા, આધ્માન અને અતિસાર એટલા ઉપદ્રવવાળો, અનેક ઉપદ્રવોવાળો, પુરુષની બાબતમાં પગેથી શરૂ થઈને ફેલાતો, સ્ત્રીની બાબતમાં મોંએથી શરૂ થઈને ફેલાતો, પુરુષ અને સ્ત્રી બંનેની બાબતમાં કૂખ અને ગુહ્ય ભાગમાંથી શરૂ થઈને ફેલાતો, દોષના રંગના લિસોટા ભરચક તરી આવ્યા હોય એવો અને દોષનો સ્રાવ થતો હોય એવો સોજો ઊલટી, તાવ, શ્વાસ અને અતિસારવાળા દરદીને મારી નાખે છે.

ज्वरातिसारौ शोफान्ते श्वयथुर्वा तयोः क्षये ।
दुर्बलस्य विशेषेण जायन्तेऽन्ताय देहिनः ॥९४॥

સોજાને અંતે તાવ અને અતિસાર થાય કે તાવ અને અતિસારને અંતે સોજા આવે તો તે નબળા માણસના દેહનો તો ખાસ નાશ કરે છે.

श्वयथुर्यस्य पादस्थः परिस्रस्ते च पिण्डिके ।
सीदतः सक्थिनी चैव तं भिषक् परिवर्जयेत् ॥९५

જેને પગે સોજા આવ્યા હોય, પગની પિંડીઓ પોતાના સ્થાનમાંથી ખસી ગઈ હોય અને પગ પોતાનું કામ કરવાને અશક્ત થઈ ગયા હોય એવા દરદીને વૈદ્યે છોડી દેવો.

आननं हस्तपादं च विशेषाद्यस्य शुष्यतः ।
शूयेते वा विना देहात्स मासाद्याति पञ्चताम् ॥९६

જેનાં મોં, હાથ અને પગ (બીજા અવયવો કરતાં) વધારે સુકાતાં હોય અથવા બાકીના શરીરે સોજા ન આવે પણ જેનાં મોં, હાથ અને પગે સોજા આવતા હોય તે માણસ એક મહિનામાં મરી જાય છે.

રતવાનું રિષ્ટ

विसर्पः कासवैवर्ण्यज्वरमूर्च्छाङ्गभङ्गवान् ।
भ्रमास्यशोफहृल्लासदेहसादातिसारवान् ॥ ९७ ॥

ઉધરસ, શરીરનો રંગ બદલાઈ જાય, તાવ, મૂર્ચ્છા, શરીર કસમોડા ખાય, ફેર, મોંએ સોજા, હલ્લાસ, શરીર પોતાનું કામ ન કરી શકે અને અતિસાર—એટલા ઉપદ્રવવાળો વિસર્પ (રતવા) મારી નાંખે છે.

કુષ્ઠનું રિષ્ટ

कुष्ठं विशीर्यमाणाङ्गं रक्तनेत्रं हतस्वरम् ।
मन्दाग्निं जन्तुभिर्जुष्टं हन्ति तृष्णातिसारिणम् ॥

જેનું શરીર સડતું હોય, આંખો લાલ થઈ ગઈ હોય, અવાજ બેસી ગયો હોય (નીકળતો ન હોય), અગ્નિ મંદ પડી ગયો હોય, જીવાત પડી હોય તથા તરસ અને અતિસાર એ બે ઉપદ્રવ થયા હોય એવા કુષ્ઠના દરદીને કુષ્ઠ મારી નાંખે છે.

વાયુનું રિષ્ટ

वायुः सुप्तत्वचं भुग्नं कम्पशोफरुजातुरम् ।

જેની ચામડી બહેર મારી ગઈ હોય, જે વાંકો વળી ગયો હોય અને કંપ, સોજા અને પીડા જેને થતાં હોય તે દરદીને વાયુનો રોગ મારી નાખે છે.

(પતનું રિષ્ટ)

वातास्रं मोहमूर्च्छायमदास्वप्नज्वरान्वितम् ॥९९।
शिरोग्रहारुचिश्वाससङ्कोचस्फोटकोथवत् ।

મોહ, મૂર્ચ્છા, કેફ, ઉજાગરો, તાવ, માથું જકડાઈ જાય, અરુચિ, શ્વાસ, અંગ સંકોચાઈ જાય, અંગ ફાટી જાય, સડી જાય, એટલા ઉપદ્રવોવાળું પત દરદીને મારી નાખે છે.

બધા રોગનું રિષ્ટ

शिरोरोगारुचिश्वासमोहविड्भेदतृड्भ्रमैः ॥
घ्नन्ति सर्वामयाः क्षीणस्वरधातुबलानलम् ।

માથાના રોગ, અરુચિ, શ્વાસ, મોહ, નરમ ઝાડા થાય, તરસ અને ફેર એટલા ઉપદ્રવવાળા બધા (વાયુના) રોગો જેનો અવાજ, ધાતુઓ, બળ અને અગ્નિ ક્ષીણ થઈ ગયાં હોય એવા દરદીને મારી નાખે છે.

वातव्याधिरपस्मारी कुष्ठी रक्त्युदरी क्षयी ॥१०१
गुल्मी मेही च तान् क्षीणान्
विकारेऽल्पेऽपि वर्जयेत् ।

વાયુના રોગ, વાઈનો રોગ, કુષ્ઠનો રોગ, રક્તપિત્તનો રોગ, ઉદરરોગ, ક્ષયરોગ, ગોળાનો રોગ, મેહરોગ–એ રોગવાળા જો ક્ષીણ (દૂબળા અને નબળા) થઈ ગયા હોય તો એમનો રોગ થોડો હોય છતાં પણ એમને વૈદ્યે છોડી દેવા (=અસાધ્ય ગણવા).

बलमांसक्षयस्तीव्रो रोगवृद्धिररोचकः ॥ १०२ ॥
यस्यातुरस्य लक्ष्यन्ते त्रीन् पक्षान्न स जीवति ।

જે રોગીનાં બળ અને માંસમાં ઘટાડો થતો હોય, રોગ વધતો જતો હોય અને અરુચિ થઈ હોય એવું જણાય તે દરદી ત્રણ પખવાડિયાં જીવતો નથી.

वाताष्ठीलाऽतिसंवृद्धा तिष्ठन्ती दारुणा हृदि ॥१०३
तृष्णया तु परीतस्य सद्यो मुष्णाति जीवितम् ।

વાયુથી થયેલી અષ્ઠીલા જો બહુ વધી જાય અને હૃદયમાં રહીને ભયંકર પીડા કરે તો તે તરસરૂપી ઉપદ્રવવાળા દરદીના પ્રાણ તરત હરી લે છે.

शैथिल्यं पिण्डिके वायु-
र्नीत्वा नासां च जिह्मताम् ॥ १०४ ॥
क्षीणस्यायम्य मन्ये वा
सद्यो मुष्णाति जीवितम् ।

પગની પિંડીઓ ઢીલી કરી નાખીને, નાક વાંકું કરી દઈને, બંને મન્યાઓને ખેંચીને વાયુ ક્ષીણ માણસના પ્રાણ તરત જ હરી લે છે.

नाभीगुदान्तरं गत्वा वङ्क्षणौ वा समाश्रयन् ॥१०५
गृहीत्वा पायुहृदये क्षीणदेहस्य वा बली ।
मलान् बस्तिशिरो नाभिं विबद्धय
जनयन् रुजम् ॥ १०६ ॥
कुर्वन् वङ्क्षणयोः शूलं तृष्णां भिन्नपुरीषताम् ।
श्वासं वा जनयन् वायुर्गृहीत्वा गुदवङ्क्षणम् ॥

વાયુ દૂંટી અને ગુદાની વચમાં જઈને અથવા સાથળનાં વળાંમાં જઈને (તરત જ માણસના પ્રાણ હરી લે છે). અથવા બળવાન વાયુ ક્ષીણ થઈ ગયેલા શરીરવાળા માણસની ગુદા અને હૃદયને જકડી લઈને (તરત જ એના પ્રાણ હરી લે છે). વાયુ મળોનો, મૂત્રાશયના મથાળાનો અને દૂંટીનો વિબંધ કરીને, પીડા કરીને (તરત જ માણસનો પ્રાણ લે છે). વાયુ સાથળનાં વળાંમાં શૂળ, તરસ અને ભાંગલ (નરમ) ઝાડો કરીને અથવા શ્વાસ ઉત્પન્ન કરીને, ગુદા અને સાથળનાં વળાંને જકડી લઈને (તરત જ માણસના પ્રાણ હરી લે છે).

वितत्य पर्शुकाग्राणि गृहीत्वोरश्च मारुतः ।
स्तिमितस्याततार्क्षस्य सद्यो
मुष्णाति जीवितम् ॥ १०८ ॥

વાયુ પડખાંનાં હાડકાંના છેડાને ખેંચીને અને છાતીને જકડી લઈને સ્તિમિત થઈ ગયેલા અને ફાટી આંખોવાળા દરદીના પ્રાણ તરત હરી લે છે.

(સ્તિમિત=(૧) પરસેવાથી ભિજાઈ ગયેલા શરીરવાળા; (૨) જેનું હલનચલન બંધ થઈ ગયું હોય એવા.)

सहसा ज्वरसन्तापस्तृष्णा मूर्च्छा बलक्षयः ।
विश्लेषणं च सन्धीनां मुमूर्षोरुपजायते ॥ १०९

તાવનો વેગ એકદમ વધી જાય, તરસ લાગ્યા કરે, મૂર્ચ્છા આવે, બળનો નાશ થાય, સાંધા જાણે છૂટી જાય એ લક્ષણો થોડી વારમાં જ મરનાર માણસને થાય છે.

गोसर्गे वदनाद्यस्य स्वेदः प्रच्यवते भृशम् ।
लेपज्वरोपतप्तस्य दुर्लभं तस्य जीवितम् ॥ ११०

કફના તાવથી તપી ગયેલા જે દરદીના મોં ઉપરથી પુષ્કળ પરસેવો ગોરજ સમયે (વહેલી પરોઢમાં) નીતરે, તેની જિંદગી ટકવી મુશ્કેલ છે (=જીવી શકતો નથી).

બળિયાનું રિષ્ટ

प्रवालगुलिकाभासा यस्य गात्रे मसूरिकाः ।
उत्पद्याशु विनश्यन्ति न चिरात्स विनश्यति ॥

જેના શરીર પર પરવાળાના મણુકાના રંગના ખળિયાના દાણા નીકળીને તરત શમી જાય તે થોડા વખતમાં જ મરી જાય છે.

વિસ્ફોટકનું રિષ્ટ

मसूरविदलप्रख्यास्तथा विद्रुमसन्निभाः ।
अन्तर्वक्त्राः किणाभाश्च विस्फोटा देहनाशनाः ॥

મસૂરની દાળના આકારના, પરવાળાના રંગના, વચ્ચે મોંવાળા અને આંટણ જેવા (એ ચાર જાતના) વિસ્ફોટક દેહનો નાશ કરે છે.

कामलाऽक्ष्णोर्मुखं पूर्णं शङ्खयोर्मुक्तमांसता ।
सन्त्रासश्चोष्णताऽङ्गे च यस्य तं परिवर्जयेत् ॥

જેની બંને આંખમાં કમળો હોય, મોં (કુદરતી હોય એવું) ભરાવદાર હોય, બંને લમણાં માંસવિનાનાં હોય, જે ભડકતો હોય અને જેના શરીરમાં ગરમી રહેતી હોય તેને વૈદે છોડી દેવો.

વિઘૃષ્ટ નામના સદ્યોવ્રણનું રિષ્ટ

अकस्मादनुधावच्च विघृष्टं त्वक्समाश्रयम् ।

જેનો ચામડીમાં થયેલો વિઘૃષ્ટ (=ઘૃષ્ટ) નામનો સદ્યોવ્રણ કંઈ પણ કારણ વિના વધ્યે જાય (તેને વૈદે છોડી દેવો).

વ્રણનું રિષ્ટ

[चन्दनोशीरमदिराकुणपध्वाङ्क्षगन्धयः ।
शैवालकुक्कुटशिखाकुङ्कुमालमषीप्रभाः ॥ १ ॥
अन्तर्दाहा निरूष्माणः प्राणनाशकरा व्रणाः ।]

[સુખડ, સુગંધિ વાળો, દારૂ, મડદું અને કાગડો એટલી વસ્તુની ગંધ જેવી ગંધ જેમાંથી આવતી હોય એવા; લીલ, કૂકડાની કલગી, કેસર; હરતાલ (=આલ) અને કાજળની પ્રભા જેવી પ્રભાવાળા, અંદરથી બળતરા કરે એવા અને ઉષ્માવિનાના વ્રણો પ્રાણનો નાશ કરે છે.]

यो वातजो न शूलाय स्यान्न दाहाय पित्तजः ॥
कफजो न च पूयाय मर्मजश्च रुजे न यः ।
अचूर्णश्चूर्णकीर्णाभो यत्राकस्माच्च दृश्यते ॥११५॥
रूपं शक्तिध्वजादीनां सर्वास्तान्वर्जयेद्व्रणान् ।

જે વ્રણ વાયુથી થયો હોય છતાં શૂળ (સણકા) ન લાવે, જે વ્રણ પિત્તથી થયો હોય છતાં પાકે નહિ, જે વ્રણ કફથી થયો હોય છતાં પરુ ન થાય, જે વ્રણ મર્મસ્થાનમાં થયો હોય છતાં પીડા ન થાય, જે વ્રણમાં ચૂર્ણ ભભરાવ્યું ન હોય છતાં જાણે ચૂર્ણ ભભરાવ્યું હોય એવું લાગે, જે વ્રણમાં કંઈ પણ કારણ વિના શક્તિ નામનું હથિયાર, ધજા વગેરેના આકાર દેખાય, તે બધા વ્રણોને વૈદે (અસાધ્ય ગણીને) છોડી દેવા.

ભગંદરનું રિષ્ટ

विण्मूत्रमारुतवहं कृमिणं च भगन्दरम् ॥ ११६ ॥

જે ભગંદરમાંથી ઝાડો અને પેશાબ નીકળતાં હોય તથા જેમાં કૃમિ પડ્યા હોય તે ભગંદરને છોડી દેવું.

घट्टयन् जानुना जानु पादावुद्यम्य पातयन् ।
योऽपास्यति मुहुर्वक्त्रमातुरो न स जीवति ॥११७

જે દરદી ઢીંચણ સાથે ઢીંચણ ઘસીને, બંને પગ ઉપાડીને પાછા નીચે નાખીને વારંવાર મોં વાંકુંચૂંકું કરે છે તે દરદી જીવતો નથી.

दन्तैश्छिन्दन्नखाग्राणि तैश्च केशांस्तृणानि च ।
भूमिं काष्ठेन विलिखन् लोष्टं लोष्टेन ताडयन् ॥११८
हृष्टरोमा सान्द्रमूत्रः शुष्ककासी ज्वरी च यः ।
मुहुर्हसन् मुहुः क्ष्वेडन् शय्यां पादेन हन्ति यः ॥
मुहुश्छिद्राणि विमृशन्नातुरो न स जीवति ।

ટટાર થયેલાં રૂંવાડાંવાળો, રગડા જેવા પેશાબવાળો, સૂકી ઉધરસવાળો અને તાવવાળો જે દરદી દાંતથી નખ કરડતો હોય, દાંતથી વાળ અને ઘાસ (તણખલાં) કાપતો હોય, લાકડાથી જમીન ખોતરતો હોય, માટીના ઢેફા સાથે બીજું માટીનું ઢેફું વગાડતો હોય (પછાડતો હોય), વારંવાર હસતો હોય, વારંવાર અવાજ કરતો હોય, વારંવાર પથારીમાં પગ પછાડતો હોય અને વારંવાર શરીરનાં (નાક, કાન, ગુદા વગેરે) છિદ્રોને અડકતો હોય તે દરદી જીવતો નથી.

मृत्यवे सहसाऽऽर्तस्य तिलकव्यङ्गविप्लवः ॥१२०
मुखे, दन्तनखे पुष्पं, जठरे विविधाः सिराः ।

માંદા માણસના મોં પર એકદમ તિલક અને વ્યંગ રોગનો ભરાવો થઈ

અને નખમાં એકાએક પુષ્પ (ફૂલા જેવાં ધોળાં ટપકાં) થઈ આવે અને પેટ ઉપર જાતજાતની (અનેક આકાર અને રંગની) શિરાઓ એકાએક તરી આવે તે મરણ સૂચવે છે.

ऊर्ध्वश्वासं गतोष्माणं शूलोपहतवङ्क्षणम् ॥१२१
शर्म चानधिगच्छन्तं बुद्धिमान् परिवर्जयेत् ।

જેને ઊર્ધ્વશ્વાસ (નિ. ૪/૧૫થી ૧૭) થયો હોય, જેની ગરમી ચાલી ગઈ હોય, જેના સાથળના વળામાં શૂળ આવતું હોય, અને જેને ચેન ન પડતું હોય તે દરદીને બુદ્ધિશાળી વૈદે છોડી દેવો.

विकारा यस्य वर्धन्ते प्रकृतिः परिहीयते ॥१२२॥
सहसा सहसा तस्य मृत्युर्हरति जीवितम् ।

જેના રોગ એકાએક (=કંઈ કારણ વિના) વધી જાય અને જેની પ્રકૃતિ (=સ્વભાવ) એકાએક જતી રહે (બદલાઈ જાય), તેના પ્રાણ મૃત્યુ એકાએક હરી લે છે.

यमुद्दिश्यातुरं वैद्यः सम्पादयितुमौषधम् ॥१२३॥
यतमानो न शक्नोति दुर्लभं तस्य जीवितम् ।

જે દરદીની બાબતમાં વૈદ્ય ઔષધ મેળવવાનો પ્રયત્ન કરે છતાં ઓષધ મળી શકતાં નથી તે દરદી જીવવો મુશ્કેલ છે (=જીવી શકતો નથી).

विज्ञातं बहुशः सिद्धं विधिवच्चावचारितम् ॥ १२४
न सिध्यत्यौषधं यस्य नास्ति तस्य चिकित्सितम् ।

જાણીતુ, અનેક વાર સફળતા અપાવનારું અને વિધિપુરઃસર વાપરેલું ઓષધ પણ જેને લાગુ પડતું નથી તેને મટાડવાનો કોઈ ઉપાય નથી.

भवेद्यस्यौषधेऽन्ने वा कल्प्यमाने विपर्ययः ॥१२५
अकस्माद्वर्णगन्धादेः स्वस्थोऽपि न स जीवति ।

જે માણસનાં (કવાથ, ઘી, અવલેહ વગેરે) ઔષધ અને (દાળ, ભાત વગેરે) અન્નપાન બનાવતાંબનાવતાં કંઈ પણ કારણ વિના એ ઔષધ અને અન્નપાનનાં રંગ, ગંધ વગેરે હોવાં જોઈએ એનાથી કંઈ જુદાં જ થઈ જાય તે માણસ સાજો હોય તોપણ જીવતો નથી.

निवाते सेन्धनं यस्य ज्योतिश्चाप्युपशाम्यति ॥
आतुरस्य गृहे यस्य भिद्यन्ते वा पतन्ति वा ।
अतिमात्रममत्राणि दुर्लभं तस्य जीवितम् ॥१२७

જે દરદીના ઘરમાં પવન ન આવતો હોય એવી જગ્યાએ પણ બળતણ સાથે દેવતા ઓલવાઈ જતો હોય તથા વાસણો બહુ જ ભાંગે અથવા પડે તે દરદી જીવવો મુશ્કેલ છે.

यं नरं सहसा रोगो दुर्बलं परिमुञ्चति ।
संशयप्राप्तमात्रेयो जीवितं तस्य मन्यते ॥ १२८॥

જે નબળા માણસનો રોગ એકદમ જતો રહે (શમી જાય), તેની જિંદગી સંશયમાં આવી પડેલી હોય છે એવુ આત્રેય માને છે.

कथयेन्न च पृष्टोऽपि दुःश्रवं मरणं भिषक् ।
गतासोर्बन्धुमित्राणां न चेच्छेत्तं चिकित्सितुम् ॥

મરનારનાં સગાં અને મિત્રો પૂછે તોપણ વૈદે એમને સાંભળીને દુઃખ થાય એવી દરદીના મરણની આગાહી કહેવી નહિ, તેમ એની (મરવાનો હોય એવા દરદીની) ચિકિત્સા કરવાની ઇચ્છા કરવી નહિ.

यमदूतपिशाचाद्यैर्यत्परासुरुपास्यते ।
घ्नद्भिरौषधवीर्याणि तस्मात्तं परिवर्जयेत् ॥१३०॥

ઓષધની શક્તિને હણનાર (નકામી કરી દેનાર) યમદૂતો, પિશાચો વગેરે મરનાર દરદીની સેવામાં હાજર થઈ ગયેલા હોય છે, તેથી એને (મરનાર દરદીને) છોડી દેવો.

आयुर्वेदफलं कृत्स्नं यदायुर्ज्ञे प्रतिष्ठितम् ।
रिष्टज्ञानादृतस्तस्मात्सर्वदैव भवेद्भिषक् ॥ १३१॥

(આયુષ્ય કેટલુ છે તે જાણવું અને આયુષ્યની રક્ષા કરવી એ બંને ફળરૂપી) આયુર્વેદનું બધું ફળ આયુર્વેદના જાણકારમા રહેલું છે. તેથી વૈદે હમેશાં રિષ્ટના જ્ઞાન માટે આદર રાખવો.

मरणं प्राणिनां दृष्टमायुः पुण्योभयक्षयात् ।
तयोरप्यक्षयाद्दृष्टं विषमापरिहारिणाम् ॥ १३२॥

પ્રાણીઓનું મરણ આવરદા ખૂટવાથી, પુણ્ય ખૂટવાથી અને આવરદા તથા પુણ્ય બંને ખૂટવાથી થાય છે એવું દેખાય છે. તે ઉપરાંત એ બે (=આવરદા અને પુણ્ય) ખૂટ્યા વિના પણ વિષમ આહારવિહારનો ત્યાગ ન કરનારાઓનું મરણ થાય છે એવું જણાય છે.

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने द्वितीये शारीरस्थाने
विकृतिविज्ञानीयो नाम पञ्चमोऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ ઠ્ઠો

સાજા અને માંદા માણસનાં રૂપ, ઇંદ્રિયો, સ્વર, છાયા વગેરેમાં વિકૃતિ થાય તેનાં લક્ષણો ઉપરથી અને રોગનાં નક્કી કરેલાં ખાસ લક્ષણો ઉપરથી એ માણસ કેટલું જીવશે તે વાત વિકૃતિ-વિજ્ઞાનીય અધ્યાયમાં કહી. દૂત વગેરેના શુભ અને અશુભ શુકનો પરથી શુભ અને અશુભ સૂચવવા માટે આ અધ્યાયનો આરંભ કરાયો છે.

अथातो दूतादिविज्ञानीयं
शारीरं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

ત્યારે હવે અમે દૂત વગેરેનું ચોક્કસ જ્ઞાન જેમાં કહેલું છે એવું શારીર (શરીર સંબંધી જ્ઞાન) સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

(વૈદ્યને બોલાવવા માટે જે પુરુષ, સ્ત્રી કે બાળકને મોકલવામાં આવે તેને દૂત કહે છે. ઘેરથી નીકળતાં, દરદીને ઘેર જતાં રસ્તામાં, દરદીના ઘરમાં પેસતાં અને દરદીના ઘરમાં ગયા પછી પણ વૈદ્યને જે શુકન કે અપશુકન થાય છે તે તથા એવી બીજી શુભઅશુભ સૂચવનારી બાબતોનો 'વગેરે' શબ્દમાં સમાવેશ થઈ જાય છે.)

દૂતના શુકન

पाखण्डाश्रमवर्णानां सवर्णाः कर्मसिद्धये ।
त एव विपरीताः स्युर्दूताः कर्मविपत्तये ॥ १ ॥

(૯૬ જાતના નાસ્તિકો છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર મુખ્ય વર્ણો (નાત) છે. તેની અનેક પેટા નાત છે.)

દરદી જે જાતના નાસ્તિક હોય, જે આશ્રમમાં હોય અને જે નાતના હોય તે જ જાતના નાસ્તિક, તે જ આશ્રમમાં અને તે જ નાતના દૂત (=વૈદ્યને તેડવા આવનાર) હોય તો કામ (ચિકિત્સા) સિદ્ધ થાય છે (સફળ થાય છે). એ જ દૂતો જો દરદીથી જુદા સંપ્રદાયના, જુદા આશ્રમમાં અને જુદી નાતના હોય તો કામ (=ચિકિત્સા) નિષ્ફળ જાય છે.

दीनं भीतं द्रुतं त्रस्तं रूक्षामङ्गलवादिनम् ।
शस्त्रिणं दण्डिनं षण्ढं मुण्डश्मश्रुजटाधरम् ॥ २ ॥
अमङ्गलाह्वयं क्रूरकर्माणं मलिनं स्त्रियम् ।
अनेकं व्याधितं व्यङ्गं रक्तमाल्यानुलेपनम् ॥ ३ ॥
तैलपङ्काङ्कितं जीर्णविवर्णार्द्रैकवाससम् ।
खरोष्ट्रमहिषारूढं काष्ठलोष्टादिमर्दिनम् ॥ ४ ॥
नानुगच्छेद्भिषग्दूतमाह्वयन्तं च दूरतः ।

લાચાર બની ગયેલા, બીનેલા, દોડતા (ઉતાવળે) આવેલા, ત્રાસ પામેલા (અકળાયેલા, ગભરાયેલા), કઠોર વાણી બોલનાર, અશુભ બોલનાર, હથિયારવાળા, લાકડીવાળા, નપુંસક, દાઢીમૂછ મુંડાવેલા, જટા રાખનાર, અશુભ નામવાળા, ઘાતકી કામ કરનાર, મેલા, સ્ત્રીજાતના, એકથી વધારે હોય એવા, રોગી, જોઈએ તેના કરતાં ઓછા અવયવવાળા (=ખોડવાળા), રાતી માળા અને રાતા લેપવાળા, તેલ અને કાદવથી ખરડાયેલા; ફાટેલું, વિચિત્ર રંગનું (કે ફટકી ગયેલા રંગનું), ભીનું કે એક જ વસ્ત્ર પહેરીને આવેલા; ગધેડા, ઊંટ કે પાડા ઉપર બેસીને આવેલા; લાકડું, માટીનું ઢેફું (=રોડું) વગેરે હાથમાં રાખીને દબાવતા (ઘસતા) અને દૂરથી બોલાવતા દૂતની પાછળ (=દૂતની સાથે) વૈદ્યે જવું નહિ.

अशस्तचिन्तावचने नग्ने छिन्दति भिन्दति ॥ ५ ॥
जुह्वाने पावकं पिण्डान् पितृभ्यो निर्वपत्यपि ।
सुप्ते मुक्तकचेऽभ्यक्ते रुदत्यप्रयते तथा ॥ ६ ॥
वैद्ये दूता मनुष्याणामागच्छन्ति मुमूर्षताम् ।

વૈદ્ય અમંગળ વિચાર કરતો હોય, અમંગળ શબ્દ બોલતો હોય, નાગો હોય, કાપતો હોય, ફોડતો હોય, અગ્નિમાં હોમ કરતો હોય, પિતૃઓને પિંડ આપતો હોય, ઊંઘતો હોય, માથાના વાળ છૂટા રાખ્યા હોય, તેલ ચોળીને બેઠો હોય, રોતો હોય કે અસ્વચ્છ (અપવિત્ર) હોય તેવે વખતે મરનાર માણસોના દૂતો વૈદ્યને તેડવા આવે છે (એવે વખતે આવેલા

દૂતવાળો દરદી મરી જાય છે).

विकारसामान्यगुणे देशे कालेऽथवा भिषक् ॥ ७
दूतमभ्यागतं दृष्ट्वा नातुरं तमुपाचरेत् ।

જે જાતનો રોગ દરદીને થયો હોય તે રોગના જેવા જ ગુણોવાળા પ્રદેશમાં કે સમયમાં દૂતને સામો આવેલો જોઈને વૈદ્યે તે (=દૂતને મોકલનાર) દરદીના ઉપચાર કરવા નહિ.

(દા. ત. દરદીને કફથી તાવ વગેરે રોગ થયો હોય તો ઘી, પાણી વગેરે દ્રવની પાસેના પ્રદેશમાં કે અનૂપ દેશમાં કે પરોઢમાં આવેલો દૂત અશુભ છે. પિત્તથી થયેલા રોગમાં અગ્નિ વગેરેથી તપેલા પ્રદેશમાં કે બપોરે આવેલો દૂત અશુભ છે. વાયુથી થયેલા રોગમાં પરુષ, લૂખા, રેતાળ, પથ્થરવાળા, કાંકરીવાળા વગેરે પ્રદેશમાં કે સાંજે આવેલો દૂત અશુભ છે. ઊલટીઓ, મેહરોગ અને અતિસારના દરદીનો દૂત ભાંગેલા પુલ ઉપરથી આવે કે આવતાં પુલ ભાંગે તે અશુભ છે. રોગના દોષમાં કે રોગમા વધારો કરે એવા ગુણવાળા પ્રદેશમાં કે એવે સમયે દૂત આવે તે અશુભ છે.)

स्पृशन्तो नाभिनासास्यकेशरोमनखद्विजान् ॥ ८
गुह्यपृष्ठस्तनग्रीवाजठरानामिकाङ्गुलीः ।
कार्पासबुससीसास्थिकपालमुशलोपलम् ॥ ९ ॥
मार्जनीशूर्पचैलान्तभस्माङ्गारदशातुपान् ।
रज्जूपानत्तुलापाशमन्यद्वा भग्नविच्युतम् ॥ १०
तत्पूर्वदर्शने दूता व्याहरन्ति मरिष्यताम् ।

દૂતો વૈદ્યને પહેલી જ વાર જુએ તે વખતે (=પહેલી મુલાકાત વખતે) દૂતો વૈદ્યને દરદીનો સંદેશો કહેતા હોય તે વખતે, જો એ દૂતો ડૂંટી, નાક, મો, વાળ, રૂંવાડા, નખ, દાત, ગુહ્ય અંગ (ગુદા અને મૂત્રેન્દ્રિય), પીઠ, સ્તન, ડોક, ઉદર, અનામિકા આંગળી (=ટચલી આંગળી જોડની આંગળી), રૂ, પરાળ વગેરે(=ઘાસ)નો ભૂકો (ભૂંસુ), સીસું, હાડકુ, ખોપરી, મુસળી (કે સાંબેલુ), પથ્થર, સાવરણી, સૂપડું, વસ્ત્રનો છેડો, રખિયા, અંગારો (કે કોલસો), વસ્ત્રના છેડાના રેસા (પૂંછડા), ધાનના છોડાં (ફોતરાં), દોરડું, જોડા (પગરખાં), ત્રાજવાં-કાટલાં, ફાસો કે ભાંગેલુ કે પડી–આખડીને ટુકડેટુકડા થઈ ગયેલું જે કંઈ બીજું હોય–આટલી વસ્તુઓમાંથી કોઈ પણ વસ્તુને અડકતા-અડકતાં દૂતો બોલતા હોય, તો તે મરનાર માણસોના દૂતો બોલે છે (=દૂતો સંદેશો કહેતી વખતે આમાંની કોઈ વસ્તુને અડકે તો દરદી મરવાનો છે એમ સમજવું).

तथाऽर्धरात्रे मध्याह्ने सन्ध्ययोः पर्ववासरे ॥ ११
षष्ठीचतुर्थीनवमीराहुकेतूदयादिषु ।
भरणीकृत्तिकाऽऽश्लेषापूर्वाऽऽर्द्रापित्र्यनैर्ऋते ॥

વળી અડધી રાતે, બપોરે, બે સંધ્યાકાળે, પર્વને દિવસે; છઠ, ચોથ કે નોમને દિવસે, રાહુના કે કેતુના ઉદયકાળમાં (કુદરતના ઉત્પાત વખતે, વદિ ચૌદશને દિવસે) વગેરે સમયે, ભરણી, કૃત્તિકા, આશ્લેષા, પૂર્વા (=પૂર્વા ફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ), આર્દ્રા, મઘા અને મૂળ એટલાં નક્ષત્રોમાં આવેલા દૂતો મરનાર દરદીઓના દૂતો હોય છે (=એ નક્ષત્રોમાં બોલાવવા આવેલા દૂતો દરદીનું મરણ સૂચવે છે).

यस्मिंश्च दूते ब्रुवति वाक्यमातुरसंश्रयम् ।
पश्येन्निमित्तमशुभं तं च नानुव्रजेद्भिषक् ॥ १३॥

દૂત વૈદ્યને દરદી વિષે કહેતો હોય તે વખતે જો વૈદ્યને અપશુકન થતા જણાય, તો વૈદ્યે તે દૂતની પાછળ (=સાથે) જવુ નહિ.

तद्यथा विकलः प्रेतः प्रेतालङ्कार एव वा ।
छिन्नं दग्धं विनष्टं वा तद्वादीनि वचांसि वा ॥१४
रसो वा कटुकस्तीव्रो गन्धो वा कौणपो महान् ।
स्पर्शो वा विपुलः क्रूरो यद्वाऽन्यदपि तादृशम् ॥
तत्सर्वमभितो वाक्यं वाक्यकालेऽथवा पुनः ।
दूतमभ्यागतं दृष्ट्वा नातुरं तमुपाचरेत् ॥ १६॥

(ઉપરના શ્લોકમાં અપશુકનની વાત કરી તે અપશુકન કયાકયા છે તે હવે આ શ્લોકોમા કહે છે.) તે (અપશુકન) નીચે પ્રમાણે છેઃ–જન્મથી જ ઓછા અવયવવાળો માણસ, મડદું, મડદા જેવા અનુલેપ, વસ્ત્ર વગેરે અલંકારવાળો માણસ; કપાયેલી, બળેલી (દાઝેલી) કે નાશ પામેલી વસ્તુ કે વ્યક્તિ, અથવા અમુક

વસ્તુ કે વ્યક્તિ કપાઈ છે, બળી (દાઝી) છે કે નાશ પામી છે એ અર્થના શબ્દ, બહુ જલદ તીખો રસ (=અતિશય તીખી વસ્તુ), મડદાની ઉગ્ર ગંધ, બહુ મુશ્કેલીથી સહન થઈ શકે એવો ક્રૂર સ્પર્શ, અથવા એવું બીજું પણ જે કંઈ હોય તે બધું (=તેમાથી કંઈ પણ) દૂત સંદેશો કહે તે પહેલા કે પછી અથવા દૂત સંદેશો કહેતો હોય તે વખતે દેખાય અથવા એ બધું દેખાતું હોય તે વખતે દૂત આવ્યો હોય, તો તે દૂત જે દરદી માટે આવ્યો હોય તે દરદીના ઉપચાર કરવા નહિ.

વૈદ્ય પોતાને ઘેરથી નીકળે તે વખતના અને રસ્તામાં થતા શુકન અને અપશુકન

हाहाक्रन्दितमुत्क्रुष्टमाक्रुष्टं स्खलनं क्षुतम् ।
वस्त्रातपत्रपादत्रव्यसनं व्यसनीक्षणम् ॥ १७ ॥
चैत्यध्वजानां पात्राणां पूर्णानां च निमज्जनम् ।
हतानिष्टप्रवादाश्च दूषणं भस्मपांसुभिः ॥ १८ ॥
पथश्छेदोऽहिमार्जारगोधासरठवानरैः ।
दीप्तां प्रति दिशं वाचः क्रूराणां मृगपक्षिणाम् ॥
कृष्णधान्यगुडोदश्विल्लवणासवचर्मणाम् ।
सर्षपाणां वसातैलतृणपङ्केन्धनस्य च ॥ २० ॥
क्लीबक्रूरश्वपाकानां जालवागुरयोरपि ।
छर्दितस्य पुरीषस्य पूतिदुर्दर्शनस्य च ॥ २१ ॥
निःसारस्य व्यवायस्य कार्पासादेररेरपि ।
शयनासनयानानामुत्तानानां तु दर्शनम् ॥२२॥
न्युब्जानामितरेषां च पात्रादीनामशोभनम् ।

'હાય, હાય' એવા શબ્દ, રોકકળ, બૂમ, ચીસ, ઠોકર વાગવી (=પડી જવું), છીંક; વૈદ્યના વસ્ત્ર, છત્રી અને જોડાને કંઈ આફત થાય (=જડે નહિ કે ફાટેતૂટે), સંકટમાં આવી પડેલા લોક નજરે પડે, મંદિરની ધજાઓ પડી (કે ડૂબી) જાય, ભરેલાં વાસણ પડી (કે ડૂબી) જાય, 'મૂઓ' એવા અનિષ્ટ શબ્દો ઊંચે અવાજે બોલાતા હોય, વૈદ્ય દરદીને ઘેર જતો હોય ત્યારે રસ્તામાં રખિયા કે ધૂળ વેરાય; સાપ, બિલાડી, સાંઢો, ગરોળી (કે કાચંડો), વાંદરું એ પ્રાણીઓમાંનું કોઈ વૈદ્યના રસ્તામાં આડું ઊતરે; જે દિશામાં સૂર્ય હોય તે દિશામાંથી માંસ ખાનારાં પશુપંખીઓનો અવાજ આવે, કાળું ધાન, ગોળ, છાશ, લવણ, આસવ, ચામડું, સરસવ, વસા, તેલ, ઘાસ, કાદવ, બળતણ, નપુંસક, ઘાતકી, ચંડાળ, માછલાં પકડવાની જાળ, હરણ પકડવાની જાળ, ઊલટી, ઝાડો, દુર્ગંધ, ભયાનક દેખાવ, જેનો સાર (કસ, સત્ત્વ) કાઢી લીધો હોય એવી વસ્તુ, મૈથુન, રૂ વગેરે, દુશ્મન, ચત્તા (=પાયા ઊંચા રહે એ રીતે) પડેલા ખાટલા, આસનો (પાટલા, પાટ, બાજઠ વગેરે) અને વાહનો; અને ઊંધાં પાડેલાં બીજાં વાસણો એટલામાંથી કંઈ પણ વૈદ્યને દરદીને ઘેર જતાં દેખાય તે અશુભ છે.'

पुंसंज्ञाः पक्षिणो वामाः स्त्रीसंज्ञा
दक्षिणाः शुभाः ॥ २३ ॥
प्रदक्षिणं खगमृगा यान्तो, नैवं श्वजम्बुकाः ।

નર જાતિનાં નામવાળાં પક્ષી વૈદ્યની ડાબી બાજુએ હોય, સ્ત્રીજાતિનાં નામવાળાં પક્ષી વૈદ્યની જમણી બાજુએ હોય, અને પક્ષીઓ અને મૃગવર્ગનાં પ્રાણીઓ વૈદ્યની ડાબી બાજુએથી જમણી બાજુએ જતા હોય તે શુભ છે; પણ કૂતરું અને શિયાળ એવાં નથી (=વૈદ્યની ડાબી બાજુથી જમણી બાજુએ જતાં હોય તે શુભ નથી).

अयुग्माश्च मृगाः शस्ताः

મૃગવર્ગનાં પ્રાણીઓ એકી સંખ્યામા હોય તે શુભ છે.

शस्ता नित्यं च दर्शने ॥ २४ ॥
चाषभासभरद्वाजनकुलच्छागबर्हिणः ।

ચાષ, ભાસ, ભરદ્વાજ, નોળિયો, બકરો અને મોર દેખાય તે સદા શુભ છે(=ડાબી કે જમણી ગમે તે બાજુએ શુભ છે).

अशुभं सर्वथोलूकबिडालसरठेक्षणम् ॥ २५ ॥

ઘુવડ, બિલાડી, ગરોળી (કે કાચંડો), દેખાય તે બધી રીતે (=ડાબી કે જમણી બાજુએ, એકી સંખ્યામાં કે બેકી સંખ્યામાં એમ બધી રીતે) અશુભ છે.

प्रशस्ताः कीर्तने कोलगोधाहिशशजाहकाः ।
न दर्शने न विरुते, वानरर्क्षावतोऽन्यथा ॥ २६ ॥

ભુંડ, સાંઢો, સાપ, સસલું અને જળો વિષે વાત થતી હોય તો તે શુભ છે, પણ એ પ્રાણીઓ દેખાય કે એમનો અવાજ સંભળાય તે અશુભ છે; વાંદરું અને રીંછ એથી ઊલટાં છે (=વાંદરાની અને રીંછની વાત થતી સંભળાય તે અશુભ છે, પણ એ બંને પ્રાણીઓ દેખાય કે એમનો અવાજ સંભળાય તે શુભ છે).

धनुरैन्द्रं च लालाटमशुभं, शुभमन्यतः ।
अग्निपूर्णानि पात्राणि भिन्नानि विशिखानि च ॥

સામું મેઘધનુષ્ય થાય તે અશુભ છે, પણ બીજી દિશામાં થાય તે શુભ છે. દેવતાથી ભરેલાં વાસણ ભાંગેલાં હોય અને ભડકાવિનાનાં (કે ઉપર ઝાલવાના મોગરાવિનાનાં) હોય તે અશુભ છે.

दध्यक्षतादि निर्गच्छद्वक्ष्यमाणं च मङ्गलम् ।
वैद्यो मरिष्यतां वेश्म प्रविशन्नेव पश्यति ॥२८॥

વૈદ્ય મરનાર દરદીના ઘરમાં પેસે તે જ વખતે શ્લોક ૨૯કેથી ૩૮કેમાં કહેલા શુભ શુકનની દહીં, ડાંગર વગેરે વસ્તુઓ દરદીના ઘરમાંથી બહાર નીકળતી જુએ છે.

दूताद्यसाधु दृष्ट्वैवं त्यजेदार्तमतोऽन्यथा ।
करुणाशुद्धसन्तानो यत्नतस्तमुपाचरेत् ॥ २९ ॥

આવા (આગળ કહેવાઈ ગયેલા) અશુભ દૂત વગેરેને જોઈને વૈદ્યે દરદીને છોડી દેવો, પણ તેથી ઊંધું જોઈને (=શુભ દૂત વગેરે જોઈને) દયાથી શુદ્ધ મનવાળા વૈદ્યે મહેનત લઈને તેના ઉપચાર કરવા.

રસ્તામાં કે દરદીના ઘરમાં પેસતાં વૈદ્યને થતા શુકન

दध्यक्षतेक्षुनिष्पावप्रियङ्गुमधुसर्पिषाम् ।
यावकाञ्जनभृङ्गारघण्टादीपसरोरुहाम् ॥ ३० ॥
दूर्वार्द्रमत्स्यमांसानां लाजानां फलभक्ष्ययोः ।
रत्नेभपूर्णकुम्भानां कन्यायाः स्यन्दनस्य च ॥३१
नरस्य वर्धमानस्य देवतानां नृपस्य च ।
शुक्लानां सुमनोवालचामराम्बरवाजिनाम् ॥३२॥
शङ्खसाधुद्विजोष्णीषतोरणस्वस्तिकस्य च ।
भूमेः समुन्नतायाश्च वह्नेः प्रज्वलितस्य च ॥३३॥
मनोज्ञस्यान्नपानस्य पूर्णस्य शाकटस्य च ।
नृभिर्धेन्वाः सवत्साया वडवायाः स्त्रिया अपि ॥
जीवञ्जीवकसारङ्गसारसप्रियवादिनाम् ।
हंसानां शतपत्राणां बद्धस्यैकपशोस्तथा ॥ ३५ ॥
रुचकादर्शसिद्धार्थरोचनानां च दर्शनम् ।
गन्धः सुसुरभिर्वर्णः सुशुक्लो मधुरो रसः । ३६
गोपतेरनुकूलस्य स्वनस्तद्वद्गवामपि ।
मृगपक्षिनराणां च शोभिनां शोभना गिरः ॥३७
छत्रध्वजपताकानामुत्क्षेपणमभिष्टुतिः ।
भेरीमृदङ्गशङ्खानां शब्दाः पुण्याहनिःस्वनाः ॥३८
वेदाध्ययनशब्दाश्च सुखो वायुः प्रदक्षिणः ।
पथि वेश्मप्रवेशे च विद्यादारोग्यलक्षणम् ॥ ३९ ॥

દહીં, ડાંગર, શેરડી, વાલ, કાંગ, મધ, ઘી, લાખ, અંજન, સોનાની ઝારી, ઘંટડી, દીવો, કમળ, ધરો, લીલાં માછલાં, લીલું માંસ, ડાંગરની ધાણી, ફળ, લાડુ વગેરે ખાવાનું; રત્ન, હાથી, ભરેલો ઘડો (બેડું), કન્યા (=નાની છોકરી), રથ, જેની ચડતી થતી જતી હોય એવો માણસ, દેવો, રાજા, ધોળું ફૂલ, ધોળા વાળ, ધોળું ચમ્મર, ધોળું વસ્ત્ર, ધોળો ઘોડો, શંખ, સજ્જન, બ્રાહ્મણ, પાઘડી (કે ફેંટો), તોરણ (૧. મકાનનું મુખ્ય બારણું, ૨. તોરણ), સાથિયો, ચડાવવાળી જમીન (કે ટેકરો), સળગતો અગ્નિ, મનગમતું અન્નપાન, માણસોથી ભરેલું ગાડું, વાછડા સાથે ગાય, વછેરા સાથે ઘોડી, બાળક સાથે સ્ત્રી, જીવંજીવક પક્ષી, સારંગ પક્ષી, સારસ પક્ષી, મીઠું બોલનાર (અથવા પ્રિયવાદી નામનું પક્ષી), હંસો, કમળો, બાંધેલું એક પશુ, રુચક નામનું ગળાનું ઘરેણું, ચાટલું, ધોળા સરસવ, કૂટશાલ્મલિ (=હલકી જાતના શીમળાનું ઝાડ)—એટલું રસ્તામાં અને દરદીના ઘરમાં પેસતાં વૈદ્યને દેખાય તે દરદી સાજો થવાનું લક્ષણ છે. ખૂબ મઘમઘતી સુવાસ, ખૂબ ધોળો રંગ, ગળપણ, અનુકૂળ (૧. શાંત, ૨. વૈદ્ય જતો હોય તે દિશામાં જતા) આખલાનો અવાજ, એવી જ (=અનુકૂળ) ગાયોનો અવાજ; સુંદર પશુ, પંખી અને માણસની સુંદર વાણી; છત્રી ઊઘડે, ધજાપતાકા ફરકાવવામાં આવે, સ્તુતિ (કે આરતી); નગારું, મૃદંગ અને

શંખના અવાજ; પુણ્યાહવાચન ભણવાના અવાજ, વેદ ભણવાના અવાજ, ડાબી બાજુથી જમણી બાજુ તરફ વાતો સુખ આપે એવો પવન–એ બધું વૈદ્ય દરદીને ઘેર જતો હોય ત્યારે, રસ્તામાં કે વૈદ્ય દરદીના ઘરમાં પેસે તે જ વખતે થાય, તો તે દરદી સાજો થવાનું લક્ષણ છે એમ સમજવું.

इत्युक्तं दूतशकुनं

આટલા દૂતના શુકન કહ્યા.

स्वप्नानूर्ध्वं प्रचक्षते ।

હવે પછી સ્વપ્નાં કહેશે.

સ્વપ્નાંના શુકન

स्वप्ने मद्यं सह प्रेतैर्यः पिबन् कृष्यते शुना ॥४०॥
स मर्त्यो मृत्युना शीघ्रं ज्वररूपेण नीयते ।

સ્વપ્નમાં મરેલા માણસો સાથે દારૂ પીતા જે માણસને સ્વપ્નમાં કૂતરું તાણે છે, તે માણસને તાવના રૂપમાં આવેલું મૃત્યુ તરત ઝડપી જાય છે (=તાવથી મરી જાય છે).

रक्तमाल्यवपुर्वस्त्रो यो हसन् ह्रियते स्त्रिया ॥४१॥
सोऽस्रपित्तेन

જે માણસને એવું સ્વપ્ન આવે કે પોતે લાલ માળા પહેરી છે, લાલ શરીર છે, લાલ કપડાં પહેર્યાં છે અને પોતે હસતો હોય છે, ત્યારે સ્ત્રી પોતાને (માણસને) ઉપાડી જાય છે, તે માણસને રક્તપિત્ત રોગના રૂપમાં આવેલું મૃત્યુ તરત ઝડપી જાય છે.

महिषश्ववराहोष्ट्रगर्दभैः ।
यः प्रयाति दिशं याम्यां मरणं तस्य यक्ष्मणा ॥४२

જે માણસ સ્વપ્નમાં પાડો, કૂતરું, ભુંડ, ઊંટ અને ગધેડા સાથે યમની (=દક્ષિણ) દિશામાં ચાલી નીકળે છે, તેનું ક્ષયરોગથી મરણ થાય છે.

लता कण्टकिनी वंशस्तालो वा हृदि जायते ।
यस्य तस्याशु गुल्मेन

જે માણસના હૃદયમાં સ્વપ્નમાં કાંટાવાળી લતા (=વેલ), વાંસ કે તાડનું ઝાડ ઊગે છે, તે તરત ગોળાના રોગથી મરે છે.

यस्य वह्निमनर्चिषम् ॥ ४३ ॥
जुह्वतो घृतसिक्तस्य नग्नस्योरसि जायते ।
पद्मं स नश्येत्कुष्ठेन

સ્વપ્નમાં ભડકાવિનાના અગ્નિમાં હોમ કરતા, ઘી ચોપડેલા અને નાગા એવા જે માણસની છાતીમાં કમળ ઊગે છે, તે કુષ્ઠ–(=ચામડીના રોગ)થી મરે છે.

चण्डालैः सह यः पिबेत् ॥४४॥
स्नेहं बहुविधं स्वप्ने स प्रमेहेण नश्यति ।

જે માણસ સ્વપ્નમાં ચંડાળો સાથે અનેક જાતનો સ્નેહ પીએ તે પ્રમેહ રોગથી મરી જાય છે.

उन्मादेन जले मज्जेद्यो नृत्यन् राक्षसैः सह ॥४५

જે માણસ સ્વપ્નમાં રાક્ષસો સાથે નાચતાં-નાચતાં પાણીમાં ડૂબી જાય તે ગાંડપણથી મરે છે.

अपस्मारेण यो मर्त्यो नृत्यन् प्रेतेन नीयते ।

જે માણસ સ્વપ્નમાં નાચતો હોય ત્યારે એને ભૂત લઈ જાય છે, તે વાઈના રોગથી મરે છે.

यानं खरोष्ट्रमार्जारकपिशार्दूलसूकरैः ॥ ४६ ॥
यस्य प्रेतैः शृगालैर्वा स मृत्योर्वर्तते मुखे ।

જે માણસ સ્વપ્નમાં ગધેડ઼, ઊંટ, બિલાડી, વાંદરુ, વાઘ, ડુક્કર, ભૂત (કે મડદાં) કે શિયાળ ઉપર સવારી કરે છે, તે મોતના મોમાં હોય છે.

अपूपशष्कुलीर्जग्ध्वा विबुद्धस्तद्विधं वमन् ॥४७॥
न जीवति

જે માણસ સ્વપ્નમાં રોટલા, રોટલી અને ઘૂઘરા ખાઈને જાગ્યા પછી એવી જ (=રોટલા રોટલી અને ઘૂઘરાની જ) ઊલટી કરે છે, તે માણસ જીવતો નથી.

अक्षिरोगाय सूर्येन्दुग्रहणेक्षणम् ।

સ્વપ્નમાં જે માણસ સૂર્યનું કે ચંદ્રનું ગ્રહણ થતું જુએ છે, તેને આંખનો રોગ થાય છે.

सूर्याचन्द्रमसोः पातदर्शनं दृग्विनाशनम् ॥४८॥

જે માણસને સ્વપ્નમાં સૂર્ય અને ચંદ્ર (આકાશમાંથી) પડતા દેખાય છે, તે આંધળો થાય છે.

मूर्ध्नि वंशलतादीनां सम्भवो वयसां तथा ।
निलयो मुण्डता काकगृध्राद्यैः परिवारणम् ॥४९॥
तथा प्रेतपिशाचस्त्रीद्रविडान्ध्रगवाशनैः ।

-सङ्गो वेत्रलतावंशतृणकण्टकसङ्कटे ॥५०॥
श्वभ्रश्मशानशयनं पतनं पांसुभस्मनोः ।
मज्जनं जलपङ्कादौ शीघ्रेण स्रोतसा हृतिः ॥५१॥
नृत्यवादित्रगीतानि रक्तस्रग्वस्त्रधारणम् ।
वयोङ्गवृद्धिरभ्यङ्गो विवाहः श्मश्रुकर्म च ॥५२॥
पक्वान्नस्नेहमद्याशः प्रच्छर्दनविरेचने ।
हिरण्यलोहयोर्लाभः कलिर्बन्धपराजयौ ॥५३॥
उपानद्युगनाशश्च प्रपातः पादचर्मणोः ।
हर्षो भृशं प्रकुपितैः पितृभिश्चावभर्त्सनम् ॥५४॥
प्रदीपग्रहनक्षत्रदन्तदैवतचक्षुषाम् ।
पतनं वा विनाशो वा, भेदनं पर्वतस्य च ॥५५॥
कानने रक्तकुसुमे पापकर्मनिवेशने ।
चितान्धकारसम्बाधे जनन्यां च प्रवेशनम् ॥५६॥
पातः प्रासादशैलादेर्मत्स्येन ग्रसनं तथा ।
काषायिणामसौम्यानां नग्नानां दण्डधारिणाम् ॥५७॥
रक्ताक्षाणां च कृष्णानां दर्शनं जातु नेष्यते ।

સ્વપ્નમાં માથે વાંસ, વેલા વગેરે ઊગે; માથામાં પક્ષીઓનો માળો, મૂંડાવેલું માથું, કાગડા, ગીધ વગેરે વીંટળાઈ વળે; ભૂત, પિશાચ, સ્ત્રી, દ્રવિડ લોકો, આંધ્ર દેશના લોકો અને ગાયને ખાનારા લોકો વીંટાઈ વળે; નેતર, લતા, વાંસ, ઘાસ અને કાંટાથી ભરચક જગ્યાએ ભરાઈ પડવું (રસ્તો ન જડવો); ઘરામાં (=ઊંડા ખાડામાં) સૂવું, શ્મશાનમાં સૂવું, ધૂળમાં કે રખિયામાં પડી જવું; પાણી, કાદવ વગેરેમાં ડૂબવું; જોરથી વહેતાં ઝરણામાં તણાઈ જવું; નાચ, વાજિંત્ર, ગાયન, રાતી માળા પહેરવી, રાતાં કપડાં પહેરવાં, ઉમ્મર વધી જાય, શરીર વધી જાય, અભ્યંગ, લગ્ન, દાઢીમૂછની હજામત, રાંધેલું ધાન, સ્નેહ અને દારૂ ખાવાંપીવાં, ઊલટી થવી, ઝાડા થવા, સોનું મળે, લોઢું મળે, તકરાર થાય, બંધન થાય (=જેલ વગેરેમાં પુરાય), હાર થાય, જોડાની જોડનો નાશ થાય (=એક જોડો ખોવાઈ જાય), જોડા પગમાંથી નીકળીને ઊછળીને આગળ પડે, બહુ હરખ થાય, ચિડાયેલા પિતૃઓ ઠપકો આપે; દીવો, ગ્રહ, નક્ષત્ર, દાંત, દેવતા અને આંખ–એ છ વાનાં પડે કે નાશ પામે; પર્વત ભેદાય, રાતા ફૂલવાળા જંગલમાં પેસવું, જ્યાં પાપકર્મ થતું હોય એવા મકાનમાં પેસવું, ચિતામાં પેસવું, અંધકારથી ભરેલી જગ્યામાં પેસવું, મામાં પેસવું (=માના શરીરમાં પાછા દાખલ થઈ જવું); મહેલ, પર્વત વગેરે પરથી પડવું; માછલી (માણસને) ગળે, ભગવાં વસ્ત્રવાળાને જોવા, ઉગ્ર માણસોને જોવા, નાગાને જોવા, હાથમાં લાકડી હોય એવાને જોવા, લાલ આંખોવાળાને જોવા અને કાળાને જોવા–સ્વપ્નમાં આટલું બને તે ઇચ્છવા જેવું નથી.

कृष्णा पापाननाचारा दीर्घकेशनखस्तनी ॥५८॥
विरागमाल्यवसना स्वप्ने कालनिशा मता ।

સ્વપ્નમાં કાળી, પાપી મોંવાળી, પાપી વર્તનવાળી, લાંબા વાળવાળી, લાંબા દાંતવાળી, લાંબાં સ્તનવાળી, ફટકી ગયેલા રંગનાં માળા અને વસ્ત્રવાળી સ્ત્રી કાળરાત્રિ સમાન છે એવું માનવામાં આવે છે.

ભયંકર સ્વપ્નોનું કારણ

मनोवहानां पूर्णत्वात्स्रोतसां प्रबलैर्मलैः ॥५९॥
दृश्यन्ते दारुणाः स्वप्ना रोगी यैर्याति पञ्चताम् ।
अरोगः संशयं प्राप्य कश्चिदेव विमुच्यते ॥६०॥

મનને વહન કરનારાં સ્રોતો (=ખાસ કરીને હૃદયમાં રહેલાં સ્રોતો) બળવાન દોષોથી પુરાઈ જાય છે, ત્યારે ભયંકર સ્વપ્નો દેખાય છે. એ ભયંકર સ્વપ્નોથી રોગી મરી જાય છે અને સાજા માણસની જિંદગી માટે વહેમ પડીને એમાંથી કોઈક જ બચે છે.

સાત જાતનાં સ્વપ્ન

दृष्टः श्रुतोऽनुभूतश्च प्रार्थितः कल्पितस्तथा ।
भाविको दोषजश्चेति स्वप्नः सप्तविधो मतः ॥६१॥

સ્વપ્ન સાત જાતનાં છે એમ મનાય છે. દૃષ્ટ, શ્રુત, અનુભૂત, પ્રાર્થિત, કલ્પિત, ભાવિક અને દોષજ.

(દૃષ્ટ સ્વપ્ન–જાગતાં જે જોયું હોય તે ઊંઘમાં સ્વપ્નરૂપે દેખાય તેને દૃષ્ટ સ્વપ્ન કહે છે. શ્રુત સ્વપ્ન–જાગતાં જે સાંભળ્યું હોય તે ઊંઘમાં સ્વપ્નરૂપે દેખાય તેને શ્રુત સ્વપ્ન કહે છે. અનુ-

ભૂત સ્વપ્ન–જાગતાં જે અનુભવ્યુ હોય તે ઊંઘમાં સ્વપ્નરૂપે દેખાય તેને અનુભૂત સ્વપ્ન કહે છે. પ્રાર્થિત સ્વપ્ન–જાગતાં અમુક વસ્તુઓ જોઈ, સાંભળી કે અનુભવીને એ વસ્તુઓ માટે મનથી ઝંખના કરી હોય તે જ પ્રમાણે ઊંઘમાં સ્વપ્નમાં તે વસ્તુઓની ઝંખના થતી અનુભવાય તેને પ્રાર્થિત સ્વપ્ન કહે છે. કલ્પિત સ્વપ્ન–જાગતાં જે વસ્તુઓને જોઈ ન હોય, સાંભળી ન હોય, અનુભવી ન હોય કે ઝંખી પણ ન હોય પણ મરજી મુજબની કલ્પનાઓ કરીને જ ઉપજાવી કાઢી હોય એવી વસ્તુઓ (કે વ્યક્તિઓ અને પ્રસંગો) ઊંઘમાં સ્વપ્નમાં દેખાય, તેને કલ્પિત સ્વપ્ન કહે છે. ભાવિક સ્વપ્ન–ઊંઘમાં સ્વપ્નમા જે જોયુ હોય તે સ્વપ્ન પૂરું થયા પછી જાગ્યા પછી બને તેને (એ સ્વપ્નને) ભાવિક સ્વપ્ન કહે છે. દોષજ સ્વપ્ન–વાયુ, પિત્ત અને કફ એ ત્રણ દોષના પોતપોતાના ગુણને અનુરૂપ સ્વપ્ન આવે તેને દોષજ સ્વપ્ન કહે છે. (જુઓ. શા. ૩/૮૮,૯૩, ૧૦૨)

કયાં સ્વપ્ન ફળતાં નથી?

तेष्वाद्या निष्फलाः पञ्च यथास्वप्रकृतिर्दिवा ।
विस्मृतो दीर्घह्रस्वोऽति

તેમાંથી પહેલાં પાચ (=દૃષ્ટ, શ્રુત, અનુભૂત, પ્રાર્થિત અને કલ્પિત) સ્વપ્નો, પોતાની પ્રકૃતિ પ્રમાણેનાં (=દોષજ) સ્વપ્ન, દહાડે આવેલુ સ્વપ્ન, ભૂલી જવાયેલુ સ્વપ્ન, બહુ જ લાંબું સ્વપ્ન અને બહુ જ ટૂંકું સ્વપ્ન ફળતાં નથી (=શુભ કે અશુભ કરતાં નથી).

કયું સ્વપ્ન ક્યારે અને કેટલું ફળ?

पूर्वरात्रे चिरात्फलम् ॥ ६२ ॥
दृष्टः करोति तुच्छं च

પહેલી રાતે આવેલું દૃષ્ટ સ્વપ્ન બહુ લાંબે વખતે અને થોડું ફળે છે.

गोसर्गे तदहर्महत् ।
निद्रया वाऽनुपहतः प्रतीपैर्वचनैस्तथा ॥ ६३ ॥

ગાયો છૂટવાને વખતે (=સવારે પો ફાટતાં) આવેલું દૃષ્ટ સ્વપ્ન એ ને એ જ દિવસે મોટું ફળ (શુભ કે અશુભ) આપે છે; તેમ જ જે દૃષ્ટ સ્વપ્ન આવ્યા પછી ઊંઘ ન આવી હોય તથા જે દૃષ્ટ સ્વપ્ન જોયા પછી સ્વપ્નથી વિરુદ્ધ જાતના બોલ ન સાંભળ્યા હોય તે દૃષ્ટ સ્વપ્ન તે ને તે જ દિવસે મોટું ફળ આપે છે.

અશુભ સ્વપ્નનો ઉતાર

याति पापोऽल्पफलतां दानहोमजपादिभिः ।

દાન, હોમ, જપ (+ધ્યાન, નિયમ) વગેરે કરવાથી અશુભ સ્વપ્ન ઓછુ ફળ આપે છે.

સ્વપ્નનું ફળ ક્યારે બદલાઈ જાય?

अकल्याणमपि स्वप्नं दृष्ट्वा तत्रैव यः पुनः ॥६४॥
पश्येत्सौम्यं शुभं तस्य शुभमेव फलं भवेत् ।

અશુભ સૂચવનારું સ્વપ્ન આવ્યા પછી તરત જ પાછુ જેને શુભ સૂચવનારું સૌમ્ય સ્વપ્ન (શ્લોક ૬૫ થી ૭૦ૢ) આવે, તેને શુભ ફળ જ મળે છે. (તે જ પ્રમાણે શુભ સ્વપ્ન આવ્યા પછી તરત જ જેને અશુભ સ્વપ્ન આવે છે તેને અશુભ ફળ જ મળે છે.)

(સ્વપ્ન બે જાતનાં છે. કેટલાંક સ્વપ્ન ચોક્કસ ફળે છે, કેટલાંક સ્વપ્ન ફળે કે નહિ તે ચોક્કસ હોતુ નથી. શ્લોક ૪૦ થી ૪૮વાળાં સ્વપ્ન ચોક્કસ ફળે છે. શ્લોક ૪૮ૣ થી ૬૦ સુધીનાં સ્વપ્ન ફળે કે ન પણ ફળે તેમા ચોક્કસ ફળે એવાં સ્વપ્નનુ ફળ ફેરવી શકાતુ નથી, પણ અચોક્કસ ફળવાળા સ્વપ્નનુ ફળ ફેરવી શકાય છે).

સૌમ્ય સ્વપ્નો

देवान् द्विजान् गोवृषभान्
जीवतः सुहृदो नृपान् ॥ ६५ ॥
साधून् यशस्विनो वह्नि-
मिद्धं स्वच्छान् जलाशयान् ।
कन्याः कुमारकान् गौरान्
शुक्लवस्त्रान्सुतेजसः ॥ ६६ ॥
नराशनं दीप्ततनुं समन्ताद्रुधिरोक्षितम् ।
यः पश्येल्लभते यो वा छत्रादर्शविषामिषम् ॥६७॥
शुक्लाः सुमनसो वस्त्रममेध्यालेपनं फलम् ।
शैलप्रासादसफलवृक्षसिंहनरद्विपान् ॥ ६८ ॥
आरोहेद्गाश्ववानं च, तरेन्नदह्रदोदधीन् ।
पूर्वोत्तरेण गमनमगम्यागमनं मृतम् ॥ ६९ ॥
सम्बाधान्निःसृतिर्देवैः पितृभिश्चाभिनन्दनम् ।

रोदनं पतितोत्थानं द्विषतां चावमर्दनम् ॥ ७० ॥
यस्य स्यादायुरारोग्यं वित्तं बहु च सोऽश्नुते ।

જે માણસ સ્વપ્નમાં દેવોને, બ્રાહ્મણોને, ગાયોને, આખલાને (કે બળદોને), જીવતા મિત્રોને, રાજાઓને, સારા માણસોને, નામાંકિત માણસોને, સળગતા અગ્નિને, સ્વચ્છ જળાશયોને, નાની છોકરીઓને, નાના છોકરાઓને, ગોરા માણસોને, ધોળાં વસ્ત્ર પહેરેલાં માણસોને, બહુ તેજસ્વી માણસોને અને દેદીપ્યમાન શરીરવાળા, ચારે બાજુએ લોહીથી ખરડાયેલા શરીરવાળા રાક્ષસને જુએ છે અથવા જે માણસને સ્વપ્નમાં છત્રી, ચાટલું, ઝેર, માંસ, ધોળાં ફૂલ, ધોળું વસ્ત્ર, છાણ કે નરકથી ખરડાયેલી વસ્તુ અને ફળ મળે છે, જે માણસ સ્વપ્નમાં પર્વત, મહેલ, ફળવાળું ઝાડ, સિંહ, માણસ અને હાથી ઉપર ચડે અને બળદગાડી કે ઘોડાગાડીમાં બેસે, જે માણસ સ્વપ્નમાં મોટી નદી, પાણીના ઊંડા ધરા અને સમુદ્રને તરે, જે માણસ સ્વપ્નમાં ઈશાન ખૂણા તરફ જાય, મા વગેરે ન ભોગવવા જેવી સ્ત્રી સાથે સ્વપ્નમાં સંભોગ થાય, જે માણસ સ્વપ્નમાં સંકટમાંથી ઊગરી જાય, જેને સ્વપ્નમાં દેવો અને પિતૃઓ શાબાશી આપે, જે સ્વપ્નમાં રુવે, પડીને પાછો ઊઠે, જેના શત્રુઓ (રણમાં, લડાઈમાં) રોળાઈ જાય તે માણસ પુષ્કળ આવરદા, આરોગ્ય અને ધન ભોગવે છે.

આરોગ્ય એટલે શું?

मङ्गलाचारसम्पन्नः परिवारस्तथाऽऽतुरः ॥७१॥
श्रद्दधानोऽनुकूलश्च प्रभूतद्रव्यसङ्ग्रहः ।
सत्त्वलक्षणसंयोगो भक्तिर्वैद्यद्विजातिषु ॥ ७२॥
चिकित्सायामनिर्वेदस्तदारोग्यस्य लक्षणम् ।

આસપાસનાં માણસો શુભ (=પવિત્ર) આચરણવાળાં હોય, દરદી પોતે અમુક ઉપાયથી મટશે એવી શ્રદ્ધાવાળો અને અનુકૂળ હોય, જરૂરી દ્રવ્યોનો પુષ્કળ સંગ્રહ હોય, સત્ત્વ ગુણનાં લક્ષણનો સંયોગ થયો હોય, વૈદ્ય અને બ્રાહ્મણો તરફ ભક્તિભાવ હોય, ચિકિત્સા બાબતમાં ઉત્સાહ ભાંગી ન પડ્યો હોય એ આરોગ્યનું લક્ષણ છે.

(સત્ત્વગુણનાં લક્ષણ–નિર્મળતા, જ્ઞાન, આરોગ્ય વગેરે.)

આને શારીરસ્થાન કહેવાનું કારણ

इत्यत्र जन्ममरणं यतः सम्यगुदाहृतम् ॥ ७३ ॥
शरीरस्य ततः स्थानं शारीरमिदमुच्यते ॥ ७३½

અહીં (આ શારીરસ્થાનમાં) શરીરનાં જન્મ અને મરણ વિષે સારી રીતે (વિગતવાર) કહેવામાં આવ્યું છે, તેથી આ સ્થાનને શારીર-સ્થાન કહ્યું છે.

(આમ તો આખો આયુર્વેદ શરીર સાથે સંબંધ ધરાવે છે; છતાં પણ આ શારીરસ્થાનમાં ખુદ જન્મ (અ. ૧ થી ૪) અને મરણ (અ. ૫, ૬) વિષે વિચાર કરેલો હોવાથી આ સ્થાનમાં શરીર મુખ્ય હોવાથી આને શારીર-સ્થાન કહ્યું છે.)

इत्यष्टाङ्गहृदये सूत्रस्थाने द्वितीये शारीरस्थाने
दूतादिविज्ञानीयो नाम षष्ठोऽध्यायः ॥६॥

महर्षि वाग्भटकृत

अष्टांगहृदय

નિદાનસ્થાન

અધ્યાય ૧ લો

હેતુ (=નિદાન,) લિંગ (=લક્ષણ) અને ઔષધ (=ચિકિત્સા) એ ત્રણ સ્કંધ (=વિભાગ) આયુર્વેદનાં લક્ષણ છે. એ ત્રણેનું સૂત્રસ્થાનમાં સૂચન કર્યું. પછી હેતુ, લિંગ અને ઔષધના આધારરૂપ શરીરની ઉત્પત્તિ વગેરે કહેવા માટે શારીરસ્થાન લખ્યું. પછી શરીરરૂપી આધારને આધારે થતા રોગનાં હેતુ, લિંગ અને ઔષધ કહેવા માટે નિદાનસ્થાન અને ચિકિત્સાસ્થાન લખ્યાં છે. હેતુ અને લિંગ ઉપરથી રોગ પારખ્યા સિવાય ઔષધ કરી શકાય નહિ, તેથી પહેલા નિદાનસ્થાન અને પછી ચિકિત્સાસ્થાન એવો ક્રમ રાખ્યો છે. તેમાંયે બધા રોગોનું સામાન્ય કારણ જાણવાની પહેલી જરૂર હોવાથી પહેલો અધ્યાય 'સર્વરોગનિદાન'નો રાખ્યો છે.

अथातः सर्वरोगनिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે બધા રોગનું સામાન્ય કારણ સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

'રોગ' અર્થના શબ્દો

रोगः पाप्मा ज्वरो व्याधिर्विकारो दुःखमामयः ।
यक्ष्मातङ्कगदाबाधाः शब्दाः पर्यायवाचिनः ॥१॥

રોગ, પાપ્મા, જ્વર, વ્યાધિ, વિકાર, દુઃખ, આમય, યક્ષ્મા, આતંક, ગદ અને આબાધ એ પર્યાયવાચક (=એક જ અર્થના) શબ્દો છે. (એ બધા શબ્દોનો અર્થ 'રોગ' છે.)

રોગ પારખવાનાં સાધન

निदानं पूर्वरूपाणि रूपाण्युपशयस्तथा ।
सम्प्राप्तिश्चेति विज्ञानं रोगाणां पञ्चधा स्मृतम् ॥

નિદાન (રોગ થવાનું કારણ), પૂર્વરૂપો (શ્લોક ૩, ૩½, ૪), રૂપો (શ્લોક ૫), ઉપશય (શ્લોક ૫½થી ૬½) અને સંપ્રાપ્તિ (શ્લોક ૭½થી ૧૧) એ રોગ પારખવાનાં પાંચ પ્રકારનાં સાધન છે.

'નિદાન' અર્થવાળા બીજા શબ્દો

निमित्तहेत्वायतनप्रत्ययोत्थानकारणैः ।
निदानमाहुः पर्यायैः

નિમિત્ત, હેતુ, આયતન, પ્રત્યય, ઉત્થાન, કારણ એટલા શબ્દોનો અર્થ નિદાન (=રોગનું કારણ) થાય છે. એ શબ્દોથી 'નિદાન' કહે છે (=એ શબ્દો વપરાય ત્યારે 'નિદાન' અર્થ કરવો).

પૂર્વરૂપનું લક્ષણ

प्राग्रूपं येन लक्ष्यते ॥ ३ ॥
उत्पित्सुरामयो दोषविशेषेणानधिष्ठितः ।

અમુક દોષ કે દોષો કોઈ રોગનો કબજો લે તે પહેલાં થતાં જે લક્ષણોથી અગાઉથી એવું જાણી શકાય કે એ રોગ થવાનો છે તે લક્ષણો એ રોગનું પૂર્વરૂપ છે. (દા. ત. નિ. ૨/૬થી ૯½માં ગણાવેલાં લક્ષણો થાય છે તે ઉપરથી અમુક દોષને લીધે તાવ આવશે એવું અગાઉથી કહી શકાતું નથી; કારણ કે તે વખતે તાવ આણનાર દોષે રોગનો કબજો લીધેલો હોતો નથી, પણ એ લક્ષણો ઉપરથી એટલું તો કહી શકાય છે કે તાવ આવશે, બીજો કોઈ રોગ નહિ થાય.)

लिङ्गमव्यक्तमल्पत्वाद्व्याधीनां तद्यथायथम् ॥ ४ ॥

રોગોનાં પોતપોતાનાં લક્ષણ થોડાં હોવાથી (=બરાબર જોરમાં આવેલાં ન હોવાથી) જે અસ્પષ્ટ લક્ષણ થાય તેને તે તે રોગનું પૂર્વરૂપ કહે છે.

तदेव व्यक्ततां यातं रूपमित्यभिधीयते ।
संस्थानं व्यञ्जनं लिङ्गं लक्षणं चिह्नमाकृतिः ।५॥

એ જ પૂર્વરૂપ વ્યક્ત થાય (=દોષ આગળ પડીને પૂર્વરૂપનો કબજો લઈ લે) તેને (રોગનું) રૂપ (=સ્વરૂપ), સંસ્થાન, વ્યંજન, લિંગ, લક્ષણ, ચિહ્ન અને આકૃતિ કહે છે.

ઉપશય એટલે શું?

हेतुव्याधिविपर्यस्तविपर्यस्तार्थकारिणाम् ।
औषधान्नविहाराणामुपयोगं सुखावहम् ॥ ६ ॥
विद्यादुपशयं व्याधेः स हि सात्म्यमिति स्मृतः ।

રોગના હેતુ(=કારણ)થી વિરુદ્ધ, રોગથી વિરુદ્ધ અને (રોગનુ શમન કરવારૂપી) વિરુદ્ધ કાર્ય કરે એવાં જે ઔષધ, આહાર અને વિહારનો ઉપયોગ કરવાથી અમુક રોગમાં સુખ થાય તે ઔષધ, આહાર અને વિહારને તે રોગનો ઉપશય જાણવો. એ ઉપશયનુ જ શાસ્ત્રમાં રોગનું સાત્મ્ય (વ્યાધિસાત્મ્ય) એવું બીજું નામ છે. (આ શ્લોક બરાબર સમજવા માટે જુઓ. સૂ. ૮/૨૨થી ૨૪.)

અનુપશય એટલે શું?

विपरीतोऽनुपशयो व्याध्यसात्म्याभिसंज्ञितः ॥

એનાથી ઊંધાને (=અમુક રોગમાં જે આહાર, વિહાર અને ઔષધથી એ રોગ વધી પડે, દુઃખ થાય તે આહાર, વિહાર અને ઔષધને) અનુપશય કહે છે. અનુપશયનું બીજું નામ વ્યાધ્યસાત્મ્ય (રોગનું અસાત્મ્ય, રોગને માફક ન આવે તે) છે.

સંપ્રાપ્તિનું લક્ષણ

यथादुष्टेन दोषेण यथा चानुविसर्पता ।
निर्वृत्तिरामयस्यासौ सम्प्राप्तिर्जातिरागतिः ॥ ८ ॥

(દરેક રોગમા) દોષ કેવી રીતે બગડીને અને એ બગડેલો દોષ કેવી રીતે શરીરમાં પ્રસરીને તે તે રોગ કરે છે એ દોષ બગડવાની અને પ્રસરવાની રીતને સંપ્રાપ્તિ, જાતિ અને આગતિ કહે છે.

(દા. ત. નિ. ૨/૩થી ૫માં દોષ કેવી રીતે એટલે શાનાથી બગડીને અને બગડ્યા પછી કેવી રીતે પ્રસરીને અને પ્રસરતાંપ્રસરતાં શું શું કરીને છેવટે તાવ આણે છે તે કહ્યું છે, માટે એ હકીકતને તાવની સંપ્રાપ્તિ કહે છે.)

સંપ્રાપ્તિના ભેદ

सङ्ख्याविकल्पप्राधान्यबलकालविशेषतः ।
सा भिद्यते, यथाऽत्रैव वक्ष्यन्तेऽष्टौ ज्वरा इति ॥
दोषाणां समवेतानां विकल्पोंऽशांशकल्पना ।
स्वातन्त्र्यपारतन्त्र्याभ्यां व्याधेः
प्राधान्यमादिशेत् ॥ १० ॥
हेत्वादिकार्त्स्न्यावयवैर्बलाबलविशेषणम् ।
नक्तंदिनर्तुभुक्तांशैर्व्याधिकालो यथामलम् ॥ ११

સંખ્યા, વિકલ્પ, પ્રાધાન્ય, બલ અને કાલ એ પાંચના વિશેષપણાને લીધે એના (=સંપ્રાપ્તિના) પાંચ ભેદ છે. જેમ કે અહીં જ (=આ નિદાનસ્થાનમાં જ અધ્યાય ૨ શ્લોક ૨૬માં) કહેવામાં આવશે કે તાવ આઠ છે. વિકલ્પ એટલે ભેગા થયેલા દોષોની અંશાંશકલ્પના. (ભેગા થયેલા દોષોની) સ્વતંત્રતા અને પરતંત્રતા ઉપરથી રોગનું પ્રધાનપણુ (અને અપ્રધાનપણુ) કહેવું. હેતુ વગેરે(હેતુ, પૂર્વરૂપ, રૂપ, ઉપશય અને અનુપશય)ના સંપૂર્ણપણા અને અધૂરાપણાને લીધે રોગનાં બળ અને અબળની વિશિષ્ટતા થાય છે. રાતના અંશ (પ્રહર), દિવસના અંશ (પ્રહર), વરસના ઋતુરૂપી અંશ (વિભાગ) અને આહારના અંશને લીધે દોષ પ્રમાણે રોગનો (=રોગ વધવાઘટવાનો) સમય હોય છે.

(સંખ્યાસંપ્રાપ્તિ એટલે શું તે સમજાવવાને દાખલો આપ્યો છે કે 'તાવ આઠ છે.' તાવ આઠ છે, ઉધરસ પાંચ છે એમ દરેક રોગની સંખ્યા કેટલી છે તે ઉપરથી આપણે કેટલા દોષથી એ રોગ થાય છે તે જાણી શકીએ છીએ. દરદીમાં તાવનાં લક્ષણો જણાય તે ઉપરથી એને તાવનો રોગ થયો છે એમ જાણ્યા પછી એ કયો તાવ છે એ જાણવું જોઈએ; કેમ કે બરાબર ચિકિત્સા (ઉપાય) કરવા માટે તાવ

આવ્યો છે; એટલું જ જાણીને બેસી રહેવું બસ નથી પણ કયો તાવ આવ્યો છે તે પણ જાણવુ જોઈએ. હવે જો આપણે તાવ આઠ છે એવી તાવની સંખ્યા જાણતા હોઈએ તો તાવ કયા અને કેટલા દોષથી આવ્યો છે તે જાણી શકીએ. તાવ ઉત્પન્ન થાય છે ત્યારથી જ દોષોના ભેદને લીધે તાવના ભેદ થયેલા હોય છે. (=તાવ આવે છે ત્યારથી જ એ વાયુનો, પિત્તનો વગેરે આઠમાંથી એક હોય છે) તેથી તાવ કયો છે એ જાણવુ જોઈએ અને ઉપર સમજાવ્યા પ્રમાણે તાવની સંખ્યા તાવ કયો છે એ જાણવાના કારણરૂપ હોવાથી સંખ્યા પણ સંપ્રાપ્તિ છે. દોષો ઉપરથી રોગની સંખ્યા નક્કી થઈ શકે નહિ; કારણ કે દોષો ત્રણ જ હોવા છતાં અને ત્રણ દોષો એકલા જુદા જુદા કોપે અને ભેગા કોપે એ રીતે કુલ સાત થવા છતાં તાવ આઠ કેમ, શ્વાસ પાંચ કેમ એનો ખુલાસો દોષો ઉપરથી મળી શકતો નથી. વળી દોષો ઉપરથી રોગની સંખ્યા નક્કી કરવામાં આગંતુક રોગ અને લોહીથી થતા રક્તાતિસાર જેવા રોગ પણ રહી જાય, માટે દરેક રોગની સંખ્યા શાસ્ત્રમાં કેટલી નક્કી કરેલી છે તે બાબતનું જ્ઞાન રોગ કયો છે તે પારખવામાં કારણરૂપ હોવાથી સંખ્યા એ સંપ્રાપ્તિ છે.)

(દરેક દોષના અમુક ગુણ હોય છે (સૂ. ૧/૧૦૩થી ૧૧૩). દોષના જેટલા ગુણ ગણાવ્યા છે તેમાંના એક ગુણથી, બે ગુણથી, ત્રણ ગુણથી એમ કેટલા ગુણથી કે બધા ગુણથી એ દોષ કોપ્યો છે તે નક્કી કરવું તેને વિકલ્પ અથવા વિકલ્પના કહે છે. દોષ કોપનાનાં આહાર-વિહારરૂપી કારણો જાતજાતનાં હોય છે તેથી દોષનો પ્રકોપ પણ જાતજાતનો થાય છે. દા. ત. વાયુના છયે ગુણ તૂરાશમાં અને વટાણામાં હોય છે; તેથી તૂરાશ અને વટાણા વાયુના બધા અંશો(=ગુણો)થી વાયુનો વધારો કરે છે. તાંદળજામાં લૂખાશ, ઠંડાપણુ અને હલકાપણુ એ ત્રણ વાયુના ગુણો હોવાથી તાદળજો વાયુના ત્રણ અંશથી વાયુમાં વધારો કરે છે. એખરામાં લૂખાશ અને ઠંડાપણુ એ બે વાયુના ગુણો છે, તેથી એખરો વાયુના બે અંશ-(=ગુણો)થી વાયુમાં વધારો કરે છે. સીધુ નામના દારૂમાં લૂખાશ એ વાયુનો એક જ ગુણ છે તેથી સીધુ વાયુના એક અંશ(=ગુણ)થી વાયુમાં વધારો કરે છે. આ પ્રમાણે પિત્ત અને કફના વધારા માટે પણ સમજવું. (વિગત માટે જુઓ માધવનિદાન પર મધુકોશી વ્યાખ્યા.) કેટલા દોષ કેટલા અંશે કોપ્યા છે તેની કલ્પનાને અંશાંશકલ્પના અથવા વિકલ્પ કહે છે. વિકલ્પ કરવાથી પણ તાવ વગેરે રોગો ઓળખાય છે, માટે વિકલ્પ પણ સંપ્રાપ્તિ છે.)

(ભેગા થયેલા દોષો સ્વતંત્ર છે કે પરતંત્ર છે તે ઉપરથી રોગ પ્રધાન (=મુખ્ય) છે કે અપ્રધાન (=ગૌણ) છે તે કહી શકાય છે. જો દોષ પોતાના કોપવાનાં કારણોને લીધે કોપ્યો હોય તો તે સ્વતંત્ર કોપ્યો છે એમ કહેવાય છે, પણ જો એક દોષ બીજા દોષથી કોપ્યો હોય તો તે પરતંત્ર કોપ્યો છે એમ કહેવાય છે. રોગ કરનાર દોષ સ્વતંત્ર કોપ્યો હોય તો તે રોગ પ્રધાન (=મુખ્ય) રોગ કહેવાય છે અને રોગ કરનાર દોષ પરતંત્ર કોપ્યો હોય તો તે રોગ ગૌણ કહેવાય છે એવું જ્ઞાન દોષોની સ્વતંત્રતાથી અને પરતંત્રતાથી થતું હોવાથી દોષની સ્વતંત્રતા અને પરતંત્રતા પણ સંપ્રાપ્તિ છે.)

(દરેક રોગના પોતપોતાના નિદાનના અધ્યાયમાં જે રોગના જેટલા હેતુ, પૂર્વરૂપ, રૂપ, ઉપશય અને અનુપશય કહ્યાં હોય તે દરેક સંપૂર્ણપણે–પૂરેપૂરાં તે રોગમાં અનુભવાય છે કે અધૂરાં તે ઉપરથી રોગનુ બળ (=જોર) અને અબળ (=કમજોરી) નક્કી કરી શકાય છે, તેથી હેતુ વગેરેનુ સંપૂર્ણપણુ અને અધૂરાપણુ પણ સંપ્રાપ્તિ છે. દા. ત. બધા કારણોને લીધે રોગ થયો હોય, પૂર્વરૂપનાં અને રૂપનાં બધાં લક્ષણો જણાતાં હોય, બધા ઉપશય સામટા અજમાવવાથી જ દરદીને સુખ થતું હોય અને એકાદ અનુપશય પણ અજમાવવાથી દરદીને દુઃખ થતું થતું હોય તો રોગ બળવાન છે એમ સમજવુ.)

(રોગ કયે સમયે વધે છે અને કયે સમયે ઘટે છે તે ઉપરથી પણ રોગ કયા દોષની થયો છે તે જાણી શકાય છે, માટે રોગ વધવાનો અને ઘટવાનો સમય પણ સંપ્રાપ્તિ છે. રાત્રે, દહાડે, ઋતુઓમાં અને ખાધાપીધા પછી અમુક દોષ અમુક વખતે જ અને અમુક ઋતુમાં જ કોપે છે તે ઉપરથી રોગ કયા દોષથી થયો છે તે જાણી શકાય છે વધુ વિગત માટે જુઓ સૂ. ૧/૭૬.)

નિદાન એટલે શું?

इति प्रोक्तो निदानार्थ

આ રીતે (શ્લોક ૨૬થી ૧૧ સુધી) નિદાનનો અર્થ કહ્યો (નિદાન=૧ રોગ થવાનું કારણ, ૨ રોગ ઓળખવાના પાંચે સાધન–હેતુ, પૂર્વરૂપ, રૂપ, ઉપશય અને સંપ્રાપ્તિ. આ બંને અર્થમાં શ્લોક ૨૬થી ૧૧ સુધીમાં નિદાનનો અર્થ કહ્યો)

तं व्यासेनोपदेक्ष्यति ।

એ નિદાન વિસ્તારપૂર્વક કહેશે. (દરેક રોગનું પોતપોતાનું નિદાન તે રોગના નિદાનના અધ્યાયમાં તથા કેટલુંક સામાન્ય નિદાન હવે આ અધ્યાયમાં કહેશે)

બધા રોગોનું કારણ: દોષોના પ્રકોપનું કારણ

सर्वेषामेव रोगाणा निदानं कुपिता मला ॥ १२
तत्प्रकोपस्य तु प्रोक्त विविधाहितसेवनम् ।

બધાય રોગોનું કારણ કોપેલા મળ (=દોષો) છે દોષોના પ્રકોપનું કારણ જાતજાતનું કુપથ્ય કરવું એ છે એમ કહ્યું છે

અહિત (=કુપથ્ય) એટલે શું?

अहितं त्रिविधो योगस्त्रयाणा प्रागुदाहृत ॥१३

કાળ, અર્થ અને કર્મ એ ત્રણનો (હીન, મિથ્યા અને અતિ એ) ત્રણ પ્રકારનો યોગ એટલે અહિત (=કુપથ્ય) એવું અગાઉ (સૂ. ૧૨/૩૪થી ૪૨માં) કહેવાઈ ગયું છે

વાયુ શાથી અને ક્યારે કોપે છે?

तिक्तोषणकषायाल्परूक्षप्रमितभोजनै ।
धारणोदीरणनिशाजागरात्युच्चभाषणै ॥ १४ ॥
क्रियातियोगभीशोकचिन्ताव्यायाममैथुनै ।
ग्रीष्माहोरात्रिभुक्तान्ते प्रकुप्यति समीरण ॥१५॥

કડવું, તીખું, તૂરું, થોડું, લૂખું, મોડું ખાવાપીવાથી, વેગોને રોકવાથી અને પરાણે આણવાથી, રાતે ઉજાગરો કરવાથી, બહુ ઊંચેથી (ઊંચે અવાજે) બોલવાથી, (વમન, વિરેચન, આસ્થાપન બસ્તિ વગેરે) ક્રિયાઓના અતિ યોગથી, ભય, શોક, ચિંતા (કે વિચાર), કસરત અને મૈથુનથી, તથા ગ્રીષ્મના અંતમાં (=વર્ષાઋતુમાં), (રોજ) દિવસના છેલ્લા પહોરમાં, રાતના છેલ્લા પહોરમાં અને ખાધેલાને અંતે (=ખાધુંપીધું પચી જાય ત્યારે) વાયુનો પ્રકોપ થાય છે.

પિત્ત શાથી અને ક્યારે કોપે છે?

पित्तं कट्वम्लतीक्ष्णोष्णपटुक्रोधविदाहिभि ।
शरन्मध्याह्नरात्र्यर्धविदाहसमयेषु च ॥ १६ ॥

તીખું, ખાટું, તીક્ષ્ણ, ગરમ અને ખારું ખાવાપીવાથી, ક્રોધથી, વિદાહી દ્રવ્યોથી તથા શરદઋતુમાં, (રોજ) બપોરે, મધરાતે અને ખાધેલાના મધ્યમાં (=ખાધુંપીધું પચતું હોય ત્યારે) પિત્તનો પ્રકોપ થાય છે.

કફ શાથી અને ક્યારે કોપે છે?

स्वाद्वम्ललवणस्निग्धगुर्वभिष्यन्दिशीतलै ।
आस्याम्प्रसुखाजीर्णदिवास्वप्नातिबृंहणै ॥ १७॥
प्रच्छर्दनाद्ययोगेन भुक्तमात्रवसन्तयो ।
पूर्वाह्णे पूर्वरात्रे च श्लेष्मा

ગળ્યું, ખાટું, ખારું, સ્નિગ્ધ, ભારે, અભિષ્યન્દી અને ઠંડા પદાર્થોના ઉપયોગથી (=ખાવાપીવાથી અને બીજી રીતે વાપરવાથી), બેસી રહેવાથી, બહુ ઊંઘવાથી, સુખથી, અજીર્ણથી દહાડે ઊંઘવાથી, બહુ બૃંહણ કરવાથી, વમન વગેરે ક્રિયાઓનો અયોગ થવાથી, તથા (રોજ) ખાધાપીધા પછી તરત, વસંતઋતુમાં, રોજ સવારે (=દિવસના પહેલા પહોરમાં) અને રોજ પહેલી રાતે (=રાતના પહેલા પહોરમાં) કફનો પ્રકોપ થાય છે

બે દોષ ભેગા શાથી અને ક્યારે કોપે છે?

द्वन्द्व तु सङ्करात् ॥ १८॥

બે દોષ કોપાવે એવા કારણો ભેગા થવાથી

એ દોષ કોપે છે. (દા. ત. શ્લોક ૧૩૩થી ૧૫-વાળાં અને શ્લોક ૧૫૩, ૧૬વાળાં કારણો ભેગાં થાય છે, ત્યારે વાયુ અને પિત્ત સાથે કોપે છે.)

ત્રણે દોષ ભેગા શાથી અને ક્યારે કોપે છે?

मिश्रीभावात्समस्तानां सन्निपातस्तथा पुनः ।
सङ्कीर्णाजीर्णविषमविरुद्धाध्यशनादिभिः ॥ १९ ॥
व्यापन्नमद्यपानीयशुष्कशाकाममूलकैः ।
पिण्याकमृद्यवसुरापूतिशुष्ककृशामिषैः ॥ २० ॥
दोषत्रयकरैस्तैस्तैस्तथाऽन्नपरिवर्तनात् ।
ऋतोर्दुष्टात्पुरोवाताद्ग्रहावेशाद्विषाद्गरात् ॥२१॥
दुष्टान्नात् पर्वताश्लेषाद्ग्रहैर्जन्मर्क्षपीडनात् ।
मिथ्यायोगाच्च विविधात्पापानां च निषेवणात् ॥ २२ ॥
स्त्रीणां प्रसववैषम्यात्तथा मिथ्योपचारतः ।

બધા (ત્રણે) દોષને કોપાવનારાં કારણો (શ્લોક ૧૩૩થી ૧૭૩ સુધીનાં) ભેગાં થવાથી, તથા વળી સંકીર્ણાશન, અજીર્ણાશન, વિષમાશન, વિરુદ્ધાશન, અધ્યશન (+ રાતવાસી ખાવાથી, પચપચુ થઈ ગયેલુ હોય એવુ ખાવાથી) વગેરે પ્રકારનુ ભોજન કરવાથી; વ્યાપન્ન (=જેના કુદરતી રગ અને ગંધ જતા રહ્યા હોય એવો અને પચપચો તથા ગધાતો) દારૂ પીવાથી, વ્યાપન્ન પાણી પીવાથી, શાકની સૂકવણી, કાચા મૂળા, ખોળ, માટી, જવ, સુરા, ગંધાતુ માંસ, સૂકું માંસ, કૃશ (ધાતુઓ ઓછી હોય એવુ, સ્નાયુ પુષ્કળ હોય એવું, જેમાં હાડકાં સિવાય બીજો ભાગ બહુ ન હોય એવું) માંસ ખાવાપીવાથી, ત્રણે દોષને કોપાવનારા તે તે(આહાર, વિહાર તથા ક્રિયા)થી, આહારમાં ફેરફાર કરવાથી (=વેચાતુ અન્ન ખાવાપીવાથી અને માફક આવતુ અન્ન છોડી દઈને માફક ન આવેલુ હોય તેવું ખાવા-પીવાથી), ઋતુ બગડવાથી (=ઋતુના હીન, મિથ્યા અને અતિયોગથી), સામેથી વાતા પવનથી, (દેવ, દૈત્ય, ગંધર્વ વગેરે) ગ્રહોના આવેશથી (શરીરમાં ભરાવાથી), ઝેરથી, કૃત્રિમ ઝેરથી, બગડેલા અન્નપાનથી, પર્વત પાસે રહેવાથી, સૂર્ય વગેરે ગ્રહો નડવાથી, જન્મનક્ષત્ર નડવાથી, અનેક જાતના (રસાયન, સ્નેહન, સ્વેદન, વિરેચન વગેરેના) મિથ્યાયોગથી, પાપ કરવાથી. સ્ત્રીઓ સુવાવડમાં (=બાળક અવતરતાં) બહુ કષ્ટાય તેથી તથા સુવાવડમાં ખોટા ઉપચાર થવાથી બધા (ત્રણે) દોષોનો સંનિપાત થાય છે (=ત્રણે દોષ સાથે કોપે છે).

કોપેલો દોષ શી રીતે રોગ કરે છે?

प्रतिरोगमिति क्रुद्धा रोगाधिष्ठानगामिनीः ॥२३
रसायनीः प्रपद्याशु दोषा देहे विकुर्वते ॥२३३॥

દરેક રોગમાં આ પ્રમાણે (=શ્લોક ૧૩૩-થી ૨૨૩માં કહ્યા પ્રમાણે) કોપેલા દોષો જે જગ્યાએ રોગ થવાનો હોય તે જગાએ જતી નાડીઓમાં ઝટ ચડી જઈને શરીરમાં રોગ કરે છે. ('રોગનાં સ્થાન તરફ જનારી' એ શબ્દોનો એવો પણ અર્થ થાય છે કે 'રોગનાં સ્થાન (=રસ, લોહી વગેરે ધાતુઓ) તરફ જનારી.')

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने सर्वरोगनिदानं नाम प्रथमोऽध्यायः ॥ १ ॥

અધ્યાય બીજો

બધા રોગોનું સામાન્ય નિદાન કહ્યા પછી હવે દરેક રોગનું પોતપોતાનું નિદાન કહેવાનુ છે. તેમા બધા રોગોમા તાવ મુખ્ય હોવાથી પહેલુ તાવનું નિદાન કહે છે.

अथातो ज्वरनिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે તાવનું નિદાન સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ज्वरो रोगपतिः पाप्मा मृत्युरोजोशनोऽन्तकः ।
क्रोधो दक्षाध्वरध्वंसी रुद्रोर्ध्वनयनोद्भवः ॥ १ ॥
जन्मान्तयोर्मोहमयः सन्तापात्माऽपचारजः ।
विविधैर्नामभिः क्रूरो नानायोनिषु वर्तते ॥ २ ॥

રોગપતિ (રોગોમા મુખ્ય), પાપ્મા (પાપી), મૃત્યુ, ઓજોશન (બધી ધાતુને પોષનાર ઓજ-

સને ખાઈ જનાર), અન્તક (યમ), ક્રોધ (દક્ષ પ્રજાપતિથી અપમાનિત થયેલા ભગવાન શંકરના કપાળમાંથી નીકળેલો ક્રોધ), દક્ષના યજ્ઞનો નાશ કરનાર, રુદ્રની ત્રીજી આંખમાંથી જન્મેલો, જન્મવખતે અને મરણવખતે મૂર્છા-રૂપે આવતો, સંતાપરૂપ, અપચાર (=કુપથ્ય)-ને લીધે જન્મેલો ક્રૂર તાવ (પશુપંખી વગેરે) જુદી જુદી યોનિઓમાં જુદે જુદે નામે હોય છે.

(હાથીઓના તાવને પાકલ, ઘોડાના તાવને અભિતાપ, ગાયોના તાવને ગોકર્ણક, પક્ષીઓના તાવને મકર, કૂતરાના તાવને અલર્ક, પાણીમાં જન્મેલા પ્રાણીઓના તાવને ઇંદ્રમૃદ, વનસ્પતિના તાવને જ્યોતિ, ધાનના તાવને ચૂર્ણક, પાણીના તાવને નીલિકા, જમીનના તાવને ઊષ અને માણસોના તાવને જ્વર કહે છે.)

તાવના ભેદ: તાવ કેટલા?

स जायतेऽष्टधा दोषैः पृथग्मिश्रैः समागतैः।
आगन्तुश्च

એ (તાવ) આઠ છે (=આઠ રીતે આવે છે): એકલા વાયુથી, એકલા પિત્તથી, એકલા કફથી, બે દોષ ભેગા થવાથી (=વાતપિત્તથી, વાતકફથી અને પિત્તકફથી), ત્રણે દોષ ભેગા થવાથી અને આગંતુક.

તાવની સંપ્રાપ્તિ

मलास्तत्र स्वैः स्वैर्दुष्टाः प्रदूषणैः ॥ ३ ॥
आमाशयं प्रविश्याममनुगम्य पिधाय च।
स्रोतांसि पक्तिस्थानाच्च निरस्य ज्वलनं बहिः।
सह तेनाभिसर्पन्तस्तपन्तः सकलं वपुः।
कुर्वन्तो गात्रमत्युष्णं ज्वरं निर्वर्तयन्ति ते ॥ ५॥

તેમાં (નિ. ૧/૧૩થી ૨૨વાળા) પોતપોતાને બગાડનારા કારણોથી બગડેલા, હોજરીમાં દાખલ થઈને 'આમ'ની પાછળ જઈને (=આમ સાથે ભળી જઈને) પચવાના સ્થાનમાંથી (=ગ્રહણીમાંથી) જઠરાગ્નિને બહાર કાઢીને તેની સાથે (=બહાર નીકળેલા અગ્નિ સાથે) ચારે પાસ ફરતા, આખા શરીરમાં પીડા કરતા અને શરીરને બહુ ગરમ કરી દેતા (શરીરની સામાન્ય ગરમીમાં વધારો કરતા) દોષો તાવ આણે છે.

તાવનું પૂર્વરૂપ

स्रोतोविबन्धात्प्रायेण ततः स्वेदो न जायते।
तस्य प्राग्रूपमालस्यमरतिर्गात्रगौरवम् ॥ ६ ॥
आस्यवैरस्यमरुचिर्जृम्भा सास्राकुलाक्षिता।
अङ्गमर्दोऽविपाकोऽल्पप्राणता बहुनिद्रता ॥ ७॥
रोमहर्षो विनमनं पिण्डिकोद्वेष्टनं क्लमः।
हितोपदेशेष्वक्षान्तिः प्रीतिरम्ललवणकटूषणे ॥ ८ ॥
द्वेषः स्वादुषु भक्ष्येषु तथा बालेषु तृड् भृशम्।
शब्दाग्निशीतवाताम्बुच्छायोष्णेष्वनिमित्ततः ॥
इच्छा द्वेषश्च

આળસ, અણગમો (=બેચેની), શરીર ભારે થઈ જાય, મોંનો સ્વાદ બગડી જાય, અરુચિ, બગાસાં, આંખમાં પાણી આવે, આંખ આકુળવ્યાકુળ રહે, શરીર કસમોડા ખાય (ચૂંથાગ થાય), ખાધુંપીધું પચે નહિ, બળ ઘટી જાય, બહુ ઊંઘ આવે, રૂંવાડાં ઊભાં થાય, શરીર ટટાર ન રહી શકે (=શરીર ઢીલું થઈ જાય), પગની પિંડીઓમાં કળતર થાય, કંટાળો, હિતની શિખામણ સાંખી ન શકાય, ખટાશ, ખારાશ અને તીખાશ માટે ભાવ થાય; ગળ્યાં ભોજન તથા બાળકો માટે અભાવ થાય, બહુ તરસ લાગે; અવાજ, અગ્નિ, ઠંડક, પવન, પાણી, છાંયડો અને ગરમીની ઇચ્છા અને અભાવ કંઈ કારણ વિના જ થાય—આ એનું (તાવનું) પૂર્વરૂપ છે.

तदनु ज्वरस्य व्यक्तता भवेत्।

ત્યાર પછી (=પૂર્વરૂપ થઈ રહ્યા પછી) તાવ વ્યક્ત થાય છે (=આઠ તાવમાંથી કયો તાવ છે તે સમજાય એવાં લક્ષણોવાળો થઈને પ્રકટ થાય છે).

વાયુના તાવનાં લક્ષણ

आगमापगमक्षोभमृदुतावेदनोष्मणाम् ॥ १० ॥
वैषम्यं तत्रतत्राङ्गे तास्ताः स्युर्वेदनाश्चलाः।
पादयोः सुप्तता स्तम्भः पिण्डिकोद्वेष्टनं श्रम ॥
विश्लेष इव सन्धीनां साद ऊर्वोः कटीग्रहः।
पृष्ठं क्षोदमिवाप्नोति निष्पीड्यत इवोदरम् ॥ १२
छिद्यन्त इव चास्थीनि पार्श्वगानि विशेषत.।
हृदयस्य ग्रहस्तोदः प्राजनेनेव वक्षस. ॥ १३॥

તાવનાં લક્ષણ છે.

તાવના વખત ઉપરથી તાવ ઓળખવાની રીત

काले यथास्वं सर्वेषां प्रवृत्तिर्वृद्धिरेव वा ।

જે દોષનો તાવ હોય તે દોષનો પ્રકોપ થવાને વખતે બધા તાવ શરૂ થાય છે (=આવવા માંડે છે) કે વધે છે. (તાવ કયા દોષનો છે તે આ રીતે પારખી શકાય છે.)

ઉપશય અને અનુપશયથી તાવ ઓળખવાની રીત

निदानोक्तानुपशयो विपरीतोपशायिता ।

નિ. ૧/૧૩૩ થી ૨૨૩ સુધીમાં દોષને કોપાવનારાં પોતપોતાનાં કારણો કહ્યાં છે તે અનુપશય છે (=તાવમાં વાયુને કોપાવનારાં કારણોનો ઉપયોગ કરીએ તેથી જો દુઃખ વધી પડે તો વાયુનો તાવ છે એમ જાણવું). એનાથી ઊંધું (દોષનું શમન કરનારાં કારણો) વાપરવાથી જો સુખ થાય તો શમન થયેલો દોષનો તાવ છે એમ જાણવું. (દરેક દોષને મટાડવાના ઉપચાર સૂ. અ. ૧૩ મા કહ્યા છે.)

બે ભેગા દોષના તાવનાં લક્ષણ

यथास्वं लिङ्गसंसर्गे ज्वरः संसर्गजः

બે દોષ કોપવાનાં લક્ષણો ભેગાં હોય ત્યારે એ ભેગા દોષનો તાવ હોય છે.

વાતપિત્તના તાવનાં લક્ષણ

अपि च ॥ २३ ॥

शिरोर्तिमूर्च्छावमिदाहमोह-
कण्ठास्यशोषारतिपर्वभेदाः ।
उन्निद्रतातृड्भ्रमरोमहर्षा
जृम्भातिवाक्त्वं च चलात्सपित्तात् ॥२४

વાયુ અને પિત્ત સાથે કોપવાથી આવેલા તાવમાં માથું દુખે, મૂર્છા, ઊલટી, બળતરા, ઉદાસીનપણું, ગળું સુકાય, મોં સુકાય, અણગમો, સાંધા તૂટે, ઊંઘ ઊડી જાય, તરસ, ફેર, રૂંવાડાં ઊભાં થાય, બગાસાં અને બહુ બોલબોલ કરે.

કફવાતના તાવનાં લક્ષણ

तापहान्यरुचिपर्वशिरोरुक्
पीनसश्वसनकासविबन्धाः ।
शीतजाड्यतिमिरभ्रमतन्द्राः
श्लेष्मवातजनितज्वरलिङ्गम् ॥ २५ ॥

તાવની ગરમી થોડી હોય, અરુચિ, સાંધામાં પીડા, માથું દુખે, સળેખમ, હાંફ, ઉધરસ; ઝાડો, પેશાબ વગેરે ન થાય; ટાઢ વાય, જડતા, આંખે અંધારાં આવે, ફેર અને સુસ્તી (=ઘેન) એ કફ અને વાયુ ભેગા કોપવાથી આવેલા તાવનાં લક્ષણ છે,

કફપિત્તના તાવનાં લક્ષણ

शीतस्तम्भस्वेददाहाव्यवस्था
तृष्णाकासश्लेष्मपित्तप्रवृत्तिः ।
मोहस्तन्द्रालिप्ततिक्तास्यता च
ज्ञेयं रूपं श्लेष्मपित्तज्वरस्य ॥ २६ ॥

ટાઢ (=ઠંડક), સ્તંભ, પરસેવો અને બળતરા એ ચાર બાબતોનો કંઈ નિયમ ન રહે (કોઈ વાર ટાઢ વાય તો કોઈ વાર બળતરા બળે, કોઈ વાર સ્તંભ થાય તો કોઈ વાર પરસેવો થાય); તરસ લાગે, ઉધરસ આવે, કફ અને પિત્ત નીકળે, મોહ, ઘેન, મોં ચીકણું (કફથી લીંપાયેલું) અને કડવું હોય, એ કફ અને પિત્ત ભેગાં કોપ્યાથી આવેલા તાવનું રૂપ જાણવું.

સંનિપાતજ્વરનાં લક્ષણ

सर्वजो लक्षणैः सर्वैर्दाहोऽत्र च मुहुर्मुहुः ।
तद्वच्छीतं महानिद्रा दिवा जागरणं निशि ॥२७
सदा वा नैव वा निद्रा महास्वेदोऽति नैव वा ।
गीतनर्तनहास्यादिविकृतेहाप्रवर्तनम् ॥ २८ ॥
साश्रुणी कलुषे रक्ते भुग्ने लुलितपक्ष्मणी ।
अक्षिणी पिण्डिकापार्श्वमूर्धपर्वास्थिरुग्भ्रमः ॥
सस्वनौ सरुजौ कर्णौ कण्ठः शूकैरिवावृतः ।
परिदग्धा खरा जिह्वा गुरुः स्रस्ताङ्गसन्धिता ॥
रक्तपित्तकफष्ठीवो लोलनं शिरसोऽतिरुक् ।
कोठानां श्यावरक्तानां मण्डलानां च दर्शनम् ॥
हृद्व्यथा मलसंसङ्गः प्रवृत्तिर्वाऽल्पशोऽति वा ।
स्निग्धास्यता बलभ्रंशः स्वरसादः प्रलापिता ॥
दोषपाकश्चिरात्तन्द्रा प्रततं कण्ठकूजनम् ।

બધા (ત્રણે) દોષથી ઉત્પન્ન થયેલો તાવ બધાં (ત્રણે દોષનાં) લક્ષણોવાળો હોય છે. અને એમાં વારંવાર બળતરા થાય છે, તે જ પ્રમાણે (=વારંવાર) ટાઢ વાય છે, દિવસે

બહુ ઊંઘ આવે છે અને રાતે ઉજાગરો થાય છે કે આખો દહાડો અને રાત ઊંઘ્યા કરે છે કે સમૂળગી ઊંઘ આવતી નથી, કાં તો પુષ્કળ પરસેવો થાય છે કે સમૂળગો પરસેવો થતો નથી; ગાવાની, નાચવાની અને હસવાની બેહૂદી ચેષ્ટા કરે; આંખો આંસુવાળી, મેલી (ડહોળી), લાલ, વાંકી અને વીખરાયેલી (ચૂંથાઈ ગયેલી) પાંપણોવાળી હોય છે; પિંડીઓમાં, પડખાંમાં, માથામાં, પર્વમાં અને હાડકાંમાં પીડા થાય છે, ફેર આવે છે, કાનમાં અવાજ થાય છે અને પીડા થાય છે, ગળામાં જાણે કાંટાકાંટા પડી જાય છે, જીભ બાળી (=દાઝ્યા જેવી) અને ખર અને ભારે થઈ જાય છે, શરીરના સાંધા ઢીલા પડી જાય છે, (દરદી) લોહી, પિત્ત અને કફ થૂંકે છે, માથું (ડાબાજમણી) ડોલે છે, બહુ દરદ થાય છે, ઢીમડાં અને બદામી રંગનાં અને રાતાં ચકામાં દેખાય છે. હૃદયમાં પીડા થાય છે, મળ ખાઝી જાય છે (=નીકળતા નથી) અથવા મળ થોડેથોડે નીકળે છે કે બહુ નીકળે છે, મોં ચીકણું રહે છે, બળ ઓછું થઈ જાય છે, અવાજ નરમ પડી જાય છે, દરદી લવરી કરે છે, લાંબે વખતે દોષો પાકે છે, ઘેન રહે છે, ગળામાંથી ઘરેડા જેવો સતત અવાજ થાય છે.

સંનિપાતનાં બીજાં બે નામ

સન્નિપાતમભિન્યાસં તં બ્રૂયાચ્ચ હતૌજસમ્ ॥૩૩॥

તે સંનિપાતને અભિન્યાસ અને હતૌજસ કહેવો.

અસાધ્ય સંનિપાતજ્વરનાં લક્ષણ

दोषे विबद्धे नष्टेऽग्नौ सर्वसम्पूर्णलक्षणः ।
असाध्यः

જ્યારે દોષોનો વિબંધ થાય (=દોષ કાચા ને કાચા પડ્યા રહે અને નીકળે નહિ), જઠરાગ્નિ (વધારે) હોલવાય, ત્યારે સંનિપાતજ્વરનાં બધાં લક્ષણો જણાતાં હોય એવો સંનિપાતજ્વર અસાધ્ય છે.

सोऽन्यथा कृच्छ्रो भवेद्वैकल्यदोऽपि वा ॥ ३४ ॥

નહિ તો (=જો બધાં લક્ષણો ન જણાતાં હોય પણ થોડાં લક્ષણો જણાતાં હોય તો) સંનિપાતજ્વર દુઃસાધ્ય હોય છે; અથવા દુઃસાધ્ય હોવા ઉપરાંત કંઈ ખોડ પણ આણે છે.

શીતાદિ અને દાહાદિ સંનિપાત

सन्यश्च सन्निपातोन्यो

यत्र पित्तं पृथक् स्थितम् ।
त्वचि कोष्ठेऽथवा दाहं विदधाति पुरोऽनु वा ॥
तद्वद्वातकफौ शीतं दाहादिर्दुस्तरस्तयोः ।

અને વળી સંનિપાતથી (=ત્રણે દોષ સાથે કોપવાથી) ઉત્પન્ન થયેલો (બીજો એક એવો) તાવ છે કે જેમાં વાયુ અને કફથી અલગ રહેલું પિત્ત કોઈક વાર ચામડીમાં તો કોઈક વાર કોઠામાં પહેલાં કે પછી બળતરા કરે છે. તે જ પ્રમાણે પિત્તથી અલગ રહેલા કફ અને વાયુ કોઈક વાર ચામડીમાં તો કોઈક વાર કોઠામાં પહેલાં કે પછી ઠંડક આણે છે (=ચામડી કે કોઠો ઠંડો પડી જાય છે). આ બંને જાતના સંનિપાતમાંથી દાહાદિ સંનિપાત મટવો બહુ મુશ્કેલ છે. (ચામડીમાં રહેલું પિત્ત બહાર વધારે અને અંદર ઓછી બળતરા કરે છે; કોઠામાં રહેલું પિત્ત અંદર વધારે અને બહાર ઓછી બળતરા કરે છે. તે જ પ્રમાણે ચામડીમાં રહેલા વાયુ અને કફ બહાર વધારે અને અંદર ઓછી ઠંડક આણે છે, કોઠામાં રહેલા કફ અને વાયુ બહાર ઓછી અને અંદર વધારે ઠંડક આણે છે.)

શીતાદિ સંનિપાત

शीतादौ तत्र पित्तेन कफे स्यन्दितशोषिते ॥३६
शीते शान्तेऽम्लको मूर्च्छा मदस्तृष्णा च जायते ।

શીતાદિ સંનિપાતમાં પિત્ત વડે કફ ઓગળે અને સુકાઈ જાય અને ટાઢ મટે (એટલે બળતરા થાય), ત્યારે ખાટા ઓડકાર, મૂર્ચ્છા, કેફ અને તરસ એ ચાર ઉપદ્રવો થાય છે.

દાહાદિ સંનિપાત

दाहादौ पुनरन्ते स्युस्तन्द्राष्ठीववमिक्लमाः ॥३७

પણ દાહાદિ સંનિપાતમાં (દાહ થઈ રહે પછી) અંતે (જયારે દાહ (બળતરા) કરનારે પિત્તથી ઓગળેલા કફથી જ પિત્ત શાંત

પડે છે. ત્યારે કફ વધી પડવાથી) ઘેન, લાળ (અને થૂક), ઊલટી (અને ઊબકા) અને કંટાળો એ ચાર ઉપદ્રવો થાય છે.

આગંતુ જ્વરના પ્રકાર

आगन्तुरभिघाताभिषङ्गशापाभिचारतः ।
चतुर्धा

આગંતુ જ્વર ચાર છે અભિઘાતજ (=શ્લોક ૩૮,૩૮½), અભિષંગજ (શ્લોક ૩૯½), શાપજ (=બ્રાહ્મણ, ગુરુ, વૃદ્ધ અને સિદ્ધ પુરુષોના શાપથી આવેલો) અને અભિચારજ (મૂઠ મારવી વગેરે જંતરમંતર કરવાથી આવેલો).

અભિઘાતજ જ્વરનાં કારણ તથા લક્ષણ

अत्र क्षतच्छेददाहाद्यैरभिघातज ॥ ३८ ॥
श्रमाच्च

એમા અભિઘાતનો તાવ ઘા પડવાથી, કપાવાથી, દાઝવાથી વગેરે કારણોથી તથા થાક (મહેનત)ને લીધે આવે છે.

तस्मिन्पवन प्रायो रक्तं प्रदूषयन् ।
सव्यथाशोफवैवर्ण्यं सरुजं कुरुते ज्वरम् ॥३९॥

તેમા (=અભિઘાતના તાવમા) સામાન્ય રીતે વાયુ લોહીને બગાડીને પીડા, સોજા અને શરીરનો રંગ બગડે એ ત્રણવાળો તથા (એકલી) પીડાવાળો તાવ આણે છે. (આયુર્વેદરસાયન ટીકા પ્રમાણે ઘા પડવાથી, કપાવાથી અને દાઝવા વગેરેથી કોપેલો વાયુ પહેલી જાતનો અને મહેનતથી કોપેલો વાયુ બીજી જાતનો તાવ આણે છે.)

અભિષંગજ જ્વરનાં કારણ તથા લક્ષણ

ग्रहावेशौषधिविषक्रोधभीशोककामज. ।
अभिषङ्गात्

ગ્રહથી (ઉ. અ. ૩), આવેશથી (ભૂતના વળગાડથી. ઉ. અ. ૪), દવાથી, ઝેરથી, ક્રોધથી, બીકથી, શોકથી અને કામથી (=વિષયવાસનાથી) આવેલો તાવ અભિષંગથી આવેલો તાવ છે. ('ગ્રહાવેશ' શબ્દ ભેગો લઈએ તો 'ગ્રહનો આવેશ' એવો અર્થ કરવો.)

ग्रहेणास्मिन्नकस्माद्धासरोदने ॥ ४० ॥

એમા (=અભિષંગજ તાવમા) ગ્રહથી અને વળગાડથી આવેલા તાવમા દરદી કંઈ કારણ વિના હસે છે અને રુએ છે.

ओषधीगन्धजे मूर्च्छा शिरोरुग्वमथु' क्षव ।

દવાની ગંધને લીધે આવેલા તાવમા મૂર્છા, માથું દુખે, ઊલટી અને છીંક એટલા લક્ષણો હોય છે.

विषान्मूर्च्छातिसारास्यश्यावतादाहहृद्ग्रहा. ॥४१

ઝેરથી આવેલા તાવમા મૂર્છા, અતિસાર, મો બદામી રંગનુ થઈ જાય, બળતરા અને હૃદયના રોગ એટલા લક્ષણ થાય છે.

क्रोधात्कम्प शिरोरुक् च

ક્રોધને લીધે આવેલા તાવમા શરીર ધ્રૂજે છે અને માથુ દુખે છે.

प्रलापो भयशोकजे ।

બીક અને શોકને લીધે આવેલા તાવમા દરદી લવરી કરે છે.

कामाद्भ्रमोऽरुचिर्दाहो ह्रीनिद्राधीधृतिक्षय ॥४२

વિષયવાસનાને લીધે આવેલા તાવમા ફેર, અરુચિ અને બળતરા થાય છે તથા શરમ, ઊંઘ, બુદ્ધિ અને ધીરજ એ ચાર વાનાનો નાશ થાય છે.

કયા અભિષંગજ તાવમાં કયા દોષ કોપે છે?

ग्रहादौ सन्निपातस्य भयादौ मरुतस्त्रये ।
कोप. कोपेऽपि पित्तस्य

ગ્રહથી (=ગ્રહાવેશથી) શરૂ થતા ત્રણમા (=ગ્રહ, દવા અને ઝેરથી આવેલા તાવમા) ત્રણે દોષ કોપે છે, ભયથી શરૂ થતા ત્રણમા (=બીક, શોક અને વિષયવાસનાથી આવતા તાવમા) વાયુ કોપે છે અને ક્રોધથી આવતા તાવમા પિત્ત પણ (=વાયુ અને પિત્ત) કોપે છે

यौ तु शापाभिचारजौ ॥ ४३ ॥
सन्निपातज्वरौ घोरौ तावसह्यतमौ मतौ ।

પણ જે શાપથી અને જંતરમંતરથી આવેલા તાવ છે તે ત્રણે દોષથી આવેલા હોય છે. ઘોર (ભયંકર) હોય છે અને સહન કરવા સૌથી મુશ્કેલ છે એવુ આયુર્વેદ માને છે.

तत्राभिचारिकैर्मन्त्रैर्हूयमानस्य तप्यते ॥ ४४ ॥

पूर्वं चेतस्ततो देहस्ततो विस्फोटतृड्भ्रमैः ।
सदाहमूर्च्छैर्ग्रस्तस्य प्रत्यहं वर्धते ज्वरः ॥ ४५ ॥

તેમાંયે વળી જંતરમંતર કરનારાઓ જેનું નામ દઈને હોમ કરે છે (=જે માણસને હેરાન કરવા માટે એનું નામ દઈને હોમ કરે છે), તે માણસનું પહેલાં મન તપે છે, પછી શરીર તપે છે પછી વિસ્ફોટ, તરસ, ફેર, બળતરા અને મૂર્છા એટલા ઉપદ્રવો એને ગળી જાય છે (=લાગુ પડે છે) અને રોજ-રોજ એનો તાવ વધે જાય છે.

इति ज्वरोऽष्टधा दृष्टः

આમ શાસ્ત્રમાં જ્વર આઠ કહ્યા છે.

તાવના પેટા વિભાગ

समासाद्द्विविधस्तु सः ।
शारीरो मानसः सौम्यस्तीक्ष्णोऽन्तर्बहिराश्रयः ॥
प्राकृतो वैकृतः साध्योऽसाध्यः
सामो निरामकः ।

ઉપર કહેલા આઠ તાવના વળી જોડકાંરૂપ પેટા વિભાગ ટૂંકામાં નીચે પ્રમાણે છે: શારીર, માનસ, સૌમ્ય, તીક્ષ્ણ, અંતરાશ્રય, બહિરાશ્રય, પ્રાકૃત, વૈકૃત, સાધ્ય, અસાધ્ય, સામ, નિરામ. (દરેક વિષે વિગત હવે પછી આપી છે.)

શારીર અને માનસજ્વર

पूर्वं शारीरे शारीरे तापो मनसि मानसे ॥४७॥

શારીરજ્વરમાં પહેલુ શરીર તપે છે (+પછી મનને સંતાપ–દુઃખ થાય છે); માનસ-જ્વરમાં પહેલાં મન તપે છે (=મનને દુઃખ થાય છે) (+પછી શરીર તપે છે).

(શરીરનો તાવ તો પહેલું શરીર તપે તે ઉપરથી ઓળખાય પણ મનનો તાવ ઓળખવા માટે ચરકસંહિતામાં નીચેનાં લક્ષણો આપ્યાં છે:–મનની વ્યગ્રતા, અણગમો, ગ્લાનિ એ ત્રણ મનના તાપનાં (=મન તપે તેનાં) લક્ષણ છે અને ઇંદ્રિયો પોતપોતાના વિષયોનું ગ્રહણ ન કરે એ સંતાપનું લક્ષણ છે. ચરક ચિ. ૩/૩૬૬.)

સૌમ્ય અને તીક્ષ્ણજ્વર

पवने योगवाहित्वाच्छीतं श्लेष्मयुते भवेत् ।

જ્યારે વાયુ કફ સાથે જોડાય ત્યારે વાયુ યોગવાહી (જેની સાથે જોડાય તેનો સ્વભાવ પોતાનામાં લઈ લે એવો) હોવાથી વાતકફ-જ્વર શીત એટલે સૌમ્ય હોય છે. (સૌમ્ય જ્વર=વાતકફજ્વર.)

दाहः पित्तयुते, मिश्रं मिश्रे

વાયુ પિત્ત સાથે જોડાય ત્યારે બળતરા થાય છે; વાયુ જ્યારે પિત્ત અને કફ બંને સાથે જોડાય છે ત્યારે ઠંડક અને બળતરા ભેગાં થાય છે. (આમ તીક્ષ્ણજ્વર બે જાતના છે: એક નર્યો તીક્ષ્ણ અને બીજો ઘડીમાં સૌમ્ય અને ઘડીમાં તીક્ષ્ણ.)

અંતરાશ્રય અને બહિરાશ્રય તાવ

अन्तःसंश्रये पुनः ॥ ४८ ॥
ज्वरेऽधिकं विकाराः स्युरन्तः क्षोभो मलग्रहः ।

અંતરાશ્રય તાવમાં તાવના લક્ષણો એકલાં બહાર જ નહિ, પણ અંદર વધારે થાય છે, તાવ અને એનાં લક્ષણો તીવ્ર હોય છે અને ઝાડો, પેશાબ વગેરે મળો નીકળી શકતા નથી.

बहिरेव बहिर्वेगे तापोऽपि च सुसाध्यता ॥ ४९ ॥

બહારના વેગવાળા (=બહિરાશ્રય) તાવમાં માત્ર બહારની જ પીડા હોય છે અને વળી એ તાવ સહેલાઈથી મટી શકે છે.

પ્રાકૃત અને વૈકૃત તાવ

वर्षाशरद्वसन्तेषु वाताद्यैः प्राकृतः क्रमात् ।
वैकृतोऽन्यः स दुःसाध्यः
प्रायश्च प्राकृतोऽनिलात् ॥ ५० ॥

વર્ષાઋતુમાં વાયુનો તાવ, શરદઋતુમાં પિત્તનો તાવ અને વસંતઋતુમાં કફનો તાવ એ પ્રાકૃત તાવ છે. (+વાયુની પ્રકૃતિવાળાને આવેલો વાયુનો તાવ, પિત્તપ્રકૃતિવાળાને આવેલો પિત્તનો તાવ અને કફપ્રકૃતિવાળાને આવેલો કફનો તાવ પણ પ્રાકૃત તાવ છે.) એ સિવાયનો તાવ (=વર્ષા, શરદ અને વસંત સિવાયની ઋતુઓમાં આવેલો તાવ અને એ ઋતુઓમાં પણ ઉપર કહ્યા સિવાયના બીજા દોષોથી આવેલો તાવ) વિકૃત તાવ છે. એ (=વિકૃત તાવ) મટવો મુશ્કેલ હોય છે અને આવેલો પ્રાકૃત તાવ પણ સામાન્ય

મુશ્કેલ હોય છે.

ત્રણે પ્રાકૃતજ્વરમાં નકોરડા ઉપવાસ કરવાનું કારણ

वर्षासु मारुतो दुष्टः पित्तश्लेष्मान्वितो ज्वरम् ।
कुर्यात् पित्तं च शरदि तस्य चानुबलं कफः ॥५१
तत्प्रकृत्या विसर्गाच्च तत्र नानशनाद्भयम् ।
कफो वसन्ते तमपि वातपित्तं भवेदनु ॥५२॥

(વર્ષાઋતુમા પહેલાં વાયુ કોપે છે અને પાછળથી એને પિત્ત અને કફની મદદ મળે છે. એ રીતે) વર્ષાઋતુમા પિત્ત અને કફના અનુખળવાળો કોપેલો વાયુ તાવ આણે છે. (શરદઋતુમા પહેલુ પિત્ત કોપે છે અને પછી એને કફની મદદ મળે છે એ રીતે) શરદઋતુમાં કફના અનુખળવાળું કોપેલુ પિત્ત તાવ આણે છે.

(અનુખળ-જેમ કોઈ સ્વતંત્ર રાજા પોતે પોતાનાં હાથી, ઘોડા, રથ, પાયદળ વગેરેને લઈને દુશ્મનો સાથે લડતો હોય તે વખતે પાછળથી (=અધવચ) એ સ્વતંત્ર રાજાની કુમકે એના લશ્કરમાં વધારો કરવા બીજું લશ્કર આવી પહોંચે તેમ જ શરદઋતુમાં પિત્ત સ્વતંત્ર રીતે પોતાના જ પ્રકોપના બળે તાવ આણે છે, તેમાં પાછળથી કફ એના જોરમાં વધારો કરે છે. માટે આ દાખલામાં પિત્ત સ્વતંત્ર છે અને કફ અનુખળ એટલે પાછળથી આવીને બળ આપનાર છે. એ ઉપરથી વર્ષાઋતુના અને વસંતઋતુના પ્રાકૃત તાવનુ સમજી લેવું.)

એમના (=પિત્ત અને કફના) સ્વભાવને લીધે (=પિત્ત અને કફ એ બે દોષ નકોરડા ઉપવાસ જીરવી શકતા હોવાથી) અને વર્ષા અને શરદઋતુઓમાં વિસર્ગકાળ ચાલતો હોવાથી એ બે ઋતુઓના પ્રાકૃત તાવમાં નકોરડા ઉપવાસ કરવામાં કંઈ પણ જોખમ હોતું નથી.

વસંતઋતુમા કોપેલો કફ તાવ આણે છે અને વાયુ તથા પિત્ત એના (એ કફનાં) અનુખળ હોય છે.

(કેટલાક એવી શંકા કરે કે વસંતઋતુમાં આદાનકાળ ચાલતો હોવાથી શરીરનુ બળ ઘટતું જાય છે તેથી વસંતઋતુના પ્રાકૃત તાવમાં નકોરડા ઉપવાસ કરાવવામાં જરા જોખમ રહેલુ છે. પણ એ શંકા બરાબર નથી; કારણ કે તાવ આમાશયમા ઉત્પન્ન થાય છે, નકોરડા ઉપવાસ ખમી શકે એવા કફથી વસંતઋતુમાં પ્રાકૃત તાવ આવે છે, વસંતઋતુ આદાનકાળ હોવા છતાં એમાં મધ્યમ બળ તો રહે છે, તાવ રોગ પોતે નકોરડા ઉપવાસથી મટે એવો રોગ છે, અનુખળ પિત્ત પણ નકોરડા ઉપવાસ ખમી શકે એમ છે, અને વાયુ મુખ્ય દોષ નથી પણ અનુખળ છે; માટે વસંતઋતુના પ્રાકૃતજ્વરમાં પણ નકોરડા ઉપવાસ કરવા જોઈએ.

कफपित्ते द्रवत्वाच्च सहेते लङ्घन महत् ।
आमक्षयादूर्ध्वमपि वायुर्न सहते क्षणम् ॥

અર્થાત્ કફ અને પિત્ત દ્રવ હોવાથી 'આમ' પાકી ગયા પછી પણ પુષ્કળ નકોરડા ઉપવાસ ખમી શકે છે, પણ વાયુ તો 'આમ' પાકી ગયા પછી એક ક્ષણ પણ નકોરડા ઉપવાસ ખમતો નથી.

આ શ્લોક ઉપરથી પણ એટલું તો નક્કી થાય છે કે વાયુ પણ નિરામ ન થાય ત્યાં સુધી ઉપવાસ કરવામાં કંઈ જોખમ નથી. વળી વસંતઋતુના પ્રાકૃત તાવમાં તો વાયુ તાવ આણતો નથી પણ ફક્ત અનુખળ છે, તેથી પણ તાવ ઊતરે ત્યા સુધી ઉપવાસ કરવામા કંઈ જોખમ નથી.)-

કયા તાવ સાધ્ય છે?

बलवत्स्वल्पदोषेषु ज्वरः साध्योऽनुपद्रवः ।

થોડા દોષવાળા અને બળવાન માણસોને આવેલો ઉપદ્રવવિનાનો તાવ સાધ્ય છે.

અસાધ્ય તાવ

सर्वथा विकृतिज्ञाने प्रागसाध्य उदाहृतः ॥५३॥

કેવા દરદીને કેવો તાવ અસાધ્ય છે તે પહેલાં (શા. ૫/૭૧થી ૭૩માં) વિકૃતિવિજ્ઞાનના અધ્યાયમાં કહેવાઈ ગયુ છે.

સામજ્વરનું લક્ષણ

ज्वरोपद्रवतीक्ष्णत्वमग्लानिर्बहुमूत्रता ।
न प्रवृत्तिर्न विड् जीर्णा न क्षुत्सामज्वराकृतिः ॥

તાવના (લવરી, ફેર, વગેરે) ઉપદ્રવો ઉગ્ર સ્વરૂપમાં હોય, શરીર સુકાય નહિ (અથવા કંટાળો-રહે), બહુ પેશાબ થાય, ઝાડો ઊતરે નહિ, ઝાડો ઊતરે તો પચેલો નહિ પણ કાચો ઊતરે અને ભૂખ હોય નહિ એ સામજ્વરનું લક્ષણ છે.

પચ્યમાનજ્વરનું લક્ષણ

ज्वरवेगोऽधिकं तृष्णा प्रलापः श्वसनं भ्रमः ।
मलप्रवृत्तिरुत्क्लेशः पच्यमानस्य लक्षणम् ॥५५॥

તાવનો વેગ વધે, તરસ, લવરી, હાંફ, ફેર, મળ નીકળે, દોષોનો ઉત્કલેશ થાય એ પચ્યમાન(=પાકતા)જ્વરનું લક્ષણ છે.

(જ્વર સામ અવસ્થામાંથી પચ્યમાન અવસ્થામાં આવે ત્યારે આ શ્લોકમાં કહેલાં લક્ષણો થવાથી અણસમજુ માણસો ગભરાઇ જાય છે અને નકોરડા ઉપવાસને લીધે તાવ વધી પડ્યો એવી ખોટી ભ્રમણાથી ઉપવાસ છોડી દઈને અવળે રસ્તે ચડે છે, પણ એ બરાબર નથી. 'આમ' પાકવો જ જોઈએ અને પાકવાની ક્રિયા થતી હોય ત્યારે આવો ખદખદાટ (=ખળભળાટ) મચે એ કુદરતી છે.)

નિરામ અથવા પક્વજ્વરનું લક્ષણ

जीर्णताऽऽमविपर्यासात्सप्तरात्रं च लङ्घनात् ।

'આમ'થી અવળું થાય તે ઉપરથી (=શ્લોક ૫૩કે, ૫૪માં કહેલાં આમજ્વરનાં લક્ષણોથી વિરુદ્ધ લક્ષણો થાય તે ઉપરથી અને પચ્યમાન અવસ્થામાં પણ 'આમ' હોય છે તેથી શ્લોક ૫૪કે, ૫૫માં કહેલાં પચ્યમાન જ્વરનાં લક્ષણોથી વિરુદ્ધ લક્ષણો થાય તે ઉપરથી, એટલે તાવના ઉપદ્રવો નરમ પડી જાય, શરીર સુકાય (અથવા ચિડિયાપણું મટીને ઉત્સાહ આવે), પેશાબ થોડો થાય, પચેલો ઝાડો ઊતરે, ભૂખ લાગે, તાવનો વેગ ઊતરી જાય (=તાવ ઊતરી જાય), તરસ માપસર લાગે, લવરી ન થાય, હાંફ ન ચડે, ફેર ન આવે, દોષોનો ઉત્કલેશ ન થાય એટલાં લક્ષણો થાય તે ઉપરથી) તથા સાત રાત સુધી (સાત રાત અને સાત દિવસ સુધી) લાગટ કરેલા નકોરડા ઉપવાસ ઉપરથી જાણવું કે તાવ જીર્ણ (=પક્વ) થયો છે.

આ શ્લોકમાં નિરામ(=પક્વ)જ્વરનાં લક્ષણ તરીકે બે વાત કહી છે: (૧) 'આમ'થી વિરુદ્ધ લક્ષણો અને (૨) સાત રાતના સળંગ ઉપવાસ. કોઈ તાવમાં સાત કરતાં ઓછા દિવસના ઉપવાસથી મળો (=દોષો વગેરે) પાકી જાય છે, કોઈ તાવમાં સાત દિવસના ઉપવાસથી મળો પાકી જાય છે અને કોઈ તાવમાં સાત કરતાં વધારે દિવસના ઉપવાસથી મળો પાકે છે. માટે મળોમાંથી 'આમ' પાકી જાય એ તાવ પક્વ થયાની ખરી કસોટી છે, તેથી 'आमविपर्यासात्' પહેલું મૂકયું છે. વળી સાત રાતની ઉપવાસની મુદત અહીં ઉપલક્ષણ છે એમ સમજવું. વાયુના મુદતિયા તાવ માટે આ મુદત છે. બાકી કફ, પિત્ત, બે ભેગા દોષ અને ત્રણે ભેગા દોષના તાવમાં દરેકમાં જુદી-જુદી મુદતે મળો પાકતા હોવાથી એના ઉપવાસની મુદત પણ જુદીજુદી છે.

સામાન્ય માણસે આવી ઝીણવટમાં ઊતરવાની જરૂર નથી. ઉપવાસ પણ એક પ્રકારનું લંઘન છે. તેથી સૂ. ૧૪/૧૬કેથી ૧૭કેમાં કહેલાં, બરાબર લંઘન થયું હોવાનાં લક્ષણો જણાય, ત્યારે ક્રમેક્રમે ઉપવાસ છોડવા એ વ્યવહારુ રીત છે.

પાંચ પ્રકારના જ્વર

ज्वरः पञ्चविधः प्रोक्तो मलकालबलाबलात् ॥५६
प्रायशः सन्निपातेन भूयसा तूपदिश्यते ।
सन्ततः सततोऽन्येद्युस्तृतीयकचतुर्थकौ ॥५७॥

દોષોના બળ અને અબળને લીધે તથા દોષોના કોપવાના સમયના બળ અને અબળને લીધે તાવ પાંચ પ્રકારનો કહ્યો છે. એ (તાવ) સામાન્ય રીતે ત્રણે દોષ સાથે કોપવાથી આવે છે; છતાં પણ કોપેલા ત્રણે દોષોમાંથી જે દોષ બીજા કરતાં વધારે કોપ્યો હોય તેના ઉપરથી તે તાવ વિષે સમજાવવામાં આવે છે (=તાવનાં નામ પાડ-

વામાં આવે છે). સંતત, સતત, અન્યેદ્યુ, તૃતીયક, અને ચતુર્થક એ તાવના પાંચ પ્રકાર છે.

(આગળ શ્લોક ૨૬માં તાવની સંખ્યા આઠ કહી; છતાં અહીં તાવ પાંચ પ્રકારના કહ્યા છે તેથી વિરોધ જેવું લાગવાનો સંભવ છે, પણ ખરું જોતાં એમાં કંઈ વિરોધ નથી. એક ને એક વસ્તુનાં સંખ્યા અને પ્રકાર જુદાં જુદાં હોઈ શકે. એક ને એક વસ્તુનાં બધી રીતે સરખાં પણ જુદાંજુદાં નંગ(વ્યક્તિઓ)ને એ વસ્તુના ભેદ (=સંખ્યા) કહે છે, પણ એ જ વસ્તુના બધા સામાન્ય ધર્મ જેમાં રહેલા હોય છતાં એકાદ જુદો ધર્મ પણ અંદર હોય તેને તે વસ્તુનો પ્રકાર (=વિધા) કહે છે. દા. ત. ચાર વાસણ બધી રીતે સરખાં હોય તો તેને વાસણની ચાર સંખ્યા (ભેદ) કહે છે, પણ જો એ ચારમાં વાસણના બધા સામાન્ય ધર્મો હોવા ઉપરાંત (=એ ચારે વાસણ હોવા ઉપરાંત) એમાં જુદાજુદા ઘાટ વગેરે જુદા ધર્મ પણ રહેલા હોય તો એને વાસણના ચાર પ્રકાર (=વિધા) કહે છે. તપેલી, થાળી, વાટકો, પવાલું એ વાસણના ચાર પ્રકાર છે. ચાર થાળીઓ એ થાળીનાં ચાર નંગ (=ભેદ, સંખ્યા) છે. (માધવનિદાન અધ્યાય ૧/૧૦૩ ઉપર મધુકોશી ટીકાના આધારે.)

આ પાંચ પ્રકારના તાવમાંથી સંતતજ્વર મળના અને કાળના બળને લીધે આવે છે અને બાકીના ચાર પ્રકારના તાવ મળના અને કાળના બળ અને અબળને લીધે આવે છે. માટે મળો(=દોષો)ના બળ અને અબળને લીધે તથા દોષોના કોપવાના સમયના બળ અને અબળને લીધે તાવ પાંચ પ્રકારનો છે.

સંતતજ્વરની સંપ્રાપ્તિ

धातुमूत्रशकृद्वाहिस्रोतसां व्यापिनो मलाः ।
तापयन्तस्तनुं सर्वां तुल्यदूष्यादिवर्धिताः ॥ ५८ ॥
बलिनो गुरवः स्तब्धा विशेषेण रसाश्रिताः ।
सन्ततं निष्प्रतिद्वन्द्वा ज्वरं कुर्युः सुदुःसहम् ॥

ધાતુઓને, પેશાબને અને ઝાડાને વહેનારાં સ્રોતોમાં વ્યાપી ગયેલા, આખા શરીરને તપાવતા, પોતપોતાના સમાન ગુણવાળી ધાતુઓ (+દેશ, ઋતુ, પ્રકૃતિ) વગેરેથી વધારાતા, બળવાન, (સામ હોવાથી) ભારે, (ઊંચેથી કે નીચેથી નીકળતા ન હોવાથી) સ્તબ્ધ અને જેને નરમ પાડનાર કોઈ વિરુદ્ધ તત્ત્વ (ધાતુ દેશ, ઋતુ વગેરે) હાજર ન હોય એવા, ખાસ કરીને રસધાતુનો આશ્રય લઈને રહેલા મળો (દોષો) મહામુશ્કેલીથી સહન કરી શકાય એવો સંતતજ્વર પેદા કરે છે (આણે છે).

(પોતપોતાના સમાન ગુણવાળી ધાતુઓ– સાત ધાતુઓમાંથી જે ધાતુના ગુણ વાયુના ગુણ જેવા હોય તે વાયુમાં વધારો કરે; જે ધાતુના ગુણ પિત્તના ગુણ જેવા હોય તે પિત્તમાં વધારો કરે અને જે ધાતુના ગુણ કફના ગુણ જેવા હોય તે ધાતુ કફમાં વધારો કરે.)

(સંતત તાવ આણનાર દોષો બધી ધાતુઓમાં વ્યાપેલા હોય છે, પણ રસધાતુમાં વિશેષ રહેલા હોય છે.)

સંતતજ્વરની મુદ્દત: સાધ્ય, અસાધ્ય

मलं ज्वरोष्मा धातून्वा स शीघ्रं क्षपयेत्ततः ।
सर्वाकारं रसादीनां शुद्ध्याऽशुद्ध्याऽपि वा क्रमात् ॥ ६० ॥
वातपित्तकफैः सप्त दश द्वादश वासरान् ।
प्रायोऽनुयाति मर्यादां मोक्षाय च वधाय च ॥ ६१
इत्यग्निवेशस्य मतं, हारीतस्य पुनः स्मृतिः ।
द्विगुणा सप्तमी यावन्नवम्येकादशी तथा ॥ ६२ ॥
एषा त्रिदोषमर्यादा मोक्षाय च वधाय च ।
शुद्ध्यशुद्धौ ज्वरः कालं दीर्घमप्यनुवर्तते ॥ ६३ ॥

તાવની ગરમી કોઈક વાર મળને (=દોષને) તો કોઈક વાર ધાતુઓને ઝટ ઓછી કરે છે (=નાશ કરે છે). તેથી એ તાવની ગરમી વાયુ સૌથી વધારે કોપ્યો હોય તો સાત દિવસ, પિત્ત સૌથી વધારે કોપ્યું હોય તો દસ દિવસ અને કફ સૌથી વધારે કોપ્યો હોય તો બાર દિવસની મુદ્દત સુધી સામાન્ય રીતે ચાલુ રહે છે. (સામાન્ય રીતે વાયુનો તાવ સાત દિવસ, પિત્તનો તાવ દસ દિવસ અને કફનો તાવ બાર દિવસ સુધી રહે છે.) એ તાવની ગરમીથી

મળો કે ધાતુઓ ઓછી થતી હોવાને કારણે એ રસ વગેરે (=ધાતુઓ, પેશાબ, ઝાડો અને દોષો એ બાર વાનાં) પૂરેપૂરાં નિર્મળ બની જાય તો એ તાવ એટલી મુદતે ઊતરે છે પણ જો તાવની ગરમી લાગવા છતાં એ બાર વાનાં અશુદ્ધ જ રહે તો એ તાવની ગરમી એટલી મુદતમાં દરદીને મારી નાખે છે. આ અગ્નિવેશનો મત છે. પણ હારીતની સ્મૃતિ (=મત) એવી છે કે ત્રણ દોષની (=ત્રણ દોષના જુદાજુદા તાવની) મુદત સાતથી બમણી (=ચૌદ દિવસની), નવથી બમણી (=અઢાર દિવસની) અને અગિયારથી બમણી (=બાવીસ દિવસની) છે (=વાયુના સંતતજ્વરની મુદત ચૌદ દિવસની, પિત્તના સંતતજ્વરની મુદત અઢાર દિવસની અને કફના સંતતજ્વરની મુદત બાવીસ દિવસની છે). અને એટલી મુદતે તે તે તાવ (જો રસ વગેરે પૂરેપૂરાં નિર્મળ થઈ જાય તો) ઊતરે છે અથવા (જો રસ વગેરે પૂરેપૂરાં શુદ્ધ ન બની જાય તો) તે તે તાવ પોતપોતાની મુદત દરમ્યાન દરદીને મારી નાખે છે, પણ જેમાં રસ વગેરેની પૂરેપુરી શુદ્ધિ પણ ન થઈ હોય તેમ જ તદ્દન અશુદ્ધિ પણ ન રહી હોય એવા) શુદ્ધિ અને અશુદ્ધિ ભેગી હોય એવા તાવ ઉપર જણાવેલી મુદત કરતાં વધારે લાંબી મુદત સુધી આવે છે (=ચાલુ રહે છે.).

[જો નીચે આપેલાં 'નિરામ'નાં લક્ષણ જણાય તો તાવની ગરમી મળોનો નાશ કરે છે એમ સમજવુ, પણ જો સામનાં લક્ષણો જણાયા કરે તો તાવની ગરમી ધાતુઓનો નાશ કરે છે એમ સમજવું. સ્રોતો પુરાયેલાં ન હોય, શ્વાસોચ્છ્વાસ નિયમિત ચાલે (અથવા શક્તિ આવે), શરીર સ્ફૂર્તિવાળું (=ફરફરું) થાય, વાયુ અનુલોમ થાય; વાણી, શરીર અને મનની ક્રિયાઓ કરવામાં આળસ ન આવે; જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, મોં ચીકણુંચીકણું ન લાગે; ઝાડો, પેશાબ, પરસેવો વગેરે મળો બહાર નીકળે; ભૂખ લાગે અને કંટાળો ન આવે (=ઉત્સાહ આવે) એ 'નિરામ'નાં લક્ષણ છે. (સર્વાંગસુંદર ટીકા).]

વિષમજ્વરનું સામાન્ય લક્ષણ

कृशानां व्याधिमुक्तानां
मिथ्याहारादिसेविनाम्।
अल्पोऽपि दोषो दूष्यादेर्लब्ध्वा-
ऽन्यतमतो बलम् ॥ ६४ ॥
सविपक्षो ज्वरं कुर्याद्विषमं क्षयवृद्धिभाक्।

જેને તાવ ઊતરી ગયો હોય એવા, દૂબળા અને મિથ્યા આહાર, વિહાર (+દવા) વગેરેનું સેવન કરનાર માણસોના થોડા પણ દોષ (=વાયુ, પિત્ત કે કફ)ને જો દૂષ્ય વગેરે(=ધાતુઓ, દેશ, ઋતુ વગેરે)માંનાં કેટલાંક તરફથી બળ મળે અને જે દોષનો તાવ હોય તેનાથી વિરુદ્ધ ગુણધર્મવાળું તત્ત્વ (ધાતુ, દેશ, ઋતુ વગેરે) પણ તાવ દરમ્યાન હાજર હોય અને જો દોષની વધઘટ થયા કરતી હોય તો તે દોષ વિષમજ્વર આણે છે.

વિષમજ્વરમાં તાવ ચઢઊતર થવાનું કારણ

दोषः प्रवर्तते तेषां स्वे काले ज्वरयन् बली ॥६५॥
निवर्तते पुनश्चैव प्रत्यनीकबलाबलः।

એમનો (શ્લોક ૬૩½ થી ૬૪½વાળા માણસોનો) દોષ બળવાન બનીને (=સમાન ગુણવાળી ધાતુઓ વગેરે પાસેથી બળ મેળવીને) પોતાના પ્રકોપને સમયે દરદીને તાવ આણીને પ્રવૃત્ત થાય છે (=પોતાનું પરાક્રમ દેખાડે છે), પણ એ જ દોષ જ્યારે પોતાના પ્રત્યનીકના (=વિરોધી ગુણધર્મવાળાં ધાતુઓ વગેરેના) બળને લીધે અબળ (=નરમ) બની જાય છે, ત્યારે એ પાછો હઠી જાય છે (તે વખતે તાવ ઊતરી જાય છે).

વિષમજ્વર ઊતરે ત્યારે દોષ ક્યાં રહે છે? ઉપદ્રવો

क्षीणे दोषे ज्वरः सूक्ष्मो रसादिष्वेव लीयते। ६६
लीनत्वात्कार्श्यवैवर्ण्यजाड्यादीनादधाति सः।

વિષમજ્વર આણનાર દોષ જ્યારે ક્ષીણ (=નિર્બળ, અબળ) થઈ જાય છે, ત્યારે રસ વગેરે ધાતુઓમાં જ ભરાઈ જાય છે (=એ દોષ તદ્દન નાશ પામતો નથી, પણ ધાતુઓમાં

-વામાં આવે છે). સંતત, સતત, અન્યેદ્યુ, તૃતીયક, અને ચતુર્થક એ તાવના પાંચ પ્રકાર છે.

(આગળ શ્લોક ૨૬માં તાવની સંખ્યા આઠ કહી; છતાં અહીં તાવ પાંચ પ્રકારના કહ્યા છે તેથી વિરોધ જેવું લાગવાનો સંભવ છે, પણ ખરું જોતાં એમાં કંઈ વિરોધ નથી. એક ને એક વસ્તુનાં સંખ્યા અને પ્રકાર જુદાં જુદાં હોઈ શકે. એક ને એક વસ્તુનાં બધી રીતે સરખાં પણ જુદાંજુદાં નંગ(વ્યક્તિઓ)ને એ વસ્તુના ભેદ (=સંખ્યા) કહે છે, પણ એ જ વસ્તુના બધા સામાન્ય ધર્મ જેમાં રહેલા હોય છતાં એકાદ જુદો ધર્મ પણ અંદર હોય તેને તે વસ્તુનો પ્રકાર (=વિધા) કહે છે. દા. ત. ચાર વાસણ બધી રીતે સરખાં હોય તો તેને વાસણની ચાર સંખ્યા (ભેદ) કહે છે, પણ જો એ ચારમાં વાસણના બધા સામાન્ય ધર્મો હોવા ઉપરાંત (=એ ચારે વાસણ હોવા ઉપરાંત) એમાં જુદાજુદા ઘાટ વગેરે જુદા ધર્મ પણ રહેલા હોય તો એને વાસણના ચાર પ્રકાર (=વિધા) કહે છે. તપેલી, થાળી, વાટકો, પવાલું એ વાસણના ચાર પ્રકાર છે. ચાર થાળીઓ એ થાળીનાં ચાર નંગ (=ભેદ, સંખ્યા) છે. (માધવનિદાન અધ્યાય ૧/૧૦૬ ઉપર મધુકોશી ટીકાના આધારે.)

આ પાંચ પ્રકારના તાવમાથી સંતતજ્વર મળના અને કાળના બળને લીધે આવે છે અને બાકીના ચાર પ્રકારના તાવ મળના અને કાળના બળ અને અબળને લીધે આવે છે. માટે મળો(=દોષો)ના બળ અને અબળને લીધે તથા દોષોના કોપવાના સમયના બળ અને અબળને લીધે તાવ પાચ પ્રકારનો છે.

સંતતજ્વરની સંપ્રાપ્તિ

धातुमूत्रशकृद्वाहिस्रोतसां व्यापिनो मलाः ।
तापयन्तस्तनुं सर्वां तुल्यदूष्यादिवर्धिताः ॥ ५८ ॥
बलिनो गुरवः स्तब्धा विशेषेण रसाश्रिताः ।
सन्ततं निष्प्रतिद्वन्द्वा ज्वरं कुर्युः सुदुःसहम् ॥

ધાતુઓને, પેશાબને અને ઝાડાને વહેનારા સ્રોતોમા વ્યાપી ગયેલા, આખા શરીરને તપાવતા, પોતપોતાના સમાન ગુણવાળી ધાતુઓ (+દેશ, ઋતુ, પ્રકૃતિ) વગેરેથી વધારાતા, બળવાન, (સામ હોવાથી) ભારે, (ઊંચેથી કે નીચેથી નીકળતા ન હોવાથી) સ્તબ્ધ અને જેને નરમ પાડનાર કોઈ વિરુદ્ધ તત્ત્વ (ધાતુ દેશ, ઋતુ વગેરે) હાજર ન હોય એવા, ખાસ કરીને રસધાતુનો આશ્રય લઈને રહેલા મળો (દોષો) મહામુશ્કેલીથી સહન કરી શકાય એવો સંતતજ્વર પેદા કરે છે (આણે છે).

(પોતપોતાના સમાન ગુણવાળી ધાતુઓ- સાત ધાતુઓમાથી જે ધાતુના ગુણ વાયુના ગુણ જેવા હોય તે વાયુમા વધારો કરે; જે ધાતુના ગુણ પિત્તના ગુણ જેવા હોય તે પિત્તમા વધારો કરે અને જે ધાતુના ગુણ કફના ગુણ જેવા હોય તે ધાતુ કફમા વધારો કરે.)

(સંતત તાવ આણનાર દોષો બધી ધાતુઓમા વ્યાપેલા હોય છે, પણ રસધાતુમાં વિશેષ રહેલા હોય છે.)

સંતતજ્વરની મુદત: સાધ્ય, અસાધ્ય

मलं ज्वरोष्मा धातून्वा स शीघ्रं क्षपयेत्ततः ।
सर्वाकारं रसादीनां शुद्ध्याऽ
शुद्ध्याऽपि वा क्रमात् ॥ ६० ॥
वातपित्तकफैः सत दश द्वादश वासरान् ।
प्रायोऽनुयाति मर्यादां मोक्षाय च वधाय च ॥ ६१
इत्यग्निवेशस्य मतं, हारीतस्य पुनः स्मृतिः ।
द्विगुणा सप्तमी यावन्नवम्येकादशी तथा ॥ ६२ ॥
एषा त्रिदोषमर्यादा मोक्षाय च वधाय च ।
शुद्ध्यशुद्धौ ज्वरः कालं दीर्घमप्यनुवर्तते ॥ ६३ ॥

તાવની ગરમી કોઈક વાર મળને (=દોષને) તો કોઈક વાર ધાતુઓને ઝટ ઓછી કરે છે (=નાશ કરે છે). તેથી એ તાવની ગરમી વાયુ સૌથી વધારે કોપ્યો હોય તો સાત દિવસ, પિત્ત સૌથી વધારે કોપ્યુ હોય તો દસ દિવસ અને કફ સૌથી વધારે કોપ્યો હોય તો બાર દિવસની મુદત સુધી સામાન્ય રીતે ચાલુ રહે છે. (સામાન્ય રીતે વાયુનો તાવ સાત દિવસ, પિત્તનો તાવ દસ દિવસ અને કફનો તાવ બાર દિવસ સુધી રહે છે.) એ તાવની ગરમીથી

મળો કે ધાતુઓ ઓછી થતી હોવાને કારણે એ રસ વગેરે (=ધાતુઓ, પેશાબ, ઝાડો અને દોષો એ બાર વાના) પૂરેપૂરા નિર્મળ બની જાય તો એ તાવ એટલી મુદતે ઊતરે છે પણ જો તાવની ગરમી લાગવા છતાં એ બાર વાના અશુદ્ધ જ રહે તો એ તાવની ગરમી એટલી મુદતમા દરદીને મારી નાખે છે. આ અગ્નિવેશનો મત છે. પણ હારીતની સ્મૃતિ (=મત) એવી છે કે ત્રણ દોષની (=ત્રણ દોષના જુદાજુદા તાવની) મુદત સાતથી બમણી (=ચૌદ દિવસની), નવથી બમણી (=અઢાર દિવસની) અને અગિયારથી બમણી (=બાવીસ દિવસની) છે (=વાયુના સંતત જ્વરની મુદત ચૌદ દિવસની, પિત્તના સંતતજ્વરની મુદત અઢાર દિવસની અને કફના સંતતજ્વરની મુદત બાવીસ દિવસની છે). અને એટલી મુદતે તે તે તાવ (જો રસ વગેરે પૂરેપૂરા નિર્મળ થઈ જાય તો) ઊતરે છે અથવા (જો રસ વગેરે પૂરેપૂરા શુદ્ધ ન બની જાય તો) તે તે તાવ પોતપોતાની મુદત દરમ્યાન દરદીને મારી નાખે છે, પણ જેમા રસ વગેરેની પૂરેપૂરી શુદ્ધિ પણ ન થઈ હોય તેમ જ તદ્દન અશુદ્ધિ પણ ન રહી હોય એવા) શુદ્ધિ અને અશુદ્ધિ ભેગી હોય એવા તાવ ઉપર જણાવેલી મુદત કરતા વધારે લાંબી મુદત સુધી આવે છે (=ચાલુ રહે છે.).

[જો નીચે આપેલા 'નિરામ'ના લક્ષણ જણાય તો તાવની ગરમી મળોનો નાશ કરે છે એમ સમજવુ, પણ જો આમના લક્ષણો જણાયા કરે તો તાવની ગરમી ધાતુઓનો નાશ કરે છે એમ સમજવુ. સ્રોતો પુરાયેલા ન હોય, શ્વાસોચ્છ્વાસ નિયમિત ચાલે (અથવા શક્તિ આવે), શરીર સ્ફૂર્તિવાળુ (=ફરફરુ) થાય, વાયુ અનુલોમ થાય; વાણી, શરીર અને મનની ક્રિયાઓ કરવામા આળસ ન આવે; જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, મો ચીકણુંચીકણુ ન લાગે; ઝાડો, પેશાબ, પરસેવો વગેરે મળો બહાર નીકળે; ભૂખ લાગે અને કંટાળો ન આવે (=ઉત્સાહ આવે) એ 'નિરામ'ના લક્ષણ છે. (સર્વાંગસુંદર ટીકા).]

વિષમજ્વરનું સામાન્ય લક્ષણ :

कृशानां व्याधिमुक्तानां
मिथ्याहारादिसेविनाम् ।
अल्पोऽपि दोषो दूष्यादेर्लब्ध्वा-
ऽन्यतमतो बलम् ॥ ६४ ॥
सविपक्षो ज्वरं कुर्याद्विषमं क्षयवृद्धिभाक् ।

જેને તાવ ઊતરી ગયો હોય એવા, દૂબળા અને મિથ્યા આહાર, વિહાર (+દવા) વગેરેનુ સેવન કરનાર માણસોના થોડા પણ દોષ(=વાયુ, પિત્ત કે કફ)ને જો દૂષ્ય વગેરે(=ધાતુઓ, દેશ, ઋતુ વગેરે)માના કેટલાક તરફથી બળ મળે અને જે દોષનો તાવ હોય તેનાથી વિરુદ્ધ ગુણધર્મવાળુ તત્ત્વ (ધાતુ, દેશ, ઋતુ વગેરે) પણ તાવ દરમ્યાન હાજર હોય અને જો દોષની વધઘટ થયા કરતી હોય તો તે દોષ વિષમજ્વર આણે છે.

વિષમજ્વરમાં તાવ ચઢઊતર થવાનું કારણ

दोषः प्रवर्तते तेषां स्वे काले ज्वरयन् बली ॥६५॥
निवर्तते पुनश्चैष प्रत्यनीकबलाबलः ।

એમનો (શ્લોક ૬૩½ થી ૬૪½વાળા માણસોનો) દોષ બળવાન બનીને (=સમાન ગુણવાળી ધાતુઓ વગેરે પાસેથી બળ મેળવીને) પોતાના પ્રકોપને સમયે દરદીને તાવ આણીને પ્રવૃત્ત થાય છે (=પોતાનુ પરાક્રમ દેખાડે છે), પણ એ જ દોષ જ્યારે પોતાના પ્રત્યનીકના (=વિરોધી ગુણધર્મવાળા ધાતુઓ વગેરેના) બળને લીધે અબળ (=નરમ) બની જાય છે, ત્યારે એ પાછો હઠી જાય છે (તે વખતે તાવ ઊતરી જાય છે).

વિષમજ્વર ઊતરે ત્યારે દોષ ક્યાં રહે છે? ઉપદ્રવો.

क्षीणे दोषे ज्वरः सूक्ष्मो रसादिष्वेव लीयते। ६६
लीनत्वात्कार्श्यवैवर्ण्यजाड्यादीनादधाति सः।

વિષમજ્વર આણનાર દોષ જ્યારે ક્ષીણ (=નિર્બળ, અબળ) થઈ જાય છે, ત્યારે રસ વગેરે ધાતુઓમા જ ભરાઈ જાય છે (=એ દોષ તદ્દન નાશ પામતો નથી, પણ ધાતુઓમા

વામા આવે છે). સતત, સતત, અન્યેદ્યુ, તૃતીયક, અને ચતુર્થક એ તાવના પાચ પ્રકાર છે.

(આગળ શ્લોક ૨૬મા તાવની સખ્યા આઠ કહી, છતા અહી તાવ પાચ પ્રકારના કહ્યા છે તેથી વિરોધ જેવુ લાગવાનો સભવ છે, પણ ખરુ જોતા એમા કઈ વિરોધ નથી. એક ને એક વસ્તુના સખ્યા અને પ્રકાર જુદા જુદા હોઈ શકે. એક ને એક વસ્તુના બધી રીતે સરખા પણ જુદાજુદા નગ(વ્યક્તિઓ)ને એ વસ્તુના ભેદ (=સખ્યા) કહે છે, પણ એ જ વસ્તુના બધા સામાન્ય ધર્મ જેમા રહેલા હોય છતા એકાદ જુદો ધર્મ પણ અદર હોય તેને એ વસ્તુનો પ્રકાર (=વિધા) કહે છે. દા. ત. ચાર વાસણ બધી રીતે સરખા હોય તો તેને વાસણની ચાર સખ્યા (ભેદ) કહે છે, પણ જે એ ચારમા વાસણના બધા સામાન્ય ધર્મો હોવા ઉપરાત (=એ ચારે વાસણ હોવા ઉપરાત) એમા જુદાજુદા ઘાટ વગેરે જુદા ધર્મ પણ રહેલા હોય તો એને વાસણના ચાર પ્રકાર (=વિધા) કહે છે. તપેલી, થાળી, વાટકો, પવાલુ એ વાસણના ચાર પ્રકાર છે. ચાર થાળીઓ એ થાળીના ચાર નગ (=ભેદ, સખ્યા) છે. (માધવનિદાન અધ્યાય ૧/૧૦ ઉપર મધુકોશી ટીકાના આધારે.)

આ પાચ પ્રકારના તાવમાથી સતતજ્વર મળના અને કાળના બળને લીધે આવે છે અને બાકીના ચાર પ્રકારના તાવ મળના અને કાળના બળ અને અબળને લીધે આવે છે. માટે મળો(=દોષો)ના બળ અને અબળને લીધે તથા દોષોના કોપવાના સમયના બળ અને અબળને લીધે તાવ પાચ પ્રકારનો છે.

સંતતજ્વરની સંપ્રાપ્તિ

धातुमूत्रशकृद्वाहिस्रोतसां व्यापिनो मलाः ।
तापयन्तस्तनुं सर्वां तुल्यदूष्यादिवर्धिता ॥ ५८ ॥
बलिनो गुरव. स्तब्धा विशेषेण रसाश्रिताः ।
सन्तत निष्प्रतिद्वन्द्वा ज्वरं कुर्यु सुदु.सहम् ॥

ધાતુઓને, પેશાબને અને ઝાડાને વહેનારા સ્રોતોમા વ્યાપી ગયેલા, આખા શરીરને તપાવતા, પોતપોતાના સમાન ગુણવાળી ધાતુઓ (+દેશ, ઋતુ, પ્રકૃતિ) વગેરેથી વધાગતા, બળવાન, (સામ હોવાથી) ભારે, (ઊચેથી કે નીચેથી નીકળતા ન હોવાથી) સ્તબ્ધ અને જેને નરમ પાડનાર કોઈ વિરુદ્ધ તત્ત્વ (ધાતુ દેશ, ઋતુ વગેરે) હાજર ન હોય એવા, ખાસ કરીને રસધાતુનો આશ્રય લઈને રહેલા મળો (દોષો) મહામુશ્કેલીથી સહન કરી શકાય એવો સતતજ્વર પેદા કરે છે (આણે છે).

(પોતપોતાના સમાન ગુણવાળી ધાતુઓ–સાત ધાતુઓમાથી જે ધાતુના ગુણ વાયુના ગુણ જેવા હોય તે વાયુમા વધારો કરે, જે ધાતુના ગુણ પિત્તના ગુણ જેવા હોય તે પિત્તમા વધારો કરે અને જે ધાતુના ગુણ કફના ગુણ જેવા હોય તે ધાતુ કફમા વધારો કરે.)

(સતત તાવ આણનાર દોષો બધી ધાતુઓમા વ્યાપેલા હોય છે, પણ રસધાતુમા વિશેષ રહેલા હોય છે.)

સંતતજ્વરની મુદત: સાધ્ય, અસાધ્ય

मलं ज्वरोष्मा धातून्वा स शीघ्रं क्षपयेत्तत ।
सर्वाकारं रसादीना शुद्ध्याऽशुद्ध्याऽपि वा क्रमात् ॥ ६० ॥
वातपित्तकफै' सप्त दश द्वादश वासरान् ।
प्रायोऽनुयाति मर्यादा मोक्षाय च वधाय च ॥६१
इत्यग्निवेशस्य मत, हारीतस्य पुन. स्मृति ।
द्विगुणा सप्तमी यावन्नवम्येकादशी तथा ॥ ६२ ॥
एषा त्रिदोषमर्यादा मोक्षाय च वधाय च ।
शुद्ध्यशुद्धौ ज्वरः कालं दीर्घमप्यनुवर्तते ॥ ६३॥

તાવની ગરમી કોઈક વાર મળને (=દોષને) તો કોઈક વાર ધાતુઓને ઝટ ઓછી કરે છે (=નાશ કરે છે). તેથી એ તાવની ગરમી વાયુ સૌથી વધારે કોપ્યો હોય તો સાત દિવસ, પિત્ત સૌથી વધારે કોપ્યુ હોય તો દસ દિવસ અને કફ સૌથી વધારે કોપ્યો હોય તો બાર દિવસની મુદત સુધી સામાન્ય રીતે ચાલુ રહે છે. (સામાન્ય રીતે વાયુનો તાવ સાત દિવસ, પિત્તનો તાવ દસ દિવસ અને કફનો તાવ બાર દિવસ સુધી રહે છે.) એ તાવની ગરમીથી

મળો કે ધાતુઓ ઓછી થતી હોવાને કારણે જો રસ વગેરે (=ધાતુઓ, પેશાબ, ઝાડો અને દોષો એ બાર વાનાં) પૂરેપૂરાં નિર્મળ બની જાય તો એ તાવ એટલી મુદતે ઊતરે છે પણ જો તાવની ગરમી લાગવા છતાં એ બાર વાનાં અશુદ્ધ જ રહે તો એ તાવની ગરમી એટલી મુદતમાં દરદીને મારી નાખે છે. આ અગ્નિવેશનો મત છે. પણ હારીતની સ્મૃતિ (=મત) એવી છે કે ત્રણે દોષની (=ત્રણે દોષના જુદાજુદા તાવની) મુદત સાતથી બમણી (=ચૌદ દિવસની), નવથી બમણી (=અઢાર દિવસની) અને અગિયારથી બમણી (=બાવીસ દિવસની) છે (=વાયુના સંતતજ્વરની મુદત ચૌદ દિવસની, પિત્તના સંતતજ્વરની મુદત અઢાર દિવસની અને કફના સંતતજ્વરની મુદત બાવીસ દિવસની છે). અને એટલી મુદતે તે તે તાવ (જો રસ વગેરે પૂરેપૂરાં નિર્મળ થઈ જાય તો) ઊતરે છે અથવા (જો રસ વગેરે પૂરેપૂરાં શુદ્ધ ન બની જાય તો) તે તે તાવ પોતપોતાની મુદત દરમ્યાન દરદીને મારી નાખે છે, પણ જેમાં રસ વગેરેની પૂરેપૂરી શુદ્ધિ પણ ન થઈ હોય તેમ જ તદ્દન અશુદ્ધિ પણ ન રહી હોય એવા) શુદ્ધિ અને અશુદ્ધિ ભેગી હોય એવા તાવ ઉપર જણાવેલી મુદત કરતા વધારે લાંબી મુદત સુધી આવે છે (=ચાલુ રહે છે.).

[જો નીચે આપેલાં 'નિરામ'નાં લક્ષણ જણાય તો તાવની ગરમી મળોનો નાશ કરે છે એમ સમજવુ, પણ જો સામનાં લક્ષણો જણાયા કરે તો તાવની ગરમી ધાતુઓનો નાશ કરે છે એમ સમજવુ. સ્રોતો પુરાયેલા ન હોય, શ્વાસોચ્છ્વાસ નિયમિત ચાલે (અથવા શક્તિ આવે), શરીર સ્ફૂર્તિવાળું (=ફરફરું) થાય, વાયુ અનુલોમ થાય; વાણી, શરીર અને મનની ક્રિયાઓ કરવામાં આળસ ન આવે; જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, મોં ચીકણુંચીકણું ન લાગે; ઝાડો, પેશાબ, પરસેવો વગેરે મળો બહાર નીકળે; ભૂખ લાગે અને કંટાળો ન આવે (=ઉત્સાહ આવે) એ 'નિરામ'નાં લક્ષણ છે. (સર્વાંગસુંદર ટીકા).]

વિષમજ્વરનું સામાન્ય લક્ષણ

कृशानां व्याधिमुक्तानां
मिथ्याहारादिसेविनाम् ।
अल्पोऽपि दोषो दूष्यादेर्लब्ध्वा-
ऽन्यतमतो बलम् ॥ ६४ ॥
सविपक्षो ज्वरं कुर्याद्विषमं क्षयवृद्धिभाक् ।

જેને તાવ ઊતરી ગયો હોય એવા, દૂબળા અને મિથ્યા આહાર, વિહાર (+દવા) વગેરેનુ સેવન કરનાર માણસોના થોડા પણ દોષ-(=વાયુ, પિત્ત કે કફ)ને જો દૂષ્ય વગેરે(=ધાતુઓ, દેશ, ઋતુ વગેરે)માંનાં કેટલાંક તરફથી બળ મળે અને જે દોષનો તાવ હોય તેનાથી વિરુદ્ધ ગુણધર્મવાળું તત્ત્વ (ધાતુ, દેશ, ઋતુ વગેરે) પણ તાવ દરમ્યાન હાજર હોય અને જો દોષની વધઘટ થયા કરતી હોય તો તે દોષ વિષમજ્વર આણે છે.

વિષમજ્વરમાં તાવ ચઢઊતર થવાનું કારણ

दोषः प्रवर्तते तेषां स्वे काले ज्वरयन् बली ॥६५॥
निवर्तते पुनश्चैष प्रत्यनीकबलाबलः ।

એમનો (શ્લોક ૬૩½ થી ૬૪½વાળા માણસોનો) દોષ બળવાન બનીને (=સમાન ગુણવાળી ધાતુઓ વગેરે પાસેથી બળ મેળવીને) પોતાના પ્રકોપને સમયે દરદીને તાવ આણીને પ્રવૃત્ત થાય છે (=પોતાનુ પરાક્રમ દેખાડે છે), પણ એ જ દોષ જ્યારે પોતાના પ્રત્યનીકના (=વિરોધી ગુણધર્મવાળાં ધાતુઓ વગેરેના) બળને લીધે અબળ (=નરમ) બની જાય છે, ત્યારે એ પાછો હઠી જાય છે (તે વખતે તાવ ઊતરી જાય છે).

વિષમજ્વર ઊતરે ત્યારે દોષ ક્યાં રહે છે? ઉપદ્રવો.

क्षीणे दोषे ज्वरः सूक्ष्मो रसादिष्वेव लीयते। ६६
लीनत्वात्कार्श्यवैवर्ण्यजाड्यादीनादधाति सः।

વિષમજ્વર આણનાર દોષ જ્યારે ક્ષીણ (=નિર્બળ, અબળ) થઈ જાય છે, ત્યારે રસ વગેરે ધાતુઓમાં જ ભરાઈ જાય છે (=એ દોષ તદ્દન નાશ પામતો નથી, પણ ધાતુઓમાં

ભરાઈ જાય છે) અને ધાતુઓમાં ભરાઈ રહેલો હોવાથી એ દોષ દરદીને દૂબળો પાડે છે, શરીરનો રંગ બગાડી નાખે છે, જડતા આણે છે વગેરે વિકારો ઉત્પન્ન કરે છે.

સંતતજ્વર અણઉતાર મુદતિયો છે અને વિષમજ્વર ચડઊતરનો છે એનું કારણ

आसन्नविवृतास्यत्वात्स्रोतसां रसवाहिनाम् ॥६७
आशु सर्वस्य वपुषो व्याप्तिर्दोषेण जायते ।
सन्ततः सततस्तेन, विपरीतो विपर्ययात् ॥६८।
विषमो विषमारम्भक्रियाकालोऽनुषङ्गवान् ।

(તાવના રોગમાં તાવ આવતી વખતે તાવ આણનારો દોષ આમાશયમાં હોય છે.) રસ વહેનારાં સ્રોતોનાં મુખ (આમાશયમાં રહેલા દોષની) પાસે હોવાથી અને પહોળાં હોવાથી દોષ આખા શરીરમાં ઝટ વ્યાપી જાય છે (=ફરી વળે છે), તેથી સંતતજ્વર સતત ચાલુ રહે છે (=પોતાની મુદત થયા વિના તદ્દન ઊતરી જતો નથી), પણ વિષમજ્વર આણનારા દોષની બાબતમાં ઊલટું હોવાથી (=સતત વગેરે વિષમજ્વરો આણનાર દોષ લોહી વગેરે જે ધાતુમાં ભરાઈ ગયો હોય છે તે ધાતુઓને વહેનારાં સ્રોતોનાં મુખ આમાશયથી વધારે ને વધારે દૂર હોવાથી અને વધારે ને વધારે સૂક્ષ્મ (ઝીણાં, સાંકડાં) હોવાથી સતત વગેરે વિષમજ્વર સંતત કરતા ઊલટો હોય છે (=સતત વગેરે વિષમજ્વરમાં તાવ આણનાર દોષ શરીરમાં લાંબે વખતે વ્યાપે છે અને આખા શરીરમાં પૂરેપૂરો વ્યાપતો નથી). વિષમજ્વરનાં આરંભ (=શરૂઆત), ક્રિયા અને સમય ઢંગધડા વિનાનાં હોય છે અને લાંબા વખત સુધી પીછો પકડે છે. (કોઈક વિષમજ્વર માથેથી, તો કોઈ પીઠથી, તો કોઈ વળી જાંઘથી શરૂ થાય છે. આમ એનો આરંભ ઢંગધડા વિનાનો હોય છે. કોઈ વિષમજ્વરમાં ટાઢ વાય છે, તો કોઈમાં વળી લાય બળે છે. આમ એની ક્રિયા ઢંગધડા વિનાની હોય છે. કોઈ વિષમજ્વર સવારે, કોઈ બપોરે, કોઈ સાંજે, તો કોઈ વળી મધરાતે આવે છે. આમ એનો સમય ઢંગધડા વિનાનો હોય છે.)

સતતજ્વર

दोषो रक्ताश्रयः प्रायः करोति सततं ज्वरम् ॥६९
अहोरात्रस्य स द्विः स्यात्

(સતતજ્વર આણનાર દોષ બધી ધાતુઓમાં હોય છે પણ) વિશેષ કરીને લોહીમાં રહેલો દોષ સતતજ્વર આણે છે. એ (સતતજ્વર) રાતદિવસમાં (=એક સવારથી બીજી સવાર સુધીમાં) બે વાર આવે છે (=બે વાર ચડે છે અને બે વાર ઊતરી જાય છે). (એક વાર દહાડે આવે અને ઊતરી જાય અને બીજી વાર રાતે આવે અને ઊતરી જાય એવો અર્થ નથી, પણ ચોવીસ કલાકમાં ગમે ત્યારે બે વાર આવીને બે વાર ઊતરી જાય છે.)

અન્યેદ્યુજ્વર

सकृदन्येद्युराश्रितः ।
तस्मिन्मांसवहा नाडीः

અન્યેદ્યુ તાવ રોજરોજ એકવાર આવીને ઊતરી જાય છે. એમાં (=અન્યેદ્યુ તાવમાં) તાવ આણનાર દોષ (વિશેષે) માંસને વહેનારી નાડીઓમાં આશ્રય કરીને રહેલો હોય છે.

તૃતીયક–એકાંતરિયો તાવ

मेदोनाडीस्तृतीयके ॥७०॥
ग्राही पित्तानिलान्मूर्ध्नस्त्रिकस्य कफपित्ततः ।
सपृष्ठस्यानिलकफात्स चैकाहान्तरः स्मृतः ॥७१॥

તૃતીયક (=એકાંતરિયા) તાવમાં તાવ આણનારો દોષ ચરબી વહેનારી નાડીઓમાં (વિશેષે) રહે છે. (એ ત્રણ પ્રકારનો છે.) એકાંતરિયો તાવ પિત્ત અને વાયુ સાથે કોપવાથી આવે ત્યારે માથું પકડાય છે (=માથામાં જાતજાતની પીડા થાય છે), કફ અને પિત્ત બેઉ કોપવાથી આવે ત્યારે ત્રિક પકડાય છે (કેડના ડાંડામાં જાતજાતની વેદના થાય છે) અને જ્યારે વાયુ અને કફથી આવે છે ત્યારે બરડો અને કમ્મરનું હાડકું બંને પકડાય છે (=એ બંનેમાં જાતજાતનું દુઃખ થાય છે). એ (એકાંતરિયો) તાવ એકએક દિવસને આંતરે આવે છે.

ચતુર્થક-ચોથિયો તાવ

चतुर्थको मले मेदोमज्जास्थ्यन्यतमस्थिते ।
मज्जस्थ एवेत्यपरे प्रभावं स तु दर्शयेत् ॥७२॥
द्विधा कफेन जंघाभ्यां स पूर्वं
शिरसोऽनिलात् ।

જ્યારે તાવ આણનાર મળ (=દોષ) ચરબી, મજ્જા અને હાડકાંમાંથી ગમે તે એકમાં રહેલો હોય ત્યારે ચોથિયો તાવ આવે છે. (ચોથિયો તાવ એક દિવસ આવે છે, પછી બે દિવસ નથી આવતો, પછી એક દિવસ આવે છે, પછી પાછો બે દિવસ નથી આવતો; એ રીતે તાવ આવવાના બે દિવસો વચ્ચે તાવ આવ્યા વિનાના બે ખાલી દિવસોનુ અંતર રહે છે.) કેટલાક એવું માને છે કે દોષ મજ્જામાં હોય ત્યારે જ ચોથિયો તાવ આવે છે. એ બે રીતે પોતાનો પ્રભાવ દેખાડે છે: કફથી આવ્યો હોય (=કફ વધારે હોય) તો પહેલાં જાંઘોથી શરૂ થઈને પછી બીજાં અંગોમાં વ્યાપે છે અને વાયુથી આવ્યો હોય (=કોપેલાં ત્રણે દોષોમાં વાયુનું પ્રમાણ વધારે હોય), તો પહેલાં માથાથી શરૂ થઈને પછી બીજાં અંગોમાં વ્યાપે છે.

ચતુર્થકવિપર્યય તાવ

अस्थिमज्जोभयगते चतुर्थकविपर्ययः ॥७३॥
त्रिधा, द्व्यहं ज्वरयति दिनमेकं तु मुञ्चति ।

તાવ આણનાર દોષ હાડકાં અને મજ્જા બન્નેમાં રહેલો હોય તો ચતુર્થકવિપર્યય નામનો તાવ આવે છે. એ ત્રણ પ્રકારનો છે. એ બે દિવસ આવે છે અને પછી એક દિવસ નથી આવતો, પાછો બે દિવસ આવે છે અને પછી એક દિવસ નથી આવતો. એવા ક્રમે આવે છે. (તેથી એને ચતુર્થકથી ઊલટો તાવ કહે છે. ચતુર્થક તાવ એક દિવસ આવે છે અને બે દિવસ નથી આવતો, ચતુર્થકવિપર્યય તાવ બે દિવસ આવે છે અને એક દિવસ નથી આવતો. તેથી ચતુર્થકવિપર્યય તાવ ચતુર્થક તાવથી ઊલટો છે.)

(આ તાવ પણ ત્રણે દોષ સાથે કોપવાથી આવે છે; છતા એમા વાયુ, પિત્ત કે કફ બીજા બે કરતાં વધારે કોપ્યો હોય તે ઉપરથી એના ત્રણ પ્રકાર પડે છે.)

વિષમજ્વર દરમ્યાન એના પ્રકાર બદલાવાનું કારણ

बलाबलेन दोषाणामन्नचेष्टादिजन्मना ॥ ७४ ॥
ज्वरः स्यान्मनसस्तद्वत्कर्मणश्च तदा तदा ।
दोषदूष्यर्त्वहोरात्रप्रभृतीनां बलाज्ज्वरः ॥ ७५ ॥
मनसो विषयाणां च कालं तं तं प्रपद्यते ।

જ્યારજ્યારે આહાર, વિહાર, (+દેશ, કાળ) વગેરેને લીધે દોષોમાં આવેલાં બળ અને નિર્બળતાને લીધે; કે મનના દોષોનાં (રજસ અને તમસનાં) બળ અને નિર્બળતાને લીધે, કે કર્મનાં (પૂર્વજન્મોનાં કર્મનાં) બળ અને નિર્બળતાને લીધે (સતત, અન્યેદ્યુ, તૃતીયક, ચતુર્થક અને ચતુર્થકવિપર્યય) તાવ આવે છે, ત્યારે ત્યારે દોષો, દૂષ્યો, ઋતુ, દિવસનો પહોર, રાતનો પહોર વગેરેના બળને લીધે તથા મનના બળને લીધે તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ વિષયોના બળને લીધે તાવ જુદાજુદા સમયને પામે છે. (=તાવ સતત, અન્યેદ્યુ, તૃતીયક કે ચતુર્થક બને છે અથવા કોઈ કોઈ વાર ચતુર્થક થયા પછી પાછો તૃતીયક, અન્યેદ્યુ કે સતત થઈ જાય વગેરે).

તાવ ઊતરતો હોવાનાં લક્ષણ

धातून् प्रक्षोभयन् दोषो मोक्षकाले विलीयते ॥
ततो नरः श्वसन् स्विद्यन्
कूजन् वमति चेष्टते ।
वेपते प्रलपत्युष्णैः शीतैश्चाङ्गैर्हतप्रभः ॥ ७७ ॥
विसंज्ञो ज्वरवेगार्तः सक्रोध इव वीक्षते ।
सदोषशब्दं च शकृद्द्रवं सृजति वेगवत् ॥ ७८ ॥

તાવ ઊતરતી વખતે તાવ આણનાર દોષ ધાતુઓને ખળભળાવી મૂકીને અંદર ભરાઈ જાય છે તેથી માણસ હાંફે છે, પરસેવો થાય છે, ફૂંફાડા મારે છે, ઊલટીઓ કરે છે, તરફડે છે, ધ્રૂજે છે, લવરી કરે છે, એનાં કેટલાંક અંગ ગરમ અને કેટલાક અંગ ઠંડા થઈ જાય છે, એની કાન્તિ ઊડી જાય છે, બેભાન બની જાય છે, તાવનો વેગ વધી જાય છે, જાણે ગુસ્સે થયો

હોય એવી રીતે જુએ છે તથા આમવાળા અને પાતળા ઝાડાના અનેક વેગો અવાજ સાથે આવે છે (=પાતળા ઝાડા થાય છે, એમાં 'આમ' પણ નીકળે છે અને ઝાડા થતા થતા પુષ્કળ અવાજ થાય છે)

તાવ ઊતરી ગયો હોવાનાં લક્ષણ

देहो लघुर्व्यपगतक्लमममोहताप
पाको मुखे करणसौष्ठवमव्यथत्वम् ।
स्वेद क्षव प्रकृतियोगि मनोऽन्नलिप्सा
कण्डूश्च मूर्ध्नि विगतज्वरलक्षणानि ॥ ७९ ॥

શરીર હલકું (=ફરફરુ, સ્ફૂર્તિવાળું) થઈ જાય, કંટાળો (=ચિડિયાપણું), મોહ (=બેભાની) અને તાપ (=તાવની ગરમી) જતા રહે, મુખ પાકું થાય (=મોએ ખરી મૂતરે), ઇંદ્રિયો ચપળ બની જાય, પીડા હોય નહિ, પરસેવો થાય, છીંકો આવે, મનનો મૂળ સ્વભાવ પાછો આવે, ખાવાપીવાનું મન થાય અને માથે ખણુજ આવે, એ તાવ ઊતરી ગયો હોવાના લક્ષણ છે.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने ज्वरनिदान नाम द्वितीयोऽध्याय ॥ २ ॥

અધ્યાય ૩ જો

તાવના નિદાન પછી હવે રક્તપિત્તનું નિદાન શરૂ કરે છે ગરમી વિના તાવ આવતો નથી અને પિત્ત વિના ગરમી આવતી નથી, તેથી તાવના નિદાન પછી રક્તપિત્તનું નિદાન શરૂ થાય એ યોગ્ય જ છે તેથી લેખક કહે છે કે

अथातो रक्तपित्तकासनिदान व्याख्यास्याम ।
इति ह स्माहुरात्रेयादयो महर्षय ।

ત્યારે હવે અમે રક્તપિત્તનું અને કાસ (ઉધરસ)નું નિદાન કહીશું એ બાબતમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે

રક્તપિત્ત

રક્તપિત્તનું નિદાન

भृशोष्णतीक्ष्णकट्वम्ललवणादिविदाहिभि ।
कोद्रवोद्दालकैश्चान्नैस्तद्युक्तैरतिसेवितै ॥ १ ॥
कुपित पित्तलै पित्तं द्रवं रक्तं च मूर्छिते ।
ते मिथस्तुल्यरूपत्वमागम्य व्याप्नुतस्तनुम् ॥२॥

બહુ ગરમ (ઊના), તીક્ષ્ણ (જલદ), તીખા, ખાટા, ખારા (+ક્ષાર) વગેરેનું અતિ સેવન કરવાથી (=લાંબા વખત સુધી કે પુષ્કળ પ્રમાણમાં સેવન કરવાથી), એ બધા સાથે (=ગરમથી તે ક્ષાર વગેરે સાથે) ભેળવીને કોદરી, ઉદ્દાલક વગેરે આહારનું અતિસેવન કરવાથી, (તથા) પિત્ત કરનારા પદાર્થોનું અતિસેવન કરવાથી કોપેલા દ્રવ પિત્ત અને લોહી એકબીજા સાથે સેળભેળ થઈ જઈને બને સરખા રંગના (એકરૂપ) થઈ જઈને શરીરમાં પ્રસરી જાય છે.

પિત્તને રક્ત (=લોહી) કેમ કહે છે?

पित्त रक्तस्य विकृते ससर्गाद्दूषणादपि ।
गन्धवर्णानुवृत्तेश्च रक्तेन व्यपदिश्यते ॥ ३ ॥

પિત્ત લોહીમાંથી બને છે (શા. ૩/૬૩, ૬૩ફૂ), પિત્ત લોહી સાથે ભળેલું હોય છે, પિત્ત અને લોહી એકબીજાને બગાડી પણ શકે છે (સૂ ૧૧/૨૫ફૂ થી ૨૬ફૂ) તથા પિત્તનાં ગંધ અને રંગ લોહીના ગંધ અને રંગ જેવા હોય છે એ ચાર કારણથી પિત્તને લોહી કહે છે (દા ત ચિ. ૨ફૂ માં રક્ત શબ્દ પિત્તના અર્થમાં વાપર્યો છે)

લોહી કોપે ત્યારે ક્યાંથી વધે છે?

प्रभवत्यसृज स्थानात्प्लीहतो यकृतश्च तत् ।

(શરીરમાં લોહીનું સ્વાભાવિક માપ આ૦ પોશ જેટલું છે એવું શા. ૩/૮૦માં કહ્યું છે તો પછી લોહીનો પ્રકોપ થાય ત્યારે વધીને ૨૫૬ તોલા જેટલું થઈ જતું પણ જણાય છે, એ વધારો શી રીતે થાય છે તે સમજાવવાને કહે છે કે)

લોહીના સ્થાનમાંથી (=રક્ત વહેનાર સ્રોતો માંથી), બરોળમાંથી અને કાળજામાંથી એ (પિત્ત સાથે ભળેલું લોહી) નીકળે છે

રક્તપિત્તના પૂર્વરૂપ

शिरोगुरुत्वमरुचि शीतेच्छा धूमकोऽम्लक ॥
छर्दिश्छर्दितवैभत्स्य कास
श्वासो भ्रम क्लम ।
लोहलोहितमत्स्यामगन्धास्यत्वं स्वरक्षय ॥५॥

रक्तहारिद्रहरितवर्णता नयनादिषु ।
नीललोहितपीतानां वर्णानामविवेचनम् ॥ ६ ॥
स्वप्ने तद्वर्णदर्शित्वं भवत्यस्मिन् भविष्यति ।

જયારે આ (રક્તપિત્ત) થવાનું હોય છે ત્યારે માથું ભારે રહે છે, અરુચિ, ઠંડકની ઇચ્છા, ધૂમક, અમ્લક, ઊલટી, થયેલી ઊલટીની સૂગ, ઉધરસ, હાંફ, ફેર, કંટાળો; મોંમાંથી લોઢું, લોહી, માછલી અને આમ જેવી ગંધ; અવાજ બેસી જાય, આંખ (+ચામડી, પેશાબ, ઝાડો, નખ) વગેરેનો રંગ રાતો, પીળો કે હરિત થઈ જાય; નીલ રંગ, લાલ રંગ અને પીળો રંગ ઓળખી ન શકાય; અને સ્વપ્નમાં તે રંગો (=લાલ, નીલ, પીળા, ખાખી રંગનાં અને ભડકાવાળાં રૂપ–ચરકસંહિતા) જુએ–એટલાં લક્ષણો થાય છે.

રક્તપિત્ત ક્યાંક્યાંથી નીકળે છે? ઊર્ધ્વગામી, અધોગામી અને ઉભયમાર્ગગામી રક્તપિત્ત

ऊर्ध्वं नासाक्षिकर्णास्यैर्मेढ्रयोनिगुदैरधः ॥ ७ ॥
कुपितं रोमकूपैश्च समस्तैस्तत्प्रवर्तते ।

કોપેલું રક્તપિત્ત નાક, આંખ, કાન અને મોંમાંથી એમ ઊંચેથી (=ડૂંટીથી ઊંચેના માર્ગે) નીકળે છે (તેને ઊર્ધ્વગામી રક્તપિત્ત કહે છે); મૂત્રેન્દ્રિય, યોનિ અને ગુદામાંથી એમ નીચેથી (=ડૂંટીથી નીચેના માર્ગે) નીકળે છે (તેને અધોગામી રક્તપિત્ત કહે છે); અને રૂંવાડાંનાં છિદ્રોમાંથી અને બધા (ડૂંટીથી ઉપરના અને નીચેના) માર્ગેથી નીકળે છે (તેને ઉભયમાર્ગગામી રક્તપિત્ત કહે છે).

ઊર્ધ્વગામી રક્તપિત્ત સાધ્ય હોવાનાં કારણો

ऊर्ध्वं साध्यं कफाद्यस्मात्तद्विरेचनसाधनम् ॥ ८ ॥
बह्वौषधं च, पित्तस्य विरेको हि वरौषधम् ।
अनुबन्धी कफो यश्च तत्र तस्यापि शुद्धिकृत् ॥
कषायाः स्वादवोऽप्यस्य
विशुद्धश्लेष्मणो हिताः ।
किमु तिक्ताः कषाया वा ये निसर्गात्कफापहाः ॥

ઊર્ધ્વગામી રક્તપિત્ત કફનું પ્રમાણ વધારે હોવાથી થાય છે તેથી એને (=ઊર્ધ્વગામી રક્તપિત્તને) મટાડવાનો ઉપાય વિરેચન હોવાથી, (ગળ્યાં, તૂરાં અને કડવાં એમ) અનેક પ્રકારનાં એનાં ઔષધો હોવાથી, પિત્તને માટે વિરેચન એ ઉત્તમ ઉપાય હોવાથી, ઊર્ધ્વગામી રક્તપિત્તમાં કફ અનુબંધી હોય છે તેનું પણ વિરેચનથી શોધન થઈ શકતું હોવાથી, કફનું શોધન થઈ ગયા પછી એ રોગમાં ગળ્યા કષાયો (સ્વરસ, કલ્ક, શ્રૃત, શીત, ફાંટ) પણ ફાયદો કરતા હોવાથી અને સ્વાભાવિક રીતે જ કફને મટાડે એવા કડવા કષાયો તો ખાસ કરીને આ રોગને (કફના અનુબંધવાળા ઊર્ધ્વગામી રક્તપિત્તને) મટાડતા હોવાથી ઊર્ધ્વગામી રક્તપિત્ત સાધ્ય છે (=મટી શકે છે).

(સૂ. ૧/૧૫૩, ૧૬ પ્રમાણે કડવાશથી કફ અને પિત્ત બન્ને મટે છે.)

અધોગામી રક્તપિત્ત યાપ્ય કેમ?

अधो याप्यं चलाद्यस्मात्तत्प्रच्छर्दनसाधनम् ।
अल्पौषधं च पित्तस्य वमनं न वरौषधम् ॥ ११ ॥
अनुबन्धी चलो यश्च शान्तये-
ऽपि न तस्य तत् ।
कषायाश्च हितास्तस्य मधुरा एव केवलम् ॥ १२

અધોગામી રક્તપિત્તમાં વાયુનું પ્રમાણ વધારે હોવાથી, એ ઊલટીઓ કરાવવાથી મટતું હોવાથી, એનાં ઔષધ થોડાં હોવાથી, પિત્તને માટે ઊલટીઓ કરાવવી એ ઉત્તમ ઉપાય ન હોવાથી, વળી અધોગામી રક્તપિત્તમાં વાયુ અનુબંધી છે તે વાયુનું ઊલટીઓ કરાવવાથી શમન થતું ન હોવાથી અને એમાં ફક્ત ગળ્યા કષાયો જ ફાયદો કરતા હોવાથી અધોગામી રક્તપિત્ત યાપ્ય છે.

(સૂ. ૧/૧૫૩, ૧૬ પ્રમાણે પિત્ત અને વાયુ બન્નેને મટાડી શકે એવો ફક્ત મધુર રસ (=ગળપણ) જ છે.)

ઉભયમાર્ગગામી રક્તપિત્ત અસાધ્ય કેમ?

कफमारुतसंसृष्टमसाध्यमुभयायनम् ।
अशक्यप्रातिलोम्यत्वादभावादौषधस्य च ॥ १३ ॥
न हि संशोधनं किञ्चिदस्त्यस्य प्रतिलोमगम् ।
शोधनं प्रतिलोमं च रक्तपित्ते भिषग्जितम् ॥ १४ ॥

प्रयोगोपशमनं सर्वशो नास्य विद्यते।
संसृष्टेषु हि दोषेषु सर्वजिच्छमनं हितम् ॥१५॥

ઉભયમાર્ગગામી રક્તપિત્તમાં કફ અને વાયુ બને અનુબંધી હોવાથી, ઊર્ધ્વગામી અને અધોગામી બંનેનું પ્રતિલોમન કરે (=નીકળતાં હોય તેનાથી અવળે માર્ગે લઈ જાય) એવું કોઈ પણ શોધન ઔષધ નથી તેથી (=અધોગામીને ઊલટીઓથી રોકવા જતાં ઊર્ધ્વગામી વધી પડે અને ઊર્ધ્વગામીને વિરેચનથી રોકવા જતાં અધોગામી વધી પડે તેથી) ઉભયમાર્ગગામી રક્તપિત્તને નીકળતુ હોય તેના કરતાં અવળે માર્ગે લઈ જવુ અશકય હોવાથી, (સૂ. ૧/૧૫ફે, ૧૬ પ્રમાણે એક રસ એવો નથી કે જે અનુબંધી કફ અને વાયુ તથા મુખ્ય પિત્ત એ ત્રણેને મટાડી શકે તેથી) એવુ કંઈ પણ ઔષધ ન હોવાથી, રક્તપિત્ત રોગમાં પ્રતિલોમન કરે એવુ શોધન ઔષધ જ મટાડવાનો ઉપાય હોવાથી તથા બધા દોષો ભેગા થયા હોય ત્યારે બધા દોષોનુ શમન કરી શકે એવુ જ શમન ઔષધ ફાયદો કરે પણ બધા દોષનુ શમન કરે એવુ કોઈ શમન ઔષધ જ ન હોવાથી ઉભયમાર્ગગામી રક્તપિત્ત અસાધ્ય છે.

કયો દોષ અનુબંધી છે તે ઓળખવાનું લક્ષણ

तत्र दोषानुगमनं सिरास्र इव लक्षयेत्।

તેમાં (રક્તપિત્તમા) કયો દોષ અનુગામી (=અનુબંધી) છે તે સૂ. ૨૭/૩૯ફેથી ૪૧માં કહેલા શિરાઓમાંનાં લોહીનાં લક્ષણો ઉપરથી પારખવુ.

રક્તપિત્ત પછી ઉધરસનો વિષય કેમ?

उपद्रवांश्च विकृतिज्ञानतस्तेषु चाधिकम् ॥ १६ ॥
आशुकारी यतः कासस्तमेवातः प्रवक्ष्यति।

રક્તપિત્તના ઉપદ્રવોને વિકૃતિવિજ્ઞાનીય અધ્યાય (નિ. અ. ૫/૭૩ફેથી ૭૫ફે)માંથી ઓળખવા. એ ઉપદ્રવોમાથી ઉધરસનો ઉપદ્રવ રક્તપિત્તવાળાને બહુ જલદીથી મારી નાખે છે, તેથી હવે એને જ (=એ ઉધરસના રોગ વિષે જ) વિસ્તારથી કહેશે.

ઉધરસ

ઉધરસની સંખ્યા

पञ्च कासाः स्मृता वातपित्तश्लेष्मक्षतक्षयैः ॥१७

શાસ્ત્રમાં ઉધરસ પાંચ છે: વાયુની, પિત્તની, કફની, ક્ષતની અને ક્ષયની.

ઉધરસ બગડે તો શું થાય?

क्षयायोपेक्षिताः सर्वे

ઉધરસમાં યોગ્ય ચિકિત્સા કરવામા ન આવે તો બધી (પાંચે) ઉધરસમાંથી ક્ષય થઈ જાય છે.

કઈ ઉધરસ વધારે બળવાન?

बलिनश्चोत्तरोत्तरम्।

એ પાંચે ઉધરસ એક પછી એક વધારે ને વધારે બળવાન (=મટવી મુશ્કેલ) છે. (વાયુની કરતા પિત્તની, પિત્તની કરતા કફની એ ક્રમે પાચ ઉધરસ મટવી વધારે ને વધારે મુશ્કેલ છે).

ઉધરસનું પૂર્વરૂપ

तेषां भविष्यतां रूपं कण्ठे कण्डूररोचकः ॥ १८॥
शूकपूर्णाभकण्ठत्वम्

ઉધરસ થવાની હોય ત્યારે પહેલાં ગળામાં ચળ (=ખણુજ) આવે છે, અરુચિ થાય છે અને ગળામા જાણે કાંટાકાંટા પડી ગયા હોય એવુ લાગે છે.

ઉધરસની સંપ્રાપ્તિ

तत्राधो विहतोऽनिलः।
ऊर्ध्वं प्रवृत्तः प्राप्योरस्तस्मिन्
कण्ठे च संसजन् ॥ १९॥
शिरःस्रोतांसि सम्पूर्य ततोऽङ्गान्युत्क्षिपन्निव।
क्षिपन्निवाक्षिणी पृष्ठमुरः पार्श्वे च पीडयन् ॥२०
प्रवर्तते स वक्त्रेण भिन्नकांस्योपमध्वनिः।

એમા (=બધી ઉધરસમાં) નીચેનો (=અપાન) વાયુ (ગુદામાં) પુષ્કળ ભટકાઈને પાછો મારીને, ઊંચે ચડીને, છાતીમાં (=પડખાંમાં) પહોંચીને, પડખાંમાં તથા ગળામાં ઘુંટાયા કરીને, માથાના સ્રોતોને ભરી દઈને (=સ્રોતોમાં ભરાઈને સ્રોતોને ફુલાવી દઈને), પછી જાણે અવયવોને ઉછાળતો હોય એવો, આંખોને જાણે બહાર ધકેલી કાઢતો

હોય એવો તે (=અપાનવાયુ) પીડ અને છાતી ઉપર દબાણ કરીને ભાંગેલા (=તડ પડેલા, ખોખરા) કાંસાના વાસણ જેવો અવાજ કરતાં-કરતાં મોંમાંથી (ઉધરસરૂપે) બહાર નીકળે છે.

પાંચે ઉધરસની સંપ્રાપ્તિ એકસરખી હોવા છતાં દરેકની પીડા અને અવાજમાં ફરક કેમ?

हेतुभेदात्प्रतीघातभेदो वायोः सरंहसः ॥ २१ ॥
यद्रुजाशब्दवैषम्यं कासानां जायते ततः ।

(કારણ કે) પાંચે ઉધરસનાં કારણ જુદાં-જુદાં હોવાથી એ દરેકમાં વેગવાળો વાયુ જુદી-જુદી રીતે ભટકાય છે (=સામો પછડાય છે), તેથી બધી ઉધરસમાં પીડા (=શૂળ) અને અવાજ જુદીજુદી જાતનાં હોય છે.

(બધી ઉધરસમાં અપાનવાયુ બગડે છે, તેથી (બધી ઉધરસનું સમવાયી કારણ એક જ છે, છતાં અપાનવાયુને બગાડનાર પિત્ત, કફ વગેરે તથા જુદાજુદા આહારવિહારરૂપી નિમિત્ત કારણ જુદાંજુદાં હોવાથી પાંચે ઉધરસનાં કારણો જુદાંજુદાં છે એમ કહ્યું છે.)

વાયુની ઉધરસનાં નિદાન અને લક્ષણ

कुपितो वातलैर्वातः शुष्कोरःकण्ठवक्त्रताम् ॥२२
हृत्पार्श्वोरःशिरःशूलं मोहक्षोभस्वरक्षयान् ।
करोति शुष्कं कासं च महावेगरुजास्वनम् ॥२३
सोऽङ्गहर्षी कफं शुष्कं
कृच्छ्रान्मुक्त्वाऽल्पतां व्रजेत् ।

વાયુ કરે એવા આહારવિહારથી કોપેલો વાયુ છાતી, ગળું અને મોંને સૂકવી નાખે છે; હૃદય, પડખાં, છાતી અને માથામાં શૂળ આણે છે; બહુ વેગવાળી, બહુ પીડાવાળી અને બહુ અવાજવાળી સૂકી ઉધરસ કરે છે. એ વાયુને લીધે શરીર ઉપર જાણે કાંટાકાંટા ઊગ્યા હોય એવું થઈ જાય છે (અથવા રૂંવાડાં ઊભાં થઈ જાય છે), અને મહામુશ્કેલીથી સૂકો કફ નીકળી જાય ત્યારે ઉધરસ ઓછી થાય છે (=નરમ પડે છે).

(પાંચે ઉધરસમાં વાયુ તો કોપે છે અને વાયુ કરે એવા આહારવિહાર વિના વાયુ કોપે નહિ, તેથી વાયુ કરે એવા આહારવિહાર પાંચે ઉધરસનું કારણ છે. તેથી અહીં 'વાયુ કરે એવા આહારવિહાર'નો અર્થ 'ઘણો વાયુ કરે એવા આહારવિહાર' કરવો જોઈએ.)

પિત્તની ઉધરસનાં લક્ષણ

पित्तात्पीताक्षिकफता तिक्तास्यत्वं ज्वरो भ्रमः ॥
पित्तासृग्वमनं तृष्णा, वैस्वर्यं धूमकोऽम्लकः ।
प्रततं कासवेगेन ज्योतिषामिव दर्शनम् ॥ २५ ॥

પિત્તની ઉધરસને લીધે આંખો અને કફ પીળાં હોય છે, મોંમાં કડવાશ રહે છે, પિત્ત અને લોહીની ઊલટી થાય છે, તરસ લાગે છે, સ્વર બગડી જાય છે, ધૂમક અને અમ્લક થાય છે, સતત ઉધરસ આવવાથી જાણે ગ્રહો અને તારા દેખાતા હોય એવું લાગે છે.

કફની ઉધરસનાં લક્ષણ

कफादुरोऽल्परुङ्मूर्धहृदयं स्तिमितं गुरु ।
कण्ठोपलेपः सदनं पीनसच्छर्द्यरोचकाः ॥ २६
रोमहर्षो घनस्निग्धश्वेतश्लेष्मप्रवर्तनम् ।

કફની ઉધરસને લીધે છાતીમાં ઓછી પીડા થાય છે, માથું અને હૃદય સજજડ અને ભારે થઈ જાય છે, ગળામાં કફ લીંપાઈ જાય છે, શરીર કામ કરી શકાતું નથી; સળેખમ, ઊલટી અને અરુચિ થાય છે; રૂંવાડાં ઊભાં થાય છે; ઘટ્ટ, ચીકણો અને ધોળો કફ પડે છે.

ક્ષતકાસનાં નિદાન અને લક્ષણ

युद्धाद्यैः साहसैस्तैस्तैः सेवितैरयथाबलम् ॥ २७ ॥
उरस्यन्तःक्षते वायुः पित्तेनानुगतो बली ।
कुपितः कुरुते कासं कफं तेन सशोणितम् ॥ २८
पीतं श्यावं च शुष्कं च ग्रथितं कुथितं बहु ।
ष्ठीवेत्कण्ठेन रुजता विभिन्नेनेव चोरसा ॥ २९ ॥
सूचीभिरिव तीक्ष्णाभिस्तुद्यमानेन शूलिना ।
पर्वभेदज्वरश्वासतृष्णावैस्वर्यकम्पवान् ॥ ३० ॥
पारावत इवाकूजन् पार्श्वशूली ततोऽस्य च ।
क्रमाद्वीर्यं रुचिः पक्ता बलं वर्णश्च हीयते ॥ ३१
क्षीणस्य सासृङ्मूत्रत्वं स्याच्च पृष्ठकटीग्रहः ।

યુદ્ધ (+ બહુ મૈથુન, બહુ ભાર ઉપાડવો, બહુ ચાલવું; હાથી, ઘોડો, પાડો વગેરેને દોડતાં ખેંચી પકડવા; કઠણ ધનુષ્ય ખેંચવું) વગેરે ગજા ઉપરાંતનાં જાતજાતનાં સાહસો કરવાથી

જ્યારે છાતીમા ચાદુ પડે, ત્યારે પિત્તના અનુબળવાળો કોપેલો બળવાન વાયુ ઉધરસ કરે છે. એ ઉધરસથી લોહીવાળા, પીળા, બદામી રંગના, ચૂકા, ગઠાઈ ગયેલા (લોચારૂપ) અને ગંધાતા ગળફા ગળામાથી બહુ પડે છે; ગળામા પીડા થાય છે, છાતી જાણે ચિરાઈ જતી હોય એવુ લાગે છે, છાતીમા જાણે અણીદાર સોયો ખોસાતી હોય એવુ લાગે છે અને શૂળ આવે છે, પર્વ જાણે ફાટે છે, તાવ, હાંફ, તરસ, અવાજ બગડે, કંપ થાય–એટલા ઉપદ્રવોવાળો દરદી હોલાની માફક અવાજ કરે છે અને એના પડખામા શૂળ આવે છે. ત્યાર પછી એના વીર્ય, રુચિ, જઠરાગ્નિ, બળ, રંગ એક પછી એક ઓછા થઈ જાય છે, અને એ રીતે ક્ષીણ થઈ ગયેલા (=વીર્ય વગેરે જેના ઘટી ગયા છે એવા) દરદીના પેશાબમા લોહી આવે છે અને એની પીઠ અને કેડ જકડાઈ જાય છે.

ક્ષયની ઉધરસનાં લક્ષણ

वायुप्रधानाः कुपिता धातवो राजयक्ष्मिणः ॥३२
कुर्वन्ति यक्ष्मायतनैः कासं ष्ठीवेत्कफं ततः ।
पूतिपूयोपमं पीतं विस्रं हरितलोहितम् ॥ ३३ ॥
लुच्येत इव पार्श्वे च हृदयं पततीव च ।
अकस्मादुष्णशीतेच्छा बह्वाशित्वं बलक्षय ॥३४
स्निग्धप्रसन्नवक्त्रत्वं श्रीमद्दर्शननेत्रता ।
ततोऽस्य क्षयरूपाणि सर्वाण्याविर्भवन्ति च ॥३५

વાયુ જેમા મુખ્ય છે એવી, ક્ષયરોગના અધ્યાયમા (નિ. ૫/૩૬, ૪મા) કહેલા કાર ણોને લીધે કોપેલી ધાતુઓ ક્ષયના રોગીને ઉધરસ કરે છે, પછી એને ગંધાતા પરુ જેવો, ગંધાતો, પીળો, હરિત અને લાલ કફ પડે છે, પડખા જાણે પોતાના સ્થાનમાથી ખેચી કઢાતા હોય એવુ લાગે છે, હૃદય જાણે પોતાની જગ્યાએથી પડી જતુ હોય એવુ લાગે છે, કંઈ પણ કારણ વિના ગરમ અને ઠંડા આહારવિહારની ઇચ્છા થાય છે, બહુ ખાય છે, બળ ઓછુ થાય છે, મો સ્નિગ્ધ અને પ્રસન્ન રહે છે, દાત અને આખો સુંદર લાગે છે અને ત્યાર પછી નિ. ૫/૧૩થી ૧૪૬મા કહેલા સળેખમ વગેરે ક્ષયરોગના બધા (અગિયાર) લક્ષણ પ્રકટ થાય છે.

સાધ્ય અને અસાધ્ય ઉધરસ

इत्येष क्षयजः कासः क्षीणानां देहनाशन ।
याप्यो वा बलिनां, तद्वत्
क्षतजोऽभिनवौ तु तौ ॥ ३६ ॥
सिध्येतामपि सानाथ्यात्

આવી ક્ષયની ઉધરસ ક્ષીણ (=દૂબળા અને નબળા) માણસોના શરીરનો નાશ કરે છે (=અસાધ્ય છે.), પણ બળવાન માણસોની ક્ષયની ઉધરસ યાપ્ય છે અથવા કોઈ વાર અસાધ્ય છે. તે જ પ્રમાણે ક્ષીણ માણસોની ક્ષતની ઉધરસ અસાધ્ય છે અને બળવાન માણસોની ક્ષતની ઉધરસ યાપ્ય અથવા કોઈ વાર અસાધ્ય છે, પણ એ બે (=ક્ષયની અને ક્ષતની ઉધરસ) તાજી હોય (=જૂની ન હોય) અને સૂ. ૧/૨૬૬થી ૨૯મા કહેલા ચારે સાધનો હાજર હોય તો મટે પણ ખરી.

साध्या दोषैः पृथक् त्रय ।
मिश्रा याप्या द्वयात्सर्वे जरसा स्थविरस्य च ३७

છૂટાછૂટા દોષથી થયેલી ત્રણ (=વાયુની, પિત્તની અને કફની) ઉધરસ સાધ્ય છે. (પાછળથી બીજો અનુબળ દોષ ભળવાથી થયેલી) બે દોષની ઉધરસ યાપ્ય છે અને ઘરડા માણસને ઘડપણને લીધે (આહારવિહારને લીધે નહિ) થયેલી ઉધરસ યાપ્ય છે.

ઉધરસમાં બેદરકાર રહેવાથી શું થાય?

कासाच्छ्वासक्षयच्छर्दिस्वरसादादयो गदाः ।
भवन्त्युपेक्षया यस्मात्तस्मात्तं त्वरया जयेत् ॥३८

બેદરકાર રહેવાથી (શાસ્ત્રોક્ત ઉપાય ન કરવાથી અને કુપથ્ય કરવાથી) ઉધરસમાથી દમ, ક્ષય, ઊલટીઓ, અવાજ બેસી જાય વગેરે રોગો થાય છે, તેથી તેને (ઉધરસને) તરત મટાડવી.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने रक्तपित्तकास-
निदान नाम तृतीयोऽध्याय ॥ ३ ॥

અધ્યાય ૪ થો

ઉધરસમાં શાસ્ત્રોક્ત ઉપાય ન થાય તો દમ વગેરે રોગ થાય છે, એવું ગયા અધ્યાયમાં કહ્યું, તેથી હવે દમનું નિદાન કહે છે.

अथातः श्वासहिध्मानिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે એમ શ્વાસ (=દમ, હાંફ) અને હેડકીનું નિદાન સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છેઃ

શ્વાસ (દમ, હાંફ)

શ્વાસરોગનાં કારણ

कासवृद्ध्या भवेच्छ्वासः पूर्वैर्वा दोषकोपनैः ।
आमातिसारवमथुविषपाण्डुज्वरैरपि ॥ १ ॥
रजोधूमानिलैर्मर्मघातादतिहिमाम्बुना ।

ઉધરસ વધવાથી અથવા આગળ (=નિ. ૧/૧૩થી ૨૧માં) કહેલાં દોષોને કોપાવનારાં કારણોથી, આમ, અતિસાર, ઊલટી, ઝેર, પાંડુરોગ અને તાવથી પણ ધૂળ, ધુમાડો, પવન, મર્મ ઉપર વાગવું અને બહુ ઠંડા પાણીથી શ્વાસરોગ થાય છે.

શ્વાસના પ્રકાર

क्षुद्रकस्तमकश्छिन्नो महानूर्ध्वश्च पञ्चमः ॥ २ ॥

ક્ષુદ્રક, તમક, છિન્ન, મહા અને પાંચમો ઊર્ધ્વ (એ શ્વાસના પાંચ પ્રકાર છે).

શ્વાસની સંપ્રાપ્તિ

कफोपरुद्धगमनः पवनो विष्वगास्थितः ।
प्राणोदकान्नवाहीनि दुष्टः स्रोतांसि दूषयन् ॥३॥
उरःस्थः कुरुते श्वासमामाशयसमुद्भवम् ।

ખગડેલો (=કોપેલો), બધે (=આખા શરીરમાં) વ્યાપી ગયેલો, કફથી રોકાયેલા માર્ગવાળો પવન (=વાયુ) જ્યારે પ્રાણને વહેનારાં, પાણીને વહેનારાં અને અન્નને વહેનારાં સ્રોતોને બગાડીને (ખાસ કરીને) છાતીમાં આવે છે, ત્યારે એ વાયુ આમાશયમાંથી ઉત્પન્ન થતો શ્વાસ નામનો રોગ કરે છે.

શ્વાસનું પૂર્વરૂપ

प्राग्रूपं तस्य हृत्पार्श्वशूलं प्राणविलोमता ॥ ४ ॥
आनाहः शङ्खभेदश्च

હૃદયમાં અને પડખામાં શૂળ, પ્રાણવાયુ પોતાની સ્વાભાવિક ગતિ છોડીને અવળી ગતિ કરે, આનાહ થાય અને લમણાં જાણે ફાટતાં હોય એવી પીડા થાય એ (શ્વાસનું) પૂર્વરૂપ છે.

ક્ષુદ્રશ્વાસનાં નિદાન, લક્ષણ, ઉપાય

तत्रायासातिभोजनैः ।
प्रेरितः प्रेरयेत् क्षुद्रं स्वयं संशमनं मरुत् ॥ ५ ॥

એમાં (પાંચ પ્રકારના શ્વાસમાં), કસરત વગેરે મહેનતથી અને બહુ ખાવાપીવાથી વીફરેલો વાયુ આપોઆપ (કંઈ પણ ઉપાય કર્યા વિના) મટી જાય એવા ક્ષુદ્ર નામના શ્વાસને ઉત્પન્ન કરે છે.

તમકશ્વાસનાં લક્ષણ

प्रतिलोमं सिरा गच्छन्नुदीर्य पवनः कफम् ।
परिगृह्य शिरोग्रीवमुरः पार्श्वे च पीडयन् ॥६॥
कासं घुर्घुरकं मोहमरुचिं पीनसं तृषम् ।
करोति तीव्रवेगं च श्वासं प्राणोपतापिनम् ॥ ७
प्रताम्येत्तस्य वेगेन निष्ठ्यूतान्ते क्षणं सुखी ।
कृच्छ्राच्छयानः श्वसिति
निषण्णः स्वास्थ्यमृच्छति ॥ ८ ॥
उच्छ्रिताक्षो ललाटेन स्विद्यता भृशमर्तिमान् ।
विशुष्कास्यो मुहुःश्वासी
काङ्क्षत्युष्णं सवेपथुः ॥ ९ ॥
मेघाम्बुशीतप्राग्वातैः श्लेष्मलैश्च विवर्धते ।
स याप्यस्तमकः साध्यो नवो वा
बलिनो भवेत् ॥ १० ॥

વાયુ અવળે રસ્તે શિરાઓમાં જઈને, કફને ઊંચે ચડાવીને, માથું અને ડોકને જકડી રાખીને, છાતી અને પડખામાં પીડા કરીને ઉધરસ, ઘરેડો (=ઘુરઘુર એવો અવાજ), મોહ, અરુચિ, સળેખમ, તરસ અને બહુ વેગવાળા, પ્રાણવાયુને ત્રાસ આપે એવા શ્વાસને (=દમને) ઉત્પન્ન કરે છે. એના (=તમકશ્વાસના) વેગથી દરદી બહુ હેરાન થાય છે, ગળફો નીકળ્યા પછી ક્ષણભર ચેન પડે છે, સૂતે સૂતે શ્વાસ લેતાં બહુ મુશ્કેલી પડે છે. બેઠેબેઠ પીડા થતી નથી, (દમ ચડે ત્યારે) આંખો ઊંચી ચડી જાય છે, કપાળમાં

પરસેવો થાય છે અને કપાળ ખૂબ દુખે છે, મોં બહુ સુકાય છે, વારંવાર દમ ચડે છે, ગરમ આહારવિહારની ઇચ્છા થાય છે, ધ્રૂજે છે. એ (=તમકશ્વાસ) વાદળાથી, પાણીથી, ઠંડકથી અને પૂર્વ તરફથી આવતા પવનથી વધે છે. એ યાપ્યરોગ છે, પણ થોડા દિવસથી જ થયેલો અથવા બળવાન માણસને થયેલો તમકશ્વાસ સહેલાઈથી મટી શકે છે.

પ્રતમકશ્વાસના લક્ષણ

ज्वरमूर्च्छायुतः शीतैः शाम्येत्प्रतमकस्तु सः ।

પણ એ (=તમકશ્વાસ) સાથે તાવ અને મૂર્છા મળે તે પ્રતમકશ્વાસ છે. એ પ્રતમકશ્વાસ ઠંડાં ઔષધ, આહાર અને વિહારથી મટે છે.

(પ્રતમકશ્વાસ તમકનો પેટા પ્રકાર હોવાથી શ્વાસ ૭ પ્રકારના નહિ પણ પાંચ પ્રકારના છે.)

છિન્નશ્વાસનાં લક્ષણ

छिन्नाच्छ्वसिति विच्छिन्नं मर्मच्छेदरुजार्दितः ॥११॥
सस्वेदमूर्च्छः सानाहो बस्तिदाहनिरोधवान् ।
अधोदृग्विप्लुताक्षश्च मुह्यन् रक्तैकलोचनः ॥ १२
शुष्कास्यः प्रलपन् दीनो नष्टच्छायो विचेतनः ।

છિન્નશ્વાસને લીધે માણસના શ્વાસોચ્છ્વાસ તૂટકતૂટક ચાલે છે (=શ્વાસોચ્છ્વાસની ક્રિયા થોડી વાર ચાલે છે, પછી થોડી વાર અટકી પડે છે, પાછી થોડીવાર ચાલે છે), મર્મ કપાતાં હોય એવી પીડા થાય છે, પરસેવો થાય છે, મૂર્છા આવે છે, આનાહ થાય છે, મૂત્રાશયમાં લાય બળે છે અને પેશાબ રોકાઈ જાય છે, નજર નીચી રહે છે, આંખોમાં પાણી ભરાય છે, મોહ થાય છે, એક આંખ લાલ હોય છે, મોં સુકાય છે, લવરી કરે છે, લાચાર બની જાય છે, દરદીની છાયાનો નાશ થાય છે અને ચિત્ત ઉદ્વેગમાં રહે છે.

મહાશ્વાસનું લક્ષણ

महता महता दीनो नादेन श्वसिति क्रथन् ॥ १३
उद्धूयमानः संरब्धो मत्तर्षभ इवानिशम् ।
प्रणष्टज्ञानविज्ञानो विभ्रान्तनयनाननः ॥ १४ ॥
वक्षः समाक्षिपन् बद्धमूत्रवर्चा विशीर्णवाक् ।
शुष्ककण्ठो मुहुर्मुह्यन् कर्णशङ्खशिरोतिरुक् ॥ १५

મહાશ્વાસને લીધે માણસ લાચાર બની જઈને નાકથી ફૂંફાડા મારીને, આખું શરીર ઊછળે એ રીતે, અકળાયેલો હોય એવો માણસ માતેલા આખલાની માફક રાતદિવસ (=જરા પણ અટક્યા વિના) મોટા અવાજ સાથે (=ઘરડઘરડ એવો અવાજ કરતા કરતા) શ્વાસોચ્છ્વાસ લે છે. તે વખતે એનાં જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ થાય છે, એનાં આંખો અને મોં બહાવરા બની જાય છે, છાતી ખેંચાય છે, ઝાડોપેશાબ બંધ થઈ જાય છે, સળંગ બોલી શકાતું નથી (=વાણી તૂટકતૂટક નીકળે છે), ગળું સુકાય છે, વારંવાર બેભાન બની જાય છે અને કાનમાં, લમણાંમાં અને માથામાં અત્યંત પીડા થાય છે.

ઊર્ધ્વશ્વાસનું લક્ષણ

दीर्घमूर्ध्वं श्वसित्यूर्ध्वान्न च प्रत्याहरत्यधः ।
श्लेष्मावृतमुखस्रोताः क्रुद्धगन्धवहार्दितः ॥ १६॥
ऊर्ध्वदृग्वीक्षते भ्रान्तमक्षिणी परितः क्षिपन् ।
मर्मसु च्छिद्यमानेषु परिदेवी निरुद्धवाक् ॥ १७॥

ઊર્ધ્વશ્વાસને લીધે દરદી લાંબા અને ઊંચા શ્વાસ (=લાંબાલાંબા ઉચ્છ્વાસ) કાઢી શકે છે પણ પાછો નીચે લાવી શકતો નથી (=નિશ્વાસ લઈ શકતો નથી), દરદીનાં સ્રોતોનાં મોં કફથી પુરાઈ જાય છે, કોપેલા વાયુથી દરદી પિડાય છે, આંખો ઊંચી ચડી જાય છે, આંખો ચારે બાજુ ફેરવીને બાવરું બાવરું જુએ છે, જાણે મર્મ કપાતાં હોય એમ દુઃખી થાય (અથવા રૂએ છે) અને વાણી રોકાઈ જાય છે.

છિન્ન, મહા અને ઊર્ધ્વશ્વાસનું સાધ્ય કે અસાધ્યપણું

एते सिध्येयुरव्यक्ता व्यक्ताः प्राणहरा ध्रुवम् ।

इति श्वासनिदानम् ।

આ (=છિન્ન, મહા અને ઊર્ધ્વશ્વાસ) જ્યાં સુધી વ્યક્ત ન થયા હોય (=એમના લક્ષણો સ્પષ્ટ જણાઈ આવે એવાં ન હોય), ત્યાં સુધી (ઉપાય કરવાથી) મટી શકે પણ વ્યક્ત થયા પછી (=લક્ષણો સ્પષ્ટ જણાયા પછી) ચોક્કસ જીવ લે છે.

આમ શ્વાસનુ નિદાન પૂરુ થયુ.

अथ हिध्मानिदानम् ।

હેડકી

હેડકીનાં કારણ, પૂર્વરૂપ, સંખ્યા, પ્રકૃતિ અને સંશ્રય

श्वासैकहेतुप्राग्रूपसङ्ख्याप्रकृतिसंश्रयाः ॥ १८ ॥ हिध्मा.

શ્વાસરોગના જે હેતુ (શ્લોક ૩થી ૧૩), પૂર્વરૂપ (શ્લોક ૪, ૪૩), સખ્યા (શ્લોક ૨), પ્રકૃતિ (પાસેનુ કારણ, શ્લોક ૨૩થી ૩) અને સશ્રય (=જે સ્થાનનો આશ્રય લઈને દોષ રોગ કરે છે તે સ્થાન. શ્લોક ૩૩) છે તે જ હેડકીના હેતુ, પૂર્વરૂપ, સખ્યા, પ્રકૃતિ અને સશ્રય છે.

(આ શ્લોકમા કહેલી હેતુ વગેરેની એકતા મોટે ભાગે ખરી છે, હમેશા નહિ, કારણ કે ક્ષુદ્ર હેડકી આમાશયમાથી નહિ પણ ગળાની હાસડીના મૂળમાથી આવે છે.)

પાંચ હેડકીના નામ

भक्तोद्भवा क्षुद्रा यमला महतीति च । गम्भीरा च

ભક્તોદ્ભવા (=ખાવાપીવાને લીધે ઉત્પન્ન થયેલી, અન્નજા), ક્ષુદ્રા, યમલા, મહતી અને ગભીરા એ પાચ હેડકીના પાચ નામ છે.

ભક્તોદ્ભવા(=અન્નજા)નાં લક્ષણ

मरुत्तत्र त्वरयाऽयुक्तिसेवितैः ॥ १९ ॥
रूक्षतीक्ष्णखरासात्म्यैरन्नपानैः प्रपीडितः ।
करोति हिध्मामरुजां मन्दशब्दां क्षवानुगाम् ॥
शमं सात्म्यान्नपानेन या प्रयाति च साऽन्नजा ।

એમાથી(=એ પાચ હેડકીઓમાથી) ઉતાવળે ઉતાવળે (=રઘવાટ કરીને) ખાધેલાપીધેલા, યુક્તિ વિના ખાધેલાપીધેલા, લૂખા, તીક્ષ્ણ, ખર અને અસાત્મ્ય અન્નપાનથી કોપેલો વાયુ અન્નજા (=ભક્તોદ્ભવા) હેડકી કરે છે. (આટલા અન્નજા હેડકીના કારણ છે.) એ હેડકી પીડા વિનાની, મદ અવાજવાળી અને હેડકી પછી છીક આવે એવી હોય છે (આટલા અન્નજા હેડકીના લક્ષણ છે.) એ હેડકી સાત્મ્ય અન્નપાનથી મટી જાય છે. (આ એનો ઉપશય છે.)

(યુક્તિ વિના ખાધેલાપીધેલા=જે ક્રમમા, જે ઋતુમા, જેની સાથે ભેળવીને, જે રીતે રાધીને, જે વખતે, જે દેશમા અને જે માપમા જે અન્નપાન ખાવાપીવા જોઈએ, તે રીતે તે અન્નપાન ન ખવાયપિવાય તે યુક્તિ વિના ખાધેલાપીધેલા અન્નપાન કહેવાય.)

ક્ષુદ્રા હેડકીનાં લક્ષણ

आयासात्पवनः क्षुद्रः क्षुद्रां हिध्मां प्रवर्तयेत् ॥
जत्रुमूलप्रविसृतामल्पवेगां मृदुं च सा ।
वृद्धिमायास्यतो याति भुक्तमात्रे च मार्दवम् ॥२०

મહેનતને લીધે થોડો કોપેલો વાયુ ક્ષુદ્ર હેડકીને ઉત્પન્ન કરે છે (=આણે છે). એ ક્ષુદ્ર હેડકી ગળાની હાસડીના મૂળમાથી જન્મે છે એના વેગ થોડા હોય છે (=ક્ષુદ્રા હેડકી બ આવતી નથી) તથા એનુ જોર હળવુ હોય છે મહેનત કરવાથી એ વધી જાય છે અને ખાવાથ તરત નરમ પડી જાય છે.

યમલા (=વેગિની, પરિણામવતી) હેડકીના લક્ષણ

चिरेण यमलैर्वेगैराहारे या प्रवर्तते ।
परिणामोन्मुखे वृद्धिं परिणामे च गच्छति ॥२३
कम्पयन्ती शिरोग्रीवमाध्मातस्यातितृष्यतः ।
प्रलापच्छर्द्यतीसारनेत्रविप्लुतिजृम्भिणः ॥ २४ ॥
यमला वेगिनी हिध्मा परिणामवती च सा ।

લાબે વખતે, જ્યારે આહાર પચતો હોય ત્યારે બે બે હેડકીના જોડકા જેમા શરૂ થાય છે અને જ્યારે આહાર પચી રહે ત્યારે જે વધી જાય છે તથા જે હેડકી આવતી હોય ત્યાં દરદીનુ માથુ અને ડોક કપે છે, આધ્માન થાય છે, ખહુ તરસ લાગ્યા કરે છે, લવરી ઊલટી, અતિસાર, આખોમા પાણી ભરાય બગાસા એટલા ઉપદ્રવો થાય છે, તે હેડકી યમલા, વેગિની અને પરિણામવતી હેડકી છે (યમલાના ત્રણ નામ છે.)

મહતી હેડકીનાં લક્ષણ

स्तब्धभ्रूशङ्खयुग्मस्य सास्रविप्लुतचक्षुषः ॥ २५ ॥
स्तम्भयन्ती तनुं वाचं स्मृतिं संज्ञां च मुष्णती ।
रुन्धती मार्गमन्नस्य कुर्वती मर्मघट्टनम् ॥ २६ ॥

पृष्ठतो नमनं शोषं महाहिध्मा प्रवर्तते ।
महामूला महाशब्दा महावेगा महाबला ॥२७॥

મહાહિધ્મા આવે છે ત્યારે દરદીનાં બે સમ્મર અને બે લમણાં સ્તબ્ધ બની જાય છે, આંખોમાં પાણી ભરાય છે અને આંખો ચકળ-વકળ ભમે છે, શરીર અકડાઈ જાય છે, વાણી જકડાઈ જાય છે (=બોલી શકાતું નથી), સ્મરણ-શક્તિ અને ભાન હરાઈ જાય છે, અન્નનો માર્ગ રૂંધાય છે, મર્મસ્થાન હાલી જાય છે (અથવા મર્મસ્થાનમાં પીડા થાય છે), છાતી બહાર નીકળી આવે એ રીતે પીઠ વળી જાય છે અને શરીર સુકાય છે. મહતી હેડકીનાં મૂળ, અવાજ, વેગ અને જોર મોટાં હોય છે.

ગંભીરા હેડકીનાં લક્ષણ

पक्वाशयाद्वा नाभेर्वा पूर्ववद्या प्रवर्तते ।
तद्रूपा सा मुहुः कुर्याज्जृम्भामङ्गप्रसारणम् ॥२८॥
गम्भीरेणानुनादेन गम्भीरा

જે હેડકી પક્વાશયમાંથી કે દૂંટીમાંથી નીકળે પણ જે બીજી બધી બાબતમાં પહેલાં કહેલી મહતી હેડકીની જેવી જ રીતે નીકળે, જેનાં લક્ષણ તેના જેવાં (=મહતી હેડકીના લક્ષણ જેવાં) હોય પણ જે વારંવાર બગાસાં આણે, જેમાં વારંવાર શરીર પ્રસરે (=તણાય), તથા જે આવ્યા પછી ગંભીર રણકો થાય તે ગંભીરા હેડકી છે.

હેડકીનું સાધ્ય અને અસાધ્યપણું

तासु साधयेत् ।
आद्ये द्वे, वर्जयेदन्त्ये सर्वलिङ्गां च वेगिनीम् ॥२९॥
सर्वाश्च सञ्चितामस्य स्थविरस्य व्यवायिनः ।
व्याधिभिः क्षीणदेहस्य भक्तच्छेदक्षतस्य च ॥३०॥
इति हिध्मानिदानम् ।

તેમાથી (=પાચે હેડકીઓમાંથી) પહેલી બેના (ભક્તોદ્ભવા અને ક્ષુદ્રાના) ઉપાય કરવા (=એ બે સાધ્ય છે). છેલ્લી બેને (=મહતી અને ગંભીરાને) છોડી દેવી (=એ બે અસાધ્ય છે), તથા જેમાં બધાં લક્ષણો થતાં હોય એવી વેગિની (=યમલા) હેડકીને પણ છોડી દેવી (=એ અસાધ્ય છે). જે માણસમાં 'આમ'નો સંચય થયો હોય, જે ઘરડો હોય, જે ઘણું ખરું મૈથુન કરતો હોય, જેનું શરીર રોગથી દૂબળું થઈ ગયું હોય અથવા ખોરાક ન લેવાથી જે દૂબળો થઈ ગયો હોય એવા માણસને આવતી બધી (=પાંચે) હેડકીઓ છોડી દેવી (અસાધ્ય છે).

આમ, હેડકીનું નિદાન પૂરું થયુ.

હેડકી અને શ્વાસની ભયંકરતા

सर्वेऽपि रोगा नाशाय न त्वेवं शीघ्रकारिणः ।
हिध्माश्वासौ यथा तौ हि मृत्युकाले कृतालयौ ॥

(યોગ્ય ઉપચાર ન થાય તો) બધાયે રોગ મારી નાખે છે, પણ એ બધા રોગ હેડકી અને શ્વાસ જેવા જલદીથી મારી નાખતા નથી, કારણ કે એ બે (=હેડકી અને શ્વાસ) તો મરણ વખતે શરીરમાં ઘર કરીને રહેલા હોય છે (=મરણ વખતે હેડકી અને શ્વાસ અવશ્ય ઊપડે છે).

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने श्वासहिध्मा-निदानं नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫ મો

ઉધરસના યોગ્ય ઉપાય કરવામાં બેદરકારી રાખવાથી શ્વાસ, ક્ષય, ઊલટી વગેરે રોગ થાય છે, એમ નિ. ૩/૩૮મા કહ્યુ. તેથી ઉધરસ પછી શ્વાસનુ અને નિ. ૪/૧૮ પ્રમાણે શ્વાસ જેવા જ કારણ વગેરે વાળી હેડકીનુ નિદાન કહ્યુ. હવે ક્ષયનુ નિદાન કહે છે.

अथातो राजयक्ष्मादिनिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે રાજયક્ષ્મા (=ક્ષય) વગેરે (=ક્ષય, સ્વરભેદ, અરુચિ, ઊલટી, હૃદયના રોગ, તરસનો રોગ)નુ નિદાન સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

अथ राजयक्ष्मानिदानम् ।

ક્ષયરોગનું નિદાન

ક્ષયરોગનાં ચાર નામ

अनेकरोगानुगतो बहुरोगपुरोगमः ।
राजयक्ष्मा क्षयः शोषो रोगराडिति च स्मृतः ॥

(તાવ, અતિસાર વગેરે) અનેક રોગો જેની પાછળ આવે છે અને (ગોળો, અતિસાર વગેરે) ઘણા રોગો જેની પહેલાં આવે છે એવો આ રોગ રાજયક્ષ્મા, ક્ષય, શોષ અને રોગરાજ એ ચાર નામે આયુર્વેદશાસ્ત્રમાં કહેલો છે.

ક્ષયનાં ચાર નામ પાડવાનાં કારણ

नक्षत्राणां द्विजानां च राज्ञोऽभूद्यदयं पुरा ।
यच्च राजा च यक्ष्मा च राजयक्ष्मा ततो मतः ॥२॥
देहौषधक्षयकृतेः क्षयस्तत्सम्भवाच्च सः ।
रसादिशोषणाच्छोषो रोगराट् तेषु राजनात् ॥३

નક્ષત્રોના અને બ્રાહ્મણોના રાજા(=ચંદ્ર)ને પહેલાં આ રોગ થયો હતો તેથી અને વળી આ રોગ બધા રોગોમાં રાજા છે અને રોગ પણ છે તેથી આયુર્વેદ એને રાજયક્ષ્મા માને છે. શરીર અને ઔષધના ક્ષયના કારણરૂપ હોવાથી તથા તેમાંથી (=શરીરના ક્ષયમાંથી–શરીરની ધાતુઓના ક્ષયમાંથી) એ ઉત્પન્ન થતો હોવાથી એ રોગનું નામ ક્ષય છે. આ રોગ રસ વગેરે ધાતુઓને સૂકવી નાખતો હોવાથી એને શોષ કહે છે અને તેમનામાં (=બધા રોગોમાં) એ રોગ તરીકે રાજતો (=પ્રકાશતો) હોવાથી એને રોગરાજ કહે છે.

(ચંદ્રને પોતાના સસરા દક્ષ પ્રજાપતિનો શાપ લાગવાથી ક્ષયરોગ થયો હતો, તેનુ વિગતવાર વર્ણન ચરકસંહિતામાં આપ્યુ છે.)

ક્ષય થવાનાં કારણ

साहसं वेगसंरोधः शुक्रौजःस्नेहसङ्क्षयः ।
अन्नपानविधित्यागश्चत्वारस्तस्य हेतवः ॥ ४ ॥

સાહસ, વેગોને રોકવા, (શરીરમાંથી) વીર્ય, ઓજસ અને ચીકાશ ઓછા થાય અને ખાવાપીવાના વિધિનો ભંગ થાય એ એના (=ક્ષય રોગનાં) ચાર કારણો છે.

સાહસ=શરીર, મન કે વાણીથી કરેલું ગજા ઉપરાંતનુ કામ.

અન્નપાનવિધિનો ત્યાગ=યુક્તિ વિના ખાધેલાં-પીધેલાં અન્નપાન. (નિ. ૪/૧૯થી ૨૦ફૂ નોંધ)

ક્ષયની સંપ્રાપ્તિ

तैरुदीर्णोऽनिलः पित्तं कफं चोदीर्य सर्वतः ।
शरीरसन्धीनाविश्य तान् सिराश्च प्रपीडयन् ॥५
मुखानि स्रोतसां रुद्ध्वा तथैवातिविवृत्य वा ।
सर्पन्नूर्ध्वमधस्तिर्यग्यथास्वं जनयेद्गदान् ॥ ६ ॥

તે ચાર કારણોથી કોપેલો વાયુ પિત્તને અને કફને પોતાના સ્થાનમાંથી ચળાવીને, પોતે શરીરના સાંધાઓમાં દાખલ થઈને, તેમને (=સાંધાઓને) અને શિરાઓને ખૂબ સંકોચી દઈને, સ્રોતોનાં મુખને બંધ કરીને કે કોઈ વાર વળી બહુ જ પહોળાં કરી દઈને, ઊંચે ચડીને સળેખમ વગેરે, નીચે જઈને વિડ્ભ્રંશ વગેરે અને આડો જઈને પડખામાં પીડા એવા શ્લોક ૧૩થી ૧૪ફૂમાં કહેલા પોતપોતાના રોગ કરે છે.

ક્ષયનું પૂર્વરૂપ

रूपं भविष्यतस्तस्य प्रतिश्यायो भृशं क्षवः ।
प्रसेको मुखमाधुर्यं सदनं वह्निदेहयोः ॥ ७ ॥
स्थाल्यमत्रान्नपानादौ शुचावप्यशुचीक्षणम् ।
मक्षिकातृणकेशादिपातः प्रायोऽन्नपानयोः ॥ ८ ॥
हृल्लासश्छर्दिररुचिरश्नतोऽपि बलक्षयः ।
पाण्योरवेक्षा पादास्यशोफोऽक्ष्णोरतिशुक्लता ॥९
बाह्वोः प्रमाणजिज्ञासा काये बैभत्स्यदर्शनम् ।
स्त्रीमद्यमांसप्रियता घृणित्वं मूर्धगुण्ठनम् ॥ १० ॥
नखकेशातिवृद्धिश्च, स्वप्ने चाभिभवो भवेत् ।
पतङ्गकृकलासाहिकपिश्वापदपक्षिभिः ॥ ११ ॥
केशास्थितुषभस्मादिराशौ समधिरोहणम् ।
शून्यानां ग्रामदेशानां दर्शनं शुष्यतोऽम्भसः ॥१
ज्योतिर्गिरीणां पततां ज्वलतां च महीरुहाम् ॥

તે (=ક્ષયરોગ) થવાનો હોય ત્યારે સળેખમ, પુષ્કળ છીંકો, પ્રસેક, મોં ગળ્યુગળ્યુ રહે, જઠરાગ્નિ બહુ મંદ પડી જાય, શરીર નખળું પડી જાય; રાંધવાનાં વાસણ, જમવાનાં વાસણ, અન્ન, પીણા વગેરે સ્વચ્છ હોય તો પણ અસ્વચ્છ દેખાય; ખાનપાનમા સામાન્ય રીતે માખી, તણખલુ, વાળ વગેરે પડે; હૃલ્લાસ, ઊલટી, અરુચિ, ખાતાપીતાં પણ બળ ઓછું થતુ જાય, પોતાની હથેલીઓ જુએ (=પોતાનાં અંગોનું પ્રમાણ, રંગ વગેરે જાણવાની ઇચ્છાથી

જુએ), પગે અને મોંએ સોજા આવે, આંખો બહુ ધોળી હોય, બંને હાથનું પ્રમાણ જાણવાની ઇચ્છા થાય, શરીર (સુંદર હોય તોપણ) દરદીને બીભત્સ (=કદરૂપું, સૂગ ચડે એવું) લાગે; સ્ત્રી (=મૈથુન), દારૂ અને માંસ ગમે; ઘૃણિત્વ (=૧. લાચારી, ૨. શરીર પર ચળ-કાટ કે ગરમી લાગે), માથે કપડું ઢાંકી દે, નખ અને વાળ બહુ વધે, સ્વપ્નમાં પતંગિયાં, કાચંડા, સાપ, વાંદરાં, શિકારી પશુઓ અને પંખીઓથી હારી જાય છે; (સ્વપ્નમાં) વાળ, હાડકાં, ફોતરાં (=છોડાં), રખિયા વગેરેના ઢગલા ઉપર ચડે છે; (સ્વપ્નમાં) સૂનાં (=ઉજ્જડ) ગામડાં અને દેશો, સુકાતું પાણી, તેજના પડતા પહાડ તથા સળગતાં ઝાડ દેખાય છે.

ક્ષયનાં લક્ષણ

पीनसश्वासकासांसमूर्धस्वररुजोऽरुचिः ॥ १३ ॥
ऊर्ध्वं, विड्भ्रंशसंशोषावधः, छर्दिश्च कोष्ठगे।
तिर्यक्स्थे पार्श्वरुग्दोषे, संधिगे भवति ज्वरः ॥
रूपाण्येकादशैतानि जायन्ते राजयक्ष्मिणः।

જ્યારે દોષ (=વાયુ) ઊંચે ચઢ્યો હોય ત્યારે સળેખમ, શ્વાસ, ઉધરસ; ખભામા, માથામાં અને બોલવામાં પીડા તથા અરુચિ થાય છે; દોષ નીચે ગયો હોય ત્યારે કોઈવાર ખાંગસ ઝાડો થાય છે અને કોઈ વાર ઝાડો સુકાઈ જાય છે; દોષ કોઠામાં ગયો હોય ત્યારે ઊલટીઓ થાય છે; દોષ આડો ગયો હોય ત્યારે પડખામાં પીડા થાય છે અને દોષ સાંધાઓમાં ગયો હોય ત્યારે તાવ આવે છે. ક્ષયરોગવાળાને આ અગિયાર લક્ષણો થાય છે.

સળેખમ વગેરેના ઉપદ્રવો

तेषामुपद्रवान् विद्यात्कण्ठोद्ध्वंसमुरोरुजम् ॥१४॥
जृम्भाङ्गमर्दनिष्ठीववह्निसादास्यपूतिताः।

અવાજ ખોખરો થઈ જાય, છાતીમાં પીડા, બગાસાં, શરીર ચૂંથાય, થૂંકથૂંક કરવું પડે, જઠરાગ્નિ મંદ પડે અને મોં ગંધાય એટલા એમના (=પીનસ વગેરે અગિયાર લક્ષણોના) ઉપદ્રવો જાણવા.

(ઉપદ્રવ–
व्याधेरुपरि यो व्याधिर्भवत्युत्तरकालजः।
उपक्रमविघाती च स ह्युपद्रव उच्यते ॥

એક રોગ થયા પછી એની હયાતીમાં એના ઉપર જે એવો બીજો રોગ થાય કે જે મૂળ રોગના ઉપાય કરવામાં દખલરૂપ થઈ પડે તેને ઉપદ્રવ કહે છે.)

વાયુથી થયેલા ક્ષયનાં લક્ષણ

तत्र वाताच्छिरःपार्श्वशूलमंसाङ्गमर्दनम् ॥ १६ ॥
कण्ठोद्ध्वंसः स्वरभ्रंशः

તેમાં (=ક્ષયમાં) વાયુથી થયેલા ક્ષયમાં, માથામાં અને પડખામાં સણકા મારે છે, ખભામા અને શરીરમાં ચૂંથારા થાય છે, અવાજ ખોખરો થઈ જાય છે અને અવાજ બેસી જાય છે.

પિત્તથી થયેલા ક્ષયનાં લક્ષણ

पित्तात्पादांसपाणिषु।
दाहोऽतिसारोऽसृक्छर्दिर्मुखगन्धो ज्वरो मदः॥१७

પિત્તથી થયેલા ક્ષયમાં પગમાં, ખભામાં અને હાથમાં બળતરા થાય છે, અતિસાર, લોહીની ઊલટી, મોં ગંધાય, તાવ અને કેફ એટલા લક્ષણ થાય છે.

કફથી થયેલા ક્ષયનાં લક્ષણ

कफादरोचकच्छर्दिः कासो मूर्धाङ्गगौरवम्।
प्रसेकः पीनसः श्वासः स्वरसादोऽल्पवह्निता ॥

કફથી થયેલા ક્ષયમાં અરુચિ, ઊલટી, ઉધરસ, માથું અને શરીર ભારે રહે, પ્રસેક, સળેખમ, શ્વાસ, અવાજ બેસી જાય, જઠરાગ્નિ થોડો થઈ જાય એટલાં લક્ષણો થાય છે.

ખાવાપીવા છતાં ધાતુઓને પોષણ કેમ મળતું નથી?

दोषैर्मन्दानलत्वेन सोपलेपैः कफोल्बणैः।
स्रोतोमुखेषु रुद्धेषु धातूष्मस्वल्पकेषु च ॥१९॥
विदह्यमानः स्वस्थाने रसस्तांस्तानुपद्रवान्।
कुर्यादगच्छन्मांसादीनसृक् चोर्ध्वं प्रधावति ॥
पच्यते कोष्ठ एवान्नमन्नपक्त्रैव चास्य यत्।
प्रायोऽस्मान्मलतां यातं नैवालं धातुपुष्टये ॥२१॥
रसोऽप्यस्य न रक्ताय मांसाय कुत एव तु।
उपस्तब्धः स शकृता केवलं वर्तते क्षयी ॥२२॥

કફ જેમાં અધિક છે અને તેથી જે કફથી લીંપાઈ ગયા છે એવા દોષો વડે જઠરાગ્નિ મંદ પડી ગયેલો હોવાથી, સ્રોતોનાં મોં પુરાઈ ગયેલાં હોવાથી અને ધાતુઓની ગરમી (=ધાત્વગ્નિ) બહુ થોડી થઈ ગયેલી હોવાથી રસ (આહારનો રસ) પોતાના જ સ્થાનમાં (આમાશયમાં) અધકચરો પાકીને (શ્લોક ૧૫, ૧૫½માં કહેલા) જુદાજુદા ઉપદ્રવો કરે છે. અને લોહી (=રસ અધૂરો પાકવાથી બનેલું કાચુપાકુ લોહી–શુદ્ધ લોહી નહિ) માંસ વગેરે ધાતુઓમાં પહોંચ્યા વિના જ ઊંચુ ધસે છે (=થૂંક, ઊલટી વગેરે દ્વારા નીકળે છે). એનો (=ક્ષયરોગીનો) આહાર ફક્ત કોઠામાં જ ફક્ત જઠરાગ્નિથી જ પાકે છે (=ભૂતાગ્નિ અને ધાત્વગ્નિથી ફરી પાકતો નથી). તેથી (=ઉપર જણાવેલાં બધાં કારણોને લીધે) એના આહારમાંથી મોટે ભાગે ઝાડો અને પેશાબ બનતાં હોવાથી એ આહાર ધાતુઓને પોષણ આપી શકતો નથી. એના અન્નરસમાંથી (શુદ્ધ) લોહી પણ બની શકતું નથી તો પછી માંસ તો બને જ ક્યાંથી? એ ક્ષયરોગી ફક્ત ઝાડાને લીધે (=આંતરડાંમા ઝાડાના ભરાવાને લીધે) ટકી રહે છે અને તેથી જીવે છે.

અસાધ્ય ક્ષયનાં લક્ષણ

लिङ्गेष्वल्पेष्वपि क्षीणं व्याध्यौषधबलाक्षमम्। वर्जयेत्

દરદીમાં ક્ષયનાં લક્ષણ થોડાં હોવા છતાં પણ જે દરદી ક્ષીણ થઈ ગયો હોય (=બળ અને માંસ ઓછાં થઈ ગયાં હોય) અને જે રોગનું અને ઔષધનું જોર ખમી શકે એવો ન હોય તે દરદીને છોડી દેવો.

સાધ્ય ક્ષયનાં લક્ષણ

साधयेदेव सर्वेष्वपि ततोऽन्यथा ॥२३॥

ઉપર અસાધ્યનાં લક્ષણ કહ્યાં તેનાથી ઊંધાં લક્ષણવાળા દરદીને ક્ષયનાં બધાં લક્ષણ હોય તોપણ મટાડવું. (ક્ષયનાં બધાં લક્ષણ હોય કે થોડાં પણ જો દરદીનાં શરીર અને બળ ઘસાઈ ન ગયાં હોય અને જો દરદી રોગનું અને દવાનું જોર ખમી શકે એવો હોય તો ક્ષયરોગ મટી શકે છે.)

इति राजयक्ष्मानिदानम्।

આમ ક્ષયરોગનું નિદાન પૂરું થયું.

अथ स्वरभेदनिदानम्।

સ્વરભેદનું નિદાન

સ્વરભેદની સંખ્યા

दोषैर्व्यस्तैः समस्तैश्च क्षयात् षष्ठश्च मेदसा। स्वरभेदो भवेत्

છૂટાછૂટા દોષોથી (=વાયુથી, પિત્તથી, કફથી), ત્રણે ભેગા દોષોથી, ક્ષયરોગથી અને છઠ્ઠો ચરબીથી સ્વરભેદ રોગ થાય છે.

વાયુના સ્વરભેદનાં લક્ષણ

तत्र क्षामो रूक्षश्चलः स्वरः ॥२४॥ शूकपूर्णाभकण्ठत्वं स्निग्धोष्णोपशयोऽनिलात्।

તેમાં (=છ સ્વરભેદમાંથી) વાયુના સ્વરભેદમાં અવાજ નબળો (=પાસે બેઠેલાને પણ ન સંભળાય એવો), લૂખો (=કાનને કર્કશ લાગે એવો) અને ચલ (=બોલવાના અક્ષરો રહી જાય એવો) હોય છે; ગળામાં જાણે કાંટાકાંટા ઊગ્યા હોય એવું લાગે છે. એમાં સ્નિગ્ધ અને ગરમ ઉપચાર માફક આવે છે.

પિત્તના સ્વરભેદનાં લક્ષણ

पित्तात्तालुगले दाहः शोष उक्तावसूयनम् ॥२५॥

પિત્તના સ્વરભેદમાં તાળવામાં અને ગળામાં બળતરા થાય છે, તાળવું તથા ગળું સુકાય છે અને પૂરું બોલી શકાતું નથી.

કફના સ્વરભેદનાં લક્ષણ

लिम्पन्निव कफात्कण्ठं मन्दः खुरखुरायते। स्वरो विबद्धः

કફના સ્વરભેદમાં સ્વર જાણે ગળાને લીપતો હોય એવો, ધીમો, ખોખરો અને તોતડાતો હોય છે.

ત્રણે દોષના સ્વરભેદનાં લક્ષણ

सर्वैस्तु सर्वलिङ्गः

બધા ભેગા દોષના સ્વરભેદમાં જુદાજુદા ત્રણ દોષના સ્વરભેદનાં લક્ષણો (શ્લોક ૨૪ થી ૨૫½) ભેગાં હોય છે.

ક્ષયના સ્વરભેદનાં લક્ષણ

क्षयात्कपेत् ॥२६॥
धूमायतीव चात्यर्थम्

ક્ષયના સ્વરભેદમા ગળુ છોલાય છે અને જાણે ગળામાથી (અને નાક વગેરેમાથી) ધુમાડો નીકળતો હોય એવુ લાગે છે (અથવા ગળામા જાણે ધુમાડો લાગ્યો હોય એવી અસર થાય છે).

ચરબીના સ્વરભેદનાં લક્ષણ

मेदसा श्लेष्मलक्षणः ।
कृच्छ्रलक्ष्याक्षरश्च

ચરબીના સ્વરભેદનાં લક્ષણ કફના સ્વર ભેદના લક્ષણ જેવા છે, પણ વધારામા દરદીના બોલેલા અક્ષરો મહામુશ્કેલીથી ઓળખી શકાય છે.

સાધ્ય અને અસાધ્ય સ્વરભેદ કયા?

अत्र सर्वैरन्त्यं च वर्जयेत् ॥२७॥

એમા (=છ સ્વરભેદમા) બધા ભેગા દોષથી થયેલો અને છેલ્લો (=ચરબીથી થયેલો) એ બે સ્વરભેદને છોડી દેવા. (બાકીના ચાર સાધ્ય છે.)

इति स्वरभेदनिदानम् ।

આમ સ્વરભેદનુ નિદાન પૂરુ થયુ.

अथारोचकनिदानम् ।

અરોચક(=અરુચિ)નુ નિદાન

સંખ્યા

अरोचको भवेद्दोषैर्जिह्वाहृदयसंश्रयैः ।
सन्निपातेन मनसः सन्तापेन च पञ्चमः ॥२८॥

જીભ અને હૃદયમા રહેલા દોષોને લીધે (=દરેક છૂટાછૂટા દોષને લીધે), (જીભ અને હૃદયમા રહેલા) ત્રણે ભેગા દોષને લીધે અને (ક્રોધ, શોક વગેરે) મનના સંતાપને લીધે પાચમો (એમ) અરુચિ પાચ છે.

દરેક પ્રકારની અરુચિનાં લક્ષણ

कषायतिक्तमधुरं वातादिषु मुखं क्रमात् ।
सर्वोत्थे विरसं शोकक्रोधादिषु यथामलम् ॥२९॥

इत्यरोचकनिदानम् ।

વાયુ વગેરેથી ઉત્પન્ન થયેલી અરુચિમા મો અનુક્રમે તૂરુ, કડવુ અને ગળ્યુ રહે છે (=વાયુની અરુચિમા તૂરુ, પિત્તની અરુચિમા કડવુ અને કફની અરુચિમા ગળ્યુ રહે છે). બધા ભેગા દોષોથી થયેલી અરુચિમા મોનો સ્વાદ બગડી જાય છે (અથવા મો સ્વાદ પારખી શકતુ નથી), અને શોક, ક્રોધ વગેરેથી થયેલી અરુચિમા જે જે દોષ કોપ્યો હોય તે તે દોષ પ્રમાણેના સ્વાદવાળુ મો રહે છે (=શોક, ભય, કામ, લોભ, અદેખાઈ વગેરેથી વાયુ કોપે છે તેથી મો તૂરુ રહે છે, ક્રોધથી પિત્ત કોપે છે તેથી મો કડવુ રહે છે અને વળગાડથી મનને સંતાપ થવાથી ત્રણે દોષ કોપે છે તેથી મોનો સ્વાદ બગડી જાય છે).

આમ, અરુચિનુ નિદાન પૂરુ થયુ.

अथ छर्दिनिदानम् ।

ઊલટીના રોગનુ નિદાન

સંખ્યા

छर्दिर्दोषैः पृथक्सर्वैर्द्विष्टैरर्थैश्च पञ्चमी ।

દરેક છૂટાછૂટા દોષથી થતી (=વાયુની, પિત્તની અને કફની), બધા ભેગા દોષોની અને પાચમી સૂગ ચડે એવી વસ્તુઓથી થતી–એમ ઊલટી પાચ છે.

સંપ્રાપ્તિ

उदानो विकृतो दोषान् सर्वास्वप्यूर्ध्वमस्यति ॥

બધી (=પાચે) ઊલટીઓમા ઉદાનવાયુ બગડીને દોષોને ઊંચા ફેંકે છે (=ઉછાળે છે).

પૂર્વરૂપ

तासूत्क्लेशास्यलावण्यप्रसेकारुचयोऽग्रगाः ।

તેમા (=પાચે ઊલટીઓમા) ઉત્કલેશ, મોમા ખારુ ખારુ લાગે, પ્રસેક અને અરુચિ એ પહેલા આવે છે (=પૂર્વરૂપ છે).

વાયુની ઊલટીનાં લક્ષણ

नाभिपृष्ठं रुजन् वायुः पार्श्वे चाहारमुत्क्षिपेत् ॥
ततो विच्छिन्नमल्पाल्पं कषायं फेनिलं वमेत् ।
शब्दोद्गारयुतं कृष्णमच्छं कृच्छ्रेण वेगवत् ॥३२॥
कासास्यशोषहृन्मूर्धस्वरपीडाक्लमान्वितः ।

ઉધરસ, મો સુકાય, હૃદયમા, માથામા અને બોલતા પીડા તથા કંટાળો એટલા વાના સાથે ડૂંટી, પીઠ અને પડખામા પીડા કરીને વાયુ આહારને ઉછાળે છે (=વાયુને લીધે આહાર

હોજરીમાથી ઉછાળો મારે છે.) પછી (એ વાયુને લીધે) કકડેકકડે, થોડીથોડી, તૂરી, ફીણવાળી, અવાજ અને ઉદ્ગાર સાથે, કાળી, પાતળી, મુશ્કેલીથી અને વેગવાળી ઊલટીઓ થાય છે (=ઊલટીના વેગો આવે છે).

પિત્તથી થતી ઊલટીઓનાં લક્ષણ

पित्तात्क्षारोदकनिभं धूम्रं हरितपीतकम् ॥ ३३ ॥
सासृगम्लं कटूष्णं च तृण्मूर्च्छातापदाहवत् ।

પિત્તને લીધે ક્ષારના પાણી જેવી, ધુમાયેલી (કાળાશપડતી રાતી), લીલીપીળી, લોહીવાળી, ખાટી, તીખી અને ગરમ ઊલટીઓ થાય છે. તેમા સાથે તરસ, મૂર્ચ્છા, શરીરમા ગરમી અને બળતરા હોય છે.

કફથી થતી ઊલટીનાં લક્ષણ

कफात् स्निग्धं घनं शीतं
श्लेष्मतन्तुगवाक्षितम् ॥ ३४ ॥
मधुरं लवणं भूरि प्रसक्तं लोमहर्षणम् ।
मुखश्वयथुमाधुर्यतन्द्राहृल्लासकासवान् ॥ ३५ ॥

કફને લીધે ચીકણી, ઘટ્ટ, ઠડી, કફના જાળા જાળાવાળી, ગળી, ખારી, પુષ્કળ, સતત રૂવાડા ઊભા થઈ જાય એવી ઊલટીઓ થાય છે. તેમા સાથે મો ઉપર સોજો (=ફેફર), મોમા ગળ્યુ-ગળ્યું લાગે, ઘેન, હલ્લાસ અને ઉધરસ હોય છે.

ત્રણે ભેગા દોષોની ઊલટીનાં લક્ષણ

सर्वलिङ्गा मलैः सर्वै रिष्टोक्ता या च तां त्यजेत् ।

બધા ભેગા દોષોથી થયેલી ઊલટી તથા રિષ્ટના અધ્યાયમા (=શા. ૫/૭૭, ૭૭કેમા) જે ઊલટી કહી છે, તે બને પ્રકારની ઊલટીઓમા ત્રણે ભેગા દોષની ઊલટીના લક્ષણ હોય છે. તે બન્ને ઊલટીને છોડી દેવી (એ અસાધ્ય છે)

સૂગથી થતી ઊલટીનાં લક્ષણ

पूत्यमेध्याशुचिद्विष्टदर्शनश्रवणादिभिः ॥ ३६ ॥
तप्ते चित्ते हृदि क्लिष्टे छर्दिर्द्विष्टार्थयोगजा ।

ગધાતા, ગદા, અસ્વચ્છ, સૂગ ચડે એવા પદાર્થોને જોવાથી કે એ પદાર્થો વિષે સાભળવાથી મનને સતાપ થાય અને હૃદયમા ક્લેશ થાય તેથી જે ઊલટી થાય, તે સૂગ ચડે એવી વસ્તુના યોગથી થયેલી ઊલટી કહેવાય છે.

वातादीनेव विमृशेत्कृमितृष्णामदौहृदे ॥ ३७ ॥
शूलवेपथुहृल्लासैर्विशेषात् कृमिजां वदेत् ।
कृमिहृद्रोगलिङ्गैश्च

इति छर्दिनिदानम् ।

કરમિયાને લીધે, તરસને લીધે, 'આમ'ને લીધે અને ગર્ભ રહ્યો હોય તેને લીધે થતી ઊલટી એ ઊલટીના લક્ષણો ઉપરથી વાયુ વગેરે દોષોની ઊલટી છે એવુ જ સમજવુ (એ ઊલટીઓને જુદી ગણવી નહિ). શૂળ, કપ, હલ્લાસ તથા કરમિયાના રોગના (નિ. અ. ૧૪) અને હૃદયરોગના લક્ષણો (નિ. ૫/૩૮થી ૪૪કે) ઉપરથી કહેવુ કે ઊલટીનો કરમિયાને લીધે થાય છે.

આમ ઊલટીરોગનુ નિદાન પૂરું થયુ.

अथ हृद्रोगनिदानम् ।

હૃદયરોગનું નિદાન

સંખ્યા, કારણ

स्मृताः पञ्च तु हृद्गदाः ॥ ३८ ॥
तेषां गुल्मनिदानोक्तं समुत्थानं च सम्भवः ।

હૃદયરોગ પાચ છે એવુ આયુર્વેદ કહે છે. ગોળાના રોગના નિદાનમા (નિ. ૧૧/૩૩થી ૩૮) કહેલા કારણોથી હૃદયરોગો થાય છે.

વાયુના હૃદયરોગનાં લક્ષણ

वातेन शूल्यतेऽत्यर्थं तुद्यते स्फुटतीव च ॥ ३९ ॥
भिद्यते शुष्यति स्तब्धं हृदयं शून्यता द्रवः ।
अकस्माद्दीनता शोको भयं शब्दासहिष्णुता ॥४०
वेपथुर्वेष्टनं मोहः श्वासरोधोऽल्पनिद्रता ।

વાયુના હૃદયરોગમા હૃદયમા ખૂબ જ શૂળ આવે છે, સોયો ખોસ્યા જેવી પીડા થાય છે, હૃદય જાણે ફાટે છે, ચિરાય છે, સુકાય છે, જડજડ થઈ જાય છે, ખાલી પડી જાય છે, દ્રવે છે. કઈ કારણ વિના જ દર્દીમા લાચારી, શોક, બીક, અવાજ ખમી ન શકાય, ધ્રુજારી, વેષ્ટન (=જમીન પર આળોટવુ, હૃદયની આસપાસ કઈ વીટાતુ હોય એવુ લાગતુ), મોહ, શ્વાસ રૂધાય અને ઊંઘ ઓછી થઈ જાય એટલા લક્ષણ થાય છે.

પિત્તનાં હૃદયરોગનાં લક્ષણ

पित्तात्तृष्णा भ्रमो मूर्च्छा दाहः
स्वेदोऽम्लकः क्लमः ॥४१॥
छर्दनं चाम्लपित्तस्य धूमकः पीतता ज्वरः ।

પિત્તથી થતા હૃદયરોગમા તરસ, ફેર, મૂર્છા, ખળતરા, પરસેવો, અમ્લક, કંટાળો, ખાટા પિત્તની ઊલટીઓ, ધૂમક, પીળાશ અને તાવ એટલા લક્ષણ થાય છે.

કફના હૃદયરોગનાં લક્ષણ

श्लेष्मणा हृदयं स्तब्धं भारिकं साश्मगर्भवत् ॥४२
कासाग्निसादनिष्ठीवनिद्रालस्यारुचिज्वराः ।

કફથી થતા હૃદયરોગમા હૃદય અજડ, જાણે અંદર પથ્થર ભર્યો હોય એવુ ભારે થઈ જાય છે. એમા સાથે ઉધરસ, મંદાગ્નિ, થૂંકથૂંક કરવુ, ઊંઘ, આળસ, અરુચિ અને તાવ હોય છે.

ત્રણે દોષના હૃદયરોગનાં લક્ષણ

सर्वलिङ्गस्त्रिभिर्दोषैः

ત્રણે ભેગા દોષથી થતા હૃદયરોગમા ત્રણે છૂટાછૂટા દોષના હૃદયરોગના લક્ષણો ભેગા હોય છે.

કરમિયાથી થતા હૃદયરોગના લક્ષણ

कृमिभिः श्यावनेत्रता ॥४३॥
तमःप्रवेशो हृल्लासः शोषः कण्डूः कफस्रुतिः ।
हृदयं प्रततं चात्र क्रकचेनेव दार्यते ॥४४॥
चिकित्सेदामयं घोरं तं शीघ्रं शीघ्रकारिणम् ।

इति हृद्रोगनिदानम् ।

કરમિયાથી થતા હૃદયરોગમા આંખો ખદામી રંગની હોય છે, આંખે અંધારા આવે છે, હલ્લાસ, હૃદયનો શોષ, ખણુજ, કફ નીકળ્યા કરે, હૃદય જાણે સતત કરવતથી વહેરાય છે. (એટલા લક્ષણો થાય છે). એ કરમિયાથી થયેલા, તરત મારી નાખે એવા ભયંકર રોગના તરત ઉપાય કરવા.

આમ હૃદયરોગનું નિદાન પૂર્ં.

— **अथ तृष्णानिदानम् ।**

તરસના રોગનું નિદાન

સંખ્યા

वातात्पित्तात्कफात्तृष्णा सन्निपाताद्रसक्षयात् ॥४५
षष्ठी स्यादुपसर्गाच्च

વાયુથી, પિત્તથી, કફથી, ત્રણે ભેગા દોષથી, રસધાતુ ઓછી થઈ જવાથી અને છઠ્ઠી બીજા રોગના ઉપદ્રવરૂપ એમ તરસના રોગ છ છે.

બધા તરસરોગનું કારણ

वातपित्ते तु कारणम् ।
सर्वासु

બધા તરસરોગનુ કારણ વાયુ અને પિત્ત છે.

तत्प्रकोपो हि सौम्यधातुप्रशोषणात् ॥४६॥
सर्वदेहभ्रमोत्कम्पतापतृड्दाहमोहकृत् ।

કારણ કે એમનો (વાયુ અને પિત્તનો) પ્રકોપ શરીરમાની સૌમ્ય ધાતુને (=કફને અથવા રસને) સૂકવી નાખીને આખા શરીરમા ફેર, ઉત્કંપ (ધ્રુજારી), તાપ, તરસ, ખળતરા અને મોહ ઉત્પન્ન કરે છે.

સંપ્રાપ્તિ

जिह्वामूलगलक्लोमतालुतोयवहाः सिराः ॥४७॥
संशोष्य तृष्णा जायन्ते

જીભનુ મૂળ, ગળું, ક્લોમ, તાળવુ એટલાં અંગોને પાણી પહોંચાડનારી શિરાઓને સૂકવી નાખીને બધા તરસના રોગ થાય છે.

સામાન્ય લક્ષણો

तासां सामान्यलक्षणम् ।
मुखशोषो जलातृप्तिरन्नद्वेषः स्वरक्षयः ॥४८॥
कण्ठौष्ठजिह्वाकार्कश्यं जिह्वानिष्क्रमणं क्लमः ।
प्रलापश्चित्तविभ्रंशस्तृड्ग्रहोक्तास्तथाऽऽमयाः ॥४९

મો સુકાય, પાણી પીધાથી સંતોષ ન થાય, ખાવુ ગમે નહિ, અવાજનો નાશ થાય; ગળું, હોઠ અને જીભ કરકરાં થઈ જાય, જીભ મોની બહાર નીકળે, કંટાળો આવે, લવરી થાય, ચિત્તનો વિભ્રંશ થાય તથા તરસ મારવાથી (=રોકવાથી) જે રોગો થાય એમ સૂ. ૪/૧૦ મા કહ્યુ છે તે બધા રોગ થાય છે—એટલાં બધી તરસના સામાન્ય લક્ષણ છે.

વાયુની તરસના લક્ષણ

मारुतात् क्षामता दैन्यं शङ्खनोद शिरोभ्रम ।
गन्धाज्ञानास्यवैरस्यश्रुतिनिद्राबललक्षया. ॥ ५० ॥
शीताम्बुपानाद्वृद्धिश्च

વાયુની તરસને લીધે દૂબળાપણું, લાચારી, લમણામા સોય ભોંકાતી હોય એવી પીડા, માથુ ભમી જાય, નાકને ગંધની ખબર ન પડે, મોનો સ્વાદ બગડી જાય, કાને ઓછુ સંભળાય, ઊંઘ અને બળ ઓછા થઈ જાય-એટલા લક્ષણો થાય છે.

પિત્તની તરસના લક્ષણ

पित्तान्मूर्छास्यतिक्तता ।
रक्तेक्षणत्वं प्रततं शोषो दाहोऽतिधूमक ॥ ५१ ॥

પિત્તની તરસને લીધે મૂર્છા આવે, મો કડવુ રહે, આંખો રાતી રહે, સતત મોમા શોષ પડે, બળતરા થાય અને બહુ ધૂમક થાય.

કફની તરસનાં લક્ષણ

कफो रुणद्धि कुपितस्तोयवाहिषु मारुतम् ।
स्रोत सु स कफस्तेन पङ्कवच्छोष्यते तत ॥५२॥
शूकैरिवाचित कण्ठो निद्रा मधुरवक्त्रता ।
आध्मानं शिरसो जाड्यं स्तैमित्यच्छर्द्यरोचका ॥
आलस्यमविपाकश्च

કોપેલો કફ પાણીને વહેનારા સ્રોતોમા વાયુને રોકી રાખે છે એ વાયુ એ કફને કાદવ ની માફક સૂકવી નાખે છે, તેથી ગળામા કાંટાકાંટા જેવુ થઈ જાય છે, ઊંઘ આવ્યા કરે છે, મો ગળ્યુગળ્યુ રહે છે, આધ્માન થાય છે, માથુ જડ બની જાય છે, સ્તૈમિત્ય, ઊલટી અને અરુચિ થાય છે, આળસ આવે છે અને ખાધુ પીધુ પચતુ નથી.

ત્રણે ભેગા દોષની તરસના લક્ષણ

सर्वै. स्यात्सर्वलक्षणा ।

બધા દોષ ભેગા કોપવાથી થયેલા તરસના રોગમા ત્રણે દોષના જુદાજુદા લક્ષણો ભેગા હોય છે.

આમ, ઉપવાસ વગેરેથી થયેલો તરસનો રોગ શામા સમાય?

आमोद्भवा च, भक्तस्य संरोधाद्वातपित्तजा ॥५४
उष्णक्लान्तस्य सहसा शीताम्भो भजतस्तृषम् ।
ऊष्मा रुद्धो गत कोष्ठं या कुर्यात्पित्तजैव सा ५५
या च पानातिपानोत्था,
तीक्ष्णाग्ने स्नेहजा च या ।
स्निग्धगुर्वम्ललवणभोजनेन कफोद्भवा ॥ ५६ ॥

વળી 'આમ'થી થયેલો તરસનો રોગ પણ ત્રણે ભેગા દોષથી થયેલો હોય છે. ખાવાનુ બંધ કરવાથી (=ઉપવાસથી) થયેલો તરસનો રોગ વાયુ અને પિત્ત ભેગા કોપવાથી થાય છે. તાપથી અકળાયેલો માણસ એકદમ ઠંડુ પાણી પીએ તેથી તે ગરમી (પીધેલા પાણીથી) રૂંધાઈને કોઠામા જઈને જે તરસ નામનો રોગ કરે છે તે તથા બહુ દારૂ પીવાથી જે તરસનો રોગ થાય છે તે બને પિત્ત કોપવાથી થાય છે. તીક્ષ્ણ જઠરાગ્નિવાળા માણસને સ્નેહ પીવાથી જે તરસનો રોગ થાય છે તે તથા સ્નિગ્ધ, ભારે, ખાટું અને ખારું ખાવાથી જે તરસનો રોગ થાય તે બને કફના પ્રકોપથી થાય છે

રસના ક્ષયથી થતી તરસનાં લક્ષણ

तृष्णा रसक्षयोक्तेन लक्षणेन क्षयात्मिका ।

રસના ક્ષયથી થતા લક્ષણો ઉપરથી (સૂ. ૧૧/૧૬૩) રસના ક્ષયથી થતો તરસનો રોગ ઓળખવો.

ઉપદ્રવરૂપ તરસના લક્ષણ

शोषमेहज्वराद्यन्यदीर्घरोगोपसर्गत ॥ ५७ ॥
या तृष्णा जायते तीव्रा
सोपसर्गात्मिका स्मृता ॥५७३॥

इति तृष्णानिदानम् ।

ક્ષયરોગ, પ્રમેહ, તાવ (+ઉધરસ, શ્વાસ, ઉર ક્ષત) વગેરેમાથી એકાદ રોગ લાંબો ચાલે તેમાથી ઉપદ્રવ રૂપ જે તીવ્ર તરસનો રોગ થાય, તેને આયુર્વેદ ઉપસર્ગાત્મક તરસ કહે છે.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने राजयक्ष्मादि निदान नाम पञ्चमोऽध्याय ॥५॥

અધ્યાય ૬ ઠ્ઠો

अथातो मदात्ययादिनिदानं व्याख्यास्याम. ।
इति ह स्माहुरात्रेयादयो महर्षय ।

ત્યારે હવે અમે મદાત્યય વગેરે(=મદાત્યય, મદ, મૂર્છાય, સંન્યાસ)નું નિદાન સમજાવીશુ. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે

મદાત્યયનું નિદાન

મદ્ય(=દારૂ)ના ગુણ

तीक्ष्णोष्णरूक्षसूक्ष्माम्ल व्यवाय्याशुकरं लघु।
विकाशि विशद मद्यमोजसोऽस्माद्विपर्यय. ॥१॥

દારૂ તીક્ષ્ણ, ગરમ, લૂખો, સૂક્ષ્મ, ખાટો, વ્યવાયી, ઝટ અસર કરે એવો, હલકો, વિકાશી અને કોરો છે. ઓજસ એનાથી (=દારૂથી) ઊંધુ છે (=મંદ, ઠંડુ, સ્નિગ્ધ, સાન્દ્ર, ગળ્યુ, સ્થિર, લાંબે વખતે અસર કરે એવુ, ભારે, શ્લક્ષ્ણ અને પિચ્છિલ છે).

દારૂ અને ઝેર વચ્ચે સરખાપણું અને તફાવત

तीक्ष्णादयो विषेऽप्युक्ताश्चित्तोपप्लाविनो गुणा ।
जीवितान्ताय जायन्ते विषे तूत्कर्षवृत्तित' ॥ २॥

ઝેરમા પણ ચિત્તને ભમાવી નાખે એવા એ જ (=ઉપર કહેલા) તીક્ષ્ણ વગેરે દશ ગુણો કહેલા છે, પણ એ દશ ગુણો ઝેરમા મોટા પ્રમાણમા હોવાથી જીવનનો અંત આણે છે (=મારી નાખે છે). (દારૂમા એ દસ ગુણો થોડા પ્રમાણમા હોવાથી એ જીવ લેતા નથી.)

દારૂના પહેલા મદની અસર

तीक्ष्णादिभिर्गुणैर्मद्यं मन्दादीनोजसो गुणान् ।
दशभिर्दश सङ्क्षोभ्य चेतो नयति विक्रियाम् ॥३
आद्ये मदे

પહેલા મદ દરમ્યાન (=દારૂ પીધા પછી દારૂના પહેલા વેગ દરમ્યાન) દારૂ પોતાના તીક્ષ્ણ વગેરે દશ ગુણોથી ઓજસના દશ ગુણોને ખળભળાવીને (=ગભરાવીને, હરાવીને) ચિત્તમા વિકાર ઉત્પન્ન કરે છે. (પહેલા મદમા ઓજસનો નાશ થતો નથી અને હૃદય જાગ્રત થાય છે—શ્લોક ૮ની સર્વાંગસુંદર ટીકા.)

બીજા મદની અસર

द्वितीये तु प्रमादायतने स्थित ।
दुर्विकल्पहतो मूढ सुखमित्यधिमुच्यते ॥४॥

બીજા મદમા, બેદરકારીના સ્થાનના પહોંચેલો (તદ્દન બેપરવા બની ગયેલો), ખરાબ કલ્પનાઓથી હણાયેલો (=ખરાબ કલ્પનાઓથી જેનો પુરુષાર્થ નાશ પામે છે એવો) અને શુ કરાય અને શુ ન કરાય એ બાબતનુ ભાન ભૂલેલો એ માણસ સુખથી ત્યજાય છે (પહેલા મદમા જે સુખ લાગતુ હતુ તે બીજા મદમા લાગતુ નથી). (બીજા મદમા ઓજસનો થોડો નાશ થાય છે—શ્લોક ૮ની સર્વાંગસુંદર ટીકા)

બીજા અને ત્રીજા મદના વચગાળાની અસર

मध्यमोत्तमयो सन्धि प्राप्य राजसतामस ।
निरङ्कुश इव व्यालो न किञ्चिन्नाचरेज्जड ।५॥

વચલા (=બીજા) અને છેલ્લા (=ત્રીજા) મદના વચગાળામા આવીને એ માણસ અંકુશ વિનાના વીફરેલા હાથીની માફક રજોગુણ અને તમોગુણવાળો બનીને એવો જડ બની જાય છે કે એવુ એકે ખરાબ કામ નથી કે જે એ ન કરે.

इय भूमिरवद्यानां दौ शील्यस्येदमास्पदम् ।
एकोऽयं बहुमार्गाया दुर्गतेर्देशिक' परम् ॥६॥

આ મદની અવસ્થા નિંદવા લાયક બાબતોની (પાપોની) ખાણ છે, એ દુરાચરણનું ઘર છે. આ એકલી (=આ બીજા અને ત્રીજા મદની વચગાળાની અવસ્થા) અનેક રીતે ખરાબ રસ્તે ચડવાનુ શીખવનાર ગુરુ છે.

ત્રીજા મદની અસર

निश्चेष्ट शावच्छेते तृतीये तु मदे स्थित ।
मरणादपि पापात्मा गत पापतरां दशाम् ॥७॥

પણ ત્રીજા મદમા પહોંચીને એ માણસ મડદાની માફક નિશ્ચેષ્ટ (=શરીર, વાણી અને મનની ક્રિયા કર્યા વિના) પડ્યો રહે છે. તે વખતે એ પાપી મરણથી પણ ભૂંડી દશા ભોગવે છે. (ત્રીજા મદમા બધા ઓજસનો નાશ થાય છે. શ્લોક ૮ની સર્વાંગસુંદર ટીકા.)

દારૂ પીવાથી નુકસાન

धर्माधर्मं सुखं दुःखमर्थानर्थं हिताहितम्।
यदासक्तो न जानाति कथं तच्छीलयेद्बुधः ॥८॥

જેની (=જે દારૂની) લત લાગવાથી ધર્મનું ને અધર્મનું, સુખનું ને દુઃખનું, હિતનું ને અહિતનું ભાન ન રહે તે દારૂની ટેવ ડાહ્યો માણસ કેમ પાડે ?

मद्ये मोहो भयं शोकः क्रोधो मृत्युश्च संश्रिताः।
सोन्मादमदमूर्च्छायाः सापस्मारापतानकाः ॥९॥
यत्रैकः स्मृतिविभ्रंशस्तत्र सर्वमसाधु यत्।

દારૂમાં (=દારૂ અતિશય પીવામાં) મોહ, ભય, શોક, ક્રોધ, મોત, ગાંડપણુ, કેફ, મૂર્છા, વાઈ અને અપતાનક નામનો વાયુનો રોગ વસેલા છે. અરે! જેમાં (=જે પીવાથી) એકલો સ્મૃતિવિભ્રંશ થાય (=ભાન ભૂલી જવાય, સ્મૃતિનો લોપ થાય) તેમાં (=ને દારૂમા) જે કંઈ હોય તે બધું ખરાબ જ હોય. (દારૂ પીવાથી બીજા બધા રોગ થાય છે એ વાત ઘડીભર બાજુએ રાખીએ તોપણ દારૂ પીવાથી ભાન ભૂલી જવાય છે એ એક જ નુકસાન દારૂ ન પીવાનું સમજવા માટે બસ છે.)

દારૂ યુક્તિથી ન પિવાય તો થતું નુકસાન

अयुक्तियुक्तमन्नं हि व्याधये मरणाय वा ॥१०॥
मद्यं त्रिवर्गधीधैर्यलज्जादेरपि नाशनम्।

કારણ કે જે અન્ન (=આહાર) યુક્તિથી ન સેવાય તો રોગ કરે છે અથવા મારી નાખે છે; પણ દારૂ જો યુક્તિથી ન પિવાય તો (રોગ કે મોત કરે એટલું જ નહિ. પણ) ત્રિવર્ગ (=ધર્મ, અર્થ અને કામ), બુદ્ધિ, ધીરજ, લાજ વગેરેનો પણ નાશ કરે છે. (દારૂ પીવાની યુક્તિ નીચેના શ્લોકોમા તથા ૪૧ મા શ્લોકમા આપી છે.)

દારૂનો મદ બહુ કોને નથી ચડતો ?

नातिमाद्यन्ति बलिनः कृताहारा महाशनाः ॥११॥
स्निग्धाः सत्त्ववयोयुक्ता मद्यनित्यास्तदन्वयाः।
मेदःकफाधिका मन्दवातपित्ता दृढाग्नयः ॥१२॥

બળવાન, જમેલા (=તરત જમી રહેલા), બહુ ખાનાર, સ્નિગ્ધ, સત્ત્વવાળા, વયવાળા (=જુવાન), રોજ દારૂ પીવાના મહાવરાવાળા, રોજ દારૂ પીનારના કુળમાં જન્મેલા, અધિક ચરબીવાળા, અધિક કફવાળા, જેમનામાં વાયુ અને પિત્ત બહુ ઓછાં હોય એવા અને પ્રબળ જઠરાગ્નિવાળા–એટલા માણસોને દારૂ બહુ ચડતો નથી.

કોને કોને દારૂ બહુ ચડે છે ?

विपर्ययेऽतिमाद्यन्ति विश्रब्धाः कुपिताश्च ये।
मद्येन चाम्लरूक्षेण साजीर्णे बहुनाऽति च ॥१३

શ્લોક ૧૧થી ૧૨માં ગણાવ્યા તેનાથી ઊંધા માણસોને (=નબળા, ભૂખ્યા, ઓછું ખાનારા, લૂખા શરીરવાળા, સત્ત્વવિનાના, બાળકો અને ઘરડા, જવલ્લે જ દારૂ પીનારા, દારૂ ન પીનારના કુળમાં જન્મેલા, ઓછી ચરબીવાળા, ઓછા કફવાળા, અધિક વાયુ અને પિત્તવાળા તથા મંદ અગ્નિવાળા માણસોને), દારૂ અમૃત જેવો છે એવા વિશ્વાસે રહીને દારૂમાં રચ્યાપચ્યા રહેતા અને ક્રોધે ભરાયેલા–એટલા માણસોને દારૂ બહુ ચડે છે. અને વળી બહુ ખાટા, બહુ લૂખા, જરા અજીર્ણ હોય ત્યારે પીધેલા અને બહુ પીધેલા દારૂથી બધાને બહુ મદ ચડે છે.

મદાત્યયની સંખ્યા

वातात्पित्तात्कफात्सर्वैश्चत्वारः स्युर्मदात्ययाः।
सर्वेऽपि सर्वैर्जायन्ते व्यपदेशस्तु भूयसा ॥१४॥

વાયુથી, પિત્તથી, કફથી અને ત્રણે ભેગા દોષથી એમ ચાર મદાત્યય હોય છે. એ બધા (=ચારે મદાત્યય) બધા (=ત્રણે ભેગા) દોષોથી થાય છે, પણ કોપેલા ત્રણે દોષમાંથી જે દોષ વધારે કોપ્યા હોય તેના ઉપરથી નામ આપવામાં આવે છે.

મદાત્યયનાં સામાન્ય લક્ષણ

सामान्यं लक्षणं तेषां प्रमोहो हृदयव्यथा।
विड्भेदः प्रततं तृष्णा
सौम्याग्नेयो ज्वरोऽरुचिः ॥ १५ ॥
शिरःपार्श्वास्थिरुक्कम्पो मर्मभेदस्त्रिकग्रहः।
उरोविबन्धस्तिमिरं कासः श्वासः प्रजागरः ॥१६
स्वेदोऽतिमात्रं विष्टम्भः श्वयथुश्चित्तविभ्रमः।
प्रलापश्छर्दिरुत्क्लेशो भ्रमो दुःस्वप्नदर्शनम् ॥१७

ગાઢ મોહ, હૃદયમા પીડા, ભાગેલો ઝાડો

થાય, સતત તરસ, ટાઢિયો અને ઊનો તાવ, અરુચિ; માથામા, પડખામા અને હાડકામા કળતર, કંપ, મર્મ ચિગાયા જેવુ દુ:ખ, ત્રિક જકડાઈ જાય, છાતીનો વિબંધ, અંધારાં આવે, ઉધરસ, શ્વાસ, ઉજાગરો, પરસેવો, ખહુ વિષ્ટંભ, સોજા, મન ભટકયા કરે, લવરી, ઊલટી, ઉત્કલેશ, ફેર, ખરાબ સ્વપ્ન દેખાય–એ એમના (=ચારે મદાત્યયના) સામાન્ય લક્ષણ છે.

વાયુના મદાત્યયનાં લક્ષણ

विशेषाज्जागरश्वासकम्पमूर्धरुजोऽनिलात् ।
स्वप्ने भ्रमत्युत्पतति प्रेतैश्च सह भाषते ॥ १८॥

વાયુના મદાત્યયમા ખાસ કરીને તો ઉજાગરો, શ્વાસ, કંપ, માથુ દુખે અને સ્વપ્નમા દેશપરદેશમા ફરે, કૂદે (=આકાશમા ઊડે) અને મરેલાં સાથે બોલે (એટલા લક્ષણ ખાસ થાય છે).

પિત્તના મદાત્યયનાં લક્ષણ

पित्ताद्दाहज्वरस्वेदमोहातीसारतृड्भ्रमा ।
देहो हरितहारिद्रो रक्तनेत्रकपोलता ॥ १९ ॥

પિત્તથી થયેલા મદાત્યયમા બળતરા, તાવ, પરસેવો, મોહ, અતિસાર, ફેર, શરીર સરસડાના પાદડા જેવા રંગનુ અને હળદર જેવુ પીળુ થઈ જાય તથા આંખો અને ગાલ લાલ થઈ જાય (એટલા લક્ષણ ખાસ હોય છે).

કફના મદાત્યયનાં લક્ષણ

श्लेष्मणा छर्दिहृल्लासनिद्रोदर्दाङ्गगौरवम् ।

કફના મદાત્યયથી ઊલટી, હૃલ્લાસ, ઊંઘ, ઉદર્દ અને શરીર ભારે થઈ જાય (એટલા લક્ષણ ખાસ થાય છે).

ત્રણે ભેગા દોષનાં મદાત્યયનાં લક્ષણ

सर्वजे सर्वलिङ्गत्वम्

બધા ભેગા દોષથી થયેલા મદાત્યયમા દરેક છૂટાછૂટા દોષથી થયેલા ત્રણે મદાત્યયના લક્ષણો ભેગા હોય છે.

मुक्त्वा मद्यं पिबेत्तु य ॥२०॥
सहसाऽनुचितं वाऽन्यत्तस्य ध्वंसकविक्षयौ ।
भवेतां मारुतात्कष्टौ दुर्बलस्य विशेषतः ॥२१॥

જે માણસ દારૂ પીવાનુ છોડી દીધા પછી ફરી પાછો એકાએક (=પુષ્કળ માપમા) એ જ દારૂ અથવા માફક ન આવે એવો બીજો દારૂ પીએ છે, તેને અને ખાસ કરીને તો નબળા માણસને વાયુના પ્રકોપને લીધે ધ્વંસક અને વિક્ષય નામના બે કષ્ટસાધ્ય રોગો (શ્લોક ૨૧ૢૄથી ૨૨ૢૄ) થાય છે.

ધ્વંસકરોગનાં લક્ષણ

ध्वंसके श्लेष्मनिष्ठीवः कण्ठशोषोऽतिनिद्रता ।
शब्दासहत्वं तन्द्रा च

ધ્વંસક રોગમા પાતળો કફ થૂકમા નીકળે છે, ગળુ સુકાય છે, ખહુ ઊંઘ આવે છે, અવાજ ખમી શકાતો નથી અને ઘેન રહે છે.

વિક્ષય રોગનાં લક્ષણ

विक्षयेऽङ्गशिरोतिरुक् ॥२२॥
हृत्कण्ठरोगः सम्मोहः कासस्तृष्णा वमिर्ज्वरः ।

વિક્ષયરોગમા શરીરમા અને માથામા ખહુ પીડા થાય છે, હૃદયના અને ગળાના રોગ થાય છે, સંમોહ, ઉધરસ, તરસ, ઊલટી અને તાવ (એટલા લક્ષણો થાય છે).

દારૂ ન પીવાનો ફાયદો

निवृत्तो यस्तु मद्येभ्यो जितात्मा बुद्धिपूर्वकृत् ॥
विकारैः स्पृश्यते जातु न स शारीरमानसैः ।
इति मदात्ययनिदानम् ।

જે સંયમી, વિચારીને કામ કરનાર માણસ બધી જાતના દારૂમાથી નિવૃત્ત થઈ ગયો હોય છે (=જાણે બાધા લીધી હોય એમ દારૂથી દૂર રહે છે), તેને શરીરના અને મનના રોગ અડકતા નથી (=થતા નથી).

આમ મદાત્યયનુ નિદાન પૂરું થયુ.

મદ, મૂર્ચ્છાય અને સંન્યાસરોગ કોને થાય?

रजोमोहाहिताहारपरस्य स्युस्त्रयो गदा ॥२४
रसासृक्चेतनावाहिस्रोतोरोधसमुद्भवा ।
मदमूर्च्छायसन्न्यासा यथोत्तरबलोत्तरा ॥२५॥

જે માણસમા રજોગુણ વધારે હોય તેને (=મહામુશ્કેલીથી મળે એવી વસ્તુને મેળવવાની ઇચ્છા કરનારને), જેનામા મોહ વધારે હોય તેને (=મહામુશ્કેલીથી સમજી શકાય એવી બાબતને સમજવાની ઇચ્છા કરનારને) તથા

નુકસાન કરે એવો આહાર લીધા કરનારને રસ, લોહી અને ચેતનાને વહેનારાં સ્રોતો પુરાવાથી થતા, એકએકથી વધારે બળવાન (=મદ કરતા મૂર્ચ્છાય અને મૂર્ચ્છાય કરતા સંન્યાસ વધારે બળવાન) એવા મદ, મૂર્ચ્છાય અને સંન્યાસ નામના ત્રણ રોગ થાય છે.

अथ मदनिदानम् ।

મદનું નિદાન

સંખ્યા

मदोऽत्र दोषैः सर्वैश्च रक्तमद्यविषैरपि ।

મદરોગ ત્રણ છૂટાછૂટા દોષથી (વાયુથી, પિત્તથી, કફથી), બધા ભેગા દોષોથી, લોહી બગડવાથી, દારૂ પીવાથી અને ઝેરથી થાય છે.

વાયુથી થતા મદનાં લક્ષણ

सक्तानल्पद्रुताभाषश्चलः स्खलितचेष्टितः ॥ २६ ॥
रूक्षश्यावारुणतनुर्मदे वातोद्भवे भवेत् ।

વાયુથી થતા મદમા માણસ તોતડું, થોડું, ઉતાવળું (=લપલપિયું) બોલે છે, અસ્થિર બને છે; શરીર, મન અને વાણીથી થતાં કામમાં ભૂલથાપ થઈ જાય છે (=વચ્ચેવચ્ચે કંઈ કરવાનુ રહી જાય છે) અને શરીર લૂખું, બદામી રંગનુ અને આછું લાલ થઈ જાય છે.

પિત્તથી થતા મદનાં લક્ષણ

पित्तेन क्रोधनो रक्तपीताभः कलहप्रियः ॥ २७ ॥

પિત્તથી થતા મદમાં માણસ ચીડિયો, રંગે રાતો, પીળો અને તકરારી થઈ જાય છે.

કફથી થતા મદનાં લક્ષણ

स्वल्पसम्बद्धवाक्पाण्डुः
कफाद्ध्यानपरोऽलसः ।

કફથી થતા મદમાં માણસની વાણી સ્વલ્પ (=૧. પાસે બેઠેલાને પણ ન સંભળાય એવી, ૨. થોડી) અને સંબદ્ધ (=૧. બોલતાં ગોચા વળે એવી, ૨. ગળગળી) હોય છે; શરીરનો રંગ ધોળો (=ફિક્કો) હોય છે, માણસ વિચારમગ્ન અને આળસુ હોય છે.

ત્રણે ભેગા દોષના મદનાં લક્ષણ

सर्वात्मा सन्निपातेन

ત્રણે ભેગા દોષના મદમા છૂટાછૂટા ત્રણ દોષના મદાત્યયનાં લક્ષણો ભેગા હોય છે.

લોહી બગડવાથી થતા મદનાં લક્ષણ

रक्तात्स्तब्धाङ्गदृष्टिता ॥ २८ ॥
पित्तलिङ्गं च

લોહી બગડવાથી થતા મદમા શરીર અને આંખો સ્તબ્ધ બની જાય છે અને પિત્તથી થતા મદનાં લક્ષણો હોય છે.

દારૂથી થતા મદનાં લક્ષણ

मद्येन विकृतेहास्वराङ्गता ।

દારૂથી થતા મદરોગમા ઇચ્છાઓ (ચેષ્ટાઓ), અવાજ અને શરીર વિકૃત બની જાય છે.

ઝેરથી થયેલા મદનાં લક્ષણ

विषे कम्पोऽतिनिद्रा च
सर्वेभ्योऽभ्यधिकस्तु सः ॥ २९ ॥

ઝેરથી થયેલા મદરોગમા કંપ અને બહુ ઊંઘ એ બે લક્ષણો થાય છે. ઝેરથી થયેલો મદ બધા મદથી ચડી જાય એવો છે.

लक्षयेल्लक्षणोत्कर्षाद्वातादीन् शोणितादिषु ।

इति मदनिदानम् ।

લોહીથી, દારૂથી અને ઝેરથી થયેલા મદરોગને એમા કયા દોષનાં લક્ષણો વધારે છે તે ઉપરથી વાયુ વગેરેના (=વાયુનો, પિત્તનો, કફનો કે ત્રિદોષનો) મદ તરીકે ગણી લેવા.

આમ મદરોગનુ નિદાન પૂરું થયુ.

अथ मूर्च्छायनिदानम् ।

મૂર્ચ્છાયનું નિદાન

વાયુથી થતા મૂર્ચ્છાયરોગનાં લક્ષણ

अरुणं कृष्णनीलं वा खं पश्यन्प्रविशेत्तमः ॥३०॥
शीघ्रं च प्रतिबुध्येत हृत्पीडा वेपथुर्भ्रमः ।
कार्श्यं श्यावारुणा छाया
मूर्च्छाये मारुतात्मके ॥ ३१ ॥

વાયુથી આવતી મૂર્ચ્છામા માણસને મૂર્ચ્છા આવતા પહેલા આછું લાલ, કાળું કે ગળી જેવા રંગનું આકાશ દેખાય છે અને પછી અંધારામા દાખલ થાય છે (=બેભાન થઈ જાય છે) અને પછી તરત પાછો ભાનમા આવે છે; હૃદયમા પીડા થાય છે, ધ્રૂજે છે, ફેર આવે છે, દૂબળો થઈ જાય છે, માણસની છાયા

મદામી રંગની અને આછી લાલ હોય છે.

પિત્તની મૂર્ચ્છાનાં લક્ષણ

पित्तेन रक्तं पीतं वा नभः पश्यन् विशेत्तमः ।
विबुध्येत च सस्वेदो दाहतृट्तापपीडितः ॥३२॥
भिन्नविण्नीलपीताभो रक्तपीताकुलेक्षणः ।

પિત્તથી આવતી મૂર્ચ્છામાં મૂર્ચ્છા આવતાં પહેલાં રાતું કે પીળું આકાશ જોતાંજોતાં માણસ અંધારામાં પેસે છે (=બેભાન બને છે) અને જ્યારે એ ભાનમાં આવે છે તે વખતે એને પરસેવો થયેલો હોય છે; બળતરા, તરસ અને તાપથી એ પીડાયેલો હોય છે, એને ઝાડો થઈ જાય છે, એના શરીરનો રંગ ગળી જેવો કે પીળો હોય છે અને એની આંખો રાતી, પીળી અને બાવરી હોય છે.

કફની મૂર્ચ્છાનાં લક્ષણ

कफेन मेघसंकाशं पश्यन्नाकाशमाविशेत् ॥३३॥
तमश्चिराच्च बुध्येत सहृल्लासः प्रसेकवान् ।
गुरुभिः स्तिमितैरङ्गैरार्द्रचर्मावनद्धवत् ॥ ३४ ॥

કફથી થયેલી મૂર્ચ્છામાં મૂર્ચ્છા આવતાં પહેલાં વાદળા જેવું આકાશ દેખાય છે અને પછી અંધારામાં દાખલ થાય છે (=બેભાન બને છે), ભાન પાછું આવતાં વાર લાગે છે. એને હલ્લાસ અને પ્રસેક થાય છે. ભારે અને સ્તિમિત અવયવોને લીધે જાણે ભીના ચામડાથી મઢી લીધો હોય એવો લાગે છે.

ત્રિદોષની મૂર્ચ્છાનાં લક્ષણ

सर्वाकृतिस्त्रिभिर्दोषैरपस्मार इवापरः ।
पातयत्याशु निश्चेष्टं विना बीभत्सचेष्टितैः ॥३५॥

इति मूर्च्छायनिदानम् ।

ત્રણે ભેગા દોષથી આવેલી મૂર્ચ્છામાં ત્રણ છૂટાછૂટા દોષની મૂર્ચ્છાનાં લક્ષણો ભેગાં હોય છે. એ બીજી વાઈ જેવી હોય છે. એ દરદીને તરત (બેભાન કરીને) પાડી નાખે છે. વાઈમાં હોય છે એવી બીભત્સ ચેષ્ટાઓ (ઉ. ૭/૨૬થી ૪૬) આમાં (=ત્રિદોષની મૂર્ચ્છામાં) હોતી નથી.

આમ મૂર્ચ્છાયનું નિદાન પૂરું થયું.

अथ सन्न्यासनिदानम् ।

સંન્યાસરોગનું નિદાન

दोषेषु मदमूर्च्छायाः कृतवेगेषु देहिनाम् ।
स्वयमेवोपशाम्यन्ति, सन्न्यासो नौषधैर्विना ॥३६

જ્યારે દોષોનો વેગ ખતમ થઈ જાય છે, ત્યારે માણસોના મદરોગ અને મૂર્ચ્છારોગ આપોઆપ (=વગર દવાએ) મટી જાય છે, પણ 'સંન્યાસરોગ' ઓષધો વિના મટતો નથી.

સંન્યાસનાં સંપ્રાપ્તિ અને પરિણામ

वाग्देहमनसां चेष्टामाक्षिप्यातिबला मलाः ।
सन्न्यास सन्निपतिताः प्राणायतनसंश्रयाः ॥ ३७
कुर्वन्ति, तेन पुरुषः काष्ठीभूतो मृतोपमः ।
म्रियेत शीघ्रं शीघ्रं चेच्चिकित्सा न प्रयुज्यते ॥३८

વાણી, શરીર અને મનની ક્રિયાને અટકાવી દઈને બહુ બળવાન બનેલા દોષો ભેગા કોપીને પ્રાણના સ્થાનમાં (=હૃદયમાં) રહીને સંન્યાસ નામનો રોગ કરે છે, તેથી માણસ લાકડા જેવો અને મડદા જેવો બની જાય છે અને જો તરત જ ઉપાય કરવામાં ન આવે તો ઝટ મરી જાય છે.

अगाधे ग्राहबहुले सलिलौघ इवातटे ।
सन्न्यासे विनिमज्जन्तं नरमाशु निवर्तयेत् ॥३९॥

इति सन्न्यासनिदानम् ।

જેમ ઘણા મગરવાળા, અગાધ અને અપાર (=એકે કિનારો ન દેખાય એવા) પાણીના પ્રવાહમાં ડૂબતા માણસને એકદમ ઉગારી લેવો જોઈએ, તેમ સંન્યાસરોગમાં ડૂબતા માણસને પણ તરત જ બચાવી લેવો.

આમ સંન્યાસરોગનું નિદાન પૂરું થયું.

मदमानरोषतोषप्रभृतिभिर-
रिभिर्निजैः परिष्वङ्गः ।
युक्तायुक्तं च समं युक्तिवियुक्तेन मद्येन ॥४०॥

શ્લોક ૧૧થી ૧૩ તથા ૪૧માં બતાવેલી યુક્તિ વિના દારૂ પીવાથી માણસની સાથે જન્મેલા મદ, અભિમાન, રોષ, સંતોષ વગેરે દુશ્મનો બહુ વળગે છે અને (એવી રીતે દારૂ પીનારને મન) યોગ્ય અને અયોગ્ય બધું સરખું જ હોય છે (=યોગ્ય અયોગ્યનું ભાન રહેતું નથી)-

દારૂ પીવાની યુક્તિ

बलकालदेशसात्म्यप्रकृतिसहायामयवयांसि ।

प्रविभज्य तदनुरूपं यदि
विवति ततः पिबत्यमृतम् ॥ ४१ ॥

બળ, કાળ, દેશ, સાત્મ્ય, પ્રકૃતિ, સાથી, રોગ અને ઉમ્મર એટલી બાબતનો પૂરેપૂરો વિચાર કરીને એ બાબતોને યોગ્ય રીતે દારૂ પીએ તો તે અમૃત પીએ છે.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने मदात्ययादि-
निदानं नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

અધ્યાય ૭ મો

अथातोऽर्शसां निदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે હરસનું નિદાન સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

હરસનાં નામ, સંપ્રાપ્તિ, આકાર

अरिवत्प्राणिनो मांसकीलका विशसन्ति यत् ।
अर्शांसि तस्मादुच्यन्ते गुदमार्गनिरोधतः ॥ १ ॥
दोषास्त्वङ्मांसमेदांसि सन्दूष्य विविधाकृतीन् ।
मांसाङ्कुरानपानादौ कुर्वन्त्यर्शांसि तान् जगुः ॥

કારણ કે માંસના ખીલાઓ (=ખીલા જેવા મસા) ગુદાનો રસ્તો રોકીને પ્રાણીઓને દુશ્મનની માફક મારી નાખે છે (અથવા પીડા કરે છે), તેથી એમને (=હરસના મસાને) અર્શ કહે છે. દોષો ચામડીને, માંસને અને ચરબીને બગાડીને ગુદા (+કાન, નાક) વગેરેમાં જાતજાતના આકારના માંસના અંકુરો (=મસા) ઉત્પન્ન કરે છે, એ મસાને હરસ કહે છે.

પ્રકાર=૨-૨×૬(૨)

सहजन्मोत्तरोत्थानभेदाद्द्वेधा समासतः ।
शुष्कस्राविविभेदाच्च

ટૂંકમાં, એ હરસ બે જાતના હોય છે: હરસ થવાના સમયના ધોરણે (૧) જન્મથી જ થયેલા અને (૨) જન્મ્યા પછી થયેલા, એ બે જાતના; તથા (૧) સૂકા (=કોરા) અને (૨) દૂઝતા, એ ધોરણે એ બે જાતના.

ગુદાનાં સ્થાન અને રચના

गुदः स्थूलान्त्रसंश्रयः ॥ ३ ॥
अर्धपञ्चाङ्गुलस्तस्मिंस्तिस्रोऽध्यर्धाङ्गुलाः
स्थिताः ।
वलयः, प्रवाहिणी तासामन्तर्मध्ये विसर्जनी ॥ ४
बाह्या संवरणी तस्या गुदौष्ठो बहिरङ्गुले ।
यवाध्यर्धः प्रमाणेन रोमाण्यत्र ततः परम् ॥ ५ ॥

મોટા આંતરડા (=અં. કોલન) સાથે સાડા પાંચ આંગળની ગુદા જોડાયેલી છે. એમાં (=ગુદામાં) દરેક દોઢદોઢ આંગળના એવા ત્રણ વાટા (=વળાં) આવેલા છે. તેમાં સૌથી અંદરના વાટાને પ્રવાહિણી કહે છે (કારણ કે એ વાટામાંથી મળ આગળ ધકેલાય છે), વચલા વાટાને વિસર્જની કહે છે (કારણ કે એ વાટો આગળ ધકેલાતા મળનું વિસર્જન કરે છે), અને બહારના વાટાને સંવરણી કહે છે (કારણ કે એ વાટો બિડાઈ જઈને મળને પૂરી રાખે છે). તેનાથી (=સંવરણીથી) એક આંગળ બહાર ગુદાનો હોઠ હોય છે. એનું માપ દોઢ જવ જેટલું હોય છે. તેનાથી (=ગુદાના હોઠથી) બહારના ભાગમાં અહીં (ગુદા ઉપર) વાળ ઊગે છે.

વારસામાં આવેલા બધા રોગ અસાધ્ય કેમ?

तत्र हेतुः सहोत्थानां वलीबीजोपतप्तता ।
अर्शसां, बीजतप्तिस्तु मातापित्रपचारतः ॥ ६ ॥
दैवाच्च, ताभ्यां कोपो हि सन्निपातस्य तान्यतः ।
असाध्यान्येवमाख्याताः सर्वे रोगाः कुलोद्भवाः ॥

એમાં (=બંને જાતના હરસમાં) જન્મથી થયેલા (=વારસામાં આવેલા) હરસનું કારણ વલીના (=વાટાના) બીજનો ઉપતાપ છે. (દોષોથી બગડવું અને ઉપતાપ અથવા ઉપતપ્તિ કહે છે.) માબાપના બીજ (વીર્ય અને આર્તવના જે ભાગમાંથી બાળકની ગુદાના વાટા બને છે તે ભાગ)નો ઉપતાપ માબાપે કરેલા આહાર-વિહારના કુપથ્યને લીધે અથવા (બાળકના) નસીબને લીધે થાય છે. એ બે કારણસર (=માબાપના કુપથ્ય અને બાળકના નસીબને લીધે) ત્રણે દોષ સાથે કોપે છે તેથી એ

(=હરસ) અસાધ્ય છે. આ રીતે બધા વશ પરંપરાએ ઊતરી આવેલા રોગ વિષે કહ્યુ (=એ જ કારણસર બધા વારસામા ઊતરી આવેલા રોગ અસાધ્ય છે).

सहजानि विशेषेण रूक्षदुर्दर्शनानि च ।
अन्तर्मुखानि पाण्डूनि दारुणोपद्रवाणि च ॥८॥

જન્મથી જ થયેલા હરસ તો ખાસ કરીને લૂખા, જોવા ન ગમે એવા, અંદરની બાજુએ મોવાળા, ફિક્કા અને ભયંકર ઉપદ્રવો કરે એવા હોય છે.

સંખ્યા

षोढाऽन्यानि पृथग्दोषसंसर्गनिचयास्रतः ।

બીજા (જન્મ્યા પછી થતા) હરસ છ છે, ત્રણ છૂટાછૂટા દોષથી થયેલા (=વાયુના, પિત્તના, કફના), બે દોષ સાથે કોપવાથી થયેલા, ત્રણે દોષ સાથે કોપવાથી થયેલા અને લોહીથી થયેલા.

(બે દોષ ભેગા કોપવાથી ત્રણ સંખ્યા થાય છતા અહી એક ગણી છે.)

સૂકા અને દૂઝતા હરસનું કારણ

शुष्काणि वातश्लेष्मभ्यामार्द्राणि त्वस्रपित्ततः ॥

વાયુના અને કફના પ્રકોપથી સૂકા હરસ થાય છે, લોહીના અને પિત્તના પ્રકોપથી દૂઝતા (=લોહીપડતા) હરસ થાય છે.

હરસનાં કારણ અને સંપ્રાપ્તિ

दोषप्रकोपहेतुस्तु प्रागुक्तस्तेन सादिते ।
अग्नौ, मलेऽतिनिचिते, पुनश्चातिव्यवायतः ॥१०
यानसंक्षोभविषमकठिनोत्कटकासनात् ।
वस्तिनेत्राश्मलोष्ठोर्वीतलचैलादिघट्टनात् ॥ ११
भृशं शीताम्बुसंस्पर्शात्प्रततातिप्रवाहणात् ।
वातमूत्रशकृद्वेगधारणात्तदुदीरणात् ॥ १२ ॥
ज्वरगुल्मातिसारामग्रहणीशोफपाण्डुभिः ।
कर्शनाद्विषमाभ्यश्च चेष्टाभ्यो, योषितां पुनः ॥१३
आमगर्भप्रपतनाद्गर्भवृद्धिप्रपीडनात् ।
ईदृशैश्चापरैर्वायुरपानः कुपितो मलम् ॥ १४ ॥
पायोर्वलीषु स धत्ते तास्वभिष्यण्णमूर्तिषु ।
जायन्तेऽर्शांसि

દોષો કોપવાનુ કારણ આગળ (નિ. અ. ૧મા) કહેવાઈ ગયું છે. તેનાથી (=દોષના પ્રકોપથી) જ્યારે જઠરાગ્નિ મંદ પડી જાય, (ગુદાના વાટામા) બહુ ઝાડો ભરાઈ રહે ત્યારે અને વળી બહુ મૈથુનને લીધે, વાહનના આંચકા અને ઉછાળાને લીધે, ખાડાખૈયાવાળી અને કઠણ જગાએ બેસવાથી, અધૂકડા બેસવાથી, બસ્તિનું નેત્ર, પથ્થર, માટીનુ ઢેફું, પૃથ્વીની સપાટી (જમીન), કપડ વગેરે (ગુદા સાથે) ઘસાવાથી, (ગુદાને) બહુ ઠંડુ પાણી અડકવાથી (ઝાડો, પેશાબ અને વાછૂટ કરવા માટે) સતત કરાંઝવાથી, વાછૂટ, પેશાબ અને ઝાડાના વેગને રોકવાથી કે પરાણે આણવાથી, તાવ ગોળો, અતિસાર, આમ, ગ્રહણી, સોજા અને પાંડુરોગને લીધે દૂબળા પડી જવાથી, જે અંગથી જે કામ ન કરવા જોઈએ તે અંગથી તે કામ કરવાથી, અને વળી સ્ત્રીઓની બાબતમા તો કાચો ગર્ભ પડવાથી, ગર્ભ વધે તેના દબાણ (ભીંસ)ને લીધે—એ અને એવા બીજા કારણોને લીધે કોપેલો અપાનવાયુ પેલા મળને (=ઝાડાને) ગુદાના વીંટામા રાખે છે. (ત્યા જમા રહેતા ઝાડાને લીધે) ગુદાના પચપચા થઈ ગયેલા વાટાઓમા હરસ ઉત્પન્ન થાય છે.

પૂર્વરૂપ

तत्पूर्वलक्षणं मन्दवह्निता ॥ १५ ॥
विष्टम्भः सक्थिसदनं पिण्डिकोद्वेष्टनं भ्रमः ।
सादोऽङ्गे नेत्रयोः शोफः शकृद्भेदोऽथवा ग्रहः ॥
मारुतः प्रचुरो मूढः प्रायो नाभेरधश्चरन् ।
सरुक् सपरिकर्तश्च कृच्छ्रान्निर्गच्छति स्वनन् ॥
अन्त्रकूजनमाटोपः क्षामतोद्गारभूरिता ।
प्रभूतं मूत्रमल्पा विड्श्रद्धा धूमकोऽम्लकः ॥१८॥
शिरःपृष्ठोरसां शूलमालस्यं भिन्नवर्णता ।
तन्द्रेन्द्रियाणां दौर्बल्यं क्रोधो दुःखोपचारता ॥
आशङ्का ग्रहणीदोषपाण्डुगुल्मोदरेषु च ।

મંદાગ્નિ, વિષ્ટંભ, પગ ઢીલા થઈ જાય, પિંડીઓમા ચૂથારા, ફેર, શરીર ઢીલું થઈ જાય, આંખે સોજા (=થોથર), ભાગલ ઝાડો થાય અથવા ઝાડો પકડાઈ રહે (=ઝાડો થાય જ નહિ), પુષ્કળ મૂઢ વાયુ સામાન્ય રીતે ડૂંટીથી

નીચેના ભાગમાં ફરતોફરતો, પીડા કરતો, જાણે કાતરથી કાપતો હોય એવી પીડા કરતો, અવાજ કરતોકરતો મહામુશ્કેલીથી બહાર નીકળે છે; આતરડામા ગડગડાટ થાય છે; પેટ ચડે છે, ફિક્કાશ (અથવા દૂબળાપણુ), બહુ ઓડકાર, બહુ પેશાબ, ઝાડો થોડો, ખાવુ ગમે નહિ, ધૂમક, અમ્લક; માથામા, બરડામા અને છાતીમા શૂળ, આળસ, શરીરનો રંગ બદલાઈ જાય, ઘેન, ઇંદ્રિયોની નબળાઈ, ક્રોધ, સારવાર કરનારાઓ ઉપાય પણ દુઃખે કરી શકે; તથા ગ્રહણીરોગ, પાંડુરોગ, ગોળો અને ઉદરરોગ તો નહિ થયો હોય એવો વહેમ આવે–આ એનુ (=હરસનુ) પૂર્વરૂપ છે.

હરસનાં સામાન્ય લક્ષણ

एतान्येव विवर्धन्ते जातेषु हृतनामसु ॥ २० ॥

એ મૂળો હરસ થાય છે, ત્યારે એ જ (=પૂર્વરૂપના) લક્ષણો વધે છે (=વધારે પ્રમાણમાં થાય છે).

निवर्तमानोऽपानो हि तैरधोमार्गरोधतः।
क्षोभयन्ननिलानन्यान् सर्वेन्द्रियशरीरगान् ॥ २१
तथा मूत्रशकृत्पित्तकफान् धातूंश्च साशयान्।
मृदुनात्यग्निं ततः सर्वो भवति प्रायशोऽर्शसः ॥२२
कृशो भृशं हतोत्साहो दीनः क्षामोऽतिनिष्प्रभः।
असारो विगतच्छायो जन्तुजुष्ट इव द्रुमः ॥२३॥
कृत्स्नैरुपद्रवैर्ग्रस्तो यथोक्तैर्मर्मपीडनैः।
तथा कासपिपासास्यवैरस्यश्वासपीनसैः ॥ २४॥
क्लमाङ्गभङ्गवमथुक्षवथुश्वयथुज्वरैः।
क्लैब्यबाधिर्यतैमिर्यशर्कराश्मरिपीडितः ॥ २५ ॥
क्षाममिन्नस्वरो ध्यायन्मुहुः ष्ठीवनरोचकी।
सर्वपर्वास्थिहृन्नाभिपायुवङ्क्षणशूलवान् ॥ २६ ॥
गुदेन स्रवता पिच्छां पुलाकोदकसन्निभाम्।
विबद्धमुक्तं शुष्कार्द्रं पक्वामं चान्तराऽन्तरा ॥२७
पाण्डु पीतं हरिद्रक्तं पिच्छिलं चोपवेश्यते।

એમણે (=હરસે) નીચેનો રસ્તો રોકેલો હોવાથી પાછો વળેલો (=ઊંચે ચડેલો) અપાનવાયુ બધી ઇંદ્રિયોમા અને આખા શરીરમા ફરતા બીજા વાયુઓને (=સમાન, ઉદાન, વ્યાન અને પ્રાણવાયુને) ખળભળાવીને (=કોપાવીને) તથા પેશાબ, ઝાડો, પિત્ત, કફ અને ધાતુઓને એમના આશયો સાથે ખળભળાવીને અગ્નિને મંદ પાડે છે, તેથી (હરસવાળો) દરેક માણસ હરસને લીધે સામાન્ય રીતે દૂબળો, બહુ નિરુત્સાહી, લાચાર, નબળો, બહુ નિસ્તેજ, જીવાતે કોરી ખાધેલા ઝાડ જેવો, સાર વિનાનો અને છાયા વિનાનો, મર્મસ્થાનમા પીડા કરે એવા કહેવાઈ ગયેલા બધા ઉપદ્રવોથી ગળાયેલો, અને ઉધરસ, તરસ, મોનો સ્વાદ બગડે, શ્વાસ, સળેખમ, કંટાળો, શરીર તૂટે (કળે), ઊલટી, છીંકો, સોજા, તાવ, નપુંસકપણું, બહેરાપણું, તિમિરરોગ, શર્કરારોગ અને પથરીથી પીડાતો; નબળા અને બેઠેલા અવાજવાળો, વારંવાર વિચારમા પડી જતો, થૂંકથૂંક કરતો, અરુચિવાળો, બધા પર્વ, હાડકા, હૃદય, ડૂંટી, ગુદા, સાથળના વળા, એટલી જગ્યાએ શૂળ(સણકા)-વાળો બનીને ચોખાના ઓસામણ જેવી ચીકણી તાંત ઝમતી ગુદા વાટે કોઈક વાર બંધાયેલો તો કોઈક વાર ઢીલો, કોઈક વાર સૂકો તો કોઈક વાર ભીનો, કોઈક વાર પાકો તો કોઈક વાર કાચો, ધોળો, પીળો, હરિત કે રાતો તાંતવાળો ઝાડો અવારનવાર કરે છે.

વાયુના હરસનાં લક્ષણ

गुदाङ्कुरा बह्वनिलाः शुष्काश्चिमिचिमान्विताः ॥२८
म्लानाः श्यावारुणाः स्तब्धा विषमाः परुषाः खराः।
मिथो विसदृशा वक्रास्तीक्ष्णा विस्फुटिताननाः ॥ २९ ॥
बिम्बीकर्कन्धुखर्जूरकार्पासीफलसन्निभाः।
केचित्कदम्बपुष्पाभाः केचित्सिद्धार्थकोपमाः ॥
शिरःपार्श्वांसकट्यूरुवङ्क्षणाभ्यधिकव्यथाः।
क्षवथूद्गारविष्टम्भहृद्ग्रहारोचकप्रदाः ॥ ३१ ॥
कासश्वासाग्निवैषम्यकर्णनादभ्रमावहाः।
तैरार्तो ग्रथितं स्तोकं सशब्दं सप्रवाहिकम् ॥३२
रुक्फेनपिच्छानुगतं विबद्धमुपवेश्यते।
कृष्णत्वङ्नखविण्मूत्रनेत्रवक्त्रश्च जायते ॥ ३३ ॥
गुल्मप्लीहोदराष्ठीलासम्भवस्तत एव च।

જેમાં વાયુનો પ્રકોપ વધારે છે એવા ગુદાના મસા (=હરસ) સૂકા, સળવળાટ કરે એવા (=ચચરે એવા), ચીમળાયેલા, બદામી રંગના લાલ, સ્તબ્ધ, ગમે તેમ આડાઅવળા ઊગી નીકળેલા, પરુષ, ખર, એકબીજાથી તદ્દન જુદા, વાંકા, અણીદાર, મોં આગળથી ફાટેલા; ઘિસોડાં, બોર, ખજૂર અને કપાસ જેવા, કેટલાક કંદંબના ફૂલ જેવા, કેટલાક સરસવ જેવા; માથામા, પડખામાં, ખભામા, કમ્મરમા, સાથળમાં, સાથળનાં વળાંમા એટલી જગ્યાએ વધારે પીડા કરતાં, છીંકો, ઓડકાર, વિષ્ટંભ, હૃદય પકડાઈ જાય, અરુચિ, ઉધરસ, શ્વાસ, વિષમ અગ્નિ, કાનમાં અવાજ થયા કરે અને ફેર એટલા ઉપદ્રવ કરે એવા હોય છે. એમના વડે (=વાયુના હરસ વડે) પીડાતો માણસ કરાંજે, ત્યારે એને ગાંડાગાકાવાળો, થોડો, બંધાયેલો ઝાડો અવાજ સાથે થાય છે. એ ઝાડા પછી પીડા થાય છે તથા ફીણ અને તાત નીકળે છે. (વાયુના હરસવાળા દરદીનાં) ચામડી, નખ, ઝાડો, પેશાબ, આંખો અને મો કાળા હોય છે તથા એમાંથી (વાયુના હરસમાંથી) જ ગોળો, પ્લીહોદર અને અષ્ઠીલારોગ થાય છે.

પિત્તના હરસનાં લક્ષણ

पित्तोत्तरा नीलमुखा रक्तपीतासितप्रभाः ॥ ३४
तन्वस्रस्राविणो विस्रास्तनवो मृदवः श्लथाः ।
शुकजिह्वायकृत्खण्डजलौकोवक्त्रसन्निभाः ॥ ३५
दाहपाकज्वरस्वेदतृण्मूर्च्छारुचिमोहदाः ।
सोष्माणो द्रवनीलोष्णपीतरक्तामवर्चसः ॥ ३६
यवमध्या हरित्पीतहारिद्रत्वङ्नखादयः ।

જેમાં પિત્ત વધારે કોપેલું હોય એવા હરસ મોં આગળ ગળી જેવા રંગના; રાતી, પીળી અને કાળી પ્રભાવાળા; પાતળું લોહી દૂઝતા, ગંધાતા, પાતળા (=નાજુક), મૃદુ, ઢીલા; પોપટની જીભ, કાળજાનો કકડો અને જળોના મોં જેવા; બળતરા, પાક, તાવ, પરસેવો, તરસ, મૂર્છા, અરુચિ અને મોહ કરે એવા; ગરમ (=ઊના); પાતળો, ગળી જેવા રંગનો, ગરમ, પીળો, રાતો અને કાચો ઝાડો કરે એવા, વચ્ચે જવ જેવા તથા દરદીનાં ચામડી, નખ વગેરે (=ચામડી, નખ, ઝાડો, પેશાબ, આંખો અને મો) હરિત, પીળાં અને હળદર જેવાં થઈ ગયા હોય એવા હોય છે.

કફના હરસનાં લક્ષણ

श्लेष्मोल्बणा महामूला घना मन्दरुजः सिताः ॥
उच्छूनोपचिताः स्निग्धाः
स्तब्धवृत्तगुरुस्थिराः ।
पिच्छिलाः स्तिमिताः श्लक्ष्णाः
कण्ड्वाढ्याः स्पर्शनप्रियाः ॥ ३८ ॥
करीरपनसास्थ्याभास्तथा गोस्तनसन्निभाः ।
वङ्क्षणानाहिनः पायुबस्तिनाभिविकर्तिनः ॥३९
सकासश्वासहृल्लासप्रसेकारुचिपीनसाः ।
मेहकृच्छ्रशिरोजाड्यशिशिरज्वरकारिणः ॥ ४० ॥
क्लैब्याग्निमार्दवच्छर्दिरामप्रायविकारदाः ।
वसाभसकफप्राज्यपुरीषाः सप्रवाहिकाः ॥ ४१
न स्रवन्ति न भिद्यन्ते पाण्डुस्निग्धत्वगादयः ।

જેમા કફનો પ્રકોપ વધારે હોય એવા હરસ મૂળ આગળ બહુ મોટા, ઘટ્ટ, થોડી પીડાવાળા, ધોળા, ઊપસેલા, ભરાવદાર, સ્નિગ્ધ, સ્તબ્ધ, ગોળ, ભારે, સ્થિર, લપસણા, સ્તિમિત, સુંવાળા, ખણજથી ભરેલા (=બહુ ચળ આવે એવા), અડકવુ ગમે એવા; કેરા અને ફણસના ઠળિયા જેવા, ગાયના આંચળ જેવા, સાથળના વળામાં આનાહ કરે એવા; ગુદા, મૂત્રાશય અને સાથળનાં વળાંમા કાતરથી કપાતુ હોય એવી પીડા કરે એવા; ઉધરસ, શ્વાસ, હૃલ્લાસ, પ્રસેક, અરુચિ, સળેખમ, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, માથાની જડતા, ટાઢો તાવ, નપુંસકપણું, મંદાગ્નિ, ઊલટી, 'આમ' જેમા વધારે હોય છે, એવા (અતિસાર, ગ્રહણી વગેરે) રોગો કરે એવા; વસા જેવા અને કફ તથા ચરબીયુક્ત ઝાડાવાળા, સાથે પ્રવાહિકા (=૧. મરડો, ૨. ઝાડો ઉતારવા માટે કરાંજવુ પડે) હોય એવા, જેમાં ચામડી વગેરે (=ચામડી, નખ, ઝાડો, પેશાબ, આંખો અને મોં) ધોળાં હોય એવા હોય છે. એ કફના હરસ નથી દૂઝતા કે નથી ફાટતા.

બે દોષના હરસનાં લક્ષણ

संसृष्टलिंगाः संसर्गात्

જે બે દોષ ભેગા કોપવાથી હરસ થયા હોય તે બે દોષના હરસનાં લક્ષણ ભેગાં હોય છે.

ત્રણે ભેગા દોષના હરસનાં લક્ષણ

निचयात्सर्वलक्षणाः ॥४२॥

ત્રણે દોષ સાથે કોપવાથી હરસ થયા હોય તે હરસમાં ત્રણે દોષના હરસનાં લક્ષણ ભેગાં હોય છે.

લોહીના પ્રકોપથી થયેલા હરસનાં લક્ષણ

रक्तोल्बणा गुदे कीलाः पित्ताकृतिसमन्विताः ।
वटप्ररोहसदृशा गुञ्जाविद्रुमसन्निभाः ॥४३॥
तेऽत्यर्थं दुष्टमुष्णं च गाढविट्प्रतिपीडिताः ।
स्रवन्ति सहसा रक्तं तस्य चातिप्रवृत्तितः ॥४४॥
भेकाभः पीड्यते दुःखैः शोणितक्षयसम्भवैः ।
हीनवर्णबलोत्साहो हतौजाः कलुषेन्द्रियः ॥४५॥

જેમાં લોહી વધારે કોપ્યુ હોય એવા ગુદાના ખીલા(=હરસ)નાં લક્ષણ પિત્તના હરસનાં લક્ષણ જેવાં હોય છે. એ વડના અંકુર જેવા, ચણોઠી અને પરવાળા જેવા હોય છે. કઠણ ઝાડાથી ભીંસાયેલા એ હરસમાંથી ઓચિંતું જ બગડેલું અને ગરમ લોહી નીકળે છે; અને એ (=લોહી) બહુ નીકળવાથી દરદી દેડકા જેવા રંગનો બની જાય છે, લોહી ઓછું થઈ જવાથી થતાં દુઃખોથી (સૂ. ૧૧/૧૭) પીડાય છે, શરીરનાં રંગ, બળ અને ઉત્સાહ જતાં રહે છે, ઓજસ હણાઈ જાય છે તથા ઇંદ્રિયો કલુષ (=મેલી, વ્યાકુળ, નબળી) થઈ જાય છે.

ઉદાવર્ત

मुद्गकोद्रवजूर्णाह्वकरीरचणकादिभिः ।
रूक्षैः सङ्ग्राहिभिर्वायुः
स्वे स्थाने कुपितो बली ॥४६॥
अधोवहानि स्रोतांसि संरुध्याधः प्रशोषयन् ।
पुरीषं वातविण्मूत्रसङ्गं कुर्वीत दारुणम् ॥४७॥
तेन तीव्रा रुजा कोष्ठपृष्ठहृत्पार्श्वगा भवेत् ।
आध्मानमुदरावेष्टो हृल्लासः परिकर्तनम् ॥४८॥
बस्तौ च सुतरां शूलं गण्डश्वयथुसम्भवः ।
पवनस्योर्ध्वगामित्वं ततश्छर्द्यरुचिज्वराः ॥४९॥
हृद्रोगग्रहणीदोषमूत्रसङ्गप्रवाहिकाः ।
बाधिर्यतिमिरश्वासशिरोरुक्कासपीनसाः ॥५०॥
मनोविकारस्तृष्णास्रपित्तगुल्मोदरादयः ।
ते ते च वातजा रोगा जायन्ते भृशदारुणाः ॥५१॥
दुर्नाम्नामित्युदावर्तः परमोऽयमुपद्रवः ।
वाताभिभूतकोष्ठानां तैर्विनाऽपि स जायते ॥५२॥

મગ, કોદરી, જાર, કેરાં, ચણા વગેરે લૂખા અને સંગ્રાહી પદાર્થો ખાવાપીવાથી વાયુ (=અપાનવાયુ) પોતાના સ્થાનમાં કોપીને, બળવાન બનીને, (ઝાડો, પેશાબ વગેરેને) નીચે લઈ જનારાં સ્રોતોને પૂરી દઈને, નીચે ઝાડાને સૂકવી નાંખીને, વાછૂટ, ઝાડો અને પેશાબ એ ત્રણનો ભયંકર સંગ કરે છે (=બહાર નીકળતાં રોકીને ભયંકર સ્થિતિ ઊભી કરે છે). તેથી કોઠામાં, બરડામાં, હૃદયમાં અને પડખામાં તીવ્ર વેદના થાય છે; આધ્માન, પેટ જાણે ચામડાથી મઢી લીધું હોય, હૃલ્લાસ, કાતરથી કતરાતું હોય એવી પીડા અને મૂત્રાશયમાં તો પુષ્કળ શૂળ, ગાલ (અને લમણાં) ઉપર સોજા આવે, વાયુ ઊંચે ચડે, તેથી ઊલટી, અરુચિ, તાવ, હૃદયના રોગ, ગ્રહણીરોગ, પેશાબ બંધ થઈ જાય, મરડો, બહેરાશ, તિમિરરોગ, દમ, માથું દુખે, ઉધરસ, સળેખમ, મનના રોગ, તરસ, રક્તપિત્ત, ગોળો, ઉદરરોગ વગેરે રોગો તથા વાયુથી થતા જાતજાતના બહુ ભયંકર રોગો થાય છે. આ રીતનો ઉદાવર્ત નામનો આ મહાન ઉપદ્રવ હરસવાળાને તથા હરસ વિના પણ જેમનો કોઠો વાયુથી ભરાઈ ગયો હોય તેમને પણ થાય છે.

કયા હરસ અસાધ્ય છે?

सहजानि त्रिदोषाणि यानि चाभ्यन्तरे वलौ ।
स्थितानि तान्यसाध्यानि
याप्यन्तेऽग्निबलादिभिः ॥५३॥

વારસામાં ઊતરી આવેલા, ત્રણે દોષ સાથે કોપવાથી થયેલા, ઠેઠ અંદરની વલી(=વાટા)માં થયેલા એ ત્રણ જાતના હરસ અસાધ્ય છે; જઠરાગ્નિ, બળ (+પાદસંપત્—સૂ. ૧/૨૬૩થી ૨૯,

આવરદા) વગેરે અનુકૂળ હોય તો એ ત્રણુ હરસ યાપ્ય છે.

કયા હરસ કષ્ટસાધ્ય છે?

द्वन्द्वजानि द्वितीयायां वलौ यान्याश्रितानि च।
कृच्छ्रसाध्यानि तान्याहुः परिसंवत्सराणि च॥

બે દોષ સાથે કોપવાથી થયેલા, ગુદાની વચલી વલી(=વાટા)મા થયેલા અને જે હરસ થયાને એક વરસ વીતી ગયુ હોય એવા—એ ત્રણુ જાતના હરસ કષ્ટસાધ્ય છે.

કયા હરસ સુસાધ્ય છે?

बाह्यायां तु वलौ जातान्येकदोषोल्बणानि च।
अर्शांसि सुखसाध्यानि न चिरोत्पतितानि च॥

પણુ બહારની વલી(=વાટા)મા થયેલા, એક દોષ કોપવાથી થયેલા અને તાજા (=એક વરસની અંદરના) હરસ—એ ત્રણુ જાતના હરસ સુસાધ્ય છે.

મૂત્રેંદ્રિય વગેરેના મસા

मेढ्रादिष्वपि वक्ष्यन्ते यथास्वं

મૂત્રેન્દ્રિય (+યોનિ, નાક, કાન) વગેરેમાં થયેલા મસા વિષે પણુ પોતપોતાના સ્થાનમાં (=ઉત્તરસ્થાનમા ગુહ્યરોગના, નાકના રોગના, કાનના રોગના વગેરે અધ્યાયમા) કહેવામા આવશે.

ડૂંટીના મસા

नाभिजानि तु।
गण्डूपदास्यरूपाणि पिच्छिलानि मृदूनि च॥५६

ડૂંટીમા થતા મસા અળશિયાના મોં જેવા આકારના, પિચ્છિલ અને મૃદુ હોય છે.

ચર્મકીલ

व्यानो गृहीत्वा श्लेष्माणं
करोत्यर्शस्त्वचो बहिः।
कीलोपमं स्थिरखरं चर्मकीलं तु तं विदुः॥५७॥

વ્યાનવાયુ કફને પકડી રાખીને ચામડીની બહાર (=ગુદાના હોઠની બહાર) ખીલા જેવા, સ્થિર અને ખર મસા કરે છે એને (=એ મસાને) ચર્મકીલ કહે છે.

દરેક દોષના ચર્મકીલનાં લક્ષણુ

वातेन तोदः पारुष्यं पित्तादसितरक्तता।
श्लेष्मणा स्निग्धता तस्य ग्रथितत्वं सवर्णता॥५८॥

એ ચર્મકીલ વાયુના પ્રકોપથી થયા હોય તો અંકુશ ખોસ્યા જેવી પીડા થાય છે અને એ પરુષ હોય છે; પિત્તના પ્રકોપથી થયા હોય તો કાળાશ અને લાલાશ હોય છે અને કફના પ્રકોપથી થયા હોય તો સ્નિગ્ધ, ગંઠાયેલા અને શરીરના રંગના હોય છે.

હરસની ભયંકરતા

अर्शसां प्रशमे यत्नमाशु कुर्वीत बुद्धिमान्।
तान्याशु हि गुदं बद्ध्वा कुर्युर्बद्धगुदोदरम्॥५९॥

બુદ્ધિશાળી વૈદ્યે હરસ મટાડવાને ચાપતા ઉપાય કરવા; કેમ કે નહિ તો એ (=હરસ) ગુદાને રોકી લઈને તરત બુદ્ધગુદોદર નામનો ઉદરરોગ કરે.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थानेऽर्शसां निदान नाम सप्तमोऽध्याय ॥७॥

અધ્યાય ૮ મો

अथातोऽतीसारग्रहणीदोषनिदानं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

ત્યારે હવે અમે અતિસાર અને ગ્રહણીદોષ(સંગ્રહણી)નુ નિદાન સમજાવીશું. એ બાબતમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યુ છે:

અતિસાર

સંખ્યા

दोषैर्व्यस्तैः समस्तैश्च भयाच्छोकाच्च षड्विधः।
अतीसारः

દરેક છૂટાછૂટા દોષથી, ત્રણુ ભેગા દોષથી, ભયથી અને શોકથી એમ છ પ્રકારનો અતિસાર હોય છે.

કારણુ અને સંપ્રાપ્તિ

स सुतरां जायतेऽत्यम्बुपानतः॥१॥
कृशशुष्कामिषासात्म्यतिलपिष्टविरूढकैः।
मद्यरूक्षातिमात्रान्नैरर्शोभिः स्नेहविभ्रमात्॥२॥
कृमिभ्यो वेगरोधाच्च तद्विधैः कुपितोऽनिलः।
विस्रंसयत्यधोऽब्धातुं हत्वा तेनैव चानलम्॥३॥
व्यापद्यानुशकृत्कोष्ठं पुरीषं द्रवतां नयन्
प्रकल्पतेऽतिसाराय

એ (=અતિસાર) ખાસ કરીને બહુ પાણી પીવાથી થાય છે. દૂબળાં પ્રાણીનું માંસ, માંસની સકવણી, માફક ન આવતું હોય એવું ખાન-પાન, તલનું કચરિયું, વિરૂઢાં (=શણગાવેલું ધાન), દારૂ, લૂખું અને માપથી વધારે ખાવાપીવાથી; હરસથી, સ્નેહ પીવાથી થયેલા રોગોથી, કરમિયાથી, વેગો રોકવાથી અને એવાં (વાયુને કોપાવનારાં) કારણોથી કોપેલો વાયુ શરીરમાંની પાણીરૂપી ધાતુને નીચી લઈ જઈને અને તેનાથી જ (=એ પાણીથી જ) જઠરાગ્નિને મંદ કરી દઈને અને પછી ઝાડાના કોઠાને બગાડી દઈને, ઝાડાને પ્રવાહી બનાવી દઈને અતિસાર રોગ કરે છે.

પૂર્વરૂપ

લક્ષણં તસ્ય ભાવિનઃ ॥૪॥
તોદો હૃદ્ગુદકોષ્ઠેષુ ગાત્રસાદો મલગ્રહઃ ।
આધ્માનમવિપાકશ્ચ

એ (=અતિસાર) થતા પહેલાં હૃદય, ગુદા અને કોઠામાં તોદ, અવયવોનો સાદ, ઝાડો ઊતરે નહિ, આધ્માન અને પચે નહિ એટલાં લક્ષણો થાય છે.

વાયુના અતિસારનાં લક્ષણ

તત્ર વાતેન વિડ્જલમ્ ॥ ૫ ॥
અલ્પાલ્પં શબ્દશૂલાઢ્યં વિબદ્ધમુપવેશ્યતે ।
રૂક્ષં સફેનમચ્છં ચ ગ્રથિતં વા મુહુર્મુહુઃ ॥૬॥
તથા દગ્ધગુડાભાસં સપિચ્છાપરિકર્તિકમ્ ।
શુષ્કાસ્યો ભ્રષ્ટપાયુશ્ચ હૃષ્ટરોમા વિનિષ્ટનન્ ॥૭॥

તેમાં (=બધી જાતના અતિસારમાંથી) વાયુથી થતા અતિસારમાં દરદીને થોડુંથોડું, પુષ્કળ અવાજ અને શૂળથી ભરેલું, લૂખું, ફીણવાળું, પાતળું અથવા કોઈવાર ગંઠાયેલું, તથા બળેલા ગોળ જેવા રંગનું અને ચીકણું ઝાડાનું પાણી વિબંધ સાથે અને કાતરથી કતરાતું હોય એવી પીડા કરતુંકરતું વારંવાર નીકળે છે; દરદીનું મોં સુકાય છે, ગુદાની આમળ બહાર નીકળે છે, રૂંવાડાં ઊભાં થઈ જાય છે અને દુર્ગંધ મારે છે (કે મરડો થાય છે).

પિત્તના અતિસારનાં લક્ષણ

પિત્તેન પીતમસિતં હારિદ્રં શાદ્વલપ્રભમ્ ।
સરક્તમતિદુર્ગન્ધં તૃણ્મૂર્ચ્છાસ્વેદદાહવાન્ ॥ ૮ ॥
સશૂલં પાયુસન્તાપપાકવાન્

પિત્તથી થતા અતિસારમાં દરદીને પીળા, કાળા, હળદર જેવા રંગના, ઘાસના મેદાન જેવી પ્રભાવાળા, લોહીવાળા, બહુ ગંધાતા ઝાડા થાય છે અને દરદીને તરસ, મૂર્ચ્છા, પરસેવો, બળતરા, શૂળ, ગુદા ગરમ થઈ જાય, ગુદા પાકે એટલાં લક્ષણો થાય છે.

કફના અતિસારનાં લક્ષણ

શ્લેષ્મણા ઘનમ્ ।
પિચ્છિલં તન્તુમચ્છ્વેતં
સ્નિગ્ધમામં કફાન્વિતમ્ ॥૯॥
અભીક્ષ્ણં ગુરુ દુર્ગન્ધં વિબદ્ધમનુબદ્ધરુક્ ।
નિદ્રાલુરલસોઽન્નદ્વિડલ્પાલ્પં સપ્રવાહિકમ્ ॥૧૦
સરોમહર્ષઃ સોત્ક્લેશો ગુરુવસ્તિગુદોદરઃ ।
કૃતેઽપ્યકૃતસંજ્ઞશ્ચ

કફથી થતા અતિસારમાં દરદીને ઘટ્ટ, ચીકણા, તાંતવાળા, ધોળા, સ્નિગ્ધ, કાચા, કફવાળા, ભારે, ગંધાતા ઝાડા વારંવાર, વિબંધ સાથે થોડેથોડે અને મરડાની માફક (કરાંજીને) થાય છે. દરદીમાં ઊંઘ, આળસ, ખાવુંપીવું ગમે નહિ, રૂંવાડાં ઊભાં થાય, ઉત્ક્લેશ; મૂત્રાશય, ગુદા અને ઉદર ભારે થઈ જાય અને ઝાડો થાય તોપણ દરદીને ઝાડો થયો હોવાનુ ભાન ન થાય–એટલાં લક્ષણો થાય છે.

ત્રિદોષના અતિસારનાં લક્ષણ

સર્વાત્મા સર્વલક્ષણઃ ॥ ૧૧ ॥

બધા (=ત્રણે) દોષ સાથે કોપવાથી થયેલા અતિસારમાં ત્રણે છૂટાછૂટા દોષથી થતા અતિસારનાં લક્ષણો ભેગાં હોય છે.

ભયના અને શોકના અતિસારનાં સંપ્રાપ્તિ અને લક્ષણ

ભયેન ક્ષોભિતે ચિત્તે સપિત્તો દ્રાવયેચ્છકૃત્ ।
વાયુસ્તતોઽતિસાર્યેત ક્ષિપ્રમુષ્ણં દ્રવં પ્લવમ્ ॥૧૨
વાતપિત્તસમં લિઙ્ગમાહુઃ

ભયથી ચિત્ત ખળભળી ઊઠે ત્યારે પિત્ત

સાથે વાયુ ઝાડાને પ્રવાહી બનાવી દે છે અને પછી ઉપરાઉપરી, ગરમ, પ્રવાહી, પ્લવ (=જ્યાં પડે ત્યાં પ્રસરી જાય એવો–विप्लुत–ચરક ચિ. ૧૯) અને લક્ષણોમાં પિત્ત અને વાયુથી થતા અતિસારનાં ભેગાં લક્ષણોવાળા ઝાડા કરાવે છે.

तद्वच्च शोकतः ।

શોકને લીધે થતો અતિસાર એના જેવો જ (=ભયથી થતા અતિસારના જેવો જ) હોય છે.

બીજી દૃષ્ટિએ અતિસારના પ્રકાર

अतीसारः समासेन द्विधा सामो निरामकः ॥१३
सासृङ्निरस्रः

ટૂંકામાં અતિસાર બે જાતનો છેઃ સામ અને નિરામ; લોહીવાળો અને લોહી વિનાનો.

સામ અતિસારનું લક્ષણ

तत्राद्ये गौरवादप्सु मज्जति ।
शकृद्दुर्गन्धमाटोपविष्टम्भार्तिप्रसेकिनः ॥ १४ ॥

તેમાં પહેલામા (=સામ અતિસારમા) ઝાડો વજનદાર હોવાથી પાણીમા ડૂબે છે અને ગંધાય છે તથા દરદીને આટોપ, વિષ્ટંભ, પીડા અને પ્રસેક થાય છે.

નિરામ અતિસારનાં લક્ષણ

विपरीतो निरामस्तु

પણ નિરામ અતિસાર (સામ કરતાં) ઊંધો હોય છે.

કફાતિસારનો અપવાદ

कफात्पक्वोऽपि मज्जति ।

કફથી થતા અતિસારમાં ઝાડો પાકો (=નિરામ) હોય તોપણ (પાણીમા) ડૂબે છે.

ગ્રહણીરોગ (=સંગ્રહણી)

ગ્રહણીરોગ કોને થાય?

अतीसारेषु यो नातियत्नवान् ग्रहणीगदः ॥१५
तस्य स्यादग्निविध्वंसकरैरन्यस्य सेवितैः ।

અતિસાર થયા પછી જે શાસ્ત્રોક્ત ઉપાય કરવામાં અતિશય પ્રયત્નશીલ ન હોય તેને તથા જઠરાગ્નિનો નાશ કરે એવા આહારવિહારનું સેવન કરનારા બીજાઓને (=અતિસાર રોગ ન થયો હોય તેવા માણસોને) ગ્રહણીરોગ થાય છે.

અતિસારનો સ્વભાવ અને ભય કરતા

सामं शकृन्निरामं वा जीर्णे येनातिसार्यते ॥१६॥
सोऽतिसारोऽतिसरणादाशुकारी स्वभावतः ।

આહાર પચ્યાં પછી જેના વડે (=જે રોગ વડે) સામ કે નિરામ ઝાડારૂપે અતિસરણ કરાવાય છે (=ખાધેલુપીધેલુ હોય તેના કરતા અતિ એટલે બીજુ ઘણું બધું ઝાડા વાટે બહાર કાઢવામા આવે છે, એટલે જેમાં ખાધેલુપીધેલુ ઝાડા વાટે બહાર નીકળી જતુ હોવા ઉપરાંત શરીરની ધાતુઓ પણ દ્રવ થઈને બહાર નીકળી જાય છે) તે રોગ અતિસાર છે. એ અતિસાર રોગમાં અતિસરણ થતું હોવાથી એ સ્વભાવે જ ઝટ મારી નાખે એવો છે.

ગ્રહણીરોગનો સ્વભાવ

सामं सान्नमजीर्णेऽन्ने जीर्णे पक्वं तु नैव वा ॥१७॥
अकस्माद्वा मुहुर्बद्धमकस्माच्छिथिलं मुहुः ।
चिरकृद्ग्रहणीदोषः सञ्चयाच्चोपवेशयेत् ॥ १८॥

ગ્રહણીરોગ, અન્ન ન પચ્યુ હોય ત્યારે સામ અને અન્નવાળો (=ખાધેલુપીધેલુ જેમનુ તેમ નીકળી જાય એવો) ઝાડો કરાવે છે અને અન્ન પચ્યું હોય ત્યારે પાકો કરાવે છે અથવા સમૂળગો ઝાડો કરાવતો નથી; અથવા કોઈ વાર કંઈ પણ કારણ વિના એ વારંવાર બંધાયેલો ઝાડો કરાવે છે અને કોઈ વાર કંઈ પણ કારણ વિના એ વારંવાર ઢીલો ઝાડો કરાવે છે. (આ (=ઝાડા) સંચિત દોષોને લીધે થાય છે) આ ગ્રહણીરોગ લાંબા વખતે મારી નાખે છે.

સંખ્યા

स चतुर्धा पृथग्दोषैः सन्निपाताच्च जायते ।

ગ્રહણીરોગ ત્રણ છૂટાછૂટા દોષથી તથા ત્રણે ભેગા દોષથી એમ ચાર રીતે થાય છે.

પૂર્વરૂપ

प्राग्रूपं तस्य सदनं चिरात्पचनमम्लकः ॥ १९ ॥
प्रसेको वक्त्रवैरस्यमरुचिस्तृट् क्लमो भ्रमः ।
आनद्धोदरता छर्दिः कर्णक्ष्वेडोऽन्त्रकूजनम् ॥२०

અંગસાદ, પચતા બહુ વાર થાય, અમ્લક, પ્રસેક, મોંનો સ્વાદ બગડી જાય, અરુચિ, તરસ, કંટાળો, ફેર, ઉદરનો આફરો, ઊલટી, કર્ણક્ષ્વેડ,

અને આતરડામા ગડગડાટ એ એનુ (=ગ્રહણી-રોગનુ) પૂર્વરૂપ છે.

ગ્રહણીરોગનાં સામાન્ય લક્ષણ–

सामान्यं लक्षणं कार्श्यं धूमकस्तमको ज्वरः ।
मूर्च्छा शिरोरुग्विष्टम्भः श्वयथुः करपादयोः ॥२१

દૂબળાપણુ, ધૂમક, તમકશ્વાસ, તાવ, મૂર્છા, માથામાં પીડા, વિષ્ટંભ અને હાથેપગે સોજા એ (ચારે પ્રકારના) ગ્રહણીરોગનાં સામાન્ય લક્ષણ છે.

વાયુના ગ્રહણીરોગનાં લક્ષણ

तत्रानिलात्तालुशोषस्तिमिरं कर्णयोः स्वनः ।
पार्श्वोरुवङ्क्षणग्रीवारुजाऽभीक्ष्णं विषूचिका ॥२२
रसेषु गृद्धिः सर्वेषु क्षुत्तृष्णा परिकर्तिका ।
जीर्णे जीर्यति चाध्मानं भुक्ते स्वास्थ्यं समश्नुते ॥
वातहृद्रोगगुल्मार्शःप्लीहपाण्डुत्वशङ्कितः ।
चिराद्दुःखं द्रवं शुष्कं तन्वामं शब्दफेनवत् ॥२४॥
पुनःपुनः सृजेद्वर्चः पायुरुक्श्वासकासवान् ।

તેમાંથી (=ચાર પ્રકારના ગ્રહણીરોગમાંથી) વાયુના ગ્રહણીરોગમાં તાળવું સુકાય, તિમિર, કાનમાં અવાજ થયા કરે; પડખામાં, સાથળમા, સાથળનાં વળામાં અને ડોકમાં પીડા; વારંવાર વિષૂચિકા, બધા રસો માટે ઇચ્છા થાય, ભૂખ, તરસ, ગુદામાં કાતરથી કતરાતુ હોય એવી પીડા, પચી ગયા પછી અને પચતુ હોય ત્યારે આધ્માન, ખાધા પછી સ્વસ્થતા લાગે; વાયુનો રોગ, હૃદયનો રોગ, ગોળો, હરસ, બરળનો રોગ અને પાંડુરોગ થયો હોવાનો વહેમ પડે; કોઈ વાર દ્રવ તો કોઈ વાર સૂકા, પાતળા, કાચા, ઝાડા અવાજ અને ફીણ સાથે, દુઃખ સાથે, લાંબે વખતે થાય; તથા દરદીની ગુદામાં પીડા થાય અને દરદીને ઉધરસ અને શ્વાસ (=હાંફ) થાય–એટલા લક્ષણો થાય છે.

પિત્તના ગ્રહણીરોગનાં લક્ષણ

पित्तेन नीलपीताभं पीताभः सृजति द्रवम् ॥२५
पूत्यम्लोद्गारहृत्कण्ठदाहारुचितृडर्दितः ।

પિત્તના પ્રકોપથી થયેલા ગ્રહણીરોગમાં પીળા પડી ગયેલા, ગંધાતા, ખાટા ઓડકારવાળા, હૃદયમાં અને ગળામાં દાહવાળા તથા અરુચિ અને તરસથી પીડાતા દરદીને વળી જેવા રંગના અને પીળા રંગના દ્રવ ઝાડા થાય છે.

કફના ગ્રહણીરોગનાં લક્ષણ

श्लेष्मणा पच्यते दुःखमन्नं छर्दिररोचकः ॥२६॥
आस्योपदेहनिष्ठीवकासहृल्लासपीनसाः ।
हृदयं मन्यते स्त्यानमुदरं स्तिमितं गुरु ॥२७॥
उद्गारो दुष्टमधुरः सदनं स्त्रीष्वहर्षणम् ।
भिन्नामश्लेष्मसंसृष्टगुरुवर्चःप्रवर्तनम् ॥२८॥
अकृशस्यापि दौर्बल्यम्

કફના પ્રકોપથી થયેલા ગ્રહણીરોગમાં ખાધેલુ મહામુશ્કેલીથી પચે છે, ઊલટી, અરુચિ, મોં કફથી લેપાઈ જાય, થૂકથૂક કરવું પડે, ઉધરસ, હૃલ્લાસ/ ચળેખમ, હૃદયનો જાણે પિંડો વળી ગયો હોય એવુ લાગે, ઉદર સ્તિમિત અને ભારે રહે, ઓડકાર બગડેલા ગળ્યા આવે, અંગસાદ, સ્ત્રી જોઈને ઉશ્કેરાટ ન થાય; ભાગેલો, કાચો, કફ ભળેલો અને ભારે ઝાડા થાય અને દરદી દૂબળો ન હોય છતાં પણ એને નબળાઈ લાગે–એટલા લક્ષણો થાય છે.

ત્રિદોષના ગ્રહણીરોગનાં લક્ષણ

सर्वजे सर्वसङ्करः ।

ત્રણે દોષ સાથે કોપવાથી થયેલા ગ્રહણીરોગમા ત્રણ છૂટાછૂટા દોષના ગ્રહણીરોગોનાં લક્ષણો ભેગાં હોય છે.

વિષમ, તીક્ષ્ણ અને મંદઅગ્નિ પણ ગ્રહણીદોષ

त्रिभागेऽङ्गस्य ये चोक्ता विषमाद्यास्त्रयोऽग्नयः २९
तेऽपि स्युर्ग्रहणीदोषाः

શારીરસ્થાનમા અંગવિભાગના અધ્યાયમાં જે વિષમ વગેરે ત્રણ (વિષમ, તીક્ષ્ણ અને મંદ) અગ્નિ કહ્યા છે (શા. ૩/૭૨ફે થી ૭૬) તે પણ ગ્રહણીના રોગ છે.

(તો પછી કુલ સાત ગ્રહણીરોગ કહેવા જોઈએ એવી શંકા થાય, પણ સંપ્રાપ્તિ, પૂર્વરૂપ, રૂપ વગેરે વાળા તો ચાર જ મુખ્ય ગ્રહણીરોગ છે અને વિષમ વગેરે ત્રણ અગ્નિ તો ગ્રહણીરોગના આભાસ જેવા છે, વળી એ ત્રણ અગ્નિ ત્રણ દોષથી થાય છે, માટે ત્રણ અગ્નિનો વાયુના, પિત્તના અને કફના ગ્રહણીરોગમાં સમાવેશ થઈ

શકે છે, તેથી ગ્રહણીરોગ કુલ ચાર છે.)

સમ અગ્નિ

समस्तु स्वास्थ्यकारणम् ।

સમ અગ્નિ (શા. ૩/૭૨કે થી ૭૬) આરોગ્યના કારણરૂપ છે.

આઠ મહારોગ

वातव्याध्यश्मरीकुष्ठमेहोदरभगन्दराः ।
अर्शांसि ग्रहणीत्यष्टौ महारोगाः सुदुस्तराः ॥३०॥

વાયુના રોગ, પથરી, કુષ્ઠ, પ્રમેહ, ઉદરરોગ, ભગંદર, હરસ અને ગ્રહણી એ મહામુશ્કેલીથી મટે એવા આઠ મહારોગ છે.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थानेऽतिसारग्रहणी दोषनिदानं नामाष्टमोऽध्यायः ॥ ८ ॥

અધ્યાય ૯ મો

अथातो मूत्राघातनिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે મૂત્રાઘાતરોગનું નિદાન સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

वस्तिर्वस्तिशिरोमेढ्रकटीवृषणपायवः ।
एकसम्बन्धनाः प्रोक्ता गुदास्थिविवराश्रयाः ॥ १ ॥

બસ્તિ (=મૂત્રાશય, અ. બ્લેડર), બસ્તિનું માથું, મૂત્રેન્દ્રિય, કમ્મર, અંડ અને ગુદા એટલા અંગો ગુદાના હાડકાની બખોલમા આશ્રય કરીને રહેલા છે, તેથી એ અંગો એક અંગ સાથેના સંબંધથી એક અંગને આધારે રહેલા છે એમ કહ્યુ છે.

મૂત્રાઘાત અને પ્રમેહની સંપ્રાપ્તિ

अधोमुखोऽपि बस्तिर्हि मूत्रवाहिसिरामुखैः ।
पार्श्वेभ्यः पूर्यते सूक्ष्मैः स्यन्दमानैरनारतम् ॥२॥
यैस्तैरेव प्रविश्यैन दोषाः कुर्वन्ति विंशतिम् ।
मूत्राघातान् प्रमेहांश्च कृच्छ्रान्मर्मसमाश्रयान् ॥३

બસ્તિનું મો નીચુ છે છતા પેશાબ વહેનારા સ્રોતોના સતત પેશાબ ઝમતા જે સૂક્ષ્મ મો દ્વારા મો સિવાયની બીજી બાજુઓમાથી મૂત્રાશય પેશાબથી ભરાય છે, તે જ મો વાટે(=સ્રોતોના મો વાટે) દોષો મૂત્રાશયમા દાખલ થઈને બસ્તિરૂપી મર્મમા થતા અને મુશ્કેલીથી મટે એવા વીસ મૂત્રાઘાત અને વીસ પ્રમેહરોગ કરે છે.

(જેમ જળાશયમા માટીનો નવો ઘડો ઊંધે મોએ રાખી મૂકીએ તો એમા ઘડાના મો વાટે પાણી ભરાતુ નથી, પણ મો સિવાયના બાકીના ભાગના સૂક્ષ્મ છિદ્રોમાથી જળાશયનુ પાણી ઘડામા ઝમે છે, તે પ્રમાણે પેશાબ પણ નાના આંતરડામાથી સૂક્ષ્મ સ્રોતોના મો વાટે ઝમીને મૂત્રાશયમા ભરાય છે. વૃક્ક(અ. કીડની)માથી પેશાબ બનીને ગવિની(અ. યુરેટર)વાટે મૂત્રાશય(અ. બ્લેડર)મા આવતો હોવાની પશ્ચિમની કલ્પના આયુર્વેદને કબૂલ નથી.)

૧ મૂત્રકૃચ્છ્ર

વાયુથી થતા મૂત્રકૃચ્છ્રનાં લક્ષણ

वस्तिवङ्क्षणमेढ्रार्तियुक्तोऽल्पाल्पं मुहुर्मुहुः ।
मूत्रयेद्वातजे कृच्छ्रे

વાયુથી થયેલા મૂત્રકૃચ્છ્રમા દરદીને મૂત્રાશયમા, અંડમા અને મૂત્રેન્દ્રિયમા પીડા થાય છે, તથા એ થોડુ થોડુ (=ટીપેટીપે) વારંવાર મૂતરે છે.

૨ પિત્તના મૂત્રકૃચ્છ્રનાં લક્ષણ

पैत्ते पीतं सदाहरुक् ॥४॥
रक्तं वा

પિત્તથી થયેલા મૂત્રકૃચ્છ્રમા દરદીને બળતરા અને પીડા થાય છે અને એને પીળો કે રાતો પેશાબ થાય છે.

૩ કફના મૂત્રકૃચ્છ્રનાં લક્ષણ

कफजे बस्तिमेढ्रगौरवशोफवान् ।
सपिच्छं सविबन्धं च

કફના પ્રકોપથી થયેલા મૂત્રકૃચ્છ્રમા મૂત્રાશય અને મૂત્રેન્દ્રિય ભારે થઈ જાય છે અને એ બન્ને અવયવો પર સોજો આવે છે તથા દરદીને રોકાઈ રોકાઈને અને પિચ્છિલ પેશાબ થાય છે.

૪ ત્રિદોષના મૂત્રકૃચ્છ્રનાં લક્ષણ

सर्वं सर्वात्मकं मले. ॥५॥

ત્રણે દોષ સાથે કોપવાથી થયેલા મૂત્રકૃચ્છ્રમાં

ત્રણે છૂટાછૂટા દોષથી થયેલાં મૂત્રકૃચ્છ્રના લક્ષણો ભેગાં હોય છે.

પથરી

સંપ્રાપ્તિ. સંખ્યા

यदा वायुर्मुखं बस्तेरावृत्य परिशोषयेत्।
मूत्रं सपित्तं सकफं सशुक्रं वा तदा क्रमात् ॥६॥
सञ्जायतेऽश्मरी घोरा पित्ताद्गोरिव रोचना।
श्लेष्माश्रया च सर्वा स्यात्

જ્યારે વાયુ મૂત્રાશયનું મોં રોકીને નર્યા પેશાબને, (પિત્તવાળા, કફવાળા કે વીર્યવાળા પેશાબને) સૂકવી નાખે છે, ત્યારે મૂત્ર સુકાયા પછી રહેલા કચરાથી થતી પથરી ઘોર હોય છે, મૂત્ર સુકાયા પછી રહેલા પિત્તથી થતી પથરી ગોરોચન જેવી અને વધારે ઘોર હોય છે, મૂત્ર સુકાયા પછી રહેલા કફથી થતી પથરી તેથીયે વધારે ઘોર (=ભયંકર) હોય છે અને મૂત્ર સુકાયા પછી રહેલા વીર્યથી થતી પથરી સૌથી વધારે ભયંકર હોય છે. બધી જાતની પથરી કફને આધારે બંધાય છે. (ઘોર=મટવી મુશ્કેલ.)

પૂર્વરૂપ

अथास्याः पूर्वलक्षणम् ॥७॥
बस्त्याध्मानं तदासन्नदेशेषु परितोऽतिरुक्।
मूत्रे च बस्तगन्धत्वं मूत्रकृच्छ्रं ज्वरोऽरुचिः ॥८॥

મૂત્રાશય ફૂલી જાય, મૂત્રાશયની પાસેના ભાગમા ફરતી અતિશય વેદના, પેશાબમા બકરા જેવી વાસ, આવે, પેશાબ ટીપેટીપે અને પીડા સાથે થાય, તાવ આવે અને અરુચિ થાય–એટલું એનુ (=પથરીનું) પૂર્વરૂપ છે.

પથરીનાં સામાન્ય લક્ષણ

सामान्यलिङ्गं रुङ्नाभिसेवनीबस्तिमूर्धसु।
विशीर्णधारं मूत्रं स्यात्तया मार्गनिरोधने ॥९॥
तद्व्यपायात्सुखं मेहेदच्छं गोमेदकोपमम्।
तत्संक्षोभात्क्षते सास्रमायासाच्चातिरुग्भवेत् ॥१०

ડૂંટીમાં, સેવનીમાં અને મૂત્રાશયની ટોચમા પીડા થાય, તેનાથી (=પથરીથી) પેશાબનો રસ્તો રોકાયેલો હોય ત્યારે પેશાબની ધાર તૂટકતૂટક આવે અને એ (=પથરી) નીકળી જાય (અથવા માર્ગમાંથી ખસી જાય), ત્યારે પાતળો અને ગોમેદક નામના મણિ જેવા રંગનો પેશાબ થાય; જ્યારે પથરી અંદર ઘસાવાથી ચાદું પડે ત્યારે લોહીવાળો પેશાબ થાય અને શ્રમ લેવાથી (=મુસાફરી વગેરે મહેનત કરવાથી) બહુ પીડા થાય.

વાયુની પથરીનાં લક્ષણ

तत्र वाताद्भृशार्त्यर्तो दन्तान् खादति वेपते।
मृद्नाति मेहनं नाभिं पीडयत्यनिशं क्वणन् ॥११॥
सानिलं मुञ्चति शकृन्मुहुर्मेहति बिन्दुशः।
श्यावा रूक्षाऽश्मरी चास्य
स्याच्चिता कण्टकैरिव ॥१२॥

તેમા વાયુથી થયેલી પથરીમા અતિશય પીડા ભોગવતો દરદી દાત કચકચાવે છે, ધ્રૂજે છે, મૂત્રેન્દ્રિયને ચોળે છે (=મસળે છે), ડૂંટી દખાવે છે, દુઃખના ઊંકારા સતત કર્યા કરે છે, ઝાડો કરવા જતા સાથે વાછૂટ થઈ જાય છે, વારંવાર ટીપેટીપે મૂતરે છે, એની પથરી બદામી રંગની, લૂખી અને જાણે ચારે પાસ કાંટાકાંટા છવાઈ ગયા હોય એવી હોય છે.

પિત્તની પથરીનાં લક્ષણ

पित्तेन दह्यते बस्तिः पच्यमान इवोष्मवान्।
भल्लातकास्थिसंस्थाना
रक्ता पीताऽसिताऽश्मरी ॥१३॥

પિત્તથી થયેલી પથરીમાં મૂત્રાશય જાણે બળતુ હોય એવી બળતરા થાય છે, મૂત્રાશય જાણે પાકતુ હોય એવુ ગરમ હોય છે, પથરીનો આકાર ભિલામાંના ઠળિયા જેવો હોય છે અને પથરીનો રંગ રાતો, પીળો કે કાળો હોય છે.

કફની પથરીનાં લક્ષણ

बस्तिर्निस्तुद्यत इव श्लेष्मणा शीतलो गुरुः।
अश्मरी महती श्लक्ष्णा मधुवर्णाऽथवा सिता ॥१४

કફથી થયેલી પથરીમાં મૂત્રાશયમા સોય ખોસ્યા જેવી પીડા થાય છે; મૂત્રાશય ઠંડુ અને ભારે હોય છે; પથરી મોટી, સુંવાળી, મધ જેવા રંગની કે કાળી હોય છે.

एता भवन्ति बालानां तेषामेव च भूयसा।
आश्रयोपचयाल्पत्वाद्ग्रहणाहरणे सुखाः ॥१५॥

(બાળકો દહાડે ઊંઘતા હોવાથી, અધ્યશન

કરતા હોવાથી, ઠંડા, સ્નિગ્ધ અને ગળ્યા આહાર એમને ભાવતા હોવાથી) આ (=વાયુની, પિત્તની અને કફની પથરીઓ) બાળકોને થાય છે અને એમની (=બાળકોની) જ પથરીઓ (બડિશ-યંત્ર વગેરેથી) પકડવી અને (શસ્ત્રથી કાપીને) કાઢવી સામાન્ય રીતે સહેલી પડે છે; કારણ કે એમનુ (=બાળકોનું) મૂત્રાશય નાનુ હોય છે તથા (બાળકોની) પથરી વધીને બહુ મોટી થતી નથી.

શુક્રાશ્મરીની સંપ્રાપ્તિ તથા લક્ષણ

शुक्राश्मरी तु महतां जायते शुक्रधारणात् ।
स्थानाच्च्युतममुक्तं हि मुष्कयोरन्तरेऽनिलः ॥१६
शोषयत्युपसङ्गृह्य शुक्रं तच्छुष्कमश्मरी ।
बस्तिरुक्कृच्छ्रमूत्रत्वमुष्कश्वयथुकारिणी ॥१७॥
तस्यामुत्पन्नमात्रायां शुक्रमेति विलीयते ।
पीडिते त्वचकाशेऽस्मिन्

પણ શુક્રાશ્મરી તો મોટી ઉમ્મરના માણસોને વીર્ય રોકી રાખવાથી થાય છે. (સ્ત્રી-સંગની ઇચ્છાને લીધે કે સ્ત્રીસંગને લીધે ઉત્પન્ન થતી ગરમીથી વીઘરીને) પોતાના સ્થાનમાથી ખસેલા છતાં શરીરની બહાર ન નીકળી ગયેલા વીર્યને વાયુ બે અંડની વચમાં એકઠું કરીને સૂકવી નાખે છે. તે સુકાઈ ગયેલું વીર્ય તે પથરી (=શુક્રાશ્મરી) છે. શુક્રાશ્મરીને લીધે મૂત્રાશયમા પીડા થાય છે; બહુ પીડા સાથે થોડેથોડે પેશાબ થાય છે અને અંડ ઉપર સોજો આવે છે. એ શુક્રાશ્મરી ઉત્પન્ન થાય કે તરત જ એ ભાગ ઉપર દબાણ આવે તો વીર્ય નીકળી છે અને બંધાયેલી પથરીની આસપાસ બીજું વધારે વીર્ય ચોટે છે.

૧૮ શર્કરારોગ

अश्मर्यैव च शर्करा ॥१८॥
अणुशो वायुना भिन्ना सा त्वस्मिन्ननुलोमगे ।
निरेति सह मूत्रेण प्रतिलोमे विबध्यते ॥१९॥

વાયુને લીધે તૂટીને ભૂકો થઈ ગયેલી પથરીને જ શર્કરા કહે છે. જ્યારે વાયુ અનુલોમ (=સવળી) ગતિ કરતો હોય ત્યારે એ (રેતી-રૂપ પથરી) પેશાબ સાથે બહાર નીકળી જાય છે અને જ્યારે વાયુ પ્રતિલોમ (=અવળી) ગતિ કરે છે, ત્યારે અંદર પકડાઈ રહે છે (=બહાર નીકળતી નથી).

૧૭ વાતબસ્તિ(મૂત્રાઘાત)ની સંપ્રાપ્તિ અને લક્ષણ

मूत्रसन्धारिणः कुर्याद्रुद्ध्वा वस्तेर्मुखं मरुत् ।
मूत्रसङ्गं रुजं कण्डूं कदाचिच्च स्वधामतः ॥२०॥
प्रच्याव्य बस्तिमुद्वृत्तं गर्भाभं स्थूलविप्लुतम् ।
करोति तत्र रुग्दाहस्पन्दनोद्वेष्टनानि च ॥२१॥
बिन्दुशश्च प्रवर्तेत मूत्रं बस्तौ तु पीडिते ।
धारया द्विविधोऽप्येष वातबस्तिरिति स्मृतः ॥२२
दुस्तरो दुस्तरतरो द्वितीयः प्रबलानिलः ।

જે માણસ પેશાબને રોકી રાખે છે તેના મૂત્રાશયના મુખને વાયુ રોકી દઈને પેશાબ થતો અટકાવી દે છે, પીડા કરે છે, ખણજ આણે છે અને કોઈક વાર તો એ વાયુ મૂત્રાશયને પોતાના સ્થાનમાંથી ખસેડી નાખીને મૂત્રાશયનું મો ઊંચુ કરી નાખે છે, મૂત્રાશયને ગર્ભ જેવુ, સ્થૂળ તથા ચંચળ બનાવી દે છે તથા ત્યાં પીડા, બળતરા, ફરકાટ (=થડકારા) અને અમળાટ થાય છે; પેશાબ ટીપેટીપે આવે છે પણ જ્યારે મૂત્રાશય ઉપર દબાણ કરવામા આવે છે, ત્યારે ધારબંધ (=સળંગ ધાર સાથે) પેશાબ થાય છે. એ રીતે આ વાતબસ્તિ (=મૂત્રાઘાત) બે પ્રકારનો છે (=૧ ધારબંધ પેશાબવાળો, ૨. ટીપેટીપે પેશાબવાળો) એમ શાસ્ત્ર કહે છે. એમાંથી પહેલો મટવો મુશ્કેલ છે અને બીજો બળવાન વાયુવાળો હોવાથી મટવો તેથીયે વધારે મુશ્કેલ છે. (બીજા વાતબસ્તિમાં વાયુ બળવાન હોવાથી ટીપેટીપે પેશાબ આવે છે.)

(મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાઘાત વચ્ચે ફરક એ છે કે, મૂત્રકૃચ્છ્રમા પેશાબ કરતાકરતા દુઃખ થાય અને પેશાબનુ રોકાણ થોડુ હોય, પણ મૂત્રાઘાતમા પેશાબનુ રોકાણ બળવાન હોય.—તોડર).

૧૧ વાતાષ્ઠીલા

शकृन्मार्गस्य बस्तेश्च वायुरन्तरमाश्रितः ॥२३॥
अष्ठीलाभं घनं ग्रन्थिं करोत्यचलमुन्नतम् ।
वाताष्ठीलेति साऽऽध्मानविण्मूत्रानिलसङ्गकृत् ॥२४

ઝાડાનો રસ્તો (=ગુદા) અને મૂત્રાશયના વચગાળામાં વાયુ ભરાઈને પથ્થરની લખોટી જેવી ઘટ્ટ, હાલેચાલે નહિ એવી અને ઊપસેલી ગાંઠ કરે છે, એને વાતાષ્ઠીલા કહે છે. એને લીધે આધ્માન થાય છે તથા ઝાડો, પેશાબ અને વાછૂટ બંધ થઈ જાય છે.

૧૨ વાતકુંડલિકા

विगुणः कुण्डलीभूतो बस्तौ तीव्रव्यथोऽनिलः।
आविध्य मूत्रं भ्रमति सस्तम्भोद्वेष्टगौरवः॥२५॥
मूत्रमल्पाल्पमथवा विमुञ्चति शकृत्सृजन्।
वातकुण्डलिकेत्येषा

(દોષ, દેશ વગેરે મદદ કરનારાં કારણોને લીધે) બસ્તિમાં ગોળગોળ ફર્યા કરતો (=બસ્તિને અંદરથી ઘેરી લેતો), તીવ્ર પીડા કરતો; સ્તંભ, ઉદ્વેષ્ટન અને ભાર કરતો કોપેલો વાયુ પેશાબને વીંટાઈને (=પેશાબની આસપાસ) બસ્તિમાં ફર્યા કરે છે, અથવા કેટલીકવાર એ કોપેલો વાયુ (પેશાબની આસપાસ ફરવાને બદલે) ઝાડો કરાવતાં કરાવતા થોડાથોડા પેશાબ કરાવી દે છે.

૧૩ મૂત્રાતીત

मूत्रं तु विधृतं चिरम्॥२६॥
न निरेति विबद्धं वा मूत्रातीतं तदल्परुक्।

પણ લાંબા વખત સુધી રોકી રાખેલો પેશાબ બહાર નીકળે નહિ અથવા વાયુને લીધે બંધ થઈ ગયેલો પેશાબ થોડી પીડા સાથે બહાર નીકળે એને (=એ બંને રોગને) મૂત્રાતીત કહે છે.

૧૪ મૂત્રજઠર

विधारणात्प्रतिहतं वातोदावर्तितं यदा॥२७॥
नाभेरधस्तादुदरं मूत्रमापूरयेत्तदा।
कुर्यात्तीव्ररुगाध्मानमपक्तिं मलसङ्ग्रहम्॥२८॥
तन्मूत्रजठरम्

પેશાબના વેગને રોકવાથી અવળું ધકેલાયેલુ અને વાયુથી ઊંચું લઈ જવાયેલુ મૂત્ર ડૂંટીની નીચેના ભાગમાં પેટને ભરી નાખે છે ત્યારે તીવ્ર પીડા, આધ્માન, અપચો અને મળનો સંગ્રહ થાય છે. આને મૂત્રજઠર કહે છે.

૧૫ મૂત્રોત્સંગ

छिद्रवैगुण्येनानिलेन वा।
आक्षिप्तमल्पं मूत्रं तद्वस्तौ नालेऽथवा मणौ॥२९॥
स्थित्वा स्रवेच्छनैः पश्चात्सरुजं वाऽथ नीरुजम्।
मूत्रोत्सङ्गः स विच्छिन्नतच्छेषगुरुशेफसः॥३०॥

પેશાબ આવવાનો માર્ગ બગડવાથી કે વાયુ બગડવાથી રોકાઈ રહેલો થોડો પેશાબ મૂત્રાશયમાં, નાળમાં (=પેશાબ મૂત્રાશયમાંથી નીકળી મૂત્રેંદ્રિયના મણિ સુધી જે સ્રોતવાટે આવે છે તે સ્રોતમાં) કે મૂત્રેંદ્રિયના આગળના મણિમાં (આગળના ડીચકામાં) પડી રહીને પછી પીડા સાથે કે પીડા વિના ધીમેધીમે બહાર ઝરે છે, એને મૂત્રોત્સંગ કહે છે. એમાં દરદીની મૂત્રેંદ્રિય કકડેકકડે નીકળતા મૂત્રમાંથી શેષ રહેલા (નીકળતા બાકી રહેલા) મૂત્રને લીધે ભારે થઈ જાય છે.

૧૬ મૂત્રગ્રંથિ

अन्तर्बस्तिमुखे वृत्तः स्थिरोऽल्पः सहसा भवेत्।
अश्मरीतुल्यरुग् ग्रन्थिर्मूत्रग्रन्थिः स उच्यते॥३१

મૂત્રાશયના મોંની વચ્ચે ગોળ, સ્થિર, નાની અને પથરી જેવી પીડા કરે એવી ગાંઠ એકાએક થાય તેને મૂત્રગ્રંથિ કહે છે.

૧૭ મૂત્રશુક્ર

मूत्रितस्य स्त्रियं यातो वायुना शुक्रमुद्धतम्।
स्थानाच्युतं मूत्रयतः प्राक् पश्चाद्वा प्रवर्तते॥३२
भस्मोदकप्रतीकाशं मूत्रशुक्रं तदुच्यते।

પુરુષ પેશાબ કરવાનો થયો હોય તે સ્થિતિમાં સ્ત્રી પાસે જાય (=મૈથુન કરે) તો તેના પોતાના સ્થાનમાથી ચળેલા વીર્યને વાયુ ઊંચું ચડાવી દે છે. તે ઊંચું ચડી ગયેલું વીર્ય પેશાબ કરતી વખતે પેશાબ થાય તે પહેલાં કે પેશાબ થઈ રહ્યા પછી રખિયાના પાણી જેવુ બહાર નીકળે તેને મૂત્રશુક્ર કહે છે.

૧૮ વિડ્વિઘાત

रूक्षदुर्बलयोर्वातादुदावर्तं शकृद्यदा॥३३॥
मूत्रस्रोतोऽनुपर्येति संसृष्टं शकृता तदा।
मूत्रं विट्तुल्यगन्धं स्याद्विड्-
विघातं तमादिशेत्॥३४॥

લૂખા શરીરવાળા અને નબળા માણસનો ઝાડો વાયુથી ઊંચો ચડી જઈને જ્યારે પેશાબના સ્રોતમાં પહોંચે છે, ત્યારે ઝાડા સાથે ભળેલો પેશાબ ઝાડા જેવો ગંધાય છે. આ રોગને વિડ્વિઘાત કહેવો.

૧૯ ઉષ્ણવાત (=ઊનવા)

पित्तं व्यायामतीक्ष्णोष्णभोजनाध्वातपादिभिः ।
प्रवृद्धं वायुना क्षिप्तं वस्त्युपस्थार्तिदाहवत् ॥३५॥
मूत्रं प्रवर्तयेत्पीतं सरक्तं रक्तमेव वा ।
उष्णं पुनः पुनः कृच्छ्रादुष्णवातं वदन्ति तम् ॥३६

વ્યાયામ(=કસરત, મહેનત)થી, તીક્ષ્ણ અને ગરમ ભોજનથી, ચાલવાથી, તડકાથી વગેરે કારણસર કોપેલું, વાયુથી ધકેલાયેલું, અને મૂત્રાશયમાં તથા મૂત્રેન્દ્રિયમાં પીડા અને ખળતરા કરતું પિત્ત પીળો, થોડો લાલ કે તદ્દન લાલ અને ગરમ પેશાબ વારંવાર મહામહેનતે કરાવે તેને ઉષ્ણવાત કહે છે.

૨૦ मूत्रक्षय

रूक्षस्य क्लान्तदेहस्य वस्तिस्थौ पित्तमारुतौ ।
मूत्रक्षयं सरुग्दाहं जनयेतां तदाह्वयम् ॥ ३७ ॥

લૂખા શરીરવાળા અને કરમાઈ ગયેલા શરીરવાળા માણસના મૂત્રાશયમાં રહેલા પિત્ત અને વાયુ મૂત્રનો નાશ કરે અને સાથે પીડા અને ખળતરા કરે, તે તે જ નામનો (મૂત્રક્ષય નામનો) રોગ છે.

૨૧ मूत्रसाद

पित्तं कफो द्वावपि वा संहन्येतेऽनिलेन चेत् ।
कृच्छ्रान्मूत्रं तदा पीतं रक्तं श्वेतं घनं सृजेत् ॥३८॥
सदाहं रोचनाशङ्खचूर्णवर्णं भवेच्च तत् ।
शुष्कं समस्तवर्णं वा मूत्रसादं वदन्ति तम् ॥३९

જો વાયુ પિત્તને કે કફને કે બંનેને (પિત્ત અને કફને ભેગા) પિંડારૂપ બનાવી દે, તો દરદીને મહામુશ્કેલીથી પીળો, લાલ, ધોળો અને રગડા જેવો પેશાબ ખળતરા સાથે આવે છે. વખત જતાં એ સુકાઈ જાય છે ત્યારે એ (પિત્તને લીધે) ગોરોચના જેવા રંગનો, (કફને લીધે) શંખના ભૂકા જેવો રંગનો કે (ત્રણે દોષને લીધે) બધા રંગનો (પીળા, રાતા અને ધોળા રંગનો) હોય છે. આને મૂત્રસાદરોગ કહે છે

इति विस्तरतः प्रोक्ता रोगा मूत्राप्रवृत्तिजाः ।
निदानलक्षणैरूर्ध्वं वक्ष्यन्तेऽतिप्रवृत्तिजाः ॥४०॥

આ પ્રમાણે પેશાબ ન થવાથી થતા રોગો એમના નિદાન અને લક્ષણ આપીને વિગતવાર કહ્યા. હવે પછી (અધ્યાય ૧૦ મા) વધારેપડતો પેશાબ થવાથી થતા રોગો નિદાન અને લક્ષણ સાથે વિગતવાર કહેવામાં આવશે

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने मूत्राघात
निदानं नाम नवमोऽध्यायः ॥ ९ ॥

અધ્યાય ૧૦ મો

अथातः प्रमेहनिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે પ્રમેહરોગનું નિદાન સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

સંખ્યા

प्रमेहा विंशतिस्तत्र श्लेष्मतो दश, पित्ततः ।
षट्, चत्वारोऽनिलात्

પ્રમેહ વીસ છે. તેમાં દશ કફથી, છ પિત્તથી અને ચાર વાયુથી થાય છે.

પ્રમેહ થવાનું કારણ

तेषां मेदोमूत्रकफावहम् ॥ १॥
अन्नपानक्रियाजातं यत्प्रायस्तत्प्रवर्तकम् ।
स्वाद्वम्ललवणस्निग्धगुरुपिच्छिलशीतलम् ॥ २॥
नवधान्यसुरानूपमांसेक्षुगुडगोरसम् ।
एकस्थानासनरतिः शयनं विधिवर्जितम् ॥ ३॥

ગળ્યું, ખાટું, ખારું, સ્નિગ્ધ, ભારે, પિચ્છિલ અને ઠંડું ખાનપાન, નવું ધાન, સુરા, અનૂપ દેશના પ્રાણીનું માંસ, શેરડી, ગોળ, દૂધ, (+દહીં અને છાશ), એક જગાએ કે એક આસન પર પડ્યા રહેવું કે બેસી રહેવું, તથા સૂ. ૭/૫૪માં વર્ણવેલી દુષ્ટ (=નિયમ વિરુદ્ધની) ઊંઘ–એટલા જે અન્ન (=ખાણું), પાન (=પીણું) અને ક્રિયા, ચરબી, પેશાબ અને કફ કરે એવા છે, તે(અન્ન, પાન અને ક્રિયા)નો સમૂહ તેમને (=વીસ જાતના પ્રમેહને) પેદા કરે છે

કફના પ્રમેહની સંપ્રાપ્તિ

वस्तिमाश्रित्य कुरुते प्रमेहान् दूषितः कफः ।
दूषयित्वा वपुःक्लेदस्वेदमेदोरसामिषम् ॥ ४ ॥

શ્લોક ૧થી ૩માં કહેલાં કારણોથી બગડેલો કફ મૂત્રાશયમાં આવીને શરીરના ક્લેદ, પરસેવો, ચરબી, રસ અને માંસને બગાડીને (કફના દશ) પ્રમેહ કરે છે.

પિત્તના પ્રમેહની સંપ્રાપ્તિ

पित्तं रक्तमपि क्षीणे कफादौ मूत्रसंश्रयम् ।

જ્યારે કફ વગેરે સૌમ્ય ધાતુઓ ઓછી થઈ જાય, ત્યારે (બગડેલુ) પિત્ત પેશાબમાં રહેલા લોહીને પણ (=લોહીને તથા શરીરનાં ક્લેદ, પરસેવો, ચરબી, રસ અને માંસને) (બગાડીને પિત્તના છ પ્રમેહ કરે છે).

વાયુના પ્રમેહની સંપ્રાપ્તિ

धातून् वस्तिमुपानीय तत्क्षयेऽपि च मारुतः ॥५

બગડેલો વાયુ ધાતુઓને (=૧. વાયુના પ્રમેહ કરી શકે એવી ધાતુઓને, ૨. રસ વગેરે ધાતુઓને, ૩. વસા, મજ્જા, ઓજસ અને રસ નામની ધાતુઓને) મૂત્રાશય પાસે લાવીને (વાયુના પ્રમેહ કરે છે) અને વળી તેમનો (=૧. તે ધાતુઓનો, ૨. પિત્ત અને કફનો) નાશ કરીને પણ (વાયુ વાયુના પ્રમેહ કરે છે).

સાધ્ય, અસાધ્ય પ્રમેહ

साध्ययाप्यपरित्याज्या मेहास्तेनैव तद्भवाः ।
समासमक्रियतया महात्ययतयाऽपि च ॥ ६ ॥

તેનાથી જ (=કફ, પિત્ત અને વાયુના પ્રમેહોની જ પોતપોતાની સંપ્રાપ્તિ શ્લોક ૩થી ૫ સુધીમાં કહી તે સંપ્રાપ્તિથી જ) તેને લીધે (=કફ, પિત્ત અને વાયુને લીધે) ઉત્પન્ન થયેલા પ્રમેહો અનુક્રમે સાધ્ય, યાપ્ય અને અસાધ્ય છે (=કફના પ્રમેહ સાધ્ય છે, પિત્તના પ્રમેહ યાપ્ય છે અને વાયુના પ્રમેહ અસાધ્ય છે), કારણ કે કફના પ્રમેહમાં કરવાની ક્રિયા (=ઉપાય) સમ (=સવળી, અનુકૂળ પડે એવી) છે, પિત્તના પ્રમેહની ક્રિયા અસમ (=સવળી ન પડે એવી) છે અને વાયુના પ્રમેહની ક્રિયા તદ્દન વિરુદ્ધ છે, અને વળી (વાયુના પ્રમેહમાં મજ્જા વગેરે ધાતુઓ ઓછી થતી હોવાથી) શરીરનો બહુ વિનાશ થાય છે.

(કફથી થતા પ્રમેહમાં કફ દોષ છે અને ચરબી વગેરે દૂષ્ય છે. તીખી, કડવી વગેરે જે ક્રિયાથી કફ મટે છે તે જ ક્રિયાથી ચરબી વગેરે પણ મટે છે. માટે કફના પ્રમેહમાં ક્રિયા સમ છે અને તેથી કફનો પ્રમેહ સાધ્ય છે. પિત્તના પ્રમેહમા પિત્ત દોષ છે અને ચરબી વગેરે દૂષ્ય છે. પિત્તને મટાડે એવી ગળપણ વગેરે ક્રિયાથી ચરબી વધી પડે છે અને ચરબીને મટાડે એવી તીખાશ વગેરે ક્રિયાથી પિત્ત વધી પડે છે. માટે પિત્તના પ્રમેહમાં ક્રિયા સમ નથી તેથી પિત્તનો પ્રમેહ યાપ્ય છે. વાયુના પ્રમેહમાં પણ ક્રિયા સમ નથી એટલું જ નહિ પણ એમાં મજ્જા વગેરે ઊંડી ધાતુઓ ઓછી થતી હોવાથી પ્રમેહ અસાધ્ય છે.)

બધા પ્રમેહોનું સામાન્ય લક્ષણ

सामान्यं लक्षणं तेषां प्रभूताविलमूत्रता ।

પુષ્કળ પેશાબ થાય અને ડહોળો પેશાબ થાય એ એમનુ (=વીસે પ્રમેહોનુ) સામાન્ય લક્ષણ છે.

પ્રમેહના પ્રકાર

दोषदूष्याविशेषेऽपि तत्संयोगविशेषतः ॥ ७ ॥
मूत्रवर्णादिभेदेन भेदो मेहेषु कल्प्यते ।

દોષ અને દૂષ્યમાં ફેર ન હોય (=દોષ અને દૂષ્ય એનાં એ જ હોય) છતાં પણ એ દોષ અને દૂષ્યના જુદાજુદા સંયોગોને લીધે પેશાબના રંગ (+ગંધ, સ્વાદ, સ્પર્શ) વગેરેમાં જે ફેર પડે છે તે ઉપરથી પ્રમેહોમા ભેદો (=પ્રકારો) કલ્પાય છે.

કફના પ્રમેહના દસ પ્રકાર

ઉદકમેહ

अच्छं बहु सितं शीतं निर्गन्धमुदकोपमम् ॥ ८ ॥
मेहत्युदकमेहेन किञ्चिचाविलपिच्छिलम् ।

ઉદકમેહને લીધે દરદીને પાતળો, ધોળો, ઠંડો, (સારી કે ખરાબ) ગંધ વિનાનો, પાણી જેવો પેશાબ થાય છે અને થોડો ડહોળો અને

પિચ્છિલ પેશાબ થાય છે

ઇક્ષુમેહ

इक्षो रसमिवात्यर्थं मधुरं चेक्षुमेहतः ॥ ९ ॥

ઇક્ષુમેહને લીધે શેરડીના રસ જેવો પુષ્કળ અને ગળ્યો પેશાબ થાય છે

સાન્દ્રમેહ

सान्द्रीभवेत्पर्युषितं सान्द्रमेहेन मेहति ।

સાન્દ્રમેહને લીધે એવો પેશાબ થાય છે કે જે પેશાબને આખી રાત રાખી મૂકવામા આવે તો તે ઘટ્ટ બની જાય છે

સુરામેહ

सुरामेही सुरातुल्यमुपर्यच्छमधो घनम् ॥ १० ॥

સુરામેહવાળા માણસને સુરા જેવો પેશાબ થાય છે (એ પેશાબને આખી રાત રાખી મૂકવામા આવે તો) એ ઉપર પ્રવાહી અને નીચે ઘટ્ટ હોય છે

પિષ્ટમેહ

सहृष्टरोमा पिष्टेन पिष्टवद्बहलं सितम् ।

પિષ્ટમેહને લીધે દરદીના રૂવાડા ખડા થઈ જાય છે અને એને લોટ જેવો, પુષ્કળ અને ધોળો પેશાબ થાય છે

શુક્રમેહ

शुक्राभं शुक्रमिश्रं वा शुक्रमेही प्रमेहति ॥ ११ ॥

શુક્રમેહવાળા માણસને વીર્ય જેવો અથવા વીર્યવાળો પેશાબ થાય છે

સિકતામેહ

मूत्राणून् सिकतामेही सिकतारूपिणो मलान् ।

સિકતામેહવાળાને દેખાય એવા, ખારીક, રેતીના કણ જેવા આકારના મળનો (=કફનો) પેશાબ થાય છે

શીતમેહ

शीतमेही सुबहुशो मधुरं भृशशीतलम् ॥ १२ ॥

શીતમેહવાળા માણસને ગળ્યો અને બહુ જ ઠંડો પેશાબ ઘણી જ વાર (=વાર વાર) થાય છે.

શનૈર્મેહ

शनैः शनैः शनैर्मेही मन्दमन्दं प्रमेहति ।

શનૈર્મેહવાળા માણસને તૂટકતૂટક અને થોડાથોડો પેશાબ થાય છે

લાલામેહ

लालातन्तुयुतं मूत्रं लालामेहेन पिच्छिलम् ॥ १३

લાલામેહને લીધે લાળના તાતણાવાળો અને પિચ્છિલ પેશાબ થાય છે.

પિત્તના પ્રમેહના છ પ્રકાર

ક્ષારમેહ

गन्धवर्णरसस्पर्शैः क्षारेण क्षारतोयवत् ।

ક્ષારમેહને લીધે ગંધ, રંગ, સ્વાદ અને સ્પર્શમા ક્ષારના પાણી જેવો હોય એવો પેશાબ થાય છે.

નીલમેહ

नीलमेहेन नीलाभं

નીલમેહને લીધે ગળી જેવો પેશાબ થાય છે,

કાલમેહ

कालमेही मषीनिभम् ॥ १४ ॥

કાળમેહવાળાને મેશ (=કાજળ) જેવો પેશાબ થાય છે.

હારિદ્રમેહ

हारिद्रमेही कटुकं हरिद्रासन्निभं दहत् ।

હારિદ્રમેહવાળાને તીખો, હળદર જેવો અને બળતરા કરે એવો પેશાબ થાય છે.

માંજિષ્ઠમેહ

विस्रं माञ्जिष्ठमेहेन मञ्जिष्ठासलिलोपमम् ॥१५॥

માંજિષ્ઠમેહને લીધે ગંધાતો અને મજીઠના પાણી જેવો પેશાબ થાય છે.

રક્તમેહ

विस्रमुष्णं सलवणं रक्ताभं रक्तमेहतः ।

રક્તમેહને લીધે ગંધાતો, ગરમ, જરા ખારો અને લોહી જેવો પેશાબ થાય છે

વાયુના ચાર પ્રમેહ

વસામેહ

वसामेही वसामिश्रं वसां वा मूत्रयेन्मुहुः ॥ १६ ॥

વસામેહવાળાને વસાવાળો અથવા વસાનો પેશાબ વારવાર થાય છે

મજ્જમેહ

मज्जानं मज्जमिश्रं वा मज्जमेही मुहुर्मुहुः ।

મજ્જમેહવાળા માણસને મજ્જાનો અથવા મજ્જાવાળો પેશાબ વારવાર થાય છે

હસ્તિમેહ

हस्ती मत्त इवाजस्रं मूत्रं वेगविवर्जितम् ॥१७॥
सलसीकं विबद्धं च हस्तिमेही प्रमेहति ।

હસ્તિમેહવાળા માણસને માતેલા હાથીની માફક અટકયા વિના, વેગ વિના, લસિકા (સૂ. ૧૨/૨) સાથે, વિબંધવાળો પેશાબ થાય છે.

મધુમેહ

मधुमेही मधुसमम्

મધુમેહવાળા માણસને મધ જેવો પેશાબ થાય છે.

બે જાતનો મધુમેહ

जायते स किल द्विधा ॥१८॥
क्रुद्धे धातुक्षयाद्वायौ दोषावृतपथेऽथवा ।

એ (=મધુમેહ) બે રીતે થાય છે: ૧. ધાતુઓ ઓછી થવાથી વાયુ કોપે તેથી અથવા ૨. દોષને લીધે વાયુનો માર્ગ રોકાવાથી વાયુ કોપે તેથી.

વાયુ કૃચ્છ્રસાધ્ય ક્યારે અને અસાધ્ય ક્યારે?

आवृतो दोषलिङ्गानि सोऽनिमित्तं प्रदर्शयेत् ॥१९॥
क्षीणः क्षणात्क्षणात् पूर्णो भजते कृच्छ्रसाध्यताम् ।

જેનો માર્ગ રોકાયેલો હોય એવો વાયુ કંઈ પણ કારણ વિના જ દોષને લીધે માર્ગ રોકાયો હોય તે દોષનાં (નિ. ૧૬/૨૯થી ૫૧માં કહેલાં) લક્ષણો દેખાડે છે (કારણ કે વાયુનો સ્વભાવ ચળ છે). ઘડીમાં (મૂત્રાશયમા) ઓછો થઈ ગયેલો અને ઘડીમાં ભરાયેલો વાયુ કૃચ્છ્રસાધ્ય બને છે. (જ્યારે દોષને લીધે વાયુનો માર્ગ રોકાવાથી વાયુ કોપે છે, ત્યારે વાયુ કૃચ્છ્રસાધ્ય હોય છે, પણ જ્યારે ધાતુઓ ઓછી થવાથી વાયુ કોપે છે, ત્યારે વાયુ અસાધ્ય બને છે.)

બધા પ્રમેહને મધુમેહ કેમ કહે છે?

कालेनोपेक्षिताः सर्वे यद्यान्ति मधुमेहताम् ॥२०॥
मधुरं यच्च सर्वेषु प्रायो मध्विव मेहति ।
सर्वेऽपि मधुमेहाख्या माधुर्याच्च तनोरतः ॥२१॥

બધા પ્રમેહની બાબતમા જો બેદરકાર રહેવાય (=શાસ્ત્રોક્ત ઉપચાર ન કરવામાં આવે) તો બધા પ્રમેહમાંથી વખત જતાં મધુમેહ થઈ જાય છે તેથી અને બધા પ્રમેહોમા સામાન્ય રીતે મધ જેવો ગળ્યો પેશાબ થાય છે તેથી અને શરીરની મીઠાશ(=ગળપણ)ને લીધે (=શરીર પણ એકંદરે ગળ્યુ હોવાથી)—આ ત્રણ કારણસર બધાય પ્રમેહો મધુમેહ કહેવાય છે.

કફના પ્રમેહોના ઉપદ્રવો

अविपाकोऽरुचिश्छर्दिर्निद्रा कासः सपीनसः ।
उपद्रवाः प्रजायन्ते मेहानां कफजन्मनाम् ॥२२॥

ખાધુપીધું પચે નહિ, અરુચિ, ઊલટી, ઊંઘ, ઉધરસ, સળેખમ—એટલા કફથી થતા પ્રમેહોના ઉપદ્રવો થાય છે.

પિત્તના પ્રમેહોના ઉપદ્રવો

बस्तिमेहनयोस्तोदो मुष्कावदरणं ज्वरः ।
दाहस्तृष्णाऽम्लको मूर्च्छा विड्भेदः पित्तजन्मनाम् ॥२३॥

મૂત્રાશય અને મૂત્રેન્દ્રિયમાં તોદ થાય, અંડ ચિરાતા હોય એવી પીડા થાય, તાવ, બળતરા, તરસ, અમ્લક, મૂર્ચ્છા, ભાંગલ ઝાડો થાય—એટલા પિત્તથી થતા પ્રમેહોના ઉપદ્રવો છે.

વાયુથી થતા પ્રમેહોના ઉપદ્રવો

वातिकानामुदावर्तकम्पहृद्ग्रहलोलताः ।
शूलमुन्निद्रता शोषः कासः श्वासश्च जायते ॥२४

ઉદાવર્ત, કંપ, હૃદય જકડાઈ જાય, ખાવાપીવાની લાલસા, શૂળ, ઊંઘ ઊડી જાય, (ગળું, તાળવુ અને મો) સુકાય, ઉધરસ, શ્વાસ (=દમ, હાંફ)—એટલા વાયુના પ્રમેહોના ઉપદ્રવો છે.

દશ પ્રમેહપિટિકા

शराविका कच्छपिका जालिनी विनताऽलजी ।
मसूरिका सर्षपिका पुत्रिणी सविदारिका ॥२५॥
विद्रधिश्चेति पिटिकाः प्रमेहोपेक्षया दश ।
सन्धिमर्मसु जायन्ते मांसलेषु च धामसु ॥२६॥

શરાવિકા, કચ્છપિકા, જાલિની, વિનતા, અલજી, મસરિકા, સર્ષપિકા, પુત્રિણી, વિદારિકા અને વિદ્રધિ એ દશ ફોલ્લીઓ પ્રમેહરોગની બાબતમા બેદરકાર રહેવાથી સાંધાઓનાં મર્મ-

સ્થાનમા અને બહુ માંસલ ભાગમા થાય છે.

શરાવિકા

अन्तोन्नता मध्यनिम्ना श्यावा क्लेदरुजान्विता ।
शरावमानसंस्थाना पिटिका स्याच्छराविका ॥ २७

શરાવિકા નામની ફોલ્લી (=નાનું ગૂમડું) છેડેથી ઊપસેલી, વચમા ખાડાવાળી, ખદામી રંગની, ક્લેદ અને પીડાવાળી, તથા કોડિયા (=ચપ્પણિયા) જેટલા માપની અને કોડિયા જેવા આકારની હોય છે.

કચ્છપિકા

अवगाढार्तिनिस्तोदा महावस्तुपरिग्रहा ।
श्लक्ष्णा कच्छपपृष्ठाभा पिटिका कच्छपी मता ॥२८

ઊંડાણમા થતાં પીડા અને તોદવાળી, શરીરના પુષ્કળ ભાગ ઉપર થયેલી, લીસી, કાચબાની પીઠ જેવી ફોલ્લીને કચ્છપી (=કચ્છપિકા) માની છે.

જાલિની

स्तब्धा सिराजालवती स्निग्धस्रावा महाशया ।
रुजानिस्तोदबहुला सूक्ष्मच्छिद्रा च जालिनी ॥२९

જાલિની સ્તબ્ધ, શિરાઓનાં જાળાવાળી, સ્નિગ્ધ સ્રાવ થાય એવી, શરીરના પુષ્કળ ભાગ ઉપર થતી, પુષ્કળ પીડા અને તોદવાળી, ઝીણાં છિદ્રોવાળી હોય છે.

વિનતા

अवगाढरुजाक्लेदा पृष्ठे वा जठरेऽपि वा ।
महती पिटिका नीला विनता विनता स्मृता ॥ ३०

ઊંડાણમા થતા પીડા અને ક્લેદવાળી, પીઠ ઉપર કે જઠર ઉપર પણ થતી, ગળી જેવા રંગની, ઊંડી (=ઊપસેલી નહિ) અને મોટી ફોલ્લી(=ગૂમડા)ને શાસ્ત્રમા વિનતા કહે છે.

અલજી

दहति त्वचमुत्थाने भृशं कष्टा विसर्पिणी ।
रक्तकृष्णाऽतितृट्स्फोटदाहमोहज्वराऽलजी ॥ ३१

અલજી ઊપડે ત્યારે ચામડી બળે છે, બહુ પીડા કરે છે, ફેલાઈ જાય છે, રતાશપડતી કાળી હોય છે અને બહુ તરસ, ફોલ્લીઓ, બળતરા, મોહ અને તાવ એટલા લક્ષણવાળી હોય છે.

મસૂરિકા

मानसंस्थानयोस्तुल्या मसूरेण मसूरिका ।

મસૂરિકા મસૂર જેવડી અને મસૂર જેવા આકારની હોય છે.

સર્ષપી

सर्षपामानसंस्थाना क्षिप्रपाका महारुजा ॥३२॥
सर्षपी सर्षपातुल्यपिटिकापरिवारिता ।

સર્ષપી સરસવ જેવડી અને સરસવ જેવા આકારની, ઝટ પાકે એવી, બહુ પીડાવાળી, સરસવ જેવી ફોલ્લીઓથી વીંટાયેલી (=ઘેરાયેલી) હોય છે.

પુત્રિણી

पुत्रिणी महती भूरिसुसूक्ष्मपिटिकाचिता ॥३३॥

પુત્રિણી (બીજી પિટિકાઓના પ્રમાણમા) મોટી, અને અનેક ઝીણીઝીણી ફોલ્લીઓથી ભરચક હોય છે.

વિદારિકા

विदारीकन्दवद्वृत्ता कठिना च विदारिका ।

વિદારિકા વિદારીકંદના જેવી ગોળમટોળ અને કઠણ હોય છે.

વિદ્રધિ (=ગડ)

विद्रधिर्वक्ष्यतेऽन्यत्र

વિદ્રધિ (=ગડ) બીજે ઠેકાણે (નિ. અ. ૧૧મા) કહેવાશે.

સાધ્ય અને અસાધ્ય પિટિકાઓ

કૃચ્છ્રસાધ્ય પિટિકાઓ

तत्राद्यं पिटिकात्रयम् ॥३४॥
पुत्रिणी च विदारी च दुःसहा बहुमेदस ।

એમાં (=એ દસ પિટિકાઓમા) પહેલી ત્રણ પિટિકા(શરાવિકા, કચ્છપિકા અને જાલિની), પુત્રિણી અને વિદારી (=વિદારિકા), એ પાંચ બહુ ચરબીવાળા માણસને થતી હોવાથી સહન કરવી મુશ્કેલ છે (=કૃચ્છ્રસાધ્ય છે).

સાધ્ય પિટિકાઓ

सह्याः पित्तोल्बणास्त्वन्याः
सम्भवन्त्यल्पमेदस. ॥३५॥

બાકીની ચારમાં પિત્ત વધારે હોય છે અને એ થોડી ચરબીવાળાને થાય છે તેથી એ સહન

થાય એવી (=સાધ્ય) છે.

(બાકીની ચાર=વિનતા, અલજી, મસૂરિકા અને સર્ષપી. વિદ્રધિ વિષે નિ. અ. ૧૧માં કહેશે એટલે અહીં કુલ નવ પિટિકાઓના સાધ્યઅસાધ્યપણાની વાત કરી છે.)

કઈ પિટિકામાં કયા દોષનો વધારે પ્રકોપ હોય છે?

तासु मेहवशाच्च स्याद्दोषोद्रेको यथायथम् ।

એમાં (=એ દશ પિટિકાઓમાં) (ત્રણે દોષનો પ્રકોપ હોય છે, પણ તેમાંથી) જે દોષના પ્રમેહમાં જે પિટિકા થઈ હોય તે દોષ તે પિટિકામાં વધારે કોપેલો હોય છે.

(વાયુના પ્રમેહમાં પિટિકા થાય ત્યારે તે પિટિકામાં વાયુ બીજા બે દોષ કરતાં વધારે કોપેલો હોય. એ જ પ્રમાણે પિત્તના પ્રમેહમાં અને કફના પ્રમેહમાં થયેલી પિટિકાઓમાં અનુક્રમે પિત્ત અને કફ પોતાના સિવાયના બીજા બે દોષો કરતાં વધારે કોપેલાં હોય છે.)

પ્રમેહ વિના પણ થતી પિટિકાઓ

प्रमेहेण विनाऽप्येता जायन्ते दुष्टमेदसः ।
तावच्च नोपलक्ष्यन्ते यावद्वस्तुपरिग्रहः ॥ ३६ ॥

પ્રમેહરોગ વિના પણ આ (=દશ પિટિકાઓ) જેની ચરબી બગડી હોય તેને થાય છે; અને જ્યાં સુધી એ દરેક પિટિકાના વસ્તુ (=આધારભૂત અંગ) તરીકે જે ભાગ આગળ કહેવામા આવ્યો છે તે અંગ ન પકડાય, ત્યાં સુધી એ પિટિકાના લક્ષણો પ્રકટ થતાં નથી. (=એ પિટિકારૂપે એ જણાઈ આવતી નથી).

પ્રમેહ અને રક્તપિત્ત વચ્ચે ફરક

हारिद्रवर्णं रक्तं वा मेहप्राग्रूपवर्जितम् ।
यो मूत्रयेन्न तं मेहं रक्तपित्तं तु तद्विदुः ॥ ३७ ॥

પ્રમેહના પૂર્વરૂપના લક્ષણો (શ્લો. ૩૭३,૩૯) વિના માણસને હળદર જેવા રંગનો કે લાલ પેશાબ થાય તો તેને પ્રમેહરોગ કહેતા નથી પણ રક્તપિત્ત કહે છે.

બધા પ્રમેહોનું પૂર્વરૂપ

स्वेदोऽङ्गगन्धः शिथिलत्वमङ्गे
शय्यासनस्वप्नसुखाभिषङ्गः ।
हृन्नेत्रजिह्वाश्रवणोपदेहो
घनाङ्गता केशनखातिवृद्धिः ॥ ३८ ॥
शीतप्रियत्वं गलतालुशोषो
माधुर्यमास्ये करपाददाहः ।
भविष्यतो मेहगणस्य रूपं
मूत्रेऽभिधावन्ति पिपीलिकाश्च ॥ ३९ ॥

પરસેવો થાય, શરીર ગંધાય, શરીર ઢીલું-ઢીલું થઈ જાય; સૂઈ રહેવું, બેસી રહેવું, ઊંઘવું અને સુખ એ ચાર વાનાં ઉપર આસક્તિ રહે; હૃદય, આંખ, જીભ અને કાનમાં તે તે અંગના મેલ કે દોષ લીંપાયેલા રહે, શરીર વધી જાય; વાળ અને નખ બહુ વધે, ઠંડું ગમે, ગળું અને તાળવું સુકાય, મોં ગળ્યુગળ્યુ રહે, હાથ અને પગ બળે, અને પેશાબ તરફ કીડીઓ દોડે (=પેશાબને કીડીઓ ચડે)–એ થવાના પ્રમેહોનાં લક્ષણ છે (=વીસે પ્રમેહનું પૂર્વરૂપ છે).

दृष्ट्वा प्रमेहं मधुरं सपिच्छं
मधूपमं स्याद्द्विविधो विचारः ।
सम्पूरणाद्वा कफसम्भवः स्यात्
क्षीणेषु दोषेष्वनिलात्मको वा ॥ ४० ॥

ગળ્યો, પિચ્છાવાળો, મધ જેવો પ્રમેહ જોઈને બે વિચાર આવે (=સંદેહ થાય). જો એવા પ્રમેહમાં દોષો પુષ્કળ હોય તો એવો સંદેહ થાય કે શું આ કફનો પ્રમેહ હશે? અને જો એવા પ્રમેહમાં દોષો ઓછા હોય તો એવો સંદેહ થાય કે શું આ વાયુનો પ્રમેહ હશે? (પણ આવો સંદેહ ખરું જોતા થવો જોઈએ નહિ, કારણ કે કયા દોષનો પ્રમેહ છે તે, તે તે દોષના પ્રમેહનાં લક્ષણો ઉપરથી નક્કી કરી શકાય છે.)

(પિચ્છા=શેમલાના ગુંદર જેવી ચીકાશ. –અરુણદત્ત.)

સાધ્ય અને અસાધ્ય પ્રમેહ વિષે વધુ વિચાર

सपूर्वरूपाः कफपित्तमेहाः
क्रमेण ये वातकृताश्च मेहाः ।
साध्या न ते, पित्तकृतास्तु याप्याः
साध्यास्तु मेदो यदि नातिदुष्टम् ॥ ४१ ॥

(આગળ શ્લોક ૬માં કફના પ્રમેહ સાધ્ય,

પિત્તના પ્રમેહ યાપ્ય અને વાયુના પ્રમેહ અસાધ્ય છે એમ કહ્યુ છે. હવે આ શ્લોકમા એના અપવાદ કહે છે.)

પૂર્વરૂપના લક્ષણો જેમા ચાલુ રહ્યા કરે એવા કફના પ્રમેહ અને પિત્તના પ્રમેહ અસાધ્ય છે, વળી જે પ્રમેહ પહેલા કફના હોય, પછી એમાથી બગડીને પિત્તના પ્રમેહ થઈ ગયા હોય અને એ જ પાછા બગડીને વાયુના પ્રમેહ થઈ ગયા હોય, એવા ક્રમથી થયેલા વાયુના પ્રમેહ પણ અસાધ્ય છે. (=શરૂઆતથી જ વાયુના પ્રકોપથી થયેલા પ્રમેહ તો શ્લોક ૬ પ્રમાણે અસાધ્ય છે જ, પણ જે કફના પ્રમેહ ઉપર કહેલા ક્રમસર બગડીને પછીથી વાયુના પ્રમેહ બની ગયા હોય તે પણ અસાધ્ય છે.) પિત્તના પ્રમેહ યાપ્ય છે પણ એ યાપ્ય કહેલા પિત્તના પ્રમેહોમા જો ચરબી બહુ જ ન બગડી હોય, તો એ પિત્તના પ્રમેહ પણ સાધ્ય છે.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने प्रमेहनिदान नाम दशमोऽध्याय ॥ १० ॥

અધ્યાય ૧૧મો

अथातो विद्रधिवृद्धिगुल्मनिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે વિદ્રધિ (=ગડ), વૃદ્ધિ (=વધરાવળ) અને ગુલ્મ(=ગોળો)નુ નિદાન સમજાવીશુ. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

વિદ્રધિનું નિદાન

કારણ

भुक्तैः पर्युषितात्युष्णरूक्षशुष्कविदाहिभिः ।
जिह्मशय्याविचेष्टाभिस्तैस्तैश्चासृक्प्रदूषणैः ॥ १ ॥
दुष्टत्वङ्मांसमेदोऽस्थिस्नाय्वसृक्कण्डराश्रयः ।
यः शोफो बहिरन्तर्वा महामूलो महारुजः ॥ २ ॥
वृत्तः स्यादायतो यो वा स्मृतः षोढा स विद्रधिः ।

રાતવાસી બહુ ગરમ, બહુ લૂખુ, બહુ સૂકું અને બહુ વિદાહી વસ્તુઓ ખાવાપીવાથી, વાંકીટેડી પથારીમા સૂવાથી, શરીરના અવયવો વડે અવળી ચેષ્ટાઓ કરવાથી, તથા લોહીને બગાડે એવી જુદીજુદી વસ્તુઓથી બગડેલા ચામડી, માંસ, ચરબી, હાડકું, સ્નાયુ, લોહી અને કંડરાના આધારે, બહાર કે અંદર, મૂળમા મોટો, બહુ પીડા કરે એવો, ગોળ કે લાંબો જે સોજો થાય, તે વિદ્રધિ છે એવુ આયુર્વેદ કહે છે. એ છ રીતે થાય છે.

સંખ્યા

दोषैः पृथक्समुदितैः शोणितेन क्षतेन च ॥ ३ ॥

ત્રણ છૂટાછૂટા દોષોથી (=વાયુનુ, પિત્તનુ, કફનુ), સાથે કોપેલા ત્રણ દોષોથી, લોહીથી અને ક્ષતથી (=શસ્ત્ર વગેરે વાગવાથી)-એમ વિદ્રધિ છ છે.

બાહ્ય અને આંતર ગડ

बाह्योऽत्र तत्रतत्राङ्गे दारुणो ग्रथितोन्नतः ।
आन्तरो दारुणतरो गम्भीरो गुल्मवद्घन ॥ ४ ॥
वल्मीकवत्समुच्छ्रायी शीघ्रघात्यग्निशस्त्रवत् ।

એમા (=બહારના અને અંદરના એ બે ગડમાથી) બહારનું ગડ (=શરીરની બહાર ઊપડી આવેલું ગડ) તે તે અવયવ ઉપર થાય છે, ભયકર, ગંઠાયેલુ અને મોટા ઉપાડવાળુ હોય છે. આંતર વિદ્રધિ વધારે ભયકર, શરીરની અંદર છુપાયેલુ (=ઊંડુ), ગોળા જેવુ નક્કર, કીડીઓના રાફડા જેવુ ટેકરી જેવા આકારનુ, તથા અગ્નિ અને શસ્ત્રની માફક તરત મારી નાખે એવુ હોય છે.

ગડ કયા ભાગમાં થાય?

नाभिबस्तियकृत्प्लीहक्लोमहृत्कुक्षिवङ्क्षणे ॥ ५ ॥
स्याद्वृक्कयोरपाने च

ડૂંટી, મૂત્રાશય, કાળજું, બરોળ, કલોમ, હૃદય, કૂખ, સાથળના વળા, વૃક્ક (અ. કીડની) અને ગુદાના ભાગમા ગડ થાય.

વાયુના ગડનાં લક્ષણ

वातात्तत्रातितीव्ररुक् ।
श्यावारुणश्चिरोत्थानपाको विषमसंस्थितिः ॥
व्यधच्छेदभ्रमानाहस्पन्दसर्पणशब्दवान् ।

તેમાં (બધાં ગડમાંથી) વાયુથી થયેલું ગડ બહુ જ તીવ્ર પીડાવાળું, બદામી રંગનું કે આછું લાલ, ઉપાડ થતાં અને પાકતાં ઘણો વખત લાગે એવું, ઢંગધડા વિનાના આકારવાળું, વીંધાતું હોય એવી પીડાવાળું, કપાતું હોય એવી પીડાવાળું; ફેર, આનાહ અને ફરકાટવાળું, ઝટ ફેલાઈ જાય એવું, અવાજ થાય એવું હોય છે.

પિત્તના ગડનાં લક્ષણ

रक्तताम्रासितः पित्तात्तृण्मोहज्वरदाहवान् ॥ ७
क्षिप्रोत्थानप्रपाकश्च

પિત્તથી થતું ગડ રાતુ, તાંબાવર્ણું કે કાળું હોય છે; એમાં તરસ, મોહ, તાવ અને બળતરા થાય છે; એનો ઉપાડ જલદી થાય છે અને એ ઝટ પાકે છે.

કફના ગડનાં લક્ષણ

पाण्डुः कण्डूयुतः कफात् ।
सोत्क्लेशशीतकस्तम्भजृम्भारोचकगौरवः ॥ ८
चिरोत्थानविपाकश्च

કફના પ્રકોપથી થતું ગડ ધોળું, ખણુજ આવે એવું; ઉત્ક્લેશ, શીતજ્વર, સ્તંભ, બગાસાં, અરુચિ અને ભારવાળું, તથા લાંબે વખતે ઉપાડ થાય અને લાંબે વખતે પાકે એવું હોય છે.

ત્રિદોષના ગડનાં લક્ષણ

सङ्कीर्णः सन्निपाततः ।

ત્રણે દોષ સાથે કોપવાથી થતા ગડમાં ત્રણ છૂટાછૂટા દોષથી થતા ગડનાં ભેગાં લક્ષણ હોય છે.

બાહ્ય અને આંતર વિદ્રધિનાં લક્ષણ

सामर्थ्याचात्र विभजेद्वाह्याभ्यन्तरलक्षणम् ॥ ९

એમાં દોષના પ્રકોપથી થયેલું ગડ બાહ્ય છે કે આંતર છે તે પેટાવિભાગનાં લક્ષણ, સામર્થ્યને આધારે(=શ્લોક ૩ર્જેથી ૪ર્જેમાં કહેલાં લક્ષણોને આધારે) જુદાં પાડવાં.

લોહીથી થતા ગડનાં લક્ષણ

कृष्णस्फोटावृतः श्यावस्तीव्रदाहरुजाज्वरः ।
पित्तलिङ्गोऽसृजा बाह्यः
स्त्रीणामेव तथाऽऽन्तरः ॥ १० ॥

લોહીના પ્રકોપથી થતું ગડ કાળી ફોલ્લીઓથી છવાયેલું, બદામી રંગનું; તીવ્ર બળતરા, પીડા અને તાવવાળું તથા પિત્તના ગડનાં લક્ષણોવાળું હોય છે. લોહીથી થતું ગડ પુરુષોને બાહ્ય હોય છે (આંતર નહિ) અને ફક્ત સ્ત્રીઓને જ આંતર હોય છે (બાહ્ય નહિ). (કેટલાક ટીકાકારો એવો અર્થ કરે છે કે લોહીથી થતું બાહ્ય અને આંતર ગડ ફક્ત સ્ત્રીઓને જ થાય છે.)

ક્ષતવિદ્રધિનાં સંપ્રાપ્તિ અને લક્ષણ

शस्त्राद्यैरभिघातेन क्षते वाऽपथ्यकारिणः ।
क्षतोष्मा वायुविक्षिप्तः सरक्तं पित्तमीरयन् ॥ ११
पित्तासृग्लक्षणं कुर्याद्विद्रधिं भूर्युपद्रवम् ।

શસ્ત્ર વગેરે વાગવાથી અથવા બીજી રીતે પણ (=ગૂમડું ફાટવા વગેરેથી) ઘા થયો હોય તે સ્થિતિમાં આહારવિહારનું કુપથ્ય કરવાથી વાયુ ઘામાંની ગરમીને ચારે પાસ વેરવિખેર કરી નાખે છે, તેથી એ ગરમી લોહી સાથે પિત્તને કોપાવીને પિત્તથી થયેલા અને લોહીથી થયેલા ગડનાં લક્ષણોવાળું અને અનેક ઉપદ્રવોવાળું ગડ કરે છે.

જુદાજુદા ગડમાં જુદાજુદા ઉપદ્રવો શા આધારે થાય છે?

तेषूपद्रवभेदश्च स्मृतोऽधिष्ठानभेदतः ॥ १२ ॥

તેમાં (=બધાં ગડમાં) ગડનાં જુદાંજુદાં સ્થાનને લીધે જુદાજુદા ઉપદ્રવો થાય છે એવું આયુર્વેદ કહે છે.

ગડના જુદાજુદા ઉપદ્રવો

नाभ्यां हिध्मा भवेद्वस्तौ मूत्रं कृच्छ्रेण पूति च ।
श्वासो यकृति रोधस्तु
प्लीह्न्युच्छ्वासस्य तृट्पुनः ॥ १३ ॥
गलग्रहश्च क्लोम्नि स्यात्सर्वाङ्गप्रग्रहो हृदि ।
प्रमोहस्तमकः कासो हृदये घट्टनं व्यथा ॥१४॥
कुक्षिपार्श्वान्तरांसार्तिः कुक्ष्याटोपजन्म च ।
सक्थ्नोर्ग्रहो वङ्क्षणयोर्वृक्कयोः कटिपृष्ठयोः ॥
पार्श्वयोश्च व्यथा पायौ पवनस्य निरोधनं

ગડ ડૂંટી ઉપર થાય તો હેડકી
મૂત્રાશય ઉપર ગડ થાય તો પેશાબ

થાય અને પેશાબ ગંધાતો થાય, કાળજા ઉપર ગડ થાય તો શ્વાસ ચડે, બરોળ ઉપર ગડ થાય તો ઉચ્છ્વાસ રોકાય, ક્લોમ ઉપર ગડ થાય તો તરસ લાગ્યા કરે અને ગળું રૂંધાય. હૃદય ઉપર ગડ થાય તો બધાં અંગ જકડાઈ જાય, મોહ થાય, અંધારાં આવે, ઉધરસ આવે, હૃદયમાં થથરાટ અને પીડા થાય; કૂખમાં ગડ થાય તો કૂખ અને પડખાંના વચગાળામાં અને ખભામાં પીડા થાય છે તથા આટોપ થાય છે, સાથળના વળામાં ગડ થાય તો પગ ઝલાઈ જાય છે, વૃક્ક (અં. કીડની) ઉપર ગડ થાય તો કમ્મર અને પીઠમાં તથા પડખામા પીડા થાય છે, અને ગુદામાં ગડ થાય તો અપાન વાયુનું રોકાણ થાય છે.

કાચા, પાકા અને સડેલા ગડનાં લક્ષણ

आमपक्वविदग्धत्वं तेषां शोफवदादिशेत् ॥ १६॥

ગડ કાચાં છે, પાકા છે કે વિદગ્ધ(=વધારે-પડતાં પાકી ગયેલાં, સડી ગયેલાં) છે તે (સૂ. ૨૯/૨થી ૭શ્ર્લોકમા આપેલાં) કાચા, પાકા અને વધારેપડતા પાકી ગયેલા સોજાનાં લક્ષણો ઉપરથી કહેવું. (કાચા ગડનાં લક્ષણ કાચા સોજા–ગૂમડાના લક્ષણ જેવાં, પાકેલા ગડના લક્ષણ પાકેલા સોજાનાં લક્ષણ જેવાં અને વધારે-પડતા પાકી ગયેલા ગડનાં લક્ષણ વધારેપડતા પાકી ગયેલા સોજાનાં લક્ષણ જેવાં હોય છે.)

ક્યાં થયેલું ગડ ક્યાંથી સ્રવે છે?

नाभेरूर्ध्वं मुखात्पक्वाः प्रस्रवन्त्यधरे गुदात्।
गुदास्याभ्यां नाभिजो

ડૂંટીથી ઉપરના ભાગમાં થયેલાં ગડ પાકે ત્યારે મોંમાંથી સ્રવે છે(=પરુ નીકળે છે), ડૂંટીથી નીચેના ભાગમાં થયેલાં ગડ પાકે ત્યારે ગુદા-માંથી સ્રવે છે અને ડૂંટીમાં થયેલુ ગડ ગુદામાંથી અને મોમાંથી સ્રવે છે.

ક્લેદ (=સ્રાવ) ઉપરથી પણ ગડ કયા દોષથી થયું છે તે શી રીતે જાણી શકાય?

विद्याद्दोषं क्लेदाच्च विद्रधौ ॥ १७॥
यथास्वं व्रणवत्

ઉ. ૨૫/૫થી ૧૦શ્ર્લોકમાં આપેલાં વાયુના વ્રણનાં, પિત્તના વ્રણનાં, કફના વ્રણનાં, લોહીના પ્રકોપથી થતા વ્રણનાં અને ત્રિદોષના વ્રણનાં લક્ષણોમા જે દરેકના ક્લેદ (=પરુ વગેરે કહોવાટ)નાં લક્ષણો આપ્યાં છે તે ઉપરથી પણ ગડમાં કયો દોષ છે (=ગડ કયા દોષથી થયું છે) તે જાણવું. (જે દોષના વ્રણમાં જેવો ક્લેદ હોય છે તે દોષના ગડમાં પણ તેવો જ ક્લેદ હોય છે. માટે ક્લેદ ઉપરથી પણ ગડમાં કોપેલો દોષ કયો છે તે જાણી શકાય છે.)

અસાધ્ય ગડ

तत्र विवर्ज्यः सन्निपातजः।
पक्वो हृन्नाभिबस्तिस्थो भिन्नोऽन्तर्बहिरेव वा॥१८
पक्वश्चान्तः स्रवन् वक्त्रात् क्षीणस्योपद्रवान्वितः।

તેમાંથી (=બધાં ગડમાંથી) ત્રણે દોષ સાથે કોપવાથી થયેલુ ગડ છોડી દેવા યોગ્ય (=અસાધ્ય) છે; હૃદય, ડૂંટી અને મૂત્રાશય પર થયેલુ બાહ્ય ગડ કે આંતર ગડ પાકે અને ફૂટે તે અસાધ્ય છે; (ગમે તે ભાગ પર થયેલું) આંતર ગડ પાકે અને મોંથી સ્રવે તે અસાધ્ય છે; તથા બહુ દૂબળા માણસને શ્લોક ૧૨થી ૧૫શ્ર્લોકમા કહેલા ઉપદ્રવોવાળું ગડ થાય તે પણ અસાધ્ય છે.

સ્તનવિદ્રધિ (=થાન પાકે)

एवमेव स्तनसिरा विवृताः प्राप्य योषिताम्॥
सूतानां गर्भिणीनां वा सम्भवेच्छ्वयथुर्घनः।
स्तने सदुग्धेऽदुग्धे वा बाह्यविद्रधिलक्षणः॥२०
नाडीनां सूक्ष्मवक्त्रत्वात्कन्यानां न स जायते।

इति विद्रधिनिदानम्।

એ જ પ્રમાણે (=શ્લોક ૧થી ૨ પ્રમાણે) સુવાવડી કે સગર્ભા સ્ત્રીઓનાં સ્તનની પહોળાં મુખવાળી શિરાઓ સુધી પહોંચેલો ઘટ્ટ સોજો ધાવણવાળા કે ધાવણ વિનાના સ્તન ઉપર આવે છે અને તેનાં લક્ષણો બાહ્ય વિદ્રધિ જેવાં હોય છે. તે સોજો (=થાન પાકવું) કન્યાઓને આવતો નથી, કારણકે એમનાં સ્તનની શિરાઓનાં મુખ સૂક્ષ્મ હોય છે.

વધરાવળનું નિદાન

સંપ્રાપ્તિ

अथ वृद्धिनिदानम् ।

क्रुद्धो रुद्धगतिर्वायुः शोफशूलकरश्चरन् ॥ २१ ॥
मुष्कौ वङ्क्षणतः प्राप्य फलकोशाभिवाहिनीः ।
प्रपीड्य धमनीर्वृद्धिं करोति फलकोशयोः ॥२२॥

પોતાની ગતિ રોકાવાથી કોપેલો વાયુ સોજો અને શૂળ કરતોકરતો, ફરતોફરતો સાથળનાં વળાંમાથી અંડમાં પહોંચીને અંડની કોથળી (અ. સ્ક્રોટમ) તરફ વહેનારી ધમનીઓને ખૂબ બગાડીને કોથળીની વૃદ્ધિ કરે છે (=કોથળીને ફુલાવીને મોટી કરી નાખે છે).

સાત પ્રકારની વધરાવળ

दोषास्रमेदोमूत्रान्त्रैः स वृद्धिः सप्तधा गदः ।
मूत्रान्त्रजावप्यनिलाद्धेतुभेदस्तु केवलम् ॥ २३ ॥

દોષથી (=વાયુથી, પિત્તથી, કફથી), લોહીથી, ચરબીથી, પેશાબથી અને આતરડાથી થતો એમ વધરાવળનો રોગ સાત રીતે થાય છે. પેશાબથી થતી અને આંતરડાથી થતી એ બે વધરાવળ પણ વાયુને લીધે થાય છે, ફક્ત કારણ જુદાં હોવાથી એ બે વધરાવળને વાયુની વધરાવળથી જુદી ગણાવી છે.

વાયુની વધરાવળનાં લક્ષણ

वातपूर्णदृतिस्पर्शो रूक्षो वातादहेतुरुक् ।

વાયુની વધરાવળમાં કોથળીને અડકવાથી એ વાયુથી ફુલાવેલી મસક (કે ફૂલકા) જેવી લાગે છે, કોથળી લૂખી હોય છે અને કારણ વિના પીડા થાય છે.

પિત્તની વધરાવળનાં લક્ષણ

पक्वोदुम्बरसङ्काशः पित्ताद्दाहोष्मपाकवान् ॥ २४ ॥

પિત્તની વધરાવળમાં કોથળી પાકા ઉમેડાના ફળ જેવી થઈ જાય છે, તથા એ વધરાવળમાં બળતરા થાય છે, કોથળી ગરમ રહે છે અને પાકે છે.

કફની વધરાવળનાં લક્ષણ

कफाच्छीतो गुरुः स्निग्धः
कण्डूमान् कठिनोऽल्परुक् ।

કફની વધરાવળમાં કોથળી ઠંડી, ભારે, સ્નિગ્ધ, ખણુજવાળી, કઠણ અને થોડી પીડાવાળી હોય છે.

લોહીની વધરાવળનાં લક્ષણ

कृष्णस्फोटावृतः पित्तवृद्धिलिङ्गश्च रक्ततः ॥२५॥

લોહીની વધરાવળમાં કોથળી ઉપર મેંશ જેવી કાળી ફોલ્લીઓફોલ્લીઓ છવાઈ જાય છે અને પિત્તની વધરાવળ જેવાં લક્ષણો થાય છે.

ચરબીની વધરાવળનાં લક્ષણ

कफवन्मेदसा वृद्धिर्मृदुस्तालफलोपमः ।

ચરબીની વધરાવળનાં લક્ષણ કફની વધરાવળ જેવાં છે, પણ ચરબીની વધરાવળમાં કોથળી મૃદુ અને તાડફળ જેવી હોય છે.

મૂત્રની વધરાવળનાં લક્ષણ

मूत्रधारणशीलस्य मूत्रजः स तु गच्छतः ॥२६॥
अम्भोभिः पूर्णदृतिवत्क्षोभं याति सरुङ्मृदुः ।
मूत्रकृच्छ्रमधस्ताच्च वलयं फलकोशयोः ॥ २७ ॥

પેશાબની હાજતને રોકી રાખવાની ટેવવાળા માણસને પેશાબની વધરાવળ થાય છે. એમાં જ્યારે દરદી ચાલે, ત્યારે પાણીથી ભરેલી મસક જેવો ક્ષોભ થાય છે (=જેમ પાણીભરેલી મસક લઈને ચાલીએ ત્યારે મસકમાં પાણી હાલે છે, તેવું જ પેશાબની વધરાવળમાં થાય છે), એમાં પીડા હોય છે, અડકવામાં મૃદુ હોય છે, મૂત્રકૃચ્છ્ર થાય છે, તથા કોથળીની નીચે હાથે પહેરવાના કડા જેવો આકાર થાય છે.

અંત્રવૃદ્ધિ (=સારણગાંઠ)

वातकोपिभिराहारैः शीततोयावगाहनैः ।
धारणेरणभाराध्वविषमाङ्गप्रवर्तनैः ॥ २८ ॥
क्षोभणैः क्षुभितोऽन्यैश्च क्षुद्रान्त्रावयवं यदा ।
पवनो विगुणीकृत्य स्वनिवेशादधो नयेत् ॥ २९ ॥
कुर्याद्वङ्क्षणसन्धिस्थो ग्रन्थ्याभं श्वयथुं तदा ।
उपेक्ष्यमाणस्य च मुष्कवृद्धि-
माध्मानरुक्स्तम्भवतीं स वायुः ।
प्रपीडितोऽन्तः स्वनवान् प्रयाति
प्रध्मापयन्नेति पुनश्च मुक्तः ॥ ३० ॥
अन्त्रवृद्धिरसाध्योऽयं वातवृद्धिसमाकृतिः ॥ ३१ ॥
रूक्षकृष्णारुणसिरातन्तुजालगवाक्षितः ।

इति वृद्धिनिदानम् ।

વાયુને કોપાવે એવા આહારથી, ઠંડા પાણીમાં બેસીને અનેક વાર નાહવાથી, વેગોને રોકવાથી, વેગોને પરાણે આણવાથી (કાઢવાથી), ભાર ઉપાડવાથી, ચાલવાથી, શરીરનાં અંગોથી જે પ્રવૃત્તિ ન કરવી જોઈએ એવી વિષમ પ્રવૃત્તિ કરવાથી તથા વાયુને કોપાવનારાં બીજાં કારણોથી કોપેલો વાયુ નાના આંતરડાના એક ભાગને ઢીલો પાડી દઈને (કે અંગ્રેજી U અક્ષર જેવા આકારનો બનાવીને), એને એની જગાએથી નીચું ઉતારી દે છે. તે વખતે સાથળના વળાના સાંધામાં રહેલો વાયુ ગાંઠ જેવો સોજો આણે છે. જો આ રોગના તરત શાસ્ત્રોક્ત ઉપાય કરવામા બેદરકારી રખાય તો એ વાયુ અંડને ફુલાવી દે છે તથા સાથે આધ્માન, પીડા અને સ્તંભ થાય છે. કોથળીમાં ઉતરેલા આંતરડાને અંદર (=ઊંચું) દબાવીએ તો વાયુ અવાજ કરતો—(કોથળીમાંથી) બહાર નીકળે છે પણ દબાવવાનુ છોડી દઈએ એટલે વળી પાછો કોથળીને (=આંતરડાને) ફૂલાવતો પાછો આવે છે. આ સારણગાંઠનો રોગ અસાધ્ય છે; એનાં લક્ષણ વાયુની વધરાવળ જેવાં છે અને એમાં લૂખી, કાળી અને આછી રાતી શિરાઓનાં જાળાંથી કોથળી છવાઈ જાય છે (=કોથળી ઉપર ઠહેલા રંગની શિરાઓનાં જાળાંજાળાં તરી આવે છે).

अथ गुल्मनिदानम्।

ગુલ્મ(=ગોળો)નું નિદાન

સંખ્યા

गुल्मोऽष्टधा पृथग्दोषैः संसृष्टैर्निचयं गतैः ॥३२॥
आर्तवस्य च दोषेण नारीणां जायतेऽष्टमः।

ગુલ્મ આઠ રીને થાય છે. છૂટાછૂટા ત્રણ દોષોથી, ત્રણ દોષમાંથી બબે સાથે કોપેલા દોષોથી, ત્રણે દોષો સાથે કોપવાથી અને આઠમુ, આર્તવ બગડવાથી સ્ત્રીઓને થાય છે તે રક્તગુલ્મ.

કારણ, સંપ્રાપ્તિ, પૂર્વરૂપ, આકાર

ज्वरच्छर्द्यतिसाराद्यैर्वमनाद्यैश्च कर्मभिः ॥ ३३ ॥
कर्शितो वातलान्यत्ति शीतं वाऽम्बु बुभुक्षितः।
यः पिबत्यनु चान्नानि लङ्घनप्लवनादिकम् ॥ ३४ ॥
सेवते देहसङ्क्षोभि छर्दिं वा समुदीरयेत्।
अनुदीर्णामुदीर्णान्वा वातादीन्न विमुञ्चति ॥ ३५ ॥
स्नेहस्वेदावनभ्यस्य शोधनं वा निषेवते।
शुद्धो वाऽऽशु विदाहीनि भजते स्यन्दनानि वा ॥
वातोल्बणास्तस्य मलाः पृथक्
कुद्धा द्विशोऽथवा।
सर्वे वा रक्तयुक्ता वा महास्रोतोनुशायिनः ॥३७
ऊर्ध्वाधोमार्गमावृत्य कुर्वते शूलपूर्वकम्।
स्पर्शोपलभ्य गुल्माख्यमुत्प्लुतं ग्रन्थिरूपिणम् ॥३८

તાવ, ઊલટી, અતિસાર (+ગ્રહણી) વગેરે રોગથી તથા વમન (+વિરેચન, આસ્થાપન) વગેરે કર્મથી દૂબળો પડી ગયેલો જે માણસ વાયડા પદાર્થ ખાયપીએ, જે ભૂખ્યો માણસ ઠંડું પાણી પીએ; જે માણસ ખાધાપીધા પછી દેહમા ખળભળાટ થાય (=બધું સખળડખળ થઈ જાય) એવા લંઘન (=કૂદવું, ઠેકડો મારીને ઓળંગી જવુ), તરવું વગેરે કામ કરે, જે માણસ ઊલટીનો ઉછાળો ન આવ્યો હોવા છતા પરાણે ઊલટી કરે, વાછૂટ (+ઝાડો, પેશાબ) વગેરેની હાજત થયા છતાં જે એ હાજતોને રોકે, જરૂરી સ્નેહન અને સ્વેદન કર્યા વિના જે માણસ શોધન કરે, અથવા શોધન થઈ રહ્યા પછી જે માણસ તરત વિદાહી અને સ્યંદન પદાર્થો ખાયપીએ, તેના વાતોલ્બણ દોષો છૂટાછૂટા, બે બે ભેગા, ત્રણે ભેગા અથવા લોહીથી યુક્ત દોષો મહાસ્રોતનું અનુશયન કરતાકરતા ઉપરના અને નીચેના રસ્તાને રોકીને પહેલા શૂળ ઉત્પન્ન કરીને અડકીને ઓળખી શકાય એવું ઉપસેલું, ગાંઠ જેવા આકારનુ ગુલ્મ (=ગોળો) કરે છે.

(વાતોલ્બણ=૧. વાયુ જેના કારણરૂપ છે એવા—અરુણદત્ત. ૨. વાયુ જેમાં વધારે પ્રમાણમો કોપ્યો હોય એવા—ચંદ્ર અને તોડર.)

ગોળો એટલે શું?

कर्शनात्कफविट्पित्तैर्मार्गस्यावरणेन वा।
वायुः कृताश्रयः कोष्ठे रौक्ष्यात्काठिन्यमागतः ॥३९
स्वतन्त्रः स्वाश्रये दुष्टः परतन्त्रः पराश्रये।
पिण्डितत्वादमूर्तोऽपि मूर्तत्वमिव संश्रितः ॥४०॥
गुल्म इत्युच्यते बस्तिनाभिहृत्पार्श्वसंश्रयः।

કર્શન(=ધાતુઓ ઓછી થવા)ને લીધે અથવા કફ, ઝાડો અને પિત્તથી (વાયુનો) માર્ગ રોકાવાને લીધે કોઠામાં આવીને રહેલા, લૂખાશને લીધે કઠણ બનેલા (=ગોળારૂપ બનેલા) પોતાના સ્થાન(=પક્વાશય)માં હોય ત્યારે સ્વતંત્ર અને પારકા સ્થાન(=આમાશય)માં હોય ત્યારે પરતંત્ર (=કફ અને પિત્ત ઉપર આધાર રાખતા), બગડેલા, ફક્ત અડકવાથી જ ઓળખી શકાય એવો હોવાથી અમૂર્ત હોવા છતાં પિંડા(=ગોળા)રૂપ બની ગયેલો હોવાથી કઠણપણાને લીધે મૂર્ત જેવા બનેલા; મૂત્રાશય, દૂંટી, હૃદય અને પડખામાં આશ્રય કરીને રહેલા વાયુને ગુલ્મ (=ગોળો) કહે છે.

વાયુના ગોળાનાં લક્ષણ

वातान्मन्याशिरःशूलं ज्वरप्लीहान्त्रकूजनम् ॥४१
व्यधः सूच्येव विट्सङ्गः कृच्छ्रादुच्छ्वसनं मुहुः।
स्तम्भो गात्रे मुखे शोषः कार्श्यं विषमवह्निता ४२
रूक्षकृष्णत्वगादित्वं चलत्वादनिलस्य च।
अनिरूपितसंस्थानस्थानवृद्धिक्षयव्यथः ॥ ४३ ॥
पिपीलिकाव्याप्त इव गुल्मः स्फुरति तुद्यते।

વાયુના ગોળામાં મન્યામાં અને માથામાં શૂળ આવે, તાવ આવે, બરોળ બગડે, આંતરડામાં ગડગડાટ થાય, જાણે સોય ભોંકાતી હોય એવું દુઃખ થાય, ઝાડો ન થાય, ઉચ્છ્વાસની ક્રિયા વારંવાર અને મુશ્કેલીથી થાય, શરીરમાં સ્તંભ થાય, મોં સુકાય, દૂબળા થવાય, જઠરાગ્નિ વિષમ થાય, ચામડી વગેરે (=ચામડી, નખ, આંખ, મોં વગેરે) લૂખાં અને કાળાં પડી જાય અને વાયુ ચલ હોવાથી ગોળાનાં આકાર, સ્થાન, વૃદ્ધિ, ક્ષય અને વ્યથા અનિશ્ચિત હોય, ગોળા ઉપર જાણે કીડીઓ વ્યાપી ગઈ હોય એવુ લાગે, અને ગોળો થડકે અને અંકુશ ખોસ્યા જેવી પીડા કરે.

પિત્તના ગોળાનાં લક્ષણ

पित्ताद्दाहोऽम्लको मूर्च्छाविड्-
मेदस्वेदतृड्ज्वराः ॥ ४४ ॥
हारिद्रत्वं त्वगाद्येषु गुल्मश्च स्पर्शनासहः।
दूयते दीप्यते सोष्मा स्वस्थानं दहतीव च ॥४५॥

પિત્તને લીધે થયેલા ગોળામાં બળતરા, અમ્લક, મૂર્છા, ભાંગેલો ઝાડો, પરસેવો, તરસ, તાવ, ચામડી વગેરેમાં હળદર જેવી પીળાશ અને સ્પર્શ ન ખમી શકે એવો, ગરમ ગોળો પીડા કરે, સળગાવે અને પોતાના સ્થાનને જાણે (તપાવેલો લોખંડનો ગોળો અડકતો હોય એ રીતે) દઝાડે–એટલાં લક્ષણો થાય છે.

કફના ગોળાનાં લક્ષણ

कफात्स्तैमित्यमरुचिः सदनं शिशिरज्वरः।
पीनसालस्यहृल्लासकासशुक्लत्वगादिताः ॥ ४६ ॥
गुल्मोऽवगाढः कठिनो गुरुः
सुप्तः स्थिरोऽल्परुक्।

કફના પ્રકોપથી થયેલા ગોળામાં સ્તૈમિત્ય, અરુચિ, અંગસાદ, ઠંડો તાવ, સળેખમ, આળસ, હલ્લાસ, ઉધરસ, ચામડી વગેરેમાં ધોળાશ, ગોળો પોતે ઊંડો, કઠણ, ભારે, કોઈ અડકે તેની ખબર ન પડે એવો (બહેરો), સ્થિર અને થોડી પીડાવાળો હોય–એટલાં લક્ષણો થાય છે.

દોષના ગોળાનું બીજું લક્ષણ

स्वदोषस्थानधामानः स्वे स्वे काले च रुक्कराः ॥
प्रायः

ગોળો જે દોષથી થયો હોય તે દોષના પોતાના સ્થાનમાં આશ્રય કરીને ગોળો રહે છે અને તે દોષના પ્રકોપના સમયે સામાન્ય રીતે શૂળરૂપી પીડા કરે છે.

(દોષનાં સ્થાન અને સમય માટે જુઓ સૂ. ૧૧/૧થી ૩ તથા સૂ. ૧/૭ફે.)

બે દોષના ગોળાનાં લક્ષણ

त्रयस्तु द्वन्द्वोत्था गुल्माः संसृष्टलक्षणाः।

બે બે દોષ સાથે કોપીને થયેલા ગોળા ત્રણ હોય છે (વાતપિત્તનો, વાતકફનો અને પિત્તકફનો) અને એ ગોળામાં જે બે દોષ સાથે કોપ્યા હોય તેનાં લક્ષણ ભેગાં હોય છે.

ત્રિદોષના ગોળાનાં લક્ષણ

सर्वजस्तीव्ररुग्दाहः शीघ्रपाकी घनोन्नतः ॥ ४८॥
सोऽसाध्यो

બધા દોષો સાથે કોપવાથી થયેલા ગોળામાં

સખત પીડા અને બળતરા હોય છે, એ જલદીથી પાકે છે, ઘટ્ટ અને ઉપસેલો હોય છે. એ ગોળો અસાધ્ય છે.

રક્તગુલ્મ

रक्तगुल्मस्तु स्त्रिया एव प्रजायते ।

રક્તગુલ્મ (=લોહીનો ગોળો) તો ફક્ત સ્ત્રીને જ થાય છે.

રક્તગુલ્મનાં કારણ, સંપ્રાપ્તિ અને લક્ષણ

ऋतौ वा नवसूता वा यदि वा योनिरोगिणी ॥४९
सेवते वातलानि स्त्री क्रुद्धस्तस्याः समीरणः ।
निरुणद्ध्यार्तवं योन्यां प्रतिमासमवस्थितम् ॥५०
कुक्षिं करोति तद्गर्भलिङ्गमाविष्करोति च ।
हृल्लासदौहृदस्तन्यदर्शनक्षामतादिकम् ॥ ५१ ॥

ઋતુકાળમાં (નિ. ૧/૨૬) કોઈ સ્ત્રી કે તાજી સુવાવડ આવી હોય એવી કોઈ સ્ત્રી કે યોનિરોગવાળી કોઈ સ્ત્રી વાયડાં ખાનપાનનું સેવન કરે તો તેનો કોપેલો વાયુ દર મહિને આવતા આર્તવને યોનિમા રોકી રાખે છે, કૂખ-(=ઉદર)ને મોટું કરે છે (=ગર્ભિણીની માફક પેટ વધે છે), તથા હૃલ્લાસ, ભાવાઅભાવા, ધાવણ આવવું, દૂબળાપણું (અથવા ક્રિક્કાશ) વગેરે ગર્ભ રહ્યો હોવાનાં લક્ષણ દેખાડે છે (=એવાં લક્ષણો થાય છે).

રક્તગુલ્મના ઉપદ્રવો

क्रमेण वायुसंसर्गात्पित्तयोनितया च तत् ।
शोणितं कुरुते तस्या वातपित्तोत्थगुल्मजान् ॥५२
रुक्स्तम्भदाहातीसारतृड्ज्वरादीनुपद्रवान् ।
गर्भाशये च सुतरां शूलं दुष्टासृगाश्रये ॥ ५३ ॥
योन्याश्च स्रावदौर्गन्ध्यतोदस्पन्दनवेदनाः ।

પછી ધીમેધીમે એમાં (=આર્તવમાં) વાયુ ભળવાથી અને પિત્ત એના કારણરૂપ હોવાથી એ લોહી એ સ્ત્રીને વાયુ અને પિત્તથી થતા ગોળાને લીધે થતા શૂળ, સ્તંભ, બળતરા, અતિસાર, તરસ, તાવ વગેરે ઉપદ્રવો કરે છે, બગડેલા લોહીના આશ્રયરૂપ બનેલા ગર્ભાશયમાં પુષ્કળ શૂળ આવે છે, તથા યોનિમાંથી સ્રાવ થાય છે (=બગાડ નીકળ્યા કરે છે), યોનિ ગંધાય છે, યોનિમાં તોદ, થડકારા અને પીડા થાય છે.

ગર્ભ અને રક્તગુલ્મ વચ્ચે તફાવત

न चाङ्गैर्गर्भवद्गुल्मः स्फुरत्यपि तु शूलवान् ॥५४
पिण्डीभूतः स एवास्याः
कदाचित्स्पन्दते चिरात् ।
न चास्या वर्धते कुक्षिर्गुल्म एव तु वर्धते ॥५५॥

(ગર્ભ તો પોતાના અવયવો સાથે ગર્ભાશયમાં ફરકે છે) રક્તગુલ્મ ગર્ભની માફક અવયવો સાથે ફરકતું નથી, (ગર્ભ રહે કે ફરકે તેમાં પીડા થતી નથી) વળી રક્તગુલ્મ તો શૂળવાળું હોય છે, (ગર્ભ થોડેથોડે વખતે ફરક્યા કરે છે) આ રક્તગુલ્મ જ ગોળારૂપ બનીને એ સ્ત્રીને કોઈક વાર લાંબે વખતે ફરકે છે, (ગર્ભ રહ્યો હોય ત્યારે સ્ત્રીનુ પેટ વધે છે પણ રક્તગુલ્મમાં) સ્ત્રીનુ પેટ વધતું નથી પણ ગોળો જ વધે છે.

વિદ્રધિ અને રક્તગુલ્મ વચ્ચે તફાવત

स्वदोषसंश्रयो गुल्मः सर्वो भवति तेन सः ।
पाकं चिरेण भजते नैव वा, विद्रधिः पुनः ॥५६॥
पच्यते शीघ्रमत्यर्थं दुष्टरक्ताश्रयत्वतः ।
अतःशीघ्रविदाहित्वाद्विद्रधिः सोऽभिधीयते ॥५७

બધાં ગુલ્મ(ગોળા)માં જે દોષથી જે ગુલ્મ થયેલુ હોય તે દોષ તે ગુલ્મમાં રહેલો હોય છે. તેથી તે (ગોળો) ઘણે લાંબે વખતે પાકે છે કે નથી પણ પાકતો; પણ વિદ્રધિ(=ગડ)માં તો પુષ્કળ બગડેલું લોહી રહેલું હોવાથી એ ઝટ પાકે છે. તેથી એ ઝટ પાકતું હોવાથી એને વિદ્રધિ કહે છે.

બાહ્યગુલ્મ અને આંતરગુલ્મનાં લક્ષણ

गुल्मेऽन्तराश्रये बस्तिकुक्षिहृत्प्लीहवेदनाः ।
अग्निवर्णबलभ्रंशो वेगानां चाप्रवर्तनम् ॥ ५८ ॥
अतो विपर्ययो बाह्ये कोष्ठाङ्गेषु तु नातिरुक् ।
वैवर्ण्यमवकाशस्य बहिरुन्नतताऽधिकम् ॥ ५९ ॥

इति गुल्मनिदानम् ।

આંતરગુલ્મમાં મૂત્રાશયમાં, કૂખમાં, હૃદયમાં અને બરોળમાં પીડા થાય છે; જઠરાગ્નિ, શરીરનો રંગ અને બળનો નાશ થાય છે તથા વેગો આવતા નથી. બાહ્યગુલ્મમાં એથી ઊલટું

થાય છે (જઠરાગ્નિ, શરીરના રંગ અને બળને નાશ થતો નથી તથા વેગોની પ્રવૃત્તિ થાય છે), મૂત્રાશય, હૃદય વગેરે કોઠાના અંગોમા બહુ પીડા થતી નથી, ગોળો જે ભાગમા હોય તે ભાગના શરીરનો રંગ બાકીના શરીરના રંગથી જુદો બની જાય છે અને બહારના ભાગમા ગોળાનો વધારે ઉપાડ (ઊંચાઈ) હોય છે.

આમ, ગુલ્મનુ નિદાન પૂરુ થયુ.

આનાહનું લક્ષણ

साटोपमत्युग्ररुजमाध्मानमुदरे भृशम् ।
ऊर्ध्वाधोवातरोधेन तमानाहं प्रचक्षते ॥६०॥

ઊર્ધ્વવાયુ (=ઓડકાર) અને અધોવાયુ (=વાછૂટ) રોકાવાથી આટોપ(=ગડગડાટ)-વાળો, બહુ જ સખત પીડાવાળો, (પેટનો) પુષ્કળ ફુગાવો (=આધ્માન) થાય તેને આનાહ કહે છે.

અષ્ઠીલા અને પ્રત્યષ્ઠીલા

घनोऽष्ठीलोपमो ग्रन्थिरष्ठीलोर्ध्वं समुन्नतः ।
आनाहलिङ्गस्तिर्यक्तु प्रत्यष्ठीला तदाकृतिः ॥६१॥

ઘટ્ટ, લખોટી જેવી, (ડૂંટીથી નીચેની બાજુએ) ઊભી ઊપસેલી ગાંઠને અષ્ઠીલા કહે છે, પણ આનાહ જેવા લક્ષણવાળી, આડી ઊપસેલી અને અષ્ઠીલા જેવા આકારની ગાંઠને પ્રત્યષ્ઠીલા કહે છે.

તૂની અને પ્રતૂની

पक्वाशयाद्गुदोपस्थं वायुस्तीव्ररुजः प्रयान् ।
तूनी, प्रतूनी तु भवेत्स प्रवातो विपर्यये ॥६२॥

પક્વાશયમાંથી ગુદા અને મૂત્રેન્દ્રિય તરફ જતા તીવ્ર વેદના કરતા વાયુને તૂની કહે છે, એનાથી ઊલટા જતા (=ગુદા અને મૂત્રેન્દ્રિય-માંથી પક્વાશય તરફ જતા) તીવ્ર વેદના કરતા એને જ (=વાયુને જ) પ્રતૂની કહે છે.

ગોળાનું પૂર્વરૂપ

उद्गारबाहुल्यपुरीषबन्ध-
तृप्त्यक्षमत्वान्त्रविकूजनानि ।
आटोपमाध्मानमपक्तिशक्ति-
मासन्नगुल्मस्य वदन्ति चिह्नम् ॥६३॥

પુષ્કળ ઓડકાર આવે, ઝાડો રોકાય, ધરાઈને ખાઈ-પી શકાય નહિ, આંતરડામા ગડગડાટ થાય, આટોપ અને આધ્માન થાય, ખાધુપીધુ પચે નહિ, શક્તિ રહે નહિ (અથવા પાચનશક્તિ રહે નહિ)—એ ગુલ્મરોગ થવાનો હોય તેના લક્ષણ છે (=ગુલ્મરોગનુ પૂર્વરૂપ છે).

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने विद्रधिवृद्धिगुल्मनिदानं नामैकादशोऽध्यायः ॥ ११ ॥

અધ્યાય ૧૨ મો

अथात उदरनिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે ઉદરરોગનુ નિદાન સમજાવીશુ. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

ઉદરરોગનું કારણ

रोगाः सर्वेऽपि मन्देऽग्नौ सुतरामुदराणि तु ।
अजीर्णान्मलिनैश्चान्नैर्जायन्ते मलसञ्चयात् ॥१॥

બધા રોગો અગ્નિ (=જઠરાગ્નિ) મંદ પડે ત્યારે થાય છે, પણ ઉદરરોગો તો ખાસ કરીને જઠરાગ્નિ મંદ પડે ત્યારે (આમ, વિષ્ટબ્ધ, વિદગ્ધ અને રસશેષ એ ચાર જાતના) અજીર્ણથી (ગંધાતા, ગતવાસી, સંકીર્ણ વગેરે) મેલ ખાનપાનથી અને મળો (=દોષો તથા ઝાડો પેશાબ વગેરે) અતિશય વધી જવાથી (=શરીરમા હદ ઉપરાંત ભેગા થવાથી) થાય છે.

ઉદરરોગની સામાન્ય સંપ્રાપ્તિ

ऊर्ध्वाधो धातवो रुद्ध्वा वाहिनीरम्बुवाहिनी ।
प्राणाग्न्यपानान् सन्दूष्य
कुर्युस्त्वङ्मांससन्धिगाः ॥२॥
आध्माप्य कुक्षिमुदरम्

ચામડી અને માંસના વચગાળામા રહેલ દોષો જળ વહેનારા સ્રોતોને ઉપરથી અને નીચેથી રૂંધી દઈને (=બંધ કરી દઈને), પ્રાણવાયુ, જઠરાગ્નિ અને અપાનવાયુને બગાડીને કૂખને ફુલાવી દઈને ઉદરરોગ કરે છે.

સંખ્યા

अष्टधा तच्च भिद्यते
पृथग्दोषैः समस्तैश्च प्लीहबद्धक्षतोदकैः ॥३॥

તેના (=ઉદરરોગના) આઠ ભેદ છે ત્રણ છૂટાછૂટા દોષથી થયેલા ત્રણ, ત્રણે સાથે કોપેલા દોષથી થતો એક, પ્લીહોદર, બદ્ધોદર, ક્ષતોદર અને ઉદકોદર (=જલોદર, જળધર).

ઉદરરોગથી પીડાતાના લક્ષણ (૩૫)

तेनार्ता शुष्कताल्वोष्ठा शूनपादकरोदरा ।
नष्टचेष्टाबलाहारा कृशा प्रध्मातकुक्षय ॥४॥
स्यु प्रेतरूपा पुरुषा

તેનાથી (=ઉદરરોગથી) પીડાતા માણસોના તાળવુ અને હોઠ સુકાયેલા હોય છે, પગે, હાથે અને પેટે સોજા હોય છે, ચેષ્ટા, બળ અને આહારનો નાશ થાય છે, દૂબળા પડી જાય છે, કૂખ ફૂલી જાય છે અને મડદા જેવા દેખાય છે. (આહારનો નાશ થાય છે=ભૂખ મરી જાય છે.)

પૂર્વરૂપ

भाविनस्तस्य लक्षणम् ।
क्षुन्नाशोऽन्नं चिरात्सर्वं सविदाहं च पच्यते ॥५॥
जीर्णाजीर्णं न जानाति सौहित्य सहते न च ।
क्षीयते बलत शश्वच्छ्वसित्यल्पेऽपि चेष्टिते ॥६॥
वृद्धिर्विशोऽप्रवृत्तिश्च किञ्चिच्छोफश्च पादयो ।
रुग्वस्तिसन्धौ ततता लघ्वल्पाभोजनैरपि ॥७॥
राजीजन्म वलीनाशो जठरे

ભૂખ મરી જાય, બધુ અન્ન (=ખાનપાન) ઘણે લાંબે વખતે અને વિદાહ સાથે પચે, ખાધુ પીધુ પચી ગયુ કે અજીર્ણ છે તેની સમજણ ન પડે, અને ધરાઈને ખાવુપીવુ સહન ન થઈ શકે (=ધરાઈને ખાવાપીવાથી આકુળવ્યાકુળ થઈ જવાય), બળ હમેશા ઓછુ થતુ જાય, થોડુ પણ કામ કરતા હાંફી જવાય, ઝાડો બહુ થઈ જાય અને (કોઈકવાર) ઝાડો તદન બધ થઈ જાય, પગે જરા સોજા આવે, મૂત્રાશયના સાંધામા પીડા થાય, હલકુ અને થોડુ ખાયપીએ કે તદન ન ખાયપીએ તોપણ પેટ તસતસી જાય (=ફૂલીને તડાતૂમ થાય), પેટ ઉપર લિસોટા દેખાય, પેટ ઉપરની કરચોળીઓ જતી રહે– એ ઉદરરોગના પૂર્વરૂપના લક્ષણ છે

ઉદરરોગનાં સામાન્ય લક્ષણ

जठरेषु तु ।
सर्वेषु तन्द्रा सदन मलसङ्गोऽल्पवह्निता ॥८॥
दाह श्वयथुराध्मानमन्ते सलिलसम्भव ।

બધા ઉદરરોગોમા તદ્રા, અગસાદ, મળો નીકળે નહિ, જઠરાગ્નિ ઓછો થઈ જાય, બળતરા, સોજા, આધ્માન અને આખરે પેટમા પાણી ભરાવુ–એટલા વાના થાય છે

જળધર થતાં પહેલાંના બીજા ઉદર રોગોના સામાન્ય લક્ષણ

सर्वं त्वतोयमरुणमशोफ नातिभारिकम् ॥९॥
गवाक्षितं सिराजालै सदा गुडगुडायते ।
नाभिमन्त्रं च विष्टभ्य वेग कृत्वा प्रणश्यति ॥१०॥
मारुतो हृत्कटीनाभिपायुवङ्क्षणवेदना ।
सशब्दो निश्चरेद्वायुर्विड्बद्धा मूत्रमल्पकम् ॥११॥
नातिमन्दोऽनलो लौल्यं

न च स्याद्विरस मुखम् ।

પાણી સિવાયના (=જળધર સિવાયના) બીજા બધા ઉદરરોગોમા પેટ આછુ લાલ હોય છે, થોડાથોડા સોજા હોય છે, બહુ ભાર ભાર લાગતો નથી, શિરાઓની જાણે જાળ પેટ ઉપર ગૂથાઈ જાય છે (=તસતસી આવે છે), પેટમા હમેશા ગડગડાટ થાય છે, વાયુ ડૂટીનો અને આતરડાનો વિષ્ટભ કરીને (=તસતસાવીને ફુલાવી દઈને), વેગ કરીને હૃદયમા, કમ્મરમા, ડૂટીમા, ગુદામા અને સાથળના વળામા પીડા કરીને પોતે નાશ પામે છે (=જણાતો નથી), વાયુ અવાજ સાથે (=વાછૂટના અવાજ સાથે) બહાર નીકળે છે, ઝાડો બધ થઈ જાય છે, પેશાબ બહુ થોડો થાય છે, જઠરાગ્નિ બહુ મદ હોતો નથી, ખાવાપીવાની લોલુપતા થયા કરે છે, મોનો સ્વાદ બગડી જતો નથી

વાતોદરના લક્ષણ

तत्र वातोदरे शोफ पाणिपान्मुष्ककुक्षिषु ॥१२॥
कुक्षिपार्श्वोदरकटीपृष्ठरुक् पर्वभेदनम् ।
शुष्ककासोऽङ्गमर्दोऽधोगुरुता मलसङ्ग्रह ॥१३॥
श्यावारुणत्वगादित्वमकस्माद्वृद्धिह्रासवत् ।
सतोदभेदमुदर तनुकृष्णसिराततम् ॥१४॥
आध्मातदृतिवच्छब्दमाहत प्रकरोति च ।

वायुश्चात्र सरुक्शब्दो विचरेत्सर्वतोगतिः ॥१५॥

તેમાં (=બધા ઉદરરોગોમાંથી) વાયુથી થતા ઉદરરોગમાં હાથ, પગ, અંડ અને કૂખ ઉપર સોજો હોય છે; કૂખ, પડખાં, પેટ, કમ્મર અને ખરડામાં પીડા થાય છે; પર્વ ફાટે છે (=ફાટતાં હોય એવી પીડા થાય છે), સૂકી ઉધરસ, શરીર કસમોડા ખાય (=સૂંથારા થાય), નીચેનો ભાગ ભારેભારે લાગે, મળોનો સંગ્રહ થાય, ચામડી વગેરે બદામી રંગનું કે આછાં લાલ થઈ જાય, કંઈ કારણ વિના કોઈવાર પેટ ફૂલી જાય અને કોઈવાર પેટ નાનું થઈ જાય, ઉદરમાં તોદ અને ભેદ જેવી પીડા થાય, પેટ ઉપર પાતળી અને કાળી શિરાઓ તરી આવીને વ્યાપી જાય, પેટને (ટકોરો મારીને) વગાડીએ તો ફુલાવેલી મસક (કે નગારા) જેવો (ડમડમ) અવાજ થાય, અને આમાં (=વાતોદરમાં) વાયુ પીડા અને અવાજ કરતોકરતો બધે ગતિ કરીને ફરે છે.

પિત્તોદરનાં લક્ષણ

पित्तोदरे ज्वरो मूर्च्छा दाहस्तृट् कटुकास्यता।
भ्रमोऽतिसारः पीतत्वं त्वगादावुदरं हरित् ॥१६
पीतताम्रसिरानद्धं सस्वेदं सोष्म दह्यते।
धूमायति मृदुस्पर्शं क्षिप्रपाकं प्रदूयते ॥ १७॥

પિત્તથી થયેલા ઉદરરોગમાં, તાવ, મૂર્ચ્છા, બળતરા, તરસ, મોં તીખુંતીખું રહે, ફેર, અતિસાર, ચામડી વગેરેમાં પીળાશ, પેટ હરિત રંગનું થાય; પેટ ઉપર પીળી, તાંબાવર્ણી શિરાઓ ફૂલીને તરી આવે, પેટ પર પરસેવો થાય, પેટ ગરમ રહે, દાઝતું હોય એવું થાય, ધુમાડો લાગીને કાળું પડી જાય એવું થઈ જાય, અડકવામાં મૃદુ લાગે, ઝટ પાકે, પેટમાં પીડા થાય છે.

કફોદરનાં લક્ષણ

श्लेष्मोदरेऽङ्गसदनं स्वापः श्वयथुगौरवम्।
निद्रोत्क्लेशारुचिश्वासकासशुक्लत्वगादिता ॥१८॥
उदरं स्तिमितं श्लक्ष्णं शुक्लराजीततं महत्।
चिराभिवृद्धि कठिनं शीतस्पर्शं गुरु स्थिरम् ॥

કફથી થયેલા ઉદરરોગમાં અંગસાદ, અંગ બહેરું થઈ જાય, સોજાનો ભાર લાગે, ઊંઘ, ઉત્કલેશ, અરુચિ, હાંફ, ઉધરસ અને ચામડી વગેરેમાં ધોળાશ; પેટ સ્તિમિત, શ્લક્ષ્ણ, ધોળા લિસોટાલિસોટાવાળું, મોટું, ઘણે વખતે વધે એવું, કઠણ, અડકવામાં ઠંડું, ભારે અને સ્થિર હોય છે.

ત્રિદોષના ઉદરરોગનાં કારણ, સંપ્રાપ્તિ, લક્ષણ

त्रिदोषकोपनैस्तैस्तैः स्त्रीदत्तैश्च रजोमलैः।
गरदूषीविषाद्यैश्च सरक्ताः सञ्चिता मलाः ॥२०
कोष्ठं प्राप्य विकुर्वाणाः
शोषमूर्च्छाभ्रमान्वितम्।
कुर्युस्त्रिलिङ्गमुदरं शीघ्रपाकं सुदारुणम् ॥ २१ ॥
बाधते तच्च सुतरां शीतवाताभ्रदर्शने।

ત્રણે દોષને કોપાવે એવા તે તે આહારવિહારને લીધે, કામણ કરવા માટે સ્ત્રીએ આપેલા આર્તવ અને હાથ વગેરે અંગોના મેલને લીધે તથા ગર અને દૂષીવિષ (+વિરુદ્ધ ભોજન) વગેરેને લીધે એકઠા થયેલા દોષો લોહી સાથે કોઠામાં જઈને, બગડીને ગળાનો, તાળવાના અને મોંના શોષવાળો, ત્રણે દોષનાં ભેગાં લક્ષણોવાળો, ઝટ પાકે એવો ઘણો ભયંકર ઉદરરોગ કરે છે. અને તે (=ત્રિદોષનો ઉદરરોગ) ઠંડી, પવન અને વાદળાં જણાય ત્યારે વધારે પીડા કરે છે.

પ્લીહોદરનાં કારણ, સંપ્રાપ્તિ, લક્ષણ

अत्याशितस्य सङ्क्षोभाद्यानयानादिचेष्टितैः ॥२२
अतिव्यवायकर्माध्ववमनव्याधिकर्शनैः।
वामपार्श्वाश्रितः प्लीहा च्युतः स्थानाद्विवर्धते ॥२३
शोणितं वा रसादिभ्यो विवृद्धं तं विवर्धयेत्।
सोऽष्ठीलेवातिकठिनः प्राक् ततः कूर्मपृष्ठवत् ॥२४
क्रमेण वर्धमानश्च कुक्षावुदरमावहेत्।
श्वासकासपिपासास्यवैरस्याध्मानरुग्ज्वरैः ॥ २५
पाण्डुत्वमूर्च्छाछर्दिभिर्दाहमोहैश्च संयुतम्।
अरुणाभं विवर्णं वा नीलहारिद्रराजिमत् ॥ २६ ॥

હદથી વધારે ખાનાર માણસના દોષો વાહનમાં બેસીને જવું વગેરે ક્રિયાઓથી તથા અતિશય મૈથુન, બહુ કામ (=અવળી ચેષ્ટા), બહુ ચાલવું, બહુ ઊલટીઓ કરવી, કૃશ કરી

નાખે એવા રોગ વગેરે કારણોથી ખખળડખળ થાય તેને લીધે ડાબે પડખે આવેલી બરોળ પોતાના સ્થાનમાંથી ખસી જઈને વધે છે. અથવા રસ વગેરે બીજી ધાતુઓ કરતા પ્રમાણમા વધારે વધી ગયેલું લોહી તેને (=બરોળને) વધારે છે. એ (=વધેલી બરોળ) શરૂઆતમા અષ્ઠીલા જેવી કઠણ હોય છે, પછી કાચબાની પીઠની માફક ધીમેધીમે વધતીવધતી કૂખમા ઉદરરોગ કરે છે. આ પ્લીહોદર રોગમાં સાથે હાફ, ઉધરસ, તરસ, મોનો સ્વાદ બગાબ થઈ જાય, આધ્માન, પીડા, તાવ, ધોળાશ (=ફીકાશ), મૂર્ચ્છા, ઊલટી, બળતરા અને મોહ હોય છે અને પેટ આછા લાલ રંગનુ કે બગડી ગયેલા રંગનુ અને ગળી જેવા રંગના અને હળદર જેવા રંગના લિસોટાવાળુ હોય છે.

પ્લીહોદર કયા દોષનું છે તેનાં લક્ષણ

उदावर्तरुजानाहैर्मोहतृड्दहनज्वरैः ।
गौरवारुचिकाठिन्यैर्विद्यात्तत्र मलान् क्रमात् ॥२७

તેમા (=પ્લીહોદરમા) ઉદાવર્ત, પીડા અને આનાહ ઉપરથી વાયુ; મોહ, તરસ, બળતરા અને તાવ ઉપરથી પિત્ત અને ભાર, અરુચિ અને કઠણપણા ઉપરથી કફ, એમ અનુક્રમે દોષોને જાણવા.

યકૃદુદર

प्लीहवद्दक्षिणात्पार्श्वात् कुर्याद्यकृदपि च्युतम् ।

બરોળની માફક જ (એ જ કારણોને લીધે તથા એ જ રીતે) જમણે પડખે વધેલું કાળજું પણ ઉદરરોગ કરે છે.

(યકૃદુદરનો સમાવેશ પ્લીહોદરમા કરવામા આવે છે, તેથી ઉદરરોગની સખ્યામા એને જુદુ ગણાવ્યુ નથી.)

બદ્ધોદરનાં કારણ, સંપ્રાપ્તિ અને લક્ષણ

पक्ष्मवालैः सहान्नेन भुक्तैर्बद्धायने गुदे ॥ २८ ॥
दुर्नामभिरुदावर्तैरन्यैर्वाऽन्त्रोपलेपिभिः ।
वर्चःपित्तकफान् रुद्ध्वा करोति कुपितोऽनिलः ॥
अपानो जठरं तेन स्युर्दाहज्वरतृट्क्षवाः ।
कासश्वासोरुसदनं शिरोहृन्नाभिपायुरुक् ॥ ३० ॥
मलसङ्गोऽरुचिश्छर्दिरुदरं मूढमारुतम् ।
स्थिरं नीलारुणसिराराजिनद्धमराजि वा ॥ ३१ ॥
नाभेरुपरि च प्रायो गोपुच्छाकृति जायते ।

ખાણાપીણા સાથે પાંપણો કે વાળ ખવાય પિવાય તેથી, હરસથી, (ઝાડો, પેશાબ વગેરે રોકવાથી થયેલા) ઉદાવર્તથી કે (દહી, ભાત, અડદ, બળશી વગેરે) આતરડાને કફથી લીપી નાખે એવા બીજાં દ્રવ્યોથી ગુદાનો માર્ગ બધ થઈ જવાથી કોપેલો અપાન વાયુ ઝાડો, પિત્ત અને કફને રોકીને ઉદરરોગ કરે છે. આ બદ્ધગુદોદર રોગને લીધે બળતરા, તાવ, તરસ, છીંકો, ઉધરસ, હાફ, સાથળ ખોટી પડી જાય, માથામાં, હૃદયમાં, ડૂટીમા અને ગુદામા પીડા થાય, (ઝાડો, પેશાબ વગેરે) મળો નીકળે નહિ, અરુચિ, ઊલટીઓ, પેટમા પવન ઘૂટાઈ કરે (=બહાર નીકળી શકે નહિ), પેટ સ્થિ પેટ પર ગળીના રંગની અને આછી લા શિરાઓના લિસોટા ભરચક તરી આવે સમૂળગા લિસોટા ન તરી આવે અને સામાન્ય રીતે ડૂટીથી ઉપરના ભાગમા ગાયના પૂછડા જેવો આકાર થાય છે.

ક્ષતોદર (=છિદ્રોદર, પરિસ્રાવ્યુદર)

अस्थ्यादिशल्यैः सान्नैश्चेद्भुक्तैरत्यशनेन वा ॥३
भिद्यते पच्यते वाऽन्त्रं तच्छिद्रैश्च स्रवन्बहिः ।
आम एव गुदादेति ततोऽल्पाल्पः सविड्रसः ॥३
तुल्यः कुणपगन्धेन पिच्छिलः पीतलोहितः ।
शेषश्चापूर्य जठरं जठरं घोरमावहेत् ॥ ३४ ॥
वर्धयेत्तदधो नाभेराशु चैति जलात्मताम् ।
उद्रिक्तदोषरूपं च व्याप्तं च श्वासतृड्भ्रमैः ॥३५
छिद्रोदरमिदं प्राहुः परिस्रावीति चापरे ।

હાડકા વગેરે શલ્ય ખાધેલા ખોરાક સાથે જાય તેથી કે હદ ઉપરાત ખાવાથી આતરડુ ચિરાય કે પાકે છે. એના (આતરડાના) છિદ્રોમાથી બહાર વહેતો, મડદા જેવી ગંધવાળો, પિચ્છિલ, પીળો અને લાલ કાચો ને કાચો અન્નરસ ઝાડા સાથે ગુદાવાટે બહાર નીકળે છે, અને બાકીનો (જેટલો રસ બહાર નથી નીકળતો તે) પેટને ભરી દઈને ભયંકર ઉદરરોગ કરે છે. (એ ક્ષતોદર રોગમાં પેટ) ડૂટીથી નીચેન

ભાગમા વધે છે અને એમાથી તરત જ જળધર થઈ જાય છે એમા કોપેલા દોષોના અધિક લક્ષણ હોય છે તથા હાફ, તરસ અને ફેર એમા વ્યાપેલા હોય છે આ રોગને છિદ્રોદર (=ક્ષતોદર) કહે છે અને બીજા આચાર્યો એને જ પરિસ્રાવી ઉદર કહે છે.

જળધર

प्रवृत्तस्नेहपानादेः सहसाऽऽमाम्बुपायिनः ॥३६॥
अत्यम्बुपानान्मन्दाग्नेः क्षीणस्यातिकृशस्य वा।
रुद्ध्वाऽम्बुमार्गाननिलः कफश्च जलमूर्च्छितः ३७
वर्धयेतां तदेवाम्बु तत्स्थानादुदराश्रितौ।
ततः स्यादुदरं तृष्णागुदस्रुतिरुजान्वितम् ॥३८॥
कासश्वासारुचियुतं नानावर्णसिराततम्।
तोयपूर्णदृतिस्पर्शशब्दप्रक्षोभवेपथु ॥ ३९ ॥
दकोदरं महत्स्निग्धं स्थिरमावृत्तनाभि तत्।

જેણે સ્નેહ પીવો વગેરે પંચકર્મનો ક્રમ શરૂ કર્યો હોય તે માણસ એકાએક કાચુ પાણી પીએ તેના, અથવા જેનો અગ્નિ મંદ હોય, જે રોગ વગેરે ખાસ કારણસર ધાતુઓ ઓછી થઈ જવાથી ક્ષીણ થઈ ગયો હોય, અને જે ઉપવાસ વગેરેથી ચરબી અને માંસ ઓછા થવાથી દૂબળો પડી ગયો હોય તે માણસ બહુ પાણી પીએ, તો તેના પાણીના સ્રોતોને રોકીને પાણી સાથે ભળેલા વાયુ અને કફ ઉદરમા રહીને તેના (=પાણીના)-સ્થાનમાંથી (=ક્લોમમાથી) તે જ પાણીમા વધારો કરે છે ત્યાર પછી જળધર થાય છે જળધરમા સાથે તરસ, ગુદામાંથી સ્રાવ થાય, પીડા, ઉધરસ, હાફ, અરુચિ એટલા વાના હોય છે, પેટ ઉપર અનેક રંગની શિરાઓ તરી આવીને વ્યાપી જાય છે, પેટને અડકવાથી એનો સ્પર્શ, પેટને વગાડવાથી એનો અવાજ, પેટ હાલવાથી થતો ખળભળાટ અને પેટને ટકોરો મારવાથી થતો થડકારો—એ બધુ પાણીથી ભરેલી મસકની બાબતમા થાય એવુ થાય છે આ જળધર બીજા ઉદરરોગો કરતા વધારે મોટું, સ્નિગ્ધ, સ્થિર અને બધી બાજુથી ગોળ ડૂટીવાળુ હોય છે (ડૂટી પોતાના ખાડામાથી બહાર નીકળે છે અને ડૂટીનો મૂળ નાયડા સાથે જોડાયેલો ભાગ ઉપસીને ટોચ ઉપર આવી જાય છે).

બીજા ઉદરરોગોમાથી થતા જલોદરની સંપ્રાપ્તિ

उपेक्षया च सर्वेषु दोषाः स्वस्थानतश्च्युताः ॥४०॥
पाकाद्द्रवा द्रवीकुर्युः सन्धिस्रोतोमुखान्यपि।
स्वेदश्च बाह्यस्रोतःसु विहतस्तिर्यगास्थितः ॥४१
तदेवोदकमाप्याय्य पिच्छां कुर्यात्तदा भवेत्।
गुरूदरं स्थिरं वृत्तमाहतं च न शब्दवत् ॥४२॥
मृदु व्यपेतराजीकं नाभ्यां स्पृष्टं च सर्पति।
तदनूदकजन्मास्मिन्कुक्षिवृद्धिस्ततोऽधिकम्।४३
सिरान्तर्धानमुदकजठरोक्तं च लक्षणम्।

બધા ઉદરરોગોમા જો બેદરકારી રાખવામા આવે (=વખતસર શાસ્ત્રોક્ત ઉપાય ન થાય), તો પોતાના સ્થાનમાથી ખસીને બીજા સ્થાનમા ગયેલા અને પાકવાને લીધે દ્રવ બનેલા દોષો સાધાઓ અને સ્રોતોના મુખોને પણ દ્રવ બનાવે છે (=પચપચા, પાણીચૂતા બનાવે છે) તથા બાહ્યસ્રોતો(=શરીરના રૂવાડાના છિદ્રો) માથી નીકળી ન શકતો પરસેવો આડો જઈને તે જ પાણીમા (=પહેલા કુક્ષિમા વધી ગયેલા પાણીમા) વધારો કરીને પિચ્છા કરે છે ત્યારે પેટ ભારે, સ્થિર, ગોળ, વગાડવા છતા અવાજ ન થાય એવુ, મૃદુ, લિસોટા વિનાનુ, ડૂટીમા અડકવાથી પ્રસરે એવુ બને છે ત્યાર પછી એમા (આ ઉદરરોગમા) પાણી પેટમા ભરાવા માડે છે, ત્યાર પછી કૂખ વધારે મોટી થાય છે (=ફૂલે છે), શિરાઓ દેખાતી બધ થાય છે અને જળધરના લક્ષણો દેખાય છે

ઉદરરોગોનું સાધ્યાસાધ્યપણું

वातपित्तकफप्लीहसन्निपातोदकोदरम् ॥ ४४ ॥
कृच्छ्रं यथोत्तरम्

વાયુનો, પિત્તનો, કફનો, બરોળનો, ત્રિદોષનો અને પાણીનો ઉદરરોગ ઉત્તરોત્તર વધારે ને વધારે કૃચ્છ્રસાધ્ય છે (=વાયુ કરતા પિત્તનો વધારે કૃચ્છ્રસાધ્ય, પિત્ત કરતા કફનો વધારે કૃચ્છ્રસાધ્ય એ ક્રમે જળધર સૌથી વધારે કૃચ્છ્રસાધ્ય છે).

पक्षात्परं प्रायोऽपरे हतः ।

બાકીના બે (બદ્ધોદર અને ક્ષતોદર) સામાન્ય રીતે એક પખવાડિયુ રહીને મારી નાખે છે.

सर्वं च जातसलिलं रिष्टोक्तोपद्रवान्वितम् ॥४५॥

શ્લોક ૪૦થી ૪૩કેમાં કહ્યા પ્રમાણે જેમાં પાણી પેદા થયું હોય એવા બધા ઉદરરોગ સામાન્ય રીતે મારી નાખે છે (=કૃચ્છ્રસાધ્યને બદલે અસાધ્ય બની જાય છે), તથા રિષ્ટના અધ્યાય (શા. ૫/૮૯ થી ૯૦કે)માં કહેલા ઉપદ્રવોવાળા ઉદરરોગ મારી નાખે છે.

जन्मनैवोदरं सर्वं प्रायः कृच्छ्रतमं मतम् ।
बलिनस्तदजाताम्बु यत्नसाध्यं नवोत्थितम् ॥४६

સામાન્ય રીતે બધાય ઉદરરોગો થાય ત્યારથી જ અતિ દુઃસાધ્ય મનાય છે, પણ દરદી બળવાન હોય, પાણી ભરાવા ન માંડ્યું હોય અને ઉદરરોગ તાજો જ થયેલો હોય તો તે યોગ્ય પ્રયત્નથી મટી શકે છે.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने उदरनिदान नाम द्वादशोऽध्यायः ॥ १२ ॥

અધ્યાય ૧૩ મો

अथातः पाण्डुरोगशोफविसर्प-
निदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે પાંડુરોગ, સોજા અને વિસર્પ(=રતવા)નુ નિદાન સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

પાંડુરોગનાં સંપ્રાપ્તિ અને નામ

पित्तप्रधानाः कुपिता यथोक्तैः कोपनैर्मलाः ।
तत्रानिलेन बलिना क्षिप्तं पित्तं हृदि स्थितम् ॥१॥
धमनीर्दश सम्प्राप्य व्याप्नुवत्सकलां तनुम् ।
श्लेष्मत्वग्रक्तमांसानि प्रदुष्यान्तरमाश्रितम् ॥ २॥
त्वङ्मांसयोस्तत्कुरुते त्वचि
वर्णान् पृथग्विधान् ।
पाण्डुहारिद्रहरितान् पाण्डुत्वं तेषु चाधिकम् ॥३
यतोऽतः पाण्डुरित्युक्तः स रोगः

પિત્ત જેમાં મુખ્ય હોય એવા દોષો આગળ (નિ. ૧/૧૨કેથી ૨૨કેમાં) કહેવાઈ ગયેલા, દોષોને કોપાવનારાં કારણોથી કોપે છે (=ત્રણે દોષો કોપે છે તેમાં પિત્ત વધારે કોપે છે). તેમાંથી બળવાન બનેલા વાયુ વડે ફેંકાયેલું, હૃદયમાં રહેલું પિત્ત (હૃદયમા રહેલી) દશ ધમનીઓમાં પહોંચીને, આખા શરીરમા પ્રસરી જઈને; કફ, ચામડી, લોહી અને માંસને બગાડીને, ચામડી અને માંસના વચગાળામા રહીને ચામડીમાં જાતજાતના ધોળો, પીળો અને હરિત રંગ આણે છે. પણ એ ત્રણ રંગમાં ધોળો રંગ વધારે હોય છે તેથી તે રોગને પાડુ કહે છે.

પાંડુરોગનાં લક્ષણ

तेन गौरवम् ।
धातूनां स्याच्च शैथिल्यमोजसश्च गुणक्षयः ॥४॥
ततोऽल्परक्तमेदस्को निःसारः
स्याच्छ्लथेन्द्रियः ।
मृद्यमानैरिवाङ्गैर्ना द्रवता हृदयेन च ॥ ५ ॥
शूनाक्षिकूटः सदनः कोपनः ष्ठीवनोऽल्पवाक् ।
अन्नद्विट् शिशिरद्वेषी शीर्णरोमा हतानलः ॥६॥
सन्नसक्थो ज्वरी श्वासी
कर्णक्ष्वेडी भ्रमी श्रमी ।

તેનાથી (=પાંડુરોગથી) ધાતુઓ ભારે અને ઢીલી થઈ જાય છે, ઓજસના ગુણો (નિ. ૬/૧)નો નાશ થાય છે; તેથી દરદીનાં લોહી અને ચરબી ઓછાં થઈ જાય છે, તાકાત જતી રહે છે, ઇંદ્રિયો ઢીલી થઈ જાય છે, અંગો જાણે ચૂંથાય છે, હૃદય જાણે દ્રવે છે (=ક્ષોભ પામે છે), આંખનાં ખામણાં ઉપર સોજો આવે છે, અંગસાદ થાય છે, દરદી ચિડિયો થઈ જાય છે, થૂંક થૂંક કરે છે, થોડું બોલે છે, ખાવાપીવા ઉપર તિરસ્કાર આવે છે, ઠંડકનો તિરસ્કાર આવે છે, રૂંવાડા ખરી પડે છે, જઠરાગ્નિ હણાય છે, પગ સજજડ થઈ જાય છે, તાવ આવે છે, હાંફ ચઢે છે, કર્ણક્ષ્વેડ થાય છે, ફેર આવે છે અને થાક લાગે છે.

(ઓજસના ગુણ માટે જુઓ નિ. ૬/૧.)

સંખ્યા

स पञ्चधा पृथग्दोषैः समस्तैर्मृत्तिकादनात् ।७।।

એ (=પાંડુરોગ) પાંચ રીતે થાય છેઃ છૂટાછૂટા દોષોથી (=વાયુનો, પિત્તનો, કફનો), ત્રિદોષનો અને માટી ખાવાથી.

પૂર્વરૂપ

प्राग्रूपमस्य हृदयस्पन्दनं रूक्षता त्वचि ।
अरुचिः पीतमूत्रत्वं स्वेदाभावोऽल्पवह्निता ॥८॥
सादः श्रमो

હૃદય થડકે, ચામડીમાં લૂખાશ, અરુચિ, પીળો પેશાબ, પરસેવો ન થાય, જઠરાગ્નિ થોડો થઈ જાય, અંગસાદ અને થાક–એટલું એનુ (=પાંડુરોગનુ) પૂર્વરૂપ છે.

વાયુના પાંડુનાં લક્ષણ

अनिलात्तत्र गात्ररुक्तोदकम्पनम् ।
कृष्णरूक्षारुणसिरानखविण्मूत्रनेत्रता ॥ ९ ॥
शोफानाहास्यवैरस्यविट्शोषाः पार्श्वमूर्धरुक् ।

તેમાં (=બધા પાંડુરોગોમાંથી) વાયુથી થતા પાંડુરોગમાં શરીરમાં તોદ, પીડા અને કંપ થાય છે; શિરાઓ, નખ, ઝાડો, પેશાબ અને આંખો કાળાં, લૂખાં અને આછાં લાલ હોય છે, સોજો, આનાહ, મોંનો સ્વાદ બગડી જાય, ઝાડો સુકાઈ જાય, પડખામાં અને માથામાં પીડા થાય–(એટલાં લક્ષણ હોય છે).

પિત્તના પાંડુનાં લક્ષણ

पित्ताद्धरितपीताभसिरादित्वं ज्वरस्तमः ॥ १० ॥
तृट्स्वेदमूर्च्छाशीतेच्छा दौर्गन्ध्यं कटुवक्त्रता ।
वर्चोभेदोऽम्लको दाहः

શિરા વગેરે (શ્લોક ૯) હરિત અને પીળાં હોય છે, તાવ આવે છે, અંધારાં આવે છે, તરસ લાગે છે, પરસેવો થાય છે, મૂર્છા આવે છે, ઠંડા પદાર્થની ઇચ્છા થાય છે, શરીરમાથી દુર્ગંધ મારે છે, મોં તીખુંતીખું રહે છે, ભાંગલ ઝાડા થાય છે, અમ્લક અને બળતરા થાય છે–એટલાં લક્ષણ પિત્તથી થતા પાંડુરોગમાં થાય છે.

કફના પાંડુનાં લક્ષણ

कफाच्छुक्लसिरादिता ॥ ११ ॥
तन्द्रा लवणवक्त्रत्वं रोमहर्षः स्वरक्षयः ।
कासश्छर्दिश्च

કફથી થતા પાંડુરોગમાં શિરા વગેરે (શ્લોક ૯) ધોળી હોય છે, ઘેન, ખારુંખારું મો, રૂંવાડાં ઊભા થાય, અવાજ બેસી જાય, ઉધરસ અને ઊલટી–એટલા લક્ષણ થાય છે.

ત્રિદોષના પાંડુનાં લક્ષણ

निचयान्मिश्रलिङ्गोऽतिदुःसहः ॥ १२ ॥

ત્રણે દોષ સાથે કોપવાથી થતા પાંડુરોગમાં ત્રણ છૂટાછૂટા દોષથી થતા પાંડુરોગનાં લક્ષણો ભેગાં હોય છે અને એ સહન કરવો સૌથી વધારે મુશ્કેલ હોય છે.

માટી ખાવાથી થતાં પાંડુરોગનાં કારણ, સંપ્રાપ્તિ અને લક્ષણ

मृत्कषायाऽनिलं पित्तमूषरा मधुरा कफम् ।
दूषयित्वा रसादींश्च रौक्ष्याद्भुक्तं विरूक्ष्य च १३
स्रोतांस्यपक्वैवापूर्य कुर्याद्रुद्ध्वा च पूर्ववत् ।
पाण्डुरोगं ततः शूननाभिपादास्यमेहनः ॥ १४ ॥
पुरीषं क्रिमिमन्मुञ्चेद्भिन्नं सासृक्कफं नरः ।

(ખાધેલી) માટી તૂરી હોય તો વાયુને બગાડીને, ક્ષારવાળી હોય તો પિત્તને બગાડીને અને ગળી હોય તો કફને બગાડીને, તથા રસ વગેરે ધાતુઓને બગાડીને, પોતાની (માટીની) લૂખાશને લીધે ખાધેલા આહારને લૂખો બનાવી દઈને કાચી જ (અથવા નહિ જેવી પાકેલી જ) હોવાથી સ્રોતોને પૂરી દઈને પહેલાંની માફક (શ્લોક ૬થી ૭ની માફક) પાંડુરોગ કરે છે. તેથી (=તે પાંડુરોગથી) ડૂટી, પગ, મોં અને મૂત્રેન્દ્રિય પર સોજો આવે છે, તથા દરદીને કૃમિવાળો, ભાંગેલો, લોહીવાળો અને કફવાળો ઝાડો થાય છે.

કમળાનાં કારણ, સંપ્રાપ્તિ અને લક્ષણ

यः पाण्डुरोगी सेवेत पित्तलं तस्य कामलाम् ॥
कोष्ठशाखाश्रयां पित्तं
दग्ध्वाऽसृङ्मांसमावहेत् ।
हारिद्रनेत्रमूत्रत्वङ्नखवक्त्रशकृत्तया ॥ १६ ॥
दाहाविपाकतृष्णावान् भेकाभो दुर्बलेन्द्रियः ।

જે પાંડુરોગી પિત્ત કરે એવા આહારવિહાર નું સેવન કરે છે, તેનુ પિત્ત લોહી અને માંસ એ બંને બાળીને કોઠો અને શાખા જેનો આશ્રય છે એવો કમળાનો રોગ કરે છે તેમા દર્દીના આંખ, પેશાબ, ચામડી, નખ, મો અને ઝાડો હળદર જેવા પીળા હોય છે, તેને (=કમળાને) લીધે દરદીને બળતરા થાય છે, ખાધુ પચતુ નથી, તરસ લાગે છે, દેડકા જેવો દેખાય છે અને ઇંદ્રિયો અશક્ત બની જાય છે.

કમળાનું બીજું કારણ

भवेत्पित्तोल्बणस्यासौ पाण्डुरोगादृतेऽपि च ॥

પાંડુરોગ વિના પણ જેનામા પિત્ત વધારે હોય તેને પણ કમળો થાય છે

કુંભકમળો

उपेक्षया च शोफाढ्या

सा कृच्छ्रा कुम्भकामला ।

જો કમળાની શાસ્ત્રોક્ત ચિકિત્સા વખતસર ન થાય તો શરીરે સોજા ભરાઈ જાય છે એને કુંભકમળો કહે છે. એ કૃચ્છ્રસાધ્ય છે

હલીમક (=લોઢર, અલસ)

हरितश्यावपीतत्वं पाण्डुरोगे यदा भवेत् ॥ १८
वातपित्ताद्भ्रमस्तृष्णा स्त्रीष्वहर्षो मृदुर्ज्वरः ।
तन्द्राबलानलभ्रंशो लोढरं तं हलीमकम् ॥ १९॥
अलसं चेति शंसन्ति

પાંડુરોગમા જ્યારે શરીરનો રંગ હરિત, બદામી કે પીળો પડી જાય, અને વાયુ તથા પિત્તને લીધે ફેર, તરસ સ્ત્રીને જોઈને હર્ષ ન થાય, હલકો તાવ આવે, ઘેન, બળ ઓછુ થાય જઠરાગ્નિ ઓછો થાય, એટલા લક્ષણ થાય તેને લોઢર, હલીમક અને અલસ રોગ કહે છે.

तेषां पूर्वमुपद्रवाः ।
शोफप्रधानाः कथिताः स एवातो निगद्यते ॥२०॥

इति पाण्डुरोगनिदानम् ।

પહેલા (=શ્લોક ૬ તથા ૧૪મા) સોજા જેમા મુખ્ય છે એવા પાંડુરોગોના ઉપદ્રવો કહ્યા છે તેથી એને (=સોજાનો રોગ) વિષે જ કહેવામા આવે છે

આમ પાંડુરોગનુ નિદાન પૂરુ થયુ

अथ शोफनिदानम् ।

શોફ (=સોજા)

સોજાની સંપ્રાપ્તિ

पित्तरक्तकफान्वायुर्दुष्टो दुष्टान् बहिः सिराः ।
नीत्वा रुद्धगतिस्तैर्हि कुर्यात्त्वङ्मांससंश्रयम् ॥२१
उत्सेधं संहतं शोफं तमाहुर्निचयादतः ।
सर्वं

તેમના વડે (=પિત્ત, લોહી અને વાયુ વડે) જેની ગતિ રોકાઈ હોય એવો કોપેલો વાયુ, કોપેલા પિત્ત, લોહી અને વાયુને બાહ્ય શિરા ઓમા લઈ જઈને ચામડી અને માંસને આશ્રયે થતો ખીચોખીચ ઉત્સેધ (=ઉપાડ, સોજો) કરે છે, તેને સોજો કહે છે તેથી (વાયુ, પિત્ત અને કફ ત્રણેથી સોજો આવતો હોવાથી) બધા સોજા ત્રિદોષને લીધે આવે છે

સોજાની સંખ્યા ૯

हेतुविशेषैस्तु रूपभेदान्नवात्मकम् ॥ २२॥
दोषैः पृथग्द्वयैः सर्वैरभिघाताद्विषादपि ।

જુદાજુદા કારણોને લીધે જુદાજુદા લક્ષણો થતા હોવાથી સોજા નવ છે છૂટાછૂટા દોષના (વાયુનો, પિત્તનો અને કફનો એમ ત્રણ), બબે ભેગા દોષના (વાયુપિત્તનો, વાયુકફનો, પિત્ત કફનો એમ ત્રણ), ત્રિદોષનો, વાગવાથી થતો અને ઝેરથી થતો

બીજી દૃષ્ટિએ સોજાના ત્રણ પ્રકાર

द्विधा वा निजमागन्तुं सर्वाङ्गैकाङ्गजं च तम् ॥
पृथून्नतग्रथितताविशेषैश्च त्रिधा विदुः ।

(૧) નિજ અને આગંતુ, (૨) આખા શરીરે આવેલો અને એક અવયવ ઉપર આવેલો (૩) વિશાળપણુ, ઉપાડ અને ગઠાયેલાપણુ- એ દૃષ્ટિએ જે પ્રકારો પડે તેને લીધે-(આ ત્રણ દૃષ્ટિએ) સોજો ત્રણ પ્રકારનો છે એવુ (મુનિઓ) જાણે છે.

સોજાના કારણ, સંપ્રાપ્તિ

सामान्यहेतुः शोफानां दोषजानां विशेषतः ॥२४
व्याधिकर्मोपवासादिक्षीणस्य भजतो द्रुतम् ।

अतिमात्रमथान्यस्य गुर्वम्लस्निग्धशीतलम् ॥ २५
लवणक्षारतीक्ष्णोष्णशाकाम्बु स्वप्नजागरम् ।
मृद्ग्राम्यमांसवल्लूरमजीर्णश्रममैथुनम् ॥ २६ ॥
पदातेर्मार्गगमनं यानेन क्षोभिणाऽपि वा ।
श्वासकासातिसारार्शोजठरप्रदरज्वराः ॥ २७ ॥
विषूच्यलसकच्छर्दिगर्भवीसर्पपाण्डवः ।
अन्ये च मिथ्योपक्रान्तास्तैर्दोषा
वक्षसि स्थिताः ॥ २८ ॥
ऊर्ध्वं शोफमधो वस्तौ मध्ये कुर्वन्ति मध्यगाः ।
सर्वाङ्गगाः सर्वगतं प्रत्यङ्गेषु तदाश्रयाः ॥ २९ ॥

(૧) રોગથી, પંચકર્મથી વગેરેથી દૂખળો પડી ગયેલો માણસ એકાએક (=જેટલા દિવસની મુદત પછી લેવું જોઈએ તેટલા દિવસ વીત્યા પહેલાં) ભારે, ખાટું, સ્નિગ્ધ, ઠંડું, ખારું, ક્ષારવાળું, તીક્ષ્ણ, ગરમ ખાયપીએ; શાક ખાય, પાણી પીએ, દિવસે ઊંઘે, રાત્રે જાગે, માટી ખાય, (ચકલી, કૂકડો વગેરે) ગ્રામ્ય પ્રાણીઓનું માંસ ખાય, માંસની સૂકવણી ખાય, અજીર્ણ હોવા છતાં અને થાક લાગ્યો હોય છતાં મૈથુન કરે, પગે ચાલીને રસ્તે જાય કે શરીરને હચમચાવી નાખે એવા વાહનમાં જાય તો એ દૂખળા પડી ગયેલા માણસોના દોષો; (૨) તથા (રોગ, પંચકર્મ વગેરેથી દૂખળા ન પડી ગયા હોય એવા) બીજા માણસો—ઉપર કહેલું ભારે, ખાટું વગેરેથી માંડીને શરીરને હચમચાવી નાખે એવા વાહનમાં જવાની ક્રિયા સુધીની ક્રિયાઓ હદ ઉપરાંત કરે તો એ બીજા માણસોના દોષો; (૩) તથા દમ, ઉધરસ, અતિસાર, હરસ, ઉદરરોગ, પ્રદર, તાવ, કોગળિયું, અલસક, ઊલટી, ગર્ભ, રતવા, પાંડુરોગ અને બીજા રોગોમાં મિથ્યા (=આયુર્વેદથી વિરુદ્ધ) ઉપાય કરવામાં આવે તેથી બગડેલા દોષો જે છાતીમાં રહ્યા હોય તો શરીરના ઉપલા ભાગમાં સોજા આવે છે, મૂત્રાશયમાં રહ્યા હોય તો શરીરના નીચલા ભાગમાં સોજા આવે છે, શરીરના મધ્ય ભાગમાં રહ્યા હોય તો વચલા ભાગમાં સોજા આવે છે, આખા શરીરમાં વ્યાપી ગયા હોય તો આખે શરીરે સોજા આવે છે અને પ્રત્યંગોમાં રહ્યા હોય તો તેના (=પ્રત્યંગોના) ઉપર સોજા આવે છે. આ ખાસ કરીને દોષોના પ્રકોપથી આવતા સોજાનું સામાન્ય કારણ છે.

પૂર્વરૂપ

तत्पूर्वरूपं दवथुः सिरायामोऽङ्गगौरवम् ।

સખત લાહ્ય બળે, શિરાઓ લાંબી થઈ જાય, અવયવ ભારે થઈ જાય—એ સોજાનું પૂર્વરૂપ છે.

વાયુથી આવેલા સોજાનાં લક્ષણ

वाताच्छोफश्चलो रूक्षः खररोमारुणासितः ॥३०
सङ्कोचस्पन्दहर्षार्तितोदभेदप्रसुप्तिमान् ।
क्षिप्रोत्थानशमः शीघ्रमुन्नमेत्पीडितस्तनुः ॥३१॥
स्निग्धोष्णमर्दनैः शाम्येद्रात्रावल्पो
दिवा महान् ।
त्वक् च सर्षपलिप्तेव तस्मिंश्चिमिचिमायते ॥३२॥

વાયુથી આવેલા સોજામાં સોજો ઢંગધડાવિનાના આકારનો, લૂખો, ખરછટ રૂંવાડાંવાળો, આછો લાલ કે કાળો, સંકોચાય એવો, થડકે એવો, રૂંવાડાં ઊભાં થાય એવો, પીડાવાળો, તોદવાળો, જાણે ચિરાતુ હોય એવી પીડાવાળો, સુપ્તિવાળો, ઝટ ઊપસી આવે અને ઝટ શમી જાય એવો, દખાવવામાં આવે તો તરત ઊંચો વધે એવો અને પાતળો હોય છે. એ સ્નિગ્ધ તથા ગરમ પદાર્થોનું વારંવાર મર્દન કરવાથી મટે છે. એ રાત્રે થોડો અને દિવસે મોટો હોય છે. એમા ચામડી પર જાણે સરસવનો લેપ કર્યો હોય તેમ ચામડી ઉપર (=લીંડીપીપર ખાધી હોય અને જીભ ઉપર જે તમતમાટ થાય છે તેવો) તમતમાટ થાય છે.

પિત્તથી થતા સોજાનાં લક્ષણ

पीतरक्तासिताभासः पित्तादाताम्ररोमकृत् ।
शीघ्रानुसारप्रशमो मध्ये प्राग्जायते तनुः ॥३३॥
सतृड्दाहज्वरस्वेददवक्लेदमदभ्रमः ।
शीताभिलाषी विड्भेदी
गन्धी स्पर्शासहो मृदुः ॥ ३४ ॥

પિત્તથી થતા સોજાનો રંગ પીળો, રાતો અને કાળો હોય છે, રૂંવાડાં જરા તાંબાવર્ણાં

હોય છે, એ સોજો ઝટ ફેલાઈ જાય છે અને ઝટ શમી જાય છે, પહેલાં એ શરીરના મધ્ય ભાગમાં થાય છે, એ પાતળો, તરસ, બળતરા, તાવ, પરસેવો, અગન, પચપચાપણુ, મદ અને ફેર–એટલાં લક્ષણવાળો, ઠંડકની ઇચ્છા થાય એવો, ઝાડાને ભાંગીને ઉતારે એવો, ગંધવાળો, સ્પર્શ સહન ન થાય એવો અને મૃદુ હોય છે.

કફથી થતા સોજાનાં લક્ષણ

कण्डूमान् पाण्डुरोमत्वक्कठिनः शीतलो गुरुः ।
स्निग्धः श्लक्ष्णः स्थिरः स्त्यानो
निद्राच्छर्द्यग्निसादकृत् ॥ ३५ ॥
आक्रान्तो नोन्नमेत्कृच्छ्रशमजन्मा निशाबलः ।
स्रवेन्नासृक् चिरात्पिच्छां कुशशस्त्रादिविक्षतः ॥
स्पर्शोष्णकाङ्क्षी च कफात्

કફને લીધે આવતા સોજામાં ખણુજ આવે, રૂંવાડાં અને ચામડી ધોળાં હોય, સોજો કઠણ, ઠંડો, ભારે, સ્નિગ્ધ, શ્લક્ષ્ણ, સ્થિર અને સ્ત્યાન હોય; એનાથી ઊંઘ આવે, ઊલટીઓ થાય અને જઠરાગ્નિ મંદ પડી જાય, એ દબાવવાથી ઊંચો વધે નહિ, મુશ્કેલીથી મટે અને મુશ્કેલીથી થાય (=સોજો આવે), રાત્રે જોર પકડે (વધે); ડાભ, શસ્ત્ર વગેરેથી છેદાય તોપણ લોહી નીકળે નહિ પણ ઘણે વખતે પિચ્છા નીકળે, સોજાને કાંઈ અડકે તો સારું એવી ઇચ્છા થાય, સોજાને ગરમ પદાર્થોની ઇચ્છા થાય.

બે દોષના સોજાનાં લક્ષણ

यथास्वं द्वन्द्वजास्त्रयः ।
सङ्करद्धेतुलिङ्गानाम्

બે બે દોષનાં કારણો અને લક્ષણો ભેગાં થવાથી તે તે બે દોષનાં લક્ષણવાળા બે દોષના ત્રણ (સોજા) હોય છે (વાયુપિત્તનો, વાયુકફનો અને પિત્તકફનો).

ત્રિદોષનાં સોજાનાં લક્ષણ

निचयान्निचयात्मकः ॥ ३७ ॥

ત્રણે દોષનાં કારણો અને લક્ષણો ભેગાં થવાથી ત્રણ દોષના છૂટાછૂટા સોજાનાં ભેગાં લક્ષણોવાળો ત્રિદોષનો સોજો હોય છે.

વાગવાથી થતા સોજાનાં કારણ, સંપ્રાપ્તિ, લક્ષણ

अभिघातेन शस्त्रादिच्छेदभेदक्षतादिभिः ।
हिमानिलोदध्यनिलैर्भल्लातकपिकच्छुजैः ॥ ३८ ॥
रसैः शूकैश्च संस्पर्शाच्छ्वयथुः स्याद्विसर्पवान् ।
भृशोष्मा लोहिताभासः प्रायशः पित्तलक्षणः ॥ ३९

હથિયાર (+લાકડું, ઢેખાળા, પથ્થર) વગેરેને લીધે કપાવાથી, ચિરાવાથી, ઘા પડવાથી (કે છોલાવવાથી) વગેરે કારણસર તથા ઠંડો પવન લાગવાથી અને દરિયાનો પવન લાગવાથી તથા ભિલામો અને કૌંચાના ફૂલના રસથી અને ભિલામો અને કૌંચાનાં છોડાંનાં કાંટા અડકવાથી જે સોજો આવે છે તે વિસર્પવાળો, બહુ ગરમ, લાલરંગનો અને સામાન્ય રીતે પિત્તના સોજા જેવાં લક્ષણોવાળો હોય છે. આને અભિઘાતનો (=વાગવા, ભાંગવા, કપાવા, કચરાવા વગેરેથી આવેલો) સોજો કહે છે.

ઝેરથી થતા સોજાનું કારણ અને લક્ષણ

विषजः सविषप्राणिपरिसर्पणमूत्रणात् ।
दंष्ट्रादन्तनखापाताद्विषप्राणिनामपि ॥ ४० ॥
विण्मूत्रशुक्रोपहतमलवद्वस्त्रसङ्करात् ।
विषवृक्षानिलस्पर्शाद्गरयोगावचूर्णनात् ॥ ४१ ॥
मृदुश्चलोऽवलम्बी च शीघ्रो दाहरुजाकरः ।

ઝેરી પ્રાણી શરીર પર ચાલે કે મૂતે તેથી; (ઝેરી પ્રાણીનાં અને ઝેરી ન હો એવા પ્રાણીનાં પણ) દાઢ, દાંત અને ન વાગવાથી; ઝાડો, પેશાબ અને વીર્યથી બગડેલું અને મળવાળું (=મેલું) વસ્ત્ર અડકવાથી ઝેરી ઝાડ ઉપર વાઈને આવેલો પવન અડકવાથી ગરના યોગવાળું ચૂર્ણ (કે દવા) ભભરાવવાથી (કે છાંટવાથી) ઝેરથી આવતો સોજો આવે છે. તે મૃદુ, ચલ, અવલંબી (=નીચો ઊતરતો જાય એવો) અને શીઘ્ર (૧. ઝટ મારી નાંખે એવો, ૨. ઝટ ઉત્પન્ન થાય એવો) હોય છે

સાધ્યાસાધ્યપણું

नवोऽनुपद्रवः शोफः साध्योऽसाध्यः पुरेरितः
इति शोफनिदानम् ।

તાજો આવેલો અને ઉપદ્રવવિનાનો સોજો

સાધ્ય છે, અસાધ્ય સોજો પડેલાં (=શા.૫/૯૧કે-થી ૯૯માં) કહેવાઈ ગયા છે.

આમ સોજાનું નિદાન પૂરું થયું.

अथ विसर्पनिदानम् ।

વિસર્પ(=રતવા)

રતવાની સંખ્યા

स्युर्द्विसर्पोऽभिघातान्तैर्दोषैर्दूष्यैश्च शोफवत् ।

સોજાની માફક વિસર્પ અભિઘાત સુધીના દોષોથી અને દૂષ્યોથી થાય છે (=વિસર્પની સંખ્યા સોજાના જેટલી છે પણ વિસર્પની સંખ્યા શ્લોક ૨૨કે પ્રમાણે હોવાં છતાં અભિઘાત સુધીની જ હોય છે, એટલે વિષથી થતો વિસર્પ હોતો નથી. ત્રણ છૂટાછૂટા દોષોથી થતા ત્રણ, ત્રણે દોષોમાંથી બે બે દોષો સાથે કોપવાથી થતા ત્રણ, ત્રણે દોષો સાથે કોપવાથી થતો એક, અભિઘાત—વાગવાભોગવાથી થતો એક અને દૂષ્યોથી થતો એક એમ કુલ નવ વિસર્પ હોય છે).

રતવાનાં સ્થાન અને દુઃસાધ્યપણું

अधिष्ठानं च तं प्राहुर्बाह्यान्तरुभयाश्रयात् ॥४३॥
यथोत्तरं च दुःसाध्याः

મુનિઓ કહે છે કે રતવા બહારના ભાગનો (=ઉપરઉપરનો), અંદરના ભાગનો (=ઊંડા ભાગમાં થતો) અને બહારના તથા અંદરના એમ બંને ભાગમાં થતો હોવાને લીધે એનાં અધિષ્ઠાન (સ્થાન, જગ્યા) ત્રણ હોય છે, અને પહેલાં કરતાં બીજો અને બીજા કરતાં ત્રીજો રતવા વધારે નેવધારે દુઃસાધ્ય હોય છે (=બાહ્ય કરતાં આંતર અને આંતર કરતાં બાહ્યાંતર રતવા વધારે ને વધારે દુઃસાધ્ય હોય છે).

રતવાનું કારણ

तत्र दोषा यथायथम् ।
प्रकोपणैः प्रकुपिता विशेषेण विदाहिभिः ॥४४॥
देहे शीघ्रं विसर्पन्ति तेऽन्तरन्तःस्थिता बहिः ।
बहिःस्था द्वितये द्विस्थाः

તેમાં પોતપોતાને કોપાવનારાં કારણોથી અને ખાસ કરીને વિદાહી પદાર્થોથી કોપેલા દોષો શરીરમાં એકદમ ફરી વળે છે. એ દોષો શરીરની અંદરના ભાગમાં રહ્યા હોય તો આંતર વિસર્પ કરે, બહારના ભાગમાં રહેલા હોય તો બાહ્ય વિસર્પ કરે અને બંને ભાગમાં રહેલા હોય તો બાહ્યાંતર વિસર્પ કરે.

અંતરાશ્રય (=આંતર) અને બાહ્યાશ્રય રતવાનાં લક્ષણ

विद्यात्तत्रान्तराश्रयम् ॥४५॥
मर्मोपतापात्सम्मोहादयनानां विघट्टनात् ।
तृष्णातियोगाद्वेगानां विषमं च प्रवर्तनात् ॥४६॥
आशु चाग्निबलभ्रंशादतो बाह्यं विपर्ययात् ।

મર્મસ્થાનમાં દુઃખ થાય, મૂર્છા આવે, (-કાન, નાક વગેરે) શરીરના માર્ગો બહુ ફરકે (થડકે), બહુ જ તરસ લાગ્યા કરે, વેગો રહીરહીને (=કકડેકકડે) બહાર નીકળે, જઠરાગ્નિનો અને બળનો એકદમ નાશ થાય તે ઉપરથી અંતરાશ્રય રતવા સમજવો. ઉપર કહ્યાં તેનાથી ઊંધાં લક્ષણો હોય તો બાહ્યાશ્રય રતવા સમજવો.

વાયુના રતવાનાં લક્ષણ

तत्र वातात्परीसर्पो वातज्वरसमव्यथः ॥४७॥
शोफस्फुरणनिस्तोदभेदायामार्तिहर्षवान् ।

તેમાં (બધા રતવામાંથી) વાયુથી થતા રતવામાં વાયુના તાવ જેવી પીડા થાય છે અને સોજો, ફરકાટ, તોદ, ભેદ, લંબાઈ (=વિસ્તાર), પીડા અને હર્ષવાળો હોય છે. (હર્ષવાળો=તેમાં રૂંવાડાં ઊભાં થઈ જાય છે.)

પિત્તના રતવાનાં લક્ષણ

पित्ताद्द्रुतगतिः पित्तज्वरलिङ्गोऽतिलोहितः ॥४८

પિત્તથી થતો રતવા ઝટ પ્રસરી જાય છે, એનાં લક્ષણ પિત્તજ્વરના લક્ષણ જેવાં હોય છે અને એ બહુ જ લાલ હોય છે.

કફથી થતા રતવાનાં લક્ષણ

कफात्कण्डूयुतः स्निग्धः कफज्वरसमानरुक् ।

કફથી થતો રતવા ખણજવાળો, સ્નિગ્ધ અને કફજ્વર જેવી પીડાવાળો હોય છે.

स्वदोषलिङ्गैश्चीयन्ते सर्वे स्फोटैरुपेक्षिताः ॥४९॥
ते पक्वभिन्नाः स्वं स्वं च बिभ्रति व्रणलक्षणम् ।

બધી જાતના રતવામાં જો શાસ્ત્રોક્ત ઉપાય

કરવામાં ન આવે તો જે દોષને રતવા હોય તે દોષનાં લક્ષણવાળી ફોલ્લીઓફોલ્લીઓ રતવા ઉપર ભરાઈ જાય છે. જો એ રતવાને પાકયા પછી ફોડવામાં (=ચીરવામાં) આવે, તો જે દોષને રતવા હોય તે દોષના વ્રણનાં લક્ષણ (=ઉ. ૨૫) ધારણ કરે છે.

વાતપિત્તવિસર્પ(=અગ્નિવિસર્પ)નાં લક્ષણ

वातपित्ताज्ज्वरच्छर्दिमूर्च्छातीसारतृड्भ्रमैः ॥५०॥
अस्थिभेदाग्निसदनतमकारोचकैर्युतः ।
करोति सर्वमङ्गं च दीप्ताङ्गारावकीर्णवत् ॥ ५१ ॥
यं यं देशं विसर्पश्च विसर्पति भवेत्स स ।
शान्ताङ्गारासितो नीलो रक्तो वाऽऽशु च चीयते ॥ ५२ ॥
अग्निदग्ध इव स्फोटैः शीघ्रगत्वाद् द्रुतं च सः ।
मर्मानुसारी वीसर्पः स्याद्वातोऽतिबलस्ततः ॥५३
व्यथेताङ्गं हरेत्संज्ञां निद्रां च श्वासमीरयेत् ।
हिध्मां च स गतोऽवस्थामीदृशीं लभते न ना ॥५४
क्वचिच्छर्मारतिग्रस्तो भूमिशय्यासनादिषु ।
चेष्टमानस्ततः क्लिष्टो मनोदेहश्रमोद्भवाम् ॥५५॥
दुष्प्रबोधोऽश्नुते निद्रां सोऽग्निवीसर्प उच्यते ।

વાયુ અને પિત્ત સાથે કોપવાથી થતા વિસર્પમાં તાવ, ઊલટી, મૂર્ચ્છા, અતિસાર, તરસ, ફેર, હાડકાં ચિરાતા હોય એવી પીડા, જઠરાગ્નિનો સાદ, અંધારા અને અરુચિ હોય છે, જાણે આખા શરીર ઉપર સળગતા અંગારા પાથર્યા હોય એવું આખું શરીર લાગે છે, જે જે ભાગમાં રતવા ફરે છે તે તે ભાગ હોલવાયેલા અંગારા જેવો કાળો, ગળી જેવા રંગનો કે રાતો થઈ જાય છે, તથા દેવતાથી દાઝયા જેવા ફોલ્લાફોલ્લા થઈ આવે છે. આ વિસર્પ ઝટ પ્રસરી જતો હોવાથી ઝડપથી મર્મને અનુસરે છે, પછી ધીમેધીમે વાયુ બહુ બળવાન બનીને શરીરમા પીડા કરે છે, બેભાન બનાવી દે છે, ઊંઘ ઉડાડી મૂકે છે, શ્વાસ અને હેડકી ઉપાડે છે. આવી સ્થિતિએ પહોંચેલા રતવામા માણસ અણગમામાં ડૂબી જાય છે અને એને જમીન પર, પથારીમા કે બેઠક વગેરે ઉપર કોઈ ઠેકાણે ચેન પડતું નથી. પછી દુઃખી થઈને આળોટતાઆળોટતાં મન અને શરીરના થાકને લીધે એવી ઊંઘ આવી જાય છે કે જેમાંથી બહુ મુશ્કેલીથી જગાડી શકાય છે. આને અગ્નિવિસર્પ કહે છે.

વાતકફવિસર્પ(=ગ્રન્થિવિસર્પ)નાં લક્ષણ

कफेन रुद्धः पवनो भित्त्वा तं बहुधा कफम् ॥५६॥
रक्तं वा वृद्धरक्तस्य त्वक्सिरास्नावमांसगम् ।
दूषयित्वा च दीर्घाण्वृत्तस्थूलखरात्मनाम् ॥५७॥
ग्रन्थीनां कुरुते मालां रक्तानां तीव्ररुग्ज्वराम् ।
श्वासकासातिसारास्यशोषहिध्मावमिभ्रमैः ॥५८
मोहवैवर्ण्यमूर्च्छाङ्गभङ्गाग्निसदनैर्युताम् ।
इत्ययं ग्रन्थिवीसर्पः कफमारुतकोपजः ॥ ५९ ॥

કફ વડે રોકાયેલો વાયુ કફને અનેક ભાગમા તોડી નાખીને, અથવા જેનામાં લોહી વધી ગયુ હોય તેવા માણસના ચામડી, શિરા, સ્નાયુ અને માંસમાં રહેલા લોહીને બગાડીને (=આ બે રીતે) વાયુ લાંબી, ઝીણી, ગોળ, જાડી, ખર અને રાતી ગાંઠાની હારમાળા બનાવે છે. એમા સખત પીડા, તાવ, શ્વાસ, ઉધરસ, અતિસાર, મો સુકાય, હેડકી, ઊલટી, ફેર, મોહ, રંગ બગડી જાય, મૂર્ચ્છા, શરીર તૂટે અને જઠરાગ્નિનો સાદ—એટલા વાનાં હોય છે. આ ગ્રન્થિવિસર્પ કફ અને વાયુ સાથે કોપવાથી થાય છે.

કફપિત્તવિસર્પ(=કર્દમવિસર્પ)નાં લક્ષણ

कफपित्ताज्ज्वरः स्तम्भो निद्रातन्द्राशिरोरुजः ।
अङ्गावसादविक्षेपप्रलापारोचकभ्रमाः ॥ ६० ॥
मूर्च्छाग्निहानिर्भेदोऽस्थ्नां पिपासेन्द्रियगौरवम् ।
आमोपवेशनं लेपः स्रोतसां स च सर्पति ॥६१॥
प्रायेणामाशये गृह्णन्नेकदेशं न चातिरुक् ।
पिटकैरवकीर्णोऽतिपीतलोहितपाण्डुरैः ॥६२॥
मेचकाभोऽसितः स्निग्धो मलिनः शोफवान् गुरुः ।
गम्भीरपाकः प्राज्योष्मा स्पृष्टः क्लिन्नोऽवदीर्यते ॥ ६३ ॥
पङ्कवच्छीर्णमांसश्च स्पष्टस्नायुसिरागणः ।
शवगन्धिश्च वीसर्पं कर्दमाख्यमुशन्ति तम् ॥६४

કફ અને પિત્ત સાથે કોપવાથી થતા રતવામાં તાવ, સ્તંભ, ઊંઘ, ઘેન, પીડા, અંગસાદ, વિક્ષેપ, લવરી, અરુચિ, ફેર, મૂર્ચ્છા, જઠરાગ્નિ ઓછો થાય, હાડકા ચિરાતા હોય એવી પીડા, તરસ, ઇંદ્રિયો ભારે થઈ જાય, કાચો ઝાડો થાય અને સ્રોતો કફ વગેરેથી લીંપાઈ જાય. આ વિસર્પ હોજરીમાં એક ભાગને પહેલો પકડીને પછી આખા શરીરમાં ફેલાવા માંડે છે, એમાં બહુ પીડા થતી નથી; બહુ પીળી, લાલ અને ધોળી ફોલ્લીઓથી છવાઈ જાય છે. એ રતવા મેચક (=મોરના ગળા) જેવો કાળો, સ્નિગ્ધ, મેલો, સોજાવાળો, ભારે, ઊંડાણમાં પાકે એવો, બહુ ગરમ, અડકવામાં પચપચો અને અડકવાથી ઉતરડાઈ જાય એવો, કાદવ જેવો, છિન્નભિન્ન થઈ ગયેલા માંસવાળો, સ્નાયુઓ અને શિરાઓનો સમૂહ સ્પષ્ટ દેખાઈ આવે એવો અને મડદા જેવો ગંધાતો હોય છે. એ રતવાને કર્દમવિસર્પ કહે છે.

ત્રિદોષના રતવાનાં લક્ષણ

सर्वजो लक्षणैः सर्वैः सर्वधात्वतिसर्पणः ।

બધા દોષો સાથે કોપવાથી થતા રતવામાં બધા છૂટાછૂટા દોષોના રતવાના લક્ષણો ભેગા હોય છે. આ રતવા બધી ધાતુઓમા પુષ્કળ ફેલાઈ જાય છે.

અભિઘાતથી થતા વિસર્પનાં લક્ષણ

बाह्यहेतोः क्षतात्क्रुद्धः सरक्तं पित्तमीरयन् ॥ ६५
विसर्पं मारुतः कुर्यात् कुलत्थसदृशैश्चितम् ।
स्फोटैः शोफज्वररुजादाहाढ्यं श्यावलोहितम् ॥

શસ્ત્ર વગેરે બહારના કારણથી વ્રણ થવાથી કોપેલો વાયુ લોહી સાથે પિત્તને કોપાવીને કળથી જેવી ફોલ્લીઓથી ભરેલો; પુષ્કળ સોજો, તાવ, પીડા અને બળતરાવાળો; લાલ બદામી રંગનો રતવા કરે છે.

સાધ્ય-અસાધ્ય

पृथग्दोषैस्त्रयः साध्या द्वन्द्वजाश्चानुपद्रवाः ।
असाध्यौ क्षत सर्वोत्थौ सर्वे चाक्रान्तमर्मकाः ॥६७
शीर्णस्नायुसिरामांसाः प्रक्लिन्नाः शवगन्धयः ॥ ६७३ ॥

इति विसर्पनिदानम् ।

છૂટાછૂટા દોષ કોપવાથી થતા ત્રણ રતવા સાધ્ય છે, બે દોષ ભેગા કોપવાથી થયેલા રતવામાં જો ઉપદ્રવો ન હોય તો એ સાધ્ય છે, અભિઘાતથી થયેલો અને ત્રિદોષનો એ બે રતવા અસાધ્ય છે. જો મર્મસ્થાનમાં રતવા થયો હોય, સ્નાયુ, શિરા અને માંસ મરી ગયા હોય, બહુ પચપચું થઈ ગયું હોય અને મડદા જેવી ગંધ મારતી હોય તો બધા રતવા અસાધ્ય છે.

આમ રતવાનુ નિદાન પૂરું થયુ.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने पाण्डुरोगशोफविसर्प-निदान नाम त्रयोदशोऽध्याय. ॥ १३ ॥

અધ્યાય ૧૪મો

अथात. कुष्ठश्वित्रक्रिमिनिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે કુષ્ઠ (=ચામડીના રોગો), શ્વિત્ર (=ધોળો કોઢ) અને કૃમિ(=કરમિયા, જૂ વગેરે)નુ નિદાન સમજાવીશું. એ બાબતમા આત્રેય વગેરે મહર્ષિઓ આ પ્રમાણે કહી ગયા છે.

કુષ્ઠનાં કારણ અને સંપ્રાપ્તિ

मिथ्याहारविहारेण विशेषेण विरोधिना ।
साधुनिन्दावधान्यस्वहरणाद्यैश्च सेवितैः ॥ १ ॥
पाप्मभिः कर्मभि. सद्यः प्राक्तनैर्वेरिता मलाः ।
सिराः प्रपद्य तिर्यगास्त्वग्लसीकासृगामिषम् ॥
दूषयन्ति श्लथीकृत्य निश्चरन्तस्ततो बहिः ।
त्वचः कुर्वन्ति वैवर्ण्यं दुष्टाः कुष्ठमुशन्ति तत् ॥

મિથ્યા આહારથી, મિથ્યા વિહારથી, ખાસ કરીને વિરુદ્ધ ભોજનથી, આ જન્મે કરેલાં કે ગયા જન્મોમા કરેલાં—સારા માણસોની નિંદા, સારા માણસોનો વધ, પારકી મિલકત લઈ લેવી વગેરે—પાપકર્મો કરવાથી કોપેલા દોષો આડી (=ઊભી નહિ) જતી શિરાઓમા જઈને ચામડી, લસિકા, લોહી અને માંસને બગાડે છે અને પછી એમને (=ચામડી, લસિકા, લોહી અને માંસને) ઢીલાં કરી દઈને પછી બહાર

(=શરીરના ઊંડાણમાં નહિ) ફરતા બગડેલા દોષો ચામડીનો રંગ બગાડી નાખે છે એને કુષ્ઠ કહે છે.

ધોળો કોઢ કુષ્ઠથી જુદો શા માટે?

कालेनोपेक्षितं यस्मात्सर्वं कुष्णाति तद्वपुः ।
प्रपद्य धातून्व्याप्यान्तः सर्वान् संक्लेद्य चावहेत् ॥ ४॥
सस्वेदक्लेदसङ्कोथान् कृमीन् सूक्ष्मान् सुदारुणान् ।
लोमत्वक्स्नायुधमनीतरुणास्थीनि यैः क्रमात् ॥
भक्षयेच्छ्वित्रमस्माच्च कुष्ठबाह्यमुदाहृतम् ।

જે કુષ્ઠની શાસ્ત્રોક્ત ચિકિત્સા ન થાય તો વખત જતા તે (=કુષ્ઠ) આખા શરીરને ચીરી નાખે છે (અથવા ખરાબ કરી મૂકે છે), એ કુષ્ઠ ધાતુઓમાં પહોંચીને ધાતુઓની અંદર પ્રસરી જઈને, બધી ધાતુઓને ગદગદી કરીને, પરસેવો, પચપચાપણું, કહોવાટ અને ઝીણા તથા ઘણા ભયંકર કૃમિ ઉત્પન્ન કરે છે, જે કૃમિ દ્વારા ધીમેધીમે કુષ્ઠ રૂંવાડાં, ચામડી, સ્નાયુ, ધમની અને કૂણાં હાડકાંને ખાઈ જાય છે અને આ કારણસર શ્વિત્ર(=ધોળા કોઢ)ને કુષ્ઠથી જુદો કહ્યો છે (ધોળા કોઢમાં ક્લેદ, કૃમિ વગેરે હોતા નથી તેથી ધોળો કોઢ કુષ્ઠથી જુદો છે.)

સંખ્યા

कुष्ठानि सप्तधा दोषैः पृथग्द्वन्द्वैः समागतैः । ६

કુષ્ઠ સાત રીતે થાય છે : છૂટાછૂટા ત્રણ દોષથી, બે બે દોષ સાથે કોપવાથી અને ત્રણે દોષ સાથે કોપવાથી

सर्वेष्वपि त्रिदोषेषु व्यपदेशोऽधिकत्वतः ।

બધા કુષ્ઠ ત્રણે દોષ સાથે કોપવાથી થતા હોવા છતાં જે કુષ્ઠમાં જે દોષ વધારે કોપ્યો હોય તે ઉપરથી તે કુષ્ઠ અમુક દોષનો છે એવું નામ આપવામાં આવે છે

કુષ્ઠનાં નામ: ક્યો કુષ્ઠ ક્યો દોષ વધારે કોપવાથી થાય છે?

वातेन कुष्ठं कापालं, पित्तादौदुम्बरं, कफात् ।७॥
मण्डलाख्यं विचर्चो च, ऋक्षाख्यं वातपित्तजम् ।
चर्मैककुष्ठकिटिभसिध्मालसविपादिकाः ॥ ८॥
वातश्लेष्मोद्भवाः श्लेष्मपित्ताद्दद्रुशतारुषी ।
पुण्डरीकं सविस्फोटं पामा चर्मदलं तथा ॥९॥
सर्वैः स्यात्काकणं,

વાયુથી(=વાયુ વધારે કોપવાથી) કાપાલકુષ્ઠ, પિત્તથી ઔદુંબરકુષ્ઠ, કફથી મંડલકુષ્ઠ, અને વિચર્ચી, વાયુ અને પિત્ત બંને વધારે કોપવાથી ઋક્ષકુષ્ઠ, વાયુ અને કફ બંને વધારે કોપવાથી ચર્મ, એકકુષ્ઠ, કિટિભ, સિધ્મ, અલસ અને વિપાદિકા નામના કુષ્ઠ, કફ અને પિત્ત બંને વધારે કોપવાથી દદ્રુ, શતારુષી, પુંડરીક, વિસ્ફોટ, પામા અને ચર્મદલ તથા ત્રણે દોષ એકસરખા વધારે કોપવાથી કાકણકુષ્ઠ થાય છે

સાત મહાકુષ્ઠ

पूर्वं त्रिकं दद्रु सकाकणम् ।
पुण्डरीकर्क्षजिह्वे च महाकुष्ठानि सप्त तु ॥ १०॥

પહેલા ત્રણ(=કાપાલ, ઔદુંબર અને મંડલ), દદ્રુ, કાકણ, પુણ્ડરીક અને ઋક્ષજિહ્વ—એ સાત મહાકુષ્ઠ છે

કુષ્ઠનું પૂર્વરૂપ

अतिश्लक्ष्णखरस्पर्शखेदास्वेदविवर्णताः ।
दाहः कण्डूस्त्वचि स्वापस्तोदः कोठोन्नतिः श्रमः ॥ ११॥
व्रणानामधिकं शूलं शीघ्रोत्पत्तिश्चिरस्थितिः ।
रूढानामपि रूक्षत्वं निमित्तेऽल्पेऽपि कोपनम् ॥१२
रोमहर्षोऽसृजः कार्ष्ण्यं कुष्ठलक्षणमग्रजम् ।

બહુ શ્લક્ષ્ણપણું, અડકવામાં ખરપણું, પરસેવો ન થાય, ચામડીનો રંગ બગડી જાય, ખળતણ, ખણજ, ચામડી બહેરી થઈ જાય, ચામડીમાં તોદ થાય, ઢીમણાં થાય, થાક, વ્રણોમાં વધારે સણકા આવે, વ્રણો ઝટ થાય અને લાંબા વખત સુધી ચાલુ રહે, વ્રણો રુઝાયા છતાં પણ લૂખાશ આવે અને સહેજ કારણ મળતાં ફરીથી વ્રણ થાય, રૂંવાડાં ઊભાં થાય, લોહી કાળું પડી જાય—આ કુષ્ઠનું પૂર્વરૂપ છે

કાપાલકુષ્ઠ

कृष्णारुणकपालाभं रूक्षं सुप्तं खरं तनु ॥ १३॥
विस्तृतासमपर्यन्तं हृषितैर्लोमभिश्चितम् ।
तोदाढ्यमल्पकण्डूकं कापालं शीघ्रसर्पि च ॥१४॥

કાળા અને આછા લાલ ઠીકરા જેવો, લૂખો, ખર, પાતળી ચામડીવાળો, ફેલાયેલા અને લાંબા-ટૂંકા છેડાવાળો, ખડાં થયેલાં રૂંવાડાંથી ભરચક, પુષ્કળ તોદવાળો, થોડી ખણુજવાળો અને ઝટ પ્રસરી જાય એવો કુષ્ઠ કાપાલકુષ્ઠ છે.

ઔદુંબરકુષ્ઠ

पक्वोदुम्बरताम्रत्वग्रोमगौरसिराचितम् ।
बहलं बहलक्लेदरक्तं दाहरुजाधिकम् ॥१५॥
आशूत्थानावदरणक्रिमि विद्यादुदुम्बरम् ।

પાકા ઉમૈડાના ફળ જેવાં તાંબાવર્ણાં, ચામડી અને રૂંવાડાંવાળા, ગૌરવર્ણી શિરાઓથી ભરચક, ઘટ્ટ, પુષ્કળ ગદગદા અને લોહીવાળા, પુષ્કળ બળતરા અને પીડાવાળા, ઝટ ઊપડી આવે એવા, ઝટ ફાટે એવા અને ઝટ કૃમિ થાય એવા કુષ્ઠને ઔદુંબરકુષ્ઠ જાણવો.

મંડલકુષ્ઠ

स्थिरं स्त्यानं गुरु स्निग्धं श्वेतरक्तमनाशुगम् ॥१६
अन्योन्यसक्तमुत्सन्नं बहुकण्डूस्रुतिक्रिमि ।
श्लक्ष्णपीताभपर्यन्तं मण्डलं परिमण्डलम् ॥१७॥

સ્થિર, સ્ત્યાન, ભારે, સ્નિગ્ધ, ધોળાશ-પડતા રાતા, ઝટ ન પ્રસરે એવા, એકબીજા સાથે જોડાયેલા, ઉત્સેધવાળા; પુષ્કળ ખણુજ, સ્રાવ અને કૃમિવાળા; લીસા અને પીળા છેડા-વાળા ગોળાકાર કુષ્ઠને મંડલકુષ્ઠ જાણવો.

વિચર્ચિકા (=વિચાર્ચી, ખરજવું)

सकण्डूपिटिका श्यावा
लसीकाढ्या विचर्चिका ।

વિચર્ચિકાકુષ્ઠ ખણુજવાળો, ફોલ્લીઓવાળો, બદામી રંગનો અને લસિકાથી ભરચક હોય છે.

ઋક્ષજિહ્વ

परुषं तनु रक्तान्तमन्तःश्यावं समुन्नतम् ॥१८॥
सतोददाहरुक्क्लेदं कर्कशैः पिटिकैश्चितम् ।
ऋक्षजिह्वाकृति प्रोक्तमृक्षजिह्वं बहुक्रिमि ॥१९॥

પુરુષ, છેડા આગળ આછા અને લાલ, અંદર (વચ્ચે) બદામી રંગના, ઊપસેલા; તોદ, બળતરા અને પીડાવાળા, ગદગદા, કર્કશ ફોલ્લીઓથી ભરચક, રીંછની જીભ જેવા આકારના અને બહુ કૃમિવાળા કુષ્ઠને ઋક્ષજિહ્વ કહે છે.

ચર્મકુષ્ઠ

हस्तिचर्मखरस्पर्शं चर्म

હાથીની ચામડી જેવા ખડબચડા સ્પર્શ-વાળા કુષ્ઠને ચર્મકુષ્ઠ કહે છે.

એકકુષ્ઠ

एकाख्यं महाश्रयम् ।
अस्वेदं मत्स्यशकलसन्निभम्

એકકુષ્ઠ નામનો કુષ્ઠ લાંબી પહોળી (=પુષ્કળ) જગ્યામાં થાય છે, એમાં પરસેવો થતો નથી અને એ માછલીના ભીંગડા જેવો હોય છે.

કિટિભ

किटिभं पुनः ॥२०॥
रूक्षं किणखरस्पर्शं कण्डूमत्परुषासितम् ।

પણ કિટિભકુષ્ઠ લૂખો, અડકવામાં આંટણ જેવો ખર, ખણુજવાળો, કઠણ અને કાળો હોય છે.

સિધ્મ (=કરોળિયા)

सिध्मं रूक्षं बहिः स्निग्धमन्तर्घृष्टं रजः किरेत् ॥२१
श्लक्ष्णस्पर्शं तनु श्वेतताम्रं दौग्धिकपुष्पवत् ।
प्रायेण चोर्ध्वकाये स्यात्

કરોળિયા બહારથી લૂખા, અંદરથી સ્નિગ્ધ, ઘસાવાથી ઝીણી ફોતરી ખરે એવા, અડકવામાં શ્લક્ષ્ણ, પાતળા, ધોળાશપડતા, તાંબાવર્ણા, દૂધીના ફૂલ જેવા હોય છે. એ સામાન્ય રીતે ~~ઉર્ધ્વ~~ ઉપરના ભાગમાં થાય છે.

અલસક(=અલસ)કુષ્ઠ

गण्डैः कण्डूयुतैश्चितम् ॥२२॥
रक्तैरलसकम्

ખણુજવાળાં રાતા ગૂમડાંથી ભરચક કુષ્ઠને અલસકકુષ્ઠ કહે છે.

વિપાદિકા (=હાથપગ ફાટવા)

पाणिपाददार्यो विपादिकाः ।
तीव्रार्त्यो मन्दकण्ड्वश्च सरागपिटिकाचिताः ॥२३

તીવ્ર પીડાવાળા, થોડી ખણુજવાળા, આછી રાતી ફોલ્લીઓથી ભરચક હાથપગના વાઢિયા એ વિપાદિકાકુષ્ઠ છે.

દદ્રુ (=દદ્રૂ, દાદર, દરાજ)

दीर्घप्रतानाा दूर्वावदतसीकुसुमच्छविः ।
उत्सन्नमण्डला दद्रुः कण्डूमत्यनुषङ्गिणी ॥२४॥

દાદર ઘરોની માફક લાંબી પ્રસરે છે, અળશીના ફૂલ જેવા રંગની હોય છે, એનાં ગોળ ચકામાં ઊપસેલાં હોય છે, એમાં ખણુજ આવે છે અને એ (=દાદર) લાંબા વખત સુધી ચાલુ રહે એવી હોય છે.

શતારુ (=શતારુષી)

स्थूलमूलं सदाहार्ति रक्तश्यावं बहुव्रणम्।
शतारुः क्लेदजन्त्वाढ्यं प्रायशः पर्वजन्म च ॥ २५

શતારુ નામનો કુષ્ઠ સ્થૂલ મૂળવાળો, બળતરા અને પીડાવાળો, રાતા બદામી રંગનો, બહુ વ્રણવાળો, બહુ ગદગદો (=પચપચો), જીવાતથી ભરેલો અને સામાન્ય રીતે પર્વ ઉપર થાય એવો હોય છે.

પુણ્ડરીક

रक्तान्तमन्तरा पाण्डु कण्डुदाहरुजान्वितम्।
सोत्सेधमाचितं रक्तैः पद्मपत्रमिवांशुभिः ॥ २६ ॥
घनभूरिलसीकासृक्प्रायमाशु विभेदि च।
पुण्डरीकम्

પુણ્ડરીક નામનો કુષ્ઠ છેડા આગળ રાતો, વચ્ચે ધોળો; ખણુજ, બળતરા અને પીડાવાળો, ઉત્સેધવાળો, કમળના પાંદડાની માફક રાતી ઝીણી રેખાઓથી ભરેલો, ઘટ્ટ અને પુષ્કળ લસિકા અને લોહીથી ભરેલો અને ઝટ ફાટે એવો હોય છે.

વિસ્ફોટ

तनुत्वग्भिश्चितं स्फोटैः सितारुणैः ॥ २७॥
विस्फोटम्

પાતળી ચામડીવાળા ધોળા અને આછા લાલ ફોલ્લાઓથી ભરચક કુષ્ઠને વિસ્ફોટ કહે છે.

પામા (=ખસ)

पिटिकाः पामा कण्डूक्लेदरुजाधिकाः।
सूक्ष्माः श्यावारुणा बह्वयः
प्रायः स्फिक्पाणिकूर्परे ॥ २८ ॥

પુષ્કળ ખણુજ, ક્લેદ (=ચેપનું પાણી) અને પીડાવાળી, ઝીણી બદામી-રંગની અને લાલ ઘણી ફોલ્લીઓ તે ખસ છે અને એ મોટે ભાગે કૂલા, હાથ અને કૂર્પર (=કોણી અને ઢીંચણ) ઉપર થાય છે.

ચર્મદલ

सस्फोटमस्पर्शसहं कण्डूषातोददाहवत्।
रक्तं दलच्चर्मदलम्

ચર્મદલકુષ્ઠ ફોલ્લાવાળો, સ્પર્શ ખમી ન શકે એવો; ખણુજ, ઊષા, તોદ અને બળતરાવાળો, રાતો અને વધે એવો (અથવા ફાટે એવો) હોય છે.

કાકણકુષ્ઠ

काकणं तीव्रदाहरुक् ॥ २९ ॥
पूर्वं रक्तं च कृष्णं च काकणन्तीफलोपमम्।
कुष्ठलिङ्गैर्युतं सर्वैर्नैकवर्णं ततो भवेत् ॥ ३० ॥

કાકણ નામનો કુષ્ઠ સખત બળતરા અને પીડાવાળો, શરૂઆતમાં રાતો અને કાળો, ચણોઠી જેવો અને કુષ્ઠનાં બધાં લક્ષણોવાળો હોય છે. પછી એ અનેકરંગી બની જાય છે.

કયો દોષ અધિક છે તે શા ઉપરથી કહેવું?

दोषभेदीयविहितैरादिशेल्लिङ्गकर्मभिः।
कुष्ठेषु दोषोल्बणताम्

દોષભેદીય અધ્યાયમાં (=સૂ. અ. ૧૨માં) આપેલાં દોષોનાં લક્ષણ અને કામ (=અસર) ઉપરથી કુષ્ઠોમાં કયો દોષ વધારે છે તે કહેવું.

સાધ્ય-અસાધ્યનો વિચાર

सर्वदोषोल्बणं त्यजेत् ॥ ३१ ॥
रिष्टोक्तं यच्च यच्चास्थिमज्जशुक्रसमाश्रयम्।

જેમાં ત્રણે દોષ પુષ્કળ કોપ્યા હોય એવો કુષ્ઠ, રિષ્ટમાં (શા. અ. ૫માં) કહેલો કુષ્ઠ અને હાડકાં, મજ્જા અને વીર્ય જેનુ આશ્રયસ્થાન હોય એવો કુષ્ઠ-એ ત્રણ પ્રકારના કુષ્ઠને છોડી દેવાં (=અસાધ્ય ગણીને ઉપાય કરવા નહિ).

याप्यं मेदोगतम्

ચરબીમાં ઊતરેલો કુષ્ઠ યાપ્ય છે.

कृच्छ्रं पित्तद्वन्द्वास्रमांसगम् ॥ ३२ ॥

પિત્ત જેમાં પુષ્કળ હોય એવો, કુષ્ઠ, બે દોષ સાથે વધારે કોપવાથી થયેલો કુષ્ઠ, લોહીમાં ઊતરેલો કુષ્ઠ, માંસમા ઊતરેલો કુષ્ઠ કૃચ્છ્રસાધ્ય છે.

अकृच्छ्रं कफवाताढ्यं त्वक्स्थमेकमलं च यत्।

કફ જેમાં પુષ્કળ હોય એવો, વાયુ જેમાં પુષ્કળ હોય એવો, ચામડીમાં રહેલો અને

જેમાં એક જ દોષ વધારે કોપ્યો હોય એવો કુષ્ઠ કૃચ્છ્રસાધ્ય નથી (=સુસાધ્ય છે).

ચામડી વગેરેમાં રહેલા કુષ્ઠનાં લક્ષણ

तत्र त्वचि स्थिते कुष्ठे तोदवैवर्ण्यरूक्षताः ॥ ३३ ॥
स्वेदस्वापश्वयथवः शोणिते, पिशिते पुनः।
पाणिपादाश्रिताः स्फोटाः
क्लेदः सन्धिषु चाधिकम् ॥ ३४ ।
कौण्यं गतिक्षयोऽङ्गानां दलनं स्याच्च मेदसि।
नासाभङ्गोऽस्थिमज्जस्थे नेत्ररागः स्वरक्षयः ॥३५
क्षते च कृमयः, शुक्रे स्वदारापत्यबाधनम्।

તેમાં કુષ્ઠ ચામડીમાં (=રસધાતુમાં) રહેલો હોય તો તોદ થાય, ચામડીનો રંગ બગડી જાય અને ચામડી લૂખી પડી જાય; લોહીમાં રહ્યો હોય તો પરસેવો થાય, સુપ્તિ થાય અને સોજો આવે; વળી માંસમાં રહ્યો હોય તો હાથ-પગ ઉપર ફોલ્લા થાય અને સાંધાઓમાં વધારે ક્લેદ થાય; ચરબીમાં રહ્યો હોય તો ઠૂંઠા થઈ જવાય, ચાલી શકાય નહિ અને અવયવો કપાતા હોય એવી પીડા થાય; હાડકામાં કે મજ્જામાં કુષ્ઠ રહ્યો હોય તો નાક બેસી જાય (=ચીબું થઈ જાય, ભાંગી જાય), આંખો લાલ થઈ જાય, અવાજ નીકળે નહિ અને ઘામાં જીવડાં પડે; વીર્યમાં કુષ્ઠ રહ્યો હોય તો પોતાની સ્ત્રી અને બાળકોને નડે (=સ્ત્રી અને બાળકોને પણ કુષ્ઠ થાય).

यथापूर्वं च सर्वाणि स्युर्लिङ्गान्यसृगादिषु ॥ ३६
इति कुष्ठनिदानम्।

લોહીમાં રહેલા કુષ્ઠથી શરૂ થતા કુષ્ઠોમાં એની પહેલાંના કુષ્ઠનાં બધાં લક્ષણો પણ હોય છે. (દા. ત. લોહીમાં રહેલા કુષ્ઠમાં એનાં પોતાનાં ખાસ લક્ષણો હોવા ઉપરાંત ચામડીમાં રહેલા કુષ્ઠનાં લક્ષણો પણ હોય છે. માંસમાં રહેલા કુષ્ઠમાં એનાં પોતાનાં ખાસ લક્ષણો ઉપરાંત ચામડીમાં રહેલા કુષ્ઠનાં અને લોહીમાં રહેલા કુષ્ઠનાં લક્ષણો પણ હોય છે. એ રીતે વીર્યમાં રહેલા કુષ્ઠમાં શ્લોક ૩૩થી ૩૫ સુધીમાં ગણાવેલાં બધાં લક્ષણો હોય છે.)

આમ કુષ્ઠનું નિદાન પૂરું થયું.

अथ श्वित्रनिदानम्।

શ્વિત્ર (=ધોળો કોઢ)

શ્વિત્રની સંપ્રાપ્તિ અને બીજાં નામ

कुष्ठैकसम्भवं श्वित्रं किलासं दारुणं च तत्।
निर्दिष्टमपरिस्रावि त्रिधातूद्भवसंश्रयम् ॥ ३७ ॥

શ્વિત્ર (ધોળો કોઢ) કુષ્ઠોની માફક જ ઉત્પન્ન થાય છે, એ કિલાસ અને દારુણ કહેવાય છે (=શ્વિત્રનાં બીજાં નામ કિલાસ અને દારુણ છે), એમાંથી ચેપ નીકળતો નથી અને એ ત્રણ દોષોથી થાય છે અને ત્રણ ધાતુઓમાં (=લોહી, માંસ, ચરબીમાં) એ રહે છે.

દોષ પ્રમાણે લક્ષણ

वाताद्रूक्षारुणं, पित्तात्ताम्रं कमलपत्रवत्।
सदाहं रोमविध्वंसि, कफाच्छ्वेतं घनं गुरु ॥३८
सकण्डु च, क्रमाद्रक्तमांसमेदःसु चादिशेत्।

વાયુનો શ્વિત્ર લૂખો અને આછો લાલ, પિત્તનો શ્વિત્ર કમળના પાંદડા જેવો તાંબાવર્ણો, બળતરાવાળો અને રૂંવાડાંનો નાશ કરે એવો; કફનો શ્વિત્ર ધોળો, ઘટ્ટ, ભારે અને ખણજવાળો હોય છે; વાયુનો શ્વિત્ર લોહીમાં, પિત્તનો શ્વિત્ર માંસમાં અને કફનો શ્વિત્ર ચરબીમાં રહે છે એમ કહેવું.

સાધ્ય-અસાધ્ય વિચાર

वर्णेनैवेदगुभयं कृच्छ्रं तच्चोत्तरोत्तरम् ॥ ३९ ॥

દોષથી થયેલા અને ધાતુમાં રહેલા એ બંને શ્વિત્ર રંગે એવા (=સરખા) હોય છે (=વાયુનો શ્વિત્ર જે રંગનો હોય છે તે જ રંગનો લોહીમાં રહેલો શ્વિત્ર હોય છે, પિત્તના શ્વિત્રનો જે રંગ હોય છે તે જ રંગ માંસમાં રહેલા શ્વિત્રનો હોય છે, કફના શ્વિત્રનો જે રંગ હોય છે તે જ રંગ ચરબીમાં રહેલા શ્વિત્રનો હોય છે). એ બંને શ્વિત્ર એક પછી એક વધારે કૃચ્છ્રસાધ્ય છે (વાયુના શ્વિત્ર કરતાં પિત્તનો અને પિત્તના કરતાં કફનો શ્વિત્ર વધારે કૃચ્છ્રસાધ્ય છે. તે જ પ્રમાણે લોહીમાં રહેલા શ્વિત્ર કરતાં માંસમાં રહેલો અને માંસમાં રહેલા કરતાં ચરબીમાં રહેલો શ્વિત્ર વધારે કૃચ્છ્રસાધ્ય છે).

अशुक्लरोमाबहलमसंसृष्टं मिथो नवम् ।
अनग्निदग्धजं साध्यं श्वित्रं वर्ज्यमतोऽन्यथा ॥
गुह्यपाणितलौष्ठेषु जातमप्यचिरन्तनम् ।

જેમા વાળ ધોળા ન થઈ ગયા હોય એવો, બહુ ઘટ્ટ (=ઊંડે સુધી ઊતરેલો) ન હોય એવો, જેના ડાઘા અંદરઅંદર જોડાઈને સળંગ ન થઈ ગયા હોય એવો (=છૂટાછૂટા ચાઠાવાળો), નવો (=જેને થયે એક વરસ ન વીતી ગયું હોય એવો), દાઝવાથી ન થયો હોય એવો શ્વિત્ર સાધ્ય છે, એનાથી ઊંધા શ્વિત્ર અસાધ્ય છે. ગુહ્ય ભાગ, હથેલી અને પગના તળિયા ઉપર થયેલો શ્વિત્ર નવો હોય તોપણ અસાધ્ય છે.

ચેપીપણું

स्पर्शैकाहारशय्यादिसेवनात् प्रायशो गदाः ॥४१
सर्वे सञ्चारिणो, नेत्रत्वग्विकारा विशेषतः ।

इति श्वित्रनिदानम् ।

સામાન્ય રીતે બધા રોગો દરદીને અડકવાથી તથા દરદીના વાસણમાં ખાવાથી, દરદીની પથારીમા સૂવાથી (+દરદીની બેઠક પર બેસવાથી, દરદીના કપડાને અડકવાથી) વગેરેથી ફેલાય છે, તેમાયે આંખના અને ચામડીના રોગ તો ખાસ ફેલાય છે. (આ શ્લોક પ્રમાણે 'કોન્ટેજ્યન્'થી ચેપ લાગે છે, 'ઇન્ફેક્શન'થી નહિ.)

આમ શ્વિત્રરોગનું નિદાન પૂરું થયું.

अथ कृमिनिदानम् ।

કૃમિરોગનું નિદાન

પ્રકાર

कृमयस्तु द्विधा प्रोक्ता बाह्याभ્यन्तरभेदतः ।४२॥

બહારના કૃમિ (કરમ) અને અંદરના કૃમિ એ તફાવતને લીધે કૃમિઓ બે પ્રકારના છે એમ કહ્યું છે. (બહારના કરમ અને અંદરના કરમ).

જન્મની દૃષ્ટિએ કૃમિના પ્રકાર

बहिर्मलकफासृग्विड्जन्मभेदाच्चतुर्विधा ।

શરીરની બહારના ભાગના (પરસેવો વગેરે) મળમાથી, કફમાથી, લોહીમાથી અને ઝાડામાથી ઉત્પન્ન થતા એમ જન્મના ચાર પ્રકારની દૃષ્ટિએ કૃમિઓ ચાર જાતના છે.

નામની દૃષ્ટિએ કૃમિના પ્રકાર

नामतो विंशतिविधा ।

નામા ઉપરથી કૃમિઓ વીસ જાતના છે.

બાહ્યકૃમિ

बाह्यास्तत्रामृजोद्भवा ॥ ४३ ॥
तिलप्रमाणसंस्थानवर्णाः केशाम्बराश्रयाः ।
बहुपादाश्च सूक्ष्माश्च यूका लिक्षाश्च नामतः ॥४४॥
द्विधा ते कोठपिटिकाकण्डूगण्डान् प्रकुर्वते ।

તેમાથી (=બહારના અને અંદરના કૃમિઓમાથી) બહારના કૃમિઓ સ્નાન વગેરેથી બહારની શુદ્ધિ ન થવાને લીધે ઉત્પન્ન થાય છે. એ તલ જેવડા, તલ જેવા આકારના અને તલ જેવા રંગના હોય છે. એ વાળ અને કપડામા રહે છે, એમને ઘણા પગ હોય છે, એ ઝીણા હોય છે, નામની દૃષ્ટિએ એ બે પ્રકારના હોય છે. જૂ અને લીખ. એ કોઠ, ફોલ્લીઓ, ખણુજ અને ગડ કરે છે.

આંતરકૃમિ

कुष्ठैकहेतवोऽन्तर्जा

શરીરની અંદર ઉત્પન્ન થનારા કૃમિ કુષ્ઠ જે કારણથી ઉત્પન્ન થાય છે (શ્લોક ૩થી ૧૩) તે જ કારણથી ઉત્પન્ન થાય છે.

કફના આંતરકૃમિ

श्लेष्मजास्तेषु चाधिकम् ॥ ४५ ॥
मधुराम्लगुडक्षीरदधिसक्तुनवौदनैः ।

તેમાથી (=બધા આંતરકૃમિઓમાથી) કફથી ઉત્પન્ન થતા આંતરકૃમિ વધારામાં ગળ્યું ખાનપાન, ગોળ, દૂધ, દહી, સાથુ અને નવો ભાત ખાવાપીવાથી થાય છે.

ઝાડામાં ઉત્પન્ન થતા આંતરકૃમિ

शकृज्जा बहुविड्धान्यपर्णशाकोलुकादिभिः ॥ ४६

ઝાડામા ઉત્પન્ન થતા આંતરકૃમિ (જવ અને અડદ વગેરે જેવા) બહુ ઝાડો બનાવે એવા અનાજ, (પાલખની ભાજી વગેરે જેવા) બહુ ઝાડો બનાવે એવા શાક, લીલા શિંબી-ધાન્ય વગેરેથી થાય છે.

કફથી આમાશયમાં થયેલા કૃમિ

कफादामाशये जाता वृद्धाः सर्पन्ति सर्वतः ।

पृथुवध्रनिभाः केचित् केचिद्गण्डूपदोपमाः ॥४७॥
रूढधान्याङ्कुराकारास्तनुदीर्घास्तथाऽणवः ।
श्वेतास्ताम्रावभासाश्च नामतः सप्तधा तु ते ॥४८॥
अन्त्रादा उदरावेष्टा हृदयादा महाकुहाः ।
कुरवो दर्भकुसुमाः सुगन्धास्ते च कुर्वते ॥४९॥
हृल्लासमास्यस्रवणमविपाकमरोचकम् ।
मूर्च्छाच्छर्दिज्वरानाहकार्श्यक्षवथुपीनसान् ॥५०॥

કફને લીધે આમાશયમાં જન્મેલા કૃમિઓ મોટા થાય ત્યારે બધે (=આખા શરીરમાં) ફરે છે. એમાંના કેટલાક ચામડાની વિશાળ વાધર (=વાધરી) જેવા, કેટલાક અળશિયા જેવા, શણગેલા ધાનના શણગા જેવા આકારના, પાતળા, લાંબા અને ઝીણા, ધોળા, તાંબા જેવા રંગના, નામની દૃષ્ટિએ સાત પ્રકારના; અન્નાદ, ઉદરાવેષ્ટ, હૃદયાદ, મહાકુહ, કુરુ, દર્ભકુસુમ અને સુગંધ એ સાત નામના સાત જાતના હોય છે. એ હૃલ્લાસ, મોંમાંથી લાળ નીકળે, ખાધુંપીધું પચે નહિ, અરુચિ, મૂર્છા, ઊલટી, તાવ, આનાહ, દૂબળાપણું, છીંકો અને સળેખમ એટલા રોગ કરે છે.

લોહીમાં જન્મેલા કૃમિ

रक्तवाहिसिरोत्थाना रक्तजा जन्तवोऽणवः ।
अपादा वृत्तताम्राश्च सौक्ष्म्यात्केचिददर्शनाः ॥५१
केशादा लोमविध्वंसा लोमद्वीपा उदुम्बराः ।
षट् ते कुष्ठैककर्माणः सहसौरसमातरः ॥५२॥

લોહીમાં જન્મેલા જંતુઓ (કૃમિ) લોહી વહેનારી શિરાઓમાં ઉત્પન્ન થાય છે. બહુ જ ઝીણાં, પગવિનાના, ગોળ, તાંબાવર્ણા, કેટલાક તો જોઈ પણ ન શકાય એવા ઝીણા, કેશાદ, લોમવિધ્વંસ, લોમદ્વીપ, ઉદુંબર, સૌરસ અને માતૃ એવાં છ નામના, છ જાતના એ (=લોહીમાં જન્મેલા કૃમિ) કુષ્ઠ જેવી જ અસર કરે છે (=રૂંવાડાં ઊભાં થાય છે, ખણુજ આવે છે, તોદ થાય છે, વાળ અને રૂંવાડાં ખરી પડે છે; કૃમિ ચામડી, શિરા, સ્નાયુ, માંસ અને કૂણું હાડકું ખાય છે).

ઝાડાથી પક્વાશયમાં જન્મતા કૃમિ

पक्वाशये पुरीषोत्था जायन्तेऽधोविसर्पिणः ।
वृद्धाः सन्तो भवेयुश्च ते
यदाऽऽमाशयोन्मुखाः ॥५३॥
तदाऽस्योद्गारनिःश्वासा विड्गन्धानुविधायिनः ।
पृथुवृत्ततनुस्थूलाः श्यावपीतसितासिताः ॥५४॥
ते पञ्च नाम्ना कृमयः ककेरुकमकेरुकाः ।
सौसुरादाः सुलूनाख्या लेलिहा जनयन्ति च ॥५५
विड्भेदशूलविष्टम्भकार्श्यपारुष्यपाण्डुताः ।
रोमहर्षाग्निसदनगुदकण्डूर्विनिर्गमात् ॥५६॥

ઝાડાથી ઉત્પન્ન થતા કૃમિ પક્વાશયમાં જન્મે છે. એ નીચે ઊતરે છે (=ઊંચે ચડતા નથી). જ્યારે એ મોટા થયા પછી આમાશય તરફ જાય છે, ત્યારે એના (=દરદીના) ઓડકાર અને નિસાસા ઝાડા જેવા ગંધાય છે. એ કૃમિ મોટા, ગોળ, પાતળા કે જાડા હોય છે, બદામી રંગના, પીળા, ધોળા કે કાળા હોય છે. એ કૃમિનાં પાંચ નામ છે: કકેરુક, મકેરુક, સૌસુરાદ, સુલૂન અને લેલિહ. એ બહાર નીકળે ત્યારે ભાંગલ ઝાડો આણે છે, શૂળ, વિષ્ટંભ, દૂબળાપણું, પરુષતા, ધોળાશ, રૂંવાડાં ઊભાં થાય, જઠરાગ્નિ મંદ પડી જાય અને ગુદામાં ખણુજ આવે એટલાં વાનાં થાય છે.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने कुष्ठश्वित्रकृमि-
निदानं नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫ મો

अथातो वातव्याधिनिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે વાયુના રોગોનું નિદાન સમજાવીશું; એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

વાયુનો મહિમા

सर्वार्थानर्थकरणे विश्वस्यास्यैककारणम् ।
अदुष्टदुष्टः पवनः शरीरस्य विशेषतः ॥ १ ॥

અદુષ્ટ (=ન બગડેલો, સમ) વાયુ આ વિશ્વના અને ખાસ કરીને શરીરના બધા અર્થ (=વિશ્વને અને શરીરને ટકાવી રાખવું વગેરે શુભ કામ) કરવાનું એકનું એક કારણ છે અને દુષ્ટ (=બગ-

કેશો, વિષમ) વાયુ આ વિશ્વના અને ખાસ કરીને શરીરના બધા અનર્થ (=વિશ્વનો અને શરીરનો નાશ કરવો વગેરે અશુભ કામ) કરવાનુ એકનુ એક કારણ છે.

स विश्वकर्मा विश्वात्मा विश्वरूपः प्रजापतिः ।
स्रष्टा धाता विभुर्विष्णुः संहर्ता मृत्युरन्तकः ॥२॥
तद्दुष्टौ प्रयत्नेन यतितव्यमतः सदा ।

વાયુ વિશ્વકર્મા છે (=બધાં કામ કરે છે. શરીર જન્મે છે, વધે છે, ટકે છે, ભાગે છે, સુકાય છે વગેરે સારા અને ખરાબ કામ વાયુને લીધે થાય છે તેથી એ વિશ્વકર્મા છે), એ વિશ્વનો આત્મા (=હેતુ, શક્તિ) છે, એ વિશ્વરૂપ છે, વિશ્વનો પ્રજાપતિ (બ્રહ્મા) છે, સરજનહાર છે, ધારણ કરનાર છે, શક્તિશાળી, સર્વવ્યાપી, સંહાર કરનાર, મૃત્યુ અને યમ છે. માટે એ (વાયુ) બગડે નહિ (=કોપે નહિ) તે બાબતમા સદા યત્ન સાથે (=દિલ દઈને, અંતઃકરણપૂર્વક) પ્રયત્ન કરવો જોઈએ.

વાયુનાં નામ, સ્થાન, ગતિ અને કામ

तस्योक्तं दोषविज्ञाने कर्म प्राकृतवैकृतम् ॥३॥
समासाद्व्यासतो दोषभेदीये नाम धाम च ।
प्रत्येकं पञ्चधा चारो व्यापारश्च

એનુ (=વાયુનુ) સ્વાભાવિક કામ અને બગડેલા વાયુનુ કામ દોષવિજ્ઞાનીય અધ્યાયમાં (સૂ. અ. ૧૧મા) ટૂંકમા કહ્યુ છે, અને એનાં નામ, સ્થાન, ગતિ અને કામ એ દરેકના પાચ-પાચ પ્રકાર દોષભેદીય અધ્યાયમાં (સૂ. અ. ૧૨માં) વિગતવાર કહ્યા છે.

इह वैकृतम् ॥४॥
तस्योच्यते विभागेन सनिदानं सलक्षणम् ।

અહી એનું વૈકૃત કર્મ (=બગડેલા વાયુનુ કામ) એનાં નિદાન અને લક્ષણ સાથે જુદું કહેવામા આવે છે.

વાયુના પ્રકોપનાં કારણ અને સંપ્રાપ્તિ

धातुक्षयकरैर्वायुः कुप्यत्यतिनिषेवितैः ॥५॥
चरन् स्रोतःसु रिक्तेषु भृशं तान्येव पूरयन् ।
तेभ्योऽन्यदोषपूर्णेभ्यः प्राप्य वाऽऽवरणं बली ॥६॥

ધાતુઓનો નાશ કરે એવા આહારવિહારનુ અતિશય સેવન કરવાથી ખાલી પડી ગયેલાં સ્રોતોમા ફરતો વાયુ એ જ સ્રોતોને પુષ્કળ ભરી દઈને (=સ્રોતોમાં પુષ્કળ ભરાઈ જઈને) કોપે છે; અથવા તે (સ્રોતો) બીજા (=કફ વગેરે) દોષોથી ભરાઈ જવાથી બળવાન વાયુના માર્ગમાં (કફ વગેરે) આડા આવે તેથી વાયુ કોપે છે.

પક્વાશયમાં કોપેલા વાયુના ઉપદ્રવ

तत्र पक्वाशये क्रुद्धः शूलानाहान्त्रकूजनम् ।
मलरोधाश्मवर्ध्मार्शस्त्रिकपृष्ठकटीग्रहम् ॥७॥
करोत्यधरकाये च तांस्तान् कृच्छ्रानुपद्रवान् ।

એમાં પક્વાશયમાં કોપેલો વાયુ શૂળ, આનાહ, આતરડામાં ગડગડાટ, મળને રોકે, પથરી, વધરાવળ, હરસ; ત્રિક, પીઠ અને કમ્મર પકડાઈ જાય, એટલા અને (બીજા) જાતજાતના કૃચ્છ્રસાધ્ય ઉપદ્રવો શરીરના નીચલા ભાગમાં કરે છે.

આમાશયમાં કોપેલા વાયુના ઉપદ્રવ

आमाशये तृड्वमथुश्वासकासविसूचिकाः ॥८॥
कण्ठोपरोधमुद्गारान् व्याधीनूर्ध्वं च नाभितः ।

આમાશયમા કોપેલો વાયુ તરસ, ઊલટી, શ્વાસ, ઉધરસ, કોગળિયુ, ગળાનો રસ્તો બંધ થઈ જાય, ઓડકાર અને ડૂંટીથી ઉપરના ભાગમા રોગો કરે છે.

ઇંદ્રિયોમાં કોપેલા વાયુનું કામ

श्रोत्रादिष्विन्द्रियवधं

કાન વગેરે ઇંદ્રિયોમાં કોપેલો વાયુ તે તે ઇંદ્રિયનો (ઇંદ્રિયની શક્તિનો) નાશ કરે છે.

ચામડીમાં કોપેલા વાયુનું કામ

त्वचि स्फुटनरूक्षते ॥९॥

ચામડીમાં કોપેલો વાયુ વાઢિયા (=ચીરા) પાડે છે અને લૂખાશ આણે છે.

લોહીમાં કોપેલા વાયુનું કામ

रक्ते तीव्रा रुजः स्वापं तापं रागं विवर्णताम् ।
अरुंष्यन्नस्य विष्टम्भमरुचिं कृशतां भ्रमम् ॥१०॥

લોહીમાં કોપેલો વાયુ સખત પીડા, અંગમાં સ્વાપ, ગરમી, રતાશ, રંગ બગડી જાય, ઘા (ચાઠાં), અન્નનો વિષ્ટંભ, અરુચિ, દૂબળાપણુ અને ફેર એટલા ઉપદ્રવો કરે છે.

માંસ અને ચરબીમાં કોપેલા વાયુનાં કામ

मांसमेदोगतो ग्रन्थींस्तोदाढ्यान्
कर्कशान् श्रमम् ।
गुर्वङ्गं चातिरुक्स्तब्धं मुष्टिदण्डहतोपमम् ॥११॥

માંસ અને ચરબીમાં કોપેલો વાયુ પુષ્કળ તોદવાળી અને કર્કશ રસોળી (ગાંઠ) કરે છે, થાક લગાડે છે; જાણે મુક્કીઓનો અને લાકડીનો માર પડચો હોય એવું ભારે, બહુ પીડાવાળું અને સ્તંભવાળું (=સજજડ) શરીર કરી નાખે છે.

હાડકામાં કોપેલા વાયુનાં કામ

अस्थिस्थः सक्थिसन्ध्यस्थिशूलं
तीव्रं बलक्षयम् ।

હાડકામા રહેલો વાયુ કોપે ત્યારે પગમાં, સાંધામાં અને હાડકામાં તીવ્ર શૂળ આવે છે તથા બળનો નાશ થાય છે.

મજ્જામાં કોપેલા વાયુનાં કામ

मज्जस्थोऽस्थिषु सौषिर्यमस्वप्नं सन्ततां रुजम् ॥

મજ્જામાં રહેલો વાયુ કોપે ત્યારે હાડકામાં કાણાં પાડે, ઊંઘ આવવા ન દે અને સતત પીડા કરે.

વીર્યમાં કોપેલા વાયુનું કામ

शुक्रस्य शीघ्रमुत्सर्गं सङ्गं विकृतिमेव वा ।
तद्वद्गर्भस्य शुक्रस्थः

વીર્યમાં રહેલો વાયુ કોપે ત્યારે વીર્ય ઝટ છૂટી જાય છે કે વીર્ય સમૂળગું છૂટતું નથી (=પકડાઈ રહે છે) કે વીર્યમાં વિકાર થાય છે; તે જ રીતે દરદીના ગર્ભને (=પુત્રને) પણ વીર્ય ઝટ છૂટી જાય છે કે વીર્ય સમૂળગું છૂટતુ નથી કે વીર્યમાં વિકાર થાય છે.

શિરામાં કોપેલા વાયુનું કામ

सिरास्वाध्मानरिक्तते ॥ १३ ॥

तत्स्थः

શિરામાં રહેલો વાયુ કોપે ત્યારે શિરાઓ ફૂલે અને ખાલી થાય.

સ્નાયુમાં કોપેલા વાયુનું કામ

स्नावस्थितः कुर्याद्गृध्रस्यायामकुब्जताः ।

સ્નાયુમાં રહેલો કોપેલો વાયુ ગૃધ્રસી (શ્લોક ૫૩½, ૫૪), આયામ (શ્લોક ૨૧½થી ૨૬) અને ખૂંધ કરે છે.

સાંધામાં કોપેલા વાયુનું કામ

वातपूर्णदृतिस्पर्शं शोफं सन्धिगतोऽनिलः ॥१४
प्रसारणाकुञ्चनयोः प्रवृत्तिं च सवेदनाम् ।

સાંધામાં રહેલો વાયુ કોપે ત્યારે હવા ભરીને ફુલાવેલી મસક જેવા સ્પર્શવાળો સોજો આવે છે અને અંગ લાંબુંટૂંકું કરવાની ક્રિયા કરતાં પીડા થાય છે.

આખા શરીરમાં કોપેલા વાયુનું કામ

सर्वाङ्गसंश्रयस्तोदभेदस्फुरणभञ्जनम् ॥ १५ ॥
स्तम्भनाक्षेपणस्वापसन्ध्याकुञ्चनकम्पनम् ।

આખા શરીરમાં રહેલો વાયુ કોપે ત્યારે તોદ, ભેદ, ફરકવું, ભાંગવું, સ્તંભન, અંગને ઉછાળ્યા કરે, સ્વાપ, સાંધાને સંકોચી નાખવા અને કંપ એટલાં વાનાં થાય છે.

આક્ષેપક

यदा तु धमनीः सर्वाः क्रुद्धोऽभ्येति मुहुर्मुहुः १६
तदाऽङ्गमाक्षिपत्येष व्याधिराक्षेपकः स्मृतः ।

જ્યારે કોપેલો વાયુ ફરીફરીને બધી ધમનીઓ તરફ જાય, ત્યારે એ અંગને આચકા મારે છે (અથવા સંકોચે છે, ખેંચે છે). એને શાસ્ત્રમાં આક્ષેપક રોગ કહે છે.

અપતંત્રક (=અપતાનક)

अधः प्रतिहतो वायुर्व्रजन्नूर्ध्वं हृदाश्रिताः ॥ १७ ॥
नाडीः प्रविश्य हृदयं शिरः शङ्खौ च पीडयन् ।
आक्षिपेत्परितो गात्रं धनुर्वच्चास्य नामयेत् ॥१८॥
कृच्छ्रादुच्छ्वसिति स्तब्धस्रस्तमीलितदृक्ततः ।
कपोत इव कूजेच्च निःसंज्ञः सोऽपतन्त्रकः ॥ १९ ॥
स एव चापतानाख्यो मुक्ते तु मरुता हृदि ।
अश्नुवीत मुहुः स्वास्थ्यं मुहुरस्वास्थ्यमावृते ॥२०

નીચેથી પાછો ધકેલાયેલો વાયુ ઊંચે જઈને હૃદયમાં રહેલી નાડીઓમાં પેસીને, હૃદયમા, માથામાં અને લમણામા પીડા કરીને, બધી બાજુથી શરીરને સંકોચે છે અને એને (=શરીરને) કામઠાની માફક વાળે છે. તેથી દરદીને ઉચ્છ્વાસ લેતાં બહુ દુઃખ થાય છે, એની આંખો સ્તબ્ધ, લબડી પડેલી અને મીંચેલી હોય છે,

હોલાની માફક એ અવાજ કરે છે અને બેભાન થઈ જાય છે. આ અપતંત્રક રોગ છે અને એને જ અપતાનક કહે છે. પણ જ્યારે વાયુ હૃદયને છોડી દે છે (=હૃદય ઉપર હુમલો કરતો નથી), ત્યારે એને વારંવાર ચેન પડે છે (=સ્વસ્થતા અનુભવે છે) અને જ્યારે હૃદયમાં વાયુ ભરાય છે, ત્યારે એ અસ્વાસ્થ્ય અનુભવે છે (=અસ્વસ્થ બની જાય છે).

गर्भपातसमुत्पन्नः शोणितातिस्रवोत्थितः ।
अभिघातसमुत्थश्च दुश्चिकित्स्यतमो हि सः ॥२१

એ (=અપતંત્રક રોગ) સ્ત્રીઓને ગર્ભપાત પછી થાય છે, (પુરુષોને અને સ્ત્રીઓને) બહુ લોહી નીકળી જવાથી થાય છે અને અભિઘાતથી (વાગવા, કપાવાથી) થાય છે. એ રોગ વધારેમાં વધારે કૃચ્છ્રસાધ્ય છે.

અંતરાયામ

मन्ये संस्तभ्य वातोऽन्तरायच्छन् धमनीर्यदा ।
व्याप्नोति सकलं देहं जत्रुरायम्यते तदा ॥ २२ ॥
अन्तर्धनुरिवाङ्गं च वेगैः स्तम्भं च नेत्रयोः ।
करोति जृम्भां दशनं दशनानां कफोद्गमम् ॥२३
पार्श्वयोर्वेदनां वाक्यहनुपृष्ठशिरोग्रहम् ।
अन्तरायाम इत्येष

વાયુ ડોકની બે બાજુની મન્યા નામની બે નાડીઓનો સ્તંભ કરીને જ્યારે ધમનીઓને અંદર (=છાતી તરફ) ખેંચતોખેંચતો આખા શરીરમાં વ્યાપી જાય છે, ત્યારે એની ગળાની હાંસડી અંદરની બાજુએ (=છાતી તરફ) ધનુષ્યની માફક વેગોથી (=રહીરહીને, ફરીફરીને) ખેંચાય છે (કે વાંકી વળે છે), આંખો સ્તબ્ધ થઈ જાય છે, બગાસાં આવે છે, એ દાંત કચકચાવે છે, એના મોંમાંથી કફ નીકળે છે, પડખાંમાં પીડા થાય છે; વાણી, જડબાં, પીઠ અને માથું પકડાઈ જાય છે. તેથી એને અંતરાયામ કહે છે.

બાહ્યાયામ (=બહિરાયામ, ધનુષ્કંભ, વેગી)

बाह्यायामश्च तद्विधः ॥ २४ ॥
देहस्य बहिरायामात् पृष्ठतो नीयते शिरः ।
उरश्चोत्क्षिप्यते तत्र कन्धरा चावमृद्यते ॥ २५ ॥
दन्तेष्वास्ये च वैवर्ण्यं प्रस्वेदः स्रस्तगात्रता ।
बाह्यायामं धनुष्कम्भं ब्रुवते वेगिनं च तम् ॥२६॥

બાહ્યાયામ રોગ પણ એ રીતનો છે. એમાં (=બાહ્યાયામમાં) શરીર બહાર વળતું હોવાથી માથું પીઠ તરફ વળતું જાય છે અને છાતી આગળ ધસી આવે છે, ડોક કચરાય છે, દાંતનો અને મોંનો રંગ બગડી જાય છે, પરસેવો થાય છે, શરીર ઢીલું ઢબ થઈ જાય છે. એને (એ રોગને) બાહ્યાયામ, ધનુષ્કંભ અને વેગી કહે છે.

વ્રણાયામ

व्रणं मर्माश्रितं प्राप्य समीरणसमीरणात् ।
व्यायच्छन्ति तनुं दोषाः सर्वामापादमस्तकम् ॥
तृष्यतः पाण्डुगात्रस्य व्रणायामः स वर्जितः ।

દોષો મર્મસ્થાનમાં થયેલા વ્રણમાં પહોંચીને પછી વાયુથી પ્રેરાઈને પગથી તે માથા સુધી આખા શરીરમાં ખૂબ ખેંચતાણ કરે છે, (અને સાથેસાથે) દરદીને તરસ લાગે અને શરીર ધોળું થઈ જાય તેને વ્રણાયામ કહે છે. એ અસાધ્ય છે.

गते वेगे भवेत्स्वास्थ्यं सर्वेष्वाक्षेपकेषु च ॥ २८॥

શ્લોક ૧૯ થી ૨૭ સુધીના બધા આક્ષેપક રોગોમાં જ્યારે વેગ (=હુમલો) ચાલ્યો જાય ત્યારે ચેન પડે છે (નહિ તો નહિ).

હનુસંસ

जिह्वातिलेखनाच्छुष्कभक्षणादभिघाततः ।
कुपितो हनुमूलस्थः स्रंसयित्वाऽनिलो हनू ॥२९
करोति विवृतास्यत्वमथवा संवृतास्यताम् ।
हनुस्रंसः स तेन स्यात्कृच्छ्राच्चर्वणभाषणम् ॥ ३०

જીભ ઉપરથી બહુ ઊલ ઉતારવાથી, સૂકું ખાવાથી, અભિઘાતથી (=વાગવા, પછડાવાથી) કોપેલો જડબાંના મૂળમાં રહેલો વાયુ જડબાંને લબડાવી નાખીને (પોતાના સ્થાનમાથી ખસેડી નાખીને) મોં ઉઘાડું જ રહે અથવા બંધ જ રહે એવું કરે છે. એ હનુસંસ રોગ છે. એને લીધે ચાવતાં અને બોલતાં બહુ મુશ્કેલી પડે છે.

જિહ્વાસ્તંભ

वाग्वाहिनीसिरासंस्थो जिह्वां स्तम्भयतेऽनिलः ।
जिह्वास्तम्भः स तेनान्नपानवाक्येष्वनीशता ॥३१॥

વાણીને વહેનારી (=જેને લીધે ઉચ્ચારણ કરી

શકાય છે તે) શિરાઓમાં રહેલો વાયુ જીભને અક્કડ કરી દે છે. એને જિહ્વાસ્તંભ રોગ કહે છે. એને લીધે ખાઈ, પી અને બોલી શકાતું નથી.

અર્દિત, એકાયામ (=અડદિયો વા)

शिरसा भारहरणादतिहास्यप्रभाषणात्।
उत्त्रासवक्त्रक्षवथोः खरकार्मुककर्षणात्॥ ३२॥
विषमादुपधानाच्च कठिनानां च चर्वणात्।
वायुर्विवृद्धस्तैस्तैश्च वातलैरूर्ध्वमास्थितः॥ ३३॥
वक्रीकरोति वक्त्रार्धमुक्तं हसितमीक्षितम्।
ततोऽस्य कम्पते मूर्धा वाक्सङ्गः स्तब्धनेत्रता॥३४
दन्तचालः स्वरभ्रंशः श्रुतिहानिः क्षवग्रहः।
गन्धाज्ञानं स्मृतेर्मोहस्त्रासः सुप्तस्य जायते॥३५॥
निष्ठीवः पार्श्वतो यायादेकस्याक्ष्णो निमीलनम्।
जत्रोरूर्ध्वं रुजा तीव्रा शरीरार्धेऽधरेऽपि वा॥
तमाहुरर्दितं केचिदेकायाममथापरे।

માથે ભાર ઊંચકવાથી, બહુ હસહસ કરવાથી, બહુ બોલબોલ કરવાથી, મોં વાંકું રાખીને છીંક ખાવાથી, બહુ કઠણ ધનુષ્ય ખેંચવાથી, ખાટાટેકરાવાળા ઓશીકાથી (=એવા ઓશીકા પર માથું રાખવાથી), કઠણ પદાર્થો ચાવવાથી અને વાયુ કરે એવા જાતજાતના આહારવિહારથી (નિ. ૧/૧૩થી ૧૫) કોપેલો વાયુ શરીરના ઉપલા ભાગમાં ચારે પાસ રહીને અડધું (=એક બાજુનું) મોં વાંકું કરી નાખે છે; દરદીનું બોલવાનું, હસવાનું અને જોવાનું વાંકું કરી નાખે છે; પછી એનું માથું કંપે છે, વાણી નીકળી શકતી નથી, આંખ સ્તબ્ધ થઈ જાય છે, દાંત હાલી જાય છે, સ્વરભંગ થાય છે, સંભળાતું નથી, છીંક આવતી અટકી જાય છે, ગંધનું જ્ઞાન થતું નથી, યાદશક્તિનો મોહ થાય છે, ઊંઘમાં ત્રાસ થાય છે, મોંને ખૂણેથી થૂંક નીકળે છે, એક આંખ મિચાઈ જાય છે, ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં સખત પીડા થાય છે, અડધા શરીરમાં કે અધરમાં (૧. નીચલા હોઠમાં, ૨. શરીરના નીચલા ભાગમાં) પણ પીડા થાય છે. એને (=એ રોગને) કેટલાક અર્દિત કહે છે અને બીજા એકાયામ કહે છે. (આ રોગને ગુજરાતીમાં અડદિયો વા કહે છે.)

શિરાગ્રહ

रक्तमाश्रित्य पवनः कुर्यान्मूर्धधराः सिराः॥३७
रूक्षाः सवेदनाः कृष्णाः
सोऽसाध्यः स्यात्सिराग्रहः।

વાયુ લોહીમાં રહીને માથાને ટેકવનારી (=માથામાં રહેલી) શિરાઓને લૂખી, પીડાવાળી અને કાળી બનાવે છે. એ શિરાગ્રહ રોગ અસાધ્ય છે.

એકાંગરોગ, પક્ષાઘાત, પક્ષવધ

गृहीत्वाऽर्धं तनोर्वायुः
सिराः स्नायूर्विशोष्य च॥ ३८॥
पक्षमन्यतरं हन्ति सन्धिबन्धान् विमोक्षयन्।
कृत्स्नोऽर्धकायस्तस्य स्यादकर्मण्यो विचेतनः॥ ३
एकाङ्गरोगं तं केचिदन्ये पक्षवधं विदुः।

વાયુ શરીરના અડધા ભાગનો (=જમણી કે ડાબી ગમે તે એક બાજુના શરીરનો) વિષ્ટંભ કરીને, શિરાઓ અને સ્નાયુઓને સૂકવી નાખીને, સાંધાઓનાં બંધનને છૂટાં કરી દઈને (જમણું કે ડાબું) ગમે તે એક પડખાને મારી નાખે છે (=નિષ્ક્રિય બનાવી દે છે). તેથી એનું (=દરદીનું) અડધું (=એક બાજુનું) શરીર કામ કરી શકતું નથી અને લગભગ બહેર મારી જાય છે (=સ્પર્શનું જ્ઞાન બહુ થોડું થાય છે). એ રોગને કેટલાક એકાંગરોગ કહે છે અને બીજા પક્ષવધ (=પક્ષાઘાત) કહે છે.

સર્વાંગરોગ

सर्वाङ्गरोगं तद्वच्च सर्वकायाश्रितेऽनिले॥ ४०॥

(પક્ષાઘાતની માફક અડધા શરીરમાં નહિ પણ) આખા શરીરમાં જ્યારે વાયુ રહેલો હોય છે, ત્યારે એ જ પ્રમાણે થતા (=પક્ષાઘાતના જેવાં જ સંપ્રાપ્તિ અને લક્ષણોવાળા પણ આખા શરીરમાં થતા) રોગને સર્વાંગરોગ કહે છે.

शुद्धवातहतः पक्षः कृच्छ्रसाध्यतमो मतः।
कृच्छ्रस्त्वन्येन संसृष्टो विवर्ज्यः क्षयहेतुकः॥४१

શુદ્ધ વાયુથી થયેલો પક્ષાઘાત બહુ જ કૃચ્છ્રસાધ્ય છે એવું શાસ્ત્ર માને છે. પિત્ત કે કફ સાથે ભળેલા વાયુથી થયેલો પક્ષાઘાત કૃચ્છ્રસાધ્ય છે અને ધાતુઓના ક્ષય(=ઓછી

થતી)ને લીધે કોપેલા શુદ્ધ વાયુને લીધે થયેલો પક્ષાઘાત અસાધ્ય છે.

(શુદ્ધ વાયુ=બીજા દોષ સાથે ન ભળેલો કે નિરામ વાયુ. નિ ૧૬/૨૮ થી ૩૦.)

દંડક

आमबद्धायन' कुर्यात्संस्तभ्याङ्ग कफान्वित- ।
असाध्यं हतसर्वेहं दण्डवद्दण्डकं मरुत् ॥ ४२ ॥

જેણે 'આમ'થી સ્રોતોના મુખ બંધ કરી દીધા હોય, અને જેની પાછળ કફ આવતો હોય એવો (=કફ સાથે ભળેલો) વાયુ દંડક નામનો અસાધ્ય રોગ કરે છે. એમાં (દર્દીની) બધી ચેષ્ટાઓ મરી જાય છે અને દર્દી લાકડી જેવો અક્કડ થઈ જાય છે.

અવબાહુક

अंसमूलस्थितो वायु' सिरा सङ्कोच्य तत्रगाः ।
बाहुप्रस्पन्दितहरं जनयत्यवबाहुकम् ॥ ४३ ॥

ખભાના મૂળમાં રહેલો વાયુ ત્યાં જતી (=ખભાના મૂળમાં રહેલી) શિરાઓને સંકોચીને હાથનું હલનચલન હરી લે એવો અવબાહુક નામનો રોગ કરે છે.

વિશ્વાચી

तल प्रत्यङ्गुलीना या कण्डरा बाहुपृष्ठत ।
बाहुचेष्टापहरणी विश्वाची नाम सा स्मृता ॥

હાથની આંગળીઓની, હાથના પાછળના ભાગમાંથી હથેલીના ઉપરના ભાગ તરફ જતી જે કંડરા હાથની ક્રિયા થવા દેતી નથી તે વિશ્વાચી છે એમ આયુર્વેદ કહે છે.

ખંજ, પંગુ (લંગડા)

वायुः कट्यां स्थित' सक्थ्न- कण्डरामाक्षिपेद्यदा
तदा खञ्जो भवेज्जन्तु पङ्गु सक्थ्नोर्द्वयोरपि ॥

કેડમાં રહેલો વાયુ જ્યારે પગની કંડરાને ખેંચે ત્યારે પ્રાણી ખંજ (=એક પગે લંગડો) થાય છે અને બંને પગની કંડરાને ખેંચે ત્યારે પંગુ (=બે પગે લંગડો) થાય છે.

કલાયખંજ

कम्पते गमनारम्भे खञ्जन्निव च याति यः ।
कलायखञ्जं त विद्यान्मुक्तसन्धिप्रबन्धनम् ॥ ४६ ॥

જે (=પગ) ચાલવાની શરૂઆતમાં કંપે અને પછી લંગડાતો હોય એમ ચાલે તે રોગને કલાયખંજ રોગ જાણવો. એમાં સાંધાઓના બંધન છૂટી ગયા હોય છે.

ઊરુસ્તંભ (=આઢયવાત)

शीतोष्णद्रवसंशुष्कगुरुस्निग्धैर्निषेवितैः ।
जीर्णाजीर्णे तथाऽऽयाससङ्क्षोभस्वप्नजागरैः ॥४७
सश्लेष्ममेद-पवनमाममत्यर्थसञ्चितम् ।
अभिभूयेतरं दोषमूरू चेत्प्रतिपद्यते ॥ ४८ ॥
सक्थ्यस्थीनि प्रपूर्यान्त-
श्लेष्मणा स्तिमितेन तत् ।
तदा स्कभ्नाति तेनोरू स्तब्धौ शीतावचेतनौ ॥४९
परकीयाविव गुरू स्यातामतिभृशव्यथौ ।
ध्यानाङ्गमर्दस्तैमित्यतन्द्राच्छर्द्यरुचिज्वरैः ॥ ५० ॥
संयुतौ, पादसदनकृच्छ्रोद्धरणसुप्तिभि- ।
तमूरुस्तम्भमित्याहुराढ्यवातमथापरे ॥ ५१ ॥

ટાઢુ અને ગરમ, પ્રવાહી અને સૂકુ, ભારે (અને હલકુ), સ્નિગ્ધ (અને લૂખું) એવા પરસ્પર વિરોધી દ્રવ્યોના સેવનથી (=રોજરોજ ખાવાપીવાથી), પચવામાં કાચુંપાકુ રહી જાય ત્યારે (=આહારનો કેટલોક ભાગ પચે અને કેટલોક ન પચે ત્યારે) તથા મહેનત, શરીર સખળડખળ થઈ જાય એવી ક્રિયા, (દિવસે) ઊંઘ અને (રાત્રે) ઉજાગરો એ ચાર વાના રોજરોજ કરવાથી પુષ્કળ એકઠો થયેલો આમ તથા કફ, ચરબી અને વાયુ જ્યારે બીજા દોષને (=પિત્તને) દબાવી દઈને પગના હાડકાની અંદર ઠરી ગયેલા (=પિંડો વળી ગયેલા) કફને ભરી દઈને સાથળોમાં પહોંચે, ત્યારે તે સાથળ રહી જાય છે, સ્તબ્ધ, ઠંડા, બહેરા (=સ્પર્શજ્ઞાન-વિનાના), જાણે પારકા હોય એવા, ભારે અને બહુ પીડાવાળા હોય છે (=બની જાય છે), એમાં ચિંતા(-દિલગીરી, ઉદાસીનતા), શરીર ચૂર થાય, સ્તૈમિત્ય, ઘેન, ઊલટી, અરુચિ, તાવ, પગ રહી જવા, પગ મહામુશ્કેલીથી ઊપડે, પગની સુપ્તિ– એટલા વાના હોય છે. એ રોગને ઊરસ્તંભ કહે છે અને બીજા એને આઢયવાત કહે છે.

ક્રોષ્ટુશીર્ષ

वातशोणितज- शोफो जानुमध्ये महारुज ।
ज्ञेय- क्रोष्टुकशीर्षश्च स्थूल क्रोष्टुकशीर्षवत् ॥

વાતના રોગમાંથી ઉપન્ન થયેલો (અથવા

વાયુ અને લોહી સાથે કોપવાથી ઉત્પન્ન થયેલો), બહુ પીડાવાળો, ઢીંચણની વચમાં આવેલો સોજો ક્રોષ્ટુશીર્ષ નામનો વાયુનો રોગ છે. એ સોજો જાડો (=બહુ ભરાવદાર) અને શિયાળના માથા જેવો હોય છે.

વાતકંટક

रुक् पादे विषमन्यस्ते श्रमाद्वा जायते यदा ।
वातेन गुल्फमाश्रित्य तमाहुर्वातकण्टकम् ॥५३॥

પગ આડોઅવળો (=વાંકોચૂંકો) મુકાવાથી કે થાકથી પગની ઘૂંટીમાં રહીને વાયુ જે પીડા કરે છે તેને વાતકંટક રોગ કહે છે.

ગૃધ્રસી

पार्ष्णि प्रत्यङ्गुलीनां या कण्डरा मारुतार्दिता ।
सक्थ्युत्क्षेपं निगृह्णाति गृध्रसीं तां प्रचक्षते ॥

પગની એડી તરફ જતી પગની આંગળીઓની જે કંડરા વાયુથી પીડાઈને પગને ઊપડવા દેતી નથી તેને ગૃધ્રસી કહે છે.

ખલ્લી

विश्वाची गृध्रसी चोक्ता खल्ली तीव्ररुजान्विते ।

વિશ્વાચી અને ગૃધ્રસી એ બે રોગમાં સાથે સખત પીડા પણ હોય, ત્યારે એ બે રોગને ખલ્લી કહે છે.

પાદહર્ષ

हृष्येते चरणौ यस्य भवेतां च प्रसुप्तवत् ॥५५॥
पादहर्षः स विज्ञेयः कफमारुतकोपजः ।

જેના પગ હર્ષવાળા હોય (=પગના વાળ ટટાર રહે, અંદર ટાંકા રહે અને ઝંઝણી ચડે) અને જાણે જડા પડી ગયા હોય એવા હોય તે માણસના એ રોગને પાદહર્ષ રોગ જાણવો. એ રોગ કફ અને વાયુ બંને સાથે કોપવાથી થાય છે.

પાદદાહ

पादयोः कुरुते दाहं पित्तासृक्सहितोऽनिलः ॥५६
विशेषतश्चङ्क्रमिते पाददाहं तमादिशेत् ॥५६½॥

પિત્ત અને લોહી સાથે વાયુ ખાસ કરીને ચાલવામાં આવ્યું હોય ત્યારે પગમાં બળતરા કરે તે રોગને પાદદાહ રોગ કહેવો.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने वातव्याधि-
निदानं नाम पञ्चदशोऽध्यायः ॥ १५ ॥

અધ્યાય ૧૬ મો

अथातो वातशोणितनिदानं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે વાતશોણિત (વાતરક્ત. પત, અ. લેપ્રસી) રોગનું નિદાન સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

વાતરક્ત(=આઢ્યરોગ, ખુડ, વાતબલાસ)-નાં કારણ, સંપ્રાપ્તિ અને નામ

विदाह्यन्नं विरुद्धं च तत्तच्चासृक्प्रदूषणम् ।
भजतां विधिहीनं च स्वप्नजागरमैथुनम् ॥ १ ॥
प्रायेण सुकुमाराणामचङ्क्रमणशीलिनाम् ।
अभिघातादशुद्धेश्च नृणामसृजि दूषिते ॥ २ ॥
वातलैः शीतलैर्वायुर्वृद्धः क्रुद्धो विमार्गगः ।
तादृशैवासृजा रुद्धः प्राक्तदेव प्रदूषयेत् ॥ ३ ॥
आढ्यरोगं खुडं वातबलासं वातशोणितम् ।
तदाहुर्नामभिः

(દારૂ, ખટાશ, છાશ, દહીં, વાલ, ચોખા, જળચર પ્રાણીઓનું માંસ, કળથી, વનતુલસી વગેરે) વિદાહી અન્ન, વિરુદ્ધ આહાર, લોહી બગાડે એવાં જાતજાતનાં અન્નપાન; શાસ્ત્રોક્ત વિધિથી વિરુદ્ધ જઈને લીધેલી ઊંઘ, કરેલા ઉજાગરા અને મૈથુન–આટલાં વાનાંનું સેવન કરનાર, સામાન્ય રીતે સુકુમાર, (જેના દેહના અવયવો મૃદુ હોય એવા), ચાલવાની ટેવ વગરના (=મોટે ભાગે બેસી રહેનાર) માણસોને વાગવાથી કે શરીરનું શોધન ન કર્યું હોવાથી જ્યારે લોહી બગડે, ત્યારે વાયુ કરે એવા, ટાંડા આહારવિહારથી વધેલો, કોપેલો અને પોતાનો સ્વાભાવિક માર્ગ છોડીને બીજે માર્ગે ગયેલો વાયુ એવા જ (=વધેલા, કોપેલા અને પોતાનો સ્વાભાવિક માર્ગ છોડીને બીજે માર્ગે ગયેલા) લોહીથી રોકાય છે (=વાયુની ગતિ રોકાય છે). એ વાયુ પહેલાં એને જ (=લોહીને જ) બગાડે છે (પછી માંસ વગેરે ધાતુઓને બગાડે છે). એ રોગને આઢ્યરોગ, ખુડ, વાતબલાસ, વાતશોણિત (વાતરક્ત)–એટલાં નામે કહે છે (=એ રોગનાં એટલાં નામ છે).

तत्र पूर्वं पादौ प्रधावति ॥४॥
विशेषाद्यानयानाद्यैः प्रलम्बौ

ખાસ કરીને (હાથી, ઘોડા વગેરે) વાહનથી અને ચાલવાથી સૂજી ગયેલા (કે લબડતા) પગે એ રોગ પહેલો ધસી આવે છે (=થાય છે).

પતનું પૂર્વરૂપ

तस्य लक्षणम् ।
भविष्यत. कुष्ठसमं तथा सादः श्लथाङ्गता ।५॥
आजानुजङ्घोरुकट्यंसहस्तपादाङ्गसन्धिषु ।
कण्डूस्फुरणनिस्तोदभेदगौरवसुप्तताः ॥ ६ ॥
भूत्वा भूत्वा प्रणश्यन्ति मुहुराविर्भवन्ति च ।

એ (=પત) થવાનો હોય તેના લક્ષણ (=પૂર્વરૂપ) કુષ્ઠના પૂર્વરૂપ જેવાં હોય છે. તે ઉપરાંત અંગસાદ, શરીરની ઢીલાશ, ઢીંચણ, જાંઘ, સાથળ, કમ્મર, ખભો, હાથ, પગ અને અવયવોના સાંધામાં ખણુજ, ફરકાટ, તોદ, ભેદ, ભાર અને સુપ્તિ એટલું થઈથઈને પાછું મટી જાય અને વારંવાર પ્રકટ થાય (=થઈ આવે).

पादयोर्मूलमास्थाय कदाचिद्धस्तयोरपि ॥ ७ ॥
आखोरिव विषं क्रुद्धं कृत्स्नं देहं विधावति ।

એ (=પત) શરૂઆતમાં પગના મૂળમાં અને કોઈક વાર હાથના મૂળમાં પણ રહીને ત્યાંથી ઉંદરના ઝેરની માફક કોપીને આખા શરીરમાં પ્રસરી જાય છે.

ઉત્તાન પત તથા ગંભીર પતની સંપ્રાપ્તિ

त्वङ्मांसाश्रयमुत्तानं तत्पूर्वं जायते ततः ॥ ८ ॥
कालान्तरेण गम्भीरं सर्वान् धातूनभिद्रवत् ।

પહેલાં તો એ (=પત, વાયુથી બગડેલું લોહી) ચામડીમાં અને માંસમાં રહે છે. તેથી પહેલું ઉત્તાન પત થાય છે, પછી વખત જતાં એ બધી ધાતુઓ તરફ જાય છે (=રસ વગેરે બધી ધાતુઓમાં વ્યાપી જાય છે), તેથી ગંભીર પત થાય છે.

ઉત્તાન પતનાં લક્ષણ

कण्ड्वादिसंयुतोत्ताने त्वक्ताम्रा श्यावलोहिता ॥
सायामा भृशदाहोषा

ઉત્તાન પતમાં ખણુજ વગેરે વાળી (=ખણુજ, ફરકાટ, તોદ, ભેદ, ભાર અને સુપ્તિવાળી) ચામડી તાંબાવર્ણી, બદામી રંગની અને લાલ. આયામવાળી તથા પુષ્કળ બળતરા અને શોષાવાળી હોય છે.

ગંભીર પતનાં લક્ષણ

गम्भीरेऽधिकपूर्वरुक् ।
श्वयथुर्ग्रथितः पाकी वायुः सन्ध्यस्थिमज्जसु ॥
छिन्दन्निव चरत्यन्तर्वक्रीकुर्वंश्च वेगवान् ।
करोति खञ्जं पङ्गुं वा शरीरे सर्वतश्चरन् ॥११॥

ગંભીર પતમાં પહેલાં (=શ્લોક ૯,૯ ½માં) કહેલી (ઉત્તાન પતની) પીડા જેમાં વધારે પ્રમાણમાં હોય છે એવો, ગંઠાયેલો (=કઠણ) અને પાકે એવો સોજો આવે છે. વેગવાળો વાયુ સાંધાઓમાં, હાડકામાં અને મજ્જામાં જાણે કાપતો હોય એવી પીડા કરતોકરતો ફરે છે. તથા શરીરમાં બધે ફરતોફરતો અંગને અંદર વાળી દઈને ખંજ કે પંગુ (શ્લોક ૪૫) કરે છે.

વાયુ વધારે હોય તો શું થાય?

वातेऽधिकेऽधिकं तत्र शूलस्फुरणतोदनम् ।
शोफस्य रौक्ष्यकृष्णत्वश्यावतावृद्धिहानयः ॥१२॥
धमन्यङ्गुलिसन्धीनां सङ्कोचोऽङ्गग्रहोऽतिरुक् ।
शीतद्वेषानुपशयौ स्तम्भवेपथुसुप्तयः ॥ १३ ॥

પતમાં વાયુ વધારે હોય તો તેમાં (=પતમાં) શૂળ, ફરકાટ અને તોદ વધારે પ્રમાણમાં થાય, સોજો લૂખો, કાળો, બદામી રંગનો અને વધ-ઘટે એવો હોય; ધમનીઓ અને આંગળીઓના સાંધા સંકોચાઈ જાય, શરીર જકડાઈ જાય, બહુ પીડા થાય, ઠંડા પદાર્થોનો દ્વેષ થાય (=સહન ન કરી શકાય) અને ઠંડા પદાર્થ વાપરવાથી સુખ ન થાય (=દરદ ઊલટું વધે); સ્તંભ, કંપ અને સુપ્તિ થાય.

પતમાં લોહી વધારે હોય તો શું થાય?

रक्ते शोफोऽतिरुक्तोदस्ताम्रश्चिमिचिमायते ।
स्निग्धरूक्षैः शमं नैति कण्डूक्लेदसमन्वितः ॥१४॥

પતમાં જો લોહી વધારે હોય તો સોજો બહુ જ પીડા અને તોદવાળો, તાંબાવર્ણો હોય છે, સોજામાં તમતમાટ થાય છે, સ્નિગ્ધ અને લૂખા આહાર, ઓષધ વગેરેથી સોજો ઊતરતો

નથી, સોજામાં ખણુજ અને ચેપનું પાણી હોય છે.

પતમાં પિત્ત વધારે હોય તેનાં લક્ષણ

पित्ते विदाहः सम्मोहः स्वेदो मूर्च्छा मदः सतृट् ।
स्पर्शाक्षमत्वं रुग्रागः शोफः पाको भृशोष्मता ॥१५

પતમાં પિત્ત વધારે હોય તો વિદાહ, સંમોહ, પરસેવો, મૂર્છા, કેફ, તરસ, સ્પર્શ ખમી ન શકાય (=આળું થઈ જાય), પીડા, લાલાશ, સોજો, પાક, બહુ ગરમી આવે–એટલાં વાનાં થાય.

પતમાં કફ વધારે હોય તેનાં લક્ષણ

कफे स्तैमित्यगुरुतासुप्तिस्निग्धत्वशीतताः ।
कण्डूर्मन्दा च रुग्

પતમાં કફ વધારે હોય તો સ્તૈમિત્ય, ભાર, સુપ્તિ, સ્નિગ્ધપણું, ઠંડક, ખણુજ અને મંદમંદ પીડા–એટલાં વાનાં થાય છે.

બેના કે બધાના કોપનાં લક્ષણ

द्वन्द्वसर्वलिङ्गं च सङ्करे ॥१६॥

પતમાં વાયુ, પિત્ત, કફ અને લોહી એ ચારમાંથી ગમે તે બે વધારે કોપ્યાં હોય તો તે બેનાં ભેગાં લક્ષણુ હોય છે અને એ ચારમાંથી બધાં (=ચારે) વધારે કોપ્યાં હોય તો ચારેનાં લક્ષણુ ભેગાં હોય છે.

સાધ્યાસાધ્ય વિચાર

एकदोषानुगं साध्यं नवं, याप्यं द्विदोषजम् ।
त्रिदोषजं त्यजेत्स्रावि स्तब्धमर्बुदकारि च ॥ १७॥

એક દોષથી થયેલું નવું (=એક વરસની અંદરનું) પત સાધ્ય છે, બે દોષથી થયેલું પત યાપ્ય છે અને ત્રણે દોષથી થયેલું, ચેપ નીકળતું, સ્તબ્ધ અને અર્બુદ કરે એવું–એ ચાર પ્રકારનાં પતને છોડી દેવાં (=અસાધ્ય છે).

रक्तमार्गं निहत्याशु शाखासन्धिषु मारुतः ।
निविश्यान्योन्यमावार्य वेदनाभिर्हरत्यसून् ॥ १८॥

શાખાઓના સાંધાઓમાં રહીને વાયુ લોહીના માર્ગનો તરત નાશ કરે છે. પછી લોહી અને વાયુ એકબીજાનું આવરણ કરીને (=લોહી વાયુના માર્ગમાં રુકાવટ કરીને અને વાયુ લોહીના માર્ગમાં રુકાવટ કરીને) પતમાં થતી પીડાઓ ઉત્પન્ન કરીને પ્રાણ લે છે (=મારી નાખે છે).

પ્રાણવાયુ શાથી કોપે, શું થાય?

वायौ पञ्चात्मके प्राणो रौक्ष्यव्यायामलङ्घनैः ।
अत्याहाराभिघाताध्ववेगोदीरणधारणैः ॥ १९॥
कुपितश्चक्षुरादीनामुपघातं प्रवर्तयेत् ।
पीनसार्दिततृट्कासश्वासादींश्चामयान्बहून् ॥२०

પાંચ પ્રકારના વાયુમાં લુખાશ, કસરત, લંઘન, બહુ જ આહાર, અભિઘાત (વાગવું, પછાડ વગેરે) ચાલીને મુસાફરી કરવી, વેગોને પરાણે આણવા કે વેગોને પરાણે રોકવા–એ કારણોથી કોપેલો પ્રાણવાયુ આંખ વગેરે ઇંદ્રિયોની શક્તિનો નાશ કરે છે તથા સળેખમ, અડદિયો વા, તરસ, ઉધરસ, દમ વગેરે અનેક રોગો કરે છે.

ઉદાનવાયુ શાથી કોપે, શું થાય?

उदानः क्षवथूद्गारच्छर्दिनिद्राविधारणैः ।
गुरुभारातिरुदितहास्याद्यैर्विकृतो गदान् ॥ २१ ॥
कण्ठरोधमनोभ्रंशच्छर्द्यरोचकपीनसान् ।
कुर्याच्च गलगण्डादींस्तांस्तान् जत्रूर्ध्वसंश्रयान् ॥ २२

છીંક, ઓડકાર, ઊલટી અને ઊંઘ–એ ચાર વેગોને પરાણે રોકી રાખવાથી તથા માથા ઉપર ભારે બોજો ઉપાડવાથી, બહુ રોવાથી, બહુ હસવા વગેરેથી બગડેલો ઉદાનવાયુ ગળાને રૂંધી નાખે, મનનો નાશ કરે, ઊલટી, અરુચિ, સળેખમ અને ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં થતા ગલગંડ વગેરે જાતજાતના રોગો કરે છે.

વ્યાનવાયુ શાથી કોપે, શું થાય?

व्यानोऽतिगमनध्यानक्रीडाविषमचेष्टितैः ।
विरोधिरूक्षभीहर्षविषादाद्यैश्च दूषितः ॥ २३ ॥
पुंस्त्वोत्साहबलभ्रंशशोफचित्तोत्प्लवज्वरान् ।
सर्वाङ्गरोगनिस्तोदरोमहर्षाङ्गसुप्तताः ॥२४॥
कुष्ठं विसर्पमन्यांश्च कुर्यात्सर्वाङ्गगान् गदान् ।

બહુ ચાલવાથી, બહુ ધ્યાન કરવાથી, બહુ રમવાથી, શરીરનાં અંગો વડે વિષમ ચેષ્ટાઓ કરવાથી, વિરુદ્ધ અને લૂખા આહારથી, બીક, હરખ, ખેદ વગેરેથી બગડેલો વ્યાનવાયુ પુરુષાતન(=મૈથુન કરવાની શક્તિ), ઉત્સાહ અને બળ એ ત્રણનો નાશ કરે છે, સોજા આણે છે,

ચિત્તને અસ્થિર બનાવે છે; તાવ, સર્વાંગરોગ (નિ. ૧૫/૪૦), તોદ, રૂંવાડાં ઊભાં થાય, શરીરને સ્પર્શનું જ્ઞાન ન થાય, કુષ્ઠ, રતવા અને બીજા આખા શરીરમાં થતા રોગો કરે છે.

સમાનવાયુ શાથી કોપે, શું થાય?

समानो विषमाजीर्णशीतसङ्कीर्णभोजनैः ॥२५॥
करोत्यकालशयनजागराद्यैश्च दूषितः ।
शूलगुल्मग्रहण्यादीन् पक्वामाशयजान् गदान् ॥२६

વિષમ ભોજન, અજીર્ણભોજન, ઠંડું ભોજન અને સંકીર્ણ ભોજનથી તથા યોગ્ય સમય વિના સૂવાથી. જાગવા વગેરેથી બગડેલો સમાનવાયુ શૂળ, ગોળો, ગ્રહણી વગેરે પક્વાશય અને આમાશયમાં થતા રોગો કરે છે.

અપાનવાયુ શાથી કોપે, શું થાય?

अपानो रूक्षगुर्वन्नवेगाघातातिवाहनैः ।
यानयानासनस्थानचङ्क्रमैश्चातिसेवितैः ॥२७॥
कुपितः कुरुते रोगान् कृच्छ्रान् पक्वाशयाश्रयान् ।
मूत्रशुक्रप्रदोषार्शोगुदभ्रंशादिकान् बहून् ॥२८॥

લૂખા અને ભારે આહારથી, વેગોને રોકવાથી કે પરાણે આણવાથી (=બહાર કાઢવાથી); પગપાળી મુસાફરી, વાહનમાં મુસાફરી, એક જગાએ બેસી રહેવું, ઊભા રહેવું અને ફરફર કરવું એટલાં વાનાં બહુ જ કરવાથી કોપેલો અપાનવાયુ પેશાબના રોગ, વીર્યના રોગ, હરસ, આમળ નીકળવી વગેરે પક્વાશયમાં થતા અનેક કૃચ્છ્રસાધ્ય રોગો કરે છે.

સામ અને નિરામ-વાયુનાં લક્ષણ

सर्वं च मारुतं सामं तन्द्रास्तैमित्यगौरवैः ।
स्निग्धत्वारोचकालस्यशैत्यशोफाग्निहानिभिः ॥२९
कटुरूक्षाभिलाषेण तद्विधोपशयेन च ।
युक्तं विद्यान्निरामं तु तन्द्रादीनां विपर्ययात् ॥३०॥

ઘેન, સ્તૈમિત્ય, ભારેપણું, સ્નિગ્ધપણું, અરુચિ, આળસ, ઠંડક, સોજો, જઠરાગ્નિનો નાશ, તીખું અને લૂખું ખાવાપીવાની ઇચ્છા, અને તીખા અને લૂખા ઉપાયથી સુખ થાય- એટલાં લક્ષણો ઉપરથી (પ્રાણ, ઉદાન, વ્યાન, સમાન અને અપાન) એ બધા પ્રકારનો વાયુ સામ છે એમ જાણવું. અને ઉપરના ઘેન વગેરે લક્ષણોથી વિરુદ્ધ લક્ષણો ઉપરથી વાયુ નિરામ છે એમ જાણવું.

વાયુના અનેક પ્રકારના આવરણનાં લક્ષણ

वायोरावरणं चातो बहुभेदं प्रवक्ष्यते ।

તેથી વાયુનું આવરણ અનેક પ્રકારનું કહેવાય છે (=વાયુનો માર્ગ કફ વગેરે અનેક વસ્તુઓથી રોકાય છે).

પિત્તથી રોકાયેલા વાયુનાં લક્ષણ

लिङ्गं पित्तावृते दाहस्तृष्णा शूलं भ्रमस्तमः ॥३१॥
कट्वोष्णाम्ललवणैर्विदाहः शीतकामता ।

જ્યારે વાયુ પિત્તથી રોકાય (=પિત્ત વાયુના માર્ગમાં આડું આવે), ત્યારે બળતરા, તરસ. શૂળ, ફેર, અંધારાં આવે; તીખું, ગરમ, ખાટું અને ખારું ખાવાપીવાથી વિદાહ થાય, ઠંડા આહારવિહારની ઇચ્છા થાય-એટલા લક્ષણ થાય છે.

કફથી રોકાયેલા વાયુનાં લક્ષણ

शैत्यगौरवशूलानि कट्वाद्युपशयोऽधिकम् ॥३२॥
लङ्घनायासरूक्षोष्णकामता च कफावृते ।

જ્યારે વાયુનો માર્ગ કફથી રોકાયો હોય, ત્યારે ઠંડક, ભારેપણું, શૂળ, તીખું વગેરે (=તીખું, ગરમ, ખાટું અને ખારું-શ્લોક ૩૧) ખાવાપીવાથી ખાસ સુખ (=રાહત) લાગે; લંઘન, મહેનત, લૂખું અને ગરમ એ ચારની ઇચ્છા થાય.

લોહીથી રોકાયેલા વાયુનાં લક્ષણ

रक्तावृते सदाहार्तिस्त्वङ्मांसान्तरजा भृशम् ॥३३
भवेच्च रागी श्वयथुर्जायन्ते मण्डलानि च ।

જ્યારે વાયુના માર્ગમાં લોહી આડું આવતું હોય, ત્યારે ચામડી અને માંસની અંદર બળતરા સાથે પુષ્કળ પીડા થાય છે, લાલચોળ સોજો હોય છે અને ગોળ ચાઠાં (=ચકામાં) થાય છે.

માંસથી રોકાયેલા વાયુનાં લક્ષણ

मांसेन कठिनः शोफो विवर्णः पिटिकास्तथा ॥३४
हर्षः पिपीलिकानां च सञ्चार इव जायते ।

જ્યારે વાયુનો માર્ગ માંસથી રોકાય, ત્યારે સોજો કઠણ અને બગડેલા રંગનો હોય છે,

કોલ્લીઓ થાય છે, ફેવાડાં ફીભાં થાય છે તથા અવયવો ઉપર જાણે કીડીઓ ચાલતી હોય એવું લાગે છે.

ચરબીથી રોકાયેલા વાયુ(=આઢ્યવાત)નાં લક્ષણ

चलः स्निग्धो मृदुः शीतः शोफो गात्रेष्वरोचकः आढ्यवात इति ज्ञेयः स कृच्छ्रो मेदसाऽऽवृते।

જ્યારે વાયુના માર્ગમાં ચરબી આડી આવે, ત્યારે અવયવો પર સોજો ખસતો, સ્નિગ્ધ, મૃદુ અને ઠંડો હોય છે તથા અરુચિ થાય છે. એને આઢ્યવાત જાણવો. એ કૃચ્છ્રસાધ્ય છે.

હાડકાથી રોકાયેલા વાયુનાં લક્ષણ

स्पर्शमस्थ्यावृतेऽत्युष्णं पीडनं चाभिनन्दति ॥३६ सूच्येव तुद्यतेऽत्यर्थमङ्गं सीदति शूल्यते।

જ્યારે વાયુનો માર્ગ હાડકાથી રોકાય છે, ત્યારે ત્યાં બહુ ગરમ વસ્તુ અડકવાથી અને દબાવવાથી સારું લાગે છે; જાણે સોય ખોસવાથી થતી હોય એવી પીડા થાય છે, અંગસાદ થાય છે અને અંગમાં શૂળ આવે છે.

મજ્જાથી રોકાયેલા વાયુનાં લક્ષણ

मज्जावृते विनमनं जृम्भणं परिवेष्टनम् ॥ ३७॥ शूलं च पीड्यमानेन पाणिभ्यां लभते सुखम्।

જ્યારે વાયુના માર્ગમાં મજ્જા આડી આવે, ત્યારે અંગો વળી જાય છે, બગાસા આવે છે, જાણે શરીરે દોરડા તાણી બાંધ્યાં હોય એવી પીડા થાય છે, શૂળ આવે છે અને એ અંગને જ્યારે હાથથી દબાવવામાં (ચોળવામા, મસળવામાં) આવે ત્યારે ત્યાં સારું લાગે છે.

વીર્યથી રોકાયેલા વાયુનાં લક્ષણ

शुक्रावृतेऽतिवेगो वा न वा निष्फलताऽपि वा ३८

જ્યારે વાયુનો માર્ગ વીર્યથી રોકાય, ત્યારે વીર્યના બહુ વેગ આવે (=વારંવાર વીર્ય છૂટે) કે સમૂળગું વીર્ય ન છૂટે કે વીર્ય નકામું જાય (=વીર્યથી ગર્ભ રહે નહિ).

આહારથી રોકાયેલા વાયુનાં લક્ષણ

भुक्ते कुक्षौ रुजा जीर्णे शाम्यत्यन्नावृतेऽनिले।

જ્યારે વાયુનો માર્ગ આહારથી રોકાય, ત્યારે ખાધા પછી કૂખમાં પીડા થાય છે અને ખાધેલું પચ્યા પછી એ પીડા શમી જાય છે.

પેશાબથી રોકાયેલા વાયુનાં લક્ષણ

मूत्राप्रवृत्तिराध्मानं बस्तेर्मूत्रावृते भवेत् ॥ ३९॥

જ્યારે વાયુના માર્ગમાં પેશાબ આડો આવે, ત્યારે પેશાબ થતો નથી અને મૂત્રાશયનું આધ્માન થાય છે (=ફૂલી જાય છે).

ઝાડાથી રોકાયેલા વાયુનાં લક્ષણ

विडावृते विबन्धोऽधः स्वस्थाने परिकृन्तति। व्रजत्याशु जरां स्नेहो भुक्ते चानह्यते नरः ॥४०॥ शकृत्पीडितमन्नेन दुःखं शुष्कं चिरात्सृजेत्।

જ્યારે વાયુના માર્ગમાં ઝાડો આડો આવતો હોય, ત્યારે નીચે પોતાના સ્થાનમાં (=૧. અપાનવાયુના સ્થાનમાં, ૨. ઝાડાના સ્થાનમાં) વિબંધ થાય છે અને એ રીતે રૂંધાયેલો વાયુ પોતાના સ્થાનમાં જાણે કપાતું હોય એવી પીડા કરે છે. સ્નેહ ઝટ પચી જાય છે અને ખોરાક ખાવાપીવાથી માણસને આનાહ થાય છે, તથા ખોરાકથી દબાવાયેલો ઝાડો સુકાઈ જઈને લાંબે વખતે મહામુશ્કેલીથી ઊતરે છે.

બધી ધાતુઓથી રોકાયેલા વાયુનાં લક્ષણ

सर्वधात्वावृते वायौ श्रोणीवङ्क्षणपृष्ठरुक् ॥४१॥ विलोमो मारुतोऽस्वस्थं हृदयं पीड्यतेऽति च।

જ્યારે વાયુનો માર્ગ બધી ધાતુઓથી રોકાય, ત્યારે ફૂલા, સાથળનાં વળાં અને પીઠમાં પીડા થાય છે, વાયુ પોતાનો સ્વાભાવિક માર્ગ છોડીને બીજે માર્ગે જાય છે, હૃદયમાં અસુખ થાય છે અને હૃદયમાં બહુ જ પીડા થાય છે.

પિત્તથી રોકાયેલા પ્રાણવાયુનાં લક્ષણ

भ्रमो मूर्च्छा रुजा दाहः पित्तेन प्राण आवृते ॥४२ विदग्धेऽन्ने च वमनम्

જ્યારે પ્રાણવાયુનો માર્ગ પિત્તથી રોકાય, ત્યારે ફેર, મૂર્ચ્છા, પીડા, બળતરા અને ખોરાકનો વિદાહ થયા પછી ઊલટી થાય છે.

પિત્તથી રોકાયેલા ઉદાનવાયુનાં લક્ષણ

उदानेऽपि भ्रमादयः। दाहोऽन्तरूर्जाभ्रंशश्च

પિત્તથી જ્યારે ઉદાનવાયુનો માર્ગ રોકાય,

ત્યારે ફેર વગેરે (શ્લોક ૪૨, ૪૨ફૂ) થાય, તે ઉપરાંત અંદર બળતરા થાય તથા બળનો નાશ થાય.

પિત્તથી રોકાયેલા વ્યાનવાયુનાં લક્ષણ

दाहो व्याने च सर्वग ॥४३॥
क्लमोऽङ्गचेष्टासङ्गश्च ससन्ताप सवेदन ।

પિત્તથી વ્યાનવાયુનો માર્ગ રોકાયો હોય, ત્યારે આખા શરીરમાં બળતરા, કળતર, શરીરની ક્રિયાઓનો નાશ થાય (=શરીરથી કંઈ કામ થઈ શકે નહિ), માથે ગરમી અને પીડા થાય

પિત્તથી રોકાયેલા સમાનવાયુનાં લક્ષણ

समान ऊष्मोपहतिरतिस्वेदोऽरति· सतृट् ॥४४॥
दाहश्च स्यात्

પિત્તથી સમાનવાયુનો માર્ગ રોકાયો હોય, ત્યારે અગ્નિનો નાશ થાય છે, બહુ પરસેવો થાય છે, અણગમો આવે છે, તરસ લાગે છે અને બળતરા થાય છે

પિત્તથી રોકાયેલા અપાનવાયુનાં લક્ષણ

अपाने तु मले हारिद्रवर्णता ।
रजोतिवृत्तिस्तापश्च योनिमेहनपायुषु ॥४५॥

જ્યારે અપાનવાયુનો માર્ગ પિત્તથી રોકાયો હોય, ત્યારે ઝાડો વગેરે મળ હળદર જેવા રંગના હોય છે, રજોગુણ બહુ જોર પકડે છે (અથવા સ્ત્રીને બહુ અટકાવ આવે છે), તથા યોનિ, મૂત્રેન્દ્રિય અને ગુદા તપી જાય છે

કફથી રોકાયેલા પ્રાણવાયુનાં લક્ષણ

श्लेष्मणा त्वावृते प्राणे सादस्तन्द्राऽरुचिर्वमि ।
ष्ठीवनं क्षवथूद्गारनि श्वासोच्छ्वाससङ्ग्रह ॥४६

જ્યારે પ્રાણવાયુનો માર્ગ કફથી રોકાય, ત્યારે અંગસાદ, ઘેન, અરુચિ, ઊલટી, થૂંક નીકળે તથા છીંક, ઓડકાર, નિશ્વાસ અને ઉચ્છ્વાસ પકડાઈ જાય (=એ ચાર ક્રિયાઓ સરળતાથી થાય નહિ).

કફથી રોકાયેલા ઉદાનવાયુનાં લક્ષણ

उदाने गुरुगात्रत्वमरुचिर्वाक्स्वरग्रह ।
बलवर्णप्रणाशश्च

જ્યારે ઉદાનવાયુનો માર્ગ કફથી રોકાય, ત્યારે શરીર ભાર થઈ જાય, અરુચિ થાય, બોલવાની ક્રિયા અને અવાજ પકડાઈ જાય, તથા બળ અને રંગનો નાશ થાય.

કફથી રોકાયેલા વ્યાનવાયુનાં લક્ષણ

व्याने पर्वास्थिवाग्ग्रह ॥४७॥
गुरुताऽङ्गेषु सर्वेषु स्खलितं च गतौ भृशम् ।

જ્યારે વ્યાનવાયુના માર્ગમાં કફ આડો આવે, ત્યારે પર્વ, હાડકાં અને બોલવાની ક્રિયાનો સ્તંભ થાય (=પકડાઈ જાય), બધા અવયવોમાં ભાર લાગે અને ચાલતાચાલતાં પુષ્કળ ઠેસ વાગે.

કફથી રોકાયેલા સમાનવાયુનાં લક્ષણ

समानेऽतिहिमाङ्गत्वमस्वेदो मन्दवह्निता ॥४८॥

જ્યારે સમાનવાયુના માર્ગમાં કફ આડો આવ્યો હોય, ત્યારે શરીર બહુ ઠંડું થઈ જાય, પરસેવો ન થાય, જઠરાગ્નિ મંદ થઈ જાય

કફથી રોકાયેલા અપાનવાયુનાં લક્ષણ

अपाने सकफं मूत्रशकृतः स्यात्प्रवर्तनम् ।

જ્યારે અપાનવાયુના માર્ગમાં કફ આડો આવ્યો હોય, ત્યારે કફવાળો ઝાડોપેશાબ થાય.

વાયુનું ૩૨ પ્રકારનું આવરણ

इति द्वात्रिंशतिविधं वायोरावरणं विदु ॥४९॥

આ રીતે (શ્લોક ૩૧થી ૪૯ફૂ) વાયુને ૩૨ પ્રકારનું આવરણ છે એમ શાસ્ત્રકારો જાણે છે.

પાંચ વાયુનું પરસ્પર આવરણ

प्राणादयस्तथाऽन्योन्यमावृण्वन्ति यथाक्रमम् ।
सर्वेऽपि विंशतिविधं विद्यादावरणं च तत् ॥५०

(તે ઉપરાંત) પ્રાણ વગેરે બધાય (=પ્રાણ, ઉદાન, વ્યાન, સમાન અને અપાન) ક્રમવાર એકબીજાના માર્ગને રોકે છે એ આવરણ વીસ પ્રકારનું છે એમ જાણવું.

(પ્રાણ વડે ઉદાન વગેરે બાકીના ચારનો માર્ગ રોકાય તે ચાર આવરણ ઉદાન વગેરે બાકીના ચારમાંના દરેક વડે પ્રાણનો માર્ગ રોકાય તે ચાર આવરણ ઉદાન વડે વ્યાન, સમાન અને અપાનનો માર્ગ રોકાય તે ત્રણ આવરણ વ્યાન, સમાન અને અપાન એ ત્રણમાંના દરેક વડે ઉદાનનો માર્ગ રોકાય તે

ત્રણ આવરણ. વ્યાન વડે સમાન અને ઉદાનનો માર્ગ રોકાય તે બે આવરણ. સમાન અને ઉદાન એ બેમાંથી દરેક વડે વ્યાનનો માર્ગ રોકાય તે બે આવરણ. સમાન વડે અપાનનો માર્ગ રોકાય તે એક આવરણ. અપાન વડે સમાનનો માર્ગ રોકાય તે એક આવરણ. આ રીતે પાંચ વાયુઓનાં પરસ્પર આવરણ કુલ ૨૦ (=૪+૪+૩+૩+૨+૨+૧+૧) છે.)

પાંચ વાયુનાં પરસ્પર આવરણનાં લક્ષણ

निःश्वासोच्छ्वाससंरोधः
प्रतिश्यायः शिरोग्रहः ।
हृद्रोगो मुखशोषश्च प्राणेनोदान आवृते ॥५१॥
उदानेनाऽऽवृते प्राणे वर्णौजोबलसङ्क्षयः ।

પ્રાણવાયુ વડે જ્યારે ઉદાનવાયુનો માર્ગ રોકાય, ત્યારે શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં રુકાવટ થાય છે, સળેખમ થાય છે, માથું પકડાય છે, હૃદયના રોગ થાય છે, મોં સુકાય છે. ઉદાનવાયુ વડે જ્યારે પ્રાણનો માર્ગ રોકાય છે, ત્યારે શરીરના રંગ, ઓજસ અને બળનો નાશ થાય છે.

दिशाऽनया च विभजेत्सर्वमावरणं भिषक् ॥५२॥
स्थानान्यवेक्ष्य वातानां
वृद्धिं हानिं च कर्मणाम् ।

આ ધોરણે વાયુઓનાં સ્થાનનો અને વાયુના કામમાં વધારો છે કે ઘટાડો છે એ બાબતનો વિચાર કરીને વૈદ્યે બધાં આવરણના ભાગ પાડી નાખવા (કયો વાયુ કયા વાયુથી રોકાય ત્યારે કયાં લક્ષણ થાય તે સમજી લેવું.)

(દરેક વાયુના સ્થાન તથા કોપેલા અને ન કોપેલા દરેક વાયુનાં કામ સૂ. અ. ૧૨માં આપ્યાં છે. પાંચમાંથી જે વાયુ માર્ગ રોકતો હોય તેનાં કર્મની વૃદ્ધિ થાય છે અને જે વાયુનો માર્ગ રોકાયો હોય તેના કર્મ ઓછાં થઈ જાય છે. વળી જે કર્મ થાય છે તે કયા સ્થાનમાં થાય છે તેનો પણ વિચાર કરવો પડે છે. લક્ષણો કયા વાયુના સ્થાનમાં થાય છે, તથા કયા વાયુનાં કામ જોરશોર ચાલે છે અને કયા વાયુનાં કામ રોકાઈ ગયાં છે એટલી બાબતોનો વિચાર કરવાથી કયા વાયુનો માર્ગ કયા વાયુએ રોક્યો છે તે નક્કી થઈ શકે છે.)

(દા. ત. ઉદાન વડે અપાનનો માર્ગ રોકાય ત્યારે ઊલટી, શ્વાસ, ઉધરસ, થોડો જઠરાગ્નિ, અતિસાર વગેરે થાય છે. અપાન વડે ઉદાનનો માર્ગ રોકાય ત્યારે મૂત્રાશય ફૂલી જાય, ઉદાવર્ત, ગોળો, થોડો જઠરાગ્નિ અને કાતરથી કતરાતુ હોય એવી પીડા થાય છે. વ્યાન વડે અપાનનો માર્ગ રોકાય ત્યારે ઝાડો, પેશાબ અને વીર્ય બહુ જ નીકળે છે. સમાન વડે વ્યાનનો માર્ગ રોકાય ત્યારે મૂર્છા, ઘેન, લવરી, અંગસાદ; જઠરાગ્નિનો, ઓજસનો અને બળનો નાશ—એટલું થાય છે. ઉદાન વડે વ્યાનનો માર્ગ રોકાય ત્યારે મોં બદામી રંગનું થઈ જાય, જઠરાગ્નિ સ્તબ્ધ અને થોડો થઈ જાય, પરસેવો થાય, શરીરની ચેષ્ટાઓ થાય નહિ અને આંખો મિંચાઈ જાય. આ ધોરણે વૈદ્યે કયા વાયુનો માર્ગ કયો વાયુ રોકે ત્યારે કયાં લક્ષણ થાય, તે શાસ્ત્રને આધારે પોતાની બુદ્ધિથી નક્કી કરી લેવું.)

વાયુનાં અસંખ્ય આવરણો

प्राणादीनां च पञ्चानां मिश्रमावरणं मिथः ॥५३॥
पित्तादिभिर्द्वादशभिर्मिश्राणां मिश्रितैश्च तैः ।

પ્રાણ વગેરે પાંચ વાયુઓમાંથી એકએક, બેબે, ત્રણત્રણ કે ચારચાર અંદરઅંદર એકબીજાના આવરક (=માર્ગ રોકનાર) અને આવાર્ય (=જેનો માર્ગ રોકાય તે) બનવાથી અસંખ્ય મિશ્ર આવરણો થાય છે. વળી, પિત્ત વગેરે બાર(=પિત્ત, કફ, લોહી, માંસ, ચરબી, હાડકું, મજ્જા, વીર્ય, અન્ન, પેશાબ, ઝાડો અને બધી ધાતુઓ)માના દરેક વડે ઉપર કહેલા પાંચ વાયુઓનાં અસંખ્ય મિશ્ર આવરણોનો માર્ગ રોકાવાથી વળી તેથી વધારે અસંખ્ય આવરણો બને છે. વળી એ રીતે બનેલાં મિશ્ર આવરણો અંદર અંદર મિશ્ર થાય તેથી આવરણો તેના કરતાંયે વધારે અસંખ્ય

બને છે.

मिश्रैः पित्तादिभिस्तद्वन्मिश्रणाभिरनेकधा ॥५४॥
तारतम्यविकल्पाच्च यात्यावृत्तिरसङ्ख्यताम् ।
तां लक्षयेदवहितो यथास्वं लक्षणोदयात् ॥ ५५ ॥
शनैःशनैश्चोपशयाद्गूढामपि मुहुर्मुहुः ।

(આગળના શ્લોકમાં પિત્ત વગેરે બારમાંથી દરેક છૂટુંછૂટું આવરણ કરે તેની ગણતરી થઈ, પણ પિત્ત વગેરે બારમાંથી ગમે તે બેબે, ત્રણ-ત્રણ, ચારચાર...કે બારેના સમૂહમાં આગળના શ્લોકમાં કહેલાં વાયુનાં અસંખ્ય આવરણોનુ આવરણ કરે તેની ગણતરી થઈ નથી. વળી પિત્ત વગેરે બારના અસંખ્ય મિશ્ર સમૂહો તથા પાંચ વાયુના આવરક અને આવાર્યના ભાવથી થયેલા અસંખ્ય સમૂહોમાં કઈ વસ્તુ કોના કરતા કેટલે અંશે વધારે છે એવો તર અને તમનો વિચાર પણ આગલા શ્લોકમાં થયો નથી. તેથી કહે છે કે:-)

તે જ પ્રમાણે પિત્ત વગેરે મિશ્ર થઈને પ્રાણ વગેરે મિશ્ર થયેલાના માર્ગનુ આવરણ કરે એવા અનેક પ્રકારનાં મિશ્રણોને લીધે તથા એ બધામા કયુ કોના કરતાં કેટલુ વધારે પ્રમાણ-માં છે અને કયુ સૌથી વધારે છે એ રીતે અનેક વિકલ્પો હોવાથી આવરણો અસંખ્ય બને છે. દરેકનાં પોતપોતાનાં લક્ષણો પ્રકટ થાય તે ઉપરથી વૈદ્યે ધ્યાન દઈને ધીમેધીમે વારંવાર એ આવરણો ઓળખવાં. આવરણ છુપાયેલું હોય (=લક્ષણો વ્યક્ત ન થતાં હોય તોપણ ઉપશયનો ઉપયોગ કરીને છૂપું આવ-રણ પણ વૈદ્યે ધીમેધીમે વારંવાર ધ્યાન દઈને ઓળખી કાઢવુ.

विशेषाज्जीवितं प्राण उदानो बलमुच्यते ॥ ५६ ॥
स्यात्तयोः पीडनाद्धानिरायुषश्च बलस्य च ।

(બધા વાયુ જીવનરૂપ છે એ વાત ખરી પણ) ખાસ કરીને તો પ્રાણવાયુ જીવનરૂપ છે. ખાસ કરીને ઉદાનવાયુ બળરૂપ છે. એ બંને-(=પ્રાણ અને ઉદાન)ના ક્ષોભ થવાથી અનુક્રમે આવરદા અને બળનો નાશ થાય છે.

સાધ્યાસાધ્ય આવરણો

आवृता वायवोऽज्ञाता ज्ञाता वा वत्सरं स्थिताः ॥ ५७ ॥
प्रयत्नेनापि दुःसाध्या भवेयुर्वाऽनुपक्रमाः ।

શાનાથી કયા વાયુનો માર્ગ રોકાયો છે એવો જેને વિષે નિશ્ચય ન થઈ શકયો હોય એવા વાયુઓ અથવા શાનાથી કયા વાયુનો માર્ગ રોકાયો છે એવો નિશ્ચય થયો હોય એવા વાયુઓ જો એક વરસ સુધી એ રીતે રોકાયેલા રહેલા હોય, તો એવા વાયુઓ પ્રયત્ન કરવા છતાં પણ દુઃસાધ્ય હોય છે અથવા અસાધ્ય બની જાય છે.

રોકાયેલા વાયુના ઉપચાર ન કરવાથી થતા ઉપદ્રવ

विद्रधिप्लीहहृद्रोगगुल्माग्निसदनादयः ॥ ५८ ॥
भवन्त्युपद्रवास्तेषामावृतानामुपेक्षणात् ॥ ५८½ ॥

જેના માર્ગમાં કંઈ રોકાણ હોય એવા વાયુઓ તરફ બેદરકારી રાખવાથી (શાસ્ત્રોક્ત ઉપચાર વખતસર ન કરવાથી) ગડ, બરોળનો રોગ, હૃદયના રોગ, ગોળો, જઠરાગ્નિ મંદ પડી જાય વગેરે ઉપદ્રવો થાય છે.

इत्यष्टाङ्गहृदये तृतीये निदानस्थाने वातशोणित निदानं नाम षोडशोऽध्यायः ॥ १६ ॥

महर्षि वाग्भटकृत

अष्टांगहृदय

ચિકિત્સાસ્થાન

અધ્યાય ૧ લો–જ્વરચિકિત્સા

(રોગ શી રીતે પારખવો તે આગળ નિદાનસ્થાનમાં કહેવાઈ ગયુ છે. હવે શી ચિકિત્સા (ઉપચાર) કરવી તે કહેવું જોઈએ તેથી હવે ચિકિત્સાસ્થાનનો આરંભ થાય એ યોગ્ય છે. નિદાનસ્થાનમાં જે ક્રમમાં રોગ કહ્યા છે તે જ ક્રમમાં આ ચિકિત્સાસ્થાનમાં એના ઉપાય કહેવા યોગ્ય છે, તેથી પહેલાં તાવની ચિકિત્સા જ કહેવાની ઇચ્છાથી વાગ્ભટ કહે છે કે:–)

अथातो ज्वरचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે અમે તાવના ઉપાય વિગતવાર કહીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યુ છે (એટલે આત્રેય વગેરે મહર્ષિઓએ જે કહ્યુ છે તે જ આ ચિકિત્સાસ્થાનમા અમે લખ્યુ છે. અમારી બુદ્ધિના તરંગો દોડાવીને અમે કંઈ પણ લખ્યુ નથી).

તાવમાં નકોરડા ઉપવાસ: એનું કારણ

आमाशयस्थो हत्वाऽग्निं सामो मार्गान् पिधाय यत् ।
विदधाति ज्वरं दोषस्तस्मात्कुर्वीत लङ्घनम् ॥१॥
प्राग्रूपेषु ज्वरादौ वा, बलं यत्नेन पालयन् ।

આમાશયમાં રહેલો, આમવાળો દોષ જઠરાગ્નિને હણીને (=હોલવીને, છાઈ દઈને), શરીરનાં સ્રોતોને પૂરી દઈને તાવ આણે છે, તેથી તાવના પૂર્વરૂપમા કે તાવની (સહેજ પણ) શરૂઆત થાય કે તરત બળ પ્રયત્નપૂર્વક સાચવી રાખીને ઉપવાસ કરવા.)

(આમાશય=હોજરી. આમ=ખાધેલાપીધેલા આહારનો ન પચેલો કાચો રસ. સ્રોત–જુઓ શારીરસ્થાન શ્લોક ૪૦, ૪૧, ૪૨. પૂર્વરૂપ= અમુક રોગ થતા પહેલા એ રોગ થવાની તૈયારી છે એવુ દેખાડનારા કેટલાક લક્ષણો થાય છે તેને ને રોગનુ પૂર્વરૂપ કહે છે.)

તાવના પૂર્વરૂપમા ઉપવાસ કરવા, પણ જો તાવના પૂર્વરૂપની ખબર ન રહે કે સમજણ ન પડે તો તાવ સહેજ પણ શરૂ થાય કે તરત ઉપવાસ કરવા. 'ज्वरादौ' (=તાવની શરૂઆતમાં) એ શબ્દનો એવો અર્થ કરવાનો નથી કે તાવની શરૂઆત થાય ત્યારે ઉપવાસ કરવો અને પછી તાવના બીજા દિવસથી ખાવાપીવા માંડવુ. 'ज्वरादौ' શબ્દ ઉપવાસ ક્યારે શરૂ કરવા અને ક્યારે છોડવા એ બન્ને સમય દેખાડે છે. મોડામા મોડા તાવ આવે કે તરત ઉપવાસ શરૂ કરવા અને તાવની આદિ એટલે પહેલી અવસ્થા (તરુણ અવસ્થા) પૂરી થાય ત્યારે છોડવા એવુ 'ज्वरादौ' શબ્દ વાપરીને વાગ્ભટ કહેવા માગે છે.

વળી ઉપવાસ ચાલતા હોય ત્યારે આપણું બળ ઘટે એવું કંઈ કામ કરવું નહિ. ઉપવાસ ચાલતા હોય ત્યારે પણ તાવને લીધે દરદી નિર્બળ હોય છે. એવી સ્થિતિમાં બોલબોલ કરીને, હરફર કરીને કે એવાં બળ ઘટે એવા બીજાં કામ કરીને શરીરને વધારે નિર્બળ કરવું નહિ, પણ બળનો સંગ્રહ કરવો. 'बलं यत्नेन पालयन्' (=બળ પ્રયત્નપૂર્વક સાચવી રાખીને)

એ શબ્દો વાપરીને વાગ્ભટ એવું કહેવા નથી માગતા કે ઉપવાસ દરમ્યાન બળ ઘટતુ લાગે તો ઉપવાસ ન કરવા. એ તો એમ કહેવા માગે છે કે તાવમાં ઉપવાસ તો કરવા જ પણ સાથેસાથે શક્તિ સંઘરી રાખવાનો (વેડફી ન નાખવાનો) પ્રયત્ન કરવો. ખાઈપીને કે બીજી રીતે નવી શક્તિ ઉમેરવાનું લેખકના શબ્દો કહેતા નથી, પણ ઉપવાસ કરતાકરતાં હોય એટલી શક્તિ પ્રયત્નપૂર્વક સંઘરી રાખવાનું (ટકાવી રાખવાનું) કહે છે.

રોગમા ઉપવાસ વગેરે લંઘનને પરિણામે જે લક્ષણો થાય છે તે સૂત્રસ્થાનના અધ્યાય ૧૪ શ્લોક ૧૬થી ૧૮ ના અમુક ભાગમાં આપ્યાં છે. તેમાં ઉત્સાહ પણ એક લક્ષણ છે. વળી નીચે શ્લોક ૪માં ઉપવાસને પરિણામે બળ પણ આવે છે એવું લેખક પોતે જ લખે છે. આયુર્વેદને આધારે લેખક આવુ માનતા હોવાથી એ એવું ન કહે કે ઉપવાસ કરવાથી અશક્તિ આવે. અશક્તિ રોગથી કે શાસ્ત્રવિરુદ્ધની ચિકિત્સાથી આવે, શાસ્ત્રોક્ત ઉપવાસથી નહિ.

વળી ઉપવાસ કરવા યોગ્ય સ્થિતિમાં કંઈ પણ ખાવાપીવાથી પણ બળ ઘટે છે.

'બળ પ્રયત્નપૂર્વક સાચવી રાખીને' એ શબ્દોનો અર્થ એવો પણ થઈ શકે કે સૂત્રસ્થાન અધ્યાય ૧૪ શ્લોક ૨૯થી ૩૦½માં ગણાવેલાં હદ ઉપરાંત એટલે અતિ લંઘનનાં લક્ષણો દરદીમાં જણાય એટલે સુધી ઉપવાસ ન કરાવવા.

(હવે લેખક બળ સાચવી રાખવાનુ કારણ કહે છે.)

बलाधिष्ठानमारोग्यमारोग्यार्थः क्रियाक्रमः ॥२॥

આરોગ્યનો આધાર બળ ઉપર છે અને આરોગ્ય માટે ઉપચારની ક્રિયાનો ક્રમ (અં. કોર્સ) છે.

(આરોગ્યનો આધાર બળ ઉપર હોવાથી જો દરદી પોતાની શક્તિ બીજી રીતે વેડફી નાખે તો ઉપચાર કરવા છતાં પણ બળ ઉપર આધાર રાખતું આરોગ્ય સાંપડે નહિ.)

પૂરા ઉપવાસને લીધે શું શું થાય?

लङ्घनैः क्षपिते दोषे दीप्तेऽग्नौ लाघवे सति ।
स्वास्थ्यं क्षुत्तृड् रुचिः पक्तिर्बलमोजश्च जायते ॥

ઉપવાસથી જ્યારે (કોપેલા) દોષનો નાશ થાય, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, શરીર હલકું ફૂલ જેવું થાય (=શરીરમાં સ્ફૂર્તિ આવે), ત્યારે આરોગ્ય, ભૂખ, તરસ, ખાવાની રુચિ, 'આમ'નુ પાચન, બળ અને ઓજ જન્મે છે.

(ઓજ=વીર્યમાંથી બનતુ તેજ. આ ઓજ નામના સૂક્ષ્મ તત્ત્વને લીધે માણસમાં હિંમત. ધીરજ, શૌર્ય વગેરે ગુણો આવે છે.)

તાવમાં ઊલટી ક્યારે કરાવવી? બીજા સંયોગોમાં ઊલટી કરાવવાથી શું થાય?

तत्रोत्कृष्टे समुत्क्लिष्टे कफप्राये चले मले ।
सहृल्लासप्रसेकान्नद्वेषकासविषूचिके ॥ ४॥
सद्योभुक्तस्य सञ्जाते ज्वरे सामे विशेषतः ।
वमनं वमनार्हस्य शस्तं
कुर्यात्तदन्यथा ॥५॥
श्वासातीसारसम्मोहहृद्रोगविषमज्वरान् ।

જ્યારે તે દોષ ઘણો જ વધી ગયો હોય, પોતાના સ્થાનમાંથી બહાર નીકળ્યો હોય, (દોષમાં) કફનું પ્રમાણ ઘણું વધારે હોય, દોષ પોતાના સ્થાનમાં ઢીલો (છૂટો) પડી ગયો હોય (પણ બહાર નીકળતો ન હોય), દોષ સાથે ખાલી ઊબકા, લાળ, ખાવાપીવાની સૂગ, ઉધરસ અને કોગળિયા(અં. કોલેરા)ના ઉપદ્રવ હોય ત્યારે અને ખાસ કરીને તરત જમેલા માણસને જ્યારે સામજ્વર આવે, ત્યારે જે દરદી ઊલટી કરાવવાને યોગ્ય હોય (સૂ. ૧૮/૧થી ૧૧) તેને ઊલટી કરાવવી એ સારું છે. પણ ઉપર વર્ણવેલી સ્થિતિ ન હોય છતાં ઊલટી કરાવવાથી દમ, ઝાડા, મૂર્છા, હૃદયના રોગ અને વિષમ જ્વર(મેલેરિયા તાવ)ના રોગ થાય છે.

વમનનાં (ઊલટી કરાવે એવાં) ઔષધો

पिप्पलीभिर्युतान् गालान् कलिङ्गैर्मधुकेन वा ॥
उष्णाम्भसा समधुना पिबेत्सलवणेन वा ।
पटोलनिम्बकर्कोटवेत्रपत्रोदकेन वा ॥७॥

तर्पणेन रसेनेक्षोर्मद्यैः कल्पोदितानि वा ।
वमनानि प्रयुञ्जीत बलकालविभागवित् ॥ ८॥

(વમન કરવાને માટે મીંઢળ શ્રેષ્ઠ છે, કેમ કે તે બીજી વિક્રિયા કરતું નથી.) એ મીંઢળને તેની બરોબર પીપરના ચૂર્ણ સાથે વમન ઔષધ તરીકે આપવું (જ્યાં જ્યાં વજન ન બતાવ્યુ હોય, ત્યાં ત્યાં સમાન લેવુ એવો રિવાજ છે તથા બીજા વૈદ્યાચાર્યો પણ એમ કહી ગયા છે). અથવા ઇંદ્રજવની સાથે, અથવા જેઠીમધના લાકડા સાથે, અથવા મધ અને ઊના પાણી સાથે, અથવા સિંધવ સહિત ઊના પાણી સાથે મીંઢળ આપવું. અથવા પટોલનાં પાંદડાંના રસમાં, અથવા લીંબડાનાં પાંદડાંના રસમાં, અથવા કંટોલીનાં પાંદડાંના રસમાં, અથવા નેત્ર(નેતર)નાં પાંદડાંના રસમાં મીંઢળ વાટીને વમન માટે આપવું. અથવા તર્પણ કરનારાં ઔષધોની સાથે, અથવા શેરડીના રસ સાથે, અથવા મધ સાથે મીંઢળ વમન માટે આપવુ. અથવા પાછળ (ક. ૧ માં) વમન કરવાનાં ઔષધ કહેલાં છે તેમાંથી કોઈ પણ ઔષધ વમન માટે આપવું. (એ વમન ઔષધ આપતી વખતે વૈદ્યે રોગીનું અને રોગનું બળ અને સમયનો વિચાર કરીને વમન આપવું; કેમ કે વ્યાધિનું બળ એટલું બધુ ન હોય કે જેથી વમન આપવાની જરૂર હોય, અથવા રોગી એટલો શક્તિમાન ન હોય કે તે વમનને સહન કરી શકે અથવા કાળ એવો હોય કે જેથી વમનકર્મ રોગીને હિતકર ન થાય, તો તે વમનથી બીજા ઉપદ્રવ પેદા થાય છે. માટે) બળ અને કાળના વિભાગને જાણનારા વૈદ્યે વમન આપવું.

તર્પણ કરનાર ઔષધો—જુઓ ચરકસંહિતા સૂત્રસ્થાન અધ્યાય ૨૩.

ઉપવાસ તો અવશ્ય કરવા

कृतेऽकृते वा वमने ज्वरी कुर्याद्विशोषणम् ।
दोषाणां समुदीर्णानां पाचनाय शमाय च ॥ ९॥

જે જ્વરવાળો રોગી વમન કરવાને યોગ્ય હોય તેણે વમન કર્યા પછી ઉપવાસ કરવો તથા જે જ્વરવાળો રોગી વમન કરવાને અયોગ્ય હોય તેણે વમન કર્યા વિના પણ ઉપવાસ કરવો; કેમ કે ચારે પાસથી ઊભળેલા—ઊપડી આવેલા વાતાદિક દોષનુ પાચન કરવાને તથા તેનુ શમન કરવાને ઉપવાસ કરવાની જરૂર છે.

ઉપવાસ ક્યાં સુધી કરવા?

दोषेण भस्मनेवाग्नौ छन्नेऽन्नं न विपच्यते ।
तस्मादादोषपचनाज्ज्वरितानुपवासयेत् ॥ १० ॥

રાખોડીથી ઢંકાયેલા અગ્નિથી જેમ અન્ન રંધાતું નથી તેમ આમ (=સામ દોષ) વડે ઢંકાયેલા જઠરાગ્નિથી ખાધેલુ અન્ન પચતું નથી. માટે જ્યાં સુધી (સામ) દોષ પાકી જાય (નિરામ થાય), ત્યાં સુધી જ્વરવાળા રોગીને ઉપવાસ કરાવવા.

વાતકફજ્વરમાં કેવું પાણી, કેટલુ પીવું? તેનું કારણ

तृष्णगल्पाल्पमुष्णाम्बु पिबेद्वातकफज्वरे ।
तत्कफं विलयं नीत्वा तृष्णामाशु निवर्तयेत् ॥११
उदीर्य चाग्निं स्रोतांसि मृदूकृत्य विशोधयेत् ।
लीनपित्तानिलस्वेदशकृन्मूत्रानुलोमनम् ॥ १२ ॥
निद्राजाड्यारुचिहरं प्राणानामवलम्बनम् ।
विपरीतमतः शीतं दोषसङ्घातवर्धनम् ॥ १३ ॥

વાયુ અને કફના જ્વરમાં (વાતકફજ્વરમાં) (રોગીને તરસ લાગે ત્યારે રોગીએ) થોડું-થોડું ઊનું પાણી પીવુ, કેમ કે એ રીતે થોડું-થોડું ગરમ પાણી પીવાથી તે કફને ઓગાળીને તત્કાળ (થોડી વારમાં) તરસને મટાડી દેશે, વળી તે ગરમ પાણી જઠરાગ્નિને પ્રદીપ્ત કરીને સ્રોતોને કોમળ કરીને શુદ્ધ કરશે, વળી જે પિત્ત, વાયુ, પરસેવો, ઝાડો અને મૂત્ર પ્રવૃત્ત નહિ થતા હોય તે સર્વને તે તેમને સ્વાભાવિક માર્ગે પ્રવર્તાવશે, વળી તેથી ઊંઘ, જડતા અને અરુચિ દૂર થશે, પાંચે પ્રાણો (વાયુઓ) પોતપોતાના સ્વાભાવિક કામે લાગશે. એ જ્વરમાં ઠંડું પાણી રોગીને પીવા આપવાથી ઉપર જણાવેલી અસરથી ઊલટી અસર થાય છે અને દોષોની વૃદ્ધિ થાય છે.

(એ રીતે ઊનું પાણી પીવાની અસર કહેવાને બહાને ગ્રંથકારે વાતકફજ્વરના સ્વરૂપનો પણ

કાંઈક પ્રકાશ કર્યો છે. જેમ કે, વાયુએ સૂકવેલો કફ જડ થઈ જાય છે તેથી તરસ લાગે છે, તેમ જ ઘણુ અગ્નિમાંદ્ય, સ્રોત (દોષાદિને વહેનારી શિરાઓ)નુ અશુદ્ધપણુ તથા પિત્ત, વાયુ, પરસેવો, ઝાડો આદિક ભરાઈ રહે છે, એ બધું પણ વાતકફજ્વરમા થાય છે.)

ગરમ પાણી કોને અને ક્યારે પીવા ન આપવું ?

उष्णमेवंगुणत्वेऽपि युञ्ज्यान्नैकान्तपित्तले।
उद्रिक्तपित्ते दवथुदाहमोहातिसारिणि ॥ १४ ॥
विषमद्योत्थिते ग्रीष्मे क्षतक्षीणेऽस्रपित्तिनि।

ઊનું પાણી એવા (ઉપર કહ્યા તેવા) ગુણવાળુ હોવા છતા પણ જે મનુષ્યને કેવળ પિત્તનો જ જ્વર હોય, અથવા જે જ્વરમા પિત્ત અધિક બળવાન હોય, અથવા દવથુ,[1] દાહ,[2] મોહ, અતિસાર (ઝાડા), એ ઉપદ્રવ જેને હોય, અથવા જે જ્વર વિષથી કે મદ્યપાનથી ઉત્પન્ન થયો હોય, અથવા જે જ્વર ગ્રીષ્મઋતુમા ઉત્પન્ન થયો હોય, અથવા જે રોગીને ઉર:ક્ષત ક્ષય થવાથી તે ક્ષીણ (નબળો) થઈ ગયો હોય, અથવા જે રોગીને રક્તપિત્તનો વ્યાધિ થયો હોય, તેને અને તે જ્વરમા ઊનુ પાણી પાવુ નહિ.

પિત્તજ્વર વગેરેમાં કેવું પાણી હિતકર છે ?

घनचन्दनशुण्ठ्यम्बुपर्पटोशीरसाधितम् ॥ १५ ॥
शीतं तेभ्यो हितं तोयं पाचनं तृड्ज्वरापहम्।

ઉપર જે કેવળ પિત્તજ્વરવાળા રોગી વગેરે કહ્યા છે તેમને તરસ લાગે તો મોથ, સુખડ, સૂંઠ, વાળો, પિત્તપાપડો અને કાળો વાળો, એ ઔષધ સમાન ભાગે લઈને તેમને આખાપાખા કચરીને પછી ખશેર પાણીમા એક તોલો, એ પ્રમાણથી તેનો ક્વાથ કરીને, અરધું પાણી રહે ત્યારે તેને ગાળી લઈ ટંડુ પાડી તે જળ રોગીને પીવા આપવુ. એ ટડક કરે એવુ પાણી એમને હિતકર, આમનું પાચન કરનાર તથા તૃષા અને તે સાથે તાવને પણ દૂર કરનાર છે.

ટડું પાણી=ઉકાળીને માટીના વાસણમાં ઠારેલુ પાણી, બરફનુ પાણી કે રેફ્રિજરેટરમા ઠારેલુ પાણી નહિ.

પિત્તવિરોધી દ્રવ્ય જ્વરમાં તજવું

ऊष्मा पित्तादृते नास्ति ज्वरो नास्त्यूष्मणा विना॥
तस्मात्पित्तविरुद्धानि त्यजेत् पित्ताधिकेऽधिकम्॥

પિત્ત વિના ગરમી હોતી નથી અને ગરમી વિના જ્વર હોતો નથી; માટે પિત્તવિરોધી જે દ્રવ્ય હોય તે સર્વેનો દરેક પ્રકારના જ્વરમાં ત્યાગ કરવો, પણ જે જ્વરમા પિત્ત અધિક હોય તે જ્વરમા તો બિલકુલ—ત્યાગ કરવો. ('પિત્તવિરોધી'=જે દ્રવ્ય પિત્તને કોપાવનારાં કે પિત્તના વ્યાધિમા અહિતકર છે તે.)

જ્વરમાં બીજું શું શું ન કરવું ?

स्नानाभ्यङ्गप्रदेहांश्च परिशेषं च लङ्घनम् ॥ १७ ॥

જ્વરમા કેવળ પિત્તવિરોધી દ્રવ્ય તજવા એટલુ જ નહિ, પણ સ્નાન, અભ્યંગ, લેપ અને જ્વરમા કરવાના ઉપવાસ સિવાય બીજું કોઈ પણ જાતનુ લંઘન, એટલાં વાનાંનો ત્યાગ કરવો. સ્નાનાદિક પિત્ત હરનારાં હોવા છતાં પણ તેમના અચિંત્ય પ્રભાવને લીધે તે જ્વરમા વિરુદ્ધ છે, માટે તેનું સેવન કરવાનો નિષેધ કર્યો છે.

(નાહવાની મનાઈ કરવામાં 'સ્પંજિંગ' કરવાની (શરીરે પાણીના પોતા ફેરવવાની) તથા માથે કે શરીરના બીજા ભાગ પર બરફ મૂકવાની મનાઈ આપોઆપ જ આવી જાય છે.)

(લંઘન : જે ક્રિયાથી શરીર હલકું થાય તે ક્રિયાને આયુર્વેદમા લંઘન કહેવામા આવે છે. ઊલટીઓ કરાવવાથી, જુલાબ કરાવવાથી, બસ્તિ (એનિમા) આપવાથી, નાક વાટે નસ્ય ફૂંકવાથી, તરસ્યો રાખવાથી, પવન ખવડાવવાથી, તડકો ખાવાથી, પાચન ઔષધો ખાવાથી, નકોરડા ઉપવાસ કરવાથી અને કસરત (મહેનત) કરવાથી—એમ દસ રીતે શરીર હલકું બને છે; તેથી એ દસ ક્રિયાઓને લંઘન કહે છે.

[1] નેત્ર આદિમા જે તીવ્ર બળતરા બળે છે તેને 'દવથુ' કહે છે.

[2] આખા શરીરમા જે તીવ્ર અગન થાય છે તેને 'દાહ' કહે છે.

કેટલાક ફસ ખોલીને લોહી કાઢવાની ક્રિયાને પણ લંઘન કહે છે. એમને મતે લંઘન અગિયાર પ્રકારનું છે. આ દસ કે અગિયાર પ્રકારનાં લંઘનમાંથી ફક્ત નકોરડા ઉપવાસરૂપી લંઘન તાવમાં જરૂરી છે, બાકીનાં બધાં લંઘનની મનાઈ કરવામાં આવી છે. માટે ઉપર શ્લોક ૩૬થી ૪૬માં જણાવેલા કટોકટીના પ્રસંગ સિવાય તાવમાં ઉપવાસ સિવાયનું બીજું કોઈ પણ પ્રકારનું લંઘન કરાવવું નહિ.)

સામજ્વરમાં દવાની મનાઈ

अजीर्ण इव शूलघ्नं सामे तीव्ररुजि ज्वरे ।
न पिबेदौषधं तद्धि भूय एवाममावहेत् ॥ १८ ॥

જેમ અજીર્ણ સામ ('આમ'વાળું) હોય ત્યારે ગમે તેટલી તીવ્ર પીડા થતી હોય તોપણ શૂળ મટાડે એવી દવા ન પીવી જોઈએ, તેમ તાવ સામ હોય ત્યારે ગમે તેટલી પીડા થતી હોય, છતાં પણ દવા ન પીવી જોઈએ; કારણ કે દવા આમમાં વધારો જ કરે છે.

તાવમાં દૂધની મનાઈ

आमाभिभूतकोष्ठस्य क्षीरं विषमहेरिव ।

'આમ'થી છવાઈ ગયેલા કોઠાવાળા દરદીને દૂધ સાપના ઝેર જેવું થઈ પડે છે.

(તાવની તરુણ અવસ્થામાં એટલે જરા પણ તાવ આવતો હોય તે સ્થિતિમાં દરદીનો કોઠો આમથી છવાયેલો હોય છે. વળી તાવની મધ્યમ અવસ્થામાં પણ તાવની ગરમી જોકે ચામડી ઉપર આવતી નથી; છતાં તાવ શરીરમાં તો હોય છે જ. એ વાત, તાવ ઊતર્યા પછી પણ પીળો પેશાબ આવવો વગેરે જે લક્ષણો ચાલુ રહે તે ઉપરથી જોઈ શકાય છે. અને તાવની પુરાણ અવસ્થામા પણ તાવપુરાણ એટલે જૂનો કે ઘરડોઘરડો પણ શરીરમાં હાજર હોય છે, મરી ગયેલો હોતો નથી. માટે તાવ તદ્દન મરી જતાં સુધી દૂધ ન પીવું જોઈએ, ખાસ કરીને તરુણજ્વરમાં તો ન જ પીવું જોઈએ.

આ શ્લોકનો અર્થ કેટલાક જુદો કરે છે અને એને શ્લોક ૧૮ સાથે સળંગ લઈ લે છે. એમના મત પ્રમાણે આ શ્લોકનો એવો અર્થ થાય છે કે જેમ દૂધ ઝેરને મટાડનારું હોવા છતાં જો એ સાપને પાવામાં આવે તો સાપના ઝેરમાં વધારો કરે છે, તેમ દવા તાવ મટાડે એવા ગુણવાળી હોય તોપણ જ્યાં સુધી દરદીનો કોઠો આમથી છવાયેલો હોય ત્યાં સુધી ગમે તેટલી તીવ્ર પીડા થતી હોય તોપણ તાવમાં દવા પીવી નહિ; કારણ કે એ દવા આમમાં વધારો કરે છે.

મને એમ લાગે છે કે, 'દૂધમાં પિત્તને શાંત કરવાનો ગુણ હોવાથી અને તાવ છેવટે તો પિત્તને લીધે આવતો હોવાથી તાવમાં દૂધ પીવાથી પિત્ત શાંત થાય અને તેથી તાવ ઊતરે.' એવી શંકાનો જવાબ આપવાને આ શ્લોક લખ્યો છે.)

જ્વરમાં શેક કરવો

सोदर्दपीनसश्वासे जङ्घापर्वास्थिशूलिनि ॥ १९ ॥
वातश्लेष्मात्मके स्वेदः प्रशस्तः सम्प्रवर्तयेत् ।
स्वेदमूत्रशकृद्वातान् कुर्यादग्नेश्च पाटवम् ॥ २० ॥

જે તાવમાં સાથે મોટું શીળસ, જૂનું સળેખમ અને દમ હોય તેમાં તથા જે જ્વરમાં જાંઘામાં, સાંધામાં અને હાડકાંમાં સણકા મારતા હોય તેમાં, તેમ જ વાતકફજ્વરમાં પૂર્વે સ્વેદવિધિમાં કહ્યા પ્રમાણે રોગીને શેક કરવો; કેમ કે તેથી પરસેવો, મૂત્ર, ઝાડો, વાયુ એ સર્વ સારી રીતે બહાર નીકળે છે અને જઠરાગ્નિ વધારે પ્રદીપ્ત થાય છે.

સ્નેહવિધિમાં કહેલો આચાર કરવો

स्नेहोक्तमाचारविधिं सर्वशश्चानुपालयेत् ।

તેમ જ સ્નેહવિધિમાં કહેલા આચાર-વિધિને (સૂ. ૧૬/૨૫થી ૨૭) સર્વ પ્રકારે પાળવો તે પણ જ્વરમાં હિતકર છે.

(સૂત્રસ્થાનમાં સ્નેહવિધિના અધ્યાય ૧૬માં શ્લોક ૫થી ૯ સુધીમાં સ્નેહવિધિ માટે કોણ કોણ યોગ્ય નથી તે ગણાવ્યું છે.

હવે તાવમા આમ હોય છે અને આમ હોય ત્યારે સ્નેહન ન કરવું, એમ કહ્યું છે, માટે તાવ હોય ત્યાં સુધી એટલે તાવની તરુણ અવસ્થામાં સ્નેહન ન કરવું એમ ફલિત થાય છે,

તાવની મધ્યમ અવસ્થામા પણ સ્નેહન ન કરવુ તાવની પુરાણુ અવસ્થામા સ્નેહન કરી શકાય)

મળ પાચનના ઉપાય, તે કયારે કરવા?

लङ्घन स्वेदन कालो यवाग्वस्तिक्तको रस ॥२१॥
मलाना पाचनानि स्युर्यथावस्थ क्रमेण वा ।

ઉપવાસ, શેક, તાવની મુદ્દત, યવાગૂ અને કડવો રસ–એ તાવની અવસ્થા પ્રમાણે અથવા અનુક્રમે દોષોને પકવી શકે

(તાવની તરુણુ અવસ્થામા ઉપવાસ કરવા, શેક કરવો અને મુદ્દતિયા તાવની મુદ્દત થવા દેવી, એ ત્રણથી આમ દોષ પાકે છે મધ્યમ અવસ્થામા ખીચડી જેવો થોડો હલકો ખોરાક અને પુરાણુ અવસ્થામા કડવી દવાથી રહ્યો સહ્યો આમ પાકી જાય છે

વળી ઉપવાસ વગેરે ક્રમસર કરવાથી દોષ પાકે છે માટે પણ તાવની તરુણુ અવસ્થામા ઉપવાસ કરવા યોગ્ય છે.)

કયા તાવમાં ઉપવાસ ન કરવા?

शुद्धवातक्षयागन्तुजीर्णज्वरिषु लङ्घनम् ॥२२॥
नेष्यते

આમ દોષાદિકથી દૂષિત નહિ થયેલા વાયુને લીધે જે તાવ આવ્યો હોય તે શુદ્ધ વાતજ્વર કહેવાય ધાતુનો ક્ષય થવાથી જે જ્વર થયો હોય તેને ક્ષયજ્વર કહેવો ભૂત વિષ, વાયુ, અગ્નિમા દાઝવુ, વાગવુ ઇત્યાદિથી જે તાવ આવે તેને આગતુજ્વર કહેવો જેમા કાળજુ ને ખરોળ વધી ગયા હોય ને શરીરમા સતત ઝીણો તાવ રહેતો હોય તેને જીર્ણજ્વર કહેવો એ સર્વે જ્વરમા લઘન (ઉપવાસ) કરવુ ઇચ્છવા યોગ્ય નથી

(વાતજ્વર શુદ્ધ એટલે નિરામ થાય ત્યારે ઉપવાસ કરવા ન જોઈએ, પણ વાત જ્વર સામ હોય ત્યા સુધી તો ઉપવાસ કરવા જોઈએ એમ આ શ્લોકમા કહ્યુ છે)

ઉપરના ચાર જાતના તાવમા કેવું શમન આપવુ?

तेषु हि हित शमन यत्र कर्शनम् ।

શુદ્ધ વાયુ વગેરેથી થતા જે જ્વર ઉપર કહ્યા તેમા શમન ઔષધ આપવુ શમન બે પ્રકારનું છે સતર્પણ અને અપતર્પણ જે શમન તૃપ્તિ (પુષ્ટિ) કરે તે સતર્પણ શમન જાણવુ, અને જે શમન અપતર્પણ કરે તે અપતર્પણ કરનારુ શમન ન હોય તેવુ શમન કરવુ. એમ કહેવાનો હેતુ એ છે કે જે ઔષધ થોડેક અશે બૃહણ (તર્પણ) કર એવુ હોય અને વાતાદિકને શમાવનારુ હોય તે યોજવુ

ઉપવાસ ક્યારે છોડવા તે સમજવાની રીત

तत्र सामज्वरास्त्या जानीयादविशोषितम् ॥२३॥
द्विविधोपक्रमज्ञानमवेक्षेत च लङ्घने ।

તેમા (તાવમા) સામજ્વરના લક્ષણ જણાય ત્યા સુધી ઉપવાસની મુદ્દત પૂરી નથી થઈ એમ જાણવુ અને દ્વિવિધોપક્રમણીય અધ્યાયમા આપેલા લક્ષણોના જ્ઞાનને આધારે ઉપવાસ થવા જોઈએ તેટલા થયા છે કે નહિ તે જોઈ લેવુ

(સામજ્વરના લક્ષણ માટે જુઓ નિદાન સ્થાન અધ્યાય ૨, શ્લોક ૫૪

સૂત્રસ્થાનમા અધ્યાય ૧૪ના ૧૬½, ૧૭, ૧૭½મા લઘિતના લક્ષણ એટલે જેણે જેવી રીતે અને જેટલા ઉપવાસ કરવા જોઈએ તેટલા કર્યા હોય તે દરદીના લક્ષણ આપ્યા છે)

ઉપવાસ પૂરા થયા પછીની ચિકિત્સા: પેયા પીવાની મુદ્દત

युक्त लङ्घितलिङ्गैस्तु त पेयाभिरुपाचरेत् ॥२४॥
यथास्वौषधसिद्धाभिर्मण्डपूर्वाभिरादित ।
तस्याग्निर्दीप्यते ताभि समिद्भिरिव पावक ।
षडहं वा मृदुत्व वा ज्वरो यावदवाप्नुयात् ॥२५॥

જ્યારે જ્વરવાળા રોગીના ઉપવાસ પૂરા થાય, ત્યારે જે જ્વરને જે ઔષધ યોગ્ય હોય તે ઔષધથી તૈયાર કરેલા મડ અને પછી મડ કરતા કાંઈક જાડી એવી પેયા વડે પ્રથમ તેનો ઉપચાર કરવો, અર્થાત્ એવા મડ અને પેયા તેને પાવા એથી કરીને જેમ બળતણ નાખવાથી અગ્નિ સળગે છે, તેમ રોગીનો જ૦

રાગ્નિ પ્રદીપ્ત થાય છે. એ રીતે છ દિવસ સુધી પેયા પાવી અથવા તાવ ઊતરે ત્યાં સુધી એવી પેયા આપવી.

(ઉપવાસ,યોગ્ય મુદ્દત સુધી થાય, તો રોગ નરમ પડી જાય છે એવું સૂત્રસ્થાન અધ્યાય ૧૪ શ્લોક ૧૭કેમાં કહ્યું છે (व्याधिमार्दवम्). એ રીતે ઉપવાસ થાય અને રોગ નરમ પડે ત્યાર પછી પેયા આપવાની છે. પણ જો કોઈ કટોકટીને પ્રસંગે રોગ નરમ પડ્યા પહેલાં પેયા આપવાની જરૂર ઊભી થાય, તોપણ તાવ નરમ પડતાં સુધી તો પેયા જ આપ્યા કરવી, એનાથી વધારે ઘટ્ટ બનાવટ આપવી નહિ, એમ આ શ્લોકમાં કહ્યુ છે.)

વળી રોગ નરમ પડે કે તરત પેયા આપવાની નથી, પણ પહેલાં એક-બે દિવસ મંડ આપીને પછી પેયા આપવાની છે અને દરદીને તાવ નરમ પડ્યા પછી ઓછામાં ઓછા છ દિવસ ફક્ત મંડ અને પેયા પર જ રાખવાનો છે. આ મંડ અને પેયા પણ દવાની માફક અત્યંત માપસર આપવાં જોઈએ.

જેને આજ આપણે તાવ ઊતર્યો કહીએ છીએ તેને જૂના વખતમાં તાવ નરમ (મૃદુ) પડ્યો કહેતા હતા. જ્યારે શરીર ઉપર તાવની ગરમી ન હોવા ઉપરાંત શરીરની અંદરની ધાતુઓ વગેરેમાંથી પણ તાવની ખોટી ગરમીનું બીજ સુદ્ધાં નાશ પામે, ત્યારે તાવ મટ્યો એક કહેવાય.

મંડ અને પેયાના ગુણ માટે જુઓ સૂત્રસ્થાન અધ્યાય ૬ શ્લોક ૨૬ થી ૨૮કે. જે દ્રવ્યનો મંડ કરવાનો હોય તે દ્રવ્ય કરતાં ચૌદગણુ પાણી લેવુ. પછી પાણી અને દ્રવ્ય (અથવા દ્રવ્યનો અધકચરો ખાંડેલો ભૂકો) ભેગાં કરી દ્રવ્ય બફાય અને સીજે ત્યાં સુધી ઉકાળવું. રગડો તળિયે બેસી જાય અને પાણી ઉપર રહે ત્યારે હલાવ્યા વિના પાણી નિતારી લેવું. આવા ઓસામણને મંડ કહે છે. ઉપર કહ્યા પ્રમાણે ઉતારીને જમીન પર મૂકયા પછી કડછીથી હલાવીને (તરત તળિયે કડછી માર્યા વિના) ઉપરઉપરથી કડછી ભરી લેવી. આવી મંડ કરતાં જરા વધારે ઘટ્ટ પણ પ્રવાહી બનાવટને પેયા કહે છે.)

ઉપવાસ પછી પાવાની પેયા

प्राग्लाजपेयां सुजरां सशुण्ठीधान्यपिप्पलीम् ॥
ससैन्धवां, तथाऽम्लार्थी
तां पिबेत्सहदाडिमाम् ।

રોગીને પ્રથમ મમરા(ડાંગરની ધાણી)ની પેયા પીવાને આપવી. તે પેયામાં સૂંઠ, ધાણા અને પીપર નાખવાં તથા તેમાં સિંધવ નાખવો. સૂંઠ, ધાણા અને પીપર સાથે મમરા નાખીને ઉકાળવા તથા તેમાં થોડુંક સિંધવ નાખવો તેને લાજ પેયા કહે છે.

જે રોગીને ખટાશ ઉપર પ્રીતિ હોય તેને તે પેયામાં દાડમ નાખીને આપવું. પેયા એટલે જાવરું સમજવુ.

તાવના કયા રોગીએ કેવી પેયા પીવી?

सृष्टविड् बहुपित्तो वा
सशुण्ठीमाक्षिकां हिमाम् ॥ २७ ॥

જે જ્વરરોગીને ઝાડા થતા હોય અથવા જેનામાં પિત્ત બહુ હોય તેણે સૂંઠ અને મધ સાથે ઠંડી પેયા પીવી. (ધાણા અને પીપર અહીં ન જોઈએ. સિંધવ નાખી શકાય.)

(આ શ્લોક જેને તાવના લક્ષણરૂપ ઝાડા થતા હોય તેને લાગુ પડે છે.)

(પેયા ઠંડી પડયા પછી મધ નાખવું.)

बस्तिपार्श्वशिरःशूली व्याघ्रीगोक्षुरसाधिताम् ।

જે જ્વરરોગીને મૂત્રાશયમાં, પડખામાં અને માથામાં શૂળ આવતું હોય તેણે ભોરિંગણી અને ગોખરુના ક્વાથમાં તૈયાર કરેલી પેયા પીવી.

पृश्निपर्णीबलाबिल्वनागरोत्पलधान्यकैः ॥ २८ ॥
सिद्धां ज्वरातिसार्यम्लां पेयां दीपनपाचनीम् ।

જે જ્વરરોગીને અતિસાર (ઝાડાનો રોગ) થયો હોય તેણે પૃશ્નિપર્ણી, ખાંસકીનાં મૂળ, બીલાં, સૂંઠ, કમળ અને ધાણા-એ ઔષધથી તૈયાર કરેલી અને ખાટી પેયા પીવી, કેમ કે તે દીપન કરનારી અને પાચન કરનારી છે.

(જેને તાવ સાથે ઝાડાનો રોગ થયો હોય તેને આ શ્લોક લાગુ પડે છે.)

**ह्रस्वेन पञ्चमूलेन हिक्कारुक्श्वासकासवान् ॥ २९
पञ्चमूलेन महता कफार्तो यवसाधिताम्
विबद्धवर्चाः सयवां पिप्पल्यामलकैः कृताम् ॥३०
यवागूं सर्पिषा भृष्टां मलदोषानुलोमनीम् ।**

નાનાં પંચમૂળથી બનાવેલી પેયા જે જ્વરરોગીને હેડકી, કળતર, દમ અને ઉધરસ થતાં હોય તેણે પીવી. મોટાં પંચમૂળથી અને જવથી બનાવેલી પેયા કફથી પીડાયેલા જ્વરરોગીએ પીવી. (આ જગ્યાએ જવને બદલે ચોખા લેવા: જવ તો કવાથમાં જ લેવા.) જેને ઝાડાનો વિબંધ થયો હોય તેણે જવની બનાવેલી યવાગૂ પીવી. એ જવની યવાગૂ એવી રીતે કરવી કે પીપર અને આમળાંના કવાથમાં જવની યવાગૂ કરવી તથા તેને ઘીમાં વઘારવી. એ યવાગૂ મળ તથા દોષને તેને સ્વાભાવિક માર્ગે પ્રવર્તાવનારી છે,

(યવાગૂ: જે દ્રવ્યની યવાગૂ બનાવવી હોય તે દ્રવ્યમાં તેનાથી છગણું પાણી નાખવું. પછી જ્યારે એ દ્રવ્ય બરાબર બફાય, ત્યારે ઉતારી લેવું. એ બનાવટને યવાગૂ કહે છે.)

**चविकापिप्पलीमूलद्राक्षामलकनागरैः ॥ ३१ ॥
कोष्ठे विबद्धे सरुजि**

જ્વરરોગીને બંધકોશ રહેતો હોય અને તેમાં પીડા થતી હોય ત્યારે ચવક, પીપરીમૂળ, કાળી દ્રાક્ષ, આમળાં અને સૂંઠ–એની બનાવેલી પેયા પીવી.

દ્રાક્ષ: આયુર્વેદમાં દ્રાક્ષનો અર્થ કાળી દ્રાક્ષ થાય છે.

**पिबेत्तु परिकर्तिनि ।
कोलवृक्षाम्लकलशीधावनीश्रीफलैः कृताम् ॥३२॥
अस्वेदनिद्रस्तृष्णार्तः सितामलकनागरैः ।
सिताबदरमृद्वीकासारिवामुस्तचन्दनैः ॥ ३३ ॥
तृष्णाच्छर्दिपरीदाहज्वरघ्नीं क्षौद्रसंयुताम् ।**

જે જ્વરવાળાને પેટમાં કાતરથી કપાઈ જતું હોય એવી વેદના થતી હોય, તેણે બોરડીનાં મૂળ, વૃક્ષામ્લ, કળથી, ભોરીંગણી અને બીલી– એ ઔષધોથી કરેલી પેયા પીવી. જે માણસને (રોગીને) પરસેવો થતો ન હોય, ઊંઘ ન આવતી હોય કે તરસથી બહુ પીડાતો હોય, તે રોગીએ સાકર, આમળાં અને સૂંઠથી સિદ્ધ કરેલી પેયા પીવી. જે રોગીને તરસ અને ઊલટી થતી હોય, તેણે સાકર, બોર, કાળી દ્રાક્ષ, સારિવા, મોથ અને સુખડથી સિદ્ધ કરેલી દાહ અને જ્વરને હણનારી પેયામાં મધ નાખી તે પીવી.

માંસરસ, યૂષ વગેરે કરવાનાં દ્રવ્ય

कुर्यात्पेयौषधैरेव रसयूषादिकानपि ॥ ३४ ॥

પેયામાં જે જે રોગીને જે જે ઔષધો કહેલાં છે, તે જ ઔષધો વડે માંસરસ અને યૂષ વગેરે (મગનું ઓસામણ વગેરે) પણ સિદ્ધ કરવાં. (પેયાદિક સિદ્ધ કરવામાં દ્રવ્યનું માપ કેટલું લેવું તે પાકશાસ્ત્રના નિયમને અનુસરીને અથવા રસોઈ કરવામાં લોકો જે પ્રમાણે બીજા મસાલા ગ્રહણ કરતા હોય તેટલાં લેવાં. જેમ પેયામા સિંધવ નાખવાનો કહ્યો છે તે આશરેથી જોઈએ તેટલો નાખવો, એ જ પ્રમાણે સૂંઠ, પીપર વગેરે પણ લેવાં. વળી, જે રોગીને જેટલાં ઔષધની જરૂર હોય, તેટલા પ્રમાણમાં તે ઔષધ લેવાં. કેટલાકનો મત એવો છે કે રોગીનો જઠરાગ્નિ મંદ હોય છે માટે પેયા વગેરે નીતર્યાં પાણી જેવાં પાતળાં કરવાં. જ્વરવાળાને પ્રથમ પાણી જેવી પાતળી પેયા આપવી તેમ યૂષ અને માંસરસ પણ તેવાં જ પાતળાં આપવાં. પાછળ કહ્યું છે કે અમુક દ્રવ્યોના કવાથમાં પેયા સિદ્ધ કરવી. એનો અર્થ એવો છે કે પાણીમાં ઉકાળેલા તે દ્રવ્યના પાતળા પ્રવાહીમાં સિદ્ધ કરેલી પેયા આપવી.)

પેયા ન આપવા યોગ્ય જ્વર

**मद्योद्भवे मद्यनित्ये पित्तस्थानगते कफे ।
ग्रीष्मे तयोर्वाऽधिकयोस्तृट्छर्दिदाहपीडिते ॥३५
ऊर्ध्वं प्रवृत्ते रक्ते च पेयां नेच्छन्ति**

જે માણસને દારૂને લીધે તાવ આવ્યો હોય તેથી, જેને દારૂ પીવાની નિત્ય ટેવ હોય તેથી, પિત્તના સ્થાનમાં કફ ગયો હોય તેથી, ઉનાળામાં, પિત્ત કે કફ વૃદ્ધિ પામ્યાં હોય તેથી, તરસ, ઊલટી અને દાહથી રોગી પીડાતો હોય

તેને અને જેને લોહી ઊંચે પ્રવૃત્ત થયું હોય તેથી તાવ આવ્યો હોય તેને (વૈદ્યાચાર્યો) પેયા આપવાની આજ્ઞા કરતા નથી.

(ઉપર કહેલા પેયા ન આપવા યોગ્ય) જ્વરમાં તર્પણ

तेषु तु ।
ज्वरापहैः फलरसैरद्भिर्वा लाजतर्पणान् ॥३६॥
पिबेत्सशर्कराक्षौद्रान्

ઉપર શ્લોક ૩૪⅔થી ૩૫⅔માં કહેલા તાવોમાં જ્વરનો નાશ કરનારાં (કાળી દ્રાક્ષ, આમળાં ઇત્યાદિ) ફળોના સ્વરસ સાથે અથવા ક્વાથ સાથે અથવા ઉકાળીને ઠંડા પાડેલા જળ સાથે મમરાના સાથવા(=સાથુ)માં સાકર ને મધ નાખીને તે તર્પણ ઔષધ પેયાને ઠેકાણે પાવું.

તર્પણ કર્યા પછીના ઉપચાર

ततो जीर्णे तु तर्पणे ।
यवाग्वां वौदनं क्षुद्वानश्नीयाद्मृष्टतण्डुलम् ॥३७॥
दकलावणिकैर्यूषै रसैर्वा मुद्गलावजैः ।

પછી તર્પણ (શ્લોક ૩૬,૩૬⅔) પીધા પછી કે યવાગૂ પીધા પછી તે પચી જાય એટલે જો રોગીને ભૂખ લાગી હોય, તો તેણે શેકેલા ચોખાનો ભાત, મગ અને કળથી વગેરેના ક્વાથ સાથે ખાવો; અથવા અવસ્થાવશાત્ મગ વડે સંસ્કારયુક્ત કરેલા લાવરાંના માંસરસ સાથે ભાત ખાવો. સંસ્કારયુક્ત કહેવાની મતલબ એ છે કે લાવરાંનું માંસ ઘણું લેવું અને મગ થોડા લેવા. ગ્રંથમાં કહ્યું છે કે દકલાવણિક રસ સાથે ભાત આપવો. દકલાવણિકના અર્થ માટે જુઓ સૂ. ૬/૩૨.

મળપાચનની મર્યાદા

इत्ययं षडहो नेयो बलं दोषं च रक्षता ॥ ३८ ॥

એ રીતે (પૂર્વે કહ્યા પ્રમાણે) ઉપવાસ છોડ્યા પછીના પહેલા છ દિવસ કાઢવા 'તથા તેમાં રોગીનું બળ તથા દોષનું રક્ષણ કરવું', એટલે વાયુ વગેરે દોષ કૃચ્છ્રસાધ્ય કે અસાધ્ય ન થાય તેની સંભાળ રાખવી, તથા રોગીનું બળ ક્ષીણ ન થઈ જાય એમ કરવું. જો બળનું રક્ષણ કરવા માટે વૈદ્ય રોગીને સંતર્પણ ઉપાય કરે તો આમની વૃદ્ધિ થવાથી આમ સહિત દોષ વૃદ્ધિ પામે છે. જો દોષને કમી કરવા માટે અપતર્પણ કરે તો બળનો નાશ થાય છે. માટે છ દિવસ સુધી મધ્યમ પ્રવૃત્તિથી વૈદે એવા ઉપચાર કર્યા કરવા કે જેથી દોષ વધે નહિ અને બળ ઘટે નહિ.

(ભૂખ કરતાં વધારે ખાવાપીવાથી પણ બળ ઘટે છે. એ રીતે પણ બળ ન ઘટે તેની સંભાળ રાખવી.)

મળ પક્વ થયા પછીના ઉપચાર

ततः पक्वेषु दोषेषु लङ्घनाद्यैः प्रशस्यते ।
कषायो दोषशेषस्य पाचनः शमनोऽथवा ॥३९॥

પછી પાછળ કહેલાં લંઘન વગેરેથી સામ દોષ પક્વ થયા પછી છ દિવસ પછી ક્વાથ કરવો હિતકર છે. મોથ, પિત્તપાપડો ઇત્યાદિ (શ્લોક ૪૫, ૪૫⅔, ૪૬) પાચન છે, તથા આગળ કલિંગાદિ ક્વાથ કહેવામાં આવશે તે શમન છે. મોથ, પિત્તપાપડો ઇત્યાદિ ક્વાથને પાચન એવું નામ આપેલું છે તથા કલિંગકાદિ ક્વાથને શમન એવું નામ આપેલું છે. માટે પહેલાને પાચન ક્વાથ અને બીજાને શમન ક્વાથ કહેવો. પેયાવાળા છ દિવસમાં દોષ પક્વ થાય છતાં પણ જે દોષ લગાર અપક્વ રહ્યા હોય તેનું પાચન કરનારો એ ક્વાથ છે. જ્યારે ક્વાથ દોષના પાચનને માટે યોજ્યો હોય, ત્યારે તે પાચન કહેવાય છે અને તે જ ક્વાથ શમનને માટે યોજ્યો હોય ત્યારે તે શમન કહેવાય છે.

(તાવના દરદીને સૂત્રસ્થાનના અધ્યાય ૧૪ના શ્લોક ૧૭,૧૭⅔માં કહેલાં લંઘિતનાં ચિહ્ન થાય ત્યાં સુધી ઉપવાસ કરાવવા. પછી છ દિવસ ચિકિત્સાસ્થાનના અ. ૧ શ્લોક ૨૪થી ૩૮ સુધીમાં કહ્યા પ્રમાણે પેયા પાવી, તેથી કાચા દોષો પાકશે; છતાં જો દોષોમાં કંઈ 'આમ'ની કચાશ રહી ગઈ હશે તો તે બીજા છ દિવસ સુધી આ શ્લોક ૩૯માં કહ્યા પ્રમાણે ક્વાથ' આપવાથી પાકી જશે.)

પિત્તજ્વર અને કફજ્વરના ક્વાથ

तिक्तः पित्ते विशेषेण प्रयोज्यः कटुकः कफे ।

પિત્તજ્વરમાં વિશેષે કરીને કડવો ક્વાથ

પાવો અને કફજ્વરમાં વિશેષ કરીને તીખો ક્વાથ પાવો. (એમા વિશેષ સમજવાનુ એ છે, કે પિત્તજ્વર વિના બીજા જ્વરમાં પણ કડવો ક્વાથ યોજી શકાય, કેવળ પિત્તજ્વરમા જ કડવો ક્વાથ આપવો એવો કાંઈ મેળ નથી; કારણ કે કડવા રસમા જ્વરને મટાડવાનો ગુણ રહ્યો છે. ચરક મુનિ પણ કહે છે કે, કડવો રસ પોતે રુચિકર ન હોવા છતાં પણ તે અરુચિનો નાશ કરનારો છે, વિષને, શમાવનારો છે, કૃમિનો નાશ કરનારો છે, મૂર્છા અને દાહને શમાવનારો છે, તૃષાને શમાવનારો છે, ત્વચા અને માંસને સ્થિર કરનારો છે તથા જ્વરને મટાડનારો છે. માટે બધા રસોમા કડવો રસ જેવો જ્વરનો નાશ કરનારો છે તેવા બીજા રસ નથી એમ જાણવું. અને એટલા જ કારણથી ગળો વગેરે દ્રવ્યને પણ જ્વરઘ્ન કહ્યા છે. તીખા રસવાળા દ્રવ્યમાંથી જે દ્રવ્ય જ્વરનો નાશ કરનારા હોય તેને જ કફજ્વરનો નાશ કરવામા યોજવાં; કેમ કે સર્વ તીખા રસવાળા દ્રવ્ય કાંઈ જ્વરનો નાશ કરનારા નથી.)

તૂરા રસનો ક્વાથ નવા તાવમાં આપવો નહિ

पित्तश्लेष्महरत्वेऽपि कषायः स न शस्यते ॥४०॥

(તૂરા રસનો) ક્વાથ પિત્ત અને કફનો નાશ કરે એ વાત ખરી, છતા પણ એ આપવો સારો નથી.

નવા તાવમાં ક્વાથ (દવા) આપવો નહિ

नवज्वरे मलस्तम्भात्कषायो विषमज्वरम् ।
कुरुतेऽरुचिहृल्लासहिध्माध्मानादिकानपि ॥४१॥

નવા (તરુણ) તાવમા ક્વાથ દોષોનુ સ્તંભન કરે છે, તેથી વિષમજ્વર (મલેરિયા), અરુચિ, ઊબકા (મોળમોળ), હેડકી, આફરો વગેરે થાય છે.

(તાવની તરુણ અવસ્થામાં ફક્ત ઉપવાસ જ કરાવવા જોઈએ. એમાં કોઈ પણ જાતનો ક્વાથ કે દવા આપવાથી નુકસાન થાય છે. કેટલાક કષાય શબ્દનો અર્થ અહીં તૂરો રસ કરે છે.)

ઔષધ આપવાનો કાળ

सप्ताहादौषधं केचिदाहुरन्ये दशाहतः ।
केचिल्लघ्वन्नभुक्तस्य योज्यमामोल्बणे न तु ॥४२॥

કેટલાક આચાર્યો કહે છે કે, સાત દિવસ વીતી ગયા પછી આઠમે દિવસે જ્વરવાળાને ઔષધ આપવુ. કેટલાક કહે છે, દશ દિવસ પછી આપવું; કેટલાક કહે છે, પૂરા ઉપવાસ પછી પેયા વગેરે હલકું અન્ન ખાનારને ઔષધ આપવું પણ જે તાવના દરદીમાં આમનું જોર વિશેષ હોય તેને તો છ, સાત કે દશ દિવસ પછી પણ ઔષધ ન આપવું.

સામજ્વરમાં ઔષધ ન આપવાનું કારણ

तीव्रज्वरपरीतस्य दोषवेगोदये यतः ।
दोषेऽथवाऽतिनिचिते तन्द्रास्तैमित्यकारिणि ॥
अपच्यमानं भैषज्यं भूयो ज्वलयति ज्वरम् ।

કેમ કે જ્યારે તીવ્ર જ્વરથી વ્યાપ્ત થયેલા માણસના આમરૂપી દોષનો વેગ ઊપડે છે, (=સામવાયુ વગેરે દોષનો વેગ ઊપડે છે) અથવા આમરૂપી દોષ અતિશય એકઠા થાય છે, (=સામવાયુ વગેરે દોષ ઊપડે છે), ત્યારે તે ઘેન અને જડતા ઉત્પન્ન કરે છે. તેવા વખતે આપેલું ઔષધ પણ, કોઠો આમથી પુરાયેલો હોવાથી, જઠરાગ્નિ આમથી ઢંકાયેલો હોય છે તેથી પચતું નથી અને ફરીને જ્વરને વધારે જોર પર આણે છે પણ શમાવતુ નથી, માટે જે જ્વરમા આમનું જોર વિશેષ હોય તેને છ દિવસ કે સાત દિવસ કે દશ દિવસ પછી પણ જ્વરને શમાવનારું ઔષધ આપવું નહિ.

જ્વરમાં ઔષધ ક્યારે આપવું ?

मृदुर्ज्वरो लघुर्देहश्चलिताश्च मला यदा ॥४३॥
अचिरज्वरितस्यापि भेषजं योजयेत्तदा ।

જ્યારે તાવ નરમ પડે (ઊતરે), દેહ જ્યારે હલકો થાય અને મૂત્ર, ઝાડો વગેરે મળ જ્યારે પ્રવૃત્ત થાય, ત્યારે ભલે તો તે જ્વર થોડા દિવસનો હોય (=છ દિવસ પણ પૂરા ન થયા હોય) તોપણ તેને ઔષધ આપવું.

(તાવ એક દિવસમાં ઊતરી જાય તો બીજા દિવસથી પણ ઔષધ અપાય. માટે તાવ કેટલી મુદતનો છે અને ક્યારે નિરામ થાય તેના ઉપર ઔષધ આપવાની શરૂઆત કરવાનો આધાર છે. ગમે તે જાતનો તાવ

હોય તોપણુ તાવ આવ્યા પછી અમુક દિવસે દવા શરૂ કરવી એવો બધા તાવ માટે એકસરખો નિયમ બાંધી શકાય નહિ.)

તાવ ઊતર્યા પછી આપવાનાં પાચન ઔષધ

मुस्तया पर्पटं युक्तं शुण्ठ्या दुःस्पर्शयाऽपि वा ॥
पाक्यं शीतकषायं वा पाठोशीरं सवालकम् ।
पिबेत्तद्वच्च भूनिम्बगुडूचीमुस्तनागरम् ॥ ४६ ॥

મોથની સાથે પિત્તપાપડો મેળવીને અથવા સૂંઠની સાથે અથવા ધમાસાની સાથે પિત્તપાપડો મેળવીને તેનો ક્વાથ કરીને અથવા હિમ કરીને તે પીવો અથવા કાળીપાટ અને કાળો વાળો અને વાળો, એનો ક્વાથ કે હિમ પીવો અથવા તે જ પ્રમાણે કરિયાતું, ગળો, મોથ અને સૂંઠનો ક્વાથ કે હિમ પીવો.

यथायोगमिमे योज्याः कषाया दोषपाचनाः ।
ज्वरारोचकतृष्णास्यवैरस्यापक्तिनाशनाः ॥ ४७ ॥

ઉપર કહેલો મોથ, પિત્તપાપડો વગેરે ક્વાથમાંથી જ્યાં જે ઘટે ત્યાં તે યોજવો. એ સર્વે કષાય (ક્વાથ) દોષને પકવનારા છે. એ સર્વે યોગ (અ. પ્રિસ્ક્રિપ્શન્સ) જ્વર, અરુચિ તૃષ્ણા, મુખની વિરસતા અને અપચો એ સર્વેનો નાશ કરનારા છે.

સંતત, સતત, અન્યેદ્યુ, એકાંતરિયો અને ચોથિયા તાવનું શમન ઔષધ

कलिङ्गकाः पटोलस्य पत्रं कटुकरोहिणी ॥ ४८ ॥
पटोलं सारिवा मुस्ता पाठा कटुकरोहिणी ।
पटोलनिम्बत्रिफलामृद्वीकामुस्तवत्सकाः ॥ ४९ ॥
किराततिक्तममृता चन्दनं विश्वभेषजम् ।
धात्रीमुस्तामृताक्षौद्रमर्धश्लोकसमापनाः ॥ ५० ॥
पञ्चैते सन्ततादीनां पञ्चानां शमना मताः ।

આ 'કલિંગક' વગેરે ઔષધો બતાવનારા શ્લોકોની પહેલી પાચ લીટીઓ(=પાચ અરધા શ્લોક)માં બતાવેલાં ઔષધો અનુક્રમે સંતત વગેરે પાંચ જ્વરોને શમાવનારાં છે. એટલે ઇદ્રજવ, પટોલનાં પત્ર અને કડુ, એ ત્રણનો ક્વાથ સંતતજ્વરનું શમન કરે છે. પટોલ, સારિવા, મોથ, પાઠા અને કડુ, એ ઔષધોનો ક્વાથ સતતજ્વરનું શમન કરે છે. પટોલ, લીંબડો, ત્રિફળા, દ્રાક્ષ, મોથ, કડાછાલ, એ ઔષધનો ક્વાથ અન્યેદ્યુ જ્વરનું શમન કરે છે. કરિયાતું, કડુ, ગળો, રક્તચંદન અને સૂંઠ, એનો ક્વાથ એકાંતરિયા તાવનું શમન કરે છે. આમળાં, મોથ, ગળો અને મધ, એનો ક્વાથ ચોથિયા તાવનું શમન કરે છે.

નોંધ: ક્વાથ ઠંડો પડ્યા પછી મધ નાખવું.

વાતજ્વરનો પાચન ક્વાથ

दुरालभामृतामुस्तानागरं वातजे ज्वरे ॥ ५१ ॥
अथवा पिप्पलीमूलगुडूचीविश्वभेषजम् ।
कनीयः पञ्चमूलं च

વાતજ્વરમાં ધમાસો, ગળો, મોથ, સૂંઠ એ ચાર ઔષધનો ક્વાથ આપવો અથવા પીપરીમૂળ, ગળો અને સૂંઠનો ક્વાથ આપવો અથવા લઘુ પંચમૂળનો ક્વાથ આપવો.

પિત્તજ્વરમાં પાચન ક્વાથ

पित्ते शक्रयवाघनम् ॥ ५२ ॥
कटुका चेति सक्षौद्रं मुस्तापर्पटकं तथा ।
सघन्वयासभूनिम्बं

પિત્તજ્વરમાં ઇદ્રજવ, મોથ, કડુ, એનો ક્વાથ મધ સાથે આપવો, અથવા ધમાસો અને કરિયાતા સાથે મોથ અને પિત્તપાપડો આપવો.

કફજ્વરમાં પાચન ક્વાથ

वत्सकाद्यो गणः कफे ॥ ५३ ॥
अथवा वृषगाङ्गेयीशृङ्गवेरदुरालभाः ।

કફજ્વરમાં વત્સક (કડાછાલ), મૂર્વા, ભારંગ વગેરે વત્સકાદિ ગણુ પાછળ (સૂત્રસ્થાન અધ્યાય ૧૫ શ્લોક ૩૩માં) કહ્યો છે તે આપવો અથવા અરડૂસી, મોથ, આદું અને ધમાસાનો ક્વાથ આપવો.

रुग्विबन्धानिलश्लेष्मयुक्ते दीपनपाचनम् ॥ ५४ ॥
अभयापिप्पलीमूलशम्याककटुकाघनम् ।

ચૂંક, બંધકોશ, વાયુ અને કફયુક્તજ્વરમાં મોટી હરડે, પીપરીમૂળ, ગરમાળો, કડુ અને મોથ એ ઔષધનો ક્વાથ આપવો; તેથી જઠરાગ્નિનું દીપન અને મળનું પાચન થાય છે.

વાતપિત્તજ્વરમાં શમન ક્વાથ

द्राक्षामधूकमधुकरोध्रकाश्मर्यसारिवाः ॥ ५५ ॥
मुस्तामलकह्रीवेरपद्मकेसरपद्मकम् ।
मृणालचन्दनोशीरनीलोत्पलपरूषकम् ॥ ५६ ॥
फाण्टो हिमो वा द्राक्षादिर्जातीकुसुमवासितः ।
युक्तो मधुसिताला जैर्जयत्यनिलपित्तजम् ॥ ५७ ॥
ज्वरं मदात्ययं छर्दिं मूर्च्छां दाहं श्रमं भ्रमम् ।
ऊर्ध्वगं रक्तपित्तं च पिपासां कामलामपि ॥५८॥

કાળી દ્રાક્ષ, મહુડાની અંતરછાલ, જેઠીમધ, લોધર. શીવણનાં ફળ, સારિવા, મોથ, આમળાં, વાળો, કમળનુ કેસર, પદ્મકાષ્ઠ (અથવા કમળકાકડી). કમળનો નાળ, રક્તચંદન, કાળો વાળો, કાળું કમળ, ફાલસાં, એ ઔષધોને દ્રાક્ષાદિ ગણ કહે છે. એ દ્રાક્ષાદિ ગણનો ફાંટ અથવા હિમ કરવો તથા તેને જાઈનાં ફૂલથી સુવાસિત કરવો. પછી મધ, સાકર અને ફૂલેલા મમરા (ડાંગરની ધાણી) તેમાં નાખીને રોગીને આપવો. એ પીવાથી વાતપિત્તજ્વર, મદાત્યયરોગ, ઊલટી, મૂર્છા, દાહ, શ્રમ, ચક્કર (ફેર), ઊંચે માર્ગે જનારું રક્તપિત્ત, તરસ અને કમળો એટલાં વાનાં મટે છે.

पाचयेत्कटुकां पिष्ट्वा कर्परेऽभिनवे शुचौ ।
निष्पीडितो घृतयुतस्तद्रसो ज्वरदाहजित् ॥

કડુ લાવીને પાણીમાં વાટવુ તથા તેને નવા ઘડાની ચોખ્ખી નવી ઠીબમાં પાણી સાથે રાંધવું પછી તે કડુને લૂગડામાં ઘાલીને રસ નિચોવી લેવો અને તેમાં ઘી નાખીને રોગીને પાવો. એ રસ જ્વરમાં થતા દાહને શાંત કરે છે.

વાતકફજ્વરમાં શમન ક્વાથ

कफवाते वचा तिक्ता पाठारग्वधवत्सकाः ।
पिप्पलीचूर्णयुक्तो वा क्वाथश्छिन्नोद्भवोद्भवः ॥६०

કફવાતજ્વરમાં વજ, કડુ, પાકો, ગરમાળો. કડાછાલ, એનો ક્વાથ આપવો અથવા ગળોના ક્વાથમાં પીપરનું ચૂર્ણ નાખીને આપવું.

व्याघ्रीशुण्ठ्यमृताक्वाथः पिप्पलीचूर्णसंयुतः ।
वातश्लेष्मज्वरश्वासकासपीनसशूलजित् ॥ ६१ ॥

ભોંયરીંગણી, સૂંઠ અને ગળોનો ક્વાથ પીપરના ચૂર્ણ સહિત પીવાથી વાતકફજ્વર, દમ, ઉધરસ, પીનસ (સળેખમ) અને શૂળ મટે છે.

पथ्याकुस्तुंबरीमुस्ताशुंठीकट्तृणपर्पटम् ।
सकट्फलवचाभार्ङ्गीदेवाह्वं मधुहिङ्गुमत् ॥ ६२ ॥
कफवातज्वरष्ठीवकुक्षिहृत्पार्श्ववेदनाः ।
कण्ठामयास्यश्वयथुकासश्वासान्नियच्छति ॥ ६३

હરડે, ધાણા, મોથ, સૂંઠ, રોહિસ, પિત્તપાપડો, કાયફળ, વજ, ભારંગી, દેવદાર એ ઔષધોનું ચૂર્ણ મધ અને હિંગ સાથે ખાવાથી કફવાતજ્વરમાં કૂખ, હૃદય અને પડખામાં વેદના થતી હોય, કંઠમાં રોગ હોય અથવા કંઠ સંબંધી પીડા થતી હોય, મોઢા ઉપર સોજો આવ્યો હોય, ઉધરસ, દમ–એ ઉપદ્રવોને શાંત કરે છે. હિંગ તથા મધ ચારચાર માસા (દરેક તોલો ૦।) જેટલા લેવાં.

(જે દવામાં મધ નાખવાનુ હોય તે દવા ઠંડી પડ્યા પછી એમાં મધ નાખવું. મધ નાખ્યા પછી શેક કરવો નહિ.)

કફપિત્તજ્વરનો શમન ઉપાય

आरग्वधादिः सक्षौद्रः कफपित्तज्वरं जयेत् ।
तथा तिक्तावृषोशीरत्रायन्तीत्रिफलामृताः ॥६४॥
पटोलातिविषानिम्बमूर्वाधन्वयवासकाः ।

ગરમાળો, ઇંદ્રજવ વગેરે આરગ્વધાદિ ગણ પાછળ કહેલો છે તેનો ક્વાથ મધ સાથે પીવાથી કફપિત્તજ્વર નાશ પામે છે; તેમ જ કડુ, અરડૂસી, કાળો વાળો, ત્રાયમાણ, ત્રિફળા અને ગળોનો ક્વાથ પણ મધ સાથે પીવાથી કફપિત્તજ્વર મટે છે.

(આરગ્વધાદિ ક્વાથ માટે જુઓ સૂત્રસ્થાન અધ્યાય ૧૫, શ્લોક ૪૭.)

સન્નિપાતજ્વરનું શમન

सन्निपातज्वरे व्याघ्रीदेवदारुनिशाघनम् ॥ ६५ ॥
पटोलपत्रनिम्बत्वक्त्रिफलाकटुकायुतम् ।

સન્નિપાતજ્વરમાં ભોરીંગણી, દેવદાર હળદર, મોથ, પટોલનાં પાંદડાં. લીમડાની અંતરછાલ, ત્રિફળા અને કડુ એનો ક્વાથ આપવો.

नागरं पौष्करं मूलं गुडूची कण्टकारिका ॥६६॥
सकासश्वासपार्श्वार्तौ वातश्लेष्मोत्तरे ज्वरे ।

સૂંઠ, પુષ્કરમૂળ, ગળો, ભોંયરીંગણી એ ચાર

ઔષધનો ક્વાથ જે સંનિપાતજ્વરમા વાયુ અને કફ વધારે હોય અને સાથે ખાસી, શ્વાસ અને પડખામા પીડા થતી હોય તેમાં આપવો.

સર્વ જ્વરમાં શમન ક્વાથ

मधुकपुष्पमृद्वीकात्रायमाणापरूपकम् ॥ ६७॥
सोशीरतिक्ता त्रिफला काश्मर्यं कल्पयेद्धिमम् ।
कषायं तं पिबन् काले ज्वरान् सर्वानपोहति ॥ ६८
जात्यामलकमुस्तानि तद्वद्धन्वयवासकम् ।

મહુડાના ફૂલ, કાળી દ્રાક્ષ, ત્રાયમાણ, કાલસા, વાળો, કડુ, ત્રિફળા, કાશ્મરી, એ ઔષધનો હિમ કરવો. પછી તેને શાસ્ત્રમા કહેલે વખતે પીવાથી સર્વ જ્વર મટે છે.

તે જ પ્રમાણે સર્વ જ્વરમા જાઈ, આમળા, મોથ અને ધમાસો એ ઔષધનો ઠંડો ક્વાથ પીવો અથવા એકલા ધમાસાનો જ પાછળ કહ્યા પ્રમાણે ઠંડો ક્વાથ (હિમ) પીવો.

('શાસ્ત્રમાં કહેલે વખતે પીવો' એટલે 'ઉપવાસ અને પેયાના દિવસો વીત્યા પછી પીવો.')

જ્વરમાં ઝાડો કબજ હોય તેનો ઉપાય

बद्धविट् कटुकाद्राक्षात्रायन्तीत्रिफलागुडम् ॥ ६९॥

તેમ જ જે તાવના દરદીને ઝાડો કબજ રહેતો હોય તેણે કડુ, કાળી દ્રાક્ષ, ત્રાયતી, ત્રિફળા અને ગોળ, એ ઔષધનો ક્વાથ પીવો.

તાવમાં ઉપવાસ છૂટ્યા પછી પથ્ય ભોજન

પેયા ક્યારે પીવી? કોણે ન પીવી? કારણ

जीर्णौषधोऽन्नं पेयाद्यमाचरेत्
श्लेष्मवान्न तु ।
पेया कफं वर्धयति पङ्कं पांसुषु वृष्टिवत् ॥ ७०॥

(ઉપવાસ છૂટ્યા પછી) રોગીને જ્યારે ઔષધ પીધા પછી તે પચી જાય ત્યારે તેણે પૂર્વે કહેલું પેયા વગેરે અન્ન પીવું, પણ જેને કફનું જોર અધિક હોય તેણે પેયા વગેરે પીવું નહિ; કેમ કે પાતળા કફને પેયા જડ કરીને તેની વૃદ્ધિ કરે છે, અહીં સમજવાનું એમ છે કે પેયા કફને વસ્તુતઃ વધારતી નથી. પણ જે કફ પાતળો છે તેને ઘાડો કરે છે. જેમ ધૂળમા વૃષ્ટિ થવાથી કાદવ થાય છે તેથી વસ્તુતઃ ધૂળ વધતી નથી પણ તે છૂટી-છૂટી રહેલી હતી તે એકત્ર થઈને ઘન થાય છે, તેમ કફ પણ પેયા વગેરેથી ઘન થાય છે.

કફવાળા જ્વરરોગીનું ભોજન

श्लेष्माभिपन्नदेहानामतः प्रागपि योजयेत् ।
यूषान् कुलत्थचणककलायादिकृतान् लघून् ॥ ७१
रूक्षांस्तिक्तरसोपेतान् हृद्यान्
रुचिकरान् पटून् ।

એટલા માટે કફ વડે જેમનો દેહ ક્લિન્ન (કફ ઝરતો, કફથી પચપચો) થયેલો છે એવા જ્વરવાળા રોગીઓને (ઉપવાસ છૂટ્યા પછી) પ્રથમ પથ્ય વખતે પણ કળથી, ચણા, દાડમ વગેરેથી બનાવેલા, હલકા, (ઘી વગેરે ચીકટમાં નહિ શેકેલા) રૂક્ષ (લૂખા); કડવા રસવાળા; ગંધ, વર્ણ, રસ, સ્પર્શ વગેરે પ્રીતિકર હોવાથી હૃદયમા આનંદ આપનારા, મુખને રુચિ ઉત્પન્ન કરનારા તથા લવણયુક્ત યૂષ આપવા.

બહુ કફવાળા જ્વરરોગીને હિતકર ભોજન

रक्ताद्याः शालयो जीर्णाः षष्टिकाश्च ज्वरे हिताः॥७२
श्लेष्मोत्तरे वीततुषास्तथा वाटीकृता यवाः ।

રાતીશાળ, મહાશાળ, કલમ જાતની ડાંગર વગેરેના ચોખા અને સાઠી ચોખા, એ સર્વે જે જૂના હોય તો તેનો ભાત તથા શેકીને અધકચરા ખાંડેલા (ભરડેલા) છોડા વિનાના જવ બહુ કફવાળા તાવમા (ઉપવાસ છૂટ્યા પછી) હિતકર છે.

જૂના—ઓછામાં ઓછા એક વરસ જૂના.

જ્વરરોગી માટે ભાત કરવાની રીત

ओदनस्तैःस्रुतो द्वित्रिः प्रयोक्तव्यो यथायथम्॥ ७३
दोषदूष्यादिबलतो ज्वरघ्नक्वाथसाधितः ।

પાછળ (શ્લોક ૭૨મા) કહેલી રાતીશાળ વગેરેનો ભાત જે રોગીને જેવો યોગ્ય હોય તે રોગીને તેવો આપવો. એ ભાતને રાધતી વખતે બેત્રણ વાર તેમાં પાણી રેડીને ઓસામણ કાઢી નાખવું. વળી વાયુ વગેરે દોષ, રસ વગેરે દૃષ્ય તથા દેશ, કાળ, વય, સત્ત્વ, સાત્મ્ય, શરીર, આહાર, એ સર્વના બળનો વિચાર કરીને જ્વરનો નાશ

કરનારાં યોગ્ય ઔષધના ક્વાથમાં તે ભાત રાંધવો અને પછી (ઉપવાસ છૂટ્યા પછી ક્રમસર) રોગીને ખાવા આપવો. (એકાંતરિયો વગેરે જ્વરવાળાને પેયા આપ્યા વિના જ કળથી, ચણા, મગ વગેરેના યૂષ આપવા, એ આ જગ્યાએ વિશેષ જાણવાનું છે.)

જ્વરરોગીને આપવાના યૂષ

मुद्गाद्यैर्लघुभिर्यूषाः कुलत्थैश्च ज्वरापहाः ॥७४॥

જ્વરવાળાને (ઉપવાસ છૂટ્યા પછી) મગ વગેરે હલકા કઠોળની દાળના યૂષ આપવા. એટલે મગ, ચણા, કળથી, મઠ, મસૂર વગેરેના યૂષ આપવા અને તેમાં પણ જે હલકા (જલદી પચે એવાં) કઠોળ હોય તેના યૂષ આપવા. મગ સર્વ કઠોળમાં હલકા છે માટે મગ સર્વથી પહેલા કહેલા છે, કળથીનો પણ યૂષ કરવો અને રોગીને આપવો; કેમ કે તે સર્વ યૂષ જ્વરનો નાશ કરનારા છે.

કોઈ કહેશે કે 'મગ વગેરે' એમ કહેવાથી તમામ કઠોળની સાથે કળથી પણ સમજાય છે જ ત્યારે તેને જુદી કહેવાનું શું કારણ છે? તેનો ખુલાસો એમ છે કે કળથી ગરમ પચે ત્યારે ખાટી, વીર્ય, પથરી, દમ, સળેખમ, ઉધરસ, હરસ, કફ, વાયુ, એ સર્વનો નાશ કરનારી તથા પિત્ત અને રક્તને વધારનારી છે. માટે જો કળથીનો યૂષ ઘણી કળથી લઈને કર્યો હોય તથા ઘણો પાયો હોય તો તે ગરમ, વિપાકમાં ખાટો અને રક્તપિત્ત કરનારો હોવાથી જ્વરને મટાડવાને બદલે વધારે છે, તે કારણથી કફ વગેરેની શાંતિ કરવાને માટે તેને વાપરવો પડે તો થોડીક કળથી લઈને તે યૂષ કરવો તથા થોડો જ પીવાને આપવો.

જ્વરરોગીનાં શાક વગેરે

कारवेल्लककर्कोटबालमूलकपर्पटैः ।
वार्ताकनिम्बकुसुमपटोलफलपल्लवैः ॥७५॥
अत्यन्तलघुभिर्मांसैर्जाङ्गलैश्च हिता रसाः ।
व्याघ्रीपरूपतर्करीद्राक्षामलकदाडिमैः ॥७६॥
संस्कृताः पिप्पलीशुण्ठीधान्यजीरकसैन्धवैः ।
सितामधुभ्यां प्रायेण संयुता वा कृताकृताः ॥७७॥

કારેલા, કંકોડાં, કુમળા મૂળા, પિત્તપાપડો, વંતાક, લીમડાનાં ફૂલ, પટોલનાં ફળ અને પાંદડાં, એનાં શાકના રસ તેમ જ અત્યંત હલકાં જાંગલ પ્રાણીઓનાં માંસથી તૈયાર કરેલા માંસરસ જો ભોરીંગણી, ફાલસા, અરણી, કાળી દ્રાક્ષ, આમળાં અને દાડમ નાખીને તથા પીપર, સૂંઠ ધાણા, જીરું અને સિંધવનો મસાલો નાખીને બનાવવામાં આવે તો તે માંસરસ અને શાકનો રસ (ઉપવાસ છૂટ્યા પછી યોગ્ય સમયે) હિતકર છે. (કારેલા વગેરેથી સિદ્ધ કરેલા માંસરસ હિતકર છે, એવો અર્થ પણ કેટલાક કરે છે.)

ઉપર કહેલા યૂષ અને રસમાં દાડમ, જીરું, સૂંઠ વગેરે નાખેલું હોય (कृत) કે ન નાખેલું હોય (अकृत) તોપણ તે યૂષ અને રસમાંથી કેટલાક યૂષ અને રસમાં (દરદી અને દરદની અવસ્થાનો વિચાર કરીને) સાકર અને મધ પણ નંખાય છે.

જ્વરરોગીને વ્યંજન

अनम्लतक्रसिद्धानि रुच्यानि व्यञ्जनानि च ।
अच्छान्यनलसम्पन्नानि

અને ખાવાની રુચિ ઉત્પન્ન કરે એવાં (માપસર) વ્યંજનો(=૧. શાક, ૨. મરીમસાલા)ને ખટુ પાતળી મોળી છાશમાં ડોહીને દેવતા પર ઉકાળીને બનાવેલી (લોટ વિનાની) કઢી (ભાત સાથે) (ઉપવાસ છૂટ્યા પછી યોગ્ય સમયે) આપવી.

જ્વરરોગીનું ખાધા પછીનું અનુપાન

अनुपानेऽपि योजयेत् ॥७८॥
तानि क्वथितशीतं च वारि मद्यं च सात्म्यतः ।

ઉપર કહેલી કઢી જ્વરરોગીને ભોજન કર્યા પછી પીવાને પણ આપવી; તેમ જ ઉકાળીને ઠંડું કરેલું પાણી અને જો માફક આવતું હોય તો મદ્ય પણ અનુપાન (પાછળ પીવાને) માટે આપવું.

તાવના રોગમાં ભોજનનાં સમય. માપ અને જાત

सज्वरं ज्वरमुक्तं वा दिनान्ते भोजयेल्लघु ॥७९॥
श्लेष्मक्षयविवृद्धोष्मा बलवाननलस्तदा ।

જે માણસને જ્વર (ચિ. ૧/૨૨) આવતો હોય અથવા જેને થોડા દિવસથી તાવ આવતો બંધ થયો હોય તે માણસને સાંજે થોડું અને હલકું ખાવાને આપવું; કેમ કે તે સમયે કફનો ક્ષય થવાથી જઠરાગ્નિ વૃદ્ધિ પામીને અન્ન પચાવવાને સમર્થ થાય છે.

(આખા દિવસમાં એક જ વાર ખાવા આપવું, અને તે પણ હલકું અને થોડું.)

यथोचितेऽथवा काले देशसात्म्यानुरोधतः ॥८०॥
प्रागल्पवह्निर्भुञ्जानो न ह्यजीर्णेन पीड्यते ।

અથવા જ્વરવાળા (ચિ. ૧/૨૨) કે જ્વરમુક્ત માણસને જે કાળ યોગ્ય હોય તે કાળે ભોજન આપવું, એટલે જે માણસને ભોજનનો જે સમય માફક હોય તે સમયે તેને ભોજન આપવું; કેમ કે એવા યથોચિત સમયે ઘણું કરીને ભૂખ ઊઘડે છે. તેને જે ભોજન આપવું તેમાં પણ જે દેશમાં જે માફક આવતું હોય તે તથા દરદીની પ્રકૃતિને માફક આવતું હોય તે ભોજન આપવું. એથી કરીને અલ્પ અગ્નિવાળો માણસ પણ દિવસના પૂર્વ ભાગમાં જો ભોજન કરે તો તે અજીર્ણથી પીડાતો નથી. (ભોજન માટે યોગ્ય સમય–સૂ. ૮/૫૫.)

ઘૃતપાન કરાવવાનો કાળ

कषायपानपथ्यान्नैर्दशाह इति लङ्घिते ॥८१॥
सर्पिर्दद्यात्कफे मन्दे वातपित्तोत्तरे ज्वरे ।

મોથ, પિત્તપાપડો ઇત્યાદિ ક્વાથ પીને તથા પેયા, યૂષ વગેરે પથ્ય ભોજન કરીને દશ દિવસ કાઢ્યા પછી જ્યારે કફ કમી થાય ત્યારે, વાત અને પિત્ત જેમાં અધિક હોય એવા જ્વરમાં ઘી ખાવાને આપવું. શાસ્ત્રોક્ત ઉપાય કરનારને છ, સાત કે આઠ દિવસ પછી 'આમજ્વર' એવી સંજ્ઞા જ્વરની રહેતી નથી. એ વિષે ચરકમુનિ કહે છે, સાત દિવસે સાત ધાતુના મળનું પાચન થાય છે માટે ઘણુંખરું આઠમે દિવસે 'નિરામજ્વર' કહેવાય છે માટે ત્યાર પછી ઓછામાં ઓછા દશ દિવસ ક્વાથાદિ પીવામાં કાઢ્યા પછી ઘી આપવું.

ઘી ક્યારે આપવું તે નક્કી કરવાનું ખરું ધોરણ

पक्वेषु दोषेष्वमृतं तद्विषोपममन्यथा ॥८२॥
दशाहे स्यादतीतेऽपि ज्वरोपद्रववृद्धिकृत् ।
लङ्घनादिक्रमं तत्र कुर्यादाकफसङ्क्षयात् ॥८३॥

એમ કરવાનું કારણ એ છે, કે દોષ પક્વ થયા પછી ઘી અમૃત જેવો ગુણ કરે છે; પણ દોષ અપક્વ હોય તો તે ઘી ઝેરના જેવો અવગુણ કરે છે. જો દશ દિવસ (શ્લોક ૮૧) વીત્યા છતા પણ દોષ પક્વ ન થયો હોય તો તેવી અવસ્થામાં પીધેલું ઘૃત જ્વરના ઉપદ્રવની વૃદ્ધિ કરે છે, માટે જો કફનો નાશ ન થયો હોય તો તે અવસ્થામાં ઘૃતપાન ન કરતાં ઉપવાસ વગેરે ક્રમ જે પૂર્વે કહેલો છે તે ક્રમ કફનો નાશ થતાં સુધી કરવો.

જીર્ણજ્વરના ઉપાય

જીર્ણજ્વર કેમ ચાલુ રહે છે?

देहधात्वबलत्वाच्च ज्वरो जीर्णोऽनुवर्तते ।

દેહમાંની ધાતુઓના નિર્બળપણાને લીધે જીર્ણજ્વર ઘણા કાળ સુધી ચાલે છે. રસ લોહી વગેરે ધાતુઓની પેઠે વાત, પિત્ત અને કફને પણ ધાતુઓ જ જાણવા; કેમ કે તેઓ પણ દેહને ધારણ કરનારા છે. માટે તે પણ નિર્બળ એટલે સ્વલ્પ થઈ જાય છે ત્યારે જીર્ણજ્વર પાછળ પડે છે–લાગુ થઈ રહે છે.

જીર્ણજ્વરમાં ઘી પીવાથી કેમ ફાયદો થાય છે

रूक्षं हि तेजो ज्वरकृत्तेजसा रूक्षितस्य च ॥८४॥
वमनस्वेदकालाम्बुकषायलघुभोजनैः ।
यः स्यादतिबलो धातुः सहचारी सदागतिः ॥८५॥
तस्य संशमनं सर्पिर्दीप्तस्येवाम्बु वेश्मनः ।

લૂખો પડેલો જઠરાગ્નિ તાવ આણે છે. જેમ પાણી બળતા મકાનને હોલવે છે તેમ જઠરાગ્નિની ગરમીથી, ઊલટીઓ કરાવવાથી, શેક કરવાથી. તાવની મુદતને લીધે, (ઉકાળેલું) પાણી પીવાથી, ક્વાથ પીવાથી તથા હલકું ખાવાપીવાથી લૂખા પડેલા દરદીમાં અગ્નિની સાથે ફરતો જે વાયુ નામનો–દોષ બહુ જોર પકડે છે તેને ઘી શાંત પાડે છે.

(તાવમાં ઉપવાસ વગેરે ઉપચાર

કર્યા પછી એ દરદી લૂખો પડ્યો હોય અને છતાં તાવ જતો ન હોય, તો જ ઘી દવા તરીકે માપસર પીવાનું છે.)

વાયુ અને પિત્ત મટાડવાને ઘી ઉત્તમ કેમ છે?

वातपित्तजितामग्र्यं संस्कारं चानुरुध्यते ॥ ८६ ॥
सुतरां तद्यतो दद्याद्यथास्वौषधसाधितम् ।

ઘીનો ગુણ એવો છે, કે તે જેવું વાયુ અને પિત્તને જીતનારું છે તેવાં બીજાં ઔષધ નથી. (અને તેથી જ પૂર્વે કહ્યું છે કે કફ કમી હોય અને વાતપિત્તનું જોર અધિક હોય એવા જ્વરમાં યોગ્ય સમયે ઘી આપવું.) વળી ઘી પોતાની શીતળતાનો ત્યાગ ન કરીને બીજાં જે ઔષધોનો તેને સંસ્કાર કર્યો હોય છે તેના સંસ્કારને (ગુણને) ગ્રહણ કરે છે તે પણ સ્નેહવિધિમાં પ્રતિપાદન કરેલું છે. એ જ ન્યાયને આધારે ચરકમુનિ પણ કહે છે, કે 'ઘી જેવું સંસ્કારનું અનુવર્તન કરે છે (બીજાં ઔષધોના ગુણ પોતાનામાં ઉતારે છે), તેવું બીજો કોઈ સ્નેહ સંસ્કારનું અનુવર્તન કરતો નથી. માટે સર્વ સ્નેહોમાં ઘૃત એ ઉત્તમ સ્નેહ છે. ઘૃતમાં એવો ગુણ છે માટે વાતપિત્તાદિક જ્વરમાં તે જ્વરને યોગ્ય હોય તેવાં ઔષધથી સિદ્ધ કરેલું ઘૃત નિઃસંશયપણે આપવું.

ઘી વ્યાધિવિપરીત અને હેતુવિપરીત છે

वैपरीत्यं ज्वरोष्माणं जयेत्पित्तं च शैत्यतः ॥८७
स्नेहाद्वातं घृतं तुल्यं योगसंस्कारतः कफम् ।

ઘીનો ગુણ સ્નિગ્ધ (સ્નેહયુક્ત) અને શીતળ છે તથા જઠરની ગરમીનો ગુણ રૂક્ષ અને તીક્ષ્ણ છે. એ જ જઠરની ગરમી જ્યારે કોઠામાંથી બહાર નીકળીને શરીરમાં પ્રસરે છે, ત્યારે તે જ્વર કહેવાય છે; માટે જ્વરની ગરમી પણ રૂક્ષ અને તીક્ષ્ણ છે તેથી તે ઘૃતના ગુણથી વિપરીત ગુણવાળી છે. એ રીતે ઘીથી વિપરીત એવી જ્વરની ગરમીને ઘી શમાવે છે. તથા ઘીના શીતળ સ્વભાવને લીધે ઘી પિત્તને શમાવે છે પણ ઘી કાંઈ સ્નેહન હોવાને લીધે પિત્તને શમાવતું નથી; કેમ કે પિત્ત પણ સ્નેહન સ્વભાવવાળું જ છે. ઘૃત સ્નિગ્ધ છે માટે તે વાયુને શમાવે છે; પણ કાંઈ તેના શીતળ સ્વભાવને લીધે તે વાયુને શમાવતું નથી; કેમ કે વાયુ પણ શીતળ તો છે જ. અર્થાત્ ઘૃત પોતાના સ્નિગ્ધ ગુણને લીધે વાયુને શમાવે છે અને શીતળ સ્વભાવને લીધે પિત્તને શમાવે છે; તેમ જ કફ શીતળ તથા સ્નિગ્ધ છે તેથી તેનો ગુણ ઘૃતના ગુણની સમાન છે, તથાપિ કફજ્વરને હરનારાં ઔષધના યોગથી તથા સંસ્કારથી તે કફને પણ હરે છે. કોઈ કહેશે કે પિત્ત જ્યારે સ્નિગ્ધ છે ત્યારે તે પિત્ત જ વાયુને કેમ શમાવતું નથી? અને કફ સ્નિગ્ધ અને શીતળ છે ત્યારે તે વાત અને પિત્ત બંનેને કેમ શમાવતો નથી? તો જાણવું કે જીર્ણજ્વરમાં ઉપવાસ વગેરેથી અતિશય રૂક્ષ થયેલી જ્વરની ગરમીથી પિત્ત પણ રૂક્ષ થઈ જાય છે, તેથી તેમાં સ્નેહ રહેતો નથી અને તેથી તે વાયુને શમાવી શકતું નથી. એ જ રીતે કફ વિષે પણ જાણવું.

જીર્ણજ્વરમાં ક્વાથ ઘી સાથે આપવા

पूर्वे कषायाः सघृताः सर्वे योज्या यथामलम् ॥८८

પૂર્વે કહેલાં પાચન ઔષધ અને ક્વાથ સર્વે વાયુ વગેરે દોષમાંથી જે દોષને જેમ ઘટે તેમ ઘૃત સહિત આપવાં.

જીર્ણજ્વરમાં ખાંસી ઉપર ક્વાથ

त्रिफलापिचुमन्दत्वङ्मधुकं बृहतीद्वयम् ।
समसूरदलं क्वाथः सघृतो ज्वरकासहा ॥ ८९ ॥

હરડે, બહેડાં અને આમળાં (ત્રિફળા), લીમડાની અંતરછાલ, જેઠીમધ, બંને ભોરીંગણી અને મસૂરની દાળ એનો ક્વાથ ઘી સહિત આપવાથી તે જ્વર અને ખાંસીના ઉપદ્રવને મટાડે છે.

જીર્ણજ્વર અને મંદાગ્નિ વગેરે ઉપદ્રવો માટે ઘી

पिप्पलीन्द्रयवधावनितिक्ता-
सारिवामलकतामलकीभिः ।
बिल्वमुस्तहिमपालनिसेव्य-
द्राक्षयाऽतिविषया स्थिरया च ॥९०॥
घृतमाशु निहन्ति साधितं
ज्वरमग्निं विषमं हलीमकम् ।
अरुचिं भ्रुशतापमंसयो-
र्वमथुं पार्श्वशिरोरुजं क्षयम् ॥ ९१ ॥

પીપર, ઇંદ્રજવ, ધાવડી, કડુ, સારિવા, આમળાં, ભોંઆમળાં, ખીલાં (નાનાં), મોથ, સુખડ, ત્રાયમાણુ, વાળો, કાળી દ્રાક્ષ, અતિવિષ, શાલિપર્ણી, એ ઔષધોનો કલ્ક (લૂગદી, ચટણી) કરીને તેથી ચોગણું ઘી તેમાં નાખવું તથા ઘી કરતાં ચોગણું તેમાં પાણી નાખવું. પછી પાણી બળી જાય પણ ઘી બાકી રહે ત્યાં સુધી તેનો ક્વાથ કરીને ઘી ગાળી લેવું; એ રીતે તૈયાર કરેલું ઘી જીર્ણજ્વર તથા વિષમાગ્નિ, હલીમક, અરુચિ, ખભા તપતા હોય તે, ઉલટી, પાસાં અને માથામાંની પીડા અને ક્ષય એ સર્વે ઉપદ્રવોને મટાડે છે.

વાતજીર્ણજ્વર અને પિત્તજીર્ણજ્વર ઉપર ઘૃત

तैल्वकं पवनजन्मनि ज्वरे
योजयेत्त्रिवृतया वियोजितम् ।
तिक्तकं वृषघृतं च पैत्तिके
यच्च पालनिकया शृतं हविः ॥ ९२ ॥

આગળ (ચિકિત્સાસ્થાન અધ્યાય ૨૧, શ્લોક ૩૨, ૩૩) વાતવ્યાધિની ચિકિત્સામાં તૈલ્વક ઘૃત એટલે લોધર વગેરેથી સિદ્ધ કરેલું ઘી કહેવામાં આવશે. તે ઘી વાયુથી આવેલા જ્વરમાં આપવું પણ તેમાં નસોતર નામની ઔષધિ લેવી નહિ; અર્થાત્ નસોતર સિવાયની બીજી ઔષધિઓથી સિદ્ધ કરેલું તૈલ્વકઘૃત વાતજ્વરમાં આપવું. વળી આગળ કુષ્ઠરોગની ચિકિત્સામાં (અધ્યાય ૧૯, શ્લોક ૨ થી ૭) તિક્તઘૃત કહેવામાં આવશે અને રક્તપિત્તની ચિકિત્સામાં (અધ્યાય ૨, શ્લોક ૪૦ થી ૪૨ માં) વૃષઘૃત કહેવામાં આવશે તે પિત્તજ્વરવાળાને આપવું. વળી ત્રાયમાણથી સિદ્ધ કરેલું ઘૃત પણ પિત્તજ્વરમાં આપવું.

કફના જીર્ણજ્વર ઉપર ઘૃત

विडङ्गसौवर्चलचव्यपाठा-
व्योषाग्निसिन्धूद्भवयावशूकैः ।
पलांशकैः क्षीरसमं घृतस्य
प्रस्थं पचेज्जीर्णकफज्वरघ्नम् ॥ ९३ ॥

વાવડિંગ, સંચળ, ચવક, પાઠા, વ્યોષ (=સૂંઠ, પીપર, મરી), ચિત્રો, સિંધવ, જવખાર, એ પ્રત્યેક ઔષધિ ચારચાર તોલા લઈને તેમાં બશેર દૂધ નાખવું તથા તેટલું જ ઘી નાખવું. એ સર્વને ચારગણા પાણીમાં ઘી માત્ર બાકી રહે ત્યાં સુધી રાંધવું. એ રીતે સિદ્ધ કરેલું ઘી જીર્ણ કફજ્વરનો નાશ કરનારું થાય છે.

જીર્ણજ્વરઘ્ન ઘૃત

गुडूच्या रसकल्काभ्यां त्रिफलाया वृषस्य च ।
मृद्वीकाया बलायाश्च स्नेहाः सिद्धा ज्वरच्छिदः ॥

ગળો, ત્રિફળા, અરડૂસી, કાળી દ્રાક્ષ અને કાંસકીનાં મૂળ એ પાંચ ઔષધનો રસ તથા કલ્ક લઈને તે વડે સિદ્ધ કરેલા પાંચ જુદાજુદા સ્નેહ જ્વરનો (જીર્ણજ્વરનો) નાશ કરે છે. (સ્નેહ શબ્દ વડે ઘૃત સમજવું; કેમ કે તે સર્વે સ્નેહમાં ઉત્તમ છે.)

ઘી પચ્યા પછીનું ભોજન

जीर्णे घृते च भुञ्जीत मृदुमांसरसौदनम् ।
बलं ह्यलं दोषहरं परं तच्च बलप्रदम् ॥ ९५ ॥

જ્યારે ઘી પચી જાય ત્યારે તીક્ષ્ણ ગુણરહિત માંસનો રસ તથા ભાત ખાવો; કેમ કે જ્યારે શરીરમાં પરિપૂર્ણ બળ આવે છે, ત્યારે તે બળ દોષને હરે છે તથા તે માંસરસનું ભોજન અતિશય બળ આપનારું છે.

વાયુના જીર્ણજ્વરમાં અપથ્ય માંસરસ

कफपित्तहरा मुद्गकारवेल्लादिजा रसाः ।
प्रायेण तस्मान्न हिता जीर्णे वातोत्तरे ज्वरे ॥९६॥
शूलोदावर्तविष्टम्भजनना ज्वरवर्धनाः ।

મગ, કારેલાં વગેરેથી સંસ્કારયુક્ત કરેલા માંસરસ કફ અને પિત્તને હરનારા છે, માટે તે જે જીર્ણજ્વરમાં વાયુ અધિક હોય તેમાં હિતકર નથી; કેમ કે તે શૂળ, ઉદાવર્ત અને બંધકોષ ઉત્પન્ન કરે છે તથા જ્વરને વધારે છે.

જીર્ણજ્વર ન મટે તો શોધન કરવું.
વમન ક્યારે અને કયું આપવું ?

न शाम्यत्येवमपि चेज्ज्वरः कुर्वीत शोधनम् ॥९७
शोधनार्हस्य, वमनं प्रागुक्तं तस्य योजयेत् ।
आमाशयगते दोषे बलिनः पालयन्बलम् ॥९८॥

એ રીતે પણ તાવ ન મટે તો જો દરદી શોધન કરવા યોગ્ય હોય, એની હોજરીમાં

દોષ હોય અને એ બળવાન હોય તો એનું બળ સચવાઈ રહે એ રીતે એને આગળ શ્લોક ૬ થી ૮ માં કહેલી ઊલટીઓ કરાવવાની દવા આપવી.

વિરેચન ક્યારે અને કેવું આપવું ?

पक्के तु शिथिले दोषे ज्वरे वा विषमद्यजे ।
मोदकं त्रिफलाश्यामात्रिवृत्पिप्पलिकेसरैः ॥९९॥
ससितामधुभिर्दद्याद्योग्यं वा विरेचनम् ।
द्राक्षाधात्रीरसं तद्वत्सद्राक्षां वा हरीतकीम् ॥
आरग्वधं वा पयसा मृद्वीकानां रसेन वा ।
त्रिफलां त्रायमाणां वा पयसा ज्वरितः पिबेत् ॥

દોષ જો પાકીને છૂટા પડી ગયા હોય અથવા વિષ કે દારૂથી ઉત્પન્ન થયેલો જ્વર થયો હોય, તો ત્રિફળા, કાળું નસોતર, લાલ નસોતર, પીપર અને નાગકેસર, એ ઔષધોની ગોળી આપવી; અથવા વ્યોષ (સૂંઠ, પીપર, મરી), ત્રિજાતક (તજ, તમાલપત્ર, એલચી), મોથ, વાવડિંગ, આમળાં તથા એ સર્વેની બરોબર નસોતર લઈને તેની મધ અને સાકરમાં ગોળી કરીને તે વિરેચન (જુલાબ) આપવુ (ક. ૨/૨૧, ૨૧⅔). અથવા કાળી દ્રાક્ષ સાથે આમળાંનો રસ આપવો અથવા કાળી દ્રાક્ષ સાથે હરડે આપવી. અથવા દૂધ સાથે કે કાળી દ્રાક્ષના રસ સાથે ગરમાળાનો ગોળ આપવો. અથવા જીર્ણજ્વરવાળા રોગીએ ત્રિફળા કે ત્રાયમાણને દૂધ સાથે પીવું.

જીર્ણજ્વરમાં વમનવિરેચન પછીનો ભોજનક્રમ

विरिक्तानां च संसर्गी मण्डपूर्वा यथाक्रमम् ।

જેમને વિરેચન આપ્યું હોય તથા જેઓને વમન આપ્યું હોય એવો જીર્ણજ્વરવાળા રોગીઓને પ્રથમ મંડ આપવો તથા પછી પેયાદિ ક્રમ પ્રમાણે ખોરાક આપવો.

મેળે પડતા મળને અટકાવવો નહિ

च्यवमानं ज्वरोत्क्लिष्टमुपेक्षेत मलं सदा ॥१०२॥
पक्वोऽपि हि विकुर्वीत दोषः कोष्ठे कृतास्पदः ।
अतिप्रवर्तमानं वा पाचयन् सङ्ग्रहं नयेत् ॥१०३

તાવને લીધે સ્થાનમાંથી ચલિત થયેલો મળ ઝાડા વાટે બહાર પડતો હોય તો પડવા દેવો પણ તેને અટકાવવો નહિ; કેમ કે પક્વાશયમાં રહેલો દોષ પાકો હોય તોપણ વિકાર કરે છે, (તો પછી આમાશયમાં રહેલો દોષ વિકાર કરે એમાં શું આશ્ચર્ય !) જો તે મળ અતિશય પ્રવૃત્ત થતો હોય તો તેને પકવીને પછી અટકાવવો. પણ પક્વ કર્યા વિના તો અટકાવવો જ નહિ.

આમ (કાચા) મળને રોકવાથી હાનિ

आमसङ्ग्रहणे दोषा दोषोपक्रम ईरिताः ।

આમને (કાચા ઝાડાને) અટકાવી રાખવાથી જે નુકસાન થાય છે તે દોષોપક્રમણીય અધ્યાયમાં કહેલું છે (માટે કાચા ઝાડાને અટકાવવાનુ ઔષધ ન આપવુ).

આમજ્વરમાં શોધન કરવામાં જોખમ

पाययेद्दोषहरणं मोहादामज्वरे तु यः ॥१०४॥
प्रसुप्तं कृष्णसर्पं स कराग्रेण परामृशेत् ।

જે વૈદ્ય અજ્ઞાનપણાથી આમજ્વરમાં દોષને બહાર કાઢનારું ઔષધ રોગીને પાય છે, તે સૂતેલા કાળા સાપને હાથની આંગળી વડે અડકે છે (=છંછેડે છે) એમ જાણવું; અર્થાત્ સૂતેલા કાળા સાપને આંગળીથી અડકવુ જેવું ભયંકર છે તેવુ આમજ્વરમાં આમને (=સામ દોષોને અને મળોને) બહાર કાઢનારું ઔષધ રોગીને પાવું તે પણ ભયંકર છે. આમને પક્વ કરીને પછી તેને બહાર કાઢવો.

ક્ષીણ થયેલા માણસને વમનાદિ હિતકર નથી

ज्वरक्षीणस्य न हितं वमनं न विरेचनम् ॥१०५॥
कामं तु पयसा तस्य निरूहैर्वा हरेन्मलान् ।

જે માણસ જ્વરથી ક્ષીણ થઈ ગયો હોય તે માણસને વમન તથા વિરેચન હિતકર્તા નથી; પણ જો જરૂર હોય તો દૂધ વડે (દૂધ પાઈને રેચાદિ) અથવા નિરૂહબસ્તિઓ આપીને તેના મળોને બહાર કાઢવા.

દૂધ કોને પથ્ય છે ?

क्षीरोचितस्य प्रक्षीणश्लेष्मणो दाहतृड्वतः १०६
क्षीरं पित्तानिलार्तस्य पथ्यमप्यतिसारिणः ।

જેનો કફ બહુ જ ઓછો થઈ ગયો હોય, જેને બળતરા થતી હોય અને તરસ લાગ્યા

કરતી હોય, જેને પિત્ત અને વાયુને લીધે પીડા થતી હોય અને જેને અતિસાર થયો હોય તેને પણ જો એ દરદીને દૂધ માફક આવતું હોય તો દૂધ પથ્ય છે.)

જીર્ણજ્વરવાળાને દૂધનો ગુણ

तद्वपुर्लङ्घनोत्तप्तं प्लुष्टं वनमिवाग्निना ॥ १०७॥
दिव्याम्बु जीवयेत्तस्य ज्वरं चाशु नियच्छति ।

જેમ અગ્નિ વડે બળી ગયેલા વનને મેઘનુ જળ જિવાડે છે, પાછુ અંકુરિત કરે છે, તેમ લંઘન વડે તપ્ત થયેલા શરીરને દૂધ જિવાડે છે અને જ્વરને થોડી વારમાં મટાડી દે છે.

જીર્ણજ્વરમાં કેવું દૂધ ક્યારે પાવું?

संस्कृतं शीतमुष्णं वा तस्माद्धारोष्णमेव वा ॥ १०८
विभज्य काले युञ्जीत ज्वरिणं हन्त्यतोऽन्यथा।

એટલા માટે દૂધને બીજાં દ્રવ્ય વડે સંસ્કારયુક્ત કરીને એ દૂધ ટાઢું કે ઊનું અથવા દોહીને તરત જ જે ગરમ દૂધ નીકળે છે તેવું દૂધ, દોષનો તથા દરદી અને દરદની અવસ્થાનો વિચાર કરીને જીર્ણજ્વરવાળા રોગીને પાવું, પણ એથી ઊલટી રીતે જો જ્વરવાળાને દૂધ આપવામાં આવે તો તેથી જ્વરવાળા રોગીનું મૃત્યુ થાય છે.

पयः सशुण्ठीखर्जूरमृद्वीकाशर्करावृतम् ॥ १०९॥
शृतशीतं मधुयुतं तृड्दाहज्वरनाशनम् ।

સૂંઠ, ખજૂર, કાળી દ્રાક્ષ, સાકર અને ઘી, એટલાં વાનાં દૂધમાં નાખીને ઉકાળવાં તથા પછી તે દૂધ ઠંડું પડ્યા પછી તેમાં મધ નાખીને રોગીને પાવુ; એટલે તે તરસ અને દાહયુક્ત જીર્ણજ્વરનો નાશ કરશે.

तद्वद् द्राक्षाबलायष्टीसारिवाकणचन्दनैः ॥ ११०॥
चतुर्गुणेनाम्भसा वा पिप्पल्या वा शृतं पिबेत् ।

તે જ પ્રમાણે કાળી દ્રાક્ષ, કાંસકીનાં મૂળ, જેઠીમધ, સારિવા, પીપર અને રાતી સુખડ, એ ઔષધિઓ નાખીને ઉકાળેલું દૂધ પીવાથી તરસ અને દાહયુક્ત જીર્ણજ્વર મટે છે અથવા તે ઔષધિઓમાં દૂધ નાખીને તેમાં દૂધથી ચારગણું પાણી નાખવુ તથા ઉકાળવું. ઊકળતાંઊકળતાં દૂધ માત્ર શેષ રહે, ત્યારે દૂધ ગાળી લઈ ઠંડું પડયેથી રોગીને પાવાથી તરસ અને દાહયુક્ત જીર્ણજ્વર મટે છે. અથવા એકલી પીપરને દૂધમાં ઉકાળીને તે ઠંડું પાણી પીવાથી પણ તરસ અને દાહયુક્ત જીર્ણજ્વર મટે છે.

कासाच्छ्वासाच्छिरःशूलात्पार्श्व-
शूलाच्चिरज्वरात् ॥ १११॥
मुच्यते ज्वरितः पीत्वा पञ्चमूलीशृतं पयः ।

લઘુપંચમૂળને દૂધમાં ઉકાળીને ઠંડુ પડ્યા પછી તે દૂધ પીવાથી જીર્ણજ્વરવાળો રોગી ખાંસી, દમ, માથાનું શૂળ, પાસાંનું શૂળ અને ઘણા દિવસનો જીર્ણજ્વર, એ સર્વથી મુક્ત થાય છે.

शृतमेरण्डमूलेन बालबिल्वेन वा ज्वरात् ॥ ११२॥
धारोष्णं वा पयः पीत्वा विबद्धानिलवर्चसः ।
सरक्तपिच्छातिसृतेः सतृट्शूलप्रवाहिकात् ॥११३

એરંડાનાં મૂળને અથવા નાનાં (કુમળાં) બીલાંઓને દૂધમાં ઉકાળીને ઠંડું પડ્યા પછી તે દૂધ પીવાથી અથવા ધારોષ્ણ દૂધ પીવાથી જે અતિસારમાં ઝાડાની તથા વાયુની કબજિયાત હોય અથવા લોહી અને ભાતના ઓસામણ જેવુ જેમાં પડતું હોય, અને તરસ, શૂળ તથા મરડો એવા ઉપદ્રવ જેમાં હોય, એવા અતિસારવાળા જીર્ણજ્વરથી રોગી મુક્ત થાય છે.

सिद्धं शुण्ठीबलाव्याघ्रीगोकण्टकगुडैः पयः ।
शोफमूत्रशकृद्वातविबन्धज्वरकासजित् ॥ ११४॥

સૂંઠ, ખલા (કાંસકીનાં મૂળ), ભોરીંગણી, ગોખરુ અને ગોળ, એ ઔષધોથી સિદ્ધ કરેલું દૂધ પીવાથી સોજો તથા મૂત્રની, ઝાડાની અને મેશાબની કબજિયાત તેમ જ ખાંસી, એ ઉપદ્રવોવાળો જીર્ણજ્વર મટે છે.

वृश्चीवबिल्ववर्षाभूसाधितं ज्वरशोफनुत् ।

નાની સાટોડી, બીલાં અને મોટી સાટોડી, એ ત્રણથી સિદ્ધ કરેલું દૂધ જીર્ણજ્વરમાં સોજાનો નાશ કરે છે.

शिशिपासारसिद्धं च क्षीरमाशु ज्वरापहम् ॥ ११५

સીસમના લાકડાના ગર્ભ વડે સિદ્ધ કરેલું દૂધ જલદીથી જીર્ણજ્વરને મટાડે છે.

દૂધ સિદ્ધ કરવાની રીત: ઔષધ કરતાં આઠગણું દૂધ લેવું અને દૂધ કરતાં પાણી

ચારગણું લેવું. પછી દૂધ માત્ર શેષ રહે ત્યાં સુધી તેનો કવાથ કરી દૂધ ગાળી લેવું.

જીર્ણજ્વરમાં નિરૂહબસ્તિ આપવાના ફાયદા

निरूहस्तु बलं वह्निं विज्वरत्वं मुदं रुचिम् ।
दोषे युक्तः करोत्याशु पक्वे पक्वाशयं गते ॥ ११६ ॥

પકવાશયમાં રહેલો દોષ પકવ થયેલો હોય અને તેને બહાર કાઢવાને (શ્લોક ૧૦૫ની પ્રમાણે) નિરૂહબસ્તિની યોજના કરવામાં આવે, તો તે બળ આપે છે, જઠરાગ્નિને વધારે છે, તાવનો નાશ કરે છે, હર્ષ ઉત્પન્ન કરે છે અને રુચિ ઉત્પન્ન કરે છે.

पित्तं वा कफपित्तं वा पक्वाशयगतं हरेत् ।
स्रंसनं त्रीनपि मलान् बस्तिः पक्वाशयाश्रयान् ११७

વિરેચન આપ્યું હોય તો તે પકવાશયમાંના પિત્તને અથવા કફ અને પિત્તને હરે છે; પણ બસ્તિ આપી હોય તો તે પકવાશયમાંના ત્રણે દોષને હરે છે.

અનુવાસનબસ્તિ કોને આપવી?

प्रक्षीणकफपित्तस्य त्रिकपृष्ठकटिग्रहे ।
दीप्ताग्नेर्बद्धशकृतः प्रयुञ्जीतानुवासनम् ॥ ११८ ॥

જે માણસના કફ અને પિત્તનો બહુ નાશ થયો હોય, જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, ઝાડો બંધાઈ ગયો હોય, અને તેની કરોડની નીચેનો ભાગ, પીઠ તથા કમ્મર રહી ગયા હોય તો તેને અનુવાસનબસ્તિ આપવી.

જીર્ણજ્વરનાશક નિરૂહબસ્તિ

पटोलनिम्बच्छदनकटुकाचतुरङ्गुलैः ।
स्थिराबलागोक्षुरकमदनोशीरवालकैः ॥ ११९ ॥
पयस्यर्धोदके क्वाथं क्षीरशेषं विमिश्रितम् ।
कल्कितैर्मुस्तमदनकृष्णामधुकवत्सकैः ॥ १२० ॥
बस्तिं मधुघृताभ्यां च पीडयेज्ज्वरनाशनम् ।

પટોળ, લીંબડાનાં પાંદડાં કડુ, ગરમાળો, શાલિપર્ણી, બળદાણા, ગોખરુ, મીંઢળ, કાળો વાળો, વાળો, એ ઔષધિનો અરધા દૂધ અને અરધા પાણીમાં ફક્ત દૂધ શેષ રહે એવો કવાથ કરવો. પછી તેમાં મધ અને ઘી નાખીને બસ્તિ આપવી અથવા મોથ, મીંઢળ, પીપર, જેઠીમધ, કડાછાલ, એ ઔષધના કલ્કમાં દૂધ સિદ્ધ કરીને તેમાં મધ અને ઘી નાખીને તેના વડે બસ્તિ આપવી. એથી જીર્ણજ્વરનો નાશ થાય છે.

चतस्रः पर्णिनीर्यष्टीफलोशीरनृपद्रुमान् ॥ १२१ ॥
क्वाथयेत्कल्कयेद्यष्टीशताह्वाफलिनीफलम् ।
मुस्तं च बस्तिः सगुडक्षौद्रसर्पिर्ज्वरापहः ॥ १२२ ॥

મુદ્‌ગપર્ણી (જંગલી મગ), માષપર્ણી (જંગલી અડદ), શાલિપર્ણી, પૃશ્નિપર્ણી, એ ચાર પર્ણીઓ, જેઠીમધ, મીંઢળ, કાળો વાળો, ગરમાળો, એ સર્વનો કવાથ કરવો તથા જેઠીમધ, સુવા, કાંગ, મીંઢળ અને મોથ એ ઔષધનો કલ્ક તેમાં નાખીને ગોળ, મધ અને ઘી સાથે બસ્તિ આપવાથી જીર્ણજ્વર મટે છે.

જીર્ણજ્વરમાં અનુવાસનબસ્તિ

जीवन्तीं मदनं मेदां पिप्पलीं मधुकं वचाम् ।
ऋद्धिं रास्नां बलां बिल्वं शतपुष्पां शतावरीम् ॥ १२३ ॥
पिष्ट्वा क्षीरं जलं सर्पिस्तैलं चैकत्र साधितम् ।
ज्वरेऽनुवासनं दद्याद्यथास्नेहं यथामलम् ॥ १२४ ॥

જીવંતી, મીંઢળ, મેદા, પીપર, જેઠીમધ, વજ, ઋદ્ધિ, રાસ્ના, બળદાણા, બીલાં, સુવા, શતાવરી, એ સર્વને પાણી સાથે વાટીને તેનાથી ચોગણું ઘી અથવા તેલ લેવું તથા ઘી અથવા તેલ જેટલું દૂધ તેમાં નાખવું. પછી દૂધથી ચોગણા પાણી સાથે તેને ઉકાળીને ઘી કે તેલ માત્ર બાકી રહે ત્યારે તે ગાળી લેવું. એ ઘી કે તેલ વડે અનુવાસનબસ્તિ આપવી તેથી જીર્ણજ્વર મટે છે. જ્વરમાં જે જે વાયુ વગેરે દોષ પ્રબળ હોય તેને યોગ્ય સ્નેહ (ઘી કે તેલ) લેવો.

ये च सिद्धिषु वक्ष्यन्ते बस्तयो ज्वरनाशनाः ।

વળી જે જ્વરનાશક બસ્તિઓ બસ્તિકલ્પનાના અધ્યાયમાં (કલ્પસ્થાન અધ્યાય ૪), કહેવામાં આવશે તે પણ આપવી.

જીર્ણજ્વરમાં નસ્ય

शिरोरुग्गौरवश्लेष्महरमिन्द्रियबोधनम् ॥ १२५ ॥
जीर्णज्वरे रुचिकरं दद्यान्नस्यं विरेचनम् ।
स्नैहिकं शून्यशिरसो दाहार्ते पित्तनाशनम् ॥१२६

જીર્ણજ્વરમાં માથાની પીડાને હરનારું, શરીરના ભારેપણાને તથા કફને હરનારું, ઇંદ્રિયોને જાગ્રત કરનારું અને રુચિ ઉત્પન્ન કરનારું

વિરેચન નસ્ય આપવુ; મગજ ખાલી થઈ ગયું હોય તો સ્નેહથી સિદ્ધ કરેલુ નસ્ય આપવુ અથવા સ્નેહયુક્ત નસ્ય આપવું; માથામાં દાહ થતો હોય તો પિત્તને હરનારું નસ્ય આપવુ.

જીર્ણજ્વરમાં ધૂમાદિક આપવા

धूमगण्डूषकवलान् यथादोषं च कल्पयेत् ।
प्रतिश्यायास्यवैरस्यशिरःकण्ठामयापहान् ॥१२७

વળી જ્વરમાં જેવા જેવા દોષ હોય તેને ઘટતા, સળેખમ, મુખની વિરસતા તથા માથું અને કંઠના રોગને હરનારા ધૂમપાન, ગંડૂષ (કોગળા ભરાવવા) અને કવલરૂપી ઉપાય કરવા.

જીર્ણજ્વરમાં અરુચિનો ઉપાય

अरुचौ मातुलिङ्गस्य केसरं साज्यसैन्धवम् ।
धात्रीद्राक्षासितानां वा कल्कमास्येन धारयेत् ॥

જ્વરમાં અરુચિ થાય તો સિંધવ અને ઘી સહિત બિજોરાંના ગર્ભને મુખમાં રાખવો અથવા આમળાં, કાળી દ્રાક્ષ અને સાકરની લુગદી મુખમાં રાખવી.

જીર્ણજ્વરમાં અને આગંતુ જ્વરમાં કેવાં અભ્યંગ, લેપ, સેક, અંજન અને ધૂમપાન ક્યારે કરવાં ?

यथोपशयसंस्पर्शान् शीतोष्णद्रव्यकल्पितान् ।
अभ्यङ्गालेपसेकादीन् ज्वरे जीर्णे त्वगाश्रिते ॥१२९
कुर्यादञ्जनधूमांश्च तथैवागन्तुजेऽपि तान् ।

જીર્ણજ્વર જ્યારે ત્વચાને (ચામડીને) આશ્રયે રહેલો હોય ત્યારે શરીરને જે જાતનો સ્પર્શ સારો લાગે એવા ઠંડા કે ગરમ દ્રવ્યથી બનાવેલાં અભ્યંગ, લેપ, સેક (જળ વગેરે છાંટવું કે સીંચવું) વગેરે કરવાં; તેમ જ અંજન કે ધૂમ વગેરે પણ જે શરીરને સુખ ઉપજાવે એવાં હોય તે કરવાં. તેમ જ આગંતુ જ્વરમાં પણ અંજન અને ધૂમના એ જ ઉપચાર કરવા.

દાહવાળા જીર્ણજ્વરમાં અભ્યંગ

दाहे सहस्रधौतेन सर्पिषाऽभ्यङ्गमाचरेत् ॥१३०॥

જીર્ણજ્વરમાં શરીરે દાહ થતો હોય તો હજાર વાર પાણીથી ધોયેલા ઘીને શરીરે ચોળવુ.

सूत्रोक्तैश्च गणैस्तैस्तैर्मधुराम्लकषायकैः ।
दूर्वादिभिर्वा पित्तघ्नैः शोधनादिगणोदितैः ॥ १३१
शीतवीर्यैर्हिमस्पर्शैः क्वाथकल्कीकृतैः पचेत् ।
तैलं सक्षीरमभ्यङ्गात्सद्यो दाहज्वरापहम् ॥१३२॥

પાછળ સૂત્રસ્થાનમાં (અધ્યાય ૧૦, શ્લોક ૨૨થી ૨૪કેમાં) ઘૃતાદિ મધુર ગણ કહ્યો છે, (અધ્યાય ૧૦ શ્લોક ૨૫,૨૬માં) આમળાં વગેરે ખાટો ગણ કહ્યો છે; (અધ્યાય ૧૦ શ્લોક ૩૧, ૩૨માં) હરડે વગેરે તૂરો ગણ કહ્યો છે; વળી દૂર્વાદિ, ન્યગ્રોધાદિ, પદ્મકાદિ, સારિવાદિ એ પિત્તનો નાશ કરનારા ગણ કહેલા છે. એ રીતે શોધનાદિ ગણનો સંગ્રહ સૂત્રસ્થાનના અધ્યાય ૧૫માં કહેલો છે. તેમાંના શ્લોક ૬, ૧૧, ૧૨ અને ૪૧માં કહેલા ગણમાંથી જે દ્રવ્યો શીતવીર્ય અને શીત સ્પર્શવાળાં હોય તેનાં કલ્ક અને કવાથ કરીને તેમાં દૂધ સહિત તેલ પકવ કરવુ. તે તેલ શરીર ઉપર ચોળવાથી તત્કાળ દાહવાળો જીર્ણજ્વર દૂર થાય છે.

દાહવાળા જીર્ણજ્વરમાં લેપ

शिरो गात्रं च तैरेव नातिपिष्टैः प्रलेपयेत् ।

એ જ ગણોના એવાં જ ઔષધો વડે (શ્લોક ૧૩૦કેથી ૧૩૧કે) તેલ સિદ્ધ કરીને શરીરે ચોળવુ જોઈએ; એટલું જ નહિ, પણ તે જ ગણોનાં એવાં જ ઔષધને થોડાંઘણાં વાટીને શરીરે તેનો લેપ કરવો અને વિશેષે કરીને માથે લેપ કરવો. બહુ બારીક વાટીને લેપ ન કરવો, પણ થોડાંઘણાં વાટવાં; એનું કારણ એ છે કે જ્યારે બહુ બારીક વાટીને જાડો લેપ શરીર ઉપર કરવામા આવે છે, ત્યારે ગરમી બહાર નીકળવા પામતી નથી તેથી ઊલટી વધારે બળતરા થાય છે. માથે વિશેષે કરીને લેપ કરવાનુ કારણ એ છે કે જ્વર ઘણુંખરું માથામાં રહે છે. બધા શરીરમાં જ્વર ન હોય પણ માથું ગરમ હોય તો તે મનુષ્યનો જ્વર ગયો છે એમ જાણવું નહિ, એટલા માટે વિશેષે કરીને માથે લેપ કરવાનો કહ્યો છે.

દાહવાળા જીર્ણજ્વરમાં સેક (સ્નાન વગેરે)

तत्कायेन परीषेकमवगाहं च योजयेत् ॥ १३३ ॥
तथाऽऽरनालसलिलक्षीरशुक्तघृतादिभिः ।

જીર્ણજ્વરમાં દાહ થતો હોય તેને શ્લોક ૧૩૦કેથી ૧૩૧કેવાળાં ઔષધોના ક્વાથ વડે સિંચન કરવું એટલે તે વડે સ્નાન કરાવવું તથા એવો ક્વાથ એક પીપમાં ભરીને તેમાં રોગીને ડૂબકી મરાવવી. તેમ જ આરનાલ, પાણી, દૂધ, સૂક્ત (સરકો), ઘી ઇત્યાદિ વડે પણ રોગીને નવડાવવો અને ડૂબકીઓ મરાવવી.

(આરનાલ–ફોતરાં વિનાના (છડેલા) કાચા કે રાંધેલા ઘઉંને પાણીમાં પલાળી રાખવાથી આથો આવે ત્યારે ઉપરનું આથાનું ખાટું પાણી નિતારી લેવામાં આવે, તે પાણીને આરનાલ કહે છે.)

कपित्थमातुलिङ्गाम्लविदारीरोध्रदाडिमैः ॥१३४॥
बदरीपल्लवोत्थेन फेनेनारिष्टकस्य वा ।
लिप्तेऽङ्गे दाहरुङ्मोहाश्छर्दिस्तृष्णा च शाम्यति ॥ १३५ ॥

કોઠું, બિજોરું, આમલી, વિદારીકંદ, લોધર, દાડમ, એ ઔષધના ક્વાથથી અથવા તેનાં પાંદડાંના ક્વાથથી અથવા તેનાં પાંદડાંના ફીણથી અથવા બોરડીનાં પાંદડાંના ફીણથી અથવા અરીઠાના ફીણથી શરીરને લેપ કર્યો હોય તો દાહ, પીડા, મોહ, ઊલટી અને તરસ એ જીર્ણજ્વરના ઉપદ્રવો મટે છે.

यो वर्णितः पित्तहरो दोषोपक्रमणे क्रमः ।
तं च शीलयतः शीघ्रं सदाहो नश्यति ज्वरः ॥१३६

દોષોપક્રમણીયાધ્યાય(સૂ. ૧૩)માં પિત્તને હરનારો જે ક્રમ વર્ણવેલો છે તેનું જે સેવન કરે છે, તેનો દાહવાળો જીર્ણજ્વર ઉતાવળો નાશ પામે છે.

શીતજ્વરમાં અભ્યંગ, લેપ, સેક, ધૂપ, શેક

वीर्योष्णैरुष्णसंस्पर्शैस्तगरागुरुकुङ्कुमैः ।
कुष्ठस्थौणेयशैलेयसरलामरदारुभिः ॥ १३७ ॥
नखरास्नापुरवचाचण्डैलाद्वयचोरकैः ।
पृथ्वीकाशिग्रुसुरसाहिस्राध्यामकसर्षपैः ॥ १३८ ॥
दशमूलामृतैरण्डद्वयपत्तूररोहिषैः ।
तमालपत्रभूतीकशल्लकीधान्यदीप्यकैः ॥ १३९ ॥
मिशिमाषकुलत्थाग्निमकीर्वानाकुलीद्वयैः ।
अन्यैश्च तद्विधैर्द्रव्यैः शीते तैलं ज्वरे पचेत् ॥१४०॥
क्वथितैः कल्कितैर्युक्तैः सुरासौवीरकादिभिः ।
तेनाभ्यङ्गात्सुखोष्णेन, तैः सुपिष्टैश्च लेपयेत् ॥

શીતજ્વરમાં ઉષ્ણ વીર્યવાળાં અને ઉષ્ણ સ્પર્શવાળાં તગર વગેરે ઔષધના ક્વાથ અને કલ્કથી સિદ્ધ કરેલું તેલ સુરા અને સૌવીર વગેરે મદ્ય સાથે મિશ્ર કરીને શરીરે ચોળવું. તગર વગેરે ઓષધ નીચે પ્રમાણે છે: તગર, અગર, કેસર, ઉપલેટ, થુણેર (ગ્રંથિપર્ણી), શિલાજિત, સરલવૃક્ષ (એક જાતનો દેવદાર), દેવદાર, નખલા, રાસ્ના, ગૂગળ, વજ, ચંડા (ગઠોના, ઉંદરકની), બન્ને જાતની એલચી, ચોરક, મોટી એલચી, સરગવો, તુલસી. જટામાંસી, રોહિસ ઘાસ, સરસવ, દશમૂળ, ગળો, બન્ને જાતના દિવેલા, પત્તૂર, રોહિસ, તમાલપત્ર, કરિયાતું, સલકી, ધાણા, અજમોદ, સુવા, અડદ. કળથી, ચિત્રો, કણજી, બન્ને પ્રકારની રાસ્ના, અને એ જ પ્રકારનાં બીજાં દ્રવ્ય. એ દ્રવ્યો લઈને તેના ક્વાથ અને કલ્કથી તેલ પકવવું તથા તે શીતજ્વરમાં સુરા અને સૌવીર વગેરે સાથે થોડુંથોડું ગરમ લાગે એમ શરીરે ચોળવું. તેથી શીતજ્વર મટે છે. (જે ઔષધનું નામ બે વાર આવ્યું હોય તે બે વાર લેવું.)

कवोष्णैस्तैः परीषेकमवगाहं च कल्पयेत् ।
केवलैरपि तद्वच्च सुक्तगोमूत्रमस्तुभिः ॥ १४२ ॥
आरग्वधादिवर्गं च पानाभ्यञ्जनलेपने ।
धूपानगरुजान् यांश्च वक्ष्यन्ते विषमज्वरे ॥१४३॥

પાછળ કહેલાં (શ્લોક ૧૩૬કેથી ૧૪૦) દ્રવ્યોને સારી પેઠે વાટીને તે વડે લેપ કરવો. તે જ દ્રવ્યોનો ક્વાથ લગાર ગરમ હોય ત્યારે તે વડે સેચન કરવું અથવા તેમાં ડૂબકી મારવી. તે જ પ્રમાણે સૂક્ત, ગાયનું મૂત્ર, દહીંનું નીતર્યું પાણી, એમાંથી એકને જ કેવળ લઈને તે વડે સેચન કરવું. પાછળ (સૂત્રસ્થાન અધ્યાય ૧૫, શ્લોક ૧૭માં) આરગ્વધાદિ વર્ગ કહેલો છે તેનો ક્વાથ પાવો, તેનું તેલ સિદ્ધ કરીને શરીરે ચોળવું તથા તેને અતિ સૂક્ષ્મ વાટીને તેનો શરીરે લેપ કરવો. વળી વિષમજ્વરમાં જે ધૂપ કહેવામાં આવશે

તે અગરના ધૂપ પણ કરવા.

अग्न्यनग्निकृतान् स्वेदान् स्वेदि मेषजभोजनम्।
गर्भभूवेश्मशयनं कुथकम्बलरल्लकान्॥ १४४॥
निर्धूमदीप्तैरङ्गारैर्हसन्तिश्च हसन्तिकाः।
मद्यं सत्र्यूषणं तक्रं कुलत्थव्रीहिकोद्रवान्॥१४५॥
संशीलयेद्वेपथुमान् यच्चान्यदपि पित्तलम्।
दयिताः स्तनशालिन्यः पीना विभ्रमभूषणाः १४६
यौवनासवमत्ताश्च तमालिङ्गेयुरङ्गनाः।
वीतशीतं च विज्ञाय तास्ततोऽपनयेत्पुनः॥१४७॥

પાછળ સ્વેદવિધિ(સૂ. ૧૭)માં અગ્નિકૃત સ્વેદ અને અગ્નિ વિના કાઢવાના સ્વેદના પ્રકાર કહ્યા છે તેવા શેક શીતજ્વરવાળાને કરવા. જે ઔષધ કે ભોજન પરસેવો આણે તેવું હોય તે શીતજ્વરવાળાને આપવું. ઘરના માંહેના ઓરડામાં કે ભોંયરામાં શીતજ્વરવાળાને સૂવાની પથારી કરવી. કુથા, કામળાઓ અને ધાબળીઓ તેને ઓઢાડવી. ધુમાડાવિનાના ધગધગતા અંગારા વડે હસતી હોય એવી દેવતાની સગડીઓનો તેને તાપ આપવો; મદ્ય પાવું; સૂંઠ, પીપર અને મરીનું ચૂર્ણ નાખીને છાશ પાવી. કળથી, ચોખા અને કોદરી ખાવામાં વાપરવી. તથા જેનું શરીર ધ્રૂજતું હોય એવા શીતજ્વરવાળાએ બીજું પણ જે પિત્તકર્તા હોય તેનું સેવન કરવું. વળી પ્રિય, સ્તનના ભરાવાવાળી, માંસલ (હૃષ્ટપુષ્ટ), વિલાસ (નખરાં) એ જ જેનું ભૂષણ છે એવી, જુવાની તથા મદ્ય વડે મત્ત થયેલી સ્ત્રીઓ તેને આલિંગન કરે અને શીત જ્યારે જતું રહે–ટાઢ મટી જાય, ત્યારે તે સ્ત્રીઓને દૂર કરવી (આલિંગન માત્ર કરવું; સંભોગ કે સંભોગની ઇચ્છા કરવી નહિ).

(કુથા–હાથી ઉપર શોભા માટે નાખવાનું ચિતરામણવાળું કપડું.)

આલિંગન કરવાનું કહ્યું હોય ત્યાં ફક્ત આલિંગન જ કરવું, તેનાથી આગળ વધવું નહિ. આલિંગનથી દરદીમાં ગરમી આવે, મૈથુનથી ગરમી નીકળી જાય.

સંનિપાત (ત્રિદોષ) જ્વરના ઉપાય

દોષોને શી રીતે જીતવા?

वर्धनेनैकदोषस्य क्षपणेनोच्छ्रितस्य वा।
कफस्थानानुपूर्व्या वा तुल्यकक्षाञ्जयेन्मलान् १४८

સન્નિપાત જ્વરમાં જ્યારે કેટલાક દોષ હીન અથવા ઓછા બળવાળા હોય અને કેટલાક દોષ અધિક બળવાળા હોય, ત્યારે જે એક દોષ અથવા બે દોષ હીન અથવા ઓછા બળવાળા હોય તેની વૃદ્ધિ કરવી; તથા જે એક કે બે દોષ અધિક બળવાળા હોય તેને ઓછા કરવા. અને એમ કરીને સમગ્ર વાયુ વગેરે દોષોને સમાન બળવાળા કરીને તેમને જીતવા. તેમાં પણ પ્રથમ કફને જીતીને પછી અનુક્રમે બીજા દોષને જીતવા અથવા પ્રથમ આમાશયના દોષ જીતીને પછી પક્વાશયના દોષ જીતવા. એ પ્રમાણે કફના અથવા સ્થાનના અનુક્રમે દોષોને જીતવા.

કોઈ કહેશે કે વિષમ દોષવાળા સન્નિપાત જ્વરમાં એક દોષની વૃદ્ધિ કરવાથી સન્નિપાત જ્વરની શી રીતે શાંતિ થાય? તો એનો ખુલાસો એમ છે કે, સન્નિપાત જ્વરમાં એક દોષ ક્ષીણ હોઈને તથા બીજા બે દોષ અક્ષીણ હોઈને જ્વર ઉત્પન્ન કરનારા હોય તો તે બે દોષને સુખે કરીને જીતી શકાતા નથી; કેમ કે તેઓ વિષમ આશ્રયવાળા છે, માટે જે દોષ ક્ષીણ છે, તેની વૃદ્ધિ કરીને તે સર્વે દોષ સમાન કરવા, એટલે પછી એક જ જાતની ક્રિયાથી સર્વે દોષને સુખે કરીને જીતી શકાય છે, માટે જે એમ કહ્યું છે કે એક દોષની વૃદ્ધિ કરીને ઇ૦, તે યોગ્ય જ છે. ઉદાહરણ–જેમ કે, વાતદોષ ક્ષીણ હોય તથા પિત્ત અને કફ વૃદ્ધિ પામેલા હોય ત્યારે વાતદોષની વૃદ્ધિ કરવી. વાતદોષ ક્ષીણ હોય, તો શીત, લઘુ, રૂક્ષ ઇત્યાદિ ગુણવાળા દ્રવ્યથી તેની વૃદ્ધિ થાય છે. એવા ઉપાયથી વાયુ વૃદ્ધિ પામે છે એટલે એ જ ઉપાયથી બહુધા પિત્ત અને કફ પણ કાંઈક ક્ષય પામે છે, કમી થાય છે; પિત્ત અને કફના ઘટવાથી જ્વર પણ કાંઈક કોમળ થાય છે, કમી થાય છે અને તેથી તે

સુખે કરીને જીતી શકાય છે, દૂર કરી શકાય છે. એ જ પ્રમાણે પિત્ત દોષ સન્નિપાતમાં ક્ષીણ હોય અને બીજા બે દોષ પ્રમાણમાં વધારે હોય તો જ્વરને નાશ કરનારી એવી તીક્ષ્ણ, ઉષ્ણ અને કટુ દવાની યોજના કરવાથી પિત્ત વધે છે અને વાત તથા કફ કાંઈક કમી થાય છે, તેથી જ્વર કોમળતાને પામવાથી તે સુખે કરીને જીતી શકાય છે. એ જ રીતે સન્નિપાતમાંનો કફદોષ ક્ષીણ હોય તો જ્વરનો નાશ કરનારી શીતળ, મધુર, સ્નિગ્ધ વગેરે દવા આપવાથી કફ વૃદ્ધિ પામે છે અને તેની જ સાથે વાયુ અને પિત્ત કાંઈક કમી થઈને જ્વર ઓછો થાય છે તેથી તે સુખે કરીને જીતી શકાય છે. એ પ્રમાણે ત્રણે દોષ જ્વર કરનારા છતાં ઉપર કહેલી યુક્તિથી તેમને જીતી શકાય છે.

એ જ પ્રમાણે એક દોષ બળવાન હોય અને બીજા બે દોષ ક્ષીણ હોય ત્યારે પણ બળવાન દોષને કમી કરવાના ઔષધ આપવાથી સુખે કરીને સન્નિપાત જીતી શકાય છે. એ રીતે જેમાં એક દોષ કે બે દોષ ઉચ્છ્રિત (વૃદ્ધિ પામેલા) કે ક્ષય પામેલા હોય તેવા સન્નિપાતની ચિકિત્સા કરવાનો ક્રમ કહ્યો.

હવે સમાનદોષથી થયેલા સન્નિપાતની ચિકિત્સાનો ક્રમ એમ કહ્યો છે કે કફના અને સ્થાનના ક્રમથી સમાન દોષથી થયેલો સન્નિપાત જીતવો. એમાં એવો અર્થ છે કે પ્રથમ કફ જીતવો, પછી પિત્ત જીતવું અને પછી વાયુ જીતવો. પ્રથમ કફ જીતવાનું કારણ બતાવતાં એક ગ્રંથકાર કહે છે કે 'કેટલાકને મતે પ્રથમ આમાશયમાં રહેલો કફ જીતવો એવું છે; કારણ કે માથામાં, છાતીમાં અને કંઠમાં કફ જ્યારે લેપાઈ રહ્યો હોય, ત્યારે અન્નની રુચિ શી રીતે ઉત્પન્ન થાય? અને રુચિ ન હોય ત્યારે ભોજન, પાન અને ઔષધનો પ્રવેશ શરીરમાં શી રીતે કરવો? અને જો કંઈ ગળે ન ઊતરે તો દોષને શી રીતે જીતી શકાય? માટે પ્રથમ કફનો જ નાશ કરવો; કેમ કે તે કાયાના દ્વારને બંધ કરવાનો આગળો (ભોગળો) છે. પિત્ત મધ્યસ્થ (શરીરમાં નીચે વાયુ અને ઊંચે કફની વચ્ચે ડૂંટી વગેરેમાં રહેનારું) તથા આશુકારી (ઝટ અસર કરે એવું) છે માટે વાયુ સહિત પિત્તને કફ જીત્યા પછી જીતવું. વાયુ તેનાથી નીચે રહેનારો છે માટે પિત્તને જીત્યા પછી વાયુને જીતવો.

સ્થાનનો ક્રમ એવો છે કે આમાશયમાં રહેલો દોષ પ્રથમ જીતવો અને પછી પક્વાશયમાં રહેલો દોષ જીતવો.

કોઈ કહેશે કે ત્રણે દોષને હરનારા ઔષધો એક જ વખતે યોજીને શા માટે ત્રિદોષનો નાશ ન કરવો, કે જેથી સ્થાનાદિકના ક્રમથી ધીમેધીમે દોષ હરવાનું કહ્યું છે? તેનો ખુલાસો એ છે કે, ત્રિદોષને હરનારાં દ્રવ્ય બહુ જ ઓછાં છે; પણ જે દ્રવ્ય એક દોષને હરવામાં ઘણા સમર્થ છે એવાં દ્રવ્ય ઘણાં છે; માટે એક એક દોષને હરવો અનુકૂળ પડે છે.

કાનના મૂળ આગળ સોજો

सन्निपातज्वरस्यान्ते कर्णमूले सुदारुणः ।
शोफः सञ्जायते येन कश्चिदेव विमुच्यते ॥१४९

સન્નિપાત જ્વરના અંતમાં કાનના મૂળ આગળ અત્યંત ભયંકર સોજો થાય છે તે સોજો આવ્યા પછી કોઈક જ બચે છે.

કાનના મૂળ આગળના સોજાની ચિકિત્સા

रक्तावसेचनैः शीघ्रं सर्पिःपानैश्च तं जयेत् ।
प्रदेहैः कफपित्तघ्नैर्नावनैः कवलग्रहैः ॥ १५० ॥

એવો સોજો થાય ત્યારે રોગીને જળો મુકાવીને તે સોજામાંથી જલદીથી લોહી ખેંચી કઢાવીને અને રોગીને ઘી પાઈને, વળી કફ અને પિત્તનો નાશ કરનારા લેપ તે સોજા ઉપર કરીને, તેવાં જ નસ્ય ફૂંકીને તથા તેવા જ કવલ ભરાવીને કોગળા કરાવીને તે સોજો મટાડવો.

(તેવા જ=કફ અને પિત્તનો નાશ કરે એવી દવાઓના.)

સંનિપાત જ્વરમાં ફ્સ ક્યારે ખોલવી?

शीतोष्णस्निग्धरूक्षाद्यैर्ज्वरो यस्य न शाम्यति ।
शाखानुसारी तस्याशु
मुञ्चेद्बाह्वोः क्रमाच्छिराम् ॥ १५१ ॥

જે તાવનાં રોગીને ઠંડા, ગરમ, સ્નિગ્ધ.

રૂક્ષ, સ્તંભન, સ્વેદન વગેરે ઉપચાર તે તે જ્વરને બરાબર લાગુ પડે તેવા યોજવા છતાં પણ જ્વર મટે નહિ તેનો જ્વર રુધિરને અનુસર્યો છે એમ જાણવું. એવા જ્વરવાળાના બાહુની શિરા ક્રમે કરીને ખોલવી. ક્રમે કરીને કહેવામાં એ તાત્પર્ય છે કે પ્રથમ એક બાહુની શિરા ખોલવી તથા પછી બીજા બાહુની ખોલવી; પણ એકસાથે બન્ને હાથની શિરાઓ ખોલવી નહિ.

વિષમજ્વરના ઉપાય

વિષમજ્વરમાં ફસ ક્યારે ખોલવી ?

अयमेव विधिः कार्यो विषमेऽपि यथायथम् ।
ज्वरे विभज्य वातादीन् यश्चानन्तरमुच्यते ॥१५२

સતત વગેરે વિષમજ્વરમાં પણ પૂર્વે કહેલો ફસ ખોલવાનો વિધિ વાતાદિક દોષને જે પ્રમાણે કરવો ઘટિત હોય તેમ કરવો. વળી હવે પછી જે પટોલાદિ ક્વાથ કહેવાશે તે પણ વાતાદિક દોષને જેમ યોગ્ય હોય તેમ વિચાર કરીને યોજવા.

વિષમજ્વરનાં ક્વાથ અને ઔષધો

पटोलकटुकामुस्ताप्राणदामधुकैः कृताः ।
त्रिचतुःपञ्चशः क्वाथा विषमज्वरनाशनाः ॥१५३

પટોળ, કડુ, મોથ, હરડે, જેઠીમધ, એ પાંચમાંથી પહેલી ત્રણ, પહેલી ચાર કે પાંચે ઔષધિઓનો ક્વાથ કરીને પાવાથી તે વિષમજ્વરનો નાશ કરે છે.

योजयेत्त्रिफलां पथ्यां गुडूचीं पिप्पलीं पृथक् ।
तैस्तैर्विधानैः सगुडं भल्लातकमथापि वा ॥१५४॥

વળી વિષમજ્વરમાં ત્રિફળા, હરડે, ગળો, પીપર, એ ઔષધિઓમાંની ગમે તે છૂટીછૂટી આપવી અથવા ઉત્તરસ્થાનના ૩૯મા રસાયનાધ્યાયમાં કહેલી તે તે વિધિઓ પ્રમાણે ગોળ સહિત ભિલામાં આપવાં.

વિષમજ્વરમાં લંઘન અને બૃંહણ

लङ्घनं बृंहणं वाऽऽदौ ज्वरागमनवासरे ।

અથવા જે દિવસે જ્વર આવવાનો હોય તે દિવસે (સામનિરામનો વિચાર કરીને) ઉપવાસ કરાવવો અથવા બૃંહણ ઉપચાર કરવા.

વિષમજ્વરમાં જમતા પહેલાં કે સવારમાં શું ખાવું ?

प्रातः सतैलं लशुनं प्राग्भक्तं वा तथा घृतम् १५५
जीर्णं तद्वद्दधि पयस्तक्रं सर्पिश्च षट्पलम् ।
कल्याणकं पञ्चगव्यं तिक्ताख्यं वृषसाधितम् १५६

વિષમજ્વરવાળાએ સવારમાં અથવા જમતાં પહેલાં તેલ સાથે લસણ ખાવું; અથવા તે જ રીતે (એટલે સવારમાં અથવા જમતાં પહેલાં) જૂનું ઘી પીવું; અથવા દહીં અથવા દૂધ અથવા છાશ અને (રાજયક્ષ્માની ચિકિત્સામાં કહેલું) ષટ્પલ ઘી અથવા ઉન્માદપ્રતિષેધમાં શ્લોક ૨૯થી ૩૧માં કહેલું કલ્યાણકઘૃત, અથવા અપસ્મારપ્રતિષેધમાં શ્લોક ૧૮માં કહેલું પંચગવ્ય, અથવા કુષ્ઠચિકિત્સામાં શ્લોક ૮થી ૧૦માં કહેલું તિક્તાખ્ય, અથવા રક્તપિત્તની ચિકિત્સામાં કહેલું વૃષસાધિત (અરડૂસીમાં સિદ્ધ કરેલું) ઘી ભોજન પહેલાં અથવા સવારમાં ખાવું.

ત્રિફળાદિ ઘૃત

त्रिफलाकोलतर्कारीक्वाथे दध्ना शृतं घृतम् ।
तिल्वकत्वक्कृतावापं विषमज्वरजित्परम् ॥ १५७

ત્રિફળા, બોર, અરણી, એનો ક્વાથ ચારગણો લેવો. ઘી અને દહીં સમાન લેવું તથા તેમાં લોધરની છાલ આવાપ તરીકે નાખવી. એ રીતે સિદ્ધ કરેલું ઘી વિષમજ્વરને જીતવામાં શ્રેષ્ઠ છે.

વિષમજ્વરના વારાને દિવસે વમન

सुरां तीक्ष्णं च यन्मद्यं शिखितित्तिरिदक्षजम् ।
मांसं मेद्योष्णवीर्यं च सहान्नेन प्रकामतः ॥१५८॥
सेवित्वा तदहः स्वप्यादथवा पुनरुल्लिखेत् ।

સુરા, તીક્ષ્ણ, દારૂ, મોર, તેતર કે કૂકડાનું માંસ અથવા સાધારણ ઉષ્ણવીર્યવાળું માંસ, એ વસ્તુઓને અન્ન સાથે પુષ્કળ ધરાતાં લગી ખાઈને તે દિવસે સૂઈ રહેવું અથવા એ પદાર્થો જો ન પચે તો તેને ઓકી કાઢવા—ઊલટી કરવી.

सर्पिषो महतीं मात्रां पीत्वा वा छर्दयेत्पुनः ॥१५९

ઘીની મોટી માત્રા પીવી અને પછી તેની ઊલટી કરવી. (માત્રાનું પ્રમાણ પાછળ સૂત્ર-

સ્થાનમાં અ. ૧૬/૧૭, ૧૮માં કહ્યુ છે.)

વિષમજ્વરના વારાને દિવસે લેવાનું વિરેચન

नीलिनीमजगन्धां च त्रिवृतां कटुरोहिणीम्।
पिबेज्ज्वरस्यागमने स्नेहस्वेदोपपादितः ॥ १६० ॥

વિષમજ્વર જ્યારે આવવાનો હોય ત્યારે પ્રથમ સ્નેહપાન કરવુ તથા પછી શેક કરવો. અને એ પ્રમાણે સ્નેહ અને સ્વેદવિધિ પૂરી થયા પછી દરદીને ગળી, તલવણી, નેસોતર, કડુ, એમાંનો કોઈ એક ઔષધનો અથવા બધાંયનો ક્વાથ પાવો.

વિષમજ્વરમાં અંજન. નસ્ય, ધૂપ. ભડકાવવું, ધાર્મિક ક્રિયા,

અંજન

मनोह्वा सैन्धवं कृष्णा तैलेन नयनाञ्जनम्।
योज्यं

મણશીલ, સિંધવ અને પીપરથી સિદ્ધ કરેલા તેલ વડે જ્વરવાળાને નેત્રમા અંજન કરવુ.

નસ્ય

हिङ्गुसमा व्याघ्रवसा नस्यं ससैन्धवं ॥१६१
पुराणसर्पिः सिंहस्य वसा तद्वत्ससैन्धवा।

હિંગ, વાઘણની વસા અને સિંધવનું નસ્ય (નાકમાં સૂઘવાનુ ઔષડ) આપવુ, તેમ જ જૂનુ ઘી, સિહની વસા અને સિંધવનું નસ્ય આપવુ.

(વસા=માસમાં રહેલી ચરબી.)

ધૂપ

पलङ्कषा निम्बपत्रं वचा कुष्ठं हरीतकी ॥ १६२ ॥
सर्षपाः सयवाः सर्पिर्धूपो विड्वा विडालजा।
पुरध्यामवचासर्जनिम्बार्कागरुदारुभिः ॥ १६३ ॥
धूपो ज्वरेषु सर्वेषु कार्योऽयमपराजितः।

ગૂગળ, લીમડાના પાદડા, વજ, ઉપલેટ, હરડે, સરસવ, જવ અને ઘી એટલાનો ધૂપ સર્વ વિષમજ્વરમા કરવો, અથવા બિલાડાની વિષ્ઠાનો ધૂપ કરવો, અથવા ગૂગળ, રોહિસ ઘાસ, વજ, રાળ, લીમડો, આકડો, અગર, દેવદાર, એ ઔષધનો ધૂપ સર્વ વિષમજ્વરમા કરવો. એ હારતો નથી, (કેમ કે તેથી સર્વ વિષમ-જ્વર નાશ પામે છે.)

धूपनस्याञ्जनोत्त्रासा ये चोक्ताश्चित्तवैकृते ॥१६४॥

અથવા ગાંડપણ, વાઈ વગેરે ચિત્તની વિકૃતિ કરનારા રોગમા જે ધૂપ, નસ્ય, અંજન અને ત્રાસ આપવો વગેરે ઉપાય કહ્યા છે, તે પણ વિષમજ્વરમા કરવા.

ધાર્મિક ક્રિયા

दैवाश्रयं च भैषज्यं ज्वरान् सर्वान् व्यपोहति।
विशेषाद्विषमान् प्रायस्ते ह्यागन्त्वनुबन्धजाः १६५

ફક્ત ધૂપ વગેરે જ વિષમજ્વરનો નાશ કરે છે એવુ નથી; પણ મણિ, મંગળ, બલિદાન. પ્રાયશ્ચિત્ત, જપ, દાન, સ્વસ્ત્યયન વગેરે દૈવાશ્રય ઔષધ પણ સર્વ જ્વરોનો નાશ કરે છે, અને વિશેષે કરીને તે વિષમજ્વરોનો નાશ કરે છે, કેમ કે તે (વિષમજ્વર) સામાન્ય રીતે ભૂત વગેરે આગંતુ કારણો ચાલુ રહેવાથી આવે છે.

વિષમજ્વરમાં ફસ ક્યારે ખોલવી?

यथार्हं च सिरां विध्येदशान्तौ विषमज्वरे।

વિષમજ્વર ન ઊતરે તો જે દોષને જે શિરા યોગ્ય હોય તે શિરા ખોલવી.

સંગ્રહ નામે ગ્રંથમા રસ વગેરે ધાતુગત જ્વર થયો હોય તેની ચિકિત્સા આ પ્રમાણે કહેલી છે: રસ ધાતુમા જ્વર રહ્યો હોય તો વમન અને લંઘન કરાવવુ. રક્તધાતુમાં જ્વર રહ્યો હોય તો સેક, સંશમન, લેપ અને લોહી કઢાવવું. માંસમા જ્વર રહ્યો હોય તો તીક્ષ્ણ જુલાબ આપવો. ચરબીમા જ્વર હોય તો ચરબી-નાશક ઔષધ આપવું. હાડકામા જ્વર હોય તો વાયુને શમાવનાર ઓષધ, અભ્યંગ, શેક અને ચંપી કરવાં; તેમ જ વાયુની પીડાને શમાવનારું બસ્તિકર્મ પણ કરવુ. મજ્જા અને વીર્ય ધાતુમા જ્વર રહ્યો હોય તો તે અસાધ્ય છે, માટે તેની ચિકિત્સા તે ગ્રંથમા કહી નથી.

આગંતુ જ્વરના ઉપાય

શુદ્ધ વાયુથી. રતવાથી, વિસ્ફોટથી અભિઘાતથી આવેલા તાવ

केवलानिलवीसर्पविस्फोटाभिहतज्वरे ॥ १६६ ॥
सर्पिःपानहिमालेपसेकमांसरसाशनम्।

कुर्याद्यथास्वमुक्तं च रक्तमोक्षादिसाधनम् ॥१६७

શુદ્ધ વાયુ, વીસર્પ (રતવા) અને વિસ્ફોટકથી આવેલા જ્વરમાં ઘી પીવું, ઠંડા લેપ અને સેક કરવા, માંસરસનું ભોજન કરવું અને જે દોષ માટે જે ફસ ખોલવાનું પૂર્વે (સૂ. અ. ૨૭માં) કહેલું છે તે પ્રમાણે ફસ ખોલવી.

ગ્રહથી આવેલો તાવ

ग्रहोत्थे भूतविद्योक्तं बलिमन्त्रादिसाधनम् ।

ગ્રહથી આવેલા જ્વરમાં ભૂતવિદ્યામાં (ઉત્તરસ્થાન અધ્યાય ૫માં) કહ્યા પ્રમાણે બલિદાન અને મંત્ર વગેરે ઉપાય કરવા.

દવાની વાસથી અને ઝેરથી આવેલા તાવ

ओषधीगन्धजे पित्तशमनं विषजिद्विषे ॥ १६८ ॥

કોઈ ઔષધની ગંધથી જ્વર આવ્યો હોય તો પિત્તશામક ઉપાય કરવો અને વિષથી આવેલા જ્વરમાં વિષનાશક ઉપાય કરવો.

ક્રોધથી, કામથી, ભયથી અને શોકથી આવેલા તાવ

इष्टैरर्थैर्मनोज्ञैश्च यथादोषशमेन च ।
हिताहितविवेकैश्च ज्वरं क्रोधादिजं जयेत् ॥१६९॥
क्रोधजो याति कामेन शान्तिं क्रोधेन कामजः ।
भयशोकोद्भवौ ताभ्यां भीशोकाभ्यां तथेतरौ ॥ १७० ॥

ક્રોધ વગેરે માનસિક વિકારથી જ્વર આવ્યો હોય તો, મનગમતી વસ્તુઓ આપીને, મનને ખુશ કરે તેવા પદાર્થ આપીને, જે જે દોષનો ઉપાડ હોય ને તે દોષને શમાવનારાં ઔષધ આપીને અને હિત શું અને અહિત શું તે વાતની સમજ પાડીને તે ક્રોધ વગેરથી આવેલા જ્વરને જીતવો-મટાડવો. ક્રોધથી આવેલો જ્વર કામ વડે-વિષયના ભોગ વડે શાંત થાય છે. કામથી આવેલો જ્વર ક્રોધ વડે શાંત થાય છે. ભય અને શોકથી આવેલો જ્વર કામ અને ક્રોધ વડે શાંત થાય છે; તેમ જ કામ અને ક્રોધથી આવેલો જ્વર ભય અને શોક વડે શાંત થાય છે.

[(૧) કામ, શોક, ક્રોધ અને ભયથી વાયુ કોપે છે; તેથી કામ, શોક, ક્રોધ અને ભયથી આવેલા તાવમાં વાયુ શાંત થાય એવી ક્રિયા કરવાથી ફાયદો થાય છે.

(૨) ભય અને શોકને લીધે માણસો ઉદ્વેગમાં આવી જાય છે, અને કામ એટલે સ્ત્રી ભોગવવાની ઇચ્છાથી તથા ક્રોધથી માણસ ઉત્સાહમાં અને આવેશમાં આવી જાય છે; તેથી ભય અને શોકથી આવેલા તાવમાં કામ અને ક્રોધથી ફાયદો થાય છે; કારણ કે ઉત્સાહ અને આવેશથી ઉદ્વેગ દૂર થાય છે.]

શાપથી અને જંતરમંતરથી આવેલા તાવ

शापाथर्वणमन्त्रोत्थे विधिर्दैवव्यपाश्रयः ।

મુનિ કે પિતા વગેરે માણસે ક્રોધથી જે શાપ આપ્યો હોય તેથી જે જ્વર આવ્યો હોય તે તથા અથર્વવેદના અભિચાર (મૂઠ મારવાના) મંત્રોના બળથી જે જ્વર આવ્યો હોય તેને શમાવવાને, જ્વર શમાવવાનો દૈવાશ્રય વિધિ જે પૂર્વે (૧૬૫મા શ્લોકમાં) કહ્યો છે તે વિધિ કરવો.

આગંતુજ્વરમાં આહારવિહાર

ते ज्वराः केवलाः पूर्वं व्याप्यन्तेऽनन्तरं मलैः ॥
तस्माद्दोषानुसारेण तेष्वाहारादि कल्पयेत् ।

તે (આગંતુ)જ્વર પ્રથમ તો કેવળ જ્વરરૂપે જ આવે છે, પણ પછી વાયુ વગેરે દોષ વ્યાપી જાય છે (કોપે છે); માટે જ્વરમા જે જે દોષ જણાતો હોય ને તે દોષનો વિચાર કરીને (તે તે દોષ મટે એવા) આહારવિહાર આપવા.

न हि ज्वरोऽनुबध्नाति मारुताद्यैर्विना कृतः ॥१७२

કોઈ કહેશે કે શાપ વગેરેથી આવેલા જ્વરમાં વાયુ વગેરેનો કોપ કેમ હોય? તો કહેવાનું કે વાયુ વગેરે દોષ વિના જ્વર આવીને ચાલુ રહેતો નથી, માટે એ આગંતુ તાવમાં પણ વાયુ વગેરે દોષ સંભવે છે. તેથી વાયુ વગેરે દોષનો વિચાર કરીને આહાર વગેરે આપવું.

ઉપસંહાર

બધા તાવમાં કરવાના ઉપાય

ज्वरकालस्मृतिं चास्य हारिभिर्विषयैर्हरेत् ।

જેને જ્વર આવતો હોય તે માણસના મનને

આકુચ' એવા વિષયો વડે તેના જ્વર આવવાના સમયને અને જ્વરની સ્મૃતિને ભુલાવી દેવાં.

करुणार्द्रं मनः शुद्धं सर्वज्वरविनाशनम् ॥ १७३ ॥

રાગ, દ્વેષ વગેરેથી પર અને દયા વડે ભીનું (દયાળુ) મન પણ સર્વ જ્વરનો નાશ કરનારુ છે.

તાવ ઊતર્યા પછી પણ શું શું ક્યાં સુધી ન કરવું ? કારણ

त्यजेदाबललाभाच्च व्यायामस्नानमैथुनम् ।
गुर्वसात्म्यविदाह्यन्नं यच्चान्यज्ज्वरकारणम् ॥ १७४

તાવ ઊતર્યા પછી પણ શરીરમાં પાછી જ્યાં સુધી (પહેલાંના જેવી) શક્તિ આવે નહિ, ત્યા સુધી તાવ ઊતરેલા માણસે પણ કસરત (મહેનત), સ્નાન, મૈથુન, ભારે ભોજન, અસાત્મ્ય (માફક નહિ એવુ) ભોજન, વિદાહી અન્ન, અને બીજુ પણ જે તાવ આણે એવું હોય તે તજવુ.

'તે ઉપરાત કોઈ પણ લોટની બનાવેલી વાની, લીલું શાક, સૂકુ માસ, તલ, દહીં; ગ્રામ્ય પ્રાણીઓ, અનૂપ દેશનાં પ્રાણી, જળચર પ્રાણી, બકરી, ઘેટું, બળદ, ગાય, ભૂંડ અને પાડાનુ માસ, સૂકાં શાક, એ સર્વ વાનાં જ્વરરોગીએ તજવાં.' (ખરણાદ)

न विज्वरोऽपि सहसा सर्वान्नीनो भवेत्तथा ।
निवृत्तोऽपि ज्वरः शीघ्रं व्यापादयति दुर्बलम् ॥

તાવ આવીને મટી ગયા પછી પણ માણસે ક્રમ છોડીને સર્વ પ્રકારનાં ભોજન કરવા માંડવાં નહિ; કેમ કે જ્વર ઊતર્યાં છતાં પણ દુર્બળ દેહવાળા માણસનો તે તરત નાશ કરે છે.

તાવની જુદીજુદી અવસ્થાને યોગ્ય ક્રમસર શાસ્ત્રોક્ત ચિકિત્સા કરવાનું કારણ

सद्यः प्राणहरो यस्मात्तस्मात्तस्य विशेषतः ।
तस्यां तस्यामवस्थायां तत्तत्कुर्याद्भिषग्जितम् ॥

બીજા રોગ કરતાં તાવ જલદી પ્રાણ લે એવો છે, માટે જ્વરવાળા રોગીની, સામ, પચ્યમાન, પક્વ, જીર્ણ, વિષમ, ચિરનિવૃત્ત ઇત્યાદિ અવસ્થામા ઉપવાસ, સ્વેદન, યવાગૂ, પાચન, 'ક્ષીર, ઘૃતપાન વગેરે તે તે અવસ્થાને યોગ્ય ઔષધ કરવાં.

ગમે તેવો ઉગ્ર તાવ મટાડે એવા ઉપાય

ओषधयो मणयश्च सुमन्त्राः
साधुगुरुद्विजदैवतपूजाः ।
प्रीतिकरा मनसो विषयाश्च
घ्नन्त्यपि विष्णुकृतं ज्वरमुग्रम् ॥ १७७ ॥

ઔષધિઓ, મણિઓ, સારા મંત્રો; સાધુ, ગુરુ, બ્રાહ્મણ અને દેવતાઓના પૂજન તથા મનને આનંદ આપે એવા વિષયો, એ સર્વે ખુદ વિષ્ણુએ આણેલો ઉગ્ર જ્વર હોય તેનો પણ નાશ કરે છે, તો પછી એ બીજા જ્વરનો નાશ કરે એમા શું આશ્ચર્ય ?

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने ज्वर-
चिकित्सितं नाम प्रथमोऽध्याय. ॥ १ ॥

અધ્યાય રજો–રક્તપિત્તચિકિત્સા

એવુ કહેવામા આવે છે કે મહેશ્વરના લલાટમાથી જ્વર ઉત્પન્ન થયો અને તેના સંતાપથી રક્તપિત્ત થયુ. એવી રીતે જ્વર અને પછી રક્તપિત્તનો ઉત્પત્તિક્રમ કહેલો છે, માટે જ્વર પછી રક્તપિત્તની ચિકિત્સા કહેવી યોગ્ય છે. નિદાનસ્થાનમાં રક્તપિત્ત વિષે જે વિગતવાર કહેલુ નથી તે આ જગ્યાએ વધારે સ્પષ્ટ કરીને પણ કહેવામા આવશે; કારણ કે રક્તપિત્ત ઝટ મારી નાખે એવો રોગ છે.

अथातो रक्तपित्तचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

ત્યારે હવે અમે રક્તપિત્તની ચિકિત્સા (ઉપાય) સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

સાધ્ય રક્તપિત્ત

ऊर्ध्वगं बलिनोऽवेगमेकदोषानुगं नवम् ।
रक्तपित्तं सुखे काले साधयेन्निरुपद्रवम् ॥ १ ॥

બળવાન પુરુષને (સ્ત્રીને નહિ) રક્તપિત્ત થયુ હોય અને તેમાં જે રક્તપિત્ત ઊર્ધ્વગામી હોય, વેગવાળું ન હોય, કફ દોષ એકલો જ

જેની પાછળ લાગુ થયેલો હોય, જે થોડા વખતથી થયું હોય, જે રોગથી વિરુદ્ધ કાળમાં એટલે હેમંત કે શિશિરમાં થયુ હોય તથા જે શારીરસ્થાનમા વિકૃતિવિજ્ઞાનીય અધ્યાયમાં શ્લોક ૭૪થી ૭૫૬માં કહેલા ઉપદ્રવોથી રહિત હોય, તેની ચિકિત્સા વૈદ્યે કરવી; અર્થાત્ ઊર્ધ્વગામી રક્તપિત્તમાં ઉપર કહ્યાં તેવા લક્ષણવાળુ રક્તપિત્ત સાધ્ય જાણવુ.

યાપ્ય રક્તપિત્ત

અધોગં યાપયેદ્રક્તં યચ્ચ દોષદ્વયાનુગમ્ ।

નીચે ગતિ કરનારા રક્તપિત્તને અધોગામી કહે છે. તે યાપ્ય છે અને ઊર્ધ્વગામી રક્તપિત્ત બે દોષથી યુક્ત હોય તો તે પણ યાપ્ય છે.

અસાધ્ય રક્તપિત્ત

શાન્તં શાન્તં પુનઃ કુપ્યન્-
માર્ગાન્માર્ગાન્તરં ચ યત્ ॥ ૨॥
અતિપ્રવૃત્તં મન્દાગ્નેસ્ત્રિદોષં દ્વિપથં ત્યજેત્ ।

ઊર્ધ્વગામી કે અધોગામી ગમે તે રક્તપિત્ત એકવાર અતિશય શાત થઈ જઈને પાછુ કોપ પામે એવુ હોય, તે એક દોષયુક્ત હોય કે બે દોષયુક્ત હોય તથાપિ વૈદ્યે તેની ચિકિત્સા ન કરવી. (ચરક ચિ. ૪/૨૧ પ્રમાણે આ યાપ્ય છે.) વળી જે ઊર્ધ્વગામી રક્તપિત્ત તેને નીકળવાના નાક, આંખ, કાન અને મોં, એવા માર્ગ છોડીને (બદલીને) ગુદા અને મૂત્રેન્દ્રિયને રસ્તે નીકળે તેની પણ ચિકિત્સા ન કરવી. તેમ જ અધોગામી રક્તપિત્ત હોય છતા તે નાક, મોં વગેરે માર્ગે નીકળીને ઊર્ધ્વગામી થયુ હોય તેની પણ ચિકિત્સા ન કરવી. તેમ જ લોહી એ જ પ્રાણનુ સ્થાન છે માટે ઊર્ધ્વમાર્ગથી કે અધોમાર્ગથી જે અતિશય નીકળતુ હોય તેને પણ તજવું. વળી મંદ અગ્નિવાળા માણસને બેમાથી ગમે તે પ્રકારનુ રક્તપિત્ત થયુ હોય તો તેને તજવુ; કેમ કે તીખું, ખાટું, ગરમ, લૂખું, તીક્ષ્ણ ઇત્યાદિ ગુણવાળા જે ઔષધ જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારા છે તે બધાંય રક્તપિત્તની વૃદ્ધિ કરનારા છે, અને એનાથી વિપરીત ગુણવાળાં ઔષધ રક્તપિત્તમાં ફાયદો કરે છે, પણ જઠરાગ્નિને છેક જ મંદ બનાવે છે. માટે મંદ અગ્નિવાળાને થયેલાં રક્તપિત્તમા બધા ઉપચાર અવળા પડતા હોવાથી તેની ચિકિત્સા વૈદ્યે કરવી નહિ. વળી જે રક્તપિત્ત (ઊર્ધ્વગામી કે અધોગામી) ત્રણે દોષથી યુક્ત હોય તેને પણ તજવુ; કેમ કે તે વિષમ હોવાથી વમન કે વિરેચન બેમાંથી એકે ક્રિયાને યોગ્ય હોતુ નથી. તેમ જ જે રક્તપિત્ત એકસાથે બન્ને માર્ગથી નીકળતું હોય તેને પણ તજવું; કેમ કે તેનું પ્રતિલોમન અર્થાત્ અવળી ગતિ કરાવી શકે એવું ઔષધ જ નથી, (કારણ કે ઊર્ધ્વગામીને અધોગામી કરવા જતાં અધોગામી વધી પડે અને અધોગામીને ઊર્ધ્વગામી કરવા જતા અધોગામી વધી પડે.)

રક્તપિત્ત ચિકિત્સા નક્કી કરવાનું ધોરણ

જ્ઞાત્વા નિદાનમયનં મલાવનુબલૌ બલમ્ ॥ ૩॥
દેશકાલાદ્યવસ્થાં ચ રક્તપિત્તે પ્રયોજયેત્ ।
લઙ્ઘનં બૃંહણં વાઽઽદૌ શોધનં શમનં તથા ॥ ૪॥

રક્તપિત્ત શા કારણથી થયુ છે, તે કયે રસ્તે નીકળે છે (વહે છે), તેની પછવાડે ગમન કરનારા દોષ, તેનું બળ, દેશ, કાળ વગેરે અને અવસ્થા, એ સર્વ જાણીને રક્તપિત્તની ચિકિત્સા કરવી. વળી લંઘન, બૃંહણ, શોધન, શમન તથા નિદાન વગેરે જાણીને ઊર્ધ્વગામી કે અધોગામી રક્તપિત્તની ચિકિત્સા કરવી.

બેમાથી ગમે તે રક્તપિત્તમા પ્રથમ લંઘન કરાવવું કે બૃંહણ કરવુ, કે શોધન કરવુ, કે શમન કરવું, તે નક્કી કરતા પહેલા રક્તપિત્ત શા કારણથી થયુ છે તે જાણવુ. રક્તપિત્ત થવાનું કારણ તીક્ષ્ણ, ગરમ, તીખા, ખાટા ઇત્યાદિ પદાર્થોનું સેવન છે તેને ત્યજવુ; કેમ કે આગળ કહેવામાં આવશે કે રક્તપિત્તને ઉત્પન્ન કરનારા જે કાંઈ પદાર્થ હોય તે સર્વનો ત્યાગ કરવો.

વળી ઊર્ધ્વગામી છે કે અધોગામી છે તે પણ જાણ્યા પછી ચિકિત્સા કરવાનુ કારણ એ છે કે, 'ઊર્ધ્વગામી રક્તપિત્ત હોય તો પ્રથમ તર્પણ ઔષધ આપવાં,' 'જ્યારે કફયુક્ત રક્તપિત્ત કંઠમાર્ગમાંથી નીકળતુ હોય અને ગાંઠાગાંઠા જેવું હોય ત્યારે મધ અને ઘી સાથે

કમળના નાળનો ક્ષાર ચાટવો ઈ૦' આગળ કહેવામાં આવશે તે ઉપાય બરાબર કરી શકાય; તેમ જ ગુદામાંથી રક્તપિત્ત જતું હોય તો વિશેષે કરીને બસ્તિ (એનિમા) આપવી એમ પણ કહેવામાં આવશે.

વળી કહેશે કે, જો વાયુના કોપવાળું રક્તપિત્ત શમતું ન હોય તો બકરીનું દૂધ પાવું ઇ૦. વળી રક્તપિત્તરોગમાં પિત્ત મૂળ દોષ છે અને વાયુ તથા કફ અનુબળ છે (પાછળથી ભળેલા છે) એવું સમજી એને યોગ્ય ખાસ ચિકિત્સા કરવી.

તે જ પ્રમાણે ત્રણ પ્રકારના બળનો પણ વિચાર કરવો જોઈએ; કેમ કે 'બળનું રક્ષણ કરીને મંથ, પેયા વગેરે આપવું' એમ આગળ કહેવામાં આવશે.

દેશનું પણ જ્ઞાન હોવું જોઈએ. દેશ બે પ્રકારનો છે: શારીરદેશ અને ભૂમિદેશ. મુખ, નાક, ઇત્યાદિ અવયવને શારીર દેશ કહે છે. (જેમ ઊર્ધ્વગામી શારીર રક્તપિત્તમાં મોંમાંથી લોહીવાળું પિત્ત નીકળે તો જે ઔષધ આપવું જોઈએ તે જુદું છે અને નાકમાંથી લોહીવાળું પિત્ત નીકળે ત્યારે જે ચિકિત્સા કરવાની છે તે પણ જુદી છે, તેમ જ અધોગામી રક્તપિત્તમાં પણ ગુદામાંથી લોહીવાળું પિત્ત નીકળે તેની ચિકિત્સા જુદી અને મૂત્રેન્દ્રિયમાંથી લોહીવાળું પિત્ત નીકળે તેની ચિકિત્સા જુદી છે.

ભૂમિદેશ ત્રણ પ્રકારનો કહેલો છે: જાંગલ, અનૂપ અને સાધારણ. તેમાં પણ જાંગલ દેશમાં થયેલા રક્તપિત્તનું ઔષધ જુદું છે, અનૂપ દેશમાં થયેલા રક્તપિત્તનું ઔષધ જુદું છે અને સાધારણ દેશમાં થયેલા રક્તપિત્તનું ઔષધ જુદું છે.

મુહૂર્ત (ઘડી, પળ વગેરે) ઠંડી, ગરમી, વર્ષા વગેરે ઋતુઓ અને રોગની અવસ્થા (અં. સ્ટેઈજ) એ કાળના પ્રકાર છે. તેમાં પણ શીતળ કાળમાં આપવાનું ઔષધ જુદું, અને બીજા કાળમાં આપવાનું ઔષધ જુદું છે.

ઉપરાંત રોગીના જઠરાગ્નિનું બળ, આહાર, સત્ત્વ, સાત્મ્ય, ઉંમર, પ્રકૃતિ એ પણ ચિકિત્સા કરનારે અવશ્ય જાણવાં જોઈએ અને તેનો વિચાર કરીને ઔષધ કરવું યોગ્ય છે, એવું 'આદિ (વગેરે)' શબ્દથી સૂચવ્યું છે.

ઊર્ધ્વગામી અને અધોગામી રક્તપિત્તના ઉપાય

सन्तर्पणोत्थं बलिनो बहुदोषस्य साधयेत् ।
ऊर्ध्वभागं विरेकेण वमनेन त्वधोगतम् ॥५॥
शमनैर्बृंहणैश्चान्यल्लङ्घ्यबृंह्यानवेक्ष्य च ।

સંતર્પણ કરવાથી થયેલું, બળવાન માણસને થયેલું અને જેનામાં દોષ ઘણો હોય એવા માણસને થયેલું રક્તપિત્ત જો ઊર્ધ્વગામી હોય તો જુલાબ આપીને મટાડવું અને જો અધોગામી હોય તો ઊલટીઓ કરાવીને મટાડવું. પણ અપતર્પણ કરવાથી થયેલું, દુર્બળ માણસને થયેલું અને જેનામાં દોષ થોડો હોય એવા માણસને થયેલુ ઊર્ધ્વગામી રક્તપિત્ત શમન ઉપાયોથી મટાડવું અને અધોગામી રક્તપિત્ત બૃંહણ ઉપાયોથી મટાડવું. વળી શમન ઉપાય કરવા કે બૃંહણ ઉપાય કરવા એનો નિર્ણય કરતાં પહેલાં બીજો એ વિચાર કરવાનો છે કે, દરદી લંઘનને યોગ્ય છે કે બૃંહણને યોગ્ય છે. જો લંઘનને લીધે રક્તપિત્ત થયું હોય તો અધોગામી રક્તપિત્તમાં પણ શમન ઉપાય કરવા અને જો બૃંહણને લીધે રક્તપિત્ત થયું હોય તો ઊર્ધ્વગામી રક્તપિત્તમાં પણ લંઘનના ઉપાય કરવા.

ऊर्ध्वे प्रवृत्ते शमनौ रसौ तिक्तकषायकौ ॥६॥
उपवासश्च निःशुण्ठीषडङ्गोदकपायिनः ।

જો રક્તપિત્ત ઊર્ધ્વગામી હોય તો રોગીને સૂંઠ વિનાનો ષડંગ ઉકાળો પાવો અને પછી કડવા અને તૂરા રસવાળા પદાર્થ ખાવાપીવા આપવા, એ શમન ઔષધ છે. ઉપવાસ કરાવવો એ પણ શમન ઉપાય છે. વાળો, ધોળો (સુગંધી) વાળો, મોથ, પિત્તપાપડો, રતાંજલી અને સૂંઠ, એ છ ઔષધના ક્વાથનું નામ ષડંગ ક્વાથ છે.

अधोगे रक्तपित्ते तु बृंहणो मधुरो रसः ॥७॥

અધોગામી રક્તપિત્ત થયું હોય તો બૃંહણ

(પૌષ્ટિક) મધુર રસ (ગળપણ) હિતકર છે.

ऊर्ध्वगे तर्पणं योज्यं प्राक् च पेया त्वधोगते ।

ઊર્ધ્વગામી રક્તપિત્તમાં પ્રથમ તર્પણ ઉપચાર કરવા અને અધોગામી રક્તપિત્તમાં પ્રથમ પેયા પીવાને આપવી.

કોનું કેવું લોહી નીકળતું રોકવું કે ન રોકવું ? કારણ

अश्नतो बलिनोऽशुद्धं न धार्यं तद्धि रोगकृत् ॥ ८॥
धारयेदन्यथा शीघ्रमग्निवच्छीघ्रकारि तत् ।

જે માણસ બળવાન હોય અને જે સારી રીતે ખાતો હોય તેનું લોહીવાળું પિત્ત નીકળતું અટકાવવું નહિ; કેમ કે તે અટકાવવાથી શિરાવ્યધવિધિમાં કહ્યા પ્રમાણે રતવા, ગૂમડાં, પ્લીહા (બરોળ) વગેરે રોગ પેદા કરે છે. પણ જે માણસ દુર્બળ હોય, જે ખાઈ ન શકતો હોય, તેનું રક્તપિત્ત નીકળતું અટકાવવાનો તત્કાળ ઉપાય કરવો; કેમ કે જો રક્તપિત્ત નીકળતું અટકાવવામાં ન આવે તો અગ્નિની પેઠે તે તત્કાળ મરણ નિપજાવે છે.

ઊર્ધ્વગામી રક્તપિત્તમાં વિરેચનના યોગો

त्रिवृच्छ्यामाकषायेण कल्केन च सशर्करम् ॥ ९॥
साधयेद्विधिवल्लेहं लिह्यात्पाणितलं ततः ।

ધોળું અને કાળું નસોતર લઈને રીતસર તેનો ક્વાથ કરીને તેમાં એ જ બે ઔષધનો કલ્ક (લુગદી) તથા સાકર નાખીને વિધિપૂર્વક અવલેહ (ચાટણ) કરવો અને પછી તેમાંથી હથેલી ભરીને ચાટવો, એથી ઊર્ધ્વગામી રક્તપિત્ત મટે છે.

त्रिवृता त्रिफला श्यामा पिप्पली शर्करा मधु ॥ १०
मोदकः सन्निपातोर्ध्वरक्तशोफज्वरापहः ।
त्रिवृत्समसिता तद्वत् पिप्पलीपादसंयुता ॥ ११ ॥

નસોતર (ધોળું), ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), કાળું નસોતર, પીપર અને સાકર, એ ઔષધની ગોળીઓ મધમાં વાળવી. એ ગોળી સન્નિપાત, ઊર્ધ્વગામી રક્તપિત્ત, સોજો અને તાવને મટાડશે. વળી નસોતર અને સાકર સમાન લઈને તેમાં ચોથે ભાગે પીપર નાખીને તે ચૂર્ણ ખવડાવ્યાથી પણ સન્નિપાત, ઊર્ધ્વગામી રક્તપિત્ત, સોજો અને જ્વર મટે છે.

અધોગામી રક્તપિત્તમાં વમનના પાંચ યોગો

वमनं फलसंयुक्तं तर्पणंससितामधु ।
ससितं वा जलं क्षौद्रयुक्तं वा मधुकोदकम् ॥ १२॥
क्षीरं वा रसमिक्षोर्वा

અધોગામી રક્તપિત્તવાળાને વમન આપવું. તે વમનનાં ઔષધ આ પ્રમાણે છે; સાકર અને મધ સહિત મીંઢળના ફળ સાથે તર્પણ ઔષધ વમન માટે આપવું. અથવા સાકર અને પાણી સાથે મીંઢળ આપવું. અથવા જેઠીમધનું પાણી મીંઢળ સાથે આપવું અથવા મધ સાથે મીંઢળ આપવું. અથવા દૂધ સાથે અથવા શેરડીના રસ સાથે મીંઢળ આપવું.

(ઊલટીઓ કરાવવા માટે જ્યાં મીંઢળ વાપરવાનું લખ્યું હોય ત્યાં મીંઢળની છાલ વાટીને આપવી.)

રક્તપિત્તમાં વમન કે વિરેચનથી શુદ્ધ થયેલાએ શું ખાવુંપીવું ?

शुद्धस्यानन्तरो विधिः ।
यथास्वं मन्थपेयादिः प्रयोज्यो रक्षता बलम् ॥ १३॥

ઊર્ધ્વગામી રક્તપિત્તવાળો કે અધોગામી રક્તપિત્તવાળો અનુક્રમે વિરેચન કે વમનથી શુદ્ધ થાય એટલે પછી ઊર્ધ્વગામીમાં મંથ વગેરે અને અધોગામીમાં પેયા વગેરે આહાર આપવાનો વિધિ કરવો અને તેના બળનું રક્ષણ કરવું.

મંથ

मन्थो ज्वरोक्तो द्राक्षादिः,
पित्तघ्नैर्वा फलैः कृतः ।
मधुखर्जूरमृद्वीकापरूषकसिताम्भसा ॥ १४॥

તે મંથ જ્વરપ્રકરણમાં કહેલો (શ્લોક ૫૫થી ૫૮ માં કહેલો દ્રાક્ષ વગેરે વાળો) કરવો. અથવા દ્રાક્ષ, આમળાં, કાશ્મરી ઇત્યાદિ પિત્તને હણનારાં ફળ વડે કરવો અથવા મધ, ખજૂર, દ્રાક્ષ, ફાલસાં, સાકરનું પાણી ઇત્યાદિ વડે કરવો.

मन्थो वा पञ्चसारेण सघृतैर्लाजसक्तुभिः ।
दाडिमामलकाम्लो वा
मन्दाग्न्यम्लाभिलाषिणाम् ॥ १५॥

પંચસાર (સૂ. ૩/૩૦૬) વડે અથવા ઘી સહિત મમરાના સાથુ વડે મંથ કરવો અથવા જે મંદ અગ્નિવાળો હોઈને ખાટા પદાર્થની ઇચ્છા કરતો હોય તેને દાડમ અને આમળાં વડે ખાટો કરેલો (ઉપરનો મંથ) આપવો.

પેયા, માંસરસ

कमलोत्पलकिञ्जल्कपृश्निपर्णीप्रियङ्गुकाः ।
उशीरं शाबरं रोध्रं शृङ्गवेरं कुचन्दनम् ॥१६॥
ह्रीवेरं धातकीपुष्पं बिल्वमध्यं दुरालभा ।
अर्धार्धैर्विहिताः पेया वक्ष्यन्ते पादयौगिकाः॥१७॥
भूनिम्बसेव्यजलदा मसूराः पृश्निपर्ण्यपि ।
विदारिगन्धा मुद्गाश्च बला सर्पिर्हरेणुकाः ॥ १८॥

કમળ અને કાળું કમળ એ બેનુ કેસર, પૃશ્નિપર્ણી અને કાંગ; વાળો, શાબર લોધર, આદું અને રતાંજલી; કાળો વાળો, ધાવડીનાં ફૂલ, બીલાંનો ગર્ભ અને ધમાસો; એ ત્રણ જુદાં-જુદાં ઔષધો વડે પેયા તૈયાર કરવી. હવે પાદયૌગિક કહીએ છીએ : (૧) કરિયાતુ, વીરણુવાળાનાં મૂળ, મોથ, મસૂર અને પૃશ્નિપર્ણી; અથવા શાલિપર્ણી, મગ, ખળદાણા, ઘી અને રેણુકબીજ; એનો ક્વાથ કરીને તેમાં પેયા બનાવવી.

પાદયૌગિક—શ્લોકના એક ચરણ(પાદ)માં કહેલી દવાઓના યોગ.

રક્તપિત્તવાળાનાં ભોજન

जाङ्गलानि च मांसानि शीतवीर्याणि साधयेत् ।
पृथक्पृथग्जले तेषां यवागूः कल्पयेद्रसे ॥ १९॥
शीताः सशर्कराक्षौद्रास्तद्वन्मांसरसानपि ।
ईषदम्लाननम्लान् वा घृतभृष्टान् सशर्करान् ॥२०॥

પૂર્વે કહેલી પેયાનાં ઔષધોના ક્વાથમાં સસલા વગેરે જાંગલ પ્રાણીનાં શીતવીર્ય માંસને સિદ્ધ કરવાં. પછી તે માંસરસમાં સાકર અને મધ નાખેલી ઠંડી યવાગૂ કરવી અને તે રોગીને ખાવા આપવી. જો રોગીને થોડી ખટાશ જોઈતી હોય તો જરા ખાટા અથવા ખટાશ ન જોઈતી હોય તો ખટાશવિનાના, ઘીમાં વઘારેલા અને સાકર નાખેલા માંસરસ આપવા.

ધાન અને શાક

शूकशिम्बीभवं धान्यं रक्ते शाकं च शस्यते ।
अन्नस्वरूपविज्ञाने यदुक्तं लघु शीतलम् ॥२१॥

રક્તપિત્તમા ઉંબીમા અને શીંગમાં થયેલું ધાન્ય અને શાક ગુણકારી છે, તેમ જ પાછળ સૂત્રસ્થાનમાં અન્નસ્વરૂપવિજ્ઞાનીય અધ્યાયમા જે જે હલકા અને ઠંડા પદાર્થ કહેલા છે તે આપવા.

તરસ લાગે ત્યારે પાણી. પીણાં

पूर्वोक्तमम्बु पानीयं पञ्चमूलेन वा शृतम् ।
लघुना शृतशीतं वा मध्वम्भो वा फलाम्बु वा ॥२२॥

અથવા સૂંઠવિનાનું ષડંગ જળ જે પાછળ (શ્લોક ૬૬ મા) કહેલુ છે તે પાવું. અથવા લઘુપંચમૂળને પાણીમા ઉકાળીને ઠંડું કરી તે પાણી પાવું. અથવા એકલું પાણી ઉકાળીને ઠંડું પાડીને પાવું. અથવા મધ સાથે મેળવેલું પાણી પાવું. અથવા પિત્તનો નાશ કરે એવાં કાળી દ્રાક્ષ વગેરે ફળથી સિદ્ધ કરેલું પાણી પાવું.

પાણી પકવ કરવાનો વિધિ : એક તોલો ઔષધિ લઈને તેને બશેર પાણીમાં અરધું પાણી બળતા સુધી ઉકાળવું. રહેલા પાણીને ઠંડું પડ્યા પછી પીવા આપવું.

માંસરસ

शशः सवास्तुकः शस्तो
विबन्धे तित्तिरिः पुनः ।
उदुम्बरस्य निर्यूहे साधितो मारुतेऽधिके ॥ २३॥
प्लक्षस्य बर्हिणस्तद्वन्न्यग्रोधस्य च कुक्कुटः ।

રક્તપિત્તવાળાને જો વિબંધ હોય તો બથવાની ભાજી સાથે સસલાનું માંસ ખાવા આપવું. જો વાયુ અધિક હોય તો ઉદુંબર-(ગુલર, ઉમેંડા)ના ક્વાથમાં સિદ્ધ કરેલું (રાંધેલું) તેતરનું માંસ ખાવા આપવું, તેમ જ પીપરના ક્વાથમાં સિદ્ધ કરેલો મોર ખાવા આપવો, અથવા વડના ક્વાથમાં સિદ્ધ કરેલો કૂકડો ખાવા આપવો.

રક્તપિત્તમાં અપથ્ય (પરેજ)

यत्किञ्चिद्रक्तपित्तस्य निदानं तच्च वर्जयेत् ॥ २४॥

જેનાથી રક્તપિત્ત થાય તે તે આહારવિહાર-

(નિ. ૩/૧, ૨)નો ત્યાગ કરવો.

રક્તપિત્તમાં શમન ઔષધ

वासारसेन फलिनीमृद्रोध्राञ्जनमाक्षिकम्।
पित्तासृक् शमयेःपीतं, निर्यासो वाऽऽटरूपकात्
शर्करामधुसंयुक्तः केवलो वा, शृतोऽपि वा।
वृषः सद्यो जयत्यस्रं, स ह्यस्य परमौषधम् ॥२६॥

અરડૂસીના રસમાં ઘ્રાંગ, ગોપીચંદન, લોધર, રસાંજન અને મધ નાખીને પીવાથી રક્તપિત્ત મટે છે. અથવા અરડૂસીના રસમાં મધ અને સાકર નાખીને તે પીવાથી અથવા એકલો અરડૂસીનો રસ પીવાથી અથવા તેનો કવાથ પીવાથી રક્તપિત્ત મટે છે. અરડૂસી જ રક્તપિત્તને ઝટ મટાડે છે. અરડૂસી એ રક્તપિત્તનુ પરમ ઔષધ છે.

રક્તપિત્તમાં કવાથ અને ચાટવાની દવા

पटोलमालतीनिम्बचन्दनद्वयपद्मकम्।
रोध्रो वृषस्तन्दुलीयः कृष्णा मृन्मदयान्तका ॥
शतावरी गोपकन्या काकोल्यौ मधुयष्टिका।
रक्तपित्तहराः क्वाथास्त्रयः समधुशर्कराः ॥२८॥

પટોળ, ચમેલી, લીમડો, રક્તચંદન, શ્વેતચંદન અને પદ્મકાષ્ટ, એના કવાથમાં મધ અને સાકર નાખીને પીવાથી રક્તપિત્ત મટે છે. વળી બંને જાતના લોધર, અરડૂસી, તાંદળજો, કાળી માટી, ધાવણીનાં ફૂલ, એના કવાથમાં મધ અને સાકર નાખીને પીવાથી પણ રક્તપિત્ત મટે છે. તેમ જ શતાવરી, સારિવા, કાકોલી, ક્ષીરકાકોલી, જેઠીમધ, એના કવાથમાં મધ અને સાકર નાખીને પીવાથી રક્તપિત્ત મટે છે. એ ત્રણે કવાથ રક્તપિત્તને હરનારા છે.

બીજા ગ્રંથમાં કહ્યું છે કે અરડૂસી, કડ અથવા ઇન્દ્રજવ, કોળું, સવા અને કાંટાસળિયો, એટલાંને લીલાં છતાં પણ ખમણાં ન લેવાં. માટે આ જગ્યાએ અરડૂસી લીલી લેવી છતાં ખમણી ન લેવી.

पलाशवल्कक्वाथो वा सुशीतः शर्करान्वितः।
लिह्याद्वा मधुसर्पिर्भ्यां गवाश्वशकृतो रसम् ॥

ખાખરાની છાલનો કવાથ ઘણો ઠંડો કરીને તેમાં સાકર નાખીને પાવો. અથવા ગાયના છાણના અને ઘોડાની લાદના રસમાં મધ અને ઘી નાખીને પાવું. એથી રક્તપિત્ત મટે છે.

सक्षौद्रं ग्रथिते रक्ते लिह्यात्पारावताच्छकृत्।

લોહી જો ગંઠાઈ ગયું હોય. લોહીની ગાંઠો પડતી હોય તો મધની સાથે કબૂતરની હગાર ચટાડવી.

બહુ લોહી નીકળી જતું હોય તો શું કરવું?

अतिनिःस्रुतरक्तश्च क्षौद्रेण रुधिरं पिबेत् ॥ ३० ॥
जाङ्गलं भक्षयेद्वाऽऽजमामं पित्तयुतं यकृत्।

જો અતિશય લોહી પડતું હોય તો જાંગલ દેશના પ્રાણીનું લોહી મધ નાખીને પીવું. અથવા કાળજામાં પિત્ત હોય તેની સાથે જ બાકડાનું (બકરાનું) યકૃત (કાળજું) કાચું ને કાચું ખાવું.

चन्दनोशीरजलदलाजमुद्गकणायवैः ॥ ३१ ॥
बलाजले पर्युषितैः कषायो रक्तपित्तहा।

ચંદન, વાળો, મોથ, ફૂલેલા મમરા, મગ, પીપર, જવ, એ સર્વને આખી રાત ખળદાણાના કવાથમાં પલાળી રાખીને તેનો કવાથ કરી પીવો. એથી રક્તપિત્તનો નાશ થાય છે.

प्रसादश्चन्दनाम्भोजसेव्यमृद्भृष्टलोष्टजः ॥ ३२ ॥
सुशीतः ससिताक्षौद्रः शोणितातिप्रवृत्तिजित्।

બહુ રક્તપિત્ત નીકળતું હશે તો તપાવેલા માટીના ઢેફાને સુખડ, કમળ, વાળો, એમના પાણીમાં નાખીને (છમકારીને) ને પાણી સારી પેઠે ઠંડું પડવા દઈ તેમાં સાકર અને મધ નાખીને પાવાથી અટકશે.

आपोथ्य वा नवे कुम्भे प्लावयेदिक्षुगण्डिकाः ॥
स्थितं तद्गुप्तमाकाशे रात्रिं प्रातः स्रुतं जलम्।
मधुमद्धिकचाम्भोजकृतोत्तंसं च तद्गुणम् ॥ ३४

શેરડીની ગંડેરીને (કકડાને) કચરીને નવા (કોરા) ઘડામાં પાણી રેડીને તેમાં પલાળવી. પછી તેમાં જીવડાં, કચરો વગેરે ન પડે એવી સંભાળથી (અગાસીમાં) રાતે ખુલ્લું મૂકી રાખવું. પછી ખીલેલા કમળ વડે અલંકૃત કરેલું (ખીલેલું કમળ અંદર ડુબાડી રાખેલું) તે જળ સવારમાં મધ નાખીને પીવું, તેથી લોહી બહુ વહેતું અટકશે.

ये च पित्तज्वरे चोक्ताः कषायास्तांश्च योजयेत्।

વળી પાછળ જ્વરપ્રકરણમાં જે કવાથ

પિતજ્વર ઉપર લાગુ કરવાના કહ્યા છે તે કવાથ પણ રક્તપિત્તમાં આપવા.

આ બધું કર્યા છતાં રક્તપિત્તનું શમન ન થાય તો શું કરવું?

कषायैर्विविधैरेभिर्दीप्तेऽग्नौ विजिते कफे ॥ ३५ ॥
रक्तपित्तं न चेच्छाम्येत्तत्र वातोल्बणे पयः ।
युञ्ज्याच्छागं शृतं, तद्वद्गव्यं पञ्चगुणेऽम्भसि ॥
पञ्चमूलेन लघुना शृतं वा सस्तितामधु ।
जीवकर्षभकद्राक्षाबलागोक्षुरनागरैः ॥ ३७ ॥
पृथक्पृथक्शृतं क्षीरं सघृतं सितयाऽथवा ।

પાછળ કહેલા જુદાજુદા કવાથથી અગ્નિ પ્રદીપ્ત થયા છતાં અને કફ જિતાયા છતાં પણ જો રક્તપિત્ત શમે નહિ તો, જો તે રક્તપિત્તમાં વાયુનું બળ અધિક હોય, તો દૂધથી પાંચગણા પાણીમાં બકરીનું દૂધ ઉકાળીને દૂધ માત્ર શેષ રહે ત્યારે ઠંડું પાડીને રોગીને પાવું. અથવા પાંચગણા પાણીમાં ગાયનું દૂધ ઉકાળીને દૂધ માત્ર શેષ રહે, ત્યારે ઠંડું પાડીને રોગીને પાવું. અથવા લઘુ પંચમૂળનાં કવાથમાં ગાયનું દૂધ ઉકાળીને ઠંડુ પાડીને તેમાં મધ અને સાકર નાખીને પાવું. અથવા જીવકના કવાથમાં, અથવા ઋષભકના કવાથમાં, અથવા કાળી દ્રાક્ષના કવાથમાં, અથવા બળદાણાના કવાથમાં, અથવા ગોખરુના કવાથમાં, અથવા સૂંઠના કવાથમાં, ગાયનું દૂધ ઉકાળીને તેમાં ઘી અથવા સાકર નાખીને પાવું.

પેશાબને રસ્તે નીકળતા રક્તપિત્તનો ઉપાય

गोकण्टकाभीरुशृतं पर्णिनीभिस्तथा पयः ॥ ३८ ॥
हन्त्याशु रक्तं सरुजं विशेषान्मूत्रमार्गगम् ।

વેદના સહિત જે રક્તપિત્ત વહેતું હોય તે ગોખરુ, શતાવરી અને ચાર પર્ણીઓ (શાલિપર્ણી, પૃશ્નિપર્ણી, મુદ્ગપર્ણી, માષપર્ણી), એ ઔષધિઓના કવાથમાં સિદ્ધ કરેલુ ગાયનું દૂધ પાવાથી અટકે છે, અને ખાસ કરીને આ ઉપાય મૂત્રમાર્ગે વહેતા લોહીને અટકાવી આરામ કરે છે.

ગુદામાંથી નીકળતા રક્તપિત્તના ઉપાય

विण्मार्गगे विशेषेण हितं मोचरसेन तु ॥ ३९ ॥
वटप्ररोहैः शुङ्गैर्वा शुण्ठ्युदीच्योत्पलैरपि ।

જો ગુદાવાટે લોહી વહેતું હોય તો ખાસ કરીને શેમલાના ગુંદરના પાંચગણા કવાથમાં દૂધ ઉકાળીને દૂધ માત્ર શેષ રહે ત્યારે તે પાવાથી આરામ થાય, અથવા વડની વડવાઈના કૂમળા અંકુરના અથવા વડની ટીશીઓના અથવા સૂંઠ, વાળો અને કાળું કમળ, એ ત્રણના કવાથમાં ગાયનું દૂધ ઉકાળીને દૂધ માત્ર બાકી રહે ત્યારે તે પાવાથી પણ રક્તપિત્તવાળાને આરામ થાય છે.

रक्तातिसारदुर्नामचिकित्सां चात्र कल्पयेत् ॥

વળી ગુદાવાટે વહેતા રક્તપિત્તને અટકાવવા માટે જે ઉપાય રક્તાતિસારમાં અને હરસની ચિકિત્સામાં કહેવામાં આવશે, તે પણ કરવા.

पीत्वा कषायान् पयसा भुञ्जीत पयसैव च ।
कषाययोगैरेभिर्वा विपक्वं पाययेद्घृतम् ॥४१॥

રક્તપિત્તવાળા રોગીને દૂધ સાથે (પૂર્વે કહેલા) કવાથ પાવા અને તેને ભોજન પણ દૂધ સાથે જ કરાવવુ. અથવા પૂર્વે કહેલા કવાથોમાં પક્વ કરેલું ઘી પાવું.

વાસાઘૃત

समूलमस्तकं क्षुण्णं वृषमष्टगुणेऽम्भसि ।
पक्त्वाऽष्टांशावशेषेण घृतं तेन विपाचयेत् ॥४२
तत्पुष्पगर्भं तच्छीतं सक्षौद्रं पित्तशोणितम् ।
पित्तगुल्मज्वरश्वासकासहृद्रोगकामलाः ॥ ४३ ॥
तिमिरभ्रमवीसर्पस्वरसादांश्च नाशयेत् ।

મૂળ, ડાળાં અને પાંદડાં સહિત અરડૂસીને લાવીને કચરીને આઠગણા પાણીમાં તેનો કવાથ કરવો. પછી (જ્યારે ઊકળતાંઊકળતાં આઠમા ભાગનુ પાણી બાકી રહે ત્યારે) તે કવાથમાં કવાથથી આઠમા ભાગનું ઘી નાખીને તે ઘીમાં અરડૂસીનાં ફૂલોનો કલ્ક (લૂગદી) કરીને નાખવો. પછી ઘી માત્ર બાકી રહે ત્યાં સુધી પકવ કરીને ઘી ગાળી લઈ ઠંડું પડવા દેવું. એ ઘીને મધ સાથે ચટાડવાથી રક્તપિત્ત મટે છે; એટલું જ નહિ, પણ પિત્તગુલ્મ, જ્વર, દમ, ઉધરસ, હૃદયના રોગ, કમળો, આંખે ઝાંખ પડવાના રોગ, ચક્કર, રતવા ને સ્વરભંગ એટલા રોગ મટે છે.

પલાશઘૃત, ત્રાયમાણઘૃત

पलाशवृन्तस्वरसे तद्गर्भे च घृतं पचेत् ॥ ४४ ॥
सक्षौद्रं तच्च रक्तघ्नं, तथैव त्रायमाणया ।

ખાખરાનાં ડીટાંને કચરીને તેનો રસ કાઢવો. એ રસમાં આઠમા ભાગનું ઘી નાખીને ઘીમાં ખાખરાનાં બીજાં ડીટાંનો કલ્ક નાખીને ઘી પકવવું. એ ઘી ઠંડું થયા પછી મધ સાથે આપવાથી રક્તપિત્ત મટે છે, તેમ જ ત્રાયમાણના ક્વાથમાં કે સ્વરસમાં પણ એ જ રીતે ઘી પકવ કરીને મધ સાથે રોગીને આપવાથી રક્તપિત્ત મટે છે.

ગળામાંથી નીકળતા રક્તપિત્તનો ઉપાય

रक्ते सपिच्छे सकफे ग्रथिते कण्ठमार्गगे ॥ ४५ ॥
लिह्यान्माक्षिकसर्पिर्भ्यां क्षारमुत्पलनालजम् ।
पृथक्पृथक् तथाऽम्भोजरेणुश्यामामधूकजम् ॥४६

લોહી શીમળાના રસ જેવું ચીકણું થઈ ગયુ હોય, લોહી કફવાળું હોય, તે ગંઠાઈ ગયું હોય, તે ગળામાંથી નીકળતું હોય, તો કાળા કમળના નાળનો ક્ષાર કાઢીને તેને ઘી તથા મધ સાથે ચાટવો.

તે જ પ્રમાણે કમળની રજ અથવા પીપર, અથવા મહુડાનો ક્ષાર, એમાંથી કોઈ પણ એક મધ અને ઘી સાથે ચાટવાથી કંઠમાં રહેલું ગંઠાઈ ગયેલું રક્તપિત્ત મટે છે.

કોઈ કહેશે કે બધા ક્ષાર તીક્ષ્ણ સ્વભાવના હોવા છતાં આ રક્તપિત્તમાં તેનો ઉપયોગ કેમ થાય? તો સમજવું કે, કમળો વગેરે પદાર્થો શીતળ સ્વભાવના છે, માટે તેમાંથી બનેલો ક્ષાર પણ તેવો જ સમજવો. કહ્યું છે કે, કાર્ય-કારણને અનુસરનારું હોવાથી જે સ્વભાવ કારણનો હોય છે, તે જ સ્વભાવ કાર્યનો પણ હોય છે. ક્ષારનો મુખ્ય ગુણ ઓગાળવાનો છે, માટે કફના અનુબંધવાળું ગંઠાઈ ગયેલું લોહી કંઠમાં રહ્યું હોય તેને ઘી અને મધ સાથે મળેલો ક્ષાર ઓગાળીને શોધન કરીને રોગને મટાડે છે, પણ રક્તપિત્તને કોપાવતો નથી.

ગુદાના રક્તપિત્તમાં બસ્તિ

गुदागमे विशेषेण शोणिते बस्तिरिष्यते ।

ગુદાવાટે રક્તપિત્ત પડતું હોય ત્યારે ખાસ કરીને બસ્તિ આપવી યોગ્ય છે.

નાકમાંથી નીકળતા રક્તપિત્તના (નસકોરી-ફૂટવાના રોગના) ઉપાય

घ्राणगे रुधिरे शुद्धे नावनं चानुपेचयेत् ॥ ४७ ॥
कषाययोगान् पूर्वोक्तान् क्षीरेक्ष्वादिरसाप्लुतान् ।
क्षीरादीन्ससितांस्तोयं केवलं वा जलं हितम् ॥
रसो दाडिमपुष्पाणामाम्रास्थ्नः शाड्वलस्य वा ।

નાકમાંથી શુદ્ધ લોહી પડતું હોય તો નસ્ય (છીંકણીની માફક સૂંઘવાનું ઔષધ) આપવું. અથવા પાછળ જે ક્વાથનાં ઔષધો (રક્તપિત્ત માટે) કહ્યાં છે તે ઔષધને દૂધ કે શેરડીના રસમાં ઓગાળીને નાકમાં મૂકવાં, અથવા પાછળ કહેલાં એ ઔષધોને માંસરસ કે ઘીમાં ઓગાળીને મૂકવાં. અથવા દૂધ, શેરડીનો રસ, માંસરસ કે ઘી, એમાંથી કોઈ પણ એકમાં સાકર મેળવી તેનાં ટીપાં નાકમાં મૂકવાં. અથવા સાકરનું પાણી અથવા એકલું પાણી નાકમાં મૂકવું તે પણ હિતકર છે. અથવા દાડમનાં ફૂલનો રસ નાકમાં મૂકવો. અથવા કેરીની ગોટલીનો રસ નાકમાં મૂકવો. દૂર્વા(ધરો)નો રસ કાઢી નાકમાં મૂકવો. (નસ્યની દવાને નસકોરામાં ફૂંકાવીને અથવા સૂંઘીને નાકમાં ઊંચે ચડાવવી.)

લેપ, અંજન વગેરે

कल्पयेच्छीतवर्गं च प्रदेहाभ्यञ्जनादिषु ॥ ४९ ॥

વળી રક્તપિત્તના રોગવાળાને શીતવીર્ય ઔષધિઓમાંની જે જે મળી આવે તે તે ઔષધિનો લેપ કરવો તેમ અંજન વગેરે પણ કરવાં.

ઉપસંહાર

यच्च पित्तज्वरे प्रोक्तं बहिरन्तश्च भेषजम् ।
रक्तपित्ते हितं तच्च क्षतक्षीणे हितं च यत् ॥५०॥

જે ઔષધ પિત્તજવરમાં ખાવા કે પીવા માટે અને ચોળવા કે લેપ વગેરે કરવા કહેલું છે, તેમ જ જે ઔષધ ઉરઃક્ષતથી ક્ષીણ થયેલા માણસને હિતકર છે, તે સર્વ ઔષધ રક્તપિત્તમાં હિતકર છે.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने रक्तपित्त-
चिकित्सितं नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩ જો-કાસચિકિત્સા

अथातः कासचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે કાસ(ઉધરસ, ખાંસીનો રોગ)ની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

વાયુથી થયેલી ઉધરસની ચિકિત્સા

केवलानिलजं कासं स्नेहैरादावुपाचरेत् ।
वातघ्नसिद्धैः स्निग्धैश्च पेयायूषरसादिभिः ॥ १ ॥
लेहैर्धूमैस्तथाऽभ्यङ्गस्वेदसेकावगाहनैः ।
बस्तिभिर्बद्धविड्वातं, सपित्तं तूर्ध्वभक्तिकैः ॥२॥
घृतैः क्षीरैश्च, सकफं जयेत्स्नेहविरेचनैः ।

કેવળ વાયુની ખાંસી હોય તો પ્રથમ વાયુને હણનારી ઔષધિઓથી સિદ્ધ કરેલા સ્નેહ× વડે તેનો ઉપાય કરવો. 'પ્રથમ' કહેવામાં એ હેતુ છે કે વાયુથી થયેલી ઉધરસમાં વાયુને કોપાવનાર દોષ કફ વગેરે છે તેનો પ્રથમ લૂખા વગેરે ઔષધથી ઉપચાર કરીને પછી વૈદો ઉધરસના ઉપચારની સાથે વાયુનો ઉપચાર કરે, એવી તેમની ગેરસમજૂતી દૂર કરવાને 'પ્રથમ' એમ કહ્યું છે. વળી કેવળ વાયુની જ ખાંસી હોય તો સ્નિગ્ધ પેયા, યૂષ, રસ વગેરે પીવા આપીને, તેમ જ લેહ, ધૂમ, અભ્યંગ, સ્વેદ, સેક, અવગાહ (ડૂબકી) ઇત્યાદિ ઉપાયો વડે વાયુની ઉધરસને મટાડવી. એ ઉધરસમાં ઝાડો અને વાછૂટ બંધ હોય તો બસ્તિઓ આપવી. જો પિત્તવાળી વાયુની ઉધરસ હોય તો ભોજન કર્યા પછી તરત રોગને યોગ્ય દવાથી સિદ્ધ કરેલાં ઘી, દૂધ ઇત્યાદિ પીવા આપીને ઉધરસ મટાડવી. જો કફવાળી વાયુની ઉધરસ હોય તો સ્નેહપાન કરાવીને અને વિરેચન આપીને મટાડવી.

શ્લોક ફેવાળા સ્નેહો

गुडूचीकण्टकारीभ्यां पृथक्त्रिंशत्पलाद्रसे ॥ ३ ॥
प्रस्थः सिद्धो घृताद्वातकासनुद्वह्निदीपनः ।

× આ સ્નેહની વીગત નીચેના શ્લોકમાં આપી છે.

ગળોનો રસ ત્રીસ પલ[1] લેવો અને રીંગણીનો રસ પણ તેટલો જ લેવો. એ બન્નેના રસમાં એક પ્રસ્થ ઘી નાખીને ફક્ત ઘી બાકી રહે ત્યાં સુધી પાક કરવો. એ ઘી વાયુની ખાંસીને મટાડનાર અને અગ્નિને પ્રદીપ્ત કરનાર છે.

क्षाररास्नावचाहिङ्गुपाठायष्ट्याह्वधान्यकैः ॥ ४ ॥
द्विशाणैः सर्पिषः प्रस्थं पञ्चकोलयुतैः पचेत् ।
दशमूलस्य निर्यूहे पीनो मण्डानुपायिना ॥ ५ ॥
स कासश्वासहृत्पार्श्वग्रहणीरोगगुल्मनुत् ।

જવખાર, રાસ્ના, વજ, હિંગ, પહાડમૂળ, જેઠીમધ, ધાણા, સૂંઠ, પીપર, ચવક, પીપરીમૂળના ગંઠોડા, અને ચિત્રો, એ ઔષધમાંથી દરેક બે બે શાણ લેવાં. પછી તેનો કલ્ક કરીને એક પ્રસ્થ (૬૪ તોલા) ઘીમાં નાખીને દશમૂળના ક્વાથમાં તે ઘી સિદ્ધ કરવું. એ ઘી પીધા પછી મંડ પીવો. તેથી ઉધરસ, દમ, હૃદયના રોગ, પડખાની પીડા, ગ્રહણી-રોગ, અને ગોળો એટલા રોગ મટે છે.

द्रोणेऽपां साधयेद्रास्नादशमूलशतावरीः ॥ ६ ॥
पलोन्मिता द्विकुडवं कुलत्थं बदरं यवम् ।
तुलार्धं चाजमांसस्य तेन साध्यं घृताढकम् ॥७॥
समक्षीरं पलांशैश्च जीवनीयैः समीक्ष्य तत् ।
प्रयुक्तं वातरोगेषु पाननावनबस्तिभिः ॥ ८ ॥
पञ्चकासान् शिरःकम्पं योनिवङ्क्षणवेदनाम् ।
सर्वाङ्गैकाङ्गरोगांश्च सप्लीहोर्ध्वानिलान् जयेत् ॥९॥

રાસ્ના, દશમૂળ, શતાવરી, એ ઔષધમાંનું

[1] 'પલ' ઇત્યાદિ શબ્દોનું માપ સમજવાને નીચે કોષ્ઠક આપ્યું છે તે ઉપરથી જ્યાં જ્યાં તેવા શબ્દ આવે ત્યાં ત્યાં તેનું માપ જાણી લેવું.

શાણ=૮ માસા.	પ્રસ્થ=૬૪ તોલા.
કોલ=૬ માસા.	
કર્ષ=૧ તોલો.	આઢક=૨૫૬ તોલા.
પલ=૪ તોલા.	દ્રોણ=૧૦૨૪ તોલા.
પ્રસૃતિ=૮ તોલા.	
અંજલિ } =૧૬ તોલા.	તુલા=૪૦૦ તોલા.
કુડવ }	ભાર=૮૦૦૦ તોલા.

પ્રવાહી પદાર્થ ભરવાનું ૬૪ ઘન આંગળનું અથવા ૪ આંગળ ઘનનું એક પાત્ર હોય છે તેને 'કુડવ' કહે છે.

દરેક એક એક પલ લેવું; કળથી, બોર અને જવ, એ ઔષધ બે બે કુડવ લેવાં; બકરાનું માંસ અડધી તુલા લેવું. પછી એ સર્વનો એક દ્રોણ પાણીમાં ક્વાથ કરવો. તે ક્વાથમાં એક આઢક ઘી નાખવું. તેમાં ઘી જેટલું ગાયનું દૂધ નાખવું તથા જીવનીય ગણનાં ઔષધ એક પલ (ચાર તોલા) નાખવાં. અને તે વડે ઘી સિદ્ધ કરવું. એ ઘીને દેશ, કાલ વગેરેનો વિચાર કરીને વાતરોગમાં પાવામાં, સુંઘાડવામાં કે બસ્તિ આપવામાં, જો વાપરવામાં આવે તો પાંચે પ્રકારની ઉધરસને, માથું ધૂણ્યા કરવાના વાતરોગને, યોનિની તથા અંડની વેદનાને, સર્વાંગ અને એકાંગવાયુના રોગને, પ્લીહા-(બરોળ)ને અને ઊર્ધ્વવાયુને મટાડે છે.

विदार्यादिगणक्वाथकल्कसिद्धं च कासजित् ।

વિદાર્યાદિ ગણમાં કહેલાં ઔષધોનો ક્વાથ કરીને તેમાં ઘી નાખીને તથા તે ઘીમાં વિદાર્યાદિ ગણનાં ઔષધોનો કલ્ક નાખીને ઘી પક્વ કર્યું હોય તો તે ઘી ખાવાથી કાસ (ખાંસી) મટે છે.

શ્લોક ૧૧વાળા લેહ

अशोकबीजक्षवकजन्तुघ्नाञ्जनपद्मकैः ॥ १० ॥
सविडैश्च घृतं सिद्धं तच्चूर्णं वा घृतप्लुतम् ।
लिह्यात्पयश्चानुपिबेदाजं कासातिपीडितः ॥११॥

આસોપાલવનાં બી, રાઈ, વાવડિંગ, રસાંજન, પદ્મકાષ્ઠ અને બીડલવણ, એ ઔષધોથી ઘી સિદ્ધ કર્યું હોય તે ઘી અથવા ઘીમાં એ ઔષધિઓનું ચૂર્ણ કાલવીને તે ઘી, જે માણસ ચાટે અને ચાટ્યા પછી બકરીનું દૂધ પીએ તે ઉધરસથી ખૂબ પીડાતો મનુષ્ય ઉધરસના રોગથી મુક્ત થાય છે (તેને ઉધરસનો રોગ મટે છે).

विडङ्गं नागरं रास्ना पिप्पली हिङ्गु सैन्धवम् ।
भार्गी क्षारश्च तच्चूर्णं पिबेद्वा घृतमात्रया ॥ १२॥
सकफेऽनिलजे कासे श्वासहिध्माहताग्निषु ।

તેથી વાયુથી થયેલી કફવાળી ઉધરસમાં, તેમ જ દમ, હેડકી અને મંદાગ્નિમાં વાવડિંગ, સૂંઠ, રાસ્ના, પીપર, હિંગ, સિંધવ, ભારંગ અને જવખાર એ સર્વનું ચૂર્ણ ઘીની યોગ્ય માત્રા સાથે પીવું.

दुरालभां शृङ्गवेरं शठीं द्राक्षां सितोपलाम् ॥१३
लिह्यात्कर्कटशृङ्गीं च कासे तैलेन वातजे ।

વાયુથી થયેલી ઉધરસમાં ધમાસો, આદું, ષટકચૂરો, કાળી દ્રાક્ષ, સાકર અને કાકડાશિંગ, એ ઔષધનું ચૂર્ણ કરીને તેને તેલની સાથે ચાટવું.

दुस्पर्शां पिप्पलीं मुस्तां
भार्गीं कर्कटकीं शठीम् ॥ १४॥
पुराणगुडतैलाभ्यां चूर्णितान्यवलेहयेत् ।
तद्वत्सकृष्णां शुण्ठीं च सभार्गीं तद्वदेव च ॥१५॥

ધમાસો, પીપર, મોથ, ભારંગ, કાકડાશિંગ, ષટ્કચૂરો, એ સર્વ ઔષધના ચૂર્ણને જૂના ગોળ તથા તેલમાં મેળવીને ચાટવાં તેથી વાયુની ઉધરસ મટે છે. તે જ પ્રમાણે પીપર અને સૂંઠના ચૂર્ણને એકત્ર કરીને તેને જૂના ગોળ તથા તેલમાં ચાટવું. તે જ પ્રમાણે ભારંગ અને સૂંઠના ચૂર્ણને જૂના ગોળ તથા તેલમાં ચાટવું. તેથી પણ વાયુની ખાંસી મટે છે.

પીવાની પાંચ દવા

पिबेच्च कृष्णां कोष्णेन सलिलेन ससैन्धवाम् ।
मस्तुना ससितां शुण्ठीं दध्ना वा कणरेणुकाम् ॥१६
पिबेद्बदरमज्जो वा मदिरादधिमस्तुभिः ।
अथवा पिप्पलीकल्कं घृतभृष्टं ससैन्धवम् ॥१७॥

સિંધવ સહિત પીપરના ચૂર્ણને લગાર લગાર ગરમ પાણી સાથે પીવું. અથવા સૂંઠ અને સાકરને દહીંમાં છૂટેલા પાણી સાથે પીવી. અથવા પીપર અને રેણુકબીજને દહીં સાથે પીવાં.

બોરના ઠળિયાની મીંજને દારૂ, દહીં અથવા દહીંમાં છૂટેલા પાણી સાથે પીવી. અથવા પીપરના કલ્કને ઘીમાં શેકીને તેમાં સિંધવ નાખીને તે દારૂ, દહીં અથવા દહીંમાં છૂટેલા પાણીમાં પીવું.

ધૂમપાન

कासी सपीनसो धूमं स्नैहिक विधिना पिबेत् ।
हिध्माश्वासोक्तधूमांश्च क्षीरमांसरसाशनः ॥१८॥

ખાંસીવાળા માણસને સાથે સળેખમ પણ હોય એટલે જેને ઉધરસ અને સળેખમ બંને

થયાં હોય તેણે સ્નિગ્ધ ધૂમ વિધિ પ્રમાણે પીવો. તથા દૂધ, માંસ અને માંસરસ ખાવાથી થયેલી ખાંસી અને સળેખમવાળાએ હેડકી અને દમની ચિકિત્સામાં કહેલા ધૂમ પીવા.

(સ્નિગ્ધ ધૂમ માટે અને ધૂમ પીવાની વિગતો માટે જુઓ સૂત્રસ્થાન અધ્યાય ૨૧મો).

માંસરસ અને યૂષ

ग्राम्यानूपौदकैः शालियवगोधूमषष्टिकान् ।
रसैर्माषात्मगुप्तानां यूषैर्वा भोजयेद्धितान् ॥१९॥

ગ્રામ્ય પ્રાણીઓ કે અનૂપ દેશનાં પ્રાણીઓ કે જળચર પ્રાણીઓના માંસરસ સાથે અથવા અડદ અને કૌંચના યૂષની સાથે, શાળ ચોખા, જવ, ઘઉં અને સાઠી ચોખાનું પથ્ય ભોજન રોગીને કરાવવું.

પેયા

यवानीपिप्पलीबिल्वमध्यनागरचित्रकैः ।
रास्नाजाजीपृथक्पर्णीपलाशशठिपौष्करैः ॥२०॥
सिद्धां स्निग्धाम्ललवणां पेयामनिलजे पिबेत् ।
कटिहृत्पार्श्वकोष्ठार्तिश्वासहिध्माप्रणाशनीम् ॥२१॥

અજમોદ, પીપર, બીલાનો ગર્ભ, સૂંઠ, ચિત્રો, રાસ્ના, જીરું, પૃશ્નિપર્ણી, ખાખરાનાં બીજ, ષટ્કચૂરો, પુષ્કરમૂળ, એ ઔષધોથી સિદ્ધ કરેલી, સ્નિગ્ધ, ખાટી અને ખારી (ઘી-વાળી અને લગાર ખાટી તથા મીઠું નાખેલી) પેયા વાયુથી થયેલી ખાંસીવાળાએ પીવી; કેમ કે તે વાયુની ઉધરસ મટાડવાની સાથે કેડ, હૃદય, પાસાં અને કોઠામાં થનારી પીડાનો, દમનો અને હેડકીનો નાશ કરે છે.

दशमूलरसे तद्वत् पञ्चकोलगुडान्विताम् ।
पिबेत्पेयां
समतिलां क्षैरेयीं वा ससैन्धवाम् ॥२२॥

તે જ પ્રમાણે દશમૂળના કવાથમાં સિદ્ધ કરેલી પંચકોલ (પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક અને સૂંઠ) તથા ગોળયુક્ત પેયા પીવી. અથવા દૂધ અને ચોખાની પેયામાં ચોખા જેટલા જ તલ નાખીને અને સિંધવ નાખીને તૈયાર કરેલી પેયા પીવી. (હેમાદ્રિ). (એવી વાયુની ઉધરસ મટવાની સાથે કેડ, હૃદય, પાસાં અને કોઠામાં થયેલી પીડા, દમ અને હેડકી મટે છે.)

मात्स्यकौक्कुटवाराहैर्मांसैर्वा साज्यसैन्धवाम् ।

અથવા માછલીના અથવા કૂકડાના અથવા ડુક્કરના માંસની બનાવેલી પેયા ઘી અને સિંધવ નાખીને પીવી.

વાયુથી થયેલી ઉધરસમાં શાક, સ્નેહ, ભક્ષ્ય, પીણાં

वास्तुको वायसीशाकं कासघ्नः सुनिषण्णकः ॥२३॥
कण्टकार्याः फलं पत्रं बालं शुष्कं च मूलकम् ।
स्नेहास्तैलादयो
भक्ष्याः क्षीरेक्षुरसगौडिकाः ॥ २४ ॥
दधिमस्त्वारनालाम्लफलाम्बुमदिराः पिबेत् ।

બથવાની ભાજી, કાકજંઘાનું શાક, કાસુંદરો, સુનિષણ્ણકની ભાજી, ભોરીંગણીનું ફળ અને પાંદડાં, કુમળા તથા સૂકા મૂળા, તેલ વગેરે સ્નેહ, દૂધ, શેરડીનો રસ, ગોળની બનાવટો, દહીં, દહીમાં છૂટેલું પાણી, કાંજી, ખાટાં ફળથી સિદ્ધ કરેલું પાણી અને મદ્ય, એ સર્વે વાયુની ઉધરસવાળાને ખાવાપીવા યોગ્ય અન્નપાન જાણવાં.

પિત્તથી થયેલી ઉધરસની ચિકિત્સા

(શ્લોક ૨૫ થી ૪૦)

વમન

पित्तकासे तु सकफे वमनं सर्पिषा हितम् ॥२५॥
तथा मदनकाश्मर्यमधुककथितैर्जलैः ।
फलयष्ट्याह्वकल्कैर्वा विदारीक्षुरसाप्लुतैः ॥२६॥

કફવાળી પિત્તની ખાંસીમાં ઘી વડે ઊલટીઓ કરાવવી હિતકર છે; તેમજ મીંઢળ, શીવણનાં ફળ, જેઠીમધ, એ ઔષધના ક્વાથ વડે ઊલટીઓ કરાવવી હિતકર છે; તેમજ મીંઢળ અને જેઠીમધનો કલ્ક કરીને વિદારીકંદ તથા શેરડીના રસમાં તે કલ્ક ડબાડી રાખીને તે પાઈને ઊલટીઓ કરાવવી હિતકર છે.

વિરેચન

पित्तकासे तनुकफे त्रिवृतां मधुरैर्युताम् ।
युञ्ज्याद्विरेकाय युतां घनश्लेष्मणि तिक्तकैः ॥२७॥

પિત્તની ઉધરસમાં કફ પાતળો હોય તો ગળી વસ્તુની સાથે નસોતરનો જુલાબ આપવો. અને

કફ જો ઘન (જાડો) કફ હોય તો કડવાં ઔષધ સાથે નસોતરનો જુલાબ આપવો.

સંસર્ગી

हृतदोषो हिमं स्वादु स्निग्धं संसर्जनं भजेत् ।
घने कफे तु शिशिरं रूक्षं तिक्तोपसंहितम् ॥ २८ ॥

જુલાબ વગેરેથી દોષની શુદ્ધિ થયા પછી ઠંડી, ગળી અને સ્નિગ્ધ (ઘી, તેલ વગેરેવાળી) પેયા વગેરે પીવું, પણ જો કફ જાડો હોય તો પેયા વગેરે ઠંડું, લૂખું અને કડવાં દ્રવ્ય મેળવીને પીવું.

લેહ

लेहः पैत्ते सिताधात्रीक्षौद्रद्राक्षाहिमोत्पलैः ।
सकफे साब्दमरिचः, सघृतः सानिले हितः ॥ २९ ॥
मृद्वीकार्धशतं त्रिंशत्पिप्पलीः शर्करापलम् ।
लेहयेन्मधुना गोर्वा क्षीरपस्य शकृद्रसम् ॥ ३० ॥

પિત્તની ખાંસી હોય તો સાકર, આમળાં, મધ, કાળી દ્રાક્ષ, સુખડ અને કમળ એ ઔષધોનો અવલેહ (ચાટણું) કરવો, પિત્તની ઉધરસમાં સાથે કફ હોય તો મોથ અને મરી ઉમેરીને ઉપરનો અવલેહ કરવો. પિત્તની ખાંસીમાં સાથે વાયુ હોય તો એ જ ઔષધનો (સાકરથી કમળ સુધીનાં ઔષધોનો) અવલેહ ઘીમાં કરવો, અથવા પચાસ દાણા કાળી દ્રાક્ષના, ત્રીશ દાણા પીપર, ચાર તોલા સાકર, એટલું ઔષધ મધ સાથે ચાટવું, અથવા ગાયના કે દૂધ ધાવનાર વાછરડાના છાણનો રસ મધ સાથે ચાટવો.

त्वगेलाव्योषमृद्वीकापिप्पलीमूलपौष्करैः ।
लाजमुस्ताशठीरास्नाधात्रीफलविभीतकैः ॥ ३१ ॥
शर्कराक्षौद्रसर्पिर्भिर्लेहो हृद्रोगकासहा ।

તજ, એલચી, સૂંઠ, પીપર, મરી, કાળી દ્રાક્ષ, પીપરીમૂળ, પુષ્કરમૂળ, (ડાંગરની ધાણી) ફૂલેલા મમરા, મોથ, ષટ્કચૂરો, રાસ્ના, આમળાં, બહેડાં, સાકર, મધ અને ઘી એ વસ્તુઓનો અવલેહ (ચાટણું) કરવાથી હૃદયના રોગનો અને ખાંસીનો નાશ થાય છે.

અન્નપાન

मधुरैर्जाङ्गलरसैर्यवश्यामाककोद्रवाः ॥ ३२ ॥
मुद्गादियूषैः शाकैश्च तिक्तकैर्मात्रया हिताः ।
घनश्लेष्मणि लेहाश्च तिक्तका मधुसंयुताः ॥ ३३ ॥
शालयः स्युस्तनुकफे षष्टिकाश्च रसादिभिः ।

જો પિત્તની ખાંસીમાં કફ ઘન (જાડો) હોય તો જંગલ દેશનાં પ્રાણીઓના ગળ્યા માંસરસ સાથે અથવા મગ, કળથી વગેરેના યૂષ સાથે અથવા કડવાં શાક સાથે જવ, સામો કે કોદરા, એ અનાજ માપસર ખાવાં એ હિતકર છે, તથા ઘન હોય તો તેમાં મધ સાથે કડવાં ઔષધનાં ચાટણ આપવાં તે હિતકર છે. પિત્તની ખાંસીમાં કફ પાતળો હોય તો પાછળ (શ્લોક ૩૨,૩૩મા) કહેલા રસ વગેરેની સાથે શાળી ચોખા અને સાઠી ચોખા ખાવા હિતકર છે.

અનુપાન

शर्कराम्भोऽनुपानार्थं द्राक्षेक्षुस्वरसाः पयः ॥ ३४ ॥

તથા સાકરનું પાણી, કાળી દ્રાક્ષનો રસ, શેરડીનો રસ, કે દૂધ એ ખાધા પછી પીવું.

કયાં દ્રવ્યો વડે માંસરસ, દૂધ, પેયા અને યૂષ બનાવવાં?

काकोलीबृहतीमेदाद्वयैः सवृषनागरैः ।
पित्तकासे रसक्षीरपेयायूषान् प्रकल्पयेत् ॥ ३५ ॥

કાકોલી, રીંગણી, મેદા, મહામેદા, અરડૂસી, સૂંઠ, એ ઔષધો સાથે માંસરસ, દૂધ, પેયા, યૂષ વગેરે રોગીને આપવાથી પિત્તની ખાંસી મટે છે.

द्राक्षां कणां पञ्चमूलं तृणाख्यं च पचेज्जले ।
तेन क्षीरं शृतं शीतं पिबेत्समधुशर्करम् ॥ ३६ ॥
साधितां तेन पेयां वा सुशीतां मधुनाऽन्विताम् ।

કાળી દ્રાક્ષ, પીપર, તૃણ પંચમૂળ એ ઔષધોને ચોગણા પાણીમાં નાખીને ઉકાળવાં, અને ચોથે ભાગે રહે ત્યારે તે ક્વાથ ઠંડો પાડીને તેમાં પાણીમાં ઉકાળેલું દૂધ ઠંડું પડે ત્યારે નાખીને તેમાં મધ તથા સાકર નાખીને પીવું. અથવા તે જ ક્વાથમાં સિદ્ધ કરેલી પેયાને ઠંડી પાડીને તેમાં મધ નાખીને પીવી.

(પાણીમાં ઉકાળેલું દૂધ :–જેટલું દૂધ હોય

તેટલું જ પાણી એ દૂધમાં નાખીને એને ઉકાળવું. ઊકળતાં ઊકળતાં જ્યારે નવું ઉમેરેલું પાણી બળી જાય પણ દૂધ હતું એટલું બાકી રહે ત્યારે એ દૂધને પાણીમાં ઉકાળેલું દૂધ કહે છે.)

પીણું

शठीह्रीवेरबृहतीशर्कराविश्वभेषजम् ॥ ३७ ॥
पिष्ट्वा रसं पिबेत्पूतं वस्त्रेण घृतमूर्च्छितम् ।

ષટ્કચૂરો, વાળો, રીંગણી, સાકર અને સૂંઠ એ ઔષધોને પાણીમાં વાટીને તેનો રસ વસ્ત્રથી ગાળી લઈને તેમાં ઘી નાખીને પીવુ.

સિદ્ધ ઘી અને ચૂર્ણ

मेदां विदारीं काकोलीं स्वयंगुप्ताफलं बलाम् ॥ ३८ ॥
शर्करां जीवकं मुद्गमाषपर्ण्यौ दुरालभाम् ।
कल्कीकृत्य पचेत्सर्पिः क्षीरेणाष्टगुणेन तत् ॥ ३९ ॥
पानभोजनलेहेषु प्रयुक्तं पित्तकासजित् ।
लिह्याद्वा चूर्णमेतेषां कषायमथवा पिबेत् ॥ ४० ॥

સાકર, જીવક, મગ, રાની અડદ (માષપર્ણી), ધમાસો, એ ઔષધનો કલ્ક કરીને તેમાં આઠગણું દૂધ નાખીને તે વડે ઘીનો પાક કરવો. એ ઘીને પીવાથી, ખાવાથી કે ચાટવાથી પિત્તની ઉધરસ મટે છે. અથવા એ જ ઔષધોનું ચાટણ કરીને ચાટવું અથવા એ જ ઔષધનો ક્વાથ કરીને પીવો.

વિરેચન આપવું–એ વિરેચન એવી રીતે આપવું કે જેથી બળની હાનિ ન થાય. રોગી બળવાન હોય તો તેને તીક્ષ્ણ વિરેચન આપવું.

સંસર્ગી

संसर्गी चास्य योजयेत् ॥ ४२ ॥
यवमुद्गकुलत्थान्नैरुष्णरूक्षैः कटूत्कटैः ।
कासमर्दकवार्ताकव्याघ्रीक्षारकणान्वितैः ॥ ४३ ॥
धान्वबैलरसैः स्नेहैस्तिलसर्षपनिम्बजैः ।

અને પછી પેયા વગેરે જે આપવું ઘટે તે આપવું. પેયા વગેરેમાં કયા પદાર્થ યોજવા તે આ પ્રમાણે છે: જવ, મગ, કળથી, વગેરે અન્નમાં ગરમ અને લૂખા તથા ઘણા તીખા પદાર્થ નાખીને તેની પેયા વગેરે આપવાં. વળી કાસોંદરો (કાસામર્દક), વંતાક (રીંગણુ), રીંગણી. જવખાર, પીપર એવાં તીક્ષ્ણ ઔષધ યોજવાં. વળી તે રોગીને જાંગલ પ્રદેશના અને દરમાં રહેનારાં પ્રાણીઓના માંસરસ અને તલ, સરસવ અને લીંબોળીઓનાં તેલ ખાવાને આપવાં; અર્થાત કફની ખાંસીવાળા રોગીને જવ વગેરે અન્ન આપવું, વંતાક વગેરે શાક આપવું, પીપર વગેરે તીખાશ આપવાં, દરમાં રહેનારાં અને જાંગલ દેશના પ્રાણીઓના માંસરસ આપવા. અને તલ, સરસવ વગેરેનું તેલ આપવું.

લેહ

पिप्पली पिप्पलीमूलं शृङ्गवेरं विभीतकम् ।
शिखिकुक्कुटपिच्छानां मषी क्षारो यवोद्भवः ॥४६
विशाला पिप्पलीमूलं त्रिवृता च मधुद्रवाः ।
कफकासहरा लेहास्त्रयः श्लोकार्धयोजिताः ॥४७॥

ઉપરના શ્લોકોમાંથી પ્રથમના ત્રણ અર્ધા-અર્ધા શ્લોકમાં જે ઔષધ કહેલાં છે તે કફની ખાંસીને મટાડે છે. પહેલું ઔષધઃ–પીપર, પીપરીમૂળ, આદુ અને બહેડુ એ ચાર ઔષધનો અવલેહ મધમાં આપવો. બીજું મોર અને કૂકડાના પીછાંની રાખ તથા જવખાર મધમાં ચટાડવાં. ત્રીજું ઇંદ્રવારણી, પીપરીમૂળ અને નસોતર એનો અવલેહ મધ સાથે ચટાડવો.

मधुना मरिचं लिह्यान्मधुनैव च जोङ्गकम् ।
पृथग्रसांश्च मधुना धात्रीवार्ताकभृङ्गजान् ॥ ४८ ॥
कासघ्नस्याश्वशकृतः सुरसस्यासितस्य च ।

કફની ઉધરસવાળાએ મધ સાથે મરી ચાટવાં; મધ સાથે અગરુ (અગર) ચાટવું; મધ સાથે ભોરીંગણીનો રસ અથવા વંતાકનો રસ, અથવા ભાંગરાનો રસ, અથવા કાસોંદરાનો રસ, અથવા ઘોડાની લાદનો રસ, અથવા કાળી તુલસીનો રસ ચાટવો.

देवदारुशठीरास्नाकर्कटाख्यादुरालभाः ॥ ४९ ॥
पिप्पली नागरं मुस्तं पथ्या धात्री सितोपला ।
लाजाः सितोपला सर्पिः
शृङ्गी धात्रीफलोद्भवा ॥५०॥
मधुतैलयुता लेहास्त्रयो वातानुगे कफे ।

કફની ઉધરસમાં વાયુ મળેલો હોય તો દેવદાર, પટ્કચૂરો, રાસ્ના, કાકડાસીંગ અને ધમાસો એ ઔષધો મધ અને તેલમાં ચટાડવાં અથવા પીપર, સૂંઠ, મોથ, હરડે, આમળાં, અને ખડીસાકર, એ ઔષધો મધ અને તેલમાં ચટાડવાં અથવા ફૂલેલા મમરા, ખડીસાકર, ઘી, કાકડાસીંગ અને આમળાં, એ ઔષધો મધ અને તેલમાં ચટાડવાં.

ગોળીઓ

द्वे पले दाडिमादष्टौ गुडाद्व्योषात्पलत्रयम् ॥५१॥
रोचनं दीपनं स्वर्यं पीनसश्वासकासजित् ।

દાડમ આઠ તોલા, ગોળ બત્રીશ તોલા, વ્યોષ (સૂંઠ, પીપર અને મરી ત્રણે મળીને) ખાવાથી તે રુચિ ઉત્પન્ન કરે છે. જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, ઘાંટો બેસી ગયો હોય તેને ઉઘાડે છે, સળેખમ મટાડે છે અને દમ તથા ઉધરસને મટાડે છે.

(દવા બનાવવાનુ પ્રમાણ આપ્યુ છે, દર ટંકનુ માપ નહિ.)

गुडक्षारोषणकणादाडिमं श्वासकासजित् ॥ ५२ ॥
क्रमात्पलद्वयार्धाक्षकर्षार्धाक्षपलोन्मितम् ।

ગોળ, જવખાર, મરી, પીપર, દાડમ એ પાંચ ઔષધ અનુક્રમે આઠ તોલા, અડધો તોલો, તોલો, અડધો તોલો અને ચાર તોલા, એ પ્રમાણે લેવાં, એ સર્વનુ ભેગું ચૂર્ણ આપવાથી શ્વાસ, ઉધરસ, સળેખમ વગેરે મટે છે. (દવા બનાવવાનું પ્રમાણ આપ્યુ છે; દર ટંકનું માપ નહિ).

પાચન ઔષધ

पिबेज्ज्वरोक्तं पथ्यादि सशृङ्गीकं च पाचनम् ॥५३

જ્વરની ચિકિત્સામાં (શ્લોક ૬૨ માં) હરડે, ધાણા વગેરેનો જે પાચન ક્વાથ કહેલો છે, તેમા કાકડાસીંગ નાખીને તે પીવું. તેથી પણ દમ, ઉધરસ વગેરે મટશે.

अथवा दीप्यकत्रिवृद्विशालाघनपौष्करम् ।
सकणं क्वथितं मूत्रे कफकासी जलेऽपि वा ॥५४॥

અથવા અજમોદ, નસોતર, ઇંદ્રવારણી, મોથ, પુષ્કરમૂળ એ ઔષધોનો ગાયના મૂત્રમાં અથવા પાણીમાં ક્વાથ કરીને તેમાં પીપરનું ચૂર્ણ નાખીને કફની ઉધરસવાળાએ પીવો.

પીવાનું શમન ઔષધ

तैलभृष्टं च वैदेहीकल्काक्षं ससितोपलम् ।
पाययेत्कफकासघ्नं कुलत्थसलिलाप्लुतम् ॥ ५५ ॥

કળથીનો ક્વાથ કરીને તેમાં તલના તેલમાં શેકેલા એક તોલો પીપરના ચૂર્ણની લૂગદી નાખીને સાકર સાથે પીવું, તેથી કફથી થયેલી ઉધરસ મટે છે.

સિદ્ધ ઘી

दशमूलाढके प्रस्थं घृतस्याक्षसमैः पचेत्।
पुष्कराह्वशठीबिल्वसुरसाव्योषहिङ्गुभिः ॥५६॥
पेयानुपानं तत्सर्ववातश्लेष्मामयापहम्।

દશમૂળનો ક્વાથ ૨૫૬ તોલા કરીને તેમા ૬૪ તોલા ઘી નાખવુ. પછી પુષ્કરમૂળ, પટ્કચૂરો, બીલાં, તુલસી, વ્યોષ (સૂંઠ, પીપર, મરી,) અને હિંગ, એ છ ઔષધ એક એક તોલો લઈને તેનો કલ્ક તેમાં નાખવો અને ઘી શેષ રહે ત્યા લગી પાક કરવો અને પછી ઘી ગાળી લેવુ. એ ઘી પેયાના અનુપાનમાં આપવાથી વાયુ અને કફની ભેગી ખાસીના રોગનો નાશ થાય છે.

निर्गुण्डीपत्रनिर्याससाधितं कासजिद्घृतम् ॥५७॥

નગોડનાં પાંદડાનો સ્વરસ કાઢીને તેમાં ઘી પકવવુ. એ ઘી વાતકફની ઉધરસને મટાડે છે.

घृतं रसे विडङ्गानां व्योषगर्भं च साधितम् ॥५७½

વાવડિંગના રસમા ઘી નાખીને તેમાં સૂંઠ, પીપર તથા મરીનો કલ્ક કરીને નાખવો, પછી ઘી પકવવું. એ ઘી પીવાથી વાતકફની ઉધરસ મટે છે.

पुनर्नवशिवाटिकासरलकासमर्दामृता-
पटोलबृहतीफणिज्झकरसैः पयःसंयुतैः।
घृतं त्रिकटुना च सिद्धमुपयुज्य सञ्जायते
न कासविषमज्वरक्षयगुदाङ्कुरेभ्यो भयम्॥

ધોળી સાટોડી, રાતી સાટોડી, દેવદાર, કાસોંદરો, ગળો, પટોલ, ભોરીંગણી અને ધોળો મરવો એ સર્વનો રસ કાઢવો. તે રસમાં રસથી ચોથે હિસ્સે દૂધ નાખવું અને દૂધ જેટલું જ ઘી નાખવુ. તે ઘીમાં ઘીથી ચોથે હિસ્સે ત્રિકટુ(સૂંઠ, પીપર, મરી)નો કલ્ક નાખીને પાક કરવો. ફક્ત ઘી જ બાકી રહે ત્યારે ઘી ગાળી લેવુ. એ ઘી આપવાથી ખાંસી, વિષમજ્વર, ક્ષય અને હરસનો ભય રહેતો નથી (મટે છે).

કંટકારીઘૃત

समूलफलपत्रायाः कण्टकार्या रसाढके ॥५९॥
घृतप्रस्थं बलाव्योषविडङ्गशठिदाडिमैः।
सौवर्चलयवक्षारमूलामलकपौष्करैः ॥६०॥
वृश्चीवबृहतीपथ्यायवानीचित्रकर्द्धिभिः।
मृद्वीकाचव्यवर्षाभूदुरालम्भाम्लवेतसैः ॥६१॥
शृङ्गीतामलकीभार्गीरास्नागोक्षुरकैः पचेत्।
कल्कैस्तत्सर्वकासेषु श्वासहिध्मासु चेष्यते ॥६२॥
कण्टकारीघृतं चैतत्कफव्याधिविनाशनम्।

મૂળ, ફળ અને પાંદડાં સહિત ભોરીંગણી લઈને તેનો રસ ૨૫૬ તોલા કાઢવો. તે રસમાં ૬૪ તોલા ઘી નાખવું. પછી તે ઘીમાં ખળદાણા, વ્યોષ (સૂંઠ, પીપર, મરી), વાવડિંગ, પટ્કચૂરો, દાડમ, સંચળ, જવખાર, પુષ્કરમૂળ, આમળું, પીપરીમૂળ, સાટોડી, ભોરીંગણી, હરડે, અજમોદ, ચિત્રો, ઋદ્ધિ, કાળી દ્રાક્ષ, ચવક, સાટોડી. ધમાસો, અમ્લવેતમ, કાકડાસીંગ, ભોંઆંબલી. ભારંગ, રાસ્ના, ગોખરુ, એ ઔષધોનો કલ્ક સોળ તોલા નાખવો. પછી ફક્ત ઘી જ બાકી રહે ત્યા લગી પાક કરીને ઘી ગાળી લેવું. તે ઘી સર્વ પ્રકારની ઉધરસમાં, દમમાં અને હિધ્મા-(હેડકીના)રોગમા આપવાથી તે સર્વ વ્યાધિઓ મટે છે. એ ઘીને કંટકારીઘૃત કહે છે.

લેહ

पचेद्व्याघ्रीतुलां क्षुण्णां वहेऽपामाढकस्थिते ॥६३॥
क्षिपेत् पूते तु सञ्चूर्ण्य व्योषरास्नामृताग्निकान्
शृङ्गीभार्गीघनग्रन्थिधन्वयासान् पलार्धकान्॥
सर्पिषः षोडशपलं चत्वारिंशं पलानि च।
मत्स्यण्डिकायाः शुद्धायाः पुनश्च तदधिश्रयेत्॥
दर्वीलेपिनि शीते च पृथक् द्विकुडवं क्षिपेत्।
पिप्पलीनां तवक्षीर्या माक्षिकस्यानवस्य च ॥६६
लेहोऽयं गुल्महृद्रोगदुर्नामश्वासकासजित्।

ભોરીંગણીને કચરીને તેમાંથી દસ શેર ભાર લેવો અને તેને ૨॥ મણ અને ૧॥ શેર પાણીમા રાંધતાં જ્યારે ૨૫૬ તોલા જેટલું પાણી બાકી રહે ત્યારે તેને ગાળી લેવું. પછી તેમાં વ્યોષ (સૂંઠ, પીપર, મરી), રાસ્ના, ગળો, ચિત્રો, કાકડાસીંગ, ભારંગ, મોથ, ગંઠોડા, ધમાસો એ ઔષધોનુ ચૂર્ણ કરીને તેમાંથી દરેકનુ બે બે તોલા ચૂર્ણ નાખવું. પછી તેમાં ૬૪ તોલા ઘી નાખવુ અને ચાર શેર શુદ્ધ કરેલો કાકબ (ઉકાળેલો શેરડીનો રસ) નાખવો. પછી ફરીને એ બધું ચૂલે ચડાવવું અને જ્યારે તે પાક

કડછીને ચોંટે એટલો ઘાડો થાય, ત્યારે તે ઠંડું પડવા દઈને તેમાં પીપર, વંશલોચન અને જૂનું મધ, એ પ્રત્યેક ઔષધ સોળસોળ તોલા નાખવું. આ અવલેહ (ચાટણ) ગોળો, હૃદયના રોગો, હરસ, દમ અને ઉધરસને મટાડે છે.

ધૂમપાન

शमनं च पिबेद्धूमं शोधनं बहले कफे ॥ ६७ ॥

કફની ઉધરસમાં શમન ધૂમપાન કરવુ અને કફ ઘણો હોય તો શોધન ધૂમપાન કરવું.

मनःशिलालमधुकमांसीमुस्तेङ्गुदीत्वचः ।
धूमं कासघ्नविधिना पीत्वा क्षीरं पिबेदनु ॥६८॥
निष्ठ्यूतान्ते गुडयुतं कोष्णं धूमो निहन्ति सः ।
वातश्लेष्मोत्तरान् कासानचिरेण चिरन्तनान् ॥

મનશીલ, હરતાલ, જેઠીમધ, જટામાંસી, મોથ અને હિંગોરાની છાલ એ ઔષધોનું સૂત્રસ્થાનમાં કહ્યા પ્રમાણે ખાંસીને મટાડનાર વિધિપૂર્વક ધૂમપાન કરીને પછી થૂંકી રહ્યા પછી (કફ નીકળી ગયા પછી) લગાર ગરમ કરેલા દૂધમાં ગોળ નાખીને તે દૂધ અનુપાન તરીકે પાવુ. એ ધૂમપાન કરવાથી વાયુ અને કફના આધિક્ય-(વધારે પ્રકોપ)વાળી જૂની ઉધરસ મટે છે.

કફની ઉધરસ સાથે તમકશ્વાસ હોય તો શું કરવું?

तमकः कफकासे तु स्याच्चेत्पित्तानुबन्धजः ।
पित्तकासक्रियां तत्र यथावस्थं प्रयोजयेत् ॥७०॥

જો કફની ખાંસીમાં પિત્તના જોરથી તમક-શ્વાસ થાય તો રોગીની અવસ્થાનો વિચાર રાખીને પિત્તની ઉધરસની ક્રિયા કરવી.

ઉધરસમાં કયા દોષનો અનુબંધ કયા દોષમાં હોય તો શું કરવું?

कफानुबन्धे पवने कुर्यात्कफहरां क्रियाम् ।
पित्तानुबन्धयोर्वातकफयोः पित्तनाशिनीम् ॥
वातश्लेष्मात्मके शुष्के स्निग्धमार्द्रे विरूक्षणम् ।
कासे कर्म सपित्ते तु कफजे तिक्तसंयुतम् ॥७२

વાયુની ઉધરસમાં કફનો અનુબંધ હોય તો કફકાસનો નાશ કરનારી ક્રિયા કરવી અને વાયુ અને કફની ઉધરસમા પિત્તનો અનુબંધ હોય તો પિત્તકાસને મટાડે એવી ક્રિયા કરવી.

વાયુ અને કફ(ભેગા)ની સૂકી ખાંસી હોય તો સ્નિગ્ધ ઉપચાર કરવા અને ખાંસી લીલી હોય એટલે કફ નીકળતો હોય (ગળફા પડતા હોય) તો લૂખા ઉપચાર કરવા. પિત્ત અને કફ(ભેગા)ની ખાંસી હોય તો તેમાં કડવાં ઔષધ મેળવીને ઉપચાર કરવા.

ઉરઃક્ષત(ક્ષતકાસ)ની ચિકિત્સા

(શ્લોક ૭૨ાા થી ૧૫૦ાા)

ઉરઃક્ષતનાં ઔષધ

उरस्यन्तःक्षते सद्यो लाक्षां क्षौद्रयुतां पिबेत् ।
क्षीरेण शालीन् जीर्णेऽद्यात्क्षीरेणैव सशर्करान् ॥

છાતીની અંદર ક્ષત (ચાંદું) થવાથી જે ઉધરસ થઈ હોય તેમાં દૂધમાં મધ સાથે લાખ તરત જ પીવી, અને તે ઔષધ પચી ગયા પછી સાકર અને દૂધ સાથે શાલિ ડાંગરનો ભાત ખાવો.

પડખામાં અને મૂત્રાશયમાં પીડા તથા થોડા પિત્ત અને અગ્નિવાળા ઉરઃક્ષતનો ઉપાય

पार्श्वबस्तिसरुक्चाल्पपित्ताग्निस्तां सुरायुताम् ।

જે ઉરઃક્ષતની ઉધરસવાળાને પાસામાં અને મૂત્રાશયમાં દરદ થતું હોય તથા જેનું પિત્ત અને અગ્નિ (જઠરાગ્નિ) કમી હોય, તેણે સુરા નામના દારૂ સાથે લાખ પીવી.

ભાંગલ ઝાડાવાળા ઉરઃક્ષતનું ઔષધ

भिन्नविट्कः समुस्तातिविषापाठां सवत्सकाम्

જે રોગીને ઝાડો નરમ (ભાંગલ) થતો હોય, તેણે મોથ, અતિવિષ, પહાડમૂળ અને કડાછાલ એ ઔષધ સહિત લાખ પીવી.

પ્રદીપ્ત જઠરાગ્નિવાળા ઉરઃક્ષતનાં ઔષધ

(શ્લોક ૭૪ાા થી ૧૨૫)

लाक्षां सर्पिर्मधूच्छिष्टं जीवनीयं गणं सिताम् ।
त्वक्क्षीरीं समितं क्षीरे पक्त्वा दीप्तानलः पिबेत्

લાખ, ઘી, મીણ, જીવનીયગણ, સાકર, વંશલોચન એ સર્વ ઔષધિઓ દૂધમા રાંધીને પ્રબળ જઠરાગ્નિવાળા ઉરઃક્ષતના રોગીએ પીવું.

ઉરઃક્ષત (ચાંદું) રૂઝવવા માટેનું ઔષધ

इक्ष्वारिकाबिसग्रन्थिपद्मकेसरचन्दनैः ।
शृतं पयो मधुयुतं सन्धानार्थं पिबेत्क्षती ॥७६॥

તેમ જ છાતીમાં પડેલા ક્ષતને (ચાંદાને)

સાંધવા (રૂઝવવા) માટે કાસડો, અતિવિષ, ગંઠોડા, કમળનું કેસર તથા સુખડ એ ઔષધો દૂધમાં નાખીને ઉકાળવાં. પછી દૂધ ગાળી લઈને ઠંડુ પડ્યા પછી તેમાં મધ નાખીને ઉરઃક્ષતના રોગીને પાવું. તેથી ચાંદું રુઝાય છે.

ઉરઃક્ષતમાં તાવમાં લાહ્ય બળે તેનું ઔષધ

यवानां चूर्णमामानां क्षीरे सिद्धं घृतान्वितम्।
ज्वरदाहे सिताक्षौद्रसक्तून्वा पयसा पिबेत् ॥७७॥

ઉરઃક્ષતવાળાને તાવમાં દાહ થતો હોય તો કાચા જવના લોટને દૂધમાં રાંધીને તેમાં ઘી નાખીને પીવો, અથવા જવના સાથુને દૂધમાં નાખીને તેમાં મધ–સાકર મેળવીને તે પીવો.

ઉધરસવાળા ઉરઃક્ષતમાં ઔષધ

कासवांस्तु पिबेत्सर्पिर्मधुरौषधसाधितम्।
गुडोदकं वा क्वथितं सक्षौद्रमरिचं हितम् ॥७८॥
चूर्णमामलकानां वा क्षीरे पक्वं घृतान्वितम्।
रसायनविधानेन पिप्पलीर्वा प्रयोजयेत् ॥७९॥

ઉરઃક્ષતની ઉધરસવાળાએ ગળ્યાં ઔષધથી સિદ્ધ કરેલું ઘી પીવું. અથવા ગોળનું પાણી ઉકાળીને તેને ઠંડુ પડવા દીધા પછી તેમાં મધ અને મરીનું ચૂર્ણ નાખીને તે પીવું, અથવા આમળાંનાં ચૂર્ણને દૂધમાં રાંધીને તેમાં ઘી નાખીને તે ખાવું અથવા રસાયનવિધિમાં (ઉત્તરસ્થાન અધ્યાય ૩૯ શ્લોક ૯૮થી ૧૦૦ સુધીમાં) કહ્યા પ્રમાણે પીપરનો પ્રયોગ કરવો.

ઉધરસવાળા તથા પર્વમાં અને હાડકાંમાં શૂળવાળા ઉરઃક્ષતનું ઔષધ

कासी पर्वास्थिशूली च लिह्यात्सघृतमाक्षिकाः।
मधूकमधुकद्राक्षात्वक्क्षीरीपिप्पलीबलाः ॥८०॥

ઉરઃક્ષતની ઉધરસવાળાને સાંધાના હાડકામાં કળતર થતું હોય તો મહુડા, જેઠીમધ, કાળી દ્રાક્ષ, વંશલોચન, પીપર અને ખળદાણા, એ ઔષધોનું ચૂર્ણ મધ અને ઘી સાથે ચાટવું.

પિત્ત, લોહી, ઉધરસ વગેરે ઉપદ્રવોવાળા ઉરઃક્ષતનું ઔષધ

त्रिजातमर्धकर्षांशं पिप्पल्यर्धपलं सिता।
द्राक्षा मधूकं खर्जूरं पलांशं श्लक्ष्णचूर्णितम् ॥८१॥
मधुना गुटिका घ्नन्ति ता वृष्याः पित्तशोणितम्।
कासश्वासारुचिच्छर्दि-
मूर्च्छाहिध्मामदभ्रमान् ॥८२॥
क्षतक्षयस्वरभ्रंशप्लीहाशोषाढ्यमारुतान्।
रक्तनिष्ठीवहृत्पार्श्वरुक्पिपासाज्वरानपि ॥८३॥

ત્રિજાત (તજ, તમાલપત્ર, એલચી) અર્ધો તોલો; પીપર બે તોલા અને સાકર, કાળી દ્રાક્ષ, મહુડાં, ખજૂર એ દરેક ચારચાર તોલા; એ ઔષધોનું બારીક ચૂર્ણ કરીને મધ સાથે તેની ગોળીઓ વાળવી. એ વીર્ય વધારનારી ગોળીઓથી રક્તપિત્ત, ઉધરસ, દમ, અરુચિ, ઊલટી, મૂર્છા, હેડકી, ઊબકા, ચક્કર, ઉરઃક્ષત, ક્ષય, સ્વરભ્રંશ, પ્લીહા (બરોળ), સોજો, ઊરુસ્તંભ, લોહીના ગળફા પડતા હોય તે, હૃદયમાં અને પડખામાં દરદ થતું હોય તે, તૃષારોગ અને જ્વર એટલા વાનાં મટે છે.

ગળફામાં લોહી પડે એવાં ઉરઃક્ષતનું ઔષધ

वर्षाभूशर्करारक्तशालितण्डुलजं रजः।
रक्तष्ठीवी पिबेत्सिद्धं द्राक्षारसपयोघृतैः ॥८४॥
मधूकमधुकक्षीरसिद्धं वा तण्डुलीयकम्।

જેને લોહીના ગળફા પડતા હોય તેણે સાટોડી, રાતી શાળના ચોખા અને સાકરનું ચૂર્ણ કાળી દ્રાક્ષનો રસ, દૂધ અને ઘીમાં સિદ્ધ કરીને પીવું; અથવા મહુડાં, જેઠીમધ અને દૂધ એમાં સિદ્ધ કરેલો તાંદળજો પીવો.

ઉરઃક્ષતમાં ક્યાંથી લોહી પડે તો કયું ઔષધ કરવું?

यथास्वं मार्गविसृते रक्ते कुर्याच्च भेषजम् ॥८५॥

ઉરઃક્ષતમાં જે લોહી મુખ વગેરે માર્ગથી પડતું હોય તો રક્તપિત્તની ચિકિત્સામાં કહ્યા પ્રમાણે જે રસ્તેથી લોહી પડતું હોય તે રસ્તા માટે કહેલો ઉપાય કરવો.

મૂઢવાયુવાળા ઉરઃક્ષતનું ઔષધ

मूढवातस्त्वजामेदः सुराभृष्टं ससैन्धवम्।

ઉરઃક્ષતરોગમાં જેનો વાયુ આવૃત થઈને (નિ. અ. ૧૬) રોકાઈ ગયો હોય, તેને બકરીની ચરબીને સુરામાં શેકીને તેમાં લગાર સિંધવ નાખીને ખાવા આપવી.

ક્ષિણ, દૂબળા ઉરઃક્ષતના રોગીનું ઔષધ

क्षामः क्षीणः क्षतोरस्को

मन्दनिद्रोऽग्निदीप्तिमान् ॥ ८६ ॥
शृतक्षीरसरेणाद्यात्सघृतक्षौद्रशर्करम् ।

જે ઉરઃક્ષતવાળો રોગી શરીરે કૃશ અને ક્ષીણ થઈ ગયો હોય, ઊંઘ કમી થઈ ગઈ હોય અને જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, તેણે ખડરીની ચરબીમાં ઘી, મધ અને સાકર નાખી તે ચરબી દૂધની તર (મલાઈ) સાથે ખાવી.

शर्करायवगोधूमं जीवकर्षभकौ मधु ॥ ८७ ॥
शृतक्षीरानुपानं वा लिह्यात्क्षीणः क्षतः कृशः ।

અથવા જે માણસ ઉરઃક્ષતથી ક્ષીણ અને કૃશ થઈ ગયો હોય તેણે સાકર, જવ, ઘઉં, જીવક, ઋષભક અને મધ, એ ઔષધોનો અવલેહ ચાટવો અને પછી ઉકાળેલુ દૂધ પીવુ.

क्रव्यात्पिशितनिर्यूहं घृतभृष्टं पिबेच्च सः ॥८८॥
पिप्पलीक्षौद्रसंयुक्तं मांसशोणितवर्धनम् ।

જે ઉરઃક્ષતનો દરદી શરીરે કૃશ થઈ ગયો હોય તેણે માંસાહારી પ્રાણીના માંસરસને ઘીમાં શેકીને તેમાં પીપરનું ચૂર્ણ અને મધ નાખીને પીવુ, તેથી માસ અને લોહીની વૃદ્ધિ થાય છે.

વીર્ય, બળ અને ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ થઈ હોય એવા ઉરઃક્ષતનું ઔષધ

न्यग्रोधोदुम्बराश्वत्थप्लक्षशालप्रियङ्गुभिः ॥८९॥
तालमस्तकजम्बूत्वक्प्रियालैश्च सपद्मकैः ।
साश्वकर्णैः शृतात्क्षीराद्दध्नाज्जातेन सर्पिषा ॥९०॥
शाल्योदनं क्षतोरस्कः क्षीणशुक्रबलेन्द्रियः ।

જે ઉરઃક્ષતવાળાનાં વીર્ય, બળ અને ઇંદ્રિયોની શક્તિ ઘટી ગયાં હોય, તેણે વડ, ઉદુંબર (ઉમેડો), પીપળો, પીપર, રાળ, કાંગનું ઝાડ, જાંબુડો, ચારોળીનુ વૃક્ષ, એ સર્વની અંતરછાલ, તાડના મથાળાનાં પાંદડાં, પદ્મકાષ્ઠ, રાળ, એ સર્વે ઔષધિઓ દૂધમાં નાખીને ઉકાળેલા દૂધને આખરીને બનાવેલાં દહીંમાંથી બનાવેલા ઘી સાથે શાલિ જાતની ડાંગરનો ભાત ખાવો.

વાતપિત્ત અને વાયુની પીડાવાળા ઉરઃક્ષતનું ઔષધ

वातपित्तार्दितेऽभ्यङ्गो गात्रभेदे घृतैर्मतः ॥९१॥
तैलैश्चानिलरोगघ्नैः पीडिते मातरिश्वना ।

ઉરઃક્ષતની ઉધરસમાં રોગી વાતપિત્તથી પીડાતો હોય અને તેનાં અંગ ફાટતાં હોય તો શરીર ઘી ચોળવુ; અને તે જો વાયુથી પીડાતો હોય તો વાયુના રોગનો નાશ કરનારાં તેલ શરીરે ચોળવાં.

हृत्पार्श्वार्तिषु पानं स्याज्जीवनीयस्य सर्पिषः ॥९२
कुर्याद्वा वातरोगघ्नं पित्तरक्ताविरोधि यत् ।

ઉરઃક્ષતરોગમાં જો હૃદય અને પડખામાં પીડા થતી હોય તો જીવનીયઘૃત પીવું અથવા રક્તપિત્તનું વિરોધી જે ઔષધ વાયુના રોગનો નાશ કરનારું હોય તે કરવું.

(સૂત્રસ્થાનના અધ્યાય ૧૫ના શ્લોક ૮માં જીવનીયગણમાં જે ઔષધો ગણાવ્યાં છે, તેનાથી સિદ્ધ કરેલા ઘીને જીવનીયઘૃત કહેવાય છે.)

ફિક્કા, દૂબળા, પાતળા ઉરઃક્ષતવાળા માટે જુદાં જુદાં સિદ્ધ ઘી અને ઘીના લાડુ

(શ્લોક ૯૩ થી ૧૧૩)

यष्ट्याह्वनागबलयोः क्वाथे क्षीरसमे घृतम् ॥९३॥
पयस्यापिप्पलीवांसीकल्कैः सिद्धं क्षतं हितम् ।

જેઠીમધ અને નાગબલાના ક્વાથમાં ક્વાથ જેટલું દૂધ નાખવું અને દૂધથી ચતુર્થાંશ ઘી નાખીને તેમાં ક્ષીરકાકોલી, પીપર અને વંશલોચનનો કલ્ક નાખીને ઘી સિદ્ધ કરવું એ ઘી ઉરઃક્ષતની ઉધરસમાં હિતકર છે.

(અમૃતપ્રાશ ઘી)

जीवनीयो गणः शुण्ठी वरी वीरा पुनर्नवा ॥९४॥
बलाभार्गीस्वगुप्तर्द्धिशठीतामलकीकणाः ।
शृङ्गाटकं पयस्या च पञ्चमूलं च यल्लघु ॥९५॥
द्राक्षाक्षोडादि च फलं मधुरस्निग्धबृंहणम् ।
तैः पचेत्सर्पिषः प्रस्थं कर्षांशैः श्लक्ष्णकल्कितैः ॥
क्षीरधात्रीविदारीक्षुच्छागमांसरसान्वितम् ।
प्रस्थार्धं मधुनः शीते शर्करार्धतुलारजः ॥९७॥
पलार्धकं च मरिचत्वगेलापत्रकेसरम् ।
विनीय चूर्णितं तस्माल्लिह्यान्मात्रां यथाबलम् ।९८
अमृतप्राशमित्येतन्नराणाममृतं घृतम् ।
सुधामृतरसं प्राश्यं क्षीरमांसरसाशिना ॥९९॥
नष्टशुक्रक्षतक्षीणदुर्बलव्याधिकर्शितान् ।
स्त्रीप्रसक्तान् कृशान् वर्णस्वरहीनांश्च बृंहयेत् ॥
कासहिध्माज्वरश्वासदाहतृष्णास्रपित्तनुत् ।
पुत्रदं छर्दिमूर्च्छाहृद्योनिमूत्रामयापहम् ॥१०१॥

જીવનીયગણ પાછળ સૂત્રસ્થાનમાં અધ્યાય ૧૫ શ્લોક ૮માં કહેવામાં આવ્યો છે. તેમાં કહેલાં તમામ ઓષધો, સૂંઠ, શતાવરી, મહાશતાવરી, સાટોડી, ખલદાણા, ભારંગ, કૌચાં, ઋદ્ધિ, પટ્કચૂરો, ભોંઆમલી, પીપર, શિંગોડું, ક્ષીરકાકોલી, લઘુ પંચમૂળ; કાળી દ્રાક્ષ, અખોડ વગેરે મધુર, સ્નિગ્ધ અને પૌષ્ટિક ફળ, એ સર્વ ઓષધ એકએક તોલો લઈને તેમનો સૂક્ષ્મ કલ્ક કરવો અને તે ૧૨૮ તોલા ઘીમાં નાખવો. પછી દૂધ, આમળાંનો રસ, વિદારીકંદનો રસ, શેરડીનો રસ અને બકરાના માંસનો રસ, એ સર્વ રસમાં તે ઘી પકવ કરવું. ઘી ઠંડું થયા પછી તેમાં ૬૪ તોલા મધ, ૨૦૦ તોલા સાકરનું ચૂર્ણ અને મરી, તજ, એલચી, તમાલપત્ર અને કેસર, એ સર્વે બે બે તોલા ચૂર્ણ કરીને નાખવાં. એ સર્વ એકત્ર કરવું અને પછી રોગીએ પોતાની શક્તિ પ્રમાણે તેમાંથી લઈને ચાટવું, એને અમૃતપ્રાશ નામે ઘૃત કહે છે. તે જેમ નાગ લોકોને સુધા અને દેવોને અમૃત છે તેમ મનુષ્યોને અમૃત જેવો ગુણ આપનારું છે. દૂધ અને માંસરસનું ભોજન કરનારા મનુષ્યોએ આ ઘૃત ખાવું. જે પુરુષનું વીર્ય નાશ પામ્યું હોય, જે માણસ ઉરઃક્ષતથી ક્ષીણ થયેલા હોય, જે દુર્બળ હોય અને રોગથી કૃશ થયેલા હોય, જે પુરુષ સ્ત્રીનો અતિશય ઉપભોગ કરતા હોય, જે કૃશ થઈ ગયેલા હોય, અને જે માણસોની કાંતિ કે સ્વર નાશ પામ્યા હોય, તેમને એ (કૃશપણાથી મુક્ત કરી) પુષ્ટ કરે છે. વળી તે ખાંસી, હેડકી, જ્વર, દમ, દાહ, તરસનો રોગ અને રક્તપિત્તનો નાશ કરે છે, તે પુત્ર આપે છે; અને ઊલટીનો, મૂર્છાનો તથા હૃદય, યોનિ અને મૂત્રના રોગોનો નાશ કરે છે.

શ્વદંષ્ટ્રોશીરમઞ્જિષ્ઠાબલાકાશ્મર્યકત્તૃણમ્ ।
દર્ભમૂલં પૃથક્પર્ણી પલાશર્ષભકૌ સ્થિરામ્ ॥૧૦૨
પાલિકાનિ પચેત્તેષાં રસે ક્ષીરચતુર્ગુણે ।
કલ્કૈઃ ખગુપ્તાજીવન્તીમેદર્ષભકજીવકૈઃ ॥૧૦૩॥
શતાવર્યદ્ધિમૃદ્વીકાશર્કરાશ્રાવણીબિસૈઃ ।
પ્રસ્થઃ સિદ્ધો ઘૃતાદ્વાતપિત્તહૃદ્રોગશૂલનુત્ ॥૧૦૪
મૂત્રકૃચ્છ્રપ્રમેહાર્શઃકાસશોષક્ષયાપહઃ ।
ધનુઃસ્ત્રીમદ્યભારાધ્વખિન્નાનાં બલમાંસદઃ ॥૧૦૫

ગોખરુ, વાળો, મજીઠ, ખળદાણા, કાશ્મરી (શીવણ, સવની), રોહિસ, દર્ભનું મૂળ, પૃશ્નિપર્ણી, ખાખરો, ઋષભક, શાલિપર્ણી, એ સર્વનો રસ ચારચાર તોલા લઈને તેમાં ને સર્વથી ચોથા ભાગનું દૂધ નાખવું. પછી તેમાં કૌચાં, જીવંતી, મેદા, ઋષભક, જીવક, શતાવરી, ઋદ્ધિ, કાળી દ્રાક્ષ, સાકર, ગોરખમુંડી અને કમળ એ સર્વનો કલ્ક કરીને નાખવો તથા તેમાં ૬૪ તોલા ઘી પકવ કરવું. એ ઘી વાયુ, પિત્ત, હૃદયના રોગ અને શૂળનો નાશ કરે છે; મૂત્રકૃચ્છ, પ્રમેહ, હરસ, ખાંસી, શોષ અને ક્ષયને દૂર કરે છે; તથા ધનુષ્ય ખેંચવાથી, સ્ત્રી સેવવાથી, દારૂ પીવાથી, ભાર ઊંચકવાથી અને ચાલવાથી થાકી ગયેલાઓને બળ અને માંસ આપે છે.

મધુકાષ્ટપલદ્રાક્ષાપ્રસ્થક્વાથે પચેદ્ઘૃતમ્ ।
પિપ્પલ્યષ્ટપલે કલ્કે પ્રસ્થં સિદ્ધે ચ શીતલે ॥
પૃથગષ્ટપલં ક્ષૌદ્રશર્કરાભ્યાં વિમિશ્રયેત્ ।
સમસક્તુ ક્ષતક્ષીણરક્તગુલ્મેષુ તદ્ધિતમ્ ॥૧૦૭॥

જેઠીમધ બત્રીસ તોલા અને કાળી દ્રાક્ષ ૬૪ તોલા લઈને તે બન્નેનો ક્વાથ કરવો. તેમાં ૬૪ તોલા ઘી નાખીને બત્રીસ તોલા પીપરનો કલ્ક નાખવો. પછી ઘી પકવ (સિદ્ધ) કરીને ગાળી લેવું તથા ઠંડું પડ્યા પછી તેમા બત્રીસ તોલા મધ અને બત્રીસ તોલા સાકર નાખવી. એ ઘીમાં ઘી જેટલા વજનનો સાથુ નાખીને ખાવાથી ઉરઃક્ષતથી ક્ષીણ થયેલા માણસને અને રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીને ફાયદો થાય છે.

ધાત્રીફલવિદારીક્ષુજીવનીયરસાદ્ઘૃતાત્ ।
ગવ્યાજયોશ્ચ પયસોઃ પ્રસ્થં પ્રસ્થં વિપાચયેત્ ॥
સિદ્ધશીતે સિતાક્ષૌદ્રં દ્વિપ્રસ્થં વિનયેત્તતઃ ।
યક્ષ્માપસ્મારપિત્તાસૃક્કાસમેહક્ષયાપહમ્ ॥૧૦૯॥
વયઃસ્થાપનમાયુષ્યં માંસશુક્રબલપ્રદમ્ ।

આમળાં, વિદારીકંદ, શેરડી, જીવનીયગણનાં ઓષધો, એ સર્વનો રસ કરીને તે ૬૪ તોલા લેવો. ઘી ૬૪ તોલા લેવું. ગાયનું દૂધ ૬૪ તોલા લેવું. બકરીનું દૂધ ૬૪ તોલા લેવું.

પછી રીત પ્રમાણે (ક. અ. ૬) ઘી પકવ કરીને તેને ગાળી લઈ ઠંડુ પડવા દઈ ૬૪ તોલા સાકર અને ૬૪ તોલા મધ તેમાં નાખવું. પછી તે ઘી ખાવું, તેથી યક્ષ્મા (રોગ), વાઈ, રક્તપિત્ત, ખાંસી, પ્રમેહ અને ક્ષય, એ રોગ દૂર થાય છે. વળી તે ઘી ઉમ્મરને સ્થિર કરે છે, આયુષ્ય આપે છે તથા માંસ, વીર્ય અને બળ આપે છે.

કયો દોષ વધારે હોય તો ઘી ચાટવું કે પીવું?

घृतं तु पित्तेऽभ्यधिके लिह्याद्वातेऽधिके पिबेत् ११०
लीढं निर्वापयेत्पित्तमल्पत्वाद्धन्ति नानलम् ।
आक्रामत्यनिलं पीतमूष्माणं निरुणद्धि च ॥ १११ ॥

પિત્તની અધિકતા હોય તો ઘી ચાટવું અને વાયુની અધિકતા હોય તો ઘી પીવુ. ઘી ચાટવાથી તે પિત્તને શમાવે છે, અને તે થોડું હોવાથી જઠરાગ્નિનો નાશ કરતું નથી. પીધેલું ઘી વાયુને જીતે છે અને જઠરાગ્નિને કાંઈક શમાવે છે (લગાર મંદ કરે છે).

નોંધ : (આ શ્લોકો ચરકસંહિતાના ચિકિત્સાસ્થાન અધ્યાય ૧૧ શ્લોકો ૫૨, ૫૩નો ઉતારો છે. એ શ્લોકો પર ટીકા લખતાં આયુર્વેદદીપિકા ટીકામાં ટીકાકાર ચક્રપાણિદત્ત લખે છે કે ઉપર કહેલા ધાત્રીફલાદિ ઘૃતમાં સાકર વગેરે નાખવાથી એ ચાટવા જેવું થાય છે. એવું સાકર વગેરે વાળું ધાત્રીફલાદિ ઘૃત પિત્ત વધારે હોય તો ચાટવું. જો વાયુ વધારે હોય તો ધાત્રીફલાદિ ઘૃતમાં સાકર વગેરે (એટલે સાકર અને મધ) નાખવું નહિ એટલે એ ઘી પીવા જેવું બનશે. આવું સાકર વગેરે વિનાનું ધાત્રીફલાદિ ઘૃત વાયુ વધારે હોય તો પીવું.)

क्षामक्षीणकृशाङ्गानामेतान्येव घृतानि तु ।
त्वक्क्षीरीशर्करालाजचूर्णैः स्त्यानानि योजयेत् ॥
सर्पिर्गुडान् समध्वंशान् कृत्वा दद्यात्पयोऽनु च ।
रेतो वीर्यं बलं पुष्टिं तैराशुतरमाप्नुयात् ॥ ११३ ॥

પૂર્વે જે ઘી કહ્યાં છે તે જ ઘી શરીરે જે ફિક્કા હોય તેમને, નબળા હોય તેમને અને દૂબળા (પાતળા) હોય તેમને વંશલોચન, પીપર અને ડાંગરની ધાણીના ચૂર્ણ સાથે પાવાં. તથા તે ઘી નાખીને સાકર અને મધના લાડુ કરવા. સાકર ખસો તોલા લેવી, મધ ૬૪ તોલા લેવું. એ લાડુ ખવડાવ્યા પછી દૂધ પાવું. તેથી કરીને વીર્ય, બળ અને પુષ્ટિ ઉતાવળે પ્રાપ્ત થાય છે.

કૂષ્માણ્ડકરસાયન

वीतत्वगस्थिकूष्माण्डतुलां स्विन्नां पुनः पचेत् ।
घट्टयन् सर्पिषः प्रस्थे क्षौद्रवर्णेऽत्र च क्षिपेत् ॥ ११४
खण्डाच्छतं कणाशुण्ठ्योर्द्विपलं जीरकादपि ।
त्रिजातधान्यमरिचं पृथगर्धपलांशकम् ॥ ११५ ॥
अवतारितशीते च दत्वा क्षौद्रं घृतार्धकम् ।
खजेनामथ्य च स्थाप्यं तन्निहन्त्युपयोजितम् ॥ ११६
कासहिध्माज्वरश्वासरक्तपित्तक्षतक्षयान् ।
उरःसन्धानजननं मेधास्मृतिबलप्रदम् ॥ ११७ ॥
अश्विभ्यां विहितं हृद्यं कूष्माण्डकरसायनम् ।

એક કોળું લાવીને તેમાંથી ખિયાં તથા છોડાં (છાલ) કાઢી નાખવાં. પછી તેના કકડા કરીને તેમાંથી ૪૦૦ તોલા જેટલું વજન લઈને તેને પાણીમાં બાફી કાઢવા. પછી ૧૨૮ તોલા ઘી લઈને તેને તેમાં શેકવા અને તવેથાથી ફેરવતા જવું. જ્યારે તે મધના રંગ જેવા રંગના થાય, ત્યારે તેમાં ૪૦૦ તોલા ખાંડ નાખવી, પીપર આઠ તોલા નાખવી, સૂંઠ આઠ તોલા નાખવી, જીરું આઠ તોલા નાખવું, ત્રિજાત (તજ, તમાલપત્ર, એલચી ભેગાં) બે તોલા નાખવાં, ધાણા બે તોલા નાખવા, મરી બે તોલા નાખવાં. પછી તેને ચૂલા પરથી નીચે ઉતારીને ઠંડું પડવા દઈ તેમાં ૬૪ તોલા મધ નાખવું અને કડછી વતી હલાવીને માટીના ગીઠા વાસણમાં કે કાચની બરણીમાં મૂકી રાખવું. એ પાક ખાવાથી ખાંસી, હેડકી, તાવ, દમ, રક્તપિત્ત, ઉરઃક્ષત, ક્ષય, એ રોગોનો નાશ થાય છે; છાતીમાં ચાંદું પડ્યું હોય તેને રૂઝ આવે છે; વળી તે બુદ્ધિ, સ્મૃતિ અને બળ આપે છે. આ હૃદયને હિતકર રસાયન અશ્વિનીકુમારોએ કહેલું છે.

નાગબલારસાયન

चित्रेऽश्वागबलामूलस्यार्धकर्षाभिवर्धितम् ॥ ११८ ॥
पलं क्षीरयुतं मासं क्षीरवृत्तिरनन्नभुक् ।

एष प्रयोगः पुष्ट्यायुर्बलवर्णकरः परम् ॥ ११९॥
मण्डूकपर्ण्याः कल्पोऽयं यष्ट्या विश्वौषधस्य च ।

ચાર તોલા નાગબલાના મૂળને દૂધ સાથે પીવું તથા રોજરોજ અરધોઅરધો તોલો તે ચૂર્ણ વધારતા રહેવુ. એ પ્રમાણે એક મહિના સુધી પ્રયોગ કરવો. એ પ્રયોગ કરનારા મનુષ્યે દૂધ ઉપર પોતાનો નિર્વાહ કરવો; અન્ન ખાવું નહિ. આ પ્રયોગ પુષ્ટિ, આયુષ્ય, બળ અને કાંતિ આપવામાં શ્રેષ્ઠ છે. એ જ પ્રયોગ (નાગબલાને ઠેકાણે) મજીઠ, જેઠીમધ અથવા સૂંઠનો પણ કરવાથી એ જ ગુણ આપે છે.

નાગબલાઘૃત

पादशेषे जलद्रोणे पचेन्नागबलातुलाम् ॥ १२० ॥
तेन काथेन तुल्यांशं घृतं क्षीरं च साधयेत् ।
पलार्धिकैश्चातिबलाबलायष्टीपुनर्नवैः ॥ १२१ ॥
प्रपौण्डरीककाश्मर्यप्रियालकपिकच्छुभिः ।
अश्वगन्धासिताभीरुमेदायुग्मत्रिकण्टकैः ॥ १२२ ॥
काकोलीक्षीरकाकोलीक्षीरशुक्लाद्विजीरकैः ।
मृणालबिसखर्जूरशृङ्गाटककसेरुकैः ॥ १२३ ॥
एतन्नागबलासर्पिः पित्तरक्तक्षतक्षयान् ।
जयेत्तृड्भ्रमदाहांश्च बलपुष्टिकरं परम् ॥ १२४ ॥
वर्ण्यमायुष्यमोजस्यं वलीपलितनाशनम् ।
उपयुज्य च षण्मासान् वृद्धोऽपि तरुणायते ॥ १२५ ॥

આસરે સાડીપચીસ શેર પાણીમાં દસ શેર નાગબલાનો ક્વાથ કરવો. તે ક્વાથ ઊકળતાં ચોથા ભાગનું પાણી બાકી રહે, ત્યારે તેમાં ક્વાથ જેટલું ઘી તથા તેટલું જ દૂધ નાખીને તેનો પાક કરવો. ઘી પકવ કરતાં પહેલાં તેમાં અતિબલા, બલા, જેઠીમધ, સાટોડી, સ્થળકમળ, કાશ્મરી, ચારોળી, કૌચાં, આસંધ, સાકર, શતાવરી, મેદા, , મહામેદા, ગોખરુ, કાકોલી, ક્ષીરકાકોલી, શ્વેત વિદારીકંદ (ભોંયકોળું), જીરું, શાહજીરું, એ ઔષધો બે-બે તોલા લઈને તેનો કલ્ક તેમાં નાખવો. એ રીતે સિદ્ધ થયેલા ઘીને નાગબલાઘૃત કહે છે. તે ઘી ખાવાથી રક્તપિત્ત, ઉરઃક્ષત, ક્ષય, તરસ, ચક્કર, દાહ એ રોગ મટે છે. તે બળ આપવામાં અને પુષ્ટિ કરવામાં શ્રેષ્ઠ છે. તે કાંતિ આપે છે, આયુષ્યને વધારે છે અને ઓજની વૃદ્ધિ કરે છે. વળી તે શરીરે પડેલી કરચલીઓ અને પળિયાંનો નાશ કરે છે. એ ઘીનું છ માસ સુધી સેવન કરવાથી વૃદ્ધ માણસ પણ જુવાન થાય છે.

મંદ અગ્નિવાળા ઉરઃક્ષતનાં ઔષધ

दीप्तेऽग्नौ विधिरेष स्यात्
मन्दे दीपनपाचनः ।
यक्ष्मोक्तः क्षतिनां शस्तो, ग्राही शकृति तु द्रवे १२६

ઉપર જે ઔષધ કહ્યાં છે તે પ્રદીપ્ત જઠરાગ્નિવાળાને આપવા જેવા છે. જો અગ્નિ મંદ હોય તો ઉરઃક્ષતવાળાને રાજયક્ષ્મા(ક્ષય)ની ચિકિત્સામાં જે દીપન પાચન ઔષધ કહેવામાં આવશે તે કરવાં. જો ઝાડો પાતળો આવતો હોય તો ઝાડો બંધાય એવા ઉપાય કરવા.

અગસ્ત્યરસાયન (અગસ્ત્યહરીતકી)

दशमूलं स्वयंगुप्तां शङ्खपुष्पीं शठीं बलाम् ।
हस्तिपिप्पल्यपामार्गपिप्पलीमूलचित्रकान् ॥ १२७
भार्गीं पुष्करमूलं च द्विपलांशं यवाढकम् ।
हरीतकीशतं चैकं जलपञ्चाढके पचेत् ॥ १२८ ॥
यवस्वेदे कषायं तं पूतं तच्चाभयाशतम् ।
पचेद्गुडतुलां दत्त्वा कुडवं च पृथग्घृतात् ॥ १२९ ॥
तैलात्सपिप्पलीचूर्णात्सिद्धशीते च माक्षिकात् ।
लेहं द्वे चाभये नित्यमतः खादेद्रसायनात् ॥ १३० ॥
तद्वलीपलितं हन्याद्वर्णायुर्बलवर्धनम् ।
पञ्चकासान् क्षयं श्वासं सहिध्मं विषमज्वरम् ॥ १३१
मेहगुल्मग्रहण्यर्शोहृद्रोगारुचिपीनसान् ।
अगस्त्यविहितं धन्यमिदं श्रेष्ठं रसायनम् ॥ १३२ ॥

દશમૂળ, કૌચાં, શંખપુષ્પી, ષટ્કચૂરો, બળદાણા, ગજપીપર, અપામાર્ગ (અઘેડો), પીપરીમૂળ, ચિત્રો, ભારંગ, પુષ્કરમૂળ એ સર્વે ઔષધિઓ આઠઆઠ તોલા લેવી. ૨૫૬ તોલા જવ લેવા. એક સો (મોટી) હરડે લેવી. એ સર્વને ૧૨૮૦ તોલા અથવા જવ કરતાં પાંચગણા પાણીમાં નાખીને ઉકાળવાં. જ્યારે જવ બફાઈ જાય ત્યારે તે ક્વાથને ગાળી લેવો અને પેલી સો હરડે પણ કાઢી લેવી. પછી પેલા ક્વાથમાં ૪૦૦ તોલા ગોળ અને પેલી સો હરડે નાખીને તેમાં ઘી, તેલ તથા પીપરનું ચૂર્ણ

સોળસોળ તોલા નાખવું અને ફરી ફક્ત ગોળ બાકી રહેતા લગી પાક કરવો. જ્યારે તે પાક તૈયાર થાય, ત્યારે ઠંડો પડ્યા પછી સોળ તોલા મધ તેમાં નાખવું. આ રસાયનરૂપ અવલેહમાંથી દરરોજ બે પલ એટલે આઠ તોલા જેટલો અવલેહ ચાટવો અને પેલી બે હરડે ખાવી. તેથી શરીરે પડેલી કરચલીઓ અને પળિયાંનો નાશ થાય છે; કાંતિ, આયુષ્ય અને બળ વધે છે; પાંચ પ્રકારની ખાંસી, ક્ષય, દમ, હેડકી, વિષમજ્વર, પ્રમેહ, ગોળો, સંગ્રહણી, હરસ, હૃદયના રોગ, અરુચિ, સળેખમ, એ સર્વે રોગ મટે છે. આ અગસ્ત્ય ઋષિએ કહેલું રસાયન અતિ ઉત્તમ છે.

વસિષ્ઠરસાયન (વસિષ્ઠહરીતકી)

दशमूलं बलां मूर्वां हरिद्रे पिप्पलीद्वयम् ।
पाठाश्वगन्धापामार्गस्वगुप्तातिविषामृताः ॥१३३॥
बालबिल्वं त्रिवृद्दन्तीमूलं पत्रं च चित्रकात् ।
पयस्यां कुटजं हिंस्रां पुष्पं सारं च बीजकात् ॥
बोटस्थिरभल्लातविकङ्कतशतावरीः ।
पूतीकरञ्जशम्याकचन्द्रलेखासहाचरम् ॥ १३५ ॥
सौभाञ्जनकनिम्बत्वगिक्षुरं च पलांशकम् ।
पथ्यासहस्रं सशतं यवानां चाढकद्वयम् ॥१३६॥
पचेदष्टगुणे तोये यवस्वेदेऽवतारयेत् ।
पूते क्षिपेत्सपथ्ये च तत्र जीर्णगुडात्तुलाम् ॥१३७॥
तैलाज्यधात्रीरसतः प्रस्थं प्रस्थं ततः पुनः ।
अधिश्रयेन्मृदावग्नौ दर्वीलेपेऽवतार्य च ॥ १३८॥
शीते प्रस्थद्वयं क्षौद्रात्पिप्पलीकुडवं क्षिपेत् ।
चूर्णीकृतं त्रिजाताच्च त्रिपलं निखनेत्ततः ॥१३९॥
धान्ये पुराणकुम्भस्थं मासं खादेच्च पूर्ववत् ।
रसायनं वसिष्ठोक्तमेतत्पूर्वगुणाधिकम् ॥ १४० ॥
स्वस्थानां निष्परीहारं सर्वर्तुषु च शस्यते ।

દશમૂળ, બળદાણા, મૂર્વા (મોરવેલ), હળદર, દારુહળદર, પીપર, ગજપીપર, કાળીપાટ, આસંધ, અઘેડો, કૌંચાં, અતિવિષ, ગળો, નાનાં બીલાં, નસોતર, દંતીમૂળ, ચિત્રાનાં પાંદડાં, ક્ષીરકાકોલી, ઇંદ્રજવ, જટામાંસી, બિજોરાંનાં ફૂલ અને ગર્ભ, ગોરખમુંડી, ભિલામો, વીકળો, શતાવરી, પૂતિકરંજ, ગરમાળો, બાવચી, કાંટાસળિયો, સરગવો, લીંબડાની અંતરછાલ, એખરો એ સર્વે ઔષધ ચારચાર તોલા લેવાં. મોટી હરડે ૧૧૦૦ લેવી. જવ ૫૧૨ તોલા લેવા. એ સર્વનો આઠગણા પાણીમાં ક્વાથ કરવો અને જ્યારે જવ બફાય, ત્યારે નીચે ઉતારીને ક્વાથ ગાળી લેવો. પછી તેમાં પેલી ૧૧૦૦ હરડે નાખીને જૂનો ગોળ ૪૦૦ તોલા નાખવો અને તેલ, ઘી અને આમળાંનો રસ ચોસઠ–ચોસઠ તોલા નાખવો ને પછી ફરીને પાછું તે સર્વને ચૂલે ચડાવવું અને ધીમા તાપથી તેનો પાક કરવો. જ્યારે તે પાક કડછીને ચોટે એટલો ઘાડો થાય, ત્યારે તેને નીચે ઉતારવો અને ઠંડો પડે ત્યારે ૧૨૮ તોલા મધ નાખવુ. સોળ તોલા પીપરનુ ચૂર્ણ નાખવું અને તજ, તમાલપત્ર અને એલચી એ ત્રણના ભેગા ચૂર્ણમાંથી બાર તોલા નાખવુ અને પછી તે સર્વને એકત્ર કરીને ઘીના ચીઠા વાસણમાં (માટીના ગેઠા ગાડવામાં) ભરીને અનાજની કોઠીમાં એક મહિનો દાટી રાખવું. મહિનો પૂરો થાય પછી પાછળ અગસ્ત્યરસાયનમાં કહ્યા પ્રમાણે ખાવુ. તેથી તેમાં કહેલા રોગો મટી જશે અને તે કરતાં વધારે ગુણ આપશે. આ વસિષ્ઠ મુનિએ કહેલું રસાયણ સર્વે ઋતુઓમાં વખાણવા યોગ્ય છે, ખાવાથી સારો ગુણ આપે છે. એ રસાયન રોગ વિનાના (સાજા) માણસ માટે ખાસ જરૂરનું (ન છોડવા જેવુ) છે. ને સર્વે ઋતુમાં વાપરવા યોગ્ય છે.

પાડવચૂર્ણ

पालिकं सैन्धवं शुण्ठी द्वे च सौवर्चलात्पले १४१
कुडवांशानि वृक्षाम्लं दाडिमं पत्रमार्जकात् ।
एकैकं मरिचाजाज्योर्धान्यकाद् द्वे चतुर्थिके १४२
शर्करायाः पलान्यत्र दश द्वे च प्रदापयेत् ।
कृत्वा चूर्णमतो मात्रामन्नपानेषु दापयेत् ॥ १४३
रुच्यं तद्दीपनं बल्यं पार्श्वार्तिश्वासकासजित् ।

સિંધવ અને સૂંઠ એકએક પલ લેવાં. સંચળ બે પલ લેવું. આમચૂર, દાડમ અને તુલસીનાં પાંદડાં એ ત્રણ ચારચાર પલ લેવાં. મરી અને જીરું એકએક પલ લેવાં. ધાણા બે પલ લેવા. સાકર બાર પલ લેવી. (પલ

એટલે ચાર તોલા જાણવું.) એ સર્વનું ચૂર્ણ કરીને તે માપસર ખાવાપીવામાં આપવું. એ ચૂર્ણ રુચિ ઉત્પન્ન કરનારું, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારું, બળ આપનારું, પાસાંમાંની પીડા હરનારું અને દમ તથા ખાંસીને મટાડનારું છે.

બીજું પાડવચૂર્ણ

पक्वां षोडशिकां धान्याद्
द्वे द्वे चाजाजिदीप्यकात् ॥ १४४ ॥
ताभ्यां दाडिमवृक्षाम्ले
द्विर्द्विः सौवर्चलात्पलम् ।
शुण्ठ्याः कर्षं कपित्थस्य मध्यात्पञ्च पलानि च ॥
तच्चूर्णं षोडशपलैः शर्करायाः विमिश्रयेत्
षाडवोऽयं प्रदेयः स्यादन्नपानेषु पूर्ववत् ॥१४६॥

ધાણા ચાર તોલા, જીરું આઠ તોલા, અજમોદ આઠ તોલા, દાડમનાં બીજ આઠ તોલા, આમચૂર આઠ તોલા, સંચળ ચાર તોલા, સૂંઠ એક તોલો, કોઠાનો ગર્ભ વીસ તોલા, એ સઘળાંના ચૂર્ણમાં ૬૪ તોલા સાકર નાખીને તેને ભેગું કરવું. આ ષાડવ ચૂર્ણ ઉપર (શ્લોક ૧૪૧ થી ૧૪૩૬માં) કહેલા ષાડવ ચૂર્ણની માફક જ ખાવાપીવામાં આપવું.

ઉરઃક્ષતમાં કરવાનો વિધિ

विधिश्च यक्ष्मविहितो यथावस्थं क्षते हितः ।

ઉરઃક્ષતમાં પણ ક્ષયરોગમાં જે વિધિ કહેલો છે (કહેવાશે) તે રોગીની અવસ્થા ઉપર વિચાર કરીને કરવો; કેમ કે તે પણ રોગીને ફાયદો કરનારો છે.

ઉરઃક્ષતમાં કોણે ક્યાં ધૂમપાન કરવાં?

निवृत्ते क्षतदोषे तु कफे वृद्धे उरः शिरः ॥१४७
दाल्यते कासिनो यस्य
स ना धूमान् पिबेदिमान् ।

ઉરઃક્ષતમાં છાતીમાં પડેલી ચાંદી રુઝાયા પછી કફના વધારાથી જેને ઉધરસ આવતી હોય એવા દરદીનું છાતી અને માથું ફાટતું હોય તેણે આગળ કહેવામાં આવશે તે રીતે ધૂમપાન કરવું.

द्विमेदाद्विबलायष्टीकल्कैः क्षौमे सुभाविते ॥१४८॥
वर्तिं कृत्वा पिबेद्धूमं जीवनीयघृतानुपः ।

મેદા, મહામેદા, બલા, અતિબલા, જેઠીમધ એ ઔષધોના કલ્ક વડે રેશમી વસ્ત્રને સારી રીતે પટ દેવા. પછી તેની ગોળ દિવેટ જેવી વાટ કરીને તેનો એક છેડો સળગાવીને વિધિપૂર્વક ધૂમપાન કરવું અને પછી જીવનીયઘૃત (પાછળ કહેલું છે તે) પીવું.

मनःशिलापलाशाजगन्धात्वक्क्षीरिनागरैः ॥
तद्वदेवानुपानं तु शर्करेक्षुगुडोदकम् ।

મનશીલ, ખાખરો, રાની તુળસી, વંશલોચન, સૂંઠ, એ ઔષધોનો કલ્ક કરીને તે વડે ક્ષૌમ (રેશમી) વસ્ત્રને સારી રીતે પટ દેવા પછી તેની ગોળ દિવેટ જેવી વાટ કરીને તેનો એક છેડો સળગાવીને વિધિપૂર્વક ધૂમપાન કરવું; અને પછી સાકરનું પાણી, શેરડીનો રસ કે ગોળનું પાણી અનુપાન તરીકે પીવું.

पिष्ट्वा मनःशिलां तुल्यामार्द्रया वटशुङ्गया ॥१५०
ससर्पिष्कं पिबेद्धूमं तित्तिरिप्रतिभोजनम् ।

લીલી વડવાઈના અંકુરની સાથે મનશીલને વાટીને પાછળ કહ્યું તેમ વર્તિ (વાટ) કરીને ધૂમપાન કરવું તથા પછી ઘી પીવું અને તેતર પક્ષીનું માંસ ખાવું.

ક્ષયરોગની ઉધરસ

(શ્લોક ૧૫૧ થી ૧૮૦)

પહેલું શું કરવું?

क्षयजे बृंहणं पूर्वं कुर्यादग्नेश्च वर्धनम् ॥१५१॥

ક્ષયથી ઉત્પન્ન થયેલી ખાંસીમાં પ્રથમ બૃંહણ (પૌષ્ટિક) ઉપાય કરવા અને જઠરાગ્નિની વૃદ્ધિ કરવી.

કોને કેવું વિરેચન આપવું?

बहुदोषाय सस्नेहं मृदु दद्याद्विरेचनम् ।

જે દોષ વધારે હોય તો સ્નેહ (ઘી વગેરે) સાથે મૃદુ વિરેચન (હલકો જુલાબ) આપવો.

ત્રણ વિરેચન ઘી

शम्याकेन त्रिवृतया मृद्वीकारसयुक्तया ॥ १५२॥
तिल्वकस्य कषायेण विदारीस्वरसेन च ।
सर्पिः सिद्धं पिबेद्युक्त्या क्षीणदेहो विशोधनम्

ગરમાળાનો ગોળ અથવા કાળી દ્રાક્ષના રસમાં ભેળવેલું નસોતર અથવા રાતા લોધર-(તિલ્વક)નો ક્વાથ, અથવા વિદારીકંદ(ભોંય-કોળું)નો સ્વરસ એ ચારમાંથી ગમે તે ઔષધ વડે સિદ્ધ કરેલું ઘી ક્ષયથી નબળા પડેલા રોગીએ દેશ, કાળ વગેરેના બળનો વિચાર કરીને પીવું, તેથી ક્ષયથી ક્ષીણ થયેલા દેહવાળા રોગીના મળની શુદ્ધિ થશે.

શમન ઘી

पित्ते कफे धातुपु च क्षीणेषु क्षयकासवान् ।
घृतं कर्कटकीक्षीरद्विबलासाधितं पिबेत् ॥१५४॥

જે માણસને ક્ષયકાસ (ક્ષયની ખાંસી) થઈ હોય તેનાં પિત્ત અને કફ તથા ધાતુઓ ઓછાં થઈ ગયાં હોય તેણે કાકડાશિંગ, દૂધ, બલા અને અતિબલાથી સિદ્ધ કરેલું ઘી પીવું.

विदारीभिः कदम्बैर्वा तालसस्यैश्च साधितम् ।
घृतं पयश्च
मूत्रस्य वैवर्ण्ये कृच्छ्रनिर्गमे ॥ १५५ ॥

ક્ષયવાળા રોગીના પેશાબનો રંગ બગડ્યો હોય અથવા પેશાબ કષ્ટથી થતો હોય તો વિદારીકંદની જેટલી જાતો મળે તેટલી વડે, અથવા કદંબની જેટલી જાતો મળે તેટલી જાતના કદંબથી, અથવા તાડનાં ફળથી સિદ્ધ કરેલું ઘી અને દૂધ રોગીને પાવું.

કયા ઉપદ્રવોમાં કયું અનુવાસન કરવું?

शूने सवेदने मेढ्रे पायौ सश्रोणिवङ्क्षणे ।
घृतमण्डेन लघुनाऽनुवास्यो मिश्रकेण वा ॥१५६॥

ક્ષયરોગીની મૂત્રેંદ્રિય સૂજી ગઈ હોય તથા તેમાં પીડા થતી હોય, અથવા ગુદા, કમ્મર કે જાંઘનો સાંધો સૂજી ગયો હોય, તો લઘુપંચ-મૂળથી સિદ્ધ કરેલા ઘૃતમંડ વડે અથવા ઘી અને તેલ મિશ્ર કરીને તે વડે અનુવાસનબસ્તિ આપવી.

ઘૃતમંડ: લાંબા વખત સુધી સ્થિર પડી રહેલા ઘી ઉપર જે પાતળું ઘી તરે તેને ઘૃતમંડ કહે છે.

અનુવાસન કર્યા પછીના માંસરસના ઉપચાર

जाङ्गलैः प्रतिभुक्तस्य वर्तकाद्या विलेशयाः ।
क्रमशः प्रसहास्तद्वत्प्रयोज्याः पिशिताशिनः ॥
औष्ण्यात्प्रमाथिभावाच्च स्रोतोभ्यश्च्यावयन्ति ते ।
कफं शुद्धैश्च तैः पुष्टिं कुर्यात्सम्यग् वहन् रसः ॥

ક્ષયરોગીને અનુવાસનબસ્તિ આપ્યા પછી, જો રોગી માંસભોજન કરતો હોય, તો તેને જાંગલ દેશનાં પ્રાણીઓનું માંસ ખાવા આપવું પછી વર્તક વગેરે કોતરમાં રહેનાર પ્રાણી-ઓનું માંસ આપવુ. પછી ક્રમે કરીને (જેમ જેમ જઠરાગ્નિનું બળ વધતું જાય તેમ તેમ) પ્રસહ પ્રાણીઓનું માંસ આપવું; કેમ કે એ સર્વે ઉષ્ણ અને પ્રમાથી× છે, તેથી તે નસો-માંથી કફને ઓગાળીને કાઢી નાખે છે, અને એ રીતે નસો શુદ્ધ થઈ એટલે તે માર્ગે સારી રીતે રસ વહે છે ને તે પુષ્ટિ કરે છે.

જુદાજુદા ઉપદ્રવોવાળી ક્ષયની ઉધરસમાં યોગ્ય સમયે આપવાનાં જુદાંજુદાં સિદ્ધ ઘી

चविकात्रिफलाभार्गीदशमूलैः सचित्रकैः ।
कुलत्थपिप्पलीमूलपाठाकोलयवैर्जले ॥ १५७ ॥
शृतैर्नागरदुःस्पर्शापिप्पलीशठिपौष्करैः ।
पिष्टैः कर्कटशृङ्ग्या च समैः सर्पिर्विपाचयेत् ॥
सिद्धेऽस्मिंश्चूर्णितौ क्षारौ द्वौ पञ्चलवणानि च ।
दत्त्वा युक्तया पिबेन्मात्रां क्षयकासनिपीडितः ॥

ક્ષયથી ઉત્પન્ન થયેલી ઉધરસના રોગવાળાને નીચેનું ઔષધ તૈયાર કરી ખવડાવવું. ચવક, ત્રિફળા, ભારંગ, દશમૂળ, ચિત્રો, કળથી, પીપરી-મૂળ, કાળીપાટ, બોર અને જવ એ સર્વનો પાણીમાં ક્વાથ કરવો તથા તેમાં ઘી નાખીને તેમાં સૂંઠ, ધમાસો, પીપર, પટ્કચૂરો, પુષ્કર-મૂળ અને કાકડાસીંગ, એ સર્વ સમાન લઈને તેનું ચૂર્ણ કરીને નાખવું. પછી ઘી પકવ કરવું. ઘી પકવ થાય એટલે તેમાં જવખાર અને સાજીખાર નાખવા, તથા પાંચ લવણ નાખવાં. પછી ક્ષયની ખાંસીથી પીડાયેલા રોગીએ પોતાની પ્રકૃતિ, દેશ, દોષ ઇત્યાદિ જોઈને તે ઘી માપસર પીવું.

× જે દ્રવ્ય પોતાના સૂક્ષ્મ અને તીક્ષ્ણ ગુણને લીધે સ્રોતમાં પ્રવેશ કરીને વલોવીને તેમાંના દોષને બહાર કાઢી નાખે છે, તે પ્રમાથી દ્રવ્ય કહેવાય છે.

कासमर्दाभयामुस्तापाठाकट्फलनागरैः ।
पिप्पल्या कटुरोहिण्या काश्मर्या सुरसेन च ॥१६२
अक्षमात्रैर्घृतप्रस्थं क्षीरद्राक्षारसाढके ।
पचेच्छोषज्वरप्लीहसर्वकासहरं शिवम् ॥ १६३ ॥

કાસોંદરો, હરડે, મોથ, કાળીપાટ, કાયફળ, સૂંઠ, પીપર, કડુ અને કાશ્મરીનો સ્વરસ, એ સર્વ ઔષધ એકએક તોલો લઈને તેનો કલ્ક કરવો. પછી દૂધ તથા કાળી દ્રાક્ષનો રસ મળીને ૨૫૬ તોલા લેવું તથા તેમાં ૬૪ તોલા ઘી નાખીને તેમાં પેલો કલ્ક નાખીને ઘી પકવ કરવું. એ રીતે પકવ થયેલું ઘી રોગીને ખાવાને આપવું; કેમ કે તે ક્ષયરોગ, જ્વરરોગ, પેટમાં બરોળની ગાંઠ વધે છે તે રોગ અને સર્વ પ્રકારના કાસરોગ (ખાંસીના રોગ) એ સર્વને મટાડે છે તથા આરોગ્ય કરે છે.

वृषव्याघ्रीगुडूचीनां पत्रमूलफलाङ्कुरात् ।
रसकल्कैर्घृतं पक्वं हन्ति कासज्वरारुचीः ॥१६४

અરડૂસી, ભોરીંગણી અને ગળો, એ ઔષધિઓનાં પાંદડાં, મૂળ, ફળ અને અંકુર એ સર્વનો રસ કાઢીને તથા તેમનો કલ્ક કરીને તે વડે સિદ્ધ કરેલું ઘી ખાંસી, જ્વર અને અરુચિ, એટલા વ્યાધિઓને હણે છે, મટાડે છે.

द्विगुणे दाडिमरसे सिद्धं वा व्योषसंयुतम् ।
पिबेदुपरि भुक्तस्य यवक्षारयुतं नरः ॥ १६५ ॥
पिप्पलीगुडसिद्धं वा छागक्षीरयुतं घृतम् ।

અથવા ઘીથી બમણો દાડમનો રસ લઈને તેમાં સૂંઠ, પીપર અને મરીના કલ્ક વડે ઘી સિદ્ધ કરવું, તથા તેમાં જવખાર નાખીને તે ઘી માણસે ભોજન કર્યા પછી પીવું. તેથી ખાંસી, જ્વર અને અરુચિ મટે છે. અથવા પીપર અને ગોળથી ચારગણું ઘી લેવું, ઘીથી ચારગણું પાણી લેવું અને તેમાં ઘી જેટલું બકરીનું દૂધ નાખવું. એ પ્રમાણમાં દૂધ તથા પાણીમાં ઘી નાખીને પીપર અને ગોળના કલ્ક સહિત તેને પકવ કરીને તે ઘી રોગીએ ભોજન કર્યા પછી પીવું.

એ બધાં સિદ્ધ ઘીનાં કાર્ય (અસર)
एतान्यग्निविवृद्ध्यर्थं सर्पींषि क्षयकासिनाम् ॥१६६
स्युर्दोषबद्धकण्ठोरःस्रोतसां च विशुद्धये ।

એ પ્રમાણે પૂર્વે કહ્યાં તે ઘી ક્ષયની ઉધરસવાળા રોગીના અગ્નિની વૃદ્ધિ કરનારાં છે; તથા કફ વગેરે દોષ વડે કંઠ, છાતી અને સ્રોતો બંધ થઈ ગયાં હોય તેમને શુદ્ધ કરનારાં છે.

હરીતકીલેહ

प्रस्थोन्मिते यवक्वाथे विंशतिं विजयाः पचेत् ॥
स्विन्ना मृदित्वा तास्तस्मिन्
पुराणात्षट्पलं गुडात् ।
पिप्पल्या द्विपलं कर्षं मनोह्वाया रसाञ्जनात् ॥१६८
दत्त्वाऽर्धाक्षं पचेद्भूयः
स लेहः श्वासकासजित् ।

એક પ્રસ્થ જવનો ક્વાથ કરીને તેમાં વીસ મોટી હરડે રાંધવી. જ્યારે તે સઘળી હરડે સારી રીતે બફાય, ત્યારે તેને તેમાં જ ચોળી નાંખીને ઠળિયા બહાર કાઢી નાખવા. પછી તેમાં ૨૪ (ચોવીસ) તોલા જૂનો ગોળ, આઠ તોલા પીપરનું ચૂર્ણ, એક તોલો મણશીલ અને અર્ધો તોલો રસાંજન નાખીને ફરીને તેનો પાક કરવો. ઉત્તમ પાક થાય ત્યારે તે લેહને ઉતારીને ઠંડો કરી રોગીને ચાટવા આપવો. તેથી રોગીના દમ અને કાસ (ખાંસી)નો નાશ થશે.

ક્ષારલેહો

श्वाविधां सूचयो दग्धाः सघृतक्षौद्रशर्कराः ॥१६९
श्वासकासहरा, बर्हिपादौ वा मधुसर्पिषा ।
एरण्डपत्रक्षारं वा व्योषतैलगुडान्वितम् ॥१७०॥
लेहयेत्, क्षारमेवं वा सुरसैरण्डपत्रजम् ।
लिह्यात् त्र्यूषणचूर्णं वा पुराणगुडसर्पिषा ॥१७१

શાહુડીનાં સિસોળિયાં બાળીને તેની રાખ કરવી તથા તેમાં ઘી, મધ અને સાકર નાખીને રોગીને તે ચટાડવું. તેથી દમ અને ઉધરસ મટે છે. વળી મોરના પગને બાળીને મધ તથા ઘી સાથે ચાટવાથી દમ અને ઉધરસ મટે છે. અથવા દિવેલનાં (એરંડાનાં) પાંદડાંનો× ક્ષાર કાઢીને તેમાં સૂંઠ, પીપર અને મરીનું ચૂર્ણ, તેલ અને ગોળ મેળવીને તે ચાટવું. અથવા

× પાંદડાંને બાળીને તેની રાખને પાણીમાં ચોળી નાખવી. પછી ઠરવા દઈ નીતર્યું પાણી લોટાની કડાઈમાં લઈને તેને બાળી નાંખવું; એટલે છેવટે ક્ષાર રહેશે. એ જ રીતે બીજા ક્ષાર પણ બનાવવા.

ઉપર કહ્યું એ જ રીતે તુળસીનાં પાંદડાં તથા દિવેલાનાં (એરંડાનાં) પાંદડાં(અથવા સારા રસવાળાં દિવેલાનાં પાંદડાં)નો ક્ષાર, ગોળ, તેલ અને ત્રિકટુ(સૂંઠ, પીપર, મરી)ના ચૂર્ણ સાથે ચાટવો. અથવા જૂનો ગોળ અને ઘીની સાથે સૂંઠ, પીપર અને મરીનું ચૂર્ણ ચાટવું.

ગમે તે જાતની ઉધરસનાં ઔષધો

पद्मकं त्रिफला व्योषं विडङ्गं देवदारु च ।
बला रास्ना च तच्चूर्णं समस्तं समशर्करम् ॥१७२
खादेन्मधुघृताभ्यां वा लिह्यात्कासहरं परम् ।
तद्वन्मरिचचूर्णं वा सघृतक्षौद्रशर्करम् ।

પદ્મક(પદ્મકાષ્ઠ અથવા કમળકાકડી), ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), વાવડિંગ, દેવદાર, બળદાણા, રાસ્ના-એ સર્વનું ચૂર્ણ કરીને તે બધાની બરાબર સાકર તેમાં નાંખવી અને પછી તેને મધ તથા ઘી સાથે ચાટવું. અથવા ઘી, મધ અને સાકર સાથે મરીનું ચૂર્ણ ચાટવું; કેમ કે તે ખાંસી મટાડવામાં શ્રેષ્ઠ છે.

पथ्याशुण्ठीघनगुडैर्गुटिकां धारयेन्मुखे ।
सर्वेषु श्वासकासेषु केवलं वा बिभीतकम् ॥१७४

હરડે, સૂંઠ, મોથ અને જૂનો ગોળ-એ ચાર ઔષધ વડે બનાવેલી ગોળી મુખમાં રાખવાથી સર્વે પ્રકારના દમ તથા ઉધરસ મટે છે. અથવા ફક્ત બહેડાંની છાલ મુખમાં રાખવાથી પણ દમ અને ઉધરસ મટે છે.

पत्रकल्कं घृतभृष्टं तिल्वकस्य सशर्करम् ।
पेया वोत्कारिका छर्दि-
तृट्कासामातिसारजित् ॥ १७५ ॥

રાતા લોધરનાં પાંદડાંના કલ્ક (વાટીને કરેલી લૂગદી)ને થોડા ઘીમાં શેકવો. પછી તે સાકર મેળવીને ખાવું. અથવા રાતા લોધરનાં પાંદડાંની પેયા પીવી. અથવા રાતા લોધરનાં પાંદડાંના કલ્કની પૂરી ખાવી. તેથી ઊબકા, ઊલટી, તરસનો રોગ, ઉધરસ અને આમાતિસાર મટે છે.

कण्टकारीरसे सिद्धो मुद्गयूषः सुसंस्कृतः ।
सगौरामलकः साम्लः सर्वकासभिषग्जितम् ॥

ભોરિંગણીના રસમાં મગને ખાફીને તેનું ઓસામણ કાઢવું તથા તેમાં હિંગ, સિંધવ વગેરે નાખીને તેને વઘારવો. તેમાં ધોળાં આમળાં તથા દાડમ વગેરે ખટાઈ નાખવી. (વળી તેમાં આદું, સૂંઠ વગેરે નાખીને તીખો કરવો.) એ મગનો યૂષ સર્વે પ્રકારની ઉધરસનું ઔષધ છે.

ક્ષયની ઉધરસમાં દૂધ, યૂષ, માંસરસ

वातघ्नौषधनिःक्वाथे क्षीरं यूषान् रसानपि
वैष्किरान् प्रातुदान् बैलान्
दापयेत्क्षयकासिने ॥ १७७ ॥

વાયુને મટાડે એવાં ઔષધના ક્વાથમાં સિદ્ધ થયેલું દૂધ, યૂષ કે વિષ્કિર, પ્રતુદ, બિલમાં રહેનારાં પ્રાણીઓના માંસના રસ ક્ષયની ઉધરસવાળાને આપવા.

ક્ષયની ઉધરસમાં ધૂમપાન તથા શરીર, અગ્નિ અને બળ વધારવાના ઉપાય

क्षतकासे च ये धूमाः सानुपाना निदर्शिताः ।
क्षयकासेऽपि ते योज्या वक्ष्यते यच्च यक्ष्मणि ॥
बृंहणं दीपनं चाग्नेः स्रोतसां च विशोधनम् ।
व्यत्यासात्क्षयकासिभ्यो बल्यं सर्वं प्रशस्यते । १७९

પાછળ ઉરઃક્ષતની ઉધરસમાં જે અનુપાન સહિત ધૂમપાન કરવાનાં કહ્યાં છે તે સર્વે ધૂમપાન ક્ષયની ઉધરસમાં પણ કરવાં. વળી હવે પછી યક્ષ્મ (ક્ષય) રોગમાં જે બૃંહણ (પૌષ્ટિક), અગ્નિને પ્રદીપ્ત કરનારાં અને સ્રોતોને સ્વચ્છ કરનારાં ઔષધ કહેવામાં આવશે, તે સર્વે પણ ક્ષયની ઉધરસમાં આપવાં. વળી જે જે ગુણો ક્ષયની ઉધરસને ઉત્પન્ન કરનારા છે, તે તે ગુણોથી ઊલટા ગુણવાળાં બળ આપનારાં સર્વે ઔષધો પણ ક્ષયની ઉધરસવાળા માટે સારાં છે.

ક્ષયની ઉધરસમાં કેવા ઉપાયથી ફાયદો થાય? કારણ

सन्निपातोद्भवो घोरः क्षयकासो यतस्ततः ।
यथादोषबलं तस्य सन्निपातहितं हितम् ॥१८०॥

વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષના કોપથી જે ક્ષયની ઉધરસ ઉત્પન્ન થાય છે, તેને સન્નિપાત ક્ષયકાસ કહે છે. માટે તેમાં જે જે દોષો

બળવાન હોય તે તે દોષ પ્રમાણે, સન્નિપાતની ચિકિત્સામાં જે જે ઔષધ હિતકારી ગણેલાં છે તે તે ઔષધ અહીં (સન્નિપાત ક્ષયકાસમાં) પણ હિતકારી જાણવાં.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने कासचिकित्सितं नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪થો–શ્વાસ(દમ, હાંફ)ની અને હેડકીની ચિકિત્સા

નિદાનમાં કાસ સાથે શ્વાસ તથા હિધ્મા-(હેડકી)નો સંબંધ બતાવ્યો છે, માટે ચિકિત્સામાં પણ કાસ પછી શ્વાસ તથા હિધ્માની ચિકિત્સા બતાવવાના હેતુથી કહે છે, કે

अथातः श्वासहिध्माचिकि-
त्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હવે અમે શ્વાસ તથા હિધ્માની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

દમ અને હેડકીના ઉપાય એકસરખા હોવાનું કારણ

श्वासहिध्मा यतस्तुल्यहेत्वाद्याः, साधनं ततः ।
तुल्यमेव

નિદાનસ્થાનમાં દમ અને હેડકીનાં હેતુ, પૂર્વરૂપ, સંખ્યા, પ્રકૃતિ વગેરે સમાન કહેલાં છે, માટે તેમની ચિકિત્સા પણ સમાન છે.

પહેલાં શેક

तदार्तं च पूर्वं स्वेदैरुपाचरेत् ॥ १ ॥
स्निग्धैर्लवणतैलाक्तं

દમ અને હેડકીથી પીડાયેલા રોગીઓને બીજા ઉપચાર કરતાં પહેલાં પ્રથમ શેક કરવો. તેને શેક એવી રીતે કરવો કે રોગીને શરીરે લવણવાળું તેલ ચોળીને પછી પાછળ સ્વેદવિધિમાં કહ્યા પ્રમાણે સ્નિગ્ધ શેક કરવો. લૂખો શેક કરવાથી વાયુ કોપવાનો ભય રહે છે, માટે સ્નિગ્ધ શેક કરવાનું કહ્યું છે.

શેક કરવાથી શું થાય?

तैः खेषु ग्रथितः कफः ।
सुलीनोऽपि विलीनोऽस्य
कोष्ठं प्राप्तः सुनिर्हरः ॥ २ ॥
स्रोतसां स्यान्मृदुत्वं च मरुतश्चानुलोमता ।

સ્રોતોમાં જે કફ ઘણો ચીકણો થઈને વળગી રહ્યો હોય છે તથા ગંઠાઈ ગયો હોય છે તે શેક કરવાથી નરમ થઈ ઓગળે છે અને કોઠામાં આવે છે, તથા ત્યાં આવ્યા પછી તેને સહેલાઈથી શરીરમાંથી બહાર કાઢી શકાય છે. વળી શેક કરવાથી સ્રોતો કોમળ થાય છે અને વાયુ પોતાના સ્વાભાવિક માર્ગે જાય છે.

શું ખવડાવીને પછી કોને શાનાથી વમન કરાવવું?

स्विन्नं च भोजयेदन्नं स्निग्धमानूपजै रसैः ॥ ३ ॥
दध्युत्तरेण वा दद्यात्ततोऽस्मै वमनं मृदु ।
विशेषात्कासवमथुहृद्ग्रहस्वरसादिने ॥ ४ ॥
पिप्पलीसैन्धवक्षौद्रयुक्तं वाताविरोधि यत् ।

દમ અને હેડકીવાળાને બરાબર શેક કર્યા પછી તેને અનૂપ દેશનાં પ્રાણીઓના માંસના રસ સાથે શાલિ ચોખા વગેરે સ્નિગ્ધ (જવ વગેરે લૂખું અન્ન નહિ) અન્ન ખાવાને આપવું અથવા શેક કર્યા પછી તે રોગીને દહીંની તરની સાથે મૃદુ (કોમળ) વમન (ઊલટીનું ઔષધ) આપવું. જે રોગીને ખાંસી, ઊલટીના ઉલાળા, છાતીમાં સજડાટ (હૃદ્ગ્રહ) અને સ્વરભંગ (ઘાંટો બેસી જવાનો રોગ), એ રોગ થયા હોય તેને ખાસ પીપર, સિંધવ તથા મધ સાથે વાયુનું અવિરોધી દ્રવ્ય (વાયુને ઉત્પન્ન ન કરે એવું દ્રવ્ય) ઊલટી માટે આપવું; અર્થાત્ ઉધરસ વગેરેમાં તો ખાસ કરીને ઊલટી કરાવવી, પણ તે ઊલટી કરવાનું ઔષધ વાયુ કરે એવું ન જોઈએ.

વમન કરાવવાથી શું થાય?

निर्हृते सुखमाप्नोति स कफे दुष्टविग्रहे ॥ ५ ॥
स्रोतःसु च विशुद्धेषु चरत्यविहतोऽनिलः ।

ઊલટીનું ઔષધ આપવાથી દમના અને હેડકીના રોગીનું શરીર બગાડનાર કફ જે

શરીરનાં સ્રોતોમાં લપટાઈ ગયો હોય છે તે નીકળી જાય છે તેથી રોગી સુખ પામે છે અને સ્રોતો કફ નીકળી જવાથી શુદ્ધ થાય છે એટલે વાયુની ગતિ રોકાયા વિના તે વાયુ સ્રોતોમાં સ્વાભાવિક ગતિ કરે છે.

કોને કયું અનુલોમન અને વિરેચન ઔષધ આપવું?

ध्मानोदावर्ततमके मातुलुङ्गाम्लवेतसैः ॥ ६ ॥
हिङ्गुपीलुबिडैर्युक्तमन्नं स्यादनुलोमनम् ।
ससैन्धवं फलाम्लं वा कोष्णं दद्याद्विरेचनम् ॥७॥

જે તમક શ્વાસમાં પેટ ચડતું હોય અને ઝાડોપેશાબ ન થતાં હોય, તેવા તમક શ્વાસમાં બિજોરું, અમ્લવેતસ, હિંગ, પીલુડાં અને બીડલવણ; એ ઔષધો સહિત ભોજન આપવું; તેથી વાયુની સ્વાભાવિક માર્ગે પ્રવૃત્તિ થશે અથવા એ અવસ્થામાં વાયુને સ્વાભાવિક માર્ગે પ્રવર્તાવનાર બિજોરું વગેરે ફળ વગેરે ખટાશ-યુક્ત કરેલું, લગાર ઉષ્ણ, વિરેચન, સિંધવ નાખી આપવું.

દમ અને હેડકીમાં શોધન કરવાનું કારણ

एते हि कफसंरुद्धगतिप्राणप्रकोपजाः ।
तस्मात्तन्मार्गशुद्ध्यर्थ-
　　　　मूर्ध्वाधः शोधनं हितम् ॥ ८ ॥

કેમ કે જ્યારે કફ વડે પ્રાણવાયુની ગતિ રોકાય છે ત્યારે પ્રાણવાયુ કોપે છે અને એવી રીતે પ્રાણવાયુના કોપવાથી બધી જાતનાં હેડકી અને દમ ઉત્પન્ન થાય છે. માટે તે પ્રાણવાયુના માર્ગની શુદ્ધિ માટે વમન વડે ઉપલા ભાગની અને વિરેચન વડે નીચલા ભાગની શુદ્ધિ કરવી હિતકર છે.

उदीर्यते भृशतरं मार्गरोधाद्वहज्जलम् ।
यथा तथाऽनिलस्तस्य मार्गमस्माद्विशोधयेत् ॥९॥

જેમ વહેતા પાણીનો માર્ગ રોકવાથી તે પાણી એક જગ્યાએ ઘણું વધી જાય છે, તેમ વાયુ પણ સ્વાભાવિકપણે વહેવા છતાં તેના માર્ગનો રોધ (રોકાણ) થવાથી વાયુ (એક જગાએ) અત્યંત વધી જાય છે, એટલા માટે ઉપર અને નીચે વાયુનો માર્ગ સાફ કરવો જોઈએ.

ધૂમપાન ક્યારે અને શા માટે કરવું?

अशान्तौ कृतसंशुद्धेर्धूमैर्लीनं मलं हरेत् ।

ઉપર કહી તે વમન, વિરેચન વગેરે શોધન-ક્રિયા કર્યા છતાં પણ દમ અને હેડકી શમે નહિ, તો સૂક્ષ્મ શિરાઓમાં ભરાઈ રહેલા કફ નામે મળને નીચે કહેલું ધૂમપાન કરીને મટાડવો.

ધૂમપાન શાના વડે કરવું?

हरिद्रापत्रमेरण्डमूलं लाक्षां मनःशिलाम् ॥ १० ॥
सदेवदार्वलं मांसीं पिष्ट्वा वर्तिं प्रकल्पयेत् ।
तां घृताक्तां पिबेद्धूमं यवान् वा घृतसंयुतान् ॥११
मधूच्छिष्टं सर्जरसं घृतं वा गुरु वाऽगुरु ।
चन्दनं वा तथा शृङ्गं
　　　　वालान्वा स्नावघान् गवाम् ॥ १२ ॥
ऋक्षगोधाकुरङ्गैणचर्मशृङ्गखुराणि वा ।
गुग्गुलुं वा मनोह्वां वा शालनिर्यासमेव वा ॥ १३
शल्लकीं गुग्गुलुं लोहं पद्मकं वा घृताप्लुतम् ।

હળદર, તમાલપત્ર, એરંડાનું મૂળ, કાળી દ્રાક્ષ, મનશીલ, દેવદાર, હરતાલ અને જટા-માંસી એ ઔષધોને વાટીને તેની એક વાટ કરવી તથા તેને ઘી ચોપડીને પછી વિધિ-પૂર્વક ધૂમપાન કરવું. અથવા જવને ઘીવાળા કરીને તેને ચલમમાં મૂકીને ધૂમપાન કરવું. અથવા મીણ અને રાળ ઘી સાથે એકઠાં કરીને તેનુ ધૂમપાન કરવું, અથવા શ્રેષ્ઠ કૃષ્ણાગરુનું ધૂમપાન કરવું. અથવા સુખડનું ધૂમપાન કરવું. અથવા બળદ કે ગાયના શિંગડાનું અથવા તેની કામળ(જે ગળા નીચે લટકે છે તે)ના વાળનું ધૂમપાન કરવું. અથવા રીંછ, મગરી, કુરંગ (કાળપૂછું હરણ), કે કાળિયારજ હરણ–એમાંથી ગમે તેનું ચામડું, શિંગડું કે ખરી, જે મળે તેનું ધૂમપાન કરવું, અથવા ગૂગળનું ધૂમપાન કરવું અથવા મનશીલનું ધૂમપાન કરવું અથવા સાલ નામે વૃક્ષના ગુંદરનું ધૂમપાન કરવું અથવા સાલઈ (શલ્લકી) નામે વૃક્ષના ગુંદરને અથવા ગૂગળને અથવા લોઢાને અથવા પદ્મકાષ્ઠને ઘીમાં બોળીને તેમાંથી ગમે તે એકનું ધૂમપાન કરવું.

કોને કેવો શેક શાના વડે ક્યાં કરવો?

अवश्यं स्वेदनीयानामस्वेद्यानामपि क्षणम् ॥१४॥

स्वेदयेत्ससिताक्षीरसुखोष्णस्नेहसेचनैः ।
उत्कारिकोपनाहैश्च स्वेदाध्यायोक्तभेषजैः ॥ १५ ॥
उरः कण्ठं च मृदुभिः

જે રોગીઓને અવશ્ય શેક કરવો જોઈએ તેમને, તેમ જ જે શેક કરવા યોગ્ય ન હોય તેમને પણ સાકર સહિત દૂધ વડે સહેવાય એવા ગરમ સ્નેહનો શેક કરીને, તેમ જ સૂત્ર સ્થાનના સ્વેદાધ્યાયમાં શ્લોક ૫૬થી ૬૬માં કહેલી ઉત્કારિકા અને પોટીસ વડે અને એવા જ કોમળ ઉપચારો વડે કંઠ તથા છાતી આગળ ક્ષણવાર શેક કરવો.

સામ શ્વાસ અને સામ હેડકીમાં પહેલું શું કરવું?

सामे त्वामविधिं चरेत् ।

જો શ્વાસ અને હિધ્મા (હેડકી) સામ (આમ સહિત) હોય તો તેને પકવ કરવાને ઉપવાસ, પાચન વગેરે આમવિધિ કરવો.

વમનવિરેચનનો અતિયોગ થાય તો શું કરવું?

अतियोगोद्धतं वातं दृष्ट्वा पवननाशनैः ॥ १६ ॥
स्निग्धै रसाद्यैर्नात्युष्णैरभ्यङ्गैश्च शमं नयेत् ।

રોગીને વમન કે વિરેચન અતિશય થવાથી વાયુ કોપ પામેલો જોવામાં આવે તો વાયુને નાશ કરનારા અને સ્નિગ્ધ માંસરસ, ઘી, દૂધ વગેરે આહારથી તથા લગારલગાર ગરમ એવાં અભ્યંગ (તેલ) શરીરે ચોળવાથી તે વાયુને શાંત કરવો, શમાવવો.

કોનું શોધન ન કરવું? એમને માટે શમન ઔષધ

अनुत्क्लिष्टकफास्विन्नदुर्बलानां हि शोधनात् ॥१७
वायुर्लब्धास्पदो मर्म संशोष्याशु हरेदसून् ।
कषायलेहस्नेहाद्यैस्तेषां संशमयेदतः ॥ १८ ॥

જે રોગીનો કફ સ્થાનથી ચલિત થયો નથી, જેને શેક કર્યો નથી તથા જે દુર્બળ છે, એવા રોગીને વમન, વિરેચન વગેરે શોધન લાગુ કરવાથી વાયુ બળવાન થઈને હૃદયરૂપી મર્મસ્થાનને સૂકવી નાખે છે અને તત્કાળ રોગીના પ્રાણ હરે છે. (એટલા માટે ઉપર કહ્યા તેવા હેડકી અને શ્વાસવાળા રોગીને વમન વગેરે ન આપવું; પણ જે એથી ઊલટા હોય એટલે જેમનો કફ સ્થાનથી ચલિત થયો હોય. જેમને શેક કર્યો હોવ તથા જેઓ સબળ હોય. તેવા રોગીઓને વમન, વિરેચન વગેરે શોધન આપવું; કેમ કે તેવા રોગીનું શોધન કરવાથી આરોગ્ય પ્રાપ્ત થાય છે.)

ઉપર કહેલા જે રોગીઓ શોધન ઉપાય કરવા યોગ્ય ન હોય, તેમને ક્વાથ, સ્નેહપાન, લેહ (ચાટણ) વગેરે આપીને તેમનાં દમ અને હેડકીનું શમન કરવું.

ક્ષય વગેરેથી થયેલા શ્વાસ અને હેડકીનાં ઔષધ

क्षीणक्षतातिसारासृक्पित्तदाहानुबन्धजान् ।
मधुरस्निग्धशीताद्यैर्हिध्माश्वासानुपाचरेत् ॥ १९॥

જે માણસનું શરીર તથા ધાતુ વગેરે ક્ષીણ થવાથી તેને હેડકી કે દમ ઊપડયો હોય, અથવા અતિસાર, રક્તપિત્ત કે દાહના અનુબંધથી હેડકી કે દમ ઊપડયો હોય, તેને ગળ્યા, સ્નિગ્ધ. ઠંડા વગેરે ઉપચાર કરવા.

અન્નપાન

कुलत्थदशमूलानां क्वाथे स्युर्जाङ्गला रसाः ॥
यूषाश्च

કળથી અને દશમૂળના ક્વાથમાં જાંગલ પ્રાણીઓના માંસરસ સિદ્ધ કરવાથી જે યૂષ બને છે તે હેડકી તથા દમવાળા રોગીને હિતકર છે.

शिग्रुवार्ताककासघ्नवृषमूलकैः ॥ २० ॥
पल्लवैर्निम्बकुलकबृहतीमातुलुङ्गजैः ।
व्याघ्रीदुरालभाशृङ्गीबिल्वमध्यत्रिकण्टकैः ॥ २१ ॥
सामृताग्निकुलत्थैश्च यूषः स्यात्क्वथितैर्जले ।
तद्वद्रास्नाबृहत्यादिबलामुद्गैः सचित्रकैः ॥ २२ ॥
पेया च चित्रकाजाजीशृङ्गीसौवर्चलैः कृता ।
दशमूलेन वा कासश्वासहिध्मारुजापहा ॥ २३ ॥

સરગવો, વંતાક, કાસોંદરો અને અરડૂસી એમનાં મૂળના ક્વાથથી પેયા કરવી; અથવા લીંબડો, પટોલ, ભોરીંગણી અને બિજોરું એમનાં પાદડાંના ક્વાથથી પેયા કરવી; અથવા ભોરીંગણી, ધમાસો, કાકડાશીંગ, બીલાંનો ગર્ભ અને ગોખરુ એ ઔષધના ક્વાથથી પેયા

કરવી; અથવા ચિત્રો, જીરું, કાકડાસીંગ અને સંચળ એ ઔષધોના કવાથથી પેયા કરવી; અથવા દશમૂળના કવાથથી પેયા કરવી; એ સર્વે પેયાઓ ખાંસી, દમ અને હેડકીની પીડાનો નાશ કરનારી છે.

दशमूलशठीरास्नाभार्गीबिल्वर्द्धिपौष्करैः ।
कुलीरशृङ्गीचपलातामलक्यमृतौषधैः ॥ २४ ॥
पिबेत्कषायं जीर्णेऽस्मिन् पेयां तैरेव साधिताम् ।

દશમૂળ, ષટ્કચૂરો, રાસ્ના, ભારંગ, બીલું, ઋદ્ધિ, પુષ્કરમૂળ, કાકડાસીંગ, પીપર, ભોંય-આમલી, ગળો અને સૂંઠ–એ ઔષધિઓનો કવાથ હેડકી અને દમવાળા રોગીએ પીવો તથા એ કવાથ પચી જાય ત્યારે એ જ ઔષધોના કવાથથી સિદ્ધ કરેલી પેયા પીવી.

शालिषष्टिकगोधूमयवमुद्गकुलत्थभुक् ॥ २५ ॥
कासहृद्ग्रहपार्श्वार्तिहिध्माश्वासप्रशान्तये ।

શાળ જાતની ડાંગરના ચોખા, સાઠી ચોખા, ઘઉં, જવ, મગ, કળથી, એ ધાન્ય ખાનારા માણસની ખાંસી, હૃદય જકડાઈ જવાનો રોગ, પાસાંની પીડા, હેડકી અને દમ શાંત થાય છે (અર્થાત્ નિરામ ખાંસી–વગેરે રોગવાળાએ એ ધાન્ય ખાવાં).

सक्तून् वाऽर्काङ्कुरक्षीर-
भावितानां समाक्षिकान् ॥ २६ ॥
यवानां दशमूलादिनिष्क्वाथलुलितान् पिबेत् ।

અથવા આકડાના અંકુરના દૂધમાં પલાળીને સૂકવેલા (પટ દીધેલા) જવનો સાથુ કરીને તેમાં મધ નાખવું તથા ઉપર ૨૩ને, ૨૪મા શ્લોકમાં કહેલાં દશમૂલાદિ ઔષધોના કવાથમાં તેને ડોહળીને પી જવો.

मद्ये च योजयेत् क्षार-
हिङ्ग्वाज्यबिडदाडिमान् ॥ २७ ॥
सपौष्करशठीव्योषमातुलुङ्गाम्लवेतसान् ।

હેડકી તથા દમવાળા રોગીના ખોરાકમાં જવખાર, હિંગ, ઘી, ખીડલવણ, દાડમ, પુષ્કરમૂળ, ષટ્કચૂરો, સૂંઠ, પીપર, મરી, બિજોરું અને અમ્લવેતસ એ દ્રવ્ય નાખવાં.

તરસ લાગે ત્યારે શું પીવું?

दशमूलस्य वा क्वाथमथवा देवदारुणः ॥ २८ ॥
पिबेद्वा वारुणीमण्डं हिध्माश्वासी पिपासितः ।

જો હેડકી અને દમના રોગીને તરસ લાગે તો તેણે દશમૂળનો કવાથ પીવો, અથવા દેવદારનો કવાથ પીવો, અથવા વારુણી નામે દારૂનું નીતર્યું પાણી પીવું.

દીપન ઔષધ

पिप्पलीपिप्पलीमूलपथ्याजन्तुघ्नचित्रकैः ॥ २९ ॥
कल्कितैर्लेपिते रूढे निःक्षिपेद्धृतभाजने ।
तक्रं मासस्थितं तद्धि दीपनं श्वासकासजित् ॥

ઘીનુ રીઢું વાસણ લઈને તેમાં, પીપર, પીપરીમૂળ, હરડે, વાવડિંગ, ચિત્રો–એ ઔષધોના કલ્કનો લેપ કરવો તથા તે સુકાયા પછી તેમાં છાશ ભરીને એક માસ સુધી તેને બંધ કરી (સીલીને) રાખી મૂકવું. પછી એ છાશ હેડકી અને દમવાળાએ પીવી, તેથી તેનો જઠરાગ્નિ પ્રદીપ્ત થઈને દમ તથા ખાંસી મટશે.

पाठां मधुरसां दारु सरलं च निशि स्थितम् ।
सुरामण्डेऽल्पलवणं पिबेत्प्रसृतसम्मितम् ॥ ३१ ॥
भार्गीशुण्ठ्यौ सुखाम्भोभिः
क्षारं वा मरिचान्वितम् ।
स्वक्वाथपिष्टां लुलितां बाष्पिकां पाययेत वा ॥३२

હેડકી અથવા શ્વાસના રોગવાળાએ કાળીપાટ, કાળી દ્રાક્ષ, દેવદાર અને સરલ એ ઔષધોને સુરા નામે મદ્યના ઉપરના નીતર્યા પાણીમાં રાતે નાખી મૂકવાં અને સવારમાં તેને ગાળી લઈને તેમાં લગાર મીઠું (લવણ) નાખીને એક ખોબો (આશરે આઠ તોલા) પીવું અથવા ભારંગ અને સૂંઠના ચૂર્ણને લગાર ગરમ પાણી સાથે પીવું; અથવા મરી સાથે જવખાર પીવો; અથવા હિંગુપત્રીના કવાથમાં હિંગુપત્રીને વાટીને તે જ કવાથમાં ઓગાળીને તે પીવી. એમાંના હરકોઈ ઉપાયથી હેડકી તથા દમ મટે છે.

કયા દોષનો અનુબંધ હોય તો શું પીવું?

स्वरसः सप्तपर्णस्य पुष्पाणां वा शिरीषतः ।
हिध्माश्वासे मधुकणायुक्तः पित्तकफानुगे ॥३३॥

उत्कारिका तुगाक्षीरीमधूलीघृतनागरैः ।
पित्तानुबन्धे योक्तव्या, पवने त्वनुबन्धिनि ॥३४
श्वाविच्छशामिषकणाघृतशल्यकशोणितैः ।
सुवर्चलारसव्योषसर्पिर्भिः सहितं पयः ॥ ३५ ॥
अनु शाल्योदनं पेयं वातपित्तानुबन्धिनि ।
चतुर्गुणाम्बुसिद्धं वा छागं सगुडनागरम् ॥३६॥

સપ્તપર્ણ(સાતવણ)ના સ્વરસમાં અથવા સરસવનાં ફૂલના સ્વરસમાં મધ તથા પીપર નાખીને પાવાથી જે (ત્રિદોષનાં) હેડકી અને દમમાં પિત્ત અને કફનો અનુબંધ હશે તે હેડકી અને દમ મટશે.

વાંસકપૂર, પીપર, જેઠીમધ, ઘી અને સૂંઠ, એ ઔષધિઓથી બનાવેલી પૂરી (રોટલો) અધિક પિત્તના અનુબંધવાળાં હેડકી અને દમવાળાને આપવી. જો હેડકી અને દમમાં વાયુનો અનુબંધ હોય તો તે ઉત્કારિકા (પૂરી) શાહુડીનું માંસ, સસલાનું માંસ, પીપર, ઘી, અને શાહુડીના લોહીથી કરવી. વાતપિત્તનો અનુબંધ હોય તો અળસીનો રસ, ત્રિકટુ અને ઘી નાંખેલું દૂધ પ્રથમ શાલિ ડાંગરનો ભાત ખાઈને પછી પીવું. (દૂધ ગાયનું કે બકરીનું, જે દેશમાં જે માફક આવતું હોય તે લેવું), અથવા ચોગણા પાણીમાં સિદ્ધ કરેલા બકરીના દૂધમાં ગોળ અને સૂંઠ નાખીને તે પીવું.

દમ, અભિષ્યંદ અને ઉધરસ મટાડે એવા લેહ

पिप्पलीमूलमधुकगुडगोश्वशकृद्रसान् ।
हिध्माभिष्यन्दकासघ्नान्
लिह्यान्मधुघृतान्वितान् ॥ ३७ ॥

પીપરીમૂળ, જેઠીમધ, ગોળ, બળદના છાણનો તથા ઘોડાની લાદનો રસ—એ સર્વમાં મધ અને ઘી મેળવીને ચાટવાથી હેડકી, અભિષ્યંદ તથા ખાંસી મટે છે.

બહુ કફવાળાં શ્વાસ અને હેડકી માટે ચાટવાનાં અને પીવાનાં ઔષધ

गोगजाश्वखराह्वोष्ट्रखरमेषाजविड्रसम् ।
समध्वेकैकशो लिह्याद्बहुश्लेष्माऽथवा पिबेत् ॥३८
चतुष्पाच्चर्मरोमास्थिखुरशृङ्गोद्भवां मषीम् ।
तथैव वाजिगन्धाया
लिह्याच्छ्वासी कफोल्बणः ॥ ३९ ॥
शठीपौष्करधात्रीर्वा पौष्करं वा कणान्वितम् ॥
गैरिकाञ्जनकृष्णा वा स्वरसं वा कपित्थजम् ॥४०
रसेन वा कपित्थस्य धात्रीसैन्धवपिप्पलीः ।
घृतक्षौद्रेण वा पथ्याविडङ्गोषणपिप्पलीः ॥ ४१ ॥
कोललाजामलद्राक्षापिप्पलीनागराणि वा ।
गुडतैलनिशाद्राक्षाकणारास्नोषणानि वा ॥ ४२ ॥
पिबेद्रसाम्बुमद्याम्लैर्लेहौषधरजांसि वा ।

હેડકી અને દમવાળા રોગીએ બળદ, હાથી, ઘોડો, વરાહ (ભૂંડ), ઊંટ, ગધેડો, ઘેટો, બકરો એ પ્રાણીઓમાંથી ગમે તે એકની લાદ-(છાણ)નો રસ મધ સાથે ચાટવો; અથવા જો કફનું જોર ઘણું હોય તો તે રસ મધ સાથે પીવો; અથવા ચોપગા પ્રાણીના ચામડાની, રૂવાડાંની, હાડકાની, ખરીની કે શિંગડાની રાખ કરીને મધ સાથે ચાટવી. દમના રોગવાળાને જો કફનું જોર વધારે હોય તો તેણે આસંધને બાળીને રાખ કરીને તે મધ સાથે ચાટવી; અથવા ષટ્કચૂરો, પુષ્કરમૂળ અને આમળાં, એનું ચૂર્ણ મધ સાથે ચાટવું અથવા પીપર અને પુષ્કરમૂળ ચાટવાં અથવા ગેરુ, રસાંજન અને પીપરો મધમાં ચાટવી; અથવા કોઠીનાં (કોઠ) પાંદડાંનો સ્વરસ મધમાં ચાટવો; અથવા કોઠીનાં પાંદડાંના સ્વરસ સાથે આમળાં સિંધવ અને પીપરો ચાટવી; અથવા હરડે, વાવડિંગ, મરી અને પીપર, એ ઔષધોના ચૂર્ણને ઘી તથા મધ સાથે ચાટવું; અથવા બોર, મમરા, આમળાં, કાળી દ્રાક્ષ, પીપર અને સૂંઠને મધ તથા ઘીમાં ચાટવાં; અથવા ગોળ, તેલ, હળદર, કાળી દ્રાક્ષ, પીપર, રાસ્ના અને મરી—એ ઔષધોનાં ચૂર્ણને મધ તથા ઘી સાથે ચાટવાં; અથવા 'અગસ્ત્યાવલેહ' વગેરે પાછળ કહેલા અવલેહ, ઔષધ, ચૂર્ણ વગેરેમાંથી જે યોગ્ય હોય તેને માંસરસ, જળ કે મધની ખટાઈ વગેરે સાથે પીવાં.

હેડકી, દમ, પડખામાં શૂળ, તાવ અને ઉધરસ મટાડે એવું ચૂર્ણ

जीवन्तीमुस्तसुरसत्वगेलाद्वयपौष्करम् ॥ ४३ ॥

चण्डातामलकीलोहभार्गीनागरवालकम्।
कर्कटाख्याशठीकृष्णानागकेसरचोरकम् ॥४४॥
उपयुक्तं यथाकामं चूर्णं द्विगुणशर्करम्।
पार्श्वरुग्ज्वरकासघ्नं हिध्माश्वासहरं परम् ॥४५॥

જીંવતી, મોથ, રાસ્ના (અથવા તુલસી), તજ, નાની એલચી, મોટી એલચી, પુષ્કરમૂળ, ઉંદરકની, ભોંયઆમલી, અગરુ, ભારંગ, સૂંઠ, વાળો, કાકડાસીંગ, ષટ્કચૂરો, પીપર, નાગકેસર, ગઠોના(થુણેર)–એ સર્વેના ચૂર્ણમાં બમણી સાકર નાખીને ઇચ્છામાં આવે તે પ્રમાણે (યોગ્યતા પ્રમાણે) ખાવાથી તે પાસાંમાંનુ શૂળ, તાવ અને ખાંસીને મટાડે છે તથા હેડકી તથા દમને મટાડવામાં તે શ્રેષ્ઠ ઔષધ છે.

હેડકી અને દમ માટે ચૂર્ણ

शठीतामलकीभार्ङ्गीचण्डावालकपौष्करम्।
शर्कराष्टगुणं चूर्णं हिध्माश्वासहरं परम् ॥४६॥

ષટ્કચૂરો, ભોંયઆમલી, ભારંગ, ઉંદરકની, વાળો, પુષ્કરમૂળ–એ સર્વે ઔષધોના ચૂર્ણથી આઠગણી સાકર નાખવી. એ ચૂર્ણ હેડકી અને દમ મટાડવામાં ઉત્તમ છે.

નસ્યો

तुल्यं गुडं नागरं च भक्षयेन्नावयेत वा।

ગોળ અને સૂંઠ સરખે ભાગે લઈને તેની ગોળી કરીને ખાવી તેથી હેડકી અને દમ મટે છે, અથવા ગોળ અને સૂંઠ સરખે ભાગે લઈને તે સૂંઘવુ (તેનું નસ્ય આપવું) તેથી હેડકી અને દમ મટે છે.

लशुनस्य पलाण्डोर्वा मूलं गृञ्जनकस्य वा ॥४७॥
चन्दनाद्वा रसं दद्यान्नारीक्षीरेण नावनम्।
स्तन्येन मक्षिकाविष्ठामलक्तकरसेन वा ॥४८॥
ससैन्धवं घृताच्छं वा, सिद्धं स्तन्येन वा घृतम्।
कल्कितैर्मधुरद्रव्यैस्तत्पिबेन्नावयेत वा ॥४९॥
सकृदुष्णं सकृच्छीतं व्यत्यासात् ससितामधु।
तद्वत्पयस्तथा सिद्धमधोभागौषधैर्घृतम् ॥५०॥

લસણનું મૂળ, અથવા ડુગળીનું મૂળ, અથવા ગાજરનુ મૂળ, અથવા સુખડનો રસ–એમાંથી ગમે તે એક લઈને સ્ત્રીના સ્તન્ય(ધાવણ)માં ઘસીને (કે મેળવીને) તે સૂંઘાડવાથી (નસ્ય આપવાથી) હેડકી અને દમ મટે છે. અથવા માખોની હગાર સ્ત્રીના ધાવણમાં અથવા લાખના અળતાના રસમાં ઘસીને સૂંઘાડવાથી (નસ્ય આપવાથી) પણ હેડકી અને દમ મટે છે.

ઘૃતમંડમાં સિંધવ નાંખીને એનું નસ્ય આપવું અથવા દૂધ તરીકે સ્ત્રીનું ધાવણ નાખીને અને મધુર વર્ગનાં દ્રવ્યોનો કલ્ક નાખીને પકવેલું ઘી પાવુ અથવા એ ઘીનું નસ્ય આપવું. આ ઘીનુ નસ્ય પહેલાં ઊનુ, પછી ટાઢું, ઊનુ, ટાઢું એમ વારાફરતી આ ઘીનું નસ્ય આપવું. આ ઘીનુ ઊનુ નસ્ય આપતાં પહેલાં નસ્ય આપવા કાઢેલા ઘીમાં સાકર નાખવી (ઓગાળવી) અને આ ઘીનુ ટાઢું નસ્ય આપતાં પહેલાં નસ્ય આપવા માટે કાઢેલા ઘીમાં મધ ભેળવવું. આ ઘી પાવાની પણ આ જ રીત છે. અથવા ઉપર ઘી જે રીતે (=મધુર વર્ગના દ્રવ્યોના કલ્કથી) સિદ્ધ કરવાનુ કહ્યુ છે, તે જ રીતે સિદ્ધ કરેલું દૂધ એ ઘી પ્રમાણે જ પીવા તથા નસ્ય તરીકે આપવુ અથવા નીચે (શ્લોક ૫૦ફે, ૫૧માં) કહેલાં ઔષધો વડે સિદ્ધ કરેલું ઘી ઉપરવાળા ઘીની માફક જ પીવા માટે તથા નસ્ય તરીકે આપવુ.

પીવાનાં કે ચાટવાનાં સિદ્ધ ઘી

कणासौवर्चलक्षारवयस्थाहिङ्गुचोरकैः।
सकायस्थैर्घृतं मस्तुदशमूलरसे पचेत् ॥५१॥
तत् पिबेज्जीवनीयैर्वा लिह्यात्समधु साधितम्।

પીપર, સંચળ, સાજીખાર, આમળાં, હિંગ, ગઠોના (થુણેર), હરડે–એ ઔષધોનો કલ્ક કરીને તેને ઘીમાં નાખવુ તથા તે ઘીને દહીંના નીતર્યા પાણી સાથે દશમૂળના કવાથમાં સ્નેહપાનવિધિમાં કહ્યા પ્રમાણે પકવવું. એ સિદ્ધ થયેલું ઘી પીવાથી હેડકી અને દમ મટે છે. અથવા જીવનીય ગણ જે પાછળ (સૂત્રસ્થાન અધ્યાય ૧૫ શ્લોક ૮માં) કહેલો છે, તેનાં ઔષધોના કલ્કથી સિદ્ધ કરેલા ઘીમાં મધ નાખીને ચાટવુ. તેથી પણ એ જ ગુણ થાય છે; અર્થાત્ પીપર વગેરેથી સિદ્ધ કરેલું ઘી પીવું અને જીવનીય ઔષધોથી સિદ્ધ કરેલું ઘી

ચાટવુ. જે ગુણ પહેલામા 'પીવાથી થાય છે તે ગુણ બીજામાં ચાટવાથી થાય છે.

तेजोवत्यभया कुष्ठं पिप्पली कटुरोहिणी ॥५२॥
भूतीकं पौष्करं मूलं पलाशश्चित्रकः शटी ।
पटुद्वयं तामलकी जीवन्ती बिल्वपेशिका ॥५३॥
वचा पत्रं च तालीसं कर्षांशैस्तैर्विपाचयेत् ।
हिङ्गुपादैर्घृतप्रस्थं पीतमाशु निहन्ति तत् ॥५४॥
शाखानिलार्शोग्रहणीहिध्माहृत्पार्श्ववेदनाः ।

તેજબળ, હરડે, ઉપલેટ, પીપર, કડુ, અજમો, પુષ્કરમૂળ, ખાખરો, ચિત્રો, કચૂરો, સિંધવ, સંચળ, ભોંયઆમલી, જીવંતી, બીલાંનો ગર્ભ, વજ, તાલીસપત્ર એ સર્વે એકએક તોલો લેવાં અને હિંગ પા તોલો (ચતુર્થાંશ) લેવી. એ સર્વ દ્રવ્ય વડે ૬૪ તોલા ઘી સિદ્ધ કરવુ. અગરેલો કફ જે સ્રોતોમા ભરાયેલો હશે તે એ ઘી પીવાથી ઓગળીને બહાર નીકળશે તથા સ્રોતો ખુલ્લા થશે તેથી હાથપગમા આવેલો વા, હરસ, સંગ્રહણી, હેડકી, હૃદયમા વેદના અને પાસાંની વેદના મટી જશે.

अर्धांशेन पिबेत्सर्पिः क्षारेण पटुनाऽथवा ॥५५॥
धान्वन्तरं वृषघृतं दाधिकं हपुषादि वा ।

પ્રમેહની ચિકિત્સામાં ધન્વંતરિએ કહેલું 'ધાન્વંતરઘૃત' કહેલું છે. રક્તપિત્તની ચિકિત્સામા 'વૃષઘૃત' કહેલુ છે. ગુલ્મરોગની ચિકિત્સામા 'દાધિકઘૃત' કહેલું છે અને ઉદરરોગની ચિકિત્સામા 'હપુષાદિઘૃત' કહેલું છે. એમાંથી કોઈ પણ એક ઘી લઈને તે ઘીથી અડધો જવખાર અથવા સિંધવ તેમાં નાખીને પીવુ તેથી હેડકી અને દમ મટે છે.

ચિત્તને ક્ષોભ થાય એવા ઉપાયરૂપી ઔષધ

शीताम्बुसेकः सहसा त्रासविक्षेपभीशुचः ॥५६॥
हर्षेर्ष्योच्छ्वासरोधाश्च हितं कीटैश्च दंशनम् ।

જેને હેડકીઓ આવતી હોય કે દમ ઉપડ્યો હોય, તેના ઉપર તે ન જાણે એમ ઓચિંતુ એકાએક ટાઢું પાણી રેડવુ અથવા તેના ચિત્તને એકાએક ઉદ્વેગ થાય એવો ત્રાસ ઉત્પન્ન કરવો; અથવા તેને ઝાલીને ધુણાવવો, હલાવવો; અથવા તેને બિવડાવવો, અથવા તેને શોક ઉત્પન્ન કરવો; અથવા તેને એકાએક હર્ષ ઉત્પન્ન કરવો; અથવા અદેખાઈ ઉત્પન્ન કરવી; અથવા તેણે પોતાનો શ્વાસ રોકવો; અથવા તેને કીડીમકોડા વગેરેનો દંશ કરાવવો. એ સર્વે ઉપાય હેડકી અને દમવાળાને હિત કરનારા છે, (કેમ કે તેથી વાયુનો વેગ શાંત પડે છે).

હેડકી અને દમ(શ્વાસ)ની સામાન્ય ચિકિત્સા

यत्किञ्चित्कफवातघ्नमुष्णं वातानुलोमनम् ॥५७॥
तत्सेव्यं प्रायशो यच्च सुतरां मारुतापहम् ।

જે જે દ્રવ્ય કે ઔષધ અથવા આહારવિહાર, કફ અને વાયુ જુદાજુદા હોય કે ભેગા હોય તોપણ તેમનો નાશ કરે છે, તેમ જ જે આહારવિહાર કે ઔષધ વગેરે ગરમ છે અને વાયુને હણનાર અને તેને સ્વાભાવિક માર્ગે પ્રવૃત્ત કરનાર છે, તે આહારવિહાર અને ઔષધ વગેરેનું હેડકી અને દમવાળા રોગીએ સેવન કરવું તથા જે આહાર, વિહાર, ઔષધ અને ક્રિયા વાયુનો સારી રીતે નાશ કરે એવા હોય તેનું ઘણુંખરુ સેવન કરવુ.

શ્વાસ અને હેડકીમાં કર્ષણ નહિ પણ શમન અને બૃંહણ ઉપાય કરવાનું કારણ

सर्वेषां बृंहणे ह्यल्पः शक्यश्च प्रायशो भवेत् ॥५८॥
नात्यर्थं शमनेऽपायो भृशोऽशक्यश्च कर्षणे ।
शमनैर्बृंहणैश्चातो भूयिष्ठं तानुपाचरेत् ॥५९॥

હેડકી અને દમવાળા સર્વે રોગીઓને બૃંહણ (પૌષ્ટિક) ઉપાય કરતાં કદાચિત્ દૈવયોગથી રોગ વધે કે બીજો કોઈ રોગ તે ઉપાય કરવાથી થાય તો સામાન્ય રીતે તે થોડો હોય છે તથા જલદી મટાડી શકાય તેવો હોય છે; હેડકી અને દમવાળા રોગીઓને શમન ઔષધ આપવાથી પણ કદાચિત્ દૈવયોગથી બીજો ઉપદ્રવ થાય તો તે પણ ઘણો થતો નથી તથા જે ઉપદ્રવ થાય છે તે સાધારણ થાય છે; પરંતુ હેડકી અને દમવાળાને 'કર્ષણ' ઉપાય કરવાથી જો કદાચિત્ કોઈ ઉપદ્રવ થઈ આવ્યો તો તે ઘણો મોટો થાય છે, અને પછી તે અસાધ્ય થઈ પડે છે, એટલા માટે હેડકી અને દમવાળા રોગીને કર્ષણ ઉપાય (રોગીના દોષ વગેરેનો નાશ કરવા માટે

રોગીનું શરીર દૂબળું થાય એવાં આહારવિહાર, ઔષધ વગેરે આપવાં તેને કર્ષણ ઉપાય કહે છે) ન કરવા; પણ એવા રોગીઓના ઉપચાર ઘણુંખરું શમન અને બૃંહણ ઉપાયથી કરવા.

ઉધરસ, શ્વાસ, ક્ષય, ઊલટી અને હેડકીને એકબીજાનાં ઔષધ લાગુ પડે છે

कासश्वासक्षयच्छर्दिहिध्माश्चान्योन्यमेषजैः ॥५९॥

ખાંસી, દમ, ક્ષય, ઊલટી અને હેડકી, એ રોગનાં જે જે ઔષધો કહેલાં હોય, તે તે ઔષધો વડે એમાંના ગમે તે રોગની ચિકિત્સા થઈ શકે છે. જેમ કે, ખાંસીનાં ઔષધો દમ, ક્ષય, ઊલટી અને હેડકીમાં લાગુ પાડી શકાય છે; દમનાં ઔષધો ખાંસી, ક્ષય, ઊલટી અને હેડકીમાં લાગુ પાડી શકાય છે; ક્ષયનાં ઔષધો પણ બાકીના ચાર રોગમાં લાગુ પાડી શકાય છે, એવી રીતે આ રોગોમા ઔષધો પરસ્પર લાગુ કરી શકાય છે.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने श्वासहिध्मा-
चिकित्सितं नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫ મો—ક્ષયરોગની ચિકિત્સા

પાછલા અધ્યાયમા છેવટે કહ્યું છે કે ઉધરસ, દમ, ક્ષય વગેરેની ચિકિત્સા સમાન છે; માટે દમ અને હેડકીની ચિકિત્સા કહ્યા પછી રાજયક્ષ્મા(ક્ષય)ની ચિકિત્સા કહેવાનો આરંભ કરી કહે છે, કે—

**अथातो राजयक्ष्मादिचिकि-
त्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।**

હવે અમે રાજયક્ષ્મા વગેરેની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે :

કેવા ક્ષયરોગીનું શી રીતે શોધન કરવું?

**बलिनो बहुदोषस्य स्निग्धस्विन्नस्य शोधनम् ।
ऊर्ध्वाधो यक्ष्मिणः कुर्यात्सस्नेहं यन्न कर्षणम् ॥**

જે ક્ષયરોગવાળો શરીરે બળવાન હોય તથા જેનામાં દોષનું બળ વધારે હોય તેને પ્રથમ સ્નેહપાન કરાવવું તથા પછી સ્વેદવિધિ। પરસેવો કાઢવો (શેક કરવો) અને તે૨૦॥ (ઊલટી કરાવીને) ઉપરથી તથા (જુલાબ કરાવીને) નીચેથી શોધન કરવું; શોધન કરવાને જે ઔષધ આપવું તે લગાર સ્નેહવાળું તથા દેહને દૂબળો ન કરી નાખે એવું હોય તે આપવું.

વમન ઔષધ

**पयसा फलयुक्तेन मधुरेण रसेन वा ।
सर्पिष्मत्या यवाग्वा वा वमनद्रव्यासद्धया ॥२॥
वमेत्**

ક્ષયના રોગીએ મીંઢળ તથા દૂધ ભેગું કરીને પીને ઊલટી કરવી, અથવા ગળ્યા માંસરસમાં મીંઢળ નાખીને પીને ઊલટી કરવી; અથવા મીંઢળ વગેરે ઊલટી કરાવે એવા પદાર્થો વડે સિદ્ધ કરેલી યવાગૂમા ઘી નાખીને તે ખાઈને ઊલટી કરવી.

વિરેચન ઔષધ

**विरेचनं दद्यात् त्रिवृच्छ्यामानृपद्रुमान् ।
शर्करामधुसर्पिर्भिः पयसा तर्पणेन वा ॥ ३ ॥
द्राक्षाविदारी काश्मर्यमांसानां वा रसैर्युतान् ।**

નસોતર, પીપર અને ગરમાળો—એમાંના ગમે તે એકને મધ, સાકર અને ઘી સાથે ક્ષયરોગીને વિરેચન માટે આપવું; અથવા દૂધની સાથે નસોતર વગેરે આપવાં; અથવા (કાળી દ્રાક્ષ વગેરે) તર્પણ (તૃપ્તિ) કરનાર ઔષધની સાથે નસોતર વગેરે આપવાં; અથવા કાળી દ્રાક્ષ, વિદારી કંદ, કાશ્મરી કે માંસનો રસ, એમાંના ગમે તેની સાથે નસોતર વગેરે ઉપર કહેલા ઔષધ જુલાબ માટે ક્ષયરોગીને આપવાં.

શોધન પછી બૃંહણ કરવા શું કરવું?

शुद्धकोष्ठस्य युञ्जीत विधिं बृंहणदीपनम् ॥४॥

ઉપર કહ્યા પ્રમાણે ઊલટીઓ અને જુલાબથી ક્ષયરોગીનો કોઠો શુદ્ધ કર્યા પછી તેને બૃંહણવિધિ અને દીપનવિધિ કરવો, એટલે જે વસ્તુઓ તેને પુષ્ટિ કરનારી હોય તે તથા જે વસ્તુઓ તેના જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારી

તેમ જ ક્ષયરોગીની સેવા કરનાર પરિચારકે રોગીને અનુકૂળ થઈને તથા યત્ન કરીને ઉપર કહેલી ઔષધિઓમાંથી કોઈ એકના ક્વાથ વડે તેનું શુદ્ધ ભોજન તૈયાર કરવું; અર્થાત્ ક્ષયરોગીએ પંચમૂળ વગેરેના ક્વાથમાં બનાવેલું સ્વચ્છ અન્ન ખાવું.

ક્ષયરોગમાં સિદ્ધ ઘી

दशमूलेन पयसा सिद्धं मांसरसेन वा ॥ १४ ॥
बलागर्भं घृतं योज्यं क्रव्यान्मांसरसेन वा ।
सक्षौद्रं पयसा सिद्धं सर्पिर्दशगुणेन वा ॥ १५ ॥

ક્ષયરોગવાળાને દશમૂળનો ક્વાથ તથા દૂધ, એ બેમાં ખળદાણાના કલ્કથી સિદ્ધ કરેલું ઘી મધ સાથે આપવું; અથવા માંસરસમાં ખળદાણાના કલ્કથી સિદ્ધ કરેલું ઘી મધ સાથે આપવું; અથવા માંસાહારી પ્રાણીઓના માંસરસમાં ખળદાણાના કલ્કથી સિદ્ધ કરેલું ઘી મધ સાથે આપવું; અથવા ઘીથી દશગણા દૂધમાં ખળદાણાના કલ્કથી સિદ્ધ કરેલું ઘી મધ સાથે આપવું.

जीवन्तीं मधुकं द्राक्षां फलानि कुटजस्य च ।
पुष्कराह्वं शठीं कृष्णां व्याघ्रीं गोक्षुरकं बलाम् ॥ १६ ॥
नीलोत्पलं तामलकीं त्रायमाणां दुरालभाम् ।
कल्कीकृत्य घृतं पक्वं रोगराजहरं परम् ॥ १७ ॥

જીવંતી, જેઠીમધ, કાળી દ્રાક્ષ, ઇંદ્રજવ પુષ્કરમૂળ, ષટ્કચૂરો, પીપર, ભોરીંગણી, ગોખરુ, ખળદાણા, કાળું કમળ, ભોંયઆમલી, ત્રાયમાણ, ધમાસો, એ સર્વે ઔષધનો કલ્ક કરીને, ઘીથી ચોગણા પાણીમાં એ કલ્ક વડે ઘી સિદ્ધ કરીને ક્ષયરોગીને પીવા આપવું; કેમ કે તે ઘી રોગના રાજા ક્ષયને મટાડવામાં શ્રેષ્ઠ છે.

घृतं खर्जूरमृद्वीकामधुकैः सपरूषकैः ।
सपिप्पलीकं वैस्वर्यकासश्वासज्वरापहम् ॥ १८ ॥

ખજૂર, કાળી દ્રાક્ષ, જેઠીમધ, ફાલસાં, એ ઔષધના કલ્ક વડે ચોગણા પાણીમાં સિદ્ધ કરેલા ઘીમાં પીપરનું ચૂર્ણ નાખીને પીવાથી ક્ષયરોગવાળાનો સ્વરભંગ, ખાંસી, શ્વાસ અને જ્વર મટે છે.

दशमूलशृतात्क्षीरात्सर्पिर्यदुदियान्नवम् ।
सपिप्पलीकं सक्षौद्रं तत्परं स्वरबोधनम् ॥१९॥
शिरःपार्श्वांसशूलघ्नं कासश्वासज्वरापहम् ।
पञ्चभिः पञ्चमूलैर्वा शृताद्यदुदियाद्घृतम् ॥ २० ॥

દશમૂળ નાખીને ઉકાળેલા દૂધમાંથી જે નવું ઘી બને છે, તેમાં મધ અને પીપર નાખીને પીવાથી તે ઘાંટો ઉઘાડવામાં ઉત્તમ ગુણ કરે છે. વળી તે માથું, પાસાં અને ખભામાંના શૂળ-(સણકા)નો નાશ કરે છે તથા ખાંસી, શ્વાસ અને તાવને દૂર કરે છે. અથવા પાંચ જાતનાં પંચમૂળને દૂધમાં ઉકાળ્યા પછી એ દૂધમાંથી જે ઘી બને છે, તે પણ એવો જ ગુણ કરે છે.

(પાંચ જાતનાં પંચમૂળ-મહત્, હ્રસ્વ, મધ્યમ, જીવનાખ્ય, તૃણાખ્ય. જુઓ સૂત્રસ્થાન અધ્યાય ૬, શ્લોક ૧૬૭ થી ૧૭૧.)

पञ्चानां पञ्चमूलानां रसे क्षीरचतुर्गुणे ।
सिद्धं सर्पिर्जयत्येतद्यक्ष्मणः सप्तकं बलम् ॥ २१ ॥

દૂધથી ચોગણા પાંચ પંચમૂળના રસથી સિદ્ધ કરેલા ઘીથી યક્ષ્મ(ક્ષયરોગ)વાળા રોગીના સાત ઉપદ્રવો(નિ. ૫/૧૫, ૧૫ફે)નું બળ નાશ પામે છે.

पञ्चकोलयवक्षारषट्पलेन पचेद्घृतम् ।
प्रस्थोन्मितं तुल्यपयः स्रोतसां तद्विशोधनम् ॥ २२ ॥
गुल्मज्वरोदरप्लीहग्रहणीपाण्डुपीनसान् ॥
श्वासकासाग्निसदनश्वयथूर्ध्वानिलाञ्जयेत् ॥ २३ ॥

પંચકોલ (પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ) અને જવખાર મળીને ચોવીસ તોલા ઔષધનો કલ્ક કરીને ચોસઠ તોલા ઘી તથા તેટલું જ (૬૪ તોલા) દૂધ લઈને તેમાં તે નાખવું અને પછી વિધિ પ્રમાણે ઘી સિદ્ધ કરવું. એ ઘી પીવાથી તે સ્રોતોનું શોધન કરીને તેમાંથી મળ કાઢી નાખે છે. વળી તે ગોળો, જ્વર, ઉદરરોગ, બરોળ, ગ્રહણીરોગ, પાંડુરોગ, સળેખમ, દમ, ખાંસી, મંદ અગ્નિ, સોજો અને ઊર્ધ્વવાયુ એટલા રોગને મટાડે છે.

रास्नाबलागोक्षुरकस्थिरावर्षाभुवारिणि ।
जीवन्तीपिप्पलीगर्भं सक्षीरं शोषजिद्घृतम् ॥२४

રાસ્ના, ખલા, ગોખરુ, શાલિપર્ણી, સાટોડી, એ ઔષધોના ક્વાથમાં દૂધ તથા ઘી નાખીને

તેમાં જીવંતી તથા પીપરનો કલ્ક નાખી ઘી પકવ કરવું. એ ઘી પીવાથી ક્ષયરોગ મટે છે.

अश्वगन्धाश्रृतात्क्षीराद्घृतं च ससितापयः ।

આસંધના કલ્કને દૂધમાં ઉકાળીને દૂધનું ઘી બનાવવું. એ ઘી સાકર તથા દૂધ સાથે પીવાથી ક્ષયરોગ મટે છે.

માંસઘૃત

साधारणामिषतुलां तोयद्रोणद्वये पचेत् ॥ २५ ॥
तेनाष्टभागशेषेण जीवनीयैः पलोन्मितैः ।
साधयेत्सर्पिषः प्रस्थं वातपित्तामयापहम् ॥२६॥
मांससर्पिरिदं पीतं युक्तं मांसरसेन वा ।
कासश्वासस्वरभ्रंशशोषहृत्पार्श्वशूलजित् ॥ २७॥

સાધારણ દેશનાં પ્રાણીઓનું માંસ ૪૦૦ તોલા લઈને તેને ૨૦૪૮ તોલા પાણીમાં રાંધવુ. પછી ઊકળતે ઊકળતે તેમાંથી આઠમે ભાગે પાણી રહે, ત્યારે તેને ગાળી લઈને પાછળ સૂત્રસ્થાનમાં અધ્યાય ૧૫ શ્લોક ૮માં કહેલા જીવનીય ગણનાં ઔષધોમાંનું પ્રત્યેક ચારચાર તોલા લઈને તેનો કલ્ક કરવો અને પેલા માંસકવાથમાં તે કલ્ક અને ૬૪ તોલા ઘી નાખીને ઘી પકવ કરવું. એ માંસઘૃત કહેવાય છે. એ ઘી પીવાથી વાયુ તથા પિત્તનો રોગ નાશ પામે છે. તેને એકલું પીવાથી અથવા માંસરસ સાથે મેળવીને પીવાથી ખાંસી, દમ, સ્વરભંગ, શોષ (ક્ષયરોગ), હૃદયનું શૂળ અને પાસાંનું શૂળ, એટલા રોગ મટે છે.

ઘીના લાડુ

पलाजमोदात्रिफलासौराष्ट्रीव्योषचित्रकान् ।
सारानरिष्टगायत्रीशालबीजकसम्भवान् ॥ २८ ॥
भल्लातकं विडङ्गं च पृथगष्टपलोन्मितम् ।
सलिले षोडशगुणे षोडशांशस्थितं पचेत् ॥ २९
पुनस्तेन घृतप्रस्थं सिद्धे चास्मिन्पलानि षट् ।
तवक्षीर्याः क्षिपेत्त्रिंशत्सितायाः द्विगुणं मधु ॥३०॥
घृतात्त्रिजातात्त्रिपलं ततो लीढं खजाहतम् ।
पयोनुपानं तत्प्राह्णे रसायनमयन्त्रणम् ॥ ३१ ॥
मेध्यं चक्षुष्यमायुष्यं दीपनं हन्ति चाचिरात् ।
मेहगुल्मक्षयव्याधिपाण्डुरोगभगन्दरान् ॥ ३२ ॥

એલચી, અજમોદ, ત્રિફળા, ગોપીચંદન, વ્યોષ (સૂંઠ, પીપર, મરી), ચિત્રો, અરીઠાંનો સાર, ખેરસાર, સાલવૃક્ષનો સાર, બીબલાનો સાર, ભિલામાં, વાવડિંગ એ પ્રત્યેક ઔષધ બત્રીસ-બત્રીસ તોલા લેવાં. તથા તેને સોળગણા પાણીમાં નાખીને સોળમા ભાગનું પાણી રહે ત્યાં સુધી ઉકાળવાં. પછી એ સર્વેના ક્વાથમાં ૬૪ તોલા ઘી નાખીને ઘી પકવ કરવું. ઘી તૈયાર થાય એટલે તેમાં ચોવીસ તોલા વંશલોચન. એકસો વીસ તોલા સાકર અને ઘી કરતાં બમણું મધ નાખવું. તે પછી તેમાં તજ ચાર તોલા, તમાલપત્ર ચાર તોલા અને એલચી ચાર તોલા નાખવી. પછી એ સર્વેને કડછી વડે હલાવીને એકત્ર કરવું. એ ઔષધને દિવસના પહેલા પહોરમાં ખાવુ (ચાટવું) તથા તે ઉપર અનુપાન તરીકે દૂધ પીવુ. એ ઔષધ સર્વોત્તમ રસાયન છે. વળી તે બુદ્ધિ, આંખ અને આયુષ્ય માટે સારું છે અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારું છે. તે પ્રમેહ, ગોળો, ક્ષયરોગ, પાંડુરોગ અને ભગંદર એ રોગોને જલદીથી મટાડનારું છે.

ये च सर्पिर्गुडाः प्रोक्ताः क्षते योज्याः
क्षयेऽपि ते ।

ક્ષતકાસ (ચિ. ૩/૧૧૧ થી ૧૩૩)માં જે ઘીના લાડુ આપવાના કહ્યા છે તે ક્ષયરોગમાં પણ આપવા.

ચૂર્ણ, અવલેહ

त्वगेलापिप्पलीक्षीरीशर्करा द्विगुणाः क्रमात् ॥
चूर्णिता भक्षिताः क्षौद्रसर्पिषा वाऽवलेहिताः ।
स्वर्याः कासक्षयश्वासपार्श्वरुक्कफनाशनाः ॥३४॥

તજ, એલચી, પીપર, વાંસકપૂર, સાકર, એ પાંચ ઔષધો ઉત્તરોત્તર બમણાં લેવાં, એટલે તજ એક તોલો, એલચી બે તોલા, પીપર ચાર તોલા, વાંસકપૂર આઠ તોલા, સાકર સોળ તોલા, એ પ્રમાણમાં લઈને તેનું ચૂર્ણ કરીને ફાકવું અથવા મધ તથા ઘી સાથે ચાટવું. એ ચૂર્ણ સ્વરભંગને મટાડે છે તથા ખાંસી ક્ષય, દમ, પાસાંમાંનું શૂળ અને કફ એ સર્વનો નાશ કરે છે.

(ઘી અને મધ ભેગાં લેવાનાં હોય, ત્યારે એ બંનેનું સરખું પ્રમાણ કદી લેવું નહિ.)

अथ स्वरसादचिकित्सितम् ।

સ્વરસાદ(સ્વરભેદ)ની ચિકિત્સા

(શ્લોક ૩૪ાા થી ૪૯)

ખાસ કઈ ક્રિયા કરવી

विशेषात्स्वरसादेऽस्य नस्यधूमादि योजयेत् ।

ક્ષયરોગવાળા રોગીનો અવાજ બેસી જાય તો વિશેષે કરીને તેને નસ્ય આપવું અથવા તેને ધુમ્રપાન કરાવવું વગેરે ઉપાય કરવા.

વાયુના સ્વરસાદના ઉપાય

तत्रापि वातजे कोष्णं पिबेदौत्तरभक्तिकम् ॥ ३५ ॥
कासमर्दकवार्ताकीमार्कवस्वरसैर्घृतम् ।
साधितं कासजित्स्वर्यं सिद्धमार्तगलेन वा ॥३६॥

તેમાં જે વાયુથી થયેલો સ્વરભંગ હોય, તો કાસોંદરો, ભોરીંગણી અને ભાંગરાના સ્વરસ વડે સિદ્ધ કરેલું ઘી લગાર ગરમ કરીને ભોજન કર્યા પછી પીવું અથવા કાળા ફૂલના કાંટાસળિયાના કલ્ક વડે સિદ્ધ કરેલું ઘી પીવું; કેમ કે એ બન્ને ઘી ખાંસીને મટાડનારાં તથા સ્વરને ઉઘાડનારાં છે.

बदरीपत्रकल्कं वा घृतभृष्टं ससैन्धवम् ।

અથવા બોરડીનાં પાંદડાંનો કલ્ક કરીને તેને ઘીમાં શેકવો તથા પછી તેમાં લગાર સિંધવ નાખીને તે ખાવું (તેથી પણ ખાંસી મટશે અને સ્વર ઉઘડશે).

तैलं वा मधुकद्राक्षापिप्पलीक्रिमिनुत्फलैः ॥ ३७ ॥
हंसपाद्याश्च मूलेन पक्कं नस्तो निषेचयेत् ।

જેઠીમધ, કાળી દ્રાક્ષ, પીપર, વાવડિંગ, મીંઢળ અને રિસામણીનું મૂળ એ ઔષધોથી પકવ કરેલા તેલને નાકમાં મૂકવું (ફૂંકવું), તેથી સ્વરભંગ મટે છે.

सुखोदकानुपानं च ससर्पिष्कं गुडौदनम् ॥ ३८ ॥
अश्नीयात्पायसं चैवं स्निग्धं स्वेदं नियोजयेत् ।

વળી સ્વરભંગવાળાએ ઘી, ગોળ અને ભાત ખાવાં તથા કોકરવરણું (સહેજ) પાણી તે ઉપર પીવું અથવા દૂધપાક અને ઘી ખાવું તથા તે ઉપર સહેજ પાણી પીવું. વળી તે રોગીને સ્નિગ્ધ સ્વેદ કાઢવો (શેક કરવો).

પિત્તના સ્વરસાદના ઉપાય

पित्तोद्भवे पिबेत्सर्पिः शृतशीतपयोनुपः ॥ ३९ ॥
क्षीरिवृक्षाङ्कुरकाथकल्कसिद्धं समाक्षिकम् ।
अश्नीयाच्च ससर्पिष्कं यष्टीमधुकपायसम् ॥ ४० ॥

જો સ્વરભંગ પિત્તથી થયો હોય તો તે રોગીએ રાયણવૃક્ષના અંકુરનો કવાથ કરી તેમા ઘી નાખીને તેમાં તે જ વૃક્ષના અંકુરનો કલ્ક નાખીને ઘીને સિદ્ધ કરવું. એ ઘી તેણે મધ સાથે પીવું તથા તેની ઉપર ઉકાળીને ઠંડું પાડેલું દૂધ અનુપાન તરીકે પીવું. વળી તેણે દૂધપાકમા જેઠીમધ અને ઘી નાખીને એ દૂધપાક ખાવો.

बलाविदारिगन्धाभ्यां विदार्या मधुकेन च ।
सिद्धं सलवणं सर्पिर्नस्यं स्वर्यमनुत्तमम् ॥ ४१ ॥

બળદાણા, શાલિપર્ણી, વિદારીકંદ અને જેઠીમધ, એ ચાર ઔષધના કલ્ક વડે સિદ્ધ કરેલા ઘીમાં સિંધવ નાખીને રોગીને સૂંઘાડવું (નાકમા ફૂંકવું); કેમ કે તે સર્વોત્તમ નસ્ય છે.

प्रपौण्डरीकं मधुकं पिप्पली बृहती बला ।
साधितं क्षीरसर्पिश्च तत्स्वर्यं नावनं परम् ॥ ४२ ॥
लिह्यान्मधुरकाणां च चूर्णं मधुघृताप्लुतम् ।

પ્રપૌંડરીક (સ્થળકમળ), જેઠીમધ, પીપર, ભોરીંગણી, બળદાણા, એ ઔષધોના કલ્ક વડે સિદ્ધ કરેલા દૂધમાંથી બનાવેલા ઘીનુ નસ્ય લેવુ; કેમ કે તે બેસી ગયેલો ઘાંટો ઉઘાડવામાં શ્રેષ્ઠ છે. વળી પિત્તસ્વરભંગવાળા રોગીએ મધુર રસવાળાં દ્રવ્યનું ચૂર્ણ કરીને તેને ઘી તથા મધમાં નાખીને ચાટવું.

કફના સ્વરસાદના ઉપાય

पिबेत्कटूनि मूत्रेण कफजे रूक्षभोजनः ॥ ४३ ॥
कटूफलामलकव्योष लिह्यात्तैलमधुप्लुतम् ।
व्योषक्षाराग्निचविकाभार्गीपथ्यामधूनि वा ॥ ४४ ॥

કફથી થયેલા સ્વરભંગમાં ગાયના મૂત્ર સાથે તીખાં ઔષધ પીવાં તથા લૂખા પદાર્થો ખાવામાં લેવા; કાયફળ, આમળાં અને ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), એ ઔષધોનું ચૂર્ણ

મધ તથા તેલ સાથે ચાટવું; અથવા ત્રિકટુ, (સૂંઠ, મરી અને પીપર), જવખાર, ચિત્રો, ચવક, ભારંગ અને હરડે એ ઔષધિઓનું ચૂર્ણ મધમાં ચાટવું.

यवैर्यवागूं यमके कणाधात्रीकृतां पिबेत् ।
भुक्त्वाऽद्यात्पिप्पलीं शुण्ठीं
तीक्ष्णं वा वमनं भजेत् ॥४५॥

જો કફથી સ્વરભંગ થયો હોય તો પીપર અને આમળાંના ક્વાથમાં બે સ્નેહ નાખીને તેમાં જવ નાખીને સિદ્ધ કરેલી યવાગૂ પીવી તથા ભોજન કર્યા પછી સૂંઠ અને પીપર ખાવી, અથવા તીક્ષ્ણ વમન લઈને ઊલટી કરવી.

તાણીને બોલવાથી અવાજ બેસી ગયો હોય તેના ઉપાય

शर्कराक्षौद्रमिश्राणि शृतानि मधुरैः सह ।
पिबेत्पयांसि यस्योच्चैर्वदतोऽभिहतः स्वरः ॥४६॥
इति स्वरसादचिकित्सितम् ।

જે માણસનો ઊંચે સ્વરે બોલવાથી ઘાંટો બેસી ગયો હોય, તેણે દૂધમાં (સાકર અને મધ સિવાયના) મધુર વર્ગના પદાર્થો નાખીને ઉકાળીને તે દૂધ ઠંડું પડ્યા પછી તેમાં સાકર તથા મધ નાખીને પીવું એટલે તેનો ઘાંટો ઊઘડશે.

આમ સ્વરસાદની ચિકિત્સા પૂરી થઈ.

अथारोचकचिकित्सितम् ।

અરુચિના ઉપાય

(શ્લોક ૪૬।। થી ૬૦)

અરુચિની સામાન્ય ચિકિત્સા

विचित्रमन्नमरुचौ हितैरुपहितं हितम् ।

જે માણસને અરુચિનો રોગ થયો હોય તેને નાના પ્રકારના અન્ન સાથે જે પથ્ય હોય તે મિશ્ર કરીને આપવું; એટલે તેને તે હિતકર થશે અર્થાત્ તેથી અરુચિ મટશે. આ ઉપરથી સમજવું કે, અરુચિ નામે રોગ બધા રોગ કરતાં મોટો છે; કારણ કે એમાં રોગીના પ્રાણ ટકાવવા માટે અપથ્ય અન્ન પણ આપવું પડે છે.

बहिरन्तर्मृजा चित्तनिर्वाणं हृद्यमौषधम् ॥४७॥
द्वौ कालौ दन्तपवनं भक्षयेन्मुखधावनैः ।
कषायैः क्षालयेदास्यं धूमं प्रायोगिकं पिबेत् ॥४८॥

સ્નાન વગેરે કરીને શરીરની બહારની શુદ્ધિ રાખવી અને ધર્માચરણ વડે અંતરની શુદ્ધિ રાખવી, ચિત્તને શાંત રાખવું, હૃદયને હિતકર ઔષધ ખાવું, સાંજસવાર બંને વખત દાતણ કરવું, મુખને શુદ્ધ કરનારા કષાય (ક્વાથ) વડે કોગળા કરવા અને પ્રાયોગિક (મૃદુ, સ્નિગ્ધ) ધૂમપાન કરવું, એ સર્વે અરુચિને મટાડવાના સામાન્ય ઉપાય છે.

(પ્રાયોગિક, મૃદુ સ્નિગ્ધ ધૂમપાન-જુઓ સૂત્રસ્થાન અધ્યાય ૨૧ શ્લોક ૧૨રૂ થી ૧૫.)

तालीसचूर्णवटकाः सकर्पूरसितोपलाः ।
शशाङ्ककिरणाख्याश्च भक्ष्या रुचिकराः परम् ॥४९

અરુચિવાળાએ કપૂર, ખડીસાકર અને તાલીસપત્રના ચૂર્ણની વડીઓ (ગોળીઓ) અને કપૂરી ભાત (સૂ૦ અ૦ ૩/૩૨) ખાવો; કેમ કે તે અત્યંત રુચિ ઉત્પન્ન કરે છે.

વાયુની અરુચિનું ઔષધ

वातादरोचके तत्र पिबेच्चूर्णं प्रसन्नया ।
हरेणुकृष्णाकृमिजिद्द्राक्षासैन्धवनागरात् ॥५०॥
एलाभार्गीयवक्षारहिङ्गुयुक्ताद्घृतेन वा ।
छर्दयेद्वा वचाम्भोभिः

જો વાયુથી અરુચિ થઈ હોય તો પ્રસન્ના નામે દારૂની સાથે રેણુકબીજ, પીપર, વાવડિંગ, કાળી દ્રાક્ષ, સિંધવ અને સૂંઠ એ ઔષધોનું ચૂર્ણ પીવું; અથવા એલચી, ભારંગ, જવખાર અને હિંગ, એ ઔષધોમાં ઘી મેળવીને તે ઘી સાથે રેણુકબીજ વગેરેનું ચૂર્ણ ખાવું; અથવા વજનું પાણી પીને ઊલટી કરવી.

પિત્તની અરુચિનું ઔષધ

पित्ताच्च गुडवारिभिः ॥५१॥
लिह्याद्वा शर्करासर्पिर्लवणोत्तममाक्षिकम् ।

પિત્તથી થયેલી અરુચિમાં ગોળનું પાણી પીને ઊલટી કરવી; અથવા સાકર, ઘી, સિંધવ અને મધ એ ઔષધો ભેગાં કરીને ચાટવાં.

કફની અરુચિનું ઔષધ

कफाद्वमेन्निम्बजलैर्दीप्यकारग्वधोदकम् ॥५२॥
पानं समध्वरिष्टाश्च तीक्ष्णाः समधुमाधवाः ।
पिबेच्चूर्णं च पूर्वोक्तं हरेण्वाद्युष्णवारिणा ॥५३॥

કફની અરુચિમાં લીમડાનું પાણી પીને ઊલટી કરવી; અથવા અજમોદ અને ગરમાળાનું પાણી પીવું; અથવા મધ સાથે અરીઠાં પીવાં; અથવા કાળી દ્રાક્ષ કે મહુડાનો તીક્ષ્ણ દારૂ મધ સાથે પીવો અથવા પાછળ કહેલું (રેણુકબીજ, પીપર, વાવડિંગ, કાળી દ્રાક્ષ, સિંધવ અને સૂંઠ–એ ઔષધોનું) ચૂર્ણ ગરમ પાણી સાથે પીવું.

પ્રસેક, અરુચિ, હૃદયમાં અને પડખામાં પીડા, ઉધરસ, શ્વાસ અને ગળાના રોગ માટે ચૂર્ણ

एलात्वङ्नागकुसुमतीक्ष्णकृष्णामहौषधम् ।
भागवृद्धं क्रमाच्चूर्णं निहन्ति समशर्करम् ॥ ५४ ॥
प्रसेकारुचिहृत्पार्श्वकासश्वासगलामयान् ।

એલચી, તજ, નાગકેસર, મરી, લીંડીપીપર, સૂંઠ એ સર્વે અનુક્રમે એક, બે, ત્રણ, ચાર અને પાંચ તોલા લઈને તે સર્વેની સમાન સાકર તેમાં નાખવી. એ ચૂર્ણ ખાવાથી લાળ પડવાનો રોગ, અરુચિ, હૃદયના રોગ, પાસાંના રોગ, ખાંસી, દમ અને ગળાના રોગ એ સર્વે મટે છે.

અરુચિ, વિબંધ, ઉધરસ, હૃદય, પડખાં, બરોળ, હરસ અને સંગ્રહણી માટે
પાડવ ચૂર્ણ

यवानीतिन्तिडीकाम्लवेतसौषधदाडिमम् ॥ ५५ ॥
कृत्वा कोलं च कर्षांश सितायाश्च चतुष्पलम् ।
धान्यसौवर्चलाजाजीवराङ्गं चार्धकार्षिकम् ॥५६
पिप्पलीनां शतं चैकं द्वे शते मरिचस्य च ।
चूर्णमेतत्परं रुच्यं हृद्यं ग्राहि, हिनस्ति च ॥५७॥
विबन्धकासहृत्पार्श्वप्लीहार्शोग्रहणीगदान् ।

અજમોદ, આમલી, અમ્લવેતસ, સૂંઠ, દાડમ અને બોર, એ ઔષધ એક એક તોલો લેવું. સાકર સોળ તોલા લેવી. ધાણા, સંચળ, જીરું અને તજ, એ અડધોઅડધો તોલો લેવુ. એક સો પીપર લેવી. બસો મરી લેવાં. એ સર્વનુ ચૂર્ણ કરવુ. એ ચૂર્ણ અત્યંત રુચિકર્તા અને ગ્રાહી (મળ બાધનારું) છે તથા તે વિબંધ, ખાંસી, હૃદયના રોગ, પાસાંના રોગ, હરસ અને ગ્રહણીરોગ મટાડે છે.

ઊરસ, શ્વાસ, અરુચિ, ઊલટી, બરોળ, હૃદયમાં અને પડખામાં શૂળ, પાંડુ, તાવ, અતિસાર અને મૂઢવાત માટે ચૂર્ણ

तालीसपत्रं मरिचं नागरं पिप्पली शुभा ॥५८॥
यथोत्तरं भागवृद्ध्या त्वगेले चार्धभागिके ।
तद्रुच्यं दीपनं चूर्णं कणाष्टगुणशर्करम् ॥ ५९ ॥
कासश्वासारुचिच्छर्दिप्लीहहृत्पार्श्वशूलनुत् ।
पाण्डुज्वरातिसारघ्नं मूढवातानुलोमनम् ॥ ६० ॥
इत्यरोचकचिकित्सितम् ।

તાલીસપત્ર, મરી, સૂંઠ, ગજપીપર અને લીંડીપીપર, એ સર્વે ઔષધો અનુક્રમે એક, બે, ત્રણ, ચાર અને પાંચ ભાગ લેવાં. એ સર્વ ઔષધથી તજ તથા એલચી અડધાં-અડધા લેવાં તથા તેમાં લીંડીપીપર કરતાં આઠગણી સાકર નાખવી. એ ચૂર્ણ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. એ ચૂર્ણ ખાવાથી ખાંસી, દમ, અરુચિ, ઊલટી, બરોળની ગાંઠ, હૃદયનું શૂળ, પાસાંનુ શૂળ, એ રોગ મટે છે. વળી પાંડુરોગ અને અતિસાર રોગનો એ ચૂર્ણ નાશ કરે છે તથા મૂઢવાયુને તેના સ્વાભાવિક માર્ગે ગતિ કરાવે છે.

આમ અરુચિની ચિકિત્સા પૂરી થઈ.

ક્ષયમાં ઉપદ્રવોના ઉપાય

લાળ પડવારૂપી ઉપદ્રવના ઉપાય

अर्कामृताक्षारजले शर्वरीमुषितैर्यवैः ।
प्रसेके कल्पितान्सक्तून्
भक्ष्यांश्चाद्याद्बली वमेत् ॥ ६१ ॥
कटुतिक्तैस्तथा शूल्यं भक्षयेज्जाङ्गलं पलम् ।
शुष्कांश्च भक्ष्यान् सुलघून्चणकादिरसानुपः ॥ ६२

આકડાના મૂળનો કવાથ, ગળોનો કવાથ અને દૂધ, એ સર્વ ભેગાં કરીને તેમાં રાતે જવ પલાળી મૂકવા. પછી તેને શેકીને દળના અને તેનો સાથુ કરવો. પછી જે રોગીના મોઢામાંથી પાણી ઘણુ છૂટતું હોય (લાળ પડતી હોય), જેને મોળ બહુ આવતી હોય, તેણે એ સાથુ ખાવો. જે રોગી બળવાન હોય તો તેણે તીખાં

તથા કડવાં ઔષધો ખાઈને ઊલટી કરવી. વળી તેણે જંગલ દેશનાં પ્રાણીઓના માંસને તવા ઉપર શેકીને ખાવું; સૂકા ભક્ષ્ય પદાર્થ ખાવા; બહુ હલકા પદાર્થોનું ભોજન કરવુ અને ચણા વગેરેના રસ(યૂષ)ને અનુપાન તરીકે પીવા.

श्लेष्मणोऽतिप्रसेकेन वायुः श्लेष्माणमस्यति ।
कफप्रसेकं तं विद्वान्स्निग्धोष्णैरेव निर्जयेत् ॥ ६३

જ્યારે કફ (લાળનું પાણી) ઘણો નીકળવા માંડે છે, ત્યારે વાયુ તે કફને મુખ દ્વારા બહાર કાઢે છે, તેને કફપ્રસેક કહે છે. એ રોગને જાણનારા વૈદે તેના સ્નિગ્ધ અને ઉષ્ણ ઉપાય કરીને તે રોગને જીતવો.

સળેખમ અને ઊલટીરૂપી ઉપદ્રવના ઉપાય

पीनसेऽपि क्रममिमं वमथौ च प्रयोजयेत् ।

એ કફપ્રસેકમાં કહેલો ઔષધનો ક્રમ પીનસ એટલે સળેખમમા તથા ઊલટીના ઉછાળા-(ઊબકા)ના રોગમાં પણ કરવો; અર્થાત્ તેમા પણ સ્નિગ્ધ અને ગરમ ઉપાય કરવા.

विशेषात्पीनसेऽभ्यङ्गान्
स्नेहान् स्वेदांश्च शीलयेत् ॥ ६४ ॥
स्निग्धानुत्कारिकापिण्डैः शिरः पार्श्वगलादिषु ।
लवणाम्लकटूष्णांश्च रसान् स्नेहोपसंहितान् ॥ ६५॥

સળેખમના રોગમા, ખાસ કરીને અભ્યંગ, સ્નેહ અને સ્નિગ્ધ સ્વેદ(શેક)નું સેવન કરવું. વળી માથું, પાસાં અને ગળું વગેરે ઠેકાણે સ્નિગ્ધ ઉત્કારિકાસ્વેદ અને પિંડસ્વેદ કરવા તથા ખારા, ખાટા, તીખા અને ગરમ પદાર્થોના યૂષો સ્નેહ નાખીને પીવા.

માથામાં, ખભામાં અને પડખામાં શૂળરૂપી ઉપદ્રવોનો ઉપાય

शिरोंसपार्श्वशूलेषु यथादोषविधिं चरेत् ।
औदकानूपपिशितैरुपनाहाः सुसंस्कृताः ॥ ६६ ॥
तत्रेष्टाः सचतुःस्नेहाः

માથું, ખભા અને પાસાંમાં શૂળ (સણકા) થતુ હોય, તો જે દોષ(વાયુ, પિત્ત કે કફ)નો હોય તે પ્રમાણે ઉપચાર કરવા તથા જળચર પ્રાણીઓ કે અનૂપ દેશનાં પ્રાણીઓનાં માંસમાં ઘી, તેલ, વસા, મજ્જા એ ચાર પ્રકારના સ્નેહ મેળવીને તે માંસને સંસ્કાર આપીને તેની પોટીસ બાંધવી.

બે દોષ સાથે કોપ્યા હોય તેના લેપ

दोषसंसर्ग इष्यते ।
प्रलेपो नतयष्ट्याह्वशताह्वाकुष्ठचन्दनैः ॥ ६७ ॥
बलारास्नातिलैस्तद्वत्ससर्पिर्मधुकोत्पलैः ।
पुनर्नवाकृष्णगन्धाबलावीराविदारिभिः ॥ ६८ ॥

બે દોષથી થયેલું સળેખમ હોય તો તગર, જેઠીમધ, સુવા, ઉપલેટ અને સુખડ એ ઔષધોનો જાડો લેપ કરવો અથવા ખળદાણા, રાસ્ના, તલ, ઘી, જેઠીમધ અને કમળનો જાડો લેપ કરવો અથવા સાટોડી, સરગવો, ખળદાણા, ક્ષીરકાકોલી, વિદારીકંદ એ ઔષધોનો જાડો લેપ કરવો.

નસ્ય, ધૂમપાન, સ્નેહ, અભ્યંગ, બસ્તિ

नावनं धूमपानानि स्नेहाश्चौत्तरभक्तिकाः ।
तैलान्यभ्यङ्गयोगीनि बस्तिकर्म तथा परम् ॥६९

નસ્ય આપવુ, ધૂમપાન કરાવવા; તેમ જ ભોજન કર્યા પછી સ્નેહપાન કરાવવા, વળી અભ્યગ કરવા યોગ્ય તેલ ચોળવા અને બસ્તિકર્મ કરવુ તે પણ ક્ષયરોગ મટાડવામાં શ્રેષ્ઠ છે.

ક્ષયમાં લોહી બગડે તેમાં શું કરવું ?

शृङ्गाद्यैर्वा यथादोषं दुष्टमेषां हरेदसृक् ।

વાયુ, પિત્ત કે કફ દોષના ક્ષયવાળાનુ બગડેલું લોહી જે દોષથી રોગ થયો હોય તેનો વિચાર કરીને (સૂ. ૨૬/૫૪૨) કમડી, તુમડી, જળો વગેરેથી ખેંચી કાઢવું.

प्रदेहः सघृतैः श्रेष्ठः पद्मकोशीरचन्दनैः ॥ ७० ॥
दूर्वामधुकमञ्जिष्ठाकेसरैर्वा घृताप्लुतैः ।

પદ્મકાષ્ઠ, વાળો, સુખડ, એ ત્રણને ઘીમા વાટીને તેનો લેપ કરવો તે શ્રેષ્ઠ છે અથવા દૂર્વા (ધરો), જેઠીમધ, મજીઠ અને કેસર એ ચારને ઘીમા વાટીને તેનો લેપ કરવો તે પણ શ્રેષ્ઠ છે.

वटादिसिद्धतैलेन शतधौतेन सर्पिषा ॥ ७१ ॥
अभ्यङ्गः पयसा सेकः शस्तश्च मधुकाम्बुना ।

વડની અંતરછાલના કલ્ક વડે સિદ્ધ

કરેલા તેલથી કે સો વાર ધોયેલા ઘી વડે ક્ષયરોગીને અભ્યંગ કરવો (શરીરે ચોળવું), એ સારું છે; તેમ જ દૂધ વડે અથવા જેઠીમધના પાણી વડે તેના ઉપર સેક (સિંચન, ધાર) કરવો તે પણ શ્રેષ્ઠ છે.

ક્ષયમાં અતિસારના ઉપાય

प्रायेणोपहताग्नित्वात्सपिच्छमतिसार्यते ॥ ७२
तस्यातिसारग्रहणीविहितं हितमौषधम् ।

ક્ષયરોગીનો અગ્નિ સામાન્ય રીતે મંદ હોય છે તેથી તેને વારંવાર પિચ્છાવાળો ઝાડો થાય છે. માટે એવે વખતે અતિસાર અને ગ્રહણીમાં કહેલું ઔષધ તેને આપવું તે હિતકર છે.

સુકાતા જતા ક્ષયરોગીનો ઝાડો રોકી રાખવાનું કારણ

पुरीषं यत्नतो रक्षेच्छुष्यतो राजयक्ष्मिणः ॥७३
सर्वधातुक्षयार्तस्य बलं तस्य हि विड्बलम् ।

જે ક્ષયરોગી સુકાઈ જતો હોય તેના ઝાડાના મળનું યત્ન કરીને રક્ષણ કરવું; કેમ કે તે સઘળી ધાતુઓના ક્ષયથી પીડાતો હોય છે, તેથી તેના ઝાડાનું બળ એ જ તેનું બળ છે; અર્થાત્ મળના બળથી તે ટકી શકે છે (ધાતુઓના બળથી નહિ).

માંસ અને દારૂનો પ્રયોગ

मांसमेवाश्नतो युक्त्या
मार्द्वीकं पिबतोऽनु च ॥ ७४ ॥
अविधारितवेगस्य यक्ष्मा न लभतेऽन्तरम् ।

જે માણસ દેશ, કાળ, સદવું ન સદવું વગેરેનો વિચાર કરીને યુક્તિ પ્રમાણે માંસ ખાય છે તથા તે પછી કાળી દ્રાક્ષનો દારૂ પણ યુક્તિ પ્રમાણે પીએ છે, અને જે ઝાડો, પેશાબ, છીંક, બગાસું વગેરેના વેગને અટકાવતો નથી, તે માણસને ક્ષયરોગ થવાનો અવકાશ જ નથી.

सुरां समण्डां मार्द्वीकमरिष्टान्सीधुमाधवान् ॥७५
यथार्हमनुपानार्थं पिबेन्मांसानि भक्षयन् ।
स्रोतोविबन्धमोक्षार्थं बलौजःपुष्टये च तत् ॥७६

ક્ષયરોગવાળાએ માંસ ખાઈને પછી અનુપાન તરીકે સુરા, મંડ, દ્રાક્ષાસવ, અરિષ્ટ, સીધુ, માધવ, એ મદ્યમાંથી જે સ્થિતિમાં જે યોગ્ય હોય તે પીવું; કેમ કે તેથી સ્રોતો બંધ થઈ ગયાં હોય છે તે ખુલ્લાં થાય છે તથા તે બળ, ઓજ અને પુષ્ટિ આપે છે.

અભ્યંગ, અવગાહન, મર્દન, ઉદ્વર્તન

स्नेहक्षीराम्बुकोष्ठेषु स्वभ्यक्तमवगाहयेत् ।
उत्तीर्णं मिश्रकैः स्नेहै-
र्भूयोऽभ्यक्तं सुखैः करैः ॥ ७७ ॥
मृद्गीयात्सुखमासीनं सुखं चोद्वर्तयेत्परम् ।

ક્ષયવાળા રોગીને તેલ ચોળ્યા પછી સ્નેહ, દૂધ અને પાણીના વાસણમાં બેસાડવો. વાસણ-(કોઠી)માંથી બહાર નીકળ્યા પછી ગુલ્મ-(ગોળો)ની ચિકિત્સામાં કહેલા મિશ્ર સ્નેહ વડે દરદીને સારું લાગે એમ ધીમે હાથે રોગીને રાહત રહે એમ બેસાડીને ચોળવું અને પછી સુખ થાય એમ ઉદ્વર્તન કરવું (નીચેથી ઊંચે ચોળવું).

ઉદ્વર્તન શાનાથી કરવું?

जीवन्तीं शतवीर्यां च विकसां सपुनर्नवाम् ॥७८
अश्वगन्धामपामार्गं तर्कारीं मधुकं बलाम् ।
विदारीं सर्षपान् कुष्ठं तण्डुलानतसीफलम् ॥७९
माषांस्तिलांश्च किण्वं च सर्वमेकत्र चूर्णयेत् ।
यवचूर्णं त्रिगुणितं दध्ना युक्तं समाक्षिकम् ॥८०॥
एतदुद्वर्तनं कार्यं पुष्टिवर्णबलप्रदम् ।

જીવંતી, ધોળી દૂર્વા (ધરો), મજીઠ, સાટોડી, આસંધ, અઘેડો, અરણી, જેઠીમધ, બળદાણા, વિદારીકંદ, સરસવ, ઉપલેટ, ચોખા, અળસી, અડદ, તલ અને કિણ્વ એ સર્વને વાટીને તેનું ભેગું ચૂર્ણ કરવું. પછી તેમાં સર્વના કુલ વજનથી ત્રણગણું જવનું ચૂર્ણ નાખવું અને તેમાં (થોડું) મધ મેળવવું. ઉપર (શ્લોક ૭૭½) જે ઉદ્વર્તન કહ્યું છે તે એવી રીતે તૈયાર કરવું અને પાછળ કહ્યા પ્રમાણે દરદીને કળ વળે એમ ચોળવું. એ ઉદ્વર્તન ચોળવાથી રોગીના શરીરને પુષ્ટિ, વીર્ય અને બળ પ્રાપ્ત થાય છે.

(કિણ્વ=દારૂનો તળિયાનો રગડો.)

શાનાથી નાહવું?

गौरसर्षपकल्केन स्नानीयौषधिभिश्च सः ॥८१॥
स्नायादृतुसुखैस्तोयैर्जीवनीयोपसाधितैः ।

ક્ષયરોગવાળાએ ધોળા સરસવનો કલ્ક ચોળીને તથા મોટા બળદાણા વગેરે સ્નાન-યોગ્ય ઔષધિઓ શરીરે લગાવીને પછી જે જે ઋતુમાં જેવું જેવું (ઊનું, ટાઢું વગેરે) પાણી શરીરને સારું લાગતું હોય તેવા પાણીને જીવ-નીયગણમાં કહેલાં ઔષધોથી સિદ્ધ કરીને તે વડે સ્નાન કરવું.

શણગાર, અનુલેપન

गन्धमाल्यादिकां भूषामलक्ष्मीनाशनीं भजेत् ॥८२

પછી અલક્ષ્મીનો નાશ કરનાર ગંધમાલ્યા-દિક અલંકાર ધારણ કરવા; અર્થાત્ ચંદન વગેરે સુગંધિનો લેપ કરવો તથા ફૂલના હાર વગેરે પહેરવા.

આનંદ, બસ્તિ, આહાર, ધર્મક્રિયા

सुहृदां दर्शनं गीतवादित्रोत्सवसंश्रुतिः ।
बस्तयः क्षीरसर्पींषि मद्यमांससुशीलता ॥ ८३ ॥
दैवव्यपाश्रयं तत्तदथर्वोक्तं च पूजितम् ॥८३½॥

પછી પોતાના વહાલા બાંધવો તથા મિત્રો વગેરેને મળવું અને ગાયન, વાજિંત્ર સાંભળવાં તથા પુત્રજન્મ, વિવાહ વગેરે ઉત્સવોની વાતો સાંભળવી. વળી તેણે બસ્તિઓ લેવી, દૂધમાંથી બનાવેલું ઘી ખાવું અને દારૂ તથા માંસનું યથાયોગ્ય સારી રીતે સેવન કરવું. તેણે દૈવાશ્રય કર્મ (ચિ. ૧/૧૬૪½) કરવાં, તેમ જ અથર્વ-વેદમાં કહેલું યજ્ઞ વગેરે તે તે કર્મ કરવું; કેમ કે એ હિતકર છે.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने राजयक्ष्मादि-चिकित्सितं नाम पञ्चमोऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ ઠ્ઠો–ઊલટીઓ થવારૂપી રોગના ઉપાય

(શ્લોક ૦ાથી ૨૪)

ક્ષયરોગવાળાને વિશેષ કરીને ઊલટી વગેરે ઉપદ્રવો થાય છે માટે ક્ષયની ચિકિત્સા પછી છર્દિ (બકારી, ઊલટી) વગેરેની ચિકિત્સા કહેવાના હેતુથી ગ્રંથકાર કહે છે કે–

अथातश्छर्दिहृद्रोगतृष्णाचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે છર્દિરોગ (ઊલટી), હૃદ્રોગ (હૃદયના રોગ) અને તૃષ્ણારોગ (તૃષારોગ, તરસ બહુ અને વારંવાર લાગવાનો રોગ)ની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિ-ઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

સામાન્ય ચિકિત્સા

(શ્લોક ૦ાથી ૬)

વાયુ સિવાયની બધી ઊલટીમાં ઉપવાસ: ઊલટીઓમાં કોને વમન ઔષધ આપવું?

आमाशयोत्क्लेशभवाः प्रायश्छर्द्यो हितं ततः ।
लङ्घनं प्रागृते वायोर्वमनं तत्र योजयेत् ॥ १ ॥
बलिनो बहुदोषस्य वमतः प्रततं बहु ।

સામાન્ય રીતે તમામ ઊલટીઓ આમાશય-(હોજરી)માંથી દોષ ઊછળવાથી થાય છે. માટે ઊલટીના રોગવાળાને પ્રથમ લંઘન (ઉપવાસ) કરાવવા એ જ હિતકર છે. પણ વાયુથી થયેલી ઊલટીમાં લંઘન કરાવવું નહિ. જો ઉપવાસ કર્યા છતાં પણ ઊલટીઓ બંધ ન થાય તો શરીરે શક્તિમાન હોય અને વારંવાર ઘણી ઊલટી કરતો હોય એવા બહુ દોષવાળા દરદીને વમન ઔષધ આપીને ઊલટીઓ કરાવવી.

વિરેચન કોનું કેવી રીતે કરવું? શમન ઔષધ કોને આપવું?

ततो विरेकं क्रमशो हृद्यं मद्यैः फलाम्बुभिः ॥२॥
क्षीरैर्वा सह स ह्यूर्ध्वं गतं दोषं नयत्यधः ।
शमनं चौषधं रूक्षदुर्बलस्य तदेव तु ॥ ३ ॥

પછી ઊલટીઓ કરાવ્યા પછી ક્રમસર વિરે-ચન (જુલાબનું) ઔષધ આપવું, (પણ એક-દમ વિરેચન ઔષધ આપવું નહિ). વિરેચન ઔષધ, હૃદયને હિતકર તથા કાળી દ્રાક્ષનો દારૂ, કાળી દ્રાક્ષ વગેરે ફળનું પાણી અથવા ગાયનું દૂધ, એમાંના એકાદ અનુપાન સાથે આપવું; કેમ કે જે દોષ ઊંચે ચડી ગયા હોય છે તે એવી રીતે વિરેચન આપવાથી નીચે આવે છે અને તેથી ઊલટીનો વેગ બંધ પડે છે. એવી રીતે ઊલટીવાળાને લંઘન, વમન અને વિરેચનરૂપ શોધન જ માત્ર આપવું એમ

નથી; પણ જેઓ લૂખા પડી ગયા હોય અને નબળા હોય તેમને લંઘન, વમન અને વિરેચન ન આપતાં તેમને શમન ઔષધ આપવું; કેમ કે શોધન ઔષધોનો વેગ તેમનાથી સહન થઈ શકે નહિ.

અન્નપાન

परिशुष्कं प्रियं सात्म्यमन्नं लघु च शस्यते।
उपवासस्तथा यूपा रसाः काम्बलिकाः खलाः॥४
शाकानि लेहा भोज्यानि रागपाडवपानकाः।
भक्ष्याः शुष्का विचित्राश्च फलानि स्नानघर्षणम्॥५॥
गन्धाः सुगन्धयो गन्धफलपुष्पान्नपानजाः।
भुक्तमात्रस्य सहसा मुखे शीताम्बुसेचनम्॥६॥

ઊલટીના રોગવાળાને સૂકું, પ્રિય, સાત્મ્ય (માફક આવે એવું) અને હલકું અન્ન હિતકર છે. વળી તેણે ઉપવાસ કરવા અને યૂષ તથા માંસરસ પીવા; તેમ જ પાછળ સૂત્રસ્થાન અધ્યાય ૬ માં કૃતાન્નવર્ગમાં કાંબલિક વગેરેનું લક્ષણ કહેલું છે તે કાંબલિક, ખોળ, શાક, લેહ (ચાટવા જેવા પદાર્થો), ભોજ્ય, રાગ, ખાંડવ, પાનક, સૂકાં અને જાતજાતનાં ભક્ષ્ય, ફળો, સ્નાન, ઉદ્વર્તનરૂપે ઘર્ષણ કરવું, અત્તર વગેરે સુગંધિ પદાર્થો, સુગંધવાળાં ફળ, પુષ્પ, અન્ન અને પીણાં (પીવાના પદાર્થો), એ સર્વ ઊલટીના રોગવાળાને હિતકર છે. વળી તે રોગી ખાઈ રહે કે તરત જ એકાએક (દરદીને અગાઉથી ખબર ન પડે એ રીતે) તેના મોઢા ઉપર ઠંડું પાણી રેડવું. એ પણ ઊલટીને બંધ કરે છે.

વિશેષ ચિકિત્સા

(શ્લોક ૬ાથી ૨૪)

વાયુથી થતી ઊલટીઓના ઉપાય

हन्ति मारुतजां छर्दिं सर्पिः पीतं ससैन्धवम्।
किञ्चिदुष्णं विशेषेण सकासहृदयद्रवाम्॥७॥
व्योषत्रिलवणाढ्यं वा सिद्धं वा दाडिमाम्बुना।
सशुण्ठीदधिधान्येन शृतं तुल्याम्बु वा पयः।८॥
व्यक्तसैन्धवसर्पिर्वा फलाम्लो वैष्किरो रसः।
स्निग्धं च भोजनं शुण्ठीदधिदाडिमसाधितम्॥९॥
कोष्णं सलवणं चात्र हितं स्नेहविरेचनम्।

થોડું ગરમ—સહેજ ઘી સિંધવ નાખીને પીવાથી (ચાટવાથી નહિ) વાયુની છર્દિ (ઊલટી) મટે છે. એમ કરવાથી ખાંસી અને હૃદયનો થરથરાટ એ બે ઉપદ્રવોવાળી વાયુની ઊલટી ખાસ મટે છે અથવા સૂંઠ, પીપર, મરી, સિંધવ, સંચળ, બીડલવણ એ ઔષધોનું જરા વધારે ચૂર્ણ ઘીમાં નાખીને તે પીવાથી પણ વાયુની ઊલટી મટે છે અથવા દાડમનું પાણી તથા સૂંઠ, દહીં અને ધાણા એ ઔષધોથી ઘી સિદ્ધ કરવાની સામાન્ય રીત પ્રમાણે સિદ્ધ કરેલું ઘી પીવાથી પણ વાયુની ઊલટી મટે છે. અથવા દૂધ અને પાણી સમાન લઈને ફક્ત દૂધ બાકી રહે ત્યાં લગી ઉકાળી તેને ઠંડું પડવા દઈ પીવાથી પણ વાયુની ઊલટી શમે છે. અથવા વિષ્કિર પ્રાણીઓના માંસરસમાં ઘણું ઘી તથા સિંધવ નાખીને તેમ જ દાડમ કે બિજોરાં વગેરેથી તે રસને ખટાશયુક્ત કરીને રોગીને પાવો, તેથી વાયુની ઊલટી મટે છે. અથવા સૂંઠ, દહીં અને દાડમ નાખીને તૈયાર કરેલું સ્નેહયુક્ત ભોજન (સ્નિગ્ધ ભોજન) ખાવા આપવાથી વાયુની ઊલટી મટે છે. અથવા આ વાયુની ઊલટીમાં લગાર ગરમ તથા સિંધવ નાખીને સ્નેહનું વિરેચન આપવું તે પણ હિતકર છે; અર્થાત્ એરંડિયાને લગાર ગરમ કરી તેમાં સિંધવ નાખીને પાવું તે પણ વાયુની ઊલટીને મટાડે છે.

પિત્તથી થતી ઊલટીઓના ઉપાય

पित्तजायां विरेकार्थं द्राक्षेक्षुस्वरसैस्त्रिवृत्॥१०॥
सर्पिर्वा तैल्वकं योज्यं वृद्धे च श्लेष्मधामगम्।
ऊर्ध्वमेव हरेत् पित्तं स्वादुतिक्तैर्विशुद्धिमान्॥११
पिबेन्मन्थं यवागूं वा लाजैः समधुशर्कराम्।
मुद्गजाङ्गलजैरद्याद्‌व्यञ्जनैः शालिषष्टिकम्॥१२॥
मृद्भृष्टलोष्टप्रभवं सुशीतं सलिलं पिबेत्।
मुद्गोशीरकणाधान्यैः सह वा संस्थितं निशाम्॥
द्राक्षारसं रसं वेक्षोर्गुडूच्यम्बु पयोऽपि वा।

પિત્તથી થતી ઊલટીમાં વિરેચનને માટે કાળી દ્રાક્ષ અને શેરડીના રસમાં નસોતર આપવું,

અથવા રાતા લોધ્રથી સિદ્ધ કરેલુ ઘી પાવુ. પિત્તની ઊલટીમા જે પિત્ત વધીને કફના સ્થાનમા ગયુ હોય, એટલે જે આમાશયમા પિત્ત વધી ગયુ હોય તા મધુર અને કડવા વમન ઔષધો આપીને તે પિત્તને ઉપરના માર્ગથી (મોથી) ઊલટીઓ કરાવીને બહાર કાઢી નાખવુ, અર્થાત્ વિરેચન ન આપતા વમન આપીને જ તે પિત્તને કાઢવુ એ રીતે વમન અને વિરેચન વડે શુદ્ધ થયેલા પિત્તથી થતી ઊલટીઓવાળા રોગીએ ડાંગરની ધાણીનો મથ મધ તથા સાકર નાખીને પીવો, અથવા યવાગૂમા ડાંગરની ધાણી, મધ તથા સાકર નાખીને તે પીવી, અથવા મગના કે જાગલ પ્રાણીઓના માસના વ્યજન સાથે શાળનો કે સાઠી ચોખાનો ભાત ખાવો, અથવા માટીના ગોળાને અગ્નિમા તપાવીને પાણીમા છમકારીને પછી તે પાણી ખહુ ઠડુ કરીને પીવુ, અથવા મગ, વીરણુવાળો, પીપર અને ધાણા એ ઔષધને રાત્રે પાણીમા પલાળી રાખીને સવારે તે પાણી ગાળી લેવુ અને તે પાણી પીવુ, અથવા કાળી દ્રાક્ષનો રસ પીવો, અથવા શેરડીનો રસ પીવો, અથવા ગળોનુ પાણી પીવુ અથવા દૂધ પીવુ.

जम्ब्वाम्रपल्लवोशीरवटशुङ्गावरोहज ॥ १४ ॥
क्वाथ क्षौद्रयुत पीत शीतो वा विनियच्छति ।
छर्दिं ज्वरमतीसार मूर्च्छां तृष्णां च दुर्जयाम् ॥१५

જાબુડો અને આબો એ બેના કુમળા પાદડા, વીરણુવાળો, વડની વડવાઈના કુમળા અકુર, એ ઔષધોના ક્વાથમા મધ નાખીને તે પીધો હોય અથવા એ ઔષધોનો હિમ મધ નાખીને પીધો હોય, તો તે પિત્તની ઊલટી, તાવ, અતિસાર, મૂર્ચ્છા અને કષ્ટસાધ્ય તરસને મટાડે છે.

धात्रीरसेन वा शीत पिबेन्मुद्गदलाम्बु वा ।
कोलमज्जसितालाजामक्षिकाविट्कणाञ्जनम् ॥१६॥
लिह्यात्क्षौद्रेण पथ्या वा द्राक्षा वा बदराणि वा ।

મગના પાદડાને પાણીમા ઉકાળીને તે પાણી ઠડુ કરીને આમળાના રસ સાથે પીવુ અથવા મગનાં પાદડાનો હિમ પીવો અથવા બોરના ઠળિયાની મીજ, સાકર, મમરા (ડાંગરની ધાણી), માખીની હગાર, પીપર અને રસાજન એ સર્વને મધ સાથે ચાટવા. અથવા મધ સાથે હરડે ચાટવી, અથવા કાળી દ્રાક્ષ, અથવા બોરનો કલ્ક ચાટવો, તેથી પિત્તની ઊલટી મટે છે

કફથી થતી ઊલટીઓના ઉપાય

कफजायां वमेन्निम्बकृष्णापिण्डीतसर्षपै. ॥ १७ ॥
युक्तेन कोष्णतोयेन, दुर्बलं चोपवासयेत् ।
आरग्वधादिनिर्यूहं शीतं क्षौद्रयुत पिबेत् ॥ १८ ॥
मन्थान् यवैर्वा बहुशश्छर्दिघ्नौषधभावितै ।
कफघ्नमन्नं हृद्यं च रागा सार्जकभूस्तृणा ॥१९
लीढ मन.शिलाकृष्णामरिचं बीजपूरकात् ।
स्वरसेन कपित्थस्य सक्षौद्रेण वमिं जयेत् ॥ २०
खादेत्कपित्थ सत्र्योषं, मधुना वा दुरालभाम् ।
लिह्यान्मरिचचोचैलागोशकृद्रसमाक्षिकम् ॥ २१ ॥

કફથી થતી ઊલટીમા લીમડાની અતરછાલ, પીપર, મીઢળ અને સરસવને વાટીને તેને લગાર ગરમ કરેલા પાણીમા નાખીને પીવુ અને ઊલટી કરવી. રોગી જે દુર્બળ હોય તો તેને ઊલટી ન કરાવતા ઉપવાસ કરાવવો, અથવા પાછળ સૂત્રસ્થાનના અધ્યાય ૧૫મામા આરગ્વધાદિ ગણ કહેલો છે (શ્લોક ૧૭), તે ઔષધોના ક્વાથને ઠડો કરીને તેમા મધ નાખીને પાવો અથવા ઊલટીને મટાડનાર ઔષધો વડે અનેક વાર પટ દઈને તૈયાર કરેલા જવના મથ પાવા, અથવા કફનો નાશ કરે તથા હૃદયને પ્રિય લાગે તેવુ અન્ન ખવડાવવુ. પાછળ સૂત્ર સ્થાનમા (સૂ. ૭/૩૦) રાગ, ખાડવ વગેરે કહેલા છે તેમાના રાગ નામના પીણામા તુલસીના પાદડા તથા રોહિસખડ નાખીને તે પાવા. મનશીલ, પીપર, મરી એ સર્વને બિજોરાના અથવા કોઠાના સ્વરસમા નાખીને તેમા મધ નાખીને ચાટવાથી ઊલટી મટે છે અથવા સૂઠ, પીપર અને મરી સાથે કોઠુ ખાવુ અથવા મધ સાથે ધમાસાનુ ચૂર્ણ ચાટવુ.

સૂગ ચડે એવી વસ્તુઓથી થતી ઊલટીના ઉપાય

अनुकूलोपचारेण याति द्विष्टार्थजा शमम् ।

અણગમતા (ચીતરી ચડે એવા) પદાર્થને જોવાથી જે ઊલટી થતી હોય તેને મટાડવાને રોગીના મનને અનુકૂળ એવા ઉપચાર કરવા તેથી તે શમી જાય છે.

કૃમિથી તથા બીજાં કારણોથી થતી ઊલટીના ઉપાય

कृमिजा कृमिहृद्रोगगदितैश्च भिषग्जितैः ॥२२॥
यथास्वं परिशोपाश्च, तत्कृताश्च तथाऽऽमयाः ।

જે ઊલટી કરમિયાથી ઉત્પન્ન થયેલી હોય, તેનો ઉપાય કૃમિરોગ અને હૃદયના રોગમાં કહેલાં ઔષધો વડે કરવો. તરસ, આમ અને ગર્ભિણીના અભાવા જેવાં બીજાં કારણોને લીધે થતી ઊલટીઓના ઉપાય કરવામાં ઊલટીનાં કારણ મટાડવાના ઉપાય કરવા તથા ઊલટીને લીધે થતા બીજા રોગો મટાડવાને તે જ પ્રમાણે (તથા) કરવું.

ઊલટીઓ ચાલુ જ રહે તો શું કરવું?

छर्दिप्रसङ्गेन हि मातरिश्वा
धातुक्षयात्कोपमुपैत्यवश्यम् ।
कुर्यादतोऽस्मिन् वमनातियोग-
प्रोक्तं विधिं स्तम्भनबृंहणीयम् ॥२३३॥
सर्पिर्गुडा मांसरसा घृतानि
कल्याणकत्र्यूषणजीवनानि ।
पयांसि पथ्योपहितानि लेहा-
श्छर्दिं प्रसक्तां प्रशमं नयन्ति ॥२४३॥
इति छर्दिचिकित्सितम् ।

ઊલટીઓ ચાલુ રહે તો ધાતુનો ક્ષય થાય છે અને તેથી અવશ્ય વાયુ કોપે છે, માટે પાછળ વમનવિધિમા કહ્યુ છે, કે જ્યારે હદ કરતાં વધારે ઊલટીઓ થાય, ત્યારે તેને અટકાવવાને અને વમનવાળાને પુષ્ટ કરવાને જે વિધિ પાછળ (સૂત્રસ્થાને અધ્યાય ૧૯માં) વમનવિધિમાં કહ્યો છે, એ વિધિ આ ઊલટીઓના રોગમાં પણ કરવો; તેમ જ ઘીના લાડુ (ચિ. ૩/૧૧૨૩), માંસરસ, કલ્યાણકઘૃત, ત્રિકટુથી સિદ્ધ કરેલું ઘી, જીવનીયગણનાં ઔષધોથી સિદ્ધ કરેલું ઘી, પથ્ય ઔષધ નાખેલાં દૂધ અને અવલેહ–એ સર્વે દોષ, દૂષ્ય વગેરેનો વિચાર કરીને રોગીને આપવાથી, લાંબા વખત સુધી ચાલતી ઊલટી શાંત થાય છે.

अथ हृद्रोगचिकित्सितम् ।

હૃદયના રોગની ચિકિત્સા

(શ્લોક ૨૫થી ૫૯)

વાયુથી થતા હૃદયરોગના ઉપાય

(શ્લોક ૨૫થી ૪૩)

ગોળો અને આનાહની પીડા મટાડે એવું તેલ

हृद्रोगे वातजे तैलं मस्तुसौवीरतक्रवत् ॥२५॥
पिबेत्सुखोष्णं सबिडं गुल्मानाहार्तिजिच्च तत् ।

વાયુથી થયેલા હૃદયના રોગમાં દહીંનું નીતર્યું પાણી, સૌવીર નામે દારૂ, છાશ અને ખીડલવણ એટલાં વાનાં તેલમાં નાખીને તેને લગાર ગરમ કરીને તે તેલ પીવું. તેથી હૃદયનો રોગ, ગોળો અને આનાહ(પેટ ચડવાનો રોગ)ની પીડા મટે છે.

तैलं च लवणैः सिद्धं समूत्राम्लं तथागुणम् ॥२६॥

પાંચ લવણ વડે ગાયના મૂત્રમાં અને ખાટી કાંજીમાં સિદ્ધ કરેલું તેલ પીવાથી પણ હૃદયનો રોગ, ગોળો અને આનાહની પીડા મટે છે.

बिल्वं रास्नां यवान् कोलं देवदारुं पुनर्नवाम् ।
कुलत्थान् पञ्चमूलं च पक्त्वा
तस्मिन्पचेज्जले ॥२७॥
तैलं तन्नावने पाने बस्तौ च विनियोजयेत् ।

બીલું, રાસ્ના, જવ, બોર, દેવદાર, સાટોડી, કળથી, પંચમૂળ એ સર્વેનો પાણીમાં કવાથ કરીને તે કવાથમાં તેલ નાખીને તેલ માત્ર બાકી રહે ત્યાં લગી તેને પકવ કરવું. એ તેલ નસ્ય આપવામાં, પીવામાં અને બસ્તિ આપવામાં વાપરવું. (તેથી હૃદયના રોગ, ગોળો અને આનાહની પીડા મટે છે.)

પડખામાં અને હૃદયમાં પીડા તથા ગોળો મટાડે એવું ઘી

शुण्ठीवयस्थालवणकायस्थाहिङ्गुपौष्करैः ॥२८॥
पथ्यया च शृतं पार्श्वहृद्रुजागुल्मजिद्घृतम् ।

સૂંઠ, આમળાં, સિંધવ, કાકોલી, હિંગ, પુષ્કરમૂળ, હરડે–એ ઔષધોથી સિદ્ધ કરેલું ઘી પીવાથી પાસાંની અને હૃદયની પીડા 'તથા

ગોળો મટે છે.

હૃદયરોગ, શ્વાસ અને ગોળો મટાડે એવું ઘી

सौवर्चलस्य द्विपले पथ्यापञ्चाशदन्विते ॥ २९ ॥
घृतस्य साधितः प्रस्थो हृद्रोगश्वासगुल्मजित् ।

આઠ તોલા સંચળ અને પચાસ હરડે નાખીને ૬૪ તોલા ઘી સિદ્ધ કરવું. એ ઘી પીવાથી હૃદયના રોગ, દમ અને ગોળો મટે છે.

અપતંત્રક, હૃદયરોગ અને શ્વાસ મટાડે એવું ચૂર્ણ

दाडिमं कृष्णलवणं शुण्ठी हिङ्ग्वम्लवेतसम् ॥ ३० ॥
अपतन्त्रकहृद्रोगश्वासघ्नं चूर्णमुत्तमम् ।

દાડમ, કાળું મીઠું, સૂંઠ, હિંગ અને અમ્લવેતસ એ પાંચનું ભેગું ચૂર્ણ અપતંત્રક, હૃદયરોગ અને દમને મટાડવા માટે ઉત્તમ છે.

હૃદયમાં વિકર્તિકા અને શૂળ મટાડે એવું ઔષધ

पुष्कराह्वशठीशुण्ठीबीजपूरजटाभयाः ॥ ३१ ॥
पीताः कल्कीकृताः क्षारघृताम्ललवणैर्युताः ।
विकर्तिकाशूलहराः
काथः कोष्णश्च तद्गुणः ॥ ३२ ॥
यवानीलवणक्षारवचाजाज्यौषधैः कृतः ।
सपूतिदारुबीजाह्वपलाशशठिपौष्करैः ॥ ३३ ॥
(यवक्षारो यवानी च पिबेदुष्णेन वारिणा ।
एतेन वातजं शूलं गुल्मं चैव चिरोत्थितम् ॥ १ ॥
भिद्यते सप्तरात्रेण पवनेन यथा घनः ।)

પુષ્કરમૂળ, પટ્કચૂરો, સૂંઠ, બિજોરાંનાં મૂળ, હરડે, એ સર્વનો કલ્ક કરીને તેમાં જવખાર, ઘી, બિજોરાંનો રસ અને પાંચ લવણ નાખવાં. પછી તેને પીવાથી તે, પેટમાં કપાઈ જતું હોય એવી વેદના સહિત જે ચૂંક આવે છે તેને મટાડે છે; તેમ જ અજમોદ, સિંધવ, જવખાર, વજ, જીરું, સૂંઠ, કળુજી, દેવદાર, બિજોરું, હરડે, પટ્કચૂરો અને પુષ્કરમૂળ એ ઔષધોનો ક્વાથ કરીને લગાર ગરમ હોય તેવો પીવો. તેથી પણ વિકર્તિકા નામે શૂળ (ચૂંક) મટે છે.

(જેમ પવનથી વાદળું વિખેરાઈ જાય છે તેમ જવખાર અને અજમોદ એ બંને ગરમ પાણી સાથે પીવાથી વાયુથી થયેલું શૂળ અને જૂનો ગોળો સાત દિવસમાં મટી જાય છે.)

હૃદયમાં, પડખામાં અને યોનિમાં શૂળ માટે તથા ગોળા માટે ઔષધ

पञ्चकोलशठीपथ्यागुडबीजाह्वपौष्करम् ।
वारुणीकल्कितं भृष्टं यमके लवणान्वितम् ॥ ३४ ॥
हृत्पार्श्वयोनिशूलेषु खादेद्गुल्मोदरेषु च ।

પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક અને સૂંઠ, પટ્કચૂરો, હરડે, ગોળ, બિજોરું, પુષ્કરમૂળ, એ ઔષધોને વારુણી નામે દારૂમાં વાટીને કલ્ક કરવો તથા તે કલ્કને ઘી, તેલ, વસા અને મજ્જા એ ચાર સ્નેહમાંના ગમે તે બે સ્નેહમાં શેકવો. પછી તેમાં સિંધવ નાખીને તે કલ્ક ખાવો. એ કલ્ક ખાવાથી હૃદય, પાસાં અને યોનિમાં શૂળ આવતું હશે તે મટશે તથા ગોળો અને ઉદર-રોગ પણ મટશે.

વાયુના હૃદયરોગમાં કેવા શેક અને કેવાં ઘી જોઈએ?

स्निग्धाश्चेह हिताः स्वेदाः
संस्कृतानि घृतानि च ॥ ३५ ॥

વાયુથી થયેલા હૃદયના રોગમાં સ્વેદવિધિમાં કહેલાં સ્નિગ્ધ, સ્વેદ અને વાતનાશક ઔષધિથી પકવેલાં ઘી હિતકારક છે.

તરસ લાગે ત્યારે શું પીવું?

लघुना पञ्चमूलेन शुण्ठ्या वा साधितं जलम् ।
वारुणीदधिमण्डं वा धान्याम्लं वा पिबेत्तृषि ॥ ३६ ॥

હૃદયના રોગમાં તરસ લાગે તો લઘુપંચમૂળ વડે અથવા સૂંઠ વડે સિદ્ધ કરેલું પાણી પીવું અથવા વારુણી નામે મદ્ય પીવું અથવા દહીંનો મંડ પીવો, અથવા ધાન્યામ્લ પીવું.

શ્લોક ૨૫થી ૩૬વાળી ક્રિયા કેવા હૃદયરોગમાં કરવી?

सायामस्तम्भशूलामे हृदि मारुतदूषिते ।
क्रियैषा

જે વાયુથી થયેલા હૃદયરોગમાં આક્ષેપવાયુ, સ્તંભવાયુ, શૂલ અને આમ, એ ઉપદ્રવો હોય તો ઉપર કહી તે જ ક્રિયા કરવી.

વાયુના હૃદયરોગમાં દ્રવ, આયામ અને પ્રમેહ હોય તો શું કરવું?

सद्रवायामप्रमोहे तु हिता रसाः ॥ ३७ ॥

स्नेहाढ्यास्तित्तिरिक्रौञ्चशिखिवर्तकदक्षजाः।

પણ જે વાયુથી થયેલા હૃદયરોગમાં દ્રવ, આયામ તથા મૂર્છાના ઉપદ્રવો થતા હોય તો તેતર, કૂકડો (વહીલાં, સરસડાં), મોર, ચલ્લાં અને કૂકડો–એ પ્રાણીઓના માસના રસમાં ઘણો સ્નેહ નાખીને તે પીવા, એ હિતકર છે.

बलातैलं सहृद्रोगः पिबेद्वा सुकुमारकम् ॥३८॥
यष्ट्याह्वशतपाकं वा महास्नेहं तथोत्तमम्।

જે માણસને હૃદયનો રોગ થયો હોય તેણે ખલાતેલ (ચિ. ૨૧/૭૩થી ૮૧) પીવુ, અથવા ચિ. ૧૩/૪૦૩થી ૪૭માં વૃદ્ધિની ચિકિત્સામા કહેલુ સુકુમારક નામે તેલ પીવુ, અથવા સો વાર પકવ થયેલુ જેઠીમધનુ તેલ જે (ચિ. અધ્યાય ૨૨ શ્લોક ૪૦૩થી ૪૪માં) વાતરક્ત(પત)ના રોગમાં કહેલુ છે તે પીવુ, અથવા (નીચે આપેલો) ઉત્તમ મહાસ્નેહ પીવો.

रास्नाजीवकजीवन्तीबलाव्याघ्रीपुनर्नवैः ॥ ३९ ॥
भार्गीस्थिरावचाव्योषैर्महास्नेहं विपाचयेत्।
दधिपादं तथाम्लैश्च लाभतः स निषेवितः ॥४०॥
तर्पणो बृंहणो बल्यो वातहृद्रोगनाशनः।

રાસ્ના, જીવક, જીવંતી, ખળદાણા, ભોરીગણી સાટોડી, ભારંગી, શાલિપર્ણી, વજ, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), એ ઔષધોના કલ્ક વડે તથા સ્નેહ કરતા ચોથા ભાગના દહીં સાથે મહાસ્નેહ(ઘી, તેલ, મજ્જા અને વસા એ ચારે એકઠા કરવા તેને મહાસ્નેહ કહે છે)ને પકવ કરવો. પછી કાજી વગેરે જે ખટાઈ મળી શકે તે તેમા નાખીને તે સ્નેહ પીવો. એ મહાસ્નેહ ઇંદ્રિયો તથા ધાતુઓને તૃપ્ત કરનાર, ધાતુઓને પુષ્ટ કરનાર, ખળ આપનાર અને વાયુથી થતા હૃદયરોગનો નાશ કરે છે.

दीप्तेऽग्नौ सद्रवायामे हृद्रोगे वातिके हितम् ॥४१
क्षीरं दधि गुडः सर्पिरौदककानूपमामिषम्।

જે વાયુથી થયેલા હૃદયરોગવાળાનો જઠરાગ્નિ પ્રદીપ્ત હોય તથા દ્રવ અને આક્ષેપવાળો હૃદયરોગ હોય તો તેને દૂધ, દહીં, ગોળ, ઘી, જળચર પ્રાણીઓનુ માસ અને અનૂપ દેશના પ્રાણીઓનુ માસ હિતકર છે.

દૂધ, દહીં, ગોળ, ઘી કયા હૃદયરોગમાં ન વાપરવાં?

एतान्येव च वर्ज्यानि हृद्रोगेषु चतुर्ष्वपि ॥४२॥
शेषेषु, स्तम्भजाड्यामसंयुक्तेऽपि च वातिके।

ઉપર જે દૂધ, દહીં, ગોળ, ઘી, જળચર પ્રાણીઓનુ માસ અને અનૂપ દેશના પ્રાણીઓનું માસ ખાવાનું કહેલું છે, તે માત્ર વાયુથી થયેલા હૃદયરોગવાળાને માટે જ જાણવુ. વાયુના હૃદયરોગ સિવાય બાકીના ચારે હૃદયરોગોમાં તથા વાયુના હૃદયરોગમા પણ સ્તંભ, જડતા અને આમ હોય તો તેમાં પણ એ દૂધ વગેરે આપવા નહિ.

કફના અનુબંધવાળા વાયુના હૃદયરોગમાં કરવાની ક્રિયા

कफानुबन्धे तस्मिंस्तु रूक्षोष्णामाचरेत्क्रियाम् ॥४३

તે વાયુનો હૃદયરોગ જો કફના અનુબંધવાળો હોય તો લૂખા અને ગરમ ઉપચાર કરવા.

પિત્તથી થતા હૃદયરોગના ઉપાય

(શ્લોક ૪૨ાથી ૪૮ા)

વિરેચન, પેયાદિ ક્રમ, ઔષધ

पैत्ते द्राक्षेक्षुनिर्याससिताक्षौद्रपरूषकैः।
युक्तो विरेको हृद्यः स्यात्क्रमः शुद्धे च पित्तहा॥
क्षतपित्तज्वरोक्तं च बाह्यान्तः–परिमार्जनम्।
कट्वीमधुककल्कं च पिबेत्ससितमम्भसा ॥ ४५

પિત્તના હૃદયરોગમાં કાળી દ્રાક્ષ, શેરડીનો રસ, સાકર, મધ, ફાલસાં, એ ઔષધો સાથે વિરેચન આપવુ; કેમ કે તે હૃદયને હિતકર છે. વિરેચન આપીને શુદ્ધ કર્યા પછી પિત્તનો નાશ કરનારો પેયાદિ ક્રમ ચાલુ કરવો; તેમ જ ઉરઃક્ષતમા અને પિત્તજ્વરમા કહ્યા પ્રમાણે શરીરની બહારથી અને અંદરથી શુદ્ધિ કરવી. વળી તેને કડુ અને જેઠીમધનો કલ્ક સાકર અને પાણી સાથે પાવો.

સિદ્ધ ઘી, બસ્તિ

श्रेयसीशर्कराद्राक्षाजीवकर्षभकोत्पलैः।
बलाखर्जूरकाकोलीमेदायुग्मैश्च साधितम् ॥४६॥
सक्षीरं माहिषं सर्पिः पित्तहृद्रोगनाशनम्।

ગજપીપર, સાકર, કાળી દ્રાક્ષ, જીવક,

ઋષભક, કાળું કમળ, બલદાણા, ખજૂર, કાકોલી, મેદા, મહામેદા, એ ઔષધોના કલ્ક વડે ભેંસના દૂધમાં નાખેલું ભેંસનું ઘી સિદ્ધ કરવું. એ ઘી પિત્તથી થયેલા હૃદયરોગનો નાશ કરનારું છે.

प्रपौण्डरीकमधुकबिसग्रन्थिकसेरुकाः ॥४७॥
सशुण्ठीशैवलास्ताभिः सक्षीरं विपचेद्घृतम् ।
शीतं समधु तच्चेष्टं स्वादुवर्गकृतं च यत् ॥४८॥
बस्तिं च दद्यात्सक्षौद्रं तैलं मधुकसाधितम् ।

સ્થળકમળ, જેઠીમધ, કમળ, પીપરીમૂળ, કસેલા, સૂંઠ, શેવાળ, એ સર્વ ઔષધિઓ વડે દૂધ નાખીને ઘી પકવ કરવું. એ ઠંડુ થાય ત્યારે મધ સાથે પિત્તના હૃદયરોગવાળા રોગીને પાવું; અથવા દ્રાક્ષાદિ મધુર (ગળ્યા) વર્ગનાં ઔષધોથી સિદ્ધ કરેલું ઘી પાવું; કેમ કે તે હૃદયને હિત કરનારું છે. વળી રોગીને જેઠીમધથી સિદ્ધ કરેલા તેલમાં મધ મેળવીને તેની બસ્તિ આપવી.

મધુર (ગળ્યા) ઔષધો:–જુઓ સૂત્રસ્થાન અધ્યાય ૧૦ શ્લોક ૨૨થી ૨૪.

કફથી થતા હૃદયરોગના ઉપાય

(શ્લોક ૪૯થી ૫૫)

શેક, વમન, આહાર

कफोद्भवे वमेत्स्विन्नः पिचुमन्दवचाम्भसा ॥४९॥
कुलत्थधन्वोत्थरसतीक्ष्णमद्ययवाशनः ।

કફથી ઉત્પન્ન થયેલા હૃદયરોગમાં રોગીને પ્રથમ શેક કરવો, તથા પછી લીમડો અને વજના પાણીથી તેને ઊલટી કરાવવી. એ રોગીને કળથી, જાંગલ પ્રાણીઓના માંસનો રસ, તીક્ષ્ણ (જલદ) મદ્ય અને જવ ખાવા–પીવાને આપવા.

(કયો દારૂ તીક્ષ્ણ છે તે માટે જુઓ સૂત્રસ્થાન અધ્યાય ૫માં મદ્યવર્ગ.)

ચૂર્ણ, ક્વાથ, લેહ, ઘી, ક્ષાર અને રસાયણ

पिबेच्चूर्णं वचाहिङ्गुलवणद्वयनागरात् ॥५०॥
सैलायवानककणायवक्षारात्सुखाम्बुना ।
फलधान्याम्लकौलत्थयूषमूत्रासवैस्तथा ॥५१॥
पुष्कराह्वाभयाशुण्ठीशठीरास्नावचाकणात् ।
क्वाथं तथाऽभयाशुण्ठी-

माद्रीपीतद्रुकट्फलात् ॥५२॥

કફથી થયેલા હૃદયરોગમાં વજ, હિંગ, સિંધવ, સંચળ, સૂંઠ, એલચી, અજમોદ, પીપર, જવખાર, એ ઔષધોનું ચૂર્ણ લગાર ગરમ (સહેજ) પાણી સાથે પીવું, અથવા એ જ ચૂર્ણ ફલાંબુ સાથે પીવું; અથવા ધાન્યામ્લ સાથે પીવું; અથવા કળથીના યૂષ સાથે પીવું, અથવા ગોમૂત્ર સાથે પીવું, અથવા ફળ, ધાન્યામ્લ, કળથીનો યૂષ અને ગોમૂત્રથી સિદ્ધ કરેલા આસવ સાથે પીવું, અથવા પુષ્કરમૂળ, હરડે, સૂંઠ, ષટ્કચૂરો, રાસ્ના, વજ અને પીપર એ ઔષધોનું ચૂર્ણ ઉપર કહેલા અનુપાનમાંથી ગમે તે એકની સાથે પીવું, અથવા હરડે, સૂંઠ, અતિવિષની કળી, દારુહળદર અને કાયફળ એ ઔષધોનો ક્વાથ પીવો.

क्वाथे रोहितकाश्वत्थखदिरोदुम्बरार्जुने ।
सपलाशवटे व्योषत्रिवृच्चूर्णान्विते कृतः ॥५३॥
सुखोदकानुपानश्च लेहः कफविकारहा ।

રોહીડો (રગતરોહીડો), પીપળો, ખેર, ઉમરડો (ગુલ્લર), સાદડ, ખાખરો, વડ, એ વૃક્ષોની અંતરછાલના ક્વાથમાં ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી) અને નસોતરનું ચૂર્ણ નાખીને અવલેહ બનાવવો. પછી તે અવલેહ ચાટીને તે ઉપર લગારેક ગરમ કરેલું પાણી પીવું. તેથી કફનો વિકાર નાશ પામે છે.

श्लेष्मगुल्मोदिताज्यानि
क्षारांश्च विविधान् पिबेत् ॥५४॥

કફગુલ્મના ઉપાયમાં જે જે ઘી અને ક્ષાર બતાવેલા છે, તે તે અનેક પ્રકારનાં ઘી અને ક્ષાર કફના હૃદયરોગમાં પીવા.

प्रयोजयेच्छिलाह्वं वा ब्राह्मं वाऽत्र रसायनम् ।
तथाऽऽमलकलेहं वा
प्राशं वाऽगस्त्यनिर्मितम् ॥५५॥

કફના હૃદયરોગમાં શિલાજિત આપવો, અથવા રસાયનના અધ્યાયમાં કહેલું (કહેવાશે) બ્રાહ્મરસાયન આપવું; અથવા રસાયનમાં કહેલો આમલકાવલેહ આપવો; અથવા કાસચિકિત્સામાં કહેલો અગસ્ત્યાવલેહ આપવો.

શૂળનું ઔષધ

स्याच्छूलं यस्य भुक्तेऽति, जीर्यत्यल्पं, जरां गते ।
शाम्येत्स कुष्ठकृमिजिल्लवणद्वयतिल्वकैः ॥ ५६ ॥
सदेवदार्वतिविषैश्चूर्णमुष्णाम्बुना पिबेत् ।

જે માણસને ખાધા પછી તરત અન્ન પચવા માંડતાં પહેલાં અત્યંત શૂળ થતું હોય (પેટમાં અત્યંત દુખતુ હોય), અન્ન પચતું હોય ત્યારે થોડું દુખતું હોય અને અન્ન પચી રહે ત્યારે તે દુખવું શમી જતુ હોય, તે માણસે ઉપલેટ, વાવડિંગ, સિંધવ, સંચળ, રાતો લોધર, દેવદાર અને અતિવિષની કળી, એ ઔષધોનું ચૂર્ણ કરીને તેને ગરમ પાણી સાથે પીવું.

यस्य जीर्णेऽधिकं स्नेहैः
स विरेच्यः, फलैः पुनः ॥ ५७ ॥
जीर्यत्यन्ने, तथा मूलैस्तीक्ष्णैः शूले सदाऽधिके ।

જે માણસને અન્ન પચી ગયા પછી પેટમાં દુખતુ હોય, તેને વિરેચન દ્રવ્યથી સિદ્ધ કરેલા સ્નેહ વડે જુલાબ આપવો. જે માણસને અન્ન પચતા–પચતાં દુખતું હોય તેને ફળ વડે વિરેચન આપવુ અને જેને ખાધા પહેલાં અને પછી સદા ઘણું દુખ્યા કરતું હોય તેને તીક્ષ્ણ મૂળ વડે વિરેચન આપવું. વિરેચન કરાવે એવાં ફળ તથા મૂળમાંથી કેટલાંક નીચે બતાવ્યાં છે:

ફળવિરેચન અથવા જુલાબ કરાવે એવાં ફળ–કાળી દ્રાક્ષ, વાવડિંગ, ખજૂર, ફાલસાં, ગરમાળો, આમળાં, હરડે, બહેડાં, કપિલો, ઉંદરકની, કાકડી, નેપાળો, ગળી, કૌલાં અને પીલુડાં.

મૂળવિરેચન અથવા જુલાબ કરાવે એવાં મૂળ–સાતલા (સાથેર), શંખાવળી, દંતીમૂળ (નેપાળાના મૂળ), ઉંદકરનીનાં મૂળ, ગરણી, નસોતર, કાળું નસોતર, કણુજી ઇત્યાદિ.

આમાશયમાં કોપેલા વાયુનું અનુલોમન શી રીતે કરવું ?

प्रायोऽनिलो रुद्धगतिः कुप्यत्यामाशये गतः ॥५८
तस्यानुलोमनं कार्यं शुद्धिलङ्घनपाचनैः ।

આમાશયમાં રહેલા વાયુની ગતિ રોકાય છે, ત્યારે સામાન્ય રીતે આમાશયમાં રહેલો વાયુ કોપે છે; માટે એવા રોગમાં વમન-વિરેચન વગેરેથી રોગીની શુદ્ધિ કરવી તથા તેને ઉપવાસ કરાવીને અને પાચન ઔષધ આપીને વાયુનુ અનુલોમન કરવુ, એટલે વાયુને તેના સ્વાભાવિક માર્ગમાં ગતિવાળો કરવો.

કૃમિથી થતા હૃદયરોગનું ઔષધ

कृमिघ्नमौषधं सर्वं कृमिजे हृदयामये ॥ ५९ ॥

इति हृद्रोगचिकित्सितम् ।

પેટમાં કરમિયા ઉત્પન્ન થવાથી હૃદયરો થયો હોય તો (કૃમિરોગમાં) કૃમિને નાશ ક નારું જે જે ઔષધ કહેલું છે, તે તે બધું કર

अथ तृष्णाचिकित्सितम् ।

તૃષ્ણા (તરસ) રોગની ચિકિત્સા

(શ્લોક ૫૯ાથી ૮૪ા)

સામાન્ય ચિકિત્સા

तृष्णासु वातपित्तघ्नो विधिः प्रायेण शस्यते ।
सर्वासु शीतो बाह्यान्तस्तथा शमनशोधनः ॥६

બધા પ્રકારના તરસના રોગમાં ઘણુંખ વાયુ અને પિત્તનો નાશ કરનારો વિધિ કરવે તથા બહાર અને અંદર ઠંડક થાય એ ઉપાય કરવા અને શમન ઔષધ આપવાં.

ઠંડક થાય એવા ઉપાય

दिव्याम्बु शीतं सक्षौद्रं तद्वद्भौमं च तद्गुणम्
निर्वापितं तप्तलोष्टकपालसिकतादिभिः ॥ ६१ ॥
सशर्करं वा क्वथितं पञ्चमूलेन वा जलम् ।
दर्भपूर्वेण मन्थश्च प्रशस्तो लाजसक्तुभिः ॥६२॥
वाट्यश्चामयवैः शीतः शर्करामाक्षिकान्वितः ।
यवागूः शालिभिस्तद्वत्कोद्रवैश्च चिरन्तनैः ॥६३
शीतेन शीतवीर्यैश्च द्रव्यैः सिद्धेन भोजनम् ।
हिमाम्बुपरिषिक्तस्य पयसा ससितामधु ॥६४॥
रसैश्चानम्ललवणैर्जाङ्गलैर्घृतभर्जितैः ।
मुद्गादीनां तथा यूषैर्जीवनीयरसान्वितैः ॥ ६५ ॥
नस्यं क्षीरघृतं सिद्धं शीतैरिक्षोस्तथा रसः ।
निर्वापणाश्च गण्डूषाः सूत्रस्थानोदिता हिताः ॥६६
दाहज्वरोक्ता लेपाद्या निरीहत्वं मनोरतिः ।
महासरिद्ध्रदादीनां दर्शनस्मरणानि च ॥६७॥

ઠંડા ગાંગજળમાં (સૂ. ૫/૩થી ૨૬) અથવા

ગાંગજળ જેવા જ ગુણવાળા ભૌમજળમાં (સૂ. ૫/૪૩,૫) મધ નાખીને પીવું. અથવા તપાવેલો માટીનો ગોળો, તપાવેલાં ઘડાનાં ઠીંકરાં કે ગરમ રેતી તે પાણીમાં નાખીને (છમકારીને) પછી ઠંડું પડ્યા પછી તે પાણી ગાળીને પીવા આપવું. અથવા તે જળમાં સાકર નાખીને પીવા આપવું. અથવા તૃણ પંચમૂળ નાખીને ઉકાળેલા તે જળને ઠંડું પાડીને પીવા આપવું. અથવા ડાંગરની ધાણીનો સાથુ દહીંના મંથમાં નાખીને પીવા આપવો તે પણ શ્રેષ્ઠ છે. અથવા કાચા જવની બાટીઓ કરીને તેને દેવતા ઉપર શેકવી, તથા તે ઠંડી થાય ત્યારે મધ, સાકર સાથે તે ખાવી અથવા શાળના ચોખાની યવાગૂ કરીને તેમાં મધ, સાકર નાખીને તે ખાવી. અથવા જૂના કોદરાની કોદરી કાઢીને તેની યવાગૂ કરીને તેમા મધ, સાકર નાખીને તે ખાવી. અડકવામાં ઠંડી અને શીતવીર્ય ઔષધિઓથી સિદ્ધ કરેલા ભોજનને ઠંડું કરીને ખાવું. અથવા તરસના રોગવાળા માણસના ઉપર ઠંડુ જળ છાંટીને તેને સાકર, દૂધ અને કાળી દ્રાક્ષના દારૂ સાથે ભોજન આપવુ. અથવા જો તેને માફક હોય તો જાંગલ પ્રાણીઓના માંસના રસમાં લગાર ખટાઈ અને સિંધવ નાખીને (અથવા ન નાખીને) તથા તેને ઘીમા વઘારીને તેની સાથે ભોજન આપવું. અથવા સૂત્રસ્થાન અધ્યાય ૧૫ શ્લોક ૮માં કહેલાં જીવનીયગણનાં ઔષધોના ક્વાથ સહિત મગ વગેરેના યૂષની સાથે ભોજન આપવુ. અથવા શીતવીર્ય ઔષધિઓ વડે શેરડીના રસમાં સિદ્ધ કરેલા દૂધમાંથી બારોબાર કાઢેલા ઘીનું નસ્ય આપવું. અથવા સૂત્રસ્થાનમાં કહેલા રોપણ ગંડૂષ (સૂ. ૨૨/૨૩થી૨૬) ભરાવવા. અથવા દાહજ્વરમાં કહેલા (ચિ. ૧/૧૩૨૬) ઘરો વગેરે દ્રવ્યના લેપ વગેરે કરવા; તેમ જ તરસના રોગવાળાએ કોઈ પ્રકારની કામના (ઇચ્છા) કરવી નહિ, મન આનંદમાં રાખવુ; તથા મોટી નદીઓ અને પાણીના મોટા હ્રદ (ધરા) વગેરેનાં દર્શન કરવાં તથા તેનું સ્મરણ કરવુ.

વાયુની તરસના ઉપાય

तृष्णायां पवनोत्थायां सगुडं दधि शस्यते ।
रसाश्च बृंहणाः शीता विदार्यादिगणाम्बु च ॥६८

વાયુથી ઉત્પન્ન થયેલી તરસમાં ગોળ સાથે દહીં ખાવું એ શ્રેષ્ઠ છે, તેમ જ ધાતુઓની પુષ્ટિ કરનારા ઠંડા માંસરસ પણ શ્રેષ્ઠ છે અથવા પાછળ સૂત્રસ્થાનમાં અધ્યાય ૧૫ શ્લોક ૯માં કહેલા વિદાર્યાદિ ગણનાં ઔષધને પાણીમાં ઉકાળીને તે પાણી પાવુ એ પણ શ્રેષ્ઠ છે.

પિત્તની તરસના ઉપાય

पित्तजायां सितायुक्तः पक्वोदुम्बरजो रसः ।
तत्क्वाथो वा हिमस्तद्वत्सारिवादिगणाम्बु वा ॥६९
तद्विधैश्च गणैः शीतकषायान् सांसितामधून् ।
मधुरैरौषधैस्तद्वत् क्षीरिवृक्षैश्च कल्पितान् ॥७०
बीजपूरकमृद्वीकावटवेतसपल्लवान् ।
मूलानि कुशकाशानां यष्ट्याह्वं च जले शृतम् ॥
ज्वरोदितं वा द्राक्षादि पञ्चसाराम्बु वा पिबेत् ।

પિત્તની તરસમાં પાકાં ઉમરડાંના (ગુલ્લર વૃક્ષનાં ફળના) રસમા સાકર નાખી પીવું, અથવા પાકા ઉમરડાંનો ક્વાથ સાકર સાથે પીવો, અથવા તેનો હિમ સાકર સાથે પીવો, અથવા સારિવાદિ ગણનાં ઔષધોનો ક્વાથ પીવો, અથવા સૂ. અ. ૧૫માં કહેલાં શીતવીર્યવાળાં ઔષધોના ગણના હિમમાં સાકર અને મધ નાખીને પીવો, અથવા મધુર વર્ગનાં દ્રવ્યોથી બનાવેલા ક્વાથમાં સાકર અને મધ નાખીને પીવો, અથવા પીપળો, વડ વગેરે દૂધ નીકળે એવાં વૃક્ષની અંતરછાલના ક્વાથ કરીને તે ઠંડા પડ્યા પછી તેમાં મધ, સાકર નાખીને પીવા, અથવા બિજોરું, કાળી દ્રાક્ષ, વડ, નેતર–એ ચારનાં પાંદડાં, દર્ભ અને કાસનાં મૂળ તથા જેઠીમધ–એ ઔષધોને પાણીમાં ઉકાળીને ઠંડું કરીને તે પાણી પીવું અથવા જ્વરની ચિકિત્સામાં શ્લોક ૫૫થી ૫૮માં દ્રાક્ષાદિ ફાંટ કહેલો છે તે ફાંટ પીવો; અથવા પંચસારાંબુ (સૂ. ૩/૩૦૬) પીવું.

કફની તરસના ઉપાય

कफोद्भवायां वमनं निम्बप्रसववारिणा ॥७२॥

बिल्वाढकीपञ्चकोलदर्भपञ्चकसाधितम् ।
जलं पिबेद्रजन्या वा सिद्धं सक्षौद्रशर्करम् ॥७३॥
मुद्गयूषं च सव्योषपटोलीनिम्बपल्लवम् ।
यवान्नं तीक्ष्णकवलनस्यलेहांश्च शीलयेत् ॥ ७४ ॥

કફથી તરસનો રોગ થયો હોય તો લીમડાનાં પાંદડાંનું પાણી (સ્વરસ) પીને ઊલટી કરવી, તેમ જ બીલું, તુવેર, સૂંઠ, પીપર, મરી, ચિત્રો, પીપરીમૂળ અને દર્ભપંચક એ ઔષધિથી સિદ્ધ કરેલું પાણી પીવું, અથવા હળદરથી સિદ્ધ કરેલા પાણીમાં મધ અને સાકર નાખીને તે પીવું, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), પટોળ અને લીમડાનાં પાંદડાં સહિત મગનો યૂષ ખાવા આપવો, અથવા જવનું અન્ન ખાવું, અથવા તીક્ષ્ણ કોગળા ભરી રાખવા અથવા તીક્ષ્ણ નસ્ય આપવું, અથવા તીક્ષ્ણ અવલેહ ચાટવા.

ત્રિદોષની તરસના ઉપાય

सर्वैरामाच तद्धन्त्री क्रियेष्टा वमनं तथा ।
त्र्यूषणारुष्करवचाफलाम्लोष्णाम्बुमस्तुभिः ॥ ७५

ત્રણે દોષ એકત્ર મળવાથી અથવા આમથી તરસનો રોગ થયો હોય તેના ઉપાય તરીકે સન્નિપાતને તથા આમને મટાડનારી ક્રિયા કરવી ઇષ્ટ છે; તેમ જ વમન આપવું એ પણ શ્રેષ્ઠ છે; તેમ જ સૂંઠ, પીપર, મરી, ભિલામાં, વજ, એ ઔષધોનું ચૂર્ણ, ખાટા ગણના ફળના રસમાં, ગરમ પાણીમાં અથવા દહીંના નીતર્યા પાણીમાં પીવું.

ઉપવાસને લીધે થતા તરસરોગના ઉપાય

अन्नात्ययान्मण्डमुष्णं हिमं मन्थं च कालवित् ।

અન્ન ન ખાવાને લીધે જે તરસનો રોગ થાય છે તેમાં ગરમ મંડ તથા ઠંડો મંથ કાળ, પ્રકૃતિ, સાત્મ્ય વગેરેનો વિચાર કરીને પીવો. (જે માણસની વાતકફ પ્રકૃતિ હોય તેણે ગરમ મંડ પીવો; જેની પિત્તકફ કે વાતપિત્ત પ્રકૃતિ હોય તેણે ઠંડો મંથ પીવો. એ જ પ્રમાણે કાળ અને સાત્મ્ય વિષે પણ જાણવું. આ જગ્યાએ મંથ એટલે ધીમાં કરમોવેલો, ઠંડા પાણીમાં પલાળેલો બહુ પાતળો નહિ કે બહુ જાડો નહિ એવો સાથુ.)

થાકને લીધે થતા તરસના રોગના ઉપાય

तृषि श्रमान्मांसरसं मन्थं वा ससितं पिबेत् ॥७६

શ્રમની તરસનો રોગ થયો હોય તો માંસનો રસ અથવા સાકર મેળવીને મંથ પીવો.

તાપને લીધે થતા તરસરોગના ઉપાય

आतपात्ससितं मन्थं यवकोलजसक्तुभिः ।
सर्वाण्यङ्गानि लिम्पेच्च तिलपिण्याककाञ्जिकैः ॥७७

જે તડકો કે તાપ લાગવાથી તરસનો રોગ થયો હોય તો જવ અને બોરના સાથુનો મંથ કરીને તેમાં સાકર નાખીને તે પીવો, તથા તલનો ખોળ અને કાંજી મેળવીને તે વડે આખે શરીરે લેપ કરવો.

તાપ વેઠ્યા પછી ઠંડું પાણી પીવાથી થતા તરસરોગના ઉપાય

शीतस्नानाच्च मद्याम्बु
पिबेत्तृष्यान् गुडाम्बु वा ।

ઠંડા પાણીથી સ્નાન કરવાથી કોઈને તરસનો રોગ થયો હોય તો તેણે દારૂનું પાણી પીવું અથવા ગોળનું પાણી પીવું.

દારૂથી થતા તરસરોગના ઉપાય

मद्यादर्धजलं मद्यं स्नातोऽम्ललवणैर्युतम् ॥ ७८ ॥

દારૂ પીવાથી તરસનો રોગ થયો હોય તો નાહીને દારૂમાં અડધું પાણી મેળવીને તથા અડધું પાણી મેળવેલા દારૂમાં સિંધવ અને ખટાઈ નાખી તે પીવું.

તીક્ષ્ણ જઠરાગ્નિવાળાને સ્નેહ પીવાથી થતા તરસરોગમાં ઉપાય

स्नेहतीक्ष्णतराग्निस्तु स्वभावशिशिरं जलम् ।

સ્નેહપાન કરવાથી જેનો જઠરાગ્નિ અત્યંત તીક્ષ્ણ થયો હોય તેણે સ્વભાવે કરીને (કુદરતી રીતે જ) જે પાણી ઠંડું હોય તે પીવું.

સ્નેહ પચે કે ન પચે તેથી થતા તરસ-રોગના ઉપાય

स्नेहादुष्णाम्ब्वजीर्णात्तु जीर्णान्मण्डं पिपासितः ॥

સ્નેહપાન કર્યા પછી તે ન પચતાં અજીર્ણ થયું હોય તો લગાર ગરમ કરેલું પાણી પીવું, અને સ્નેહ પચી જવાથી તરસનો રોગ થયો હોય તો મંડ પીવો.

સ્નિગ્ધ અન્ન ખાવાથી થતા તરસ-રોગના ઉપાય

स्निग्धान्नतृषितो हिमस्पर्धि गुडोदकम् ।

સ્નિગ્ધ અન્ન ખાવાથી તરસનો રોગ થયો હોય તો બરફની સ્પર્ધા કરે એવુ ઠંડું (અતિશય ઠંડું) ગોળનું પાણી પીવું.

ભારે વગેરે અન્ન ખાવાથી થતા તરસ-રોગનો ઉપાય

गुर्वाद्यन्नेन तृषितः पीत्वोष्णाम्बु तदुल्लिखेत् ॥८०

ભારે વગેરે ગુણવાળું અન્ન ખાવાથી જેને તરસનો રોગ થયો હોય તેણે ગરમ પાણી પીને તે ખાધેલુ અન્ન ઊલટી કરીને બહાર કાઢી નાખવુ.

ક્ષયથી થતા તરસરોગના ઉપાય

क्षयजायां क्षयहितं सर्वं बृंहणमौषधम् ।

ક્ષયરોગથી જે તરસનો રોગ થયો હોય તેને મટાડવાને ક્ષયરોગની ચિકિત્સામા જે જે બૃંહણ ઔષધો કહેલા છે તથા ક્ષયરોગવાળાને જે જે હિતકર છે, તે તે સર્વ ઉપાય કરવા.

દૂબળા, નબળા, લૂખાના તરસરોગના ઉપાય

कृशदुर्बलरूक्षाणां क्षीरं छागो रसोऽथवा ॥८१॥

જે માણસો શરીરે કૃશ, નબળા કે લૂખા હોય તેમને દૂધ પાવુ હિતકર છે, અથવા બકરાનો માંસરસ પણ તેમને હિતકારક છે.

હોઈયાં હોઈયાંવાળી તરસના ઉપાય

क्षीरं च सोर्ध्ववातायां क्षयकासहरैः शृतम् ।

તરસના રોગમાં બહુ ઓડકાર કે હોઈયા-હોઈયાં થાય તો ક્ષય અને ઉધરસને મટાડનારાં ઔષધો-દૂધમાં ઉકાળીને તે દૂધ ઠંડું કરીને રોગીને પાવુ, અથવા બકરાનો માંસ-રસ પાવો.

કોઈ રોગના ઉપદ્રવરૂપ તરસમાં શું કરવું?

रोगोपसर्गाज्जातायां धान्याम्बु ससितामधु ॥ ८२
पाने प्रशस्तं सर्वा च क्रिया रोगाद्यपेक्षया ।

જે કોઈ રોગના ઉપસર્ગથી (ઉપદ્રવરૂપે) તરસનો રોગ થયો હોય, તો ધાણાના પાણીમા મધ તથા સાકર નાખીને તે પીવાને આપવું એ શ્રેષ્ઠ છે, તેમ જ જે જે રોગ તે તરસનું કારણ હોય, તે તે રોગને મટાડવાની સર્વ ક્રિયાઓ કરવી.

तृष्यन् पूर्वामयक्षीणो न लभेत जलं यदि ॥ ८३
मरणं दीर्घरोगं वा प्राप्नुयात्त्वरितं ततः ।
सात्म्यान्नपानभैषज्यैस्तृष्णां तस्य जयेत्पुरा ॥८४
तस्यां जितायामन्योऽपि व्याधिः शक्यश्चिकि-
त्सितुम् ॥ ८४½ ॥

इति तृष्णारोगचिकित्सितम् ।

જે માણસ પ્રથમ થયેલા કોઈ રોગથી ક્ષીણ થઈને તરસના રોગથી પીડાતો હોય, તેને જો પીવાને પાણી ન મળે તો તે મરણ પામે અથવા તેને લાંબા વખત સુધી ચાલે એવો રોગ થાય. માટે તેને માફક આવે એવા અન્નપાન અને ઔષધો આપીને પ્રથમ તેની તરસ જેમ બને તેમ ઉતાવળે મટાડવી અને પછી બીજો રોગ મટાડવાનો ઉપાય કરવો; કેમ કે પ્રથમ જો તરસને મટાડવામા આવે, તો પછી બીજા રોગની પણ ચિકિત્સા કરી શકાશે.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने छर्दिहृद्रोगतृष्णा-
चिकित्सितं नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

અધ્યાય ૭ મો—મદાત્યય, મદ, મૂર્છા અને સંન્યાસની ચિકિત્સા

પાછલા અધ્યાયમા છેવટ તૃષ્ણાના ઉપચાર બતાવ્યા પછી આ અધ્યાયમા મદાત્યય નામે રોગ જે દારૂ પીવાથી થાય છે, તેની ચિકિત્સા કહે છે; કેમ કે જેમ તરસના રોગનું કારણ વાયુ અને પિત્ત છે, તેમ મદાત્યયનું કારણ પણ વાયુ અને પિત્ત છે; માટે તે બન્નેની ચિકિત્સા ઘણે ભાગે સમાન છે. આ કારણથી ગ્રંથકાર અધ્યાયનો આરંભ કરતાં કહે છે કે,

अथातो मदात्ययादिचिकित्सितं
व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે મદાત્યય વગેરે રોગની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

મદાત્યયની ચિકિત્સા

(શ્લોક ૧ થી ૯૯)

સામાન્ય ચિકિત્સા

(શ્લોક ૧ થી ૧૧)

દોષના પ્રમાણ પ્રમાણે ચિકિત્સા : કારણ

यं दोषमधिकं पश्येत्तस्यादौ प्रतिकारयेत् ।
कफस्थानानुपूर्व्या च तुल्यदोषे मदात्यये ॥१॥

મદાત્યયરોગમાં જ્યારે વાયુ વગેરે દોષ વિષમ હોય (ઓછાવધતા કોપેલા હોય) ત્યારે જે દોષનું બળ વધારે જોવામાં આવતું હોય તેની ચિકિત્સા પ્રથમ કરવી. પણ જો મદાત્યયમાં સઘળા (ત્રણ) દોષ સમાન હોય (સરખા કોપેલા હોય) તો કફના અથવા સ્થાનના અનુક્રમે દોષોને જીતવા (ચિ. ૧/૧૪૮).

पित्तमारुतपर्यन्तः प्रायेण हि मदात्ययः ।

કેમ કે સામાન્ય રીતે વખત જતાં મદાત્યય-રોગ પિત્ત અને વાયુ સુધી પહોંચે છે. પ્રથમ મદાત્યયને લીધે કફ વધે છે, પછી પિત્ત અને વાયુ વધે છે.

દારૂના હીન, મિથ્યા અને અતિયોગથી થયેલા રોગ દારૂથી જ મટે : કારણ ?

हीनमिथ्यातिपीतेन यो व्याधिरुपजायते ॥२॥
समपीतेन तेनैव स मद्येनोपशाम्यति ।
मद्यस्य विषसादृश्यात्
विषं तूत्कर्षवृत्तिभिः ॥३॥
तीक्ष्णादिभिर्गुणैर्योगाद्विषान्तरमपेक्षते ।
तीक्ष्णोष्णेनातिमात्रेण पीतेनाम्लविदाहिना ॥४॥
मद्येनान्नरसक्लेदो विदग्धः क्षारतां गतः ।
यान् कुर्यान्मदतृण्मोहज्वरान्तर्दाहविभ्रमान् ॥५॥
मद्योत्क्लिष्टेन दोषेण रुद्धः स्रोतःसु मारुतः ।
सुतीव्रा वेदना याश्च शिरस्यस्थिषु सन्धिषु ॥६॥
जीर्णाममद्यदोषस्य प्रकाङ्क्षालाघवे सति ।
यौगिकं विधिवद्युक्तं मद्यमेव निहन्ति तान् ॥७॥
क्षारो हि याति माधुर्यं शीघ्रमम्लोपसंहितः ।
मद्यमम्लेषु च श्रेष्ठं दोषविष्यन्दनादलम् ॥८॥
तीक्ष्णोष्णाद्यैः पुरा प्रोक्तैर्दीपनाद्यैस्तथा गुणैः ।
सात्म्यत्वाच्च तदेवास्य धातुसाम्यकरं परम् ॥९॥

હીન (ઓછું) મદ્યપાન, મિથ્યા મદ્યપાન કે અતિ (વધારેપડતું) મદ્યપાન કરવાથી જે રોગ થાય છે, તે રોગ તે જ મદ્ય યોગ્ય પ્રમાણમાં પીવાથી શમે છે. મદ્યપાન કરતાં-કરતાં આંખો ભમે અને મન ક્ષોભ પામે તે પહેલાં જ મદ્યપાન કરતાં અટકવું એ સમ્યગ્ મદ્યપાનનું લક્ષણ છે. કાળી દ્રાક્ષનું, મહુડાનું કે ગોળનું. જે જે જાતનું મદ્ય પીવાથી રોગ થયો હોય, તે તે જાતના મદ્યપાનથી તે રોગ શમે છે, કેમ કે મદ્યનો અને વિષનો સ્વભાવ એકસરખો છે. જેમ વિષ તીક્ષ્ણ વગેરે દશ ગુણોવાળું (ઉ. ૩૫/૭,૭૬) છે, તેમ મદ્ય પણ તીક્ષ્ણ વગેરે દશ ગુણોવાળું (નિ. ૬/૧) છે. માટે જેમ વિષની શાંતિ વિષથી થાય છે, તેમ મદ્યની શાંતિ પણ મદ્યથી જ થાય છે. કોઈ કહેશે કે જો મદ્ય (દારૂ) અને વિષ (ઝેર) સમાન હોય, તો જેમ એક જાતના વિષની શાંતિ બીજી જાતના વિષથી થાય છે, તેમ એક જાતના મદ્યથી થયેલા મદાત્યય રોગની શાંતિ બીજી જાતના મદ્યથી થવી જોઈએ, તો તેનો ખુલાસો એ છે કે વિષમાં તીક્ષ્ણ વગેરે દશ ગુણો મોટા પ્રમાણમાં રહેલા છે, માટે એક વિષની ચિકિત્સા માટે બીજા વિષનો ઉપયોગ કરવો યોગ્ય છે, કેમ કે એમ ન કરે તો એક જ વિષ પોતે કરેલા રોગને શાંત કરવાને અક્ષમ થાય નહિ; પણ મદ્યમાં જે તીક્ષ્ણ વગેરે દશ ગુણો રહેલા છે તે ઓછા પ્રમાણમાં રહેલા છે, અને તેથી એક જાતના મદ્યથી જે રોગ થાય છે તેને તે જ મદ્ય મટાડી શકે છે. તીક્ષ્ણ વગેરે ગુણો વિષમાં મોટા પ્રમાણમાં રહેલા છે અને મદ્યમાં ઓછા પ્રમાણમાં રહેલા છે એ જ વિષ અને મદ્યમાં ફેર છે.

તીક્ષ્ણ, ઉષ્ણ, અમ્લ (ખાટું), વિદાહી એવા ગુણવાળું મદ્ય અતિશય પીવાથી અન્નના રસનો ક્લેદ (ભીનાશ) વિદગ્ધ થઈને તે ક્ષાર બની જાય છે અને તેથી જે, મદ, તરસ, મોહ, જ્વર, અંતર્દાહ અને ભ્રમ થાય છે, તેમ જ તે મદ્ય પીવાથી પોતાના સ્થાનમાંથી

ચલિત થયેલા દોષ વડે શિરાઓમાં ફરતો વાયુ રોકાવાથી માથામાં, હાડકાંમાં અને સાંધામાં જે અત્યંત તીવ્ર વેદના થાય છે, તે ઉપદ્રવો અને વેદના આમ અને મદ્યનો દોષ જ્યારે પાકી જાય તેમ જ બીજી ઇચ્છાઓ કરવાની તેનામાં સ્ફૂર્તિ આવે, ત્યારે તેને વિધિ પ્રમાણે યૌગિક મદ્ય આપ્યુ હોય તો તેના મદ, તરસ વગેરે ઉપદ્રવો તથા ઉપર કહેલી વેદનાઓ નાશ પામે છે; કેમ કે ક્ષારમાં જ્યારે ખટાશ મળે છે, ત્યારે તે તત્કાળ ગળ્યો બને છે, એવો તેનો સ્વભાવ છે અને મદ્ય એ તમામ ખાટા રસમાં શ્રેષ્ઠ છે, માટે તે દોષને ગતિ કરાવીને પાછા તેના સ્થાનમાં લાવવાને સમર્થ છે.

દારૂના તીક્ષ્ણ, ઉષ્ણ વગેરે જે ગુણ અગાઉ (નિ. ૬/૧ માં) કહ્યા છે તે ગુણોને લીધે તથા દારૂના દીપન વગેરે જે ગુણો અગાઉ (સૂ. ૫/૬૨ થી ૬૪ૂ માં) કહ્યા છે, તે ગુણોને લીધે તથા દારૂ દરદીને કોઠે પડી ગયેલો હોવાથી દારૂ મદાત્યયના રોગીની ધાતુઓને સમ કરવા માટે ઉત્તમ ઉપાય છે.

મદાત્યયમાં કઈ દવા ક્યાં સુધી કરવી?

सप्ताहमष्टरात्रं वा कुर्यात्पानात्ययौषधम् ।
जीर्यत्येतावता पानं कालेन विपथाश्रितम् ॥ १० ॥

મદાત્યયરોગનું ઔષધ સાત દિવસ કે આઠ દિવસ કરવું (તેથી વધારે દહાડા કરવું નહિ); કેમ કે પીધેલો દારૂ ખોટા માર્ગમાં ગયો હોય, તો તે એટલા દિવસમાં પચી જાય છે.

परं ततोऽनुबध्नाति यो रोगस्तस्य भेषजम् ।
यथायथं प्रयुञ्जीत कृतपानात्ययौषधः ॥ ११ ॥

સાત કે આઠ દહાડા સુધી મદાત્યયનું ઔષધ કર્યા પછી પણ જે રોગીને આરામ ન થાય, તો પછી મદાત્યયને લીધે જે રોગ માલૂમ પડતો હોય તે રોગનું પોતપોતાનું ઔષધ કોપેલા દોષનો વિચાર કરીને કરવું; કેમ કે મદાત્યયનું ઔષધ કરવાની મર્યાદા ઘણામાં ઘણી આઠ દિવસની ઠરેલી છે.

વિશેષ ચિકિત્સા

વાયુ વધારે હોય એવા ત્રિદોષના મદાત્યયના ઉપાય

तत्र वातोल्बणे मद्यं दद्यात्पिष्टकृतं युतम् ।
बीजपूरकवृक्षाम्लकोलदाडिमदीप्यकैः ॥ १२ ॥
यवानीहपुषाजाजीव्योषत्रिलवणार्द्रकैः ।
शूल्यैर्मांसैर्हरितकैः स्नेहवद्भिश्च सक्तुभिः ॥ १३ ॥
उष्णस्निग्धाम्ललवणा मेद्यमांसरसा हिताः ।
आम्राम्रातकपेशीभिः संस्कृता रागषाडवाः ॥ १४ ॥
गोधूमनाषविकृतिर्मृदुश्चित्रा मुखप्रिया ।
आर्द्रिकार्द्रककुल्माषसुक्तमांसादिगर्भिणी ॥ १५ ॥
सुरभिर्लवणा शीता निगदा वाऽच्छवारुणी ।
स्वरसो दाडिमात् क्वाथः पञ्चमूलात्कनीयसः ॥ १६
शुण्ठीधान्यात्तथा मस्तु-
सुक्ताम्भोच्छाम्लकाञ्जिकम् ।
अभ्यङ्गोद्वर्तनस्नानमुष्णं प्रावरणं घनम् ॥ १७ ॥
घनश्चागुरुजो धूपः पङ्कश्चागुरुकुङ्कुमः ।
कुचोरुश्रोणिशालिन्यो यौवनोष्णाङ्गयष्टयः ॥ १८ ॥
हर्षणालिङ्गने युक्ताः प्रियाः संवाहनेषु च ।

મદાત્યયરોગમાં જો વાયુનું બળ અધિક હોય તો લોટથી બનાવેલું મદ્ય, તેમાં બિજોરું આમચૂર, બોર, દાડમ, અજમો, અજમોદ પળાંસી, જીરું, સૂંઠ, પીપર, મરી, સિંધવ સંચળ, બીડલવણ, આદું, કલાડા ઉપર શેકેલું માંસ, હરીતક અને ઘી વગેરે સ્નેહવાળો સાથુ, એમાંનાં ગમે તે એક સાથે અથવા બે કે વધારે ઔષધો અથવા બધાંય મેળવીને આપવું; અથવા ગરમ, સ્નિગ્ધ, ખાટા અને ખારા એવા ચરબીભર્યાં પ્રાણીઓના માંસના રસ હિતકર છે; અથવા કેરી કે આમ્રાતક (આંબાડા)ની પેશીઓ (ગલના કકડા) વડે સંસ્કારયુક્ત કરેલા રાગ અને ખાંડવ નામનાં પીણાં આપવાં; અથવા કોમળ જાતજાતની અને ભાવે એવી ઘઉંની કે અડદની વાનીઓ આપવી; અથવા કોથમીર, આદું, કળથી, સરકો, માંસ વગેરે નાખીને તૈયાર કરેલું, સુગંધવાળું, સિંધવ નાખેલું ઠંડું અને જૂનું વારુણી નામે મદ્યનું નીતર્યું પાણી આપવું; અથવા

દાડમનો સ્વરસ આપવો; અથવા લઘુપંચમૂળનો ક્વાથ આપવો; અથવા સૂંઠ અને ધાણાનો ક્વાથ આપવો;) અથવા દહીંનું નીતર્યું પાણી અથવા સરકાના પાણીમાંથી બનાવેલી ખાટી કાંજી આપવી. એવા રોગીને અભ્યંગ, ઉદ્વર્તન અને સ્નાન ગરમ જોઈએ તથા ઓઢવાનું જાડું જોઈએ. તેના આગળ અગરુનો (અગરબત્તીઓનો) ખૂબ જાડો ધૂપ કરવો. તેને અગર અને કેસરના પંક(જાડા રગડા)નો લેપ કરવો. વળી જે સ્ત્રીઓનાં સ્તન, સાથળ અને ફૂલાઓ શોભાયમાન હોય તથા જુવાનીને લીધે જેમની શરીરરૂપી યષ્ટિ (લાકડી) ઊની હોય, એવી મનગમતી સ્ત્રીઓ ઉમળકાથી આલિંગન કરે તે હિતકર છે, તેમ જ તેવી સ્ત્રીઓ તેના શરીરની ચંપી કરે તે પણ હિતકર છે.

પિત્ત વધારે હોય એવા ત્રિદોષના મદાત્યયના ઉપાય
(શ્લોક ૧૯ થી ૨૧॥)

पित्तोल्बणे बहुजलं शार्करं मधु वा युतम् ॥१९
रसैर्दाडिमखर्जूरभव्यद्राक्षापरूषजैः ।
सुशीतं ससितासक्तु योज्यं तादृक् च पानकम्॥
स्वादुवर्गकषायैर्वा युक्तं मद्यं समाक्षिकम्।

મદાત્યયમાં પિત્તનું જોર વધારે હોય તો સાકરના દારૂમાં ઘણું પાણી મેળવીને પાવું; અથવા દાડમ, ખજૂર, મીઠાં લીંબુ, કાળી દ્રાક્ષ, અને મીઠા ફાલસાં, એ ફળોનો રસ મધમાં મેળવીને ઘણો ઠંડો કરીને તે આપવો અથવા એવું જ એટલે ઠંડું પાનક (પાછળ સૂ. અ. ૩ માં કહેલું) સાકર તથા સાથુ સાથે આપવું (સાથુ ડાંગરની ધાણીનો લેવો; જવનો નહિ); અથવા મધુર વર્ગનાં ઔષધોના ક્વાથ સાથે મદ્ય મધ નાખીને આપવું.

शालिषष्टिकमश्नीयाच्छशाजैणकपिञ्जलैः ॥२१॥
सतीनमुद्गामलकपटोलीदाडिमै रसैः ।

પિત્તના મદાત્યયવાળાએ શાળ ચોખા અને સાઠી ચોખાનો ભાત સસલા, બકરા, કાળિયાર હરણ અને ધોળા તેતરના માંસરસ સાથે ખાવો, અથવા વટાણા, મગ, આમળાં, પટોલ કે દાડમના રસ સાથે ખાવો. (રસ=સ્વરસ, યૂષ).

તરસ અને વિદાહવાળા મદાત્યયનો ઉપાય

कफपित्ते समुत्क्लिष्टमुल्लिखेत्तृड्विदाहवान् ॥ २२
पीत्वाऽम्बु शीतं मद्यं वा भूरीक्षुरससंयुतम् ।
द्राक्षारसं वा संसर्गी तर्पणादिः परं हितः॥२३
तथाऽग्निर्दीप्यते तस्य दोषशेषान्नपाचनः ।

જે મદાત્યયરોગવાળાને તરસ લાગ્યા કરતી હોય અને દાહ થતો હોય તેણે કફ અને પિત્ત સ્થાનથી ચલિત થયાં હોય તેની, ઠંડું પાણી પીને સારી રીતે ઊલટી કરી નાખવી; અથવા શેરડીના પુષ્કળ રસ સાથે મદ્ય મેળવીને તે પીને ઊલટી કરવી; અથવા કાળી દ્રાક્ષનો રસ પીને ઊલટી કરવી. ઊલટી કર્યા પછી તર્પણ(ધાતુ તથા ઇંદ્રિયો વગેરેને તૃપ્ત કરનારી ક્રિયા)થી શરૂ થતો પેયા વગેરે ક્રમ કરવો હિતકર છે. એ પ્રમાણે કરવાથી મદાત્યય રોગવાળાનો અગ્નિ પ્રદીપ્ત થાય છે અને તે શેષ રહેલા દોષને તથા રોગીએ ખાધેલા અન્નને પચાવે છે.

ઉધરસ, લોહીવાળા બળખા, પડખામાં અને સ્તનમાં પીડા, તરસ, વિદાહ, ઉત્ક્લેશવાળાં હૃદય અને છાતીવાળા મદાત્યયનો ઉપાય

कासे सरक्तनिष्ठीवे पार्श्वस्तनरुजासु च ॥ २४ ॥
तृष्णायां सविदाहायां सोत्क्लेशे हृदयोरसि ।
गुडूचीभद्रमुस्तानां पटोलस्याथवा रसम् ॥२५॥
सशृङ्गवेरं युञ्जीत तित्तिरिप्रतिभोजनम् ।

પિત્તના મદાત્યયમાં ખાંસી થતી હોય અને તેમાં લોહી પડતું હોય; પાસાં અને સ્તન આગળ પીડા થતી હોય, દાહ સહિત તરસ લાગતી હોય અને છાતી અને હૃદયમાં ઉછાળા મારતા (ઉલાળા આવતા) હોય, તો ગળો, સૂંઠ, મોથ એ ત્રણેનો અથવા પટોલનો રસ આદું સહિત પાવો અને નાના તેતરનું માંસ ખાવા આપવું.

વાયુ અને પિત્ત વધારે હોય અને બહુ જ તરસ હોય એવા મદાત્યયનો ઉપાય

तृष्यते चाति बलवद्वातपित्ते समुद्धते ॥ २६ ॥

દાડમનો સ્વરસ આપવો; અથવા લઘુપંચમૂળનો ક્વાથ આપવો; અથવા સૂંઠ અને ધાણાનો ક્વાથ આપવો;) અથવા દહીંનું નીતર્યું પાણી અથવા સરકાના પાણીમાંથી બનાવેલી ખાટી કાંજી આપવી. એવા રોગીને અભ્યંગ, ઉદ્વર્તન અને સ્નાન ગરમ જોઈએ તથા ઓઢવાનું જાડું જોઈએ. તેના આગળ અગરુનો (અગરબત્તીઓનો) ખૂબ જાડો ધૂપ કરવો. તેને અગર અને કેસરના પંક(જાડા રગડા)નો લેપ કરવો. વળી જે સ્ત્રીઓનાં સ્તન, સાથળ અને કૂલાઓ શોભાયમાન હોય તથા જુવાનીને લીધે જેમની શરીરરૂપી યષ્ટિ (લાકડી) ઊંચી હોય, એવી મનગમતી સ્ત્રીઓ ઉમળકાથી આલિંગન કરે તે હિતકર છે, તેમ જ તેવી સ્ત્રીઓ તેના શરીરની ચંપી કરે તે પણ હિતકર છે.

પિત્ત વધારે હોય એવા ત્રિદોષના મદાત્યયના ઉપાય
(શ્લોક ૧૯ થી ૩૨૫)

पित्तोल्बणे बहुजलं शार्करं मधु वा युतम् ॥१९
रसैर्दाडिमखर्जूरभव्यद्राक्षापरूषजैः ।
सुशीतं ससितासक्तु योज्यं तादृक् च पानकम् ॥
स्वादुवर्गकषायैर्वा युक्तं मद्यं समाक्षिकम् ।

મદાત્યયમાં પિત્તનું જોર વધારે હોય તો સાકરના દારૂમાં ઘણું પાણી મેળવીને પાવું; અથવા દાડમ, ખજૂર, મીઠાં લીંબુ, કાળી દ્રાક્ષ, અને મીઠા ફાલસાં, એ ફળોનો રસ મધમાં મેળવીને ઘણો ઠંડો કરીને તે આપવો અથવા એવું જ એટલે ઠંડું પાનક (પાછળ સૂ. અ. ૩માં કહેલું) સાકર તથા સાથુ સાથે આપવું (સાથુ ડાંગરની ધાણીનો લેવો; જવનો નહિ); અથવા મધુર વર્ગનાં ઔષધોના ક્વાથ સાથે મધ મધ નાખીને આપવું.

शालिषष्टिकमश्नीयाच्छशाजैणकपिञ्जलैः ॥२१॥
सतीनमुद्गामलकपटोलीदाडिमै रसैः ।

પિત્તના મદાત્યયવાળાએ શાળ ચોખા અને સાઠી ચોખાનો ભાત સસલા, બકરા, કાળિયાર હરણ અને ધોળા તેતરના માંસરસ સાથે ખાવો, અથવા વટાણા, મગ, આમળાં, પટોલ કે દાડમના રસ સાથે ખાવો. (રસ=સ્વરસ, યૂષ).

તરસ અને વિદાહવાળા મદાત્યયનો ઉપાય

कफपित्तं समुत्क्लिष्टमुल्लिखेत्तृड्विदाहवान् ॥ २२
पीत्वाऽम्बु शीतं मद्यं वा भूरीक्षुरससंयुतम् ।
द्राक्षारसं वा संसर्गी तर्पणादिः परं हितः ॥२३
तथाऽग्निर्दीप्यते तस्य दोषशेषान्नपाचनः ।

જે મદાત્યયરોગવાળાને તરસ લાગ્યા કરતી હોય અને દાહ થતો હોય તેણે કફ અને પિત્ત સ્થાનથી ચલિત થયાં હોય તેની, ઠંડું પાણી પીને સારી રીતે ઊલટી કરી નાખવી; અથવા શેરડીના પુષ્કળ રસ સાથે મદ્ય મેળવીને તે પીને ઊલટી કરવી; અથવા કાળી દ્રાક્ષનો રસ પીને ઊલટી કરવી. ઊલટી કર્યા પછી તર્પણ(ધાતુ તથા ઇંદ્રિયો વગેરેને તૃપ્ત કરનારી ક્રિયા)થી શરૂ થતો પેયા વગેરે ક્રમ કરવો હિતકર છે. એ પ્રમાણે કરવાથી મદાત્યય રોગવાળાનો અગ્નિ પ્રદીપ્ત થાય છે અને તે શેષ રહેલા દોષને તથા રોગીએ ખાધેલા અન્નને પચાવે છે.

ઉધરસ, લોહીવાળા બળખા, પડખામાં અને સ્તનમાં પીડા, તરસ, વિદાહ, ઉત્ક્લેશવાળાં હૃદય અને છાતીવાળા મદાત્યયનો ઉપાય

कासे सरक्तनिष्ठीवे पार्श्वस्तनरुजासु च ॥ २४ ॥
तृष्णायां सविदाहायां सोत्क्लेशे हृदयोरसि ।
गुडूचीभद्रमुस्तानां पटोलस्याथवा रसम् ॥२५॥
सशृङ्गवेरं युञ्जीत तित्तिरिप्रतिभोजनम् ।

પિત્તના મદાત્યયમાં ખાંસી થતી હોય અને તેમાં લોહી પડતું હોય; પાસાં અને સ્તન આગળ પીડા થતી હોય, દાહ સહિત તરસ લાગતી હોય અને છાતી અને હૃદયમાં ઉછાળા મારતા (ઉલાળા આવતા) હોય, તો ગળો, સૂંઠ, મોથ એ ત્રણેનો અથવા પટોલનો રસ આદુ સહિત પાવો અને નાના તેતરનું માંસ ખાવા આપવું.

વાયુ અને પિત્ત વધારે હોય અને બહુ જ તરસ હોય એવા મદાત્યયનો ઉપાય

तृष्यते चाति बलवद्वातपित्ते समुद्धते ॥ २६ ॥

दद्याद् द्राक्षारसं पानं शीतं दोषानुलोमनम् ।
जीर्णेऽद्यान्मधुराम्लेन छागमांसरसेन च ॥ २७ ॥

જે મદાત્યયવાળા રોગીને વાયુ અને પિત્ત અધિક કોપ્યા હોય અને જે અત્યંત તરસથી પીડાતો હોય, તેના દોષને સ્વાભાવિક માર્ગે પ્રવૃત્ત કરનારો ઠંડો કાળી દ્રાક્ષનો રસ તેને પિવડાવવો. જ્યારે તે દ્રાક્ષનો રસ તેને પચી જાય, ત્યારે તેણે ગળ્યા અને ખાટા રસ સાથે અથવા બકરાના માંસરસ સાથે ભોજન કરવું.

તરસવાળા મદાત્યયનો ઉપાય

तृष्यन्पिबेन्मद्यं मद्यं रक्षन् बहूदकम् ।
मुस्तदाडिमलाजाम्बु जलं वा पर्णिनीश्रृतम् ॥२८
पटोल्युत्पलकन्दैर्वा स्वभावादेव वा हिमम् ।

જો મદાત્યયના રોગીને તરસ લાગતી હોય, તો તેણે ચરબીનુ રક્ષણ કરવા માટે પુષ્કળ પાણી મેળવીને થોડુંથોડુ મદ્ય પીવુ; અથવા મોથ, દાડમ અને ડાંગરની ધાણીનુ પાણી પીવુ; અથવા શાલિપર્ણી, પૃશ્નિપર્ણી, મુદ્‌ગપર્ણી અને માષપર્ણી એ ઔષધિઓનો ક્વાથ પીવો, અથવા પટોલ, અને કમળના કંદનો ક્વાથ પીવો. અથવા જે પાણી સ્વભાવે જ શીતળ હોય તે પીવુ. (ઉપર કહેલા બધા પાણી ઠંડાં જ પીવા.)

બહુ દારૂ પીવાથી ગળું, તાળવું, હોઠ સુકાય અને જીભ બહાર લબડે ત્યારે શું કરવું?

मद्यातिपानादब्धातौ क्षीणे तेजसि चोद्धते ॥२९॥
यः शुष्कगलताल्वोष्ठो जिह्वां निष्कृष्य चेष्टते ।
पाययेत्काममतोऽम्भस्तं निशीथपवनाहतम् ॥ ३०॥

મદ્યપાન ઘણુ કરવાથી જે માણસની જળધાતુ ક્ષીણ થઈ ગઈ હોય તથા તેજ ધાતુ વૃદ્ધિ પામીને ક્ષોભ પામી હોય, અને તેથી જે માણસનું ગળુ, તાળવુ અને હોઠ સુકાઈ જતા હોય તથા જે જીભ બહાર કાઢીને આળોટતો હોય, તેવા માણસને મધ્યરાત્રિના ઠંડા પવનના ઝાપટાથી શીતળ થયેલું પાણી તે ધરાય તેટલું પાવુ.

તરસ તરત મટાડવાનો ઉપાય

कोलदाडिमवृक्षाम्लचुक्रीकाचुक्रिकारसः ।
पञ्चाम्लको मुखालेपः सद्यस्तृष्णां नियच्छति ॥३१

બોર, દાડમ, કોકમ, આંબલી અને અંબાડો એ પાંચ ખાટાં ઔષધોને પંચામ્લ કહે છે. એ પંચામ્લના રસ વડે મુખ ઉપર લેપ કરવાથી તત્કાળ તરસ મટે છે.

બહુ દારૂ પીવાથી સખત અગન ઊઠે તો શું કરવું?

त्वचं प्राप्तश्च पानोष्मा पित्तरक्ताभिमूर्च्छितः ।
दाहं प्रकुरुते घोरं तत्रातिशिशिरो विधिः ॥३२॥
अशाम्यति रसैस्तृप्ते रोहिणीं व्यधयेच्छिराम् ।

મદ્યપાન કર્યા પછી મદ્યની ગરમી ચામડીમા આવે છે અને ત્યાં આગળ રક્ત તથા પિત્ત વડે વધારાયલી એ ગરમી મહાભયાનક દાહ ઉત્પન્ન કરે છે, એ સમયે વૈદ્યે અતિશય ઠંડા ઉપચાર કરવા. એમ છતા પણ જો તે ગરમી શમે નહિ તો તે રોગીને માંસરસ પાઈને તૃપ્ત કરવો અને પછી તેની રોહિણી નામે શિરા (શા. ૩/૩૮) ખોલવી.

કફ વધારે હોય એવા ત્રિદોષના મદાત્યયના ઉપાય વમન, ઉપવાસ, હિમ

उल्लेखनोपवासाभ्यां जयेच्छ्लेष्मोल्बणं पिबेत् ॥
शीतं शुण्ठीस्थिरोदीच्यदुःस्पर्शान्यतमोदकम् ।

મદાત્યયમા કફની અધિકતા હોય તો વમન અને ઉપવાસ વડે તે મદાત્યય મટાડવો તથા સૂંઠ, શાલિપર્ણી, પીરણવાળો અને ધમાસો, એમાંથી ગમે તે કોઈ એકનો હિમ રોગીને પાવો.

નિરામ થયા પછી ભૂખ લાગે ત્યારે શું પાવું અને ખવડાવવું?

निरामं क्षुधितं काले पाययेद्बहुमाक्षिकम् ॥३४॥
शार्करं मधु वा जीर्णमरिष्टं सीधुमेव वा ।
रूक्षतर्पणसंयुक्तं यवानीनागरान्वितम् ॥ ३५ ॥

કફના મદાત્યયરોગીને વમન વગેરેથી શુદ્ધ કર્યા પછી જ્યારે તેનો આમ પાકી જાય તથા તેને ભૂખ લાગે, ત્યારે તેને જૂના સાકરના મદ્યમા કે જૂના દ્રાક્ષના દારૂમાં ઘણુ મધ નાખીને પાવું; અથવા જૂનું (હરડે વગેરેનું) અરિષ્ટ અથવા સી [illegible] લૂખાં અને તર્પણ

કરે એવાં એ ખુંનુ ગુણવાળાં (ડાંગરની ધાણી-ના સાથુ જેવાં) ઔષધો, અજમોદ અને સૂંઠ નાખીને પાવુ.

यूषेण यवगोधूमं तनुनाऽल्पेन भोजयेत् ।
उष्णाम्लकटुतिक्तेन कौलत्थेनाल्पसर्पिषा ॥३६॥
शुष्कमूलकजैश्छागैः रसैर्वा धन्वचारिणाम् ।
साम्लवेतसवृक्षाम्लपटोलीव्योषदाडिमैः ॥३७॥

કફમદાત્યય રોગવાળાને કળથીના બહુ પાતળા અને ગરમ થોડા યૂષમાં લગાર ખટાશ, લગાર તીખાશ, લગાર કડવાશ અને લગાર ઘી નાખીને તેની સાથે જવ અથવા ઘઉંનું ભોજન ખાવા આપવું; અથવા સૂકા મૂળાના, અથવા બકરાના, અથવા જાંગલ પ્રાણીઓના રસમાં અમ્લવેદ્દ કોકમ, પટોળ, સૂંઠ, પીપર, મરી અને દાડમ નાખીને તેની સાથે જવ કે ઘઉંનું ભોજન ખાવા આપવું.

અમ્લવેદ–અમ્લવેદ ન મળે તો ખાટી લૂણી લેવી.

प्रभूतशुण्ठीमरिचहरितार्द्रकपेशिकम् ।
बीजपूररसाद्यम्लभृष्टनीरसवर्तितम् ॥ ३८ ॥
करीरकरमर्दादि रोचिष्णु बहुशालनम्
प्रव्यक्ताष्टाङ्गलवणं विकल्पितनिमर्दकम् ॥३९॥
यथाग्नि भक्षयन् मांसं माधवं निगदं पिबेत् ।

કફમદાત્યયના રોગીએ નાના પ્રકારે સંસ્કાર આપેલું માંસ પોતાના જઠરાગ્નિના બળનો વિચાર કરીને ખાવું તથા જૂનું માધવ નામે મદ્ય પીવું. જે માંસ કફમદાત્યયના રોગીએ ખાવુ તેમાં પુષ્કળ સૂંઠ, મરી, હરીતક વર્ગ અને આદાની કાતરીઓ (ચીરી) નાખવી, બિજોરાનો રસ વગેરે નાખીને તેને ખાટું કરવું, તેને ઘી વગેરે સ્નેહમાંના એકાદ યોગ્ય સ્નેહમાં શેકીને ખરું કરવું, તેમ જ નીચે જે અષ્ટાંગલવણ કહેવાશે તે તેમાં આગળ પડતું નાખવું તથા તેની સાથે કેરાં, કરમદાં વગેરેથી ભાવે એવું બનાવેલું અને પુષ્કળ હરીતક વર્ગની વસ્તુઓ નાખેલું એ માંસ ખાવું.

સ્રોતોની શુદ્ધિ કરે એવું દીપન ઔષધ

सितासौवर्चलाजाजी-
तिन्तिडीकाम्लवेतसम् ॥ ४० ॥
त्वगेलामरिचार्धांशमष्टाङ्गलवणं हितम् ।
स्रोतोविशुद्ध्यग्निकरं कफप्राये मदात्यये ॥ ४१ ।

સાકર, સંચળ, જીરું, આમલી, અમ્લવેદ એકએક ભાગ, તજ, એલચી અને મરી અડધો અડધો ભાગ, એને અષ્ટાંગલવણ કહે છે. એ કફ વધારે હોય એવા ત્રિદોષના મદાત્યયમ સ્રોતની શુદ્ધિ કરનારું અને અગ્નિને પ્રદીપ્ત કરનારું છે.

કફ વધારે હોય એવો ત્રિદોષનો મદાત્યય ઝટ મટે એવા ઉપાય

रूक्षोष्णोद्वर्तनद्वर्षस्नानभोजनलङ्घनैः ।
सकामाभिः सह स्त्रीभिर्युक्त्या जागरेण च ॥४२
मदात्ययः कफप्रायः शीघ्रं समुपशाम्यति ।

લૂખા અને ગરમ પદાર્થોથી ઉદ્વર્તન કરવાથી, તેવાં જ દ્રવ્ય શરીરે ઘસવાથી, તેવાં જ સ્નાન કરવાથી, તેવાં જ ભોજન કરવાથી, અને ઉપવાસ કરવાથી, તેમ જ દેશ, કાળ વગેરેનો વિચાર કરીને સકામ સ્ત્રીઓ સાથે જાગરણ કરવાથી જેમાં કફ વધારે હોય એવો મદાત્યય તત્કાળ નાશ પામે છે.

બાકીના દશ સન્નિપાતમદાત્યયના ઉપાય

यदिदं कर्म निर्दिष्टं पृथग्दोषबलं प्रति ॥ ४३ ॥
सन्निपाते दशविधे तच्छेषेऽपि विकल्पयेत् ।

પાછળ જે મદાત્યયની ચિકિત્સા બતાવી છે, તેમા વાયુ અધિક હોય તો લોટથી બનાવેલું મદ્ય વગેરે આપવાનું કહેલું છે, પિત્ત અધિક હોય તો પુષ્કળ પાણી સાથે સાકરનું મદ્ય વગેરે આપવાનું કહેલું છે, કફ અધિક હોય તો વમન, ઉપવાસ વગેરે કર્મ કહેલું છે, એ રીતે ત્રણે દોષો સાથે કોપ્યા હોવા છતાં પણ તેમાં જે દોષ અધિક કોપ્યો હોય, તે તે જુદા જુદા દોષને ઉદ્દેશીને ચિકિત્સાકર્મ કહેલું છે; તે કેવળ એ ત્રણ પ્રકારના સન્નિપાતમાં જ સમજવું એમ નહિ; પરંતુ દશ પ્રકારના સન્નિપાતમાંથી જે બાકીના સાત પ્રકાર રહ્યા, તેમાં પણ સમજવું. તાત્પર્ય કે, મદાત્યયવ્યાધિમાં ત્રણે દોષ કોપે છે તેથી દોષનો સન્નિપાત તો હોય છે જ, પરંતુ

જે દોષ બીજા કરતાં વધારે બળવાન હોય તેને ઉદ્દેશીને ચિકિત્સા બતાવવામાં આવે છે. સન્નિપાતના ત્રણ દોષમાંથી કોઈ દોષ અધિક કોપ્યા હોય છે, કોઈ દોષ મધ્યમ કોપવાળા હોય છે, અને કોઈ દોષ ઓછા કોપવાળા હોય છે, એ ઉપરથી સન્નિપાતના દશ પ્રકાર ગણેલા છે. પહેલા પ્રકારના સન્નિપાતમાં વાયુ, પિત્ત અને કફમાંથી એક દોષ વધારે કોપેલો હોય છે અને બીજા બે દોષ મધ્યમ હોય છે; બીજા પ્રકારના સન્નિપાતમાં બે દોષ વધારે કોપેલા હોય છે અને એક દોષ મધ્યમ હોય છે; ત્રીજા પ્રકારના સન્નિપાતમાં એક દોષ મધ્યમ હોય છે અને બીજા બે ઓછા હોય છે; ચોથા પ્રકારના સન્નિપાતમાં એક દોષ વધારે કોપેલો હોય છે અને બીજા બે ઓછા કોપેલા હોય છે. પાંચમા પ્રકારના સન્નિપાતમાં બે દોષ વધારે કોપેલા હોય છે અને એક દોષ ઓછો કોપેલો હોય છે; છઠ્ઠા પ્રકારના સન્નિપાતમાં એક દોષ ઓછો કોપેલો હોય છે અને બાકીના બે દોષો મધ્યમ હોય છે; સાતમા પ્રકારમાં ત્રણે દોષો વધારે કોપેલા હોય છે. આઠમા પ્રકારના સન્નિપાતમાં ત્રણે દોષ મધ્યમ હોય છે. નવમા પ્રકારના સન્નિપાતમાં ત્રણે દોષ ઓછા કોપેલા હોય છે. દશમા પ્રકારના સન્નિપાતમાં એક ઓછો, એક મધ્યમ અને એક વધારે કોપેલો હોય છે. એ રીતે દશ પ્રકારના સન્નિપાતમાંથી ગમે તે પ્રકારનો સન્નિપાત હોય તેની ચિકિત્સા પાછળ બતાવેલી, વાયુ વગેરે વધારે કોપ્યો હોય તેની જુદી જુદી ચિકિત્સા ઉપરથી કરવી. જેમ કે વાયુના ઉત્કર્ષ(વધારે કોપવા)ની જે ચિકિત્સા કહેલી છે તથા પિત્તના ઉત્કર્ષની જે ચિકિત્સા કહેલી છે, તે બન્ને પ્રકારની ભેગી ચિકિત્સા વાતપિત્તના ઉત્કર્ષમાં કરવી. એ પ્રમાણે દોષના બળ ઉપર વિચાર કરીને બધા પ્રકારના મદાત્યયમાં ચિકિત્સા કરવી.

બધા મદાત્યયમાં રુચિ અને જઠરાગ્નિ વધારે તેવું ઔષધ

त्वङ्नागपुष्पमगधामरिचाजाजिधान्यकैः ॥ ४४ ॥
परूषकमधूकैलासुराह्वैश्च सितान्वितैः ।
सकपित्थरसं हृद्यं पानकं शशियोजितम् ॥४५॥
मदात्ययेषु सर्वेषु पेयं रुच्यग्निदीपनम् ।

તજ, નાગકેસર, પીપર, મરી, જીરું, ધાણા, ફાલસાં, મહુડાં, એલચી અને દેવદાર એ સર્વમાં સાકર મેળવીને તેમાં કોઠાનો રસ નાખવો તથા તેને કપૂરની વાસ આપવી. એ રીતે કરેલું પીણું હૃદયને હિતકર, રુચિકર તથા અગ્નિને પ્રદીપ્ત કરનાર છે.

મદાત્યયમાં હર્ષ ઉત્પન્ન કરે એવી ક્રિયા શા માટે કરવી જોઈએ?

नाविक्षोभ्य मनो मद्यं शरीरमविहन्य वा ॥४६॥
कुर्यान्मदात्ययं तस्मादिष्यते हर्षणी क्रिया ।

મદ્યથી જે મદાત્યય રોગ થાય છે તે મનનો ક્ષોભ કર્યા વિના કે શરીરને હાનિ પહોંચાડ્યા વિના કાંઈ ઉત્પન્ન થતો નથી; માટે મદાત્યયવાળાને હર્ષ ઉત્પન્ન કરે એવી ક્રિયાઓ કરવી તે ઇચ્છવા જેવું છે.

શુદ્ધિ, શમન વગેરે કરવા છતાં મદાત્યય ન મટે તો દૂધ પથ્ય હોવાનું કારણ

संशुद्धिशमनाद्येषु मददोषः कृतेष्वपि ॥ ४७ ॥
न चेच्छाम्येत्कफे क्षीणे जाते दौर्बल्यलाघवे ।
तस्य मद्यविदग्धस्य वातपित्ताधिकस्य च ॥४८
ग्रीष्मोपतप्तस्य तरोर्यथा वर्षं तथा पयः ।

મદાત્યયવાળાને શોધન, શમન વગેરે ઉપચાર કર્યા છતાં પણ જો તેનો રોગ શમે નહિ તો તથા તેના શરીરમાંથી કફનો ક્ષય થવાથી તે નબળો અને વજનમાં હલકો થઈ ગયો હોય તો; તેમ જ મદ્ય વડે તેની ધાતુ દગ્ધ થવાથી વાયુ અને પિત્ત વૃદ્ધિ પામ્યાં હોય તો, જેમ ઉનાળામાં તાપથી તપેલા વૃક્ષને વૃષ્ટિ ફાયદો કરે છે, તેમ તે દરદીને દૂધ ફાયદો કરે છે.

मद्यक्षीणस्य हि क्षीणं क्षीरमाश्वेव पुष्यति ॥४९
ओजस्तुल्यं गुणैः सर्वैर्विपरीतं च मद्यतः ।

કેમ કે મદ્યથી ક્ષીણ થયેલા માણસનું ઓજ પણ ક્ષીણ થઈ જાય છે, તેને દૂધ જલદીથી પુષ્ટ કરે છે; કારણ કે દૂધના સઘળા ગુણ ઓજના ગુણ જેવા છે અને મદ્યના ગુણથી દૂધના ગુણ

રૂંધા છે. ચરક મુનિ કહે છે, કે ગાયનું દૂધ મધુર, ઠંડું, મૃદુ ગુણવાળું, સ્નિગ્ધ, ઘટ્ટ, લીસું, પિચ્છિલ, ભારે, મંદ અને પ્રસન્ન એ દશ ગુણવાળું છે; તથા ઓજ પણ એ જ દશ ગુણવાળું છે. માટે દૂધ ખાવાથી ઓજની પુષ્ટિ થાય છે.

દૂધનો પ્રયોગ ક્યાં સુધી કરવો? પછી દારૂ કેવી યુક્તિથી પીવો?

पयसा विहते रोगे बले जाते निवर्तयेत् ॥५०॥
क्षीरप्रयोगं, मद्यं च क्रमेणाल्पाल्पमाचरेत् ।
न विक्षयध्वंसकोत्थैः स्पृश्येतोपद्रवैर्यथा ॥ ५१ ॥

મદાત્યયરોગીનો રોગ દૂધ પાઈને મટાડ્યા પછી તથા તેના શરીરમાં ખળ આવ્યા પછી તેનો દૂધનો પ્રયોગ બંધ કરવો, તથા ફરીને ક્રમે થોડુંથોડું મદ્ય (દારૂ) એવી રીતે આપવા માંડવું, કે જેથી વિક્ષય અને વિધ્વંસક રોગથી થતા ઉપદ્રવો થાય નહિ.

વિક્ષય અને વિધ્વંસક રોગોના ઉપાય

तयोस्तु स्याद्घृतं क्षीरं बस्तयो बृंहणाः शिवाः ।
अभ्यङ्गोद्वर्तनस्नानान्यन्नपानं च वातजित् ॥ ५२ ॥

વિક્ષય અને વિધ્વંસક એ બે રોગોમાં દૂધ અને ઘી આપવું, તથા જેથી કાંઈ નુકસાન થાય નહિ એવી બૃંહણ બસ્તિઓ આપવી; તેમ જ અભ્યંગ, ઉદ્વર્તન, સ્નાન તથા વાયુને શમાવે એવું ભોજન અને પાન (પીવાનું) આપવું.

દારૂ પીવાથી કોને રોગ ન થાય?

युक्तमद्यस्य मद्योत्थो न व्याधिरुपजायते ।
अतोऽस्य वक्ष्यते योगो यः सुखायैव केवलम् ॥५३

જે માણસ નિ. ૬/૪૦કે,૪૧માં કહેલી યુક્તિથી (અથવા, વિધિપુરઃસર) દારૂ પીએ છે તેને મદ્યપાનથી થતો રોગ થતો નથી; એટલા માટે એ મદ્યમાં બીજાં પાણી વગેરે દ્રવ્ય મેળવવાનાં કહેવામાં આવશે, કેમ કે એ મેળવણીથી માત્ર સુખ જ થાય છે.

સુરાનો મહિમા

आश्विनं या महत्तेजो बलं सारस्वतं च या ।
दधात्यैन्द्रं च या वीर्यं प्रभावं वैष्णवं च या ॥५४
अस्त्रं मकरकेतोर्या पुरुषार्थो बलस्य या ।
सौत्रामण्यां द्विजमुखे या हुताशे च हूयते ॥५५
या सर्वौषधिसम्पूर्णान्मथ्यमानात्सुरासुरैः ।
महोदधेः समुद्भूता श्रीशशाङ्कामृतैः सह ॥५६
मधुमाधवमैरेयसीधुगौडासवादिभिः ।
मदशक्तिमनुज्झन्ती या रूपैर्बहुभिः स्थिता ॥५७
यामास्वाद्य विलासिन्यो यथार्थं नाम बिभ्रति ।
कुलाङ्गनाऽपि यां पीत्वा नयत्युद्धतमानसा ॥५८
अनङ्गालिङ्गितैरङ्गैः कापि चेतो मुनेरपि ।
तरङ्गभङ्गभ्रूकुटीतर्जनैर्मानिनीमनः ॥ ५९ ॥
एकं प्रसाद्य कुरुते या द्वयोरपि निर्वृतिम् ।
यथाकामं भटावाप्तिपरिहृष्टाप्सरोगणे ॥ ६० ॥
तृणवत्पुरुषा युद्धे यामास्वाद्य त्यजन्त्यसून् ।
यां शीलयित्वाऽपि चिरं बहुधा बहुविभ्रमाम् ॥६१
नित्यं हर्षातिवेगेन तत्पूर्वमिव सेवते ।
शोकोद्वेगारतिभयैर्यां दृष्ट्वा नाभिभूयते ॥ ६२ ॥
गोष्ठीमहोत्सवोद्यानं न यस्याः शोभते विना ।
स्मृत्वा स्मृत्वा च बहुशो
वियुक्तः शोचते यया ॥ ६३ ॥
अप्रसन्नाऽपि या प्रीत्यै प्रसन्ना स्वर्ग एव या ।
अपीन्द्रं मन्यते दुःस्थं हृदयस्थितया यया ॥६४॥
अनिर्देश्यसुखास्वादा स्वयंवेद्यैव या परम् ।
इति चित्रास्ववस्थासु प्रियामनुकरोति या ॥६५॥
प्रियाऽतिप्रियतां याति यत्प्रियस्य विशेषतः ।
या प्रीतिर्या रतिर्वा वाग्
या पुष्टिरिति च स्तुता ॥ ६६ ॥
देवदानवगन्धर्वयक्षराक्षसमानुषैः ।
पानप्रवृत्तौ सत्यां तु तां सुरां विधिना पिबेत् ॥६७

જે સુરા અશ્વિનીકુમારના મોટા તેજને ધારણ કરે છે; જે સરસ્વતીના બળને ધારણ કરે છે, જે ઇંદ્ર સમાન વીર્યવાળી છે, જે વિષ્ણુના જેવા પ્રભાવવાળી છે; કામદેવનું જે અસ્ત્ર છે; બળરામના જેવો જેનો પુરુષાર્થ છે; સૌત્રામણિ નામે યજ્ઞમાં, જેનો હોમ અગ્નિમાં અને બ્રાહ્મણોના મુખમાં કરવામાં આવે છે; સર્વ ઔષધિથી ભરેલા મહાસાગરને દેવ અને દૈત્યોએ મળીને વલોવ્યો, તેમાંથી જે લક્ષ્મી, ચંદ્ર અને અમૃતની સાથે નીકળી છે; જે સુરા પોતાની મદશક્તિનો નાશ કર્યા સિવાય મધુ,

માધવ, મૈરેય, સીધુ, ગૌડી, આસવ ઇત્યાદિ અનેક રૂપે રહેલી છે; વિલાસિનીઓ (સ્ત્રીઓ) જેને પીને પોતાના નામના અર્થ પ્રમાણે ગુણવાળી (વિલાસી) થાય છે; કુલાંગનાઓ (કુળવાન) સ્ત્રીઓ પણ જેને પીને ઉદ્ધત મનવાળી થઈને કામદેવથી ભેટાયેલાં અંગો વડે (કામદેવના આવેશવાળાં અંગો વડે) મુનિના મનનું પણ હરણ કરે છે; જે સુરા સમુદ્રનાં વાંકાં મોજાં સમાન વાંકી ભ્રમર ચડાવડાવીને રિસાયેલી સ્ત્રીનું મન માત્ર પ્રસન્ન કરીને તેના પ્રભાવથી સ્ત્રી અને પુરુષ બંનેનું મન પ્રસન્ન કરે છે; જેના યોગથી પોતાની ઇચ્છા પ્રમાણે વીર પુરુષોની પ્રાપ્તિ થવાથી અપ્સરાઓનાં ટોળાં પ્રસન્ન થાય છે; જેના યોગથી (જેનું પાન કરીને) વીર પુરુષો સંગ્રામમાં પોતાના પ્રાણને તરણા જેવા (તુચ્છ) ગણીને તેનો ત્યાગ કરે છે; વિવિધ પ્રકારના દેહવાળી (રૂપવાળી) જે સુરાને મનુષ્યો નિરંતર ઘણા કાળ સુધી સેવ્યા કરતા હોવા છતાં પણ ફરીને મળે તે સમયે જાણે તે પહેલવહેલી જ મળી હોય તેમ હર્ષેલા થઈને તેનું પાન કરે છે; જેનું દર્શન માત્ર થતાંમાં જ શોક, ઉદ્વેગ, અણગમો અને ભય, એ સર્વ નાશ પામે છે; જેના વિના મિત્રમંડળી, મહોત્સવ કે બાગ શોભતાં નથી; જે પ્રાપ્ત ન થવાથી તેનો વિયોગી પુરુષ તેને વારંવાર સંભારીને શોક કરે છે; જે પોતે પ્રસન્ન (નિર્મળ) ન હોય, મેલી, રંગવાળી હોય, એમ છતાં પણ તે આનંદ આપે છે અને તે પ્રસન્ન (નિર્મળ) હોય તો સ્વર્ગનું સુખ આપે છે; જેને હૃદયમાં ધારણ કરવાથી પુરુષ પોતાની સરખામણીમાં ઇંદ્રને પણ દુ:ખી માને છે; જેના સ્વાદના સુખનું વર્ણન કરી શકાય એવું નથી, પરંતુ જેનુ સુખ અનુભવથી જ માત્ર જાણવામાં આવે એવું છે, એ પ્રમાણે જે પોતાની વિવિધ પ્રકારની અવસ્થાઓમાં પ્રિયા (પ્રિય સ્ત્રી)નું અનુકરણ કરે છે; (અર્થાત્ ઉપર જે વર્ણન સુરાનું કરેલું છે તે બધું પ્રિયતમાને પણ લાગુ પડે છે, તેથી જ સુરા પ્રિયતમા જેવી છે); જે સુરા પુરુષને પ્રિય હોય તો તે પુરુષને પોતાની પ્રિયા અધિક પ્રિય લાગે છે; જે સુરા પ્રીતિરૂપ, રતિરૂપ, વાણીરૂપ અને પુષ્ટિરૂપ છે, એમ કહીને દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને મનુષ્યો વખાણે છે, એવી સુરાનું પાન કરવાની (પીવાની) ધર્મશાસ્ત્રમા જેને મના નથી કરેલી, તેવા પુરુષે તેનું નીચે કહેલા વિધિપૂર્વક પાન કરવું.

(પ્રસન્ના=૧. વારુણી નામના દારૂનું નીતર્યું પાણી, ૨. રાજી. અપ્રસન્ના=૧. વારુણીનો રગડો, ૨. નારાજ.)

દારૂથી મટતા રોગ

सम्भवन्ति च ते रोगा मेदोनिलकफोद्भवाः ।
विधियुक्तादृते मद्याद्ये न सिध्यन्ति दारुणाः ॥६८

જે ભયંકર રોગો ચરબી, વાયુ અને કફથી થાય છે, તે વિધિ પ્રમાણેના દારૂના પ્રયોગો વિના મટતા નથી.

દારૂનો મહિમા

अस्ति देहस्य साऽवस्था यस्यां पानं निवार्यते ।
अन्यत्र मद्यान्निगदाद्विविधौषधसंस्कृतात् ॥ ६९ ॥

જ્યારે દેહની પ્રક્લિન્ન અવસ્થા હોય (દેહમાંથી ક્લેદ બહુ નીકળતો હોય) અથવા પ્રમેહ થયો હોય વગેરે અવસ્થા હોય, ત્યારે દારૂ પીવાની મના છે. પણ જો તે દારૂ જૂનો હોય અને તેમાં વિવિધ પ્રકારનાં ઔષધો મેળવ્યાં હોય, તો તે પીવાનો બાધ નથી.

आनूपं जाङ्गलं मांसं विधिनाऽप्युपकल्पितम् ।
मद्यं सहायमप्राप्य सम्यक् परिणमेत्कथम् ॥ ७० ॥

અનૂપ, જાંગલ વગેરે દેશના પ્રાણીઓના માંસની બનાવટ જોકે વિધિપુર:સર કરી હોય; અર્થાત્ તેને જોઈએ તેવી રીતે તૈયાર કરીને ખાધું હોય, તોપણ તેને જો દારૂરૂપી મિત્ર ન હોય (એટલે સાથે દારૂ પીવામાં ન આવે), તો તે સારી રીતે કેમ પચે ?

सुतीव्रमारुतव्याधिघातिनो लशुनस्य च ।
मद्यमांसवियुक्तस्य प्रयोगे स्यात्कियान् गुणः ॥७१

લસણ એવું છે કે તે અત્યંત ઉગ્ર એવા વાયુના રોગોનો નાશ કરે છે; પરંતુ જો તે મદ્ય અને માંસ વિનાનું હોય (એટલે લસણ

સાથે માંસ અને દારૂ ખાવાપીવામાં ન આવે, તો તેનો પ્રયોગ કેટલો ગુણ કરે? અર્થાત્ કાંઈ ગુણ નહિ કરે અથવા થોડો જ ગુણ કરશે.

निगूढशल्याहरणे शस्त्रक्षाराग्निकर्मणि ।
पीतमद्यो विषहते सुखं वैद्यविकत्थनाम् ॥७२॥

જ્યારે કાંટો કે ભાલોડું વગેરે શલ્ય શરીરમાં પેસી ગયુ હોય અને તે દેખાતું ન હોય ત્યારે તેને ચીરીને કે દબાવીને કાઢવું પડે છે; તેમ જ શસ્ત્રકર્મ, ક્ષારકર્મ (ક્ષાર મૂકીને બાળી મૂકવું) તથા અગ્નિકર્મ (ડામ દેવો) એ ક્રિયાઓ પણ રોગીએ સહન કરવી કઠણ છે, તોપણ એવે પ્રસંગે રોગીને દારૂ પાવામાં આવે તો પછી વૈદ્યને હાથે જે હેરાનગતિ થાય તે સર્વ તે સુખે સહન કરે છે.

मनलोत्तेजनं रुच्यं शोकश्रमविनोदकम् ।
न चातः परमस्त्यन्यदारोग्यबलपुष्टिकृत् ॥७३॥

દારૂ કરતાં ચડિયાતું, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારું, રુચિ ઉત્પન્ન કરનારું, શોક અને શ્રમનો નાશ કરનારું તથા આરોગ્ય, બળ અને પુષ્ટિ આપનારું બીજું કંઈ નથી.

रक्षता जीवितं तस्मात्पेयमात्मवता सदा ।
आश्रितोपाश्रितहितं परमं धर्मसाधनम् ॥७४॥

(એ પ્રમાણે મદ્યમાં મોટામોટા ગુણ છે.) માટે જિંદગીનુ રક્ષણ કરનાર સંયમી પુરુષે આશ્રિત અને ઉપાશ્રિત (આશ્રિતનાયે આશ્રિત) મનુષ્યોનું હિત કરનારું તથા ધર્મ સાધવાના પરમ સાધનરૂપ તે (મદ્ય) પીવું.

તવંગરો માટે દારૂ પીવાનો વિધિ, મહિમા
(શ્લોક ૭૫થી ૯૨)

स्नातः प्रणम्य सुरविप्रगुरून् यथास्वं
वृत्तिं विधाय च समस्तपरिग्रहस्य ।
आपानभूमिमथ गन्धजलाभिषिक्ता-
माहारमण्डपसमीपगतां श्रयेत ॥७५॥
स्वास्तृतेऽथ शयने कमनीये
मित्रभृत्यरमणीसमवेतः ।
स्वं यशः कथकचारणसङ्घै-
रुद्धतं निशामयन्नतिलोकम् ॥७६॥
विलासिनीनां च विलासशोभि
गीतं सनृत्यं कलतूर्यघोषैः ।
काञ्चीकलापैश्चलकिङ्किणीकैः
क्रीडाविहङ्गैश्च कृतानुनादम् ॥७७॥
मणिकनकसमुत्थैराचनेयैर्विचित्रैः
सजलविविधलेखक्षौमवस्त्रावृताङ्गैः ।
अपि मुनिजनचित्तक्षोभसम्पादिनीभि-
श्चकितहरिणलोलप्रेक्षणीभिः प्रियाभिः ॥७८
स्तननितम्बकृतादतिगौरवा-
दलसमाकुलमीश्वरसम्भ्रमात् ।
इति गतं दधतीभिरसंस्थितं
तरुणचित्तविलोभनकार्मणम् ॥७९॥
यौवनासवमत्ताभिर्विलासाचिष्ठितात्मभिः ।
सञ्चार्यमाणं युगपत्तन्वङ्गीभिरितस्ततः ॥८०॥
तालवृन्तनलिनीदलानिलैः
शीतलीकृतमतीव शीतलैः ।
दर्शनेऽपि विदधद्दशानुगं
स्वादितं किमुत चित्तजन्मतः ॥८१॥
चूतरसेन्दुमृगैः कृतवासं
मल्लिकयोज्ज्वलया च सनाथम् ।
स्फाटिकशुक्तिगतं सतरङ्गं
कान्तमनङ्गमिवोद्वहदङ्गम् ॥८२॥
तालीसाद्यं चूर्णमेलादिकं वा
हृद्यं प्राश्य प्राग्वयःस्थापनं वा ।
तत्प्रार्थिभ्यो भूमिभागे सुमृष्टे
तोयोन्मिश्रं दापयित्वा ततश्च ॥८३॥
धृतिमान् स्मृतिमाश्रित्यमन्यूनाधिकमाचरन् ।
उचितेनोपचारेण सर्वमेवोपपादयन् ॥८४॥
जितविकसितासितसरोज-
नयनसङ्क्रान्तिवर्धितश्रीकम् ।
कान्तामुखमिव सारभ-
हृतमधुपगणं पिबेन्मद्यम् ॥८५॥

મદ્યપાન કરવા ઇચ્છનારા માણસે પ્રથમ સ્નાન કરીને તથા પોતપોતાના દેવ, બ્રાહ્મણ, અને ગુરુઓને પ્રણામ કરીને અને પોતાના સમગ્ર પરિગ્રહ(ચાકર, નોકર વગેરે)ની વૃત્તિ (આજીવિકા) આપીને, અર્થાત્ સર્વને પ્રસન્ન કરીને ભોજનમંડપની પાસે તૈયાર કરેલી કપૂર, વાળો વગેરેના સુગંધી જળથી છાંટીને સુવા-

સિત કરેલી દારૂ પીવાની 'આપાનભૂમિ'માં જવું. 'આપાનભૂમિ'માં ગયા પછી ત્યાં સુંદર પલંગ બિછાવીને તથા તેના ઉપર સુંદર ઓછાડ નાખીને બિછાનું તૈયાર કરેલું હોય તે ઉપર પોતાનાં મિત્ર, સેવક અને સ્ત્રીઓ સહિત બેસવું. પછી તે સ્થળમાં પોતાનો યશ ગાનારા ચારણ, ભાટ વગેરે આવ્યા હોય તેમના મોંએથી સર્વ લોક કરતાં વધારે અને અદ્ભુત એવા પોતાના યશ સાંભળવા. વળી તે સ્થળમાં નૃત્ય કરનારી વિલાસવતી સ્ત્રીઓની કેડે પહેરેલા કંદોરાની ઝીણીઝીણી ઘૂઘરીઓ હાલવાથી તેનો ઝંકાર થતો હોય તથા તે સાથે મધુર વાજિંત્ર વાગતાં હોય તેનો સૂર નીકળતો હોય; તેમ જ પાળેલા પોપટ હંસ, પારેવાં વગેરે પક્ષીઓનો મધુર અવાજ થતો હોય, તે સાથે તે સ્ત્રીઓના મુખનું ગાયન સાંભળવું તથા તેમના વિલાસ (જવું, આવવું, હાલવું, આંખના કટાક્ષ કરવા, હાથ ઊંચાનીચા કરવા વગેરે હાવભાવ) વડે શોભતું નૃત્ય જોવું. પછી મુનિઓના ચિત્તને પણ ક્ષોભ ઉત્પન્ન કરનારી અને ભય પામેલા હરણનાં નેત્ર જેવા ચંચળ નેત્ર વડે જોનારી પ્રિય સ્ત્રીઓ જેઓ પોતાનાં સ્તન અને નિતંબના અતિશય ભારથી ધીમેધીમે ચાલનારી છતાં પોતાના સ્વામી પાસે જવાની ઉતાવળથી ક્ષણમાં ઉતાવળું અને ક્ષણમાં ધીમું એવું અનિયમિત ચાલવા વડે જુવાન પુરુષોના ચિત્તને લોભાવનાર વશીકરણરૂપ ગતિ ધારણ કરે છે, તથા જેઓ જુવાનીરૂપી આસવ-(મદ્ય)થી મત્ત, વિલાસવાળી તથા નાજુક અંગવાળી હોય, તેમણે રત્ન અને સોનાના બનાવેલાં જાતજાતનાં લેખ, ચિત્ર વગેરેથી અલંકૃત કરેલાં, ઊંચી જાતનાં ભીનાં રેશમી વસ્ત્ર વીંટેલાં, વાસણોમાં મદ્યને એકસાથે એક ઠેકાણેથી બીજે ઠેકાણે મૂકેલું હોય; અર્થાત્ ઉપર કહી તેવી સ્ત્રીઓ મદ્યપાત્રને અહીંથી તહીં મૂકતી હોય તથા તાડના વીંજણા અને કમળનાં પાંદડાનો અત્યંત શીતળ વાયુ નાખીને જે મદ્યને શીતળ કર્યું હોય તથા જે મદ્યને જોનાથી જ મનુષ્ય કામવશ થઈ જાય તો તેનો સ્વાદ લેવાથી છેક જ કામદેવને વશ થઈ જવાય એમાં શું આશ્ચર્ય! એવું જે મદ્ય હોય, વળી જેને આંબાનો રસ, કપૂર તથા કસ્તૂરી વડે સુવાસિત કરેલું હોય તથા જેના ઉપર ઊજળા મોગરાનાં પુષ્પોના હાર નાખીને સુશોભિત કર્યું હોય, તેમ જ જેને સ્ફટિક કે છીપમાં, સ્ફટિકના પાત્રમાં અથવા છીપના પાત્રમાં કાઢ્યું હોય તે સમયે જાણે એ મદ્ય સાક્ષાત શોભાયમાન કામદેવ જ દેહધારી થયો હોય એવું જે તરંગયુક્ત દેખાતું હોય, એવું મદ્ય પીવું. એ પીતા પહેલાં વયને સ્થિર કરનારું તાલીસાદિ ચૂર્ણ અથવા એલાદિક ચૂર્ણ અથવા હૃદયને ફાયદો કરે એવું કે રસાયન અધ્યાયમાં કહેલું જુવાન બનાવનારું ચૂર્ણ છે તે પ્રથમ ખાવું. પછી (કુષ્માંડ, ભૈરવ, વેતાલ વગેરે) જે દેવો મદ્યપાનના અધિકારી હોય તેમને તે મદ્યમાં જળ મેળવીને તે મદ્ય લીંપેલી તથા સ્વચ્છ કરેલી પૃથ્વી ઉપર નાખીને અર્પણ કરવું અને તે પછી પોતે ધીરજયુક્ત તથા સ્મૃતિયુક્ત થવું, અને નિત્ય નિયમ કરતા વધારે નહિ કે ઓછું નહિ એટલું મદ્ય સઘળા યોગ્ય ઉપચાર કરીને પીવું. તે મદ્ય જાણે સ્ત્રીના મુખ જેવું છે. સ્ત્રીનું મુખ વિકાસ પામેલા કાળા કમળને જીતનારાં નેત્રના કટાક્ષ વડે વૃદ્ધિ પામેલી શોભાવાળું છે તથા તેની સુગંધીથી ભમર ખેંચાઈ આવે એવું છે; તેમ જ મદ્ય પણ વિકાસ પામેલા કાળા કમળને જીતનાર નેત્રના પ્રતિબિંબ વડે વૃદ્ધિ પામેલી શોભાવાળું છે તથા તેની સુગંધીથી ભમરા ખેંચાઈ આવે એવું છે.

पीत्वैवं चषकद्वयं परिजने
सन्मान्य सर्वं ततो
गत्वाऽऽहारभुवं पुरः सुभिषजो
भुञ्जीत भूयोऽत्र च।
मांसापूपघृतार्द्रकादिहरितैर्युक्तं ससौवर्चलै-
र्द्विस्त्रिर्वा निशि चाल्पमेव वनिता-
संवलनार्थं पिबेत् ॥८६॥

એ રીતે બે પ્યાલા મદ્ય પીને પછી સઘળા પરિજનનું સન્માન કરવું. પછી આહારભૂમિ-(જમવાના ઓરડા)માં જઈને ઉત્તમ વૈદ્યના દેખતાં ભોજન કરવું. તે ભોજનમાં માંસ,

પૂરીઓ, ઘી, આદું વગેરે હરીતક વર્ગની વસ્તુઓ અને સંચળ જોઈએ, પછી ફરીને પણ બે ત્રણ વાર મદ્યપાન કરવું તથા રાત્રે સ્ત્રીઓનું રંજન કરવાને થોડુંક જ મદ્ય પીવું.

रहसि दयितामङ्के कृत्वा भुजान्तरपीडना-
त्पुलकिततनुं जातस्वेदां सकम्पपयोधराम् ।
यदि सरभसं शीधोर्गारं न पाययते कृती
किमनुभवति क्लेशप्रायं ततो गृहतन्त्रताम् ॥८७

જે કોઈ પુરુષ એકાંતમાં પોતાની પ્રિયાને ખોળામાં બેસાડીને છાતી સરસી તેને દબાવવાથી જેના શરીરે રોમાંચ થયો છે તથા જેને પરસેવો થયો છે, તથા જેનાં સ્તન કંપે છે, એવી સ્ત્રીને જે એચિંતો મદ્યનો સરકો પાઈને ભાગ્યશાળી થતો ન હોય તો પછી ઘર ચલાવવાનાં સાધન મેળવવામાં ગૂંથાઈ જવારૂપી બહુ ક્લેશવાળા ગૃહસ્થાશ્રમનું વેતરું તે શું કરવા કરે છે?

वरतनुवक्त्रसङ्गतिसुगन्धितरं सरकं
द्रुतमिव पद्मरागमणिभासवरूपधरम् ।
भवति रतिश्रमेण च मदः पिबतोऽल्पमपि
क्षयमत ओजसः परिहरन् स शयीत परम् ॥८८

ઉત્તમ અંગવાળી સ્ત્રીના મુખના સમાગમથી અધિક સુગંધવાળો થયેલો, અને પદ્મરાગ નામનો લાલ મણિ જાણે આસવનું રૂપ ધારણ કરી પ્રવાહી થયો હોય તેવો લાલ રંગનો સરકો સંભોગના શ્રમવાળો પુરુષ થોડો પણ પીએ, તો તેને મદ (આવેશ) ચડે છે, માટે એવી રીતે કામદેવથી થયેલા ઓજના ક્ષયનો પરિહાર (દૂર કરવાનો ઉપાય) કરીને પછી પુરુષે સૂવું.

इत्थं युक्त्या पिबन्मद्यं न त्रिवर्गाद्विहीयते ।
असारसंसारसुखं परमं चाधिगच्छति ॥ ८९ ॥
ऐश्वर्यस्योपभोगोऽयं स्पृहणीयः सुरैरपि ।

ઉપર કહી તેવી યુક્તિથી મદ્યપાન કરનારા પુરુષનો ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગ નાશ પામતો નથી; પણ આ અસાર સંસારનું સર્વોત્તમ સુખ તેને મળે છે. આ મદ્યપાનરૂપી ઐશ્વર્યનો ઉપભોગ દેવતાઓએ પણ ઇચ્છવા જેવો છે.

अन्यथा हि विपत्सु स्या-
त्पश्चात्तापेन्धनं धनम् ॥ ९० ॥
उपभोगेन रहितो भोगवानिति निन्द्यते ।
निर्मितोऽतिकदर्योऽयं
विधिना निधिपालकः ॥ ९१ ॥
तस्माद्व्यवस्थया पानं पानस्य सततं हितम् ।
जित्वा विषयलुब्धाना-
मिन्द्रियाणां स्वतन्त्रताम् ॥९२॥

જે પુરુષ પ્રાપ્ત કરેલા ધનનો ઉપભોગ ન કરે તો તે ધન, વિપત્તિના સમયમાં (ધન જતું રહે ત્યારે) તેના પશ્ચાત્તાપરૂપ અગ્નિને પ્રજ્વલિત રાખનારા બળતણ જેવું છે. જે પુરુષ ધનનો ઉપભોગ નથી કરતો તેને લોકો ભોગવાન્ (ફણિધર સર્પ) કહીને નિંદે છે; અર્થાત્ સર્પ જેમ ધનનું રક્ષણ કરે છે તેમ આ કૃપણ પુરુષને પણ "વિધિએ ભંડારનું રક્ષણ કરવાને ઉત્પન્ન કર્યો હોય" તેવું છે એવું લોકો કહે છે. એટલા માટે મદ્યનું પણ વ્યવસ્થાપૂર્વક પાન કરવું હિતકર છે; પરંતુ વિષયોમાં લુબ્ધ થયેલી ઇંદ્રિયોની સ્વતંત્રતા જીતવી જોઈએ; અર્થાત્ ઇંદ્રિયો વશમાં રાખીને મદ્યપાન કરવું. (સ્વાદ કે વ્યસન માટે નહિ પણ આરોગ્ય વધે તેટલું જ મદ્યપાન કરવું.)

ગરીબોએ કેવો, કેટલો અને કેવી રીતે દારૂ પીવો?

विधिर्वसुमतामेष भविष्यद्वसवस्तु ये ।
यथोपपत्ति तैर्मद्यं पातव्यं मात्रया हितम् ॥९३॥

જે પુરુષ ધનવાન છે તેને માટે પાછળ મદ્યપાનનો વિધિ કહેલો છે, પણ જે પુરુષોએ દ્રવ્ય પ્રાપ્ત કરવાનું હોય તેમણે તો યુક્તિસર અને માપસર મદ્ય પીવું.

દારૂ પીવાનો સમ્યગ્યોગ

यावद् दृष्टेर्न सम्भ्रान्तिर्यावन्न क्षोभते मनः ।
तावदेव विरन्तव्यं मद्यात्मवता सदा ॥ ९४ ॥

દૃષ્ટિ ભ્રમિત થાય અને મન ક્ષોભ પામે એટલી હદ સુધી સંયમી પુરુષે દારૂ પીવો નહિ. (એવી રીતે હદમાં રહી દારૂ પીવો તેને મદ્યપાનનો 'સમ્યગ્યોગ' કહે છે, એથી વધારે પીવો એટલે દૃષ્ટિ ભ્રમિત થાય તથા મનમાં ક્ષોભ થાય ત્યાં સુધી દારૂ પીવો તેને 'અતિ-

યોગ' કહે છે. અમ્યગ્યોગથી ઓછું મદ્યપાન ને 'હીનયોગ' કહેવાય છે. એ જ રીતે દેશ, દોષ, પ્રકૃતિ વગેરેનો વિચાર કર્યા વિના દારૂ પીવાથી 'મિથ્યાયોગ' થાય.)

ક્યા દોષવાળાએ દારૂ પીતાં પહેલાં શું કરીને દારૂ પીવો?

अभ्यङ्गोद्वर्तनस्नानवासधूपानुलेपनैः ।
स्निग्धोष्णैर्भोजितश्चान्नैः पानं वातोत्तरः पिबेत् ॥९५

જે પુરુષમાં વાયુ વધારે હોય તેણે શરીરે તેલ ચોળવા, ઉદ્ધર્તન ચોળવું, સ્નાન કરવું, સુગંધ ધારણ કરવી, ધૂપ કરવો, લેપ કરવો તથા સ્નિગ્ધ અને ગરમ અન્નપાન સેવવા. એ સર્વ કર્યા પછી તેણે મદ્યપાન કરવું.

शीतोपचारैर्विविधैर्मधुरस्निग्धशीतलैः ।
पैत्तिको भावितश्चान्नैः पिबन्मद्यं न सीदति ॥९६॥

જે પુરુષમાં પિત્ત વધારે હોય તેણે વિવિધ પ્રકારના શીતળ ઉપચારથી તથા ગળ્યા, સ્નિગ્ધ અને ઠંડા અન્નથી ભાવનાયુક્ત થઈને મદ્યપાન કરવું; તેથી તે નબળો પડતો નથી.

ભાવિત=ભાવનાયુક્ત થઈને=ધરાઈને.

उपचारैरशिशिरैर्यवगोधूमभुक् पिबेत् ।
श्लैष्मिको धन्वजैर्मांसैर्मद्यं मारिचिकैः सह ॥९७

જેનામાં કફ વધારે હોય એવા પુરુષે ગરમ ઉપચાર કરવા, તથા જવ અને ઘઉં ખાવા, તેમ જ જાંગલ પ્રાણીઓના મારી નાખેલા માંસ સાથે મદ્યપાન કરવું.

ક્યા દોષવાળા માટે ક્યો દારૂ સારો?

तत्र वाते हितं मद्यं प्रायः पैष्टिकगौडिकम् ।
पित्ते त्वाम्भोमधु, कफे मार्द्वीकारिष्टमाधवम् ॥९८

વાયુના દોષ માટે સામાન્ય રીતે લોટનો દારૂ અને ગોળનો દારૂ હિતકર છે, પિત્ત માટે પાણી અને મધ નાખેલું મદ્ય હિતકર છે અને કફ માટે દ્રાક્ષનું મદ્ય, અરિષ્ટ અને મધનો દારૂ હિતકર છે.

ક્યા દોષવાળાએ ક્યારે દારૂ પીવો?

प्राक् पिबेच्छ्लैष्मिको मद्यं भुक्तस्योपरि पैत्तिकः ।
वातिकस्तु पिबेन्मध्ये, समदोषो यथेच्छया ॥९९

इति मदात्ययचिकित्सितम् ।

જે પુરુષની કફપ્રકૃતિ હોય તેણે ભોજન કરતા પહેલા દારૂ પીવો, અને જેની પિત્તપ્રકૃતિ હોય તેણે ભોજન કર્યા પછી દારૂ પીવો. જે પુરુષની વાતપ્રકૃતિ હોય તેણે ભોજન કરતા કરતા દારૂ પીવો અને જેના દોષ સમાન હોવાથી જે સમપ્રકૃતિનો હોય તેણે પોતાની મરજીમાં આવે તે વખતે દારૂ પીવો.

अथ मदमूर्च्छायचिकित्सितम् ।

મદની અને મૂર્છાની ચિકિત્સા

(શ્લોક ૯૯થી ૧૦૮)

મદ અને મૂર્છામાં ખાસ ક્યા દોષના ઉપાય કરવા?

मदेषु वातपित्तघ्नं प्रायो मूर्च्छासु चेष्यते ।
सर्वत्रापि विशेषेण पित्तमेवोपलक्षयेत् ॥१००॥

મદમાં ખાસ કરીને વાતપિત્તનો નાશ કરનારી ચિકિત્સા કરવી જોઈએ, તેમ જ મૂર્છામાં પણ તેવી જ ચિકિત્સા કરવી જોઈએ અને મદ તથા મૂર્છા, એ સર્વેમાં પિત્તને જ અધિક સમજવું. (મદ=નશો.)

મદ અને મૂર્છાની સામાન્ય ચિકિત્સા

शीताः प्रदेहा मणयः सेकाः व्यजनमारुताः ।
सिताद्राक्षेक्षुखर्जूरकाश्मर्यस्वरसाः पयः ॥१०१
सिद्धं मधुरवर्गेण रसा यूषाः सदाडिमाः ।
षष्टिकाः शालयो रक्ता यवाः सर्पिश्च जीवनम् ॥
कल्याणकं महातिक्तं षट्पलं पयसाऽन्विकः ।
पिप्पल्यो वा शिलाह्वं वा रसायनविधानतः ॥१०२
त्रिफला वा प्रयोक्तव्या सघृतक्षौद्रशर्करा ।

મદ અને મૂર્છામાં જે પિત્તનો પ્રકોપ થાય છે તેને માટે ઠંડા લેપ કરવા; મણિ પહેરવા વગેરે શીતળ ઉપચાર કરવા; ઠંડું પાણી છાંટવું વીંઝણાથી ઠંડો પવન નાખવો; સાકર, કાળી દ્રાક્ષ, શેરડી, ખજૂર, કાશ્મરી (શીવણ) વગેરે ઠંડા પદાર્થથી ઠંડા ઉપચાર કરવા, એવા જ ઠંડા ઔષધના સ્વરસ પાવા; કાળી દ્રાક્ષ વગેરે મધુર વર્ગના ઔષધોથી સિદ્ધ કરેલા દૂધ પાવા; માંસરસ અને યૂષ દાડમ સહિત આપવા, સાઠી ચોખા, રાતી શાળ અને જવ તથા ઘી વગેરે ખાવા આપવા; જીવનીય ગણના

ઔષધ આપવાં. ઉન્માદપ્રતિષેધમાં કહેલું 'કલ્યાણકઘૃત' આપવું; કુષ્ઠરોગની ચિકિત્સામાં કહેલું 'મહાતિક્તઘૃત' આપવું; રાજયક્ષ્માની ચિકિત્સામાં કહેલું 'ષટ્પલઘૃત' આપવું; દૂધ સાથે ચિત્રો પાવો; રસાયનના વિધિ પ્રમાણે પીપરનો અથવા શિલાજિતનો પ્રયોગ કરવો; અથવા ઘી, સાકર અને મધ સાથે ત્રિફળાનો પ્રયોગ કરવો.

મદ અને મૂર્છાના વેગ (હુમલા) બંધ ન થાય તો શું કરવું?

प्रसक्तवेगेषु हितं मुखनासावरोधनम् ॥ १०४ ॥
पिबेद्वा मानुषीक्षीरं तेन दद्याच्च नावनम् ।
मृणालबिसकृष्णा वा लिह्यात्क्षौद्रेण साभयाः ॥
दुरालभां वा मुस्तं वा शीतेन सलिलेन वा ।
पिबेन्मरिचकोलास्थिमज्जोशीरात्तिकेसरम् ॥१०६
धात्रीफलरसे सिद्धं पथ्याक्वाथेन वा घृतम् ।

મદ વગેરેનો વેગ ચાલુ રહેતો હોય તો હાથ વડે રોગીનાં મુખ અને નાક બંધ કરવાં; અથવા સ્ત્રીનું ધાવણ તેને પાવું; અથવા તે ધાવણનું નસ્ય ફૂંકવું; અથવા કમળતંતુ (રેસા), કમળનું બિસ (દાંડી), પીપર અને હરડે, એ સર્વને મધ સાથે ચાટવું; અથવા ધમાસો કે મોથ મધમાં ચાટવી; અથવા મરી, બોરના ઠળિયાની મીંજ, વાળો અને નાગકેસર એ ઔષધોના ચૂર્ણને ઠંડા પાણી સાથે પીવું; અથવા આમળાંના રસમાં કે હરડેના ક્વાથમાં સિદ્ધ કરેલું ઘી પીવું.

ક્યા દોષનું જોર છે તે વિચારીને ઉપરના ઉપાય કરવા

कुर्यात्क्रियां यथोक्तां च यथादोषबलोदयम् १०७

વળી એવા મદ અને મૂર્છાવાળા રોગીને જે જે દોષનું બળ વિશેષ હોય, તે તે દોષનો વિચાર કરીને ઉપર કહેલી ક્રિયા કરવી.

પંચકર્મ, ફસ ખોલવી

पञ्चकर्माणि चेष्टानि सेचनं शोणितस्य च ।

વળી પાંચ કર્મ (પંચકર્મ) પણ દોષનું બળ જોઈને કરવાં અને ફસ ખોલી લોહી કાઢવું.

ધીરજ, જ્ઞાન વગેરે રૂપી ઉપાય

सत्त्वस्यालम्बनं ज्ञानमगृद्धिर्विषयेषु च ॥ १०८ ॥

વળી એવા રોગીએ સત્ત્વગુણનો આશ્રય કરવો; મહાભૂત, ઇન્દ્રિયો, તન્માત્રાઓ, મન, બુદ્ધિ, અહંકાર, પુરુષ (આત્મા) વગેરેના જ્ઞાનનો આશ્રય કરવો તથા તેણે વિષયોની લાલસા રાખવી નહિ.

મદ અને મૂર્છા બહુ જ વધી જાય તો શું કરવું?

मदेष्वतिप्रवृद्धेषु मूर्च्छायेषु च योजयेत् ।
तीक्ष्णं सन्न्यासविहितं

મદ અને મૂર્છા અતિશય વધી જાય ત્યારે સંન્યાસની ચિકિત્સામાં કહેલું તીક્ષ્ણ નસ્ય ફૂંકવું.

ઝેરથી થતા મદના ઉપાય

विषघ्नं विषजेषु च ॥ १०९ ॥

इति मदमूर्च्छायचिकित्सितम् ।

તેમ વિષથી મદ થયો હોય તો વિષનો નાશ કરવાની ચિકિત્સા કરવી.

अथ संन्यासचिकित्सितम् ।

સંન્યાસરોગની ચિકિત્સા

(શ્લોક ૧૦૯થી ૧૧૫)

ભાનમાં લાવવાના ઉપાય: ભાનમાં આવ્યા પછીનું ઔષધ

आशु प्रयोज्यं सन्न्यासे सुतीक्ष्णं नस्यमञ्जनम् ।
धूमः प्रधमनं तोदः सूचीभिश्च नखान्तरे ॥११०॥
केशानां लुञ्चनं दाहो दंशो दशनवृश्चिकैः ।
कट्वम्लगालनं वक्त्रे कपिकच्छ्वावघर्षणम् ॥१११
उत्थितो लब्धसंज्ञश्च लशुनस्वरसं पिबेत् ।
खादेत्सव्योपलवणं बीजपूरककेसरम् ॥ ११२ ॥
लब्धसंप्रति तीक्ष्णोष्णमद्यात्स्रोतोविशुद्धये ।

સંન્યાસ નામના રોગમાં રોગીને કાંઈ ભાન હોતું નથી તેથી તત્કાળ અત્યંત તીક્ષ્ણ નસ્ય નાકમાં મૂકવું; તથા અત્યંત તીક્ષ્ણ અંજન આંખોમાં આંજવું; તે જ પ્રમાણે અતિ તીક્ષ્ણ ધુમાડો તેને દેવો; પ્રધમન નસ્ય ફૂંકવું; તેના નખની વચમાં સોય ઘોંચવી. તેના વાળ તોડવા; તેને ડામ દેવા; તેને દાંતથી બચકું ભરવું અથવા

નીંછીનો ડંખ મરાવવો; તીખા અને ખાટા પદાર્થનું છણેલું અને ગાળેલું પાણી તેના મુખમાં રેડવું; તેને શરીરે કૌવચ ઘસવી. એવા એવા ઉપાયથી તે સફાળો બેઠો થાય તથા તેને ભાન આવે ત્યારે તેને લસણનો સ્વરસ પાવો; સૂંઠ, પીપર, મરી, સિંધવ, બિજોરાંના ગર્ભ અને કેસર એ ઔષધોનું ચૂર્ણ ખવડાવવું; વળી તેણે સ્રોતો શુદ્ધ થવા માટે જરા હલકું, તીખું, કડવું અને ગરમ (ઊનું) અન્ન ખાવું.

ફરીથી બેભાન ન થઈ જાય તે માટે શું શું કરવું?

विस्मापनैः संस्मरणैः प्रियश्रवणदर्शनैः ॥ ११३ ॥
पटुभिर्गीतवादित्रशब्दैर्व्यायामशीलनैः ।
स्रंसनोल्लेखनैर्धूमैः शोणितस्यावसेचनैः ॥ ११४ ॥
उपाचरेत्तं प्रततमनुबन्धभयात्पुनः ।
तस्य संरक्षितव्यं च मनः प्रलयहेतुतः ॥११५॥

તે મદ વગેરે રોગવાળા મનુષ્યને વિસ્મય પમાડે એવી વાતો સંભારીને વિસ્મય ઉપજાવવો; પ્રિય કથાઓનું તથા પ્રિય વસ્તુઓનું દર્શન કરાવવું તથા શ્રવણ કરાવવું; મનોહર ગાયન અને વાજિંત્રના ધ્વનિ સંભળાવવા; તેની શક્તિ પ્રમાણે કસરત કરાવવી (શરીરને મહેનત આપવી); તેને વમન તથા વિરેચન આપવું; ધૂમપાન કરાવવું; ફસ ખોલાવીને લોહી કઢાવવું; તથા તેનું મન પાછું બેભાન ન થઈ જાય એમ તેના મનનું રક્ષણ કરવું (બીજી વાતમાં રોકી રાખવું); એવી રીતે ફરીને તેને ઝોબો ન આવે તે માટે સતત ઉપાય કરવા.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने मदात्ययादिचिकित्सितं नाम सप्तमोऽध्यायः ॥ ७ ॥

અધ્યાય ૮ મો–હરસના ઉપાય

अथातोऽर्शसां चिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે હરસના રોગની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

કોરા (સૂકા) હરસની ચિકિત્સા

હરસને બાળવાનો વિધિ: બાળ્યા પછી શું કરવું?

काले साधारणे व्यभ्रे नातिदुर्बलमर्शसम् ।
विशुद्धकोष्ठं लघ्वल्पमनुलोमनमाशितम् ॥ १ ॥
शुचिं कृतस्वस्त्ययनं मुक्तविण्मूत्रमव्यथम् ।
शयने फलके वाऽन्यनरोत्सङ्गे व्यपाश्रितम् ॥ २
पूर्वेण कायेनोत्तानं प्रत्यादित्यगुदं समम् ।
समुन्नतकटीदेशमथ यन्त्रणवाससा ॥ ३ ॥
सक्थ्नोः शिरोधरायां च परिक्षिप्तमृजु स्थितम् ।
आलम्बितं परिचरैः सर्पिषाऽभ्यक्तपायवे ॥४॥
ततोऽस्मै सर्पिषाऽभ्यक्तं निदध्यादृजु यन्त्रकम् ।
शनैरनुसुखं पायौ, ततो दृष्ट्वा प्रवाहणात् ॥५॥
यन्त्रे प्रविष्टं दुर्नाम प्लोतगुण्ठितयाऽनु च ।
शलाकयोत्पीड्य भिषक् यथोक्तविधिना दहेत् ॥६
क्षारेणैवार्द्रमितरत्क्षारेण ज्वलनेन वा ।
महद्वा बलिनश्छित्वा वीतयन्त्रमथातुरम् ॥ ७ ॥
स्वभ्यक्तपायुजघनमवगाहे निधापयेत् ।
निर्वातमन्दिरस्थस्य ततोऽस्याचारमादिशेत् ॥८॥
एकैकमिति सप्ताहात्सप्ताहात्समुपाचरेत् ।

શરદ કે વસંતઋતુમાં તથા જ્યારે આકાશ વાદળાં વિનાનું નિર્મળ હોય ત્યારે અતિશય દુર્બળ ન હોય એવા હરસના રોગીનો કોઠો વમન–વિરેચન વગેરેથી શુદ્ધ કરવો; તથા હલકો, થોડો તથા અનુલોમન (એટલે વાયુ અને ઝાડાની સ્વાભાવિક માર્ગે પ્રવૃત્તિ કરાવે એવો) ખોરાક તેને ખવડાવવો. પછી તેને પાણી અને માટી વડે શુદ્ધ કરવો, તથા સ્વસ્ત્યયન કરાવીને અને ઝાડોપેશાબ કરાવીને ખાટલામાં કે પાટ ઉપર સુવાડવો, અથવા (વૈદ્ય સિવાય) બીજા પુરુષના ખોળામાં સુવાડવો. સુવાડતા પહેલાં જોવું કે તેને હરસ ઉપરાંત બીજો કોઈ રોગ નથી. તેને એવી રીતે સુવાડવો કે તેના શરીરનો આગલો (માથાથી કેડ સુધીનો) ભાગ ચત્તો રહે તથા તેની ગુદા જે દિશામાં સૂર્ય ગયેલો હોય તે દિશામાં રહે. વળી તે વાંકોચૂંકો સૂતેલો ન હોવો જોઈએ પણ સરખી રીતે સૂતેલો હોવો જોઈએ, તથા તેની કમરનો

ભાગ ઊંચો રહેવો જોઈએ. પછી તેને બાંધવાના વસ્ત્ર વડે તેની બન્ને સાથળો તથા ડોકું બાંધી તેને જકડી રાખીને તેને બરાબર પાંસરો રાખવો, કે જેથી તે શસ્ત્રકર્મ (નસ્તર) કરતી વખતે હાલેચાલે નહિ. પછી શરમાય નહિ એવા પરિચારક (રોગીની ચાકરી કરનારા) પાસે તેને ઝલાવવો અને તેની ગુદામાં ઘી ચોપડવું. પછી ગુદામાં મૂકવાનું જે યંત્ર હોય તેને ઘી ચોપડીને રોગીને દુઃખ થાય નહિ એવી રીતે ધીમેધીમે ગુદામાં સીધું મૂકવું. અને પછી તે યંત્રના છિદ્રમાથી જોવું કે ગુદામાંનો અર્શ (હરસ, મસો) યંત્રમાં પેઠો છે કે કેમ? હરસ યંત્રમાં પેઠેલો માલૂમ પડે એટલે એક સળી ઉપર કપડું વીટીને તે વડે પેલા હરસને ઉપરથી દબાવવો. તે પછી સૂત્રસ્થાનમાં કહેલા ક્ષારાગ્નિકર્મમાં બતાવેલા વિધિ પ્રમાણે લીલા હરસને ક્ષાર વડે બાળવો; અગ્નિ વડે ડામવો નહિ. જો હરસ સૂકો હોય તો ક્ષાર વડે કે અગ્નિ વડે ગમે તેનાથી ડામવો અથવા રોગી બળવાન હોય અને હરસ મોટો હોય તો હરસને કાપી નાખવો. પછી રોગીની ગુદામાંથી યંત્ર કાઢી લઈને તેની ગુદા તથા ફૂલાને સારી રીતે ઘી ચોપડવું અને તેને પાણીથી ભરેલા મોટા પાત્રમા અવગાહન માટે બેસાડવો. પછી પવન વિનાના ઓરડામાં રહેલા એને પાછળ સૂત્રસ્થાનમા (સૂ. ૧૬/૨૫½ થી ૨૭½) કહેલો 'ગરમ પાણી' વગેરેનો આચાર કરવાનુ કહેવું. એવી રીતે સાતસાત દહાડે એકએક હરસ ડામવો, બાળવો કે કાપવો; બધા મસાનો એક સાથે ઉપચાર કરવો નહિ.

બહુ હરસવાળાને શું કરવું?

प्राग्दक्षिणं ततो वाममर्शः पृष्ठाग्रजं ततः ॥ ९ ॥
बह्वर्शसः

જેને એક કરતા વધારે હરસ હોય તેને પ્રથમ જમણા હરસનો ઉપાય કરવો; પછી ડાબા હરસનો અને પછી પાછળ કે આગળ થયેલા હરસનો ઉપાય કરવો.

બરાબર બળેલા (ડમાયેલા) હરસનાં લક્ષણ

सुदग्धस्य स्याद्वायोरनुलोमता ।
रुचिरग्नेऽग्निपटुता स्वास्थ्यं वर्णबलोदयः ॥ १०

હરસ બરાબર ડમાય ત્યારે રોગીને વાયુની પ્રવૃત્તિ સ્વાભાવિક માર્ગે થાય છે, અન્ન ખાવાની રુચિ થાય છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. રોગીને ચેન પડે છે તથા બળ અને કાંતિ આવે છે.

મૂત્રાશયમાં શૂળ થાય તો તેનો લેપ

बस्तिशूले त्वधो नाभेर्लेपयेच्छ्लक्ष्णकल्कितैः ।
वर्षाभूकुष्ठसुरभिमिशिलोहामराह्वयैः ॥ ११ ॥

હરસવાળા રોગીને મૂત્રાશય (Bladder)માં સણકા મારે તો સાટોડી, ઉપલેટ, શલ્લકી (સાલેડ), સુવા, અગર અને દેવદાર, એ ઔષધોને બારીક વાટીને ડૂંટીની નીચે પેઢા ઉપર લેપ કરવો.

હરસવાળાના ઝાડા-પેશાબના વિબંધના ઉપાય

शकृन्मूत्रप्रतीघाते परिषेकावगाहयोः ।
वरणालम्बुषैरण्डगोकण्टकपुनर्नवैः ॥ १२ ॥
सुपवीसुरभीभ्यां च क्वाथमुष्णं प्रयोजयेत् ।
सस्नेहमथवा क्षीरं तैलं वा वातनाशनम् ॥१३॥
युञ्जीतान्नं शकृद्भेदि स्नेहान् वातप्रदीपनान् ।

હરસવાળાને ઝાડો અને પેશાબનો વિબંધ થાય તો વાયવરણો, અલબુષા, એરંડાનું મૂળ, ગોખરુ, સાટોડી, કારેલીનું મૂળ, શલ્લકી (સાલેડ), એ ઔષધોનો ક્વાથ કરીને તે ગરમ હોય ત્યારે તેમાં તેલ નાખીને તે વડે ધાર કરવી અને અવગાહન કરવું અથવા વાયુનો નાશ કરનાર ઔષધિઓ વડે સિદ્ધ કરેલા દૂધ વડે ધાર કરવી અને અવગાહન કરવું, અથવા વાયુનો નાશ કરે એવા ખલા તેલ વગેરે તેલની ધાર કરવી અને તે તેલમાં અવગાહન કરવું, અથવા (ખોરાકમાં) ઝાડાની કબજિયાતનો નાશ કરે એવું અન્ન અને વાયુને હણે એવા અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરે એવા સ્નેહ આપવા.

હરસને બાળવાની ક્રિયા કોને ન કરવી? એમને શું કરવું? ક્ષારતેલ, શેક

अथाप्रयोज्यदाहस्य निर्गतान् कफवातजान् ॥ १४

सस्तम्भकण्डूरुक्शोफानभ्यज्य गुदकीलकान् ।
बिल्वमूलाग्निकक्षारकुष्ठैः सिद्धेन सेचयेत् ॥ १५
तैलेनाहिबिडालोष्ट्रवराहवसयाऽथवा ।
[कासीसं सैन्धवं रास्ना शुण्ठी कुष्ठं च लाङ्गली ।
शिलाभ्रकाश्वमारं च जन्तुहृद्दन्तिचित्रकौ ॥ १ ॥
हरितालं तथा स्वर्णक्षीरी तैश्च पचेत्समैः ।
तैलं सुधार्कपयसी गवां मूत्रे चतुर्गुणे ॥ २ ॥
एतदभ्यङ्गतोऽर्शांसि क्षारवत्पातयेद्द्रुतम् ।
क्षारकर्मकरं ह्येतन्न च दूषयते वलिम् ॥ ३ ॥]
स्वेदयेत्तु पिण्डेन द्रवस्वेदेन वा पुनः ॥ १६ ॥
सक्तूनां पिण्डिकाभिर्वा स्निग्धानां तैलसर्पिषा ।
रास्नाया हपुषाया वा
पिण्डैर्वा कार्ष्ण्यगन्धिकैः ॥ १७ ॥

જે હરસરોગવાળા મનુષ્યના હરસને ક્ષારથી કે અગ્નિથી બાળવાની શાસ્ત્રમાં મના હોય (સૂ. ૩/૪થી ૭ કે, ૪૩ કે, ૪૪) તેવા રોગીની ગુદાની બહાર નીકળેલા હરસ કફ અને વાયુથી થયેલા હોય અને એ હરસમા જડતા, ખરજ (ચેળ), પીડા અને સોજો થયેલો હોય તો એવા હરસને ઘી ચોપડીને પછી તેના ઉપર બીલીનું મૂળ, ચિત્રો, જવખાર, ઉપલેટ, એ ઔષધોથી સિદ્ધ થયેલું તેલ રેડવું અથવા સાપ, બિલાડો, ઊંટ કે સૂંડની વસા (ચરબી) રેડવી. (હીરાકસી, સિંધવ, રાસ્ના, સૂંઠ, ઉપલેટ, રતવેલિયો, શિલાજિત, અબરખ, ધોળી કણેર, વાવડિંગ, નેપાળો, ચિત્રો, હરતાલ, દારૂડી, એટલાં ઔષધો સરખે ભાગે લઈને એમના કલ્ક વડે ગાયના ચારગણા મૂત્રમાં તેલ, થોરનું દૂધ અને આકડાનું દૂધ સિદ્ધ કરવાં. એ હરસ ઉપર ચોપડવાથી ક્ષારની માફક એ હરસને તરત ખેરવી નાખે છે. એ ચોપડવાથી ક્ષાર જેવી અસર થાય છે છતાં ગુદાની વલિ (નિ. ૭/૩થી ૫) બગડતી નથી.) પછી પિંડસ્વેદ કરવો, અથવા સૂત્રસ્થાનમાં કહેલો દ્રવસ્વેદ કરવો, અથવા તેલ કે ઘીયુક્ત કરેલા સાથુની પોટલીઓ વડે શેક કરવો, અથવા રાસ્ના, પલાંસી કે મરગવો એમાંથી ગમે તે એક ઔષધના ચૂર્ણમાં તેલ કે ઘી મેળવીને તેની ગરમગરમ પોટલીઓ કરીને તે વડે શેક કરવો.

ધૂણી દેવાનો ઉપાય

अर्कमूलं शमीपत्रं नृकेशाः सर्पकञ्चुकम् ।
मार्जारचर्म सर्पिश्च धूपनं हितमर्शसाम् ॥ १८ ॥
तथाऽश्वगन्धा सुरसा बृहती पिप्पली घृतम् ।

આકડાનું મૂળ, શમીનાં પાદડાં, માણસના માથાના વાળ, સાપની કાંચળી, બિલાડાનુ ચામડું અને ઘી, એટલા પદાર્થોનો હરસને ધુમાડો દેવો તે હિતકારક છે; તેમ જ આસંધ, રાસ્ના, ભોરિંગણી, પીપર, ઘી એ પ્રત્યેકનો જુદોજુદો ધુમાડો હરસને આપવો એ હિતકારક છે.

વાટ

धान्याम्लपिष्टैर्जीमूतबीजैस्तज्जालकं मृदु ॥ १९ ॥
लेपितं छायया शुष्कं वर्तिर्गुदजशातनी ।

કૂકડવેલનાં બીજને કાંજીમાં બારીક વાટીને તે વડે તેના ફળમાં જે કોમળ જાળું હોય છે તે જાળા ઉપર લેપ કરવો અને તેની દિવેટ કરવી અને તેને છાંયડામાં સૂકવવી. એ દિવેટ (વાટ) ગુદામાં મૂકવાથી હરસનો નાશ થાય છે.

सजालमूलजीमूतलेहे वा क्षारसंयुते ॥ २० ॥
गुञ्जासूरणकूष्माण्डबीजैर्वर्तिस्तथागुणा ।

કૂકડવેલનું જાળું તથા મૂળ લઈને તે વડે ઘી, તેલ વગેરેમાંથી કોઈ સ્નેહ સિદ્ધ કરીને તેમાં જવખાર, ચણોઠીનુ ચૂર્ણ, સૂરણ, કોળાનાં બીજ, એ સર્વ બારીક વાટીને નાખીને તેની વર્તિ (વાટ) બનાવવી તથા તે ગુદામાં મૂકવી તેથી હરસ નાશ પામે છે.

લેપ

स्नुक्क्षीरार्द्रनिशालेपस्तथा, गोमूत्रकल्कितैः ॥२१
कृकवाकुशकृत्कृष्णानिशागुञ्जाफलैस्तथा ।

થોરના દૂધમાં હળદર પલાળીને તે વડે લેપ કરવો અથવા ગાયના મૂત્રમાં કૂકડાની હગાર, પીપર, હળદર અને ચણોઠી વાટીને તેનો લેપ કરવો, એ બન્ને ઉપાયોથી હરસ મટે છે.

स्नुक्क्षीरपिष्टैः षड्ग्रन्था
हलिनीवारणास्थिभिः ॥२२॥

कुलीरशृङ्गीविजयाकुष्ठारुष्करतुल्यकैः ।
शिग्रुमूलकजैर्बीजैः पत्रैरश्वघ्ननिम्बजैः ॥ २३ ॥
पीलुमूलेन बिल्वेन हिङ्गुना च समन्वितैः ।

વજ, જળપીપર (રતવેલિયો), વારણાસ્થિ (હાથીનાં હાડકાં), કાકડાશિંગ, વિજયા, ઉપલેટ, ભિલામો, મોરથૂથુ, સરગવો, મૂળાનાં બીજ, કણેરનાં પાંદડાં અને લીમડાનાં પાંદડાં, એ વસ્તુઓને થોરના દૂધમાં વાટીને લેપ કરવાથી હરસ નાશ પામે છે; તેમ જ પીલુડાનાં મૂળ, બીલુ અને હિંગનો ભેગો લેપ કરવાથી પણ હરસ નાશ પામે છે.

कुष्ठं शिरीषबीजानि पिप्पल्यः सैन्धवं गुडः ॥२४
अर्कक्षीरं सुधाक्षीरं त्रिफला च प्रलेपनम् ।

ઉપલેટ, સરસડાનાં બીજ, પીપર, સિંધવ, ગોળ, આકડાનુ દૂધ, થોરનુ દૂધ અને ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), એ સર્વેનો ભેગો લેપ કરવાથી હરસ મટે છે.

आर्कं पयः सुधाकाण्डं कटुकालाबुपल्लवाः ॥२५॥
करञ्जो बस्तमूत्रं च लेपनं श्रेष्ठमर्शसाम् ।

આકડાનુ દૂધ, થોરનુ ડીગલુ (કાંડભાગ), કડવી દૂધીનાં પાંદડાં, કરંજ અને બકરાનુ મૂત્ર એ સર્વેનો ભેગો લેપ કરવો એ હરસને માટે ઉત્તમ છે.

आनुवासनिकैर्लेपः पिप्पल्याद्यैश्च पूजितः ॥२६॥

આ અધ્યાયના ૮૯ થી ૯૨ક્ર શ્લોકમાં પીપર, મીંઢળ વગેરે ઔષધોથી તેલ સિદ્ધ કરવાનુ કહેલુ છે, તે તેલની અનુવાસનબસ્તિ આપવામાં આવે છે, માટે તે આનુવાસનિક તેલ કહેવાય છે. એ તેલ વડે હરસને લેપ કરવાથી ફાયદો થાય છે.

સિદ્ધ તેલ

एभिरेवौषधैः कुर्यात्तैलान्यभ्यञ्जनाय च ।

ઉપર જે દ્રવ્યો વડે લેપ કરવાના કહેલા છે, તે દ્રવ્યો વડે તેલ સિદ્ધ કરવાં અને તે હરસવાળાના હરસ ઉપર અભ્યંગ કરવાના ઉપયોગમાં લેવાં.

ધૂણી, લેપ અને તેલના ફાયદા

धूपनालेपनाभ्यङ्गैः प्रस्रवन्ति गुदाङ्कुराः ॥२७॥
सञ्चितं दुष्टरुधिरं, ततः सम्पद्यते सुखी ।

હરસને ધુમાડો આપવાથી, લેપ કરવાથી તથા તેલ ચોપડવાથી ગુદામાંના હરસના અંકુર-(મસા)માં રહેલું બગડેલું લોહી તેમાંથી નીકળી જાય છે અને તેથી રોગી સુખી થાય છે.

સૂજેલા અને કઠણ હરસના ઉપાય

अवर्तमानमुच्छूनकठिनेभ्यो हरेदसृक् ॥ २८ ॥
अर्शोभ्यो जलजाशस्त्रसूचीकूर्चैः पुनः पुनः ।

જે હરસ ફૂલેલા અને કઠણ હોય તેમાંથી ઉપરના ઉપાયોથી પણ લોહી નીકળતું નથી; તેથી તેને જળો લગાડીને અથવા શસ્ત્રથી અથવા સોયથી અથવા કૂર્ચ નામે શસ્ત્રથી વારંવાર લોહી કાઢી નાખવું.

હરસમાંથી લોહી કાઢી નાખવાનુ કારણ

शीतोष्णस्निग्धरूक्षैर्हि न व्याधिरुपशाम्यति ॥२९
रक्ते दुष्टे भिषक् तस्माद्रक्तमेवावसेचयेत् ।

ઠંડા, ગરમ, સ્નિગ્ધ અને લૂખા વગેરે ઉપાયો કરવાથી હરસનો રોગ મટતો નથી; કેમ કે તેમાં લોહી બગડેલુ હોય છે, એટલા માટે વૈદે તેમાંનુ લોહી બહાર કાઢી નાખવાનો ઉપાય કરવો.

જેને ભાંગલ ઝાડો આવતો હોય એવા હરસવાળાનો ક્રમ (શ્લોક ૩૦ થી ૫૧)

દહીં પીવું

यो जातो गोरसः क्षीरात्वह्निचूर्णावचूर्णितात् ३०
पिबंस्तमेव तेनैव भुञ्जानो गुदजान् जयेत् ।

દૂધમા ચિત્રાનું ચૂર્ણ નાખીને જમાવવાથી જે ગોરસ (દહીં) થાય છે, તે દહીં પીવું તથા ભોજન પણ તે દહીં સાથે જ કરવું. એથી હરસ મટે છે.

દહીંનો મઠો અને ચૂર્ણ

कोविदारस्य मूलानां मथितेन रजः पिबन् ॥३१॥
अश्नन् जीर्णे च पथ्यानि मुच्यते हतनामभिः ।

સફેદ કાંચનારના વૃક્ષનાં મૂળનુ ચૂર્ણ દહીં-ના મઠા સાથે પીવું અને તે પચી જાય ત્યારે પથ્ય અન્ન ખાવું, તેથી હરસ મટે છે.

ગુદામાં સોજો, શૂળ અને મંદાગ્નિનો ઉપાય

गुदश्वयथुशूलार्तो मन्दाग्निर्गौलिमकान् पिबेत् ॥

हिङ्ग्वादीननुतक्रं वा खादेद्गुडहरीतकीम्।
तक्रेण वा पिबेत्पथ्यावेल्लाग्निकुटजत्वचः ॥ ३३॥
कलिङ्गमगधाज्योतिःसूरणान् वांऽशवर्धितान्।
कोष्णाम्बुना वा त्रिपट्वग्योषहिङ्ग्वम्लवेतसम्॥

જે હરસના રોગીને ગુદામાં સોજો થયો હોય, ત્યાં સણકા મારતા હોય તેથી જ પીડાતો હોય અને જેનો જઠરાગ્નિ મંદ હોય, તેણે ગુલ્મરોગની ચિકિત્સામાં (અધ્યાય ૧૪ માં) કહેલાં હિંગ વગેરે વાળાં ચૂર્ણ છાશ સાથે પીવાં; અથવા તે ચૂર્ણ ખાઈને તે ઉપર છાશ પીવી; અથવા ગોળ અને હરડેની ગોળી ખાઈને તે ઉપર છાશ પીવી; અથવા હરડે, વાવડિંગ, ચિત્રો અને કડાછાલ, એ ઔષધોનું ચૂર્ણ છાશ સાથે પીવું; અથવા ઇંદ્રજવ, પીપર, ચિત્રો અને સૂરણ એમનો એકએક ભાગ વધારે લઈને એમનું ભેગું ચૂર્ણ છાશ સાથે પીવું, (એટલે ઇંદ્રજવ એક તોલો, પીપર બે તોલા, ચિત્રો ત્રણ તોલા અને સૂરણ ચાર તોલા એ પ્રમાણમાં લેવાં); અથવા સિંધવ, સંચળ, ખીડલવણ, સૂંઠ, પીપર, મરી, હિંગ અને અમ્લવેતસ એ ઔષધોનું ચૂર્ણ લગાર ગરમ કરેલા પાણી સાથે પીવું.

युक्तं बिल्वकपित्थाभ्यां महौषधबिडेन वा।
अरुष्करैर्यवान्या वा प्रदद्यात्तक्रतर्पणम् ॥ ३५॥
दद्याद्वा हपुषाहिङ्गुचित्रकं तक्रसंयुतम्।
मासं तक्रानुपानानि खादेत्पीलुफलानि वा ॥३६
पिबेद्हरहस्तक्रं निरन्नो वा प्रकामतः।

હરસના રોગવાળાએ ખીલાંનો ગર્ભ તથા કોઠાનો ગર્ભ વાટીને તેની સાથે છાશ અને જવનો સાથુ ખાવો, બીજું કાંઈ ખાવું નહિ; અથવા સૂંઠ અને ખીડલવણ સાથે છાશ અને જવનો સાથુ ખાવો, બીજું કાંઈ ભોજન કરવું નહિ; અથવા ભિલામાંના ચૂર્ણ સાથે છાશ અને જવનો સાથુ ખાવો, બીજું કાંઈ ભોજન કરવું નહિ; અથવા તે જ રીતે અજમોદની સાથે છાશ અને જવનો સાથુ માત્ર ભોજન તરીકે ખાવો; અથવા પલાંસી, ચિત્રો અને હિંગ એ ત્રણનું ચૂર્ણ છાશ સાથે પીવું; અથવા પીલુડીનાં ફળ (પીલુડાં) એક મહિના સુધી ખાવાં તથા તે ઉપર છાશ પીવી; અથવા અન્ન ન ખાવું પણ નિત્યનિત્ય પોતાનાથી પિવાય તેટલી છાશ પીવી. (એ સર્વ ઉપાય હરસને મટાડનારા છે.)

છાશ-ચિ. ૮/૪૦૩, ૪૧.

હરસવાળાને બહુ જ મંદાગ્નિ હોય તો છાશનો પ્રયોગ

अत्यर्थं मन्दकायाग्नेस्तक्रमेवावचारयेत् ॥ ३७॥

જે હરસના રોગીનો જઠરાગ્નિ અતિશય મંદ પડી ગયો હોય તેને સાંજસવાર અન્ન ન આપતાં ફક્ત છાશ પાવી.

છાશ કેટલા દિવસ, કોને, કેવી રીતે પાવી?

सप्ताहं वा दशाहं वा मासार्धं मासमेव वा।
बलकालविकारज्ञो भिषक् तक्रं प्रयोजयेत् ॥ ३८॥
सायं वा लाजसक्तूनां दद्यात्तक्रावलेहिकाम्।
जीर्णे तक्रे प्रदद्याद्वा तक्रपेयां ससैन्धवाम् ॥३९॥
तक्रानुपानं सस्नेहं तक्रौदनमतः परम्।
यूषै रसैर्वा तक्राढ्यैः शालीन् भुञ्जीत मात्रया ४०

રોગીના બળને, કાળને તથા વિકારને જાણનાર વૈદ્યે સાત દિવસ, દસ દિવસ, પંદર દિવસ કે એક મહિનો હરસના રોગીને ફક્ત છાશ પાવી; બીજું કાંઈ અન્ન ખાવા આપવું નહિ; અથવા જો રોગી ફક્ત છાશ પીને રહી શકે એમ ન હોય તો સાંજરે ડાંગરની ધાણીનો સાથુ કરીને તેનું ચાટણ લગાર સિંધવ નાખીને છાશમાં પાવું. એ ચાટણ કરવામાં પણ છાશનો જ ઉપયોગ કરવો; અથવા છાશ પચી ગયા પછી સાંજરે છાશમાં પેયા કરીને તેમાં સિંધવ નાખીને પીવા આપવી. એ રીતે કરતાં કરતાં જઠરાગ્નિનું બળ વધે એટલે લગાર ઘી નાખીને ભાત તથા છાશ ખાવા આપવાં અને તે ઉપર છાશ પાવી; અથવા છાશ નાખીને કરેલા યૂષ કે છાશ વડે સિદ્ધ કરેલા કે છાશ મેળવેલા માંસરસની સાથે શાળના ચોખાનો ભાત થોડો ખાવો. (અર્થાત્ હરસરોગમાં જેમ બને તેમ રોગીને છાશ આપવી એ બહુ હિતકારક છે.)

કોને કેવી છાશ પાવી?

रूक्षमर्धोद्धृतस्नेहं यतश्चानुद्धृतं घृतम् ।
तक्रं दोषाग्निबलवित्त्रिविधं तत्प्रयोजयेत् ॥४१॥

જે છાશમાંથી બિલકુલ માખણ કાઢી લીધું હોય તેને રૂક્ષ (લૂખી) છાશ કહે છે. બીજા પ્રકારની છાશમાંથી અરધું માખણ કાઢી લીધેલું હોય છે અને ત્રીજા પ્રકારની છાશમાંથી માખણ બિલકુલ કાઢી લીધેલું નથી હોતું. એ ત્રણ પ્રકારની છાશ દોષ, જઠરાગ્નિ અને બળનો વિચાર કરીને હરસરોગવાળાને પીવા આપવી.

હરસમાં છાશના પ્રયોગના લાભ

न विरोहन्ति गुदजाः पुनस्तक्रसमाहताः ।
निषिक्तं तद्धि दहति भूमावपि तृणोलुपम् ॥४२॥

છાશ પીવાથી નાશ પામેલા હરસ ફરીને ઊગતા નથી, અર્થાત્ તે સમૂળગા નાશ પામે છે. છાશને જો જમીન પર નાખી હોય છે તો તે જગ્યાએ તે બીજા ઘાસ, વેલાને ઊગવા દેતી નથી, તો પછી કોમળ માંસના અંકુરરૂપ હરસનો એ નાશ કરે એમાં શું આશ્ચર્ય!

स्रोतःसु तक्रशुद्धेषु रसो धातूनुपैति यः ।
तेन पुष्टिर्बलं वर्णः परं तुष्टिश्च जायते ॥४३॥
वातश्लेष्मविकाराणां शतं च विनिवर्तते ।

શરીરના સ્રોતો વાયુ અને કફ વડે પુરાઈ ગયા હોય છે તે છાશથી શુદ્ધ થાય છે, તેથી રસ ધાતુઓમાં પહોંચે છે, અને તેથી પુષ્ટિ, બળ, કાંતિ અને ઉત્તમ તુષ્ટિ (સંતોષ) થાય છે; તેમ જ સેંકડો પ્રકારના વાયુ અને કફના વિકાર શાંત થઈ જાય છે.

દહીંના મઠાનો પ્રયોગ

मथितं भाजने क्षुद्रबृहतीफललेपिते ॥४४॥
निशां पर्युषितं पेयमिच्छद्भिर्गुदजक्षयम् ।

જે માણસો પોતાના હરસનો નાશ કરવાને ઇચ્છતા હોય તેમણે નાની ભોરીંગણીના ફળના કલ્ક વડે અંદરથી લીંપેલા વાસણમાં મઠો ભરી મૂકીને તેને એક રાત રહેવા દેવો અને સવારે તે મઠો પીવો.

તક્રારિષ્ટ

धान्योपकुञ्चिकाजाजीहपुषापिप्पलीद्वयैः ॥४५॥
कारवीग्रन्थिकशठीयवान्यग्नियवानकैः ।
चूर्णितैर्घृतपात्रस्थं नात्यम्लं तक्रमासुतम् ॥४६॥
तक्रारिष्टं पिबेज्जातं व्यक्ताम्लकटु कामतः ।
दीपनं रोचनं वर्ण्यं कफवातानुलोमनम् ॥४७॥
गुदश्वयथुकण्ड्वर्तिनाशनं बलवर्धनम् ।

ધાણા, કલોંજીજીરું, જીરું, પલાંસી, પીપર, ગજપીપર, સુવા, ગંઠોડા, ષટ્કચૂરો, જવાન અજમો, અજમોદ, એ સર્વનું ચૂર્ણ કરીને બહુ ખાટી નહિ એવી છાશને ઘીના વાસણમાં નાખીને તેમાં તે ચૂર્ણ નાખવું તથા તે છાશને ખાટી થવા દેવી. જ્યારે તે છાશ ખાટી અને તીખી માલૂમ પડે, ત્યારે તે તક્રારિષ્ટ કહેવાય છે. એ તક્રારિષ્ટને રોગીએ ઇચ્છા મુજબ પીવું. એથી જઠરાગ્નિ પ્રદીપ્ત થશે, ખાવાની રુચિ ઉત્પન્ન થશે, શરીરની કાંતિ વધશે તથા કફ અને વાયુ પોતાના સ્વાભાવિક માર્ગમાં ગતિ કરશે. વળી તે ગુદામા સોજો થયો હશે તેને, ગુદાની ખરજને અને ગુદાની પીડાને મટાડશે તથા બળને વધારશે. (આ તક્રારિષ્ટ કરવામા છાશ ચારસો તોલા હોય તો ધાણા વગેરે ઔષધો ચારચાર તોલા નાખવાં એવો વૃદ્ધ વૈદ્યોનો રિવાજ છે.)

ચિત્રકછાશ

त्वचं चित्रकमूलस्य पिष्ट्वा कुम्भं प्रलेपयेत् ॥४८
तक्रं वा दधि वा तत्र जातमर्शोहरं पिबेत् ।

ચિત્રાના મૂળની છાલને વાટીને તે વડે ઘડાની અંદર ચારે પાસ લેપ કરવો, તથા તે ઘડામા દૂધ નાખીને તેનું દહીં કરવુ અથવા દહી નાખીને વલોવીને છાશ કરવી. એ રીતે થયેલું દહીં કે છાશ પીવાથી હરસ મટે છે.

ભારંગાદિ છાશ

भार्ग्यास्फोतामृतापञ्चकोलेष्वप्येष संविधिः ॥४९

ભારંગ, ગરણી, હરડે, સૂંઠ, પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક—એમના મૂળની છાલને વાટીને તે વડે ઘડાની અંદર ચારે પાસે લેપ કરવો તથા તે ઘડામા દૂધ નાખીને તેનું દહીં કરવુ અથવા દહીં નાખીને વલોવીને તેની છાશ કરવી. એ રીતે થયેલું દહીં કે છાશ

પીવાથી હરસ મટે છે.

ગજપીપરાદિ ઘી, યમકસ્નેહ, પાણી, માંસરસ

विडङ्गजकणापाठाकारवीपञ्चकोलकैः ।
तुम्बैर्वजाजीधनिकाबिल्वमध्यैश्च कल्पयेत् ॥५०॥
फलाम्लान् यमकस्नेहान् पेयायूषरसादिकान् ।
यमिरेवापर्धः साध्यं वारि सर्पिश्च दीपनम् ॥५१॥

ગજપીપર, પહાડમૂળ, ખાડી અજમોદ, પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ, કોથમીર, જીરું, ધાણા, બીલાંનો ગર્ભ, એ સર્વને વાટીને તે વડે બિજોરાં વગેરે નાખીને ફલામ્લ બનાવવા; અથવા ગજપીપર વગેરેથી યમકસ્નેહ (ઘી, તેલ, વસા, મજ્જા એ ચારમાંથી ગમે તે બે યોગ્ય સ્નેહ) સિદ્ધ કરવા; અથવા ગજપીપર વગેરેથી પેયા બનાવવી; અથવા ગજપીપર વગેરેથી યૂષ બનાવવા; અથવા ગજપીપર વગેરેથી માંસ-રસ સિદ્ધ કરવા. વળી એ જ ઔષધ(ગજ-પીપર વગેરે)થી સિદ્ધ કરેલું પાણી અને ઘી જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારું છે.

क्रमोऽयं भिन्नशकृतां

ઉપર (શ્લોક ૩૦થી ૫૧માં) જે ક્રમ કહ્યો તે, જે હરસવાળાનો ઝાડો ભાંગલ હોય તેને લાગુ પડે છે.

वक्ष्यते गाढवर्चसाम् ।

કઠણ મળવાળાએ કયો ક્રમ આચરવો તે હવે કહીએ છીએ.

કઠણ ઝાડાવાળા હરસરોગમાં ક્રમ : સિંધવસાથે વારુણી, સીધુ, છાશ, ધાન્યામ્લ

-स्नेहाढ्यैः सक्तुभिर्युक्तां
लवणां वारुणीं पिबेत् ॥ ५२ ॥
लवणा एव वा तक्रसीधुधान्याम्लवारुणीः ।

જવના સાથુમાં ઘી વગેરે સ્નેહ મેળવીને તેની સાથે લગાર સિંધવ નાખેલી વારુણી પીવી અથવા છાશ, સીધુ નામે મદ્ય, ધાન્યામ્લ કે વારુણી એ સર્વમાં સિંધવ નાખીને તેમાંથી ગમે તે એક, સાથુ વિના એકલું જ પીવું.

વાયુ અને ઝાડાનું અનુલોમન ઔષધ

:प्राग्भक्तान् यमके भृष्टान्
सक्तुमिश्रावचूर्णितान् ॥ ५३ ॥
करञ्जपल्लवान् खादेद्वातवर्चोनुलोमनान् ।

કણજીનાં કુમળાં પાંદડાં લાવીને તેને સાથુમાં ચોળી નાખવાં તથા પછી તેનાં મૂઠિયા કરીને ચારમાંના ગમે તે બે સ્નેહમાં તળી કાઢવાં. એ રીતે તૈયાર કરેલાં કણજીનાં પાંદડાં ભોજન કરતાં પહેલાં ખાવાં. તેથી વાયુનુ અને ઝાડાનુ અનુલોમન (સ્વાભાવિક માર્ગમા પ્રવૃત્તિ) થાય છે.

सगुडं नागरं पाठां गुडक्षारघृतानि वा ॥५४॥
गोमूत्राध्युषितामद्यात्सगुडां वा हरीतकीम् ।

ગોળની સાથે સૂંઠ ખાવી; અથવા ગોળની સાથે પહાડમૂળ ખાવાં; અથવા ગોળ, જવખાર અને ઘી ભેગાં ખાવાં અથવા ગાયના મૂત્રમા આખી રાત પલાળી રાખેલી હરડે અને ગોળ ખાવાં, એથી હરસવાળાના ઝાડાનુ તથા વાયુનુ અનુલોમન થાય છે.

કફથી થયેલા હરસ, કુષ્ઠ વગેરે માટે હરડેનો પ્રયોગ

पथ्याशतद्वयान्मूत्रद्रोणेनामूत्रसङ्क्षयात् ॥ ५५ ॥
पकात् खादेत्समधुनी द्वे द्वे हन्ति कफोद्भवान् ।
दुर्नामकुष्ठश्वयथुगुल्ममेहोदरकृमीन् ॥ ५६ ॥
ग्रन्थ्यर्बुदापचीस्थौल्यपाण्डुरोगाढ्यमारुतान् ।

બસો મોટી હરડે લાવીને એને ૧૦૨૪ તોલા ગાયના મૂત્રમાં બધું મૂત્ર બળી જતા સુધી રાંધવી. પછી તે પાકે એટલે તેમાંથી બે-બે હરડે લઈને મધ સાથે ખાવી. એ હરડે ખાવાથી કફથી થયેલા હરસ, કોઢ, સોજો, ગોળો, પ્રમેહ, ઉદરરોગ, કરમિયા, રસોળી, અર્બુદ, અપચી (ન પાકે એવી રસોળી), શરીરની સ્થૂળતા, પાંડુરોગ અને સંધિવા, એ રોગો મટે છે.

હરસ માટે મેંઢાશિંગનો પ્રયોગ

अजश्रृङ्गीजटाकल्कमजामूत्रेण यः पिबेत् ॥ ५७ ॥
गुडवार्ताकभुक् तस्य नश्यन्त्याशु गुदाङ्कुराः ।

જે માણસ મેંઢાશિંગના મૂળનો કલ્ક બકરી-ના મૂત્રમાં પીએ તથા માત્ર ગોળ અને વંતાક ખાય તેના હરસ તત્કાળ નાશ પામે છે.

નસોતર અને હરડેના અનુલોમન પ્રયોગ

त्रैफलेन त्रिवृतां पथ्यां तक्रेण वा सह ॥५८॥
पथ्यां वा पिप्पलीयुक्तां घृतभृष्टां गुडान्विताम्।
अथवा सत्रिवृद्दन्तीं भक्षयेदनुलोमनीम् ॥५९॥
हते गुदाश्रये दोषे गुदजा यान्ति संक्षयम्।

ત્રિફળાના ક્વાથમાં નસોતર આપવું અથવા છાશ સાથે હરડે આપવી; અથવા હરડે અને પીપરને ભેગાં કરીને ઘીમાં શેકીને તેમાં ગોળ નાખીને ખાવાં અથવા નસોતર અને નેપાળાનું મૂળ ખાવું; કેમ કે તે વાયુ વગેરેનું અનુલોમન કરે છે. એ સર્વથી ગુદામાં રહેલા દોષ નાશ પામે છે એટલે હરસ પણ મટે છે; કેમ કે આશ્રયના અભાવને લીધે આશ્રિતનો અભાવ થાય એ સ્પષ્ટ છે. એટલા માટે અનુલોમન ઔષધો હરસમાં હિતકારી છે.

વાયુનું અને ઝાડાનું અનુલોમન કરે એવા છાશ, સીધુ, ગોળનો દારૂ અને સુરાના પ્રયોગ

दाडिमस्वरसाजाजीयवानीगुडनागरैः ॥६०॥
पाठया वा युतं तक्रं वातवर्चोनुलोमनम्।
सीधुं वा गौडमथवा सचित्रकमहौषधम् ॥६१॥
पिबेत्सुरां वा हपुषापाठासौवर्चलान्विताम्।

દાડમનો સ્વરસ, જીરું, યવાની અજમો, ગોળ અને સૂંઠ, એ ઔષધો સાથે છાશ પીવી અથવા પહાડમૂળ સાથે છાશ પીવી; અથવા ચિત્રો અને સૂંઠ સાથે સીધુ નામે મદ્ય પીવું; અથવા ચિત્રો અને સૂંઠ સાથે ગૌડ નામે મદ્ય (ગોળનો દારૂ) પીવું; અથવા પલાંશી, પહાડમૂળ, અને સંચળ સાથે સુરા પીવી. એ સર્વે વાયુનું તથા ઝાડાનુ અનુલોમન કરનારાં છે.

શરીરનું અને જઠરાગ્નિનું બળ વધારે એવો પીપર અને તલનો પ્રયોગ

दशादिदशकैर्वृद्धाः पिप्पलीर्द्विपिचुं तिलान् ॥६२॥
पीत्वा क्षीरेण लभते बलं देहहुताशयोः।

પહેલાં દશ પીપર લઈને ચાર તોલા તલ તેમાં નાખવા તથા એક તોલા દૂધમાં નાખીને તેને વાટવાં. પછી બાર તોલા દૂધમાં તે કલ્કને ઓગાળીને પી જવો. પછી બીજે દિવસે વીસ પીપર અને આઠ તોલા તલ બે તોલા દૂધમાં વાટીને પહેલા દિવસની પેઠે દૂધમાં પી જવું. એ રીતે દરરોજ દશદશ પીપર વધારતાં જવી અને તલ ચારચાર તોલા વધારતાં જવા. (દૂધનું પ્રમાણ એવું છે કે દ્રવ્ય દૂધમાં વાટવાનું હોય તો દૂધ એક તોલો અને દ્રવ્ય દૂધમાં ઓગાળવાનું હોય તો દૂધ બાર તોલા લેવું.) એ રીતે જઠરાગ્નિનું બળ થાય ત્યાં સુધી કરવું. આ પ્રયોગ અગ્નિનું બળ વધારે છે તથા દેહનુ બળ વધારે છે.

હરસની પીડા માટે કાળીપાટના પ્રયોગ

दुःस्पर्शकेन बिल्वेन यवान्या नागरेण वा ॥६३॥
एकैकेनापि संयुक्ता पाठा हन्त्यर्शसां रुजम्।

ધમાસો, બીલું, યવાની અજમો અથવા સૂંઠ, એ એકએક ઔષધની સાથે પણ (=એક, બે, ત્રણ કે ચાર સાથે) ભેળવીને પહાડમૂળ આપ્યું હોય તો તે હરસની પીડાને મટાડે છે.

અરિષ્ટો

सलिलस्य वहे पक्त्वा प्रस्थार्धमभयात्वचम् ॥६४॥
प्रस्थं धात्र्या दशपलं कपित्थानां ततोऽर्धतः।
विशालां रोध्रमरिचकृष्णावेल्लवालुकम् ॥६५॥
द्विपलांशं पृथक्पादशेषे पूते गुडात्तुले।
दत्त्वा प्रस्थं च धातक्याः स्थापयेद्घृतभाजने ॥६६
पक्षात्स शीलितोऽरिष्टः

करोत्यग्निं, निहन्ति च।

गुदजग्रहणीपाण्डुकुष्ठोदरगरज्वरान् ॥६७॥
श्वयथुप्लीहहृद्रोगगुल्मयक्ष्मवमिक्रमीन्।

ચાર દ્રોણ (એટલે ૪૦૯૬ તોલા) પાણીમાં બત્રીસ તોલા હરડેદળ નાખવું; ચોસઠ (૬૪) તોલા આમળાં નાખવાં; કોઠાનો ગર્ભ ચાળીસ તોલા નાખવો; (તેનાથી અડધી) વીસ તોલા ઇંદ્રવારુણી નાખવી; તથા લોધર, મરી, પીપર, વાવડિંગ, ચણકબાબ એ પાંચ ઔષધ આઠઆઠ તોલા નાખવાં. પછી સર્વને ઉકાળતાં ચોથા ભાગનું પાણી રહે એટલે ગાળી લેવું તથા તેમાં આઠસો તોલા ગોળ નાખવો અને ચોસઠ તોલા ધાવડીનાં ફૂલ નાખવાં.

પછી તેને ઘીના રીઢા વાસણમાં ભરીને વાસણનુ મેં સીડીને રાખી મૂકવુ. પછી એક પખવાડિયા પછી તે અરિષ્ટને કાઢીને તેમાંથી નિયમ પ્રમાણે (ચાર તોલા) પીવાથી તે જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે અને હરસનો નાશ કરે છે. વળી તે ગ્રહણી, પાંડુરોગ, ચામડીના રોગ, ઉદરરોગ, વિષ, જ્વર, સોજો, ખરસનો રોગ, હૃદયના રોગ, ગોળો, ક્ષય, ઊલટી અને કરમિયા એટલા રોગને મટાડે છે.

जलद्रोणे पचेद्दन्तीदशमूलवराग्निकान् ॥६८॥
पालिकान् पादशेषे तु क्षिपेद्गुडतुलां परम् ।
पूर्ववत्सर्वमस्य स्यादानुलोमिकतरस्त्वयम् ॥६९॥

એક દ્રોણ (૧૦૨૪ તોલા) પાણીમા દંતીમૂળ (નેપાળાનાં મૂળ), દશમૂળ, ત્રિફળા, ચિત્રો, એ સર્વે ઔષધો ચારચાર તોલા નાખવા. પછી તેને ઉકાળતા ચોથા ભાગે પાણી રહે ત્યારે તેને ગાળી લઈને તેમા ૪૦૦ તોલા ગોળ નાખવો. પછી બધુ અભયારિષ્ટની માફક કરવુ, એટલે ધાવડીનાં ફૂલ ચોસઠ તોલા નાખવાં, પછી તેને ઘીના રીઢા વાસણમા નાખીને વાસણનુ મોં સીડી દઈને પંદર દિવસ રાખી મૂકવુ. તે પછી એ અરિષ્ટ તૈયાર થાય એટલે તેને પીવાથી પાછળ કહેલા અભયારિષ્ટ કરતા આ વધારે અનુલોમન કરનારો છે, એટલે વાયુ, ઝાડા વગેરેને તે સ્વાભાવિક માર્ગે પ્રવૃત્ત કરનારો છે.

पचेद्दुरालभाप्रस्थं द्रोणेऽपां प्रास्तृतैः सह ।
दन्तीपाठाग्निविजयावासामलकनागरैः ॥७०॥
तस्मिन् सिताशतं दद्यात्पादस्थेऽन्यच्च पूर्ववत् ।
लिम्पेत्कुम्भं तु फलिनीकृष्णाचव्याज्यमाक्षिकैः ७१

એક દ્રોણ પાણીમાં ચોસઠ તોલા ધમાસો નાખવો. પછી નેપાળો, પહાડમૂળ, ચિત્રો, વિજયા, અરડૂસી, આમળાં, સૂંઠ, એ ઔષધો આઠઆઠ તોલા નાખવાં. પછી તે સર્વનો ક્વાથ કરવો. ઉકાળતાં ચોથા ભાગનુ પાણી રહે ત્યારે તેને ગાળી લઈને તેમા ચારસો તોલા સાકર નાખીને પાક કરવો. પછી પાછળ કહ્યા પ્રમાણે તેમાં ધાવડીના ફૂલ ચોસઠ તોલા નાખવાં. પછી એક ઘીનું રીઢું વાસણ લઈને ચારોળી, પીપર, ચવક, ઘી અને મધ એટલાંને વાટીને વાસણને અંદરથી લેપ કરવો અને તેમાં ઉપરવાળો ક્વાથ ભરવો તથા વાસણનું મોં સીડીને પંદર દિવસ રાખી મૂકવું. એને દુરાલભારિષ્ટ કહે છે. એ અરિષ્ટ વાયુ વગેરેનું અનુલોમન કરે છે, અને પાછળ (શ્લોક ૬૭, ૬૭૬ મા) કહેલા હરસ વગેરે રોગને મટાડે છે.

સિદ્ધ ઘી
અનુલોમન ઘી

प्राग्भक्तमानुलोम्याय फलाम्लं वा पिबेद्घृतम् ।
चव्याचित्रकसिद्धं वा यवक्षारगुडान्वितम् ॥७२॥
पिप्पलीमूलसिद्धं वा सगुडक्षारनागरम् ।

વાયુનું અનુલોમન કરવા માટે ભોજન કરતાં પહેલાં બિજોરા વગેરે ખાટાં ફળ વડે સિદ્ધ કરેલુ ઘી ખાવુ અથવા ચવક અને ચિત્રો એ ઔષધોથી સિદ્ધ કરેલું ઘી જવખાર અને ગોળ નાખીને પીવુ, અથવા પીપરીમૂળથી સિદ્ધ કરેલું ઘી ગોળ, જવખાર અને સૂંઠ નાખીને પીવુ.

વાયુનો, ઝાડાનો અને પેશાબનો વિબંધ મટે એવું ઘી

पिप्पलीपिप्पलीमूलधानकादाडिमैर्घृतम् ॥७३॥
दध्ना च साधितं वातशकृन्मूत्रविबन्धनुत् ।

પીપર, પીપરીમૂળ, ધાણા, દાડમ અને દહીં, એ પદાર્થોથી સિદ્ધ કરેલું ઘી વાયુ, ઝાડો અને પેશાબનો વિબંધ હોય તેને મટાડે છે.

દીપન અને હરસ મટાડે એવું ઘી

पलाशक्षारतोयेन त्रिगुणेन पचेद्घृतम् ॥७४॥
वत्सकादिप्रतीवापमर्शोघ्नं दीपनं परम् ।

ખાખરાના ક્ષારનું પાણી ઘી કરતાં ત્રમણું (ત્રણગણું) લઈને તેમા ઘી નાખીને માત્ર ઘી બાકી રહે ત્યા લગી પાક કરવો. તેમાં વત્સકાદિ ગણ(સૂ. ૧૫/૩૩, ૩૪)નાં ઔષધોનું ચૂર્ણ પ્રતિવાપ તરીકે નાખવું. એ ઘી હરસનો નાશ કરે છે અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરવામાં શ્રેષ્ઠ છે.

ગુદામાં અને અંડમાં પીડા, મરડો, આમળ, મૂત્રકૃચ્છ્ર અને સ્રાવ માટે ઘી

पञ्चकोलाभयाक्षारयवानीबिडसैन्धवैः ॥७५॥

सपाठाधान्यमरिचैः सविल्वैर्दधिमद्धृतम् ।
साधयेत् तज्जयत्याशु गुदवङ्क्षणवेदनाम् ॥ ७६
प्रवाहिकां गुदभ्रंशं मूत्रकृच्छ्रं परिस्रवम् ।

પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક અને સૂંઠ, હરડે, દૂધ, જવાની અજમો, બીડલૂણ, સિંધવ, પહાડમૂળ, ધાણા, મરી, બિલાંનો ગર્ભ, દહીં, એ સર્વ ઔષધો વડે ઘી સિદ્ધ કરવું. એ ઘી ખાવાથી ગુદા અને અંડની વેદના મટે છે, તેમ જ મરડો, ગુદામાંથી આમળ બહાર નીકળી હોય તે રોગ, મૂત્રકૃચ્છ અને સ્રાવ એ રોગ મટે છે.

આનાહ, મૂત્રકૃચ્છ્ર, મરડો, આમળ, હરસ, ગ્રહણી અને વાયુ માટે ઘી

पाठाजमोदधनिकाश्वदंष्ट्रापञ्चकोलकैः ॥ ७७ ॥
सबिल्वैर्दध्नि चाङ्गेरीस्वरसे च चतुर्गुणे ।
हन्त्याज्यं सिद्धमानाहं मूत्रकृच्छ्रं प्रवाहिकाम् ॥७८
गुदभ्रंशार्तिगुदजग्रहणीगदमारुतान् ।

પહાડમૂળ, અજમોદ, ધાણા, ગોખરુ, પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ, બીલું, એ ઔષધોનો કલ્ક કરીને, લૂણીનો સ્વરસ તથા દહીં બન્ને મેળી સરવાળે ઘી કરતાં ચારગણાં લઈને તેમાં ઘી તથા પહાડમૂળ વગેરેનો કલ્ક નાખીને ઘી સિદ્ધ કરવું. એ ઘી ખાવાથી પેટ ચડવાનો રોગ, મૂત્રકૃચ્છ્ર, મરડો, આમળ નીકળવાની પીડા, હરસ, ગ્રહણીરોગ અને વાયુ એટલા રોગ મટે છે.

વાયુનો તથા ઝાડાનો વિબંધ મટાડવા માંસરસ

शिखितित्तिरिलावानां रसान-
म्लान् सुसंस्कृतान् ॥ ७९ ॥
दक्षाणां वर्तकानां वा दद्याद्विड्वातसङ्ग्रहे ।

મોર, તેતર, લાવરાં, કૂકડો અથવા ચકલાંના માંસરસને ખટાઈ સાથે તથા સારી રીતે સંસ્કારયુક્ત કરીને પીવા આપવા. તેથી વાયુનો તથા ઝાડાનો વિબંધ મટશે.

ભોજન

वास्तुकाग्नित्रिवृद्दन्तीपाठाम्लीकादिपल्लवान् ॥ ८०
अन्यच्च कफवातघ्नं शाकं च लघु भेदि च ।
सहिङ्गु यमके भृष्टं सिद्धं दधिसरैः सह ॥ ८१
धनिकापञ्चकोलाभ्यां पिष्टाभ्यां दाडिमाम्बुना ।
आर्द्रिकायाः किसलयैः शकलैरार्द्रकस्य च ॥८२
युक्तमङ्गारधूपेन हृद्येन सुरभीकृतम् ।
सजीरकं समरिचं बिडसौवर्चलोत्कटम् ॥ ८३ ॥
वातोत्तरस्य रूक्षस्य मन्दाग्नेर्बद्धवर्चसः ।
कल्पयेद्रक्तशाल्यन्नव्यञ्जनं शाकवद्रसान् ॥ ८४ ॥
गोगोधाछगलोष्ट्राणां विशेषात्क्रव्यभोजिनाम् ।

બથવો, ચિત્રો, નસોતર, નેપાળો, પહાડમૂળ, આમલી વગેરેનાં પાદડાં તથા બીજું પણ જે કફનો અને વાયુનો નાશ કરે તથા મળનો ભેદ કરે (ઝાડાને તોડીને નરમ કરે) એવું શાક હોય તે સર્વે લઈને કોઈ પણ બે સ્નેહમાં હિંગ સહિત વઘારીને સાંતળવું. પછી તેમાં દહીંની તર નાખીને તેને ચડવા દેવું, બફાવા દેવું. રંધાયા પછી તેમાં ધાણા અને પંચકોલ(પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ)નું ચૂર્ણ નાખવું, દાડમનો રસ નાખવો, કોથમીરનાં પાંદડાં નાખવાં, આદુંની ચીરીઓ કરીને નાખવી. પછી દેવતા (અંગારા) ઉપર હિંગ વગેરે સુગંધી પદાર્થ નાખીને તેનો ધુમાડો તેને દઈને સુગંધવાળું કરવું. પછી તેમાં જીરું, મરી, બીડલવણ, સંચળ–એ પદાર્થો આગળ પડતા નાખવા. પછી જે માણસના શરીરમાં વાયુ અધિક હોય, જે શરીરે લૂખો હોય, જેનો જઠરાગ્નિ મંદ હોય, જેનો ઝાડો બંધાઈ ગયો હોય, તેને રાતી શાળના ભાત સાથે તે ચટણી (સંભાર) શાક તરીકે ખાવા આપવી. જો રોગીને માંસ ખપતું હોય તો તેની સાથે બળદ, સાઢા, બકરું, ઊંટ અને ખાસ કરીને કાચું માસ ખાનારા પશુપક્ષીઓના માંસરસ આપવા.

વાયુનું અને ઝાડાનું અનુલોમન કરે એવાં પીણાં

मदिरां शार्करं गौडं सीधुं तक्रं तुषोदकम् ॥८५॥
अरिष्टं मस्तु पानीयं, पानीयं वाऽल्पकं शृतम् ।
धान्येन धान्यशुण्ठीभ्यां कण्टकारिकयाऽथवा ॥
अन्ते भक्तस्य मध्ये वा वातवर्चोनुलोमनम् ।

દારૂ, સાકરનો દારૂ, ગોળનો દારૂ, સીધુ,

છાશ, તુષોદક, અરિષ્ટ અને દહીંમાથી છૂટેલું પાણી પીવું, અથવા એકલા ધાણા, ધાણા અને સૂંઠ કે એકલી ભોરીંગણી એ ત્રણમાથી જે પ્રસંગે જે નાખવુ યોગ્ય હોય તે નાખીને ઉકાળેલું પાણી ખાધા પછી કે ખાતાખાતાં વચમાં થોડું પીવું, તેથી વાયુનું અને ઝાડાનું અનુલોમન થાય છે.

હરસમાં અનુલોમન કરવાની જરૂર

विड्वातकफपित्तानामानुलोम्ये हि निर्मले ॥८७॥
गुदे शाम्यन्ति गुदजाः पावकश्चाभिवर्धते ।

ઝાડાનું, વાયુનું, કફનું અને પિત્તનું અનુલોમન થવાથી ગુદા નિર્મળ થાય છે અને તેથી હરસ મટી જાય છે તથા જઠરાગ્નિ વધે છે.

અનુવાસનની જરૂર કોને છે ?

उदावर्तपरीता ये ये चात्यर्थं विरूक्षिताः ॥ ८८ ॥
विलोमवाताः शूलार्तास्तेष्विष्टमनुवासनम् ।

જે રોગીઓને ઉદાવર્તરોગ થયેલો હોય તથા જેમને રૂક્ષ ઉપાયથી અત્યંત રૂક્ષ (લૂખા) કરવામા આવ્યા હોય, તેમ જ જેમનો વાયુ અવળે રસ્તે ગતિ કરતો હોય, તેમ જ જેઓ શૂળરોગથી પીડા પામેલા હોય તેમને અનુવાસન કરવુ ઇચ્છવા યોગ્ય છે.

અનુવાસન

पिप्पलीं मदनं बिल्वं शताह्वां मधुकं वचाम् ॥८९
कुष्ठं शठीं पुष्कराख्यं चित्रकं देवदारु च ।
पिष्ट्वा तैलं विपक्तव्यं द्विगुणक्षीरसंयुतम् ॥ ९० ॥
अर्शसां मूढवातानां तच्छ्रेष्ठमनुवासनम् ।
गुदनिःसरणं शूलं मूत्रकृच्छ्रं प्रवाहिकाम् ॥ ९१ ॥
कट्यूरुपृष्ठदौर्बल्यमानाहं वङ्क्षणाश्रयम् ।
पिच्छास्रावं गुदे शोफं वातवर्चोविनिग्रहम् ॥ ९२
उत्थानं बहुशो यच्च जयेत्तच्चानुवासनात् ।

પીપર, મીંઢળ, બીલું, સુવા, જેઠીમધ, વજ, ઉપલેટ, સૂંઠ, પુષ્કરમૂળ, ચિત્રો, દેવદાર, એ ઔષધિઓને પાણીમા વાટીને તેનો કલ્ક કરવો. પછી તેલથી બમણું દૂધ અને ચોગણું પાણી લઈને તે સર્વ એકત્ર કરીને તેમા ઉપર કહેલો કલ્ક નાખવો અને તેલ પકવ કરવું. (મૂળ ગ્રંથમાં પાણી નાખવાનું કહ્યું નથી તથા તે નાખવાનુ બીજા ગ્રંથોમાં કહ્યું છે માટે નાખવું.)

(જ્યા સ્નેહ, દૂધ, માંસ વગેરેની સાથે પાક કરવાનો કહ્યો હોય ત્યાં ઔષધિઓનુ તત્ત્વ ખેંચવાને માટે ચોગણું પાણી નાખવુ. દૂધ વગેરેની સાથે મેળવેલા દ્રવ્યમાંથી રસ નીકળી શકતો નથી તથા પાક સારી રીતે થતો નથી માટે જળ નાખવું જરૂરનું છે.) એવી રીતે સિદ્ધ કરેલા તેલથી ગુદામા અનુવાસનબસ્તિ આપવી તે, જે હરસમા વાયુ વિગુણ (પ્રતિલોમ) હોય તે હરસમા હિતકારક છે, તેમ જ ગુદા બહાર નીકળતી હોય, ગુદામા શૂળ થતુ હોય, મૂત્રકૃચ્છ્ર થયો હોય તથા મરડો થયો હોય, તેમા પણ એ તેલની અનુવાસનબસ્તિ હિતકારક છે. વળી કમ્મર, સાથળ અને પીઠની દુર્બળતા થઈ હોય, સાથળના વળામાં પવન ભરાવવાથી તે ફૂલી જાય; ગુદામાથી પિચ્છા-(જરપટા)નો સ્રાવ થતો હોય, ગુદામા સોજો આવ્યો હોય, વાયુની તથા ઝાડાની કબજિયાત થઈ હોય, અને વારંવાર ઝાડો થતો હોય તે સર્વને એ તેલ વડે અનુવાસનબસ્તિ આપનાથી શાંત કરી શકાય છે.

નિરૂહ બસ્તિ

निरूहं वा प्रयुञ्जीत सक्षीरं पाञ्चमूलिकम् ॥९३॥
समूत्रस्नेहलवणं कल्कैर्युक्तं फलादिभिः ।

અથવા (ગોક્ષુરાદિ) પંચમૂળનો ક્વાથ તથા દૂધ સમાન લઈને તેમાં મૂત્ર, સ્નેહ અને સિંધવ મેળવવો તથા પાછળ કહેલા ફળ વગેરેનો કલ્ક તેમાં ભેળવીને તે વડે નિરૂહબસ્તિ આપવી.

(ગોક્ષુરાદિ પંચમૂલ–ગોખરુ, ભારડી, ઇંદ્રવરણા, કાસોદરો, સરસડો–એ પાચ ઝાડના મૂળ.)

હરસ બે પ્રકારના છે: સૂકા અને લીલા. તેમાથી સૂકા હરસની ચિકિત્સા અત્યાર સુધી કહ્યા પછી હવે લીલા (દૂઝતા) હરસની ચિકિત્સા કહે છે.

રક્તાર્શ(દૂઝતા હરસ)ની ચિકિત્સા

વાયુના કે કફના અનુબંધના ઉપાય

अथ रक्तार्शसां वीक्ष्य मारुतस्य कफस्य वा ॥९४॥
अनुबन्धं ततः स्निग्धं रूक्षं वा योजयेद्धिमम् ।

લોહીથી ઉત્પન્ન થયેલા હરસમાં સર્વદા પિત્તનું પ્રાધાન્ય હોય છે અને વાયુ અથવા કફ તેના અનુબંધી હોય છે, માટે વાયુના અનુબંધવાળા લોહીના હરસ હોય તો સ્નિગ્ધ અને ઠંડા ઉપચાર કરવા અને કફના અનુબંધવાળા લોહીના હરસ હોય તો લૂખો અને ઠંડા ઉપચાર કરવા. ઠંડા ઉપચાર કરવાનું કારણ એ છે કે, પિત્ત સદા ઉષ્ણ છે માટે વાયુ કે કફના ઉપચારની સાથે પિત્તનો ઉપચાર થવો જોઈએ.

વાયુના અને કફના અનુબંધનાં લક્ષણ

शकृच्छ्यावं खरं रूक्षमधो निर्याति नानिलः ९५
कट्यूरुगुदशूलं च हेतुर्यदि च रूक्षणम् ।
तत्रानुबन्धो वातस्य श्लेष्मणो यदि विट् श्लथा ॥
श्वेता पीता गुरुः स्निग्धा,
सपिच्छः स्तिमितो गुदः ।
हेतुः स्निग्धगुरुर्विद्याद्यथास्वं चास्रलक्षणात् ॥९७

જ્યારે ઝાડાનો રંગ કાળો હોય તથા ઝાડો કરકરો અને લૂખો હોય; તેમ જ વાછૂટ ન થતી હોય, કમર, સાથળ કે ગુદામાં શૂળ થતું હોય, તેમ જ રૂક્ષતા (લૂખાશ) ઉત્પન્ન કરનાર આહારવિહારનું સેવન કર્યું હોય, ત્યારે તે હરસ વાયુના અનુબંધવાળા છે એમ જાણવું. જો ઝાડો નરમ હોય તથા તેનો રંગ ધોળો કે પીળો હોય અને ઝાડો ભારે તથા ચીકણો હોય, ગુદા પિચ્છાયુક્ત (તાંતવાળી) તથા જડ હોય તથા સ્નિગ્ધ અને ભારે આહારવિહારનું સેવન કર્યું હોય, ત્યારે તે હરસને કફના અનુબંધવાળા જાણવા. વળી શિરાવ્યધવિધિમાં સૂ. સ્થા. અ. ૨૭ શ્લોક ૩૯થી ૪૧ માં જે જુદાજુદા દોષવાળા લોહીનાં લક્ષણ કહ્યાં છે, તે ઉપરથી પણ વાયુનો કે કફનો અનુબંધ ઓળખવો.

લોહી બગડયું હોય તો શોધન અને લંઘન

दुष्टेऽस्रे शोधनं कार्यं लङ्घनं च यथाबलम् ।

વાયુ વગેરેથી લોહી બગડ્યું હોય તો રોગીના બળનો વિચાર કરીને તેને શોધન કે લંઘન (ઉપવાસ) કરાવવું. રોગી બહુ દોષવાળો તથા શક્તિવાળો હોય તો તેને વમન, વિરેચન વગેરે શોધન ઉપાય કરી લોહી સુધારવા યત્ન કરવો અને રોગી થોડા દોષવાળો તથા અશક્ત હોય તો માત્ર ઉપવાસ કરાવવો.

દૂઝતું લોહી ક્યાં સુધી બંધ ન કરવું?

यावच्च दोषैः कालुष्यं स्रुतेस्तावदुपेक्षणम् ॥९८॥

રક્તાર્શવાળાનું બગડેલું લોહી હરસ દૂઝવાથી નીકળતું હોય તો તેને, જ્યાં સુધી તે લોહી દોષ વડે મલિન દેખાતું હોય, ત્યાં સુધી બંધ ન કરતાં વહેવા જ દેવું.

નિર્મળ લોહી વહેવા માંડ્યા પછીના સામાન્ય ઉપચાર

दोषाणां पाचनार्थं च वह्निसन्धुक्षणाय च ।
सङ्ग्रहाय च रक्तस्य परं तिक्तैरुपाचरेत् ॥ ९९॥

જ્યારે નિર્મળ લોહી વહેવા માંડે, ત્યારે તે વહેતું બંધ કરવું, અને પછી સામ દોષનું પાચન કરવાને, જઠરાગ્નિને પ્રદીપ્ત કરવાને અને લોહીનો સંગ્રહ કરવાને કડવા રસવાળાં દ્રવ્યથી ઉપચાર કરવા.

ક્ષીણ દોષવાળાના અને અધિક વાયુવાળાના દૂઝતા લોહી માટે ઉપાય

यत्तु प्रक्षीणदोषस्य रक्तं वातोल्बणस्य वा ।
स्नेहैस्तत्साधयेद्युक्तैः पानाभ्यञ्जनबस्तिषु ॥१००॥

જે માણસના દોષ ક્ષીણ થઈ ગયેલા હોય એટલે જેના વાયુ વગેરે દોષનો પ્રકોપ શાંત થયો હોય તેનું લોહી વહેતું હોય અથવા વાયુ જેનામાં અધિક હોય એવા માણસના હરસમાંથી લોહી નીકળતું હોય, તો તેને સ્નેહપાન કરાવવારૂપી, સ્નેહ શરીરે ચોળવારૂપી અને સ્નેહ વડે બસ્તિઓ આપવારૂપી ઉપાય કરવા.

ગ્રીષ્મમાં કેવું લોહી બંધ કરવું કે ન કરવું?

यत्तु पित्तोल्बणं रक्तं घर्मकाले प्रवर्तते ।
स्तम्भनीयं तदेकान्तान्न चेद्वातकफानुगम् ॥ १०१

માણસને પિત્તના અધિકપણાવાળું જે લોહી

ગ્રીષ્મઋતુમાં વહે છે, તે લોહીને અવશ્ય અટકાવવું, પણ જો ગ્રીષ્મઋતુમાં પણ તે લોહી વાયુ કે કફના અનુબંધવાળું હોય તો તેને અટકાવવાની જરૂર નથી. (તેની ચિકિત્સા લંઘન વગેરેથી કરવી.)

કફના અનુબંધવાળા લોહીની ચિકિત્સા

सकफेऽस्रे पिबेत्पाक्यं शुण्ठीकुटजवल्कलम् ।
किराततिक्तकं शुण्ठीं धन्वयासं कुचन्दनम् १०२
दार्वीत्वङ्निम्बसेव्यानि त्वचं वा दाडिमोद्भवाम् ।

જો હરસનું લોહી કફના અનુબંધવાળું હોય તો સૂંઠ અને કડાછાલનો ક્વાથ પીવો અથવા કરિયાતું, કડુ, સૂંઠ, ધમાસો, રક્તચંદન (રતાંજલી), દારુહળદર, તજ, લીમડાની અંતરછાલ અને વાળો, એ ઔષધોનો ક્વાથ પીવો અથવા દાડમની છાલનો ક્વાથ પીવો.

દૂઝતા હરસની દવાઓ

कुटजत्वक्फलं तार्क्ष्यं माक्षिकं घुणवल्लभाम् ॥१०३
पिबेत्तण्डुलतोयेन कल्कितं वा मयूरकम् ।

કડાછાલ, મીંઢળ, રસાંજન, મધ, અતિવિષ, એ ઔષધોને ચોખાના ધોવડામણ સાથે પીવાં અથવા ચોખાના ધોવડામણ સાથે વાટેલો અપામાર્ગ (અઘેડો) પીવો.

तुलां दिव्याम्भसि पचेदार्द्रायाः कुटजत्वचः ॥ १०४ ॥
नीरसायां त्वचि क्वाथे दद्यात्सूक्ष्मरजीकृतान् ।
समङ्गाफलिनीमोचरसान् मुष्टयंशकान्समान् ॥ १०५ ॥
तैश्च शक्रयवान् पूते ततो दर्वीप्रलेपनम् ।
पक्त्वाऽवलेहं लीढ्वा च तं यथाग्निबलं पिबेत् ॥ १०६ ॥
पेयां मण्डं पयश्छागं गव्यं वा छागदुग्धभुक् ।
लेहोऽयं शमयत्याशु रक्तातीसारपायुजान् ॥१०७
बलवद्रक्तपित्तं च प्रवृत्तमूर्ध्वमधोऽपि वा ।

ચારસો તોલા વરસાદના પાણીમાં પચાસ (૫૦) તોલા લીલી કડાછાલ નાખવી અને એ બધું ઉકાળવું. પછી તે છાલમાંથી કડવાશ પાણીમાં આવી જાય અને છાલ કડવાશ વિનાની થઈ જાય (=ઊકળતાં આઠમા ભાગનું પાણી બાકી રહે), ત્યારે તે ક્વાથને ગાળી લઈને તે ક્વાથના પાણીમાં મજીઠ, ફાંગ અને મોચરસ, એ ઔષધોનું ચૂર્ણ સૂક્ષ્મ કરીને ચાર-ચાર તોલા નાખવું. અને તે બધાની બરોબર (બાર તોલા) ઇંદ્રજવનું ચૂર્ણ નાખવું. પછી ફરીને તેનો પાક કરવો. જ્યારે તે પાક કડછીએ ચોંટે એટલો ઘાડો થાય, ત્યારે ઉતારી લેવો. આ અવલેહને ચાટીને પછી જેવું પોતાના જઠરાગ્નિનું બળ હોય તેના પ્રમાણમાં રોગીએ પેયા, મંડ, બકરીનું દૂધ કે ગાયનું દૂધ પીવું અને રોગીએ બકરીનું દૂધ ભોજન તરીકે ખાવું. આ અવલેહ રક્તાતિસારને, દૂઝતા હરસને તથા નીચેને માર્ગે અને ઉપરને માર્ગે વહેતા બળવાન રક્તપિત્તને તરત મટાડે છે.

कुटजत्वक्तुलां द्रोणे पचेदष्टांशशेषितम् ॥ १०८॥
कल्कीकृत्य क्षिपेत्तत्र तार्क्ष्यशैलं कटुत्रयम् ।
रोध्रद्वयं मोचरसं बलां दाडिमजां त्वचम् ॥१०९
बिल्वकर्कटिकां मुस्तं समङ्गां धातकीफलम् ।
पलोन्मितं दशपलं कुटजस्यैव च त्वचः ॥११०
त्रिंशत्पलानि गुडतो घृतात्पूते च विंशतिः ।
तत्पक्वं लेहतां यातं धान्ये पक्षस्थितं लिहन् ॥ १११ ॥
सर्वार्शोग्रहणीदोषश्वासकासान्नियच्छति ।

ચારસો તોલા કડાછાલ (ઇંદ્રજવના વૃક્ષની છાલ) લાવીને તેનો એક દ્રોણ (અથવા ૧૦૨૪ તોલા) પાણીમાં આઠમા ભાગનું પાણી રહે ત્યાં સુધી ક્વાથ કરવો. પછી ક્વાથ ગાળી લઈને તેમાં રસાંજન, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), રાતો અને ધોળો બન્ને લોધર, મોચરસ, બળદાણા, દાડમની છાલ, નાનાં બીલાં, મોથ, મજીઠ, ધાવડીનાં ફૂલ, એ સર્વ ચાર ચાર તોલા લઈને તેનો કલ્ક કરીને તેમાં નાખવો, તથા ચાળીસ તોલા કડાછાલનો કલ્ક નાખવો, એકસો વીસ તોલા ગોળ નાખવો, વીસ તોલા ઘી નાખવું; એ સર્વને ફરીને પક્વ કરીને કડછીએ ચોંટે એવું કરવું. પછી તેને ઘીના રીઢા વાસણમાં ભરીને પંદર દિવસ સુધી અનાજ

ભરેલી કોઠીમા કોઠીનું મો સીડીને ઝાટકીને સાફ કરેલા (પૂતે) અનાજમા દાટી મૂકવુ. ૫૬ર દિવસ પછી તેને કાઢીને તેમાથી નિયમ પ્રમાણે ખાવાથી (ચાટવાથી) સર્વે પ્રકારના હરસ, ગ્રહણીદોષ, દમ અને ખાસી મટે છે.

रोध्रं तिलान्मोचरसं समङ्गां चन्दनोत्पलम् ॥११२
पाययित्वाऽऽजदुग्धेन शालींस्तेनैव भोजयेत् ।

લોધર, તલ, મોચરસ, મજીઠ, સુખડ અને કાળું કમળ એ ઔષધોને બકરીના દૂધમા પાવા અને રોગીને બકરીના દૂધમા જ ભાત ખવડાવવો.

यष्ठ्याह्वपद्मकानन्तापयस्याक्षीरमोरटम् ॥ ११३ ॥
ससितामधु पातव्यं शीततोयेन तेन वा ।

જેઠીમધ, પદ્મકાષ્ઠ, ધમાસો, ક્ષીરકાકોલી, મોરવેલ, એ ઓષધોનો કલ્ક મધ અને સાકર નાખીને ઠંડુ પાણી નાખીને પાવો અથવા બકરીના દૂધ સાથે પાવો.

रोध्रकट्वङ्गकुटजसमङ्गाशाल्मलीत्वचम् ॥११४॥
हिमकेसरयष्ठ्याह्वसेव्यं वा तण्डुलाम्बुना ।

લોધર, અલવો (અરલુ, મોટો અરડૂસો), ઇંદ્રજવ, મજીઠ, શીમળાની અંતરછાલ એ ઔષધો ચોખાના ધોવડામણ સાથે પીવાથી દૂઝતા હરસ મટે છે અથવા સુખડ, નાગકેસર, જેઠીમધ અને વાળો એ ઔષધો ચોખાના ધોવડામણ સાથે પીવાથી દૂઝતા હરસ મટે છે.

यवानीन्द्रयवाः पाठा बिल्वं शुण्ठी रसाञ्जनम् ॥
चूर्णशूले हितः शूले प्रवृत्ते चाति शोणिते ।

જો હરસમા સણકા મારતા હોય તથા તેમાથી અતિશય લોહી નીકળતુ હોય તો યવાન અજમો, ઇંદ્રજવ, પહાડમૂળ, બીલુ, સૂંઠ, રસાજન, એ ઔષધોનુ ચૂર્ણ પાણીમા પીવુ.

दुग्धिकाकण्टकारीभ्यां सिद्धं सर्पिः प्रशस्यते ॥
अथवा धातकीरोध्रकुटजत्वक्फलोत्पलैः ।
सकेसरैर्यवक्षारदाडिमस्वरसेन वा ॥ ११७ ॥

દૂઝતા હરસના રોગીને દૂધી અને ભોંયરીંગણી વડે પકવ થયેલું ઘી આપવુ શ્રેષ્ઠ છે, અથવા ધાવડીનાં ફૂલ, લોધર, કડાછાલ, મીંઢળ, કમળ અને નાગકેસર, એ ઔષધો વડે સિદ્ધ કરેલું ઘી આપવુ શ્રેષ્ઠ છે, અથવા જવખાર અને દાડમના સ્વરસ વડે સિદ્ધ કરેલું ઘી આપવુ શ્રેષ્ઠ છે.

शर्कराम्भोजकिञ्जल्कसहितं सह वा तिलैः ।
अभ्यस्तं रक्तगुदजान् नवनीत नियच्छति ॥११८

સાકર અને કમળના કેસર સહિત માખણ ખાવાનો અભ્યાસ ઘણા દિવસ રાખવાથી દૂઝતા હરસ મટે છે. તેમ જ તલ સાથે માખણ ઘણા દિવસ ખાવાથી પણ દૂઝતા હરસ મટે છે.

छागानि नवनीताज्यक्षीरमांसानि, जाङ्गलः ।
अनम्लो वा कदम्लो वा सवास्तुकरसो रसः ११९
रक्तशालिः सरो दध्नः षष्ठिकस्तरुणी सुरा ।
तरुणश्च सुरामण्डः शोणितस्यौषधं परम् ॥१२०

બકરીના દૂધનુ માખણ, તેના દૂધનુ ઘી, તેનુ દૂધ અને તેનુ માસ એ દૂઝતા હરસનુ શ્રેષ્ઠ ઔષધ છે. વળી ખટાઈ વિનાનો કે થોડી ખટાઈવાળો બથવાની ભાજીના શાકનો રસ ભેળવેલો જાંગલ પ્રાણીઓના માસનો રસ પણ દૂઝતા હરસનું સર્વોત્તમ ઔષધ છે; તેમ જ રાતી શાળનો ભાત, દહીંની તર, સાઠી ચોખાનો ભાત, તાજી (લગભગ ગળી બનેલી) સુરા, તાજી સુરાનો મંડ, એ દૂઝતા હરસનું ઉત્તમ ઔષધ છે.

દૂઝતા હરસમાં ડુંગળીના પ્રયોગો

पेयायूषरसाद्येषु पलाण्डुः केवलोऽपि वा ।
स जयत्युल्बणं रक्तं मारुतं च प्रयोजितः ॥१२१

પેયા, યૂષ, માસરસ વગેરેની સાથે ભેળવીને ડુગળીનો કંદ ખાવામાં આવે અથવા પેયા વગેરે વિના પણ એકલી જ ડુગળીનું સેવન કર્યું હોય, તો તે ઘણા પ્રબળ દૂઝતા હરસને મટાડે છે તથા વાયુને પણ મટાડે છે.

દૂઝતા હરસમાં વાયુને જીતવો : કારણ

वातोल्बणानि प्रायेण भवन्त्यस्रेऽतिनिःसृते ।
अर्शांसि तस्मादधिकं तज्जये यत्नमाचरेत् ॥१२२

હરસરોગમા જ્યારે લોહી બહુ વહી જાય છે, ત્યારે હરસમા વાયુનું જોર વધારે થાય છે, માટે દૂઝતા હરસમા વાયુને જીતવાનો વધારે યત્ન કરવો.

દ્રૂઝતા હરસમાં ઠંડા ઉપચાર ક્યારે કરવા?

स्रुतेऽस्रेऽपित्तं प्रवलमबलौ च कफानिलौ ।
शीतोपचारः कर्तव्यः सर्वथा तत्प्रशान्तये ॥१२३

દ્રૂઝતા હરસમાં લોહી અને પિત્ત પ્રબળ હોય તથા કફ અને વાયુ નિર્બળ હોય, ત્યારે તે લોહી અને પિત્તને શાંત કરવા માટે સર્વથા વૈદ્યે ઠંડા ઉપચાર કરવા.

ઉપરના ઉપાયોથી ન મટે તો શું કરવું?

न चेदेवं शमस्तस्य स्निग्धोष्णैस्तर्पयेत्ततः ।
रसैः, कोष्णैश्च सर्पिर्भिरवपीडकयोजितैः ॥१२४
सेचयेत्तं कवोष्णैश्च कामं तैलपयोघृतैः ।

ઉપર જે દ્રૂઝતા હરસના ઉપાય બતાવ્યા છે તેથી જો દ્રૂઝતા હરસ શાંત પડે નહિ તો સ્નિગ્ધ અને ઊના માંસરસ વડે દરદીનું તર્પણ કરવું, અથવા ભોજન પહેલાં કે ભોજન પચી ગયા પછી બીજા ટંકે પચી રહે એટલું જ ઘી આગલા ટંકે પીવું અથવા તેને તેલ, દૂધ કે ઘીને લગાર ગરમ કરીને સિંચન કરવું (ચોળ્યા કરવું).

પ્રવાહિકા, આમળ, રક્તસ્રાવ અને તાવ માટે પિચ્છાબસ્તિ

यवासकुशकाशानां मूलं पुष्पं च शाल्मलेः । १२५
न्यग्रोधोदुम्बराश्वत्थशुङ्गाश्च द्विपलोन्मिताः ।
त्रिप्रस्थे सलिलस्यैतत्क्षीरप्रस्थे च साधयेत् ॥१२६
क्षीरशेषे कषाये च तस्मिन् पूते विमिश्रयेत् ।
कल्कीकृतं मोचरसं समङ्गं चन्दनोत्पलम् ॥१२७
प्रियङ्गुं कौटजं बीजं कमलस्य च केसरम् ।
पिच्छाबस्तिरयं सिद्धः सघृतक्षौद्रशर्करः ॥१२८
प्रवाहिकागुदभ्रंशरक्तस्रावज्वरापहः ।

ધમાસો, દર્ભ, કાસડો, એ ઔષધોનાં મૂળ આઠઆઠ તોલા લેવાં; શીમળાનાં ફૂલ આઠ તોલા લેવાં, વડ, ઉમેડો (ગુલર), પીપળો એ વૃક્ષની ટીશીઓ આઠઆઠ તોલા લેવી; એ સર્વ ઔષધને એકસો બાણુ તોલા પાણી તથા ૬૪ તોલા દૂધમાં નાખીને દૂધ માત્ર બાકી રહે ત્યાં લગી ઉકાળવું. પછી તે દૂધને ગાળી લઈને તેમાં મોચરસ, મજીઠ, સુખડ, કાળું કમળ, કાંગ, ઇંદ્રજવ, કમળનું કેસર, એ ઔષધોનો કલ્ક મેળવવો. આ સિદ્ધ થયેલા ઔષધને પિચ્છાબસ્તિ કહે છે. તેમાં ઘી, મધ અને સાકર નાખીને બસ્તિ આપવાથી, મરડો, આમળ, લોહી પડવું અને તાવ મટે છે. ઉપર કહ્યા પ્રમાણે તૈયાર કરેલા ઔષધની થોડા માપથી નિરૂહબસ્તિ તે જ પિચ્છાબસ્તિ જાણવી.

यष्ट्याह्वपुण्डरीकेण तथा मोचरसादिभिः ॥१२९
क्षीरद्विगुणितः पक्वो देयः स्नेहोऽनुवासनम् ।

જેઠીમધ, પ્રપૌંડરીક (સ્થળકમળ) તથા મોચરસ, મજીઠ, સુખડ, કાળું કમળ, કાંગ, ઇંદ્રજવ, કમળનું કેસર, એ ઔષધોના કલ્કમાં ઘી વગેરે યોગ્ય સ્નેહ તથા તેથી બમણુ દૂધ નાખીને સ્નેહ પક્વ કરવો. પછી એ સ્નેહ વડે અનુવાસનબસ્તિ આપવાથી મરડો, આમળ, લોહી પડવું, તાવ એ રોગ મટે છે.

ઘી

मधुकोत्पलरोध्राम्बु समङ्गा बिल्वचन्दनम् ॥१३०
चविकाऽतिविषा मुस्तं पाठा क्षारो यवाग्रजः ।
दार्वीत्वङ्नागरं मांसी चित्रको देवदारु च ॥१३१
चाङ्गेरीस्वरसे सर्पिः साधितं तैस्त्रिदोषजित् ।
अर्शोतिसारग्रहणीपाण्डुरोगज्वरारुचौ ॥ १३२
मूत्रकृच्छ्रे गुदभ्रंशे बस्त्यानाहे प्रवाहणे ।
पिच्छास्रावेऽर्शसां शूले देयं तत्परमौषधम् ॥१३३

જેઠીમધ, કાળું કમળ, લોધર, વાળો, મજીઠ, બીલું, સુખડ, ચવક, અતિવિષ, મોથ, પહાડમૂળ, જવખાર, દારુહળદર, તજ, સૂંઠ, જટામાંસી, ચિત્રો, દેવદાર, એ સર્વ ઔષધોનો કલ્ક કરીને તે વડે ખાટી લૂણીના સ્વરસમાં ઘી સિદ્ધ કરવું. એ ઘી ત્રિદોષને મટાડનારું છે. વળી તે હરસ, અતિસાર, ગ્રહણી, પાંડુરોગ, જ્વર, અરુચિ, મૂત્રકૃચ્છ્ર, આમળ, મૂત્રાશયના રોગ, આફરો, મરડાનો રોગ, પિચ્છાસ્રાવ, હરસ સંબંધી શૂળ, એ રોગોમાં શ્રેષ્ઠ ઔષધ છે માટે આપવું.

હરસથી થયેલા રોગો માટે ઉપાય

व्यत्यासान्मधुराम्लानि शीतोष्णानि च योजयेत् ।
नित्यमग्निबलापेक्षी जयत्यर्शःकृतान् गदान् ॥१३४

જે હરસવાળા રોગીને જઠરાગ્નિના બળની

ઇચ્છા હોય તેણે ગળ્યાં અને ખાટાં તથા શીતવીર્ય અને ઉષ્ણવીર્ય ઔષધો વારાફરતી આપવાં, અર્થાત્ એક ગળ્યું ઔષધ, તો તેની પછી બીજું તેનાથી ઊલટું એટલે જરા ખાટું ઔષધ; એક શીતવીર્ય ઔષધ, તો તેની જોડે બીજું તેનાથી ઊલટું એટલે ઉષ્ણવીર્ય ઔષધ, એ રીતે આપવાં. તેથી જઠરાગ્નિનું બળ વધે છે અને હરસથી ઉત્પન્ન થયેલા રોગ મટે છે. (અથવા એક દિવસ ગળ્યું અને શીતવીર્ય દ્રવ્ય આપવું, તો બીજે દિવસે ખાટું અને ઉષ્ણવીર્ય દ્રવ્ય આપવું.)

હરસમાં ઉદાવર્તના ઉપાય

उदावर्तार्तमभ्यज्य तैलैः शीतज्वरापहैः ।
सुस्निग्धैः स्वेदयेत्पिण्डैर्वर्तिमस्मै गुदे ततः ॥ १३५॥
अभ्यक्तां तत्कराङ्गुष्ठसन्निभामनुलोमनीम् ।
दद्याच्छ्यामात्रिवृद्दन्ती-
पिप्पलीनीलिनीफलैः ॥१३६॥
विचूर्णितैर्द्विलवणैर्गुडगोमूत्रसंयुतैः ।
तद्वन्मागधिकाराठगृहधूमैः सर्षपैः ॥ १३७॥

જે હરસનો રોગી ઉદાવર્તથી પીડાતો હોય તેને પ્રથમ શીતજ્વરને નાશ કરનારાં તેલ વડે અભ્યંગ કરવો (તે તેલ ગુદા ઉપર ચોળવું), તથા સ્નિગ્ધ પોટીસ બાંધીને તેને શેક કરવો. પછી તેની ગુદામાં તેના (રોગીના) હાથના અંગૂઠા જેટલી જાડી અને સ્નેહ ચોપડેલી વાટ મૂકવી. એ વાટ બનાવવાની રીત આ પ્રમાણે છે: કાળું નસોતર, નસોતર, નેપાળો, પીપર, ગળીનાં ફળ એ ઔષધનું સૂક્ષ્મ ચૂર્ણ કરીને તેમાં સિંધવ અને સંચળ નાખવાં તથા તે ચૂર્ણમાં ગોળ અને ગાયનું મૂત્ર નાખવા. અને તેની વિધિસર વાટ બનાવવી અથવા તે જ પ્રમાણે પીપર, મીંઢળ, ઘરનો ધુમાસ અને સરસવ, એ ઔષધોમાં ગોળ અને ગોમૂત્ર નાખીને વાટ બનાવવી. એ બેમાંથી ગમે તે વાટને સ્નેહ ચોપડીને ગુદામાં મૂકવાથી વાયુ, ઝાડો વગેરેનું અનુલોમન થાય છે.

एतेषामेव वा चूर्णं गुदे नाड्या विनिर्धमेत् ।

અથવા ઉપર જે જે ઔષધ કહેલાં છે એ સર્વનું ચૂર્ણ કરીને ગુદામાં નળી મૂકીને પછી તે નળીમાર્ગે તે ચૂર્ણ ગુદામાં ફૂંકવું. (આ ચૂર્ણમાં ગોળ તથા ગોમૂત્ર નાખવું નહિ. ઉપર જે કાળું નસોતર, નસોતર, દંતીમૂળ, પીપર, ગળીનાં ફળનું ચૂર્ણ કહ્યું છે તે લેવું અથવા પીપર, મીંઢળ, ઘરનો ધુમાસ અને સરસવ, એ ઔષધોનું ચૂર્ણ લેવું. બેમાંથી ગમે તે એક ચૂર્ણ ભૂંગળી વાટે ગુદામાં ફૂંકવું.)

એ રીતે ઉદાવર્ત ન મટે તો નિરૂહ, વિરેચન અને અનુવાસન

तद्विघाते सुतीक्ष्णं तु बस्ति
स्निग्धं प्रपीडयेत् ॥ १३८॥
ऋजूकुर्याद्गुदशिराविण्मूत्रमरुतोऽस्य सः ।
भूयोऽनुबन्धे वातघ्नैर्विरेच्यः स्नेहरेचनैः ॥ १३९॥
अनुवास्यश्च रौक्ष्याद्धि सङ्गो मारुतवर्चसोः ।

ઉપર કહેલું ચૂર્ણ પણ નિષ્ફળ જાય તો પછી અત્યંત તીક્ષ્ણ સ્નેહબસ્તિ આપવી. એ બસ્તિ રોગીને ગુદા, માથું, ઝાડો, મૂત્ર એ બધાના વાયુનું અનુલોમન કરે છે. ફરીને પણ જો વાયુ અને ઝાડો કબજ થાય તો વાયુનો નાશ કરનાર સ્નેહ વડે તેને વિરેચન આપવું તથા વાયુનો નાશ કરે એવા સ્નેહ વડે તેને અનુવાસન-બસ્તિ આપવી; કેમ કે વાયુ અને ઝાડાની કબજિયાત લુખાશને લીધે થાય છે.

ઉદાવર્ત વગેરેમાં કલ્યાણક ક્ષાર

त्रिपटुत्रिकटुश्रेष्ठादन्त्यरुष्करचित्रकम् ॥ १४०॥
जर्जरं स्नेहमूत्राक्तमन्तर्धूमं विपाचयेत् ।
शरावसन्धौ मृल्लिप्ते क्षारः कल्याणकाह्वयः ॥१४१॥
स पीतः सर्पिषा युक्तो भक्ते
वा स्निग्धभोजिना ।
उदावर्तविबन्धार्शोगुल्मपाण्डूदरक्रमीन् ॥ १४२॥
मूत्रसङ्गाश्मरीशोफहृद्रोगग्रहणीगदान् ।
मेहप्लीहरुजानाहश्वासकासांश्च नाशयेत् ॥ १४३॥

સિંધવ, સંચળ, બીડલવણ, સૂંઠ, પીપર, મરી, હરડે, બહેડાં, આમળાં, નેપાળો, ભિલામો, ચિત્રો, એ સર્વને એકઠાં ખાંડીને તેમા સ્નેહ અને ગોમૂત્ર નાખીને તે સર્વને કોડિયાંના સંપુટમાં ઘાલીને (સંપુટને સીડીને)

તેનો ધુમાડો બહાર ન નીકળે એવી રીતે તેને પક્વ કરવું. એવી રીતે કે, બે સરખાં કોડિયાં લઈને એકમાં તે ઔષધ મૂકીને તેના ઉપર બીજું ઊંધું વાળવું અને તે બેના સાંધા માટીથી પૂરીને (છાંદીને, સીડીને) તે ઉપર કપડું વીંટીને તેને માટીથી લેપવું. એ રીતે કરીને છાણાંની ભઠ્ઠીમાં તેને લાલચોળ થાય ત્યાં સુધી રહેવા દઈ સંપુટને દેવતામાંથી બહાર કાઢી ઠંડો પડવા દેવો. પછી એ સંપુટમાંથી ઔષધ કાઢી લઈ તેને ખલમાં નાખી બારીક ચૂર્ણ કરવું. પછી એ ચૂર્ણને પાણીમાં ડોહવું અને પાણી ગળી લેવું તથા તળે બેઠેલો કચરો કાઢી નાખવો. પછી ગાળી લીધેલા પાણીને ઉકાળીને પાણી બધું ઉડાડી મૂકવું એટલે પાણીમાં ઓગળેલો ક્ષાર વાસણમાં ચોંટેલો રહેશે. એને 'કલ્યાણકક્ષાર' કહે છે. એ ક્ષારને ઘી સાથે પીવાથી અથવા સ્નિગ્ધ ભોજન કરનારા માણસે તેને ભોજન સાથે ખાવાથી ઉદાવર્ત, વિબંધ, હરસ, ગોળો, પાંડુરોગ, ઉદરરોગ, કરમિયા, મૂત્ર નાશ થઈ જવાનો રોગ, પથરીરોગ, સોજો, હૃદયના રોગ, ગ્રહણીરોગ, પ્રમેહ, બરોળની પીડા, પેટ ચઢવાનો રોગ, દમ અને ખાંસી એટલા રોગ મટે છે.

ઉદાવર્તના બીજા ઉપાય

सर्वं च कुर्याद्यत्प्रोक्तमर्शसां गाढवर्चसाम् ।

જે હરસવાળાને ઝાડો ઘાડો થતો હોય, કડણ થતો હોય તેની જે જે ચિકિત્સાઓ કહેલી છે, તે સર્વ આ હરસ સંબંધી ઉદાવર્તમાં કરવી.

હરસ વગેરે મટાડવાના મહાદીપન સરકો

द्रोणेऽपां पूतिवल्कद्वितुलमथ पचे-
त्पादशेषे च तस्मिन्
देयाऽशीतिर्गुडस्य प्रतनुकरजसो
व्योषतोऽष्टौ पलानि ।
पतन्मासेन जातं जनयति परमा-
मूष्मणः पक्तिशक्ति
शुक्तं कृत्वाऽनुलोम्यं प्रजयति गुदज-
प्लीहगुल्मोदराणि ॥१४४॥

એક દ્રોણ (૧૦૨૪ તોલા) પાણીમાં મલિન કરંજની છાલ આઠસો તોલા નાખીને તે પાણી ચોથા ભાગનું બાકી રહે ત્યાં સુધી તેને ઉકાળવી. પછી તે કવાથને ગાળી લઈને તેમાં ત્રણસો વીશ તોલા ગોળ નાખવો. સૂંઠ, પીપર, મરી, એ ત્રણે મળીને બત્રીસ તોલા લઈને તેનું અત્યંત બારીક ચૂર્ણ કરીને તે તેમાં નાખવું. પછી એ સર્વને રીઢા વાસણમાં એક મહિનો બંધ કરી રાખી મૂકવું. પછી તે સરકો પીવાથી જઠરાગ્નિની પાચન શક્તિ અત્યંત વધે છે તથા વાયુ, ઝાડા વગેરેનું અનુલોમન થવાથી હરસ, બરોળ, ગોળો ને ઉદરરોગ એ સર્વ મટે છે.

पचेत्तुलां पूतिकरञ्जवल्काद्-
द्वे मूलतश्चित्रकण्टकार्योः ।
द्रोणत्रयेऽपां चरणावशेषे
पूते शतं तत्र गुडस्य दद्यात् ॥१४५॥
पलिकं च सुचूर्णितं त्रिजात-
त्रिकटुग्रन्थिकदाडिमाश्मभेदम् ॥
पुरपुष्करमूलधान्यचव्यं
हपुषामार्द्रकमम्लवेतसं च ॥१४६॥
शीतीभूतं क्षौद्रविंशत्युपेत-
मार्द्रद्राक्षाबीजपूरार्द्रकैश्च ।
युक्तं कामं गण्डिकाभिस्तथेक्षोः
सर्पिःपात्रे मासमात्रेण जातम् ॥१४७॥
शुक्तं क्रकचमिवेदं दुर्नाम्नां वह्निदीपनं परमम् ।
पाण्डुगरोदरगुल्मप्लीहानाहाश्मकृच्छ्रघ्नम् ॥१४८॥

ત્રણ દ્રોણ (૩૦૭૨ તોલા) પાણીમાં મલિન કરંજની છાલ ચારસો તોલા અને આઠસો તોલા ચિત્રો અને ભોરીંગણીનાં મૂળ નાખીને તેનો કવાથ કરવો. પછી પાણી ચોથો ભાગ બાકી રહે, ત્યારે ગાળી લઈને તેમાં ચારસો તોલા ગોળ નાખવો તથા તજ, તમાલપત્ર અને એલચી એ ત્રણનું સૂક્ષ્મ ચૂર્ણ કરીને તે ચાર તોલા નાખવું; સૂંઠ, પીપર, મરી, એ ત્રણનું બારીક ચૂર્ણ ચાર તોલા નાખવું. પીપરીમૂળ ચાર તોલા, દાડમ ચાર તોલા, પાષાણભેદ ચાર તોલા, પુષ્કરમૂળ ચાર તોલા, ધાણા ચાર તોલા, ચવક ચાર તોલા, પલાંશી ચાર તોલા, આદું ચાર તોલા, અમ્લવેતસ ચાર તોલા, એ સર્વ સૂક્ષ્મ વાટીને નાખવું અને ફરીને

પાક કરવો. જ્યારે તે સઘળું ઠંડું પડે, ત્યારે તેમાં મધ એંશી તોલા નાખવું. પછી તેમાં લીલી કાળી દ્રાક્ષ બે તોલા, બિજોરું બે તોલા અને શેરડીની ગંડેરી ઇચ્છામાં આવે તેટલી નાખવી. પછી તેને ઘીના ગીઢા વાસણમાં ઘાલીને એક મહિના સુધી રાખી મૂકવું. એ શુક્ર (ખાટો આસવ) કરવતની પેઠે હરસને વહેરી નાખે એવો છે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરવામાં ઉત્તમ છે; તથા પાંડુરોગ, ગર, ઉદરરોગ, ગોળો, બરોળ, આફરો, પથરી અને મૂત્રકૃચ્છ્ર, એટલા રોગને મટાડે છે. (ગર=કૃત્રિમ ઝેર)

द्रोणं पीलुरसस्य वस्त्रगलितं
न्यस्तं हविर्भाजने
युञ्जीत द्विपलैर्मदामधुफलाखर्जूरधात्रीफलैः ।
पाठामाद्रिदुरालभाम्लविदुलव्योपत्वगेलोल्लकैः ॥
स्पृक्काकोलवङ्गवेल्लचपलामूलाग्निकैः पालिकैः ।
गुडपलशतयोजितं निवाते
निहितमिदं प्रपिबंश्च पक्षमात्रात् ।
निशमयति गुदाङ्कुरान् सगुल्मा-
ननलबलं प्रबलं करोति चाशु ॥१५०॥

પીલુડાંનો રસ એક દ્રોણ (૧૦૨૪ તોલા) લઈને તેને વસ્ત્ર વડે ગાળીને ઘીના ગીઢા વાસણમાં નાખવો તથા તેમાં ધાવડીનાં ફૂલ, કાળી દ્રાક્ષ, ખજૂર, આમળાં, પહાડમૂળ, અતિવિષ, ધમાસો, અમ્લવેતસ, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), તજ, એલચી, કડુ, લજામણી, ખાર, લવિંગ, વાવડિંગ, પીપરીમૂળ, ચિત્રો એ દરેક ઔષધ ચારચાર તોલા નાખવું. એ સર્વમાં ચારસો તોલા ગોળ નાખવો, પછી તેને પવન વિનાના સ્થાનમાં એક પખવાડિયું મૂકી રાખવું; પછી પીવાથી તે ગુદામાંના હરસને અને ગોળાને જલદીથી મટાડે છે તથા જઠરાગ્નિનું બળ વધારે છે.

ગોળો, બરોળ, હરસ, કુષ્ઠ, પ્રમેહ અને મંદાગ્નિ માટે ગોળ

एकैकशो दशपले दशमूलकुम्भ-
पाठाद्वयार्कघुणवल्लभकट्फलानाम् ।
दग्धे स्रुतेऽनु कलशेन जलेन पक्के
पादस्थिते गुडतुलां, पलपञ्चकं च ॥१५१॥
दद्यात्प्रत्येकं व्योपचव्याभयानां,
वह्नेर्मुष्टी द्वे यवक्षारतश्च ।
दर्वीमालिम्पन् हन्ति लीढो गुडोऽयं
गुल्मप्लीहार्शःकुष्ठमेहाग्निसादान् ॥१५२॥

દશમૂળ, નસોતર, બન્ને પ્રકારનાં પહાડમૂળ, આકડાનું મૂળ, અતિવિષની કળી, કાયફળ એ દરેક ચાળીસચાળીસ તોલા લઈને તેને બાળી નાખવાં અને પછી તે રાખને એક દ્રોણ (૧૦૨૪ તોલા) પાણીમાં નાખીને થોડીવાર પછી એ પાણી ગાળી લઈને એ ગાળી લીધેલા પાણીને ઉકાળતાં ઉકાળતાં એ ચોથા ભાગનું બાકી રહે ત્યારે એમાં ચારસો તોલા ગોળ નાખવો, અને ત્રિકટુ, ચવક, હરડે એ દરેક વીસવીસ તોલા નાખવાં; આઠ તોલા ચિત્રો નાખવો અને આઠ તોલા જવખાર નાખવો. પછી તેને કડછીએ ચોંટે ત્યાં સુધી પકવ કરવું. એ ગોળ ખાવાથી ગોળો, બરોળ, હરસ, ચામડીના રોગ, પ્રમેહ અને મંદાગ્નિ, એટલા રોગ મટે છે.

હરસ વગેરે માટે અવલેહ

तोयद्रोणे चित्रकमूलतुलार्धं
साध्यं यावत्पाददलस्थमथेदम् ।
अष्टौ दत्त्वा जीर्णगुडस्य पलानि
क्वाथ्यं भूयः सान्द्रतया सममेतत् ॥१५३॥
त्रिकटुकमिसिपथ्याकुष्ठमुस्तावराङ्ग-
क्रिमिरिपुदहनैलाचूर्णकीर्णोऽवलेहः ।
जयति गुदजकुष्ठप्लीहगुल्मोदराणि
प्रबलयति हुताशं शश्वदभ्यस्यमानः ॥

એક દ્રોણ (૧૦૨૪ તોલા) પાણીમાં બસો તોલા ચિત્રાનાં મૂળ નાખીને જ્યાં સુધી ચોથા ભાગનું પાણી રહે, ત્યાં સુધી તેનો ક્વાથ કરવો. પછી તે ક્વાથને ગાળી લઈને તેમાં ગોળ બત્રીસ તોલા નાખવો અને પછી ને ઘાટો થતાં સુધી તેનો ક્વાથ કરવો. પછી તેને નીચે ઉતારીને હલાવીને સરખો કર્યા પછી તેમાં ત્રિકટુ, સુવા, હરડે, ઉપલેટ, મોથ, ત્રિફળા, વાવડિંગ, ચિત્રો અને એલચી, એ બધાનું ચૂર્ણ નાખીને હલાવીને

ભેગુ કરવુ. એ અવલેહ ખાવાથી હરસ, ચામડીના રોગ, ખરોળ, ગોળો, ઉદરરોગ, એ સર્વ મટે છે તથા એ અવલેહનુ કાયમ સેવન કરવાથી અગ્નિ પ્રબળ થાય છે.

હરસ માટે ગોળી

गुडव्योषवरावेल्लतिलारुष्करचित्रकैः ।
अर्शांसि हन्ति गुलिका
त्वग्विकारं च शीलिता ॥ १५५ ॥

ગોળ, ત્રિકટુ, ત્રિફળા, વાવડિંગ, તલ, ભિલામો, ચિત્રો એ ઔષધો લઈને ગોળી બનાવવી. એ ગોળી રોજ ખાવાથી હરસ અને ચામડીના રોગ મટે છે.

સુરણનો પુટપાક

मृल्लिप्तं सौरणं कन्दं पक्त्वाऽग्नौ पुटपाकवत् ।
अद्यात्सतैललवणं दुर्नामविनिवृत्तये ॥ १५६ ॥

સુરણના કંદ (ગાંઠ) માટીનો લેપ કરીને અગ્નિમા દેવતા જેવો ચળકતો થાય ત્યા સુધી પકવવો. પછી પક્વ થયેલા તે કંદના કકડા કરીને તેમા તેલ તથા સિંધવ નાખીને (તેલમા તળીને તથા સિંધવ નાખીને) ખાવા, તેથી હરસરોગ મટશે.

સુરણવટી

मरिचपिप्पलिनागरचित्रकान्
क्रमविवर्धितभागसमाहृतान् ।
शिखिचतुर्गुणसूरणयोजितान्
कुरु गुडेन गुडान् गुदजच्छिदः ॥१५७॥

મરી એક તોલો, પીપર બે તોલા, સૂંઠ ત્રણ તોલા, ચિત્રો ચાર તોલા, એ પ્રમાણે અનુક્રમે વધતા પ્રમાણમા લેવા, તથા ચિત્રા કરતા સૂરણ ચારગણુ લેવુ. પછી એ સર્વને વાટીને એકત્ર કરીને તેની ગોળમા ગોળીઓ વાળવી. એ ગોળીઓ હરસ મટાડનારી છે. (સૂરણને શ્લોક ૧૫૫ મા કહેલી રીતે પકવીને એનો ઉપયોગ કરવો.)

चूर्णीकृताः षोडश सूरणस्य
भागास्ततोऽर्धेन च चित्रकस्य ।
महौषधाद्द्वौ मरिचस्य चैको
गुडेन दुर्नामजयाय पिण्डी ॥ १५८ ॥

સોળ ભાગ સૂરણના લઈને તેના કકડા કરી તેને સૂકવીને ચૂર્ણ કરવું; તથા તેનાથી અર્ધા એટલે આઠ ભાગ ચિત્રાના ચૂર્ણના લેવા; સૂંઠના ચૂર્ણના બે ભાગ લેવા; મરીના ચૂર્ણનો એક ભાગ લેવો, એ સર્વને એકત્ર કરીને બમણા ગોળમા તેની ગોળીઓ વાળવી. એ ગોળી ખાવાથી હરસ મટે છે.

મંદ અગ્નિ મટાડવા વડવામુખ ચૂર્ણ

पथ्यानागरकृष्णाकरञ्जवेल्ला-
ग्निभिः सितातुल्यैः ।
वडवामुख इव जरयति
बहुगुर्वपि भोजनं चूर्णः ॥ १५९ ॥

હરડે, સૂંઠ, પીપર, કણજી, વાવડિંગ, ચિત્રો અને એ બધાની બરોબર સાકર, એ સર્વનુ ચૂર્ણ કરીને ખાવાથી વડવાનળ અગ્નિની માફક જઠરાગ્નિ પ્રદીપ્ત થઈને ઘણુ ભારે અન્ન હોય તોપણ તેને તે જલદીથી પચાવે છે.

હરસ માટે ગોળી

कलिङ्गलाङ्गलीकृष्णावह्न्यपामार्गतण्डुलैः ।
भूनिम्बसैन्धवगुडैर्गुडा गुदजनाशनाः ॥ १६० ॥

ઇંદ્રજવ, જળપીપર (રતવેલિયો), પીપર, ચિત્રો, અપામાર્ગ (અઘાડો), તાંદળજો, કરિયાતુ, સિંધવ અને ગોળ, એ ઔષધોની ગોળી કરીને ખાવાથી હરસ મટે છે.

સૈંધવાદિ ચૂર્ણ

लवणोत्तमवह्निकलिङ्गयवां-
श्चिरिबिल्वमहापिचुमन्दयुतान् ।
पिब सप्तदिनं मथिताल्लुलितान्
यदि मर्दितुमिच्छसि पायुरुहान् ॥१६१॥

સિંધવ, ચિત્રો, ઇંદ્રજવ, કણજીનુ મૂળ, મોટા (બકાન) લીમડાની છાલ, એ સર્વના ચૂર્ણને સિંધવાદિ ચૂર્ણ કહે છે. જો તુ તારા હરસનો નાશ કરવા ઇચ્છતો હોય તો એ સિંધવાદિ ચૂર્ણ સાત દહાડા મથિત(મઠો)મા ઘોળીને પી અર્થાત્ સાત દિવસ સુધી એ ચૂર્ણ મઠામાં પીવાથી હરસ મટે છે.

હરસનાં ઉત્તમ ઔષધ

शुष्केषु भल्लातकमग्र्यमुक्तं
भैषज्यमार्द्रेषु तु वत्सकत्वक् ।

सर्वेषु सर्वर्तुषु कालशेय-
मर्शःसु बल्यं च मलापहं च ॥ १६२ ॥

હરસ (સૂકા) હોય તો તેના ઉપાય તરીકે ભિલામાં સૌથી શ્રેષ્ઠ છે; અને હરસ (લીલા) હોય તો કડાછાલ સૌથી શ્રેષ્ઠ ઔષધ છે; તેમ જ સૂકા અને લીલા સર્વ પ્રકારના હરસમાં સર્વ ઋતુઓમાં હરસના રોગીને બળ આપનાર અને મળનો નાશ કરનાર ઔષધ છાશ છે.

હરસવાળાનું પથ્યઅપથ્ય (પરેજ)

भित्त्वा विबन्धाननुलोमनाय
यन्मारुतस्याग्निबलाय यच्च ।
तदन्नपानौषधमर्शसेन
सेव्यं, विवर्ज्यं विपरीतमस्मात् ॥ १६३

જે ઔષધ અને અન્નપાન (ઠરી ગયેલા કફ વગેરે રૂપ) વિબંધને તોડે છે અને વાયુને તેના સ્વાભાવિક માર્ગે પ્રવૃત્ત કરે છે, તેમ જ જે અગ્નિને બળવાન કરે છે તે ઔષધ અને અન્નપાનનું હરસવાળા રોગીએ સેવન કરવું; અને જે ઔષધ કે અન્નપાન એથી ઊલટું છે, એટલે વાયુનો વિબંધ કરનારું છે તથા અગ્નિને પ્રબળ કરનારું નથી, અગ્નિને મંદ કરનારું છે, તે અન્નપાન અને ઔષધનું હરસવાળાએ સેવન કરવું નહિ.

હરસ, અતિસાર અને ગ્રહણીરોગમાં જઠરાગ્નિની રક્ષા કરવાની જરૂર અને કારણ

अर्शोतिसारग्रहणीविकाराः
प्रायेण चान्योन्यनिदानभूताः ।
सन्नेऽनले सन्ति, न सन्ति दीप्ते,
रक्षेदतस्तेषु विशेषतोऽग्निम् ॥ १६४ ॥

હરસ, અતિસાર અને ગ્રહણીરોગ, એ રોગો સામાન્ય રીતે એકબીજાની ઉત્પત્તિના કારણરૂપ છે. એ રોગો જઠરાગ્નિ મંદ થાય છે ત્યારે ઉત્પન્ન થાય છે અને જ્યારે જઠરાગ્નિ પ્રદીપ્ત હોય છે, ત્યારે તે રોગ થતા નથી માટે એ રોગોમાં ખાસ કરીને જઠરાગ્નિની રક્ષા કરવી (એટલે જઠરાગ્નિ વધારે મંદ ન પડે પણ પ્રબળ બને તેવું કરવું).

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थानेऽर्शश्चिकित्सित नाम अष्टमोऽध्यायः ॥ ८ ॥

અધ્યાય ૯ મો—અતિસારચિકિત્સા

હરસ અને અતિસાર એકબીજાના કારણરૂપ છે એમ પાછલા અધ્યાયમાં છેવટે કહ્યું છે, માટે હરસ તથા અતિસારની ચિકિત્સામાં સમાનતા છે. આ કારણથી હરસ પછી અતિસારની ચિકિત્સા કહેવાનો આરંભ કરતાં ગ્રંથકર્તા કહે છે કે :

अथातोऽतीसारचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે અતિસારની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે :

વાયુના અતિસારના ઉપાય

બહુ વાયુવાળા અતિસારના ઉપાય

(શ્લોક ૦।। થી ૪।।)

વાયુના અતિસારમાં પણ પહેલાં ઉપવાસ : કારણ

अतीसारो हि भूयिष्ठं भवत्यामाशयान्वयः ।
हत्वाऽग्निं वातजेऽप्यस्मात्प्राक्
तस्मिल्लङ्घनं हितम् ॥ १ ॥

અતિસારનો રોગ ઘણુંખરું જઠરાગ્નિને મંદ કરીને આમાશય(હોજરી)મા ઉત્પન્ન થાય છે, માટે વાયુથી થયેલો અતિસાર હોય તોપણ એ રોગમા પ્રથમ ઉપવાસ કરવા શ્રેષ્ઠ છે. (અતિસાર આમાશયમાંથી થાય છે માટે તેને આમાશયના સંબંધવાળો કહ્યો છે. મૂળમાં કહ્યું છે કે 'વાયુનો અતિસાર હોય તોપણ ઉપવાસ કરવા શ્રેષ્ઠ છે.' એ ઉપરથી સમજવું કે કફ વગેરેથી થયેલા અતિસારમા તો ઉપવાસ વધારે હિતકર છે. અતિસાર કોઈ વાર ભય વગેરેથી થાય છે, તે આમાશયમાથી થતો નથી, માટે એમ કહ્યું છે કે ઘણુંખરું (હમેશાં નહિ,) અતિસાર આમાશયમાથી થાય છે. વળી એમ પણ સમજવું કે અતિસારની પાછલી અવસ્થામા અતિસાર જૂનો થયા પછી રોગીના ધાતુ વગેરેનો અપચય (ક્ષય) થઈ જાય છે માટે તે સમયે તેને ઉપવાસ કરાવવા જરૂરના

નથી; માત્ર અતિસારની શરૂઆતના દિવસોમા (સામ અવસ્થામાં) ઉપવાસ હિતકારક છે.)

શૂળ, આનાહ અને પ્રસેકવાળા અતિસારમાં વમન

शूलानाहप्रसेकार्तं वामयेदतिसारिणम्।

જે અતિસારવાળો રોગી શૂળ, આનાહ (પેટ ચડવું) અને પ્રસેક (મોંમાંથી લાળ પડવી) એ ઉપદ્રવોથી પીડાતો હોય તેને ઊલટી કરાવવી. (એને પ્રથમ ઉપવાસ હિતકર છે. ઉપવાસ પછી ઊલટીઓ કરાવવી. કેવળ વાયુનો અતિસારવાળાને જ વમન આપવુ એમ નહિ, પણ પિત્તના અતિસારવાળાને કે કફના અતિસારવાળાને પણ ઉપરના ઉપદ્રવો હોય તો તેને પણ વમન હિતકર છે.)

અતિસારમાં ઝાડા બંધ ક્યારે ન કરવા?

दोषाः सन्निचिता ये च विदग्धाहारमूर्च्छिताः॥
अतीसाराय कल्पन्ते तेषूपेक्षैव भेषजम्।
भृशोत्क्लेशप्रवृत्तेषु स्वयमेव चलात्मसु ॥ ३ ॥

અને વિદગ્ધ આહાર (=આમાજીર્ણ, વિદગ્ધાજીર્ણ, વિષ્ટબ્ધાજીર્ણ અને રસશેષાજીર્ણ–ચરક ચિ. ૧૯/૧૩ કે ચક્રપાણિદત્ત–)ને લીધે વધીને પુષ્કળ સંચિત થયેલા દોષો અતિસારનો રોગ કરે છે. એ દોષોનો ખૂબ ઉત્ક્લેશ થવાથી વહેવાના સ્વભાવવાળા એ દોષો પોતાની મેળે જ (ઝાડા વાટે) બહાર નીકળતા હોય તેમને નીકળવા દેવા એ જ ખરો ઇલાજ છે.

આમાતિસારમાં ગ્રાહી ઔષધ ન આપવું

न तु सङ्ग्रहणं योज्यं पूर्वमामातिसारिणि।

આમાતિસારવાળા રોગીને સંગ્રાહી એટલે ઝાડાને રોકે એવું ઔષધ શરૂઆતમાં ન આપવુ.

દોષના વિબંધમાં હરડે

अपि चाध्मानगुरुताशूलस्तैमित्यकारिणि ॥४॥
प्राणदा प्राणदा दोषे विबद्धे सम्प्रवर्तिनी।

જ્યારે દોષનો વિબંધ થયો હોય (લગાર-લગાર થોડો પ્રવૃત્ત થતો હોય), ત્યારે અતિસારવાળાનું પેટ ચડે છે, શરીર ભારે થાય છે, શૂળ આવે છે અને જડતા થાય છે. એવે પ્રસંગે રોગીને પ્રાણદા (હરડે) જ પ્રાણદા (જીવન આપનારી) થાય છે, અર્થાત્ રોગીને હરડે પાવી અથવા તેનું ચૂર્ણ પાણી સાથે આપવું.

આ બહુ દોષવાળા અતિસારના દરદીના ઉપચાર કહ્યા. હવે સાધારણ દોષવાળા અને થોડા દોષવાળા અતિસારના દરદીના ઉપચાર કહે છે.

મધ્યમ દોષવાળા અતિસારના ઉપાય

पिबेत्प्रकथितास्तोये मध्यदोषो विशोषयन् ॥५॥
भूतीकपिप्पलीशुण्ठीवचाधान्यहरीतकीः।
अथवा बिल्वधनिकामुस्तनागरवालकम् ॥ ६॥
बिडपाठावचापथ्याकृमिजिन्नागराणि वा।
शुण्ठीघनवचामाद्रीबिल्वत्वक्सकहिङ्गु वा ॥ ७॥

મધ્યમ દોષવાળા અતિસારના રોગીએ પ્રથમ ઉપવાસ કરવા. પછી કરિયાતું, પીપર, સૂંઠ, વજ, ધાણા, હરડે, એ ઔષધોનો કલ્કકરીને પછી તેને સારી રીતે ઉકાળીને પ્રમથ્યા બનાવીને પીવી અથવા એ જ રીતે ઉકાળીને બીલું, ધાણા, મોથ, સૂંઠ અને વાળો એ ઔષધ પીવાં; અથવા બીડલવણ, પહાડમૂળ, વજ, હરડે, વાવડિંગ અને સૂંઠ એ ઔષધ પીવાં; અથવા સૂંઠ, મોથ, વજ, પીપર, બીલાનો ગર્ભ, કડાછાલ અને હિંગ એ ઔષધ પીવાં.

અલ્પ દોષવાળા અતિસારનો ઉપાય

शस्यते त्वल्पदोषाणामुपवासोऽतिसारिणाम्।

જે અતિસારવાળાના દોષ થોડા કોપ્યા હોય તેણે ઉપવાસ કરવા એ જ શ્રેષ્ઠ છે. (મધ્યમ દોષવાળાઓને અને બહુ દોષવાળાઓને ઉપવાસ કરાવીને પછી ઔષધ આપવું પડે છે, પણ અલ્પ દોષવાળાને ઔષધ આપવાની જરૂર નથી; કારણ કે ઔષધ વિના જ માત્ર ઉપવાસથી તેને અતિસાર મટે છે.)

અતિસારમાં તરસનો ઉપાય

वचाप्रतिविषाभ्यां वा मुस्तापर्पटकेन वा ॥ ८॥
ह्रीबेरनागराभ्यां वा विपक्वं पाययेज्जलम्।

અતિસારના રોગીને તરસ લાગે તો દોષ, દેશ વગેરેનો વિચાર કરીને કોઈ વખત વજ અને અતિવિષ નાખીને ઉકાળેલું પાણી પાવું;

કોઈ વખત મોથ અને પિત્તપાપડો નાખીને ઉકાળેલુ પાણી પીવુ; અને કોઈ વખત વાળો અને સૂંઠ નાખીને ઉકાળેલુ પાણી પાવુ.

(વિપકવ—ઊકળતા ઊકળતા આઠમા ભાગથી પણ ઘણું ઓછું પાણી બાકી રહે એટલું ખૂબ ઉકાળેલુ.)

અતિસારમાં ભોજન

युक्तेऽन्नकाले क्षुत्क्षामं लघ्वन्नं प्रतिभोजयेत् ॥९
तथा स शीघ्रं प्राप्नोति रुचिमग्निबलं बलम् ।

(ઉપવાસની અવસ્થા પૂરી થયા પછી) અતિસારવાળાને જ્યારે અત્યંત ભૂખ લાગે ત્યારે ખાવાનો યોગ્ય વખત થયે તેને ઘણું હલકું ભોજન ખાવા આપવુ. તેથી તેને જલદીથી રુચિ, જઠરાગ્નિનું બળ અને શરીરનું બળ પ્રાપ્ત થાય છે. (બીજા રોગવાળાઓને જેમ બરાબર ઉપવાસ કરાવ્યા પછી તરત જ ભોજન આપવામા આવે છે, તેમ અતિસારવાળાને આપવું નહિ; પરંતુ બરાબર ઉપવાસ થયા હોવાનાં લક્ષણ (સૂત્રસ્થાન અધ્યાય ૧૪, શ્લોક ૧૬૬ થી ૧૭૬) એનામાં જણાય તે પછી પણ થોડીવાર લગાડીને તેને ભોજન આપવુ. ભોજન આપવુ તે પણ હલકુ અને થોડુ આપવુ.)

અતિસારવાળાનુ પીણું

तर्केणावन्तिसोमेन यवाग्वा तर्पणेन वा ॥१०॥
सुरया मधुना वाऽथ यथासात्म्यमुपाचरेत् ।

આવું ભોજન કરનારને છાશ, કાંજી, પેયા, તર્પણ ઔષધિનું જળ, સુરા કે દ્રાક્ષનો દારૂ, એમાથી ગમે તે એક જે જેને માફક હોય તે તેને, પીવા આપવુ.

ત્યાર પછી અતિસારવાળાનું ભોજન

भोज्यानि कल्पयेदूर्ध्वं ग्राहिदीपनपाचनैः ॥ ११ ॥
बालबिल्वशठीधान्यहिङ्गुवृक्षाम्लदाडिमैः ।
पलाशहपुषाजाजीयवानीबिडसैन्धवैः ॥ १२ ॥
लघुना पञ्चमूलेन पञ्चकोलेन पाठया ।

એ પછી (શ્લોક ૯ થી ૧૦૬વાળા ભોજન અને પીણાની અવસ્થા પૂરી થયા પછી) અતિસારવાળાનુ ભોજન કુમળા બીલા, ષટ્કચૂરો, ધાણા, હિંગ, આમચુર, દાડમ, ખાખરો, પલાંશી, જીરું, યવાની અજમો, બિડલવણ, સિંધવ, લઘુપંચમૂળ, પંચકોલ (પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ), પહાડમૂળ એટલાં ગ્રાહી, દીપન અને પાચન ઔષધોથી બનાવવું.

કફ અને પિત્ત વધારે હોય એવા અતિસારમાં પેયા : વાયુનુ અનુલોમન કરે એવી પેયા

शालिपर्णीबलाबिल्वैः पृश्निपर्ण्या च साधिता ॥१३
दाडिमाम्ला हिता पेया कफपित्ते समुल्बणे ।
अभयापिप्पलीमूलबिल्वैर्वातानुलोमनी ॥ १४॥

જે અતિસારમાં કફ અને પિત્ત વધારે કોપેલા હોય તો શાલિપર્ણી, બળદાણા, બીલા, પૃશ્નિપર્ણી એ ઔષધોથી સિદ્ધ કરેલી પેયામા દાડમની ખટાઈ નાખીને પાવી તે હિતકર છે. વાયુનુ અનુલોમન કરવા માટે (વાયુને તેના સ્વાભાવિક માર્ગે પ્રવૃત્ત કરવા માટે) હરડે, પીપરીમૂળ અને બીલાંથી સિદ્ધ કરેલી પેયા પાવી.

બહુ દોષવાળા, પ્રદીપ્ત અગ્નિવાળા અતિસારીને થોડો થોડો ઝાડો થાય તો આપવાનાં વિરેચન અને પેયા

विबद्धं दोषबहुलो दीप्ताग्निर्योऽतिसार्यते ।
कृष्णाविडङ्गत्रिफलाकषायैस्तं विरेचयेत् ॥ १५
पेयां युञ्ज्याद्विरिक्तस्य वातघ्नैर्दीपनैः कृताम् ।

જે બહુ દોષવાળા અતિસારના રોગીને થોડો થોડો ઝાડો થયા કરતો હોય પણ તેનો જઠરાગ્નિ મંદ ન પડેલો હોય તેને પીપર, વાવડિંગ અને ત્રિફળાનો ક્વાથ પાઈને જુલાબ આપવો. જુલાબ થયા પછી તેને વાયુનો નાશ કરે એવા અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરે એવાં ઔષધો વડે કરેલી પેયા આપવી.

નિરામ, પ્રદીપ્ત અગ્નિવાળા અતિસારમાં મરડા જેવું હોય તેનો ઉપાય

आमे परिणते यस्तु दीप्तेऽग्नावुपवेश्यते ॥१६॥
सफेनपिच्छं सरुजं सविबन्धं पुनः पुनः ।
अल्पाल्पमल्पशमलं निर्विड्वा सप्रवाहिकम् ॥१७॥
दधितैलघृतक्षीरैः स शुण्ठीं सगुडां पिबेत् ।
स्विन्नानि गुडतैलेन भक्षयेद् बदराणि वा ॥१८॥
गाढविड्विहितैः शाकैर्बहुस्नेहैस्तथा रसैः ।
क्षुधितं भोजयेदेनं दधिदाडिमसाधितैः ॥१९॥

शाल्योदनं तिलैर्माषैर्मुद्गैर्वा साधु साधितम् ।
शट्या मूलकपोतायाः पाठायाः स्वस्तिकस्य वा ॥२०॥
सूपायवानीकर्कारुक्षीरिणीचिर्भटस्य वा ।
डपोदकाया जीवन्त्या वाकुच्या वास्तुकस्य वा ॥
सुवर्चलायाश्चुच्चोर्वा लोणिकाया रसैरपि ।
कूर्मवर्तकलोपाकशिखितित्तिरिकौक्कुटैः ॥ २२ ॥

અતિસારના રોગવાળા માણસને આમ પાકયા પછી અને જઠરાગ્નિ પ્રદીપ્ત થયા પછી જો તેના ઝાડા ફીણુ અને પિચ્છાવાળા થતા હોય, પીડા સાથે થતા હોય, થોડોથોડા વારંવાર થતા હોય, અટકીઅટકીને થતા હોય, મળ (વિષ્ઠા) સહિત કે મળરહિત થતા હોય, ફીણુ (જળસ) નીકળતું હોય તો તેવા અતિસારવાળાએ સૂંઠના ચૂર્ણમાં ગોળ નાખીને તેને દહીં, તેલ, ઘી અને દૂધ સાથે મેળવીને પીવું; અથવા તેણે બાફેલાં બોર, ગોળ અને તેલમાં ખાવાં. એ પ્રમાણે દોષ વગેરે બાબતોનો વિચાર કરીને કોઈકવાર સૂંઠ પીધા પછી અને કોઈક વાર ઉપર કહેલાં બોર ખાધા પછી અતિસારવાળાને બહુ ભૂખ લાગે તો તેને, મળને બાંધનારાં ખેથવાની ભાજી વગેરે શાક તથા ઘણા સ્નેહવાળા માંસરસ દહીં તથા દાડમ વગેરેથી સિદ્ધ કરીને તેની સાથે શાલિ ચોખાનો ભાત ખવડાવવો; અથવા તલ, અડદ કે મગ વડે સારી રીતે સિદ્ધ કરેલો એટલે તલ, અડદ કે મગ ભેગા નાખીને રાંધેલો શાલિ ચોખાનો ભાત ખાવા આપવો; અથવા પટ્ટકચૂરો, ઘણા કુમળા નાના મૂળા, પહાડમૂળ, સ્વસ્તિક, સૂષા, યવાની (અજમોદ), ભૂરું (નાનુ) કોળું, દૂધી, ચીભડું, પોઈ, જીવંતી, બાવચી, બથવાની ભાજી, અળસી, ઢુંછની ભાજી અથવા લૂણી, એમાંના ગમે તે શાકના રસ સાથે અથવા કાચબો, ચકલાં, શિયાળ, મોર, તેતર અથવા કૂકડાના માંસરસ સાથે શાલિ ચોખાનો ભાત ખાવા આપવો.

પકવાતિસારના ઉપાય

बिल्वमुस्ताक्षिभैषज्यधातकीपुष्पनागरैः ।
पक्वातीसारजिच्चक्के यवागूर्दाधिकी तथा ॥ २३ ॥
कपित्थकच्छुराफञ्जीयूथिकावटशेलुजैः ।
दाडिमीशाणकार्पासीशाल्मलीनां च पल्लवैः ॥२४

ખીલું, મોથ, પડાણી લોધર, ધાવડીનાં ફૂલ, સૂંઠ, એ ઔષધોથી સિદ્ધ કરેલી યવાગૂ પીવાથી પકવાતિસાર (નિરામ અતિસાર) મટે છે; તેમ જ કોઠ, ધમાસો, ફાંગ, પીળી જુઈ, વડ અને ગૂંદાં, એ સર્વનાં પાંદડાં તથા દાડમ, શણુ, કપાસ, શીમળો અને કેળ-એ સર્વનાં પાંદડાંથી સિદ્ધ કરેલી યવાગૂમાં દહીં નાખીને તે ખાવાથી પકવાતિસાર મટે છે.

મરડાના ઉપાય

कल्को बिल्वशलाटूनां तिलकल्कश्च तत्समः ।
दध्नः सरोऽम्लः सस्नेहः खलो
हन्ति प्रवाहिकाम् ॥ २५॥

કાચાં અને નાના બીલાંનો કલ્ક કરીને તેની બરોબર તલનો કલ્ક મેળવવો તથા તેમાં ઘી વગેરે સ્નેહ દેશ, દોષ વગેરેનો વિચાર કરીને નાખવો અને તે સર્વમાં દહીંની ખાટી તર મેળવવી. એ રીતે બનાવેલા ખલથી મરેડા મટે છે.

(પ્રવાહિકાનું લક્ષણ)

सृते रक्ते पुरीषे च वायुना विडविवर्जितम् ।
प्रवाहिकेति विख्यातं यत्फेनाभं प्रवर्तते ॥
(અરુણદત્ત શ્લોક ૧૭)

(થોડો) લાલ ઝાડો નીકળ્યા પછી વાયુને લીધે (કે વાયુ સાથે) ઝાડા વિનાનું ફીણુ જેવું (જળસ) નીકળે તેને પ્રવાહિકા કહે છે.)

અપરાજિત ખલ

मरिचं धनिकाऽजाजी
तिन्तिडीकं शठी बिडम् ।
दाडिमं धातकी पाठा त्रिफला पञ्चकोलकम् ॥२६
यावशूकं कपित्थाम्रजम्बूमध्यं सदीप्यकम् ।
पिष्टैः षड्गुणबिल्वैस्तैर्दध्नि मुद्गरसे गुडे ॥२७॥
स्नेहे च यमके सिद्धः खलोऽयमपराजितः ।
दीपनः पाचनो ग्राही रुच्यो बिम्बिशिनाशनः ॥

મરી, ધાણા, જીરું, આમલી, પટ્ટકચૂરો, બિડલવણુ, દાડમ, ધાવડીનાં ફૂલ, પહાડમૂળ, ત્રિફળા, પંચકોલ (સૂંઠ, પીપર, પીપરીમૂળ,

ચિત્રો, ચવક), જવખાર, કોઠાનો ગર્ભ, કેરી, જાંબુડાનો ગર્ભ, અજમોદ તથા એ સર્વથી છગણો ખીલાનો ગર્ભ એ સર્વને એકઠા વાટીને તેને દહીં, મગનો રસ (મગનું ઓસામણ), અને ગોળમાં નાખીને એકત્ર કરવું. પછી તે સર્વને ચારમાંથી ગમે તે બે સ્નેહ લઈને તેમાં નાખીને પકવ કરવું. આ ઔષધને અપરાજિત ખલ કહે છે. એ દીપન, પાચન, ગ્રાહી અને રુચિ ઉત્પન્ન કરે એવો છે; તથા મરડાનો નાશ કરે છે.

कोलानां बालबिल्वानां कल्कैः शालियवस्य च ।
मुद्गमाषतिलानां च धान्ययूषं प्रकल्पयेत् ॥२९॥
ऐकध्यं यमके भृष्टं दधिदाडिमसारिकम् ।
वर्चःक्षये शुष्कमुखं शाल्यन्नं तेन भोजयेत् ॥३०॥
दध्नः सरं वा यमके भृष्टं सगुडनागरम् ।
सुरां वा यमके भृष्टां व्यञ्जनार्थं प्रयोजयेत् ॥३१
फलाम्लं यमके भृष्टं यूषं गृञ्जनकस्य वा ।
भृष्टान्वा यमके सक्तून् खादे-
द्व्योषावचूर्णितान् ॥ ३२ ॥
माषान् सुसिद्धांस्तद्वद्वा घृतमण्डोपसेवनान् ।
रसं सुसिद्धपूतं वा छागमेषान्तराधिजम् । ३३॥
पचेद्दाडिमसाराम्लं सधान्यस्नेहनागरम् ।
रक्तशाल्योदनं तेन भुञ्जानः प्रपिबंश्च तम् ॥३४॥
वर्चःक्षयकृतैराशु विकारैः परिमुच्यते ।

પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ, નાનાં ખીલાં, શાલિ ચોખા, જવ, મગ, અડદ, તલ, એ સર્વનો ભેગો કલ્ક કરીને (एकध्यं) તે વડે ધાન્યયૂષ કરવો. પછી તેને ચારમાંના ગમે તે બે સ્નેહમા નાખીને વઘારવો અને તેમાં દાડમની કળીઓ(બીજ)નો રસ તથા દહીં નાખવું. પછી જે અતિસારવાળા રોગીના મળનો ક્ષય થઈ જવાથી મોઢે શોષ પડતો હોય, તે રોગીને તેની સાથે શાળ ચોખાનો ભાત ખાવા આપવો અથવા ચારમાંના ગમે તે બે સ્નેહમાં વઘારેલી દહીંની તરમાં ગોળ અને સૂંઠ નાખીને તે સાથે રાતી શાળનો ભાત ખાવા આપવો અથવા ગમે તે બે સ્નેહમાં સુરાને વઘારીને તેને ભાત સાથે કઢીને ઠેકાણે વાપરવી અથવા ખિજૂરાંના કે આમચૂરના કે દાડમ વગેરેના રસ વડે ખાટા બનાવેલા ગાજરના યૂષને તે ભાત સાથે (વ્યંજન તરીકે) ખાવો અથવા સૂંઠ, પીપર અને મરીનું ચૂર્ણ ભેળવેલા સાથુને ગમે તે બે સ્નેહમાં શેકીને ખાવો, અથવા સારી રીતે બાફેલા અડદને થોડા ઘૃતમંડમાં ભેળવીને ખાવા; અથવા બકરા કે ઘેટાના અંતરાધિના માંસરસને સારી રીતે સિદ્ધ કરીને તથા ગાળીને તેમાં દાડમની કળીઓની ખટાઈ તથા ધાણા અને સૂંઠ નાખીને તેને સ્નેહ-(ઘી વગેરે ગમે તે)માં રાંધીને એ માંસરસ સાથે રાતી શાળનો ભાત ખાવાથી અને એ માંસરસ પીવાથી અતિસારવાળા રોગીમા ઝાડાના મળનો ક્ષય થવાથી જે વિકાર થાય છે (સૂત્રસ્થાન અધ્યાય ૧૧, શ્લોક ૨૧) તેમાંથી તે જલદી મુક્ત થાય છે.

ઘૃતમંડ–ઘટ્ટ ઘી ઉપર તરતું પાતળું (પ્રવાહી) ઘી.

અતિસારમાં શૂળવાળા મરડાનો ઉપાય

बालबिल्वं गुडं तैलं पिप्पलीं विश्वभेषजम् ॥ ३५॥
लिह्याद्वाते प्रतिहते सशूलः सप्रवाहिकः ।

વાયુનો પ્રકોપ થવાથી જેને શૂળ આવતું હોય અને મરડો થયો હોય તેણે નાનાં કૂમળાં ખીલાં, ગોળ, તેલ, પીપર, સૂંઠ એ ઔષધોને ભેગા કરીને ચાટવાં.

वल्कलं शाबरं पुष्पं धातक्या बदरीदलम् ॥३६॥
पिबेद्दधिसरक्षौद्रकपित्थस्वरसाप्लुतम् ।

લોધરની છાલ, ધાવડીનાં ફૂલ અને બોરડીનાં પાંદડાં એ સર્વને એકઠાં કચરીને તેને દહીંની તર, મધ અને કોઠીનાં પાંદડાંનો રસ એ સર્વમાં ભેળવીને (ડોહીને) પીવાં. (એથી વાયુના કોપથી થયેલાં શૂળ અને મરડો મટશે.)

विबद्धवातवर्चास्तु बहुशूलप्रवाहिकः ॥ ३७ ॥
सरक्तपिच्छस्तृष्णार्तः क्षीरसौहित्यमर्हति ।
यमकस्योपरि क्षीरं धारोष्णं वा प्रयोजयेत् ॥३८॥
शृतमेरण्डमूलेन बालबिल्वेन वा पुनः ।

જે અતિસારના રોગવાળા માણસને વાયુનો અને ઝાડાનો વિબંધ થઈ ગયો હોય, જેને

ગુદામાં ઘણા સણકા મારતા હોય તથા મળ વિના માત્ર ફીણ જેવો પદાર્થ વારંવાર ઘણો પડતો હોય, તેમ જ ઝાડા વાટે લોહી અને જળસ પડતાં હોય; તથા તેની સાથે તેને તરસ પણ વારંવાર લાગતી હોય તેવા રોગીને ધરાતાં સુધી દૂધ પાવું; અથવા ચારમાંના ગમે તે બે સ્નેહ તેને પાઈને તે ઉપર તેને ધારોષ્ણ દૂધ પાવું (તરત દોહેલું ફીણભર્યું દૂધ તે ધારોષ્ણ દૂધ જાણવું); અથવા એરંડાનું મૂળ કચરીને દૂધમાં નાખીને દૂધ ઉકાળવું તથા પછી ઠંડું પડવા દઈ તે પાવું; અથવા નાનાં બીલાં કચરીને દૂધમાં ઉકાળી તે દૂધ ઠંડું પાડી પાવું.

पयस्युत्क्वाथ्य मुस्तानां विंशतिं
त्रिगुणेऽम्भसि ॥ ३९ ॥
क्षीरावशिष्टं तत्पीतं हन्यादामं सवेदनम् ।

દૂધથી ત્રણગણું પાણી લઈને તેમાં વીસ મોથ ઉકાળવી. જ્યારે ફક્ત દૂધ બાકી રહે ત્યારે તે ઉતારીને ગાળી લેવું. તે દૂધ પીવાથી વેદના સહિત જે આમ (જળસ) પડતો હશે તે મટશે. (અહીંયાં વીસ મોથ કહેલી છે તેટલી મોથનું વજન સામાન્ય રીતે ચાર તોલા થાય. સામાન્ય કલ્પના પ્રમાણે એતા ચાર તોલા મોથને ચોસઠ તોલા પ્રવાહીમાં ઉકાળીને ચોથા ભાગનો એટલે સોળ તોલા કવાથ બાકી રહે તે લેવો જોઈએ. ત્યારે એ ઉપરથી સોળ તોલા દૂધ અને તેથી ત્રણગણું એટલે અડતાળીસ તોલા પાણી મળીને ચોસઠ તોલા પ્રવાહી થાય છે. તેમાં ચાર તોલા મોથ ઉકાળતાં બાકી સોળ તોલા દૂધ રહે તે ઉપયોગમાં લેવું.)

पिप्पल्याः पिबतः सूक्ष्मं रजो मरिचजन्म वा ॥४०
चिरकालानुषक्ताऽपि नश्यत्याशु प्रवाहिका ।

પીપરનું બારીક ચૂર્ણ કરીને પાણી સાથે પીનારનો અથવા મરીનું બારીક ચૂર્ણ કરીને પાણી સાથે પીનારનો ઘણા કાળથી ચાલુ રહેલો મરડો જલદીથી નાશ પામે છે.

નિરામ, શૂળવાળા, કૃશ અને રૂક્ષ અતિસારરોગી માટે ઉપાય

निरामरूपं शूलार्तं लङ्घनाद्यैश्च कर्शितम् ॥ ४१ ॥
रूक्षकोष्ठमपेक्ष्याग्निं सक्षारं पाययेद् घृतम् ।

જે રોગી નિરામ, શૂળથી પીડાયેલો, ઉપવાસ વગેરેથી કૃશ થયેલો અને રૂક્ષ (લૂખા) કોઠાવાળો હોય તેના જઠરાગ્નિના બળનો વિચાર કરીને તેને ક્ષાર સહિત ઘી પાવું.

सिद्धं दधिसुरामण्डे दशमूलस्य चाम्भसि ।४२।
सिन्धूत्थपञ्चकोलाभ्यां तैलं सद्योऽर्तिनाशनम् ।

દહીંના મંડમાં કે સુરાના મંડમાં કે દશમૂળના કવાથમાં સિંધવ અને પંચકોલ(પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ)ના કલ્કથી સિદ્ધ કરેલું તેલ ઉપર કહેલા રોગવાળાની પીડાનો તત્કાળ નાશ કરે છે.

षड्भिः शुण्ठ्याः पलैर्द्वाभ्यां
द्वाभ्यां ग्रन्थ्यग्निसैन्धवात् ॥ ४३ ॥
तैलप्रस्थं पचेद्दध्ना निःसारकरुजापहम् ।

ચોવીસ તોલા સૂંઠ, આઠ તોલા પીપરીમૂળ, આઠ તોલા ચિત્રો અને આઠ તોલા સિંધવ એ સર્વના કલ્ક કરીને તે વડે દહીંમાં ચોસઠ તોલા તેલ સિદ્ધ કરવું. એ તેલ અતિસારની પીડાને મટાડે છે.

ઝાડાની કબજિયાત અને શૂળના ઉપાય

पक्तो मांसदुग्धाज्यं पुरीषग्रहशूलजित् ॥ ४४ ॥
पानानुवासनाभ्यङ्गप्रयुक्तं तैलमेकतः ।
तद्धि वातजितामग्र्यं शूलं च विगुणोऽनिलः ॥४५

એક બાજુ માંસ, દૂધ અને ઘી આપવાથી ઝાડાની કબજિયાત અને શૂળ એ ઉપદ્રવો મટે છે, તથા બીજી બાજુ પીવા માટે, અનુવાસન માટે અને અભ્યંગ માટે વાપરેલું તેલ પણ ઝાડાની કબજિયાત અને શૂળને મટાડે છે; કારણ કે તેલ એ વાયુને મટાડનારાં સર્વ ઔષધોમાં શ્રેષ્ઠ છે; અને કોપ પામેલો વાયુ એ જ શૂળ છે; માટે તેલ વાયુને જીતે છે એટલે શૂળ મટે છે.

શૂળ અને મરડામાં તેલ ઉત્તમ હોવાનું કારણ

धात्वन्तरोपमर्दाद्धि चलो व्यापी स्वधामगः ।
तैलं मन्दानलस्यापि युक्त्या शमकरं परम् ॥४६॥
वाय्वाशये सतैले हि विम्पिसी नावतिष्ठते ।

જ્યારે પિત્ત અને કફ વગેરે ધાતુઓ ક્ષીણ થાય છે, ત્યારે વાયુ આખા શરીરમાં વ્યાપે

છે અને પોતાના સ્થાનમા એટલે પકવાશયમાં (નાના આંતરડામા) તે કોપે છે. અતિસારવાળા રોગીની આ અવસ્થા થાય છે તે સમયે જોકે તેનો જઠરાગ્નિ મંદ હોય છે; છતા યુક્તિ વડે (પ્રયોગ વડે) તેને તેલ આપવામાં આવે તો તે તેના દુઃખનો નાશ કરી તેને ઘણુ સુખ આપે છે; કેમ કે જ્યારે વાયુના સ્થાનમા (નાના આંતરડામા) તેલ જાય છે, ત્યારે મરડો ટકી શકતો નથી.

પ્રવાહિકા(મરડા)માં તેલ જ શ્રેષ્ઠ છે

क्षीणे मले स्वायतनच्युतेषु
दोषान्तरेष्वीरण पक्वारे ।
को निघ्नन्प्राणिति कोष्ठशूली
नान्तर्बहिस्तैलपरो यदि स्यात् ॥४७॥

જ્યારે (આતરડામાં) મળ (ઝાડો) ઓછા થઈ ગયો હોય, વાયુ સિવાયના બીજા દોષો (કફ અને પિત્ત) પોતપોતાના સ્થાનમાથી ચલિત થયા હોય અને વાયુ એકલો જ પોતાની બહાદુરી બતાવતો હોય (જોર મારતો હોય) ત્યારે દરદીને કોઠામા શૂળ આવે છે અને ઝાડો થતા શૂળ આવે છે અને રોઈ પડાય છે. એવી અવસ્થાવાળો કયો દરદી અદર અને બહાર તેલ વાપર્યા વિના (=તેલ પીધા વિના અને તેલથી અનુવાસન અને અભ્યંગ કર્યા વિના) જીવી શકે?

ગુદામાં પીડા તથા આમળ માટે ઉપાય

गुदरुग्भ्रंशयोर्युञ्ज्यात्सक्षीरं साधितं हविः ॥४८॥
रसे कोलाम्लचाङ्गेर्योर्दध्नि पिष्टे च नागरे ।

દૂધ અને ઘી ભેગા કરીને તેમા બોરનો અને ખાટી લૂણીનો રસ નાખવો તથા તેમા દહીંની મદદથી (દહી નાખીને) વાટેલી સૂઠની લૂગદી બનાવીને નાખવી. પછી એ બધુ દેવતા પર મૂકીને એનુ ઘી સિદ્ધ કરવુ. ગુદામા પીડા થતી હોય અથવા આમળ બહાર નીકળતી હોય તો આ ઘી આપવુ. આ પાક કરવામા સૂઠ કરતા ઘી ચારગણુ લેવું અને ઘી કરતા બોર અને ખાટી લૂણીનો રસ ચારગણો લેવો. દૂધ અને ઘી સરખે ભાગે લેવા.

तैरेव चाम्लैः संयोज्य सिद्धं सुश्लक्ष्णकल्कितैः ॥४९॥
धान्योषणविडाजाजीपञ्चकोलकदाडिमैः ।

પાછળ (શ્લોક ૪૮માં) કહેલા બોર અને ખાટી લૂણીના રસમાં ધાણા, મરી, બિડલવણ, જીરું, સૂઠ, પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક અને દાડમ એ ઔષધોના સૂક્ષ્મ (બારીક) કલ્ક વડે સિદ્ધ કરેલુ ઘી પણ એ જ ફાયદો આપે છે.

योजयेत्स्नेहबस्तिं वा दशमूलेन साधितम् ।
शठीशताह्वाकुष्ठैर्वा वचया चित्रकेण वा ॥५०॥

અથવા દશમૂળ વડે સિદ્ધ કરેલા ઘી વડે સ્નેહબસ્તિ આપવી અથવા ષટકચૂરો, સુવા અને ઉપલેટથી સિદ્ધ કરેલા અથવા વજ વડે સિદ્ધ કરેલા અથવા ચિત્રા વડે સિદ્ધ કરેલા ઘી વડે સ્નેહબસ્તિ આપવી.

મરડા, આમળ, મૂત્રાઘાત અને કટિગ્રહમાં અનુવાસન

प्रवाहणे गुदभ्रंशे मूत्राघाते कटिग्रहे ॥५१॥
मधुराम्लैः शृतं तैलं घृतं वाऽप्यनुवासनम् ।

મરડો, આમળ નીકળવી, મૂત્રાઘાત અને કમ્મર જકડાઈ જવી, એ રોગોમા ગળ્યાં અને ખાટા ઔષધોથી સિદ્ધ કરેલુ તેલ કે ઘી અનુવાસનબસ્તિમા આપવુ.

આમળ નીકળે તો શું કરવું?

प्रवेशयेद्गुदं ध्वस्तमभ्यक्तं स्वेदितं मृदु ॥५२॥
कुर्याच्च गोफणाबन्धं मध्यच्छिद्रेण चर्मणा ।

ગુદા (આમળ) બહાર નીકળી ગઈ હોય તો તેને તેલ ચોપડીને તથા શેક કરીને કોમળ કરવી, પછી માહ્ય ઘાલવી તથા વચમા છિદ્રવાળા ચામડા વડે ગોફણાબંધ બાંધવો.

ગોફણાબંધ: ગોફણ જેવા આકારનો પાટો.

पञ्चमूलस्य महतः क्वाथं क्षीरे विपाचयेत् ॥५३॥
उन्दुरुं चान्त्ररहितं तेन वातघ्नकल्कवत् ।
तैलं पचेद्गुदभ्रंशे पानाभ्यङ्गेन तज्जयेत् ॥५४॥

મોટા પંચમૂળનો ક્વાથ કરવો તથા વજનમાં તેની બરાબર તેલ લઈને તે તેલ અને ક્વાથ ભેગા દૂધમા પક્વ કરવા. એ દૂધમા આતરડારહિત (આતરડા કાઢી લીધેલા) ઉંદર અને વાયુનાશક ઔષધોનો કલ્ક (રાસ્ના, એરંડમૂળ વગેરેનો કલ્ક) નાખવો. પાકમા દૂધ તેલથી

ચોગણું લેવું. અહીં બીજો દ્રવ પદાર્થ નથી માટે તેલથી દ્રવ ચોગણો લેવો જ જોઈએ; બીજા સ્નેહની પેઠે અહીં દૂધ તેલની બરોબર લેવું નહિ. દૂધ ઘણું હોવાથી વાયુનું કાર્ય જે ગુદભ્રંશ (આમળ નીકળવી) તેને જલદીથી શમાવે છે, માટે ચારગણું દૂધ લેવું એ જ યોગ્ય છે. એ રીતે સિદ્ધ થયેલું તેલ પાવાથી તથા ચોળવાથી ગુદભ્રંશ મટે છે. (ક્વાથમાં તેલ, દૂધ અને આંતરડાં કાઢી લીધેલો ઉંદર એટલું ભેગું ઉકાળી તેલ સિદ્ધ કરવું.)

પિત્તના અતિસારના ઉપાય

(શ્લોક ૫૪થી ૮૦ાા)

સામ પિત્તાતિસાર

पैत्ते तु सामे तीक्ष्णोष्णवर्ज्यं प्रागिव लङ्घनम् ।

પિત્તનો અતિસાર સામ હોય તો પાછળ વાતાતિસારમાં શરીરને હલકું કરવાને જે કરવાનું કહ્યું છે, તે બધું કરવું. માત્ર તેમાંથી જે તીક્ષ્ણ અને ઉષ્ણ હોય તે છોડી દેવું.

પિત્તાતિસારમાં તરસનો ઉપાય

तृड्वान् पिबेत् षडङ्गाम्बु सभू-
निम्बं ससारिवम् ॥५५॥
पेयादि क्षुधितस्यान्नमग्निसन्धुक्षणं हितम् ।
बृहत्यादिगणाभीरुद्विबलाशूर्पपर्णिभिः ॥५६॥

પિત્તાતિસારવાળા રોગીને તરસ લાગે તો તેણે સૂંઠ, મોથ, બન્ને વાળા (કાળો અને સુગંધીવાળો), પિત્તપાપડો, રક્તચંદન, એ ષડંગ જળમાં (ચિ. ૧/૧૫, ૧૫ાા) કરિયાતું તથા સારિવા નાખીને ક્વાથ કરીને તે ઠંડો પડ્યા પછી પીવો. જ્યારે તે રોગી અત્યંત ભૂખ્યો થાય, ત્યારે તેને અગ્નિની વૃદ્ધિ કરનારું પેયા વગેરે અન્ન ખાવા આપવું તે હિતકર છે. તે પેયા વગેરે બૃહત્યાદિ ગણ(હ્રસ્વ પંચમૂળ)-નાં ઔષધો, શતાવરી, બલા, અતિબલા અને શૂર્પપર્ણી, એ ઔષધોથી સિદ્ધ કરવાં. (હ્રસ્વ પંચમૂળ=લઘુ પંચમૂળ સૂ. ૬/૧૬૮.)

ઉપવાસ વગેરે છતાં ચાલુ રહેલા પિત્તાતિસારના ઉપાય

पाययेदनुबन्धे तु सक्षौद्रं तण्डुलाम्भसा ।
कुटजस्य फलं पिष्टं सवल्कं सघुणप्रियम् ॥५७॥
पाठावत्सकबीजत्वग्दार्वीग्रन्थिकशुण्ठि वा ।
क्वाथं वाऽतिविषाबिल्ववत्सक-
फोदीच्यमुस्तजम् ॥५८॥
अथवाऽतिविषामूर्वानिशेन्द्रयवतार्क्ष्यजम् ।
समध्वतिविषाशुण्ठीमुस्तेन्द्रयवकट्फलम् ॥५९॥

પાછળ કહ્યા પ્રમાણે લંઘન અને પેયા વગેરે ઉપચારો કરવા છતાં પણ અતિસાર ન મટે, તો તે અતિસારવાળાને પહાડમૂળ, ઇંદ્રજવ, કડાછાલ, દારુહળદર, ગંઠોડા અને સૂંઠ એ સર્વનું ચૂર્ણ મધ અને ચોખાના ધોવરામણ સાથે પાવું અથવા કડાછાલ, ઇંદ્રજવ અને અતિવિષ એ ત્રણનું ચૂર્ણ મધ અને ચોખાના ધોવરામણ સાથે પાવું અથવા અતિવિષ, બીલું, કડાછાલ, વાળો અને મોથ, એ ઔષધોનો ક્વાથ પાવો, અથવા અતિવિષ, મૂર્વા (મોરવેલ), હળદર, ઇંદ્રજવ અને રસાંજન, એ ઔષધોનો ક્વાથ પાવો અથવા અતિવિષ, સૂંઠ, મોથ, ઇંદ્રજવ અને કાયફળ એ ઔષધોનો ક્વાથ મધ સાથે પાવો.

पलं वत्सकबीजस्य श्रपयित्वा रसं पिबेत् ।
यो रसाशी जयेच्छीघ्रं स पैत्तं जठरामयम् ॥६०॥
मुस्ताकषायमेवं वा पिबेन्मधुसमायुतम् ।
सक्षौद्रं शाल्मलीवृन्तकषायं वा हिमाह्वयम् ॥६१॥

જે માણસ પ્રથમ માંસરસ ખાઈને પછી ચાર તોલા ઇંદ્રજવનો પાણીમાં કરેલો ક્વાથ પીએ, તેનો પિત્તાતિસાર જલદી મટે. એ જ પ્રમાણે જે માણસ પ્રથમ માંસરસ ખાઈને પછી ચાર તોલા મોથનો પાણીમાં કરેલો ક્વાથ મધ નાખીને પીએ, તેનો પિત્તાતિસાર જલદી મટે. અથવા જે માણસ પ્રથમ માંસરસ ખાઈને પછી શીમળાનાં ફૂલનાં ડીંટાંના હિમમાં મધ નાખીને પીએ, તેનો પિત્તાતિસાર જલદી મટે.

किराततिक्तकं मुस्तं वत्सकं सरसाञ्जनम् ।
कटङ्कटेरी ह्रीवेरं बिल्वमध्यं दुरालभा ॥६२॥
तिला मोचरसं रोध्रं समङ्गा कमलोत्पलम् ।
नागरं धातकीपुष्पं दाडिमस्य त्वगुत्पलम् ॥६३॥
अर्धश्लोकैः स्मृता योगाः
सक्षौद्रास्तण्डुलाम्बुना ।

કરિયાતું વગેરે ઔષધોના ચાર યોગ દરેક અડધાઅડધા શ્લોકમાં કહેલા છે, તેમાંથી ગમે તે એક યોગ મધ અને ચોખાના ધોવરામણ સાથે પીવાથી પિત્તાતિસાર મટે છે. તે ચાર યોગ આ પ્રમાણે છે: (૧) કરિયાતું, કડુ, મોથ, કડાછાલ, રસાંજન, એ ઔષધોના ચૂર્ણને મધ તથા ચોખાના ધોવરામણ સાથે પીવું. (૨) ભોંયરીંગણી, વાળો, બીલાનો ગર્ભ અને ધમાસો એ ઔષધોનું ચૂર્ણ મધ અને ચોખાના ધોવરામણ સાથે પીવું. (૩) તલ, મોચરસ, લોધર, મજીઠ અને કાળું કમળ, એ ઔષધોનો કલ્ક મધ અને ચોખાના પાણી સાથે પીવો. (૪) સૂંઠ, ધાવડીનાં ફૂલ, દાડમની છાલ, કાળું કમળ એ ઔષધોનો કલ્ક મધ અને ચોખાના ધોવરામણ સાથે પીવો.

પક્વ (નિરામ) પિત્તાતિસારના ઉપાય

निशेन्द्रयवरोध्रैलाक्वाथः पक्वातिसारजित् ॥६४

હળદર, ઇંદ્રજવ, લોધર અને એલચી એ ઔષધોનો ક્વાથ પકવાતિસારને મટાડે છે, એટલે પક્વ પિત્તાતિસારને મટાડે છે.

रोध्राम्बष्ठाप्रियङ्ग्वादिगणां-

स्तद्वत् पृथक् पिबेत् ।

રોધ્રાદિગણ, અંબષ્ઠાદિ ગણ અને પ્રિયંગ્વાદિ ગણમાંથી ગમે તે એક ગણનાં ઔષધોને મધ તથા ચોખાના ધોવરામણ સાથે પીવાં, તેથી પકવાતિસાર નાશ પામે છે.

कट्वङ्गवल्कयष्ट्याह्वफलिनीदाडिमाङ्कुरैः ॥६५॥
पेयाविलेपीखलकान् कुर्यात्सदधिदाडिमान् ।
तद्वद्दधित्थबिल्वाम्रजम्बुमध्यैः प्रकल्पयेत् ॥ ६६ ॥

મોટા અરડૂસાની છાલ, જેઠીમધ, કાંગ, દાડમના અંકુર, એ ઔષધો વડે પેયા, વિલેપી કે ખલ કરવાં અને તેમાં દહીં તથા દાડમ નાખીને ખાવા આપવાં, અથવા કોઠાનો ગર્ભ, બીલું, કેરીના મરવા, જાંબુનો ગલ એ ઔષધો વડે પેયા, વિલેપી કે ખલ કરવાં તથા દહીં અને દાડમ નાખીને ખાવા આપવાં. એ બન્ને રીતે કરેલાં પેયા વગેરે પકવાતિસારને મટાડે છે.

अजापयः प्रयोक्तव्यं निरामे, तेन चेच्छमः ।
दोषाधिक्यान्न जायेत बलिनं तं विरेचयेत् ॥६७॥

જો પિત્તથી થયેલા અતિસારનો રોગી નિરામ હોય તો તેને બકરીનું દૂધ પાવાનો પ્રયોગ કરવો, પણ દોષના અધિકપણાને લીધે જો તેથી અતિસાર મટે નહિ, તો પછી જો તે રોગી બળવાન હોય, તો તેને વિરેચન આપવું; દુર્બળ હોય તો વિરેચન આપવું નહિ.

અતિસારમાં ઝાડો અને લોહી વારાફરતી નીકળતાં હોય તેના ઉપાય

व्यत्यासेन शकृद्रक्तमुपवेश्येत योऽपि वा ।
पलाशफलनिर्यूहं युक्तं वा पयसा पिबेत् ॥६८॥
ततोऽनु कोष्णं पातव्यं क्षीरमेव यथाबलम् ।
प्रवाहिते तेन मले प्रशाम्यत्युदरामयः ॥ ६९ ॥

જે અતિસારના રોગવાળાને ઝાડો થવાથી લોહી પડે છે અને લોહી પડવાથી ઝાડો થાય છે, તેને ખાખરાના ફળનો ક્વાથ એકલો પાવો અથવા દૂધ સાથે પાવો. તે પછી રોગીથી પચાવાય તેટલું દૂધ લગાર ગરમ કરીને પાવું. તે દૂધને લીધે મળ બહાર નીકળી જવાથી પેટનો રોગ (અતિસાર) શાંત પડે છે.

पलाशवत्प्रयोज्या वा त्रायमाणा विशोधनी ।

ખાખરાના ફળની પેઠે ત્રાયમાણનો ક્વાથ એકલો પાવો અથવા દૂધમાં પાવો તથા તે પછી રોગીને પચી શકે તેટલું દૂધ લગાર ગરમ કરીને પાવું, તેથી પણ શોધન થાય છે.

અનુવાસન ક્યારે કરવું?

संसर्ग्यां क्रियमाणायां शूलं यद्यनुवर्तते ॥७०॥
स्रुतदोषस्य तं शीघ्रं यथावह्न्यनुवासयेत् ।

જે અતિસારના રોગીનો મળ વહી ગયો હોય, તેને પેયાદિ ક્રમ કર્યાં છતાં પણ જો શૂળ મટે નહિ તો તેના જઠરાગ્નિના બળનો વિચાર કરીને, જઠરાગ્નિ મંદ ન પડે એવી રીતે, તરત અનુવાસન કરવું.

અનુવાસન શાના વડે કરવું?

शतपुष्पावरीभ्यां च बिल्वेन मधुकेन च ॥७१
तैलपादं पयोयुक्तं पक्वमन्वासनं घृतम् ।

સુવા, શતાવરી, બીલી અને જેઠીમધ, એ ઔષધોના કલ્ક વડે (ઘીથી) ચોથા ભાગના

તેલમાં દૂધ નાખીને ઘી પકવ કરવું. એ ઘી અનુવાસનના ઉપયોગમાં લેવું.

પિત્તાતિસારમાં પિચ્છાબસ્તિ ક્યારે આપવી?

अशाम्ताविश्यतीसारे पिच्छाबस्तिः परं हितः ॥७२

આમ કરવા છતાં પણ અતિસાર શાંત થાય નહિ, તો પછી તેને પિચ્છાબસ્તિ આપવી એ અતિહિતકર છે. (થોડા માપથી નિરૂહબસ્તિ આપવી તેને પિચ્છાબસ્તિ કહે છે.)

પિચ્છાબસ્તિની બનાવટ, વિધિ, ફાયદા

परिवेष्ट्य कुशैरार्द्रैरार्द्रवृन्तानि शाल्मलेः ।
कृष्णमृत्तिकयाऽऽलिप्य स्वेदयेद्गोमयाग्निना ॥७३
मृच्छोषे तानि सङ्क्षुद्य
तत्पिण्डं मुष्टिसम्मितम् ।
मर्दयेत्पयसः प्रस्थे पूतेनास्थापयेत्ततः ॥ ७४ ॥
नतयष्ट्याह्वकल्काज्यक्षौद्रतैलवताऽनु च ।
स्नातो भुञ्जीत पयसा जाङ्गलेन रसेन वा । ७५
पित्तातिसारज्वरशोफगुल्म-
समीरणास्रग्रहणीविकारान् ।
जयत्ययं शीघ्रमतिप्रवृत्ति
विरेचनास्थापनयोश्च बस्तिः ॥ ७६ ॥

શીમળાના ફૂલનાં લીલાં ડીંટાં લાવીને તેને લીલા દર્ભ(ડાભ)માં લપેટવાં. પછી તે ગોળાને કાળી માટીનો લેપ કરવો અને તેને ગાયના છાણનાં અડાયાંનો તાપ દેવો. માટી સુકાઈ જાય ત્યારે તે ગોળો કાઢી લઈને તેમાંથી બફાયેલાં ડીંટાં એક મૂઠી (ચાર તોલા) લઈને ૬૪ તોલા દૂધમાં નાખીને ઘૂંટવાં. પછી તેને ગાળી લઈને તે દૂધમાં તગર અને જેઠીમધનો કલ્ક નાખવો તથા ઘી, મધ અને તેલ નાખવું. પછી એ મિશ્રણ વડે આસ્થાપનબસ્તિ આપવી. પછી રોગીએ સ્નાન કરીને દૂધ સાથે કે જાંગલ પ્રાણીઓના માંસરસ સાથે ખોરાક ખાવો. આ બસ્તિ આપવાથી પિત્તાતિસાર, તાવ, સોજો, ગોળો, પત, સંગ્રહણી અને વિરેચન તથા આસ્થાપનથી દોષની અતિ પ્રવૃત્તિ થઈ ગઈ હોય તે એ સર્વ મટે છે.

બધા અતિસારમાં ફાણિત

फाणितं कुटजोत्थं च सर्वातीसारनाशनम् ।
वत्सकादिसमायुक्तं साम्ब-
ष्ठादि समाक्षिकम् ॥ ७७ ॥

ઇંદ્રજવના ફાણિતમાં વત્સકાદિગણ તથા અંબષ્ઠાદિ ગણનાં ઔષધો અને મધ નાખીને ખાવાથી તે સર્વ પ્રકારના અતિસારનો નાશ કરે છે; અર્થાત્ આમાતિસાર અને પકવાતિસાર બન્નેનો નાશ કરે છે.

કેવા અતિસારમાં પુટપાકથી ઉપાય કરવો?

नीरुजनिरामं दीप्ताग्नेरपि सास्रं चिरोत्थितम् ।
नानावर्णमतीसारं पुटपाकैरुपाचरेत् ॥ ७८ ॥

જેનો જઠરાગ્નિ પ્રદીપ્ત હોય એવા દરદીનો પણ અતિસાર પીડા વિનાનો, નિરામ, ઝાડામાં લોહી પડતો, જૂનો અને રંગબેરંગી ઝાડાવાળો હોય તો તે અતિસારના ઉપાય પુટપાક વડે કરવા.

પુટપાક શાનો કરવો?

त्वक्पिण्डाद्दीर्घवृन्तस्य श्रीपर्णीपत्रसंवृतात् ।
मृल्लिप्तादग्निना स्विन्नाद्रस
निष्पीडितं हिमम् ॥ ७९ ॥
अतीसारी पिबेद्युक्तं मधुना सितयाऽथवा ।

અલવો અથવા મોટો અરડૂસો એ વૃક્ષની છાલનો ગોળો કરીને તેના ઉપર કાશ્મર્ય-(શીવણી)નાં પાંદડાં વીંટીને તે ઉપર કાળી માટીનો લેપ કરવો. પછી તે ગોળાને ગાયના છાણનાં અડાયાંમાં બાફવો. માટી સુકાઈ જાય એટલે અરડૂસાનો ગોળો બહાર કાઢીને રસ નિચોવી કાઢવો. તે રસ ટાઢો પડવા દઈને તેમાં મધ કે સાકર નાખીને અતિસારવાળા રોગીને પીવા આપવો.

एवं क्षीरिद्रुमत्वग्भिस्तत्प्ररोहैश्च कल्पयेत् ॥ ८०
कट्फलत्वक्तघृतयुता स्वेदिता सलिलोष्मणा ।
सक्षौद्रा हन्त्यतीसारं बलवन्तमपि द्रुतम् ॥ ८१

એ પ્રમાણે જ જે વૃક્ષોમાંથી દૂધ નીકળે છે, એટલે વડ, પીપર, પીપળો, રાયણ, ઉમરડો વગેરે વૃક્ષો(થોર, ખરસાંડી વગેરે નહિ)ની છાલ તથા તેના કુમળા અંકુર (એટલે વડ વગેરેના કુમળા અંકુર) વડે પણ પુટપાક કરીને તે રસ ઉપર પ્રમાણે મધ કે સાકર સાથે

અતિસારીને પાવાથી અતિસાર મટે છે. અલવાની (મોટા અરડૂસાની) છાલને ઘીવાળી કરીને પાણીની વરાળથી તેને બાફવી. પછી તેને મધ સાથે ખાવા આપવી, તેથી ગમે તેવો ખળવાન અતિસાર પણ જલદીથી મટે છે.

રક્તાતિસારના ઉપાય

(શ્લોક ૮૧થી ૧૦૧)

દૂધ

पित्तातिसारी सेवेत पित्तलान्येव यः पुनः ।
रक्तातिसारं कुरुते तस्य पित्तं सतृड्ज्वरम् ॥८२
दारुणं गुदपाकं च तत्र छागं पयो हितम् ।
पद्मोत्पलसमङ्गाभिः शृतं मोचरसेन च ॥ ८३ ॥
सारिवायष्टिरोध्रैर्वा प्रसवैर्वा वटादिजैः ।
सक्षौद्रशर्करं पाने भोजने गुदसेचने ॥ ८४ ॥

પિત્તના અતિસારવાળો મનુષ્ય જો ફરીને પણ પિત્તકારક અન્નપાન વગેરેનું સેવન કરે, તો તેનુ પિત્ત અતિશય કોપીને તેના અતિસારને રક્તાતિસારનું રૂપ આપે છે તથા તેની સાથે તરસ, તાવ અને ભયંકર ગુદપાક થાય છે. એવા રોગીને ધોળું કમળ, કાળુ કમળ, મજીઠ અને મોચરસ નાખીને ઉકાળેલુ ખકરીનુ દૂધ ઠંડુ કરીને પીવા આપવુ એ હિતકારક છે અથવા સારિવા, જેઠીમધ અને લોધર નાખીને ઉકાળેલું ખકરીનુ દૂધ હિતકારક છે, અથવા વડની વડવાઈના કુમળા અંકુર નાખીને ઉકાળેલુ ખકરીનુ દૂધ હિતકર છે. એમાથી ગમે તે ઉકાળેલા દૂધમા મધ તથા સાકર નાખીને રોગીને પાવુ, ખાવામા આપવુ અને તે દૂધ વડે ગુદા ધોવી, ગુદા ઉપર તે દૂધની ધાર કરવી.

માંસરસ અને યૂષ

तद्वद्रसादयोऽनम्लाः साज्याः पानान्नयोर्हिताः ।
काश्मर्यफलयूषश्च किञ्चिदम्लः सशर्करः ॥ ८५

તે જ પ્રમાણે રક્તાતિસારવાળાને ખટાઈ વિનાના માંસરસ તથા યૂષ વગેરે તેમા ઘી નાખીને ખાવાપીવા આપવા એ હિતકર છે; તેમ જ કાશ્મર્ય (શીવણી)ના ફળનો યૂષ લગાર ખટાઈ સાથે સાકર નાખીને ખાવાપીવા આપવો, તે પણ હિતકર છે.

પેયા, માખણ

पयस्यर्धोदके छागे ह्रीबेरोत्पलनागरैः ।
पेया रक्तातिसारघ्नी पृश्निपर्णीरसान्विता ॥ ८६
प्राग्भक्तं नवनीतं वा लिह्यान्मधुसितायुतम् ।

ખકરીના દૂધમા દૂધથી અડધુ પાણી નાખીને તેમા વાળો, કાળુ કમળ અને સૂંઠ નાખીને તેની પેયા કરીને તેમા પૃશ્નિપર્ણીનો રસ નાખીને પીવાથી રક્તાતિસાર મટે છે, અથવા ભોજન કરતા પહેલા મધ અને સાકર સાથે માખણ ચાટવુ (એ પણ રક્તાતિસારમા હિતકર છે.)

બહુ જ રક્તાતિસારમાં શું કરવું?

बलिन्यस्रेऽस्रमेवाजं मार्गं वा घृतभर्जितम् ॥८७
क्षीरानुपानं क्षीराशी त्र्यहं क्षीरोद्भवं घृतम् ।
कपिञ्जलरसाशी वा लिहन्नारोग्यमश्नुते ॥ ८८ ॥

જો રક્તાતિસાર ખળવાન હોય તો ખકરાનુ કે હરણનુ લોહી ઘીમા શેકીને ખાવુ તથા તે ઉપર દૂધ પીવુ અને દૂધ ખાઈને રહેવુ અથવા દૂધમાથી ખારોખાર કાઢેલા (છાશમાથી નહિ) માખણનું ખનાવેલું ઘી ત્રણ દિવસ ચાટવુ, અથવા ધોળા તેતરના માંસનો રસ પીવો. એ પ્રમાણે કરનાર રક્તાતિસારી આરોગ્ય પામે છે.

રક્તાતિસારમાં શતાવરીના પ્રયોગ

पीत्वा शतावरीकल्कं क्षीरेण क्षीरभोजनः ।
रक्तातिसारं हन्त्याशु तया वा साधितं घृतम् ॥८९

જે માણસ શતાવરીના કલ્કને દૂધ સાથે પીએ તથા દૂધનું જ ભોજન કરે તેનો રક્તાતિસાર જલદી નાશ પામે છે, અથવા શતાવરીના કલ્ક વડે સિદ્ધ કરેલું ઘી પીને પછી ભોજન તરીકે દૂધ જ પીને જ રહે, તેનો રક્તાતિસાર તરત મટે છે.

લાક્ષાદિ ઘૃત

लाक्षानागरवैदेहीकटुकादार्विवल्कलैः ।
सर्पिः सेन्द्रयवैः सिद्धं
पेयामण्डावचारितम् ॥९०॥
अतीसारं जयेच्छीघ्रं त्रिदोषमपि दारुणम् ।

લાખ, સૂંઠ, પીપર, કડુ, દારુહળદરની છાલ અને ઇંદ્રજવ એ ઔષધોથી સિદ્ધ કરેલુ ઘી, પેયા કે મંડ સાથે પીવા આપવાથી ભયંકર

ત્રિદોષનો અતિસાર હોય તોપણ તે મટે છે, (તથા રક્તાતિસાર પણ મટે છે.)

રક્તાતિસારના ઉપાય (ચાલુ)

कृष्णमृच्छङ्खयष्ट्याह्वक्षौद्रासृक्तण्डुलोदकम् ॥९१
जयत्यस्रं प्रियङ्गुश्च तण्डुलाम्बुमधुप्लुता ।

કાળી માટી, ખળદાણા, જેઠીમધ, ભોરી ગણીનો રસ, ચોખાનુ ધોવરામણ, એ સર્વને એકત્ર કરીને પીવાથી રક્તાતિસાર મટે છે, તેમ જ કાગને મધ તથા ચોખાના ધોવરામણમા ડોહીને પીવાથી રક્તાતિસાર મટે છે.

कल्कस्तिलानां कृष्णानां शर्करापञ्चभागिक· ।९२
आजेन पयसा पीत· सद्यो रक्तं नियच्छति ।

કાળા તલનો કલ્ક એક ભાગ અને સાકર પાચ ભાગ, એ બને એકઠા કરીને બકરીના દૂધ સાથે પીવાથી તત્કાળ રક્તાતિસાર કાબૂમા આવે છે (મટે છે).

पीत्वा सशर्कराक्षौद्रं चन्दनं तण्डुलाम्बुना ॥९३
दाहतृष्णाप्रमोहेभ्यो रक्तस्रावाच्च मुच्यते ।

સાકર અને મધ નાખીને સુખડને ચોખાના ધોવરામણ સાથે પીવાથી બળતરા, તરસ, પ્રમોહ અને લોહી વહી જવુ એ રોગો મટે છે.

ગુદા પાકે કે ગુદામાં લાહ્ય બળે તેના ઉપાય

गुदस्य दाहे पाके वा सेकलेपा हिता हिमाः ।९४

ગુદામા બળતરા થતી હોય કે પાક થયો હોય તો ઠડા લેપ કરવા કે ઠડા ઔષધોના સિંચન કરવા હિતકારક છે.

સિંચન=ઔષધોથી તૈયાર કરેલા પાણીની ધાર કરવી કે એવુ પાણી છાટવુ.

રક્તાતિસારમાં પિચ્છાબસ્તિ ક્યારે આપવી ?

अल्पाल्पं बहुशो रक्तं सशूलमुपवेश्यते ।
यदा विबद्धो वायुश्च कृच्छ्राच्चरति वा न वा ॥९५
पिच्छाबस्तिं तदा तस्य पूर्वोक्तमुपकल्पयेत् ।

જ્યારે રક્તાતિસારના દરદીને ચૂકાઈ ચૂકાઈને અનેકવાર થોડાથોડા લોહીના ઝાડા થતા હોય અને જ્યારે વાયુનો વિબધ થવાથી વાયુ મહાપરાણે ફરી શકતો હોય કે તદ્દન ન ફરી શકતો હોય, ત્યારે એવા દરદીને પહેલા (શ્લોક ૭૨થી ૭૬મા) કહેલી પિચ્છાબસ્તિ આપવી

રક્તાતિસારની પિચ્છાબસ્તિની બનાવટ, ફાયદા

पल्लवान् जर्जरीकृत्य शिंशिपाकोविदारयो. ॥९६
पचेद्यवांश्च स क्वाथो घृतक्षीरसमन्वितः ।
पिच्छास्रुतौ गुदभ्रंशे प्रवाहणरुजासु च ॥९७॥
पिच्छाबस्तिः प्रयोक्तव्यः क्षतक्षीणबलावहः ।

કાળા સીસમના ઝાડના અને સફેદ કાચનારના ઝાડના પાદડાને કચરીને તેમા જવ નાખીને ક્વાથ કરવો. તે ક્વાથમા ઘી તથા દૂધ નાખીને પિચ્છાબસ્તિ આપવી. એ રોગીને ઝાડા સાથે પિચ્છાનો સ્રાવ થતો હશે, આમળ બહાર નીકળતી હશે, મરડાની પીડા થતી હશે, તો એ પિચ્છાબસ્તિથી મટશે. એ બસ્તિ છાતીના ચાંદાથી દુર્બળ બનેલા માણસને બળ આપનારી છે.

રક્તાતિસારમાં અનુવાસન

प्रपौण्डरीकसिद्धेन सर्पिषा चानुवासनम् ॥९८॥

સ્થળકમળ વડે સિદ્ધ કરેલા ઘી વડે અનુવાસન બસ્તિ આપવાથી પણ ઉપર કહ્યુ તેવુ જ ફળ થાય છે.

અતિસારમાં ઝાડા સાથે, પહેલાં કે પછી લોહીનો ઝાડો થાય તેના ઉપાય

रक्तं विट्सहितं पूर्वं पश्चाद्वा योऽतिसार्यते ।
शतावरीघृतं तस्य लेहार्थमुपकल्पयेत् ॥९९॥

જે અતિસારના રોગવાળાને ઝાડાની સાથે અથવા પહેલુ કે પછી લોહી પડતુ હોય તેને શતાવરીથી સિદ્ધ કરેલુ ઘી ચાટવાને માટે આપવુ.

शर्करार्धांशकं लीढं नवनीतं नवोद्धृतम् ।
क्षौद्रपाद जयेच्छीघ्रं तं विकारं हिताशिन. ॥१००

તાજું ઉતારેલુ માખણ લઈને તેનાથી સાકર અડધી તથા મધ ચોથે ભાગે લઈને તે સર્વત્ર એકત્ર કરવુ. પછી રોગીને ચાટવા આપવુ- જો રોગી પથ્ય પાળશે તો એ ઉપાયથી તેના ઉપરના (શ્લોક ૯૯વાળા) રોગ મટી જશે.

न्यग्रोधोदुम्बराश्वत्थशुङ्गानापोथ्य वासयेत् ।
अहोरात्रं जले तप्ते घृतं तेनाम्भसा पचेत् ॥१०१॥
तदर्धशर्करायुक्तं लेहयेत्क्षौद्रपादिकम् ।
अधो वा यदि वाऽप्यूर्ध्वं यस्य रक्तं प्रवर्तते ॥१०२

વડ, ગુલ્લર (ઉમેડો) અને પીપળો, એ વૃક્ષોની ટીશીઓ લાવીને તેને કચરીને ઊના પાણીમાં નાખીને એક દિવસ તથા રાત (ચોવીસ કલાક) રહેવા દેવી. પછી તે પાણી ગાળી લઈને તે પાણીમાં ઘી સિદ્ધ કરવું. એ ઘીમાં તેનાથી અડધી સાકર તથા ચોથા ભાગનું મધ મેળવીને તેને ચાટવું. તેથી રોગીને જો નીચે ગુદા વગેરે માર્ગે કે ઉપર મુખ વગેરે માર્ગે લોહી પડતું હશે, તો તે મટશે.

કફના અતિસારના ઉપાય

(શ્લોક ૧૦૨થી ૧૧૯)

પહેલાં ઉપવાસ : પછી બીજાં ઔષધો

श्लेष्मातिसारे वातोक्तं विशेषादामपाचनम् ।
कर्तव्यमनुबन्धेऽस्य विवेत्पक्त्वाऽग्निदीपनम् ॥
बिल्वकर्कटिकामुस्तप्राणदाविश्वभेषजम् ।
वचाविडङ्गभूतीकधानकामरदारु वा ॥ १०४ ॥
अथवा पिप्पलीमूलपिप्पलीद्वयचित्रकम् ।

કફના અતિસારમાં ખાસ કરીને વાયુના અતિસારમાં કહ્યા પ્રમાણે 'આમ'ને પકવવો. (વાયુના અતિસારમા કહેલો બીજો વિધિ કરવાની જરૂર નથી. માત્ર આમને પકવવો.) એમ કરતાં પણ જો અતિસાર ન મટે તો બીલું, કાકડાશીંગ, મોથ, હરડે, સૂંઠ એ ઔષધોનો ક્વાથ કરીને પીવો, તેથી અગ્નિ પ્રદીપ્ત થશે અથવા વજ, વાવડિંગ, કરિયાતું, ધાણા અને દેવદાર, એ ઔષધોનો ક્વાથ કરીને પીવો, તેથી અગ્નિ પ્રદીપ્ત થશે અથવા પીપરીમૂળ, પીપર, ગજપીપર અને ચિત્રો, એ ઔષધોનો ક્વાથ પીવો, તેથી અગ્નિ પ્રદીપ્ત થશે.

पाठाग्निवत्सकग्रन्थितिक्ताशुण्ठीवचाभयाः ॥ १०५
क्वथिता यदि वा पिष्टाः श्लेष्मातीसारभेषजम् ।

પહાડમૂળ, ચિત્રો, કડાછાલ, પીપરીમૂળ, કડુ, સૂંઠ, વજ, હરડે, એ ઔષધોનો ક્વાથ કરીને પીવો અથવા વાટીને ગરમ પાણી સાથે પીવાં એ કફાતિસારનું ઔષધ છે.

सौवर्चलवचाव्योषहिङ्गुप्रतिविषाभयाः ॥ १०६ ॥
पिबेच्छ्लेष्मातिसारार्तश्चूर्णिताः कोष्णवारिणा ।

સંચળ, વજ, સૂંઠ, પીપર, મરી, હિંગ, અતિવિષની કળી, હરડે, એ ઔષધોનું ચૂર્ણ કરીને લગાર ગરમ કરેલા પાણી સાથે પીવાથી કફાતિસાર મટે છે.

मध्यं लीढ्वा कपित्थस्य सव्योषक्षौद्रशर्करम् ॥
कट्फलं मधुयुक्तं वा मुच्यते जठरामयात् ।

સૂંઠ, પીપર, મરી, એ ત્રણનું ચૂર્ણ તથા મધ અને સાકર નાખીને કોઠાનો ગલ ચાટવાથી જઠરનો રોગ કફાતિસાર મટે છે, તેમ જ કાયફળ અને મધ ચાટવાથી પણ એ જ ગુણ થાય છે.

कणां मधुयुतां लीढ्वा तक्रं पीत्वा सचित्रकम् ॥
भुक्त्वा वा बालबिल्वानि व्यपोहत्युदरामयम् ।

--પીપર અને મધ સાથે ચાટવાથી અથવા ચિત્રાનું ચૂર્ણ નાખીને છાશ પીવાથી અથવા નાનાં કાચાં બીલાં ખાવાથી જઠરનો રોગ કફાતિસાર નાશ પામે છે.

કફાતિસાર ઉપર પાઠાદિ ચૂર્ણ

पाठामोचरसाम्भोदधातकीबिल्वनागरम् ॥ १०९
सुकृच्छ्रमप्यतीसारं गुडतक्रेण नाशयेत् ।

પહાડમૂળ, મોચરસ, મોથ, ધાવડીનાં ફૂલ, બીલાં, સૂંઠ, એ સર્વનું ચૂર્ણ છાશ અને ગોળ સાથે પીવાથી બહુ કષ્ટસાધ્ય અતિસાર હોય તોપણ મટે છે.

કફાતિસાર ઉપર કપિત્થાષ્ટક ચૂર્ણ

यवानीपिप्पलीमूलचातुर्जातकनागरैः ॥ ११० ॥
मरिचाग्निजलाजाजीधान्यसौवर्चलैः समैः ।
वृक्षाम्लधातकीकृष्णाबिल्वदाडिमदीप्यकैः ॥ १११
त्रिगुणैः षड्गुणसितैः कपित्थाष्टगुणैः कृतः ।
चूर्णोऽतीसारग्रहणीक्षयगुल्मगलामयान् ॥ ११२ ॥
कासश्वासाग्निसादार्शःपीनसारोचकान् जयेत् ।

યવાની અજમો, પીપરીમૂળ, ચાતુર્જાતક, (તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર), સૂંઠ, મરી, ચિત્રો, વાળો, જીરું, ધાણા, સંચળ, એ ઔષધો સમાન લેવાં. આમચૂર, ધાવડીનાં ફૂલ, પીપર, બીલાં, દાડમ, અજમોદ એ ઔષધ ત્રણગણાં લેવાં. સાકર છગણી લેવી. કોઠું આઠગણું લેવું. એ સર્વનું ચૂર્ણ કરવું. આ ચૂર્ણ ખાવાથી અતિસાર, ગ્રહણી, ક્ષય, ગોળો, ઉદરરોગ, ખાંસી, દમ, મંદ અગ્નિ,

હરસ, સળેખમ, અરુચિ, એ સર્વે રોગ મટે છે.

દાડિમાષ્ટક ચૂર્ણ

कर्षोन्मिता तवक्षीरी चातुर्जातं द्विकार्षिकम् ॥११३
यवानीधान्यकाजाजीग्रन्थिव्योषं पलांशकम् ।
पलानि दाडिमादष्टौ सितायाश्चैकतः कृतः ॥ ११४
गुणैः कपित्थाष्टकवच्चूर्णोऽयं दाडिमाष्टकः ।
भोज्यो वातातिसारोक्तैर्यथावस्थं खलादिभिः ॥

સફેદ તવખીર (વંશલોચન) એક તોલો, ચાતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર) બે તોલા, યવાની અજમો, ધાણા, જીરું, ગંઠોડા, વ્યોષ (સૂંઠ, પીપર, મરી), એ ઔષધો ચારચાર તોલા, દાડમ બત્રીસ તોલા અને સાકર બત્રીસ તોલા, એ સર્વ ઔષધોને એકઠાં કરી તેનું ચૂર્ણ કરવું. એ દાડિમાષ્ટક ચૂર્ણ કપિત્થાષ્ટક ચૂર્ણના જેવો જ ગુણ કરે છે. એ ચૂર્ણ દરદ અને દરદીની અવસ્થાનો વિચાર કરીને વાતાતિસારમાં કહેલાં 'ખલ' વગેરેની સાથે ખાવું.

ચાતુર્જાત, વ્યોષ, ત્રિફળા વગેરે ઔષધોના સમુદાયવાચક શબ્દો 'આવે ત્યાં ઔષધનું પ્રમાણ તેને એક ઔષધ જેવુ ગણીને લેવુ. જેમ કે, આ ઔષધમાં ચાતુર્જાત બે તોલા કહ્યું છે, તો તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર, એ સર્વે મળીને બે તોલા લેવુ. એ જ રીતે બીજી જગ્યાએ પણ સમજવું.

सविडङ्गः समरिचः सकपित्थः सनागरः ।
चाङ्गेरीतक्रकोलाम्लः खलः श्लेष्मातिसारजित् ॥

વાવડિંગ, મરી, કોઠાનો ગર્ભ, સૂંઠ, એ ઔષધો સહિત ખાટી લૂણી, છાશ અને બોરની ખટાઈ એ નાખીને બનાવેલો ખલ કફાતિસારનો નાશ કરનારો છે.

ક્ષીણ કફવાળા અતિસારનો ઉપાય

क्षीणे श्लेष्मणि पूर्वोक्तमम्लं लाक्षादि षट्पलम् ।
पुराणं वा घृतं दद्याद्यवागूमण्डमिश्रितम् ॥ ११७॥

કફ ઓછો થઈ ગયો હોય તો પૂર્વે કહેલું અમ્લઘૃત (શ્લોક ૪૮, ૪૮ર્ફ) આપવું, અથવા શ્લોક ૮૯ર્ફથી ૯૦ર્ફમાં કહેલું લાક્ષાદિ ઘૃત આપવું, અથવા ક્ષયરોગમાં (ચિ. ૫/૨૧ર્ફથી ૨૩) કહેલું ષટ્પલઘૃત અથવા યવાગૂ અને મંડ સાથે મેળવીને જૂનું ઘી આપવું.

કફાતિસારમાં પિચ્છાબસ્તિ ક્યારે આપવી?

वातश्लेष्मविबन्धे वा स्रवत्यति कफेऽपि वा ।
शूले प्रवाहिकायां वा पिच्छाबस्तिः प्रशस्यते ॥११८
वचाबिल्वकणाकुष्ठशताह्वालवणान्वितः ।

કફાતિસારવાળાને વાયુનો અને કફનો વિબંધ થયો હોય અથવા અતિશય કફ પડતો હોય અથવા ગુદામાં શૂળ આવતું હોય અથવા મરડો થયો હોય, તો તેને પિચ્છાબસ્તિ આપવી યોગ્ય છે. એ પિચ્છાબસ્તિ પાછળ શ્લોક ૯૬થી ૯૭માં કહેલી છે તેમાં વજ, બીલાં, પીપર, ઉપલેટ, સુવા અને સિંધવ એ ઔષધો મેળવીને આપવી.

કફાતિસારમાં અનુવાસન

बिल्वतैलेन तैलेन वचाद्यैः साधितेन वा ॥ ११९
बहुशः कफवातार्ते कोष्णेनान्वासनं हितम् ।

કફ અને વાયુથી વારંવાર પીડાતા કફાતિસારના દરદીને બીલાની મીંજમાંથી કાઢેલા તેલને સહેજ ગરમ કરીને અથવા તલના તેલને વજના કલ્કથી સિદ્ધ કરીને તે તેલ સહેજ ગરમ કરીને તે તેલ વડે અનુવાસનબસ્તિ આપવી હિતકર છે.

લાંબા ચાલેલા અતિસારમાં દોષોને કયા ક્રમથી મટાડવા? કારણ

क्षीणे कफे गुदे दीर्घकालातीसारदुर्बले ॥ १२० ॥
अनिलः प्रबलोऽवश्यं स्वस्थानस्थः प्रजायते ।
स बली सहसा हन्यात्
तस्मात्तं त्वरया जयेत् ॥ १२१ ॥
वायोरनन्तरं पित्तं पित्तस्यानन्तरं कफम् ।
जयेत्पूर्वं त्रयाणां वा भवेद्यो बलवत्तमः ॥१२२॥

જ્યારે અતિસારવાળા રોગીનો કફ ઓછો થઈ જાય તથા ઘણા કાળ સુધી અતિસાર ચાલવાથી ગુદા પણ દુર્બળ થઈ જાય, ત્યારે પોતાના સ્થાનમાં રહેલો વાયુ ઘણો પ્રબળ થાય છે, અને એવી રીતે બળવાન થયેલા વાયુ રોગીનો એકાએક પ્રાણ લે છે, માટે વૈદ્યે તે વાયુને જલદી જીતવો, વાયુને જીત્યા પછી પિત્તને જીતવું અને પિત્તને જીત્યા પછી કફને જીતવો; અથવા એ ત્રણેમાંથી જે દોષ બીજા બે

દોષ કરતાં વધારે બળવાન થયેલો હોય તેને પ્રથમ જીતવો.

ભયના અને શોકના અતિસારના ઉપાય

भीशोकाभ્યામપિ चलः शीघ्रं कुप्यत्यतस्तयोः।
कार्या क्रिया वातहरा
हर्षणाश्वासनानि च ॥१२३॥

ભય અને શોક વડે પણ વાયુ જલદી કોપે છે, માટે ભયાતિસાર કે શોકાતિસારમાં પણ રોગીના વાયુને હરવાની ક્રિયા કરવી તથા તેને હર્ષ પમાડવાની અને આશ્વાસન આપવાની ક્રિયાઓ કરવી.

અતિસાર મટ્યો હોવાનાં લક્ષણ

यस्योच्चाराद्विना मूत्रं पवनो वा प्रवर्तते।
दीप्ताग्नेर्लघुकोष्ठस्य शान्तस्तस्योदरामयः॥१२४॥

જે અતિસારના રોગીને પેશાબની અને વાછૂટની સાથે સાથે ઝાડો થઈ જાય નહિ તથા તેનો જઠરાગ્નિ પ્રદીપ્ત થયો હોય અને કોઠો (પેટ) હલકો પડ્યો હોય તેનો ઉદરવ્યાધિ, (અતિસાર) શાંત થયો છે, અતિસાર મટ્યો છે એમ જાણવું.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थानेऽतीसार-
चिकित्सितं नाम नवमोऽध्यायः ॥ ९॥

અધ્યાય ૧૦ મો—ગ્રહણીદોષચિકિત્સા

અતિસાર અને સંગ્રહણી થવાનું કારણ સમાન છે એ વગેરે કારણોથી અતિસાર પછી ગ્રહણીની ચિકિત્સા કહેવાનો આરંભ કરતાં ગ્રંથકાર કહે છે કે,

अथातो ग्रहणीदोषचिकित्सितं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः॥

ત્યારે હવે અમે ગ્રહણીદોષની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

સામ સંગ્રહણીની ચિકિત્સા

(શ્લોક ૦।। થી ૨૧)

સંગ્રહણીમાં ઉપવાસ

ग्रहणीमाश्रितं दोषमजीर्णवदुपाचरेत्।
अतीसारोक्तविधिना तस्यामं च विपाचयेत्॥१॥

જે વાયુ વગેરે દોષ ગ્રહણીમાં રહેલો હોય તેની ચિકિત્સા અજીર્ણની પેઠે કરવી; એટલે લંઘન (ઉપવાસ) વગેરે ઉપચારથી કરવી, અને અતિસારમાં કહેલા વિધિ પ્રમાણે તે માણસના આમને પકવવો.

ઉપવાસ છૂટ્યા પછી અન્ન લેવાનો વખત આવે ત્યારે શું ખાવું?

अन्नकाले यवाग्वादि पञ्चकोलादिभिर्युतम्।
वितरेत्पटुलघ्वन्नं पुनर्योगांश्च दीपनान्॥२॥

જ્યારે જમવા જેવી અવસ્થા થાય ત્યારે (સૂ. અ. ૮ મો છેલ્લો શ્લોક) પંચકોલ વગેરે (દીપન અને પાચન) દ્રવ્યો નાખીને તથા સિંધવ નાખીને હલકા અન્નની યવાગૂ વગેરે (માપસર) આપવી તથા દીપન કરે એવાં ઔષધોના યોગો આપવા.

જરા આમવાળા ગ્રહણીદોષમાં પેયા, પાણી, છાશ, સુરા

दद्यात्सातिविषां पेयामामे साम्लां सनागराम्।
पानेऽतीसारविहितं वारि तक्रं सुरादि च ३॥

ઉપવાસ છૂટયા પછી જો ગ્રહણીમાં આમ દોષ રહ્યો હોય, તો અતિવિષ અને સૂંઠ સાથે લગાર ખટાઈવાળી પેયા ભોજન તરીકે આપવી તથા પીવાને માટે અતિસારના પ્રકરણમાં કહેલું જળ, છાશ કે સુરા વગેરેમાંથી જે યોગ્ય હોય તે આપવું.

ગ્રહણીદોષવાળાને છાશ ત્રણ દોષમાં પથ્ય હોવાનું કારણ

ग्रहणीदोषिणां तक्रं दीपनग्राहिलाघवात्।
पथ्यं, मधुरपाकित्वान्न च पित्तप्रदूषणम्॥४॥
कषायोष्णविकाशित्वाद्रूक्षत्वाच्च कफे हितम्।
वाते स्वाद्वम्लसान्द्र-
त्वात्सद्यस्कमविदाहि तत्॥५॥

ગ્રહણીદોષ(સંગ્રહણી)વાળાને છાશ પથ્ય છે, કેમ કે તે જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારી, મળને બાંધનારી અને હલકી છે. વળી એ પચ્યા પછી મધુર થાય છે, માટે પિત્તને બહુ બગાડતી નથી. વળી તે તૂરી, ગરમ, વિકાશી અને લૂખી છે માટે તે કફમાં હિતકર છે (અર્થાત્ કફનો નાશ

નારી છે). વળી તે ગળી, ખાટી અને ઘાડી છે, માટે વાયુમાં હિતકર છે, પણ તે છાશ તરતની વલોવેલી (તાજી) અને તેથી અવિદાહી (વિદાહ નહિ કરનારી) જોઈએ. એવા ગુણવાળાં બીજાં દ્રવ્ય રહેવા દઈને પ્રથમ છાશના ગુણ કહેવાનો હેતુ એ છે કે, છાશ પોતાના સ્વભાવે કરીને ગ્રહણીદોષવાળાને હિતકર છે.

વિકાશી=જે દ્રવ્ય ધાતુઓમાંથી ઓજને છૂટું પાડી દઈને સાંધાના બંધને ઢીલા પાડી દે, તે વિકાશી દ્રવ્ય કહેવાય છે. દા. ત. સોપારી અને કોદરા.

ઉધરસ, અજીર્ણ, અરુચિ, શ્વાસ, હૃદયના રોગ, પાંડુ, બરોળ અને ગોળાના ઉપાય

चतुर्णां प्रस्थमम्लानां त्र्यूषणाच्च पलत्रयम् ।
लवणानां च चत्वारि शर्करायाः पलाष्टकम् ॥ ६ ॥
तच्चूर्णं शाकसूपान्नरागादिष्ववचारयेत् ।
कासाजीर्णारुचिश्वासहृत्पाण्डुप्लीहगुल्मनुत् ॥ ७ ॥

બોર, દાડમ, આમચૂર અને ખાટી લૂણી એ ચાર ખટાઈ અથવા આમચૂર, અમ્લવેતસ, દાડમ અને બોર એ ચાર ખટાઈઓ ચોસઠ તોલા લેવી; ત્ર્યૂષણ (સૂંઠ, પીપર, મરી) બાર તોલા લેવું; પાંચ લવણ (સરવાળે) સોળ તોલા લેવાં, સાકર બત્રીસ તોલા લેવી, એ સર્વ ઓષધિઓનું ચૂર્ણ કરવું. પછી તે ચૂર્ણ શાક, દાળ, અન્ન, રાગ (શરબત) વગેરેમા નાખવું. એ ચૂર્ણ શાક વગેરે સાથે ખાવાથી ખાંસી, અજીર્ણ, અરુચિ, દમ, હૃદયના રોગ, પાંડુ, બરોળ અને ગોળો મટે છે.

ચારે ખટાઈ મળીને ચોસઠ તોલા, ત્રણે તીખાઈ મળીને બાર તોલા અને પાંચે લવણ મળીને સોળ તોલા લેવાં.

नागरातिविषामुस्तं पाक्यमामहरं पिबेत् ।
उष्णाम्बुना वा तत्कल्कं
नागरं वाऽथवाऽभयाम् ॥ ८ ॥
ससैन्धवं वचादिं वा तद्वन्मदिरयाऽथवा ।

સૂંઠ, અતિવિષ, મોથ, એ ત્રણનો ક્વાથ કરીને પીવો; તેથી આમ પાકી જાય છે; અથવા સૂંઠ, અતિવિષ અને મોથનો કલ્ક કરીને ગરમ પાણી સાથે પીવો, તેથી પણ આમ પાકી જાય છે, અથવા સૂંઠનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવું, અથવા હરડેનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવું. અથવા (સૂત્રસ્થાન અધ્યાય ૧૫ શ્લોક ૩૪ર્માં આપેલા) વચાદિ ગણનાં ઓષધોનું ચૂર્ણ સિંધવ સહિત ગરમ પાણી સાથે પીવું; અથવા વચાદિ ગણનાં ઓષધોનું ચૂર્ણ મદિરા સાથે પીવું.

સંગ્રહણીમાં આમવાળો ઝાડો અને પ્રવાહિકાનું ઔષધ

वर्चस्यामे सप्रवाहे पिबेद्वा दाडिमाम्बुना ॥ ९ ॥
विडेन लवणं पिष्टं बिल्वचित्रकनागरम् ।
सामे कफानिले कोष्ठरुक्करे कोष्णवारिणा ॥ १० ॥

જો ગ્રહણીદોષમાં ઝાડો સામ થતો હોય તથા તે સાથે મરડો રહેતો હોય તો બિડલવણ, બીલી, ચિત્રો, સૂંઠ, એ ઔષધોનું ચૂર્ણ દાડમના પાણી સાથે પીવું.

સામ કફ અને વાયુથી કોઠામાં થતી પીડાનું ઔષધ

જો સામ કફ અને વાયુની પીડા પેટમાં થતી હોય તો બિડલવણ, બીલી, ચિત્રો અને સૂંઠ, એ ઔષધોનું ચૂર્ણ લગારેક ગરમ કરેલા પાણી સાથે પીવું.

कलिङ्गहिङ्ग्वतिविषावचासौवर्चलाभयम् ।
छर्दिहृद्रोगशूलेषु पेयमुष्णेन वारिणा ॥ ११ ॥
पथ्यासौवर्चलाजाजीचूर्णं मरिचसंयुतम् ।

ઇંદ્રજવ, હિંગ, અતિવિષ, વજ, સંચળ, હરડે, એ ઔષધોનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી ઊલટી, હૃદયના રોગ અને શૂળ મટે છે, અથવા હરડે, સંચળ, જીરું અને મરી એ ઔષધોનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી પણ એ જ ગુણ થાય છે.

કોઠાના વાયુને મટાડે એવું દીપન ચૂર્ણ

पिप्पलीं नागरं पाठां सारिवां बृहतीद्वयम् ॥ १२ ॥
चित्रकं कौटजं क्षारं तथा लवणपञ्चकम् ।
चूर्णीकृतं दधिसुरातन्मण्डोष्णाम्बुकाञ्जिकैः ॥ १३
पिबेदग्निविवृद्ध्यर्थं कोष्ठवातहरं परम् ।

પીપર, સૂંઠ, પહાડમૂળ, સારિવા, રીંગણી,

મોંયરીંગણી, ચિત્રો, ઇંદ્રજવ, જવખાર, અને પાંચ લવણુ, એ સર્વેનું સૂક્ષ્મ ચૂર્ણ કરીને દહીં, સુરા, સુરાનો મંડ, ગરમ પાણી કે કાંજી, એમાંથી ગમે તે એકની સાથે પીવું, તેથી જઠરાગ્નિ વધશે. વળી ઉદરમાંનો વાયુ મટાડવામાં એ શ્રેષ્ઠ ઔષધ છે.

ઉત્તમ પાચન અને દીપન ગોળી

पटूनि पञ्च द्वौ क्षारौ मरिचं पञ्चकोलकम् ॥१४
दीप्यकं हिङ्गु गुलिका बीजपूररसे कृता ।
कोलदाडिमतोये वा परं पाचनदीपनी ॥ १५ ॥

પાંચ લવણુ, બે ખાર (જવખાર, સાજીખાર), પંચકોલ (પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ), અજમો અને હિંગ, એ ઔષધોની ગોળી બિજોરાના રસમાં, બોરના રસમાં કે દાડમના રસમાં વાળવી. એ ગોળી અત્યંત પાચન કરનારી તથા દીપન કરનારી છે.

વાયુ અને કફથી થતાં ઊલટી, સંગ્રહણી, પડખાંમાં અને હૃદયમાં પીડા, તાવ, સોજો, પાંડુ, ગોળો, મદાત્યય, હરસ, પ્રસેક, સળેખમ, દમ, ઉધરસ માટે અનુપાન સાથે ઔષધ

तालीसपत्रचविकामरिचानां पलं पलम् ।
कृष्णातन्मूलयोर्द्वे द्वे पले शुण्ठी पलत्रयम् ॥१६॥
चतुर्जातमुशीरं च कर्षांशं श्लक्ष्णचूर्णितम् ।
गुडेन वटकान् कृत्वा त्रिगुणेन सदा भजेत् ॥१७॥
मद्ययूषरसारिष्टमस्तुपेयापयोनुपः ।
वातश्लेष्मात्मनां छर्दिग्रहणीपार्श्वहृद्रुजाम् ॥१८॥
ज्वरश्वयथुपाण्डुत्वगुल्मपानात्ययार्शसाम् ।
प्रसेकपीनसश्वासकासानां च निवृत्तये ॥ १९ ॥

તાલીસપત્ર, ચવક અને મરી, એ ત્રણ ઔષધ ચારચાર તોલા લેવાં; પીપર અને પીપરીમૂળના ગંઠોડા, એ બે ઔષધ આઠઆઠ તોલા લેવાં; સૂંઠ બાર તોલા લેવી; ચતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર) તથા વાળો (વીરણવાળો) એ બે ઔષધ એકએક તોલો લેવાં. પછી એ સર્વને વાટીને ચૂર્ણ કરવું. તથા તેની ત્રણગણા ગોળમાં ગોળીઓ કરીને સદા ખાવી. (કાચા ગોળમાં નહિ, પણ ગોળની ચાસણીમાં ચૂર્ણ મેળવવું.) એ ગોળી ખાનારે દારૂ, યૂષ, માંસરસ, અરિષ્ટ, દહીંનું નીતર્યું પાણી, પેયા અને દૂધ અનુપાન તરીકે પીવાં જોઈએ. એ રીતે એ ગોળી ખાવાથી વાયુથી અને કફથી થતાં ઊલટી, ગ્રહણી, પાસાંની અને હૃદયની પીડા, તાવ, સોજો, પાંડુરોગ, ચામડીના રોગ, ગોળો, મદાત્યય રોગ, હરસ, પ્રસેક (શરીરમાંથી કે મોંમાંથી પાણી કે લાળ છૂટવાનો રોગ) સળેખમ, દમ અને ખાંસી, એ સર્વ રોગ મટે છે.

ઝાડાના વિબંધ માટે ઔષધ

अभयां नागरस्थाने दद्यात्तत्रैव विड्ग्रहे ।

જો રોગીને એ ગોળીથી ઝાડાની કબજિયાત થતી હોય તો ગોળી બનાવવામાં સૂંઠને ઠેકાણે હરડે લેવી.

ઉપર ગણાવેલા ઊલટી વગેરે રોગ પિત્તથી થયા હોય તો શું કરવું?

छर्द्यादिषु च पैत्तेषु चतुर्गुणसितान्विताः ॥ २०॥
पक्वेन वटकाः कार्या गुडेन सितयाऽपि वा ।
परं हि वह्निसम्पर्काल्लघिमानं भजन्ति ते ॥ २१ ॥

(શ્લોક ૧૮, ૧૮½, ૧૯માં ગણાવેલા) ઊલટી વગેરે રોગ પિત્તથી થયા હોય તો ગોળને ઠેકાણે ચોગણી સાકર લેવી. ગોળી કરતી વખતે ગોળ કે સાકર કાચાં ન નાખવાં પણ તેને અગ્નિ ઉપર ચડાવીને પ્રથમ તેની ચાસણી કરવી અને પછી તેમાં ચૂર્ણ મેળવીને ગોળીઓ કરવી; કેમ કે અગ્નિના યોગથી તે પચવામાં બહુ હલકા બને છે.

નિરામ સંગ્રહણીની ચિકિત્સા

વાયુની નિરામ સંગ્રહણીના ઉપાય

(શ્લોક ૨૨થી ૩૧)

દીપન છતાં વિબંધ હોય તો શું કરવું?

अथैनं परिपक्वामं मारुतग्रहणीगदम् ।
दीपनीययुतं सर्पिः पाययेदल्पशो भिषक् ॥२२॥
किंचित्संधुक्षिते त्वग्नौ सक्तविण्मूत्रमारुतम् ।
द्व्यहं त्र्यहं वा संस्नेह्य स्विन्नाभ्यक्तं निरूहयेत् ॥
तत एरंडतैलेन सर्पिषा तैल्वकेन वा
सक्षारेणानिले शान्ते स्रस्तदोषं विरेचयेत् ॥२४॥

વાયુની ગ્રહણી રોગવાળા રોગીનો આમ જ્યારે પાકી જાય, ત્યારે પંચકોલ વગેરે દીપન ઓષધ નાખીને થોડુથોડુ ઘી વેંયે રોગીને પાવુ. (જઠરાગ્નિ પ્રદીપ્ત કરવા માટે થોડુથોડુ ઘી પાવાનુ કહ્યુ છે.) જ્યારે અગ્નિ જરાક પ્રદીપ્ત થાય ત્યારે જો રોગીને ઝાડો, પેશાબ અને વાછૂટ ન થતા હોય, તો બે કે ત્રણ દિવસ રોગીને સ્નેહપાન કરાવીને પછી તેને શેક કરવો તથા તેને તેલ વગેરે સ્નેહ ચોપડવો. પછી તેને નિરૂહબસ્તિ આપવી. નિરૂહબસ્તિ આપ્યા પછી વાયુ શાત થાય એટલે આ રીતે જેના (ચોટેલા) દોષ ખરીને છૂટા પડી ગયા છે એવા તેને એરડિયુ તથા જવખાર પાઈને અથવા લોધર વગેરેથી સિદ્ધ કરેલુ ઘી જવખાર સહિત પાઈને વિરેચન આપવુ.

शुद्धरूक्षाशयं बद्धवर्चस्कं चानुवासयेत्।
दीपनीयाम्लवातघ्नसिद्धतैलेन त ततः ॥ २५ ॥
निरूढं च विरिक्तं च सम्यक्चाप्यनुवासितम्।
लघ्वन्नप्रतिसंयुक्तं सर्पिरभ्यासयेत्पुनः ॥ २६ ॥

જે રોગીનો મળાશય શુદ્ધ તથા લૂખો હોવાથી તેના ઝાડાનો વિબધ હોય એવા રોગીને સૂઠ વગેરે દીપન ઔષધો, આમચૂર, બિજોરા, દાડમ વગેરે ખાટા ઔષધ, તથા ઉપલેટ, રાસ્ના, એરડો વગેરે વાયુને હણુનારા ઔષધ, એ ઔષધોથી સિદ્ધ કરેલા તેલ વડે અનુવાસન બસ્તિ આપવી. જે રોગીને પાછળ કહ્યા પ્રમાણે નિરૂહબસ્તિ આપી હોય, વિરેચન આપ્યુ હોય તથા સારી રીતે અનુવાસન બસ્તિ આપી હોય, તેને હલકુ અન્ન ખાવા આપીને તે સાથે ફરીને ઘી પીવાનો અભ્યાસ રખાવવો.

શૂળ, ગોળો, ઉદરરોગ, દમ, ઉધરસ, વાયુ અને કફનાશક ઉત્તમ દીપન ઘી

पञ्चमूलाभयाव्योषपिप्पलीमूलसैन्धवैः।
रास्नाक्षारद्वयाजाजीविडङ्गशठिभिर्घृतम् ॥ २७ ॥
शुक्तेन मातुलुङ्गस्य स्वरसेनार्द्रकस्य च।
शुष्कमूलककोलाम्लचुक्रिकादाडिमस्य च ॥२८॥
तक्रमस्तुसुरामण्डसौवीरकतुषोदकैः।
काञ्जिकेन च तत्पक्वमग्निदीप्तिकरं परम् ॥२९॥
शूलगुल्मोदरश्वासकासानिलकफापहम्।

મોટાં પંચમૂળ, હરડે, વ્યોષ (સૂઠ, પીપર, મરી), પીપરીમૂળ, સિધવ, રાસ્ના, જવખાર, સાજીખાર, જીરુ, વાવડિંગ, કચૂરો, એ ઔષધોનો કલ્ક કરવો. પછી બિજોરાના સરકામા, આદાના સ્વરસમા, સૂકો મૂળો, બોર, ખાટી લૂણી કે દાડમ એમાથી એક ઔષધના સ્વરસમા અથવા છાશ, દહીનું નીતર્યું પાણી, સુરાનો મડ, સૌવીર, તુષોદક અને કાજીમા ઘી નાખીને ઉપર કહેલા કલ્ક વડે ઘી સિદ્ધ કરવુ. એ ઘી અગ્નિ પ્રદીપ્ત કરવામા શ્રેષ્ઠ છે તથા શૂળ, ગોળો, ઉદરરોગ, દમ, ખાસી, વાયુ અને કફ, એ રોગને દૂર કરનારુ છે.

सबीजपूरकरसं सिद्धं वा पाययेद्घृतम् ॥ ३० ॥

અથવા બિજોરાના રસ વડે સિદ્ધ કરેલ ઘી રોગીને પાવુ. એથી પણ ઉપર કહેલો ગુણ થાય છે.

વાયુ મટે એવો અભ્યંગ

तैलमभ्यञ्जनार्थं च सिद्धमेभिश्चलापहम्।

પાછળ કહેલા મોટા પાચ મૂળ વગેરે ઔષધોથી સિદ્ધ કરેલુ તેલ રોગીને ચોળવાથી વાયુ મટે છે.

કફના આવરણવાળા વાયુનુ, સામ કફનુ, વાયુથી ઊપડેલા સામ કફનુ ઔષધ

एतेषामौषधानां वा पिबेच्चूर्णं सुखाम्बुना ॥ ३१ ॥
वाते श्लेष्मावृते सामे कफे वा वायुनोद्धते।

અથવા એ પચમૂળ વગેરે ઔષધોનુ ચૂર્ણ લગાર ગરમ કરેલા પાણી સાથે પીવું. તેથી કફથી વીટાયેલો વાયુ, સામ કફ અથવા વાયુથી ઊપડેલો સામ કફ મટશે.

પિત્તથી થયેલી નિરામ સંગ્રહણીના ઉપાય

(શ્લોક ૩૨થી ૪૪)

બગડેલું પિત્ત કાઢવાના અને અગ્નિ પ્રદીપ્ત કરવાના ઉપાય

अग्नेर्निर्वापकं पित्तं रेकेण वमनेन वा ॥ ३२ ॥
हृत्वा तिक्तलघुग्राहिदीपनैरविदाहिभिः।

अन्नैः सन्धुक्षयेदग्निं चूर्णैः स्नेहैश्च तिक्तकैः॥३३॥

અગ્નિ અને પિત્ત બન્ને ગ્રહણીમાં રહેલાં છે તથા પિત્ત દ્રવરૂપ છે માટે અગ્નિને હોલવી નાખનાર જે પિત્ત અગ્નિની નીચે તથા ઉપર આવ્યું હોય, તેને જે દ્વાર નજીક હોય ત્યાંથી (=પિત્ત ઉપર હોય તો મોંએથી અને નીચે હોય તો ગુદામાંથી) વમન અને વિરેચન વડે કાઢી નાખવું. પછી કડવાં, હલકાં, મળ બાંધનારાં અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારાં છતાં બળતરાં ન કરે એવાં અન્ન વડે, તથા કડવા રસવાળાં ખાટાં ચૂર્ણ વડે અને કડવા રસથી સિદ્ધ કરેલા સ્નેહ વડે અગ્નિને પ્રદીપ્ત કરવો.

સંગ્રહણી વગેરે રોગોનો નાશ કરે એવું ચૂર્ણ

पटोलनिम्बत्रायन्तीतिक्तातिक्तकपर्पटम् ।
कुटजत्वक्फलं मूर्वा मधुशिग्रुफलं वचा ॥ ३४ ॥
दार्वीत्वक्पद्मकोशीरयवानीमुस्तचन्दनम् ।
सारिवातिविषाव्योषत्वगेलापत्रदारु च ॥ ३५ ॥
चूर्णितं मधुना लेह्यं पेयं मद्यैर्जलेन वा ।
हृत्पाण्डुग्रहणीरोगगुल्मशूलारुचिज्वरान् ॥ ३६ ॥
कामलां सन्निपातं च मुखरोगांश्च नाशयेत्

પટોળ, લીમડો, ત્રાયમાણ, કડુ, કરિયાતું, પિત્તપાપડો, કડાછાલ, ઇંદ્રજવ, મોરવેલ, મીઠા સરગવાનાં ફળ, વજ, દારુહળદરની છાલ, પદ્મકાષ્ઠ, વાળો, અવાની અજમો, મોથ, સુખડ, ગોપીચંદન, અતિવિષ, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), તજ, એલચી, તમાલપત્ર અને દેવદાર, એ ઔષધોનું ચૂર્ણ કરીને મધમાં ચાટવું; અથવા તેને દારૂ સાથે કે પાણી સાથે પીવું. એ ચૂર્ણ ખાવાથી હૃદયના રોગ, પાંડુરોગ, ગ્રહણીરોગ, ગોળો, શૂલરોગ, અરુચિ, તાવ, કમળો, સન્નિપાત અને મુખરોગ નાશ પામે છે.

भूनिम्बकटुकामुस्तात्र्यूषणेन्द्रयवान् समान् ॥ ३७
द्वौ चित्रकाद्वत्सकत्वग्भागान् षोडश चूर्णयेत् ।
गुडशीताम्बुना पीतं ग्रहणीदोषगुल्मनुत् ॥ ३८ ॥
कामलाज्वरपाण्डुत्वमेहारुच्यतिसारजित् ।

કરિયાતું, કડુ, મોથ, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), ઇંદ્રજવ, એ ઔષધ સરખે ભાગે લેવાં; બે ભાગ ચિત્રાના લેવા; અને કડાછાલના સોળ ભાગ લેવા; અર્થાત્ કરિયાતું વગેરે ચાર ઔષધ એકએક તોલો, બે તોલા ચિત્રો અને કડાછાલ સોળ તોલા લેવી. પછી એ ઔષધોનું ચૂર્ણ કરીને ઠંડા પાણીમાં ગોળ નાખીને તે સાથે પીવું. એથી ગ્રહણીદોષ, ગોળો, કમળો, તાવ, પાંડુરોગ, પ્રમેહ, અરુચિ અને અતિસાર એ રોગ મટે છે.

नागरातिविषामुस्तापाठाबिल्वं रसाञ्जनम् ॥ ३९
कुटजत्वक्फलं तिक्ता धातकी च कृतं रजः ।
क्षौद्रतण्डुलवारिभ्यां पैत्तिके ग्रहणीगदे ॥ ४० ॥
प्रवाहिकार्शोगुदरुग्रक्तोत्थानेषु चेष्यते ।

સૂંઠ, અતિવિષ, મોથ, પહાડમૂળ, બીલી, રસાંજન, કડાછાલ, ઇંદ્રજવ, કડુ, ધાવડીનાં ફૂલ, એ ઔષધોથી કરેલું ચૂર્ણ મધ અને ચોખાના ધોવરામણ સાથે પીવાથી પિત્તથી થયેલો ગ્રહણીરોગ, મરડો, હરસ, ગુદામાં પીડા અને લોહીથી થયેલા રોગ મટે છે.

સિદ્ધ ઘી

चन्दनं पद्मकोशीरं पाठां मूर्वां कुटन्नटम् ॥४१॥
षड्ग्रन्थासारिवास्फोतासप्तपर्णाटरूषकान् ।
पटोलोदुम्बराश्वत्थवटप्लक्षकपीतनम् ॥ ४२ ॥
कटुकां रोहिणीं मुस्तां निम्बं च द्विपलांशकान् ।
द्रोणेऽपां साधयेत्तेन पचेत्सर्पिः पिचून्मितैः ॥४३
किराततिक्तेन्द्रयववीरामागधिकोत्पलैः ।
पित्तग्रहण्यां तत्पेयं कुष्ठोक्तं तिक्तकं च यत् ॥ ४४

સુખડ, પદ્મકાષ્ઠ, વાળો, પહાડમૂળ, મોરવેલ, અલવો (મોટો અરડૂસો), વજ, સારિવા, ગરણી, સાંતવણ, અરડૂસી, પટોળ, ઉદુંબર (ગુલ્લર, ઉમેંડો), પીપળો, વડ, પીપર, અંબાડો, કડુ, રોહિણી, મોથ અને લીંબડો, એ સર્વેને આઠઆઠ તોલા લઈને તે સર્વને કચરીને એક દ્રોણ (૧૦૨૪ તોલા) પાણીમાં તેનો ક્વાથ કરવો. પછી તેમાં એકસો અઠ્ઠાવીસ તોલા ઘી નાખીને તેમાં કરિયાતું, કડુ, ઇંદ્રજવ, શતાવરી, પીપર અને કાળું કમળ, એ ઔષધો એકએક તોલો લઈને તેનો કલ્ક કરીને નાખવો. જે માણસને પિત્તથી ગ્રહણીનો

રોગ થયો હોય તેણે એ ઘી પીવું. વળી કુષ્ઠની ચિકિત્સામાં જે તિક્તકઘૃત અને મહાતિક્તઘૃત કહેલાં છે તે પણ પીવાં.

કફથી થયેલા નિરામ સંગ્રહણીના ઉપાય

(શ્લોક ૪૫થી ૬૪)

કેવાં વમન અને દીપન ઔષધ આપવાં?

ग्रहण्यां श्लेष्मदुष्टायां तीक्ष्णैः प्रच्छर्दने कृते।
कट्वम्ललवणक्षारैः क्रमादग्निं विवर्धयेत्॥ ४५॥

જ્યારે ગ્રહણી કફથી દૂષિત થાય (બગડે) ત્યારે રોગીને પ્રથમ ઊલટી કરાવે એવાં તીક્ષ્ણ દ્રવ્ય આપીને તેને વમન કરાવવું, અને પછી તીખાં અને ખારાં દ્રવ્ય વડે તથા ક્ષાર આપીને ક્રમેક્રમે તેનો જઠરાગ્નિ વધારવો.

પેયા વગેરેનાં દ્રવ્યો

पञ्चकोलाभयाधान्यपाठागन्धपलाशकैः।
बीजपूरप्रवालैश्च सिद्धैः पेयादि कल्पयेत्॥ ४६॥

પંચકોલ (પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક અને સૂંઠ), હરડે, ધાણા, પહાડમૂળ, કપૂરકાચલી અને બિજોરાના કુમળા પાંદડાં, એ ઔષધોથી સિદ્ધ કરેલી પેયા વગેરે બનાવીને કફગ્રહણીવાળાને પાવી.

આસવો

द्रोणं मधूकपुष्पाणां विडङ्गं च ततोऽर्धतः।
चित्रकस्य ततोऽर्धं च तथा भल्लातकाढकम्॥४७
मञ्जिष्ठाऽष्टपलं चैतज्जलद्रोणत्रये पचेत्।
द्रोणशेषं शृतं शीतं मध्वर्धाढकसंयुतम्॥ ४८॥
एलामृणालागुरुभिश्चन्दनेन च रूषिते।
कुम्भे मासं स्थितं जातमासवं तं प्रयोजयेत्॥४९
ग्रहणीं दीपयत्येष बृंहणः पित्तरक्तनुत्।
शोषकुष्ठकिलासानां प्रमेहाणां च नाशनः॥५०॥

મહુડાનાં ફૂલ ૧૦૨૪ તોલા લેવાં; વાવડિંગ ૫૧૨ તોલા લેવા; ચિત્રો તેથી અર્ધો એટલે ૨૫૬ તોલા લેવો; ભિલામા ૬૪ તોલા લેવા, મજીઠ બત્રીસ તોલા લેવી; એ સર્વે ત્રણ દ્રોણ (૩૦૭૨ તોલા) પાણીમાં પકવવું અને જ્યારે ઊકળતાં ઊકળતાં એક દ્રોણ પાણી બાકી રહે, ત્યારે તેને ગાળી લઈને ઠંડું કરવું. પછી તેમાં બત્રીસ તોલા મધ મેળવવું. પછી એલચી, કમળના તંતુ, અગરુ અને ચંદન, એ ઔષધિઓના કલ્ક વડે એક ઘડામાં લેપ કરીને તે ક્વાથ તે ઘડામાં નાખવો તથા ઘડાનું મોં સીડી દઈને એક મહિનો રહેવા દેવું. એ રીતે થયેલો આસવ કફગ્રહણીવાળા રોગીને આપવો. એ આસવ પીવાથી ગ્રહણી પ્રદીપ્ત થાય છે, ધાતુઓની પુષ્ટિ થાય છે, રક્તપિત્ત મટે છે, ક્ષય, ચામડીના રોગ, કિલાસ અને પ્રમેહ એ રોગનો નાશ થાય છે.

मधूकपुष्पस्वरसं शृतमर्धक्षयीकृतम्।
क्षौद्रपादयुतं शीतं पूर्ववत्सन्निधापयेत्॥५१॥
तत्पिबन् ग्रहणीदोषान्
जयेत्सर्वान् हिताशनः।

મહુડાનાં ફૂલનો સ્વરસ સોળ તોલા લઈને તેનો ક્વાથ કરતાંકરતાં તેમાંથી અડધો રસ બાકી રહે ત્યારે દેવતા પરથી ઉતારીને ઠંડું પડવા દેવું. પછી તેમાં ચોથે ભાગે મધ નાખવું અને ઠંડું થયા પછી તેને પહેલાં શ્લોક ૪૮½, ૪૯માં કહ્યા પ્રમાણે એલચી વગેરેથી લેપેલા ઘડામાં ભરીને એક માસ રાખી મૂકવું. એ આસવ પીને પથ્ય ભોજન કરનારના સર્વે પ્રકારના ગ્રહણીદોષ મટે છે.

तद्वद्द्राक्षेक्षुखर्जूरस्वरसानासुतान् पिबेत्॥५२

જે રીતે પહેલા (શ્લોક ૪૬½થી ૪૯મા) મહુડાનો આસવ તૈયાર કરવાનો કહેલો છે, તે જ રીતે કાળી દ્રાક્ષ, શેરડી, ખજૂર, એમના આસવ પણ કરવા અને પીવા. (દ્રાક્ષનો સ્વરસ ન નીકળે તો તેનો ક્વાથ કરવો.)

ક્ષાર

हिङ्गुतिक्तावचामाद्रीपाठेन्द्रयवगोक्षुरम्।
पञ्चकोलं च कर्षांशं पलांशं पटुपञ्चकम्॥ ५३॥
घृततैलद्विकुडवे दध्नः प्रस्थद्वये च तत्।
आपोथ्य क्वाथयेदग्नौ मृदावनुगते रसे॥ ५४॥
अन्तर्धूमं ततो दग्ध्वा चूर्णीकृत्य घृतात्प्लुतम्।
पिबेत्पाणितलं तस्मिन्
जीर्णे स्यान्मधुराशनः॥ ५५॥
वातश्लेष्मामयान् सर्वान् हन्याद्विषगरांश्च सः।

હિંગ, કડુ, વજ, રેણુકબીજ, પહાડમૂળ, ઇંદ્રજવ, ગોખરુ, પંચકોલ (પીપર, પીપરીમૂળ,

ચવક, ચિત્રો, સૂંઠ), એ સર્વમાંથી પ્રત્યેક દ્રવ્ય એકએક તોલો લેવું. પાચ લવણ સરવાળે વીસ તોલા લેવાં. ઘી સોળ તોલા લેવું અને તેલ સોળ તોલા લેવું. દહીં ૧૨૮ તોલા લેવું. પછી ઉપર કહેલાં હિંગ વગેરે ઔષધો તથા લવણ, દહીં, તેલ અને ઘીમાં વાટીને નાખીને એકત્ર કરવાં. પછી ધીમા તાપ ઉપર તેને એવી રીતે ઉકાળવાં કે તે રસ બધો તે ઔષધોમાં શોષાઈ જાય. એમ થયા પછી તેને એક શીડી દીધેલા સંપુટમાં મૂકી તેનો ધુમાડો બહાર ન નીકળે એવી રીતે તેને બાળી નાખીને પછી ઠંડું પડ્યા પછી તેનું ચૂર્ણ કરવુ. એ ચૂર્ણમાંથી હથેળી ભરીને (આશરે બે તોલા જેટલું) ઘીમાં ડોઈને પીવું. જ્યારે એ ઔષધ પચી જાય, ત્યારે ગળ્યું ભોજન કરવું. આમ કરવાથી વાયુ અને કફના સર્વ રોગો તથા અકૃત્રિમ અને કૃત્રિમ વિષ મટે છે.

भूनिम्बं रोहिणीं तिक्तां
पटोलं निम्बपर्पटम् ॥५६॥
दग्ध्वा माहिषमूत्रेण पिबेदग्निविवर्धनम् ।

કરિયાતું, હરડે, કડુ, પટોળ, લીમડો, પિત્તપાપડો, એ ઔષધોને બાળવાં અને તેની ભસ્મ થયા પછી ચિ. ૮/૧૪૦ક્ષે, ૧૪૧ મા કહેલી રીતે એ ભસ્મમાથી ક્ષાર બનાવી તે ક્ષારને પાડાના મૂતર સાથે પીવો. એથી અગ્નિનું બળ વધે છે.

द्वे हरिद्रे वचा कुष्ठं चित्रकः कटुरोहिणी ॥५७॥
मुस्ता च छागमूत्रेण सिद्धः क्षारोऽग्निवर्धनः ।

બન્ને હળદર (હળદર અને આંબાહળદર), વજ, ઉપલેટ, ચિત્રો, કડુ અને મોથ, એ ઔષધોનો ક્ષાર ચિ. ૮/૧૪૦ક્ષે, ૧૪૧ મા કહ્યા પ્રમાણે બનાવી એ ક્ષાર બકરાના મૂત્રમા કરવો. એ ક્ષાર અગ્નિની વૃદ્ધિ કરનારો છે.

ગોળી

चतुष्पलं सुधाकाण्डात्त्रिपलं लवणत्रयात् ॥५८॥
वार्ताककुडवं चार्कादष्टौ द्वे चित्रकात्पले ।
दग्ध्वा रसेन वार्ताकाद्गुटिका भोजनोत्तराः ॥५९
भुक्तमन्नं पचन्त्याशु कासश्वासार्शसां हिताः ।
विसूचिकाप्रतिश्यायहृद्रोगशमनाश्च ताः ॥६०॥

થોરનું ડીંગલુ સોળ તોલા લેવું; સિંધવ, સંચળ અને બિડલવણ એ ત્રણ મળી બાર તોલા લેવા; વંતાક સોળ તોલા લેવું; આંકડો બત્રીસ તોલા લેવો; ચિત્રો આઠ તોલા લેવો; પછી એ સર્વને બાળીને વતાકના રસમા તેની ગોળી વાળવી. એ ગોળી ભોજન કર્યા પછી ખાવી. એ ગોળીથી ખાધેલુ અન્ન જલદી પચી જાય છે, ખાસી, દમ અને હરસમાં ફાયદો થાય છે અને કોગળિયુ (કોલેરા), સળેખમ અને હૃદયના રોગ મટી જાય છે.

ચૂર્ણ

मातुलुङ्गशठीरास्नाकटुत्रयहरीतकीः ।
स्वर्जिकायावशूकाख्यौ क्षारौ पञ्च पटूनि च ॥६१
सुखाम्बुपीतं तच्चूर्णं बलवर्णाग्निवर्धनम् ।

બિજોરું, ષટ્કચૂરો, રાસ્ના, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), હરડે, સાજીખાર, જવખાર, પંચલવણ એ ઔષધોનુ ચૂર્ણ કરીને તેને સુખોષ્ણ પાણી સાથે પીવાથી બળ અને અગ્નિ વધે છે.

સિદ્ધ ઘી

श्लैष्मिके ग्रहणीदोषे सवाते तैर्घृतं पचेत् ॥६२॥
धान्वन्तरं षट्पलं च भल्लातकघृताभयम् ।

જો કફથી ગ્રહણીનો રોગ થયો હોય અને તે સાથે વાયુનો ઉપદ્રવ હોય, તો બિજોરું વગેરે જે ઔષધ ઉપર ૬૦ક્ષે, ૬૧મા શ્લોકમાં કહેલા છે તે વડે ઘી પકવ કરવુ અને રોગીને ખાવા આપવુ, અથવા પ્રમેહચિકિત્સામાં ધાન્વન્તરઘૃત કહેલું છે તે, અથવા રાજયક્ષ્માની ચિકિત્સામાં (અ. ૫. શ્લો. ૨૨) ષટ્પલ ઘૃત કહેલું છે તે, અથવા ગુલ્મચિકિત્સામાં ભલ્લાતક ઘૃત કહેલું છે (કહેવાશે) તે, અથવા ઉદરરોગમા અભયા ઘૃત કહેલુ છે તે–એ સઘળાં ઘૃતમાથી ગમે તે ઘી રોગીને ખાવા આપવુ.

विडकाचोपलवणस्वर्जिकायावशूकजान् ॥६३॥
सप्तलां कण्टकारीं च चित्रकं चैकतो दहेत् ।
सप्तकृत्वः स्रुतस्यास्य क्षारस्यार्धाढके पचेत् ॥६४
आढकं सर्पिषः पेयं तदग्निबलवृद्धये ।

બિડલવણ, કાચલવણ, ખારો, સાજીખાર, જવખાર, સાથેર, ભોરી ગણી અને ચિત્રો–એ સર્વને

એકત્ર કરીને બાળવાં. પછી તેમાં પાણી રેડીને તે ગાળી લેવું અને કચરો કાઢી નાખ્યા પછી સ્વચ્છ પાણી રહે તેને બાળવું. જે ક્ષાર થાય તેમાં પાણી રેડીને તે ગાળી લઈને ચોખ્ખા પાણીને પાછું બાળવું. એ રીતે સાત વાર કર્યા પછી છેવટે રહેલા ક્ષારમાંથી એકસો અઠ્ઠાવીસ તોલા ક્ષાર લઈને તેમાં બસો છપ્પન તોલા ઘી નાખીને તેને પક્વ કરવું. એ ઘી પીવાથી જઠરાગ્નિનું બળ વધે છે.

(ક્ષાર બનાવવાની રીતે માટે જુઓ ચિ. ૮/૧૪૦, ૧૪૧ નો અનુવાદ.)

સન્નિપાત(ત્રિદોષ)ગ્રહણીના ઉપાય

(શ્લોક ૬૫)

त्रिचये पञ्चकर्माणि युञ्ज्याच्चैतद्यथाबलम् ।६५॥

ત્રણે દોષથી થયેલા ગ્રહણીરોગમાં વમન, વિરેચન, આસ્થાપન, અન્વાસન અને નસ્ય એ પાંચ કર્મ રોગીનું અને દોષનું બળ જોઈને કરવાં. વળી વાયુ વગેરે જુદાજુદા દોષની ગ્રહણી માટે પાછળ જે જે કરવાનું કહેલું છે, તે તે સન્નિપાતગ્રહણીમાં ભેગું કરવું.

સંગ્રહણીમાં મંદાગ્નિની ચિકિત્સા

કફના પ્રકોપવાળા કેવા દરદીને મંદાગ્નિ મટાડવા કયું ઔષધ આપવું?

प्रसेके श्लैष्मिकेऽल्पाग्नेर्दीपनं रूक्षतिक्तकम् ।
योज्यं कृशस्य व्यत्यासात्स्निग्धरूक्षं कफोदये ॥६६
क्षीणक्षामशरीरस्य दीपनं स्नेहसंयुतम् ।

(પ્રસેક બે પ્રકારનો હોય છેઃ એક કફપ્રસેક અને બીજો વાતપ્રસેક.) મંદ અગ્નિવાળાને જ્યારે કફપ્રસેક હોય, ત્યારે લૂખું અને કડવું દીપન ઔષધ વગેરે આપવું. જો દૂબળા માણસનો અગ્નિ મંદ હોય છતાં તેનો કફ કોપે તો તેને વારાફરતી સ્નિગ્ધ અને લૂખું ઔષધ આપવું, એટલે એક દિવસ સ્નિગ્ધ આપીને પછી લૂખું આપવું અને એક દિવસ લૂખું આપીને પછી સ્નિગ્ધ આપવું, એમ વારાફરતી આપવું; કેમ કે જો દૂબળા પણ બહુ કફવાળા અને લૂખા માણસને ફક્ત લૂખું જ આપવામાં આવે, તો તે વધારે દૂબળો પડે, જો એકલું સ્નિગ્ધ ઔષધ જ આપે તો કફ વધી જાય, માટે વારાફરતી સ્નિગ્ધ અને લૂખું ઔષધ વગેરે આપવું. જે માણસનું શરીર ક્ષીણ અને કૃશ થયું હોય તેને જો કફ વધી જાય, તો તેને સ્નેહ સહિત પંચકોલ વગેરે દીપન દ્રવ્ય આપવું.

બહુપિત્તવાળા દરદીના મંદાગ્નિનું ઔષધ

दीपनं बहुपित्तस्य तिक्तं मधुरकैर्युतम् ॥६७॥

બહુ પિત્તવાળાને જો મંદાગ્નિ હોય તો ગળ્યાં દ્રવ્યમાં ભેળવીને કડવું દીપન ઔષધ આપવું.

બહુ વાયુવાળા દરદીના મંદાગ્નિનું ઔષધ

स्नेहोऽम्ललवणैर्युक्तो बहुवातस्य शस्यते ।

બહુ વાયુવાળા અને મંદ અગ્નિવાળા માણસને ખાટા અને ખારા રસવાળાં દ્રવ્યમાં ભેળવીને સ્નેહ આપવો એ શ્રેષ્ઠ છે.

મંદાગ્નિમાં દોષ મટાડે એવાં ઔષધ સાથે સ્નેહ ભેળવવાનું કારણ

स्नेहमेव परं विद्याद्दुर्बलानलदीपनम् ॥६८॥
नालं स्नेहसमिद्धस्य शमायान्नं सुगुर्वपि ।

મંદ અગ્નિને પ્રદીપ્ત કરવાને સ્નેહ એ જ ઉત્તમ ઉપાય છે; કેમ કે સ્નેહ વડે જે અગ્નિ પ્રદીપ્ત થયેલો હોય, તે અગ્નિને અત્યંત ભારે અન્ન પણ મંદ કરી શકતું નથી. (માટે મંદ અગ્નિવાળા માણસને દોષથી વિરુદ્ધ ઔષધો સાથે સ્નેહ આપવો એ ખાસ કરીને પથ્ય છે.)

ઓછા કફવાળા, નિરામ પણ ઢીલા ઝાડાવાળા દરદીના મંદાગ્નિના ઉપાય

योऽल्पाग्नित्वात्कफे क्षीणे
वर्चः पक्वमपि श्लथम् ॥ ६९॥
मुञ्चेत्त्यूषणक्षारयुतं स पिबेदल्पशो घृतम् ।
तेन स्वमार्गमानीतः स्वकर्मणि नियोजितः ॥७०
समानो दीपयत्यग्निमग्नेः सन्धुक्षको हि सः ।

જે માણસનો જઠરાગ્નિ મંદ હોવાથી અને કફનો ક્ષય થવાથી જેનો ઝાડો પાકેલો પણ નરમ થતો હોય, તેણે સૂંઠનાં ચૂર્ણ અને સિંધવ સાથે થોડુંથોડું ઘી પીવું; કેમ કે એ પ્રમાણે ઘી પીવાથી સમાન વાયુ પોતાના સ્વાભાવિક માર્ગમાં પ્રવૃત્ત થઈને અન્ન પચાવવારૂપી પોતાના

ક્રમમાં લાગી જઈને અગ્નિને પ્રદીપ્ત કરે છે; કારણ કે અગ્નિને પ્રદીપ્ત કરનારો સમાન વાયુ જ છે.

કઠણ ઝાડો મુશ્કેલીથી ઊતરતો હોય તેનો ઉપાય

पुरीषं यश्च कृच्छ्रेण कठिनत्वाद्विमुञ्चति ॥७१॥
स घृतं लवणैर्युक्तं नरोऽन्नावग्रहं पिबेत् ।

જે માણસના ઝાડાનો મળ એકઠો થઈને કઠણ થઈ જવાથી મહાપરાણે બહાર નીકળતો હોય, તે માણસે જમતાં પહેલાં પાંચ લવણ સાથે ઘી પીવુ અને પછી ભોજન કરવું.

લૂખાશને લીધે થયેલા મંદાગ્નિનો ઉપાય

रौक्ष्यान्मन्देऽनले सर्पिस्तैलं
वा दीपनैः पिबेत् ॥७२॥

રુક્ષતા(લૂખાશ)ના કારણથી જે માણસનો અગ્નિ મંદ પડી ગયો હોય તેણે પિંચકોલ વગેરે દીપન ઔષધોની સાથે-ઘી અથવા તેલ પીવું.

બહુ સ્નેહ પીવાથી થયેલા મંદાગ્નિનો ઉપાય

क्षारचूर्णासवारिष्टान् मन्दे स्नेहातिपानतः ।

અતિશય સ્નેહ પીવાથી જઠરાગ્નિ મંદ પડ્યો હોય તો તેણે ક્ષાર, ચૂર્ણ, આસવ અને અરિષ્ટ પીવાં.

ઉદાવર્તથી થયેલા મંદાગ્નિનો ઉપાય

उदावर्तात्तु योक्तव्या निरूहस्नेहबस्तयः ॥७३॥

ઉદાવર્ત રોગથી અગ્નિ મંદ થાય તો નિરૂહબસ્તિ અને સ્નેહબસ્તિઓનો પ્રયોગ કરવો.

દોષ બહુ વધવાથી થયેલા મંદાગ્નિનો ઉપાય

दोषातिवृद्धया मन्देऽग्नौ संशुद्धोऽन्नविधिं चरेत् ।

દોષની અતિશય વૃદ્ધિ થવાથી અગ્નિ મંદ પડ્યો હોય તો પ્રથમ તેને વમન, વિરેચન વગેરે આપીને તેની શુદ્ધિ કરવી, પછી પેયાદિ ક્રમ પ્રમાણે અન્ન સેવુ.

રોગ મટી ગયા પછીના મંદાગ્નિનો ઉપાય

व्याधिमुक्तस्य मन्देऽग्नौ सर्पिरेव तु दीपनम् ॥७४

રોગ થઈને તે મટી ગયા પછી માણસનો જઠરાગ્નિ મંદ હોય, તો ઘી પીવું એ જ જઠરાગ્નિને પ્રદીપ્ત કરવાનો ઉપાય છે.

મુસાફરી, ઉપવાસ અને દૂબળાપણાથી થયેલા મંદાગ્નિનો ઉપાય

अध्वोपवासक्षामत्वैर्यवाग्वा पाययेद्घृतम् ।
अन्नावपीडितं बल्यं दीपनं बृंहणं च तत् ॥७५॥

કોઈ માણસે મુસાફરી કરી હોય, ઉપવાસ કર્યા હોય અને દૂબળો થઈ ગયો હોય તેથી તેનો જઠરાગ્નિ મંદ થઈ ગયો હોય, તો જમતી વખતે એ પચાવી શકે એનાથી અર્ધી યવાગૂ એને ખવડાવીને પછી એને ઘી પાઈને પછી પાછી એને બાકીની અર્ધી યવાગૂ ખવડાવવી. એમ કરવાથી શરીરમાં બળ આવે છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને બૃંહણ થાય છે.

ઘણા કાળના મંદાગ્નિનો ઉપાય

दीर्घकालप्रसङ्गात्तु क्षामक्षीणकृशान्नरान् ।
प्रसहानां रसैः साम्लैर्भोज-
येत्पिशिताशिनाम् ॥७६॥
लघूष्णकटुशोधित्वाद् दीपयन्त्याशु तेऽनलम् ।
मांसोपचितमांसत्वात्परं च बलवर्धनाः ॥७७॥

જે માણસને ઘણા દિવસથી જઠરાગ્નિ મંદ પડી જવાથી આહારરસ સારી રીતે ન પચવાથી શરીર કૃશ, ક્ષીણ અને દૂબળું થઈ ગયું હોય, તે માણસ જો માંસ ખાતો હોય તો તેને પ્રસહવર્ગનાં પ્રાણીઓનાં માંસરસમાં ખટાઈ નાખીને તે માંસરસ ખાવા આપવો; એ માંસરસ હલકો, ગરમ અને શોધન કરનારો છે, માટે તે જઠરાગ્નિને જલદીથી પ્રદીપ્ત કરે છે. વળી માંસ ખાવાથી શરીરમાં માંસની વૃદ્ધિ થાય છે તેથી પણ એ બળ વધારવાનો ઉત્તમ ઉપાય છે.

શું શું કેવી રીતે આપવાથી અગ્નિ વધે છે?

स्नेहासवसुरारिष्टचूर्णक्वाथहिताशनैः ।
सम्यक् प्रयुक्तैर्देहस्य बलमग्निश्च वर्धते ॥७८॥

સ્નેહ, આસવ, સુરા, અરિષ્ટ, ચૂર્ણ, કવાથ અને પથ્ય ભોજન-એ સર્વને અવસ્થા પ્રમાણે યોગ્ય રીતે આપ્યાં હોય તો દેહનુ અને અગ્નિનું બળ વધે છે.

સ્નેહથી અગ્નિ વધે તેનું દૃષ્ટાંત

दीप्तो यथैव स्थाणुश्च बाह्योऽग्निः सारदारुभिः ।

सस्नेहैर्जायते तद्वदाहारैः कोष्ठगोऽनलः ॥ ७९ ॥

જેમ સમડા, ખેર વગેરે સ્નેહયુક્ત 'સારવાળાં' લાકડાંથી સળગાવેલો ખહારનો અગ્નિ સ્થિર થાય છે તેમ (યોગ્ય વખતે આપેલા) સ્નેહયુક્ત પથ્ય આહારથી પ્રજ્વલિત થયેલો જઠરાગ્નિ પણ સ્થિર થાય છે.

કેટલું ખાવાપીવાથી અગ્નિ વધે છે?

नाभोजनेन कायाग्निर्दीप्यते नातिभोजनात् ।
यथा निरिन्धनो वह्निरल्पो
वाऽतीन्धनावृतः ॥ ८० ॥

જેમ અગ્નિમાં સમૂળગું ખળતણ ન નાખવાથી તે પ્રદીપ્ત થતો નથી કે લગાર દેવતા ઉપર ઘણા ખળતણનો ઢગલો કરવાથી પણ તે પ્રદીપ્ત થતો નથી, તેમ (યોગ્ય વખતે) ભોજન ન કરવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થતો નથી, કે અતિશય ભોજન કરવાથી પણ જઠરાગ્નિ પ્રદીપ્ત થતો નથી.

જઠરાગ્નિ શી રીતે પ્રદીપ્ત થાય છે? માપસર અને માફકસર ખોરાક મળે કે ન મળે તો શું થાય? ભસ્મક રોગ

यदा क्षीणे कफे पित्तं स्वस्थाने पवनानुगम् ।
प्रवृद्धं वर्धयत्यग्निं तदाऽसौ सानिलोऽनलः ॥८१
पक्त्वाऽन्नमाशु धातूंश्च
सर्वानोजश्च सङ्क्षिपन् ।
मारयेत्स्यात्स ना स्वस्थो
भुक्ते जीर्णे तु ताम्यति ॥ ८२ ॥

જે સમયે કફ ઓછો થવાથી આમાશયમાં પિત્ત વૃદ્ધિ પામે છે તથા તેની પાછળ વાયુ પણ આવે છે, તે સમયે વાયુ સહિત પિત્ત જઠરાગ્નિને અતિશય વધારે છે. એ રીતે વૃદ્ધિ પામેલો અગ્નિ પ્રથમ અન્નને પચાવી દે છે. અન્ન પચી રહ્યા પછી કોઠામાં ખીજું પાચન કરવા જેવું દ્રવ્ય ન હોવાથી તે સર્વે ધાતુઓનું પાચન કરે છે તથા ઓજને કમી કરી નાખે છે. એમ થવાથી વૃદ્ધિ પામેલો અગ્નિ માણસનો પ્રાણ લે છે. એ માણસ ખાય ત્યારે એને ચેન પડે છે, પણ ખાધેલું પચી જાય ત્યારે ત્રાસ થાય છે.

तृट्कासदाहमूर्च्छाद्या
व्याधयोऽत्यग्निसम्भवाः ।

અગ્નિ અતિશય વધી જવાને લીધે (ભસ્મક અગ્નિને લીધે) તરસ, ઉધરસ, ખળતરા, મૂર્છા વગેરે રોગો (ઉપદ્રવો) થાય છે.

ભસ્મક અગ્નિને શાંત કરવાનો ઉપાય

तमत्यग्निं गुरुस्निग्धमन्दसान्द्रहिमस्थिरैः ॥८३॥
अन्नपानैर्नयेच्छान्तिं दीप्तमग्निमिवाम्बुभिः ।

જેમ અતિશય સળગેલા અગ્નિને જળ છાંટીને શાંત કરવામાં આવે છે, તેમ તે અતિશય વૃદ્ધિ પામેલા ભસ્મક નામે અગ્નિને ભારે સ્નિગ્ધ, મંદ, ઘાડાં, ઠંડાં અને સ્થિર અન્નપાન વડે શાંત કરવો.

मुहुर्मुहुरजीर्णेऽपि भोज्यान्यस्योपहारयेत् ॥८४॥
निरिन्धनोऽन्तरं लब्ध्वा यथैनं न विपादयेत् ।

ભસ્મક રોગવાળા માણસને એક અન્ન પચ્યુ ન હોય તોપણ ખીજું અન્ન ખાવાને આપવું. એવી રીતે વારંવાર તેને ખવડાવવું, કે જેથી અગ્નિ પચાવવાના દ્રવ્યને પચાવીને ધાતુઓને સૂકવવાની તક પામીને તે માણસનો નાશ કરે નહિ.

ભસ્મકમાં પથ્ય ભોજન

कृशरां पायसं स्निग्धं पैष्टिकं गुडवैकृतम् ॥८५॥
अश्नीयादौदकानूपपिशितानि भृतानि च ।
मत्स्यान् विशेषतः श्लक्ष्णान्
स्थिरतोयचरांश्च ये ॥ ८६ ॥

ખીચડી, દૂધપાક, સ્નેહયુક્ત ખોરાક, લોટની ખનાવટ, ગોળનાં રૂપાંતર, જળચર પ્રાણીઓનાં અને અનૂપ દેશનાં પ્રાણીઓનાં ચરખીભર્યાં માંસ અને સુંવાળાં માછલાં તથા ખાસ કરીને સ્થિર જળમાં રહેનારાં (તળાવ વગેરેમાં રહેનારાં) પ્રાણીઓનાં માંસ ખાવાં. (એથી અતિ વૃદ્ધિ પામેલો જઠરાગ્નિ શાંત પડે છે.)

आविकं सुभृतं मांसमद्यादत्यग्निवारणम् ।

ઘેટીનું માંસ જે અતિશય ચરખી ભરેલું હોય, તે ખાવાથી પણ અગ્નિ અતિશય વધારે થતો અટકે છે.

ભસ્મકમાં તરસના ઉપાય

पयः सहमधूच्छिष्टं घृतं वा तृषितः पिबेत् ॥८७

गोधूमचूर्णं पयसा बहुसर्पिःपरिप्लुतम्।
आनूपरसयुक्तान् वा स्नेहांस्तैलविवर्जितान् ॥८८
श्यामात्रिवृद्विपक्वं वा पयो दद्याद्विरेचनम्।
असकृत्पित्तहरणं पायसप्रतिभोजनम् ॥ ८९ ॥

અગ્નિ અતિશય વૃદ્ધિ પામવાથી જેને તરસ લાગ્યા કરતી હોય તેણે મધૂચ્છિષ્ટ (મીણ) સાથે દૂધ પીવું. (કોઈ મધૂચ્છિષ્ટનો અર્થ, 'મદન' કરે છે અને તેથી મીંઢળ સાથે દૂધ પીવું એવો અર્થ થાય છે.); અથવા મધૂચ્છિષ્ટ (મીણ) સાથે ઘી પીવું; અથવા ઘઉંના લોટને બહુ ઘીમાં ડોહીને તે દૂધ સાથે પીવો; અથવા તેલ વિના બીજા ગમે તે સ્નેહને અનૂપ દેશનાં પ્રાણીઓના માંસરસ સાથે પીવા; અથવા પીપર અને નસોતરમાં પકવ કરેલું દૂધ પાઈને વિરેચન આપવું; અને વારંવાર દૂધપાકનું તેને ભોજન આપવું, જેથી તેના પિત્તનુ હરણ થાય.

ભસ્મકમાં કેવા આહારવિહાર કરાવવા? કારણ

यत्किञ्चिद् गुरु मेद्यं च श्लेष्मकारि च भोजनम्।
सर्वं तदत्यग्निहितं भुक्त्वा च स्वपनं दिवा ॥९०॥

જે કંઈ ભોજન ભારે અને ચરબી ઉત્પન્ન કરનારું હોય, તેમ જ જે ભોજન કફ ઉત્પન્ન કરનારું હોય તે સર્વે, તથા ભોજન કરીને દિવસે ઊંઘવું તે પણ. અતિશય વધેલા અગ્નિને મટાડવા માટે સારું છે.

आहारमग्निः पचति दोषानाहारवर्जितः।
धातून् क्षीणेषु दोषेषु जीवितं धातुसङ्क्षये ॥९१

અગ્નિ આહારને પચાવે છે, આહાર ન હોય તો દોષનુ પાચન કરે છે; દોષનો ક્ષય થાય એટલે ધાતુઓનું પાચન કરે છે; અને ધાતુઓનો ક્ષય થાય એટલે જીવિતનું પાચન કરે છે, જીવિતનો નાશ કરે છે.'

જઠરાગ્નિનું રક્ષણ કરવાની આજ્ઞા

एतत्प्रकृत्यैव विरुद्धमन्नं
संयोगसंस्कारवशेन चेदम्।
इत्याद्यविज्ञाय यथेष्टचेष्टा-
श्चरन्ति यत्साऽग्निबलस्य शक्तिः ॥ ९२ ॥
तस्मादग्निं पालयेत्सर्वयत्ने-
स्तस्मिन्नष्टे याति ना नाशमेव।
दोषैर्ग्रस्ते ग्रस्यते रोगसङ्घै-
र्युक्ते तु स्यान्नीरुजो दीर्घजीवी ॥ ९३ ॥

એટલા માટે 'આ અન્ન સ્વભાવે જ વિરુદ્ધ (અપથ્ય) છે, આ અન્ન સંયોગવિરુદ્ધ છે, આ અન્ન સંસ્કારવિરુદ્ધ છે, આ અન્ન માત્રાવિરુદ્ધ છે, આ અન્ન કાળવિરુદ્ધ છે, આ અન્ન પાત્રવિરુદ્ધ છે' વગેરે ન જાણવાથી માણસો પોતાની મરજીમાં આવે એવા આહારનું સેવન કરે છે. જેવું તેમનું એ વર્તન હોય છે તેવી જ તેમના જઠરાગ્નિના બળની શક્તિ હોય છે. (પ્રકૃતિવિરુદ્ધ વગેરે અન્નનાં દૃષ્ટાંત આ પ્રમાણે છે. કરમદાં, દહીં, સરસવની ભાજી, ગોળનો કાકબ, સૂકું માંસ, મઠ વગેરેનાં શણગેલાં ધાન, કાચા મૂળા, ફણુસ વગેરે સ્વભાવે જ અપથ્ય (પ્રકૃતિવિરુદ્ધ) અન્ન (ભોજન). છે. દૂધ ખટાઈ સાથે, આનૂપ માસ અડદ સાથે વગેરે સંયોગવિરુદ્ધ ભોજન છે (જુઓ વિરુદ્ધ ભોજન). હારીત પક્ષીનું માંસ હળદરવાના શૂળ ઉપર પરોવીને હળદરવા વગેરેના અગ્નિથી પકવ કરેલું હોય, એ વગેરે સંસ્કારવિરુદ્ધ અન્ન જાણવાં. મધ અને ઘી સરખા પ્રમાણમાં એકઠાં કરીને ખાવાં, એ વગેરે માત્રાવિરુદ્ધ ભોજન જાણવાં. કાકમાચી(ધોળી પીલુડી)ની ભાજી રાતે રાખી મૂકેલી સવારે ખાવી, એ વગેરે કાળવિરુદ્ધ અન્ન જાણવાં. કાંસાના વાસણમાં દસ દહાડા રાખી મૂકેલું ઘી ખાવું, એ વગેરે પાત્રવિરુદ્ધ ભોજન જાણવાં. એવી રીતે પ્રકૃતિવિરુદ્ધ વગેરે અન્નને જાણ્યા વિના ગમે તેમ ભોજન કરવાથી જઠરાગ્નિની શક્તિમાં ફેરફાર થઈને તે રોગ ઉત્પન્ન કરે છે.) માટે સર્વે પ્રકારના યત્ન કરીને જઠરાગ્નિનું રક્ષણ કરવું; કેમ કે જઠરાગ્નિનો નાશ થવાથી મનુષ્ય પણ નાશ પામે છે. જો જઠરાગ્નિ વાયુ વગેરે દોષ વડે ગ્રસ્ત થાય તો માણસ પણ અનેક રોગથી ગ્રસ્ત થાય છે. પણ જો જઠરાગ્નિ સ્વસ્થ (સમ) હોય તો માણસ નીરોગી અને લાંબા આવરદાવાળો થાય છે.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने ग्रहणीदोष-
चिकित्सितं नाम दशमोऽध्यायः ॥ १० ॥

અધ્યાય ૧૧ મો–મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ્ર, પથરીની ચિકિત્સા

મૂત્રાશય, મૂત્રાશયનું મથાળું, મૂત્રેન્દ્રિય, કટિ, અંડ અને ગુદા એ અવયવો ગુદાના હાડકા સાથે અને ગુદાના પોલાણ સાથે સંબંધવાળા હોવાથી જોડાયેલા છે એમ પૂર્વે કહ્યું છે, માટે ગ્રહણીદોષની ચિકિત્સા કહ્યા પછી મૂત્રાઘાતની ચિકિત્સા કહેવી જોઈએ. વળી ગ્રહણી અને મૂત્રાઘાત બન્નેની સ્તંભનરૂપ સમાન ચિકિત્સા હોવાથી પણ ગ્રહણી પછી મૂત્રાઘાતની ચિકિત્સા કહેવી જોઈએ વગેરે હેતુથી ગ્રંથકાર કહે છે, કે–

अथातो मूत्राघातचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે મૂત્રાઘાત(મૂત્રકૃચ્છ્ર, પથરી)ના ઉપાય સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

વાયુના મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા

કેવાં સ્નિગ્ધ શેક, સેક અને અવગાહન કરવાં?

कृच्छ्रे वातघ्नतैलाक्तमधोनाभेः समीरजे ।
सुस्निग्धैः स्वेदयेदङ्गं पिण्डसेकावगाहनैः ॥ १ ॥

વાયુથી થયેલા મૂત્રકૃચ્છ્રમાં દૂંટીની નીચે ચારે પાસ બલાતેલ વગેરે વાયુનો નાશ કરનારાં તેલ ચોપડીને પિંડસ્વેદ, સેક (ગરમ પાણીની ધાર કરવી), અવગાહન (ગરમ પાણીમાં દૂંટી સુધી બેસવું), વગેરેથી અંગને પરસેવો આણવો. પિંડાદિ સ્વેદ બહુ સ્નિગ્ધ કરવા, અર્થાત્ રૂક્ષ (લૂખા) શેક કરવા નહિ.

મૂત્રકૃચ્છ્રમાં શૂળના ઉપાય

दशमूलबलैरण्डयवाभीरुपुनर्नवैः ।
कुलत्थकोलपत्तूरवृश्चीवोपलभेदकैः ॥ २ ॥
तैलसर्पिर्वराहर्क्षवसाः क्वथितकल्कितैः
सपञ्चलवणाः सिद्धाः पीता शूलहराः परम् ॥ ३ ॥

દશમૂળ, બળદાણા, એરંડો (દિવેલો), જવ, શતાવરી, સાટોડી, કળથી, બોર, પત્તૂર, ધોળી સાટોડી, પાષાણભેદ, એ ઔષધોનો ક્વાથ કરીને તેમાં ઘી, તેલ અને ભુંડની અને રીંછની વસાને નાખીને ઉપર કહેલાં દશમૂલ વગેરેનાં કલ્ક વડે તેને પકવ કરવા. પછી સિંધવ વગેરે પાંચ લવણ સહિત તેમને પીવાથી તે મૂત્રકૃચ્છ્રના શૂળને ઉત્તમ રીતે મટાડે છે.

द्रव्याण्येतानि पानान्ने तथा पिण्डोपनाहने ।
सह तैलफलैर्युञ्ज्यात्साम्लानि स्नेहवन्ति च ॥४॥

એ (ઉપરના શ્લોકમાં કહેલાં) દશમૂલ વગેરે દ્રવ્યો પીવામાં, ખાવામાં, પિંડસ્વેદમાં અને ઉપનાહસ્વેદમાં તેલી ફળ, ખાટાં દ્રવ્યો, અને સ્નેહ સાથે વાપરવા. (નાળિયેર, અખોડ વગેરે તેલી ફળ જાણવા. મૂળમાં 'तैलफल' શબ્દ છે તેનો અર્થ કેટલાક 'तल' કરે છે. છાશ, કાંજી વગેરે ખટાઈ જાણવી.)

પેશાબની પીડાનો ઉપાય

सौवर्चलाढ्यां मदिरां पिबेन्मूत्ररुजापहाम् ।

મદિરામાં ઘણુ સંચળ નાખીને મદિરા પીવી. તેથી મૂત્રની પીડા નાશ પામે છે.

પિત્તના મૂત્રકૃચ્છ્રના ઉપાય

पैत्ते युञ्जीत शिशिरं सेकलेपावगाहनम् ॥ ५ ॥

પિત્તના મૂત્રકૃચ્છ્રમાં ઠંડાં સેક, લેપ અને અવગાહન કરવાં.

પિત્તના મૂત્રકૃચ્છ્ર માટે ક્વાથ

पिबेद्वरीं गोक्षुरकं विदारीं सकसेरुकाम् ।
तृणाख्यं पञ्चमूलं च पाक्यं समधुशर्करम् ॥ ६ ॥

શતાવરી, ગોખરુ, વિદારીકંદ, કસેલાં અને તૃણ પંચમૂળ, એ ઔષધોનો ક્વાથ કરીને તેમા મધ અને સાકર નાખીને પીવાથી પિત્તથી થયેલો મૂત્રકૃચ્છ્ર મટે છે.

મૂત્રાઘાતના ઉપાય

वृषकं त्रपुसैर्वारुलट्वाबीजानि कुङ्कुमम् ।
द्राक्षाम्भोभिः पिबन् सर्वान्
मूत्राघातानपोहति ॥ ७ ॥

પાષાણભેદ, તાંસળી કાકડી, કાકડી, કાબરી (કસુબીનાં બીજ) અને કેસર એ સર્વનો કલ્ક કાળી દ્રાક્ષના પાણી સાથે પીવાથી સર્વે પ્રકારના મૂત્રાઘાત નાશ પામે છે.

पर्वारुबीजयष्ट्याह्वदार्वीर्वा तण्डुलाम्बुना ।
तोयेन कल्कं द्राक्षायाः पिबेत्पर्युषितेन वा ॥८॥

કાકડીનાં બીજ, જેઠીમધ અને દારુહળદર, એ ત્રણને ચોખાના ધોવરામણ સાથે પીવાં; અથવા કાળી દ્રાક્ષનો કલ્ક રાતવાસી પાણી સાથે પીવો. એથી સર્વ પ્રકારના મૂત્રાઘાત મટે છે.

કફના મૂત્રકૃચ્છ્રના ઉપાય

कफजे वमनं स्वेदं तीक्ष्णोष्णकटुभोजनम् ।
यवानां विकृतीः क्षारं कालशेयं च शीलयेत् ॥९॥

કફથી થયેલો મૂત્રાઘાત હોય તો રોગીને ઊલટી કરાવવી, શેક કરવો; તીક્ષ્ણ, ગરમ અને તીખું ભોજન આપવું; જવથી બનેલાં પેયા, યવાગૂ, સાથુ વગેરે ખાવાપીવા આપવાં અને ક્ષાર તથા છાશ આપવાં.

पिबेन्मद्येन सूक्ष्मैलां धात्रीफलरसेन वा ।
सारसास्थिश्वदंष्ट्रैलाव्योषं वा मधुमूत्रवत् ॥१०॥
स्वरसं कण्टकार्या वा पाययेन्माक्षिकान्वितम् ।
शितिवारकबीजं वा तक्रेण श्लक्ष्णचूर्णितम् ॥११॥
धवसप्ताह्वकुटजगुडूचीचतुरङ्गुलम् ।
केम्बुकैलाकरञ्जं च पाक्यं समधु साधितम् ॥१२॥
तैर्वा पेयां प्रवालं वा चूर्णितं तण्डुलाम्बुना ।
सतैलं पाटलाक्षारं सप्तकृत्वोऽथवा स्रुतम् ॥१३॥

દારૂ સાથે નાની એલચીનું ચૂર્ણ પીવું; અથવા આમળાંના રસમાં નાની એલચીનું ચૂર્ણ પીવું; અથવા સરોવરમાં જન્મેલા પ્રાણીનું હાડકું, ગોખરુ, એલચી, સૂંઠ, પીપર, મરી, એ ઔષધોના ચૂર્ણને મધ અને ગાયના મૂત્ર સાથે પીવું; અથવા ભોંરિંગણીનો સ્વરસ મધ સાથે પીવો; અથવા કરંજના બીજને બારીક વાટીને છાશ સાથે પીવાં; અથવા ધાવડો, રોહીડો, ઇંદ્રજવ, ગળો, ગરમાળો, કડ, એલચી, કરંજ, એ ઔષધોનો ક્વાથ કરીને મધ સાથે પીવો; અથવા ધાવડો વગેરે આઠ વનસ્પતિઓથી સિદ્ધ કરેલી પેયા પીવી; અથવા પરવાળાંને બારીક વાટીને તેનું ચૂર્ણ ચોખાના ધોવરામણ સાથે પીવું; અથવા પાડલના ક્ષારને સાત વાર ઉકાળીને તેમાં તેલ નાખીને તે પાવો. એ સર્વ ઔષધ કફથી થયેલા મૂત્રાઘાતને મટાડનારાં છે.

पाटलीयावशूकाभ्यां पारिभद्रात्तिलादपि ।
क्षारोदकेन मदिरां त्वगेलोपकसंयुताम् ॥१४॥
पिबेद्गुडोपदंशान्वा लिह्यादेतान् पृथक् पृथक् ।

પાડલના અને જવખારના ક્ષારના પાણી સાથે પારિભદ્ર પીવો; તલના ક્ષારના પાણી સાથે તજ, એલચી અને ખારો નાખીને દારૂ પીવો; અથવા તજ, એલચી અને ખારો ગોળમાં નાખીને જુદાં જુદાં ખાવાં. (અહીં પારિભદ્ર એટલે બકાયન લીમડો.)

સન્નિપાત(ત્રિદોષ)ના મૂત્રકૃચ્છ્રના ઉપાય

सन्निपातात्मके सर्वं यथावस्थमिदं हितम् ॥१५॥
अश्मन्यप्यचिरोत्थाने वातबस्त्यादिकेषु च ।

જે મૂત્રકૃચ્છ્ર ત્રણે દોષથી થયેલો હોય તો પૂર્વે જે જુદાજુદા દોષના મૂત્રકૃચ્છ્રના જુદાજુદા ઉપાય કહ્યા છે, તે સર્વે રોગીની અવસ્થાનો વિચાર કરીને એકસાથે કરવાથી તે હિતકર થાય છે. પૂર્વે કહેલી જુદાજુદા દોષના મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા કેવળ સન્નિપાતમૂત્રકૃચ્છ્રમાં જ હિતકર છે એમ જ નથી, પરંતુ થોડા કાળથી ઉત્પન્ન થયેલી પથરીનો રોગ, વાતબસ્તિ, વાતકુંડલિકા વગેરે મૂત્રાઘાત રોગમાં પણ હિતકર છે.

પથરીની ચિકિત્સા

દુઃસાધ્ય કેવી પથરી દવાથી ને કેવી પથરી કાપવાથી મટે?

अश्मरी दारुणो व्याधिरन्तकप्रतिमो मतः ॥१६॥
तरुणो भेषजैः साध्यः प्रवृद्धश्छेदमर्हति ।

પથરીનો રોગ મહાભયંકર છે અને તેને કાળ (યમ) જેવો માનેલો છે. જો એ રોગ થતો (નવો) હોય તો ઔષધોથી મટાડી શકાય છે, પણ જો વધી ગયો હોય તો પછી શસ્ત્રથી ચીરીને પથરી કાઢવી પડે છે.

પથરીના પૂર્વરૂપમાં ઉપચાર

तस्य पूर्वेषु रूपेषु स्नेहादिक्रम इष्यते ॥१७॥

તે પથરીના રોગના પૂર્વરૂપમાં સ્નેહન, સ્વેદન, વમન વગેરે ક્રમ કરવો જોઈએ.

વાયુથી થયેલી પથરીના ઉપાય

पाषाणभेदो वसुको वशिरोऽश्मन्तको वरी ।

कपोतवङ्कातिबलाभल्लूकोशीरकच्छकम् ॥ १८ ॥
वृक्षादनी शाकफलं व्याघ्र्यौ गुण्ठस्त्रिकण्टकः ।
यवाः कुलत्थाः कोलानि
वरुणः कतकात्फलम् ॥१९॥
ऊषकादिप्रतीवापमेषां क्वाथे शृतं घृतम् ।
भिनत्ति वातसम्भूतां तत्पीतं शीघ्रमश्मरीम् ॥२०

પાષાણભેદ, મોટી ઓરસલી, રાતો અંઘેડો, સફેદ કાંચનાર, શતાવરી, અળશી, અતિબલા, અલવો કે મોટો અરડૂસો, વાળો, વીકળો, વાંદો (વૃક્ષવંદો), શાકફળ, બે જાતની ભોરીંગણી, ગુંઠ તૃણ, ગોખરુ, જવ, કળથી, બોર, વરણો, નિર્મળી, એ સર્વે ઔષધોના ક્વાથમાં ઘી સિદ્ધ કરીને તેમાં ઊષકાદિ ગણનાં (સૂત્રસ્થાન અધ્યાય ૧૫, શ્લોક ૨૩) ઔષધો નાખીને પીવાથી વાયુથી ઉત્પન્ન થયેલી પથરીને તે તત્કાળ મટાડે છે.

(શાકફળ=સાગનું ફળ)

गन्धर्वहस्तबृहतीव्याघ्रीगोक्षुरकेक्षुरात् ।
मूलकल्कं पिबेद्दध्ना मधुरेणाश्मभेदनम् ॥ २१ ॥

એરંડો (દ્વિવેષ્ટ), મોટી રીંગણી, ભોરિંગણી, ગોખરુ, એખરો, એ વનસ્પતિઓનાં મૂળનો કલ્ક કરીને ગળ્યા દહીં સાથે પીવાથી વાતાશ્મરી (વાયુથી થયેલી પથરી) તૂટે છે, મટે છે.

પિત્તથી થયેલી પથરીના ઉપાય

कुशः काशः शरो गुण्ठ इत्कटो
मोरटोऽश्मभित् ।
दर्भो विदारी वाराही शालिमूलं त्रिकण्टकः ॥२२
भल्लूकः पाटलो पाठा पत्तूरः सकुरण्टकः ।
पुनर्नवे शिरीषश्च तेषां क्वाथे पचेद्घृतम् ॥ २३ ॥
पिष्टेन त्रपुसादीनां बीजेनेन्दीवरेण च ।
मधुकेन शिलाजेन तत्पित्ताश्मरिभेदनम् ॥२४॥

ડાભ, કાસડો, સરકટ, ગુંઠ ઘાસ, ઈકડ, શેરડીનું મૂળ, પાષાણભેદ, ડાભ, વિદારીકંદ, વારાહીકંદ, શાળનાં મૂળ, ગોખરુ, મોટો અરડૂસો (અલવો), પાડલ, પાઠા (પહાડમૂળ), પત્તૂર, કાંટાસળિયો, સાટોડી, સરસડો, એ ઔષધના ક્વાથમાં ઘી સિદ્ધ કરવું. પછી તે ઘીમાં તડબૂચ વગેરેનાં બીજનું (તડબૂચનાં બીજ, ચીભડાનાં બીજ અને કસુંબીનાં બીજનું) ચૂર્ણ નાખીને પીવું; અથવા ઠાળા કમળનાં બીજ (કમળકાકડી) નાખીને પીવું; અથવા જેઠીમધ નાખીને પીવું; અથવા શિલાજિત નાખીને પીવું. એ ઘી પિત્તાશ્મરીને તોડનારું (પિત્તની પથરીને મટાડનારું) છે.

કફથી થયેલી પથરીના ઉપાય

वरुणादिः समीरघ्नौ गणावेलाहरेणुका ।
गुग्गुलुर्मरिचं कुष्ठं चित्रकः ससुराह्वयः ॥२५॥
तैः कल्कितैः कृतावापमूषकादिगणेन च ।
भिनत्ति कफजामाशु साधितं घृतमश्मरीम् ॥२६

સૂત્રસ્થાનના પંદરમા અધ્યાયમાં (શ્લોક ૨૧ અને ૨૪માં) કહેલા વરુણાદિ ગણ તથા વીરતરાદિ ગણ અને વિદાર્યાદિ ગણ જે વાયુનાશક છે તેનાં ઔષધો લેવાં. તથા તે સાથે એલચી, રેણુકબીજ, ગૂગળ, મરી, ઉપલેટ, ચિત્રો, દેવદાર, એ ઔષધો લેવાં. એ બધાં ઔષધોનો કલ્ક કરીને તે કલ્કમા ઊષકાદિ ગણનાં ઔષધો (સૂત્રસ્થાન અ. ૧૫, શ્લોક ૨૩) નાખવાં. પછી તે વડે ઘી સિદ્ધ કરવું. તે ઘી કફથી ઉત્પન્ન થયેલી પથરીને તરત તોડે છે, મટાડે છે.

કયાં દ્રવ્યો વડે ક્ષાર, દૂધ વગેરે બનાવવું ?

क्षारक्षीरयवाग्वादिद्रव्यैः स्वैः स्वैश्च कल्पयेत् ।

જે જે દોષથી અશ્મરી ઉત્પન્ન થઈ હોય તે તે દોષને મટાડે એવાં દ્રવ્યો લઈને તે વડે ક્ષાર, દૂધ, યવાગૂ વગેરે બનાવવાં.

શર્કરારોગનો ઉપાય

पिचुकाङ्कोल्लकतकशाकेन्दीवरजैः फलैः ॥ २७॥
पीतमुष्णाम्बु सगुडं शर्करापातनं परम् ।

કપાસનાં જિંડવાં, અંકોલ, નિર્મળી, સાગ, કમળ એ ઔષધોનાં ફળ ગોળ અને ગરમ પાણી સાથે પીવાથી શર્કરાને ઉત્તમ પ્રકારે કાપે છે, નાશ કરે છે.

क्रौञ्चोष्ट्ररासभास्थीनि श्वदंष्ट्रा तालपत्रिका ॥२८
अजमोदा कदम्बस्य मूलं विश्वस्य चौषधम् ।
पीतानि शर्करां भिन्द्युः सुरयोष्णोदकेन वा ॥२९

કૌંચ પક્ષી (વહીલાં), ઊંટ અને ગધેડો, એ જાનવરોનાં હાડકાં, ગોખરુ, કાળી મૂસળી, અજમોદ, કદંબનું મૂળ, બીલીનું મૂળ, સૂંઠ, એ ઔષધોને બારીક વાટી એકત્ર કરીને સુરા સાથે અથવા ગરમ પાણી સાથે પીવાથી શર્કરા-રોગ નાશ પામે છે.

પથરી માટે ચૂર્ણ

नृत्यकुण्डकबीजानां चूर्णं माक्षिकसंयुतम्।
अविक्षीरेण सप्ताहं पीतमश्मरिपातनम् ॥ ३० ॥

ચેરિયાનાં બીજના ચૂર્ણમાં મધ મેળવીને સાત દહાડા ઘેટીના દૂધમાં પીવાથી પથરી-રોગ મટે છે (પથરી પડે છે).

પથરી માટે ક્વાથ

क्वाथश्च शिग्रुमूलोत्थः कदुष्णोऽश्मरिपातनः।

સરગવાનાં મૂળનો ક્વાથ લગાર લગાર ગરમ હોય તે વેળા પીવાથી તે પથરીનો નાશ કરે છે (પથરીને પાડે છે).

શર્કરારોગ અને પથરી માટે ક્ષાર

तिलापामार्गकदलीपलाशयवसम्भवः ॥ ३१ ॥
क्षारः पेयोऽविमूत्रेण शर्करास्वश्मरीषु च।

તલ, અઘાડો, કેળ, ખાખરો અને જવ, એ ઔષધિઓનો ક્ષાર કાઢીને તેને ઘેટીના મૂત્ર સાથે પીવો, તેથી શર્કરા અને પથરી બંને રોગ મટે છે.

પથરી માટે બીજાં ઔષધો

कपोतवङ्कामूलं वा पिबेदेकं सुरादिभिः ॥ ३२ ॥
तत्सिद्धं वा पिबेत्क्षीरं वेदनाभिरुपद्रुतः।
हरीतक्यस्थिसिद्धं वा साधितं वा पुनर्नवैः ॥३३
क्षीराश्रमुर्वाहिंशिखामूलं वा तण्डुलाम्बुना।

એકલું સુવર્ચલાનું મૂળ સુરા, ગરમ પાણી વગેરે સાથે પીવું. જો રોગી વેદનાથી પીડાતો હોય તો તેણે સુવર્ચલાના મૂળથી સિદ્ધ કરેલું દૂધ પીવું, અથવા હરડેના ઠળિયાથી સિદ્ધ કરેલું અથવા સાટોડીથી સિદ્ધ કરેલું દૂધ પીવું, અથવા મોરની શિખાનું મૂળ ચોખાના ધોવડામણ સાથે પીવું. ખોરાકમાં દૂધ સાથે પથ્ય ભોજન ખાવું. (એથી પથરી મટે છે.)

બધા મૂત્રાઘાતમાં કરવાની ક્રિયા

मूत्राघातेषु विभजेदतः शेषेष्वपि क्रियाम् ॥ ३४॥

પૂર્વે જે મૂત્રાઘાતની ચિકિત્સા કહી છે તે ઉપર વિચાર કરીને મૂત્રાતીત વગેરે બીજા મૂત્રાઘાતના રોગોમાં પણ જેવી જ્યાં ક્રિયા ઘટે તેવી ત્યાં ક્રિયા કરવી.

સર્વ મૂત્રવિકારનું ઔષધ

बृहत्यादिगणे सिद्धं द्विगुणीकृतगोक्षुरे।
तोयं पयो वा सर्पिर्वा सर्वमूत्रविकारजित् ॥३५

બૃહત્યાદિ ગણમાં બમણું ગોખરુ નાખીને ક્વાથ કરવો, અથવા દૂધ પક્વ કરવું અથવા ઘી પકવ કરવું. એ ક્વાથ, દૂધ કે ઘી સર્વે પ્રકારના મૂત્રરોગને મટાડે છે.

देवदारु घनं मूर्वां यष्टीमधु हरीतकीम्।
मूत्राघातेषु सर्वेषु सुराक्षीरजलैः पिबेत् ॥ ३६ ॥

દેવદાર, મોથ, મોરવેલ, જેઠીમધ, મધ, હરડે, એ સર્વે ઔષધોને સુરામાં, દૂધમાં કે પાણીમાં પીવાથી સર્વે પ્રકારના મૂત્રાઘાત દૂર થાય છે.

रसं वा धन्वयासस्य कषायं ककुभस्य वा।
सुखाम्भसा वा त्रिफलां
पिष्टां सैन्धवसंयुताम् ॥ ३७ ॥
व्याघ्रीगोक्षुरकक्वाथे यवागूं वा सफाणिताम्।
क्वाथे वीरतरादेर्वा ताम्रचूडरसेऽपि वा ॥ ३८
अथाद्वीरतराद्येन भावितं वा शिलाजतु।

ધમાસાનો રસ અથવા સાદડનો ક્વાથ પીવો, અથવા લગાર ગરમ કરેલા પાણી સાથે વાટેલી ત્રિફલાને સિંધવ સહિત પીવી, અથવા ભોંરિંગણી અને ગોખરુના ક્વાથમાં સિદ્ધ કરેલી યવાગૂ કાકબ (હલકો ગોળ) સાથે પીવી, અથવા (સૂત્રસ્થાનના અધ્યાય ૧૫ શ્લોક ૨૪ માં કહેલાં) વીરતરાદિ ગણનાં ઔષધોના ક્વાથમાં સિદ્ધ કરેલી પેયા પીવી, અથવ કૂકડાના માંસરસમાં સિદ્ધ કરેલી પેયા પીવી અથવા વીરતરાદિ ગણનાં ઔષધોની ભાવન (પુટ) આપેલો શિલાજિત ખાવો. એમાંનુ ગમે તે ઔષધ કરવાથી સર્વે પ્રકારના મૂત્રાઘાત દૂર થાય છે.

પથરી છૂટી પાડવાના ઉપાય

मद्यं वा निगदं पीत्वा रथेनाश्वेन वा व्रजेत् ॥३९
शीघ्रवेगेन सङ्क्षोभात्तथाऽस्य च्यवतेऽश्मरी ।

અથવા જૂનો દારૂ પીને રથ કે ઘોડા ઉપર બેસીને ઘણી ઝડપથી જવાથી તેના ક્ષોભ (આંચકા) વડે પથરી છૂટી પડી જાય છે.

પથરી માટે વીરતરાદિ ગણનો ઉપયોગ: વિરેચન, બસ્તિ

सर्वथा चोपयोक्तव्यो वर्गो वीरतरादिकः ॥४०
रेकार्थं तैल्वकं सर्पिर्वस्तिकर्म च शीलयेत् ।
विशेषादुत्तरान् वस्तीन्

પથરીના રોગવાળાએ કવાથમાં, પેયામાં, પાણીમાં, એમ સર્વ પ્રકારે વીરતરાદિ ગણ વાપરવો, વિરેચન માટે ગરમાળાથી સિદ્ધ કરેલું ઘી વાપરવું. વળી તેણે બસ્તિકર્મની રોજ ટેવ રાખવી અને તેમાં પણ ખાસ કરીને ઉત્તરબસ્તિ રોજ લેવી.

શુક્રાશ્મરીનો ઉપાય

शुक्राश्मर्यां तु शोधिते ॥ ४१ ॥
तैर्मूत्रमार्गे बलवान् शुक्राशयविशुद्धये ।
पुमान् सुतृप्तो वृष्याणां
मांसानां कुक्कुटस्य च ॥ ४२ ॥
कामं सकामाः सेवेत प्रमदा मददायिनीः ।

શુક્રાશ્મરી રોગમાં ઉત્તરબસ્તિ વડે મૂત્રમાર્ગનું શોધન કર્યા પછી શુક્રાશયનું શોધન કરવા માટે વૃષ્ય દ્રવ્યો અને કૂકડાનું માંસ બળવાન પુરુષે ખૂબ ધરાઈને ખાઈને કામયુક્ત અને મદમાતી સ્ત્રીઓને મરજી મુજબ ભોગવવી.

પથરીવાળાને શસ્ત્રક્રિયા ક્યારે કરવી?

सिद्धैरुपक्रमैरेभिर्न चेच्छान्तिस्तदा भिषक् ॥४३
इति राजानमापृच्छ्य शस्त्रं साध्वथचारयेत् ।

ઉપર કહેલા પથરીને મટાડે એવા સિદ્ધ ઉપાયો વડે પણ જો રોગ ન મટે તો પછી વૈદ્યે નીચે પ્રમાણે રાજાની પરવાનગી લઈને સારી રીતે સાવચેતીથી શસ્ત્રકર્મ (ઓપરેશન) કરવું.

રાજાની રજા શું કહીને લેવી?

अक्रियाया ध्रुवो मृत्युः
क्रियायां संशयो भवेत् ॥ ४४ ॥
निश्चितस्यापि वैद्यस्य बहुशः सिद्धकर्मणः ।

વૈદ્યે રાજાને કહેવું કે, 'હે રાજન્! આ માણસને રોગ થયો છે, અને જો તેની ચિકિત્સા તરીકે શસ્ત્રકર્મ નહિ કરવામાં આવે, તો તેનું મરણ નક્કી છે, અને શસ્ત્રકર્મ કરવામાં આવશે તો જ વૈદ્યને શાસ્ત્રના અભ્યાસથી ખાતરી હોય કે અમુક શસ્ત્રકર્મ કરવાથી અમુક રોગ નક્કી મટશે અને જે વૈદ્યે ઘણે પ્રસંગે આ ક્રિયા કરીને કાર્યસિદ્ધિ કરેલી હોય, તેવા વૈદ્યને પણ દરદીની જિંદગી વિષે સંશય રહે છે.' એ રીતે વૈદ્યે પણ રાજાને કહીને શસ્ત્રકર્મ કરવાની પરવાનગી લેવી.

પથરીવાળાને શસ્ત્રક્રિયાનો વિધિ

अथातुरमुपस्निग्धशुद्धमीषच्च कर्शितम् ॥ ४५
अभ्यक्तस्विन्नवपुषमभुक्तं कृतमङ्गलम् ।
आजानुफलकस्थस्य नरस्याङ्के व्यपाश्रितम् ॥४६
पूर्वेण कायेनोत्तानं निषण्णं वस्त्रकुण्डले ।
ततोऽस्याकुञ्चिते जानुकूर्परे वाससा दृढम् ॥४७
सहाश्रयमनुष्येण बद्धस्याश्वासितस्य च ।
नाभेः समन्तादभ्यज्यादधस्तस्याश्च वामतः ॥४८
मृदित्वा मुष्टिनाऽऽक्रामेद्यावदश्मर्यधोगता ।
तैलाक्ते वर्धितनखे तर्जनीमध्यमे तत ॥ ४९ ॥
अदक्षिणे गुदेऽङ्गुल्यौ प्रणिधायानुसेवनि ।
आसाद्य बलयत्नाभ्यामश्मरीं गुदमेढ्रयोः ॥५०॥
कृत्वाऽन्तरे तथा बस्तिं निर्वलीकमनायतम् ।
उत्पीडयेदङ्गुलिभ्यां याव-
द्ग्रन्थिरिवोन्नतम् ॥ ५१ ॥
शल्यं स्यात्सेवनीं मुक्त्वा यवमात्रेण पाटयेत् ।
अश्ममानेन न यथा भिद्यते सा तथाऽऽहरेत् ॥५२
समग्रं सर्पवक्त्रेण, स्त्रीणां बस्तिस्तु पार्श्वगः ।
गर्भाशयाश्रयस्तासां शस्त्रमुत्सङ्गवत्ततः ॥५३॥
न्यसेदतोऽन्यथा ह्यासां मूत्रस्रावी व्रणो भवेत् ।
मूत्रप्रसेकक्षणनान्नरस्याप्यपि चैकधा ॥ ५४ ॥
बस्तिभेदोऽश्मरीहेतुः सिद्धिं याति न तु द्विधा ।

રાજાની પરવાનગી લીધા પછી રોગીને સ્નેહપાન કરાવીને સ્નિગ્ધ કરવો, વમન, વિરેચન વગેરેથી શુદ્ધ કરવો તથા ઉપવાસ વગેરે કરાવીને લગાર કૃશ (પાતળો) કરવો. પછી તેને શરીરે,

ખાસ કરીને નાભિની નીચે તેલ ચોળીને પછી શેક કરીને પરસેવો કાઢવો. જે દિવસે શસ્ત્રકર્મ કરવાનું હોય તે દિવસે રોગીને ખાવાનુ આપવુ નહિ. પછી તેને મંગળકર્મ કરાવીને ઢીંચણ જેટલા ઊંચા આસન ઉપર બેઠેલા બીજા પુરુષના ખોળામાં એવી રીતે બેસાડવો કે તેનુ આગલું (માથાથી કેડ સુધીનુ) શરીર છત્તું (ચત્તું) રહે અને લૂગડાંની ઉઢાણી ઉપર તે બેઠેલો હોય. એમ બેસાડ્યા પછી વસ્ત્ર વડે તેનાં બન્ને ઢીંચણ અને બન્ને કોણી લગાર વાંકાં વાળીને જે માણસના ખોળામાં તે બેઠો હોય તેની જોડે તેને મજબૂત બાધવો. આટલું થયા પછી રોગીને આશ્વાસન આપવુ (કે તું ફિકર કરીશ નહિ; તારો રોગ મટી જશે; વગેરે મધુર વચનથી તથા પંખા વડે વા નાખીને તેનુ સાંત્વન કરવું.) પછી ડૂંટીની નીચે ચારે પાસ ફરતું તેને તેલ ચોળવુ. પછી ડૂંટીની નીચે ડાબે પાસે વૈદ્યે ચોળવુ અને પથરી નીચે ઊતરે ત્યાં સુધી મુઠ્ઠી વડે દબાવવુ. પથરી નીચે ઊતરી માલૂમ પડે એટલે વૈદ્યે પોતાના ડાબા હાથની, નખ કપાવી રાખેલી તર્જની તથા મધ્યમા આંગળીઓને તેલ ચોપડીને રોગીની મૂત્રેંદ્રિયની સેવનીને રસ્તેરસ્તે તે આવે એવી રીતે ગુદામાં મૂકવી. પછી તે બે આંગળીઓ ગુદામાંના વલયમાં લઈ જઈને પથરીને ગુદા અને મેઢ્ર(મૂત્રેન્દ્રિય)ના વચગાળામાં આણવી. પછી બસ્તિ(મૂત્રાશય)ને કરચલી વિનાનું તથા અવિસ્તીર્ણ કરીને (ફાટી જાય એટલી હદ સુધી તાણ્યા વિના) પેલી બે આંગળીઓ વડે પથરીને ઊંચી ઉપાડવી. તે પથરી એક ગાંઠની પેઠે ઊપસી આવે ત્યાં સુધી ઊંચી ઉપાડવી. પછી સેવનીની ડાબી બાજુએ એક જવ જેટલુ અંતર મૂકીને ત્યાં (સેવનીની ડાબી બાજુએ સેવનીથી એક જવ જેટલા અંતરે) શસ્ત્ર વડે પથરીના માપનો છેદ કરવો, અર્થાત્ પથરી બહાર નીકળી શકે એવડો જ કાપ મૂકવો. પછી તે પથરી ભાંગે નહિ એવી રીતે સાપની ફેણ જેવા આગળથી વાંકા યંત્ર વડે (સર્પમુખ યંત્ર વડે) જાળવીને આખી ને આખી બહાર કાઢી લેવી; કેમ કે જો તે અંદર ભાંગી જાય તો અંદર રહેલો પથરીનો ભાગ પાછો વધે. સ્ત્રીઓની બસ્તિ (મૂત્રાશય) બહુ પાસે હોય છે અને ગર્ભાશયને આધારે રહેલી હોય છે, માટે તેમને (સ્ત્રીઓને) શસ્ત્રકર્મ કરવુ હોય તો કાપ મૂકતી વખતે ચત્તું (उत्तान –ઉલ્હણ) શસ્ત્ર રાખવું (કે જેથી શસ્ત્ર ગર્ભાશયને લાગી ન જાય); જો એમ ન કરે તો તેમને મૂત્રસ્રાવી વ્રણ થાય, એટલે એવો વ્રણ થાય કે જેમાંથી મૂત્ર નીકળ્યા કરે મૂત્રપ્રસેકમાં (મૂત્રાશયના દ્વાર સાથે જોડાયેલ મૂત્ર નીકળવાના સ્રોતમાં) ક્ષત થવાથી સ્ત્રીઓને જ મૂત્રસ્રાવી વ્રણ થાય એમ નથી પુરુષને પણ મૂત્રપ્રસેક સ્થાનમાં ક્ષત થવાથી મૂત્રસ્રાવી વ્રણ થાય છે. પથરી કાઢવા માટે બસ્તિને એક જગ્યાએ કાપી હોય તો તે મટે છે પણ બે જગ્યાએ કાપી હોય તો તે મટતું નથી (વળી પથરી કાઢવા માટે બસ્તિ ઉપર મૂકેલો એક કાપ પણ ક્રિયાના અભ્યાસથી અને સાવધાનીથી કાર્ય પૂરતો મૂકેલો હોય છે તેથ અને પથરી બહુ વધેલી હોય છે તેથી મટે છે, પણ એકાએક શસ્ત્ર વાગવાથી કે એવી જ રીતે બીજા કોઈ પ્રકારે બસ્તિ ઉપર એક જગ્યાએ થયેલો કાપ પણ મટતો નથી.)

શસ્ત્રક્રિયા કર્યા પછી લોહી બંધ કરવાના ઉપાર

विशल्यमुष्णपानीयद्रोण्यां तमवगाहयेत् ॥५५॥
तथा न पूर्यतेऽस्रेण वस्तिः, पूर्णे तु पीडयेत् ।
मेढ्रान्तः क्षीरिवृक्षाम्बु

એ પ્રમાણે રોગીની પથરી કાઢ્યા પછી ગરમ પાણીની દ્રોણી(અ. ટબ)માં તેને બેસાડવો. કેમ કે એમ કરવાથી બસ્તિ લોહીથી ભરાઈ જતી નથી. એમ કર્યા છતા પણ દૈવયોગથી બસ્તિ લોહીથી ભરાઈ જાય તો વડ, ઉમેડો, પીપર, પીપળો વગેરે દૂધવાળાં ઝાડના ક્વાથ વડે મેઢ્ર(મૂત્રેંદ્રિય)માં ઉત્તરબસ્તિ આપવી.

દ્રોણી=અંદર બેસીને નાહી શકાય એવું નાહવાનું લંબગોળ વાસણ (ટબ).

લોહી બંધ થયા પછી મૂત્રલ શોધનક્રિયા

मूत्रसंशुद्धये ततः ॥५६॥

कुर्याद्गुडस्य सौहित्यं मध्वाज्याक्तव्रणः विवेत् ।
द्वौ कालो सघृतां कोष्णां यवागूं मूत्रशोधनैः ॥५७
त्र्यहं, दशाहं पयसा गुडाढ्येनाल्पमोदनम् ।
भुञ्जीतोर्ध्वं फलाम्लैश्च रसैर्जाङ्गलचारिणाम् ॥५८

પછી પેશાબનું શોધન કરવા માટે રોગીને ખૂબ ધરાઈને ગોળ ખવડાવવો અને પથરી કાઢવાથી જે વ્રણ (ઘા) થયો હોય તે ઉપર મધ અને ઘી ચોપડવું. તે રોગીએ સાંજસવાર (આરિયું, કાકડી, કોળું, ગોખરુ વગેરે) પેશાબ આણે એવાં ઔષધોથી બનાવેલી લગાર-લગાર ગરમ યવાગૂ ઘી સાથે ત્રણ દિવસ પીવી. પછી દસ દહાડા સુધી ઘણો ગોળ અને થોડો ભાત નાખીને તે દૂધ સાથે ખાવું. એ દસ દહાડા વીતી ગયા પછી બોર, દાડમ વગેરે ફળની ખટાઈ નાખીને જાંગલ પ્રાણીઓના માંસના રસ સાથે ભાત માપસર ખાવો.

પથરીની શસ્ત્રક્રિયાનો ઘા રૂઝવવાના ઉપાય

क्षीरिवृक्षकषायेण व्रणं प्रक्षाल्य लेपयेत् ।
प्रपौण्डरीकमञ्जिष्ठायष्ट्याह्वनयनौषधैः ॥५९॥
व्रणाभ्यङ्गे पचेत्तैलमेभिरेव निशान्वितैः ।

પછી જેમાંથી દૂધ નીકળે છે એવાં વડ વગેરેનાં ઝાડના કવાથથી વ્રણને ધોવો અને તેના ઉપર સ્થળકમળ, મજીઠ, જેઠીમધ અને પડાળી લોધર, એ ઔષધોનો લેપ કરવો, તેમ જ વ્રણ ઉપર ચોપડવાનું તેલ પણ એ જ ઔષધોમાં હળદર મેળવીને તે વડે સિદ્ધ કરવું તથા તે પણ વ્રણ ઉપર ચોપડવું.

પથરીના વ્રણને શેક: છતાં પેશાબ ચાલુ ન થાય તો ડામ, ઉત્તરબસ્તિ

दशाहं स्वेदयेच्चैनं, स्वमार्गं सप्तरात्रतः ॥६०॥
मूत्रे त्वगच्छति दहेदश्मरीव्रणमग्निना ।
स्वमार्गप्रतिपत्तौ तु स्वादुप्रायैरुपाचरेत् ॥६१॥
तं बस्तिभिः

અને દસ દહાડા સુધી એ વ્રણને સ્વેદન કર્મ (શેક) કરવું. શેક કર્યા પછી સાત રાત્રિઓમાં મૂત્ર પોતાને કુદરતી માર્ગે ચાલુ ન થાય તો પથરીના વ્રણને અગ્નિથી ડામ દેવો. પછી જ્યારે મૂત્ર પોતાને માર્ગે ચાલુ થાય ત્યારે ઘણાં ગળ્યાં દ્રવ્યથી સિદ્ધ કરેલી ઉત્તરબસ્તિઓ વડે તેનો ઉપચાર કરવો.

પથરીની શસ્ત્રક્રિયાનો ઘા રુઝાયા પહેલાંનું અને પછીનું પથ્ય

न चारोहेद्वर्षं रूढव्रणोऽपि सः ।
नगनागाश्ववृक्षस्त्रीरथान्नाप्सु प्लवेत च ॥६२॥

પથરીરોગવાળાનો વ્રણ રુઝાઈ ગયો હોય તોપણ તેણે રુઝાયા પછી એક વર્ષ સુધી પર્વત, હાથી, ઘોડો, ઝાડ, સ્ત્રી અને રથ ઉપર ચડવું નહિ તેમ જળમાં પણ તરવું (ભૂસકા મારવા, કૂદવું) નહિ.

પથરી કાઢવાને શસ્ત્રક્રિયા ક્યાં ન કરવી? નુકસાન

मूत्रशुक्रवहौ बस्तिवृषणौ सेवनीं गुदम् ।
मूत्रप्रसेकं योनिं च शस्त्रेणाष्टौ विवर्जयेत् ॥६३॥

પથરી કાઢવા માટે વ્રણ કરવો હોય અથવા બીજા કોઈ કારણસર વ્રણ કરવો હોય તો મૂત્રવહ વગેરે સ્થાનમાં શસ્ત્ર લગાડવું નહિ. મૂત્રવહ વગેરે આઠ સ્થાન નીચે પ્રમાણે છે: મૂત્રને વહેનારું સ્રોત, વીર્યને વહેનારું સ્રોત, બસ્તિ, બન્ને વૃષણ, સેવની, ગુદા, મૂત્રપ્રસેક અને યોનિ, મૂત્રને વહન કરનાર સ્રોત કપાવાથી બસ્તિ મૂત્રથી ભરાઈ જવાથી મરણ થાય છે; વીર્યને વહન કરનાર સ્રોત કપાવાથી પણ મરણ થાય છે અથવા નપુંસક થઈ જવાય છે. બસ્તિ કે ગુદા કપાવાથી તત્કાળ મરણ નીપજે છે; અંડનું સ્રોત કપાવાથી ધ્વજભંગ થાય છે (લિંગ, જનનેન્દ્રિય શિથિલ થઈ જાય છે); સેવની અને યોનિ કપાવાથી પીડા થાય છે. મૂત્રપ્રસેકના સ્રોતનું છેદન થવાથી ત્યાંથી મૂત્ર ઝરે છે, એટલા માટે એ આઠ સ્થાન કાપવાં નહિ.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने मूत्राघात-
चिकित्सितं नामैकादशोऽध्यायः ॥ ११ ॥

અધ્યાય ૧૨ મો–પ્રમેહ(મેહ)ની ચિકિત્સા

अथातः प्रमेहचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે પ્રમેહ(મેહ)ના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

બળવાન પ્રમેહરોગીને કરવાનાં સ્નેહન, વમન, વિરેચન, બસ્તિ, તર્પણ

मेहिनो बलिनः कुर्यादादौ वमनरेचने ।
स्निग्धस्य सर्षपारिष्टनिकुम्भाक्षकरञ्जजैः ॥ १ ॥
तैलैस्त्रिकण्टकाद्येन यथास्वं साधितेन वा ।
स्नेहेन मुस्तदेवाह्वनागरप्रतिवापवत् ॥ २ ॥
सुरसादिकषायेण दद्यादास्थापनं ततः ।
न्यग्रोधादेस्तु पित्तार्तं रसैः शुद्धं च तर्पयेत् ॥३

જે પ્રમેહવાળો રોગી સશક્ત હોય તેને બીજા ઉપાય લાગુ કરતા પહેલાં સરસવ, કડુ, નેપાળાનાં મૂળ, બહેડાં અને કરંજ એ ઔષધોથી સિદ્ધ કરેલા તેલ વડે, અથવા હવે પછી ત્રિકંટકાદિ સ્નેહ (શ્લોક ૧૭થી ૧૮ માં) કહેવામા આવશે તે વડે, અથવા રોગીના દોષ, પ્રકૃતિ વગેરે જોઈને તેને માફક આવે એવાં ઔષધોથી સિદ્ધ કરેલા સ્નેહ વડે દર્દીને સ્નિગ્ધ કરીને પછી વમન અને વિરેચન આપવુ, (કેમ કે વમન, વિરેચન આપવાથી પ્રમેહના ક્લેદ (ભીનાશ) શમે છે). વમન, વિરેચનથી રોગીને શુદ્ધ કર્યા પછી સુરસાદિ ગણુનાં દ્રવ્યોના (સૂત્રસ્થાન : અધ્યાય ૧૫, શ્લોક ૩૦) ક્વાથમા મોથ, દેવદાર અને સૂંઠનું ચૂર્ણ પ્રતિવાપ તરીકે નાખીને આસ્થાપન બસ્તિ આપવી. જે રોગી પિત્તથી પીડાતો હોય તો તેને ન્યગ્રોધાદિ ગણનાં ઔષધોનાં ક્વાથમા મોથ, દેવદાર અને સૂંઠનું ચૂર્ણ પ્રતિવાપ તરીકે નાખીને તેની આસ્થાપન બસ્તિ આપવી. પછી જ્યારે એ રીતે પ્રમેહવાળો રોગી શુદ્ધ થાય, ત્યારે તેને (જાંગલ પ્રાણીઓના) માંસરસ વડે તૃપ્ત કરવો.

પ્રમેહવાળાને શમન ઔષધ આપવાં : કારણ

मूत्रग्रहरुजागुल्मक्षयाद्यास्त्वपतर्पणात् ।
ततोऽनुबन्धरक्षार्थं शमनानि प्रयोजयेत् ॥ ४ ॥

પ્રમેહવાળાનુ અપતર્પણ કરવાથી મૂત્ર રોકાઈ જવાનો રોગ થાય છે તેમ જ ગોળો અને ક્ષય વગેરે રોગ થાય છે. માટે પ્રમેહની પાછળ બીજા રોગો ઉત્પન્ન ન થાય તે માટે પ્રમેહરોગવાળાને શમન ઔષધો આપવા. જો એમ ન કરવામાં આવે તો પ્રમેહ શમી ગયા પછી પણુ લગાર કારણુ મળતા તે પાછો પ્રકટ થાય છે (રોગ ફરીથી થાય છે).

જેમનું શોધન કરવાની મના છે એવા પ્રમેહરોગીને શમન ઔષધો જ આપવાં

असंशोध्यस्य तान्येव सर्वमेहेषु पाययेत् ।

જે પ્રમેહવાળા રોગીને શોધન ન થઈ શકે એમ હોય (સૂત્રસ્થાન ૧૮/૩ થી ૬, ૧૦ થી ૧૧; ૧૯/૩½ થી ૫½), તેને સર્વ પ્રમેહમાં ઉપર કહ્યુ તેમ શમન ઔષધ જ પાવા. (તેમને શોધન ઔષધ ન જ આપવાં.)

પ્રમેહનાં શમન ઔષધો

धात्रीरसप्लुतां प्राह्णे हरिद्रां माक्षिकान्विताम् ॥५
दार्वीसुराह्वत्रिफलामुस्ता वा क्वथिता जले ।
चित्रकत्रिफलादार्वीकलिङ्गान्
वा समाक्षिकान् ॥ ६ ॥
मधुयुक्तं गुडूच्या वा रसमामलकस्य वा ।

આમળાના રસમાં હળદર ડોઈને તેમાં મધ નાખીને સવારમા પાવું, અથવા દારુહળદર, દેવદાર, ત્રિફળા, મોથ, એ ઔષધોનો ક્વાથ પાણીમા કરીને પાવો, અથવા ચિત્રો, ત્રિફળા, દારુહળદર અને ઇંદ્રજવ, એ ઔષધોનો ક્વાથ મધ સાથે પાવો, અથવા ગળોનો રસ મધ સાથે પાવો, અથવા આમળાંનો રસ મધ સાથે પાવો–એ સર્વ ઉપાય પ્રમેહને શમાવે છે.

કફપ્રમેહનાં ઔષધ

रोध्राभयातोयदकट्फलानां
पाठाविडङ्गार्जुनधन्वनानाम् ।
गायत्रिदार्वीकृमिहृत्धवानां
कफे त्रयः क्षौद्रयुताः कषायाः ॥ ७ ॥

જો કફથી થયેલો પ્રમેહ હોય તો લોધર, હરડે, મોથ અને કાયફળનો ક્વાથ કરીને તેમાં મધ નાખીને પાવો; અથવા પહાડમૂળ, વાવડિંગ, સાદડ અને ધાણાનો ક્વાથ કરીને તેમાં મધ નાખીને પાવો; અથવા ખેર, દારુહળદર, વાવડિંગ અને ધાવડો, એ ઔષધોનો ક્વાથ કરીને તેમાં મધ નાખીને પાવો. એ ત્રણે ક્વાથ કફપ્રમેહને શમાવનારા છે.

પિત્તપ્રમેહનાં ઔષધો

उशीररोध्रार्जुनचन्दनानां
पटोलनिम्बामलकामृतानाम्।
रोध्राम्बुकालीयकधातकीनां
पित्ते त्रयः क्षौद्रयुताः कषायाः ॥ ८ ॥

વીરણ વાળો, લોધર, સાદડ અને ચંદન-(રક્તચંદન)ના ક્વાથમાં મધ નાખીને પાવો; અથવા પટોળ, લીમડો, આમળાં અને ગળોના ક્વાથમાં મધ નાખીને પાવો; અથવા લોધર, વાળો, દારુહળદર અને ધાવડી, એ ઔષધોના ક્વાથમાં મધ નાખીને તે ક્વાથ પાવો. એ ત્રણે ક્વાથ પિત્તપ્રમેહને શમાવનારા છે.

કફપ્રમેહ અને પિત્તપ્રમેહમાં અન્નપાન

यथास्वमेभिः पानान्नं यवगोधूमभावनाः ॥ ९ ॥

ઉપર કફપ્રમેહ અને પિત્તપ્રમેહના જે ક્વાથ બતાવ્યા છે, તેમની સાથે રોગીના દોષનો વિચાર કરીને ઉપર કહેલા લોધર વગેરેમાંથી અન્નપાન બનાવવાં તથા ઉપર કહેલા કફના અને પિત્તના પ્રમેહ માટે કહેલાં ઔષધોની ભાવના જવ તથા ઘઉંને આપીને તેનું અન્નપાન બનાવવું.

વાતપ્રમેહના ઔષધની બનાવટ

वातोल्बणेषु स्नेहांश्च प्रमेहेषु प्रकल्पयेत्।

જે પ્રમેહમાં વાયુનું બળ અધિક હોય તેમાં એ જ ઔષધો વડે સ્નેહ સિદ્ધ કરીને રોગીને આપવા.

બધા પ્રમેહમાં સામાન્ય પથ્ય

अपूपसक्तुवाट्यादिर्यवानां विकृतिर्हिता ॥ १० ॥
गजाश्वगुदमुक्तानामथवा वेणुजन्मनाम्।
तृणधान्यानि मुद्गाद्याः शालिर्जीर्णः सषष्टिकः ॥ ११
श्रीकुक्कुटोऽम्लः खलकास्तिलसर्षपकिट्टजः।
कपित्थं तिन्दुकं जम्बूस्तत्कृता रागषाडवाः ॥ १२
तिक्तं शाकं मधु श्रेष्ठा भक्ष्याः
शुष्काः ससक्तवः।
धन्वमांसानि शूल्यानि
परिशुष्काण्ययस्कृतिः ॥ १३॥
मध्वरिष्टासवा जीर्णाः सीधुः पक्वरसोद्भवः।
तथाऽसनादिसाराम्बु
दर्भाम्भो माक्षिकोदकम् ॥ १४॥

જવની વાનીઓ જેવી કે, પૂરીઓ, સાથુ, વાટય વગેરે પ્રમેહવાળાને હિતકારક છે. તેમ જ ગાય કે ઘોડાને જવ ખવરાવીને પછી તેમના છાણમાંથી જવ કાઢી લઈને તેની પૂરીઓ, સાથુ વગેરે કરીને રોગીને આપવાં તે પણ હિતકર છે. અથવા વાંસિયા જવ(જે વાંસમાંથી થાય છે તે જવ)ની પૂરીઓ, સાથુ વગેરે કરીને રોગીને આપવાં હિતકર છે. બંટી, સામો વગેરે તૃણધાન્ય, મગ વગેરે હલકાં કઠોળ, જૂના શાળ ચોખા કે સાઠી ચોખા, એ અન્ન પ્રમેહવાળાને હિતકર છે. શ્રીકુક્કુટ નામે ખલ જેમાં તલ અને સરસવનો ખોળ નાખવામાં આવે છે તથા જે છોડાં કાઢી નાખેલા ઘઉં, આદાના કકડા વગેરેથી બનાવવામાં આવે છે અને જે માળવામાં પ્રસિદ્ધ છે, તે પ્રમેહવાળાને હિતકર છે. કોઠું, ગરકોચલું અને જાંબુ, એ પ્રમેહવાળાને હિતકર છે તથા કોઠું, ગરકોચલું અને જાંબુથી બનાવેલા રાગ, ખાંડવ પણ હિતકર છે. વળી કડવું શાક, મધ, ત્રિફળા, સાથુ અને સૂકાં ભોજન, સોયામાં પરોવીને શેકયું હોય અને અતિશય પકવ થવાથી જે સૂકું થયું હોય તેવું જાંગલ પ્રાણીઓનું માંસ–એ સર્વ પ્રમેહવાળાને હિત કરનારાં છે. વળી હવે પછી (શ્લોક ૨૮થી ૩૨માં) અયસ્કૃતિ કહેવામાં આવશે તે, જૂનું મધ, જૂનું અરિષ્ટ, જૂના આસવ, પકવ રસમાંથી બનાવેલું સીધુ નામે મદ્ય, (સૂ. સ્થા. અ. ૧૫, શ્લોક ૧૯માં આપેલા) અસનાદિ વર્ગનું સારાંબુ, દર્ભનું જળ અને મધપાણી; એ પણ પ્રમેહવાળાને હિતકર છે.

કેવા જવને સાથુ કેવી રીતે પીવો?

वासितेषु वराक्वाथे शर्वरीं शोषितेष्वहः।
यवेषु सुकृतान् सक्तून्
सक्षौद्रान् सीधुना पिबेत् ॥ १५ ॥

જવને ત્રિફળાના કવાથમાં આખી રાત પલાળી રાખવા. પછી દિવસે તેને સૂકવી નાખવા. પછી તેનો સારી રીતે સાથુ કરીને તેમાં મધ નાખીને તેને સીધુ સાથે પીવો.

કફપિત્તના પ્રમેહ ઉપર પુષ્પચૂર્ણ

शालसताह्वकम्पिल्लवृक्षकाक्षकपित्यजम्।
रोहीतकं च कुसुमं मधुनाऽद्यात्सुचूर्णितम् ॥१६
कफपित्तप्रमेहेषु पिबेद्धात्रीरसेन वा।

રાળનુ ઝાડ, રોહીડો, કપીલો, બહેડાંનું વૃક્ષ, કોઠી અને રોહીડો, એટલાં વૃક્ષોનાં ફૂલનુ ચૂર્ણ કરીને મધ સાથે ખાવું. જો તે પ્રમેહ કફ અને પિત્તનો (ભેગો) હોય તો એ જ ચૂર્ણ આમળાના સ્વરસ સાથે પીવું.

વાતકફના, પિત્તના કે મિશ્ર દોષોના પ્રમેહમાં સ્નેહ

त्रिकण्टकनिशारोध्रसोमवल्कवचार्जुनैः ॥ १७ ॥
पद्मकाश्मन्तकारिष्टचन्दनागुरुदीप्यकैः।
पटोलमुस्तमञ्जिष्ठामाद्रीभल्लातकैः पचेत् ॥ १८ ॥
तैलं वातकफे पित्ते घृतं मिश्रेषु मिश्रकम्।

ગોખરુ, હળદર, લોધર, ખેર, વજ, સાદડ, પદ્મકાષ્ઠ, ધોળો કાંચનાર, કડુ, ચંદન, અગર, અજમોદ, પટોળ, મોથ, મજીઠ, રેણુકબીજ, ભિલામાં, એ ઔષધોનો કલ્ક કરીને તે વડે તેલ સિદ્ધ કરવું અને તે વાતકફ પ્રમેહમાં પીવું. જો પિત્તપ્રમેહ હોય તો એ જ ઔષધોના કલ્કથી ઘી સિદ્ધ કરવુ અને પીવું. તથા ભેગા દોષ હોય તો એ જ કલ્ક વડે ઘી તથા તેલ બન્ને વાના સિદ્ધ કરીને પીવાં.

બધા પ્રમેહમાં ધાન્વંતરઘૃત

दशमूलशठीदन्तीसुराह्वं द्विपुनर्नवम् ॥ १९ ॥
मूलं स्नुगर्कयोः पथ्यां भूकदम्बमरुष्करम्।
करञ्जौ वरुणान्मूलं पिप्पल्याः पौष्करं च यत् २०
पृथग् दशपलं प्रस्थान् यवकोलकुलत्थतः।
त्रींश्चाष्टगुणिते तोये विपचेत्पादवर्तिना ॥ २१ ॥
तेन द्विपिप्पलीचव्यवचानिचुलरोहिषैः।
त्रिवृद्विडङ्गकम्पिल्लभार्गीविश्वैश्च साधयेत् ॥ २२॥
प्रस्थं घृताज्जयेत्सर्वांस्तन्मेहान् पिटिका विषम्।
पाण्डुविद्रधिगुल्मार्शः शोपशोफगरोदरम् ॥ २३
श्वासं कासं वमिं वृद्धिं प्लीहानं वातशोणितम्।
कुष्ठोन्मादावपस्मारं धान्वन्तरमिदं घृतम् ॥२४॥

દશમૂલ, પટ્કચૂરો, નેપાળો, દેવદાર, બન્ને (ધોળી અને રાતી) સાટોડીઓ, થોરનું મૂળ અને આકડાનું મૂળ, હરડે, ભૂમિકદંબ, ભિલામાં, કરંજનું અને પૂતિકરંજનું મૂળ, વરણાનું (વાયવરણાનું) મૂળ, પીપરીમૂળ, પુષ્કરમૂળ, એ સર્વ ઔષધ જુદાંજુદાં ચાળીસ–ચાળીસ તોલા લેવાં. જવ, બોર અને કળથી એ ત્રણને જુદાંજુદા ચોસઠ તોલા લેવા. પછી તે સર્વનો આઠગણા પાણીમા કવાથ કરવો. તે કવાથ ઊકળતાઊકળતાં જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે, ત્યારે તેમાં પીપર, ગજપીપર, ચવક, વજ, નેતર, રોહિષ ઘાસ, નસોતર, વાવડિંગ, કપિલો, ભારંગ અને ખીલા એ ઔષધોનો કલ્ક નાખીને ચોસઠ તોલા ઘી સિદ્ધ કરવું. એ ઘી ખાવાથી સર્વ પ્રકારના પ્રમેહ, પ્રમેહપિટિકાઓ, વિષ, પાંડુરોગ, ગડ, ગોળો, હરસ, સોજો, શોષ(ક્ષય)રોગ, કૃત્રિમ ઝેર, ઉદરરોગ, દમ, ખાંસી, ઊલટી, વધરાવળ, બરોળ, પત, ચામડીના રોગ, ગાડપણ, વાઈ, એ સર્વે રોગ મટે છે. એને ધાન્વંતરઘૃત કહે છે.

બધા પ્રમેહ વગેરે ઉપર રોધ્રાસવ

रोध्रमूर्वाशठीविल्वभार्गीनतनखप्लवान्।
कलिङ्गकुष्ठक्रमुकप्रियङ्ग्वतिविषाग्निकान् ॥ २५ ॥
द्वे विशाले चतुर्जातं भूनिम्बं कटुरोहिणीम्।
यवानीं पौष्करं पाठां ग्रन्थिं चव्यं फलत्रयम्॥२६
कर्षांशमम्बुकलशे पादशेषे स्रुते हिमे।
द्वौ प्रस्थौ माक्षिकात्क्षिप्त्वा रक्षेत्पक्षमुपेक्षया ॥२७
रोध्रासवोऽयं मेहार्शः श्वित्रकुष्ठारुचिक्रमीन्।
पाण्डुत्वं ग्रहणीदोषं स्थूलतां च नियच्छति ॥२८

લોધર, મૂર્વા (મોરવેલ), પટ્કચૂરો, વાવડિંગ, ભારંગ, તગર, નખલા, હલકી જાતની મોથ, ઇંદ્રજવ, ઉપલેટ, પકાણી લોધર, કાંગ,

અતિવિષ, ચિત્રા, બન્ને પ્રકારની વિશાલા (ઇંદ્રવારણી), ચતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર), કરિયાતું, કડુ, અવાની અજમો, પુષ્કરમૂળ, પહાડમૂળ, પીપરીમૂળ, ચવક, ત્રિફળા, એ સર્વ ઔષધો એકએક તોલો લઈને તેને એક દ્રોણ પાણીમાં નાખીને કવાથ કરવો. પછી જ્યારે ઊકળતાઊકળતાં તેમાથી ચોથા ભાગનુ પાણી બાકી રહે, ત્યારે તેને ગાળી લઈને ઠંડુ કરવુ. પછી તેમાં એકસો અઠ્ઠાવીસ તોલા મધ નાખીને તેને એક પાત્રમાં નાખીને બંધ કરીને એકાંત જગ્યાએ હલાવ્યાચલાવ્યા સિવાય પંદર દિવસ રહેવા દેવું. એ રીતે તૈયાર થયેલા આસવને રોધ્રાસવ કહે છે. એ રોધ્રાસવ પીવાથી પ્રમેહ, હરસ, ચામડીના રોગ, ધોળો કોઢ, અરુચિ, કરમિયા, પાંડુરોગ, ગ્રહણીરોગ અને ચરબી વધી જવાથી શરીર જાડુ થઈ જાય છે, તે રોગ મટે છે.

બધા પ્રમેહ વગેરે ઉપર અયસ્કૃતિ

साधयेदसनादीनां पलानां विंशतिं पृथक्।
द्विवहेऽपां क्षिपेत्तत्र पादस्थे द्वे शते गुडात् ॥२९
क्षौद्राढकार्धं पलिकं वत्सकादिं च कल्कितम्।
तत्क्षौद्रपिप्पलीचूर्णप्रदिग्धे घृतभाजने ॥ ३० ॥
स्थितं दृढे जतुस्ते यवराशौ निधापयेत्।
खदिराङ्गारतप्तानि बहुशोऽत्र निमज्जयेत् ॥३१॥
तनूनि तीक्ष्णलोहस्य पत्राण्यालोहसङ्क्षयात्।
अयस्कृतिः स्थिता पीता पूर्वस्मादधिका गुणैः ३२

સૂત્રસ્થાનમાં (અ. ૧૫, શ્લોક ૧૯મા) અસનાદિ ગણુના ઔષધો કહેલાં છે તે દરેક ઔષધ વીસવીસ પલ લેવા, અને તેને આઠ દ્રોણ પાણીમા નાખીને ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યાં સુધી કવાથ કરવો. પછી એ કવાથ ગાળી લઈને તેમાં આઠસો તોલા ગોળ નાખવો. એકસો અઠ્ઠાવીસ તોલા મધ નાખવું અને વત્સકાદિ ગણુના ઔષધો (સૂ. સ્થાન અ. ૧૫, શ્લોક ૩૩, ૩૪) એકએક પલ લઈને તેનો કલ્ક કરીને નાખવો. પછી એક મજબૂત અને ઘી ભરવાનું માટીનું વાસણ જે લાખથી લાખેલું (લાખ ચોપડેલુ) હોય તેની અંદર ચારે પાસ પીપરનુ ચૂર્ણ અને મધ ચોપડીને તેમાં તે સર્વ કવાથ વગેરે નાખવું. પછી તે વાસણને બંધ કરીને જવના ઢગલામાં દાટી મૂકવું. પંદર દિવસ પછી તેને બહાર કાઢીને, પોલાદના વરખ જેવાં બારીક (અતિ પાતળા) પતરા ખેરના અંગારામાં લાલચોળ તપાવીને તે વાસણમા બોળવાં. વળી ફરીને બહાર કાઢીને તપાવવાં તથા બોળવા. જ્યાં સુધી તે પતરાં પેલા આસવમાં ગળી જાય, ત્યા સુધી એ પ્રમાણે કરવું. એ રીતે અયસ્કૃતિ બને છે. એ પીવાથી પાછળ કહેલા રોધ્રાસવ કરતા વધારે ગુણ થાય છે. (આસવમાં બોળવાનાં પતરાંનુ વજન ચોસઠ તોલા જોઈએ.)

પ્રમેહ માટે પથ્ય આહારવિહાર

रूक्षमुद्वर्तनं गाढं व्यायामो निशि जागरः।
यच्चान्यच्छ्लेष्ममेदोघ्नं बहिरन्तश्च तद्धितम् ॥३३

પ્રમેહરોગમાં શરીરે જે ઉદ્વર્તન ચોળવાનુ (નીચેથી ઊંચે ચોળવાનુ દ્રવ્ય) હોય તે લુખુ જોઈએ અને તે ભાર દઈને ચોળવું, હલકે હાથે ચોળવું નહિ; કસરત કરવી, રાતે જાગવુ અને બીજા પણ જે ઉપચાર કફ અને ચરબીનો નાશ કરનારા હોય, તે શરીરની બહાર અને શરીરની અંદર કરવા તે હિતકર છે.

ઉપદ્રવો સાથે બધા પ્રમેહ મટાડે એવું રસાયન

सुभावितां सारजलैस्तुलां पीत्वा शिलोद्भवात्।
साराम्बुनैव भुञ्जानः शालीन् जाङ्गलजै रसैः ॥३४
सर्वानभिभवेन्मेहान् सुबहूपद्रवानपि।
गण्डमालार्बुदग्रन्थिस्थौल्यकुष्ठभगन्दरान् ॥ ३५ ॥
कृमिश्लीपदशोफांश्च परं चैतद्रसायनम्।

ખેરસાર વગેરે સારના પાણી વડે ચાર સો તોલા શિલાજિતને સારી રીતે ભાવના આપીને તે શિલાજિત, તે જ ખેરસાર વગેરે સારના પાણી સાથે ખાવો. તથા ખેરસાર વગેરે સારના પાણી સાથે શાલી ડાંગરના ચોખાનો ભાત તથા જંગલ પ્રાણીઓનો માંસરસ ખાવો તથા પીવો. એ રીતે કરવાથી કંઠમાળ, અર્બુદ, રસોળી, શરીરની સ્થૂલતા, ચામડીના રોગ,

ભગંદર, કરમિયાનો રોગ, હાથીપગ, સોજો, એ રોગ મટે છે, અને જે જે જાતના પ્રમેહ થયા હોય તે તે સર્વ જાતના પ્રમેહ પણ તેના અનેક ઉપદ્રવો સહિત નાશ પામે છે. આ ઔષધ શ્રેષ્ઠ રસાયન છે.

ગરીબ પ્રમેહરોગી માટે ઉપાય

अधनश्छत्रपादत्ररहितो मुनिवर्तनः ॥ ३६ ॥
योजनानां शतं यायात् खनेद्वा सलिलाशयान् ।
गोशकृन्मूत्रवृत्तिर्वा गोभिरेव सह भ्रमेत् ॥३७॥

જે પ્રમેહવાળા માણસના ઘરમાં ધન હોય નહિ; અર્થાત્ જેની પાસે ઔષધ માટે ખર્ચ કરવા જેટલું દ્રવ્ય ન હોય, તેણે છત્રી વિના અને જોડા વિના મુનિ જેવું જીવન ગાળીને આઠસોનવસો માઈલ ચાલવું, અથવા જળાશય (તળાવ) જાતે ખોદવાં, અથવા ગાયના છાણ અને મૂત્ર ઉપર નિર્વાહ કરીને (=ખાઈપીને) ગાયોની સાથેસાથે ભમવું.

દૂબળા પ્રમેહરોગીનું ઔષધ

बृंहयेदौषधाहारैरमेदोमूत्रलैः कृशम् ।

જે માણસ શરીરે કૃશ (પાતળો) હોય તેને ચરબી અને મૂત્ર ઉત્પન્ન ન કરે એવા ઔષધ અને આહાર ખવડાવીને તેનું બૃંહણ કરવું (શરીર વધારવું). (અર્થાત્ તેને બૃંહણ ઔષધ અને ખોરાક આપવાં, પણ તે મૂત્ર અને ચરબીને વધારે એવા ન જોઈએ.)

પ્રમેહપિટિકાઓની ચિકિત્સા

शराविकाद्याः पिटिकाः शोफवत्समुपाचरेत् ॥३८
अपक्वा व्रणवत्पक्वाः

પ્રમેહના રોગીને શરાવિકા વગેરે ફોલ્લીઓ (નિ. ૧૦/૨૪૩ થી ૩૬) થાય છે, તે જ્યાં સુધી પાકે નહિ ત્યાં સુધી તેની ચિકિત્સા સોજાની પેઠે કરવી. જો તે પાકેલી હોય તો તેની ચિકિત્સા વ્રણ પ્રમાણે કરવી.

પિટિકાઓના પૂર્વરૂપમાં ઉપાય

तासां प्राग्रूप एव च ।
क्षीरिवृक्षाम्बु पानाय बस्तमूत्रं च शस्यते ॥३९॥
तीक्ष्णं च शोधनं, प्रायो दुर्विरेच्या हि मेहिनः ।

એ પિટિકાઓની પૂર્વરૂપની અવસ્થામાં રોગીને વડ, પીપળો વગેરે જેમાંથી દૂધ નીકળે છે એવા વૃક્ષનો ક્વાથ પીવા આપવો, તેમ જ બેટાનું મૂત્ર રોગીને પાવું, એ પણ શ્રેષ્ઠ છે. વળી પ્રમેહ-વાળાને શોધન (વિરેચન) તીક્ષ્ણ (સખત) આપવું; કેમ કે પ્રમેહવાળાને જુલાબ થવો કઠણ છે.

પિટિકાઓ પાકી હોય તેનો ઉપાય

तैलमेलादिना कुर्याद्गणेन व्रणरोपणम् ॥ ४० ॥
उद्वर्तने कषायं तु वर्गेणारग्वधादिना ।
परिषेकोऽसनाद्येन पानान्ने वत्सकादिना ॥ ४१ ॥

પિટિકાઓ પકવ થવાથી વ્રણરૂપ થઈ હોય તો એલાદિ ગણના ઔષધો વડે તેલ સિદ્ધ કરવું, અને તે તેલ વ્રણને ચોપડવું. તેથી વ્રણને અંકુર આવે છે. વ્રણને ઉદ્વર્તન કરવા માટે આરગ્વધાદિ ગણના ઔષધો વડે ક્વાથ કરીને તે વડે ઉદ્વર્તન કરવું. વ્રણ ઉપર અસનાદિ ગણના ઔષધોનો ક્વાથ કરીને તેની ધાર કરવી (છાંટવું) તથા વત્સકાદિ ગણના ઔષધો વડે અન્નપાન સિદ્ધ કરીને તે રોગીએ ખાવાં.

પિટિકાનો ઘા રૂઝવવાના ઉપાય: અન્નપાન

पाठाचित्रकशार्ङ्गेष्टासारिवाकण्टकारिकाः ।
सप्ताह्वं कौटजं मूलं सोमवल्कं नृपद्रुमम् ॥ ४२ ॥
सञ्चूर्ण्य मधुना लिह्यात्तद्वच्चूर्णं नवायसम् ।

પહાડમૂળ, ચિત્રો, કરજ, સારિવા (કાળી-વેલ, કપરી), રીંગણી, રોહીડો, ઇંદ્રજવનું મૂળ, ખેર, ગરમાળો, એ ઔષધોનું ચૂર્ણ કરીને મધમાં ચાટવું. તે જ પ્રમાણે (જેને કાટ ન ચઢ્યો હોય એવા) નવા ગજવેલ લોખંડના વરખના ચૂર્ણને પણ મધ સાથે ચાટવું.

અસાધ્ય મધુમેહનો ઉપાય

मधुमेहित्वमापन्नो भिषग्भिः परिवर्जितः ॥ ४३ ॥
शिलाजतुतुलामद्यात्प्रमेहार्तः पुनर्नवः ॥ ४३½ ॥

પ્રમેહના રોગવાળાના પ્રમેહમાંથી જ્યારે વધતાંવધતાં મધુમેહ થાય છે, ત્યારે તે અસાધ્ય કહેવાય છે. એ રીતે મધુમેહ રોગ જેને થયો હોય અને વૈદ્યોએ પણ જેને અસાધ્ય ગણીને તજી દીધો હોય, તે પણ જો ચારસો તોલા શિલાજિત ખાય, તો તે પ્રમેહથી પીડાતો માણસ પાછો નવો થાય છે, નીરોગી થાય છે.

ખરનાદના ગ્રંથમાં દરેક જાતના પ્રમેહના જુદાજુદા ખાસ ઉપચાર કહ્યા છે, તે નીચે પ્રમાણે છે:

(જળપ્રમેહ વગેરેના લક્ષણ માટે જુઓ નિદાનસ્થાન અ. ૧૦, શ્લોક ૮ થી ૧૮.)

૧ જળપ્રમેહમાં પીપળો, સુખડ, અગરુ અને પહાડમૂળ, એ ઔષધોનો કવાથ પીવો.

૨ ઇક્ષુપ્રમેહમા પહાડમૂળ અને વાવડિંગનો કવાથ પીવો.

૩ સાદ્રમેહમાં તુવેરની દાળ અથવા પીળી કણેર હિતકર છે,

૪ વારુણીમેહમા અર્જુનવૃક્ષ(સાદડ)નો કવાથ પીવો.

૫ પિષ્ટમેહમા હળદર અને સાકર ઠંડા પાણી સાથે પીવાં.

૬ શુક્રમેહમાં ભીના પાણી સાથે અથવા સુરા સાથે લીમડો પીવો.

૭ સિક્તામેહમાં ચિત્રો, હિંગ અને ઉપલેટનો કવાથ પીવો.

૮ શીતલમેહમાં લીમડાનો કવાથ પીવો.

૯ શનૈર્મેહમાં પાષાણભેદનો કવાથ સુરા સાથે પીવો શ્રેષ્ઠ છે.

૧૦ લાલામેહમાં ત્રિફળા તથા ગોખરુનો કવાથ પીવો.

૧૧ ક્ષારમેહમાં શલ્લકી (સાલઈ), વાળો, સિંધવ અને વજ, એ ઔષધોનું ચૂર્ણ આપવું એ હિતકર છે.

૧૨ નીલમેહમાં લોધર, મજીઠ અને કદંબનો કવાથ પીવો.

૧૩ કાલમેહમા ખહેડાનો કવાથ અથવા ખહેડાંનો કલ્ક શ્રેષ્ઠ છે.

૧૪ નિશામેહમા ધાવડી, પદ્મકાષ્ઠ, મજીઠ, એ ઔષધોનો કવાથ પીવો.

૧૫ માજિષ્ઠમેહમા ત્રિફળા, મોથ, વીરણવાળો, પદ્મકાષ્ઠ અને લોધર, એ ઔષધોનો કવાથ પીવો.

૧૬ લોહિતમેહમા ત્રિફળાના કવાથ સાથે શિલાજિત પીવો.

પ્રમેહવાળાનું શોધન:–વીરણવાળો, નસોતર, આમળાં, મોથ, રસાંજન, કડુ, અતિવિષ, લોધર, એ સર્વ ઔષધોનું ચૂર્ણ ખેરના પાણી સાથે પીવું. પ્રમેહના રોગવાળાને એ શોધન (વિરેચન) સારું છે.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने प्रमेहचिकित्सितं नाम द्वादशोऽध्यायः ॥ १२ ॥

અધ્યાય ૧૩ મો—ગડની અને વધરાવળની ચિકિત્સા

વિદ્રધિ (ગડ) એ પ્રમેહનો ઉપદ્રવ છે માટે પ્રમેહની ચિકિત્સા કહ્યા પછી વિદ્રધિની ચિકિત્સા કહેવી યોગ્ય ધારી વાગ્ભટ કહે છે કે:

अथातो विद्रधिवृद्धिचिकित्सितं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

હવે વિદ્રધિ (ગડ) અને વૃદ્ધિ(વધરાવળ)ની ચિકિત્સા અમે સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

બાહ્ય વિદ્રધિ(ગડ)ની ચિકિત્સા

(શ્લોક ૦૧ થી ૭)

કાચા અને પાકા ગડના ઉપાય

विद्रधिं सर्वमेवामं शोफवत्समुपाचरेत्।
प्रततं च हरेद्रक्तं पक्वे तु व्रणवत्क्रिया ॥ १ ॥

સર્વ પ્રકારનાં વિદ્રધિ જ્યારે કાચાં હોય ત્યારે તેની ચિકિત્સા સોજાની પેઠે કરવી. (જળો મુકાવીને) તેમાથી લોહી સતત ખેંચી કઢાવવું, અને તે વિદ્રધિ પાકે ત્યારે વ્રણની પેઠે ઉપચાર કરવા. (કાચા ગૂમડાને પાકવા ન દેવા માટે જળો મુકાવીને, ફસ ખોલાવીને કે રૂમડીથી લોહી કઢાવતા રહેવું.)

વાયુના ગડની ચિકિત્સા

पञ्चमूलजलैर्धौतं वातिकं लवणोत्तरैः।
भद्रादिवर्गयष्ट्याह्वतिलैरालेपयेद्व्रणम् ॥ २ ॥

વાયુના વિદ્રધિમાં થયેલા ઘાને પંચમૂળના કવાથ વડે ધોવા તથા પાછળ કહેલા ભદ્રાદિ વર્ગના ઔષધો (સૂ. સ્થા. અ. ૧૫, શ્લોક ૪૨)

જેઠીમધ, તલ અને સિંધવ, એ ઔષધો વાટીને વ્રણ ઉપર લેપ કરવો.

વાયુના ગડનો ઘા શી રીતે ધોવો અને રુઝાવવો ?

वैरेचनिकयुक्तेन त्रिवृतेन विशोध्य च ।
विदारीवर्गसिद्धेन त्रिवृतेनैव रोपयेत् ॥ ३ ॥

(સૂ. સ્થા. અ. ૧૫, શ્લોક ૨માં કહેલાં) વિરેચન કરનારાં દ્રવ્યમાં નસોતર નાખીને વ્રણને સાફ કરવો તથા (સૂ. સ્થા. અ. ૧૫, શ્લોક ૯માં કહેલાં) વિદાર્યાદિ વર્ગનાં ઔષધોથી સિદ્ધ કરેલા નસોતરના સ્નેહથી તેનું (વ્રણનું) રોપણ કરવું, અંકુર આણવા (રૂઝવવો).

(૨) પિત્તના ગડની ચિકિત્સા

क्षालितं क्षीरितोयेन लिम्पेद्यष्ट्यमृतातिलैः ।
पैत्तं घृतेन सिद्धेन मञ्जिष्ठोशीरपद्मकैः ॥ ४ ॥
पयस्याद्विनिशाश्रेष्ठायष्टीदुग्धैश्च रोपयेत् ।
न्यग्रोधादिप्रवालत्वक्फलैर्वा

વડ વગેરે દૂધ નીકળે એવાં વૃક્ષના ક્વાથથી પિત્તવિદ્રધિના વ્રણને ધોવો તથા જેઠીમધ, ગળો અને તલનો કલ્ક કરીને તેને બહારથી લેપ કરવો. પછી મજીઠ, વીરણવાળો, પદ્મકાષ્ઠ, ક્ષીરકાકોલી, હળદર, દારુહળદર, ત્રિફળા, જેઠીમધ, એ ઔષધોનો ક્વાથ કરીને તેમાં સ્નેહવિધિમા કહ્યા પ્રમાણે ઘી તથા દૂધ નાખીને એ જ ઔષધોના કલ્ક વડે ઘી સિદ્ધ કરવું. એ ઘી વડે પિત્તવિદ્રધિના વ્રણને રૂઝવવો, અંકુરે આણવા અથવા વડ વગેરે દૂધ નીકળે એવાં ઝાડનાં પ્રવાલ (કુમળાં પાદડાં), છાલ અને ફળથી ઘી સિદ્ધ કરીને તે ઘી વડે રૂઝવવુ.

(૩) કફના ગડની ચિકિત્સા

कफजं पुनः ॥ ५ ॥
आरग्वधादिना धौतं सक्तुकुम्भनिशातिलैः ।
लिम्पेत्कुलत्थिकादन्ती-
त्रिवृच्छ्यामाग्नितिल्वकैः ॥ ६ ॥
ससैन्धवैः सगोमूत्रैस्तैलं कुर्वीत रोपणम् ।

કફના ગડના વ્રણને ગરમાળાના ક્વાથ વડે ધોવો તથા જવનો સાથુ, નસોતર, હળદર, તલ, એ ઔષધોના કલ્ક વડે બહાર લેપ કરવો અને કળથી, નેપાળો, નસોતર, પીપર, ચિત્રો, લોધર, સિંધવ અને ગાયનું મૂત્ર, એ ઔષધો વડે તેલ સિદ્ધ કરીને તે તેલ ઘા રૂઝવવા માટે વાપરવુ.

રક્તવિદ્રધિ અને આગંતુવિદ્રધિના ઉપાય

रक्तागन्तूद्भवे कार्या पित्तविद्रधिवत्क्रिया ॥ ७ ॥

લોહી કોપવાથી થયેલા તથા ક્ષત વગેરે આગંતુ કારણથી થયેલા વિદ્રધિની ક્રિયા પિત્તવિદ્રધિની ક્રિયા જેવી કરવી. (અર્થાત્ જે ઔષધો અને જે કર્મ પિત્તવિદ્રધિમાં લાગુ પડે છે તે ઔષધો અને તે કર્મ રક્તવિદ્રધિ તથા ક્ષતવિદ્રધિમાં લાગુ પડે છે.)

ઉપર બહિર્વિદ્રધિની (બાહ્ય વિદ્રધિની) ચિકિત્સા કહ્યા પછી અંતર્વિદ્રધિ એટલે શરીરની અંદર જે વિદ્રધિ થાય છે તેની ચિકિત્સા કહે છે.

કાચા અંતર્વિદ્રધિના ઉપાય

(શ્લોક ૭થી ૧૦)

ક્વાથ

वरुणादिगणक्वाथमपक्वेऽभ्यन्तरोत्थिते ।
ऊषकादिप्रतीवापं पूर्वाह्णे विद्रधौ पिबेत् ॥ ८ ॥

અંતર્વિદ્રધિ જો કાચું હોય તો વરુણાદિગણનાં ઔષધોનો ક્વાથ કરીને તેમાં ઊષકાદિ ગણનાં ઔષધોનુ ચૂર્ણ પ્રતિવાપ તરીકે નાખીને દિવસના પૂર્વભાગમા અર્થાત્ સવારમાં પીવું.

ઘી, નિરૂહ અને અનુવાસનબસ્તિ

घृतं विरेचनद्रव्यैः सिद्धं ताभ्यां च पाययेत् ।
निरूहं स्नेहबस्तिं च ताभ्यामेव प्रकल्पयेत् ॥९॥

શરીરની અંદરના ભાગમાં ઉત્પન્ન થયેલુ વિદ્રધિ જો પાકયું ન હોય તો વાયુ વગેરે જે દોષથી તે ઉત્પન્ન થયું હોય તે દોષને યોગ્ય વિરેચન ઔષધોથી સિદ્ધ કરેલુ ઘી રોગીને પાવુ તથા વરુણાદિ ગણનાં અને ઊષકાદિ ગણનાં ઔષધો વડે સિદ્ધ કરેલુ ઘી પાવું, તેમ જ વરુણાદિ અને ઊષકાદિ ગણનાં ઔષધો વડે સિદ્ધ કરેલા સ્નેહ વડે અનુવાસનબસ્તિ આપવી તથા તે જ ઔષધોથી નિરૂહબસ્તિ આપવી.

અન્નપાન, લેપ

पानभोजनलेपेषु मधुशिग्रुः प्रयोजितः ।
दत्तावापो यथादोषमपक्वं हन्ति विद्रधिम् ॥१०॥

જે દોષથી અંતર્વિદ્રધિ થયુ હોય તે દોષને મટાડે એવાં ઔષધો આવાપ તરીકે રાતા સરગવાના ક્વાથમાં નાખીને એ ક્વાથ ખાવામાં, પીવામાં અને લેપ કરવામાં વાપરવાથી કાચા ગડનો નાશ થાય છે.

ગડ, ગોળો, રતવા, દાહ, મોહ, મદ, તાવ, તરસ, મૂર્ચ્છા, ઊલટી, હૃદયરોગ, રક્તપિત્ત, કુષ્ઠ અને કમળો મટાડે એવાં ઔષધો

(શ્લોક ૧૦ાાથી ૧૭)

ક્વાથ

त्रायन्तीत्रिफलानिम्बकटुकामधुकं समम् ।
त्रिवृत्पटोलमूलाभ्यां चत्वारोंऽशाः पृथक् पृथक् ॥ ११ ॥
मसूरान्निस्तुषादष्टौ तत्क्वाथः सघृतो जयेत् ।
विद्रधीगुल्मवीसर्पदाहमोहमदज्वरान् ॥ १२ ॥
तृण्मूर्च्छाच्छर्दिहृद्रोगपित्तासृक्कुष्ठकामलाः ।

ત્રાયમાણ, ત્રિફળા, લીમડો, કડુ, જેઠીમધ એ પાંચ ઔષધો સમાન એટલે સરખે ભાગે (એક એક ભાગ જેટલાં દરેક) લેવાં. નસોતર ચાર ભાગ જેટલું લેવું. પટોળનાં મૂળ ચાર ભાગ જેટલાં લેવા. છોડાં કાઢી નાખેલા મસૂર આઠ ભાગ જેટલા લેવા. પછી એ સર્વનો ક્વાથ કરીને ઘી સાથે રોગીને પાવો. એથી ગડ, ગોળો, રતવા, દાહ, મોહ, મદ, તાવ, તરસનો રોગ, મૂર્ચ્છારોગ, ઊલટીનો રોગ, હૃદયનો રોગ, રક્તપિત્ત, ચામડીના રોગ અને કમળો, એટલા રોગ મટે છે.

कुडवं त्रायमाणायाः साध्यमष्टगुणेऽम्भसि ॥१३॥
कुडवं तद्रसाद्धात्रीस्वरसात्क्षीरतो घृतात् ।
कर्षांशं कल्कितं तिक्तात्रायन्तीधन्वयासकम् ॥१४
मुस्तातामलकीवीराजीवन्तीचन्दनोत्पलम् ।
पचेदेकत्र संयोज्य तद्घृतं पूर्ववद्गुणैः ॥१५॥

સોળ તોલા ત્રાયમાણ લઈને તેને આઠગણા પાણીમાં સોળ તોલા પાણી બાકી રહે ત્યાં સુધી ઉકાળવું અને પછી તેમાંથી સોળ તોલા પાણી લેવું, આમળાંનો સ્વરસ સોળ તોલા લેવો; દૂધ સોળ તોલા લેવું, ઘી સોળ તોલા લેવું. પછી કડુ, ત્રાયમાણ, ધમાસો, મોથ, ભોંયઆમલી, કાકોલી, જીવંતી (હરણદોડી), સુખડ, કમળ, એ સર્વે ઔષધો એક એક તોલો લઈને તેનો કલ્ક કરીને તે સર્વમા નાખવો. પછી એ સર્વને એકઠું કરીને તેનો પાક કરીને ઘી સિદ્ધ કરવું. એ ઘી ઉપર (શ્લોક ૧૦ાાથી ૧૨ાામાં) કહેલા ત્રાયંતી વગેરેના ક્વાથથી જે ગુણ થાય છે તેવો ગુણ કરે છે.

द्राक्षा मधूकं खर्जूरं विदारी सशतावरी ।
परूषकाणि त्रिफला तत्क्वाथे पाचयेद्घृतम् १६
क्षीरेक्षुधात्रीनिर्यासप्राणदाकल्कसंयुतम् ।
तच्छीतं शर्कराक्षौद्रपादिकं पूर्ववद्गुणैः ॥ १७॥

કાળી દ્રાક્ષ, મહુડાં, ખજૂર, વિદારીકંદ, શતાવરી, ફાલસાં, ત્રિફળા, એ સર્વનો ક્વાથ કરવો. તે ક્વાથમાં શેરડીનો રસ નાખવો તથા આમળાંનો સ્વરસ નાખવો. એ સર્વમાં દૂધ નાખીને તેમાં ઘી નાખવું તથા તેમાં હરડેનો કલ્ક નાખીને તેને વિધિસર પકવવું. એ રીતે સિદ્ધ થયેલા ઘીમાં ઘી ઠંડું પડ્યા પછી ઘીથી ચોથે ભાગે સાકર અને તેટલું જ મધ નાખવું. એ ઘીનો ગુણ પણ પાછળ (શ્લોક ૧૦ાાથી ૧૨ાામાં) કહ્યો તેવો છે.

ગડમાંથી લોહી શી રીતે કાઢી નાખવું ?

हरेच्छृङ्गादिभिरसृक् सिरया वा यथान्तिकम् ।

વિદ્રધિ(ગડ)રોગમાં શૃંગ વગેરે (સૂ. અ. ૨૫) યંત્રોથી લોહી ખેંચાવવું અથવા વિદ્રધિની સમીપમાં જે શિરા હોય તેમાથી લોહી કાઢી નખાવવું.

કોઠામાં થયેલા, પાક ઉપર ચઢેલા, બહાર ઊપસેલા ગડને પોટીસ

विद्रधिं पच्यमानं च कोष्ठस्थं बहिरुन्नतम् ॥१८॥
ज्ञात्वोपनाहयेत्

કોઠામાં વિદ્રધિ થયુ હોય અને તે પાકતું હોય ત્યારે તે જ જગ્યાએ બહાર ઊપસેલું

દેખાતું હોય, તે જગ્યાએ તે છે એમ જાણીને તેને બંધારણ બાંધવું (પોટીસનો શેક બાંધવો).

ગડ પાક્યું હોવાનાં લક્ષણ : ઉપાય

शूले स्थिते तत्रैव पिण्डिते ।
तत्पार्श्वपीडनात्सुप्तौ दाहादिष्वल्पकेषु च ॥१९॥
पक्वः स्याद्विद्रधिं भित्त्वा व्रणवत्तमुपाचरेत् ।

જ્યારે શૂળ (સણકા) ફક્ત ગડ જેટલા ભાગમાં જ આવતું હોય, ગડની બહાર આજુબાજુ દબાવવાથી જાણે તે અંગ બહેરું થઈ ગયું હોય એવું લાગે અને જ્યારે બળતરા વગેરે ઓછાં થઈ જાય, ત્યારે ગડ પાકયું કહેવાય. તે વખતે એને ચીરીને પછી વ્રણ જેવા ઉપાય કરવા.

અંતર્વિદ્રધિ પાકયાનાં ચિહ્ન

अन्तर्भागस्य चाप्येतच्चिह्नं पक्वस्य विद्रधेः ॥२०॥

શરીરની અંદર જે અંતર્વિદ્રધિ થાય છે તે પાકે છે, ત્યારે પણ ઉપર કહ્યાં તેવાં ચિહ્ન થાય છે.

અંતર્વિદ્રધિ પાકીને અંદર ને અંદર ફૂટે તો શું કરવું ?

पक्वः स्रोतांसि सम्पूर्य
स यात्यूर्ध्वमधोऽथवा ।
स्वयं प्रवृत्तं तं दोषमुपेक्षेत हिताशिनः ॥२१॥
दशाहं द्वादशाहं वा रक्षन् भिषगुपद्रवान् ।
असम्यग्वहति क्लेदे वरुणादि सुखाम्भसा ॥२२॥
पाययेन्मधुशिग्रुं वा यवागूं तेन वा कृताम् ।

જ્યારે અંતર્વિદ્રધિ પાકે છે અને ફાટે છે ત્યારે તેમાંનો મળ (દોષ) મોટી શિરાઓમાં ભરાઈને પછી ઉપરથી મુખ દ્વારા કે નીચેથી ગુદા દ્વારા નીકળે છે. એ વખતે રોગીએ પથ્ય ભોજન કરવું અને જે દોષ નીકળતો હોય તેને તેમ ને તેમ નીકળવા દેવો. એ રીતે કોઈ પ્રકારની ચિકિત્સા ન કરતાં દસબાર દહાડા માત્ર રોગીને બીજા ઉપદ્રવ ન થાય એવી રીતે તેની સંભાળ વૈદ્યે રાખવી. એ વિદ્રધિમાંનો મળ સારી રીતે વહેતો ન હોય તો વરુણાદિ ગણ- (સૂ. સ્થા. અ. ૧૫, શ્લોક ૨૧)નાં ઔષધોનો કવાથ લગારલગાર ગરમ હોય તેવો પાવો, અથવા વરુણાદિ ગણનાં ઔષધોનું ચૂર્ણ લગાર ગરમ પાણી સાથે પાવું, અથવા રાતા સરગવાનો કવાથ પાવો, અથવા રાતા સરગવાના કવાથ વડે કરેલી યવાગૂ પાવી.

વિદ્રધિ(ગડ)વાળાનું પથ્ય ભોજન

यवकोलकुलत्थोत्थयूषैरन्नं च शस्यते ॥२३॥

જવ, બોર, કળથી, એ દ્રવ્યોના યૂષ સાથે અન્ન ખાવું એ અંતર્વિદ્રધિવાળાને હિતકર છે.

વિદ્રધિવાળાનું શોધન

ऊर्ध्वं दशाहात्त्रायन्तीसर्पिषा तैल्वकेन वा ।
शोधयेद्बलतः, शुद्धः सक्षौद्रं तिक्तकं पिबेत् ॥२४

દસ દિવસ થઈ ગયા પછી પાછળ શ્લોક ૧૩ થી ૧૫ માં કહેલા ત્રાયમાણાદિકઘૃત વડે, અથવા તિલ્વકઘૃત (ચિ. ૨૧/૩૨, ૩૩) વડે, રોગીની શક્તિ જોઈને તેનું શોધન કરવું. એ શોધનથી વિરેચન થયા પછી મધ સાથે કરિયાતું પીવું.

દોષ પ્રમાણે વિદ્રધિના ઉપચાર

सर्वशो गुल्मवच्चैनं यथादोषमुपाचरेत् ।

કયા દોષથી ગડ થયું છે તેનો વિચાર કરીને બધી રીતે ગુલ્મની પેઠે ગડની ચિકિત્સા કરવી; અર્થાત્ વાતવિદ્રધિની ચિકિત્સા વાતગુલ્મ પ્રમાણે, પિત્તવિદ્રધિની ચિકિત્સા પિત્તગુલ્મ પ્રમાણે, એમ સર્વ પ્રકારે ગુલ્મને મળતી ચિકિત્સા અંતર્વિદ્રધિથી કરવી.

ગમે તેવા ગડમાં ગૂગળ અને શિલાજિત

सर्वावस्थासु सर्वासु गुग्गुलुं विद्रधीषु च ॥२५
कषायैर्योगिकैर्युञ्ज्यात्स्वैःस्वैस्तद्वच्छिलाजतु ।

તમામ પ્રકારના વિદ્રધિઓમાં અને વિદ્રધિની તમામ અવસ્થાઓમાં વિદ્રધિને યોગ્ય કવાથની સાથે ગૂગળ આપવો અથવા તેવા જ કવાથની સાથે શિલાજિત આપવો.

બને ત્યાં સુધી ગડને પાકવા દેવું નહિ : કારણ

पाकं च वारयेद्यत्नात्सिद्धिः पक्वे हि दैविकी ॥२६
अपि चाशु विदाहित्वाद्विद्रधिः सोऽभिधीयते ।

વિદ્રધિના રોગવાળાના-વિદ્રધિને પાકવા ન

દેવાનો યત્ન કરવો, અર્થાત્ તેને ન પકતાં વેરી નાખવાનો ઉપાય કરવો, કેમ કે વિદ્રધિ પાકયા પછી રોગીનુ જીવવુ (રોગનુ મટવુ) દૈવાધીન થાય છે, વૈદ્યના હાથમા રહેતુ નથી. વળી તે (ગડ) જલદીથી વિદાહી થાય છે માટે તે વિદ્રધિ કહેવાય છે, માટે પણ તેને પાકવા ન દેવાનો યત્ન કરવો.

પ્રમેહ અને ગડ સાથે થયાં હોય તેનો ઉપાય—

सति चालोचयेन्मेहे

प्रमेहाणां चिकित्सितम् ॥ २७ ॥

જો વિદ્રધિવાળાને પ્રમેહ થાય તો પ્રમેહની ચિકિત્સા કરવી, તેમ વિદ્રધિની ચિકિત્સા પણ કરવી.

સ્તનવિદ્રધિની (થાન પાકે તેની) ચિકિત્સા

स्तनजे व्रणवत्सर्वं न त्वेनमुपनाहयेत् ।
पाटयेत्पालयन् स्तन्यवाहिनीः कृष्णचूचुकौ ॥२८
सर्वास्वामाद्यवस्थासु निर्दुहीत च तत्स्तनम् ।

સ્તન ઉપર ગડ થયુ હોય (થાન પાકે) તો તેને ખધારણ (પોટીસ, શેક) બાધવુ નહિ, એ સિવાયની વ્રણ માટે જે જે ક્રિયા કહેલી છે તે સઘળી કરવી. સ્તનવિદ્રધિને ચીરવુ પડે તો સ્તન્ય (ધાવણ, દૂધ) વહેનારી શિરાઓ અને કાળી ડીટડીઓ—એ બેનુ રક્ષણ કરીને ચીરવુ, અર્થાત્ દૂધ વહેનારી શિરાઓ અને કાળી ડીટડીઓને ચીરવી નહિ. વિદ્રધિ કાચુ હોય અથવા તે પાક ઉપર ચડતુ હોય અથવા તે પાકેલુ હોય વગેરે સર્વ અવસ્થામા સ્તનમાથી દૂધ કાઢવુ, દૂધ કાઢવાનુ બધ કરવુ નહિ.

इति विद्रधिचिकित्सितम् ।
अथ वृद्धिचिकित्सितम् ।

વૃદ્ધિ(વધરાવળની)ચિકિત્સા

વાયુની વધરાવળનો ઉપાય

વિરેચન

शोधयेत्त्रिवृता स्निग्धं वृद्धौ स्नेहैश्चलात्मके ॥२९
कौशाम्रतिल्वकैरण्डसुकुमारकमिश्रकैः ।

જો વાયુથી વધરાવળ થઈ હોય તો પ્રથમ કોશામ્ર(આમચૂર)નો સ્નેહ, તિલ્વક(લોધર)નો સ્નેહ, એરડસ્નેહ (દિવેલ), સુકુમારક સ્નેહ (આ અધ્યાયમાં જ શ્લોક ૪૦કે થી ૪૭માં કહેલો) અને મિશ્રક સ્નેહ (ગુલ્મમા શ્લોક ૮૮થી ૯૦કે મા કહેવાશે), એ સ્નેહ વડે સ્નિગ્ધ કરેલા રોગીને ત્રિવૃત (નસોતર) વડે વિરેચન આપવુ.

બસ્તિ, શેક, લેપ, નસ્તર વગેરે

ततोऽनिलघ्ननिर्यूहकल्कस्नेहैर्निरूहयेत् ॥ ३० ॥
रसेन भोजितं यष्टितैलेनान्वासयेदनु ।
स्वेदप्रलेपा वातघ्ना

पक्वे भित्त्वा व्रणक्रियाम् ॥ ३१ ॥

વાયુની વધરાવળના રોગવાળાનુ શોધન કર્યા પછી વાયુનો નાશ કરે એવા ઔષધોના ક્વાથ તથા કલ્ક વડે સિદ્ધ કરેલા સ્નેહની નિરૂહબસ્તિ આપવી, નિરૂહબસ્તિ આપ્યા પછી તેને માસરસ સાથે ભોજન આપવુ અને પછી યષ્ટિતેલ (જેઠીમધના તેલ) વડે તેને અન્વાસન બસ્તિ આપવી. વળી વાયુનો નાશ કરે એવા શેક અને લેપ કરવા, તથા તે વધરાવળ પાકે ત્યારે તેને ફોડીને વ્રણમા જે ક્રિયા કરવાની કહેલી છે તે કરવી

પિત્તની અને લોહીની વધરાવળનો ઉપાય

पित्तरक्तोद्भवे वृद्धावामपक्वे यथायथम् ।
शोफव्रणक्रिया कुर्यात्

प्रततं च हरेदसृक् ॥ ३२ ॥

પિત્તથી કે લોહીથી વધરાવળ થઈ હોય તે જો આમ (કાચી) હોય તો આમશોફના ઉપચાર કરવા, અને પકવ હોય તો વ્રણની ક્રિયા કરવી વળી (શ્લોક ૧૭કે માં કહેલી રીતે) તેમાથી નિરતર લોહી કાઢી નાખ્યા કરવુ

કફની વધરાવળનો ઉપાય

વ્રણશોધન તેલ

गोमूत्रेण पिबेत्कल्कं श्लैष्मिके पीतदारुजम् ।
विम्लापनादृते चास्य

श्लेष्मग्रन्थिक्रमो हितः ॥ ३३ ॥

पक्वे च पाटिते तैलमिष्यते व्रणशोधनम् ।
सुमनोरुष्कराङ्कोल्लसप्तपर्णेषु साधितम् ॥ ३४ ॥

पटोलनिम्बरजनीविडङ्गकुटजेषु च ।

કફથી વધરાવળ થઈ હોય તો દારુહળદરનો કલ્ક ગાયના મૂત્ર સાથે પીવો. કફગ્રંથિમાં (કફથી થયેલા ગ્રંથિરોગમાં) જુદા જુદા ઉપાયથી રસોળી(ગાંઠ)ને કરમાવી (વેરી) નાખવાનું કહેલું છે તે આ જગ્યાએ ન કરતાં તે સિવાયનો બાકી બધો કફગ્રંથિનો ક્રમ (ઉપાય) કફવૃદ્ધિમાં (કફની વધરાવળમાં) કરવો એ હિતકર છે. એ કફવૃદ્ધિ પાકે ત્યારે તેને ચીરવી અને પછી પીળી ચમેલી, ભિલામાં, અંકોલ, સાતવણ, પટોળ, લીમડો, હળદર, વાવડિંગ, ઇંદ્રજવ, એ ઔષધોના ક્વાથમાં સિદ્ધ કરેલું વ્રણશોધન (ઘામાંથી બગાડ કાઢી નાંખે એવું) તેલ તે વ્રણમાં વાપરવું ઇચ્છવા યોગ્ય છે.

ચરબીથી થયેલી વધરાવળનો ઉપાય

मेदोजं मूत्रपिष्टेन सुस्विन्नं सुरसादिना ॥ ३५॥
शिरोविरेकद्रव्यैर्वा वर्जयन् फलसेवनीम् ।
दारयेद्वृद्धिपत्रेण सम्यङ्मेदसि सूद्धृते ॥ ३६ ॥
व्रणं माक्षिककासीससैन्धवप्रतिसारितम् ।
सीव्येदभ्यञ्जनं चास्य योज्यं मेदोविशुद्धये ॥३७
मनःशिलैलासुमनोग्रन्थिभल्लातकैः कृतम् ।
तैलमाव्रणसन्धानात्स्नेहस्वेदौ च शीलयेत् ॥३८

ચરબીથી થયેલી વધરાવળમાં સુરસાદિ ગણનાં ઔષધોને અથવા સૂ. અ. ૧૫ના શ્લોક ૪માં આપેલાં શિરોવિરેચનનાં દ્રવ્યોને ગાયના મૂત્રમાં વાટીને તે વડે તે વધરાવળને સારી રીતે શેકવી (પરસેવો કાઢવો). પછી ફલસેવનીને કાપ્યા સિવાય વૃદ્ધિપત્ર નામે શસ્ત્ર વડે સાવધાનીથી સારી રીતે વધરાવળને ચીરવી; અર્થાત્ ફલસેવની ચિરાય નહિ તે ધ્યાનમાં રાખવું. પછી તેમાંથી બધી ચરબી ઠીક કરીને કાઢી નાખવી. ચરબી કાઢી નાખ્યા પછી મધ, હીરાકસી અને સિંધવ એ ઔષધોનો મલમ વ્રણમાં પોચે હાથે ચોપડીને વ્રણને સીવી લેવો. પછી તેની ચરબીનું શોધન કરવા માટે મનશિલ, એલચી, પીળી ચમેલી, પીપરીમૂળ અને ભિલામાં, એ ઔષધોથી સિદ્ધ કરેલું તેલ તે વ્રણ ઉપર ચોપડવું. પછી વ્રણ સંધાઈ જતાં સુધી સ્નેહ અને સ્વેદ(શેક)નું સેવન જારી રાખવું.

મૂત્રની વધરાવળનો ઉપાય

मूत्रजं स्वेदितं स्निग्धैर्वस्त्रपट्टेन वेष्टितम् ।
विध्येदधस्तात्सेवन्याः स्रावयेच्च यथोदरम् ॥३९
व्रणं च स्थगिकाबद्धं रोपयेत्

મૂત્રથી થયેલી વધરાવળને સ્નિગ્ધ ઔષધો વડે શેક કરીને પરસેવો કાઢવો અને પછી લૂગડાના પાટા વડે તેને વીંટીને સેવનીથી નીચે વીંધવું (કાણું પાડવું) તથા જેમ જલોદરમાં પાણી કાઢવામાં આવે છે તેમ તેમાનું મૂત્ર કાઢવું અને અંદરનો મૂત્ર વગેરે મળ બહાર કાઢી નાખવો. પછી સ્થગિકા નામે બંધ (પાટા) વડે વ્રણને બાંધીને રૂઝવવો.

અંત્રવૃદ્ધિ(સારણગાંઠ)નો ઉપાય

अन्त्रहेतुके ।
फलकोशमसम्प्राप्ते चिकित्सा वातवृद्धिवत् ॥ ४०

અંત્ર(આંતરડું)ની વૃદ્ધિ થવાથી થયેલો વૃદ્ધિરોગ (સારણગાંઠનો રોગ) થયો હોય અને તે વૃદ્ધિ અંડની કોથળીમાં ન ઊતરી હોય તો તેની ચિકિત્સા વાયુની વધરાવળની ચિકિત્સાની પેઠે કરવી.

વધરાવળ, ગડ, ગોળો, હરસ; યોનિમાં, મૂત્રેન્દ્રિયમાં પીડા, વાયુની પીડા, સોજા, ઉદરરોગ, પત, બરોળ અને ઝાડાની કબજિયાત માટે સુકુમાર સ્નેહ

पचेत्पुनर्नवतुलां तथा दशपलाः पृथक् ।
दशमूलपयस्याश्वगन्धैरण्डशतावरीः ॥ ४१ ॥
द्विदर्भशरकाशेक्षुमूलपोटगलान्विताः ।
वहेऽपामष्टभागस्थे तत्र त्रिंशत्पलं गुडात् ॥४२
प्रस्थमेरण्डतैलस्य द्वौ घृतात्पयसस्तथा ।
आवपेद् द्विपलांशं च
कृष्णातन्मूलसैन्धवम् ॥ ४३ ॥
यष्टीमधु(चित्र)कमृद्वीकायवानी-
नागराणि च (क्षारनागरम्) ।
तत्सिद्धं सुकुमाराख्यं सुकुमारं रसायनम् ॥४४

वातातपाध्वयानादिपरिहार्येष्वयन्त्रणम् ।
प्रयोज्यं सुकुमाराणा-
मीश्वराणां सुखात्मनाम् ॥ ४५ ॥
नृणां स्त्रीवृन्दभर्तॄणामलक्ष्मीकलिनाशनम् ।
सर्वकालोपयोगेन कान्तिलावण्यपुष्टिदम् ॥ ४६
वर्ध्मविद्रधिगुल्मार्शोयोनिमेढ्रानिलार्तिषु ।
शोफोदरखुडप्लीहविड्विबन्धेषु चोत्तमम् ॥ ४७

ચારસો તોલા સાટોડી, દશમૂલ, ક્ષીરકાકોલી, આસંધ, એરંડો, શતાવરી, બંને પ્રકારના દર્ભ (ડાભ), સરકટ, કાસ, શેરડીનું મૂળ, નળ (દેવનળ, એક જાતનો કાસ) એ પ્રત્યેક ઔષધ ચાળીસચાળીસ તોલા લેવું. પછી એ સર્વને ૧૦૨૪ તોલા અથવા એક દ્રોણુ પાણીમાં ઉકાળવાં. પછી તે પાણી જ્યારે ઉકળતાંઉકળતાં આઠમા ભાગનું રહે, ત્યારે તેને ગાળી લઈને તેમાં એકસોવીસ તોલા ગોળ, ચોસઠ તોલા દિવેલ (એરંડિયું), એકસો અઠ્ઠાવીસ તોલા ઘી, અને એકસો અઠ્ઠાવીસ તોલા દૂધ નાખવું. પછી તેમાં પીપર, પીપરીમૂળ, સિંધવ, જેઠીમધ, કાળી દ્રાક્ષ, ચવાની અજમો અને સૂંઠ, એ પ્રત્યેક ઔષધ આઠ આઠ તોલા આવાપ તરીકે નાખવાં. એ રીતે સિદ્ધ કરેલા તે સ્નેહને સુકુમાર નામે રસાયન કહે છે. એ રસાયન સુકુમાર છે માટે વાયુ (પવન), તાપ, પગપાળી મુસાફરી, વાહનમાં બેસીને મુસાફરી વગેરે છોડી દેવારૂપી પરેજ પાળ્યા વિના પણ આ તેલ વાપરી શકાય છે. જેઓ સુકુમાર તથા મોટા લોક છે તથા સુખિયા છે, તેમને એ આપવા યોગ્ય છે. જે પુરુષોને ઘણી સ્ત્રીઓ હોય તેમને એ રસાયન આપવું. આ તેલથી અલક્ષ્મી અને ક્લેશ નાશ પામે છે. એ રસાયન સર્વ ઋતુમાં અને સર્વ સમયમાં વાપરવાથી કાંતિ, સુંદરતા અને પુષ્ટિ આપે છે. વળી તે વધરાવળ, ગડ, ગોળો, હરસ, યોનિમાં પીડા, મૂત્રેન્દ્રિયમાં પીડા અને વાયુની પીડાનો નાશ કરે છે, તેમ જ સોજા, ઉદરરોગ, પત, બરોળ અને ઝાડાની કબજિયાત એ રોગમાં ઉત્તમ ગુણ કરે છે.

અંત્રવૃદ્ધિમાં ક્યારે અને ક્યાં ડામ દેવો?

यायाद्वर्ध्म न चेच्छान्ति स्नेहरेकानुवासनैः ।
बस्तिकर्म पुरः कृत्वा वङ्क्षणस्थं ततो दहेत् ॥४८
अग्निना मार्गरोधार्थं मरुतः

જો સ્નેહપાન, વિરેચન અને અનુવાસનથી પણ વધરાવળ મટે નહિ તો પ્રથમ બસ્તિકર્મ કરીને પછી વાયુનો માર્ગ રોકવા માટે અંડમાં રહેલી અંત્રવૃદ્ધિ અગ્નિ વડે ડામવી.

अर्धेन्दुवक्रया ।
अङ्गुष्ठस्योपरि स्नाव-
पीतं तन्तुसमं च यत् ॥ ४९ ॥
उत्क्षिप्य सूच्या तत्तिर्यग्दहेच्छित्त्वा यतो गदः ।
ततोऽन्यपार्श्वेऽन्ये त्वाहु-
र्दहेद्वाऽनामिकाङ्गुलेः ॥ ५० ॥
गुल्मेऽन्यैर्वातकफजे प्लीह्नि चायं विधिः स्मृतः ।
कनिष्ठिकानामिकयो-
र्विश्वाच्यां च यतो गदः ॥ ५१ ॥

સારણગાંઠ ડાબી કે જમણી જે બાજુએ હોય તે બાજુના હાથના અંગૂઠાના પાછલા ભાગ ઉપર બારીક તાંતણા જેવો નાનો પીળો સ્નાયુ હોય છે તેને ઉપાડીને (ઊંચો કરીને) અડધા ચંદ્ર જેવા વાંકા આકારની સોય વડે એ સ્નાયુને ત્રાંસો છેદીને પછી ડામ દેવો, એવો કેટલાકનો મત છે. કેટલાક આચાર્ય એમ કહે છે કે, શરીરની જે બાજુ ઉપર રોગ છે તે બાજુના અંગૂઠા પર ડામ ન દેતાં તેનાથી બીજી બાજુના પગના અંગૂઠા ઉપર, ઉપર કહેલી રીતે ડામ દેવો. કેટલાક આચાર્યનો એવો મત છે કે અંગૂઠા ઉપર ડામ ન દેતાં અનામિકા આંગળી ઉપર જ્યાં એવો બારીક સ્નાયુ હોય છે તેને પાછળ કહેલી રીતે ડામ દેવો. કેટલાક આચાર્ય એમ કહે છે કે વાયુ અને કફથી થયેલા ગુલ્મરોગમાં તથા બરોળના રોગમાં, તેમ જ વિશ્વાચી નામે વાયુના રોગમાં જે બાજુ તરફ રોગ હોય તે બાજુ તરફની (પગની) કનિષ્ઠિકા અને અનામિકા ઉપર જે બારીક તાંતણા સરખો સ્નાયુ હોય છે, તેને ઉપાડીને વાંકી સોય વડે તેમાં ત્રાંસો

છેદ કરીને પછી તેને ડામવો.

(કનિષ્ઠિકા=ટચલી આંગળી. અનામિકા=ટચલી આંગળીની જોડેની આંગળી)

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने विद्रधिवृद्धिचिकित्सित नाम त्रयोदशोऽध्याय ॥ १३ ॥

અધ્યાય ૧૪ મો–ગુલ્મ(ગોળા)ની ચિકિત્સા

अथातो गुल्मचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે ગુલ્મ(ગોળા)ની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

વાયુના ગુલ્મની ચિકિત્સા

(શ્લોક ૧થી ૬૦)

ઝાડાના અને વાછૂટના વિબંધવાળા, પુષ્કળ પીડાવાળા, લૂખાશ અને શરદીથી થયેલા વાયુના ગોળાનો ઉપાય

गुल्मं बद्धशकृद्वातं वातिकं तीव्रवेदनम् ।
रूक्षशीतोद्भवं तैलैः साधयेद्वातरोगिकैः ॥ १ ॥
पानान्नान्वासनाभ्यङ्गैः स्निग्धस्य स्वेदमाचरेत् ।
आनाहवेदनास्तम्भविबन्धेषु विशेषतः ॥ २ ॥
स्रोतसां मार्दवं कृत्वा जित्वा मारुतमुल्बणम् ।
भित्त्वा विबन्धं स्निग्धस्य स्वेदो गुल्ममपोहति ॥३

જે વાયુનો ગુલ્મ (ગોળો) લૂખા અને ઠંડા પદાર્થો ખાવાથી થયો હોય તથા જેમાં વાયુ તથા ઝાડાની કબજિયાત થઈને તીવ્ર વેદના થતી હોય, તેને વાયુના રોગોની ચિકિત્સામા કહેલા તેલ વડે મટાડવો. વાયુના ગોળાના રોગવાળાને પ્રથમ સ્નેહપાન કરાવીને પછી અનુવાસન બસ્તિ આપવી. પછી ગુલ્મ ઉપર તેલ ચોળવુ. એ રીતે તેને સ્નિગ્ધ કરીને પછી તેનો પરસેવો કાઢવો (શેક કરવો). ગુલ્મની જગ્યાએ તેને પરસેવો થાય એમ કરવુ. જ્યારે રોગીનુ પેટ ચઢ્યુ હોય એટલે ગુલ્મવાળી જગ્યા કઠણુ થઈ હોય, તથા ત્યાં વેદના થતી હોય તથા રોગીથી હલાતુંચલાતુ ન હોય; હાલતાંચાલતા વેદના થતી હોય એમ રોગી સજજડ થઈ ગયો હોય, અને ઝાડો તથા વાછૂટ બંધ થઈ ગયાં હોય, ત્યારે તો ખાસ કરીને ગુલ્મની જગ્યાએ પરસેવો કાઢવો; કેમ કે સ્નિગ્ધ થયેલા માણસોનાં સ્રોત પરસેવો થવાથી (શેક કરવાથી) કોમળ (નરમ) થાય છે, વધેલો વાયુ જિતાય છે અને ઝાડાની તથા વાયુની કબજિયાત હોય છે તે પણ મટે છે અને એવી રીતે શેકથી ગુલ્મ મટે છે.

ડૂંટીથી ઉપર પક્વાશયમાં અને જઠરમાં થયેલા વાયુના ગોળાનો ઉપાય

स्नेहपानं हितं गुल्मे विशेषेणोर्ध्वनाभिजे ।
पक्वाशयगते बस्तिरुभयं जठराश्रये ॥ ४ ॥

ગુલ્મરોગમાં સ્નેહ પીવો હિતકર છે અને ખાસ કરીને જ્યારે ગુલ્મ નાભિની ઉપર હોય ત્યારે તો સ્નેહ પીવો વધારે હિતકર છે. જે ગુલ્મ પક્વાશયમા હોય તો બસ્તિ આપવી હિતકર છે અને જે ગુલ્મ જઠરમા હોય તો બન્ને વાનાં કરવાં હિતકર છે, એટલે સ્નેહપાન કરાવવુ તથા બસ્તિ આપવી બન્ને હિતકર છે.

પ્રદીપ્ત જઠરાગ્નિવાળા વાયુના અને ઝાડાના વિબંધવાળા વાયુના ગોળાનું ઔષધ

दीप्तेऽग्नौ वातिके गुल्मे विबन्धेऽनिलवर्चसोः ।
बृंहणान्यन्नपानानि स्निग्धोष्णानि प्रदापयेत् ॥५
पुनःपुन स्नेहपानं

વાયુના ગુલ્મના રોગમાં રોગીનો અગ્નિ જો પ્રદીપ્ત હોય અને ઝાડો તથા વાયુ કબજ હોય તો રોગીને બૃંહણુ તથા સ્નિગ્ધ અને ઉષ્ણુ (ઊનાં) અન્નપાન આપવાં, તેમ જ વારંવાર સ્નેહપાન કરાવવું.

વાયુના ગોળામાં નિરૂહ અને અનુવાસન બસ્તિ કોને આપવી?

निरूहाः सानुवासनाः ।
प्रयोज्या वातजे गुल्मे कफपित्तानुरक्षिणः ॥६॥

વાયુના ગુલ્મમાં કફ અને પિત્તનુ અનુરક્ષણુ કરનારા માણસને નિરૂહબસ્તિઓ તથા અનુવાસન બસ્તિઓ આપવી. (કફ અને પિત્તનું અનુરક્ષણુ કરનાર=વાયુ મટાડવાને સ્નિગ્ધ

वातातपाध्वयानादिपरिहार्येष्वयन्त्रणम् ।
प्रयोज्यं सुकुमाराणा-
मीश्वराणां सुखात्मनाम् ॥ ४५ ॥
नृणां स्त्रीवृन्दभर्तॄणामलक्ष्मीकलिनाशनम् ।
सर्वकालोपयोगेन कान्तिलावण्यपुष्टिदम् ॥ ४६
वर्ध्मविद्रधिगुल्मार्शोयोनिमेढ्रानिलार्तिषु ।
शोफोदरखुडप्लीहविड्विबन्धेषु चोत्तमम् ॥ ४७

ચારસો તોલા સાટોડી, દશમૂલ, ક્ષીર-કાકોલી, આસંધ, એરંડા, શતાવરી, બંને પ્રકારના દર્ભ (ડાભ), સરકટ, કાસ, શેરડીનું મૂળ, નળ (દેવનળ, એક જાતનો કાસ) એ પ્રત્યેક ઔષધ ચાળીસચાળીસ તોલા લેવું. પછી એ સર્વને ૧૦૨૪ તોલા અથવા એક દ્રોણ પાણીમાં ઉકાળવાં. પછી તે પાણી જ્યારે ઉકળતાંઉકળતાં આઠમા ભાગનું રહે, ત્યારે તેને ગાળી લઈને તેમાં એકસોવીસ તોલા ગોળ, ચોસઠ તોલા દિવેલ (એરંડિયું), એકસો અઠ્ઠાવીસ તોલા ઘી, અને એકસો અઠ્ઠાવીસ તોલા દૂધ નાખવું. પછી તેમાં પીપર, પીપરીમૂળ, સિંધવ, જેઠીમધ, કાળી દ્રાક્ષ, યવાની અજમો અને સૂંઠ, એ પ્રત્યેક ઔષધ આઠ આઠ તોલા આવાપ તરીકે નાખવાં. એ રીતે સિદ્ધ કરેલા તે સ્નેહને સુકુમાર નામે રસાયન કહે છે. એ રસાયન સુકુમાર છે માટે વાયુ (પવન), તાપ, પગપાળી મુસાફરી, વાહનમાં બેસીને મુસાફરી વગેરે છોડી દેવારૂપી પરેજ પાળ્યા વિના પણ આ તેલ વાપરી શકાય છે. જેઓ સુકુમાર તથા મોટા લોક છે તથા સુખિયા છે, તેમને એ આપવા યોગ્ય છે. જે પુરુષોને ઘણી સ્ત્રીઓ હોય તેમને એ રસાયન આપવું. આ તેલથી અલક્ષ્મી અને કલેશ નાશ પામે છે. એ રસાયન સર્વ ઋતુમાં અને સર્વ સમયમાં વાપરવાથી કાંતિ, સુંદરતા અને પુષ્ટિ આપે છે. વળી તે વધરાવળ, ગડ, ગોળો, હરસ, યોનિમાં પીડા, મૂત્રેન્દ્રિયમાં પીડા અને વાયુના પીડાનો નાશ કરે છે, તેમ જ સોજા, ઉદરરોગ, પત, બરોળ અને ઝાડાની કબજિયાત એ રોગમાં ઉત્તમ ગુણ કરે છે.

અંત્રવૃદ્ધિમાં ક્યારે અને ક્યાં ડામ દેવો ?

यायाद्वर्ध्म न चेच्छान्ति स्नेहरेकानुवासनैः ।
बस्तिकर्म पुरः कृत्वा वङ्क्षणस्थं ततो दहेत् ॥४८
अग्निना मार्गरोधार्थं मरुतः

જે સ્નેહપાન, વિરેચન અને અનુવાસનથી પણ વધરાવળ મટે નહિ તો પ્રથમ બસ્તિ-કર્મ કરીને પછી વાયુનો માર્ગ રોકવા માટે અંડમાં રહેલી અંત્રવૃદ્ધિ અગ્નિ વડે ડામવી.

अर्धेन्दुवक्रया ।
अङ्गुष्ठस्योपरि स्नाव-
पीतं तन्तुसमं च यत् ॥ ४९ ॥
उत्क्षिप्य सूच्या तत्तिर्यग्दहेच्छित्त्वा यतो गदः ।
ततोऽन्यपार्श्वेऽन्ये त्वाहु-
र्दहेद्वाऽनामिकाङ्गुलेः ॥ ५० ॥
गुल्मेऽन्यैर्वातकफजे प्लीह्नि चायं विधिः स्मृतः ।
कनिष्ठिकानामिकयो
र्विश्वाच्यां च यतो गदः ॥ ५१ ॥

સારણગાંઠ ડાબી કે જમણી જે બાજુએ હોય તે બાજુના હાથના અંગૂઠાના પાછલા ભાગ ઉપર બારીક તાંતણા જેવો નાનો પીળો સ્નાયુ હોય છે તેને ઉપાડીને (ઊંચો કરીને) અડધા ચંદ્ર જેવા વાંકા આકારની સોય વડે એ સ્નાયુને ત્રાંસો છેદીને પછી ડામ દેવો, એવો કેટલાકનો મત છે. કેટલાક આચાર્ય એમ કહે છે કે, શરીરની જે બાજુ ઉપર રોગ છે તે બાજુના અંગૂઠા પર ડામ ન દેતાં તેનાથી બીજી બાજુના પગના અંગૂઠા ઉપર, ઉપર કહેલી રીતે ડામ દેવો. કેટલાક આચાર્યનો એવો મત છે કે અંગૂઠા ઉપર ડામ ન દેતાં અનામિકા આંગળી ઉપર જ્યાં એવો બારીક સ્નાયુ હોય છે તેને પાછળ કહેલી રીતે ડામ દેવો. કેટલાક આચાર્ય એમ કહે છે કે વાયુ અને કફથી થયેલા ગુલ્મરોગમા તથા બરોળના રોગમાં, તેમ જ વિશ્વાચી નામે વાયુના રોગમાં જે બાજુ તરફ રોગ હોય તે બાજુ તરફની (પગની) કનિષ્ઠિકા અને અનામિકા ઉપર જે બારીક તાંતણા સરખો સ્નાયુ હોય છે, તેને ઉપાડીને વાંકી સોય વડે તેમાં ત્રાંસો

છેદ કરીને પછી તેને ડામવો.

(કનિષ્ઠિકા=ટચલી આંગળી. અનામિકા=ટચલી આંગળીની જોડેની આંગળી)

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने विद्रधिवृद्धिचिकित्सितं नाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

અધ્યાય ૧૪ મો–ગુલ્મ(ગોળા)ની ચિકિત્સા

अथातो गुल्मचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે ગુલ્મ(ગોળા)ની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

વાયુના ગુલ્મની ચિકિત્સા

(શ્લોક ૧થી ૬૦)

ઝાડાના અને વાછૂટના વિબંધવાળા, પુષ્કળ પીડાવાળા, લૂખાશ અને શરદીથી થયેલા વાયુના ગોળાનો ઉપાય

गुल्मं बद्धशकृद्वातं वातिकं तीव्रवेदनम् ।
रूक्षशीतोद्भवं तैलैः साधयेद्वातरोगिकैः ॥ १ ॥
पानान्नान्वासनाभ्यङ्गैः स्निग्धस्य स्वेदमाचरेत् ।
आनाहवेदनास्तम्भविबन्धेषु विशेषतः ॥ २ ॥
स्रोतसां मार्दवं कृत्वा जित्वा मारुतमुल्बणम् ।
भित्त्वा विबन्धं स्निग्धस्य स्वेदो गुल्ममपोहति ॥३

જે વાયુનો ગુલ્મ (ગોળો) લૂખા અને ઠંડા પદાર્થો ખાવાથી થયો હોય તથા જેમાં વાયુ તથા ઝાડાની કબજિયાત થઈને તીવ્ર વેદના થતી હોય, તેને વાયુના રોગોની ચિકિત્સામાં કહેલા તેલ વડે મટાડવો. વાયુના ગોળાના રોગવાળાને પ્રથમ સ્નેહપાન કરાવીને પછી અનુવાસન બસ્તિ આપવી. પછી ગુલ્મ ઉપર તેલ ચોળવું. એ રીતે તેને સ્નિગ્ધ કરીને પછી તેનો પરસેવો કાઢવો (શેક કરવો). ગુલ્મની જગ્યાએ તેને પરસેવો થાય એમ કરવું. જ્યારે રોગીનું પેટ ચઢ્યું હોય એટલે ગુલ્મવાળી જગ્યા કઠણ થઈ હોય, તથા ત્યાં વેદના થતી હોય તથા રોગીથી હલાતુંચલાતું ન હોય; હાલતાંચાલતાં વેદના થતી હોય એમ રોગી સજ્જડ થઈ ગયો હોય, અને ઝાડો તથા વાછૂટ બંધ થઈ ગયાં હોય, ત્યારે તો ખાસ કરીને ગુલ્મની જગ્યાએ પરસેવો કાઢવો; કેમ કે સ્નિગ્ધ થયેલા માણસોનાં સ્રોત પરસેવો થવાથી (શેક કરવાથી) કોમળ (નરમ) થાય છે, વધેલો વાયુ જિતાય છે અને ઝાડાની તથા વાયુની કબજિયાત હોય છે તે પણ મટે છે અને એવી રીતે શેકથી ગુલ્મ મટે છે.

ડૂંટીથી ઉપર પક્વાશયમાં અને જઠરમાં થયેલા વાયુના ગોળાનો ઉપાય

स्नेहपानं हितं गुल्मे विशेषेणोर्ध्वनाभिजे ।
पक्वाशयगते बस्तिरुभयं जठराश्रये ॥ ४ ॥

ગુલ્મરોગમાં સ્નેહ પીવો હિતકર છે અને ખાસ કરીને જ્યારે ગુલ્મ નાભિની ઉપર હોય ત્યારે તો સ્નેહ પીવો વધારે હિતકર છે. જો ગુલ્મ પક્વાશયમાં હોય તો બસ્તિ આપવી હિતકર છે અને જો ગુલ્મ જઠરમાં હોય તો બન્ને વાનાં કરવાં હિતકર છે, એટલે સ્નેહપાન કરાવવું તથા બસ્તિ આપવી બન્ને હિતકર છે.

પ્રદીપ્ત જઠરાગ્નિવાળા વાયુના અને ઝાડાના વિબંધવાળા વાયુના ગોળાનું ઔષધ

दीप्तेऽग्नौ वातिके गुल्मे विबन्धेऽनिलवर्चसोः ।
बृंहणान्यन्नपानानि स्निग्धोष्णानि प्रदापयेत् ॥५
पुनःपुन स्नेहपानं

વાયુના ગુલ્મના રોગમાં રોગીનો અગ્નિ જો પ્રદીપ્ત હોય અને ઝાડો તથા વાયુ કબજ હોય તો રોગીને બૃંહણ તથા સ્નિગ્ધ અને ઉષ્ણ (ઊનાં) અન્નપાન આપવાં, તેમ જ વારંવાર સ્નેહપાન કરાવવું.

વાયુના ગોળામાં નિરૂહ અને અનુવાસન બસ્તિ કોને આપવી?

निरूहाः सानुवासनाः ।
प्रयोज्या वातजे गुल्मे कफपित्तानुरक्षिणः ॥६॥

વાયુના ગુલ્મમાં કફ અને પિત્તનું અનુરક્ષણ કરનારા માણસને નિરૂહબસ્તિઓ તથા અનુવાસન બસ્તિઓ આપવી. (કફ અને પિત્તનું અનુરક્ષણ કરનાર=વાયુ મટાડવાને સ્નિગ્ધ

અને ગરમ દ્રવ્યો આપતાં કફ અને પિત્ત વધી ન જાય એની સંભાળ રાખીને બસ્તિ આપવી.)

ગોળામાં બસ્તિ ઉત્તમ ઉપાય હોવાનું કારણ

बस्तिकर्म परं विद्याद्गुल्मघ्नं, तद्धि मारुतम्।
स्वस्थाने प्रथमं जित्वा सद्यो गुल्ममपोहति ॥७॥
तस्मादभीक्ष्णशो गुल्मा निरूहैः सानुवासनैः।
प्रयुज्यमानैः शाम्यन्ति वातपित्तकफात्मकाः ॥८॥

ગુલ્મરોગમાં બસ્તિ સર્વથી શ્રેષ્ઠ ઉપાય છે; કેમ કે તે વાયુને પ્રથમ તેના જ સ્થાન-(પક્વાશય)માં જીતે છે, વાયુના બળનો નાશ કરે છે અને તેથી તત્કાળ ગુલ્મ મટે છે. એટલા માટે ગુલ્મરોગમાં વારંવાર અનુવાસન તથા નિરૂહબસ્તિઓ આપવાથી વાતગુલ્મ, પિત્તગુલ્મ અને કફગુલ્મ શમી જાય છે, મટે છે.

વાયુના ગોળાના ઉપદ્રવો માટે સિદ્ધ ઘી

हिङ्गुसौवर्चलव्योषविडदाडिमदीप्यकैः।
पुष्कराजाजिधान्याम्लवेतसक्षारचित्रकैः ॥९॥
शठीवचाजगन्धैलासुरसैर्दधिसंयुतैः।
शूलानाहहरं सर्पिः साधयेद्वातगुल्मिनाम् ॥१०॥

હિંગ, સંચળ, વ્યોષ, (સૂંઠ, પીપર, મરી), ખિડલવણ, દાડમ, અજમોદ, પુષ્કરમૂળ, જીરું, ધાણા, અમ્લવેતસ, જવખાર, ચિત્રો, ષડ્-કચૂરો, વજ, તલવાની, એલચી, રાસ્ના, એ ઔષધોનો ક્વાથ કરીને તેમાં દહીં નાખવું તથા ઘી સિદ્ધ કરવું. એવી રીતે સિદ્ધ થયેલું ઘી વાતગુલ્મવાળા રોગીઓનું શૂળ તથા પેટ ચડવું, એ ઉપદ્રવોને મટાડે છે.

વાયુના ગોળા વગેરે માટે ઘી

हपुषोषणपृथ्वीकापञ्चकोलकदीप्यकैः।
साजाजीसैन्धवैर्दध्ना दुग्धेन च रसेन च ॥ ११ ॥
दाडिमान्मूलकात्कोलात्पचेत्सर्पिर्निहन्ति तत्।
वातगुल्मोदरानाहपार्श्वहृत्कोष्ठवेदनाः ॥ १२ ॥
योन्यर्शोग्रहणीदोषकासश्वासारुचिज्वरान्।

પળાંશી, મરી, એલચી, પંચકોલ (પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ), અજમોદ, જીરું, સિંધવ, દહીં, દૂધ, દાડમનો રસ, મૂળાનો રસ, બોરનો રસ, એ સર્વ ઔષધો વડે ઘી સિદ્ધ કરવું. એ રીતે સિદ્ધ કરેલું ઘી વાયુનો ગોળો, ઉદરરોગ, પેટ ચડવું, પાસાંમાંની વેદના, હૃદયની વેદના, કોઠામાંની વેદના, યોનિદોષ, હરસ, ગ્રહણીદોષ, ખાંસી, દમ, અરુચિ અને તાવ, એટલા રોગ મટાડે છે.

દાધિક ઘૃત

दशमूलं बलां कालां सुपर्वी द्वौ पुनर्नवौ ॥१३॥
पौष्करैरण्डरास्नाश्वगन्धाभार्ग्यमृताशठीः।
पचेद्गन्धपलाशं च द्रोणेऽपां द्विपलोन्मितम् ॥१४
यवैः कोलैः कुलत्थैश्च माषैश्च प्रास्थिकैः सह।
क्वाथेऽस्मिन्दधिपात्रे च घृतप्रस्थं विपाचयेत् १५
स्वरसैर्दाडिमाम्रातमातुलुङ्गोद्भवैर्युतम्।
तथा तुषाम्बुधान्याम्लशुक्तैः श्लक्ष्णैश्च कल्कितैः ॥
भार्गीतुम्बुरुषड्ग्रन्थाग्रन्थिरास्नाग्निधान्यकैः।
यवानकयवान्यम्लवेतसासितजीरकैः ॥ १७ ॥
अजाजीहिङ्गुहपुषाकारवीवृषकोषकैः।
निकुम्भकुम्भमूर्वेभपिप्पलीवेल्लदाडिमैः ॥ १८ ॥
श्वदंष्ट्रात्रपुसैर्वारुबीजहिंस्राश्मभेदकैः।
मिसिद्विक्षारसुरससारिवानीलिनीफलैः ॥ १९ ॥
त्रिकटुत्रिपटूपेतैर्दाधिकं तद्व्यपोहति।
रोगानाशुतरान् पूर्वान् कष्टानपि च शीलितम् ॥
अपस्मारगदोन्मादमूत्राघातानिलामयान्।

દશમૂળ, ખળદાણા, ગળીનાં મૂળ, કાળીજીરી, બન્ને જાતની સાટોડીઓ, પુષ્કરમૂળ, એરંડાનું (દિવેલાનું) મૂળ, રાસ્ના, આસંધ, ભારંગ, ગળો, ષટ્કચૂરો અને કપૂરકાચલી, એ પ્રત્યેક ઔષધિ આઠઆઠ તોલા લઈને એક દ્રોણ એટલે ૧૦૨૪ તોલા પાણીમાં ભેગી ઉકાળવી. એ ઉકાળો કરતા પહેલાં દશમૂળ વગેરેની સાથે જવ, બોર, કળથી અને અડદ એ પ્રત્યેક ચોસઠ-ચોસઠ તોલા નાખવાં. પછી એ ક્વાથમાં દાડમ, અંબાડા અને બિજોરું, એ ફળોનો સ્વરસ નાખવો વળી તેમાં ઘી જેટલું તુષોદક અને ધાન્યામ્લ નાખવું. પછી એ સર્વને દહીંના વાસણમાં નાખીને તેમાં ચોસઠ તોલાં ઘી નાખવું. તે ઘીમાં નીચેનાં ઔષધોનો બારીક કલ્ક કરીને નાખવો. ભારંગ, તુંબુરુ, વજ, પીપરીમૂળ, રાસ્ના, ચિત્રો, ધાણા, યવાનક નામે અજમાની

જાત, યવાની અજમો, અમ્લવેતસ, કાળીજીરી, જીરુ, હિંગ, પળાંસી, ખોડી અજમો, અરડૂસી, ખારો, નેપાળો, નસોતર, મૂર્વા, ગજપીપર, વાવડિંગ, દાડમ, ગોખરુ, આરિયાનાં બીજ, કાકડીનાં બીજ, જટામાંસી, પાષાણભેદ, સૂવા, જવખાર, સાજીખાર, રાસ્ના, સારિવા, ગળીનાં ફળ, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), સિંધવ, સંચળ, બીડલવણ, એ ઔષધોનો કલ્ક નાખવો. પછી ઘીને સિદ્ધ કરવું, પકવવું. એ દાધિક ઘૃત કહેવાય છે. એ ઘીનું સેવન કરવાથી પૂર્વે કહેલા વાયુનો ગોળો વગેરે બહુ કષ્ટસાધ્ય રોગ પણ મટે છે. વળી તે વાઈ, કૃત્રિમ વિષ, ગાંડપણ, મૂત્રાઘાત અને વાયુના રોગને મટાડે છે.

(તુંબુરુનો અર્થ ધાણા થાય છે, પણ અહીં ગુલ્મરોગમાં મરાઠી ભાષામાં જેને ચિરફલ કહે છે તે તુંબુરુ લેવાનું છે.)

त्र्यूपणत्रिफलाधान्यचविकावेल्लचित्रकैः ॥ २१ ॥
कल्कीकृतैर्घृतं पक्वं सक्षीरं वातगुल्मनुत् ।

સૂંઠ, પીપર, મરી, હરડે, બહેડાં, આમળાં, ધાણા, ચવક, વાવડિંગ, ચિત્રો, એ ઔષધોનો કલ્ક કરીને તે વડે દૂધ સહિત ઘી પકવ કર્યું હોય તો તે ઘી વાયુના ગોળાને મટાડે છે. દૂધ ઘીની સમાન લેવું અને દૂધથી ચોગણું પાણી લેવું.

तुलां लशुनकन्दानां पृथक्पञ्चपलांशकम् ॥२२॥
पञ्चमूलं महच्चाम्बुभारार्धे तद्विपाचयेत् ।
पादशेषं तदर्धेन दाडिमस्वरसं सुराम् ॥ २३ ॥
धान्याम्लं दधि चादाय पिष्टांश्चार्धपलांशकान् ।
त्र्यूपणत्रिफलाहिङ्गुयवानीचव्यदीप्यकान् ॥ २४
साम्लवेतससिन्धूत्थदेवदारून् पचेद्घृतात् ।
तैः प्रस्थं तत्परं सर्ववातगुल्मविकारजित् ॥२५॥

લસણના કંદ ચારસો તોલા લેવા અને મોટાં પંચમૂળ દરેક વીસવીસ તોલા લેવાં. એ સર્વને ચાર હજાર તોલા પાણીમાં પકવ કરવાં. પછી જ્યારે ઊકળતાંઊકળતાં ચોથા ભાગનું પાણી રહે ત્યારે તેને ગાળી લઈને તે ક્વાથથી અરધા પ્રમાણમાં દાડમનો સ્વરસ, સુરા, ધાન્યામ્લ અને દહીં લઈને તે ક્વાથમાં નાખવાં. પછી ચોસઠ તોલા ઘી તેમાં નાખીને બે બે તોલા ત્રિકટુ (સૂંઠ, મરી, પીપર), ત્રિફળા, હિંગ, યવાની અજમો, ચવક, અજમોદ, અમ્લવેતસ, સિંધવ, દેવદાર, એ ઔષધોનો કલ્ક કરીને તેમાં નાખવો. પછી ઘી પકવ કરવું. એ ઘી વાયુના ગોળા સંબંધી સર્વ વિકારનો નાશ કરે છે.

ષટ્પલઘૃત

षट्पलं वा पिबेत् सर्पिर्यदुक्तं राजयक्ष्मणि ।
प्रसन्नया वा क्षीरार्थैः सुरया दाडिमेन वा ॥२६॥
घृते मारुतगुल्मघ्नः कार्यो दध्नः सरेण वा ।

રાજયક્ષ્મા(ક્ષય)માં જે ષટ્પલઘૃત કહેલું છે, તે વાયુના ગોળાના રોગમાં પીવું; પણ તે ઘી સિદ્ધ કરતી વખતે જ્યાં દૂધ લેવાનું કહેલુ છે ત્યાં તે દૂધની જગ્યાએ પ્રસન્ના નામનો દારૂ, સુરા, દાડમનો સ્વરસ અથવા દહીંની તર લેવી. બીજાં ઔષધો જે ત્યાં કહેલાં છે તે જ લેવાં. એ ઘી પીવાથી વાયુનો ગોળો મટે છે.

વાયુના ગોળામાં કફ વધી જાય તો શું કરવું?

वातगुल्मे कफो वृद्धो हत्वाऽग्निमरुचिं यदि ॥२७
हृल्लासं गौरवं तन्द्रां जनयेदुल्लिखेत्तु तम् ।

વાયુના ગોળામાં જો કફ વૃદ્ધિ પામીને જઠરાગ્નિનો નાશ કરે અને અરુચિ, ઊબકા, ભારેપણું અને સુસ્તી ઉત્પન્ન કરે તો વમન ઔષધ આપીને ઊલટી કરાવીને તે કફને બહાર કાઢી નાખવો.

શૂળ, આફરો તથા આંતરડાંના અને વાયુના વિબંધવાળા (વાયુના) ગોળાના ઉપાય

शूलानाहविबन्धेषु ज्ञात्वा सस्नेहमाशयम् ॥ २८
निर्यूहचूर्णवटकाः प्रयोज्या घृतमेषजैः ।

વાયુના ગોળાવાળાને શૂલ, આનાહ (પેટ ચડવું), વાયુનો અને ઝાડાનો વિબંધ, એવા ઉપદ્રવ થાય તો તેનો આશય (સ્થાન) સ્નિગ્ધ થયેલો છે એમ જાણીને તેને વાયુના ગોળા માટે ઘી બનાવવામાં (સિદ્ધ કરવામાં) વાપરવાનાં (શ્લોક ૮૩થી ૨૬૩) ઔષધોનાં ક્વાથ, ચૂર્ણ અને ગોળીઓ કરીને ખાવા આપવી.

कोलदाडिमवर्माम्बुतक्रमद्याम्लकाञ्जिकैः ॥ २९ ॥
मण्डेन वा पिबेत्प्रातश्चूर्णान्यन्नस्य वा पुरः ।

ભારનું પાણી, દાડમનું પાણી, ગરમ પાણી, છાશ, મધની ખટાઈ, કાંજી, મંડ, એમાંથી ગમે તે એકની સાથે સવારમાં ચૂર્ણ (હવે પછી કહેવાશે તે ચૂર્ણ અથવા ઘૃત સિદ્ધ કરવાને કહેલી ઔષધિઓનું ચૂર્ણ) ખાવું અથવા ભોજન કરતા પહેલાં એ ચૂર્ણ ખાવું.

કફ અને વાયુ(ભેગા)ના ગોળાનું ઔષધ

चूर्णानि मातुलुङ्गस्य भावितान्यसकृद्रसे ॥३०॥
कुर्वीत कार्मुकतरान् वटकान् कफवातयोः ।

બિજોરાના રસમાં એ ચૂર્ણ(કહેવાશે તે)ને વારંવાર ભાવના આપીને તેની, ગુલ્મનો નાશ કરવારૂપ કર્મ કરવાને સમર્થ એવી ગોળીઓ કરવી. એ ગોળીઓ કફ તથા વાયુથી થયેલા ગુલ્મમાં આપવી.

વાતગુલ્મ માટે ચૂર્ણ
(શ્લોક ૩૦॥ થી ૩૮)

દુઃસાધ્ય ગુલ્મ વગેરે ઉપર ચૂર્ણ

हिङ्गुवचाविजयापशुगन्धा-
दाडिमदीप्यकधान्यकपाठाः ।
पुष्करमूलशठीहपुषाग्नि-
क्षारयुगत्रिपटुत्रिकटूनि ॥ ३१ ॥
साजाजिचव्यं सहतिन्तिडीकं
सवेतसाम्लं विनिहन्ति चूर्णम् ।
हृत्पार्श्वबस्तित्रिकयोनिपायु-
शूलानि वाय्वामकफोद्भवानि ॥ ३२ ॥
कृच्छ्रान् गुल्मान् वातविण्मूत्रसङ्गं
कण्ठे बन्धं हृद्ग्रहं पाण्डुरोगम् ।
अन्नाश्रद्धाप्लीहदुर्नामहिध्मा-
वर्ध्माध्मानश्वासकासाग्निसादान् ॥ ३३ ॥

હિંગ, વજ, હરડે, રાની તુલસી, દાડમ, અજમોદ, ધાણા, પહાડમૂળ, પુષ્કરમૂળ, ષટ્કચૂરો, પળાંસી, ચિત્રો, જવખાર, સાજીખાર, સિંધવ, સંચળ, બિડલવણ, સૂંઠ, પીપર, મરી, જીરું, ચવક, આમલી, અમ્લવેતસ, એ ઔષધોનુ ચૂર્ણ કરવું. એ ચૂર્ણ ખાવાથી હૃદય, પાસાં, પેઢું, ત્રિક, યોનિ અને ગુદા, એ જગ્યાએ વાયુ, આમ અને કફથી થયેલું શૂળ થતું હશે તે મટશે; મુશ્કેલીથી મટે એવાં ગુલ્મ મટશે; ઝાડો, પેશાબ અને વાયુનો અવરોધ મટશે; કંઠ બંધાઈ ગયો હશે તો તે, હૃદય જકડાઈ ગયું હશે તો તે અને પાંડુરોગ મટશે; અન્ન ખાવાની રુચિ નહિ થતી હોય તો એ ચૂર્ણ ખાવાથી થશે. પ્લીહ એટલે બરોળના રોગ મટશે; હરસ મટશે; હેડકીનો રોગ, વધરાવળ, પેટ ચડવાનો રોગ, દમ, ખાંસી અને મંદાગ્નિ, એ સર્વ મટી જશે.

વૈશ્વાનરચૂર્ણ

लवणयवानीदीप्यक-
कणनागरमुत्तरोत्तरं वृद्धम् ।
सर्वसमांशहरीतकी-
चूर्णं वैश्वानरः साक्षात् ॥ ३४ ॥

સિંધવ, યવાની અજમો, અજમોદ, પીપર, સૂંઠ, એ પાંચ ઔષધ ઉત્તરોત્તર એકએક ભાગ વધારે લેવાં, (અર્થાત્ સિંધવ એક તોલો, તો યવાની બે તોલા, અજમોદ ત્રણ તોલા, પીપર ચાર તોલા અને સૂંઠ પાંચ તોલા, એ પ્રમાણમાં લેવાં). એ સર્વની બરાબર હરડે લઈને તેનું ચૂર્ણ કરવું. એ ચૂર્ણ સાક્ષાત્ વૈશ્વાનર અગ્નિ જેવું છે, અર્થાત્ જઠરાગ્નિને પ્રદીપ્ત કરવામાં સર્વોત્તમ છે.

વાયુના ગોળા માટે ચૂર્ણ

त्रिकटुकमजमोदा सैन्धवं जीरके द्वे
समधरणधृतानामष्टमो हिङ्गुभागः
प्रथमकवलभोज्यः सर्पिषा संप्रयुक्तो
जनयति जठराग्निं वातगुल्मं निहन्ति ॥३५

સૂંઠ, પીપર, મરી, અજમોદ, સિંધવ, જીરું, શાહજીરું, એ સાત ઔષધિઓ સમાન લેવી અને એ સર્વથી આઠમે ભાગે હિંગ નાખવી. પછી તે સર્વનું ચૂર્ણ કરીને જમતા પહેલાં પહેલા જ કોળિયાના વખતે એ ચૂર્ણ ઘી સાથે ખાવું, તેથી જઠરમાં પુષ્કળ અગ્નિ ઉત્પન્ન થાય છે અને વાયુનો ગોળો મટે છે.

શાર્દૂલચૂર્ણ

हिङ्गुभाविडशुण्ठ्यजाजिविजया-
वाट्याभिधानामयै-

चूर्णः कुम्भनिकुम्भमूलसहितैर्भागोत्तरं वर्धितैः ।
पीतः कोष्णजलेन कोष्ठजरुजो गुल्मोदरादीनयं
शार्दूलः प्रसभं प्रमथ्य हरति
व्याधीन् मृगौघानिव ॥

હિંગ, વજ, બિડલવણ, સૂંઠ, જીરું, હરડે, અલામૂળ, ઉપલેટ, નસોતર અને દંતીમૂળ, એ ઔષધો ઉત્તરોત્તર એકએક ભાગ વધારે લેવાં. પછી તેના ચૂર્ણને લગાર ગરમ પાણી સાથે પીવું. એ ચૂર્ણને શાર્દૂલચૂર્ણ કહે છે. તે કોઠામાં ઉત્પન્ન થયેલી પીડા, ગોળાનો રોગ, ઉદરરોગ વગેરે રોગોનો નાશ કરે છે. જેમ શાર્દૂલ (સિંહ) હરણનાં ટોળાંનો પકડીપકડીને નાશ કરે છે, તેમ આ શાર્દૂલ (ચૂર્ણ) પણ રોગરૂપી હરણનાં ટોળાંનો નાશ કરે છે.

सिन्धूत्थपथ्याकणदीप्यकानां
चूर्णानि तोयैः पिबतां कवोष्णैः ।
प्रयाति नाशं कफवातजन्मा
नाराचनिर्भिन्न इवामयौघः ॥ ३७ ॥

સિંધવ, હરડે, પીપર, અજમો, એ ચાર ઔષધોનું ચૂર્ણ લગાર ગરમ પાણી સાથે પીનારનો કફથી અને વાયુથી થયેલો સઘળા રોગનો સમુદાય જાણે બાણ વાગવાથી ભેદાયો હોય તેમ નાશ પામે છે.

पूतीकपत्रगजचिर्भटचव्यवह्नि-
व्योषं च संस्तरचितं लवणोपधानम् ।
दग्ध्वा विचूर्ण्य दधिमस्तुयुतं प्रयोज्यं
गुल्मोदरश्वयथुपाण्डुगुदोद्भवेषु ॥ ३८ ॥

એક માટીના પાત્રમાં પૂતિકરંજનાં પાંદડાં મૂકવાં. તે પાંદડાં ઉપર ગજપીપરનું ચૂર્ણ પાથરવું. તે ઉપર ચિભ્ભટ(ચીભડા)નું ચૂર્ણ પાથરવું. તે ઉપર ચવકનું ચૂર્ણ પાથરવું; તે ઉપર ચિત્રાનું ચૂર્ણ, તે ઉપર સૂંઠનું, તે ઉપર પીપરનું અને તે ઉપર મરીનું ચૂર્ણ પાથરવું. તે સર્વની ઉપર સિંધવનું ચૂર્ણ પાથરવું. પછી તે વાસણને બંધ કરીને અગ્નિમાં બાળવું. એ ઠંડું થાય ત્યારે તે ચૂર્ણને કાઢીને વાટીને પછી તેને દહીંના નીતર્યા પાણીમાં ગોળો, ઉદરરોગ, સોજો, પાંડુરોગ અને હરસ એ રોગોમાં ખવડાવવું.

વાયુના ગોળા માટે રસ

हिङ्गुत्रिगुणं सैन्धवमस्मात्
त्रिगुणं च तैलमैरण्डम् ॥ ३९ ॥
तत्त्रिगुणरसोनरसं गुल्मोदरवर्ध्मशूलघ्नम् ।

હિંગથી ત્રણગણો સિંધવ લેવો; તેનાથી ત્રણગણું એરંડિયું લેવું; તેનાથી ત્રણગણો લસણનો રસ લેવો. એ સર્વ એકત્ર કરીને પીવાથી ગોળો, ઉદરરોગ, વધરાવળ અને શૂલ-રોગ એ સર્વ મટે છે.

मातुलुङ्गरसो हिङ्गु दाडिमं विडसैन्धवम् ॥ ४०
सुरामण्डेन पातव्यं वातगुल्मरुजापहम् ।

બિજોરાનો રસ, હિંગ, દાડમ, બિડલવણ, સિંધવ, એ ઔષધિઓના ચૂર્ણને સુરાના મંડ સાથે પીવાથી વાયુના ગોળાની પીડા દૂર થાય છે.

વાયુના ગોળા માટે કલ્ક

शुण्ठ्याः कर्षं गुडस्य द्वौ
धौतात्कृष्णतिलात्पलम् ॥ ४१ ॥
खादन्नेकत्र सञ्चूर्ण्य कोष्णक्षीरानुपो जयेत् ।
वातहृद्रोगगुल्मार्शोयोनिशूलशकृद्ग्रहान् ॥ ४२ ॥

એક તોલો સૂંઠ, બે તોલા ગોળ, ધોયેલા કાળા તલ ચાર તોલા, એ સર્વને એકઠાં કરીને વાટીને ખાવાં તથા તે ઉપર લગારલગાર ગરમ કરેલું દૂધ પીવું. તેથી વાયુનો હૃદ્રોગ, વાયુનો ગોળો, હરસ, યોનિશૂલ અને ઝાડાનો અવરોધ, એ રોગ મટે છે.

કયો દોષ અનુબળ હોય તો શાની સાથે દિવેલ પીવું ?

पिबेदेरण्डतैलं तु वातगुल्मी प्रसन्नया ।
श्लेष्मण्यनुबले वायौ, पित्ते तु पयसा सह ॥४३

વાયુના ગોળાના રોગમાં વાયુમાં (વાયુ સાથે) કફ અનુબળ હોય તો પ્રસન્ના સાથે દિવેલ પીવું અને વાયુની સાથે પિત્ત અનુબળ હોય તો દૂધની સાથે દિવેલ-પીવું.

વાયુના ગોળામાં પિત્ત વધી જાય તો શું કરવું ?

विवृद्धं यदि वा पित्तं सन्तापं वातगुल्मिनः ।
कुर्याद्विरेचनीयोऽसौ सस्नेहैरानुलोमिकैः ॥ ४४ ॥
तापानुवृत्तावेवं च रक्तं तस्यावसेचयेत् ।

વાયુના ગોળાવાળા રોગીને જો પિત્ત વધીને સંતાપ (પરિતાપ) ઉત્પન્ન કરે તો વિરેચન કરે એવાં આનુલોમિક (દોષની સ્વાભાવિક માર્ગે પ્રવૃત્તિ કરનાર) દ્રવ્યો વડે તેને વિરેચન આપવું. એમ છતાં પણ તેનો તાપ ન મટે તો તેનો રક્તસ્રાવ કરવો (લોહી કાઢવું).

વાયુનો ગોળો વગેરેમાં લસણનો ઉપયોગ

साधयेच्छुद्धशुष्कस्य लशुनस्य चतुष्पलम् ॥४५
क्षीरोदकेऽष्टगुणिते क्षीरशेषं च पाचयेत् ।
वातगुल्ममुदावर्तं गृध्रसीं विषमज्वरम् ॥ ४६ ॥
हृद्रोगं विद्रधिं शोषं साधयत्याशु तत्पयः ।

સૂકા અને શુદ્ધ કરેલા સોળ તોલા લસણથી આઠગણું દૂધ અને પાણી લઈને તેમાં તે લસણનો, દૂધ બાકી રહે ત્યાં લગી, પાક કરવો. એ દૂધ પીવાથી વાયુનો ગોળો, ઉદાવર્તરોગ, ગૃધ્રસી નામે વાયુનો રોગ, વિષમજ્વર, હૃદયનો રોગ, વિદ્રધિ, શોષ (ક્ષય), એ રોગ મટે છે.

ગોળો, જઠરરોગ અને આનાહનો ઉપયોગ

तैलं प्रसन्ना गोमूत्रमारनालं यवाग्रजः ॥ ४७ ॥
गुल्मं जठरमानाहं पीतमेकत्र साधयेत् ।

તેલ, પ્રસન્ના, ગાયનું મૂત્ર, કાંજી, જવખાર, એ સર્વને એકત્ર કરીને પીવાથી વાયુનો ગોળો, જઠરરોગ અને આનાહ (પેટ ચડવાનો રોગ) મટે છે.

શૂળ, આનાહ અને વિબંધવાળા વાયુના ગોળાનું ઔષધ

चित्रकग्रन्थिकैरण्डशुण्ठीक्वाथः परं हितः ॥४८॥
शूलानाहविबन्धेषु सहिङ्गुबिडसैन्धवः ।

ચિત્રો, પીપરીમૂળ, દિવેલાનું મૂળ અને સૂંઠ, એ ઔષધોના ક્વાથમાં હિંગ, બિડલવણ અને સિંધવ નાખીને પીવાથી તે શૂલ, આનાહ અને વિબંધને મટાડવામાં પરમ હિતકારી છે.

કોઠામાં દાહ અને પીડાનો ઉપાય

पुष्करैरण्डयोर्मूलं यवधन्वयवासकम् ॥ ४९ ॥
जलेन क्वथितं पीतं कोष्ठदाहरुजापहम् ।

પુષ્કરમૂળ, દિવેલાનું મૂળ, જવ, ધમાસો, એ ઔષધોના પાણીમાં ક્વાથ કરીને પીવાથી તે, કોઠામાં થતા દાહને અને પીડાને મટાડે છે.

કોઠામાં, પીઠમાં અને ખભામાં શૂળનો ઉપાય

वाट्याह्वैरण्डदर्भाणां मूलं दारु महौषधम् ॥५०॥
पीतं निःक्वाथ्य तोयेन कोष्ठपृष्ठांसशूलजित् ।

કોઠામાં, પીઠમાં અને ખભામાં શૂળ થતું હોય છે તે ખલામૂળ, એરંડમૂળ, દર્ભમૂળ, દેવદાર અને સૂંઠ, એ ઔષધોને પાણીમાં ઉકાળીને પીવાથી મટે છે.

વાતગુલ્મ(વાયુના ગોળા)નો ઉપાય

शिलाजं पयसाऽनल्पपञ्चमूलशृतेन वा ॥ ५१ ॥
वातगुल्मी पिबेत्

મોટાં પંચમૂળને દૂધમાં ઉકાળીને, તે દૂધમાં શિલાજિત નાખીને વાતગુલ્મવાળાને પાવું.

ઉદાવર્તના ઉપદ્રવનો ઉપાય

वाट्यमुदावर्ते तु भोजयेत् ।
स्निग्धं पैप्पलिकैर्यूषैर्मूलकानां रसेन वा ॥ ५२ ॥

જો વાતગુલ્મવાળાને ઉદાવર્ત હોય તો પીપરના ક્વાથથી સિદ્ધ કરેલા યૂષ સાથે સ્નેહયુક્ત ખલામૂળ ખવડાવવું; અથવા મૂળાના રસ સાથે ખવડાવવું.

વાયુના તથા ઝાડાના વિબંધવાળા વાયુના ગોળાનું ઔષધ

बद्धविण्मारुतोऽश्नीयात्क्षीरेणोष्णेन यावकम् ।
कुल्माषान् वा बहुस्नेहान्
भक्षयेल्लवणोत्तरान् ॥५३॥

જો રોગીના વાયુ (વાછૂટ) તથા ઝાડો બંધ થયાં હોય તો ગરમ દૂધ સાથે જવની વાનીઓ ખવડાવવી, અથવા ઘણું તેલ નાખીને અને મીઠું નાખીને કળથી ખવડાવવી.

મળયુક્ત વાયુના ગોળાનું ઔષધ

नीलिनीत्रिवृतादन्तीपथ्याकम्पिल्लकैः सह ।
समलाय घृतं देयं सबिडक्षारनागरम् ॥ ५४ ॥

ગળી, નસોતર, નેપાળો, હરડે, કપીલો, એ ઔષધો સાથે બીડલવણ, જવખાર અને સૂંઠ મેળવીને ઘી આપવું. તેથી મળયુક્ત વાતગુલ્મ મટશે.

વાયુનો ગોળો વગેરે માટે નીલિનીઘૃત

नीलिनीं त्रिफलां रास्नां बलां कटुकरोहिणीम्।
पचेद्विडङ्गं व्याघ्रीं च पालिकानि जलाढके ॥५५
रसेऽष्टभागशेषे तु घृतप्रस्थं विपाचयेत्।
दध्नः प्रस्थेन संयोज्य सुधाक्षीरपलेन च ॥५६॥
ततो घृतपलं दद्याद्यवागूमण्डमिश्रितम्।
जीर्णे सम्यग्विरिक्तं च भोजयेद्रसभोजनम् ॥५७॥
गुल्मकुष्ठोदरव्यङ्गशोफपाण्ड्वामयज्वरान्।
श्वित्रं प्लीहानमुन्मादं हन्त्येतन्नीलिनीघृतम् ॥५८॥

ગળી, ત્રિફળાં, રાસ્ના, ખળદાણા, કડુ, વાવડિંગ, રીંગણી, એ ઔષધો ચાર ચાર તોલા લઈને ખસો છપ્પન (૨૫૬) તોલા પાણીમાં ઉકાળવાં. પછી જ્યારે ઊકળતાં ઊકળતાં આઠમા ભાગનું પાણી બાકી રહે, ત્યારે તેમાં ચોસઠ તોલા ઘી, ચોસઠ તોલા દહીં તથા થોરનું દૂધ ચાર તોલા નાખીને ઘી પકવ કરવું અને પકવ થયેલું ઘી ગાળી લેવું. પછી યવાગૂ અને મંડમાં ભેળવીને ચાર તોલા ઘી રોગીને આપવું. જ્યારે તે ઘી પચી જાય ત્યારે સારી રીતે રેચ કરાવ્યા પછી તે માણસને માંસરસ સાથે ભોજન આપવું. એ નીલિની ઘીથી ગોળો, ચામડીના રોગ, ઉદર-રોગ, વ્યંગરોગ, સોજો, પાંડુરોગ, તાવ, ધોળો કોઢ, ખરોળ, ગાંડપણ, એટલા રોગો મટે છે.

વાયુના ગોળાવાળા માટે આહાર

कुक्कुटाश्च मयूराश्च तित्तिरिक्रौञ्चवर्तकाः।
शालयो मदिरा सर्पिर्वात-
गुल्मचिकित्सितम् ॥ ५९ ॥

કૂકડા, મોર, તેતર, વહીંલાં, ચકલાં, શાલી (સાળ) ડાંગર, મદિરા અને ઘી, એ સર્વે વાયુના ગોળાની ચિકિત્સા જાણવી; અર્થાત્ વાયુના ગોળામાં એ સર્વે હિતકર છે.

मितमुष्णं द्रवं स्निग्धं भोजनं वातगुल्मिनाम्।
समण्डा वारुणी पानं तप्तं वा धान्यकैर्जलम् ॥६०

વાયુના ગોળાવાળાઓનું ભોજન ગરમ, દ્રવ (પ્રવાહી), સ્નિગ્ધ અને માપસર જોઈએ. મંડ સહિત વારુણી નામે મધ પીવું અથવા ધાણાનું પાણી ઉકાળીને તે પીવું.

પિત્તના ગોળાના ઉપાય

(શ્લોક ૬૧ થી ૭૫)

સ્નિગ્ધ અને ગરમ પદાર્થોથી થયેલા પિત્તગુલ્મ માટે વિરેચન

स्निग्धोष्णेनोदिते गुल्मे पैत्तिके स्रंसनं हितम्।
द्राक्षाभयागुडरसं कम्पिल्लं वा मधुद्रुतम् ॥६१॥
कल्पोक्तं रक्तपित्तोक्तं

સ્નિગ્ધ અને ગરમ પદાર્થનું સેવન કરવાથી જ્યારે પિત્તનો ગોળો થયો હોય ત્યારે સ્રંસન (વિરેચન) ઔષધ આપવું હિતકર છે; વિરેચન તરીકે કાળી દ્રાક્ષ, હરડે, ગોળ, એ વસ્તુનો કવાથ તેને આપવો, અથવા મધમાં કપિલો નાખીને તે પાવો, અથવા વિરેચનકલ્પ (કલ્પ-સ્થાન અધ્યાય ૨માં) કહેલાં ઔષધો વડે વિરેચન આપવું, અથવા (ચિ. સ્થા. અ. ૨, શ્લોક ૧૦થી ૧૧માં) રક્તપિત્તમાં કહેલાં (નસોતર, ત્રિફળા ઇ૦) ઔષધો વડે વિરેચન આપવું.

લૂખા અને ગરમ પદાર્થોથી થયેલા પિત્તગુલ્મ માટે શમન: એમાં વિરેચન ક્યારે, કયું આપવું?

गुल्मे रूक्षोष्णजे पुनः।
परं संशमनं सर्पिस्तिक्तं वासाघृतं श्रुतम् ॥६२॥
तृणाख्यपञ्चकक्वाथे जीवनीयगणेन वा।
श्रुतं तेनैव वा क्षीरं न्यग्रोधादिगणेन वा ॥६३॥

લૂખા અને ગરમ પદાર્થનું સેવન કરવાથી પિત્તનો ગોળો થયો હોય તો કુષ્ઠચિકિત્સામાં કહેલું તિક્તઘૃત તે ગુલ્મને શમાવવામાં શ્રેષ્ઠ ઉપાય છે, અથવા તૃણપંચમૂળના કવાથમાં સિદ્ધ કરેલું ઘી હિતકર છે, અથવા જીવનીય ગણનાં ઔષધો વડે સિદ્ધ કરેલું દૂધ હિતકર છે, અથવા ન્યગ્રોધાદિ ગણનાં ઔષધો વડે સિદ્ધ કરેલું દૂધ હિતકર છે.

तत्रापि स्रंसनं युञ्ज्याच्छीघ्रमात्ययिके भिषक्।
वैरेचनिकसिद्धेन सर्पिषा पयसाऽपि वा ॥ ६४ ॥

લૂખા અને ગરમ પદાર્થોથી થયેલું પિત્ત-ગુલ્મ અત્યંત ગંભીર થઈ ગયું હોય તો તેમાંયે સૂ. સ્થા. અ. ૧૫, શ્લોક ૨માં કહેલાં વિરે-ચનનાં ઔષધોથી સિદ્ધ કરેલું ઘી કે દૂધ વૈદે

તત્કાળ આપવું.

પિત્તગુલ્મ માટે સિદ્ધ ઘી

रसेनामलकेक्षूणां घृतप्रस्थं विपाचयेत् ।
पथ्यापादं पिबेत्सर्पिस्तत्सिद्धं पित्तगुल्मनुत् ॥६५
पिबेद्वा तैल्वकं सर्पिर्यच्चोक्तं पित्तविद्रधौ ।

આમળાંનો અને શેરડીનો રસ બસો છપ્પન (૨૫૬) તોલા લઈને તેમાં ચોસઠ તોલા ઘી નાખવું. તે ઘીમાં સોળ તોલા હરડેનો કલ્ક નાખીને તે ઘી સિદ્ધ કરવું. એ ઘી પીવાથી પિત્તગુલ્મ મટે છે. અથવા ચિ. સ્થા. અ. ૨૧, શ્લોક ૩૨-૩૩ માં કહેલું તિલ્વકઘૃત (તૈલ્વકઘૃત) પીવું. અથવા પિત્તવિદ્રધિમાં ચિ. અ. ૧૩, શ્લોક ૨૬ થી ૪૬માં જે ઘી કહેલું છે તે પીવું.

કલ્ક

द्राक्षां पयस्यां मधुकं चन्दनं पद्मकं मधु ॥६६॥
पिबेत्तण्डुलतोयेन पित्तगुल्मोपशान्तये ।

કાળી દ્રાક્ષ, ક્ષીરકાકોલી, જેઠીમધ, સુખડ, પદ્મકાષ્ઠ, મધ, એ સર્વને ચોખાના ધોવડામણ સાથે પીવું. તેથી પિત્તગુલ્મ શાંત થાય છે.

ક્વાથ

द्विपलं त्रायमाणाया जलद्विप्रस्थसाधितम् ॥६७॥
अष्टभागस्थितं पूतं कोष्णं क्षीरसमं पिबेत् ।
पिबेदुपरि तस्योष्णं क्षीरमेव यथाबलम् ॥ ६८ ॥
तेन निर्हृतदोषस्य गुल्मः शाम्यति पैत्तिकः ।

એકસો અઠ્ઠાવીસ તોલા પાણીમાં આઠ તોલા ત્રાયમાણ નાખીને આઠમા ભાગનું પાણી બાકી રહે ત્યાં સુધી ક્વાથ કરવો. પછી તે ક્વાથને ગાળી લઈને તેમાં તે ક્વાથની બરોબર દૂધ નાખવું અને લગાર લગાર ગરમ હોય તેવું પીવું. પછી તે ઉપર પોતાની પાચનશક્તિ પ્રમાણે પિવાય તેટલું ગરમ દૂધ પીવું. એ ઔષધથી દોષ નીકળી જઈને પિત્તગુલ્મ શાંત થશે.

બળતરાનો ઉપાય

दाहेऽभ्यङ्गो घृतैः शीतैः साज्यैर्लेपो हिमौषधैः ॥६९
स्पर्शः सरोरुहां पत्रैः पात्रैश्च प्रचलज्जलैः ।

જે પિત્તગુલ્મમાં દાહ (બળતરા) થતો હોય તો શીતવીર્ય અને અડકવામાં ઠંડી ઔષધિઓ વડે સિદ્ધ કરેલું ઘી ચોળવું, તેમ જ વીર્યમાં અને સ્પર્શમાં એ બંને રીતે ઠંડાં ઔષધોમાં ઘી મેળવીને તેનો લેપ કરવો, અથવા કમળનાં પાંદડાં અથવા જેમાંથી પાણી ઝમતું હોય એવાં પાત્રો ગોળાવાળા ભાગ ઉપર અડકાડવાં.

ખાસ કેવા ગોળામાં લોહી કઢાવવું?

विदाहपूर्वरूपेषु शूले वह्नेश्च मार्दवे ॥ ७० ॥
बहुशोऽपहरेद्रक्तं पित्तगुल्मे विशेषतः ।

જે ગોળામાં પ્રથમ દાહ થયા પછી ગોળો ચઢતો હોય, શૂલ આવતું હોય અને અગ્નિ મંદ પડતો હોય, તે ગોળામાં ઘણીવાર લોહી કઢાવવું તથા પિત્તગુલ્મમાં તો ખાસ કરીને લોહી કઢાવવું.

લોહી કાઢી નાખવાના ફાયદા

छिन्नमूला विदह्यन्ते न गुल्मा यान्ति च क्षयम् ॥७१
रक्तं हि व्यम्लतां याति,
तच्च नास्ति न चास्ति रुक् ।

(લોહી કાઢવાથી) જેમનાં મૂળ કપાયેલાં છે એવા ગોળા પાકતા નથી પણ નાશ પામે છે; કેમ કે તેમાં રહેલું લોહી ખાટું થઈ જાય છે, વળી, તે લોહી અંદર રહેતું નથી તેથી તેની પીડા પણ થતી નથી.

દોષો કાઢ્યા પછી કરમાયેલા દર્દીને કરવાનું બૃંહણ

हृतदोषं परिम्लानं जाङ्गलैस्तर्पितं रसैः ॥ ७२ ॥
समाश्वस्तं सशेषार्तिं सर्पिरभ्यासयेत्पुनः ।

ગોળાના રોગવાળાનો (કોપેલો) દોષ (લોહી કાઢીને) બહાર કાઢ્યા પછી રોગી મ્લાન થઈ જાય છે (કરમાય છે), તેથી જંગલ પ્રાણીઓના માંસરસ વડે તેનું તર્પણ કરવું (તેને એ ખવડાવીને હૃષ્ટપુષ્ટ કરવો). પણ જો પીડા બાકી રહી ગઈ હોય તો તે દરદી શાંત પડે ત્યારે રોજ ઘી પિવડાવવું.

પાક ઉપર ચડતા ગોળા માટે કરવાની ક્રિયા

रक्तपित्तातिवृद्धत्वात्क्रियामनुपलभ्य वा ॥ ७३ ॥
गुल्मे पाकोन्मुखे सर्वा पित्तविद्रधिवत्क्रिया ।

ગુલ્મમાં રક્ત અને પિત્તની અતિશય વૃદ્ધિ

થવાના કારણથી તથા ગુલ્મ ઉપર જે જે ક્રિયાઓ કરવામાં આવતી હોય તેમાંની એકે તેને લાગુ ન કરવાથી (યોગ્ય ક્રિયા ન થવાથી) ગોળો પાકોન્મુખ થાય છે (પાકે ચડે છે). એવા ગુલ્મ ઉપર પિત્તવિદ્રધિમાં કહેલી ક્રિયાઓ કરવી.

પિત્તગુલ્મવાળાનાં અન્નપાન

शालिर्गव्याजपयसा पटोली जाङ्गलं घृतम् ॥७४
धात्री परूषकं द्राक्षा खर्जूरं दाडिमं सिता।
भोज्ये, पानेऽम्बु बलया बृहत्याद्यैश्च साधितम् ७५

શાળના ચોખા, ગાયનું દૂધ, બકરીનું દૂધ, પટોળ, જંગલ દેશનાં પ્રાણીઓનું માંસ, ઘી, આમળાં, ફાલસાં, કાળી દ્રાક્ષ, ખજૂર, દાડમ, સાકર, એ વસ્તુઓનું ભોજન કરવું અને પીવા માટે રીંગણી તથા ખળદાણા વડે સિદ્ધ કરેલું પાણી વાપરવું.

કફગુલ્મની ચિકિત્સા

(શ્લોક ૭૫થી ૧૧૭)

વમન, ઉપવાસ, સંસર્ગી, દીપન

श्लेष्मजे वामयेत्पूर्वमवम्यमुपवासयेत् ।
तिक्तोष्णकटुसंसर्ग्या वह्निं सन्धुक्षयेत्ततः ॥७६॥
हिङ्ग्वादिभिश्च द्विगुणक्षारहिङ्ग्वम्लवेतसैः ।

કફથી થયેલો ગોળો હોય તો તેમાં રોગીને પ્રથમ ઊલટી કરાવવી. જો તે રોગી ઊલટી કરાવવા યોગ્ય ન હોય (સૂ. અ. ૧૮) તો તેને ઉપવાસ કરાવવો. પછી તેને કડવાં, ગરમ અને તીખાં દ્રવ્ય ભેળવેલી સંસર્ગી પાઈને તેનો જઠરાગ્નિ પ્રદીપ્ત કરવો; તેમ જ હિંગ, જવખાર અને અમ્લવેતસ બમણાં નાખીને (શ્લોક ૮૬થી ૧૦માં અથવા ૩૧, ૩૨માં કહેલાં) હિંગ વગેરે ઔષધો વડે અગ્નિ પ્રદીપ્ત કરવો.

ઊંડા, ઊપસી આવેલા, સજ્જડ, કઠણ, સ્થિર અને આનાહવાળા કફગુલ્મના ઉપાય

निगूढं यदि वोन्नद्धं स्तिमितं कठिनं स्थिरम् ॥७७
आनाहादियुतं गुल्मं संशोध्य विनयेत्तु ।

જો કફગુલ્મ (કફથી ચડતો ગોળો) તેના સ્થાનમાં અત્યંત ગૂઢ (ઊંડું), બહાર તરી આવેલું, જડ, કઠણ, સ્થિર અને આનાહ વગેરેવાળું હોય, તો પ્રથમ તે રોગીનું શોધન કરવું; પછી ગોળાનું શમન કરવું.

કફગુલ્મ માટે ઘી

घृतं सक्षारकटुकं पातव्यं कफगुल्मिनाम् ॥७८॥

તે કફગુલ્મવાળા રોગીએ જવખાર અને કડુ સાથે ઘી પીવું.

દશમૂલઘૃત

सव्योषक्षारलवणं सहिङ्गुविडदाडिमम् ।
कफगुल्मं जयत्याशु दशमूलशृतं घृतम् ॥ ७९ ॥

દશમૂળના ક્વાથમાં સિદ્ધ કરેલા ઘીમાં સૂંઠ, પીપર, મરી, જવખાર, સિંધવ, હિંગ, બિડલવણ, દાડમ, એ ઔષધો નાખીને પીવું, તેથી કફગુલ્મ તત્કાળ મટે છે.

ભલ્લાતકઘૃત

भल्लातकानां द्विपलं पञ्चमूलं पलोन्मितम् ।
भल्पं तोयाढके साध्यं पादशेषेण तेन च ॥८०॥
तुल्यं घृतं तुल्यपयो विपचेदक्षसम्मितैः ।
विडङ्गहिङ्गुसिन्धूत्थयावशूकशठीविडैः ॥८१ ॥
सद्वीपिरास्नायष्ट्याह्वषड्ग्रन्थाकणनागरैः ।
एतद्भल्लातकघृतं कफगुल्महरं परम् ॥ ८२ ॥
प्लीहपाण्ड्वामयश्वासग्रहणीरोगकासजित् ।

ભિલામાં આઠ તોલા લેવાં. લઘુપંચમૂળ જુદાં જુદાં દરેક ચાર ચાર તોલા લેવાં. પછી તે સર્વને ૨૫૬ તોલા પાણીમાં ઉકાળતાં ઉકાળતાં ચોથા ભાગનું પાણી રહેતાં સુધી ક્વાથ કરવો. પછી તેમાં ક્વાથની બરોબર ઘી અને ઘી જેટલું દૂધ નાખીને તેમાં વાવડિંગ, હિંગ, સિંધવ, જવખાર, પટ્કચૂરો, બિડલવણ, ચિત્રો, રાસ્ના, જેઠીમધ, વજ, પીપર અને સૂંઠ, એ સર્વ એક એક તોલો લઈને તેનો કલ્ક કરીને નાખવો. એને ભલ્લાતકઘૃત કહે છે. તે ઘી કફગુલ્મ મટાડવામાં શ્રેષ્ઠ છે. તેમ એ ઘીથી બરોળ, પાંડુરોગ, દમ, ગ્રહણીરોગ અને ખાસી એ રોગો પણ મટે છે.

કફગુલ્મીનો ઘી પીધા પછીનો ક્રમ

ततोऽस्य गुल्मे देहे च समस्ते स्वेदमाचरेत् ॥८३

ઘી પિવડાવ્યા પછી તે કફગુલ્મ રોગવાળાનાં ગોળા ઉપર અને આખા શરીર ઉપર

શેક કરવો.

બધાં ગુલ્મમાં સ્નેહન અને સ્વેદની આવશ્યકતા

सर्वत्र गुल्मे प्रथमं स्नेहस्वेदोपपादिते ।
या क्रिया क्रियते याति सा सिद्धिं न विरूक्षिते ८४

આઠે પ્રકારના ગોળાના રોગમાં પ્રથમ સ્નેહન અને સ્વેદ (શેક) કર્યા પછી જે જે ક્રિયા કરવામાં આવે છે તે ક્રિયા સિદ્ધ થાય છે, પણ પ્રથમ રોગીને રૂક્ષણ (લૂખો પાડવાની ક્રિયા) કરાવ્યા પછી જે જે ક્રિયા કરવામાં આવે છે તે સિદ્ધ થતી નથી.

ગુલ્મ માટે શસ્ત્રક્રિયાનો વિધિ

स्निग्धस्विन्नशरीरस्य गुल्मे शैथिल्यमागते ।
यथोक्तां घटिकां न्यस्येद् गृहीतेऽपनयेच्च ताम् ॥
वस्त्रान्तरं ततः कृत्वा छिन्द्याद् गुल्मं प्रमाणवित् ।
विमार्गाजपदादर्शैर्यथालाभं प्रपीडयेत् ॥ ८६ ॥
प्रमृज्याद् गुल्ममेवैकं न त्वन्त्रहृदयं स्पृशेत् ।

ગુલ્મવાળા રોગીને સ્નેહપાન કરાવીને તથા (શેકથી) પરસેવો કાઢીને તેના ગોળાને નરમ (પોચો) કરવો. ગોળો નરમ થાય એટલે યંત્રવિધિમાં કહ્યા પ્રમાણે ઘટિકા (કસલી, કુલડી) મૂકવી અને ગોળો ઊપડી આવે એટલે તેને ઉપાડી લેવી. પછી ગોળા ઉપર વસ્ત્ર ઢાંકીને છેદ કરવાનું પ્રમાણ જાણનારા વૈદ્યે વિમાર્ગ, અજપદ અને આદર્શ, એમાંથી જે સાધન મળી આવે તેનાથી ગોળાને ચીરવો. પછી ગોળાને દબાવીને અંદરનો મળ (બગાડ) કાઢી નાખવો. ગોળો ચીરતાં અને દબાવતાં સાવધાની રાખવી કે આંતરડાને કે હૃદયને (હથિયારનો કે દબાણનો) સ્પર્શ થાય નહિ.

(લાકડાના જે ઓજાર વડે મોચી ચામડા ઉપર લીટી દોરે છે તે ઓજારને વિમાર્ગ કહે છે. અજપદનો છેડો અને આદર્શ (=ચાટલું)ની કિનાર ચોળવા ને દબાવવાના કામમાં આવે છે.)

પછી લેપ અને શેક

तिलैरण्डातसीबीजसर्षपैः परिलिप्य च ॥ ८७ ॥
श्लेष्मगुल्ममयस्पात्रैः सुखोष्णैः स्वेदयेत्ततः ।

પછી કફગુલ્મ ઉપર તલ, એરંડો, અળસી, સરસવ, એ સર્વના કલ્કનો લેપ કરવો; અને તે પછી રોગીને ધીમો શેક થાય એવાં લોઢાનાં ગરમ પાત્રથી તેને ગોળા ઉપર શેક કરવો.

આ રીતે સ્થાનમાંથી ખસેલા કફગુલ્મનું શોધન

एवं च विसृतं स्थानात् कफगुल्मं विरेचनैः ॥८८॥
सस्नेहैर्बस्तिभिश्चैनं शोधयेद्दाशमूलिकैः ।

એમ કરવાથી કફગુલ્મ પોતાના સ્થાનમાંથી ચલિત થશે. ગુલ્મ ચલિત થાય એટલે સ્નેહયુક્ત વિરેચન આપીને અને દશમૂલની બસ્તિઓ આપીને તેનું શોધન કરવું.

કફગુલ્મમાં વિરેચનયોગો : મિશ્રકસ્નેહ

पिप्पल्यामलकद्राक्षाश्यामाद्यैः पालिकैः पचेत् ॥
एरण्डतैलहविषोः प्रस्थौ पयसि षड्गुणे ।
सिद्धोऽयं मिश्रकः स्नेहो
गुल्मिनां स्रंसनं हितम् ॥ ९० ॥
वृद्धिविद्रधिशूलेषु वातव्याधिषु चामृतम् ।

પીપર, આમળાં, કાળી દ્રાક્ષ, કાળું નસોતર, એ ઔષધો ચારચાર તોલા લઈને તેના કલ્ક વડે દિવેલ અને ઘી, એ દરેક સ્નેહ ચોસઠ ચોસઠ તોલા છગણા દૂધમાં નાખીને પકવ કરવો; અર્થાત્ ચોસઠ તોલા દિવેલ અને ચોસઠ તોલા ઘી એકત્ર કરીને સાતસો અડસઠ તોલા દૂધ તેમાં નાખવું તથા તેમાં ઉપર કહેલો પીપર વગેરેનો કલ્ક નાખવો. એ પકવ કરેલો મિશ્રક સ્નેહ ગુલ્મવાળા રોગીને હિતકર છે; કેમ કે તે સ્થાનથી ચલિત થયેલા દોષને વિરેચન દ્વારા બહાર કાઢે છે. વળી તે વધરાવળ, ગડ, શૂલરોગ અને વાયુના રોગો, એ રોગમાં અમૃત જેવો છે.

બીજાં સ્રંસન ઘૃત

पिबेद्वा नीलिनीसर्पिर्मात्रया द्विपलीकया ॥९१॥
तथैव सुकुमाराख्यं घृतान्यौदरिकाणि वा ।

અથવા પાછળ શ્લોક ૫૪થી ૫૮માં કહેલું નીલિનીઘૃત આઠ તોલા પીવું, અથવા વિદ્રધિની ચિકિત્સામાં શ્લોક ૪૦થી ૪૭માં કહેલું સુકુમાર નામે ઘી આઠ તોલા પીવું, અથવા ઉદરચિકિત્સામાં જે ઘી કહેવામાં આવશે તે

પીવાં. એ સર્વ ઘી વિરેચન કરીને ગુલ્મને (કફગુલ્મને) શાંત કરનારાં છે.

દંતીહરીતકી

द्रोणेऽम्भसः पचेद्दन्त्याः
पलानां पञ्चविंशतिम् ॥ ९२ ॥
चित्रकस्य तथा पथ्यास्तावतीस्तद्रसे स्रुते ।
द्विप्रस्थे साधयेत्पूते क्षिपेद्दन्तीसमं गुडम् ॥ ९३ ॥
तैलात्पलानि चत्वारि त्रिवृतायाश्च चूर्णतः ।
कणाकर्षौ तथा शुण्ठ्याः सिद्धे लेहे तु शीतले ॥९४
मधु तैलसमं दद्याच्चतुर्जाताच्चतुर्थिकाम् ।
अतो हरीतकीमेकां सावलेहपलामदन् ॥ ९५ ॥
सुखं विरिच्यते स्निग्धो दोषप्रस्थमनामयः ।
गुल्महृद्रोगदुर्नामशोफानाहगरोदरान् ॥ ९६ ॥
कुष्ठोत्क्लेशारुचिप्लीहग्रहणीविषमज्वरान् ।
घ्नन्ति दन्तीहरीतक्यः
पाण्डुतां च सकामलाम् ॥ ९७ ॥

એક દ્રોણ પાણી લઈને તેમાં પચીસ પલ (સો તોલા) દંતીમૂળ નાખવાં, સો તોલા ચિત્રો નાખવો, સો તોલા હરડે નાખવી. પછી તેનો ક્વાથ કરવો. તેના ક્વાથમાંથી બે પ્રસ્થ (એકસો અઠ્ઠાવીસ તોલા) ક્વાથ ગાળી લેવો, અને તેમાં ક્વાથમાંની બધી હરડે નાખવી. પછી તેમાં સો તોલા ગોળ નાખવો, સોળ તોલા તેલ નાખવું, નસોતરનું ચૂર્ણ સોળ તોલા નાખવું, પીપર બે તોલા નાખવી, સૂંઠ બે તોલા નાખવી. જ્યારે તે અવલેહ (ચાટણું) તૈયાર થઈને ઠંડો થાય ત્યારે તેમાં તેલ જેટલું મધ નાખવું. ચાતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર એ સર્વ મળીને) ચાર તોલા નાખવું. એ રીતે એ દંતીહરીતકી અવલેહ તૈયાર કરવો. પછી તેમાંથી એક હરડે અને ચાર તોલા અવલેહ ખાવો. તેથી રોગી સ્નિગ્ધ થઈને સુખે કરીને વિરેચન પામી શકે છે. એક વખત એ ખાવાથી એક પ્રસ્થ એટલે આશરે દોઢશેર દોષનો બોજો ઝાડામાં નીકળી જાય છે, અને રોગી નીરોગી થાય છે. વળી ગોળો, હૃદયના રોગ, હરસ, સોજો, પેટ ચડવું, કૃત્રિમ ઝેર, ઉદરરોગ, ચામડીના રોગ, ઉત્ક્લેશ (દોષ ઊપડી આવવા), અરુચિ, બરોળ, ગ્રહણી અને વિષમજ્વર, એ સર્વ એ અવલેહ અને એ હરડેથી મટે છે. વળી તે દંતીહરીતકીથી પાંડુરોગ અને કમળો પણ મટે છે.

सुधाक्षीरद्रवं चूर्णं त्रिवृतायाः सुभावितम् ।
कार्षिकं मधुसर्पिर्भ्यां लीढ्वा साधु विरिच्यते ॥९८

થોરના દૂધમાં નસોતરના ચૂર્ણને સારી રીતે ભાવના આપીને તે ચૂર્ણમાંથી એક તોલો ચૂર્ણ મધ અને ઘી સાથે ચાટવાથી સારી રીતે વિરેચન (જુલાબ) થાય છે.

कुष्ठश्यामात्रिवृद्दन्तीविजयाक्षारगुग्गुलून् ।
गोमूत्रेण पिबेदेकं तेन गुग्गुलुमेव वा ॥ ९९ ॥

ઉપલેટ, કાળું નસોતર, નસોતર, દંતીમૂળ, હરડે, જવખાર, ગૂગળ, એ સર્વના ચૂર્ણને ગાયના મૂત્ર સાથે પીવું અથવા એકલા ગૂગળને જ ગાયના મૂત્ર સાથે પીવો. (એથી વિરેચન (જુલાબ) થાય છે અને કફગુલ્મ મટે છે.)

કફગુલ્મમાં નિરૂહબસ્તિ

निरूहान् कल्पसिद्धयुक्तान्
योजयेद् गुल्मनाशनान् ।

બસ્તિકલ્પ(ઉ. અ. ૪)માં જે જે નિરૂહબસ્તિ આપવાની કહેલી છે, તેમાંની જે નિરૂહબસ્તિ ગુલ્મનો નાશ કરનારી છે તે આપવી.

ગુલ્મ ઉપર ક્ષાર, અરિષ્ટ અને ડામ

कृतमूलं महावास्तुं कठिनं स्तिमितं गुरुम् ॥१००
गूढमांसं जयेद् गुल्मं क्षारारिष्टाग्निकर्मभिः ।
एकान्तरं द्व्यन्तरं वा विश्रमय्याथ वा त्र्यहम् ॥१०१
शरीरदोषबलयोर्वर्धनक्षपणोद्यतः ।

જે ગોળાએ ઊંડાં મૂળ નાખ્યાં હોય તથા જે ગોળો વધી ગયો હોય (મોટો થયેલો હોય), કઠણ થયો હોય, જડ હોય, ભારે હોય અને માંસથી ઢંકાયલો હોય તેને ક્ષારકર્મ, અરિષ્ટપાન કે અગ્નિકર્મ વડે મટાડવો; (તે ઉપર ક્ષાર, અરિષ્ટ, અગ્નિ વગેરેની ક્રિયા કરવી.) એક વખત ક્ષાર વગેરે કર્મ કર્યા પછી (બળ અને દોષનું પ્રમાણ જાણનાર વૈદ્યે) એક કે બે કે ત્રણ દિવસ વચમાં વિસામો લઈને વળી પાછું તે કર્મ કરવું. વળી રોગીના શરીરના દોષ અને

બળનો વિચાર કરીને તેને (=શરીરના બળને) વધારવા યોગ્ય હોય ત્યારે વધારવું અને (શરીરના દોષોને) ઘટાડવા યોગ્ય હોય ત્યારે ઘટાડવા. એવી રીતે વૈદ્યે ક્ષાર વગેરે ક્રિયા કરવી. (ચરક, ચિ. ૫/૫૭૩).

કફગુલ્મમાં કયા ક્ષાર વાપરવા?

अर्शोऽश्मरीग्रहणीयुक्ताः
क्षारा योज्याः कफोल्बणे ॥ १०२ ॥

કફ જેમાં અધિક હોય તે ગોળામાં હરસ, પથરી અને ગ્રહણી એ ત્રણ રોગની ચિકિત્સામાં કહેલા ક્ષારનો ઉપયોગ કરવો.

ક્ષારાગદ

देवदारुत्रिवृद्दन्तीकटुकापञ्चकोलकम् ।
स्वर्जिकायावशूकाख्यौ
श्रेष्ठापाठोपकुञ्चिकाः ॥ १०३ ॥
कुष्ठं सर्पसुगन्धां च द्व्यक्षांशं पटुपञ्चकम् ।
पालिकं चूर्णितं तैलवसादधिघृताप्लुतम् ॥१०४॥
घटस्यान्तः पचेत्पक्वमग्निवर्णे घटे च तम् ।
क्षारं गृहीत्वा क्षीराज्यतक्रमद्यादिभिः पिबेत् ॥१०५
गुल्मोदावर्तवर्ध्मार्शोजठरग्रहणीक्रिमीन् ।
अपस्मारगरोन्मादयोनिशुक्रामयाश्मरीः ॥ १०६ ॥
क्षारागदोऽयं शमयेद्विषं चाखुभुजङ्गजम् ।

દેવદાર, નસોતર, દંતીમૂળ, કડુ, પંચકોલ (પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ), સાજીખાર, જવખાર, ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), પાઠા (પહાડમૂળ), કાળીજીરી, ઉપલેટ, રાસ્ના, એ પ્રત્યેક ઔષધ બે–બે તોલા લેવું. પંચલવણ દરેક ચારચાર તોલા લેવાં. એ સર્વેનું ચૂર્ણ કરીને તેલ, વસા, દહીં અને ઘીમાં ડુબાડવા. અને તે સર્વને એક ઘડામાં મૂકીને તેમાંથી વરાળ બહાર ન નીકળે એવી રીતે તેને સીડી દઈને અગ્નિમાં પકવ કરવું. જ્યારે ઘડો તપીને દેવતાના રંગનો લાલચોળ થાય ત્યારે એમાથી બળેલાં ઔષધ કાઢીને એનો વિધિસર ક્ષાર બનાવીને એ ક્ષાર દૂધ, ઘી, છાશ, દારૂ વગેરે સાથે પીવો. એ ક્ષાર ગુલ્મ, ઉદાવર્ત, વધરાવળ, હરસ, જઠરરોગ, ગ્રહણીરોગ, કરમિયા, વાઈ, ગરરોગ, ગાંડપણ, યોનિરોગ, વીર્યરોગ, પથરી, એ સર્વને મટાડે છે. વળી તે ક્ષાર સાપ અને ઉંદરનાં ઝેર પણ શમાવે છે.

ક્ષારનું શરીરમાં કર્મ

श्लेष्माणं मधुरं स्निग्धं रसक्षीरघृताशिनः ॥१०७
छित्वा भित्त्वाऽऽशयात् क्षारः
क्षरत्वात्क्षारयत्यधः ।

માંસરસ, દૂધ અને ઘીનું ભોજન કરનાર માણસના આશયમાંથી (કફને) છેદીને, ભેદીને તેના ગળ્યા તથા સ્નિગ્ધ કફને ક્ષાર પોતાના નીચે પાડવાના ગુણને લીધે નીચે પાડે છે. ઝાડા વાટે બહાર કાઢે છે.

જૂના આસવ અને અરિષ્ટ કોણે શા માટે વાપરવા?

मन्देऽग्नावरुचौ सात्म्यैर्मद्यैः सस्नेहमश्नताम् ॥१०८
योजयेदासवारिष्टान्निगदान् मार्गशुद्धये ।

જે માણસનો જઠરાગ્નિ મંદ પડી ગયો હોય અને જેને અરુચિ થઈ હોય તેણે માફક આવતા દારૂ સહિત સ્નેહયુક્ત ભોજન કરવું અને તેના માર્ગ(સ્રોતો)ની શુદ્ધિ માટે જૂના આસવ અને જૂના અરિષ્ટ વાપરવા.

કફગુલ્મવાળાનાં અન્નપાન

शालयः षष्टिका जीर्णाः
कुलत्था जाङ्गलं पलम् ॥१०९॥
चिरिबिल्वाग्नितर्कारीयवानीवरुणाङ्कुराः ।
शिग्रुस्तरुणबिल्वानि बालं शुष्कं च मूलकम् ॥११०
बीजपूरकहिङ्ग्वम्लवेतसक्षारदाडिमम् ।
व्योषं तक्रं घृतं तैलं भक्तं, पानं तु वारुणी ॥१११
धान्याम्लं मस्तु तक्रं च यवानीविडचूर्णितम् ।
पञ्चमूलशृतं वारि जीर्णं मार्द्वीकमेव वा ॥११२॥

કફગુલ્મવાળાએ શાલિ ડાંગરના ચોખા, જૂના સાઠીચોખા, કળથી, જાંગલ પ્રાણીઓનું માંસ, કરંજ, ચિત્રો, અરણી, યવાની અજમો, વરણાના અંકુર, સરગવો, નાનાં (કુમળાં) બીલા, કુમળા અને સૂકા મૂળા, બિજોરું, હિંગ, અમ્લવેતસ, જવખાર, દાડમ, સૂંઠ, પીપર, મરી, છાશ, ઘી, તેલ, ભાત, એટલી વસ્તુઓ ભોજન તરીકે સેવી તથા વારુણી નામે મદ્ય, ધાન્યામ્લ, દહીંનું નીતર્યું પાણી, જવાન-

(યવાની અજમો)નું અને બિડલવણનું ચૂર્ણ નાખેલી છાશ, પંચમૂલના કવાથનું પાણી અને જૂનો કાળી દ્રાક્ષનો દારૂ એ પીવામાં લેવાં.

पिप्पलीपिप्पलीमूलचित्रकाजाजिसैन्धवैः ।
सुरा गुल्मं जयत्याशु जांगलश्च विमिश्रितः ११३

પીપર, પીપરીમૂળ, ચિત્રો, જીરું, સિંધવ, એ સર્વનું ચૂર્ણ સુરામાં નાખવું તથા જાંગલ પ્રાણીઓના માંસનો રસ તેમાં ભેળવવો, એ પીવાથી ગોળો તત્કાળ મટે છે.

શ્લોક ૭૫ાથી ૧૧૩ સુધીના ઉપાયથી કફગુલ્મ ન મટે તો લોહી કાઢ્યા પછી બાળવાની ક્રિયા

वमनैर्लङ्घनैः स्वेदैः सर्पिःपानैर्विरेचनैः ।
वस्तिक्षारासवारिष्टगुलिकापथ्यभोजनैः ॥ ११४
श्लैष्मिको बद्धमूलत्वाद्यदि गुल्मो न शाम्यति ।
तस्य दाहं हृते रक्ते कुर्यादन्ते शरादिभिः ॥११५

કફગુલ્મના ઉપાય તરીકે વમન, લંઘન (ઉપવાસ), સ્વેદ (શેક, પરસેવો), ઘી પીવું, વિરેચન, બસ્તિકર્મ, ક્ષારકર્મ, આસવ, અરિષ્ટ, ગોળીઓ, પથ્ય ભોજન, એ સર્વ વડે પણ બદ્ધમૂલ (જેનાં મૂળ ઊંડાં ગયેલાં હોય એવું) હોવાથી કફગુલ્મ જો શમે નહિ તો તેના ગુલ્મમાંથી લોહી કાઢ્યા પછી શર (સાંઠો) વગેરેથી ડામ દેવો.

કફગુલ્મને કેવી રીતે બાળવું?

अथ गुल्मं सपर्यन्तं वाससाऽन्तरितं भिषक् ।
नाभिवस्त्यन्त्रहृदयं रोमराजीं च वर्जयन् ॥११६
नातिगाढं परिमृशेच्छरेण ज्वलताऽथवा ।
लोहेनारणिकोत्थेन दारुणा तैन्दुकेन वा ॥ ११७
ततोऽग्निवेगे शमिते शीतैर्व्रण इव क्रिया ।

ગોળાને ચારે પાસથી પ્રથમ વસ્ત્ર વડે, ઢાંકવો અને પછી વૈદ્યે ડૂંટી, મૂત્રાશય, આંતરડાં, હૃદય અને રોમાવલિ એટલાં સ્થાન તજીને સળગતો સાંઠો, તપાવેલું લોઢું, સળગતું અરણિનું લાકડું કે સળગતું ઝેરકચોલાના ઝાડનું લાકડું બહુ જ ભાર દીધા વિના (ડામ બહુ ઊંડો ન ઊતરી જાય એ રીતે) ગોળાની ચારે બાજુ ફરતું (ગોળાકારે) અને ગોળા ઉપર (ચોકડી આકારે) ફેરવવું (આડકાઢીને ફેરવવું), પછી અગ્નિનો વેગ શમી જાય ત્યારે ઠંડાં ઔષધો વડે વ્રણની પેઠે ક્રિયા કરવી.

આમવાળા ગુલ્મની ચિકિત્સા

ભેગા દોષોવાળા ગોળાના ઉપાય

आमान्वये तु पेयाद्यैः
सन्धुक्ष्याग्निं विलङ्घिते ॥ ११८ ॥
स्वं स्वं कुर्यात्क्रमं मिश्रं मिश्रदोषे च कालवित् ।

ગોળો આમયુક્ત હોય તો રોગીને લંઘન કરાવીને પેયા વગેરેથી જઠરાગ્નિને પ્રજ્વલિત કરીને પછી સમય જાણનારા વૈદ્યે જે જે દોષને યોગ્ય જે ક્રમ કરવો યોગ્ય હોય તે કરવો. દોષ મિશ્ર હોય તો મિશ્રક્રમ કરવો.

રક્તગુલ્મની ચિકિત્સા

લક્ષણ, ચિકિત્સા કરવાનો સમય, સ્નેહન, સ્વેદન, વિરેચન

गतप्रसवकालायै नार्यै गुल्मेऽस्रसम्भवे ॥ ११९
स्निग्धस्विन्नशरीरायै दद्यात्स्नेहविरेचनम् ।

સ્ત્રીઓને રક્તગુલ્મ થાય છે, તેના ચિહ્ન ગર્ભ રહ્યો હોવાનાં ચિહ્ન જેવાં હોય છે, માટે એ ગર્ભ છે કે રક્તગુલ્મ છે તેનો નિશ્ચય તત્કાળ થઈ શકતો નથી, માટે પ્રસૂતિકાળ (દશ માસનો કાળ) વીતી ગયા પછી તેને સ્નેહપાન કરાવીને પછી તેને શેક કરીને પરસેવો કાઢવો અને પછી સ્નેહવિરેચન આપવું.

રક્તગુલ્મમાં કવાથ

तिलक्वाथो घृतगुडव्योषभार्गीरजोन्वितः ॥ १२०
पानं रक्तभवे गुल्मे नष्टे पुष्पे च योषितः ।

તલના કવાથમાં ઘી, ગોળ, સૂંઠ, પીપર, મરી અને ભારંગનું ચૂર્ણ નાખીને પીવાથી રક્તગુલ્મ મટે છે; તેમ જ જે સ્ત્રીનો અટકાવ બંધ થઈ ગયો હોય તેનો આ કવાથ પીવાથી અટકાવ આવવા માંડે છે.

भार्गीकृष्णाकरञ्जत्वग्ग्रन्थिकामरदारुजम् ॥१२१
चूर्णं तिलानां क्वाथेन पीतं गुल्मरुजापहम् ।

ભારંગ, પીપર, કરંજની છાલ, પીપરીમૂળ, દેવદાર એ ઔષધોના ચૂર્ણને તલના કવાથમાં પીવાથી રક્તગુલ્મની પીડા મટે છે.

રક્તગુલ્મ ઉપર ક્ષારસ્નેહ

पलाशक्षारपात्रे द्वे द्वे पात्रे तैलसर्पिषोः ॥१२२
गुल्मशैथिल्यजननीं पक्त्वा मात्रां प्रयोजयेत् ।

ખાખરાનો ક્ષાર આઠ તોલા અને તેલ તથા ઘી આઠ તોલા, એ ભેગા કરીને તેમા બત્રીસ તોલા પાણી નાખવુ. પછી તે સ્નેહ પકવ કરવો. એ પકવ થયેલો સ્નેહ માપસર લેવાથી ગોળો ઢીલો પડી જાય છે.

રક્તગુલ્મમાં યોનિવિરેચન ક્યારે આપવું?

न प्रभिद्येत यद्येवं दद्याद्योनिविरेचनम् ॥ १२३ ॥

જો એમ છતા પણ તે ગોળો ફૂટે નહિ તો પછી વૈદ્યે તે સ્ત્રીને યોનિવિરેચન ઔષધ આપવુ.

યોનિવિરેચનની બનાવટ

क्षारेण युक्तं पललं सुधाक्षीरेण वा तत ।
ताभ्यां वा भावितान्दद्या-
द्योनौ कटुकमत्स्यकान् ॥ १२४ ॥
वराहमत्स्यपित्ताभ्यां
नक्तकान् वा सुभावितान् ।
किण्वं वा सगुडक्षारं दद्याद्योनौ विशुद्धये ॥१२५
रक्तपित्तहरं क्षारं लेहयेन्मधुसर्पिषा ।
लशुनं मदिरां तीक्ष्णां मत्स्यांश्चास्यै प्रयोजयेत् ॥
बस्तिं सक्षीरगोमूत्रं सक्षारं दाशमूलिकम् ।

જવખાર સાથે શેકેલા તલનુ ચૂર્ણ મેળવીને યોનિમા રાખવા આપવુ, અથવા સુધાક્ષીર (થોરના દૂધ) સાથે શેકેલા તલનુ ચૂર્ણ મેળવીને તે યોનિમા રાખવા આપવું, અથવા જવખાર તથા થોરના દૂધની ભાવના આપેલા દરિયાના માછલાને (લસોટીને) યોનિમા રાખવા આપવા, અથવા ડુક્કરના અને માછલીના પિત્તની ભાવના આપેલા વસ્ત્રના ડૂચા યોનિમા રાખવા આપવા, અથવા ગોળ અને જવખાર સહિત કિણ્વ યોનિનુ શોધન કરવા માટે આપવુ, રક્તપિત્તને હરનારો ક્ષાર (કાળા કમળની નાળનો ક્ષાર–ચરક ચિ. ૪/૯૩) મધ અને ઘી સાથે ચાટવો તથા લસણ, તીક્ષ્ણ મદ્ય અને મત્સ્ય, એ તેને ભોજનમા આપવા, તેમ જ બસ્તિકલ્પ(ઉ. અ.૪)મા કહેલી દશમૂળની બસ્તિ દૂધ, ગોમૂત્ર તથા જવખાર મેળવીને આપવી.

ગુલ્મ ક્યારે ફોડવું?

अवर्तमाने रुधिरे हितं गुल्मप्रभेदनम् ॥ १२७ ॥

ઉપર કહેલા ઉપાય કર્યા છતા પણ યોનિ દ્વારા લોહી નીકળે નહિ તો પછી ગુલ્મને ફોડવુ એ હિતકર છે.

લોહી નીકળ્યા પછીની ક્રિયા તથા અન્નપાન

यमकाभ्यक्तदेहाया प्रवृत्ते समुपेक्षणम् ।
रसौदनस्तथाऽऽहारः पानं च तरुणी सुरा ॥१२८

લોહી નીકળવા માડે ત્યારે ચાગ્માના ગમે તે બે સ્નેહ શરીરે ચોળવા, તથા નીકળતા લોહીને અટકાવવુ નહિ. તેને ખાવા માટે ભાત તથા માંસરસ આપવો, અને તાજી સુરા પીવા આપવી.

વધારે પડતું લોહી વહે તો શું કરવું?

रुधिरेऽतिप्रवृत्ते तु रक्तपित्तहराः क्रियाः ।

જો લોહી અતિશય વહે તો રક્તપિત્તને મટાડનારી ક્રિયા કરવી.

વાયુની પીડા થાય તો શું કરવું?

कार्या वातरुगार्तायाः सर्वा वातहराः पुन. ॥१२९

જો સ્ત્રી વાયુની પીડાથી પિડાયેલી હોય તો વાયુને મટાડે એવી સર્વે ક્રિયાઓ કરવી.

આનાહ થાય તો શું કરવું?

आनाहादावुदावर्तबलासघ्नो यथायथम् ॥१२९३

જો પેટ ચડવુ વગેરે ઉપદ્રવ થતા હોય તો ઉદાવર્તનો અને કફનો નાશ કરનારી ક્રિયાઓ કરવી.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने गुल्मचिकित्सितं नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫ મો

ઉદરરોગોની ચિકિત્સા

अथात उदरचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે ઉદરરોગની ચિકિત્સા સમજાવીશુ. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે. (ગુલ્મની પછી ઉદરની ચિકિત્સા કહેવાનો આરભ કરવાનું કારણ એવુ છે કે જેમ ગુલ્મની ઉત્પત્તિમાં

વાયુ એ મુખ્ય કારણ છે તેમ ઉદરરોગની ઉત્પત્તિમાં પણ વાયુ મુખ્ય કારણ છે.)

બધા ઉદરરોગોની સામાન્ય ચિકિત્સા

(શ્લોક ૦।। થી ૫૨।।)

રોજ વિરેચન

दोषातिमात्रोपचयात्स्रोतोमार्गनिरोधनात् ।
सम्भवत्युदरं तस्मान्नित्यमेनं विरेचयेत् ॥ १ ॥

દોષ અતિશય વધી જવાથી તે શરીરની ધાતુઓ વગેરેને વહન કરનારાં સ્રોતોને બંધ કરે છે તેથી ઉદરરોગ થાય છે. માટે ઉદરરોગીને રોજ વિરેચન આપવું.

ઉદરરોગીને યોગ્ય વિરેચન

पाययेत्तैलमैरण्डं समूत्रं सपयोऽपि वा ।
मासं द्वौ वाऽथवा गव्यं मूत्रं माहिषमेव वा ॥२॥
पिबेद्गोक्षीरभुक् स्याद्वा करभीक्षीरवर्तनः ।
दाहानाहातितृण्मूर्च्छापरीतस्तु विशेषतः ॥ ३ ॥

ઉદરરોગવાળાને એક મહિના કે બે મહિના સુધી ગાયના મૂત્ર સાથે અથવા દૂધ સાથે દિવેલ પાવું અથવા દોષ, દૂષ્ય વગેરેનો વિચાર કરીને એકલું ગાયનું મૂત્ર પાવું, અથવા ભેંસનું મૂત્ર પાવું, અથવા ખોરાકમાં ફક્ત ગાયનું દૂધ અથવા ઊંટડીનું દૂધ પીવું. અને જે માણસને ઉદરરોગમાં બળતરા, પેટ ચડવું, બહુ તરસ, મૂર્છા વગેરે ઉપદ્રવ હોય તેણે તો ખાસ કરીને ફક્ત ગાયનું દૂધ કે ઊંટડીનું દૂધ પીને રહેવું યોગ્ય છે.

(એકલા દૂધ ઉપર રહેનાર માણસે પાણી તદ્દન બંધ કરવું જોઈએ.)

લૂખા અને બહુ વાયુવાળા ઉદરરોગી માટે વિરેચન

रूक्षाणां बहुवातानां दोषसंशुद्धिकाङ्क्षिणाम् ।
स्नेहनीयानि सर्पींषि जठरघ्नानि योजयेत् ॥४॥

જે માણસો ઘણા વાયુવાળા તથા લૂખા પડી ગયેલા હોય અને જેમના દોષનું શોધન કરવાની જરૂર હોય તેમને જઠરરોગને મટાડનારાં અને સ્નેહન કરે એવાં ઘી આપવાં.

षट्पलं दशमूलाम्बुमस्तुद्व्याढकसाधितम् ।

એક આઢક દશમૂલનો ક્વાથ અને દહીંનું એક આઢક નીતર્યું પાણી, એ બેમાં સિદ્ધ કરેલું એક પ્રસ્થ ષટ્પલ ઘી. (ચિ. ૫/૨૧ થી ૨૩) ઉદરરોગમાં આપવું.

ઉદરરોગ ઉપર સ્નેહો

नागरत्रिपलं प्रस्थं घृततैलात्तथाऽऽढकम् ॥ ५ ॥
मस्तुनः साधयित्वैतत्पिबेत्सर्वोदरापहम् ।
कफमारुतसम्भूते गुल्मे च परमं हितम् ॥ ६ ॥

તેમ જ સૂંઠ ત્રણ પલ, એક પ્રસ્થ ઘી અને તેલ તથા એક આઢક દહીંનું નીતર્યું પાણી, એ સર્વ દ્રવ્યો લઈને સ્નેહ સિદ્ધ કરવો. એ સ્નેહ પીવાથી સર્વ પ્રકારના ઉદરરોગ નાશ પામે છે તેમ જ કફ અને વાયુ એક સાથે કોપવાથી થયેલા ગોળામાં પણ એ પરમ હિતકર છે.

चतुर्गुणे जले मूत्रे द्विगुणे चित्रकोत्पले ।
कल्के सिद्धं घृतप्रस्थं सक्षारं जठरी पिबेत् ॥७॥

ઘી એક પ્રસ્થ લેવું; ઘી કરતાં પાણી ચોગણું લેવું, તથા ઘીથી બમણું ગોમૂત્ર લેવું; એ સર્વમાં ચિત્રાનો કલ્ક એક પલ નાખવો. પછી ઘી સિદ્ધ કરવું. એ સિદ્ધ થયેલા ઘીમાં જવખાર નાખીને ઉદરરોગીએ પીવું.

यवकोलकुलत्थानां पञ्चमूलस्य चाम्भसा ।
सुरासौवीरकाभ्यां च सिद्धं वा पाययेद्घृतम् ॥८

જવ, બોર, કળથી અને પંચમૂળ, એ સર્વનો ક્વાથ તથા સુરા અને સૌવીર, એ ઔષધોથી સિદ્ધ કરેલું ઘી ઉદરરોગીને પાવું.

ઉદરરોગમાં સ્નેહોની અસર: પછી આપવાનાં વિરેચન

एभिः स्निग्धाय सञ्जाते बले शान्ते च मारुते ।
स्रस्ते दोषाशये दद्यात्कल्पदृष्टं विरेचनम् ॥ ९ ॥

ઉપર કહેલા સ્નેહ વડે જ્યારે ઉદરરોગી સ્નિગ્ધ થાય, તેનામાં બળ ઉત્પન્ન થાય, તેનો વાયુ શાંત પડે અને વાયુ વગેરે દોષના આશય (સ્થાન) નરમ થાય ત્યારે કલ્પસ્થાન અધ્યાય ૨ માં વિરેચનકલ્પમાં કહેલા ઉદરરોગને મટાડનારાં વિરેચન આપવાં.

વિરેચન પછીનો ક્રમ: ચૂર્ણ, આહાર

पटोलमूलं त्रिफलां निशां वेल्लं च कार्षिकम् ।
कम्पिल्लनीलिनीकुम्भभागान् द्वित्रिचतुर्गुणान् ॥१०

पिबेत्तच्चूर्ण्य मूत्रेण पेयापूर्वं ततो रसैः।
विरिक्तो जाङ्गलैरद्यात्ततः षड्दिवसं पयः ॥११॥
शृतं पिबेद्व्योषयुतं पीतमेवं पुनः पुनः।
हन्ति सर्वोदराण्येतच्चूर्णं जातोदकान्यपि ॥१२॥

પટોલમૂળ, ત્રિફળા, હળદર, વાવડિંગ, એ સર્વે એક એક તોલો લેવાં, કપીલો પટોલમૂળથી બમણો લેવો, ગળીનાં મૂળ પટોલમૂળથી ત્રણગણાં લેવાં, નસોતર પટોલમૂળથી ચારગણું લેવું. એ સર્વનું ચૂર્ણ કરીને ગાયના મૂત્ર સાથે પીવું. (એ ચૂર્ણ પીવાથી) વિરેચન થયા પછી પ્રથમ પેયા પીવી અને પછી જાંગલ પ્રાણીઓના માંસરસ સાથે શાળના ચોખાનો ભાત વગેરે ભોજન જમવું. પછી ૭ દિવસ સુધી દૂધને ઉકાળીને તેમાં સૂંઠ, પીપર અને મરીનું ચૂર્ણ નાખીને ખોરાક તરીકે ફક્ત એ દૂધ પીવું. ૭ દિવસ પછી પાછું ઉપર કહેલુ પટોલમૂળ વગેરેનું-વિરેચન લેવું, પેયા પીવી, (જાંગલ પ્રાણીઓનો) માંસરસ અને ભાત ખાવો તથા ૭ દિવસ સુધી ત્રિકટુના ચૂર્ણ સાથે ઉકાળેલું દૂધ પીવું. એ રીતનો સાતસાત દિવસનો ક્રમ ફરીફરીને કરવો. એ રીતે ચૂર્ણ ખાવાથી અને એ ક્રમ કરવાથી સર્વ પ્રકારના ઉદરરોગ મટે છે. કદાપિ જળોદર (જળંધર) થઈ ગયું હોય તો તે પણ એ જ ક્રમથી મટે છે.

ઉદરરોગ પર ચૂર્ણો

(શ્લોક ૧૨ા થી ૨૬)

गवाक्षीं शङ्खिनीं दन्तीं तिल्वकस्य त्वचं वचाम्।
पिबेत्कर्कन्धुमृद्वीकाकोलाम्भोमूत्रसीधुभिः ॥ १३ ॥

ગાવસુકડાં, શંખાવળીનાં મૂળ, દંતીમૂળ, લોધરની છાલ, વજ, એ ઔષધોનું ચૂર્ણ બોરડીનાં મૂળ, કાળી દ્રાક્ષ, બોર, એ ત્રણનો ક્વાથ, ગાયનું મૂત્ર અને સીધુ નામે દારૂ એ ત્રણની સાથે પીવું; અર્થાત્ ક્વાથ, ગોમૂત્ર અને સીધુ એ ત્રણે એકત્ર કરીને તે સાથે ઉપરનું ચૂર્ણ પીવું.

નારાયણ ચૂર્ણ: જુદાજુદા રોગોમાં એ ચૂર્ણ લેવાની રીત

यवानी हपुषा धान्यं शतपुष्पोपकुञ्चिका।
कारवी पिप्पलीमूलमजगन्धा शठी वचा ॥१४॥
चित्रकोऽजाजिकं व्योषं स्वर्णक्षीरी फलत्रयम्।
द्वौ क्षारौ पौष्करं मूलं कुष्ठं लवणपञ्चकम् ॥१५॥
विडङ्गं च समांशानि दन्त्या भागत्रयं तथा।
त्रिवृद्विशाले द्विगुणे सातला च चतुर्गुणा ॥१६॥
एष नारायणो नाम चूर्णो रोगगणापहः।
नैनं प्राप्याभिवर्धन्ते रोगा विष्णुमिवासुराः ॥१७
तक्रेणोदरिभिः पेयो गुल्मिभिर्बदराम्बुना।
आनाहवाते सुरया वातरोगे प्रसन्नया ॥ १८ ॥
दधिमण्डेन विट्सङ्गे दाडिमाम्भोभिरर्शसैः।
परिकर्ते सवृक्षाम्लैरुष्णाम्बुभिरजीर्णके ॥ १९ ॥
भगन्दरे पाण्डुरोगे कासे श्वासे गलग्रहे।
हृद्रोगे ग्रहणीदोषे कुष्ठे मन्देऽनले ज्वरे ॥२०॥
दंष्ट्राविषे मूलविषे सगरे कृत्रिमे विषे।
यथार्हं स्निग्धकोष्ठेन पेयमेतद्विरेचनम् ॥ २१ ॥

યવાની અજમો, પળાંસી, ધાણા, સવા, કાળીજીરી, ખોડી અજમો, પીપરીમૂળ, તલવણ (તલવની), પડ્કચૂરો, વજ, ચિત્રો, જીરું, સૂંઠ, પીપર, મરી, દારૂડી, હરડે, બહેડાં, આમળાં, જવખાર, સાજીખાર, પુષ્કરમૂળ, ઉપલેટ, પાંચ લવણ, વાવડિંગ, એટલાં ઔષધ સરખે ભાગે લેવાં. દંતીમૂળના ત્રણ ભાગ લેવા. નસોતર અને ઇંદ્રવારણીનાં મૂળ-એ બેના બે બે ભાગ લેવા. સાથેર(સાતલા)ના ચાર ભાગ લેવા. એ સર્વનું ચૂર્ણ કરવું. એને નારાયણ ચૂર્ણ કહે છે. તે રોગોના સમુદાયનો નાશ કરનારું છે. જેમ વિષ્ણુને પામીને અસુરો વૃદ્ધિ પામતા નથી, તેમ આ ચૂર્ણને પામીને રોગ વૃદ્ધિ પામતા નથી. જેને ઉદરરોગ થયા હોય તેણે એ ચૂર્ણને છાશ સાથે પીવું. જેને ગોળાનો રોગ થયો હોય તેણે એ ચૂર્ણને બોરના ક્વાથ સાથે પીવું. જેને આનાહ નામે વાયુનો રોગ થયો હોય તેણે સુરા સાથે એ ચૂર્ણ પીવું. જેને વાયુનો રોગ થયા હોય તેણે પ્રસન્ના નામે દારૂ સાથે એ ચૂર્ણ પીવું. જેનો ઝાડો આંતરડામાં ચોંટી જવાથી ઊતરતો ન હોય, તેણે દહીંના મંડ સાથે એ ચૂર્ણ પીવું. હરસવાળાએ એ ચૂર્ણ દાડમના રસ સાથે પીવું. જેને પરિકર્ત

રોગ (પેટમાં જાણે કાતરથી કપાઈ જતું હોય એવી ચૂંક આવવાના રોગને પરિકર્ત્ત કહે છે) થયો હોય તેણે આમચૂરના પાણી સાથે એ ચૂર્ણ પીવું. અજીર્ણવાળાએ ગરમ પાણી સાથે એ ચૂર્ણ પીવું. અને એ જ પ્રમાણે ભગંદર, પાંડુરોગ, ખાંસી, દમ, ગળું રહી જવું, હૃદયનો રોગ, સંગ્રહણી, ચામડીના રોગ, મંદાગ્નિ, તાવ, દાઢવાળાં પ્રાણીઓનું ઝેર, વછનાગ વગેરે મૂળિયાંનું ઝેર, ગર સહિત બધાં કૃત્રિમ ઝેર, એ સર્વમાં રોગીને પ્રથમ સ્નિગ્ધ કોઠાવાળો કરીને રોગને યોગ્ય હોય એવુ અનુપાન આપીને તે સાથે આ નારાયણ ચૂર્ણ૩૫ વિરેચન પાવું.

हपुषां काञ्चनक्षीरीं त्रिफलां नीलिनीफलम् ।
त्रायन्तीं रोहिणीं तिक्तां
सातलां त्रिवृतां वचाम् ॥२२॥
सैन्धवं काललवणं पिप्पलीं चेति चूर्णयेत् ।
दाडिमत्रिफलामांसरसमूत्रसुखोदकैः ॥ २३ ॥
पेयोऽयं सर्वगुल्मेषु प्लीह्नि सर्वोदरेषु च ।
श्वित्रे कुष्ठेष्वजरके सदने विषमेऽनले ॥ २४ ॥
शोफार्शःपाण्डुरोगेषु कामलायां हलीमके ।
वातपित्तकफांश्चाशु विरेकेण प्रसाधयेत् ॥२५॥

પળાંસી, દારૂડી, ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), ગળીનાં ફળ, ત્રાયમાણ, હરડે, કડુ, સાથેર, નસોતર, વજ, સિંધવ, સંચળ અને પીપર, એ સર્વનું ચૂર્ણ કરવું. એ ચૂર્ણ દાડમનું પાણી, ત્રિફળાનો ક્વાથ, માંસરસ, ગાયનું મૂત્ર અથવા લગાર ગરમ કરેલું પાણી એમાંના ગમે તે કોઈ સાથે પીવું. તેથી સર્વ પ્રકારના ગોળા, પ્લીહા (બરોળ), સર્વ પ્રકારના ઉદરરોગ, ધોળો કોઢ, અજીર્ણ, મંદાગ્નિ, વિષમાગ્નિ, સોજો, હરસ, પાંડુરોગ, કમળો, હલીમક એ સર્વ રોગ મટે છે. વળી, તે વાત, પિત્ત અને કફ–એ દોષને વિરેચન કરીને મટાડે છે.

नीलिनीं निचुलं व्योषं क्षारौ लवणपञ्चकम् ।
चित्रकं च पिबेच्चूर्णं सर्पिषोदरगुल्मनुत् ॥२६॥

ગળી, નેતર, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), જવખાર, સાજીખાર, પાંચ લવણ અને ચિત્રો– એ સર્વના ચૂર્ણને ઘી સાથે પીવાથી ઉદરરોગ અને ગુલ્મરોગ મટે છે.

ગંભીર ઉદરરોગમાં ખાસ કરીને નબળા દર્દી માટે કરવાના ઉપાય

पूर्ववच्च पिबेद्दुग्धं क्षामः शुद्धोऽन्तराऽन्तरा ।
कारभं गव्यमाजं वा
दद्यादात्ययिके गदे ॥ २७ ॥
स्नेहानेव विरेकार्थे दुर्बलेभ्यो विशेषतः ।

પહેલાં શ્લોક ૯૨થી ૧૧માં કહ્યા પ્રમાણે શોધન થયા પછી નબળા દર્દીએ જાંગલ પ્રાણીઓના માંસરસ અને ઊંટડીનું, ગાયનું કે બકરીનું દૂધ વારાફરતી પીવુ. (માંસરસ, દૂધ, માંસરસ, દૂધ એમ વારાફરતી પાવું.) જો રોગ ગંભીર સ્થિતિમાં હોય તો ઉદર-રોગીને–અને નબળા ઉદરરોગીને તો ખાસ–વિરેચન માટે સ્નેહવિરેચન જ આપવાં.

ઉદરરોગ ઉપર સિદ્ધ વિરેચન ઘી

(શ્લોક ૨૮થી ૩૩।)

हरीतकीसूक्ष्मरजःप्रस्थयुक्तं घृताढकम् ॥ २८ ॥
अग्नौ विलाप्य मथितं खजेन यवपल्लके ।
निधापयेत्ततो मासादुद्धृतं गालितं पचेत् ॥२९॥
हरीतकीनां क्वाथेन दध्ना चाम्लेन संयुतम् ।
उदरं गरमष्ठीलामानाहं गुल्मविद्रधी ॥ ३० ॥
हन्त्येतत्कुष्ठमुन्मादमपस्मारं च पानतः ।

હરડેનું બારીક ચૂર્ણ કરીને તેમાંથી એક પ્રસ્થ લેવું. પછી તેમાં એક આઢક ઘી નાખવું. પછી તેને અગ્નિ ઉપર ચડાવીને ઓગાળીને (વીલોડીને) કડછી વડે હલાવવું. અને તે પછી એક વાસણ-માં તે સર્વ ભરીને મોં સીડી દઈને જવના ઢગલામાં એક માસ લગી દાટી રાખવું. એક મહિનો થયા પછી તેને ગાળી લેવું. પછી તે ઘીમાં હરડેનો ક્વાથ અને ખાટું દહીં નાખીને તેને પક્વ કરવું. એ ઘી પીવાથી ઉદરરોગ, કૃત્રિમ ઝેર, અષ્ઠીલા નામે ગાંઠ થાય છે તે, પેટ ચડે છે તે, ગોળો, ગડ, ચામડીના રોગ, ગાંડપણ અને વાઈ–એ રોગો મટે છે.

स्नुक्क्षीरयुक्ताद्द्रोणीरा-
च्चूर्णद्दीतात् समाहृतात् ॥ ३१

यज्जातमाज्यं स्नुक्क्षीरपसिद्धं तच्च तथागुणम् ।

થોરના દૂધમાં ગાયનું દૂધ નાખીને તેને ગરમ કરવું. પછી તે દૂધને ઠંડું કરીને કડછી (રવૈયા)થી વલોવવું. એ દૂધમાંથી જે ઘી નીકળે તેને થોરના દૂધમાં પક્વ કરવું. એ ઘી પણ ઉપર (શ્લોક ૨૮થી ૩૦માં) કહેલા હરીતકીઘીના જેવા ગુણવાળું છે.

क्षीरद्रोणं सुधाक्षीरप्रस्थार्धसहितं दधि ॥ ३२ ॥
जातं मथित्वा तत्सर्पिस्त्रिवृत्सिद्धं च तद्गुणम् ।

એક દ્રોણ (૧૦૨૪ તોલા) ગાયના દૂધમાં અડધો પ્રસ્થ (બત્રીસ તોલા) થોરનું દૂધ નાખવું. એ દૂધ જામી જવાથી જે દહીં થાય તેને વલોવીને ઘી બનાવવું. એ ઘી નસોતરના ક્વાથમાં નસોતરના કલ્ક વડે પક્વ કરવું. એ ઘી ઉપર (શ્લોક ૨૮થી ૩૦માં) કહેલા હરીતકી ઘી જેવા ગુણવાળું છે.

तथा सिद्धं घृतप्रस्थं पयस्यष्टगुणे पिबेत् ॥३३॥
स्नुक्क्षीरपलकल्केन त्रिवृताषट्पलेन च ।

તે જ પ્રમાણે ઘી કરતા આઠગણા દૂધમા એક પ્રસ્થ (ચોસઠ તોલા) ઘી નાખીને તેમાં ચાર તોલા થોરના દૂધમાં ચોવીસ તોલા નસોતરનો કલ્ક કરી તે નાખીને ઘી સિદ્ધ કરીને તે પીવું; અર્થાત્ એક પ્રસ્થ ઘી, આઠ પ્રસ્થ દૂધ, અને ચાર તોલા થોરના દૂધથી કરેલો ચોવીસ તોલા નસોતરનો કલ્ક, એટલા દ્રવ્યથી ઘી સિદ્ધ કરવું. એ ઘી પણ ઉપરના જેવા જ ગુણ આપે છે.

ઘી પીધા પછી કોણે શું પીવું?

पयां चानु पिबेत्पेयां रसं स्वादु पयोऽथवा ॥३४

ઉપર કહેલાં ઘી પીધા પછી પેયા પીવી અથવા ગળ્યો માંસરસ પીવો અથવા દૂધ પીવું. (કફવાળાએ પેયા, પિત્તવાળાએ દૂધ અને વાયુવાળાએ ગળ્યો માંસરસ પીવો.)

ઘી પચ્યા પછી અને જુલાબ થયા પછીનો ક્રમ

घृते जीर्णे विरिक्तश्च कोष्णं नागरसाधितम् ।
पिबेदम्बु ततः पेयां ततो यूषं कुलत्थजम् ॥३५॥

ઘી પચી ગયા પછી અને જુલાબ થયા પછી (પહેલે દિવસે, એ જ દિવસે) સૂંઠ નાખીને ઉકાળેલું લગારલગાર ગરમ હોય એવું પાણી પીવું. પછી (બીજે દિવસે) પેયા પીવી અને (ત્રીજે દિવસે) પછી કળથીનો યૂષ પીવો.

લૂખા પડેલા માટે વિરેચન ઘી

पिबेद्रूक्षस्त्र्यहं त्वेवं भूयो वा प्रतिभोजितः ।
पुनःपुनः पिबेत्सर्पिरानुपूर्व्याऽनयैव च ॥ ३६ ॥

જેનું શરીર રૂક્ષ (લૂખું પડેલું) હોય તેણે સૂ. ૧૮/૪૨થી, ૪૩ પ્રમાણે પ્રતિભોજન કરીને ત્રણ વારા સુધી અથવા (જરૂર જણાય તો) વધારે વારા સુધી એ જ (=શ્લોક ઉપવાળા) ક્રમથી ઘી વારંવાર પીવું. (આ ઘૃતપાન રૂક્ષ માણસ માટે છે, સ્નિગ્ધ માટે નહિ.)

ઘી કોણે બનાવવાં?

घृतान्येतानि सिद्धानि
विदध्यात्कुशलो भिषक् ।
गुल्मानां गरदोषाणामुदराणां च शान्तये ॥३७॥

સર્વે ગુલ્મરોગ, કૃત્રિમ ઝેર અને ઉદરરોગની શાંતિને અર્થે પૂર્વે કહેલાં સઘળાં ઘી કુશળ વૈદ્યે સિદ્ધ કરીને વિધિસર આપવાં.

આનાહ મટે એવાં ઘી

पीलुकल्कोपसिद्धं वा घृतमानाहभेदनम् ।
तैल्वकं नीलिनीसर्पिः स्नेहं वा मिश्रकं पिबेत् ॥३८

આનાહ(પેટ ચડવું)નો નાશ કરે એવું પીલુડાંના કલ્કથી સિદ્ધ કરેલું ઘી તેમ જ તૈલ્વકઘૃત (ચિ. ૨૧/૩૨, ૩૩), નીલિનીઘૃત (ચિ. ૧૪/૫૪થી ૫૮), અથવા મિશ્રક સ્નેહ (ચિ. ૧૪/૮૯થી ૯૦) પીવાં.

દોષ નીકળી ગયા પછીનું ભોજન

हृतदोषः क्रमादश्नन् लघुशाल्योदनंप्रति ।

એ રીતે ઘી પીવા વગેરેથી જ્યારે પેટમાંના દોષ નીકળી જાય, ત્યારે પચવામાં ઘણો હલકો શાળનો ભાત થોડો ખાવો. એ પ્રમાણે સંસર્જનક્રમ શરૂ કરવો.

ઉદરરોગમાં રહ્યાસહ્યા દોષને કાઢવા માટેનો ઉપાય

उपयुञ्जीत जठरी दोषशेषनिवृत्तये ॥ ३९ ॥
हरीतकीसहस्रं वा गोमूत्रेण ... ।

सहस्रं पिप्पलीनां वा स्नुक्क्षीरेण सुभावितम् ४०
पिप्पलीवर्धमानं वा क्षीराशी वा शिलाजतु।
तद्वद्वा गुग्गुलुं क्षीरं तुल्यार्द्रकरसं तथा ॥ ४१ ॥

ઉદરરોગવાળા માણસે પાછળ કહ્યા તે ઉપચાર કર્યા પછી દોષનો કાંઈ ભાગ બાકી રહેલો હોય તેની નિવૃત્તિને માટે એક હજાર મોટી હરડેને વારંવાર ગાયના મૂત્રની ભાવના આપીને તે ખાવી તથા ઉપર દૂધ પીવું; અથવા થોરના દૂધમા એક હજાર પીપરોને વારંવાર ભાવના આપીને તે ખાવી; અથવા ઉત્તરસ્થાન અ. ૩૯ શ્લોક ૯૮થી ૧૦૦માં કહેલા રસાયન વિધિ પ્રમાણે વર્ધમાન પીપરો ખાવી; અથવા શિલાજિત દવા તરીકે ખાઈને ખોરાકમાં ફક્ત દૂધ પીને રહેવું; અથવા તે જ પ્રમાણે ગૂગળની યોજના કરવી; અથવા દૂધ જેટલો આદુંનો રસ દૂધમાં મેળવીને, તે દૂધ પીવુ.

चित्रकामरदारुभ्यां कल्कं क्षीरेण वा पिबेत्।
मासं युक्तस्तथा हस्तिपिप्पलीविश्वभेषजम् ॥४२

અથવા ચિત્રો અને દેવદાર એ બેનો કલ્ક દૂધ સાથે પાવો; અથવા ખરોખર સંયમ પાળીને (પથ્ય પાળીને) એક મહિના સુધી ગજપીપર અને સૂંઠનો કલ્ક દૂધ સાથે પીવો.

વધી ગયેલા ઉદરરોગના ઉપાય

विडङ्गं चित्रको दन्ती चव्यं व्योषं च तैः पयः।
कल्कैः कोलसमैः पीत्वा प्रवृद्धमुदरं जयेत् ॥४३॥

વાવડિંગ, ચિત્રો, નેપાળો, ચવક, સૂંઠ, પીપર, મરી, એ ઔષધોનો કલ્ક કરીને તેમાંથી બોર જેટલો કલ્ક દૂધ સાથે પીવાથી વધેલુ ઉદર મટે છે.

भोज्यं भुञ्जीत वा मासं स्नुहीक्षीरघृतान्वितम्।
उत्कारिकां वा स्नुक्क्षीरपीतवध्याकणाकृताम् ४४

અથવા થોરનુ દૂધ અને ઘી, એ બેની સાથે એક મહિનો ભોજ્ય ખોરાક ખાવો, અથવા થોરનુ દૂધ, પીળા ફૂલનો કાંટાસળિયો, હરડે અને પીપર, એ ઔષધોથી (ઘી નાખીને) કરેલી પૂરી ખાવી.

ઉદરરોગમાં વાયુના અમુક ઉપદ્રવોના ઉપાય

पार्श्वशूलमुपस्तम्भं हृद्ग्रहं च समीरणः।
यदि कुर्यात् ततस्तैलं बिल्वक्षारान्वितं पिबेत् ४५
पक्वं वा टिण्टुकबलापलाशतिलनालजैः ॥
क्षारैः कदल्यपमार्गतर्कारीजैः पृथक्कृतैः ॥ ४६ ॥

જે ઉદરરોગમાં વાયુને લીધે પાસાંમા શૂળ, હૃદય જકડાઈ જાય અને સ્તંભ થાય તો બીલાં અને ક્ષાર સહિત તેલ પીવું, અથવા અરડૂસો, ખળદાણા, ખાખરો અને તિલજાલ (તલસરા) એ ચારના ક્ષારથી પકવ થયેલુ તેલ પીવુ, અથવા કેળ, અઘેડો અને અરણીમાથી બનાવેલા જુદા-જુદા ક્ષાર વડે સિદ્ધ કરેલું તેલ પીવુ.

દોષનાં અમુક આવરણ માટેના ઉપાય

कफे वातेन पित्ते वा ताभ्यां वाऽप्यावृतेऽनिले।
बलिनः स्वौषधयुतं तैलमेरण्डजं हितम् ॥ ४७ ॥

વાયુ વડે કફ આવૃત (રુંધાયેલો) હોય કે પિત્ત રુધાયેલુ હોય, અથવા કફ અને પિત્તથી વાયુ રુંધાયેલો હોય તો બળવાન માણસને તે તે દોષને મટાડે એવાં ઔષધો નાખીને દિવેલ આપવુ હિતકર છે.

ઉદરરોગ ઉપર લેપ

देवदारुपलाशार्कहस्तिपिप्पलिशिग्रुकैः।
साश्वकर्णैः सगोमूत्रैः प्रदिह्यादुदरं बहिः ॥ ४८॥

દેવદાર, ખાખરો, આકડો, ગજપીપર, સરગવો, રાળવૃક્ષ અને ગાયનુ મૂત્ર, એ ઔષધો વડે પેટની બહાર (પેટ ઉપર) જાડો લેપ કરવો.

ઉદર ઉપર સેક

वृश्चिकालीवचाशुण्ठीपञ्चमूलपुनर्नवात्।
वर्षाभूधान्यकुष्ठाच्च क्वाथैर्मूत्रैश्च सेचयेत् ॥४९॥

ભીંઢીઆવળ (સોનામુખી), વજ, સૂંઠ, પંચમૂળ, સાટોડી, રાતી સાટોડી, ધાણા, ઉપલેટ, એ ઔષધોના ક્વાથો વડે તથા આઠ મૂત્ર (સૂ. ૫/૮૧ૅ) વડે પેટ ઉપર સિંચન કરવુ (ધાર કરવી).

જુલાબ થયા પછી શેક અને પાટો : કારણ

विरिक्तम्लानमुदरं स्वेदितं साल्वणादिभिः।
वाससा वेष्टयेदेवं वायुर्नाध्मापयेत्पुनः ॥ ५० ॥

વિરેચન થયા પછી ઉદર બેસી જાય તથા પેટ ઉપર સાલ્વણસ્વેદ (સૂ. ૧૭/૩ૅ) કરવા-

માં આવે પછી પેટ ઉપર વસ્ત્ર વીંટવું, કે જેથી તેમાં ફરીને વાયુ ભરાઈને તે ફૂલે નહિ.

ઉદરરોગમાં આધ્માનવાળાને બસ્તિ

सुविरिक्तस्य यस्य स्यादाध्मानं पुनरेव तम्।
सुस्निग्धैरम्ललवणैर्निरूहैः समुपाचरेत् ॥५१॥
सोपस्तम्भोऽपि वा वायुराध्मापयति यं नरम्।
तीक्ष्णाः सक्षारगोमूत्राः शस्यन्ते तस्य बस्तयः ॥

પણ જે ઉદરરોગીને બરાબર રેચ લાગ્યા પછી આધ્માન થાય તેના ઉપચાર બરાબર સ્નિગ્ધ, ખાટી અને ખારી નિરૂહબસ્તિઓથી કરવા.

અથવા કફ વગેરેના આધારવાળો (=આવરણવાળો–ચરક. ચિ. ૧૩/૧૭૪ ચક્રપાણિદત્ત) પણ વાયુ, જે માણસને આધ્માન ઉત્પન્ન કરે (તેનું પેટ ચડવાનો ઉપદ્રવ ઉત્પન્ન કરે), તે માણસને જવખાર અને ગાયના મૂત્ર સાથે તીક્ષ્ણ બસ્તિઓ આપવી એ શ્રેષ્ઠ છે.

इति सामान्यतः प्रोक्ताः
सिद्धा जठरिणां क्रियाः।

એ પ્રકારે (બધા ઉદરરોગમાં લાગુ પડે એવી) ઉદરરોગવાળાની સામાન્ય ક્રિયાઓ કહી અને તે સર્વ સિદ્ધ ક્રિયાઓ છે.

વાતોદરની ચિકિત્સા

(શ્લોક ૫૩થી ૫૮ાા)

વાતોદરના બળવાન રોગીને ક્યાં સ્નેહન, સ્વેદન અને વિરેચન આપવું?

वातोदरेऽथ बलिनं विदार्यादिशृतं घृतम् ॥५३॥
पाययेत ततः स्निग्धं स्वेदिताङ्गं विरेचयेत्।
बहुशस्तैल्वकेनैनं सर्पिषा मिश्रकेण वा ॥५४॥

વાયુથી થયેલા ઉદરરોગમાં જે રોગી બળવાન હોય તો સૂત્રસ્થાનના અધ્યાય ૧૫ શ્લોક ૯ વાળાં વિદાર્યાદિ ગણનાં ઔષધોથી સિદ્ધ કરેલું ઘી પ્રથમ રોગીને પાવું. એ ઘી પીવાથી રોગીનો કોઠો સ્નિગ્ધ થાય એટલે તેને શરીરે શેક કરવો. શેક કર્યા પછી તેને વિરેચન આપવું. એ વિરેચન તે રોગીને સામાન્ય રીતે તલ્વકઘૃત (ચિ. અ. ૨૧, શ્લોક ૩૨) અથવા મિશ્રક ઘૃત (ચિ. અ. ૧૫, શ્લોક ૮૯) વડે આપવું.

સંસર્ગી, દૂધ શા માટે અને ક્યાં સુધી પાવું?

कृते संसर्जने क्षीरं बलार्थमवचारयेत्।
प्रागुत्क्लेशान्निवर्त्यं च बले लब्धे क्रमात्पयः ॥५५॥

રોગીને સંસર્જન ક્રિયા કર્યા પછી તેને બળ આપવા માટે દૂધ પાવું. પછી જ્યારે કફ તેના સ્થાનથી ચલિત થયેલો માલૂમ પડે, ત્યાર પછી જ્યારે રોગીને બળ પ્રાપ્ત થાય ત્યારે ધીમેધીમે દૂધ પાવું બંધ કરવું; એકાએક બંધ કરવુ નહિ.

પછી દીપન

यूषै रसैर्वा मन्दाम्ललवणैरेधितानलम्।

પછી વાતોદરવાળા રોગીને યૂષ તથા માંસરસમાં થોડી ખટાઈ તથા લવણ નાખીને તે પીવા આપવા અને તેનો જઠરાગ્નિ પ્રદીપ્ત કરવો.

ઉદાવર્તવાળા વાતોદરમાં સ્નેહન, સ્વેદન, નિરૂહબસ્તિ

सोदावर्तं पुनः स्निग्धस्विन्नमास्थापयेत्ततः ॥५६
तीक्ष्णाधोभागयुक्तेन दाशमूलिकबस्तिना।

પછી તેને ઉદાવર્તરૂપી ઉપદ્રવ થતો હોય તો ફરીને પણ તેને સ્નેહપાન કરાવીને સ્નિગ્ધ કરવો અને ફરીને શેક કરવો. તે પછી શરીરના નીચેના ભાગમાં આપવાના તીક્ષ્ણ દાશમૂલિક બસ્તિ વડે તેને નિરૂહબસ્તિ આપવી. પાછળ કલ્પસ્થાન અ. ૪, શ્લોક ૩૪થી ૩૬માં દાશમૂલિક બસ્તિ કહેલી છે.

વાતોદરમાં કોનું અનુવાસન કરવું અને કોને શમનક્રિયા કરવી?

तिलोरुबूकतैलेन वातघ्नाम्लशृतेन च ॥५७॥
स्फुरणाक्षेपसन्ध्यस्थिपार्श्वपृष्ठत्रिकार्तिषु।
रूक्षं बद्धशकृद्वातं दीप्ताग्निमनुवासयेत् ॥५८॥
अविरेच्यस्य शमना बस्तिक्षीरघृतादयः।

જે વાતોદરના રોગીને થડકારા, આંચકી, હાડકાંમાં, પડખાંમાં, પીઠમાં અને ત્રિકમાં પીડા થતાં હોય તથા જે વાતોદરવાળો રોગી રૂક્ષ (લૂખો પડેલો) હોય, જેનો ઝાડો તથા વાછૂટ બંધ હોય, પણ તેનો જઠરાગ્નિ પ્રદીપ્ત હોય

તથા બળવાન હોય તેને તલનું અને દિવેલનુ તેલ (એરંડિયું) વાયુનો નાશ કરનારાં અને ખાટાં દ્રવ્યમાં સિદ્ધ કરીને અથવા વાયુનો નાશ કરનારાં અને ખટાશવાળા દ્રવ્યનો ક્વાથ તથા તલનું તેલ અને એરંડિયુ ભેગાં કરીને તે વડે અનુવાસન બસ્તિ આપવી.) વળી જે વાતોદરવાળા રોગીને સ્ફુરણ (થડકારો, ફરકવુ), આક્ષેપ (આચકી) અને સાધાના હાડકા, પાસા, પીઠ અને ત્રિક, એ ઠેકાણે પીડા થતી હોય અને તે વિરેચન આપવા યોગ્ય ન હોય (સૂ. સ્થા. અ. ૧૮) તો તેને રોગ શમાવનારાં બસ્તિ, દૂધ અને ઘી વગેરે આપવા.

પિત્તોદરની ચિકિત્સા

(શ્લોક ૫૯ થી ૬૫)

બળવાન રોગીને ક્યાં સ્નેહન, વિરેચન, નિરૂહ અને અનુવાસન આપવાં?

બલિનં स्वादुसिद्धेन पैत्ते सस्नेह्य सर्पिषा ॥५९॥
श्यामात्रिभण्डीत्रिफलाविपक्वेन विरेचयेत् ।
सितामधुघृताढ्येन निरूहोऽस्य ततो हितः ॥६०
न्यग्रोधादिकषायेण स्नेहबस्तिश्च तच्छृतः ।

પિત્તોદર રોગવાળો માણસ બળવાન હોય એટલે ઔષધના વેગને સહન કરવાની શક્તિવાળો હોય તો મધુર વર્ગના ઔષધો વડે સિદ્ધ કરેલા ઘી વડે તેનું સ્નેહન કરવું, (એટલે એ ઘી પાઈને સ્નિગ્ધ કરવો) પછી કાળું નસોતર, ધોળું નસોતર, ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), એ ઔષધોથી પકવ કરેલા ઘી વડે તેને વિરેચન આપવુ. પછી તે રોગીને સાકર, મધ અને ઘી પુષ્કળ નાખીને પાછળ સૂ. સ્થા. અ. ૧૫, શ્લોક ૪૧ મા કહેલા ન્યગ્રોધાદિ ગણના ઔષધોના ક્વાથ વડે નિરૂહબસ્તિ આપવી હિતકર છે, તેમજ ન્યગ્રોધાદિ કષાય(ક્વાથ)માં પકવ કરેલી સ્નેહબસ્તિ અનુવાસનમા આપવી પણ હિતકર છે.

નબળા રોગી માટે ક્રમ

दुर्बलं त्वनुवास्यादौ शोधयेत्क्षीरबस्तिभिः ॥६१
जाते चाग्निबले स्निग्धं भूयो भूयो विरेचयेत् ।
क्षीरेण सत्रिवृत्कल्केनोरुबूकश्रृतेन वा ॥६२॥
सातलात्रायमाणाभ्यां श्रृतेनारग्वधेन वा ।
सकफे वा समूत्रेण सतिक्ताज्येन सानिले ॥६३॥
पयसाऽन्यतमेनैषां विदार्यादिश्रृतेन वा ।
भुञ्जीत जठरं चास्य पायसेनोपनाहयेत् ॥६४॥

પિત્તોદર રોગવાળો માણસ જો નબળો હોય તો તેને પ્રથમ અનુવાસન કરીને પછી ક્ષીરબસ્તિ(દૂધની બસ્તિ)ઓ આપીને તેનુ શોધન કરવુ. શોધન કરવાથી જ્યારે તેના જઠરાગ્નિનુ બળ વધે, ત્યારે તેને સ્નિગ્ધ કરીને વારંવાર વિરેચન આપવુ. તે વિરેચન આ પ્રમાણે છે. નસોતરના કલ્ક સાથે દૂધ પાવુ, અથવા એરંડાનાં ફળ નાખીને ઉકાળેલુ દૂધ પાવુ, અથવા સાથેર, ત્રાયમાણ અને ગરમાળાના ફળ નાખીને ઉકાળેલું દૂધ પાવુ. (આ ત્રણમાના ગમે તે યોગથી રેચ લાગે છે.) જો પિત્તોદરમાં કફ પણ સાથે હોય તો ઉપર કહેલાં હરકોઈ દૂધમાં ગાયનુ મૂત્ર મેળવીને પાવુ, જો પિત્તોદરમાં વાયુ ભળેલો હોય તો તિક્તઘૃત સાથે ઉપર કહેલા દૂધમાંનું ગમે તે એક દૂધ પાવુ (તિક્ત એટલે કડવા દ્રવ્યયુક્ત ઘૃત તે તિક્તઘૃત જાણવુ. એ ઘી ચિ. ૧૯/૨થી ૭માં કહેલું છે.), અથવા સૂ. અ. ૧૫ શ્લોક ૯ વાળા વિદાર્યાદિ ગણના ઔષધોથી સિદ્ધ કરેલા દૂધ સાથે ભોજન કરવું. પિત્તોદરવાળા રોગીના પેટ ઉપર દૂધપાકનુ બંધારણ (પોટીસ) બાંધવુ અર્થાત્ દૂધમા બંધારણ બાંધવા યોગ્ય દ્રવ્ય નાખીને દૂધને ઘાટું થવા દઈ તેનું બંધારણ બાંધવુ.

દૂધ, બસ્તિ અને વિરેચનનો ફરીફરીને કરવાનો ક્રમ

पुनः क्षीरं पुनर्बस्तिं पुनरेव विरेचनम् ।
क्रमेण ध्रुवमातिष्ठन् यत्तः पित्तोदरं जयेत् ॥६५॥

પિત્તોદરમાં વારવાર ઉપર કહેલાં દૂધ પાવાં, વારંવાર ફરીફરીને બસ્તિ આપવી, ફરીફરીને વિરેચન આપવુ. એ સર્વે યોગ્ય ક્રમમાં ચોક્કસ કરવુ કે જેથી કરીને પિત્તોદરને મટાડી શકાય; અર્થાત્ દૂધ, બસ્તિ અને વિરેચન, વારાફરતી વારંવાર આપવામા યત્ન-

શીલ થવુ, તેથી પિત્તોદર મટે છે.

કફોદરની ચિકિત્સા

(શ્લોક ૬૫ાથી ૭૫)

બળવાન રોગીને કરવાનાં સ્નેહન, સ્વેદન, વિરેચન અને સંસર્ગી

वत्सकादिविपक्वेन कफे संस्नेह्य सर्पिषा ।
स्विन्नं स्नुक्क्षीरसिद्धेन बलवन्तं विरेचितम् ॥६६
ससर्जयेत्कटुक्षारयुक्तैरन्नैः कफापहैः ।

બળવાન એટલે ઔષધનો વેગ સહન કરે એવા કફોદરવાળાને વત્સકાદિ ગણ (સૂ. સ્થા. અ. ૧૫, શ્લોક ૩૩,૩૪)નાં ઔષધો વડે પકવ કરેલા ઘી વડે સ્નિગ્ધ કરવો. પછી તેને શેક કરવો અને પછી થોરના દૂધ વડે સિદ્ધ કરેલું ઘી પાઈને તેને વિરેચન આપવું. જુલાબ લાગી રહ્યા પછી તીખાં અને ક્ષારયુક્ત તથા કફને હણનારાં દ્રવ્યોયુક્ત અન્ન વડે તેને સંસર્જન કરવુ (એટલે પેયાદિક્રમ લાગુ કરવો; અર્થાત્ તીખાં અને ક્ષારયુક્ત દ્રવ્ય વડે સિદ્ધ કરેલી પેયા પાવી વગેરે કરવુ.)

નિરૂહ, અનુવાસન, ભોજન

मूत्रत्र्यूषणतैलाढ्यो निरूहोऽस्य ततो हितः ॥६७
मुष्ककादिकषायेण स्नेहबस्तिश्च तच्छृतः ।
भोजनं व्योषदुग्धेन कौलत्थेन रसेन वा ॥ ६८ ॥

સંસર્જન ક્રમ કર્યા પછી ગોમૂત્ર, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી) અને તેલ નાખીને મુષ્કાદિ ગણ(સૂ. સ્થા. અ. ૧૫ શ્લોક ૩૨)નાં ઔષધોના કવાથ વડે સિદ્ધ કરેલી નિરૂહબસ્તિ હિતકર છે, તેમજ મુષ્કકાદિ કવાથ વડે સિદ્ધ કરેલા સ્નેહની સ્નેહબસ્તિ આપવી. કફોદરવાળા રોગીને ત્રિકટુ નાખેલા દૂધ સાથે અથવા કળથીના રસ સાથે ભોજન આપવુ હિતકર છે.

દારૂ પીનારના અમુક ઉપદ્રવોવાળા કફોદરનો ઉપાય

स्तैमित्यारुचिहृल्लासे मन्देऽग्नौ मद्यपाय च ।
दद्यादरिष्टान् क्षारांश्च कफस्त्यानस्थिरोदरे ॥६९॥

જે માણસ દારૂ પીતો હોય તેને જડતા, અરુચિ, ઊબકા (ઊલાળા) અને મંદ અગ્નિ થાય અને તે સાથે તેનું ઉદર કફ વડે સજજડ થઈ જાય, તો તેને અરિષ્ટ અને ક્ષાર આપવા.

કફોદર વગેરે માટે ક્ષાર

हिङ्गूपकुल्ये त्रिफलां देवदारु निशाद्वयम् ।
भल्लातकं शिग्रुफलं कटुकां तिक्तकं वचाम् ॥७०
शुण्ठीं मार्ङ्गीं घनं कुष्ठं सरलं पटुपञ्चकम् ।
दाहयेज्जर्जरीकृत्य दधिस्नेहचतुष्कवत् ॥ ७१ ॥
अन्तर्धूमं ततः क्षाराद्विडालपदकं पिबेत् ।
मदिरादधिमण्डोष्णजलारिष्टसुरासवैः ॥ ७२ ॥
उदरं गुल्ममष्ठीलां तून्यौ शोफं विसूचिकाम् ।
प्लीहहृद्रोगगुदजानुदावर्तं च नाशयेत् ॥ ७३ ॥

હિંગ, પીપર, ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), દેવદાર, હળદર, દારુહળદર, ભિલામાં, સરગવાનાં ફળ, કડુ, કરિયાતું, વજ, સૂંઠ, અતિવિષ, મોથ, ઉપલેટ, સરલવૃક્ષ, પંચલવણુ, એ સર્વ ઔષધને બારીક વાટીને તેનુ ચૂર્ણ કરવુ. પછી તેમાં દહીં તથા ઘી, તેલ, વસા અને મજ્જા, એ ચાર સ્નેહ નાખવા. એ સર્વને એક વાસણમાં ભરીને તેમાંથી વરાળ બહાર ન નીકળે એમ બંધ કરીને (સીડીને) તેને અગ્નિમાં મૂકીને વાસણમાં ભરેલી વસ્તુઓ બળી રહે ત્યા સુધી વાસણ અગ્નિમાં રાખવું. બળ્યા પછી તેમાંથી ક્ષાર કાઢીને તે ક્ષારમાંથી એક તોલો લઈને મદિરા, દહીં, મંડ, ગરમ પાણી, અરિષ્ટ, સુરા, આસવ, એમાંથી ગમે તે એકની સાથે પીવો. તેથી તે ઉદરરોગ, ગુલ્મરોગ, અષ્ઠીલા નામે પેટમાં ગાંઠ થાય છે તે, તુની અને પ્રતુનીરોગ, સોજો, કોગળિયુ (કોલેરા), હૃદયના રોગ, હરસ, બરોળ અને ઉદાવર્ત, એટલા રોગનો નાશ કરે છે.

નબળા માણસના કફોદરમાં પીવાની દવા

जयेदरिष्टगोमूत्रचूर्णायस्कृतिपानतः ।
सक्षारतैलपानैश्च दुर्बलस्य कफोदरम् ॥ ७४ ॥

નબળા માણસને કફોદર થયુ હોય તો તેને અરિષ્ટ, ગોમૂત્ર, ચૂર્ણ અને પ્રમેહચિકિત્સામાં ચિ. ૧૨/૨૮થી ૩૨ માં કહેલી અયસ્કૃતિ તથા ક્ષાર નાખીને તેલ પાવુ. એ ઉપાયથી નબળાનું (ઔષધનો વેગ સહન ન કરી શકે તેવા રોગીનું)

કફોદર મટે છે.

નબળા રોગીના કફોદરમાં પોટીસ શેક

उपनाह्यं ससिद्धार्थकिण्वैर्बीजैश्च मूलकात् ।
कल्कितैरुदरं स्वेदमभीक्ष्णं चात्र योजयेत् ॥७५॥

કફોદરવાળા નબળા રોગીને, સરસવ, 'કિણ્વ' અને મૂળાના બીજનો કલ્ક કરીને તેનું બંધારણ (પોટીસ) બાંધવું તથા તેને વારંવાર પેટ ઉપર સ્વેદ (પરસેવો) કાઢવો (શેક કરવો).

સંનિપાતોદરનો ઉપચાર

सन्निपातोदरे कुर्यान्नातिक्षीणबलानले ।
दोषोद्रेकानुरोधेन प्रत्याख्याय क्रियामिमाम् ॥७६
दन्तीद्रवन्तीफलजं तैलं पाने च शस्यते ।

જે દરદીને વાયુ, પિત્ત અને કફ—એ ત્રણે દોષ કોપવાથી ઉદરરોગ થયો હોય પણ જેના બળ અને જઠરાગ્નિ બહુ ઓછા ન થઈ ગયાં હોય તેવા દરદીમા જે દોષ વધારે કોપ્યો હોય તેનો વિચાર કરીને તે પ્રમાણે આ (નીચે જણાવેલા) ઉપચાર કરવા, પણ ઉપચાર કરતા પહેલાં વૈદે જણાવી દેવું, કે આ ઉપચાર નહિ કરો તો મોત નક્કી છે અને કરશો તો બચી જવાનો સભવ છે.

હવે ઉપચાર કહે છે:

દંતીમૂળ અને દ્રવંતી(ચિરાયેલાં પાદડાવાળી દંતી)નાં ફળથી સિદ્ધ કરેલું તેલ પાવુ એ સારું છે.

બેહદ વધી ગયેલા બધા ઉદરરોગોનો અને સંનિપાતોદરના ઉપાય

क्रियानिवृत्ते जठरे त्रिदोषे तु विशेषतः ॥ ७७ ॥
दद्यादापृच्छय तज्ज्ञातीन्
पातुं मद्येन कल्कितम् ।
मूलं काकादनीगुञ्जाकरवीरकसम्भवम् ॥ ७८ ॥

જ્યારે કોઈ પણ ઉદરરોગ એટલો બધો વધી જાય કે તેનો ઉપાય થઈ શકે નહિ, તથા ખાસ કરીને ત્રિદોષોદરરોગ થઈ ગયો હોય, ત્યારે રોગીના બાંધવોની રજા લઈને પછી વૈદે રાતી ચણોઠીનુ મૂળ, ધોળી ચણોઠીનું મૂળ અને કણેરનુ મૂળ, એ ઔષધનો કલ્ક કરીને રોગીને દારૂ સાથે પાવો.

पानभोजनसंयुक्तं दद्याद्वा स्थावरं विषम् ।
यस्मिन् वा कुपितः सर्पो विमुञ्चति फलेविषम् ॥
तेनास्य दोषसङ्घातः स्थिरो लीनो विमार्गगः ।
बहिः प्रवर्तते भिन्नो विषेणाशु प्रमाथिना ॥८०॥
तथा व्रजत्यगदतां शरीरान्तरमेव वा ।

અથવા અસાધ્ય ઉદરરોગવાળાને વૈદે પીવાના પદાર્થમા કે ખાવાના પદાર્થમા સ્થાવર વિષ ભેળવીને આપવું, અથવા છછેડાયેલા સર્પે જે ફળ ઉપર પોતાનુ ઝેર નાખ્યુ હોય તે ફળ ખાવા આપવુ. એ રીતે ઝેર આપવાથી રોગીના દોષનો સમુદાય જે સ્થિર હોય છે, ધાતુ વગેરેમા ભળી ગયો હોય છે તથા ઊલટે માર્ગે ગતિ કરતો હોય છે, તે (દોષનો સમુદાય) પ્રમાથી ઝેર વડે છૂટો પડીને તત્કાળ શરીરમાંથી બહાર નીકળે છે અને એમ થવાથી રોગી નીરોગી થાય છે અથવા પછી બીજા શરીરને પામે છે, મૃત્યુ પામે છે.

પ્રમાથી—જે ઔષધને લીધે દોષનો સંચય શરીરના છિદ્રોમાંથી બહાર નીકળવા માડે, તે ઔષધ પ્રમાથી કહેવાય છે.

ત્રિદોષોદરવાળાનો દોષ બહાર નીકળ્યા પછીની એક મહિના સુધીની ક્રિયા

हृतदोषं तु शीताम्बुस्नातं तं पाययेत्पयः ॥८१॥
पेया वा त्रिवृतः शाकं
मण्डूक्या वास्तुकस्य वा ।
कालशाकं यवाख्यं वा खादेत्स्वरससाधितम् ॥८२
निरम्ललवणस्नेहं स्विन्नास्विन्नमनन्नभुक् ।
मासमेकं तथैव तृषितः स्वरसं पिबेत् ॥ ८३ ॥

રોગીના દોષને કાઢ્યા પછી રોગીને ઠંડા પાણીથી સ્નાન કરાવીને તેને દૂધ પાવુ, અથવા પેયા પાવી, અથવા નસોતરનુ, બ્રાહ્મીનું કે બથવાની ભાજીનુ શાક તે જ ઔષધના સ્વરસમા સિદ્ધ કરીને આપવુ, અથવા કાલશાક કે યવશાક પોતપોતાના જ સ્વરસમાં સિદ્ધ કરીને આપવુ. એ શાકમા ખટાઈ, લવણ કે ઘી, તેલ વગેરે સ્નેહ નાખવો નહિ. વળી રોગીએ તે શાક બહુ શીજવીને ન ખાવુ કે તદ્દન શીજવ્યા વિના પણ ન ખાવુ, પરંતુ સાધારણ શીજ-

વીને ખાવુ. અન્ન બિલકુલ ખાવુ નહિ. જો તેને તરસ લાગે તો તેણે ઉપર કહ્યાં તેમાંથી જે શાક રોગી ખાતા હોય તે શાકનો સ્વરસ (પાણીને ઠેકાણે) પીવો. એ પ્રમાણે એક મહિના લગી કરવું.

મહિના પછીનો નબળા રોગી માટે ક્રમ

एवं विनिर्हृते शाकैर्दोषे मासात् परं ततः ।
दुर्बलाय प्रयुञ्जीत प्राणभृत्कारभं पयः ॥ ८४ ॥

એ પ્રમાણે શાક ખવડાવીને પેટમાં ભરાયેલા પાણીરૂપી દોષ કાઢ્યા પછી એક મહિનો રહીને દુર્બળ રોગીને જીવન આપનારું ઊંટડીનું દૂધ પીવાને આપવું.

પ્લીહોદર (બરોળ વધે તેની) ચિકિત્સા

સ્નેહન, સ્વેદન, ફસ ખોલવી

प्लीहोदरे यथादोषं स्निग्धस्य स्वेदितस्य च ।
सिरां मुक्तवतो दध्ना वामबाहौ विमोक्षयेत् ॥८५॥

બરોળ વધવારૂપી ઉદરરોગ થયો હોય તેને જે દોષનો કોપ હોય, તેને યોગ્ય ઘી પિવડાવીને સ્નિગ્ધ કરવો. પછી દોષને લાગુ પડે એ રીતે શેક કરવો, અને પછી તેને દહીં સાથે ભોજન કરાવીને ડાબા હાથની ફસ ખોલીને લોહી કાઢવું.

રોગીમાં બળ આવ્યા પછી સ્નેહન, શોધન ઔષધો

लब्धे बले च भूयोऽपि स्नेहपीतं विशोधितम् ।
समुद्रशुक्तिजं क्षारं पयसा पाययेत्तथा ॥ ८६ ॥
अम्लस्रुतं विडकणाचूर्णाढ्यं नक्तमालजम् ।
सौभाञ्जनस्य वा क्वाथं सैन्धवाग्निकणान्वितम् ॥८७
हिङ्ग्वादिचूर्णं क्षाराज्यं युञ्जीत च यथाबलम् ।

બરોળ વધી હોય એવા નબળા રોગીને જ્યારે ઔષધનો વેગ સહન કરવા જેટલી શક્તિ આવે, ત્યારે તેને ફરીને સ્નેહપાન કરાવીને પછી શોધન કરવું. પછી સમુદ્રમાં ઉત્પન્ન થયેલી છીપનો ક્ષાર બનાવીને તે ક્ષાર દૂધ સાથે પાવો, અથવા કાંજી વગેરે ખટાઈમાં ઓગાળેલા કરંજના ક્ષારમાં બિડલવણ અને પીપરનું પુષ્કળ ચૂર્ણ નાખીને તે પાવો, અથવા સરગવાના ક્વાથમાં સિંધવ, ચિત્રો અને પીપર–એ ઔષધોનુ ચૂર્ણ નાખીને પાવુ, અથવા હિંગ્વાદિ (હિંગ્વાષ્ટક) ચૂર્ણ આપવુ, અથવા ચિ. ૧૦/૬૩થી ૬૪૩માં કહેલું ક્ષારઘૃત આપવું; એ સર્વે ઔષધ રોગીને સહન કરવાની શક્તિ જોઈને આપવાં.

पिप्पलीनागरं दन्तीसमांशं द्विगुणाभयम् ॥८८॥
बिडार्धांशयुतं चूर्णमिदमुष्णाम्बुना पिबेत् ।

પીપર અને સૂંઠ–એ બન્ને સરખે ભાગે લઈને દરેકનો એકએક ભાગ લેવો. દંતીમૂળના બે ભાગ લેવા. હરડે બે ભાગ લેવી. બિડલવણ અડધો ભાગ લેવો. એ સર્વનું ચૂર્ણ એકત્ર કરીને તેને ગરમ પાણી સાથે પીવું; તેથી પ્લીહોદર રોગ મટે છે.

विडङ्गं चित्रकं सक्तून् सघृतान् सैन्धवं वचाम् ॥
दग्ध्वा कपाले पयसा गुल्मप्लीहापहं पिबेत् ।

વાવડિંગ, ચિત્રો, ઘી સહિત સાથુ, સિંધવ, વજ, એ સર્વને માટીની કોરી ઠીબમા બાળીને પછી તેનો ક્ષાર બનાવીને તે ક્ષારનું વાટીને ચૂર્ણ કરવુ. એ ક્ષાર દૂધ સાથે પીવાથી ગોળો અને બરોળ (પ્લીહોદર) મટે છે.

બરોળ ઉપર પોટીસ

तैलोन्मिश्रैर्बदरकपत्रैः सम्मर्दितैः समुपनद्धः ॥९०
मुसलेन पीडितोऽनु च
याति प्लीहा पयोभुजो नाशम् ।

બોરડીનાં પાંદડાને તેલમાં નાખીને સારી પેઠે ચોળવાં. પછી પ્લીહા (બરોળ) ઉપર તેનુ બંધારણ (પોટીસ) બાંધવું. પછી તે ઉપર મૂસળી વડે દબાવવું. ખોરાકમાં દૂધ જ લેવું. એ રીતે પ્લીહા (બરોળ) નાશ પામે છે, મટી જાય છે.

બરોળ વગેરે માટે આસવ

रोहीतकलताः कल्काः खण्डशः साभया जले ९१
मूत्रे वाऽऽसुनुयात्तच्च सप्तरात्रस्थितं पिबेत् ।
कामलाप्लीहगुल्मार्शः कृमिमेहोदरापहम् ॥ ९२ ॥

પાણીમાં હરડે અને રાતા રોહિડાની વેલમાં કકડા કરીને નાખવા, અથવા ગોમૂત્રમાં હરડેના કકડા નાખીને તેમાં રાતા રોહિડાની વેલમાં કકડા નાખવા (અથવા પાણીમાં કે ગોમૂત્રમા હરડેનો ક્વાથ કરીને તે હરડે સહિત તેમાં રાતા

રોહીડાની વેલના કકડા નાખવા) અને તેને તેમાં ચોળી નાખવા. પછી તે હરડે સહિત બધું દ્રવ્ય સાત દિવસ સુધી માટીના વાસણ-માં રહેવા દેવું. સાત દિવસ પછી તે જળ કે મૂત્ર પીવુ અને હરડેને ચાટણાની માફક ખાવી. એથી કમળો, બરોળ, ગોળો, હરસ, કરમિયા, પ્રમેહ અને ઉદરરોગ મટે છે.

સિદ્ધ ઘી

रोहीतकत्वचः कृत्वा पलानां पञ्चविंशतिम्।
कोलद्विप्रस्थसंयुक्तं कषायमुपकल्पयेत् ॥ ९३ ॥
पालिकैः पञ्चकोलैस्तु तैः समस्तैश्च तुल्यया।
रोहीतकत्वचा पिष्टैर्घृतप्रस्थं विपाचयेत् ॥ ९४ ॥
प्लीहाभिवृद्धिं शमयत्येतदाशु प्रयोजितम्।

રાતા રોહીડાની છાલ સો તોલા લેવી અને તેમાં એકસો અઠ્ઠાવીસ તોલા બોર નાખીને તેનો ક્વાથ કરવો. પછી તેમાં ચોસઠ તોલા ઘી અને તે ઘીમાં પંચકોલ (પીપર, પીપરી-મૂળ, ચિત્રો, ચવક, સૂંઠ) એ પ્રત્યેક ઔષધ ચારચાર તોલા અને હરડેદળ તે બધાં-(પંચકોલ)ની બરોબર એટલે વીસ તોલા લઈને તેનો કલ્ક કરીને નાખવો. પછી તે ઘીને પકવ કરવુ. એ ઘી ખાવાથી બરોળ વધેલી હોય તે જલદીથી મટી જાય છે.

કફ અને વાયુથી વધેલી બરોળ માટે તેલ

कदल्यास्तिलनालानां क्षारेण क्षुरकस्य च ॥९५॥
तैलं पक्वं जयेत्पानात्प्लीहानं कफवातजम्।

કેળ, તલસરાં અને અઘેડા—એ ત્રણના ક્ષાર વડે તેલ પકવવુ. એ તેલ પીવાથી કફ અને વાયુથી થયેલી બરોળ મટે છે.

કફ અને વાયુથી વધેલી બરોળ ઉપર ડામ

अशान्तौ गुल्मविधिना योजयेदग्निकर्म च ॥ ९६
अप्राप्तपिच्छासलिले प्लीह्नि वातकफोल्बणे।

એ પ્રમાણે (ઉપર કહ્યા પ્રમાણે) ઉપાય કરવાથી પણ બરોળ મટે નહિ, તો જે બરો-ળમાં વાયુ અને કફ વૃદ્ધિ પામ્યાં હોય તથા જેમાં પિચ્છા અને પાણી ભરાયાં નથી એવા પ્લીહારોગ (વધેલી બરોળ) ઉપર ગુલ્મરોગમાં કહેલા વિધિ પ્રમાણે અગ્નિકર્મ કરવુ (ડામ દેવો).

પિત્તથી વધેલી બરોળ માટે ઉપાય

पैत्तिके जीवनीयानि सर्पींषि क्षीरबस्तयः ॥९७
रक्तावसेकः संशुद्धिः क्षीरपानं च शस्यते।

જો બરોળ પિત્તના પ્રકોપથી વધી હોય તો પાછળ સૂ. સ્થા. અ. ૧૫ શ્લોક ૮ માં કહેલાં જીવનીય ગણનાં ઔષધો વડે સિદ્ધ કરેલાં ઘી પાવાં, ક્ષીરબસ્તિઓ (દૂધ વડે બસ્તિઓ) આપવી, ફસ ખોલીને લોહી કાઢવું (પાછળ કહેલુ છે કે ડાબા બાહુની શિરા ખોલવી, એમ છતાં પણ અહીં ફરીને લોહી કાઢવાનુ કહેવાનુ કારણ એ છે, કે પિત્તથી વધેલી બરોળમાં લોહીનો સંચય ઘણો થાય છે; માટે તે બગડેલું લોહી વધારે કાઢી નાખવુ) અને દૂધ પાવુ, એ ઉપાય શ્રેષ્ઠ છે.

યકૃત્‌વૃદ્ધિની (કાળજું વધે તેની) ચિકિત્સા

यकृति प्लीहवत्कर्म दक्षिणे तु भुजे सिराम् ॥९८

જમણી બાજુએ યકૃત્ (કાળજું) નામે ગાંઠ હોય છે તે વધી હોય તો જે ઉપાય બરોળના કહ્યા છે તેના તે જ ઉપાય કરવા. તફાવત એટલો છે કે બરોળમાં ડાબા હાથની શિરા ખોલીને લોહી કાઢવામાં આવે છે, પણ અહીં (યકૃત્‌મા) જમણા હાથની શિરા ખોલીને લોહી કાઢવુ.

બદ્ધોદરની ચિકિત્સા

स्विन्नाय बद्धोदरिणे मूत्रतीक्ष्णौषधान्वितम्।
सतैललवणं दद्यान्निरूहं सानुवासनम् ॥ ९९ ॥
परिस्रंसीनि चान्नानि तीक्ष्णं चास्मै विरेचनम्।
उदावर्तहरं कर्म कार्यं यच्चानिलापहम् ॥ १०० ॥

બદ્ધોદર નામે ઉદરરોગ જેને થયો હોય તે રોગીને પ્રથમ શેક કરવો. પછી તેને ગોમૂત્ર અને તીક્ષ્ણ ઔષધમાં તેલ અને સિંધવ ભેળવીને અનુવાસન સહિત નિરૂહબસ્તિ આપવી. (અર્થાત્ પ્રથમ અનુવાસનબસ્તિ આપવી પછી નિરૂહબસ્તિ આપવી અને ફરી પાછી અનુવાસનબસ્તિ આપવી.) (ઉદરરોગવાળાને શેકની મના છે; તેમ છતાં અહીં બદ્ધોદરમાં

શેક કરવાનો કહેલો છે તે અપવાદ તરીકે જાણવો.) પછી બદ્ધોદરવાળા રોગીને દોષને અનુલોમ કરનારાં અન્ન ખાવા આપવાં તથા તીક્ષ્ણ વિરેચન આપવું, તેમ જ ઉદાવર્ત મટાડે એવી તથા વાયુનો નાશ કરનારી જે જે ક્રિયા હોય તે તે કરવી.

છિદ્રોદરની ચિકિત્સા

छिद्रोदरमृते स्वेदाच्छ्लेष्मोदरवदाचरेत्।
जातं जातं जलं स्राव्यमेवं तद्यापयेद्भिषक् ॥१०१

છિદ્રોદરમાં શેક સિવાયનો બધો ઉપચાર કફોદર જેવો કરવો; અર્થાત્ છિદ્રોદરમાં શેક કરવો નહિ. કદાચિત્ છિદ્રોમાંથી રસ સ્રવીને જઠરને ભરી નાખીને જળ થઈ જાય ત્યારે એવી રીતે ઉત્પન્ન થયેલા જળનો સ્રાવ કરવો (પાણી કાઢી નાખવું). એક જ વાર જળનો સ્રાવ કરવો એમ નહિ, પણ એકવાર જળસ્રાવ કર્યા પછી ફરી ભરાય ત્યારે તેનો સ્રાવ કરવો, એમ વારંવાર કરીને વૈદ્યે રોગીને સ્વાસ્થ્ય ઉત્પન્ન કરવું, નીરોગી કરવો.

ઉદકોદર(જળંધર)ની ચિકિત્સા

अपां दोषहराण्यादौ योजयेदुदकोदरे।
मूत्रयुक्तानि तीक्ष्णानि विविधक्षारवन्ति च ॥
दीपनीयैः कफघ्नैश्च तमाहारैरुपाचरेत्।

પ્રથમ જળંધરમાં જળના દોષ હરનારાં ઔષધ આપવાં અને તે સર્વ ઔષધોને ગોમૂત્રની ભાવના આપવી, તીક્ષ્ણ એવા અનેક પ્રકારના ક્ષારની ભાવનાવાળાં આપવાં, પછી તે રોગીને દીપન અને કફનાશક આહાર આપવારૂપી તેનો ઉપચાર કરવો.

क्षारं छागकरीषाणां स्रुतं मूत्रेऽग्निना पचेत्॥
घनीभवति तस्मिंश्च कर्षांशं चूर्णितं क्षिपेत्।
पिप्पली पिप्पलीमूलं शुण्ठी लवणपञ्चकम् ॥
निकुम्भकुम्भत्रिफलास्वर्णक्षीरीविषाणिकाः।
स्वर्जिकाक्षारयवक्षारसातलायवशूकजम् ॥
कोलाभा गुटिकाः कृत्वा ततः सौवीरकाप्लुताः।
पिबेदजरके शोफे प्रवृद्धे चोदकोदरे ॥ १०६॥

બકરીની લીંડીઓનો ક્ષાર કાઢીને તેને ગોમૂત્રમાં નાખીને અગ્નિથી રાંધવો. પછી તે ક્ષાર જ્યારે ઘાટો (ઘટ્ટ) થાય, ત્યારે તેમાં પીપર, પીપરીમૂળ, સૂંઠ, પાંચ લવણ, નસોતર, નેપાળો, હરડે, બહેડાં, આમળાં, દારૂડી, મીઢીઆવળ, સાજીખાર, વજ, સાથેર, જવખાર, એ ઔષધો એકએક તોલો નાખવાં. પછી તેની બોર-બોર જેવડી ગોળીઓ કરવી. પછી તેને સૌવીરમાં નાખીને પીવી. તેથી અજીર્ણ, સોજો અને ઉદકોદર (જળંધર) વધી ગયું હોય તે મટે છે.

બદ્ધોદર, છિદ્રોદર અને જળંધરમાં શસ્ત્રક્રિયા ક્યારે કરવી?

इत्यौषधैरप्रशमे त्रिषु बद्धोदरादिषु।
प्रयुञ्जीत भिषक् शस्त्रमार्तबन्धुनृपार्थितः ॥१०७

એ પ્રમાણે ઔષધ કરવા છતા પણ રોગ ન મટે તો બદ્ધોદર, છિદ્રોદર અને જળંધરમાં રોગીના બાંધવોની અને રાજાની વિનતિથી વૈદ્યે તે રોગી ઉપર શસ્ત્રકર્મ કરવું.

બદ્ધોદર અને છિદ્રોદરરોગમાં શસ્ત્રક્રિયાનો વિધિ

स्निग्धस्विन्नतनोर्नाभेरधो बद्धक्षतान्त्रयोः।
पाटयेदुदरं मुक्त्वा वामतश्चतुरङ्गुलात् ॥१०८
चतुरङ्गुलमानं तु निष्कास्यान्त्राणि तेन च।
निरीक्ष्यापनयेद्वालमलर्लेपोपलादिकम् ॥ १०९
छिद्रे तु शल्यमुद्धृत्य विशोध्यान्त्रपरिस्रवम्।
मर्कोटैर्दंशयेच्छिद्रं तेषु लग्नेषु चाहरेत् ॥ ११०
कायं मूर्ध्नोऽनु चान्त्राणि यथास्थानं निवेशयेत्।
अक्तानि मधुसर्पिर्भ्यामथ सीव्येद्बहिर्व्रणम् ॥१११
ततः कृष्णमृदाऽऽलिप्य बध्नीयाद्यष्टिमिश्रया।
निवातस्थः पयोवृत्तिः स्नेहद्रोण्यां वसेत्ततः ॥

બદ્ધોદર અને છિદ્રોદરમા રોગીને પ્રથમ સ્નેહપાન કરાવીને સ્નિગ્ધ કરવો, પછી તેને શેક કરીને પરસેવો કાઢવો. પછી ડાબી કૂખમાં જે જગા ડૂંટીથી ચાર આંગળ નીચી હોય અને સાથેસાથે રોમરાજિથી (=ડૂંટીથી તે મૂત્રેન્દ્રિય સુધી વાળની ઊભી લીટી છે તેનાથી) ચાર આગળ ડાબી બાજુએ પણ હોય તે જગાએ શસ્ત્રથી કાપ મૂકવો અને ચીરા આગળથી આંતરડાં બહાર કાઢીને બરાબર તપાસ

કરીને તે ઉપર જે વાળ, મળનો લેપ કે કાંકરી વગેરે હોય તે કાઢી નાખવુ. છિદ્રોદર હોય તો આતરડાંમાં જે શલ્ય હોય તે કાઢી નાખવું અને આતરડાનો દૂઝતો ભાગ સાફ કરવો; પછી છિદ્ર ઉપર મંકોડા મૂકીને તેનો ડંખ ભરાવવો. જ્યારે તે વળગે ત્યારે તે મંકોડાના માથા આગળથી મકોડાનુ માથા સિવાયનું બાકીનુ અંગ ખેંચવુ અને એ મકોડાના માથા સિવાયનુ શરીર લઈ લીધા પછી આંતરડાં ઉપર મધ અને ઘી ચોપડીને આંતરડાંને તેમને ઠેકાણે બરોબર ગોઠવવા. પછી બુહારનો જે વ્રણ (ઘા) કર્યો હોય તે સીવી લેવો; અંદરનો વ્રણ સીવવો નહિ. પછી કાળી માટી અને જેઠીમધ ભેગા કરીને તે વડે બહારના વ્રણ ઉપર લેપ કરીને પાટો બાધવો. પાટો બાધ્યા પછી રોગીને પવન વિનાની જગ્યામા રહેવા દેવો અને તેને ફક્ત દૂધ ખાવા આપવુ; તેમ જ તેને સ્નેહદ્રોણીમા રાખવો (તેલ, ઘી વગેરે સ્નેહના વાસણમાં કેડ સુધી ડુબેલો રાખવો).

જળંધરમા તથા બીજા ઉદરરોગોમાં પણ પેટમાં પાણી ભરાય ત્યારે શસ્ત્રક્રિયા કરવાનો વિધિ

सजले जठरे तैलैरभ्यक्तस्यानिलापहैः ।
स्विन्नस्योष्णाम्बुनाऽऽकक्षमुदरे पट्टवेष्टिते ॥११३
वद्धच्छिद्रोदितस्थाने विध्येदङ्गुलमात्रकम् ।
निधाय तस्मिन्नाडीं च स्रावयेदर्धमम्भसः ॥११४
अथास्य नाडीमाकृष्य तैलेन लवणेन च ।
व्रणमभ्यज्य बध्वा च वेष्टयेद्वाससोदरम् ॥
तृतीयेऽह्नि चतुर्थे वा यावद्वाषोडशं दिनम् ।
तस्य विश्रम्य विश्रम्य स्रावयेदल्पशो जलम् ॥
विवेष्टयेद्गाढतरं जठरं वाससा श्लथम् ।
नि:स्रुते लङ्घितः पेयामस्नेहलवणां पिवेत् ॥ ११७

જળધર ઉપર પ્રથમ તલના તેલ વડે તથા સરસિયું, દિવેલ વગેરે વાયુને હરણ કરનારાં તેલ વડે અભ્યંગ કરવો, તે તેલ ચોળવા. એ રીતે સ્નિગ્ધ કરીને પછી ગરમ પાણી વડે તેને શેક કરવો. પછી બગલ સુધી તેના પેટને લૂગડાથી વીટી લેવુ. તે પછી બદ્ધોદર અને છિદ્રોદરમાં જે જગ્યાએ ચીરો મૂકવાનો કહેલો છે, તે જગ્યાએ એક આગળ જેટલો વેધ કરવો (વીંધવુ). પછી તે વેધમાં નાડી (ભૂંગળી) મૂકીને જળોદરમાંનું અર્ધું જળ વહેવડાવવું, કાઢી નાખવુ. પછી વેધમાંથી નાડી ખેંચી લઈને તેલ તથા સિંધવને વ્રણ ઉપર ચોપડીને પાટો બાંધી લેવો અને પછી તેનુ પેટ કપડાથી વીટી લેવું. એ રીતે એકવાર કર્યા પછી ત્રીજે કે ચોથે દહાડે પણ એ જ રીતે ફરીને પાણી કાઢવું રોગીના શરીરનું બળાબળ જોઈને ત્રણ, ચાર, પાંચ, છ અને એ રીતે સોળ દિવસનું અંતર રાખીને પાણી કાઢવું. સોળ દિવસથી વધારે દિવસનું અતર રાખવુ નહિ. એવી રીતે થોડે-થોડે પાણી કાઢવાનુ કારણ એ છે કે, જો એકદમ શરીરમાંથી ઘણુ પાણી વહી જાય તો તેથી રોગીને બીજો ઉપદ્રવ (નુકસાન) થાય છે. પાણી કાઢ્યા પછી રોગીના ઢીલા પડેલા પેટને કપડાથી મજબૂત બાંધવુ, પણ તેના શ્વાસોચ્છ્વાસને રોકાણ થાય નહિ તેવું બાધવુ. પાણી કાઢ્યા પછી જળંધરના રોગીએ પ્રથમ ઉપવાસ કરવો તથા પછી જરાક સ્નેહ અને જરાક લવણ નાખીને પેયા પીવી. ક્લેદ (ભીનાશ, પચપચું) ન થાય તથા વાયુ કોપે નહિ માટે લગાર સ્નેહ અને લગાર લવણ પેયામા લેવુ.

જલંધરવાળાની એક વરસ સુધીની પરેજ

स्यात्क्षीरवृत्तिः षण्मासांस्त्रीन् पेयां पयसा पिवेत् ।
त्रींश्चान्यान् पयसैवाद्यात् फलाम्लेन रसेन वा ॥
अल्पशोऽस्नेहलवणं जीर्णं श्यामाककोद्रवम् ।
प्रयतो वत्सरेणैव विजयेत जलोदरम् ॥ ११९

જળંધરવાળાએ છ માસ લગેલું દૂધ પીને રહેવુ. પછીના ત્રણ માસ દૂધ સાથે પેયા પીવી. ત્યાર પછી ત્રણ માસ સુધી દૂધ સાથે અથવા ફળોની ખટાઈ સાથે અથવા માંસરસ સાથે જૂના સામો અને જૂના કોદરાનું અન્ન થોડો સ્નેહ અને થોડ લવણ નાખીને ખાવું. એ પ્રમાણે વરસ સુધી બરાબર પથ્ય પાળીને જળોદર(જળંધર)રોગને જીતવો.

वर्ज्येषु यन्त्रितो दिष्टे नात्यदिष्टे जितेन्द्रियः।

ઉદરરોગવાળા માણુસે શ્લોક ૧૨૫, ૧૨૫ફૈ-માં કહેલા ત્યાગ કરવા યોગ્ય આહારવિહારમાં યંત્રિત થવું; અર્થાત્ જે આહારવિહારની મના કરી હોય તેનો તદ્દન ત્યાગ કરવો. જે અન્નપાન વગેરે ખાવાની વૈદ્યે આજ્ઞા કરી હોય તેમાં અનિયંત્રિત (સ્વચ્છંદી) ન થવું; અર્થાત્ તેનો માપસર ઉપયોગ કરવો; તથા જે અન્નપાન વગેરે ખાવાનાં વૈદ્યે કહ્યાં નથી તેને વિષે જિતેંદ્રિય થવું, અર્થાત્ તેનો રાજીખુશીથી તદ્દન ત્યાગ કરવો.

બધા ઉદરરોગમાં વાયુનું શમન કરવાની જરૂર: કારણ

सर्वमेवोदरं प्रायो दोषसङ्घातजं यतः ॥ १२० ॥
अतो वातादिशमनी क्रिया सर्वत्र शस्यते।

બધા ઉદરરોગ ઘણુંખરું દોષના સમુદાયથી ઉત્પન્ન થાય છે, માટે સર્વ ઉદરરોગમાં વાયુ વગેરે દોષને શમાવનારી સર્વે ક્રિયાઓ કરવી શ્રેષ્ઠ છે. (શ્લોકમા 'પ્રાયઃ–ઘણુંખરું' લખેલું છે તે ઉપરથી એમ સમજવું કે, ઉદરરોગ વાયુ વગેરેથી થાય છે એમ જ નથી; કોઈકવાર પ્રાક્તન કર્મ પણ તેનું કારણ છે.)

ઉદરરોગમાં મંદ અગ્નિ થવાનું કારણ: ઉપાય

वह्निर्मन्दत्वमायाति दोषैः कुक्षौ प्रपूरिते ॥१२१
तस्माद्भोज्यानि भोज्यानि दीपनानि लघूनि च।
सपञ्चमूलान्यल्पाम्लपटुस्नेहकटूनि च ॥ १२२॥

ઉદરરોગમાં વાયુ વગેરે દોષથી કૂખો ભરાઈ જાય છે તેથી અગ્નિ મંદ પડે છે. માટે જે ભોજ્ય હલકાં અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરે એવાં હોય તે ખાવાં. દાખલા તરીકે, પંચમૂળમાં સિદ્ધ કરેલા, લગાર ખાટા, લગાર ખારા, લગાર સ્નેહયુક્ત તથા લગાર તીખા ભોજ્ય પદાર્થ ખાવા.

ઉદરરોગવાળાનું સાત્મ્ય (માફક આવે એવું, પથ્ય) ભોજન

भावितानां गवां मूत्रे षष्टिकानां च तण्डुलैः।
यवागूं पयसा सिद्धां प्रकामं भोजयेन्नरम् ॥१२३
पिबेदिक्षुरसं चानु जठराणां निवृत्तये।
स्वं स्वं स्थानं व्रजन्त्येषां वातपित्तकफास्तथा॥

ગાયના મૂત્રમાં સાઠી ચોખાને ભાવના આપીને દૂધમાં તે ચોખાની યવાગૂ કરવી અને તે યવાગૂ રોગીને પેટ ભરીને ખવડાવવી. તે ખાધા પછી ઉદરરોગની શાંતિને અર્થે શેરડીનો રસ પીવો.' એમ કરવાથી રોગીના વાત, પિત્ત અને કફ દોષ પોતપોતાને સ્થાને જાય છે.

ઉદરરોગવાળાનાં અસાત્મ્ય (માફક ન આવે એવાં, અપથ્ય) આહારવિહાર

अत्यर्थोष्णाम्ललवणं रूक्षं ग्राहि हिमं गुरु।
गुडं तैलकृतं शाकं वारि पानावगाहयोः ॥१२५
आयासाध्वदिवास्वप्नयानानि च परित्यजेत्।

ઉદરરોગવાળાએ અતિશય ઊનું, ખાટું, ખારું, લૂખું, ગ્રાહી, ઠંડું, ભારે, ગોળ, તેલમાં વઘારેલું શાક, જળપાન અને સ્નાન, શ્રમ, માર્ગગમન (પગપાળી મુસાફરી), દિવસે નિદ્રા અને વાહન ઉપર (કે વાહનમાં) બેસીને જવું એટલા વાનાં તજવાં. (આ જગ્યાએ પાણી પીવાની પણ મના કરી છે; માટે તેણે શું પીવું તે નીચેના શ્લોકોમાં કહ્યું છે.)

કયા ઉદરરોગમાં શું નાખીને છાશ પિવાય?

नात्यच्छसान्द्रमधुरं तक्रं पाने प्रशस्यते ॥१२६॥
सकणालवणं वाते, पित्ते सोषणशर्करम्।
यवानीसैन्धवाजाजीमधुव्योषैः कफोदरे ॥ १२७॥
त्र्यूषणक्षारलवणैः संयुतं निचयोदरे।
मधुतैलवचाशुण्ठीशताह्वकुष्ठसैन्धवैः ॥ १२८॥
प्लीह्नि, बद्धे तु हपुषायवानीपटुवजाजिभिः।
सकृष्णामाक्षिकं छिद्रे, व्योषवत्सलिलोदरे ॥१२९

બહુ પાતળી નહિ તેમ બહુ જાડીયે નહિ એવી છાશ ઉદરરોગવાળાએ પીવી એ શ્રેષ્ઠ છે. જો ઉદરરોગ વાયુ કોપવાથી થયો હોય તો (વાતોદરમાં) તે છાશમાં પીપર અને સિંધવનું ચૂર્ણ નાખવું; પિત્તથી થયો હોય તો (પિત્તોદરમાં) છાશમા મરી અને સાકરનુ ચૂર્ણ નાખવુ; જો કફોદર થયું હોય તો યવાની અજમો, સિંધવ, જીરું, મધ અને ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી) નાખીને તે છાશ પીવી; જો ત્રિદોષોદરનો રોગ હોય તો

ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), જવખાર અને સિંધવ નાખીને તે છાશ પીવી; જો પ્લીહોદર હોય તો મધ તથા તેલ (તલનું) અને વજ, સૂંઠ, સુવા, ઉપલેટ અને સિંધવ, એમનું ચૂર્ણ છાશમાં નાખવું; બદ્ધોદર હોય તો પલાંશી, ચવાની અજમો, સિંધવ, અને જીરું નાખીને તે છાશ પીવી; જો છિદ્રોદર હોય તો પીપરનું ચૂર્ણ અને મધ નાખીને છાશ પીવી; અને જો જળોદર (જલંધર) હોય તો ત્રિકટુનું (સૂંઠ, પીપર અને મરીનું) ચૂર્ણ નાખીને તે છાશ પીવી.

કોને છાશ અમૃત જેવો ગુણ કરે છે?

गौरवारोचकानाहमन्दवह्न्यतिसारिणाम् ।
तक्रं वातकफार्तानाममृतत्वाय कल्पते ॥ १३० ॥

વાયુ અને કફના રોગવાળાઓને ભારેપણું, અરુચિ, પેટ ચડવું, મંદાગ્નિ, અતિસાર, એ ઉપદ્રવો થાય ત્યારે તે ઉપર છાશ પીધી હોય, તો તે અમૃત જેવો ફાયદો આપે છે.

બધા પ્રયોગો પછી દૂધ આપવું: કારણ

प्रयोगाणां च सर्वेषामनु क्षीरं प्रयोजयेत् ।
स्थैर्यकृत्सर्वधातूनां बल्यं दोषानुबन्धहृत् ॥१३१॥

ઉદરરોગીનો રોગ મટાડવા માટે જે જે પ્રયોગ કર્યા હોય તે સર્વની પછી દૂધ આપવું; કેમ કે દૂધ સર્વે ધાતુઓને સ્થિર કરનારું, બળ આપનારું તથા દોષોના અનુબંધને હરનારું છે.

દૂધના ગુણ

भेषजापचिताङ्गानां क्षीरमेवामृतायते ॥१३१½॥

જે રોગીનું શરીર ઔષધોથી ઉતરી ગયું હોય છે, તેમને દૂધ અમૃત જેવો ગુણ કરે છે (માટે ઔષધનો પ્રયોગ કર્યા પછી દૂધ આપવું યોગ્ય છે.)

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने उदरचिकित्सितं नाम पञ्चदशोऽध्यायः ॥ १५ ॥

અધ્યાય ૧૬ મો
પાંડુરોગની ચિકિત્સા

अथातः पाण्डुरोगचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે પાંડુરોગ(અં. એનિમિયા)ની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

પાંડુરોગની સામાન્ય ચિકિત્સા

(શ્લોક ૦।।થી ૩૨।।)

સ્નેહન માટે ઘી

पाण्डुरामयी पिबेत्सर्पिरादौ कल्याणकाह्वयम् ।
पञ्चगव्यं महातिक्तं शृतं वाऽऽरग्वधादिना ॥१॥

(પાંડુરોગમાં મુખ્યત્વે કરીને પિત્તની ચિકિત્સા કરવી અને તે પછી વાયુ અને કફની ચિકિત્સા કરવી, કેમ કે એ રોગ ઉત્પન્ન કરવામાં પિત્ત એ જ મુખ્ય છે. પિત્તની શાંતિ માટે ઘી પીવું યોગ્ય છે માટે) પાંડુરોગવાળાએ પ્રથમ 'કલ્યાણક ઘૃત' (ઉત્તરસ્થાન અ. ૬, શ્લોક ૨૬થી ૨૧) પીવું; અથવા ઉત્તરસ્થાન અ. ૭, શ્લોક ૧૯થી ૨૩માં અપસ્માર પ્રતિષેધના અધ્યાયમાં 'પંચગવ્ય ઘૃત' કહ્યું છે તે પીવું; અથવા ચિ. સ્થા. અ. ૧૯માં શ્લોક ૭½થી ૧૦½માં કુષ્ઠરોગની ચિકિત્સામાં 'મહાતિક્ત ઘૃત' કહ્યું છે તે પીવું; અથવા સૂ. સ્થા. અ. ૧૫, શ્લોક ૧૮વાળાં આરગ્વધાદિ ગણનાં ઔષધોના ક્વાથ વડે સિદ્ધ કરેલું ઘી પીવું.

दाडिमात्कुडवो धान्यात्कुडवार्धं पलं पलम् ।
चित्रकाच्छृङ्गवेराच्च पिप्पल्यर्धपलं च तैः ॥२॥
कल्कितैर्विंशतिपलं घृतस्य सलिलाढके ।
सिद्धं हृत्पाण्डुगुल्मार्शःप्लीहवातकफार्तिनुत् ॥३॥
दीपनं श्वासकासघ्नं मूढवातानुलोमनम् ।
दुःखप्रसविनीनां च वन्ध्यानां च प्रशस्यते ॥४॥

દાડમ સોળ તોલા લેવાં; ધાણા આઠ તોલા લેવા; ચિત્રો, સૂંઠ, એ બે ઔષધો ચારચાર તોલા લેવા; પીપર બે તોલા લેવી; એ સર્વનો કલ્ક કરવો. પછી બસો છપ્પન (૨૫૬) તોલા પાણીમાં એંશી (૮૦) તોલા ઘી નાખીને તેમાં ઉપર કહેલો કલ્ક નાખીને તે ઘી સિદ્ધ કરવું. એ રીતે સિદ્ધ થયેલું ઘી હૃદયના રોગ, પાંડુરોગ, ગુલ્મરોગ, હરસ, બરોળ, વાયુના રોગ, કફરોગ, એ સર્વની પીડાનો નાશ કરે છે. વળી તે જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે તથા દમ અને ખાંસીને મટાડે છે. તે મૂઢ (રુંધાઈ રહેલા) વાયુનું અનુ-

લોમન કરે છે એટલે તેને સ્વાભાવિક માર્ગે પ્રવૃત્ત કરે છે, તથા તે ઘી પ્રસવકાળે કષ્ટ પામતી સ્ત્રીને આપવાથી તેને સહેલાઈથી પ્રસવ થાય છે અને વંધ્યા સ્ત્રીને એ ઘી ખવડાવવાથી સંતાન થાય છે.

વમન, સ્નેહન, વિરેચન

स्नेहितं वामयेत्तीक्ष्णैः
पुनः स्निग्धं च शोधयेत् ।
पयसा मूत्रयुक्तेन बहुशः केवलेन वा ॥५॥

પાંડુરોગવાળાને સ્નેહપાન કરાવીને તેને તીક્ષ્ણ ઔષધો વડે ઊલટીઓ કરાવવી અને ફરીને તેને સ્નેહપાન કરાવીને દૂધ તથા ગોમૂત્ર મેળવીને પાવું અથવા એકલું દૂધ પાવું અને એમ કરીને તેનું વારંવાર શોધન કરવું.

પાંડુરોગમાં વિરેચન ઔષધ

दन्तीफलरसे कोष्णे काश्मर्याञ्जलिमासुतम् ।
द्राक्षाञ्जलिं वा मृदितं तत्
पिबेत् पाण्डुरोगजित् ॥ ६ ॥
मूत्रेण पिष्टां पथ्यां वा तत्सिद्धं वा फलत्रयम् ।

નેપાળાનાં બીને વાટીને તેને પાણીમાં ઉકાળવાં. પછી તે કોકરવરણા પાણીમાં આશરે સોળ તોલા શીવણનાં ફળને આથીને તે પાણી પાવું, તેથી પાંડુરોગ મટે છે; અથવા આશરે સોળ તોલા કાળી દ્રાક્ષ ને ગરમ પાણીમાં ચોળીને પીવી, તે પણ તે જ ગુણ આપે છે; અથવા હરડેને ગોમૂત્રમાં વાટીને તે પીવાથી પાંડુરોગ મટે છે; અથવા ગોમૂત્રમાં ત્રિફળાનો ક્વાથ કરીને પીવાથી પણ તે જ ગુણ થાય છે.

स्वर्णक्षीरीत्रिवृच्छ्यामाभद्रदारुमहौषधम् ॥७॥
गोमूत्राञ्जलिना पिष्टं शृतं तेनैव वा पिबेत् ।
साधितं क्षीरमेभिर्वा पिबेद्दोषानुलोमनम् ॥८॥

દારૂડી, નસોતર, પીપર, તલિયો દેવદાર અને સૂંઠ, એટલાં ઔષધોને સોળ તોલા ગાયના મૂત્રમાં વાટીને પીવાથી અથવા ગોમૂત્રમાં એ ઔષધોના ક્વાથ કરીને પીવાથી અથવા એ જ ઔષધો વડે સિદ્ધ કરેલું દૂધ પીવાથી પાંડુરોગ મટે છે, કેમ કે તે દૂધ વાયુ વગેરે દોષનું અનુલોમન કરનારું છે.

લોહચૂર્ણ, ભોજન

मूत्रे स्थितं वा सप्ताहं पयसाऽयोरजः पिबेत् ।
जीर्णे क्षीरेण भुञ्जीत रसेन मधुरेण वा ॥९॥

લોઢાના વરખની બારીક રજને ગોમૂત્રમાં સાત દિવસ રાખી મૂકવી. પછી તે દૂધ સાથે પીવી, તથા તે પચી ગયા પછી દૂધ સાથે કે ગળ્યા માંસરસ સાથે ભોજન કરવું (એથી પાંડુરોગ મટે છે).

વમનવિરેચન પછી હરડે

शुद्धश्चोभयतो लिह्यात्पथ्यां मधुघृताप्लुताम् ।

વમન અને વિરેચન લઈને નીચે ઉપર બન્ને પાસેથી શુદ્ધ થયેલા માણસે મધ અને ઘીમાં કાલવીને હરડે ચાટવી.

પાંડુ, તાવ, દાહ, ઉધરસ, દમ, અરુચિ, ગોળો, આનાહ, સંધિવા અને રક્તપિત્ત માટે ચૂર્ણ

विशालाकटुकामुस्ताकुष्ठदारुकलिङ्गकाः ॥१०॥
कर्षांशा द्विपिचुर्मूर्वा कर्षार्धांशा घुणप्रिया ।
पीत्वा तच्चूर्णमम्भोभिः सुखैर्लिह्यात्ततो मधु ॥११
पाण्डुरोगं ज्वरं दाहं कासं श्वासमरोचकम् ।
गुल्मानाहामवातांश्च रक्तपित्तं च तज्जयेत् ॥१२॥

ઇંદ્રવારણી, કડુ, મોથ, ઉપલેટ, દેવદાર, ઇંદ્રજવ એ ઔષધો એકએક તોલો લેવાં. મૂર્વા બે તોલા લેવી. અડધો તોલો અતિવિષ લેવું. પછી એ સર્વનું ચૂર્ણ કરીને તેને લગાર ગરમ પાણી સાથે પીવું અને તે ઉપર મધ ચાટવું. એથી પાંડુરોગ, તાવ, ખળતરા, ઉધરસ, દમ, અરુચિ, ગોળો, આનાહ (પેટ ચડવાનો રોગ), સંધિવા અને રક્તપિત્ત મટે છે.

પાંડ, રક્તપિત્ત અને કમળા માટે ક્વાથ

वासागुडूचीत्रिफलाकट्वीभूनिम्बनिम्बजः ।
क्वाथः क्षौद्रयुतो हन्ति पाण्डुपित्तास्रकामलाः ॥१३

અરડૂસી, ગળો, ત્રિફળા, કડુ, કરિયાતું અને લીમડાની અંતરછાલ, એ ઔષધોના ક્વાથ કરીને તે ઠંડો પડ્યા પછી તેમાં મધ નાખીને પીવાથી તે પાંડ, રક્તપિત્ત અને કમળો મટાડે છે.

કમળો, પાંડ, હૃદયરોગ, કુષ્ઠ, હરસ અને પ્રમેહ માટે ચૂર્ણ

व्योषाग्निवेल्लत्रिफलामुस्तैस्तुल्यमयोरजः ।
चूर्णितं तक्रमध्वाज्य-
कोष्णाम्भोभिः प्रयोजितम् ॥१४॥
कामलापाण्डुहृद्रोगकुष्ठार्शोमेहनाशनम् ।

સૂંઠ, પીપર, મરી, ચિત્રો, વાવડિંગ, ત્રિફળા, મોથ–એ સર્વના સરવાળાની બરાબર લોઢાના વરખનુ ચૂર્ણ લઈને તે સર્વનું ચૂર્ણ કરવુ. પછી તે ચૂર્ણને છાશ, મધ, ઘી અથવા લગાર ગરમ પાણી સાથે આપવાથી કમળો, પાંડુરોગ, હૃદયના રોગ, ચામડીના રોગ, હરસ અને પ્રમેહ મટે છે.

પાંડુ માટે ગોળી

गुडनागरमण्डूरतिलांशान् मानतः समान् ॥१५
पिप्पलीद्विगुणान्दद्याद्गुटिकां पाण्डुरोगिणे ।

ગોળ, સૂંઠ, મંડૂર અને તલ–એ ચાર ઔષધ સરખા પ્રમાણમાં લેવાં તથા તેમાં એ બધાંના સરવાળાથી બમણી પીપરો નાખીને ગોળી કરવી. એ ગોળી પાંડુરોગવાળાને આપવી. મંડૂર=લોખંડનો કાટ.

પાંડુ, કુષ્ઠ, અજીર્ણ, સોજો, ઊરુસ્તંભ, અરુચિ, હરસ, કમળો, પ્રમેહ અને બરોળ માટે મંડૂરવટક

ताप्य दार्व्यास्त्वचं चव्यं ग्रन्थिकं देवदारु च ॥१६
व्योषादिनवकं चैतच्चूर्णयेद् द्विगुणं ततः ।
मण्डूरं चाञ्जननिभं सर्वतोऽष्टगुणेऽथ तत् ॥१७॥
पृथग्विपक्वे गोमूत्रे वटकीकरणक्षमे ।
प्रक्षिप्य वटकान् कुर्यात्तान् खादेत्तक्रभोजनः ॥१८
एते मण्डूरवटकाः प्राणदाः पाण्डुरोगिणाम् ।
कुष्ठान्यजरकं शोफमूरुस्तम्भमरोचकम् ॥ १९ ॥
अर्शांसि कामलां मेहान् प्लीहानं शमयन्ति च ।

સુવર્ણમાક્ષિક, દારુહળદરની છાલ, ચવક, ગંઠોડા, દેવદાર તથા ત્રિકટુ વગેરે નવ ઔષધો પાછળ (શ્લોક ૧૩ાા માં) કહ્યાં છે તે (એટલે સૂંઠ, પીપર, મરી, ચિત્રો, વાવડિંગ, હરડે, બહેડાં, આમળા અને મોથ) એ સર્વ ઔષધોનુ ચૂર્ણ કરવું. એ સર્વ ઔષધોથી બમણુ કાજળ જેવુ કાળું મંડૂર લેવુ. પછી એ સર્વથી આઠગણા ગાયના મૂત્રમા તે ઔષધોને તથા મંડૂરને એ બન્નેને જુદાજુદાં પકવ કરવાં. જ્યારે ગુટિકા કરવા જેવાં તે ઘન (જાડાં) થાય, ત્યારે તેમને એકત્ર કરીને તેની ગોળી કરવી. એ ગોળીને મંડૂરવટક કહે છે. તે પાંડુરોગવાળાએ ખાવી. તેથી તેને જીવન મળે છે. એ ગોળીઓ ખાનારા પાંડુરોગીએ ખોરાકમાં મુખ્યત્વે છાશ લેવી. તે મંડૂરવટક ચામડીના રોગ, અજીર્ણ, સોજો, ઊરુસ્તંભ, અરુચિ, હરસ, કમળો, પ્રમેહ અને બરોળ એ રોગોને શમાવી દે છે.

ખાસ વાઈ, કમળો અને હરસ માટે અવલેહ

ताप्यादिजतुरौप्यायोमलाः पञ्चपलाः पृथक् ॥२०
चित्रकत्रिफलाव्योषविडङ्गैः पालिकैः सह ।
शर्कराष्टपलोन्मिश्राश्चूर्णिता मधुना द्रुताः ॥२१॥
पाण्डुरोगं विषं कासं यक्ष्माणं विषमं ज्वरम् ।
कुष्ठान्यजरकं मेहं शोफं श्वासमरोचकम् ॥२२॥
विशेषाद्धन्त्यपस्मारं कामलां गुदजानि च ।

સુવર્ણમાક્ષિક, શિલાજિત, રૂપાનો કાટ, લોખંડનો કાટ, પ્રત્યેક વીસવીસ તોલા લેવુ. ચિત્રો, ત્રિફળા, ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), વાવડિંગ–એ સર્વે ચાર ચાર તોલા લેવાં; પછી એ સર્વમાં બત્રીસ તોલા સાકર નાખીને તેનુ ચૂર્ણ કરવુ. પછી એ સર્વ ઔષધ મધમાં કાલવીને ચાટવાથી પાંડુરોગ, વિષરોગ, ખાંસી, ક્ષય, વિષમજ્વર, ચામડીના રોગ, અજીર્ણ, પ્રમેહ, સોજા, દમ, અરુચિ, એ રોગ મટે છે; તથા એ ઔષધ વાઈ, કમળો અને હરસ, એ રોગને તો ખાસ કરીને મટાડે છે.

પાંડુ વગેરે માટે ગોળી

कौटजत्रिफलानिम्बपटोलघननागरैः ॥ २३ ॥
भावितानि दशाहानि रसैर्द्वित्रिगुणानि वा ।
शिलाजतुपलान्यष्टौ तावती सितशर्करा ॥ २४ ॥
त्वक्क्षीरीपिप्पलीधात्री-
कर्कटाख्याः पलोन्मिताः ।
निदिग्ध्याः फलमूलाभ्यां
पलं युक्त्या त्रिजातकम् ॥ २५ ॥
मधुत्रिपलसंयुक्तान् कुर्यादक्षसमान् गुडान् ।

दाडिमाम्बुपयःपक्षिरसतोयसुरासवान् ॥ २६ ॥
तान् भक्षयित्वाऽनु पिबेन्निरन्नो भुक्त एव वा ।
पाण्डुकुष्ठज्वरप्लीहतमकार्शोभगन्दरम् ॥ २७ ॥
हृन्मूत्रपूतिशुक्राग्निदोषशोषगरोदरम् ।
कासासृग्दरपित्तासृक्शोफगुल्मगलामयान् ॥२८
मेहवर्ध्मभ्रमान् हन्युः सर्वदोषहराः शिवाः ।

ઇંદ્રજવ, ત્રિફળા, લીમડાની અંતરછાલ, પટોળ, મોથ, સૂંઠ, એ આઠ ઔષધો આઠ પલ (૩૨ તોલા) લઈને તેમાં આઠગણુ પાણી નાખીને આઠમા ભાગનું પાણી બાકી રહે ત્યાં સુધી તેનો ક્વાથ કરવો. પછી ક્વાથ ગાળી લઈને તે ક્વાથ વડે આઠ પલ (બત્રીસ તોલા) શિલાજિતને દસ વાર, વીસ વાર કે ત્રીસ વાર પટ આપવા. પછી બત્રીસ તોલા ખડી સાકર, ચાર તોલા વંશલોચન (વાંસકપૂર), ચાર તોલા પીપર, ચાર તોલા આમળાં અને ચાર તોલા કાકડાશીંગ, એ સર્વનુ ચૂર્ણ તેમાં નાખવુ. ભોંરિંગણીનાં મૂળ અને ફળ ચાર તોલા નાખવા. તજ, તમાલપત્ર અને એલચી પણ યુક્તિ પ્રમાણે એટલે સુવાસ બેસવા જેટલાં નાખવા. પછી એ સર્વમાં બાર તોલા મધ નાખીને એક એક તોલાની ગોળી કરવી. પછી રોગીએ ભોજન કર્યું હોય કે ન કર્યું હોય તોપણ એમાંથી એક ગોળી ખાઈને તે ઉપર દાડમનું પાણી (રસ), દૂધ, પક્ષીનો માંસરસ, પાણી, સુરા કે આસવ–એમાંથી જે રોગ માટે જે યોગ્ય હોય તે પીવું. એ ગોળી ખાવાથી પાંડુરોગ, ચામડીના રોગ, તાવ, બરોળ, તમક શ્વાસ, હરસ, ભગંદર, હૃદયના રોગ, મૂત્રનો રોગ, બગડેલા વીર્યનો રોગ, અગ્નિનો દોષ, ક્ષય, કૃત્રિમ ઝેર, ઉદરરોગ, ખાંસી, લોહીવા, રક્તપિત્ત, સોજા, ગોળો, ગળાના રોગ, પ્રમેહ, વધરાવળ અને ચક્કર–ફેર એ સર્વ રોગ મટે છે. વળી તે સર્વે દોષને હરનારી કલ્યાણકારી ગોળી છે.

હલીમક, પાંડુ અને કમળા માટે અવલેહ

द्राक्षाप्रस्थं कणाप्रस्थं शर्करार्धतुलां तथा ॥२९॥
द्विपलं मधुकं शुण्ठीं त्वक्क्षीरीं च विचूर्णितम् ।
धात्रीफलरसद्रोणे तत् क्षिप्त्वा लेहवत्पचेत् ॥३०
शीतान्मधुप्रस्थयुताद् लिह्यात्पाणितलं ततः ।
हलीमकं पाण्डुरोगं कामलां च नियच्छति ॥३१

કાળી દ્રાક્ષ ચોસઠ તોલા, પીપર ચોસઠ તોલા, સાકર બસો તોલા; જેઠીમધ, સૂંઠ, વંશલોચન (વાંસકપૂર)–એ ત્રણનું ચૂર્ણ આઠ તોલા, એ સર્વને એક દ્રોણ (૧૦૨૪ તોલા) આમળાંના રસમાં નાખીને અવલેહની પેઠે તેનો પાક કરવો. પછી તે ઠંડો થાય ત્યારે તેમાં ચોસઠ તોલા મધ નાખીને તે સર્વને એકત્ર કરવું. પછી તેમાંથી એક તોલો લઈને ચાટવુ. એથી હલીમક રોગ, પાંડુરોગ અને કમળો–એ રોગો મટે છે.

પાંડુ અને કમળા માટે લઘુપંચમૂળ, કાળી દ્રાક્ષ, આમળાં

कनीयःपञ्चमूलाम्बु शस्यते पानभोजने ।
पाण्डूनां, कामलार्तानां मृद्वीकामलकाद्रसः ॥३२

પાંડુરોગવાળાને અને કમળાના રોગવાળાને લઘુપંચમૂળનો ક્વાથ ખાવા–પીવામાં શ્રેષ્ઠ છે, એટલે તે ક્વાથ પીવામાં લેવો તથા તે ક્વાથ વડે સિદ્ધ કરેલું ભોજન ખાવુ. તે જ પ્રમાણે કાળી દ્રાક્ષનો રસ અને આમળાંનો રસ પણ પાંડુ તથા કમળાવાળા રોગીઓ માટે ખાવા-પીવામાં શ્રેષ્ઠ છે.

इति सामान्यतः प्रोक्तं पाण्डुरोगे भिषग्जितम् ।

એ પ્રમાણે પાંડુરોગનાં સામાન્ય ઔષધ કહ્યાં છે.

પાંડુમાં વિશેષ ચિકિત્સા

(શ્લોક ૩૩ થી ૩૯)

विकल्प्य योज्यं विदुषा पृथग्दोषबलं प्रति ॥३३

તે ઉપરથી ઔષધ વગેરે બનાવી જાણનાર વૈદ્યે પોતાની બુદ્ધિથી જુદાજુદા દોષના બળ ઉપર વિચાર કરીને તે તે દોષમાં યોગ્ય ઔષધ બનાવીને તે ઔષધ વાપરવુ.

કયા દોષમાં કેવું ઔષધ બનાવવું ?

स्नेहप्रायं पवनजे तिक्तशीतं तु पैत्तिके ।
श्लैष्मिके कटुरूक्षोष्णं विमिश्रं सान्निपातिके ॥३४

(વાયુથી) થયેલા પાંડુરોગમાં મોટે ભાગે સ્નેહરૂપ (અથવા, પુષ્કળ સ્નેહ નાખીને) ઔષધ બનાવવાં. પિત્તથી થયેલા પાંડુમાં કડવાં, ઠંડાં

ઔષધ બનાવવાં. પાડુરોગ કફથી થયો હોય તો તીખાં, લૂખાં તથા ગરમ ઔષધો બનાવવાં અને સન્નિપાતપાડુ હોય તો મિશ્ર ઔષધો એટલે સ્નિગ્ધ, કડવા અને ઠંડાં તથા તીખા, લૂખાં અને ગરમ, એવાં ઔષધો બનાવવા.'

માટી ખાવાથી થયેલા પાંડુરોગના ઉપાય

(શ્લોક ૩૪થી ૩૯)

શોધન

मृदं निर्यापयेत्कायात्तीक्ष्णैः संशोधनैः पुरः ।

પાડુરોગવાળાના શરીરમા રહેલી માટીને થોરનુ દૂધ વગેરે તીક્ષ્ણ વિરેચન આપીને શરીરમાથી પહેલા કાઢી નાખવી.

બળ આપે એવું ઘી

बलाधानानि सर्पींषि शुद्धे कोष्ठे तु योजयेत् ॥३५

પછી જ્યારે (વિરેચનથી) કોઠો શુદ્ધ થાય ત્યારે બળ આપનારા ઘી આપવા.

માટી ખાવાથી થયેલા વિકાર માટે ઘી

व्योषबिल्वद्विरजनीत्रिफलाद्विपुनर्नवम् ।
मुस्तान्ययोरजः पाठा विडङ्गं देवदारु च ॥ ३६ ॥
वृश्चिकाली च भार्गी च सक्षीरैस्तैः शृतं घृतम् ।
सर्वान् प्रशमयत्याशु विकारान् मृत्तिकाकृतान् ॥

સૂઠ, પીપર, મરી, બીલા, હળદર, દારુહળદર, હરડે, બહેડા, આમળા, રાતી સાટોડી, ધોળી સાટોડી, મોથ, લોખડના વરખનુ ચૂર્ણ, પહાડમૂળ, વાવડિગ, દેવદાર, મીઢિયાવળ (સોનામુખી), ભારગ, એ સર્વ ઔષધોનો કલ્ક કરીને તેમા ઔષધોથી ચારગણું દૂધ નાખવુ તથા દૂધથી ચારગણું પાણી નાખવુ. પછી તેમા દૂધ જેટલું ઘી નાખીને તેનો કવાથ કરવો. ઊકળતાઊકળતાં ફક્ત ઘી બાકી રહે ત્યારે તે ઘી ગાળી લેવું. માટી ખાવાથી થયેલા સઘળા વિકાર એ ઘી ખાવાથી શમી જાય છે.

तद्वत्केसरयष्ट्याह्वपिप्पलीक्षीरशाड्वलैः ।

ઉપર કહ્યુ તે જ પ્રમાણે કેસર, જેઠીમધ, પીપર, દૂધ અને કાળી ધરો, એ સર્વ વડે ઘી સિદ્ધ કરવુ, એ ઘી ખાવાથી પણ ઉપર કહ્યો તે જ ગુણ થાય છે.

માટી ખાવાની ટેવ ન છૂટે તો માટી સાથે આપવાનું ઔષધ

मृद्द्वेषणाय तल्लौल्ये वितरेद्भावितां मृदम् ॥३८
वेल्लाग्निनिम्बप्रसवैः पाठया मूर्वयाऽथवा ।

માટી ખાનારને તેની લાલચ છૂટતી ન હોય, તો તેની માટી ખાવાની ટેવ છોડાવવા માટે વાવડિગ, ચિત્રો, લીમડાના નવા પાદડાના અકુર, પહાડમૂળ અથવા મૂર્વા એમાંથી ગમે તેનો પટ દીધેલી માટી તેને ખાવાને આપવી.

ખાધેલી માટીની જાત ઉપર ઔષધની જાતનો આધાર

मृद्भेदभिन्नदोषानुगमाद्योज्यं च भेषजम् ॥३९

કાળી, ધોળી, એવી જુદીજુદી જાતની માટી જે જે દોષ ઉત્પન્ન કરે છે તેના જ્ઞાનપૂર્વક ઔષધ આપવું. જેમ કે તૂરા સ્વાદવાળી માટી વાયુને કોપાવે છે, ખારવાળી માટી પિત્તને કોપાવે છે, ગળી માટી કફને કોપાવે છે વગેરે લક્ષણને જાણીને ઔષધ આપવુ; માત્ર માટી ખાધી છે એટલુ જ જાણીને માટીને કાઢવાનો ઉપાય કરવો નહિ; કેમકે માટીને કાઢવાનું ઔષધ તે તેના કારણથી વિરુદ્ધ ગુણવાળું આપવું પડે છે. માટે વાયુ કરે એવી, પિત્ત કરે એવી કે કફ કરે એવી એમાથી જે પ્રકારની માટી ખાવાથી પાડુરોગ થયો હોય, તેનાથી વિરુદ્ધ ઔષધ આપવાથી માટી નીકળીને પાંડુરોગ મટે છે. વિચાર કર્યા વિના માટી કાઢવાનુ ઔષધ આપવાથી એ ઔષધ અવળુ પડે છે.

કમળાની ચિકિત્સા

(શ્લોક ૪૦થી ૫૫ા)

સામાન્ય ઉપાય

कामलायां तु पित्तघ्नं पाण्डुरोगाविरोधि यत् ।

કમળાના રોગમા પિત્તને હરનારું અને પાંડુરોગનું અવિરોધી એટલે પાડુરોગ માટે પણ કુપથ્યરૂપ ન હોય એવુ ઔષધ આપવુ.

ગોળો, કમળો અને પાડુ માટે હરડેનુ ઘી

पथ्याशतरसे पथ्यावृन्तार्धशतकल्किनः ॥४०॥
प्रस्थः सिद्धो घृताद्गुल्मकामलापाण्डुरोगनुत् ।

એકસો હરડેનો કવાથ કરીને તેમા ચોસઠ

તોલા ઘી નાખવુ તથા પચાસ હરડેના ડીંટાનો કલ્ક કરીને તે ઘીમાં નાખવો. પછી તે ઘીને સિદ્ધ કરવુ. એ ઘી કમળો અને પાંડુરોગ મટાડે છે.

કમળામાં ગરમાળાનો પ્રયોગ

आरग्वधं रसेनेक्षोर्विदार्यामलकस्य वा ॥ ४१ ॥
सत्र्यूषणं बिल्वमात्रं पाययेत्कामलापहम् ।

ગરમાળો ચાર તોલા લઈને તેમાં સૂંઠ, પીપર અને મરી મેળવીને શેરડીના રસ સાથે, વિદારીકંદના રસ સાથે, અથવા આમળાના રસ સાથે પાવો. એથી કમળો મટે છે.

નેપાળો, નસોતર

पिबेत्त्रिकुम्भकल्कं वा द्विगुडं शीतवारिणा ॥४२॥
कुम्भस्य चूर्णं सक्षौद्रं त्रैफलेन रसेन वा ।

અથવા કમળાના રોગવાળાએ આઠ તોલા દંતીમૂળનો કલ્ક ઠંડા પાણી સાથે પીવો, અથવા ધોળા નસોતરનું ચૂર્ણ મધ સાથે કે ત્રિફળાના કવાથ સાથે પીવુ.

(द्विगुडને ઠેકાણે द्विगुण પાઠ હોય, તો એનો અર્થ એવો થાય કે દંતીમૂળ કરતા બમણો ગોળ લેવો.)

ત્રિફળા, ગળો, દારુહળદર, લીમડો

त्रिफलाया गुडूच्या वा दार्व्या निम्बस्य वा रसम्
प्रातःप्रातर्मधुयुतं कामलार्ताय योजयेत् ।

ત્રિફળાનો અથવા ગળોનો અથવા દારુહળદરનો અથવા લીમડાનો રસ (અથવા કવાથ) કમળાના રોગવાળાને રોજ વહેલી સવારે મધ સાથે પાવો.

કમળામાં અંજન

निशागैरिकधात्रीभिः कामलापहमञ्जनम् ॥४४॥

હળદર, ગેરુ અને આમળાં એટલાં ઔષધો કમળાના રોગવાળાની આંખમા આંજવાથી કમળો મટે છે.

તલના ખોળ જેવો ઝાડો થતો હોય તો શું કરવું?

तिलपिष्टनिभं यस्तु कामलावान् सृजेन्मलम् ।
कफरुद्धपथं तस्य पित्तं कफहरैर्जयेत् ॥ ४५ ॥

કમળાવાળા રોગીને તલના ખોળ જેવો ઝાડો થતો હોય, તો તેના જે પિત્તનો માર્ગ કફથી રોકાયેલો હોય છે, તે પિત્તને કફનાશક દ્રવ્યો વડે જીતવુ.

કમળામાં કયા ઉપદ્રવો શાથી થાય છે? ઉપદ્રવોની ચિકિત્સા

रूक्षशीतगुरुस्वादुव्यायामबलनिग्रहैः ।
कफसम्मूर्च्छितो वायुर्यदा पित्तं बहिः क्षिपेत् ॥४६
हारिद्रनेत्रमूत्रत्वक्श्वेतवर्चास्तदा नरः ।
भवेत्साटोपविष्टम्भो गुरुणा हृदयेन च ॥४७॥
दौर्बल्याल्पाग्निपार्श्वार्तिहिध्माश्वासारुचिज्वरैः ।
क्रमेणाल्पेऽनुषज्येत पित्ते शाखासमाश्रिते ॥४८
रसैस्तं रूक्षकट्वम्लैः शिखितित्तिरिदक्षजैः ।
शुष्कमूलकजैर्यूषैः कुलत्थोत्थैश्च भोजयेत् ॥ ४९ ॥
भृशाम्लतीक्ष्णकटुकलवणोष्णं च शस्यते ।
सबीजपूरकरसं लिह्याद्व्योषं तथाऽऽशयम् ॥५०॥
स्वं पित्तमेति तेनास्य शकृदप्यनुरज्यते ।
वायुश्च याति प्रशमं सहाटोपाद्युपद्रवैः ॥ ५१ ॥

લૂખા, ઠંડા, ભારે, ગળ્યા, એવા પદાર્થોનું સેવન, કસરત કરવી, બળ કરવું, પકડી રાખવું વગેરે આહારવિહારથી વાયુ કોપીને જ્યારે કફની સાથે મળી જાય છે, ત્યારે તે વાયુ પિત્તને તેના સ્થાનમાંથી બહાર ફેંકે છે, તેથી માણસની આંખો, મૂત્ર અને ચામડી હળદર જેવાં પીળાં થાય છે, ઝાડો ધોળો થાય છે, આટોપ થાય છે અને ઝાડો કબજ થાય છે. વળી થોડું પિત્ત પોતાના આશયમાંથી નીકળીને હાથપગરૂપી શાખાઓમાં ચડી જાય છે, ત્યારે હૃદય ભારે થાય છે, માણસ દુર્બળ થઈ જાય છે, જઠરાગ્નિ મંદ થાય છે, પાસાંમા પીડા થાય છે, હેડકી થાય છે, હાંફ ઉપડે છે, અરુચિ થાય છે અને તાવ આવે છે, એવા એક પછી એક ઉપદ્રવો થાય છે. એવા ઉપદ્રવવાળા માણસને લૂખા, તીખા અને ખાટા એવા મોર, તેતર અને કૂકડાના માંસરસ સાથે ભોજન આપવુ, અથવા સૂકા મૂળાના યૂષ સાથે અથવા કળથીના યૂષ સાથે તેને ભોજન આપવું. વળી તેને અત્યંત ખાટું, તીક્ષ્ણ, તીખું, ખારું અને ગરમ ભોજન આપવુ એ શ્રેષ્ઠ છે. વળી તેણે

દોષથી ઉત્પન્ન થયેલો સોજો આખા શરીર ઉપર પસરેલો હોય તથા તે સામ હોય ત્યારે પ્રથમ ઉપવાસ કરીને પછી લઘુ ભોજન કરવું. પછી સૂંઠ, અતિવિષ, દેવદાર, વાવડિંગ, ઇંદ્રજવ, મરી, એ ઔષધોનું ચૂર્ણ લગાર ગરમ પાણી સાથે પીવું; અથવા હરડે, સૂંઠ, દેવદાર અને સાટોડીનું ચૂર્ણ લગાર ગરમ પાણી સાથે પીવું. જો રોગી દોષયુક્ત હોય એટલે દોષનું બળ વધારે હોય, તો તેણે (ચિ. ૧૨/૨૮થી ૩૨માં કહેલું) નુવાયસ (=અયસ્કૃતિ-સુશ્રુત ચિ. ૨૩/૧૨ ઉપર ડલ્હણ) પીવું. શોધન માટે ચિ. ૮/૫૫થી ૫૬ પ્રમાણે ગાયના મૂત્ર સાથે હરડેનું સેવન કરવું; અથવા ત્રિફળાના ક્વાથ સાથે કડ, નસોતર, લોહચૂર્ણ અને ત્રિકટુ-(સૂંઠ, પીપર, મરી)નું સેવન કરવું; અથવા ત્રિફળાના ક્વાથ સાથે ગુગળનું સેવન કરવું અથવા ત્રિફળાના ક્વાથ સાથે શિલાજિતનું સેવન કરવું.

અગ્નિ મંદ હોય અને ઝાડો સામ, ભારે, ભાંગેલ અને રોકાયેલો હોય તો શું કરવું ?

मन्दाग्निः शीलयेदामगुरुभिन्नविबद्धविट् ॥ ४ ॥
तक्रं सौवर्चलव्योषक्षौद्रयुक्तं गुडाभयाम् ।
तक्रानुपानमथवा तद्वद्वा गुडनागरम् ॥ ५ ॥

શોફરોગવાળાનો જઠરાગ્નિ મંદ હોય તથા ઝાડો આમયુક્ત, ભારે, ભાંગેલો અને રોકાયેલો હોય, તો તેણે સંચળ, ત્રિકટુ અને મધ સહિત છાશ પીવી, અથવા ગોળ અને હરડે ખાઈને તે ઉપર છાશ પીવી, અથવા ગોળ અને સૂંઠ ખાઈને તે ઉપર છાશ અનુપાન તરીકે પીવી.

ગોળ અને આદુનો પ્રયોગ

आर्द्रकं वा समगुडं प्रकुञ्चार्धविवर्धितम् ।
परं पञ्चपलं मासं यूषक्षीररसाशनः ॥ ६ ॥
गुल्मोदरार्शःश्वयथुप्रमेहान्
श्वासप्रतिश्यालसकाविपाकान् ।
सकामलाशोषमनोविकारान्
कासं कफं चैव जयेत्प्रयोगः ॥ ७ ॥

આદુને છોલીને તેની ઝીણી કાતળીઓ (ચીરીઓ) કરવી. પછી તેમાં તેટલો જ ગોળ મેળવીને પહેલે દિવસે બન્ને મળીને બે તોલા ખાવું, પછી બીજે દિવસે ચાર તોલા ખાવું, ત્રીજે દિવસે છ તોલા ખાવું. એ રીતે દરરોજ બે બે તોલા વધારે ખાતાંખાતાં વીસ તોલા સુધી વધવું. પછી પાછા દરરોજ બે બે તોલા કમી કરતા જવું. કમી કરતાં કરતાં બે તોલા આવી રહે ત્યારે પાછું પહેલાંની માફક વધારતા જવું. એ ગોળ અને આદુનો પ્રયોગ એવી રીતે એક માસ સુધી કરવો. એ પ્રયોગ ચાલતો હોય તે વખતે કફ, પિત્ત અને વાયુમાંથી જે વધારે હોય તેને માફક આવે એવી રીતે યૂષ, દૂધ કે માંસરસનું ભોજન કરવું. એ પ્રયોગ કરવાથી ગોળો, ઉદરરોગ, હરસ, સોજો, તમામ પ્રકારના પ્રમેહ, દમ, સળેખમનો રોગ, અલસક રોગ, અપચાનો રોગ, કમળો, સર્વાંગ-શોફનો રોગ, મનમાં થતા વિકારથી થયેલા મન સંબંધી રોગ, ખાંસી અને કફ—એ સર્વ રોગ મટે છે.

સોજો, ઉધરસ, છીંકો, ઉદરરોગ અને મંદ અગ્નિ માટે આદુનું ઘી

घृतमार्द्रकनागरस्य कल्क-
स्वरसाभ्यां पयसा च साधयित्वा ।
श्वयथुक्षवथूदराग्निसादै-
रभिभूतोऽपि पिबन् भवत्यरोगः ॥ ८ ॥

આદુના સ્વરસમાં સ્વરસથી ચોથા ભાગનું દૂધ તથા તેટલું જ ઘી નાખીને તેમાં આદુનો કલ્ક નાખીને ઘી સિદ્ધ કરવું. એ ઘી પીવાથી સોજો, ખાંસી કે બહુ છીંકો આવવાનો રોગ, ઉદરરોગ અને મંદ અગ્નિ—એ રોગોથી થાકેલો (કંટાળેલો) મનુષ્ય પણ રોગરહિત થાય છે.

નિરામ શોફમાં ઝાડાની કબજિયાત હોય તેના ઉપાય

निरामो बद्धशमलः पिबेच्छ्वयथुपीडितः ।
त्रिकटुत्रिवृतादन्तीचित्रकैः साधितं पयः ॥ ९ ॥
मूत्रं गोर्वा महिष्या वा सक्षीरं क्षीरभोजनः ।
सप्ताहं मासमथवा स्यादुष्ट्रीक्षीरवर्तनः ॥ १० ॥

જે સોજાનો રોગી નિરામ હોય અને એને

ઝાડાની કબજિયાત હોય તેણે ત્રિકટુ, નસોતર, દંતીમૂળ અને ચિત્રો, એ ઔષધોનો ક્વાથ પીવો, અથવા ગાયનું કે ભેંશનું મૂત્ર દૂધ સાથે પીવું અને ખાવાપીવામાં દૂધ જ લેવું, અથવા બીજું કાંઈ ખાધાપીધા વિના સાત દહાડા કે એક માસ પર્યંત ઊંટડીનું દૂધ પીને નિર્વાહ કરવો (ચલાવવું).

સોજા, હરસ, ગોળો અને પ્રમેહ માટે ઘી

यवानक यवक्षारं यवानीं पञ्चकोलकम्।
मरिचं दाडिमं पाठां धानकामम्लवेतसम् ॥११॥
बालबिल्वं च कर्षांशं साधयेत्सलिलाढके।
तेन पक्वो घृतप्रस्थः शोफार्शोगुल्ममेहहा ॥१२॥

અજમો, જવખાર, યવાની અજમો, પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ, મરી, દાડમ, પહાડમૂળ, ધાણા, અમ્લવેતસ, કુમળાં બીલાં, એ પ્રત્યેક ઔષધ એકએક તોલો લઈને તે સર્વનો બસો છપ્પન (૨૫૬) તોલા પાણીમાં ક્વાથ કરવો. પછી એ ક્વાથમાં ચોસઠ તોલા ઘી પકવ કરવું. એ ઘી સોજા, હરસ, ગોળો અને પ્રમેહનો નાશ કરે છે.

दध्नश्चित्रकगर्भाद्वा घृतं तत्तक्रसंयुतम्।
पक्वं सचित्रकं तद्वद्गुणैः

દૂધમાં ચિત્રાનું ચૂર્ણ નાખીને તે દૂધને જમાવીને દહીં કરવું. એ દહીંને વલોવીને છાશ કરવી. એ છાશમાં ઘી નાખીને તેમાં ચિત્રાનો કલ્ક નાખીને તે સિદ્ધ કરવું. એ ચિત્રક ઘી પણ ઉપર (શ્લોક ૧૧થી૧૨ મા) કહેલા ઘીના જેવો જ ગુણ આપે છે.

સોજા માટે ઘી

युञ्ज्याच्च कालवित् ॥ १३ ॥
धान्वन्तरं महातिक्तं कल्याणमभयाघृतम्।

વળી રોગીની અવસ્થા, દોષ, દેશ, દૂષ્ય વગેરે જાણનારા વૈદ્યે શોફરોગ ઉપર ધાન્વન્તરઘૃત (ચિ. ૧૨ શ્લોક ૧૯થી ૨૪), મહાતિક્તઘૃત (ચિ. ૧૯ શ્લોક ૪૬થી ૪૯), કલ્યાણઘૃત (ઉત્તરસ્થાન અ. ૬ શ્લોક ૨૬ થી ૩૧) અને અભયાઘૃત (ચિ. ૧૫ શ્લોક ૨૮ થી ૩૦) આપવાં.

સોજા વગેરે ઉપર દશમૂલાવલેહ

दशमूलकषायस्य कंसे पथ्याशतं पचेत् ॥१४॥
दत्त्वा गुडतुलां तस्मिन् लेहे दद्याद्विचूर्णितम्।
त्रिजातकं त्रिकटुकं किञ्चिच्च यवशूकजम् ॥१५॥
प्रस्थार्धं च हिमे क्षौद्रात्तल्लिहन्त्युपयोजितम्।
प्रवृद्धशोफज्वरमेहगुल्म-
कार्श्यामवाताम्लकरक्तपित्तम्।
वैवर्ण्यमूत्रानिलशुक्रदोष-
श्वासारुचिप्लीहगरोदरं च ॥ १६ ॥

દશમૂળ ચારસો તોલા લઈને તેનો ક્વાથ કરવો. પછી તે ક્વાથ બસો છપ્પન તોલા જેટલો લઈને તેમાં સો હરડે પકવ કરવી. પછી તેમાં ચારસો તોલા ગોળ નાખવો અને તજ, તમાલપત્ર અને એલચી એ ત્રણ મળીને બાર તોલા તથા સૂંઠ, પીપર, મરીનું ચૂર્ણ સોળ તોલા તથા એક તોલો જવખાર નાખવો. પછી એ અવલેહ ઠંડો પડે ત્યારે તેમાં બત્રીસ તોલા મધ નાખવું. વૃદ્ધિ પામેલો સોજો, તાવ, પ્રમેહ, ગોળો, શરીરની કૃશતા, વાયુના રોગ, અમ્લપિત્ત, રક્તપિત્ત, મો વગેરેની વિવર્ણતા, મૂત્રદોષ, વાયુદોષ, વીર્યદોષ, દમ, અરુચિ, બરોળ, કૃત્રિમ ઝેર અને ઉદરરોગ એ સર્વે રોગ એ અવલેહનો ઉપયોગ કર્યાથી નાશ પામે છે.

સોજાના રોગીને પથ્ય અન્નપાન

पुराणयवशाल्यन्नं दशमूलाम्बुसाधितम् ॥ १७ ॥
अल्पमल्पपटुस्नेहं भोजनं श्वयथोर्हितम्।
क्षारव्योषान्वितैर्मौद्गैः कौलत्थैः सकणैः रसैः ॥१८
तथा जाङ्गलजैः कूर्मगोधाशल्यकजैरपि।
सतक्रं मथितं पाने मद्यान्याधरन्ति च ॥ १९ ॥

જૂના જવ અને જૂની શાલિ ડાંગરના ચોખા એનું ભોજન દશમૂળના ક્વાથમાં સિદ્ધ કરીને તેમાં લગાર લવણ તથા જરાક-સ્નેહ (ઘી) નાખીને તે શોફરોગવાળાને થોડું થોડું ખાવા આપવું તે હિતકર છે. તે ભોજન સાથે મગના કે કળથીના ઓસામણમાં જવખાર અને ત્રિકટુનું ચૂર્ણ નાખીને તે પીવા આપવું. તેમ જ જાંગલ પ્રાણીઓનાં તેમ જ કાચબા, સાંઢા, શાહુડી વગેરે પ્રાણીઓના માંસરસમાં પીપરનું ચૂર્ણ

નાખીને તે પીવા આપવા અથવા ખાટું ન થઈ ગયું હોય એવું મથિત (મઠો) પીવા આપવું. અથવા સોજો મટાડે એવાં ઔષધ નાખીને દારૂ પીવા આપવા.

સોજા, અતિસાર, હૃદયરોગ, ગોળો, હરસ, મંદ અગ્નિ અને પ્રમેહ માટે પેયા

चव्याजीरशठिजीवन्तीकारवीपौष्करान्निकैः ।
बिल्वमध्ययवक्षारवृक्षाम्लैर्बदरोन्मितः ॥ २० ॥
कृता पेयाऽऽज्यतैलाभ्यां युक्तिभृष्टा परं हिता ।
शोफातिसारहृद्रोगगुल्मार्शोऽल्पाग्निमेहिनाम् ॥२१

જીરું, ષટ્કચૂરો, હરણદોડી, કાળીજીરી, પુષ્કરમૂળ, ચિત્રો, બીલીનો ગર્ભ, જવખાર, આમચૂર, એ સર્વ એકએક તોલો લઈને તેના ક્વાથમાં પેયા કરીને તેને ઘી તથા તેલનો યુક્તિપૂર્વક વઘાર કરવો. ઘી તથા તેલમાં તેને યુક્તિપૂર્વક શેકવી. એ પેયા શોફરોગવાળાને તેમ જ અતિસાર, હૃદયના રોગ, ગોળો, હરસ, મંદાગ્નિ અને પ્રમેહવાળાને અતિશય હિતકારી છે.

गुणैस्तद्वच्च पाठायाः पञ्चकोलेन साधिता ।

પંચકોલ વડે સિદ્ધ કરેલી પેયા—પણ ઉપર (શ્લોક ૧૯થી ૨૧માં) કહેલી પેયા જેવો ગુણ આપે છે; તેમ જ પહાડમૂળ વડે સિદ્ધ કરેલી પેયા પણ એવો જ ગુણ આપે છે.

સોજાના રોગમાં અભ્યંગ, લેપ, નાહવાનું પાણી

शैलेयकुष्ठस्थौणेयरेणुकागुरुपद्मकैः ॥ २२ ॥
श्रीवेष्टकनखस्पृक्कादेवदारुप्रियङ्गुभिः ।
मांसीमागधिकाधन्यधान्यध्यामकवालकैः ॥ २३ ॥
चतुर्जातकतालीससमुस्तागन्धपलाशकैः ।
कुर्यादभ्यञ्जनं तैलं लेपं स्नानाय तूदकम् ॥ २४ ॥

શિલાજિત, ઉપલેટ, થુવેર, રેણુકબીજ, અગર, પદ્મકાષ્ઠ, સરલનો ગુંદ, નખલા, કપૂરીમધુરી, દેવદાર, ઘઉંલા, જટામાંસી, પીપર, મોથ, ધાણા, રોહિસ ઘાસ, વીરણવાળો, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, તાલીસપત્ર, મોથ અને કપૂરકાચલી, એ ઔષધો વડે—શોફરોગવાળાના શરીર ઉપર ચોળવાનું તેલ સિદ્ધ કરવું; એ ઔષધોનો લેપ કરવો તથા નાહવા માટે એ ઔષધો વડે જળ સિદ્ધ કરવું; અર્થાત્ એ ઔષધો નાખીને પાણી ઉકાળવું તથા તે વડે દરદીને નવડાવવો.

स्नानं वा निम्बवर्षाभूनक्तमालार्कवारिणा ।

અથવા શોફરોગવાળાને લીમડાના પાણીથી કે સાટોડીના પાણીથી કે કરંજના પાણીથી કે આકડાના પાણીથી નવડાવવો.

એકાંગશોફ ઉપર લેપ

एकाङ्गशोफे वर्षाभूकरवीरकर्किंशुकैः ॥ २५ ॥
विशालात्रिफलारोध्रनलिकादेवदारुभिः ।
हिंस्राकोशातकीमाद्रीतालपर्णीजयन्तिभिः ॥ २६
स्थूलकाकादनीशालनाकुलीवृषपर्णिभिः ।
वृद्धयृद्धिहस्तिकर्णैश्च सुखोष्णैर्लेपनं हितम् ॥ २७

શરીરના એક અંગ ઉપર શોફ (સોજો) થયો હોય તો સાટોડી, કણેર, ખાખરો, ઇંદ્રવારણી, ત્રિફળા, લોધર, નલિકા, દેવદાર, જટામાંસી, ઘિસોડી, અતિવિષ, વરિયાળી, જયંતી, મોટી માલકાંકણી, રાળ, ભોરીંગણી, લઘુ ઉંદરકની, વંશલોચન, ઋદ્ધિ, રાતો એરંડો એ સર્વ ઔષધો વાટીને લગાર ગરમ કરીને તે વડે એકાંગશોફ ઉપર લેપ કરવો તે હિતકર છે.

આટલી શોફરોગની સામાન્ય ચિકિત્સા જાણવી.

સોજાની વિશેષ ચિકિત્સા

(શ્લોક ૨૭॥ થી ૪૧)

વાયુના સોજાના ઉપાય: વિરેચન, શેક, અભ્યંગ, લેપ

अथानिलोत्थे श्वयथौ मासार्धं त्रिवृतं पिबेत् ।
तैलमेरण्डजं वातविड्विबन्धे तदेव तु ॥ २८ ॥
प्राग्भक्तं पयसा युक्तं रसैर्वा कारयेत्तथा ।
स्वेदाभ्यङ्गान् समीरघ्नान् लेपमेकाङ्गगे पुनः ॥२९.
मातुलुङ्गाग्निमन्थेन शुण्ठीहिंस्रामराह्वयैः ।

જો વાયુથી સોજો આવ્યો હોય તો એક પખવાડિયા સુધી નસોતર અને એરંડિયું પીવું. વાયુથી ઝાડો કબજ થયો હોય ત્યારે પણ તે જ ઔષધ ભોજન કરતા પહેલાં દૂધની

સાથે અથવા માંસરસ સાથે પીવું; તેમ જ વાયુને મટાડે એવા સ્વેદ (શેક) તથા અભ્યંગ(તેલ ચોળવું)નું સેવન કરવું. શરીરના એક અંગ ઉપર વાયુથી શોફ થયો હોય તો ખિજેરું, અરણી, સૂંઠ, જટામાંસી અને દેવદાર એ ઔષધોનો લેપ કરવો.

પિત્તના સોજાના ઉપાય

ઘી

पैत्ते तिक्तं पिबेत्सर्पिर्न्यग्रोधाद्येन वा शृतम् ॥३०

પિત્તનો સોજો હોય તો તિક્તકાખ્ય ઘૃત (ચિ. ૧૯ શ્લોક ૨થી ૭) પીવું, અથવા ન્યગ્રોધાદિ ગણ વડે સિદ્ધ કરેલું ઘી પીવુ.

તરસ, બળતરા અને મોહરૂપી ઉપદ્રવોનું ઔષધ

क्षीरं तृड्दाहमोहेषु लेपाभ्यङ्गाश्च शीतलाः ।

એ રોગવાળાને તરસ લાગે, બળતરા થાય કે મોહ થાય તો દૂધ પીવું અથવા ન્યગ્રોધાદિ ગણના ઔષધો વડે સિદ્ધ કરેલું દૂધ પીવું, તેમ જ શીતળ લેપ અને અભ્યંગ કરવા.

અંતસ્તાપ, ફેર, સંનિપાત, રતવા, સોજો, દાહ, ઝેર અને તાવ માટે ક્વાથ

पटोलमूलत्रायन्तीयष्ट्याह्वकटुकाभयाः ॥ ३१ ॥
दारु दार्वी हिमं दन्ती विशाला निचुलं कणा ।
तैः क्राथः सघृतः पीतो हन्त्यन्तस्तापतृड्भ्रमान् ॥
ससन्निपातवीसर्पशोफदाहविषज्वरान् ।

પટોળમૂળ, ત્રાયમાણ, જેઠીમધ, કડુ, હરડે, દેવદાર, દારુહળદર, રક્તચંદન, દંતીમૂળ, ઇંદ્રવારુણી, નેતર, પીપર એ ઔષધોનો ક્વાથ કરીને તેમાં ઘી નાખીને પીવાથી શરીર અંદરથી તપતું હોય તે રોગ, તરસ, ચક્કર–ફેર, સન્નિપાત, વિસર્પ, સોજો, દાહ, વિષ અને તાવ એ રોગ મટે છે.

કફના સોજાનો ઉપાય

તેલ

आरग्वधादिना सिद्धं तैलं श्लेष्मोद्भवे पिबेत् ॥३२

આરગ્વધાદિ ગણનાં ઔષધો વડે સિદ્ધ કરેલું તેલ કફથી થયેલા શોફવાળાએ પીવુ.

સ્રોતો પુરાય, મંદ અગ્નિ, અરુચિ, સજ્જડ આશયરૂપી ઉપદ્રવોનો ઉપાય

स्रोतोविबन्धे मन्देऽग्नावरुचौ स्तिमिताशयः ।
क्षारचूर्णासवारिष्टमूत्रतक्राणि शीलयेत् ॥ ३४ ॥

જ્યારે કફના સોજાના રોગવાળાનાં સ્રોત બંધ થાય, અગ્નિ મંદ થાય, અરુચિ થાય અને આશય સજ્જડ થાય, ત્યારે ક્ષાર, ચૂર્ણ, આસવ, અરિષ્ટ, ગોમૂત્ર અને છાશના ઉપચાર વારંવાર કરવા.

કફના સોજા માટે લેપ, મર્દન

कृष्णापुराणपिण्याकशिग्रुत्वक्सिकतातसीः ।
प्रलेपोन्मर्दने युञ्ज्यात्सुखोष्णा मूत्रकल्किताः ॥३५

પીપર, જૂનો ખોળ, સરગવાની છાલ, રેતી અને અળસી, એ ઔષધોને ગોમૂત્રમાં વાટીને સહેવાય એવુ ગરમ કરીને કફથી આવેલા સોજા ઉપર જાડો લેપ કરવો તથા મર્દન કરવુ (ચોળવું).

નાહવાનું પાણી, લેપ

स्नानं मूत्राम्भसी सिद्धे कुष्ठतर्कारिचित्रकैः ।
कुलत्थनागराभ्यां वा चण्डाऽगुरु विलेपने ॥३६

ગોમૂત્ર અને પાણીમાં ઉપલેટ, અરણી અને ચિત્રો ઉકાળીને તે મૂત્ર અને પાણી વડે સ્નાન કરવું શોફવાળાને હિતકર છે; તેમ જ કળથી અને સૂંઠ પણ ગોમૂત્ર અને પાણીમાં ઉકાળીને તે ગોમૂત્ર અને પાણીથી સ્નાન કરવુ હિતકર છે; ગંઠોના અને અગરુનો લેપ કરવો હિતકર છે.

એકાંગશોફ ઉપર લેપ

कालाजशृङ्गीसरलघस्तगन्धाह्वयाह्वयाः ।
पक्वैषिका च लेपः स्याच्छ्वयथावेकगात्रगे ॥ ३७

મંજિષ્ઠા, મેઢાશિંગી, સરળવૃક્ષ, રાની તુળસી, આસંધ અને જટામાંસી એ ઔષધોનો લેપ એકાંગશોફ ઉપર કરવો; અર્થાત્ શરીરના એક ભાગ ઉપર સોજો થયો હોય તો એ ઔષધોનો લેપ કરવો.

ક્યા દોષ માટે ક્યું શોધન કેવી રીતે કરવુ?

यथादोषं यथासन्नं शुद्धिं रक्तावसेचनम् ।
कुर्वीत,

જે દોષ માટે જે જાતનું શોધન યોગ્ય હોય

તે પ્રમાણે શોધન કરવું. (એટલે કફના પ્રકોપમાં ઊલટીઓ કરાવવી, પિત્તના પ્રકોપમાં જુલાબ કરાવવા અને વાયુના પ્રકોપમાં બસ્તિ આપવી). વળી દોષ જે જગ્યાએ શરીરમાં કોપ્યો હોય તે જગ્યાની પાસેના દ્વારમાંથી દોષ બહાર નીકળે એવી રીતે શુદ્ધિ કરવી (એટલે દોષ ડૂંટીની ઉપર હોય તો ઊલટીઓ કરાવવી, દોષ ડૂંટીની નીચે હોય તો જુલાબ આપવા અને બસ્તિ આપવી અને દોષ માથામાં હોય તો નસ્ય ફૂંકવું). ફસ ખોલીને લોહી કાઢવું.

બે ભેગા દોષના સોજાની ચિકિત્સા

मिश्रदोषे तु दोषोद्रेकबलात्क्रियाम् ॥३८॥

જો બે દોષ સાથે કોપ્યા હોય તો કયો દોષ વધારે કોપ્યો છે, તેનો વિચાર કરીને તે દોષની ક્રિયા કરવી.

ત્રિદોષના સોજાનો ઉપાય

अजाजिपाठाघनपञ्चकोल-
व्याघ्रीरजन्यः सुखतोयपीताः ।
शोफं त्रिदोषं चिरजं प्रवृद्धं
निघ्नन्ति भूनिम्बमहौषधे च ॥ ३९ ॥

જીરું, પહાડમૂળ, મોથ, પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ, રીંગણી, હળદર એ સર્વનું ચૂર્ણ કરીને સશેકા પાણી સાથે પીવાથી ઘણા કાળથી થયેલો, વધી ગયેલો ત્રિદોષનો સોજો હોય તે મટે છે. કરિયાતું અને સૂંઠ પીવાથી પણ એવો સોજો મટે છે.

સોજા વગેરે રોગ માટે ચૂર્ણ

अमृताद्वितयं सिवाटिका
सुरकाष्ठं सपुरं सगोजलम् ।
श्वयथूदरकुष्ठपाण्डुता-
कृमिमेहोर्ध्वकफानिलापहम् ॥ ४० ॥

ગળો, હરડે, સિવાટિકા, દેવદાર, ગૂગળ એ ઔષધોને ગોમૂત્રમાં પીવાથી સોજો, ઉદર-રોગ, ચામડીના રોગ, પાંડુતા (શરીરની ફિક્કાશ), કૃમિરોગ, પ્રમેહ, ઊર્ધ્વવાયુ, કફના રોગ અને વાયુના રોગ, એટલા રોગ મટે છે.

इति निजमधिकृत्य पथ्यमुक्तं

એ પ્રકારે વાયુ વગેરે દોષથી ઉત્પન્ન થયેલા સોજાને ઉદ્દેશીને તેની ચિકિત્સા કહી.

વાગવાથી આવેલા સોજાની ચિકિત્સા

क्षतजनिते क्षतजं विशोधनीयम् ।
स्रुतिहिमघृतलेपसेकरेकैः

કોઈ વાગવાથી જે સોજો આવ્યો હોય તેમાં લોહીનું શોધન કરવું, બગડેલું લોહી બાઝી ગયું હોય તેને કાઢી નાખવું, અર્થાત્ સોજાની યોગ્યતા જોઈને લોહી કાઢવું, ઠંડા લેપ કરવા, ઘી ચોપડવું, જળ વગેરેનું સિંચન કરવું, વિરેચન આપવું એ ઉપાય કરવા.

ઝેરથી આવેલા સોજાની ચિકિત્સા

विषजनिते विषजिच्च शोफ इष्टम् ॥ ४१ ॥

ઝેરથી આવેલા સોજા ઉપર ઝેર મટે એવી ક્રિયા કરવી.

સોજાના રોગવાળાએ તજવા જેવા આહારવિહાર

ग्राम्याब्जानूपं पिशितमबलं शुष्कशाकं तिलान्नं
गाडं पिष्टान्नं दधि सलवणं विज्जलं मद्यमम्लम् ।
धाना वल्लूरं समशनमथो गुर्वसात्म्यं विदाहि
स्वप्नं चारात्रौ श्वयथुगदवान् वर्जयेन्मैथुनं च ॥

સોજાના રોગવાળાએ ગ્રામ્ય પ્રાણીઓનું માંસ ખાવું નહિ; અનૂપ દેશનાં પ્રાણીઓનું માંસ ખાવું નહિ, નિર્બળ પ્રાણીનું માંસ ખાવું નહિ; શાકની સુકવણી ખાવી નહિ; તલનું અન્ન ખાવું નહિ; ગોળની વાનીઓ ખાવી નહિ; લોટની વાનીઓ ખાવી નહિ; દહીં, લવણ, પિચ્છિલ દ્રવ્ય, ખાટું મદ્ય, ધાણી, સૂકું માંસ, સમશન, ભારે, અસાત્મ્ય (માફક ન આવે એવું), વિદાહી અન્નપાન, એ સર્વ ખાવું નહિ, તેમ જ તેણે દિવસે ઊંઘવું નહિ અને કદી મૈથુન કરવું નહિ.

ગ્રામ્ય પ્રાણીઓ=બળદ, ખચ્ચર, ઊંટ, ગધેડું, બકરું, ઘોડો વગેરે ગામમાં રહેતાં (પાળેલાં) પ્રાણીઓ.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने श्वयथु-
चिकित्सितं नाम सप्तदशोऽध्यायः ॥ १७ ॥

અધ્યાય ૧૮ મો

વિસર્પ(રતવા)ની ચિકિત્સા

જેમ શરીરની ચામડી સોજાના રોગમાં ઊપડી આવે છે તેમ વિસર્પમાં પણ ઊપડી આવે છે, તથા સોજાની અને વિસર્પની ચિકિત્સા સમાન છે માટે સોજાની ચિકિત્સા કહ્યા પછી વિસર્પરોગની ચિકિત્સા કરવાના હેતુથી ગ્રંથકાર કહે છે કે:–

अथातो विसर्पचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે વિસર્પ(રતવા)રોગની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

વિસર્પમાં પહેલું શું શું કરવું?

आदावेव विसर्पेषु हितं लङ्घनरूक्षणम् ।
रक्तावसेको वमनं विरेकः स्नेहनं न तु ॥ १ ॥

વિસર્પરોગમાં પ્રથમ જ લંઘન અને રૂક્ષણકર્મ (શરીર લૂખું પાડવાની ક્રિયા) કરવુ તથા ફસ ખોલીને લોહી કાઢવું, વમન આપવુ અને વિરેચન આપવુ એ હિતકર છે, પણ વિસર્પરોગમાં સ્નેહન કરવુ હિતકર નથી.

વિસર્પમાં કયું વમન ઔષધ આપવું?

प्रच्छर्दनं विसर्पघ्नं सयष्टीन्द्रयवं फलम् ।
पटोलपिप्पलीनिम्बपल्लवैर्वा समन्वितम् ॥ २ ॥

જેઠીમધ, ઇદ્રજવ, પટોળ, પીપર, લીમડાની કૂંપળો–એ સર્વ સાથે મીંઢળ પાવાથી વિસર્પ રોગને મટાડે એવી ઊલટીઓ થાય છે.

વિસર્પમાં કયું વિરેચન ઔષધ આપવું?

रसेन युक्तं त्रायन्त्या द्राक्षायास्त्रैफलेन वा ।
विरेचनं त्रिवृच्चूर्णं पयसा सर्पिषाऽथवा ॥ ३ ॥
योज्यं, कोष्ठगते दोषे विशेषेण विशोधनम् ।

વિરેચનને માટે નસોતરના ચૂર્ણને ત્રાયમાણના રસ સાથે અથવા કાળી દ્રાક્ષના રસ સાથે અથવા ત્રિફળાના રસ સાથે આપવું; અથવા દૂધ સાથે કે ઘી સાથે નસોતરનું ચૂર્ણ આપવું. જયારે દોષ કોઠામાં હોય ત્યારે ખાસ કરીને વિરેચન આપવું.

શોધન ન કરવા યોગ્ય અને થોડા દોષવાળા દરદી માટે શમન ઔષધ

अविशोध्यस्य दोषेऽल्पे शमनं चन्दनोत्पलम् ॥
मुस्तनिम्बपटोलं वा पटोलादिकमेव वा ।
सारिवामलकोशीरमुस्तं वा क्वथितं जले ॥ ५ ॥

જે વિસર્પરોગવાળો રોગી શોધન કરવા યોગ્ય ન હોય (સૂ. ૧૮/૩ થી ૭, ૧૦ થી ૧૧) અને દોષ અલ્પ હોય તો શમન ઔષધ તરીકે તેને ચંદન અને કાળું કમળ–એ આપવાં અથવા દહીનું નીતર્યું પાણી, લીમડો અને પટોળ આપવાં અથવા પટોલાદિ ગણનાં ઔષધ (સૂ. અ. ૧૫, શ્લોક ૧૫) આપવાં અથવા સારિવા, આમળાં, વાળો અને મોથ–એ ઔષધોનો પાણીમાં ક્વાથ કરીને તે આપવો.

વિસર્પમાં તરસ મટાડવાનો ઉપાય

दुरालभां पर्पटकं गुडूचीं विश्वभेषजम् ।
पाक्यं शीतकषायं वा तृष्णावीसर्पवान् पिबेत् ॥

ધમાસો, પિત્તપાપડો, ગળો અને સૂંઠ–એ ઔષધોનો ક્વાથ અથવા તે ઔષધોનો હિમ વિસર્પના રોગવાળા જે માણસને તરસ બહુ લાગતી હોય તેણે તે પીવો.

दार्वीपटोलकटुकामसूरत्रिफलास्तथा ।
सनिम्बयष्टीत्रायन्तीः क्वथिता घृतमूर्च्छिताः ॥

દારુહળદર, પટોળ, કડુ, મસૂર, ત્રિફળા, લીમડો, જેઠીમધ અને ત્રાયમાણ એ ઔષધોનો ક્વાથ કરીને તેમાં ઘી નાખીને પાવાથી વિસર્પરોગવાળાની તરસ મટે છે.

વિસર્પમાં ફસ કયારે ખોલવી? કારણ

शाखादुष्टे तु रुधिरे रक्तमेवादितो हरेत् ।
त्वङ्मांसस्नायुसंक्लेदो रक्तक्लेदाद्धि जायते ॥ ८ ॥

હાથપગરૂપી શાખાઓમાં લોહી બગડ્યું હોય તો શરૂઆતથી જ ફસ ખોલીને લોહી કાઢવુ; કારણ કે લોહીની ભીનાશથી ચામડી, માંસ અને સ્નાયુમાં પણ ભેજ લાગે છે.

ઓછા કફવાળા નિરામ વિસર્પમાં ઘી

निरामे श्लेष्मणि क्षीणे वातपित्तोत्तरे हितम् ।
घृतं तिक्तं महातिक्तं शृतं वा त्रायमाणया ॥९॥

વિસર્પરોગવાળો નિરામ હોય તથા તેનો

કફ પ્રમાણથી ઓછો થઈ ગયો હોય અને વાયુ તથા પિત્ત પ્રમાણથી વધી ગયાં હોય તો તિક્તકઘૃત કે મહાતિક્તકઘૃત તેને પીવાને આપવું; અથવા ત્રાયમાણથી સિદ્ધ કરેલું ઘી તેને પીવાને આપવું. (પાછળ શ્લોક ૧માં વિસર્પરોગવાળાને સ્નેહન કરવાની મના કરેલી છે, છતાં રોગની ખાસ અવસ્થાને લીધે અહીં સ્નેહન કરવાનું કહ્યું છે.)

વિસર્પમાં લેપ વગેરે બહારના ઉપચાર ક્યારે ફાયદો કરે છે?

निर्हृतेऽस्रे विशुद्धेऽन्तर्रपि त्वङ्मांससन्धिगे।
बहिःक्रियाः प्रदेहाद्याः सद्यो वीसर्पशान्तये ॥१०

વિસર્પરોગવાળાનું લોહી કાઢ્યા પછી અને શરીરમાથી દોષનું શોધન કર્યા પછી જ્યારે ચામડી, માંસ અને સાંધામાં દોષ રહેલા હોય, ત્યારે લેપ વગેરે બહારની ક્રિયાઓ કરવી, તેથી તત્કાળ વિસર્પરોગ શાંત થાય છે.

વાયુના વિસર્પ ઉપર કરવાનો લેપ

शताह्वामुस्तवाराहीवंशार्तगलधान्यकम्।
सुराह्वा कृष्णगन्धा च कुष्ठं चालेपनं चले ॥११॥

સુવા, મોથ, વારાહીકંદ, વાંસની ગાંઠ, કાળો કાંટાશેળિયો, ધાણા, દેવદાર, એ ઔષધોનો લેપ વાતવિસર્પ ઉપર કરવો અથવા વાતવિસર્પ ઉપર ઉપલેટનો લેપ કરવો.

નોંધ:–વિસર્પમાં લેપનાં ઔષધોમાં ઘી મેળવીને જ લેપ કરવા. (શ્લોક ૧૭)

પિત્તવિસર્પ ઉપર કરવાના લેપ

न्यग्रोधादिगणः पित्ते तथा पद्मोत्पलादिकम्।

પિત્તવિસર્પમાં ન્યગ્રોધાદિ ગણ(સૂ. અ. ૧૫, શ્લોક ૪૧)નાં ઔષધોનો લેપ કરવો હિતકર છે; તેમ જ પદ્મોત્પલાદિક ઔષધોનો લેપ કરવો પણ હિતકર છે.

પદ્મોત્પલાદિક ઔષધો: રાતું કમળ, કાળું કમળ, શેવાળ, કાદવ, ધરો, કમળના દાંડા, શીંગોડા, મોથ, સાકર, વીરણવાળો, સુખડ, મોતી, ગેરુ, ક્ષીરકાકોલી, સ્થળકમળ, જેઠીમધ, પદ્મકાષ્ઠ, ઘી, દૂધ–આ બધાં ઠંડાં છે.

न्यग्रोधपादास्तरुणाः कदलीगर्भसंयुताः ॥१२॥
बिसग्रन्थिश्च लेपः स्याच्छतधौतघृताप्लुतः।
पद्मिनीकर्दमः शीतः पिष्टं मौक्तिकमेव वा ॥१३॥
शङ्खः प्रवालं शुक्तिर्वा गैरिकं वा घृतान्वितम्।

વડની વડવાઈના કુમળા અંકુર કેળના ગર્ભમાં મેળવવા તથા તેમાં કમળની કુમળી દાંડીની ગાંઠ મેળવીને પછી તે સર્વને સો વાર ધોયેલા ઘીમાં નાખીને તેનો લેપ કરવો, તેથી પિત્તવિસર્પ મટે છે. અથવા કમળ જેમાં થતાં હોય તેવી તલાવડીના ઠંડા કાદવનો લેપ કરવો. અથવા પાણીમાં મોતી વાટીને, અથવા પાણીમાં શંખ વાટીને, અથવા પાણીમાં પરવાળાં વાટીને, અથવા પાણીમાં છીપ વાટીને, અથવા પાણીમાં ગેરુ વાટીને, તેમાં ઘી મેળવીને તેનો લેપ કરવો, એ પિત્તવિસર્પ ઉપર હિતકર છે.

બિસ=કમળની રેસાવાળી કુમળી દાંડી

કફવિસર્પ ઉપર કરવાનો લેપ

त्रिफलापद्मकोशीरसमङ्गाकरवीरकम् ॥१४॥
नलमूलान्यनन्ता च लेपः श्लेष्मविसर्पहा।

ત્રિફળા, પદ્મકાષ્ઠ, વીરણવાળો, મજીઠ, ધોળી કણેર, નાળીનાં મૂળ, ધમાસો, એ ઔષધોનો લેપ કરવાથી કફવિસર્પ નાશ પામે છે.

धवसप्ताह्वखदिरदेवदारुकुरण्टकम् ॥१५॥
समुस्तारग्वधं लेपो वर्गो वा वरुणादिकः।
आरग्वधस्य पत्राणि त्वचः श्लेष्मातकोद्भवाः ॥१६
इन्द्राणिशाकं काकाह्वा शिरीषकुसुमानि च।

ધાવડો, સાતવણ, ખેર, દેવદાર, કાંટાશેળિયો, મોથ, ગરમાળો, એ ઔષધોનો લેપ કરવો, અથવા પાછળ સૂત્રસ્થાનમાં (અ. ૧૫, શ્લોક ૨૧માં) કહેલા વરુણાદિ ગણનાં ઔષધોનો લેપ કરવો. અથવા ગરમાળાનાં પાંદડાં, ગૂંદાના ઝાડની છાલ, કાળી નગોડ, સાગ, અઘેડો, સરસડાનાં ફૂલ, એ ઔષધોનો લેપ કરવો.

કફવિસર્પમાં શેક, વ્રણમાં ચોપડવાનું ઘી, લેપ અને ચૂર્ણ

सेकव्रणाभ्यञ्जहविर्लेपचूर्णान् यथायथम् ॥१७॥
एतैरेवौषधैः कुर्याद्वाद्यो लेपा घृताधिकाः।

ઉપર કફવિસર્પમાં જે ઓષધ કહેલાં તે વડે જ વિસર્પ ઉપર સિંચન વગેરે કરવું, તથા તે જ ઔષધોમાં ઘી પકવીને તે વડે પણ ઉપર અભ્યંગ કરવો અને તે જ ઔષધો વડે લેપ કરવો અને તેનું ચૂર્ણ ભભરાવવું. એ બધાં ઔષધોમાંથી જે ઔષધ-શ્લોક-વગેરે જે કામ માટે યોગ્ય હોય તે ઔષધ તે કામ માટે વાપરવું. વાયુના વિસર્પમાં વધારે ઘી મેળવેલા લેપ કરવા.

કફના અને પિત્તના સ્થાનમાં સામ વાયુ જાય તો કેવા લેપ કરવા ? કયા દોષ માટે કયા લેપ કરવા ?

कफस्थानगते सामे पित्तस्थानगतेऽथवा ॥ १८ ॥
अशीतोष्णा हिता रूक्षा रक्तपित्ते घृतान्विताः ।
अत्यर्थशीतास्तनवस्तनुवस्त्रान्तरास्थिताः ॥ १९ ॥
योज्याः क्षणे क्षणेऽन्येऽन्ये
मन्दवीर्यास्त एव च ।

સામ વાયુ કફના સ્થાનમાં ગયો હોય તો કાંઈક ઠંડા, ગરમ અને લૂખા લેપ હિતકર છે. સામ વાયુ પિત્તના સ્થાનમાં ગયો હોય તોપણ તેવા ઉપચાર કરવા. રક્તપિત્તમાં ઘી મેળવીને લેપ કરવા. વળી તે રક્તપિત્તના લેપ અત્યંત ઠંડા અને પાતળા જોઈએ તથા સૂક્ષ્મ વસ્ત્રનું અંતરપટ રાખીને લેપ મૂકવા જોઈએ. એ લેપ ક્ષણેક્ષણે બદલીને નવા કરવા; કેમ કે તેના તે જ લેપને બદલ્યા વિના ચાલુ રાખવાથી તે મંદવીર્ય થઈ જાય છે (અસર ઓછી થઈ જાય છે).

મિશ્ર દોષની ચિકિત્સા

संसृष्टदोषे संसृष्टमेतत्कर्म प्रशस्यते ॥ २० ॥

જે વિસર્પમાં બે કે ત્રણ દોષ ભેગા હોય તો પાછળ જુદાજુદા દોષના વિસર્પની જે ચિકિત્સા કહેલી છે, તેને યોગ્ય રીતે ભેગી કરીને ચિકિત્સા કરવી; અર્થાત્ વાતવિસર્પ અને પિત્તવિસર્પનાં ઔષધો મિશ્ર કરીને વાતપિત્તવિસર્પની ચિકિત્સા કરવી, અને એવી જ રીતે બીજા મિશ્ર દોષની અને ત્રિદોષની ચિકિત્સા સમજવી.

અગ્નિવિસર્પની ચિકિત્સા

शतधौतघृतेनाग्निं प्रदिह्यात्केवलेन वा ।
सेचयेद्घृतमण्डेन शीतेन मधुकाम्बुना ॥ २१ ॥
सिताम्भसाऽम्भोदजलैः क्षीरेणेक्षुरसेन वा ।
पानलेपनसेकेषु महातिक्तं परं हितम् ॥ २२ ॥

અગ્નિવિસર્પ ઉપર સો વાર ધોયેલા ઘીનો જાડો લેપ કરવો અથવા ફક્ત ઘૃતમંડ વડે તે ઉપર સિંચન કરવું; અથવા જેઠીમધના ઠંડા પાણીથી સિંચન કરવું; અથવા સાકરના ઠંડા પાણી વડે, અથવા કમળના ઠંડા પાણી વડે અથવા દૂધ વડે, અથવા શેરડીના રસ વડે સિંચન કરવું. અગ્નિવિસર્પવાળાને પીવામાં, લેપ કરવામાં અને સિંચન કરવામાં મહાતિક્તઘૃત (ચિ. અ. ૧૯ શ્લોક ૭૩થી ૧૦૩) અતિશય હિતકર છે.

ગ્રંથિવિસર્પની ચિકિત્સા

ग्रन्थ्याख्ये रक्तपित्तघ्नं कृत्वा सम्यग्यथोदितम् ।
कफानिलघ्नं कर्मेष्टं पिण्डस्वेदोपनाहनम् ॥ २३ ॥

ગ્રંથિવિસર્પમાં આગળ કહેવાઈ ગયેલી રક્તપિત્તને મટાડે એવી ચિકિત્સા બરાબર કરીને પછી કફનો અને વાયુનો નાશ કરે એવી પિંડસ્વેદ અને પોટીસની ક્રિયા કરવી.

ग्रन्थिवीसर्पशूले तु तैलेनोष्णेन सेचयेत् ।
दशमूलविपक्केन तद्वन्मूत्रैर्जलेन वा ॥ २४ ॥

ગ્રંથિવિસર્પમાં શૂલ (સણકા) થતું હોય તો દશમૂળમાં પકવ કરેલા તેલ વડે તેના ઉપર સિંચન કરવું, અથવા દશમૂળમાં પકવ કરેલા ગોમૂત્ર વડે સિંચન કરવું, અથવા દશમૂળમાં પક્વ કરેલા જળ વડે સિંચન કરવું.

सुखोष्णया प्रदिह्याद्वा पिष्टया कृष्णगन्धया ।
नक्तमालत्वचा शुष्कमूलकैः फलिनाऽथवा ॥२५॥

સરગવાને વાટીને સહેવાય એવા ગરમ કરીને તે વડે લેપ કરવાથી, અથવા કરંજની છાલ વાટીને લગાર ગરમ કરીને તેનો લેપ કરવાથી, અથવા સૂકા મૂળાને અથવા ખડેડું વાટીને તેનો પણ તેવી જ રીતે એટલે લગાર ગરમ કરીને લેપ કરવાથી ગ્રંથિવિસર્પ મટે છે.

दन्ती चित्रकमूलत्वक् सौधार्कपयसी गुडः ।
भल्लातकास्थि कासीसं लेपो भिन्द्याच्छिलामपि ॥

बहिर्मार्गाश्रितं ग्रन्थिं किं पुनः कफसम्भवम्।
दीर्घकालस्थितं ग्रन्थिमेभिर्भिन्द्याच्च भेषजैः ॥२७॥

દંતીમૂળ, ચિત્રાનું મૂળ, ચિત્રાની છાલ, થોરનું દૂધ, આકડાનું દૂધ, ગોળ, ભિલામાંની મીંજ, હીરાકસી, એ ઔષધોનો લેપ કરવાથી તે પથ્થરની છાટને પણ તોડી નાખે તો પછી શરીરના બહારના માર્ગમાં રહેલા કફના એક ગ્રંથિ(ગાંઠ)નેતોડે એમાં શી નવાઈ! ઘણા કાળથી થયેલી ગાંઠ હોય તેને એ ઔષધોથી ફાડવી.

मूलकानां कुलत्थानां यूषैः सक्षारदाडिमैः।
गोधूमान्नैर्यवान्नैर्वा ससीधुमधुशार्करैः ॥ २८ ॥
सक्षौद्रैर्वारुणीमण्डैर्मातुलुङ्गरसान्वितैः।
त्रिफलायाः प्रयोगैश्च पिप्पल्याः क्षौद्रसंयुतैः ॥२९
देवदारुगुडूच्योश्च प्रयोगैर्गिरिजस्य च।
मुस्तभल्लातसक्तूनां प्रयोगैर्माक्षिकस्य च ॥ ३० ॥
धूमैर्विरेकैः शिरसः पूर्वोक्तैर्गुल्मभेदनैः।
तप्तायो हेमलवणपाषाणादिप्रपीडनैः ॥ ३१ ॥

મૂળાના અને કળથીના યૂષમાં જવખાર અને દાડમ નાખીને પીવાથી; સીધુ, મધ અને સાકરના દારૂ સાથે ઘઉંની કે જવની વાનીઓ ખાવાથી, મધ અને બિજોરાંના રસ સાથે વારુણીનો મંડ પીવાથી; ત્રિફળાના, પીપરના, દેવદારના, ગળોના અને શિલાજિતના (ઉ. અ. ૩૯માં કહેલા) પ્રયોગો મધ સાથે કરવાથી; (ચિ. ૧૯/૪૯થી ૫૨માં કહેલો) મુસ્તસક્તુનો પ્રયોગ કરવાથી; ભલ્લાતકસક્તુનો પ્રયોગ કરવાથી; સુવર્ણમાક્ષિકના પ્રયોગ કરવાથી; યોગ્ય ધૂમપાન કરવાથી; નસ્ય લેવાથી; પહેલાં (ચિ. ૧૪/૮૬માં) કહેલાં ગોળાને ફાડે એવાં (વિમાર્ગ, અજપદ અને આદર્શ નામનાં) સાધનોનો ઉપયોગ કરવાથી; તપાવેલાં લોખંડ, સોનું, સિંધવ, પથ્થર વગેરે વડે દબાવવાથી (ઘણા કાળથી થયેલી કફની ગાંઠ ફાટે છે).

કઠણ ગાંઠ ઉપરની ક્રિયાઓથી ન મટે તો ક્ષારથી કે ડામથી બાળવી કે શસ્ત્રથી ચીરવી

आभिः क्रियाभिः सिद्धाभिर्विविधाभिर्बले स्थितः।
ग्रन्थिः पाषाणकठिनो यदि नैवोपशाम्यति ॥३२
अथास्य दाहः क्षारेण शरैर्हेम्नाऽपि वा हितः।
पाकिभिः पाचयित्वा वा पाटयित्वा तमुद्धरेत् ॥३३

ઉપર ગાંઠ તોડવાની જે વિવિધ ક્રિયાઓ કહેલી છે તે સિદ્ધ છે. એ ક્રિયાઓ કરવા છતાં પણ ઘણા કાળથી થયેલી અને વધેલી બળવાન અને પથરા જેવી કઠણ ગાંઠ શમે નહિ, ફાટે નહિ. તો પછી તેને ક્ષાર વડે બાળવી, અથવા સાંઠા કે સોનું તપાવીને તે વડે તેને ડામવી, અથવા પકવનારાં ઔષધો વડે તેને પકવીને પછી શસ્ત્ર વડે તેને ચીરવી અને તેમાં જે ગાંઠ ગંઠાઈ ગઈ હોય તેને બહાર કાઢી નાખવી.

ગ્રંથિવિસર્પવાળાનું લોહી ક્યારે કાઢવું?

मोक्षयेद्बहुशश्चास्य रक्तमुत्क्लेशमागतम्।
पुनश्चापहृते रक्ते वातश्लेष्मजिदौषधम् ॥ ३४ ॥

ગ્રંથિવિસર્પ રોગવાળા માણસનું લોહી સ્થાનથી ચલિત થઈને વિકાર ઉત્પન્ન કરતું હોય તો તે લોહી વારંવાર કાઢી નાખવું (જળો મૂકીને કે શસ્ત્રકર્મ કરીને લોહી કાઢી નાખવું). જ્યારે એ રીતે લોહી કાઢવામાં આવે, ત્યાર પછી વાયુ અને કફને મટાડનારું ઔષધ કરવું.

વિસર્પ પચપચો થઈ જાય અને એમાં દાહ થાય અને પાકે તો શું કરવું?

प्रक्लिन्ने दाहपाकाभ्यां बाह्यान्तर्व्रणवत्क्रिया।
दार्वीविडङ्गकम्पिल्लैः सिद्धं तैलं व्रणे हितम् ॥३५
दूर्वास्वरससिद्धं तु कफपित्तोत्तरे घृतम्।

જ્યારે ગમે તે જાતનો વિસર્પ ગદ્દગદ્દો થઈ જાય, એમાં બળતરા થાય અને એ પાકે (એટલે પાકીને ફાટે તથા તેમાંથી પરુ વહેવા લાગે), ત્યારે તેને બહારથી અને અંદરથી વ્રણના જેવા ઉપચાર કરવા. દારુહળદર, વાવડિંગ અને કપિલો, એ ઔષધોથી સિદ્ધ કરેલું તેલ વ્રણમાં હિતકર છે. જે વ્રણમાં કફ અને પિત્તનું બળ વધારે હોય તો દૂર્વા(ધરો)ના સ્વરસથી સિદ્ધ કરેલું ઘી મૂકવું.

વિસર્પ માટે લોહી કાઢવાની ક્રિયા ઉત્તમ

एकतः सर्वकर्माणि रक्तमोक्षणमेकतः ॥ ३६ ॥

વિસર્પરોગમાં એક બાજુ તેના જેટલા ઉપાયો કહેલા છે તે બધા મૂકીએ અને બીજી બાજુ એકલી લોહી કાઢવાની ક્રિયા મૂકીએ તો તે (લોહી કાઢવાની ક્રિયા) બીજા બધા ઉપાયોની બરોબર થાય છે; અર્થાત્ બીજા બધા ઉપાયો મળીને વિસર્પ મટાડવામાં જેટલી અસર કરે છે, તેટલી અસર એકલી લોહી કાઢવાની ક્રિયા કરે છે.

વિસર્પમાં વારંવાર લોહી કાઢવાનું કારણ

विसर्पो न ह्यसंसृष्टः सोऽस्रपित्तेन जायते ।
रक्तमेवाश्रयश्चास्य बहुशोऽस्रं हरेदतः ॥ ३७ ॥

કોઈ પણ પ્રકારનો વિસર્પરોગ લોહી અને પિત્તના યોગ વિના ઉત્પન્ન થતો નથી. એ વિસર્પનો આશ્રય લોહી જ છે, બીજો નથી; એટલા માટે વિસર્પમાંથી અનેક વાર લોહી કાઢવું.

બહુ દોષવાળા વિસર્પરોગીને વિરેચન ઘી સિવાય બીજું ઘી ન આપવાનું કારણ

न घृतं बहुदोषाय देयं यन्न विरेचनम् ।
तेन दोषो ह्युपस्तब्धस्त्वग्रक्तपिशितं पचेत् ॥३८

જે ઘી આપવાથી વિરેચન થાય નહિ એવું ઘી બહુ દોષવાળા વિસર્પરોગીને આપવું નહિ, કેમ કે વિસર્પરોગમાં મુખ્યત્વે કરીને પિત્તની ચિકિત્સા કરવાની છે; અને વિરેચન એ પિત્તના ઉપાયમાં મુખ્ય ઉપાય છે. પણ જડ થઈ ગયેલો દોષ વિરેચન ન કરે એવું ઘી વિસર્પવાળા રોગીને આપવાથી ચામડી, લોહી અને માંસને પકવે છે, માટે વિરેચન કરે એવું જ ઘી વિસર્પવાળાને આપવું.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने विसर्प-
चिकित्सितं नामाष्टादशोऽध्यायः ॥ १८ ॥

અધ્યાય ૧૯ મો

કુષ્ઠ(ચામડીના રોગ)ની ચિકિત્સા

નિદાનમાં કહેલા સંબંધ પ્રમાણે વિસર્પ પછી કુષ્ઠરોગ(ચામડીના રોગ)ની ચિકિત્સા કહેવાનો આરંભ કરતાં ગ્રંથકાર કહે છે કે,

अथातः कुष्ठचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે કુષ્ઠ(ચામડીના રોગો)ની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

બધા કુષ્ઠમાં સ્નેહ પાવાની આવશ્યકતા

कुष्ठिनं स्नेहपानेन पूर्वं सर्वमुपाचरेत् ।

(કુષ્ઠરોગમાં ચામડી, લોહી અને માંસ બગડીને સ્રવે છે (ચેપ નીકળે છે), તેથી તથા રોગના સ્વભાવથી શરીર અવશ્ય કૃશ (પાતળું) થાય છે; માટે) બધી જાતના કુષ્ઠવાળાં માણસોને પ્રથમ શરીરની તૃપ્તિ કરવા માટે સ્નેહપાન કરાવવારૂપ ઉપચાર કરવો.

વાતકુષ્ઠમાં કયો સ્નેહ પાવો?

तत्र वातोत्तरे तैलं घृतं वा साधितं हितम् ॥१॥
दशमूलामृतैरण्डशार्ङ्गेष्टामेषशृङ्गिभिः ।

તેમાં જે કુષ્ઠમાં વાયુ બળવાન હોય તેમાં (વાયુ વધારે કોપવાથી થયેલા કુષ્ઠમાં) દશમૂલ, ગળો, એરંડમૂળ, ચણોઠી અને મહિડાશીંગ (મેઢાશીંગ), એ ઔષધો વડે સિદ્ધ કરેલું ઘી કે તેલ હિતકર છે.

પિત્તકુષ્ઠ વગેરેમાં કયો સ્નેહ પાવો?
તિક્તકઘૃત

पटोलनिम्बकटुकादार्वीपाठादुरालभाः ॥ २ ॥
पर्पटं त्रायमाणां च पलांशं पाचयेदपाम् ।
द्व्याढकेऽष्टांशशेषेण तेन कर्षोन्मितैस्तथा ॥३॥
त्रायन्तीमुस्तभूनिम्बकलिङ्गकणचन्दनैः ।
सर्पिषो द्वादशपलं पचेत्तत्तिक्तकं जयेत् ॥ ४ ॥
पित्तकुष्ठपरीसर्पपिटिकादाहतृड्भ्रमान् ।
कण्डूपाण्ड्वामयान् गण्डान्
दुष्टनाडीव्रणापचीः ॥ ५ ॥
विस्फोटविद्रधीगुल्मशोफोन्मादमदानपि ।
हृद्रोगतिमिरव्यङ्गग्रहणीश्वित्रकामलाः ॥ ६ ॥
भगन्दरमपस्मारमुदरं प्रदरं गरम् ।
अर्शोऽस्रपित्तमन्यांश्च
सुकृच्छ्रान् पित्तजान् गदान् ॥ ७ ॥

પટોળ, લીમડો, કડુ, દારુહળદર, પહાડમૂળ, ધમાસો, પિત્તપાપડો, ત્રાયમાણ, એ

ઔષધો ચાર–ચાર તોલા લઈને પાંચસો બાર (૫૧૨) તોલા પાણીમાં નાખીને ઊકળતાં-ઊકળતાં આઠમા ભાગનું પાણી બાકી રહેતાં લગી કવાથ કરવો. પછી તે કવાથમાં અડતાલીસ (૪૮) તોલા ઘી નાખીને તેમાં ત્રાયમાણ, મોથ, કરિયાતું, ઇંદ્રજવ, પીપર, સુખડ, એ ઔષધો એક એક તોલો લઈ તેનો કલ્ક કરીને નાખવો. પછી તે ઘીને ઘી માત્ર શેષ રહેતાં લગી સિદ્ધ કરવું. એ 'તિક્તકઘૃત' કહેવાય છે. એ ઘી પીવાથી પિત્તકુષ્ઠ, વિસર્પ, ફોલ્લીઓ, ખળતરા, તરસ, ચક્કર, ખણુજ, પાંડુરોગ, ગૂમડાં, દુષ્ટ નાડીવ્રણ, ન પાકે એવી રસોળી, વિસ્ફોટક, ગંડ, ગોળો, સોજા, ગાંડપણ, મદરોગ, હૃદયના રોગ, તિમિરરોગ, વ્યંગરોગ, ગ્રહણીરોગ, ધોળો કોઢ, કમળો, ભગંદર, વાઈ, ઉદરરોગ, સોહીવા, વિષરોગ, હરસ, રક્તપિત્ત અને બીજા પણ પિત્તથી ઉત્પન્ન થયેલા બહુ કષ્ટસાધ્ય રોગ મટે છે.

મહાતિક્તઘૃત

सप्तच्छदः पर्पटकः शम्याकः कटुका वचा ।
त्रिफला पद्मकं पाठा रजन्यौ सारिवे कणे ॥ ८ ॥
निम्बचन्दनयष्ट्याह्वविशालेन्द्रयवामृताः ।
किराततिक्तकं सेव्यं वृषो मूर्वा शतावरी ॥ ९ ॥
पटोलातिविषामुस्तात्रायन्तीधन्वयासकम् ।
तैर्जलेऽष्टगुणे सर्पिर्द्विगुणामलकीरसे ॥ १० ॥
सिद्धं तिक्तान्महातिक्तं गुणैरभ्यधिकं मतम् ।

સાતવણ, પિત્તપાપડો, ગરમાળો, કડુ, વજ, ત્રિફળા, પદ્મકાષ્ઠ, પહાડમૂળ, હળદર, દારુહળદર, બને જાતની સારિવા, પીપર, ગજપીપર, લીમડો, સુખડ, જેઠીમધ, ઇંદ્રવારણી, ઇંદ્રજવ, ગળો, કરિયાતું, કડુ, વાળો, અરડૂસી, મૂર્વા, શતાવરી, પટોળ, અતિવિષ, મોથ, ત્રાયમાણ, ધમાસો, એ ઔષધોનો કલ્ક કરવો. પછી ઘીથી આઠગણું પાણી લઈને તેમાં ઘીથી બમણો આમળાંનો રસ નાખવો. તેમાં ઘી નાખીને ઘીમાં ઉપર કહેલો કલ્ક નાખીને ઘી (સિદ્ધ) પક્વ કરવું. એ રીતે સિદ્ધ થયેલું ઘી 'મહાતિક્તઘૃત' કહેવાય છે. એ મહાતિક્તઘૃત ઉપર કહેલા 'તિક્તકઘૃત' કરતાં અધિક ગુણવાળું છે એમ મુનિઓનું માનવું છે.

કફકુષ્ઠમાં કયો સ્નેહ પાવો?

कफोत्तरे घृतं सिद्धं निम्बसप्ताह्वचित्रकैः ॥११॥
कुष्ठोषणवचाशालप्रियालचतुरङ्गुलैः ।

કુષ્ઠમાં કફદોષ બળવાન હોય તો (કફથી થયેલા કુષ્ઠમાં) લીમડો, સાતવણ, ચિત્રો, ઉપલેટ, મરી, વજ, રાળ, ચારોળી અને મોટો ગરમાળો, એ ઔષધોના કલ્કથી સિદ્ધ કરેલું ઘી પીવું.

બધા કુષ્ઠ ઉપર કયો સ્નેહ પાવો?

सर्वेषु चारुष्करजं तौवरं सार्षपं पिबेत् ॥ १२ ॥
स्नेहं घृतं वा कृमिजित्पथ्याभल्लातकैः शृतम् ।

બધા કુષ્ઠમાં ભિલામાંથી સિદ્ધ કરેલું ઘી પીવું અથવા તવરિયા ચેરિયાથી સિદ્ધ કરેલું ઘી પીવું, અથવા સરસવથી સિદ્ધ કરેલું ઘી પીવું. અથવા એ જ ઔષધોથી સિદ્ધ કરેલો ચારમાંથી ગમે તે એક સ્નેહ પીવો અથવા વાવડિંગ, હરડે અને ભિલામાંથી સિદ્ધ કરેલું ઘી કે સ્નેહ પીવો.

आरग्वधस्य मूलेन शतकृत्वः शृतं घृतम् ॥१३॥
पिबन् कुष्ठं जयत्याशु भजन् खदिरं जलम् ।

ગરમાળાના મૂળ વડે સો વાર સિદ્ધ કરેલું ઘી પીવું અને પાણી તરીકે ખેરનું પાણી (ખેરનો કવાથ) પીવાનો અભ્યાસ રાખવો. એથી કુષ્ઠરોગ તત્કાળ મટી જાય છે.

કયા કુષ્ઠ ઉપર કયો અભ્યંગ સ્નેહ

एभिरेव यथास्वं च स्नेहैरभ्यञ्जनं हितम् ॥१४॥

પાછળ જે જે સ્નેહ કહેલા છે તે તે સ્નેહ વડે જે જે દોષને જે જે સ્નેહ યોગ્ય હોય તેનાથી કુષ્ઠ ઉપર અભ્યંગ કરવો હિતકર છે.

સ્નેહન પછી કુષ્ઠવાળાનું શોધન

स्निग्धस्य शोधनं योज्यं विसर्पे यदुदाहृतम् ।

કુષ્ઠરોગીને સ્નેહપાન કરાવીને સ્નિગ્ધ કર્યા પછી વિસર્પમાં (ચિ. અ. ૧૮ શ્લોક ૨૬, ૩માં) જે જે શોધન ઔષધ કહેલાં છે, તે વડે શોધન કરવું યોગ્ય છે.

કુષ્ઠમાં કોને કઈ રીતે લોહી કાઢવું ?

ललाटहस्तपादेषु शिराश्चास्य विमोक्षयेत् ॥१५॥
प्रच्छानमल्पके कुष्ठे शृङ्गाद्याश्च यथायथम् ।

વૈદ્યે કુષ્ઠરોગીના શરીરની શક્તિનો વિચાર કરીને તેના કપાળની, હાથની અને પગની ફસ ખોલવી જો કુષ્ઠ થોડો હોય તો પ્રચ્છાનકર્મ કરવું અને દોષના હિસાબે રૂમડી વગેરેનો ઉપયોગ કરીને બગડેલું લોહી કાઢી નાખવું. (પ્રચ્છાનકર્મ માટે જુઓ સૂ. ૨૬/૫૦થી ૫૩)

કુષ્ઠવાળાને લોહી કાઢયા પછી અને વિરેચન કર્યા પછી કયો સ્નેહ પાવો ? કારણ

स्नेहैराप्याययेच्चैन कुष्ठघ्नैरन्तराऽन्तरा ॥ १६ ॥
मुक्तरक्तविरिक्तस्य रिक्तकोष्ठस्य कुष्ठिनः ।
प्रभञ्जनस्तथा ह्यस्य न स्याद्देहप्रभञ्जन ॥ १७॥

કુષ્ઠરોગીનું લોહી કાઢયા પછી તથા તેને વિરેચન આપ્યા પછી કુષ્ઠનો નાશ કરનારા સ્નેહ વડે વચમાવચમા તે રોગીને સ્નેહપાન કરાવીને તૃપ્ત કરવો. એમ કરવાથી (કુષ્ઠનાશક સ્નેહ પાવાથી) વાયુ જેનું લોહી કાઢવું છે એવા તથા જુલાબ કરાવેલા અને તેથી જેનો કોઠો ખાલી થઈ ગયો છે, એવા તે કુષ્ઠરોગીના દેહનો નાશ કરતો નથી. (અર્થાત્ કુષ્ઠરોગીનું લોહી કાઢવાથી તથા તેને વિરેચન આપવાથી તે રોગીનો કોઠો ખાલી પડી જવાથી કુષ્ઠરોગીનો વાયુ કોપીને તેના દેહનો નાશ કરે છે, માટે એ વાયુનો કોપ અટકાવવાને તેને પાછળ કહેલા કુષ્ઠ મટાડે એવા સ્નેહ પાવા જોઈએ.)

વિસર્પ, તાવ, કમળો, લોહીબગાડ અને કુષ્ઠ માટે વજ્રકઘૃત

वासामृतानिम्बवरापटोल-
व्याघ्रीकरञ्जोदकल्कपक्कम् ।
सर्पिर्विसर्पज्वरकामलास्र-
कुष्ठापहं वज्रकमामनन्ति ॥ १८ ॥

અરડૂસી, ગળો, લીમડો, ત્રિફળા, પટોલ, રીંગણી, કરંજ અને વીગણવાળો એ ઔષધોના કલ્કથી પક્વ કરેલું ઘી વિસર્પ, તાવ, કમળો, લોહી બગડવાથી થતા રોગ અને ચામડીના રોગ એટલા રોગને દૂર કરનારું છે એમ મુનિઓ કહે છે.

મહાવજ્રકઘૃત

त्रिफलात्रिकटुद्विकण्टकारी
कटुकाकुम्भनिकुम्भराजवृक्षैः ।
सवचातिविषाग्निकैः सपाठैः
पिचुभागैर्नवरत्नदुग्धमुष्ट्या ॥ १९॥
पिष्टैः सिद्धं सर्पिषः प्रस्थमेमि
क्रूरे कोष्ठे स्नेहनं रेचनं च ।
कुष्ठश्वित्रप्लीहवर्ध्मार्शगुल्मान्
हन्यात्कृच्छ्रास्तन्महावज्रकाख्यम् ॥ २० ॥

ત્રિફળા, ત્રિકટુ, બન્ને રીંગણીઓ, કડુ, નસોતર, દંતીમૂળ, ગરમાળો, વજ, અતિવિષ, ચિત્રો, પહાડમૂળ, એ ઔષધોમાંનું દરેક એક-એક તોલો લેવું. પછી નવા થોરનું દૂધ ચાર તોલા લઈને તેમાં તે સર્વનો કલ્ક કરવો. પછી ઘીથી ચોગણા પાણીમાં, ચોસઠ તોલા ઘી નાખીને તેમાં ઉપર કહેલો કલ્ક નાખવો અને ઘી સિદ્ધ કરવું. એ ઘી પીવાથી સખત કોઠાવાળાને સ્નેહન અને રેચન બન્ને થાય છે. વળી તે ઘી અતિ દુસાધ્ય ચામડીના રોગ, ધોળો કોઢ, બરોળ, વધરાવળ અને ગોળો એ સર્વ રોગનો ઉતાવળે નાશ કરે છે. એને 'મહાવજ્રકઘૃત' કહે છે.

વમન અને વિરેચન કરાવે એવું ઘી

दन्त्याढकमपां द्रोणे पक्त्वा तेन घृतं पचेत् ।
धामार्गवफले पीत तदूर्ध्वाधो विशुद्धिकृत् ॥ २१ ॥

દંતીમૂળ બસોછપ્પન (૨૫૬) તોલા લઈને ૧૦૨૪ તોલા પાણીમાં તેનો કવાથ કરવો. તે કવાથમાં ઘી નાખીને ગલકીના મૂળનો કલ્ક ચાર તોલા નાખીને તે વડે ઘી સિદ્ધ કરવું. એ ઘી પીવાથી ઉપરથી મુખ દ્વારા (ઊલટી કરીને) તથા નીચેથી (વિરેચન કરીને) શુદ્ધિ થાય છે.

કુષ્ઠ વગેરે માટે આવર્તકીઘૃત

आवर्तकीतुलां द्रोणे पचेदष्टांशशेषितम् ।
तन्मूलैस्तत्र निर्यूहे घृतप्रस्थं विपाचयेत् ॥ २२ ॥
पीत्वा तदेकदिवसान्तरितं सुजीर्णे
भुञ्जीत कोद्रवमसंस्कृतकाञ्जिकेन ।

कुष्ठं किलासमपचीं च विजेतुमिच्छन्
इच्छन् प्रजां च विपुलां ग्रहणं स्मृतिं च ॥

ચારસો તોલા સોનામુખી(મીંઢીઆવળ)નાં પાંદડાં લઈને ૧૦૨૪ તોલા પાણીમાં તેનો ક્વાથ કરવો. પછી ઊકળતાંઊકળતાં આઠમા ભાગનું પાણી બાકી રહે ત્યારે તેમાં ૬૪ તોલા ઘી નાખીને તેમાં સોનામુખીના મૂળનો કલ્ક નાખીને તે ઘી પકવ કરવું. (મૂળમાં आर्वतकी છે તેનો અર્થ 'બૃહદ્દંતી' એવો પણ થાય છે, માટે એ રીતે અર્થ કરતાં મોટા દંતીમૂળના ક્વાથમાં ઘી નાખીને તેમાં તેનો જ એટલે મોટા દંતીમૂળનો કલ્ક નાખીને ઘી પકવ કરવુ.) એ ઘી એક એક દિવસને આંતરે પીવું. એ ઘી બરાબર પચી ગયા પછી સંસ્કાર આપ્યા વિનાની કાંજી સાથે કોદરીનું ભોજન કરવું. એથી કુષ્ઠરોગ, કિલાસ નામે કુષ્ઠ, ન પાકે એવી રસોળીનો રોગ, એ સર્વ મટે છે. વળી એથી બહુ પ્રજા થાય છે; ગ્રહણશક્તિ અને યાદશક્તિ વધે છે.

કુષ્ઠના બીજા ઉપાય

यत्तैर्लेलीतकवसा क्षौद्रधातोरसान्विता ।
कुष्ठघ्नी समधर्पिर्वा खदायस्यसनोदका ॥ २४॥

ગંધક, મધ અને બાળ, એ ત્રણને મિશ્ર કરીને બ્રહ્મચર્ય પાળીને જે માણસ પીએ તેનો કુષ્ઠરોગ મટે છે. અથવા ખેર, બીબલો અને વાળો એમાં ગંધક અને ગંધક જેટલું ઘી મેળવીને ખાવાથી કુષ્ઠ મટે છે. (કુષ્ઠરોગીએ બ્રહ્મચર્ય પાળવું.)

કુષ્ઠરોગીનું પથ્યાપથ્ય

शालयो यवगोधूमाः कोरदूषाः प्रियङ्गवः ।
मुद्गा मसूरास्तुवरी तिक्तशाकानि जाङ्गलम् ॥२५॥
वराषटोलखदिरनिम्बारुष्करयोजितम् ।
मद्यान्यौषधगर्भाणि मथितं चेन्दुराजिमत् ॥२६॥
अन्नपानं हितं कुष्ठे न त्वम्ललवणोषणम् ।
दधिदुग्धगुडानूपतिलमाषांस्त्यजेत्तराम् ॥२७॥

ડાંગર (ચોખા), જવ, ઘઉં, કોદરા, કાંગ, મગ, મસૂર, તુવેર, કડવાં શાક (કારેલાં વગેરે), જાંગલ દેશનાં પ્રાણીઓનું માંસ, એ ભોજનને ત્રિફળા, પટોળ, ખેર, લીમડો, ભિલામાં એની સાથે મેળવીને ખાવું તે કુષ્ઠરોગમાં હિતકર છે. વળી કુષ્ઠ મટાડે એવાં ઔષધ જેમાં નાખ્યાં હોય એવા દારૂ, બાવચી નાખેલી છાશ, એ સર્વ અન્નપાન હિતકર છે; પણ ખાટા, ખારા અને તીખા પદાર્થો (ભોજન) હિતકર નથી; દહીં; દૂધ, ગોળ, અનૂપ દેશના પ્રાણીનું માંસ, તલ અને અડદ, એટલાં ભોજન તો કુષ્ઠવાળાએ બિલકુલ તજવાં. (દરેક રોગમાં રોગને ઉત્પન્ન કરનારા (કારણરૂપ) આહાર, વિહાર અને ક્રિયાનો ત્યાગ કરવાનો કહેલો હોય છે. એ ત્યાગ (પરેજ) તે રોગની ચિકિત્સા છે એમ જાણવું.)

બાવચી=ગંધવાળી બાવચી; હુકમરિયાં નહિ. કેટલાક બાવચીને બાવચો પણ કહે છે.

પાકેલા દોષ માટે શોધન ક્વાથ, કુષ્ઠ વગેરે માટે ૭ રાતનો પ્રયોગ

पटोलमूलत्रिफलाविशालाः
पृथक्त्रिभागापचितत्रिशाणाः ।
स्युस्त्रायमाणा कटुरोहिणी च
भागार्धिके नागरपादयुक्ते ॥ २८ ॥
एतत्पलं जर्जरितं विपक्वं
जले पिबेद्दोषविशोधनाय ।
जीर्णे रसैर्धन्वमृगद्विजानां
पुराणशाल्योदनमाददीत ॥ २९ ॥
कुष्ठं किलासं ग्रहणीप्रदोष-
मर्शांसि कृच्छ्राणि हलीमकं च ।
षड्रात्रयोगेन निहन्ति चैतद्
हृद्बस्तिशूलं विषमज्वरं च ॥ ३० ॥

પટોળમૂળ, ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), ઇન્દ્રવારણી, એ દરેક ઔષધ ત્રણ શાણમાંથી એક તૃતીયાંશ બાદ કરતાં જે આવે તેટલાં લેવાં; (શાણ એટલે પાવલીભાર.) અર્થાત્ દરેક આઠ આઠ માસા જેટલાં લેવાં. એ જ પ્રમાણે ત્રાયમાણ અને કડુ ત્રણ-ત્રણ માસા લેવાં. સૂંઠ બે માસા લેવી. એવી રીતે આઠ ઔષધ મળીને અડતાળીસ માસા એટલે ચાર તોલા ઔષધ લેવું. પછી તેને અધકચરું ખાંડીને પાણીમાં ઉકાળવું. એ પકવ થયેલા ઔષધને દોષનું શોધન કરવા પીવું. જ્યારે

એ ઔષધો પચી જાય ત્યારે જાંગલ પ્રદેશનાં પશુ તથા પક્ષીઓના માંસરસ સાથે જૂના શાલિ ચોખાનો ભાત ખાવો. એ પ્રયોગ છ રાત્રિઓ વીતતા સુધી કરવાથી કુષ્ઠરોગ, કિલાસરોગ, ગ્રહણીરોગ, દુઃસાધ્ય હરસ, હલીમકરોગ, હૃદયનું અને મૂત્રાશયનું શૂળ તથા વિષમજ્વર મટે છે.

માષા (માસા)–૪ માસા=૧ શાણ.

શાણ–૪ શાણ=૧ તોલો.

કુષ્ઠ વગેરે માટે ઔષધો

विडङ्गसारामलकाभयानां
पलत्रयं त्रीणि पलानि कुम्भात् ।
गुडस्य च द्वादश मासमेव
जितात्मनां हन्त्युपयुज्यमानः ॥ ३१ ॥
कुष्ठश्वित्रश्वासकासोदरार्शो-
मेहप्लीहग्रन्थिरुग्जन्तुगुल्मान् ।
सिद्धं योगं प्राह यक्षो मुमुक्षो-
र्भिक्षोः प्राणान् माणिभद्रः किलेमम् ॥३२॥

વાવડિંગ, ખેરસાર, આમળાં, હરડે, એ ચારે મળીને બાર તોલા લેવાં, નસોતર બાર તોલા લેવું, ગોળ અડતાળીસ તોલા લેવો. એ સર્વ એકઠું કરીને એક મહિના સુધી ખાવું તથા સંયમી રહેવું (પરેજ બરાબર પાળવી). બધું મળીને એ ઔષધ બોતેર તોલા થાય છે માટે દરરોજ બોતેર તોલાનો ત્રીસમો ભાગ ખાવો. (બીજી જગ્યાએ પણ એ રીતે ઔષધ ખાવાનું માપ સમજવું.) એ ઔષધ ખાવાથી ચામડીના રોગ, ધોળો કોઢ, દમ, ખાંસી, ઉદરરોગ, હરસ, પ્રમેહ, બરોળ, રસોળી. કરમિયા, ગોળો એ રોગ મટે છે. એક ભિક્ષુ રોગથી પ્રાણ તજતો હતો, તેને મણિભદ્ર નામે યક્ષે આ સિદ્ધ યોગ કહ્યો છે.

भूनिम्बनिम्बत्रिफलापद्मकातिविषाकणाः ।
मूर्वापटोलीद्विनिशापाठातिक्तेन्द्रवारुणीः ॥
सकलिङ्गवचास्तुल्या द्विगुणाश्च यथोत्तरम् ।
लिह्याद्दन्तीत्रिवृद्ब्राह्मीश्चूर्णिता मधुसर्पिषा ॥३४॥
कुष्ठमेहप्रसुप्तीनां परमं स्यात्तदौषधम् ।

કરિયાતું, લીમડો, ત્રિફળા, પદ્મકાષ્ઠ, અતિવિષ, પીપર, મોરવેલ, પટોળ, હળદર, દારુહળદર, પહાડમૂળ, કડુ, ઇંદ્રવારણી, ઇંદ્રજવ, વજ એ ઔષધો સરખે ભાગે લેવાં, નેપાળો, નસોતર, અને બ્રાહ્મી, એ ઉત્તરોત્તર બમણાં લેવાં, એટલે કરિયાતું વગેરે ઔષધો એક એક તોલો લઈએ તો દંતીમૂળ બે તોલા, નસોતર ચાર તોલા અને બ્રાહ્મી આઠ તોલા લેવી. એ સર્વ ઔષધોનું ચૂર્ણ કરીને તેને મધ તથા ઘી સાથે ચાટવું. ચામડીના રોગ, પ્રમેહ અને પ્રસુપ્તિ નામે વાયુરોગ મટાડવાનું એ શ્રેષ્ઠ ઔષધ છે.

નોંધ: મધ અને ઘી વજનમાં સરખાં લેવાં નહિ.

वराविडंगकृष्णा वा लिह्यात्तैलाज्यमाक्षिकैः ॥३५

અથવા ત્રિફળા, વાવડિંગ અને પીપર, એ ઔષધના ચૂર્ણને તેલ, ઘી અને મધ સાથે ચાટવાથી પણ કુષ્ઠરોગ મટે છે.

काकोदुम्बरिकावेल्लनिम्बाब्दव्योषकल्कवान् ।
हन्ति वृक्षकनिर्यूहः पानात्सर्वांस्त्वगामयान् ॥३६

કાળો ઉમરડો (ગુલર), વાવડિંગ, લીમડો, મોથ, ત્રિકટુ એ ઔષધોના કલ્ક સહિત ઇંદ્રજવનો ક્વાથ પીવાથી સર્વ ચામડીના રોગ મટે છે.

कुटजाग्निनिम्बनृपतरुखदिरासनसप्तपर्णनिर्यूहे ।
सिद्धा मधुघृतयुक्ताः कुष्ठघ्नीर्भक्षयेदभयाः ॥३७॥

ઇંદ્રજવ, ચિત્રો, લીમડો, ગરમાળો, ખેર, બીબલો, સાતવણ, એ ઔષધોના ક્વાથમાં પકવ (સિદ્ધ) કરેલી હરડેને મધ તથા ઘી સાથે ખાવાથી કુષ્ઠરોગ નાશ પામે છે.

दार्वीखदिरनिम्बानां त्वक्क्वाथः कुष्ठसूदनः ॥

દારુહળદર, ખેર અને લીમડો, એમની છાલનો ક્વાથ ચામડીના રોગનો નાશ કરનારો છે.

निशोत्तमानिम्बपटोलमूल-
तिक्तावचालोहितयष्टिकाभिः ।
कृतः कषायः कफपित्तकुष्ठं
सुसेवितो घर्म इवोच्छिनत्ति ॥ ३८ ॥
एभिरेव च शृतं घृतमुख्यं
मेषजैर्जयति मारुतकुष्ठम् ।
कल्पयेत्खदिरनिम्बगुडूची-
देवदारुरजनीः पृथगेवम् ॥ ३९ ॥

જેમ ધર્મ સારી રીતે પાળવાથી કુષ્ઠરોગ મટે છે; તેમ, હળદર, ત્રિફળા, લીમડો, પટોળમૂળ, કડુ, વજ અને મજીઠ, એ ઔષધોને ક્વાથ કરીને પીવાથી પણ કફપિત્તથી થયેલો કુષ્ઠરોગ મટે છે. એ જ ઔષધો વડે સિદ્ધ કરેલું ઘી વાતકુષ્ઠને મટાડે છે. એ જ પ્રમાણે ખેર, લીમડો, ગળો, દેવદાર, હળદર, એ દરેક ઔષધ જુદું જુદું લઈને તે વડે સિદ્ધ કરેલું ઘી પાવાથી પણ કુષ્ઠરોગ મટે છે.

पाठादार्वीवह्निघुणेष्टाकटुकाभि-
मूँत्रं युक्तं शक्रयवैश्चोष्णजलं वा ।
कुष्ठी पीत्वा मासमरुक् स्याद्गुदकीली
मेही शोफी पाण्डुरजीर्णी कृमिमांश्च ॥ ४० ॥

પહાડમૂળ, દારુહળદર, ચિત્રો, કાળા અતિવિષની કળી, કડુ અને ઇંદ્રજવ, એમનુ ચૂર્ણ ગોમૂત્રમાં મેળવીને પીવુ અથવા એ ચૂર્ણ સાથે ગરમ પાણી પીવું. એ પ્રયોગ એક માસ સુધી કરવાથી કુષ્ઠરોગી નીરોગી થાય છે; તેમ જ હરસનો રોગી, પ્રમેહવાળો, સોજાવાળો, પાંડુરોગવાળો, અજીર્ણવાળો અને કરમિયાવાળો પણ એ ઔષધ એક માસ પીએ તો નીરોગી થાય છે.

लाक्षादन्तीमधुरसवराद्वीपिपाठाविडङ्ग-
प्रत्यक्पुष्पीत्रिकटुरजनीसप्तपर्णाटरूषम् ।
रक्ता निम्बं सुरतरु कृतं पञ्चमूल्यौ च चूर्णं ।
पीत्वा मासं जयति हितभुग्गव्यमूत्रेण कुष्ठम् ॥४१

લાખ, દંતીમૂળ, તાડ, ત્રિફળા, ચિત્રો, પહાડમૂળ, વાવડિંગ, ધોળો અઘેડો, ત્રિકટુ, હળદર, સાતવણ, અરડૂસી, મજીઠ, લીમડો, દેવદાર અને દશમૂળ, એ ઔષધોનુ ચૂર્ણ એક મહિનો ગાયના મૂત્ર સાથે પીવુ અને પથ્ય ભોજન કરવું, એથી કુષ્ઠરોગ મટે છે.

निशाकणानागरवेल्लतीवरं
सवह्नितार्क्ष्यं क्रमशो विवर्धितम् ।
गवाम्बुपीतं वटकीकृतं तथा
निहन्ति कुष्ठानि सुदारुणान्यपि ॥ ४२ ॥

હળદર એક ભાગ, પીપર બે ભાગ, સૂંઠ ત્રણ ભાગ, વાવડિંગ ચાર ભાગ, ચેરિયું પાંચ ભાગ, ચિત્રો છ ભાગ, સુવર્ણમાક્ષિક સાત ભાગ, એ રીતે અનુક્રમે વધારે વધારે લઈને તેનુ ચૂર્ણ કરીને ગાયના મૂત્ર સાથે પીવું, અથવા તેની ગોળી કરીને ગાયના મૂત્ર સાથે પીવી, તેથી અત્યંત દારુણ એવા કુષ્ઠ મટે છે.

(સપ્તસમા ગુટિકા)

त्रिकटुत्रिफलातिलारुष्क-
राज्यमाक्षिकसितोपलाविहिता ।
गुलिका रसायनं कुष्ठ-
जिच्च वृष्या च सप्तसमा ॥ ४३ ॥

ત્રિકટુ, ત્રિફળા, તલ, ભિલામાં, ઘી, મધ, સાકર, એ સાત ઔષધ સરખે ભાગે લઈને તેની ગોળી કરવી. એ સપ્તસમા નામની ગોળી કુષ્ઠને મટાડનારી, વીર્ય વધારનારી તથા રસાયન છે.

चन्द्रशकलाग्निरजनी-
विडङ्गतुवरास्थ्यरुष्करत्रिफलाभिः ।
वटका गुडांशकल्पताः
समस्तकुष्ठानि नाशयन्त्यभ्यस्ताः ॥४४॥

ખાવચી, ચિત્રો, હળદર, વાવડિંગ, તવરિયાં, ચેરિયાંનો ઠળિયો, ભિલામાં, ત્રિફળા, એ ઔષધોની ગોળમાં ગોળીઓ કરીને રોજ ખાવાથી બધા ચામડીના રોગ નાશ પામે છે.

विडङ्गभल्लातकवाकुचीनां
सद्वीपिवाराहिहरीतकीनाम् ।
सलाङ्गलीकृष्णतिलोपकुल्या
गुडेन पिण्डी विनिहन्ति कुष्ठम् ॥ ४५ ॥

વાવડિંગ, ભિલામા, ખાવચી, ચિત્રો, વારાહીકંદ (ભોંયકોળું), હરડે, જળપીપર (=રતવેલિયો), કાળા તલ, પીપર, એ ઔષધોની ગોળમાં ગોળી કરીને ખાવાથી કોઢ મટે છે.

शशाङ्कलेखा सविडङ्गसारा
सपिप्पलीका सहुताशमूला ।
सायोमला सामलका सतैला
कुष्ठानि कृच्छ्राणि निहन्ति लीढा ॥ ४६॥

ખાવચીમાં વાવડિંગનું મૂળ, પીપર, ચિત્રાનું મૂળ, લોઢાનું કીટું અને આમળાં મેળવીને તેને તેલ સાથે ભેળવીને ચાટવાથી દુઃસાધ્ય

ચામડીના રોગ મટે છે.

पथ्यातिलगुडैः पिण्डी कुष्ठं सारुष्करैर्जयेत् ।
गुडारुष्करजन्तुघ्नसोमराजीकृताऽथवा ॥ ४७ ॥

હરડે, તલ, ગોળ અને ભિલામાંની ગોળી કરીને ખાવાથી ચામડીના રોગ મટે છે; અથવા ગોળ, ભિલામાં, વાવડિંગ અને ખાવચીની ગોળી કરીને ખાવાથી પણ ચામડીના રોગ મટે છે.

विडङ्गाद्रिजतुक्षौद्रसर्पिष्मत्खादिरं रजः ।
किटिमश्वित्रदद्रुघ्नं खादेन्मितहिताशन ॥ ४८ ॥

વાવડિંગ, શિલાજિત અને ખેરસારનું ચૂર્ણ કરીને મધ તથા ઘી સાથે ખાવાથી કિટિભ નામે કુષ્ઠ, ધોળો કોઢ અને દાદર (દરાજ), એ રોગ મટે છે. રોગીએ માપસર અને પથ્ય ભોજન કરવું.

सितातैलकृमिघ्नानि धात्र्ययोमलपिप्पलीः ।
लिहानः सर्वकुष्ठानि जयत्यतिगुरूण्यपि ॥ ४९ ॥

સાકર, વાવડિંગ, આમળાં, લોઢાનું કીટું, પીપર—એ સર્વના ચૂર્ણને તેલમાં મિશ્ર કરીને ચાટવાથી સર્વ પ્રકારના મુશ્કેલીથી મટે એવા ચામડીના રોગ પણ મટી જાય છે.

मुस्तं व्योषं त्रिफला मञ्जिष्ठा दारु पञ्चमूले द्वे ।
सप्तच्छदनिम्बत्वक् सविशाला चित्रको मूर्वा ॥५०
चूर्णं तर्पणभागैर्नवभिः संयोजितं समध्वंशम् ।
नित्यं कुष्ठनिबर्हणमेतत्प्रायोगिकं खादन् ॥ ५१ ॥
श्वयथुं सपाण्डुरोगं
श्वित्रं ग्रहणीप्रदोषमर्शांसि ।
वर्ध्मभगन्दरपिडकाकण्डूकोठापचीर्हन्ति ॥ ५२ ॥

મોથ, ત્રિકટુ, ત્રિફળા, મજીઠ, દેવદાર, દશમૂળ, સાતવણ, લીમડાની અંતરછાલ, ઇંદ્રવારણી, ચિત્રો, મોરવેલ—એ ઔષધો સરખે ભાગે લેવાં અને તેનું ચૂર્ણ કરવું. પછી તેમાં નવ ભાગ સાથુ નાખીને તેમાં મધ મેળવવું. એ પ્રાયોગિક ચૂર્ણ છે. એને નિત્ય ખાવાનો પ્રયોગ કરવાથી કુષ્ઠરોગ નાશ પામે છે. વળી સોજા, પાંડુરોગ, ધોળો કોઢ, ગ્રહણીદોષ, હરસ, વધરાવળ, ભગંદર, ફોલ્લીઓ, ખણુજ, કોઠ, અપચી (ન પાકે એવી રસોળી)—એ સર્વ રોગ પણ તે ચૂર્ણ ખાવાનો પ્રયોગ કરવાથી મટે છે.

રસાયનપ્રયોગ

रसायनप्रयोगेण तुवरास्थीनि शीलयेत् ।
भल्लातकं वाकुचिकां वह्निमूलं शिलाह्वयम् ॥५३॥

તવરિયાં ચેરિયાંનો ઠળિયો, ભિલામાં, ખાવચી (=ખાવચો, તકમરિયાં નહિ), ચિત્રાનુ મૂળ કે શિલાજિત—એમાંથી ગમે તે કોઈ એક ઔષધનો રસાયનવિધિથી પ્રયોગ કરવાથી કુષ્ઠ-રોગ મટે છે. (જુઓ ઉત્તરસ્થાન અ. ૩૯ (રસાયન અધ્યાય) શ્લોક ૮૩½ થી ૯૧, ૭૪½થી ૭૮, ૧૦૭, ૬૨½થી ૬૪, ૧૩૫½થી ૧૩૮)

લેપ વગેરે બહારના ઉપચાર કરતાં પહેલાં શરીરની અંદરના દોષ મટાડવાની જરૂર

इति दोषे विजितेऽन्तस्-
त्वक्स्थे शमनं बहिः प्रलेपादि हितम् ।
तीक्ष्णालेपोत्क्लिष्टं
कुष्ठं हि विवृद्धिमेति मलिने देहे ॥ ५४ ॥

એ રીતે ઉપચાર કરવાથી શરીરની અંદરના દોષોનો નાશ કર્યા પછી જ્યારે દોષ ચામડીમા રહેલા હોય ત્યારે બહાર શરીર ઉપર પ્રલેપ વગેરે કરવુ હિતકર છે; કેમ કે શરીરની અંદરની શુદ્ધિ કર્યા વિના કુષ્ઠ ઉપર બહાર (ચામડી ઉપર) તીક્ષ્ણ પ્રલેપ કરવાથી કુષ્ઠ ઉત્ક્લેશ પામીને દોષવાળા શરીરમા વૃદ્ધિ પામે છે; માટે પ્રથમ અંતઃશુદ્ધિ કર્યા પછી બહાર પ્રલેપ વગેરે કરવુ હિતકર છે.

કુષ્ઠ પર લેપ કરવાનો વિધિ

स्थिरकठिनमण्डलानां कुष्ठानां
पोटलैर्हितः स्वेदः ।
स्विन्नोत्सन्नं कुष्ठं शस्त्रैर्लिखितं प्रलेपनैर्लिम्पेत् ॥

જે કુષ્ઠમાં ચામડી ઉપર સ્થિર અને કઠણ મંડળ (ચકામાં) થયાં હોય તેને પોટલીઓ વડે શેક કરીને પરસેવો કાઢવો. પછી જ્યારે કુષ્ઠ પરસેવાવાળો થાય તથા ચકામાં ઊપસે ત્યારે તેને શસ્ત્ર વડે ખોતરીને પછી તે ઉપર લેપનાં ઔષધ વડે લેપ કરવો.

કેવા કુષ્ઠમાં અને શી રીતે ક્ષાર આપવો?

येषु न शस्त्रं क्रमते स्पर्शेन्द्रियनाशनेषु कुष्ठेषु ।
तेषु निपात्यः क्षारो रक्तं दोषं च विस्राव्य ॥५६

સ્પર્શેન્દ્રિયનો નાશ કરનારા જે કુષ્ઠમાં શસ્ત્ર ચાલી શકતું નથી તે કુષ્ઠમાંથી લોહી અને દોષ કાઢીને ક્ષાર વાપરવો; અર્થાત્ તેમાંથી બગડેલું લોહી અને દોષ કાઢીને પછી ક્ષાર ભભરાવવો.

કઠણ, કરકરા, જડ, સ્થિર અને જૂના કુષ્ઠ ઉપર લેપ

लेपोऽतिकठिनपरुषे सुप्ते कुष्ठे स्थिरे पुराणे च।
पीतागदस्य कार्यो विषैः समन्त्रोऽगदैश्चानु ॥५७

જે ચામડીનો રોગ અત્યંત કઠણ અને કરકરા સ્પર્શવાળો હોય તથા જે જડ, સ્થિર અને ઘણા કાળનો હોય તે ચામડીના રોગવાળાને પ્રથમ ઔષધ પિવડાવીને પછી તેના કુષ્ઠ ઉપર મંત્ર સહિત ઝેરકચોલા વડે લેપ કરવો અને તે પછી ઔષધનો લેપ કરવો.

સ્તબ્ધ, બહુ સ્વાપવાળા, પરસેવા વિનાના, ચેળવાળા કુષ્ઠ ઉપર લેપ

स्तब्धानि सुप्तसुप्तान्यस्वेदन-
कण्डुलानि कुष्ठानि।
घृष्टानि शुष्कगोमयफेनकशस्त्रैः प्रदेह्यानि ॥ ५८ ॥

જે કુષ્ઠ સ્તબ્ધ, બહુ જડ, પરસેવો ન નીકળે એવો અને ખરજ (ચળ) આવે એવો હોય તેને સૂકાં છાણાંનાં અડાયાં વડે અથવા સમુદ્રફીણ વડે અથવા શસ્ત્ર વડે ઘસીને પછી તે ઉપર લેપ કરવો.

કુષ્ઠવાળા માટે નાહવાનું પાણી

मुस्ता त्रिफला मदनं करञ्ज
आरग्वधः कलिङ्गयवाः।
सप्ताह्वकुष्ठफलिनीदार्व्यः सिद्धार्थकं स्नानम् ॥५९

મોથ, ત્રિફળા, મીંઢળ, કરંજ, ગરમાળો, ઇંદ્રજવ, સાતવણ, ઉપલેટ, કાંગ, દારુહળદર અને સરસવને પાણીમાં ઉકાળીને તે પાણીથી કુષ્ઠવાળા માણસને સ્નાન કરાવવું.

કુષ્ઠવાળાને વમન, વિરેચન વગેરે માટે ક્વાથ

एष कषायो वमनं विरेचनं वर्णकस्तथोद्धर्षः।
त्वग्दोषकुष्ठशोफप्रबाधनः पाण्डुरोगघ्नः ॥ ६० ॥

ઉપર શ્લોક ૫૮ને, ૫૯માં કહેલાં મોથ, ત્રિફળા વગેરે ઔષધોનો ક્વાથ કુષ્ઠ રોગવાળાને પાવાથી વમન થાય છે, વિરેચન થાય છે, (એ ક્વાથ) ચામડીનો રંગ સુધારે છે, ચામડી ઉપર ઘસવાના કામમાં આવે છે; ચામડીના વિકાર, કુષ્ઠ, સોજો અને પાંડુરોગને મટાડે છે.

કુષ્ઠ માટે લેપો

करवीरनिम्बकुटजा-
च्छम्याकाचित्रकाच्च मूलानाम्।
मूत्रे दर्वीलेपी क्वाथो लेपेन कुष्ठघ्नः ॥ ६१ ॥

ધોળી કણેરનું મૂળ, લીમડાનું મૂળ, કડાનું મૂળ, ગરમાળાનું મૂળ, ચિત્રાનું મૂળ, એ ઔષધોનો ક્વાથ ગોમૂત્રમાં કડછીએ ચોટે એટલો ઘાડો કરવો. પછી તેનો લેપ કરવાથી કુષ્ઠ મટે છે.

श्वेतकरवीरमूलं कुटजकरञ्जा-
त्फलं त्वचो दार्व्याः।
सुमनःप्रवालयुक्तो लेपः कुष्ठापहः सिद्धः ॥६२॥

ધોળી કણેરનું મૂળ, ઇંદ્રજવ, કરંજનું ફળ (કણઝાં), દારુહળદરની છાલ, ચમેલીનાં પાંદડાં, એ સર્વનો લેપ કુષ્ઠને મટાડવામાં સિદ્ધ છે; અર્થાત્ એ લેપ કરવાથી કુષ્ઠ નક્કી મટે છે.

शैरीषी त्वक् पुष्पं कार्पास्या राजवृक्षपत्राणि।
पिष्टा च काकमाची चतुर्विधः कुष्ठहा लेपः ॥६३॥

સરસડાની છાલને વાટીને તેનો લેપ કરવાથી કુષ્ઠ મટે છે. કપાસનાં ફૂલને વાટીને તેનો લેપ કરવાથી કુષ્ઠ મટે છે. ગરમાળાનાં પાંદડાંને વાટીને તેનો લેપ કરવાથી કુષ્ઠ મટે છે. ધોળી પીલુડીને વાટીને તેનો લેપ કરવાથી કુષ્ઠ મટે છે. એ ચાર પ્રકારનો લેપ કુષ્ઠને હણનારો છે.

त्र्योषसर्षपनिशागृहधूमै-
र्यावशूकपटुचित्रककुष्ठैः।
कोलमात्रगुटिकाऽर्धविषांशा
श्वित्रकुष्ठहरणो वरलेपः ॥ ६४ ॥

સૂંઠ, પીપર, મરી, સરસવ, હળદર, ઘરમાંનો ધુમાસ, જવખાર, સિંધવ, ચિત્રો, ઉપલેટ, એ સર્વે સરખે ભાગે લેવાં અને તે સર્વથી અર્ધાં તેમાં ઝેરકચોલાં નાખવાં. પછી તેની બોર જેવડી ગોળી વાળવી. તે ગોળીનો લેપ કરવાથી ધોળો કોઢ અને કુષ્ઠ મટે છે. ધોળો

કોઢ અને કુષ્ઠ મટાડવામાં એ ઉત્તમ લેપ છે.

કુષ્ઠવાળાને અભ્યંગ અને ઉદ્વર્તન

निम्बं हरिद्रे सुरसं पटोलं
कुष्ठाश्वगन्धे सुरदारु शिग्रुः ।
ससर्षपं तुम्बरुधान्यवन्यं
चण्डा च चूर्णानि समानि कुर्यात् ॥६५
तैस्तक्रपिष्टैः प्रथमं शरीरं
तैलाक्तमुद्वर्तयितुं यतेत ।
तथाऽस्य कण्डूः पिटिकाः सकोठाः
कुष्ठानि शोफाश्च शमं व्रजन्ति ॥ ६६ ॥

લીમડો, હળદર, દારુહળદર, તુલસી, પટોળ, ઉપલેટ, આસંધ, દેવદાર, સરગવો, સરસવ, તુંબુરુ, ધાણા, મોથ, ઉંદરકની, એ સર્વ સમાન લઈને તેનું ચૂર્ણ કરવું. પછી રોગીને શરીરે પ્રથમ તેલ ચોળવું. પછી ઉપરનાં ઔષધોના ચૂર્ણને છાશમાં વાટીને તેલ ચોળેલા રોગીને શરીરે તે છાશમાં વાટેલું ચૂર્ણ નીચેથી ઊંચે ચોળવાનો યત્ન કરવો, તેથી તે રોગીની ખણુજ, ફોલ્લીઓ, કોઢ, કુષ્ઠ અને સોજો એ સર્વ મટી જાય છે.

દાદર, ખણુજ, કિટિભ, ખસ અને ખરજવાનો ઉપાય

मुस्तामृतासङ्गकटङ्कटेरी-
कासीसकम्पिल्लककुष्ठरोध्राः ।
गन्धोपलः सर्जरसो विडङ्गं
मनःशिलाले करवीरकत्वक् ॥ ६७ ॥
तैलाक्तगात्रस्य कृतानि चूर्णा-
न्येतानि दद्यादवचूर्णनार्थम् ।
दद्रूः सकण्डूः किटिभानि पामा
विचर्चिका चेति तथा न सन्ति ॥६८॥

મોથ, ગળો, રસાજન, દારુહળદર, હીરાકસી, કપિલો, ઉપલેટ, લોધર, ગંધક, સાકર, રાળ, વાવડિંગ, મનશિલ, હરતાલ, કણેરની છાલ, એ સર્વનું ચૂર્ણ કરીને રોગીના શરીર ઉપર પ્રથમ તેલ ચોળીને પછી એ ચૂર્ણથી તે ઉપર મર્દન કરવું. એથી દાદર (દરાજ), ખણુજ, કિટિભરોગ, ખજ, ખરજવું એ રોગ નાશ પામે છે.

ખરજવા ઉપર લેપ

स्नुग्गण्डे सर्षपात्कल्कः कुकूलानलपाचितः ।
लेपाद्विचर्चिकां हन्ति रागवेग इव त्रपाम् ॥६९॥

જેમ રાગનો વેગ (પ્રેમનો આવેશ) લજ્જાનો નાશ કરે છે, તેમ સરસવના કલ્કને થોરની ગાંઠમા ઘાલીને કુકૂલ(તૂષો)ના અગ્નિમા (સૂ. ૬/૪૧૬) પકવીને તેનો લેપ કરવાથી ખરજવાનો નાશ થાય છે.

કુષ્ઠ મટે એવા લેપો

मनःशिलाले मरिचानि तैल-
मार्कं पयः कुष्ठहरः प्रदेहः ।
तथा करञ्जप्रपुनाटवीजं
कुष्ठान्वितं गोसलिलेन पिष्टम् ॥ ७० ॥

મનશિલ, હરતાલ, મરી, તેલ અને આકડાનું દૂધ, એમનો જાડો લેપ કુષ્ઠ મટાડે છે. તેમ જ કરંજ અને કૂવાડિયાના બીજ તથા ઉપલેટ, એ ત્રણ ઔષધોને ગાયના મૂત્રમા વાટીને તેનો લેપ કરવાથી પણ કુષ્ઠ મટે છે.

गुग्गुलुमरिचविडङ्गैः
सर्षपकासीससर्जरसमुस्तैः ।
श्रीवेष्टकालगन्धैर्मनःशिलाकुष्ठकम्पिल्लैः ॥ ७१ ॥
उभयहरिद्रासहितैश्चाक्रिकतैलेन मिश्रितैरेभिः ।
दिनकरकराभितप्तं कुष्ठं घृष्टं च नष्टं च ॥ ७२ ॥

ગૂગળ, મરી, વાવડિંગ, સરસવ, હીરાકસી, રાળ, મોથ, સરલનો ગુંદ, ગળી, ગંધક, મનશિલ, ઉપલેટ, કપિલો, હળદર, દારુહળદર, એ સર્વને એકત્ર કરીને તેને ઘાણીમાથી તરત કાઢેલા ગરમગરમ તેલમા મિશ્ર કરવું અને પછી સૂર્યના તાપથી તપાવીને તે કુષ્ઠ ઉપર ઘસવું, તેથી કુષ્ઠ નાશ પામે છે. (ઘાણીમાં પીલવાથી ગરમ થયેલું તેલ જે તરત નીકળેલું હોય તેને 'ચાક્રિક તેલ' કહે છે. કેટલાકનું કહેવું એમ છે કે, જે લાકડાની લાટ વડે ઘણા કાળ સુધી તેલ પીલ્યું હોય તે લાકડાના કકડા કરીને તેમાંથી યુક્તિ વડે જે તેલ કાઢ્યું હોય, તેને 'ચાક્રિક તેલ' કહેવું.)

કરોળિયા અને કિલાસ માટે લેપ

मरिचं तमालपत्रं कुष्ठं
समनःशिलं सकासीसम् ।

तैलेन युक्तमुषितं सप्ताहं भाजने ताम्रे ॥ ७३ ॥
तेनालिप्तं सिध्मं सप्ताहाद् धर्मसेविनोऽपैति ।
मासान्नवं किलासं स्नानेन विना विशुद्धस्य ॥७४

મરી, તમાલપત્ર, ઉપલેટ, મનશિલ, હીરાકસી, એ ઔષધોમાં તેલ મેળવીને તેને સાત દિવસ સુધી તાંબાના વાસણમાં રાખી મૂકવું. કરોળિયાનો રોગી તે સાત દિવસ ચોળીને તડકે બેસે તો કરોળિયા મટે છે. એ કિલાસ પણ નવો જ થયેલો હોય તો એ લેપ એક માસ સુધી ચોળવાથી કિલાસરોગ પણ મટે છે. દરદીએ નાહવું નહિ પણ એણે દોષોનું શોધન કરેલું હોવું જોઈએ.

કરોળિયા ઉપર ચોળવાનું તેલ

मयूरकक्षारजले सप्तकृत्वः परिस्रुते ।
सिद्धं ज्योतिष्मतीतैलमभ्यङ्गात्सिध्मनाशनम् ॥

સાત વાર ગાળેલા અઘેડાના ક્ષારના પાણીમાં માલકાંકણીના તેલને પકવ કરીને તે ચોળવાથી કરોળિયાનો રોગ નાશ પામે છે.

કરોળિયા ઉપર લેપ

वायसजङ्घामूलं वमनीपत्राणि मूलकाद्बीजम् ।
तक्रेण भौमवारे लेपः सिध्मापहः सिद्धः ॥ ७६ ॥

અઘેડીનું મૂળ, શણનાં પાંદડાં, મૂળાનાં બીજ, એ સર્વને છાશમાં વાટીને તેનો મંગળવારે લેપ કરવાથી કરોળિયા નામે કુષ્ઠ મટે છે. આ ઉપાય સિદ્ધ છે.

પગના વાઢિયા, ચર્મકુષ્ઠ, એકકુષ્ઠ, કિટિભ અને લૂખસ માટે મલમ

जीवन्ती मञ्जिष्ठा दार्वी कम्पिल्लकं पयस्तुल्यम् ।
एष घृततैलपाकः सिद्धः सिद्धे च सर्जरसः ॥७७
देयः समधूच्छिष्टो विपादिका
तेन नश्यति ह्यका ।
चर्मैककुष्ठकिटिभं कुष्ठं शाम्यत्यलसकं च ॥७८॥

ગળો, મજીઠ, દારુહળદર, કપિલો, આકડાનું દૂધ, મોરથૂથુ, એ ઔષધોને ઘી અને તેલમાં નાખીને પાક કરવો. એ પાક તૈયાર થાય ત્યારે તેમાં રાળ અને મીણ નાખીને મલમ કરવો. એ મલમ ચોપડવાથી વિપાદિકા (પગના વાઢિયા) નાશ પામે છે; તેમ જ ચર્મકુષ્ઠ, એકકુષ્ઠ, કિટિભકુષ્ઠ અને લૂખસ એ સર્વે પણ એ મલમ ચોપડવાથી નાશ પામે છે.

કફ અને વાયુથી થયેલા ચામડીના રોગ તથા નાડીવ્રણ માટે અભ્યંગ તેલ, વજ્રક તેલ

मूलं सप्ताह्वात्त्वक् शिरीषाश्वमारा-
दर्कान्मालत्याश्चित्रकास्फोतनिम्बात् ।
बीजं कारञ्जं सार्षपं प्रापुनाटं
श्रेष्ठा जन्तुघ्नं त्र्यूषणं द्वे हरिद्रे ॥ ७९ ॥
तैलं तैलं साधितं तैः समूत्रै-
स्त्वग्दोषाणां दुष्टनाडीव्रणानाम् ।
अभ्यङ्गेन श्लेष्मवातोद्भवानां
नाशायालं वज्रकं वज्रतुल्यम् ॥ ८० ॥

સાત્તવણનું મૂળ, સરસડાની છાલ, ધોળી કણેરની છાલ, આકડાની છાલ, ચમેલીના છોડની છાલ, ચિત્રાની છાલ, ધોળી ગરણીની છાલ, લીમડાની છાલ, કરંજનાં બીજ, સરસવનાં બીજ, કુંવાડિયાનાં બીજ, ત્રિફળા, વાવડિંગ, ત્રિકટુ, હળદર, દારુહળદર એ સર્વ ઔષધોનો કલ્ક કરીને તેમાં ગાયનું મૂત્ર નાખીને તેમાં તલનું તેલ નાખવું, અને પકવ કરવું. એ તેલ ચોપડવાથી દુષ્ટ નાડીવ્રણ મટે છે તથા કફ અને વાયુથી થયેલા ચામડીના રોગ મટે છે. કફ અને વાયુથી થયેલા ચામડીના રોગનો તથા દુષ્ટ નાડીવ્રણનો નાશ કરવામાં આ 'વજ્રક તેલ' વજ્ર જેવું સમર્થ છે.

મહાવજ્ર તેલ

एरण्डतार्क्ष्यघननीपकदम्बभार्गी-
कम्पिल्लवेल्लफलिनीसुरवारुणीभिः ।
निर्गुण्ड्यदुष्करसुराह्वसुवर्णदुग्धा-
श्रीवेष्टगुग्गुलुशिलापटुतालचित्रैः ॥८१॥
तुल्यस्नुगर्कदुग्धं सिद्धं तैलं स्मृतं महावज्रम् ।
मतिशयितवज्रकगुणं
श्वित्रार्शोग्रन्थिमालाघ्नम् ॥ ८२ ॥

એરંડાનું મૂળ, રસાંજન, મોથ, કદંબની છાલ, ભારંગ, કપિલો, વાવડિંગ, કાંગ, ઇન્દ્રવારણી, નગોડ, બિલામાં, દેવદાર, દારૂડી, સરલનો ગુંદ, ગુગળ, શિલાજિત, સિંધવ, હરતાલ, સૂંઠ, એ ઔષધોમાં સમાન ભાગે થોરનું તથા આકડાનું દૂધ નાખવું. પછી તેમાં

તેલ નાખીને સિદ્ધ કરવું, એ તેલને 'મહાવજ્ર તેલ' કહે છે. ઉપર જે વજ્રક તેલ કહ્યું છે તેના કરતાં ગુણમાં તે ચડિયાતું છે. તે તેલ ધોળો કોઢ, હરસ અને કંઠમાળ રોગને મટાડે છે.

કુષ્ઠ ઉપર અભ્યંગ માટે તેલ

कुष्ठाश्वमारभृङ्गार्कमूत्रस्नुक्क्षीरसैन्धवैः ।
तैलं सिद्धं विषावापमभ्यङ्गात् कुष्ठजित्परम् ॥८३

ઉપલેટ, ધોળી કણેર, ભાંગરો. આકડો, ગોમૂત્ર, થોરનું દૂધ અને સિંધવ, એ ઔષધોમાં તેલ સિદ્ધ કરીને તે તેલમાં આવાપ તરીકે ઝેરકોચલું નાખીને ચોળવાથી કુષ્ઠ મટે છે; અર્થાત્ કુષ્ઠને મટાડવામા એ તેલ ઉત્તમ છે.

કચ્છૂ અને ખરજવા ઉપર ચોપડવાનું તેલ

सिद्धं सिक्थकसिन्दूरपुरतुत्थकतार्क्ष्यजैः ।
कच्छूं विचर्चिकां चाशु कटुतैलं निर्वहति ॥८४॥

મીણ, સિંદૂર, ગૂગળ, મોરથૂથુ અને શિલાજિત, એ ઔષધથી સિદ્ધ કરેલું સરસવનું તેલ (સરસિયુ) કચ્છૂરોગ અને ખરજવું એ બે રોગને તરત મટાડે છે.

દાદર ઉપર લેપ

लाक्षा व्योषं प्रापुनाटं च बीजं
सश्रीवेष्टं कुष्ठसिद्धार्थकाश्च ।
तक्रोन्मिश्रः स्याद्धरिद्रा च लेपो
दद्रूघ्नो मूलकोत्थं च बीजम् ॥ ८५ ॥

લાખ, સૂંઠ, પીપર, મરી, કૂંવાડિયાનાં બીજ, સરલનો ગુંદ, ઉપલેટ, સરસવ, હળદર એ સર્વને છાશમાં મેળવીને તેનો લેપ દાદર (દરાજ) ઉપર કરવાનો કહેલો છે. અથવા એકલા મૂળાનાં બીજને છાશમાં વાટીને તેનો લેપ કરવાથી પણ દાદર મટે છે.

વાતકફકુષ્ઠ ઉપર ૭ પ્રકારનો લેપ

चित्रकसोभाञ्जनकौ,
गुडूच्यपामार्गदेवदारूणि ।
खदिरो धवश्च लेपः,
श्यामा दन्ती द्रवन्ती च ॥ ८६ ॥
लाक्षारसाञ्जनैलाः, पुनर्नवा
चेति कुष्ठिनां लेपा ।
दधिमण्डयुताः पादैः षट्
प्रोक्ता मारुतकफघ्नाः ॥ ८७ ॥

(૧) ચિત્રો અને સરગવાની છાલને દહીંના મંડમાં (ઉપરના પાણીમાં) વાટીને તેનો લેપ કરવાથી વાયુ અને કફ બંનેના સાથે થયેલા પ્રકોપથી થયેલો કુષ્ઠરોગ મટે છે. (૨) ગળો, અઘેડો અને દેવદાર, એ ત્રણને પણ દહીંના મંડમાં વાટીને લેપ કરવાથી વાતકફથી થયેલો કુષ્ઠ મટે છે. (૩) એ જ પ્રમાણે ખેરસાર અને ધાવડાને દહીંના મંડમાં મેળવીને લેપ કરવો; (૪) પીપર, દંતીમૂળ અને ઉંદરકનીને દહીંના મુંડમાં ભેળવીને લેપ કરવો; (૫) લાખ, રસાંજન, એલચીને દહીંના મંડમાં ભેળવીને લેપ કરવો; (૬) સાટોડીને દહીંના મંડમાં ભેળવીને એનો લેપ કરવો. એ પ્રકારે શ્લોકોના એક એક ચરણમાં જે છ ઔષધ કહેલાં છે તે ઔષધોનો દહીંના મંડ સાથે લેપ કરવાથી વાયુ અને કફ(ભેગા)નો કુષ્ઠરોગ મટે છે.

પિત્તકફકુષ્ઠ ઉપર લેપ

जलवाप्यलोहकेसरपत्रप्लवचन्दनमृणालानि ।
भागोत्तराणि सिद्धं प्रलेपनं पित्तकफकुष्ठे ॥८८॥

વીરણવાળો, ઉપલેટ, લોહ, કેસર, તમાલપત્ર, મોથ, સુખડ, કમળનાળ, એ સર્વને એક-એક ભાગ વધતાં લઈને તેનો લેપ તૈયાર કરવો. એ લેપ પિત્તકફકુષ્ઠ ઉપર ચોપડવાથી તે નિશ્ચય મટે છે.

અગન ઊઠે એવા કુષ્ઠ ઉપર લેપ

तिक्तघृतैर्धौतघृतैरभ्यङ्गो दह्यमानकुष्ठेषु ।
तैलैश्चन्दनमधुकप्रपौण्डरीकोत्पलयुतैश्च ॥ ८९ ॥

જે કુષ્ઠમાં રોગીના શરીરમાં અગન ઊઠતી હોય તેમાં કડવાં દ્રવ્યથી સિદ્ધ કરેલા ઘી વડે અથવા પાણીથી ધોયેલા ઘી વડે લેપ કરવો; અથવા સુખડ, જેઠીમધ, સ્થળકમળ અને કાળું કમળ, એમાં તેલ મેળવીને તે વડે લેપ કરવો.

'ચેપ નીકળતો હોય કે દાહ થતો હોય તો શું કરવું'?

क्लेदे प्रपतति चाङ्गे दाहे
विस्फोटके च चर्मदले ।
शीताः प्रदेहसेका व्यधनविरेकौ घृतं तिक्तम् ॥९०·

કુષ્ઠમાંથી ચેપ, પાણી વગેરે ક્લેદ નીકળતો હોય તો ચંદન, જેઠીમધ, સ્થળકમળ અને કમળ એમને તેલમાં મેળવીને તે વડે લેપ કરવો. જો કુષ્ઠમાં દાહ થતો હોય, વિસ્ફોટક થયો હોય અને ચર્મદળ નામે કુષ્ઠ થયો હોય તો ઠંડા લેપ કરવા અને ઠંડાં ઔષધોનું સિંચન કરવું, તેમ જ ફસ ખોલવી, રોગીને વિરેચન આપવું. અને તિક્તઘૃત (શ્લોક ૨થી ૭) આપવું એ હિતકર છે.

જેમાં જીવાત પડી હોય એવા કુષ્ઠ માટે લેપ

खदिरवृषनिम्बकुटजाः श्रेष्ठा-
क्रिमिजित्पटोलमधुपर्ण्यः ।
अन्तर्बहिः प्रयुक्ताः क्रिमिकुष्ठनुदः सगोमूत्राः ॥९१

ખેરસાર, અરડૂસી, લીમડાની અંતરછાલ, ઇંદ્રજવ, ત્રિફળા, વાવડિંગ, પટોળ, ગળો, એ ઔષધોને ગાયના મૂત્રમાં વાટીને તેનો શરીરે લેપ કરવાથી તથા એ જ ઔષધોને ગાયના મૂત્રમાં પીવાથી જે કુષ્ઠમાં કરમિયા (જીવાત) પડ્યા હોય તે કુષ્ઠ મટે છે.

કુષ્ઠમાં કયો દોષ વધારે કોપેલો હોય તો પહેલું શું કરવું?

वातोत्तरेषु सर्पिर्वमनं श्लेष्मोत्तरेषु कुष्ठेषु ।
पित्तोत्तरेषु मोक्षो रक्तस्य विरेचनं चाग्रे ॥९२॥

જે કુષ્ઠમાં વાયુ બળવાન હોય તેમાં પ્રથમ ઘી પિવડાવવું હિતકર છે. જે કુષ્ઠમાં કફ બળવાન હોય તેમાં રોગીને ઊલટીઓ કરાવવી એ શ્રેષ્ઠ છે. જે કુષ્ઠમાં પિત્ત બળવાન હોય તેમાં રોગીને પ્રથમ વિરેચન આપવું અને પછી લોહી કાઢવું એ શ્રેષ્ઠ છે.

કુષ્ઠમાં લેપ કરતા પહેલાં શું શું કરવું જોઈએ?

ये लेपाः कुष्ठानां युज्यन्ते निर्हृतास्रदोषाणाम् ।
संशोधिताशयानां सद्यः सिद्धिर्भवति तेषाम् ॥९३

જે કુષ્ઠરોગવાળા માણસોનો લોહીનો દોષ પ્રથમ દૂર કરેલો હોય તથા જેમના આશયોની શુદ્ધિ કરી હોય, તેમને ઉપર કહેલા લેપ કરવાથી તત્કાળ સિદ્ધિ (આરામ) થાય છે.

કુષ્ઠમાં શોધન, લોહી કાઢવું, શમન અને સ્નેહનથી થતી ધારી અસર

दोषे हृतेऽपनीते रक्ते बाह्यान्तरे कृते शमने ।
स्नेहे च कालयुक्ते न कुष्ठमतिवर्तते साध्यम् ॥९४

વાયુ વગેરે દોષ બહાર કાઢ્યા પછી, લોહી કાઢ્યા પછી, બહારથી અને અંદરથી શમન કર્યા પછી તથા વખતસર સ્નેહન કર્યા પછી કુષ્ઠ મટ્યા વિના રહેતો નથી.

બહુ દોષવાળા કુષ્ઠરોગીનું શોધન કરવાની રીત: કારણ

बहुदोषः संशोध्यः कुष्ठी
बहुशोऽनुरक्षता प्राणान् ।
दोषे ह्यतिमात्रहृते वायुर्हन्यादबलमाशु ॥९५॥

બહુ દોષવાળા કુષ્ઠરોગીના પ્રાણોનું રક્ષણ કરતાં વૈદ્યે વારંવાર (પણ દરેક વખતે થોડુંથોડું) શોધન કરવું; કેમ કે જો તેનું શોધન એકસામટું પુષ્કળ કરવામાં આવે અને તેથી એકસાથે અતિશય દોષ કાઢી નાખવામાં આવે, તો તેથી વાયુ બળવાન થઈને તે બળરહિત થયેલા રોગીનો તત્કાળ પ્રાણ લે છે.

કુષ્ઠમાં કેટલા દિવસને આંતરે કયું શોધન કરવું?

पक्षात्पक्षाच्छर्दनान्यभ्युपेया-
न्मासान्मासाच्छोधनान्यप्यधस्तात् ।
शुद्धिर्मूर्ध्नि स्यात्त्रिरात्रात्त्रिरात्रात्
षष्ठे षष्ठे मास्यसृङ्मोक्षणं च ॥ ९६ ॥

કુષ્ઠરોગવાળાએ એ પખવાડિયેપખવાડિયે વમન ઔષધ ખાવું; મહિનેમહિને અધોદ્વારથી શોધન કરવું; (અર્થાત્ વિરેચન લેવું; ત્રણત્રણ દિવસે (નસ્ય લઈને) માથાની શુદ્ધિ કરવી અને છ–છ મહિને ફસ ખોલાવવી.

કુષ્ઠમાં બરાબર શોધન ન થાય તો નુકસાન

यो दुर्वान्तो दुर्विरिक्तोऽथवा स्यात्
कुष्ठी दोषैरुद्धतैर्व्याप्यतेऽसौ ।
निःसन्देहं यात्यसाध्यत्वमेवं
तस्मात् कृत्स्नान्निर्हरेदस्य दोषान् ॥९७

જે કુષ્ઠરોગીને સારી રીતે વમન કે વિરેચન થયું ન હોય તો કુષ્ઠવાળા રોગીના દોષ

બળવાન થઈને તેના શરીરમાં વ્યાપી જાય છે, અને એ રીતે થવાથી કુષ્ઠરોગ અસાધ્ય થાય છે. માટે કુષ્ઠ રોગવાળાના બધા દોષ કાઢી નાખવા.

કુષ્ઠ ઉપર વ્રતાદિ ઉપચાર

व्रतदमयमसेवात्यागशीलाभियोगो
द्विजसुरगुरुपूजा सर्वसत्त्वेषु मैत्री।
शिवशिवसुतताराभास्कराराधनानि
प्रकटितमलपापं कुष्ठमुन्मूलयन्ति ॥ ९८ ॥

વ્રતો, ઇંદ્રિયદમન, યમ(મનોનિગ્રહ)નું સેવન તથા દાન, શીલ વગેરેની ટેવ રાખવી; બ્રાહ્મણ, દેવ અને ગુરુનું પૂજન; સર્વ પ્રાણી ઉપર મિત્રભાવ અને શિવ, ગણપતિ, ગ્રહો અને સૂર્યનાં આરાધન, એ બધું દોષોનો પ્રકોપ અને પૂર્વ જન્મનાં પાપ જેમાં પ્રગટ થાય છે, એવા કુષ્ઠરોગને જડમૂળથી ઉખેડી નાખે છે.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने कुष्ठचिकित्सितं नामैकोनविंशोऽध्यायः ॥ १९ ॥

અધ્યાય ૨૦ મો—ધોળા કોઢ(શ્વિત્ર)ની અને કરમિયા(કૃમિ)ની ચિકિત્સા

अथातः श्वित्रक्रिमिचिकित्सितं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

ત્યારે હવે અમે શ્વિત્ર (ધોળો કોઢ) તથા કરમિયારોગની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

ધોળા કોઢની ચિકિત્સા

ધોળા કોઢના ચાંપતા ઇલાજ કરવાની જરૂર

कुष्ठादपि बीभत्सं यच्छीघ्रतरं
च यात्यसाध्यत्वम्।
श्वित्रमतस्तच्छान्त्यै यतेत दीप्ते यथा भवने ॥१॥

શ્વિત્રરોગ કુષ્ઠ કરતાં પણ વધારે ચીતરી ચડે એવો છે તથા તે જલદીથી અસાધ્ય થઈ જાય છે. માટે જેમ ઘર સળગી ઊઠ્યું હોય તેને હોલવવાને તરત યત્ન કરવો પડે છે, તેમ ધોળો કોઢ મટાડવાને પણ તરત યત્ન કરવો.

પહેલાં સંશોધન, અભ્યંગ, તડકો અને પેયા

संशोधनं विशेषात्प्रयोजयेत्पूर्वमेव देहस्य।
श्वित्रे स्रंसनमग्र्यं मलयूरस इष्यते सगुडः ॥ २ ॥
तं पीत्वाऽभ्यक्ततनुर्यथाबलं सूर्यपादसन्तापम्।
सेवेत विरिक्ततनुस्त्र्यहं पिपासुः पिबेत्पेयाम् ॥३

શ્વિત્રકુષ્ઠમાં ખાસ કરીને પ્રથમ જ દેહનું શોધન બરાબર રીતે કરવું. તેમાં ખાવચીનો ક્વાથ અને થોરનું દૂધ એ બંનું ભેગું વિરેચન આપવું શ્રેષ્ઠ છે. એ વિરેચન પીધા પછી શરીરે તેલ ચોળીને પોતાનાથી સહન થાય તે પ્રમાણે સૂર્યના કિરણનો તાપ સેવવો (તડકે બેસવું). જુલાબ થયા પછી તરસ લાગે ત્યારે પેયા પીવી. એ પેયા ત્રણ દિવસ સુધી પીવી.

કેટલાક 'મલયૂ'નો અર્થ 'કાળો ઉંબરો (ઉમરડો)' કરે છે.

ધોળા કોઢવાળા અંગ ઉપર થતા ફોલ્લાના ઉપાય

श्वित्रेऽङ्गे ये स्फोटा
जायन्ते कण्टकेन तान् भिन्द्यात्।
स्फोटेषु निःस्रुतेषु
प्रातः प्रातः पिबेत् त्रिदिनम् ॥ ४ ॥
मलयूमसनं प्रियङ्गुं
शतपुष्पां चाम्भसा समुत्क्वाथ्य।
पालाशं वा क्षारं यथाबलं फाणितोपेतम् ॥ ५ ॥

ધોળા કોઢવાળા અંગ ઉપર જે ફોલ્લાઓ થાય છે તેને કાંટા વડે ફોડવા અને ફોલ્લાઓમાંથી ચેપ નીકળી ગયા પછી ત્રણ દહાડા સુધી સવારમાં ખાવચી, બીબલો, કાંગ, સુવા, એ ઔષધોને પાણીમાં ઉકાળીને પીવા; અથવા પોતાની શક્તિ પ્રમાણે ગોળના કાકબ સાથે ખાખરાનો ક્ષાર ચાટવો.

फल्गवश्वत्थवल्कलनिर्यूहेणेन्दुराजिकाकल्कम्।
पीत्वोष्णस्थितस्य जाते स्फोटे
तक्रेण भोजनं निर्लवणम् ॥ ६ ॥

કાળા ઉમરડાની (ઉદુંબરવૃક્ષની) અને ખડેડાની છાલના ક્વાથમાં ખાવચીનો કલ્ક પીને તડકામાં બેસવું. તેથી ફોલ્લા થાય ત્યારે

પછી લવણ વિનાનું ભોજન છાશ સાથે કરવું, અર્થાત્ છાશ સાથે ભોજન કરવું અને લવણ ખાવું નહિ.

ધોળા કોઢ માટે ગોમૂત્રાસવ: આહારવિહાર

गव्यं मूत्रं चित्रकव्योषयुक्तं
सर्पिःकुम्भे स्थापितं क्षौद्रमिश्रम् ।
पक्षादूर्ध्वं श्वित्रिणा पेयमेतत्
कार्यं चास्मै कुष्ठदृष्टं विधानम् ॥ ७ ॥

ગાયના મૂત્રમાં ચિત્રો અને ત્રિકટુ નાખીને તેને ઘીના રીઢા વાસણમાં ભરવું. પછી તેમાં મધ નાખવું. પછી તે વાસણ એક પખવાડિયું રાખી મૂકવું. પખવાડિયું થયા પછી શ્વિત્ર રોગવાળાએ તે પીવું અને કુષ્ઠરોગમાં કહેલો વિધિ રોગીએ કરવો.

ભાંગરાના અને બીબલાના પ્રયોગ

मार्कवमथवा खादेद् भृष्टं तैलेन लोहपात्रस्थम् ।
बीजकशृतं च दुग्धं तदनु पिबेच्छ्वित्रनाशाय ॥ ८

અથવા તેલમાં શેકેલો ભાંગરો લોઢાના વાસણમાં રાખી મૂકેલો ખાવો, પછી શ્વિત્રનો નાશ કરવાને માટે બીબલો નાખીને ઉકાળેલું દૂધ પીવું.

ધોળો કોઢ વગેરે ઉપર લેપો

पूतीकार्कव्याघ्रिघातस्नुहीनां
मूत्रे पिष्टाः पल्लवा जातिजाश्च ।
मन्त्यालेपाच्छ्वित्रदुर्नामदद्रू-
पामाकोठान् दुष्टनाडीव्रणांश्च ॥ ९ ॥

કરંજ, આકડો, વરધારો, થોર અને ચમેલી એ પાંચનાં પાંદડાં ગોમૂત્રમાં વાટીને લેપ કરવાથી શ્વિત્ર, હરસ, દાદર, ખસ, કોઢ અને દુષ્ટ નાડીવ્રણ, એ સર્વ મટે છે.

द्वैपं दग्धं चर्म मातङ्गजं वा
श्वित्रे लेपस्तैलयुक्तो वरिष्ठः ।

વાઘનું અથવા હાથીનું ચામડું બાળીને તેમાં તેલ નાખીને તેનો શ્વિત્ર ઉપર લેપ કરવો. એ લેપ સૌથી શ્રેષ્ઠ છે.

पूतिःकीटो राजवृक्षोद्भवेन
क्षारेणाक्तः श्वित्रमेकोऽपि हन्ति ॥ १० ॥

ખિસાડીનો ટોપ અને ગરમાળાનો ક્ષાર એ મેળવીને લેપ કરવાથી તે એકલું જ શ્વિત્રને મટાડે છે.

रात्रौ गोमूत्रे वासितान् जर्जराङ्गा-
नह्नि च्छायायां शोषयेत्स्फोटहेतून् ।
एवं वारांस्त्रींस्ततः श्लक्ष्णपिष्टैः
स्नुह्याः क्षीरेण श्वित्रनाशाय लेपः ॥ ११

જે લગાડવાથી ફોલ્લા થાય છે એવા કાળા ભિલામાને અધકચરા ખાંડીને રાત્રે ગાયના મૂત્રમાં પલાળી રાખવા અને દિવસે છાયામાં સૂકવવા. એ પ્રમાણે ત્રણવાર કરીને પછી તેને થોરના દૂધ સાથે ખારીક વાટીને તેનો શ્વિત્ર ઉપર લેપ કરવો. તેથી શ્વિત્રનો નાશ થાય છે.

अक्षतैलद्रुता लेपः कृष्णसर्पोद्भवा मषी
शिखिपित्तं तथा, दग्धं
ह्रीबेरं वा तदाप्लुतम् ॥ १२ ॥

કાળા સાપની બનાવેલી મષી બહેડાના તેલમાં કાલવીને લેપ કરવો, અથવા મોરના પિત્તનો લેપ કરવો, અથવા વીરણવાળાને બાળીને બહેડાના તેલમાં કાલવીને તેનો લેપ કરવો; એથી શ્વિત્ર મટે છે.

कुडवोऽवल्गुजबीजाद्धरि-
तालचतुर्थभागसम्मिश्रः ।
मूत्रेण गवां पिष्टः सवर्णकरणं परं श्वित्रे ॥ १३ ॥

બાવચીનાં બીજ સોળ તોલા લેવાં તથા તેથી ચોથે ભાગે હરતાલ તેમાં ભેળવવી. પછી તેને ગાયના મૂત્રમાં વાટીને શ્વિત્ર ઉપર ચોપડવું. આ ઔષધ શ્વિત્રરોગ મટાડીને ચામડીનો રંગ અસલના જેવો કરવામાં ઉત્તમ છે.

कुडव=સોળ તોલા.

क्षारे सुदग्धे गजलिण्डजे च
गजस्य मूत्रेण परिस्रुते च ।
द्रोणप्रमाणे दशभागयुक्तं
दत्त्वा पचेद्बीजमवल्गुजानाम् ॥ १४ ॥
श्वित्रं जयेच्चिक्कणतां गतेन
तेन प्रलिम्पन् बहुशः प्रघृष्टम् ।
कुष्ठं मषं वा तिलकालकं वा
यद्वा व्रणे स्यादधिमांसजातम् ॥ १५ ॥

હાથીનાં લીડાંને સારી રીતે બાળીને એની

ભસ્મમાંથી કરેલો ક્ષાર એક દ્રોણ લેવો અને તેને હાથીના મૂત્રમાં ઓગાળવો. પછી ક્ષારના પ્રમાણમાં દશ ભાગ જેટલાં ખાવચીનાં બીજ તેમાં નાખીને તેને રાંધવાં. તે જ્યારે બરોબર ચોપડવા જેવાં ચીકણાં થાય, ત્યારે તેને ઉતારીને ઠંડું કરવું. પછી ધોળા કોઢને (સૂકા અડાયાં વગેરેથી) ખૂબ ઘસીને તે ઉપર એ લેપ ચોપડવો; એથી ધોળો કોઢ મટે છે. તેમ જ એ લેપથી કુષ્ઠ, મષ, તિલકાલક અને વ્રણમાં થતું અધિમાંસ એ સર્વ રોગ મટે છે.

भल्लातकं द्वीपिसुधार्कमूलं
गुञ्जाफलं त्र्यूपणशङ्खचूर्णम् ।
तुत्थं सकुष्ठं लवणानि पञ्च
क्षारद्वयं लाङ्गलिकां च पक्त्वा ॥ १६ ॥
स्नुगर्कदुग्धे घनमायसस्थं
शलाकया तद्विदधीत लेपम् ।
कुष्ठे किलासे तिलकालकेषु
मषेषु दुर्नामसु चर्मकीले ॥ १७ ॥

ભિલામાં, ચિત્રો, થોરનું મૂળ, આકડાનું મૂળ, ચણોઠીઓ, સૂંઠ, પીપર, મરી, શંખનું ચૂર્ણ, મોરથૂથુ, ઉપલેટ, પાંચ લવણ, જવખાર, સાજીખાર, કલગારી એ સર્વને લોઢાના વાસણમાં નાખીને થોરના તથા આકડાના દૂધમાં લાડુ થાય એવો પાક કરવો. પછી સળી વડે તેનો લેપ શ્વિત્ર ઉપર કરવો. તેથી કુષ્ઠરોગ, કિલાસ, તિલકાલક, આધમાંસ, હરસ અને ચર્મકીલ રોગ મટે છે.

ધોળા કોઢનું દુઃસાધ્યપણું

शुद्ध्या शोणितमोक्षैर्वि-
रूक्षणैर्भक्षणैश्च सक्तूनाम् ।
श्वित्रं कस्यचिदेव प्रशाम्यति क्षीणपापस्य ॥ १८

જે માણસના પાપનો ક્ષય થયો હોય છે તેવા કોઈકનો જ ધોળો કોઢ વમન, વિરેચન વગેરે શોધનથી, ફસ ખોલવાથી, શરીર લૂખું પાડવાથી અને સાથુ ખાવાથી શમે છે, મટે છે.

इति श्वित्रचिकित्सितम् ।

શ્વિત્ર અને કૃમિ(કરમિયા)ની ચિકિત્સા સમાન છે; માટે હવે કૃમિચિકિત્સા કહેવાનો આરંભ કરતાં ગ્રંથકાર કહે છે, કે

अथ क्रिमिचिकित्सितम् ।

કૃમિ(કરમિયા)ની ચિકિત્સા

સ્નેહન, સ્વેદન, દોષને ચલિત કરવા, નિરૂહ, વમન, વિરેચન, પેયાં, અનુવાસન

स्निग्धस्विन्ने गुडक्षीरमत्स्याद्यैः क्रिमिणोदरे ।
उत्क्लेशितक्रिमिकफे शर्वरीं तां सुखोषिते ॥ १९ ॥
सुरसादिगणं मूत्रे क्वाथयित्वाऽर्धवारिणि ।
तं क्वाथं कणामाक्षक्रिमिजित्कल्कयोजितम् ॥२०
सतैलस्वर्जिकाक्षारं युञ्ज्याद्बस्ति ततोऽहनि ।
तस्मिन्नेव निरूढं तं पाययेत विरेचनम् ॥ २१ ॥
त्रिवृत्कल्कं फलकणाकषायालोडितं ततः ।
ऊर्ध्वाधःशोधिते कुर्यात्पञ्चकोलयुतं क्रमम् ॥ २२
कटुतिक्तकषायाणां कषायैः परिषेचनम् ।
काले विडङ्गतैलेन ततस्तमनुवासयेत् ॥ २३ ॥

કૃમિરોગવાળાના ઉદરને પ્રથમ સ્નેહપાન કરાવીને સ્નિગ્ધ કરવું; પછી શેક કરીને પરસેવો આણવો. પછી તેને ગોળ, દૂધ, માછલાં વગેરે ખવડાવીને તેના ઉદરમાંના કૃમિનો તથા કફનો ઉત્ક્લેશ કરવો. એટલું કર્યા પછી તે રાત્રે તેને નિરાંતે ઊંઘવા દઈને ગાયના મૂત્રમાં અડધું પાણી નાખીને સુરસાદિ ગણનાં ઓષધો તેમાં નાખીને તેનો ક્વાથ કરવો; તે ક્વાથમાં પીપર, મીંઢળ અને વાવડિંગનો કલ્ક નાખવો તથા તેમાં તેલ અને સાજીખાર મેળવીને બસ્તિ આપવી. એ રીતે નિરૂહબસ્તિ આપેલા તે રોગીને તે જ દિવસે મીંઢળ તથા પીપરના ક્વાથમાં નસોતરનો કલ્ક નાખીને વિરેચન આપવું. એ રીતે ઉપરથી અને નીચેથી એટલે વમન અને વિરેચન વડે તેનું શોધન થયા પછી પંચકોલ (પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ) સહિત પેયા, વિલેપી વગેરે ક્રમ કરવો. તે પછી તીખા અને કડવા ક્વાથો વડે સેક કરવો. પછી જયારે રોગીનો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, ત્યારે વિડંગતેલ (વાવડિંગથી સિદ્ધ કરેલા તેલ) વડે તેને અનુવાસન બસ્તિ આપવી.

માથાના કૃમિની ચિકિત્સા

(શ્લોક ૨૩ાથી ૩૨)

આચાર : ભોજન

शिरोरोगनिषेधोक्तमाचरेन्मूर्धगेष्वनु ।
उद्रिक्ततिक्तकटुकमल्पस्नेहं च भोजनम् ॥ २४॥

માથામાં કૃમિનો ઉપદ્રવ થયો હોય તો ઉત્તરસ્થાનમાં શિરોરોગપ્રતિષેધ અધ્યાયમાં (ઉ. અ. ૨૪માં) જે કરવાનું કહ્યું છે તે કરવું. પછી અતિશય કડવાં અને તીખાં દ્રવ્યવાળું તથા થોડા સ્નેહવાળું ભોજન કરવું.

विडङ्गकृष्णामरिचपिप्पलीमूलशिग्रुभिः ।
पिबेत्सस्वर्जिकाक्षारैर्यवागूं तक्रसाधिताम् ॥ २५॥

તેમ જ વાવડિંગ, પીપર, મરી, પીપરીમૂળ, સરગવો અને સાજીખાર એ ઔષધો વડે છાશમાં સિદ્ધ કરેલી યવાગૂ પીવી.

रसं शिरीषकिणिहीपारिभद्रककेम्बुकात् ।
पलाशबीजपत्तूरपूतिकाद्वा पृथक् पिबेत् ॥ २६ ॥
सक्षौद्रं, सुरसादीन् वा
लिह्यात्क्षौद्रयुतान् पृथक् ।

સરસડો, ગરણી, લીમડો, કોબી (એટલે કરમકલ્લો), એમનો રસ પીવો. અથવા ખાખરાનાં બીજ, પતૂર, કરંજ એમાંના ગમે તે એકનો રસ મધ સાથે પીવો. અથવા સુરસાદિ ગણનાં ઔષધોમાંથી જે મળે તે એકને મધ સાથે ચાટવું.

ચૂર્ણ

शतकृत्वोऽश्वविट्चूर्णं विडङ्गक्वाथभावितम् ॥२७
कृमिमान् मधुना लिह्याद्भावितं वा वरारसैः ।

ઘોડાની લાદના ચૂર્ણને સો વખત વાવડિંગના ક્વાથમાં ભાવના આપીને કૃમિરોગવાળાએ તે ચૂર્ણ મધ સાથે ચાટવું. અથવા ઘોડાની લાદને ત્રિફળાના ક્વાથનો પટ દઈને તે મધ સાથે ચાટવું.

નસ્ય

शिरोगतेषु कृमिषु चूर्णं प्रधमनं च तत् ॥ २८

જો કૃમિ માથામાં થયા હોય તો તે જ ચૂર્ણનું (ઘોડાની લાદના ચૂર્ણને વાવડિંગના ક્વાથના કે ત્રિફળાના ક્વાથના પટ દઈને તૈયાર કરેલા ચૂર્ણનું) નસ્ય નાકમાં ફૂંકવું.

અન્નપાન

आखुकर्णीकिसलयैः सुपिष्टैः पिष्टमिश्रितैः ।
पक्त्वा पूपलिकां खादेद्धान्याम्लं च पिबेदनु ॥२९
सपञ्चकोललवणमसान्द्रं तक्रमेव वा ।

ઉંદરકનીનાં પાંદડાંને સારી રીતે બારીક વાટીને તેમાં ચોખાનો લોટ મેળવીને તેની નાની પૂરી જેવડી રોટલી કરવી અને પછી તેને પકવ કરીને ખાવી તથા તે ઉપર ધાન્યામ્લ (કાંજીની ખટાઈ) પીવી, અથવા પંચકોલ અને સિંધવ નાખીને પાતળી છાશ પીવી.

नीपमार्कवनिर्गुण्डीपल्लवेष्वप्ययं विधिः ॥ ३० ॥
विडङ्गचूर्णमिश्रैर्वा पिष्टैर्भक्ष्यान् प्रकल्पयेत् ।

ઉપર જે ઉંદરકનીનાં પાંદડાંનો વિધિ કહ્યો તે જ પ્રકારે કદંબ, ભાંગરો અને નગોડનાં પાંદડાંનો પણ વિધિ છે. અર્થાત્ એ ત્રણમાંથી જેનાં પાંદડા મળે તે લાવીને તેની લોટમાં રોટલી કરીને ખાવી અને તે ઉપર ધાન્યામ્લની ખટાઈ અથવા પંચકોલ અને સિંધવ નાખીને પાતળી છાશ પીવી. તેમ જ વાવડિંગનું ચૂર્ણ લોટમા મેળવીને તેનાં રોટલી વગેરે ભક્ષ્ય બનાવવાં (અને તે ખાવાં).

પીવા માટે અને બસ્તિ માટે તેલ

विडङ्गतण्डुलैर्युक्तमर्धांशैरातपे स्थितम् ॥ ३१ ॥
दिनमारुष्करं तैलं पाने बस्तौ च योजयेत् ।
सुराह्वसरलस्नेहं पृथगेवं च कल्पयेत् ॥ ३२ ॥

ભિલામાંના તેલમાં એ તેલથી અડધી વાવડિંગની દાળ (ફાડિયાં) ભેળવવી તથા તેને એક દિવસ તડકામાં રાખવું. એ તેલને પીવામાં અને બસ્તિમાં વાપરવું. એ જ પ્રમાણે દેવદારના તેલનો, તેમ જ સરલ વૃક્ષ(તેલિયો દેવદાર)ના તેલનો પણ જુદો જુદો વિધિ સમજવો.

ઝાડામાંથી ઉત્પન્ન થતા કૃમિની ચિકિત્સા

पुरीषजेषु सुतरां दद्याद्बस्तिविरेचने ।

ઝાડામાંથી કૃમિ ઉત્પન્ન થયા હોય તો સારી રીતે બસ્તિ આપવી તથા વિરેચન આપવું.

કફના કૃમિની ચિકિત્સા

शिरोविरेकं वमनं शमनं कफजन्मसु ॥ ३३ ॥

કફથી ઉત્પન્ન થયેલા કૃમિરોગમાં શિરો-

વિરેચન નસ્ય, વમન ઔષધ અને શમન ઔષધ આપવું.

લોહીમાંથી ઉત્પન્ન થતા કૃમિની ચિકિત્સા

रक्तजानां प्रतीकारं कुर्यात्कुष्ठचिकित्सितात् ।

લોહીમાંથી ઉત્પન્ન થયેલા કૃમિનો ઉપાય કુષ્ઠ-રોગની ચિકિત્સામાં (ચિ. અ. ૧૯. શ્લોક ૯૦થી, ૯૧માં) કહ્યા પ્રમાણે કરવો.

રૂંવાડાં ખાઈ જનાર કૃમિના ઉપાય

इन्द्रलुप्तविधिश्चात्र विधेयो रोमभोजिषु ॥ ३४ ॥

અને રુંવાડાં ખાઈ જનારા કૃમિનો ઉપાય ઉત્તરસ્થાનમાં શિરોરોગપ્રતિષેધ કહ્યો છે, ત્યાં (અ. ૨૪ શ્લોક ૨૮માં) ઇદ્રલુપ્તરોગનો વિધિ બતાવ્યો છે તે પ્રમાણે કરવો.

કૃમિરોગમાં અપથ્ય આહાર

क्षीराणि मांसानि घृतं गुडं च
दधीनि शाकानि च पर्णवन्ति ।
समासतोऽम्लान्मधुरान् रसांश्च
कृमीन् जिहासुः परिवर्जयेत ॥ ३५ ॥

જે માણસને કૃમિઓનો ત્યાગ કરવો હોય અર્થાત્ કૃમિરોગમાંથી બચવું હોય અને કૃમિ-રોગ મટાડવો હોય, તેણે અનેક પ્રકારનાં દૂધ, અનેક પ્રકારનાં માંસ, ઘી, ગોળ, દહીં અને પાંદડાવાળાં શાક (ભાજી) તજવાં; ટૂંકામાં ખાટા અને મધુર રસ તજવા, ખાવાપીવા નહિ.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने श्वित्रकृमि-चिकित्सितं नाम विंशोऽध्यायः ॥ २० ॥

અધ્યાય ૨૧ મો

વાયુના રોગોની ચિકિત્સા

अथातो वातव्याधिचिकित्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે વાતવ્યાધિ(વાયુના રોગ)ની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છેઃ

શુદ્ધ વાયુના રોગમાં અનેક રીતે સ્નેહન, સ્વેદન

केवलं निरुपस्तम्भमादौ स्नेहैरुपाचरेत् ।
वायुं सर्पिर्वसामज्जतैलपानैर्नरं ततः ॥ १ ॥
स्नेहक्लान्तं समाश्वास्य पयोभिः स्नेहयेत्पुनः ।
यूषैर्ग्राम्योदकानूपरसैर्वा स्नेहसंयुतैः ॥ २ ॥
पायसैः कृसरैः साम्ललवणैः सानुवासनैः ।
नावनैस्तर्पणैश्चान्नैः सुस्निग्धैः, स्वेदयेत्ततः ॥ ३ ॥
स्वभ्यक्तं स्नेहसंयुक्तैः शङ्करार्द्यैः पुनः पुनः ।

શુદ્ધ વાયુનો રોગ બીજા કોઈ દોષના આધાર વિનાનો અને નિરામ હોય, તો તેનો ઉપચાર પ્રથમ સ્નેહ વડે નીચે પ્રમાણે કરવો. તે માણસને ઘી, વસા, મજ્જા અને તેલ પિવડાવવાં. પછી સ્નેહ પીવાથી કંટાળે એટલે એને દૂધ પાઈને એનો કંટાળો દૂર કરવો. તથા તે પછી યૂષમાં ગ્રામ્ય પ્રાણી, જળચર પ્રાણી અને અનૂપ દેશનાં પ્રાણીના માંસરસમાં સ્નેહ મેળવીને તે પાઈને તેને સ્નિગ્ધ કરવો. અથવા ખીર, ખીચડી, એમાં સ્નેહ મેળવીને ખાટા અને ખારા રસ સહિત ખાવા આપીને સ્નિગ્ધ કરવો; અનુવાસન બસ્તિ આપીને સ્નિગ્ધ કરવો; પછી વાયુનો નાશ કરે એવાં તર્પણ (ધાતુ વગેરેની તૃપ્તિ કરનારાં) અન્નમાં સારી પેઠે સ્નેહ નાખીને તે ખાવા આપીને રોગીને સ્નિગ્ધ કરવો. સ્નિગ્ધ કર્યા પછી રોગીને સારી રીતે તેલ ચોળીને (જ્યાં વાતવ્યાધિ હોય તે સ્થળમાં) સ્વેદવિધિમાં કહેલા શંકરાદિ સ્વેદમાં સ્નેહ નાખીને તે વડે શેક કરીને તેને વારંવાર સ્વેદ (પરસેવો) કાઢવો. (ચરક-સંહિતાના સૂ. અ. ૧૪ શ્લોક ૩૯થી ૬૩ સુધીમાં શંકર અથવા સંકર વગેરે શેકના તેર પ્રકાર આપેલા છે.)

વાયુમાં અભ્યંગ અને શેકથી ફાયદો : દૃષ્ટાંત

स्नेहाक्तं स्विन्नमङ्गं तु वक्रं स्तब्धं सवेदनम् ॥ ४ ॥
यथेष्टमानामयितुं सुखमेव हि शक्यते ।

કેમ કે સ્નેહ ચોપડીને શેકેલું અંગ, વાંકું હોય, સ્તબ્ધ થઈ ગયેલું (ગંઠાઈ ગયેલું) હોય અને તેમાં વેદના થતી હોય, તોપણ તેથી (સ્નેહ ચોપડીને શેક કરવાથી) ઇચ્છા પ્રમાણે સહેલાઈથી (વેદના વિના) તે અંગને વાળી શકાય છે.

शुष्काण्यपि हि काष्ठानि स्नेहस्वेदोपपादनैः ॥ ५ ॥
शक्यं कर्मण्यतां नेतुं किमु गात्राणि जीवताम्

સૂકાં લાકડાંને પણ સ્નેહ (તેલ) ચોપડીને તપાવવાથી તેને વાળીને જેવી કારીગરી કરવી હોય તેવી કારીગરી કરવા યોગ્ય કરી શકાય છે, તો પછી સ્નેહ ચોપડીને શેક કરવાથી જીવતા મનુષ્યનાં અંગ વાળી શકાય એમાં શું આશ્ચર્ય છે!

हर्षतोदरुगायामशोफस्तम्भग्रहादयः ॥ ६ ॥
स्विन्नस्याशु प्रशाम्यन्ति मार्दवं चोपजायते ।

શરીરનાં રૂંવાડા ઊભાં થતાં હોય, સોય ખોસ્યા જેવી પીડા થતી હોય, અંગ ખેંચાતું હોય, સોજો ચડ્યો હોય, અંગ અકડાઈ ગયાં હોય, અંગ સજ્જડ થયાં હોય તો તે સર્વ શેક કરવાથી શમી જાય છે અને અંગ કોમળ થાય છે.)

વાયુમાં શેક કર્યા પછી સ્નેહના ફાયદા

स्नेहश्च धातून् संशुष्कान्
पुष्णात्याशूपयोजितः ॥ ७ ॥
बलमग्निबलं पुष्टिं प्राणांश्चास्याभिवर्धयेत् ।

શેક કર્યા પછી વાયુના રોગીને સ્નેહન કરવાથી તેની સુકાઈ ગયેલી ધાતુઓ તત્કાળ પોષણ મળે તે અને તેના બળની તથા જઠરાગ્નિના બળની વૃદ્ધિ થાય છે, તે હૃષ્ટપુષ્ટ થાય છે તથા તેના પ્રાણની વૃદ્ધિ થાય છે.

असकृत्तं पुनः स्नेहैः स्वेदैश्च प्रतिपादयेत् ॥ ८ ॥
तथा स्नेहमृदौ कोष्ठे न तिष्ठन्त्यनिलामयाः ।

એટલા માટે વાયુના રોગવાળાનું વારંવાર સ્નેહન કરવું અને શેક કરવો. એ રીતે કરવાથી સ્નેહ વડે કોઠો કોમળ થાય છે. અને સ્નેહ વડે કોઠો કોમળ થયો એટલે વાયુના રોગ ઊભા રહેતા નથી; અર્થાત્ નાશ પામે છે.

વાયુમાં શોધન ક્યારે કરવું?

यद्येतेन सदोषत्वात्कर्मणा न प्रशाम्यति ॥ ९ ॥
मृदुभिः स्नेहसंयुक्तैर्भेषजैस्तं विशोधयेत् ।

ઉપર જે સ્નેહન અને સ્વેદન કર્મ કહ્યું તે કરવાથી પણ વાયુનો રોગ દોષયુક્ત હોવાથી શમે નહિ, તો સ્નેહયુક્ત કોમળ ઔષધો વડે તેનું શોધન કરવું.

શોધન સ્નેહો

घृतं तिल्वकसिद्धं वा सातलासिद्धमेव वा ॥ १० ॥
पयसैरण्डतैलं वा पिबेद्दोषहरं शिवम् ।

લોધરથી સિદ્ધ કરેલું ઘી, અથવા સાથેરથી સિદ્ધ કરેલું ઘી, અથવા દૂધ સાથે એરંડિયું પીવું; કેમ કે એ સ્નેહ દોષને હરણ કરનારાં તથા કલ્યાણકારક (હિતકર) છે.

સ્નેહ વડે અનુલોમન કરવાનું કારણ

स्निग्धाम्ललवणोष्णाद्यैराहारैर्हि मलश्चितः ॥ ११ ॥
स्रोतो बद्ध्वाऽनिलं
रुन्ध्यात्तस्मात्तमनुलोमयेत् ।

કેમ કે સ્નિગ્ધ, ખાટો, ખારો, ગરમ ઇત્યાદિ આહારવડે પિત્ત અને કફરૂપી મળ એકઠો થઈને સ્રોતને પૂરી દે છે અને તેથી વાયુ રોકાય છે. માટે વાયુનું અનુલોમન કરવું યોગ્ય છે.

વાયુના નબળા રોગીના ઉપાયનો ક્રમ

दुर्बलो योऽविरेच्यः स्यात्तं निरूहैरुपाचरेत् ॥ १२ ॥
दीपनैः पाचनीयैर्वा भोज्यैर्वा तद्युतैर्नरम् ।
संशुद्धस्योत्थिते चाग्नौ स्नेहस्वेदौ पुनर्हितौ ॥ १३ ॥

જે દુર્બળ માણસ વિરેચન આપવા યોગ્ય ન હોય તેને વિરેચન ન આપતાં દીપન અને પાચન નિરૂહબસ્તિ આપવી, અથવા દીપન અને પાચન ઔષધો સહિત ભોજ્ય પદાર્થ તેને આપવા. એ રીતે તેનું બરાબર શોધન થાય અને તેનો જઠરાગ્નિ જ્યારે પ્રદીપ્ત થાય, ત્યારે ફરીને તેને સ્નેહન અને સ્વેદન ઉપચાર લાગુ કરવા તે તેને હિતકર છે.

વાયુ હોજરીમાં હોય તો શું કરવું?

आमाशयगते वायौ वमितप्रतिभोजिते ।
सुखाम्बुना षड्धरणं वचादिं वा प्रयोजयेत् ॥ १४ ॥
सन्धुक्षितेऽग्नौ परतो विधिः केवलवातिकः ।

જો આમાશય(હોજરી)માં વાયુ કોપ્યો હોય તો રોગીને વમન કરાવીને અને પછી તેને ભોજન કરાવીને સહેજ ઊના પાણી સાથે ષડ્ધરણ ઔષધો કે વચાદિ ગણ (સૂ. અ. ૧૫ શ્લોક ૩૫)નાં ઔષધો આપવાં. સંગ્રહ નામે ગ્રંથમાં ષડ્ધરણ યોગ આ પ્રમાણે કહ્યો છે:– 'દારુહળદર, ઇંદ્રજવ, કડુ, અતિવિષ, ચિત્રો, પહાડમૂળ, એ ઔષધોનું સૂક્ષ્મ ચૂર્ણ કરીને આશરે એક પૈસાભાર (ખરેખર પ્રમાણ કે

તોલા છે) ગોમૂત્ર સાથે પીવું. એ ઔષધોથી તેનો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય એટલે શુદ્ધ વાયુના રોગમાં વિધિ કરવો.

ડૂંટીમાં અને ડૂંટી નીચેના વાયુનો ઉપાય

मत्स्यान्नाभिप्रदेशस्थे सिद्धान्बिल्वशलाटुभिः १५
बस्तिकर्म त्वधोनाभेः शस्यते चावपीडकः ।

જો ડૂંટીમાં વાયુ હોય તો કાચાં નાનાં બીલાંની સાથે રાંધેલાં માછલાં ખાવા આપવાં. જો વાયુ ડૂંટીથી નીચે કોપ્યો હોય, તો બસ્તિ આપવી તથા અવપીડક ઘૃતપાન (સૂ. ૪/૬થી ૭) કરાવવું.

કોઠાના વાયુનો ઉપાય

कोष्ठगे क्षारचूर्णाद्या हिताः पाचनदीपनाः ॥१६

કોઠામાં વાયુ કોપ્યો હોય, તો પાચન અને દીપન ગુણવાળા ક્ષાર, ચૂર્ણ વગેરે હિતકર છે.

વાયુ હૃદયમાં કોપ્યો હોય તેનો ઉપાય

हृत्स्थे पयः स्थिरासिद्धम्

(હૃદયમાં કોપેલા વાયુનો ઉપચાર શાલિપર્ણીથી સિદ્ધ કરેલુ દૂધ પાઈને કરવો) અર્થાત્ શાલિપર્ણીનો કલ્ક નાખીને દૂધ ઉકાળવું અને તે ઠંડુ થયા પછી પીવા આપવુ, તેથી હૃદયમાં કોપેલો વાયુ શાંત થાય છે.

માથામાં કોપેલો વાયુનો ઉપાય

शिरोबस्तिः शिरोगते ।
स्नैहिकं नावनं धूमः श्रोत्रादीनां च तर्पणम् ॥१७

માથામાં શુદ્ધ વાયુનો રોગ હોય તો શિરોબસ્તિ આપવી શ્રેષ્ઠ છે, તેમ જ સ્નેહન નસ્ય, ધૂમપાન અને કાન વગેરેમા તેલ મૂકીને તેનુ તર્પણ કરવુ.

ચામડીમાં કોપેલા વાયુનો ઉપાય

स्वेदाभ्यङ्गनिवातानि हृद्यं चान्नं त्वगाश्रिते ।

વાયુ ચામડીમા કોપ્યો હોય, તો વાયુ મટે એવાં તેલ ચોળવાં, શેક કરવો, પવન ન આવે એવી જગ્યામાં રહેવું તથા હૃદયને હિતકર અને પ્રિય લાગે એવું અન્ન ખાવા આપવું.

લોહીમાં કોપેલા વાયુનો ઉપાય

शीताः प्रदेहा रक्तस्थे विरेको रक्तमोक्षणम् ॥१८

વાયુ લોહીમાં કોપ્યો હોય તો ઠંડા લેપ કરવા, વિરેચન આપવું અને લોહી કઢાવવું.

માંસમાં તથા ચરબીમાં કોપેલા વાયુની ચિકિત્સા

विरेको मांसमेदःस्थे निरूहाः शमनानि च ।

માંસમાં અને ચરબીમાં વાયુ કોપ્યો હોય, તો વિરેચન આપવું, નિરૂહબસ્તિ આપવી અને શમન ઔષધો આપવાં.

હાડકાંમાં અને મજ્જામાં કોપેલા વાયુની ચિકિત્સા

बाह्याभ्यन्तरतः स्नेहैरस्थिमज्जगतं जयेत् ॥१९॥

સ્નેહ ચોળીને બહારથી તથા સ્નેહપાન કરીને અંદરથી સ્નિગ્ધ થઈને હાડકામાં અને મજ્જામાં કોપેલા વાયુને જીતવો.

વીર્યમાં કોપેલા વાયુની ચિકિત્સા

प्रहर्षोऽन्नं च शुक्रस्थे बलशुक्रकरं हितम् ।

વીર્યમાં વાયુ કોપ્યો હોય તો રોગીને ખૂબ હર્ષ ઉત્પન્ન કરવો, તથા બળ અને વીર્યની વૃદ્ધિ કરે એવું અન્ન ખાવા આપવું.

વીર્યનો માર્ગ રોકાયો હોય તેની ચિકિત્સા

विबद्धमार्गं दृष्ट्वा तु शुक्रं दद्याद्विरेचनम् ॥२०॥
विरिक्तं प्रतिभुक्तं च पूर्वोक्तां कारयेत्क्रियाम् ।

વીર્યનો માર્ગ રોકાયો છે એમ જોવામાં આવે તો રોગીને વિરેચન આપવુ. તેને જુલાબ થયા પછી અને ભોજન કરાવ્યા પછી ઉપર કહેલો વિધિ કરવો, અર્થાત્ તેને હર્ષ ઉત્પન્ન કરવો તથા તેનુ બળ અને વીર્ય વધે એવું ભોજન આપવુ.

ગર્ભ અને બાળક વાયુથી સુકાતાં હોય તેનો ઉપાય

गर्भे शुष्के तु वातेन बालानां च विशुष्यताम् २१
सिताकाश्मर्यमधुकैः सिद्धमुत्थापने पयः ।

વાયુ વડે ગર્ભ સુકાઈ ગયો હોય અથવા વાયુ વડે બાળકો સુકાઈ જતાં હોય, તો તેમને સાકર, શીવણનાં ફળ અને જેઠીમધ એ ઔષધો વડે સિદ્ધ કરેલુ દૂધ ગર્ભની તથા બાળકોની પુષ્ટિ કરવા માટે પાવુ.

સ્નાયુ, સાંધા અને શિરામાં પહોંચેલા વાયુનો ઉપાય

स्नावसन्धिशिराप्राप्ते स्नेहदाहोपनाहनम् ॥ २२

સ્નાયુ, સાંધા અને શિરાઓમાં વાયુ હોય તો ત્યાં સ્નેહ ચોળવો, ડામ દેવો અને ખંધારણ (પોટીસ) બાંધવું.

સંકોચાઈ ગયેલા અંગ ઉપર અભ્યંગ

तैलं सङ्कुचितेऽभ्यङ्गो माषसैन्धवसाधितम् ।

વાયુ વડે અંગ સંકોચાઈ ગયુ હોય તો અડદ અને સિંધવથી સિદ્ધ કરેલુ તેલ ચોળવું.

લોહી વહી જવાથી થયેલા વાયુની ચિકિત્સા

आगारधूमलवणतैलैर्लेपः स्रुतेऽसृजि ॥ २३ ॥

જો લોહી વહી જવાથી વાયુ થયો હોય તો તે ઉપર ઘરમાંનો ધુમાસ, સિંધવ અને તેલનો લેપ કરવો.

બહેર મારેલા અને અમળાટવાળા અંગની ચિકિત્સા

सुप्तेऽङ्गे वेष्टयुक्ते तु कर्तव्यमुपनाहनम् ।

જો અંગ બહેર મારી ગયું હોય તથા તેમાં અમળાટ થતો હોય તો ખંધારણ (પોટીસ) બાંધવુ.

હવે જે રોગો 'વાતવ્યાધિ' (વાયુના રોગો)ના નામથી ઓળખાય છે તેની ચિકિત્સા બતાવે છે.

શુદ્ધ વાયુના અપતાનકનો ઉપાય

(શ્લોક ૨૪થી ૩૪)

કેવા અપતાનક વાયુમાં તરત ઉપાય કરવા?

अपापतानकेनार्तमस्रस्ताक्षमवेपनम् ॥ २४ ॥
अस्तब्धमेढ्रमस्वेदं बहिरायामवर्जितम् ।
अखट्वाघातिनं चैनं त्वरितं समुपाचरेत् ॥२५॥

જે માણસોને અપતાનક વાયુ થયો હોય તે માણસનું નેત્ર સ્થાનથી ચલિત ન થયું હોય, તે કંપતો ન હોય, તેની મૂત્રેન્દ્રિય સ્તબ્ધ ન થઈ હોય, તેને બહિરાયામ ન થયો હોય, તે ખાટલા ઉપર (બિછાના ઉપર) શરીર ન પછાડતો હોય, (અર્થાત્ જેને ઉપદ્રવ-રહિત અપતાનક વાયુ હોય તેનો ઉતાવળે ઉપાય કરવો.)

સ્નેહન, શેક, નસ્ય અને અચ્છપાન

तत्र प्रागेव सुस्निग्धस्विन्नाङ्गे तीक्ष्णनावनम् ।
स्रोतोविशुद्धये युञ्ज्यादच्छपानं ततो घृतम् ॥२६
विदार्यादिगणक्वाथदधिक्षीररसैः शृतम् ।
नातिमात्रं तथा वायुर्व्याप्नोति सहसैव वा ॥२७॥

અપતાનક વાયુવાળા રોગીને પ્રથમ સારી રીતે સ્નિગ્ધ કરીને તેને શેક કરીને ત્રિકટુ વગેરેનું તીક્ષ્ણ નસ્ય તેને ફૂંકવુ, તેથી સ્રોતની શુદ્ધિ થાય છે. તે પછી વિદાર્યાદિ ગણ (સૂ. અ. ૧૫ શ્લોક ૯)નો કવાથ ઘીથી ચોગણો લઈને તેમાં ઘી તથા તેની બરોબર દહીં, દૂધ અને માંસ-રસ નાખવાં. પછી તેને સિદ્ધ કરવુ. એ ઘીનું સ્નેહપાનવિધિમાં કહ્યા પ્રમાણે અચ્છપાન કરવું. એથી વાયુ અતિશય વ્યાપી જતો નથી, તેમ વાયુ એકાએક પણ વ્યાપી જતો નથી.

વાયુનાશક સિદ્ધ મહાસ્નેહ

कुलत्थयवकोलानि भद्रदार्वादिकं गणम् ।
निःक्वाथ्यानूपमांसं च तेनाम्लैः पयसाऽपि च ॥
स्वादुस्कन्धप्रतीवापं महास्नेहं विपाचयेत् ।
सेकाभ्यङ्गावगाहान्नपाननस्यानुवासनैः ॥ २९ ॥
स हन्ति वातं, ते ते च स्नेहस्वेदाः सुयोजिताः ।

કળથી, જવ, બોર, ભદ્રદાર્વાદિ ગણનાં ઔષધો (સૂત્રસ્થાન, અધ્યાય ૧૫, શ્લોક ૫), તથા અનૂપ દેશના પ્રાણીનું માંસ, એ સર્વનો કવાથ કરીને તેમાં ધાન્યામ્લ વગેરે ખટાઈ નાખવી તથા દૂધ નાખવુ. પછી તેમાં મહા-સ્નેહ(ઘી, તેલ, વસા, મજ્જા) નાખીને તેમાં મધુર વર્ગનાં ઔષધો(સૂ. અ. ૧૦, શ્લોક ૨૨થી ૨૪½)નો કલ્ક પ્રતિવાપ તરીકે નાખવો. એ રીતે પકવ(સિદ્ધ) થયેલો મહાસ્નેહ સેક કરવામાં (સિંચન કરવામાં), અભ્યંગમાં (શરીરે ચોળવામાં), અવગાહમાં (તેમાં શરીર બોળી રાખવામાં), અન્ન સાથે ખાવામાં, પીવામાં, નસ્ય તરીકે અને અનુવાસન કરવામાં વાપરવો. એથી વાયુનો નાશ થાય છે. વળી પૂર્વે કહેલા તે તે સ્નેહ અને સ્વેદનો બરાબર ઉપયોગ કરવાથી તેઓ પણ વાયુનો નાશ કરે છે.

ભાનમાં લાવવા માટે અવપીડ અને પ્રધમન નસ્ય

वेगान्तरेषु मूर्धानमसकृच्चास्य रेचयेत् ॥३०॥
अवपीडैः प्रधमनैस्तीक्ष्णैः श्लेष्मनिबर्हणैः ।
श्वसनासु विमुक्तासु तथा संज्ञां स विन्दति ॥३१

વાયુનો એક વેગ આવ્યા પછી બીજો વેગ આવે તેટલામાં (એ વેગની વચમાં જે અંતર રહે તેમાં) વારંવાર તે રોગીના નાકમાં કફને કાઢી નાખે એવા, અત્યંત તીક્ષ્ણ અવપીડ નસ્ય ફૂંકવારૂપી માથાને વિરેચન આપવુ. સૂંઠ, મરી, ઇત્યાદિ અત્યંત તીક્ષ્ણ ઔષધ રોગીના નાકમાં ફૂંકવાથી હૃદયમા રહેલી શ્વાસની સૂક્ષ્મ નાડીઓમાંથી કફનો નાશ થાય છે, અને એ રીતે શ્વાસની સૂક્ષ્મ નાડીઓમાંથી કફ નીકળી જઈને તે ખુલ્લી થાય છે એટલે રોગીને સંજ્ઞા(ભાન) આવે છે.

અપતાનકમાં ઘી

सौवर्चलाभयाव्योषसिद्धं सर्पिश्चलेऽधिके ॥३१½॥

સંચળ, હરડે, સૂંઠ, પીપર, મરી, એ પાચ ઔષધથી સિદ્ધ કરેલુ ઘી આધક વાયુવાળા અપતાનકમાં આપવુ.

पलाष्टकं तिल्वकतो वरायाः
प्रस्थं पलांशं गुरुपञ्चमूलम् ।
सैरण्डसिंहीत्रिवृतं घटेऽपां
पक्त्वा पचेत्पादशृतेन तेन ॥ ३२ ॥
दध्नः पात्रे यावशूकात्त्रिबिल्वैः
सर्पिःप्रस्थं हन्ति तत्सेव्यमानम् ।
दुष्टान् वातानेकसर्वाङ्गसंस्थान्
योनिव्यापद्गुल्मवर्ध्मोदरं च ॥ ३३ ॥

લોધર બત્રીસ તોલા, ત્રિફળા ચોસઠ તોલા, બીલી ચાર તોલા, અરણી ચાર તોલા, અલવો (એટલે મોટો અરડૂસો) ચાર તોલા, પાડળ ચાર તોલા, કાશ્મરી ચાર તોલા, એરંડમૂળ ચાર તોલા, રીંગણી ચાર તોલા અને નસોતર ચાર તોલા; એ સર્વે ઔષધોને એક દ્રોણ (૧૦૨૪ તોલા) પાણીમા ચોથા ભાગનુ પાણી રહેતા સુધી ઉકાળવાં. પછી કવાથને ગાળી લઈને તેમા એક આઢક(૨૫૬ તોલા) દહીં નાંખવું, અને જવખાર બાર તોલા નાખવો. એ સર્વમાં (૬૪) તોલા ઘી નાખીને સિદ્ધ કરવુ. એ ઘી સેવવાથી એક અંગમાં કે સર્વાંગમા રહેલા દુષ્ટ વાયુના રોગ, યોનિરોગ, ગોળો, વધરાવળ અને ઉદરરોગ એ સર્વે મટે છે.

विधिस्तिल्वकवज्ज्ञेयो शम्याकाशोकयोरपि ॥३४॥

જે પાછળ (શ્લોક ૩૨,૩૩) તિલ્વકઘૃતનો વિધિ કહ્યો છે તેવો જ વિધિ ગરમાળાનુ અને આસોપાલવનુ ઘી સિદ્ધ કરવાનો જાણવો. અર્થાત્ ગરમાળાની કે આસોપાલવની અંતરછાલ બત્રીસ તોલા લેવી અને બીજાં ઔષધો તિલ્વકઘૃતમા કહ્યા પ્રમાણે લેવા અને એ જ રીતે ઘી સિદ્ધ કરવુ. એ ઘી પણ તિલ્વકઘૃત જેવા ગુણ આપે છે. (મૂળમાં शम्याक શબ્દ છે તેનો અર્થ અરુણદત્ત महानिंब કહે છે. અને નિઘંટુરત્નાકરનો કર્તા 'મોટો ગરમાળો' કહે છે.)

અપતાનકનો ઉપસંહાર

चिकित्सितमिदं कुर्याच्छुद्धवातापतानके ।
संसृष्टदोषे संसृष्टं

એ પ્રમાણેના ઉપચાર શુદ્ધ વાયુથી થયેલા અપતાનક રોગમા કરવા. જ્યારે અપતાનકમાં બે દોષ કે ત્રણ દોષ ભેગા કોપેલા હોય, ત્યારે તે તે દોષની ભેગી ચિકિત્સા કરવી.

કફયુક્ત અપતાનકનો ઉપાય

चूर्णयित्वा कफान्विते ॥३५॥
तुम्बरूण्यभया हिङ्गु पौष्करं लवणत्रयम् ।
यवक्वाथाम्बुना पेयं हृत्पार्श्वार्त्यपतन्त्रके ॥ ३६ ॥
हिङ्गु सौवर्चलं शुण्ठी दाडिमं साम्लवेतसम् ।
पिबेद्वा श्लेष्मपवनहृद्रोगोक्तं च शस्यते ॥ ३७ ॥

જો અપતંત્રક રોગ કફયુક્ત હોય તો ધાણા, હરડે, હિંગ, પુષ્કરમૂળ, સિંધવ, સંચળ, બિડલવણ, એ સર્વનુ ચૂર્ણ કરીને જવના કવાથરૂપી જળમાં પીવુ. અપતંત્રક વાયુમા હૃદય અને પાસામાં વેદના થતી હોય તો, હિંગ, સંચળ, સૂઠ, દાડમ, અમ્લવેતસ, એ સર્વનુ ચૂર્ણ જવના કવાથના પાણીમા પીવુ, અથવા કફવાતથી થયેલા હૃદયના રોગમા જે ઔષધ કહેલા છે તે પણ અહી શ્રેષ્ઠ છે.

અંતરાયામ અને બહિરાયામની ચિકિત્સા

(શ્લોક ૩૭।। થી ૪૦)

आयामयोरर्दितवद्बाह्याभ्यन्तरयोः क्रिया ।
तैलद्रोण्यां च शयनमान्तरोऽत्र सुदुस्तरः ॥३८॥

બાહ્યાયામ અને અંતરાયામની ચિકિત્સા અર્દિત વાયુના જેવી કરવી. આયામ વાયુ-વાળાને તેલથી ભરેલા વાસણમા સુવાડવો. એ બે આયામમાથી અંતરાયામ વાયુ મટવો મહા કઠણ છે, અર્થાત્ તે અતિ કષ્ટસાધ્ય છે.

અસાધ્ય આયામનાં લક્ષણ

विवर्णदन्तवदनः स्रस्ताङ्गो नष्टचेतनः ।
प्रस्विद्यंश्च धनुष्कम्भी दशरात्रं न जीवति ॥३९॥

જે આયામવાળા રોગીના દાંત અને મુખ વિવર્ણ થઈ ગયેલાં હોય, અર્થાત્ તેનો રંગ બદલાઈ ગયો હોય, અંગ લબડી પડ્યાં હોય, ભાન જતુ રહ્યુ હોય, શરીરે પરસેવો થતો હોય અને જે કામઠાની પેઠે વાંકો વળી જતો હોય, તે રોગી દશ રાત સુધી જીવે નહિ. (ધનુષ્કંભી=ધનુર ધાયુ હોય તેવો માણસ.)

ઉપદ્રવરહિત આયામની ચિકિત્સા

वेगेष्वतोऽन्यथा जीवेन्मन्देषु विनतो जडः ।
खञ्जः कुणिः पक्षहतः पङ्गुलो विकलोऽथवा ॥४०॥
हनुस्रंसे हनू स्निग्धस्विन्नौ स्वस्थानमानयेत् ।
उन्नामयेच्च कुशलश्चिबुकं विवृते मुखे ॥ ४१ ॥
नामयेत्संवृते शेषमेकायामवदाचरेत् ।

જો આયામ રોગવાળાને ઉપર (શ્લોક ૩૮, ૩૮૩ માં) કહ્યાં છે તેવાં લક્ષણ ન હોય, અને વેગ(રોગના હુમલા) ધીમા હોય તો તે રોગી જીવે ખરો પણ તે વાંકો વળી જાય, જડ થઈ જાય, પગે ખોડો થઈ જાય, હાથે લૂલો થાય, એને પક્ષાઘાત થાય, એ સાથળમાથી માંગળો થાય, અથવા ગાંડો થઈ જાય. જો રોગીની હડપચી તેના સ્થાનમાંથી ખસી ગઈ હોય તો હડપચીને પ્રથમ સ્નિગ્ધ કરીને પછી અગ્નિ વડે તેને શેકવી. અને પછી જો મોં ઉઘાડુ રહેતું હોય તો વૈદે તે હડપચીને ઊંચી દબાવવી, જો મુખ બીડેલુ રહેતું હોય તો હડપચીને નીચી નમાવવી. એ રોગની બીજી ચિકિત્સા એકાયામ વાયુની ચિકિત્સા પેઠે કરવી.

જિહ્વાસ્તંભની ચિકિત્સા

जिह्वास्तम्भे यथावस्थं
कार्यं वातचिकित्सितम् ॥ ४२ ॥

જો જીભ જડ થઈ જાય તો જેવી જેવી રોગની અવસ્થા હોય તે પ્રમાણે સ્નેહન, સ્વેદન વગેરે વાયુની ચિકિત્સા કરવી.

અર્દિત વાયુ(અડદિયો વા)ની ચિકિત્સા

अर्दिते नावनं मूर्ध्नि तैलं श्रोत्राक्षितर्पणम् ।
सशोफे वमनं दाहरागयुक्ते सिराव्यधः ॥ ४३ ॥

અર્દિત(અડદિયો વા)માં નાકમાં સૂંઘવાનુ (ફૂંકવાનું) ઔષધ આપવુ; માથે તેલ ઘાલવુ; આખ અને કાનમા તેલ મૂકીને તેનુ (આંખનુ અને કાનનુ) તર્પણ કરવુ, જો અર્દિત વાયુમાં સોજો હોય તો રોગીને વમન આપવુ, જો બળતરા અને રાગ(રતાશ)યુક્ત અર્દિત વાયુ હોય તો ફુસ ખોલવી.

પક્ષાઘાતની ચિકિત્સા

स्नेहनं स्नेहसंयुक्तं पक्षाघाते विरेचनम् ।

પક્ષાઘાત વાયુમાં સ્નેહપાન કરાવવુ તથા સ્નેહ ચોળવો. તેમ જ રોગીને સ્નેહયુક્ત વિરેચન આપવુ.

અવબાહુની ચિકિત્સા

अवबाहौ हितं नस्यं स्नेहश्चोत्तरभक्तिकः ॥ ४४ ॥

અવબાહુ નામે વાયુના રોગમાં નસ્ય (નાક-માં સૂંઘવાનુ ઔષધ) આપવુ હિતકર છે. તેમ ભોજન કર્યા પછી સ્નેહપાન કરાવવું હિતકર છે. (સંગ્રહ નામે ગ્રંથમાં કહ્યું છે કે જો રોગ સામ(આમવાળો) હોય તો ઉપવાસ એ જ હિતકર છે.)

ઊરુસ્તંભની ચિકિત્સા

(શ્લોક ૪૪।। થી ૫૪।।)

લૂખા ઉપચાર

ऊरुस्तम्भे तु न स्नेहो न च संशोधनं हितम् ।
श्लेष्मामभेदोबाहुल्याद्युक्त्या तत्क्षपणान्यतः ॥

कुर्याद्रूक्षोपचारश्च यवश्यामाककोद्रवाः ।
शाकैरलवणैः शस्ताः किञ्चित्तैलैर्जलैः शृतैः ॥
जाङ्गलैरघृतैर्मांसैर्मध्वम्भोरिष्टपायिनः ।
वत्सकादिर्हरिद्रादिर्वचादिर्वा ससैन्धवैः ॥ ४७ ॥
आढ्यवाते सुखाम्भोभिः पेयः षड्धरणोऽथवा ।

ઊરુસ્તંભ-રોગમાં શ્લેષ્મ (કફ), આમ અને મેદ ઘણો હોય છે, માટે તેમાં સ્નેહન હિતકર નથી, તેમજ તેને શોધન ઉપચાર લાગુ કરવા પણ હિતકર નથી. માટે કફ, આમ અને મેદનો નાશ કરે એવાં ઔષધ અને ક્રિયા રોગીને યુક્તિથી લાગુ કરવાં. તેને લૂખા ઉપચાર કરવા, મધ અને પાણીનો અરિષ્ટ તેને પાવો, તથા જવ, સામો અને કોદરાનાં અન્ન તેને ખાવા આપવાં. તે અન્ન સાથે લગારેક લવણ નાખીને તથા લગારેક તેલમાં વઘારેલાં અને પાણીમાં બાફેલાં શાક ખાવા આપવાં. વળી તેને જાંગલ પ્રાણીઓનું માંસ ખાવા આપવું, પણ તે સાથે ઘી આપવું નહિ. ઊરુસ્તંભનો રોગ હોય તો વત્સકાદિ ગણનાં ઔષધો અથવા હરિદ્રાદિ ગણનાં ઔષધો અથવા વચાદિ ગણનાં ઔષધો, એમાંના ગમે તે એક ગણનાં ઔષધોમાં સિંધવ ભેળવીને લગારેક ગરમ કરેલા પાણી સાથે તે પીવાં, અથવા આ અધ્યાયમાં પાછળ કહેલું (શ્લોક ૧૪) ષડ્ધરણ ચૂર્ણ સિંધવ નાખેલા લગાર ગરમ કરેલા પાણી સાથે પીવું.

लिह्यात्क्षौद्रेण वा श्रेष्ठाचव्यतिक्ताकणाघनात् ॥
कल्कं समधु वा चव्यपथ्याग्निसुरदारुजम् ।
मूत्रैर्वा शीलयेत्पथ्यां गुग्गुलुं गिरिसम्भवम् ॥

અથવા ત્રિફળા, ચવક, કડુ, પીપર અને મોથ, એનું ચૂર્ણ મધ સાથે ચાટવું, અથવા ચવક, હરડે, ચિત્રો, દેવદાર, એ ઔષધોનો કલ્ક મધ સાથે ચાટવો, અથવા ગોમૂત્ર-સાથે-હરડે પીવી, અથવા ગોમૂત્ર સાથે ગૂગળ કે શિલાજિત પીવો.

व्योषाग्निमुस्तत्रिफलाविडङ्गैर्गुग्गुलुं समम् ।
खादन् सर्वान् जयेद्व्याधीन्
मेदःश्लेष्मामवातजान् ॥ ५० ॥

ત્રિકટુ, ચિત્રો, મોથ, ત્રિફળા, વાવડિંગ, એ પાંચ ઔષધો સમાન લઈને તે સર્વના સરવાળા બરાબર ગૂગળ લેવો. એ સર્વ એકત્ર કરીને ખાવાથી મેદથી, કફથી, આમથી અને વાયુથી થયેલા બધા રોગો મટે છે.

शाम्यत्येवं कफाक्रान्तः समेदस्कः प्रभञ्जनः ।
क्षारमूत्रान्वितान् स्वेदान् सेकानुद्वर्तनानि च ॥
कुर्याद्दिह्याच्च मूत्राढ्यैः करञ्जफलसर्षपैः ।
मूलैर्वाऽप्यर्कतर्कारीनिम्बजैः ससुराह्वयैः ॥ ५२ ॥
सक्षौद्रसर्षपापक्वलोष्टवल्मीकमृत्तिकैः ।

એ પ્રમાણે (પાછળ કહ્યા પ્રમાણે) ક્રિયાક્રમ કરવાથી કફયુક્ત તથા મેદયુક્ત વાયુ શમે છે. વળી ક્ષાર અને ગોમૂત્ર એ બે વાનાં નાખેલાં ઔષધથી શેક કરવો, સિંચન કરવું તથા પીઠીની માફક નીચેથી ઊંચે ચોળવું. વળી કરંજનાં ફળ અને સરસવને ગાયના મૂત્રમાં વાટીને તેનો લેપ કરવો, અથવા આકડાનું મૂળ, અરણીનું મૂળ, લીમડાનું મૂળ, દેવદાર, સરસવ, અપક્વ માટીનો ગોળો, રાફડાની માટી, એ સર્વનો મધ સાથે લેપ કરવો.

कफक्षयार्थं व्यायामे सह्ये चैनं प्रवर्तयेत् ।
स्थलान्युल्लङ्घयेन्नारीः शक्तितः परिशीलयेत् ।
स्थिरतोयं सरः क्षेमं प्रतिस्रोतो नदीं तरेत् ॥
श्लेष्ममेदःक्षये चात्र स्नेहादीनवचारयेत् ।

ઊરુસ્તંભ રોગવાળાને કફ અને મેદનો નાશ કરવા માટે સહેવાતો વ્યાયામ (મહેનત, કસરત) કરાવવો. જેમ કે તેની પાસે સ્થળો ઓળંગાવવાં; તેની શક્તિ પ્રમાણે તેણે સ્ત્રીઓ ભોગવવી; જે સરોવરનું પાણી સ્થિર હોય તથા મગર વગેરેથી રહિત હોય તેવા સલામતીભરેલા સરોવરમાં તરવું; નદીમાં પ્રવાહની સામે તરવું. એ રીતે શ્રમ કરવાથી કફ અને મેદ ઓછા થાય એટલે તેને સ્નેહન વગેરે લાગુ કરવું.

બાકીના વાતરોગોમાં ચિકિત્સાનું ધોરણ

स्थानदूष्यादि चालोच्य कार्या शेषेष्वपि क्रिया ॥

બાકીના વાતરોગોમાં પણ રોગનું સ્થાન દૂષ્ય ધાતુ, (+આવરણ) વગેરેનો વિચાર કરીને યથાયોગ્ય ક્રિયા કરવી.

ઇચ્છા પ્રમાણે પગ ચાલી શકે એવો ક્વાથ

सहचरं सुरदारु सनागरं
क्वथितमम्भसि तैलविमिश्रितम् ।
पवनपीडितदेहगतिः पिबन्
द्रुतविलम्बितगो भवतीच्छया ॥५६॥

વાયુવડે જેના દેહની ગતિ પીડાયેલી હોય તેણે કાંટાશેળિયો, દેવદાર અને સૂંઠ એને ઉકાળીને તેમાં તેલ નાખીને પીવું. તેથી તે પોતાની ઇચ્છા પ્રમાણે ઉતાવળે અને ધીમે ચાલી શકે છે.

વાયુનાશક ઉત્તમ ઘી

रास्नामहौषधद्वीपिपिप्पलीशठिपौष्करम् ।
पिष्ट्वा विपाचयेत्सर्पिर्वातरोगहरं परम् ॥५७॥

રાસ્ના, સૂંઠ, ચિત્રો, પીપર, ષડ્કચૂરો, પુષ્કરમૂળ, એટલાં ઔષધોને બારીક લસોટીને તેના કલ્કથી વિધિપુરઃસર ઘી પકવવું. એ ઘીથી વાયુના રોગ મટે છે.

વાયુના રોગો વગેરે રોગો માટે ઘી

निम्बामृतावृषपटोलनिदिग्धिकानां
भागान् पृथग् दश पलान् विपचेद्घटेऽपाम् ।
अष्टांशशेषितरसेन पुनश्च तेन
प्रस्थं घृतस्य विपचेत्पिचुभागकल्कैः ॥५८॥
पाठाविडङ्गसुरदारुगजोपकुल्या-
द्विक्षारनागरनिशामिशिचव्यकुष्ठैः ।
तेजोवतीमरिचवत्सकदीप्यकाग्नि-
रोहिण्यरुष्करवचाकणमूलयुक्तैः ॥५९॥
मञ्जिष्ठयाऽतिविषया विषया यवान्या
संशुद्धगुग्गुलुपलैरपि पञ्चसङ्ख्यैः ।
तत्सेवितं विधमति प्रबलं समीरं
सन्ध्यस्थिमज्जगतमप्यथ कुष्ठमीदृक् ॥६०॥
नाडीव्रणार्बुदभगन्दरगण्डमाला-
जत्रूर्ध्वसर्वगदगुल्मगुदोत्थमेहान् ।
यक्ष्मारुचिश्वसनपीनसकासशोफ-
हृत्पाण्डुरोगमदविद्रधिवातरक्तम् ॥६१॥

એક દ્રોણ પાણી લઈને તેમાં લીમડો, ગળો, અરડૂસી, પટોળ, રીંગણી એ પ્રત્યેક ઔષધ ચાળીસ ચાળીસ તોલા નાખીને તેનો ક્વાથ કરવો. તે ક્વાથ ઊકળતાં ઊકળતાં પાણી આઠમે ભાગે રહે ત્યારે તેમાં નીચેનાં દ્રવ્યોનો કલ્ક એક એક તોલો નાખવો:–પહાડમૂળ, વાવડિંગ, દેવદાર, ગજપીપર, જવખાર, સાજીખાર, સૂંઠ, હળદર, સુવા, ચવક, ઉપલેટ, માલકાંકણી, મરી, કડાછાલ, અજમોદ, ચિત્રો, કડુ, ભિલામાં, વજ, પીપરીમૂળ, મજીઠ, અતિવિષ, કાકોલી, યવાની અજમો, એ સર્વમાં વીસ તોલા શુદ્ધ ગૂગળ નાખવો. પછી તેમાં ૬૪ તોલા ઘી નાખવું. પછી ઘીને સિદ્ધ કરવું એ રીતે સિદ્ધ થયેલું ઘી પીવાથી અતિ બળવાન વાયુ હોય તે મટે છે. જો વાયુ સાંધાઓમાં હોય, હાડકાંમાં હોય, મજ્જામાં હોય, તોપણ એ ઘીથી મટે છે, એ જ પ્રમાણે સાંધામાં, હાડકાંમાં કે મજ્જામાં કુષ્ઠ થયો હોય તે પણ મટે છે. વળી નાડીવ્રણ, અર્બુદ, ભગંદર, કંઠમાળ, ઊર્ધ્વજત્રુના (ગળાની હાંસડીથી ઉપરના) સર્વ રોગ, ગુલ્મરોગ, હરસ, પ્રમેહ, ક્ષય, અરુચિ, દમ, સળેખમ, ખાંસી, સોજો, હૃદયના રોગ, મદરોગ, ગડ, અને પત એ સર્વ રોગ મટે છે.

માથામાં કોપેલા વાયુમાં નસ્ય

बलाबिल्वशृते क्षीरे घृतमण्डं विपाचयेत् ।
तस्य शुक्तिः प्रकुञ्चो वा नस्यं वाते शिरोगते ॥६२॥

ખળદાણા અને બીલાં એ બે ઔષધો નાખીને ઉકાળેલા દૂધમાં ઘૃતમંડ પક્વ કરવો. તે સિદ્ધ થયેલા ઘૃતમંડમાંથી બે તોલા કે ચાર તોલા ઘી સૂંઘવાથી (નસ્ય સેવાથી) માથાનો વાયુ મટે છે.

શુદ્ધ વાયુમાં વસાનસ્ય

तद्वत्सिद्धा वसा नक्रमत्स्यकूर्मचुलूकजा ।
विशेषेण प्रयोक्तव्या केवले मातरिश्वनि ॥६३॥

ઉપર જેમ ખળદાણા અને બીલાંમાં સિદ્ધ કરેલા દૂધમાં ઘીનો મંડ સિદ્ધ કરી સૂંઘવાનો કહ્યો છે, તે જ પ્રમાણે મગર, મત્સ્ય, કાચબો, કે છાણુમગરીની વસા ખળદાણા અને બીલાં નાખીને ઉકાળેલા દૂધમાં સિદ્ધ કરીને શુદ્ધ વાયુવાળાને ખાસ કરીને સૂંઘવા આપવી; અર્થાત્ શુદ્ધ વાયુ ઉપર એ વસાનું નસ્ય સારો ગુણ કરે છે.

વાયુના બધા રોગ માટે તેલ

जीर्णं पिण्याकं पञ्चमूलं पृथक् च।
क्वाथ्यं क्वाथाभ्यामेकतस्तैलमाभ्याम्।
क्षीरादष्टांशं पाचयेत्तेन पाना-
द्वाता नश्येयुः श्लेष्मयुक्ता विशेषात् ॥६४

જૂનો ખોળ અને પંચમૂળ એ બંને જુદો જુદો કવાથ કરવો. પછી બન્ને કવાથ ભેગા કરીને બે કવાથની બરાબર તેમાં તેલ નાખવું, તથા તેલ કરતાં આઠગણું દૂધ નાખવું. પછી તેના પાક કરવો (સિદ્ધ કરવું). જ્યારે તેલ સિદ્ધ થાય (તેલ માત્ર શેષ રહે) ત્યારે તે તેલ ગાળી લેવું. એ તેલ પીવાથી બધા પ્રકારના વાયુના રોગ મટે છે અને કફયુક્ત વાયુનો રોગ હોય તો તે ખાસ મટે છે.

प्रसारिणीतुलाक्वाथे तैलप्रस्थं पयःसमम्।
द्विमेदामिशिमञ्जिष्ठाकुष्ठरास्नाकुचन्दनैः ॥ ६५ ॥
जीवकर्षभकाकोलीयुगलामरदारुभिः।
कल्कितैर्विपचेत्सर्वमारुतामयनाशनम् ॥ ६६ ॥

ચાર સો તોલા પ્રસારણ વેલ લઈને તેના કવાથ કરવો. તેમાં ચોસઠ તોલા તેલ અને તેટલું જ દૂધ નાખવું. પછી મેદા, મહામેદા, સુવા, મજીઠ, ઉપલેટ, રાસ્ના, રતાંજળી (રક્તચંદન), જીવક, ઋષભક, કાકોલી, ક્ષીરકાકોલી અને દેવદાર, એ ઔષધોનો કલ્ક તેમાં નાખીને તે તેલ સિદ્ધ કરવું. એ તેલ સર્વ પ્રકારના વાયુના રોગને મટાડનારું છે.

समूलशाखस्य सहाचरस्य
तुलां समेतां दशमूलतश्च।
पलानि पञ्चाशदभीरुतश्च
पादावशेषं विपचेद्वहेऽपाम् ॥ ६७ ॥
तत्र सेव्यनखकुष्ठहिमैला-
स्पृक्प्रियङ्गुनलिकाम्बुशिलाजैः।
लोहितानलदलोहसुराह्वैः
कोपनामिशितुरुष्कनतैश्च ॥ ६८ ॥
तुल्यक्षीरं पालिकैस्तैलपात्रं
सिद्धं कुब्जान् शीलितं हन्ति वातान्।
कम्पाक्षेपस्तम्भशोषादियुक्तान्
गुल्मोन्मादौ पीनसं योनिरोगान् ॥६९॥

ધોળો કાંટાશેળિયો મૂળ અને ડાળાં સહિત એક તોલુ: (૪૦૦ તોલા) લેવો. દશમૂળ પણ તેટલાં જ લેવાં. શતાવરી બસો તોલા લેવી. એ સર્વને ચાર દ્રોણ પાણીમાં એક દ્રોણ પાણી બાકી રહેતા લગી કવાથ કરવો. તેમાં વાળો, નખલા, ઉપલેટ, સુખડ, એલચી, લજામણી, પ્રિયંગુ (કાંગ), નલિકા, કાળો વાળો, દગડફૂલ, રતાંજળી, નલદ (વાળો, પીળો વાળો), લોહ, શિલાજિત, રાતી કરેણુ, સુવા, શિલારસ, તગર, એ ઔષધો ચાર ચાર તોલા લઈને તેનો કલ્ક નાખવો. પછી તેમાં ૨૫૬ તોલા તેલ અને તેટલું જ દૂધ નાખીને તેલ સિદ્ધ કરવું. એ તેલનું સેવન કરવાથી કંપ, આક્ષેપ, સ્તંભ, શોષ વગેરેથી યુક્ત દુઃસાધ્ય વાયુના રોગ મટે છે, તેમજ ગોળો, ગાંડપણ સળેખમ અને યોનિરોગ પણ એ તેલથી મટે છે.

ભેડમહર્ષિએ કહેલું સહાચરતેલ

सहाचरतुलायास्तु रसे तैलाढकं पचेत्।
मूलकल्काद्दशपलं पयो दत्त्वा चतुर्गुणम् ॥ ७० ॥
अथवा नतषड्ग्रन्थास्थिराकुष्ठसुराह्वयात्।
सैलानलदशैलेयशताह्वारक्तचन्दनात् ॥ ७१ ॥
सिद्धेऽस्मिन् शर्कराचूर्णादष्टाद्दशपलं क्षिपेत्।
भेडस्य सम्मतं तैलं तत्कुब्जानिलामयान् ॥७२॥
वातकुण्डलिकोन्मादगुल्मवर्ध्मादिकान् जयेत्।

ધોળો કાંટાશેળિયો ચાર સો તોલા લઈને તેના કવાથમાં બસો છપ્પન તોલા તેલ નાખવું. પછી તેમાં ચાળીસ તોલા કાંટાશેળિયાના મૂળનો કલ્ક નાખવો અને તેલથી ચોગણું દૂધ નાખવું. એ સર્વનો પાક કરીને તેલ સિદ્ધ કરવું. અથવા ચાર સો તોલા કાંટાશેળિયાના કવાથમાં બસો છપ્પન તોલા તેલ તથા તેલથી ચોગણું દૂધ નાખીને તેમાં તગર, વજ, શાલિપર્ણી, ઉપલેટ, દેવદાર, એલચી, વાળો, શિલાજિત, સુવા (સવા), રક્તચંદન, એ ઔષધોનો કલ્ક નાખીને તેલ સિદ્ધ કરવું. એ તેલ સિદ્ધ થાય એટલે તેમાં બાતેર તોલા સાકરનું ચૂર્ણ નાખવું. એ તેલ ભેડમહર્ષિએ પસંદ (મંજૂર) કરેલુ છે. તે ઘણા કઠણ (મટવાને કઠણ) વાયુના રોગને મટાડે

છે. વળી તે વાતકુંડલિકા રોગને, ગુલ્મરોગને અને વધરાવળને પણ મટાડે છે.

બલાતેલ

बलाशतं छिन्नरुहापादं रास्नाष्टभागिकम् ।७३॥
जलाढकशते पक्त्वा शतभागस्थिते रसे ।
दधिमस्त्विक्षुनिर्यासशुक्तैस्तैलाढकं समैः ॥७४॥
पचेत्साजपयोर्धांशं कल्कैरेभिः पलोन्मितैः ।
शठीसरलदार्वेलामञ्जिष्ठागुरुचन्दनैः ॥ ७५ ॥
पद्मकातिबलामुस्ताशूर्पपर्णीहरेणुभिः ।
यष्ट्याह्वसुरसव्याघ्रनखर्षभकजीवकैः ॥ ७६ ॥
पलाशरसकस्तूरीनलिकाजातिकोशकैः ।
स्पृक्काकुङ्कुमशैलेयजातीकटुफलाम्बुभिः ॥ ७७ ॥
त्वक्कुन्दुरुककर्पूरतुरुष्कश्रीनिवासकैः ।
लवङ्गनखकक्कोलकुष्ठमांसीप्रियङ्गुभिः ॥ ७८ ॥
स्थौणेयतगरध्यामवचामदनकप्लवैः ।
सनागकेसरैः सिद्धे दद्याच्चात्रावतारिते ॥ ७९ ॥
पत्रकल्कं ततः पूतं विधिना तत्प्रयोजितम् ।
कासं श्वासं ज्वरं छर्दिं मूर्च्छां गुल्मक्षतक्षयान् ॥
प्लीहशोषावपस्मारमलक्ष्मीं च प्रणाशयेत् ।
बलातैलमिदं श्रेष्ठं वातव्याधिविनाशनम् ॥८१॥

'ખળદાણા ચારસો તોલા લેવા; ગળો સો તોલા લેવી; રાસ્ના પચાસ તોલા લેવી; પછી એ ત્રણેનો સો આઢક (૨૫૬૦૦ તોલા) પાણીમાં ક્વાથ કરવો. એ ક્વાથ એક આઢક રહે ત્યારે ગાળી લઈને તેમાં એક આઢક (૨૫૬ તોલા) દહીં, તેટલું જ દહીંનું નીતર્યું પાણી, તેટલો જ શેરડીનો રસ અને તેટલો જ સરકો મેળવવો. પછી તેમાં એક આઢક તેલ નાખવું તથા અડધો આઢક (એક સો અઠાવીસ તોલા) બકરીનું દૂધ નાખવું. એ સર્વમાં ષડ્કચૂરો, સરલ વૃક્ષની છાલ (જેનો ગુંદર તે રાળ કહેવાય છે), દારુહળદર, એલચી, મજીઠ, અગર, સુખડ, પદ્મકાષ્ઠ, અતિબલા, મોથ, શૂર્પપર્ણી (જંગલી મગ), રેણુકબીજ, જેઠીમધ, તુળસી, થોર, ઋષભક, જીવક, ખાખરો, હીરાબોળ, કસ્તૂરી, કાળી નગોડ, જાયફળ, કપૂરીમધુરી, કેસર, શિલાજિત, ચમેલી, કાયફળ, વાળો, તજ, સાલવૃક્ષ (જેનો ગુંદર તે બેરજો કહેવાય છે), કપૂર, શિલારસ, ગંધો બેરજો, લવિંગ, નખલા, કંકોલ, ઉપલેટ, જટામાંસી, ઘઉંલા, થુણેર, તગર, રોહિસઘાસ, વજ, મીંઢળ, મોથ, નાગકેસર, એ ઔષધોમાંનું દરેક ચાર ચાર તોલા લઈને તેનો કલ્ક કરી નાખવો. પછી તેલ સિદ્ધ કરવું. પછી તેને નીચે ઉતારીને તેમાં તમાલપત્રનો કલ્ક નાખવો. પછી તે તેલને ગાળી લઈને તેનો વિધિપૂર્વક ઉપયોગ કરવાથી ખાંસી, દમ, તાવ, ઊલટી, મૂર્છા, ગોળો, ઉરઃક્ષત, ક્ષય, બરોળ, શોષ રોગ, વાઈ અને અલક્ષ્મીનો નાશ થાય છે. આ શ્રેષ્ઠ બલાતેલ વાયુના રોગનો નાશ કરનારું છે.

વાયુના રોગો અને સ્ત્રીનું વાંઝિયાપણું મટાડે એવા સ્નેહો

पाने नस्येऽन्वासनेऽभ्यञ्जने च
स्नेहाः काले सम्यगेते प्रयुक्ताः ।
दुष्टान् वातानाशु शान्तिं नयेयु-
र्वन्ध्या नारीः पुत्रभाजश्च कुर्युः ॥८२॥

પહેલાં જ જે સ્નેહ કહેલા છે તે પીવામાં, સૂંઘવામાં, અન્વાસનબસ્તિમાં અને શરીરે ચોળવામાં કાળનો વિચાર કરીને વિધિપૂર્વક યોજ્યા હોય, તો તે વાયુના દુષ્ટ રોગોને તત્કાળ શાંત કરે છે તથા વંધ્યા સ્ત્રીને પુત્રવતી કરે છે.

વાયુના રોગોમાં કફ અને પિત્તને બસ્તિઓ આપીને ક્યારે બહાર કાઢવાં?

स्नेहस्वेदैर्द्रुतः श्लेष्मा यदा पक्वाशये स्थितः ।
पित्तं वा दर्शयेद्रूपं बस्तिभिस्तं विनिर्जयेत् ॥८३

સ્નેહ અને સ્વેદવડે ઓગળેલાં કફ કે પિત્ત પક્વાશયમાં રહીને પોતપોતાનાં ચિહ્ન પ્રકટ કરે, તો તે કફ અથવા પિત્તને બસ્તિઓ આપીને જીતવાં અર્થાત્ મટાડવાં

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने वातव्याधिचिकित्सितं नाम एकविंशोऽध्यायः ॥ २१ ॥

અધ્યાય ૨૨ મો—પતની, વાયુના પ્રકોપની અને વાયુના આવરણ-ની ચિકિત્સા

વાયુના રોગોની ચિકિત્સા કહ્યા પછી વાત-રક્ત(પત)ની ચિકિત્સા કહેવાનો આરંભ કરે છે. વાતરક્ત મોટે ભાગે વાયુનો જ રોગ છે, પણ એ રોગ લોહી સાથે ભળેલા વાયુથી થતો હોવાથી તથા તે વિષે ઘણું કહેવા જેવું હોવાથી એની ચિકિત્સા વાતવ્યાધિથી જુદી બતાવી છે.

अथातो वातशोणितचिकि
त्सितं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે પતની ચિકિત્સા સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

વાતરક્ત(પત)ની ચિકિત્સા

(શ્લોક ૧ાથી ૪૮)

પતમાં આંતર ચિકિત્સા

(શ્લોક ૧ા થી ૧૯ા)

પતની સામાન્ય ચિકિત્સા

(શ્લોક ૧ા થી ૪ા)

'વાતરક્તવાળાનો રક્તસ્રાવ કરવો:

સ્નેહન: લોહી કાઢવામાં સંભાળ

वातशोणितिनो रक्त स्निग्धस्य बहुशो हरेत् ।
अल्पाल्पं पालयन् वायुं यथादोषं यथाबलम् ॥१॥

વાતરક્ત(પત)વાળા રોગીને પ્રથમ સ્નિગ્ધ કરીને તેના વાયુનો કોપ ન થાય એવી રીતે તેના દોષ, દૂષ્ય, બળ વગેરેનો વિચાર કરીને, તેનુ થોડેથોડે પણ બહુ વાર લોહી કાઢવુ; કેમ કે એક સાથે ઘણુ લોહી શરીરમાથી વહી જવાને લીધે તેનો વાયુ કોપે છે.

પતમાં ક્યારે શી રીતે લોહી કાઢવું?

रुगागतोददाहेषु जलौकोभिर्विनिर्हरेत् ।
शृङ्गतुम्बैश्चिमिचिमाकण्डूरुग्दूयनान्वितम् ॥ २ ॥
प्रच्छानेन सिराभिर्वा देशाद्देशान्तरं व्रजत् ।

જે વાતરક્તવાળાને પીડા થતી હોય, રતાશ જણાતી હોય અને બળતરા થતી હોય, તો ત્યા આગળ જળો મૂકીને લોહી કાઢી નાખવુ, જે ચમચમતુ હોય, તેમાં ખરજ આવતી હોય, પીડા થતી હોય અને દુખતું હોય તો રૂમડીથી અને તૂમડીથી લોહી કાઢવુ, જો લોહી શરીરમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ દોડતું હોય તો પ્રચ્છાનક્રિયાથી (સૂ. ૨૬/૫૦રૂથી ૫૨રૂ) અથવા સિરાવ્યધ વિધિથી (ફસ ખોલીને) લોહી કાઢવુ.

પતમાં લોહી ક્યારે અને કેમ ન કાઢવું?

अङ्गग्लानौ तु न स्राव्यं रूक्षे वातोत्तरे च यत् ॥३॥
गम्भीरं श्वयथुं स्तम्भं कम्पं स्नायुसिरामयान् ।
ग्लानिमन्यांश्च वातोत्थान्
कुर्याद्वायुरसृक्क्षयात् ॥ ४ ।

જો રોગીનું અંગ ચીમળાઈ (સુકાઈ) ગયુ હોય તો લોહી ન કાઢવુ, તેમ જ ન દરદી લુખો પડી ગયો હોય અને જેનામ વાયુ વધારે બળવાન હોય તેનુ લોહી પણ કાઢવુ નહિ. પણ લોહી લુખુ હોય તો વાયુના રોગની ચિકિત્સામા કહેલા ઔષધ કરવા; કેમ કે જો વાયુ બળવાન હોવા છતા લોહી કાઢવામ આવે તો લોહી ઓછુ થવાથી વાયુ ગંભીર સોજો, સ્તંભ, કંપ, સ્નાયુના રોગ, શિરાઓના રોગ, ગ્લાનિ અને બીજા વાયુથી ઉત્પન્ન થતા રોગ ઉત્પન્ન કરે છે.

વિરેચન કરવા યોગ્ય પતરોગીને કેવું વિરેચન આપવું?

विरेच्यः स्नेहयित्वा तु स्नेहयुक्तैर्विरेचनैः ।

જે પતરોગી વિરેચન આપવા યોગ્ય હોય,તેને સ્નેહપાન કરાવીને સ્નેહયુક્ત વિરેચન આપવા.

વાયુ વધારે કોપ્યો હોય એવા પતના ઉપાય

(શ્લોક ૫ થી ૯)

દૂધ અને સ્નેહો

वातोत्तरे वातरक्ते पुराणं पाययेद्घृतम् ॥ ५ ॥

જે વાતરક્તમાં વાયુ પ્રબળ હોય તેમાં રોગીને જૂનુ ઘી પાવુ.

श्रावणीक्षीरकाकोलीक्षीरिणीजीवकैः समैः ।
सिद्धं सर्षपकैः सर्पिः सक्षीरं वातरक्तनुत् ॥ ६ ॥

ગોરખમૂંડી, ક્ષીરકાકોલી, સારિવા, જીવક, અને સરસવ, એ ઔષધો સરખે ભાગે લઈને એમના કલ્ક સહિત તથા દૂધ સહિત ઘી પકવ કરી તે ઘી પીવાથી વાતરક્ત મટે છે.

द्राक्षामधूकवारिभ्यां सिद्धं वा ससितोपलम् ।
घृतं पिबेत्तथा क्षीरं गुडूचीस्वरसे शृतम् ॥ ७ ॥
तैलं पयः शर्करां च पाययेद्वा सुमूर्च्छितम् ।

કાળી દ્રાક્ષ, જેઠીમધ, એ બેના ક્વાથમાં સિદ્ધ કરેલા ઘીમાં સાકર નાખીને તે પીવું; અથવા ગળોના સ્વરસમાં સિદ્ધ કરેલું (ઉકાળેલું) દૂધ પીવું; અથવા તેલ, દૂધ અને સાકર બરાબર એકત્ર કરીને પાવાં.

बलाशतावरीरास्नादशमूलैः सपीलुभिः ॥ ८ ॥
श्यामैरण्डस्थिराभिश्च वातार्तिघ्नं शृतं पयः ।

ખળદાણા, શતાવરી, રાસ્ના, દશમૂલ, પીલૂડાં, કાળું નસોતર, એરંડાનું મૂળ, શાલિપર્ણ, એ ઔષધો નાખીને ઉકાળેલું દૂધ વાતરક્તની પીડાનો નાશ કરે છે.

धारोष्णं मूत्रयुक्तं वा क्षीरं दोषानुलोमनम् ॥९॥

તરતનું દોહેલું ફીણવાળું ગાયનું દૂધ પીવાથી અથવા ગાયના દૂધમાં સરખે ભાગે ગાયનું મૂત્ર ભેળવીને પીવાથી દોષનું (વાયુનું) અનુલોમન થાય છે.

પિત્ત વધારે કોપ્યું હોય એવા પતના ઉપાય

(શ્લોક ૯ાા થી ૧૩ાા)

ઓછા દોષ(પિત્ત)વાળા માટે વિરેચન

पैत्ते पक्त्वा वरीतिक्तापटोलत्रिफलामृताः ।
पिबेद्घृतं वा क्षीरं वा स्वादुतिक्तकसाधितम् ॥१०

જેમાં પિત્ત વધારે હોય એવા વાતરક્તમાં શતાવરી, કડુ, પટોળ, ત્રિફળા, ગળો, એ ઔષધોમાં ઘી પકવ કરીને પીવું, અથવા મધુર અને કડવા દ્રવ્યવડે સિદ્ધ કરેલું દૂધ પીવું.

મધુર (ગળ્યાં) દ્રવ્ય: સૂ. અ. ૧૦, શ્લોક ૨૨ થી ૨૪ૢ.

કડવાં દ્રવ્ય: સૂ. અ. ૧૦, શ્લોક ૨૭ૢથી ૨૯ૢ

બહુદોષ (પિત્ત)વાળા માટે વિરેચન

क्षीरेणैरण्डतैलं च प्रयोगेण पिबेन्नरः ।
बहुदोषो विरेकार्थं जीर्णे क्षीरौदनाशनः ॥ ११ ॥

જે માણસમાં બહુ દોષ (પિત્ત) હોય તેણે વિરેચન થવા માટે દૂધ સાથે દિવેલ પીવાનો પ્રયોગ રોજ કરવો, અને તે ઔષધ જ્યારે પચી જાય ત્યારે ભાત અને દૂધ ખાવાં.

कषायमभयानां वा पाययेद्घृतभर्जितम् ।
क्षीरानुपानं त्रिवृताचूर्णं द्राक्षारसेन वा ॥ १२ ॥

અથવા હરડેના ક્વાથને ઘીમાં શેકીને (છમકારીને) પાવો; અથવા નસોતરના મૂળનું ચૂર્ણ દૂધના અનુપાન સાથે પાવું; અથવા નસોતરના મૂળનું ચૂર્ણ કાળી દ્રાક્ષના રસ સાથે પાવું.

પતમાં બસ્તિ: એના ફાયદા

निर्हरेद्वा मलं तस्य सघृतैः क्षीरबस्तिभिः ।
न हि बस्तिसमं किञ्चिद्वातरक्तचिकित्सितम् ॥१३॥
विशेषात्पायुपार्श्वोरुपर्वास्थिजठरार्तिषु ।

અથવા ઘીવાળી ક્ષીરબસ્તિઓ આપીને તે વાતરક્તરોગવાળાનો મળ કાઢવો; કેમ કે બસ્તિના જેવું બીજું વાતરક્તનું ઔષધ નથી. અને જ્યારે ગુદા, પાસાં, સાથળ અને સાંધાનાં હાડકાંમાં પીડા થતી હોય ત્યારે તો તે (બસ્તિ) વિશેષે કરીને હિતકર છે.

કફ વધારે કોપ્યો હોય એવા પતના ઉપાય

(શ્લોક ૧૪થી ૧૫)

मुस्ताधात्रीहरिद्राणां पिबेत्क्वाथं कफोल्बणे ॥१४
सक्षौद्रं त्रिफलाया वा गुडूचीं वा यथातथा ।

જો વાતરક્તમાં કફનો પ્રકોપ હોય તો મોથ, કાળી દ્રાક્ષ અને હળદરનો ક્વાથ પીવો; અથવા ત્રિફળાનો ક્વાથ મધ સાથે પીવો; અથવા ગમે તે રીતે ગળોનું સેવન કરવું.

ગમે તે રીતે=સ્વરસ કાઢીને, કલ્ક કરીને, ચૂર્ણ કરીને કે ક્વાથ કરીને.

શરીરને લૂખું પાડવાની ક્રિયા

यथार्हस्नेहपीतं च वामितं मृदु रूक्षयेत् ॥१५॥

જે માણસને જે સ્નેહપાન કરાવવું યોગ્ય હોય તેને યોગ્ય સ્નેહપાન કરાવીને પછી ઊલટી કરાવવાનું ઔષધ આપવું. પછી તેને લૂખો પાડવાની હળવી ક્રિયા કરવી.

રૂક્ષણકર્મ લૂખું પાડવાની ક્રિયા : સૂ. અ. ૧૬, શ્લોક ૩૩, ૩૪

ત્રણે દોષ વધારે કોપ્યા હોય એવા શૂળવાળા પતનું ઔષધ

त्रिफलाव्योषपत्रैलात्वक्क्षीरीचित्रकं वचाम् ।
विडङ्गं पिप्पलीमूलं लोमशां वृषकं त्वचम् ॥१६॥
ऋद्धिं लाङ्गलिकीं चव्यं समभागानि पेषयेत् ।
कल्ये लिप्त्वाऽऽयसीं पात्रीं
मध्याह्ने भक्षयेदिदम् ॥ १७ ॥
वातास्रे सर्वदोषेऽपि परं शूलान्विते हितम् ।

ત્રિફળા, ત્રિકટુ, તમાલપત્ર, એલચીદોડા, વાંસકપૂર, ચિત્રો, વજ, વાવડિંગ, પીપરીમૂળ, લીલી હીરાકશી, અરડૂસી, તજ, ઋદ્ધિ નામે વનસ્પતિ, ઋષભક નામે વનસ્પતિ, ચવક, એ સર્વને સમાન ભાગે લઈને પાણીમાં વાટવાં. પછી તેને લોઢાની લોઢી ઉપર વહેલી સવારે ચોપડવું (લેપ કરવો) અને બપોરે તે લેપ ખાવો. એ ઔષધ શૂળવાળા ત્રિદોષના વાતરક્તમાં પણ અત્યંત હિતકર છે.

પતમાં એખરાનો પ્રયોગ

कोकिलाक्षकनिर्यूहः पीतस्तच्छाकभोजिना ॥१८
कृपाभ्यास इव क्रोधं वातरक्तं नियच्छति ।

દયા રાખવાની ટેવ જેમ ક્રોધને હણે છે, તેમ એખરાનો કવાથ પીવો તથા તેનું શાક ખાવું, એ ઔષધ પતને હણે છે.

જૂના પતના ઉપાય : ચિકિત્સા

पञ्चमूलस्य धात्र्या वा रसैर्लेलीतकीं वसाम् ॥१९
खुडं सुरूढमप्यङ्गे ब्रह्मचारी पिबन् जयेत् ।

પંચમૂળના અથવા આમળાંના રસમાં ગંધક, બ્રહ્મચર્ય પાળીને પીવાથી શરીર ઉપર અત્યંત સ્થિર થયેલો (જૂનો) ખુડરોગ (વાતરક્ત, પત) નાશ પામે છે.

इत्याभ्यन्तरमुद्दिष्टं
कर्म बाह्यमतः परम् ॥ २० ॥

એ પ્રકારે વાતરક્તરોગની શરીરની અંદરની ચિકિત્સા કહી. હવે બહારની ચિકિત્સા કહીએ છીએ.

પતમાં બાહ્ય ચિકિત્સા

(શ્લોક ૨૦થી ૪૪)

ચોળવાનાં તેલ

आरनालाढके तैलं पादसर्जरसं शृतम् ।
प्रभूते खजितं तोये ज्वरदाहार्तिनुत्परम् ॥ २१ ॥

બસો છપ્પન તોલા કાંજીમાં એનાથી ચોથા ભાગનું તેલ નાખીને તેમાં રાળ નાખવી. અને પછી ઘણા પાણીમાં તેને નાખીને ઉકાળવું તથા કડછી વડે હલાવવું. એ તેલ ચોળવાથી વાતરક્તનો તાવ, બળતરા અને પીડા નાશ પામે છે.

(પિંડતેલ)

समधूच्छिष्टमञ्जिष्ठं ससर्जरससारिवम् ।
पिण्डतैलं तदभ्यङ्गाद्वातरक्तरुजापहम् ॥ २२ ॥

પૂર્વે (શ્લોક ૨૧માં) કહેલું તેલ, મીણ, મજીઠ, રાળ અને સારિવા સહિત પકવ (સિદ્ધ) કર્યું હોય તો તેને પિંડતેલ કહે છે. તે શરીરે ચોળવાથી વાતરક્તની પીડા મટે છે.

(સેક, છાંટવું, રેડવું)

दशमूलशृतं क्षीरं सद्यः शूलनिवारणम् ।
परिषेकोऽनिलप्राये तद्वत्कोष्णेन सर्पिषा ॥ २३ ॥

દશમૂળના કવાથમાં ઉકાળેલા દૂધનું સેચન કરવાથી (ધાર કરવાથી) વાતરક્તનું શૂળ તત્કાળ મટે છે. વાયુ જેમાં અધિક હોય એવા વાતરક્તમાં લગાર ગરમ કરેલા ઘીની ધાર કરવાથી પણ પતનું શૂળ તરત મટે છે.

સ્તંભ, આંચકી, શૂળ અને દાહવાળા પતમાં સેકનાં ઔષધ

स्नेहैर्मधुरसिद्धैर्वा चतुर्भिः परिषेचयेत् ।
स्तम्भाक्षेपकशूलार्तं कोष्णैर्दाहे तु शीतलैः ॥२४॥

અથવા જેને સ્તંભ, આંચકી અને શૂળ થયાં હોય તેને મધુર દ્રવ્યોથી સિદ્ધ કરેલા સશેકા ચારે સ્નેહ વડે ધાર કરવી. જો બળતરા હોય તો ઉપરવાળા સ્નેહ ઠંડા પડે ત્યારે એ સ્નેહની ધાર કરવી.

तद्वद्गव्याविकच्छागैः क्षीरैस्तैलविमिश्रितैः ।

સ્તંભ, આંચકી અને શૂળથી પીડાતા પતના રોગીને ગાયના સશેકા દૂધ વડે, ઘેટીના

સશીકા દૂધ વડે કે બકરીના સશીકા દૂધ વડે ધાર કરવી. જો બળતરા હોય તો તે જ દૂધ ઠંડું કરીને તે વડે ધાર કરવી.

निःक्वाथैर्जीवनीयानां पञ्चमूलस्य वा लघोः ॥२५॥

જીવનીય ગણનાં ઔષધોના ક્વાથ વડે કે લઘુપંચમૂળના ક્વાથ વડે ધાર કરવી. (એટલે જો સ્તંભ, આંચકી વગેરે હોય તો તે ક્વાથ ગરમ કરીને ધાર કરવી અને જો બળતરા હોય તો તે ક્વાથ ઠંડો પડે ત્યારે ધાર કરવી.)

પતમાં દાહ માટે રેડવાનાં ઔષધ

द्राक्षेक्षुरसमद्यानि दधिमस्त्वम्लकाञ्जिकम् ।
सेकार्थे तण्डुलक्षौद्रशर्कराम्भश्च शस्यते ॥ २६ ॥

જો વાતરક્તવાળાને બળતરા હોય તો, કાળી દ્રાક્ષનો રસ, શેરડીનો રસ અને દારૂ; દહીનું નીતર્યું પાણી, ખાટી કાંજી; ચોખાનું પાણી, મધનું પાણી અને સાકરનું પાણી, એ ઔષધોથી ધાર કરવી.

પતમાં દાહ, પીડા અને કંટાળાનો ઉપાય

प्रियाः प्रियंवदा नार्यश्चन्दनार्द्रकरस्तनाः ।
स्पर्शशीताः सुखस्पर्शा घ्नन्ति दाहं रुजं क्लमम् ॥

પ્રીતિ ઉત્પન્ન કરે એવી, મીઠું બોલનારી, ચંદન વડે જેના હાથ તથા સ્તન શીતળ (ભીનાં) કરેલાં છે એવી, શીતળ સ્પર્શવાળી અને સુખ થાય એવા સ્પર્શવાળી સ્ત્રીઓ દાહ, પીડા તથા કંટાળાને મટાડે છે.

પતમાં રતાશ અને પીડાવાળા દાહ માટે, રતવા અને સોજા માટે લેપ

सरागे सरुजे दाहे रक्तं हृत्वा प्रलेपयेत् ।
प्रपौण्डरीकमञ्जिष्ठादार्वीमधुकचन्दनैः ॥ २८ ॥
सितोपलैरकासक्तुमसूरोशीरपद्मकैः ।
लेपो रुग्दाहवीसर्परागशोफनिबर्हणः ॥ २९ ॥

જો દાહની સાથે વાતરક્તવાળાને ચામડી ઉપર રતાશ અને પીડા હોય તો તે સ્થાનમાંથી લોહી કઢાવીને પછી ત્યાં સ્થળકમળ, મજીઠ, દારુહળદર, જેઠીમધ, ચંદન, સાકર, એરકા, સાથુ, મસૂર, વાળો અને પદ્મકાષ્ઠ. એ સર્વનો લેપ કરવો. એથી પીડા, બળતરા, રતવા, રાગ (રતાશ) અને સોજો એ સર્વ મટે છે.

પતમાં શૂળ મટાડે એવું પોટીસ

वातघ्नैः साधितः स्निग्धः कृशरो मुद्गपायसः ।
तिलसर्षपपिण्डैश्च शूलघ्नमुपनाहनम् ॥ ३० ॥

તલ અને મગને એકઠા કરીને તેને વાયુનાશક ઔષધના ક્વાથમાં રાંધીને તેની ખીચડી બનાવવી. તેમાં દૂધમાં રાંધેલા મગ નાખવા તથા તેમાં તલ અને સરસવ વાટીને મેળવવા, એ સર્વને એકઠાં કરીને તેનું બંધારણ (પોટીસ) બાંધવાથી શૂળ મટે છે.

પતમાં સ્તંભ, તોદ, પીડા, આયામ, સોજો અને અંગગ્રહ માટે પોટીસ અને લેપ

औदकप्रसहानूपवेसवाराः सुसंस्कृताः ।
जीवनीयौषधैः स्नेहयुक्ताः स्युरुपनाहने ॥ ३१ ॥
स्तम्भतोदरुगायामशोफाङ्गग्रहनाशनाः ।
जीवनीयौषधैः सिद्धा सपयस्का वसाऽपि वा ॥३२

જળચર પ્રાણી, પ્રસહ વર્ગનાં પ્રાણી, અનૂપ પ્રાણીઓ, એ પ્રાણીઓનાં માંસ વડે બનાવેલા, સારી રીતે વઘારેલા, જીવનીય ઔષધો વડે સિદ્ધ કરેલા અને સ્નેહયુક્ત કરેલા વેસવારનું બંધારણ બાંધવાથી સ્તંભ, તોદ, પીડા, આંચકી, સોજો, અંગનું પકડાવું, એ સર્વ મટે છે; તેમ જ જળચર પ્રાણી વગેરે જે જે જાતનાં પ્રાણી ઉપર કહેલાં છે, તેમની વસાને જીવનીય ગણનાં ઔષધોમાં સિદ્ધ કરીને દૂધ સાથે બંધારણ બાંધવાથી સ્તંભ, તોદ, પીડા વગેરે મટે છે.

घृतं सहचरान्मूलं जीवन्ती छागलं पयः ।
लेपः पिष्टास्तिलास्तद्वद्भृष्टाः पयसि निर्वृताः ॥३३

કાંટાસળિયાનું મૂળ અને ગળો એ બંનેને વાટીને ઘી અને બકરીના દૂધમાં મિશ્ર કરીને તેનો લેપ કરવો અથવા શેકેલા તલને દૂધમાં વાટીને દૂધ મેળવીને તેનો લેપ કરવો, એથી વાતરક્તનું શૂળ વગેરે મટે છે.

વાયુના પતમાં શૂળ માટે લેપ

क्षीरपिष्टमुमां लेपमेरण्डस्य फलानि वा ।
कुर्याच्छूलनिवृत्त्यर्थं शताह्वां वाऽनिलेऽधिके ॥३४

અળસીને દૂધ[illegible] [illegible]ટીને લેપ કરવો અથવા દિવેલિયો (એરં[illegible] [illegible])ને દૂધમાં વાટીને લેપ કરવો [illegible] [illegible]ને દૂધમાં વાટીને...

તેના લેપ કરવો, તેથી વાયુનો વધારો થવાથી પત્તમાં જે શૂળ થયું હશે તે મટશે.

અભ્યંગ

मूत्रक्षारसुरापक्वं घृतमभ्यञ्जने हितम्।

ગાયનું મૂત્ર, જવખાર અને સુરા એ ત્રણમાં સિદ્ધ કરેલું ઘી ચોળવાથી વાયુ વધી ગયો હોય તેવા પતમાં ફાયદો થાય છે.

સેક, અભ્યંગ

सिद्धं समधु शुक्तं वा सेकाभ्यङ्गे

મધ સાથે સરકો મેળવીને તે ચોળવું અને તેની ધાર કરવી તે વાયુના પતમાં હિતકર છે.

સૂક્ત: ગોળ, મધ, ધાન્યામ્લ, દહીંની તર, શેરડીનો રસ, એ સર્વને એકત્ર કરીને એક વાસણમાં ઘાલીને ધાન્યમાં દાટી મૂકવાથી જે ખાટો રસ (આથો) થાય છે, તેને સૂક્ત કહે છે. જુદી જુદી બનાવટ પ્રમાણે ગુડસૂક્ત, ઇક્ષુસૂક્ત, મધુસૂક્ત, મધસૂક્ત ઇત્યાદિ તેના ભેદ છે.

કફના પત્તમાં શૂળ માટે લેપ

कफोत्तरे ॥ ३५ ॥

गृहधूमो वचा कुष्ठं शताह्वा रजनीद्वयम्।
प्रलेपः शूलनुद्वातरक्ते

કફ જેમાં વધારે કોપ્યો હોય એવા પતમાં ઘરનો ધુમાસ, વજ, ઉપલેટ, સુવા, હળદર અને દારુહળદર, એ ઓષધોનો લેપ કરવાથી શૂળ મટે છે.

વાયુ અને કફના બેગા પતમાં શૂળ માટે લેપ અને સેક

वातकफोत्तरे ॥ ३६ ॥

मधुशिग्रोर्हितं तद्वद्बीजं धान्याम्लसंयुतम्।

વાયુ અને કફ બન્ને જેમાં બળવાન હોય એવા વાતરક્તમાં મીઠા સરગવાનાં બીજને કાંજીમાં વાટીને તેનો લેપ કરવાથી શૂળ મટે છે.

मुहूर्तलिप्तमम्लैश्च सिञ्चेद्वातकफोत्तरे ॥ ३७ ॥

વાયુ અને કફ જેમાં અધિક હોય એવા વાતરક્તમાં ઉપરનો લેપ એક મુહૂર્ત સુધી રાખ્યા પછી તે ઉપર સરકો વગેરે ખટાઈનું સેચન કરવું (છાંટવું, રેડવું).

મુહૂર્ત=૪૮ મિનિટ

ઉત્તાન પતની ચિકિત્સા

उत्तानं लेपनाभ्यङ्गपरिषेकावगाहनैः।

ઉત્તાન પતની ચિકિત્સા લેપ, અભ્યંગ, સેચન અને અવગાહન વડે કરવી.

ગંભીર પતની ચિકિત્સા

विरेकास्थापनस्नेहपानैर्गम्भीरमाचरेत् ॥ ३८ ॥

ગંભીર પતની ચિકિત્સા વિરેચન, આસ્થાપન બસ્તિ અને સ્નેહપાન વડે કરવી.

વાયુ અને કફ બન્ને વધારે કોપ્યા હોય એવા ઉત્તાન પતમાં કેવા લેપ, સેક, અભ્યંગ વગેરે કરવા? કારણ

वातश्लेष्मोत्तरे कोष्णा लेपाद्यास्तत्र शीतलैः।
विदाहशोफरुक्कण्डूविवृद्धिः स्तम्भनाद्भवेत् ॥ ३९ ॥

વાયુ અને કફ જેમાં અધિક હોય એવા ઉત્તાન વાતરક્તમાં લગાર ગરમ લેપ વગેરે હિતકર છે. જો શીતળ લેપ વગેરે કરવામાં આવે તો દોષ થીજી જવાથી દાહ, સોજો, કળતર અને ખણુજ વધી જાય.

પિત્ત અને લોહી બંને વધારે કોપ્યાં હોય એવા પતમાં કેવા લેપ, સેક વગેરે કરવા? કારણ

पित्तरक्तोत्तरे वातरक्ते लेपादयो हिमाः।
उष्णैः सदाहरुग्रागस्वेदावदरणोद्भवः ॥ ४० ॥

જે વાતરક્તમાં પિત્ત અને લોહી અધિક કોપ્યાં હોય તેમાં ઠંડા લેપ વગેરે હિતકર છે. જો ગરમ લેપ કરવામાં આવે તો દઝાય, લાલ બળે, પીડા થાય, રાગ (રતાશ) આવે, પરસેવો થાય અને ચામડી ફાટે.

પતમાં પિત્ત, દાહ અને તાવ મટે એવું તેલ

मधुयष्ट्याः पलशतं कषाये पादशेषिते।
तैलाढकं समक्षीरं पचेत्कल्कैः पलोन्मितैः ॥ ४१ ॥
स्थिरातामलकीदूर्वापयस्याभीरुचन्दनैः।
लोहहंसपदीमांसीद्विमेदामधुपर्णिभिः ॥ ४२ ॥
काकोलीक्षीरकाकोलीशतपुष्पर्द्धिपद्मकैः।
जीवकर्षभजीवन्तीत्वक्पत्रनखवालकैः ॥ ४३ ॥
प्रपौण्डरीकमञ्जिष्ठासारिवैन्द्रीवितुन्नकैः।
चतुष्प्रयोगं वातासृक्पित्तदाहज्वरार्तिनुत्

જેઠીમધ ચારસો તોલા લઈને તેના ચોથા ભાગનું પાણી બાકી રહેતાં સુધી ક્વાથ કરવો. તેમાં ચોસઠ તોલા તેલ અને તેટલું જ દૂધ નાખીને તેમાં શાલિપર્ણી, ભોંયઆમલી, દૂર્વા (ધરો), અર્કપુષ્પી (સૂરજમુખી), શતાવરી, સુખડ, અગર, રક્તલાજાળુ (રિસામણી), જટામાંસી, મેદા, મહામેદા, ગળો, કાકોલી, ક્ષીરકાકોલી, સુવા, ઋદ્ધિ, પદ્મકાષ્ઠ, જીવક, ઋષભક, જીવંતી (ગળો), તજ, તમાલપત્ર, નખલા, વાળો, સ્થળકમળ, મજીઠ, સારિવા, ઇદ્રવારણી, ક્ષુદ્રમોથ, એ પ્રત્યેક ઔષધ ચાર ચાર તોલા લઈને તેનો કલ્ક કરીને નાખવો. પછી તેલ સિદ્ધ કરવું. એ તેલનો પ્રયોગ ચાર રીતે થઈ શકે છે; એટલે પીવામાં, નસ્યમાં, ચોળવામાં અને અનુવાસન બસ્તિ આપવામાં એ વપરાય છે. એ તેલથી વાતરક્તમાં પિત્ત, દાહ અને તાવની પીડા મટે છે.

પત વગેરેમાં બલાતેલ

बलाकषायकल्काभ्यां तैलं क्षीरसमं पचेत् ।
सहस्रशतपाकं तद्वातासृग्वातरोगनुत् ॥ ४५ ॥
रसायनं मुख्यतममिन्द्रियाणां प्रसादनम् ।
जीवनं बृंहणं स्वर्यं शुक्रासृग्दोषनाशनम् ॥ ४६ ॥

ખળદાણાનો ક્વાથ કરીને તેમાં તેલ તથા તેલ જેટલું દૂધ નાખીને તેમાં ખળદાણાનો કલ્ક નાખીને તેલ સિદ્ધ કરવું. તે તેલ હજાર વાર પકવ કરવું અથવા સો વાર પકવ કરવું. એ તેલ વાતરક્તનો અને વાયુના રોગોનો નાશ કરનારું છે. વળી એ શ્રેષ્ઠ રસાયન છે, ઇદ્રિયોને પ્રસન્ન કરે છે, જીવનને સ્થિર કરે છે, ધાતુઓની પુષ્ટિ કરે છે, સ્વરને સુધારે છે તથા વીર્યના અને લોહીના દોષનો નાશ કરે છે.

પ્રાણ વગેરે પાંચ વાયુની તથા વાયુનાં આવરણો(રોકાણો)ની ચિકિત્સા

(શ્લોક ૪૬ાથી ૭૨)

ચરબી કે કફથી વાયુનો રસ્તો રોકવાથી કોપેલા વાયુની ચિકિત્સા

कुपिते मार्गसंरोधान्मेदसो वा कफस्य वा ।
अतिवृद्ध्याऽनिले शस्तं नादौ स्नेहनबृंहणम् ॥४७
कृत्वा तत्राढ्यवातोक्तं वातशोणितिकं ततः ।
भेषजं स्नेहनं कुर्याद्यच्च रक्तप्रसादनम् ॥ ४८ ॥

ચરબીની કે કફની અતિશય વૃદ્ધિ થવાથી વાયુનો માર્ગ રોકાઈ જાય અને તેથી વાયુ કોપે તો પ્રથમ તેનો સ્નેહન અને બૃંહણ ઉપચાર કરવો. તેમાં મેદ કે કફથી વાયુ આવૃત થયો હોય તો આઢ્યવાત(આમવાત, સંધિવા)ની જે ચિકિત્સા કહેલી છે તે કરવી. તે પછી વાતરક્તની ચિકિત્સામાં જે સ્નેહન તથા રક્તની શુદ્ધિ કરનારું ઔષધ હોય તે કરવું.

પાંચે વાયુ સામટા કોપ્યા હોય તેની ચિકિત્સા

प्राणादिकोपे युगपद्यथोद्दिष्टं यथामयम् ।
यथासन्नं च भैषज्यं विकल्प्यं स्याद्यथाबलम् ॥४९॥

જો પ્રાણ વગેરે વાયુઓ એકસાથે (સામટા) કોપ્યા હોય, તો વ્યાધિની ચિકિત્સાનું ઉલ્લંઘન ન કરીને (વાતવ્યાધિમાં જે ચિકિત્સા કરવાની કહેલી છે તેની વિરુદ્ધ ઉપચાર ન કરતાં) અને પ્રાણ વગેરે વાયુઓના કોપથી જે રોગ ઉત્પન્ન થયા હોય તેનો વિચાર કરીને (તેને અનુકૂળ આવે એવી રીતે) થયેલા રોગમાં પ્રાણ વગેરે વાયુઓમાંથી જે વાયુ વધારે પાસે હોય તેનું ઓસડ પ્રથમ કરવું, તથા તે પ્રાણ વગેરે વાયુઓ જે કોપેલા હોય તેમના બળનો (અથવા રોગીના બળનો) વિચાર કરીને વૈદે પોતાની બુદ્ધિથી ઔષધની કલ્પના કરવી.

પ્રાણ વગેરે વાયુઓ : પ્રાણ, ઉદાન, વ્યાન, સમાન, અપાન. (જુઓ સૂ. અ. ૧૨)

સામ વાયુની અને નિરામ વાયુની ચિકિત્સા

नीते निरामतां सामे स्वेदलङ्घनपाचनैः ।
रूक्षैश्चालेपसेकाद्यैः कुर्यात्केवलवातनुत् ॥ ५० ॥

પ્રાણ વગેરે વાયુ સામ હોય તો શેક, લંઘન (ઉપવાસ) અને પાચન વગેરે કર્મ વડે તથા લૂખા લેપ અને સેચન વગેરે પ્રયોગ વડે તેને નિરામ કરવો. પછી શુદ્ધ વાયુ મટાડવાની ચિકિત્સા જેવી કરવી ઘટતી હોય તેવી કરવી.

વાયુના રોગોની ચિકિત્સા કઈ અવસ્થામાં કરવી ?

शोषाक्षेपणसङ्कोचस्तम्भस्वपनकम्पनम् ।
हनुसंस्रोऽर्दितं खाञ्ज्यं पाङ्गुल्यं खुडवातता ॥५१

सन्धिच्युतिः पक्षवधो मेदोमज्जास्थिगा गदाः।
एते स्थानस्य गाम्भीर्यात्सिध्येयुर्यत्नतो नवाः ५२
तस्माज्जयेन्नवानेतान् बलिनो निरुपद्रवान्।

અંગ સુકાઈ જાય, આંચકા આવે, અંગ ટૂંકું થઈ જાય, સ્તંભ એટલે લાકડાની પેઠે અંગ અક્કડ થઈ જાય, સ્વપન એટલે અંગમાંથી ચેતના જતી રહે-ખહેર મારી જાય, કંપન એટલે અંગ કંપે, હનુસંસ એટલે હડપચી તેના સ્થાનથી ખસી જાય છે તે રોગ, અર્દિત (અડદિયો વા), ખાંજ્ય એટલે ખોડાપણું, પાંગુલ્ય એટલે પાંગળાપણું, ખુડવાત એટલે પત, સાંધાઓ સ્થાનમાંથી ખસી જાય, પક્ષાઘાત, તથા ચરબી, મજ્જા અને હાડકામાં બીજા-જે રોગો વાયુથી થાય છે તે સર્વે ઊંડાં સ્થાનમાં ઉત્પન્ન થયા હોય છે, તેથી એ રોગ નવા હોય ત્યાં સુધી પ્રયત્ન કરવાથી મટે છે. માટે એ રોગ નવા હોય અને ઉપદ્રવ વિનાના હોય અને રોગી ઔષધોનો વેગ સહન કરે એટલો બળવાન હોય એ સ્થિતિમાં તેમના ઉપાય કરવા.

પિત્તથી રોકાયેલા વાયુના ઉપાય

वायौ पित्तावृते शीतामुष्णां च बहुशः क्रियाम्॥
व्यत्यासाद्योजयेत्सर्पिर्जीवनीयं च पाययेत्।
धन्वमांसं यवाः शालिर्विरेकः क्षीरवान् मृदुः ५४

જો વાયુ પિત્તથી આવૃત થયેલો હોય તો શીતળ અને ગરમ ઉપચાર વારાફરતી ઘણી વાર કરવા, જીવનીય ગણ(સૂ. અ. ૧૫ શ્લોક ૮)ના ઔષધોથી સિદ્ધ કરેલું ઘી પાવું, જાંગલ દેશનાં પ્રાણીઓનું માંસ, જવ અને શાલિ ડાંગરના ચોખાનો ભાત ખાવાને આપવો, દૂધયુક્ત મૃદુ વિરેચન આપવું.

૧ આવૃત્ત=આવરણવાળા, રોકાયેલો, ઘેરાયેલો.

सक्षीरा बस्तयः क्षीरं पञ्चमूलबलाशृतम्।
कालेऽनुवासनं तैलैर्मधुरौषधसाधितैः॥५५॥

વાયુ પિત્તથી આવૃત હોય તો દૂધ સહિત બસ્તિઓ આપવી, બળદાણા અને મોટાં પંચમૂળથી ઉકાળેલું દૂધ આપવું અને સમય પ્રાપ્ત થયે મધુર ઔષધો(સૂ. અ. ૧૦ શ્લોક ૨૨થી ૨૪)થી સિદ્ધ કરેલા તેલ વડે અનુવાસન બસ્તિ આપવી.

यष्टीमधुबलातैलघृतक्षीरैश्च सेचनम्।
पञ्चमूलकषायेण वारिणा शीतलेन वा॥५६॥

પિત્તથી આવૃત વાયુવાળાને જેઠીમધથી સિદ્ધ કરેલું તેલ, બલાતેલ, ઘી, દૂધ, એ પ્રવાહીઓથી સેચન કરવું (ધાર કરવી) હિતકર છે; તેમ જ પંચમૂળના ક્વાથ વડે અને ઠંડા પાણી વડે સેચન કરવું પણ હિતકર છે.

કફથી રોકાયેલા વાયુના ઉપાય

कफावृते यवान्नानि जाङ्गला मृगपक्षिणः।
स्वेदास्तीक्ष्णा निरूहाश्च वमनं सविरेचनम्॥
पुराणसर्पिस्तैलं च तिलसर्षपजं हितम्।

કફના આવરણવાળો વાયુ હોય તો જવનાં અન્ન (જવની બનાવેલી વાનીઓ) ખાવા હિતકર છે, જાંગલ દેશનાં પશુ અને પક્ષીઓનાં માંસ ખાવાં હિતકર છે, શેક અને તીક્ષ્ણ નિરૂહબસ્તિ આપવી હિતકર છે, વિરેચન અને વમન આપવું હિતકર છે; તેમ જ જૂનું ઘી તથા તલનું તેલ અને સરસિયું હિતકર છે.

કફપિત્તથી રોકાયેલા વાયુની ચિકિત્સા

संसृष्टे कफपित्ताभ्यां पित्तमादौ विनिर्जयेत्॥

જો કફ અને પિત્ત બંનેથી વાયુથી આવૃત થયો હોય, તો પ્રથમ પિત્તને જીતવું, તે પછી વાયુ સાથે ભળેલા કફને જીતવો.

લોહીથી રોકાયેલા વાયુની ચિકિત્સા

कारयेद्रक्तसंसृष्टे वातशोणितिकीं क्रियाम्।

વાયુ લોહીથી આવૃત હોય તો વાતરક્તની ચિકિત્સા કરવી.

માંસથી રોકાયેલા વાયુની ચિકિત્સા

स्वेदाभ्यङ्गरसाः क्षीरं स्नेहो मांसावृते हितम्॥

જો વાયુ માંસથી આવૃત હોય તો શેક, અભ્યંગ, માંસરસ, દૂધ અને સ્નેહ હિતકર છે.

ચરબીથી રોકાયેલા વાયુની (ઊરુસ્તંભની) ચિકિત્સા

प्रमेहमेदोवातघ्नमाढ्यवाते भिषग्जितम्।

જો વાયુ ચરબીના આવરણવાળો હોય તો પ્રમેહને હણનારું, ચરબીને હણનારું તથા વાયુને

હણનારું ઓસડ કરવું.

હાડકું, મજ્જા અને વીર્યથી રોકાયેલા વાયુની ચિકિત્સા

महास्नेहोऽस्थिमज्जस्थे पूर्वोक्तं रेतसाऽऽवृते ६०

જો હાડકામાં અને મજ્જામાં વાયુ રહ્યો હોય, તો મહાસ્નેહ આપવો. જો વીર્યથી વાયુ આવૃત હોય તો પૂર્વે કહેલા વાતવ્યાધિમાં શુક્ર ધાતુમાં રહેલા વાયુનું જે ઔષધ કહેલું છે તે કરવું હિતકર છે.

અન્નથી રોકાયેલા વાયુની ચિકિત્સા

अन्नावृते पाचनीयं वमनं दीपनं लघु ।

અન્નથી વાયુ આવૃત હોય તો પાચન, વમન, દીપન તથા સ્વભાવે પચવામાં હલકું હોય તે સર્વે હિતકર છે.

મૂત્રથી રોકાયેલા વાયુની ચિકિત્સા

मूत्रावृते मूत्रलानि स्वेदाश्चोत्तरबस्तयः ॥ ६१ ॥

જો વાયુ મૂત્રથી આવૃત હોય, તો આરિયુ વગેરે મૂત્ર આણે એવાં ઔષધ આપવાં. શેક કરવો અને ઉત્તરબસ્તિ આપવી.

ઝાડાથી રોકાયેલા વાયુની ચિકિત્સા

एरण्डतैलं वर्चःस्थे बस्तिस्नेहाश्च भेदिनः ।

જો વાયુ ઝાડાના મળ વડે આવૃત હોય તો એરંડિયુ (દિવેલ) પાવું; તેમ જ ઝાડાને તોડે એવાં બસ્તિ અને સ્નેહ આપવાં.

બધાં સ્થાનમાં રોકાયેલા વાયુની ચિકિત્સા

कफपित्ताविरुद्धं यद्यच्च वातानुलोमनम् ॥ ६२ ॥
सर्वस्थानावृतेऽप्याशु तत्कार्यं मातरिश्वनि ।

વાયુ બધાં સ્થાનમાં રોકાયો હોય, તો જે જે ક્રિયા કફ અને પિત્તને અવિરુદ્ધ હોય તથા જે જે કર્મ વાયુનું અનુલોમન કરનારું હોય તે તે સર્વે કર્મ તરત કરવું.

બધી ધાતુથી રોકાયેલા વાયુની ચિકિત્સા

अनभिष्यन्दि च स्निग्धं स्रोतसां शुद्धिकारणम् ॥
यापना बस्तयः प्रायो मधुराः सानुवासनाः ।
प्रसमीक्ष्य बलाधिक्यं मृदु कार्यं विरेचनम् ॥६४
रसायनानां सर्वेषामुपयोगः प्रशस्यते ।
शिलाह्वस्य विशेषेण पयसा शुद्धगुग्गुलोः ॥ ६५
लेह्यो वा भार्गवस्तद्वदेकादशसिताशितः ।

જો વાયુ સર્વ ધાતુઓથી આવૃત હોય, તો જે દ્રવ્ય અભિષ્યંદી ન હોય, સ્નિગ્ધ હોય, અને સ્રોતની શુદ્ધિ કરનારું હોય, એવું બધું ખોરાક, પીણાં તથા ઓસડ તરીકે આપવું, વળી યાપન બસ્તિઓ જે વિશેષે કરીને મધુર હોય તે આપવી, સ્નેહ બસ્તિ આપવી, અને રોગીનું બળ જોઈને હળવું વિરેચન આપવું, વળી તેમાં સર્વે રસાયનનો ઉપયોગ કરવો એ સારું છે તથા તેમાં દૂધ સાથે શિલાજિત વાપરવો એ ખાસ સારો છે, અથવા શુદ્ધ ગૂગળનો પ્રયોગ કરવો એ સારો છે; અથવા બાહ્ય રસાયનમાં કહેલો ચ્યવનપ્રાશ આપવો.

શ્લોક ૬૫ર્ફેનું પાઠાંતર ચરકસંહિતા ચિ. ૨૮/૨૪૨માં નીચે પ્રમાણે છે:

लेह्यं वा भार्गवप्रोक्तमभ्यसेत् क्षीरभुङ्नरः ।

અર્થાત્ અથવા પુરુષે ચ્યવન ઋષિએ કહેલો ચ્યવનપ્રાશાવલેહ રોજ ખાવો અને ખોરાક તરીકે દૂધ પીને રહેવુ.

રોકાયેલા અપાન વાયુની ચિકિત્સા

अपाने त्वावृते सर्वं दीपनं ग्राहि भेषजम् ।६६॥
वातानुलोमनं कार्यं मूत्राशयविशोधनम् ।

અપાનવાયુ ગમે તેના વડે આવૃત થયો હોય તો દીપન અને ગ્રાહી ઔષધ આપવું; તેમ જ વાયુનુ અનુલોમન કરવું તથા મૂત્રાશયનું શોધન કરવું.

ઉપસંહાર

इति सङ्क्षेपतः प्रोक्तमावृतानां चिकित्सितम् ॥
प्राणादीनां भिषक्कुर्याद्वितर्क्य स्वयमेव तत् ।

આ પ્રમાણે આવૃત થયેલા વાયુઓની ટૂંકાણમાં ચિકિત્સા કહી છે. એ ઉપર તર્ક કરીને વૈદ્યે પ્રાણ વગેરે પાંચ વાયુઓની ચિકિત્સા પોતાની મેળે કરવી.

પ્રાણ વગેરે વાયુઓનું અનુલોમન

उदानं योजयेदूर्ध्वमपानं चानुलोमयेत् ॥ ६८ ॥
समानं शमयेद्विद्वांस्त्रिधा व्यानं तु योजयेत् ।
प्राणो रक्ष्यश्चतुर्भ्योऽपि तत्स्थितौ देहसंस्थितिः ॥ ६९ ॥
स्वं स्वं स्थानं नयेदेवं वृतान् वातान् विमार्गगान् ।

- ઉદાન વાયુ સદા ઊંચે જાય છે માટે વિદ્વાન વૈદ્યે એવો પ્રયત્ન કરવો કે જેથી તે ઊંચે જાય. અપાન વાયુ નીચે જાય છે માટે તેનુ અનુલોમન કરવુ અર્થાત્ તે નીચે જાય એવુ કરવુ. સમાન વાયુને શમાવવો, એટલે તેની ગતિ ઊંચે નથી કે નીચે પણ નથી; પરંતુ મધ્યમા છે; માટે તે ઊંચે કે નીચે ન જતા પોતાના સ્થાનમા રહે એવો યત્ન કરવો. વ્યાન વાયુ આખા શરીરમાં ફરનારો છે માટે ઉપર, નીચે તથા મધ્યમા એવી ત્રણ રીતે તેની સ્વાભાવિક ગતિ થાય એવો વૈદ્યે યત્ન કરવો. એ ચારે વાયુઓ કરતાં પ્રાણવાયુનું વૈદ્યે વિશેષ રક્ષણ કરવુ; કેમ કે પ્રાણવાયુની બરાબર સ્થિતિ હોય ત્યાં સુધી જ શરીર રહે છે. પોતાનો માર્ગ છોડીને ઊલટે માર્ગે ગયેલા પ્રાણ વગેરે વાયુઓને પોતપોતાને માર્ગે આણવાનો એ રીતે યત્ન કરવો.

પિત્તથી અને લોહીથી રોકાયેલા વાયુ સિવાયનાં બાકીનાં વાયુનાં આવરણોમાં લસણનો પ્રયોગ

सर्वं चावरणं पित्तरक्तसंसर्गवर्जितम् ॥ ७० ॥
रसायनविधानेन लशुनो हन्ति शीलितः ।

પિત્તનું અને લોહીનું આવરણ બાદ કરતા બાકીના બધાં વાયુના આવરણને રસાયનવિધિથી સેવેલુ લસણ હણે છે, અર્થાત્ રસાયનવિધિ પ્રમાણે લસણનો પ્રયોગ કર્યો હોય તો વાયુના તમામ આવરણનો નાશ થઈ વાયુ પોતપોતાને માર્ગે ગમન કરે છે; માત્ર પિત્તનુ કે લોહીનું આવરણ હોય ને લસણથી મટતુ નથી.

પિત્તથી રોકાયેલા વાયુના અનુલોમનનો ઉપાય

पित्तावृते पित्तहरं मरुतश्चानुलोमनम् ॥ ७१ ॥

ઉદાન વગેરે વાયુ પિત્તથી આવૃત હોય તો પિત્ત મટે એવા તથા વાયુનું અનુલોમન થાય એવા એટલે વાયુ પોતાના સ્વાભાવિક માર્ગમાં ગતિ કરે એવા ઉપચાર કરવા.

લોહીથી રોકાયેલા વાયુના અનુલોમનનો ઉપાય

रक्तावृतेऽपि तद्वच्च खुडोक्तं यच्च भेषजम् ।
रक्तपित्तानिलहरं विविधं च रसायनम् ॥ ७२ ॥

જો ઉદાન વગેરે વાયુ લોહીથી આવૃત હોય તો તે જ પ્રમાણે પિત્ત મટે એવુ ઔષધ કરવુ; તેમ જ વાતરક્તમા કહેલુ ઔષધ કરવુ, તથા રક્ત, પિત્ત અને વાયુને હરનારુ ઔષધ કરવુ, તે હિતકર છે; વળી સર્વ દોષ, દૂષ્ય વગેરેનો વિચાર કરીને જાતજાતનાં રસાયનમાનુ યોગ્ય રસાયન આપવું.

ચિકિત્સાસ્થાનનો ઉપસંહાર

यथानिदानं निर्दिष्टमिति सम्यक् चिकित्सितम् ।
आयुर्वेदफलं स्थानमेतत्सद्योऽर्तिनाशनात् ॥७३॥

એ જ પ્રમાણે નિદાન પ્રમાણે જ આ ચિકિત્સા સારી રીતે કહી છે. આ ચિકિત્સાસ્થાન આયુર્વેદના ફળરૂપ છે; કેમ કે તે રોગ(પીડા)નો તત્કાળ નાશ કરનારુ છે.

ઔષધના પર્યાય શબ્દો

चिकित्सितं हितं पथ्यं प्रायश्चित्तं भिषग्जितम् ।
भेषजं शमनं शस्तं पर्यायैः स्मृतमौषधम् ॥७४

ચિકિત્સિત, હિત, પથ્ય, પ્રાયશ્ચિત્ત, ભિષગ્‌જિત, ભેષજ, શમન, શસ્ત, એ સર્વે શબ્દોનો અર્થ ઔષધ છે.

इत्यष्टाङ्गहृदये चतुर्थे चिकित्सितस्थाने वातशोणितचिकित्सित नाम द्वाविंशोऽध्यायः ॥ २२ ॥

महर्षि वाग्भटकृत

अष्टांगहृदय

કલ્પસિદ્ધિસ્થાન

અધ્યાય ૧ લો–વમનકલ્પ

अथातो वमनकल्पं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે વમનકલ્પ(વમનનો કલ્પ) સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

કલ્પ=કલ્પના, યોજના, વિધિ, બનાવટ.

अथ मदनकल्पः ।

મદનકલ્પ

(શ્લોક ૧થી ૧૮)

વમન માટે મીંઢળ અને વિરેચન માટે નસોતર ઉત્તમ હોવાનું કારણ

वमने मदनं श्रेष्ठं, त्रिवृन्मूलं विरेचने ।
नित्यमन्यस्य तु व्याधिविशेषेण विशिष्टता ॥ १ ॥

ઊલટી કરાવવા માટે મીંઢળ સદા ઉત્તમ છે અને જુલાબ કરાવવા માટે નસોતરનું મૂળ સદા ઉત્તમ છે. ઊલટી કરાવે એવાં અને જુલાબ કરાવે એવાં (મીંઢળ અને નસોતર સિવાયનાં) બીજાં દ્રવ્યોની વિશેષતા તો અમુક અમુક ખાસ રોગો પૂરતી જ છે.

વમન માટે મીંઢળનું ચૂર્ણ કરવાની રીત

फलानि नातिपाण्डूनि न चातिहरितान्यपि ।
आदायाह्नि प्रशस्तर्क्षे मध्ये ग्रीष्मवसन्तयोः ॥२
प्रमृज्य कुशमुत्तोल्यां क्षिप्त्वा बद्ध्वा प्रलेपयेत् ।
गोमयेनानु मुत्तोलीं धान्यमध्ये निधापयेत् ॥३॥
मृदुभूतानि मध्विष्टगन्धानि कुशवेष्टनात् ।
निष्कृष्टानि गतेऽष्टाहे शोषयेत्तान्यथातपे ॥४॥
तेषां ततः सुशुष्काणामुद्धृत्य फलपिप्पलीः ।
दधिमध्वाज्यपललैर्मृदित्वा शोषयेत्पुनः ॥ ५ ॥
ततः सुगुप्तं संस्थाप्य कार्यकाले प्रयोजयेत् ।

મીંઢળનાં ફળ બહુ પીળા રંગનાં થયેલાં (બહુ પાકી ગયેલાં) હોય તેવાં ન લાવવાં; તેમ ઘણા લીલા રંગનાં (ઘણાં કાચાં) પણ ન લાવવાં, અર્થાત્ ભોડાયેલાં મીંઢળ લાવવાં. એ ફળ વસંત અને ગ્રીષ્મ એ બે ઋતુની વચ્ચે એટલે વસંતઋતુ ઊતરવાના અને ગ્રીષ્મઋતુ બેસવાના સંધિમાં શુભ દિવસ અને શુભ નક્ષત્ર વગેરે દિનશુદ્ધિ જોઈને લાવવાં. પછી તેને સાફ કરીને દર્ભની મુત્તોલી(=છાબડી, જુઓ સૂ. ૨૯/૫૯૬)માં નાખવાં. પછી તે મુત્તોલીને બાંધીને તે ઉપર ગાયના છાણનો લેપ કરવો. પછી તે મુત્તોલીને ધાન્યમાં દાટી દેવી. એવી રીતે આઠ દિવસ સુધી તે મુત્તોલીને ધાન્યના ઢગલામાં રાખ્યા પછી જ્યારે તે મીંઢળ કોમળ થાય (લગાર પોચું થાય) અને તેની વાસ મધ જેવી અથવા મીઠી આવે, ત્યારે તે મુત્તોલીમાંથી તે મીંઢળને કાઢવાં અને તેને તડકામાં સૂકવવાં. પછી સુકાયેલાં મીંઢળમાંથી તેની ફળપિપ્પલી બહાર કાઢીને દહીં, મધ, ઘી અને ખોળમાં મેળવીને તે સર્વને ભેગાં ચોળીને એકઠાં કરવાં. સારી રીતે ચોળ્યા પછી ફરીને તેને તડકે સૂકવવું. સુકાયા પછી સારી રીતે સાચવીને તેને રાખી મૂકવું અને કામ પડે ત્યારે તેને વાપરવું.

(ફલપિપ્પલી=મીંઢળને ભાંગ્યા પછી વચમાંથી નીકળતાં લીંડીપીપર જેવા આકારનાં બી.)

વમન માટે મીંઢળનું ચૂર્ણ પીવાનો વિધિ

अथादाय ततो मात्रां जर्जरीकृत्य वासयेत् ॥ ६

शार्वरी मधुयष्ट्या वा कोविदारस्य वा जले।
कर्बुदारस्य बिम्ब्या वा नीपस्य विदुलस्य वा ॥७
शणपुष्प्याः सदापुष्प्याः
प्रत्यक्पुष्प्युदकेऽथवा ।
ततः पिबेत्कषायं तं प्रातर्मृदितगालितम् ॥ ८ ॥
सूत्रोदितेन विधिना साधु तेन तथा वमेत् ।

પછી જ્યારે જરૂર પડે ત્યારે તે ઔષધમાંથી દેશ, દૂષ્ય, કાળ, બળ વગેરેનો વિચાર કરીને યોગ્ય માપ લઈને તેને ખાંડીને તેને જેઠીમધના, સફેદ કાંચનારના, ગૂંદાના, મીંડાં ઘિલોડાંના, કદંબના, નેતરના, શણના, આકડાના મૂળના કે ધોળા અંઘેડાના (અપામાર્ગના) પાણીમાં રાતે પલાળી મૂકવું. પછી સવારે તેને તે જ પાણીમાં ચોળી નાખીને કપડા વડે ગાળી લેવું અને તે કષાય સૂત્રસ્થાનમાં (અ. ૧૮ શ્લોક ૧૧૬ થી ૧૭માં) કહેલા વિધિ પ્રમાણે પીવો. એ રીતે કરવાથી સારી રીતે વમન થાય છે.

કફજ્વર, સળેખમ, ગોળો, અંતર્વિદ્રધિ રોગોમાં ક્યાં સુધી ઊલટીઓ કરાવવી?

श्लेष्मज्वरप्रतिश्यायगुल्मान्तर्विद्रधीषु च ॥ ९ ॥
प्रच्छर्दयेद्विशेषेण यावत्पित्तस्य दर्शनम् ।

કફજ્વર, સળેખમ, ગોળો, અંતર્વિદ્રધિ, એ રોગોમાં, જ્યાં સુધી પિત્ત જોવામાં આવે, પિત્ત બહાર નીકળે, ત્યાં સુધી ખાસ કરીને ઊલટી કરાવવી.

તાવ, અરુચિ, થૂંકથૂંક કરવું, રસોળી, અર્બુદ, ઉદરરોગ માટે ઊલટીઓ કરાવવાનું ઔષધ

फलपिप्पलिचूर्णं वा क्वाथेन स्वेन भावितम् ॥१०
त्रिभागत्रिफलाचूर्णं कोविदारादिवारिणा ।
पिबेज्ज्वरारोचकिष्ठीवमन्यपच्यर्बुदोदरी ॥ ११ ॥

મીંઢળના ફળની પિપ્પલીના (શ્લોક ૪૬) ચૂર્ણને તે ફળની પિપ્પલીના ક્વાથનો પટ દેવો. પછી તેમાં ત્રિફળાનું ચૂર્ણ ત્રણ ભાગ નાખવું અને પાછળ શ્લોક ૬૬ થી ૭૬માં કહેલાં સફેદ કાંચનાર વગેરેના ક્વાથમાં તે પીવું. જ્વર, અરુચિ, વારંવાર થૂંકવાનો રોગ, રસોળી. અપચી (ન પાકે એવી રસોળી), અર્બુદરોગ અને ઉદરરોગમાં ઉપર કહ્યા પ્રમાણે પીવું.

પિત્ત કફના સ્થાનમાં ગયું હોય ત્યારે ઊલટીઓ કરાવવાનું ઔષધ

पित्ते कफस्थानगते जीमूतादिजलेन तत् ।

પણ કફના સ્થાનમાં પિત્ત ગયું હોય, તો જીમૂતાદિ(કૂકડવેલ વગેરે)ના ક્વાથ સાથે મીંઢળની ફળપિપ્પલીનું ઉપર કહેલું ચૂર્ણ પીવું.

જીમૂતાદિ=જીમૂત, ઇક્ષ્વાકુ (કડવી દૂધી), ઘિલોડી, રાજકોશાતકી (તૂરિયાં) અને ઇંદ્રજવ.

હૃદયમાં દાહ અને અધોગામી રક્તપિત્ત માટે મીંઢળ પીવાની રીત

हृद्दाहेऽधोस्रपित्ते च क्षीरं तत्पिप्पलीशृतम् ॥१२
क्षैरेयीं वा

જે છાતીમાં બળતરા બળતી હોય કે અધોગામી રક્તપિત્તનો રોગ થયો હોય તો મીંઢળની પિપ્પલી (શ્લોક ૪૬) નાખીને ઉકાળેલું દૂધ પીવું. એવી રીતે કે મીંઢળની પિપ્પલી કરતાં આઠગણું દૂધ લેવું અને દૂધ કરતાં ચારગણું પાણી લેવું. પછી દૂધ માત્ર બાકી રહે ત્યાં લગી ઉકાળીને પાક કરવો. પછી એ દૂધ પીવાથી વમન થાય છે, અથવા દૂધમાં સિદ્ધ કરેલી તે ફળપિપ્પલીની પેયા પીવી.

કફથી થતી ઊલટીઓ, પ્રસેક અને તમકશ્વાસ માટે મીંઢળ પીવાની રીત

कफच्छर्दिप्रसेकतमकेषु तु ।
दध्युत्तरं वा दधि वा तच्छृतक्षीरसम्भवम् ॥१३॥

કફથી થતી ઊલટી, પ્રસેક (મુખમાંથી લાળ કે પાણી નીકળવાનો રોગ) અને તમકશ્વાસ, એ રોગોમાં મીંઢળની પિપ્પલીનું (શ્લોક ૪૬) તૈયાર કરી રાખેલું ચૂર્ણ નાખીને સિદ્ધ કરેલું દૂધ આખરીને બનાવેલા દહીંની તર ખાવાથી અથવા એ દહીં સાથે મીંઢળની પિપ્પલીનું ચૂર્ણ ખાવાથી પણ વમન થાય છે.

મંદાગ્નિ અને સુકાતું જતું શરીર એ બે માટે વમન ઔષધ

फलादिकाथकल्काभ्यां सिद्धं तत्सिद्धदुग्धजम् ।
सर्पिः कफाभिभूतेऽग्नौ शुष्यद्देहे च वामनम् ॥१४

જે રોગીનો જઠરાગ્નિ કફથી મંદ પડી ગયો હશે તથા જેનું શરીર સુકાઈ જતું હશે, તેને મદનફળ (મીંઢળ) વગેરે ઊલટી કરાવનારા દ્રવ્યોના ક્વાથ અને કલ્ક વડે સિદ્ધ કરેલા દૂધમાંથી બનાવેલા ઘીને તે જ દ્રવ્યોના ક્વાથ અને કલ્ક વડે સિદ્ધ કરીને આપવાથી વમન થઈને સારું થશે.

ફળાદિ દ્રવ્યો : મીંઢળ, જીમૂત, કડવી દૂધી, ઘિસોડી, ગજકોશાતકી (તૂરિયા) અને ઇંદ્રજવ.

મીંઢળની મીંજનો અવલેહ અને ક્વાથ

स्वरसं फलमज्ज्ञो वा भल्लातकविधिशृतम् ।
आदर्वीलेपनात्सिद्धं लीढ्वा प्रच्छर्दयेत्सुखम् ॥१५
तं लेहं भक्ष्यभोज्येषु तत्कषायांश्च योजयेत् ।

મીંઢળની મીંજનો સ્વરસ કાઢીને ભિલામાના વિધિ પ્રમાણે તેનો પાક કરવો. જ્યારે તે પાક કડછીએ ચોંટે એવો થાય, ત્યારે તેને ચાટીને સુખે કરીને વમન કરવું. એ જ અવલેહને ભક્ષ્ય તથા ભોજ્ય સાથે આપવો, તેમ જ મીંઢળનો ક્વાથ પણ આપવો.

અતિ સંતર્પણથી થયેલા રોગો માટે વમન ઔષધ

वत्सकादिप्रतीवापः कषायः फलमज्जजः ॥ १६ ॥
निम्बार्कान्यतरक्वाथसमायुक्तो नियच्छति ।
बद्धमूलानपि व्याधीन् सर्वान् सन्तर्पणोद्भवान् ॥

અતિશય સંતર્પણ કરવાથી થયેલા રોગ શરીરમાં મૂળ નાખીને સ્થિર થયા હોય, તેમનો પણ નાશ કરવા માટે મીંઢળના ફળની મીંજનો ક્વાથ કરીને તેમાં વત્સકાદિ ગણ (સૂ. અ. ૧૫, શ્લોક ૩૩–૩૪)ના ઔષધોનું ચૂર્ણ પ્રતિવાપ તરીકે નાખવું તથા તેમાં લીમડાનો કે આકડાના મૂળનો ક્વાથ ભેળવીને પાવો.

ઊલટીઓ કરવા માટે સૂંઘવાની દવા

राठपुष्पफलश्लक्ष्णचूर्णैर्माल्यं सुरूक्षितम् ।
वमेन्मण्डरसादीनां तृप्तो जिघ्रन् सुखं सुखी ॥१८॥
एवमेव फलाभावे कल्प्यं पुष्पं शलाटु वा ।

મીંઢળના ફૂલ અને ફળનું સૂક્ષ્મ ચૂર્ણ કરીને તે વડે અતિશય લૂખું કરેલું મીંઢળનું પુષ્પ લેવું. પછી મંડ, માંસરસ, ખીચડી, દૂધ, યવાગૂ વગેરે ખૂબ ખાઈને તે પુષ્પ સૂંઘવું. એવી રીતે સૂંઘવાથી સુખી (સુંવાળો) માણસ સહેલાઈથી ઊલટી કરશે, એટલે ઊલટી કરતાં તેને કાંઈ તકલીફ થશે નહિ.

એ જ પ્રમાણે, મીંઢળનાં ફળ ન મળે તો મીંઢળનાં ફૂલ લઈને અથવા મીંઢળનાં કાચાં મરવા (કાચાં મીંઢળ) લઈને પાછળ શ્લોક ૬માં કહ્યા પ્રમાણે તેને સૂકવીને તેનું ચૂર્ણ કરીને તેને જેઠીમધ વગેરેના ક્વાથમાં રાત્રે પલાળી રાખવું, અને સવારે તેને તે જ પાણીમાં ચોળી નાખીને તે પાણી લૂગડે ગાળીને રોગીને પાવું.

इति मदनकल्पः ।

अथ जीमूतकल्पः ।

જીમૂતકલ્પ

(શ્લોક ૧૮ાા થી ૨૯)

जीमूतादाश्च फलवत्

કૂકડવેલ, કડવી દૂધી, કડવી ઘિસોડી, ઇંદ્રજવ વગેરે પણ મીંઢળની જે રીત કહેલી છે તે જ રીતે તૈયાર કરીને વમનમાં વાપરવાં.

તાવ, દમ, ઉધરસ, હેડકી વગેરેમાં કૂકડવેલનો પ્રયોગ

जीमूतं तु विशेषत ॥ १९ ॥
प्रयोक्तव्यं ज्वरश्वासकासहिध्मादिरोगिणाम् ।

ખાસ કરીને તાવ, દમ, ખાંસી, હેડકી વગેરે રોગમાં કૂકડવેલનું વમન આપવું.

કફનાં અરુચિ, ઉધરસ, પાંડુ અને ક્ષય માટે કૂકડવેલનું કયું અંગ કેવી રીતે વાપરવું?

पयः पुष्पेऽस्य निर्वृत्ते, फले पेया पयस्कृता ॥२०॥
लोमशे क्षीरसन्तानं, दध्युत्तरमलोमशे ।
शृते पयसि दध्यम्लं जातं हरितपाण्डुके ॥ २१ ॥
आसुत्य वारुणीमण्डं पिबेन्मृदितगालितम् ।
कफादरोचके कासे पाण्डुत्वे राजयक्ष्मणि ॥२२॥

જો કૂકડવેલને ફૂલ આવ્યાં હોય તો તે કૂકડવેલનાં ફૂલ નાખીને ઉકાળેલું (સિદ્ધ કરેલું) દૂધ આપવું, જો કૂકડવેલને ફળ આવ્યાં હોય તો તે કૂકડવેલનાં ફળથી સિદ્ધ કરેલા દૂધ વડે બનાવેલી પેયા આપવી, જો ફળ રુવાટીવાળાં કુમળાં હોય તો તે વડે સિદ્ધ કરેલા દૂધ ઉપર જે કાવળી

(પાતળી તર) ખાઝે છે તે વમન કરાવવા માટે આપવી; જો કૂકડવેલનાં ફળ કડણુ થયેલાં હોય તો તેનું ચૂર્ણ નાખીને દહીંની તર ખાવી. જો જીમૂત(કૂકડવેલ)નાં ફળ કાચાંપાકાંની વચલી અવસ્થાવાળાં (ભોડાયેલાં) હોય તો તેને નાખીને ઉકાળેલા દૂધને જમાવીને દહીં કરીને તે ખાટું દહીં પીવુ, અથવા વારુણી નામે મદ્યના ઉપરના પાણીમા તે ભોડાયેલા ફળનુ ચૂર્ણ રાતે પલાળી સવારે તે તેમાં ચોળી નાખી ગાળી લઈને પીવું. એ પ્રમાણે કફના અરુચિ, કાસ (ખાસી), પાંડુરોગ અને ક્ષયરોગ એ રોગોમાં કરવુ. (હેમાદ્રિ)

કડવી તુંબડી (દૂધી), ઘિસોડી વગેરેના ઉપયોગ

इयं च कल्पना कार्या तुम्बीकोशातकीष्वपि ।

ઉપર જે પ્રમાણે જીમૂત (કૂકડવેલ)ની કલ્પના (બનાવટ) કહેલી છે, તે પ્રમાણે કડવી તુંબડી અને ઘિસોડી વગેરેની પણ બનાવટ કરવી. અર્થાત્ પુષ્પ થાય ત્યાથી તે ફળ થાય ત્યા સુધી તેમાં કહ્યા પ્રમાણે જુદેજુદે પ્રકારે વમન ઔષધ તૈયાર કરી વાપરવું.

વાતપિત્તની પીડા અને કફપિત્તના તાવ માટે કૂકડવેલનો વમન માટે પ્રયોગ

पर्यागतानां शुष्काणां फलानां वेणिजन्मनाम् ॥२३
चूर्णस्य पयसा शुक्तिं वातपित्तार्दितः पिबेत् ।
द्वे वा त्रीण्यपि वाऽऽपोथ्य
क्वाथे तिक्तोत्तमस्य वा ॥२४॥
आरग्वधादिनवकादासुत्यान्यतमस्य वा ।
विमृद्य पूतं तं क्वाथं पित्तश्लेष्मज्वरी पिबेत् ॥२५

કૂકડવેલનાં બરાબર પાકેલાં ફળ લાવીને તેનુ ચૂર્ણ કરીને તેમાથી બે તોલા ચૂર્ણ લઈને વાત તથા પિત્તથી પીડાતા મનુષ્યે તે દૂધ સાથે પીવુ. અથવા કફપિત્તના તાવવાળાએ તે ફળમાથી બે કે ત્રણ ફળ લઈને લીમડાના ક્વાથમાં તેને વાટી નાખીને પીવાં. અથવા આરગ્વધાદિ ગણ(સૂ. અ. ૧૫ શ્લોક ૧૭)નાં નવ ઔષધોમાથી ગમે તે એકના ક્વાથમાં તેને વાટીને નાખવુ અને રાતે પલાળી મૂકવુ. પછી સવારમાં તેને તેમા ચોળી નાખીને તે ક્વાથ ગાળી લઈને પિત્તકફજ્વરવાળાએ પી જવો.

પિત્તના, કફવાતના કે કફના તાવ માટે કૂકડવેલનો પ્રયોગ

जीमूतकल्कं चूर्णं वा पिबेच्छीतेन वारिणा ।
ज्वरे पैत्ते, कवोष्णेन कफवाताक्कफादपि ॥ २६ ॥

પિત્તજ્વરમા જીમૂત(કૂકડવેલ)નુ ચૂર્ણ અથવા કલ્ક ઠંડા પાણી સાથે પીવો. અને જો જ્વર કફવાયુથી થયો હોય કે કફથી થયો હોય તો તે ચૂર્ણ કે કલ્ક લગાર ગરમ પાણી સાથે પીવો.

इति जीमूतकल्पः ।

अथेक्ष्वाकुकल्पः ।

ઇક્ષ્વાકુકલ્પ

(શ્લોક ૨૭॥ થી ૩૪)

ઇક્ષ્વાકુ (કડવી દૂધી) કોને માટે ઉત્તમ વમન ઔષધ છે?

कासश्वासविषच्छर्दिज्वरार्ते कफकर्शिते ।
इक्ष्वाकुर्वमने शस्तः प्रताम्यति च मानवे ॥२७

ખાસી, દમ, વિષ, ઊલટી અને તાવથી પીડાયેલા રોગીને તથા કફથી પાતળા થઈ ગયેલા રોગીને, તેમ જ પ્રતમક શ્વાસથી દુઃખી થતા માણસને વમન કરાવવા માટે કડવી દૂધી શ્રેષ્ઠ છે.

પિત્તકફજ્વરમાં પિત્ત વધારે હોય તો વમન માટે કડવી દૂધી શી રીતે વાપરવી?

फलपुष्पविहीनस्य प्रवालैस्तस्य साधितम् ।
पित्तश्लेष्मज्वरे क्षीरं पित्तोद्रिक्ते प्रयोजयेत् ॥२८

જે રોગીને પિત્તકફજ્વરમાં પિત્તનું બળ અધિક હોય તો કડવી દૂધીને ફળ કે ફૂલ આવે તે પહેલાં તેના કુમળાં પાંદડા (કૂંપો) લાવીને તે વડે સિદ્ધ કરેલું દૂધ રોગીને પાવુ. (તેથી વમન થશે.)

કફની ઉધરસ અને કફના દમવાળાને વમન માટે કડવી દૂધી શી રીતે વાપરવી?

हृतमध्ये फले जीर्णे स्थितं क्षीरं यदा दधि ।
स्यात्तदा कफजे कासे श्वासे वम्यां च पाययेत् ॥२९

કડવી દૂધી ઘરડી થાય એટલે તેના મધ્યમાથી ગાભો (ગલ, બિયાં વગેરે) કાઢી નાખીને બાકી રહેલી ખાલી તૂમડીમાં દૂધ ભરવુ. તે દૂધનુ દહીં થાય, એટલે કફથી ઉત્પન્ન થયેલી

ખાસીવાળાને, કફથી થયેલા દમવાળાને તથા ઊલટીના રોગમા તે દહીં પાવુ.

પાંડુ, કુષ્ઠ અને ઝેરના રોગ માટે કડવી દૂધીનો ઉપયોગ

मस्तुना वा फलान्मध्यं पाण्डुकुष्ठविषार्दितः ।
तेन तक्रं विपक्वं वा पिबेत्समधुसैन्धवम् ॥३०॥

પાંડુરોગથી પીડાયેલા, ચામડીના રોગથી પીડાયેલા તથા વિષરોગથી પીડાયેલા રોગીએ કડવી દૂધીના ફળનો ગર્ભ (ગલ) દહીંના નીતર્યા પાણી સાથે પીવો, અથવા કડવી દૂધીના ગર્ભ વડે પક્વ કરેલી છાશ ઠંડી પડે એટલે તેમાં મધ અને સિંધવ નાખીને તે પીવી.

ઝેર, ગોળો, ઉદરરોગ, રસોળી, ગૂમડાં અને હાથીપગ માટે કડવી દૂધીનો ઉપયોગ

भावयित्वाऽजदुग्धेन बीजं तेनैव वा पिबेत् ।
विषगुल्मोदरग्रन्थिगण्डेषु श्लीपदेषु च ॥ ३१ ॥

વિષરોગ, ગોળો, ઉદરરોગ, રસોળી, ગૂમડાનો રોગ અને હાથીપગ રોગમા કડવી દૂધીનાં બીજને બકરીના દૂધના પટ દઈને તે બીજને તેના જ (બકરીના) દૂધ સાથે પીવાં.

કફજ્વર, ઉધરસ, ગળાના રોગ અને અરુચિ માટે કડવી દૂધીનો ઉપયોગ

सक्तुभिर्वा पिबेन्मन्थं तुम्बीस्वरसभावितैः ।
कफोद्भवे ज्वरे कासे गलरोगेष्वरोचके ॥ ३२ ॥

કફથી ઉત્પન્ન થયેલા તાવમાં, ખાંસીમાં, ગળાના રોગમાં અને અરુચિમાં, તુંબડીના સ્વરસ વડે ભાવના આપેલા (પટ દીધેલા) જવના સાથુ સાથે ઘી અને પાણી એકત્ર કરીને પીવુ, (સાથુ, ઘી અને પાણી વગેરે મિશ્રણને મથ કહે છે.)

ગોળો અને જૂના તાવ માટે નબળા ન પડી જવાય એવું વમન ઔષધ

गुल्मे ज्वरे प्रसक्ते च कल्कं मांसरसैः पिबेत् ।
नरः साधु वमत्येवं न च दौर्बल्यमश्नुते ॥ ३३ ॥

ગુલ્મરોગમા તથા તાવ લાગુ પડ્યો હોય તે ખસતો ન હોય એવા જીર્ણજ્વરમાં કડવી દૂધીનો કલ્ક માંસરસ સાથે પીને વમન કરવુ; કેમ કે એવી રીતે વમન કરવાથી રોગી માણસને સારી રીતે વમન થાય છે અને તે દુર્બળ થઈ જતો નથી.

વમન માટે કડવી દૂધીની સૂંઘવાની દવા

तुम्ब्याः फलरसैः शुष्कैः सपुष्पैरवचूर्णितम् ।
छर्दयेन्माल्यमाघ्राय गन्धसम्पत्सुखोचितः ॥ ३४ ॥

જે માણસ ગંધની સંપત્તિના સુખને યોગ્ય હોય એટલે સુગંધ ભોગવવાને યોગ્ય હોય, તે માણસે કડવી દૂધીના ફળનો રસ તથા કડવી દૂધીના ફૂલનો રસ એકત્ર કરી તે વડે કડવી દૂધીના પુષ્પને વાસિત કરી તે પુષ્પ સૂકવીને તેનુ ચૂર્ણ પુષ્પની માળામાં નાખવુ. પછી તે માળા સૂંઘવી. તેથી વમન થશે.

इतीक्ष्वाकुकल्पः ।

अथ धामार्गवकल्पः ।

ધામાર્ગવકલ્પ

(શ્લોક ૩૪ાા થી ૪૦)

કયા રોગમાં કડવા તૂરિયાથી ઊલટીઓ કરાવવી ?

कासगुल्मोदरगरे वाते श्लेष्माशयस्थिते ।
कफे च कण्ठवक्त्रस्थे कफसञ्चयजेषु च ॥ ३५ ॥
धामार्गवो गदेष्विष्टः स्थिरेषु च महत्सु च ।

ખાંસીના રોગમાં, ગોળાના રોગમા, ઉદરરોગમાં, વિષરોગમા, કફના સ્થાનમાં વાયુ રહે ત્યારે, કંઠમાં અને મુખમા કફ રહે ત્યારે, કફનો સંચય થવાથી થયેલા રોગોમાં અને જૂના થઈ ગયેલા તથા બહુ વધી ગયેલા રોગોમા કડવા તૂરિયાનુ વમન હિતકર છે.

ઉધરસ અને હૃદયમાં દાહ માટે કડવા તૂરિયાવાળા અવલેહો

जीवकर्षभकौ वीरा कपिकच्छूः शतावरी ॥ ३६ ॥
काकोली श्रावणी मेदा महामेदा मधूलिका ।
तद्रजोभिः पृथग्लेहा धामार्गवरजोन्विताः ॥३७॥
कासे हृदयदाहे च शस्ता मधुसिताद्रुताः ।

ઉધરસવાળાને તથા હૃદયમા દાહવાળાને નીચેનું વમન આપવુ:-જીવક, ઋષભક, મહાશતાવરી, ક્ષીરકાકોલી, કૌચા, શતાવરી, કાકોલી, ગોરખમુંડી, મેદા, મહામેદા, જેઠીમધ, એ ઔષધોમાથી ગમે તે ઔષધ લઈને તેમાં

ધામાર્ગવનું ચૂર્ણ નાખવું તથા મધ અને સાકર સાથે અવલેહ કરીને ચાટવો. એ અવલેહનું વમન ખાંસીના રોગવાળાને તથા હૃદયના દાહવાળાને હિતકર છે.

પિત્તવાળા અને પિત્તની ગરમીવાળા કફ માટે કડવા તૂરિયાનો ઉપયોગ

ते सुखाम्भोनुपानाः स्युः पित्तोष्मसहिते कफे ॥

પિત્તની ગરમી સહિત કફવાળાને ઉપર શ્લોક ૩૬ થી ૩૭ાા માં કહેલા અવલેહ લગાર ગરમ પાણીના અનુપાન સાથે પાઈને વમન કરાવવું હિતકર છે.

ઝેર કાઢવા માટે કડવા તૂરિયાનો ઉપયોગ

धान्यतुम्बरुयूषेण कल्कस्तस्य विषापहः।

એ કડવા તૂરિયાના કલ્કને ધાણા તથા ચિરફળના ક્વાથ સાથે પીવાથી વમન થાય છે, તેથી વિષદોષ દૂર થાય છે.

મનના રોગ માટે કડવી દૂધીના ઉપયોગ

चिन्व्याः पुनर्नवाया वा कासमर्दस्य वा रसे ॥३९

एकं धामार्गवं द्वे वा मानसे मृदितं पिबेत्।

तच्छृतक्षीरजं सर्पिः साधितं वा फलादिभिः ४०

ગિલોડી, સાટોડી કે કાસોંદરાના રસમાં એક કે બે કડવાં તૂરિયાંને ચોળી નાખીને પીવું તેથી વમન થાય છે. અથવા કડવા તૂરિયાથી સિદ્ધ કરેલા દૂધમાંથી બનેલું ઘી પીવાથી વમન થાય છે. અથવા મીંઢળ, કૂકડવેલ, ઇક્ષ્વાકુ (કડવી દૂધી), કડવું તૂરિયું, કડવી ગલકી, ઇદ્રજવ, એ છ ઔષધથી સિદ્ધ કરેલા દૂધનું ઘી પીવાથી વમન થાય છે. એ સર્વ વમન માનસિક રોગવાળાને હિતકર છે.

इति धामार्गवकल्पः।

अथ क्ष्वेडकल्पः।

ક્ષ્વેડ(કડવું ગલકું)નો કલ્પ

(શ્લોક ૪૦ાા થી ૪૩)

જૂના કુષ્ઠ, પાંડુ, બરોળ, સોજો, ગર વગેરે માટે ઉપયોગ

क्ष्वेडोऽतिकटुतीक्ष्णोष्णः प्रगाढेषु प्रशस्यते।

कुष्ठपाण्ड्वामयप्लीहशोफगुल्मगरादिषु ॥ ४१ ॥

કડવી ઘિસોડી (ગલકું) અતિશય કડવી, તીક્ષ્ણ અને ગરમ છે. માટે ઘણા કાળથી થયેલા હોવાથી ઊંડાં મૂળ નાખેલા ચામડીના રોગ, પાંડુરોગ, પ્લીહ(બરોળ), સોજો, ગોળો અને કૃત્રિમ વિષ, એ રોગમાં તેનું વમન શ્રેષ્ઠ છે.

વમન માટે કડવા ગલકા સાથે માંસરસ

पृथक् फलादिषट्कस्य क्वाथे मांसमनूपजम्।

कोशातक्या समं सिद्धं तद्रसं लवणं पिबेत् ॥४२

મીંઢળ, કૂકડવેલ, કડવી દૂધી, કડવું તૂરિયું, કડવું ગલકું, ઇદ્રજવ, એ છ ઔષધના ક્વાથમાં કડવી ગલકીની બરાબર અનૂપ દેશનાં પ્રાણીઓનું માંસ સિદ્ધ કરવું, તથા તે માંસરસ સિંધવ નાખીને પીવો તેથી વમન થાય છે.

फलादिपिप्पलीतुल्यं सिद्धं क्ष्वेडरसेऽथवा।

क्ष्वेडक्वाथं पिबेत्सिद्धं मिश्रमिक्षुरसेन वा ॥४३

મીંઢળ, કૂકડવેલ, કડવી દૂધી, કડવું તૂરિયું, કડવું ગલકું અને ઇદ્રજવ, એ છ ફળનાં બીજની બરાબર અનૂપ દેશનાં પ્રાણીઓનું માંસ લઈને તેને કડવા તૂરિયાના રસમાં સિદ્ધ કરવું અને તે માંસને કડવા તૂરિયાના રસ સાથે પીવો અથવા કડવા તૂરિયાના ક્વાથમાં સિદ્ધ કરેલા માંસને શેરડીના રસમાં સિંધવ નાખીને તે સાથે પીવો; એથી વમન થાય છે.

इति क्ष्वेडकल्पः।

अथ कुटजफलकल्पः।

કુટજ(ઇંદ્રજવ)નો કલ્પ

(શ્લોક ૪૩ાા થી ૪૬)

ઇંદ્રજવથી કોને ઊલટીઓ કરાવવી?

कौटजं सुकुमारेषु पित्तरक्तकफोदये।

ज्वरे विसर्पे हृद्रोगे खुडे कुष्ठे च पूजितम् ॥४४

જે માણસો અત્યંત કોમળ પ્રકૃતિના હોવાથી ઊલટીના વેગને સહન ન કરી શકે એવા હોય, તેમને પિત્ત, રક્ત કે કફનો ઉપાડ થઈ આવ્યો હોય અથવા તાવ, રતવા, હૃદયના રોગ, પત કે ચામડીના રોગ હોય, તો તેમને ઇંદ્રજવનું વમન આપવું એ શ્રેષ્ઠ છે.

વમન માટે ઇંદ્રજવ શી રીતે પાવા?

सर्षपाणां मधूकानां तोयेन लवणस्य वा।

पाययेत्कौटजं बीजं युक्तं कृशरयाऽथवा ॥ ४५ ॥

सप्ताहं वाऽर्कदुग्धाक्तं तच्चूर्णं पाययेत्पृथक् ।
फलजीमूतकेक्ष्वाकुजीवन्तीजीवकोदकैः ॥ ४६ ॥

સરસવ અથવા જેઠીમધના જુદા જુદા ક્વાથમાં અથવા સિંધવના પાણીમાં ઇંદ્રજવ વાટીને તે પાવા. અથવા કૃસરા (મગચોખાની ખીચડી) સાથે ઇંદ્રજવ પાવા. અથવા ઇંદ્રજવને સાત દહાડા આકડાના દૂધમાં પલાળી રાખીને પછી તેને સૂકવીને તેનું ચૂર્ણ કરવું. એ ચૂર્ણને મીંઢળ, કૂકડવેલ, કડવી દૂધી, ડોડી, જીવક, એમાંના ગમે તે એકના પાણી સાથે પાવું

इति कुटजफलकल्पः ।

આ અધ્યાયમાં બતાવેલા કલ્પ માત્ર દિશા બતાવે છે

वमनौषधमुख्यानामिति कल्पादिगीरिता ।
बीजेनानेन मतिमानन्यान्यपि च कल्पयेत् ४७

વમન ઔષધોમા મુખ્ય ઔષધોની કેવા કેવા રોગમાં કેવી કેવી કલ્પના કરવી તેની આ પ્રમાણે (આ અધ્યાયમાં કહ્યા પ્રમાણે) દિશા બતાવી છે; માટે બુદ્ધિમાન વૈદ્યે આ બીજ ઉપરથી (દિશા ઉપરથી) બીજાં પણ વમન ઔષધની કલ્પના કરવી.

इत्यष्टाङ्गहृदये पञ्चमे कल्पसिद्धिस्थाने वमनकल्पो नाम प्रथमोऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨ જો—વિરેચનકલ્પ

વમન પછી વિરેચનનો ઉપયોગ છે માટે વમનકલ્પ કહ્યા પછી વિરેચનકલ્પ શરૂ કરતાં તંત્રકાર કહે છે કે,

अथातो विरेचनकल्पं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે વિરેચનકલ્પ (વિરેચનનો કલ્પ) સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

अथ त्रिवृच्छ्यामयोः कल्पः ।

નસોતરનો કલ્પ

(શ્લોક ૧ાથી ૨૪ા)

નસોતરના ગુણ

कषायमधुरा रूक्षा विपाके कटुका त्रिवृत् ।
कफपित्तप्रशमनी रौक्ष्याच्चानिलकोपनी ॥ १ ॥

નેપાળો વગેરે બીજાં વિરેચન દ્રવ્યો કરતાં નસોતર ઘણું ઉત્તમ છે; કેમ કે કોઈપણ રોગમાં તેનો ઉપયોગ કરવાની મનાઈ નથી તેમ તેના વિરેચનથી કાંઈ નુકસાન થતું નથી. માટે ગ્રંથકાર વિરેચન દ્રવ્યોની બાબતમાં પ્રથમ નસોતરની કલ્પના કહેતાં તેના ગુણ કહે છે.

નસોતર કષાય (સ્વાદમાં તૂરું), ગળ્યું, લૂખું, વિપાકમાં તીખું છે. તીખું છે માટે કફને શમાવે છે, ગળ્યુ છે માટે પિત્તને શમાવે છે અને લૂખું છે માટે વાયુને કોપાવે છે.

નસોતરના યોગ

सेदानीमौषधैर्युक्ता वातपित्तकफापहैः ।
कल्पवैशेष्यमासाद्य जायते सर्वरोगजित् ॥२॥

હવે એવા ગુણવાળું નસોતર વાત, પિત્ત અને કફનો નાશ કરનારાં ઔષધોની સાથે મેળવાય તો તેના ખાસ યોગો થાય છે; અર્થાત્ એ જ નસોતરમાં બીજાં ઔષધો મેળવીને તેનું જે રોગને જેવુ જોઈએ તેવુ ઔષધ બનાવવામાં આવે છે; અને ત્યારે તે સર્વ રોગને જીતનારું થાય છે.

નસોતરની જાતો: રાતા નસોતરના ગુણ

द्विधा ख्यातं च तन्मूलं
श्यामं श्यामाऽरुणं त्रिवृत् ।
त्रिवृदाख्यं वरतरं निरपायं सुखं तयोः ॥ ३ ॥
सुकुमारे शिशौ वृद्धे मृदुकोष्ठे च तद्धितम् ।

તે નસોતરનું મૂળ બે પ્રકારનું છે: એક કાળું અને બીજું શ્યામારુણ (કાળું તો ખરું પણ રતાશ પર). પહેલાને કાળું નસોતર અને બીજાને લાલ કે રાતું નસોતર કહે છે. તેમાંથી રાતું નસોતર વધારે સારું છે; કેમ કે તેનુ વિરેચન આપવાથી રોગીને અપાય (બીજો ઉપદ્રવ) થતો નથી અને સરળતાથી રેચ લાગે છે. માટે સુકુમાર, બાળક, વૃદ્ધ અને નરમ કોઠાવાળા રોગીઓને તે હિતકર છે. કાળું નસોતર નુકસાન પણ કરે છે તેથી તે રાતા નસોતર જેટલું સારું નથી.

કાળા નસોતરના ગુણ

मूर्च्छासम्मोहहृत्कण्ठकपणक्षणनप्रदम् ॥ ४॥
श्यामं तीक्ष्णाशुकारित्वात्तत्तदपि शस्यते ।
क्रूरे कोष्ठे बहौ दोषे क्लेशक्षमिणि चातुरे ॥ ५॥

કાળા નસોતરનું મૂળ મૂર્છા અને મોહ ઉત્પન્ન કરે છે. વળી તેનાથી હૃદયને ત્રાસ થાય છે. ગળામાં પીડા થાય છે અને ગુદામાં પીડા થાય છે. (એટલે કાળું નસોતર ખાવાથી છાતીમાં અને ગળામાં ઉઝરડાતું હોય તેમ થાય છે તથા ગુદામાં ખોતરાતું હોય તેમ થાય છે.) વળી તે તીક્ષ્ણ છે માટે આશુકારી (તત્કાળ કાર્ય કરનારું) છે. માટે ક્રૂર (કઠણ) કોઠાવાળાને, ઘણા દોષવાળા રોગીને તથા દૂબળા છતાં પણ ઔષધના વેગને સહન કરે એવા રોગીને, વિરેચન આપવામાં તે પણ સારું છે.

રેચ માટે નસોતરનું ચૂર્ણ તૈયાર કરવાની રીત

गम्भीरानुगतं श्लक्ष्णमतिर्यग्विसृतं च यत् ।
गृहीत्वा विसृजेत्काष्ठं त्वचं शुष्कां निधापयेत् ॥६

જે નસોતરનું મૂળ માટીથી ઢંકાઈને જમીનમાં ઊતરેલુ હોય, લીસુ હોય તથા જે વાંકું ન જતાં સીધું જ (આડું નહિ પણ ઊંડું) જમીનમાં ગયેલું હોય, એવું મૂળ લઈને તે ઉપરની છાલ ઉખાડી લેવી અને લાકડું કાઢી નાખવું. પછી તે છાલને સૂકવીને રાખી મૂકવી.

કયા દોષના રોગમાં નસોતરનું ચૂર્ણ કયા ઔષધ સાથે પીવું?

अथ काले ततश्चूर्णं किञ्चिन्नागरसैन्धवम् ।
वातामये पिबेदम्लैः
पैत्ते साज्यसितामधु ॥ ७॥
क्षीरद्राक्षेक्षुकाश्मर्यस्वादुस्कन्धवरारसैः ।
कफामये पीलुरसमूत्रमद्याम्लकाञ्जिकैः ॥ ८॥
पञ्चकोलादिचूर्णैश्च युक्त्या युक्तं कफापहैः ।

હવે જ્યારે વિરેચન આપવાનું હોય ત્યારે જો વાયુનો રોગ હોય તો નસોતરની એ છાલના ચૂર્ણમાં લગાર સૂંઠ અને સિંધવ નાખીને કાંજી વગેરે ખટાઈ સાથે તે ચૂર્ણ પીવું. જો પિત્તનો રોગ હોય તો તે ચૂર્ણમાં ઘી તથા સાકર અને મધ નાખીને તેને દૂધ સાથે અથવા કાળી દ્રાક્ષ, શેરડી, શીવણનાં ફળ, મધુર વર્ગનાં ઔષધો (સૂ. અ. ૧૦ શ્લોક ૨૨થી ૨૪½), કે ત્રિફળાના રસ સાથે પીવું. જો કફનો વિકાર હોય તો પીલુડાંનો રસ, ગોમૂત્ર, મદ્ય કે ખાટી કાંજી, એમાંથી ગમે તે એકની સાથે તે ચૂર્ણ પીવું. વળી કફના વિકારમાં નસોતરના ચૂર્ણમાં પંચકોલ (પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સૂંઠ) વગેરે કફ મટાડે એવાં ઔષધોનું ચૂર્ણ યુક્તિ પ્રમાણે મેળવીને તેને પીલુડાંના રસ વગેરેમાં પીવું.

હૃદયને ફાયદો કરે એવો નસોતરનો અવલેહ

त्रिवृत्कल्ककषायाभ्यां साधितः ससितो हिमः ॥९
मधुत्रिजातसंयुक्तो लेहो हृद्यं विरेचनम् ।

નસોતરના કલ્ક અને ક્વાથ એ બે વડે સાકર નાખીને અવલેહ સિદ્ધ કરવો તથા તે ઠંડો થાય ત્યારે તેમાં મધ અને ત્રિજાત (તજ, તમાલપત્ર, એલચી) નાખવાં. (કાસચિકિત્સામાં ચિ. અ. ૩ શ્લોક ૬૩થી ૬૬½માં કંટકારિકાવલેહ કહ્યો છે તે પ્રમાણે ઔષધોનું પ્રમાણ અહીં પણ જાણવું.) નસોતરના ક્વાથમાં નસોતરનો કલ્ક અને સાકર નાખીને કડછીએ ચોંટે ત્યાં સુધી પાક કરવો. એ પાક ઠંડો થાય ત્યારે તેમાં મધ તથા ત્રિજાત નાખવાં; એ અવલેહ હૃદયને ફાયદો કરે એવું વિરેચન ઔષધ છે.

સન્નિપાતજ્વર, સ્તંભ, તરસ અને દાહમાં વિરેચન

अजगन्धा तवक्षीरी विदारी शर्करा त्रिवृत् ॥१०
चूर्णितं मधुसर्पिर्भ्यां लीढ्वा साधु विरिच्यते ।
सन्निपातज्वरस्तम्भपिपासादाहपीडितः ॥ ११ ॥

સન્નિપાતનો તાવ, શરીરનો સ્તંભ, તરસ અને દાહથી પીડાતો રોગી જંગલી તુલસી, વંશલોચન, વિદારીકંદ, સાકર અને નસોતર, એ સર્વના ચૂર્ણને મધ તથા ઘી સાથે ચાટે તો સારું વિરેચન થાય છે.

નસોતરનો પુટપાક

लिम्पेदन्तस्त्रिवृतया द्विधाकृत्वेक्षुगण्डिकाम् ।
पक्वीकृत्य च तत्स्विन्नं पुटपाकेन भक्षयेत् ॥१२॥

શેરડીની ગંડેરીના બે ભાગ કરીને તેને માંહેથી નસોતરના કલ્કનો લેપ કરવો. પછી તે બે ભાગને એકઠા મેળવીને પુટપાકની રીતે તેને પકવવા. જ્યારે તે બફાય ત્યારે તેને ખાવાથી વિરેચન થાય છે.

ત્રણ દોષના રોગ, મંદ અગ્નિ અને સુકુમાર માણસો માટે સલામત વિરેચન

भृङ्गैलाभ्यां समा नीली तैस्त्रिवृत्तैश्च शर्करा ।
चूर्णं फलरसक्षौद्रसक्तुभिस्तर्पणं पिबेत् ॥ १३ ॥
वातपित्तकफोत्थेषु रोगेष्वल्पानलेषु च ।
नरेषु सुकुमारेषु निरपायं विरेचनम् ॥ १४ ॥

તજ અને એલચીની બરાબર ગળીનાં મૂળ લેવાં અને એ ત્રણેની બરાબર નસોતર લેવું. તથા તે સર્વેની (ચારેની) બરાબર સાકર લેવી. એ સઘળાંનું ચૂર્ણ દાડમનો રસ, મધ તથા જવના સાથુમાં મેળવીને પીવુ. એ ચૂર્ણ તર્પણ કરનારું છે. જે માણસોને વાત, પિત્ત અને કફના રોગ થયા હોય, જેમનો જઠરાગ્નિ મંદ હોય અને જે માણસો સુકુમાર હોય, તેમને આ ઉપદ્રવ વિનાનું વિરેચન છે, અર્થાત્ આ વિરેચનથી બીજો ઉપદ્રવ થતો નથી.

ગોળો, બરોળ, ઉદરરોગ, ઉધરસ, હલીમક, અરુચિ, કફના અને વાયુના રોગ માટે વિરેચન

विडङ्गतण्डुलवरायावशूककणास्त्रिवृत् ।
सर्वतोऽर्धेन तल्लीढं मध्वाज्येन गुडेन वा ॥ १५ ॥
गुल्मं प्लीहोदरं कासं हलीमकमरोचकम् ।
कफवातकृतांश्चान्यान् परिमार्ष्टि गदान् बहून् १६

વાવડિંગની દાળ (જેમ ધાણામાંથી ધાણાની દાળ કાઢે છે તેમ વાવડિંગમાંથી કાઢેલી દાળ), ત્રિફળા, જવખાર, પીપર, એ સર્વે સમાન લઈને તે સર્વથી અરધું નસોતર લેવું. પછી તે સર્વેનું ચૂર્ણ કરીને તેમાં મધ અને ઘી મેળવીને તે ચાટવુ અથવા તે ગોળમાં ખાવું. એ વિરેચનથી ગોળો, બરોળ, ઉધરસ, હલીમક, અરુચિ અને બીજા કફ તથા વાયુથી થયેલા અનેક રોગ મટે છે.

કુષ્ઠ, હરસ, કમળો, ગોળો, પ્રમેહ, ઉદરરોગ, ભગંદર, ગ્રહણી અને પાંડુ માટે વિરેચન કલ્યાણક ગુડ

विडङ्गपिप्पलीमूलत्रिफलाधान्यचित्रकान् ।
मरीचेन्द्रयवाजाजीपिप्पलीहस्तिपिप्पलीः ॥ १७ ॥
दीप्यकं पञ्चलवणं चूर्णितं कार्षिकं पृथक् ।
तिलतैलत्रिवृच्चूर्णभागौ चाष्टपलोन्मितौ ॥ १८ ॥
धात्रीफलरसप्रस्थांस्त्रीन् गुडार्धतुलान्वितान् ।
पक्त्वा मृद्वग्निना खादेत्ततो मात्रामयन्त्रणः ॥१९
कुष्ठार्शःकामलागुल्ममेहोदरभगन्दरान् ।
ग्रहणीपाण्डुरोगांश्च हन्ति पुंसवनश्च सः ॥ २० ॥
गुडः कल्याणको नाम सर्वेष्वृतुषु यौगिकः ।

વાવડિંગ, પીપરીમૂળ, ત્રિફળા, ધાણા, ચિત્રો, મરી, ઇંદ્રજવ, જીરું, પીપર, ગજપીપર, અજમોદ, પાચ લવણ, એ સર્વ એકએક તોલો લઈને તેનું ચૂર્ણ કરવું. પછી તલનું તેલ બત્રીસ તોલા લેવુ અને બત્રીસ તોલા નસોતરનું ચૂર્ણ લેવુ. આમળાંનો રસ એકસો બાણું તોલા લેવો. ગોળ બસો તોલા લેવો. એ સર્વને એકત્ર કરીને તેનો ધીમા તાપ ઉપર પાક કરવો. પછી તે પાક રોગીએ માપસર ખાવો. આ કલ્યાણક ગુડ ખાનારને કંઈ પરેજ પાળવી પડતી નથી. એ ખાવાથી ચામડીના રોગ, હરસ, કમળો, ગોળો, પ્રમેહ, ઉદરરોગ, ભગંદર, ગ્રહણીરોગ, પાંડુરોગ એ સર્વે મટે છે. વળી એ ઔષધ ખાવાથી પુત્ર થાય છે. આ ઔષધને કલ્યાણક ગુડ કહે છે. તે સર્વ ઋતુઓમાં આપી શકાય છે.

મૂત્રકૃચ્છ્ર, તાવ, ઊલટી, ઉધરસ, શોષ, ફેર, ક્ષય, દાહ, પાંડુ, મંદાગ્નિ, ઝેર તથા પિત્તના રોગ માટે સલામત વિરેચન

व्योषत्रिजातकाम्भोदकृमिघ्नामलकैस्त्रिवृत् ॥२१॥
सर्वैः समा समसिता क्षौद्रेण गुटिकाः कृताः ।
मूत्रकृच्छ्रज्वरच्छर्दिकासशोषभ्रमक्षये ॥ २२ ॥
तापे पाण्ड्वामयेऽल्पेऽग्नौ शस्ताः सर्वविषेषु च ।
अविपत्तिरयं योगः प्रशस्तः पित्तरोगिणाम् ॥२३

ત્રિકટુ (સૂંઠ, પીપર, મરી), ત્રિજાત (તજ, તમાલપત્ર, એલચી), મોથ, વાવડિંગ, આમળાં,

એ સર્વે સમાન લેવાં. તથા તે સર્વેની બરાબર નસોતર લેવું. નસોતરની બરાબર સાકર લેવી. એ સર્વને એકત્ર કરીને તેની મધ નાખી ગોળીઓ વાળવી. તે મૂત્રકૃચ્છ્ર, તાવ, ઊલટી, ખાંસી, શોષરોગ, ચક્કર–ફેર, ક્ષયરોગ, દાહ, પાંડુરોગ, મંદાગ્નિ અને સર્વે પ્રકારનાં વિષની પીડા, એ સર્વમાં સારી છે. આ નુકસાન ન કરે એવો યોગ છે. એ પિત્તરોગી માટે સારો છે.

વર્ષાઋતુનું વિરેચન

त्रिवृता कौटजं बीजं पिप्पली विश्वभेषजम् ।
क्षौद्रद्राक्षारसोपेतं वर्षाकाले विरेचनम् ॥२४॥

નસોતર, ઇંદ્રજવ, પીપર, સૂંઠ, એ ચાર ઔષધનું ચૂર્ણ મધ તથા કાળી દ્રાક્ષના રસમાં પીવાથી વર્ષાઋતુમાં સુખકર વિરેચન થાય છે.

શરદઋતુમાં વિરેચન

त्रिवृद्दुरालभामुस्तशर्करोदीच्यचन्दनम् ।
द्राक्षाम्बुना सयष्ट्याह्वसातलं जलदात्यये ॥२५॥

નસોતર, ધમાસો, મોથ, સાકર, વાળો, સુખડ, જેઠીમધ, સાથેર, એ ઔષધોનું ચૂર્ણ કાળી દ્રાક્ષના ક્વાથ સાથે પીવાથી શરદઋતુમાં સુખકર વિરેચન થાય છે.

હેમંતમાં વિરેચન

त्रिवृतां चित्रकं पाठामजाजीं सरलं वचाम् ।
स्वर्णक्षीरीं च हेमन्ते चूर्णमुष्णाम्बुना पिबेत् ॥२६

નસોતર, ચિત્રો, પહાડમૂળ, જીરું, સરલ દેવદાર, વજ અને દારૂડી, એ ઔષધોનું ચૂર્ણ કરીને હેમંતઋતુમાં જુલાબ લેવા માટે ગરમ પાણી સાથે પીવું.

ગ્રીષ્મમાં વિરેચન

त्रिवृता शर्करातुल्या ग्रीष्मकाले विरेचनम् ।

ગ્રીષ્મઋતુમાં નસોતર તથા તેની બરાબર સાકર મેળવીને તે ચૂર્ણ ખાવું. તે ગ્રીષ્મઋતુ માટે યોગ્ય વિરેચન છે.

સ્નેહન કરેલાને બધી ઋતુમાં આપવા યોગ્ય વિરેચન

त्रिवृत्त्रायन्तिहपुषासातलाकटुरोहिणीः ॥ २७॥
स्वर्णक्षीरीं च सञ्चूर्ण्य गोमूत्रे भावयेत्त्र्यहम् ।
एष सर्वर्तुको योगः स्निग्धानां मलदोषहृत् ॥२८॥

નસોતર, ત્રાયમાણ, પળાંસી, સાથેર, કડુ, દારુડિયાં, એ સર્વનું ચૂર્ણ કરીને તેને ગાયના મૂત્રમાં ત્રણ દિવસ સુધી પટ દેવા; એ ચૂર્ણ સ્નેહપાન કરાવીને સ્નિગ્ધ કરેલા માણસને સર્વે ઋતુમાં આપવાથી તે તેમના મળ અને દોષને બહાર કાઢે છે.

લૂખા શરીરવાળાને પણ આપવા યોગ્ય વિરેચન

श्यामात्रिवृद्दुरालम्भाहस्तिपिप्पलिवत्सकम् ।
नीलिनीकटुकामुस्ताश्रेष्ठायुक्तं सुचूर्णितम् ॥२९॥
रसाज्योष्णाम्बुभिः शस्तं रूक्षाणामपि सर्वदा ।

કાળું નસોતર, ધમાસો, ગજપીપર, કડાછાલ, ગળી, કડુ, મોથ, ત્રિફળા, એ સર્વેનું ભેગું ચૂર્ણ એકત્ર કરીને માંસરસ, ઘી અને ગરમ પાણી સાથે પાવાથી વિરેચન થાય છે. એ વિરેચન રૂક્ષ (લૂખા શરીરવાળા) માણસોને પણ સર્વકાળે શ્રેષ્ઠ છે.

इति त्रिवृच्छ्यामयोः कल्पः ।

अथ राजवृक्षकल्पः ।

ગરમાળાનો કલ્પ

(શ્લોક ૩૦થી ૩૭)

તાવ, હૃદયરોગ, પત, ઉદાવર્ત વગેરે રોગમાં ગરમાળો

ज्वरहृद्रोगवातासृगुदावर्तादिरोगिषु ॥ ३० ॥
राजवृक्षोऽधिकं पथ्यो मृदुर्मधुरशीतलः ।

તાવ, હૃદયનો રોગ, પત, ઉદાવર્ત વગેરે રોગમાં ગરમાળો ઘણો પથ્ય છે; કેમ કે તે મૃદુ, ગળ્યો અને ઠંડો છે.

બાળક, વૃદ્ધ, ઉરઃક્ષતરોગી અને સુકુમારને ગરમાળો

बाले वृद्धे क्षते क्षीणे सुकुमारे च मानवे ॥३१॥
योज्यो मृद्वनपायित्वाद्विशेषाच्चतुरङ्गुलः ।

બાળકને, વૃદ્ધને, ઉરઃક્ષતવાળાને અને સુકુમાર મનુષ્યને ગરમાળાનો જુલાબ આપવો, કેમ કે તે હળવો તથા અનપાયી (બીજો ઉપદ્રવ ન કરે એવો) છે.

ગરમાળાનું વિરેચન તૈયાર કરવાની રીત

फलकाले परिणतं फलं तस्य समाहरेत् ॥३२॥

तेषां गुणवतां भारं सिकतासु विनिक्षिपेत् ।
सप्तरात्रात्समुद्धृत्य शोषयेदातपे ततः ॥३३॥
ततो मज्जानमुद्धृत्य शुचौ पात्रे निधापयेत् ।

ગરમાળાના વૃક્ષને જ્યારે ફળ પાકવાનો સમય થાય, ત્યારે તેની શીંગોને પાકેલી જોઈને લાવવી. તેમાંથી સારીસારી શીંગોમાંથી આઠ હજાર તોલા જેટલી શીંગો લઈને તેને રેતીમાં દાબવી. સાત રાત સુધી તેમ રહેવા દીધા પછી તેને બહાર કાઢીને તેને તડકામાં સૂકવવી. પછી તેમાંથી તેનો ગર્ભ કાઢી લઈને એક સ્વચ્છ વાસણમાં તેને ભરી રાખવો.

ગરમાળાનું વિરેચન કોને કઈ રીતે આપવું ?

द्राक्षारसेन तं दद्याद्दाहोदावर्तपीडिते ॥ ३४ ॥
चतुर्वर्षे सुखं बाले यावद्द्वादशवार्षिके ।

એ ગરમાળાનો ગર્ભ બળતરા અને ઉદાવર્તવાળા રોગીને કાળી દ્રાક્ષના રસ સાથે આપવો. તે ચાર વર્ષના બાળકથી માંડીને બાર વર્ષ સુધીની ઉમ્મરના બાળકને આપવો; કેમ કે તેમને એ સુખરૂપ વિરેચન કરાવે છે.

चतुरङ्गुलमज्ज्ञो वा कषायं पाययेद्धिमम् ॥३५
दधिमण्डसुरामण्डधात्रीफलरसैः पृथक् ।
सौवीरकेण वा युक्तं कल्केन त्रैवृतेन वा ॥३६॥

અથવા ગરમાળાના ગર્ભનો હિમ લેવો. પછી તેને દહીંના પાણી સાથે અથવા સુરા નામે મદ્યના નિતરામણ સાથે, અથવા આમળાંના રસની સાથે અથવા સૌવીર નામે મદ્યની સાથે અથવા નસોતરના ચૂર્ણની સાથે મેળવીને પાવો.

दन्तीकषाये तन्मज्ज्ञो गुडं जीर्णं च निक्षिपेत् ।
तमरिष्टं स्थितं मासं पाययेत् पक्षमेव वा ॥३७॥

દંતીમૂળ(નેપાળાનાં મૂળ)ના ક્વાથમાં ગરમાળાનો ગર્ભ અને જૂનો ગોળ નાખવો. પછી તે સર્વને એક રીઢા વાસણમાં ભરીને વાસણનું મોં શીડી દઈને એક માસ કે એક પખવાડિયું રાખી મૂકવો. પછી તેને તે અરિષ્ટ પાવો; એથી વિરેચન થાય છે.

इति राजवृक्षकल्पः

अथ तिल्वककल्पः

લોધરનો કલ્પ

(શ્લોક ૩૭થી ૪૧)

લોધરનું ચૂર્ણ બનાવવાની અને પીવાની રીત

त्वचं तिल्वकमूलस्य
त्यक्त्वाऽऽभ्यन्तरवल्कलम् ।
विशोष्य चूर्णयित्वा च द्वौ भागौ गालयेत्ततः ॥३८
रोध्रस्यैव कषायेण तृतीयं तेन भावयेत् ।
कषाये दशमूलस्य तं भागं भावितं पुनः ॥३९॥
शुष्कं चूर्णं पुनः कृत्वा ततः पाणितलं पिबेत् ।
मस्तुमूत्रसुरामण्डकोलधात्रीफलाम्बुभिः ॥ ४० ॥

લોધરવૃક્ષના મૂળની ઉપરની જાડી છાલ કાઢી નાખીને અંદરની પાતળી કાગળ જેવી છાલ (અંતરછાલ) લેવી તથા તેને સૂકવવી અને સુકાયા પછી તેનું ચૂર્ણ કરવું. એ ચૂર્ણના ત્રણ ભાગ કરીને તેમાંથી બે ભાગ લોધરના ક્વાથ સાથે ગાળવા. તથા તે ગાળેલા ક્વાથ વડે ચૂર્ણનો જે ત્રીજો ભાગ રહ્યો હોય તેને પટ આપવા, ભાવના દેવી. તે સુકાયા પછી તે ચૂર્ણના દશમૂળના ક્વાથની ભાવના દેવી. પછી તે ચૂર્ણને સૂકવવું. સુકાયા પછી તેમાંથી એક તોલો લઈને દહીંનું નીતર્યું પાણી, ગાયનું મૂત્ર, સુરાનો મંડ અથવા બોરના કે આમળાંના સ્વરસમાં તે ચૂર્ણ પીવું. (ભાવના આપવાને જે ક્વાથ કરવો તેના ઔષધનું પ્રમાણ આગળ શિલાજતુ કલ્પ (ઉ. અ. ૩૯ શ્લોક ૧૩૪,૧૩૫) કહેવાશે તેમાં કહ્યા પ્રમાણે સમજવું. પણ અહીં એટલું કહેવું જરૂરનું છે કે, લોધરના મૂળની છાલનું ચૂર્ણ જેટલું હોય તેટલા લોધરનો ક્વાથ આઠગણા પાણીમાં કરીને ઉકાળતાં-ઉકાળતાં આઠમા ભાગનું પાણી બાકી રાખી તે વડે ભાવના દેવી. દશમૂળના ક્વાથની ભાવનાનું પ્રમાણ પણ એ જ રીતે સમજવું.)

લોધરનો લેહ

तिल्वकस्य कषायेण कल्केन च सशर्करः ।
सघृतः साधितो लेहः स च श्रेष्ठं विरेचनम् ॥४१

લોધરનો ક્વાથ કરીને તેમાં લોધરનો કલ્ક

નાખવો તથા તેમાં ઘી અને સાકર નાખવાં. પછી એ સર્વનો કડછીએ ચોંટે ત્યાં લગી પાક કરવો. એ અવલેહ ચાટવાથી ઉત્તમ વિરેચન થાય છે.

इति तिल्वकल्पः ।

अथ सुधाकल्पः ।

થોરનો કલ્પ

(શ્લોક ૪૧॥ થી ૪૮)

થોરનું વિરેચન કોને ન આપવું ? કારણ

सुधा भिनत्ति दोषाणां महान्तमपि सञ्चयम् ।
माश्वेव कष्टविभ्रंशान्नैव तां कल्पयेदतः ॥४२॥
मृद्वौ कोष्ठेऽबले बाले स्थविरे दीर्घरोगिणि ।

થોરનું (થોરના દૂધનું) વિરેચન આપવાથી દોષનો ઘણો સંચય હોય તોપણ તેને તત્કાળ તે તોડી નાખે છે, પણ તે જલદીથી નુકસાન (ઉપદ્રવ) કરે એવું છે; માટે જે રોગીનો કોઠો મૃદુ હોય, જે નિર્બળ હોય, જે બાળક હોય, જે વૃદ્ધ હોય અને જે લાંબા રોગવાળો હોય, તેને એ ઉપાય કરવો નહિ.

થોરનો પ્રયોગ કયા રોગ માટે કરવો ? કેવો થોર ઉત્તમ કહેવાય ?

कल्प्या गुल्मोदरगरत्वग्रोगमधुमेहिषु ॥ ४३ ॥
पाण्डौ दूषीविषे शोफे दोषविभ्रान्तचेतसि ।
सा श्रेष्ठा कण्टकैस्तीक्ष्णैर्बहुभिश्च समाचिता ॥४४

ગોળો, ઉદરરોગ, કૃત્રિમ વિષ, ચામડીના રોગ, મધુમેહ, પાંડુરોગ, દૂષીવિષ, સોજો, દોષ વડે થયેલો ચિત્તભ્રમ એ સર્વ રોગોમાં થોરને વિરેચન માટે વાપરવો. તે થોર જો અણીદાર ઘણા કાંટાકાંટાવાળો હોય તો તે ઉત્તમ સમજવો.

થોરનું વિરેચન બનાવવાની અને પીવાની રીત

द्विवर्षां वा त्रिवर्षां वा शिशिरान्ते विशेषतः ।
तां पाटयित्वा शस्त्रेण क्षीरमुद्धारयेत्ततः ॥४५॥
बिल्वादीनां बृहत्योर्वा क्वाथेन सममेकशः ।
मिश्रयित्वा सुधाक्षीरं
ततोऽङ्गारेषु शोषयेत् ॥ ४६ ॥
पिबेत् कृत्वा तु गुटिकां मस्तुमूत्रसुरादिभिः ।

જે થોરમાંથી વિરેચન બનાવવું હોય તે થોર બે વર્ષનો કે ત્રણ વર્ષનો (જૂનો) જોઈને ખાસ કરીને શિશિરઋતુમાં (પછી જરૂર પડે તો બીજી ઋતુમાં પણ) તેને શસ્ત્ર વડે ચીરવો અને તેમાંથી દૂધ કાઢવું. પછી તે દૂધને બિલ્વાદિ ગણ(બૃહત્ પંચમૂલ)નાં ઔષધોના ક્વાથ સાથે અથવા બન્ને ભોંરિંગણીઓના ક્વાથ સાથે–બેમાંથી એકના ક્વાથ સાથે મેળવીને તેને અંગારા પર પાણી અને દૂધ શોષાઈ જતાં સુધી રાખવું. પછી તે દૂધની ગોળી કરીને દહીંના નીતર્યા પાણી, ગોમૂત્ર કે સુરા વગેરે સાથે તે પીવી.

त्रिवृतादीन्नव वरां स्वर्णक्षीरीं ससातलाम् ॥४७॥
सप्ताहं स्नुक्पयःपीतान् रसेनाज्येन वा पिबेत् ।

રાતું નસોતર, કાળું નસોતર, ગરમાળો, લોધર, થોર, શંખવેલ, સાથેર, દંતીમૂળ, ઊંદરકની (એ નવ), ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), દારૂડી, સાતલા (એક જાતનો થોર), એ સર્વને સાત દહાડા સુધી થોરના દૂધમાં પલાળી રાખવાં. પછી તેને માંસરસ સાથે કે ઘી સાથે પીવું, એથી વિરેચન થાય છે.

(સાથેર=એક જાતનો થોર થાય છે, તેને ચાર ધારો હોય છે.)

तद्वद्व्योषोत्तमाकुम्भ-
निकुम्भाग्नीन् गुडाम्बुना ॥ ४८ ॥

તે જ પ્રમાણે સૂંઠ, પીપર, મરી, હરડે, બહેડાં, આમળાં, નસોતર, દંતીમૂળ અને ચિત્રો, એ ઔષધોને સાત દિવસ થોરના દૂધમાં પલાળી રાખીને તેને ગોળના પાણી સાથે પીવાથી વિરેચન થાય છે.

इति सुधाकल्पः ।

अथ शङ्खिनीसप्तलयोः कल्पः ।

શંખવેલનો અને સાથેરનો કલ્પ

(શ્લોક ૪૮॥ થી ૫૦॥)

બનાવવાની રીત: કયા રોગમાં કેવી રીતે આપવું ?

नातिशुष्कं फलं ग्राह्यं शङ्खिन्या निस्तुषीकृतम् ।
सप्तलायास्तथा मूलं ते तु तीक्ष्णविकाषिणी ॥४९॥

श्लेष्मामयोदरगरश्वयथ्वादिषु कल्पयेत् ।

બહુ સુકાઈ ગયેલાં નહિ એવાં શંખવેલનાં ફળ લઈને તેનાં છોડાં કાઢી નાખવાં તથા સાથેરનું મૂળ લેવું. એ બન્ને વસ્તુ તીક્ષ્ણ અને વિકાશી છે. એ ઔષધોને કફરોગમાં, ઉદરરોગમાં, કૃત્રિમ વિષરોગમાં, સોજામાં અને બીજા એવા રોગમાં આપવાં.

अक्षमात्रं तयोः पिण्डं मदिरालवणान्वितम् ॥५०
हृद्रोगे वातकफजे तद्वद्गुल्मेऽपि योजयेत् ।

ઉપર કહેલાં શંખિની અને સપ્તલા(=શંખવેલનાં ફળ અને સાથેરનું મૂળ)ની એક તોલાની ગોળી કરવી. એ ગોળી મદિરા અને લવણ સાથે વાયુ અને કફથી થયેલા હૃદયના રોગમાં ને ગોળાના રોગમાં આપવી.

इति शङ्खिनीसप्तलयोः कल्पः ।

अथ दन्तीद्रवन्त्योः कल्पः ।

નેપાળાનો અને ઉંદરકનીનો કલ્પ

(શ્લોક ૫૧ થી ૫૬ા)

કેવું મૂળ લેવું? એના ગુણ

दन्तिदन्तस्थिरं स्थूलं मूलं दन्तीद्रवन्तिजम् ॥५१
आताम्रश्यावतीक्ष्णोष्णमाशुकारि विकाशि च ।
गुरु प्रकोपि वातस्य पित्तश्लेष्मविलायनम् ॥५२॥

હાથીના દાંત જેવું સ્થિર અને જાડું નેપાળાનુ તથા મોટી ઉંદરકનીનુ મૂળ લેવુ. તે કાંઈક રાતું તથા કાળું હોય છે. તે તીક્ષ્ણ, ઉષ્ણ, તત્કાળ ફળ આપનારું અને વિકાશી છે. વળી તે વાયુને બહુ કોપાવનારું તથા પિત્ત અને કફનો નાશ કરનારું છે.

વિરેચન તૈયાર કરવાની રીત: એ કોને કઈ રીતે આપવું?

तत्क्षौद्रपिप्पलीलिप्तं स्वेद्यं मृद्दर्भवेष्टितम् ।
शोष्यं मन्दातपेऽग्न्यर्कौ
हतो ह्यस्य विकाशिताम् ॥५३॥
तत् पिबेन्मस्तुमदिरातक्रपीलुरसासवैः ।
अभिष्यण्णतनुर्गुल्मी प्रमेही जठरी गरी ॥५४॥
गोमृगाजरसैः पाण्डुः कृमिकोष्ठी भगन्दरी ।

નેપાળાના અને ઉંદરકનીના મૂળને આણીને તે ઉપર મધ તથા પીપરના ચૂર્ણનો લેપ કરવો. પછી તેને માટી અને દર્ભ વડે વીંટીને અગ્નિમાં ગરમ કરીને બાફવુ. પછી તેને આછા તડકામાં સૂકવવુ; કેમ કે એમ કરવાથી અગ્નિ અને સૂર્ય તેના વિકાશી ગુણનો નાશ કરે છે. એવી રીતે તૈયાર કરેલા નેપાળાના મૂળને અને ઉંદરકનીના મૂળને, જેનું શરીર અભિષ્યંદવાળું હોય, જે ગોળાના રોગવાળો હોય, પ્રમેહવાળો હોય, જઠરરોગવાળો હોય કે કૃત્રિમ ઝેરના રોગવાળો હોય, તેણે દહીંનું નીતર્યું પાણી, મદિરા, છાશ, પીલુડાનો રસ કે આસવ, એમાંથી ગમે તે એકની સાથે પીવુ. અને જે પાંડુરોગી હોય, જેના કોઠામાં કરમિયા હોય અને જેને ભગંદરનો રોગ થયો હોય તેણે ગાય, મૃગ(હરિણ) કે બકરાના માંસરસ સાથે એ મૂળ પીવુ.

નેપાળાથી અને ઉંદરકનીથી સિદ્ધ કરેલો કયો સ્નેહ કયા રોગમાં આપવો?

सिद्धं तत्क्वाथकल्काभ्यां दशमूलरसेन च ॥५५॥
विसर्पविद्रध्यलजीकक्षादाहान् जयेद्घृतम् ।
तैलं तु गुल्ममेहार्शोविबन्धकफमारुतान् ॥५६॥
महास्नेहः शकृच्छुक्रवातसङ्गानिलव्यथाः ।

નેપાળાના અને ઉંદરકનીના મૂળના કવાથ અને કલ્ક વડે તથા દશમૂળના કવાથ વડે સિદ્ધ કરેલું ઘી પીવાથી વિસર્પરોગ(રતવા), ગડ, અલજીરોગ અને બગલના ગૂમડામાં બળતરા થતી હોય તે રોગ મટે છે. એ જ ઔષધોથી તેલ સિદ્ધ કરીને પીવાથી ગોળો, પ્રમેહ, હરસ, બિબંધ, કફ અને વાયુ, એ રોગો મટે છે. જો ચારે સ્નેહ (ભેગા) તે ઔષધોથી સિદ્ધ કર્યા હોય તો તે પીવાથી ઝાડો, વીર્ય અને વાયુ એ ત્રણ ન નીકળવારૂપી રોગ મટે છે તથા વાયુની પીડાઓ મટે છે.

इति दन्तीद्रवन्त्योः कल्पः ।

વિરેચનનાં મુખ્ય ઔષધો

विरेचने मुख्यतमा नवैते त्रिवृतादयः ॥५७॥

રાતું નસોતર, કાળું નસોતર, ગરમાળો, લોધર, થોર, શંખવેલ, સાથેર, નેપાળાનુ મૂળ

અને ઉંદરકની, એ નવ ઔષધો વિરેચનમાં સર્વથી શ્રેષ્ઠ છે.

अथ हरीतकीकल्पः ।

હરડેનો વિરેચનકલ્પ

(શ્લોક ૫૭ાથી ૬૦ા)

हरीतकीमपि त्रिवृद्विधानेनोपकल्पयेत् ।

પાછળ જેમ નસોતરના વિરેચનની કલ્પના કહેલી છે, તે જ પ્રમાણે હરડેની પણ કલ્પના (બનાવટ) કરવી; તેથી વિરેચન થશે.

गुडस्याष्टपले पथ्याविंशतिः स्यात्पलं पलम् ॥५८
दन्तीचित्रकयोः कर्षौ पिप्पलीत्रिवृतोर्दश ।
प्रकल्प्य मोदकानेकं दशमे दशमेऽहनि ॥ ५९ ॥
उष्णाम्भोऽनुपिबेत्खादेत्
तान् सर्वान्विधिनाऽमुना ।
एते निष्परिहाराः स्युः सर्वव्याधिनिबर्हणाः ॥६०
विशेषाद्ग्रहणीपाण्डुकण्डूकोठार्शसां हिताः ।

इति हरीतकीकल्पः ।

બત્રીસ તોલા ગોળ લઈને તેમાં વીસ મોટી હરડેનું ચૂર્ણ નાખવું. દંતીમૂળ અને ચિત્રાનું મૂળ ચારચાર તોલા નાખવું. પીપર અને નસોતરનું ચૂર્ણ એકએક તોલો નાખવું. એ બધું મિશ્ર કરીને પછી તેની દસ ગોળીઓ વાળવી અને તેમાંથી એકએક ગોળી દસ દસ દહાડાને આંતરે ખાવી તથા તે ઉપર ગરમ પાણી પીવું. એ રીતે બધી ગોળીઓ ખાઈ જવી. એ ગોળીઓ ખાવામાં કંઈ પરેજ નથી. એ સર્વ પ્રકારના રોગોનો નાશ કરે છે, તથા ખાસ કરીને ગ્રહણીરોગ, પાંડુરોગ, ખણુજ, કોઢ-રોગ અને હરસ; એટલા રોગને મટાડે છે.

જુલાબની અસર ઓછી કે વધારે કરવાના ઉપાય

अल्पस्यापि महार्थत्वं प्रभूतस्याल्पकर्मताम् ॥६१
कुर्यात्संश्लेषविश्लेषकालसंस्कारयुक्तिभिः ॥६१३

કોઈ ઔષધ અલ્પ વીર્ય(કસ)વાળું હોય અથવા તેની માત્રા (માપ) અલ્પ હોય તો તેની સાથે કોઈ યોગ્ય હોય તેવા ઔષધનો યોગ કરીને (તેમાં બીજાં યોગ્ય ઔષધો મેળવીને) અથવા બપોર વગેરે સમયે તે આપીને, અથવા તેને યોગ્ય બીજા ગુણ ઉત્પન્ન કરનાર સંસ્કાર આપીને અથવા તે ઔષધ આપવાના પ્રકારમાં કાંઈ ફેરફાર કરીને, તે અલ્પવીર્ય કે અલ્પ-માત્રાવાળા ઔષધ વડે મોટો અર્થ સિદ્ધ કરવો. જેમ કે ઉપર કહ્યું તેમ હરડે અલ્પ વિરેચન કરનારી છે, છતાં તેમાં નસોતર, દંતીમૂળ વગેરે ઔષધ મેળવીને, તેને ગરમ પાણી સાથે આપીને, તેને બપોરે આપીને, તેને પીપર વગેરે તીવ્ર ઔષધોમાં મેળવીને તે આપવી. એમ કરવાથી હરડે મોટો અર્થ સિદ્ધ કરી શકે છે. તે જ પ્રમાણે કોઈ ઓષધ બહુ વીર્યવાળું હોય અથવા તેની માત્રા ઘણી હોય તો તેમાં બીજાં યોગ્ય અલ્પ ગુણ કરનારાં ઓષધો મેળવીને અથવા તેને પરોઢ વગેરે કાળમાં આપીને અથવા તેને મંદવીર્ય કરનારા સંસ્કાર આપીને અથવા તેને અલ્પ શક્તિવાળું કરે એવી રીતે (ઠંડું પાણી વગેરે સાથે) આપીને અલ્પશક્તિવાળું, અલ્પ કર્મ કરનારું કરવું.

વિરેચનનાં અનુપાન

त्वक्केसराम्रातकदाडिमैला-
सितोपलामाक्षिकमातुलुङ्गैः ।
मद्येन तैस्तैश्च मनोनुकूलै-
र्युक्तानि देयानि विरेचनानि ॥६२३॥

તજ, કેસર, આમચૂર, દાડમ, એલચી, સાકર, મધ, બિજોરું, દારૂ અને એવાં જ બીજાં મનને અનુકૂળ ઔષધોમાં મેળવીને વિરે-ચનનાં ઔષધ આપવાં; કેમ કે એમ કરવાથી વિરેચન જોઈએ તેવું લાગે છે.

इत्यष्टाङ्गहृदये पञ्चमे कल्पसिद्धिस्थाने विरेचनकल्पो नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩ જો-વમન અને વિરેચનનાં ઔષધ અશાસ્ત્રોક્ત રીતે આપવાથી થતા ઉપદ્રવોના ઉપાય

પ્રથમ વમનકલ્પ કહીને પછી વિરેચનકલ્પ કહેલો છે. હવે વમન અને વિરેચન અશાસ્ત્રોક્ત રીતે આપવાથી અયોગ, અતિયોગ કે મિથ્યાયોગ થાય તેથી બીજા કોઈ ઉપદ્રવ થાય, તેની ચિકિત્સા કહેવાનો આરંભ કરીને ગ્રંથકાર કહે છે કેઃ

अथातो वमनविरेचनव्याप-
त्सिद्धिं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

હવે અમે વમન અને વિરેચનથી થયેલી વ્યાપદ્‌ની ચિકિત્સા સમજાવીશું. એ બાબતમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છેઃ

વ્યાપદ્=અશાસ્ત્રોક્ત રીતે ક્રિયા કરવાથી થતા ઉપદ્રવો.

ઊલટીની દવા આપ્યા છતાં ઊલટી કોને ન થાય? કયા ઉપદ્રવ થાય? ઉપાય

वमनं मृदुकोष्ठेन क्षुद्वताऽल्पकफेन वा ।
अतितीक्ष्णहिमस्तोकमजीर्णे दुर्बलेन वा ॥ १ ॥
पीतं प्रयात्यधस्तस्मिन्निग्रहानिर्मलोदयः ।
वामयेत्तं पुनः स्निग्धं स्मरन् पूर्वमतिक्रमम् ॥२॥

જે માણસનો કોઠો મૃદુ (કોમળ) હોય, અથવા જે ભૂખ્યો હોય, અથવા જેના કોઠામાં કફ થોડો હોય, અથવા જેને અજીર્ણ થયું હોય, અથવા જે દુર્બળ હોય, એવા દરદીને આપેલું વમન ઔષધ અતિશય તીક્ષ્ણ હોય, અથવા અતિશય ઠંડું હોય અથવા અતિશય થોડું હોય, તો પીધેલું વમન ઔષધ કોઠામાં નીચે જતું રહે છે. એમ થવાથી વમન વડે જે દોષ કાઢવો હોય છે તે બહાર નીકળતો નથી અને ઊલટું, વમન વડે કાઢવાનો દોષ (એટલે કેવળ કફ અથવા બીજા દોષયુક્ત કફ) વૃદ્ધિ પામીને કોપે છે. માટે એવા રોગીને ફરીને સ્નેહપાન કરાવવું અને પાછું ફરીને વમન આપવું. ફરીને વમન આપતી વખતે વૈદ્યે પોતાની પહેલાંની ભૂલનું સ્મરણ કરતાં જવું કે આવા રોગીને આવી સ્થિતિમાં આવું ઔષધ મેં આપ્યું તેથી તેને વમન ન થતાં ઊલટી દોષની વૃદ્ધિ થઈ એ મારો અપરાધ છે. માટે ફરીને એવી ચૂક થવા દેવી નહિ.

રેચની દવા આપ્યા છતાં કોને રેચને બદલે ઊલટી થાય? ઉપાય

अजीर्णिनः श्लेष्मवतो व्रजत्यूर्ध्वं विरेचनम् ।
अतितीक्ष्णोष्णलवणमहृद्यमतिभूरि वा ॥ ३ ॥
तत्र पूर्वोदिता व्यापत्-
सिद्धिश्च, न तथाऽपि चेत् ।
आशये तिष्ठति ततस्तृतीयं नावचारयेत् ॥ ४ ॥
अन्यत्र सात्म्याद्धृद्याद्वा भेषजान्निरवायतः ।

અજીર્ણવાળાને અને કફવાળાને અતિશય તીક્ષ્ણ, અતિશય ગરમ, અતિશય ખારું, હૃદયને ગમે એવું ન હોય કે હૃદયને હિતકર ન હોય તેવું, અને અતિશય વિરેચન આપવામાં આવે તો એવું વિરેચન ઊંચે ચડે છે. અર્થાત્ અજીર્ણ વગેરેવાળા રોગીને તેવું (અતિતીક્ષ્ણ વગેરે) વિરેચન આપવાથી તે પેટમાં ન ટકતાં ઊલટીને માર્ગે બહાર નીકળી જાય છે. એમ થવાથી શોધન કરવાના દોષનું શોધન ન થવાથી ધારેલું કામ પાર પડતું નથી અને તે દોષ કોપે છે. એમ થાય ત્યારે તેનો ઉપચાર પણ પાછળ (શ્લોક ૨માં) વમનમાં કહ્યો છે તેવો જ કરવો; એટલે જે રોગીને વિરેચન આપ્યું હોય તેને તે ઔષધથી વિરેચન ન થતાં ઊલટી (વમન) થાય તો તેને ફરીને સ્નેહપાન કરાવીને સ્નિગ્ધ કરવો. અને પછી પૂર્વે વિરેચન આપવામાં જે ચૂક કરી હોય તેને સંભારીને (તેવી ચૂક ન થવા દઈને) ફરી વિરેચન આપવું. એમ કર્યા છતાં પણ જો કોઠામાં વિરેચન ઔષધ ટકે નહિ અને વમન થઈ જાય, તો તેને ત્રીજી વાર (ગરમાળો વગેરે) વિરેચન આપવું નહિ. પણ જો તે વિરેચન ઔષધ સાત્મ્ય (પ્રકૃતિને માફક આવે એવું), હૃદયને હિતકર અને નુકસાન ન કરે એવું હોય તો ત્રીજી વાર આપવાને હરકત નથી.

કેવા દરદીને કેવાં ઔષધ કયા ઉપદ્રવો કરે છે?

अस्निग्धास्विन्नदेहस्य पुराणं रूक्षमौषधम् ॥ ५ ॥
दोषानुत्क्लेश्य निर्हर्तुमशक्तं जनयेद्गदान् ।
विभ्रंशं श्वयथुं हिध्मां तमसो दर्शनं तृषम् ॥ ६
पिण्डीकोद्वेष्टनं कण्डूमूर्वोः सादं विवर्णताम् ।
स्निग्धस्विन्नस्य वाऽल्पं तु दीप्ताग्नेर्जीर्णमौषधम् ॥ ७ ॥
शीतैर्वा स्तब्धमामे वा समुत्क्लेश्याहरन्मलान् ।
तानेव जनयेद्रोगानयोगः सर्व एव सः ॥ ८ ॥

જે રોગીને સ્નેહપાન કરાવીને સ્નિગ્ધ કર્યો નથી, તેમ જેને શેક કરીને પરસેવો કાઢ્યો નથી, તેને ઘણા દિવસનું જૂનું અને રૂક્ષ(લૂખું) ઔષધ(વમનવિરેચનનું) આપવાથી તે ઔષધ પેટમાં ગયા પછી દોષને તેના સ્થાનમાંથી ચલિત કરે છે, પણ તે દોષને બહાર કાઢવા જેટલી શક્તિ તેનામાં ન હોવાથી વિભ્રંશ, સોજો, હિધ્મા(હેડકી), અંધારાં આવવાં, તરસ, પગની પિંડીઓમાં કળતર થવું, ખણુજ, સાથળ ગળી જવાં, શરીરનો રંગ ફટકી જાય, એ રોગ ઉત્પન્ન કરે છે. અને તે જ પ્રમાણે રોગીને સ્નિગ્ધ કર્યો હોય તથા શેક પણ કર્યો હોય છતાં પણ તેનો જઠરાગ્નિ પ્રદીપ્ત હોવાથી તેને એ ઔષધની અલ્પ માત્રા આપી હોય (ઔષધ આપવું જોઈએ તે કરતાં પ્રમાણમાં થોડું આપ્યું હોય) તો તે ઔષધ પચી જઈને ઉપર કહ્યા તેવા જ રોગ ઉત્પન્ન કરે છે. અથવા ઔષધ પીધા પછી શરીરની અંદર કે શરીરની ઉપર ઠંડા ઉપચાર થાય તો તે ઔષધ સ્તબ્ધ થઈને દોષને ચલિત કરે છે, પણ બહાર કાઢી શકતા નથી અને ઉપર કહ્યા એ જ રોગ ઉત્પન્ન કરે છે. તેમ જ આમને વિષે સ્તબ્ધ થઈને પણ તે ઔષધ એ જ રોગ કરે છે. આ બધા ઔષધના અયોગ જાણવા. અને એ અયોગ ઉપર કહેલા એવા ને એવા જ રોગ ઉત્પન્ન કરે છે. માટે વૈદ્યે વમનવિરેચનમાં ઔષધનો અયોગ કદી થવા દેવો નહિ.

વિભ્રંશ=(૧) અવળું પરિણામ લાવવાની શક્તિ, (૨) જે ઉદ્દેશથી કામ કર્યું હોય તે ઉદ્દેશ પાર ન પડવો.

શ્લોક ૫થી ૮વાળા ઉપદ્રવોના ઉપાય

तं तैललवणाभ्यक्तं स्विन्नं प्रस्तरसङ्करैः ।
निरूढं जाङ्गलरसैर्भोजयित्वाऽनुवासयेत् ॥ ९ ॥
फलमागधिकादारुसिद्धतैलेन मात्रया ।
स्निग्धं वातहरैः स्नेहैः पुनस्तीक्ष्णेन शोधयेत् १०

ઉપર કહ્યા તેવા ઔષધના અયોગથી જેના દોષ સ્થાનમાંથી ચલિત થયા હોય, તેને શરીરે પ્રથમ સિંધવ અને તેલ ચોળીને પ્રથમ સ્વેદવિધિમાં કહેલા 'પ્રસ્તર' અને સંકર (સૂ. ૧૭/૬, ૬૬) નામના સ્વેદ વડે શેક કરવો. પછી તેને નિરૂહબસ્તિ આપવી. તે પછી તેને જાંગલ દેશનાં પ્રાણીઓના માંસરસનું ભોજન કરાવવું. પછી તેને મીંઢળ, પીપર અને દેવદારથી સિદ્ધ કરેલા તેલની માત્રા વડે અનુવાસન બસ્તિ આપવી. તે પછી તેને વાયુને હરનારાં તેલ વડે સ્નિગ્ધ કરવો. અને તે પછી તેને તીક્ષ્ણ વિરેચન આપીને તેનું શોધન કરવું.

બહુ દોષવાળા, લૂખા, મંદ અગ્નિવાળા અને ઉદાવર્તવાળાને દવા થોડી પડવાથી થતો આધ્માન : ઉપાય

बहुदोषस्य रूक्षस्य मन्दाग्नेरल्पमौषधम् ।
सोदावर्तस्य चोत्क्लेश्य दोषान् मार्गान् निरुध्य तैः ॥
भृशमाध्मापयेन्नाभिं पृष्ठपार्श्वशिरोरुजम् ।
श्वासं विण्मूत्रवातानां सङ्गं कुर्याच्च दारुणम् ॥१२
अभ्यङ्गस्वेदवर्त्यादि सनिरूहानुवासनम् ।
उदावर्तहरं सर्वं कर्माध्मातस्य शस्यते ॥ १३ ॥

બહુ દોષવાળા, લૂખા શરીરવાળા, મંદ અગ્નિવાળા રોગીને અને ઉદાવર્ત રોગવાળાને (વમન કે વિરેચનનું) થોડું ઔષધ આપ્યું હોય, ત્યારે તે ઔષધ દોષને તેમના સ્થાનમાંથી ચલિત કરીને તે દોષ વડે દોષને જવાના માર્ગને રોકે છે અને તેથી નાભિને અતિશય ફુલાવે છે (આફરો આણે છે). તથા તે સાથે બરડો, પાસાં અને માથામાં પીડા ઉત્પન્ન કરે છે, હાંફ કરે છે અને ઝાડો, પેશાબ અને વાયુને ભયંકર રીતે રોકે છે. જ્યારે એ રીતે પેટ ચડે

અને ઉપર કહ્યા તેવા બીજા ઉપદ્રવ થાય, ત્યારે તેને શરીરે તેલ ચોળવું; ખંધારણ વગેરે બાંધીને પરસેવો કાઢવો; ગુદામાં વર્તિ(વાટ) મૂકવી; નિરૂહબસ્તિ અને અનુવાસનબસ્તિ આપવી; તથા ઉદાવર્તરોગને મટાડનારાં સઘળાં કર્મ કરવાં; કેમ કે આફરાવાળા રોગીને તે સર્વ કર્મ હિતકારક છે.

શૂળ, વિબંધ અને આનાહ મટાડવાનો ઉપાય

पञ्चमूलयवक्षारवचाभूतिकसैन्धवैः ।
यवागूः सुकृता शूलविबन्धानाहनाशनी ॥१४॥

પંચમૂળ, જવખાર, વજ, અજમો અને સિંધવ, એ ઔષધો વડે સારી રીતે સિદ્ધ કરેલી યવાગૂ રોગીને પાવાથી શૂળ, વિબંધ અને પેટ ચડ્યું હોય તે (આફરો), એ સર્વે મટે છે.

વિરેચનના અતિયોગના ઉપદ્રવો : ઉપાય

पिप्पलीदाडिमक्षारहिङ्गुशुण्ठ्यम्लवेतसान् ।
ससैन्धवान् पिबेन्मद्यैः
सर्पिषोष्णोदकेन वा ॥ १५ ॥
प्रवाहिकापरिस्राववेदनापरिकर्तने ।

જો વિરેચનના અતિયોગથી પ્રવાહિકા (મરડો) થઈ ગયો હોય કે ઝાડો બહુ જ વહેતો હોય, વેદના થતી હોય, ચૂંક કે આંકડી આવતી હોય, તો પીપર, દાડમ, જવખાર, હિંગ, સૂંઠ, અમ્લવેતસ અને સિંધવ, એ ઔષધોનું ચૂર્ણ દારૂ સાથે, ઘી સાથે કે ગરમ પાણી સાથે પીવું.

વમનવિરેચનથી આવતા વેગ રોકવાથી થતા ઉપદ્રવ : ઉપાય

पीतौषधस्य वेगानां निग्रहान्मारुतादयः ॥ १६ ॥
कुपिता हृदयं गत्वा घोरं कुर्वन्ति हृद्ग्रहम् ।
हिध्मापार्श्वरुजाकासदैन्यलालाक्षिविभ्रमैः ॥१७॥
जिह्वां खादति निःसंज्ञो दन्तान् कटकटाययन् ।

વમન કે વિરેચનનુ ઔષધ પીધા પછી વમન કે વિરેચન થવા માંડે તેના વેગ(હાજત)ને રોકવાથી વાયુ વગેરે દોષ કોપીને (હૃદયમાં) જાય છે અને ત્યાં જઈને ભયંકર રીતે હૃદયને જકડી રાખે છે તથા તેની સાથે હેડકી, પાસામાં પીડા, ખાંસી, દીનતા, મોઢામાંથી લાળ નીકળવી, આંખો ચકળવકળ થવી, એવા ઉપદ્રવ થાય છે. વળી તે માણસ બેભાન થઈને જીભ કરડે છે તથા દાંત કકડાવે છે.

न गच्छेद्विभ्रमं तत्र वामयेदाशु तं भिषक् ॥१८॥
मधुरैः पित्तमूर्च्छार्तं कटुभिः कफमूर्च्छितम् ।
पाचनीयैस्ततश्चास्य दोषशेषं विपाचयेत् ॥१९॥
कायाग्निं च बलं चास्य क्रमेणाभिप्रवर्धयेत् ।

રોગીની એવી અવસ્થા થાય ત્યારે વૈદ્યે કાંઈ પણ સંશય ન કરતાં તે રોગીને તત્કાળ ઊલટી કરાવવી. જો રોગીને પિત્તથી મૂર્છા (બેભાની) આવી હોય, એટલે તે મૂર્છામાં પિત્તનાં ચિહ્ન જણાતાં હોય તો તેને ગળ્યાં ઓષધથી ઊલટી કરાવવી, અને કફની મૂર્છા હોય તો તીખાં ઔષધથી ઊલટી કરાવવી. ઊલટી થયા પછી રોગીના જે દોષ બાકી રહ્યા હોય તેને પાચન ઔષધો આપીને પકવવા. અને પછી તેના શરીરનાં અગ્નિ અને બળ ક્રમસર વધારવાં.

અતિ વમનથી થતા હૃદયરોગનો ઉપાય

पवनेनातिवमतो हृदयं यस्य पीड्यते ॥ २० ॥
तस्मै स्निग्धाम्ललवणान्
दद्यात्पित्तकफेऽन्यथा ।

જે રોગીને બહુ ઊલટીઓ થવાથી વાયુને લીધે હૃદયમાં પીડા(દખાણ) થતી હોય તેને સ્નિગ્ધ, ખાટું અને ખારું ઔષધ આપવું; પિત્ત વડે હૃદયમાં પીડા થતી હોય તો ગળ્યું અને શીતળ ઔષધ આપવું; તથા કફ વડે પીડા થતી હોય તો ગરમ, લૂખું અને તીખું ઔષધ આપવું.

ઔષધના અતિયોગથી કોપેલા વાયુના ઉપદ્રવોનો ઉપાય

पीतौषधस्य वेगानां निग्रहेण कफेन वा ॥ २१ ॥
रुद्धोऽति वा विशुद्धस्य गृह्णात्यङ्गानि मारुतः ।
स्तम्भवेपथुनिस्तोदसादोद्वेष्टार्तिभेदनैः ॥ २२ ॥
तत्र वातहरं सर्वं स्नेहस्वेदादि शस्यते ।

ઔષધ પીધા પછી વમન કે વિરેચનના વેગને અટકાવવાથી, અથવા કફ વડે, અથવા અતિ શોધન થવાથી (વમન કે વિરેચન ઘણું થવાથી) વાયુ તે રોગીના શરીરમાં જડતા, કંપ, તોડ, અંગ ગળી જવાં, કળતર થવું,

પીડા થવી, ફાટ થવી, એ ઉપદ્રવો ઉત્પન્ન કરીને અંગોને જકડે છે. એમ થાય ત્યારે વાયુને મટાડે એવા સ્નેહ અને સ્વેદ(શેક)ની યોજના કરવી એ સારું છે.

ભૂખ્યાને અને મૃદુ કોઠવાળાને તીક્ષ્ણ વિરેચનથી થતા ઉપદ્રવો : ઉપાય

बहुतीक्ष्णं क्षुधार्तस्य मृदुकोष्ठस्य भेषजम् ॥२३॥
हृत्वाऽऽशु विट्पित्तकफान् धातूनास्रावयेद्द्रवान् ।
तत्रातियोगे मधुरैः शेषमौषधमुल्लिखेत् ॥ २४ ॥

ભૂખથી પીડાયેલા, મૃદુ(નરમ) કોઠાવાળા માણસને અતિશય તીક્ષ્ણ વિરેચન આપવાથી તે ઝાડાને મળ, પિત્ત તથા કફને જલદીથી બહાર કાઢી નાખીને પછી દ્રવ ધાતુઓને ગુદાવાટે વહેવડાવે છે. એવી રીતે વિરેચનનો અતિયોગ થાય, ત્યારે ગળ્યાં દ્રવ્યથી વમન આપીને કોઠામાં બાકી રહેલું વિરેચન દ્રવ્ય વમન દ્વારા બહાર કાઢી નાખવું.

દવાથી બહુ ઊલટી કે બહુ ઝાડા થઈ જાય તે મટાડવાના ઉપાય

योऽन्योऽति वमने रेको विरेके वमनं मृदु ।
परिषेकावगाहाद्यैः सुशीतैः स्तम्भयेच्च तम् ॥२५॥

જો ઊલટી અતિશય થાય તો વિરેચન આપવું અને જો વિરેચન વધારે થાય તો હલકું વમન આપવું, તેમ જ અત્યંત ઠંડું પાણી રેડવું, ઠંડા પાણીએ રોગીને સ્નાન કરાવવું વગેરે શીતળ ઉપચાર કરીને વિરેચન અટકાવવું.

अञ्जनं चन्दनोशीरमज्जासृक्शर्करोदकम् ।
लाजचूर्णैः पिबेन्मन्थमतियोगहरं परम् ॥ २६ ॥

રસવંતી, સુખડ, વીરણ વાળો, ખકરીનું લોહી, સાકર, પાણી અને ડાંગરની ધાણીનુ ચૂર્ણ, એ સર્વનો મંથ પીવો; કેમ કે એ વિરેચનનો અતિયોગ મટાડવામાં (બહુ જુલાબ થતા અટકાવવામાં) શ્રેષ્ઠ ઉપાય છે.

મંથ

सक्तवः सर्पिषाभ्यक्ताः शीतवारिपरिप्लुताः ।
नातिसान्द्रा न चात्यच्छा मन्थ इत्यभिधीयते ॥

સાથુને ઘીનું મોણ દઈને ઠંડા પાણીમાં પલાળવો. સાથુ પલાળ્યા પછી બહુ જાડો રગડો ન થઈ જાય કે બહુ પાતળું પણ ન રહે એટલું જ પાણી પહેલેથી સાથુ પલાળવા લેવું. આ બનાવટને મંથ કહે છે.

वमनस्यातियोगे तु शीताम्बुपरिषेचितः ।
पिबेत्फलरसैर्मन्थं सघृतक्षौद्रशर्करम् ॥ २७ ॥
सोद्गारायां भृशं छर्द्यां मूर्वाया धान्यमुस्तयोः ।
समधूकाञ्जनं चूर्णं लेहयेन्मधुसंयुतम् ॥ २८ ॥

વમન ઔષધને લીધે અતિશય વમન થાય ત્યારે રોગીને ઠંડું પાણી છાંટવું, તથા તેને કાળી દ્રાક્ષ વગેરે ફળના રસની સાથે ઘી, મધ અને સાકરયુક્ત મંથ પાવો. જો ઊબકાની સાથે બહુ ઊલટી થતી હોય તો મોરવેલ, ધાણા, મોથ, જેઠીમધ અને રસાંજન, એ ઔષધોનું ચૂર્ણ મધ સાથે મેળવીને ચટાડવું.

ઊલટીઓ થવાથી જીભ અંદર ખેંચાઈ જાય કે બહાર નીકળી આવે તેના ઉપાય

वमतोऽन्तः प्रविष्टायां जिह्वायां कवलग्रहाः ।
स्निग्धाम्ललवणा हृद्या यूषमांसरसा हिताः ॥२९
फलान्यम्लानि खादेयुस्तस्य चान्येऽग्रतो नराः ।
निःसृतां तु तिलद्राक्षाकल्कलिप्तां प्रवेशयेत् ॥३०॥

અતિ વમન થવાથી જીભ શરીરની અંદર જતી રહેલી હોય તો સ્નિગ્ધ(ચીકણા), ખાટા, ખારા અને હૃદયને ગમે કે ફાયદો કરે એવા યૂષ તથા માંસરસના કવલ (કોગળા) ભરાવવા. વળી તેની સામે બેસીને બીજા માણસોએ ખાટાં ફળ ખાવાં. એવા ઉપાયથી માંહ્ય જતી રહેલી જીભ બહાર આવશે. જો ઊલટી ઘણી થવાથી જીભ બહાર નીકળી આવી હોય તો તલ અને કાળી દ્રાક્ષના કલ્કનો તે ઉપર લેપ કરીને તેને પાછી મોંમાં ઘાલવી.

બહુ ઊલટીઓ થવાથી બોલાતું બંધ થઈ જાય વગેરે વાયુના રોગો માટે ઉપાય

वाग्ग्रहानिलरोगेषु घृतमांसोपसाधिताम् ।
यवागूं तनुकां दद्यात्स्नेहस्वेदौ च कालवित् ॥३१

અતિશય વમન થવાથી (વાયુ કોપી) બોલવાનું બંધ થઈ ગયું હોય વગેરે વાયુના રોગ થયા હોય તો કાળને જાણનારા વૈદ્યે ઋતુનો અને સમયનો વિચાર કરીને ઘી અને માંસથી

સિદ્ધ કરેલી પાતળી યવાગૂ રોગીને ખાવા (પીવા) આપવી, તથા રોગીને સ્નિગ્ધ કરીને તેને શેક કરવો.

અતિ વિરેચનથી ઝાડામાં લોહી પડ્યું છે કે પિત્ત, તેની પરીક્ષા

अतियोगाच्च भैषज्यं जीवं हरति शोणितम् ।
तज्जीवादानमित्युक्तमादत्ते जीवितं यतः ॥ ३२ ॥
शुने काकाय वा दद्यात्तेनान्नमसृजा सह ।
भुक्तेऽभुक्ते वदेज्जीवं पित्तं वा भेषजेरितम् ॥३३॥
शुक्लं वा भावितं वस्त्रमावानं कोष्णवारिणा ।
प्रक्षालितं विवर्णं स्यात्पित्ते शुद्धं तु शोणिते ॥३४

વિરેચનનો અતિયોગ થવાથી ઝાડા વાટે લોહી પડે છે, તેમાંથી જે લોહી રોગીનો જીવ લે છે તે લોહીને 'જીવાદાન' કહે છે; કેમ કે તે જીવ નામના લોહીનું હરણ કરે છે. હવે પિત્ત ને લોહીનાં ગંધ તથા રંગ સરખાં છે; માટે આ લોહી છે કે પિત્ત એની પરીક્ષા કરવી કઠણ પડે છે. માટે વિરેચનમાં પડેલા લોહી સાથે અન્ન મેળવીને કૂતરાને કે કાગડાને નાખવું. જો તે, તે અન્નને ખાઈ જાય તો જાણવું કે એ પિત્ત નથી પણ જીવ નામનું લોહી છે; પણ જો તે ખાય નહિ તો જાણવું કે તે જીવ નામનું લોહી નથી પણ પિત્ત છે; વળી ધોળા વસ્ત્રને વિરેચનના લોહીમાં બોળીને જરા સૂકવવું; જરા સુકાયા પછી તેને લગાર ગરમ (સશેકા) પાણીથી સારી રીતે ધોવું. જો ધોયા પછી વસ્ત્ર વિવર્ણ (વિચિત્ર રંગનું), થાય તો તે પિત્ત છે એમ જાણવું; અને તે હતું તેવું પાછું શુદ્ધ થાય તો તે જીવ નામનું લોહી જાણવું.

વિરેચનથી લોહી વહેતું હોય તેના ઉપાય

तृष्णामूर्च्छामदार्तस्य कुर्यादामरणात्क्रियाम् ।
रक्तपित्तातिसारघ्नीं तस्याशु प्राणरक्षणीम् ॥३५॥
मृगगोमहिषाजानां सद्यस्कं जीवतामसृक् ।
पिबेज्जीवाभिसन्धानं जीवं तद्ध्याशु गच्छति ॥३६
तदेव दर्भमृदितं रक्तं बस्तौ निषेचयेत् ।

અતિવિરેચનથી ઝાડા વાટે જીવ નામનુ લોહી પડતું હોય અને તેવો રોગી તરસ, મૂર્છા અને મદથી પીડાતો હોય તો રક્તાતિસાર કે પિત્તાતિસાર મટાડવા માટે જે ક્રિયા કરવામાં આવે છે તેવી, પ્રાણનું રક્ષણ કરનારી ક્રિયા મરતાં સુધી કરવી. (એ ઉપરથી સમજવું કે એવા રોગીની દશા મરણ તુલ્ય છે, એનો પ્રાણ જલદી જવાનો સંભવ છે. તથા સંશયમાં પણ ચિકિત્સા કરવી એમ પૂર્વે કહેલું છે.) વળી એવા રોગીનું લોહી વહી ગયું હોય છે માટે તેને જીવતા મૃગ (હરણ), ગાય (કે બળદ), પાડાનું કે બકરાનું તાજું લોહી પાવું; કેમ કે એ લોહી તત્કાળ જીવનો અભિસંધિ કરે છે, મનુષ્યના લોહી સાથે તે લોહી ભળી જઈને તેને જીવતો રાખે છે. વળી તે તાજા લોહીમાં કુમળા દર્ભના અંકુર ચોળી નાખીને તેને બસ્તિમાં નાખીને તેની નિરૂહબસ્તિ આપવી.

श्यामाकाश्मर्यमधुकदूर्वोशीरैः शृतं पयः ॥ ३७ ॥
घृतमण्डाञ्जनयुतं बस्तिं वा योजयेद्धिमम् ।
पिच्छाबस्तिं सुशीतं वा घृतमण्डानुवासनम् ॥३८

વળી તે રોગીને કાંગ, શીવણનાં ફળ, જેઠીમધ, ધરો, વીરણ વાળો, એ ઓષધો દૂધમાં નાખીને ઉકાળીને તે દૂધ ઠંડુ કરીને તેમાં ઘીનો ઉપલો ભાગ જે ઘૃતમંડ કહેવાય છે તે અને રસાંજન નાખવું. પછી તે વડે ઠંડી બસ્તિ આપવી અથવા પિચ્છાબસ્તિ આપવી, અથવા અત્યંત શીતળ એવા ઘૃતમંડ વડે અનુવાસન બસ્તિ આપવી.

પિચ્છાબસ્તિ=ચિ. અ. ૯, શ્લોક ૭૨થી ૭૬.

ઘૃતમંડ=ઘટ્ટ ઘીની ઉપર તરતું પ્રવાહી ઘી.

વિરેચનના અતિયોગથી નીકળેલી આમળનો ઉપાય

गुदं भ्रष्टं कषायैश्च स्तम्भयित्वा प्रवेशयेत् ।

જો વિરેચનના અતિયોગથી ગુદા (આમળ) બહાર નીકળી ગઈ હોય તો તુરા રસવાળાં દ્રવ્યના ક્વાથ વડે તેને સ્તંભન થતાં સુધી ધોઈને ગુદામાં પાછી મૂકવી.

વિરેચનના અતિયોગથી થયેલી બેભાનીનો ઉપાય

विसंज्ञं श्रावयेत्साममवेणुगीतादिनिस्वनम् ॥ ३९ ॥

જો વિરેચનના અતિયોગથી રોગી બેભાન

થઈ ગયો હોય તો તેને સામવેદનું ગાન સંભળાવવું તથા વાંસળી અને ગાન વગેરેનો સૂર સંભળાવવો.

इत्यष्टाङ्गहृदये पञ्चमे कल्पसिद्धिस्थाने वमनविरेचनव्यापत्सिद्धिर्नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪ થો—બસ્તિકલ્પ

अथातो बस्तिकल्पं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

(વમન અને વિરેચનની માફક બસ્તિ પણ દોષને બહાર કાઢે છે તેથી) હવે અમે બસ્તિકલ્પ સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

સાજા માણસને પ્રકૃતિ પ્રમાણે આપવા યોગ્ય બસ્તિ

बलां गुडूचीं त्रिफलां सरास्नां
द्विपञ्चमूलं च पलोन्मितानि ।
अष्टौ फलान्यर्धतुलां च मांसा-
च्छागात्पचेदप्सु चतुर्थशेषम् ॥ १ ॥
पूतो यवानीफलबिल्वकुष्ठ-
वचाशताह्वाघनपिप्पलीनाम् ।
कल्कैर्गुडक्षौद्रघृतैः सतैलै-
र्युक्तः सुखोष्णो लवणान्वितश्च ॥ २ ॥
बस्तिः परं सर्वगदप्रमाथी
स्वस्थे हितो जीवनबृंहणश्च ।
बस्तौ च यस्मिन् पठितो न कल्कः
सर्वत्र दद्यादमुमेव तत्र ॥ ३ ॥

ખળદાણા, ગળો, ત્રિફળા, રાસ્ના, દશમૂળ, એ પ્રત્યેક ઔષધ ચાર ચાર તોલા લેવું. આઠ મીંઢળ લેવાં (એટલે તે પણ આશરે ચાર તોલા થશે). બસો તોલા બકરાનું માંસ લેવું. પછી એ સર્વને ચોગણા પાણીમાં નાખીને ચતુર્થાંશ પાણી બાકી રહેતાં સુધી તેનો કવાથ કરવો. પછી એ કવાથને ગાળી લઈને તેમાં યવાની અજમો, મીંઢળ, બીલાં, ઉપલેટ, વજ, સુવા, મોથ અને પીપર, એ સર્વ સમાનભાગે લઈને તેનો આઠ તોલા કલ્ક તે કવાથમાં નાખવો. (કેમ કે સાજા માણસ માટે આઠ તોલા કલ્ક નાખવો એમ તંત્રકારનું વચન છે.) પછી જો વાતપ્રકૃતિવાળા માણસને બસ્તિ આપવાની હોય, તો તેમાં ઘી અને તેલ કવાથથી ચોથા ભાગનાં નાખવાં; જો સાજો માણસ પિત્તપ્રકૃતિવાળો હોય, તો છઠ્ઠા ભાગનાં નાખવાં; અને જો સાજો માણસ કફપ્રકૃતિવાળો હોય, તો આઠમા ભાગનાં નાખવાં. (કેમ કે વાયુના રોગમાં કવાથથી ચોથા ભાગનો, પિત્તમાં છઠ્ઠા ભાગનો અને કફમાં આઠમા ભાગનો સ્નેહ નાખવાનું કહેલું છે.) તે પછી કવાથ ઠંડો પડ્યા પછી તે કવાથમાં ગોળ, મધ અને સિંધવ નાખવાં. તેનું પ્રમાણ વૈદ્યે યુક્તિથી જાણી લેવું. એટલે કવાથ બહુ ખારો ન થાય, બહુ જાડો ન થાય અને બહુ પાતળો ન થાય, એ હિસાબે તે નાખવાં. પછી એ સર્વ એકત્ર કરીને તે કવાથ વડે લગાર લગાર ગરમ બસ્તિ આપવી. એ બસ્તિ સઘળા રોગનો નાશ કરનારી, સ્વસ્થ (નીરોગી) માણસને પણ હિતકર, જીવન આપનાર અને પુષ્ટિ કરનાર છે. બસ્તિના પ્રયોગમાં જ્યાં કયો કલ્ક નાખવો તે કહ્યું ન હોય અને ત્યાં કલ્કની જરૂર હોય તો, ત્યાં (સર્વત્ર) આ કલ્ક (ઉપર કહેલી યવાની અજમો વગેરે આઠ વસ્તુઓનો કલ્ક) વાપરવો.

વાયુના બધા રોગ મટાડે એવી નિરૂહબસ્તિ

द्विपञ्चमूलस्य रसोऽम्लयुक्तः
सच्छागमांसस्य सपूर्वपेष्यः ।
त्रिस्नेहयुक्तः प्रवरो निरूहः
सर्वानिलव्याधिहरः प्रदिष्टः ॥ ४ ॥

દશમૂળ તથા બકરાના માંસનો કવાથ કરીને તેમાં કાંજી વગેરે ખટાઈ નાખવી તથા તેમાં પૂર્વે શ્લોક ૨ માં કહેલો કલ્ક નાખીને તેમાં ઘી, વસા અને મજ્જા, એ ત્રણ સ્નેહ ભેળવવા. એ શ્રેષ્ઠ નિરૂહબસ્તિ વાયુના સર્વે રોગોને મટાડે છે એમ કહેલું છે.

દીપન, માંસ અને બળ વધારનાર તથા આંખની શક્તિ વધારનાર નિરૂહબસ્તિ

बलापटोलीलघुपञ्चमूल-
त्रायन्तिकैरण्डयवात्सुसिद्धात् ।

प्रस्थो रसाच्छागरसार्धयुक्तः
साध्यः पुनः प्रस्थसमः स यावत् ॥५॥
प्रियङ्गुकृष्णाघनकल्कयुक्तः
सतैलसर्पिर्मधुसैन्धवश्च ।
स्याद्दीपनो मांसबलप्रदश्च
चक्षुर्बलं चोपदधाति सद्यः ॥ ६ ॥

ખળદાણા, પટોળ, લઘુપંચમૂળ, ત્રાયમાણ, દિવેલાનું મૂળ અને ઇંદ્રજવ, એ ઔષધોનો ક્વાથ કરીને તેમાંથી ચોસઠ તોલા ક્વાથ જુદો લેવો. પછી બકરાના માંસનો રસ બત્રીસ તોલા લઈને તેમાં મેળવવો. પછી તે બંને અગ્નિ ઉપર ચડાવીને છન્નુ તોલામાંથી ચોસઠ તોલા જેટલુ રહે ત્યારે તેને નીચે ઉતારીને તેમાં પ્રિયંગુ (કાગ), પીપર અને મોથનો કલ્ક ભેળવવો. તથા તેમા તેલ, ઘી, મધ અને સિંધવ મેળવવા. એ સર્વને એકત્ર કરીને તેની નિરૂહબસ્તિ આપવાથી તે જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, માંસ વધારે છે, બળ આપે છે અને આંખને તત્કાળ બળ આપે છે.

શૂળ, ભાર, વિબંધ, ગોળો પથરી, વધરાવળ, ગ્રહણી, હરસ અને કફવાતના રોગો માટે દીપન અને લેખન બસ્તિ

एरण्डमूलात्त्रिपलं पलाशा-
त्तथा पलांशं लघुपञ्चमूलम् ।
रास्नाबलाछिन्नरुहाश्वगन्धा-
पुनर्नवारग्वधदेवदारु ॥ ७ ॥
फलानि चाष्टौ सलिलाढकाभ्यां
विपाचयेदष्टमशेषिते ऽस्मिन् ।
वचाशताह्वाहपुषाप्रियङ्गु
यष्टीकणावत्सकबीजमुस्तम् ॥ ८ ॥
दद्यात्सुपिष्टं सहताक्ष्यशैल
मक्षप्रमाणं लवणांशयुक्तम् ।
समाक्षिकस्तैलयुतः समूत्रो
बस्तिर्जयेल्लेखनदीपनोऽसौ ॥ ९ ॥
जङ्घोरुपादत्रिकपृष्ठकोष्ठ-
हृद्गुह्यशूलं गुरुतां विबन्धम् ।
गुल्माश्मवर्ध्मग्रहणीगुदोत्थां-
स्तांस्तांश्च रोगान् कफवातजातान् ॥१०॥

દિવેલા(એરંડા)નુ મૂળ બાર તોલા લેવુ. તેમ જ ખાખરો પણ બાર તોલા લેવો. લઘુ પંચમૂળ ચાર તોલા લેવાં, તેમ જ રાસ્ના ખળદાણા, ગળો, આસંધ, સાટોડી, ગરમાળો દેવદાર, એ ઔષધ પણ ચાર ચાર તોલા લેવા મીંઢળ નંગ આઠ લેવાં. એ સર્વને પાચસે બાર (૫૧૨) તોલા પાણીમા ઉકાળવા અને આઠમે ભાગે પાણી બાકી રહે, ત્યારે તેને નીચે ઉતારી ગાળી લેવુ. પછી તેમા વજ, સુવા પળાસી, કાગ, જેઠીમધ, પીપર, ઇંદ્રજવ, મોથ અને રસાંજન એ સર્વને સારી રીતે વાટીને એક એક તોલો નાખવુ. તથા સિંધવ પા(૦ા તોલો નાખવો. પછી તેમા મધ, તેલ અને ગોમૂત્ર નાખીને તેની બસ્તિ આપવી. આ બસ્તિ લેખન અને દીપન છે. એ બસ્તિ આપવાથી જઘા, સાથળ, ત્રિક, પીઠ, કોઠો(પેટ), હૃદય અને ગુહ્યસ્થાન, એ જગ્યાનુ શૂળ મટે છે, શરીરનુ ભારેપણુ અને ઝાડા વગેરેનો વિબંધ મટે છે. વળી તે ગોળો, પથરીનો રોગ, વધરાવળનો રોગ, ગ્રહણીરોગ, હરસ અને બીજા કફવાતથી થયેલા અનેક રોગોને મટાડે છે.

પિત્તરોગ ઉપર બસ્તિ

यष्ट्याह्वरोध्राभयचन्दनैश्च
शृतं पयोऽग्र्यं कमलोत्पलैश्च ।
सशर्कराक्षौद्रघृतं सुशीतं
पित्तामयान् हन्ति सजीवनीयम् ॥११॥

જેઠીમધ, લોધર, સુગંધિ વાળો, સુખડ અને કમળ તથા કાળા કમળ, એ સર્વ વડે ઉકાળેલા ગાયના દૂધને ઠંડુ પડવા દઈ તેમા જીવનીય ગણ(સૂ. અ. ૧૫ શ્લોક ૮)ના ઔષધોનો કલ્ક નાખીને તેમા સાકર, મધ અને ઘી નાખવુ. પછી તેને સારી પેઠે ઠંડુ થવા દઈને તેની બસ્તિ આપવી. એ બસ્તિ પિત્તના સઘળા રોગને હણે છે.

દાહ, અતિસાર, લોહીવા, રક્તપિત્ત, હૃદયરોગ, પાંડુ, વિષમજ્વર, ગોળો, મૂત્રકૃચ્છ્ર, કમળો અને બધા પિત્તના રોગો માટે બસ્તિ

रास्नां वृषं लोहितिकामनन्तां
बलां कनीयस्तृणपञ्चमूल्यौ ।

गोपाङ्गनाचन्दनपद्मकर्द्धि-
यष्ट्याह्वरोध्राणि पलार्धकानि ॥१२॥
निःक्वाथ्य तोयेन रसेन तेन
शृतं पयोऽर्धाढकमम्बुहीनम् ।
जीवन्तिमेदर्द्धिवरीविदारी-
वीराद्विकाकोलिकसेरुकाभिः ॥ १३ ॥
सितोपलाजीवकपद्मरेणु-
प्रपौण्डरीकोत्पलपुण्डरीकैः ।
रोध्रात्मगुप्तामधुयष्टिकाभि-
र्नागाह्वमुञ्जातकचन्दनैश्च ॥ १४ ॥
पिष्टैर्घृतक्षौद्रयुतैर्निरूहं
ससैन्धवं शीतलमेव दद्यात् ।
प्रत्यागते धन्वरसेन शालीन्
क्षीरेण वाऽद्यात्परिषिक्तगात्रः ॥ १५ ॥
दाहातिसारप्रदरास्रपित्त-
हृत्पाण्डुरोगान् विषमज्वरं च ।
सगुल्ममूत्रग्रहकामलादीन्
सर्वामयान् पित्तकृतान्निहन्ति ॥१६॥

રાસ્ના, અરડૂસી, મજીઠ, ધમાસો, ખળ-દાણા, લઘુપંચમૂળ, તૃણ પંચમૂળ, સારિવા, સુખડ, પદ્મકાષ્ઠ, ઋદ્ધિ નામે આષધિ, જેઠીમધ, લોધર, એ પ્રત્યેક બે બે તોલા લેવાં. એ સર્વનો પાણીમાં ક્વાથ કરીને તે ક્વાથમાં એકસો અઠ્ઠાવીશ (૧૨૮) તોલા દૂધ નાખવું અને ઉકાળવું. જ્યારે ફક્ત દૂધ બધું બાકી રહે ત્યારે તેમાં, ડોડી, મેદા, ઋદ્ધિ, શતાવરી, વિદારીકંદ, મહાશતાવરી, કાકોલી, ક્ષીરકાકોલી, કસેલા, સાકર, જીવક, કમળ, રેણુકબીજ, સ્થળકમળ, કાળું કમળ, ધોળું કમળ, લોધર, કૌચાં, જેઠીમધ, નાગકેસર, મુંજ, સુખડ, એ સર્વને બારીક વાટીને તેનો કલ્ક કરીને નાખવો. પછી તેમાં ઘી અને મધ નાખીને તેમાં સિંધવ નાખવો. એ નિરૂહ સારી પેઠે ઠંડો થવા દઈને આપવો. જ્યારે તે નિરૂહ પાછો નીકળે ત્યારે બસ્તિ લેનારે સ્નાન કરીને અથવા શરીર ઉપર પાણી રેડીને જંગલ પ્રાણીઓના માંસરસ સાથે શાલિ ડાંગરના ચોખાનો ભાત ખાવો, અથવા માફક આવતું હોય તો દૂધ સાથે ભાત ખાવો, એ નિરૂહથી બળતરા, અતિસાર, લોહીવા, રક્તપિત્ત, હૃદયના રોગ, પાંડુરોગ, વિષમજ્વર, ગોળો, મૂત્ર પકડાઈ જાય તે રોગ, કમળો અને બીજા પિત્તથી થયેલા સર્વે રોગોનો નાશ થાય છે.

કફના રોગો, મંદ અગ્નિ, ખાવા ઉપર અભાવ–એ રોગો માટે બસ્તિ

कोशातकारग्वधदेवदारु-
मूर्वाश्वदंष्ट्राकुटजार्कपाठाः ।
पक्त्वा कुलत्थान् बृहतीं च तोये
रसस्य तस्य प्रसृता दश स्युः ॥ १७ ॥
तान् सर्षपैलामदनैः सकुष्ठै-
रक्षप्रमाणैः प्रसृतैश्च युक्तान् ।
क्षौद्रस्य तैलस्य फलाह्वयस्य
क्षारस्य तैलस्य च सार्षपस्य ॥ १८ ॥
दद्यान्निरूहं कफरोगिताय
मन्दाग्नये चाशनविद्विषे च ।

કોશાતક (કડવું દોડકું), ગરમાળો, દેવદાર, મોરવેલ, ગોખરુ, ઇંદ્રજવ, આકડાનું મૂળ, પહાડમૂળ, કળથી, રીંગણી, એ સર્વનો પાણીમાં ક્વાથ કરવો. પછી તે ક્વાથમાંથી એંશી તોલા જેટલો ક્વાથ લેવો. પછી તેમાં સરસવ, એલચી, મીંઢળ અને ઉપલેટનો કલ્ક એક એક તોલો નાખવો; અને મધ, ફલતેલ (મીંઢળના કલ્ક અને ખટાઈથી સિદ્ધ કરેલું તેલ), જવખાર અને સરસિયું એ સર્વે આઠ આઠ તોલા નાખવાં. પછી એ એકત્ર કરેલી નિરૂહબસ્તિ કફરોગવાળાને, મંદ અગ્નિવાળાને અને ભોજનનો જેને દ્વેષ(સૂગ) થતો હોય (અન્ન ખાવું ન ભાવતું હોય) તેને આપવી. (ઉપર કોશાતક વગેરેનું માપ કહ્યું નથી, છતાં સામાન્ય પરિભાષા પ્રમાણે તેના માપની કલ્પના કરવી. એટલે દ્રવ્યો કરતાં સોળગણું પાણી મૂકીને તે ચોથા ભાગનું રહે ત્યાં સુધી ક્વાથ કરવો. હવે ક્વાથ એંશી તોલા જોઈએ છીએ માટે પાણી ત્રણસો ચોવીસ તોલા મૂકવું. અને ઔષધો પાણીથી સોળમે ભાગે એટલે વીસ તોલા લેવાં. પણ બધાં મળીને ઔષધો દસ છે, માટે પ્રત્યેક ઔષધ બે બે તોલા લેવું એમ સમજાય છે.)

સુકુમારને યોગ્ય પ્રસૃત(સુકુમાર) નિરૂહબસ્તિઓ

(શ્લોક ૧૯થી ૨૫ાા)

वक्ष्ये मृदून् स्नेहकृतो निरूहान्
सुखोचितानां प्रसृतैः पृथक् तु ॥ १९ ॥

હવે હું સુખને યોગ્ય એવા સુકુમાર માણસોને માટે સ્નેહથી સિદ્ધ કરેલા કોમળ નિરૂહ જુદા કહીશ. તે સર્વે પ્રસૃત (આઠ તોલા) વજનને એકમ (યુનિટ) તરીકે લઈને બનાવાય છે.

अथेमान् सुकुमाराणां
निरूहान् स्नेहनान् मृदून् ।
कर्मणा विप्लुतानां च वक्ष्यामि प्रसृतैः पृथक् ॥२०

હવે પછી હું જે નિરૂહ કહું છું તે સુકુમાર (સુંવાળા, સુખી) અને કામકાજ કરીને થાકી ગયેલા માણસોને યોગ્ય કહું છું; કેમ કે તે નિરૂહ સ્નેહન કર્મ કરવામાં સમર્થ અને કોમળ છે તથા આઠ તોલાને એકમ તરીકે લઈને લીધેલાં દ્રવ્યોથી એ જુદાજુદા બનાવેલા છે.

વાયુ મટે એવી સુકુમાર બસ્તિઓ

क्षीराद् द्वौ प्रसृतौ कार्यौ मधुतैलघृतात्रयः ।
खजेन मथितो बस्तिर्वातघ्नो बलवर्णकृत् ।२१॥

દૂધ સોળ તોલા લેવું, મધ, તેલ અને ઘી મળીને ચોવીસ તોલા લેવું, પછી એ સર્વેને લાકડાના ચાટવા વડે હલાવીને એકત્ર કરવું. એ બસ્તિ વાયુને હણે છે તથા બળ અને કાંતિ આપે છે.

एकैकः प्रसृतस्तैलप्रसन्नाक्षौद्रसर्पिषाम् ।
बिल्वादिमूलक्वाथाद् द्वौ कौल-
त्थाद् द्वौ स वातजित् ॥ २२ ॥

તેલ, પ્રસન્ના નામે દારૂ, મધ અને ઘી, એ પ્રત્યેક આઠ આઠ તોલા લેવું; બીલી વગેરે પંચમૂળ (બીલી, અરણી, અલવો(અરડૂસો), પાડળ, કાશ્મરી)નો ક્વાથ સોળ તોલા લેવો; અને કળથીનો ક્વાથ સોળ તોલા લેવો. એ બધાની ભેગી બસ્તિ વાયુને હણે છે.

અભિષ્યંદ, કરમિયા, કુષ્ઠ અને પ્રમેહ માટે સુકુમાર પંચતિક્ત બસ્તિ

पटोलनिम्बभूतीकरास्नासप्तच्छदाम्भसः ।
प्रसृतः पृथगाज्याच्च बस्तिः सर्षपकल्कवान् ॥२३
स पञ्चतिक्तोऽभिष्यन्दकृमिकुष्ठप्रमेहहा ।

પટોળ, લીમડો, કરિયાતું, રાસ્ના, સાતવીણ એ પાંચ કડવાં ઔષધોનો જુદો જુદો ક્વાથ આઠ આઠ તોલા લેવો. અને તે સર્વેને એકત્ર કરીને તેમાં ઘી આઠ તોલા નાખવું. એ સર્વમાં સરસવનો કલ્ક નાખવો. એ બસ્તિને પંચતિક્તબસ્તિ કહે છે. તે બસ્તિ અભિષ્યંદ, કરમિયા, ચામડીના રોગ અને પ્રમેહને હણે છે.

ઝાડો ન ઊતરતો હોય તેને માટે તથા આનાહ માટે સુકુમાર બસ્તિ

चत्वारस्तैलगोमूत्रदधिमण्डाम्लकाञ्जिकात् ॥२४॥
प्रसृताः सर्षपैः पिष्टैर्विट्सङ्गानाहभेदनः ।

તેલ, ગાયનું મૂત્ર, દહીંનું નીતર્યું પાણી અને ખાટી કાંજી, એ ચારમાંથી દરેક આઠ આઠ તોલા લેવું. તથા તેમાં સરસવ વાટીને તેનો કલ્ક નાખવો. એ બસ્તિ ઝાડાનો મળ બાઝી ગયો હોય તેને ભેદે છે તથા આનાહ રોગને મટાડે છે.

વિષયશક્તિ વધારે એવી સુકુમાર બસ્તિ

पयस्येक्षुस्थिरारास्नाविदारीक्षौद्रसर्पिषाम् ॥२५॥
एकैकः प्रसृतो बस्तिः कृष्णाकल्को वृषत्वकृत् ।

ક્ષીરકાકોલી, શેરડી, શાલિપર્ણી, રાસ્ના, વિદારીકંદ, મધ અને ઘી, એ પ્રત્યેક ઔષધ આઠ આઠ તોલા લઈને તેમાં પીપરનો કલ્ક નાખીને બસ્તિ આપવી. એ બસ્તિ વીર્ય ઉત્પન્ન કરે છે (વિષયશક્તિ વધારે છે).

સિદ્ધ બસ્તિઓ

(શ્લોક ૨૬થી ૫૨ાા)

सिद्धबस्तीनतो वक्ष्ये सर्वदा यान् प्रयोजयेत् ॥२६
निर्व्यापदो बहुफलान् बलपुष्टिकरान् सुखान् ।

ઉપર પ્રમાણે પ્રસૃત(સુકુમાર)બસ્તિ કહી રહ્યા પછી હવે હું સિદ્ધ બસ્તિઓનો કલ્પ કહું છું. એ સિદ્ધબસ્તિઓ વ્યાપદ(નુકસાન)-રહિત છે, બહુ ફળ આપનારી છે, બળ અને પુષ્ટિ આપનારી છે તથા સુખ ઉત્પન્ન કરે એવી છે; માટે તે સર્વદા લેવા યોગ્ય છે.

પ્રમેહ, હરસ, કરમિયા, ગોળો અને સારણગાંઠ માટે રસાયન માધુતૈલિક સિદ્ધ બસ્તિ

मधुतैले समे कर्षं सैन्धवाद्‌द्विपिचुर्मिसिः ॥२७
एरण्डमूलक्वाथेन निरूहो माधुतैलिकः ।
रसायनं प्रमेहार्शःक्रमिगुल्मान्त्रवृद्धिनुत् ॥ २८ ॥

મધ અને તેલ સમાન એક એક તોલો લેવા, સિંધવ એક તોલો લેવો, સુવા બે તોલા લેવા. એ સર્વને એરંડાના મૂળના કવાથ સાથે મેળવીને તેની નિરૂહબસ્તિ આપવી. આ બસ્તિમા મધ અને તેલ મુખ્ય છે, માટે આ બસ્તિ માધુતૈલિક કહેવાય છે આ નિરૂહ રસાયન છે અને તે પ્રમેહ, હરસ, કરમિયા, ગોળો અને સારણગાંઠ એ રોગોનો નાશ કરે છે.

આંખ અને રક્તપિત્ત માટે સિદ્ધ બસ્તિ

सयष्टिमधुकश्चैव चक्षुष्यो रक्तपित्तजित् ।

એ બસ્તિમા (ઉપર જે માધુતૈલિક બસ્તિ કહી તેમા) જેઠીમધ મેળવીને બસ્તિ આપવાથી તે આંખને બળ આપે છે તથા રક્તપિત્તને મટાડે છે.

યાપન બસ્તિ

यापनो घनकल्केन मधुतैलरसाज्यवान् ॥ २९ ॥
पायुजानूरुवृषणबस्तिमेहनशूलजित् ।

મોથના કલ્ક સાથે મધ, તેલ, માંસરસ અને ઘી એ ચારની બસ્તિ આપવાથી ગુદા, ઢીંચણ, સાથળ, વૃષણ, મૂત્રાશય અને મૂત્રેંદ્રિય એ અવયવોમા માગતા સણકા મટે છે. (તે બસ્તિ પ્રાણ ધારણ કરે છે, માટે તે યાપન બસ્તિ કહેવાય છે.)

प्रसृतांशैर्घृतक्षौद्रवसातैलैः प्रकल्पयेत् ॥ ३० ॥
यापनं सैन्धवार्धाक्षहपुषार्धपलान्वितम् ।

ઘી, મધ, વસા અને તેલ, એ પ્રત્યેક આઠ-આઠ તોલા લઈને તેમા અડધો તોલો સિંધવ તથા બે તોલા પળાસી મેળવી યાપન નિરૂહ બસ્તિ બનાવવી.

યુક્તરથ બસ્તિ

एरण्डमूलनिःक्वाथो मधुतैलं ससैन्धवम् ॥ ३१ ॥
एष युक्तरथो बस्तिः सवचापिप्पलीफलः ।

એરંડાના મૂળના કવાથમાં મધ, તેલ અને સિંધવ નાખવા. તથા તેમા વજ, પીપર અને મીંઢળનો કલ્ક નાખવો. એ બસ્તિને યુક્તરથ બસ્તિ કહે છે, કેમ કે રથને ઘોડા કે હાથી જોડેલા હોય તેમને પણ એ બસ્તિ આપવાનો નિષેધ નથી, માટે એ બસ્તિને યુક્તરથ કહે છે, અર્થાત્ ગમે તે અવસ્થામા એ બસ્તિ આપવાનો બાધ નથી.

દોષહર બસ્તિ

स क्वाथो मधुषड्ग्रन्था-
शताह्वाहिङ्गुसैन्धवम् ॥ ३२ ॥
सुरदारु च रास्ना च बस्तिर्दोषहरः शिवः ।

પાછળ કહેલા એરંડાના મૂળના કવાથમા મધ, ઘોળી વજ, સુવા, હિંગ, સિંધવ, દેવદાર, વજ અને રાસ્ના, એ સર્વના કલ્ક મેળવીને બસ્તિ આપવી, કેમ કે તે દોષને કાઢવા માટે ઉત્તમ બસ્તિ છે.

દોષહર સિદ્ધ બસ્તિ

पञ्चमूलस्य निःक्वाथस्तैलं मागधिका मधु ॥३३
ससैन्धवः समधुकः सिद्धबस्तिरिति स्मृतः ।

પંચમૂળના કવાથમા તેલ, પીપર, મધ, સિંધવ અને જેઠીમધ મેળવવું. એને સિદ્ધ બસ્તિ કહે છે.

કફના રોગ, પાંડુ, કોગળિયું, વીર્યના અને વાયુના રોગ, વિબંધ અને મૂત્રાશયના આટોપ માટે ગોમૂત્ર બસ્તિ

द्विपञ्चमूलत्रिफलाफलबिल्वानि पाचयेत् ॥३४॥
गोमूत्रे, तेन पिष्टैश्च पाठावत्सकतोयदैः ।
सफलैः क्षौद्रतैलाभ्यां क्षारेण लवणेन च ॥ ३५
युक्तो बस्तिः कफव्याधिपाण्डुरोगविषूचिषु ।
शुक्रानिलविबन्धेषु बस्त्याटोपे च पूजितः ॥३६॥

બન્ને પંચમૂળ (દશમૂળ), ત્રિફલા, મીંઢળ, બીલા, એ સર્વનો ગાયના મૂત્રમા કવાથ કરવો, પછી તેમા પહાડમૂળ, કડાછાલ, મોથ અને મીંઢળ એ સર્વનો કલ્ક નાખવો. પછી તેમા મધ અને તેલ તથા જવખાર અને સિંધવ નાખવા. એ પ્રમાણે કરેલી બસ્તિ આપવાથી કફના રોગ, પાંડુરોગ, કોગળિયુ (કોલેરા),

વીર્યરોગ, વાયુરોગ, વિબંધ, મૂત્રાશયનો આટોપ એ સર્વ મટે છે, એ સર્વ રોગ મટાડવામાં તે પૂજાય છે.

યાપનરાજ બસ્તિ

मुस्तापाठामृतैरण्डबलारास्नापुनर्नवाः ।
मञ्जिष्ठारग्वधोशीरत्रायमाणाक्षरोहिणीः ॥३७॥
कनीयः पञ्चमूलं च पालिकं, मदनाष्टकम् ।
जलाढके पचेत्तच्च पादशेषं परिस्रुतम् ॥ ३८ ॥
क्षीरद्विप्रस्थसंयुक्तं क्षीरशेषं पुनः पचेत् ।
सपादजाङ्गलरसः ससर्पिर्मधुसैन्धवः ॥ ३९ ॥
विघृर्यष्टिमिसिश्यामाकलिङ्गकरसाञ्जनैः ।
वस्तिः सुखोष्णो मांसाग्निबलशुक्रविवर्धनः ॥४०॥
वातासृङ्मोहमेहार्शोगुल्मविण्मूत्रसङ्ग्रहान् ।
विषमज्वरवीसर्पवर्ध्माध्मानप्रवाहिकाः ॥ ४१ ॥
वङ्क्षणोरुकटीकुक्षिमन्याश्रोत्रशिरोरुजः ।
हन्यादसृग्दरोन्मादशोफकासाश्मकुण्डलान् ॥४२
चक्षुष्यः पुत्रदो राजा यापनानां रसायनम् ।

મોથ, પહાડમૂળ, ગળો, એરંડાનુ મૂળ, બળદાણા, રાસ્ના, સાટોડી, મજીઠ, ગરમાળો, વાળો, ત્રાયમાણ, બહેડાં, હરડે, લઘુપંચમૂળ, એ સર્વે ઔષધો ચાર ચાર તોલા લેવાં. મીંઢળ નંગ આઠ લેવાં. એ સર્વને ૨૫૬ તોલા પાણીમા ઉકાળીને ચોથા ભાગનુ પાણી બાકી રહે ત્યારે ગાળી લેવું. પછી તેમાં ૧૨૮ તોલા દૂધ નાખીને તે ક્વાથને ફરી ઉકાળવો. અને દૂધ માત્ર શેષ રહે ત્યારે તેમાં જાંગલ દેશનાં પ્રાણીઓનો માંસરસ ચોથે ભાગે નાખવો તથા ઘી, મધ અને સિંધવ પણ યુક્તિથી પરિમાણ (માપ) જાણીને નાખવાં. પછી તેમાં જેઠીમધ, સુવા, કાળું નસોતર, ઇંદ્રજવ, રસાંજન, એ ઔષધો વાટીને તેનો કલ્ક નાખવો. એવી રીતે કરેલી બસ્તિ લગાર લગાર ગરમ હોય તેવી (સુખ ઊપજે એવી ગરમ) આપવી. એ બસ્તિ માંસ, જઠરાગ્નિ, બળ, અને વીર્યની વૃદ્ધિ કરે એવી છે; પત, મોહ, પ્રમેહ, હરસ, ગોળો, ઝાડા-પેશાબનું રોકાણ, વિષમજ્વર, રતવા, વધરાવળ, પેટ ચડવાનો રોગ, મરડો, જાંઘના સાંધામાં, સાથળમાં, કમ્મરમાં, કૂખોમાં, ડોકની પાછલી શિરામાં, કાનમાં અને માથામા થતી પીડા, લોહીવા, ગાંડપણ, સોજો, ખાંસી, પથરી અને વાતકુંડલિકા એ સર્વને મટાડે છે; આંખને બળ આપે છે; પુત્ર આપે છે. યાપન બસ્તિઓમાં એ શ્રેષ્ઠ છે તથા રસાયણ છે.

વાયુ મટાડે એવી બસ્તિ

मृगाणां लघुवद्राणां दशमूलस्य चाम्भसा ॥४३
हपुषामिसिगाङ्गेयीकल्कैर्वातहरः परम् ।
निरूहोऽत्यर्थवृष्यश्च महास्नेहसमन्वितः ॥४४॥

નાનાં અને મોટાં મૃગવર્ગનાં પ્રાણીઓનાં માંસ તથા દશમૂળ; એમના ક્વાથમાં પળાંસી, સુવા અને મોથ, એ ઔષધોનો કલ્ક નાખીને બનાવેલી તેની બસ્તિ વાયુ હરવામાં ઉત્તમ છે. જો તે જ (ઉપરની) બસ્તિમાં મહાસ્નેહ (ઘી, વસા, મજ્જા, તેલ) મેળવ્યાં હોય તો તે નિરૂહ અત્યંત વીર્યવર્ધક થાય છે.

વીર્ય વધારનારી બસ્તિ

मयूरं पक्षपित्तान्त्रपादविट्तुण्डवर्जितम् ।
लघुना पञ्चमूलेन पालिकेन समन्वितम् ॥४५॥
पक्त्वा क्षीरजले क्षीरशेषं सघृतमाक्षिकम् ।
तद्विदारीकणायष्टिशताह्वाफलकल्कवत् ॥ ४६ ॥
वस्तिरीषत्पटुयुतः परमं बलशुक्रकृत् ।

એક મોરપક્ષીને લાવીને તેની પાંખો, પિત્ત, આંતરડાં, પગ, વિષ્ઠા અને મોઢું (ચાંચ) એટલાં કાઢી નાખીને બાકી રહેલા ભાગનુ મોરનુ માંસ દશ પલ એટલે ચાલીસ તોલા લેવું. પછી તેમાં ચાર તોલા પંચમૂળ નાખવાં. પછી એકસો અઠ્ઠાવીસ તોલા પાણી અને તેટલું જ દૂધ એકઠું કરીને તેમાં તેનો ક્વાથ દૂધ માત્ર બાકી રહે ત્યાં સુધી કરવો. પછી તે ક્વાથને ગાળી લઈને તેમાં ઘી અને મધ નાખવું. તથા તેમાં વિદારીકંદ, પીપર, જેઠીમધ, સુવા અને મીંઢળનો કલ્ક નાખવો. પછી તેમાં લગારેક સિંધવ નાખીને તેની બસ્તિ આપવી. તેથી તે અત્યંત બળ તથા વીર્ય બનાવે છે.

कल्पनेयं पृथक् कार्या तित्तिरिप्रभृतिष्वपि ॥४७॥
विष्किरेषु समस्तेषु प्रतुदप्रसहेषु च ।
जलचारिषु तद्वच्च मत्स्येषु क्षीरवर्जिता ॥४८॥

ઉપર જે મોરના માંસ વડે બસ્તિ બનાવવાનો વિધિ કહેલો છે તે જ પ્રમાણે તેતર વગેરે તમામ વિષ્કિર પ્રાણીઓ, પ્રતુદ પ્રાણીઓ, પ્રસહ પ્રાણીઓ, અને જળચર પ્રાણીઓના માંસ વડે પણ બસ્તિની કલ્પના (બનાવટ) કરવી. માછલીના માંસથી બસ્તિ કરવી હોય ત્યારે તેમાં દૂધ નાખવું નહિ; કેમ કે માછલાં દૂધ સાથે વિરુદ્ધ છે.

વાજીકરણ બસ્તિ

गोधानकुलमार्जारशल्यकोन्दुरजं पलम् ।
पृथग् दशपलं क्षीरे पञ्चमूलं च साधयेत् ॥४९॥
तत्पयः फलवैदेहीकल्कद्विलवणान्वितम् ।
ससितातैलमध्वाज्यो वस्तिर्योज्यो रसायनम् ॥५०
व्यायाममथितोरस्कक्षीणेन्द्रियबलौजसाम् ।
विबद्धशुक्रविण्मूत्रखुडवातविकारिणाम् ॥ ५१ ॥
गजवाजिरथक्षोभभग्नजर्जरितात्मनाम् ।
पुनर्नवत्वं कुरुते वाजीकरणमुत्तमम् ॥ ५२ ॥

મગરી (છાણમગરી), નોળિયો, બિલાડી, શાહુડી, રાની ઉંદર, એટલાં પ્રાણીઓમાંથી દરેકનું માંસ ચાળીસ તોલા તથા પંચમૂળ એ સર્વનો દૂધમાં ક્વાથ કરવો. તે દૂધમાં મીંઢળ અને પીપરનો કલ્ક સિંધવ તથા સંચળ સહિત નાખવા. તથા સાકર, તેલ, મધ અને ઘી પણ નાખવાં. પછી એ બસ્તિ આપવી. એ બસ્તિ રસાયન છે અર્થાત્ તે ઘડપણ અને રોગને દૂર કરે છે. જે માણસોની છાતી વ્યાયામ વડે (કસરત વડે) શ્રમિત થઈ ગઈ હોય તથા તેથી તેમની ઇંદ્રિયોની શક્તિઓ, બળ અને ઓજ ક્ષીણ થઈ ગયાં હોય, તેમ જ જેઓ અર્દિત વાયુના વિકારવાળા હોય, તેમ જ જેમનાં વીર્ય, ઝાડો અને પેશાબ કબજ થઈ ગયાં હોય, યોગ્ય રીતે પ્રવૃત્ત થતાં ન હોય, તથા હાથી પર, ઘોડા પર કે રથમાં બેસીને જવાથી જેમનાં અંગ ભાંગી ગયાં હોય કે ખોખરાં થઈ ગયાં હોય, તેમને આ ઉત્તમ વાજીકરણ બસ્તિ ફરીને નવાપણું આપે છે અર્થાત્ તે સર્વ રોગ દૂર થઈને તેઓ બળવાન (સાજાતાજા) થાય છે.

વાજીકરણ બસ્તિવાળાનું ભોજન

सिद्धेन पयसा भोज्यमात्मगुप्तोच्चटेक्षुरैः ।

ઉપર કહેલી વાજીકરણ બસ્તિ જેણે લીધી હોય તેણે કૌંચાં, ધોળી ચણોઠી અને એખરાનાં બીજ નાખીને ઉકાળેલા દૂધ સાથે ભોજન કરવું.

સ્નેહબસ્તિ

પરેજ ન પાળવી પડે એવી સ્નેહબસ્તિ

स्नेहांश्चायन्त्रणान् सिद्धान्
सिद्धद्रव्यैः प्रकल्पयेत् ॥ ५३ ॥

સિદ્ધ બસ્તિ બનાવવા માટે જે ઔષધો વાપરવાનાં કહ્યાં છે, તે ઔષધો વડે સિદ્ધ કરેલા (પકવેલા) સ્નેહો (તૈયાર કરેલી સ્નેહબસ્તિઓ) અનિયંત્રણ (પરેજ ન પાળવી પડે એવી) છે. (એવી સ્નેહબસ્તિઓ બનાવવી.)

પરેજ પાળવી પડે એવી સ્નેહબસ્તિઓ: વાયુનાશક સ્નેહબસ્તિઓ

दोषघ्नाः सपरीहारा वक्ष्यन्ते स्नेहवस्तयः ।
दशमूलं बलां रास्नामश्वगन्धां पुनर्नवाम् ॥ ५४ ॥
गुडूच्यैरण्डभूतीकभार्गीवृषकरोहिषम् ।
शतावरीं सहचरं काकनासां पलांशकम् ॥५५॥
यवमाषातसीकोलकुलत्थान् प्रसृतोन्मितान् ।
वहे विपाच्य तोयस्य द्रोणशेषेण तेन च ॥५६॥
पचेत्तैलाढकं पेष्यैर्जीवनीयैः पलोन्मितैः ।
अनुवासनमित्येतत्सर्ववातविकारनुत् ॥ ५७ ॥

હવે દોષનો નાશ કરનારી અને પરેજ પાળવી પડે એવી સ્નેહબસ્તિઓ કહેવાશે. દશમૂળ, બળદાણા, રાસ્ના, આસંધ, સાટોડી, ગળો, દિવેલાનું મૂળ, કરિયાતું, ભારંગ, અરડૂસી, રોહિસ, શતાવરી, કાંટાશેળિયો, કાકનાશા, એ સર્વે ચારચાર તોલા લેવાં. જવ, અડદ, અળસી, બોર, કળથી, એ સર્વે આઠ આઠ તોલા લેવાં. એ સર્વને ચાર દ્રોણ (૪૦૯૬ તોલા) પાણીમાં ઉકાળીને એક દ્રોણ (૧૦૨૪ તોલા) પાણી બાકી રહે, ત્યારે તે વડે ૨૫૬ તોલા તેલ સિદ્ધ કરવું. તે તેલ સિદ્ધ કરતી વખતે જીવનીય ગણનાં ઔષધો ચાર ચાર તોલા લઈને તેનો કલ્ક તેમાં નાખવો.

એ અનુવાસન બસ્તિ સર્વ પ્રકારના વાયુનો નાશ કરે છે.

आनूपानां वसा तद्वज्जीवनीयोपसाधिता।

જીવનીય ગણનાં ઔષધો વડે અનૂપ પ્રદેશનાં પ્રાણીની વસાને સિદ્ધ કરીને તે સ્નેહ વડે અનુવાસન બસ્તિ આપવી. તે પણ ઉપર કહેલી બસ્તિના જેવો જ ગુણ કરે છે.

शताह्वाचिरिबिल्वाम्लैस्तैलं सिद्धं समीरणे ॥५८

સુવા, કરંજ, ધાન્યામ્લ વગેરે કાંજી, એ ઔષધોથી સિદ્ધ કરેલા તેલની સ્નેહબસ્તિ આપવાથી વાયુનો નાશ થાય છે.

सैन्धवेनाग्निवर्णेन तप्तं चानिलजिद् घृतम्।

વળી સિંધવને અગ્નિમાં તપાવીને લાલચોળ કરીને તે ઘીમાં નાખવો, અને તે વડે ગરમ થયેલા ઘીને સુખ ઊપજે એવું (સહેવાતું) ગરમ રાખીને તે વડે અનુવાસન બસ્તિ આપવી.

બૃંહણ, વાયુ અને પિત્તને મટાડે એવી, બળ, વીર્ય, જઠરાગ્નિ વધારે એવી, અટકાવ અને વીર્યના રોગ મટાડે એવી, પુત્ર આપે એવી સ્નેહબસ્તિ

जीवन्तीं मदनं मेदां श्रावणीं मधुकं बलाम् ॥५९
शताह्वर्षभकौ कृष्णां काकनासां शतावरीम्।
स्वगुप्तां क्षीरकाकोलीं कर्कटाख्यां शठीं वचाम् ॥६०
पिष्ट्वा तैलघृतं क्षीरे साधयेत्तच्चतुर्गुणे।
बृंहणं वातपित्तघ्नं बलशुक्राग्निवर्धनम् ॥ ६१ ॥
रजःशुक्रामयहरं पुत्रीयं चानुवासनम्।

ડોડી, મીંઢળ, મેદા, ગોરખમુંડી, જેઠીમધ, બળદાણા, સુવા, ઋષભક, પીપર, કાકનાશા, શતાવરી, કૌચાં, ક્ષીરકાકોલી, કાકડાશીંગ, પડકચુરો, વજ, એ સર્વનો કલ્ક કરીને તે વડે તેલ અને ઘી મિશ્ર કરીને તે બંને સ્નેહથી ચોગણા દૂધમાં તે સ્નેહ સિદ્ધ કરવો. એ સ્નેહની અનુવાસન બસ્તિ આપવાથી તે શરીરને પુષ્ટિ આપે છે, વાયુ તથા પિત્તને હણે છે, બળ વધારે છે, વીર્ય વધારે છે, જઠરાગ્નિની વૃદ્ધિ કરે છે, સ્ત્રીઓના આર્તવ (અટકાવ) સંબંધી તથા પુરુષના વીર્ય સંબંધી રોગને હરે છે, તથા પુત્રની ઇચ્છાવાળાને તે હિતાવહ છે.

કફરોગ, વધરાવળ, ઉદાવર્ત, ગોળો, હરસ, બરોળ, પ્રમેહ, સંધિવા, આનાહ, પથરી માટે સ્નેહબસ્તિ

सैन्धवं मदनं कुष्ठं शताह्वा निचुलो वचा ॥६२॥
ह्रीवेरं मधुकं भार्ङ्गी देवदारु सकट्फलम्।
नागरं पुष्करं मेदा चविका चित्रकः शठी ॥६३॥
विडङ्गातिविषे श्यामा हरेणुर्नीलिनी स्थिरा।
बिल्वाजमोदचपला दन्ती रास्ना च तैः समैः ॥६४
साध्यमेरण्डतैलं वा तैलं वा कफरोगनुत्।
वर्ध्मोदावर्तगुल्मार्शःप्लीहमेहाढ्यमारुतान् ॥६५॥
आनाहमश्मरीं चाशु हन्यात्तदनुवासनम्।

સિંધવ, મીંઢળ, ઉપલેટ, સુવા (સત્રા), નેતર, વજ, વાળો, જેઠીમધ, ભારંગ, દેવદાર, કાયફળ, સૂંઠ, પુષ્કરમૂળ, મેદા, ચવક, ચિત્રો, પડકચૂરો, વાવડિંગ, અતિવિષ, કાંગ, રેણુકબીજ, ગળીનું મૂળ, સમેરવો, બીલી, અજમોદ, પીપર, દંતીમૂળ(નેપાળાનાં મૂળ), રાસ્ના, એ સર્વ ઔષધો સમાન ભાગે લઈને તેના કલ્ક વડે સ્નેહ સિદ્ધ કરવાના વિધિમાં કહ્યા પ્રમાણે એરંડિયું (દિવેલ) અથવા તલનું તેલ સિદ્ધ કરવું. (કેટલાકનો મત એમ છે કે અરધું એરંડિયું અને અરધું તલનું તેલ એ બે મિશ્ર કરીને તેને સિદ્ધ કરવું.) એ રીતે સિદ્ધ થયેલા સ્નેહની અનુવાસન બસ્તિ કફરોગનો નાશ કરે છે. વળી તે વર્ધ્મ (વધરાવળ)રોગ, ઉદાવર્તરોગ, ગોળો, હરસ, બરોળના રોગ, પ્રમેહરોગ, સંધિવા, આનાહ (પેટ ચડવાનો) રોગ, પથરીનો રોગ, એ સર્વ રોગનો તત્કાળ નાશ કરે છે.

કફના રોગો માટે સિદ્ધ સ્નેહબસ્તિ

साधितं पञ्चमूलेन तैलं बिल्वादिनाऽथवा ॥६६॥
कफघ्नं
कल्पयेत्तैलं द्रव्यैर्वा कफघातिभिः।
फलैरष्टगुणैश्चाम्लैः सिद्धमन्वासनं कफे ॥ ६७ ॥

પંચમૂળના ક્વાથ વડે અથવા બિલ્વાદિ મહત્ પંચમૂળનાં (સૂ. અ. ૬ શ્લોક ૧૬૭) ઔષધો વડે સિદ્ધ કરેલા તેલની અનુવાસન બસ્તિ આપવાથી તે કફને હણે છે. અથવા

કફનો નાશ કરનારાં ઔષધો તથા આમચુર વગેરે ખાટાં ફળ આઠગણાં લઈને તે વડે સિદ્ધ કરવુ. એ અનુવાસન બસ્તિ પણ કફના રોગમાં સિદ્ધ ઉપાય છે.

મૃદુ અને તીક્ષ્ણ બસ્તિ ક્યારે આપવી?

मृदुर्बस्तिर्जडीभूते तीक्ष्णोऽन्यो बस्तिरिष्यते ।
तीक्ष्णैर्विकर्षिते स्निग्धो मधुरः शिशिरो मृदुः ॥६८

મૃદુ બસ્તિ ગળી, સ્નિગ્ધ અને ઠંડી હોવાથી કોઠામાં જડ થઈને પડી રહે છે, અર્થાત્ કોઠામા જ રહે છે. માટે મૃદુ બસ્તિ આપ્યા પછી ગોમૂત્ર વગેરેથી કરેલી બીજી તીક્ષ્ણ બસ્તિ આપવી જોઈએ. અને તે તીક્ષ્ણ બસ્તિઓ વડે કોઠાનુ વિશેષે કરીને કર્ષણ થાય ત્યારે પછી સ્નિગ્ધ, ગળી અને ઠંડી એવી મૃદુ બસ્તિ આપવી જોઈએ.

મૃદુ અને તીક્ષ્ણ બસ્તિ શી રીતે બનાવવી?

तीक्ष्णत्वं मूत्रपील्वग्निलवणक्षारसर्षपैः ।
प्राप्तकालं विधातव्यं क्षीराज्याद्यैस्तु मार्दवम् ॥६९

ગોમૂત્ર, પીલુડાં, ચિત્રો, સિંધવ, જવખાર અને સરસવ, એ ઔષધો વડે બસ્તિમાં તીક્ષ્ણપણુ આણી શકાય છે; અને ઘી અને દૂધથી બસ્તિમા કોમળપણુ આણી શકાય છે. માટે જે સમયે જેવી બસ્તિ આપવી યોગ્ય હોય, અર્થાત્ બસ્તિ મૃદુ કે તીક્ષ્ણ કરવાની જરૂર પડે ત્યારે તેવાં તેવાં મૃદુ કે તીક્ષ્ણ દ્રવ્ય નાખીને બસ્તિ મૃદુ કે તીક્ષ્ણ કરવી.

બસ્તિ બનાવવાનાં દ્રવ્યો પસંદ કરવામાં કઈ કઈ બાબતોનો વિચાર કરવો જોઈએ?

बलकालरोगदोषप्रकृतीः
प्रविभज्य योजितो बस्तिः ।
स्वैः स्वैरौषधवर्गैः स्वान्स्वान्रोगान्निवर्तयति ॥

રોગીનુ બળ, ઔષધ આપવાનો સમય, રોગ, દોષ, પ્રકૃતિ, એ સર્વનો વિચાર કરીને તે તે રોગને યોગ્ય હોય તેવાં તેવાં ઔષધો વડે સિદ્ધ કરેલી બસ્તિ જે રોગને જેમ યોગ્ય હોય તેમ આપી હોય, તો તે બસ્તિ પોતપોતાના રોગોને મટાડે છે. અર્થાત્ જે જે રોગને ઉદ્દેશીને તેને યોગ્ય ઔષધોથી સ્નેહ સિદ્ધ કર્યો હોય તે સ્નેહ તે તે રોગને મટાડે છે.

उष्णार्तानां शीताञ्छीता-
र्तानां तथा सुखोष्णांश्च ।
तद्योग्यौषधयुक्तान् बस्तीन् संतर्क्य युञ्जीत ॥७१

જે રોગીઓ ગરમીથી પીડાતા હોય તેમને ઠંડી બસ્તિઓ આપવી, અને જેઓ શરદીથી પીડાતા હોય તેમને સહેવાતી ગરમ બસ્તિ આપવી. એવી રીતે જે રોગીને જે ઔષધ યોગ્ય હોય તેનો વિચાર કરીને તે ઔષધથી યુક્ત બસ્તિ બનાવીને આપવી.

બૃંહણ અને શોધનબસ્તિ કોને આપવી કે ન આપવી?

बस्तीन्न बृंहणीयान् दद्या-
द्व्याधिषु विशोधनीयेषु ।
मेदस्विनो विशोध्या ये च नराः कुष्ठमेहार्ताः ॥७२
न क्षीणक्षतदुर्बलमूर्च्छित-
कृशशुष्कशुद्धदेहानाम् ।
दद्याद्विशोधनीयान् दोषनिबद्धायुषो ये च ॥७३॥

જે રોગોમાં શોધન કરવાની જરૂર હોય તે રોગોમાં બૃંહણ (પૌષ્ટિક) બસ્તિ આપવી નહિ. જે માણસોના શરીરમાં ચરબી ઘણી હોય તેમનુ, તથા જે માણસો ચામડીના રોગથી અને પ્રમેહરોગથી પીડાતા હોય તેમનુ શોધન કરવું યોગ્ય છે; માટે તેમને બૃંહણ બસ્તિ આપવી નહિ. પણ જેઓ ક્ષીણ થઈ ગયેલા હોય, જેઓ ઉરઃક્ષતવાળા હોય, દુર્બળ થઈ ગયા હોય, જેમને મૂર્છા આવી હોય, જેઓ શરીરે પાતળા હોય, જેઓનાં શરીર સૂકા હોય, જેમનુ શરીર શુદ્ધ હોય એવા માણસોને તેમજ જેમનું આયુષ્ય માત્ર દોષના બળથી જ ટકી રહ્યુ હોય તેમને શોધન બસ્તિ આપવી નહિ; કેમ કે તેમના દોષ ઓછા કરવાથી તેમની જિંદગી જોખમમાં આવી પડે છે.

इत्यष्टाङ्गहृदये पञ्चमे कल्पसिद्धिस्थाने बस्तिकल्पो नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫ મો—બસ્તિ અશાસ્ત્રોક્ત રીતે આપવાથી થતા ઉપદ્રવના ઉપાય

अथातो बस्तिव्यापत्सिद्धिं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે બસ્તિવ્યાપત્‌સિદ્ધિ સમજાવીશું. (અર્થાત્ જે રીતે બસ્તિ આપવાનું શાસ્ત્રમાં કહેલું છે તે રીતે બસ્તિ ન આપવાથી જે નુકસાન થાય તેનો ઉપાય કરવાનો અધ્યાય સમજાવીશું.) એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

નિરૂહબસ્તિના ઉપદ્રવના ઉપાય

(શ્લોક ૧॥ થી ૨૭॥)

કેવા દરદીને કેવી બસ્તિ કયા ઉપદ્રવ કરે છે?

अस्निग्धस्विन्नदेहस्य गुरुकोष्ठस्य योजितः ।
शीतोऽल्पस्नेहलवणद्रव्यमात्रो घनोऽपि वा ॥१॥
बस्तिः सङ्क्षोभ्य तं दोषं दुर्बलत्वादनिर्हरन् ।
करोत्ययोगं तेन स्याद्वातमूत्रशकृद्ग्रहः ॥ २ ॥
नाभिबस्तिरुजा दाहो हृल्लेपः श्वयथुर्गुदे ।
कण्डूर्गण्डानि वैवर्ण्यमरतिर्वह्निमार्दवम् ॥ ३ ॥

જે માણસનો દેહ સ્નિગ્ધ ન કર્યો હોય કે જેનો પરસેવો ન કાઢ્યો હોય તેમ જ જેનો કોઠો ભારે હોય એવા માણસને ઠંડી, થોડા સ્નેહવાળી, થોડા લવણવાળી, થોડા દ્રવ્યવાળી (થોડાં ઔષધોથી બનેલો કલ્પ) અથવા બહુ દ્રવ્યવાળી બસ્તિ આપી હોય, તો તે બસ્તિ દોષને ક્ષોભ પમાડીને પોતાના અસામર્થ્યને લીધે તે દોષને બહાર કાઢી ન શકતા અયોગ ઉત્પન્ન કરે છે. (ભાવાર્થ એ છે, કે કોઈ માણસને સ્નિગ્ધ કર્યા વગર કે પરસેવો કાઢ્યા વગર બસ્તિ આપવામા આવે તો તે બસ્તિ બરાબર લાગુ ન પડતા (પોતાના બળ વડે તેનો જે દોષ કાઢવાનો હોય તે ન કાઢી શકતાં) દોષને માત્ર ઉપાડી (ઉખળાવી) શકે છે. અને એવી રીતે બસ્તિ બરાબર લાગુ ન પડે તેને બસ્તિનો અયોગ કહે છે. એવી જ રીતે જેનો કોઠો ભારે હોય તેને પણ વિધિસર બસ્તિ ન આપવામા આવે, તો બસ્તિનો અયોગ ઉત્પન્ન થાય છે. કોઠો સ્નિગ્ધ કર્યો હોય અને પરસેવો કાઢીને કોમળ કર્યો હોય છતાં પણ બસ્તિ ઘણી ઠંડી હોય અથવા થોડા સ્નેહ કે થોડા લવણવાળી હોય અથવા જોઈએ તે કરતાં છેક જ થોડા ઔષધોથી બનાવેલી હોય, તો તે પણ જોઈતી અસર ન કરીને અયોગ ઉત્પન્ન કરે છે. તે જ પ્રમાણે ઘણાં દ્રવ્યથી બનાવેલી ઘન(જાડી) બસ્તિ આપવાથી તે શિરાઓમાં સંચાર ન કરી શકવાને લીધે દોષનો ક્ષોભ(ખળભળાટ) માત્ર ઉત્પન્ન કરીને અયોગ ઉત્પન્ન કરે છે.) બસ્તિ જ્યારે એ પ્રમાણે બહાર કાઢવાના દોષને બહાર ન કાઢતાં તેનો ક્ષોભ માત્ર કરે છે, ત્યારે એ પ્રમાણે ક્ષુભિત થયેલો (ઉખળેલો) દોષ, મૂત્ર અને ઝાડાને કબજ કરે છે; નાભિમાં અને મૂત્રાશયમાં પીડા કરે છે અને દાહ કરે છે; હૃદય લીંપાઈ જાય છે, ગુદામા સોજો કરે છે; વળી શરીરે ખણુજ અને ગૂમડા થાય છે, શરીરનો રંગ બગડે છે, અણગમો ઉત્પન્ન કરે છે; તથા જઠરાગ્નિના બળને કમી કરે છે.

બસ્તિ વડે ઉખળેલા દોષને બહાર કાઢવાના ઉપાય

क्वाथद्वयं प्राग्विहितं मध्यदोषेऽतिसारिणि ।
उष्णस्य तस्मादेकस्य तत्र पानं प्रशस्यते ॥ ४ ॥
फलवर्त्यस्तथा स्वेदाः कालं ज्ञात्वा विरेचनम् ।
बिल्वमूलत्रिवृद्दारुयवकोलकुलत्थवान् ॥ ५ ॥
सुरादिमूत्रवान् बस्तिः सप्राक्पेण्यस्तमानयेत् ।

પાછળ અતિસારચિકિત્સામા (ચિકિત્સાસ્થાન અ. ૯ શ્લોક ૫૬, ૬) એક ક્વાથ કરિયાતું, પીપર, સૂંઠ, વજ, ધાણા અને હરડે, એ ઔષધોનો કહેલો છે; અને બીજો ક્વાથ બીલાં, ધાણા, મોથ, સૂંઠ અને વાળો, એ ઔષધોનો કહેલો છે. જ્યારે પાછળ કહ્યા પ્રમાણે બસ્તિ આપવામાં ચૂક થવાથી બસ્તિના ઉપદ્રવ થાય અને દોષ ક્ષોભ પામ્યા છતાં બહાર નીકળે નહિ, ત્યારે એ બે ક્વાથમાંનો કોઈ પણ એક ક્વાથ ગરમ કરીને રોગીને પાવો એ હિતકર છે. વળી તેવા રોગીઓને સૂત્રસ્થાનમાં કહ્યા પ્રમાણે ફળવર્તિઓ આપવી, શેક કરવો,

અને રોગીની જુદીજુદી અવસ્થાઓ જોઈને વિરેચન આપવું. વળી બીલીનાં મૂળ, નસોતર, દેવદાર, જવ, બોર, કળથી, એ ઔષધોના ક્વાથમાં સુરા વગેરે ખટાઈ નાખીને તથા પાછળ કહેલાં યવાની અજમો, મીંઢળ, બીલાં, ઉપલેટ, જવ, સુવા, મોથ, પીપર, એ ઔષધોનો કલ્ક નાખીને (કલ્પસ્થાન અ. ૪ શ્લોક ૨) તેની બસ્તિ આપવી કે જેથી તે ક્ષોભ પામેલા દોષને બહાર ખેંચી આણશે.

બહુ દોષવાળા અને લૂખા કોઠાવાળાને હળવી બસ્તિ આપવાથી થતા ઉપદ્રવ : ઉપાય

युक्तोऽल्पवीर्यो दोषाढ्ये रूक्षे क्रूराशयेऽथवा ॥६
बस्तिर्दोषावृतो रुद्धमार्गो रुन्ध्यात्समीरणम् ।
स विमार्गोऽनिलः कुर्यादाध्मानं मर्मपीडनम् ॥७
विदाहं गुदकोष्ठस्य मुष्कवङ्क्षणवेदनाम् ।
रुणद्धि हृदयं शूलैरितश्चेतश्च धावति ॥ ८॥

જે રોગીનું શરીર ઘણા દોષથી ભરેલું હોય તથા જેનો કોઠો લૂખો કે ક્રૂર(સખત) હોય, તેને અલ્પ વીર્યવાળી બસ્તિ આપવાથી તે બસ્તિ કોઠામાંના દોષથી આવૃત થાય છે (દોષો બસ્તિને વીંટળાઈ વળે છે) અને તેનો(બસ્તિનો) માર્ગ રોકાય છે, તેથી તે વાયુનો માર્ગ રોકે છે; અને તેથી વાયુને પોતાનો માર્ગ છોડીને ઊલટે માર્ગે ગતિ કરવી પડે છે, એવી રીતે વાયુ અવળે રસ્તે જાય છે તેથી તેને આધ્માન અને મર્મમાં પીડા થાય છે, વળી તેની ગુદામાં તથા કોઠામાં દાહ થાય છે અને અંડકોશમાં અને સાથળનાં વળાંમાં વેદના થાય છે; વાયુ તેના હૃદયને ઘેરી લે છે અને તેમાં શૂળ થાય છે તથા વાયુ શરીરમાં અહીંતહીં દોડે છે.

स्वभ्यक्तस्विन्नगात्रस्य तत्र वर्तिं प्रयोजयेत् ।
बिल्वादिश्च निरूहः स्यात्पीलुसर्षपमूत्रवान् ॥ ९॥
सरलामरदारुभ्यां साधितं चानुवासनम् ।

ઉપર જે બહુ દોષવાળા અને લૂખા કે સખત કોઠાવાળાને હળવી બસ્તિ આપવાથી ઉપદ્રવો કહેલા છે તે થાય ત્યારે તે રોગીને અંગે સારી રીતે તેલ ચોળીને તથા તેને અંગે શેક કરીને તેને ફળવર્તિ મૂકવી, તથા બિલ્વાદિ મહત્ પંચમૂળ(સૂ. અ. ૬ શ્લોક ૧૬૮)વાળાં ઔષધોના ક્વાથમાં પીલુડાં તથા સરસવનો કલ્ક અને ગોમૂત્ર નાખીને તેની નિરૂહ બસ્તિ આપવી અથવા સરલવૃક્ષ (રાળનું ઝાડ) અને દેવદારના ક્વાથ વડે સિદ્ધ કરેલા તેલની અનુવાસન બસ્તિ આપવી.

કેવી બસ્તિ કોને, કેટલી અને કેવી રીતે અપાય તો કયા ઉપદ્રવ થાય ? ઉપાય

कुर्वतो वेगसंरोधं पीडितो वाऽतिमात्रया ॥१०॥
अस्निग्धलवणोष्णो वा बस्तिरल्पोऽल्पभेषजः ।
मृदुर्वा मारुतेनोर्ध्वं विक्षिप्तो मुखनासिकात् ॥११
निरेति मूर्च्छाहृल्लासतृड्दाहादीन् प्रवर्तयन् ।

માણસને બસ્તિ આપ્યા પછી તે પોતાના ઝાડા, પેશાબ, વાયુ વગેરે વેગને રોકે ત્યારે અથવા બસ્તિને ઠાંસીઠાંસીને ચડાવી હોય ત્યારે, અથવા બસ્તિની પુષ્કળ માત્રા ચડાવી હોય ત્યારે, અથવા સ્નેહ વગરની, લવણ વગરની કે ઉષ્ણતા વગરની બસ્તિ આપવામાં આવી હોય ત્યારે, અથવા જરૂર કરતાં થોડી બસ્તિ આપી હોય કે થોડાં ઔષધથી તૈયાર કરેલી બસ્તિ આપી હોય ત્યારે, અથવા બસ્તિ મૃદુ હોય ત્યારે તે બસ્તિને વાયુ ઊંચે ફેંકે છે અને તેથી તે મુખમાંથી અને નાકમાંથી બહાર નીકળે છે, તથા તે મૂર્છા, ઊબકા, તરસ, દાહ વગેરે ઉપદ્રવ ઊભા કરે છે.

मूर्च्छाविकारं दृष्ट्वाऽस्य-
सिञ्चेच्छीताम्बुना मुखम् ॥ १२ ॥
त्यजेदाक्रमनाशाच्च प्राणायामं च कारयेत् ।
पृष्ठपार्श्वोदरं मृज्यात् करैरुष्णैरधोमुखम् ॥१३॥
केशेषूत्क्षिप्य धुन्वीत भीषयेद्व्यालदंष्ट्रिभिः ।
शस्त्रोल्काराजपुरुषैर्बस्तिरेति तथा ह्यधः ॥१४॥
पाणिवस्त्रैर्गलापीडं कुर्यान्न म्रियते तथा ।
प्राणोदाननिरोधाद्धि सुप्रसिद्धतरायनः ॥१५॥
अपानः पवनो बस्तिं तमाश्वेवापकर्षति ।
कुष्ठक्रमुककल्कं च पाययेताम्लसंयुतम् ॥१६॥
औष्ण्यात्तैक्ष्ण्यात्सरत्वाच्च
बस्तिं सोऽस्यानुलोमयेत्

गोमूत्रेण त्रिवृत्पथ्या-
फलकं वाऽधोनुलोमनम् ॥१७॥
पक्वाशयस्थिते स्विन्ने निरूहो दाशमूलिकः ।
यवकोलकुलत्थैश्च विधेयो मूत्रसाधितैः ॥१८॥
बस्तिर्गोमूत्रसिद्धैर्वा साभृतावंशपल्लवैः ।
पूतीकरञ्जत्वक्पत्रशठीदेवाह्वरोहिषैः ॥ १९ ॥
सतैलगुडसिन्धूत्थो विरेकौषधकल्कवान् ।
बिल्वादिपञ्चमूलेन सिद्धो बस्तिरुरःस्थिते ॥२०॥
शिरःस्थे नावनं धूमः प्रच्छाद्यं सर्षपैः शिरः ।

પાછળ શ્લોક ૧૦, ૧૧માં કહેલાં કારણોથી બસ્તિ દબાઈને ઊંચે ચઢી જાય ત્યારે માણસને મૂર્છા વગેરે વિકાર થાય છે એમ પાછળ કહેલુ છે. જ્યારે એવી રીતે રોગીને મૂર્છાવિકાર જોવામાં આવે ત્યારે તેના મોં ઉપર ઠંડું પાણી છાંટવુ, અને જ્યા સુધી તેનો કટાળો ઊતરે ત્યા સુધી તાડના પાંદડાના વીંજણાથી કે બીજા કશાથી તેને પવન નાખવો. વળી તેને પ્રાણાયામ કરાવવા; કેમ કે ઊંચે ચઢી ગયેલી બસ્તિ પ્રાણાયામ વડે નીચે ઊતરે છે. વળી તે માણસની પીઠ, પાસાં અને પેટ ઉપર ગરમ હાથ ફેરવ્યા કરવો. તેને નીચે મોઢે નાખીને (ઊંધો સુવાડીને) તેના માથાના વાળ ઝાલીને તેને ઊંચો કરીને હલાવવો. તેને સાપ, વાઘ વગેરે પ્રાણીઓ, હથિયાર, બળતું ખોયણું, સરકારના માણસો વગેરેથી બિવડાવવો; કેમ કે ઊંચે ચઢી ગયેલી બસ્તિ એવા ઉપાય કરવાથી નીચે ઊતરે છે. વળી તે મરી ન જાય તેમ હાથ વડે કે વસ્ત્ર વડે તેનું ગળું દબાવવું; કેમ કે એમ કરવાથી પ્રાણ તથા ઉદાનવાયુનો નિરોધ થાય છે, અને તેમનો નિરોધ થવાથી અપાનવાયુ પોતાના સ્વાભાવિક માર્ગમાં ગતિ કરીને ઉપર ચઢી ગયેલી બસ્તિને તત્કાળ નીચે ખેંચે છે. વળી તે રોગીને ઉપલેટ તથા પડાણી સોધરનો કલ્ક કરીને ખટાઈ સાથે પાવો; કેમ કે એ કલ્ક પોતાના ઉષ્ણ, તીક્ષ્ણ અને નીચે સરકવાના ગુણના યોગથી તે બસ્તિનું અનુલોમન કરે છે; અથવા ગાયના મૂત્ર સાથે નસોતર અને હરડેનો કલ્ક પાવો તે પણ બસ્તિનું નીચેની તરફ અનુલોમન કરનારું ઔષધ છે. જો બસ્તિ પક્વાશયમાં હોય તો રોગીને શેક કરીને તેને દશમૂળના ક્વાથથી બનાવેલી (સ્નિગ્ધગુણયુક્ત) નિરૂહ બસ્તિ આપવી; અથવા જવ, બોર અને કળથી એ ઔષધો વડે ગોમૂત્રમાં સિદ્ધ કરેલી નિરૂહ બસ્તિ આપવી; અથવા ગળો, વાંસનાં પાંદડાં, પૂતિકરંજ, તજ, તમાલપત્ર, પડ્કચૂરો, દેવદાર, રોહિસ ઘાસ, એ ઔષધોના ક્વાથમાં તેલ, ગોળ, સિંધવ અને વિરેચન કરનારાં (નસોતર, ગરમાળો વગેરે) ઔષધોનો કલ્ક નાખીને તેની નિરૂહ બસ્તિ આપવી. જો બસ્તિ છાતીમાં ચઢી ગઈ હોય તો બિલી વગેરે મહત્ પાંચ મૂળથી સિદ્ધ કરેલી બસ્તિ આપવી; જો બસ્તિ માથામાં ચઢી ગઈ હોય તો ધૂમપાન કરાવવુ, નસ્ય આપવુ તથા સરસવના કલ્ક વડે માથું ઢાંકવુ, સરસવના કલ્કનો માથે લેપ કરવો.

બસ્તિના અતિયોગનાં કારણ, લક્ષણ અને ઉપાય

बस्तिरत्युष्णतीक्ष्णाम्लघनोऽतिस्वेदितस्य वा ॥२१
मल्पे दोषे मृदौ कोष्ठे प्रयुक्तो वा पुनः पुनः ।
अतियोगत्वमापन्नो भवेत्कुक्षिरुजाकरः ॥ २२ ॥
विरेचनातियोगेन स तुल्याकृतिसाधनः ।

બસ્તિ અતિશય ગરમ, અતિશય તીક્ષ્ણ કે અતિશય ઘન(જાડી) હોવા છતાં તે આપી હોય ત્યારે, અથવા અતિશય શેક કર્યા પછી બસ્તિ આપી હોય ત્યારે, અથવા અલ્પ દોષવાળાને અને કોમળ કોઠાવાળાને વારંવાર બસ્તિ આપવામાં આવે ત્યારે તે બસ્તિનો અતિયોગ થાય છે અને તેથી તે રોગીની કૂખમાં પીડા કરે છે, એનાં લક્ષણ વિરેચનના અતિયોગનાં લક્ષણ પાછળ કહેવાઈ ગયાં છે તેના જેવાં હોય છે તથા તેનો ઉપાય પણ વિરેચનના અતિયોગના ઉપાયના જેવો જ કરવો.

અતિ ક્ષારવાળી, ખાટી, તીક્ષ્ણ, ઊની, ખારી બસ્તિના ઉપદ્રવો : ઉપાય

बस्तिः क्षाराम्लतीक्ष्णोष्ण-
लवणः पैत्तिकस्य वा ॥ २३ ॥

गुदं दहन् लिखन् क्षिण्वन्
करोत्यस्य परिस्रवम्।
स विदग्धं स्रवत्यस्रं वर्णैः पित्तं च भूरिभिः ॥२४
बहुशश्चातिवेगेन मोहं गच्छति सोऽसकृत्।
रक्तपित्तातिसारघ्नी क्रिया तत्र प्रशस्यते ॥ २५ ॥
दाहादिषु त्रिवृत्कल्कं मृद्वीकावारिणा पिबेत्।
तद्धि पित्तशकृद्वातान्
हृत्वा दाहादिकान् जयेत् ॥२६॥
विशुद्धश्च पिबेच्छीतां यवागूं शर्करायुताम्।
युञ्ज्याद्वाऽतिविरिक्तस्य
क्षीणविट्कस्य भोजनम् ॥ २७ ॥
माषयूषेण कुल्माषान् पातुं दध्यथवा सुराम्।

અતિશય ક્ષારયુક્ત, અતિશય ખટાઈ યુક્ત, અતિશય તીક્ષ્ણ, અતિશય ઊની કે અતિશય ખારી બસ્તિ આપવાથી તથા પિત્તપ્રકૃતિવાળા માણસને એવી બસ્તિ આપવાથી તેની ગુદામા દાહ થાય છે, તેમા ઉઝરડા ભરાતા હોય તેમ દુ:ખ થાય છે તથા તેની શક્તિનો ક્ષય થતો હોય તેમ થાય છે અને તે બધું થવાની સાથે ગુદામાથી સ્રાવ વહે છે, તેની ગુદામાથી અનેક પ્રકારના રંગવાળું પિત્ત તથા વિદગ્ધ થયેલુ લોહી ઘણુ અને મોટા વેગથી વહે છે, તે વારંવાર મૂર્છા પામી જાય છે. એવું થાય ત્યારે રક્તપિત્તથી થયેલા અતિસારને મટાડનારી ક્રિયા કરવી એ શ્રેષ્ઠ ઉપાય છે. જો દાહ વગેરે થતા હોય, તો નસોતરનો કલ્ક કાળી દ્રાક્ષના પાણી સાથે પીવો, કેમ કે તે કલ્ક પિત્ત, ઝાડાનો મળ તથા વાયુ, એ સર્વને મટાડીને દાહ વગેરે મટાડશે. નસોતરના કલ્ક વડે શુદ્ધિ થયા પછી સાકર સહિત ઠંડી યવાગૂ પીવી. અથવા તેને અતિ વિરેચન થવાથી તેના ઝાડાનો મળ જોઈએ તે કરતા ઓછો થઈ ગયો હોય તો અડદના યૂષની સાથે કળથી ખાવા આપવી અને પીવા માટે દહી અથવા સુરા આપવી.

કુલ્માષ=(૧) કળથી, (૨) બાફેલા જવ, મગ વગેરેના બાકળા.

सिद्धिर्बस्त्यापदामेवं
स्नेहबस्तेस्तु वक्ष्यते ॥ २८ ॥

ઉપર નિરૂહ બસ્તિઓના ઉપદ્રવના ઉપાય કહ્યા; હવે સ્નેહ બસ્તિના ઉપદ્રવના ઉપાય કહીએ છીએ.

સ્નેહ બસ્તિના ઉપદ્રવના ઉપાય

(શ્લોક ૨૮ાાથી ૪૪ાા)

બસ્તિનો સ્નેહ વાયુથી રોકાવાનાં કારણ, લક્ષણ અને ઉપાય

शीतोऽल्पो वाऽधिके वाते
पित्तेऽत्युष्णः कफे मृदुः।
अतिभुक्ते गुरुर्वर्चःसञ्चयेऽल्पबलस्तथा ॥ २९ ॥
दत्तस्तैरावृतः स्नेहो नायात्यभिभवादपि।
स्तम्भोरुसदनाध्मानज्वरशूलाङ्गमर्दनैः ॥ ३० ॥
पार्श्वरुग्वेष्टनैर्विद्याद्वायुना स्नेहमावृतम्।
स्निग्धाम्ललवणोष्णैस्तं रास्नापीतद्रुतैलिकैः ॥३१
सौवीरकसुराकोलकुलत्थयवसाधितैः।
निरूहैर्निर्हरेत्सम्यक् समूत्रैः पाञ्चमूलिकैः ॥ ३२ ॥
ताभ्यामेव च तैलाभ्यां सायं भुक्तेऽनुवासयेत्।

જેને વાયુનું બળ અધિક હોય તેને ઠંડી અથવા થોડી બસ્તિ આપી હોય ત્યારે, જેને પિત્તનું બળ અધિક હોય તેને અતિશય ગરમ બસ્તિ આપી હોય ત્યારે, જેને કફનું બળ અધિક હોય તેને મૃદુ બસ્તિ આપી હોય ત્યારે, જેણે અતિશય ખાધુંપીધું હોય તેને ગુરુ (ભારે) બસ્તિ આપી હોય ત્યારે, અને જેને ઝાડાનો મળ બહુ ભેગો થયો હોય તેને અલ્પ બળવાળી (અલ્પ માત્રાવાળી અને અલ્પ વીર્યવાળી) બસ્તિ આપી હોય ત્યારે, વાયુ વગેરેથી આવૃત થયેલો તે બસ્તિનો સ્નેહ ગુદામાથી પાછો નીકળતો નથી, કેમ કે વાયુ વગેરે દોષ તે સ્નેહને પાછો નીકળતો રોકે છે અને એવી રીતે સ્નેહ પાછો ન નીકળે, ત્યારે સ્તંભ, સાથળ ઢીલી થઈ જવી, પેટ ચડવુ, તાવ આવવો, શૂળ થવુ, શરીરમાં કળતર થવું, પાસામાં પીડા થવી, પગની પિંડીઓમા કળતર થવુ એ ઉપદ્રવ થાય છે. એ ઉપદ્રવ થાય ત્યારે સ્નેહ વાયુથી રોકાયો છે એમ જાણવું. એવા રોગીને સ્નિગ્ધ, ખાટી, ખારી અને ગરમ નિરૂહ બસ્તિ આપીને તે

રોકાયલા સ્નેહને બહાર કાઢવો. રાસ્ના અને દારુહળદરથી સિદ્ધ કરેલાં તેલ, કાજી, સુરા, ખાર, કળથી અને જવ, એ ઔષધોથી સિદ્ધ કરેલી નિરૂહ બસ્તિ વડે તે સ્નેહને પાછો આણવો. અથવા ગાયના મૂત્ર સહિત પંચમૂળના ક્વાથથી સિદ્ધ કરેલા નિરૂહ વડે તે સ્નેહને સારી રીતે પાછો આણવો. વળી તે રોગીને સાંજે ખાવા આપ્યા પછી રાસ્નાથી સિદ્ધ કરેલા તેલ વડે અનુવાસન બસ્તિ આપવી; અર્થાત્ કોઈ વખત રાસ્નાના તેલનો ઉપયોગ કરવો અને કોઈ વખત દારુહળદરના તેલનો ઉપયોગ કરવો.

બસ્તિનો સ્નેહ પિત્તથી રોકાયો હોય તેનાં લક્ષણ અને ઉપાય

तृड्दाहरागसम्मोहवैवर्ण्यतमकज्वरैः ॥ ३३ ॥
विद्यात्पित्तावृत्तं स्वादुतिक्तैस्तं बस्तिभिर्हरेत् ।

સ્નેહ બસ્તિનો સ્નેહ પિત્તથી રોકાઈ ગયો હોય, તો તરસ, બળતરા, રતાશ, તમકશ્વાસ અને તાવ, એ લક્ષણોથી ઓળખવો. એ સ્નેહને ગળ્યા અને કડવા ઔષધથી સિદ્ધ કરેલી બસ્તિઓ આપીને બહાર કાઢવો.

બસ્તિનો સ્નેહ કફથી રોકાયો હોય તેનાં લક્ષણ અને ઉપાય

तन्द्राशीतज्वरालस्यप्रसेकारुचिगौरवैः ॥ ३४ ॥
सम्मूर्च्छाग्लानिभिर्विद्या-
च्छ्लेष्मणा स्नेहमावृतम् ।
कषायतिक्तकटुकैः सुरामूत्रोपसाधितैः ॥ ३५ ॥
फलतैलयुतैः साम्लैर्बस्तिभिस्तं विनिर्हरेत् ।

જો સ્નેહ કફથી રોકાઈ ગયો હોય તો ઘેન, શીતજ્વર (ટાઢિયો તાવ), આળસ, મુખમાંથી લાળ નીકળવી, અરુચિ, ભારેપણું, મૂર્છા અને ગ્લાનિ, એ ચિહ્ન થાય. એ ચિહ્નો વડે સ્નેહ કફથી રોકાયો છે એમ જાણવું. તૂરા, કડવા અને તીખા ઔષધોની સુરા અને ગોમૂત્ર સાથે નિરૂહ બસ્તિ સિદ્ધ કરીને તથા તેમાં ખટાઈ અને ફળતેલ નાખીને તેની બસ્તિ આપીને એ સ્નેહને બહાર કાઢવો. (ફળતેલ (૧) ઉષ્ણવીર્ય એવા અખોડ વગેરે ફેળનું તેલ, (૨) મીંઢળ અને તલનું તેલ, (૩) મીંઢળથી સિદ્ધ કરેલું તેલ.)

બસ્તિનો સ્નેહ અન્નથી રોકાય તેનાં લક્ષણ અને ઉપાય

छर्दिमूर्च्छारुचिग्लानिशूलनिद्राङ्गमर्दनैः ॥ ३६ ॥
आमलिङ्गैः सदाहैस्तं विद्यादत्यशनावृतम् ।
कटूनां लवणानां च क्वाथैश्चूर्णैश्च पाचनम् ॥३७॥
मृदुर्विरेकः सर्वं च तत्रामविहितं हितम् ।

ઊલટી, મૂર્છા, અરુચિ, ગ્લાનિ, શૂળ, ઊંઘ, શરીરમાં ચૂંથારા થવા, અને બળતરા તથા સૂ. અ. ૧૩ શ્લોક ૨૪વાળા આમના ચિહ્નો વડે જાણવું કે સ્નેહ અતિભોજનથી રોકાયલો છે. એમ હોય ત્યારે તીખા અને ખારા ઔષધોના ક્વાથ વડે અને ચૂર્ણ વડે આમનું પાચન કરવું. પછી તેને હલકો જુલાબ આપવો અને આમદોષ મટાડવાની સર્વ ક્રિયાઓ કરવી તે હિતકર છે.

ઝાડાથી રોકાયેલા બસ્તિના સ્નેહનાં લક્ષણ અને ઉપાય

विण्मूत्रानिलसङ्गार्तिगुरुत्वाध्मानहृद्ग्रहैः ॥ ३८ ॥
स्नेहं विडावृतं ज्ञात्वा स्नेहस्वेदैः सवर्तिभिः ।
श्यामाबिल्वादिसिद्धैश्च निरूहैः सानुवासनैः ॥३९
निर्हरेद्विधिना सम्यगुदावर्तहरेण च ।

ઝાડો, પેશાબ અને વાછૂટ થાય નહિ, પીડા, ભારેપણું, પેટ ચઢવું, હૃદય પકડાઈ રહે–એ ચિહ્નો વડે સ્નેહને ઝાડાના મળથી રોકાયેલો જાણીને તે રોગીના ઉપચાર સ્નેહ વડે, શેક વડે અને ફલવર્તિઓ વડે કરવા. વળી શ્યામાદિ અને બિલ્વાદિ ગણોના ઔષધો વડે સિદ્ધ કરેલી નિરૂહ બસ્તિઓ આપીને તથા અનુવાસન બસ્તિઓ આપીને વિધિપૂર્વક તે સ્નેહને બહાર કાઢવો, તેમ જ ઉદાવર્તરોગમાં કહેલા ઉપાયો વડે તે સ્નેહને બહાર કાઢવો.

શ્યામાદિ ગણ: સૂ. અ. ૧૫ શ્લોક ૪૫. બિલ્વાદિ ગણ=મહત્ પંચમૂળ.

ભૂખ્યાને, સૂજેલી ગુદાવાળાને અને ફક્ત પેયા જ પીધી હોય તેને આપેલી સ્નેહ બસ્તિના ઉપદ્રવ: ઉપાય

अभुक्ते शूनपायौ वा पेयामात्राशितस्य वा ॥४०॥

गुदे प्रणिहितः स्नेहो वेगाद्धावत्यनावृतः ।
ऊर्ध्वं कायं ततः कण्ठादूर्ध्वेभ्यः खेभ्य एत्यपि ॥४१
मूत्रश्यामात्रिवृत्सिद्धो यवकोलकुलत्थवान् ।
तत्सिद्धतैलो देयः स्यान्निरूहः सानुवासनः ॥४२
कण्ठादागच्छतः स्तम्भकण्ठग्रहविरेचनैः ।
छर्दिघ्नीभिः क्रियाभिश्च तस्य कुर्यान्निबर्हणम् ॥४३

જે માણસે ભોજન ન કર્યું હોય તેની, અથવા જેની ગુદા સૂજી ગઈ હોય તેની, અથવા જે માણસે ફક્ત પેયાનું ભોજન કર્યું હોય તેની ગુદામાં સ્નેહ મૂકયો હોય (તેને સ્નેહબસ્તિ આપી હોય) તો તે સ્નેહ કોઈ મળથી ન રોકાતો હોવાથી વેગથી શરીરના ઉપલા ભાગમાં દોડે છે તથા કંઠથી ઉપરનાં છિદ્રો (મુખ અને નાક વગેરે) વાટે બહાર નીકળે છે. એવા માણસને ગાયનું મૂત્ર, પીપર, નસોતર, એ ઔષધોથી સિદ્ધ કરેલા નિરૂહમાં ઈંદ્રજવ, બોર અને કળથીનો કલ્ક તથા જવ, બોર અને કળથીના કલ્કથી સિદ્ધ કરેલું તેલ નાખીને નિરૂહ બસ્તિ આપવી અને અનુવાસન બસ્તિ પણ આપવી. વળી તે સ્નેહ કંઠમાંથી નીકળતો હોય તે વખતે તેને ઉચ્છ્વાસ રોકીને, કંઠ દબાવીને તથા વિરેચન આપીને તથા ઊલટી મટાડનારી ક્રિયાઓ વડે સ્નેહબસ્તિના સ્નેહને પાછો ગુદાવાટે બહાર કાઢવો.

સ્તંભ: (૧) પંખો નાખવો, ઠંડુ પાણી છાંટવું વગેરે ઠંડા બાહ્ય ઉપચાર, (૨) બહાર નીકળતા શ્વાસને રોકવો.

કાચા સ્નેહની બસ્તિના ઉપદ્રવ : ઉપાય

नापक्वं प्रणयेत्स्नेहं गुदं स ह्युपलिम्पति ।
ततः कुर्यात्सरुङ्मोहकण्डू-
शोफान्, क्रियाऽत्र च ॥ ४४ ॥
तीक्ष्णो बस्तिस्तथा तैलमर्कपत्ररसे शृतम् ।

કાચા સ્નેહને ગુદામાં બસ્તિ દ્વારા લઈ જવો નહિ; કેમ કે તે ગુદાને લીંપી નાખે છે (ખરડી નાખે છે) અને તેથી પીડા, મોહ, ખણુજ, સોજો એ ઉપદ્રવ થાય છે. એમ થાય તો તે રોગીને તીક્ષ્ણ બસ્તિ આપવી તથા આકડાનાં પાંદડાંના રસમાં સિદ્ધ કરેલા તેલની બસ્તિ આપવી.

બસ્તિમાંનો વાયુ ગુદામાં જવાથી થયેલા ઉપદ્રવ : ઉપાય

अनुच्छ्वास्य तु बद्धे वा दत्ते निःशेष एव वा ॥४५
प्रविश्य क्षुभितो वायुः शूलतोदकरो भवेत् ।
तत्राभ्यङ्गो गुदे स्वेदो वातघ्नान्यशनानि च ॥४६॥

સૂ. અ. ૧૯, શ્લોક ૨૪૩માં લખ્યા પ્રમાણે બસ્તિને પ્રથમ દબાવીને તેમાંનો તમામ વાયુ કાઢી નાખીને પછી તેમાં સ્નેહ વગેરે ભરીને બસ્તિ આપવામાં આવે છે. પણ જો એ રીતે તેમાંનો વાયુ કાઢી નાખ્યા સિવાય તથા તેની પછવાડે જે બંધન બાંધવું જોઈએ તે બાંધ્યા સિવાય બસ્તિ આપવામાં આવે, તો તેમાંનો તમામ વાયુ ગુદામાં પ્રવેશ કરીને ક્ષોભ પામે છે અને તેથી તે શૂળ તથા તોદ ઉત્પન્ન કરે છે. એમ થાય ત્યારે રોગીની ગુદા ઉપર તેલ ચોપડવું અને સ્વેદ કાઢવો (શેક કરવો) તથા તેને વાયુનો નાશ કરનારાં ભોજન આપવાં.

બસ્તિ ગુદામાં ખોસવામાં કરેલી ઉતાવળથી કે બસ્તિ ઊછળવાથી થતા ઉપદ્રવ : ઉપાય

द्रुतं प्रणीते निष्कृष्टे सहसोत्क्षिप्त एव वा ।
स्यात् कटीगुदजङ्घोरुबस्तिस्तम्भार्तिभेदनम् ॥४७
भोजनं तत्र वातघ्नं स्वेदाभ्यङ्गाः सबस्तयः ।

ગુદામાં બસ્તિ મૂકતી વખતે જો તે ઉતાવળે ખોસવામાં આવે અથવા ઉતાવળે પાછી ખેંચી લેવામાં આવે અથવા પગ તરફથી પથારી એકાએક ઊછળે તો કમ્મર, ગુદા, જંઘા, સાથળ, મૂત્રાશય એ જગ્યાએ સ્તંભ, પીડા અને ફાટ થાય છે. એમ બને તો રોગીને વાયુનાશક ભોજન આપવું, પરસેવો કાઢવો (શેક કરવો), અભ્યંગ કરાવવા (તેલ ચોળવાં) અને (વાયુનાશક) બસ્તિઓ આપવી.

બસ્તિ અધવચ છૂટી જવાથી થતા ઉપદ્રવ : ઉપાય

पीड्यमानेऽन्तरा मुक्ते गुदे प्रतिहतोऽनिलः ॥४८
उरःशिरोरुजं सादमूर्वोश्च जनयेद्बली ।
बस्तिः स्यात्तत्र बिल्वादि-
फलश्यामादिमूत्रवान् ॥ ४९ ॥

ગુદામાં બસ્તિ ચડાવવા માટે બસ્તિને ગુદામાં દબાવીને ચડાવવામાં આવતી હોય તે વખતે (ઢીલું બંધાયું હોવાને કારણે જો બસ્તિ અધવચ છૂટી જાય તો) તે સ્થાનનો વાયુ પાછો ધકેલાઈને છાતીમાં અને માથામાં પીડા ઉત્પન્ન કરે છે તથા બળવાન એવો તે વાયુ બંને સાથળને ક્ષીણ કરી નાખે છે. એમ થાય ત્યારે રોગીને બિલ્વાદિ ઔષધોના (મહત્ પંચમૂળના) ક્વાથમાં મીંઢળ, શ્યામાદિ ગણ (સૂ. અ. ૧૫, શ્લોક ૪૫) અને ગોમૂત્ર નાખીને તેનો નિરૂહ આપવો.

બસ્તિને બહુ દાબવાથી ઉપદ્રવ : ઉપાય

अतिप्रपीडितः कोष्ठे तिष्ठत्यायाति वा गलम् ।
तत्र बस्तिर्विरेकश्च गलपीडादि कर्म च ॥५०॥

બસ્તિને ગુદામાં મૂકીને તેને અતિશય દાબવામાં આવે તો તેમાંનો સ્નેહ કોઠામાં ભરાઈ રહે છે અથવા ગળામાં આવે છે. એમ થાય ત્યારે તે રોગીને ફરીને બસ્તિ આપીને સ્નેહ પાછો કાઢવો અથવા તેને વિરેચન આપવું, અથવા તે મરી ન જાય એવી રીતે તેનું ગળું દાબવું વગેરે કર્મ કરવાં.

શુદ્ધિ કરેલાની તથા ક્ષીણ શરીર, બળ અને જઠરાગ્નિવાળાની રાખવાની ખાસ સંભાળ

वमनाद्यैर्विशुद्धं च क्षामदेहबलानलम् ।
यथाऽण्डं तरुणं पूर्णं तैलपात्रं यथा तथा ॥५१॥
भिषक् प्रयत्नतो रक्षेत्सर्वस्मादपचारतः ।

જે માણસને વમન, વિરેચન વગેરે આપીને તેની શુદ્ધિ કરી હોય તથા જે માણસનાં દેહ, બળ અને અગ્નિ ક્ષીણ થઈ ગયેલાં હોય, તેનું વૈદ્યે નવા ઈંડાંની પેઠે અથવા તેલથી સંપૂર્ણ ભરેલા પાત્રની પેઠે બધા અપચારથી યત્નપૂર્વક રક્ષણ કરવું; એટલે જે જે આહારવિહાર વગેરે તેને પ્રતિકૂળ(અપથ્ય) હોય, તેનાથી તેને દૂર રાખવો.

શોધન કરેલાને કયા રસ આપવા?

दद्यान्मधुरहृद्यानि ततोऽम्ललवणौ रसौ ॥५२॥
स्वादुतिक्तौ ततो भूयः कषायकटुकौ ततः ।

વમન, વિરેચન, બસ્તિ વગેરેથી શુદ્ધ કરેલા માણસની પ્રકૃતિમાં ફેરફાર થઈ ગયેલો હોય છે, માટે તેની અસલ પ્રકૃતિમાં તેને આણવા માટે વૈદ્યે તેને પ્રથમ મધુર (ગળ્યો) અને હૃદયને હિતકર રસ ખાવા માટે આપવા; પછી ખાટા અને ખારા રસ આપવા; પછી મધુર અને કડવા રસ આપવા; પછી તૂરા અને તીખા રસ આપવા.

શોધન કરેલાને અસલ પ્રકૃતિમાં આણવાનો ઉપાય

अन्योन्यप्रत्यनीकानां रसानां स्निग्धरूक्षयोः ॥५३॥
व्यत्यासादुपयोगेन क्रमात्तं प्रकृतिं नयेत् ।

વમન વગેરેથી રૂક્ષ(લૂખા) બનેલા માણસને પહેલાં મધુર રસ આપીને (ખવડાવીને) સ્નિગ્ધ કરવો. પછી મધુર રસથી વિરુદ્ધ ગુણવાળા ખાટા વગેરે રસોમાંથી કોઈ રસ આપીને પાછો લૂખો પાડવો. પછી પાછો મધુર રસ આપીને સ્નિગ્ધ કરવો. પછી મધુર રસના વિરોધી રસ આપીને લૂખો પાડવો. એવું વારા ફરતી કરીને વૈદ્યે એને ધીમે ધીમે એની અસલ પ્રકૃતિમાં લાવી દેવો.

અસલ પ્રકૃતિમાં આવ્યો હોવાનું લક્ષણ

सर्वसहः स्थिरबलो विज्ञेयः प्रकृतिं गतः ॥५४॥

જે માણસ સર્વ આહાર-વિહાર વગેરેને સહન કરી શકે એવો તથા સ્થિર બળવાળો થાય, તે પોતાની અસલ પ્રકૃતિમાં આવ્યો છે એમ જાણવું.

इत्यष्टाङ्गहृदये पञ्चमे कल्पसिद्धिस्थाने बस्ति
व्यापत्सिद्धिर्नाम पञ्चमोऽध्यायः ॥ ५ ॥

અધ્યાય ૬ ઠ્ઠો–દ્રવ્યકલ્પ

પાછળ અનેક રોગ ઉપર અનેક ઔષધો કહેલાં છે, પણ તે ઔષધમાં કહેલા ક્વાથ, હિમ, ફાંટ, ચૂર્ણ, ગુટિકા, કલ્ક વગેરેની શી રીતે કલ્પના (બનાવટ) કરવી તે કહ્યું નથી; માટે તે કહેવાના હેતુથી ગ્રંથકાર કહે છે કે:

अथातो द्रव्यकल्पं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે દ્રવ્યકલ્પ (દવા શી રીતે બનાવવી તે) સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ઉત્તમ ઔષધિનું લક્ષણ

धन्वे साधारणे देशे समे सन्मृत्तिके शुचौ ।
श्मशानचैत्यायतनश्वभ्रवल्मीकवर्जिते ॥ १ ॥
मृदौ प्रदक्षिणजले कुशरोहिषसंस्तृते ।
अफालकृष्टेऽनाक्रान्ते पादपैर्बलवत्तरैः ॥ २ ॥
शस्यते भेषजं जातं, युक्तं वर्णरसादिभिः ।
जन्त्वजग्धं दवादग्धमविदग्धं च वैकृतैः ॥ ३ ॥
भूतैश्छायातपाम्ब्वाद्यैर्यथाकालं च सेवितम् ।
अवगाढमहामूलमुदीचीं दिशमाश्रितम् ॥ ४ ॥

જે ઔષધ જાંગલ પ્રદેશમાં કે સાધારણ પ્રદેશમાં ઊગેલું હોય, જે સપાટ (ઊંચીનીચી નહિ અર્થાત્ ખાડામાં નહિ કે ટેકરા ઉપર નહિ), સારી માટીવાળી અને ચોખ્ખી જમીનમાં ઊગેલું હોય, વળી જે સ્મશાનભૂમિ, ચૈત્ય (દેવ કે ગ્રહનો જેમાં વાસ હોય એવું ઝાડ), કતલખાનું, ખાડો, રાફડો એવી ભૂમિમાં ઊગેલું ન હોય, કોમળ(સુંવાળી) તથા જ્યાં પાણી અનુકૂળ હોય એવી ભૂમિમાં ઊગેલું હોય, વળી જ્યાં દર્ભ અને રોહિસઘાસ ઊગીને પથરાયેલું હોય, જે ભૂમિ હળ વડે ખેડેલી ન હોય અને જે ભૂમિમાં મોટાં બળવાન વૃક્ષો ભરચક ઊગ્યાં ન હોય, તે ભૂમિમાં ઊગેલું હોય અને તે ઔષધના રંગમાં તથા રસમાં ફેરફાર (વિકાર) થયેલો ન હોય, તેને જીવડાંએ કરડી ખાધેલું ન હોય કે તે દવમાં બળી ગયેલું ન ન હોય, તેમ જ તે વિકાર પામેલાં જળ, વાયુ, તાપ વગેરે મહાભૂતથી વિદગ્ધ થયેલું (વિકાર પામેલું) ન હોય, તથા છાંયડો, તડકો, જળ વગેરે જે તેના પોષણને ઉપયોગનાં સાધનો છે તે વડે યોગ્ય સમયે તેનું પોષણ થયેલું હોય, વળી તેનાં મૂળ મોટાં હોઈને જમીનમાં ઊંડાં ગયેલાં હોય તથા તે ઉત્તર દિશામાં ઊગેલું હોય, તો તેને ઉત્તમ ઔષધ જાણવું.

ઔષધ કોણે, ક્યારે, કેવું તોડી લાવવું? કેવી રીતે રાખવું? કેટલા વખતમાં વાપરવું?

अथ कल्याणचरितः श्राद्धः शुचिरुपोषितः ।
गृह्णीयादौषधं सुस्थं स्थितं काले च कल्पयेत् ॥५॥
सक्षीरं तदसम्पत्तावनतिक्रान्तवत्सरम् ।
ऋते गुडघृतक्षौद्रधान्यकृष्णाविडङ्गतः ॥ ६ ॥

હવે ઔષધ હરણ કરવાની (તોડવાની) શ્રદ્ધાવાળા, સ્નાન વગેરે કર્મ કરીને શુદ્ધ થયેલા તથા ઉપવાસ જેણે કરેલા છે એવા માણસે સ્વસ્ત્યયન વગેરે મંગળકર્મ કરીને ઔષધને લાવવું, તથા તેને સારી સ્થિતિમાં રાખી મૂકવું. અને પછી જ્યારે પ્રસંગ પડે ત્યારે તેને વાપરવું. જો તે ઔષધ જોઈતી વખતે દૂધ સહિત (લીલું) મળે તો ઘણું સારું; પણ જો તેવું ન મળે તો અગાઉથી ઉપર કહ્યું તે રીતે આણી મૂકેલું હોય અને તેને તોડે એક વર્ષ વીત્યુ ન હોય તો વાપરવું. માત્ર ગોળ, ઘી, મધ, ધાણા, પીપર અને વાવડિંગ, એટલાં જેમ એક વર્ષ કરતાં વધારે જૂનાં તેમ સારાં જાણવાં.

દૂધ, છાણ, મૂત્ર, ધાતુ, પીંછાં, શીંગડાં, ખરી વગેરે કેવાં પ્રાણીનાં લાવવાં?

पयो यास्कृतं ग्राह्यं विण्मूत्रं तच्च नीरुजाम् ।
वयोबलवतां धातुपिच्छशृङ्गखुरादिकम् ॥ ७ ॥

જો જાનવરનું દૂધ લેવું હોય તો જેને વીઆયે ઘણા મહિના વીતી ગયા હોય એવી બાખડી ગાય, ભેંસ, બકરી વગેરે જે જાનવરનું દૂધ લેવું હોય તેનું દૂધ લેવું. છાણ, મૂત્ર અને દૂધ નીરોગી પ્રાણીનાં લેવાં. દાખલા તરીકે માંદી ગાયનું મૂત્ર, છાણ કે દૂધ ખપ લાગે નહિ માટે પ્રાણીનું મૂત્ર, છાણ કે દૂધ લેવાનું કહ્યું હોય ત્યાં નીરોગી પ્રાણીનું મૂત્ર, છાણ કે દૂધ લેવું. જનાવરનાં ધાતુ, પીછાં શીંગડાં, ખરી, વાળ, નખ, ચામડી વગેરે લેવાનાં કહ્યાં હોય ત્યારે તે તરુણ(જુવાન) અને બળવાન જનાવરનાં લેવાં.

કયા રસવાળા દ્રવ્યોના ક્વાથ, સ્વરસ, કલ્ક વગેરે બની શકે?

कषाययोनयः पञ्च रसा लवणवर्जिताः ।
रसः कल्कः शृतः शीतः
फाण्टश्चेति प्रकल्पना ॥ ८ ॥

पञ्चैव कषायाणां पूर्वं पूर्वं बलाधिका ।

ખારા રસ સિવાયના ગળ્યા વગેરે પાંચ રસ એ કષાયનું ઉત્પત્તિસ્થાન છે. અર્થાત્ ખારા સિવાયના બીજા પાંચ રસનો કષાય બની શકે છે. (રસ શબ્દ વડે તે રસવાળું દ્રવ્ય સમજવું.) ગળ્યા વગેરે પાંચ રસવાળાં દ્રવ્યમાંથી સ્વરસ, કલ્ક, શૃત, શીત અને ફાંટ, એવી પાંચ કલ્પનાઓ(બનાવટો) કરવામાં આવે છે. અને એ પાંચેને કષાય કહે છે. એ પાંચમાંથી આગળની બનાવટ પાછળની બનાવટથી અધિક બળવાળી છે. એટલે ફાંટ કરતાં શીત બળવાન છે; તેના કરતાં શૃત બળવાન છે; તેના કરતાં કલ્ક બળવાન છે; અને તેના કરતાં સ્વરસ બળવાન છે. ગળ્યા વગેરે પાંચ રસમાંથી એક રસનો સ્વરસ, બીજાનો કલ્ક, ત્રીજાનો શૃત, એમ ન સમજવું, પણ ખારા વિનાના બાકીના બધાય રસના સ્વરસ, કલ્ક, શૃત વગેરે બને છે એમ જાણવું. લવણ તો સદૈવ સૂકું છે માટે તેનો સ્વરસ નીકળી શકતો નથી, તેમ તેનો કલ્ક પણ બની શકતો નથી; કેમ કે જે દ્રવ્યમાં બીજું પ્રવાહી નાખીને વાટતાં તેનો ગોળો બની શકતો હોય અને ઓગળી ન જતો હોય તેનો કલ્ક બને છે, પણ લવણમા પાણી વગેરે પ્રવાહી નાખીને વાટતાં તે ઓગળી જાય છે માટે તેનો કલ્ક બને નહિ. લવણનુ શૃત પણ બનતું નથી, કેમકે દ્રવ્યને પાણીમાં ઉકાળીને તેને (તેના કૂચાને) બહાર કાઢી શકાય અને તે દ્રવ્યનો કોઈ અંશ (સત્ત્વ) જ પાણીમા ઓગળે ત્યારે તેને શૃત કહે છે; માટે મીઠાનું (લવણનુ) શૃત બની શકતું નથી. અને એ જ પ્રમાણે શીત અને ફાંટ પણ પ્રવાહી હોવાથી લવણના શીત અને ફાંટ બની શકતા નથી. માટે લવણ સિવાયના બાકીના પાચ રસના સ્વરસ વગેરે પાચ પ્રકારના કષાય બની શકે છે એમ કહ્યું છે.

સ્વરસ વગેરે બનાવવાની રીત

(શ્લોક ૯થી ૧૦ાા)

સ્વરસ કાઢવાની રીત

सद्यःसमुद्धृतात् क्षुण्णाद्यः स्रवेत्पटपीडितात् ॥९॥
स्वरसः स समुद्दिष्टः

પાછળ શ્લોક ૧ થી ૪માં કહેલા સપાટ વગેરે ગુણવાળી પૃથ્વીમાંથી તરત જ ઉખાડીને તેને (ઔષધને) તત્કાલ કચરીને કપડામાં ઘાલીને દબાવ્યાથી જે રસ નીકળે છે તેને સ્વરસ કહે છે.

કલ્ક અને ચૂર્ણ બનાવવાની રીત

कल्कः पिष्टो द्रवाप्लुतः ।
चूर्णोऽप्लुतः

આખા (સૂકા) ઔષધને પ્રવાહી દ્રવ્યમાં બોળીને તેને વાટવાથી કલ્ક બને છે. તેમ જ સૂકા દ્રવ્યને પ્રવાહી દ્રવ્યમાં બોળ્યા વિના વાટવા(ખાંડવા)થી ચૂર્ણ બને છે.

ક્વાથ બનાવવાની રીત

शृतः क्वाथः

ઔષધને દ્રવ દ્રવ્યમા નાખીને તેને ઉકાળવાથી ક્વાથ બને છે.

શીત(હિમ) બનાવવાની રીત

शीतो रात्रिं द्रवे स्थितः ॥१०॥

ઔષધ દ્રવદ્રવ્યમા (પ્રવાહીમાં) આખી રાત રહે પછી તેને ગાળી લેવાથી જે પ્રવાહી નીકળે તેને શીત (હિમ) કહે છે.

ફાંટ બનાવવાની રીત

सद्योऽभिपुतपूतस्तु फाण्टः

આખા દ્રવ્યને (ગરમ) પાણીમાં ઘૂંટીને (મસળીને કે ડોહીને) તત્કાળગાળી લેવાથી જે પ્રવાહી નીકળે તેને ફાંટ કહે છે.

સ્વરસ વગેરે કેટલું આપવું તેનું માપ

(શ્લોક ૧૦ાાથી ૧૪)

तन्मानकल्पने ।
युञ्ज्याद्व्याध्यादिबलतस्तथा च वचनं मुनेः ॥११॥
मात्राया न व्यवस्थाऽस्ति
व्याधिं कोष्ठं बलं वयः ।
आलोच्य देशकालौ च
योज्या मात्रा [illegible] ॥१२॥

તથા દોષ, ધાતુ વગેરે બાબતોનો વિચાર કરીને તે સ્વરસ વગેરેનું માપ અને બનાવટ નક્કી કરવાં. એ વિષે મુનિનું વચન એવું છે કે, ઔષધ આપવાની માત્રા(માપ) કાયમ માટે નક્કી કરી શકાય નહિ; પણ રોગ, કોઠો, બળ, ઉંમર અને દેશકાળ, એ સર્વનો વિચાર કરીને માત્રા-(માપ) નક્કી કરવી અને ઉપરની બાબતોનો વિચાર કરીને ઔષધને ઉગ્ર, સાધારણ કે હળવું બનાવીને આપવુ.

સ્વરસનું મધ્યમ માપ

मध्यं तु मानं निर्दिष्टं स्वरसस्य चतुष्पलम् ।

તોપણ સ્વરસનુ મધ્યમ(સાધારણ) માપ (ડોઝ) ચાર પલ એટલે સોળ તોલા કહેલું છે, અર્થાત્ રોગીને સ્વરસ પાવો હોય તો સોળ તોલા પાવો એ મધ્યમ માત્રા છે.

કલ્કનું મધ્યમ માપ

पेष्यस्य कर्षमालोड्यं तद् द्रवस्य पलत्रये ॥१३॥

બંને પ્રકારના કલ્કનું (કલ્કનું અને ચૂર્ણનું) માપ એક તોલો જાણવું તથા તે કલ્ક જે દ્રવમાં ડોહીને પાવો હોય તે દ્રવ(પ્રવાહી) બાર તોલા લેવો.

શૃત(ક્વાથ)નું મધ્યમ માપ

क्वाथं द्रव्यपले कुर्यात्प्रस्थार्धं पादशेषितम् ।

ચાર તોલા ઔષધ લઈને તેને આઠગણા એટલે બત્રીસ તોલા પાણીમાં નાખીને ઉકાળવુ અને ઊકળતાંઊકળતાં ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે તેને ગાળી લેવું. એ રીતે ક્વાથ કરવો. અર્થાત્ ઉપરની રીતે કરેલો આઠ તોલા ક્વાથ પીવો. એ ક્વાથની મધ્યમ માત્રા છે.

શીત(હિમ)નું મધ્યમ માપ

शीतं पले पलैः षड्भिः

શીત કષાય(હિમ) કરવો હોય ત્યારે ચોવીસ તોલા પાણીમાં ચાર તોલા ઔષધ આખી રાત પલાળી મૂકીને સવારે તે ગાળી લેવું (અને તે પીવું).

ફાંટનું મધ્યમ માપ

चतुर्भिस्तु ततोऽपरम् ॥ १४ ॥

ફાંટ કષાય કરવો હોય ત્યારે સોળ તોલા (ગરમ) પાણીમાં ચાર તોલા દ્રવ્ય (ઔષધ) નાખીને તેને ઘૂંટવું.

ઉપર પ્રમાણે પાંચ પ્રકારના કષાયની કલ્પના(બનાવટ)નુ મધ્યમ માન(માપ) બતાવ્યુ છે. પછી દેશ, કાળ, દોષ, રોગીની પ્રકૃતિ, ઔષધિનાં ગુણ, વીર્ય વગેરેનો વિચાર કરીને જરૂર હોય, તો તે માપથી અધિક માપ લેવુ અને ઓછાની જરૂર હોય તો ઓછુ લેવું.

ઘી, તેલ વગેરે સ્નેહ પકવવાની (સિદ્ધ કરવાની) સામાન્ય રીત

સ્નેહ, કલ્ક અને દ્રવનું પ્રમાણ

स्नेहपाके त्वमानोक्तौ चतुर्गुणविवर्धितम् ।
कल्कस्नेहद्रवं योज्यम्

સ્નેહનો પાક કરવો હોય તેનુ પ્રમાણ જ્યાં ન કહ્યુ હોય ત્યાં કલ્ક કરતાં સ્નેહ ચોગણો લેવો, અને સ્નેહ કરતાં દ્રવ (પ્રવાહી) ચોગણો લેવો.

સ્નેહ સિદ્ધ કરવા વિષે શૌનકનો મત

अधीते शौनकः पुनः ॥ १५ ॥
स्नेहे सिध्यति शुद्धाम्बु-
निःक्वाथस्वरसैः क्रमात् ।
कल्कस्य योजयेदंशं चतुर्थं षष्ठमष्टमम् ॥१६॥
पृथक् स्नेहसमं दद्यात्पञ्चप्रभृति तु द्रवम् ।

વળી શૌનક નામે વૈદ્યાચાર્ય પોતાના ગ્રંથમાં એમ લખે છે કે, સ્નેહ ત્રણ પ્રકારે સિદ્ધ કરવામાં આવે છે. કોઈવાર તે શુદ્ધ પાણીમાં સિદ્ધ કરાય છે; કોઈવાર ક્વાથમાં સિદ્ધ કરાય છે; અને કોઈવાર તે સ્વરસમાં સિદ્ધ કરવામાં આવે છે. જ્યારે સ્નેહ પાણીમાં સિદ્ધ કરવો હોય ત્યારે સ્નેહ કરતાં કલ્ક ચોથે ભાગે લેવો; ક્વાથમાં સિદ્ધ કરવો હોય ત્યારે સ્નેહથી કલ્ક છઠ્ઠે ભાગે લેવો; અને સ્વરસમાં સ્નેહ સિદ્ધ કરવો હોય ત્યારે સ્નેહથી આઠમે ભાગે કલ્ક લેવો. કલ્કમાં એક કરતાં વધારે દ્રવ્ય હોય અને તેનું માપ જુદુંજુદું ન બતાવ્યું હોય, તો તે સર્વે સમાન લેવાં અને તે સર્વેના કરતાં સ્નેહ ચોગણો લેવો. જો

સ્નેહ એકથી વધારે હોય, તો તે બે, ત્રણ કે ચાર મળીને ચોગણો લેવો. જેમ કે સોળ તોલા કલ્ક હોય અને સ્નેહ ચાર એકઠા કરવાના હોય, તો દરેક સ્નેહ સોળ તોલા લઈને ચોસઠ તોલા જેટલું વજન કરવું. જો દ્રવ (પાણી, દૂધ, ગોમૂત્ર, ક્વાથ, સ્વરસ વગેરે પ્રવાહી) બે એકઠા કરવાના હોય તો તે બન્ને મળીને સ્નેહ કરતાં ચોગણો લેવા પણ જો ત્રણ દ્રવ એકઠા કરવાના હોય, તો તે ત્રણે મળીને અને ચાર એકઠા કરવાના હોય તો ચારે મળીને સ્નેહ કરતાં ચોગણા લેવા પણ જો દ્રવ પાંચ એકઠા કરવાના હોય એટલે પાંચ જાતનાં પ્રવાહી એકઠાં કરવાનાં હોય, તો તે પાચે મળીને સ્નેહથી ચોગણા ન લેતાં તે પ્રત્યેક દ્રવ સ્નેહની બરોબર લેવો. જેમ કે કલ્ક સોળ તોલા અને સ્નેહ ચોસઠ તોલા છે, તો જુદી જુદી જાતના પાચ દ્રવોમાનો પ્રત્યેક દ્રવ ચોસઠ તોલા જેટલો લેવો અને બધા મળીને ત્રણસો વીસ તોલા દ્રવ લેવો. અને એ જ પ્રમાણે છ જાતના દ્રવ હોય, તો છએ મળીને (૬૪×૬=૩૮૪) ત્રણસો ચોરાસી તોલા દ્રવ લેવો.

સ્નેહ સિદ્ધ થયો (પાકચો) હોવાનું લક્ષણ

નાઙ્ગુલિમાહિતા કલ્કે ન સ્નેહેઽગ્નૌ સશબ્દતા ॥૧૭
વર્ણાદિસમ્પચ્ચ યદા તદૈનં શીઘ્રમાહરેત્ ।

(ઘી, તેલ વગેરે) સ્નેહમાં નાખેલો કલ્ક જ્યારે આંગળીએ ચોંટે નહિ અને તેમાંનો સ્નેહ અગ્નિમા નાખી જોવાથી ચટ્ ચટ્ એવો અવાજ નીકળે નહિ, તેમજ સ્નેહના રંગ, ગંધ, રસ અને સ્પર્શ સારાં લાગે તેવાં થાય, તેમજ તે કાળો ન પડી ગયો હોય, ત્યારે જાણવું કે સ્નેહ સિદ્ધ થયો છે. તે વખતે તેને તત્કાળ અગ્નિ ઉપરથી ઉતારી લેવો.

ઘૃતસ્ય ફેનોપશમસ્તૈલસ્ય તુ તદુદ્ભવઃ ॥ ૧૮ ॥

ઘીનો પાક કરતાં જ્યારે તેના ઉપર આવેલું ફીણ શમી જાય ત્યારે તેનો પાક થયો જાણવો. તેલનો પાક કરતા જ્યારે તેલ ઉપર ફીણ આવે ત્યારે તેનો પાક થયો જાણવો.

લેહ (ચાટણ) તૈયાર થયાનું લક્ષણ

લેહસ્ય તન્તુમત્તાઽપ્સુ મજ્જનં સરણં ન ચ ।

લેહ(ચાટણ)નો બરાબર પાક થાય ત્યારે તેના તાર નીકળે તથા તેને પાણીમાં નાખવાથી તે ડૂબી જાય, પણ ટુકડા ટુકડા થઈને પાણીમાં ફેલાઈ જાય નહિ તો લેહનો પાક થયો છે એમ જાણવું.

પાકના પ્રકાર, લક્ષણ, અસર અને ઉપયોગ

પાકસ્તુ ત્રિવિધો મન્દશ્ચિક્કણઃ ખરચિક્કણઃ ॥૧૯
મન્દઃ કલ્કસમે કિટ્ટે ચિક્કણો મદનોપમે ।
કિઞ્ચિત્સીદતિ કૃષ્ણે ચ
વર્ત્યે(ર્તિ)માને ચ પશ્ચિમઃ ॥ ૨૦ ॥
દગ્ધોઽત ઊર્ધ્વં નિષ્કાર્યઃ
સ્યાદામસ્ત્વગ્નિસાદકૃત્ ।
મૃદુર્નસ્યે ખરોઽભ્યઙ્ગે, પાને બસ્તૌ ચ ચિક્કણઃ ॥૨૧

એ સર્વે પાકના ત્રણ પ્રકાર છે: મંદસ્નેહ, ચીકણો સ્નેહ અને ખરચિક્કણ સ્નેહ. જ્યારે સ્નેહમાંનો નીચે ઠરેલો ઔષધિનો કાદવ કલ્કના જેવો બને એટલે આગળીએ ન ચોંટે, ત્યારે તે સ્નેહને મંદસ્નેહ જાણવો, તથા કલ્કના રંગ જેવો સ્નેહનો વર્ણ થાય ત્યારે તે પાકને મંદ-સ્નેહ જાણવો. મીંઢળના (અથવા, મીણના—હેમાદ્રિ.) રંગ જેવો સ્નેહનો રંગ થાય ત્યાં સુધી પાક કરવામાં આવે ત્યારે તેમાંનો ઔષધિઓનો કાદવ આંગળીએ ચોંટે છે તેને ચિક્કણ (ચીકણો) સ્નેહપાક જાણવો. જ્યારે સ્નેહનો રંગ કાંઈક નાશ પામવા માંડે તથા જરા કાળો થવા લાગે તથા કલ્કને આગળીએ લગાડી જોવાથી તે દિવેટની પેઠે બાઝે ત્યારે તેને છેલ્લો એટલે ખરચિક્કણ સ્નેહપાક જાણવો. એથી વધારે જે પાક થાય તે દગ્ધપાક જાણવો. દગ્ધ સ્નેહ કહેલી અસર કરી શકતો નથી, માટે તે નકામો થાય છે કેમ કે તેનું વીર્ય બળી જાય છે. અને જે સ્નેહ કાચો રહ્યો હોય તે જઠરાગ્નિને મંદ કરે છે. મંદસ્નેહ નસ્યમાં વાપરવો: ખર-

પરિમાણ(તોલ, વજન)ની સંજ્ઞા(પારિભાષિક શબ્દો)ના અર્થ

शाणं पाणितलं मुष्टिं कुडवं प्रस्थमाढकम् ।
द्रोणं वहं च क्रमशो विजानीयाच्चतुर्गुणम् ॥२२

શાણ, પાણિતલ, મુષ્ટિ, કુડવ, પ્રસ્થ, આઢક, દ્રોણ અને વહ, એ સર્વે અનુક્રમે પૂર્વ-પૂર્વના પરિમાણથી ચોગણા સમજવા. એટલે, ચાર શાણ એટલે એક પાણિતલ, ચાર પાણિતલ એટલે એક મુષ્ટિ, વગેરે સમજવું. એનું સ્પષ્ટીકરણ થવા માટે નિઘંટુરત્નાકરને અનુસરીને નીચે કોષ્ટક આપ્યું છે:

૮ સરસવ= ૧ જવ.

૪ જવ= ૧ રતી. એનું બીજું નામ ગુંજા કે ચણોઠી છે.

૬ રતી= ૧ માષ(માસો). એનાં બીજાં નામ હેમ અને ધાન્ય છે.

૪ માષ=૧ શાણ. એનાં બીજાં નામ નિષ્ક અને ધરણ છે. સામાન્ય રીતે એ એક પાવલીભાર વજન થાય છે.

૪ શાણ=૧ પાણિતલ. એનાં બીજાં નામ કર્ષ, પાણિમાનિકા, અક્ષ, પિચુ, કિંચિત્‌પાણિ, તિંદુક, બિડાલ, ષોડશિકા, કરમધ્ય, હંસપદ, સુવર્ણ, કવલગ્રહ અને ઉદુંબર એવાં છે. સામાન્યતઃ એનું વજન એક તોલો થાય છે.

૪ પાણિતલ=૧ મુષ્ટિ. એનાં બીજાં નામ પળ, પલ, આમ્ર, ચતુર્થિકા, પ્રકુંચ, ષોડશી, બિલ્વ એવાં છે. સામાન્યતઃ એનું વજન ૪ તોલા બરોબર થાય છે.

૪ મુષ્ટિ=૧ કુડવ. એનાં બીજાં નામ અંજલિ, અર્ધશરાવ, અર્ધમાન એવાં છે. એનું વજન સોળ તોલા બરાબર થાય છે.

૪ કુડવ=૧ પ્રસ્થ. એનું વજન ૬૪ તોલા બરોબર છે.

૪ પ્રસ્થ=૧ આઢક. એનાં બીજાં નામ ભાજન અને કંસપાત્ર છે. એનું વજન ૨૫૬ તોલા જેટલું છે.

૪ આઢક=૧ દ્રોણ. એનાં બીજાં નામ કલશ, નલ્વણ, અર્મણ, ઉન્માન, ઘટ, રાશિ એવાં છે, એનું વજન ૧૦૨૪ તોલા થાય છે.

૪ દ્રોણ=૧ વહ. એનાં બીજાં નામ દ્રોણી, વૃકી અને ગોણી છે. એનું વજન ૪૦૯૬ તોલા છે.

એ ઉપરાંત ૮૦૦૦ તોલાનો ભાર ગણાય છે. ૪૦૦ તોલાની તુલા (તોલું, દસ શેર) ગણાય છે. ૧૬૩૮૪ તોલાની ખારી ગણાય છે.

લીલું દ્રવ્ય કેટલું લેવું?

द्विगुणं योजयेदार्द्रं कुडवादि तथा द्रवम् ।

એક જ પ્રયોગમાં સૂકાં અને લીલાં દ્રવ્ય ભેગાં લેવાનો પ્રસંગ આવે તો સૂકા દ્રવ્યથી લીલું દ્રવ્ય બમણું લેવું. એટલે સૂંઠ ચાર તોલા કહી હોય તો સૂંઠને અભાવે આદું આઠ તોલા નાખવું; અને સૂકાં દ્રવ્યની સાથે જ દ્રવ(પ્રવાહી) ગણાવ્યો હોય અને સૂકાં દ્રવ્યને ઠેકાણે લીલાં દ્રવ્ય લેવાં પડે તો કુડવ અને કુડવથી મોટા માપમાં લેવાનાં પ્રવાહી લખ્યા કરતાં બમણાં લેવાં.

કયું પ્રવાહી વાપરવું તે ન કહ્યું હોય ત્યાં કયું પ્રવાહી વાપરવું?

पेषणालोडने वारि स्नेहपाके च निर्द्रवे ॥२३॥

જ્યાં ઔષધને વાટીને કલ્ક કરવાનો કહ્યો હોય અથવા ઓગાળવાનું(ડોહવાનું) કહ્યું હોય, ત્યાં કયા પ્રવાહીમાં વાટવું કે ઓગાળવું તે ન કહ્યું હોય, તો પાણી વડે તે કરવું. સ્નેહપાકમાં પણ બીજો દ્રવ્ય(પ્રવાહી) કહ્યો ન હોય તો પાણી જ વાપરવું.

દ્રવ્યોનું પ્રમાણ ન કહ્યું હોય ત્યાં કયા પ્રમાણમાં લેવાં?

कल्पयेत्सदृशान् भागान् प्रमाणं यत्र नोदितम् ।
कल्कीकुर्याच्च भैषज्यमनिरूपितकल्पनम् ॥२४॥

જે પ્રયોગમાં દ્રવ્યોનું પ્રમાણ વિશેષ કરીને બતાવ્યું ન હોય ત્યાં તે સર્વે સમાન ભાગે લેવાં અને જે પ્રયોગમાં ઔષધો માત્ર ગણાવ્યાં હોય પણ તેનો ક્વાથ કરવો કે ચૂર્ણ કરવું કે ગુટિકા કરવી વગેરે બનાવટ કહી ન હોય ત્યાં તે સર્વનો કલ્ક કરવો.

સ્નેહ એકથી વધારે હોય, તો તે બે, ત્રણ કે ચાર મળીને ચોગણો લેવો. જેમ કે સોળ તોલા કલ્ક હોય અને સ્નેહ ચાર એકઠા કરવાના હોય, તો દરેક સ્નેહ સોળ તોલા લઈને ચોસઠ તોલા જેટલું વજન કરવું. જો દ્રવ (પાણી, દૂધ, ગોમૂત્ર, ક્વાથ, સ્વરસ વગેરે પ્રવાહી) બે એકઠા કરવાના હોય તો તે બન્ને મળીને સ્નેહ કરતાં ચોગણા લેવા પણ જો ત્રણ દ્રવ એકઠા કરવાના હોય, તો તે ત્રણે મળીને અને ચાર એકઠા કરવાના હોય તો ચારે મળીને સ્નેહ કરતાં ચોગણા લેવા પણ જો દ્રવ પાંચ એકઠા કરવાના હોય એટલે પાંચ જાતનાં પ્રવાહી એકઠાં કરવાનાં હોય, તો તે પાંચે મળીને સ્નેહથી ચોગણા ન લેતાં તે પ્રત્યેક દ્રવ સ્નેહની બરોબર લેવો. જેમ કે કલ્ક સોળ તોલા અને સ્નેહ ચોસઠ તોલા છે, તો જુદી જુદી જાતના પાંચ દ્રવોમાંનો પ્રત્યેક દ્રવ ચોસઠ તોલા જેટલો લેવો અને બધા મળીને ત્રણસો વીસ તોલા દ્રવ લેવો. અને એ જ પ્રમાણે છ જાતના દ્રવ હોય, તો છએ મળીને (૬૪×૬=૩૮૪) ત્રણસો ચોરાસી તોલા દ્રવ લેવો.

સ્નેહ સિદ્ધ થયો (પાક્યો) હોવાનું લક્ષણ

नाङ्गुलिग्राहिता कल्के न स्नेहेऽग्नौ सशब्दता ॥१७
वर्णादिसम्पच्च यदा तदैनं शीघ्रमाहरेत् ।

(ઘી, તેલ વગેરે) સ્નેહમાં નાખેલો કલ્ક જ્યારે આંગળીએ ચોંટે નહિ અને તેમાંનો સ્નેહ અગ્નિમાં નાખી જોવાથી ચટ્ ચટ્ એવો અવાજ નીકળે નહિ, તેમજ સ્નેહનાં રંગ, ગંધ, રસ અને સ્પર્શ સારાં લાગે તેવાં થાય, તેમજ તે કાળો ન પડી ગયો હોય, ત્યારે જાણવુ કે સ્નેહ સિદ્ધ થયો છે. તે વખતે તેને તત્કાળ અગ્નિ ઉપરથી ઉતારી લેવો.

घृतस्य फेनोपशमस्तैलस्य तु तदुद्भवः ॥ १८ ॥

ઘીનો પાક કરતાં જ્યારે તેના ઉપર આવેલું ફીણ શમી જાય ત્યારે તેનો પાક થયો જાણવો. તેલનો પાક કરતાં જ્યારે તેલ ઉપર ફીણ આવે ત્યારે તેનો પાક થયો જાણવો.

લેહ (ચાટણ) તૈયાર થયાનું લક્ષણ

लेहस्य तन्तुमत्ताऽप्सु मज्जनं सरणं न च ।

લેહ(ચાટણ)નો બરાબર પાક થાય ત્યારે તેના તાર નીકળે તથા તેને પાણીમાં નાખવાથી તે ડૂબી જાય, પણ ટુકડા ટુકડા થઈને પાણીમાં ફેલાઈ જાય નહિ તો લેહનો પાક થયો છે એમ જાણવું.

પાકના પ્રકાર, લક્ષણ, અસર અને ઉપયોગ

पाकस्तु त्रिविधो मन्दश्चिक्कणः खरचिक्कणः ॥१९
मन्दः कल्कसमे किट्टे चिक्कणो मदनोपमे ।
किञ्चित्सीदति कृष्णे च
वर्त्य(र्ति)माने च पश्चिमः ॥ २० ॥
दग्धोऽत ऊर्ध्वं निष्कार्यः
स्यादामस्त्वग्निसादकृत् ।
मृदुर्नस्ये खरोऽभ्यङ्गे, पाने वस्तौ च चिक्कणः ॥२१

એ સર્વે પાકના ત્રણ પ્રકાર છે: મંદસ્નેહ, ચીકણો સ્નેહ અને ખરચિક્કણ સ્નેહ. જ્યારે સ્નેહમાંનો નીચે ઠરેલો ઔષધિનો કાદવ કલ્કના જેવો બને એટલે આંગળીએ ન ચોંટે, ત્યારે તે સ્નેહને મંદસ્નેહ જાણવો, તથા કલ્કના રંગ જેવો સ્નેહનો વર્ણ થાય ત્યારે તે પાકને મંદસ્નેહ જાણવો. મીંઢળના (અથવા, મીણના—હેમાદ્રિ.) રંગ જેવો સ્નેહનો રંગ થાય ત્યાં સુધી પાક કરવામાં આવે ત્યારે તેમાંનો ઔષધિઓનો કાદવ આંગળીએ ચોંટે છે તેને ચિક્કણ (ચીકણો) સ્નેહપાક જાણવો. જ્યારે સ્નેહનો રંગ કાંઈક નાશ પામવા માંડે તથા જરા કાળો થવા લાગે તથા કલ્કને આંગળીએ લગાડી જોવાથી તે દિવેટની પેઠે બાઝે ત્યારે તેને છેલ્લો એટલે ખરચિક્કણ સ્નેહપાક જાણવો. એથી વધારે જે પાક થાય તે દગ્ધપાક જાણવો. દગ્ધ સ્નેહ કહેલી અસર કરી શકતો નથી, માટે તે નકામો થાય છે કેમ કે તેનું વીર્ય બળી જાય છે. અને જે સ્નેહ કાચો રહ્યો હોય તે જઠરાગ્નિને મંદ કરે છે. મંદસ્નેહ નસ્યમાં વાપરવો; ખરચિક્કણ સ્નેહ અભ્યંગમાં (શરીરે ચોળવામાં) વાપરવો; અને પીવામાં તથા બસ્તિ આપવામાં ચિક્કણ સ્નેહ વાપરવો.

પરિમાણ(તોલ, વજન)ની સંજ્ઞા(પારિભાષિક શબ્દો)ના અર્થ

शाणं पाणितलं मुष्टिं कुडवं प्रस्थमाढकम् ।
द्रोणं वहं च क्रमशो विजानीयाच्चतुर्गुणम् ॥२२

શાણ, પાણિતલ, મુષ્ટિ, કુડવ, પ્રસ્થ, આઢક, દ્રોણ અને વહ, એ સર્વ અનુક્રમે પૂર્વ-પૂર્વના પરિમાણથી ચોગણા સમજવા. એટલે, ચાર શાણ એટલે એક પાણિતલ, ચાર પાણિતલ એટલે એક મુષ્ટિ, વગેરે સમજવું. એનુ સ્પષ્ટીકરણ થવા માટે નિઘંટુરત્નાકરને અનુસરીને નીચે કોષ્ટક આપ્યુ છે:

૮ સરસવ= ૧ જવ.
૪ જવ= ૧ રતી. એનું ખીજું નામ ગુંજા કે ચણોઠી છે.
૬ રતી= ૧ માષ(માસો). એનાં ખીજાં નામ હેમ અને ધાન્ય છે.
૪ માષ=૧ શાણ. એનાં ખીજાં નામ નિષ્ક અને ધરણ છે. સામાન્ય રીતે એ એક પાવલીભાર વજન થાય છે.
૪ શાણ=૧ પાણિતલ. એનાં ખીજાં નામ કર્ષ, પાણિમાનિકા, અક્ષ, પિચુ, કિંચિત્પાણિ, તિંદુક, બિડાલ, ષોડશિકા, કરમધ્ય, હંસપદ, સુવર્ણ, કવલગ્રહ અને ઉદુંબર એવાં છે. સામાન્યતઃ એનુ વજન એક તોલો થાય છે.
૪ પાણિતલ=૧ મુષ્ટિ. એનાં ખીજાં નામ પળ, પલ, આમ્ર, ચતુર્થિકા, પ્રકુંચ, ષોડશી, બિલ્વ એવાં છે. સામાન્યતઃ એનું વજન ૪ તોલા બરોબર થાય છે.
૪ મુષ્ટિ=૧ કુડવ. એનાં ખીજાં નામ અંજલિ, અર્ધશરાવ, અર્ધમાન એવાં છે. એનું વજન સોળ તોલા બરાબર થાય છે.
૪ કુડવ=૧ પ્રસ્થ. એનું વજન ૬૪ તોલા બરોબર છે.
૪ પ્રસ્થ=૧ આઢક. એનાં ખીજાં નામ ભાજન અને કંસપાત્ર છે. એનું વજન ૨૫૬ તોલા જેટલું છે.
૪ આઢક=૧ દ્રોણ. એનાં બીજાં નામ કલશ, તલ્વણ, અર્મણ, ઉન્માન, ઘટ, રાશિ એવાં છે, એનું વજન ૧૦૨૪ તોલા થાય છે.
૪ દ્રોણ=૧ વહ. એનાં ખીજાં નામ દ્રોણી, વૃકી અને ગોણી છે. એનું વજન ૪૦૯૬ તોલા છે.

એ ઉપરાંત ૮૦૦૦ તોલાનો ભાર ગણાય છે. ૪૦૦ તોલાની તુલા (તોલુ, દસ શેર) ગણાય છે. ૧૬૩૮૪ તોલાની ખારી ગણાય છે.

લીલું દ્રવ્ય કેટલું લેવું?

द्विगुणं योजयेदार्द्रं कुडवादि तथा द्रवम् ।

એક જ પ્રયોગમાં સૂકાં અને લીલાં દ્રવ્ય ભેગાં લેવાનો પ્રસંગ આવે તો સૂકા દ્રવ્યથી લીલું દ્રવ્ય બમણુ લેવું. એટલે સૂંઠ ચાર તોલા કહી હોય તો સૂંઠને અભાવે આદું આઠ તોલા નાખવુ; અને સૂકાં દ્રવ્યની સાથે જ દ્રવ(પ્રવાહી) ગણાવ્યો હોય અને સૂકાં દ્રવ્યને ઠેકાણે લીલાં દ્રવ્ય લેવાં પડે તો કુડવ અને કુડવથી મોટા માપમાં લેવાનાં પ્રવાહી લખ્યા કરતાં બમણાં લેવાં.

કયું પ્રવાહી વાપરવું તે ન કહ્યું હોય ત્યાં કયું પ્રવાહી વાપરવું?

पेषणालोडने वारि स्नेहपाके च निर्द्रवे ॥२३॥

જ્યાં ઔષધને વાટીને કલ્ક કરવાનો કહ્યો હોય અથવા ઓગાળવાનું(ડોહવાનું) કહ્યુ હોય, ત્યાં કયા પ્રવાહીમાં વાટવું કે ઓગાળવું તે ન કહ્યુ હોય, તો પાણી વડે તે કરવુ. સ્નેહપાકમાં પણ બીજો દ્રવ્ય(પ્રવાહી) કહ્યો ન હોય તો પાણી જ વાપરવું.

દ્રવ્યોનું પ્રમાણ ન કહ્યું હોય ત્યાં કયા પ્રમાણમાં લેવાં?

कल्पयेत्सदृशान् भागान् प्रमाणं यत्र नोदितम् ।
कल्कीकुर्याच्च भैषज्यमनिरूपितकल्पनम् ॥२४॥

જે પ્રયોગમાં દ્રવ્યોનુ પ્રમાણ વિશેષ કરીને બતાવ્યું ન હોય ત્યાં તે સર્વે સમાન ભાગે લેવાં અને જે પ્રયોગમાં ઔષધો માત્ર ગણાવ્યાં હોય પણ તેનો ક્વાથ કરવો કે ચૂર્ણ કરવુ કે ગુટિકા કરવી વગેરે બનાવટ કહી ન હોય ત્યાં તે સર્વનો કલ્ક કરવો.

દવામાં વનસ્પતિનું કયું અંગ(ભાગ)વાપરવું?

अङ्गानुक्तौ तु मूलं स्यादप्रसिद्धौ तदेव तु ।

પાંદડાં, ફૂલ, ફળ, મૂળ, છાલ વગેરે અનેક અંગોમાંથી વનસ્પતિનું કયુ અંગ દવામાં વાપરવું તે ન કહ્યું હોય ત્યાં મૂળ વાપરવું, (અરડૂસીનાં પાંદડાં વાપરવાં એ વાત પ્રસિદ્ધ છે, પણ) જે ઝાડનું કયુ અંગ વાપરવું તે વાત પ્રસિદ્ધ ન હોય તે ઝાડનું પણ મૂળ વાપરવું.

તોલ, વજનની બીજી સંજ્ઞાઓના અર્થ

द्वौ शाणौ वटकः कोलं बदरं द्रंक्षणश्च, तौ ॥२५॥
अक्षं पिचुः पाणितलं सुवर्णं कवलग्रहः ।
कर्षो बिडालपदकं तिन्दुकः पाणिमानिका ॥२६॥
शब्दान्यत्वमभिन्नेऽर्थे शुक्तिरष्टमिका पिचू ।
पलं प्रकुञ्चो बिल्वं च मुष्टिराम्रं चतुर्थिका ॥२७॥
द्वे पले प्रसृतस्तौ द्वावञ्जलिस्तौ तु मानिका ।
आढकं भाजनं कंसो,
द्रोणः कुम्भो घटोऽर्मणम् ॥२८॥
तुला पलशतं, तानि विंशतिर्भार उच्यते ।

પાછળ સંક્ષેપમાં જે શાણુ વગેરે પરિમાણુ કહ્યું છે તે અહીં વિસ્તારથી કહ્યું છે. એ જ પરિમાણુ બીજા સંગ્રહ વગેરે ગ્રંથમાં પણ કહ્યાં છે. અહીં શાણુથી આરંભ કર્યો છે, પણ શાણુ કેટલાને કહેવો તે લખ્યું નથી માટે આરંભથી તે આપવું યોગ્ય ધારી નીચે લખ્યુ છે.

ક્રમવાર સૂક્ષ્મ વજન શાસ્ત્રોક્ત છે.

- ૩૦ પરમાણુ=૧ વંશી.
- ૬ વંશી=૧ મરીચિ.
- ૬ મરીચિ=૧ સરસવ.
- ૮ સરસવ=૧ તંડુલ.
- ૨ તંડુલ=૧ ધાન્યમાષ(અડદ)
- ૨ ધાન્યમાષ=૧ જવ.
- ૪ જવ=૧ અંબૂકા.
- ૪ અંબૂકા=૧ માષક.
- ૪ માષક=૧ શાણુ.
- ૨ શાણુ=૧ વટક. કોલ, બદર, દ્રંક્ષણ, એવા એના પર્યાય છે.
- ૨ વટક=૧ અક્ષ. પિચુ, પાણિતલ, સુવર્ણ, કવલગ્રહ, કર્ષ, બિડાલપદક, તિંદુક, પાણિમાનિકા, એવા એના પર્યાય છે, અર્થ જુદો નથી.
- ૨ અક્ષ=૧ શુક્તિ. એનો પર્યાય અષ્ટમિકા છે.
- ૨ શુક્તિ=૧ પલ. પ્રકુંચ, બિલ્વ, મુષ્ટિ, આમ્ર, ચતુર્થિકા એવા એના પર્યાય છે.
- ૨ પલ=૧ પ્રસૃત.
- ૨ પ્રસૃત= ૧ અંજલિ.
- ૨ અંજલિ=૧ માનિકા=૮ પલ.
- ૨ માનિકા=૧ પ્રસ્થ.
- ૪ પ્રસ્થ=૧ આઢક. ભાજન અને કંસ એના પર્યાય છે.
- ૪ આઢક=૧ દ્રોણુ. કુંભ, ઘટ અને અર્મણુ, એવા એના પર્યાય છે.
- ૧૦૦ પલ=૧ તુલા (તોલું).
- ૨૦ તુલા=૧ ભાર.

પર્વતભેદે દ્રવ્ય વિશેષ

हिमवद्विन्ध्यशैलाभ्यां प्रायो व्याप्ता वसुंधरा ।
सौम्यं पथ्यं च तत्राद्यमाग्नेयं वैन्ध्यमौषधम् ॥२९॥

હિમાલય અને વિંધ્યાચળ એ બે પર્વતોથી બહુધા પૃથ્વી વ્યાપ્ત છે. તેમાંથી હિમાલયનું ઔષધ સૌમ્ય અને તેથી પથ્ય છે. અને વિંધ્યાદ્રિનું ઔષધ આગ્નેય હોવાથી તેટલું પથ્ય નથી.

इत्यष्टाङ्गहृदये पञ्चमे कल्पसिद्धिस्थाने द्रव्यकल्पो नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

महर्षि वाग्भटकृत

अष्टांगहृदय

ઉત્તરસ્થાન

અધ્યાય ૧ લો—બાળકના ઉપચાર

अथातो बालोपचरणीय-
मध्यायं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

ત્યારે હવે બાળકોના ઉપચાર કરવા માટે ઉપયોગી અધ્યાય અમે સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

બાળક જન્મે કે તરત શું કરવું?

जातमात्रं विशोध्योल्वाद्बालं सैन्धवसर्पिषा।
प्रसूतिक्लेशितं चानु बलातैलेन सेचयेत्॥१॥
अश्मनोर्वादनं चास्य कर्णमूले समाचरेत्।
अथास्य दक्षिणे कर्णे मन्त्रमुच्चारयेदिमम्॥२॥

બાળક જન્મે કે તરત ઘીમાં સિંધવ નાખીને એ ઘીથી બાળક ઉપરથી ઓર સાફ કરી નાખીને પછી પ્રસવથી કષ્ટાયેલા બાળક ઉપર બલાતૈલ (ચિ. ૨૧/૭૩ થી ૮૧) સિંચવું, પછી એના કાનના મૂળ આગળ બે પથરા ખખડાવવા અને પછી એના જમણા કાનમાં આ(=નીચેનો) મંત્ર બોલવો.

મંત્ર

'अङ्गादङ्गात्सम्भवासि हृदयादभिजायसे।
आत्मा वै पुत्रनामासि
सञ्जीव शरदां शतम्॥३॥
शतायुः शतवर्षोऽसि दीर्घमायुरवाप्नुहि।
नक्षत्राणि दिशो रात्रिरहश्च त्वाऽभिरक्षतु'॥४

તું અંગેઅંગમાંથી ઉત્પન્ન થાય છે, હૃદયમાંથી ઉત્પન્ન થાય છે, પુત્રના નામે તું આત્મા છે (=૧. પુત્રરૂપે હું પોતે જ અવતર્યો છું તે તું છે; ૨. પુત્રરૂપે આત્મા અવતર્યો છે તે તું છે), તું સો શરદૃઋતુ (=વર્ષો) સુધી જીવજે; તું સો આવરદાનો, સો વર્ષનો છે; તું લાંબો આવરદા પામજે; નક્ષત્રો, દિશાઓ, રાત અને દિવસ (એ બધાં) તારું રક્ષણ કરો.

(મંત્રનો અર્થ ઉપર પ્રમાણે છે. મંત્ર મૂળ સંસ્કૃતમાં ભણવો.)

નાયડો શી રીતે કાપવો? પછી શું કરવું?

स्वस्थीभूतस्य नाभिं च सूत्रेण चतुरङ्गुलात्।
बद्ध्वोर्ध्वं वर्धयित्वा च ग्रीवायामवसञ्जयेत्॥५॥
नाभिं च कुष्ठतैलेन सेचयेत्स्नापयेदनु।
क्षीरिवृक्षकषायेण सर्वगन्धोदकेन वा॥६॥
कोष्णेन तप्तरजततपनीयनिमज्जनैः।

પછી બાળક સ્વસ્થ થાય એટલે એના નાયડા(=નાળ)ને ડૂંટીથી ચાર આંગળ ઊંચે દોરો બાંધીને, (ધારવાળા શસ્ત્રથી) નાયડો કાપીને તેને દોરાથી ડોકમાં પહેરાવી દેવો અને (પછી) ઉપલેટથી સિદ્ધ કરેલું તેલ ડૂંટી પર ચોળવું. પછી ક્ષીરિવૃક્ષના સશેકા ક્વાથથી અથવા તપાવેલાં ચાંદી અને સોનું છમકારીને સશેકા બનાવેલા (સુખડ, એલચી વગેરે) બધાં સુગંધિદાર દ્રવ્યોના પાણીથી બાળકને નવડાવવું.

ચાટણ

ततो दक्षिणतर्जन्या तालून्नम्यावगुण्ठयेत्॥७॥
शिरसि स्नेहपिचुना, प्राश्यं चास्य प्रयोजयेत्।
हरेणुमात्रं मेधायुर्बलार्थमभिमान्त्रितम्॥८॥
ऐन्द्रीब्राह्मीवचाशङ्खपुष्पीकल्कं घृतं मधु।

પછી જમણા હાથની તર્જની(=અંગૂઠા જોડેની આંગળી)થી (બાળકનું) તાળવું ઊંચું કરીને એને માથે તેલનું પોતું મૂકવું અને મેધા,

આયુષ્ય અને બળ માટે (શ્લોક ૨૩થી ૪ વાળા મંત્રથી) મંત્રેલું,-ઇંદ્રવરણાં, બ્રાહ્મી, વજ અને શંખાવળીના ભેગા કલ્ક, ઘી અને મધનું ચાટણું (માપમાં) ફક્ત વટાણા જેટલું એને ચટાડવું.

चामीकरवचाब्राह्मीताप्यपथ्या रजीकृताः ॥ ९ ॥
लिह्यान्मधुघृतोपेता हेमधात्रीरजोऽथवा ।

અથવા સોનાના વરખ, વજ, બ્રાહ્મી, સુવર્ણમાક્ષિક અને હરડેનો બારીક (વસ્ત્રગાળ) ભૂકો કરીને ઘી અને મધ સાથે ચટાડવું. અથવા સોનાના વરખ અને આમળાનો વસ્ત્રગાળ ભૂકો મધ અને ઘી સાથે ચટાડવો.

गर्भाम्भः सैन्धववता सर्पिषा वामयेत्ततः ॥ १० ॥

પછી સિંધવવાળું ઘી પાઈને ગર્ભનું પાણી ઓકાવી નાખવું.

જાતકર્મસંસ્કાર

प्राजापत्येन विधिना जातकर्माणि कारयेत ।

પછી પ્રાજાપત્ય વિધિથી વૈદ્યે જાતકર્મ (=બાળક જન્મ્યા પછી કરવાનો) સંસ્કાર કરાવવો.

ધાવણ ક્યારે આવવા માંડે ?

सिराणां हृदयस्थानां विवृतत्वात् प्रसूतितः ॥ ११ ॥
तृतीयेऽह्नि चतुर्थे वा स्त्रीणां स्तन्यं प्रवर्तते ।

હૃદયમાં રહેલી શિરાઓ પ્રસવને લીધે પહોળી થઈ જતી હોવાથી (પ્રસવ પછી) ત્રીજે કે ચોથે દહાડે સ્ત્રીઓને ધાવણ આવવા માંડે છે.

પહેલા ત્રણચાર દિવસ બાળકને શું ચટાડવું ?

प्रथमे दिवसे तस्मात् त्रिकालं मधुसर्पिषी ॥१२॥
अनन्तामिश्रिते मन्त्रपाविते प्राशयेच्छिशुम् ।

તેથી (=પહેલા ત્રણચાર દિવસ ધાવણ આવતું નથી તેથી) પહેલે દિવસે (આખા દહાડામાં મળી કુલ) ત્રણ વાર બાળકને ધમાસો મેળવેલા મધ અને ઘી મંત્રથી પવિત્ર કરીને ચટાડવા. (ડલ્હણ અને ઇંદુ પ્રમાણે અહીં અનંતાનો અર્થ ધમાસો નહિ પણ ધરો થાય છે.)

द्वितीये लक्ष्मणासिद्धं तृतीये च घृतं, ततः ॥ १३ ॥
प्राङ्निषिद्धस्तनस्यास्य
तत्पाणितलसम्मितम् ।
स्तन्यानुपानं द्वौ कालौ नवनीतं प्रयोजयेत ॥१४

બીજે અને ત્રીજે દિવસે લક્ષ્મણા(=ધોળી ભોરિંગણી)થી સિદ્ધ કરેલું ઘી (દિવસમાં ત્રણ વાર) ચટાડવું. પછી જેને પહેલા ધવડાવવાની મનાઈ હતી એવા એ બાળકને દિવસમાં બે વાર હાથની હથેલીના ખાડામાં માય એટલું (=એક તોલો) માખણ ચટાડીને માખણ ચટાડ્યા પછી તરત ધવડાવવું.

માનું ધાવણ: એને અભાવે ધાવ કેવી રાખવી?

मातुरेव पिबेत्स्तन्यं तद्ध्यलं देहवृद्धये ।
स्तन्यधात्र्यावुभे कार्ये तदसम्पदि वत्सले ॥ १५।
अव्यङ्गे ब्रह्मचारिण्यौ वर्णप्रकृतितः समे ।
नीरुजे मध्यवयसौ जीवद्वत्से न लोलुपे ॥ १६।
हिताहारविहारेण यत्नादुपचरेच्च ते ।

બાળકે પોતાની માને જ ધાવવું, કારણ કે એ (=માનું ધાવણ) બાળકના શરીરને વધારી શકે છે. તેને અભાવે (=માના ધાવણને અભાવે) બાળક ઉપર વહાલસોયી, ખોડવિનાની, બ્રહ્મચર્ય પાળનારી, બાળકની માના જેવા જ રંગ અને પ્રકૃતિવાળી, નીરોગી વચેટ (=પીઢ, પ્રૌઢ) ઉમ્મરની, જેના પોતાના બાળકો જીવતા હોય એવી, લાલચુ ન હોય એવી બે ધાવ રાખવી. એ બન્ને ધાવને પથ્ય આહાર અને વિહાર ચીવટપૂર્વક રખાવવા.

ધાવણ શાથી નાશ પામે અને શાથી બને ?

शुक्क्रोधलङ्घनायासाः
स्तन्यनाशस्य हेतवः ॥ १७ ॥
स्तन्यस्य सीधुवर्ज्यानि मद्यान्यानूपजा रसाः ।
क्षीरं क्षीरिण्य ओषध्यः शोकादेश्च विपर्ययः ॥१८॥

શોક, ક્રોધ, ઉપવાસ અને મહેનત, એ ધાવણનો નાશ કરવાના કારણ છે. સીધુ સિવાયના દારૂ, અનૂપ દેશના પ્રાણીઓના માંસરસ, દૂધ, ડોડી વગેરે દૂધવાળી ઔષધિ તથા શોક વગેરે(=શોક, ક્રોધ, ઉપવાસ અને મહેનત)થી ઊંધું (=આનંદ, શાંતિ, ધરાઈને ખાવું અને આરામ) એ ધાવણ બનાવવાના કારણ છે.

કેવી સ્ત્રીને ધાવવાથી બાળકને રોગ થાય?

विरुद्धाहारभुक्तायाः क्षुधिताया विचेतसः ।
प्रदुष्टधातोर्गर्भिण्याः स्तन्यं रोगकरं शिशोः ॥१९

જેણે વિરુદ્ધ ભોજન કર્યું હોય એવી, ભૂખી, દિલગીર (અથવા બેભાન), જેની ધાતુઓ (=દોષો અને ધાતુઓ) બગડી હોય એવી, અને સગર્ભા–એટલી સ્ત્રીઓનું ધાવણ બાળકને રોગ કરે છે.

ધાવણને અભાવે કેવું દૂધ પાવું?

स्तन्याभावे पयश्छागं गव्यं वा तद्गुणं पिबेत्।
ह्रस्वेन पञ्चमूलेन स्थिराभ्यां वा सितायुतम् २०

(માના કે ધાવના) ધાવણને અભાવે બકરીનું દૂધ બાળકે પીવું, અથવા હ્રસ્વ(=લઘુ) પંચમૂળ વડે કે સમેરવો અને ગંધી સમેરવો એ બે વડે સિદ્ધ કરેલા ગાયના દૂધમાં સાકર નાખીને એ રીતે ગાયના દૂધને બકરીના દૂધ જેવા ગુણવાળું બનાવીને એ ગાયનું દૂધ બાળકે પીવું.

સગાંએ રાત્રે જાગતાં રહેવું

षष्ठीं निशां विशेषेण कृतरक्षाबलिक्रियाः।
जागृयुर्बान्धवास्तस्य दधतः परमां मुदम् ॥२१॥

બાળકની રક્ષા અને બલિની ક્રિયા કરીને બાળકનાં સગાંએ (રોજ રાતે અને) ખાસ કરીને છઠ્ઠી રાતે ખૂબ આનંદભેર જાગવું.

દશ ઉઠણ અને નામ પાડવું

दशमे दिवसे पूर्णे विधिभिः स्वकुलोचितैः।
कारयेत्सूतिकोत्थानं नाम बालस्य चार्चितम् २२
बिभ्रतोऽङ्गैर्मनोह्वालरोचनागुरुचन्दनम्।
नक्षत्रदेवतायुक्तं बान्धवं वा समाक्षरम् ॥२३॥

દસમો વાસો પૂરો થાય ત્યારે પોતપોતાના કુળને યોગ્ય વિધિથી સુવાવડીનુ દશ ઉઠણુ કાઢવું (=સુવાવડીને નવડાવવાનો ઉત્સવ કરવો) તથા બાળકનાં જુદાંજુદાં અવયવો ઉપર મણશીલ, હરતાલ, ગોરોચના, અગર અને સુખડ પહેરાવીને પછી કુટુંબ, નાતજાત વગેરેમાં માન પામેલું, બાળકના જન્મનક્ષત્રના દેવતાના નામવાળું કે બાપના કુટુંબમાં કોઈ પૂર્વજનું હોય એવું, સમ અક્ષરોવાળું (=બે ચાર, છ–એવી બેકી સંખ્યાના અક્ષરોવાળું) નામ પાડવું.

(કયા નક્ષત્રના કયા દેવ છે તેની વિગતઃ- અશ્વિનીના બે અશ્વિન, ભરણીનો યમ, કૃત્તિકાનો અગ્નિ, રોહિણીનો પ્રજાપતિ, મૃગશિરસ્‌નો ચંદ્ર, આર્દ્રાનો રુદ્ર, પુનર્વસુનો અદિતિ, પુષ્યનો બૃહસ્પતિ (ગુરુ), આશ્લેષાના સાપ, મઘાના પિતૃઓ, પૂર્વાફાલ્ગુનીનો ભગ, ઉત્તરાફાલ્ગુનીનો અર્યમા, હસ્તનો મૈત્ર, ચિત્રાનો વિશ્વકર્મા, સ્વાતિનો વાયુ, વિશાખાના ઇંદ્ર અને અગ્નિ, અનુરાધાનો મૈત્ર, જયેષ્ઠાનો ઇંદ્ર, મૂળનો નિર્ઋતિ, પૂર્વાષાઢાનો જળ, ઉત્તરાષાઢાના બધા દેવ, શ્રવણનો વિષ્ણુ, ધનિષ્ઠાના વસુઓ, શતભિષજનો વરુણ, પૂર્વાભાદ્રપદાનો અજૈકપાત્ --અગિયાર રુદ્રોમાંનો એક રુદ્ર, ઉત્તરાભાદ્રપદાનો અહિર્બુધ્નિ–એક રુદ્ર, રેવતીનો પૂષા.)

પથારી અને ઓશીકાં

ततः प्रकृतिभेदोक्तरूपैरायुःपरीक्षणम्।
प्रागुदक्शिरसः कुर्यात्
बालस्य ज्ञानवान् भिषक् ॥२४॥
शुचिधौतोपधानानि निर्वलीनि मृदूनि च।
शय्यास्तरणवासांसि रक्षोघ्नैर्धूपितानि च ॥२५॥

પછી જ્ઞાની વૈદ્યે બાળકનું માથું પૂર્વ દિશામાં કે ઉત્તર દિશામાં રાખીને (શા. અ. ૫માં) જુદીજુદી પ્રકૃતિઓનાં લક્ષણ કહ્યાં છે તે ઉપરથી એના આયુષ્યની પરીક્ષા કરવી, તથા રાક્ષસોનો નાશ કરે એવો ધૂપ દીધેલાં કરચલીવિનાનાં, પોચાં, પવિત્ર અને ધોયેલાં ઓશીકાં અને પથારીમાં પાથરવાનાં કપડાં (=ચાદરો વગેરે) કરવાં.

રાક્ષસોનો નાશ કરે એવો ધૂપ

काको विशस्तः शस्तश्च धूपने त्रिवृतान्वितः।

જીવતા કાગડાને મારી નાખીને એ કાગડામાં નસોતર ભેળવીને એનો ધૂપ દેવો એ સારો છે.

બાળકને શું શું પહેરાવવું?

जीवत्खड्गादिशृङ्गोत्थान्
सदा बालः शुभान् मणीन् ॥२६॥
धारयेदौषधीः श्रेष्ठा ब्राह्मयैन्द्रीजीवकादिकाः।
हस्ताभ्यां ग्रावया मूर्ध्ना विनेयान्सततं वचाम् २७
आयुर्मेधास्मृतिस्वास्थ्यकरीं रक्षोभिरक्षिणीम्।

બાળકે હમેશાં જીવતા ગેંડા વગેરેના શીંગડામાંથી બનાવેલા શુભ ખજરખટ્ટા તથા બ્રાહ્મી, ઇન્દ્રવરણાં, જીવક વગેરે ઉત્તમ ઔષધિઓ અને ખાસ કરીને તો આયુષ્ય, મેધા, સ્મરણશક્તિ અને આરોગ્ય આપે એવી તથા રાક્ષસોમાંથી ઉગારી લેનારી વજ હાથે, ડોકમાં અને માથે પહેરવી.

કાન ક્યારે અને કેવી રીતે વીંધવા?

षट्सप्ताष्टममासेषु नीरुजस्य शुभेऽहनि ॥ २८ ॥
कर्णौ हिमागमे विध्येद्धात्र्यङ्कस्थस्य सान्त्वयन् ।

જો બાળક નીરોગી હોય તો છઠ્ઠા, સાતમા કે આઠમા મહિનામાં શુભ દિવસે ધાત્રી(=મા કે ધાવ)ના ખોળામાં બાળકને બેસાડીને એને ફલાવીફલાવીને શિયાળો બેસતાં એના બંને કાન (વૈદ્યે) વીંધવા.

प्राग्दक्षिणं कुमारस्य भिषग्वामं तु योषितः ॥२९
दक्षिणेन दधत्सूचीं पालिमन्येन पाणिना ।
मध्यतः कर्णपीठस्य किञ्चिद्गण्डाश्रयं प्रति ॥ ३०॥
जरायुमात्रप्रच्छन्ने रविरश्म्यवभासिते ।
धृतस्य निश्चलं सम्यगलक्तकरसाङ्किते ॥ ३१ ॥
विध्येद्दैवकृते छिद्रे सकृदेवर्जु लाघवात् ।
नोर्ध्वं न पार्श्वतो नाधः

બાળક હાલી ન જાય એ રીતે એને પકડાવી રાખીને વૈદ્યે જમણા હાથમાં સોય રાખીને અને ડાબા હાથે (બાળકના) કાનની બૂટ પકડીને કાનના નીચલા ભાગની વચમાં જરા ગાલ તરફની બાજુએ, ઓર જેવા પાતળા પડથી ઢંકાયેલા, સૂર્યના કિરણથી પ્રકાશિત કરાયેલા, લાલ લાખ(અળતા)નું ટપકું કરીને બરાબર નિશાની કરાયેલા, જન્મથી જ કરાયેલા (=કુદરતી) છિદ્ર(=વેધ)માં એક જ વાર, સીધું અને હલકે હાથે લાખની નિશાની કરતાં નહિ ઊંચે, નહિ બાજુમાં કે નહિ નીચે એવી રીતે છોકરાનો પહેલો જમણો અને છોકરીનો પહેલો ડાબો કાન વીંધવો.

(જે ભાગમાં કાન વીંધવાનો હોય છે ત્યાં બાળક જન્મે ત્યારથી કુદરતી રીતે જ એક છિદ્ર હોય છે. એ છિદ્ર ઉપર ઓર જેવું પાતળું પડ આડું આવેલું હોય છે. તે જગ્યાએ પહેલાં લાલ લાખનું ટપકું મૂકીને નિશાની કરવી કે જેથી આઘુંપાછું ન વીંધાય. એ છિદ્ર ઉપર સૂર્યનો પ્રકાશ પડે એ રીતે બાળકને બેસાડવું કે જેથી વીંધતી વખતે એ ભાગ બરાબર દેખાય. બાળક હાલી ન જાય એ રીતે એને બેસાડવું. સોય હલકે હાથે પહેલે જ ધક્કે સીધી સોંસરી નીકળે એવી રીતે કાન વીંધવો.)

આડુંઅવળું વીંધાઈ ન જાય તેની
કાળજી રાખવાનું કારણ

शिरास्तत्र हि संश्रिताः ॥ ३२ ॥
कालिकामर्मरीरक्ताः

કારણ કે ત્યાં (ઊંચે) કાલિકા નામની શિરા, (બાજુમાં) મર્મરી નામની શિરા અને (નીચે) રક્તા નામની શિરા આવેલી છે.

तद्व्यधाद्रागरुग्ज्वराः ।
सशोफदाहसंरम्भमन्यास्तम्भापतानकाः ॥३३॥

એ શિરાઓ વીંધાય તો કાન લાલ થઈ જાય; પીડા, તાવ, સોજો, બળતરા, લોહી, જમા થઈને સોજો આવે, મન્યાસ્તંભ અને અપતાનક (નિ. ૧૫,૧૯ૢ) એટલા રોગ થાય.

ઉપરના રોગ થાય તો શું કરવું?

तेषां यथामयं कुर्याद्विभज्याशु चिकित्सितम् ।

એ રોગોના રોગવાર વિભાગ પાડીને તે તે રોગના ઉપાય ઝટ કરવા.

स्थाने व्यधान्न रुधिरं न रुग्रागादिसम्भवः ॥३४॥

શ્લોક ૩૦થી ૩૧ૢમાં કહેલી યોગ્ય જગ્યાએ કાન વીંધાય તો લોહી નીકળતું નથી તેમ જ પીડા, રતાશ વગેરે (શ્લોક ૩૨ૢ, ૩૩માં કહેલા) ઉપદ્રવો થતા નથી.

स्नेहाक्तं सूच्यनुस्यूतं सूत्रं चानु निधापयेत् ।
आमतैलेन सिञ्चेच्च बहलं तद्वदारया ॥ ३५ ॥
विध्येत्पालीं हितभुजः सञ्चार्योऽथ स्थवीयसी ।
वर्तिस्त्र्यहात्ततो रूढं वर्धयेत शनैः शनैः ॥३६॥

પછી (=કાન વીંધી રહ્યા પછી) સોયમાં પરોવેલો સ્નેહ ચોપડેલો દોરો કાનના વીંધમાં પહેરાવવો અને તેના પર કાચું તેલ મૂકયા કરવું. તે જ પ્રમાણે (શ્લોક ૨૯થી ૩૪ૢમાં

કહેલી રીતે) જાડી ખૂટને આર નામના શસ્ત્રથી (સૂ. ૨૬/૨૪૬થી ૨૫૬) વીંધવી. બાળકને પથ્ય ખોરાક જ આપવો. પછી (=કાન વીંધ્યા પછી) ત્રણ દિવસ રહીને જરા વધારે (=દોરા કરતાં જરા વધારે) જાડી (તેલ ચોપડેલી) વાટ કાનમાં (દોરાની જગ્યાએ) સરકાવવી. પછી જ્યારે કાન રુઝાઈ જાય ત્યારે ધીમેધીમે વાટની જાડાઈ વધારતા જવી.

ધાવણ ક્યારે અને કેવી રીતે છોડાવવું?

अथैनं जातदशनं क्रमेणापनयेत्स्तनात्।
पूर्वोक्तं योजयेत्क्षीरमन्नं च लघु बृंहणम्॥ ३७॥

પછી જ્યારે એને દાંત આવી રહે ત્યારે ક્રમેક્રમે એને ધાવણ છોડાવવું અને આગળ (શ્લોક ૧૯૬, ૨૦માં) કહેલું દૂધ અને હલકું પણ બૃંહણ કરે એવું અનાજ એને આપવું. (ધાવણ એકદમ છોડાવી દેવું નહિ, પણ સૂ. ૭/૪૭૬, ૪૮માં કહેલા ક્રમસર છોડાવવું.)

ધાવણ છૂટ્યા પછી બાળકને આપવાના લાડુ

प्रियालमज्जमधुकमधुलाजसितोपलैः।
अपस्तनस्य संयोज्यः प्रीणनो मोदकः शिशोः॥
दीपनो बालबिल्वैलाशर्करालाजसक्तुभिः।
सङ्ग्राही धातकीपुष्पशर्करालाजतर्पणैः॥ ३९॥

ચારોળીની મીંજ (=ચારોળી), જેઠીમધ, ડાંગરની ધાણી અને સાકર, એ ચાર વસ્તુઓની બનાવેલી પ્રીણન લાડુડી; નાનાં બીલાં, એલચી, સાકર, ડાંગરની ધાણી અને સાથુ, એ પાંચ વસ્તુઓની બનાવેલી દીપન લાડુડી; તથા ધાવડીનાં ફૂલ, સાકર, ડાંગરની ધાણી, એ ચાર તર્પણ વસ્તુઓની બનાવેલી સંગ્રાહી લાડુડી (શ્લોક ૩૬૬, ૩૭ પ્રમાણે) ધાવણ છૂટ્યા પછી બાળકને આપવી.

બાળકના રોગમાં કેવા ઉપચાર કરવા?

रोगांश्चास्य जयेत्सौम्यैर्भेषजैरविषादकैः।
अन्यत्रात्ययिकाद्व्याधेर्विरेकं सुतरां त्यजेत्॥४०॥

બાળકના રોગો સૌમ્ય અને ક્ષોભ ઉત્પન્ન ન થાય એવાં (=તીક્ષ્ણ ન હોય એવાં, ગભરાવી ન મૂકે એવાં) ઓસડથી મટાડવા. મારી નાખે એવા કટોકટીના રોગ સિવાય બીજા કોઈ પણ પ્રસંગે એને જુલાબ તો ન જ આપવો.

त्रासयेन्नाविधेयं तं त्रस्तं गृह्णन्ति हि ग्रहाः।

બાળક કહ્યું ન માનતું હોય ત્યારે પણ એને ત્રાસ આપવો નહિ (=બિવડાવવું કે ધમકાવવું નહિ), કારણ કે બીનેલા બાળકને ગ્રહો (ઉ. અ. ૩/૬થી ૨૬) વળગે છે.

वस्त्रवातात्परस्पर्शात्पालयेल्लङ्घनाच्च तम्॥४१

બાળકને એની પાસેથી પસાર થનારના વસ્ત્રની ઝપટથી પવન ન આવવા દેવો, બાળકને મન જે પરાયું હોય (=જેની સાથે બાળક હળી ન ગયું હોય) તેને બાળકને અડકવા ન દેવો તથા કોઈને બાળકને ઓળંગીને જવા ન દેવું.

બાળકને પાવાનું ઘી

ब्राह्मीसिद्धार्थकवचासारिवाकुष्ठसैन्धवैः।
सकणैः साधितं पीतं वाङ्मेधास्मृतिकृद् घृतम्॥
आयुष्यं पाप्मरक्षोघ्नं भूतोन्मादनिबर्हणम्।

બ્રાહ્મી, સરસવ, વજ, સારિવા, ઉપલેટ, સિંધવ અને પીપર, એ સાત વસ્તુઓના કલ્કથી સિદ્ધ કરેલું ઘી પીવાથી વાચા, મેધા અને સ્મરણશક્તિ આવે છે, આયુષ્યનો ફાયદો થાય છે, પાપનો અને રાક્ષસોનો નાશ થાય છે અને ભૂતોન્માદ (ઉ. અ. ૪) મટે છે.

અષ્ટાંગ ઘી

वचेन्दुलेखामण्डूकीशङ्खपुष्पीशतावरीः॥ ४३॥
ब्रह्मसोमामृताब्राह्मीः कल्कीकृत्य पलांशिकाः।
अष्टाङ्गं विपचेत्सर्पिः प्रस्थं क्षीरचतुर्गुणम्॥४४॥
तत्पीतं धान्यमायुष्यं वाङ्मेधास्मृतिबुद्धिकृत्।

વજ, બાવચી (=ધુપેલ બનાવવામાં વાપરે છે તે બાવચી, તુકમરિયાં નહિ), મંડૂકી (મંડૂકપર્ણી), ખડબ્રાહ્મી, શંખાવળી, શતાવરી, વરધારો, હરડે (અથવા ગળો) અને બ્રાહ્મી, એ દરેક ચાર ચાર તોલા લઈને તેનો કલ્ક કરીને એ આઠ અંગ(=ઔષધ)વાળું ૬૪ તોલા ઘી અને ઘીથી ચારગણું દૂધ, એ દસ વાનાં ભેગાં કરીને પકવેલું ઘી પીવાથી ધન્ય થવાય છે, આયુષ્યને ફાયદો થાય છે તથા વાચા, મેધા, સ્મરણશક્તિ અને બુદ્ધિ આવે છે.

સારસ્વત ઘી

अजाक्षीराभयाव्योषपाठोग्राशिग्रुसैन्धवैः ॥४५॥
सिद्धं सारस्वतं सर्पिर्वाङ्मेधास्मृतिवह्निकृत्।

બકરીનું દૂધ, હરડે, વ્યોષ (=સૂંઠ, પીપર અને મરી), પહાડમૂળ, ઘોડાવજ, સરગવો અને સિંધવ, એ નવ વસ્તુઓથી સિદ્ધ કરેલું સારસ્વત ઘી પીવાથી વાચા, મેધા, સ્મરણ-શક્તિ અને જઠરાગ્નિ પેદા થાય છે (=વધે છે).

वचामृताशठीपथ्याशङ्खिनीवेल्लनागरैः ॥ ४६ ॥
अपामार्गेण च घृतं साधितं पूर्ववद्गुणैः।

વજ, ગળો, ષટ્કચૂરો, હરડે, શંખવેલ, વાવડિંગ, સૂંઠ અને અઘેડો, એ આઠ વસ્તુ-ઓથી સિદ્ધ કરેલુ ઘી ગુણની બાબતમાં આગળ-ના ઘી જેવું (=સારસ્વત ઘી જેવું) છે.

શરીર વગેરે બાંધનારા ચાર યોગ

हेम श्वेतवचा कुष्ठमर्कपुष्पी सकाञ्चना ॥४७॥
हेम मत्स्याक्षकः शङ्खः कैडर्यः कनकं वचा।
चत्वार एते पादोक्ताः प्राशा मधुघृतप्लुताः ॥ ४८
वर्षं लीढा वपुर्मेधाबलवर्णकराः शुभाः।

(૧) સોનું, ધોળી વજ અને ઉપલેટ; (૨) સોનું અને સૂરજમુખી; (૩) સોનું, બ્રાહ્મી અને શંખ; (૪) પહાડી લીમડો, સોનું, વજ; શ્લોકના એકએક ચરણમાં કહેલા આ ચાર યોગોને મધ અને ઘીમાં કાલવીને બનાવેલા પ્રાશ (=ખોરાક, ચાટણું) જો એક વરસ સુધી ચાટવામા આવે, તો તે શરીર, મેધા, બળ અને શરીરનો રંગ આપે છે (સુધારે છે) અને શુભ છે.

અધ્યાય ૨ જો–બાળકના રોગના ઉપાય

अथातो बालामयप्रतिषेधं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः॥

ત્યારે હવે અમે બાળકોના રોગ મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

બાળકોનું વર્ગીકરણ: રોગનું કારણ

त्रिविधः कथितो बालः क्षीरान्नोभयवर्तनः।
स्वास्थ्यं ताभ्यामदुष्टाभ्यां
दुष्टाभ्यां रोगसम्भवः॥१॥

બાળક ત્રણ પ્રકારનાં હોય છે: (૧) દૂધ પીને રહેનારાં, (૨) અન્ન ખાઈને રહેનારાં તથા (૩) દૂધ અને અન્ન બન્ને ખાઈપીને રહેનારાં. એ બે (=દૂધ અને અન્ન) ચોખ્ખા હોય તો આરોગ્ય રહે છે અને એ બે બગડેલાં હોય તો રોગ થાય છે.

શુદ્ધ દૂધ(=ધાવણ)નું લક્ષણ

यदप्सु एकतां याति न च दोषैरधिष्ठितम्।
तद्विशुद्धं पयो

જે દૂધ પાણી સાથે એકરસ થઈ જાય અને જેમાં દોષો રહેલા ન હોય તે શુદ્ધ દૂધ છે.

વાયુથી બગડેલા દૂધ(=ધાવણ)નું લક્ષણ

वातादुष्टं तु प्लवतेऽम्भसि ॥ २ ॥
कषायं फेनलं रूक्षं वर्चोमूत्रविबन्धकृत्।

વાયુથી બગડેલુ દૂધ પાણીમાં તરે છે; તૂરું, ફીણવાળું, લૂખું અને ઝાડાપેશાબને રોકે એવું હોય છે.

પાણીમાં નાખવાથી તળિયે બેસે એવું અને પિચ્છિલ હોય છે.

બે અને ત્રણ દોષથી બગડેલા દૂધ(=ધાવણ)નું લક્ષણ

संसृष्टलिङ्गं संसर्गात् त्रिलिङ्गं सान्निपातिकम् ॥४॥

બે દોષથી બગડેલું દૂધ એ બે દોષનાં ભેગાં લક્ષણોવાળું હોય છે અને ત્રણે દોષથી બગડેલું દૂધ ત્રણે દોષનાં ભેગાં લક્ષણોવાળું હોય છે.

કયું અશુદ્ધ દૂધ કયા રોગ કરે?

यथास्वलिङ्गांस्तद्वयाधीन् जनयत्युपयोजितम्।

બાળકને જે દોષથી બગડેલું દૂધ પાવામાં આવે તે દોષનાં લક્ષણોવાળા રોગ તે કરે છે.

કેવી પીડા થાય છે તે શા ઉપરથી સમજવું?

शिरोऽर्तीक्ष्णमभीक्ष्णं च रोदनाल्लक्षयेद्रुजम् ॥५

બાળકને તીક્ષ્ણ અને સતત (અથવા વારંવાર) પીડા થાય છે એ એના રોવા ઉપરથી સમજવું. (બાળક થોડું રોઈને છાનું રહી જાય છે કે કળેકળ ખાઈને રુએ છે વગેરે રોવાની રીત ઉપરથી બાળકને કેવી પીડા થતી હશે તે સમજવું.)

પીડા ક્યાં થાય છે તે સમજવાની રીત

स यं स्पृशेद् भृशं देशं यत्र च स्पर्शनाक्षमः।
तत्र विद्याद्रुजं

જે જગ્યાએ (=જે અવયવ ઉપર) બાળક અડકયા કરે અને જ્યાં બીજું કોઈ એને અડકે તો એનાથી સહન થાય નહિ તે જગ્યાએ પીડા (=દરદ) થાય છે એમ સમજવું.

मूर्ध्नि रुजं चाक्षिनिमीलनात् ॥६॥
हृदि जिह्वौष्ठदशनश्वासमुष्टिनिपीडनैः।
कोष्ठे विबन्धवमथुस्तनदंशान्त्रकूजनैः ॥७॥
आध्मानपृष्ठनमनजठरोन्नमनैरपि।
बस्तौ गुह्ये च विण्मूत्रसङ्गोत्त्रासदिगीक्षणैः ॥८॥

(બાળક) આંખો મીંચી રાખે તે ઉપરથી સમજવું કે માથામાં પીડા થાય છે; જીભ દબાવે, હોઠ દબાવે, દાંત ભીડી દે, શ્વાસ દબાવે અને મૂઠી વાળી રાખે તે ઉપરથી સમજવું કે હૃદયમાં પીડા થાય છે; બાળકને વિબંધ, ઊલટી, (માના કે ધાવના) સ્તનને બચકું ભરે, આંતરડાંમાં ગડગડાટ, આધ્માન, બરડામાંથી વળી જાય (=ટટાર ન બેસી શકે) અને પેટ ફૂલી જાય એટલાં લક્ષણો ઉપરથી સમજવું કે એને કોઠામાં પીડા થાય છે; તથા ઝાડો અને પેશાબ ન થાય, ભડકે (=ચમકે) અને દિશાઓમાં જોયા કરે એટલાં લક્ષણો ઉપરથી જાણવું કે મૂત્રાશયમાં અને ગુહ્ય ભાગમાં (=ગુદામાં અને મૂત્રેંદ્રિયમાં) પીડા થાય છે.

ઉપાય કોને કરવા?

अथ धात्र्याः क्रियां कुर्याद्यथादोषं यथामयम्।

ધાવતા બાળકને ધવડાવનારી સ્ત્રીને (=માને કે ધાવને) તે તે દોષ અને રોગના ઉપાય કરવા.

વાયુથી બગડેલા ધાવણ માટે કરવાના ઉપાય

तत्र वातात्मके स्तन्ये दशमूलं त्र्यहं पिबेत् ॥९॥
अथवाऽग्निवचापाठाकटुकाकुष्ठदीप्यकम्।
समार्गीदारुसरलवृश्चिकालीकणोषणम् ॥ १० ॥

તેમાં, ધાવણ વાયુથી બગડેલું હોય તો માએ (કે ધાવે) ત્રણ દિવસ સુધી દશમૂળનો કવાથ પીવો અથવા ચિત્રો, વજ, પહાડમૂળ, કડુ, ઉપલેટ, અજમો, ભારંગમૂળ, દેવદાર, સરલવૃક્ષની છાલ, મીંઢીઆવળ (=સોનામુખી), પીપર અને મરી એટલી વસ્તુઓનો કવાથ ત્રણ દિવસ સુધી પીવો.

ततः पिबेदन्यतमं वातव्याधिहरं घृतम्।
अनु चाच्छसुरामेवं स्निग्धां मृदु विरेचयेत् ॥११
बस्तिकर्म ततः कुर्यात्स्वेदादींश्चानिलापहान्।

પછી (ચોથા દિવસથી) ચિ. અ. ૨૧માં વાયુના રોગને મટાડે એવાં ઘી કહ્યાં છે તેમાંથી ગમે તે એક જાતનું ઘી માએ (કે ધાવે) પીવું. ત્યાર પછી પાતળી સુરા પાવી. આ રીતે ધવડાવનારી સ્ત્રીનું સ્નેહન કર્યા પછી એને હલકો રેચ આપવો. ત્યાર પછી બસ્તિ આપવી અને વાયુ મટાડે એવું સ્વેદન વગેરે (=સ્વેદન, અભ્યંગ વગેરે) કરવું.

रास्नाजमोदासरलदेवदारुरजोन्वितम् ॥ १२ ॥
वालो लिहाद् घृतं तैर्वा विपक्वं ससितोपलम्।

રાસ્ના, અજમોદ, સરલવૃક્ષ અને દેવદાર એ ચારનું કપડછાણુ (વસ્ત્રગાળ) ચૂર્ણ ઘીમાં

સારસ્વત ઘી

अजाक्षीराभयाव्योषपाठोग्राशिग्रुसैन्धवैः ॥४५॥
सिद्धं सारस्वतं सर्पिर्वाङ्मेधास्मृतिवह्निकृत्।

બકરીનું દૂધ, હરડે, વ્યોષ (=સૂંઠ, પીપર અને મરી), પહાડમૂળ, ઘોડાવજ, સરગવો અને સૈંધવ, એ નવ વસ્તુઓથી સિદ્ધ કરેલું સારસ્વત ઘી પીવાથી વાચા, મેધા, સ્મરણશક્તિ અને જઠરાગ્નિ પેદા થાય છે (=વધે છે).

वचामृताशठीपथ्याशङ्खिनीवेल्लनागरैः ॥ ४६ ॥
अपामार्गेण च घृतं साधितं पूर्ववद्गुणैः।

વજ, ગળો, ષટ્કચૂરો, હરડે, શંખવેલ, વાવડિંગ, સૂંઠ અને અઘેડો, એ આઠ વસ્તુઓથી સિદ્ધ કરેલુ ઘી ગુણની બાબતમાં આગળના ઘી જેવું (=સારસ્વત ઘી જેવું) છે.

શરીર વગેરે બાંધનારા ચાર યોગ

हेम श्वेतवचा कुष्ठमर्कपुष्पी सकाञ्चना ॥४७॥
हेम मत्स्याक्षकः शङ्खः कैडर्यः कनकं वचा।
चत्वार एते पादोक्ताः प्राशा मधुघृतप्लुताः ॥४८
वर्षं लीढा वपुर्मेधाबलवर्णकराः शुभाः।

(૧) સોનું, ધોળી વજ અને ઉપલેટ; (૨) સોનું અને સૂરજમુખી; (૩) સોનું, બ્રાહ્મી અને શંખ; (૪) પહાડી લીમડો, સોનું, વજ; શ્લોકના એકએક ચરણમા કહેલા આ ચાર યોગોને મધ અને ઘીમાં કાલવીને બનાવેલા પ્રાશ (=ખોરાક, ચાટણું) જો એક વરસ સુધી ચાટવામાં આવે, તો તે શરીર, મેધા, બળ અને શરીરનો રંગ આપે છે (સુધારે છે) અને શુભ છે.

વાચા શુદ્ધ કરવાનો ઉપાય

वचायष्ट्याह्वसिन्धूत्थपथ्यानागरदीप्यकैः ॥ ४९ ॥
शुध्यते वाग्घविर्लीढैः सकुष्ठकणजीरकैः ॥४९३॥

વજ, જેઠીમધ, સૈંધવ, હરડે, સૂંઠ, અજમો, ઉપલેટ, પીપર અને જીરું, એ નવ વસ્તુઓ ઘી સાથે ચાટવાથી વાચા શુદ્ધ થાય છે (=સ્પષ્ટ ઉચ્ચાર થઈ શકે છે).

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने बालोपचरणीयो नाम प्रथमोऽध्यायः ॥ १ ॥

અધ્યાય ૨ જો–બાળકના રોગના ઉપાય

अथातो बालामयप्रतिषेधं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः॥

ત્યારે હવે અમે બાળકોના રોગ મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

બાળકોનું વર્ગીકરણ : રોગનું કારણ

त्रिविधः कथितो बालः क्षीरान्नोभयवर्तनः।
स्वास्थ्यं ताभ्यामदुष्टाभ्यां
दुष्टाभ्यां रोगसम्भवः ॥१॥

બાળક ત્રણ પ્રકારનાં હોય છે: (૧) દૂધ પીને રહેનારા, (૨) અન્ન ખાઈને રહેનારાં તથા (૩) દૂધ અને અન્ન બન્ને ખાઈપીને રહેનારાં. એ બે (=દૂધ અને અન્ન) ચોખ્ખા હોય તો આરોગ્ય રહે છે અને એ બે બગડેલાં હોય તો રોગ થાય છે.

શુદ્ધ દૂધ(=ધાવણ)નું લક્ષણ

यदप्सु एकतां याति न च दोषैरधिष्ठितम्।
तद्विशुद्धं पयो

જે દૂધ પાણી સાથે એકરસ થઈ જાય અને જેમાં દોષો રહેલા ન હોય તે શુદ્ધ દૂધ છે.

વાયુથી બગડેલા દૂધ(=ધાવણ)નું લક્ષણ

वाताद्दुष्टं तु प्लवतेऽम्भसि ॥ २ ॥
कषायं फेनिलं रूक्षं वर्चोमूत्रविबन्धकृत्।

વાયુથી બગડેલુ દૂધ પાણીમાં તરે છે; તૂરું, ફીણવાળું, લૂખું અને ઝાડાપેશાબને રોકે એવું હોય છે.

પિત્તથી બગડેલા દૂધ(=ધાવણ)નું લક્ષણ

पित्तादुष्णाम्लकटुकं पीतराज्यप्सु दाहकृत ॥३॥

પિત્તને લીધે બગડેલુ દૂધ ગરમ, ખાટું અને તીખું હોય છે, પાણીમાં રેડવાથી એમાં પીળા પીળા લિસોટા પડે છે અને એ બળતરા કરે એવુ હોય છે.

કફથી બગડેલા દૂધ(=ધાવણ)નું લક્ષણ

कफात्सलवणं सान्द्रं जले मज्जति पिच्छिलम्।

કફથી બગડેલું દૂધ જરા ખારું, ઘટ્ટ,

પાણીમાં નાખવાથી તળિયે બેસે એવું અને પિચ્છિલ હોય છે.

બે અને ત્રણ દોષથી બગડેલા દૂધ(=ધાવણ)નું લક્ષણ

संसृष्टलिङ्गं संसर्गात् त्रिलिङ्गं सान्निपातिकम् ॥४॥

બે દોષથી બગડેલું દૂધ એ બે દોષનાં ભેગાં લક્ષણોવાળું હોય છે અને ત્રણે દોષથી બગડેલું દૂધ ત્રણે દોષનાં ભેગાં લક્ષણોવાળું હોય છે.

કયું અશુદ્ધ દૂધ કયા રોગ કરે?

यथास्वलिङ्गांस्तद्व्याधीन् जनयत्युपयोजितम्।

બાળકને જે દોષથી બગડેલું દૂધ પાવામાં આવે તે દોષનાં લક્ષણોવાળા રોગ તે કરે છે.

કેવી પીડા થાય છે તે શા ઉપરથી સમજવું?

शिशोस्तीक्ष्णमभीक्ष्णं च रोदनाल्लक्षयेद्रुजम् ॥५

બાળકને તીક્ષ્ણ અને સતત (અથવા વારંવાર) પીડા થાય છે એ એના રોવા ઉપરથી સમજવું. (બાળક થોડું રોઈને છાનું રહી જાય છે કે કળેકળ ખાઈને રુએ છે વગેરે રોવાની રીત ઉપરથી બાળકને કેવી પીડા થતી હશે તે સમજવું.)

પીડા ક્યાં થાય છે તે સમજવાની રીત

स यं स्पृशेद् भृशं देशं यत्र च स्पर्शनाक्षमः।
तत्र विद्याद्रुजं

જે જગ્યાએ (=જે અવયવ ઉપર) બાળક અડકયા કરે અને જ્યાં બીજું કોઈ એને અડકે તો એનાથી સહન થાય નહિ તે જગ્યાએ પીડા (=દરદ) થાય છે એમ સમજવું.

मूर्ध्नि रुजं चाक्षिनिमीलनात् ॥ ६ ॥
हृदि जिह्वौष्ठदशनश्वासमुष्टिनिपीडनैः।
कोष्ठे विबन्धवमथुस्तनदंशान्त्रकूजनैः ॥ ७ ॥
साध्मानपृष्ठनमनजठरोन्नमनैरपि।
बस्तौ गुह्ये च विण्मूत्रसङ्गोत्त्रासदिगीक्षणैः ॥८॥

(બાળક) આંખો મીંચી રાખે તે ઉપરથી સમજવું કે માથામાં પીડા થાય છે; જીભ દબાવે, હોઠ દબાવે, દાંત ભીડી દે, શ્વાસ દબાવે અને મૂઠી વાળી રાખે તે ઉપરથી સમજવું કે હૃદયમાં પીડા થાય છે; બાળકને વિબંધ, ઊલટી, (માના કે ધાવના) સ્તનને બચકું ભરે, આંતરડાંમાં ગડગડાટ, આધ્માન, બરડામાંથી વળી જાય (=ટટાર ન બેસી શકે) અને પેટ ફૂલી જાય એટલાં લક્ષણો ઉપરથી સમજવું કે એને કોઠામાં પીડા થાય છે; તથા ઝાડો અને પેશાબ ન થાય, ભડકે (=ચમકે) અને દિશાઓમાં જોયા કરે એટલાં લક્ષણો ઉપરથી જાણવું કે મૂત્રાશયમાં અને ગુહ્ય ભાગમાં (=ગુદામાં અને મૂત્રેંદ્રિયમાં) પીડા થાય છે.

ઉપાય કોને કરવા?

अथ धात्र्याः क्रियां कुर्याद्यथादोषं यथामयम्।

ધાવતા બાળકને ધવડાવનારી સ્ત્રીને (=માને કે ધાવને) તે તે દોષ અને રોગના ઉપાય કરવા.

વાયુથી બગડેલા ધાવણ માટે કરવાના ઉપાય

तत्र वातात्मके स्तन्ये दशमूलं त्र्यहं पिबेत् ॥९॥
अथवाऽग्निवचापाठाकटुकाकुष्ठदीप्यकम्।
सभार्गीदारुसरलवृश्चिकालीकणोषणम् ॥ १० ॥

તેમાં, ધાવણ વાયુથી બગડેલું હોય તો માએ (કે ધાવે) ત્રણ દિવસ સુધી દશમૂળનો ક્વાથ પીવો અથવા ચિત્રો, વજ, પહાડમૂળ, કડુ, ઉપલેટ, અજમો, ભારંગમૂળ, દેવદાર, સરલવૃક્ષની છાલ, મીંઢીઆવળ (=સોનામુખી), પીપર અને મરી એટલી વસ્તુઓનો ક્વાથ ત્રણ દિવસ સુધી પીવો.

ततः पिबेदन्यतमं वातव्याधिहरं घृतम्।
अनु चाच्छसुरामेवं स्निग्धां मृदु विरेचयेत् ॥११
बस्तिकर्म ततः कुर्यात्स्वेदादींश्चानिलापहान्।

પછી (ચોથા દિવસથી) ચિ. અ. ૨૧માં વાયુના રોગને મટાડે એવાં ઘી કહ્યાં છે તેમાંથી ગમે તે એક જાતનું ઘી માએ (કે ધાવે) પીવું. ત્યાર પછી પાતળી સુરા પીવી. આ રીતે ધવડાવનારી સ્ત્રીનું સ્નેહન કર્યા પછી એને હલકો રેચ આપવો. ત્યાર પછી બસ્તિ આપવી અને વાયુ મટાડે એવું સ્વેદન વગેરે (=સ્વેદન, અભ્યંગ વગેરે) કરવું.

रास्नाजमोदासरलदेवदारुरजोन्वितम् ॥ १२ ॥
धात्री लिह्याद् घृतं तैर्वा विपक्वं ससितोपलम्।

રાસ્ના, અજમોદ, સરલવૃક્ષ અને દેવદાર એ ચારેનું કપડછાણ (વસ્ત્રગાળ) ચૂર્ણ ઘીમાં

કાલવીને એ ઘી અથવા એ ચાર (=રાસ્ના વગેરે) વડે સિદ્ધ કરેલું અને સાકર ભેળવેલું ઘી બાળકને ચટાડવું.

પિત્તથી બગડેલા ધાવણ માટે કરવાના ઉપાય

पित्तदुष्टेऽमृताभीरुपटोलीनिम्बचन्दनम् ॥ १३ ॥
धात्री कुमारश्च पिबेत् क्वाथयित्वा ससारिवम् ।
अथवा त्रिफलामुस्तभूनिम्बकटुरोहिणीः ॥ १४ ॥
सारिवादिं पटोलादिं पद्मकादिं तथा गणम् ।

પિત્તથી ધાવણ બગડ્યું હોય તો માએ (કે ધાવે) અને બાળકે ગળો, શતાવરી, પટોળ, લીમડો, સુખડ અને સારિવા એ છ વસ્તુઓનો ક્વાથ પીવો; અથવા ત્રિફળા, મોથ, કરિયાતું અને કડુ એ ચાર વસ્તુઓનો ક્વાથ પીવો; અથવા સારિવાદિ ગણનો, પટોલાદિ ગણનો કે પદ્મકાદિ ગણનો ક્વાથ પીવો.

घृतान्येभिश्च सिद्धानि
पित्तघ्नं च विरेचनम् ॥ १५ ॥
शीतांश्चाभ्यङ्गलेपादीन् युञ्ज्यात्

તથા એમનાથી (=સારિવાદિ, પટોલાદિ અને પદ્મકાદિ ગણથી) સિદ્ધ કરેલાં ઘી પાવાં, પિત્ત મટાડે એવું વિરેચન આપવું અને ઠંડા (=ઠંડક કરે એવા) અભ્યંગ, લેપ વગેરે કરવા.

કફથી બગડેલા ધાવણ માટે કરવાના ઉપાય

श्लेष्मात्मके पुनः ।
यष्ट्याह्वसैन्धवयुतं कुमारं पाययेद् घृतम् ॥ १६ ॥
सिन्धूत्थपिप्पलीमद्वा, पिष्टैः क्षौद्रयुतैरथ ।
राठपुष्पैः स्तनौ लिम्पे-
च्छिशोश्च दशनच्छदौ ॥ १७ ॥
सुखमेवं वमेद्बालः

પણ ધાવણ કફથી બગડ્યું હોય તો બાળકને જેઠીમધ અને સિંધવ ભેળવેલું ઘી પાવું, અથવા સિંધવ અને પીપર ભેળવેલું ઘી પાવું. પછી મીંઢળનાં ફૂલને લસોટીને એમાં મધ ભેળવીને માનાં (કે ધાવનાં) સ્તનો ઉપર અને બાળકના દાંતનાં પેઢાં ઉપર લેપ કરવો. એમ કરવાથી બાળકને દુઃખ થયા વિના ઊલટી થાય છે.

तीक्ष्णैर्धात्रीं तु वामयेत् ।

પણ ધવડાવનારી સ્ત્રીને તો ઊલટી કરાવે એવાં તીક્ષ્ણ દ્રવ્યોથી ઊલટી કરાવવી.

अथाचरितसंसर्गा मुस्तादिं क्वथितं पिबेत् ॥ १८ ॥
तद्वत्तगरपृथ्वीकासुरदारुकलिङ्गकान् ।
अथवाऽतिविषामुस्तषड्ग्रन्थापञ्चकोलकम् ॥ १९ ॥

ત્યાર પછી સંસર્જનનો ક્રમ પૂરો કરીને માએ (કે ધાવે) મુસ્તાદિ વર્ગનો ક્વાથ પીવો; અથવા તગર, હિંગપુત્રી, દેવદાર અને ઇંદ્રજવ એ ચાર વસ્તુઓને એ જ પ્રમાણે (=ક્વાથ કરીને) પીવી; અથવા અતિવિષની કળી, મોથ, ઘોડાવજ અને પંચકોલ એટલી વસ્તુઓનો ક્વાથ પીવો.

ત્રણે દોષથી બગડેલા ધાવણથી થતો ક્ષીરાલસક રોગ

स्तन्ये त्रिदोषमलिने दुर्गन्ध्यामं जलोपमम् ।
विबद्धमच्छं विच्छिन्नं फेनिलं चोपवेश्यते ॥ २० ॥
शकृन्नानाव्यथावर्णं, मूत्रं पीतं सितं घनम् ।
ज्वरारोचकतृट्छर्दि-
शुष्कोद्गारविजृम्भिकाः ॥ २१ ॥
अङ्गभङ्गोऽङ्गविक्षेपः कूजनं वेपथुर्भ्रमः ।
घ्राणाक्षिमुखपाकाद्या
जायन्तेऽन्येऽपि तं गदम् ॥ २२ ॥
क्षीरालसकमित्याहुरत्ययं चातिदारुणम् ।

ધાવણ ત્રણે દોષ કોપવાથી બગડ્યું હોય તો બાળકને ગંધાતા, કાચા પાણી જેવા, વિબદ્ધ (=વિબંધવાળા), તૂટકતૂટક (=કકડેકકડે), જાતજાતની પીડા સાથે અને જાતજાતના રંગના ઝાડા થાય છે; પેશાબ પીળો, ધોળો અને રગડા જેવો થાય છે; તાવ, અરુચિ, તરસ, ઊલટી, સૂકા ઓડકાર, બગાસાં, શરીર તૂટે, શરીરનો વિક્ષેપ થાય, આંતરડાંમાં ગડગડાટ થાય, કંપ, ફેર, નાક, આંખ અને મોં પાકે વગેરે તથા બીજા પણ એવા રોગો થાય છે. આને ક્ષીરાલસક રોગ કહે છે. એ મારી નાખે એવો અને બહુ ભયંકર છે.

ક્ષીરાલસકનો ઉપાય

तत्राशु धात्रीं बालं च वमनेनोपपादयेत् ॥ २३ ॥

તેમાં (=ક્ષીરાલસક રોગમાં) માને (કે ધાવને) અને બાળકને (પહેલું) વમન કરાવવું.

विहितायां च संसर्ग्यां वचादिं योजयेद्गणम् ।
निशादिं वाऽथवा माद्री-
पाठातिक्ताघनामयान् ॥२४॥

ત્યાર પછી સંસર્જનનો ક્રમ પૂરો કરાવીને વચાદિ ગણનો ક્વાથ પાવો, અથવા નિશાદિ ગણનો ક્વાથ પાવો, અથવા અતિવિષની કળી, પહાડમૂળ, કડુ, મોથ અને ઉપલેટ, એ પાંચ વસ્તુઓનો ક્વાથ પાવો.

બગડેલું ધાવણ સુધારનારાં ઉત્તમ ઔષધ

पाठाशुण्ठ्यमृतातिक्तातिक्तादेवाह्वसारिवाः ।
समुस्तमूर्वेन्द्रयवाः स्तन्यदोषहराः परम् ॥२५॥

પહાડમૂળ, સૂંઠ, ગળો, કરિયાતું, કડુ, દેવદાર, સારિવા, મોથ, મોરવેલ અને ઇંદ્રજવ એ (દસ) ધાવણના દોષને ઉત્તમ રીતે મટાડે છે.

अनुबन्धे यथाव्याधि प्रतिकुर्वीत कालवित ।

આટલું કરવા છતાં પણ જો ક્ષીરાલસક રોગ ચાલુ રહે તો સમયસૂચક વૈદ્યે ક્ષીરાલસકમાં થતા તે તે રોગોના જુદાજુદા (=રોગવાર) ઉપચાર કરવા.

બાળકને દાંત આવે તેને લીધે કયા રોગ થાય?

दन्तोद्भेदश्च रोगाणां सर्वेषामपि कारणम् ॥२६
विशेषाज्ज्वरविड्भेदकासच्छर्दिशिरोरुजाम् ।
अभिष्यन्दस्य पोथक्या विसर्पस्य च जायते ॥२७

બાળકને દાંત આવે તેને લીધે બધાય રોગો થઈ શકે છે, પણ ખાસ કરીને તાવ, ઝાડા, ઉધરસ, ઊલટી, માથાના રોગ, આંખ આવે, પોથકી (ઉ. ૮/૯,૯૬) અને રતવા એટલા રોગો થાય છે.

पुच्छभङ्गे विडालानां बर्हिणां च शिखोद्गमे ।
दन्तोद्भेदे च बालानां न हि किञ्चिन्न दूयते ॥२८॥

બિલાડીઓને કરોડ ફૂટે ત્યારે, મોરોને (માથાની) કલગી નીકળે ત્યારે અને બાળકોને દાંત ફૂટે (આવે) ત્યારે એમનું એકે અંગ ન દુખે એવું હોતું નથી (=અંગેઅંગમાં પીડા થાય છે).

દાંત આવે તેના રોગ મટાડવા શું કરવું?

यथादोषं यथारोगं यथोद्रेकं यथाभयम् ।
विभज्य देशकालादींस्तत्र योज्यं भिषग्जितम् २९.

કોપેલો દોષ મટે એવું, થયેલો રોગ મટે એવું, જે દોષની બહુ જ વૃદ્ધિ થઈ હોય તે શમે એવું અને જોખમવિનાનું (=નુકસાન ન કરે એવું) ઓસડ દેશ, કાળ વગેરેનો (=દેશ, કાળ, સત્ત્વ, સાત્મ્ય અને પ્રકૃતિનો) છૂટોછૂટો વિચાર કરીને કરવું.

બાળકોને દવા મોટા જેવી પણ થોડી આપવી

त एव दोष दूष्याश्च ज्वराद्या व्याधयश्च यत् ।
अतस्तदेव भैषज्यं मात्रा त्वस्य कनीयसी ॥३०॥
सौकुमार्याल्पकायत्वात् सर्वान्नानुपसेवनात् ।

(મોટાના રોગમાં અને બાળકોના રોગમાં) દોષો, દૂષ્યો અને તાવ વગેરે રોગો એના એ જ હોય છે, તેથી દવા પણ (મોટા અને નાના બંનેને) એની એ જ હોય છે, પણ બાળકને આપવાની દવાની માત્રા (માપ) મોટા કરતાં પ્રમાણમાં ઓછી હોય છે; કારણ કે બાળક બહુ નાજુક હોય છે, એનું શરીર નાનું હોય છે અને એ બધી જાતનાં અન્ન ખાઈ શકતું નથી.

स्निग्धा एव सदा बाला घृतक्षीरनिषेवणात् ॥३१
सद्यस्तान् वमनं तस्मात् पाययेन्मतिमान् मृदु ।

બાળકો ઘી અને દૂધ ખાઈને રહેતાં હોવાથી એ (=બાળકો) સદા સ્નિગ્ધ હોય છે. તેથી બુદ્ધિશાળી વૈદ્યે એમને ઊલટી કરાવે એવું હળવું ઓસડ તરત પાવું.

કયા બાળકને ક્યારે ઊલટી કરાવવી?

स्तन्यस्य तृप्तं वमयेत् क्षीरक्षीरान्नसेविनम् ॥३२॥

દૂધ(=ધાવણ)ભેર રહેતા કે થોડા ધાવણ અને થોડા અન્નભેર રહેતા બાળકને ધવડાવીને તૃપ્ત કર્યા પછી એને ઊલટી કરાવવી.

पीतवन्तं तनुं पेयामन्नादं घृतसंयुताम् ।

એકલા અન્ન(=ધાવણ સિવાયના ખોરાક)ભેર રહેતા બાળકને ઘી નાખેલી પાતળી પેયા પિવડાવીને પછી એને ઊલટી કરાવવી.

બાળકને કઈ ક્રિયા કરી શકાય?

वस्तिं साध्ये विरेकेण, मर्शेन प्रतिमर्शनम् ॥३३॥
युञ्ज्याद्विरेचनादींस्तु धात्र्या एव यथोदितान् ।

જુલાબ આપવાથી મટે એવા રોગમાં બાળકને બસ્તિ આપવી, મર્શ નસ્યથી મટે એવા રોગમાં બાળકને પ્રતિમર્શ નસ્ય આપવું, પણ કહ્યા પ્રમાણેનાં વિરેચન વગેરે તો મા કે ધાવને જ આપવાં (ધાવણા બાળકને નહિ).

ધાવણના દોષ સુધારનારાં ઉત્તમ ઔષધો

मूर्वाव्योषवराकोलजम्बूत्वग्दारुसर्षपाः ॥३४॥
सपाठा मधुना लीढाः स्तन्यदोषहराः परम् ।

મોરવેલ, ત્રિકટુ, ત્રિફળા, બોરની છાલ, જાંબુની છાલ, દેવદાર, સરસવ અને પહાડમૂળ એ દરેકને મધ સાથે ચાટવાથી ધાવણના દોષ ઉત્તમ રીતે મટે છે.

દાંત આવતાં દુઃખ ન થાય તેના ઉપાય

दन्तपालीं समधुना चूर्णेन प्रतिसारयेत् ॥३५॥
पिप्पल्या धातकीपुष्पधात्रीफलकृतेन वा ।

પીપરના ચૂર્ણને અથવા ધાવડીનાં ફૂલના અને આમળાના ચૂર્ણને મધમાં કાલવીને દાંતનાં પેઢાં ઉપર હલકે હાથે ઘસવું.

लावतित्तिरिवल्लूररजः पुष्परसद्रुतम् ॥३६॥
द्रुतं करोति बालानां दन्तकेसरवन्मुखम् ।

લાવાના અને તેતરના માંસની સૂકવણીના ચૂર્ણને મધમાં કાલવીને પેઢાં ઉપર હલકે હાથે ઘસવાથી બાળકોનું મોં એકદમ દાંતરૂપી કેસરવાળું બની જાય છે (=કળી જેવા દાંત એકદમ આવવા માંડે છે).

वचाद्विबृहतीपाठाकटुकातिविषाघनैः ॥३७॥
मधुरैश्च घृतं सिद्धं सिद्धं दशनजन्मनि ।

વજ, ઊભી ભોરિંગણી, બેઠી ભોરિંગણી, પહાડમૂળ, કડુ, અતિવિષની કળી, મોથ અને મધુર વર્ગનાં દ્રવ્યોથી સિદ્ધ કરેલું ઘી પિવડાવવું એ બાળકના દાંત આવવા માટે—રામબાણ ઔષધ છે.

દાંત આવતાં થયેલા રોગના ઉપાય

रजनीदारुसरलश्रेयसीबृहतीद्वयम् ॥ ३८ ॥
पृश्निपर्णी शताह्वा च लीढं माक्षिकसर्पिषा ।
ग्रहणीदीपनं श्रेष्ठं मारुतस्यानुलोमनम् ॥३९॥
अतीसारज्वरश्वासकामलापाण्डुकासनुत् ।
बालस्य सर्वरोगेषु पूजितं बलवर्णदम् ॥४०॥

હળદર, દેવદાર, સરલવૃક્ષ, ગજપીપર, ઊભી ભોરિંગણી, બેઠી ભોરિંગણી, સમેરવો, સુવા એ આઠ વાનાં ભેગાં કરીને મધ અને ઘી (ભેગા) સાથે ચાટવું તે ગ્રહણીમાં ઉત્તમ દીપન કરનારું ઔષધ છે, વાયુને અનુલોમ કરે છે; અતિસાર, તાવ, શ્વાસ, કમળો, પાંડુરોગ અને ઉધરસ મટાડે છે, બાળકના બધા રોગોમાં પૂજાયેલું (=ઉત્તમ) ઔષધ છે તથા બળ અને શરીરનો રંગ આપે છે.

समङ्गाधातकीरोध्रकुटन्नटबलाद्वयैः ।
महासहाक्षुद्रसहामुद्गबिल्वशलाटुभिः ॥ ४१ ॥
सकार्पासीफलैस्तोये साधितैः साधितं घृतम् ।
क्षीरमस्तुयुतं हन्ति शीघ्रं दन्तोद्भवोद्भवान् ॥४२
विविधानामयानेतद्वृद्धकाश्यपनिर्मितम् ।

રિસામણી, ધાવડી, લોધર, મોથ, બલા, અતિબલા, મહાસહા, ક્ષુદ્રસહા, મગ, કાચાં અને નાનાં બીલાં અને કપાસિયા, એ અગિયાર ઔષધને પાણીમાં સાધીને (=કવાથ કરીને) એ કવાથથી સિદ્ધ કરેલા ઘીમાં દૂધ અને મસ્તુ ભેળવીને બાળકને આપવાથી દાંત આવતાં થયેલા જાતજાતના રોગો તરત મટી જાય છે. આ ઘી વૃદ્ધ કાશ્યપે બનાવેલું છે (=શોધી કાઢેલું છે).

दन्तोद्भवेषु रोगेषु न बालमतियन्त्रयेत् ॥४३॥
स्वयमप्युपशाम्यन्ति जातदन्तस्य यद्गदाः ।

દાંત આવવાને કારણે થયેલા રોગોમાં બાળક પાસે બહુ પરેજ પળાવવી નહિ, કારણ કે બાળકને દાંત ફૂટ્યા પછી એ રોગો આપોઆપ પણ મટી જાય છે.

બાળક સુકાવાનું કારણ અને તેના ઉપાય

अत्यहःस्वप्नशीताम्बुश्लैष्मिकस्तन्यसेविनः ॥४४॥
शिशोः कफेन रुद्धेषु स्रोतःसु रसवाहिषु ।
अरोचकः प्रतिश्यायो ज्वरः कासश्च जायते ॥४५
कुमारः शुष्यति ततः स्निग्धशुक्लमुखेक्षणः ।

દહાડે બહુ ઊંઘનાર, ઠંડું પાણી પીનાર અને ઠક્વાળું ધાવણ ધાવનાર બાળકનાં રસ વહેનારાં સ્રોતો પુરાઈ જવાથી બાળકને અરુચિ, સળેખમ, તાવ અને ઉધરસ થાય છે. તેથી બાળક સુકાઈ જાય છે તથા એનાં મોં અને આંખ સ્નિગ્ધ અને ધોળાં થઈ જાય છે.

सैन्धवव्योषशार्ङ्गेष्ठापाठागिरिकदम्बकान् ॥४६॥
शुष्यतो मधुसर्पिर्भ्यामरुच्यादिषु योजयेत् ।

સુકાતા બાળકને અરુચિ વગેરે (અરુચિ, સળેખમ, તાવ અને ઉધરસ એટલા) રોગ થયા હોય તેમાં સિંધવ, ત્રિકટુ, ભારંગી, પહાડમૂળ અને ગિરિકદંબ (=ભોંયકદંબ) એટલાં ઔષધ મધ અને ઘી સાથે ચટાડવાં.

अशोकरोहिणीयुक्तं पञ्चकोलं च चूर्णितम् ॥४७॥
बदरीधातकीधात्रीचूर्णं वा सर्पिषा द्रुतम् ।

અને કડુ સાથે પંચકોલનું ચૂર્ણ અથવા બોર, ધાવડી અને આમળાં એ ત્રણનું ચૂર્ણ ઘીમાં કાલવીને ચટાડવું.

સ્રોતોને શુદ્ધ કરનારું ઉત્તમ ઘી

स्थिरावचाद्विबृहतीकाकोलीपिप्पलीनतैः ॥४८॥
निचुलोत्पलवर्षाभूभार्गीमुस्तैश्च कार्षिकैः ।
सिद्धं प्रस्थार्धमाज्यस्य स्रोतसां शोधनं परम् ४९

સમેરવો, વજ, બેઠી ભોરિંગણી, ઊભી ભોરિંગણી, કાકોલી, પીપર, તગર, નેતર, કાળું કમળ, સાટોડી, ભારંગી અને મોથ એ દરેક એક એક તોલો લઈને એ બધાંથી સિદ્ધ કરેલું અડધો પ્રસ્થ ઘી સ્રોતોને શુદ્ધ કરનારું ઉત્તમ ઔષધ છે. (ઘી બનાવવાનાં માપ આપ્યાં છે, ચાટવાનું માપ દેશ, કાલ, ઉમ્મર વગેરેને આધારે નક્કી કરવું.)

सिंहाश्वगन्धासुरसाकणागर्भं च तद्गुणम् ।

રીંગણી, આસગંધ (=આસોંદ), તુળસી અને પીપર એ ચારના કલ્કથી સિદ્ધ કરેલા ઘીનો પણ એ જ ગુણ છે (=સ્રોતોને શુદ્ધ કરે છે).

શરીર સુકાતું હોય તેના ઉપાય

यष्ट्याह्वपिप्पलीरोध्रपद्मकोत्पलचन्दनैः ॥५०॥
तालीससारिवाभ्यां च साधितं शोषजिद्घृतम् ।

જેઠીમધ, પીપર, લોધર, પીળું કમળ, કાળું કમળ, સુખડ, તાલીસપત્ર અને સારિવાથી સિદ્ધ કરેલું ઘી શરીર સુકાવારૂપી રોગને મટાડવામાં ઉત્તમ છે.

शृङ्गीमधूलिकाभार्गीपिप्पलीदेवदारुभिः ॥५१॥
अश्वगन्धाद्विकाकोलीरास्नर्षभकजीवकैः ।
शूर्पपर्णीविडङ्गैश्च कल्कितैः साधितं घृतम् ॥५२
शशोत्तमाङ्गनिर्यूहे शुष्यतः पुष्टिकृत्परम् ।

કાકડાશીંગ, પાણીમાં ઊગતું જેઠીમધ, ભારંગમૂળ, પીપર, દેવદાર, આસગંધ, કાકોલી, ક્ષીરકાકોલી, રાસ્ના, ઋષભક, જીવક, શૂર્પપર્ણી (=મુદ્‌ગપર્ણી અને માષપર્ણી) અને વાવડિંગ એટલાં ઔષધોના કલ્કવડે સસલાના માથાના ક્વાથમાં સિદ્ધ કરેલું ઘી સુકાતા માણસને પોષણ આપનારું ઉત્તમ ઔષધ છે.

वचावयःस्थातगरकायस्थाचोरकैः शृतम् ॥५३॥
बस्तमूत्रसुराभ्यां च तैलमभ्यञ्जने हितम् ।

વજ, આમળાં, તગર, હરડે અને ગંઠોનાના કલ્ક વડે બકરીના મૂત્ર અને સુરામાં પકવેલું તેલ શરીરે ચોળવા માટે ઉત્તમ છે.

લાક્ષાદિ તેલ (=રક્ષોઘ્ન તેલ)

लाक्षारससमं तैलप्रस्थं मस्तु चतुर्गुणम् ॥५४॥
अश्वगन्धानिशादारुकौन्तीकुष्ठाब्दचन्दनैः ।
समूर्वारोहिणीरास्नाशताह्वामधुकैः समैः ॥५५॥
सिद्धं लाक्षादिकं नाम तैलमभ्यञ्जनादिदम् ।
बल्यं ज्वरक्षयोन्मादश्वासापस्मारवातनुत् ॥५६॥
यक्षराक्षसभूतघ्नं गर्भिणीनां च शस्यते ॥

એક પ્રસ્થ લાક્ષારસ, એક પ્રસ્થ તેલ અને ચારગણું મસ્તુ એ ત્રણમાં આસગંધ, હળદર, દેવદાર, રેણુકબીજ, ઉપલેટ, મોથ, સુખડ, મોરવેલ. હરડે, રાસ્ના, સુવા, જેઠીમધ, એ બાર ઔષધો સરખે ભાગે (કલ્પ. અ. ૬ માં કહેલા માપમાં) લઈને એનો કલ્ક નાખીને પકવેલું તેલ લાક્ષાદિ તેલ કહેવાય છે. આ તેલ શરીરે ચોળવાથી બળ આવે છે; તાવ, ક્ષય, ગાંડપણ, શ્વાસ, વાઈ અને વાયુ મટે છે; યક્ષ, રાક્ષસ અને ભૂતનો નાશ થાય છે અને સગર્ભા સ્ત્રીઓ માટે ઘણું સારું છે.

બાળકના ઉધરસ, તાવ અને ઊલટીના રોગના ઉપાય

मधुनाऽतिविषाशृङ्गीपिप्पलीर्लेहयेच्छिशुम् ॥५७॥
एकां चाऽतिविषां कासज्वरच्छर्दिरुपद्रुतम् ।

ઉધરસ, તાવ અને ઊલટીઓથી પીડાતા બાળકને અતિવિષની કળી, કાકડાશીંગ અને પીપર એ ત્રણે મધ સાથે ચટાડવાં અથવા એકલી અતિવિષની કળી મધ સાથે ચટાડવી.

ધાવણની ઊલટી થઈ જતી હોય તેના ઉપાય

पीतं पीतं वमति यः स्तन्यं त मधुसर्पिषा ॥५८
द्विवार्ताकीफलरसं पञ्चकोलं च लेहयेत् ।
पिप्पलीपञ्चलवणं कृमिजित्पारिभद्रकम् ॥५९॥
तद्वल्लिह्यात्तथा व्योष मर्षी वा रोमचर्मणाम् ।
लाभतः शल्यकश्वाविद्गोधर्क्षशिखिजन्मनाम् ॥६०

જે બાળક ધાવીધાવીને ઊલટી કરી નાખતુ હોય તેને (૧) ઊભી ભોંરિંગણી, બેઠી ભોંરિંગણી એ બનેનો સ્વરસ અને પંચકોલ મધ અને ઘી સાથે ચટાડવાં; (૨) પીપર, પાંચ લવણુ, વાવડિંગ અને બકાયન લીમડો એટલાં વાનાં મધ અને ઘી સાથે ચટાડવાં, તથા (૩) શલ્યક જાતની શાહુડી, શાહુડી, સાંઢો, રીંછ અને મોર એ પાંચ પ્રાણીમાંથી જેનાં મળી શકે તેનાં વાળ અને ચામડીની મષી અને ત્રિકટુ મધ અને ઘી સાથે ચટાડવાં.

ઊલટી અટાડવાનો ઉપાય

खदिरार्जुनतालीसकुष्ठचन्दनजे रसे ।
सक्षीरं साधितं सर्पिर्वमथुं विनियच्छति ॥६१॥

ખેર, સાદડ, તાલીસપત્ર, ઉપલેટ અને સુખડ એ પાંચ ઔષધના ક્વાથમાં દૂધ અને ઘી નાખીને સિદ્ધ કરેલું ઘી ઊલટીને મટાડે છે.

[हनुमूलगतो वायुर्दन्तदेशास्थिगोचरः ।
यदा शिशोः प्रकुपितो
नोत्तिष्ठन्ति तदा द्विजाः ॥१॥
रूक्षाशिनो वातिकस्य चालयत्यनिलः शिराः ।
हन्वाश्रयाः प्रसुतस्य दन्तः
शब्दं करोत्यतः ॥२॥

બાળકનાં જડબાંના મૂળમાં રહેલો, દાંતની જગાનાં હાડકાંમાં ફરતો વાયુ જ્યારે કોપે છે, ત્યારે બાળકને દાંત આવતા નથી. રૂક્ષ ખાનાર, વાયડા અને ઊંઘતા બાળકનો વાયુ જડબાને આશ્રયે રહેલી શિરાઓને હલાવે છે અને તેથી દાંત વડે અવાજ કરે છે (=દાંત ખખડે છે).]

सदन्तो जायते यस्तु दन्ताः प्राग्यस्य चोत्तराः ।
कुर्वीत तास्मन्नुत्पाते शान्ति तं च द्विजातये ६२
दद्यात्सदक्षिणं बालं नैगमेयं च पूजयेत् ।

જે બાળક દાંત સાથે જ જન્મે અને જે બાળકના ઉપલા દાંત પહેલા આવે તો (તે બાળકના) તે ઉત્પાતમાં શાંતિક્રિયા કરવી, તે બાળક દક્ષિણા સાથે બ્રાહ્મણને આપી દેવું અને નૈગમેષ (ઉ. ૩/૧૪) નામના ગ્રહની પૂજા કરવી.

તાલુકંટક (=ગળુ પડવું).

तालुमांसे कफः क्रुद्धः कुरुते तालुकण्टकम्॥६३
तेन तालुप्रदेशस्य निम्नता मूर्ध्नि जायते ।
तालुपातः स्तनद्वेषः
कृच्छ्रात्पानं शकृद्द्रवम् ॥ ६४॥
तृडास्यकण्ठ्वक्षिरुजा ग्रीवादुर्धरता वमिः ।

(ગળ્યુ વગેરે ખાવાપીવાથી) તાળવાના માંસમાં કોપેલો કફ તાલુકંટક નામનો રોગ કરે છે. એને લીધે માથામાં તાળવાની જગ્યાએ ખાડો પડે છે, તાળવુ (=ગળુ) પડે છે, બાળકને ધાવવાનું મન થતુ નથી, ધાવતાં દુઃખ થાય છે, પાતળા ઝાડા થાય છે, તરસ લાગે છે, મોંમાં ખણુજ આવે છે. આંખમાં પીડા થાય છે, ડોક ટટ્ટાર રહી શકતી નથી (=ડોક લબડી પડે છે) અને ઊલટી થાય છે.

તાલુકંટકના ઉપાય

तत्रोत्क्षिप्य यवक्षारक्षौद्राभ्यां प्रतिसारयेत् ॥६५
तालु तद्वत्कणाशुण्ठीगोशकृद्रससैन्धवैः ।

તેમાં (=તાલુકંટક રોગમાં) બાળકનું તાળવું ઊંચુ દબાવીને (ઊંચુ કરીને) તાળવે જવખાર અને મધ ઘસવાં તથા પીપર, સૂંઠ, ગાયના છાણનો રસ અને સૈંધવ એ ચાર ભેગાં કરીને તાળવે ઘસવાં.

शृङ्गवेरनिशाभृङ्गं कल्कितं वटपल्लवैः ॥६६॥
बद्ध्वा गोशकृता लिप्तं कुकूले स्वेदयेत्ततः ।

रसेन लिम्पेत्ताल्वास्यं नेत्रे च परिषेचयेत् ॥६७॥

આદું, હળદર અને ભાંગરો એ ત્રણના કલ્કને વડનાં પાંદડાંમાં બાંધીને એના ઉપર છાણનો લેપ કરીને એને કુકૂલમાં (સૂ. ६/४१૬) શેકવું (=ખાફવું, પકવવું). પછી એનો રસ નિચોવીને એ રસ એના (=બાળકના) તાળવા અને મોં પર ચોપડવો અને બન્ને આંખમાં એ રસનાં ટીપાં મૂકવાં.

हरीतकीवचाकुष्ठकल्कं माक्षिकसंयुतम् ।
पीत्वा कुमारः स्तन्येन मुच्यते तालुकण्टकात् ॥६८

હરડે, વજ અને ઉપલેટ એ ત્રણના કલ્કમાં મધ મેળવીને એ કલ્ક જો બાળક ધાવણ સાથે પીએ તો તાલુકંટક રોગ મટે છે.

અહિપૂતન રોગ: એનાં બીજાં નામ

मलोपलेपात्स्वेदाद्वा गुदे रक्तकफोद्भवः ।
ताम्रो व्रणोऽन्तः कण्डूमान् जायते भूर्युपद्रवः ॥६९
केचित्तं मातृकादोषं वदन्त्यन्येऽहिपूतनम् ।
पृष्ठारुर्गुदकुट्टं च केचिच्च तमनामिकम् ॥ ७० ॥

ગુદામાં મળ લપેટાઈ જવાથી કે ગુદાને તાપ લાગવાથી (=શેકાવાથી) ગુદામાં લોહી અને કફને લીધે થતો તાંબાવર્ણો, ખણજ આવે એવો, બહુ ઉપદ્રવોવાળો વ્રણ અંદર થાય છે. કેટલાક એને માતૃકાદોષ કહે છે, બીજા કેટલાક એને અહિપૂતન, પૃષ્ઠારુ અને ગુદકુટ્ટ કહે છે અને કેટલાક એને અનામિક કહે છે.

અહિપૂતનનો ઉપાય

तत्र धात्र्याः पयः शोध्यं पित्तश्लेष्महरौषधैः ।

એમાં (=અહિપૂતન રોગમાં) પિત્ત અને કફ મટાડે એવાં ઔષધોથી ધવડાવનારી સ્ત્રીનું ધાવણ સુધારવું.

शृतशीतं च शीताम्बु युक्तमन्तरपानकम् ॥७१॥
सक्षौद्रताक्ष्यशैलेन व्रणं तेन च लेपयेत् ।
त्रिफलावदरीप्लक्षत्वक्क्वाथपरिषेचितम् ॥७२॥
कासीसरोचनातुत्थमनोह्वालरसाञ्जनैः ।
लेपयेदम्लपिष्टैर्वा चूर्णितैर्वाऽवचूर्णयेत् ॥७३॥
सुश्लक्ष्णैरथवा यष्टीशङ्खसौवीरकाञ्जनैः ।
सारिवाशङ्खनाभिभ्यामसनस्य त्वचाऽथवा ॥७४
रागकण्डूत्कटे कुर्याद्रक्तस्रावं जलौकसा ।
सर्वं च पित्तव्रणजिच्छस्यते गुदकुट्टके ॥७५॥

ઉકાળીને (=ઉકાળતાં ઉકાળતાં અડધો-અડધ બાળી નાખીને) પછી માટીના વાસણમાં ઠારીને ઠંડું કરેલું પાણી અંતર પાનક તરીકે (પીવા માટે) વાપરવું યોગ્ય છે. (તેથી પિત્ત શમે છે.) તથા (પિત્ત સાથેના કફના શમન માટે) એ ઠારેલું પાણી, મધ અને રસાંજન સાથે ભેળવીને એનો ગુદાના વ્રણ ઉપર લેપ કરવો; અથવા ત્રિફળા, બોર, પીપર અને તજના ક્વાથથી ઘા ધોઈને (=એ ક્વાથથી ઘાનું સિંચન કરીને) હીરાકસી, કપીલો, મોરથૂથુ, મણશીલ, હરતાલ અને રસાંજન એ ૭ વસ્તુઓને કાંજી સાથે લસોટીને વ્રણ ઉપર ચોપડવી, અથવા એ ૭ વસ્તુઓનું ચૂર્ણ એ ઘા ઉપર ભભરાવવું, અથવા જેઠીમધ, શંખ, સૌવીરકાંજન (=સુરમો) એ ત્રણને ખૂબ બારીક લસોટીને ભભરાવવાં, અથવા સારિવા, શંખનો ગર્ભ એ બેને ખૂબ બારીક લસોટીને ભભરાવવાં, અથવા બીબલાની છાલને ખૂબ બારીક લસોટીને ઘા ઉપર ચોપડવી. જો ઘામાં બહુ જ લાલાશ આવી ગઈ હોય અને ઘામાં ખૂબ ખણજ આવતી હોય, તો જળો મુકાવીને લોહી કઢાવવું. ગુદકુટ્ટક (=અહિપૂતન) રોગમાં પિત્તથી થયેલા વ્રણ મટાડવા માટે કરવાની બધી ક્રિયા કરવી એ સારો ઉપાય છે.

માટી ખાધાથી થતા રોગોનો ઉપાય

पाठावेल्लद्विरजनीमुस्तभार्गीपुनर्नवैः ।
सबिल्वत्र्यूषणैः सर्पिर्वृश्चिकालीयुतैः शृतम् ॥७६॥
लिहानो मात्रया रोगैर्मुच्यते मृत्तिकोद्भवैः ।

પહાડમૂળ, વાવડિંગ, હળદર, દારુહળદર, મોથ, ભારંગમૂળ, સાટોડી, બીલાં, ત્રિકટુ અને મીંઢીઆવળથી સિદ્ધ કરેલું ઘી માપસર ચાટનાર બાળકના માટી ખાવાથી થતા રોગ મટી જાય છે.

ધાવણા બાળકને દવા પાવાની બીજી રીત

व्याधेर्यस्य भैषज्यं स्तनस्तेन प्रलेपितः ।
स्थितो मुहूर्तं धौतोऽनु पीतस्तं तं जयेद् गदम् ॥७७

જે રોગનું જે ઓસડ હોય તે ઓસડ ધવડાવનારી સ્ત્રીના સ્તન પર લગભગ ૪૮ મિનિટ સુધી ચોપડેલું રાખીને પછી એ ઓસડ સ્તન પરથી ધોઈ નાખીને પછી બાળકને ધવડાવવામાં આવે તો તે રોગો મટી જાય છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने बालामयप्रतिषेधो नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

અધ્યાય ૩ જો—બાળકોને થતી ગ્રહોની પીડા(રોગ)ના ઉપાય

अथातो बालग्रहप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે બાળકોને થતી ગ્રહોની પીડા (રોગ) મટાડવા બાબતનો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ગ્રહોની ઉત્પત્તિ

पुरा गुहस्य रक्षार्थं निर्मिताः शूलपाणिना ।
मनुष्यविग्रहाः पञ्च सप्त स्त्रीविग्रहा ग्रहाः ॥ १ ॥

પહેલાં મહાદેવજીએ (પોતાના પુત્ર) કાર્તિકેય સ્વામીના રક્ષણ માટે પુરુષ જેવા શરીરવાળા પાંચ અને સ્ત્રી જેવા શરીરવાળા સાત (એમ કુલ બાર) ગ્રહો ઉત્પન્ન કર્યા.

ગ્રહોનાં નામ

स्कन्दो विशाखो मेषाख्यः श्वग्रहः पितृसंज्ञितः ।
शकुनिः पूतना शीतपूतनाऽदृष्टिपूतना ॥ २ ॥
मुखमण्डितिका तद्वद्रेवती शुष्करेवती ।

સ્કંદ, વિશાખ, મેષ, શ્વગ્રહ અને પિતૃ (એ પાંચ પુરુષ ગ્રહો) તથા શકુનિ, પૂતના, શીતપૂતના, અદૃષ્ટિપૂતના (=અંધપૂતના), મુખમંડિતિકા, રેવતી અને શુષ્કરેવતી (એ સાત સ્ત્રીગ્રહો).

ગ્રહોના વળગાડનું પૂર્વરૂપ

तेषां ग्रहीष्यतां रूपं प्रततं रोदनं ज्वरः ॥ ३ ॥

એ ગ્રહો (બાળકને) વળગવાના હોય ત્યારે પહેલાં બાળક સતત રોયા કરે છે અને એને તાવ આવે છે.

ગ્રહોના વળગાડનું સામાન્ય લક્ષણ

सामान्यं रूपमुत्त्रासजृम्भाभ्रूक्षेपदीनताः ।
फेनस्रावोर्ध्वदृष्ट्योष्ठदन्तदंशप्रजागराः ॥ ४ ॥
रोदनं कूजनं स्तन्यविद्वेषः स्वरवैकृतम् ।
नखैरकस्मात्परितः स्वधात्र्यङ्गविलेखनम् ॥ ५ ॥

બાળક ચમકે, બગાસાં, ભમ્મર ઊછળે, લાચારી, મોંમાંથી ફીણ નીકળે, ઊંચુ જુએ, હોઠ કરડે, દાંત કચકચાવે, જાગે, રુએ, ઊંકારા, ધાવવું ગમે નહિ, અવાજ બદલાઈ જાય, કંઈ પણ કારણ વિના માના કે ધાવના અંગને બધી બાજુએ પોતાના નખથી ખણે—એટલાં ગ્રહોના વળગાડનાં સામાન્ય લક્ષણ છે.

સ્કંદ વળગ્યો હોવાનાં લક્ષણ

तत्रैकनयनस्रावी शिरो विक्षिपते मुहुः ।
हतैकपक्षः स्तब्धाङ्गः सस्वेदो नतकन्धरः ॥ ६ ॥
दन्तखादी स्तनद्वेषी त्रस्यन् रोदिति विस्वरम् ।
वक्रवक्त्रो वमन् लालां भृशमूर्ध्वं निरीक्षते ॥ ७ ॥
वसासृग्गन्धिरुद्विग्नो बद्धमुष्टिशकृच्छिशुः ।
चलितैकाक्षिगण्डभ्रूः संरक्तोभयलोचनः ॥ ८ ॥
स्कन्दार्तस्तेन वैकल्यं मरणं वा भवेद् ध्रुवम् ।

એમાં, સ્કંદથી પીડાતા બાળકની આંખમાંથી પાણી નીકળે છે, માથું વારંવાર આમતેમ ફેરવે છે, એક પડખું રહી જાય છે, શરીર સ્તબ્ધ થઈ જાય છે, પરસેવો થાય છે, ડોક નમી પડે છે, દાંત કચકચાવે છે, ધાવવુ ગમતુ નથી, ચમકીચમકીને બસૂરું રુએ છે, મોં વાંકું થઈ જાય છે, પુષ્કળ લાળ પડે છે, ઊંચું જોયા કરે છે, વસા અને લોહી જેવી ગંધ મારે છે, ઉદ્વેગમાં રહે છે, મૂઠીઓ વાળી રાખે છે, ઝાડો બંધાઈ (=રોકાઈ) જાય છે; એક આંખ, ગાલ અને ભમ્મર હાલે છે તથા બન્ને આંખો લાલ થઈ જાય છે. તેને લીધે (=સ્કંદના વળગાડથી) નક્કી (લંગડાપણુ, કાણાપણુ વગેરે) ખોડ આવે છે અથવા બાળક મરી જાય છે.

વિશાખનો વળગાડ અથવા સ્કંદાપસ્માર

संज्ञानाशो मुहुः केशलुञ्चनं कन्धरानतिः ॥ ९ ॥
विनम्य जृम्भमाणस्य शकृन्मूत्रप्रवर्तनम् ।

फेनोद्वमनमूर्ध्वेक्षा हस्तभ्रूपादनर्तनम् ॥१०॥
स्तनस्वजिह्वासन्दंशसंरम्भज्वरजागराः ।
पूयशोणितगन्धश्च स्कन्दापस्मारलक्षणम् ॥११॥

બાળક વારંવાર બેભાન બની જાય, પોતાના વાળ ખેંચે (=વાળ ચૂંટી નાખે), રુદન વળી જાય, નીચા વળીને બગાસું ખાતાં-ખાતાં આડોપેશાબ થઈ જાય, મોંમાંથી ફીણ કાઢે, ઊંચું જોયા કરે; હાથને, ભમ્મરને અને પગને નચાવે, સ્તનને અને પોતાની જીભને કરડે, આવેશ, તાવ, ઉજાગરો તથા પરુ અને લોહી જેવી ગંધ મારે–એ સ્કંદાપસ્માર–(=વિશાખના વળગાડ)નાં લક્ષણ છે.

મેષ(=નૈગમેષ)ના વળગાડનાં લક્ષણ

आध्मानं पाणिपादस्य स्पन्दनं फेननिर्वमः ।
तृण्मुष्टिबन्धातीसारस्वरदैन्यविवर्णताः ॥१२॥
कूजनं स्तननं छर्दिः कासहिध्माप्रजागराः ।
ओष्ठदंशाङ्गसङ्कोचस्तम्भबस्ताभगन्धताः ॥१३॥
ऊर्ध्वं निरीक्ष्य हसनं, मध्ये विनमनं, ज्वरः ।
मूर्च्छैकनेत्रशाफश्च नैगमेषग्रहाकृतिः ॥१४॥

આધ્માન, હાથપગ થડકે, મોંમાંથી ફીણ નીકળે, તરસ, મૂઠીઓ વાળી રાખે, અતિસાર, અવાજમાં રાંકપણું આવે, શરીરનો રંગ બગડી જાય, ઊંકારા કરે, સ્તનન (=ચિત્કાર) કરે, ઊલટી, ઉધરસ, હેડકી, ઉજાગરો, હોઠ કરડે, શરીર સંકોચી નાખે, સ્તંભ, બકરી જેવી ગંધ મારે, ઊંચું જોઈને હસે, શરીર વચ્ચેથી વળી જાય, તાવ, મૂર્છા તથા એક આંખે સોજો આવે–એટલાં નૈગમેષ ગ્રહ(=મેષ)-નાં લક્ષણ છે.

શ્વગ્રહના વળગાડનાં લક્ષણ

कम्पो हृषितरोमत्वं स्वेदश्चक्षुर्निमीलनम् ।
बहिरायामनं जिह्वादंशोऽन्तःकण्ठकूजनम् ॥१५॥
धावनं विड्सगन्धत्वं क्रोशनं च श्ववच्छुनि ।

કંપ, રૂંવાડાં ઊભાં થાય, પરસેવો, આંખો મિચાયલી રહે, બહિરાયામ (નિ. ૧૫/૨૪થી ૨૬), દાંત વડે જીભ કરડે, ગળામાં અંદર ઘરડ-ઘરડ અવાજ થાય, દોડાદોડ કરે, ઝાડા જેવી ગંધ આવે તથા કૂતરાની માફક રુએ–એ શ્વગ્રહના વળગાડનાં લક્ષણ છે.

પિતૃના વળગાડનાં લક્ષણ

रोमहर्षो मुहुस्त्रासः सहसा रोदनं ज्वरः ॥१६॥
कासातिसारवमथुजृम्भातृट्शवगन्धताः ।
अङ्गेष्वाक्षेपविक्षेपशोषस्तम्भविवर्णताः ॥१७॥
मुष्टिबन्धः स्रुतिश्चाक्ष्णोर्बालस्य स्युः पितृग्रहे ।

રૂંવાડાં ઊભાં થાય, વારંવાર ભડકે, એકાએક રુએ, તાવ, ઉધરસ, અતિસાર, ઊલટી, બગાસાં, તરસ, મડદા જેવી દુર્ગંધ, શરીરનાં અવયવોમાં આંચકા અને વિક્ષેપ, શરીરનાં અંગ સુકાય, સ્તંભ, રંગ બગડી જાય, મૂઠીઓ વળેલી રહે, આંખમાંથી પાણી નીકળ્યા કરે–એટલાં લક્ષણો પિતૃ નામના ગ્રહના વળગાડમાં બાળકને થાય છે.

શકુનિના વળગાડનાં લક્ષણ

स्रस्ताङ्गत्वमतीसारो जिह्वातालुगले व्रणाः ॥१८॥
स्फोटाः सदाहरुक्पाकाः
सन्धिषु स्युः पुनःपुनः ।
निश्यह्नि प्रविलीयन्ते
पाको वक्त्रे गुदेऽपि वा ॥१९॥
भयं शकुनिगन्धत्वं ज्वरश्च शकुनिग्रहे ।

શરીર લબડી પડે, અતિસાર; જીભ ઉપર, તાળવામાં અને ગળામાં ઘારાં (=નારાં) પડે; બળતરા થાય એવા, પીડા કરે એવા અને પાકે એવા ફોલ્લા વારંવાર શરીરના સાંધા ઉપર રાત્રે થાય અને દહાડે વેરાઈ જાય; મુખપાક થાય અથવા ગુદા પાકે, બીક લાગે, પંખી જેવી ગંધ આવે તથા તાવ–એટલાં શકુનિના વળગાડનાં લક્ષણ છે.

પૂતનાના વળગાડનાં લક્ષણ

पूतनायां वमिः कम्पस्तन्द्रा रात्रौ प्रजागरः ॥२०॥
हिध्माऽऽध्मानं शकृद्भेदः पिपासा मूत्रनिग्रहः ।
स्रस्तहृष्टाङ्गरोमत्वं काकवत्पूतिगन्धिता ॥२१॥

ઊલટી, કંપ, ઘેન, રાત્રે ઉજાગરો, હેડકી, આધ્માન, ભાંગલ ઝાડો થાય, તરસ, પેશાબ રોકાઈ રહે, અંગ લબડી પડે, રૂંવાડાં ઊભાં થાય તથા કાગડા જેવી દુર્ગંધ આવે–એટલાં પૂતનાના વળગાડનાં લક્ષણ છે.

શીતપૂતનાના વળગાડનાં લક્ષણ

शीतपूतनया कम्पो रोदनं तिर्यगीक्षणम् ।
तृष्णाऽन्त्रकूजोऽतीसारो
वसावद्विस्रगन्धता ॥२२॥
पार्श्वस्यैकस्य शीतत्वमुष्णत्वमपरस्य च ।

કંપ, રોવું આવે, ત્રાંસું જુએ, તરસ, આંતરડાંમાં ગડગડાટ, અતિસાર, વસા જેવી દુર્ગંધ, શરીરનું એક પડખું ઠંડું રહે અને બીજું પડખું ગરમ રહે–એટલાં લક્ષણ શીતપૂતનાના વળગાડથી થાય છે.

અંધપૂતનાના વળગાડનાં લક્ષણ

अन्धपूतनया छर्दिर्ज्वरः कासोऽल्पनिद्रता ॥२३॥
वर्चसो भेदवैवर्ण्यदौर्गन्ध्यान्यङ्गशोषणम् ।
दृष्टेः सादातिरुक्कण्डूपोथकीजन्मशूनताः ॥२४॥
हिध्मोद्वेगस्तनद्वेषवैवर्ण्यस्वरतीक्ष्णताः ।
वेपथुर्मत्स्यगन्धत्वमथवा साम्लगन्धता ॥२५॥

ઊલટી, તાવ, ઉધરસ, ઊંઘ થોડી આવે; ઝાડો ભાગેલો, ખરાબ રંગનો અને ગંધાતો હોય; શરીર સુકાય, આંખની શક્તિ ઘટે, આંખમાં બહુ પીડા, ખણુજ, ખીલનો રોગ થાય, આંખ ઉપર સોજો આવે; હેડકી, ઉદ્વેગ, ધાવવું ગમે નહિ, શરીરનો રંગ બદલાઈ જાય, સ્વર તીણો થાય, કંપ, શરીરમાંથી માછલી જેવી ગંધ આવે અથવા જરા ખાટી વાસ આવે–એટલાં લક્ષણ અંધપૂતનાના વળગાડથી થાય છે.

મુખમંડિતાના વળગાડનાં લક્ષણ

मुखमण्डितया पाणिपादास्यरमणीयता ।
सिराभिरसिताभाभिराचितोदरता ज्वरः ॥२६॥
अरोचकोऽङ्गग्लपनं गोमूत्रसमगन्धता ।

હાથ, પગ અને મોં સુંદર લાગે, પેટ ઉપર કાળી શિરાઓ ખીચોખીચ તરી આવે, તાવ, અરુચિ, શરીર ચીમળાઈ જાય, શરીર ગાયના મૂતર જેવું ગંધાય–એટલાં લક્ષણ મુખમંડિતા-(=મુખમંડિકા)ના વળગાડથી થાય છે.

રેવતીના વળગાડનાં લક્ષણ

रेवत्यां श्यावनीलत्वं कर्णनासाक्षिमर्दनम् ॥२७॥
कासहिध्माक्षिविक्षेपवक्त्रवक्रत्वरक्तताः ।
बस्तगन्धो ज्वरः शोषः
पुरीषं हारितं द्रवम् ॥२८॥

શરીર બદામી રંગનું કે ગળી જેવા રંગનું થઈ જાય; કાન, નાક અને આંખ ચોળે; ઉધરસ, હેડકી, આંખોનો વિક્ષેપ, મોં વાંકું થઈ જાય, લાલાશ, બકરી જેવી ગંધ આવે, તાવ, શરીર સુકાય, ઝાડો હરિત રંગનો અને પાતળો થાય–એટલાં રેવતીના વળગાડના લક્ષણ છે.

શુષ્કરેવતીના વળગાડનાં લક્ષણ

जायते शुष्करेवत्यां क्रमात्सर्वाङ्गसङ्क्षयः ।

શુષ્કરેવતીના વળગાડમાં ક્રમેક્રમે બધા અંગોનો નાશ થાય છે (=સુકાતાં જાય છે).

ગ્રહનો વળગાડ અસાધ્ય હોવાનાં લક્ષણ

केशशातोऽन्नविद्वेषः स्वरदैन्यं विवर्णता ॥२९॥
रोदनं गृध्रगन्धत्वं दीर्घकालानुवर्तनम् ।
उदरे ग्रन्थयो वृत्ता यस्य नानाविधं शकृत् ॥३०
जिह्वाया निम्नता मध्ये
श्यावं तालु च तं त्यजेत्

વાળ ચૂંટી નાખે, ખાવુંપીવું ગમે નહિ અવાજ નરમ પડી જાય, શરીરના રંગ બદલાઈ જાય, રુએ, ગીધ જેવું ગંધાય, લાંબા વખત સુધી વળગાડ ચાલુ રહે, પેટમાં ગોળ ગાં(=રસોળીઓ) હોય, ઝાડો જાતજાતનો થાય જીભ વચમાંથી ખાડાવાળી (=નીચી) અને તાળવું બદામી રંગનું હોય તેને છોડી દેવો. (=અસાધ્ય જાણવો).

શુષ્કરેવતીનું અસાધ્ય લક્ષણ

भुञ्जानोऽन्नं बहुविधं यो बालः परिहीयते ॥३१॥
तृष्णागृहीतः क्षामाक्षो हन्ति तं शुष्करेवती ।

જે બાળક અનેક પ્રકારનું અન્ન ખાવા-પીવા છતાં શરીરે સુકાતું જાય, જેને તરસ લાગ્યા કરે અને જેની આંખો ઝીણી (કે નબળી) થઈ જાય, તે બાળકને શુષ્કરેવતી મારી નાખે છે.

ગ્રહોના વળગાડનાં કારણ

हिंसारत्यर्चनाकाङ्क्षा ग्रहग्रहणकारणम् ॥३२॥

ગ્રહોને હિંસા કરવાની ઇચ્છા થાય, સ્ત્રી સાથે આનંદ ભોગવવાની ઇચ્છા થાય અને પૂજા(=બલિ)ની ઇચ્છા થાય એ ત્રણ કારણોથી ગ્રહો વળગે છે.

હિંસાની ઇચ્છાવાળા ગ્રહના વળગાડનાં લક્ષણ

त्र हिंसात्मके बालो महान् वा स्रुतनासिकः।
तजिह्वः क्वणेद्गाढमसुखी साश्रुलोचनः ॥३३॥
वर्णो हीनवचनः पूतिगन्धिश्च जायते।
ामो मूत्रपुरीषं स्वं मृद्नाति न जुगुप्सते ॥३४॥
स्तौ चोद्यम्य संरब्धो हन्त्यात्मानं तथा परम्।
द्वच शस्त्रकाष्ठाद्यैरग्निं वा दीप्तमाविशेत् ॥३५॥
प्सु मज्जेत्पतेत्कूपे कुर्यादन्यच्च तद्विधम्।
ड्दाहमोहान् पूयस्य छर्दनं च प्रवर्तयेत् ॥३६॥
कं च सर्वमार्गेभ्यो रिष्टोत्पत्तिं च तं त्यजेत्।

તેમાં (=ઉપરનાં ત્રણ કારણોમાંથી) હિંસા- ી ઇચ્છાથી ગ્રહ વળગે છે ત્યારે બાળક કે ોટો માણસ જેને ગ્રહ વળગ્યો હોય તેના નાક- ાંથી લીંટ નીકળ્યા કરે છે, જીભ પર કાપા ડી જાય છે, મોટેથી ગણગણે છે, ચેન પડતું ાથી, આંખમાં આંસુ ભરાય છે, શરીરની છાયા બગડી જાય છે, બોલવાનું ઓછું થઈ જાય છે, દુર્ગંધ મારે છે, ધાતુઓ ઓછી થઈ જાય છે, પોતાનાં ઝાડોપેશાબ ચૂંથે છે છતાં એને સૂગ ચડતી નથી, આવેશમાં આવીને હાથ ઉગામીને પોતાની જાતને અને બીજાને મારી નાખે છે, તે જ પ્રમાણે હથિયાર, લાકડું વગેરે ઉગામીને પોતાની જાતને અને બીજાને મારી નાખે છે અથવા સળગતા અગ્નિમાં પેસે છે, પાણીમાં (પડતું મૂકીને) ડૂબી જાય છે, કૂવામાં પડે છે તથા એવુંએવું બીજું કરે છે; તરસ, બળતરા અને મૂર્છા આણે છે તથા પરુની ઊલટી કરે છે, શરીરનાં બધાં સ્રોતોમાંથી લોહી કાઢે છે તથા રિષ્ટ પેદા કરે છે, એને (=જેને હિંસાની ઇચ્છાથી ગ્રહ વળગ્યો હોય તેને) ત્યજી દેવું (=અસાધ્ય જાણવું).

સ્ત્રી સાથે આનંદ ભોગવવાની ઇચ્છાવાળા ગ્રહના વળગાડનાં લક્ષણ

रहःस्त्रीरतिसंलापगन्धस्रग्भूषणप्रियः ॥ ३७ ॥
हृष्टः शान्तश्च दुःसाध्यो रतिकामेन पीडितः।

એકાંતમાં સ્ત્રી સાથે મૈથુન, વાતચીત, ખુશબો (=અત્તર વગેરે), ફૂલના હાર અને શણગાર વગેરે કરવું ગમે; આનંદી અને શાંત હોય, એટલાં લક્ષણવાળો સ્ત્રી સાથે આનંદ ભોગવવાની ઇચ્છાવાળા ગ્રહથી પીડાતો માણસ કૃચ્છ્રસાધ્ય છે.

પૂજાની ઇચ્છાવાળા ગ્રહની પીડાનાં લક્ષણ

दीनः परिमृशन् वक्त्रं शुष्कोष्ठगलतालुकः ॥३८
शङ्कितं वीक्षते रौति ध्यायत्यायाति दीनताम्।
अन्नमन्नाभिलाषेऽपि दत्तं नाति बुभुक्षते ॥ ३९ ॥
गृहीतं बलिकामेन तं विद्यात्सुखसाधनम्।

રાંક બનીને મોંએ હાથ ફેરવે; હોઠ, ગળું અને તાળવું સુકાય; શંકાથી (કે બીતોબીતો) જુએ, બૂમો પાડે, ધ્યાન કરે, રાંક બની જાય, ખાવાપીવાનું મન થાય તે વખતે આપેલું ખાનપાન પણ ખાવાપીવાની એને બહુ ઇચ્છા થતી નથી–એટલાં લક્ષણોવાળાને પૂજા(=બલિ)ની ઇચ્છાવાળા ગ્રહના વળગાડવાળો જાણવો. એ સુસાધ્ય છે.

એ ત્રણ ઇચ્છાવાળા ગ્રહોના વળગાડના ઉપાય

हन्तुकामं जयेद्धोमैः सिद्धमन्त्रप्रवर्तितैः ॥ ४० ॥
इतरौ तु यथाकामं रतिबल्यादिदानतः।

હિંસાની ઇચ્છાવાળા ગ્રહોના વળગાડને સિદ્ધ મંત્રોચ્ચાર સાથે કરાવાતા હોમ(=હવન)- થી મટાડવો; બીજા બે જાતના વળગાડને ધરાય ત્યાં સુધી અનુક્રમે સ્ત્રી સાથેનો આનંદ આપીને તથા બલિદાન આપીને મટાડવા (=સ્ત્રી સાથે આનંદની ઇચ્છાવાળા ગ્રહના વળગાડને સ્ત્રી સાથે આનંદ કરવા દઈને મટાડવો, બલિની ઇચ્છાવાળા ગ્રહના વળગાડને બલિદાન આપીને મટાડવો).

(પહેલા પ્રકારનો વળગાડ અસાધ્ય કહેલો હોવા છતાં એના ઉપાય કરવાના લખવાનું કારણ એ છે કે સિદ્ધ મંત્રોનો પ્રભાવ ટળી ન શકાય એવો હોય છે).

સાધ્ય ગ્રહોના વળગાડનો ઉપાય

अथ साध्यग्रहं बालं विविक्ते शरणे स्थितम् ॥४१
त्रिरह्नः सिक्तसंमृष्टे सदा सन्निहितानले।
विकीर्णभूतिकुसुमपत्रबीजान्नसर्षपे ॥ ४२ ॥

रक्षोघ्नतैलज्वलितप्रदीपहतपाप्मनि ।
व्यवायमद्यपिशितनिवृत्तपरिचारके ॥४३॥
पुराणसर्पिषाऽभ्यक्तं परिषिक्तं सुखाम्बुना ।
साधितेन बलानिम्बवैजयन्तीनृपद्रुमैः ॥४४॥
पारिभद्रककट्वङ्गजम्बूवरुणकट्तृणैः ।
कपोतवङ्कापामार्गपाटलामधुशिग्रुभिः ॥४५॥
काकजङ्घामहाश्वेताकपित्थक्षीरिपादपैः ।
सकदम्बकरञ्जैश्च, धूपं स्नातस्य चाचरेत् ॥४६॥
द्वीपिव्याघ्राहि सिंहर्क्षचर्मभिर्घृतमिश्रितैः ।

જે બાળકનો વળગાડ સાધ્ય (=મટી શકે એવો) હોય તેને, દિવસમાં રોજ ત્રણ વાર પાણી છાંટેલા અને વાસીદું વાળેલા, જેમાં અગ્નિ સદા પાસે હોય એવા; ભસ્મ, ફૂલ, પાંદડાં, ખીયા, અનાજ અને સરસવ વેરેલા, રક્ષોઘ્ન તેલ(ઉ. ૨/૫૪થી ૫૬ૄ)થી સળગતા દીવાથી જેમાં પાપનો (ભૂત, પિશાચ, રાક્ષસ વગેરેનો) નાશ થયો છે એવા, જ્યાં સારવાર કરનારાઓ (=આજુબાજુનાં માણસો) મૈથુન, દારૂ અને માંસથી દૂર રહેતાં હોય (=એ ત્રણ કામ ન કરતાં હોય) એવા એકાંત મકાનમાં રાખીને, શરીરે જૂનું ઘી ચોળીને; ખળદાણા, લીમડો, અરણી, ગરમાળો, દેવદાર, મોટો અરડૂસો, જાંબુ, વાયવરણો, રોહિષખડ, અળશી, અઘેડો, પાડળ, મીઠો સરગવો, અઘેડી, ગરણી, કોઠું અને ક્ષીરી વૃક્ષો, કદંબ અને કણજી એટલી વનસ્પતિ વડે સિદ્ધ કરેલા સશેકા પાણીથી બાળકને નવડાવીને એ નહાયેલા બાળકને દીપડો, વાઘ, સાપ, સિંહ, રીંછ એટલાં પ્રાણીઓનાં ચામડાં સાથે ઘી ભેળવીને એ ચામડાનો ધૂપ દેવો.

બધા ગ્રહોના વળગાડમાથી છૂટવાનો ધૂપ

पूतीदशाङ्गसिद्धार्थवचाभल्लातदीप्यकैः ॥४७॥
सकुष्ठैः सघृतैर्धूपः सर्वग्रहविमोक्षणः ।

પૂતીકરંજ, દશાંગ (ઉ. ૩૭/૨૭, ૨૭ૄ), સરસવ, વજ, ભિલામો, અજમોદ તથા ઉપલેટમાં ઘી નાખીને એ બધાંનો ધૂપ કરવાથી બધા ગ્રહોના વળગાડમાંથી છૂટાય છે.

सर्षपा निम्बपत्रार्कमूलमश्वखुरा वचा ॥४८॥
भूर्जपत्रं घृतं धूपः सर्वग्रहनिवारणः ।

સરસવ, લીમડાનાં પાંદડાં, આકડાનું મૂળ, ગિરિકર્ણિકા, વજ, ભોજપત્ર તથા ઘી એટલી વસ્તુઓનો ધૂપ બધા ગ્રહોના વળગાડને રોકે છે.

अनन्ताम्रास्थितगरं मरिचं मधुरो गणः ॥४९॥
शृगालविन्ना मुस्ता च कल्कितैस्तैर्घृतं पचेत् ।
दशमूलरसक्षीरयुक्तं तद् ग्रहजित्परम् ॥५०॥

ધમાસો, કેરીની ગોટલી, તગર, મરી, મધુર ગણ, સમેરવો, મોથ–એટલી વસ્તુઓના કલ્ક સાથે અને દશમૂળના સ્વરસ (કે ક્વાથ) તથા દૂધ સાથે ઘી પકવવું. એ ઘી ગ્રહોના વળગાડને મટાડવામાં ઉત્તમ છે.

रास्नाद्वयंशुमतीवृद्धपञ्चमूलबलाघनात् ।
क्वाथे सर्पिः पचेत्पिष्टैः सारिवाव्योषचित्रकैः ॥५१॥
पाठाविडङ्गमधुकपयस्याहिङ्गुदारुभिः ।
सग्रन्थिकैः सेन्द्रयवैः शिशोस्तत्सततं हितम् ॥
सर्वरोगग्रहहरं दीपनं बलवर्णदम् ।

રાસ્ના, સમેરવો, ગંધી સમેરવો, મોટા પંચમૂળ, ખળદાણા અને મોથ એટલી વસ્તુઓના ક્વાથમાં સારિવા, ત્રિકટુ, ચિત્રો, પહાડમૂળ, વાવડિંગ, જેઠીમધ, ક્ષીરકાકોલી, હિંગ, દેવદાર, પીપરીમૂળના ગંઠોડા અને ઇદ્રજવ એટલી વસ્તુઓના કલ્કથી સિદ્ધ કરેલું ઘી બાળકને હમેશાં પથ્ય છે, બધા રોગો અને ગ્રહોના વળગાડને મટાડે છે, દીપન છે તથા બળ અને શરીરનો રંગ આપે એવું છે.

सारिवासुरभिब्राह्मीशङ्खिनीकृष्णसर्षपैः ॥५३॥
वचाश्वगन्धासुरसायुक्तैः सर्पिर्विपाचयेत् ।
तन्नाशयेद्ग्रहान् सर्वान् पानेनाभ्यञ्जनेन च ॥५४

સારિવા, શલ્લકી, બ્રાહ્મી, શંખવેલ, ઉપલેટ, સરસવ, વજ, આસગંધ (આસોંદ) તથા તુળસી, એટલી વસ્તુઓથી ઘી સિદ્ધ કરવુ. એ ઘી પીવાથી અને ચોળવાથી બધા ગ્રહો નાશ પામે છે.

બધાં ભૂત અને વિષમજ્વરનો ધૂપ

गोशृङ्गचर्मबालाहिनिर्मोकं वृषदंशविट् ।
निम्बपत्राज्यकटुका मदनं बृहतीद्वयम् ॥५५॥
कार्पासास्थियवच्छागरोमदेवाह्वसर्षपम् ।

मयूरपत्रश्रीवासं तुपकेशं सरामठम् ॥ ५६ ॥
मृद्भाण्डे वस्तमूत्रेण भावितं श्लक्ष्णचूर्णितम् ।
धूपनं च हितं सर्वभूतेषु विषमज्वरे ॥ ५७ ॥

ગાયનાં શીંગડાં, ગાયનુ ચામડું, ગાયના વાળ, સાપની કાંચળી, બિલાડીની હઘાર, લીમડાનાં પાંદડાં, ઘી, કડુ, મીંઢળ, ઊભી ભોરિંગણી, બેઠી ભોરિંગણી, કપાસિયા, જવ, બકરીના વાળ, દેવદાર, સરસવ, અઘેડાનાં પાંદડાં, ગધો બેરજો, જવનાં છોડાંની વાળ જેવી રુવાંટી તથા હિંગ–એટલી વસ્તુઓને માટીના વાસણમાં બકરાના મૂત્રમા ભાવના દઈને પછી એને સુકાવા દઈને પછી બારીક લસોટીને બનાવેલા ભૂકાથી ધૂપ દેવો. તે બધાં ભૂતોના વળગાડમા અને વિષમજ્વરમાં હિતકારક છે.

घृतानि भूतविद्यायां वक्ष्यन्ते यानि तानि च ।
युञ्ज्यात्तथा बलिं होमं स्नपनं मन्त्रतन्त्रवित् ॥५८

મંત્ર અને તંત્ર જાણનાર વૈદ્યે જે બધા ઘી ભૂતપ્રતિષેધના અધ્યાયમાં (ઉ. અ. ૫માં) કહેવામાં આવશે, તે બધાં ઘી, બલિદાન, હોમ અને સ્નાનનો ઉપયોગ કરવો.

पूतीकरञ्ज(ज्ञात)त्वक्पत्रं क्षीरिभ्यो बर्बरादपि ।
तुम्बीविशालारलुकशमीबिल्वकपित्थतः ॥ ५९ ॥
उत्क्वाथ्य तोयं तद्रात्रौ बालानां स्नपनं शिवम् ।

પૂતીકરંજ, ક્ષીરી વૃક્ષો, બર્બર વૃક્ષ, દૂધી, ઇંદ્રવારણાં, મોટો અરડૂસો, શમી (=સમડીનું ઝાડ), બિલીનું ઝાડ, કોઠાં–એટલાં ઝાડની અંતરછાલ અને પાંદડાંને પાણીમાં ઉકાળીને એના કવાથથી રાતે બાળકોને નવડાવવાં તે હિતકારક છે.

अनुबन्धान् यथाकृच्छ्रं ग्रहापायेऽप्युपद्रवान् ॥
बालामयनिषेधोक्तभेषजैः समुपाचरेत् ॥ ६०½ ॥

તથા ગ્રહોના વળગાડમાંથી છૂટ્યા પછી પણ વળગાડ દરમિયાન થયેલા (તાવ વગેરે) ઉપદ્રવો ચાલુ રહે તે ઉપદ્રવોના ઉપચાર બાળકોના રોગ મટાડવા માટે (ઉ. અ. ૨માં) જે ઔષધ કહ્યાં છે, તે ઔષધોથી કરવા.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने बालग्रहप्रतिषेधो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

અધ્યાય ૪ થો–ભૂતવિજ્ઞાન

अथातो भूतविज्ञानीयमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે ભૂતોના વિજ્ઞાન સંબંધી અધ્યાય સમજાવીશું. એ બાબતમા આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

ભૂતના વળગાડનું લક્ષણ

लक्षयेज्ज्ञानविज्ञानवाक्चेष्टाबलपौरुषम् ।
पुरुषेऽपौरुषं यत्र तत्र भूतग्रहं वदेत् ॥ १ ॥

જે માણસમાં જ્ઞાન, વિજ્ઞાન, વાણી, ક્રિયા, બળ અને પુરુષાતન એટલી બાબતોમાં બાયલાપણું (=કાયરતા) જણાય, તે માણસને ભૂત વળગ્યુ છે એમ કહેવું.

કયું ભૂત વળગ્યું છે તેની પારખ

भूतस्य रूपप्रकृतिभाषागत्यादिचेष्टितैः ।
यस्यानुकारं कुरुते तेनाविष्टं तमादिशेत् ॥ २ ॥

રૂપ, પ્રકૃતિ, ભાષા, ગતિ વગેરે ચેષ્ટાઓની બાબતમાં માણસ જે ભૂતની નકલ કરતા હોય તે ભૂત એને વળગ્યુ છે એમ કહેવું.

सोऽष्टादशविधो देवदानवादिविभेदतः ।

દેવ, દાનવ વગેરે ભેદોને લીધે ભૂત અઢાર જાતનાં છે.

ભૂતના વળગાડનું કારણ

हेतुस्तदनुपक्तौ तु सद्यः पूर्वकृतोऽथवा ॥ ३ ॥
प्रज्ञापराधः, सुतरां तेन कामादिजन्मना ।
लुप्तधर्मव्रताचारः पूज्यानप्यतिवर्तते ॥ ४ ॥
तं तथा भिन्नमर्यादं पापमात्मोपघातिनम् ।
देवादयोऽप्यनुघ्नन्ति ग्रहाश्छिद्रप्रहारिणः ॥ ५ ॥

આ જન્મે કરેલો કે ગયા જન્મોમાં કરેલો પ્રજ્ઞાપરાધ ભૂત વળગવાના કારણરૂપ છે. કામ (+ ક્રોધ) વગેરેમાંથી ઉત્પન્ન થતા પ્રજ્ઞાપરાધથી ધર્મ, વ્રત અને આચારનો બહુ નાશ થવાથી માણસ પૂજ્ય માણસો સાથે તોછડાઈથી વર્તે છે (=એમના સામો થાય છે). જ્યાં છિદ્ર (શ્લોક ૫ઙ્ગ્ક્તિ ૮)હોય ત્યાં પ્રહાર કરે એવા (=પોલું દેખે ત્યાં પેસી જનારા), દેવો વગેરે પણ ઉપર પ્રમાણે જેણે મર્યાદાનો ભંગ કર્યો હોય એવા, આત્માનો નાશ કરનારા પાપી માણસમાં પેસી જાય છે.

છિદ્ર એટલે શું?

छिद्रं पापक्रियारम्भः पाकोऽनिष्टस्य कर्मणः।
एकस्य शून्येऽवस्थानं
श्मशानादिषु वा निशि ॥ ६ ॥
दिग्वासस्त्वं गुरोर्निन्दा रतेरविधिसेवनम्।
अशुचेर्दैवतार्चादि परसूतकसङ्करः ॥ ७ ॥
होममन्त्रबलीज्यानां विगुणं परिकर्म च।
समासाद्दिनचर्यादिप्रोक्ताचारव्यतिक्रमः ॥ ८ ॥

પાપી કામની શરૂઆત, અશુભ કર્મનું ફળ, તદ્દન એકાંત જગ્યાએ એકલા રહેવું, કે રાત્રે શ્મશાન વગેરેમાં રહેવું, નાગા રહેવું, કે ગુરુની(=વડીલની) નિંદા, મૈથુન વિષેના વિધિનો ભંગ કરીને મૈથુન કરવું, અસ્વચ્છ દશામાં દેવની પૂજા વગેરે કરવું; સગાં સિવાયના બીજા સૂતકી માણસોને અડકવું; હોમ, મંત્ર, બલિદાન અને યજ્ઞ એ ક્રિયાઓ કરતી વખતે હોમ વગેરેથી વિરુદ્ધ ક્રિયા કરવી; ટૂંકામાં દિનચર્યા વગેરેમાં કહેલા આચારનો ભંગ કરવો એ છિદ્ર છે. (આ છિદ્રો દ્વારા ભૂત વળગે છે.)

કયું ભૂત કયે દિવસે કયે સમયે વળગે છે?

गृह्णन्ति शुक्लप्रतिपत्त्रयोदश्योः सुरा नरम्।
शुक्लत्रयोदशीकृष्णद्वादश्योर्दानवा ग्रहाः ॥ ९ ॥
गन्धर्वास्तु चतुर्दश्यां द्वादश्यां चोरगाः पुनः
पञ्चम्यां, शुक्लसप्तम्येकाद-
श्योस्तु धनेश्वराः ॥ १० ॥
शुक्लाष्टपञ्चमीपौर्णमासीषु ब्रह्मराक्षसाः।
कृष्णे रक्षःपिशाचाद्या नवद्वादशपर्वसु ॥ ११ ॥
दशामावास्ययोरष्टनवम्योः पितरोऽपरे।
गुरुवृद्धादयः प्रायः कालं सन्ध्यासु लक्षयेत् ॥१२

દેવોરૂપી ગ્રહો (=ભૂતો) માણસને સુદ પડવે અને સુદ તેરશે વળગે છે; દાનવોરૂપી ગ્રહો સુદ તેરશે અને વદ બારશે વળગે છે; ગંધર્વો ચૌદશે અને બારશે વળગે છે, સાપ પાંચમે વળગે છે, યક્ષો સુદ સાતમે અને સુદ અગિયારશે વળગે છે; બ્રહ્મરાક્ષસો સુદ આઠમે, સુદ પાંચમે અને પૂનમે વળગે છે; રાક્ષસો, પિશાચો વગેરે વદ નોમે, વદ બારશે અને પર્વને દિવસે વળગે છે; પિતૃઓ દશમે અને અમાસે વળગે છે; બીજા ગુરુઓ, વૃદ્ધો વગેરે આઠમે અને નોમે વળગે છે. એ બધા સામાન્ય રીતે સંધ્યાકાળે વળગે છે એમ જાણવું.

દેવના વળગાડનું લક્ષણ

फुल्लपद्मोपममुखं सौम्यदृष्टिमकोपनम्।
अल्पवाक्स्वेदविण्मूत्रं
भोजनानभिलाषिणम् ॥ १३ ॥
देवद्विजातिपरमं शुचिं संस्कृतवादिनम्।
मीलयन्तं चिरान्नेत्रे सुरभिं वरदायिनम् ॥ १४ ॥
शुक्लमाल्याम्बरसरिच्छैलोच्चभवनप्रियम्।
अनिद्रमप्रधृष्यं च विद्याद्देववशीकृतम् ॥ १५ ॥

મોં ખીલેલા કમળ જેવું અને આંખો શાંત હોય, ઉશ્કેરાય (=ચિડાય) નહિ, થોડું બોલે; પરસેવો, ઝાડો અને પેશાબ થોડાં થાય; ખાવાપીવાની ઇચ્છા ન થાય, દેવ અને બ્રાહ્મણની પૂજામા તલ્લીન રહે, સ્વચ્છ રહે, સંસ્કારી ભાષા વાપરે (=ગાળો વગેરે ન બોલે), લાંબે વખતે આંખ પલકે, શરીરમાંથી સુવાસ નીકળે, વરદાન આપે; ધોળી માળા, ધોળાં વસ્ત્ર, નદી, પર્વત અને ઊંચાં મકાન ગમે, ઊંઘે નહિ, કોઈથી ડરે નહિ—એવા માણસને દેવોએ વશ કર્યો છે (=કોઈ દેવ વળગ્યા છે) એમ જાણવું.

દાનવ (=દૈત્ય) વળગ્યાનાં લક્ષણ

जिह्मदृष्टिं दुरात्मानं गुरुदेवद्विजद्विषम्।
निर्भयं मानिनं शूरं क्रोधनं व्यवसायिनम् ॥१६॥
रुद्रः स्कन्दो विशाखोऽ
हमिन्द्रोऽहमिति वादिनम्।
सुरामांसरुचिं विद्यात् दैत्यग्रहगृहीतकम् ॥ १७ ॥

ત્રાંસું જુએ, સ્વભાવ બગડે; ગુરુ, દેવ અને બ્રાહ્મણનો દ્વેષ કરે; નિર્ભય, ખુમારીવાળો, શૂર, ખિજાઈ જાય એવો, ખંતીલો, 'હું રુદ્ર, સ્કંદ, વિશાખ અને ઇંદ્ર છું' એવું બોલતો; સુરા અને માંસ ઉપર રુચિ થતી હોય એવો. એવા માણસને દૈત્ય(=દાનવ)રૂપી ભૂત વળગ્યુ છે એમ જાણવું.

ગંધર્વ વળગ્યાનાં લક્ષણ

स्वाचारं सुरभिं हृष्टं गीतनर्तनकारिणम्।
स्नानोद्यानरुचिं रक्तवस्त्रमाल्यानुलेपनम् ॥ १८ ॥

शृङ्गारलीलाभिरतं गन्धर्वाध्युषितं वदेत् ।

સારા આચરણવાળા, સુવાસિત, હરખભર્યા, ગાતા, નાચતા, નાહવા માટે અને બાગબગીચા માટે રુચિવાળા; રાતાં વસ્ત્ર, હાર અને (ચંદન વગેરેના) લેપવાળા; શણગાર સજવામાં અને લીલા (=જાતજાતના ખેલ, રમતગમત) કરવામાં રસ લેતા માણસમાં ગંધર્વ ભરાઈ બેઠા છે એમ કહેવું.

સાપનાં વળગાડનાં લક્ષણ

रक्ताक्षं क्रोधनं स्तब्धदृष्टिं वक्रगतिं चलम् ॥१९
श्वसन्तमनिशं जिह्वालोलिनं सृक्किणीलिहम् ।
प्रियदुग्धगुडस्नानमधोवदनशायिनम् ॥२०॥
उरगाधिष्ठितं विद्यात्त्रस्यन्तं चातपत्रतः ।

રાતી આંખોવાળા, ચીડિયા, સ્તબ્ધ આંખવાળા, વાંકું ચાલતા, અસ્થિર, સતત શ્વાસ મૂકતા (ફૂંફાડા મારતા), જીભ કાઢઘાલ કરતા, મોંના ખૂણા ચાટતા, દૂધ, ગોળ અને નાહવું જેને ગમતું હોય એવા ઊંધા (નીચે મોંએ) સૂઈ રહેતા તથા છત્રીથી ભડકતા માણસને સાપનું ભૂત વળગ્યું છે એમ જાણવું.

યક્ષના વળગાડનાં લક્ષણ

विप्लुतत्रस्तरक्ताक्षं शुभगन्धं सुतेजसम् ॥२१॥
प्रियनृत्यकथागीतस्नानमाल्यानुलेपनम् ।
मत्स्यमांसरुचिं हृष्टं तुष्टं बलिनमव्यथम् ॥२२॥
चलिताग्रकरं कस्मै किं ददामीति वादिनम् ।
रहस्यभाषिणं वैद्यद्विजातिपरिभाविनम् ॥ २३ ॥
अल्परोषं द्रुतगतिं विद्याद्यक्षगृहीतकम् ।

પાણીછલ્લી, ત્રાસેલી અને રાતી આંખવાળા, સુવાસિત; બહુ તેજસ્વી; જેને નાચ, વાત, ગાયન, સ્નાન, હાર અને લેપ ગમતાં હોય એવા; માછલાંના માંસ માટે રુચિવાળા, આનંદી, સંતોષી, બળવાન, સ્વસ્થ દેખાવવાળા, આંગળીઓ હલાવતા, 'હું કોને શું આપું?' એવું બોલતા, છાની (=કાનમાં) વાત કહેતા, વૈદ્ય અને બ્રાહ્મણનું અપમાન કરતા, થોડો રોષ કરતા, ઉતાવળે ચાલતા માણસને યક્ષ વળગ્યો છે એમ જાણવું.

બ્રહ્મરાક્ષસના વળગાડનાં લક્ષણ

हास्यनृत्यप्रियं रौद्रचेष्टं छिद्रप्रहारिणम् ॥२४॥
आक्रोशिनं शीघ्रगतिं देवद्विजभिषग्द्विषम् ।
आत्मानं काष्ठशस्त्राद्यैर्घ्नन्तं भोःशब्दवादिनम् ॥
शास्त्रवेदपठं विद्याद् गृहीतं ब्रह्मराक्षसैः ।

હસવું અને નાચવું જેને બહુ ગમે એવા, બિહામણા ચાળાચટકા કરતા, છિદ્ર (શ્લોક પહેલી૮) હોય ત્યાં ફટકો મારતા, બૂમબરાડા મારતા, ઉતાવળે ચાલતા; દેવ, બ્રાહ્મણ અને વૈદ્યનો દ્વેષ કરતા; લાકડું, હથિયાર વગેરેથી પોતાની જાતને હણનાર; 'ઓ', 'એ' વગેરે બોલાવવા માટેના અવાજ કરનારા; શાસ્ત્રોનો અને વેદનો પાઠ કરનારા માણસને બ્રહ્મરાક્ષસો વળગ્યા છે એમ જાણવું.

રાક્ષસના વળગાડનાં લક્ષણ

सक्रोधदृष्टिं भृकुटिमुद्वहन्तं ससंभ्रमम् ॥२६॥
प्रहरन्तं प्रधावन्तं शब्दन्तं भैरवाननम् ।
अन्नाद्विनाऽपि बलिनं नष्टनिद्रं निशाचरम् ॥२७॥
निर्लज्जमशुचिं शूरं क्रूरं परुषभाषिणम् ।
रोषणं रक्तमाल्यस्त्रीरक्तमद्यामिषप्रियम् ॥२८॥
दृष्ट्वा च रक्तं मांसं वाऽऽलिहानं दशनच्छदौ ।
हसन्तमन्नकाले च राक्षसाधिष्ठितं वदेत् ॥२९॥

ક્રોધભરી આંખોવાળા, ગભરાટ સાથે ભમ્મર (=ભવાં) ચડાવતા, મારતા, આગળ દોડતા, અવાજ કરતા, બિહામણા મોંવાળા, ખાધાપીધા વિના પણ બળવાન, ઊંઘ ઊડી ગયેલા, રાતે ફરફર કરતા, નફફટ, અસ્વચ્છ (=મેલાઘેલા), શૂર, ક્રૂર, કઠોર વચન બોલનાર, ચીડિયા; રાતી માળા, સ્ત્રી, લોહી, દારૂ અને માંસ જેને બહુ ગમતું હોય એવા; લોહી કે માંસ જોઈને પોતાના હોઠ ચાટતા તથા ખાતીપીતી વખતે હસતા માણસમાં રાક્ષસ ભરાઈ બેઠા છે એમ કહેવું.

પિશાચના વળગાડનાં લક્ષણ

अस्वस्थचित्तं नैकत्र तिष्ठन्तं परिधाविनम् ।
उच्छिष्टनृत्यगान्धर्वहासमद्यामिषप्रियम् ॥३०॥
निर्भर्त्सनाद्दीनमुखं रुदन्तमनिमित्ततः ।
नखैर्लिखन्तमात्मानं रूक्षध्वस्तवपुस्स्वरम् ॥३१॥

सावेदयन्तं दुःखानि सम्बद्धाबद्धभाषिणम् ।
नष्टस्मृतिं शून्यरतिं लोलं नग्नं मलीमसम् ॥ ३२
रथ्याचैलपरीधानं तृणमालाविभूषणम् ।
आरोहन्तं च काष्ठाश्वं तथा सङ्करकूटकम् ॥ ३३ ॥
बह्वाशिनं पिशाचेन विजानीयादधिष्ठितम् ।

અચેન મનવાળા, બધાની સાથે ન રહેતા, ચારે પાસ દોડતા; છંડામણ (=છાંડેલું અન્ન), નાચવું, ગાવું, ગાંધર્વ, હસવું, દારૂ અને માંસ જેને બહુ ગમતાં હોય એવા; ધમકાવવાથી રાંકડું મો કરી દેતા, કંઈ પણ કારણ વિના રોતા, પોતાના શરીર ઉપર નખથી ખણતા, લૂખા શરીરવાળા, બેસી ગયેલા અવાજવાળા, પોતાના દુઃખો જણાવતા, ઘડીમાં પદ્ધતિસર તો ઘડીમાં ઢંગધડાવિનાનુ બોલનાર, યાદશક્તિ જતી રહી હોય એવા, જેને એકાંત ગમતુ હોય એવા, એક જગ્યાએ ઠરીને રહી ન શકતો હોય એવા, નાગા, મેલા, રસ્તામાં પડેલાં ચીથરાં પહેરતા, ઘાસની માળાનો શણગાર સજતા, લાકડીરૂપી ઘોડા ઉપર સવારી કરતા, ઉકરડાની ટોચ પર જઈને બેસતા તથા બહુ ખાતા માણસને પિશાચ વળગ્યુ છે એમ જાણવું.

પ્રેતનાં વળગાડનાં લક્ષણ

प्रेताकृतिक्रियागन्धं भीतमाहारविद्विषम् ॥ ३४ ॥
तृणच्छिदं च प्रेतेन गृहीतं नरमादिशेत् ।

પ્રેત જેવાં આકાર, ક્રિયા અને ગંધવાળા; બીનેલા, ખાવાપીવાનો દ્વેષ કરતા અને તણખલાં તોડતા માણસને પ્રેત વળગ્યુ છે એમ કહેવુ.

કૂષ્માંડના વળગાડનાં લક્ષણ

बहुप्रलापं कृष्णास्यं प्रविलम्बितयायिनम् ॥ ३५ ॥
शूनप्रलम्बवृषणं कूष्माण्डाधिष्ठितं वदेत् ।

બહુ બોલબોલ કરતા (=લવરી કરતા), જેનુ મોં કાળું પડી ગયુ હોય એવા, બહુ ધીમેધીમે ચાલતા, સૂજેલા અને લબડી પડેલા અંડવાળા માણસમાં કૂષ્માંડ ભરાયો છે એમ કહેવું.

નિષાદના વળગાડનાં લક્ષણ

गृहीत्वा काष्ठलोष्टादि भ्रमन्तं चीरवाससम् ॥ ३६ ॥
नग्नं धावन्तमुत्त्रस्तदृष्टिं तृणविभूषणम् ।
श्मशानशून्यायतनरथ्यैकद्रुमसेविनम् ॥ ३७ ॥
तिलान्नमद्यमांसेषु सततं सक्तलोचनम् ।
निषादाधिष्ठितं विद्याद् वदन्तं परुषाणि च ॥ ३८ ॥

(હાથમાં) લાકડી અને ઢેખાળા લઈને ફરતા, ચીથરાં પહેરતા, નાગા, દોડતા, બહાવરી આંખોવાળા, ઘાસના શણગાર સજતા; સ્મશાનમાં, હવડ મકાનમાં, રસ્તા ઉપર તથા એકલા અટૂલા ઝાડ તળે રહેતા; તલ, અન્ન, દારૂ અને માસ ઉપર નજર ઠેરવી રાખતા તથા કઠોર વચન કહેતા માણસમાં નિષાદ ભરાઈ બેઠો છે એમ જાણવુ.

ઔકિરણના વળગાડનાં લક્ષણ

याचन्तमुदकं चान्नं त्रस्तलोहितलोचनम् ।
उग्रवाक्यं च जानीयान्नरमौकिरणार्दितम् ॥ ३९ ॥

પાણી અને ખોરાકની માગણી કરતો, બહાવરી અને લાલ આંખોવાળો, ઉગ્ર વચન કહેતો માણસ ઔકિરણથી પીડાયેલો છે એમ જાણવું.

વેતાલના વળગાડનાં લક્ષણ

गन्धमाल्यरतिं सत्यवादिनं परिवेपिनम् ।
बहुनिद्रं च जानीयाद्वेतालेन वशीकृतम् ॥ ४० ॥

સુગંધિ પદાર્થો તથા ફૂલહારમાં આનંદ માનતા, સાચુ બોલતા, ધ્રૂજતા, બહુ ઊંઘઊંઘ કરતા માણસને વેતાલ વળગ્યો છે એમ જાણવું.

પિતૃના વળગાડનાં લક્ષણ

अप्रसन्नदृशं दीनवदनं शुष्कतालुकम् ।
चलन्नयनपक्ष्माणं निद्रालुं मन्दपावकम् ॥ ४१ ॥
अपसव्यपरीधानं तिलमांसगुडप्रियम् ।
स्खलद्वाचं च जानीयात् पितृग्रहवशीकृतम् ॥ ४२ ॥

ડહોળાયેલી આંખોવાળા, રાંકડા મોંવાળા, જેનું તાળવુ સુકાયલુ હોય એવા, જેની આંખની પાંપણો પલકારા માર્યા કરતી હોય એવા, ઊંઘણશી કરતા, મંદાગ્નિવાળા, શરીરના જમણા અંગ ઉપર વસ્ત્ર પહેરતા; તલ, માંસ અને ગોળ જેને બહુ ભાવે એવા; તોતડું બોલતા માણસને પિતૃગ્રહનો વળગાડ છે એમ સમજવું.

गुरुवृद्धर्षिसिद्धाभिशापचिन्तानुरूपतः ।
व्याहाराहारचेष्टाभिर्यथास्वं तद्ग्रहं वदेत् ॥४३॥

ગુરુ, વૃદ્ધ, ઋષિ અને સિદ્ધ પુરુષોના શાપ અને (અશુભ) ચિંતા(=નિસાસા)ને અનુરૂપ વાણી, આહાર અને વર્તન ઉપરથી કોનો વળગાડ છે તે જાણવું. (દેવો નજર નાખીને, ગુરુ, વૃદ્ધ, સિદ્ધ અને મહર્ષિઓ શાપ આપીને, પિતૃઓ પોતાની જાતનાં દર્શન કરાવીને, ગંધર્વો અડકીને, યક્ષો શરીરમાં દાખલ થઈને, રાક્ષસો પોતાની ગંધ સુંઘાડીને તથા પિશાચો દરદી ઉપર સવારી કરીને એને વાહન તરીકે ચલાવીને ગાંડપણ (=વળગાડ) કરે છે.–ચરકસંહિતા, નિ. અ. ૭/૧૨.)

અસાધ્ય વળગાડનાં લક્ષણ

कुमारवृन्दानुगतं नग्नमुद्धतमूर्धजम् ।
अस्वस्थमनसं दैर्घकालिकं सग्रहं त्यजेत् ॥४४॥

છોકરાંઓનાં ટોળાં જેની પાછળ જતાં હોય એવા, નાગા, ઊંચા વાળવાળા, અસ્વસ્થ મનવાળા તથા લાંબા વખતના વળગાડવાળા માણસને છોડી દેવો (=અસાધ્ય જાણવો).

इत्यष्टांगहृदये षष्ठे उत्तरस्थाने भूतविज्ञानीयो नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

અધ્યાય ૫ મો

ભૂતનો વળગાડ મટાડવાના ઉપાય

अथातो भूतप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

ત્યારે હવે અમે ભૂતનો વળગાડ મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

અહિંસક ભૂતનો ઉપાય

भूतं जयेदहिंसेच्छं जपहोममन्त्रलिव्रतैः ।
तपःशीलसमाधानदानज्ञानदयादिभिः ॥१॥

જે હિંસા કરવા ન ઇચ્છતું હોય એવા ભૂતને જપ, હોમ, બલિદાન, વ્રત, તપ, સદાચાર, સમાધિ, દાન, જ્ઞાન, દયા વગેરેથી કાઢવું.

ગ્રહોના વળગાડ મટાડવાનો પ્રયોગ

हिङ्गुव्योषालनेपालीलशुनार्कजटाजटाः ।
अजलोमी सगोलोमी भूतकेशी वचा लता ॥२॥
कुक्कुटी सर्पगन्धाख्या तिलाः काणविकाणिके ।
वज्रप्रोक्ता वयःस्था च शृङ्गी मोहनवल्ल्यपि ॥३॥
स्रोतोजाञ्जनरक्षोघ्नं रक्षोघ्नं चान्यदौषधम् ।
खराश्वश्वाविदृक्षर्क्षगोधानकुलशल्यकात् ॥४॥
द्वीपिमार्जारगोसिंहव्याघ्रसामुद्रसत्त्वतः ।
चर्मपित्तद्विजनखा वर्गेऽस्मिन् साधयेद् घृतम् ॥५॥
पुराणमथवा तैलं नवं तत्पाननस्ययोः ।
अभ्यङ्गे च प्रयोक्तव्यमेषां चूर्णं च धूपने ॥६॥
एभिश्च गुटिकां युञ्ज्यादञ्जने सावपीडने ।
प्रलेपे कल्कमेतेषां क्वाथं च परिषेचने ॥७॥
प्रयोगोऽयं ग्रहोन्मादान् सापस्मारान्शमं नयेत्

હિંગ, ત્રિકટુ, હરતાલ, મણશીલ, લસણ, આકડાનું મૂળ, જટામાંસી, ધોળી ધરો, ધરો, ધોળી નગોડ, વજ, કાંગ, ઓટીગણની ભાજી, રાસ્ના, તલ, કાકોલી, ક્ષીરકાકોલી, થોર, બ્રાહ્મી, કાકડાશીંગ, મોહનવલ્લી (=સરસડો), સોતાંજન, સરસવ, રાક્ષસોનો નાશ કરે એવાં (ગૂગળ વગેરે) બીજાં ઔષધ; ગધેડું, ઘોડો, શાહુડી, ઊંટ, રીંછ, સાંઢો, નોળિયો, શલ્યક (=એક જાતની શાહુડી), દીપડો, બિલાડી, બળદ, સિંહ, વાઘ અને સમુદ્રનાં પ્રાણી–એટલાં પ્રાણીનાં ચામડું, પિત્ત, દાંત અને નખ–આ બધી(=હિંગથી નખ સુધીની) વસ્તુઓમાં જૂનું ઘી અથવા નવું તેલ સિદ્ધ કરવું. એ ઘી કે તેલનો પીવામાં, નસ્ય તરીકે અને અભ્યંગ તરીકે ઉપયોગ કરવો. એમના (=હિંગથી નખ સુધીની વસ્તુઓના) ચૂર્ણથી ધૂપ કરવો. એ વસ્તુઓના ચૂર્ણની ગોળી બનાવીને આંખમાં આંજવી અને એનો (=ચૂર્ણનો) અવપીડન નસ્ય તરીકે ઉપયોગ કરવો. એ વસ્તુઓના કલ્કનો લેપ કરવો. એ વસ્તુઓના ક્વાથથી શરીરને ઝારવું (=ધાર કરીને નવડાવવું). આ પ્રયોગ વાઈ તથા ગ્રહોના વળગાડને મટાડે છે.

गजाह्वापिप्पलीमूलव्योषामलकसर्षपान् ॥८॥
गोधानकुलमार्जारझषपित्तप्रपेषितान् ।
नावनाभ्यङ्गसेकेषु विदधीत ग्रहापहान् ॥९॥

ગજપીપર, પુષ્કરમૂળ, ત્રિકટુ, આમળાં,

સરસવ, એ પાંચ વસ્તુઓને સાંઢા, નોળિયો, બિલાડી અને ઝષ માછલીના પિત્તમાં પુષ્કળ ઘસોટીને એને નસ્ય, અભ્યંગ અને સેક તરીકે વાપરવાથી એ ગ્રહોના વળગાડને દૂર કરે છે.

સિદ્ધાર્થક ઘી

सिद्धार्थकवचाहिङ्गुप्रियङ्गुरजनीद्वयम् ।
मञ्जिष्ठा श्वेतकटभी वरा श्वेताऽद्रिकर्णिका ॥१०
निम्बस्य पत्रं बीजं तु नक्तमालशिरीषयोः ।
सुराह्वं त्र्यूषणं सर्पिर्गोमूत्रे तैश्चतुर्गुणे ॥ ११ ॥
सिद्धं सिद्धार्थकं नाम पाने नस्ये च योजितम् ।
ग्रहान् सर्वान्निहन्त्याशु
विशेषादासुरान् ग्रहान् ॥ १२ ॥
कृत्यालक्ष्मीविषोन्मादज्वरापस्मारपाप्म च ।

સરસવ, વજ, હિંગ, કાંગ, હળદર, દારૂહળદર, મજીઠ, ધોળી ગરણી, ત્રિફળા, ધોળી ગિરિકર્ણિકા, લીમડાનાં પાદડાં, કરંજના બી, સરસડાનાં બી, દેવદાર, ત્રિકટુ–એ બધા વડે ચારગણા ગોમૂત્રમાં સિદ્ધ કરેલુ ઘી પીવામાં અને નસ્ય તરીકે વાપરવાથી બધા ગ્રહો, ખાસ કરીને અસુર (=રાક્ષસ) ગ્રહો, કૃત્યા, અલક્ષ્મી, ઝેર, ગાંડપણુ, તાવ, વાઈ અને પાપ નાશ પામે છે.

एभिरेवौषधैर्बस्तवारिणा कल्पितोऽगदः ॥ १३ ॥
पाननस्याञ्जनालेपस्नानोद्वर्तनयोजितः ।
गुणैः पूर्ववदुद्दिष्टो राजद्वारे च सिद्धिकृत् ॥१४

એ જ (શ્લોક ૯ાાથી ૧૦ાાવાળાં સરસવથી ત્રિકટુ સુધીના) ઔષધો વડે તથા બકરીના મૂત્ર વડે સિદ્ધ કરેલું ઓસડ (=ઘી) પીવામાં, નસ્યમા, આંજવામાં, લેપમાં, નાહવામાં અને ઉદ્વર્તનમાં વાપરવાથી પહેલાના (=સિદ્ધાર્થક ઘી) જેવા ગુણ કરે છે તથા (પોતાની વશીકરણ શક્તિને લીધે) રાજદરબારમાં સિદ્ધિ અપાવે છે.

सिद्धार्थकव्योषवचाश्वगन्धा-
निशाद्वयं हिङ्गुपलाण्डुकन्दः ।
बीजं करञ्जात्, कुसुमं शिरीषात्
फलं च वल्कं च कपित्थवृक्षात् ॥ १५ ॥
समाक्षिमन्थं सततं सकुष्ठ
स्योनाकमूलं किणिही सिता च ।
बस्तस्य मूत्रेण सुभावितं तत्
पित्तेन गव्येन गुडान् विदध्यात् ॥ १६ ॥
दुष्टव्रणोन्मादतमोनिशान्धा-
नुद्बन्धकान् वारिनिमग्नदेहान् ।
दिग्धाहतान् दर्पितसर्पदष्टां-
स्ते साधयन्त्यञ्जननस्यलेपैः ॥ १७ ॥

સરસવ, ત્રિકટુ, વજ, આસગંધ, હળદર, દારૂહળદર, હિંગ, ડુગળીનું કંદ, કણજીનાં બી, સરસડાના ફૂલ, કોઠા અને કોઠના ઝાડની છાલ, સિંધવ, તગર, ઉપલેટ, અરડૂસાનાં મૂળ તથા ધોળી ગિરિકર્ણિકા એટલાં ઔષધોને બકરીના મૂત્રની ભાવના (=પટ) દઈને પછી ગાયના પિત્તમા એની ગોળીઓ (=લાડુઓ) બનાવવી. એને આંજવામા, નસ્ય ફૂંકવામાં અને લેપ તરીકે વાપરવાથી દુષ્ટ વ્રણ, ગાંડપણ, તિમિર-રોગ, રતાંધળાપણું, ગળું દબાયાથી (કે ગળે ફાંસો આવવાથી) મરણતોલ થઈ ગયેલા, પાણીમા ડૂબવાને લીધે મરણતોલ થઈ ગયેલા, ઝેર ચોપડેલુ શસ્ત્ર વાગવાથી મરણતોલ થઈ ગયેલા, છંછેડાયલો (=ઝેરી) સાપ કરડેલા–એટલા રોગ મટે છે અને એટલા દરદીઓને મટે છે.

कार्पासास्थिमयूरपत्रबृहतीनिर्माल्यपिण्डीतक-
त्वङ्मांसीवृषदंशविट्तुषवचाकेशाहिनिर्मोककैः
नागेन्द्रद्विजशृङ्गहिङ्गुमरिचैस्तुल्यैः कृतं धूपनं
स्कन्दोन्मादपिशाचराक्षससुरावेशज्वरघ्नं परम्

કપાસ, અંઘેડાનાં પાંદડાં (અથવા મોરનાં પીછાં), ભોંરિંગણી, શિવનિર્માલ્ય (અથવા લજામણી), મીંઢળ, તજ, જટામાંસી, બિલાડીની વિષ્ઠા, ધાનના ફોતરાં, વજ, માણસના વાળ, સાપની કાંચળી, હાથીદાંત, ગાયનું શીંગડું, હિંગ અને મરી એટલી વસ્તુઓ સરખે ભાગે લઈને એમના વડે ધૂપ કરવામાં આવે, તો તે સ્કંદ, ગાંડપણુ, પિશાચ, રાક્ષસ તથા દેવના આવેશને (=શરીરમાં ભરાયા હોય તેને) તથા તાવને ઉત્તમ રીતે મટાડે છે.

ભૂતરાવ ઘી

त्रिकटुकदलकुङ्कुमग्रन्थिकक्षारसिंही-
निशादारुसिद्धार्थयुग्माम्बुशक्राह्वयैः
सितलशुनफलत्रयोशीरतिक्तावचा-
तुल्यपष्टयावलालोहितैलाशिलापद्मकैः।
दधितगरमधूकसारप्रियाह्वाविषाख्या-
विषाताक्ष्र्यशैलैः सचव्यामयैः
कल्कितैर्घृतमतवमशेषमूत्रांशसिद्धं मतं
भूतरावाह्वयं पानतस्तद् ग्रहघ्नं परम् ॥१९

ત્રિકટુ, તમાલપત્ર, કેસર, પીપરીમૂળ, ક્ષાર, રિંગણી, હળદર, દેવદાર, પીળા અને કાળા (કે ધોળા અને પીળા) સરસવ, વાળો, ઇંદ્રજવ, ધોળું લસણ, ત્રિફળા, વીરણવાળો, કડુ, વજ, મોરથૂથુ, જેઠીમધ, ખળદાણા, મજીઠ, એલચી, શિલાજિત, કમળ, દહીં, તગર, મહુડાનાં ફૂલ (કે મહુડાના ઝાડનો ગરભ), કાંગ, અતિવિષની કળી, કાકોલી (કે કાકડાશીંગ), રસાંજન, ચવક અને ઉપલેટ એટલી વસ્તુઓના કલ્ક વડે (સૂ. ૫/૮૧ક્રમાં કહેલા) દરેકે દરેક મૂત્ર સાથે ઘી જેટલા જ મૂત્રમાં વારાફરતી સિદ્ધ કરેલા જૂના ઘીને ભૂતરાવ ઘી કહે છે. એ ઘી પીવાથી વળગાડનો ઉત્તમ રીતે નાશ થાય છે.

મહાભૂતરાવ ઘી

नतमधुकरञ्जलाक्षापटोलीसमङ्गावचा-
पाटलीहिङ्गुसिद्धार्थसिंहीनिशायुग्लता-
रोहिणीबदरकटुफलत्रिकाकाण्डदारुक्रमिघ्ना-
जगन्धामराह्वोल्लकोशातकीशिग्रुनिम्बाम्बुदे-
न्द्राह्वयैः।
गदशुकतरुपुष्पबीजोग्रयष्टयद्रिकणानिकुम्भाग्नि-
बिल्वैः समैः कल्कितैर्मूत्रवर्गेण सिद्धं घृतं
विधिविनिहितमाशु सर्वैः क्रमैर्योजितं हन्ति
सर्वग्रहोन्मादकुष्ठज्वरां-
स्तन्महाभूतरावं स्मृतम् ॥ २० ॥

તગર, મધ, કણુજી, લાખ, પટોળ, રીસામણી (કે મજીઠ), વજ, પાડળ, હિંગ, સરસવ, રીંગણી, હળદર, દારુહળદર, સારિવા, હરડે, બોર, મરી, ત્રિફળા, કટંભી, દેવદાર, વાવડિંગ, મરડાશીંગ, નગોડ (કે, ગૂગળ), અંકોલ, તૂરિયું, સરગવો, લીમડો, મોથ, ઇંદ્રજવ, ઉપલેટ, સરસડાનાં ફૂલ, વાંસ, જેઠીમધ, ગિરિકર્ણિકા, નેપાળાનું મૂળ, ચિત્રો, બિલાં. એટલી વસ્તુઓ સરખે ભાગે લઈને એમના કલ્ક વડે (સૂ. ૫/૮૧ક્રમાં કહેલા) દરેકે દરેક મૂત્ર સાથે વારાફરતી સિદ્ધ કરેલું અને પછી વિધિપુરઃસર પાત્રમાં ભરી રાખેલું ઘી (અભ્યંગ માટે, પીવા માટે, નસ્ય માટે વગેરે) બધા ક્રમથી વાપરવામાં આવે તો બધા ગ્રહ, ગાંડપણ, ચામડીના રોગ અને તાવ મટે છે. આ ઘીને આયુર્વેદમાં મહાભૂતરાવ ઘી કહે છે.

બલિદાનનો સામાન્ય વિધિ

ग्रहा गृह्णन्ति ये येषु तेषां तेषु विशेषतः।
दिनेषु बलिहोमादीन् प्रयुञ्जीत चिकित्सकः ॥२१॥

જે ગ્રહો જે દિવસે વળગતા હોય (ઉ. ૪/૮ક્રથી ૧૨) તે દિવસે ખાસ કરીને તેમને માટે બલિદાન, હોમ વગેરે વૈદ્યે કરવું.

स्नानवस्त्रवसामांसमद्यक्षीरगुडादि च।
रोचते यद्यदा येभ्यस्तत्तेषामाहरेत्तदा ॥ २२ ॥

સ્નાન, વસ્ત્ર, વસા, માંસ, દારૂ, દૂધ, ગોળ વગેરેમાંથી જે જે વસ્તુ જે જે ગ્રહને જે દિવસે ગમતી હોય તે તે વસ્તુ તે તે ગ્રહને તે દિવસે આપવી.

रत्नानि गन्धमाल्यानि बीजानि मधुसर्पिषी।
भक्ष्याश्च सर्वे सर्वेषां सामान्यो विधिरित्ययम् ॥

રત્નો, સુગંધિ ફૂલહાર, બી (=જવ વગેરે ધાન) તથા ભક્ષ્યો એ બધું બધા ગ્રહોને આપવું એ સામાન્ય વિધિ છે.

બલિદાનનો વિશેષ વિધિ
બલિદાનની જગા

सुरर्षिगुरुवृद्धेभ्यः सिद्धेभ्यश्च सुरालये।
दिश्युत्तरस्यां तत्रापि देवायोपहरेद्बलिम् ॥ २४ ॥
पश्चिमायां यथाकालं दैत्यभूताय चत्वरे।
गन्धर्वाय गवां मार्गे सवस्त्राभरणं बलिम् ॥२५॥
पितृनागग्रहे नद्यां नागेभ्यः पूर्वदक्षिणे।
यक्षाय यक्षायतने सरितोर्वा समागमे ॥ २६ ॥
चतुष्पथे राक्षसाय भीमेषु गहनेषु च।

रक्षसां दक्षिणस्यां तु पूर्वस्यां ब्रह्मरक्षसाम् ॥२७॥
शून्यालये पिशाचाय पश्चिमां दिशमास्थिते।

દેવ, ઋષિ, ગુરુ, વૃદ્ધ અને સિદ્ધને દેવાલયમાં બલિદાન આપવુ, તેમાયે દેવને (દર્દીના ઘરથી) ઉત્તર દિશામા બલિદાન આપવુ, દૈત્યરૂપી ભૂતને યોગ્ય સમયે આગણામાં (કે ચૌટામા) પશ્ચિમ દિશામા બલિદાન આપવુ, ગંધર્વને ગાયોના માર્ગમાં વસ્ત્ર અને અલંકાર સાથે બલિદાન આપવું, પિતૃ અને નાગના વળગાડમા નદી ઉપર બલિદાન આપવું, નાગને અગ્નિકોણ(=પૂર્વ અને દક્ષિણ વચ્ચેનો ખૂણો)માં બલિદાન આપવુ, યક્ષને યક્ષના નિવાસસ્થાનમાં (=વડના મૂળ આગળ) કે બે નદીઓના સંગમ ઉપર બલિદાન આપવુ, રાક્ષસને ચકલામા અને ભયાનક વનોમાં બલિદાન આપવુ, રાક્ષસોને દક્ષિણ દિક્ષામાં પણ બ્રહ્મરાક્ષસોને પૂર્વ દિશામાં બલિદાન આપવું, પશ્ચિમ દિશામાં આવેલા સૂના (=હવડ) મકાનમાં પિશાચને બલિદાન આપવું.

દેવોના વળગાડનો ઉપાય

शुचिशुक्लानि माल्यानि गन्धाः क्षैरेयमोदनम् ॥
दधि छत्रं च धवलं देवानां बलिरिष्यते।

દેવોને પવિત્ર અને ધોળી ફૂલની માળા, સુગંધિદાર પદાર્થો, ખીર, દહીં અને ધોળું છત્તર (=છત્રી) એટલી વસ્તુઓનુ બલિદાન ઇચ્છાય છે.

हिङ्गुसर्षपषड्ग्रन्थाव्योषैरर्धपलोन्मितैः ॥ २९ ॥
चतुर्गुणे गवां मूत्रे घृतप्रस्थं विपाचयेत्।
तत्पाननावनाभ्यङ्गैर्देवग्रहविमोक्षणम् ॥ ३० ॥

હિંગ, સરસવ, ઘોડાવજ અને ત્રિકટુ એ દરેક વસ્તુ બે બે તોલા લઈને એમના વડે ચારગણા ગાયના મૂત્રમા એક પ્રસ્થ ઘી પકવવું. એ ઘી પીવાથી, એ ઘીનુ નસ્ય લેવાથી તથા એ ઘી વડે અભ્યંગ કરવાથી દેવના વળગાડમાથી છુટકારો થાય છે.

नस्याञ्जनं वचाहिङ्गुलशुनं बस्तवारिणा।

બકરીના મૂત્ર સાથે વજ, હિંગ અને લસણનુ નસ્ય લેનાથી અને આંજવાથી દેવનો વળગાડ મટે છે.

દૈત્યના વળગાડનો ઉપાય

दैत्ये बलिर्बहुफलः सोशीरकमलोत्पलः ॥ ३१ ॥

દૈત્યના વળગાડમા અનેક ફળોનું, વીરણ વાળાનુ, ધોળા કમળનું અને કાળા કમળનું બલિદાન ઇચ્છાય છે.

નાગના વળગાડનો ઉપાય

नागानां सुमतोलाजगुडापूपगुडौदनैः।
परमान्नमधुक्षीरकृष्णमृन्नागकेसरैः ॥ ३२ ॥
वचापद्मपुरोशीररक्तोत्पलदलैर्बलिः।
श्वेतपत्रं च रोध्रं च तगरं नागसर्षपाः ॥ ३३ ॥
शीतेन वारिणा पिष्टं नावनाञ्जनयोर्हितम्।

નાગ(=સાપ)ને ચમેલી (કે ફૂલ), ડાંગરની ધાણી, ગોળના રોટલા (=ગોળ નાખીને કરેલા ગળ્યા રોટલા), ગોળ મેળવેલો ભાત, ખીર, મધ, દૂધ, કાળી માટી, નાગકેસર, વજ, કમળ, ગૂગળ, વીરણ વાળો તથા રાતા કમળના પાદડા–એટલી વસ્તુઓનુ બલિદાન ઇચ્છાય છે. ધોળું કમળ, લોધર, તગર, નાગકેસર અને સરસવ–એ પાંચ વસ્તુઓને ઠંડા પાણી સાથે લસોટીને એનુ નસ્ય લેવાથી અને આંજવાથી ફાયદો થાય છે.

યક્ષના વળગાડનો ઉપાય

यक्षाणां क्षीरदध्याज्यमिश्रकौदनगुग्गुलु ॥ ३४ ॥
देवदारूत्पलं पद्ममुशीरं वस्त्रकाञ्चनम्।
हिरण्यं च बलिर्याज्यो

યક્ષોને દૂધ, દહીં, ઘી, માસ સાથે ભેળવેલો ભાત અને ગૂગળ, દેવદાર, કાળું કમળ, ધોળું કમળ, વીરણ વાળો, વસ્ત્ર, સોનાનો દાગીનો અને સોનુ–એટલી વસ્તુઓનુ બલિદાન આપવુ.

मूत्राज्यक्षारमेकतः ॥ ३५ ॥
सिद्धं समोन्मितं पाननावनाभ्यञ्जने हितम्।

ગાયનુ મૂતર, ઘી અને દૂધ એ ત્રણ સરખે ભાગે લઈને એકસાથે સિદ્ધ કરીને પીવાથી, નસ્ય લેવાથી અને શરીર ચોળવાથી ફાયદો થાય છે (=યક્ષનો વળગાડ મટે છે).

हरीतकी हरिद्रे द्वे लशुनो मरिचं वचा ॥ ३६ ॥
निम्बपत्रं च बस्ताम्बुकल्कितं नावनाञ्जनम्।

હરડે, હળદર, દારૂહળદર, લસણ, મરી,

વજ અને લીમડાનાં પાંદડાં એટલી વસ્તુઓનો બકરીના મૂતરમાં કલ્ક કરીને એનું નસ્ય લેવું અને આંજવું એ હિતકર છે.

બ્રહ્મરાક્ષસના વળગાડનો ઉપાય

ब्रह्मरक्षोबलिः ।सद्धं यवानां पूर्णमाढकम् ॥३७॥
तोयस्य कुम्भः पललं छत्रं वस्त्रं विलेपनम् ।

પૂરા એક આઢક રાંધેલા જવ, પાણીનો ઘડો, માંસ, છત્ર, વસ્ત્ર અને વિલેપન (=ચંદન વગેરે) એટલું બ્રહ્મરાક્ષસનું બલિદાન છે.

गायत्रीविंशतिपलक्काथेऽर्धपलिकैः पचेत् ॥३८॥
त्र्यूषणत्रिफलाहिङ्गुपड्ग्रन्थामिशासर्षपैः ।
सनिम्बपत्रलशुनैः कुडवान् सत सर्पिषः ॥३९॥
गोमूत्रे त्रिगुणे पाननस्याभ्यङ्गेषु तद्धितम् ।

ખેરના ૮૦ તોલા ક્વાથમાં ત્રિકટુ, ત્રિફળા, હિંગ, ઘોડાવજ, સુવા, સરસવ, લીમડાનાં પાંદડાં અને લસણ, એ દરેક બે-બે તોલા લઈને એ બધા સાથે સાત કુડવ ઘી ત્રણગણા ગાયના મૂત્રમાં પકવવું. એ ઘી પીવાથી, એનું નસ્ય લેવાથી અને એ શરીરે ચોળવાથી ફાયદો થાય છે.

રાક્ષસના વળગાડનો ઉપાય

रक्षसां पललं शुक्लं कुसुमं मिश्रकौदनम् ॥४०॥
वलिः पक्कामसांसानि निष्पावा रुधिरोक्षिताः ।

રાક્ષસોને માંસ, ધોળું ફૂલ, માંસ સાથે ભેળવેલો ભાત, રાંધેલાં અને કાચાં માંસ તથા લોહી છાંટેલા વાલ, એટલી વસ્તુઓનું બલિદાન ઈચ્છાય છે.

नक्तमालशिरीषत्वङ्मूलपुष्पफलानि च ॥४१॥
तद्वच्च कृष्णपाटल्या विल्वमूलं कटुत्रिकम् ।
हिंग्विन्द्रयवसिद्धार्थलशुनामलकीफलम् ॥४२॥
नावनाञ्जनयोर्योज्यो वस्तमूत्रयुतोऽगदः ।

કણજી, સરસડાની છાલ, મૂળ, ફૂલ અને ફળ; કાળી પાડળનું પણ એ જ (=છાલ, મૂળ, ફૂલ અને ફળ), બીલીના ઝાડનું મૂળ, ત્રિકટુ, હિંગ, ઇંદ્રજવ, સરસવ, લસણ, આંબલી-એટલી વસ્તુઓને બકરીના મૂત્ર સાથે મેળવીને બનાવેલું ઓસડ નસ્ય તરીકે અને અંજન તરીકે વાપરવું.

एभिरेव घृतं सिद्धं गवां मूत्रे चतुर्गुणे ॥४३॥
रक्षोग्रहान् वारयते पानाभ्यञ्जननावनैः ।

એ જ (=શ્લોક ૪૧, ૪૧ા, ૪૨માં કહેલી કણજીથી આંબલી સુધીની) વસ્તુઓ વડે ચારગણા ગાયના મૂત્રમાં સિદ્ધ કરેલું ઘી પીવાથી, શરીરે ચોળવાથી અને નસ્ય તરીકે વાપરવાથી રાક્ષસનો વળગાડ મટે છે.

પિશાચના વળગાડનો ઉપાય

पिशाचानां वलिः सीधुः पिण्याकः पललं दधि ॥४४
मूलकं लवणं सर्पिः सभूतौदनयावकम् ।

પિશાચોને સીધુ, તલનો ખોળ, માંસ, દહીં, મૂળા, લવણ (=સેંધવ), ઘી, માંસ ભેળવેલો ભાત અને જવના બાકળા-એટલી વસ્તુઓનું બલિદાન ઇચ્છાય છે.

हरिद्राद्वयमञ्जिष्ठामिशासैन्धवनागरम् ॥४५॥
हिङ्गुप्रियङ्गुत्रिकटुरसोनत्रिफला वचा ।
पाटलीश्वेतकटभीशिरीषकुसुमैर्घृतम् ॥४६॥
गोमूत्रपादिकं सिद्धं पानाभ्यञ्जनयोर्हितम् ।

હળદર, દારુહળદર, મજીઠ, સુવા, સેંધવ, સૂંઠ, હિંગ, કાંગ, ત્રિકટુ, લસણ, ત્રિફળા, વજ, પાડળ, ધોળી ગરણી અને સરસડાનાં ફૂલ-એટલી વસ્તુઓથી ગાયના મૂત્રમાં મૂત્રથી ચોથા ભાગનું ઘી સિદ્ધ કરીને તે ઘી પીવાથી અને શરીરે ચોળવાથી ફાયદો થાય છે.

वस्ताम्बुपिष्टैस्तैरेव योज्यमञ्जननावनम् ॥४७॥

એ જ (=હળદરથી સરસડાનાં ફૂલ સુધીની) વસ્તુઓને બકરીના મૂતરમાં લસોટીને એ આંજવાથી અને નસ્ય તરીકે વાપરવાથી ફાયદો થાય છે.

દેવ, ઋષિ, પિતૃ અને ગંધર્વના વળગાડમાં શું કરવું અને શું ન કરવું ?

देवर्षिपितृगन्धर्वे तीक्ष्णं नस्यादि वर्जयेत् ।
सर्पिष्पानादि मृद्धस्मिन् भैषज्यमवचारयेत् ॥४८॥

દેવ, ઋષિ, પિતૃ અને ગંધર્વના વળગાડમાં નસ્ય વગેરે (=નસ્ય, અભ્યંગ, અંજન, ઘી પાવું વગેરે) તીક્ષ્ણ હોવાં જોઈએ નહિ (=તીક્ષ્ણ નસ્ય વગેરેનો ત્યાગ કરવો), પણ ઘી પાવું (+નસ્ય, અભ્યંગ, અંજન) વગેરે ઉપચાર મૃદુ (=હળવા) હોય તેવા કરવા.

ગ્રહોને ઉશ્કેરવા નહિ

ऋते पिशाचात्सर्वेषु प्रतिकूलं च नाचरेत्।
सर्वैश्यमातुरं घ्नन्ति क्रुद्धास्ते हि महौजसः ॥४९॥

પિશાચ સિવાયના બીજા કોઈ વળગાડમાં તે તે ગ્રહને પ્રતિકૂળ આચરણ કરવું નહિ; કારણ કે બહુ પ્રભાવશાળી દેવ વગેરે ગ્રહો ક્રોધે ભરાય તો દર્દીને અને સાથે વૈદ્યને પણ મારી નાખે છે.

ईश्वरं द्वादशभुजं नाथमार्यावलोकितम्।
सर्वव्याधिचिकित्सां च जपन् सर्वग्रहान् जयेत् ॥५०
तथोन्मादानपस्मारानन्यं वा चित्तविप्लवम्।

બાર હાથવાળા, જગતના નાથ, ગૌરી વડે જોવાયેલા (=ગૌરી સાથે બિરાજમાન), બધા, રોગ મટાડવાના ઉપાયરૂપ ઈશ્વર(=મહાદેવ)નો જપ કરીને બધા ગ્રહો (=બધા વળગાડ) તથા ગાડપણ, વાઈ અને બીજા મનના રોગને મટાડવા.

महाविद्यां च मायूरीं शुचिं तं श्रावयेत्सदा ॥५१॥

દર્દીને નવડાવીને પવિત્ર બનાવીને તેને (અથર્વવેદમા કહેલી) માયૂરી મહાવિદ્યા સંભળાવવી.

भूतेशं पूजयेत् स्थाणुं प्रमथाख्यांश्च तद्गणान्।
जपन् सिद्धांश्च तन्मन्त्रान्
ग्रहान् सर्वानपोहति ॥५२॥

ભૂતોના નાથ ભગવાન શંકરને તથા તેમના પ્રમથ નામે ઓળખાતા ગણોને પૂજવા તથા એમના સિદ્ધ મંત્રો જપનાર બધા વળગાડને દૂર કરે છે.

यच्चानन्तरयोः किञ्चिद्वक्ष्यतेऽध्याययोर्हितम्।
यच्चोक्तमिह तत्सर्वं प्रयुञ्जीत परस्परम् ॥५३॥

વળી હવે પછીના બે અધ્યાયમાં (=ઉ. ૬ તથા ૭માં) જે કંઈ કહેવામાં આવશે તે પણ આમાં (=ભૂતનો વળગાડ મટાડવાના કામમાં) હિતકારક છે, અને આ અધ્યાયમાં (દેવ, ગ્રહ વગેરેના વળગાડના) જે જુદા જુદા ઉપાય કહ્યા છે, તે પણ પરસ્પર કરવા (=એક જાતના વળગાડના ઉપાય બીજી જાતના વળગાડમાં પણ કરવા).

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने भूतप्रतिषेधो नाम पञ्चमोऽध्यायः ॥५॥

અધ્યાય ૬ ઠ્ઠો—ગાંડપણના ઉપાય

अथात उन्मादप्रतिषेधं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

ત્યારે હવે અમે ગાંડપણ મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ગાંડપણની સંખ્યા

उन्मादाः षट् पृथग्दोषनिचयाधिविषोद्भवाः।

ગાંડપણ છ છે: છૂટા દોષથી થતા, ત્રિદોષથી થતુ, મનની પીડાથી થતું અને ઝેરથી થતું.

વ્યાખ્યા

उन्मादो नाम मनसो दोषैरुन्मार्गगैर्मदः ॥१॥

પોતપોતાના સ્વાભાવિક માર્ગ સિવાય બીજે માર્ગે ગયેલા દોષોને લીધે મનનો મદ થાય તેને ગાંડપણ કહે છે.

ગાંડપણનાં કારણ, સંપ્રાપ્તિ, સામાન્ય લક્ષણ

शारीरमानसैर्दुष्टैरहितादन्नपानतः।
विकृतासात्म्यसमलाद्विषमादुपयोगतः ॥२॥
विषण्णस्याल्पसत्त्वस्य व्याधिवेगसमुद्गमात्।
क्षीणस्य चेष्टावैषम्यात् पूज्यपूजाव्यतिक्रमात् ॥३॥
आधिभिश्चित्तविभ्रंशाद् विषेणोपविषेण च।
एभिर्हि हीनसत्त्वस्य हृदि दोषाः प्रदूषिताः ॥४॥
धियो विधाय कालुष्यं हत्वा मार्गान् मनोवहान्।
उन्मादं कुर्वते, तेन धीविज्ञानस्मृतिभ्रमात् ॥५॥
देहो दुःखसुखभ्रष्टो भ्रष्टसारथिवद्रथः।
भ्रमत्यचिन्तितारम्भः ·

શરીર અને મનના દોષો બગડવાથી; અપથ્ય, વિકૃત, માફક ન આવતું, કચરાકસ્તરવાળું (=મેલું) અને વિષમ અન્નપાન વાપરવાથી; દિલગીર અને થોડા સત્ત્વગુણવાળાને રોગનો વેગ (=ઉછાળો) આવવાથી; દૂબળો પડી ગયેલો માણસ જે અવયવથી જે રીતે જે ક્રિયા કરવી જોઈએ તેનાથી જુદી રીતે ક્રિયા કરે તેથી; પૂજવા લાયક વ્યક્તિઓની પૂજા ન કરવાથી; મનની પીડાને લીધે મનને આઘાત લાગવાથી; ઝેરથી તથા ઓછી અસરવાળા

જોરથી–આ કારણોને લીધે હૃદયમાં વધારે બગડેલા દોષો ઓછા સત્ત્વગુણવાળા (કે ઓછી સહનશક્તિવાળા) માણસની બુદ્ધિને ડહોળી નાખીને તથા મનને વહેનારાં સ્રોતોનો નાશ કરીને ગાંડપણ પેદા કરે છે. તેને લીધે (=ગાંડપણને લીધે) બુદ્ધિ, વિજ્ઞાન અને સ્મરણશક્તિ ભમી જવાથી દુ:ખ અને સુખનું ભાન ભૂલેલું અને વગરવિચાર્યું કામ કરતું શરીર, પડી ગયેલા સારથિવાળા રથની માફક, ભટકયા કરે છે.

વાયુના ગાંડપણનાં લક્ષણ

तत्र वातात्कृशाङ्गता ॥ ६ ॥
अस्थाने रोदनाक्रोशहसितस्मितनर्तनम् ।
गीतवादित्रवागङ्गविक्षेपास्फोटनानि च ॥ ७ ॥
असाम्ना वेणुवीणादिशब्दानुकरणं मुहुः ।
आस्यात्फेनागमोऽजस्रमटनं बहुभाषिता ॥ ८ ॥
अलङ्कारोऽनलङ्कारैरयानैर्गमनोद्यमः ।
गृद्धिरभ्यवहार्येषु तल्लाभे चावमानता ॥ ९ ॥
उत्पिण्डितारुणाक्षित्वं जीर्णे चान्ने गदोद्भवः ।

તેમાંથી (=૭ ગાંડપણમાથી) વાયુને લીધે થતા ગાંડપણમા શરીર દૂબળું થઈ જાય છે; દરદી પ્રસંગ વિના રુએ છે, બૂમો પાડે છે, હસે છે, મલકાય છે, નાચે છે, ગાય છે, વાજિંત્ર વગાડે છે, બોલે છે, અંગ ઉછાળે છે તથા હાથ ઉપર થાબડે છે; ઉદ્ધતાઈથી વાંસળી, વીણા વગેરેના અવાજની વારંવાર નકલ કરે છે; મોંમાંથી ફીણ નીકળે છે; સતત ફરફર કરે છે; બહુ બોલબોલ કરે છે; શણગાર તરીકે ન વપરાતી હોય તેવી વસ્તુઓના શણગાર સજે છે; વાહન ન હોય તેમાં (કે તેના ઉપર) બેસીને જવાનો ઉદ્યમ કરે છે; ખાવાની વસ્તુઓ મેળવવાની તીવ્ર ઇચ્છા થાય છે, પણ એ મળે છે ત્યારે એને તરછોડી કાઢે છે; આંખો ઊંચી ચઢી જાય છે અને આછી લાલ હોય છે અને ખાધેલું પચી જાય ત્યારે રોગ (=ગાંડપણ) થાય છે.

પિત્તનાં ગાંડપણનાં લક્ષણ

पित्तात्सन्तर्जनं क्रोधो मुष्टिलोष्टाद्यभिद्रवः ॥ १० ॥
शीतच्छायोदकाकाङ्क्षा नग्नत्वं पीतवर्णता ।
असत्यज्वलनज्वालातारकादीपदर्शनम् ॥ ११ ॥

પિત્તને લીધે થતા ગાંડપણમાં દરદી ધમકાવે છે, ક્રોધ કરે છે; મુક્કી, ઢેખાળો વગેરે વડે મારવા ધસે છે; ઠંડક, છાંયડો અને પાણીની ઇચ્છા થાય છે, નાગો થઈ જાય છે, શરીરનો રંગ પીળો થઈ જાય છે, ખોટાખોટા દેવતા, ભડકા, તારા અને દીવા દેખાય છે.

કફના ગાંડપણનાં લક્ષણ

कफादरोचकश्छर्दिरल्पेहाहारवाक्यता ।
स्त्रीकामता रहःप्रीतिर्लालासिङ्घाणकस्रुतिः ॥१२॥
बैभत्स्यं शौचविद्वेषो निद्रा श्वयथुरानने ।
उन्मादो बलवान् रात्रौ भुक्तमात्रे च जायते ॥१३॥

કફને લીધે થતા ગાંડપણમાં અરુચિ થાય છે, ઊલટી (કે ઊબકા) થાય છે; ઇચ્છાઓ, ખોરાક અને બોલવાનું ઓછું થઈ જાય છે; સ્ત્રીની ઇચ્છા થાય છે, એકાંત ગમે છે, લાળ અને લીંટ નીકળે છે, સૂગ ચઢે એવો હોય છે, નાહવું વગેરે શૌચકર્મનો દ્વેષ કરે છે, ઊંઘે છે, મોં ઉપર સોજો આવે છે, ગાંડપણનું જોર રાતે વધે છે અને ખાધા પછી તરત ગાંડપણ આવે છે.

ત્રિદોષનું ગાંડપણ

सर्वायतनसंस्थानसन्निपाते तदात्मकम् ।
उन्मादं दारुणं विद्यात् तं भिषक् परिवर्जयेत् ॥१४॥

બધાં (=ત્રણે છૂટાછૂટા દોષથી થતા ગાંડપણનાં) કારણો અને લક્ષણો ત્રિદોષના ગાંડપણમાં ભેગાં હોય છે. એ ત્રિદોષનું ગાંડપણ ભયંકર સમજવું. વૈદ્યે એને છોડી દેવું (=અસાધ્ય જાણવું).

મનની પીડાથી થયેલા ગાંડપણનાં લક્ષણ

धनकान्तादिनाशेन दुःसहेनाभिषङ्गवान् ।
पाण्डुर्दीनो मुहुर्मुह्यन् हाहेति परिदेवते ॥ १५ ॥
रोदित्यकस्मान्म्रियते तद्गुणान् बहु मन्यते ।
शोकक्लिष्टमना ध्यायन् जागरूको विचेष्टते ॥ १६ ॥

ધન, પ્રિયતમા વગેરેના સહન ન કરી શકાય એવા નાશને લીધે આઘાતવાળું (કે ચીકણું, ઝટ મટે નહિ એવું) ગાંડપણ થાય

છે. એ ગાડપણુમા દર્દી ફિક્કો, ગરીબડો બનીને વારંવાર બેભાન બની જાય છે, 'હાય, હાય' એવા અર્થના શબ્દો બોલીને શોક કરે છે, રુએ છે, કંઈ કારણુ વિના મરી જાય છે (=બેભાન થઈ જાય છે), એમના (=ધન, પ્રિયતમા વગેરે-ના) ગુણોનું બહુમાન કરે છે, એનું મન શોક-થી ક્લેશ પામે છે, વિચારમાં ને વિચારમાં રહે છે, જાગે છે અને વિકૃત ચેષ્ટાઓ કરે છે.

ઝેરના ગાંડપણનાં લક્ષણ

विषेण श्यावबदनो नष्टच्छायाबलेन्द्रियः ।
वेगान्तरेऽपि सम्भ्रान्तो रक्ताक्षस्तं विवर्जयेत् १७

ઝેરથી થતા ગાડપણુમા મો બદામી રંગનું થઈ જાય છે, છાયા, બળ અને ઇંદ્રિયોનો નાશ થાય છે, ગાડપણુના (આવી ગયેલા અને આવવાના) બે વેગ(અં. ઍટેક)ના વચગાળા-મા પણુ બહાવરો હોય છે તથા આખો રાતી હોય છે. એને (અસાધ્ય સમજીને વૈદ્યે) છોડી દેવો.

વાયુના ગાંડપણમાં પહેલું શું કરવું?

अथानिलज उन्मादे स्नेहपानं प्रयोजयेत् ।
पूर्वमावृतमार्गे तु सस्नेहं मृदु शोधनम् ॥ १८ ॥

હવે વાયુના ગાડપણુમા સ્નેહ પિવડાવવો, પણુ જો વાયુનો માર્ગ રોકાયેલો હોય (નિ. ૧૬/૩૦½ થી ૫૧½), તો સ્નેહ પિવડાવતા પહેલા સ્નેહવાળુ હળવુ શોધન ઔષધ આપવુ.

કફના અને પિત્તના ગાંડપણમાં પહેલું શું કરવું?

कफपित्तभवेऽप्यादौ वमनं सविरेचनम् ।
स्निग्धस्विन्नस्य वस्तिं च शिरसः सविरेचनम् ॥
तथाऽस्य शुद्धदेहस्य प्रसादं लभते मनः ।

કફના અને પિત્તના ગાડપણુમા પણુ પહેલા દરદીનુ સ્નેહન અને સ્વેદન કરીને, (કફના ગાડપણુમા) ઊલટીઓ કરાવવી અને (પિત્તના ગાડપણુમા) રેચ કરાવવા. (વાયુ, પિત્ત અને કફ એ ત્રણુમાથી દરેક દોષના ગાંડપણુમા) માથાનું વિરેચન કરવુ (=નસ્ય આપવુ) અને શિરોબસ્તિ આપવી. આ રીતે જેનું શરીર શુદ્ધ થયુ હોય એવા એનુ (=દરદીનુ) મન શાંત થાય છે.

છતાં ન મટે તો શું કરવું?

इत्यमप्यनुवृत्तौ तु तीक्ष्णं नावनमञ्जनम् ॥ २० ॥
हर्षणाश्वासनोत्रासभयताडनतर्जनम् ।
अभ्यङ्गोद्वर्तनालेपधूपान् पानं च सर्पिषः ॥ २१ ॥
युञ्ज्यात्तानि हि शुद्धस्य नयन्ति प्रकृतिं मनः ।

આમ કરવા છતા પણુ જો ગાડપણુ ચાલુ રહે તો તીક્ષ્ણુ નસ્ય, તીક્ષ્ણુ અંજન, હરખ કરાવવો, શાંત પાડવો, ત્રાસ આપવો, બિવડાવવો, મારવો, ધમકાવવો (એમાથી જેને જે કરવું યોગ્ય હોય તે), અભ્યંગ, ઉદ્વર્તન, લેપ, ધૂપ, ઘી પાવુ—એ બધાનો ઉપયોગ કરવો, કારણુ કે એ બધું જેના શરીરનું શોધન થઈ ગયુ હોય એવા દરદીના મનને સ્વસ્થ બનાવે છે.

हिङ्गुसौवर्चलव्योषैर्द्विपलांशैर्घृताढकम् ॥ २२ ॥
सिद्धं समूत्रमुन्मादभूतापस्मारनुत्परम् ।

હિંગ, સંચળ અને ત્રિકટુ એ દરેક આઠ આઠ તોલા લઈને એ બધા વડે ગાયના મૂત્ર સાથે સિદ્ધ કરેલુ એક આઢક ઘી ગાડપણુ, વળગાડ અને વાઈને મટાડનારું ઉત્તમ ઔષધ છે.

બ્રાહ્મીઘૃત

द्वौ प्रस्थौ स्वरसाद् ब्राह्या
घृतप्रस्थं च साधितम् ॥ २३ ॥
व्योषश्यामात्रिवृद्दन्तीशङ्खपुष्पीनृपद्रुमैः ।
ससप्तलाकृमिहरैः कल्कितैरक्षसम्मितैः ॥ २४ ॥
पलवृद्धया प्रयुञ्जीत परं मात्राचतुष्पलम् ।
उन्मादकुष्ठापस्मारहरं वन्ध्यासुतप्रदम् ॥ २५ ॥
वाक्स्वरस्मृतिमेधाकृद्
धन्यं ब्राह्मीघृतं स्मृतम् ।

બ્રાહ્મીના બે પ્રસ્થ સ્વરસમા ત્રિકટુ, કાળું નસોતર, લાલ નસોતર, નેપાળો, શંખાવલી, ગરમાળો, સાથેર અને વાવડિંગ—એટલા ઔષધો દરેક એકએક કર્ષ (=તોલો) લઈને એ બધાના કલ્ક વડે સિદ્ધ કરેલું એક પ્રસ્થ ઘી રોજ ચાર ચાર તોલા વધતા જઈને આપવું, પણુ વધીને વધારેમા વધારે સોળ તોલાની માત્રા આપવી (=પહેલે દહાડે ચાર તોલા, બીજે દહાડે આઠ તોલા, ત્રીજે દહાડે -

બાર તોલા, ચોથે દહાડે સોળ તોલા અને પાંચમા દહાડાથી રોજ સોળ સોળ તોલા આપવું). આ બ્રાહ્મી ઘૃત ગાંડપણ, ચામડીના રોગ અને વાઈ મટાડે છે, વાંઝણીને પુત્ર આપે છે; વાણી, સ્વર, સ્મરણશક્તિ અને મેધા આપે છે તથા એ ધન માટે સારું છે.

કલ્યાણક ઘૃત

वराविशालाभद्रैलादेवदार्वेलवालुकैः ॥ २६ ॥
द्विसारिवाद्विरजनीद्विस्थिराफलिनीनतैः ।
बृहतीकुष्ठमञ्जिष्ठानागकेसरदाडिमैः ॥ २७ ॥
वेल्लतालीसपत्रैलामालतीमुकुलोत्पलैः ।
सदन्तीपद्मकहिमैः कर्षांशैः सर्पिषः पचेत् ॥ २८
प्रस्थं भूतग्रहोन्मादकासापस्मारपाप्मसु ।
पाण्डुकण्डूविषे शोषे मोहे मेहे गरे ज्वरे ॥२९॥
अरेतस्यप्रजसि वा दैवोपहतचेतसि ।
अमेधसि स्खलद्वाचि स्मृतिकामेऽल्पपावके ॥३०॥
बल्यं मङ्गल्यमायुष्यं कान्तिसौभाग्यपुष्टिदम् ।
कल्याणकमिदं सर्पिः श्रेष्ठं पुंसवनेषु च ॥ ३१ ॥

ત્રિફળા, ઇંદ્રવારણાં, મોટી એલચી, દેવદાર, ચણકબાબ, બે જાતની સારિવા (અનંતમૂળ અને શ્યામલતા), હળદર, દારુહળદર, સમેરવો, ગંધી સમેરવો, કાંગ, તગર, ભોરિંગણી, ઉપલેટ, મજીઠ, નાગકેસર, દાડમ, વાવડિંગ, તાલીસ-પત્ર, એલચી, ચમેલીની કળીઓ, કાળું કમળ, નેપાળો, ધોળું કમળ, પદ્મકાષ્ઠ–એટલાં વાનાં દરેક એક એક તોલો લઈને એ બધાં વડે એક પ્રસ્થ ઘી પકવવું. આ કલ્યાણક ઘૃત ભૂતના વળગાડમાં, ગાંડપણ, ઉધરસ, વાઈ, પાપ, પાંડુરોગ, ખણુજ, ઝેર, ક્ષય, મોહ, પ્રમેહ, ગર તથા તાવમા, વીર્ય ન હોવાના રોગમા, પ્રજા ન થતી હોવાના રોગમાં, દૈવને લીધે ચિત્તનો નાશ થવાના રોગમાં, મેધા ન હોવારૂપી રોગમાં, તોતડાપણામાં, સ્મરણશક્તિની ઇચ્છા હોય તેને માટે, જઠરાગ્નિ થોડો હોવાના રોગમાં તથા સ્ત્રીને પુત્ર અવતરે એવા ઉપાયોમાં ઉત્તમ છે. આ ઘી બળ આપે છે, કલ્યાણ કરે છે, આયુષ્ય માટે સારું છે; કાંતિ, સૌંદર્ય અને પુષ્ટિ આપે છે.

મહાકલ્યાણક ઘૃત

एभ्यो द्विसारिवादीनि जले पक्त्वैकविंशतिम् ।
रसे तस्मिन् पचेत्सर्पिर्गृष्टिक्षीरचतुर्गुणम् ॥ ३२ ॥
वीराद्विमेदाकाकोलीकपिकच्छूविषाणिभिः ।
शूर्पपर्णीयुतैरेतन्महाकल्याणकं परम् ॥ ३३ ॥
बृंहणं सन्निपातघ्नं पूर्वस्मादधिकं गुणैः ।

શ્લોક ૨૬થી ૨૭માં કહેલી વરા(=ત્રિફળા)-થી એલવાલુક (ચણકબાબ) સુધીની સાત વસ્તુઓ સિવાયની, 'બે સારિવા'થી માંડીને પદ્મકાષ્ઠ સુધીની ૨૧ વસ્તુઓને (ઘી કરતાં સોળગણા) પાણીમાં પકવતાં પકવતાં ઘી કરતાં ચારગણું પાણી રહે ત્યાં સુધી પકવવી. એ ક્વાથમા ગૃષ્ટિ(=એક જ વાર વિયાયેલી ગાય)ના દૂધ કરતા ચારગણું ઘી મહાશતાવરી, મેદા, મહામેદા, કાકોલી, કૌચાં, કાકડાશીંગ અને શૂર્પપર્ણી(=મુદ્દગપર્ણી અને માષપર્ણી)ના કલ્ક સાથે પકવવું. આ મહાકલ્યાણક ઘી ઉત્તમ બૃંહણ, ત્રણે દોષનો નાશ કરે એવું અને આગળ કહેવાઈ ગયેલા (=કલ્યાણક ઘી) કરતાં ગુણમાં ચડિયાતું છે.

મહાપૈશાચક ઘૃત

जटिला पूतना केशी चारटी मर्कटी वचा ॥३४॥
त्रायमाणा जया वीरा चोरकः कटुरोहिणी ।
वयःस्था शूकरी छत्रा सातिच्छत्रा पलङ्कषा ॥३५
महापुरुषदन्ता च कायस्था नाकुलीद्वयम् ।
कटम्भरा वृश्चिकाली शालिपर्णी च तैर्घृतम् ॥३६
सिद्धं चातुर्थिकोन्मादग्रहापस्मारनाशनम् ।
महापैशाचकं नाम घृतमेतद्यथाऽमृतम् ॥ ३७ ॥
बुद्धिमेधास्मृतिकरं बालानां चाङ्गवर्धनम् ।

માસી, હરડે, ગંધમાંસી, સ્થળકમળ, કૌચાં, વજ, ત્રાયમાણ, અરણી, કાકોલી, ગઠોના, કડુ, આમળા, વરધારો, ધાણા, સુવા (કે વરિયાળી), ગૂગળ, શતાવરી, ક્ષીરકાકોલી, ઊભી ભોરિંગણી, બેઠી ભોરિંગણી, પ્રસારિણી, મીંઢીઆવળ તથા શાલિપર્ણી–એટલી વસ્તુ-ઓથી સિદ્ધ કરેલું મહાપૈશાચક નામનું ઘી ચોથિયો તાવ, ગાંડપણ, વળગાડ તથા વાઈનો નાશ કરે છે, અમૃત જેવું છે; બુદ્ધિ, મેધા અને

સ્મરણશક્તિ આપે છે તથા બાળકોના અવયવોને વધારે છે.

નસ્ય, અંજન, લેપ, ધૂપ, ધૂમપાન વગેરે

ब्राह्मीमैन्द्रीं विडङ्गानि
व्योषं हिङ्गु जटां मुराम् ॥ ३८ ॥
रास्नां विषघ्नां लशुनं विशल्यां सुरसां वचाम्।
ज्योतिष्मतीं नागविन्नामनन्तां सहरीतकीम् ॥ ३९
काङ्क्षीं च हस्तिमूत्रेण पिष्ट्वा छायाविशोषिता।
वर्तिर्नस्याञ्जनालेपधूपैरुन्मादसूदनी ॥ ४० ॥

બ્રાહ્મી, ઇંદ્રવારણાં, વાવડિંગ, ત્રિકટુ, હિંગ, જટામાંસી, મુરામાસી, રાસ્ના, અતિવિષની કળી, લસણ, ગળો, તુળસી, વજ, માલકાંકણી, નેપાળો, ધમાસો, હરડે તથા ફટકડી–એટલી વસ્તુઓને હાથીના મૂતર સાથે લસોટીને એની સોગઠી બનાવીને, એને છાંયડામાં સૂકવીને તૈયાર કરેલી સોગઠીના નસ્ય, અંજન, લેપ અને ધૂપ કરવાથી ગાંડપણ મટે છે.

अवपीडाश्च विविधाः सर्षपाः स्नेहसंयुताः।
कटुतैलेन चाभ्यङ्गो ध्मापयेच्चास्य तद्रजः ॥४१॥
सहिङ्गुस्तीक्ष्णधूमश्च सूत्रस्थानोदितो हितः।

સરસિયાવાળા (=સરસિયું કાઢી ન લીધું હોય એવા) સરસવનાં જાતજાતનાં અવપીડ નસ્યો (સૂ. ૨૦/૭), સરસિયાથી અભ્યંગ, એને (=દરદીને) સરસવનું ચૂર્ણ નાકમાં ફૂંકવું અને હિંગ સાથે સૂત્રસ્થાન(અ. ૨૧)માં કહેલું તીક્ષ્ણ ધૂમપાન–એટલું ગાંડપણમાં હિતકારક છે.

शृगालशल्यकोलूकजलौकावृषवस्तजैः ॥ ४२ ॥
मूत्रपित्तशकृल्लोमनखचर्मभिराचरेत्।
धूपधूमाञ्जनाभ्यङ्गप्रदेहपरिषेचनम् ॥ ४३ ॥

શિયાળ, શાહુડી, ઘુવડ, ચામાચીડિયું, આખલો અને બકરી–એટલા પ્રાણીના મૂત્ર, પિત્ત, ઝાડો, વાળ, નખ અને ચામડીથી ધૂપ, ધૂમપાન, અંજન, અભ્યંગ, જાડા લેપ અને સ્નાન કરવાં. (સ્નાન, લેપ વગેરે જે ક્રિયામાં જેવી બનાવટની જરૂર હોય તેવી ક્વાથ, કલ્ક વગેરે બનાવટ કરવી.)

धूपयेत्सततं चैनं श्वगोमत्स्यैः सुपूतिभिः।
वातश्लेष्मात्मके प्रायः

વળી એને (=ગાંડપણના દરદીને) વાયુ અને કફના ગાંડપણમાં ઘણુંખરું ગંધાતાં કૂતરા, ગાય અને માછલાંનો ધૂપ સતત આપવો.

पैत्तिके तु प्रशस्यते ॥ ४४ ॥
तिक्तकं जीवनीयं च सर्पिः स्नेहश्च मिश्रकः।
शीतानि चान्नपानानि मधुराणि लघूनि च ॥४५

પિત્તથી થયેલા ગાંડપણમાં તિક્તક ઘૃત, જીવનીય ઘૃત, મિશ્રક સ્નેહ, ઠંડાં, ગળ્યાં તથા હલકાં અન્નપાન વખણાય છે.

विध्येच्छिरां यथोक्तां वा तृप्तं मेद्यामिषस्य वा।
निवाते शाययेदेवं मुच्यते मतिविभ्रमात् ॥४६॥

અથવા સૂ. ૨૭/૧૧મ્રમાં કહેલી ફસ ખોલવી, અથવા ધરાઈને ચરબીભર્યું માંસ ખવડાવીને પવન ન આવે એવી જગ્યાએ સુવાડી રાખવો. આ રીતે ચિત્તભ્રમ (=ગાંડપણ) મટે છે.

प्रक्षिप्यासलिले कूपे शोषयेद्वा बुभुक्षया।
आश्वासयेत्सुहृत्तं वा वाक्यैर्धर्मार्थसंहितैः ॥४७॥
ब्रूयादिष्टविनाशं वा दर्शयेदद्भुतानि वा।
बद्धं सर्षपतैलाक्तं न्यसेद्वोत्तानमातपे ॥ ४८ ॥
कपिकच्छ्वाऽथवा तप्तैर्लोहतैलजलैः स्पृशेत्।
कशाभिस्ताडयित्वा वा
बद्धं श्वभ्रे विनिक्षिपेत् ॥ ४९ ॥
अथवा वीतशस्त्राश्मजने संतमसे गृहे।
सर्पेणोद्धृतदंष्ट्रेण दान्तैः सिंहैर्गजैश्च तम् ॥ ५०
(त्रासयेच्छस्त्रहस्तैर्वा किरातारातितस्करैः।)
अथवा राजपुरुषा बहिर्नीत्वा सुसंयतम्।
भापयेयुर्वधेनैनं तर्जयन्तो नृपाज्ञया ॥ ५१ ॥
देहदुःखभयेभ्यो हि परं प्राणभयं मतम्।
तेन याति शमं तस्य सर्वतो विप्लुतं मनः ॥५२॥

અથવા એને પાણી વિનાના કૂવામાં નાખીને ભૂખ્યો રાખીને સૂકવવો, અથવા એના મિત્રે એને ધર્મ અને અર્થવાળાં વચનો કહીને આશ્વાસન આપવું (=શાંત પાડવો), અથવા એને (પુત્ર વગેરે) પ્રિયજનના નાશના (ખોટા ખોટા) સમાચાર આપવા, અથવા એ નવાઈ પામે એવાં (નજરબંધીના ખેલ જેવાં) દૃશ્ય એને દેખાડવાં, એને બાંધીને શરીરે સરસિયું ચોપડીને

તડકામાં ચત્તો સુવાડવો; અથવા એને કૌવચ કે તપાવેલાં લોઢું, તેલ અને પાણી અડકાડવાં; અથવા ચાબુક મારીને બાંધીને એને ધરામાં ફેંકવો; અથવા શસ્ત્ર, પથ્થર અને માણસ વિનાના અંધારા મકાનમાં પૂરવો, અથવા જેની દાઢ પાડી નાખી હોય એવા સાપથી કે પાળેલા સિંહો અને હાથીઓથી એને બિવડાવવો, (હાથમાં હથિયારવાળા ભીલ, શત્રુ અને ચોરોથી એને ભડકાવવો), અથવા રાજાના અમલદારોએ એને બરાબર બાંધીને બહાર લઈ જઈને રાજાના હુકમથી એને મારી નાખવાની ધમકી આપીને ભડકાવવો. શરીરના દુઃખના ભય કરતા પ્રાણ જવાનો (=મરણનો) ભય વધારે હોય છે એવું મનાય છે. તેથી (=મરવાના ભયથી) તેનું ઉશ્કેરાયેલું મન બધી બાજુથી શાંત થાય છે.

દેશ, કાળ વગેરેનો વિચાર

सिद्धा क्रिया प्रयोज्येयं देशकालाद्यपेक्षया ।

આ સિદ્ધ ક્રિયા દેશ, કાળ વગેરેનો વિચાર કરીને કરવી.

इष्टद्रव्यविनाशात्तु मनो यस्योपहन्यते ॥ ५३ ॥
तस्य तत्सदृशप्राप्तिसान्त्वाश्वासैः शमं नयेत् ।

પ્રિય વસ્તુના નાશને લીધે જેનું મન હણાયું હોય (=જે ગાંડો થઈ ગયો હોય) તેનું મન તેના જેવી (=નાશ પામેલી પ્રિય વસ્તુના જેવી) વસ્તુ મેળવી આપીને, સાંત્વન આપીને તથા આશ્વાસન આપીને શાંત પાડવું.

कामशोकभयक्रोधहर्षेर्ष्यालोभसम्भवान् ॥ ५४ ॥
परस्परप्रतिद्वन्द्वैरेभिरेव शमं नयेत् ।

કામ, શોક, ભય, ક્રોધ, હર્ષ, ઈર્ષ્યા અને લોભથી થયેલા ગાંડપણને એ દરેકના પોતપોતાના વિરોધી ભાવથી મટાડવાં, (દાખલા તરીકે કામથી થયેલું ગાંડપણ કામના વિરોધી ભાવથી એટલે ભયથી કે ક્રોધથી મટાડવું; શોકથી થયેલું ગાંડપણ હરખ કરાવીને મટાડવું વગેરે.)

ગાંડપણમાં વળગાડના ઉપાય

भूतानुबन्धमीक्षेत प्रोक्तलिङ्गाधिकाकृतिम् ॥५५॥
यद्युन्मादे ततः कुर्याद्भूतनिर्दिष्टमौषधम् ।

આ અધ્યાયમાં છ પ્રકારનાં ગાંડપણનાં જે લક્ષણો કહેવાઈ ગયાં, તે ઉપરાંત બીજાં વધારે લક્ષણો ઉપરથી જો દેવ વગેરેનો વળગાડ છે એવું ગાંડપણમાં જણાય, તો ભૂતપ્રતિષેધ અધ્યાયમાં કહેલું ઔષધ કરવું.

बलिं च दद्यात्पललं यावकं सक्तुपिण्डिकाम् ॥५६
स्निग्धं मधुरमाहारं तण्डुलान् रुधिरोक्षितान् ।
पक्वामकानि मांसानि सुरां मैरेयमासवम् ॥५७॥
अतिमुक्तस्य पुष्पाणि जात्याः सहचरस्य च ।
चतुष्पथे गवां तीर्थे नदीनां सङ्गमेषु च ॥ ५८ ॥

વળી (ગાંડપણ સાથે વળગાડ હોય તો) માંસ, જવનો બાકળો, સાથુનો લાડુ, સ્નિગ્ધ અને ગળ્યો આહાર, લોહી છાંટેલા ચોખા, પાકાં અને કાચાં માંસ, સુરા, મૈરેય, આસવ; અતિમુક્ત (કસ્તૂરી મોગરો)નાં, જાઈનાં અને આંબાનાં ફૂલ એટલાં વાનાંનું બલિદાન ચકલામાં, ગાયોના વાડામાં અને નદીઓના સંગમમાં મૂકવું.

ગાંડપણ કોને ન આવે?

निवृत्तामिषमद्यो यो हिताशी प्रयतः शुचिः ।
निजागन्तुभिरुन्मादैः सत्त्ववान्न स युज्यते ॥५९॥

જે માણસ માંસ અને દારૂથી દૂર રહે છે, પથ્ય ભોજન કરે છે, સંયમ રાખે છે, પવિત્ર રહે છે, તે સત્ત્વવાળા (=સાત્ત્વિક) માણસને નિજ અને આગંતુ ગાંડપણ થતા નથી.

ગાંડપણ મટ્યું હોવાનાં લક્ષણ

प्रसाद इन्द्रियार्थानां बुद्ध्यात्ममनसां तथा ।
धातूनां प्रकृतिस्थत्वं विगतोन्मादलक्षणम् ॥६०॥

ઇંદ્રિયોની પોતપોતાના વિષયોમાં પ્રસન્નતા; બુદ્ધિ, આત્મા અને મનની પ્રસન્નતા તથા ધાતુઓની સ્વાભાવિક સારી સ્થિતિ એ ગાંડપણ મટી ગયું હોવાનું લક્ષણ છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने उन्माद-
प्रतिषेधो नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

અધ્યાય ૭ મો–વાઈના ઉપાય

अथातोऽपस्मारप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે વાઈ મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

વાઈના અર્થ, સંપ્રાપ્તિ, લક્ષણ

स्मृत्यपायो ह्यपस्मारः स धीसत्त्वाभिसंप्लवात् ।
जायतेऽभिहते चित्ते चिन्ताशोकभयादिभिः ॥१॥
उन्मादवत्प्रकुपितैश्चित्तदेहगतैर्मलैः ।
हते सत्त्वे हृदि व्याप्ते संज्ञावाहिषु खेषु च ॥२॥
तमोविशन् मूढमतिर्बीभत्साः कुरुते क्रियाः ।
दन्तान् खादन् वमन् फेनं
हस्तौ पादौ च विक्षिपन् ॥ ३ ॥
पश्यन्नसन्ति रूपाणि प्रस्खलन् पतति क्षितौ ।
विजिह्माक्षिभ्रूर्दोषवेगेऽतीते विबुध्यते ॥ ४ ॥
कालान्तरेण स पुनश्चैवमेव विचेष्टते ।

સ્મરણશક્તિનો નાશ થાય તે અપસ્માર (=વાઈ) છે. બુદ્ધિ અને ધીરજના નાશને લીધે જ્યારે ચિત્ત ચિંતા, શોક, ભય વગેરેથી ક્ષોભ પામે છે તથા જ્યારે ઉન્માદ(=ગાંડપણ)માં થાય છે તેમ મન અને શરીરના કોપેલા દોષો વડે મન હણાય છે અને જ્યારે એ દોષો હૃદયમાં અને સંજ્ઞા (=ભાન) વહેનારાં સ્રોતોમાં વ્યાપી જાય છે, ત્યારે વાઈનો રોગ થાય છે. (વાઈના રોગમાં) દરદીને અંધારાં આવે છે, બુદ્ધિ બહેર મારી જાય છે અને એ નિંદવા લાયક ક્રિયાઓ કરે છે, દાંતો બંધાઈ જાય છે, મુખમાંથી ફીણ નીકળે છે, હાથ–પગ પછાડે છે, જેની હયાતી જ નથી એવી આકૃતિઓ જોતાં-જોતાં ઠોકર ખાઈને જમીન પર પડી જાય છે, એની આંખો અને ભમ્મર ઠરડાઈ જાય છે, દોષોનો વેગ જતો રહે ત્યારે એ ભાનમાં આવે છે અને બીજે વખતે (=બીજો વેગ આવે ત્યારે) વળી પાછો એવી જ (=ઉપર કહી તેવી જ) ચેષ્ટાઓ કરે છે.

વાઈના પ્રકાર

अपस्मारश्चतुर्भेदो वाताद्यैर्निचयेन च ॥ ५ ॥

વાઈ ચાર જાતની છે; વાયુ વગેરેથી અને ત્રિદોષથી થતી (=વાયુથી, પિત્તથી, કફથી અને ત્રણે દોષથી થતી).

વાઈનું પૂર્વરૂપ

रूपमुत्पत्स्यमानेऽस्मिन्
हृत्कम्पः शून्यता भ्रमः ।
तमसो दर्शनं ध्यानं भ्रूव्युदासोऽक्षिवैकृतम् ॥६॥
अशब्दश्रवणं स्वेदो लालासिङ्घाणकस्रुतिः ।
अविपाकोऽरुचिर्मूर्च्छा कुक्ष्याटोपो बलक्षयः ॥
निद्रानाशोऽङ्गमर्दस्तृट् स्वप्ने गानं सनर्तनम् ।
पानं तैलस्य मद्यस्य तयोरेव च मेहनम् ॥ ८ ॥

વાઈનો રોગ થવાનો હોય ત્યારે હૃદય કંપે છે, ઉદાસપણું, ફેર, અંધારાં આવે, વિચારમાં ડૂબી જવાય, ભમ્મર સંકોચાય, આંખો વિકૃત બને, અવાજ થયા વિના અવાજ સંભળાય, પરસેવો થાય, લાળ અને લીંટ નીકળે, પચે નહિ, અરુચિ, મૂર્છા, કૂખમાં વાયુનો ગડગડાટ થાય, બળનો નાશ થાય, ઊંઘ આવે નહિ, શરીરમાં ચૂથારા થાય, તરસ, સ્વપ્નમાં નાચ સાથે ગાય, તેલ અને દારૂ પીએ તથા એ બેનો જ (=તેલ અને દારૂનો જ) પેશાબ થાય એટલાં લક્ષણ થાય છે.

વાયુની વાઈનાં લક્ષણ

तत्र वातात्स्फुरत्सक्थिः प्रपतंश्च मुहुर्मुहुः ।
अपस्मरति संज्ञां च लभते विस्वरं रुदन् ॥ ९ ॥
उत्पिण्डिताक्षः श्वसिति फेनं वमति कम्पते ।
आविध्यति शिरो दन्तान्
दशत्याध्मातकन्धरः ॥ १० ॥
परितो विक्षिपत्यङ्गं विषमं विनताङ्गुलिः ।
रूक्षश्यावारुणाक्षित्वङ्नखास्यः कृष्णमीक्षते ॥११
चपलं परुषं रूपं विरूपं विकृताननम् ।

તેમાં (=ચારે પ્રકારની વાઈમાંથી) વાયુથી થતી વાઈમાં પગ થડકે છે, પડી જાય છે, વારંવાર વાઈ આવે છે અને વારંવાર ભાનમાં આવે છે. વાયુની વાઈમાં દરદી વિચિત્ર અવાજ કરીને રુએ છે, આંખો ઊંચી ચઢી જાય છે, હાંફે છે, મોંમાંથી ફીણ નીકળે છે, કંપે છે, (ભીંત વગેરે) સાથે માથું કૂટે છે (કે માથું ધુણાવે છે), દાંત કચકચાવે છે, ડોક ફૂલી જાય છે.

ારીરને બધી બાજુએ ગમે તેમ પછાડે છે, ાંગળીઓ વળી જાય છે; આંખો, ચામડી, ખ અને મોં લૂખાં, બદામી રંગનાં અને આછાં ાલ થઈ જાય છે; એને કાળી, ચપળ, પરુષ, ડોળ અને વિકૃત મુખવાળી આકૃતિઓ ખાય છે.

પિત્તની વાઈનાં લક્ષણ

ापस्मरति पित्तेन मुहुः संज्ञां च विन्दति ॥ १२॥
ीतफेनाक्षिवक्त्रत्वगास्फालयति मेदिनीम्।
ारवादीतरुपितरूपदर्शी तृषान्वितः ॥ १३ ॥

પિત્તથી આવતી વાઈમાં વારંવાર વાઈ આવે છે અને વારંવાર પાછું ભાન આવે છે; (મોંનું) ફીણ, આંખ, મોં અને ચામડી પીળાં હોય છે, જમીન પર (અંગો) પછાડે છે, ભયાનક, ચળકતી (=સળગતી) અને ઉશ્કેરાયેલી (=ઉગ્ર) આકૃતિઓ એને દેખાય છે-તથા તરસ લાગ્યા કરે છે.

કફની વાઈનાં લક્ષણ

कफाच्चिरेण ग्रहणं चिरेणेव विबोधनम्।
चेष्टाऽल्पा भूयसी लाला
शुक्लनेत्रनखास्यता ॥ १४ ॥
शुक्लाभरूपदर्शित्वं

કફથી આવતી વાઈમાં વાઈ લાંબે વખતે આવે છે અને (વાઈ આવ્યા પછી) ભાન આવતાં પણ વાર લાગે છે, ચેષ્ટા થોડી હોય છે, લાળ બહુ નીકળે છે; આંખ, નખ અને મોં ધોળાં હોય છે તથા એને ધોળા રંગની આકૃતિઓ દેખાય છે.

ત્રિદોષની વાઈ

सर्वलिङ्गं तु वर्जयेत्।

બધાં (=ત્રણે દોષનાં ભેગાં) લક્ષણોવાળી વાઈને (અસાધ્ય સમજીને) છોડી દેવી (=ઉપાય કરવા નહિ).

પહેલું શું કરવું?

अथाऽऽवृत्तानां धीचित्तहृत्खानां
प्राक्प्रबोधनम् ॥ १५ ॥
तीक्ष्णैः कुर्यादपस्मारे कर्मभिर्वमनादिभिः ।

હવે સૌથી પહેલાં વાઈમાં (દોષોથી) છવાઈ ગયેલાં બુદ્ધિ, મન, હૃદય અને સ્રોતોને તીક્ષ્ણ વમન વગેરે ક્રિયાઓથી જાગ્રત કરવાં.

वातिकं बस्तिभूयिष्ठैः, पैत्तं प्रायो विरेचनैः ॥ १६
श्लैष्मिकं वमनप्रायैरपस्मारमुपाचरेत्।

બસ્તિ જેમાં મુખ્ય છે એવા ઉપચારો વડે વાયુની વાઈના, મોટે ભાગે વિરેચનથી પિત્તની વાઈના અને વમન જેમાં મુખ્ય છે એવા ઉપચારો વડે કફની વાઈના ઉપાય કરવા.

કેવા દરદીને કયા સંશમન યોગો આપવા?

सर्वतः सुविशुद्धस्य सम्यगाश्वासितस्य च ॥१७॥
अपस्मारविमोक्षार्थं योगान् संशमनान् शृणु।

બધી બાજુએથી (=ઉપરથી અને નીચેથી) જેનું સંશોધન થઈ ગયું હોય અને જેને સારી રીતે આશ્વાસન અપાયું હોય (=સંશોધન પૂરું થયા પછી જેને પેયા વગેરેનો સંસર્જનનો ક્રમ પૂરો થયો હોય) એવા દરદીનો વાઈનો રોગ મટાડવા માટેના સંશમન યોગો તું સાંભળ.

સંશમન યોગો

(શ્લોક ૧૮થી ૩૪)

गोमयस्वरसक्षीरदधिमूत्रैः शृतं हविः ॥ १८ ॥
अपस्मारज्वरोन्मादकामलान्तकरं पिबेत्।

ગાયના છાણનો સ્વરસ, દૂધ, દહીં અને ગાયનું મૂત્ર એ ચાર વસ્તુઓથી સિદ્ધ કરેલું ઘી વાઈ, તાવ, ગાંડપણ અને કમળાનો નાશ કરે છે, તે ઘી પીવું.

મહાપંચગવ્ય ઘી

द्विपञ्चमूलत्रिफलाद्विनिशाकुटजत्वचः ॥ १९ ॥
सप्तपर्णमपामार्गं नीलिनीं कटुरोहिणीम्।
शम्याकपुष्करजटाफल्गुमूलदुरालभाः ॥ २० ॥
द्विपलाः सलिलद्रोणे पक्त्वा पादावशेषिते ।
भार्गीपाठाढकीकुम्भनिकुम्भव्योषरोहिषैः ॥ २१ ॥
मूर्वाभूतीकभूनिम्बश्रेयसीसारिवाद्वयैः।
मदयन्त्यग्निनिचुलैरक्षांशैः सर्पिषः पचेत् ॥ २२ ॥
प्रस्थं तद्वद् द्रवैः पूर्वैः पञ्चगव्यमिदं महत्।
ज्वरापस्मारजठरभगन्दरहरं परम् ॥ २३ ॥
शोफार्शःकामलापाण्डुगुल्मकासग्रहापहम्।

દશમૂળ, ત્રિફળા, હળદર, દારુહળદર, કડાછાલ, સાતવીણ, અઘેડો, કડુ, ગળી

નામની વનસ્પતિ, ગરમાળો, પુષ્કરમૂળ, કાળા ઉંખરાનાં મૂળ અને ધમાસો એટલી વસ્તુઓ દરેક આઠઆઠ તોલા લઈને એ બધું એક દ્રોણ પાણીમાં પકવીને જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે એ ક્વાથમાં ભારંગમૂળ, કાળીપાડ, તુવેર, નસોતર, નેપાળો, ત્રિકટુ, રોહિષખડ, મોરવેલ, અજમો, કરિયાતું, ગજપીપર, બંને જાતની સારિવા (અનંતમૂળ અને શ્યામલતા), મોગરો, ચિત્રો અને નેતર—એટલી વસ્તુઓ દરેક એકએક તોલો લઈને એમના કલ્કથી એક પ્રસ્થ ઘી અગાઉ (શ્લોક ૧૮ માં) કહેલા દ્રવો સાથે પકવવું. આ મહાપંચગવ્ય ઘી તાવ, વાઈ, ઉદરરોગ, ભગંદર, સોજા, હરસ, કમળો, પાંડુરોગ, ગોળો, ઉધરસ અને વળગાડને મટાડવામાં ઉત્તમ છે.

ब्राह्मीरसवचाकुष्ठशङ्खपुष्पीशृतं घृतम् ॥ २४ ॥
पुराणं मेध्यमुन्मादालक्ष्म्यपस्मारपाप्मजित् ।

બ્રાહ્મીના સ્વરસ, વજ, ઉપલેટ અને શંખાવળી સાથે ઉકાળેલું (પકવેલું) જૂનું ઘી મેધા માટે સારું છે તથા ગાંડપણ, અલક્ષ્મી, વાઈ અને પાપનો નાશ કરે છે.

(ઘીથી ચારગણો બ્રાહ્મીનો સ્વરસ લેવો. વજ, ઉપલેટ અને શંખાવળીનો કલ્ક કરવો.)

तैलप्रस्थं घृतप्रस्थं जीवनीयैः पलोन्मितैः ॥ २५ ॥
क्षीरद्रोणे पचेत्सिद्धमपस्मारविमोक्षणम् ।

જીવનીય ગણનાં ઔષધો દરેક ચારચાર તોલા લઈને તે બધાંના કલ્ક વડે એક દ્રોણ દૂધમાં એક પ્રસ્થ તેલ અને એક પ્રસ્થ ઘી પકવવું. એ વાઈના રોગ મટાડવાનું સિદ્ધ (અકસીર) ઔષધ છે.

कंसे क्षीरेक्षुरसयोः काश्मर्येऽष्टगुणे रसे ॥ २६ ॥
कार्षिकैर्जीवनीयैश्च सर्पिःप्रस्थं विपाचयेत् ।
वातपित्तोद्भवं क्षिप्रमपस्मारं निहन्ति तत् ॥२७॥

એક આઢક દૂધ અને શેરડીના રસમાં અને (ઘીથી) આઠગણા (આઠ પ્રસ્થ) શીવણીના રસમાં જીવનીય ગણનાં ઔષધો દરેક એકએક તોલો લઈને તે બધાંના કલ્ક સાથે એક પ્રસ્થ ઘી પકવવું. એ ઘી વાયુથી અને પિત્તથી થયેલી વાઈને તરત મટાડે છે.

तद्वत् काशविदारीक्षुकुशक्वाथशृतं पयः ।

તે જ રીતે કાસડો, ભોંયકોળું, શેરડી અને ડાભના ક્વાથમાં પકવેલું દૂધ (વાયુની અને પિત્તની વાઈને તરત મટાડે છે).

कूष्माण्डस्वरसे सर्पिरष्टादशगुणे शृतम् ॥२८॥
यष्टीकल्कमपस्मारहरं धीवाक्स्वरप्रदम् ।

(ઘી કરતાં) અઢારગણા કોળાના સ્વરસમાં જેઠીમધના કલ્ક સાથે પકવેલું ઘી વાઈનો રોગ મટાડે છે તથા બુદ્ધિ, વાચા અને અવાજ આપે છે.

વાઈમાં નસ્ય

कपिलानां गवां पित्तं नावने परमं हितम् ॥२९॥
श्वशृगालबिडालानां सिंहादीनां च पूजितम् ।

પીળાશ પડતી ગાયોનું તથા કૂતરાં, શિયાળ, બિલાડી અને સિંહ વગેરેનું પિત્ત (વાઈમાં) નસ્ય તરીકે બહુ ફાયદો કરે છે.

गोधानकुलनागानां पृषतर्क्षगवामपि ॥ ३० ॥
पित्तेषु साधितं तैलं नस्येऽभ्यङ्गे च शस्यते ।

સાંઢો, નોળિયો, હાથી, પહુડું (રાતી ચામડીમાં ધોળાં ટપકાંવાળું હરણ), રીંછ અને ગાય—એટલાં પ્રાણીઓના પિત્તમાં સિદ્ધ કરેલું તેલ (વાઈના રોગમાં) નસ્યમાં અને અભ્યંગમાં વખણાય છે.

त्रिफलाव्योषपीतद्रुयवक्षारफणिज्जकैः ॥ ३१ ॥
श्याह्वापामार्गकारञ्जबीजैस्तैलं विपाचितम् ।
बस्तमूत्रे हितं नस्यं चूर्णं वा ध्मापयेद्भिषक् ॥३२

ત્રિફળા, ત્રિકટુ, દારુહળદર, જવખાર, ફણિજ્જક (૧. મરવો, ૨. તુલસી), બીલા, અઘેડો, કણજીનાં બી—એટલી વસ્તુઓના કલ્કથી બકરીના મૂત્રમાં પકવેલું તેલ નસ્ય તરીકે ફાયદો કરે છે અથવા વૈદ્યે નાકમાં 'ત્રિફળા'થી 'કણજીનાં બી' સુધીની વસ્તુઓનું ચૂર્ણ નાકમાં ફૂંકવું.

ધૂપ

नकुलोलूकमार्जारगृध्रकीटाहिकाकजैः ।
तुण्डैः पक्षैः पुरीषैश्च धूपमस्य प्रयोजयेत् ॥३३॥

નોળિયો, ઘુવડ, ખિલાડી, ગીધ, કીડા, સાપ અને કાગડો એટલાં પ્રાણીઓનાં મોં, પાંખો અને હગાર વડે એને (વાઈના દરદીને) ધૂપ આપવો.

शीलयेत्तैललशुनं पयसा वा शतावरीम्।
ब्राह्मीरसं कुष्ठरसं वचां वा मधुसंयुताम्॥३४॥

વળી (વાઈના રોગીએ) રોજ તેલ અને લસણુ ભેગાં ખાવાની ટેવ રાખવી, અથવા દૂધ સાથે શતાવરી ખાવાની ટેવ રાખવી અથવા મધ સાથે બ્રાહ્મીનો સ્વરસ, ઉપલેટનો સ્વરસ કે વજ ચાટવાની (કે, પીવાની) ટેવ રાખવી.

રસાયનો તથા દરદીની સંભાળ

समं कुद्धैरपस्मारो दोषैः शारीरमानसैः।
यज्जायते यतश्चैष महामर्मसमाश्रयः॥ ३५॥
तस्माद्रसायनैरेनं दुश्चिकित्स्यमुपाचरेत्।
तदार्तं चाग्नितोयादेर्विषमात्पालयेत्सदा॥ ३६॥

શરીરના અને મનના દોષો એકસાથે કોપવાથી વાઈનો રોગ થાય છે તેથી તથા વાઈનો રોગ મોટા મર્મને (હૃદયને) આશ્રયે રહે છે તેથી એ મુશ્કેલીથી ઉપચાર કરી શકાય એવા રોગનો રસાયનો વડે ઉપચાર કરવો. તેનાથી (વાઈથી) પીડાતા દરદીને હમેશાં દેવતા, પાણી, (ઝાડ, પહાડ) વગેરેના સંકટમાંથી બચાવી લેવો (દેવતા કે પાણી પાસે જવા દેવો નહિ, ઝાડ કે પહાડ ઉપર ચડવા દેવો નહિ, કારણુ કે ઓચિંતી વાઈ આવે તો એ બળી જાય, ડૂબી જાય કે ઊંચેથી પડી જાય).

વાઈ વળી ગયા પછી શું કરવું

मुक्तं मनो विकारेण त्वमित्थं कृतवानिति।
न ब्रूयाद्विषयैरिष्टैः क्लिष्टं चेतोऽस्य बृंहयेत्॥३७

મન વિકારમાંથી મુક્ત થાય (વાઈનો વેગ પૂરો થાય) પછી 'તને વાઈ આવી હતી ત્યારે તું આવુંઆવું કરતો હતો,' એવું વાઈના દરદીને કહેવું નહિ, તથા એના ક્લેશ પામેલા ચિત્તને એને મનગમતા વિષયો વડે બહેલાવવું.

इत्यष्टाङ्गहृदये भूततन्त्रं तृतीयं समाप्तम्।

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थानेऽपस्मारप्रतिषेधो नाम सप्तमोऽध्यायः॥ ७॥

અધ્યાય ૮ મો—આંખનાં પોપચાંના રોગો વિષે જ્ઞાન

अथातो वर्त्मरोगविज्ञानीयमध्यायं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

ત્યારે હવે અમે આંખનાં પોપચાંના રોગોનું જ્ઞાન થવા માટે ઉપયોગી અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

આંખના રોગોનું કારણ અને સામાન્ય સંપ્રાપ્તિ

सर्वरोगनिदानोक्तैराहृतैः कुपिता मलाः।
अचक्षुष्यैर्विशेषेण प्रायः पित्तानुसारिणः॥ १॥
शिराभिरूर्ध्वं प्रसृता नेत्रावयवमाश्रिताः।
वर्त्मसन्धि।सितं कृष्णं दृष्टिं वा सर्वमक्षि वा॥२
रोगान् कुर्युः

બધા રોગનાં સામાન્ય કારણવાળા અધ્યાયમાં (નિ. અ. ૧માં) કહેલાં કારણોને લીધે અને ખાસ કરીને આંખોને નુકસાન કરે એવા આહારવિહારથી કોપેલા દોષો સામાન્ય રીતે પિત્તની પાછળપાછળ જઈને સિરાઓ દ્વારા હાંસડીથી ઉપરના ભાગમાં પ્રસરી જઈને આંખનાં પોપચાં, સંધિભાગ, ધોળો ડોળો, કાળો ડોળો, કે આખી આંખ—એમાંથી આંખના ગમે તે ભાગમાં રહીને રોગો કરે છે.

(આંખની ૭ સંધિ—(સાંધા) ૧. પાંપણુ અને પોપચાંનુ જોડાણુ, ૨. પોપચાનું ધોળા ડોળા સાથે જોડાણુ, ૩. ધોળા ડોળાનું કાળા ડોળા સાથે જોડાણુ, ૪. કાળા ડોળાનું કીકી સાથે જોડાણુ, ૫. નાક તરફનો આંખનો ખૂણો, ૬. લમણા તરફનો આંખનો ખૂણો.—સુશ્રુત ઉત્તરતંત્ર, અધ્યાય ૧, શ્લોક ૧૫,૧૬.)

પોપચાંના તથા પાંપણના રોગો

કૃચ્છ્રોન્મીલ

चलस्तत्र प्राप्य वर्त्माश्रयाः सिराः।
सुप्तोत्थितस्य कुरुते वर्त्मस्तम्भं सवेदनम्॥३॥

पांशुपूर्णाभनेत्रत्वं कृच्छ्रोन्मीलनमश्रु च।
विमर्दनात् स्याच्च शमः कृच्छ्रोन्मील्लं वदन्ति तम्॥४॥

તેમાં (તે બધા આંખના રોગોમાંથી), વાયુ પોપચાંમાં આવેલી સિરાઓમાં જાય છે ત્યારે માણસ ઊંઘી ઊઠે છે, તે વખતે એનાં પોપચાં સજ્જડ થઈ જાય છે, પોપચાંમાં પીડા થાય છે, જાણે આંખમાં ધૂળ ભરી હોય એવી આંખ થઈ જાય છે, પોપચું ઉઘાડતાં બહુ દુઃખ થાય છે, આંખમાં પાણી આવે છે અને આંખ ચોળવાથી મટી જાય છે તે રોગને કૃચ્છ્રોન્મીલ કહે છે.

નિમેષ (આંખો પટપટાવવી)

चालयन् वर्त्मनी वायुर्निमेषोन्मेषणं मुहुः।
करोत्यरुङ् निमेषोऽसौ

વાયુ (પોપચાંની સિરાઓમાં જઈને) પોપચાંને હલાવીને વારંવાર પોપચાંની ઉઘાડવાસ કરે છે (પટપટાવે છે) અને (તે વખતે) પીડા થતી નથી. તે નિમેષરોગ છે.

વાતહત

वर्त्म यत्तु निमील्यते॥५॥
विमुक्तसन्धि निश्चेष्टं हीनं वातहतं हि तत्।

પોપચાંને આંખના ધોળા ડોળા સાથે જોડનારી સિરાઓનું બંધન ઢીલું પડી જાય તેથી પોપચું હાલેચાલે નહિ અને સંકોચાઈ જાય તેથી તે મિચાયેલું રહે તેને વાતહત રોગ કહે છે.

કુંભી (ખીલ)

कृष्णाः पित्ते न शल्योऽन्तर्वर्त्म कुम्भीकबीजवत्॥६॥
आध्मायन्ते पुनर्भिन्नाः पिटिकाः कुम्भिसंज्ञिताः।

પિત્તને લીધે પોપચાંની અંદરની બાજુએ કુંભીનાં બીજ જેવી અનેક કાળી ફોલ્લીઓ થાય છે અને તે ફૂટ્યા પછી ફરી પાછી ભરાય છે તેને કુંભી (ખીલ) કહે છે.

પિત્તોત્ક્લિષ્ટ

सदाहक्लेदनिस्तोदं रक्ताभं स्पर्शनाक्षमम्॥७॥
पित्तेन जायते वर्त्म पित्तोत्क्लिष्टमुशन्ति तत्।

પિત્તને લીધે પોપચાંમાં બળતરા, ચીપડા અને તોદ થાય, પોપચું લાલ અને સ્પર્શ ખમી ન શકે એવું (આળું) થઈ જાય તેને પિત્તોત્ક્લિષ્ટ કહે છે.

પક્ષ્મશાત

करोति कण्डूं दाहं च पित्तं पक्ष्मान्तमास्थितम्॥८॥
पक्ष्मणां शातनं चानु पक्ष्मशातं वदन्ति तम्।

પિત્ત પાંપણોના છેડામાં રહી ખણુજ અને બળતરા ઉત્પન્ન કરે અને પછી પાંપણોનો નાશ કરે તેને પક્ષ્મશાત કહે છે.

પોથકી

पोथक्यः पिटिकाः श्वेताः सर्षपाभा घनाः कफात्॥९॥
शोफोपदेहरुक्कण्डूपिच्छिलाश्रुसमन्विताः।

કફને લીધે સોજો, ચીકાશ, પીડા અને ચીકણાં આંસુવાળી, ધોળી, સરસવ જેવી અને ભરચક ફોલ્લીઓ થાય તેને પોથકી કહે છે.

કફોત્ક્લિષ્ટ

कफोत्क्लिष्टं भवेद्वर्त्म स्तम्भक्लेदोपदेहवत्॥१०॥

પોપચું સજ્જડ, ચેપની ચીકાશવાળું અને લપેટાયેલું થઈ જાય તેને કફોત્ક્લિષ્ટ કહે છે.

લગણ

ग्रन्थिः पाण्डुररुक्पाकः कण्डूमान् कठिनः कफात्।
कोलमात्रः स लगणः किञ्चिदल्पस्ततोऽथवा॥११॥

કફને લીધે (પોપચાંમાં કે પાંપણમાં) ધોળી, પીડા વિનાની, પાકે નહિ એવી, ચળવાળી, કઠણ, બોર જેવડી કે તેથી જરા નાની ગાંઠ થાય તેને લગણ કહે છે.

ઉત્સંગ

रक्ता रक्तेन पिटिका तत्तुल्यपिटिकाचिता।
उत्सङ्गाख्या

લોહીને લીધે લોહી જેવા રંગની ફોલ્લી થાય અને એ ફોલ્લીની આસપાસ એના જેવી બીજી ફોલ્લીઓ થાય તેને ઉત્સંગ કહે છે.

રક્તોત્ક્લિષ્ટ

तथोत्क्लिष्टं राजिमत्स्पर्शनाक्षमम्॥१२॥

એ જ રીતે (લોહીને લીધે) પોપચું લિસોટાવાળું અને આછું થાય તેને ઉત્કિલષ્ટ કહે છે.

પોપચાનો અર્શ

अर्शोऽधिमांसं वर्त्मान्तः
स्तब्धं स्निग्धं सदाहरुक् ।
रक्तं रक्तेन तत्स्रावि छिन्नं छिन्नं च वर्धते ॥ १३

લોહીના પ્રકોપને લીધે પોપચાની અંદર માંસ વધવાથી પોપચામાં સજજડ, ચીકણો, બળતરા અને પીડાવાળો, રાતો, લોહીચૂતો, કાપે તેમ તેમ વધે એવો અર્શ (મસો) થાય છે. (કહેલાં લક્ષણો સાથે માંસ વધે તેને અર્શ કહે છે.)

અંજનનામિકા (આંજણી)

मध्ये वा वर्त्मनोऽन्ते वा
कण्डूषारुग्वती स्थिरा ।
मुद्गमात्राऽसृजा ताम्रा
पिटिकाऽञ्जननामिका ॥ १४ ॥

લોહીને લીધે પોપચા(પાંપણ)ની વચ્ચે કે છેડે ખણુજ, ઓષા અને પીડાવાળી, સ્થિર, મગ જેવડી, તાંબાવરણી ફોલ્લી એ આંજણી છે.

બિસવર્ત્મ

दोषैर्वर्त्म बहिः शूनं यदन्तः सूक्ष्मखाचितम् ।
सस्रावमन्तरुदकं बिसाभं बिसवर्त्म तत् ॥ १५ ॥

ત્રણે દોષના પ્રકોપથી જ્યારે પોપચું બહારથી સૂજી જાય, પોપચાંની અંદરની બાજુએ ઝીણાંઝીણાં છિદ્રો પડી જાય, પોપચાંમાંથી પાણી ઝમે અને પોપચું કમળની નાળ જેવું દેખાય તે બિસવર્ત્મ રોગ છે.

ઉત્કિલષ્ટવર્ત્મ

यद्वर्त्मोत्क्लिष्टमुत्क्लिष्ट-
मकस्मान्म्लानतामियात् ।
रक्तदोषत्रयोत्क्लेशाद्भवत्युत्क्लिष्टवर्त्म तत् ॥१६॥

લોહીના તથા ત્રણે દોષના પ્રકોપથી પોપચામાં પીડા સાથે વારંવાર ઉત્ક્લેદ થાય અને કંઈ કારણ વિના પોપચું કરમાઈ જાય તે ઉત્કિલષ્ટવર્ત્મ રોગ છે.

શ્યાવવર્ત્મ

श्याववर्त्म मलैः सास्रैः
श्यावं रुक्क्लेदशोफवत् ।

લોહીના તથા ત્રણે દોષના પ્રકોપથી પોપચું બદામી રંગનું થઈ જાય, પોપચામાં પીડા થાય, પોપચું ભીનું રહે અને પોપચા ઉપર સોજો આવે તે શ્યાવવર્ત્મ રોગ છે.

શ્લિષ્ટવર્ત્મ

श्लिष्टाख्यवर्त्मनी श्लिष्टे कण्डूश्वयथुरागिणी ॥१७

પોપચાં (સામસામાં) ચોંટી જાય, પોપચાંમાં ખણુજ, સોજો અને રતાશ આવે તે શ્લિષ્ટવર્ત્મ રોગ છે.

સિકતાવર્ત્મ

वर्त्मनोऽन्तः खरा रूक्षाः
पिटिकाः सिकतोपमाः ।
सिकतावर्त्म

પોપચાંની અંદરની બાજુએ ખરબચડ, લૂખી, રેતીના કણ જેવી ફોલ્લીઓ થાય તે સિકતાવર્ત્મ રોગ છે.

કર્દમવર્ત્મ

कृष्णं तु कर्दमं कर्दमोपमम् ॥ १८ ॥

પોપચું કાળું, કાદવ જેવું થઈ જાય તે કર્દમવર્ત્મ રોગ છે.

બહલ

बहलं बहलैर्मांसैः सवर्णैश्चीयते समैः ।

પોપચું ભરચક, સમાન રંગના અને એકસરખા માંસના લોચાથી છવાઈ જાય તે બહલરોગ છે.

કુકૂણક

कुकूणकः शिशोरेव दन्तोत्पत्तिनिमित्तजः ॥१९.
स्यात्तेन शिशुरुच्छूनताम्राक्षो वीक्षणाक्षमः ।
सवर्त्मशूलपैच्छिल्यः कर्णनासाक्षिमर्दनः ॥ २० ॥

કુકૂણક રોગ બાળકને જ થાય છે. આ રોગ બાળકને દાંત આવવાને કારણે થાય છે. તેને લીધે (આ રોગને લીધે) બાળકની આંખો સૂજી જાય છે અને તાંબાવર્ણી થઈ જાય છે, બાળક જોઈ શકતું નથી, પોપચાંમાં સળકા મારે છે અને પોપચાં ચીકણાં લાટ

જેવાં રહે છે તથા બાળક કાન, નાક અને આંખ ચોળે છે.

પક્ષ્મોપરોધ (પરવાળા)

पक्ष्मोपरोधे सङ्कोचो वर्त्मनो जायते तथा ।
खरताऽन्तर्मुखत्वं च रोम्णामन्यानि वा पुनः ॥२१
कण्टकैरिव तीक्ष्णाग्रैर्घृष्टं तैरक्षि शूयते ।
उष्यते चानिलादिद्विडल्पाहः शान्तिरुद्धृतैः ॥२२

પરવાળાના રોગમાં પોપચાં સંકોચાઈ જાય, પાંપણના વાળ ખરછટ થઈ જાય અને અંદરની બાજુએ વળી જાય, અથવા પાંપણના બીજા નવા વાળ ઊગે, એ પાંપણોના વાળ આંખમાં અણીદાર કાંટાની માફક ઘસાય (ખૂંચે) તેથી આંખ સૂજી જાય, આંખમાં લાહ્ય બળે અને આંખ પવન વગેરે (પવન, અગ્નિ અને તડકો) ખમી શકે નહિ તથા જ્યારે પાંપણોના વાળ ઉખાડી નાંખવામાં આવે ત્યારે થોડા દિવસ શાંતિ થાય.

અલજી (નાસૂર)

कुनीनके बहिर्वर्त्म कठिनो ग्रन्थिरुन्नतः ।
ताम्रः पक्वोऽस्रपूयस्रुदलज्याध्मायते मुहुः ॥२३॥

આંખના નાક તરફના ખૂણા પાસે પોપચાની બહારની બાજુએ કઠણ, ઊંચી, તાંબા જેવા રંગની, પાકી, લોહી અને પરુ નીકળે એવી અલજી (નાસૂર) નામની ગાંઠ થાય છે તે વારંવાર ભરાય છે (ફૂલે છે).

પોપચાનું અર્બુદ

वर्त्मान्तर्मांसपिण्डाभः श्वयथुर्ग्रथितोऽरुजः ।
सास्रैः स्यादर्बुदो दोषैर्विषमो बाह्यतश्चलः ॥२४॥

લોહીના તથા ત્રણે દોષના પ્રકોપથી પોપચાની અંદરની બાજુએ માંસના ગોળા જેવો, ગૂંથાયલો (ગંઠાઈ ગયેલો), પીડા વિનાનો, અનિયમિત આકારનો, બહારથી હલાવીચલાવી શકાય એવો સોજો થાય છે તે અર્બુદ છે.

चतुर्विंशतिरित्येते व्याधयो वर्त्मसंश्रयाः ।

આમ, પોપચાં (તથા પાંપણો) ને આધારે થતા આ ચોવીસ રોગ છે.

સાધ્યાસાધ્યવિચાર

आद्योऽत्र भेषजैः साध्यो
द्वौ ततोऽर्शश्च वर्जयेत् ॥ २५ ॥
पक्ष्मोपरोधो याप्यः स्या-
च्छेषाञ्छस्त्रेण साधयेत् ।

એમાં પહેલો (કૃચ્છ્રોન્મીલ) દવાથી મટે છે. એના પછીના બે (નિમેષ અને વાતહત) ને તથા અર્શને (અસાધ્ય ગણીને) છોડી દેવા, પક્ષ્મોપરોધ યાપ્ય છે અને બાકીનાને શસ્ત્રક્રિયાથી મટાડવા.

कुट्टयेत्पक्ष्मसदनं छिन्द्यात्तेष्वपि चार्बुदम् ॥ २६ ॥
भिद्याल्लगणकुम्भीकाबिसोत्सङ्गाञ्जनालजीः ।
पोथकीश्याववर्त्मसिकताश्लिष्टोत्क्लिष्टचतुष्टयम् ॥२७॥
सकर्दमं सबहलं विलिखेत्सकुकूणकम् ॥ २७½ ॥

તેમાંયે (શસ્ત્રક્રિયાથી મટાડવાના ૧૯ રોગોમાંથી) પક્ષ્મશાત રોગમાં સોયોના કૂર્ચશસ્ત્રથી છૂંદવું, અર્બુદને (વૃદ્ધિપત્ર વગેરે શસ્ત્રથી) કાપી નાખવું; લગણ, કુંભી, બિસવર્ત્મ, ઉત્સંગ, અંજનનામિકા અને અલજી એટલા રોગોમાં (વ્રીહિમુખ વગેરે શસ્ત્રથી) ફાડવું; પોથકી, શ્યાવવર્ત્મ, સિકતાવર્ત્મ, શ્લિષ્ટવર્ત્મ, ચાર ઉત્ક્લિષ્ટ (પિત્તોત્ક્લિષ્ટ, કફોત્ક્લિષ્ટ, રક્તોત્ક્લિષ્ટ અને ઉત્ક્લિષ્ટવર્ત્મ), કર્દમવર્ત્મ, બહલ અને કુકૂણક એટલા રોગમાં ખોતરવું (ઘસવું).

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने वर्त्मरोगविज्ञानीयो नाम अष्टमोऽध्यायः ॥ ८ ॥

અધ્યાય ૯મો—પોપચાંના (અને પાંપણોના) રોગના ઉપાય

अथातो वर्त्मरोगप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે આંખનાં પોપચાંના (અને પાંપણોના) રોગને મટાડવાના ઉપાય સમજાવીશું. એ બાબતમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

કૃચ્છ્રોન્મીલનો ઉપાય

कृच्छ्रोन्मीले पुराणाज्यं
द्राक्षाकल्काम्बुसाधितम् ।
ससितं योजयेत्स्निग्धं नस्यधूमाञ्जनादि च ॥ १ ॥

કૃચ્છ્રોન્મીલ રોગમાં કાળી દ્રાક્ષના કલ્કથી

અને કાળી દ્રાક્ષના ક્વાથથી સિદ્ધ કરેલું જૂનું ઘી સાકર નાખીને યોજવું (આંજવું) તથા સ્નિગ્ધ નસ્ય, સ્નિગ્ધ ધૂમપાન, સ્નિગ્ધ અંજન વગેરેનો ઉપયોગ કરવો.

કુંભી(ખીલ)નો ઉપાય

कुम्भीकावर्त्म लिखितं सैन्धवप्रतिसारितम्।
यष्टीधात्रीपटोलीनां क्वाथेन परिषेचयेत् ॥२॥

(કુંભીવર્ત્મ રોગમાં) ખીલ (વૃદ્ધિપત્ર વગેરેથી) ખોતરવાં (ઘસવાં), પછી સિંધવ વડે પ્રતિસારણ કરવું અને પછી જેઠીમધ, આંબળાં અને પટોળ એ ત્રણનો ક્વાથ રેડવો.

(સેક, સેચન, પરિષેક રેડવું, ધાર કરવી. માણસની દુખતી આંખ મિચાવીને પછી મિચાવેલી આખી આંખ ઉપર ચાર આંગળ ઊંચેથી દૂધ, ક્વાથ વગેરે રેડવાની—દવાની ઝીણી ધાર કરવી.)

પોપચું ખોતરવાની રીત

निवातेऽधिष्ठितस्याप्तैः शुद्धस्योत्तानशायिनः।
बहिः कोष्णाम्बुतप्तेन स्वेदितं वर्त्म वाससा ॥३॥
निर्भुज्य वस्त्रान्तरितं वामाङ्गुष्ठाङ्गुलीधृतम्।
न स्रंसते चलति वा वर्त्मैवं सर्वतस्ततः ॥४॥
मण्डलाग्रेण तत्तिर्यक् कृत्वा शस्त्रपदाङ्कितम्।
लिखेत्तेनैव पत्रैर्वा शाकशेफालिकादिजैः ॥५॥
फेनेन तोयराशेर्वा पिचुना प्रमृजन्नसृक्।
स्थिते रक्ते सुलिखितं सक्षौद्रैः प्रतिसारयेत् ॥६॥
यथास्वमुक्तैरनु च प्रक्षाल्योष्णेन वारिणा।
घृतेन सिक्तमभ्यक्तं बध्नीयान्मधुसर्पिषा ॥७॥
ऊर्ध्वाधः कर्णयोर्दत्त्वा पिण्डीं च यवसक्तुभिः।
द्वितीयेऽहनि मुक्तस्य परिषेकं यथायथम् ॥८॥
कुर्याच्चतुर्थे नस्यादीन् मुञ्चेदेवाह्नि पञ्चमे।

પવન ન આવે એવા સ્થાનમાં વિશ્વાસુ માણસો સાથે રહેતા; વમન, વિરેચન વગેરે લઈને શુદ્ધ થયેલા, ચત્તા સુવાડેલા દરદીના પોપચાને સશેકા પાણીની વરાળથી ગરમ કરેલાં પોતાંથી બહારની (ઉપરની) બાજુએથી શેકીને વસ્ત્ર વીંટેલા ડાબા હાથના અંગૂઠા અને આંગળી વડે પોપચું પકડીને, પોપચું ઉથલાવીને, પોપચું સરકી ન જાય કે કોઈ બાજુએથી હાલી ન જાય એ રીતે પકડીને પછી મંડલાગ્ર શસ્ત્રથી પોપચા પર (ખીલવાળી બાજુએ) આડા છેદના-આંકા (અં. ઈન્સીશન) કરીને તેના જ વડે (મંડલાગ્રપત્રથી જ) અથવા સાગ, શેફાલિકા (કાળાં ફૂલવાળી નગોડ) વગેરે ઝાડનાં પાંદડાંથી અથવા સમુદ્રફીણ વડે ખોતરવું (ઘસવું). પછી લૂગડાના પોતા (કે રૂચા, પૂમડા) વડે લોહીને લૂછી નાખીને જ્યારે લોહી નીકળતું બંધ થાય ત્યારે એ બરાબર ખોતરાયલા પોપચાનું પ્રતિસારણ (સિંધવ વગેરે) તે તે દોષને યોગ્ય કહેલાં ઔષધોને મધમાં કાલવીને તે વડે કરવું. પછી ગરમ પાણીથી ધોઈ નાખીને, ઘી ચોળીને, મધ અને ઘી ભેગાં કરીને તે ચોપડીને, કાનથી ઊંચે અને નીચે જવના સાથુના પિંડા મૂકીને, કાનથી ઊંચે અને નીચે (આખે) પાટો બાંધવો. બીજે દિવસે પાટો છોડીને દોષ પ્રમાણે પરિષેક કરવો. ચોથે દિવસે નસ્ય વગેરે (નસ્ય, ધૂમ, અંજન વગેરે) કરીને પાંચમે દિવસે પાટો છોડી નાખવો (બીજું કંઈ કરવું નહિ).

પોપચું બરાબર ખોતરાયું હોવાનું લક્ષણ: નહિ તો ઉપાય

समं नखनिभं शोफकण्डूघर्षाद्यपीडितम् ॥९॥
विद्यात्सुलिखितं वर्त्म लिखेद् भूयो विपर्यये।

બરાબર ખોતરાયલું પોપચું સપાટ (ખડબચડું નહિ), નખ જેવું, સોજા વિનાનું, ખણુજ વિનાનું અને ઘસારા વિનાનું (ખૂંચે નહિ-એવું) હોય છે. જો એથી ઊંધું હોય (પોપચું બરાબર ન ખોતરાયું હોય) તો ફરીથી ખોતરવું.

વધારે પડતું ખોતરાયું હોવાનાં લક્ષણ અને ઉપાય

रुक्पक्ष्मवर्त्मसदनस्रंसनान्यतिलेखनात् ॥१०॥
स्नेहस्वेदादिकस्तस्मिन्निष्टो वातहरः क्रमः।

પોપચું વધારેપડતું ખોતરાય તો પીડા થાય છે, પાંપણ અને પોપચું પોતાનું કામ કરી શકતાં નથી અને લબડી પડે છે. એમાં સ્નેહન, સ્વેદન વગેરે વાયુને મટાડે એવી ક્રિયાઓનો ક્રમ ઇચ્છવા યોગ્ય છે.

અતિલેખનના ઉપાય

अभ्यज्य नवनीतेन श्वेतरोध्रं प्रलेपयेत् ॥ ११ ॥
एरण्डमूलकल्केन पुटपाके पचेत्ततः ।
स्विन्नं प्रक्षालितं शुष्कं चूर्णितं पोटलीकृतम् ॥ १२
स्त्रियाः क्षीरे छगल्या वा मृदितं नेत्रसेचनम् ।

ધોળા લોધરને માખણ ચોપડીને એના ઉપર એરંડાનાં મૂળના કલ્કનો લેપ કરવો. પછી એનો પુટપાક કરવો. પછી એ બફાય ત્યારે એને ધોઈ નાખીને, સૂકવીને, એનું ચૂર્ણ કરીને, સ્ત્રીના ધાવણ સાથે કે બકરીના દૂધ સાથે લસોટીને એની પોટલી કરીને (એ પોટલી દબાવીને) આંખમા ધાર કરવી (ટીપા પાડવા).

शालितन्दुलकल्केन लिप्तं तद्वत् परिस्कृतम् ॥१३
कुर्यान्नेत्रेऽतिलिखिते मृदितं दधिमस्तुना ।
केवलेनापि वा सेकं मस्तुना जाङ्गलाशिनः ॥१४

તે જ પ્રમાણે ધોળા લોધરને માખણ ચોપડીને એના ઉપર શાલિચોખાના કલ્કનો લેપ કરીને એનો પુટપાક કરીને, (બફાય ત્યારે એને ધોઈ નાખીને સૂકવીને, એનુ ચૂર્ણ કરીને) દહીના નીતર્યા પાણી સાથે એ ચૂર્ણને લસોટીને, (એની પોટલી બાંધીને) વધારેપડતી ખોતરાયલી આંખમાં ધાર કરવી, અથવા વધારેપડતી ખોતરાયલી આંખમા ફક્ત દહીના નીતર્યા પાણીની પણ ધાર કરવી (ટીપા પાડવા). દરદીએ જાંગલ દેશના પ્રાણીનું માસ ખાઈને રહેવુ.

ફોડવાની રીત

पिटिका व्रीहिवक्त्रेण भित्त्वा तु कठिनोन्नताः ।
निष्पीडयेदनु विधिः परिशेषस्तु पूर्ववत् ॥१५॥

કઠણ અને ઉપસી આવેલી ફોલ્લીઓને (લગણથી અલજી સુધીની ફોડવા જેવી ફોલ્લીઓને) વ્રીહિમુખશસ્ત્રથી ફોડીને પછી દબાવવી. બાકીનો (લેપ કરવાનો, ધોવાનો, પાટો બાંધવાનો, દવા રેડવાનો વગેરે) વિધિ પહેલાની માફક કરવો.

लेखने भेदने चायं क्रमः सर्वत्र वर्त्मनि ।

બધા પોપચાં(તથા પાપણ)ના રોગમાં લેખન અને ભેદન કરવામાં આ ક્રમ છે.

પિત્તોત્કિલષ્ટ અને રક્તોત્કિલષ્ટનો ઉપાય

पित्तास्रोत्क्लिष्टयोः स्वादुस्कन्धसिद्धेन सर्पिषा ॥१६॥
सिराविमोक्षः स्निग्धस्य त्रिवृच्छ्रेष्ठं विरेचनम् ।
लिखिते स्रुतरक्ते च वर्त्मनि क्षालनं हितम् ॥१७
यष्टीकषायः, सेकस्तु क्षीरं चन्दनसाधितम् ।

પિત્તોત્કિલષ્ટ અને રક્તોત્કિલષ્ટ રોગમા દરદીને મધુર ગણના ઔષધો વડે સિદ્ધ કરેલા ઘીથી સ્નિગ્ધ કરીને એની ફસ ખોલવી અને નસોતર તથા ત્રિફળાનો રેચ આપવો. પોપચુ ખોતર્યા પછી લોહી નીકળી રહે ત્યારે જેઠીમધના કવાથથી ધોવાથી ફાયદો થાય છે અને સુખડથી સિદ્ધ કરેલા દૂધની ધાર કરવાથી ફાયદો થાય છે.

પક્ષ્મશાતના ઉપાય

पक्ष्मणां सदने सूच्या रोमकूपान् विकुट्टयेत् ॥१८॥
ग्राहयेद्वा जलौकोभिः, पयसेक्षुरसेन वा ।
वमनं, नावनं सर्पिः शृतं मधुरशीतलैः ॥१९॥

પક્ષ્મશાતરોગમા, જેમાથી પાંપણો ઊગી નીકળે છે તે છિદ્રોને સોયથી છૂંદવા, અથવા ત્યા જળો મુકાવવી, અથવા દૂધ પાઈને કે શેરડીનો રસ પાઈને પછી એને ઊલટીઓ કરાવવી, (તથા કાળી દ્રાક્ષ જેવા) ગળ્યા અને ઠંડા દ્રવ્યો સાથે પકવેલું ઘી નસ્ય તરીકે ફાયદાકારક છે.

सञ्चूर्ण्य पुष्पकासीसं भावयेत्सुरसारसैः ।
ताम्रे दशाहं परमं पक्ष्मशाते तदञ्जनम् ॥२०॥

પુષ્પકાસીસ(હીરાકસી)ને બારીક લસોટીને (ઝીણુ વસ્ત્રગાળ ચૂર્ણ કરીને) એને તાંબાના વાસણમા દસ દિવસ સુધી તુલસીના રસમા ભાવના આપવી. એ પક્ષ્મશાતરોગમાં ઉત્તમ અંજન છે.

પોથકીના ઉપાય

पोथकीर्लिखिताः शुण्ठीसैन्धवप्रतिसारिताः ।
उष्णाम्बुक्षालिताः सिञ्चेत् खदिराढकिशिग्रुभिः ॥ २१ ॥
भरिवृद्धिनिशाश्रेष्ठामधुकैर्वा समाक्षिकैः ।

પોથકીને વૃદ્ધિપત્ર વગેરેથી ખોતરીને, સૂંઠ અને સિંધવ વડે પ્રતિસારણ કરીને, (ઊના પાણીથી ધોઈ નાખીને,) ખેર, તુવેર અને સરગવો એ ત્રણનો પાણીમાં ક્વાથ કરીને એ ક્વાથમાં મધ નાખીને, અથવા (હળદર, દારુહળદર, ત્રિફળા અને જેઠીમધનો પાણીમાં ક્વાથ કરીને એ ક્વાથમાં મધ નાખીને એ ક્વાથ રેડવો.

કફોત્કિલષ્ટ રોગના ઉપાય

कफोत्क्लिष्टे विलिखिते
सक्षौद्रैः प्रतिसारणम् ॥ २२ ॥
सूक्ष्मैः सैन्धवकासीसमनोह्वाकणतार्क्ष्यजैः ।
वमनाञ्जननस्यादि सर्वं च कफजिद्धितम् ॥२३॥

કફોત્કિલષ્ટ રોગમા (શસ્ત્ર વડે) ખોતરીને સિંધવ, હીરાકસી, મણશીલ, પીપર અને રસાંજન એ પાંચના ખહુ ખારીક ચૂર્ણને મધમાં કાલવીને પ્રતિસારણ કરવું તથા કફ મટાડે એવું વમન, અંજન, નસ્ય વગેરે ખધું ફાયદો કરે છે.

લગણના ઉપાય

कर्तव्यं लगणेऽप्येतदशान्तावग्निना दहेत् ।

લગણરોગમાં પણ એવું જ (કફોત્કિલષ્ટ જેવું જ) કરવું, પણ એ એમ કરવાથી ન મટે તો ડામ દેવો.

(ઉત્સંગ અને) આંજણીનો ઉપાય

[स्विन्नां भित्त्वा विनिष्पीड्य भिषग-
(ग्योत्सङ्गां चा)ञ्जननामिकाम् ।
शिलैलासैन्धवनतैः सक्षौद्रैः प्रतिसारयेत् । १]

[(ઉત્સંગ અને) આંજણીના રોગમાં શેક કરીને પછી દખાવીને વેંધે (ફોલ્લીઓને અને) આંજણીને ફોડીને શિલાજિત, એલચી, સિંધવ અને તગર એ ચાર વસ્તુઓના વસ્ત્રગાળ ચૂર્ણને મધમાં કાલવીને એના વડે પ્રતિસારણ કરવું.]

કુકૂણકનો ઉપાય

कुकूणे खदिरत्र्यग्रानिम्बपत्रशृतं घृतम् ॥२४॥
पीत्वा धात्री वमेत्कृष्णायष्टीसर्षपसैन्धवैः ।

કુકૂણકરોગમાં ખાળકને ધવડાવનારી સ્ત્રીએ ખેર, ત્રિફળા અને લીમડાનાં પાંદડાં સાથે પકવેલું ઘી પીને પીપર, જેઠીમધ, સરસવ અને સિંધવ વડે ઊલટીઓ કરવી.

अभयापिप्पलीद्राक्षाक्वाथेनैनां विरेचयेत् ॥ २५

(પછી) એને (ધવડાવનારી સ્ત્રીને) હરડે, પીપર અને કાળી દ્રાક્ષના ક્વાથથી રેચ કરાવવો.

मुस्ताद्विरजनीकृष्णाकल्केनालेपयेत्स्तनौ ।
धूपयेत्सर्षपैः साज्यैः

(પછી) મોથ, હળદર, દારુહળદર અને પીપરના કલ્કનો (ધવડાવનારી સ્ત્રીનાં) ખંને સ્તન ઉપર લેપ કરવો તથા ખંને સ્તનોને ઘીવાળા સરસવનો ધૂપ દેવો.

शुद्धां क्वाथं च पाययेत् ॥ २६ ॥
पटोलमुस्तमृद्वीकागुडूचीत्रिफलोद्भवम् ।

(આ રીતે વમન, વિરેચન, વગેરેથી) શુદ્ધ થયેલી તે સ્ત્રીને પટોળ, મોથ, કાળી દ્રાક્ષનો, અંગૂર, ગળો અને ત્રિફળાનો ક્વાથ પાવો.

शिशोस्तु लिखितं वर्त्म
स्रुताखुग्वाऽम्बुजन्मभिः ॥ २७ ॥
धात्र्यश्मन्तकजम्ब्वुत्थपत्रक्वाथेन सेचयेत् ।

પણ (કુકૂણકરોગમાં) ખાળકનાં પોપચાંને ખોતરીને અથવા પોપચાં ઉપર જળો મુકાવીને લોહી કઢાવીને પછી આંખળાં, અંખો, કાંચનાર (અશ્મંતક) અને જાંખુડી એ ત્રણેનાં પાંદડાંના ક્વાથની ધાર કરવી.

ખાળકોની ચિકિત્સાનો સામાન્ય નિયમ

प्रायः क्षीरघृताशित्वाद्बालानां श्लेष्मजा गदाः ॥२८
तस्माद्वमनमेवाग्रे सर्वव्याधिषु पूजितम् ।

ખાળકો ઘણુંખરું દૂધ–ઘી ખાતાં હોવાથી એમને કફથી થતા રોગો થાય છે. તેથી (ખાળકોના) ખધા રોગોમાં પહેલું વમન કરાવવુ એ જ ઉત્તમ છે.

ક્યા ખાળકને ક્યા દ્રવ્યથી
ઊલટીઓ કરાવવી

सिन्धूत्थकृष्णापामार्गबीजाज्यस्तन्यमाक्षिकम् ॥
चूर्णो वचायाः सक्षौद्रो मदनं मधुकान्वितम् ।
क्षीरं क्षीरान्नमन्नं च भजतः क्रमतः शिशोः ॥३०॥
वमनं सर्वरोगेषु विशेषेण कुकूणके ।

(૧) ફક્ત દૂધ પીને રહેનાર ખાળકને સિંધવ, પીપર, અઘેડાનાં ખી, ઘી, ધાવણ (કે, દૂધ)

અને મધ એ છ વાનાં ભેગાં પાઈને, (૨) દૂધ અને અનાજ બંને ઉપર રહેતા બાળકને વજનું ચૂર્ણ મધમાં કાલવીને એ ચટાડીને તથા (૩) કેવળ અનાજ ખાઈને રહેતા બાળકને જેઠીમધ અને મીંઢળ(ની છાલ) ભેગાં ફાકાવીને બધા રોગોમાં અને ખાસ કરીને કુકૂણકરોગમાં ઊલટીઓ કરાવવી.

सप्तलारससिद्धाज्यं योज्यं चोभयशोधनम् ॥३१॥

અને સપ્તલા(સાથેર)ના સ્વરસમાં સિદ્ધ કરેલું ઘી વમન અને વિરેચન તરીકે આપવું.

કુકૂણક (ચાલુ)

द्विनिशारोध्रयष्ट्याह्वरोहिणीनिम्बपल्लवैः ।
कुकूणके हिता वर्तिः पिष्टैस्ताम्ररजोन्वितैः ॥३२॥
क्षीरक्षौद्रघृतोपेतं घृष्टं वा लोहजं रजः ।

કુકૂણકરોગમાં હળદર, દારુહળદર, લોધર, જેઠીમધ, હરડે, લીમડાનાં પાંદડાં અને તાંબાનો ભૂકો એટલી વસ્તુઓને પાણી સાથે ખૂબ લસોટીને બનાવેલી વાટ (શોગટી) ઓરસિયા પર ઘસીને આંજવી અથવા દૂધ, મધ અને ઘી સાથે લોઢાનું દ્રાવણ (ક્ષાર) હિતકારક છે.

पलारसोनकतकशङ्खोपणफणिज्जकैः ॥ ३३ ॥
वर्तिः कुकूणपोथक्योः सुरापिष्टैः सकट्फलैः ।

કુકૂણક અને પોથકી રોગમાં એલચી, લસણ, કતક (નિર્મળી), શંખ, મરી, તુલસી અને કાયફળ એટલી વસ્તુઓને સુરા સાથે લસોટીને બનાવેલી વાટ (આંજવાની શોગટી) ફાયદો કરે છે.

પક્ષ્મોપરોધના ઉપાય

पक्ष्मरोधे प्रवृद्धेषु शुद्धदेहस्य रोमसु ॥ ३४ ॥
उत्सृज्य द्वौ भ्रुवोऽधस्ताद्-
भागौ भागं च पक्ष्मतः ।
यवमात्रं यवाकारं तिर्यक् छित्वाऽऽर्द्रवाससा ॥३५
अपनेयमसृक् तस्मिन्नल्पीभवति शोणिते ।
सीव्येत्कुटिलया सूच्या मुद्गमात्रान्तरैः पदैः ॥३६
बध्वा ललाटे पट्टं च तत्र सीवनसूत्रकम् ।
नातिगाढश्लथं सूच्या निक्षिपेदथ योजयेत् ॥३७.
मधुसर्पिःकवलिकां न चास्मिन् बन्धमाचरेत् ।
न्यग्रोधादिकषायैश्च सक्षीरैः सेचयेद्रुजि ॥३८॥
पञ्चमे दिवसे सूत्रमपनीयावचूर्णयेत् ।
गैरिकेण व्रणं युञ्ज्यात्तीक्ष्णं नस्याञ्जनादि च ॥३९

પક્ષ્મોપરોધરોગમાં જો પાંપણોના વાળ બહુ વધ્યા હોય, તો દરદીના શરીરનું શોધન થઈ રહ્યા પછી (ભમ્મર અને પાંપણ વચ્ચેના અંતરના ત્રણ ભાગ કલ્પીને એ ત્રણ ભાગમાંથી) ભમ્મર નીચેના બે ભાગ અને પાંપણથી ઉપરનો એક ભાગ છોડીને (ભમ્મરથી બે ભાગ નીચે અને પાંપણથી એક ભાગ ઊંચે) જવ જેવડો અને જવ જેવા આકારનો આડો કાપ મૂકીને ભીના વસ્ત્રથી લોહી લૂછી નાખવું. પછી જ્યારે લોહી ઓછું થઈ જાય ત્યારે વાંકી સોયથી એક મગ જેટલા અંતરેઅંતરે ટાંકા લઈને સીવવું તથા લલાટે પાટો બાંધીને ત્યાં (પાટામાં) એ ટાંકા મારેલા દોરાને બહુ તાણીને નહિ તેમ બહુ ઢીલોયે નહિ એવી રીતે સોયથી પરોવી રાખવો. પછી (ટાંકા મારેલા ઘા ઉપર) મધ અને ઘીમાં બોળીને લૂગડાની ગડ મૂકવી. એના ઉપર પાટો બાંધવો નહિ. જો એમાં પીડા થાય તો ન્યગ્રોધાદિ ગણનાં ઔષધોના કવાથમાં દૂધ ભેળવીને એ કવાથ રેડવો. પાંચમે દિવસે દોરો કાઢી લઈને ઘા ઉપર સોનાગેરુનું ચૂર્ણ ભભરાવવું અને તીક્ષ્ણ નસ્ય, અંજન વગેરે ઉપચાર કરવા.

दहेदशान्तौ निर्भुज्य वर्त्मदोषाश्रयां वलीम् ।
संदंशेनाधिकं पक्ष्म हृत्वा तस्याश्रयं दहेत् ॥४०॥
सूच्यग्रेणाग्निवर्णेन, दाहो बाह्यालजेः पुनः ।
भिन्नस्य क्षारवह्निभ्यां सुच्छिन्नस्यार्बुदस्य च ॥४१

એ રીતે જો પક્ષ્મોપરોધ રોગ ન મટે તો પોપચાના દોષને આશરે રહેલી વળીને ઉથલાવીને સંદંશયંત્રથી વધારાના પાંપણના વાળ ખેંચી કાઢીને એ વધારાના વાળની જગ્યાએ દેવતામાં તપાવેલી દેવતા જેવી લાલચોળ સોયની અણી વડે બાળવી. પણ બાહ્ય અલજી-(નાસૂર)ને ફોડીને ક્ષાર કે દેવતા વડે બાળવી. તથા અર્બુદને બરાબર કાપી કાઢીને ક્ષાર વડે બાળવું કે દેવતા વડે ડામવું.

इत्यष्टाङ्गहृदयसंहितायां षष्ठे उत्तरस्थाने वर्त्मरोग-
प्रतिषेधो नाम नवमोऽध्यायः ॥९॥

અધ્યાય ૧૦ મો—આંખના સંધિભાગના, ધોળા ડોળાના અને કાળા ડોળાના રોગનું જ્ઞાન

अथातः सन्धिसितासित-
रोगविज्ञानीयं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે (આંખના) સંધિભાગના, ધોળા ડોળાના અને કાળા ડોળાના રોગનું જ્ઞાન થવા માટે ઉપયોગી (અધ્યાય) સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે.

સંધિરોગો

(આંખના ૭ સંધિ (જોડાણ) છે: ૧. પાંપણો અને પોપચાંનું જોડાણ, ૨. પાંપણો અને ધોળા ડોળાનું જોડાણ, ૩. ધોળા અને કાળા ડોળાનું જોડાણ, ૪. કાળા ડોળાનું અને કીકીનુ જોડાણ, ૫. નાક તરફનો આંખનો ખૂણો, ૬. લમણા તરફનો આંખનો ખૂણો.) (સુશ્રુત ઉ. અ. ૧.)

જલાસ્રવ

वायुः क्रुद्धः सिराः प्राप्य
जलाभं जलवाहिनीः ।
अश्रु स्रावयते वर्त्मशुक्लसन्धेः कनीनकात् ॥१॥
तेन नेत्रं सरुग्रागशोफं स्यात्स जलास्रवः ।

કોપેલો વાયુ જળ વહેનારી સિરાઓમાં જઈને પોપચાં અને ધોળા ડોળાના જોડાણભાગ આગળ નાક તરફના આંખના ખૂણામાંથી પાણી જેવાં આંસુ વહેવડાવે છે. તેથી આંખમાં પીડા થાય છે અને આંખે સોજો રહે છે. એ જલાસ્રાવ રોગ છે.

કફાસ્રવ

कफात् कफास्रवे श्वेतं पिच्छिलं बहलं स्रवेत् ॥२॥

કફના પ્રકોપનો લીધે થતા કફાસ્રવ રોગમા ધોળું, પિચ્છિલ અને ઘાટું પાણી નીકળે છે.

ઉપનાહ

कफेन शोफस्तीक्ष्णाग्रः क्षारबुद्बुदकोपमः ।
पृथुमूलबलः स्निग्धः सवर्णो मृदुपिच्छिलः ॥३॥
महानपाकः कण्डूमानुपनाहः स नीरुजः ।

કફને લીધે થતા, અણિયાળા મોંવાળા, (ક્ષારને ઉકાળે ત્યારે) ક્ષારમાં થતા પરપોટા જેવા, વિશાળ મૂળ અને ખળવાળા, સ્નિગ્ધ, સમાન રંગના, મૃદુ, પિચ્છિલ, મોટા, ખહુ પાકે નહિ એવા, ચળવાળા, પીડા વિનાના (કે થોડી પીડાવાળા) સોજાને ઉપનાહ કહે છે.

રક્તાસ્રવ

रक्ताद् रक्तास्रवे ताम्रं बहूष्णं चाश्रु संस्रवेत् ॥४

લોહીના પ્રકોપને લીધે થતા રક્તાસ્રવ રોગમાં તાંબા જેવા રંગનાં, પુષ્કળ અને ઊનાં આંસુ નીકળે છે.

પર્વણી

वर्त्मसन्ध्याश्रया शुक्ले पिटिका दाहशूलिनी ।
ताम्रा मुद्गोपमा भिन्ना रक्तं स्रवति पर्वणी ॥५॥

પોપચાના સંધિભાગમાં ધોળા ડોળામાં થતી, ખળતરા અને શૂળ(સણકા)વાળી, તાંબા જેવા રંગની, મગ જેવી, ફૂટે ત્યારે લોહી નીકળે એવી ફોલ્લી તે પર્વણી છે.

(પર્વણી લોહીના પ્રકોપથી થાય છે એમ સમજવું; કારણ કે રક્તાસ્રવ પછી તરત પર્વણી રોગ ગણાવ્યો છે તથા પર્વણી ફૂટે ત્યારે લોહી નીકળે છે.)

પૂયાસ્રવ

पूयास्रवे मलाः सास्रा वर्त्मसन्धेः कनीनकात् ।
स्रावयन्ति मुहुः पूयं सास्रं त्वङ्मांसपाकतः ॥६॥

પૂયાસ્રવ રોગમા ચામડી અને માંસ પાકતાં હોવાથી લોહી અને દોષો (એ ચારે કોપીને) પોપચાના સંધિભાગ આગળ નાક તરફના આંખના ખૂણામાંથી વારંવાર લોહી અને પરુ વહેવડાવે છે.

પૂયાલસ

पूयालसो व्रणः सूक्ष्मः शोफसंरम्भपूर्वकः ।
कनीनसन्धावाध्मायी पूयास्रावी सवेदनः ॥७॥

આંખના નાક તરફના ખૂણાવાળા સાંધા આગળ પહેલાં સોજો અને સંરંભ થઈને પછી એ જાતે ફૂટીને સૂક્ષ્મ, ફૂલેલો, પરુઝરતો અને પીડાવાળો વ્રણ થાય તે પૂયાલસ છે.

અને મધ એ છ વાનાં ભેગાં પાઈને, (૨) દૂધ અને અનાજ ખાને ઉપર રહેતા બાળકને વજનું ચૂર્ણ મધમાં કાલવીને એ ચટાડીને તથા (૩) કેવળ અનાજ ખાઈને રહેતા બાળકને જેઠીમધ અને મીંઢળ(ની છાલ) ભેગાં ફકાવીને બધા રોગોમાં અને ખાસ કરીને કુકૂણકરોગમાં ઊલટીઓ કરાવવી.

शशलारससिद्धाज्यं योज्यं चोभयशोधनम् ॥३१॥

અને સસલા(સાથેર)ના સ્વરસમાં સિદ્ધ કરેલું ઘી વમન અને વિરેચન તરીકે આપવું.

કુકૂણક (ચાલુ)

द्विनिशारोध्रयष्ट्याह्वरोहिणीनिम्बपल्लवैः ।
कुकूणके हिता वर्तिः पिष्टैस्ताम्ररजोन्वितैः ॥३२॥
क्षीरक्षौद्रघृतोपेतं दग्धं वा लोहजं रजः ।

કુકૂણકરોગમાં હળદર, દારુહળદર, લોધર, જેઠીમધ, હરડે, લીમડાનાં પાંદડાં અને તાંબાનો ભૂકો એટલી વસ્તુઓને પાણી સાથે ખૂબ લસોટીને બનાવેલી વાટ (શોગટી) ઓરસિયા પર ઘસીને આંજવી અથવા દૂધ, મધ અને ઘી સાથે લોઢાનું દ્રાવણ (ક્ષાર) હિતકારક છે.

एलारसोनकतकशङ्खोपणफणिज्जकैः ॥ ३३ ॥
वर्तिः कुकूणपोथक्योः सुरापिष्टैः सकट्फलैः ।

કુકૂણક અને પોથકી રોગમાં એલચી, લસણ, કતક (નિર્મળી), શંખ, મરી, તુલસી અને કાયફળ એટલી વસ્તુઓને સુરા સાથે લસોટીને એની બનાવેલી વાટ (આંજવાની શોગટી) ફાયદો કરે છે.

પક્ષ્મોપરોધના ઉપાય

पक्ष्मरोधे प्रवृद्धेषु शुद्धदेहस्य रोमसु ॥ ३४ ॥
उत्सृज्य द्वौ भ्रुवोऽधस्ताद्-
भागौ भागं च पक्ष्मतः ।
यवमात्रं यवाकारं तिर्यक् छित्वाऽऽर्द्रवाससा ॥३५
अपनेयमसृक् तस्मिन्नल्पीभवति शोणिते ।
सीव्येत्कुटिलया सूच्या मुद्गमात्रान्तरैः पदैः ॥३६
बद्ध्वा ललाटे पट्टं च तत्र सीवनसूत्रकम् ।
नातिगाढश्लथं सूच्या निक्षिप्यदथ योजयेत् ॥३७.
मधुसर्पिःकवलिकां न चास्मिन् बन्धमाचरेत् ।
न्यग्रोधादिकषायैश्च सक्षीरैः सेचयेद्रुजि ॥३८॥
पञ्चमे दिवसे सूत्रमपनीयावचूर्णयेत् ।
गैरिकेण व्रणं युञ्ज्यात्तीक्ष्णं नस्याञ्जनादि च ॥३९

પક્ષ્મોપરોધરોગમાં જો પાંપણોના વાળ બહુ વધ્યા હોય, તો દરદીના શરીરનું શોધન થઈ રહ્યા પછી (ભમ્મર અને પાંપણ વચ્ચેના અંતરના ત્રણ ભાગ કલ્પીને એ ત્રણ ભાગમાંથી) ભમ્મર નીચેના બે ભાગ અને પાંપણથી ઉપરનો એક ભાગ છોડીને (ભમ્મરથી બે ભાગ નીચે અને પાંપણથી એક ભાગ ઊંચે) જવ જેવડો અને જવ જેવા આકારનો આડો કાપ મૂકીને ભીના વસ્ત્રથી લોહી લૂછી નાખવું. પછી જ્યારે લોહી ઓછું થઈ જાય ત્યારે વાંકી સોયથી એક મગ જેટલા અંતરેઅંતરે ટાંકા લઈને સીવવું તથા લલાટે પાટો બાંધીને ત્યાં (પાટામાં) એ ટાંકા મારેલા દોરાને બહુ તાણીને નહિ તેમ બહુ ઢીલોયે નહિ એવી રીતે સોયથી પરોવી રાખવો. પછી (ટાંકા મારેલા ઘા ઉપર) મધ અને ઘીમાં બોળીને લૂગડાની ગડ મૂકવી. એના ઉપર પાટો બાંધવો નહિ. જો એમાં પીડા થાય તો ન્યગ્રોધાદિ ગણનાં ઔષધોના ક્વાથમાં દૂધ ભેળવીને એ ક્વાથ રેડવો. પાંચમે દિવસે દોરો કાઢી લઈને ઘા ઉપર સોનાગેરુનું ચૂર્ણ ભભરાવવું અને તીક્ષ્ણ નસ્ય, અંજન વગેરે ઉપચાર કરવા.

दहेदशान्तौ निर्भुज्य वर्त्मदोषाश्रयां वलीम् ।
संदंशेनाधिकं पक्ष्म हृत्वा तस्याश्रयं दहेत् ॥४०॥
सूच्यग्रेणाग्निवर्णेन, दाहो बाह्यालजेः पुनः ।
भित्त्वा क्षारवह्निभ्यां सुच्छिन्नस्यार्बुदस्य च ॥४१

એ રીતે જો પક્ષ્મોપરોધ રોગ ન મટે તો પોપચાના દોષને આશરે રહેલી વલીને ઉથલાવીને સંદંશયંત્રથી વધારાના પાંપણના વાળ ખેંચી કાઢીને એ વધારાના વાળની જગ્યાએ દેવતામાં તપાવેલી દેવતા જેવી લાલચોળ સોયની અણી વડે બાળવી. પણ બાહ્ય અલજી-(નાસૂર)ને ફોડીને ક્ષાર કે દેવતા વડે બાળવી. તથા અર્બુદને બરાબર કાપી કાઢીને ક્ષાર વડે બાળવું કે દેવતા વડે ડામવું.

इत्यष्टाङ्गहृदयसंहितायां षष्ठे उत्तरस्थाने वर्त्मरोग-
प्रतिषेधो नाम नवमोऽध्यायः ॥९॥

અધ્યાય ૧૦ મો—આંખના સંધિભાગના, ધોળા ડોળાના અને કાળા ડોળાના રોગનું જ્ઞાન

अथातः सन्धिसितासित-
रोगविज्ञानीयं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે (આંખના) સંધિભાગના, ધોળા ડોળાના અને કાળા ડોળાના રોગનું જ્ઞાન થવા માટે ઉપયોગી (અધ્યાય) સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યુ છે.

સંધિરોગો

(આંખના ૭ સંધિ (જોડાણ) છે: ૧. પાંપણો અને પોપચાનુ જોડાણ, ૨. પાંપણો અને ધોળા ડોળાનું જોડાણ, ૩. ધોળા અને કાળા ડોળાનું જોડાણ, ૪. કાળા ડોળાનું અને કીકીનુ જોડાણ, ૫. નાક તરફનો આંખનો ખૂણો, ૬. લમણા તરફનો આખનો ખૂણો.) (સુશ્રુત ઉ. અ. ૧.)

જલાસ્રવ

वायुः क्रुद्धः सिराः प्राप्य
जलाभं जलवाहिनीः ।
अश्रु स्रावयते वर्त्मशुक्लसन्धेः कनीनकात् ॥१॥
तेन नेत्रं सरुग्रागशोफं स्यात्स जलास्रवः ।

કોપેલો વાયુ જળ વહેનારી સિરાઓમાં જઈને પોપચા અને ધોળા ડોળાના જોડાણભાગ આગળ નાક તરફના આખના ખૂણામાંથી પાણી જેવાં આંસુ વહેવડાવે છે. તેથી આંખમાં પીડા થાય છે અને આખે સોજો રહે છે. એ જલાસ્રાવ રોગ છે.

કફાસ્રવ

कफात् कफास्रवे श्वेतं पिच्छिलं बहलं स्रवेत् ॥२॥

કફના પ્રકોપનો લીધે થતા કફાસ્રવ રોગમા ધોળું, પિચ્છિલ અને ઘાટું પાણી નીકળે છે.

ઉપનાહ

कफेन शोफस्तीक्ष्णाग्रः क्षारबुद्बुदकोपमः ।
पृथुमूलबलः स्निग्धः सवर्णो मृदुपिच्छिलः ॥३॥
महानपाकः कण्डूमानुपनाहः स नीरुजः ।

કફને લીધે થતા, અણિયાળા મોંવાળા, (ક્ષારને ઉકાળે ત્યારે) ક્ષારમાં થતા પરપોટા જેવા, વિશાળ મૂળ અને બળવાળા, સ્નિગ્ધ, સમાન રંગના, મૃદુ, પિચ્છિલ, મોટા, બહુ પાકે નહિ એવા, ચળવાળા, પીડા વિનાના (કે થોડી પીડાવાળા) સોજાને ઉપનાહ કહે છે.

રક્તાસ્રવ

रक्ताद् रक्तास्रवे ताम्रं बहूष्णं चाश्रु संस्रवेत् ॥४

લોહીના પ્રકોપને લીધે થતા રક્તાસ્રવ રોગમાં તાંબા જેવા રંગનાં, પુષ્કળ અને ઊનાં આસુ નીકળે છે.

પર્વણી

वर्त्मसन्ध्याश्रया शुक्ले पिटिका दाहशूलिनी ।
ताम्रा मुद्गोपमा भिन्ना रक्तं स्रवति पर्वणी ॥५॥

પોપચાના સંધિભાગમાં ધોળા ડોળામાં થતી, બળતરા અને શૂળ(સણકા)વાળી, તાંબા જેવા રંગની, મગ જેવી, ફૂટે ત્યારે લોહી નીકળે એવી ફોલ્લી તે પર્વણી છે.

(પર્વણી લોહીના પ્રકોપથી થાય છે એમ સમજવું; કારણ કે રક્તાસ્રવ પછી તરત પર્વણી રોગ ગણાવ્યો છે તથા પર્વણી ફૂટે ત્યારે લોહી નીકળે છે.)

પૂયાસ્રવ

पूयास्रवे मलाः सास्रा वर्त्मसन्धेः कनीनकात् ।
स्रावयन्ति मुहुः पूयं सास्रं त्वङ्मांसपाकतः ॥६॥

પૂયાસ્રવ રોગમા ચામડી અને માંસ પાકતા હોવાથી લોહી અને દોષો (એ ચારે કોપીને) પોપચાંના સંધિભાગ આગળ નાક તરફના આંખના ખૂણામાંથી વારંવાર લોહી અને પરુ વહેવડાવે છે.

પૂયાલસ

पूयालसो व्रणः सूक्ष्मः शोफसंरम्भपूर्वकः ।
कनीनसन्धावाध्मायी पूयास्रावी सवेदनः ॥७॥

આંખના નાક તરફના ખૂણાવાળા સાંધા આગળ પહેલાં સોજો અને સંરંભ થઈને પછી એ જાતે ફૂટીને સૂક્ષ્મ, ફૂલેલો, પરુ ઝરતો અને પીડાવાળો વ્રણ થાય તે પૂયાલસ છે.

અલજી

कनीनस्यान्तरलजी शोफो रुक्तोददाहवान् ।

નાક તરફના આંખના ખૂણાની અંદરની બાજુએ પીડા, તોદ અને બળતરાવાળો સોજો થાય તે અલજી છે.

કૃમિગ્રંથિ

अपाङ्गे वा कनीने वा कण्डूपापक्ष्मपोटवान् ॥८॥
पूयास्रावी कृमिग्रन्थि-
ग्रन्थिः कृमियुतोऽर्तिमान् ।

લમણા તરફને આંખને ખૂણે કે નાક તરફને આંખને ખૂણે ખણુજ, ઉષા અને પક્ષ્મપોટ- (પાંપણો ગૂંચવાઈ જાય)વાળી, પરુવહેતી, કૃમિવાળી અને પીડાવાળી ગાંઠ કે કૃમિગ્રંથિ છે.

સાધ્યાસાધ્ય

उपनाहकृमिग्रन्थिपूयालसकपर्वणीः ॥ ९ ॥
शस्त्रेण साधयेत्पञ्च सालजीनास्रवांस्त्यजेत् ।

ઉપનાહ, કૃમિગ્રંથિ, પૂયાલસક અને પર્વણી એ ચાર રોગોને શસ્ત્રક્રિયાથી મટાડવા; અલજી અને આસ્રવો (જલાસ્રવ, કફાસ્રવ, રક્તાસ્રવ, પૂયાસ્રવ) એ પાંચને (અસાધ્ય ગણીને) છોડી દેવા.

ધોળા ડોળાના રોગ

શુક્તિકા

पित्तं कुर्यात्सिते बिन्दूनसितश्यावपीतकान् ॥१०
मलाक्तादर्शतुल्यं वा सर्वं शुक्लं सदाहरुक् ।
रोगोऽयं शुक्तिकासंज्ञः सशकृद्भेदतृड्ज्वरः ॥११

પિત્ત ધોળા ડોળામાં કાળાં, બદામી રંગનાં કે પીળા ટપકાં પાડે છે અથવા (પિત્તને લીધે) આખા ધોળા ડોળાને મળથી ખરડાયેલા ચાટલા જેવો, બળતરા અને પીડાવાળો કરી દે છે. આ રોગનું નામ શુક્તિકા છે. એમાં સાથે ભાંગલ ઝાડા, તરસ અને તાવ હોય છે.

શુક્લાર્મ (ધોળી વેલ)

कफाच्छुक्ले समं श्वेतं चिरवृद्ध्यधिमांसकम् ।
शुक्लार्म

કફના પ્રકોપને લીધે ધોળા ડોળામાં ઘાટીલું, ધોળું, બહુ વખતે વધે એવું માંસ વધે છે, તે શુક્લાર્મરોગ છે.

બલાસગ્રથિત

शोफस्त्वरुजः सवर्णो बहलोऽमृदुः ॥१२॥
गुरुः स्निग्धोऽम्बुबिन्द्वाभो
बलासग्रथितं स्मृतम् ।

પીડા વિનાનો, સમાન રંગનો (કાંસા જેવા રંગનો–સુશ્રુત ઉ. ૪/૯), ઘટ્ટ, કઠણ, ભારે, સ્નિગ્ધ અને પાણીના ટીપા જેવો (ઉપસી આવેલો–સુશ્રુત ઉ. ૪/૯ ડલ્હણ) સોજો તે બલાસગ્રથિત રોગ છે એમ આયુર્વેદમાં કહેલું છે.

પિષ્ટક

बिन्दुभिः पिष्टधवलैरुत्सन्नैः पिष्टकं वदेत् ॥१३॥

ચોખાના અટામણ જેવાં ધોળાં અને ઉપસી આવેલાં ટપકાં ઉપરથી પિષ્ટક રોગ કહેવો.

સિરોત્પાત

रक्तराजीततं शुक्लमुष्यते यत्सवेदनम् ।
अशोफाश्रूपदेहं च
सिरोत्पातः स शोणितात् ॥ १४॥

ધોળા ડોળા ઉપર રાતી સિરાઓ તરી આવીને રાતા લિસોટાલિસોટા થઈ જાય, ધોળા ડોળામાં બળતરા થાય, પીડા થાય પણ સોજો, આંસુ કે લોપડચોપડ ન હોય તે સિરોત્પાતરોગ લોહીના પ્રકોપથી થાય છે.

સિરાહર્ષ

उपेक्षितः सिरोत्पातो राजीस्ता एव वर्धयन् ।
कुर्यात्सास्रं सिराहर्षं तेनाक्ष्युद्वीक्षणाक्षमम् ॥१५

સિરોત્પાતરોગમાં યોગ્ય ઉપચાર ન થાય તો તે સિરોત્પાત રોગ તે જ લિસોટાઓને વધારીને સિરાહર્ષરોગ કરે છે. તેને લીધે આંખ આંસુવાળી થાય છે અને જોઈ શકતી નથી.

સિરાજાલ

सिराजाले सिराजालं बृहद्रक्तं घनोन्नतम् ।

સિરાજાલરોગમાં સિરાઓનું જાળું (=જાળ) મોટું, રાતું, ઘટ્ટ (એકબીજાની અડોઅડ) તથા ઉપસેલું હોય છે.

શોણિતાર્મ

शोणितार्म समं श्लक्ष्णं पद्माभमधिमांसकम् ॥१६

ઘાટીલું, લીસું, પદ્મ જેવું માંસ (ધોળા ડોળામાં) વધે છે તે શોણિતાર્મ છે.

અર્જુન

नीरुक् श्लक्ष्णोऽर्जुनं बिन्दुः शशलोहितलोहितः ।

(આંખમાં એકો વગેરે વાગવાથી ધોળા ડોળામાં) પીડા વિનાનું, લીસુ, સસલાના લોહી જેવુ લાલ ટપકું તે અર્જુન છે.

પ્રસ્તાર્યર્મ

मृद्वाशुवृद्ध्यरुङ्मांसं प्रस्तारि श्यावलोहितम् ॥ प्रस्तार्यर्म मलैः सास्रैः

મૃદુ, ઝટ વધે એવું, પીડા વિનાનું, પ્રસરી જાય એવુ, ખદામી રંગનુ કે લાલ માંસનુ ઊપસી આવવુ ને પ્રસ્તાર્યર્મ રોગ છે. તે લોહીના તથા દોષોના પ્રકોપથી થાય છે.

સ્નાવાર્મ

स्नावार्म स्नावसन्निभम् ।

સ્નાવાર્મ સ્નાયુના જેવુ હોય છે. (વધતું માસ સ્નાયુના જેવુ હોય છે.)

અધિમાંસાર્મ

शुष्कासृक्पिण्डवच्छ्यावं यन्मांसं बहलं पृथु ॥१८ अधिमांसार्म तद्

સૂકા લોહીના ગોળા જેવુ ખદામી રંગનુ, ઘટ્ટ અને વિશાળ (ઊપસી આવેલું) માંસ તે અધિમાંસાર્મ છે.

સિરાપિટિકા

दाहवर्षवत्यः सिरावृताः ।
कृष्णासन्नाः सिरासंज्ञाः पिटिकाः सर्षपोपमाः ॥

બળતરાવાળી, કરકરી, સિરાઓથી છવાયેલી, કાળા ડોળાની પાસે થતી, સરસવ જેવી ફોલ્લીઓ તે સિરાપિટિકા છે.

ધોળા ડોળાના રોગ વિષે સાધ્યાસાધ્યવિચાર

शुक्तिहर्षसिरोत्पातपिष्टकग्रथितार्जुनम् ।
साधयेदौषधैः षट्क शेषं शस्त्रेण सप्तकम् ॥ २० ॥
नवोत्थं तदपि द्रव्यैः

શુક્તિકા, સિરાહર્ષ, સિરોત્પાત, પિષ્ટક, બલાસગ્રથિત અને અર્જુન એ છ રોગને દવાઓથી મટાડવા. બાકીના સાત રોગોને શસ્ત્રક્રિયા કરીને મટાડવા. આ બાકીના સાત રોગ પણ તાજા જ થયેલા હોય તો એમને પણ ઔષધોથી મટાડવા.

अर्मोक्तं यच्च पञ्चधा ।
तच्छेद्यमसितप्राप्तं मांसस्नावसिरावृतम् ॥ २१ ॥
चर्मोद्दालवदुच्छ्रायि दृष्टिप्राप्तं च वर्जयेत् ।

જે પાંચ પ્રકારનાં અર્મ (વેલ) કહ્યાં (શુક્લાર્મ, શોણિતાર્મ, પ્રસ્તાર્યર્મ, સ્નાવાર્મ, અધિમાંસાર્મ) તે (શસ્ત્રથી) કાપી કાઢવાં જોઈએ. જે અર્મ કાળા ડોળામાં પહોંચ્યુ હોય; માંસ, સ્નાયુ અને સિરાઓથી છવાયુ હોય તથા જે ચામડાના કકડાની માફક ઊપસે તે અર્મને પણ કાપી કાઢવું જોઈએ; પણ જે અર્મ દૃષ્ટિ (કાળા ડોળાની વચ્ચેની કીકી) સુધી પહોંચે તેને (અસાધ્ય ગણીને) છોડી દેવુ.

કાળા ડોળાના રોગ

ક્ષતશુક (ફૂલું)

पित्तं कृष्णेऽथवा दृष्टौ शुक्रं तोदाश्रुरागवत् ॥२२
छित्त्वा त्वचं जनयति तेन स्यात्कृष्णमण्डलम् ।
पक्वजम्बूनिभं किञ्चिन्निम्नं च क्षतशुक्रकम् ॥२३॥
तत्कृच्छ्रसाध्यं, याप्यं तु द्वितीयपटलव्यधात् ।
तत्र तोदादिबाहुल्यं सूचीविद्धाभकृष्णता ॥ २४॥
तृतीयपटलच्छेदादसाध्यं निचितं व्रणैः ।

પિત્ત કાળા ડોળા ઉપર કે કીકી ઉપર ચામડી (પહેલું પડ) ભેદીને તોદ, આસુ અને રતાશવાળું ફૂલું પેદા કરે છે. તેને લીધે કાળો ડોળો પાકા જાંબુ જેવો અને કંઈક ખાડાવાળો થાય છે. એ ક્ષતશુક (વ્રણવાળું ફૂલું) કૃચ્છ્રસાધ્ય છે. બીજુ દૃષ્ટિપટલ વીંધાયાથી ક્ષતશુક યાપ્ય થાય છે. તેમાં તોદ વગેરે (તોદ, આસુ અને રતાશ) પુષ્કળ હોય છે અને જાણે સોયથી વીંધાયો હોય એવો કાળો ડોળો હોય છે. ત્રીજું દૃષ્ટિપટલ વીંધાયાથી ક્ષતશુક વ્રણોથી ભરચક અને અસાધ્ય હોય છે.

શુદ્ધ શુક (શુદ્ધ ફૂલું)

शङ्खशुक्लं कफात्साध्यं नातिरुक् शुद्धशुक्रकम् ॥

કફના પ્રકોપથી થતું, શંખ જેવું ધોળું, બહુ પીડા વિનાનુ ફૂલું તે શુદ્ધ શુક છે.

અજકા

आताम्रपिच्छिलास्रस्रुदाताम्रपिटिकाऽतिरुक् ।
अजाविट्सदृशोन्छ्रायकार्ष्ण्या वर्ज्याऽस्रजाऽजका ॥ २६ ॥

જરા તાંબાવર્ણું અને પિચ્છિલ લોહી ઝરતી, બહુ પીડાવાળી, બકરીની લીંડી જેવા ઉપાડ અને કાળાશવાળી, જરા તાંબાવર્ણી અજકા નામની ફોલ્લી લોહીના પ્રકોપથી થાય છે, તે અસાધ્ય છે.

સિરાશુક્ર

सिराशुक्रं मलैः सास्रैस्तत्सुप्टं कृष्णमण्डलम् ।
सतोददाहताम्राभि सिराभिरवतन्यते ॥ २७ ॥
अनिमित्तोष्णशीताच्छघनास्रस्रुच्च तत्यजेत् ।

સિરાશુક્ર નામનો રોગ ત્રણે દોષના અને લોહીના પ્રકોપથી થાય છે. તે સિરાશુક્રના આશ્રયરૂપ કાળા ડોળામાં તોદવાળી, બળતરાવાળી અને તાંબાવર્ણી સિરાઓ વ્યાપી જાય છે. એ સિરાશુક્રમાંથી કંઈ પણ કારણ વિના ઘડીમાં ઊના તો ઘડીમાં ઠંડા, ઘડીમાં પાતળા તો ઘડીમાં ઘટ્ટ આંસુ નીકળે છે. એ રોગ અસાધ્ય છે.

અક્ષિપાકાત્યય

दोषैः सास्रैः सरत्कृष्णं नीयते शुक्लरूपताम् ॥२८
धवलाभ्रोपलिप्ताभं निष्पावार्धदलाकृति ।
अतितीव्ररुजारागदाहश्वयथुपीडितम् ॥ २९ ॥
पाकात्ययेन तच्छुक्रं वर्जयेत्तीव्रवेदनम् ।

દોષોના અને લોહીના પ્રકોપથી કાળો ડોળો એકસાથે ધોળો બની જાય છે. અક્ષિપાકાત્યય રોગને લીધે ધોળા વાદળાથી લીંપાયું હોય એવું, વાલની અડધી દાળ જેવા આકારનું, બહુ તીવ્ર પીડા, રતાશ, બળતરા અને સોજાની પીડાવાળું, તે તીવ્ર વેદનાવાળું ફૂલું થાય છે તે અસાધ્ય છે.

અસાધ્ય શુક્રનાં લક્ષણ

यस्य वा लिङ्गनाशोऽन्त श्यावं यद्वा सलोहितम् ॥ ३० ॥
अत्युत्सेधावगाढं वा सास्रु नाडीव्रणावृतम् ।
पुराणं विषमं मध्ये विच्छिन्नं यच्च शुक्रकम् ॥३१

જે ફૂલાને લીધે જોવાની ઇંદ્રિયની શક્તિનો નાશ થાય, જે ફૂલું અંદર બદામી રંગનું કે જરા લાલ હોય, જે બહુ ઊપસી આવેલું કે બહુ ઊંડું હોય, જે આંસુ નીકળે એવું હોય, જે નાડીવ્રણથી છવાયેલું હોય, જે જૂનું (એક વરસથી વધારે વખતથી થયેલું) હોય, જે ઠગધડા વિનાના આકારવાળું હોય અને જે વચમાં તૂટી ગયેલું હોય તે દરેક ફૂલું (અસાધ્ય છે).

पञ्चेत्युक्ता गदाः कृष्णे साध्यासाध्यविभागतः ॥ ३१½ ॥

આ રીતે સાધ્ય કયા અને અસાધ્ય કયા એનો ભેદ પાડીને કાળા ડોળાના પાંચ રોગો કહ્યા છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने सन्धिसितासितरोगविज्ञानीयो नाम दशमोऽध्यायः ॥ १० ॥

અધ્યાય ૧૧ મો—આંખના સંધિભાગના, ધોળા ડોળાના અને કાળા ડોળાના રોગોના ઉપાય

अथातः सन्धिसितासितरोगप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

ત્યારે હવે અમે આંખના સંધિભાગના, ધોળા ડોળાના અને કાળા ડોળાના રોગોને મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે

ઉપનાહનો ઉપાય

उपनाहं भिषक् स्विन्नं भित्त्वा व्रीहिमुखेन च ।
लेखयेन्मण्डलाग्रेण ततश्च प्रतिसारयेत् ॥ १ ॥
पिप्पलीक्षौद्रसिन्धूत्थैर्बध्नीयात्पूर्ववत्ततः ।
पटोलपत्रामलककाथेनाश्च्योतयेच्च तम् ॥ २ ॥

(જલાસ્રવ અને કફાસ્રવ અસાધ્ય હોવાથી એ બંનેના ઉપાય કહ્યા નથી તેથી સીધો જ ઉપનાહનો ઉપાય કહે છે)

વૈદ્યે ઉપનાહને (ઉ. ૯/૩ પ્રમાણે ગરમ

પાણીની વરાળથી ગરમ કરેલાં પોતાં વડે) શેક કરવો, પછી વ્રીહિમુખશસ્ત્રથી ચીરવું, મંડલાગ્રશસ્ત્રથી ખોતરવું અને પછી પીપર, મધ અને સિંધવથી પ્રતિસારણ કરવું. પછી પહેલાની માફક (ઉ. ૯/૬૬ થી ૭૬ પ્રમાણે) પાટો બાંધવો અને (ઉ. ૯/૮ પ્રમાણે) પટોળનાં પાંદડાં અને આમળાના કવાથનાં ટીપાં પાડવાં.

પર્વણીનો ઉપાય

पर्वणी बडिशेनात्ता बाह्यसन्धित्रिभागतः ।
वृद्धिपत्रेण वर्ध्याऽर्धे स्यादश्रुगतिरन्यथा ॥ ३ ॥
चिकित्सा चार्मवत्क्षौद्रसैन्धवप्रतिसारिता ।

બાહ્ય સંધિના ત્રીજા ભાગ આગળ બડિશ-યંત્ર વડે પકડી રાખીને પર્વણીને વૃદ્ધિપત્ર નામના શસ્ત્ર વડે અધવચથી કાપવી. નહિ તો (અધવચથી કાપવામાં ન આવે તો) આંસુ નીકળ્યા કરે. પર્વણીની ચિકિત્સા અર્મ જેવી કરવી (શ્લોક ૧૯થી ૨૨). પણ પર્વણીમાં પ્રતિસારણ મધ અને સિંધવ વડે કરવું.

પૂયાલસનો ઉપાય

पूयालसे सिरां विध्येत्ततस्तमुपनाहयेत् ॥ ४ ॥
कुर्वीत चाक्षिपाकोक्तं सर्वं कर्म यथाविधि ।

પૂયાલસરોગમાં ફસ ખોલવી. પછી પૂયાલસ ઉપર ઉપનાહ શેક કરવો, તથા અક્ષિપાકમાં કહેલી બધી ક્રિયા વિધિપુરઃસર કરવી.

सैन्धवार्द्रककासीसलोहताम्रैः सुचूर्णितैः ॥५॥
चूर्णाञ्जनं प्रयुञ्जीत सक्षौद्रैर्वा रसक्रियाम् ।

સિંધવ, આદુ, હીરાકસી, લોઢું અને તાંબું એ પાંચનું બહુ ઝીણું ચૂર્ણ કરીને એ ચૂર્ણ આંજવું અથવા એ પાંચનાં ચૂર્ણને મધમાં કાલવીને રસક્રિયા કરવી.

કૃમિગ્રંથિનો ઉપાય

कृमिग्रन्थिं करीषेण स्विन्नं भित्त्वा विलिख्य च ॥६
त्रिफलाक्षौद्रकासीससैन्धवैः प्रतिसारयेत् ।

કૃમિગ્રંથિને ગાયના છાણનો શેક કરીને, વૃદ્ધિપત્રથી ચીરીને અને મંડલાગ્રશસ્ત્રથી ખોતરી-ને ત્રિફળા, મધ, હીરાકસી અને સિંધવ વડે પ્રતિસારણ કરવું.

શુક્તિકાનો ઉપાય

पित्ताभिष्यन्दवच्छुक्तिं

શુક્તિકારોગના ઉપાય પિત્તાભિષ્યંદના જેવા (ઉ. અ. ૧૬) કરવા.

બલાસગ્રથિત અને પિષ્ટકનો ઉપાય

बलासाह्वयपिष्टके ॥७॥
कफाभिष्यन्दवन्मुक्त्वा सिराव्यधमुपाचरेत् ।
बीजपूररसाक्तं च व्योषद्फलमञ्जनम् ॥८॥

બલાસગ્રથિત અને પિષ્ટકરોગમાં ફસ ખોલવા સિવાયના બાકીના ઉપચાર કફાભિષ્યંદ જેવા કરવા તથા ત્રિકટુ અને કાયફળના વસ્ત્રગાળ ચૂર્ણને બિજોરાના રસમાં કાલવીને આંજવું.

આંખના સોજા અને ખણજનો ઉપાય

जातीमुकुलसिन्धूत्थदेवदारुमहौषधैः ।
पिष्टैः प्रसन्नया वर्तिः शोफकण्डूघ्नमञ्जनम् ॥९॥

જાઈની કળી, સિંધવ, દેવદાર અને સૂંઠને પ્રસન્ના સાથે લસોટીને તેની શોગટી બનાવીને તે (ઓરસિયા પર ઘસીને) આંજવાથી આંખનાં સોજો અને ચળ મટી જાય છે.

સિરોત્પાત, સિરોહર્ષ, સિરાજાલ અને અર્જુનનો ઉપાય

रक्तस्यन्दवदुत्पातहर्षजालार्जुनक्रिया ।

સિરોત્પાત, સિરાહર્ષ, સિરાજાલ અને અર્જુનના ઉપાય રક્તાભિષ્યંદ(ઉ. અ. ૧૬)ના જેવા કરવા.

सिरोत्पाते विशेषेण घृतमाक्षिकमञ्जनम् ॥१०॥
सिराहर्षे तु मधुना श्लक्ष्णघृष्टं रसाञ्जनम् ।
अर्जुने शर्करामस्तुक्षौद्रैराश्च्योतनं हितम् ॥ ११ ॥
स्फटिकः कुङ्कुमं शङ्खो मधुकं मधुनाऽञ्जनम् ।
मधुना चाञ्जनं शङ्खः फेनो वा सितया सह ॥१२

સિરોત્પાતમાં ખાસ કરીને ઘી અને મધ ભેગાં કરીને આંજવાં; સિરાહર્ષમાં મધ સાથે લસોટીને સુંવાળું બનાવેલું રસાંજન આંજવું; અર્જુનરોગમાં સાકર, મસ્તુ અને મધનાં ટીપાં પાડવાં; ફટકડી, કેસર, શંખ અને જેઠીમધના વસ્ત્રગાળ ચૂર્ણને મધમાં કાલવીને આંજવું; અથવા મધ સાથે શંખ આંજવો અથવા સાકર સાથે સમુદ્રફીણ આંજવું.

પાંચે જાતનાં અર્મ (વેલ)ના ઉપાય

अर्माकं पञ्चधा तत्र तनु धूमाविलं च यत्।
रक्तं दधिनिभं यच्च शुक्रवत्तस्य भेषजम् ॥१३॥

વેલ પાંચ જાતની કહી ગયા છીએ. (ઉ. અ. ૧૦). તેમાં જે વેલ આછી (પાતળી), ધુમાડા જેવી મેલી, રાતી અને દહીં જેવી હોય તેના ઉપાય શુક્ર (ફૂલું) જેવા કરવા.

વેલ માટે શસ્ત્રક્રિયા

उत्तानस्येतरत स्विन्नं ससिन्धूत्येन चाञ्जतम्।
रसेन बीजपूरस्य निमील्याक्षि विमर्दयेत् ॥१४॥
इत्थं संरोपिताक्षस्य प्रचलेऽर्माधिमांसके।
धृतस्य निश्चलं मूर्ध्नि वर्त्मनोश्च विशेषतः ॥१५॥
अपाङ्गमीक्षमाणस्य वृद्धेऽर्मणि कनीनकात्।
वली स्याद्यत्र तत्रार्म बडिशेनावलम्बितम् ॥१६
नात्यायतं मुचुण्ड्या वा सूच्या सूत्रेण वा ततः।
समन्तान्मण्डलाग्रेण मोचयेदथ मोक्षितम् ॥१७
कनीनकमुपानीय चतुर्भागावशेषितम्।
छिन्द्यात्कनीनकं रक्षेद्वाहिनीश्चाश्रुवाहिनीः ॥१८॥
कनीनकव्यधादश्रु नाडी चाक्ष्णि प्रवर्तते।
वृद्धेऽर्मणि तथाऽपाङ्गात्
पश्यतोऽस्य कनीनकम् ॥१९॥

દરદીને ચત્તો સુવાડીને, જેમાંથી ગમે તે એક (વેલવાળી) આંખ ઉપર (ગરમ પાણીની વરાળથી તપાવેલાં પોતાંથી) શેક કરીને, બિજોરાના રસ સાથે ઠાલવેલો સિંધવ આંજીને, પછી આંખ મિચાવી દઈને એ આંખ ચોળવી. આ રીતે આંખ ઉભરાઈ આવે અને વેલનું વધેલું માંસ પોતાની જગ્યાએથી ખસી જાય ત્યારે દરદીનાં માથું અને પોપચાં હાલી ન જાય એ રીતે એનું માથું અને ખાસ કરીને પોપચાં પકડી રાખીને, નાક તરફના આંખના ખૂણા સુધી વેલ વધી હોય તો દરદીને લમણા તરફના આંખના છેડા તરફ જોવડાવીને, જ્યાં કરચલી પડે ત્યાં આગળથી વેલને બડિશયંત્રથી બહુ દૂરથી નહિ એવી રીતે (બહુ પાસેથીયે નહિ તેમ બહુ આઘેથીયે નહિ એવી રીતે) પકડી રાખીને પછી મુચુંડીયંત્રથી કે સોયમાં પરોવેલા દોરાથી બધી બાજુથી વેલને ઉપાડવી (ઊંચી કરવી). એ રીતે ઊંચી કરેલી વેલને કનીનક પાસે આણીને વેલનો ચોથો ભાગ કનીનક બાજુએ બાકી રહે એ રીતે મંડલાગ્રશસ્ત્રથી કાપી કાઢવી. પણ વેલ કાપતાંકાપતાં નાક તરફના આંખના ખૂણાને તથા આંસુ વહેનારી નાડીઓને બચાવી લેવી (ઈજા ન પહોંચે તે સંભાળવું). નાક તરફના આંખના ખૂણામાં વાગી જવાથી (વીંધાવાથી) આંખમાં આંસુ ચાલુ રહે છે અને આંખમાં નાડીવ્રણ થાય છે. જો લમણા તરફના આંખના ખૂણા સુધી વેલ વધી હોય તો દરદી પાસે નાક તરફના આંખના ખૂણા તરફ જોવડાવીને ઉપરની બધી ક્રિયા કરવી.

सम्यक् छिन्नं मधुव्योषसैन्धवप्रतिसारितम्।
उष्णेन सर्पिषा सिक्तमभ्यक्तं मधुसर्पिषा ॥२०॥
बध्नीयात्सेचयेन्मुक्त्वा तृतीयादिदिनेषु च।
करञ्जबीजसिद्धेन क्षीरेण क्वथितैस्तथा ॥२१॥
सक्षौद्रैर्द्विनिशारोध्रपटोलीयष्टिकिंशुकैः।
कुरण्टमुकुलोपेतैर्मुञ्चेदेवाह्नि सप्तमे ॥२२॥

બરાબર કપાયા પછી મધ, ત્રિકટુ અને સિંધવવડે પ્રતિસારણ કરવું, પછી ઊનું ઘી રેડવું (કે, ટીપાં પાડવાં), પછી મધ અને ઘી ચોપડવાં અને પછી પાટો બાંધવો. ત્રીજા દિવસથી રોજ પાટો છોડીને કણજીના બીજથી સિદ્ધ કરેલાં ઘીનાં ટીપાં પાડવાં (ધાર કરવી) તથા હળદર, દારુહળદર, લોધર, પટોળ, જેઠીમધ, કેસુડાં તથા કાંટાશેળિયાની કળી એ સાત વાનાંના ક્વાથમાં મધ નાખીને એ ક્વાથ રેડવો (અને પછી પાછો રોજ પાટો બાંધી દેવો). સાતમે દિવસે પાટો તદ્દન છોડી નાખવો.

सम्यक् छिन्ने भवेत्स्वास्थ्यं
हीनातिच्छेदजान् गदान्।
सेकाञ्जनप्रभृतिभिर्जयेल्लेखनबृंहणैः ॥२३॥

વેલ બરાબર કપાઈ હોય તો આરોગ્ય રહે છે. જોઈએ તે કરતાં તે ઓછી કે વધારે વેલ કપાવાથી થતા રોગોને લેખન અને બૃંહણ કરે એવા સેક, અંજન વગેરેથી મટાડવા.

કફથી થયેલાં તિમિર, પિલ્લ, ફૂલું વગેરે મટાડે એવું અંજન

सितामनःशिलैलेयलवणोत्तमनागरम्।

अर्धकर्षोन्मितं तार्क्ष्यं पलार्धं च मधुद्रुतम् ॥२४
अञ्जनं श्लेष्मतिमिरपिल्लशुक्रार्मशेषजित् ।

સાકર, મણશીલ, ચણકખાખ, સિંધવ અને સૂંઠ એ દરેક વસ્તુ અડધો કર્ષ તથા રસાંજન અડધો પલ લઈને એના વસ્ત્રગાળ ચૂર્ણને મધમાં કાલવીને આંજવાથી કફથી થયેલાં તિમિર, પિલ્લ, ફૂલું અને બાકી રહી ગયેલી વેલ મટે છે.

ત્રણ ઉત્તમ લેખન અંજનો

त्रिफलैकतमद्रव्यत्वचं पानीयकल्किताम् ॥ २५ ॥
शरावपिहितां दग्ध्वा कपाले चूर्णयेत्ततः ।
पृथक् शेषौषधरसैः पृथगेव च भाविता ॥ २६ ॥
सा मषी शोषिता पेष्या भूयो द्विलवणान्विता ।
त्रीण्येतान्यञ्जनान्याह लेखनानि परं निमिः ॥२७

ત્રિફળા(હરડે, બહેડાં અને આંબળાં)માંથી ગમે તે એક દ્રવ્યની છાલનો પાણી વડે કલ્ક કરીને એને ઠીબમાં મૂકીને એના ઉપર ઢાંકણું ઢાંકીને એને બાળીને એનું ચૂર્ણ કરવું. પછી ત્રિફળામાંના જે દ્રવ્યની છાલ બાળવા માટે લીધી હોય તે સિવાયનાં બાકીનાં બે દ્રવ્યના સ્વરસમાં પેલી મષી(બાળેલા ઔષધના ચૂર્ણ)ને જુદીજુદી ભાવના દઈને (પહેલાં એક દ્રવ્યના રસમાં, પછી બીજા દ્રવ્યના રસમા ભાવના દઈને, બંને દ્રવ્યના રસ ભેગા કરીને નહિ) એ મષીને સૂકવીને એમાં સિંધવ અને સંચળ નાખીને લસોટવી. નિમિ કહે છે કે આ ત્રણ ઉત્તમ લેખન અંજનો છે. (૧. હરડેની છાલની મષી, બહેડાં અને આમળાના રસની ભાવના; ૨. બહેડાંના છાલની મષી, હરડે અને આંબળાંના રસની ભાવના; ૩. આંબળાંની છાલની મષી, હરડે અને બહેડાંના રસની ભાવના. આ રીતે ત્રણ અંજન બને છે. ત્રણેમાં કહ્યા પ્રમાણે સિંધવ અને સંચળ નાખવાં.)

સિરાજાલ અને પિટિકાનો ઉપાય

सिराजाले सिरा यास्तु कठिना लेखनौषधैः ।
न सिध्यन्त्यर्मवत्तासां
　　　पिटिकानां च साधनम् ॥२८॥

પણ સિરાજાલમા જે કઠણ સિરાઓ લેખન ઔષધથી મટે નહિ તેનો તથા પિટિકાઓનો અર્મના જેવો ઉપાય કરવો.

ફૂલાના ઉપાય

दोषानुरोधाच्छुक्रेषु स्निग्धरूक्षा वरा घृतम् ।
तिक्तमूर्ध्वमसृक्स्रावो रेकसेकादि चेष्यते ॥ २९ ॥

ફૂલાના રોગોમાં જે દોષનો પ્રકોપ થયો હોય તેને હિસાબે સ્નિગ્ધ કે લૂખી ત્રિફળા, તિક્ત ઘી, ઊંચેથી (આંખમાંથી) લોહી કઢાવવું અને વિરેચન, દવાનાં ટીપાં પાડવાં (+મુખાક્ષેપ, નસ્ય, તર્પણ, પુટપાક) વગેરે ઇચ્છાય છે (ફાયદો કરે છે).

ક્ષતશુક્રનો ઉપાય

त्रिस्त्रिवृद्धारिणा पक्वं क्षतशुक्रे घृतं पिबेत् ।
सिरयाऽनु हरेद्रक्तं जलौकोभिश्च लोचनात् ॥३०
सिद्धेनोत्पलकाकोलीद्राक्षायष्टिविदारिभिः ।
ससितेनाजपयसा सेचनं सलिलेन वा ॥ ३१ ॥
रागाश्रुवेदनाशान्तौ परं लेखनमञ्जनम् ।

નસોતરના ક્વાથમાં ત્રણ વાર પકવેલું ઘી ક્ષતશુક્રરોગમાં પીવું. પછી શિરા (ફસ) ખોલાવીને લોહી કઢાવવું તથા જળો મુકાવીને આંખમાંથી લોહી કઢાવવું. પછી કાળું કમળ, કાકોલી, કાળી દ્રાક્ષ, જેઠીમધ અને ભોંયકોળું એ પાંચ દ્રવ્યોથી સિદ્ધ કરેલા બકરીના દૂધમાં સાકર નાખીને એ દૂધ રેડવું અથવા ઉપર કહેલી પાંચ વસ્તુઓથી સિદ્ધ કરેલું પાણી રેડવું. રતાશ, આસુ અને પીડા મટી જાય પછી લેખન અંજન વાપરવાથી ફાયદો થાય છે.

વર્તિ

वर्तयो जातिमुकुललाक्षागैरिकचन्दनैः ॥ ३२ ॥
प्रसादयन्ति पित्तास्रं घ्नन्ति च क्षतशुक्रकम् ।

જાઈનાં ફૂલની કળીઓ, લાખ, સોનાગેરુ અને સુખડ એ ચારની શોગટી (આંજવાથી) રક્તપિત્તને નિર્મળ બનાવે છે અને ક્ષતશુક્રને મટાડે છે.

દંતવર્તિ

दन्तैर्दन्तिवराहोष्ट्रगवाश्वाजखरोद्भवैः ॥ ३३ ॥
सशङ्खमौक्तिकाम्भोधिफेनैर्मरिचपादिकैः ।

क्षतशुक्रमपि व्यापि दन्तवर्तिर्निवर्तयेत् ॥ ३४ ॥

હાથી, ભૂંડ, ઊંટ, ગાય, ઘોડો, બકરી, ગધેડુ એ સાત પ્રાણીના દાંત અને શંખ, મોતી અને સમુદ્રફીણ એ દસ વસ્તુઓનું ચૂર્ણ અને એ ચૂર્ણના કુલ વજનથી ચોથા ભાગનાં કાળાં મરીનું ચૂર્ણ એ બધાંની બનાવેલી શોગટીને દંતવર્તિ કહે છે. એ દંતવર્તિ (ઓરસિયા પર ઘસીને આંખમાં આંજવાથી) પ્રસરી ગયેલું ક્ષતશુક્ર પણ મટાડે છે.

બધાં ફૂલાંનો ઉપાય

तमालपत्रं गोदन्तशङ्खफेनोऽस्थि गार्दभम् ।
ताम्रं च वर्तिर्मूत्रेण सर्वशुक्रकनाशिनी ॥ ३५ ॥

તમાલપત્ર, ગાયના દાંત, શંખ, સમુદ્રફીણ, ગધેડાનું હાડકું અને તાંબું–એ છ વાનાંની ગાયના મૂત્ર વડે બનાવેલી શોગટી (ઓરસિયા પર ઘસીને આંજવાથી) બધાં ફૂલાંનો નાશ કરે છે.

रत्नानि दन्ताः शृङ्गाणि धातवस्त्र्यूषणं त्रुटिः ।
करञ्जबीजं लशुनो व्रणसादि च भेषजम् ॥ ३६ ॥
सव्रणाव्रणगम्भीरत्वक्स्थशुक्रघ्नमञ्जनम् ।

(મોતી વગેરે) રત્નો, (હાથી વગેરેના) દાંત (શ્લોક ૩૩), (બકરી વગેરેનાં) શીંગડાં, (ગેરુ વગેરે) ધાતુઓ, ત્રિકટુ, નાની એલચી, કણજીનાં બી, લસણ અને વ્રણનો સાદ કરનારાં ઔષધ-એટલાં વાનાંનું અંજન (એટલાં વાનાંના ચૂર્ણની શોગટી ઓરસિયા પર ઘસીને આંજવાથી) વ્રણવાળા, વ્રણ વિનાના, ઊંડા અને ચામડી પર થયેલા ફૂલાને મટાડે છે.

(વ્રણ ઊંડો–ખાડાવાળો હોય તો વ્રણને અંકુર આણીને ઊંચો લાવે અને વ્રણ ચામડી કરતાં ઊંચો ઊપસી આવેલો હોય તો એને નીચો બનાવી ચામડીની સપાટી સુધી લાવી દે એવાં ઔષધો અનુક્રમે ઉત્સાદી અને અવસાદી ઔષધ કહેવાય છે. વ્રણસાદી ઔષધમાં આ બંને પ્રકારનાં ઔષધોનો સમાવેશ થાય છે. એમાંથી જે પ્રકારના ઔષધની જરૂર હોય તે લેવું. ઉત્સાદી અને અવસાદી ઔષધ માટે જુઓ ઉ. ૨૫/૪૬થી ૪૮.)

ખાડાવાળા ફૂલાનો ઉપાય

निम्नमुन्नमयेत्स्नेहपाननस्यरसाञ्जनैः ॥ ३७ ॥
सरुजं नीरुजं तृप्तिपुटपाकेन शुक्रकम् ।

ખાડાવાળા, પીડાવાળા ફૂલાને સ્નેહ પિવડાવીને, નસ્ય આપીને અને રસાંજન વડે ઊંચું આણવું અને ખાડાવાળા પીડા વિનાના ફૂલાને તર્પણપુટપાકથી (સૂ. અ. ૨૪) ઊંચું આણવું.

શુદ્ધશુક્રનો ઉપાય

शुद्धशुक्रे निशायष्टीसारिवाशाबराम्भसा ॥३८॥
सेचनं रोध्रपोटल्या कोष्णाम्भोमग्नयाऽथवा ।

શુદ્ધશુક્રરોગમાં હળદર, જેઠીમધ, સારિવા અને ધોળો લોધર એ ચાર વાનાંના ક્વાથનાં ટીપાં પાડવાં અથવા લોધરના ચૂર્ણની પોટલી બાંધીને એને સહેજ ગરમ પાણીમાં ડુબાડી રાખીને એ પોટલી વડે (પોટલી દબાવીને) ટીપાં પાડવાં.

મહાનીલા ગોળી

बृहतीमूलयष्ट्याह्वताम्रसैन्धवनागरैः ॥ ३९ ॥
धात्रीफलाम्बुना पिष्टैर्लेपितं ताम्रभाजनम् ।
यवाज्यामलकीपत्रैर्बहुशो धूपयेत्ततः ॥ ४० ॥
तत्र कुर्वीत गुटिकास्ता जलक्षौद्रपेषिताः ।
महानीला इति ख्याताः शुद्धशुक्रहराः परम् ॥४१

ભોંરિંગણીનાં મૂળ, જેઠીમધ, તાંબું, સિંધવ અને સૂંઠ એ પાંચ વસ્તુઓના ચૂર્ણને આમળાંના રસ (કે, ક્વાથ) સાથે લસોટીને એ તાંબાના વાસણમાં ચોપડવું. પછી એ વાસણને (વાસણના ચોપડેલા ભાગને) જવ તથા આમળાંનાં પાંદડાં વડે વારંવાર ધૂપ દેવો. પછી એમાં (તાંબાના વાસણમાં) પાણી અને મધ નાખીને લસોટીને બનાવેલી ગોળીઓ મહાનીલા નામે ઓળખાય છે. શુદ્ધશુક્ર મટાડનારું એ ઉત્તમ ઔષધ (અંજન) છે.

સ્થિર અને ઘન ફૂલાનો ઉપાય

स्थिरे शुक्रे घने चास्य बहुशोऽपहरेदसृक् ।
शिरःकायविरेकांश्च पुटपाकांश्च भूरिशः ॥ ४२ ॥

સ્થિર ફૂલામાં અને ઘન (ઘટ્ટ) ફૂલામાં અનેકવાર એનું (દરદીનું) લોહી કાઢવું, તથા

માથાના રેચ (નસ્ય), અને શરીરના રેચ (જુલાબ) વારંવાર આપવા તથા વારંવાર પુટપાક (સૂ. અ. ૨૪) કરવા.

શુદ્ધશુક્રના ઉપાય (ચાલુ)

कुर्यान्मरिचवैदेहीशिरीषफलसैन्धवैः ।
हर्षणं त्रिफलाक्वाथपीतेन लवणेन वा ॥४३॥

મરી, પીપર, સરસડાનાં ફળ (સરસડાનાં ખી) અને સિંધવ એ ચાર વાનાંનું ભેગું ચૂર્ણ આંજીને અથવા ત્રિફળાના ક્વાથની ભાવના દીધેલો સિંધવ આંજીને આંખને ઊભરાવવી (અં. ઇરિટેશન કરવું).

कुर्याद्ञ्जनयोगौ वा श्लोकार्धगदिताविमौ ।
शङ्खकोलास्थिकतकद्राक्षामधुकमाक्षिकैः ॥४४॥
सुरादन्तार्णवमलैः शिरीषकुसुमान्वितैः ।

અથવા (આખ ઊભરાવવા માટે) આ (નીચે) અડધા અડધા શ્લોકમાં કહેલા અંજનના બે યોગ કરવા: (૧) શંખ, બોરનો ઠળિયો, નિર્મળી, કાળી દ્રાક્ષ અને જેઠીમધ એટલી વસ્તુઓના વસ્ત્રગાળ ચૂર્ણને મધમાં કાલવીને આંજવું, તથા (૨) હાથી વગેરેના દાત (શ્લોક ૩૩), સમુદ્રફીણ, સરસડાનુ ફૂલ એ ત્રણના ચૂર્ણને સુરા સાથે લસોટીને આંજવું.

धात्रीफणिज्जकरसे क्षारो लाङ्गलिकोद्भवः ॥४५॥
उषितः शोषितश्चूर्णः शुक्रहर्षणमञ्जनम् ।

આમળાના અને ફણિજજકના સ્વરસમાં ભાવના દીધેલા લાગલિકાના ક્ષારને સૂકવીને કરેલું ચૂર્ણ એ ફૂલાને ઊભરાવનાર અંજન છે.

मुद्गा वा निस्तुषाः पिष्टाः शङ्खक्षौद्रसमायुताः ४६
सारो मधूकान्मधुमान्
मज्जा वाऽक्षात्समाक्षिका ।

૧. શંખનું ચૂર્ણ ભેળવેલા અને મધમાં કાલવેલા છોડાં વિનાના દળેલા મગ; ૨. મધમાં કાલવેલો મહુડાના લાકડાનો સાર; અથવા ૩. મધમાં કાલવેલું બહેડાની મીંજનું ચૂર્ણ-(એ ત્રણ ફૂલાને ઊભરાવનારાં અંજન છે.)

ઊભરાઈ આવેલા ફૂલાનો નાશ કરે એવું અંજન

गोखराश्वोष्ट्रदशनाः शङ्खः फेनः समुद्रजः ॥४७॥
वर्तिरर्जुनतोयेन हृष्टशुक्रकनाशिनी ।

ગાય, ગધેડું, ઘોડો અને ઊંટ એ ચાર પ્રાણીઓના દાત, શંખ અને સમુદ્રફીણના વસ્ત્રગાળ ચૂર્ણમાં સાદડનો સ્વરસ (કે, ક્વાથ) નાખીને વાળેલી શોગટી (આંજવાથી) ઊભરાઈ આવેલા ફૂલાનો નાશ કરે છે.

उत्सन्नं वा सशल्यं वा शुक्रं बालादिभिर्लिखेत् ॥

ઊંચા આવેલા કે શલ્યવાળા ફૂલાને વાળ (+સાગનું પાંદડું) વગેરેથી ખોતરી કાઢવું.

સિરાશુક્રના ઉપાય

सिराशुक्रे त्वदृग्घ्ने चिकित्सा व्रणशुक्रवत् ।

દૃષ્ટિને હણે નહિ એવા સિરાશુક્રમાં વ્રણ-શુક્ર જેવા ઉપાય કરવા.

पुण्ड्र्यष्ट्याह्वकाकोलीसिंहीलोहनिशाञ्जनम् ॥४९
कल्कितं छागदुग्धेन सघृतैर्धूपितं यवैः ।
धात्रीपत्रैश्च पर्यायाद्वर्तिरत्राञ्जनं परम् ॥५०॥

આમાં (સિરાશુક્રરોગમાં) ધોળું કમળ (પદ્મકાષ્ઠ), જેઠીમધ, કાકોલી, ભોરિંગણી, લોખંડનો વરખ, હળદર, રસાજન એ સાત વસ્તુઓનો બકરીના દૂધમાં કલ્ક કરીને એને ઘીવાળા જવથી અને આમળાના પાદડાથી વારાફરતી ધૂપ દઈને કરેલી શોગટી એ ઉત્તમ અંજન છે.

સિરાશુક્ર અને અજકામાં શસ્ત્રક્રિયા

अशान्तावर्मवच्छस्त्रमजकाख्ये च योजयेत् ।

એ રીતે જો સિરાશુક્ર ન મટે તો શસ્ત્ર વાપરવું અને અજકારોગમાં શસ્ત્ર વાપરવું.

अजकायामसाध्यायां शुक्रेऽन्यत्र च तद्विधे ॥५१
वेदनोपशमं स्नेहपानासृक्स्रावणादिभिः ।
कुर्याद्बीभत्सतां जेतुं शुक्रस्योत्सेधसाधनम् ॥५२

અસાધ્ય અજકારોગમાં અને એવા જ (અસાધ્ય) બીજા ફૂલાના રોગમાં સ્નેહ પાઈને, લોહી કઢાવીને વગેરે ક્રિયાઓથી પીડા મટાડવી અને ફૂલાનો ચીતરી ચઢે એવો (કદરૂપા બનાવે એવો) દેખાવ મટાડવાને ઉત્સેધ મટાડવાનો ઉપાય કરવો.

સાધ્ય અને અસાધ્ય ફૂલા માટે અંજન

नालिकेरास्थिभल्लाततालवंशकरीरजम् ।

भस्माद्भिः स्रावयेत्ताभिर्भावयेत्करभास्थिजम् ॥
चूर्णं शुक्रेष्वसाध्येषु तद्वैवर्ण्यघ्नमञ्जनम् ।
साध्येषु साधनायालमिदमेव च शीलितम् ॥५४

નાળિયેરનું કાચલું, ભિલામો, હરતાલ, વાંસના અંકુર એ ચારની ભસ્મનું (સૂ. અ. ૩૦ માં કહેલી વિધિથી) પાણી સાથે સ્રાવણ (ગાલન) કરવું. એ પાણીથી હાથીનાં હાડકાંના ચૂર્ણને (સાતઆઠ વાર) ભાવના દઈને એ ચૂર્ણ અસાધ્ય ફૂલાંના રોગમાં આંજવામાં આવે તો એનો (ફૂલાંનો) વિચિત્ર રંગ મટી જાય છે (રંગ સુધરી જાય છે તેથી માણસની આંખ બિહામણી દેખાતી નથી) અને એ જ ચૂર્ણ એ સાધ્ય ફૂલાંના રોગમાં રોજ આંજવામાં આવે તો તે સાધ્ય ફૂલાંને મટાડી શકે છે.

અજકાનો ઉપાય

अजकां पार्श्वतो विध्वा
सूच्या विस्राव्य चोदकम् ।
समं प्रपीड्याङ्गुष्ठेन वसार्द्रेणानु पूरयेत् ॥५५॥
व्रणं गोमांसचूर्णेन बद्धं बद्धं विमुच्य च ।
सप्तरात्राद् व्रणे रूढे कृष्णभागे समे स्थिरे ॥५६
स्नेहाञ्जनं च कर्तव्यं नस्यं च क्षीरसर्पिषा ।
तथाऽपि पुनराध्माने भेदच्छेदादिकां क्रियाम् ॥
युक्त्या कुर्याद्यथा नातिच्छेदेन स्यान्निमज्जनम् ।

અજકાને સોય વડે બાજુમાંથી (ઉપરથી નહિ) વીંધીને અને હાથના અંગૂઠા વડે સરખું દબાણ આવે એ રીતે દબાવીને પાણી કાઢી નાખીને પછી ગાયના માંસના ચૂર્ણમાં વસા નાખીને એ માંસના ચૂર્ણને ભીનું બનાવીને એ ચૂર્ણ વડે ઘા ભરી દેવો. અને પછી પાટો બાંધીને બીજે દિવસે છોડીને પાછું ઘામાં વસાવાળું ગાયના માંસનું ચૂર્ણ ભરીને પાટો બાંધવો (એમ સાત રાત(દિવસ) સુધી કરવું). પછી સાત દિવસે જ્યારે વ્રણ રૂઝાઈ જાય અને કાળો ભાગ સમ અને સ્થિર થાય, ત્યારે હમેશને માટે પાટો છોડીને સ્નેહાંજન આંજવું અને દૂધઘીનું નસ્ય આપવું. આટલું કરવા છતાં પણ જો અજકા ફૂલી ફરી ઊપડી આવે તો ફોડવાની, કાપવાની વગેરે ક્રિયા એવી યુક્તિ(કળ)થી કરવી કે ખહુ કપાવાથી (દૃષ્ટિમાં) ખાડો પડી ન જાય.

ફૂલાં માટે ઘી

नित्यं च शुक्रेषु घृतं यथास्वं
पाने च मर्शे च घृतं विदध्यात् ।
न हीयते लब्धबला तथाऽन्त-
स्तीक्ष्णाञ्जनैर्दृक् सततं प्रयुक्तैः ॥५८॥

જે દોષ કોપ્યો હોય તે દોષને મટાડે એવાં ઔષધ વડે સિદ્ધ કરેલું ઘી ફૂલાંના રોગમાં રોજ પીવા માટે અને મર્શ નસ્ય તરીકે વાપરવું કે જેથી એ રીતે (સિદ્ધ ઘીના પાન અને મર્શથી) બળવાન બનેલી દૃષ્ટિને રોજ રોજ અંદર આંજવામાં આવતાં તીક્ષ્ણ અંજનોને લીધે નુકસાન ન થાય.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने सन्धिसितासितरोग-
प्रतिषेधो नामैकादशोऽध्यायः ॥ ११ ॥

અધ્યાય ૧૨ મો-દૃષ્ટિના રોગોનું જ્ઞાન

अथातो दृष्टिरोगविज्ञानीयमध्यायं
व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે દૃષ્ટિના રોગોનું જ્ઞાન થવા માટે ઉપયોગી અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

તિમિરરોગ

सिरानुसारिणि मले प्रथमं पटलं श्रिते ।
अव्यक्तमीक्षते रूपं व्यक्तमप्यनिमित्ततः ॥ १ ॥

જ્યારે (કોઠામાંથી) આંખની શિરાઓ દ્વારા (દૃષ્ટિને) અનુસરતો દોષ (દૃષ્ટિના ચાર પડમાંથી) પહેલા (=બહારના, ઉપરના) પડનો આશ્રય કરીને રહે છે, ત્યારે રૂપ (=આકાર અને રંગવાળું દ્રવ્ય) ઝાંખું દેખાય છે અને (કોઈકવાર) કંઈ પણ કારણ વિના રૂપ સ્પષ્ટ પણ દેખાય છે. (આ તિમિરરોગ છે. આંખે ઝાંખ પડવાના રોગને તિમિરરોગ કહે છે.)

प्राप्ते द्वितीयं पटलमभूतमपि पश्यति ।
भूतं तु यत्नादासन्नं दूरे सूक्ष्मं च नेक्षते ॥ २ ॥

दूरान्तिकस्थं रूपं च विपर्यासेन मन्यते।
दोषे मण्डलसंस्थाने मण्डलानीव पश्यति ॥ ३ ॥
द्विधैकं दृष्टिमध्यस्थे बहुधा बहुधास्थिते।
दृष्टेरभ्यन्तरगते ह्रस्ववृद्धविपर्ययम् ॥४॥
नान्तिकस्थमधःसंस्थे दूरगं नोपरि स्थिते।
पार्श्वे पश्येन्नपार्श्वस्थे तिमिराख्योऽयमामयः ॥५॥

જો દોષ બીજા પડમાં પહોંચે તો જે વસ્તુ હોય જ નહિ તે વસ્તુ પણ દેખાય છે અને જે વસ્તુ હોય તે જો પાસે હોય તો મહામહેનને દેખાય છે, દૂર દેખાતું નથી, ઝીણી વસ્તુ દેખાતી નથી, દૂરની વસ્તુ પાસે અને પાસેની વસ્તુ દૂર હોય એવું દરદી માને છે. દોષ જો ગોળાકાર હોય તો (બધે) ગોળાકાર જેવું દેખાય છે. જો દોષ દૃષ્ટિની વચમાં રહ્યો હોય તો એક વસ્તુ બે દેખાય છે. જો દોષ અનેક ભાગમાં વહેંચાઈને રહ્યો હોય તો એક વસ્તુ અનેક દેખાય (એક ઘડાને દરદી જોતો હોય છતાં એક ઘડો એને અનેક ઘડારૂપ દેખાય છે). જો દૃષ્ટિની અંદર દોષ ગયો હોય તો લાંબું હોય તે ટૂંકું અને ટૂંકું હોય તે લાંબું દેખાય છે. દોષ નીચે હોય તો પાસે પડેલી વસ્તુ દેખાતી નથી. દોષ ઉપરની બાજુએ હોય તો દૂરની વસ્તુ દેખાતી નથી. દોષ (દૃષ્ટિની) એક બાજુએ રહેલો હોય તો બાજુએ (=જમણી કે ડાબી બાજુએ) દેખાતું નથી. આ તિમિર નામનો રોગ છે.

કાચરોગ

प्राप्नोति काचतां दोषे तृतीयपटलाश्रिते।
तेनोर्ध्वमीक्षते नाधस्तनु चैलावृतोपमम् ॥ ६ ॥
यथावर्णं च रज्येत दृष्टिर्हीयेत च क्रमात्।

જ્યારે દોષ (દૃષ્ટિના) ત્રીજા પડમાં આવે છે, ત્યારે તિમિરરોગ કાચપણાને પામે છે (તિમિરરોગને કાચરોગ કહે છે). તેને લીધે (કાચરોગને લીધે) માણસ ઊંચે જોઈ શકે છે પણ નીચે જોઈ શકતો નથી અને ઊંચેની વસ્તુ પણ એના ઉપર ઝીણું વસ્ત્ર ઓઢાડ્યું હોય એવી દેખાય છે. જે દોષથી કાચરોગ થયો હોય તે દોષના રંગે દૃષ્ટિ રંગાય છે અને ક્રમેક્રમે દૃષ્ટિની શક્તિ ઓછી થતી જાય છે.

લિંગનાશ (મોતિયો)

तथाऽप्युपेक्षमाणस्य चतुर्थं पटलं गतः ॥ ७ ॥
लिङ्गनाशं मलः कुर्वन् छादयेद्दृष्टिमण्डलम्।

એમ છતાં પણ બેદરકાર રહેનારનો (યોગ્ય ઉપાય ન કરનારનો) દોષ ચોથા પડમાં જઈને અંધાપો આણે છે અને દૃષ્ટિના મંડળને છાઈ દે છે.

વાયુના તિમિર, કાચ અને લિંગનાશનાં લક્ષણ

तत्र वातेन तिमिरे व्याविद्धमिव पश्यति ॥ ८ ॥
चलाविलारुणाभासं प्रसन्नं चेक्षते मुहुः।
जालानि केशान् मशकान्
रश्मींश्चोपेक्षितेऽत्र च ॥ ९ ॥
काचीभूते दृगरुणा पश्यत्यास्यमनासिकम्।
चन्द्रदीपाद्यनेकत्वं वक्रमृज्वपि मन्यते ॥ १० ॥
वृद्धः काचो दृशं कुर्याद्रजोधूमावृतामिव।
स्पष्टारुणाभां विस्तीर्णां सूक्ष्मां वा हतदर्शनाम् ॥
स लिङ्गनाशो

(ઉપર તિમિરરોગ, કાચરોગ અને લિંગનાશનાં સામાન્ય લક્ષણ કહ્યાં. હવે કારણરૂપ દોષના હિસાબે વિશેષ લક્ષણ કહે છે.)

તેમા વાયુથી થયેલા તિમિરરોગમાં દરદીને વાંકુંચૂંકું (કે કાણાંકાણાંવાળું) દેખાય છે, અસ્થિર (હાલતું, ફરતું), ધૂમાયલું હોય એવુ અને આછા લાલ રંગનું હોય એવું દેખાય છે અને ફરીફરીને (=જ્યારે આંખ પાછી ઠેકાણે આવે ત્યારે) જેવુ હોય તેવુ દેખાય છે. એને વારવાર જાળા, વાળ, મચ્છર અને કિરણો દેખાય છે. આના (વાતતિમિરના) યોગ્ય ઉપાય ન થાય તેથી એમાંથી થઈ જતા (વાયુના) કાચરોગમાં દૃષ્ટિ આછી લાલ બની જાય છે, દરદીને મોં નાકવિનાનું દેખાય છે; ચંદ્ર, દીવો વગેરે (એક હોય તોપણ) અનેક દેખાય છે અને સીધુ હોય તે પણ વાંકું દેખાય છે. આ વાયુથી થનો કાચરોગ વધે (બગડે) ત્યારે દૃષ્ટિ જાણે ધૂળ અને ધુમાડાથી છવાઈ ગઈ હોય એવી થઈ જાય છે, દૃષ્ટિ સ્પષ્ટ આછા લાલ રંગની થઈ જાય છે, દૃષ્ટિ (કીકી) કોઈ

વાર પહોળી કે કોઈવાર સાંકડી થઈ જાય છે અને એની જોવાની શક્તિ ચાલી જાય છે. આ લિંગનાશ (મોતિયો) રોગ છે.

ગંભીરા

वाते तु सङ्कोचयति दृक्सिराः ।
दृग्मण्डलं विशत्यन्तर्गम्भीरा दृगसौ स्मृता ॥१२

જ્યારે વાયુ દૃષ્ટિની શિરાઓને સંકોચી નાખે છે, ત્યારે દૃષ્ટિનું પટલ (અ. રેટિના) અંદર પેસી જાય છે (નીચું ઊતરી જાય છે). એને આયુર્વેદમાં ગંભીરા દૃષ્ટિ કહે છે.

પિત્તના તિમિર અને કાચનાં લક્ષણ

पित्तजे तिमिरे विद्युत्खद्योतद्योतदीपितम् ।
शिखितित्तिरिपत्राभं प्रायो नीलं च पश्यति ॥१३
काचे दृक् काचनीलाभा तादृगेव च पश्यति ।
अर्केन्दुपरिवेषाग्निमरीचीन्द्रधनूंषि च ॥ १४ ॥

પિત્તથી થતા તિમિરરોગમાં વીજળી અને પતંગિયાના પ્રકાશથી પ્રકાશિત થયેલું હોય એવું, મોર અને તેતરની પાંખ જેવુ (ચાંલ્લા વાળું અને સામાન્ય રીતે નીલા રંગનું) દેખાય છે. પિત્તથી થતા કાચરોગમાં દૃષ્ટિ કાચનીલ જેવા રંગની થઈ જાય છે અને કાચનીલ જેવું જ દેખાય છે; વળી સૂર્ય અને ચંદ્રને ફરતું તેજનું કૂંડાળું દેખાય છે; દેવતાનાં કિરણો દેખાય છે અને મેઘધનુષ્ય દેખાય છે.

પિત્તના લિંગનાશનાં અને હ્રસ્વા દૃષ્ટિનાં લક્ષણ

भृङ्गनीला निरालोका दृक् स्निग्धा लिङ्गनाशतः ।
दृष्टिः पित्तेन ह्रस्वाख्या सा ह्रस्वा ह्रस्वदर्शिनी ॥

પિત્તથી થતા લિંગનાશને લીધે દૃષ્ટિ ભમરા જેવી નીલ, નિસ્તેજ અને સ્નિગ્ધ થાય છે. પિત્તને લીધે હ્રસ્વા નામે ઓળખાતી દૃષ્ટિ થાય છે. તે નાની અને એના વડે બધું નાનું દેખાય એવી હોય છે.

પિત્તવિદગ્ધા દૃષ્ટિનાં લક્ષણ

भवेत्पित्तविदग्धाख्या पीता पीताभदर्शना ।

પિત્તવિદગ્ધા નામે ઓળખાતી દૃષ્ટિ પીળી અને એના વડે બધું પીળું દેખાય એવી હોય છે.

કફના તિમિર, કાચ અને લિંગનાશનાં લક્ષણ

कफेन तिमिरे प्रायः स्निग्धं श्वेतं च पश्यति ॥१६॥
शङ्खेन्दुकुन्दकुसुमैः कुमुदैरिव चाचितम् ।
काचे तु निष्प्रभेन्द्वर्कप्रदीपाद्यैरिवाचितम् ॥ १७ ॥
सिताभा सा च दृष्टिः स्याल्लिङ्गनाशे तु लक्ष्यते ।
मूर्तः कफो दृष्टिगतः स्निग्धो दर्शननाशनः ॥१८॥
बिन्दुर्जलस्येव चलः पद्मिनीपुटसंस्थितः ।
उष्णे सङ्कोचमायाति छायायां परिसर्पति ॥१९॥
शङ्खकुन्देन्दुकुमुदस्फटिकोपमशुक्लिमा ।

કફથી થતા તિમિરરોગમાં સામાન્ય રીતે બધું સ્નિગ્ધ, ધોળું તથા શંખ, ચંદ્ર, ડોલરનાં ફૂલ અને પોયણાથી ભરેલું હોય એવું દેખાય છે. પણ કફથી થતા કાચરોગમાં પ્રભા વિનાના ચંદ્ર, સૂર્ય, દીવા વગેરેથી ભરેલું હોય એવું બધું દેખાય છે અને દૃષ્ટિ ધોળા રંગની થઇ જાય છે. કફથી થતા લિંગનાશમાં કઠણ (થીજી ગયેલો), જોવાની શક્તિનો નાશ કરે એવો, પાણીના ટીપા જેવો અસતો, કમળના છોડના પાંદડા જેવા આકારનો (કફ) દૃષ્ટિમાં દેખાય છે. તે (કફ) તડકામાં સંકોચાય છે અને છાંયડામાં પ્રસરે છે. એની ધોળાશ શંખ, ડોલર, ચંદ્ર, પોયણું અને સ્ફટિકના જેવી હોય છે.

લોહીથી થતા તિમિર, કાચ અને લિંગનાશનાં લક્ષણ

रक्तेन तिमिरे रक्तं तमोभूतं च पश्यति ॥ २० ॥
काचेन रक्ता कृष्णा वा दृष्टिस्तादृक् च पश्यति ।
लिङ्गनाशेऽपि तादृग् दृङ् निष्प्रभा हतदर्शना ॥२१

લોહીના પ્રકોપથી થતા તિમિરરોગમાં (દરદીને બધું) રાતું અને અંધારારૂપ દેખાય છે. લોહીના પ્રકોપથી થતા કાચરોગમાં દૃષ્ટિ રાતી કે કાળી થઈ જાય છે અને બધું એવું જ (રાતું કે કાળું) દેખાય છે. લોહીના પ્રકોપથી થયેલા લિંગનાશમાં પણ દૃષ્ટિ એવી જ (કાચરોગ જેવી), પ્રભા વિનાની અને જેની જોવાની શક્તિ હણાઈ ગઈ છે એવી હોય છે.

બે દોષના અને ત્રણે દોષના તિમિર વગેરે રોગ

संसर्गसन्निपातेषु विद्यात्सङ्कीर्णलक्षणान् ।
तिमिरादीनकस्माच्च तैः स्याद्व्यक्ताकुलेक्षणः॥२२
तिमिरे, शेषयोर्दृष्टौ चित्रो रागः प्रजायते ।

બે દોષના પ્રકોપથી અને ત્રણે દોષના પ્રકોપથી થતા તિમિર વગેરેમાં (તિમિર, કાચ અને લિંગનાશમાં) તે તે દોષના તિમિર, કાચ અને લિંગનાશનાં લક્ષણો ભેગાં થાય છે. એ તિમિરમાં (બે દોષના અને ત્રણે દોષના તિમિરમાં) કારણ વિના કોઈ વાર સ્પષ્ટ અને કોઈ વાર અસ્પષ્ટ (ગૂંચવાડાભરેલું) દેખાય છે અને બાકીના બેમાં (બે દોષના અને ત્રણ દોષના કાચરોગમાં અને લિંગનાશમાં) દૃષ્ટિમા જાતજાતની રતાશ ઉત્પન્ન થાય છે.

નકુલાંધ

द्योत्यते नकुलस्येव यस्य दृङ् निचिता मलैः॥२३
नकुलान्धः स तत्राह्नि चित्रं पश्यति नो निशि ।

જેની દોષોથી ભરેલી દૃષ્ટિ નોળિયાની દૃષ્ટિની માફક ચળકે છે તે નકુલાંધ છે. તેમાં (નકુલાંધ રોગમાં) દહાડે રંગબેરંગી દેખાય છે, રાતે નહિ.

દોષાંધ (રતાંધળાપણું)

अर्केऽस्तमस्तकन्यस्तगभस्तौ स्तम्भमागताः ॥२४॥
स्थगयन्ति दृशं दोषा दोषान्धः स गदोऽपरः ।

જ્યારે સૂર્ય અસ્તાચળ પર્વતની ટોચ ઉપર કિરણો મૂકે છે, ત્યારે (સૂર્યાસ્ત વખતે) સજડ થઈ ગયેલા દોષો દૃષ્ટિને છાઈ દે છે. એ દોષાંધ નામે બીજો રોગ છે.

રતાંધળો દહાડે કેમ જોઈ શકે છે?

दिवाकरकरस्पृष्टा भ्रष्टा दृष्टिपथान्मलाः ॥२५॥
विलीनलीना यच्छन्ति व्यक्तमत्राह्नि दर्शनम् ।

સૂર્યનાં કિરણોનો સ્પર્શ થવાથી દૃષ્ટિના માર્ગમાંથી ખસી ગયેલા, જેમનું લીન (=સોતોમાં ભરાવો) વિલીન થયુ છે (ઓગળીને નાશ પામ્યું છે) એવા દોષો દિવસે સ્પષ્ટરૂપે જોવા દે છે.

ઉષ્ણવિદગ્ધા દૃષ્ટિ

उष्णतप्तस्य सहसा शीतवारिनिमज्जनात् ॥२६॥
त्रिदोषरक्तसंपृक्तो यात्यूष्मोर्ध्वं ततोऽक्षिणि ।
दाहोषे मलिनं शुक्लमहन्याविलदर्शनम् ॥२७॥
रात्रावान्ध्यं च जायेत विदग्धोष्णेन सा स्मृता ॥

ગરમી (તાપ)થી તપી ગયેલો માણસ એકાએક ઠંડા પાણીમાં ડૂબકી મારે (કે ઠંડે પાણીએ નહાય) તેથી ત્રણ દોષ અને લોહી સાથે મળીને ગરમી ઊંચી ચઢે છે. તેથી (ગરમી ઊંચી ચઢવાથી) આંખમાં બળતરા અને ઊષા થાય છે, ધોળો ડોળો મેલો થાય છે, દિવસે મેલુ દેખાય છે અને રતાંધળાપણું થાય છે. એ દૃષ્ટિ ઉષ્ણવિદગ્ધા (ગરમીને લીધે વિદગ્ધ થયેલી) છે.

અમ્લવિદગ્ધા (વિદગ્ધામ્લા) દૃષ્ટિ

भृशमम्लाशनाद्दोषैः सास्रैर्या दृष्टिराचिता ॥२८
सक्लेदकण्डूकलुषा विदग्धाऽम्लेन सा स्मृता ।

બહુ ખાટું ખાવાપીવાને લીધે જે દૃષ્ટિ (કોપેલા) દોષો અને લોહી વડે ભરાઈ જાય છે, તે દૃષ્ટિ ખટાશને લીધે વિદગ્ધ (અમ્લવિદગ્ધા) કહેવાય છે.

ધૂમરરોગ

शोकज्वरशिरोरोगसन्तप्तस्यानिलादयः ॥ २९ ॥
धूमाविलां धूमदर्शां दृशं कुर्युः स धूमरः ।

શોક, તાવ અને માથાના રોગથી સંતાપ પામેલા માણસના વાયુ વગેરે દૃષ્ટિને ધુમાડાને લીધે મેલી હોય એવી અને બધું ધુમાડાને લીધે મેલું થયું હોય એવુ દેખાય એવી બનાવે છે. (ધૂમરરોગમાં દૃષ્ટિ પોતે ધુમાડાને લીધે મેલી હોય એવી મેલી હોય છે તથા બધું ધુમાડાને લીધે મેલું થયું હોય એવું દેખાય છે.)

ઔપસર્ગિક (આગંતુ) લિંગનાશ

सहसैवाल्पसत्त्वस्य पश्यतो रूपमद्भुतम् ॥३०॥
भास्वरं भास्करादि वा वाताद्या नयनाश्रिताः ।
कुर्वन्ति तेजः संशोष्य दृष्टिं मुषितदर्शनाम् ॥३१
वैडूर्यवर्णां स्तिमितां प्रकृतिस्थामिवाव्यथाम् ।
औपसर्गिक इत्येष लिङ्गनाशो

ઓછી હિંમતવાળો માણસ એકાએક (દેવ, ઋષિ, ગંધર્વ વગેરેનું) ચકિત થઈ જવાય એવું રૂપ જુએ કે આંજી નાખે એવા

સૂર્ય વગેરેને જુએ, ત્યારે તેના વાયુ વગેરે આંખમાં આવીને તેની આંખનું તેજ સૂકવી નાખીને દૃષ્ટિની જોવાની શક્તિ ચોરી લે છે, દૃષ્ટિને નીલમ જેવા રંગની (=નિર્મળ), સજડ, સ્વાભાવિક રીતે (=સાજા માણસને) જેવી હોવી જોઈએ તેવી અને પીડા વિનાની બનાવે છે. આ ઔપસર્ગિક (આગંતુ) લિંગનાશ છે.

સાધ્યાસાધ્ય

ऽत्र वर्जयेत् ॥ ३२ ॥
विना कफाल्लिङ्गनाशान् गम्भीरां ह्रस्वजामपि ।
षट् काचा नकुलान्धश्च
याप्याः, शेषांस्तु साधयेत् ॥३३॥
द्वादशेति गदा दृष्टौ निर्दिष्टाः सप्तविंशतिः ॥३३३॥

એમાં (દૃષ્ટિના ૨૭ રોગોમાં) કફ સિવાયના (પિત્તનો, વાયુનો, બે દોષનો, ત્રિદોષનો, લોહીનો અને ઔપસર્ગિક–એ ૭) લિંગનાશને, ગંભીરાને તથા હ્રસ્વજાને છોડી દેવાં (અસાધ્ય ગણવાં), છ કાચરોગ અને રતાંધળાપણું યાપ્ય છે અને બાકીના બાર મટી શકે એવા છે. આ પ્રમાણે દૃષ્ટિમાં ૨૭ રોગો કહ્યા છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने दृष्टिरोगविज्ञानीयो नाम द्वादशोऽध्यायः ॥ १२ ॥

અધ્યાય ૧૩ મો—તિમિરરોગના ઉપાય

अथातस्तिमिरप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે તિમિરરોગ(આંખે ઝાંખ પડવાના રોગ)ને મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

તિમિરરોગના તાબડતોબ ઉપાય કરવાનું કારણ

तिमिरं काचतां याति काचोऽप्यान्ध्यमुपेक्षया ।
नेत्ररोगेष्वतो घोरं तिमिरं साधयेद् द्रुतम् ॥१॥

તાબડતોબ યોગ્ય ઉપાય ન કરવાથી તિમિરરોગમાંથી કાચરોગ થઈ જાય છે અને કાચરોગમાંથી પણ અંધાપો આવી જાય છે; તેથી આંખના રોગોમાં ઘોર (દારુણ, ભયંકર) તિમિરરોગને તરત જ મટાડવો.

તિમિરરોગના સામાન્ય ઉપાય

(શ્લોક ૧॥ થી ૪૭)

तुलां पचेत जीवन्त्या द्रोणेऽपां पादशेषिते ।
तत्क्वाथे द्विगुणक्षीरं घृतप्रस्थं विपाचयेत् ॥२॥
प्रपौण्डरीककाकोलीपिप्पलीरोध्रसैन्धवैः ।
शताह्वामधुकद्राक्षासितादारुफलत्रयैः ॥ ३ ॥
कार्षिकैर्निशि तत्पीतं तिमिरापहरं परम् ।

પાણીના એક દ્રોણમાં ચારસો તોલા જીવંતી (ડોડી) ઉકાળતાંઉકાળતાં પા (૦।) ભાગનું પાણી બાકી રહે ત્યારે એ કવાથમાં ઘી કરતાં બમણા દૂધ સાથે અને કમળ, કાકોલી, પીપર, લોધર, સિંધવ, સુવા, જેઠીમધ, કાળી દ્રાક્ષ, સાકર, દેવદાર અને ત્રિફળા–એ દરેક વસ્તુ એક એક કર્ષ લઈને તેની લૂગદી સાથે પકવેલું એક પ્રસ્થ ઘી રોજ રાતે પીવામાં આવે, તો તે તિમિરરોગને મટાડનારું ઉત્તમ ઔષધ છે.

द्राक्षाचन्दनमञ्जिष्ठाकाकोलीद्वयजीवकैः ॥४॥
सिताशतावरीमेदापुण्ड्राह्वमधुकोत्पलैः ।
पचेज्जीर्णघृतप्रस्थं समक्षीरं पिचून्मितैः ॥५॥
हन्ति तत्काचतिमिररक्तराजीशिरोरुजः ।

કાળી દ્રાક્ષ, સુખડ, મજીઠ, કાકોલી, ક્ષીરકાકોલી, જીવક, સાકર, શતાવરી, મેદા, ધોળું કમળ, જેઠીમધ, કાળું કમળ–એટલી વસ્તુઓ દરેક એકેક કર્ષ લઈને તેમના કલ્ક સાથે તથા ઘી જેટલા જ દૂધ સાથે એક પ્રસ્થ ઘી પકવવું. એ ઘી (પીવાથી) કાચરોગ, તિમિરરોગ, રક્તરાજી રોગ અને માથાના રોગ મટે છે.

પટોલાદિ ઘી

पटोलनिम्बकटुकादार्वीसेव्यवरावृषम् ॥ ६ ॥
सधन्वयासत्रायन्तीपर्पटं पालिकं पृथक् ।
प्रस्थमामलकानां च क्वाथयेन्नल्वणेऽम्भसि ॥७॥
तदाढकेऽर्धपलिकैः पिष्टैः प्रस्थं घृतात्पचेत् ।
मुस्तभूनिम्बयष्ट्याह्वकुटजोदीच्यचन्दनैः ॥८॥
सपिप्पलीकैस्तत्सर्पिर्घ्राणकर्णास्यरोगजित् ।
विद्रधिज्वरदुष्टार्शोविसर्पापचिकुष्ठनुत ॥९॥

विशेषाच्छुक्रतिमिरनक्तान्ध्योष्णाम्लदाहहृत्।

પટોળ, લીમડો, કડુ, દારુહળદર, કાળો વાળો, ત્રિફળા, અરડૂસી, ધમાસો, ત્રાયમાણ, ધાસિયો પિત્તપાપડો—એટલી વસ્તુઓ દરેક એક-એક પલ લઈને તથા એક પ્રસ્થ આમળાં લઈને એ બધાંનો એક દ્રોણ પાણીમાં ક્વાથ કરવો. એ એક આઢક ક્વાથમાં મોથ, કરિયાતું, જેઠીમધ, ઇંદ્રજવ, કાળો વાળો, સુખડ, પીપર—એટલી વસ્તુઓ દરેક અડધો પલ લઈને કરેલા કલ્ક સાથે એક પ્રસ્થ ઘી પકવવું. એ ઘી (પીવાથી) નાક, કાન અને મોંના રોગને મટાડે છે; વિદ્રધિ (ગડ), તાવ, દુષ્ટ વ્રણ, રતવા, અપચી અને કુષ્ઠ મટાડે છે અને ખાસ કરીને શુક્ર (ફૂલું), તિમિરરોગ, રતાંધળાપણું, ઉષ્ણવિદગ્ધા (ઉ.૧૨/૨૬થી ૨૭½), અમ્લવિદગ્ધા (ઉ. ૧૨/૨૮, ૨૮½) અને (આંખનો) દાહ મટાડે છે.

ત્રિફળા ઘી

त्रिफलाष्टपलं क्वाथ्यं पादशेषं जलाढके ॥ १० ॥
तेन तुल्यपयस्केन त्रिफलापलकल्कवान्।
अर्धप्रस्थो घृतात्सिद्धः
सितया माक्षिकेण वा ॥ ११ ॥
युक्तं पिबेत्तत्तिमिरी तद्युक्तं वा वरारसम्।

આઠ પલ ત્રિફળાને એક આઢક પાણીમાં ઉકાળતાંઉકાળતાં ચોથા ભાગનું પાણી બાકી રહે એ રીતે ક્વાથ કરવો. એ ક્વાથમાં ક્વાથ જેટલું દૂધ અને એક પલ ત્રિફળાનો કલ્ક નાખીને એમાં અડધો પ્રસ્થ ઘી સિદ્ધ કરીને એ ઘી સાકર કે મધ સાથે તિમિર-રોગીએ પીવું અથવા તેની સાથે (એ ઘી સાથે) ત્રિફળાનો રસ (ક્વાથ) પીવો.

મહાત્રિફળા ઘી

यष्टीमधुद्राक्षाकोलीव्याघ्रीकृष्णामृतोत्पलैः ॥ १२
पालिकैः ससिताद्राक्षैर्घृतप्रस्थं पचेत्समैः।
अजाक्षीरवरावासामार्कवस्वरसैः पृथक् ॥ १३ ॥
महात्रैफलमित्येतत्परं दृष्टिविकारजित्।

જેઠીમધ, કાકોલી, ક્ષીરકાકોલી, ભોરીંગણી, પીપર, ગળો, કાળું કમળ, સાકર અને કાળી દ્રાક્ષ—એટલી વસ્તુઓ દરેક એકએક પલ લઈને એમના કલ્ક સાથે તથા બકરીનું દૂધ, ત્રિફળા, અરડૂસી, ભાંગરો—એ વસ્તુઓના દરેકના એકએક પ્રસ્થ સ્વરસ (કે ક્વાથ) સાથે એક પ્રસ્થ ઘી પકાવવું. આ મહાત્રૈફલ (મહાત્રિફલા ઘૃત) દૃષ્ટિના રોગોને મટાડનારું ઉત્તમ (પીવાનું) ઔષધ છે.

ગરુડ જેવી આંખ કરવાનો ઉપાય

त्रैफलेनाथ हविषा लिहानस्त्रिफलां निशि ॥ १४
यष्टीमधुकसंयुक्तां मधुना च परिप्लुताम्।
मासमेकं हिताहारः पिबन्नामलकोदकम् ॥ १५
सौपर्णं लभते चक्षुरित्याह भगवान्निमिः।

એક મહિના સુધી રોજ રાતે ત્રિફળા ઘૃત સાથે અને જેઠીમધ સાથે ત્રિફળા મધમાં કાલવીને ચાટનાર, હિત (પથ્ય) આહાર કરનાર અને આંબળાંનું પાણી (સ્વરસ, ક્વાથ કે હિમ) પીનાર માણસની આંખ ગરુડના જેવી થાય છે એવું ભગવાન નિમિ કહે છે.

તિમિરરોગના ઉપાય (ચાલુ)

ताप्यायोहेमयष्ट्याह्वसिताजीर्णाज्यमाक्षिकैः ॥ १६
संयोजिता यथाकामं तिमिरघ्नी वरा वरा।

સુવર્ણમાક્ષિક, લોઢું, સોનું, જેઠીમધ, સાકર, જૂનું ઘી અને મધ સાથે ઇચ્છા પ્રમાણે (આ વસ્તુઓમાંથી ગમે તે એક, બે કે વધારે વસ્તુઓ સાથે) મેળવીને આપેલી (=આંજેલી) ત્રિફળા તિમિરરોગ મટાડવામાં ઉત્તમ છે.

सघृतं वा वराक्वाथं शीलयेत्तिमिरामयी ॥ १७ ॥
अपूपसूपसक्तून् वा त्रिफलाचूर्णसंयुतान्।

અથવા તિમિરરોગવાળાએ રોજ ઘી નાખીને ત્રિફળાનો ક્વાથ પીવો અથવા ત્રિફળાનું ચૂર્ણ મેળવેલા રોટલા (રાટલી, ચોપડાં, ભાખરી વગેરે), દાળ અને સાથુ રોજ ખાવાંપીવાં.

पायसं वा वरायुक्तं शीतं समधुशर्करम् ॥ १८ ॥
प्रातर्भक्तस्य वा पूर्वमद्यात्पथ्यां पृथक् पृथक्।
मृद्वीकाशर्कराक्षौद्रैः सततं तिमिरातुर. ॥ १९ ॥

અથવા તિમિરરોગવાળાએ ત્રિફળા, મધ અને સાકર નાખીને દૂધપાક (કે ખીર) ખાવો અથવા રોજ સવારમાં કે જમતા પહેલાં કાળી

દ્રાક્ષ, સાકર અને મધ એ ત્રણમાંથી દરેક સાથે જુદીજુદી હરડે ખાવી.

ચૂર્ણાંજન

स्रोतोजांशाश्चतुःषष्टिं ताम्रायोरूप्यकाञ्चनैः ।
युक्तान् प्रत्येकमेकांशै-
रन्धमूषोदरस्थितान् ॥ २० ॥
ध्मापयित्वा समावृत्त ततस्तच्च निषेचयेत् ।
रसस्कन्धकषायेषु सप्तकृत्वः पृथक् पृथक् ॥ २१
वैडूर्यमुक्ताशङ्खानां त्रिभिर्भागैर्युत ततः ।
चूर्णाञ्जनं प्रयुञ्जीत तत्सर्वतिमिरापहम् ॥ २२ ॥

૬૪ ભાગ સ્રોતાંજન લેવું, એની સાથે તાંબું, લોઢું, ચાંદી અને સોનું એ દરેકનો એકએક ભાગ લેવો. એ પાંચે વસ્તુઓને મુસ(ધાતુ ગાળવાની કુલડી)માં મૂકીને કુલડીનું મોં બંધ કરી દેવું. પછી એને દેવતામાં ખૂબ તપાવવું. પછી એને લસોટીને બારીક ચૂર્ણ કરવું. એ ચૂર્ણને (સૂ. અ. ૧૦/૨૨થી ૩૨માં કહેલા) મધુર રસ વગેરે છ રસોના ગણુના જુદાજુદા ક્વાથો રેડીને સાતસાત વાર ઠંડું પાડવું. (પાંચ વસ્તુઓના તપેલા ચૂર્ણ ઉપર મધુર ગણુનો ક્વાથ રેડીને ઠંડું પાડવું. પછી પાછું એ ઠંડું પડેલું ચૂર્ણ ફરીથી કુલડીમાં તપાવવું. વળી પાછો મધુર ગણુનો ક્વાથ રેડીને એ ચૂર્ણને ઠંડું પાડવું. એવી રીતે પાંચ વસ્તુઓના ચૂર્ણને મધુર ગણુના, અમ્લ ગણુના, લવણ ગણુના, તિક્ત ગણુના, કટુ ગણુના અને કષાય ગણુના એમ છ ક્વાથોમાંથી દરેક ક્વાથ સાત-સાત વાર રેડીને કુલ ૪૨ વાર ઠંડું પાડવું.) પછી એ રીતે ૪૨ વાર ઠંડા પાડેલા પાંચ વસ્તુઓના બારીક ચૂર્ણમાં વૈડૂર્ય, મોતી અને શંખ એ દરેકનું ચૂર્ણ એકએક ભાગ મેળવીને બનાવેલું એ ચૂર્ણાંજન (આંજવાથી) બધી જાતના તિમિરરોગ મટે છે.

मांसीत्रिजातकायःकुङ्कुम-
नीलोत्पलाभयातुत्थैः ।
सितकाचशङ्खफेनकमारचाञ्जन-
पिप्पलीमधुकैः ॥ २३ ॥
चन्द्रेऽश्विनीसनाथे सुचूर्णितै-
रञ्जयेद्युगलमक्ष्णोः ।
तिमिरार्मरक्तराजीकण्डूकाचादि-
शममिच्छन् ॥ २४ ॥

તિમિર, અર્મ (વેલ), રક્તરાજી, કંડૂ (આંખમાં ચળ), કાચ વગેરે રોગ મટાડવાની ઇચ્છા હોય તેણે જટામાંસી, ત્રિજાતક, લોઢું, કેસર, કાળું કમળ, હરડે, મોરથૂથુ, ધોળો કાચ, શંખ, સમુદ્રફીણ, મરી, સૌવીરાંજન, પીપર અને જેઠીમધ–એટલી વસ્તુઓનું સેગું બહુ જ બારીક ચૂર્ણ કરીને એ ચૂર્ણ જ્યારે ચંદ્ર અશ્વિની નક્ષત્રમાં હોય ત્યારે બંને આંખમાં આંજવું.

मरिचवरलवणभागौ भागौ द्वौ
कणसमुद्रफेनाभ्याम् ।
सौवीरभागनवकं चित्रायां चूर्णितं
कफामयजित् ॥ २५ ॥

મરી અને સિંધવના બે ભાગ, પીપર અને સમુદ્રફીણના બે ભાગ અને સૌવીરાંજનના નવ ભાગ એ તેર ભાગનું ચિત્રા નક્ષત્રમાં બારીક ચૂર્ણ (આંજવાથી) કફરોગ (કફનો તિમિરરોગ) મટે છે.

[मनोह्वातुत्थकस्तूरीमांसीमलयरोचनाः ।
दशकर्पूरसंयुक्तमरीतिगुणमञ्जनम् ॥ १ ॥
पिष्टं चित्राश्विनीपुष्ये षड्विधे तिमिरे हितम् ।
प्रसादनं च दृष्टेः स्यात्क्षुपेणा-
वभाषितम् ॥ २ ॥]

[મનશીલ, મોરથૂથુ, કસ્તૂરી, જટામાસી, સુખડ, ગોરોચના એ વસ્તુઓ એકએક ભાગ, એમાં દસ ભાગ કપૂર ભેળવવું, એમાં એંશી-ગણું સૌવીરાંજન નાખવું. એ બધાને લસોટીને ચિત્રા, અશ્વિની અને પુષ્ય નક્ષત્રમાં આંજવાથી છ પ્રકારના તિમિરરોગમાં ફાયદો થાય છે અને દૃષ્ટિ નિર્મળ બને છે એવું આંખના નિષ્ણાતે કહેલું છે.]

द्राक्षामृणालीस्वरसे क्षीरमद्यवसासु च ।
पृथग् दिव्याप्सु स्रोतोजं
सप्तकृत्वो निषेचयेत् ॥ २६ ॥
तच्चूर्णितं स्थितं शङ्खे दृक्प्रसादनमञ्जनम् ।
शस्तं सर्वाक्षिरोगेषु विदेहपतिनिर्मितम् ॥ २७ ॥

કાળી દ્રાક્ષના સ્વરસમાં, કમળનાં કુમળાં મૂળના સ્વરસમાં, દૂધમાં, દારૂમાં, વસામાં અને વરસાદના પાણીમાં–એમ છ પ્રવાહીમાં દરેક પ્રવાહીમાં સાતસાત વાર સ્રોતાંજનને ઠંડું પાડવું. (ઠંડું પાડવાની રીત માટે જુઓ. શ્લોક ૧૯થી ૨૨) એનું બારીક ચૂર્ણ બનાવીને શંખમાં ભરી રાખેલું એ ચૂર્ણ આંજવાથી દૃષ્ટિ નિર્મળ બને છે અને એ ચૂર્ણ બધા આંખના રોગોમાં વખણાય છે. આ ચૂર્ણ વિદેહ દેશના રાજાએ (જનકે) બનાવેલું છે.

ભાસ્કરચૂર્ણ

निर्दग्धं बादराङ्गारैस्तुत्थं चेत्थं निषेचितम् ।
क्रमादजापयःसर्पिःक्षौद्रे तस्मात् पलद्वयम् ॥२८॥
कार्षिकस्ताप्यमरिचस्रोतोजकटुकानतैः ।
पद्गुरोध्रशिलापथ्याकणैलाञ्जनफेनकैः ॥ २९ ॥
युक्तं पलेन यष्ट्याह्व मूषान्तर्ध्मातचूर्णितम् ।
हन्ति काचार्मनक्तान्ध्यरक्तराजी सुशीलितः ॥३०
चूर्णो विशेषात्तिमिरं भास्करो भास्करो यथा ।

બોરડીના લાકડાના અંગારાથી પુષ્કળ બાળી નાખેલા મોરથૂથુને એ જ રીતે (શ્લોક ૧૯થી ૨૨ માં કહેલી રીતે) અનુક્રમે બકરીનું દૂધ, ઘી અને મધ એ દરેક વસ્તુ સાતસાત વાર રેડીને ઠંડું પાડવું. એ મોરથૂથુમાંથી બે પલ મોરથૂથુમાં એકએક કર્ષ સુવર્ણમાક્ષિક, મરી, સ્રોતાંજન, કડુ, તગર, સૈન્ધવ લોધર, શિલાજિત, હરડે, પીપર, એલચી, રસાંજન અને સમુદ્રફીણ તથા ચાર પલ જેઠીમધ નાખીને એ બધું મુસ(ધાતુ ઓગાળવાની કુલડી)માં મૂકીને, ખૂબ તપાવીને, એનુ બારીક ચૂર્ણ કરીને બનાવેલું ચૂર્ણ રોજ બરાબર આંજવામા આવે તો એ ભાસ્કરચૂર્ણ કાચ, અર્મ (વેલ), રતાંધળાપણું અને રક્તરાજી રોગ મટાડે છે અને ખાસ કરીને જેમ ભાસ્કર (સૂર્ય) તિમિર (અંધકાર)નો નાશ કરે છે, તેમ આ ભાસ્કર ચૂર્ણ તિમિરરોગનો નાશ કરે છે.

त्रिंशद्भागा भुजङ्गस्य गन्धपाषाणपञ्चकम् ॥३१
शुल्वतालकयोर्द्वौ द्वौ वङ्गस्यैकोऽञ्जनात् त्रयम् ।
अन्धमूषीकृतं ध्मातं पक्वं विमलमञ्जनम् ॥ ३२ ॥
तिमिरान्तकरं लोके द्वितीय इव भास्करः ।

સીસા(સીસું નામની ધાતુ)ના ત્રીસ ભાગ, ગંધકના પાંચ ભાગ, તાંબાના બે ભાગ, હરતાલના બે ભાગ, કલઈનો એક ભાગ, સુરમાના ત્રણ ભાગ–એટલી વસ્તુઓને મુસ(શ્લોક ૨૦)માં મૂકીને મુસને બંધ કરી દઈને દેવતામાં ખૂબ ધમીધમીને પકવેલું વિમલ (સ્વચ્છ, શોધન કરેલું) અંજન બીજા સૂર્યની માફક તિમિર- (૧. તિમિરરોગ, ૨. અંધકાર)નો નાશ કરે છે.

गोमूत्रे छगणरसेऽम्लकाञ्जिके च
स्त्रीस्तन्ये हविषि विषे च माक्षिके च ।
यत्तुत्थं ज्वलितमनेकशो निषिक्तं
तत्कुर्याद्गरुडसमं नरस्य चक्षुः ॥ ३३ ॥

મોરથૂથુને (ધાતુને ઓગાળવાની કુલડીમાં) ધમાવીને બાળીને કરેલા એના બારીક ચૂર્ણને (શ્લોક ૧૯થી ૨૨ માં સમજાવેલી રીતે) ગાયના મૂત્રમાં, ગાયના છાણના અડાયાના ક્વાથમાં, ખાટી કાંજીમાં, સ્ત્રીના ધાવણમાં, ઘીમાં, ઝેરમાં (=વછનાગના ક્વાથમાં) અને મધમાં અનેકવાર (સાતસાત વાર) ઠંડું પાડવું. એ ચૂર્ણ (આંજવાથી) માણસની આંખ ગરુડ જેવી થાય છે.

દ્રવ્યશલાકા

श्रेष्ठाजलं भृङ्गरसं सविपाज्यमजापयः ।
यष्टीरसं च यत्सीसं सप्तकृत्वः पृथक् पृथक् ॥३४
तप्तं तप्तं पायितं तच्छलाका
नेत्रे युक्ता साञ्जनाऽनञ्जना वा ।
तैमिर्यार्मस्रावपैच्छिल्यपैल्लं
कण्डूं जाड्यं रक्तराजीं च हन्ति ॥ ३५ ॥

સીસા(સીસું નામની ધાતુ)ને (શ્લોક ૧૯થી ૨૨ માં કહેલી રીતે) ત્રિફળાનો ક્વાથ, ભાંગરાનો ક્વાથ, ઝેર(=વછનાગ)નો ક્વાથ, ઘી, બકરીનું દૂધ અને જેઠીમધનો ક્વાથ છૂટો છૂટો સાતસાત વાર પાઈને પછી એ સીસાની બનાવેલી આંજવાની સળી સુરમા સાથે કે સુરમા વિના આંખમાં ફેરવવાથી તિમિર, અર્મ, સ્રાવ (આંખમાંથી પાણી નીકળવાનો રોગ), આંખના ચીપડા, પૈલ્લરોગ, આંખમાં ચળ, આંખની જડતા અને રક્તરાજી રોગનો નાશ

કરે છે.

रसेन्द्रभुजगौ तुल्यौ तयोस्तुल्यमथाञ्जनम् ।
ईषत्कर्पूरसंयुक्तमञ्जनं तिमिरापहम् ॥ ३६ ॥

પારો અને સીસું સરખે ભાગે લેવાં, એ બંનેના કુલ વજન જેટલું રસાંજન લેવું. એમાં જરા કપૂર મેળવીને આંજવાથી તિમિરરોગ મટે છે. (અગ્નિમાં સીસાને ઓગાળવું. એ સીસાના રસમાં પારો અને રસાંજનનું ચૂર્ણ મેળવીને એ ત્રણેની ભેગી શલાકા–આંજવાની સળી–બનાવવી. એ સળી ઉપર થોડું કપૂર ચોળીને એ સળી આંખમાં આંજવાનું આ શ્લોકમાં કહ્યું છે.–શિવદાસ સેન)

यो गृध्रस्तरुणरविप्रकाशगल-
स्तस्यास्यं समयमृतस्य गोशकृद्भिः ।
निर्दग्धं समघृतमञ्जनं च पेष्यं
योगोऽयं नयनबलं करोति गार्ध्रम् ॥३७॥

જે ગીધના ગળા પાસે લટકતી કોથળીઓ તાજા ઊગેલા સૂર્યના પ્રકાશ જેવી લાલ હોય તે ગીધ કુદરતી રીતે મરી જાય, ત્યારે એના મોંને ગાયનાં અડાયાં વડે બાળીને એ મોંની ભસ્મ માં ભસ્મ જેટલો જ સુરમો મેળવીને લસોટીને બારીક ચૂર્ણ કરવું. આ યોગ (આંજવાથી) ગીધ જેવું આંખનું બળ આપે છે.

कृष्णसर्पवदने सहविष्कं
दग्धमञ्जनमनिःसृतधूमम् ।
चूर्णितं नलदपत्रविमिश्रं
भिन्नतारमपि रक्षति चक्षुः ॥

કાળા સાપના મોંમાં ઘી અને સુરમો મૂકીને એ બધું ધુમાડો નીકળી ન જાય એ રીતે બાળીને એમની ભસ્મમાં જટામાંસીનાં પાંદડાં મેળવીને એ બધાંને વાટીને કરેલું ચૂર્ણ (આંજવાથી) આંખની કીકી ચિરાઈ ગઈ હોય એવી આંખને પણ ઉગારી લે છે (સારી કરી દે છે).

कृष्णसर्पं मृतं न्यस्य चतुरश्चापि वृश्चिकान् ।
क्षीरकुम्भे त्रिसप्ताहं क्लेदयित्वा प्रमन्थयेत् ॥३९॥
तत्र यन्नवनीतं स्यात्पुष्णीयात्तेन कुक्कुटम् ।
अन्धस्तस्य पुरीषेण प्रेक्षते ध्रुवमञ्जनात् ॥ ४० ॥

દૂધભરેલા ઘડામાં એક મરેલો સાપ અને ચાર (મરેલા) વીંછી નાખીને એમને ત્રણ અઠવાડિયાં સુધી પલળવા દઈને પછી વલોવવું. એમાં જે માખણ તરી આવે તે માખણ કૂકડાને ખવડાવવું (કૂકડાનું પોષણ એ માખણ વડે કરવું). એ કૂકડાની હગાર આંજવાથી આંધળો માણસ પણ દેખતો થાય છે.

कृष्णसर्पवसा शङ्खः कतकात् फलमञ्जनम् ।
रसक्रियेयमचिरादन्धानां दर्शनप्रदा ॥ ४१ ॥

કાળા સાપની વસા, શંખ (શંખની નાભિ), નિર્મળી અને સુરમો એ ચારથી કરેલી રસક્રિયા (મલમ જેવું બનાવીને આંજવું) થોડા જ વખતમાં આંધળાને દૃષ્ટિ આપે છે (જોવાની શક્તિ આપે છે).

અપ્રતિસાર અંજન

मरिचानि दशार्धपिचु-
स्ताप्यात्तुत्थात्पलं पिचुर्यष्ट्याः ।
क्षीरार्द्रदग्धमञ्जन-
मप्रतिसाराख्यमुत्तमं तिमिरे ॥ ४२ ॥

દસ મરી, અડધો તોલો સુવર્ણમાક્ષિક, ચાર તોલા મોરથૂથુ, એક તોલો જેઠીમધ–એ ચારે વસ્તુઓને દૂધમાં પલાળીને પછી એમને બાળીને કરેલી ભસ્મના બારીક ચૂર્ણને અપ્રતિસાર અંજન કહે છે. તે તિમિરરોગમાં ઉત્તમ છે.

अक्षबीजमरिचामलकत्वक्-
तुत्थयष्टिमधुकैर्जलपिष्टैः ।
छाययैव गुटिकाः परिशुष्का
नाशयन्ति तिमिराण्यचिरेण ॥ ४३ ॥

બહેડાંના ઠળિયામાંથી નીકળતી મીંજ, મરી, આમળાંની છાલ, મોરથૂથુ અને જેઠીમધ-ને પાણી સાથે લસોટીને વાળેલી અને ફક્ત છાંયડામાં જ સૂકવેલી ગોળીઓ (ઓરસિયા પર ઘસીને આંજવાથી) થોડા જ વખતમાં તિમિરરોગનો નાશ કરે છે.

ષણ્માક્ષિક યોગ

मरिचामलकजलोद्भव-
तुत्थाञ्जनताप्यधातुभिः क्रमवृद्धैः ।
षण्माक्षिक इति योग-
स्तिमिरार्मक्लेदकाचकण्डूहन्ता ॥ ४४ ॥

મરી (એક ભાગ), આમળાં (બે ભાગ), કમળ (ત્રણુ ભાગ), મોરથૂથુ (ચાર ભાગ), સુવર્ણમાક્ષિક (પાંચ ભાગ) અને છઠું મધ (છ ભાગ)–એ છ વસ્તુઓને અનુક્રમે એકએક ભાગ વધારે લઈને કરેલો યોગ (ભેગી દવા–અંજન) તિમિર, અર્મ, આંખનો ક્લેદ, કાચરોગ અને આંખની ચળનો નાશ કરે છે.

रत्नानि रूप्यं स्फटिकं सुवर्णं
स्रोतोञ्जनं ताम्रमयः सशङ्खम् ।
कुचन्दनं लोहितगैरिकं च
चूर्णाञ्जनं सर्वदृगामयघ्नम् ॥४५॥

(હીરા, નીલમ વગેરે) રત્નો, રૂપું, ફટકડી, સોનું, સ્રોતાજન, તાંબું, લોઢું, શંખ, રક્તચંદન, લાલ ગેરુ–એ બધાંના ચૂર્ણનું અંજન આંખના બધા રોગોનો નાશ કરે છે. (શિવદાસ સેન કહે છે કે રત્નથી લોઢા સુધીની વસ્તુઓનું મારણ કરીને વાપરવી.)

तिलतैलामक्षतैलं भृङ्गस्वरसोऽसनाच्च निर्यूहः ।
आयसपात्रविपक्वं करोति दृष्टेर्बलं नस्यम् ॥४६॥

તલનુ તેલ, બહેડાંની મીજનું તેલ, ભાંગરાનો સ્વરસ અને બીબલાનો ક્વાથ–એ ચારે વસ્તુઓને લોઢાના વાસણમાં પકવીને જ તેલ બને તે તેલને નસ્ય આપવાથી દૃષ્ટિને બળ મળે છે.

दोषानुरोधेन च नैकशस्तं
स्नेहास्रविस्रावणरेकनस्यैः ।
उपाचरेदञ्जनमूर्धबस्ति-
बस्तिक्रियातर्पणलेपसेकैः ॥४७॥

કોપેલા દોષને હિસાબે (કોપેલો દોષ બહુ હોય તો) સ્નેહન, લોહી કઢાવવું, રેચ, નસ્ય, અંજન, શિરોબસ્તિ, બસ્તિક્રિયા, તર્પણ, લેપ અને સેક એમાંથી જે દોષને મટાડે એવી જ ક્રિયા હોય તે વારંવાર કરીને તેની (દરદીની) ચિકિત્સા કરવી.

सामान्यं साधनमिदम्

આ (અત્યાર સુધી કહેલા) સામાન્ય ઉપાય છે (ગમે તે દોષથી રોગ થયો હોય તો પણુ લાગુ પડે એવા ઉપાય છે.)

प्रतिदोषमतः शृणु ॥४८॥

હવે દોષવાર ઉપાય સાંભળ.

વાયુના તિમિરરોગના ઉપાય

(શ્લોક ૪૮ાાથી ૬૨)

वातजे तिमिरे तत्र दशमूलाम्भसा घृतम् ।
क्षीरे चतुर्गुणे श्रेष्ठाकल्कपक्वं पिबेत्ततः ॥४९॥
त्रिफलापञ्चमूलानां कषायं क्षीरसंयुतम् ।
एरण्डतैलसंयुक्तं योजयेच्च विरेचनम् ॥५०॥

તેમાં, વાયુથી થતા તિમિરરોગમાં (ઘીથી ચારગણા) દશમૂળના ક્વાથમાં અને ઘીથી ચારગણા દૂધમા ત્રિફળાનો કલ્ક નાખીને પકવેલું ઘી પીવુ. પછી (જ્યારે બરાબર સ્નિગ્ધ થયાનાં લક્ષણુ થાય ત્યારે) ત્રિફળાના અને પંચમૂળના ક્વાથમાં દૂધ અને દિવેલ નાખીને એ ક્વાથ વિરેચન તરીકે પાવો.

समूलजालजीवन्तीतुलां द्रोणेऽम्भसः पचेत् ।
अष्टभागस्थिते तस्मिंस्तैलप्रस्थं पयःसमे ॥५१॥
बलातित्रयजीवन्तीवरीमूलैः पलोन्मितैः ।
यष्टीपलैश्चतुर्भिश्च लोहपात्रे विपाचयेत् ॥५२॥
लोह एव स्थितं मासं नावनादूर्ध्वजत्रुजान् ।
वातपित्तामयान् हन्ति
तद्विशेषाद्दृगाश्रयान् ॥५३॥
केशास्यकन्धरास्कन्धपुष्टिलावण्यकान्तिदम् ।

એક દ્રોણુ પાણીમાં ડોડીનાં મૂળ અને ડોડીની કળી સાથે ચારસો તોલા ડોડી પકવવી. પકવતાંપકવતાં જ્યારે આઠમા ભાગનું પાણી બાકી રહે, ત્યારે તેમાં એટલું જ દૂધ નાખીને એમાં બલા, અતિબલા, નાગબલા, ડોડી, શતાવરી અને પુષ્કરમૂળ એ દરેક એકએક પલ અને જેઠીમધ ચાર પલ–એ સાત વસ્તુઓનો કલ્ક નાખીને એમાં એક પ્રસ્થ તેલ લોઢાના વાસણમાં પકવવું. એ પકવેલું તેલ એક મહિના સુધી લોઢાના જ વાસણમાં રાખી મૂકયા પછી એ તેલનું નસ્ય આપવાથી ગળાની હાંસડીથી ઉપરના ભાગના રોગો અને ખાસ કરીને વાયુથી અને પિત્તથી થતા આંખના રોગો નાશ પામે છે તથા એ તેલના નસ્યથી વાળ, મોં, ડોક અને ખભાને પુષ્ટિ, લાવણ્ય

અને કાંતિ મળે છે.

सितैरण्डजटासिंहीफलदारुवचानतैः ॥ ५४ ॥
घोषया बिल्वमूलैश्च तैलं पक्वं पयोन्वितम् ।
नस्यं सर्वोर्ध्वजत्रुत्थवातश्लेष्मामयार्तिजित् ॥५५॥

ધોળા એરંડાના મૂળ, ભોરીંગણીનું ફળ, દેવદાર, વજ, તગર, ધાણા અને બીલીપત્રના ઝાડના મૂળ-એટલી વસ્તુઓના કલ્ક સાથે દૂધમા પકાવેલા તેલનું નસ્ય હાસડીથી ઉપરના ભાગમાં વાયુથી અને કફથી થતા બધા રોગોની પીડા મટાડે છે.

वसाऽञ्जने च वैयाघ्री वाराही वा प्रशस्यते ।
गृध्राहिकुक्कुटोत्था वा मधुकेनान्विता पृथक् ॥५६

આખમા આજવા માટે વાઘની કે ડુક્કરની વસા વખણાય છે. અથવા ગીધ, સાપ અને કૂકડો-એ ત્રણમાથી દરેકની વસામા જેઠીમધ ડાલવીને એ જુદીજુદી આજવુ એ પણ વખણાય છે.

પ્રત્યંજન

प्रत्यञ्जने च स्रोतोजं रसक्षीरघृते क्रमात् ।
निषिक्तं पूर्ववद्योज्यं तिमिरघ्नमनुत्तमम् ॥ ५७ ॥

સ્રોતાજન ઉપર પહેલાની માફક (શ્લોક ૧૯થી ૨૨મા કહેલી રીતે) અનુક્રમે માસરસ, દૂધ અને ઘી રેડીને પછી એ સ્રોતાજન પ્રત્યંજન તરીકે આજવું એ તિમિરરોગનો નાશ કરનારુ અજોડ અજન છે.

આખનું તર્પણ

न चेदेवं शमं याति ततस्तर्पणमाचरेत् ।

જો આમ કરવા છતા પણ તિમિરરોગ ન મટે તો પછી આખનુ તર્પણ (સૂ. અ. ૨૪) કરવુ.

शताह्वाकुष्ठनलदकाकोलीद्वययष्टिभिः ॥ ५८ ॥
प्रपौण्डरीकसरलपिप्पलीदेवदारुभिः ।
सर्पिरष्टगुणक्षीरं पक्वं तर्पणमुत्तमम् ॥ ५९ ॥

સુવા, ઉપલેટ, જટામાંસી, કાકોલી, ક્ષીર કાકોલી, જેઠીમધ, કમળ, તેલિયો દેવદાર, પીપર, દેવદાર-એ વસ્તુઓના કલ્ક વડે ઘી કરતાં આઠગણા દૂધમા પકવેલુ ઘી ઉત્તમ તર્પણ ઔષધ છે.

मेदसस्तद्वदैणेयाद्दुग्धसिद्धात् समाहृतात् ।
उद्धृतं साधितं तेजो मधुकोशीरचन्दनैः ॥ ६० ॥

દૂધમા સિદ્ધ કરેલી કાળિયારજ હરણની ચરબીને લાકડાના રવૈયાથી વલોવીને એમાથી કાઢી લીધેલા તેજ(માખણ જેવો પદાર્થ)ને જેઠીમધ, વીરણવાળો અને સુખડ સાથે પકવવુ. એ આખનુ ઉત્તમ તર્પણ ઔષધ છે.

श्वाविच्छल्यकगोधानां दक्षतित्तिरिबर्हिणाम् ।
पृथक्पृथगनेनैव विधिना कल्पयेद्वसाम् ॥ ६१ ॥

શાહુડી, શલ્યાક, સાઢો, દક્ષ, તેતર અને મોર-એ પ્રાણીઓની વસા એ જ રીતે (શ્લોક ૫૯, ૬૦ વાળી રીતે) જુદીજુદી બનાવવી.

प्रसादनं स्नेहनं च पुटपाकं प्रयोजयेत् ।

સૂ. અ. ૨૪મા કહેલા પ્રસાદન પુટપાક અને સ્નેહન પુટપાકનો ઉપયોગ કરવો.

वातपीनसवच्चात्र निरूहं सानुवासनम् ॥ ६२ ॥

વાયુથી થતા પીનસ રોગની માફક આમા (વાયુથી થતા તિમિરરોગમા) નિરૂહબસ્તિ અને અનુવાસન બસ્તિ આપવી.

પિત્તનો તિમિરરોગ

(શ્લોક ૬૩થી ૬૭)

पित्तजे तिमिरे सर्पिर्जीवनीयफलत्रयैः ।
विपाचितं पाययित्वा
स्निग्धस्य व्यधयेत्सिराम् ॥ ६३ ॥

પિત્તથી થતા તિમિરરોગમા જીવનીય ગણના ઔષધોથી અને ત્રિફળાથી સિદ્ધ કરેલુ ઘી પાઈને દરદીને સ્નિગ્ધ કર્યા પછી (દરદી ખરાખર સ્નિગ્ધ થાય ત્યારે) ફસ ખોલવી.

शर्करैलात्रिवृच्चूर्णैर्मधुयुक्तैर्विरेचयेत् ।

(પછી) સાકર, એલચી અને નસોતર એ ત્રણ વસ્તુના ચૂર્ણને મધમા કાલવીને ચટાડીને રેચ કરાવવા.

सुशीतान् सेकलेपादीन्
युञ्ज्याच्चेत्रास्यमूर्धसु ॥ ६४ ॥

આખો, મો અને માથા ઉપર પુષ્કળ ઠડા છટકાવ, લેપ વગેરે કરવા.

सारिवापद्मकोशीरमुक्ताशाबरचन्दनैः ।
वर्तिः शस्ताऽञ्जने, चूर्णस्तथा

पत्रोत्पलाञ्जनैः ॥ ६५ ॥
सनागपुष्पकर्पूरयष्ट्याह्वस्वर्णगैरिकैः ।

સારિવા, પદ્મકાષ્ઠ, વીરણવાળો, મોતી, ધોળું લોધર, સુખડ—એટલી વસ્તુઓની બનાવેલી શોગટી આંજવામાં વખણાય છે, તથા તેજપત્ર, કાળું કમળ, રસવંતી, નાગકેસર, કપૂર, જેઠીમધ અને સોનાગેરુ—એટલી વસ્તુઓની બનાવેલી શોગટી આંજવામાં વખણાય છે.

सौवीराञ्जनतुत्थकशृङ्गीधात्री-
फलस्फटिककर्पूरम् ॥
पञ्चांशं पञ्चांशं त्र्यंशमथैकांशमञ्जनं
तिमिरघ्नम् ।

સૌવીરાંજન અને મોરથૂથુ એ બંનેના દરેકના પાંચપાંચ ભાગ, કાકડાશીંગ અને આમળાંના ત્રણ ભાગ, સ્ફટિક અને બરાસકપૂરનો એક એક ભાગ એટલી વસ્તુઓનું અંજન તિમિરરોગનો નાશ કરે છે. (સ્ફટિક= શિરોડી પથ્થર.)

नस्यं चाज्यं शृतं क्षीरजीवनीयसितोत्पलैः ॥६७॥

અને ઘીથી ચારગણા દૂધમાં જીવનીય ગણનાં ઔષધો, સાકર અને કાળા કમળના કલ્ક સાથે પકવેલા ઘીનું નસ્ય તિમિરરોગનો નાશ કરે છે.

કફના તિમિરરોગના ઉપાય

(શ્લોક ૬૭ાથી ૭૨ા)

श्लेष्मोद्भवेऽमृताक्वाथवराकणशृतं घृतम् ।
विध्येत्सिरां पीतवतो दद्याचानु विरेचनम् ॥६८॥
क्वाथं पूगाभयाशुण्ठीकृष्णाकुम्भनिकुम्भजम् ।

કફથી થતા તિમિરરોગમાં અમૃતા(ગળો)ના ક્વાથ અને ત્રિફળા તથા પીપરના કલ્ક સાથે પકવેલું ઘી પીધેલા દરદીની ફસ ખોલવી અને પછી સોપારી, હરડે, સૂંઠ, પીપર, નસોતર અને નેપાળો—એટલી વસ્તુઓનો ક્વાથ વિરેચન તરીકે પાવો.

ह्रीवेरदारुद्विनिशाकृष्णाकल्कैः पयोन्वितैः ॥६९॥
द्विपञ्चमूलनिर्यूहे तैलं पक्वं च नावनम् ।

સુગંધી વાળો, દેવદાર, હળદર, દારુહળદર અને પીપરના કલ્ક વડે દૂધમાં અને દશમૂળના ક્વાથમાં પકવેલું તેલ નસ્ય તરીકે આપવું.

વિમલા વર્તિ

शङ्खप्रियङ्गुनेपालीकटुत्रिकफलत्रिकैः ॥ ७० ॥
दृग्वैमल्याय विमला वर्तिः स्यात्

શંખ, કાંગ, મનશીલ, ત્રિકટુ અને ત્રિફળા એટલી વસ્તુઓની બનાવેલી આંજવાની શોગટી વિમલા વર્તિ છે, તે દૃષ્ટિને નિર્મળ બનાવે છે.

કોકિલા વર્તિ

कोकिला पुनः ।
कृष्णलोहरजोव्योषसैन्धवत्रिफलाञ्जनैः ॥ ७१ ॥

કાળા લોઢાના વરખનો ભૂકો, ત્રિકટુ, સૈંધવ, ત્રિફળા અને સૌવીરાંજનથી કોકિલા નામે ઓળખાતી (આંજવાની) શોગટી બને છે.

शशगोखरसिंहोष्ट्रद्विजा ललाटमस्थि च ।
श्वेतगोवालमरिचशङ्खचन्दनफेनकम् ॥ ७२ ॥
पिष्टं स्तन्याजदुग्धाभ्यां वर्तिस्तिमिरशुक्रजित् ।

સસલું, ગાય, ગધેડું, સિંહ અને ઊંટ એ પાંચ પ્રાણીઓના દાંત અને કપાળનાં હાડકાં, ધોળી ગાયના વાળ, મરી, શંખ, સુખડ અને સમુદ્રફીણ—એટલી વસ્તુઓને સ્ત્રીના ધાવણ અને બકરીના દૂધ સાથે લસોટીને બનાવેલી (આંજવાની) શોગટી તિમિરરોગ અને ફૂલાં મટાડે છે.

લોહીથી થતા તિમિરરોગના ઉપાય

रक्तजे पित्तवत्सिद्धिः शीतैश्चास्रं प्रसादयेत् ॥७३

લોહીથી થતા તિમિરરોગના ઉપાય પિત્તથી થતા તિમિરરોગના જેવા કરવા તથા સ્પર્શમાં અને વીર્યમાં ઠંડાં હોય એવાં અન્ન, પાન, ઔષધ, સેક (છંટકાવ), લેપ વગેરેથી લોહીનું પ્રસાદન કરવું.

द्राक्षया नलदरोध्रयष्टिभिः
शङ्खताम्रहिमपद्मपद्मकैः ।
सोत्पलैश्छगलदुग्धवर्तितै-
रस्रजं तिमिरमाशु नश्यति ॥ ७४ ॥

કાળી દ્રાક્ષ, વીરણવાળો, લોધર, જેઠીમધ, શંખ, તાંબું, સુખડ, કમળ, પદ્મકાષ્ઠ અને કાળું કમળ—એટલી વસ્તુઓને બકરીના દૂધ સાથે લસોટીને વાળેલી (આંજવાની) શોગટી લોહીથી થતા તિમિરરોગનો તરત નાશ કરે છે.

દ્વિદોષ અને ત્રિદોષના તિમિરના ઉપાય

संसर्गसन्निपातोत्थे यथादोषोदयं क्रिया ।

દ્વિદોષ અને ત્રિદોષના તિમિરમાં જે જે દોષ વધ્યા હોય તે તે દોષના તિમિરના ઉપાય કરવા.

सिद्धं मधूककमिजिन्मरिचामरदारुभिः ॥ ७५ ॥
सक्षीरं नावनं तैलं पिष्टैर्लेपो मुखस्य च ।

મહુડાં (કે મહુડાના લાકડાનો સાર), વાવડિંગ, મરી અને દેવદાર–એટલી વસ્તુઓના કલ્ક સાથે અને દૂધ સાથે સિદ્ધ કરેલા તેલનું નસ્ય આપવું અને મહુડાં, વાવડિંગ, મરી અને દેવદારને પાણી સાથે લસોટીને એનો મોં ઉપર લેપ કરવો એ વખણાય છે.

नतनीलोत्पलानन्तायष्ट्याह्वसुनिषण्णकैः ॥ ७६ ॥
साधितं नावने तैलं शिरोवस्तौ च शस्यते ।

તગર, કાળું કમળ, ધમાસો, જેઠીમધ અને સુનિષણ્ણકની ભાજી (ઓટીંગણ)–એટલી વસ્તુઓથી સિદ્ધ કરેલું તેલ નસ્ય માટે અને શિરોબસ્તિ માટે વખણાય છે.

दद्यादुशीरनिर्यूहे चूर्णितं कणसैन्धवम् ॥ ७७ ॥
तत्स्रुतं सघृतं भूयः पचेत्क्षौद्रं घने क्षिपेन ।
शीते चास्मिन् हितमिदं
सर्वजे तिमिरेऽञ्जनम् ॥७८॥

કાળા વાળાના ક્વાથમાં પીપર અને સિંધવનું ચૂર્ણ નાખવું. પછી એને કપડાથી ગાળી લઈને એમાં ઘી નાખીને ફરીથી પકવવું. પછી જ્યારે એ ઘટ્ટ થાય ત્યારે દેવતા પરથી ઉતારી લઈને એ ઠંડું પડે ત્યારે એમા મધ નાખવું. આ અંજન ત્રિદોષના તિમિરરોગમાં ફાયદો કરે છે. (કાળા વાળાનો ક્વાથ આઠ પલ, પીપર અને સિંધવ દરેક આઠ આઠ માષ, ઘી એક કર્ષ અને મધ એક કર્ષ. –શિવદાસ સેન)

अस्थीनि मज्जपूर्णानि सत्त्वानां
रात्रिचारिणाम् ।
स्रोतोजाञ्जनयुक्तानि
वहत्यम्भसि वासयेत् ॥ ७९ ॥
मासं विंशतिरात्रं वा ततश्चोद्धृत्य शोषयेत् ।
समेषशृङ्गीपुष्पाणि सयष्ट्याह्वानि तान्यनु ॥८०॥
चूर्णितान्यञ्जनं श्रेष्ठं तिमिरे सान्निपातिके ।

રાતે ફરનારા પશુપંખીઓનાં મજ્જાભરેલાં હાડકાં અને સોનોજનને વહેતા પાણીમા એક મહિનો કે વીસ રાત રાખી મૂકવાં. પછી બહાર કાઢીને સૂકવવાં. પછી એ બંનેનું અને મેંઢાશીંગના ફૂલ અને જેઠીમધનું ભેગું ચૂર્ણ કરવું. એ ચૂર્ણનું અંજન ત્રિદોષના તિમિરરોગમાં ઉત્તમ છે.

કાચરોગના ઉપાય

काचेऽप्येषा क्रिया मुक्त्वा
सिरां, यन्त्रनिपीडिताः ॥ ८१ ॥
आन्ध्याय स्युर्मला दद्यात्स्राव्ये
त्वस्रे जलौकसः ।

કાચરોગમાં પણ આ (તિમિરરોગની) ક્રિયા કરવી, પણ ફસ ખોલવી નહિ; કારણ કે ફસ ખોલવાની ક્રિયા દરમ્યાન કરવા પડતા યંત્રણવિધિ(સૂ. ૨૭/૨૯થી ૨૨)ને લીધે ભીંસમા આવેલા (દબાયલા) દોષો અંધાપો આણે, પણ (કાચરોગમા) લોહી કાઢવાની જરૂર પડે તો જળો મૂકવી.

गुडः फेनोऽञ्जनं कृष्णा मरिचं कुङ्कुमाद्रजः ॥८२
रसक्रियेयं सक्षौद्रा काचयापनमञ्जनम् ।

ગોળ, સમુદ્રફીણ, રસવંતી, પીપર, મરી અને કેસરના ચૂર્ણને મધમા કાલવીને કરેલી રસક્રિયા એ કાચરોગનું યાપન કરનારું અંજન છે. (યાપન કરે એવું=જ્યાં સુધી દવા અને પરેજ ચાલુ રહે ત્યા સુધી રોગ મટે એવું. કાચરોગ યાપ્ય છે–ઉ. ૧૨/૩૩.)

ત્રિદોષના નકુલાંધ્ય રોગનો ઉપાય

नकुलान्धे त्रिदोषोत्थे तैमिर्यविहितो विधिः ॥८३

ત્રિદોષથી થયેલા નકુલાંધ રોગમા તિમિરરોગમાં કહેલો વિધિ કરવો.

રતાંધળાના ઉપાય

रसक्रिया घृतक्षौद्रगोमयस्वरसद्रुतैः ।
तार्क्ष्यगैरिकतालीसैर्निशान्धे हितमञ्जनम् ॥८४॥

રસવંતી, ગેરુ અને તાલીસપત્રના ચૂર્ણને ઘી, મધ અને ગાયના છાણના સ્વરસમાં

કાલવીને કરેલી રસક્રિયા એ રતાંધળાપણાના રોગમાં ફાયદો કરે એવુ અંજન છે.

दध्ना विघृष्टं मरिचं रात्र्यन्धेऽञ्जनमुत्तमम् ।

દહીં સાથે ઘસેલાં મરી રતાંધળાપણાના રોગમાં ઉત્તમ અંજન છે.

करञ्जिकोत्पलस्वर्णगैरिकाम्भोजकेसरैः ॥ ८५ ॥
पिष्टैर्गोमयतोयेन वर्तिर्दोषान्ध्यनाशिनी ।

કણજી, ભૂરું કમળ, સોનાગેરુ, કમળનું કેસર–એટલી વસ્તુઓને છાણના સ્વરસમાં લસોટીને બનાવેલી (આંજવાની) સોગઠી રતાંધળાપણાનો નાશ કરે છે.

अजामूत्रेण वा कौन्तीकृष्णास्रोतोजसैन्धवैः ॥८६

કૌન્તી (રેણુકબીજ), પીપર, સ્રોતાજન અને સૈન્ધવ એ ચાર વસ્તુઓને બકરીના મૂત્રમા લસોટીને કરેલી (આંજવાની) સોગઠી રતાંધળાપણું મટાડે છે.

कालानुसारीत्रिकटुत्रिफलालमनःशिलाः ।
सफेनाश्छागदुग्धेन रात्र्यन्धे वर्तयो हिताः ॥ ८७

ઉત્પલ સારિવા (કૃષ્ણ સારિવા), ત્રિકટુ, ત્રિફળા, હરતાલ, મનશીલ અને સમુદ્રફીણ–એટલી વસ્તુઓને બકરીના દૂધમાં લસોટીને બનાવેલી (આંજવાની) શોગટીઓ રતાંધળાપણામા ફાયદો કરે છે.

सन्निवेश्य यकृन्मध्ये पिप्पलीर्दहनपचेत् ।
ताः शुष्का मधुना घृष्टा
निशान्धे श्रेष्ठमञ्जनम् ॥ ८८ ॥

(બકરીના) કાળજામાં લીંડીપીપર મૂકીને એ બળી ન જાય એવી રીતે પકવવી. પછી એ લીંડીપીપરને સૂકવીને તેને મધ સાથે લસોટવી. એ રતાંધળાપણામાં ઉત્તમ અંજન છે. (કાળજાનો ઉપયોગ વાસણ તરીકે કરવાનો છે. કાળજામાંનું પિત્ત ચૂસેલી પીપર આંજવાથી આંખના આલોચક પિત્તમાં વધારો થાય.)

खादेच्च प्लीहयकृती माहिषे तैलसर्पिषा ।

અને પાડા(કે ભેંસ)નાં બરોળ અને કાળજું તેલ અને ઘી સાથે ખાવાં.

घृते सिद्धानि जीवन्त्याः
पल्लवानि च भक्षयेत् ॥ ८९ ॥
तथाऽतिमुक्तकैरण्डशेफाल्यभीरुजानि च ।
मूष्टं घृतं कुम्भयोनेः पत्रैः पाने च पूजितम् ॥९०

વળી ડોડીનાં પાંદડાંને ઘીમાં સિદ્ધ કરીને ખાવા; તેમ જ અતિમુક્તિ, એરંડો, નગોડ અને શતાવરીનાં પાંદડાને ઘીમા સિદ્ધ કરીને ખાવા; તથા અગથિયાનાં પાંદડા વડે સિદ્ધ કરેલું ઘી પીવામાં પૂજાય છે.

ધૂમર, અમ્લવિદગ્ધા, પિત્તવિદગ્ધા અને ઉષ્ણવિદગ્ધાના ઉપાય

धूमरस्याम्लपित्तोष्णविदाहे जीर्णसर्पिषा ।
स्निग्धं विरेचयेच्छीतैः शीतैर्दिह्याच्च सर्वतः ॥९१

ધૂમર, અમ્લવિદગ્ધા, પિત્તવિદગ્ધા અને ઉષ્ણવિદગ્ધા રોગોમાં દરદીનુ જૂના ઘીથી સ્નેહન કરીને પછી ઠંડા વિરેચન દ્રવ્યોથી એને રેચ આપવો તથા બધે ઠંડા લેપ કરવા. (ઠંડાં=શીતવીર્ય.)

गोशकृद्रसदुग्धाज्यैर्विपक्वं शस्यतेऽञ्जनम् ।
स्वर्णगैरिकतालीसचूर्णावापा रसक्रिया ॥ ९२ ॥

ધૂમર, અમ્લવિદગ્ધા, પિત્તવિદગ્ધા અને ઉષ્ણવિદગ્ધા રોગોમાં જે અંજન કરવાનું (બનાવવાનું) હોય તે ગાયના છાણના રસમાં, દૂધમાં અને ઘીમાં પકાવેલું હોય એવું અંજન વખણાય છે; અને એ રોગોમાં જે રસક્રિયા કરવાની હોય તેમા સોનાગેરુ અને તાલીસપત્રનું ચૂર્ણ આવાપ તરીકે નાખવું.

मेदाशावरकानन्तामञ्जिष्ठादार्वियष्टिभिः ।
क्षीराष्टांशं घृत पक्व सतैलं नावनं हितम् ॥९३

મેદા, ધોળો લોધર, ધમાસો, મજીઠ, દારુહળદર અને જેઠીમધ–એટલી વસ્તુઓના કલ્ક અને ઘી કરતા આઠગણા દૂધ સાથે ઘીને તેલ સાથે પકવવાથી એનું નસ્ય ફાયદો કરે છે.

तर्पणं क्षीरसर्पिः स्याद्शाम्यति सिराव्यधः ।

દૂધમાંથી ઉત્પન્ન થયેલું ઘી તર્પણ કરે છે. આ રીતે પણ જો રોગ ન મટે તો ફસ ખોલવી.

કોની કોની આંખે તિમિરરોગી જેવું દેખાય?

चिन्ताभिघातभीशोकरौक्ष्यात्
सोत्कटकासनात् ॥ ९४ ॥

विरेकनस्यवमनपुटपाकादिविभ्रमात्।
विदग्धाहारवमनात् क्षुत्तृष्णादिविधारणात् ॥ ९५
अक्षिरोगावसानाच्च पश्येत्तिमिररोगिवत्।

ચિંતા, વાગવું, બીક અને શોકને લીધે થતા લૂખાપણાને લીધે; અધૂકડા બેસવાને લીધે; વિરેચન, નસ્ય, વમન, પુટપાક વગેરે ક્રિયાઓના વિભ્રમ(મિથ્યાયોગ)ને લીધે; વિદગ્ધ આહારની ઊલટી થવાથી; ભૂખ, તરસ વગેરે વેગોને રોકવાથી અને આંખના રોગ પૂરા ન મટવાથી માણસને તિમિરરોગી જેવું દેખાય છે.

यथास्वं तत्र युञ्जीत
दोषादीन् वीक्ष्य भेषजम् ॥ ९६ ॥

તેમાં (જ્યાં જ્યાં ઉપરનાં કારણોસર દરદીને તિમિરરોગી જેવું દેખાતું હોય ત્યાં) દોષ, દૂષ્ય, દેશ વગેરેનો વિચાર કરીને જે દોષને લીધે રોગ થયો હોય તેના હિસાબે ઔષધ આપવું.

सूर्योपरागानलविद्युदादि-
विलोकनेनोपहतेक्षणस्य ।
सन्तर्पणं स्निग्धहिमादि कार्यं
तथाञ्जनं हेम घृतेन घृष्टम् ॥ ९७ ॥

સૂર્યનું ગ્રહણ, આગ (કે દેવતા), વીજળી (+ખહુ ઝીણા અને ખહુ આંજી નાખે એવા પદાર્થો) વગેરે સામું જોવાથી જેની જોવાની શક્તિ જરા હણાઈ હોય તેને સ્નિગ્ધ, ઠંડું વગેરે પ્રકારનું (આંખનું) સંતર્પણ કરવું તથા ઘી સાથે ઘસેટેલા સોનાનું અંજન આંજવું.

આંખની સંભાળ રાખવાનું કારણ

चक्षूरक्षायां सर्वकालं मनुष्यै-
र्यत्नः कर्तव्यो जीविते यावदिच्छा
व्यर्थो लोकोऽयं तुल्यरात्रिंदिवानां
पुंसामन्धानां विद्यमानेऽपि वित्ते ॥ ९८ ॥

જ્યાં સુધી જીવવાની ઇચ્છા હોય ત્યાં સુધી માણસોએ આંખની રક્ષા કરવાનો સદાકાળ પ્રયત્ન કરવો, (કારણ કે) જેમને મન રાત અને દિવસ સરખાં છે એવા આંધળા માણસોની પાસે ધન હોય તોપણ એમને આ સંસાર નકામો છે.

આંખની સંભાળ રાખવાના ઉપાય

त्रिफला रुधिरस्रुतिर्विशुद्धि-
र्मनसो निर्वृतिरञ्जनं सनस्यम् ।
शकुनाशनता सपादपूजा
घृतपानं च सदैव नेत्ररक्षा ॥ ९९ ॥

ત્રિફળા, રક્ત ઓલાવવી, સંશોધન, મનની શાંતિ (સંતોષ), અંજન, નસ્ય, પંખીઓનું માંસ ખાવું, પાદપૂજા (પગે અભ્યંગ, ઉદ્વર્તન, પગ ધોવા, જોડા, પહેરવા વગેરે કરવું) અને ઘી પીવું—એટલાં વાનાંનું હમેશાં સેવન કરવાથી આંખની રક્ષા થાય છે.

अहितादशनात्सदा निवृत्ति-
र्भृशभास्वचलसूक्ष्मवीक्षणाच्च ।
मुनिना निमिनोपदिष्टमेतत्
परमं रक्षणमीक्षणस्य पुंसाम् ॥ १०० ॥

અપથ્ય આહારનો સદા ત્યાગ કરવો; ખહુ ચળકતી, અસ્થિર અને ઝીણી વસ્તુઓ જોવાનો ત્યાગ કરવો, એ માણસોની આંખોનું ઉત્તમ રક્ષણ છે, એવી નિમિ મુનિની શિખામણ છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने तिमिरप्रतिषेधो
नाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

અધ્યાય ૧૪ મો—મોતિયાના ઉપાય

अथातो लिङ्गनाशप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે લિંગનાશ(મોતિયા)ને મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે.

કેવો મોતિયો વીંધવો (ઉતારવો)?

विध्येत्सुजातं निःप्रश्न्यं लिङ्गनाशं कफोद्भवम्।
आवर्तक्यादिभिः षड्भिर्विवर्जितमुपद्रवैः ॥ १ ॥

બરાબર થયેલો (બરાબર ઘટ્ટ બનેલો, પાકેલો), જેને લીધે જોઈ ન શકાતું હોય એવો, આવર્તકી વગેરે ૭ ઉપદ્રવો (શ્લોક ૪૨થી ૭) વિનાનો, કફથી થયેલો મોતિયો વીંધવો (ઉતારવો). (કફ સિવાયના બીજા મોતિયા અસાધ્ય છે. ઉ. ૧૨/૩૨ક.)

પાકેલો મોતિયો જ ઉતારવાનું કારણ

सोऽसञ्जातो हि विषमो दधिमस्तुनिभस्तनुः ।
शलाकयाऽवकृष्टोऽपि पुनरूर्ध्वं प्रपद्यते ॥ २ ॥
करोति वेदनां तीव्रां दृष्टिं च स्थगयेत्पुनः ।
श्लेष्मलैः पूर्यते चाशु
सोऽन्यैः सोपद्रवश्चिरात् ॥ ३ ॥

કારણ કે તે (મોતિયો) કાચો હોય ત્યારે તેનો ઘાટ ઢંગધડા વિનાનો (ખાડાટેકરાવાળો) હોય છે, એ દહીંના મસ્તુ જેવો હોય છે અને પાતળો હોય છે, એને સળીથી ખેંચીને નીચે ઉતાર્યા છતાં પણ તે ફરી પાછો ઊંચે આવે છે, તીવ્ર પીડા કરે છે, અને ફરીથી દૃષ્ટિને છાઈ દે છે, કફકારક ઔષધ અને અન્નથી એ ઝટ ભરાઈ જાય છે અને બીજાં (પિત્તકારક અને વાયડાં) ઔષધ અને અન્નથી એ લાંબે વખતે (શ્લોક ૪કૃથી ૭માં કહેલા) ઉપદ્રવોવાળો થાય છે. (अवकृष्ट-આયુર્વેદમાં મોતિયાને આંખમાં ને આંખમાં નીચે પાડવાનો હોય છે, આંખની બહાર કાઢવો પડતો નથી.)

કફના મોતિયાનો રંગ

श्लैष्मिको लिङ्गनाशो हि
सितत्वाच्छ्लेष्मणः सितः ।
तस्यान्यदोषाभिभवाद्द्रवत्यानीलता गदः ॥४॥

કફ ધોળો હોવાને લીધે કફનો મોતિયો ધોળો હોય છે, એના ઉપર બીજા દોષનું (પિત્ત કે વાયુનું) આક્રમણ થવાથી એ રોગમાં (કફના મોતિયામાં) જરા નીલ રંગ આવે છે.

છ ઉપદ્રવો

આવર્તકી દૃષ્ટિ

तत्रावर्तचला दृष्टिरावर्तस्यरुणाऽसिता ।

તેમાં (છ ઉપદ્રવોમાં) આવર્તકી દૃષ્ટિ આવર્ત(પાણીમાં થતા વમળ)ના જેવી ચંચળ, આછી લાલ અને કાળી હોય છે.

શર્કરા દૃષ્ટિ

शर्कराऽर्कपयोलेशनिचितेव घनाति च ॥ ५ ॥

શર્કરા દૃષ્ટિ આકડાના દૂધના ટીપા વડે છવાયેલી હોય એવી અને બહુ જ ઘટ્ટ હોય છે (મોતિયાનો દાણો આકડાના દૂધના ટીપા જેવો અને ઘટ્ટ હોય છે).

રાજીમતી દૃષ્ટિ

राजीमती दृङ्निचिता शालिशूकाभराजिभिः ।

રાજીમતી દૃષ્ટિ શાલિધાનનાં સુખળાં જેવા લિસોટાથી છવાયેલી હોય છે.

છિન્નાંશુકા દૃષ્ટિ

विषमच्छिन्नदग्धाभा सरुक् छिन्नांशुका स्मृता ६

છિન્નાંશુકા દૃષ્ટિ વિષમ, કપાયેલી, દાઝેલા જેવી અને પીડાવાળી હોય છે, એવું આયુર્વેદ કહે છે.

ચંદ્રકી દૃષ્ટિ

दृष्टिः कांस्यसमच्छाया चन्द्रकी चन्द्रकाकृतिः ।

ચંદ્રકી દૃષ્ટિની છાયા કાંસાની છાયા જેવી હોય છે અને એનો આકાર અર્ધચંદ્ર જેવો હોય છે. (ચંદ્રક=નાનો એટલે અર્ધચંદ્ર. સુશ્રુતે ચંદ્રકી દૃષ્ટિને અર્ધેન્દુ જેવા આકારની કહી છે.)

છત્રકી દૃષ્ટિ

छत्राभा नैकवर्णा च छत्रकी नाम नीलिका ॥ ७ ॥

છત્રકી નામનો લિંગનાશ (મોતિયો) બિલાડીના ટોપ જેવો તથા અનેક રંગનો હોય છે. (નીલિકા=લિંગનાશ. સુશ્રુત ઉ. ૧૭/૭૧ ડલ્હણ)

કોનો મોતિયો ન ઉતારવો ?

न विध्येदसिराहार्णां न तृट्पीनसकासिनाम् ।
नाजीर्णिभीरुवमितशिरःकर्णाक्षिशूलिनाम् ॥ ८ ॥

જેમની ફસ ખોલવાની મના છે એવાનો (સૂ. ૨૭/૫૩થી ૮૩), તરસ, પીનસ અને ઉધરસવાળાનો, અજીર્ણવાળાનો, બીકણનો, જેને ઊલટી કરાવી હોય તેનો; માથામાં, કાનમાં કે આંખમાં જેને સણકા મારતા હોય તેનો મોતિયો ઉતારવો નહિ.

મોતિયો ઉતારવાની રીત

अथ साधारणे काले शुद्धसम्भोजितात्मनः ।
देशे प्रकाशे पूर्वाह्णे भिषग्जानूच्चपीठगः ॥ ९ ॥
यन्त्रितस्योपविष्टस्य स्विन्नाक्षस्य मुखानिलैः ।
अङ्गुष्ठमृदिते नेत्रे दृष्टौ दृष्ट्वोत्प्लुतं मलम् ॥१०
स्वां नासां प्रेक्षमाणस्य निष्कम्पं मूर्ध्नि धारिते ।
कृष्णादर्धाङ्गुलं मुक्त्वा तथाऽर्धार्धमपाङ्गतः ११

तर्जनीमध्यमाङ्गुष्ठे शलाका निश्चलं धृताम्।
दैवच्छिद्रं नयेत्पार्श्वादूर्ध्वमामन्त्र्यन्निव ॥ १२॥
सव्यं दक्षिणहस्तेन नेत्रं सव्येन चेतरत्।
विध्येत

દરદીનુ શોધન કરીને, જમાડીને, બરાબર પકડી રાખીને (દરદીની પાછળ સગવડથી બેઠેલા પરિચારક બે હાથે તેનું માથુ હાલી ન જાય એ રીતે પકડી રાખીને), બેસાડીને (જમીન પર પોચી ગાદી કે આસન પાથરીને સૂર્ય તરફ મો રાખીને બે પગ લાંબા કરીને બેસાડીને), (વૈદ્યના) મોની ફૂંકો વડે આંખોને શેક કરીને, અંગૂઠાથી આંખો ચોળ્યા પછી જ્યારે દૃષ્ટિમા દોષ ઊંચો આવેલો દેખાય, ત્યારે દરદી પાસે દરદીના નાક સામું જોવડાવી રાખીને, એનુ માથુ હાલી ન જાય એ રીતે પકડી રખાવીને, ઢીંચણ જેટલા ઊંચા આસન ઉપર બેઠેલા વૈદ્યે પ્રાર્થના વગેરે મંગલ કર્મ કરીને (=અથ) સાધારણ કાળમા (બહુ ટાઢ, તાપ, વાદળા કે વરસાદ ન હોય ત્યારે), અજવાળુ આવે એવી જગાએ, સવારે, તર્જની, વચલી આગળી અને અંગૂઠો એ ત્રણ આગળીઓ વડે મોતિયો ઉતારવાની સળી હાલી ન જાય એ રીતે એ સળીને સ્થિર પકડીને કાળા ડોળાથી અડધો આગળ છોડીને અને અપાંગ–(આંખનો લમણા તરફનો છેડો)થી પા (૦।) આગળ છોડીને (કાળા ડોળાની અપાંગ તરફની કિનાર અને અપાંગ એ બેની વચ્ચે આવેલા ધોળા ડોળાના ત્રણ સરખા ભાગ કલ્પીને કાળા ડોળાની કિનારથી બે ભાગ અને અપાંગથી એક ભાગ છેટેની જગાએ) ધોળા ડોળામા દૈવછિદ્ર પાસે સળી લઈ જવી. એ દૈવછિદ્ર ઉપર બાજુમાથી વધેલવવાના રવૈયાની માફક (શારડીની માફક) સળીની અણી ફેરવીને જમણુ હાથે ડાબી આંખમા અને ડાબે હાથે જમણી આંખમા દૈવછિદ્રને વીંધવુ. (દૈવછિદ્ર નામનુ કોઈ ખરેખર છિદ્ર આંખમાં નથી કાળા ડોળાની અપાંગ બાજુની કિનાર અને અપાંગ વચ્ચે સીધી લીટી કલ્પીએ અને એ લીટીના ત્રણ સરખા ભાગ કલ્પીએ તો કાળા ડોળાની કિનારથી બે ભાગને છેડે જે જગા હોય તેને દૈવછિદ્ર કહે છે. દૈવછિદ્ર વીંધતી વખતે શિરાઓની જાળ ન વીંધાય તેની ખાસ સંભાળ રાખવી)

દૈવછિદ્ર બરાબર વીંધાયું હોવાના લક્ષણ
सुविद्धे शब्दः स्याद्रुक् चाम्बुलवच्युतिः ॥१३॥

દૈવછિદ્ર બરાબર વીંધાયુ હોય તો (ચામડી ત્ર્યાનો) અવાજ થાય, પીડા ન થાય અને પાણીનુ ટીપુ નીકળે. (જો દૈવછિદ્ર બરાબર વીંધાયુ ન હોય તો અવાજ ન થાય, પીડા થાય અને લોહી નીકળે)

દૈવછિદ્ર વીંધ્યા પછી શુ કરવુ?
सान्त्वयन्नातुरं चानु नेत्रं स्तन्येन सेचयेत्।
शलाकायास्ततोऽग्रेण निर्लिखेन्नेत्रमण्डलम् ॥ १४
अबाधमानः शनकैर्नासां प्रति नुदंस्ततः।
उच्छिङ्घनाच्चापहरेद्दृष्टिमण्डलगं कफम् ॥ १५ ॥
स्थिरे दोषे चले वाऽपि स्वेदयेदक्षि वाह्यतः।
अथ दृष्टेषु रूपेषु शलाकामाहरेच्छनैः ॥ १६ ॥
घृताप्लुतं पिचुं दत्त्वा बद्धाक्षं शाययेत्ततः।
निद्यादन्येन पार्श्वेन तमुत्तानं द्वयोर्व्यधे ॥ १७ ॥
निवाते शयनेऽभ्यक्तशिरःपादं हिते रतम्।

(દૈવછિદ્ર વીંધ્યા પછી) દરદીને હિંમત આપીને (સ્વસ્થ કરીને) પછી આંખ ઉપર સ્ત્રીનુ ધાવણુ રેડવુ (ટીપા મૂકવા). પછી સળીની અણી વડે નેત્રમંડળને (દૃષ્ટિમંડળને) નુકસાન ન પહોચે એ રીતે દૃષ્ટિમંડળને ખોતરવુ (સળી ઘસવી), (કે જેથી ચોટેલો કફ છૂટો પડી જાય). પછી ધીમેધીમે એ છૂટા પડેલા કફને નાક તરફ ખસેડીને, (જે આંખમાથી મોતિયો ઉતારવાનો હોય તે આંખથી બીજી બાજુનુ નસકોરુ બંધ કરીને–જમણી આંખનો મોતિયો ઉતારવાનો હોય તો ડાબુ નસકોરુ અને ડાબી આંખનો મોતિયો ઉતારવાનો હોય તો જમણુ નસકોરુ બંધ કરીને ખુલ્લા નસકોરા વડે) શ્વાસ ઊંચો ખેંચાવીને (છીંકણી સૂંઘવાની માફક ઊંચો તડાકો મેવડાવીને) દૃષ્ટિમંડળમા ગયેલા કફને (નીચે પાડી નાખીને–અવતૃષ્ટ શ્લોક ૨)

દૂર કરવો. જો દોષ બહુ સ્થિર હોય કે બહુ ચળ હોય તો બહારથી આંખ ઉપર શેક કરવો (અને પછી ખોતરવાની વગેરે ક્રિયા કરવી). હવે (દષ્ટિમંડળમાંનો) કફ–મોતિયો દૂર થયા પછી (એ આંખે) રૂપ (વસ્તુઓ) દેખાય ત્યારે (દૈવછિદ્રમાંથી) સળીને ધીમેધીમે પાછી ખેંચી લેવી. પછી ઘીમાં બોળેલું પોતું મૂકીને (પોતા વડે આખના દૈવછિદ્ર ઉપર ઘી ચોવીને), આંખે પાટો બાંધીને જે બાજુની આંખ વીંધી હોય તેનાથી બીજે પડખે (વીંધેલી આંખવાળું પડખું ઉપર રહે એવી રીતે પાસુ વાળીને, ચત્તો નહિ) અને જો બે આંખો વીંધી હોય તો ચત્તો, પવન ન આવતો હોય એવી જગાએ પથારીમાં સુવાડવો. દરદીના માથે અને પગે અભ્યંગ કરવો. દરદીએ પથ્ય આહારવિહારમાં રસ લેવો.

મોતિયો ઉતાર્યા પછીની પરેજ

क्षवथुं कासमुद्गारं ष्ठीवनं पानमम्भसः ॥ १८ ॥
अधोमुखस्थितिं स्नानं दन्तधावनभक्षणम् ।
सप्ताहं नाचरेत्स्नेहपीतवच्चात्र यन्त्रणा ॥ १९ ॥

છીંક, ઉધરસ, ઓડકાર, થૂંકવુ, પાણી પીવુ, મોં નીચુ રાખીને સૂવું–બેસવુ, નાહવું, દાતણ કરવુ (કે દાંત ધોવા), ખાવું–આટલાં કામ સાત દિવસ સુધી કરવાં નહિ. વળી આમાં (મોતિયો ઉતાર્યા પછી) સ્નેહ પીધેલા માણસના જેવી પરેજ (સૂ. ૧૬/૨૫ૄ થી ૨૭ૄ) પાળવી.

शक्तितो लङ्घयेत्सेको रुजि कोष्णेन सर्पिषा ।
सव्योषामलकं वाट्यमश्नीयात्सघृतं द्रवम् ॥२०॥
विलेपीं वा त्र्यहाच्चास्य
क्वाथैर्मुक्त्वाऽक्षि सेचयेत् ।
वातघ्नैः सप्तमे त्वह्नि सर्वथैवाक्षि मोचयेत् ॥२१॥

શક્તિ પ્રમાણે ઉપવાસ કરાવવા. પીડા થાય તો સશેકું ઘી ચોવવું. થોડું ઘી નાખીને તથા ત્રિકટુ અને આમળાં નાખીને જવનો પ્રવાહી ભાત ખાવો કે વિલેપી ખાવી. મોતિયો ઉતાર્યા પછી ત્રણ દિવસ રહીને આંખનો પાટો છોડીને વાયુને મટાડે એવાં ઔષધોના ક્વાથનાં આંખમાં ટીપાં પાડવાં. પણ સાતમે દિવસે આંખનો પાટો કાયમને માટે છોડી નાખવો.

यन्त्रणामनुरुध्येत दृष्टेरास्थैर्यलाभतः ।
रूपाणि सूक्ष्मदीप्तानि सहसा नावलोकयेत् ॥२२॥

દૃષ્ટિ સ્થિર થાય ત્યાં સુધી ઉપર કહેલી આહારવિહારની પરેજ પાળવી. (દૃષ્ટિ સ્થિર થયા પછી પણ) ઝીણી કે ચળકતી વસ્તુઓ એકાએક જોવી નહિ.

પરેજ ન પાળવાથી થતા ઉપદ્રવ

शोफरागरुजादीनामधिमन्थस्य चोद्भवः ।
अहितैर्वेधदोषाच्च यथास्वं तानुपाचरेत् ॥ २३ ॥

પથ્ય ન હોય એવા આહાર, વિહાર કે ઔષધનુ સેવન કરવાથી અને મોતિયો ઉતારવામાં દોષને લીધે સોજો, રતાશ, પીડા વગેરે અને અધિમંથ (ઉ. અ. ૧૫) થાય છે. એ ઉપદ્રવો જે દોષને લીધે થયા હોય તે દોષને હિસાબે એ ઉપદ્રવોના ઉપાય કરવા.

પીડા અને રતાશ મટાડવાનો ઉપાય

कल्किताः सघृता दूर्वायवगैरिकसारिवाः ।
मुखालेपे प्रयोक्तव्या रुजारागोपशान्तये ॥ २४ ॥

પીડા અને રતાશ મટાડવા માટે ધરો, જવ, ગેરુ, સારિવા–એટલી વસ્તુઓનો કલ્ક કરીને એમાં ઘી ભેળવીને મુખાલેપ તરીકે વાપરવો (આંખ બંધ કરાવીને આંખની આસપાસ લેપ કરવો).

ससर्षपास्तिलास्तद्वन्मातुलुङ्गरसाप्लुताः ।

તલ અને સરસવના કલ્કને બિજોરાંના રસમાં કાલવીને મુખાલેપ કરવાથી પણ એ જ પરિણામ આવે છે (પીડા અને રતાશ મટે છે).

पयस्यासारिवापत्रमञ्जिष्ठामधुयष्टिभिः ॥ २५ ॥
अजाक्षीरयुतैर्लेपः सुखोष्णः शर्मकृत्परम् ।

ક્ષીરકાકોલી, સારિવા, તમાલપત્ર, મજીઠ અને જેઠીમધના કલ્કનો બકરીના દૂધ સાથે સહેવાય એવો ગરમ લેપ બહુ સુખ આપે છે.

रोध्रसैन्धवमृद्वीकामधुकैश्छागलं पयः ॥ २६ ॥
शृतमाश्च्योतनं योज्यं रुजारागविनाशनम् ।

લોધર, સિંધવ, કાળી દ્રાક્ષ અને જેઠીમધ વડે પકવેલા બકરીના દૂધનાં ટીપાં આંખમાં નાખવાથી પીડા અને રતાશનો નાશ થાય છે.

मधुकोत्पलकुष्ठैर्वा द्राक्षालाक्षासितान्वितैः ॥ २७

અથવા જેઠીમધ, કાળું કમળ, ઉપલેટ, કાળી દ્રાક્ષ, લાખ અને સાકર વડે પકવેલું બકરીનું દૂધ (પીડા અને રતાશનો નાશ કરે એવું હોય છે, તેનાં ટીપાં આંખમાં મૂકવાં).

वातघ्नसिद्धे पयसि शृतं सर्पिश्चतुर्गुणे ।
पद्मकादिप्रतीवापं सर्वकर्मसु शस्यते ॥ २८ ॥

ઘી કરતાં ચારગણા દૂધને વાયુ મટાડે એવાં (તેલિયો દેવદાર વગેરે) ઔષધો વડે સિદ્ધ કરીને એ દૂધમાં પકવેલું ઘી પદ્મકાદિ ગણના પ્રતિવાપ સાથે બધાં કામમાં (નસ્યમાં, પીવામાં વગેરે બધાં કામમાં) વખણાય છે.

सिरां अथाऽनुपशमे स्निग्धस्विन्नस्य मोक्षयेत् ।
मन्थोक्तां च क्रियां कुर्याद्विधे रूढेऽञ्जनं मृदु ॥२९॥

એમ છતાં પણ જો પીડા અને રતાશ ન મટે તો દર્દીનું સ્નેહન અને સ્વેદન કરીને એની ફસ ખોલવી તથા અધિમંથ માટે કહેલી બધી ક્રિયા (ઉ. અ. ૧૬) કરવી. મોતિયો ઉતારતાં જે છિદ્ર પડ્યું હોય તે રુઝાઈ જાય ત્યારે મૃદુ અંજન આંજવું (તીક્ષ્ણ ન હોય એવું અંજન આંજવું.).

રૂઝ આવ્યા પછી આંખમાં આંજવાની દવા

आढकीमूलमरिचहरितालरसाञ्जनैः ।
विद्धेऽक्ष्णि सगुडा वर्ति-
योज्या दिव्याम्बुपेषिता ॥ ३० ॥

તુવેરનાં મૂળ, મરી, હરતાલ, રસવંતીના કલ્કમાં ગોળ નાખીને એ બધાંને વરસાદના પાણીમાં લસોટીને બનાવેલી (આંજવાની) શોગટી મોતિયો ઉતારેલી આંખમાં આંજવી.

પિંડાંજન

जातीशिरीषधवमेषविषाणिपुष्प-
वैडूर्यमौक्तिकफलं पयसा सुपिष्टम् ।
आजेन ताम्रमनुना प्रतनु प्रदिग्धं
सप्ताहतः पुनरिदं पयसैव पिष्टम् ॥ ३१ ॥
पिण्डाञ्जनं हितमनातपशुष्कमक्ष्णि
विद्धे प्रसादजननं बलकृच्च दृष्टेः ।

ચમેલીનાં, સરસડાનાં, ધાવડાનાં અને મેંઢાશીંગનાં ફૂલ, નીલમ, મોતી—એટલી વસ્તુઓને બકરીના દૂધ સાથે પુષ્કળ લસોટીને એના વડે તાંબાના વાસણ ઉપર આછો લેપ (કંટીવાળો) કરવો. આ તાંબાના વાસણ પર કરેલો લેપ સાત દિવસ રાખીને પછી એ લેપ ઉખાડી લઈને એને પાછો બકરીના દૂધ સાથે લસોટવો; આ પિંડાંજનને છાંયડે સૂકવવું. એ પિંડાંજન (આંજવાથી) વીંધાયેલી આંખમાં ફાયદો કરે છે તથા દૃષ્ટિને નિર્મળ અને બળવાન બનાવે છે.

स्रोतोजविद्रुमशिलाम्बुधिफेनतीक्ष्णै-
रस्यैव तुल्यमुदितं गुणकल्पनाभिः ॥ ३२ ॥

સોતાંજન, પરવાળાં, મનશીલ, સમુદ્રફીણ અને મરી—એ બધાંને બકરીના દૂધમાં લસોટીને કરેલું પિંડાંજન ગુણમાં અને કલ્પનામાં એના જેવું જ (શ્લોક ૩૦½થી ૩૧½માં કહેલા પિંડાંજન જેવું જ) છે.

इत्यष्टांगहृदये षष्ठे उत्तरस्थाने लिङ्गनाशप्रतिषेधो नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

અધ્યાય ૧૫ મો—આખી આંખના રોગોનું જ્ઞાન

अथातः सर्वाक्षिरोगविज्ञानीयं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

ત્યારે હવે અમે આખી આંખના રોગોનું જ્ઞાન થવા માટે ઉપયોગી (અધ્યાય) સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

અભિષ્યંદ (આંખ આવવી)

વાયુનો અભિષ્યંદ

वातेन नेत्रेऽभिष्यन्दे नासानाहोऽल्पशोफता ।
शङ्खाक्षिभ्रूललाटस्य तोदस्फुरणभेदनम् ॥ १ ॥
शुष्काल्पा दूषिका शीतमच्छं चाश्रुचला रुजः ।
निमेषोन्मेषणं कृच्छ्राज्जन्तूनामिव सर्पणम् ॥ २ ॥
अक्ष्याध्मातमिवाभाति
सूक्ष्मैः शल्यैरिवाचितम् ।
स्निग्धोष्णैश्चोपशमनं साऽभिष्यन्दः

વાયુને લીધે આંખ દુઃખવા આવી હોય ત્યારે નાક બંધાઈ જાય છે, આંખે થોડો સોજો

રહે છે; લમણાં, આંખ, ભમ્મર અને કપાળમાં તોદ, ફરકાટ અને ભેદ થાય છે; પીયા (ચીપડા) સૂકા અને થોડા હોય છે; આંસુ (આંખમાંથી નીકળતું પાણી) ઠંડાં અને પાતળાં હોય છે; પીડા સતત ચાલુ રહેતી નથી (ઘડીમાં થાય છે અને વળી પાછી બંધ થાય છે); આંખ મુશ્કેલીથી વસાય છે અને ઊઘડે છે, આંખમાં જાણે કીડીઓ વગેરે જંતુઓ ચાલતાં હોય એવું દરદીને લાગે છે, આંખ જાણે વાયુથી ભરાઈ ગઈ હોય એવું લાગે છે, આંખમાં જાણે ઝીણાં શલ્ય વ્યાપી ગયાં હોય એવું લાગે છે (ખૂંચે છે), સ્નિગ્ધ અને ઉષ્ણ ઉપચારથી રાહત રહે છે. એ અભિષ્યંદ રોગ છે.

વાયુના અધિમંથનાં કારણ અને લક્ષણ

उपेक्षितः ॥ ३ ॥
अधिमन्थो भवेत्तत्र कर्णयोर्नदनं भ्रमः ।
अरण्येव च मथ्यन्ते ललाटाक्षि भ्रुवादयः ॥ ४ ॥

વાયુના અભિષ્યંદના યોગ્ય ઉપચાર વખતસર ન થાય તો વાયુનો અધિમંથ રોગ થાય. એમાં (વાયુના અધિમંથરોગમાં) કાનમાં અવાજ થયા કરે, ફેર આવે, લલાટ, આંખ, ભમ્મર વગેરે જાણે અરણિના લાકડાથી વલોવાતાં હોય એવું થાય છે.

હતાધિમંથનાં કારણ અને લક્ષણ

हताधिमन्थः सोऽपि स्यात्
प्रमादात्तेन वेदनाः ।
अनेकरूपा जायन्ते व्रणो दृष्टौ च दृष्टिहा ॥ ५ ॥

તે(અધિમંથ)ના પણ બેદરકારીને લીધે યોગ્ય ઉપચાર વખતસર ન થાય તો હતાધિમંથ રોગ થાય છે, તેને લીધે અનેક પ્રકારની પીડા થાય છે અને દૃષ્ટિનો નાશ કરે એવો વ્રણ દૃષ્ટિમાં થાય છે.

અન્યતોવાતનાં કારણ અને લક્ષણ

मन्याक्षिशङ्खतो वायुरन्यतो वा प्रवर्तयन् ।
व्यथां तीव्रामपैच्छिल्यरागशोफं विलोचनम् ॥६॥
सङ्कोचयति पर्यश्रु सोऽन्यतोवातसंज्ञितः ।

મન્યા, આંખ કે લમણામાંથી (એ ત્રણ અંગમાં રહી રહી) કે બીજેથી (અવટુ=બોચી, કાન, માથું, જડબું કે પીઠમાં રહી રહી–સુશ્રુત) વાયુ જ્યાં પોતે રહ્યો હોય તે અંગ સિવાય બીજા જ અંગમાં તીવ્ર પીડા કરીને પિચ્છિલતા વિનાની, રતાશ વિનાની, સોજા વિનાની અને ચારે પાસ આંસુવાળી આંખને સંકોચી નાખે છે, એ અન્યતોવાત નામનો રોગ છે.

વાતપર્યયનાં લક્ષણ

तद्वज्जिह्मं भवेन्नेत्रमूनं वा वातपर्यये ॥ ७ ॥

વાતપર્યય રોગમાં આંખ એવી જ (અન્યતોવાતમાં થઈ જાય એવી), વાંકી અને સાંકડી થઈ જાય છે.

પિત્તાભિષ્યંદનાં લક્ષણ

दाहो धूमायनं शोफः श्यावता वर्त्मनो बहिः ।
अन्तःक्लेदोऽश्रु पीतोष्णं
रागः पीताभदर्शनम् ॥ ८ ॥
क्षारोक्षितक्षताक्षित्वं पित्ताभिष्यन्दलक्षणम् ।

બળતરા, આંખમાંથી જાણે ધુમાડો નીકળતો હોય એવું લાગે, સોજો, પાંપણની બહાર બદામી રંગ, અંદર પચપચું રહે, આંસુ પીળાં અને ગરમ આવે, આંખ લાલચોળ હોય, બધું પીળું હોય એવું દેખાય, ઘામાં ક્ષાર ભભરાવવાથી જેવી પીડા થાય એવી પીડા આંખમાં થાય– આ પિત્તથી થતા અભિષ્યંદ(દુખણી આંખ)નાં લક્ષણ છે.

પિત્તાધિમંથનાં લક્ષણ

ज्वलदङ्गारकीर्णाभं यकृत्पिण्डसमप्रभम् ॥ ९ ॥
अधिमन्थे भवेन्नेत्रं

પિત્તથી થતા (પિત્તાભિષ્યંદ બગડવાથી થતા) અધિમંથમાં આંખમાં જાણે સળગતા અંગારા પાથર્યા હોય એવી અને કાળજાના પિંડની પ્રભા જેવી પ્રભાવાળી આંખ હોય છે.

કફના અભિષ્યંદનાં લક્ષણ

स्यन्दे तु कफसम्भवे ।
जाड्यं शोफो महान् कण्डू-
र्निद्राऽन्नानभिनन्दनम् ॥ १० ॥
सान्द्रस्निग्धबहुश्वेतपिच्छावद्दूषिकाश्रुता ।

કફથી થતા અભિષ્યંદમાં આંખમાં જડતા, પુષ્કળ સોજો, ચળ (ખણજ), ઊંઘ, ખાવાપીવાની

ઇચ્છા ન થાય, પીયા અને આસુ ઘાટા, સ્નિગ્ધ, પુષ્કળ, ધોળા અને પિચ્છિલ હોય છે.

કફાધિમંથનાં લક્ષણ

अधिमन्थे नत कृष्णमुन्नत शुक्लमण्डलम् ॥ ११ ॥
प्रसेको नासिकाध्मानं पांशुपूर्णमिवेक्षणम् ।

કફથી થતા (કફાભિષ્યંદ ખગડવાથી થતા) અધિમંથમા કાળો ડોળો બેસી ગયેલો અને ધોળો ડોળો ઊપસી આવેલો હોય છે, મોમાંથી લાળ નીકળે છે, નાક કફથી ભરાઈ જાય છે અને આખ જાણે ધૂળથી ભરેલી હોય એવી લાગે છે (આખમા ધૂળ ખૂચે એમ ખૂચે છે).

રક્તાભિષ્યંદનાં લક્ષણ

रक्ताश्रुराजीदूषीकारक्तमण्डलदर्शनम् ॥ १२ ॥
रक्तस्यन्देन नयन सपित्तस्यन्दलक्षणम् ।

લોહીના પ્રકોપથી અભિષ્યંદને લીધે આખ રાતા આસુવાળી, રાતા લિસોટાવાળી, રાતા પીયાવાળી, (ધોળુ) દૃષ્ટિમંડળ રાતુ દેખાય એવી અને પિત્તાભિષ્યંદના લક્ષણોવાળી હોય છે.

રક્તાધિમંથનાં લક્ષણ

मन्थेऽक्षि ताम्रपर्यन्तमुत्पाटनसमानरुक् ॥ १३ ॥
रागेण बन्धूकनिभं ताम्यति स्पर्शनाक्षमम् ।
असृङ्निमग्नारिष्टाभ कृष्णमग्न्याभदर्शनम् ॥ १४ ॥

લોહીના પ્રકોપથી થયેલા (રક્તાભિષ્યંદ ખગડવાથી થયેલા) અધિમંથમા (રક્તાભિષ્યંદ ખગડવાથી થયેલા રક્તાધિમંથમા) આખને ફરતી કિનાર તાંબાવર્ણી થઈ જાય છે, આખને જાણે જડમૂળથી ઉખેડી કાઢવામા આવતી હોય એવી પીડા થાય છે, આખ રતાશમા બપોરિયાના ફૂલ જેવી હોય છે, આખ જોતાં થાકી જાય છે, આખ આળી થઈ જાય છે (કઈ અડકે તે ખમાતુ નથી), કાળો ડોળો લોહીમાં બોળેલા અરીઠા જેવો હોય છે, અને ખધુ દેવતા જેવુ દેખાય છે.

બધા અધિમંથના ટૂંકમાં લક્ષણ

अधिमन्था यथास्व च सर्व स्यन्दाधिकव्यथा ।
शङ्खदन्तकपोलेषु कपाले चातिरुक्करा ॥ १५ ॥

જે જાતના અભિષ્યંદમાથી જે અધિમંથ રોગ થયો હોય તે જાતના અભિષ્યંદની વેદના તે અધિમંથમા વધારે પ્રમાણમા હોય છે તથા તે અધિમંથો (વાતાધિમંથ) લમણામા, (પિત્તાધિમંથ) દાતમા, (કફાધિમંથ) ગાલમા અને (રક્તાધિમંથ) કપાળમા બહુ જ પીડા કરે છે.

શુષ્કાક્ષિપાકનાં લક્ષણ

वातपित्तातुर घर्षतोदभेदोपदेहवत् ।
रूक्षदारुणवर्त्माक्षि कृच्छ्रोन्मीलननिमीलनम् ॥ १६ ॥
विकूणनविशुष्कत्वशीतेच्छाशूलपाकवत् ।
उक्त शुष्काक्षिपाकोऽयं

આખ વાયુ અને પિત્તથી પીડાય, આખમા ખૂચ્યા કરે, તોદ અને ભેદ થાય અને આખ લપેડાયેલી રહે, પોપચા લૂખા અને કઠણ હોય, આખ બહુ દુઃખથી ઊઘડે અને વસાય, આખ મોટે ભાગે મીચાયેલી રહે, કોરી પડી જાય, આંખને ઠંડકની ઇચ્છા થાય, શૂળ આવે અને પાક થાય (ગૂમડાની માફક પાકે)—આને શુષ્કાક્ષિપાક રોગ કહે છે

સશોફ અક્ષિપાકના લક્ષણ

सशोफ स्यात्त्रिभिर्मलैः ॥ १७
सरक्तैस्तत्र शोफोऽतिरुग्दाहष्ठीवनादिमान् ।
पक्वोदुम्बरसङ्काशं जायते शुक्लमण्डलम् ॥ १८ ॥
अश्रूष्णशीतविशदपिच्छिलाच्छघन मुहु ।

સશોફ (સોજાવાળો) અક્ષિપાક રોગ ત્રણે દોષ અને લોહીના કોપવાથી થાય છે એ રોગમા સોજામા પુષ્કળ પીડા અને ખળતરા હોય છે, થૂક થૂક કરવુ પડે વગેરે હોય છે, ધોળો ડોળો પાકા ઉમરડાના ફળ જેવો બની જાય છે, કોઈ વાર ઊનાં તો કોઈ વાર ઠંડા, કોઈ વાર કોરા તો કોઈ વાર પિચ્છિલ, કોઈ વાર પાતળા તો કોઈ વાર ઘાટા (રગડા જેવા) આસુ (આખનુ પાણી) વારવાર નીકળે છે.

અલ્પશોફ અક્ષિપાકના તથા અક્ષિપાકાત્યયનાં લક્ષણ

अल्पशोफेऽल्पशोफस्तु
पाकोऽन्यैर्लक्षणैस्तथा ॥ १९ ॥
अक्षिपाकात्यये शोफ सरम्भ कलुषाश्रुता ।
कफोपदिग्धमसित सित प्रक्लेदरागवत् ॥ २० ॥
दाहो दर्शनसरोधो वेदनाश्चानवस्थिता ।

અલ્પશોફ અક્ષિપાકમા શુષ્કાક્ષિપાકના

સોજા સિવાયનાં બીજાં લક્ષણોવાળો અને થોડા સોજાવાળો પાક હોય છે. અક્ષિપાકાત્યય રોગમાં સોજો, સંરંભ (આંખ ઊસરાઈ આવવી, પીડા વધી પડવી), ડહોળાં (મેલાં) આંસુ, કફથી લપેડાયલો ધોળો ડોળો, ચીકાશવાળો અને રાતો કાળો ડોળો, બળતરા, દૃષ્ટિને બાધ થાય (આંખે જોઈ ન શકાય) અને પીડા ઘડીમાં થાય અને ઘડીમાં બંધ થાય–એટલાં લક્ષણો થાય છે.

અમ્લોષિતનાં કારણ, સંપ્રાપ્તિ, લક્ષણ

अन्नसारोऽम्लतां नीतः पित्तरक्तोल्बणर्मलैः ॥ २१ ॥
शिराभिर्नेत्रमारूढः करोति श्यावलोहितम् ।
सशोफदाहपाकाश्रु भृशं चाविलदर्शनम् ॥ २२ ॥
अम्लोषितोऽयम्

પિત્ત અને લોહી જેમાં વધારે પ્રમાણમાં છે એવા દોષો વડે ખાટો બનાવાયેલો અન્નના સારરૂપ રસ, શિરાઓ વાટે આંખમાં ચઢી જઈને આંખને બદામી રંગની કે લાલ, સોજાવાળી, બળતરાવાળી, પાકવાળી અને આંસુવાળી તથા (આંખ વડે) બધું મેલું દેખાય એવી બનાવે છે. આ અમ્લોષિત રોગ છે.

इत्युक्ता गदाः षोडश सर्वगाः ।
આમ આખી આંખના સોળ રોગ કહ્યા.

સાધ્યઅસાધ્ય

हताधिमन्थमेतेषु साक्षिपाकात्ययं त्यजेत् ॥ २३ ॥

એ બધામાથી હતાધિમંથ અને અક્ષિપાકાત્યયને (અસાધ્ય સમજીને) છોડી દેવા.

ખોટી ચિકિત્સાનું પરિણામ

वातोद्भूतः पञ्चरात्रेण दृष्टिं
सप्ताहेन श्लेष्मजातोऽधिमन्थः ।
रक्तोत्पन्नो हन्ति तद्वत् त्रिरात्रात्
मिथ्याचारात् पैत्तिकः सद्य एव ॥ २४ ॥

ખોટી ચિકિત્સાથી વાતાધિમંથ રોગ પાંચ દિવસે, કફાધિમંથ રોગ સાત દિવસે, રક્તાધિમંથ રોગ ત્રણ દિવસે અને પિત્તાધિમંથ રોગ તરત જ દૃષ્ટિનો નાશ કરે છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने सर्वाक्षिरोगविज्ञानीयो नाम पञ्चदशोऽध्यायः ॥ १५ ॥

અધ્યાય ૧૬ મો—આખી આંખના રોગોનો ઉપાય

अथातः सर्वाक्षिरोगप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે આખી આંખના રોગો મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

અભિષ્યંદોના પૂર્વરૂપમાં કરવાના ઉપાય

प्राग्रूप एव स्यन्देषु तीक्ष्णं गण्डूषनावनम् ।
कारयेदुपवासं च कोपादन्यत्र वातजात् ॥ १ ॥

વાયુના અભિષ્યંદ સિવાયના બધા અભિષ્યંદોમાં (આંખ આવે ત્યારે) પૂર્વરૂપની અવસ્થામાં તીક્ષ્ણ ગંડૂષ અને તીક્ષ્ણ નસ્ય આપવાં તથા ઉપવાસ કરાવવા.

દાહ વગેરે મટાડવાનો લેપ

दाहोपदेहरागाश्रुशोफशान्त्यै बिडालकम् ।
कुर्यात्सर्वत्र पत्रैलामरिचस्वर्णगैरिकैः ॥ २ ॥
सरसाञ्जनयष्ट्याह्वनतचन्दनसैन्धवैः ।

બળતરા, ઉપદેહ (આંખ ખરડાયલી રહે તે), રતાશ, આંસુ (આંખમાંથી પાણી નીકળે તે) અને સોજો મટાડવા માટે બધા અભિષ્યંદોમાં તમાલપત્ર, એલચી, મરી, સોનાગેરુ, રસવંતી, જેઠીમધ, તગર, સુખડ અને સેંધવનો બિડાલક કરવો.

(બિડાલક=આંખ મીંચાવીને પાંપણો સિવાય આખી આંખ ઉપર કરેલો ઉપરનો લેપ.)

દોષ પ્રમાણેના લેપ

सैन्धवं नागरं तार्क्ष्यं भृष्टं मण्डेन सर्पिषः ॥ ३ ॥
वातजे घृतभृष्टं वा योज्यं शबरदेशजम् ।
मांसीपद्मककालीयघ्याह्वैः पित्तरक्तयोः ॥ ४ ॥
मनोह्वाफलिनीक्षौद्रैः कफे, सर्वैस्तु सर्वजे ।

વાયુના અભિષ્યંદમાં (દાહ વગેરે મટાડવા માટે) સેંધવ, સૂંઠ, રસવંતી એ ત્રણને ઘીના મંડ વડે શેકીને (સાંતળીને) એનો બિડાલક લેપ કરવો અથવા ધોળા લોધરને ઘીના મંડમાં શેકીને એનો બિડાલક લેપ કરવો. પિત્તના અને

લોહીના અભિષ્યંદમા જટામાસી, પદ્મકાષ્ઠ, પીળું ચંદન અને જેઠીમધનો બિડાલક લેપ કરવો. કફના અભિષ્યંદમા મણશીલ, કાંગ અને મધનો બિડાલક લેપ કરવો, પણ બધા દોષો અને લોહીના પ્રકોપથી થયેલા અભિષ્યંદમા ઉપર કહેલા બધા ઔષધોનો ભેગો લેપ કરવો.

सितमरिचभागमेकं चतुर्मनोह्व
द्विरष्टशाबरकम् ।
सञ्चूर्ण्य वस्त्रबद्धं प्रकुपितमात्रेऽवगुण्ठनं नेत्रे ॥५॥

ગતા સરગવાનાં બી એક ભાગ, મનશીલ ચાર ભાગ અને ધોળો લોધર સોળ ભાગ એ ત્રણનું બારીક ચૂર્ણ કરીને એ ચૂર્ણને (ઝીણા) વસ્ત્રમા બાધીને આખનો પ્રકોપ થાય (આખ આવે) કે તરત એનું અવગુંઠન કરવું.

(અવગુંઠન=દવાની પોટલી આખ ઉપર દબાવવી.)

आरण्यारछगणरसे पञ्चावबद्धा
सुस्विन्ना नखवितुषीकृताः कुलत्थाः ।
तच्चूर्णं सकृदवचूर्णनान्निशीथे
नेत्राणां विघमति सद्य एव कोपम् ॥६॥

જગલી ચીમેડને ઝીણા વસ્ત્રમા બાધીને, એને ગાયના છાણના રસમા બાફીને, નખથી એના છોડાં ઉખાડીને કરેલુ એનું ચૂર્ણ એકજ વાર મધરાતે આખમા ભભરાવાથી (ચીમેડનું ભરણુ ભરવાથી) આખનો કોપ (અભિષ્યંદ) તરત જ મટી જાય છે.

धोपामयालुत्थकयष्टिरोध्रै
र्मूती सुसूक्ष्मैः श्लथवस्त्रबद्धैः ।
ताम्रस्थधान्याम्लनिमग्नमूर्ति-
रर्ति जयत्यक्षिणि नेकरूपाम् ॥७॥

વરિયાળી, હરડે, મોરથુથુ, જેઠીમધ, લોધર–એટલી વસ્તુઓને બહુ બારીક ખાડીને એ ચૂર્ણને ઢીલા (જેનો વણાટ બહુ ઘટ્ટ ન હોય એવા) કપડામા બાધીને બનાવેલી પોટલીને તાબાના વાસણમા ભરી રાખેલા ધાન્યામ્લમાં ડબાડીને એ પોટલી વડે આંખમા ટીપા પાડવાથી આખની અનેક પ્રકારની પીડા મટે છે.

षोडशभिः सलिलपलैः
पलं तथैकं कटङ्कटेर्याः सिद्धम् ।
सेकोऽष्टभागशिष्टः
क्षौद्रयुतः सर्वदोषकुपिते नेत्रे ॥८॥

એક પલ દારુહળદરને સોળ પલ પાણીમા પાણી આઠમા ભાગનુ (બે પલ) બાકી રહે ત્યા સુધી સિદ્ધ કરીને એ ઠંડું પડે ત્યારે એમા મધ નાખીને આખ ઉપર રેડવુ. એ બધા દોષથી આવેલી આખમા ફાયદાકારક છે.

वातपित्तकफसन्निपातजां
नेत्रयोर्बहुविधामपि व्यथाम् ।
शीघ्रमेव जयति प्रयोजितः
शिग्रुपल्लवरसः समाक्षिकः ॥९॥

વાયુથી, પિત્તથી, કફથી અને ત્રિદોષથી આવેલી આખોમા થતી અનેક પ્રકારની પીડા પણ સરગવાનાં પાદડાના સ્વરસમા મધ નાખીને એના ટીપા પાડવાથી તરત જ મટી જાય છે.

तरुणमुरुबूकपत्रं मूलं च विभिद्य
सिद्धमाजे क्षीरे ।
वाताभिष्यन्दरुजं सद्यो विनिहन्ति
सर्षपपिण्डिका चोष्णा ॥१०

એરડાના કુમળા પાદડા અને મૂળને બરાબર કચરીને (ખાડીને) પછી એને બકરીના દૂધમા સિદ્ધ કરીને એને આખ ઉપર રેડવાથી (કે આંખમા ટીપા પાડવાથી) વાયુના અભિષ્યંદથી થતી પીડા તરત મટે છે. ગરમ સાથુની પિડી (કવલિકા) બધ આંખ ઉપર બાધવાથી વાયુના અભિષ્યંદની પીડા તરત મટે છે.

आश्च्योतनं मारुतजे क्वाथो बिल्वादिभिर्हितः ।
कोष्णः सहैरण्डजटाबृहतीमधुशिग्रुभिः ॥ ११ ॥
ह्रीबेरवक्रशार्ङ्गेष्टोदुम्बरत्वक्षु साधितम् ।
साम्भसा पयसाऽऽजेन शूलाश्च्योतनमुत्तमम् ॥१२
मञ्जिष्ठारजनीलाक्षाद्राक्षर्द्धिमधुकोत्पलैः ।
क्वाथः सशर्करः शीतः सेचनं रक्तपित्तजित् ॥१३

વાયુના અભિષ્યંદમા મહત્ પંચમૂળ, એરડાના મૂળ, ભોરી ગણી અને સરગવો એટલી

વસ્તુઓના સશેકા ક્વાથનાં ટીપાં આંખમાં નાખવાં. ખસનો વાળો, તગર, ચણોઠીનાં મૂળ, ઉમરડો અને તજ એટલી વસ્તુઓમાં પાણી અને બકરીના દૂધ વડે સિદ્ધ કરેલું શૂલાશ્ચોતન અજોડ છે. મજીઠ, હળદર (દારુહળદર–ચરક), લાખ, કાળી દ્રાક્ષ, ઋદ્ધિ, જેઠીમધ અને કાળું કમળ એટલી વસ્તુઓના ક્વાથમાં સાકર નાખીને એ ક્વાથ ઠંડો પાડીને એ આંખમાં રેડવાથી (ટીપાં મૂકવાથી–ચંદ્ર) લોહીથી અને પિત્તથી થયેલા અભિષ્યંદ મટે છે.

कसेरुयष्ट्याह्वरजस्तान्तवे शिथिलं स्थितम् ।
मप्सु दिव्यासु निहितं हितं स्यन्देऽस्रपित्तजे ॥१४

કસેલાં અને જેઠીમધના બારીક ચૂર્ણની કપડામાં ઢીલી પોટલી વાળીને વરસાદના પાણીમાં મૂકી રાખીને પછી એ પોટલી વડે આંખમાં ટીપાં પાડવાં તે લોહીથી અને પિત્તથી થતા અભિષ્યંદમાં ફાયદો કરે છે.

पुण्ड्रयष्टीनिशामूती प्लुता स्तन्ये सशर्करे ।
छागदुग्धेऽथवा दाहरुग्रागाश्रुनिवर्तनी ॥ १५ ॥

પદ્મકાષ્ઠ, જેઠીમધ અને હળદર એ ત્રણના ચૂર્ણની પોટલીને સ્ત્રીના સાકર નાખેલા ધાવણમાં અથવા બકરીના દૂધમાં ડુબાડી રાખીને પછી એ પોટલી વડે આંખમાં ટીપાં પાડવાથી બળતરા, પીડા, રતાશ અને આંસુ મટે છે.

श्वेतरोध्रं समधुकं घृतभृष्टं सुचूर्णितम् ।
वस्त्रस्थं स्तन्यमृदितं पित्तरक्ताभिघातजित् ॥१६॥

ધોળો લોધર અને જેઠીમધ એ બંનેને ઘીમાં શેકીને પછી એનું બહુ બારીક ચૂર્ણ કરીને એની પોટલી કપડામાં બાંધીને સ્ત્રીના ધાવણમાં ચોળીને એ પોટલી વડે આંખમાં ટીપાં પાડવાથી પિત્તનો અને લોહીનો અભિઘાત (અભિષ્યંદ) મટે છે.

नागरत्रिफलानिम्बवासारोध्ररसः कफे ।
कोष्णमाश्च्योतनं

કફના અભિષ્યંદમાં સૂંઠ, ત્રિફળા, લીમડો, અરડૂસી અને લોધરના રસ(સ્વરસ કે ક્વાથ)-નાં સશેકાં ટીપાં આંખમાં મૂકવાં તે ફાયદાકારક છે.

मिश्रैभेषजैः सान्निपातके ॥१७॥

ત્રિદોષના અભિષ્યંદમાં દરેક દોષથી થયેલા અભિષ્યંદ માટે ઉપર કહેવાઈ ગયેલાં ઔષધો ભેગાં કરીને એનાં ટીપાં આંખમાં પાડવાથી ફાયદો થાય છે.

सर्पिः पुराणं पवने, पित्ते शर्करयाऽन्वितम् ।
व्योषसिद्धं कफे पीत्वा यवक्षारावचूर्णितम् ॥१८॥
स्रावयेद्रुधिरं भूयस्ततः स्निग्धं विरेचयेत् ।

વાયુના અભિષ્યંદમાં જૂનું (દસ વર્ષ જૂનું) ઘી, પિત્તના અભિષ્યંદમાં સાકર નાખેલું જૂનું ઘી, અને કફના અભિષ્યંદમાં ત્રિકટુથી સિદ્ધ કરેલું અને જવખાર ભભરાવેલું જૂનું ઘી પીને ફસ ખોલાવીને લોહી કઢાવવું. પછી ફરીથી સ્નેહન કરીને રેચ આપવો.

आनूपवेसवारेण शिरोवदनलेपनम् ॥ १९ ॥
उष्णेन शूले, दाहे तु पयःसर्पिर्युतैर्हिमैः ।

જો અભિષ્યંદમાં શૂળ આવતું હોય તો અનૂપ દેશનાં પ્રાણીના માંસના ઊના વેસવારનો લેપ માથે અને મોં ઉપર કરવો, પણ જો બળતરા થતી હોય તો શીતવીર્ય દ્રવ્યોમાં દૂધ અને ઘી નાખીને લેપ કરવો.

तिमिरप्रतिषेधं च वीक्ष्य कुर्याद्यथायथम् ॥२०॥

તિમિર પ્રતિષેધનો અધ્યાય (ઉ. અ. ૧૩) જોઈને, જે દોષના તિમિરની જે ચિકિત્સા કરવાની કહી હોય, તે જ ચિકિત્સા તે દોષના અભિષ્યંદમાં કરવી.

अयमेव विधिः सर्वो मन्थादिष्वपि शस्यते ।

આ (ઉપર કહેલો) આખો વિધિ (દોષ પ્રમાણે) અધિમંથ વગેરે રોગોમાં પણ વખણાય છે.

अशान्तौ सर्वथा मन्थे भ्रुवोरुपरि दाहयेत् ॥२१॥

અધિમંથ કોઈ પણ રીતે ન જ મટતો હોય તો બન્ને ભમ્મરની ઉપર ડામ દેવો.

रूक्षं रूक्षेण गोदध्ना लिम्पेन्नीलत्वमागते ।
शुष्के तु मस्तुना वर्तिर्वाताख्यामयनाशिनी ॥२२

રૂપાના વાસણ ઉપર લૂખા (તર કાઢી લીધેલા) દહીંનો લેપ કરવો. જ્યારે દહીં નીલ રંગનું થઈ જાય અને સુકાઈ જાય ત્યારે એમાં

મસ્તુ નાખીને બનાવેલી (આજવાની) શોગટી વાયુથી થતા આખના રોગોનો નાશ કરે છે

सुमनःकोरकाः शङ्खस्त्रिफला मधुकं बला ।
पित्तरक्तापहा वर्तिः पिष्टा दिव्येन वारिणा ॥२३॥

ચમેલીની કળીઓ, શખનો ગર્ભ, ત્રિફળા, જેઠીમધ અને ખળદાણાને વરસાદના પાણી સાથે લસોટીને બનાવેલી (આજવાની) શોગટી પિત્તથી અને લોહીથી થયેલા આખના રોગોને મટાડે છે

सैन्धवं त्रिफला व्योषं शङ्खनाभिः समुद्रजः ।
फेनः पेलेयकं सर्जो वर्तिः श्लेष्माक्षिरोगनुत् ॥२४॥

સૈધવ, ત્રિફળા, ત્રિકટુ, શખનાભિ, સમુદ્રફીણ, ચણકબાબ અને રાળ એટલી વસ્તુઓની બનાવેલી (આજવાની) શોગટી કફથી થતા આખના રોગો મટાડે છે

(શખનાભિ=શખમાનો ગોળ ભૂગળી જેવો ભાગ)

પાશુપત યોગ

प्रपौण्डरीकं यष्ट्याह्वं दार्वी चाष्टपलं पचेत् ।
जलद्रोणे रसे पूते पुनः पक्वे घने क्षिपेत् ॥२५॥
पुष्पाञ्जनाद्दशपलं कर्षं च मरिचात्ततः ।
कृतश्चूर्णोऽथवा वर्तिः सर्वाभिष्यन्दसम्भवान् ॥२६॥
हन्ति रागरुजाघर्षान् सद्यो दृष्टिं प्रसादयेत् ।
अयं पाशुपतो योगो रहस्यं भिषजां परम् ॥२७॥

પદ્મકાષ્ઠ, જેઠીમધ અને દારુહળદર એ દરેક આઠઆઠ પલ લઈને એને એક દ્રોણ પાણીમા પકવવા પછી ગાળી લઈને ફરીથી એ ગાળી લીધેલો રસ ઊકળતા ઊકળતા ઘટ્ટ થાય ત્યારે એમા જસતના ફૂલ દશ પલ અને મરી એક કર્ષ નાખવા પછી એનુ ચૂર્ણ કે શોગટી બનાવવી એ આજવાથી બધા પ્રકારના આખના રોગને લીધે થતા રતાશ, પીડા અને ખૂચ (કરકરાપણુ) મટે છે તથા દૃષ્ટિ તરત નિર્મળ બની જાય છે આ પાશુપતયોગ વૈદ્યોનુ મોટુ રહસ્ય છે

શુષ્કાક્ષિપાકના ઉપાય

शुष्काक्षिपाके हविषः पानमक्ष्णोश्च तर्पणम् ।
घृतेन जीवनीयेन नस्यं तैलेन वाऽणुना ॥२८॥
परिषेको हितश्चात्र पयः कोष्णं ससैन्धवम् ।

શુષ્કાક્ષિપાકમા (જૂનું) ઘી પીવુ તથા જીવનીય ગણના ઔષધોથી સિદ્ધ કરેલા ઘી વડે આખનુ તર્પણ કરવુ (સૂ અ. ૨૪) કે અણુ તેલ (સૂ અ. ૨૦) વડે નસ્ય આપવુ તથા આ રોગમા થોડો સૈધવ નાખેલું સહેજ ગરમ દૂધ રેડવુ એ ફાયદો કરે છે

सर्पिर्युक्तं स्तन्यपिष्टमञ्जनं च महौषधम् ॥२९॥
वसा वाऽऽनूपसत्त्वोत्था किञ्चित्सैन्धवनागरा ।

(શુષ્કાક્ષિપાકમાં) સ્ત્રીના ધાવણમા સૂઠ લસોટીને એમા ઘી ભેળવીને આજવાથી ફાયદો થાય છે અથવા અનૂપ દેશના પ્રાણીની વસામા જરા સૈધવ અને સૂઠ નાખીને આજવાથી ફાયદો થાય છે

घृताक्तान् दर्पणे घृष्टान् केशान् मल्लकसम्पुटे ॥३०॥
दग्ध्वाऽऽज्यपिष्टा लोहस्था
सा मषी श्रेष्ठमञ्जनम् ।

માણસના માથાના વાળને ઘી ચોપડીને એને ચાટલા ઉપર લસોટીને પછી માટીના કોડિયાના સપુટમા મૂકીને એ વાળને બાળીને ભસ્મ કરી દઈને પછી એ ભસ્મને ઘી સાથે લસોટીને એને લોખડના વાસણમા રાખી મૂકીને બનાવેલી મશ (કાજળ) ઉત્તમ અજન છે

સશોફ અને અલ્પશોફ અક્ષિપાકના ઉપાય

सशोफे वाऽल्पशोफे च
स्निग्धस्य व्यधयेत्सिराम् ॥ ३१ ॥
रेकः स्निग्धे पुनर्द्राक्षापथ्याक्वाथत्रिवृद्घृतैः ।

સશોફ અને અલ્પશોફ અક્ષિપાકમા દર્દીનુ સ્નેહન કરીને એની નસ ખોલવી. પછી એનુ ફરીથી સ્નેહન કરીને કાળી દ્રાક્ષ અને હરડેનો ક્વાથ તથા ત્રિવૃદ્ઘૃત (નસોતરનુ ઘી)થી રેચ આપવો

श्वेतरोध्रं घृते भृष्टं चूर्णितं तान्तवस्थितम् ॥३२॥
उष्णाम्बुना विमृदितं सेकः शूलहरः परम् ।

ઘીમા શેકેના ધોળા લોધરના ચૂર્ણની વસ્ત્રમા પોટલી બાધીને એ પોટલીને ગરમ પાણીમા મસળીને કરેલો સેક (ધાર) શૂળ મટાડવામા ઉત્તમ છે.

दार्वीप्रपौण्डरीकस्य
क्वाथो वाऽऽश्च्योतने हितः ॥ ३३ ॥

અથવા દારુહળદર અને પદ્મકાષ્ઠ (કે પાંડેરવા) એ બન્નેના ક્વાથનાં ટીપાં આંખમાં પાડવાથી ફાયદો થાય છે.

सन्धावांश्च प्रयुञ्जीत घर्षरागाश्रुरुग्धरान् ॥ ३३ ॥

અથવા ઘર્ષ (ખૂંચ), રતાશ, આંસુ અને પીડાને મટાડે એવાં સંધાવ નામનાં અંજન (શ્લોક ૩૪ થી ૪૩) આંજવાં.

સંધાવ અંજનો

(શ્લોક ૩૪ થી ૪૩)

ताम्रं लोहे मूत्रघृष्टं प्रयुक्तं
नेत्रं सर्पिर्धूपितं वेदनाघ्नम् ।
ताम्रे घृष्टो गव्यदध्नः सरो वा
युक्तः कृष्णासैन्धवाभ्यां वरिष्ठः ॥ ३४ ॥

લોખંડના વાસણમાં તાંબાને ગાયના મૂત્ર સાથે ઘસીને એને ઘીનો ધૂપ દઈને એને આંખમાં આંજવાથી પીડા મટી જાય છે, અથવા ગાયના દૂધના દહીંની તરને તાંબાના વાસણમાં ઘસીને એમાં પીપર અને સૈંધવ નાખીને આંખમાં આંજવું તે પીડા મટાડનારું ઉત્તમ અંજન છે.

शङ्खं ताम्रे स्तन्यघृष्टं घृताक्तैः
शम्याः पत्रैर्धूपितं तद्यवैश्च ।
नेत्रे युक्तं हन्ति सन्धावसंज्ञं
क्षिप्रं घर्षं वेदनां चातितीव्राम् ॥ ३५ ॥

તાંબાના વાસણમાં શંખને સ્ત્રીના ધાવણ સાથે ઘસીને પછી એને શમીનાં પાંદડાંનો અને જવનો ધૂપ દઈને આંખમાં આંજેલું આ સંધાવ નામનું અંજન ઘર્ષ (આંખનું કરકરાપણું, ખૂંચવું) અને બહુ તીવ્ર પીડાને ઝટ મટાડે છે.

उदुम्बरफलं लोहे घृष्टं स्तन्येन धूपितम् ॥ ३६ ॥
साज्यैः शमीच्छदैर्दाहशूलरागाश्रुहर्षजित् ।

લોઢાના વાસણમાં ઉમરડાના ફળને સ્ત્રીના ધાવણ સાથે ઘસીને પછી એને (એ ઘસારાને) ઘી ચોપડેલાં શમીનાં પાંદડાંનો ધૂપ દઈને આંજવાથી (આંખનાં) બળતરા, શૂળ, રતાશ, આંસુ અને હર્ષ (આંખની શિરાઓ ફૂલી જાય તે) મટે છે.

शिग्रुपल्लवनिर्यासः सुघृष्टस्ताम्रसम्पुटे ॥ ३७ ॥
घृतेन धूपितो हन्ति शोफघर्षाश्रुवेदनाः ।

સરગવાનાં પાંદડાંના સ્વરસને તાંબાના વાસણના સંપુટમાં ખૂબ ઘસીને (ફીણીને) પછી એને ઘીનો ધૂપ દઈને આંજવાથી (આંખનાં) સોજો, ઘર્ષ (ખૂંચ), આંસુ અને વેદના મટે છે.

तिलाम्भसा मृत्कपाले कांस्ये घृष्टं सुधूपितम् ३८
निम्बपत्रैर्घृताभ्यक्तैर्घर्षशूलाश्रुरागजित् ।

માટીના કોડિયાને તલના પાણી સાથે (તલના ધોવાણના પાણી સાથે–શિવદાસ સેન) કાંસાના વાસણમાં ઘસીને પછી એને ઘી ચોપડેલાં લીમડાનાં પાંદડાંનો ધૂપ દઈને આંજવાથી (આંખનાં) ઘર્ષ (ખૂંચ), શૂળ, આંસુ અને રતાશ મટે છે.

સંધાવ અંજન આંજ્યા પછી શું કરવું ?

सन्धावेनाञ्जिते नेत्रे विगतौषधवेदने ॥ ३९ ॥
स्तन्येनाश्च्योतनं कार्यं त्रिःपरं नाञ्जयेच्च तैः ।

આંખમા સંધાવ અંજન આંજ્યા પછી જ્યારે દવા આખમાંથી નીકળી જાય અને પીડા મટી જાય ત્યારે સ્ત્રીના ધાવણના ટીપાં આંખમાં પાડવાં. એમના વડે (સંધાવ અંજનો વડે) ત્રણથી વધારે વાર આંખ આંજવી નહિ.

तालीसपत्रचपलानतलोहरजोञ्जनैः ॥ ४० ॥
जातीमुकुलकासीससैन्धवैर्मूत्रपेषितैः ।
ताम्रमालिप्य सप्ताहं धारयेत्पेषयेत्ततः ॥ ४१ ॥
मूत्रेणैवानु गुटिकाः कार्याश्छायाविशोषिताः ।
ताः स्तन्यघृष्टा घर्षाश्रुशोफकण्डूविनाशनाः ॥ ४२

તાલીસપત્ર, પીપર, તગર, લોઢાનો ભૂકો, રસવંતી, જાઈની કળીઓ, હીરાકસી અને સૈંધવ એટલી વસ્તુઓને બકરીના મૂત્રમાં લસોટીને એનો કલ્ક તાંબાના વાસણ ઉપર ચોપડીને સાત દિવસ સુધી રાખી મૂકવો. પછી એ કલ્ક ઉખાડી લઈને એને બકરીના મૂત્રમાં લસોટીને પછી એની ગોળીઓ વાળવી. એ ગોળીઓને છાંયડે સૂકવવી. પછી એ સુકાયલી ગોળીઓને સ્ત્રીના ધાવણ સાથે ઘસીને આંજવાથી ઘર્ષ (ખૂંચ), આંસુ, સોજો અને ચળ મટી જાય છે.

व्याघ्रीत्वङ्मधुकं ताम्ररजोऽजाक्षीरकल्कितम् ।
शम्यामलकपत्राज्यधूपितं शोफरुक्प्रणुत् ॥ ४३ ॥

ભોરીંગણી, તજ, જેઠીમધ અને તાંબાના

સૂકાને બકરીના દૂધમાં લસોટીને એનો કલ્ક કરીને એ કલ્કને શમીનાં અને આમળાનાં પાંદડાં તથા ઘીનો ધૂપ દઈને આંજવાથી સોજો અને પીડા મટે છે.

અમ્લોષિત રોગના ઉપાય

अम्लोषिते प्रयुञ्जीत पित्ताभिष्यन्दसाधनम्।

અમ્લોષિત રોગમાં પિત્તથી થતા અભિષ્યંદના ઉપાય કરવા.

પિલ્લરોગો

उक्लिष्टाः कफपित्तास्त्रनिचयोत्थाः कुकूणकः ४४
पक्ष्मोपरोधः शुष्काक्षिपाकः पूयालसो बिसः।
पोथक्यम्लोषितोऽल्पाख्यः
स्यन्दमन्था विनाऽनिलात् ॥४५॥
एतेऽष्टादश पिल्लाख्या दीर्घकालानुबन्धिनः।

કફોત્કિલષ્ટ, પિત્તોત્કિલષ્ટ, રક્તોત્કિલષ્ટ, ઉત્કિલષ્ટવર્ત્મ (ઉ. ૮/૧૬), કુકૂણક, પક્ષ્મોપરોધ, શુષ્કાક્ષિપાક, પૂયાલસ, બિસવર્ત્મ, પોથકી, અમ્લોષિત, અલ્પાશોફઅક્ષિપાક, વાયુ સિવાયના ત્રણ અભિષ્યંદ (પિત્તાભિષ્યંદ, કફાભિષ્યંદ, રક્તાભિષ્યંદ), વાયુ સિવાયના ત્રણ અધિમંથ (પિત્તાધિમંથ, કફાધિમંથ, રક્તાધિમંથ)—આ અઢાર રોગો લાંબા વખત સુધી ચાલુ રહે છે ત્યારે એમને પિલ્લરોગ કહે છે.

પિલ્લરોગોની ચિકિત્સા

चिकित्सा पृथगेतेषां स्वं स्वमुक्ता

એ અઢારે પિલ્લરોગોની દરેકની ચિકિત્સા પોતપોતાના યોગ્ય સ્થળે કહેવાઈ ગઈ છે.

अथ वक्ष्यते ॥४६॥
पिल्लीभूतेषु सामान्यात्

હવે એ પિલ્લરોગોની સામાન્ય ચિકિત્સા કહેવામાં આવશે.

अथ पिल्लाख्यरोगिणः।
स्निग्धस्य छर्दितवतः सिराव्यधहृतासृजः ॥४७॥
विरिक्तस्य च वर्त्मानु निर्लिखेदाविशुद्धितः।

હવે પિલ્લ નામે ઓળખાતા રોગવાળાને સ્નેહ કરીને, ઊલટી કરાવીને, ફસ ખોલીને એનું લોહી કાઢીને, રેચ કરાવીને પછી બરાબર શુદ્ધ થાય ત્યાં સુધી પોપચું ખોતરવું.

तुत्थकस्य पलं श्वेतमरिचानि च विंशतिः ॥४८
त्रिंशता काञ्जिकपलैः पिष्ट्वा ताम्रे निधापयेत्।
पिल्लानपिल्लान् कुरुते बहुवर्षोत्थितानपि ॥४९॥
तत्सेकेनोपदेहाश्रुकण्डूशोफांश्च नाशयेत्।

એક પલ મોરથૂથુ, વીસ પલ સરગવાનાં બી એ બંનેને ત્રીસ પલ કાંજી સાથે લસોટીને એક તાંબાના વાસણમાં ભરવું. એનો સેક કરવાથી (ધાર કરવાથી) અનેક વર્ષથી થયેલા પિલ્લરોગો પણ અપિલ્લ થાય છે (મટી જાય છે) તથા ઉપદેહ (આંખમાં ચીકાશ ખરડાયલી રહે), આંસુ, ચળ અને સોજો મટી જાય છે.

करञ्जबीजं सुरसं सुमनः क्षोरकाणि च ॥५०॥
संक्षुद्य साधयेत्क्वाथे पूते तत्र रसक्रिया।
अञ्जनं पिल्लभैषज्यं पक्ष्मणां च प्ररोहणम् ॥५१॥

કણજીનાં બી, તુલસી અને જાઈની કળીઓને કચરીને એ ત્રણનો (પાણીમાં) ક્વાથ બનાવીને એ ક્વાથને ગાળી લઈને એને પાછો પકવીને ઘટ્ટ બનાવવો એ રસક્રિયા છે. એ અંજન પિલ્લરોગોની દવા છે અને એ આંજવાથી પાંપણો પુષ્કળ ઊગે છે.

रसाञ्जनं सर्जरसो रीतिपुष्पं मनःशिला।
समुद्रफेनो लवणं गैरिकं मरिचानि च ॥५२॥
अञ्जनं मधुना पिष्टं क्लेदकण्डूघ्नमुत्तमम्।

રસવંતી, રાળ, જસતનાં ફૂલ, મનશીલ, સમુદ્રફીણ, સૈન્ધવ, ગેરુ, મરી—એ બધાંને મધ સાથે લસોટીને આંજવાથી ક્લેદ (ભીનાશ, ચીકાશ) અને ચળ (ખણુજ) ઉત્તમ રીતે મટે છે.

अभयारसपिष्टं वा तगरं पिल्लनाशनम् ॥५३॥
भावितं बस्तमूत्रेण सस्नेहं देवदारु च।

હરડેના ક્વાથમાં લસોટેલું તગર આંજવાથી પિલ્લરોગોનો નાશ થાય છે, તથા સ્નેહ(=ઘી)વાળા દેવદારના ચૂર્ણને બકરીના મૂત્રની ભાવના દઈને ઘીમાં કાલવીને એ આંજવું તે પણ પિલ્લરોગોનો નાશ કરે છે.

सैन्धवत्रिफलाकृष्णाकटुकाशङ्खनाभयः ॥५४॥
सताम्ररजसो वर्तिः पिल्लशुक्रकनाशिनी।

સૈંધવ, ત્રિફળા, પીપર, કડુ, શંખની નાભિ અને તાંબાની ભૂકી—એટલી વસ્તુઓની

(બકરીના દૂધ સાથે) બનાવેલી આંજવાની શોગટી પિલ્લરોગો અને ફૂલાંને મટાડે છે.

पुष्पकासीसचूर्णो वा सुरसारसभावितः ॥ ५५ ॥
ताम्रे दशाहं तत् पैल्लयपक्ष्मशातजिदञ्जनम् ५५३

અથવા હીરાકસીના ભૂકાને તુલસીના રસની ભાવના દઈને તાંબાના વાસણમાં દસ દિવસ સુધી રાખી મૂકીને પછી એ આંજવાથી પિલ્લરોગો અને પક્ષ્મશાત રોગ મટે છે.

अलं च सौवीरकमञ्जनं च
ताभ्यां समं ताम्ररजः सुसूक्ष्मम्।
पिल्लेषु रोमाणि निषेवितोऽसौ
चूर्णः करोत्येकशलाकयाऽपि ॥ ५६३ ॥

હરતાલ અને સૌવીરાંજન એ બંનેના કુલ વજન જેટલો તાંબાનો બહુ જ બારીક ભૂકો–એ ચૂર્ણ એક જ સળી વડે (એક જ વાર સળી ઉપર ચોપડીને) આંજવાથી પણ પિલ્લરોગોમાં પાંપણોના વાળ ઊગે છે.

लाक्षानिर्गुण्डीभृङ्गदार्वीरसेन
श्रेष्ठं कार्पासं भावितं सप्तकृत्वः।
दीपः प्रज्वाल्यः सर्पिषा तत्समुत्था
श्रेष्ठा पिल्लानां रोपणार्थे मषी सा ॥५७३॥

લાખ, નગોડ, ભાંગરો અને દારુહળદર-એ ચાર વસ્તુઓનો રસ (સ્વરસ, ક્વાથ) વડે ઊંચી જાતના કપાસને (રૂને) સાત વાર ભાવના દઈને એ રૂનો ઘી સાથે (એ રૂની ઘીમાં બોળેલી વાટ ઘીમાં મૂકીને) દીવો સળગાવવો. એ દીવાનું પડેલું કાજળ પિલ્લરોગોમાં રૂઝ આણવા માટે ઉત્તમ અંજન છે.

वर्त्मावलेखं बहुशस्तद्वच्छोणितमोक्षणम् ॥५८॥
पुनःपुनर्विरेकं च नित्यमाश्च्योतनाञ्जनम्।
नावनं धूमपानं च पिल्लरोगातुरो भजेत् ॥५९॥

પિલ્લરોગના દરદીએ અનેકવાર પોપચાં ખોતરાવવાં, તે જ પ્રમાણે (અનેકવાર) લોહી કઢાવવું (ફસ ખોલાવીને) વારંવાર રેચ લેવા, રોજ દવાનાં ટીપાં પડાવવાં અને દવા આંજવી, નસ્ય લેવું અને ધૂમપાન કરવું.

पूयालसे त्वशान्तेऽन्ते दाहः सूक्ष्मशलाकया।

આમ છતાં પણ જો છેવટે પૂયાલસ રોગ ન મટે તો ઝીણી સળીથી ડામ દેવો.

चतुर्णवतिरित्यक्ष्णोर्हेतुलक्षणसाधनैः ॥ ६० ॥
परस्परमसङ्कीर्णा कार्त्स्न्येन गदिता गदाः।

આમ, એકબીજા સાથે અંદરઅંદર ભેગા ન થઈ ગયા હોય એવા આંખના ૯૪ રોગ વિષે એમનાં કારણ, લક્ષણ અને મટાડવાના ઉપાય કહીને પરિપૂર્ણ કહ્યું છે. (પોપચાંના ૨૪, સંધિના ૯, ધોળા ડોળાના ૧૩, કાળા ડોળાના ૫, દૃષ્ટિના ૨૭ અને આખી આંખના ૧૬ મળી આંખના કુલ ૯૪ રોગ છે.)

સાજાને અને આંખના રોગીને આંખ માટેનું પથ્યાપથ્ય

सर्वदा च निषेवेत स्वस्थोऽपि नयनप्रियः ॥६१॥
पुराणयवगोधूमशालिषष्टिककोद्रवान्।
मुद्गादीन् कफपित्तघ्नान् भूरिसर्पिःपरिप्लुतान्॥
शाकं चैवंविधं मांसं जाङ्गलं दाडिमं सिताम्।
सैन्धवं त्रिफलां द्राक्षां वारि पाने च नाभसम्॥६२
आतपत्रं पदत्राणं विधिवद्दोषशोधनम्।
वर्जयेद्वेगसंरोधमजीर्णाध्यशनानि च ॥ ६४ ॥
क्रोधशोकदिवास्वप्नरात्रिजागरणातपान्।
विदाहि विष्टम्भकरं यच्चेहाहारभेषजम् ॥ ६५ ॥

આંખ જેને વહાલી હોય એવા સાજા માણસે પણ (આંખનો રોગ થયો હોય કે ન થયો હોય તોપણ) હમેશાં (બધી ઋતુઓમાં) કફ અને પિત્તનો નાશ કરે એવા અને ઘીમાં બોળેલા જૂના જવ, જૂના ઘઉં, જૂના શાલિચોખા, જૂના સાઠીચોખા, જૂના કોદરા અને મગ વગેરે (એ બધાની વાનીઓ ઘીમાં બોળવી), એવું જ (કફ અને પિત્તનો નાશ કરે એવું અને ઘીમાં ડુબાડેલું) શાક, જાંગલ પ્રદેશનાં પ્રાણીઓનું માંસ, દાડમ, સાકર, સિંધવ, ત્રિફળા, કાળી દ્રાક્ષ, વરસાદનું પાણી, છત્રી, જોડા વિધિપુરઃસર દોષોનું શોધન–' એટલાનું રોજ સેવન કરવું. (દરદની સામ અવસ્થામાં નકોરડા ઉપવાસ કરવા.)

આંખ જેને વહાલી હોય એવા સાજા માણસે અને આંખના રોગીએ વેગો રોકવા નહિ, અજીર્ણાશન કે અધ્યશન કરવું નહિ; ક્રોધ,

શોક કરવા નહિ; દિવસે ઊંઘવું નહિ, રાતે જાગવું નહિ, તડકો વેઠવો નહિ તથા જે વિહાર, આહાર ને ઔષધ વિદાહી અને વિષ્ટંભી હોય તેનો ત્યાગ કરવો.

द्वे पादमध्ये पृथुसन्निवेशे
शिरे गते ते बहुधा च नेत्रे ।
ता म्रक्षणोद्वर्तनलेपनादीन्
पादप्रयुक्तान्नयने नयन्ति ॥ ६६ ॥

(દરેક) પગની વચમાં મોટાં મૂળવાળી બે શિરાઓ અનેક રીતે (અનેક ફાંટારૂપે) બે આંખોમાં જાય છે. તે (બે પગની ચાર શિરાઓ) પગે (પગને તળિયે) કરેલા અભ્યંગ, ઉદ્વર્તન, લેપ વગેરેને બંને આંખોમાં પહોંચાડે છે.

मलौष्ण्यसङ्घट्टनपीडनाद्यै-
स्ता दूषयन्ते नयनानि दुष्टाः ।
भजेत्सदा दृष्टिहितानि तस्मा-
दुपानदभ्यञ्जनधावनानि ॥ ६७ ॥

મળ (ગંદવાડ, મેલ), ગરમી, ઘસારો, દબાણ વગેરેથી બગડેલી તે (પગની શિરાઓ) આંખોને બગાડે છે, માટે દૃષ્ટિ માટે હિતકારક છે એવા જોડા, અભ્યંગ અને પગ ધોવાનું કામ હમેશાં કરવું. (હમેશાં પગે જોડા પહેરવા, પગને તળિયે અભ્યંગ કરવો અને પગનાં તળિયાં ધોવાં.)

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने सर्वाक्षिरोग-
प्रतिषेधो नाम षोडशोऽध्यायः ॥ १६ ॥

અધ્યાય ૧૭ મો—કાનના રોગો વિષે જ્ઞાન

अथातः कर्णरोगविज्ञानीयं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે કાનના રોગો વિષે જ્ઞાન થવા માટે ઉપયોગી (અધ્યાય) સમજાવીશું, એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છેઃ

કર્ણશૂલ

વાયુથી થતા કાનના સણકાનાં કારણ, સંપ્રાપ્તિ, લક્ષણ

प्रतिश्यायजलक्रीडाकर्णकण्डूयनैर्मरुत् ।
मिथ्यायोगेन शब्दस्य कुपितोऽन्यैश्च कोपनैः ॥१॥
प्राप्य श्रोत्रसिराः कुर्याच्छूलं स्रोतसि वेगवत् ।
अर्धावभेदकं स्तम्भं शिशिरानभिनन्दनम् ॥ २ ॥
चिराच्च पाकं पक्वं तु लसीकामल्पशः स्रवेत् ।
श्रोत्रं शून्यमकस्माच्च स्यात्सञ्चारविचारवत् ॥ ३ ॥

પ્રતિશ્યાય, પાણીમાં રમત, કાનમાં ખણુજ (કાનમાં ખણવું કે ખોતરવું), કાન અને અવાજનો મિથ્યાયોગ (હીન, અતિ અને મિથ્યાયોગ) તથા વાયુને કોપાવનારાં બીજાં કારણો—એમાંથી કોઈ કારણથી કોપેલો વાયુ કાનની શિરાઓમાં જઈને વેગવાળા સણકા, આધાશીશી, કાનનો સ્તંભ, કાનને ઠંડકનો અણગમો અને લાંબે વખતે કાન પાકે—એટલા રોગ કરે છે. કાન પાકે ત્યારે કાનમાંથી થોડી થોડી લસિકા નીકળે છે, કંઈ કારણ વિના કાને ધાક પડે છે અને કાન કોઈક વાર ખુલ્લો અને કોઈક વાર બંધ થાય છે (કોઈક વાર સંભળાય છે અને) કોઈક વાર નથી સંભળાતું).

પિત્તથી થતા કાનના સણકાનાં લક્ષણ

शूलं पित्तात् सदाहोषाशीतेच्छाश्वयथुज्वरम् ।
आशुपाकं प्रपक्वं च सपीतलसिकास्रुतिः ॥४॥
सा लसीका स्पृशेद्यद्यत्तत्तत्पाकमुपैति च ।

(પોતાનાં કારણથી બગડેલા) પિત્તને લીધે આવતા કાનના સણકા સાથે દાહ, ઊષા, ઠંડકની ઇચ્છા, સોજો અને તાવ હોય છે. એમાં કાન જલદી પાકે છે અને કાન પાકે ત્યારે એમાંથી જરા પીળી લસિકા નીકળે છે. એ લસિકા જે જે અંગને અડકે છે તે તે અંગ પાકે છે.

કફથી થતા કાનના સણકાનાં લક્ષણ

कफाच्छिरोहनुग्रीवागौरवं मन्दता रुजः ॥५॥
कण्डूः श्वयथुरुष्णेच्छा पाकाच्छ्वेतघनस्रुतिः ।

કફના પ્રકોપથી કાનમાં સણકા મારે ત્યારે માથું, જડબું અને ડોક ભારે થઈ જાય છે;

સણુકા થોડા (ધીમા) હોય છે, ખણુજ અને સોજો આવે છે, ગરમ પદાર્થની ઇચ્છા થાય છે અને પાકે ત્યારે ધોળી અને ઘાટી (ઘટ્ટ) લસિકા નીકળે છે.

લોહીના પ્રકોપથી થતા કાનના સણકાના લક્ષણ

करोति श्रवणे शूलमभिघातादिदूषितम् ॥ ६ ॥
रक्तं पित्तसमानार्ति किञ्चिद्वाऽधिकलक्षणम् ।

વાગવા કે પછડાવાથી બગડેલું લોહી કાનમાં સણુકા કરે છે. લોહીથી આવતા સણુકાની પીડા પિત્તથી આવતા સણુકાની પીડા જેવી પણ (કાનમાંથી લોહી નીકળે વગેરે) થોડાં વધારે લક્ષણોવાળી હોય છે.

બધા દોષથી થતા કાનના સણકાનાં લક્ષણ

शूलं समुदितैर्दोषैः सशोफज्वरतीव्ररुक् ॥ ७ ॥
पर्यायादुष्णशीतेच्छं जायते श्रुतिजाड्यवत् ।
पक्वं सितासितारक्तघनपूयप्रवाहि च ॥ ८ ॥

બધા દોષો સાથે કોપવાથી થતા કાનના સણુકા સાથે સોજો, તાવ અને તીવ્ર પીડા હોય છે, ગરમીની અને ઠંડકની વારાફરતી ઇચ્છા થાય છે, કાનમાં (સાંભળવામાં) જડતા આવે છે અને કાન પાકે ત્યારે કાનમાથી ધોળું, કાળું કે રાતું ઘટ્ટ પરુ નીકળે છે.

કર્ણનાદ

शब्दवाहिसिरासंस्थे शृणोति पवने मुहुः ।
नादानकस्माद्विविधान् कर्णनादं वदन्ति तम् ॥९॥

જયારે વાયુ અવાજને લઈ જનાર સોતમા રહે છે, ત્યારે કંઈ પણ કારણુ વિના વારંવાર જાતજાતના અવાજ સંભળાય છે, એ રોગને કર્ણનાદ કહે છે.

બાધિર્ય (બહેરાશ)

श्लेष्मणाऽनुगतो वायुर्नादो वा समुपेक्षितः ।
उच्चैः कृच्छ्राच्छ्रुतिं कुर्याद्बधिरत्वं क्रमेण च ॥१०॥

જે રોગમા વાયુ મુખ્ય હોય અને કફ અનુબળ હોય તે રોગમાં કે કર્ણનાદ રોગમાં વખતસર યોગ્ય ઉપાય ન થાય તો મોટો અવાજ પણ મહાપરાણે સંભળાય છે અને ધીમેધીમે બહેરા થઈ જવાય છે.

પ્રતીનાહ

वातेन शोषितः श्लेष्मा स्रोतो लिम्पेत्ततो भवेत् ।
रुग्गौरवं पिधानं च स प्रतीनाहसंज्ञितः ॥ ११ ॥

વાયુથી સૂકવી નંખાયલો કફ કાનના સ્રોત-(માર્ગ)ને લીંપી દે છે. તેથી કાનમાં પીડા થાય છે. કાન ભારે લાગે છે અને કાને જાણે ડૂચો માર્યો હોય એવું થઈ જાય છે. આને પ્રતીનાહરોગ કહે છે.

કર્ણકંડૂ, કર્ણશોફ

कण्डूशोफौ कफाच्छ्रोत्रे
स्थिरौ तत्संज्ञया स्मृतौ ।

કફને લીધે કાનમા કાયમ ખણુજ અને સોજો રહે છે. એ રોગો આયુર્વેદમાં એ જ નામથી (કર્ણકંડૂ અને કર્ણશોફ નામથી) ઓળખાય છે.

પૂતિકર્ણ

कफो विदग्धः पित्तेन सरुजं नीरुजं त्वपि ॥१२॥
घनपूतिबहुक्लेदं कुरुते पूतिकर्णकम् ।

પિત્તથી વિદગ્ધ થયેલો (બરાબર ન પાકેલો) કફ પીડાવાળો અને પીડા વિનાનો, ઘટ્ટ અને ગંધાતું ચીકણું પાણી પુષ્કળ નીકળે એવો પૂતિકર્ણ રોગ કરે છે.

કૃમિકર્ણક

वातादिदूषितं श्रोत्रं मांसासृक्क्लेदजा रुजम् ॥१३
खादन्तो जन्तवः कुर्युस्तीव्रां स कृमिकर्णकः ।

માંસ, લોહી અને ચેપ(ચેપનું પાણી)માં ઉત્પન્ન થયેલા કીડા વાયુ વગેરેથી બગડેલા કાનને ખાતાખાતા (કોરતાકોરતા) તીવ્ર પીડા કરે છે. એ કૃમિકર્ણક રોગ છે.

કર્ણવિદ્રધિ

श्रोत्रकण्डूयनाज्जाते क्षते स्यात्पूर्वलक्षणः ॥ १४ ॥
विद्रधिः, पूर्ववच्चान्यः

કાનમાં ખોતરવાને લીધે થયેલા ઘામાં અગાઉ કહેવાઈ ગયેલા લક્ષણવાળું ક્ષતજ વિદ્રધિ (નિ. ૧૧/૧૦૬થી ૧૧૬) તથા અગાઉની માફક બીજું પણ દોષજ ગડ થાય છે. (ખોતરવાને લીધે ક્ષતજ વિદ્રધિ અને દોષોના પ્રકોપને લીધે દોષજ વિદ્રધિ થાય છે.)

કર્ણાર્શ, કર્ણાર્બુદ

शोफोऽर्शोऽर्बुदमीरितम् ।
तेषु रुक् पूतिकर्णत्वं बधिरत्वं च बाधते ॥१५॥

પહેલાં (ઉ. ૮/૧૩ અને ૨૪માં) કહેલા પોપચાના અર્શ અને પોપચાના અર્બુદની પ્રમાણે જ કાનમાં જે સોજો આવે તેને અનુક્રમે કર્ણાર્શ અને કર્ણાર્બુદ (કાનનો મસો) અને કાનનું અર્બુદ (કેન્સર) કહે છે. એમાં (કાનના વિદ્રધિ, અર્શ અને અર્બુદમાં) પીડા થાય છે, કાન ગંધાય છે અને બહેરાશ નડે છે.

કુચિકર્ણ

गर्भेऽनिलात्संकुचिता शष्कुली कुचिकर्णकः ।

ગર્ભમાં (ગર્ભાવસ્થામાં) વાયુને લીધે કાનના છિદ્ર (કાનના માર્ગનું છિદ્ર) સંકડાઈ જાય તે કુચિકર્ણ રોગ છે.

કર્ણપિપ્પલી

एको नीरुगनेको वा गर्भेमांसाङ्कुरः स्थिरः ॥१६
पिप्पली पिप्पलीमानः

ગર્ભાવસ્થામાં કાનમાં પીડા વિનાના, લીંડીપીપરના માપના એક કે વધારે માંસના સ્થિર અંકુર હોય તેને કર્ણપિપ્પલી રોગ કહે છે.

વિદારિકા

सन्निपाताद्विदारिका ।
सवर्णः सरुजः स्तब्धः श्वयथुः, स उपेक्षितः ॥१७
कटुतैलनिभं पक्वः स्रवेत् कृच्छ्रेण रोहति ।
सङ्कोचयति रूढा च सा ध्रुवं कर्णशष्कुलीम् ॥१८

ત્રણે દોષ કોપવાથી સવર્ણ, પીડાવાળો, સ્તબ્ધ સોજો આવે છે તેને વિદારિકા કહે છે. એ સોજાના વખતસર યોગ્ય ઉપાય ન થાય તો તે પાકે છે, એમાંથી સરસિયા જેવો ચેપ નીકળે છે અને એ મહામહેનતે રુઝાય છે અને એ વિદારિકા રુઝાય ત્યારે કાનના માર્ગના છિદ્રને ચોક્કસ સંકડાવી નાખે છે.

પાલીશોષ

सिरास्थः कुरुते वायुः पालीशोषं तदाह्वयम् ।

શિરામાં રહેલો વાયુ કાનની બૂટને સૂકવે છે તે એ જ નામનો (પાલીશોષ નામનો) રોગ છે.

તંત્રિકા

कृशा दृढा च तन्त्रीवत् पाली वातेन तन्त्रिका ॥१९

વાયુને લીધે કાનની બૂટ વીણાના તાર જેવી પાતળી અને કડક થઈ જાય છે તેને તંત્રિકા રોગ કહે છે.

પરિપોટ

सुकुमारे चिरोत्सर्गात्सहसैव प्रवर्धिते ।
कर्णे शोफः सरुक् पाल्यामरुणः परिपोटवान् ॥२०
परिपोटः स पवनात्

કાનને વધારવાનો યત્ન લાંબા વખત સુધી છોડી દીધા પછી પાછો એને એકદમ પરાણે વધારવાનો યત્ન કરવામાં આવે તો કાન કોમળ હોવાથી એમાં વાયુનો પ્રકોપ થવાથી કાનની બૂટ ઉપર પીડાવાળો, આછો લાલ અને ફાટેલી ચામડીવાળો સોજો આવે છે. એને પરિપોટ રોગ કહે છે.

ઉત્પાત

उत्पातः पित्तशोणितात् ।
गुर्वाभरणभाराद्यैः श्यावो रुग्दाहपाकवान् ॥२१॥
श्वयथुः स्फोटपिटिकारागोपाक्लेदसंयुतः ।

ભારે ઘરેણાંના વજન વગેરેને લીધે કોપેલાં પિત્ત અને લોહીથી ખદામી રંગનો, પીડા અને બળતરાવાળો, પાકે એવો, ગૂમડાં, ફોલ્લી, રતાશ, ઊષા અને ક્લેદવાળો સોજો આવે તે ઉત્પાત રોગ છે.

ઉન્મંથ (અથવા ગલ્લિર)

पाल्यां शोफोऽनिलकफा-
त्सर्वतो निर्व्यथः स्थिरः ॥ २२ ॥
स्तब्धः सवर्णः कण्डूमानुन्मन्थो गल्लिरश्च सः ।

વાયુ અને કફના પ્રકોપથી બધી બાજુએ પીડા વિનાનો, સ્થિર, સ્તબ્ધ, સવર્ણ અને ચળવાળો (ચળ આવે એવો) સોજો કાનની બૂટ ઉપર આવે તે ઉન્મંથ રોગ છે. એ જ ગલ્લિર રોગ છે.

દુઃખવર્ધન

दुर्विद्धे वर्धिते कर्णे सकण्डूदाहपाकरुक् ॥ २३॥
श्वयथुः सन्निपातोत्थः स नाम्ना दुःखवर्धनः ।

કાન ખરાબ રીતે વીંધાયો હોય ત્યારે એને વધારવામાં આવે તો ત્રણે દોષના કોપ–

વાથી ચળ, ખળતરા, પાક અને પીડાવાળો સોજો આવે તેનું નામ દુઃખવર્ધન છે.

લેહી (લેહ્ય)

कफासृक्कृमिजाः सूक्ष्माः सकण्डूक्लेदवेदनाः २४
लेह्याख्याः पिटिकास्ता हि
लिह्युः पालीमुपेक्षिताः ।

કફ, લોહી અને કૃમિને લીધે થતી ઝીણી; ખણુજ, ક્લેદ અને પીડાવાળી ફોલ્લીઓ થાય છે, તેમનું નામ લેહી છે; કારણ કે જો એમના યોગ્ય ઉપાય વખતસર ન થાય તો એ કાનની બૂટને ચાટી જાય છે (ખાઈ જાય છે).

पिप्पली सर्वजं शूलं विदारी कुचिकर्णकः ॥ २५ ॥
एषामसाध्याः, याप्यैका
तन्त्रिकाऽन्यांस्तु साधयेत् ।
पञ्चविंशतिरित्युक्ताः कर्णरोगा विभागतः ॥२६॥

આમાં (ઉપર ગણાવેલા બધા કાનના રોગોમાં) પિપ્પલી, બધા દોષથી થતા કાનના સણકા, વિદારિકા અને કુચિકર્ણક અસાધ્ય છે. એકલી તંત્રિકા યાપ્ય છે; પણ બીજા રોગોને મટાડવાના ઉપાય કરવા. આમ કાનના પચીસ રોગ વિભાગવાર કહ્યા છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने कर्णरोगविज्ञानीयो
नाम सप्तदशोऽध्यायः ॥ १७ ॥

અધ્યાય ૧૮ મો—કાનના રોગોના ઉપાય

अथातः कर्णरोगप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે કાનના રોગો મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

વાયુના કર્ણશૂળના ઉપાય

कर्णशूले पवनजे पिबेद्रात्रौ रसाशितः ।
वातघ्नसाधितं सर्पिः, कर्णं स्विन्नं च पूरयेत् ॥१॥
पत्राणां पृथगश्वत्थबिल्वार्कैरण्डजन्मनाम् ।
तैलसिन्धूत्थदिग्धानां स्विन्नानां पुटपाकतः ॥२॥
रसैः कवोष्णैस्तद्वच्च मूलकस्यारलोरपि ।

વાયુથી થયેલા કર્ણશૂળમાં દરદીએ માંસ-રસ ખાવો અને વાયુને મટાડે એવાં (તેલિયો દેવદાર વગેરે) ઔષધોથી સિદ્ધ કરેલું ઘી રાત્રે પીવું. વળી કાને શેક કરીને પીપળો, બીલી, આકડો અને એરંડો એ ચારમાંના દરેકનાં પાંદડાંને અલગ અલગ તેલ અને સિંધવ ચોપડીને એ દરેક જાતનાં પાંદડાંને પુટપાકવિધિથી અલગ-અલગ બાફીને એનો જુદો જુદો રસ કાઢવો. એ સશેકા રસો વડે કાન (ટીપેટીપે) ભરવો, અથવા તે જ પ્રમાણે (ઉપર કહેલી રીતે તૈયાર કરેલા) મૂળાનાં અને અરડૂસીનાં પાંદડાંના અલગ અલગ સશેકા રસથી (ટીપેટીપે) કાન ભરવો. (આ પાંચ રસમાથી ગમે તે એક રસનાં ટીપાં પાડીને કાન ભરી દેવો. કાનમાં દવા સામટી રેડવી નહિ; કારણ કે એમ કરવાથી વાયુ બહાર નીકળી શકતો નથી અને દવાને અંદર ઊતરવા દેતો નથી, માટે કાનમા દવા ટીપેટીપે રેડવી.)

गणे वातहरेऽम्लेषु मूत्रेषु च विपाचितः ॥ ३ ॥
महास्नेहो द्रुतं हन्ति सुतीव्रामपि वेदनाम् ।

વાયુને મટાડે એવાં ઔષધોના ગણમાં, અમ્લ-ગણનાં ઔષધોમાં અને (ગાયનું મૂતર વગેરે) મૂત્રોમા પકાવેલો મહાસ્નેહ કાનમાં ટીપેટીપે રેડવાથી તીવ્ર પીડા પણ તરત મટી જાય છે.

महतः पञ्चमूलस्य काष्ठात्क्षौमेण वेष्टितात् ॥ ४ ॥
तैलसिक्तात्प्रदीताग्रात् स्नेहः सद्यो रुजापहः ।

મોટાં પાંચ મૂળનાં (આઠ આંગળ લાંબાં) લાકડાં ઉપર રેશમી વસ્ત્ર વીંટીને, એના ઉપર તેલ સીંચીને પછી એનો છેડો સળગાવ્યા પછી એ છેડેથી જે સ્નેહ ટપકે છે, તે સ્નેહનાં ટીપાં વડે કાન ભરી દેવાથી પીડા તરત મટી જાય છે.

योज्यश्चैवं भद्रकाष्ठात्कुष्ठात्काष्ठाच्च सारलात् ॥५

એ જ રીતે (શ્લોક ૪, ૪ફ્રેવાળી રીતે) તેલિયા દેવદારમાંથી, ઉપલેટમાંથી અને સરલ દેવદારના લાકડામાંથી નીકળેલા સ્નેહનાં ટીપાંથી કાન ભરી દેવો.

વાયુના કર્ણશૂળમાં પથ્ય

वातव्याधिप्रतिश्यायविहितं ।हतमत्र च ।

વાયુના રોગો માટે અને પ્રતિશ્યાય માટે જે પથ્ય કહ્યું છે, તે આ રોગમાં પણ પથ્ય છે.

વાયુના કર્ણશૂળમાં અપથ્ય

वर्जयेच्छिरसा स्नानं शीताम्भोः पानमह्न्यपि ॥६॥

માથે નાહવું નહિ અને દિવસે પણ ઠંડું પાણી પીવું નહિ. (રાતે ઠંડું પાણી પીવાની તો સાજામાંદા બધાને માટે મના છે.)

પિત્તથી થતા કર્ણશૂળના ઉપાય

पित्तशूले सितायुक्तघृतस्निग्धं विरेचयेत् ।
द्राक्षायष्टिशृतं स्तन्यं शस्यते कर्णपूरणम् ॥ ७ ॥

પિત્તથી થતા કર્ણશૂળમાં સાકર નાખેલું ઘી પાઈને દરદીનું સ્નેહન કરીને એને (પિત્ત મટાડે એવાં વિરેચન દ્રવ્યોથી) રેચ આપવો. કાળી દ્રાક્ષ અને જેઠીમધ વડે પકવેલું સ્ત્રીનું ધાવણ કાનમાં ટીપેટીપે રેડીને કાન ભરી દેવો.

यष्ट्यनन्ताहिमोशीरकाकोलीरोध्रजीवकैः ।
मृणालबिसमञ्जिष्ठासारिवाभिश्च साधयेत् ॥८॥
यष्टीमधुरसप्रस्थक्षीरद्विप्रस्थसंयुतम् ।
तैलस्य कुडवं नस्यपूरणाभ्यञ्जनैरिदम् ॥९॥
निहन्ति शूलदाहोषाः केवलं क्षौद्रमेव वा ।

જેઠીમધ, ધમાસો, પદ્મકાષ્ઠ, વીરણવાળો, કાકોલી, લોધર, જીવક, કમળનાં કુમળાં મૂળ, કમળની કુમળી દાંડી, મજીઠ અને સારિવા એટલાં ઔષધોનો કલ્ક નાખીને એક પ્રસ્થ જેઠીમધનો ક્વાથ અને બે પ્રસ્થ ગાયના દૂધમાં એક કુડવ તેલ પકવવું. એ તેલ વડે નસ્ય આપવાથી, એ તેલ વડે કાન ટીપેટીપે ભરવાથી અને એ તેલ ચોળવાથી શૂળ (સણકા), બળતરા અને ઊષા મટે છે.

यष्ट्यादिभिश्च सघृतैः कर्णौ दिह्यात्समन्ततः ॥१०॥

જેઠીમધ વગેરે (શ્લોક ૭-૮વાળાં જેઠીમધથી સારિવા સુધીનાં ઔષધો)માં ઘી ભેળવીને તેના વડે કાનની આજુબાજુ લેપ કરવો.

કફથી થતા કર્ણશૂળના ઉપાય

वामयेत् पिप्पलीसिद्धसर्पिःस्निग्धं कफोद्भवे ।
धूमनावनगण्डूषस्वेदान् कुर्यात्कफापहान् ॥ ११ ॥

કફથી થતા કર્ણશૂળમાં પીપર વડે સિદ્ધ કરેલું ઘી પાઈને દરદીનું સ્નેહન કરીને પછી ઊલટી કરાવવી. કફ મટાડે એવાં ધૂમપાન, નસ્ય, ગંડૂષ અને શેકની ક્રિયાઓ કરવી.

लशुनार्द्रकशिग्रूणां मुरङ्ग्या मूलकस्य च ।
कदल्याः स्वरसः श्रेष्ठः कदुष्णः कर्णपूरणे ॥ १२ ॥

લસણનો, આદાનો, સરગવાનો, મોરવેલનો અને કેળનો સ્વરસ હશેકો કરીને એનાં ટીપાંથી કાનને ભરવો એ ઉત્તમ ઔષધ છે.

अर्काङ्कुरानम्लपिष्टांस्तैलाक्तांल्लवणान्वितान् ।
सन्निधाय स्नुहीकाण्डे कोरिते तच्छदावृतान् ॥१३॥
स्वेदयेत्पुटपाकेन स रसः शूलजित्परम् ।

આકડાનાં પાંદડાંને કાંજી સાથે લસોટીને, એને તેલ ચોપડીને, એમાં સિંધવ નાખીને, એને થોરનાં પાંદડાંમાં લપેટીને, થોરના કાંડભાગને કોરીને, એની બખોલમાં મૂકીને, એને પુટપાકવિધિથી પકવવું (પછી એનો રસ કાઢવો). એ રસ કાનના સણકા મટાડવાનું ઉત્તમ ઔષધ છે.

रसेन बीजपूरस्य कपित्थस्य च पूरयेत् ॥ १४ ॥
सुक्तेन पूरयित्वा वा फेनेनान्ववचूर्णयेत् ।

બિજોરાનો રસ, કોઠાનો રસ કે સરકાથી કાન (ટીપેટીપે) ભરવો. પછી એમાં સમુદ્રફીણ ભભરાવવું.

अजाविमूत्रवंशत्वक्सिद्धं तैलं च पूरणम् ॥ १५ ॥
सिद्धं वा सार्षपं तैलं हिङ्गुतुम्बुरुनागरैः ।

બકરીના અને ઘેટીના મૂત્રમાં વાંસની છાલનો કલ્ક નાખીને સિદ્ધ કરેલું તેલ અથવા હિંગ, ધાણા અને સૂંઠ વડે સિદ્ધ કરેલું સરસિયું કાનમાં (ટીપેટીપે) ભરવું.

લોહીથી થતા કર્ણશૂળના ઉપાય

रक्तजे पित्तवत्कार्यं सिरां चाशु विमोक्षयेत् ॥१६॥

લોહીના પ્રકોપથી થતા કર્ણશૂળમાં પિત્તથી થતા કર્ણશૂળમાં કરવાની ક્રિયા કરવી તથા તરત ફસ ખોલવી.

पक्वे पूयवहे कर्णे धूमगण्डूषनावनम् ।
युञ्ज्यान्नाडीविधानं च दुष्टव्रणहरं च यत् ॥१७॥

કાન પાકે અને એમાંથી પરુ નીકળે તો ધૂમપાન, ગંડૂષ અને નસ્ય આપવાં, નાડીવ્રણમાં કરવાની ક્રિયા અને દુષ્ટ વ્રણ મટાડવાના

ઉપચાર કરવા.

स्रोतः प्रमृज्य दिग्धं तु
द्वौ कालौ पिचुवर्तिभिः।
पुरेण धूपयित्वा तु माक्षिकेण प्रपूरयेत् ॥ १८ ॥
सुरसादिगणक्वाथफाणिताक्तां च योजयेत्।
पिचुवर्तिं सुसूक्ष्मैश्च तच्चूर्णैरवचूर्णयेत् ॥ १९ ॥

પરુથી ખરડાયેલા કાનના માર્ગને રૂની કે સુતરાઉ કપડાની વાટોથી બે વાર (સવાર–સાંજ) સાફ કરીને પછી કાનના માર્ગ(છિદ્ર)ને ગૂગળનો ધૂપ દઈને એમાં ટીપેટીપે મધ ભરવું. પછી સુરસાદિ ગણુનો ક્વાથ અને ફાણિત (કાકબ ગોળ) ચોપડેલી સુતરાઉ કપડાની વાટ કાનમાં મૂકવી અને સુરસાદિ ગણુનાં ઔષધોનું અત્યંત બારીક ચૂર્ણ કાનમાં ભભરાવવું.

शूलक्लेदगुरुत्वानां विधिरेष निवर्तकः।

કાનમાં સણકા, પરુ (કે રસી) અને ભારેપણુ મટાડવાનો આ વિધિ છે.

प्रियङ्गुमधुकाम्बष्ठाधातक्युत्पलपर्णिभिः ॥ २० ॥
मञ्जिष्ठालोध्रलाक्षाभिः कपित्थस्य रसेन च।
पचेत्तैलं तदास्रावं निगृह्णात्याशु पूरणात् ॥२१॥

કાંગ, જેઠીમધ, કાળીપાટ, ધાવડી, કાળું કમળ, પૃશ્નિપર્ણી, મજીઠ, લોધર અને લાખ–એટલી વસ્તુઓના કલ્કથી અને કોઠાના રસથી પકાવેલું તેલ કાનમાં ટીપેટીપે ભરવાથી તરત રસી નીકળતી અટકે છે.

કર્ણનાદના અને બહેરાશના ઉપાય

नादबाधिर्ययोः कुर्याद् वातशूलोक्तमौषधम्।
श्लेष्मानुबन्धे श्लेष्माणं प्राग्जयेद्वमनादिभिः ॥२२

કર્ણનાદ અને બહેરાશમાં વાયુથી થતા શૂળ માટે કહેલા ઉપાય કરવા. જો કફ અનુબંધી હોય તો પહેલાં (વાયુથી થતા શૂળ માટેના ઉપાય કરતા પહેલાં) વમન વગેરેથી કફ મટાડવો.

एरण्डशिग्रुवरुणमूलकात्पत्रजे रसे।
चतुर्गुणे पचेत्तैलं क्षीरे चाष्टगुणोन्मिते ॥ २३ ॥
यष्ट्याह्वाक्षीरकाकोलीकल्कयुक्तं निहन्ति तत्।
नादबाधिर्यशूलानि नावनाभ्यङ्गपूरणैः ॥ २४ ॥

એરંડો, સરગવો, વાયવરણો અને મૂળા એ ચારનાં પાંદડાંના ચારગણા સ્વરસમાં અને તેલથી આઠગણા ગાયના દૂધમાં જેઠીમધ અને ક્ષીરકાકોલી એ બંનેનો કલ્ક નાખીને તેલ પકવવું. એ તેલનું નસ્ય આપવાથી, કાને ચોળવાથી અને કાનમાં ટીપેટીપે ભરવાથી કર્ણનાદ, બહેરાશ અને કર્ણશૂલ મટી જાય છે.

पक्वं प्रतिविषाहिङ्गुमिशित्वक्स्वर्जिकोषणैः।
ससुक्तैः पूरणात्तैलं रुक्स्रावाश्रुतिनादनुत् ॥२५॥

અતિવિષની કળી, હિંગ, સુવા, તજ, સાજીખાર અને મરીનો કલ્ક નાખીને સરકામાં પકવેલું તેલ કાનમાં ટીપેટીપે ભરવાથી પીડા, રસી નીકળવી, બહેરાશ અને કર્ણનાદ મટે છે.

कर्णनादे हितं तैलं सर्षपोत्थं च पूरणे।

કર્ણનાદરોગમાં કાનમાં ટીપેટીપે સરસિયુ ભરવું એ ફાયદો કરે છે.

ક્ષારતૈલ

शुष्कमूलकखण्डानां क्षारो हिङ्गु महौषधम् ॥२६
शतपुष्पावचाकुष्ठदारुशिग्रुरसाञ्जनम्।
सौवर्चलयवक्षारस्वर्जिकौद्भिदसैन्धवम् ॥ २७ ॥
भूर्जग्रन्थिविडं मुस्ता मधुसुक्तं चतुर्गुणम्।
मातुलुङ्गरसस्तद्वत् कदलीस्वरसश्च तैः ॥ २८ ॥
पक्वं तैलं जयत्याशु सुकृच्छ्रानपि पूरणात्।
कण्डूं क्लेदं च बाधिर्यपूतिकर्णत्वरुक्कृमीन् ॥२९॥
क्षारतैलमिदं श्रेष्ठं मुखदन्तामयेषु च।

મૂળાની સુકવણીના કકડાનો ક્ષાર, હિંગ, સૂંઠ, સુવા, વજ, ઉપલેટ, દેવદાર, સરગવો, રસવંતી, સંચળ, જવખાર, સાજીખાર, ઉદ્‌ભિદ લવણ, સિંધવ, ભોજપત્ર, પીપરીમૂળ, બિડલવણ, મોથ, તેલ કરતાં ચારગણો કાળી દ્રાક્ષનો સરકો, તે જ પ્રમાણે (=તેલથી ચારગણો) બિજોરાનો સ્વરસ અને કેળનો સ્વરસ–એ બધાંથી પકવેલું તેલ કાનમાં ટીપેટીપે ભરવાથી ગમે તેટલાં દુઃસાધ્ય ચળ, રસી, બહેરાશ, કાનની દુર્ગંધ, પીડા અને કાનના કીડાને મટાડે છે. આ ક્ષારતૈલ મોંના અને દાંતના રોગોમાં પણ ઉત્તમ છે. (તેલ પકવવાનો વિધિ કલ્પસિદ્ધિસ્થાનમાં આપ્યો છે.)

अथ सुप्ताविव स्यातां कर्णौ रक्तं हरेत्ततः ॥३०॥

જે કાનને સ્પર્શનુ જ્ઞાન ન થતુ હોય તો કાનનુ લોહી કાઢવુ (ફસ ખોલવી) (આ કર્ણ-સ્વાપ રોગ રક્તજ કર્ણશૂલમા સમાઈ જાય છે)

सशोफक्लेदयोर्मन्दश्रुतेर्वमनमाचरेत् ।

કાનમા સોજો અને રસી હોય અને દરદી ની સાભળવાની શક્તિ મદ થઈ ગઈ હોય તો વમન કરાવવુ.

बाधिर्यं वर्जयेद्बालवृद्धयोश्चिरजं च यत् ॥ ३१ ॥

બાળકની અને વૃદ્ધની બહેરાશ તથા જે લાબા વખતની બહેરાશ હોય તેને (અસાધ્ય ગણીને) છોડી દેવી

પ્રતિનાહના ઉપાય

प्रतीनाहे परिक्लेद्य स्नेहस्वेदैर्विशोधयेत् ।
कर्णशोधनकेनानु कर्णं तैलस्य पूरयेत् ॥ ३२ ॥
ससुक्तसैन्धवमधोर्मातुलुङ्गरसस्य वा ।
शोधनाद्रूक्षतोत्पत्तौ घृतमण्डस्य पूरणम् ॥ ३३ ॥

પ્રતિનાહ રોગમા સ્નેહન અને સ્વેદન કરીને (સુકાયલા કફને) પલાળીને કર્ણશોધન યત્રથી (સૂ. ૨૫/૩૫થી) કાન સાફ કરવો (કાનમાથી મેલ કાઢવો). પછી કાનમા તેલ ટીપેટીપે ભરવુ અથવા સરકો, સિંધવ અને મધ એ ત્રણ ભેળવીને બિજોરાનો રસ કાનમા ટીપેટીપે ભરવો. કાન સાફ કરવાને લીધે જો કાન લૂખો પડી જાય તો (કાનમા ક્ષત થાય કે સણકા મારે તો—શિવદાસ સેન) ઘીનો મંડ કાનમા ટીપેટીપે ભરવો.

કાનમા મેલ હોય તેના ઉપાય

क्रमोऽयं मलपूर्णेऽपि स्मृते

કાન મેલથી ભરાઈ જાય તોપણ આ (પ્રતિનાહ માટે કહેલી) ક્રિયા કરવી.

કર્ણકડૂ અને કર્ણશોફના ઉપાય

कण्ड्वां कफापहम् ।
नस्यादि, तद्वच्छोफेऽपि कट्वुष्णैश्चात्र लेपनम् ॥३४

કાનમા ચળ (ખણુજ) આવે તો કફ મટાડે એવુ નસ્ય વગેરે (નસ્ય, ધૂમપાન, આહાર, પીણા વગેરે) આપવુ. કાનમા સોજો આવે તો એ જ ક્રિયા (કર્ણકડૂ જેવી ક્રિયા) કરવી તથા તીખા અને ગરમ દ્રવ્યો વડે (કાનની આજુબાજુ) લેપ કરવો.

પૂતિકર્ણ અને કૃમિકર્ણના ઉપાય

कर्णस्रावोदितं कुर्यात्पूतिकृमिणकर्णयोः ।
पूरणं कटुतैलेन विशेषात् कृमिकर्णके ॥ ३५ ॥

પૂતિકર્ણ અને કૃમિકર્ણ રોગોમા કાનમાથી રસી નીકળતી મટાડવા માટે જે કહ્યુ છે (શ્લોક ૨૦, ૨૦½, ૨૧) તે કરવુ, પણ કૃમિકર્ણ રોગમા વધારેમા કાનમા સરસિયુ ટીપેટીપે ભરવુ.

કર્ણવિદ્રધિ

वमिपूर्वा हिता कर्णविद्रधौ विद्रधिक्रिया ।

કાનના વિદ્રધિમા પહેલા વમન કરાવીને પછી વિદ્રધિ જેવી ક્રિયા (ચિ. અ. ૧૩) ફાયદો કરે છે

કર્ણનુ ક્ષતવિદ્રધિ

पित्तोत्थकर्णशूलोक्तं कर्तव्यं क्षतविद्रधौ ॥ ३६ ॥

કાનના ક્ષતવિદ્રધિમા (શ્લોક ૧૪, ૧૪½) પિત્તથી થતા કર્ણશૂળ માટે કહેલુ કરવુ.

કર્ણાર્શ, કર્ણાર્બુદ

अर्शोऽर्बुदेषु नासावद्

કાનના મસાના અને કાનના અર્બુદના ઉપાય નાકના મસા અને નાકના અર્બુદ જેમ કરવા.

કર્ણવિદારિકા

आमा कर्णविदारिका ।
कर्णविद्रधिवत्साध्या यथादोषोदयेन च ॥ ३७ ॥

કર્ણવિદારિકા કાચી હોય તેને વિદ્રધિની માફક અને કયો દોષ કોપેલો છે તેના હિસાબે મટાડવાના ઉપાય કરવા.

પાલીશોષ

पालीशोषेऽनिलश्रोत्रशूलवन्नस्यलेपनम् ।
स्वेदं च कुर्यात् स्विन्नां च पालीमुद्वर्तयेत्तिलैः ॥३८
प्रियालबीजयष्ट्याह्वहयगन्धयवान्वितैः ।

પાલીશોષ રોગમા વાયુથી થતા કર્ણશૂલના જેવા નસ્ય, લેપ અને શેક કરવા. કાનની બૂટને બરાબર શેક થઈ જાય ત્યારે એના ઉપર તલ, ચારોળી, જેઠીમધ, આસોદ અને જવ એટલી વસ્તુઓનુ ચૂર્ણ કે કલ્ક કરીને એનુ ઉદ્વર્તન કરવુ.

ततः पुष्टिकरैः स्नेहैरभ्यङ्गं नित्यमाचरेत् ॥ ३९ ॥

પછી પુષ્ટિ કર એવા સ્નેહોથી (શ્લોક ૩૯થી ૪૧) કાનની બૂટ ઉપર રોજ અભ્યંગ કરવો.

કાનની બૂટને જાડી કરે એવા સ્નેહ

शतावरीवाजिगन्धापयस्यैरण्डजीवकैः ।
तैलं विपक्वं सक्षीरं पालीनां पुष्टिकृत्परम् ॥ ४० ॥

શતાવરી, આસોંદ, કાકોલી, એરંડા અને જીવક એટલી વસ્તુઓનો કલ્ક નાખીને ગાયના દૂધમાં પકવેલું તેલ કાનની બૂટને જાડી કરે છે.

कल्केन जीवनीयेन तैलं पयसि पाचितम् ।
आनूपमांसक्वाथे च पालीपोषणवर्धनम् ॥ ४१ ॥

જીવનીય ગણનાં ઔષધોનો કલ્ક નાખીને દૂધમા અને અનૂપ દેશના પ્રાણીઓના માંસના ક્વાથમા પકવેલું તેલ કાનની બૂટને પોષણ આપે છે અને વધારે છે.

पालीं छित्वाऽतिसङ्क्षीणां
शेषां सन्धाय पोषयेत् ।

કાનની બૂટના બહુ જ સુકાઈ ગયેલા ભાગને કાપી નાખીને બાકીના ભાગને સાંધીને પછી એને જાડો કરવો.

તંત્રિકા

याप्यैवं तन्त्रिकाख्याऽपि

એ જ રીતે (પાલીશોષ માટેની ક્રિયા કરીને) તંત્રિકા રોગમાં પણ દહાડા કઢાવવા (રાહત કરવી).

પરિપોટ

परिपोटेऽप्ययं विधिः ॥ ४२ ॥

પરિપોટરોગમા પણ એ જ (પાલીશોષવાળો) વિધિ છે.

ઉત્પાત

उत्पाते शीतलैर्लेपो जलौकोहृतशोणिते ।

ઉત્પાતરોગમાં જળો પાસે લોહી ચુસાવીને પછી ઠંડાં દ્રવ્યો વડે લેપ કરવો.

जम्ब्वाम्रपल्लवबलायष्टीरोध्रतिलोत्पलैः ॥ ४३ ॥
सधान्याम्लैः समञ्जिष्ठैः सकदम्बैः ससारिवैः ।
सिद्धमभ्यञ्जने तैलं विसर्पोक्तघृतानि च ॥ ४४ ॥

જાંબુનાં પાદડાં, આબાનાં પાંદડાં, બળદાણા, જેઠીમધ, લોધર, તલ, કાળું કમળ, મજીઠ, કદંબ અને સારિવા–એટલી વસ્તુઓનો કલ્ક નાખીને ધાન્યામ્લમાં સિદ્ધ કરેલા તેલ વડે અને વિસર્પ (રતવા)ના અધ્યાયમાં કહેલાં ઘી વડે અભ્યંગ કરવો.

ઉન્મંથ

उन्मन्थेऽभ्यञ्जनं तैलं गोधाकर्कवसान्वितम् ।
तालपत्र्यश्वगन्धार्कयाकुचीफलसैन्धवैः ॥ ४५ ॥
सुरसालाङ्गलीभ्यां च सिद्धं, तीक्ष्णं च नावनम् ।

ઉન્મંથ રોગમાં સાંઢા અને કરચલો એ બેની વસા નાખેલું; કાળી મૂસળી, આસોંદ, આકડો, બાવચી, મીંઢળ, સૈંધવ, તુળસી અને જળપીપળી એટલી વસ્તુઓ વડે પકવેલા તેલનો અભ્યંગ કરવો અને તીક્ષ્ણ નસ્ય આપવુ.

કાન બરાબર ન વીંધાયો હોય તો શું કરવું

दुर्विद्धेऽश्मन्तजम्ब्वाम्रपत्रक्वाथेन सेचिताम् ॥
तैलेन पालीं स्वभ्यक्तां सुश्लक्ष्णैरवचूर्णयेत् ।
चूर्णैर्मधुकमञ्जिष्ठाप्रपुण्ड्राह्वनिशोद्भवैः ॥ ४७ ॥
लाक्षाविडङ्गसिद्धं च तैलमभ्यञ्जने हितम् ।

કાન બરાબર ન વીંધાયો હોય તો ચંપો, કાંચનાર, જાંબુના પાંદડાં અને આંબાનાં પાંદડાં-એ ત્રણનો ક્વાથ કાનની બૂટ ઉપર રેડીને, કાનની બૂટ પર બરાબર તેલ ચોળીને, પછી જેઠીમધ, મજીઠ, પદ્મકાષ્ઠ અને દારુહળદર–એ ચાર વસ્તુઓનું બહુ જ સુંવાળું ચૂર્ણ ભભરાવવું (કે દબાવવુ) અને લાખ તથા વાવડિંગથી સિદ્ધ કરેલુ તેલ અભ્યંગ તરીકે ફાયદો કરે છે.

પરિલેહિકા (લેહી, લેહ્ય)

स्विन्नां गोमयजैः पिण्डैर्बहुशः परिलेहिकाम् ॥
विडङ्गसारैरालिम्पेदुरभ्रीमूत्रकल्कितैः ।
कौटजेङ्गुदकारञ्जबीजशम्याकवल्कलैः ॥ ४९ ॥
अथवाऽभ्यञ्जनं तैर्वा कटुतैलं विपाचयेत् ।
सनिम्बपत्रमरिचमदनैर्लेहिकाव्रणे ॥ ५० ॥

લેહીને (ઉ. ૧૭/૨૪, ૨૪३) ગાયના છાણના ગોળા વડે વારંવાર શેકીને વાવડિંગના સારનો ઘેટીના મૂતરમાં કલ્ક કરીને એનો લેપ કરવો અથવા કડાછાલ, ઇગોરિયાની છાલ, કણજીનાં બી અને ગરમાળાની છાલનો ઘેટીના મૂતરમાં કલ્ક કરીને એનો લેપ કરવો, અથવા એ જ

(વાવડિંગનો સાગ વગેરે) દ્રવ્યોનો કલ્ક નાખીને તથા લીમડાના પાંદડાં, મરી અને મીણનો કલ્ક નાખીને સરસિયું પકવવું. એ સરસિયું લોહિકાના વ્રણમાં ચોપડવું.

કપાયેલો કાન સાંધવાની રીત

छिन्ने तु कर्णे शुद्धस्य बन्धमालोच्य यौगिकम्।
शुद्धास्रं लागयेल्लग्ने सद्यश्छिन्ने विशोधनम् ॥५२॥

પણ કાન કપાઈ ગયો હોય તો દરદીનું શોધન કરીને સૂ. ૨૯/૫૯ થી ૬૧માં ગણાવેલા પાટામાંથી કઈ જાતનો પાટો બાંધવો પડશે તેનો વિચાર કરીને પછી જ્યારે બગડેલું લોહી નીકળી રહ્યા પછી શુદ્ધ લોહી આવવા માંડે કે તરત કપાઈને છૂટો પડેલો કાનનો ભાગ ચોંટાડી દેવો. કાન તાજો જ કપાઈ ગયો હોય તો એ કપાયેલો કાન પાછો ચોંટી જાય પછી દર્દીનું શોધન કરવું.

अथ ग्रथित्वा केशान्तं कृत्वा छेदनलेखनम्।
निवेश्य सन्धिं सुषमं न निम्नं न समुन्नतम् ॥
अभ्यज्य मधुसर्पिर्भ्यां पिचुप्लोतावगुण्ठितम्।
सूत्रेणागाढशिथिलं बद्ध्वा चूर्णैरवाकिरेत् ॥५३॥
शोणितस्थापनैर्व्रण्यमाचारं चादिशेत्ततः ।
सप्ताहादामतैलाक्तं शनैरपनयेत् पिचुम् ॥५४॥

ઈશ્વરનું સ્મરણ કરીને (अथ) વાળના છેડાને ગૂંથી લઈને (વાળના છેડા છૂટા રહે તો ઘામાં ચોંટી જાય તેથી વાળ છૂટો ન રહે એ રીતે વાળ બાંધીને) બૂટને (કે કાનને) કાપીને અને પછી છોલીને (ઘસીને), કાપેલા ભાગનો સાંધો ઊંચો કે નીચો ન રહે, એ રીતે બંને ભાગ બરાબર જોડીને, એના ઉપર મધ અને ઘી ચોપડીને, રૂ અને પોતા વડે ઢાંકી દઈને, ઢીલું પણ નહિ અને તાણીને પણ નહિ એવી રીતે દોરા વડે બાંધીને એના ઉપર (જેઠીમધ, ગેરુ વગેરે) લોહીનું (સ્થાપન કરે એવા (લોહીને નીકળતું બંધ કરે એવા) દ્રવ્યોનું ચૂર્ણ ભભરાવવું. પછી વ્રણ માટે જે આહારવિહાર પથ્ય કહ્યા છે તે આહારવિહાર પાળવાનું કહેવું. સાત દિવસ પછી રૂના પૂમડાને તેલથી પલાળીને (તેલ ચોપડીને, પૂમડું ઉપાડતાં લોહી ન નીકળે એ રીતે) પૂમડું ધીમેધીમે કાઢી લેવું.

सुरूढं जातरोमाणं श्लिष्टसन्धिं समं स्थिरम्।
सुवर्ष्माणमरोगं च शनैः कर्णं विवर्धयेत् ॥५५॥

પછી જ્યારે બૂટ (કે કાન) બરાબર રુઝાઈ જાય, ત્યાં રુવાંટી ઊગે, સાંધેલા ભાગ બરાબર જોડાઈ જાય, સમ (સપાટ) અને સ્થિર થાય, બરાબર ઘાટીલી બને અને રોગ ન રહે ત્યાર ધીમેધીમે બૂટને (કાનને) વધારવી.

કાન વધારવાને ચોળવાનું ઘી

जलशूकः स्वयङ्गुप्ता रजन्यौ बृहतीफलम्।
अश्वगन्धाबलाहस्तिपिप्पलीगौरसर्षपाः ॥५६॥
मूलं कोशातकाश्वघ्नरूपिकासप्तपर्णजम्।
छुच्छुन्दरी कालमृता गृहं मधुकरीकृतम् ॥५७॥
जतूका जलजन्मा च तथा शबरकन्दकम्।
एभिः कल्कैः खरं पक्वं सतैलं माहिषं घृतम् ॥५८
हस्त्यश्वमूत्रेण परमभ्यङ्गात्कर्णवर्धनम् ।

લીલ, કૌંચા, હળદર, દારુહળદર, ભોરી રીંગણીનું ફળ, આસોદ, બળદાણા, ગજપીપર, ધોળા સરસવ, ઘિસોડીનું મૂળ, ધોળી કણેરનું મૂળ, આકડાનું મૂળ, સાતવીનનું મૂળ, કુદરતી મોતે મરેલી છછુંદરી, ભમરીનું ઘર, ચામાચીડિયું, જળો અને લસણ—એટલી વસ્તુઓના કલ્ક વડે હાથી અને ઘોડાના મૂતરમાં તેલ સાથે ઘીનો ખર પાક (ક. ૬/૧૯) કરવો. એ કાન વધારવા માટે ઉત્તમ અભ્યંગ છે.

કપાઈ ગયેલું નાક બનાવવાનો વિધિ

अथ कुर्याद्वयस्थस्य
छिन्नां शुद्धस्य नासिकाम् ॥५९॥
छिन्द्यान्नासासमं पत्रं तत्तुल्यं च कपोलतः ।
त्वङ्मांसं नासिकासन्ने रक्षंस्तत्तनुतां नयेत् ॥६०
सीव्येद् गण्डं ततः सूच्या सेविन्या पिचुयुक्तया
नासाच्छेदेऽथ लिखिते परीवर्त्योपरि त्वचम् ॥
कपोलवध्रं सन्दध्यात्सीव्येन्नासां च यत्नतः ।
नाडीभ्यामुत्क्षिपेदन्तः
सुखोच्छ्वासप्रवृत्तये ॥६२॥
आमतैलेन सिक्त्वाऽनु पत्तङ्गमधुकाञ्जनैः ।
शोणितस्थापनैश्चान्यैः
सुश्लक्ष्णैरवचूर्णयेत् ॥६३॥

ततो मधुघृताभ्यक्तं बध्वाऽऽचारिकमादिशेत् ।
ज्ञात्वाऽवस्थान्तरं कुर्यात् सद्योव्रणविधिं ततः ६४
छिन्द्याद्रूढेऽधिकं मांसं
नासोपान्ताच्च चर्म तत् ।
सीव्येत्ततश्च सुश्लक्ष्णं हीनं संवर्धयेत्पुनः ॥६५॥

પ્રભુનું સ્મરણ કરીને કપાઈ છૂટું પડી ગયેલું જુવાન માણસનું નાક (જો નાક તાજું જ ન કપાયું હોય તો) દરદીનું શોધન કરીને નીચેના વિધિથી બનાવવું. એક પાંદડામાંથી કપાયલા નાકના માપ અને ઘાટ જેટલો ભાગ કાતરી કાઢવો. પછી પાંદડાના એ કાતરેલા ભાગ જેટલો ગાલનો ભાગ એવી રીતે કાપવો કે નાક અને ગાલના સાંધા આગળની ચામડી અને માંસ કપાઈને છૂટાં ન પડે (ગાલનો કાપેલો ભાગ બીજી બાજુએથી કપાય પણ નાકની બાજુએથી નાકને અડોઅડ જોડાયલો રહે). પછી એ ચામડી અને માંસને પાતળાં બનાવવાં. પછી દોરાવાળી સીવવાની સોયથી ગાલ સીવી લેવો. હવે નાક જ્યાંથી કપાઈને છૂટું પડ્યું હોય તે ભાગને (સુકાયલો હોય તેને સાંધવા લાયક લીલો કરવાને) ખોતરીને ચામડીને ઊંચી ઉથલાવીને ગાલની ચામડી સાથે જોડી દેવી. (નાક અને ગાલના જોડાણ આગળ આંટો મારીને ગાલની ચામડી ઉથલાવી નાકની બીજી બાજુએ જોડવા લઈ જવી કે જેથી ચામડીનો ઉપલો ભાગ ઉપર રહે.) પછી નાકને કાળજીથી સીવી લેવું. શ્વાસોચ્છ્વાસનું કામ સરળતાથી થઈ શકે તેટલા માટે નાકમાં બે નળી ખોસીને નાક ઊપડેલું રાખવું. પછી કાચા તેલની ધાર કરીને રતાંજળી, જેઠીમધ, રસવંતી તથા બીજાં લોહી બંધ કરે એવાં દ્રવ્યોનું બહુ જ બારીક (સુંવાળું) ચૂર્ણ દબાવવું. પછી મધ અને ઘી ચોપડીને પાટો બાંધીને વ્રણ માટેના પથ્ય આહારવિહાર (સૂ. ૨૯/૩૩૩-થી ૪૨૩) પાળવાનું કહેવું. પછી સ્થિતિ બદલાઈ છે એમ જાણીને સદ્યોવ્રણનો વિધિ કરવો (સદ્યોવ્રણ પ્રમાણે ઉપાય કરવા). રુઝાય પછી વધારાનું માંસ અને નાક પાસેથી (નાક અને ગાલ વચ્ચેની) પેલી વધારાની ચામડી કાપી કાઢવી. પછી એને બરાબર સુંવાળું બનાવીને સીવી લેવું. જો નાકમાં માંસ ઓછું રહે (અને તેથી નાકના તે ભાગમાં ખાડો પડે) તો કાન વધારવાનો જે ઉપાય કહ્યો છે તે કરીને નાક ફરીથી વધારવું.

નાક તાજું જ કપાયું હોય તેને સાંધવાનો વિધિ

निवेशिते यथान्यासं सद्यश्छिन्नेऽप्ययं विधिः ।

નાક જો તરતનું જ કપાયલું હોય તો તેમાં પણ પહેલાં નાકનો છૂટો પડેલો ભાગ યોગ્ય જગ્યાએ બરાબર ગોઠવી દઈને પછી આ વિધિ (શ્લોક ૫૯થી ૬૫ વાળા વિધિમાંથી જરૂર પૂરતો વિધિ) કરવો.

હોઠ કપાઈ ગયો હોય તેનો વિધિ

नाडीयोगाद्विनौष्ठस्य नासासन्धानवद्विधिः ॥६६॥

કપાયલું નાક સાંધવાનો જે વિધિ ઉપર કહ્યો છે, તેમાંથી નાકમાં નળી મૂકવા સિવાયનો બાકીનો બધો વિધિ કપાયલો હોઠ સાંધવા માટે કરવો.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने कर्णरोगप्रतिषेधो नामाष्टादशोऽध्यायः ॥ १८ ॥

અધ્યાય ૧૯ મો—નાકના રોગોનું જ્ઞાન

अथातो नासारोगविज्ञानीयं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે નાકના રોગ વિષે જ્ઞાન થવા માટે ઉપયોગી અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

પ્રતિશ્યાય(=સળેખમ)નાં કારણ, સંપ્રાપ્તિ

अवश्यायानिलरजोभाष्यातिस्वप्नजागरैः ।
नीचात्युच्चोपधानेन पीतेनान्येन वारिणा ॥१॥
अत्यम्बुपानरमणच्छर्दिबाष्पग्रहादिभिः ।
क्रुद्धा वातोल्बणा दोषा
नासायां स्त्यानतां गताः ॥२॥
जनयन्ति प्रतिश्यायं वर्धमानं क्षयप्रदम् ।

શાકળ, પવન, ધૂળ, (બહુ) બોલવું, બહુ ઊંઘવું, બહુ જાગવું, બહુ નીચું કે બહુ ઊંચું ઓશીકું રાખવું, બીજું (=જે પાણી માફક આવી ગયું હોય તેનાથી જુદી જાતનું) પાણી પીવું, બહુ પાણી પીવું, બહુ મૈથુન કરવું. ઊલટીનો અને આંસુનો વેગ રોકવો–વગેરે કારણોથી વાયુ જેમાં અધિક છે એવા દોષો કોપીને નાકમાં ઘટ્ટ બની જઈને પ્રતિશ્યાય (સળેખમ) કરે છે. સળેખમના એ વખતસર યોગ્ય ઉપાય ન થાય તો ક્ષયરોગ થાય છે.

વાયુના સળેખમનાં લક્ષણ

तत्र वातात्प्रतिश्याये मुखशोषो भृशं क्षवः ॥३
घ्राणोपरोधनिस्तोददन्तशङ्खशिरोव्यथाः ।
कीटिका इव सर्पन्तीर्मन्यते परितो भ्रुवौ ॥४॥
स्वरसादश्चिरात्पाकः शिशिराच्छकफस्रुतिः ।

તેમાં વાયુના પ્રકોપથી થતા સળેખમમાં મોં સુકાય છે, પુષ્કળ છીંકો આવે છે, નાક બંધાઈ જાય છે, નાકમાં તોદ થાય છે; દાંતમાં, લમણામાં અને માથામાં પીડા થાય છે, બંને ભ્રમ્મરની ચારે બાજુ જાણે કીડીઓ ફરતી હોય એવો સળવળાટ થતો લાગે છે, અવાજ બેસી જાય છે, (કફ) લાંબે વખતે પાકે છે તથા ઠંડો અને પાતળો કફ નાકમાંથી નીકળે છે.

પિત્તના સળેખમનાં લક્ષણ

पित्तात्तृष्णाज्वरघ्राणपिटिकासम्भवभ्रमाः ॥५॥
नासाग्रपाको रूक्षोष्णताम्रपीतकफस्रुतिः ।

પિત્તના પ્રકોપથી થતા સળેખમમાં તરસ લાગે છે, તાવ આવે છે, નાકમાં ફોલ્લીઓ થાય છે, ફેર આવે છે, નાકનું ટેરવું પાકે છે તથા નાકમાંથી લૂખો, ગરમ, તાંબાવર્ણો કે પીળો કફ નીકળે છે.

કફના સળેખમનાં લક્ષણ

कफात्कासोऽरुचिः श्वासो वमथुर्गात्रगौरवम् ६
माधुर्यं वदने कण्डूः स्निग्धशुक्लकफस्रुतिः ।

કફના પ્રકોપથી થતા સળેખમમા અરુચિ, હાંફ, ઊલટી (કે ઊબકા), શરીર ભારે થઈ જાય, મોં ગળ્યુંગળ્યુ લાગે, ખણુજ, નાકમાંથી સ્નિગ્ધ અને ધોળો કફ નીકળે–એટલાં લક્ષણ થાય છે.

ત્રિદોષના સળેખમનાં લક્ષણ

सर्वजो लक्षणैः सर्वैरकस्माद्वृद्धिशान्तिमान् ॥७

ત્રિદોષના સળેખમમાં ત્રણે દોષના સળેખમનાં ભેગાં લક્ષણો હોય છે તથા ત્રિદોષનું સળેખમ કંઈ પણ કારણ વિના કોઈક વાર વધે છે અને કોઈક વાર શમી જાય છે.

રક્તજ સળેખમનાં લક્ષણ

दुष्टं नासासिराः प्राप्य प्रतिश्यायं करोत्यसृक् ।
उरसः सुप्तता ताम्रनेत्रत्वं श्वासपूतिता ॥८॥
कण्डूः श्रोत्राक्षिनासासु
पित्तोक्तं चात्र लक्षणम् ।

બગડેલું લોહી નાકની શિરાઓમાં જઈને સળેખમ કરે છે. એમાં છાતીને સ્પર્શનું જ્ઞાન થતું નથી, આંખો તાંબાવર્ણી થઈ જાય છે, શ્વાસ ગંધાય છે; કાન, આંખ અને નાકમાં ખણુજ આવે છે તથા પિત્તના સળેખમનાં લક્ષણો થાય છે.

દુષ્ટપ્રતિશ્યાય(=બગડેલા સળેખમ)નાં લક્ષણ

सर्व एव प्रतिश्याया दुष्टतां यान्त्युपेक्षिताः ॥९
यथोक्तोपद्रवाधिक्यात्स सर्वेन्द्रियतापनः ।
साग्निसादज्वरश्वासकासोरःपार्श्ववेदनः ॥१०॥
कुप्यत्यकस्माद्बहुशो मुखदौर्गन्ध्यशोफकृत् ।
नासिकाक्लेदसंशोषशुद्धिरोधकरो मुहुः ॥११॥
पूयोपमासितारक्तग्रथितश्लेष्मसंस्रुतिः ।
मूर्च्छन्ति चात्र कृमयो
दीर्घस्निग्धसिताणवः ॥ १२॥

બધી જાતનાં સળેખમના વખતસર યોગ્ય ઉપાય ન થવાથી એ સળેખમો બગડે છે. (એને દુષ્ટ પ્રતિશ્યાય કહે છે.) એમાં બધી જાતનાં સળેખમોના ઉપદ્રવો (લક્ષણો) વધારે પ્રમાણમાં થતા હોવાથી દુષ્ટ પ્રતિશ્યાય રોગ બધી ઇંદ્રિયોને સંતાપે છે. એ રોગમાં જઠરાગ્નિ બહુ મંદ હોય છે. તાવ, હાંફ, ઉધરસ, છાતીમાં અને પડખાંમાં પીડા થાય છે, કંઈ પણ કારણ વિના એ વારંવાર કોપે છે, મોં ગંધાય છે, મોં ઉપર સોજો આવે છે, કોઈક વાર નાકમાંનું લીંટ સુકાઈ જાય છે, કોઈ વાર બહાર નીકળી જાય છે અને કોઈ વાર નાકમાં રોકાઈ રહે

છે એવું વારંવાર થાય છે; પરુ જેવો, કાળો, જરા રાતો, ગંઠાયલો કફ નીકળે છે તથા લાંબા, સ્નિગ્ધ, કાળા અને ઝીણા કીડા પડે છે.

દરેક સળેખમ પાકી ગયું હોવાનાં લક્ષણ

पक्वलिङ्गानि तेष्वङ्गलाघवं क्षवथोः शमः ।
श्लेष्मा सचिक्कणः पीतोऽज्ञानं च रसगन्धयोः ॥

તેમાં (બધા સળેખમોમાં) શરીર હલકું (સ્ફૂર્તિવાળું) લાગે, છીંક બંધ થઈ જાય, કફ જરા ચીકણો અને પીળો હોય તથા જીભને સ્વાદનું અને નાકને વાસનું જ્ઞાન ન થાય–એ પાકી ગયેલા સળેખમનાં લક્ષણ છે.

ભ્રુશક્ષવ (ઘણી જ છીંકો)નાં કારણ, સંપ્રાપ્તિ અને લક્ષણ

तीक्ष्णाघ्राणोपयोगार्करश्मिसूत्रतृणादिभिः ।
वातकोपिभिरन्यैर्वा नासिकातरुणास्थिनि ॥ १४ ॥
विघट्टितेऽनिलः क्रुद्धो रुद्धः शृङ्गाटकं व्रजेत् ।
निवृत्तः कुरुतेऽत्यर्थं क्षवथुं स भृशक्षवः ॥ १५ ॥

(રાઈ, તડાક છીંકણી વગેરે) તીક્ષ્ણ દ્રવ્યો સૂંઘવાથી, એવાં તીક્ષ્ણ દ્રવ્યોનો ઉપયોગ કરવાથી, સૂર્યનાં કિરણ સામું જોવાથી; દોરી, તણખલું (સળી) વગેરે નાકમાં ફેરવવાથી અથવા વાયુને કોપાવે એવાં બીજાં કારણોથી નાકનું કુમળું હાડકું ઘસાવાથી કોપેલો વાયુ શૃંગાટક મર્મમાં (જે જગાએ નાકમાં ચાર રસ્તાઓ મળે છે તે જગાએ શા. ૪/૩૩½ થી ૩૪½) જાય છે અને ત્યાં રોકાવાથી ત્યાંથી પાછો ફરીને પુષ્કળ છીંકો આણે છે. આ ભ્રુશક્ષવ રોગ છે.

નાસિકાશોષ

शोषयन्नासिकास्रोतः कफं च कुरुतेऽनिलः ।
शूकपूर्णाभनासात्वं कृच्छ्रादुच्छ्वसनं ततः ॥
स्मृतोऽसौ नासिकाशोषो

વાયુ નાકના માર્ગને અને કફને સૂકવી દે છે, તેથી નાકમાં જાણે કાંટા પડ્યા હોય એવું લાગે છે, તેથી ઉચ્છ્વાસ લેતાં દુઃખ થાય છે. આ નાસિકાશોષ રોગ છે એવું આયુર્વેદ કહે છે.

નાસાનાહ

नासानाहे तु जायते ।
नद्धत्वमिव नासायाः श्लेष्मरुद्धेन वायुना ॥१७॥
निःश्वासोच्छ्वाससंरोधात् स्रोतसी संवृते इव ।

નાસાનાહ (નાકનો આનાહ) રોગમાં નાકને જાણે (નગારાની માફક) મઢી લીધું હોય એવું થાય છે, અને કફથી રોકાયલા વાયુને લીધે નિઃશ્વાસ અને ઉચ્છ્વાસ રોકાતા હોવાથી નાકનાં નસકોરાં જાણે બંધ થઈ ગયાં હોય એમ લાગે છે.

ઘ્રાણપાક (નાસાપાક)

पचेन्नासापुटे पित्तं त्वङ्मांसं दाहशूलवत् ॥१८॥
स घ्राणपाकः

પિત્ત નસકોરામાં ચામડીને અને માંસને પકવે અને સાથે દાહ અને શૂળ કરે તે ઘ્રાણપાક (નાક પાકવું) રોગ છે.

નાસાસ્રાવ (નાક દદડવું–ગળવું)

स्रावस्तु तत्संज्ञः श्लेष्मसम्भवः ।
अच्छो जलोपमोऽजस्रं विशेषान्निशि जायते ॥

નાસાસ્રાવ નામે ઓળખાતો સ્રાવ (નાકમાંથી દદડતું પાણી) કફમાંથી પેદા થાય છે. એ પાતળો પાણી જેવો સ્રાવ સતત અને ખાસ કરીને રાતે નીકળે છે.

અપીનસ

कफः प्रवृद्धो नासायां रुद्ध्वा स्रोतांस्यपीनसम् ।
कुर्यात्सघुर्घुरश्वासं पीनसाधिकवेदनम् ॥ २० ॥
अवेरिव स्रवत्यस्य प्रक्लिन्ना तेन नासिका ।
अजस्रं पिच्छिलं पीतं पक्वं सिङ्घाणकं घनम् ॥

નાકમાં કફ બહુ વધી જવાથી એ કફ નાકનાં સ્રોતોને પૂરી દઈને (રોકીને) અપીનસ રોગ કરે છે. એમાં શ્વાસ લેતાં ઘરડઘરડ (ઘુરઘુર) અવાજ થાય છે, એમાં પીનસ (પ્રતિશ્યાય) કરતાં વધારે પીડા થાય છે. એને લીધે (અપીનસને લીધે), ઘેટાના નાકની માફક એનું (દરદીનું) નાક બહુ ભીનું રહે છે અને એમાંથી પિચ્છિલ, પીળું અને પાકું લીંટ સતત નીકળે છે.

દીપ્ત

रक्तेन नासा दग्धेव बाह्यान्तः स्पर्शनासहा ।
भवेद्धूमोपमोच्छ्वासा सा दीप्तिर्दहतीव च ॥२२॥

લોહીના પ્રકોપથી નાક જાણે દાઝી ગયું હોય, તેમ બહારથી અને અંદરથી સ્પર્શ સહન કરી શકતું નથી, તથા ઉચ્છ્વાસ ધુમાડા જેવો (ધુમાડાની માફક લાય બળે એવો) હોય છે અને નાક જાણે બળતું હોય એવું લાગે છે.

પૂતિનાસ

तालुमूले मलैर्दुष्टैर्मारुतो मुखनासिकात् ।
श्लेष्मा च पूतिर्निर्गच्छेत्
पूतिनासं वदन्ति तम् ॥ २३ ॥

તાળવાના મૂળમાં બગડેલા દોષોને લીધે મોંમાંથી અને નાકમાંથી વાયુ અને કફ ગંધાતાં નીકળે છે. તેને પૂતિનાસ રોગ કહે છે.

પૂયરક્ત

निचयादभिघाताद्वा पूयासृङ् नासिका स्रवेत् ।
तत्पूयरक्तमाख्यातं शिरोदाहरुजाकरम् ॥ २४ ॥

ત્રણે દોષો કોપવાથી કે વાગવાપછડાવાથી નાકમાંથી પરુ અને લોહી (પરુવાળું લોહી) નીકળે અને સાથે માથામાં બળતરા અને પીડા થાય તે રોગ પૂયરક્ત રોગ તરીકે ઓળખાય છે.

પુટક (પોટલી)

पित्तश्लेष्मावरुद्धोऽन्तर्नासायां शोषयेन्मरुत् ।
कफं, स शुष्कः पुटतां प्राप्नोति पुटकं तु तत् ॥२५

પિત્ત અને કફથી રોકાયલો વાયુ નાકની અંદર કફને સૂકવી નાખે અને એ સુકાયેલો કફ પુટરૂપ બની જાય (પડ બાઝી જાય છે) તેને પુટક રોગ કહે છે.

નાકનો મસો, નાકનું અર્બુદ

अर्शोर्बुदानि विभजेद्दोषलिङ्गैर्यथायथम् ।

નાસાર્શ (નાકનો મસો) અને નાસાર્બુદ (નાકનું અર્બુદ) કયા દોષના પ્રકોપથી થયાં છે, તેના વિભાગ તે તે મસા અને અર્બુદમાં કયા દોષનાં લક્ષણો છે તે ઉપરથી પાડવા.

सर्वेषु कृच्छ्रोच्छ्वसनं पीनसः प्रततं क्षुतिः ॥२६॥
सानुनासिकवादित्वं पूतिनासः शिरोव्यथा ।

બધાં (ગમે તે દોષોથી થયેલાં) મસા અને અર્બુદમાં ઉચ્છ્વાસ લેતાં મુશ્કેલી પડે છે, સળેખમ હોય છે, સતત છીંકો આવે છે, ગૂંગણું બોલાય છે, નાકમાંથી દુર્ગંધ મારે છે અને માથામાં પીડા થાય છે.

સાધ્યાસાધ્ય

अष्टादशानामित्येषां यापयेद्दुष्टपीनसम् ॥ २७ ॥

આ ૧૮ પીનસ રોગોમાંથી (નાકના રોગોમાંથી) પીનસ (દુષ્ટ પ્રતિશ્યાય) યાપ્ય છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने नासारोगविज्ञानीयो नामैकोनविंशोऽध्यायः ॥ १९ ॥

અધ્યાય ૨૦ મો—નાકના રોગોના ઉપાય

अथातो नासारोगप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે નાકના રોગો મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિએ નીચે પ્રમાણે કહી ગયા છે:

બધા નાકના રોગ માટે સામાન્ય ઉપાય

सर्वेषु पीनसेष्वादौ निवातागारगो भजेत् ।
स्नेहनस्वेदवमनधूमगण्डूषधारणम् ॥ १ ॥
वासो गुरूष्णं शिरसः सुघनं परिवेष्टनम् ।
लघ्वम्ललवणं स्निग्धमुष्णं भोजनमद्रवम् ॥ २ ॥
धन्वमांसगुडक्षीरचणकत्रिकटूत्कटम् ।
यवगोधूमभूयिष्ठं दधिदाडिमसारिकम् ॥ ३ ॥
बालमूलकजो यूषः कुलत्थोत्थश्च पूजितः ।
कवोष्णं दशमूलाम्बु जीर्णां वा वारुणीं पिबेत् ॥४

બધા નાકના રોગોમાં પહેલાં પવન વિનાના ખંડ (ઓરડા)માં રહેવું; સ્નેહન, સ્વેદન, વમન, ધૂમપાન કરવાં, ગણ્ડૂષ ભરવા, ભારે (વજનદાર) અને ગરમ પકડાં પહેરવા, માથે પુષ્કળ ઘટ્ટ વીંટવું, જાંગલ પ્રદેશના પ્રાણીઓનું માંસ, ગોળ, દૂધ, ચણા અને ત્રિકટુ એટલી વસ્તુઓ જેમાં આગળ પડતી હોય એવું, જવ અને ઘઉં જેમાં પુષ્કળ પ્રમાણમાં વપરાયા હોય એવું, દહીંથી અને દાડમનાં બીના રસથી સિદ્ધ કરેલું ભોજન કરવું, નાના મૂળાનો અને કળથીનો યૂષ (નાકના રોગોમાં) વખણાય છે. દશમૂળનો સહેજ કવાથ અને જૂની વારુણી પીવાં.

(કોઈ પણ રોગ સામ હોય તો નિરામ થતાં સુધી નકોરડા ઉપવાસ કરવા. નાકના-

રોગ નિરામ હોય તો ઉપર કહેલું ખાવાપીવાનું માપસર અને માફકસર લેવાનું છે એમ સમજવું.)

जिघ्रेच्चोरकतर्कारीवचाजाज्युपकुञ्चिकाः।

કરમાણી અજમો, અરણિ, વજ, અજમો અને કાળીજીરીના ચૂર્ણની પોટલી કરી એ પોટલી સૂંઘવી.

વ્યોષાદિ ગુટિકા

व्योषतालीसचविकातिन्तिडीकाम्लवेतसम् ॥५॥
साग्न्यजाजि द्विपलिकं त्वगेलापत्रपादिकम्।
जीर्णाद् गुडात्तुलार्धेन पक्वेन वटकीकृतम् ॥६॥
पीनसश्वासकासघ्नं रुचिस्वरकरं परम्।

ત્રિકટુ, તાલીસપત્ર, ચવક, આંબલી, અમ્લવેતસ, ચિત્રો અને અજમો–એ દરેક બે બે પલ, તજ, એલચી અને તમાલપત્ર એ દરેક બે બે કર્ષ–એ બધાં ઔષધોની પકવેલા જૂના અડધા તોલા (૨૦૦ તોલા) ગોળ સાથે વાળેલી લાડુડીઓ ખાવાથી પીનસ, દમ અને ઉધરસ મટે છે, બહુ રુચિ ઉત્પન્ન થાય છે અને અવાજ સુધરે છે.

પીનસમાં ધૂમપાન

शताह्वात्वगबला मूलं स्योनाकैरण्डबिल्वजम् ॥
सारग्वधं पिबेद्धूमं वसाज्यमदनान्वितम्।
अथवा सघृतान् सक्तून् कृत्वा मल्लकसम्पुटे ॥८

સુવા, તજ, ખળદાણા, અરડૂસીના મૂળ, એરંડાનાં મૂળ, બીલીનાં મૂળ અને ગરમાળો એટલા ઔષધમાં વસા, ઘી અને મીણ નાખીને બનાવેલી વાટને નળીમાં ખોસીને ધૂમપાન કરવું અથવા જવના સાથુમાં ઘી નાખીને એને કોડિયાના સંપુટમાં મૂકીને ધૂમપાન કરવું. (સંપુટના નીચેના કોડિયામાં અંગારા મૂકવા. એના ઉપર ઘીવાળો જવનો સાથુ ભભરાવવો. નીચેના કોડિયા ઉપર છિદ્રવાળું બીજું કોડિયું ઊંધું પાડીને સંપુટ કરવો. (સંપુટના ઉપરના કોડિયાના છિદ્રમાં નળીનો એક છેડો ખોસીને બીજે છેડેથી ધૂમપાન કરવું.)

નાકના રોગ માટે અપથ્ય

त्यजेत्स्नानं शुचं क्रोधं भृशं शय्यां हिमं जलम्।

નાકના રોગવાળાએ નાહવું નહિ, શોક કે ક્રોધ કરવો નહિ, બહુ સૂવું નહિ, ઠંડું પાણી પીવું નહિ કે બીજી રીતે વાપરવું નહિ.

વાયુના પ્રતિશ્યાયના ઉપાય

पिबेद्वातप्रतिश्याये सर्पिर्वातघ्नसाधितम् ॥९॥
पटुपञ्चकसिद्धं वा विदार्यादिगणेन वा।
स्वेदनस्यादिकां कुर्यात्
चिकित्सामर्दितोदिताम् ॥ १० ॥

વાયુના પ્રતિશ્યાય(સળેખમ)માં વાયુ મટાડે એવાં ઔષધોથી સિદ્ધ કરેલું ઘી કે પાંચ લવણોથી સિદ્ધ કરેલું ઘી કે વિદાર્યાદિ ગણનાં ઔષધોથી સિદ્ધ કરેલું ઘી પીવું. અર્દિતરોગમાં (ચિ. ૨૧/૪૨ફે, ૪૩ માં) કહેલા સ્વેદ, નસ્ય વગેરે ઉપાય કરવા. (અર્દિતવાયુની ચિકિત્સામાં સ્વેદન લખ્યું નથી, પણ વાતવ્યાધિ-માટે ચિ. ૨૧/૯ માં સ્વેદન લખ્યુ છે.)

પિત્તના અને રક્તના પ્રતિશ્યાયના ઉપાય

पित्तरक्तोत्थयोः पेयं सर्पिर्मधुरकैः शृतम्।
परिषेकान् प्रदेहांश्च शीतैः कुर्वीत शीतलान् ॥
धवत्वक्त्रिफलाश्यामाश्रीपर्णीयष्टितिल्वकैः।
क्षीरे दशगुणे तैलं नावनं सनिशैः पचेत् ॥१२

પિત્તથી થતા અને લોહીથી થતા સળેખમમાં મધુર (ગળ્યા) વર્ગનાં ઔષધોથી સિદ્ધ કરેલું ઘી પીવું. શીતવીર્ય દ્રવ્યો વડે ઠંડા પરિષેક (રેડવુ) અને લેપ કરવા. ધાવડાની છાલ, ત્રિફળા, કાળું નસોતર, શીવણી, જેઠીમધ, લોધર અને હળદર–એટલાં ઔષધોનો કલ્ક નાખીને તેલ કરતાં દસગણા ગાયના દૂધમાં તેલ પકવવુ. એ તેલનું નસ્ય આપવું.

કફના સળેખમના ઉપાય

कफजे लङ्घनं लेपः शिरसो गौरसर्षपैः।
सक्षारं वा घृतं पीत्वा वमेत्, पिष्टैस्तु नावनम् ॥
वस्ताम्बुना पटुव्योषवेल्लवत्सकजीरकैः।

કફથી થતા સળેખમમાં નકોરડા ઉપવાસ કરવા, માથે ધોળા સરસવનો લેપ કરવો, જવખાર નાખેલું ઘી પીને ઊલટી કરવી અને સૈંધવ, ત્રિકટુ, વાવડિંગ, ઇંદ્રજવ અને જીરું એટલાં ઔષધો બકરીના મૂતરમાં લસોટીને

એનું નસ્ય લેવું.

બધા દોષના સળેખમના ઉપાય

कटुतीक्ष्णैर्घृतैर्नस्यैः कवलैः सर्वजं जयेत् ॥ १४॥

તીખાં અને તીક્ષ્ણ દ્રવ્યો વડે સિદ્ધ કરેલાં ઘીનાં નસ્ય વડે અને તીખા અને તીક્ષ્ણ ઔષધોના કવલગ્રહ કરીને બધા દોષથી થયેલા સળેખમને મટાડવું.

દુષ્ટ પ્રતિશ્યાયના ઉપાય

यक्ष्मक्रिमिक्रमं कुर्वन् यापयेद् दुष्टपीनसम् ।
व्योपोरुबूकक्रिमिजिद्दारुमाद्रीगदेङ्गुदम् ॥ १५ ॥
वार्ताकबीजं त्रिवृता सिद्धार्थः पूतिमत्स्यकः ।
अग्निमन्थस्य पुष्पाणि पीलुशिग्रुफलानि च ॥१६
अश्वविड्रसमूत्राभ्यां हस्तिमूत्रेण चैकतः ।
क्षौमगर्भां कृतां वर्तिं धूमं घ्राणास्यतः पिबेत् ॥

ક્ષયરોગ મટાડે એવી અને કૃમિરોગ મટાડે એવી ચિકિત્સા કરીને દુષ્ટ પ્રતિશ્યાય રોગમાં રાહત મેળવવી. ત્રિકટુ, એરંડો, વાવડિંગ, દેવદાર, અતિવિષની કળી, ઉપલેટ, ઇંગોરિયુ, વંતાકનાં બી, નસોતર, સરસવ, જળપીપળી, અરણિના ફૂલ, પીલુડીનાં ફળ, સરગવાની શીંગો–એટલા ઔષધોને ઘોડાની લાદના રસ અને ઘોડાના મૂત્ર સાથે તથા હાથીના મૂત્ર સાથે એકસાથે લસોટીને રેશમી વસ્ત્રની વાટની આસપાસ એ બધું ચોપડીને બનાવેલી વાટને નળીમાં ખોસી નાકેથી અને મોંએથી ધૂમપાન કરવુ.

ભ્રૂશક્ષવથુ અને પુટકના ઉપાય

क्षवथौ पुटकाख्ये च तीक्ष्णैः प्रधमनं हितम् ।
शुण्ठीकुष्ठकणावेल्लद्राक्षाकल्ककषायवत् ॥ १८ ॥
साधितं तैलमाज्यं वा नस्यं क्षवपुटप्रणुत् ।

ભ્રૂશક્ષવથુ રોગમાં અને પુટક રોગમાં તીક્ષ્ણ દ્રવ્યોના ચૂર્ણ વડે પ્રધમન નસ્ય આપવું એ ફાયદાકારક છે. સૂંઠ, ઉપલેટ, પીપર, વાવડિંગ, કાળી દ્રાક્ષ–એટલા ઔષધોના કલ્ક અને કવાથ વડે સિદ્ધ કરેલા તેલ કે ઘીનું નસ્ય આપવાથી ક્ષવ (ભ્રૂશક્ષવ) અને પુટ (પુટક) રોગ મટે છે.

નાસાશોષના ઉપાય

नासाशोषे बलातैलं पानादौ भोजनं रसैः ॥१९.
स्निग्धो धूमस्तथा स्वेदो

નાસાશોષ રોગમાં (વાયુના રોગોની ચિકિત્સામાં કહેલું) બલાતૈલ પીવુ વગેરે (=બલાતૈલ પીવુ, બલાતૈલનું નસ્ય આપવુ, ચોળવું), માંસરસોનું ભોજન કરવું, સ્નિગ્ધ ધૂમપાન કરવું અને શેક કરવો, એ ફાયદાકારક છે.

નાસાનાહના ઉપાય

नासानाहेऽप्ययं विधिः ।

નાસાનાહ રોગમાં પણ આ (નાસાશોષવાળો) વિધિ કરવો.

નાસાપાકના, દીપ્તિના અને નાસાસ્રાવના ઉપાય

पाके दीप्तौ च पित्तघ्नं तीक्ष्णं नस्यादि सस्रुतौ ॥

નાસાપાકમા અને દીપ્તિરોગમાં પિત્ત મટે એવા ઉપાય કરવા. નાસાસ્રાવમા તીક્ષ્ણ નસ્ય વગેરે (તીક્ષ્ણ નસ્ય, તીક્ષ્ણ ધૂમપાન અને તીક્ષ્ણ ગંડૂષ) ઉપાય કરવા.

પૂતિનાસા અને અપીનસના ઉપાય

कफपीनसवत्पूतिनासापीनसयोः क्रिया ।
लाक्षाकरञ्जमरिचवेल्लहिङ्गुकणागुडैः ॥ २१ ॥
अविमूत्रद्रुतैर्नस्यं कारयेद्वमने कृते ।
शिग्रुसिंहीनिकुम्भानां बीजैः सव्योपसैन्धवैः ॥
सवेल्लसुरसैस्तैलं नावनं परमं हितम् ।

પૂતિનાસા અને અપીનસ એ બે રોગોમાં કફથી થતા પ્રતિશ્યાયવાળા ઉપાય કરવા; પહેલા વમન કરાવીને પછી લાખ, કણજી, મરી, વાવડિંગ, હિંગ, પીપર અને ગોળ–એટલી વસ્તુઓને ઘેટાના મૂતરમા પલાળી રાખીને પછી એના વડે નસ્ય આપવું; સરગવાના બી, ભોરીંગણીનાં બી, નેપાળાના બી, ત્રિકટુ, સિંધવ, વાવડિંગ અને તુળસીથી પકવેલું તેલ નસ્ય તરીકે ફાયદાકારક છે.

પૂયરક્તના ઉપાય

पूयरक्ते नवे कुर्याद् रक्तपीनसवत् क्रमम् ॥२३॥
अतिप्रवृद्धे नाडीवत्

નવા પૂયરક્તમાં લોહીના પ્રકોપથી થયેલા પ્રતિશ્યામ (સળેખમ) જેવી ક્રિયા કરવી, પણ પૂયરક્ત રોગ ખહુ વધી ગયો હોય તો નાડીવ્રણ જેવા ઉપાય કરવા.

નાસાર્શ અને નાસાર્બુદના ઉપાય

दग्धेष्वर्शोर्बुदेषु च।
निकुम्भकुम्भसिन्धूत्थमनोह्वालकणाग्निभिः ॥२४॥
कल्कितैर्घृतमध्वक्तां घ्राणे वर्ति प्रवेशयेत्।
शिग्र्वादि नावनं चात्र पूतिनासोदितं भजेत् ॥२५

નાકના મસાને અને નાકના અર્બુદને બાળી રહ્યા પછી નેપાળો, નસોતર, સૈંધવ, મનશીલ, હરતાલ, પીપર અને ચિત્રો–એટલાં ઔષધોના કલ્ક વડે કરેલી વાટને ઘી ચોપડીને નાકમાં દાખલ કરવી, તથા આ રોગોમાં પૂતિનાસા રોગમાં કહેલું સરગવાનાં બી વગેરેનું નસ્ય (શ્લોક ૨૨,૨૨½) લેવું.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने नासारोगप्रतिषेधो नाम विंशोऽध्यायः ॥ २० ॥

અધ્યાય ૨૧ મો–મોંના રોગોનું જ્ઞાન

अथातो मुखरोगविज्ञानीयं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः॥

ત્યારે હવે અમે મોંના રોગોનું જ્ઞાન થવા માટે ઉપયોગી અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

मात्स्यमाहिषवाराहपिशितामकमूलकम्।
माषसूपदधिक्षीरसुक्तेक्षुरसफाणितम् ॥ १ ॥
अवाक्शय्यां च भजतो द्विषतो दन्तधावनम्।
धूमच्छर्दनगण्डूषानुचितं च सिराव्यधम् ॥ २ ॥
क्रुद्धाः श्लेष्मोल्बणा दोषाः
कुर्वन्त्यन्तर्मुखं गदान्।

મત્સ્ય વર્ગનાં પ્રાણીનું, પાડા(ભેંસ)નું અને ડુક્કરનું માંસ, કાચો મૂળો, અડદની દાળ, દહીં, દૂધ, સરકો, શેરડીનો રસ, કાકબ ગોળ–એટલી વસ્તુઓ ખાનારના, ઊંધે મોંએ (ઊંધા) સૂનારના; દાતણ, ધૂમપાન, વમન અને ગણ્ડૂષની ક્રિયા ન કરનારના, જરૂર હોય છતાં ફસ ન ખોલાવનારના કફ જેમાં વધારે કોપ્યા હોય એવા દોષો કોપીને મોંમાં રોગો કરે છે.

હોઠના રોગ (૧૧)

ખંડૌષ્ઠ

तत्र खण्डौष्ठ इत्युक्तो वातेनौष्ठो द्विधा कृतः॥

તેમાં (એ બધા રોગોમાંથી) વાયુથી હોઠ ચિરાઈને એના બે ભાગ પડી જાય તેને ખંડૌષ્ઠ રોગ કહે છે.

વાયુનો ઓષ્ઠકોપ

ओष्ठकोपे तु पवनात् स्तब्धावोष्ठौ महारुजौ।
दाल्येते परिपाट्येते परुषासितकर्कशौ ॥ ४ ॥

ઓષ્ઠકોપ રોગમાં વાયુને લીધે હોઠ સ્તબ્ધ અને તીવ્ર પીડાવાળા થાય છે, હોઠ ચિરાય છે, હોઠની ચામડી ફાટે છે અને હોઠ પરુષ, કાળા અને કઠણ થઈ જાય છે.

પિત્તનો ઓષ્ઠકોપ

पित्तात्तीक्ष्णासहौ पीतौ सर्षपाकृतिभिश्चितौ।
पिटिकाभिर्बहुक्लेदावाशुपाकौ

પિત્તને લીધે ઓષ્ઠકોપ થાય ત્યારે હોઠ તીક્ષ્ણ દ્રવ્યો સહન કરી શકતા નથી, પીળા, સરસવ જેવા આકારની ફોલ્લીઓથી ભરચક, બહુ ક્લેદવાળા અને ઝટ પાકે એવા હોય છે.

કફનો ઓષ્ઠકોપ

कफात्पुनः ॥ ५ ॥
शीतासहौ गुरू शूनौ सवर्णपिटिकाचितौ।

કફના પ્રકોપથી થતા ઓષ્ઠકોપમાં તો હોઠ ઠંડક સહન કરી શકતા નથી. ભારે, સૂજેલા અને હોઠના રંગની ફોલ્લીઓથી ભરચક હોય છે.

ત્રિદોષનો ઓષ્ઠકોપ

सन्निपातादनेकाभौ दुर्गन्धास्रावपिच्छिलौ ॥६॥
अकस्मान्म्लानसंशूनरुजौ विषमपाकिनौ।

ત્રિદોષથી થતા ઓષ્ઠકોપમાં હોઠ અનેક રંગના (કોઈ કોઈ જગાએ કે કોઈ કોઈ વાર એક રંગના તો કોઈ કોઈ જગાએ કે કોઈ કોઈ વાર વળી બીજા જ રંગના), ગંધાતી રસી નીકળતા, પિચ્છિલ અને કંઈ કારણ વિના જ કોઈ વાર કરમાયલા તો કોઈ વાર સૂજેલા તો કોઈ વાર પીડાવાળા અને વિષમ પાકવાળા (એક જગાએ પાકે અને બીજી

જગાએ ન પાકે એવા, કોઈ વાર પાકે અને કોઈ વાર ન પણ પાકે એવા) હોય છે.

લોહીથી ઓષ્ઠકોપ (રક્તૌષ્ઠ), રક્તાર્બુદ

रक्तोपसृष्टौ रुधिरं स्रवतः शोणितप्रभौ ॥ ७ ॥
खर्जूरसदृशं चात्र क्षीणे रक्तेऽर्बुदं भवेत्।

લોહીના પ્રકોપથી બગડેલા હોઠમાંથી લોહી નીકળે છે, હોઠ લોહી જેવી પ્રભાવાળા હોય છે અને વહી જવાથી લોહી ઓછું થાય તેથી અહીં (હોઠમાં) ખજૂર જેવુ અર્બુદ થાય છે.

માંસથી ઓષ્ઠકોપ (માંસૌષ્ઠ)

मांसपिण्डोपमौ मांसात्स्यातां मूर्च्छत्क्रमी क्रमात् ॥ ८ ॥

માંસ બગડવાથી ઓષ્ઠકોપ થાય ત્યારે હોઠ માંસના લોચા જેવા થાય છે અને વખત જતાં એમાં કીડા પડે છે.

ચરબીથી ઓષ્ઠકોપ

तैलाभश्वयथुक्लेदौ सकण्ड्वौ मेदसा मृदू।

ચરબી બગડવાથી ઓષ્ઠકોપ થાય ત્યારે હોઠ તેલ જેવા સોજા અને ક્લેદવાળા, ચળવાળા અને મૃદુ હોય છે.

ક્ષતથી ઓષ્ઠકોપ

क्षतजाववदीर्येते पाट्येते चासकृत्पुनः ॥ ९ ॥
ग्रथितौ च पुनः स्यातां कण्डूलौ दशनच्छदौ।

ઘાને લીધે કોપેલા હોઠ વારંવાર ચિરાય છે, ફાટે છે પણ એની ચિકિત્સા ન કરવાથી ગૂથ પડી જાય છે (ગંઠાઈ જાય છે) અને હોઠમાં ખણુજ આવે છે.

જલાર્બુદ

जलबुद्बुदवद्वातकफादोष्ठे जलार्बुदम् ॥ १० ॥

વાયુ અને કફના પ્રકોપને લીધે પાણીના પરપોટા જેવા આકારનું જલાર્બુદ હોઠે થાય છે.

(આમ હોઠના અગિયાર રોગ છે.)

ગાલનો રોગ (૧)

गण्डालजी स्थिरः शोफो गण्डे दाहज्वरान्वितः।

ગાલ ઉપર સ્થિર, ખળતરાવાળો અને તાવ આણે એવો સોજો (ગૂમડું) થાય તે ગંડાલજી રોગ છે.

(ગાલનો એક રોગ છે.)

દાંતના રોગ (૧૦)

શીતદંત (દાલન)

वातादुष्णसहा दन्ताः शीतस्पर्शेऽधिकव्यथाः॥
दाल्यन्त इव शूलेन शीताख्यो दालनश्च सः।

વાયુ કોપવાથી દાંત ગરમી (ગરમ સ્પર્શ) સહન કરી શકે પણ ઠંડક અડકવાથી બહુ પીડા થાય તથા દાંત શૂળથી જાણે ચિરાતા હોય એવી પીડા થાય તે શીતદંત અથવા દાલન રોગ છે.

દંતહર્ષ

दन्तहर्षे प्रवाताम्लशीतभक्ष्याक्षमा द्विजाः ॥१२॥
भवन्त्यम्लाशनेनेव सरुजाश्चलिता इव।

દંતહર્ષ રોગમાં જાણે ખાટું (આંબલી) ખાવાથી થઈ ગયા હોય એવા દાંત હવા લાગે (પવન અડકે) તે સહન કરી શકતા નથી, ખાટું અને ઠંડુ ખાવાપીવાનુ સહન કરી શકતા નથી, દાંતમાં પીડા થાય છે અને દાંત હાલે છે.

દંતભેદ

दन्तभेदे द्विजास्तोदभेदरुक्स्फुटनान्विताः ॥१३॥

દંતભેદ રોગમાં દાંતમાં તોદ, ભેદ, પીડા અને સ્ફુટન (ફાટવું) થાય છે.

દંતચાલ

चालश्चलद्भिर्दशनैर्भक्षणादधिकव्यथैः।

દાંત હાલી જાય અને ખાતાંખાતાં દાંતમાં વધારે પીડા થાય તે દંતચાલ રોગ છે.

કરાલ

करालस्तु करालानां दशनानां समुद्गमः ॥१४॥

દાંત વાંકાચૂંકા ઊગે તે કરાલ રોગ છે.

અધિદંત (વર્ધન)

दन्तोऽधिकोऽधिदन्ताख्यः स चोक्तः खलु वर्धनः।
जायमानेऽतिरुग् दन्ते, जाते तत्र तु शाम्यति १५

વધારાના દાંતને અધિદંત કહે છે, અને તેને વર્ધન (પણ) કહે છે. એ વધારાનો દાંત ઊગતાં બહુ પીડા થાય છે, પણ એ ઊગી રહે ત્યારે પીડા મટી જાય છે.

દંતશર્કરા

अधावनान्मलो दन्ते कफो वा वातशोषितः।

पूतिगन्धिः स्थिरीभूतः शर्करा

દાતણુ ન કરવાથી (દાંત ન ધોવાથી) દાંત ઉપર મેલ કે કફ વાયુથી સુકાઈ જઈને ગંધાય છે અને સ્થિર થઈ જાય છે તેને શર્કરા રોગ કહે છે.

કપાલિકા

साऽप्युपेक्षिता ॥ १६ ॥
शातयत्यणुशो दन्तात्कपालानि कपालिका ।

એ શર્કરારોગના વખતસર યોગ્ય ઉપાય ન થાય તો કપાલિકા રોગ થાય છે. આ કપાલિકા રોગ દાંત ઉપરથી નાનીનાની પતરીઓ ઉખાડે છે.

શ્યાવદંત

श्यावः श्यावत्वमायातो रक्तपित्तानिलैर्द्विजः ॥

લોહી, પિત્ત અને વાયુને લીધે દાંત ખદામી રંગનો થઈ જાય તેને શ્યાવ રોગ કહે છે.

કૃમિદંત

समूलं दन्तमाश्रित्य दोषैरुल्वणमारुतैः ।
शोषिते मज्ज्ञि सुषिरे दन्तेऽन्नमलपूरिते ॥१८॥
पूतित्वात्कृमयः सूक्ष्मा जायन्ते, जायते ततः ।
अहेतुतीव्रार्तिशमः ससंरम्भोऽसितश्चलः ॥ १९ ॥
प्रलूनः पूयरक्तस्रुत् स चोक्तः कृमिदन्तकः ।

દાંતમાં અને દાંતના મૂળમાં રહીને જેમાં વાયુ અધિક હોય એવા દોષો વડે જ્યારે દાંતની મજ્જા સૂકવી નંખાય છે, દાતમાં કાણું પડી જાય છે તથા એવા કાણાવાળા દાંતમાં જ્યારે અન્નનો મળ ભરાય છે, ત્યારે એ મળની દુર્ગંધને લીધે ઝીણા કીડા પડે છે. પછી કંઈ પણ કારણું વિના દાંતમાં તીવ્ર પીડા અને પીડાની શાંતિ થાય છે, સોજો આવે છે, દાંત કાળો પડી જાય છે, હાલી જાય છે અને ખેંચી (કે કાપી) કાઢવામાં આવે, ત્યારે પરુ અને લોહી નીકળે છે. આને કૃમિદંતક રોગ કહે છે.

દાંતનાં પેઢાંના રોગ (૧૩)

શીતાદ

श्लेष्मरक्तेन पूतीनि वहन्त्यस्रमहेतुकम् ॥२०॥
शीर्यन्ते दन्तमांसानि मृदुक्लिन्नासितानि च ।
शीतादोऽसौ

કફ અને લોહીને લીધે દાંતનાં પેઢાં ગંધાય છે અને એમાંથી કંઈ કારણ વિના લોહી નીકળે છે, દાંતનાં પેઢાં ખવાઈ જાય છે તથા મૃદુ, ક્લેદવાળાં અને કાળાં થઈ જાય છે.

ઉપકુશ

उपकुशः पाकः पित्तासृगुद्भवः ॥२१॥
दन्तमांसानि दह्यन्ते रक्तान्युत्सेधवन्त्यतः ।
कण्डूमन्ति स्रवन्त्यस्रमाध्मायन्तेऽसृजि स्थिते ॥
चला मन्दरुजो दन्ताः पूति वक्त्रं च जायते ।

પિત્ત અને લોહીના પ્રકોપને લીધે દાંતનાં પેઢાં પાકે તેને ઉપકુશ રોગ કહે છે. એ રોગથી પેઢાં બળે છે, રાતાં, ઉત્સેધવાળાં અને ચળવાળા થાય છે. એમાંથી લોહી નીકળે છે અને લોહી નીકળતું બંધ થાય ત્યારે ફૂલી જાય છે, દાંત હાલે છે, દાંતમાં ઝીણીઝીણી પીડા થાય છે અને મોં ગંધાય છે.

દંતપુપ્પુટ

दन्तयोस्त्रिषु वा शोफो बदरास्थिनिभो घनः ॥
कफास्रात्तीव्ररुक् शीघ्रं पच्यते दन्तपुप्पुटः ।

કફ અને લોહીને લીધે બે કે ત્રણ દાંતનાં પેઢાંમાં બોરના ઠળિયા જેવો, ઘટ્ટ, તીવ્ર પીડાવાળો અને જલદી પાકે એવો સોજો આવે તે દંતપુપ્પુટ રોગ છે.

દંતવિદ્રધિ

दन्तमांसे मलैः सास्रैर्बाह्यान्तः श्वयथुर्गुरुः ॥२४॥
सरुग्दाहः स्रवेद्भिन्नः पूयास्रं दन्तविद्रधिः ।

ત્રણે દોષ અને લોહીને લીધે દાંતનાં પેઢાંમાં બહારથી અને અંદરથી ભારે અને બળતરા તથા પીડાવાળો સોજો આવે અને એ સોજો (ગડ, ગૂમડું) ફોડવામાં આવે ત્યારે એમાંથી લોહીવાળું પરુ નીકળે તેને દંતવિદ્રધિ (દાંતનું ગડ) કહે છે.

સુષિર

श्वयथुर्दन्तमूलेषु रुजावान् पित्तरक्तजः ॥२५॥
लालास्रावी स सुषिरो दन्तमांसप्रशातनः ।

પિત્ત અને લોહીથી થતો પીડાવાળો, લાળ નીકળતો, દાંતનાં પેઢાંનો નાશ કરે (છિન્નભિન્ન કરે) એવો દાંતનાં પેઢાં ઉપરનો સોજો

તે સુષિર રોગ છે.

મહાસુષિર

स सन्निपाताज्ज्वरवान् सपूयरुधिरस्रुतिः ॥२६॥
महासुषिर इत्युक्तो विशीर्णद्विजबन्धनः ।

બધા દોષોના પ્રકોપને લીધે તાવવાળો, પરુ અને લોહી નીકળે એવો અને જેમાં દાંતનાં પેઢાં છિન્નભિન્ન થઈ જાય છે એવો સોજો આવે છે તે મહાસુષિર રોગ છે.

અધિમાંસક

दन्तान्ते कीलवच्छोफो हनुकर्णरुजाकरः ॥ २७ ॥
प्रतिहन्त्यभ्यवहृतिं श्लेष्मणा सोऽधिमांसकः ।

કફને લીધે દાંતને છેડે (છેલ્લા દાંતના પેઢા ઉપર) ખીલા જેવો, જડબામાં અને કાનમાં પીડા કરે એવો સોજો આવે છે તે ખાવાની ક્રિયા થવા દેતો નથી. એને અધિમાંસક રોગ કહે છે.

વિદર્ભ

घृष्टेषु दन्तमांसेषु संरम्भो जायते महान् ॥ २८॥
यस्मिंश्चलन्ति दन्ताश्च स विदर्भोऽभिघातजः ।

દાંતનાં પેઢાં (દાતણ કરતી વખતે) ઘસાવાથી પુષ્કળ સોજો આવે છે. એમા દાંત હાલી જાય છે; એ અભિઘાત(ઘસારો)ને લીધે થતો વિદર્ભ રોગ છે.

પાંચદંતનાડી

दन्तमांसाश्रितान् रोगान् यः साध्यानप्युपेक्षते ॥
अन्तस्तस्यास्रवन् दोषः सूक्ष्मां सञ्जनयेद्गतिम् ।
पूयं मुहुः सा स्रवति त्वङ्मांसास्थिप्रभेदिनी ॥
ताः पुनः पञ्च विज्ञेया लक्षणैः स्वैर्यथोदितैः ।

દાંતનાં પેઢાંને આશરે થતા મટાડી શકાય એવા રોગોને પણ મટાડવાના યોગ્ય ઉપાય જે વખતસર કરતો નથી, તેનાં અંદરનો (પેઢાંની અંદરનો) દોષ (પરુ) બહાર ન નીકળીને સૂક્ષ્મ નાડી (ઉ. અ. ૨૯) કરે છે. એ નાડીમાંથી વારંવાર પરુ નીકળે છે અને એ નાડી ચામડી, માંસ અને હાડકાંને ભેદે છે. એ નાડીઓ પાંચ (કફથી, પિત્તથી, વાયુથી, ત્રિદોષથી અને શલ્યથી થતી) છે. ઉ. અ. ૨૯માં કહેલાં પોતપોતાનાં લક્ષણો ઉપરથી એ પાંચે નાડીનુ જ્ઞાન કરી લેવું (ઓળખવી).

જીભના રોગ (૬)

વાયુથી બગડેલી જીભ (વાતજિહ્વાકંટક)

शाकपत्रखरा सुप्ता स्फुटिता वातदूषिता ॥३१॥
जिह्वा

વાયુથી બગડેલી જીભ સાગના પાંદડા જેવી ખર, સ્પર્શનું જ્ઞાન ન થાય એવી અને ચીરાચીરાવાળી હોય છે.

પિત્તથી બગડેલી જીભ (પિત્તજિહ્વાકંટક)

पित्तात् सदाहोषा रक्तैर्मांसाङ्कुरैश्चिता ।

પિત્તથી બગડેલી જીભ દાહ અને ઊષાવાળી તથા માંસના રાતા મસાથી ભરચક હોય છે.

કફથી બગડેલી જીભ (કફજિહ્વાકંટક)

शाल्मलीकण्टकाभैस्तु कफेन बहला गुरुः ॥३२॥

કફથી બગડેલી જીભ શાલ્મલીવૃક્ષના કાંટા જેવા કાંટાથી છવાયલી, જાડી અને ભારે હોય છે.

અલસ (જિહ્વાલસ)

कफपित्तादधः शोफो जिह्वास्तम्भकृदुन्नतः ।
मत्स्यगन्धिर्भवेत्पक्वः सोऽलसो मांसशातनः ॥

કફ અને પિત્ત સાથે કોપવાથી જીભનો સ્તંભ કરે એવો, ઊંચો, પાકે ત્યારે માછલી જેવો ગંધાતો અને માંસને કાપી નાખે એવો સોજો જીભના નીચલા ભાગમાં થાય છે, તે અલસ રોગ છે.

અધિજિહ્વ

प्रबन्धनेऽधो जिह्वायाः शोफो जिह्वाग्रसन्निभः ।
साङ्कुरः कफपित्तास्रैर्लालोषास्तम्भवान् खरः ॥
अधिजिह्वः सरुक्कण्डूर्वाक्याहारविघातकृत् ।

કફ અને પિત્ત અને લોહી સાથે કોપવાથી જીભના નીચેના ભાગમાં જીભના મૂળમાં (જીભને જોડનારી શિરા ઉપર) જીભના ટેરવા જેવો, મસાવાળો; લાળ, ઊષા અને સ્તંભવાળો; ખર, પીડા અને ખણુજવાળો, બોલવાની અને ખાવાની શક્તિનો નાશ કરે એવો સોજો થાય છે તે અધિજિહ્વ છે.

ઉપજિહ્વ

तादृगेवोपजिह्वस्तु जिह्वाया उपरि स्थितः ॥३५॥

એવો જ (અધિજિહ્વ જેવો જ) સોજો જીભના ઉપરના ભાગમાં થાય છે તે ઉપજિહ્વ છે.

તાળવાના રોગ (૮)

તાલુપિટિકા

तालुमांसेऽनिलाद् दुष्टे पिटिकाः सरुजः खराः।
बह्वयो घनाः स्रावयुता-
स्तास्तालुपिटिकाः स्मृताः ॥ ३६ ॥

વાયુથી તાળવાનું માંસ બગડે ત્યારે પીડાવાળી, ખર, ઘણી, ઘટ્ટ (પાસેપાસે થતી), ચેપ નીકળતી ફોલ્લીઓ થાય છે. તેને તાલુપિટિકા કહે છે.

ગલશુંડિકા (ગળાના કાકડા)

तालुमूले कफात्सास्रात् मत्स्यबस्तिनिभा मृदुः
प्रलम्बः पिच्छिलः शोफो
नासयाऽऽहारमीरयन् ॥ ३७ ॥
कण्ठोपरोधतृट्कासवमिकृत् गलशुण्डिका ।

કફના અને લોહીના ભેગા પ્રકોપને લીધે તાળવાના મૂળમાં માછલીના મૂત્રાશય જેવો, મૃદુ, લબડતો, અન્નનળીનો રસ્તો કાકડાને લીધે રોકાયલો હોવાથી દરદી જે કંઈ ખાય તેને નાક વાટે બહાર કાઢે એવો, ગળાના રસ્તાને રોકતો; તરસ, ઉધરસ અને ઊલટીરૂપી ઉપદ્રવો કરે એવો સોજો તે ગલશુંડિકા (ગળાના કાકડા) છે.

તાલુસંહતિ (તાલુસંઘાત)

तालुमध्ये निरुङ्मांसं संहतं तालुसंहतिः ॥ ३८॥

તાળવાની વચ્ચે પીડા ન થાય એવું ગંઠાઈને કઠણ થઈ ગયેલું માંસ તે તાલુસંહિત છે.

તાળવાનું અર્બુદ

पद्माकृतिस्तालुमध्ये रक्ताच्छ्वयथुरर्बुदम् ।

લોહીના પ્રકોપને લીધે તાળવાની વચ્ચે કમળના આકારનો સોજો થાય તે તાળવાનું અર્બુદ છે.

કચ્છપ

कच्छपः कच्छपाकारश्चिरवृद्धिः कफादरुक् ॥

કફને લીધે કાચબા જેવા આકારનો, લાંબે વખતે વધે એવો, પીડાવિનાનો સોજો આવે તેને કચ્છપ કહે છે.

તાલુપુપ્પુટ

कोलाभः श्लेष्ममेदोभ्यां पुप्पुटो नीरुजः स्थिरः

કફ અને ચરબી બગડવાથી બોર જેવો, પીડાવિનાનો, સ્થિર સોજો થાય તે તાળવાનું પુપ્પુટ છે.

તાલુપાક

पित्तेन पाकः पाकाख्यः पूयास्रावी महारुजः ॥

પિત્તના પ્રકોપને લીધે પરુ નીકળે અને બહુ પીડા થાય એવું તાળવું પાકે તેને પાક (તાલુપાક) કહે છે,

તાલુશોષ

वातपित्तज्वरायासैस्तालुशोषस्तदाह्वयः ।

વાયુથી, પિત્તથી, તાવથી અને મહેનતથી તાળવું સુકાય તેને એ જ નામનો રોગ (તાલુશોષ) કહે છે.

ગળાના રોગ (૧૮)

રોહિણી

जिह्वाप्रबन्धजाः कण्ठे दारुणा मार्गरोधिनः ॥
मांसाङ्कुराः शीघ्रचया रोहिणी शीघ्रकारिणी

જીભના મૂળમાં ઉત્પન્ન થતા, દારુણ (સહન કરવા મુશ્કેલ), ગળાના માર્ગને રૂંધતા, ઝટ ફેલાઈ જાય એવા (ઝટ ભેગા થઈ જાય એવા) માંસના અંકુરો ગળામાં થાય તેને રોહિણી રોગ કહે છે. એ રોહિણી રોગ ઝટ મારી નાખે છે.

વાતરોહિણી

कण्ठास्यशोषकृद्वातात् सा हनुश्रोत्ररुक्करी ॥

વાયુથી થતી રોહિણી ગળું અને મોં સૂકવે છે તથા જડબાં અને કાનમાં પીડા કરે છે.

પિત્તરોહિણી

पित्ताज्ज्वरोषातृण्मोहकण्ठधूमायनान्विता ।
क्षिप्रजा क्षिप्रपाकाऽतिरागिणी स्पर्शनासहा ॥

પિત્તથી થતી રોહિણીમાં તાવ, ઊષા, તરસ, મોહ અને ગળાનું ધૂમાયન એટલાં લક્ષણો થાય છે. એ (પિત્તની રોહિણી) ઝટ થાય છે, ઝટ પાકે છે, બહુ રતાશવાળી હોય છે અને સ્પર્શ સહન ન કરી શકે એવી (આળી) હોય છે.

કફરોહિણી

कफेन पिच्छिला पाण्डुः

કફથી થતી રોહિણી પિચ્છિલ અને ધોળી

હોય છે.

રક્તરોહિણી

असृजा स्फोटकाचिता ।
तप्ताङ्गारनिभा कर्णरुक्करी पित्तजाकृतिः ॥४४॥

લોહીના પ્રકોપથી થતી રોહિણી ફોલ્લાથી ભરેલી, ધીકતા અંગારા જેવી, કાનમાં પીડા કરે એવી અને પિત્તરોહિણી જેવાં લક્ષણોવાળી હોય છે.

સન્નિપાતરોહિણી

गम्भीरपाका निचयात् सर्वलिङ्गसमन्विता ।

વાયુ વગેરે બધાં સામટાં બગડવાથી થતી રોહિણી ઊંડા પાકવાળી અને બધી (બીજી ચારે) રોહિણીઓનાં લક્ષણોવાળી હોય છે.

કંઠશાલૂક

दोषैः कफोल्बणैः शोफः कोलवद् ग्रथितोन्नतः ४५
शूककण्टकवत्कण्ठे शालूको मार्गरोधनः ।

કફ જેમાં અધિક હોય એવા ત્રણે દોષોથી બોરના જેવો; ગંઠાયેલો અને ઊંચો, ગળાનો રસ્તો રોકનારો સોજો શકધાન્યની ઊંબીના કાંટા જેવા કાંટાવાળો ગળામાં આવે તે શાલૂક રોગ છે.

વૃંદ

वृन्दो वृत्तोन्नतो दाहज्वरकृद् गलपार्श्वगः ॥४६

ગોળ, ઊંચો, બળતરા અને તાવ આણે એવો, ગળાની બાજુમાં થતો સોજો તે વૃંદ છે.

તુંડિકેરિકા

हनुसन्ध्याश्रितः कण्ठे कार्पासीफलसन्निभः ।
पिच्छिलो मन्दरुक् शोफः
कठिनस्तुण्डिकेरिका ॥ ४७ ॥

જડબાના સાંધાના આશ્રયે થનો, કપાસિયા જેવો, પિચ્છિલ, ધીમી પીડાવાળો અને કઠણ સોજો ગળામાં થાય તે તુંડિકેરિકા છે.

ગલૌઘ

बाह्यान्तः श्वयथुर्घोरो गलमार्गार्गलोपमः ।
गलौघो मूर्धगुरुतातन्द्रालालाज्वरप्रदः ॥ ४८॥

ગળાના રસ્તામાં આગળા (ઉલાળા) જેવો; માથામાં ભારેપણું, ઘેન, લાળ અને તાવ આણે એવો, ભયંકર સોજો ગળામાં બહાર અને અંદર આવે તે ગલૌઘરોગ છે.

વલય

वलयं नातिरुक् शोफस्तद्वदेवायतोन्नतः ।

તેના (ગલૌઘના) જેવો જ, લાંબો અને ઊંચો, બહુ પીડા વિનાનો (ગળામાં) સોજો આવે તે વલય છે.

ગિલાયુક

मांसकीलो गले दोषैरेकोऽनेकोऽथवाऽल्परुक् ॥
कृच्छ्रोच्छ्वासाभ्यवहृतिः पृथुमूलो गिलायुकः ।

દોષોના પ્રકોપથી ગળામાં એક કે અનેક, થોડી પીડાવાળા, જેને લીધે ઉચ્છ્વાસ લેવાની અને ખાવાની ક્રિયા કરવામાં મુશ્કેલી પડે એવા અને મૂળમાં વિશાળ એવા માંસના ખીલાને ગિલાયુક કહે છે.

શતઘ્ની

भूरिमांसाङ्कुरवृत्ता तीव्रतृड्ज्वरमूर्धरुक ॥५०॥
शतघ्नी निचिता वर्तिः शतघ्नीवातिरुक्करी ।

માંસના પુષ્કળ અંકુરોથી છવાયેલી; તીવ્ર તરસ, તાવ અને માથાની પીડા કરે એવી. શતઘ્ની નામના છૂટા ફેંકવાના હથિયાર જેવી, બહુ પીડા કરનારી અને વધતીવધતી મોટી થયેલી વાટ(વાટના આકારનો સોજો)ને શતઘ્ની કહે છે.

(શતઘ્ની ૧. લોખંડની શૂળો જેમાં અડોઅડ ખોસેલી હોય એવો પથ્થર. ૨. શતઘ્ની હથિયાર ચાર તાલ જેટલું લાંબું અને લોઢાની શૂળો જડેલું હોય છે. તાલ=હાથની વચલી આંગળી અને અંગૂઠો પહોળાં કરીએ અને એ બે વચ્ચે જેટલું અંતર પડે તે.)

ગલવિદ્રધિ (ગળાનું ગડ)

व्याप्तसर्वगलः शीघ्रजन्मपाको महारुजः ॥५१॥
पूतिपूयनिभस्रावी श्वयथुर्गलविद्रधिः ।

આખા ગળામાં વ્યાપી ગયેલો, ઝટ પેદા થાય એવો, ઝટ પાકે એવો, બહુ પીડાવાળો, ગંધાતા પરુ જેવો કફ નીકળતો સોજો તે ગલવિદ્રધિ (ગળાનું ગડ) છે.

ગલાર્બુદ (ગળાનું કેન્સર)

जिह्वावसाने कण्ठादावपाकं श्वयथुं मलाः ॥५२॥
जनयन्ति स्थिरं रक्तं नीरुजं तद्गलार्बुदम् ।

દોષો જીભને છેડે અને ગળાની શરૂઆતના

ભાગમાં પાકે નહિ એવો, સ્થિર, રાતો, પીડા વિનાનો સોજો આણે છે, ને ગલાર્બુદ (ગળાનું કેન્સર) છે.

ગલગંડ

पवनश्लेष्ममेदोभिर्गलगण्डो भवेद्बहिः ।
वर्धमानः स कालेन मुष्कवल्लम्बतेऽतिरुक् ॥५३॥

વાયુ, કફ અને ચરબી બગડવાથી ગળાના બહારના ભાગમાં ગલગંડ નામનો રોગ થાય છે. ને વખત જતાં વધતાંવધતા અંડની માફક લબડે છે અને બહુ પીડા કરે છે.

વાયુનો ગલગંડ

कृष्णोऽरुणो वा तोदाढ्यः
स वातात्कृष्णराजिमान् ।
वृद्धस्तालुगले शोषं कुर्याच्च विरसास्यताम् ॥५४॥

વાયુને લીધે થતો ગલગંડ કાળો કે આછો લાલ, પુષ્કળ તોદવાળો, કાળી રગોના લિસોટા તરી આવે એવો, વધે ત્યારે તાળવાને અને ગળાને સૂકવે એવો તથા મોંને બેસ્વાદ બનાવે એવો હોય છે.

કફનો ગલગંડ

स्थिरः सवर्णः कण्डूमान्
शीतस्पर्शो गुरुः कफात् ।
वृद्धस्तालुगले लेपं कुर्याच्च मधुरास्यताम् ॥५५॥

કફને લીધે થતો ગલગંડ સ્થિર, ગળાના જેવા રંગનો, ખણજવાળો, અડકવામાં ઠંડો, ભારે, રોગ વધે ત્યારે તાળવામાં અને ગળામાં કફ લપેડાયલો રહે એવો તથા મોં ગળ્યુંગળ્યું રહે એવો હોય છે.

ચરબીનો ગલગંડ

मेदसः श्लेष्मवद्धानिवृद्ध्योः सोऽनुविधीयते ।
देहं वृद्धश्च कुरुते गले शब्दं स्वरेऽल्पताम् ॥५६॥

ચરબીથી થતો ગલગંડ કફના ગલગંડ જેવાં લક્ષણોવાળો હોય છે, વધવાઘટવામાં એ શરીરનું અનુકરણ કરે છે (શરીર વધે ત્યારે ગલગંડ વધે છે અને શરીર ઘટે ત્યારે એ ઘટે છે), ગલગંડ વધે ત્યારે ગળામાં અવાજ થાય છે અને અવાજ ધીમો થઈ જાય છે.

સ્વરઘ્ન

श्लेष्मरुद्धाऽनिलगतिः शुष्ककण्ठो हतस्वरः ।
ताम्यन् प्रसक्तं श्वसिति
येन स स्वरहाऽनिलात् ॥५७॥

જે રોગને લીધે વાયુની ગતિ કફને લીધે રોકાય છે, ગળું સુકાય છે (લીલું રહેતું નથી), અવાજનો નાશ થાય છે, આંખે અંધારાં આવે છે અને દરદી સતત હાંફે છે ને સ્વરઘ્ન રોગ વાયુના પ્રકોપથી થાય છે.

આખા મોંમાં થતા રોગ (૮)

વાયુનો મુખપાક

करोति वदनस्यान्तर्व्रणान् सर्वसरोऽनिलः ।
सञ्चारिणोऽरुणान् रूक्षा-
नोष्ठौ ताम्रौ चलत्वचौ ॥५८॥
जिह्वा शीतासहा गुर्वी स्फुटिता कण्टकाचिता ।
विवृणोति च कृच्छ्रेण मुखं पाको मुखस्य सः ५९

વાયુ બધે (આખા મોંમાં) પ્રસરી જઈને ફરતા આછા લાલ, લૂખા વ્રણ મોંમાં કરે છે, હોઠ તાંબાવર્ણા થાય છે, હોઠની ચામડી ઉપસી આવીને ઢીલી પડીને હાલે છે, જીભ ઠંડકને સહન ન કરી શકે એવી, ભારે ચિરાયલી અને કાંટાકાંટાવાળી થઈ જાય છે અને દરદીને મોં ઉઘાડતાં દુઃખ થાય છે. આ મુખપાક નામનો રોગ છે.

ઊર્ધ્વગુદ

अधः प्रतिहतो वायुरर्शोगुल्मकफादिभिः ।
यात्यूर्ध्वं वक्त्रदौर्गन्ध्यं कुर्वन्नूर्ध्वगुदस्तु सः ॥६०

હરસ, ગોળો, કફ વગેરેને લીધે નીચે ભટકાયલો (અથડાયલો) વાયુ ઊંચે ચઢીને મોં ગંધાવે છે (ગુદાની દુર્ગંધને મોંમાં આણે છે) તે ઊર્ધ્વગુદ રોગ છે.

પિત્તનો મુખપાક

मुखस्य पित्तजे पाके दाहोषे तिक्तवक्त्रता ।
क्षारोक्षितक्षतसमा व्रणाः

પિત્તથી થતા મુખપાકમાં મોંમાં દાહ અને ઉષા થાય છે, મોં તીખું રહે છે અને જાણે ક્ષાર છાંટ્યો હોય એવાં ચાંદાં પડે છે.

લોહીથી થતો મુખપાક

तद्वच्च रक्तजे ॥ ६१ ॥

લોહીથી થતા મુખપાકમા એવું જ (પિત્તના મુખપાક જેવું જ) હોય છે.

કફનો મુખપાક

कफजे मधुरास्यत्वं कण्डूमत्पिच्छिला व्रणाः ।

કફથી થતા મુખપાકમાં મોં ગળ્યું અને ખણુજવાળું રહે છે તથા મોમા પિચ્છિલ ચાંદીઓ પડે છે.

મુખાર્બુદ (મોંનું કેન્સર)

अन्तःकपोलमाश्रित्य श्यावपाण्डु कफोऽर्बुदम् ६२
कुर्यात्तद् घट्टितं छिन्नं मृदितं च विवर्धते ।

કફ ગાલની અંદરની (=મોમાંની) બાજુએ ખદામી રંગનું કે ધોળું અર્બુદ કરે છે. એને (સાગના પાદડાં વગેરે વડે) ઘસવામા આવે, (વૃદ્ધિપત્ર વગેરે શસ્ત્રથી) કાપી કાઢવામા આવે અને (વેરી નાખવા માટે) મસળવામા આવે તો એ અર્બુદ વધે છે.

ત્રિદોષ અને લોહીથી થતો મુખપાક

मुखपाको भवेत्सास्रैः सर्वैः सर्वाकृतिर्मलैः ॥६३॥

ત્રણ દોષ અને લોહી એ ચારે બગડવાથી એ ચારથી થતા છૂટાછૂટા મુખપાકનાં ભેગાં લક્ષણોવાળો મુખપાક થાય છે.

પૂતિમુખ

पूत्यास्यता च तैरेव दन्तकाष्ठादिविद्विषः ।

દાતણ ન કરનારને એ જ દોષોના પ્રકોપને લીધે પૂતિમુખ (મો ગધાવાનો) રોગ થાય છે.

મુખરોગોની વિભાગવાર તથા કુલ સંખ્યા

ओष्ठे गण्डे द्विजे मूले जिह्वायां तालुके गले ॥६४॥
वक्त्रे सर्वत्र चेत्युक्ताः पञ्चसप्ततिरामयाः ।
एकादशैको दश च त्रयोदश तथा च षट् ॥६५॥
अष्टावष्टादशाष्टौ च क्रमात्

હોઠમાં ૧૧, ગાલમાં ૧, દાંતમા ૧૦, દાંતનાં પેઢાંમાં ૧૩, જીભમા ૬, તાળવામાં ૮, ગળામાં ૧૮ અને આખા મોમા ૮ મળી મોના ૭૫ રોગ કહ્યા.

અસાધ્ય મુખરોગો

तेष्वनुपक्रमाः ।
करालो मांसरक्तौष्ठावर्बुदानि जलाद्विना ॥६६॥
कच्छपस्तालुपिटिका गलौघः सुषिरो महान् ।
स्वरघ्नोर्ध्वगुदश्यावशतघ्नीवलयालसाः ॥ ६७ ॥
नाड्योष्ठकोपौ निचयात्,
रक्तात्सर्वैश्च रोहिणी ।
दशने स्फुटिते दन्तभेदः पकोपजिह्विका ॥ ६८॥
गलगण्डः स्वरभ्रंशी
कृच्छ्रोच्छ्वासोऽतिवत्सरः ।

એમાંથી (૭૫ મુખરોગોમાથી) કરાલ, માંસૌષ્ઠ, રક્તૌષ્ઠ, જલાર્બુદ સિવાયનાં ચાર અર્બુદ (હોઠનું, તાળવાનુ, ગળાનુ અને આખા મુખનુ અર્બુદ); કચ્છપ, તાલુપિટિકા, ગલૌઘ, મહાસુષિર, સ્વરઘ્ન, ઊર્ધ્વગુદ, શ્યાવદંત, શતઘ્ની, વલય, અલસ, ત્રિદોષની દંતનાડી, ત્રિદોષનો ઓષ્ઠકોપ, રક્તરોહિણી, સન્નિપાત-રોહિણી, દાત તરડાયા કે તૂટ્યા પછી થનો દંત-ભેદ, પાકી ગયેલી ઉપજિહ્વિકા, જેમા અવાજનો નાશ થયો હોય, શ્વાસ લેતાં મુશ્કેલી પડતી હોય અને જેને વરસ વીતી ગયુ હોય એવો ગલગંડ–એટલા (૨૪) મુખરોગ અસાધ્ય છે.

યાપ્ય મુખરોગ

याप्यस्तु हर्षो भेदश्च

દંતહર્ષ અને (દાત તરડાયા કે તૂટ્યા સિવાયનો) દંતભેદ એ બે રોગ યાપ્ય છે.

સાધ્ય મુખરોગો

शेषान् शस्त्रौषधैर्जयेत् ॥ ६९ ॥

બાકીનાને (શ્લોક ૬૬થી ૬૮ના સિવાયનાને) શસ્ત્રક્રિયાથી અને ઔષધથી મટાડવા.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने मुखरोगविज्ञानीयो नामैकविंशोऽध्यायः ॥ २१ ॥

અધ્યાય ૨૨ મો–મોંના રોગોના ઉપાય

अथातो मुखरोगप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે મોમા થતા રોગોને મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે:

ખંડૌષ્ઠના ઉપાય

खण्डौष्ठस्य विलिख्यान्तौ
स्यूत्वा व्रणवदाचरेत्।

ખંડૌષ્ઠ રોગમાં ચિરાયલા હોઠને (હોઠનું સ્નેહન અને સ્વેદન કરીને પછી) ખોતરીને એના છેડા સીવી લઈને સદ્યોવ્રણ જેવા ઉપચાર કરવા.

यष्टीज्योतिष्मतीरोध्रश्रावणीसारिवोत्पलैः ॥ १ ॥
पटोल्या काकमाच्या च तैलमभ्यञ्जनं पचेत्।

જેઠીમધ, માલકાંકણી, લોધર, ગોરખમુંડી, સારિવા, કાળું કમળ, પટોળ અને ધોળી પીલુડી–એટલાં ઔષધો વડે (હોઠ ઉપર) અભ્યંગ કરવા માટે તેલ પકાવવું.

नस्यं च तैलं वातघ्नमधुरस्कन्धसाधितम् ॥ २ ॥

વાયુ મટાડે એવાં ઔષધોથી અને મધુર ગણના ઔષધોથી સિદ્ધ કરેલા તેલનું નસ્ય આપવું.

વાયુના ઓષ્ઠકોપના ઉપાય

महास्नेहेन वातोष्ठे सिद्धेनाक्तः पिचुर्हितः।
देवधूपमधूच्छिष्टगुग्गुल्वमरदारुभिः ॥ ३ ॥

રાળ, મીણ, ગૂગળ અને દેવદાર વડે સિદ્ધ કરેલો મહાસ્નેહ ચોપડેલું રૂનું પૂમડું (કે પોતું) વાયુના ઓષ્ઠકોપમાં ફાયદો કરે છે.

यष्ट्याह्वचूर्णयुक्तेन तेनैव प्रतिसारणम्।

એ જ (શ્લોક ૨૬, ૩ વાળા) મહાસ્નેહમાં જેઠીમધનું ચૂર્ણ નાખીને એ મહાસ્નેહ વડે જ પ્રતિસારણ કરવાથી ફાયદો થાય છે.

नाड्योष्ठं स्वेदयेद् दुग्धसिद्धैरेरण्डपल्लवैः ॥ ४ ॥

દૂધમાં સિદ્ધ કરેલાં એરંડાનાં પાંદડાંનો શેક હોઠ ઉપર નાડીસ્વેદવિધિથી કરવો. (નાડીસ્વેદવિધિ અષ્ટાંગહૃદયમાં આપ્યો નથી, ચરકસંહિતા સૂત્રસ્થાન અધ્યાય ૧૪ માં આપ્યો છે.)

खण्डौष्ठविहितं नस्यं तस्य मूर्ध्नि च तर्पणम्।

ખંડૌષ્ઠ માટે કહેલું નસ્ય આપવું અને એના વડે જ માથે અભ્યંગ કરવો.

પિત્તનો ઓષ્ઠકોપ અને અભિઘાત-(ક્ષત)નો ઓષ્ઠકોપ

पित्ताभिघातजावोष्ठौ जलौकोभिरुपाचरेत् ॥ ५ ॥

પિત્તના ઓષ્ઠકોપનો અને અભિઘાતના ઓષ્ઠકોપનો ઉપાય જળો મુકાવીને કરવો (જળો મુકાવીને લોહી કઢાવવારૂપી ઉપાય કરવો).

रोध्रसर्जरसक्षौद्रमधुकैः प्रतिसारणम्।

લોધર, રાળ, મધ અને જેઠીમધ વડે પ્રતિસારણ કરવું.

गुडूचीयष्टिपत्तङ्गसिद्धमभ्यञ्जने घृतम् ॥ ६ ॥

ગળો, જેઠીમધ અને રતાંજળી વડે સિદ્ધ કરેલું ઘી (હોઠ ઉપર) અભ્યંગ માટે સારું છે.

पित्तविद्रधिवच्चात्र क्रिया

અને એમાં (પિત્તના અને અભિઘાતના ઓષ્ઠકોપમાં) પિત્તના વિદ્રધિના જેવી ક્રિયા (ચિ. અ. ૧૩) કરવી.

લોહીથી થતો ઓષ્ઠકોપ

शोणितजेऽपि च।
इदमेव नवे कार्यं कर्म

લોહીથી થતો ઓષ્ઠકોપ નવો (થોડા વખતથી જ થયેલો) હોય તો એમાં પણ આ જ (પિત્તના ઓષ્ઠકોપ માટે કહેલી) ક્રિયા કરવી.

કફનો ઓષ્ઠકોપ

ओष्ठे तु कफातुरे ॥ ७ ॥
पाठाक्षारमधुव्योषैर्हृतास्रे प्रतिसारणम्।
धूमनावनगण्डूषाः प्रयोज्याश्च कफच्छिदः ॥ ८ ॥

કફના પ્રકોપથી થયેલા ઓષ્ઠકોપમાં લોહી કઢાવ્યા પછી કાળીપાટ, જવખાર, મધ અને ત્રિકટુ વડે હોઠ ઉપર પ્રતિસારણ કરવું તથા કફને મટાડે એવાં ધૂમપાન, નસ્ય અને ગંડૂષની ક્રિયા કરવી.

ચરબીથી થતો ઓષ્ઠકોપ

स्विन्नं भिन्नं विमेदस्कं दहेन्मेदोजमग्निना।
प्रियङ्गुरोध्रत्रिफलामाक्षिकैः प्रतिसारयेत् ॥ ९ ॥

ચરબીથી થતા ઓષ્ઠકોપનું સ્વેદન કરીને પછી હોઠને ચીરીને એમાંથી ચરબી કાઢી નાખીને અગ્નિથી ડામ દેવો; કાંગ, લોધર, ત્રિફળા અને મધથી હોઠ ઉપર પ્રતિસારણ કરવું.

જલાર્બુદ

सक्षौद्रा घर्षणं तीक्ष्णा भिन्नशुद्धे जलार्बुदे।
अवगाढेऽतिवृद्धे वा क्षाराऽग्निर्वा प्रतिक्रिया ॥

જલાર્બુદને ફોડીને એમાંથી પાણી કાઢી

નાંખીને એને શુદ્ધ કરીને (પીપર, મરી વગેરે) તીક્ષ્ણ ઔષધોને મધમાં કાલવીને એ હોઠ ઉપર ઘસવું. પણ જો જલાર્બુદનું મૂળ બહુ ઊંડું હોય કે જલાર્બુદ બહુ વધી ગયું હોય તો ક્ષાર મૂકીને કે ડામ દઈને બાળવું એ ઉપાય કરવો.

ગંડાલજી

आमाद्यवस्थास्वलजीं गण्डे शोफवदाचरेत् ।

ગંડ ઉપર થતી અલજી (ગંડાલજી) આમ વગેરે (આમ, પચ્યમાન, પક્વ) અવસ્થામાં હોય તેના શોથ (વ્રણશોથ) પ્રમાણે ઉપચાર કરવા.

શીતદંત (દાલન)

स्विन्नस्य शीतदन्तस्य पालीं विलिखितां दहेत् ॥
तैलेन, प्रतिसार्या च सक्षौद्रघनसैन्धवैः ।
दाडिमत्वग्वराताक्ष्यकान्ताजम्ब्वस्थिनागरैः ॥
कवलः क्षीरिणां क्वाथैरणुतैलं च नावनम् ।

શીતદંત રોગમાં દાંતને શેક કરીને એ દાંતના પેઢાને ખોતરીને તેલથી ડામવું અને પછી એ ડામેલા પેઢા ઉપર મધ, મોથ, સેંધવ, દાડમની છાલ, ત્રિફળા, રસવંતી, કાંગ, જાંબુનો ઠળિયો અને સૂંઠ વડે પ્રતિસારણ કરવું. ક્ષીરિવૃક્ષોના ક્વાથોનો કવલગ્રહ કરવો અને અણુતેલનું નસ્ય આપવું.

દંતહર્ષ, દંતભેદ

दन्तहर्षे तथा भेदे सर्वा वातहरा क्रिया ॥१३॥
तिलयष्टीमधुशृतं क्षीरं गण्डूषधारणम् ।

દંતહર્ષ રોગમાં અને દંતભેદ રોગમાં વાયુ મટાડે એવી બધી ક્રિયાઓ તથા તલ અને જેઠીમધ સાથે પકવેલા દૂધના ગંડૂષ ભરી રાખવા એ ફાયદો કરે છે.

દંતચાલ

सस्नेहं दशमूलाम्बु गण्डूषः प्रचलद्द्विजे ॥ १४ ॥
तुल्यरोध्रकणाश्रेष्ठापत्तङ्गयष्टुर्घर्षणम् ।
स्निग्धाः शील्या यथावस्थं
नस्याद्यकवलादयः ॥ १५ ॥

દાંત હાલતા હોય તેમાં (દંતચાલ રોગમાં) દશમૂળના ક્વાથમાં સ્નેહ નાખીને એના ગંડૂષ ભરી રાખવા; મોરથૂથુ, લોધર, પીપર, ત્રિફળા, રતાંજળી અને સેંધવ પેઢાં ઉપર ઘસવાં અને રોગની અવસ્થા પ્રમાણે સ્નેહન નસ્ય, સ્નિગ્ધ અન્ન અને સ્નિગ્ધ કવલગ્રહ વગેરે ક્રિયાઓ રોજ કરવી.

અધિદંત

अधिदन्तकमालिप्तं यदा क्षारेण जर्जरम् ।
कृमिदन्तमिवोत्पाट्य तद्वच्चोपचरेत्सदा ॥ १६ ॥
अनवस्थितरक्ते च दग्धे व्रण इव क्रिया ।

અધિદંતને ચારે બાજુથી (દાંતના પેઢા ઉપર) ક્ષાર ચોપડવો. પછી જ્યારે જીર્ણ થઈને હાલવા માંડે, ત્યારે કૃમિદંતની માફક દાંતને ખેંચી કાઢીને પછી કૃમિદંતના જેવા ઉપચાર કરવા. જો લોહી બંધ ન થાય તો (લોહી બંધ કરવા માટે) ડામ દઈને પછી વ્રણના જેવા ઉપાય કરવા.

દંતશર્કરા

अहिंसन् दन्तमूलानि
दन्तेभ्यः शर्करां हरेत् ॥ १७ ॥
क्षारचूर्णैर्मधुयुतैस्ततश्च प्रतिसारयेत् ।

દાંતનાં પેઢાંને ઈજા ન થાય એ રીતે દાંત ઉપર બાઝેલી પોપડીઓને (દંતલેખન શસ્ત્રથી) ઉખેડવી અને પછી ક્ષારનાં ચૂર્ણોને મધમાં કાલવીને એનું પ્રતિસારણ કરવું.

કપાલિકા

कपालिकायामप्येवं हर्षोक्तं च समाचरेत् ॥ १८ ॥

કપાલિકા રોગમાં પણ આ (દંતશર્કરાવાળી ક્રિયા) તથા દંતહર્ષમાં કહેલી ક્રિયા કરવી.

કૃમિદંત

जयेद्विस्रावणैः स्विन्नमचलं कृमिदन्तकम् ।
स्निग्धैश्चालेपगण्डूषनस्याहारैश्चलापहैः ॥ १९ ॥
गुडेन पूर्णं सुषिरं मधूच्छिष्टेन वा दहेत् ।
सप्तच्छदार्कक्षीराभ्यां पूरणं कृमिशूलजित् ॥ २० ॥

(કૃમિદંત રોગમાં) શેક કરીને હાલતા ન હોય એવા કીડાવાળા દાંતને કીડાથી ખજડેલું લોહી, લોહી કાઢવાના ઉપાયોથી કાઢીને મટાડવો; સ્નિગ્ધ લેપ, ગંડૂષ, નસ્ય અને આહારથી તથા વાયુ મટાડે એવા લેપ, ગંડૂષ, નસ્ય તથા આહારથી કૃમિદંત મટાડવો; કીડાએ કોરી કાઢેલા છિદ્રમાં ગરમ

કરેલો ગોળ કે ગરમ કરેલું મીણ ભરીને બાળવું; તથા સાતવીણ અને આકડાનું દૂધ પોલાણમાં ભરવું. આમ કરવાથી કીડાને લીધે આવતું શૂળ મટે છે.

हिङ्गुकट्फलकासीसस्वर्जिकाकुष्ठचेल्लजम् ।
रजो रुजं जयत्याशु वस्त्रस्थं दशने धृतम् ॥२१

હિંગ, કાયફળ, હીરાકસી, સાજીખાર, ઉપલેટ અને વાવડિંગનું બારીક ચૂર્ણ વસ્ત્રમાં (પોટલીમાં) રાખીને એ પોટલીને દાંત ઉપર રાખી મૂકવામાં આવે તો પીડા તરત મટે છે.

गण्डूषं ग्राहयेत्तैलमेभिरेव च साधितम् ।
क्वाथैर्वा युक्तमेरण्डव्याघ्रीभूकदम्बजैः ॥ २२ ॥

એમના વડે જ (હિંગ, કાયફળ, હીરાકસી, સાજીખાર, ઉપલેટ અને વાવડિંગ વડે) સિદ્ધ કરેલા તેલના ગંડૂષ ભરાવવા અથવા એરંડો, ઊઠી ભોંરીંગણી, ઊભી ભોંરીંગણી અને ભૂકદંબ-(ગોરખમુંડી)ના ક્વાથો ભેળવેલા તેલના કોગળા કરાવવા.

क्रियायोगैर्बहुविधैरित्यशान्तरुजं भृशम् ।
दृढमप्युद्धरेद्दन्तं पूर्वं मूलाद्विमोक्षितम् ॥ २३ ॥
सन्दंशकेन लघुना दन्तनिर्घातनेन वा ।
तैलं सयष्ट्याह्वरजो गण्डूषो मधु वा ततः ॥२४

આવી અનેક પ્રકારની ક્રિયાના યોગોથી (=ઔષધોના પ્રયોગોથી) પણ જો પીડા ન મટે તો દાંત મજબૂત હોય (હાલતો ન હોય) છતાં પણ પહેલાં એને પેઢામાંથી (મૂળમાંથી) છૂટો પાડીને પછી હલકા સંદંશક યંત્રથી કે દાંત ખેંચી કાઢવાના યંત્રથી એ દાંતને ખેંચી કાઢવો.

ततो विदारियष्ट्याह्वशृङ्गाटककसेरुभिः ।
तैलं दशगुणक्षीरं सिद्धं युञ्जीत नावनम् ॥ २५ ॥

પછી ભોયકોળું, જેઠીમધ, શિંગોડું અને કસેલાંના કલ્કથી તેલ કરતાં દસ ગણા ગાયના દૂધમાં સિદ્ધ કરેલું તેલ નસ્ય તરીકે વાપરવું.

कृशादुर्बलवृद्धानां वातार्तानां च नोद्धरेत् ।
नोद्धरेच्चोत्तरं दन्तं बहूपद्रवकृद्धि सः ॥ २६ ॥
यथामन्युद्धृतो स्निग्धस्वादुशीतक्रमो हितः ।

દૂબળા, નબળા, ઘરડા અને વાયુથી પીડાતા માણસોના દાંત ખેંચી કાઢવા નહિ. (કોઈ પણ માણસનો) ઉપરનો દાંત ખેંચી કાઢવો નહિ; કારણ કે એ દાંત ખેંચી કાઢવાથી બહુ ઉપદ્રવો થાય છે. દાંત ખેંચી કાઢ્યા પછી એમને પણ (દૂબળા, નબળા, ઘરડા, વાયુથી પીડાતાઓને તથા બીજા બધાને) સ્નિગ્ધ, મધુર અને ઠંડી ક્રિયાઓ ફાયદાકારક છે.

શીતાદ

विस्राविताास्रे शीतादे सक्षौद्रैः प्रतिसारणम् ॥
मुस्तार्जुनत्वक्त्रिफलाफलिनीताक्ष्र्यनागरैः ।
तत्क्वाथः कवलो, नस्यं तैलं मधुरसाधितम् ॥२८

શીતાદ રોગમાં દાંતમાંથી લોહી કાઢ્યા પછી મોથ, સાદડની છાલ, ત્રિફળા, કાંગ, રસવંતી અને સૂંઠને મધમાં કાલવીને પ્રતિસારણ કરવુ. એના (મોથથી સૂંઠ સુધીની વસ્તુઓના) ક્વાથનો કવલગ્રહ કરાવવો તથા મધુર વર્ગનાં ઔષધોથી સિદ્ધ કરેલા તેલનું નસ્ય આપવુ.

ઉપકુશ

दन्तमांसान्युपकुशे स्विन्नान्युष्णाम्बुधारणैः ।
मण्डलाग्रेण शाकादिपत्रैर्वा बहुशो लिखेत् ॥२९
ततश्च प्रतिसार्याणि घृतमण्डमधुद्रुतैः ।
लाक्षाप्रियङ्गुपत्तङ्गलवणोत्तमगैरिकैः ॥ ३० ॥
सकुष्ठशुण्ठीमरिचयष्टीमधुरसाञ्जनैः ।
सुखोष्णो घृतमण्डोऽनु तैलं वा कवलग्रहः ॥३१॥
घृतं च मधुरैः सिद्धं हितं कवलनस्ययोः ।

ઉપકુશ રોગમાં મોંમાં ગરમ પાણી ભરી રાખીને દાંતનાં પેઢાંને શેક કરવો. પછી મંડલાગ્રપત્ર નામના યંત્રથી કે સાગ વગેરેનાં પાંદડાંથી અનેક વાર પેઢાં છોલવાં. પછી લાખ, કાંગ, રતાંજલી, સિંધવ, ગેરુ, ઉપલેટ, સૂંઠ, મરી, જેઠીમધ અને રસવંતી-એટલાં ઔષધોના ચૂર્ણને ઘીના મંડમાં અને મધમાં કાલવીને એના વડે પેઢા ઉપર પ્રતિસારણ કરવું. પછી સહેવાય એવા ઊના ઘીના મંડનો કે સહેવાય એવા ઊના તેલનો કવલગ્રહ કરવો તથા મધુર ગણનાં ઔષધોથી સિદ્ધ કરેલું ઘી કવલગ્રહમાં અને નસ્યમાં વાપરવું તે ફાયદાકારક છે.

દંતપુપ્પુટક

दन्तपुप्पुटके स्विन्नच्छिन्नभिन्नविलेखिते ॥ ३२ ॥
यष्ट्याह्वस्वर्जिकाशुण्ठीसैन्धवैः प्रतिसारणम् ।

દંતપુપ્પુટ રોગમાં, સોજાને શેક કરીને, કાપીને, ચીરીને અને છોલીને પછી જેઠીમધ, સાજીખાર, સૂંઠ અને સૈંધવ વડે પ્રતિસારણ કરવું.

દંતવિદ્રધિ

विद्रधौ कटुतीक्ष्णोष्णरूक्षैः कवललेपनम् ॥ ३३ ॥
वर्षणं कटुकाकुष्ठवृश्चिकालीयवोद्भवैः ।
रक्षेत्पाकं हिमैः पक्वः
पाट्यो दाह्योऽवगाढकः ॥ ३४ ॥

દંતવિદ્રધિમાં તીખાં, તીક્ષ્ણ, ગરમ અને લૂખાં ઔષધો વડે કવલગ્રહ અને લેપ કરવા, કડુ, ઉપલેટ, મહિડાશીંગ અને જવખાર વડે ઘસવુ. ઠંડાં દ્રવ્યો વડે વિદ્રધિને પાકતું અટકાવવું, પાકેલા વિદ્રધિને ચીરવું અને બહુ ઊંડા મૂળવાળા વિદ્રધિને ડામવું.

સુષિર

सुषिरे छिन्नलिखिते सक्षौद्रैः प्रतिसारणम् ।
रोध्रमुस्तमिशिश्रेष्ठातार्क्ष्यपत्तङ्गकिंशुकैः ॥ ३५ ॥
सकट्फलैः, कषायैश्च तेषां गण्डूष इष्यते ।
यष्टीरोध्रोत्पलानन्तासारिवागुरुचन्दनैः ॥ ३६ ॥
सगैरिकसितापुण्ड्रैः सिद्धं तैलं च नावनम् ।

સુષિર રોગમાં સોજાને કાપીને અને લોધર, મોથ, સુંવા, ત્રિફળાં, રસવંતી, રતાંજલી, ખાખરો અને કાયફળને મધમાં કાલવીને પ્રતિસારણ કરવું; એમના (લોધરથી કાયફળ સુધીનાં ઔષધોના) કવાથ વડે ગંડૂષ ઇચ્છાય છે; જેઠીમધ, લોધર, કાળું કમળ, ધમાસો, સારિવા, અગર, સુખડ, સોનાગેરુ, સાકર અને ધોળું કમળ–એટલાં ઔષધો વડે સિદ્ધ કરેલા તેલનું નસ્ય આપવું.

અધિમાંસ

छित्वाऽधिमांसकं चूर्णैः
सक्षौद्रैः प्रतिसारयेत् ॥ ३७ ॥
वचातेजोवतीपाठास्वर्जिकायवशूकजैः ।
पटोलनिम्बत्रिफलाकषायःकवलो हितः ॥ ३८ ॥

અધિમાંસને કાપી નાખીને પછી વજ, તેજબળ, કાળીપાટ, સાજીખાર અને જવખારને મધમાં કાલવીને પ્રતિસારણ કરવું તથા પટોળ, લીમડો અને ત્રિફળાના કવાથનો કવલગ્રહ કરવો એ ફાયદાકારક છે.

વિદર્ભ

विदर्भे दन्तमूलानि मण्डलाग्रेण शोधयेत् ।
क्षारं युञ्ज्यात्ततो नस्यं
गण्डूषादि च शीतलम् ॥ ३९ ॥

વિદર્ભ રોગમાં મંડલાગ્રશસ્ત્રથી દાંતનાં પેઢાંને શુદ્ધ કરવાં. પછી ક્ષારથી બાળવું. પછી શીતવીર્ય દ્રવ્યોથી પકવેલા તેલનું નસ્ય અને શીતવીર્ય દ્રવ્યોના કવાથથી ગંડૂષ વગેરે ક્રિયા કરવી.

દંતનાડી

संशोध्याभयतः कायं शिरश्चोपचरेत्ततः ।
नाडीं दन्तानुगां दन्तं समुद्धृत्याग्निना दहेत् ॥
कुब्जां नैकगतिं पूर्णां गुडेन मदनेन वा ।
धावनं जातिमदनखदिरस्वादुकण्टकैः ॥ ४१ ॥
क्षीरिवृक्षाम्बुगण्डूषो, नस्यं तैलं च तत्कृतम् ।

શરીરનું બન્ને રીતે (વમન અને વિરેચનથી) અને માથાનું (નસ્યથી) શોધન કરીને પછી દાંતને અનુસરતા (=સીધા) નાડીવ્રણને દાંત ખેંચી કાઢીને પછી (એ નાડીવ્રણના માર્ગને) અગ્નિથી બાળવો (ડામવો); પણ જો નાડીવ્રણનો માર્ગ વાંકોચૂંકો હોય અને નાડીવ્રણના અનેક ફાંટા પડી ગયા હોય તો દાંત કાઢી નાખીને એ નાડીવ્રણના માર્ગ કે માર્ગોમાં ગોળ કે મીણ ભરીને પછી અગ્નિથી બાળવું (ગોળ કે મીણને તપાવીને ગરમ કરીને પછી એ ગરમ પ્રવાહી નાડીવ્રણમાં રેડીને એ ગરમ પ્રવાહી વહેતુંવહેતું નાડીવ્રણના બધા માર્ગમાં પહોંચીને સડાને બાળી નાખે એવું કરવું). પછી જાઈનાં પાંદડાં, મીણ, ખેર અને વીકળો એ ચારના કવાથથી (બસ્તિ–પિચકારી વડે અને ખખળાવીને કોગળા કરાવીને) ધોઈને સાફ કરી નાખવું; પછી ક્ષીરિવૃક્ષોના કવાથના ગંડૂષ ભરવા તથા ક્ષીરિવૃક્ષના કલ્ક અને કવાથથી સિદ્ધ કરેલા તેલનું નસ્ય આપવું.

વાતજિહ્વાકંટક

कुर्याद्वातौष्ठकोपोक्तं कण्टकेष्वनिलात्मसु ॥ ४२ ॥
जिह्वायां

વાયુને લીધે જીભ ઉપર કાંટાકાંટા પડી

ગયા હોય, ત્યારે વાયુના ઓષ્ઠકોપ માટે કહેલા ઉપાય કરવા.

પિત્તજિહ્વાકંટક

पित्तजातेषु घृष्टेषु रुधिरे स्रुते ।
प्रतिसारणगण्डूषनावनं मधुरैर्हितम् ॥ ४३ ॥

પિત્તને લીધે જીભ ઉપર કાંટાકાંટા પડી ગયા હોય ત્યારે (સાગ, ગળજીભી કે નગોડનાં પાંદડાં) ઘસીને લોહી કઢાવ્યા પછી મધુર વર્ગનાં દ્રવ્યો વડે પ્રતિસારણ, ગંડૂષ અને નસ્યની ક્રિયા કરવાથી ફાયદો થાય છે.

કફજિહ્વાકંટક

तीक्ष्णैः कफोत्थेऽप्येवं च सर्षपत्र्यूषणादिभिः ।

કફને લીધે જીભ ઉપર કાંટાકાંટા પડી જાય ત્યારે સરસવ, ત્રિકટુ વગેરે તીક્ષ્ણ દ્રવ્યો વડે એવું જ (=પ્રતિસારણ, ગંડૂષ અને નાવન) કરવું.

અલસ (જિહ્વાલસ)

नवे जिह्वालसेऽप्येवं,
तं तु शस्त्रेण न स्पृशेत् ॥ ४४ ॥

તાજા થયેલા જીભના અલસરોગમાં પણ એવુ જ (કફજિહ્વાકંટક જેવું) કરવું; પણ તેને શસ્ત્ર અડકાડવું નહિ.

અધિજિહ્વ

उन्नम्य जिह्वामाकृष्टां बडिशेनाधिजिह्विकाम् ।
छेदयेन्मण्डलाग्रेण तीक्ष्णोष्णैर्घर्षणादि च ॥४५॥

જીભને ઊંચી કરીને પછી બડિશ યંત્રથી અધિજિહ્વાને (સોજાને) ખેંચીને મંડલાગ્રશસ્ત્રથી કાપી નાખવી અને પછી તીક્ષ્ણ અને ગરમ દ્રવ્યો વડે ઘસવું વગેરે કરવું (=પ્રતિસારણ, ગંડૂષ અને નસ્યની ક્રિયા કરવી).

ઉપજિહ્વ

उपजिह्वां परिस्राव्य यवक्षारेण घर्षयेत् ।

ઉપજિહ્વના સોજાને (અંગુલિશસ્ત્રથી કે સાગ, નગોડ વગેરેનાં પાંદડાંથી) ઘસીને એમાંનો ખગાડ કાઢી નાખીને પછી જવખાર ઘસવો.

ગલશુંડિકા (ગળાના કાકડા)

कफघ्नैः शुण्डिका साध्या नस्यगण्डूषघर्षणैः ॥
एर्वारुबीजप्रतिमं वृद्धायामसिराततम् ।
अग्रं सिविष्टं जिह्वाया बडिशाद्यवलम्बितम् ॥४७
छेदयेन्मण्डलाग्रेण नात्यग्रे न च मूलतः ।
छेदेऽत्यसृक्क्षयान्मृत्युर्हीने व्याधिर्विवर्धते ॥४८॥

કફ મટાડે એવાં દ્રવ્યોનાં નસ્ય, ગંડૂષ અને ઘર્ષણ (ઘસવુ)થી ગળાના કાકડા મટાડવા. કાકડો વધી જાય, ત્યારે એ કાકડીના બી જેવા આકારનો, શિરાઓ તસતસી ન આવી હોય એવો હોય છે. જીભનો આગળનો ભાગ દબાવી રાખીને એવા વધેલા કાકડાને મંડલાગ્રશસ્ત્રથી બહુ અગ્રમાંથી યે નહિ કે બહુ મૂળ આગળથી યે નહિ એવી રીતે વચમાંથી કાપી નાખવો; કારણ કે જો કાકડો વધારે કપાઈ જાય તો લોહી ઓછું થઈ જવાથી દરદી મરી જાય અને જો ઓછો કપાય તો રોગ (કાકડો) વધે છે.

मरिचातिविषापाठावचाकुष्ठकुटन्नटैः ।
छिन्नायां सपटुक्षौद्रैर्घर्षणं, कवलः पुनः ॥ ४९ ॥
कटुकातिविषापाठानिम्बरास्नावचाम्बुभिः ।

કાકડો કાપ્યા પછી મરી, અતિવિષની કળી, કાળીપાટ, વજ, ઉપલેટ, મોથ, સેંધવ અને મધ વડે ઘસવું, અને કડુ, અતિવિષની કળી, કાળીપાટ, લીમડો, રાસ્ના અને વજના ક્વાથનો કવલગ્રહ કરાવવો.

તાલુસંહતિ, તાલપુપ્પુટ, કચ્છપ

सङ्घाते पुप्पुटे कूर्मे विलिख्यैवं समाचरेत् ॥ ५० ॥

તાલુસંહતિ, તાલુપુપ્પુટ અને કચ્છપ રોગમાં રોગવાળા ભાગને છોલીને આ પ્રમાણે (શ્લોક ૪૮થી ૪૯ પ્રમાણે) ક્રિયા કરવી.

તાલુપાક

अपक्वे तालुपाके तु कासीसक्षौद्रतार्क्ष्यजैः ।
घर्षणं, कवलः शीतकषायमधुरौषधैः ॥ ५१ ॥

તાલુપાક પાકી ન ગયો હોય (કાચો હોય) તો હીરાકસી, મધ અને રસવંતી વડે ઘસવુ અને ઠંડાં (શીતવીર્ય), તૂરાં અને મધુર વર્ગનાં ઔષધો વડે કવલગ્રહ કરાવવો.

पक्वेऽष्टापदवद्भिन्ने तीक्ष्णोष्णैः प्रतिसारणम् ।
वृषनिम्बपटोलाद्यैस्तिक्तैः कवलधारणम् ॥ ५२ ॥

જો તાલુપાક પાકેલો હોય તો અષ્ટાપદની માફક (=શેતરંજની બાજીના ચોપટ–પાટિયા ઉપર પાડેલાં ખાનાં જેવા આકારનું) કાપીને

પછી તીક્ષ્ણ અને ગરમ ઔષધો વડે પ્રતિસારણ કરવુ અને અરડૂસી, લીમડો, પટોળ વગેરે કડવા દ્રવ્યો વડે કવલગ્રહ કરાવવો.

તાલુશોષ

तालुशोषे त्वतृष्णस्य सर्पिरुत्तरभक्तिकम् ।
कणाशुण्ठीशृत पानमम्लैर्गण्डूषधारणम् ॥ ५३ ॥
धन्वमांसरसा· स्निग्धा· क्षीरसर्पिश्च नावनम् ।

તાલુશોષ રોગમા જે દરદીને તરસ ન લાગતી હોય તેને ખાધા પછી ઘી પાવુ, પીપર અને સૂઠ નાખીને ઉકાળેલું પાણી પાવુ (કાંજી વગેરે) ખાટા દ્રવ્યોના ગંડૂષ ભરી રાખવા, ખોરાક તરીકે જાગલ પ્રદેશના પ્રાણીઓના માસરસ ખાવા તથા દૂધમાથી બારોબાર (દહી અને છાશ બનાવ્યા વિના) બનાવેલા ઘીનુ નસ્ય લેવું.

ગળાના રોગોની સામાન્ય ચિકિત્સા

कण्ठरोगेष्वसृङ्मोक्षस्तीक्ष्णैर्नस्यादि कर्म च ॥५४
क्वाथः पानं च दार्वीत्वङ्निम्बतार्क्ष्यकलिङ्गजः ।
हरीतकीकषायो वा पेयो माक्षिकसंयुत· ॥ ५५ ॥

ગળાના રોગોમા લોહી કઢાવવુ, તીક્ષ્ણ દ્રવ્યો વડે નસ્ય વગેરે ક્રિયાઓ કરવી, દારુહળદરના છાલ, લીમડો, રસવતી અને ઇંદ્ર જવનો ક્વાથ પીવો અથવા હરડેના ક્વાથમા મધ નાખીને પીવુ.

श्रेष्ठाव्योषयवक्षारदार्वीद्वीपिरसाञ्जनै· ।
सपाठातेजिनीनिम्बै· सुक्तगोमूत्रसाधितैः ॥५६॥
कवलो, गुटिका चाऽत्र कल्पिता प्रतिसारणम् ।

ત્રિફળા, ત્રિકટુ, જવખાર, દારુહળદર, ચિત્રો, રસવતી, કાળીપાટ, તેજબળ અને લીમડો–એટલી વસ્તુઓને સરકો અને ગાયના મૂત્ર વડે સિદ્ધ કરીને એનો કવલગ્રહ કરાવવો અથવા એ જ ઔષધોની ગોળી બનાવીને પ્રતિસારણ કરવુ (ગોળી ઘસવી).

निचुल कट्भी मुस्त देवदारु महौषधम् ॥ ५७ ॥
वचा दन्ती च मूर्वा च
लेप· कोष्णोऽर्तिशोफहा ।

નેતર, કટભી (ગરણી), મોથ, દેવદાર, સૂઠ, વજ, નેપાળો અને મોરવેલ–એટલા ઔષધોનો સહેજ ગરમ લેપ કરવાથી પીડા અને સોજો મટે છે.

વાતરોહિણી

अथान्तर्बाह्यत· स्विन्नां
वातरोहिणिकां लिखेत् ॥ ५८ ॥
अङ्गुलीशस्त्रकेणाशु पत्त्रयुक्तनखेन वा ।
पञ्चमूलाम्बु कवलस्तैलं गण्डूषनावनम् ॥ ५९ ॥

ઈશ્વરનુ સ્મરણ કરીને (અથ) અંદરથી અને બહારથી શેક કરીને વાતરોહિણીને અંગુલિશસ્ત્રથી કે સિંધવવાળા નખથી છોલવી. પછી (મોટા) પંચમૂળના ક્વાથ વડે કવલગ્રહ કરાવવો અને તલના તેલથી ગંડૂષ અને નસ્યની ક્રિયા કરવી.

પિત્તરોહિણી

विस्राव्य पित्तसम्भूतां
सिताक्षौद्रप्रियङ्गुभि· ।
घर्षेत्सरोध्रपत्तङ्गै कवल· क्वथितैश्च तैः ॥ ६० ॥
द्राक्षापरूषकक्वाथो हितश्च कवलग्रहे

પિત્તરોહિણીમાથી લોહી કઢાવીને પછી સાકર, મધ અને કાગનુ ચૂર્ણ ઘસવુ તથા કાગ, લોધર અને રતાંજલીના ક્વાથમા સાકર અને મધ નાખીને કવલગ્રહ કરાવવો અને કાળી દ્રાક્ષ તથા ફાલસાના ક્વાથનો કવલગ્રહ ભરાવવો તે ફાયદાકારક છે.

રક્તરોહિણી

उपाचरेदेवमेव प्रत्याख्यायास्रसम्भवाम् ॥ ६१ ॥

રક્તરોહિણી અસાધ્ય છે એવુ જણાવીને પછી એ જ પ્રમાણે (પિત્તરોહિણીના જેવા જ) ઉપાય કરવા.

કફરોહિણી

सागारधूमै कटुकै कफजां प्रतिसारयेत् ।
नस्यगण्डूषयोस्तैल साधितं च प्रशस्यते ॥ ६२ ॥
अपामार्गफलश्वेतादन्तीजन्तुघ्नसैन्धवैः ।

કફરોહિણી ઉપર કટુવર્ગના દ્રવ્યો અને ઘરમા લાગેલો ધુમાડો–એટલી વસ્તુઓ વડે પ્રતિસારણ કરવુ તથા નસ્ય અને ગંડૂષ તરીકે અઘેડાનુ બી, જાઈના પાદડા, નેપાળો, વાવડિંગ અને સિંધવથી સિદ્ધ કરેલુ તેલ વખણાય છે.

વૃંદ, શાલૂક, તુંડિકેરી અને ગિલાયુ

तद्वच्च वृन्दशालूकतुण्डिकेरीगिलायुषु ॥ ६३ ॥

૬૩. શાલૂક, તુંડિકેરી અને ગિલાયુ રોગોમાં એ જ પ્રમાણે (કફરોહિણી જેવા) ઉપાય કરવા.

ગલવિદ્રધિ

विद्रधौ स्राविते श्रेष्ठारोचनाताक्ष्यगैरिकैः ।
सरोध्रपटुपत्तङ्गकणैर्गण्डूषघर्षणे ॥ ६४ ॥

શસ્ત્રથી ગળાના વિદ્રધિનું લોહી કાઢ્યા પછી ત્રિફળા, ગેરોચના, રસવંતી, સોનાગેરુ, લોધર, સૈંધવ, રતાંજળી અને પીપર વડે ગંડૂષ અને ઘસવાની ક્રિયા કરવી.

વાયુનું ગલગંડ

गलगण्डः पवनजः स्विन्नो निस्रुतशोणितः ।
तिलैर्बीजैश्च लट्वोमाप्रियालशणसम्भवैः ॥६५॥
उपनाह्यो, व्रणे रूढे प्रलेप्यश्च पुनः पुनः ।
त्रिवृतिल्वकतर्कारीगजकृष्णापुनर्नवैः ॥ ६६ ॥
कालामृतार्कमूलैश्च पुष्पैश्च करहाटजैः ।
एकैषिकान्वितैः पिष्टैः सुरया काञ्जिकेन वा ॥६७॥
गुडूचीनिम्बकुटजहंसपादीबलाह्वयैः ।
साधितं पाययेत्तैलं सकृष्णादेवदारुभिः ॥ ६८ ॥

વાયુના ગલગંડ ઉપર શેક કરીને એમાંથી લોહી કાઢીને તલ, કડવી દૂધીનાં બી, અળસીનાં બી, ચારોળીનાં બી અને શણનાં બીનાં પોટીસ બાંધવા. જ્યારે ઘા રુઝાઈ જાય ત્યારે સરગવો, લોધર, અરણિ, ગજપીપર, સાટોડી, ગળી, ગળો, આકડાનાં મૂળ, મીંઢળનાં ફૂલ અને નસોતર–એટલી વસ્તુઓને સુરા સાથે કે કાંજી સાથે લસોટીને વારંવાર જાડા લેપ કરવા; ગળો, લીમડો, કડાછાલ, હંસરાજનો છોડ, મોટા ખળદાણા, નાના ખળદાણા, પીપર અને દેવદાર–એટલી વસ્તુઓ વડે (એટલી વસ્તુઓના કલ્ક અને કવાથથી) સિદ્ધ કરેલું તેલ પાવું.

કફનું ગલગંડ

कर्तव्यं कफजेऽप्येतत्स्वेदविम्लापने त्वति ।

કફના ગલગંડમાં પણ એ (વાયુના ગલગંડ માટે કરવાનું બધું) કરવું પણ શેક અને વિમ્લાપનની ક્રિયા પુષ્કળ કરવી.

(વિમ્લાપન=સોજાને કરમાવવાની એટલે કરચોળી પાડવાની ક્રિયા.)

लेपोऽजगन्धातिविषाविशल्याः
सविषाणिकाः ॥ ६९ ॥
गुञ्जालाबुगुकाह्वाश्च पलाशक्षारकल्किताः ।

મરડાશીંગ, અતિવિષની કળી, ગળો, કાકડાશીંગ, ચણોઠી, કડવી દૂધી અને મોથ–એટલી વસ્તુઓનો ખાખરાના ક્ષારમાં કલ્ક કરીને લેપ કરવો.

मूत्रस्रुतं हठक्षारं पक्त्वा कोद्रवभुक् पिबेत् ॥७०
साधितं वत्सकाद्यैर्वा तैलं सपटुपञ्चकैः ।
कफघ्नान् धूमवमननावनादींश्च शीलयेत् ॥ ७१ ॥

હઠ(=જલકુંભી)ના ક્ષારને ગાયના મૂત્રમાં ગાળીને એને પીવાના ક્ષારની માફક પકવીને (ક. ૬/૨૩) પીવો અને દરદીએ ખોરાકમાં કોદરી ખાવી, અથવા વત્સકાદિ ગણનાં ઔષધોથી પકવેલા તેલમાં પંચલવણ નાંખીને પીવું, તથા કફને મટાડે એવાં ધૂમપાન, વમન, નસ્ય વગેરેનું રોજ સેવન કરવું.

ચરબીનું ગલગંડ

मेदोभवे सिरां विध्येत्कफघ्नं च विधिं भजेत् ।
असनादिरजश्चैतं प्रातर्मूत्रेण पाययेत् ॥ ७२ ॥

ચરબીથી થયેલા ગલગંડમાં ફસ ખોલવી, કફ મટે એવો વિધિ કરવો અને સવારે અસનાદિ ગણનાં ઔષધોનું ચૂર્ણ ગાયના મૂત્ર સાથે પાવું.

अशान्तौ पाचयित्वा च सर्वान् व्रणवदाचरेत् ।

આ બધું કરવા છતા પણ ગલગડ ન મટે તો બધા પ્રકારના ગલગંડને પકવીને ગૂમડાના જેવા ઉપચાર કરવા.

મુખપાકની સામાન્ય ચિકિત્સા

मुखपाकेषु सक्षौद्रा प्रयोज्या मुखधावनाः ॥७३॥
क्वथितास्त्रिफलापाठामृद्वीकाजातिपल्लवाः ।
निष्ठेव्या भक्षयित्वा वा कुठेरादिर्गणोऽथवा ॥७४॥

બધી જાતના મુખપાકમાં ત્રિફળા, કાળીપાટ, કાળી દ્રાક્ષ અને જાઈનાં પાંદડાંના કવાથમાં મધ નાખીને તે વડે મોં ધોવડાવવું (ખખળાવીને કોગળા કરાવવા), અથવા એ જ ચાર ઔષધોને પુષ્કળ ચાવીને થૂંકી નાખવાં, અથવા કુઠેરાદિ ગણનાં ઔષધો ચાવીને થૂંકી નાખવું.

વાયુના મુખપાક

मुखपाकेऽनिलात् कृष्णापट्वेलाः प्रतिसारणम् ।
तैलं वातहरैः सिद्धं हितं कवलनस्ययोः ॥ ७५ ॥

વાયુના મુખપાકમાં પીપર, સેંધવ અને એલચી વડે પ્રતિસારણ તથા વાયુ મટાડે એવાં ઔષધોથી સિદ્ધ કરેલું તેલ કવલગ્રહ અને નસ્ય તરીકે ફાયદાકારક છે.

પિત્તને તથા લોહીને મુખપાક

पित्तास्रे पित्तरक्तघ्नः

પિત્તના તથા લોહીના મુખપાકમાં અનુક્રમે પિત્ત અને લોહીને પ્રકોપ મટે એવો વિધિ કરવો.

કફને મુખપાક

कफघ्नश्च कफे विधिः ।
लिखेच्छाकादिपत्रैश्च पिटिकाः कठिनाः स्थिराः ॥ ७६ ॥

અને કફના મુખપાકમાં કફ મટે એવો વિધિ કરવો તથા કઠણ અને સ્થિર ફોલ્લીઓને સાગ વગેરેનાં પાંદડાંથી ઘસી નાખવી.

ત્રિદોષ અને લોહીથી થતે મુખપાક

यथादोषोदयं कुर्यात्सन्निपाते चिकित्सितम् ।

ત્રણ દોષ અને લોહી એ ચારે બગડવાથી થતા મુખપાકમાં ચારમાંથી જે વધારે બગડ્યું (કોપ્યું) હોય તેના હિસાબે ઉપાય કરવા.

ગલાર્બુદ

नवेऽर्बुदे त्वसंवृद्धे छेदिते प्रतिसारणम् ॥७७॥
स्वर्जिकानागरक्षौद्रैः, क्वाथो गण्डूष इष्यते ।
गुडूचीनिम्बकल्कोत्थो मधुतैलसमन्वितः ॥ ७८ ॥
यवान्नभुक् तीक्ष्णतैलनस्याभ्यङ्गांस्तथाऽऽचरेत् ।

ગળાનું અર્બુદ થોડા વખતથી જ થયું હોય અને બહુ વધી ન ગયું હોય તો એને કાપી નાખીને પછી સાજીખાર, સૂંઠ અને મધથી પ્રતિસારણ કરવું; ગળો અને લીમડાના કલ્કના ક્વાથમાં મધ અને તેલ નાખીને ગંડૂષ ભરાવવા એ ઇચ્છવા જેવું છે; જવની વાનીઓ ખાવી અને (સરસિયું, કણજિયું વગેરે) તીક્ષ્ણ તેલ વડે નસ્ય અને અભ્યંગની ક્રિયા કરવી.

પૂતિમુખ

वमिते पूतिवदने धूमस्तीक्ष्णः सनावनः ॥ ७९ ॥
समङ्गाधातकीरोध्रफलिनीपद्मकैर्जलम् ।
धावनं वदनस्यान्तश्चूर्णितैरवचूर्णितम् ॥ ८० ॥
शीतादोपकुशोक्तं च नावनादि च शीलयेत् ।

પૂતિમુખ રોગમાં દરદીને વમન કરાવીને તીક્ષ્ણ ધૂમપાન અને તીક્ષ્ણ નસ્ય આપવાં; રિસામણી, ધાવડી, લોધર, કાંગ અને પદ્મકાષ્ઠના ક્વાથથી મોં ખખળાવીને ધોવું; એ જ ઔષધોનું ચૂર્ણ મોંમાં દબાવવું તથા શીતાદ અને ઉપકુશ એ બે રોગો માટે કહેલાં નસ્ય વગેરેનું રોજ સેવન કરવું.

फलत्रयद्वीपिकिराततिक्त-
 यष्ट्याह्वसिद्धार्थकटुत्रिकाणि ।
मुस्ताहरिद्राद्वययावशूक-
 वृक्षाम्लकाम्लाग्निमवेतसाश्च ॥ ८१ ॥
अश्वत्थजम्ब्वाम्रधनञ्जयत्वक्
 त्वक् चाहिमारात्खदिरस्य सारः ।
क्वाथेन तेषां घनतां गतेन
 तच्चूर्णयुक्ता गुटिका विधेयाः ॥ ८२ ॥
ता धारिता घ्नन्ति मुखेन नित्यं
 कण्ठौष्ठताल्वादिगदान् सुकृच्छ्रान् ।
विशेषतो रोहणिकास्यशोष-
 गन्धान् विदेहाधिपतिप्रणीताः ॥ ८३ ॥

ત્રિફળા, ચિત્રો, કરિયાતું, કડુ, જેઠીમધ, સરસવ, ત્રિકટુ, મોથ, હળદર, દારુહળદર, જવખાર, આમચુર (કે, કોકમ), અમ્લવેતસ, પીપળાની છાલ, જાંબુડીની છાલ, આંબાની છાલ. સાદડની છાલ, અરિમેદ નામના ખેરની છાલ, ખેરસાર–એટલી વસ્તુઓના ક્વાથ જ્યારે ઘટ્ટ (ઘાટો) થાય, ત્યારે તેમાં એ બધી વસ્તુઓનું ચૂર્ણ ભેળવીને ગોળીઓ વાળવી; આ ગોળીઓ સદા મોંમાં રાખીને એમનો રસ ગળે ઉતારવાથી ગળાના, હોઠના, તાળવાના વગેરે રોગો ગમે તેટલા દુઃસાધ્ય હોય તોપણ મટે છે, રોહિણી, મુખશોષ અને પૂતિમુખ રોગો તો ખાસ મટે છે. આ ગોળીઓ વિદેહના રાજાએ કહી છે.

खदिरतुलामम्बुघटे पक्त्वा तोयेन तेन पिष्टैश्च।
चन्दनजोङ्गककुङ्कुमपरिपेलववालकोशीरैः ॥
सुरतरुरोध्रद्राक्षामञ्जिष्ठाचोचपद्मकविडङ्गैः ।
स्पृक्कानतनखकट्फलसूक्ष्मैलाध्यामकैः
सपत्तङ्गैः ॥ ८५॥
तैलप्रस्थं विपचेत्
कर्षांशैः पाननस्यगण्डूषैस्तत् ।
हत्वाऽऽस्ये सर्वगदान्
जनयति गार्ध्री दृशं श्रुतिं च वाराहीम् ॥८६

ચારસો તોલા ખેરનો એક દ્રોણ પાણીમાં ક્વાથ કરીને એ ક્વાથમાં સુખડ, અગર, કેસર, મોથ, સુગંધિવાળો, વીરણવાળો, દેવદાર, લોધર, કાળી દ્રાક્ષ, મજીઠ, તજ, પદ્મકાષ્ઠ, વાવડિંગ, બ્રાહ્મી, તગર, નખલા, કાયફળ, ઝીણી એલચી, રોહીસ ખડ, રતાંજળી એટલી વસ્તુઓ દરેક એકએક કર્ષ લઈને એમનો કલ્ક નાખીને એક પ્રસ્થ તેલ પકવવું. એ તેલ પીવામાં તથા નસ્ય અને ગંડૂષ તરીકે વાપરવાથી મોંમાંના બધા રોગોને હણીને ગીધ જેવી દૃષ્ટિ અને ડુક્કર જેવી સાંભળવાની શક્તિ આપે છે.

उद्वर्तितं च प्रपुनाटरोध्र-
दार्वीभिरभ्यक्तमनेन वक्त्रम् ।
निर्व्यङ्गनीलीमुखदूषिकादि
सञ्जायते चन्द्रसमानकान्ति ॥ ८७॥

કુંવાડિયો, લોધર અને દારુહળદરના ચૂર્ણ વડે મોં ઉપર ઉદ્વર્તન કરીને પછી આના વડે (શ્લોક ૮૩થી ૮૬ માં કહેલા તેલ વડે) મો ઉપર અભ્યંગ કરવાથી મોં વ્યંગ, નીલિકા, મુખદૂષિકા વગેરે રોગ વિનાનું તથા ચંદ્ર જેવી કાંતિવાળું થાય છે.

पलशतं पाणात्तोयघटे पक्त्वा
रसेऽस्मिश्च पलार्धिकैः ।
खदिरजम्बूपथ्यानन्ताम्रै-
रहिमारनीलोत्पलान्वितैः ॥ ८८॥
तैलप्रस्थं पाचयेच्छ्लक्ष्णपिष्टै-
रेभिर्द्रव्यैर्धारितं तन्मुखेन ।
रोगान् सर्वान् हन्ति वक्त्रे विशेषा-
त्स्थैर्यं धत्ते दन्तपङ्क्तेश्चलायाः ॥ ८९ ॥

સો પલ કાળા ફૂલના કાંટાશેળિયાનો એક દ્રોણ પાણીમાં ક્વાથ કરીને એ ક્વાથમાં, ખેર, જાંબુ, જેઠીમધ, ધમાસો, આંબો, અહિમાર જાતનો ખેર અને કાળું કમળ–એ દરેક વસ્તુ અડધો પલ લઈને એ વસ્તુઓનો બારીક કલ્ક નાખીને એક પ્રસ્થ તેલ પકવવું. એ તેલ મોંમાં ભરી રાખવાથી મોંમાંના બધા રોગો મટે છે અને ખાસ કરીને હાલતા દાંતની હાર સ્થિર થઈ જાય છે.

खदिरसाराद् द्वे तुले
पचेद्वल्कातुलां चारिमेदसः ।
घटचतुष्के पादशेषेऽस्मिन्
पूते पुनः क्वथनाद्घने ॥ ९० ॥
आक्षिकं क्षिपेत्सुसूक्ष्मं रजः
सेव्याम्बुपत्तङ्गगैरिकम् ।
चन्दनद्वय(श्यामा)रोध्रपुण्ड्राह्व-
यष्ट्याह्वलाक्षाञ्जनद्वयम् ॥ ९१ ॥
धातकीकट्फलद्विनिशात्रि-
फलाचतुर्जातजोङ्गकम् ।
मुस्तमञ्जिष्ठान्यग्रोधप्ररोह-
[वचा]मांसीयवासकम् ॥ ९२ ॥
पद्मकैलासमङ्गाश्च शीते
तस्मिंस्तथा पालिकां पृथक् ।
जातिपत्रिकां सजातीफलां सह-
(नख)लवङ्गकङ्कोलकाम् ॥ ९३ ॥
स्फटिकशुभ्रसुरभिकर्पूरकुडवं च तत्रावपेत्ततः
कारयेद् गुटिकाः सदा
चेता धार्या मुखे तद्गदापहाः॥

આડસો તોલા ખેરસાર, અરિમેદ જાતના ખેરની છાલ ચારસો તોલા–એ બંને ચાર દ્રોણ પાણીમાં ઉકાળતાં ઉકાળતાં જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે, ત્યારે એને ગાળી લઈને ફરી પાછું એ ગાળી લીધેલું પાણી ઊકળતાંઊકળતાં ઘટ્ટ (જાડું રગડા જેવું) થાય ત્યારે એમાં વીરણ વાળો, ધોળો વાળો, રતાંજળી, સોનાગેરુ, ધોળું ચંદન, પીળું ચંદન, (કાળું નસોતર), લોધર, ધોળું કમળ, જેઠીમધ, લાખ, સૌવીરાંજન, સ્રોતાંજન, ધાવડી, કાયફળ, હળદર,

દારુહળદર, ત્રિફળા, ચતુર્જાત, અગર, મોથ, મજીઠ, વડના અંકુરો, (વજ), જટામાસી, ધમાસો, પદ્મકાષ્ઠ, એલચી, રિસામણી–એટલી વસ્તુઓ દરેક એકએક અક્ષ (કર્ષ) લઈને એમનું બહુ જ બારીક ચૂર્ણ (એ ઘટ્ટ કવાથમા) નાખવું. પછી એ ઠંડું પડે ત્યારે એમા એકએક પલ જાઈના પાદડા, જાયફળ, (નખલા), લવિંગ અને ચણકબાબ નાખવા. પછી એમા આવાપ તરીકે એક કુડવ સ્ફટિક જેવુ ધોળુ અને સુગંધિદાર (=ઊંચામા ઊંચી જાતનુ) કપૂર નાખવું. પછી એની ગોળીઓ વાળવી. એ ગોળીઓ હમેશા મોમા રાખવાથી મોના રોગોનો નાશ થાય છે.

क्वाथौषधव्यत्यययोजनेन
तैलं पचेत्कल्पनयाऽनयैव ।
सर्वास्यरोगोद्धृतये तदाहु-
र्दन्तस्थिरत्वे त्विदमेव मुख्यम् ॥ ९५ ॥

(શ્લોક ૮૯થી ૯૪ માં) જેનો કવાથ કરવાનો લખ્યો છે તે બે ઔષધોના માપ અદલબદલ કરીને (ખેરસાર ચારસો તોલા અને અરિમેદ જાતના ખેરની છાલ આઠસો તોલા લઈને) એ જ રીતની બનાવટથી (બાકીનુ બધુ શ્લોક ૮૯થી ૯૪મા કહ્યુ છે તે પ્રમાણે કરીને) તેલ પકવવુ. એ તેલ (મોમા ભરી રાખવાથી) બધા મુખરોગોને મટાડે છે અને દાતને સ્થિર (મજબૂત) બનાવવામા એ તેલ જ મુખ્ય છે એવુ મહર્ષિઓ કહે છે. (તેલ પકવવામા ખેરસાર અને અરિમેદનો કવાથ, વીરણવાળાથી રિસામણી સુધીના ઔષધોનો કલ્ક તથા જાઈના પાદડાથી કપૂર સુધીના ઔષધોનો કલ્ક નાખીને તેલ પકવવુ.)

खदिरेणैता गुटिका-
स्तैलमिदं चारिमेदसा प्रथितम् ।
अनुशीलयन् प्रतिदिनं
स्वस्थोऽपि दृढद्विजो भवति ॥ ९६ ॥

ખેરસાર વડે બનાવેલી આ (શ્લોક ૮૯થી ૯૪વાળી) ગોળીઓનુ અને અરિમેદથી બનાવેલા આ (શ્લોક ૯૪, ૯૫ વાળા) પ્રખ્યાત તેલનું સાજો માણસ પણ જો રોજ સેવન કરે, (મોમા રાખે) તો એના દાત મજબૂત થાય છે.

क्षुद्रागुडूचीसुमनःप्रवाल-
दार्वीयवासत्रिफलाकषायः ।
क्षौद्रेण युक्तः कवलग्रहोऽयं
सर्वामयान् वक्त्रगतान्निहन्ति ॥ ९७ ॥

ભોરીગણી, ગળો, જાઈના કુમળા પાંદડા, દારુહળદર, ધમાસો અને ત્રિફળાના કવાથમા મધ નાખીને એનો કવલગ્રહ કરવાથી મોંમા થતા બધા રોગો મટે છે.

पाठादार्वीत्वक्कुष्ठमुस्तासमङ्गा-
तिक्तापीताङ्गीरोध्रतेजोवतीनाम् ।
चूर्णः सक्षौद्रो दन्तमांसार्तिकण्डू-
पाकस्रावाणां नाशनो घर्षणेन ॥ ९८ ॥

કાળી પાટ, દારુહળદરની છાલ, ઉપલેટ, મોથ, રિસામણી, કડુ, હળદર, લોધર, તેજબળ–એટલા ઔષધોના ચૂર્ણમા મધ નાખીને દાતે ઘસવાથી દાતના પેઢામા થતો દુખાવો, ખણુજ, પાક અને રસીનો નાશ થાય છે.

કાલકચૂર્ણ

गृहधूमताक्ष्यपाठाव्योष-
क्षाराग्न्ययोवरातेजोह्वैः ।
मुखदन्तगलविकारे सक्षौद्रः
कालको विधार्यश्चूर्णः ॥ ९९ ॥

મોના, દાતના અને ગળાના રોગોમા ઘરનો ધુમાડો (ધુમાસ), રસવતી, કાળી પહાડ, ત્રિકટુ, જવખાર, ચિત્રો, લોઢાનુ ચૂર્ણ, ત્રિફળા અને તેજબળ–એટલી વસ્તુઓનું કાલક નામનું ચૂર્ણ મધમા કાલવીને મોમાં રાખવું.

પીતકચૂર્ણ

दार्वीत्वक्सिन्धूद्भवमन -
शिलायावशूकहरितालैः ।
धार्यः पीतकचूर्णो दन्ता-
स्यगलामये समध्वाज्यः ॥ १०० ॥

દારુહળદરની છાલ, સિંધવ, મણશીલ, જવખાર અને હરતાલનું પીતક નામનું ચૂર્ણ મધ અને ઘીમા કાલવીને દાત, મો અને ગળાના રોગોમાં મોમા રાખવુ.

द्विक्षारधूमकवरापञ्चपटुव्योषवेल्लगिरिताक्ष्यैः ।
गोमूत्रेण विपक्वा गलामयघ्नी रसक्रिया एषा ॥

જવખાર, સાજીખાર, ઘરનો ધુમાડો, ત્રિફળા, પંચલવણ, ત્રિકટુ, વાવડિંગ, ગેરુ અને રસવંતી–એટલી વસ્તુઓને ગાયના મૂત્ર સાથે પકવીને કરેલી આ રસક્રિયા ગળાના રોગોનો નાશ કરે છે.

गोमूत्रस्वथनविलीनविग्रहाणां
पथ्यानां जलमिरिकुष्ठभावितानाम् ।
अत्तारं नरमणवोऽपि वक्त्ररोगाः
श्रोतारं नृपमिव न स्पृशन्त्यनर्थाः ॥१०२॥

હરડે ગાયના મૂત્રમાં ઊકળતાંઊકળતા નરમ થાય (સીજે) ત્યાં સુધી ઉકાળવી. પછી એ સીજેલી હરડેને ધોળો વાળો, વરિયાળી અને ઉપલેટના ક્વાથની ભાવના દેવી. જેમ પ્રધાનની સલાહ સાંભળનારા રાજાને અનર્થ અડકતા નથી, તેમ એ હરડે ખાનારને મુખરોગો જરા પણ અડકતા નથી.

सप्तच्छदोशीरपटोलमुस्त-
हरीतकीतिक्तकरोहिणीभिः ।
यष्ट्याह्वराजद्रुमचन्दनैश्च
क्वाथं पिबेत्पाकहरं मुखस्य ॥ १०३ ॥

સાતવીણ, ઠાળો વાળો, પટોળ, મોથ, હરડે, કડુ, મજીઠ, જેઠીમધ, ગરમાળો અને સુખડનો ક્વાથ પીવાથી મુખપાક મટે છે.

पटोलशुण्ठीत्रिफलाविशाला-
त्रायन्तितिक्ताद्विनिशामृतानाम् ।
पीतः कषायो मधुना निहन्ति
मुखे स्थितश्चास्यगदानशेषान् ॥ १०४ ॥

પટોળ, સૂંઠ, ત્રિફળા, ઇંદ્રવારણી, ત્રાયમાણ, કડુ, હળદર, દારુહળદર અને ગળોનો ક્વાથ મધ નાખીને પીવાથી અને મોંમાં ભરી રાખવાથી અધા મુખરોગો મટે છે.

स्वरसः क्वथितो दार्व्या घनीभूतः सगैरिकः ।
आस्यस्थः समधुर्वक्त्रपाकनाडीव्रणापहः ॥१०५॥

દારુહળદરનો સ્વરસ અને સોનાગેરુનો ક્વાથ ઘાટો થાય ત્યારે એમાં મધ નાંખીને મોંમાં ભરી રાખવાથી મુખપાક અને નાડીવ્રણ મટે છે.

पटोलनिम्बयष्ट्याह्ववासाजात्यरिमेदसाम् ।
खदिरस्य वरायाश्च पृथगेवं प्रकल्पना ॥ १०६ ॥

પટોળ, લીમડો, જેઠીમધ, અરડૂસી, જાઈનાં પાંદડાં, અરિમેદ જાતનો ખેર, ખેર અને ત્રિફળા–એ દરેકની આ પ્રમાણે (શ્લોક ૧૦૪ર્ડ્ડ, ૧૦૫ પ્રમાણે) જુદીજુદી બનાવટ કરવી. (દારુહળદરને ઠેકાણે પટોળથી ત્રિફળા સુધીની કોઈ પણ વસ્તુ લઈને શ્લોક ૧૦૪ર્ડ્ડ, ૧૦૫ પ્રમાણે કરવું.)

खदिरायोवरापार्थमदयन्त्यहिमारकैः ।
गण्डूषोऽम्बुशृतैर्धार्यो दुर्बलद्विजशान्तये ॥ १०७ ॥

ખેર, લોઢું, ત્રિફળા, સાદડ, મોગરો, અરિમેદ જાતનો ખેર–એટલી વસ્તુઓનો પાણીમાં ક્વાથ કરીને મોંમાં ભરી રાખવાથી દાંતની નબળાઈ મટી જાય છે.

मुखदन्तमूलगलजाः
प्रायो रोगाः कफास्रभूयिष्ठाः ।
तस्मात्तेषामसकृद् रुधिरं विस्रावयेद् दुष्टम् ॥१०८

મોંના, દાતના, પેઢાંના અને ગળાના રોગો ઘણુંખરું કફ અને લોહી વધારે બગડવાથી થાય છે, તેથી તેમાંથી બગડેલું લોહી વારંવાર કઢાવી નાખવું.

कायशिरसोर्विरेको
वमनं कवलग्रहाश्च कटुतिक्ताः ।
प्रायः शस्तं तेषां कफरक्तहरं तथा कर्म ॥१०९॥

તે રોગોમાં શરીરનું વિરેચન, માથાનું વિરેચન (નસ્ય), વમન, તીખા અને કડવા કવલગ્રહ. અને કફ તથા લોહીના પ્રકોપને મટાડે (બગડેલા કફ તથા લોહીને ઓછાં કરે) એવી ક્રિયા–એટલું વખણાય છે.

यवतृणधान्यं भक्तं विदलैः क्षारोपितैरपस्नेहाः ।
यूषा भक्ष्याश्च हिता यच्चान्यच्श्लेष्मनाशाय ॥११०॥

એ રોગોમાં જવ અને તૃણધાનનું ભોજન, ક્ષારમાં રાખેલી અને સ્નેહ વિનાની દાળનો યૂષ અને ભક્ષ્યો તથા કફનો નાશ કરે એવું બીજું જે કંઈ હોય તે ફાયદો કરે છે.

प्राणानिलपथसंस्थाः
श्वसितमपि निरुन्धते प्रमादवतः ।

कण्ठामयाश्चिकित्सित-

मतो द्रुतं तेषु कुर्वीत ॥ १११ ॥

ગળાના રોગો પ્રાણવાયુના માર્ગમાં થાય છે; તેથી ગફલતમાં રહેનાર માણસનો શ્વાસ એ રૂંધી નાખે છે. માટે એમના (ગળાના રોગના) ઉપાય તરત જ કરવા.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने मुखरोगप्रतिषेधो नाम द्वाविंशोऽध्यायः ॥ २२ ॥

અધ્યાય ૨૩ મો—માથાના રોગોનું જ્ઞાન

अथातः शिरोरोगविज्ञानीयं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે માથાના રોગોનું જ્ઞાન થવા માટે ઉપયોગી અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

માથાના રોગોનાં કારણ

धूमातपतुषाराम्बुक्रीडातिस्वप्नजागरैः ।
उत्स्वेदाधिपुरोवातबाष्पनिग्रहरोदनैः ॥ १ ॥
अत्यम्बुमद्यपानेन कृमिभिर्वेगधारणैः ।
उपधानमृजाभ्यङ्गद्वेषाधःप्रततेक्षणैः ॥ २ ॥
असात्म्यगन्धदुष्टामभाष्याद्यैश्च शिरोगताः ।
जनयन्त्यामयान् दोषाः

ધુમાડો, તડકો, ઝાકળ, પાણીમાં રમત, બહુ ઊંઘ, બહુ ઉજાગરો, શરીરના ઉપલા ભાગમાં શેક (કે બહુ શેક કરવો), મનનો સંતાપ, સામો પવન, આંસુને રોકવાં, રોવું, બહુ પાણી પીવું, બહુ દારૂ પીવો, કરમિયા, વેગોને રોકવા, સૂતી વખતે ઓશીકું ન વાપરવું, નાહવું નહિ (કે બહારની અને અંદરની શુદ્ધિ ન કરવી), અભ્યંગ ન કરવો, સતત નીચું જોયા કરવું, માફક ન આવે એવી ગંધ, બગડેલો આમ, બોલબોલ કરવું વગેરે કારણોને લીધે માથામાંના દોષો રોગો ઉત્પન્ન કરે છે.

વાયુના શિરસ્તાપ (માથું દુખવું)નાં લક્ષણ

तत्र मारुतकोपतः ॥ ३ ॥
निस्तुद्येते भृशं शङ्खौ घाटा सम्भिद्यते तथा ।
भ्रुवोर्मध्यं ललाटं च पततीवातिवेदनम् ॥ ४ ॥
बाध्येते स्वनतः श्रोत्रे निष्कृष्येत इवाक्षिणी ।
घूर्णतीव शिरः सर्वं सन्धिभ्य इव मुच्यते ॥५॥
स्फुरत्यति सिराजालं कन्धराहनुसङ्ग्रहः ।
प्रकाशासहता घ्राणस्रावोऽकस्माद्व्यथाशमौ ॥६॥
मार्दवं मर्दनस्नेहस्वेदबन्धैश्च जायते ।
शिरस्तापोऽयम्

તેમાં વાયુના પ્રકોપને લીધે લમણામાં પુષ્કળ તોદ થાય છે, બોચી ફાટફાટ થાય છે, બે ભમ્મરની વચ્ચેના ભાગમાં અને લલાટમાં પુષ્કળ પીડા થઈને જાણે એ અંગો પડી જતાં હોય એવું થાય છે, કાનમાં પીડા અને અવાજ થયા કરે છે, આંખો જાણે ખેંચીને બહાર કાઢી લેવામાં આવતી હોય એવું થાય છે, આખું માથું જાણે ભમી જાય છે અને સાંધાઓમાંથી છૂટું પડી જતું હોય એવું લાગે છે, માથામાં શિરાઓનાં જાળાં તરી આવે છે, ડોક અને જડબાં સ્તબ્ધ થઈ જાય છે, તેજ સહન થતું નથી, નાક ગળે છે, કંઈ કારણ વિના ઘડીમાં માથામાં પીડા થાય છે અને ઘડીમાં પીડા મટી જાય છે, માથું દબાવવાથી, સ્નેહનથી, શેકથી અને માથું બાંધવાથી પીડા નરમ પડે છે. આ શિરસ્તાપ (માથું દુખવાનો રોગ) છે.

અર્ધાવભેદક (આધાશીશી)

अर्धे तु मूर्ध्नः सोऽर्धावभेदकः ॥ ७ ॥
पक्षात्कुप्यति मासाद्वा स्वयमेव च शाम्यति ।
अतिवृद्धस्तु नयनं श्रवणं वा विनाशयेत् ॥८॥

પણ એ (શિરસ્તાપ) અડધા (ગમે તે એક જ બાજુના) માથામાં થાય તે અર્ધાવભેદક (આધાશીશી) રોગ છે. આ રોગ પખવાડિયેપખવાડિયે કે મહિનેમહિને ઊખળે છે (થાય છે) અને પોતાની મેળે જ શમી જાય છે. પણ જો એ રોગ બહુ વધી જાય તો આંખ કે કાનનો (જોવાની કે સાંભળવાની શક્તિનો) નાશ કરે છે.

પિત્તનો શિરસ્તાપ

शिरोभितापे पित्तोत्थे शिरोधूमायनं ज्वरः ।
स्वेदोऽक्षिदहनं मूर्च्छा

निशि शीतैश्च मार्दवम् ॥ ९ ॥

પિત્તને લીધે થયેલા શિરસ્તાપમાં (માથું દુખવાના રોગમાં) માથું જાણે ધુમાડાથી બળતું હોય એવું થાય છે, તાવ આવે છે, માથે પરસેવો થાય છે, આંખો બળે છે, મૂર્છા આવે છે, રાત્રે અને ઠંડા ઉપચારથી માથું નરમ પડે છે.

કફનો શિરસ્તાપ

अरुचिः कफजे मूर्ध्नो गुरुस्तिमितशीतता ।
शिरानिस्पन्दताऽऽलस्यं रुजन्दाऽ-
ह्यधिका निशि ॥
तन्द्रा शूनाक्षिकूटत्वं कर्णकण्डूयनं वमिः ।

કફથી થતા શિરસ્તાપ(માથાના દુખાવા)માં અરુચિ થાય છે; માથું ભારેભારે, સજડ અને ઠંડું હોય છે; શિરાઓ થડકતી નથી, આળસ આવે છે, દિવસે પીડા નરમ પડે છે અને રાતે વધે છે, ઘેન રહે છે, આંખનાં ખામણાં સૂજેલાં રહે છે, કાનમાં ખણુજ આવે છે અને ઊલટી (કે ઊબકા) થાય છે.

લોહીનો શિરસ્તાપ

रक्तात् पित्ताधिकरुजः

લોહીને લીધે માથું દુખતું હોય ત્યારે પિત્તના શિરસ્તાપવાળી પીડાઓ વધારે પ્રમાણમાં થાય છે.

સન્નિપાતનો શિરસ્તાપ

सर्वैः स्यात्सर्वलक्षणः ॥ ११ ॥

ત્રણે દોષ અને લોહીને લીધે માથું દુખતું હોય ત્યારે એ દરેકનાં છૂટાંછૂટાં લક્ષણો ભેગાં હોય છે.

કૃમિથી થતો માથાનો રોગ

सङ्कीर्णैर्भोजनैर्मूर्ध्नि क्लेदिते रुधिरामिषे ।
कोपिते सन्निपाते च जायन्ते मूर्ध्नि जन्तवः ॥
शिरसस्ते पिबन्तोऽस्रं घोराः कुर्वन्ति वेदनाः ।
चित्तविभ्रंशजननीर्ज्वरः कासो बलक्षयः ॥ १३ ॥
रौक्ष्यशोफव्यधच्छेददाहस्फुरणपूतिताः ।
कपाले तालुशिरसोः कण्डूः शोषः प्रमीलकः ॥
ताम्राच्छसिङ्घाणकता कर्णनादश्च जन्तुजे ।

સંકીર્ણ ભોજનોથી જ્યારે લોહી અને માંસમાં ક્લેદ થાય છે અને બધા દોષો કોપે છે, ત્યારે માથામાં કીડા પેદા થાય છે. એ કીડા માથાનું લોહી પીતાંપીતાં ગાંડા બનાવી દે (ભાન ભુલાવી દે) એવી ભયંકર પીડા કરે છે; કૃમિથી થતા માથાના રોગમાં તાવ, ઉધરસ, બળનો નાશ, કપાળમાં લૂખાશ, સોજો, સોય ભોસ્યા જેવી પીડા, કપાતું હોય એવી પીડા, દાહ, થડકારા (ધબકારા), દુર્ગંધ; તાળવામાં શોષ અને માથામાં જડતા, તાંબાવર્ણું અને પાતળું લીંટ નીકળે તથા કાનમાં અવાજ થાય—એટલાં લક્ષણો થાય છે.

શિરઃકંપ

वातोल्बणाः शिरःकम्पं तत्संज्ञं कुर्वते मलाः ॥

વાયુ જેમાં અધિક છે એવા દોષો માથાને ધુણાવ્યા કરે છે, એ શિરઃકંપ રોગ છે.

શંખક

पित्तप्रधानैर्वाताद्यैः शङ्खे शोफः सशोणितैः ।
तीव्रदाहरुजारागप्रलापज्वरतृड्भ्रमाः ॥ १६ ॥
तिक्तास्यः पीतवदनः क्षिप्रकारी स शङ्खकः ।
त्रिरात्राज्जीवितं हन्ति ।सच्यल्यप्याशु साधितः ॥

પિત્ત જેમાં મુખ્ય હોય એવા ત્રણે દોષ અને લોહીના પ્રકોપને લીધે લમણા ઉપર સોજો, લમણામાં તીવ્ર બળતરા, તીવ્ર પીડા, રતાશ, લવરી, તાપ, તરસ, ફેર, મોં કડવું રહે, ચહેરો પીળો થઈ જાય છે. એ ઝટ મારી નાખે એવો શંખક રોગ છે. એ રોગ ત્રણ રાત સુધીમાં જીવ લે છે, પણ જો તરત ઉપાય કરવામાં આવે તો મટી પણ જાય છે.

સૂર્યાવર્ત

पित्तानुबद्धः शङ्खाक्षिभ्रूललाटेषु मारुतः ।
रुजं सस्पन्दनां कुर्यादनुसूर्योदयोदयाम् ॥ १८ ॥
आमध्याह्नं विवर्धिष्णुः क्षुद्वतः सा विशेषतः ।
अव्यवस्थितशीतोष्णसुखा शाम्यत्यतः परम् ॥
सूर्यावर्तः स

પિત્તના અનુબંધવાળો વાયુ લમણાં, આંખ, ભ્રમ્મર અને લલાટમાં શિરાઓના થડકારાવાળી એવી પીડા કરે છે, કે જે સૂર્ય ઊગ્યા પછી શરૂ થાય છે, બપોર સુધી વધ્યા કરે

છે; ખાસ કરીને ભૂખ્યા માણસને આ પીડા વધારે થાય છે, આ પીડામાં ઠંડકની રાહત થશે કે ગરમીથી તેનો કંઈ નિયમ રહેતો નથી, અને ત્યાર પછી (બપોર પછી) એ પીડા શમી જાય છે. આ સૂર્યાવર્ત રોગ છે.

इत्युक्ता दश रोगाः शिरोगताः ।

આમ માથાના દસ રોગો કહ્યા.

માથાની ખોપરીવાળા ભાગના નવ રોગો

शिरस्येव च वक्ष्यन्ते कपाले व्याधयो नव ॥२०

માથામાં જ ખોપરીવાળા ભાગના નવ રોગો હવે કહેવામાં આવશે.

ઉપશીર્ષક

कपाले पवने दुष्टे गर्भस्थस्यापि जायते ।
सवर्णो नीरुजः शोफस्तं विद्यादुपशीर्षकम् ॥२१॥

ખોપરીવાળા ભાગમાં જ્યારે વાયુ બગડે ત્યારે ગર્ભમાં રહેલા બાળકને પણ (=ગર્ભમાં રહેલાને અને જન્મેલાને) ચામડીના રંગનો, પીડા વિનાનો સોજો થાય છે. તેને ઉપશીર્ષક રોગ જાણવો.

પિટિકા, અર્બુદ, વિદ્રધિ

यथादोषोदयं ब्रूयात् पिटिकार्बुदविद्रधीन् ।

ફોલ્લી, અર્બુદ (અ. કેન્સર) અને ગડ જે દોષના પ્રકોપને લીધે થયાં હોય તે દોષનાં છે એમ કહેવું.

અરુંષિકા

कपाले क्लेदबहुलाः पित्तासृक्श्लेष्मजन्तुभिः ॥२२
कक्ष्यसिद्धार्थकनिभाः पिटिकाः स्युररुंषिकाः ।

ખોપરીવાળા ભાગમાં પિત્ત, લોહી, કફ અને કૃમિને લીધે બહુ ક્લેદવાળી, કાંગ અને સરસવ જેવી ફોલ્લીઓ થાય તે અરુંષિકા છે.

દારુણક

कण्डूकेशच्युतिस्वापरौक्ष्यकृत् स्फुटनं त्वचः ॥
सुसूक्ष्मं कफवाताभ्यां विद्याद्दारुणकं तु तत् ।

કફને અને વાયુને લીધે માથાની ચામડીમાં બહુ ઝીણા ચીરા પડે છે અને તેમાં ખણુજ આવે છે, વાળ ખરી પડે છે, ચામડી બહેરી અને લૂખી થઈ જાય છે. એ રોગને દારુણક રોગ જાણવો.

ઇંદ્રલુપ્ત (રુજ્યા, ચાચા, ઉંદરી)

रोमकूपानुगं पित्तं वातेन सह मूर्च्छितम् ॥२४॥
प्रच्यावयति रोमाणि ततः श्लेष्मा सशोणितः ।
रोमकूपान् रुणद्ध्यस्य तेनान्येषामसम्भवः ॥२५॥
तदिन्द्रलुप्तं रुज्यां च प्राहुश्चाचेति चापरे ।

વાયુ સાથે કોપેલું પિત્ત માથાના વાળનાં છિદ્રોમાં જઈને વાળને ખેરવી નાખે છે. પછી લોહી સાથે કફ એના વાળનાં છિદ્રોને પૂરી દે છે. તેથી એને બીજા (નવા) વાળ ઊગતા નથી. આ રોગને ઇંદ્રલુપ્ત (ઉંદરી) અને રુજ્યા કહે છે. બીજા કેટલાક એને ચાચા (કે ચાચ) કહે છે.

ખલતિ (માથામાં તાલ)

खलतेरपि जन्मैवं शातनं तत्र तु क्रमात् ॥ २६ ॥

માથામાં ટાલ પણ એ રીતે જ (ઇંદ્રલુપ્તની માફક જ) પડે છે, પણ એમાં વાળ ધીમેધીમે જતા રહે છે (ઇંદ્રલુપ્તની માફક એકદમ જતા રહેતા નથી.)

વાયુની, પિત્તની અને કફની ટાલ

सा वातादग्निदग्धाभा, पित्तात्स्विन्नसिरावृता ।
कफाद्धनत्वग्वर्णांश्च यथास्वं निर्दिशेत् त्वचि ॥

વાયુથી પડેલી તાલ દેવતાથી દાઝ્યા જેવી હોય છે, પિત્તથી પડેલી તાલ પરસેવાવાળી શિરાઓથી છવાયેલી હોય છે, કફને લીધે પડેલી તાલની ચામડી જાડી હોય છે અને દરેક દોષથી પડેલી ટાલમાં ચામડીનો રંગ કેવો હોય છે તે તે તે દોષથી થતા રંગ ઉપરથી કહેવું.

ત્રિદોષની તાલ, સાધ્યઅસાધ્ય

दोषैः सर्वाकृतिः सर्वैरसाध्या सा नखप्रभा ।
दग्धाग्निनेव निर्लोमा सदाहा या च जायते ॥२८

બધા દોષોથી પડેલી તાલમાં બધા દોષોનાં લક્ષણ ભેગાં હોય છે. એની પ્રભા નખ જેવી હોય છે. એ અસાધ્ય છે તથા જે તાલ પડે ત્યારથી જ જાણે અગ્નિથી બળેલી હોય એવી, રુવાંટી વિનાની અને બળતરાવાળી હોય, તે તાલ પણ અસાધ્ય છે.

પલિત (પળિયાં, ધોળા વાળ)

शोकश्रमक्रोधकृतः शरीरोष्मा शिरोगतः ।
केशान् सदोषः पचति पलितं सम्भवन्यतः ॥२९

શોક, થાકી જવાય એટલી મહેનત અને ક્રોધ કરનારનાં શરીરની ગરમી ઊંચે ચડીને, માથામાં જઈને, દોષો સાથે ભળીને વાળને પકવે છે. તેથી પળિયા આવે છે.

દરેક દોષના પલિતનાં લક્ષણ

तद्वातात्स्फुटितं श्यावं खरं रूक्षं जलप्रभम् ।
पित्तात्सदाहं पीताभं,
कफात् स्निग्धं विवृद्धिमत् ॥ ३० ॥
स्थूलं सुशुक्लं, सर्वैस्तु विद्याद्व्यामिश्रलक्षणम् ।

વાયુને લીધે આવતા પળિયાં ચિરાયેલા વાળવાળા, બદામી રંગનાં, ખર, લૂખાં અને પાણી જેવી પ્રભાવાળાં હોય છે; પિત્તને લીધે આવતાં પળિયાં બળતરાવાળાં અને પીળા રંગનાં હોય છે; કફને લીધે આવતાં પળિયાં સ્નિગ્ધ, વધતાં, જાડાં અને બહુ ધોળાં હોય છે, અને ત્રણે દોષને લીધે આવતાં પળિયાં ત્રણે દોષનાં ભેગાં લક્ષણોવાળાં હોય છે.

માથાની પીડાને લીધે થતો પલિતરોગ

शिरोरुजोद्भवं चान्यद्विवर्णं स्पर्शनासहम् ॥ ३१ ॥

માથાની પીડાને લીધે આવતાં બીજાં (દોષોનાં પળિયાંથી જુદી જાતનાં) પળિયાં વિચિત્ર રંગનાં અને સ્પર્શ સહન ન કરી શકે એવાં હોય છે.

સાધ્યઅસાધ્ય

असाध्या सन्निपातेन खलतिः पलितानि च ।

ત્રિદોષની તાલ અને ત્રિદોષનાં પળિયાં અસાધ્ય છે.

ઘડપણનાં પળિયાં

शरीरपरिणामोत्थान्यपेक्षन्ते रसायनम् ॥ ३२ ॥

શરીરના ફેરફાર(ઘડપણ)ને લીધે આવતાં પળિયાં રસાયન(ઉ. અ. ૩૯)ની આશા રાખે છે (ઘડપણને લીધે થતા ધોળા વાળ રસાયનનું સેવન કરવાથી પાછા કાળા થઈ જાય છે).

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने शिरोरोगविज्ञानीयो नाम त्रयोविंशोऽध्यायः ॥ २३ ॥

અધ્યાય ૨૪ મો—માથાના રોગના ઉપાય

अथातः शिरोरोगप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે માથાના રોગ મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

વાયુનો શિરસ્તાપ (માથું દુખવું)

शिरोभितापेऽनिलजे वातव्याधिविधिं चरेत् ।

વાયુને લીધે માથું દુખતું હોય ત્યારે વાયુના રોગોના ઉપાય કરવા (ચિ. અ. ૨૧).

घृतमक्तशिरा रात्रौ पिबेदुष्णपयोनुपः ॥ १ ॥
माषान् कुलत्थान् मुद्गान् वा
तद्वत्खादेद् घृतान्वितान् ।
तैलं तिलानां कल्कं वा क्षीरेण सह पाययेत् ॥
पिण्डोपनाहस्वेदाश्च मांसधान्यकृता हिताः ।
वातघ्नदशमूलादिसिद्धक्षीरेण सेचनम् ॥ ३ ॥
स्निग्धं नस्यं तथा धूमः शिरःश्रवणतर्पणम् ।

રાતે માથે અભ્યંગ કરીને ઘી પીવું અને એના ઉપર ગરમ દૂધ પીવું; અથવા ઘી નાખીને અડદ, કળથી કે મગ તે જ પ્રમાણે ખાવા (અડદ વગેરે ખાઈને ઉપર ગરમ દૂધ પીવું); અથવા ગરમ દૂધ સાથે તલનું તેલ કે તલનો કલ્ક પાવો; માંસ ભેળવેલા ધાનથી બનાવેલા પિંડ-સ્વેદ અને ઉપનાહસ્વેદ કરવાથી ફાયદો થાય છે; વાયુ મટાડે એવાં દશમૂળ વગેરે ઔષધો-ના કલ્ક અને ક્વાથમાં સિદ્ધ કરેલા દૂધની ધાર કરવી; સ્નેહન, નસ્ય, સ્નેહન, ધૂમપાન અને માથાનું તથા કાનનું તર્પણ કરવું (માથા માં તેલ નાખવું અને કાનનાં તેલ મૂકવું).

वरणादौ गणे क्षुण्णे क्षीरमर्धोदकं पचेत् ॥ ४ ॥
क्षीरावशिष्टं तच्छीतं मथित्वा सारमाहरेत् ।
ततो मधुरकैः सिद्धं नस्यं तत् पूजितं हविः ॥५॥

વરણાદિ ગણનાં ઔષધોને અધકચરાં ખાંડી-ને એમાં દૂધથી અર્ધું પાણી ઉમેરીને, ઉમેરેલું પાણી બળી જાય પણ દૂધ બાકી રહે ત્યાંસુધી પકવવું. તે ઠંડું પડે ત્યારે તેને વલોવીને એના પર

तरी आवतो भाग (माखण) काढी लेवो. पछी मधुर वर्गना द्रव्यो साथे पकवेला (तावेला) ए माखणनुं घी नस्य तरीके पूजाय छे.

वर्गेऽत्र पक्वं क्षीरे च पयः सर्पिः सशर्करम्।

आ (वरुणादि) वर्गना औषधोमां अने दूधमां पकवेला घीमां साकर नाखीने पीवु.

कार्पासमज्जा त्वङ्मुस्ता सुमनःकोरकाणि च ॥
नस्यमुष्णाम्बुपिष्टानि सर्वमूर्धरुजापहम्।

कपासना बीनी मीज, तज, मोथ अने जाईनी कळीओने गरम पाणी साथे लसोटीने एनु नस्य लेवाथी माथानी बधी पीडा मटे छे.

पित्त अने लोहीना अनुबंधवाळा
वायुनो शिरस्ताप

शर्कराकुङ्कुमशृतं घृतं पित्तासृगन्वये ॥७॥

पित्त अने लोही अनुबंधी होय त्यारे साकर अने केसर नाखीने उकाळेलु दूध पीवाथी फायदो थाय छे.

(दूध उकाळवु एटले दूधने कढवु नहि, पण दूधमां दूध जेटलु पाणी नाखीने नाखेलुं पाणी बळी जाय अने असल दूध बाकी रहे त्यांसुधी उकाळवु.)

प्रलेपः सघृतैः कुष्ठकुटिलोत्पलचन्दनैः।

उपलेट, तगर, काळु कमळ अने सुखडना कल्कमां घी भेळवीने माथे लेप करवो.

वातोद्रेकभयाद्रक्तं न चास्मिन्नवसेचयेत् ॥८॥

अने एमां (वायुना शिरस्तापमां) लोही काढवु नहि, केम के लोही काढवाथी वायुनु जोर वधी पडवानो भय ऊभो थाय छे

इत्यशान्तौ चले दाहः कफे चोक्तो यथोदितः।

आम करवाथी माथु दुखतु न मटे तो वायुथी थता माथाना दुखावामां अने कफथी थता माथाना दुखावामां सू ३०/४१, ४१½ मां कह्या प्रमाणे डाम देवो ए इच्छना योग्य छे.

अर्धावभेदक (आधाशीशी)

अर्धावभेदकेऽप्येषा तथा दोषान्वयात्क्रिया ॥९॥

आधाशीशीमां पण आ (वायुना शिरस्तापनी) क्रिया तथा जे दोषनो अनुबंध होय ते दोषने मटाडवानी क्रिया करवी.

शिरीषबीजापामार्गमूलं नस्यं विडान्वितम्।
स्थिरारसो वा, लेपे तु प्रपुन्नाटोऽम्लकल्कितः ॥

सरसडाना बी अने अघेडाना मूळना चूर्णमां बिडलवण भेळवीने एनु नस्य आपवु अथवा शालपर्णीना काथनु नस्य आपवु, पण काजी साथे लसोटेला कुवाडियानो लेप करवो.

सूर्यावर्त

सूर्यावर्तेऽपि तस्मिंस्तु सिरया ऽपहरेदसृक्।

सूर्यावर्त रोगमां पण (श्लोक ८, ८½, १० वाळी क्रिया करवी), पण एमां (सूर्यावर्तमां) फस खोलीने लोही काढवु.

पित्तनो शिरस्ताप

शिरोऽभितापे पित्तोत्थे
स्निग्धस्य व्यधयेत्सिराम् ॥११॥
शीताः शिरोमुखालेपसेकशोधनबस्तयः।
जीवनीयशृते क्षीरसर्पिषी पाननस्ययोः ॥१२॥

पित्तथी माथु दुखतुं होय त्यारे दरदीनुं स्नेहन करीने एनी फस खोलवी. माथा उपर ठंडा मुखालेप, ठंडा सेचन, ठंडा शोधन अने ठंडी बस्ति आपवी, अने जीवनीय वर्गना औषधोमां सिद्ध करेला दूध अने घी पीवा माटे अने नस्य तरीके आपवा.

लोहीनो शिरस्ताप, शंखक

कर्तव्यं रक्तजेऽप्येतत् प्रत्याख्याय च शङ्खके।

लोहीथी माथु दुखतु होय त्यारे पण ए (पित्तना शिरस्तापना) उपाय करवा अने शंखक रोगमां नहि मटे एवु साफ जणावीने पित्तना शिरस्तापना उपाय करवा.

कफनो शिरस्ताप

श्लेष्माभितापे जीर्णाज्यस्नेहितं कटुकैर्वमेत् ॥
स्वेदप्रलेपनस्याद्या रूक्षतीक्ष्णोष्णभेषजैः।
शस्यन्ते चोपवासोऽत्र

कफने लीधे माथु दुखतु होय त्यारे जूना घीथी दरदीनु स्नेहन करीने तीखा द्रव्यो वडे वमन कराववु, आ रोगमां लूखा, तीक्ष्ण अने गरम औषधो वडे शेक, जाडा लेप वगेरे करवु

અને નકોરડા ઉપવાસ કરાવવા તે વખણાય છે.

સન્નિપાતનો શિરસ્તાપ

निचये मिश्रमाचरेत् ॥ १४ ॥

ત્રણે દોષ અને લોહીને લીધે માથું દુખતું હોય તો ત્રણે દોષના અને લોહીના શિરસ્તાપ-ની ભેગી ચિકિત્સા (ઉપાય) કરવી.

કૃમિથી થતો શિરસ્તાપ

क्रिमिजे शोणितं नस्यं तेन मूर्च्छन्ति जन्तवः ।
मत्ताः शोणितगन्धेन निर्यान्ति घ्राणवक्त्रयोः ॥ १५ ॥
सुतीक्ष्णनस्यधूमाभ्यां कुर्यान्निर्हरणं ततः ।

માથામા કીડા થયા હોય તેને લીધે માથું દુખતું હોય ત્યારે (કીડાનો ઉત્ક્લેશ કરવાને અને એમને નસકોરા અને મોં તરફ આકર્ષવા માટે) લોહીનુ નસ્ય આપવું. તે લોહીના નસ્યથી કીડા(જીવડા)ને મીણો ચડે છે. લોહીની ગંધથી મદમા આવેલા કીડા દરદીને પુષ્કળ તીક્ષ્ણ નસ્ય અને ધૂમપાન કરાવવાથી નાકમાંથી અને મોમાંથી બહાર નીકળે છે (નસકોરા આગળ અને મોં આગળ આવીને ભેગા થાય છે અને બહાર નીકળે છે). પછી (જે કીડા પોતાની મેળે ન નીકળે તેને કૂર્ચક વગેરે શસ્ત્રથી) બહાર કાઢવા.

विडङ्गस्वर्जिकादन्तीहिङ्गुगोमूत्रसाधितम् ॥
कटुतिल्वेङ्गुदीपीलुतैलं नस्यं पृथक् पृथक् ।

વાવડિંગ, સાજીખાર, નેપાળો, હિંગ અને ગાયના મૂતરમા સિદ્ધ કરેલુ સરસિયુ, લીમડા-નુ તેલ, ઇંગોરિયાનુ તેલ અને પીલુડીનું તેલ—એ દરેક તેલનું જુદુંજુદું (એમાંથી ગમે તે એક તેલનું) નસ્ય આપવુ.

अजामूत्रद्रुतं नस्यं क्रिमिजित् क्रिमिजित्परम् ॥

વાવડિંગને બકરીના મૂતરમાં પલાળી રાખી-ને એનું નસ્ય આપવું, તે માથામાંનાં જીવડાં મટાડવાનો ઉત્તમ ઉપાય છે.

पूतिमत्स्ययुतैः कुर्याद् धूमं नावनभेषजैः ।

નસ્ય માટે જે ઔષધો (શ્લોક ૧૪થી ૧૭માં) વાપરવાનાં કહ્યાં છે તેમાં પૂતિમત્સ્ય નાખીને એના વડે ધૂમપાન કરવુ (પૂતિમત્સ્ય=બગડીને પચપચું થઈ ગયેલું માછલું—ઇદુ).

क्रिमिभिः पीतरक्तत्वाद्रक्तमत्र न निर्हरेत् ॥ १८ ॥

આ રોગમાં કીડા(જીવડા)એ લોહી પીધેલું હોવાથી લોહી કાઢવું નહિ.

શિરઃકંપ

वाताभितापविहितः कम्पे दाहाद्विना क्रमः ।

શિરઃકંપ રોગમાં ડામ દેવા સિવાયના વાયુના શિરસ્તાપના બધા ઉપાય કરવા.

ઉપશીર્ષક

नवे जन्मोत्तरं जाते योजयेदुपशीर्षके ॥ १९ ॥
वातव्याधिक्रियां, पक्के कर्म विद्रधिचोदितम् ।

ઉપશીર્ષક રોગ નવો (તરતનો) થયેલો હોય અને દરદી જન્મ્યા પછી થયો હોય તો વાયુના રોગો માટેના ઉપાય કરવા. ઉપશીર્ષક પાકે ત્યારે વિદ્રધિ માટે કરવાને કહેલી ક્રિયા કરવી.

માથાનાં વિદ્રધિ, પિટિકા અને અર્બુદ

आमपक्के यथायोग्यं विद्रधीपिटिकार्बुदे ॥ २० ॥

માથાનાં વિદ્રધિ, પિટિકા અને અર્બુદ કાચા હોય, ત્યારે કાચાં વિદ્રધિ માટે કરવાની ક્રિયા કરવી અને પાકાં હોય ત્યારે પાકેલા વિદ્રધિ માટે કરવાની ક્રિયા કરવી.

અરુંષિકા

अरुंषिकां जलौकोभिर्हृतास्रां निम्बवारिणा ।
सिक्तां प्रभूतलवणैर्लिम्पेदश्वशकृद्रसैः ॥ २१ ॥
पटोलनिम्बपत्रैर्वा सहरिद्रैः सुकल्कितैः ।
गोमूत्रजीर्णपिण्याककुक्कुटाकुमलैरपि ॥ २२ ॥

જળો મુકાવીને અરુંષિકામાથી લોહી કઢા-વીને, લીમડાના રસ (કે કવાથ) વડે અરું-ષિકા ઉપર સેચન કરીને, ઘોડાની લાદના રસમાં પુષ્કળ સૈંધવ નાખીને એનો લેપ કરવો અથવા પટોળનાં પાંદડા, લીમડાનાં પાંદડાં અને હળદરને ખૂબ લસોટીને કરેલા કલ્કનો લેપ કરવો અથવા ગાયનું મૂતર, જૂનો ખોળ અને કૂકડાની હગારને ખૂબ લસોટીને કરેલા કલ્કનો પણ લેપ કરવો.

कपालभृष्टकुष्ठं वा चूर्णितं तैलसंयुतम् ।
रुंषिकालेपनं कण्डूक्लेददाहार्तिनाशनम् ॥ २३ ॥

માટીની ઠીબમાં શેકેલા ઉપલેટના ચૂર્ણમાં-

તેલ મેળવીને એનો લેપ અરુંષિકા ઉપર કરવાથી ખણુજ, ક્લેદ, બળતરા અને પીડા મટી જાય છે.

ચાચા (ઉંદરી) અને અરુંષિકાનો ઉપાય

मालतीचित्रकाश्वघ्ननक्तमालप्रसाधितम् ।
चाचारूंषिकयोस्तैलमभ्यङ्गः क्षुरघृष्टयोः ॥ २४ ॥

ચાચા (ઉંદરી) અને અરુંષિકા ઉપર અસ્રો ઘસીને પછી ચમેલી, ચિત્રો, ધોળી કણેર અને કણુજી વડે સિદ્ધ કરેલા તેલ વડે અભ્યંગ કરવો.

अशान्तौ शिरसः शुद्ध्यै यतेत वमनादिभिः ।

આ બધું કરવા છતાં પણ જો ન મટે તો વમન વગેરેથી માથાનું શોધન કરવાનો યત્ન કરવો.

દારુણક

विध्येच्छिरां दारुणके
लालाट्यां, शीलयेन्मृजाम् ॥ २५ ॥
नावनं मूर्धबस्तिं च, लेपयेच्च समाक्षिकैः ।
प्रियालबीजमधुककुष्ठमाषैः ससर्षपैः ॥ २६ ॥
लाक्षाशम्याकपत्रैडगजधात्रीफलैस्तथा ।
कोद्रवतृणक्षारवारिप्रक्षालनं हितम् ॥ २७ ॥

દારુણક રોગમાં લલાટની શિરા ખોલવી, રોજ માથું ધોવું, નસ્ય લેવું અને શિરોબસ્તિ લેવી; ચારોળીદાણા, જેઠીમધ, ઉપલેટ, અડદ અને સરસવના કલ્કમાં મધ નાખીને એના વડે લેપ કરવો, તથા લાખ, ગરમાળો, તમાલપત્ર, કુંવાડિયો અને આમળાંના કલ્કમાં મધ નાખીને એના વડે લેપ કરવો; તથા કોદરાની પરાળમાંથી બનાવેલા ક્ષારના પાણીથી ધોવું.

ઇંદ્રલુપ્ત (=ઉંદરી)

इन्द्रलुप्ते यथासन्नं सिरां विद्ध्वा प्रलेपयेत् ।
प्रच्छाय गाढं कासीसमनोह्वातुत्थकोषणैः ॥२८॥
वन्यामरतरुभ्यां वा गुञ्जामूलफलैस्तथा ।
तथा लाङ्गलिकामूलैः करवीररसेन वा ॥ २९ ॥
सक्षौद्रक्षुद्रवार्ताकस्वरसेन रसेन वा ।
धत्तूरकस्य पत्राणां भल्लातकरसेन वा ॥ ३० ॥
अथवा माक्षिकहविस्तिलपुष्पत्रिकण्टकैः ।

ઉંદરીરોગમાં રોગવાળા ભાગની પાસેની શિરા ખોલીને લોહી કાઢ્યા પછી ઉંદરીવાળા ભાગ ઉપર ઊંડા ઉઝરડા કરીને હીરાકશી, મણશીલ, મોરથૂથુ અને મરીનો લેપ કરવો, મોથ (કૈવર્તક મોથ) અને દેવદારનો લેપ કરવો, તથા ચણોઠીનાં મૂળ અને ફળનો લેપ કરવો, તથા જળપીપરનાં મૂળનો લેપ કરવો, અથવા કણેરના રસનો લેપ કરવો, અથવા મધ સાથે ભોરીંગણીના સ્વરસનો લેપ કરવો, અથવા ધંતૂરાનાં પાંદડાંના સ્વરસનો લેપ કરવો, અથવા ભિલામાના રસનો લેપ કરવો અથવા મધ, ઘી, તલનાં ફૂલ અને ગોખરુનો લેપ કરવો.

तलाक्ता हस्तिदन्तस्य मषी चात्रौषधं परम् ॥३१॥

હાથીદાંતની મસીને તેલમાં કાલવીને ચોપડવી. એ ઇંદ્રલુપ્તનું ઉત્તમ ઔષધ છે.

शुक्लरोमोद्गमे तद्वन्मषी मेषविषाणजा ।

જો ઉંદરીવાળા ભાગમાં ધોળા વાળ ઊગે તો ઘેટાના શીંગડાની મસીને તે જ પ્રમાણે (તેલમાં કાલવીને) ચોપડવી એ ઉત્તમ ઔષધ છે.

ઉંદરીમાં અપથ્ય

वर्जयेद्वारिणा सेकं यावद्रोमसमुद्भवः ॥ ३२ ॥

વાળ ન ઊગે ત્યા સુધી (માથે) પાણી રેડવું નહિ.

ખલતિ, પલિત, વલી (કરચલીઓ) અને હરિલ્લોમ (=હરિત રંગના વાળ થઈ જવાનો રોગ)

खलतौ पलिते वल्यां हरिल्लोम्नि च शोधितम् ।
नस्यवक्त्रशिरोभ्यङ्गप्रदेहैः समुपाचरेत् ॥ ३३ ॥

તાલ, પળિયાં, કરચલીઓ અને વાળ હરિત રંગના થઈ જાય—એ ચાર રોગોમાં દરદીનું શોધન કરીને એને નસ્ય, મોંએ અભ્યંગ અને જાડા લેપ તથા માથે અભ્યંગ અને જાડા લેપના ઉપચાર કરવા.

सिद्धं तैलं बृहत्याद्यैर्जीवनीयैश्च नावनम् ।
मासं वा निम्बजं तैलं क्षीरभुङ्नावयेद्यतिः ॥३४

બૃહત્યાદિ ગણ અને જીવનીય ગણના ઔષધોથી સિદ્ધ કરેલા તેલનું નસ્ય આપવું અથવા લીમડાના તેલનું નસ્ય એક મહિના સુધી લેવું. દરદીએ દૂધ પીને રહેવું અને સંયમ (બ્રહ્મચર્ય) પાળવો. (એકલા દૂધ ઉપર

રહેનારે પાણી પીવાનું તદ્દન બંધ કરવું.)

नीलीशिरीपकोरण्टभृङ्गस्वरसभावितम् ।
शेल्वक्षतिलरामाणां बीजं काकाण्डकीसमम् ३५
पिष्ट्वाऽजपयसा लोहाल्लिप्तादर्कांशुतापितात् ।
तैलं स्रुतं क्षीरभुजो नावनात् पलितान्तकृत् ॥३६

ગળી, સરસડો, કાંટાશેળિયો અને ભાંગરો એમના સ્વરસમાં (કે કવાથમાં) ગૂંદાં, બહેડાં, તલ અને કાંગ એ ચારેનાં બી અને એ ચારેનાં બી જેટલા જ વજનની માલકાંકણી એ પાંચેને (ઉપર કહેલા સ્વરસ કે ક્વાથમાં) ભાવના દઈને પછી એને બકરીના મૂતર સાથે લસોટીને લોખંડના વાસણ ઉપર એ ચોપડીને એ વાસણને તડકે મૂકયા પછી એ વાસણ તપે ત્યારે એમાંથી જે તેલ ટપકે તેને ઝીલી લઈને એ તેલનું નસ્ય સેવાથી અને સાથે ફક્ત દૂધ પીને રહેવાથી પળિયાં મટી જાય છે (ધોળા વાળ મટીને કાળા થાય છે).

क्षीरात्साहचराद् भृङ्गरजसः सौरसाद्रसात् ।
प्रस्थैस्तैलस्य कुडवः सिद्धो यष्टीपलान्वितः ॥
नस्यं शैलासने भाण्डे शृङ्गे मेषस्य वा स्थितः ।

ગાયનું એક પ્રસ્થ દૂધ, કાંટાશેળિયાનો એક પ્રસ્થ રસ, ભાંગરાનો એક પ્રસ્થ રસ, તુલસીનો એક પ્રસ્થ રસ એ ચારે રસમાં એક કુડવ તેલ સિદ્ધ કરીને એમાં એક પલ જેઠીમધ નાખીને પથ્થરના કે બીખલાના લાકડાના વાસણમાં કે ઘેટાના શીંગડામાં ભરી રાખેલું એ તેલ નસ્ય તરીકે આપવું.

क्षीरेण श्लक्ष्णपिष्टौ वा दुग्धिकाकरवीरकौ ॥
उत्पाट्य पलितं देयावाशये पलितापहौ ।

અથવા દૂધી અને કણેર એ બંને ગાયના દૂધમાં ખૂબ બારીક લસોટીને એ લેપ ઉખાડી નાખેલા (ચૂંટી કાઢેલા) ધોળા વાળનાં ખાલી છિદ્રો ઉપર મૂકવાથી પળિયાંનો નાશ થાય છે. (પહેલાં ધોળા વાળ ઉખેડી કાઢવા અને પછી એ વાળવાળી જગાએ ઉપર કહેલી દવા મૂકવી.)

क्षीरं प्रियालं यष्ट्याह्वं जीवनीयो गणस्तिलाः ॥
कृष्णाः प्रलेपो वक्त्रस्य हरिल्लोमवलीहितः ।

ગાયનું દૂધ, ચારોળી, જેઠીમધ, જીવનીય ગણનાં ઔષધો, અને કાળા તલ એટલી વસ્તુઓનો જાડો લેપ મોં (ચહેરા) ઉપર કરવાથી હરિલ્લોમ (વાળ હરિત રંગના થઈ જવાનો રોગ) અને કરચલીઓ પડવાના રોગમાં ફાયદો કરે છે.

વાળ વધારવાનો અને રંગવાનો ઉપાય

तिलाः सामलकाः पद्मकिञ्जल्को मधुकं मधु ॥
बृंहयेद्रञ्जयेच्चैतत् केशान् मूर्धप्रलेपनात् ।

તલ, આમળાં, કમળની અંદરનું કેસર (તાંતણા), જેઠીમધ અને મધ–એટલી વસ્તુઓનો લેપ માથે કરવાથી વાળ વધે છે અને રંગાય છે.

વાળ વધારવાનો ઉપાય

मांसी कुष्ठं तिलाः कृष्णाः सारिवानीलमुत्पलम्
क्षौद्रं च क्षीरपिष्टानि केशसंवर्धनं परम् ।

જટામાંસી, ઉપલેટ, કાળા તલ, સારિવા, કાળું કમળ અને મધ–એટલી વસ્તુઓને ગાયના દૂધ સાથે લસોટીને માથે લેપ કરવો એ વાળ વધારવાનો ઉત્તમ ઉપાય છે.

अयोरजो भृङ्गरजस्त्रिफला कृष्णमृत्तिका ॥४२॥
स्थितमिक्षुरसे मासं समूलं पलितं रजेत् ।

લોખંડનો ભૂકો, ભાંગરો, ત્રિફળા, કાળી માટી (કે હીરાકસી)–એ બધાંને એક મહિના સુધી શેરડીના રસમાં રાખી મૂકીને પછી એનો માથે લેપ કરવાથી ધોળા વાળ રંગાઈ જાય છે.

माषकोद्रवधान्याम्लैर्यवागूस्त्रिदिनोषिता ॥४३॥
लोहशुक्लोत्कटा पिष्टा बलाकामपि रञ्जयेत् ।

અડદ, કોદરા અને ધાન્યામ્લની બનાવેલી યવાગૂને ત્રણ દિવસ રાખી મૂકીને એમાં ભારોભાર લોઢાનું ચૂર્ણ અને કાંજી નાખીને બધું ભેગું લસોટીને લેપ કરવાથી બગલીને પણ રંગ ચઢે છે.

માથાના બધા રોગોનો ઉપાય

प्रपौण्डरीकमधुकपिप्पलीचन्दनोत्पलैः ॥४४॥
सिद्धं धात्रीरसे तैलं नस्येनाभ्यञ्जनेन च ।
सर्वान् मूर्धगदान् हन्ति पलितानि च शीलितम्

કમળ, જેઠીમધ, પીપર, સુખડ, કાળું કમળ–એટલાના કલ્ક સાથે આમળાના રસમાં

સિદ્ધ કરેલું તેલ નસ્ય અને અભ્યંગ તરીકે રોજ વાપરવાથી માથાના બધા રોગો તથા પળિયાં મટે છે.

ગળાની હાંસડીથી ઉપરના ભાગના રોગોના ઉપાય

वरीजीवन्तिनिर्यासपयोभिर्यमकं पचेत् ।
जीवनीयैश्च तन्नस्य सर्वजत्रूर्ध्वरोगजित् ॥ ४६ ॥

શતાવરી અને જીવંતીના રસ અને ગાયના દૂધ સાથે જીવનીય ગણના ઔષધોનો કલ્ક નાખીને યમક સ્નેહ પકાવવો. એ યમક સ્નેહનું નસ્ય લેવાથી ગળાની હાંસડીથી ઉપરના ભાગના બધા રોગ મટે છે.

માયૂર ઘી

मयूरं पक्षपित्तान्त्रपादविट्तुण्डवर्जितम् ।
दशमूलबलारास्नामधुकैस्त्रिपलैर्युतम् ॥ ४७ ॥
जले पक्त्वा घृतप्रस्थं तस्मिन् क्षीरसमं पचेत् ।
कल्कितैर्मधुरद्रव्यैः सर्वजत्रूर्ध्वरोगजित् ॥ ४८ ॥
तदभ्यासीकृतं पानबस्त्यभ्यञ्जननावनैः ।

પાંખો, પિત્ત, આતરડા, પગ, અધાર અને માથુ–એટલી વસ્તુઓ મોરના શરીરમાથી કાઢી નાખ્યા પછી બાકી રહેલા મોરના શરીરમા ત્રણત્રણ પલ દશમૂળ, ખળદાણા, રાસ્ના અને જેઠીમધ નાખવા. પછી એ બધાનો પાણીમા (એક દ્રોણ પાણીમા) ક્વાથ કરવો. એ ક્વાથમા મધુર દ્રવ્યો(જીવનીય ગણના દ્રવ્યો)નો કલ્ક નાખીને દૂધ જેટલું જ (એક પ્રસ્થ દૂધ સાથે) એક પ્રસ્થ ઘી પકાવવુ. રોજ એ ઘીનો પીવા માટે તથા બસ્તિ, અભ્યંગ અને નસ્ય તરીકે ઉપયોગ કરવાથી ગળાની હાંસડીથી ઉપરના ભાગના બધા રોગ મટે છે.

મહામાયૂર ઘી

एतेनैव कषायेण घृतप्रस्थं विपाचयेत् ॥ ४९ ॥
चतुर्गुणेन पयसा कल्कैरेभिश्च कार्षिकैः ।
जीवन्तीत्रिफलामेदामृद्वीकर्द्धिपरूषकैः ॥ ५० ॥
समङ्गाचविकाभार्गीकाश्मरीकर्कटाह्वयैः ।
आत्मगुप्तामहामेदातालखर्जूरमस्तकैः ॥ ५१ ॥
मृणालबिसखर्जूरयष्टीमधुकजीवकैः ।
शतावरीविदारीक्षुबृहतीसारिवायुगैः ॥ ५२ ॥
मूर्वाश्वदंष्ट्रर्षभकशृङ्गाटककसेरुकैः ।
रास्नास्थिरातामलकीसूक्ष्मैलाशठिपौष्करैः ॥५३॥
पुनर्नवातवक्षीरीकाकोलीधन्वयासकैः ।
मधूकाक्षोटवाताममुञ्जाताभिषुकैरपि ॥ ५४ ॥
महामायूरमित्येतन्मायूरादधिकं गुणैः ।
धात्विन्द्रियस्वरभ्रंशश्वासकासार्दितापहम् ॥५५॥
योन्यसृक्शुक्रदोषेषु शस्तं वन्ध्यासुतप्रदम् ।

એ જ ક્વાથથી (શ્લોક ૪૬ને, ૪૭મા કહેલી વસ્તુઓના ક્વાથથી) તથા ઘી કરતાં ચારગણા ગાયના દૂધથી તથા ડોડી, ત્રિફળા, મેદા, કાળી દ્રાક્ષ, ઋદ્ધિ, ફાલસા, મજીઠ, ચવક, ભારંગ, શીવણી, કાકડાશીંગ, કૌચાં, મહામેદા, તાડનુ માથુ (તાડની ડાળીનો પૂંછડાનો ભાગ), ખજૂરીની ડાળીનો પૂંછડાનો ભાગ, કમળનાં કુમળા મૂળ, કમળની કુમળી દાંડી, ખજૂર, જેઠીમધ, જીવક, શતાવરી, ભોયકોળુ, શેરડી, બેઠીભોરીંગણી, ઊભી ભોરીંગણી, બને સારિવા, મોરવેલ (મૂરવેલ), ગોખરુ, ઋષભક, શિંગોડા, કસેલા, રાસ્ના, સમેરવો, ભોંઆમલી, ઝીણી એલચી, ષડ્કચૂરો, પુષ્કરમૂળ, સાટોડી, વંશલોચન, કાકોલી, ધમાસો, મહુડા, અખરોટ, બદામ, મુંજ અને અભિષુક–એટલા ઔષધોમાથી દરેક ઔષધ એકએક કર્ષ લઈને એ બધાના કલ્ક સાથે પકવેલુ એક પ્રસ્થ ઘી મહામાયૂર ઘી કહેવાય છે. એ ગુણમાં માયૂર ઘીથી ચઢિયાતુ છે તથા એ (મહામાયૂર ઘી) ધાતુઓનો, ઇંદ્રિયોનો તથા સ્વરનો નાશ મટાડે છે; દમ, ઉધરસ અને અડદિયો વા મટાડે છે; યોનિદોષ, લોહીના દોષ તથા વીર્યના દોષ મટાડવામા એ વખણાય છે તથા વાઝણીને પુત્ર આપે છે.

आखुभिः कुक्कुटैर्हंसैः शशैश्चेति प्रकल्पयेत् ॥५६

જે રીતે મોરનુ ઘી બનાવવાનું ઉપર કહ્યુ, તે જ રીતે મોરને બદલે ઉંદર, કૂકડા, હંસ અને સસલાનો ઉપયોગ કરીને ઘી બનાવવું.

ગળાની હાંસડીથી ઉપરના ભાગના ૨૩૧ રોગ

जत्रूर्ध्वजानां व्याधीनामेकत्रिंशच्छतद्वयम् ।

परस्परमसङ्कीर्णं विस्तरेण प्रकाशितम् ॥५७॥

ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં થતા ૨૩૧ રોગો એકબીજાથી તદ્દન અલગ અલગ વિસ્તારથી સમજાવ્યા છે.

(આંખના રોગ ૯૪, કાનના રોગ ૨૫, નાકના રોગ ૧૮, મોંના રોગ ૭૫, માથાના રોગ ૧૯=૨૩૧.)

હાંસડીથી ઉપરના ભાગના રોગની તરત ચિકિત્સા કરવાનું કારણ

ऊर्ध्वमूलमधः शाखमृषयः पुरुषं विदुः ।
मूलप्रहारिणस्तस्माद् रोगान् शीघ्रतरं जयेत् ॥५८

ઋષિઓ જાણે છે કે પુરુષ(માણસ)નું મૂળ ઊંચે છે અને એની શાખાઓ નીચે છે, માટે મૂળ (હાંસડીથી ઉપરનો ભાગ) ઉપર પ્રહાર કરનારા રોગોને બહુ જલદીથી મટાડવા.

सर्वेन्द्रियाणि येनास्मिन्
प्राणा येन च संश्रिताः ।
तेन तस्योत्तमाङ्गस्य रक्षायामादृतो भवेत् ॥५९॥

બધી ઇંદ્રિયો અને પ્રાણ એમાં (માથામાં) રહેલાં છે તેથી એ માથાની રક્ષા કરવામાં ધ્યાન દેવું.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने शिरोरोगप्रतिषेधो नाम चतुर्विंशोऽध्यायः ॥ २४ ॥

અધ્યાય ૨૫ મો—વ્રણ(ગૂમડું, ઘા)ના ઉપાય

अथातो व्रणप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે વ્રણ (ગૂમડું, ઘા) મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છેઃ

નિજ, આગંતુ, દુષ્ટ અને શુદ્ધ વ્રણ

व्रणो द्विधा निजागन्तुदुष्टशुद्धविभेदतः ।
निजो दोषैः शरीरोत्थैरागन्तुर्बाह्यहेतुजः ॥ १ ॥
दोषैरधिष्ठितो दुष्टः शुद्धस्तैरनधिष्ठितः ।

નિજ વ્રણ અને આગંતુ વ્રણ; દુષ્ટ વ્રણ અને શુદ્ધ વ્રણ એ વિભાગ(વર્ગીકરણ)ને હિસાબે વ્રણ બે પ્રકારનો છે. શરીરમાં ઉત્પન્ન થયેલા દોષોને લીધે થતો વ્રણ નિજ વ્રણ છે, શરીરની બહારના કારણથી થતો વ્રણ આગંતુ વ્રણ છેઃ જે વ્રણમાં (કોપેલા) દોષો રહેલા હોય તે દુષ્ટ વ્રણ છે અને જે વ્રણમાં દોષો નથી હોતા તે શુદ્ધ વ્રણ છે.

દુષ્ટ વ્રણનાં લક્ષણ

संवृतत्वं विवृतता काठिन्यं मृदुताऽति वा ॥ २ ॥
अत्युत्सन्नावसन्नत्वमत्यौष्ण्यमतिशीतता ।
रक्तत्वं पाण्डुता कार्ष्ण्यं पूतिपूयपरिस्रुतिः ॥३॥
पूतिमांससिरास्नायुच्छन्नतोत्सङ्गिताऽतिरुक् ।
संरम्भदाहश्वयथुकण्ड्वादिभिरुपद्रुतः ॥ ४ ॥
दीर्घकालानुबन्धश्च विद्याद् दुष्टव्रणाकृतिम् ।

વ્રણ બહુ સાંકડો, બહુ પહોળો, બહુ કઠણ, બહુ મૃદુ, બહુ ઉત્સેધવાળો, બહુ બેસી ગયેલો (ઓછા માંસવાળો, ખાડા પડી ગયેલો), બહુ ગરમ, બહુ ઠંડો, લાલ, ધોળો, કાળો, ગંધાતું પરુ નીકળે એવો; ગંધાતાં માંસ, શિરાઓ અને સ્નાયુઓથી છવાયેલો, બહુ પીડાવાળો; ઊભરાઈ આવે, બળતરા, સોજો, ખણુજ વગેરે ઉપદ્રવોવાળો, લાંબા વખત સુધી ચાલે એવો (રુઝાય નહિ એવો) હોય એ દુષ્ટ વ્રણનાં લક્ષણ જાણવાં.

દુષ્ટ વ્રણના પ્રકાર

स पञ्चदशधा दोषैः सरक्तैः

એ (દુષ્ટ વ્રણ) લોહી સાથે દોષોને લીધે પંદર પ્રકારનો છે. (વાયુનો, પિત્તનો, કફનો, વાતપિત્તનો, વાતકફનો, પિત્તકફનો, ત્રિદોષનો, રક્તવાતનો, રક્તપિત્તનો, રક્તકફનો, રક્તવાતપિત્તનો, રક્તવાતકફનો, રક્તપિત્તકફનો, રક્તવાતપિત્તકફનો અને એકલા રક્તનો એમ કુલ ૧૫ પ્રકાર છે.)

વાયુનો દુષ્ટ વ્રણ

तत्र मारुतात् ॥ ५ ॥
श्यावः कृष्णोऽरुणो भस्म-
कपोतास्थिनिभोऽपि वा ।
मस्तुमांसपुलाकाम्बुतुल्यतन्वल्पसंस्रुतिः ॥ ६ ॥
निर्मांसस्तोदभेदाढ्यो रूक्षश्चटचटायते ।

તેમાં (પંદર પ્રકારમાંથી) વાયુને લીધે થતો

દુષ્ટ વ્રણ બદામી રંગનો, કાળો, આછો લાલ; અથવા રખિયા, કબૂતર અને હાડકા જેવો; દહીંમાંથી છૂટતું પાણી, માંસનું પાણી અને સાતના ઓસામણ જેવી પાતળી અને થોડી રસી નીકળે એવો, માંસ વિનાનો. પુષ્કળ તોદ અને ભેદવાળો, લૂખો અને 'ચટ' 'ચટ' એવો અવાજ થાય એવો હોય છે.

પિત્તનો દુષ્ટ વ્રણ

पित्तेन क्षिप्रजः पीतो नीलः कपिलपिङ्गलः ॥
मूत्रकिंशुकभस्माम्बुतैलाभोष्णबहुस्रुतिः ।
क्षारोक्षितक्षतसमव्यथो रागोष्मपाकवान् ॥ ८ ॥

પિત્તને લીધે થતો દુષ્ટ વ્રણ ઝટ થાય છે, પીળો, ગળી જેવા રંગનો, કપિલ (માંજરા રંગનો), પિંગલ (કાળાશ પડતા પીળા રંગનો); પેશાબ, કેસૂડાંનું પાણી, રખિયાનું પાણી અને તેલ જેવી, ગરમ અને પુષ્કળ રસી નીકળે એવો; ચાંદાં ઉપર ક્ષાર ભભરાવવાથી જેવી પીડા થાય એવી પીડાવાળો, રતાશવાળો, ગરમ અને પાકવાળો હોય છે.

કફનો દુષ્ટ વ્રણ

कफेन पाण्डुः कण्डूमान् बहुश्वेतघनस्रुतिः ।
स्थूलौष्ठः कठिनः स्नायुसिराजालततोऽल्परुक् ॥

કફને લીધે થતો દુષ્ટ વ્રણ ધોળો, ખણુજવાળો; પુષ્કળ, ધોળી અને ઘાટી રસી નીકળે એવો, જાડા હોઠ(કિનાર)વાળો, કઠણ, સ્નાયુઓ અને શિરાઓનાં જાળાંથી છવાયેલો તથા થોડી પીડાવાળો હોય છે.

લોહીનો દુષ્ટ વ્રણ

प्रवालरक्तो रक्तेन सरक्तं पूयमुद्गिरेत् ।
वाजिस्थानसमो गन्धे युक्तो लिङ्गैश्च पैत्तिकैः ॥

લોહીથી થતો દુષ્ટ વ્રણ પરવાળા જેવો લાલ, લોહીવાળું પરુ નીકળે એવો, ઘોડાના તબેલા જેવો ગંધાતો અને પિત્તના દુષ્ટ વ્રણનાં લક્ષણોવાળો હોય છે.

द्वाभ्यां त्रिभिश्च सर्वैश्च विद्याल्लक्षणसङ्करात् ।

(વાયુ, પિત્ત, કફ અને લોહી એ ચારમાંથી ગમે તે) બેને લીધે, ત્રણને લીધે કે બધા(ચારે)ને લીધે થતા દુષ્ટ વ્રણનાં લક્ષણ ચારમાંથી જે ભેગાં થયાં હોય તેનાં ભેગાં લક્ષણો જેવાં હોય છે.

શુદ્ધ વ્રણ

जिह्वाप्रभो मृदुः श्लक्ष्णः श्यावौष्ठपिटिकः समः ॥
किञ्चिदुन्नतमध्यो वा व्रणः शुद्धोऽनुपद्रवः ।

શુદ્ધ વ્રણ જીભની પ્રભા જેવી પ્રભાવાળો, મૃદુ, શ્લક્ષ્ણ, બદામી રંગના હોઠ(કિનાર)વાળો, બદામી રંગની ફોલ્લીઓવાળો, સપાટ કે વચમાંથી જરા ઊંચો અને ઉપદ્રવો વિનાનો હોય છે.

વ્રણના આશય : સાધ્યાસાધ્ય

त्वगामिषसिरास्नायुसन्ध्यस्थीनि व्रणाशयाः ॥
कोष्ठो मर्म च तान्यग्रे दुःसाध्यान्युत्तरोत्तरम् ।

ચામડી, માંસ, શિરા, સ્નાયુ, સંધિ (સાંધા), હાડકાં, કોઠો અને મર્મ–એ વ્રણના આઠ આશયો (સ્થાન) છે. એ આશયોમાં થતા વ્રણ ઉત્તરોત્તર વધારે દુઃસાધ્ય છે (ચામડીના વ્રણ કરતાં માંસનો વ્રણ, માંસના વ્રણ કરતાં શિરાનો વ્રણ વધારે દુઃસાધ્ય છે. એ પ્રમાણે આઠે સ્થાનનું સમજવું).

સુસાધ્ય વ્રણ

सुसाध्यः सत्त्वमांसाग्निवयोबलवति व्रणः ॥ १३ ॥
वृत्तो दीर्घस्त्रिपुटकश्चतुरस्राकृतिश्च यः ।
तथा स्फिक्पायुमेढ्रौष्ठपृष्ठान्तर्वक्त्रगण्डगः ॥

સત્ત્વવાળાને(ધીરજવાળાને, હિંમતવાળાને), માંસલ માણસને. પ્રદીપ્ત જઠરાગ્નિવાળાને, જુવાન માણસને અને બળવાન માણસને થયેલો વ્રણ, ગોળ, લાંબો, ત્રિકોણાકાર અને ચોખૂણિયો વ્રણ તથા કૂલા ઉપર, ગુદા ઉપર, મૂત્રેંદ્રિયના હોઠ ઉપર, પીઠ ઉપર, મોંની અંદર અને ગાલ ઉપર થયેલો વ્રણ સહેલાઈથી મટી શકે છે.

કૃચ્છ્રસાધ્ય વ્રણ

कृच्छ्रसाध्योऽक्षिदशननासिकापाङ्गनाभिषु ।
सेवनीजठरश्रोत्रपार्श्वकक्षास्तनेषु च ॥ १५ ॥

આંખ, દાંત, નાક, અપાંગ, ડૂંટી, સેવની, જઠર, કાન, પડખાં, બગલ અને સ્તનમાં થયેલો વ્રણ દુઃસાધ્ય છે.

फेनपूयानिलवहः शल्यवानूर्ध्वतिर्यगी ।
भगन्दरोऽन्तर्वेदनस्तथा कट्यस्थिसंश्रितः ॥१६
कुष्ठिनां विषजुष्टानां शोषिणां मधुमेहिनाम् ।
व्रणाः कृच्छ्रेण सिध्यन्ति
येषां च स्युर्व्रणे व्रणाः ॥१७॥

ફીણ, પરુ અને પવન નીકળતાં હોય એવું, શલ્યવાળું, જેમાંથી પરુ શરીરની બહાર નીકળી જવાને બદલે શરીરમાં ઊંચું ચઢે એવું, જેનું મુખ ગુદાની અંદર હોય એવું તથા કમ્મરના હાડકામાં થયેલું ભગંદર અને કુષ્ઠરોગવાળાને, ઝેરથી પીડાતાને, શોષરોગવાળાને અને મધુમેહ રાગવાળાને થયેલા વ્રણ તથા જેમને વ્રણમાં વ્રણો થાય તેમના વ્રણો કૃચ્છ્રસાધ્ય છે.

અસાધ્ય વ્રણ

नैव सिध्यन्ति वीसर्पज्वरातीसारकासिनाम् ।
पिपासूनामनिद्राणां श्वासिनामविपाकिनाम् ॥१८
भिन्ने शिरःकपाले वा मस्तुलुङ्गस्य दर्शने ।

રતવા, તાવ, અતિસાર અને ઉધરસના રોગીના વ્રણ મટતા નથી. તરસના રોગથી પીડાતા માણસોના અને જેમને ઊંઘ ન આવતી હોય તેમના વ્રણો મટતા નથી, દમના રોગીના તથા મંદ અગ્નિવાળાના વ્રણ મટતા નથી, માથાની ખોપરી ફૂટે અને મગજ દેખાય એ વ્રણ મટતો નથી.

સાધ્ય વ્રણ પણ ક્યારે ન મટે?

स्नायुक्लेदात्सिराच्छेदा-
द्गाम्भीर्यात्कृमिभक्षणात् ॥ १९ ॥
अस्थिभेदात्सशल्यत्वात्सविषत्वादतर्कितात् ।
मिथ्यावन्धादतिस्नेहाद्रौक्ष्याद्रोमादिघट्टनात् ॥
क्षोभादशुद्धकोष्ठत्वात्सौहित्यादतिकर्शनात् ।
मद्यपानाद्दिवास्वप्नाद्व्यवायाद्रात्रिजागरात् ॥ २१
व्रणो मिथ्योपचाराच्च नैव साध्योऽपि सिध्यति ।

સ્નાયુમાં ક્લેદ થવાથી, શિરા કપાઈ જવાથી, ઘા ઊંડા હોવાથી, ઘાને કીડા કોરી ખાવાથી, હાડકું ચિરાવાથી, ઘામાં શલ્ય હોવાથી, ઘા વિષવાળો હોવાથી, વ્રણ કયા પ્રકારનો છે એનો તર્ક ન થઈ શક્યો હોવાથી, બાંધવો જોઈએ એનાથી અવળી જાતનો પાટો બાંધવાથી, બહુ સ્નેહન થવાથી, ઘા લૂખો પડી જવાથી, વાળ વગેરે ઘસાવાથી, ક્ષોભ થવાથી, કોઠો અશુદ્ધ હોવાથી, ધરાઈને ખાવાપીવાથી, બહુ કર્ષણ થવાથી (દરદીને બહુ દૂબળો પાડી નાખવાથી) દારૂ પીવાથી, દહાડે ઊંઘવાથી, મૈથુનથી, રાત્રે જાગવાથી અને અવળા (ખોટા, અશાસ્ત્રોક્ત) ઉપચાર કરવાથી સાધ્ય વ્રણ પણ મટતો નથી.

ઘા રુઝાતો હોવાનાં લક્ષણ

कपोतवर्णप्रतिमा यस्यान्ताः क्लेदवर्जिताः ॥२२॥
स्थिराश्चिपिटिकावन्तो रोहतीति तमादिशेत् ।

જે વ્રણની આજુબાજુની કિનાર કબૂતરના રંગ જેવા રંગની, ક્લેદ વિનાની, સ્થિર (વધેઘટે નહિ એવી) અને ફપોટાંવાળી હોય તે વ્રણ રુઝાય છે એમ કહેવું.

ગૂમડું વેરી નાખવાના ઉપાય

अथात्र शोफावस्थायां यथासन्नं विशोधनम् ॥२३॥
योज्यं शोफो हि शुद्धानां व्रणश्चाशु प्रशाम्यति ।

હવે આ રોગમાં (વ્રણમાં) શોફ (સોજાની, ગૂમડાની) અવસ્થા હોય ત્યારે (ગૂમડું ફૂટ્યા પહેલાં) મોં કે ગુદા એ બેમાંથી જે માર્ગ પાસે પડે તે માર્ગ (વમન કે વિરેચન કરાવીને) શોધન કરવું. જેમનું શોધન બરાબર થયું હોય તેવા માણસોનો સોજો (ગૂમડું) અને વ્રણ ઝટ શમી જાય છે.

कुर्याच्छीतोपचारं च शोफावस्थस्य सन्ततम् ॥२४
दोषाग्निरग्निवत्तेन प्रयाति सहसा शमम् ।

સોજાની અવસ્થામાં હોય તે વ્રણ (ન ફૂટેલું ગૂમડું) ઉપર ઠંડા ઉપચાર સતત ચાલુ રાખવા. એમ કરવાથી દેવતાની માફક દોષનો અગ્નિ એકદમ શાંત પડી જાય છે.

शोफे व्रणे च कठिने विवर्णे वेदनान्विते ॥२५॥
विषयुक्ते विशेषेण जलजाद्यैर्हरेदसृक् ।
दुष्टास्रेऽपगते सद्यः शोफरागरुजां शमः ॥२६॥

શોફ અને વ્રણ કઠણ, વિવર્ણ, પીડાવાળા, ઝેરવાળા હોય તો ખાસ કરીને જળો વગેરે સાધનોથી લોહી કાઢવું. એ રીતે બગડેલું

લોહી નીકળી જવાથી સોજો, રતાશ અને પીડા તરત શમી જાય છે.

हृते हृते च रुधिरे सुशीतैः स्पर्शवीर्ययोः ।
सुश्लक्ष्णैस्तदहः पिष्टैः क्षीरेक्षुस्वरसद्रवैः ॥ २७॥
शतधौतघृतोपेतैर्मुहुरन्यैश्शोपिभिः ।
प्रतिलोमं हितो लेपः सेकाभ्यङ्गाश्च तत्कृताः २८

આમ વારંવાર લોહી કાઢ્યા પછી અડકવામાં બહુ ઠંડાં તથા બહુ શીતવીર્ય દ્રવ્યોને ખૂબ ઝીણાં લસોટીને, એનો લેપ તથા દૂધ અને શેરડીના રસરૂપી દ્રવ્યોમાં તથા બીજાં ન સુકાઈ જાય એવાં દ્રવોમાં સો વાર ધોયેલું ઘી મેળવીને એનો લેપ ઊંધે રૂંવાડે (નીચેથી ઊંચે, ઊંચેથી નીચે નહિ) ચોપડવો તથા એ જ દ્રવ્યો વડે સેચન અને અભ્યંગ કરવા એ ફાયદાકારક છે.

न्यग्रोधोदुम्बराश्वत्थप्लक्षवेतसवल्कलैः ।
प्रदेहो भूरिसर्पिर्भिः शोफनिर्वापणः परम् ॥२९

વડ, ઉમેડો, પીપળો, પીપર અને નેતર-એટલાં ઝાડની કાગળ જેવી પાતળી છાલ-(અંતરછાલ)ના કલ્કમાં પુષ્કળ ઘી મેળવીને કરેલો જાડો લેપ સોજાને (ગૂમડાને) વેરી નાખવાનું ઉત્તમ ઔષધ છે.

वातोल्बणानां स्तब्धानां कठिनानां महारुजाम् ।
स्रुतासृजां च शोफानां व्रणानामपि चेदृशाम् ३०
आनूपवेसवाराद्यैः स्वेदः, सोमास्तिलाः पुनः ।
भृष्टा निर्वापिताः क्षीरे तत्पिष्टा दाहरुग्घराः ३१

જેમાં વાયુ વધારે કોપેલો હોય, જે સ્તબ્ધ, કઠણ અને બહુ પીડાવાળા હોય અને જેમાંથી લોહી કાઢ્યું હોય એવા સોજા ઉપર અને એવા વ્રણો ઉપર પણ અનૂપ દેશનાં પ્રાણીઓના માંસના વેસવાર વગેરેથી શેક કરવો. વળી અળશી અને તલ એ બંને શેકીને એને ગાયના દૂધમાં નાખીને ઠંડા પાડીને પછી એ અળશી અને તલને એ જ ગાયના દૂધ સાથે લસોટીને એનો લેપ કરવાથી બળતરા અને પીડા મટે છે.

स्थिरान् मन्दरुजः शोफान् स्नेहैर्वातकफापहैः ।
अभ्यज्य स्वेदयित्वा च वेणुनाड्या शनैः शनैः ॥
विम्लापनार्थं मृद्नीयात् तलेनाङ्गुष्ठकेन वा ।
यवगोधूममुद्गैश्च सिद्धपिष्टैः प्रलेपयेत् ॥ ३२ ॥

સ્થિર અને ધીમી પિડાવાળા સોજા (ગૂમડા. ઇ. Inflammation) ઉપર વાયુ અને કફને મટાડે એવા સ્નેહો વડે અભ્યંગ કરીને અને વાંસની નળી વડે નાડીસ્વેદ કરીને એને કરમાવી નાખવા માટે (વેરી નાખવા માટે) હથેલી વડે કે હાથના અંગૂઠા વડે ધીમેધીમે મસળવું અને પછી જવ, ઘઉં અને મગને સુરસવ સાથે લસોટીને એના ઉપર જાડો લેપ કરવો.

ગૂમડું ન વેરાય તો પકવવાનો ઉપાય

विलीयते स चेन्नैवं ततस्तमुपनाहयेत् ।
अविदग्धस्तथा शान्ति विदग्धः पाकमश्नुते ॥

જો એ રીતે ગૂમડું ન વેરાય તો તેના ઉપર ઉપનાહસ્વેદનો શેક કરવો. એમ કરવાથી જો ગૂમડું વિદગ્ધ નહિ થાય તો શમી જશે અને વિદગ્ધ થશે તો પાકશે.

ઉપનાહસ્વેદ(પોટીસ)નાં દ્રવ્યો

सकोलतिलवल्लोमा दध्यम्ला सक्तुपिण्डिका ।
सकिण्वकुष्ठलवणा कोष्णा शस्तोपनाहने ॥ ३५

બોર, તલ, વાલ, અળશી, કિણ્વ, ઉપલેટ અને સેંધવ નાખેલો દહીંથી ખાટો સાથુનો સશેકો ગોળો ઉપનાહસ્વેદમાં વખણાય છે.

કોના ગૂમડાનું ક્યારે દારણ કરવું?

सुपक्वे पिण्डिते शोफे पीडनैरुपपीडिते ।
दारणं दारणार्हस्य सुकुमारस्य चेष्यते ॥ ३६ ॥

સોજો (ગૂમડું) બરાબર પાકી જાય, ગૂમડાનું મોં થાય (ગૂમડાનું પરુ એક જગાએ ભેગું થાય) અને પીડન દ્રવ્યોથી જ્યારે એ તણાય (ખેંચાય) ત્યારે દારણ કરવાને યોગ્ય (સૂ. ૨૯/૧૦, ૧૦૩) સુકુમાર માણસના ગૂમડાનું દારણ કરવું એ ઇચ્છવા યોગ્ય છે.

પાકા ગૂમડાનાં દારણ ઔષધો

गुग्गुल्वतसिगोदन्तस्वर्णक्षीरीकपोतविट् ।
क्षारौषधानि क्षाराश्च पक्वशोफविदारणम् ॥३७॥

ગૂગળ, અળશી, હરતાલ, દારૂડી, કબૂતરની હગાર, ક્ષાર બનાવવાનાં ઔષધો (સૂ. ૩૦/૮થી ૧૧) અને ક્ષારો–એ પાકા સોજા(ગૂમડા)નું દારણ કરવાનાં ઔષધો છે.

પરુ બહાર ખેંચી કાઢવાના ઉપાય

धूपगर्भानणुद्वारान् सोत्सङ्गान्मर्मगानपि ।
निःस्नेहैः पीडनद्रव्यैः समन्तात्प्रतिपीडयेत् ॥३८॥

જેમાં પરુ ભરાયુ હોય. જેમાંથી પરુ બહાર નીકળવાને બદલે અંદર ઊંડું ઊતરતું હોય અને જે મર્મસ્થાન ઉપર આવ્યાં હોય એવા ઝીણાં દ્વારોની (પરુ બહાર નીકળી શકે એવાં ઝીણાં મોંની) આજુબાજુ સ્નેહ વિનાનાં પીડન દ્રવ્યોનો લેપ કરીને પરુ બહાર ખેંચી કાઢવું.

લેપ કરવાની રીત: કારણ

शुष्यन्तं समुपेक्षेत प्रलेपं पीडनं प्रति ।
न मुखे चैनमालिम्पेत् तथा दोषः प्रसिच्यते ॥३९

પીડન દ્રવ્યોનો (પરુ બહાર ખેંચવા માટે કરેલો) જાડો લેપ સુકાતો હોય તો એને સુકાવા દેવો. (પૂરો સુકાઈ રહે ત્યાં સુધી લેપ રહેવા દેવો.) ગૂમડાના કે ઘાના મોં ઉપર લેપ કરવો નહિ. એ રીતે (આ સૂચના પાળવાથી) દોષ (બગાડ, પરુ) બહાર નીકળે છે.

પીડન કરનારાં દ્રવ્યો

कलाययवगोधूममाषमुद्गहरेणवः ।
द्रव्याणां पिच्छिलानां च त्वङ्मूलानि प्रपीडनम् ॥

વટાણા, જવ, ઘઉં, અડદ, મગ અને રેણુકબીજ, તથા (ગૂંદા, ગૂગળ અને શીમળા જેવાં) પિચ્છિલ દ્રવ્યોનાં છાલ અને મૂળ—એ પીડન દ્રવ્ય છે.

ઘા ધોવાનાં ઔષધો

सप्तसु क्षालनाद्येषु सुरसारग्वधादिकौ ।
भृशं दुष्टे व्रणे योज्यौ मेहकुष्ठव्रणेषु च ॥ ४१ ॥

ક્ષાલન (ઘા ધોવો) વગેરે સાત કામમા સુરસાદિ ગણનાં ઔષધો અને આરગ્વધાદિ ગણનાં ઔષધો દુષ્ટ વ્રણમાં તથા પ્રમેહવાળાને થયેલા વ્રણોમાં અને કુષ્ઠવાળાને થયેલા વ્રણોમાં ખૂબ વાપરવાં.

(ક્ષાલન વગેરે સાત કામ=ક્ષાલન, આક્ષેપ, ઘૃત, તેલ, રસક્રિયા, ચૂર્ણ અને વાટ—શ્લોક ૬૫ૢ, ૬૬.)

अथवा क्षालनं क्वाथः पटोलीनिम्बपत्रजः ।
अविशुद्धे, विशुद्धे तु न्यग्रोधादित्वगुद्भवः ॥ ४२ ॥

અથવા જે ઘામાં બગાડ આવતો હોય એવા ઘાને પટોળના ઝાડનાં પાંદડાં અને લીમડાનાં પાંદડાંના કવાથથી ધોવો, પણ ઘા ચોખ્ખો થઈ જાય, ત્યારે એને ન્યગ્રોધાદિ ગણનાં વૃક્ષોની અંતરછાલના કવાથથી ધોવો.

ઘામાંથી બગાડ કાઢી નાખનાર લેપ

पटोलीतिलयष्ट्याह्वत्रिवृद्दन्तीनिशाद्वयम् ।
निम्बपत्राणि चालेपः सपट्वर्व्रणशोधनः ॥ ४३ ॥

પટોળ, તલ, જેઠીમધ, નસોતર, નેપાળો, હળદર, દારુહળદર, લીમડાનાં પાંદડાં અને સિંધવ—એટલી વસ્તુઓનો લેપ ઘાની આજુબાજુ કરવાથી ઘામાંથી બગાડ નીકળી જાય છે.

ઘામાંથી બગાડ કાઢનારી વાટ

व्रणान् विशोधयेद्वर्त्या
　　　　सूक्ष्मास्यान् सन्धिमर्मगान् ।
कृतया त्रिवृतादन्तीलाङ्गलीमधुसैन्धवैः ॥ ४४ ॥

નસોતર, નેપાળો, રતવેલિયો, મધ અને સિંધવ વડે બનાવેલી વાટ અંદર ખોસીને ઝીણા મોંવાળા, સાંધા ઉપર આવેલા અને મર્મસ્થાન ઉપર આવેલા ઘાને સાફ કરવા. (બગાડ કાઢી નાખવો.)

કેવા વ્રણને શાનો ધૂપ દેવો ?

वाताभिभूतान् सास्रावान् धूपयेदुग्रवेदनान् ।
यवाज्यभूर्जमदनश्रीवेष्टकसुराह्वयैः ॥ ४५ ॥

વાયુથી પીડાતા, બગાડ થોડો નીકળતો હોય એવા અને તીવ્ર પીડાવાળા વ્રણોને જવ, ઘી, ભૂર્જપત્ર, મીણ, સરલવૃક્ષનો ગુંદર અને દેવદારનો ધૂપ દેવો.

પિત્ત, લોહી અને વિષના વ્રણમાં શું કરવું ?

निर्वापयेद् भृशं शीतैः पित्तरक्तविषोल्बणान् ।

જે વ્રણમાં પિત્ત, લોહી અને વિષ અધિક હોય, તેમને ઠંડા ઉપચારથી શાંત પાડવા. (બળતરા શમાવવી.)

સૂકા અને થોડા માંસવાળા ઊંડા ઘાનું ઉત્સાદન

शुष्काल्पमांसे गम्भीरे व्रण उत्सादनं हितम् ॥
न्यग्रोधपद्मकादिभ्यामश्वगन्धाबलातिलैः ।

अथान्मांसादमांसानि विधिनोपहितानि च ॥
मांसं मांसादमांसेन वर्धते शुद्धचेतस ।

જેમા માસ સુકાઈ ગયુ હોય, જેમા માંસ થોડુ હોય એવા ઊંડા ઘામા ઉત્સાદન કરવુ (ઘાને ઊંચો આણવો, ઘામાં ખાડો રહી જાય તો માસ ઉગાડીને ઘાને ઊંચો આણવો), એ હિતકર છે. આ કામ માટે વડ, પદ્મકાષ્ઠ, આસોદ, ખળદાણા અને તેલનો ઘામાં લેપ કરવો અને માસ ખાનારા પ્રાણીઓના માસને વિધિપુરઃસર તૈયાર કરીને ખાવા. જે માણસનુ ચિત્ત શુદ્ધ હોય છે (શોક, ક્રોધ વગેરે મનના વિકારો વિનાનુ હોય છે), તેનુ માસ, માસ ખાઈને રહેનાર પ્રાણીઓનુ માસ ખાવાથી વધે છે. (માસ ખાનાર પ્રાણી–સિંહ, બાજ વગેરે.)

મૃદુ ઉત્સાદવાળા ઘાનું અવસાદન

उत्सन्नमृदुमांसानां व्रणानामवसादनम् ॥ ४८ ॥
जातीमुकुलकासीसमनोह्वालपुराग्निभिः ।

જે ઘામા મૃદુ માસ ઊપસી આવ્યુ હોય, તે વાનું જાઈની કળીઓ, હીરાકસી, મણશીલ, હરતાલ, ગૂગળ અને ચિત્રો–એટલી વસ્તુઓથી (લેપ કરીને) અવસાદન કરવુ (માસને સરખુ કરી દેવુ).

ક્ષારકર્મથી કેવા ઘા સાફ કરવા?

उत्सन्नमांसान् कठिनान्
कण्डूयुक्तांश्चिरोत्थितान् ॥
व्रणान् सुदुःखशोध्यांश्च शोधयेत् क्षारकर्मणा ।

જે ઘાનુ માસ ઊપસી આવ્યુ હોય, જે વા કઠણ હોય, જે ઘામા ખણુજ આવતી હોય, જે ઘા લાબા વખતથી પડ્યા હોય અને જે ઘાને સાફ કરવા બહુ જ મુશ્કેલ હોય, તે ઘાને ક્ષારનો ઉપયોગ કરીને સાફ કરવા.

કેવા ઘાને ડામ દઈને સાફ કરવા?

स्रवन्तोऽश्मरिजा मूत्रं ये चान्ये रक्तवाहिनः ॥
छिन्नाश्च सन्धयो येषां यथोक्तैर्ये च शोधनैः ।
शोध्यमाना न शुध्यन्ति
शोध्याः स्युस्तेऽग्निकर्मणा ॥ ५१ ॥

પથરીથી થયેલા જે વ્રણમાથી પેશાબ નીકળ્યા કરતો હોય, અને બીજા પણ જે ઘામાથી લોહી નીકળ્યા કરતુ હોય, જે ઘાના સાધાના ભાગ તૂટી ગયા હોય તથા જે ઘા આગળ કહેવાઈ ગયેલા શોધન (ઘામાથી બગાડ કાઢી નાખવાના) ઔષધો વડે શોધન કર્યા છતા શુદ્ધ થતા ન હોય, તે ઘાનુ શોધન ડામ દઈને કરવુ.

શુદ્ધ વ્રણને કેવી રીતે રૂઝવવો?

शुद्धानां रोपणं योज्यमुत्सादाय यदीरितम् ।

ઉત્સાદન કરવા માટે (શ્લોક ૪૬ટ્ટે, ૪૭ મા) જે દ્રવ્યો કહેલા છે તે શુદ્ધ થયેલા વ્રણોને રૂઝવવા માટે વાપરવા.

વ્રણ રુઝાવે એવું ઉત્તમ ઔષધ

अश्वगन्धा रुहा रोध्रं कट्फलं मधुयष्टिका ॥ ५२
समङ्गा धातकीपुष्पं परमं व्रणरोपणम् ।

આસોદ, ધરો (દ્રો), લોધર, કાયફળ, જેઠીમધ, લજામણી, ધાવડીના ફૂલ–એ ઘા રુઝાવનાર ઉત્તમ ઔષધ છે.

अपेतपूतिमांसानां मांसस्थानामरोहताम् ॥ ५३ ॥
कल्कं संरोहणं कुर्यात्
तिलानां मधुकान्वितम् ।

જેમાથી ગંધાતું (સડેલુ) માસ કાઢી નાખવામા આવ્યુ છે, એવા માસમા થયેલા વ્રણ જો રુઝાય નહિ તો તલના કલ્કમા જેઠીમધ ભેળવીને એનો લેપ કરીને ઘા રુઝાવવો.

તલના કલ્કના યોગ

स्निग्धोष्णतिक्तमधुरकषायत्वेः स सर्वजित् ॥५४॥
स क्षौद्रनिम्बपत्राभ्यां युक्तः संशोधनं परम् ।
पूर्वाभ्यां सर्पिषा चासौ
युक्तः स्यादाशु रोपणः ॥ ५५ ॥

એ તલનો કલ્ક સ્નિગ્ધ, ગરમ, કડવો, ગળ્યો અને તૂરો હોવાથી એ બધા દોષોને મટાડે છે. એ તલના કલ્કમા મધ અને લીમડાનાં પાદડાં ભેળવવાથી એ ઉત્તમ સંશોધન (ઘામાથી બગાડ કાઢી નાખે એવુ ઔષધ) બને છે, અને એ તલના કલ્કમા પહેલા કહેલી બે વસ્તુઓ (મધ અને લીમડાના પાદડા) તથા ઘી ભેળવવાથી એ ઘાને ઝટ રૂઝ આણે છે.

જવના કલ્કના યોગ

तिलवद्यवकल्कं तु केचिदिच्छन्ति तद्विदः ।

ઉપર શ્લોક ૫૪થી ૫૫માં તલના કલ્કના જે જે ઉપયોગ કરવાના કહ્યા છે, તે તે ઉપયોગ તલના કલ્કને બદલે જવના કલ્કના કરવા એવુ વ્રણના નિષ્ણાતો ઇચ્છે છે.

પિત્તના અને લોહીના વગેરે વ્રણ શી રીતે રૂઝવવા?

सास्रपित्तविषागन्तु-
गम्भीरान् सोष्मणो व्रणान् ॥ ५६ ॥
क्षीररोपणभैषज्यशृतेनाज्येन रोपयेत् ।
रोपणौषधसिद्धेन तैलेन कफवातजान् ॥ ५७ ॥

લોહીના, પિત્તના, વિષના, આગંતુ અને ગંભીર (ઊંડા) ગરમ વ્રણોને ગાયના દૂધમાં રુઝાવનારાં ઔષધોનો કલ્ક નાખીને સિદ્ધ કરેલા ઘીની વાટ ભરીને રૂઝવવા તથા કફના અને વાયુના વ્રણોને રૂઝવનારાં ઔષધોથી સિદ્ધ કરેલા તેલથી રૂઝવવા.

काच्छीरोध्राभयासर्जसिन्दूराञ्जनतुत्थकम् ।
चूर्णितं तैलमदनैर्युक्तं रोपणमुत्तमम् ॥ ५८ ॥

ફટકડી, લોધર, હરડે, રાળ, સિંદૂર, સૌવીરાંજન અને મોરથૂથુ-એટલાંના ચૂર્ણને તેલ અને મીણમાં કાલવીને ચોપડવું. એ ઘા રૂઝવનારું ઉત્તમ ઔષધ છે.

કેવા ઘાને ચૂર્ણથી રૂઝવવા?

समानां स्थिरमांसानां त्वक्स्थानां चूर्णं इष्यते ।

જે ઘા સરખા (સપાટ, ખાડાટેકરા વિનાના) હોય, જે ઘાનું માંસ સ્થિર હોય, જે ઘા માત્ર ચામડીમાં હોય, તેમને રૂઝવવા માટે ચૂર્ણ ઇચ્છાય છે.

રૂઝવવા માટેનું ચૂર્ણ

ककुभोदुम्बराश्वत्थजम्बूकट्फलरोध्रजैः ॥ ५९ ॥
त्वचमाशु निगृह्णन्ति त्वक्चूर्णैश्चूर्णिता व्रणाः ।

સાદડ, ઉમેડા (ઉંબરો), પીપળો, જાંબુડી, કાયફળ અને લોધર-એટલાંની અંતરછાલનાં ચૂર્ણો જો (શુદ્ધ) ઘામાં દબાવવામાં આવે, તો ઝટ ચામડી આવે છે.

ચામડીને શુદ્ધ કરવા માટે લેપ

लाक्षामनोह्वामञ्जिष्ठाहरितालनिशाद्वयैः ॥ ६० ॥
प्रलेपः सघृतक्षौद्रस्त्वग्विशुद्धिकरः परम् ।

લાખ, મણશીલ, મજીઠ, હરતાલ, હળદર અને દારુહળદરના ચૂર્ણને ઘી અને મધમાં કાલવીને કરેલો લેપ ચામડીને શુદ્ધ કરવાનો ઉત્તમ ઉપાય છે.

ઘા ઉપરની ચામડીનો રંગ શરીરની ચામડી જેવો કરવા માટે લેપ

कालीयकलताम्रास्थिहेमकालारसोत्तमैः ॥ ६१ ॥
लेपः सगोमयरसः सवर्णकरणः परम् ।

દારુહળદર, ધરો (કે કાગ), કેરીની ગોટલી, કમળ, સારિવા, પારો-એટલી વસ્તુઓમાં ગાયના છાણનો રસ નાખીને કરેલો લેપ ઘા ઉપર આવેલી ચામડીના રંગને શરીરની ચામડીના રંગ જેવો કરે છે.

ઘા રુઝાયા પછી વાળ ઉગાડવા માટે લેપ

दग्धो वारणदन्तोऽन्तर्धूमं तैलं रसाञ्जनम् ॥६२॥
रोमसञ्जननो लेपस्तद्वत्तैलपरिप्लुता ।
चतुष्पान्नखरोमास्थित्वक्शृङ्गखुरजा मषी ॥६३॥

ધુમાડી બહાર ન નીકળી જાય એ રીતે હાથીદાંતને બાળીને કરેલી ભસ્મ, તેલ અને રસવંતીનો લેપ તથા ચોપગાં પ્રાણીનાં નખ, વાળ, હાડકાં, ચામડી, શીંગડાં અને ખરીમાંથી બનાવેલી મસીને તેલમા ડુબાડી રાખીને એ રગડાનો કરેલો લેપ વાળ ઉગાડે છે.

व्रणिनः शास्त्रकर्मोक्तं पथ्यापथ्यान्नमादिशेत् ।

વ્રણવાળાઓને શસ્ત્રકર્મવિધિના અધ્યાયમાં (સૂ. ૨૯/૩૩થી શરૂ થતુ) કહેલુ પથ્ય અને અપથ્ય સમજાવવું (દેખાડવું).

વાયુના, પિત્તના, કફના અને ત્રિદોષના વ્રણ માટે

द्वे पञ्चमूले वर्गश्च वातघ्नो वातिके हितः ॥६४॥
न्यग्रोधपद्मकाद्यौ तु तद्वत्पित्तप्रदूषिते ।
आरग्वधादिः श्लेष्मघ्नः कफे, मिश्रास्तु मिश्रजे ॥६५

દશમૂળ અને વાયુ મટાડે એવા વર્ગનાં ઔષધો વાયુના વ્રણમાં ફાયદો કરે છે, તે જ પ્રમાણે ન્યગ્રોધાદિ ગણનાં અને પદ્મકાદિ ગણનાં ઔષધો પિત્તથી બગડેલા વ્રણમા ફાયદો કરે છે,

કફના વ્રણમાં કફને મટાડનાર આરગ્વધાદિ ગણનાં ઔષધો ફાયદો કરે છે અને ભેગા દોષના વ્રણમાં તે તે દોષ મટાડે એવા વર્ગનાં ઓષધો ભેગાં વાપરવાથી ફાયદો થાય છે.

एभिः प्रक्षालनं लेपो घृतं तैलं रसक्रिया ।
चूर्णो वर्तिश्च संयोज्या व्रणे सप्त यथायथम् ॥६६

એ (શ્લોક ૬૪, ૬૪૩, ૬૫માં કહેલાં) ઓષધો ઘા ધોવામાં, લેપ કરવામાં, ઘી બનાવવામાં, તેલ બનાવવામાં, મલમ બનાવવામાં, ચૂર્ણ બનાવવામાં અને વાટ બનાવવામાં–એ સાત ક્રિયામાં જ્યાં જેની જરૂર હોય તે પ્રમાણે વાપરવા.

ઝીણા મોંવાળા અને મર્મ ઉપર થયેલા ઘાને સાફ કરીને રૂઝવવાનો ઉપાય

जातीनिम्बपटोलपत्रकटुकादार्वीनिशासारिवा-
मञ्जिष्ठाभयसिक्थतुत्थमधुकैर्नक्ताह्वबीजान्वितैः ।
सर्पिः साध्यमनेन सूक्ष्मवदना मर्माश्रिताः क्लेदिनो
गम्भीराः सरुजो व्रणाः सगतयः
शुष्यन्ति रोहन्ति च ॥ ६७ ॥

જાઈનાં પાંદડાં, લીમડાનાં પાંદડાં, પટોળનાં પાંદડાં, કડુ, દારુહળદર, હળદર, સારિવા, મજીઠ, સુગંધિ વાળો, મીણ, મોરથૂથુ, જેઠીમધ અને કણજીનાં બી–એટલાં ઓષધોથી ઘી સિદ્ધ કરવું. એ ઘીની વાટ ભરવાથી (કે, ચોપડવાથી) સૂક્ષ્મ મુખવાળા, મર્મસ્થાન ઉપર થયેલા, કલેદવાળા, ઊંડા, પીડાવાળા, પ્રસરતા(=નાડીવ્રણ બનતા) વ્રણોમાંથી બગાડ નીકળી જાય છે અને રુઝાઈ જાય છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने व्रणप्रतिषेधो नाम पञ्चविंशोऽध्यायः ॥ २५ ॥

અધ્યાય ૨૬ મો–સદ્યોવ્રણના ઉપાય

अथातः सद्योव्रणप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે સદ્યોવ્રણ (શ્લોક ૧થી ૧૩) મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

સદ્યોવ્રણનાં લક્ષણ અને પ્રકાર

सद्योव्रणा ये सहसा सम्भवन्त्यभिघाततः ।
अनन्तैरपि तैरङ्गमुच्यते ज्युप्रमष्टधा ॥ १ ॥

અભિઘાત(ઝાટકો, ફટકો, પછાડ, કચ્ચર વગેરે)ને લીધે જે વ્રણો એકાએક થાય છે તે સદ્યોવ્રણ છે. (વાગવા, કપાવા, પછડાવા, કચરાવા વગેરેને લીધે જે સોજો કે ઘા એકાએક થાય છે, તેને સદ્યોવ્રણ કહે છે.) અસંખ્ય પ્રકારના એ સદ્યોવ્રણો વડે શરીર પીડાતું હોવા છતાં શરીર સદ્યોવ્રણોથી આઠ રીતે પીડાય છે એમ કહેવાય છે.

સદ્યોવ્રણના આઠ પ્રકાર

घृष्टावकृत्तविच्छिन्नप्रविलम्बितपातितम् ।
विद्धं भिन्नं विदलितं

ઘૃષ્ટ, અવકૃત્ત, વિચ્છિન્ન, પ્રવિલમ્બિત, પાતિત, વિદ્ધ, ભિન્ન અને વિદલિત. (આ દરેકનાં લક્ષણ નીચે આપ્યાં છે:)

આઠ પ્રકારના સદ્યોવ્રણનાં લક્ષણ

तत्र घृष्टं लसीकया ॥ २ ॥
रक्तलेशेन वा युक्तं सप्लोषं छेदनात् स्रवेत् ।
अवगाढं ततः कृत्तं, विच्छिन्नं स्यात्ततोऽपि च ॥३
प्रविलम्बि सशेषेऽस्थ्नि, पतितं पातितं तनोः ।
सूक्ष्मास्यशल्यविद्धं तु विद्धं कोष्ठविवर्जितम् ॥४
भिन्नमन्यद्विदलितं मज्जरक्तपरिप्लुतम् ।
प्रहारपीडनोत्पेषात् सहास्थ्ना पृथुतां गतम् ॥५॥

એમાંથી, ઘૃષ્ટ (કરકરી વસ્તુથી પડેલો ઘસારો કે ઉઝરડો) લસીકા(અં. લિમ્ફ)વાળું કે જરા લોહીવાળું અને બળતરાવાળું હોય છે. એનાથી ઊંડું કપાવાથી (ચામડીનાં સાતે પડ સુધી ઊંડું કપાવાથી) કૃત્ત થાય છે તેમાંથી લોહી નીકળે છે. તેનાથી પણ વધારે ઊંડું કપાય તેને વિચ્છિન્ન કહે છે. ફક્ત હાડકું જ કપાયા સિવાય બાકી રહે પણ હાડકા સિવાયનું બીજું બધું કપાય તેને પ્રવિલંબી કહે છે. અંગ કપાઈને શરીરથી છૂટું પડે તેને પાતિત કહે છે. કોઠા સિવાયનો શરીરનો બીજો ભાગ ઝીણા મુખવાળા શસ્ત્રથી વીંધાય તેને વિદ્ધ કહે છે. બીજાને (કોઠો ઝીણા મુખવાળા શસ્ત્રથી વીંધાય

તેને) ભિન્ન કહે છે. (હથોડો ઘણ વગેરેના) પ્રહારથી, દબાવાથી કે ખૂંદાવાથી અંગ મજ્જા અને લોહીથી તરબોળ થઈને હાડકા સાથે ચપટું થઈ જાય તેને વિદલિત કહે છે.

બધા સદ્યોવ્રણમાં પહેલા સાત દિવસ કરવાનો સામાન્ય વિધિ

(શ્લોક પાથી ૧૩)

सद्यः सद्योव्रणं सिञ्चेदथ यष्ट्याह्वसर्पिषा ।
तीव्रव्यथं कवोष्णेन बलातैलेन वा पुनः ॥ ६ ॥

હવે તીવ્ર પીડાવાળા સદ્યોવ્રણ ઉપર તરત જ જેઠીમધના સશેકા ઘી વડે કે સશેકા બલા-તેલ વડે સેચન કરવુ.

क्षतोष्मणो निग्रहार्थं तत्कालं विसृतस्य च ।
कषायशीतमधुरस्निग्धा लेपादयो हिताः ॥ ७ ॥

તે વખતે ક્ષત(સદ્યોવ્રણ)ની ગરમીને ફેલાતી કરવા માટે અને ક્ષતની ફેલાયેલી ગરમીને વધારે ફેલાતી રોકવા માટે તૂરા, ઠંડા, ગળ્યા અને સ્નિગ્ધ લેપ વગેરે હિતકારક છે.

सद्योव्रणेष्वायतेषु सन्धानार्थं विशेषतः ।
मधुसर्पिश्च युञ्जीत पित्तघ्नीश्च हिमाः क्रियाः ॥८॥

સદ્યોવ્રણ લાંબા હોય ત્યારે એમને સાંધવા માટે (જોડવા માટે, રૂઝવવા માટે) ખાસ કરીને મધ અને ઘી ભેગાં મૂકવાં તથા પિત્તનો નાશ કરે એવી ઠંડી ક્રિયાઓ કરવી.

ससंरम्भेषु कर्तव्यमूर्ध्वं चाधश्च शोधनम् ।
उपवासो हितं भुक्तं प्रततं रक्तमोक्षणम् ॥९॥

સદ્યોવ્રણ સોજાવાળા હોય તો ઉપરથી અને નીચેથી (મોથી અને ગુદાથી વમન અને વિરેચન વડે) શોધન કરવું, ઉપવાસ કરાવવા (ઉપવાસ છૂટ્યા પછી ક્રમસર) પથ્ય ભોજન (સૂ. અ. ૨૯/૩૩કૈથી ૩૬કૈ) આપવું અને વારંવાર લોહી કાઢવું.

घृष्टे विदलिते चैव सुतरामिष्यते विधिः ।
तयोर्ह्यल्पं स्रवत्यस्रं पाकस्तेनाशु जायते ॥ १० ॥

ઘૃષ્ટમાં અને વિદલિતમાં ઉપરનો વિધિ વધારે ઇચ્છાય છે; કારણ કે એ બે પ્રકારના સદ્યોવ્રણમાં (કોપેલું) લોહી થોડું જ નીકળે છે તેથી તે જલ્દી પાકે છે.

अत्यर्थमस्रं स्रवति प्रायशोऽन्यत्र विक्षते ।
ततो रक्तक्षयाद्वायौ कुपितेऽतिरुजाकरे ॥ ११ ॥
स्नेहपानपरीषेकस्वेदलेपोपनाहनम् ।
स्नेहवस्तिं च कुर्वीत वातघ्नौषधसाधितम् ॥१२॥

ઘૃષ્ટ અને વિદલિત સિવાયનાં બાકીનાં બીજાં ક્ષતોમાં (સદ્યોવ્રણોમાં) સામાન્ય રીતે પુષ્કળ લોહી વહી જાય છે (નીકળે છે) તેથી લોહી ઓછું થવાથી કોપેલો વાયુ જ્યારે બહુ જ પીડા કરે, ત્યારે સ્નેહપાન, સ્નેહનું સેચન, સ્નેહન સ્વેદ, લેપ, ઉપનાહ અને વાયુ મટે એવા ઔષધોથી તૈયાર કરેલી સ્નેહબસ્તિ આપવી.

સાત દિવસ પછી કરવાનો સામાન્ય વિધિ

इति साप्ताहिकः प्रोक्तः सद्योव्रणहितो विधिः ।
सप्ताहाद्गतवेगे तु पूर्वोक्तं विधिमाचरेत् ॥ १३ ॥

આ રીતે સદ્યોવ્રણમાં પહેલા સાત દિવસ સુધી કરવા માટેનો હિતકર વિધિ કહ્યો. પણ સાત દિવસે જ્યારે ક્ષતનું જોર નરમ પડે ત્યારે પહેલા (ઉ. અ. ૨૫મા) કહેલો વિધિ કરવો.

प्रायः सामान्यकर्मेदं

આ સામાન્ય રીતે (આઠ પ્રકારના સદ્યોવ્રણ માટે) સામાન્ય ક્રિયા છે.

वक्ष्यते तु पृथक्पृथक् ।

હવે દરેક પ્રકારના સદ્યોવ્રણના જુદા જુદા ઉપાય કહેવામાં આવશે.

ઘૃષ્ટમાં શું કરવું?

घृष्टे रुजं निगृह्याशु व्रणे चूर्णानि योजयेत् ॥१४॥

ઘૃષ્ટમાં (ઘસાયું કે છોલાયુ હોય તેમાં) પહેલાં પીડા મટાડીને પછી ચૂર્ણો દબાવવાં. (દાખલા તરીકે પાંચે ક્ષીરીવૃક્ષની અંતરછાલનાં ચૂર્ણો દબાવવાં.)

કૃત્તમાં શું કરવું?

कल्कादीन्यवकृत्ते तु

પણ કૃત્તમાં (ઔષધના) કલ્ક વગેરે મૂકવા (ભરવા).

विच्छिन्नप्रविलम्बिनोः ।
सीवनं विधिनोक्तेन बन्धनं चानु पीडनम् ॥१५

વિચ્છિન્ન અને પ્રવિલંબીમા અગાઉ (સૂત્ર સ્થાન અ. ૨૯/૪૮ થી ૫૬મા) કહેલા વિધિ પ્રમાણે સીવવું અને પછી પીડન (ઘામાંથી ખરાડ બહાર નીકળે એવી રીતનો) પાટો બાંધવો.

વિચ્છિન્ન અને પ્રવિલંબી આંખના ઉપાય

असाध्यं स्फुटितं नेत्रमदीर्णं लम्बते तु यत् ।
सन्निवेश्य यथास्थानमव्याविद्धसिरं भिषक् ॥
पीडयेत् पाणिना पद्मपलाशान्तरितेन तत् ।
ततोऽस्य सेचने नस्ये तर्पणे च हितं हविः ॥१७
विपक्वमाज यष्ट्याह्वजीवकर्षभकोत्पलैः ।
सपयस्कं परं तद्धि सर्वनेत्राभिघातजित् ॥१८

ફૂટી ગયેલી આખ અસાધ્ય છે, પણ જે આંખ ફૂટ્યા વિના માત્ર લબડી પડી હોય તેને વૈદ્યે એના યોગ્ય સ્થાનમા (આખના ખામણુમા) પાછી એવી રીતે અસલની માફક ગોઠવી દેવી કે શિરાઓ ગૂચાઈ ન જાય (કે શિરાઓને ઈજા ન પહોચે). પછી હથેળીમા કમળનુ (લીલું) પાંદડુ રાખીને (હથેળી અને આખ એ બેની વચમા કમળનુ પાદડુ રહે એવી રીતે હથેળીમા કમળનું પાદડુ રાખીને) હથેળી વડે આખને અંદર દબાવવી. પછી એના ઉપર સેચન કરવા માટે, નસ્ય માટે અને તર્પણ માટે બકરીના દૂધમા જેઠીમધ, જીવક, ઋષભક અને કાળા કમળનો કલ્ક નાખીને પકવેલુ બકરીનું ઘી વાપરવુ એ ફાયદાકારક છે, કારણ કે એ ઘી આખને થયેલા બધા અભિઘાતો મટાડવામા ઉત્તમ છે.

વાગવાથી આંખ ઊંડી પેસી ગઈ હોય તો શું કરવું?

गलपीडाऽवसन्नेऽक्ष्णि वमनोत्कासनक्षवाः ।
प्राणायामोऽथवा कार्यः क्रिया च क्षतनेत्रवत् ॥

જો (વાગવાને લીધે) આખ ઊડી ઊતરી ગઈ હોય તો ગળુ દબાવવુ, વમન કરાવવુ, ઉધરસ ખવડાવવી, છીકો ખવડાવવી અથવા પ્રાણાયામ કરાવવો તથા ક્ષતનેત્રમા કરવાની ક્રિયા કરવી (=આંખમા ક્ષત થયું હોય તે માટે કરવાની ક્રિયા કરવી).

કાન ખસી જાય તો શું કરવુ?

कर्णं स्थानाच्च्युते स्यूते स्रोतस्तैलेन पूरयेत् ।

કાન જો એની જગાએથી ખસી ગયો હોય તો એને (બરાબર ગોઠવીને) સીવી લઈને કાનના સ્રોતમા ટીપેટીપે તેલ ભરવુ.

બોચી કપાય તો શું કરવું?

कृकाटिकायां छिन्नायां निर्गच्छत्यपि मारुते ॥२०
समं निवेश्य बध्नीयात् स्यूत्वा शीघ्रं निरन्तरम् ।
आजेन सर्पिषा चात्र परिषेकः प्रशस्यते ॥२१॥
उत्तानोऽन्नानि भुञ्जीत, शयीत च सुयन्त्रितः ।

જો બોચી કપાય તો વાયુ નીકળતો હોય છતાં બોચીને બરાબર ગોઠવીને અને તરત પાસેપાસે સીવી લઈને પાટો બાંધવો, એમા (પાટો બાંધેલી બોચી ઉપર) બકરીના ઘી વડે સેચન કરવું એ વખાણવા જેવુ છે. દરદીએ ચત્તાપાટ સૂતાસૂતા અન્ન ખાવા (=ખાવુપીવુ) અને બોચી હાલી ન જાય એ રીતે બરાબર બધાઈને કે પકડાઈને સૂવુ.

શાખાઓમાં ત્રાંસો અભિઘાત થયો હોય તો શું કરવું?

घातं शाखासु तिर्यक्स्थं
गात्रे सम्यङ्निवेशिते ॥ २२ ॥
स्यूत्वा वेल्लितबन्धेन बध्नीयाद् घनवाससा ।
चर्मणा गोष्फणाबन्धः कार्यश्चासङ्गते व्रणे ॥२३

શરીરની શાખાઓમા ત્રાસુ વાગ્યુ હોય તો અવયવને બરાબર ગોઠવીને અને સીવી લઈને ઘટ્ટ વસ્ત્ર વડે વેલ્લિત બંધ (સૂ. ૨૯/૫૮) બાંધવો, અને જો વ્રણ જોડાઈ ન જાય તો ચામડા વડે ગોફણા બંધ (સૂ. ૨૯/૬૦) બાંધવો.

અંડ લબડી પડે તો શું કરવું?

पादौ विलम्बिमुष्कस्य प्रोक्ष्य नेत्रे च वारिणा ।
प्रवेश्य वृषणौ सीव्येत् सेवन्या तुन्नसंज्ञया ॥२४
कार्यश्च गोष्फणाबन्धः कट्यामावेश्य पट्टकम् ।
स्नेहसेकं न कुर्वीत तत्र क्लिद्यति हि व्रणः ॥२५

જે માણસના અંડ બહાર નીકળી લબડતા હોય તેના પગ અને આખો ઉપર પાણી છાટીને પછી અંડને કોથળીમા દાખલ કરી દઈને તૂણવાની રીતે સીવણ લઈને સીવવુ અને

લંગોટીની માફક કમ્મરમાં ખોસાય એવી રીતે ગોફણાબંધ બાંધવો (સૂ. ૨૯/૬૦). એમાં સ્નેહનું સેચન કરવું નહિ; કારણ કે એમ કરવાથી વ્રણમાં ક્લેદ થાય છે.

कालानुसार्यगुर्वेलाजातीचन्दनपर्पटैः ।
शिलादार्व्यमृतातुत्थैः सिद्धं तैलं च रोपणम् ॥

તગર, અગર, એલચી, જાઈ, સુખડ, પિત્તપાપડો, મણશીલ, દારુહળદર, ગળો અને મોરથુથુ વડે સિદ્ધ કરેલું તેલ મૂકવાથી અંડ રુઝાય છે.

હાથપગ કપાઈને છૂટા પડ્યા હોય તો શું કરવું?

छिन्नां निःशेषतः शाखां दग्ध्वा तैलेन युक्तितः
बध्नीयात् कोशबन्धेन ततो व्रणवदाचरेत् ॥ २७ ॥

શાખા (હાથ કે પગ) આખા કપાઈ ગયા હોય તો એને (હાથના ઠુંઠાને) કકડતા તેલથી યુક્તિપૂર્વક ડામીને કોશબંધ (સૂ. ૨૯/૫૯½) પાટો બાંધવો અને પછી વ્રણ માફક ઉપચાર કરવા.

ભિન્નમાં અને વિદલિતમાં શું કરવું?

कार्या शल्याहृते विद्धे भङ्गाद्विदलिते क्रिया ।

જે વિધિ (ક્રિયા) શલ્ય કાઢવા માટે કરવાનો છે (સૂ. ૨૮) તે વિદ્ધ માટે કરવો અને જે વિધિ ભંગરોગ માટે કહ્યો છે (ઉ. ૨૭) તે વિદલિત માટે કરવો.

शिरसाऽपहृते शल्ये वालवर्तिं प्रवेशयेत ॥२८॥
मस्तुलुङ्गच्युतेः क्रुद्धो हन्यादेनं चलोऽन्यथा ।
व्रणे रोहति चैकैकं शनैरपनयेत्कचम् ॥ २९ ॥

માથામાંથી શલ્ય કાઢ્યા પછી ઘામા વાળની બનાવેલી વાટ ભરવી (દાખલ કરવી), નહિ તો મગજની મજ્જા બહાર વહી જવાથી વાયુ કોપીને એને (દરદીને) મારી નાખે. જેમ જેમ ઘા રુઝાતો જાય તેમ તેમ ધીમેધીમે એકએક વાળ (વાટમાંથી) ઓછો કરવો.

मस्तुलुङ्गस्रुतौ खादेन्मस्तिष्कानन्यजीवजान् ।

જો મગજની મજ્જા વહી જતી હોય તો બીજાં પ્રાણીઓનું મગજ ખાવું.

शल्ये हृतेऽङ्गादन्यस्मात्स्नेहवर्तिं निधापयेत् ॥३०

(માથા સિવાયના) બીજા અંગમાંથી શલ્ય કાઢ્યા પછી ઘામાં સ્નેહવર્તિ ભરવી. (સ્નેહવર્તિ=સ્નેહ ચોપડેલી વાટ.)

दूरावगाढाः सूक्ष्मास्या ये व्रणाः स्रुतशोणिताः ।
सेचयेच्चक्रतैलेन सूक्ष्मनेत्रार्पितेन तान् ॥ ३१ ॥

જે વ્રણો દૂર સુધી ઊંડા હોય અને જેમનાં મોં ઝીણાં હોય તે વ્રણોમાંથી લોહી સાફ કરી નાખીને (તે વ્રણોને લોહી વિનાના બનાવીને–સુશ્રુત. ચિ. ૨/૭૨,૭૨½) એ વ્રણોમાં ઝીણી (આઠ આગળ લાંબી અને મગ જેવડા મોંવાળી) નાડી (ભૂંગળી) ખોસીને એ ભૂંગળી દ્વારા ઘામા ચક્રતેલ રેડવું.

(ચક્રતેલ=૧. ઘાણીમાં તલ પીલીને કાઢેલું તરતનું તેલ. ૨. ઘાણીના યંત્રના લાકડામાંથી અણુતેલ બનાવવાની રીતે કાઢેલું તેલ.)

ભિન્ન કોઠામાં લોહી ભરાય તો શું થાય?

भिन्ने कोष्ठेऽसृजा पूर्णे मूर्च्छाहृत्पार्श्ववेदनाः ।
ज्वरो दाहस्तृडाध्मानं भक्तस्यानभिनन्दनम् ॥३२
सङ्गो विण्मूत्रमरुतां श्वासः स्वेदोऽक्षिरक्तता ।
लोहगन्धित्वमास्यस्य
स्याद् गात्रे च विगन्धता ॥ ३३ ॥

જ્યારે ભિન્ન કોઠો (શ્લોક ૪½) લોહીથી ભરાય છે, ત્યારે મૂર્ચ્છા, હૃદયમાં પીડા, પડખાંમાં પીડા, તાવ, દાહ, તરસ, આધ્માન, ખાવાનો અણગમો; ઝાડો, પેશાબ અને વાછૂટ ન થાય, હાંફ, પરસેવો, આંખમાં રતાશ, મોંમાંથી લોહીની ગંધ આવે અને શરીરમાંથી–દુર્ગંધ આવે–એટલા ઉપદ્રવો થાય છે:

આમાશયમાં લોહી ભરાય તો શું થાય?

आमाशयस्थे रुधिरे रुधिरं छर्दयत्यपि ।
आध्मानेनातिमात्रेण शूलेन च विशस्यते ॥३४॥

આમાશયમાં લોહી ભરાય તો લોહીની ઊલટીઓ થવા છતા પણ આધ્માન અને અતિશય શૂળને લીધે દરદી મરી જાય છે.

પક્વાશયમાં લોહી ભરાય તો શું થાય?

पक्वाशयस्थे रुधिरे सशूलं गौरवं भवेत् ।
नाभेरधस्ताच्छीतत्वं खेभ्यो रक्तस्य चागमः ॥३५

પક્વાશયમાં લોહી ભરાય તો ડૂંટીથી નીચે

શૂળ આવે અને ભાર લાગે, ડૂંટીથી નીચેનો ભાગ ઠંડો થઈ જાય અને સ્રોતોમાંથી લોહી નીકળે.

પક્વાશય ભિન્ન ન થાય છતાં અંદર લોહી ભરાવાનું કારણ

अभिन्नोऽप्याशयः सूक्ष्मैः स्रोतोभिरभिपूर्यते ।
असृजा स्यन्दमानेन पार्श्वे मूत्रेण बस्तिवत् ॥३६

જેમ પક્વાશયની બાજુમાં આવેલું મૂત્રાશય (અં. બ્લેડર) એની આસપાસનાં સ્રોતો દ્વારા વહેતા મૂત્રથી ભરાય છે, તેમ પક્વાશય ભેદાયું ન હોય છતાં પણ સૂક્ષ્મ સ્રોતો દ્વારા વહેતું લોહી એમાં ભરાય છે.

(મૂત્રાશયમાં પેશાબ શી રીતે ભરાય છે તે બાબતનો આયુર્વેદનો નિર્ણય આ શ્લોકમાં સૂચવ્યો છે. સુશ્રુતસંહિતા ચિ. ૨/૧૮, ૧૯માં આ વાત વધારે સ્પષ્ટ રીતે લખી છે.)

અસાધ્ય ભિન્ન સદ્યોવ્રણ

तत्रान्तर्लोहितं शीतपादोच्छ्वासकराननम् ।
रक्ताक्षं पाण्डुवदनमानद्धं च विवर्जयेत् ॥३७॥

એમાંથી ભિન્ન સદ્યોવ્રણમાં જે ભિન્ન કોઠાવાળા દરદીના આશયમાં લોહી ભરાઈ રહેતું હોય, પગ, ઉચ્છ્વાસ, હાથ અને મોં ઠંડાં હોય, આંખો રાતી હોય, મોં ધોળું (ફિક્કું) હોય અને આનાહ થયો હોય તે દરદીને (અસાધ્ય ગણીને) છોડી દેવો.

સાધ્ય ભિન્નની ચિકિત્સા

आमाशयस्थे वमनं हितं, पक्वाशयाश्रिते ।
विरेचनं निरूहं च निःस्नेहोष्णैर्विशोधनैः ॥३८॥

લોહી આમાશયમાં હોય તો વમન અને પક્વાશયમાં હોય તો લૂખાં અને ગરમ શોધન દ્રવ્યો વડે રેચ અને નિરૂહબસ્તિ આપવાં એ હિતકારક છે.

यवकोलकुलत्थानां रसैः स्नेहविवर्जितैः ।
भुञ्जीतान्नं यवागूं वा पिबेत्सैन्धवसंयुताम् ॥३९॥

જવ, બોર અને કળથીના રસોમાં સ્નેહ નાખ્યા વિના એનું ભોજન કરવું અથવા સિંધવ નાખીને યવાગૂ પીવી.

अतिनिःस्रुतरक्तस्तु भिन्नकोष्ठः पिबेदसृक् ।

પણ જેનો કોઠો ભિન્ન થયો હોય એના કોઠામાંથી જો પુષ્કળ લોહી નીકળી ગયું હોય તો એણે લોહી પીવું.

क्लिष्टच्छिन्नान्त्रभेदेन कोष्ठभेदो द्विधा स्मृतः ४०
मूर्च्छादयोऽल्पाः प्रथमे, द्वितीये त्वति बाधकाः
क्लिष्टान्त्रः संशयी देही छिन्नान्त्रो नैव जीवति ॥४१

ક્લિષ્ટાન્ત્રભેદ અને છિન્નાન્ત્રભેદ એ બે કોષ્ઠના ભેદના (=ભિન્ન કોષ્ઠના, કોષ્ઠમાં ભિન્ન નામના સદ્યોવ્રણના) બે પ્રકાર છે. પહેલા પ્રકારમાં મૂર્ચ્છા વગેરે (શ્લોક ૩૧થી ૩૩) થોડા પ્રમાણમાં હોય છે, પણ બીજા પ્રકારમાં મૂર્ચ્છા વગેરે બહુ નડતરરૂપ (પીડાકારી) હોય છે; ક્લિષ્ટાન્ત્રભેદવાળો માણસ જીવશે કે નહિ એ બાબતમાં સંશય રહે છે (=કદાચ જીવી પણ જાય), પણ છિન્નાન્ત્રભેદવાળો માણસ તો જીવતો જ નથી.

(ક્લિષ્ટાન્ત્રભેદ=આંતરડાને ઈજા થવી. છિન્નાન્ત્રભેદ=આંતરડાં કપાઈ જવાં.)

यथास्वं मार्गमापन्ना यस्य विण्मूत्रमारुताः ।
व्युपद्रवः स भिन्नेऽपि कोष्ठे जीवत्यसंशयम् ॥

કોઠો ભિન્ન થયો હોવા છતાં જે માણસનાં ઝાડો, પેશાબ અને વાછૂટ પોતપોતાને રસ્તે નીકળતાં હોય અને જેને મૂર્ચ્છા વગેરે ઉપદ્રવો (શ્લોક ૩૧થી ૩૩) ન થતા હોય તે માણસ ચોક્કસ જીવતો રહે છે.

अभिन्नमन्त्रं निष्क्रान्तं प्रवेश्यं न त्वतोऽन्यथा ।
पिपीलिकाशिरोग्रस्तं तदप्येके वदन्ति तु ॥४३॥

આંતરડાં ભિન્ન થયા વિના બહાર નીકળી પડ્યાં હોય તો એમને પાછાં અંદર ગોઠવી દેવાં, નહિ તો નહિ (=ભિન્ન થઈને બહાર નીકળ્યાં હોય તો અંદર ન ગોઠવવાં). પણ કેટલાક એમ કહે છે કે ભિન્ન થયેલાં આંતરડાંને પણ કીડીઓ (કે મંકોડા) વળગાડીને મંકોડાના મોંમાં આંતરડું પકડાઈને જોડાય એટલે મંકોડાનું ધડ કાપી નાખીને મંકોડાના મોંમાં પકડાવાથી જોડાયેલું આંતરડું અંદર પેસાડી દેવું. (આંતરડાંની જે બે કિનારો જોડવાની હોય તેને ગોળનું પાણી ચોપડીને પછી આંગળ-

આંગળને અંતરે મંકોડા વળગાડવા. મંકોડાનું માથું માંસ વર્ગનું હોવાથી એ શલ્યરૂપ બનતું નથી અને ચાંપ(ક્લીપ)ની માફક આંતરડાંને જોડેલું રાખે છે.)

प्रक्षाल्य पयसा दिग्धं तृणशोणितपांसुभिः ।
प्रवेशयेत्क्लृप्तनखो घृतेनाक्तं शनैः शनैः ॥ ४४ ॥

બહાર નીકળી પડેલાં આંતરડાં જો તણખલાં, લોહી અને ધૂળથી ખરડાયાં હોય તો બરાબર કાપેલા નખવાળા વૈદ્યે આંતરડાંને દૂધથી ધોઈને અને પછી ઘી ચોપડીને ધીમેધીમે અંદર પેસાડી દેવાં.

क्षीरेणार्द्रीकृतं शुष्कं भूरिसर्पिःपरिप्लुतम् ।
अङ्गुल्या प्रमृशेत्कण्ठं जलेनोद्वेजयेदपि ॥ ४५ ॥
तथाऽन्त्राणि विशन्त्यन्तस्तत्कालं पीडयन्ति च ।

સુકાયેલા આંતરડાને દૂધથી ભીનું કરીને અને પુષ્કળ ઘીમાં બોળીને (અંદર) પેસાડવુ. ગળામાં આંગળી ઘાલવી કે દરદીના ઉપર પાણી છાંટીને એને ભડકાવવો. એવું કરવાથી આંતરડું તરત પાછુ અંદર પેસી જાય છે અને દબાવે છે (દબાણ કરીને પોતાને યોગ્ય સ્થાને ગોઠવાઈ જાય છે).

व्रणसौक्ष्म्याद्बहुत्वाद्वा कोष्ठमन्त्रमनाविशत् ॥४६॥
तत्प्रमाणेन जठरं पाटयित्वा प्रवेशयेत् ।

વ્રણ ઝીણુ (સાંકડો) હોવાથી કે બહાર નીકળી પડેલુ આંતરડુ બહુ હોવાથી જો આંતરડાને કોઠામાં પેસાડી શકાય એમ ન હોય તો તેના (આંતરડાના) પ્રમાણમાં જઠર ચીરીને પછી આંતરડાને અંદર પેસાડી દેવું.

यथास्थानं स्थिते सम्यगन्त्रे सीव्येदनु व्रणम् ॥
स्थानादपेतमादत्ते जीवितं कुपितं च तत् ।
वेष्टयित्वाऽनु पट्टेन घृतेन परिषेचयेत् ॥ ४८ ॥
पाययेत ततः कोष्णं चित्रातैलयुतं पयः ।
मृदुक्रियार्थं शकृतो वायोश्चाधः प्रवृत्तये ॥ ४९ ॥
अनुवर्तेत वर्षं च यथोक्तां व्रणयन्त्रणाम् ।

આંતરડાં પોતાના સ્થાનમાં બરાબર ગોઠવાઈ જાય ત્યારપછી વ્રણને સીવી લેવો. આંતરડું પોતાના સ્થાનમાંથી ખસી ગયુ હોય કે અસ્તવ્યસ્ત થઈ ગયું હોય તો તે જીવ લે છે. પછી (વ્રણને સીવી લીધા પછી) એના ઉપર પાટો વીટીને એના ઉપર ઘીનું સેચન કરવું. પછી ઝાડો સરળતાથી (મૃદુ રીતે, ઘસારા વિના, જોર કર્યા વિના) ઊતરે અને અપાન વાયુ નીચો ઊતરે તે માટે સહેજ ચિત્રાતેલ (દિવેલ–ડસ્થહણુ) પાવુ, અને વ્રણ માટે પાળવાની કહેલી પરેજ (ઉ. ૨૫/૬૩⅔) એક વરસ સુધી પાળવી.

ભિન્ન ઉદરમાં શું કરવુ?

उदरान्मेदसो वर्ति निर्गतां भस्मना मृदा ॥५०॥
अवकीर्य कषायैर्वा श्लक्ष्णैर्मूलैस्ततः समम् ।
दृढं बद्ध्वा च सूत्रेण वर्धयेत्कुशलो भिषक् ॥५१॥
तीक्ष्णेनाग्निप्रतप्तेन शस्त्रेण सकृदेव तु ।
स्यादन्यथा रुगाटोपो मृत्युर्वा छिद्यमानया ॥
सक्षौद्रे च व्रणे बद्धे सुजीर्णेऽन्ने घृतं पिबेत् ।
क्षीरं वा शर्कराचित्रालाक्षागोक्षुरकैः शृतम् ॥५३
रुग्दाहजित्सयष्ट्याह्वैः परं पूर्वोदितो विधिः ।
मेदोग्रन्थ्युदितं तत्र तैलमभ्यञ्जने हितम् ॥५४॥

ઉદરમાંથી (ભિન્ન થયેલા ઉદરમાંથી) બહાર નીકળી પડેલી ચરબીની વર્તિ (વાટો) ઉપર રાખોડી, કાળી માટી કે તૂરાં ઔષધોનાં મૂળનું સુવાળું ચૂર્ણ ભભરાવીને પછી એને સરખી રહે એ રીતે દોરીથી મજબૂત બાંધીને કુશળ વૈદ્યે અગ્નિમાં તપાવેલા તીક્ષ્ણ શસ્ત્રથી એક જ વાર (શસ્ત્રને પહેલે લસરકે જ) કાપી નાખવી. ઉપર જે રીતે કાપવાનુ કહ્યુ છે તેનાથી જુદી રીતે કાપવામાં આવે તો પીડા, આટોપ કે મોત પણ થાય. પછી વ્રણમાં મધ ભરીને પાટો બાંધી દીધા પછી જ્યારે અન્ન સારી રીતે પચી જાય, ત્યારે પીડા અને બળતરા મટાડવા માટે ઘી પીવુ, અથવા સાકર, એરંડો, લાખ, ગોખરુ અને જેઠીમધ વડે સિદ્ધ કરેલું દૂધ પીવું. ત્યાર પછી પહેલાં (વ્રણપ્રતિષેધ માટે ઉ. અ. ૨૫માં) કહેવાયેલો વિધિ કરવો. એમાં અભ્યંગ કરવા માટે મેદોગ્રંથિ માટે કહેલું તેલ વાપરવું એ હિતકર છે. (ઉદરમાંથી નીકળેલી મેદોવર્તિ જો ક્ષતમાં પેસાડવા છતાં ન પેસે કે પેસે પછી પાછી બહાર નીકળે તો જ એને કાપવા-

ની છે.–ડલ્હણ.)

(મેદોગ્રંથિ માટે કહેલું તેલ–સુશ્રુતસંહિતા ચિ. ૧૮/૧૯ને. બે જાતની હળદર, ચણોઠી, વાસની છાલ અને ઇંગોરિયું–એટલાનો કલ્ક નાખીને તેલથી ચારગણા ગાયના મૂતરમાં સિદ્ધ કરેલું તેલ.)

સદ્યોવ્રણને રૂઝવે એવું ઉત્તમ તેલ

तालीस पद्मकं मांसीहरेण्वगुरुचन्दनम् ।
हारिद्रे पद्मबीजानि साशीरं मधुकं च ते. ॥५५
पक्वं सद्योव्रणेपूक्तं तैलं रोपणमुत्तमम् ।

તાલીસપત્ર, પદ્મકાષ્ઠ, જટામાસી, રેણુક બીજ, અગર, સુખડ, હળદર, દારુહળદર, કમળના બી, વીરણ વાળો અને જેઠીમધ–એટલી વસ્તુઓથી પકવેલું તેલ સદ્યોવ્રણમાં ઉત્તમ રુઝાવનારું ઔષધ કહ્યું છે.

મૂઢ મારના કે કઢંગા કે ઊંચેથી પતનના ઉપાય

गूढप्रहाराभिहते पतिते विषमोच्चकैः ॥ ५६ ॥
कार्यं वातास्रजित् तृप्तिमर्दनाभ्यञ्जनादिकम् ।

છૂપો માર વાગ્યો હોય (મૂઢ માર વાગ્યો હોય), કઢંગી (કઢંગી) રીતે પડાયું હોય કે ઊંચેથી પડાયું હોય તો વાતરક્તને મટાડે એવા તર્પણ, ચંપી, અભ્યંગ વગેરે કરવું.

ઊતરેલા, ખસેલા, હચમચેલા અંગના, ક્ષીણતાના તથા મર્મ ઉપરના મારના ઉપાય

निश्लिष्टदेहं मथित क्षीणं मर्माहतं हतम् ॥५७॥
वासयेत्तैलपूर्णायां द्रोण्यां मांसरसाशिनम् ॥५७३

જેનું અંગ ઊતરી ગયું હોય (કે પોતાના સ્થાનમાંથી ખસી ગયું હોય, જેને કોઈ બળવાન માણસે હચમચાવી નાખ્યો હોય, જે (મુસાફરી વગેરેથી) ક્ષીણ થઈ ગયો હોય અને જેને મર્મસ્થાન ઉપર માર વાગ્યો હોય, તેમને ખોરાક તરીકે માંસરસ આપતો અને મારવાળું અંગ તેલમાં બોળાયલું રહે એ રીતે તેલથી ભરેલી કોઠીમાં બેસાડવો.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने सद्योव्रणप्रतिषेधो नाम षड्विंशोऽध्यायः ॥ २६ ॥

અધ્યાય ૨૭ મો–ભગના ઉપાય

अथातो भङ्गप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે ભંગ (હાડકાં ભાગે, ઊતરે કે ખસી જાય) મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે.

ભંગના પ્રકાર:

સંધિમુક્ત અને કાંડભગ્નનાં લક્ષણ

पातघातादिभिर्द्वेधा
भङ्गोऽस्थ्नां सन्ध्यसन्धितः ।
प्रसारणाकुञ्चनयोरशक्तिः सन्धिमुक्तता ॥ १ ॥
इतरस्मिन् भृशं शोफः सर्वावस्थास्वतिव्यथा ।
अशक्तिश्चेष्टितेऽल्पेऽपि पीड्यमाने सशब्दता ॥
समासादिति भङ्गस्य लक्षणं, बहुधा तु तत् ।
भिद्यते भङ्गभेदेन

પડવું, વાગવું વગેરે કારણોથી હાડકાંનો ભંગ બે રીતે થાય છે. ૧. સાંધામાં અને ૨. સાંધા વિનાના ભાગમાં (કાંડભાગમાં). (સાંધામાં થતા ભગને સંધિમુક્ત–સાંધામાંથી છૂટું પડી જવું–કહે છે અને કાંડના ભંગને કાંડભગ અથવા કાંડભગ્ન કહે છે.) સંધિમુક્ત ભગમાં અંગને સાંધામાંથી લાંબુંટૂંકું કરી શકાતું નથી (=સાંધો અંગને લાંબુટૂંકું કરવાનું પોતાનું કામ કરી શકતો નથી); બીજામાં (=કાંડભંગમાં) પુષ્કળ સોજો આવે છે, બધી અવસ્થાઓમાં ઘણી જ પીડા થાય છે, (એ ભાગનું) જરા પણ હલનચલન કરી શકાતું નથી, એ ભાગને દબાવવામાં આવે તો 'કટકટ' અવાજ થાય છે. ટૂંકામાં ભગના આટલા લક્ષણ છે. ભગ અનેક પ્રકારનો થતો હોવાથી ભંગભેદના અનેક પેટા પ્રકાર પાડવામાં આવે છે (પણ એ બધા પ્રકારનો સમાવેશ સંધિમુક્ત અને કાંડભગ એ બે મુખ્ય પ્રકારોમાં થઈ જતો હોવાથી આ ગ્રંથમાં પેટા પ્રકાર ગણાવ્યા નથી.)

तस्य सर्वस्य साधनम् ॥ २ ॥

यथा स्यादुपयोगाय तथा तदुपदेक्ष्यते ।

એ બધી જાતના ભંગને મટાડવાના ઉપાય ઉપયોગી થઈ પડે એ રીતે કહેવામાં આવશે.

દુઃસાધ્ય ભંગ

प्राज्याणुदारि यत्त्वस्थि
स्पर्शे शब्दं करोति यत् ॥ ४ ॥
यत्रास्थिलेशः प्रविशेन्मध्यमस्थ्नो विदारितः ।
भग्नं यच्चाभिघातेन किञ्चिदेवावशेषितम् ॥ ५ ॥
उन्नम्यमानं क्षतवद्यच मज्जनि मज्जति ।
तद्दुःसाध्यं कृशाशक्तवातलाल्पाशिनामपि ॥ ६ ॥

જેનું હાડકું કાંડમાંથી ભાગીને એના અનેક ઝીણા ટુકડા થઈ ગયા હોય (=પાટિત કાંડભંગ), જે કાંડભંગમાં અડકવાથી કટકટ અવાજ થતો હોય (=ચૂર્ણિત કાંડભંગ), જે કાંડભંગમાં આખા રહેલા હાડકાનો અંશ ભાગેલા હાડકાની વચમાં પેસી જાય, જે કાંડભગ્નમાં અભિઘાતથી ભાગેલું હાડકું એક બાજુથી જરા જોડાયેલું રહ્યુ હોય (=છિન્ન કાંડભગ્ન), કાંડભગ્નમાં જે હાડકાને ઊંચું કરવાથી ક્ષત જેવુ થાય, જે હાડકું મજ્જામાં ડૂબી જાય (=મજ્જાનુગત કાંડભંગ), તથા દૂબળા, અશક્ત, વાયુ પ્રકૃતિવાળા અને માપ કરતાં થોડું ખાનાર માણસને થયેલો ભંગ દુઃસાધ્ય છે.

અસાધ્ય ભંગ

भिन्नं कपालं यत् कट्यां
सन्धिमुक्तं च्युतं च यत् ।
जघनं प्रति पिष्टं च भग्नं यत्तद्विवर्जयेत् ॥ ७ ॥

કમ્મરનું હાડકું ભાગે તે છયે પ્રકારના સંધિમુક્ત ભંગ, સાધામાંથી ઊતરી જઈને હાડકું લબડી પડે તે (=ચ્યુત), સાથળમાં થયેલો ઉત્પિષ્ટ નામનો સંધિમુક્ત ભગ્ન(=ભંગ)–એટલા ભંગ (અસાધ્ય હોવાથી) છોડી દેવા.

સુશ્રુત શા. ૫/૨૦ પ્રમાણે નિતંબ–કટિ–ના હાડકાને કપાલ કહેવાય છે.

૭ પ્રકારના સંધિમુક્ત ભંગ: ઉત્પિષ્ટ, વિશ્લિષ્ટ, વિવર્તિત, અવક્ષિપ્ત, અતિક્ષિપ્ત અને તિર્યક્ક્ષિપ્ત. ઉત્પિષ્ટમાં સાધાંમાં જોડાયલાં બે હાડકાંના છેડા સામસામા ઘસાય છે. વિશ્લિષ્ટમાં સાંધામાં જોડાયલાં બે હાડકાં સાંધામાંથી જરાક જ ઢીલાં પડી જાય છે. વિવર્તિતમાં સાંધામાં જોડાયલાં બે હાડકાં સાંધામાંથી છટકી જઈને ફરી જાય છે. અવક્ષિપ્તમાં એક કે બંને હાડકાં સાંધામાંથી છૂટાં પડીને નીચાં ઊતરી જાય છે. અતિક્ષિપ્તમાં એક કે બંને હાડકાં સાંધામાંથી છટકી જઈને એકબીજાથી દૂર જતાં રહે કે એકબીજાની ઉપર ચઢી જાય છે. તિર્યક્ક્ષિપ્તમાં હાડકું સાંધામાંથી છટકીને ત્રાંસું થઈ જાય છે.

'ચ્યુત' એ એક પ્રકારનો સંધિમુક્ત ભંગ છે; છતા એના પર ભાર મૂકવા જુદો ગણાવ્યો છે.

असंश्लिष्टकपालं च ललाटं चूर्णितं तथा ।
यच्च भग्नं भवेच्छङ्खशिरःपृष्ठस्तनान्तरे ॥ ८ ॥

કપાલ નામે ઓળખાતુ હાડકું સાંધામાથી જરા ઊતરી જાય (કપાલ હાડકાંનો વિશ્લિષ્ટ સંધિમુક્ત ભંગ થાય), લલાટમાં ચૂર્ણિત નામનો કાંડભંગ થાય તથા લમણાં, માથું, પીઠ અને બે સ્તનના વચગાળામાં ભગ્ન (સંધિમુક્ત અને કાંડભંગ) થાય (તે પણ અસાધ્ય છે).

વિશ્લિષ્ટ–જુઓ શ્લોક ૬નું, ૭.

ચૂર્ણિત–જે કાંડભંગમાં અડકવાથી અવાજ થાય તેને ચૂર્ણિત કાડભંગ સમજવો. (સુશ્રુત)

सम्यग्यमितमप्यस्थि दुर्न्यासाद् दुर्निबन्धनात् ।
सङ्क्षोभादपि यद्गच्छेद्विक्रियां तद्विवर्जयेत् ॥ ९ ॥
आदितो यच्च दुर्जातमस्थिसन्धिरथापि वा ।

જે હાડકું બરાબર બાંધેલું (પાટા બાંધીને રાખેલું) હોવા છતા પણ બરાબર ગોઠવાયેલું (જોડાયેલું) ન હોવાને લીધે બગડ્યું હોય (ઊંચુંનીચું, આઘુંપાછું કે ખાડાટેકરાવાળું થઈ ગયુ હોય, ખોડ થઈ ગઈ હોય), જે હાડકું (બરાબર ગોઠવાયું હોવા છતાં) બરાબર પાટો ન બંધાયો હોવાને લીધે બગડ્યું હોય, જે હાડકું (બરાબર ગોઠવાયુ હોય અને બંધાયુ પણ હોય છતાં) મૈથુન વગેરે ક્રિયા વખતે હલનચલનને લીધે બગડ્યું હોય, જે હાડકું જન્મથી ખરાબ બનેલું હોય અને જે

હાડકાનો સાધો બનુ જન્મથી જ ખરાબ બનેલો હોય તે અસાધ્ય છે.

ક્યાં હાડકાંનો કેવો ભંગ થાય છે?

तरुणास्थीनि भुज्यन्ते, भज्यन्ते नलकानि तु ॥
कपालानि विभिद्यन्ते स्फुटन्त्यन्यानि भूयसा ।

કુમળા હાડકા (નાક, કાન અને આંખના ખામણાના હાડકા) વળી જાય છે, હાથપગના નળાના હાડકા ભાગે છે (ખાટે અઢારના કાંડભગ્ન થઈ શકે છે), કપાલ નામે ઓળખાતા હાડકા તરડાઈ જાય છે અને બીજા હાડકા મોટે ભાગે ફૂટી જાય છે.

હાડકા પાંચ જાતના હોય છે. કપાલ, રુચક, તરુણ, વલય, નલક. તેમા ઢીંચણ, કમ્મર, (+કૂલા), ખભો, ગાલ, તાળવું, લમણું અને માથામા કપાલ નામના હાડકા હોય છે. દાતને રુચક કહે છે, નાક, કાન, ડોક અને આંખના ખામણામા તરુણ (કુમળા) હાડકા હોય છે, પડખા, પીઠ અને છાતીમા વલય નામના હાડકા હોય છે અને બાકીના નલક (=નળા) નામના હાડકા હોય છે. (સુશ્રુત શા ૫/૨૦.)

ભંગની ચિકિત્સા

अथावनतमुन्नम्यमुन्नतं चावपीडयेत् ॥ ११ ॥
आञ्छेदतिक्षिप्तमधोगतं चोपरि वर्तयेत् ।
आञ्छनोत्पीडनोन्नामचर्मसंक्षेपबन्धनैः ॥ १२ ॥

હવે નીચા નમી ગયેલા હાડકાને ઊંચુ કરવુ, ઊંચા થઈ ગયેલા હાડકાને નીચુ કરવુ, અતિક્ષિપ્ત હાડકાને (શ્લોક ૬,૭) ખેંચવુ અને અધક્ષિપ્ત હાડકાને ઊંચુ ચઢાવવુ. આ બધી ક્રિયાઓ આઞ્છન (=ખેંચવુ), ઉત્પીડ (=ઊંચુ દબાવવુ, ઊંચુ ધકેલવુ), ઉન્નામ (=એક છેડેથી નીચુ દબાવીને બીજો છેડો ઊંચો કરતા), ચર્મસંક્ષેપ (=શરીરની ચામડીને અડકાવવી) અને બંધન (=પાટો બાંધવો)થી થાય છે.

सन्धीन् शरीरगान् सर्वान् चलानप्यचलानपि ।
इत्येतैः स्थापनोपायैः सम्यक् संस्थाप्य निश्चलम् ।
पट्टैः प्रभूतसर्पिर्भिर्वेष्टयित्वा सुखोष्णतः ।
कदम्बोदुम्बराश्वत्थसर्जार्जुनपलाशजैः ॥ १४ ॥
वंशोद्भवैर्वा पृथुभिस्तनुभिः सुनिवेशितैः ।
सुश्लक्ष्णैः सप्रतिस्तम्भैर्वल्कलैः शकलैरपि ॥१५॥
कुशाह्वयैः समं बन्धं पट्टस्योपरि योजयेत् ।

હાડકાને અસલ હતા એ ગીને પાછા જોડવાના આ (શ્લોક ૧૨ મા કહેલા) ઉપાયોથી શરીરમા આવેલા બધા ચળ અને અચળ સાધાઓને પણ ખસી ન જાય એ રીતે બરાબર બેસાડીને (જોડવીને) પછી પુષ્કળ ઘી ચોપડેલા (પાટા) હૂંફાળે કળ વળે એવા વસ્ત્રના કકડા વીંટીને પછી કદંબ, ઉંબરો, પીપળો, રાળનુ ઝાડ, સાદડ અને ખાખરો–એમાથી ગમે તે એક ઝાડના કે વાંસના પહોળા, પાતળા, બરાબર ગોઠવેલા, બહુ લીસા, પ્રતિસ્તંભવાળા અને કુશા તરીકે ઓળખાતા છાલ વડે અને કકડા (ખપાટિયા, ચીપો) વડે (પેલા ઘી ચોપડેલા) વસ્ત્રના કકડા ઉપર સરખો (બહુ ઢીલો નહિ અને બહુ સખત પણ નહિ એવો) પાટો બાંધવો.

મિજાગરાની માફક કામ કરતા કોણી, કાંડું, ઢીંચણ વગેરેના સાધા ચલ સાધા છે. માથાની ખોપરીના સાધા જેવા સાધા અચલ છે.

પ્રતિસ્તંભવાળા=વાળીએ તેમ સહેલાઈથી વળેલા રહે છતા તૂટે નહિ એવા.

કુશા=કામડી.

બહુ ઢીલો કે બહુ સખત પાટો ન બાંધવાનું કારણ

शिथिलेन हि बन्धेन सन्धिस्थैर्यं न जायते ॥१६
गाढेनाति रुजादाहपाकश्वयथुसम्भवः ।

ઢીલો પાટો બાંધવાથી સાધા સ્થિર થતા નથી (બરાબર જોડાયલા રહેતા નથી), સખત પાટો બાંધવાથી પીડા થાય છે, લાહ્ય બળે છે, પાકે છે અને સોજો આવે છે.

પાટો કેટકેટલે દિવસે છોડવો?

त्र्यहात् त्र्यहादृतौ घर्मे सप्ताहान्मोक्षयेद्धिमे ॥
साधारणे तु पञ्चाहाद् भङ्गदोषवशेन वा ।

ગરમીની ઋતુમા ત્રણત્રણ દિવસે, ટાઢની ઋતુમા સાતસાત દિવસે, સાધારણ ઋતુમા પાંચપાંચ દિવસે પાટો છોડવો. અથવા ભંગમા કયો દોષ (=વાયુ, પિત્ત કે કફ) વધેલો છે તેના

હિસાબે પાટો છોડવો. (વાયુ કે કફ હોય તો મોડો અને પિત્ત કે લોહી હોય તો વહેલો પાટો છોડવો.)

મેક અને લેપ

न्यग्रोधादिकषायेण ततः शीतेन सेचयेत् ॥ १८
तं पञ्चमूलपक्केन पयसा तु सवेदनम् ।

પાટો છોડ્યા પછી એના ઉપર (ભંગ ઉપર) ન્યગ્રોધાદિ ગણનાં ઔષધોનો ઠંડો પાડેલો ક્વાથ રેડવો, પણ જો પીડા થતી હોય તો હ્રસ્વ પંચમૂળના ક્વાથથી પકવેલું દૂધ રેડવું.

सुखोष्णं वाऽवचार्यं स्याच्चक्रतैलं विजानता ॥ १९
विभज्य देशं कालं च वातघ्नौषधसंयुतम् ।

અથવા જાણકાર વૈદ્યે દેશ અને કાળનો વિચાર કરીને વાયુને મટાડે એવાં ઔષધ નાખેલું, સહેજ ઊનું ચક્રતેલ રેડવું.

प्रततं सेकलेपांश्च विदध्याद् भृशशीतलान् ॥ २०

અને પુષ્કળ ઠંડા સેચન અને લેપ સતત ચાલુ રાખવા.

રોજ સવારે શું પીવું?

गृष्टिक्षीरं ससर्पिष्कं मधुरौषधसाधितम् ।
प्रातः प्रातः पिबेद्भग्नः शीतलं लाक्षया युतम् ॥२१

જેને ભંગ થયો હોય એવા માણસે મધુર વર્ગનાં ઔષધોથી સિદ્ધ કરેલા ગૃષ્ટિના દૂધમાં ઘી અને લાખ નાખીને ઠંડું પાડીને રોજ સવારે પીવું.

ગૃષ્ટિ=૧ ભૂંડણ (अमरकोष), ૨. એક જ વાર વિયાયેલી ગાય (ડલ્હણ).

વ્રણવાળા ભંગના ઉપાય

सव्रणस्य तु भग्नस्य व्रणो मधुघृतोत्तरैः ।
कषायैः प्रतिसार्योऽथ शेषो भग्नोदितः क्रमः ॥

ભંગ સાથે વ્રણ પણ હોય તો પડેલા મધ અને ઘીમાં તૂરાં ઔષધો કાલવીને વ્રણનું પ્રતિસારણ કરવું અને પછી ભંગ માટે કહેલી બાકીની ક્રિયા કરવી.

लम्बानि व्रणमांसानि प्रलिप्य मधुसर्पिषा ।
सन्दधीत व्रणान् वैद्यो बन्धनैश्चोपपादयेत् ॥ २३

વ્રણનાં લબડી પડેલાં માંસના ઉપર મધ અને ઘીનો જાડો લેપ કરીને પછી વૈદ્યે માંસને ગોઠવીને જોડી દઈને પછી પાટા બાંધવા.

तान् समान् सुस्थितान्ज्ञात्वा
फलिनीरोध्रकट्फलैः ।
समङ्गाधातकीयुक्तैश्चूर्णितैरवचूर्णयेत् ॥ २४ ॥
धातकीरोध्रचूर्णैर्वा, रोहन्त्याशु तथा व्रणाः ।

વ્રણો સમ અને સુસ્થિત થઈ ગયા છે એમ જાણ્યા પછી કાંગ, લોધર, કાયફળ, લજામણી અને ધાવડીનું ચૂર્ણ અથવા ધાવડી અને લોધરનું ચૂર્ણ વ્રણમાં દબાવવું. એ રીતે વ્રણો ઝટ રુઝાઈ જાય છે.

(સુસ્થિત=સારી સ્થિતિમાં)

इति भग्न उपक्रान्तः

આમ ભંગની ચિકિત્સા થઈ.

ભંગ કોને અને ક્યારે સહેલાઈથી મટે?

स्थिरधातोर्ऋतौ हिमे ॥ २५ ॥
मांसलस्याल्पदोषस्य सुसाध्यो दारुणोऽन्यथा ।

જેની ધાતુઓ સ્થિર હોય તેવા માણસને, ઠંડકની ઋતુમાં, શરીરમાં પુષ્કળ માંસ હોય એવા માણસને અને થોડા દોષવાળાને ભંગરોગ સહેલાઈથી મટે છે; એનાથી ઊંધું હોય તો ભંગરોગ દુઃસાધ્ય છે.

કોને કેટલે વખતે હાડકું બરાબર સંધાય કે જોડાય?

पूर्वमध्यान्तवयसामेकद्वित्रिगुणैः क्रमात् ॥ २६ ॥
मासैः स्थैर्यं भवेत्सन्धेर्यथोक्तं भजतां विधिम् ।

જો ઉપર કહેલો વિધિ બરાબર પળાય તો બાળકને એક મહિને, જુવાનને બે મહિને અને ઘરડાને ત્રણ મહિને હાડકું સંધાઈને કે જોડાઈને બરાબર સ્થિર થઈ જાય છે.

ભંગરોગમાં દરદીને કેવી રીતે સુવાડી રાખવો?

कटीजङ्घोरुभग्नानां कपाटशयनं हितम् ॥ २७ ॥
यन्त्रणार्थं तथा कीलाः पञ्च कार्या निबन्धनाः ।
जङ्घोर्वोः पार्श्वयोर्द्वौ द्वौ तल एकश्च कीलकः ॥
श्रोण्यां वा पृष्ठवंशे वा वक्षस्यक्षकयोस्तथा ।

કટિ (કેડ), જાંઘ અને સાથળમાં ભંગ થયો હોય તેમને લાકડાનાં પાટિયાં ઉપર સુવાડવા એ હિતકારક છે અને ભાગેલું હાડકું

કુબજે રાખવા માટે એ ભાગને બંધનમાં રાખનાર પાંચ ખીલા (ખૂટ) ઠોકવા જોઈએ. જંઘાની બે બાજુએ બે, સાથળની બે બાજુએ બે અને પગનાં તળિયાં પાસે એક ખીલો ઠોકવો. (જંઘા ભાંગી હોય તો ઘૂંટીના સાંધાની બે બાજુએ એકએક, ઢીંચણના સાંધાની બે બાજુએ એકએક અને એક પગના તળિયા પાસે એમ કુલ પાંચ ખીલા ઠોકવા. સાથળ ભાંગે ત્યારે ઢીંચણના સાંધાની બે બાજુએ એકએક, સાથળના વળાના સાંધાની બે બાજુએ એકએક અને પગના તળિયા પાસે એક એમ કુલ પાંચ ખીલા ઠોકવા.) કેડમાં, કરોડરજ્જુમાં, છાતીમાં કે અક્ષકમાં ભંગ થયો હોય તોપણ ખીલા ઠોકવા.

(પાટિયા ઉપર સુવાડીને પછી જે અંગમા ભંગ થયો હોય તે અંગથી તરતનો ઉપલો સાંધો અને તે અગથી તરતનો નીચલો સાંધો એ બે સાંધાની બન્ને બાજુએ એકએક મળી કુલ ચાર અને જોડેલું હાડકું નીચું ન ખસી જાય તે માટે પગના તળિયા પાસે ખીલો ઠોકવો: આમ કરવાથી ગોઠવાયેલું અંગ હાલી જતું નથી.)

ચડાવેલું અંગ ફરી ઊતરી ગયું હોય તેના ઉપાય

विमोक्षे भग्नसन्धीनां विधिमेवं समाचरेत् ॥२९॥

ચડાવેલું હાડકું સાંધામાંથી ફરી ઊતરી ગયું હોય તો આગળ કહેવાઈ ગયેલો વિધિ કરવો.

લાંબા વખતથી ઊતરેલા હાડકાના ઉપાય

सन्धींश्चिरविमुक्तांस्तु

स्निग्धस्विन्नान् मृदूकृतान् ।

उक्तैर्विधानैर्बुद्ध्या च यथास्वं स्थानमानयेत् ॥

પણ જે સાંધામાંથી હાડકું ઊતરી ગયે બહુ વખત થયો હોય તો પહેલાં સાંધાનું સ્નેહન કરીને, પછી સ્વેદન કરીને અને એ રીતે મૃદુ કરીને આગળ કહેવાઈ ગયેલી રીતે અને બુદ્ધિનો ઉપયોગ કરીને સાંધાને પોતપોતાને ઠે... જોડવા (છૂટાં પડેલાં હાડકાં બરાબર જોડ...

કાંડભંગ ખોટો સંધાયો હોય તો શું કરવું?

असन्धिभग्ने रूढे तु विषमोल्वणसाधिते ।
आपोथ्य भङ्गं यमयेत्ततो भग्नवदाचरेत् ॥ ३१ ॥

સંધિભંગ ન હોય (કાંડભંગ હોય) તેમાં હાડકું કઢંગી રીતે અને ઊંચું રહે એવી રીતે સાંધીને ચિકિત્સા થઈ હોય અને એવી કઢંગી રીતે જોડાઈને હાડકું રુઝાઈ ગયું હોય તો એ જોડાણને છૂટું કરીને (હાડકું ખોટી રીતે જોડાયુ હોય ત્યાંથી એને તોડીને) પછી એને બરાબર જોડવું અને બાંધવું અને પછી ભંગ માટે કરવાની ક્રિયા કરવી.

ભગ્નને પાકવા ન દેવું: કારણ

भग्नं नैति यथा पाकं प्रयतेत तथा भिषक् ।
पक्वमांससिरास्नायुः सन्धिः श्लेषं न गच्छति ॥ ३२

ભાંગેલું પાકે નહિ એવો વૈદ્યે પ્રયત્ન કરવો, કારણ કે જેનાં માંસ, શિરા અને સ્નાયુ પાકી ગયા હોય એવા સાંધા જોડાતા નથી.

ભંગમાં રોજ સ્નેહન; બળ આવે એવી ક્રિયા અને બસ્તિ

वातव्याधिविनिर्दिष्टान्

स्नेहान् भग्नस्य योजयेत् ।

चतुष्प्रयोगान् बल्यांश्च बस्तिकर्म च शीलयेत् ३३

જેનું હાડકું ભાગ્યું હોય કે ઊતર્યું હોય તેણે વાયુના રોગો માટે કહેલા સ્નેહો (ચિ. અ. ૨૧) ચારે પ્રયોગોથી (પીવા માટે, નસ્ય માટે, અભ્યંગ માટે અને અનુવાસન માટે) રોજ વાપરવા, તથા બળ આવે એવી ક્રિયા અને બસ્તિની ક્રિયા રોજ કરવી.

ભંગરોગમાં પથ્ય ખોરાક

शाल्याज्यरसदुग्धाद्यैः पौष्टिकैरविदाहिभिः ।
मात्रयोपचरेद्भग्नं सन्धिसंश्लेषकारिभिः ॥ ३४ ॥

શાલિ ચોખા, ઘી, માંસરસ, દૂધ વગેરે પુષ્ટિ આપે એવા, વિદાહ ન કરે એવા અને સાંધાને જોડી દે એવા પદાર્થો માપસર ખાવાપીવા આપવા.

સારું નથી; કારણ કે ગ્લાનિથી સાંધો છૂટી જાય છે (સંધાયેલું કે જોડાયેલું છૂટી જાય છે).

लवणं कटुकं क्षारमम्लं मैथुनमातपम्।
व्यायामं च न सेवेत भग्नो रूक्षं च भोजनम्॥

ખારું, તીખું, ક્ષાર, ખાટું, મૈથુન, તડકો કસરત અને લૂખું ભોજન ભંગરોગવાળાએ તજવું.

ગંધતેલ

कृष्णांस्तिलान् विरजसो दृढवस्त्रबद्धान्
सप्त क्षपा वहति वारिणि वासयेत।
संशोषयेदनुदिनं प्रविसार्य चैतान्
क्षीरे तथैव मधुककथिते च तोये॥ ३६॥
पुनरपि पीतपयस्कां-
स्तान् पूर्ववदेव शोषितान् बाढम्।
विगततुपानरजस्कान्
सञ्चूर्ण्य सुचूर्णितैर्युञ्ज्यात्॥ ३७॥
नलदवालकलोहितयष्टिका-
नखमिशिप्लवकुष्टबलात्रयैः।
अगुरुकुङ्कुमचन्दनसारिवा-
सरलसर्जरसामरदारुभिः॥ ३८॥
पद्मकादिगणोपेतैस्तिलपिष्टं ततश्च तत्।
समस्तगन्धभैषज्यसिद्धदुग्धेन पीडयेत्॥ ३९॥
शैलेयरास्नांशुमतीकसेरु-
कालानुसारीनतपत्ररोध्रैः।
सक्षीरशुक्लैः सपयः सदूर्वै-
स्तैलं पचेत्तन्नलदादिमिश्च॥ ४०॥
गन्धतैलमिदमुत्तममस्थि-
स्थैर्यकृज्जयति चाशु विकारान्।
वातपित्तजनितानतिवीर्यान्
व्यापिनोऽपि विविधैरुपयोगैः॥ ४१॥

કચરા કે કસ્તર વિનાના કાળા તલને ઘટ્ટ વસ્ત્રમાં બાંધીને સાત રાત વહેતા પાણીમાં (નદીના પાણીમાં) ડુબાડી રાખવા. પછી એ રાત્રે પલાળેલા તલને રોજ દિવસે છૂટા પાડીને સૂકવવા. (રાત્રે નદીના પાણીમાં ડુબાડવા અને દિવસે છૂટા પાથરીને સૂકવવા એવું સાત વાર કરવું). એ જ રીતે પછી બીજી સાત રાત રોજ રાત્રે ગાયના દૂધમાં પલાળીને રોજ દિવસે સૂકવવા. એ જ રીતે પાછા ત્રીજી સાત રાત રોજ રાત્રે જેઠીમધના કવાથમાં પલાળી રાખીને રોજ દિવસે સૂકવી નાંખવા. પછી ફરી સાત રાત રોજ રાત્રે દૂધમાં પલાળી રાખીને અને રોજ દિવસે પુષ્કળ સૂકવીને બરાબર સુકાય ત્યારે તલનાં છોડાં ઉખાડી નાખીને કચરોકસ્તર વિનાના કરીને એ તલને ખાંડીને તૈયાર કરેલા તલના ચૂર્ણમાં કાળો વાળો, ખસનો વાળો, મજીઠ, નખલો, વરિયાળી, મોથ, ઉપલેટ, બલા, અતિબલા, નાગબલા, અગર, કેસર, સુખડ, સારિવા, સરલ, દેવદાર, રાળ, દેવદાર અને પદ્મકાદિ ગણનાં ઔષધો—એટલાં ઔષધોનું બારીક ચૂર્ણ ભેળવવું. પછી એ ઔષધોવાળા તલના ચૂર્ણને બધાં સુગંધિ દ્રવ્યો વડે સિદ્ધ કરેલા દૂધથી ભીનું કરીને એને પીલીને એનુ તેલ કાઢવું. પછી શિલાજિત, રાસ્ના, શાલિપર્ણી, કસેલાં, ઉત્પલ, સારિવા, તગર, તમાલપત્ર, લોધર, ક્ષીરવિદારી અને ધરો—એટલાં ઔષધોના તથા ઉપર ગણાવેલાં 'કાળો વાળો'થી પદ્મકાદિ ગણનાં ઔષધો' સુધીનાં ઔષધોના કલ્ક અને ગાયના દૂધ સાથે એ તેલ (ધીમે તાપે) પકવવું. એને ગંધતેલ કહે છે. એ ગંધતેલ જુદીજુદી રીતે (પીવામાં, અભ્યંગમાં, નસ્યમાં, બસ્તિમાં, ભોજનમાં વગેરેમા) ઉપયોગ કરવાથી હાડકાંને મજબૂત બનાવવાનુ ઉત્તમ ઔષધ છે તથા એ તેલ બહુ પ્રબળ અને વ્યાપી ગયેલા વાયુના અને પિત્તના રોગોને ઝટ મટાડે છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने भग्नप्रतिषेधो नाम सप्तविंशोऽध्यायः॥ २७॥

અધ્યાય ૨૮મો—ભગંદરના ઉપાય

अथातो भगन्दरप्रतिषेधं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

ત્યારે હવે અમે ભગંદર મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

કબજે રાખવા માટે એ ભાગને બંધનમા રાખનાર પાચ ખીલા (ખૂટ) ઠોકવા જોઈએ. જંઘાની બે બાજુએ બે, સાથળની બે બાજુએ બે અને પગના તળિયા પાસે એક ખીલો ઠોકવો. (જંઘા ભાગી હોય તો ઘૂંટીના સાધની બે બાજુએ એકએક, ઢીંચણના સાધાની બે બાજુએ એકએક અને એક પગના તળિયા પાસે એમ કુલ પાચ ખીલા ઠોકવા. સાથળ ભાગે ત્યારે ઢીંચણના સાધાની બે બાજુએ એકએક, સાથળના વળાના સાધાની બે બાજુએ એકએક અને પગના તળિયા પાસે એક એમ કુલ પાચ ખીલા ઠોકવા.) કેડમા, કરોડરજ્જુમા, છાતીમા કે અક્ષકમા ભગ થયો હોય તોપણ ખીલા ઠોકવા.

(પાટિયા ઉપર સુવાડીને પછી જે અંગમા ભગ થયો હોય તે અગથી તરતનો ઉપલો સાંધો અને તે અગથી તરતનો નીચલો સાધો એ બે સાધાની બન્ને બાજુએ એકએક મળી કુલ ચાર અને જોડેલુ હાડકુ નીચું ન ખસી જાય તે માટે પગના તળિયા પાસે ખીલો ઠોકવો: આમ કરવાથી ગોઠવાયેલું અંગ હાલી જતુ નથી.)

ચડાવેલું અંગ ફરી ઊતરી ગયું હોય તેના ઉપાય

विमोक्षे भग्नसन्धीनां विधिमेवं समाचरेत् ॥२९॥

ચડાવેલું હાડકુ સાધામાથી ફરી ઊતરી ગયુ હોય તો આગળ કહેવાઈ ગયેલો વિધિ કરવો.

લાંબા વખતથી ઊતરેલા હાડકાના ઉપાય

सन्धींश्चिरविमुक्तांस्तु स्निग्धस्विन्नान् मृदूकृतान् ।
उक्तैर्विधानैर्बुद्ध्या च यथास्वं स्थानमानयेत् ॥

પણ જે સાધાનાથી હાડકુ ઊતરી ગયે ઘણ વખત થયો હોય તો પડેલા સાધાનુ સ્નેહન કરીને, પછી સ્વેદન કરીને અને એ રીતે મૃદુ કરીને આગળ કહેવાઈ ગયેલી રીતે અને બુદ્ધિનો ઉપયોગ કરીને સાધાને પોતપોતાને ઠેકાણે જોડવા (છૂટા પડેલા હાડકા બરાબર જોડવા.)

કાંડભંગ ખોટો સંધાયો હોય તો શું કરવુ?

असन्धिभग्ने रूढे तु विषमोल्बणसाधिते ।
आपोथ्य भग्नं यमयेत्ततो भग्नवदाचरेत् ॥ ३१ ॥

સધિભગ ન હોય (કાડભગ હોય) તેમા હાડકુ કઢંગી રીતે અને ઊંચુ રહે એવી રીતે સાધીને ચિકિત્સા થઈ હોય અને એવી કઢંગી રીતે જોડાઈને હાડકુ રુઝાઈ ગયુ હોય તો એ જોડાણને છૂટુ કરીને (હાડકું ખોટી રીતે જોડાયું હોય ત્યાથી એને તોડીને) પછી એને બરાબર જોડવુ અને બાધવુ અને પછી ભગ માટે કરવાની ક્રિયા કરવી.

ભગ્નને પાકવા ન દેવું: કારણ

भग्नं नैति यथा पाकं प्रयतेत तथा भिषक् ।
पक्वमांससिरास्नायु· सन्धि· श्लेषं न गच्छति ॥ ३२

ભાગેલુ પાકે નહિ એવો વૈદ્યે પ્રયત્ન કરવો, કારણ કે જેના માસ, શિરા અને સ્નાયુ પાકી ગયા હોય એવા સાધા જોડાતા નથી.

ભંગમાં રોજ સ્નેહન, બળ આવે એવી ક્રિયા અને બસ્તિ

वातव्याधिविनिर्दिष्टान् स्नेहान् भग्नस्य योजयेत् ।
चतुष्प्रयोगान् बल्यांश्च बस्तिकर्म च शीलयेत् ३३

જેનુ હાડકું ભાગ્યુ હોય કે ઊતર્યું હોય તેણે વાયુના રોગો માટે કહેલા સ્નેહો (ચિ. અ. ૨૧) ચારે પ્રયોગોથી (પીવા માટે, નસ્ય માટે, અભ્યંગ માટે અને અનુવાસન માટે) રોજ વાપરવા, તથા બળ આવે એવી ક્રિયા અને બસ્તિની ક્રિયા રોજ કરવી.

ભંગરોગમાં પથ્ય ખોરાક

शाल्याज्यरसदुग्धाद्यैः पौष्टिकैरविदाहिभिः ।
मात्रयोपचरेद्भग्नं सन्धिसंश्लेषकारिभिः ॥ ३४ ॥

શાલિ ચોખા, ઘી, માંસરસ, દૂધ વગેરે પુષ્ટિ આપે એવા, વિદાહ ન કરે એવા અને સાધાને જોડી દે એવા પદાર્થો માપસર ખાવા પીવા આપવા.

ભંગરોગમાં અપથ્ય

ग्लानिर्न शस्यते तस्य सन्धिविश्लेषकृद्धि सा ।

ભગરોગવાળાને ગ્લાનિ (ઉદ્વેગ) થાય તે

સારું નથી; કારણ કે ગ્લાનિથી સાંધો છૂટી જાય છે (સંધાયેલું કે જોડાયેલું છૂટી જાય છે).

लवणं कटुकं क्षारमम्लं मैथुनमातपम्।
व्यायामं च न सेवेत भग्नो रूक्षं च भोजनम्॥

ખારું, તીખું, ક્ષાર, ખાટું, મૈથુન, તડકો કસરત અને લૂખું ભોજન ભંગરોગવાળાએ તજવું.

ગંધતૈલ

कृष्णांस्तिलान् विरजसो दृढवस्त्रबद्धान्
सप्त क्षपा वहति वारिणि वासयेत।
संशोपयेदनुदिनं प्रविसार्य चैतान्
क्षीरे तथैव मधुककथिते च तोये॥३६॥
पुनरपि पीतपयस्कां-
स्तान् पूर्ववदेव शोषितान् बाढम्।
विगततुषानरजस्कान्
सञ्चूर्ण्य सुचूर्णितैर्युञ्ज्यात्॥३७॥
नलदवालकलोहितयष्टिका-
नखमिशिप्लवकुष्ठबलात्रयैः।
अगुरुकुङ्कुमचन्दनसारिवा-
सरलसर्जरसामरदारुभिः॥३८॥
पद्मकादिगणोपेतैस्तिलपिष्टं ततश्च तत्।
समस्तगन्धभैषज्यसिद्धदुग्धेन पीडयेत्॥३९॥
शैलेयरास्नांशुमतीकसेरु-
कालानुसारीनतपत्ररोध्रैः।
सक्षीरशुक्लैः सपयः सदूर्वै-
स्तैलं पचेत्तन्नलदादिमिश्रं॥४०॥
गन्धतैलमिदमुत्तममस्थि-
स्थैर्यकृज्जयति चाशु विकारान्।
वातपित्तजनितानतिवीर्यान्
व्यापिनोऽपि विविधैरुपयोगैः॥४१॥

કચરા કે કસ્તર વિનાના કાળા તલને ઘટ્ટ વસ્ત્રમાં બાંધીને સાત રાત વહેતા પાણીમાં (નદીના પાણીમાં) ડુબાડી રાખવા. પછી એ રાત્રે પલાળેલા તલને રોજ દિવસે છૂટા પાડીને સૂકવવા. (રાત્રે નદીના પાણીમાં ડુબાડવા અને દિવસે છૂટા પાથરીને સૂકવવા એવું સાત વાર કરવું). એ જ રીતે પછી બીજી સાત રાત રોજ રાત્રે ગાયના દૂધમાં પલાળીને રોજ દિવસે સૂકવવા. એ જ રીતે પાછા ત્રીજી સાત રાત રોજ રાત્રે જેઠીમધના કવાથમાં પલાળી રાખીને રોજ દિવસે સૂકવી નાંખવા. પછી ફરી સાત રાત રોજ રાત્રે દૂધમાં પલાળી રાખીને અને રોજ દિવસે પુષ્કળ સૂકવીને બરાબર સુકાય ત્યારે તલનાં છોડાં ઉખાડી નાખીને કચરોકસ્તર વિનાના કરીને એ તલને ખાંડીને તૈયાર કરેલા તલના ચૂર્ણમાં કાળો વાળો, ખસનો વાળો, મજીઠ, નખલો, વરિયાળી, મોથ, ઉપલેટ, બલા, અતિબલા, નાગબલા, અગર, કેસર, સુખડ, સારિવા, સરલ, દેવદાર, રાળ, દેવદાર અને પદ્મકાદિ ગણનાં ઔષધો—એટલાં ઔષધોનું બારીક ચૂર્ણ મેળવવું. પછી એ ઔષધોવાળા તલના ચૂર્ણને બધાં સુગંધિ દ્રવ્યો વડે સિદ્ધ કરેલા દૂધથી ભીનું કરીને એને પીલીને એનું તેલ કાઢવું. પછી શિલાજિત, રાસ્ના, શાલિપર્ણી, કસેલાં, ઉત્પલ, સારિવા, તગર, તમાલપત્ર, લોધર, ક્ષીરવિદારી અને ધરો—એટલાં ઔષધોના તથા ઉપર ગણાવેલાં 'કાળો વાળો'થી પદ્મકાદિ ગણનાં ઔષધો' સુધીનાં ઔષધોના કલ્ક અને ગાયના દૂધ સાથે એ તેલ (ધીમે તાપે) પકવવું. એને ગંધતૈલ કહે છે. એ ગંધતૈલ જુદીજુદી રીતે (પીવામાં, અભ્યંગમાં, નસ્યમાં, બસ્તિમાં, ભોજનમાં વગેરેમાં) ઉપયોગ કરવાથી હાડકાંને મજબૂત બનાવવાનું ઉત્તમ ઔષધ છે તથા એ તેલ બહુ પ્રબળ અને વ્યાપી ગયેલા વાયુના અને પિત્તના રોગોને ઝટ મટાડે છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने भङ्गप्रतिषेधो नाम सप्तविंशोऽध्यायः॥२७॥

અધ્યાય ૨૮મો—ભગંદરના ઉપાય

अथातो भगन्दरप्रतिषेधं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

ત્યારે હવે અમે ભગંદર મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ભગંદરનાં કારણ, પૂર્વરૂપ અને લક્ષણ

हस्त्यश्वपृष्ठगमनकठिनोत्कटकासनैः ।
अर्शोनिदानाभिहितैरपरैश्च निषेवितैः ॥ १ ॥
अनिष्टादृष्टपाकेन सद्यो वा साधुगर्हणैः ।
प्रायेण पिटिकापूर्वो
योऽङ्गुले द्व्यङ्गुलेऽपि वा ॥ २ ॥
पायोर्व्रणोऽन्तर्बाह्यो वा दुष्टासृङ्मांसगो भवेत् ।
बस्तिमूत्राशयाभ्यासगतत्वात्स्यन्दनात्मकः ॥ ३ ॥
भगन्दरः स

હાથી અને ઘોડાની પીઠ ઉપર બેસીને જવાથી, કઠણ આસન ઉપર બેસવાથી, ઢૂલા જમીન ઉપર કે બેડક ઉપર દબાય એવી રીતે અધૂકડા કે પલાંઠી વાળીને બેસવાથી, હરસનાં કારણો તરીકે કહેલાં બીજાં કારણોનું સેવન કરવાથી, અશુભ પ્રારબ્ધ ફળવાથી કે તરતની કરેલી સારા માણસોની નિંદાથી–આમાંથી કોઈ કારણને લીધે ગુદાને ફરતા આંગળ કે બે આંગળ જેટલા ભાગમાં, અંદર કે બહાર, સામાન્ય રીતે પહેલાં પિટિકા (શ્લોક ૫-૬) થયા પછી, બગડેલાં લોહી અને માંસમાં થતો, બસ્તિ અને મૂત્રાશયની પાસે થતો હોવાથી દૂઝવાના સ્વભાવવાળો વ્રણ થાય તેને ભગંદર કહે છે. (ભગંદરના પૂર્વરૂપમાં સામાન્ય રીતે પિટિકા થાય છે. શસ્ત્ર વગેરેથી ક્ષત થવાથી ભગંદર થાય તેમાં પહેલી પિટિકા થતી નથી એવું બતાવવાને 'સામાન્ય રીતે' શબ્દ વાપર્યો છે.)

યોગ્ય ચિકિત્સા ન કરવાનું પરિણામ

सर्वांश्च दारयत्यक्रियावतः ।
भगबस्तिगुदांस्तेषु दीर्यमाणेषु भूरिभिः ॥ ४ ॥
वातमूत्रशकृच्छुक्रं खैः सूक्ष्मैर्वमति क्रमात् ।

ભગંદર થયા પછી જે માણસ ક્રિયા (ચિકિત્સા અને પથ્ય) કરતો નથી તેનાં જનનેન્દ્રિય, મૂત્રાશય અને ગુદાને એ વ્રણ આખાં ફાડી નાખે છે. એ ફાટતાં હોય છે ત્યારે અનેક સૂક્ષ્મ સ્રોતો દ્વારા અનુક્રમે વાયુ, પેશાબ, ઝાડો અને વીર્ય નીકળે છે.

ભગંદરના પ્રકાર

दोषैः पृथग्युतैः सर्वैरागन्तुः सोऽष्टमः स्मृतः ॥५

ત્રણ દોષનાં ત્રણ, બબ્બે દોષ ભેગા થઈને ત્રણ, બધા (ત્રણે)ય દોષોનું એક અને આગંતુ ભગંદર એ આઠમું–એમ આઠ પ્રકારનું ભગંદર શાસ્ત્રમાં કહ્યું છે.

પિટિકા: ભગંદર

अपक्वं पिटिकामाहुः पाकप्राप्तं भगन्दरम् ।

(ભગંદરની જગ્યાએ થયેલા) કાચા વ્રણ-(સોજો, ગૂમડું)ને પિટિકા અને પાકવા માંડેલા વ્રણને ભગંદર કહે છે.

ભગંદર કરે એવી અને ભગંદર ન કરે એવી પિટિકા

गूढमूलांससंरम्भां रुगाढ्यां रूढकोपिनीम् ॥६॥
भगन्दरकरीं विद्यात् पिटिकां न त्वतोऽन्यथा ।

(ભગંદર થાય એવી જગાએ પણ બે જાતની પિટિકા થઈ શકે છે: ભગંદર કરે એવી અને ભગંદર ન કરે એવી. એ બંને પિટિકાઓને ઓળખાવવા માટે હવે કહે છે કે:)

ઊંડા મૂળવાળી, સોજાવાળી, પીડાથી ભરેલી અને રુઝાયા પછી પણ ફરી ઊભળે એવી પિટિકા ભગંદર કરે છે, એથી જુદી જાતની પિટિકા ભગંદર કરતી નથી એમ જાણવું.

પિટિકાઓનાં લક્ષણ

વાયુની પિટિકા

तत्र श्यावाऽरुणा तोदभेदस्फुरणरुक्करी ॥ ७ ॥
पिटिका मारुतात्

તેમાં વાયુથી થતી પિટિકા (શ્લોક ૫-૬) બદામી રંગની કે આછા લાલ રંગની; તોદ, ભેદ, ફરકાટ (થરથરાટ) અને પીડા કરે એવી હોય છે.

પિત્તની પિટિકા

पित्तादुष्ट्रग्रीवावदुच्छ्रिता ।
रागिणी तनुरूष्माढ्या ज्वरधूमायनान्विता ॥ ८ ॥

પિત્તને લીધે થતી પિટિકા ઊંટની ડોક જેવી ઊંચી, રાતી, પાતળી, ગરમીથી ભરેલી, તાવ અને ધૂમાયનવાળી હોય છે.

કફની પિટિકા

स्थिरा स्निग्धा महामूला
पाण्डुः कण्डुमती कफात् ।

કફને લીધે થતી પિટિકા સ્થિર, સ્નિગ્ધ, મોટા મૂળવાળી, ધોળી અને ખણુજવાળી હોય છે.

વાતપિત્તની પિટિકા

श्यावा ताम्रा सदाहोषा घोररुग् वातपित्तजा ॥९

વાયુ અને પિત્ત સાથે કોપવાથી થયેલી પિટિકા બદામી રંગની, તાંબાવર્ણી, દાહ અને ઊષાવાળી અને ભયંકર પીડાવાળી હોય છે.

કફવાતની પિટિકા

पाण्डुरा किञ्चिदाश्यावा
कृच्छ्रपाका कफानिलात् ।

કફ અને વાયુ સાથે કોપવાથી થતી પિટિકા ધોળી, જરા આછા બદામી રંગની અને મુશ્કેલી-થી પાકે એવી હોય છે.

ત્રિદોષની પિટિકા

पादाङ्गुष्ठसमा सर्वैर्दोषैर्नानाविधव्यथा ॥ १० ॥
शूलारोचकतृड्दाहज्वरच्छर्दिरुपद्रुता ।

ત્રણે દોષ સાથે કોપવાથી થતી પિટિકા પગના અંગૂઠા જેવી, જાતજાતની પીડાવાળી તથા શૂળ, અરુચિ, તરસ, દાહ, તાવ અને ઊલટી–એટલા ઉપદ્રવોવાળી હોય છે.

નિજ પિટિકાઓમાં બેદરકારીનું પરિણામ

व्रणतां यान्ति ताः पक्वाः प्रमादात्

એ (સાત નિજ પિટિકાઓ) તરફ બેદર-કાર રહેવાથી એ વ્રણ (ભગંદર) બની જાય છે.

ભગંદરોનાં લક્ષણો

શતપોનક

तत्र वातजा ॥ ११ ॥
त्रीयतेऽणुमुखैश्छिद्रैः शतपोनकवत् क्रमात् ।
अच्छं स्रवद्भिरास्रावमजस्रं फेनसंयुतम् ॥ १२ ॥
शतपोनकसंज्ञोऽयम्

તેમાં (સાત નિજ પિટિકાઓમાંથી), વાયુની પિટિકા બગડે ત્યારે ફીણવાળો પાતળો બગાડ સતત દૂઝતાં, સૂક્ષ્મ મોંવાળાં, ચાળણી જેવાં છિદ્રો ધીમે ધીમે વાયુની પિટિકા ઉપર ખરચક ભરાઈ જાય છે. આને શતપોનક કહે છે.

ઉષ્ટ્રગ્રીવ

उष्ट्रग्रीवस्तु पित्तजः ।

પિત્તથી થતુ ભગંદર ઉષ્ટ્રગ્રીવ કહેવાય છે.

પરિસ્રાવી

बहुपिच्छापरिस्रावी परिस्रावी कफोद्भवः ॥१३॥

કફથી થતું ભગંદર બહુ પિચ્છા દૂઝે એવું હોય છે, એને પરિસ્રાવી કહે છે.

પરિક્ષેપી

वातपित्तात्परिक्षेपी परिक्षिप्य गुदं गतिः ।
जायते परितस्तत्र प्राकारं परिखेव च ॥ १४ ॥

વાયુ અને પિત્ત સાથે કોપવાથી પરિક્ષેપી ભગંદર થાય છે. જેમ શહેરના કિલ્લાની આસ-પાસ ખાઈ હોય છે, તેમ આ પરિક્ષેપી ભગંદર-માં–ગુદાને ફરતી નાડી (=ભગંદરનો માર્ગ) થાય છે.

ઋજુ

ऋजुर्वातकफादृज्व्या गुदो गत्याऽत्र दीर्यते ।

વાયુ અને કફ સાથે કોપવાથી ઋજુ નામનુ ભગંદર થાય છે. તેમા ભગંદરની નાડી (ગતિ) સીધી હોવાથી ગુદા ફાટી જાય છે. (આમાં પરિક્ષેપીની માફક ગુદાને ફરતું ભગંદર થતું નથી, પણ ગુદાની એક બાજુએથી નીકળી ફેલાતું ફેલાતુ સીધું જાય છે અને ગુદાને ચીરીને ગુદાની સામી બાજુએ જાય છે.)

અર્શોભગંદર

कफपित्ते तु पूर्वोत्थं दुर्नामाश्रित्य कुप्यतः ॥ १५॥
अर्शोमूले ततः शोफः कण्डूदाहादिमान् भवेत् ।
स शीघ्रं पक्वभिन्नोऽस्य क्लेदयन्मूलमर्शसः ॥१६॥
स्रवत्यजस्रं गतिभिरयमर्शोभगन्दरः ।

પહેલા (અર્શોભગંદર થતા પહેલાં) થયેલા હરસમાં રહીને કફ અને પિત્ત જ્યારે સાથે કોપે છે, ત્યારે હરસના મૂળમાં ખણુજ, બળ-તરા વગેરેવાળો સોજો આવે છે. એ સોજો પાકીને અને પછી ફૂટીને એ હરસના મૂળમાં તરત ક્લેદ કરે છે અને નાડીઓ દ્વારા એમાંથી સતત ક્લેદ નીકળ્યા કરે છે. આ અર્શોભગંદર છે.

શંબુકાવર્ત

सर्वजः शम्बुकावर्तः शम्बुकावर्तसन्निभः ॥ १७ ॥
गतयो दारयन्त्यस्मिन् रुग्वेगैर्दारुणैर्गुदम् ।

શંબુકાવર્ત ભગંદર ત્રણે દોષથી થાય છે. એ શંબુક(૧. શંખ, ૨. એક જાતની માછલી)ના

આટા જેવુ હોય છે. એમા થતી નાડીઓ (ભગંદરને પ્રસરવાના રસ્તા) પીડાના ભયંકર રોગને લીધે ગુદાને ચીરી નાખે છે.

ઉન્માર્ગી (=ક્ષતજ) ભગંદર

अस्थिलेशोऽभ्यवहृतो मांसगृद्ध्या यदा गुदम् ॥
क्षिणोति तिर्यङ्निर्गच्छन्नुन्मार्गं क्षततो गतिः।
स्यात्तत पूयदीर्णाया मांसकोथेन तत्र च ॥ १९ ॥
जायन्ते कृमयस्तस्य खादन्तः परितो गुदम्।
विदारयन्ति न चिरादुन्मार्गी क्षतजश्च स ॥२०॥

માંસના લોભથી (=માંસ ખાવાના લોભમા ને લોભમા માંસમાથી હાડકાના કકડા પૂરા કાઢી નાખ્યા વિના માંસ ખાવાથી) હાડકાનો કકડો ખવાઈ જાય તે સાથે રસ્તે ગુદામાથી નીકળવાને બદલે બીજે કોઈ રસ્તે આડો (=ત્રાંસો) થઈને નીકળે છે, ત્યારે તે ગુદાને નુકસાન પહોંચાડે છે (ગુદામા ક્ષત કર છે). એ ક્ષતમાથી ગતિ (નાડી, બગાડે કરેલો રસ્તો) થાય છે. પછી જ્યારે એ નાડી પરુથી ચિરાઈ જાય છે, ત્યારે માંસ સડવાથી ત્યા કીડા ઉત્પન્ન થાય છે. એ કીડા એની (ભગંદરના રોગીની) ગુદાને બધી બાજુથી કોરી ખાઈને થોડા જ વખતમા ગુદાને ચીરી નાખે છે. આને ઉન્માર્ગી અને ક્ષતજ ભગંદર કહે છે.

तेषु रुग्दाहकण्ड्वादीन् विद्याद् व्रणनिषेधत ।

વ્રણપ્રતિષેધના અધ્યાયમા તે તે પ્રકારના વ્રણના લક્ષણોમા વાયુના વ્રણમા પીડા (=તોદ, ભેદ–ઉ. ૨૫/૬ફે), પિત્તના વ્રણમા દાહ (=ક્ષારોક્ષિતસમવ્યથ –ઉ. ૨૫/૮), કફના વ્રણમા ખણજ (કણ્ડુમાન્ ઉ. ૨૫/૮ફે) વગેરે કહ્યુ છે તે તેમા (=ઉપર ગણાવેલા તે તે દોષના ભગંદરોમા) સમજી લેવાં.

સાધ્યઅસાધ્ય

षट् कृच्छ्रसाधनास्तेषां त्रिचयक्षतजौ त्यजेत् ॥
प्रवाहिणीं वलीं प्राप्तं सेवनीं वा समाश्रितम्।

તેમાથી છ (=એક એક દોષના ત્રણ અને બે બે દોષના ત્રણ) દુ:સાધ્ય છે, ત્રિદોષનુ, ક્ષતજ (=ઉન્માર્ગી) ભગંદર, ગુદાની પ્રવાહિણી નામની વલી (નિ. ૭/૪)મા થયેલુ ભગંદર તથા સેવની ઉપર થયેલુ ભગંદર–એ ચાર ભગંદર (અસાધ્ય હોવાથી) છાડી દેવાં.

ચિકિત્સા

પિટિકાના ઉપચાર

अथास्य पिटिकामेव तथा यत्नादुपाचरेत् ॥२२
शुद्ध्यसृक्स्रुतिसेकाद्यैर्यथा पाकं न गच्छति।

હવે શોધન, લોહી કઢાવવુ, સેચન વગેરે કરીને એની (ભગંદરની, ભગંદર થતા પહેલા થતી) પિટિકાને મટાડવાના ઉપાય એવા પ્રયત્નપૂર્વક કરવા કે એ પાકે નહિ (પાકવા માડીને ભગંદરનું સ્વરૂપ પકડે નહિ).

ભગંદરના ઉપચાર

पाके पुनरुपस्निग्ध स्वेदितं चावगाहत. ॥२३॥
यन्त्रयित्वाऽर्शसमिव पश्येत्सम्यग्भगन्दरम्।
अर्वाचीनं पराचीनमन्तर्मुखबहिर्मुखम् ॥ २४ ॥

પણ જો પાકવા માડે તો સ્નેહન કરીને, અવગાહ સ્વેદની રીતે શેક કરીને, હરસ જોવા માટે મૂકવાનુ હોય છે તે રીતે ભગંદર જોવાનું યંત્ર (ગુદામા) મૂકીને જોઈ લેવુ કે ભગંદરનુ મો વૈદ્યના સામુ છે કે વૈદ્યથી ઊંધી દિશામા છે, ભગંદરનુ મો (ગુદાના માર્ગની) અંદર છે કે બહાર છે.

અંતર્મુખ, બહિર્મુખ અને ઉષ્ટ્રગ્રીવ માટે ક્રિયા

अथान्तर्मुखमेषित्वा सम्यक् शस्त्रेण पाटयेत्।
बहिर्मुखं च निःशेषं ततः क्षारेण साधयेत् ॥२५॥
अग्निना वा भिषक् साधु क्षारेणैवोष्ट्रकन्धरम्।

હવે, જે ભગંદરનુ મો ગુદાના માર્ગની અંદરની બાજુએ હોય તે ભગંદરમા એષણી શલાકા ચડાવીને (એષણી શલાકા વડે ભગંદર કયે કયે માર્ગે ગતિ કરી છે તે જાણીને) એ ભગંદરને શસ્ત્રથી બરાબર ચીરવુ, અને જે ભગંદરનુ મો ગુદાના માર્ગની બહારની બાજુએ હોય તેને આખુયે ચીરવુ અને પછી ક્ષારથી કે અગ્નિથી બાળીને વૈદ્યે મટાડવુ, પણ ઉષ્ટ્રગ્રીવ ભગંદરને (ચીર્યા પછી) ક્ષારથી જ (અગ્નિથી નહિ) મટાડવુ.

શતપોનક ભગંદરને શી રીતે ચીરવું?

नाडीरेकान्तराः कृत्वा पाटयेच्छतपोनकम् ॥२६॥

तासु रूढासु शेषाश्च, मृत्युर्दीर्णे गुदेऽन्यथा।

શતપોનક ભગંદરની એકાંતર નાડીઓ ચીરવી (બધી નાડીઓ–પ્રસરવાના બધા માર્ગો એકસાથે ચીરવા નહિ, પણ એકએક નાડી મૂકીને નાડીઓ ચીરવી; પહેલી, ત્રીજી, પાંચમી એ રીતે ચીરવી.) પછી એ નાડીઓ રુઝાઈ જાય ત્યારે બાકીની (બીજી, ચોથી, છઠ્ઠી વગેરે નાડીઓ ચીરવી). જો એમ કરવામાં ન આવે તો ગુદા ચિરાઈ જવાથી મોત થાય છે.

પરિક્ષેપી ભગંદર

परिक्षेपिणि चाप्येवं नाड्युक्तैः क्षारसूत्रकैः ॥२७॥

પરિક્ષેપી ભગંદરમાં નાડીવ્રણમાં કહેલા (ઉ. ૩૦/૩૫, ૩૫ફ્રે) ક્ષારસૂત્રો વડે નાડીને ચીરીને પછી એ જ રીતે મટાડવું.

અર્શોભગંદર

अर्शोभगन्दरे पूर्वमर्शांसि प्रतिसाधयेत्।

અર્શોભગંદરમા પહેલાં હરસ મટાડવા.

ક્ષતજ ભગંદર

त्यक्त्वोपचर्यः क्षतजः शल्यं शल्यवतस्ततः ॥२८
आहरेच्च तथा दद्यात् क्रमिघ्नं लेपभोजनम्।
पिण्डनाड्यादयः स्वेदाः
सुस्निग्धा रुजि पूजिताः ॥२९॥

ક્ષતજ ભગંદર અસાધ્ય છે એવું સાફ જણાવીને પછી (દરદીની ઇચ્છા હોય તો) એના ઉપચાર કરવા. પછી શલ્યવાળા એ ભગંદરનું શલ્ય કાઢવું અને કીડાને મારી નાખે એવો લેપ કરવો અને એવો ખોરાક આપવો. જો પીડા થતી હોય તો સારી રીતે સ્નિગ્ધ કરેલા પિંડસ્વેદ, નાડીસ્વેદ વગેરે જાતના શેક કરવા એ હિતકારક છે.

બહુ છિદ્રોવાળા ભગંદરને કેવી રીતે કાપવું?

सर्वत्र च बहुच्छिद्रे छेदानालोच्य योजयेत्।
गोतीर्थसर्वतोभद्रदललाङ्गललाङ्गलान् ॥३०॥

બહુ છિદ્રોવાળા ભગંદરમાં બધી બાજુનો વિચાર કરીને ગોતીર્થ, સર્વતોભદ્ર, દલલાંગલ અને લાંગલ (શ્લોક ૩૦ફ્રે થી ૩૧ફ્રે) એ ચાર પ્રકારના છેદ કરવા (એ ચારમાંથી જે પ્રસંગે જે યોગ્ય હોય તે છેદ કરવો).

ગોતીર્થ, સર્વતોભદ્ર, દલલાંગલ અને લાંગલ છેદની સમજણ

पार्श्वं गतेन शस्त्रेण छेदो गोतीर्थको मतः।
सर्वतः सर्वतोभद्रः, पार्श्वच्छेदोऽर्धलाङ्गलः ॥३१
पार्श्वद्वये लाङ्गलकः

એક બાજુ પરથી ખોસેલા શસ્ત્રથી છેદ કરવો તેને ગોતીર્થક છેદ કહે છે, બધી બાજુ પરથી ખોસેલા શસ્ત્રથી છેદ કરવો તેને સર્વતોભદ્ર છેદ કહે છે, અડધી હળના આકારનો છેદ બાજુમાં કરવો તેને દલલાગલ છેદ કહે છે અને બંને બાજુએ હળ જેવો છેદ કરવો તેને લાંગલક છેદ કહે છે.

समस्तांश्चाग्निना दहेत्।
आस्रावमार्गान्निःशेषं नैवं विकुरुते पुनः ॥३२॥

બગાડને વહેનારા બધા માર્ગોને અગ્નિથી પૂરેપૂરા બાળી નાખવા, એમ કરવાથી એ ફરીથી વિકાર કરશે નહિ (ઊથળશે નહિ).

यतेत कोष्ठशुद्धौ च भिषक् तस्यान्तराऽन्तरा।

વૈદ્યે તેના (ભગંદરના દરદીના) કોઠાની શુદ્ધિ કરવાનો અવારનવાર (વચ્ચે વચ્ચે) યત્ન કરવો.

ભગંદરના વ્રણમાં લેપ

लेपो व्रणे विडालास्थि त्रिफलारसकल्कितम् ॥३३॥

ત્રિફળાના ક્વાથમાં બિલાડીના હાડકાનો કલ્ક કરીને એનો લેપ વ્રણમા કરવો.

ભગંદરનું અભ્યંગ તેલ

ज्योतिष्मतीमलयुलाङ्गलिशेलुपाठा-
कुम्भाग्निसर्ज(र्जि)करवीरवचासुधार्कैः।
अभ्यञ्जनाय विपचेत भगन्दराणां
तैलं वदन्ति परमं हितमेतदेषाम् ॥ ३४ ॥

માલકાંકણી, ખાવચી, રતવેલિયો, ગૂંદાં, કાળીપાટ, નસોતર, ચિત્રો, રાળ, કણેર, થોર, આકડો–એટલાં ઔષધો વડે તેલ પકાવીને એ તેલ ભગંદરના વ્રણોમાં ચોપડવું. એ તેલ ભગંદરો માટે બહુ હિતકારક છે, એવું મહર્ષિઓ કહે છે.

मधुकरोध्रकणात्रुटिरेणुका-
द्विरजनीफलिनीपटुसारिवाः।

कमलकेसरपद्मकधातकी-
मदनसर्जरसामयरोध्रिकाः ॥ ३५ ॥
सबीजपूरच्छदनैरेभिस्तैलं विपाचितम्।
भगन्दरापचीकुष्ठमधुमेहव्रणापहम् ॥ ३६ ॥

જેઠીમધ, લોધર, પીપર, નાની એલચી, રેણુકબીજ, હળદર, દારુહળદર, ઠાંગ, સૈંધવ, સારિવા, કમળનું કેસર, પદ્મકાષ્ઠ, ધાવડી, મીંઢળ, રાળ, ઉપલેટ, લજામણી તથા બિજોરાનાં પાંદડાં—એટલી વસ્તુઓ વડે પકવેલું તેલ ભગંદર, અપચી, કુષ્ઠ, મધુમેહ અને વ્રણને મટાડે છે.

ભગંદર વગેરેમાં ચાટવાના, પીવાના, ફાકવાના યોગો

मधुतैलयुता विडङ्गसार-
त्रिफलामागधिकाकणाश्च लीढाः।
कृमिकुष्ठभगन्दरप्रमेह-
क्षतनाडीव्रणरोपणा भवन्ति ॥ ३७ ॥

વાવડિંગ, ખેરસાર, ત્રિફળા અને પીપરનું ચૂર્ણ મધ અને તેલમાં ચાટવાથી કૃમિ, કુષ્ઠ, ભગંદર, પ્રમેહ, ક્ષત અને નાડીવ્રણ રુઝાય છે (ગણાવેલા રોગો મટે છે).

अमृतात्रुटिवेल्लवत्सकं
कलिपथ्यामलकानि गुग्गुलुः।
क्रमवृद्धमिदं मधुद्रुतं
पिटिकास्थौल्यभगन्दरान् जयेत् ॥३८॥

ગળો, નાની એલચી, વાવડિંગ, કડાછાલ, બહેડાં, હરડે, આમળા અને ગૂગળ એટલાં ઔષધોને ક્રમવાર વધારીને (ગળો એક ભાગ, નાની એલચી બે ભાગ એ રીતે વધતાંવધતાં છેવટે ગૂગળ આઠ ભાગ લઈને) એ બધાંના ચૂર્ણને મધમા ઢાલવીને ચાટવા કે પીવાથી પિટિકા, જાડાપણું અને ભગંદર મટે છે.

मागधिकाग्निकलिङ्गविडङ्गै-
र्बिल्वयुतैः समरापलषट्कैः।
गुग्गुलुना सदृशेन समेतैः
क्षौद्रयुतैः सकलामयनाशः ॥ ३९ ॥

પીપર, ચિત્રો, ઇદ્રજવ, વાવડિંગ [illegible] દરેક એકએક પળ, ત્રિફળા છ પળ, [illegible] કુલ વજન જેટલો ગૂગળ—આટલું [illegible] મધમા ઢાલવીને ચાટવાથી બધા રોગનો નાશ થાય છે.

गुग्गुलुपञ्चपलं पलिकांशा
मागधिका त्रिफला च पृथक्स्यात्।
त्वक्त्रुटिकर्षयुतं मधुलीढं
कुष्ठभगन्दरगुल्मगतिघ्नम् ॥ ४० ॥

પાચ પલ ગૂગળ, પીપર એક પલ, ત્રિફળા એક પલ, તજ એક કર્ષ, નાની એલચી એક કર્ષ—એટલા ઔષધો મધ સાથે ચાટવાથી કુષ્ઠ, ભગંદર, ગોળો અને નાડી મટે છે.

शृङ्गवेररजोयुक्तं तदेव च सुभावितम्।
क्वाथेन दशमूलस्य विशेषाद्वातरोगजित् ॥४१॥

તે(શ્લોક ૩૯ને, ૪૦વાળા ગૂગળ વગેરે પાચ દ્રવ્યો)મા જ સૂંઠનું ચૂર્ણ મેળવીને એને (એ ભેગા ચૂર્ણને) દશમૂળના કવાથની સારી રીતે ભાવના દઈને ફાકવાથી ખાસ કરીને વાયુથી થયેલા કુષ્ઠ, ભગંદર, ગોળો અને નાડી મટે છે.

उत्तमाखदिरसारजं रजः
शीलपन्नसनवारिभावितम्।
हन्ति तुल्यमहिषाक्षमाक्षिकं
कुष्ठमेहपिटिकाभगन्दरान् ॥४२॥

ત્રિફળા અને ખેરસારનું ચૂર્ણ એ બને બીખલાના કવાથની ભાવના દઈને એના જેટલા જ વજનનાં ગૂગળ અને મધ લઈને એ બધું ભેગું કરીને રોજ ચાટવાથી કુષ્ઠ, પ્રમેહપિટિકા અને ભગંદર મટે છે.

भगन्दरेष्वेष विशेष उक्तः
शेषाणि तु व्यञ्जनसाधनानि।
व्रणाधिकारात् परिशीलनाच्च
सम्यग्विदित्वौपयिकं विदध्यात् ॥४३॥

ભગંદરોમાં, જે ભગંદરમાં જે ખાસ ક્રિયા કરવાની છે તે આ અધ્યાયમાં કહી છે. બાકીનું બધું મટાડવાના ઉપાય સ્પષ્ટ છે (કહેવાઈ ગયા છે, [illegible] અધ્યાયમા નથી કહ્યું તેના ઉપાય [illegible] અધ્યાયમાંથી અને આયુર્વેદના [illegible] બરાબર જાણી લઈને કરવા.

ભગંદરમાં અપથ્ય

मश्वपृष्ठगमनं चलरोधं
मद्यमैथुनमजीर्णमसात्म्यम् ।
साहसानि विविधानि च रूढे
वत्सरं परिहरेदधिकं वा ॥ ४४ ॥

ભગંદરનો વ્રણ રુઝાઈ ગયા પછી પણ એક વરસ સુધી કે તેથીયે વધારે વખત સુધી ઘોડાની પીઠ પર બેસીને જવું નહિ, વાયુને (વેગોને) રોકવા નહિ, દારૂ પીવો નહિ, મૈથુન કરવું નહિ, અજીર્ણ થવા દેવુ નહિ, માફક ન આવે એવા આહારવિહાર કરવા નહિ તથા જાતજાતનાં ગજા ઉપરાંતનાં કામ કરવાં નહિ.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने भगन्दरप्रतिषेधो नामाष्टाविंशोऽध्यायः ॥ २८ ॥

અધ્યાય ૨૯ મો—ગ્રંથિ, અર્બુદ, હાથીપગ, અપચી અને નાડીનું જ્ઞાન

अथातो ग्रन्थ्यर्बुदश्लीपदापची-
नाडीविज्ञानीयं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

ત્યારે હવે અમે ગ્રંથિ (રસોળી), અર્બુદ (ઝેરી રસોળી, અ. કેન્સર), શ્લીપદ (હાથીપગ), અપચી (કંઠમાળ) અને નાડી (ભરનીગળ ગૂમડું) એટલા રોગો વિષે જ્ઞાન થવા માટે જરૂરી અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ગ્રંથિ (=રસોળી, ગાંઠ)

कफप्रधानाः कुर्वन्ति मेदोमांसास्रगा मलाः ।
वृत्तोन्नतं यं श्वयथुं स ग्रन्थिर्ग्रथनात्स्मृतः ॥१॥

કફ જેમાં મુખ્ય હોય એવા દોષો ચરબીમાં, માંસમાં અને લોહીમાં રહીને જે ગોળ અને ઊંચો સોજો આણે છે તે સોજો ગંઠાયલો હોવાથી એને ગ્રંથિ (રસોળી, ગાંઠ) કહે છે.

ગ્રંથિની સંખ્યા

दोषास्रमांसमेदोस्थिसिरावणभवा नव ।
ते

તે (ગ્રંથિ) નવ છે: ત્રણ દોષને લીધે થતી ત્રણ, લોહીને લીધે, માંસને લીધે, ચરબીને લીધે, હાડકાંને લીધે, શિરાને લીધે અને વ્રણને લીધે થતી.

વાયુની ગ્રંથિ

तत्र वातादायामतोदभेदान्वितोऽसितः ॥२॥
स्थानात्स्थानान्तरगतिरकस्माद्धानिवृद्धिमान् ।
मृदुर्बस्तिरिवानद्धो विभिन्नोऽच्छं स्रवत्यसृक् ॥३॥

તેમાં (નવ ગ્રંથિમાં), વાયુને લીધે થતી ગ્રંથિ આયામ (ખેંચ), તોદ અને ભેદવાળી; કાળી, એક જગાએથી બીજી જગાએ ફરતી, કારણ વિના ઘટતી અને વધતી, મૃદુ, મૂત્રાશયની માફક તસતસતી (ફૂલીને લાંબી થયેલી) હોય છે. એ ફૂટે ત્યારે એમાંથી પાતળું લોહી નીકળે છે.

પિત્તની ગ્રંથિ

पित्तात्सदाहः पीताभो रक्तो वा, पच्यते द्रुतम् ।
भिन्नोऽस्रमुष्णं स्रवति

પિત્તને લીધે થતી ગ્રંથિ પીળા રંગની કે રાતી હોય છે, એ ઝટ પાકી જાય છે અને એ ફૂટે ત્યારે એમાંથી ગરમ લોહી નીકળે છે.

કફની ગ્રંથિ

श्लेष्मणा नीरुजो घनः ॥ ४ ॥
शीतः सवर्णः कण्डूमान्, पक्वः पूयं स्रवेद्घनम् ।

કફને લીધે થતી ગ્રંથિ પીડા વિનાની, ઘટ્ટ, ઠંડી, શરીરના રંગની અને ખણુજવાળી હોય છે. એ પાકે ત્યારે ઘાટું (જાડું) પરુ નીકળે છે.

લોહીની (=રક્તજ) ગ્રંથિ

दोषैर्दुष्टेऽसृजि ग्रन्थिर्भवेन्मूर्च्छत्सु जन्तुषु ॥ ५ ॥
सिरामांसं च संश्रित्य सस्वापः पित्तलक्षणः ।

દોષો વડે લોહી બગડવાથી કૃમિ (કીડા) વધે ત્યારે શિરા અને માંસનો આશ્રય લઈને સ્પર્શની ખબર ન પડે એવી, પિત્તની ગ્રંથિ જેવાં લક્ષણોવાળી ગ્રંથિ થાય છે.

માંસની ગ્રંથિ

मांसलैर्दूषितं मांसमाहारैर्ग्रन्थिमावहेत् ॥ ६ ॥
स्निग्धं महान्तं कठिनं सिरानद्धं कफाकृतिम् ।

પુષ્કળ માંસવાળા ખોરાકથી બગડેલું માંસ સ્નિગ્ધ, મોટી, કઠણ; શિરાઓની જાળથી છવાયલી અને કફની ગ્રંથિ જેવાં લક્ષણવાળી ગ્રંથિ

कमलकेसरपद्मकधातकी-
मदनसर्जरसामयरोदिकाः ॥ ३५ ॥
सबीजपूरच्छदनैरेभिस्तैलं विपाचितम् ।
भगन्दरापचीकुष्ठमधुमेहव्रणापहम् ॥ ३६ ॥

જેઠીમધ, લોધર, પીપર, નાની એલચી, રેણુકબીજ, હળદર, દારુહળદર, કાંગ, સૈંધવ, સારિવા, કમળનું કેસર, પદ્મકાષ્ઠ, ધાવડી, મીણ, રાળ, ઉપલેટ, લજામણી તથા બિજોરાનાં પાંદડાં–એટલી વસ્તુઓ વડે પકવેલું તેલ ભગંદર, અપચી, કુષ્ઠ, મધુમેહ અને વ્રણને મટાડે છે.

ભગંદર વગેરેમાં ચાટવાના, પીવાના, ફાકવાના યોગો

मधुतैलयुता विडङ्गसार-
त्रिफलामागधिकाकणाश्च लीढाः ।
कृमिकुष्ठभगन्दरप्रमेह-
क्षतनाडीव्रणरोपणा भवन्ति ॥ ३७ ॥

વાવડિંગ, ખેરસાર, ત્રિફળા અને પીપરનું ચૂર્ણ મધ અને તેલમાં ચાટવાથી કૃમિ, કુષ્ઠ, ભગંદર, પ્રમેહ, ક્ષત અને નાડીવ્રણ રુઝાય છે (ગણાવેલા રોગો મટે છે).

अमृतात्रुटिवेल्लवत्सकं
कलिपथ्यामलकानि गुग्गुलुः ।
क्रमवृद्धमिदं मधुद्रुतं
पिटिकास्थौल्यभगन्दरान् जयेत ॥३८॥

ગળો, નાની એલચી, વાવડિંગ, કડાછાલ, બહેડાં, હરડે, આમળાં અને ગૂગળ એટલાં ઔષધોને ક્રમવાર વધારીને (ગળો એક ભાગ, નાની એલચી બે ભાગ એ રીતે વધતાંવધતાં છેવટે ગૂગળ આઠ ભાગ લઈને) એ બધાંના ચૂર્ણને મધમાં કાલવીને ચાટવા કે પીવાથી પિટિકા, જાડાપણું અને ભગંદર મટે છે.

मागधिकाग्निकलिङ्गविडङ्ग-
विल्वधृतैः सवरापलपट्कैः ।
गुग्गुलुना सदृशेन समेतैः
क्षौद्रयुतैः सकलामयनाशः ॥ ३९ ॥

પીપર, ચિત્રો, ઇંદ્રજવ, વાવડિંગ, એ દરેક એકએક પળ, ત્રિફળા છ પળ, એ બધાંના કુલ વજન જેટલો ગૂગળ–આટલાં ઔષધો મધમાં કાલવીને ચાટવાથી બધા રોગનો નાશ થાય છે.

गुग्गुलुपञ्चपलं पलिकांशा
मागधिका त्रिफला च पृथक्स्यात् ।
त्वक्त्रुटिकर्षयुतं मधुलीढं
कुष्ठभगन्दरगुल्मगतिघ्नम् ॥ ४० ॥

પાંચ પલ ગૂગળ, પીપર એક પલ, ત્રિફળા એક પલ, તજ એક કર્ષ, નાની એલચી એક કર્ષ–એટલાં ઔષધો મધ સાથે ચાટવાથી કુષ્ઠ, ભગંદર, ગોળો અને નાડી મટે છે.

शृङ्गबेररजोयुक्तं तदेव च सुभावितम् ।
क्वाथेन दशमूलस्य विशेषाद्वातरोगजित् ॥४१॥

તે(શ્લોક ૩૯ને, ૪૦વાળાં ગૂગળ વગેરે પાંચ દ્રવ્યો)માં જ સૂંઠનું ચૂર્ણ મેળવીને એને (એ ભેગા ચૂર્ણને) દશમૂળના ક્વાથની સારી રીતે ભાવના દઈને ફાકવાથી ખાસ કરીને વાયુથી થયેલાં કુષ્ઠ, ભગંદર, ગોળો અને નાડી મટે છે.

उत्तमाखदिरसारजं रजः
शीलयन्नसनवारिभावितम् ।
दन्ति तुल्यमहिषाक्षमाक्षिकं
कुष्ठमेहपिटिकाभगन्दरान् ॥४२॥

ત્રિફળા અને ખેરસારનું ચૂર્ણ એ બને બીબલાના ક્વાથની ભાવના દઈને એના જેટલા જ વજનનાં ગૂગળ અને મધ લઈને એ બધું ભેગું કરીને રોજ ચાટવાથી કુષ્ઠ, પ્રમેહપિટિકા અને ભગંદર મટે છે.

भगन्दरेष्वेष विशेष उक्तः
शेषाणि तु व्यञ्जनसाधनानि ।
व्रणाधिकारात् परिशीलनाच्च
सम्यग्विदित्वौपयिकं विदध्यात् ॥४३॥

ભગંદરોમાં, જે ભગંદરમાં જે ખાસ ક્રિયા કરવાની છે તે આ અધ્યાયમાં કહી છે. બાકીનું બધું મટાડવાના ઉપાય સ્પષ્ટ છે (કહેવાઈ ગયા છે). જે આ અધ્યાયમાં નથી કહ્યું તેના ઉપાય વ્રણપ્રતિષેધના અધ્યાયમાંથી અને આયુર્વેદના અભ્યાસ દ્વારા બરાબર જાણી લઈને કરવા.

ભગંદરમાં અપથ્ય

अश्वपृष्ठगमनं चलरोधं
मद्यमैथुनमजीर्णमसात्म्यम् ।
साहसानि विविधानि च रूढे
वत्सरं परिहरेदधिकं वा ॥४४॥

ભગંદરનો વ્રણ રુઝાઈ ગયા પછી પણ એક વરસ સુધી કે તેથીયે વધારે વખત સુધી ઘોડાની પીઠ પર બેસીને જવુ નહિ, વાયુને (વેગોને) રોકવા નહિ, દારૂ પીવો નહિ, મૈથુન કરવું નહિ, અજીર્ણ થવા દેવુ નહિ, માફક ન આવે એવા આહારવિહાર કરવા નહિ તથા જાતજાતનાં ગજા ઉપરાંતનાં કામ કરવા નહિ.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने भगन्दरप्रतिषेधो नामाष्टाविंशोऽध्यायः ॥ २८ ॥

અધ્યાય ૨૯ મો—ગ્રંથિ, અર્બુદ, હાથીપગ, અપચી અને નાડીનું જ્ઞાન

अथातो ग्रन्थ्यर्बुदश्लीपदापचीनाडीविज्ञानीयं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

ત્યારે હવે અમે ગ્રંથિ (રસોળી), અર્બુદ (ઝેરી રસોળી, અં. કેન્સર), શ્લીપદ (હાથીપગ), અપચી (કંઠમાળ) અને નાડી (ભરનીગળ ગૂમડુ) એટલા રોગો વિષે જ્ઞાન થવા માટે જરૂરી અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ગ્રંથિ (=રસોળી, ગાંઠ)

कफप्रधानाः कुर्वन्ति मेदोमांसास्रगा मलाः ।
वृत्तोन्नतं यं श्वयथुं स ग्रन्थिर्ग्रथनात्स्मृतः ॥१॥

કફ જેમાં મુખ્ય હોય એવા દોષો ચરબીમાં, માંસમાં અને લોહીમાં રહીને જે ગોળ અને ઊંચો સોજો આણે છે તે સોજો ગંઠાયલો હોવાથી એને ગ્રંથિ (રસોળી, ગાંઠ) કહે છે.

ગ્રંથિની સંખ્યા

दोषास्रमांसमेदोऽस्थिसिरावणभवा नव ।
ते

તે (ગ્રંથિ) નવ છે: ત્રણ દોષને લીધે થતી ત્રણ, લોહીને લીધે, માંસને લીધે, ચરબીને લીધે, હાડકાંને લીધે, શિરાને લીધે અને વ્રણને લીધે થતી.

વાયુની ગ્રંથિ

तत्र वातादायामतोदभेदान्वितोऽसितः ॥२॥
स्थानात्स्थानान्तरगतिरकस्माद्धानिवृद्धिमान् ।
मृदुर्बस्तिरिवानद्धो विभिन्नोऽच्छं स्रवत्यसृक् ॥३॥

તેમાં (નવ ગ્રંથિમાં), વાયુને લીધે થતી ગ્રંથિ આયામ (ખેંચ), તોદ અને ભેદવાળી; કાળી, એક જગાએથી બીજી જગાએ ફરતી, કારણ વિના ઘટતી અને વધતી, મૃદુ, મૂત્રાશયની માફક તસતસતી (ફૂલીને લાંબી થયેલી) હોય છે. એ ફૂટે ત્યારે એમાથી પાતળું લોહી નીકળે છે.

પિત્તની ગ્રંથિ

पित्तात्सदाहः पीताभो रक्तो वा, पच्यते द्रुतम् ।
भिन्नोऽस्रमुष्णं स्रवति

પિત્તને લીધે થતી ગ્રંથિ પીળા રંગની કે રાતી હોય છે, એ ઝટ પાકી જાય છે અને એ ફૂટે ત્યારે એમાંથી ગરમ લોહી નીકળે છે.

કફની ગ્રંથિ

श्लेष्मणा नीरुजो घनः ॥४॥
शीतः सवर्णः कण्डूमान्, पक्वः पूयं स्रवेद्घनम् ।

કફને લીધે થતી ગ્રંથિ પીડા વિનાની, ઘટ્ટ, ઠંડી, શરીરના રંગની અને ખણુજવાળી હોય છે. એ પાકે ત્યારે ઘાટું (જાડું) પરુ નીકળે છે.

લોહીની (=રક્તજ) ગ્રંથિ

दोषैर्दुष्टेऽसृजि ग्रन्थिर्भवेन्मूर्च्छत्सु जन्तुषु ॥५॥
सिरामांसं च संश्रित्य सस्वापः पित्तलक्षणः ।

દોષો વડે લોહી બગડવાથી કૃમિ (કીડા) વધે ત્યારે શિરા અને માંસનો આશ્રય લઈને સ્પર્શની ખબર ન પડે એવી, પિત્તની ગ્રંથિ જેવા લક્ષણોવાળી ગ્રંથિ થાય છે.

માંસની ગ્રંથિ

मांसलैर्दूषितं मांसमाहारैर्ग्रन्थिमावहेत् ॥ ६ ॥
स्निग्धं महान्तं कठिनं सिरानद्धं कफाकृतिम् ।

પુષ્કળ માંસવાળા ખોરાકથી બગડેલું માંસ સ્નિગ્ધ, મોટી, કઠણ; શિરાઓની જાળથી છવાયલી અને કફની ગ્રંથિ જેવાં લક્ષણવાળી ગ્રંથિ

કરે છે.

ચરબીની ગ્રંથિ

प्रवृद्धं मेदुरैर्मेदो नीतं मांसेऽथवा त्वचि ॥७॥
वायुना कुरुते ग्रन्थिं भृशं स्निग्धं मृदुं चलम् ।
श्लेष्मतुल्याकृतिं देहक्षयवृद्धिक्षयोदयम् ॥८॥
स विभिन्नो घनं मेदस्ताम्रासितसितं स्रवेत् ।

ચરબીભર્યા ખોરાકથી વધેલી ચરબીને વાયુ માંસમાં કે ચામડીમાં લઈ જાય છે, ત્યારે એ ચરબી પુષ્કળ સ્નિગ્ધ, મૃદુ, ચલ (આઘીપાછી ખસી શકે એવી) કફની ગ્રંથિ જેવાં લક્ષણોવાળી અને શરીર વધે ત્યારે વધતી અને શરીર ઘટે ત્યારે ઘટતી ગ્રંથિ કરે છે. એ ફૂટે ત્યારે એમાંથી ઘટ્ટ, તાંબાવર્ણી, કાળી કે ધોળી ચરબી નીકળે છે.

હાડકાની ગ્રંથિ

अस्थिभङ्गाभिघाताभ्यामुन्नतावनतं तु यत् ॥९॥
सोऽस्थिग्रन्थिः

હાડકું ભાંગવાથી કે અભિઘાતથી હાડકું જે ઊંચુંનીચું (ખાડાટેકરાવાળું) થાય તે હાડકાની ગ્રંથિ છે.

શિરાની ગ્રંથિ

पदातेस्तु सहसाऽम्भोवगाहनात् ।
व्यायामाद्वा प्रतान्तस्य सिराजालं सशोणितम्
वायुः सम्पीड्य सङ्कोच्य वक्रीकृत्य विशोष्य च ।
निःस्फुरं नीरुजं ग्रन्थिं कुरुते स सिराह्वयः ॥११॥

પગપાળો ચાલેલો માણસ એકાએક પાણીમાં ઝબકોળાય (નાહે) તેથી કે અતિશ્રમને લીધે થાકી જવાથી એનો (એ માણસનો) કોપેલો વાયુ લોહીવાળી શિરાઓની જાળને દબાવીને, સંકોચીને, વાંકી વાળી દઈને અને સૂકવી નાખીને ફરકે નહિ એવી અને પીડા વિનાની ગ્રંથિ કરે છે તે શિરાગ્રંથિ નામની ગ્રંથિ છે.

વ્રણની ગ્રંથિ

अरूढे रूढमात्रे वा व्रणे सर्वरसाशिनः ।
सार्द्रे वा बन्धरहिते गात्रेऽश्माभिहतेऽथवा ॥१२॥
वातोऽस्रमस्रुतं दुष्टं संशोष्य ग्रथितं व्रणम् ।
कुर्यात्सदाहः कण्डूमान् व्रणग्रन्थिरयं स्मृतः ॥१३

વ્રણ રુઝાયા પહેલાં કે વ્રણ રુઝાય કે તરત જે માણસ બધા (છયે, વ્રણમાં પથ્ય હોય તેની સાથે બાકીના અપથ્ય પણ) રસો ખાય છે અથવા વ્રણ જરા લીલો હોય, ત્યારે પાટો બાંધ્યા વિનાના અંગ ઉપર પથ્થર વાગે તેનો કોપેલો વાયુ બહાર ન નીકળી ગયેલા બગડેલા લોહીને સૂકવી દઈને ગંઠાયલો (કઠણ) વ્રણ કરે છે. આ દાહ અને ખણુજવાળા વ્રણને આયુર્વેદમાં વ્રણગ્રંથિ કહે છે.

સાધ્યઅસાધ્ય

साध्या दोषास्रमेदोजाः, न तु स्थूलखराश्चलाः ।
मर्मकण्ठोदरस्थाश्च

ત્રણ દોષની ત્રણ, લોહીની અને ચરબીની ગ્રંથિઓ સાધ્ય છે, પણ સ્થૂલ, ખર અને ખસી શકે એવી તથા મર્મસ્થાનમા થયેલી, ગળામાં થયેલી અને ઉદરમાં થયેલી ગ્રંથિઓ સાધ્ય નથી.

અર્બુદ (અં. કૅન્સર)

महत्तु ग्रन्थितोऽर्बुदम् ॥१४॥
तल्लक्षणं च मेदोन्तैः षोढा दोषादिभिस्तु तत् ।
प्रायो मेदःकफाढ्यत्वात्स्थिरत्वाच्च न पच्यते ॥१५

ગ્રંથિથી મોટું અર્બુદ છે. દોષથી શરૂ કરીને ત્રણ (=વાયુનું, પિત્તનું અને કફનું) અને ચરબીથી પૂરાં થાય એ ત્રણ (=લોહીનું, માંસનું અને ચરબીનું) એમ છ પ્રકારનાં એનાં લક્ષણ છે. (ગ્રંથિની સંખ્યા ગણાવવામાં દોષથી એટલે વાયુથી શરૂ થતાં ત્રણ અને ચરબીથી પૂરાં થાય એવાં ત્રણ એમ કુલ ગ્રંથિના જે છ પ્રકાર છે તે જ છ પ્રકાર અર્બુદના છે.) તે (અર્બુદ) ચરબી અને કફથી ભરેલું હોવાથી અને સ્થિર હોવાથી સામાન્ય રીતે પાકતું નથી.

રક્તાર્બુદ

सिरास्थं शोणितं दोषः सङ्कोच्यान्तः प्रपीड्य च
पाचयेत तदानद्धं सास्रावं मांसपिण्डितम् ॥१६
मांसाङ्कुरैश्चितं याति वृद्धिं चाशु स्रवेत्ततः ।
अजस्रं दुष्टरुधिरं भूरि तच्छोणितार्बुदम् ॥१७॥

દોષ (ત્રણમાંથી ગમે તે એક દોષ) શિરામાં રહેલા લોહીને સંકોચીને, અંદર દબાવીને પકવે છે, તેથી એ લોહી પાકે છે એટલે તે ફૂલી જાય છે, તેમાંથી રસી નીકળે છે, માંસ સાથે

તેની ગોળી ખાઝી જાય છે, માંસના અંકુરોથી છવાઈ જાય છે અને ઝટ વધી જાય છે. પછી એમાંથી સતત બગડેલું પુષ્કળ લોહી વહ્યા કરે છે. એને શોણિતાર્બુદ (લોહીનું 'કૅન્સર') કહે છે.

સાધ્યઅસાધ્ય

तेष्वसृङ्मांसजे वर्ज्ये, चत्वार्यन्यानि साधयेत्।

એમાંથી લોહીનું અર્બુદ અને માંસનું અર્બુદ (અસાધ્ય હોવાથી) છોડી દેવાં અને બાકીનાં ચાર અર્બુદના ઉપાય કરવા.

શ્લીપદ (હાથીપગ)

प्रस्थिता वङ्क्षणोर्वादिमधःकायं कफोल्बणाः॥
दोषा मांसासृगाः पादौ कालेनाश्रित्य कुर्वते।
शनैःशनैर्घनं शोफं श्लीपदं तत्प्रचक्षते॥१९॥

કફ જેમાં મુખ્ય હોય (વધારે હોય) એવા ત્રણે દોષો સાથળનાં વળાં, સાથળ (+જંઘા, પિંડી) વગેરે શરીરના નીચલા ભાગ તરફ ચાલી નીકળીને, માંસમાં અને લોહીમાં જઈને, વખત જતાં પગમાં રહીને ઘટ્ટ સોજો ધીમે ધીમે કરે છે તેને શ્લીપદ (હાથીપગ) કહે છે.

વાયુનું શ્લીપદ

परिपोटयुतं कृष्णमनिमित्तरुजं खरम्।
रूक्षं च वातात्

વાયુને લીધે થતા શ્લીપદમાં પગની ચામડી તરડાય છે, ચામડી કાળી, કારણ વિના પીડા-વાળી, ખર અને લૂખી હોય છે.

પિત્તનું શ્લીપદ

पित्तात्तु पीतं दाहज्वरान्वितम्॥२०॥

પિત્તથી થયેલું શ્લીપદ પીળું, બળતરાવાળું અને તાવવાળું હોય છે.

કફનું શ્લીપદ

कफाद् गुरु स्निग्धमरुक् चित्तं मांसाङ्कुरैर्बृहत्।

કફથી થતું શ્લીપદ ભારે, સ્નિગ્ધ, પીડા-વિનાનું, માંસના અંકુરોથી (મસાથી) છવાયલું અને મોટું હોય છે.

અસાધ્ય શ્લીપદ

तत्त्यजेद्वत्सरातीतं सुमहत् सुपरिस्रुति॥२१॥

જે શ્લીપદ થયે એક વરસ વીતી ગયું હોય તેને, જે બહુ મોટું થઈ ગયું હોય તેને અને જેમાંથી બહુ સ્રાવ થતો હોય તેને (અસાધ્ય ગણી) છોડી દેવાં.

શ્લીપદ કયા અંગોમાં અને કયા દેશમાં થાય?

पाणिनासौष्ठकर्णेषु वदन्त्येके तु पादवत्।
श्लीपदं जायते तच्च देशेऽनूपे भृशं भृशम्॥२२॥

કેટલાક કહે છે કે પગની માફક હાથે, નાકે, હોઠે અને કાને (પણ) શ્લીપદ થાય છે, અને જેમ દેશ વધારે અનૂપ હોય તેમ તે (શ્લીપદ) વધારે થાય છે.

ગંડમાલા (કંઠમાળ): અપચી

સંપ્રાપ્તિ: નામનો ખુલાસો

मेदस्थाः कण्ठमन्याक्षकक्षावङ्क्षणगा मलाः।
सवर्णान् कठिनान् स्निग्धान्
वार्ताकामलकाकृतीन्॥२३॥
अवगाढान् बहून् गण्डांश्चिरपाकांश्च कुर्वते।
पच्यन्तेऽल्परुजस्ते ऽन्ये
स्रवन्त्यन्येऽतिकण्डुराः॥२४॥
नश्यन्त्यन्ये भवन्त्यन्ये दीर्घकालानुबन्धिनः।
गण्डमालाऽपची चेयं दूर्वेव क्षयवृद्धिभाक्॥२५॥

ચરબીમાં રહેલા દોષો ગળામાં, મન્યામાં, ખભામા, બગલમાં અને સાથળના વળામાં જઈને ચામડીના રંગનાં, કઠણ, સ્નિગ્ધ, વંત્યાક અને આમળાં જેવા આકારનાં, ઊંડાં મૂળવાળાં, અનેક, બહુ વખતે પાકે એવાં ગૂમડાં કરે છે. એમાંથી થોડી પીડાવાળાં ગૂમડાં પાકે છે, કેટલાંક ફૂટે છે, કેટલાંકમાં બહુ ખણુજ આવે છે, કેટલાક નાશ પામે છે (વેરાઈ જાય છે) અને કેટલાંક લાંબા વખત સુધી ચાલુ રહે છે. આને ગંડમાલા (કંઠમાળ) અને અપચી કહે છે. એ ધરોની માફક ઘટે છે અને વધે છે.

અસાધ્ય કંઠમાળ

तां त्यजेत्सज्वरच्छर्दिपार्श्वरुक्कासपीनसाम्।

જે કંઠમાળમાં સાથે તાવ, ઊલટી, પડખાંમા પીડા, ઉધરસ અને સળેખમ રહેતાં હોય તે કંઠમાળને (અસાધ્ય ગણી) છોડી દેવી.

નાડી: ગતિ (નાડીવ્રણ)

अभेदात्पक्वशोफस्य व्रणे चापथ्यसेविनः॥२६॥

अनुप्रविश्य मांसादीन् दूरं पूयोऽभिधावति।
गतिः सा दूरगमनान्नाडी नाडीव संस्रुतेः ॥२७॥
नाड्येकाऽनृजुरन्येषां सैवानेकगतिर्गतिः।

પાકેલા સોજા (ગૂમડા)ને ન ફોડવાથી તથા વ્રણમા અપથ્ય આહારવિહાર કરનારને માસ વગેરેમા પેસીને પરુ દૂર ને દૂર દોડે છે (માસ વગેરે તરફ અંદર ને અંદર પરુ રસ્તો કર છે). પરની આ ગતિ દૂર સુધી જતી હોવાથી એને નાડી (નળી) કહે છે, કારણ કે જેમ પાણીની નળીમાથી પાણી વહ્યા કરે છે, તેમ નાડીમાથી પણ સ્રાવ થયા કરે છે. બીજા આચાર્યોને મતે એક અને વાંકીચૂકી નાડીને નાડી કહે છે, પણ એ જ નાડીમાથી ફાટા પડીને અનેક નાડીઓ થઈ જાય ત્યારે એને ગતિ કહે છે.

નાડીની સંખ્યા

सा दोषैः पृथगेकस्थैः शल्यहेतुश्च पञ्चमी ॥२८॥

એ નાડી છૂટાછૂટા દોષોને લીધે ત્રણ, સાથે કોપેલા ત્રણે દોષોને લીધે એક અને પાચમી શલ્યને કારણે થયેલી એમ પાચ છે.

વાયુની નાડી

वातात् सरुक्सूक्ष्ममुखी विवर्णा फेनिलोद्वमा।
स्रवत्यभ्यधिकं रात्रौ

વાયુથી થતી નાડી (નાડીવ્રણ) પીડાવાળી, ઝીણા મુખવાળી, વિવર્ણ, ફીણવાળો સ્રાવ કાઢે એવી હોય છે. ગતે એમાથી વધારે સ્રાવ થાય છે.

પિત્તની નાડી

पित्तात्तृड्ज्वरदाहकृत् ॥ २९ ॥
पीतोष्णपूतिपूयस्रुद्दिवा चाति निषिञ्चति।

પિત્તથી થતી નાડી તરસ, તાવ અને બળતરા કરે છે, એમાથી પીળુ, ઊનુ અને ગધાતુ પરુ નીકળે છે અને એમાંથી દિવસે વધારે સ્રાવ થાય છે.

કફની નાડી

घनपिच्छिलसंस्रावा कण्डूला कठिना कफात् ॥३०
निशि चाभ्यधिकक्लेदा

કફને લીધે થતી નાડીમાથી ઘટ્ટ અને પિચ્છિલ સ્રાવ થાય છે, એ ખણજવાળી અને કઠણ હોય છે અને રાત્રે એમાં વધારે કલેદ થાય છે.

ત્રિદોષની નાડી

सर्वैः सर्वाकृतिं त्यजेत्।

બધા (ત્રણે) દોષોથી થતી નાડી ત્રણેય છૂટાછૂટા દોષની નાડીના ભેગા લક્ષણોવાળી હોય છે. તેને (અસાધ્ય ગણી) છોડી દેવી.

શલ્યનાડી

अन्तःस्थितं शल्यमनाहृतं तु
करोति नाडीं वहते च साऽस्य।
फेनानुविद्धं तनुमल्पमुष्णं
सास्रं च पूयं सरुजं च नित्यम् ॥३१॥

શરીરની અંદર રહેલા શલ્યને જો બહાર ખેંચી કાઢવામા ન આવ્યું હોય તો તે શલ્ય નાડી (નાડીવ્રણ) કરે છે અને એ નાડી એનું (દરદીનુ) ફીણવાળુ, પાતળુ, થોડુ, ઊનુ, લોહીવાળુ પરુ સદા પીડા સાથે બહાર કાઢે છે (એ નાડીમાથી ઉપર વર્ણન કર્યું છે એવુ પરુ સદા પીડા સાથે નીકળે છે).

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने ग्रन्थ्यर्बुदश्लीपदापची-
नाडीनिदानीयं नामैकोनत्रिंशोऽध्यायः ॥२९॥

અધ્યાય ૩૦મો—ગ્રંથિ, અર્બુદ, હાથી-પગ, અપચી અને નાડીના ઉપાય

अथातो ग्रन्थ्यर्बुदश्लीपदापची-
नाडीप्रतिषेधं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

ત્યારે હવે અમે ગ્રંથિ (રસોળી, ગાઠ), અર્બુદ (મ. કેન્સર, ઝેરી રસોળી), શ્લીપદ (હાથીપગ), અપચી (કંઠમાળ) અને નાડી-એટલા રોગો મટાડવાના ઉપાય સમજાવીશુ. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ગ્રંથિના ઉપાય

ग्रन्थिष्वामेषु कर्तव्या यथास्वं शोफवत् क्रिया।

કાચી ગ્રંથિઓમા શોફ (સોજા, ગૂમડા) જેવી ક્રિયા (ઉ. અ. ૨૫) કરવી.

વાયુની ગ્રંથિના ઉપાય

बृहतीचित्रकव्याघ्रीकणासिद्धेन सर्पिषा ॥ १ ॥
स्नेहयेच्छुद्धिकामं च, तीक्ष्णैः शुद्धस्य लेपनम् ।

જે ગ્રંથિના દરદીને શોધનની ઇચ્છા (જરૂર) હોય તેનું ભોરીંગણી, ચિત્રો અને પીપર વડે સિદ્ધ કરેલા ઘીથી (ઘી પાઈને) સ્નેહન કરવું. પછી એનું શોધન (વમન અને વિરેચન) કરીને તીક્ષ્ણ દ્રવ્યો વડે ગ્રંથિ ઉપર લેપ કરવો.

संस्वेद्य बहुशो ग्रन्थिं विमृन्दायात् पुनः पुनः ॥२॥

વારંવાર ગાંઠ ઉપર શેક કરીને એને વારંવાર (અંગૂઠાથી કે વાંસની ભૂંગળીથી) મસળવી (અને એવી રીતે વેરી નાખવાનો પ્રયત્ન કરવો.)

एष वाते विशेषेण क्रमः,

ઉપર કહી તે ક્રિયા ખાસ કરીને વાયુને લીધે થયેલી ગ્રંથિ મટે છે.

પિત્તની ગ્રંથિના ઉપાય

पित्तास्रजे पुनः ।
जलौकसो हिमं सर्वं,

પણ પિત્તની ગ્રંથિમાં જળો મૂકવી અને બધી ઠંડી ક્રિયા કરવી (સ્પર્શમા તથા વીર્યમાં ઠંડાં હોય એવાં દ્રવ્યોનાં જાડા લેપ, સેચન અને ખાનપાન કરવાં)

કફની ગ્રંથિના ઉપાય

कफजे वातिको विधिः ॥ ३ ॥

કફની ગ્રંથિમાં વાયુની ગ્રંથિવાળો વિધિ (ક્રિયા) કરવો.

तथाऽप्यपक्वं छित्त्वैनं स्थिते रक्तेऽग्निना दहेत् ।
साश्वशेषं, सशेषो हि पुनराप्यायते ध्रुवम् ॥ ४ ॥

આટલું કર્યા છતાં પણ જો રસોળી કાચી રહે તો એ કાચી રસોળીને કાપી કાઢીને પછી જ્યારે લોહી બંધ થાય ત્યારે રસોળીવાળા આખાયે ભાગ ઉપર બરાબર ડામ દેવો; કારણ કે જો રસોળીનો જરા પણ ભાગ રહી જાય તો એ ફરીથી પોષાય છે (ફરીથી રસોળી થાય છે).

માંસથી અને વ્રણથી થતી રસોળીઓ

मांसव्रणोद्भवौ ग्रन्थी यापयेदेवमेव च ।

માંસથી થતી રસોળી અને વ્રણથી થતી રસોળી યાપ્ય છે. એમાં ઉપર પ્રમાણે કરવું.

ચરબીથી થતી ગ્રંથિ

कार्यं मेदोभवेऽप्येतत्ततैः फालादिभिश्च तम् ॥५॥
प्रमृद्यात्तिलदिग्धेन छन्नं द्विगुणवाससा ।
शस्त्रेण पाटयित्वा वा दहेन्मेदसि सदृधृते ॥६॥

ચરબીથી થતી રસોળીમાં પણ એ પ્રમાણે જ કરવુ. ગ્રંથિ ઉપર તેલ ચોપડેલું બેવડું કપડું ઢાંકીને પછી દેવતાથી તપાવેલા હળના ફળાથી એના ઉપર મસળવુ અથવા ચરબીની ગ્રંથિને શસ્ત્રથી ચીરીને એમાંથી ચરબી બરાબર કાઢી નાખીને પછી એના ઉપર ડામ દેવો.

સિરાગ્રંથિના ઉપાય

सिराग्रन्थौ नवे पेयं तैलं साहचरं, तथा ।
उपनाहोऽनिलहरैर्बस्तिकर्म सिराव्यधः ॥ ७ ॥

સિરાગ્રંથિ નવી હોય તો સાહચર તેલ (ચિ. ૨૧/૬૬૩થી ૭૨૩) પીવુ તથા વાયુ મટાડે એવા દ્રવ્યોથી ઉપનાહ, બસ્તિ અને ફસ ખોલવાની ક્રિયા કરવી.

અર્બુદ(અ. કેન્સર)ના ઉપાય

अर्बुदे ग्रन्थिवत् कुर्यात् यथास्वं सुतरां हितम् ।

અર્બુદમાં જે પ્રકારનું અર્બુદ હોય તે પ્રકારની ગ્રંથિના ઉપાય વધારે પ્રમાણમાં કરવા.

[अजाशकृच्छिग्रमूललाक्षासुरस(लवणक्षार)–काञ्जिकैः ।
वस्त्रबद्धैरुपस्वेद्य मर्दयित्वा प्रलेपयेत् ॥ १ ॥
उपोदकापत्रपिण्ड्या छर्दैराच्छादितं घनम् ।
निवेश्य पट्टं बध्नीयाच्छाम्यत्येवं नवार्बुदम् ॥ २ ॥
जीर्णे चार्कच्छदसुधासामुद्रगुटकाञ्जिकैः ।
प्रच्छाने पिण्डिका बद्धा ग्रन्थ्यर्बुदविलायनी ॥]

[બકરીની લીંડીઓ, સરગવાનુ મૂળ, લાખ, તુળસી, (લવણ, ક્ષાર) અને કાંજી–એટલી વસ્તુઓને વસ્ત્રમાં બાંધીને એ પોટલી વડે સાધારણ શેક કરીને પછી અર્બુદને મસળીને પોઈનાં પાંદડાંની પિંડી વડે જાડો લેપ કરવો. પછી એના પર પાંદડાંનો ઘટ્ટ થર ઢાંકીને કપડાની ગડ મૂકીને પાટો બાંધવો. એમ કરવાથી નવુ અર્બુદ શમી જાય છે; અને જૂના અર્બુદમાં આકડાનાં પાંદડાં, થોર, સમુદ્રનુ મીઠું, ગોળ

અને કાંજીવડે કરેલી પિંડિકા પ્રચ્છાન માટે બાંધવાથી ગ્રંથિ અને અર્બુદ વેરાઈ જાય છે.]

શ્લીપદના ઉપાય

વાયુનું શ્લીપદ

श्लीपदेऽनिलजे विध्येत् स्निग्धस्विन्नोपनाहिते ॥
सिरामुपरि गुल्फस्य द्व्यङ्गुले, पाययेच्च तम् ।
मासमेरण्डजं तैलं गोमूत्रेण समन्वितम् ॥ ९ ॥
जीर्णे जीर्णान्नमश्नीयाच्छुण्ठीशृतपयोन्वितम् ।
त्रैवृतं वा पिबेदेवमशान्तावग्निना दहेत् ॥ १० ॥

વાયુના શ્લીપદમાં પહેલાં સ્નેહન, સ્વેદન અને ઉપનાહ કરીને પછી પગની ઘૂંટીથી બે આગળ ઊંચે ફસ ખોલવી તથા એને એક મહિના સુધી ગાયના મૂતરમાં દિવેલ નાખીને પાવું. દિવેલ પચી જાય ત્યારે સૂંઠ નાખીને ઉકાળેલા દૂધ સાથે એક વરસનું જૂનું અનાજ ખાવું, અથવા (સ્નેહન પ્રયોગ માટે) ત્રૈવૃત ઘી પીવું. એમ છતાં પણ જો ન મટે તો ડામ દેવો.

પિત્તનું શ્લીપદ

गुल्फस्याधः सिरामोक्षः पैत्ते सर्वं च पित्तजित् ।

પિત્તના શ્લીપદમાં પગની ઘૂંટીથી નીચેની ફસ ખોલવી અને પિત્ત મટે એવું બધું (ખાન, પાન, વિહાર, ઔષધ) કરવું.

કફનું શ્લીપદ

सिरामङ्गुष्ठके विद्ध्वा कफजे शीलयेद्यवान् ॥११
सक्षौद्राणि कषायाणि वर्धमानास्तथाऽभयाः ।
लिम्पेत्सर्षपवार्ताकिमूलाभ्यां धान्ययाऽथवा ॥१२

કફના શ્લીપદમાં અંગૂઠાની (ક્ષિપ્ર નામના મર્મથી ચાર આંગળ ઊંચે આવેલી—સુશ્રુત ૧૯/૫૫ટી—ડલ્હણ) ફસ ખોલવી અને રોજ જવ (જવની વાનીઓ), મધ સાથે ભેળવીને તૂરાં દ્રવ્યો અને વર્ધમાન હરડે ખાવી તથા સરસવ અને વંત્યાકનાં ઝાડનાં મૂળનો અથવા કોથમીરનો લેપ કરવો.

વર્ધમાન હરડે=પહેલે દિવસે એક, બીજે દિવસે બે ત્રીજે દિવસે ત્રણ એમ રોજ એક-એક હરડે વધારીને પહેલા દસ દિવસ ખાવી. પછી રોજ એકએક હરડે ઓછી કરતા જઈને ખાવી.

અપચી(કંઠમાળ)ના ઉપાય

શોધન, ધૂમપાન, ગંડૂષ, નસ્ય, ફસ ખોલવી, દવા

ऊर्ध्वाधःशोधनं पेयमपच्यां साधितं घृतम् ।
दन्तीद्रवन्तीत्रिवृताजालिनीदेवदालिभिः ॥ १३ ॥
शीलयेत्कफमेदोघ्नं धूमगण्डूषनावनम् ।
सिरयाऽपहरेद्रक्तं, पिबेन्मूत्रेण तार्क्ष्यजम् ॥ १४ ॥

કંઠમાળમાં ઉપરથી (ઊલટીઓ દ્વારા મોંથી) અને નીચેની (ઝાડા વાટે) શોધન કરે એવું નેપાળો, ઉંદરકની, નસોતર, કડવી ડોડી અને કૂકડવેલ–એ બધાંથી સિદ્ધ કરેલું ઘી પીવું, કફ અને ચરબી મટે એવાં ધૂમપાન, ગંડૂષ અને નસ્યની ક્રિયા રોજ કરવી, ફસ ખોલીને લોહી કાઢવું અને ગાયના મૂતર સાથે રસવંતી પીવી.

[पलमर्धपलं वाऽपि कर्षं वाऽप्युष्णवारिणा ।
काञ्चनारत्वचं पीत्वा गण्डमालां व्यपोहति ॥१॥]

[એક પલ, અડધો પલ કે એક કર્ષ કાંચનારની છાલ ઊના પાણી સાથે પીવાથી કંઠમાળ મટે છે.]

કાચી અને કઠણ ગાંઠો માટે લેપ અને વેરી નાખવાના ઉપાય

ग्रन्थीनपक्वानालिम्पेन्नाकुलीपटुनागरैः ।
स्विन्नान् लवणपोटलया कठिनाननु मर्दयेत् ॥१५

કંઠમાળની કાચી ગાંઠો ઉપર રાસ્ના, સિંધવ અને સૂંઠનો લેપ કરવો. કઠણ ગાંઠો ઉપર મીઠાની કે સિંધવની પોટલી વડે શેક કરીને પછી એને અંગૂઠા વડે કે વાંસની ભૂંગળી વડે મસળવી.

शमीमूलकशिग्रूणां बीजैः सयवसर्षपैः ।
लेपः पिष्टोऽम्लतक्रेण ग्रन्थिगण्डविलायनः ॥१६॥

શમીનાં, મૂળાનાં અને સરગવાનાં બી, જવ અને સરસવ એટલાં ઔષધોને ખાટી છાશમાં લસોટીને લેપ કરવાથી ગાંઠ અને ગૂમડાં વેરાઈ જાય છે.

[क्षुण्णानि निम्बपत्राणि कलशैर्भल्लातकैः सह ।
शरावसम्पुटे दग्ध्वा सार्धं सिद्धार्थकैः समैः ॥१॥
एतच्छागाम्बुना पिष्टं गण्डमालाप्रलेपनम् ।]

[ભિલામાંના ટુકડા અને ખાંડેલાં લીમડાનાં

પાંદડાં એ બને કોડિયાના સંપુટમાં બાળીને એની ભસ્મ કરીને એમાં એટલા જ સરસવ નાખીને એ બધાંને બકરાના મૂત્રમાં લસોટીને કંઠમાળ ઉપર લેપ કરવો.)

કંઠમાળની પાકવા માંડેલી ગાંઠો માટે ઉપાય

पाकोन्मुखान् स्रुतास्रस्य पित्तश्लेष्महरैर्जयेत्।
अपक्वानेव वोद्धृत्य क्षाराग्निभ्यामुपाचरेत् ॥१७॥

કંઠમાળની ગાંઠો પાકવા માંડી હોય તો પહેલાં જળો વગેરેથી લોહી કાઢી નાખીને પછી પિત્ત અને કફ મટે એવા ઉપાયો કરીને મટાડવી. અથવા પૂરી પાકે તે પહેલાં જ એ ગાંઠોને કાઢી નાખીને પછી ક્ષાર મૂકીને કે ડામ દઈને બાળવું.

કંઠમાળમાં પીવાનું, ચોળવાનું અને નસ્યનું તેલ

काकादनीलाङ्गलिकानहिकोत्तुण्डिकीफलैः।
जीमूतबीजकर्कोटीविशालाकृतवेधनैः ॥ १८ ॥
पाठान्वितैः पलार्धांशैर्विषकर्षयुतैः पचेत्।
प्रस्थं करञ्जतैलस्य निर्गुण्डीस्वरसाढके ॥ १९ ॥
अनेन माला गण्डानां चिरजा पूयवाहिनी।
सिध्यत्यसाध्यकल्पाऽपि पानाभ्यञ्जननावनैः ॥ २०

ચણોઠી, રતવેલિયો, શુકનાસા, કણજીનાં બી, મીંઢળ, કૂકડવેલનાં બી, કંકોડાં, ઇદ્રવારણાં, ઘિસોડાં અને પહાડમૂળ–એ દરેક અડધો પલ, એમાં એક કર્ષ અતિવિષની કળી–એ બધાનો કલ્ક અને નગોડના એક આઢક સ્વરસમાં એક પ્રસ્થ કણજિયુ પકવવુ. આ તેલ પીવામા, અભ્યંગમાં અને નસ્યમા વાપરવાથી લાંબા વખતથી થયેલી, પરુ નીકળતી, અસાધ્ય જેવી કંઠમાળની ગાંઠો પણ મટે છે.

तैलं लाङ्गलिकीकन्दकल्कपादं चतुर्गुणे।
निर्गुण्डीस्वरसे पक्वं नस्याद्यैरपचीप्रणुत् ॥ २१ ॥

તેલથી ચોથા ભાગનો રતવેલિયાના કંદનો કલ્ક નાખીને તેલથી ચારગણા નગોડના સ્વરસમાં પકવેલું તેલ નસ્ય વગેરે (પીવુ, અભ્યંગ અને નસ્ય) તરીકે વાપરવાથી કંઠમાળની ગાંઠો મટે છે.

भद्रश्रीदारुमरिचद्विहरिद्रात्रिवृद्घनैः।
मनःशिलालनलदविशालाकरवीरकैः ॥ २२ ॥
गोमूत्रपिष्टैः पलिकैर्विषस्यार्धपलेन च।
ब्राह्मीरसार्कजक्षीरगोशकृद्रससंयुतम् ॥ २३ ॥
प्रस्थं सर्षपतैलस्य सिद्धमाशु व्यपोहति।
पानाद्यैः शीलितं कुष्ठदुष्टनाडीव्रणापचीः ॥ २४ ॥

ધોળી સુખડ, દેવદાર, મરી, હળદર, દારુહળદર, નસોતર, મોથ, મણશીલ, હરતાલ, વીરણ વાળો, ઇદ્રવારણાં, કણેર–એટલાં ઔષધો એકએક પલ અને અતિવિષની કળી અડધો પલ–એટલી વસ્તુઓનો કલ્ક બ્રાહ્મીનો રસ, આકડાનું દૂધ અને ગાયના છાણનો રસ એ ત્રણમાં નાખીને એના વડે પકવેલું એક પ્રસ્થ સરસિયું રાજ પીવા વગેરેથી (પીવામા; અભ્યંગમાં અને નસ્યમાં વાપરવાથી) કુષ્ઠ, દુષ્ટ નાડીવ્રણ અને કંઠમાળ ઝટ મટી જાય છે.

वचाहरीतकीलाक्षाकटुरोहिणिचन्दनैः ॥
तैलं प्रसाधितं पीतं समूलामपचीं जयेत् ॥२५॥

વજ, હરડે, લાખ, કડુ અને સુખડ–એટલી વસ્તુઓ વડે સિદ્ધ કરેલું તેલ પીવાથી કંઠમાળ સમૂળગી (જડમૂળથી) મટી જાય છે.

નસ્ય અને લેપ

शरपुङ्खोद्भवं मूलं पिष्टं तन्दुलवारिणा।
नस्यालेपाच्च दुष्टारुरपचीविषजन्तुजित् ॥२६॥

સરપુખા(બાણ)ના મૂળને ચોખાના ધોવરામણનાં પાણી સાથે લસોટીને એનું નસ્ય લેવાથી અને લેપ કરવાથી દુષ્ટ વ્રણ, કંઠમાળ, ઝેર અને કૃમિરોગ મટે છે.

નસ્યનું અને ચોળવાનું તેલ

मूलैरुत्तमकारण्याः पीलुपर्ण्याः सहाचरात्।
सरोध्राभययष्ट्याह्वशताह्वाद्वीपिदारुभिः ॥२७॥
तैलं क्षीरयमं सिद्धं नस्येऽभ्यङ्गे च पूजितम्।

ઉતરણી (કરંભ), પીલુપર્ણી (મોરવેલ), કાંટાશેળિયો–એ ત્રણનાં મૂળ, લોધર, સુગંધી વાળો, જેઠીમધ, સુવા, ચિત્રો અને દેવદાર–એટલાં ઔષધોનો કલ્ક તેલ જેટલા ગાયના દૂધમાં નાખીને એના વડે પકવેલું તેલ નસ્યમાં અને અભ્યંગમાં (કંઠમાળ માટે) પૂજાય છે.

લેપ

गोव्यजाश्वखुरा दग्धाः कटुतैलेन लेपनम् ॥२८
ऐङ्गुदेन तु कृष्णाहिर्वायसो वा स्वयं मृतः।

ગાયની, ઘેટાની, બકરીની અને ઘોડાની ખરીને બાળીને એની રાખને સરસિયામાં કાલવીને એનો લેપ કરવો. કાળા સાપને બાળીને કરેલી એની રાખમા ઇંગોરિયાનું તેલ નાખીને એનો લેપ પકવવો કે કુદરતી મોતે મરેલા કાગડાને બાળીને કરેલી એની ભસ્મમા ઇંગોરિયાનું તેલ નાખીને એનો લેપ કરવો. એથી (કંઠમાળ) મટે છે.

બધું કર્યા છતાં ન મટે તો શું કરવું?

इत्यशान्तौ गदस्यान्यपार्श्वजङ्घासमाश्रितम् ॥
वस्तेरूर्ध्वमधस्ताद्वा मेदो हृत्वाऽग्निना दहेत्।

આવુ બધુ કર્યા છતા પણ જો રોગ (કંઠમાળ) ન મટે તો (ડાબે કે જમણે) જે પડખે રોગ થયો હોય, તેનાથી વિરુદ્ધ (જમણી કે ડાબી) બાજુની જંઘાની ચરબી બસ્તિથી (ઇંદ્રબસ્તિ નામના મર્મથી) ઊંચેથી કે નીચેથી કાઢીને પછી ચીરેલી જગ્યાએ ડામ દેવો. (ચરબી કાઢતી વખતે ઇંદ્રબસ્તિનો ભાગ છોડી દઈને એની ઉપરના કે નીચેના ભાગમાથી ચરબી કાઢવી.)

નિમિ ભગવાનનો મત

स्थितस्योर्ध्वं पदं मित्वा तन्मानेन च पार्ष्णितः॥
तत ऊर्ध्वं हरेद् ग्रन्थीनित्याह भगवान्निमिः।

દરદીને ઊભો રાખીને એનુ પગલુ (પાનીથી અંગૂઠા સુધીનો ભાગ) માપીને પાનીથી એના એક પગલા જેટલે ઊંચે જંઘામા જે સ્થળ આવે તે સ્થળમાંથી ચરબીની ગાંઠો કાઢી લેવી એવુ નિમિ ભગવાન કહે છે. (ચીરતી વખતે ઇંદ્રબસ્તિ મર્મ ન ચિરાય એ સંભાળવુ.)

સુશ્રુતનો મત

पार्ष्णि प्रति द्वादश चाङ्गुलानि
मुक्त्वेन्द्रबस्तिं च गदान्यपार्श्वे।
विदार्य मत्स्याण्डनिभानि मध्या-
ज्जालानि कर्षेदिति सुश्रुतोक्तिः॥३१॥

(ડાબી કે જમણી) જે બાજુએ રોગ (કંઠમાળ) થયો હોય તેનાથી વિરુદ્ધ (જમણી કે ડાબી) બાજુના પગની પાનીથી ઊંચે બાર આંગળ જેટલો જંઘાનો ભાગ છોડી દઈને અને ઇંદ્રબસ્તિ છોડી દઈને બાકીના ભાગમા જંઘા ચીરીને વચ્ચેથી માછલીના ઈંડાં જેવાં ચરબીના જાળાં ખેંચી કાઢવાં એવું સુશ્રુત કહે છે. (સુશ્રુતસંહિતા ચિ. ૧૮/૨૫)

બીજા આચાર્યોનો મત

आगुल्फकर्णात्सुमितस्य जन्तो-
स्तस्याष्टभागं खुडकाद्विभज्य।
घ्राणार्जवेऽधः सुरराजवस्ते-
र्भित्त्वाऽक्षमात्रं त्वपरे वदन्ति॥३२॥

બીજા આચાર્યો કહે છે કે નાકના ટેરવાની સીધાણમા કાનનો જે ભાગ હોય તે જગ્યાએથી પગની ઘૂંટી સુધીનુ માપ લઈને તે માપના આઠમા ભાગ જેટલું માપ પગની ઘૂંટીથી ઊંચું માપવુ. (દાખલા તરીકે, નાકના ટેરવાની સીધાણમા આવતા કાનના ભાગથી પગની ઘૂંટીનું માપ ચાર ફૂટ હોય તો પગની ઘૂંટીથી છ ઇંચ (ચાર ફૂટ÷૮=છ ઇંચ) ઊંચે જંઘામાં નિશાન કરવુ.) ત્યાં ઇંદ્રબસ્તિ નામના મર્મથી નીચે એક અક્ષ (બહેડાનું ફળ) જેટલુ ચીરીને ત્યાંથી ચરબીની ગાંઠો કાઢી લેવી.

નાડીવ્રણના ઉપાય

વાયુનો નાડીવ્રણ

उपनाह्यानिलान्नाडीं पाटितां साधु लेपयेत्।
प्रत्यक्पुष्पीफलयुतैस्तिलैः पिष्टैः ससैन्धवैः॥३३

વાયુના નાડીવ્રણ ઉપર ઉપનાહ શેક કરીને પછી એને ચીરીને અને સાફ કરીને અઘેડાનાં ફળ, તલ અને સેંધવને ભેગા લસોટીને એનો લેપ કરવો.

પિત્તનો નાડીવ્રણ

पैत्तीं तु तिलमञ्जिष्ठानागदन्तीनिशाद्वयैः।

પિત્તની નાડીને ચીરીને અને સાફ કરીને એમા તલ, મજીઠ, નેપાળો, હળદર અને દારુહળદરનો લેપ કરવો.

કફનો નાડીવ્રણ

श्लैष्मिकीं तिलसौराष्ट्रीनिकुम्भारिष्टसैन्धवैः॥

કફના નાડીવ્રણને ચીરીને અને સાફ કરીને એમાં તલ, ફટકડી, નેપાળો અને લીમડાનાં પાંદડાંનો લેપ કરવો.

શલ્યનો નાડીવ્રણ

शल्यजां तिलमध्वाज्यैर्लेपयेच्छिन्नशोधिताम् ।

શલ્યના નાડીવ્રણને ચીરીને અને સાફ કરીને એમાં તલ, મધ અને ઘીનો લેપ કરવો.

अशस्त्रकृत्यामेषिण्या
भित्त्वाऽन्ते सम्यगेषिताम् ॥ ३५ ॥
क्षारपीतेन सूत्रेण बहुशो दारयेद् गतिम् ।

જે નાડીવ્રણને શસ્ત્રથી ચીરી શકાય એમ ન હોય તે નાડીવ્રણનો માર્ગ એષણી શલાકા ખોસીને બરાબર શોધી કાઢીને પછી ક્ષાર પાયેલો દોરો નાડીના મુખ વાટે નાડીના માર્ગમાં ચડાવીને એવા દોરા વડે અનેક વાર એ નાડીનુ દારણ કરવુ.

(મર્મસ્થાનમા થયેલા નાડીવ્રણને તથા જે શસ્ત્રક્રિયા સહન ન કરી શકે એવા પ્રસંગોમા નાડીવ્રણને શસ્ત્રથી ચીરવો જોઈએ નહિ.)

व्रणेषु दुष्टसूक्ष्मास्यगम्भीरादिषु साधनम् ॥ ३६ ॥
या वर्त्यो यानि तैलानि तन्नाडीष्वपि शस्यते ।

દુષ્ટ વ્રણો માટે, ઝીણા મોવાળા વ્રણો માટે, ગંભીર (ઊંડા) વ્રણો માટે વગેરે વ્રણો માટે જે ઉપાય, જે વાટો અને જે તેલ કહ્યા છે (ઉ. અ. ૨૫) તે નાડીવ્રણો માટે પણ સારાં છે.

पिष्टं चञ्चुफलं लेपान्नाडीव्रणहरं परम् ॥ ३७ ॥

રાતા એરંડાના ફળને વાટીને લેપ કરવો એ નાડીવ્રણ મટાડવાનું ઉત્તમ ઔષધ છે.

घोण्टाफलत्वक् लवणं सलाक्षं
बूकस्य पत्रं वनितापयश्च ।
स्नुगर्कदुग्धान्वित एष कल्को
वर्तीकृतो हन्त्यचिरेण नाडीम् ॥ ३८ ॥

જંગલી બોરનાં ફળની છાલ, સૈંધવ, લાખ, શિવલિંગીના પાંદડા, સ્ત્રીનુ ધાવણ, થોરનુ દૂધ, આકડાનું દૂધ–એટલી વસ્તુઓના કલ્કની વાટ બનાવીને નાડીવ્રણમાં ખોસવાથી નાડીવ્રણ ઝટ મટી જાય છે.

सामुद्रसौवर्चलसिन्धुजन्म-
सुपक्वघोण्टाफलवेश्मधूमाः ।
आम्रातगायत्रिजपल्लवाश्च
कटंकटेर्याविथ चेनकी च ॥ ३९ ॥
कल्केऽभ्यङ्गे चूर्णे
वर्त्यां चेतेषु शील्यमानेषु ।
अगतिरिव नश्यति गति-
श्चपला चपलेषु भूतिरिव ॥ ४० ॥

દરિયાનુ મીઠું, સચળ, સૈંધવ, સારી રીતે પાકેલુ જંગલી બોરડીનુ ફળ, ઘરનો ધુમાસ (ધુમાડો), જંગલી આંબાના પાંદડા, ખેરનાં પાંદડા, હળદર, દારુહળદર અને હરડે–એટલી વસ્તુઓનો કલ્ક તરીકે, અભ્યંગ તરીકે, ચૂર્ણ તરીકે, વાટ તરીકે રોજ ઉપયોગ કરવામાં આવે, તો જેમ ચચળ માણસો પાસેથી ચંચળ લક્ષ્મી જતી રહે છે, તેમ નાડીવ્રણ પણ જાણે નાડીવ્રણ ન હોય તેમ જતો રહે છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने ग्रन्थ्यर्बुदश्लीपदापची-
नाडीप्रतिषेधो नाम त्रिंशोऽध्यायः ॥ ३० ॥

અધ્યાય ૩૧ મો–ક્ષુદ્રરોગોનું જ્ઞાન

अथातः क्षुद्ररोगविज्ञानीयं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે ક્ષુદ્રરોગોનું જ્ઞાન થવા માટે ઉપયોગી અધ્યાય સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ક્ષુદ્રરોગો ક્ષુદ્ર શબ્દ સંસ્કૃતમા ક્રૂર, નાનું અને નીચ એ ત્રણ અર્થમાં વપરાય છે (અમરકોશ–૨૬૯૦). આ ત્રણ ગુણવાળા રોગોને ક્ષુદ્ર રોગો કહે છે.

અજગલ્લિકા

स्निग्धा सवर्णा ग्रथिता नीरुजा मुद्गसन्निभा ।
पिटिका कफवाताभ्यां बालानामजगल्लिका ॥ १ ॥

કફ અને વાયુના પ્રકોપને લીધે બાળકોને સ્નિગ્ધ, સવર્ણ, ગંઠાયેલી (કઠણ), પીડા વિનાની, મગ જેવી ફોલ્લીઓ થાય છે તેને અજગલ્લિકા કહે છે.

યવપ્રખ્યા

यवप्रख्या यवप्रख्या ताभ्यां मांसाश्रिता घना ।

તેમને (કફ અને વાયુને) લીધે જવના આકારની, માંસને આશરે થતી ઘટ્ટ (કઠણ) ફોલ્લી (ઢીમણું), થાય છે તે યવપ્રખ્યા છે.

અલજી : કચ્છપી

अवक्त्रा चालजी वृत्ता स्तोकपूया घनोन्नता ॥२॥
ग्रन्थयः पञ्च वा षड् वा कच्छपी कच्छपोन्नताः ।

મોં વિનાની, ગોળ, થોડા પરુવાળી, ઘટ્ટ અને ઊંચી ફોલ્લીને અલજી કહે છે. કાચબા જેવી ઊંચી પાંચ કે છ ગાંઠો થાય તેને કચ્છપી કહે છે.

પનસિકા

कर्णस्योर्ध्वं समन्ताद्वा पिटिका कठिनोग्ररुक् ॥
शालूकाभा पनसिका

કાનથી ઉપર કે કાનની આસપાસ કઠણ, તીવ્ર પીડાવાળી, કમળના કંદ જેવી ફોલ્લી થાય છે, તે પનસિકા છે.

પાષાણગર્દભ (ગાલસૂણિયું, ગળસૂણું)

शोफस्त्वल्परुजः स्थिरः ।
हनुसन्धिसमुद्भूतस्ताभ्यां पाषाणगर्दभः ॥४॥

કફ અને વાયુને લીધે જડબાના સાંધામાં થતો થોડી પીડાવાળો અને સ્થિર સોજો તે પાષાણગર્દભ છે.

મુખદૂષિકા (ખીલ, યુવાનપીટિકા)

शाल्मलीकण्टकाकाराः पिटिकाः सरुजो घनाः ।
मेदोगर्भा मुखे यूनां ताभ्यां च मुखदूषिकाः ॥

શીમળાના કાંટાના આકારની, પીડાવાળી, ઘટ્ટ, ચરબીથી ભરેલી ફોલ્લીઓ કફ અને વાયુને લીધે જુવાન માણસોનાં મોં ઉપર થાય છે, તેને મુખદૂષિકા કહે છે.

પદ્મકંટક

ते पद्मकण्टका ज्ञेया यैः पद्ममिव कण्टकैः ।
चीयते नीरुजैः श्वेतैः शरीरं कफवातजैः ॥६॥

જેમ કમળ કાંટાથી છવાઈ જાય છે, તેમ પીડા વિનાના, ધોળા, કફ અને વાયુથી ઉત્પન્ન થતા જે કાંટાઓ વડે શરીર ભરાઈ જાય છે. તેને પદ્મકંટક કહે છે.

વિવૃતા

पित्तेन पिटिका वृत्ता पक्वोदुम्बरसन्निभा ।
महादाहज्वरकरी विवृता विवृतानना ॥७॥

પિત્તને લીધે થતી ગોળ, ઉમેડાના ફળ જેવી, બહુ દાહ કરે એવી અને તાવ આણે એવી, પહોળા મોંની ફોલ્લીઓને વિવૃતા કહે છે.

મસૂરિકા (બળિયા, શીતળા)

गात्रेष्वन्तश्च वक्त्रस्य दाहज्वररुजान्विताः ।
मसूरमात्रास्तद्वर्णास्तत्संज्ञाः पिटिका घनाः ॥८॥

બધા અવયવોમા અને મોંની અંદર દાહ, તાવ અને પીડા કરે એવી, મસૂર જેવડી, મસૂરના રંગની, ઘટ્ટ ફોલ્લીઓ થાય છે તેને મસૂરિકા કહે છે.

વિસ્ફોટ

ततः कष्टतराः स्फोटा विस्फोटाख्या महारुजाः ।

એના (મસૂરિકા) કરતાંયે વધારે કષ્ટસાધ્ય અને બહુ પીડા કરે એવા ફોલ્લાને વિસ્ફોટ કહે છે.

વિદ્ધા

या पद्मकर्णिकाकारा पिटिका पिटिकाचिता ॥
सा विद्धा वातपित्ताभ्यां

વાયુ અને પિત્તને લીધે થતી જે ફોલ્લી પદ્મકોશ જેવા આકારની (આગળથી મોટી અને મૂળ આગળ પાતળી) અને ફોલ્લીઓથી છવાયેલી હોય છે, તેને વિદ્ધા કહે છે.

ગર્દભી

ताभ्यामेव च गर्दभी ।
मण्डला विपुलोन्नत्ना सरागपिटिकाचिता ॥१०॥

તે બેને લીધે જ (વાયુ અને પિત્તને લીધે જ) થતી ગર્દભી ચકરડાં જેવી, વિશાળ, ઊપસેલી અને રાતી ફોલ્લીઓથી છવાયેલી હોય છે.

કક્ષા

कक्षेति कक्षासन्नेषु प्रायो देशेषु सानिलात् ।
पित्ताद्भवन्ति पिटिकाः सूक्ष्मा लाजोपमा घनाः ॥

વાયુને લીધે સામાન્ય રીતે બગલની પાસેના ભાગમાં જે ગર્દભી થાય તેને કક્ષા કહે છે. એમાં પિત્તને લીધે ઝીણી, ડાંગરની ધાણી જેવી ઘટ્ટ ફોલ્લીઓ ... તે પણ કક્ષા જ છે.

ગંધનામા

ताद्दशी महती त्वेका गन्धनामेति कीर्तिता ।

એવી જ (ડાંગરની ધાણી જેવી), મોટી એક ફોલ્લી થાય છે, તેને ગંધનામા કહે છે.

રાજિકા (અળાઈ)

घर्मस्वेदपरीतेऽङ्गे पिटिकाः सरुजो घनाः ॥१२॥
राजिकावर्णसंस्थानप्रमाणा राजिकाह्वयाः ।

ઘામ અને પરસેવાવાળા શરીર ઉપર જરા પીડા કરે એવી, કઠણ, રાઈ જેવાં રંગ, માપ અને આકારવાળી ફોલ્લીઓ થાય છે, તે રાજિકા (અળાઈ) છે.

જાલગર્દભ

दोषैः पित्तोल्बणैर्मन्दैर्विसर्पति विसर्पवत् ॥ १३ ॥
शोफोऽपाकस्तनुस्ताम्रो ज्वरकृज्जालगर्दभः ।

પિત્ત જેમાં અધિક હોય એવા, ધીમેધીમે પ્રસરતા દોષોને લીધે જે ન પાકે એવો, પાતળો, તાંબાવર્ણો અને તાવ આણે એવો સોજો રતવાની માફક ફેલાય છે, તેને જાલગર્દભ કહે છે.

અગ્નિરોહિણી

मलैः पित्तोल्बणैः स्फोटा
ज्वरिणो मांसदारुणाः ॥ १४ ॥
कक्षाभागेषु जायन्ते
येऽग्न्याभाः साऽग्निरोहिणी ।
पञ्चाहात्सप्तरात्राद्वा पक्षाद्वा हन्ति जीवितम् ॥

પિત્ત જેમા અધિક હોય એવા દોષોને લીધે તાવવાળા માણસને બગલના ભાગમાં જે માંસને ફાડીને બહાર કાઢે એવા ફોલ્લા થાય છે તેને અગ્નિરોહિણી કહે છે. આ રોગ પાચ દહાડામાં સાત રાત સુધીમાં કે એક પખવાડિયામાં મારી નાખે છે.

ઇરિવેલ્લિકા

त्रिलिङ्गा पिटिका वृत्ता जत्रूर्ध्वमिरिवेल्लिका ।

ત્રણે દોષના લક્ષણોવાળી ગોળ ફોલ્લી હાંસડીથી ઉપરના ભાગમા થાય તેને ઇરિવેલ્લિકા કહે છે.

વિદારી

विदारीकन्दकठिना विदारी कक्षवङ्क्षणे ॥ १६ ॥

ભોંયકોળા જેવી કઠણ ફોલ્લી બગલમાં અને સાથળના વળામાં થાય તેને વિદારી કહે છે.

શર્કરા, શર્કરાર્બુદ

मेदोनिलकफैर्ग्रन्थिः स्नायुमांससिराश्रयैः ।
भिन्नो वसाज्यमध्वाभं स्रवेत्तत्रोल्बणोऽनिलः ॥
मांसं विशोष्य ग्रथितां शर्करामुपपादयेत् ।
दुर्गन्धं रुधिरं क्लिन्नं नानावर्णं ततो मलाः ॥१८
तां स्रावयन्ति निचितां विद्यात्तच्छर्करार्बुदम् ।

સ્નાયુ, માંસ અને શિરામા રહેલાં ચરબી, વાયુ અને કફને લીધે ગાઠ થાય છે. એ ગાંઠને ફોડવામા આવે તો એમાંથી વસા, ઘી અને મધ જેવી રસી નીકળે છે. એમાં (એ ગાંઠમાં) વાયુનું જોર વધી જાય ત્યારે એ વાયુ માંસને સૂકવી દઈને ગંઠાયેલી શર્કરા (કાંકરો, લખોટી) બનાવે છે. પછી દોષો એ એકઠી થયેલી શર્કરામાંથી ગંધાતા, ક્લેદવાળા અને અનેક રંગના લોહીનો સ્રાવ કરાવે છે. આ શર્કરાર્બુદ રોગ જાણવો.

વલ્મીક (રાફો)

पाणिपादतले सन्धौ जत्रूर्ध्वं वोपचीयते ॥१९॥
वल्मीकवच्छनैर्ग्रन्थिस्तद्वद्बह्वणुभिर्मुखैः ।
रुग्दाहकण्डूक्लेदाढ्यै-
र्वल्मीकोऽसौ समस्तजः ॥ २० ॥

હથેળીમા, પગને તળિયે, સાધામાં કે ગળાની હાંસડીથી ઉપરના ભાગમાં કીડીના રાફડાની માફક ધીમેધીમે ગાઠ મોટી થતી જાય છે. તેમાં કીડીના રાફડાના જેવા પુષ્કળ પીડા, દાહ, ખણુજ અને ક્લેદવાળાં ઘણાં ઝીણાંઝીણાં મોં (છિદ્રો) હોય છે. એ વલ્મીક રોગ છે. એ રોગ ત્રિદોષથી થાય છે.

કદર (આંટણ)

शर्करोन्मथिते पादे क्षते वा कण्टकादिभिः ।
ग्रन्थिः कीलवदुत्सन्नो जायते कदरं तु तत् ॥ २१

જ્યારે પગે કાંકરી ઘસાય કે કાંટા વગેરેથી પગે ક્ષત થાય ત્યારે ખીલા જેવી ગાંઠ ઊપસી આવે છે, તેને કદર (આંટણ) કહે છે.

રુદ્ધગુદ

वेगसन्धारणाद्वायुरपानोऽपानसंश्रयम् ।
अणूकरोति बाह्यान्तर्मार्गमस्य ततः शकृत् ॥२२

कृच्छ्रान्निर्गच्छति व्याधिरयं रुद्धगुदो मतः।

વેગોને રોકવાથી અપાન વાયુ એની ગુદાના બહારના અને અંદરના રસ્તાને (ત્રણ વલીને નિ. ૭/૩થી ૫) સાંકડા કરી નાખે છે; તેથી ઝાડો મહામહેનતે ઊતરે છે. આ રુદ્ધગુદ રોગ છે એમ માને છે.

ચિપ્પ (ઉપનખ, અક્ષતરોગ)

कुर्यात्पित्तानिलं पाकं नखमांसे सरुग्ज्वरम् ॥२३
चिप्यमक्षतरोगं च विद्यादुपनखं च तम्।

પિત્ત અને વાયુ નખના માંસમાં પીડા અને સાથે પાક કરે છે (પકવે છે). આ રોગને ચિપ્પ, અક્ષતરોગ અને ઉપનખ કહે છે.

કુનખ

कृष्णोऽभिघाताद्रूक्षश्च खरश्च कुनखो नखः ॥२४॥

વાગવાથી નખ કાળો, લૂખો અને ખર થઈ જાય તેને કુનખ કહે છે.

અલસ

दुष्टकर्दमसंस्पर्शात् कण्डूक्लेदान्वितान्तराः।
अङ्गुल्योऽलसमित्याहुस्

ખરાબ કાદવ અડકવાથી આંગળીઓના વચગાળામાં ખણુજ આવે અને કલેદ થાય તેને અલસ કહે છે.

તિલકાલક (તલ)

तिलाभांस्तिलकालकान् ॥२५॥
कृष्णानवेदनांस्त्वक्स्थान्

ચામડી ઉપર કાળા, પીડા વિનાના તલ જેવું થાય તેને તિલકાલક કહે છે.

મષ (મસા)

मषांस्तानेव चोन्नतान्।

એ જ (તલ) ઊંચા થાય તેને મસા કહે છે.

ચર્મકીલ

अपेभ्यस्तून्नततरांश्चर्मकीलान् सितासितान् ॥२६

મસા કરતાં વધારે ઊંચા હોય અને ધોળા અને કાળા હોય છે, તેને ચર્મકીલ કહે છે.

જતુમણિ (લાખું)

तथाविधो जतुमणिः सहजो लोहितस्तु सः।

જતુમણિ (લાખું) પણ એ જ જાતનું (તલની માફક ચામડી ઉપર થતું, પીડા વિનાનું) હોય છે. એ જન્મથી થાય છે અને લાલ હોય છે.

લાંછન

कृष्णं सितं वा सहजं मण्डलं लाञ्छनं समम् ॥२७

જન્મથી જ કાળું કે ધોળું સપાટ ચકામું (ચકરડું) હોય તેને લાંછન કહે છે.

વ્યંગ : નીલિકા

शोकक्रोधादिकुपिताद्वातपित्तान्मुखे तनु।
श्यामलं मण्डलं व्यङ्गं, वक्त्रादन्यत्र नीलिका ॥
परुषं परुषस्पर्शं व्यङ्गं श्यावं च मारुतात्।
पित्तात्ताम्रान्तमानीलं,
श्वेतान्तं कण्डुमत्कफात् ॥ २९ ॥
रक्ताद्रक्तान्तमाताम्रं सोषं चिमिचिमायते।

શોક, ક્રોધ વગેરેને લીધે કોપેલાં વાયુ અને પિત્તને લીધે મોં ઉપર પાતળું, કાળું ચકામું (ચકરડું) થાય તેને વ્યંગ કહે છે અને એવું જ ચકામું મો સિવાય બીજા ભાગમાં થાય તેને નીલિકા કહે છે. વાયુને લીધે થતું વ્યંગ પરુષ, પરુષ સ્પર્શવાળું અને કાળું હોય છે; પિત્તથી થતું વ્યંગ છેડે તાંબાવર્ણું અને (બાકીના ભાગમાં) જરા ગળી જેવા રંગનું હોય છે; કફને લીધે થતું વ્યંગ છેડે ધોળું અને ખણુજવાળું હોય છે; લોહીને લીધે થતું વ્યંગ છેડે રાતું (બાકીના ભાગમાં) જરા તાંબાવર્ણું, ઊષાવાળું અને ચમચમે એવું (સરસવ વાટીને ચોપડ્યા હોય, ને થાય એવી પીડાવાળું) હોય છે.

પ્રસુપ્તિ

वायुनोदीरितः श्लेष्मा
त्वचं प्राप्य विशुष्यति ॥ ३० ॥
ततस्त्वग्जायते पाण्डुः क्रमेण च विचेतना।
अल्पकण्डूरविक्लेदा सा प्रसुप्तिः प्रसुप्तितः ॥३१॥

વાયુએ પ્રેરેલો કફ ચામડીમાં જઈને સુકાઈ જાય છે, તેથી ચામડી ધોળી અને ક્રમેક્રમે પડેલાં બહેરી થોડી ખણુજવાળી અને કલેદ વિનાની થાય છે. એમાં (ચામડીમાં) પ્રસુપ્તિ (બહેરાશ, અચેતન) હોવાથી આ રોગને પ્રસુપ્તિ કહે છે.

ઉત્કોઠ

असम्यग्वमनोदीर्णपित्तश्लेष्मान्ननिग्रहै ।
मण्डलान्यतिकण्डूनि रागवन्ति बहूनि च ॥३२॥
उत्कोठ

બરાબર વમન ન થયુ હોય તેથી ઊંચે ચઢેલા પિત્ત, કફ અને અન્નને રોકી રાખવાથી (ઊલટી વાટે બહાર ન કાઢી નાખવાથી) પુષ્કળ ખણજવાળા, લાલ અને ઘણા ચકામા (ઢીમડા) થાય તેને ઉત્કોઠ કહે છે.

કોઠ

सोऽनुबद्धस्तु कोठ इत्यभिधीयते ।

એ (ઉત્કોઠ) ચાલુ રહે (ફરીફરીને થાય) ત્યારે કોઠ કહેવાય છે

प्रोक्ता षट्त्रिंशदित्येते क्षुद्ररोगा विभागश ॥३३
[यानविज्ञाय मुह्येत
चिकित्सायां चिकित्सक ।]

આ પ્રમાણે આ ૩૬ ક્ષુદ્રરોગો વિભાગ વાર કહ્યા. [એમને (ક્ષુદ્રરોગોને) ન ઓળખવાથી વૈદ્ય ચિકિત્સા કરતા મૂંઝાય.]

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने क्षुद्ररोगविज्ञानीय नामैकत्रिंशो याय ॥ ३१ ॥

અધ્યાય ૩૨ મો—ક્ષુદ્રરોગોના ઉપાય

अथात क्षुद्ररोगप्रतिषेध व्याख्यास्याम ।
इति ह स्माहुरात्रेयादयो महर्षय ॥

ત્યારે હવે અમે ક્ષુદ્રરોગોને મટાડવાના ઉપાય સમજાવીશુ. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે

અજગલ્લિકાથી પાષાણગર્દભ (ઉ. ૩૧૬ થી ૪) સુધીના ઉપાય

विस्रावयेज्जलौकोभिरपक्वामजगल्लिकाम् ।

કાચી અજગલ્લિકા ઉપર જળો મુકાવીને લોહી કઢાવવુ

स्वेदयित्वा यवप्रख्या विलयाय प्रलेपयेत् ॥ १ ॥
दारुकुष्ठमनोह्वालैर्

યવપ્રખ્યા ઉપર શેક કરીને એને વેરી નાખવા માટે દેવદાર, ઉપલેટ, મણશીલ અને હરતાલનો લેપ કરવો

इत्यापाषाणगर्दभात् ।
विधिस्ताश्चाचरेत्पक्वान्
व्रणवत्साजगल्लिकान् ॥ २ ॥

પાષાણગર્દભ સુધીના બધા રોગો માટે (યવપ્રખ્યા, અલજી, કચ્છપી, પનસિકા અને પાષાણગર્દભ માટે) એ પ્રમાણેનો (યવપ્રખ્યા વાળો) વિધિ છે. એ (યવપ્રખ્યાથી પાષાણ ગર્દભ સુધીના પાચ રોગ) તથા અજગલ્લિકા પાકે તો વ્રણની માફક ઉપચાર કરવા

મુખદૂષિકા (ખીલ)

रोध्रकुस्तुम्बरुवचा प्रलेपो मुखदूषिके ।
वटपल्लवयुक्ता वा नारिकेलोत्थशुक्तय ॥ ३ ॥
अशान्तौ वमन नस्य ललाटे च सिराव्यध ।

મુખદૂષિકા રોગમા લોધર, કોથમી અને વજનો જાડો લેપ કરવો અથવા નાળિયેરના નખલામા વડની કૂપળો ભેળવીને જાડો લેપ કરવો એમ કરવાથી ખીલ ન મટે તો ઊલટી એ કરાવવી, નસ્ય આપવુ અને લલાટમા ફસ ખોલવી.

પદ્મકંટક

निम्बाम्बुवान्तो निम्बाम्बुसाधित पद्मकण्टके ॥ ४ ॥
पिबेत्क्षौद्रान्वित सर्पिर्निम्बारग्वधलेपनम् ।

પદ્મકંટક રોગમા લીમડાનો કવાથ પાઈને ઊલટીઓ કરાવીને પછી લીમડાના કવાથમા સિદ્ધ કરેલુ ઘી મધ નાખીને પીવુ તથા લીમડો અને ગરમાળો—એ બેનો જાડો લેપ કરવો.

વિવૃતાથી જાલગર્દભ (ઉ. ૩૧/૬ા થી ૧૩ા), ઈરિવેલ્લિકા, અગ્નિરોહિણી

विवृतादींस्तु जालान्तांश्चिकित्सेत्सेरिवेल्लिकान् ।
पित्तवीसर्पवत्तद्वत् प्रत्याख्यायाग्निरोहिणीम् ॥५॥

વિવૃતાથી જાલગર્દભ સુધીના ક્ષુદ્રરોગો (વિવૃતા, મસૂરિકા, વિસ્ફોટ, વિદ્ધા, ગર્દભી, કક્ષા, ગધનામા, ગજિકા, જાલગર્દભ) અને ઈરિવેલ્લિકના ઉપાય પિત્તથી થતા વિસર્પના ઉપાય જેવા કરવા અગ્નિરોહિણી અસાધ્ય છે એવુ સ્પષ્ટ જણાવીને અગ્નિરોહિણીના એવા જ (પિત્તવિસર્પના) ઉપાય કરવા.

विलङ्घनं रक्तविमोक्षणं च
विरूक्षणं कायविशोधनं च ।
धात्रीप्रयोगान् शिशिरप्रदेहान्
कुर्यात्सदा जालकगर्दभस्य ॥ ६ ॥

લાંઘણો (નકોરડા ઉપવાસ), લોહી કઢાવવું, શરીરને લૂખું પાડવું, શરીરનું શોધન કરવું, (રસાયન અધ્યાયમાં કહેલા) આમળાંના પ્રયોગો, ઠંડા જાડા લેપ–એટલું જાલગર્દભમાં સદા કરવું.

વિદારિકા

विदारिकां हृते रक्ते श्लेष्मग्रन्थिवदाचरेत् ।

વિદારિકા રોગમાં લોહી કાઢ્યા પછી કફની ગ્રંથિની માફક ઉપાય કરવા.

શર્કરાર્બુદ

मेदोर्बुदक्रियां कुर्यात्सुतरां शर्करार्बुदे ॥ ७ ॥

શર્કરાર્બુદમાં ચરબીથી થતા અર્બુદ માટે કહેલા ઉપાય વધારે પ્રમાણમાં કરવા.

વલ્મીક (રાફી)

प्रवृद्धं सुबहुच्छिद्रं सशोफं मर्मणि स्थितम् ।
वल्मीकं हस्तपादे च वर्जयेद्

વલ્મીક રોગ બહુ વધી ગયો હોય, ઘણાં જ છિદ્રોવાળો હોય, સોજાવાળો હોય, મર્મ ઉપર થયો હોય અને હાથે કે પગે થયો હોય તો એને (અસાધ્ય ગણીને) છોડી દેવો.

इतरत्पुनः ॥ ८ ॥
शुद्धस्यास्रे हृते लिम्पेत् सपद्मारेवतामृतैः ।
श्यामाकुलत्थिकामूलदन्तीपललसक्तुभिः ॥ ९ ॥

પણ ઉપર કહ્યું એવું ન હોય તો દરદીનું શોધન કરીને, લોહી કાઢીને પછી સેંધવ, ગરમાળો, ગળો, કાળું નસોતર, કળથીનું મૂળ, નેપાળો, તલનું કચરિયું અને સાથુ–એટલી વસ્તુઓનો લેપ કરવો.

पक्वे तु दुष्टमांसानि गतीः सर्वाश्च शोधयेत् ।
शस्त्रेण सम्यगनु च क्षारेण ज्वलनेन वा ॥१०॥

વલ્મીક પાકયું હોય તો પહેલાં બગડેલા માંસને અને બધા નાડીવ્રણોને શસ્ત્રથી કાપીને બરાબર શુદ્ધ કરવા અને પછી ક્ષારથી કે ડામથી બાળીને શુદ્ધ કરવા.

કદર (આંટણ)

शस्त्रेणोत्कृत्य निःशेषं स्नेहेन कदरं दहेत् ।

આંટણને શસ્ત્રથી ઉખાડી (કાપી) કાઢીને પછી એ જગાએ (ગરમ તેલ વગેરે સ્નેહથી) ડામવું.

રુદ્ધગુદ

निरुद्धमणिवत्कार्यं रुद्धपायोश्चिकित्सितम् ॥११॥

રુદ્ધગુદના ઉપાય નિરુદ્ધમણિ જેવા (ઉ. ૩૪/૧૭થી ૧૯) કરવા.

ચિપ્પ

चिप्पं शुद्ध्या जितोष्माणं साधयेच्छस्त्रकर्मणा ।

શોધન કરીને (વિરેચનથી) પિત્તની ગરમી મટાડીને પછી શસ્ત્રક્રિયા કરીને ચિપ્પ રોગ મટાડવો.

કુનખ

दुष्टं कुनखमप्येवं

કુનખ રોગ બગડ્યો હોય તોપણ એ જ રીતે (ચિપ્પ રોગની માફક) મટાડવો.

અલસ

चरणावलसे पुनः ॥ १२ ॥
धान्याम्लासक्तौ कासीसपटोलीरोचनातिलैः ।
सनिम्बपत्रैरालिम्पेद्

પણ અલસ રોગમાં પગ ઉપર ધાન્યામ્લ રેડીને પછી હીરાકસી, પટોળ, ગોરોચના, તલ અને લીમડાનાં પાંદડાંનો લેપ કરવો.

તિલકાલક (તલ), મષ (મસા)

दहेत्तु तिलकालकान् ॥ १३ ॥
मषांश्च सूर्यकान्तेन क्षारेण यदि वाऽग्निना ।

તલને અને મસાને સૂર્યકાંતમણિથી, ક્ષારથી કે અગ્નિથી બાળવા. (સૂર્યકાંત મણિ=આગિયો, કાચ).

ચર્મકીલ, જતૂમણિ (લાખું)

तद्वदुत्कृत्य शस्त्रेण चर्मकीलजतूमणी ॥ १४ ॥

ચર્મકીલ અને જતૂમણિને શસ્ત્ર વડે ઉખાડી નાખીને (કાપી નાખીને, ઉતરડી નાખીને) પછી એવું જ કરવું (સૂર્યકાંતમણિથી, ક્ષારથી કે અગ્નિથી બાળવાં.)

લાંછન, વ્યંગ, નીલિકા માટે ફસ ખોલવી અને લેપ

लाञ्छनादित्रये कुर्याद्यथासन्नं सिराव्यधम्।
लेपयेत्क्षीरपिष्टैश्च क्षीरिवृक्षत्वगङ्कुरैः॥१५॥

લાંછનથી શરૂ થતા ત્રણુ રોગોમાં (લાંછન, વ્યંગ અને નીલિકામાં) રોગોની પાસેની જગાએ ફસ ખોલવી અને પછી ક્ષીરીવૃક્ષોનાં છાલ અને અંકુરોને દૂધમાં લસોટીને એનો લેપ કરવો.

વ્યંગરોગ માટે લેપ

व्यङ्गेषु चार्जुनत्वग्वा मञ्जिष्ठा वा समाक्षिका।
लेपः सनवनीता वा श्वेताश्वखुरजा मषी॥१६॥

વ્યંગરોગોમાં (કફના, પિત્તના, વાયુના અને લોહીના વ્યંગમાં) સાદડની છાલનો લેપ કરવો કે મજીઠને મધમાં કાલવીને એનો લેપ કરવો કે ધોળા ઘોડાની ખરીની મષીને માખણુમાં મેળવીને એનો લેપ કરવો.

रक्तचन्दनमञ्जिष्ठाकुष्ठरोध्रप्रियङ्गवः।
वटाङ्कुरा मसूराश्च व्यङ्गघ्ना मुखकान्तिदाः॥१७

રતાંજળી, મજીઠ, ઉપલેટ, લોધર, ઘઉંલા, વડના અંકુરો અને મસૂર–એટલાં ઔષધોના લેપ વ્યંગરોગને મટાડે છે અને મોંને કાંતિવાળું બનાવે છે.

द्वे जीरके कृष्णतिलाः सर्षपाः पयसा सह।
पिष्टाः कुर्वन्ति वक्त्रेन्दुमपास्तव्यङ्गलाञ्छनम्।
क्षीरपिष्टा घृतक्षौद्रयुक्ता वा भृष्टनिस्तुषाः।
मसूराः क्षीरपिष्टा वा
तीक्ष्णाः शाल्मलिकण्टकाः॥१९॥
सगुडः कोलमज्जा वा शशासृक्क्षौद्रकल्कितः।
सप्ताहं मातुलुङ्गस्थं कुष्ठं वा मधुनाऽन्वितम्॥२०
पिष्टा वा छागपयसा सक्षौद्रा मौशली जटा॥
गोरस्थि मुशलीमूलयुक्तं वा साज्यमाक्षिकम्॥२१

જીરું, શાહજીરું, કાળા તલ અને સરસવને દૂધ સાથે લસોટીને લેપ કરવાથી; કે મસૂરને શેકીને એનાં છોડાં કાઢી નાખીને પછી એને દૂધ સાથે લસોટીને એમાં ઘી અને મધ મેળવીને લેપ કરવાથી; કે શીમળાના અણીદાર કાંટાને દૂધમાં લસોટીને એનો લેપ કરવાથી; કે ખાટાં બોરની મીંજનો સસલાના લોહી અને મધમાં ગોળ સાથે કલ્ક કરીને એનો લેપ કરવાથી; કે ઉપલેટને સાત દિવસ સુધી બિજોરાંમાં મૂકી રાખીને પછી એ ઉપલેટને મધમાં કાલવીને એનો લેપ કરવાથી; કે કાળી મૂસળીનાં મૂળને બકરીના દૂધમાં વાટીને મધ સાથે એનો લેપ કરવાથી કે ગાયનાં હાડકાંમાં કાળી મૂસળીનું મૂળ મેળવીને એમાં ઘી અને મધ મેળવીને એનો લેપ કરવાથી મુખરૂપી ચંદ્ર વ્યંગરૂપી કલંક વિનાનો થાય છે.

ચામડીને સવર્ણ કરવાનો લેપ

जम्ब्वाम्रपल्लवा मस्तु हरिद्रे द्वे नवो गुडः।
लेपः सवर्णकृत् पिष्टं स्वरसेन च तिन्दुकम्॥२२॥

જાંબુનાં કુમળાં પાંદડાં, આંબાનાં કુમળાં પાંદડાં, દહીંમાં છૂટેલું પાણી, હળદર, દારુહળદર, નવો ગોળ–એટલી વસ્તુઓને ભેગી વાટીને કરેલો લેપ તથા ટીંબરવાને એના પોતાના સ્વરસમાં જ લસોટીને કરેલો લેપ (વ્યંગ મટ્યા પછી રહેલી) ચામડીને શરીરની ચામડીના જેવા રંગની બનાવે છે.

મોંને કમળ જેવું કરવાને ઉદ્વર્તન

उत्पलमुत्पलकुष्ठं प्रियङ्गुकालीयकं बदरमज्जा।
इदमुद्वर्तनमास्यं करोति शतपत्रसंकाशम्॥२३॥

કાળું કમળ, કાળો ઉપલેટ, ઘઉંલા, પીળી સુખડ, બોરની મીંજ–એટલી વસ્તુઓ ભેગી કરીને કરેલું ઉદ્વર્તન મુખને કમળ જેવું કરે છે.

વ્યંગરોગમાં અભ્યંગ માટે સ્નેહ

एभिरेवौषधैः पिष्टैर्मुखाभ्यङ्गाय साधयेत्।
यथादोषर्तुकान् स्नेहान् मधुककाथसंयुतैः॥२४॥

વ્યંગ માટે ઉપરના શ્લોકોમાં કહેલાં લેપનાં ઔષધોનો કલ્ક જેઠીમધના કવાથમાં નાખીને એના વડે જે દોષ અને જે ઋતુ માટે જે સ્નેહ પકવવા જોઈએ, તે સ્નેહ અભ્યંગ કરવા માટે સિદ્ધ કરવા.

નીલિકા, વ્યંગ અને મુખદૂષિકા માટે અભ્યંગ

यवान् सर्जरसं रोध्रमुशीरं मदनं मधु।
घृतं गुडं च गोमूत्रे पचेदादर्विलेपनात्॥२५॥
तदभ्यङ्गान्निहन्त्याशु नीलिकाव्यङ्गदूषिकान्।
मुखं करोति पद्माभं पादौ पद्मदलोपमौ॥२६॥

જવ, રાળ, લોધર, કાળો વાળો, મીણ, મધ, ઘી અને ગોળને ગાયના મૂત્રમાં કડછીએ ચોટે ત્યાં સુધી પકવવા. એના વડે અભ્યંગ કરવાથી નીલિકા, વ્યંગ અને મુખદૂષિકા રોગો તરત મટે છે. મુખ કમળ જેવું અને પગ કમળનાં પાંદડાં જેવા થાય છે

નીલિકા, પલિત, વ્યંગ, વલી, તિલકાલક અને મુખદૂષિકા માટે તથા મોંને ભરાવદાર અને કાંતિવાળું કરવા માટે નસ્ય

कुङ्कुमोशीरकालायलाक्षायष्ट्याह्वचन्दनम् ।
न्यग्रोधपादांस्तरुणान् पद्मकं पद्मकेसरम् ॥२७॥
सनीलोत्पलमञ्जिष्ठं पालिकं सलिलाढके ।
पक्त्वा पादावशेषेण तेन पिष्टैश्च कार्षिकैः ॥२८॥
लाक्षापत्तङ्गमञ्जिष्ठायष्टीमधुककुङ्कुमैः ।
मजाक्षीरं द्विगुणितं तैलस्य कुडवं पचेत् ॥२९॥
नीलिकापलितव्यङ्गवलीतिलकदूषिकान् ।
हन्ति तन्नस्यमभ्यस्तं मुखोपचयवर्णकृत् ॥३०॥

કેસર, વીરણવાળો, પીળું ચંદન, લાખ, જેઠીમધ, સુખડ, વડના કુમળા અંકુર, કમળ, કમળનું કેસર કાળું કમળ, મજીઠ—આટલાં ઔષધો દરેક એકએક પલ લઈને એક આઢક પાણીમાં નાખી ઉકળતા ઉકળતા પાણી ચોથા ભાગનું બાકી રહે ત્યા સુધી પકવવાં. પછી લાખ, રતાંજળી, મજીઠ, જેઠીમધ અને કેસર—એટલાં ઔષધો દરેક એકએક તોલો લઈને એ ક્વાથ સાથે લસોટવાં. પછી એ રીતે તૈયાર થયેલી લુગદીને તેલથી બમણા બકરીના દૂધમાં નાખી એમાં એક કુડવ તેલ પકવવુ. એ તેલનું રોજ નસ્ય લેવાની ટેવ રાખવાથી નીલિકા, પલિત, વ્યંગ, વલી, તિલકાલક અને મુખદૂષિકા એટલા રોગો મટે છે તથા મોં પુષ્ટ (ભરાવદાર) થાય છે અને મોનો રંગ સુધરે છે.

વ્યંગ, નીલિકા વગેરે માટે તથા મોંને કાંતિવાળું કરવા માટે લેપ

मञ्जिष्ठा शवरोद्भवस्तुवरिका लाक्षा हरिद्राद्वयं ।
नेपालीहरितालकुङ्कुमगदा गोरोचना गैरिकम् ।
पत्रं पाण्डु वटस्य चन्दनयुगं कालीयकं पारदं ।
पत्तङ्ग कनकत्वचं कमलजं बीजं तथा केसरम् ॥
सिक्थं तुत्थं पद्मकाद्यो वसाऽऽज्यं
मज्जा क्षीरं क्षीरिवृक्षाम्बु चाग्नौ ।
सिद्धं सिद्धं व्यङ्गनील्यादिनाशे
वक्त्रे छायामैन्दवीं चाशु धत्ते ॥ ३२ ॥

મજીઠ, ધોળો લોધર, તુવેર, લાખ, હળદર, દારુહળદર, મણશીલ, હરતાલ, કેસર, ઉપલેટ, ગોરોચના, સોનાગેરુ, વડનાં પાકાં પાંદડા, ધોળી સુખડ, લાલ સુખડ, દારુહળદર, પારો, ધંતૂરાની છાલ, કમળનાં બી, કમળનુ કેસર, મીણ, મોરથૂથુ, પદ્મકાદિ ગણનાં ઔષધો, વસા, ઘી, મજ્જા, દૂધ, ક્ષીરીવૃક્ષોનો ક્વાથ—એ બધું અગ્નિ ઉપર સિદ્ધ કરવામાં આવે તો એ લેપ વ્યંગ, નીલિકા વગેરે રોગોનો નાશ કરવાનો રામબાણ ઉપાય છે અને એના ઉપયોગથી માણસના મુખની છાયા ચંદ્ર જેવી થાય છે.

વસા, ઘી અને મજ્જા એ ત્રણ સ્નેહ મળીને એક પ્રસ્થ લેવાં. મજીઠથી પદ્મકાદિ ગણ સુધીના ઔષધો બધાં મળીને વજનમાં એક પ્રસ્થથી ચોથા ભાગના લઈને એમનો કલ્ક કરવો. ક્ષીરીવૃક્ષોનો ક્વાથ અને દૂધ એ બે મળીને ચાર પ્રસ્થ લેવા. પછી પકવવુ.—શિવદાસ સેન.

વ્યંગરોગમાં નસ્ય

मार्कवस्वरसक्षीरतोयानीष्टानि नावने ।

ભાગરાનો સ્વરસ, દૂધ અને પાણી એ ત્રણ ભેગા કરીને નસ્ય તરીકે ઇચ્છવા જેવા છે.

પ્રસુપ્તિ

प्रसुप्तौ वातकुष्ठोक्तं कुर्याद्दाहं च वह्निना ॥ ३३ ॥

પ્રસુપ્તિ રોગમાં વાયુથી થતા કુષ્ઠ માટે જે કરવાનું કહ્યું છે તે કરવુ તથા અગ્નિથી ડામવુ.

ઉત્કોઠ

उत्कोठे कफपित्तोक्तं

ઉત્કોઠ રોગમાં કફપિત્તના કુષ્ઠમાં કરવાનું કહ્યું છે તે કરવુ.

કોઠ

कोठे सर्वं च कौष्ठिकम् ॥ ३३ ॥

અને કોઠરોગમાં કુષ્ઠરોગમા જે કરવાનું કહ્યું છે તે બધું કરવુ.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने क्षुद्ररोगप्रतिषेधो नाम द्वात्रिंशोऽध्यायः ॥३२॥

અધ્યાય ૩૩ મો–ગુહ્ય ભાગના રોગોનું જ્ઞાન

अथातो गुह्यरोगविज्ञानीयं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે ગુહ્ય ભાગના રોગોનું જ્ઞાન થવા માટે ઉપયોગી અધ્યાય કહીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

ગુહ્યરોગો થવાનાં કારણ

स्त्रीव्यवायनिवृत्तस्य सहसा भजतोऽथवा ।
दोषाध्युषितसङ्कीर्णमलिनाणुरजःपथाम् ॥१॥
अन्ययोनिमनिच्छन्तीमगम्यां नवसूतिकाम् ।
दूषितं स्पृशतस्तोयं रतान्तेष्वपि नैव वा ॥२॥
विवर्धयिषया तीक्ष्णान् प्रलेपादीन् प्रयच्छतः ।
मुष्टिदन्तनखोत्पीडाविषवच्छूकपातनैः ॥३॥
वेगनिग्रहदार्घातिखरस्पर्शविघट्टनैः ।
दोषा दुष्टा गता गुह्यं त्रयोविंशतिमामयान् ॥४॥
जनयन्त्युपदंशादीन्

સ્ત્રી સાથે મૈથુન કરી રહ્યા પછી તરત પાછું એકાએક મૈથુન કરનારના; જે સ્ત્રીનો રજ નીકળવાનો માર્ગ (યોનિ) દોષોવાળો, સંકીર્ણ (અશુદ્ધ), મેલો અને સાંકડો હોય, મનુષ્યથી જે જુદી યોનિની હોય (ભેંશ વગેરે), જેને મૈથુનની ઇચ્છા ન હોય, જે મૈથુનને યોગ્ય ન હોય, જેને સુવાવડ આવે બહુ વખત ન થયો હોય એવી કોઈ સ્ત્રી સાથે મૈથુન કરનારના, મૈથુન કરી રહીને જનનેંદ્રિયને ખરાબ પાણીથી ધોનારના કે સમૂળગી ન ધોનારના, જનનેંદ્રિયને મોટી કરવા માટે (ઇંદ્રિય ઉપર) તીક્ષ્ણ લેપ વગેરે કરનારના કોપેલા દોષો તથા મૂઠી; દાંત અને નખના દબાણથી, ઝેરી જંતુઓ વળગાડવાથી, વેગોને રોકવાથી, લાંબા અને ખર સ્પર્શવાળા વાળ સાથે (કે કામાતપત્ર નામની ચામડી સાથે) ઘસાવાથી બગડેલા દોષો ગુહ્ય ભાગમાં જઈને ઉપદંશ વગેરે ૨૩ રોગ કરે છે. (સંકીર્ણ=૧. અશુદ્ધ, ૨. ઘણા માણસોએ વાપરેલી.)

ઉપદંશ (ચાંદી)

उपदंशोऽत्र पञ्चधा ।
पृथग्दोषैः सरुधिरैः समस्तैश्च

એમાં (૨૩ ગુહ્ય રોગોમાં) ઉપદંશ પાંચ પ્રકારનો છે. દરેક દોષનો એકએક, લોહીનો અને બધા દોષથી થયેલો.

વાયુનો ઉપદંશ

अत्र मारुतात् ॥५॥
मेढ्रे शोफो रुजश्चित्राः
स्तम्भस्त्वक्परिपोटनम् ।

એમાં વાયુથી થતા ઉપદંશમાં મૂત્રેંદ્રિય ઉપર સોજો, જાતજાતની પીડા, સ્તંભ અને ચામડી ફાટે એટલાં વાનાં થાય છે.

પિત્તનો ઉપદંશ

पक्कोदुम्बरसङ्काशः पित्तेन श्वयथुर्ज्वरः ॥६॥

પિત્તથી થયેલા ઉપદંશમાં મૂત્રેંદ્રિય ઉપર પાકા ઉંબરાના ફળ જેવો સોજો અને તાવ આવે છે.

કફનો ઉપદંશ

श्लेष्मणा कठिनः स्निग्धः
कण्डूमान् शीतलो गुरुः ।

કફથી થયેલા ઉપદંશમાં મૂત્રેંદ્રિય ઉપર કઠણ, સ્નિગ્ધ, ખણજવાળો અને ભાર લાગે એવો સોજો આવે છે.

લોહીનો ઉપદંશ

शोणितेनासितस्फोटसम्भवोऽस्रस्रुतिर्ज्वरः ॥

લોહી બગડવાથી થયેલા ઉપદંશમાં કાળા ફોલ્લા થાય છે, લોહી નીકળે છે અને તાવ આવે છે.

સાંનિપાતિક ઉપદંશ

सर्वजे सर्वलिङ्गत्वं श्वयथुर्मुष्कयोरपि ।
तीव्रा रुगाशुपचनं दरणं कृमिसम्भवः ॥८॥

બધા દોષોથી થયેલા ઉપદંશમાં દરેક દોષના ઉપદંશનાં લક્ષણો હોય છે, તે ઉપરાંત અંડ ઉપર સોજો, તીવ્ર પીડા, ઝટ પાકવા માંડે, મૂત્રેંદ્રિય ફાટે અને કીડા પેદા થાય એટલાં લક્ષણો હોય છે.

સાધ્યઅસાધ્ય

याप्यो रक्तोद्भवस्तेषां मृत्यवे सन्निपातजः ।

तेमां लोहीनो उपदंश याप्य छे अने सांनिपातिक उपदंशथी मोत थाय छे.

मूत्रेंद्रियना अर्श (मसा)

क्षायन्ते कुपितैर्दोषैर्गुह्यासृक्पिशिताश्रयैः ॥९॥
मन्तर्बहिर्वा मेढ्रस्य कण्डूला मांसकीलकाः ।
पिच्छिलास्रस्रुवा योनौ
तद्वच्च च्छत्रसन्निभाः ॥१०॥
तेऽर्शांस्युपेक्षया घ्नन्ति मेढ्रपुंस्त्वं भगार्तवम् ।

गुह्य अंगनां लोही अने मांसमां रहेला दोषो कोपे छे, त्यारे पुरुषनी मूत्रेंद्रियनी अंदर के बहार खणुज आवे एवा, पिच्छिल, लोही द्रवता मांसना (शंकु आकारना) मसा थाय छे. तेज प्रमाणे योनिमां छत्री (बिलाडीना टोप) जेवा आकारना मसा थाय छे. ए मसाने (गुह्य भागना) अर्श (हरस) कहे छे. एना वखतसर योग्य उपाय न थाय तो ए पुरुषनी मूत्रेंद्रियना पुरुषातननो नाश करे छे अने योनिना आर्तवनो नाश करे छे.

सर्षपिका

गुह्यस्य बहिरन्तर्वा पिटिकाः कफरक्तजाः ॥११॥
सर्षपामानसंस्थाना घनाः सर्षपिकाः स्मृताः ।

कफ अने लोहीने लीधे गुह्य अंगनी अंदर के बहार सरसव जेवडी अने सरसव जेवा आकारनी घट्ट फोल्लीओ थाय छे तेने आयुर्वेदमां सर्षपिका कहे छे.

अवमंथ

पिटिका बहवो दीर्घा दीर्यन्ते मध्यतश्च याः ॥
सोऽवमन्थः कफासृग्भ्यां वेदनारोमहर्षवान् ।

कफ अने लोहीने लीधे लांबी, वच्चेथी फाटे एवी अनेक फोल्लीओ थाय तेने अवमंथ कहे छे. अवमंथमां पीडा अने (पीडाने लीधे) रोमांच थाय छे.

कुंभीका

कुम्भीका रक्तपित्तोत्था
जाम्बवास्थिनिभाऽऽशुजा ॥१३॥

लोही अने पित्तने लीधे थती, जांबुना ठळिया जेवी, झट उत्पन्न थाय एवी फोल्ली ते कुंभीका छे.

अलजी

मलर्जी मेहवद्विद्यात्

प्रमेह रोगमां अलजी छे. (नि. १०/३०१, ३१) तेवी ज आमां समजवी.

उत्तमा

उत्तमां पित्तरक्तजाम् ।
पिटिकां माषमुद्गाभां

लोही अने पित्तने लीधे थती, अडद अने मग जेवी फोल्लीने उत्तमा जाणवी.

पुष्करिका

पिटिका पिटिकाचिता ॥१४॥
कर्णिका पुष्करस्येव ज्ञेया पुष्करिकेति सा ।

जेना उपर बीजी फोल्लीओ लखचक थई होय एवी, कमळना डोडा जेवी फोल्लीने पुष्करिका जाणवी.

संव्यूढपीटिका

पाणिभ्यां भृशसंव्यूढे संव्यूढपिटिका भवेत् ॥

हाथ वडे मूत्रेंद्रिय बहु घसावाथी जे फोल्ली थाय ते संव्यूढपीटिका छे.

मृदित

मृदितं मृदितं वस्त्रसंरब्धं वातकोपतः ।

मूत्रेंद्रियने कोई वस्तु वडे के वस्त्र वडे मसळे (चोळे) (के कोई वस्तु के वस्त्र साथे घसे) तेथी सोजो आवे तेने मृदित रोग कहे छे. आ रोग वायु कोपवाथी थाय छे.

अष्ठीलिका

विषमा कठिना भुग्ना वायुनाऽष्ठीलिका स्मृता ॥

विषम, कठण अने वांकी फोल्ली वायुने लीधे थाय ते अष्ठीलिका छे.

निवृत्त (परिवर्तिका)

विमर्दनादिदुष्टेन वायुना चर्म मेढ्रजम् ।
निवर्तते सरुग्दाहं क्वचित्पाकं च गच्छति ॥१७॥
पिण्डितं ग्रन्थितं चर्म तत्प्रलम्बमधो मणेः ।
निवृत्तसंज्ञं सकफं कण्डूकाठिन्यवत्तु तत् ॥१८॥

पुरुषनी मूत्रेंद्रियने बहु चोळवानुं थवाथी कोपेला वायुने लीधे मूत्रेंद्रियनी चामडी पीडा अने बळतरा साथे ऊथली जाय छे अने कोई वार पाके छे. ते चामडी वाटो वळीने, गंठाई

જઈને મૂત્રેંદ્રિયના મણિ (આગલું ટોચકું)ની નીચે લબડે છે. એને નિવૃત્ત રોગ કહે છે. જયારે એમાં કફ ભળે છે ત્યારે એમાં ખણુજ આવે છે અને એ કુઠણુ થઈ જાય છે.

અવપાટિકા

दुरूढं स्फुटितं चर्म निर्दिष्टमवपाटिका।

મૂત્રેંદ્રિયની ચામડી મુશ્કેલીથી ઊપડે એવી થાય અને એ ચામડીમાં ચીરા પડે તેને અવપાટિકા કહે છે.

નિરુદ્ધમણિ

वातेन दूषितं चर्म मणौ सक्तं रुणद्धि चेत् ॥१९
स्रोतो मूत्रं ततोऽभ्येति मन्दधारमवेदनम्।
मणेर्विकाशरोधश्च स निरुद्धमणिर्गदः ॥ २० ॥

વાયુથી ખગડેલી મૂત્રેંદ્રિયની ચામડી મૂત્રેંદ્રિયના મણિ (આગળના ટોચકા) ઉપર ચોંટી જઈને મૂત્રના માર્ગને (જેમાંથી પેશાબ નીકળે છે તે છિદ્રને) રોકે અને તેથી પેશાબ પાતળી અને ધીમી ધારે પીડા વિના થાય અને મણિને ફૂલતાં હરકત પડે તેને નિરુદ્ધમણિ રોગ કહે છે.

ગ્રથિત

लिङ्गं शूकैरिवापूर्णं ग्रथिताख्यं कफोद्भवम्।

કફને લીધે પુરુષની મૂત્રેંદ્રિય જાણે શુક- (સુંવાળા અને અણીદાર ફણગા)થી ભરાઈ ગઈ હોય (અને ગંઠાઈ ગઈ હોય) તેને ગ્રથિત કહે છે.

સ્પર્શહાનિ

शूकदूषितरक्तोत्था स्पर्शहानिस्तदाह्वया ॥ २१ ॥

શૂક નામનાં જંતુઓના લેપને લીધે બગડેલા લોહીથી મૂત્રેંદ્રિયને સ્પર્શનું જ્ઞાન ન થાય (મૂત્રેંદ્રિય બહેરી થઈ જાય) તે સ્પર્શહાનિ રોગ છે.

(પુરુષની મૂત્રેંદ્રિયને લાંબીટૂંકી કે જાડીપાતળી કરવા માટે પાણીમાં રહેતા શૂક નાગના ઝેરી જંતુનો લેપ ઇંદ્રિય ઉપર કરવાનું વાત્સ્યાયનનાં કામસૂત્રોમાં લખ્યું છે).

શતપોનક

छिद्रैरणुमुखैर्यत्तु मेहनं सर्वतश्चितम्।
वातशोणितकोपेन तं विद्याच्छतपोनकम् ॥२२॥

વાયુ અને લોહી સાથે કોપવાથી મૂત્રેંદ્રિયને બધી બાજુએ ઝીણાં મુખવાળાં છિદ્રો પડી જાય તેને શતપોનક રોગ જાણવો.

ત્વક્પાક

पित्तासृग्भ्यां त्वचः पाक-
स्त्वक्पाको ज्वरदाहवान्।

પિત્ત અને લોહી કોપવાથી મૂત્રેંદ્રિયની ચામડી પાકે અને સાથે બળતરા થાય અને તાવ આવે તે ત્વક્પાક રોગ છે.

માંસપાક

मांसपाकः सर्वजः सर्ववेदनो मांसशातनः ॥ २३

જેમાં બધી જાતની પીડા થાય અને માંસ છિન્નભિન્ન થઈ જાય એ બધા દોષોને લીધે થતો માંસપાક રોગ છે.

(બધી જાતની પીડા=છેદ, ભેદ, તોદ, સ્ફુરણ, વ્યાસ, વ્યધ, સંસ, સ્વાપ વગેરે.-ઇંદુ)

રક્તાર્બુદ

सरागैरसितैः स्फोटैः पिटिकाभिश्च पीडितम्।
मेहनं वेदना चोग्रा तं विद्यादसृगर्बुदम् ॥२४॥

મૂત્રેંદ્રિય આછાં લાલ અને કાળાં ગૂમડાં તથા ફોલ્લીઓથી પીડાય અને તીવ્ર પીડા થાય તેને રક્તાર્બુદ જાણવું.

માંસાર્બુદ

मांसार्बुदं प्रागुदितं

માંસાર્બુદ આગળ (ઉ. અ. ૨૯માં) કહેવાઈ ગયુ છે.

વિદ્રધિ

विद्रधिश्च त्रिदोषजः।

અને ત્રણે દોષના કોપવાથી થતું વિદ્રધિ પણ અગાઉ (નિ. અ. ૧૧ માં) કહેવાઈ ગયુ છે.

તિલકાલક

कृष्णानि भूत्वा मांसानि विशीर्यन्ते समन्ततः॥
पक्वानि सन्निपातेन तान् विद्यात्तिलकालकान्।

બધા દોષ કોપવાથી મૂત્રેંદ્રિયનું ચારે બાજુનું માંસ પાકીને કાળું થઈને ખરી પડે છે તેને તિલકાલક રોગ જાણવો.

સાધ્ય, અસાધ્ય

मांसोत्थमर्बुदं पाकं विद्रधिं तिलकालकान् ॥२६
चतुरो वर्जयेदेषां शेषांछीघ्रमुपाचरेत्।

મૂત્રેંદ્રિયનાં માંસાર્બુદ, માંસપાક, વિદ્રધિ

અને તિલકાલક એ ચાર રોગોને (અસાધ્ય ગણીને) છોડી દેવા, મૂત્રેન્દ્રિયના બાકીના રોગોના તરત ઉપાય કરવા

યોનિવ્યાપદ (યોનિના રોગો)

સંખ્યા: કારણ

विंशतिर्व्यापदो योनेर्जायन्ते दुष्टभोजनात् ॥२७॥

દુષ્ટ આહારને લીધે યોનિના વીસ રોગ થાય છે

વાયુની યોનિવ્યાપદ

विषमस्थाङ्गशयनभृशमैथुनसेवनैः ।
दुष्टार्तवादपद्रव्यैर्बीजदोषेण दैवत ॥ २८ ॥
योनौ क्रुद्धोऽनिल कुर्याद्
रुक्तोदायामसुप्तता ।
पिपीलिकासृप्तिमिव स्तम्भ कर्कशता स्वनम् ॥२९
फेनिलारुणकृष्णाल्पतनुरूक्षार्तवस्रुतिम् ।
स्रंस वङ्क्षणपार्श्वादौ व्यथा गुल्म क्रमेण च ॥३०
तास्ताश्च स्वान् गदान्
व्यापद्वातिकी नाम सा स्मृता ।

શરીરને વિષમ (ઊંચુનીચુ, આડઅવળુ કે બીજી રીતે કઢંગી સ્થિતિમાં) રાખીને સૂવાથી, બહુ મૈથુન ભોગવવાથી, બગડેલા આર્તવથી, મૈથુન માટે વાપરેલા ખરાબ સાધનોથી, વારસામા મળેલા આર્તવના દોષથી, નસીબને લીધે યોનિમા કોપેલો વાયુ (યોનિમા) પીડા, તોદ, આયામ (ખેંચ), ખરેરાશ, જાણે કીડીઓ ચાલતી હોય એવો સળવળાટ, સ્તંભ, કઠણપણુ, વાછૂટ જેવો અવાજ, ફીણવાળા, આછા લાલ કે કાળા, થોડા, પાતળા અને લૂખા આર્તવનો સ્રાવ, યોનિનો સ્રંસ, સાથળના વળામા, પડખામા વગેરે જગાએ પીડા, ગોળો અને બીજા અનેક પોતાના (વાયુના) રોગો કરે છે તેને આયુર્વેદમાં વાયુની યોનિવ્યાપદ કહે છે

(अपद्रव्यै ને બદલે उपद्रव्ये પાઠ હોય તો उपद्रव्य પુરુષની ઇંદ્રિયની અવેજીમા મૈથુન માટે યોનિમા ઘાલવાનુ બીજુ સાધન)

અતિચરણા

सेवातिचरणा शोफसंयुक्ताऽतिव्यवायतः ॥३१॥

એ જ વાયુની યોનિવ્યાપદમા અતિશય મૈથુનને લીધે સોજો આવે તેને અતિચરણા કહે છે

પ્રાક્ચરણા

मैथुनादतिबालाया पृष्ठजङ्घोरुवङ्क्षणम् ।
रुजन् सन्दूषयेद्योनिं वायु प्राक्चरणेति सा ॥३२

બહુ નાની છોકરી સાથે મૈથુન કરવાથી એની પીઠ, જાંઘ, સાથળ અને સાથળના વળામા પીડા કરતો વાયુ યોનિને બગાડે તેને પ્રાક્ચરણા કહે છે.

ઉદાવૃત્તા

वेगोदावर्तनाद्योनिं प्रपीडयति मारुत ।
सा फेनिलं रज कृच्छ्रादुदावृत्त विमुञ्चति ॥३३
इय व्यापदुदावृत्ता

વાયુના વેગને રોકવાને લીધે વાયુ ઊંચો ચઢવાથી એ વાયુ યોનિને પુષ્કળ દબાવે છે તેથી એ યોનિમાથી ફીણવાળુ, ઊંચે ચઢી ગયેલુ રજ (અટકાવ) નીકળતા પીડા થાય છે. આ રોગને ઉદાવૃત્તા કહે છે

જાતઘ્ની

जातघ्नी तु यदाऽनिल ।
जात जात सुत हन्ति रौक्ष्याद्दुष्टार्तवोद्भवम् ॥३४

જ્યારે વાયુ લૂખાપણાને લીધે બગડેલા આર્તવથી જેમ જેમ છોકરુ થાય તેમ તેમ મારી નાખે ત્યારે તે રોગને જાતઘ્ની કહે છે

અંતર્મુખી

अत्याशिताया विषमं स्थिताया सुरते मरुत् ।
अन्नेनोत्पीडितो योने
स्थित स्रोतसि वक्रयेत् ॥ ३५ ॥
सास्थिमांस मुख तीव्ररुजमन्तर्मुखीति सा

ખૂબ ખાઈને મૈથુન માટે શરીર કઢંગી રીતે ગોઠવીને સૂતેલી સ્ત્રીનો વાયુ ખોરાકથી દબાઈને યોનિના માર્ગમા રહીને યોનિના હાડકા અને માંસ સાથે યોનિના મુખને વાંકુ કરી નાખે છે અને યોનિના મુખમા તીવ્ર પીડા થાય છે આ અંતર્મુખી નામની યોનિવ્યાપદ છે

સૂચીમુખી

वातलाहारसेविन्या जनन्या कुपितोऽनिल ॥३६
स्त्रियो योनिमणुद्वारा कुर्यात्सूचीमुखीति सा ।

છોકરી ગર્ભમા હોય તે વખતે એની મા

વાયડા આહાર ખાયપીએ તેથી કોપેલો માનો વાયુ ગર્ભમાં રહેલી સ્ત્રી(છોકરી)ના યોનિનાં દ્વારને ઝીણું કરી નાખે છે. આ સૂચીમુખી રોગ છે.

શુષ્કા

वेगरोधादृतौ वायुर्दुष्टो विण्मूत्रसङ्ग्रहम् ॥ ३७ ॥
करोति योनेः शोषं च
शुष्काख्या साऽतिवेदना ।

ઋતુ દરમિયાન (નિ. ૧/૨૬) વેગ રોકવાથી બગડેલો (કોપેલો) વાયુ ઝાડાપેશાબને રોકે છે અને યોનિને સૂકવે છે. એ શુષ્કા નામનો રોગ છે. એમાં બહુ પીડા થાય છે.

વામિની

षडहात् सप्तरात्राद्वा शुक्रं गर्भाशयान्मरुत् ॥३८॥
वमेत्सरुङ् नीरुजो वा यस्यां सा वामिनी मता ।

જે રોગમાં વાયુ પીડા સાથે કે પીડા વિના ગર્ભાશયમાંથી વીર્યને છ કે સાત દિવસમાં બહાર કાઢી નાખે તે રોગ વામિની છે એવું માને છે.

પણ્ઢી

योनौ वातोपतप्तायां स्त्रीगर्भे बीजदोषतः ॥ ३९ ॥
नृद्वेषिण्यस्तनी च स्यात् षण्ढसंज्ञाऽनुपक्रमा ।

છોકરી માના પેટમાં હોય તે વખતે માની યોનિ વાયુથી પીડાતી હોય તેથી સ્ત્રી(છોકરી)ના ગર્ભાશયમાં પોતાની માના બીજ(ગર્ભમાં રહેલો માના આર્તવનો ભાગ)માંનો દોષ વારસામાં ઊતરી આવે છે તેથી છોકરી પુરુષનો દ્વેષ કરે છે (છોકરીને મૈથુન કરાવવું ગમતું નથી) અને એનાં સ્તન બહુ નાનાં હોય છે. આને ષંઢા કહે છે. એ અસાધ્ય રોગ છે.

મહાયોનિ

दुष्टो विष्टभ्य योन्यास्यं गर्भकोष्ठं च मारुतः ॥४०
कुरुते विवृतां स्रस्तां वातिकीमिव दुःखिताम् ।
उत्सन्नमांसां तामाहुर्महायोनिं महारुजाम् ॥४१॥

કોપેલો વાયુ યોનિના મુખનો અને ગર્ભાશયનો વિષ્ટંભ કરીને યોનિને પહોળી, લબડી પડેલી, જાણે વાયુની યોનિવ્યાપદ હોય એવી પીડાવાળી, ઊપસેલા માંસવાળી અને બહુ પીડાવાળી બનાવે છે, તેને મહાયોનિ કહે છે.

પિત્તની યોનિવ્યાપદ

यथास्वैर्दूषणैर्दुष्टं पित्तं योनिमुपाश्रितम् ।
करोति दाहपाकोषापूतिगन्धिज्वरान्विताम् ॥४२
भृशोष्णभूरिकुणपनीलपीतासितार्तवाम् ।
सा व्यापत् पैत्तिकी

પોતાને (પિત્તને) કોપાવનારાં કારણો-(નિ. ૧/૧૫૬,૧૬)ને લીધે કોપેલું પિત્ત યોનિમાં રહીને યોનિમાં દાહ, પાક, ઊષા અને દુર્ગંધ ઉત્પન્ન કરે છે, તાવ આણે છે તથા બહુ ગરમ, પુષ્કળ, મડદા જેવા ગંધાતો, ગળી જેવા રંગનો, પીળો કે કાળો આર્તવ આણે છે. એ પિત્તની યોનિવ્યાપદ છે.

રક્તયોનિ (લોહીવા)

रक्तयोन्याख्याऽसृगतिस्रुतेः ॥ ४३ ॥

(યોનિમાંથી) લાલ લોહી બહુ વહી જાય તેથી રક્તયોનિ કહે છે.

કફની યોનિવ્યાપદ

कफोऽभिष्यन्दिभिः क्रुद्धः
कुर्याद्योनिमवेदनाम् ।
शीतकां कण्डुलां पाण्डुपिच्छिलां तद्विधस्रुतिम् ॥
सा व्यापच्छ्लैष्मिकी

અભિષ્યંદી દ્રવ્યોથી કોપેલો કફ યોનિને પીડા વિનાની, ઠંડી, ખણુજવાળી, ધોળી, પિચ્છિલ બનાવે છે અને યોનિમાંથી એવો જ (પીડા વિનાનો, ઠંડો, ખણુજ આણે એવો, ધોળો અને પિચ્છિલ) સ્રાવ કરાવે છે. એ કફની યોનિવ્યાપદ છે.

લોહિતક્ષયા

वातपित्ताभ्यां क्षीयते रजः ।
सदाहकार्श्यवैवर्ण्यं यस्याः सा लोहितक्षया ॥४५॥

જેનું રજ વાયુ અને પિત્તના પ્રકોપથી (બહુ વહી જવાને લીધે) ઓછું થઈ જાય છે, જેને દાહ થાય છે, જે દૂબળી અને વિવર્ણ થઈ જાય છે તે લોહિતક્ષયા છે.

પરિપ્લુતા

पित्तलाया नृसंवासे क्षवथूद्गारधारणात् ।
पित्तयुक्तेन मरुता योनिर्भवति दूषिता ॥ ४६ ॥

લેપ કરવો.

जम्ब्वाम्रसुमनोनीपश्वेतकाम्बोजिकाङ्कुरान् ॥
शल्लकीबदरीबिल्वपलाशतिनिशोद्भवाः ।
त्वचः क्षीरिद्रुमाणां च त्रिफलां च पचेज्जले ॥३॥
स क्वाथः क्षालनं, तेन पक्वं तैलं च रोपणम्।

જાંબુડી, આંબો, ચમેલી, કદંબ, ધોળી ચણોઠી એટલાં ઝાડના અંકુરો; ધૂપેડો, બોરડી, બીલી, ખાખરો, મિણ્ણો હર્મો અને ક્ષીરીવૃક્ષો એટલાં ઝાડની અંતરછાલ અને ત્રિફળા–એ બધાંને પાણીમાં ઉકાળીને ક્વાથ કરવો. એ ક્વાથ ધોવા માટેનુ ઓષધ છે, અને એ ક્વાથ વડે પકવેલું તેલ રૂઝવવાનું ઔષધ છે.

तुत्थगैरिकलोध्रैलामनोह्वालरसाञ्जनैः ॥ ४ ॥
हरेणुपुष्पकासीससौराष्ट्रीलवणोत्तमैः ।
लेपः क्षौद्रयुतैः सूक्ष्मैरुपदंशव्रणापहः ॥ ५ ॥

મોરથૂથુ, ગેરુ, લોધર, એલચી, મણશીલ, હરતાલ, રસવંતી, રેણુકબીજ, હીરાકસી, ફટકડી અને સૈંધવનું ખૂબ બારીક ચૂર્ણ કરીને એને મધમાં કાલવીન લેપ કરવાથી ઉપદંશનો વ્રણ રુઝાઈ જાય છે.

कपाले त्रिफला दग्धा सघृता रोपणं परम् ।

માટીની ઠીબમાં ત્રિફળાને બાળીને એનો ઘી સાથે લેપ કરવો એ રૂઝવવાનું ઉત્તમ ઔષધ છે.

सामान्यं साधनमिदं

શ્લોક ૩થી ૫ સુધીના ઉપાય સામાન્ય (ગમે તે પ્રકારના ઉપદંશને લાગુ પડે એવા) છે.

ઉપદંશની વિશેષ ચિકિત્સા

प्रतिदोषं तु शोफवत् ॥ ६ ॥

દોષવાર ઉપદશના ઉપાય તે તે દોષના શોફ (સોજો, ગૂમડું) પ્રમાણે કરવા.

ઉપદંશની ચિકિત્સામાં રાખવાની કાળજી : કારણ

। च याति यथा पाकं प्रयतेत तथा भृशम् ।
कैः स्नायुसिरामांसः प्रायो नश्यति हि ध्वजः ॥७

ઉપદંશ પાકે નહિ એવો વૈદ્યે પુષ્કળ પ્રયત્ન રવો; કારણ કે સ્નાયુ, શિરા અને માંસ ાકવાથી મૂત્રેંદ્રિયનો નાશ થાય છે.

મૂત્રેંદ્રિયના અર્શ

अर्शसां छिन्नदग्धानां क्रिया कार्योपदंशवत् ।

મૂત્રેંદ્રિયના મસાને કાપી નાખીને અને એ જગાએ બાળીને પછી ઉપદંશ જેવી ક્રિયા કરવી.

સર્ષપિકા

सर्षपा लिखिताः सूक्ष्मैः कषायैरवचूर्णयेत् ॥ ८ ॥
तैरेवाभ्यञ्जनं तैलं साधयेद् व्रणरोपणम्।

સર્ષપિકા નામની ફોલ્લીઓને શસ્ત્રથી ઘસી નાખીને પછી એના ઉપર કષાય વર્ગનાં ઔષધોનું બારીક ચૂર્ણ દબાવવુ, તથા એ જ કષાય વર્ગના ઔષધો વડે તેલ સિદ્ધ કરવુ. એ તેલ ચોપડવાથી વ્રણ રુઝાઈ જાય છે.

અવમંથ

क्रियेयमवमन्थेऽपि रक्तं स्राव्यं तयोभयोः ॥ ९ ॥

અવમંથમાં પણ એ જ (સર્ષપિકાવાળી) ક્રિયા કરવી, તથા બંનેમાં (સર્ષપિકા અને અવમંથમા) લોહી કાઢી નાખવું.

કુંભીકા

कुम्भीकायां हरेद्रक्तं पक्वायां शोधिते व्रणे ।
तिन्दुकत्रिफलारोध्रैर्लेपस्तैलं च रोपणम् ॥ १० ॥

કુંભીકામાં લોહી કાઢી નાંખવું. કુંભીકા પાકી ગઈ હોય તો વ્રણને શુદ્ધ કરીને પછી ટીંબરવો, ત્રિફળા અને લોધરનો લેપ કરવો. ટીંબરવો, ત્રિફળા અને લોધરથી સિદ્ધ કરેલું તેલ ચોપડવાથી રૂઝ આવે છે.

અલજી

अलज्यां स्रुतरक्तायामयमेव क्रियाक्रमः ।

અલજીમાં લોહી કઢાવી નાખ્યા પછી આ જ (કુંભીકાવાળો) ક્રિયાઓનો ક્રમ છે.

ઉત્તમા

उत्तमाख्यां तु पिटिकां
सञ्छिद्य बडिशोद्धृताम् ॥ ११ ॥
कल्कैश्चूर्णैः कषायाणां क्षौद्रयुक्तैरुपाचरेत् ।

ઉત્તમા નામની ફોલ્લીને બડિશયંત્રથી પકડીને ઊંચી ઉપાડીને પછી એને બરાબર કાપી નાખીને પછી કષાય ગણના ઔષધોના કલ્કમાં અને ચૂર્ણમા મધ મેળવીને એના વડે મટાડવાના ઉપાય કરવા.

शूना स्पर्शासहा सार्तिर्नीलपीतास्रवाहिनी।
बस्तिकुक्षिगुरुत्वातिसारारोचककारिणी ॥४७॥
श्रोणिवङ्क्षणरुक्तोदज्वरकृत् सा परिप्लुता।

पित्तप्रकृतिनी स्त्री मैथुन माटे पुरुषना सबंधमा होय ते वखते ए स्त्री छींक अने ओडकारने रोकी राखे तेथी पित्त अने वायुथी बगडेली योनि सूजी जाय छे, स्पर्श सहन करी शकती नथी, एमांथी पीडा साथे गळी जेवा रंगनुं अने पीळु लोही वहे छे. ए बगडेली योनिने लीधे मूत्राशय अने कूख भारे थई जाय छे, अतिसार अने अरुचि थाय छे; कम्मरमा अने साथळना वळामा पीडा अने तोद थाय छे तथा ताव आवे छे. ए परिप्लुता छे.

उपप्लुता

वातश्लेष्मामयव्याप्ता श्वेतपिच्छिलवाहिनी ॥४८
उपप्लुता स्मृता योनिर्

वायु अने कफना रोग जेमा व्यापेला होय एवी तथा धोळो अने पिच्छिल स्राव थतो होय एवी योनि उपप्लुता छे, एम आयुर्वेद कहे छे.

विप्लुता

विप्लुताख्या त्वधावनात्।
सञ्जातजन्तुः कण्डूला कण्ड्वा चातिरतिप्रिया ॥

योनिने धोईने साफ न राखवाथी योनिमा जंतुओ उत्पन्न थाय, चळ आवे अने चळने लीधे मैथुन बहु गमे ते विप्लुता नामनी योनिव्यापद छे.

कर्णिनी

अकालवाहनाद्वायुः श्लेष्मरक्तविमूर्च्छितः।
कर्णिकां जनयेद्योनौ रजोमार्गनिरोधिनीम् ॥५०॥
सा कर्णिनी

मैथुनने अंते योनिमाथी जे पाणी कुदरती रीते वखतसर छूटे छे ते पाणीने पराणे वहेलुं काढी नाखे के पराणे रोकी राखीने मोडु काढे तेथी कफ अने लोही ए बे साथे मळेलो वायु योनिमां कर्णिका (मांसनो मसो) उत्पन्न करे छे. ए कर्णिका रज नीकळवाना मार्गमा आडी आवे छे. ए कर्णिनी रोग छे.

(अकालवाहनना बीजा बे अर्थ पण थाय छेः १. मैथुन वखते पराणे पेशाब लाववो, २. गर्भ बहार नीकळवानो कुदरती समय थता पहेलां पराणे जोर करीने गर्भने बहार काढवो.)

सांनिपातिक योनिव्यापद

त्रिभिर्दोषैर्योनिगर्भाशयाश्रितैः।
यथास्वोपद्रवकरैर्व्यापत्सा सान्निपातिकी ॥ ५१ ॥

त्रणे दोषो योनिमा अने गर्भाशयमा रहीने पोतपोताना उपद्रवो पेदा करे ते सांनिपातिक (त्रिदोषनी) योनिव्यापद छे.

इति योनिगदा नारी यैः शुक्रं न प्रतीच्छति।
ततो गर्भं न गृह्णाति रोगांश्चाप्नोति दारुणान् ॥५२
असृग्दरार्शोगुल्मादीनाबाधांश्चानिलादिभिः ॥५२½

आ प्रमाणे योनिना रोगो कह्या के जेने लीधे स्त्री वीर्यने स्वीकारती नथी (ग्रहण करती नथी), तेथी गर्भ रहेतो नथी अने लोहीवा, हरस, गोळो वगेरे भयंकर रोगो तथा वायु वगेरेने लीधे पीडा थाय छे.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने गुह्यरोगविज्ञानीयो नाम त्रयस्त्रिंशोऽध्यायः ॥ ३३ ॥

अध्याय ३४मो—गुह्य भागना रोगोना उपाय

अथातो गुह्यरोगप्रतिषेधं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयाद ... र्षयः।

त्यारे हवे अमे ... रोगो मटाडवाना उपाय स ... मा ... वगेरे महर्षिओ ... कही गया.

उपदंश(...

मेढ्रमध्ये सि ...
रीतां कुर्य ...
तिल ...

उपद ...
नी मूत्रे ...
क्रिया क ...
शोधन करवु ...
एने चीरीने

લેપ કરવો.

जम्व्वाम्रसुमनोनीपश्वेतकाम्बोजिकाङ्कुरान् ॥
शल्लकीवदरीविल्वपलाशतिनिशोद्भवाः ।
त्वचः क्षीरिद्रुमाणां च त्रिफलां च पचेज्जले ॥३॥
स क्वाथः क्षालनं, तेन पक्वं तैलं च रोपणम् ।

જાંબુડી, આંબો, ચમેલી, કદંબ, ધોળી ચણોઠી એટલાં ઝાડના અંકુરો; ધૂપેડો, બોરડી, બીલી, ખાખરો, મિણો હર્મો અને ક્ષીરીવૃક્ષો એટલાં ઝાડની અંતરછાલ અને ત્રિફળા–એ બધાંને પાણીમાં ઉકાળીને ક્વાથ કરવો. એ ક્વાથ ધોવા માટેનુ ઓષધ છે, અને એ ક્વાથ વડે પકવેલું તેલ રૂઝવવાનું ઔષધ છે.

तुत्थगैरिकलोध्रैलामनोह्वालरसाञ्जनैः ॥ ४ ॥
हरेणुपुष्पकासीससौराष्ट्रीलवणोत्तमैः ।
लेपः क्षौद्रयुतैः सूक्ष्मैरुपदंशव्रणापहः ॥ ५ ॥

મોરથૂથુ, ગેરુ, લોધર, એલચી, મણશીલ, હરતાલ, રસવંતી, રેણુકબીજ, હીરાકસી, ફટકડી અને સૈંધવનું ખૂબ બારીક ચૂર્ણ કરીને એને મધમાં કાલવીને લેપ કરવાથી ઉપદંશનો વ્રણ રુઝાઈ જાય છે.

कपाले त्रिफला दग्धा सघृता रोपणं परम् ।

માટીની ઠીબમાં ત્રિફળાને બાળીને એનો ઘી સાથે લેપ કરવો એ રૂઝવવાનું ઉત્તમ ઔષધ છે.

सामान्यं साधनमिदं

શ્લોક ૩થી ૫ સુધીના ઉપાય સામાન્ય (ગમે તે પ્રકારના ઉપદંશને લાગુ પડે એવા) છે.

ઉપદંશની વિશેષ ચિકિત્સા

प्रतिदोषं तु शोफवत् ॥ ६ ॥

દોષવાર ઉપદંશના ઉપાય તે તે દોષના શોફ (સોજો, ગૂમડું) પ્રમાણે કરવા.

ઉપદંશની ચિકિત્સામાં રાખવાની કાળજી : કારણ

न च याति यथा पाकं प्रयतेत तथा भृशम् ।
पक्वैः स्नायुसिरामांसैः प्रायो नश्यति हि ध्वजः ॥७

ઉપદંશ પાકે નહિ એવો વૈદે પુષ્કળ પ્રયત્ન કરવો; કારણ કે સ્નાયુ, શિરા અને માંસ પાકવાથી મૂત્રેંદ્રિયનો નાશ થાય છે.

મૂત્રેંદ્રિયના અર્શ

अर्शसां छिन्नदग्धानां क्रिया कार्योपदंशवत् ।

મૂત્રેંદ્રિયના મસાને કાપી નાખીને અને એ જગાએ બાળીને પછી ઉપદંશ જેવી ક્રિયા કરવી.

સર્ષપિકા

सर्षपा लिखिताः सूक्ष्मैः कषायैरवचूर्णयेत् ॥ ८ ॥
तैरेवाभ्यञ्जनं तैलं साधयेद् व्रणरोपणम् ।

સર્ષપિકા નામની ફોલ્લીઓને શસ્ત્રથી ઘસી નાખીને પછી એના ઉપર કષાય વર્ગનાં ઔષધોનું બારીક ચૂર્ણ દબાવવુ, તથા એ જ કષાય વર્ગના ઔષધો વડે તેલ સિદ્ધ કરવુ. એ તેલ ચોપડવાથી વ્રણ રુઝાઈ જાય છે.

અવમંથ

क्रियेयमवमन्थेऽपि रक्तं स्राव्यं तयोभयोः ॥ ९ ॥

અવમંથમાં પણ એ જ (સર્ષપિકાવાળી) ક્રિયા કરવી, તથા બંનેમાં (સર્ષપિકા અને અવમંથમાં) લોહી કાઢી નાખવું.

કુંભીકા

कुम्भीकायां हरेद्रक्तं पक्वायां शोधिते व्रणे ।
तिन्दुकत्रिफलारोध्रैर्लेपस्तैलं च रोपणम् ॥ १० ॥

કુંભીકામાં લોહી કાઢી નાંખવું. કુંભીકા પાકી ગઈ હોય તો વ્રણને શુદ્ધ કરીને પછી ટીંબરવો, ત્રિફળા અને લોધરનો લેપ કરવો. ટીંબરવો, ત્રિફળા અને લોધરથી સિદ્ધ કરેલું તેલ ચોપડવાથી રૂઝ આવે છે.

અલજી

अलज्यां स्रुतरक्तायामयमेव क्रियाक्रमः ।

અલજીમાં લોહી કઢાવી નાખ્યા પછી આ જ (કુંભીકાવાળો) ક્રિયાઓનો ક્રમ છે.

ઉત્તમા

उत्तमाख्यां तु पिटिकां
सञ्छिद्य वडिशोद्धृताम् ॥ ११ ॥
कल्कैश्चूर्णैः कषायाणां क्षौद्रयुक्तैरुपाचरेत् ।

ઉત્તમા નામની ફોલ્લીને બડિશયંત્રથી પકડીને ઊંચી ઉપાડીને પછી એને બરાબર કાપી નાખીને પછી કષાય ગણના ઔષધોના કલ્કમાં અને ચૂર્ણમાં મધ મેળવીને એના વડે મટાડવાના ઉપાય કરવા.

शूना स्पर्शासहा सार्तिर्नीलपीतास्रवाहिनी।
वस्तिकुक्षिगुरुत्वातिसारारोचककारिणी ॥४७॥
श्रोणिवङ्क्षणरुक्तोदज्वरकृत् सा परिप्लुता।

પિત્તપ્રકૃતિની સ્ત્રી મૈથુન માટે પુરુષના સંબંધમાં હોય તે વખતે એ સ્ત્રી છીંક અને ઓડકારને રોકી રાખે તેથી પિત્ત અને વાયુથી બગડેલી યોનિ સૂજી જાય છે, સ્પર્શ સહન કરી શકતી નથી, એમાંથી પીડા સાથે ગળી જેવા રંગનું અને પીળું લોહી વહે છે. એ બગડેલી યોનિને લીધે મૂત્રાશય અને કૂખ ભારે થઈ જાય છે; અતિસાર અને અરુચિ થાય છે; કમ્મરમાં અને સાથળના વળામાં પીડા અને તોદ થાય છે તથા તાવ આવે છે. એ પરિપ્લુતા છે.

ઉપપ્લુતા

वातश्लेष्मामयव्याप्ता श्वेतपिच्छिलवाहिनी ॥४८
उपप्लुता स्मृता योनिर्

વાયુ અને કફના રોગ જેમાં વ્યાપેલા હોય એવી તથા ધોળો અને પિચ્છિલ સ્રાવ થતો હોય એવી યોનિ ઉપપ્લુતા છે, એમ આયુર્વેદ કહે છે.

વિપ્લુતા

विप्लुताख्या त्वधावनात्।
सञ्जातजन्तुः कण्डूला कण्ड्वा चातिरतिप्रिया ॥

યોનિને ધોઈને સાફ ન રાખવાથી યોનિમાં જંતુઓ ઉત્પન્ન થાય, ચળ આવે અને ચળને લીધે મૈથુન બહુ ગમે તે વિપ્લુતા નામની યોનિ વ્યાપદ છે.

કર્ણિની

अकालवाहनाद्वायुः श्लेष्मरक्तविमूर्च्छितः।
कर्णिकां जनयेद्योनौ रजोमार्गनिरोधिनीम् ॥५०॥
सा कर्णिनी

મૈથુનને અંતે યોનિમાંથી જે પાણી કુદરતી રીતે વખતસર છૂટે છે તે પાણીને પરાણે વહેલું કાઢી નાખે કે પરાણે રોકી રાખીને મોડું કાઢે તેથી કફ અને લોહી એ બે સાથે મળેલો વાયુ યોનિમાં કર્ણિકા (માંસનો મસો) ઉત્પન્ન કરે છે. એ કર્ણિકા રજ નીકળવાના માર્ગમાં આડી આવે છે. એ કર્ણિની રોગ છે.

(અકાલવાહનના બીજા બે અર્થ પણ થાય છેઃ ૧. મૈથુન વખતે પરાણે પેશાબ લાવવો, ૨. ગર્ભ બહાર નીકળવાનો કુદરતી સમય થતાં પહેલાં પરાણે જોર કરીને ગર્ભને બહાર કાઢવો.)

સાંનિપાતિક યોનિવ્યાપદ

त्रिभिर्दोषैर्योनिगर्भाशयाश्रितैः।
यथास्वोपद्रवकरैर्व्यापत्सा सान्निपातिकी ॥५१॥

ત્રણે દોષો યોનિમાં અને ગર્ભાશયમાં રહીને પોતપોતાના ઉપદ્રવો પેદા કરે તે સાંનિપાતિક (ત્રિદોષની) યોનિવ્યાપદ છે.

इति योनिगदा नारी यैः शुक्रं न प्रतीच्छति।
ततो गर्भं न गृह्णाति रोगांश्चाप्नोति दारुणान् ॥५२
असृग्दरार्शोगुल्मादीनाबाधांश्चानिलादिभिः॥५२३

આ પ્રમાણે યોનિના રોગો કહ્યા કે જેને લીધે સ્ત્રી વીર્યને સ્વીકારતી નથી (ગ્રહણ કરતી નથી), તેથી ગર્ભ રહેતો નથી અને લોહીવા, હરસ, ગોળો વગેરે ભયંકર રોગો તથા વાયુ વગેરેને લીધે પીડા થાય છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने गुह्यरोगविज्ञानीयो नाम त्रयस्त्रिंशोऽध्यायः ॥ ३३ ॥

અધ્યાય ૩૪મો—ગુહ્ય ભાગના રોગોના ઉપાય

अथातो गुह्यरोगप्रतिषेधं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

હવે અમે ગુહ્ય ભાગના રોગો મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છેઃ

ઉપદંશ (ચાંદી)ની સામાન્ય ચિકિત્સા

मेढ्रमध्ये सिरां विध्येदुपदंशे नवोत्थिते।
शीतां कुर्यात् क्रियां शुद्धिं विरेकेण विशेषतः ॥१
तिलकल्कघृतक्षौद्रैर्लेपः पक्वे तु पाटिते।

ઉપદંશ તરતનો જ થયેલો હોય તો પુરુષની મૂત્રેંદ્રિયની વચમાં ફસ ખોલવી. ઠંડી ક્રિયા કરવી અને ખાસ કરી વિરેચન વડે શોધન કરવું; પણ ઉપદંશ જ્યારે પાકે ત્યારે એને ચીરીને પછી તલનો કલ્ક, ઘી અને મધનો

લેપ કરવો.

जम्ब्वाम्रसुमनोनीपश्वेतकाम्बोजिकाङ्कुरान् ॥
शल्लकीबदरीबिल्वपलाशतिनिशोद्भवाः ।
त्वचः क्षीरिद्रुमाणां च त्रिफलां च पचेज्जले ॥३॥
स क्वाथः क्षालनं, तेन पक्वं तैलं च रोपणम् ।

જાંબુડી, આંબો, ચમેલી, કદંબ, ધોળી ચણોઠી એટલાં ઝાડના અંકુરો; ધૂપેડો, બોરડી, બીલી, ખાખરો, મિણ્ણો હર્મો અને ક્ષીરીવૃક્ષો એટલાં ઝાડની અંતરછાલ અને ત્રિફળા–એ બધાંને પાણીમાં ઉકાળીને ક્વાથ કરવો. એ ક્વાથ ધોવા માટેનુ ઔષધ છે, અને એ ક્વાથ વડે પકવેલું તેલ રૂઝવવાનું ઔષધ છે.

तुत्थगैरिकलोध्रैलामनोह्वालरसाञ्जनैः ॥ ४ ॥
हरेणुपुष्पकासीससौराष्ट्रीलवणोत्तमैः ।
लेपः क्षौद्रयुतैः सूक्ष्मैरुपदंशव्रणापहः ॥ ५ ॥

મોરથૂથુ, ગેરુ, લોધર, એલચી, મણશીલ, હરતાલ, રસવંતી, રેણુકબીજ, હીરાકસી, ફટકડી અને સૈંધવનું ખૂબ બારીક ચૂર્ણ કરીને એને મધમાં કાલવીને લેપ કરવાથી ઉપદંશનો વ્રણ રુઝાઈ જાય છે.

कपाले त्रिफला दग्धा सघृता रोपणं परम् ।

માટીની ઠીબમાં ત્રિફળાને બાળીને એનો ઘી સાથે લેપ કરવો એ રૂઝવવાનું ઉત્તમ ઔષધ છે.

सामान्यं साधनमिदं

શ્લોક ૩થી ૫ સુધીના ઉપાય સામાન્ય (ગમે તે પ્રકારના ઉપદંશને લાગુ પડે એવા) છે.

ઉપદંશની વિશેષ ચિકિત્સા

प्रतिदोषं तु शोफवत् ॥ ६ ॥

દોષવાર ઉપદંશના ઉપાય તે તે દોષના શોફ (સોજો, ગૂમડું) પ્રમાણે કરવા.

ઉપદંશની ચિકિત્સામાં રાખવાની કાળજી : કારણ

न च याति यथा पाकं प्रयतेत तथा भृशम् ।
पक्वैः स्नायुसिरामांसः प्रायो नश्यति हि ध्वजः ॥७

ઉપદંશ પાકે નહિ એવો વૈદ્યે પુષ્કળ પ્રયત્ન કરવો; કારણ કે સ્નાયુ, શિરા અને માંસ પાકવાથી મૂત્રેંદ્રિયનો નાશ થાય છે.

મૂત્રેંદ્રિયના અર્શ

अर्शसां छिन्नदग्धानां क्रिया कार्योपदंशवत् ।

મૂત્રેંદ્રિયના મસાને કાપી નાખીને અને એ જગાએ બાળીને પછી ઉપદંશ જેવી ક્રિયા કરવી.

સર્ષપિકા

सर्षपा लिखिताः सूक्ष्मैः कषायैरवचूर्णयेत ॥ ८ ॥
तैरेवाभ्यञ्जनं तैलं साधयेद् व्रणरोपणम् ।

સર્ષપિકા નામની ફોલ્લીઓને શસ્ત્રથી ઘસી નાખીને પછી એના ઉપર કષાય વર્ગનાં ઔષધોનું બારીક ચૂર્ણ દબાવવુ, તથા એ જ કષાય વર્ગનાં ઔષધો વડે તેલ સિદ્ધ કરવું. એ તેલ ચોપડવાથી વ્રણ રુઝાઈ જાય છે.

અવમંથ

क्रियेयमवमन्थेऽपि रक्तं स्राव्यं तयोभयोः ॥ ९ ॥

અવમંથમાં પણ એ જ (સર્ષપિકાવાળી) ક્રિયા કરવી, તથા બંનેમાં (સર્ષપિકા અને અવમંથમાં) લોહી કાઢી નાખવું.

કુંભીકા

कुम्भीकायां हरेद्रक्तं पक्वायां शोधिते व्रणे ।
तिन्दुकत्रिफलारोध्रैर्लेपस्तैलं च रोपणम् ॥ १० ॥

કુંભીકામાં લોહી કાઢી નાંખવું. કુંભીકા પાકી ગઈ હોય તો વ્રણને શુદ્ધ કરીને પછી ટીંબરવો, ત્રિફળા અને લોધરનો લેપ કરવો. ટીંબરવો, ત્રિફળા અને લોધરથી સિદ્ધ કરેલું તેલ ચોપડવાથી રૂઝ આવે છે.

અલજી

अलज्यां स्रुतरक्तायामयमेव क्रियाक्रमः ।

અલજીમાં લોહી કઢાવી નાખ્યા પછી આ જ (કુંભીકાવાળો) ક્રિયાઓનો ક્રમ છે.

ઉત્તમા

उत्तमाख्यां तु पिटिकां
संछिद्य बडिशोद्धृताम् ॥ ११ ॥
कल्कैश्चूर्णैः कषायाणां क्षौद्रयुक्तैरुपाचरेत् ।

ઉત્તમા નામની ફોલ્લીને બડિશયંત્રથી પકડીને ઊંચી ઉપાડીને પછી એને બરાબર કાપી નાખીને પછી કષાય ગણનાં ઔષધોના કલ્કમાં અને ચૂર્ણમાં મધ ભેરવીને એના વડે મટાડવાના ઉપાય કરવા.

પુષ્કર: સંવ્યૂઢપિટિકા

क्रमः पित्तविसर्पोक्तः पुष्करव्यूढयोर्हितः ॥ १२ ॥

પુષ્કર (પુષ્કરિકા) અને વ્યૂઢ (સંવ્યૂઢપિટિકા) એ બે રોગમા પિત્તના વિસર્પ માટે કહેલી ક્રિયાનો ક્રમ હિતકર છે.

ત્વક્પાક, સ્પર્શહાનિ

त्वक्पाके स्पर्शहान्यां च

ત્વક્પાક અને સ્પર્શહાનિ એ બે રોગમા પિત્તવિસર્પ માટે કહેલી ક્રિયા કરવી.

મૃદિત

सेचयेद् मृदितं पुनः ।
बलातैलेन कोष्णेन मधुरैश्चोपनाहयेत् ॥ १३ ॥

મૃદિતને સહેજ ઊના બલાતેલનુ સેચન કરવું અને મધુર વર્ગના દ્રવ્યો વડે ઉપનાહ શેક કરવો.

અષ્ઠીલિકા

अष्ठीलिकां हृते रक्ते श्लेष्मग्रन्थिवदाचरेत् ।

લોહી કાઢ્યા પછી અષ્ઠીલિકાના ઉપાય કફની ગ્રંથિ જેવા કરવા.

નિવૃત્ત

निवृत्तं सर्पिषाऽभ्यज्य स्वेदयित्वोपनाहयेत् ॥१४
त्रिरात्रं पञ्चरात्रं वा सुस्निग्धैः शाल्वलादिभिः ।
स्वेदयित्वा ततो भूयः स्निग्धं चर्म समानयेत् ॥१५
मणिं प्रपीड्य शनकैः प्रविष्टे चोपनाहनम् ।
मणौ पुनःपुनः स्निग्धं भोजनं चात्र शस्यते ॥१६

નિવૃત્ત ઉપર ઘી ચોપડીને, શેક કરીને પછી સારી રીતે સ્નિગ્ધ કરેલા શાલ્વલાદિ ગણના ઔષધો વડે ત્રણ રાત કે પાંચ રાત સુધી ઉપનાહ શેક કરવો. પછી ફરીથી મોટો શેક કરીને ચામડી ઉપર ઘી ચોપડીને, મણિ(મૂત્રેંદ્રિયના આગલા ટોચકા)ને દબાવીને ધીમેધીમે ચામડીને મણિ ઉપર લાવવી. પછી મણિ ચામડીમા પેસી જાય ત્યાર પછી ઉપર કહેલો ઉપનાહ શેક વારંવાર કરવો. આ રોગમા સ્નિગ્ધ આહાર કરવાથી ફાયદો થાય છે.

અવપાટિકા

अयमेव प्रयोज्यः स्यादवपाट्यामपि क्रमः ।

અવપાટી(અવપાટિકા)મા પણ આ જ (નિવૃત્તવાળો) ક્રિયાઓનો ક્રમ કરવો.

નિરુદ્ધમણિ

नाडीमुभयतोद्वारां निरुद्धे जतुना कृताम् ॥१७॥
स्नेहाक्तां स्रोतसि न्यस्य सिञ्चेत्स्नेहैश्चलापहैः ।
त्र्यहात्त्र्यहात्स्थूलतरां न्यस्य नाडीं विवर्धयेत् ॥
स्रोतोद्वारमसिद्धौ तु विद्वान् शस्त्रेण पाटयेत् ।
सेवनीं वर्जयन् युञ्ज्यात् सद्यः क्षतविधिं ततः ॥१९

નિરુદ્ધ(નિરુદ્ધમણિ)મા, બને છેડેથી આરપાર પોલી ભૂંગળી (સળી) ઉપર લાખ ચોપડીને, એના ઉપર ઘી ચોપડીને, એ સળી પેશાબ નીકળવાના માર્ગમા ખોસીને પછી એ સળી વાટે વાયુનો નાશ કરે એવા સ્નેહો વડે સેચન કરવુ, અને ત્રણત્રણ દિવસે વધારે ને વધારે જાડી નળી (ભૂંગળી) ખોસીને મૂત્રનો માર્ગ વધારવો (મોટો, પહોળો કરવો). આમ કરવા છતા જો મૂત્રનો માર્ગ મોટો ન થાય તો સેવનીને છોડી દઈને બાકીના ભાગમાથી મૂત્રને રોકતી ચામડી શસ્ત્રથી કાપવી. પછી સદ્યોવ્રણના ઉપાય કરવા.

ગ્રંથિત

ग्रन्थितं स्वेदितं नाड्या स्निग्धोष्णैरुपनाहयेत् ।

ગ્રંથિત રોગમા પહેલા નાડીસ્વેદ કરીને પછી ઉષ્ણ અને સ્નિગ્ધ દ્રવ્યો વડે ઉપનાહ સ્વેદ કરવો.

શતપોનક

लिम्पेत्कषायैः सक्षौद्रैर्लिखित्वा शतपोनकम् ॥

શતપોનકને છોલી નાખીને પછી કષાય વર્ગના દ્રવ્યોમા મધ મેળવીને લેપ કરવો.

રક્તાર્બુદ

रक्तविद्रधिवत्कार्या चिकित्सा शोणितार्बुदे ।

રક્તાર્બુદમા લોહીથી થતા વિદ્રધિ જેવા ઉપાય કરવા.

व्रणोपचारं सर्वेषु यथावस्थं प्रयोजयेत् ॥ २१ ॥

બધા મૂત્રેંદ્રિયના રોગોમા રોગની અવસ્થા પ્રમાણે જે અવસ્થામા જે યોગ્ય હોય તેવા વ્રણના ઉપાય કરવા.

યોનિવ્યાપદ

બધી યોનિવ્યાપદમાં પહેલાં વાયુને મટાડે એવી ક્રિયા કરવાનુ કારણ

योनिव्यापत्सु भूयिष्ठं शस्यते कर्म वातजित् ।
स्नेहनस्वेदबस्त्यादि वातजासु विशेषतः ॥ २२ ॥

બધી યોનિવ્યાપદોમાં-અને ખાસ કરીને વાયુથી થતી યોનિવ્યાપદોમાં વાયુને મટાડે એવી: સ્નેહન, સ્વેદન, બસ્તિ વગેરે ક્રિયા ખાસ વખણાય છે (સલાહભરેલી છે).

न हि वाताद्दते योनिर्वनितानां प्रदुष्यति ।
अतो जित्वा तमन्यस्य कुर्याद्दोषस्य भेषजम् ॥

વાયુ કોપ્યા વિના સ્ત્રીઓની યોનિ બગડતી નથી માટે વાયુને જીતીને (મટાડીને) પછી બીજા દોષ મટાડવાનું ઔષધ કરવું:

ક્યાં તેલ પાવાં? પછી કેવી યોનિને કઈ રીતે સમી કરવી?

पाययेत(त्तां) बलातैलं मिश्रकं सुकुमारकम् ।
स्निग्धस्विन्नां तथा योनिं
दुःस्थितां स्थापयेत्समां ॥२४॥
पाणिना नमयेज्जिह्मां संवृतां वर्धयेत् पुनः ।
प्रवेशयेन्निःसृतां च विवृतां परिवर्तयेत् ॥२५॥
स्थानापवृत्ता योनिर्हि शल्यभूता स्त्रियो मता ।

એને (સ્ત્રીને) બલાતેલ, મિશ્રકતેલ કે સુકુમાર તેલ પાવું. યોનિનું સ્નેહન અને સ્વેદન કરીને પછી પોતાના સ્થાનમાંથી ખસી જઈને આડીઅવળી કે ઊંચીનીચી થઈ ગયેલી યોનિને બરાબર સરખી ગોઠવવી, વાંકી થઈ ગયેલી યોનિને હાથ વડે નીચી નમાવવી (ઊંચા ભાગને હાથ વડે નીચો નમાવીને નીચા થઈ ગયેલા ભાગને ઊંચો કરવો), સાંકડીને પહોળી કરવી, બહાર નીકળી આવેલીને અંદર પેસાડી દેવી અને પહોળી થઈ ગયેલીને બધી બાજુથી પકડીને સાંકડી કરવી. (આ દરેક ક્રિયા કરતાં પહેલાં સ્ત્રીને ઉપર કહેલું તેલ પાવું અને યોનિનું સ્નેહન અને સ્વેદન કરવું.) પોતાના સ્થાનમાંથી ખસી ગયેલી યોનિ સ્ત્રીને શલ્યરૂપ છે એવું મનાયું છે.

ક્રિયાઓનો ક્રમ

कर्मभिर्वमनाद्यैश्च मृदुभिर्योजयेत्स्त्रियम् ॥२६॥
सर्वतः सुविशुद्धायाः शेषं कर्म विधीयते ।
बस्त्यभ्यङ्गपरीषेकप्रलेपपिचुधारणम् ॥२७॥

સ્ત્રીને પહેલાં હળવી વમન વગેરે ક્રિયા કરવી (સખત ઊલટી વગેરે કરાવવું નહિ). એ રીતે (વમન, વિરેચન, નસ્યથી) બધાં અંગોની શુદ્ધિ થયા પછી બસ્તિ, અભ્યંગ, સેચન, લેપ, યોનિમાં પોતાં કે પૂમડાં મૂકવાં વગેરે બાકીનું કામ કરવામાં આવે છે.

વાયુથી થતા યોનિના રોગ માટે તથા ગર્ભ રહેવા માટે ઉપાય

काश्मर्यत्रिफलाद्राक्षाकासमर्दनिशाद्वयैः ।
गुडूचीसैर्यकाभीरुशुकनासापुनर्नवैः ॥२८॥
परूषकैश्च विपचेत्प्रस्थमक्षसमैर्घृतात् ।
योनिवातविकारघ्नं तत्पीतं गर्भदं परम् ॥२९॥

શીવણનાં ફળ, ત્રિફળા, કાળી દ્રાક્ષ, કાસોંદરો, હળદર, દારુહળદર, ગળો, કાંટાશેળિયો, શતાવરી, શુકનાસા, સાટોડી અને ફાલસાં-એ દરેક એકએક તોલો લઈને એ બધાં વડે પકવેલું એક પ્રસ્થ ઘી પીવાથી વાયુથી થતા યોનિના રોગ મટે છે તથા એ ઘી પીવું એ ગર્ભ રહેવા માટે ઉત્તમ છે.

યોનિનાં પડખાંમાં દુખાવો, હૃદયરોગ, ગોળો અને હરસ માટે ઉપાય

वचोपकुञ्चिकाजाजीकृष्णावृषकसैन्धवम् ।
अजमोदायवक्षारशर्कराचित्रकान्वितम् ॥३०॥
पिष्ट्वा प्रसन्नयाऽऽलोड्य खादेत्तद्घृतभर्जितम् ।
योनिपार्श्वार्तिहृद्रोगगुल्मार्शोविनिवृत्तये ॥३१॥

વજ, કાળીજીરી, જીરું, પીપર, અરડૂસી, સિંધવ, બોડી અજમો, જવખાર, સાકર અને ચિત્રો-એટલાં ઔષધોને લસોટીને પ્રસન્નામાં ડોહીને પછી એને ઘીમાં શેકીને (ઘીમાં છમકારીને) ખાવું. તેથી યોનિનાં પડખાંનો દુખાવો, હૃદયરોગ, ગોળો અને હરસ મટે છે.

वृषकं मातुलुङ्गस्य मूलानि मदयन्तिकाम् ।
पिबेन्मद्यैः सलवणैस्तथा कृष्णोपकुञ्चिके ॥३२॥

અરડૂસીનાં મૂળ, બિજોરાનાં મૂળ, મોગરો, પીપર અને કાળી જીરી-એ પાંચ વસ્તુઓને સિંધવ નાખેલા દારૂ સાથે પીવી.

યોનિના શૂળ માટે ઉપાય

रास्नाश्वदंष्ट्रावृषकैः शृतं शूलहरं पयः ।

રાસ્ના, ગોખરુ અને અરડૂસી વડે સિદ્ધ કરેલું દૂધ પીવાથી (યોનિનું) શૂળ મટે છે.

गुडूचीत्रिफलादन्तीक्वाथैश्च परिषेचनम् ॥३३॥

गळो, त्रिफळा अने नेपाळाना (सशेरा) क्वाथोथी योनिनुं सेचन करवुं. (एथी पण योनिनुं शूळ मटे छे.)

नतवार्ताकिनीकुष्ठसैन्धवामरदारुभिः ।
तैलात्प्रसाधिताद्धार्यः पिचुर्योनौ रुजापहः ॥३४॥

तगर, भोंरींगणी, उपलेट, सिंधव अने देवदार वडे सिद्ध करेला तेलनुं पूमडुं योनिमां राखवाथी योनिनी पीडा मटे छे.

पित्तनी योनिव्यापद वगेरेना उपाय

पित्तलानां तु योनीनां सेकाभ्यङ्गपिचुक्रियाः ।
शीताः पित्तजितः कार्याः स्नेहनार्थे घृतानि च ॥

पित्तनी योनिव्यापदमां सेचन, अभ्यंग अने पूमडुं मूकवानी क्रियाओ ठंडी अने पित्तने मटाडे एवी (पित्तने मटाडे एवां द्रव्योथी) करवी जोईए. योनिनुं स्नेहन करवा माटे पित्तने मटाडे एवां घी वापरवां.

शतावरीमूलतुलाचतुष्कात् क्षुण्णपीडितात् ।
रसेन क्षीरतुल्येन पाचयेत घृताढकम् ॥३६॥
जीवनीयैः शतावर्या मृद्वीकाभिः परूषकैः ।
पिष्टैः प्रियालैश्चाक्षांशैर्द्विबलामधुकान्वितैः ॥३७॥
सिद्धशीते तु मधुनः पिप्पल्याश्च पलाष्टकम् ।
शर्कराया दशपलं क्षिपेल्लिह्यात्पिचुं ततः ॥३८॥
योन्यसृक्शुक्रदोषघ्नं वृष्यं पुंसवनं परम् ।
क्षतं क्षयमसृक्पित्तं कासं श्वासं हलीमकम् ॥३९॥
कामलां वातरुधिरं विसर्पं हृच्छिरोग्रहम् ।
अपस्मारार्दितायाममदोन्मादांश्च नाशयेत् ॥४०॥

(१) शतावरीनां लीलां मूळ सोळसो (१६००) तोला लईने एने खांडीने नीचोवीने एनो रस काढीने ए रस, (२) ए रसना जेटलुं दूध अने (३) जीवनीय वर्गनां औषधो, शतावरी, काळी द्राक्ष, फालसां, चारोळी, खळदाणा, अतिबला अने जेठीमध– ए दरेक औषध एक एक तोलो लईने एमनो कल्क–ए त्रण वडे एक आढक घी पकववुं. पाकी रह्या पछी ठंडुं पडे त्यारे एमां आठ पल मध, आठ पल पीपर, दस पल साकर नाखवां. पछी एमांथी एकएक पिचु (कर्ष) चाटवुं. एम करवाथी योनिना दोष, लोहीना दोष, वीर्यना दोष मटी जाय छे; ए घी वृष्य छे, पुत्र पेदा करवा माटे उत्तम छे; उरःक्षत, क्षय, रक्तपित्त, उधरस, दम, हलीमक, कमळो, पत, रतवा, हृदय जकडाई जवुं, माथुं जकडाई जवुं, वाई, अडदियो वा, आयाम, केफ अने गांडपणु–एटला रोगोने मटाडे छे.

एवमेव पयःसर्पिर्जीवनीयोपसाधितम् ।
गर्भदं पित्तजानां च रोगाणां परमं हितम् ॥४१॥

ए ज प्रमाणे (शतावरीनां मूळनो स्वरस अने एटलुं ज दूध लईने) जीवनीय गणुनां औषधोना कल्कथी सिद्ध करेला दूधमांथी बारोबार काढेला माखणुनुं घी पीवाथी गर्भ रहे छे अने पित्तथी थता रोगोमां ए उत्तम फायदो करे छे.

वातपित्तनी योनिव्यापदनो उपाय

बलाद्रोणद्वयक्वाथे घृततैलाढकं पचेत् ।
क्षीरे चतुर्गुणे कृष्णाकाकनासासितान्वितैः ॥४२॥
जीवन्तीक्षीरकाकोलीस्थिरावीरर्द्धिजीवकैः ।
पयस्याश्रावणीमुद्गपीलुमाषाख्यपर्णिभिः ॥४३॥
वातपित्तामयान् हत्वा
पानाद् गर्भं दधाति तत् ।

बे द्रोणु खळदाणुना क्वाथमां अने घीथी चारगणुा दूधमां पीपर, राकनासा, साकर, डोडी, क्षीरकाकोली, समेरवो, काकोली, ऋद्धि, जीवक, सूरजमुखी, गोरखमुंडी, जंगली मग, मोरवेल, जंगली अडद—एटलां औषधोना कल्क वडे सिद्ध करेलां एक आढक घी अने तेल पीवाथी वायु अने पित्तना रोग मटे छे अने गर्भ रहे छे. (घी अने तेल ए बेनुं भेगुं वजन एक आढक लेवुं. –शिवदास सेन)

रक्तयोनि (लोहीवा)

रक्तयोन्यामसृग्वर्णैरनुबन्धमवेक्ष्य च ॥४४॥
यथादोषोदयं युञ्ज्याद् रक्तस्थापनमौषधम् ।

रक्तयोनि रोगमां कया दोषनो प्रकोप वधारे थयो छे ते लोहीना जुदाजुदा रंगो उपरथी (सू. २७/३९थी ४१) नक्की करीने ते दोषना हिसाबे लोही वहेतुं बंध करवानुं औषध आपवुं.

પુષ્યાનુગ ચૂર્ણ

पाठां जम्ब्वाम्रयोरस्थि शिलोद्भेदं रसाञ्जनम् ४५
अम्बष्ठां शाल्मलीपिच्छां समङ्गां वत्सकत्वचम् ।
बाह्लीकबिल्वातिविषरोध्रतोयदगैरिकम् ॥ ४६ ॥
शुण्ठीमधूकमार्द्वीकरक्तचन्दनकट्फलम्
कट्वङ्गवत्सकानन्ताधातकीमधुकार्जुनम् ॥ ४७ ॥
पुष्ये गृहीत्वा सञ्चूर्ण्य सक्षौद्रं तन्दुलाम्भसा ।
पिबेदर्शःस्वतीसारे रक्तं यश्चोपवेश्यते ॥ ४८ ॥
दोषा जन्तुकृता ये च वालानां तांश्च नाशयेत् ।
योनिदोषं रजोदोषं श्यावश्वेतारुणासितम् ॥४९
चूर्णं पुष्यानुगं नाम हितमात्रेयपूजितम् ।

કાળી પાડ, જાંબુનો ઠળિયો, કેરીનો ગોટલો, પાષાણભેદ, રસવંતી, કાળી પાડ (બીજી વાર), શીમળાનો ગુંદર, મજીઠ, અરડૂસીની છાલ, કેસર, બીલું, અતિવિષની કળી, લોધર, મોથ, ગેરુ, સૂંઠ, મહુડાં, માચીક (દેવદાર-શિવદાસ સેન), રતાંજળી, કાયફળ, મોટો અરડૂસો, ઇંદ્રજવ, ધમાસો, ધાવડી, જેઠીમધ, સાદડ—એટલાં ઔષધોને પુષ્ય નક્ષત્રમાં ઝાડ પરથી તાજાં લાવીને પછી એમનું બરાબર ચૂર્ણ કરીને એ ચૂર્ણ મધ અને ચોખાના ધોવણના પાણી સાથે હરસના રોગમાં, અતિસારના રોગમાં તથા જેને ઝાડામાં લોહી પડતું હોય તેણે પીવું. વળી આ ચૂર્ણ પીવાથી બાળકોને કૃમિથી જે દોષો થાય છે તે પણ મટે છે, યોનિદોષ મટે છે અને સ્ત્રીનું રજ બદામી રંગનું, ધોળું, આછું લાલ અને કાળું થઈ ગયું હોય એવો રજોદોષ પણ મટે છે. આત્રેય મુનિએ પૂજેલું આ પુષ્યાનુગ નામનું ચૂર્ણ હિતકારક છે.

કફની યોનિવ્યાપદના ઉપાય

योन्यां बलासदुष्टायां सर्वं रूक्षोष्णमौषधम् ॥

જે કંઈ લૂખું અને ગરમ હોય તે બધું કફથી બગડેલી યોનિ માટે ઔષધ છે.

સૂજેલી, સ્તબ્ધ, પિચ્છિલ, દૂઝતી, ચિરાતી, શૂળવાળી, વિપ્લુતા અને ઉપપ્લુતા યોનિ માટે ઉપાય

धातक्यामलकीपत्रस्रोतोजमधुकोत्पलैः ।
जम्ब्वाम्रसारकासीसरोध्रकट्फलतिन्दुकैः ॥५१॥
सौराष्ट्रिकादाडिमत्वगुदुम्बरशलाटुभिः ।
अक्षमात्रैरजामूत्रे क्षीरे च द्विगुणे पचेत् ॥५२॥
तैलप्रस्थं तदभ्यङ्गपिचुवस्तिषु योजयेत् ।
तेन शूनोन्नता स्तब्धा पिच्छिला स्राविणी तथा ॥
विप्लुतोपप्लुता योनिः सिद्ध्येत्सस्फोटशूलिनी ।

ધાવડી, આમળાં, તમાલપત્ર, સોતાંજન, જેઠીમધ, કાળું કમળ, જાંબુનો સાર, આંબાનો સાર, હીરાકસી, લોધર, કાયફળ, ટીંબરવો, ગોપીચંદન, દાડમની છાલ, કાચાં અને નાનાં ઉંબરાનાં ફળ—એ દરેક ઔષધ એકએક તોલો લઈને એમના કલ્ક વડે તેલથી બમણા બકરીના મૂતરમાં કે દૂધમાં પકવેલું એક પ્રસ્થ તેલ અભ્યંગ, યોનિમાં પુમડાં મૂકવા તથા બસ્તિ માટે વાપરવું. સૂજીને ઊપસી આવેલી, સજ્જડ થઈ ગયેલી, પિચ્છિલ, દૂઝતી, ચિરાતી, શૂળવાળી, વિપ્લુતા અને ઉપપ્લુતા યોનિ તેનાથી મટે છે.

यवान्नमभयारिष्टं सीधु तैलं च शीलयेत् ॥ ५४ ॥
पिप्पल्योरजःपथ्याप्रयोगांश्च समाक्षिकान् ।

તથા રોજ જવની વાનીઓ, અભયારિષ્ટ (ચિ. ૮/૬૪થી ૬૭ે), સીધુ, તેલ અને મધ સાથે પીપર, લોઢાનું ચૂર્ણ અને હરડેના પ્રયોગોનું સેવન કરવું.

પિચ્છિલ યોનિના ઉપાય

कासीसं त्रिफला काङ्क्षी साम्रजम्ब्वस्थि धातुकी ॥ ५५ ॥
पैच्छिल्ये क्षौद्रसंयुक्तश्चूर्णो वैशद्यकारकः ।

હીરાકસી, ત્રિફળા, ગોપીચંદન, આંબાનો ગોટલો, જાંબુનો ઠળિયો, ધાવડી—એટલાં ઔષધોનાં ચૂર્ણને મધમાં કાલવીને ચોપડવાથી પિચ્છિલ હોય ત્યાં કોરું પડી જાય છે.

पलाशधातकीजम्बूसमङ्गामोचसर्जजः ॥ ५६ ॥
दुर्गन्धे पिच्छले क्लेदे स्तम्भनश्चूर्ण इष्यते ।
आरग्वधादिवर्गस्य कषायः परिषेचनम् ॥५७॥

ગંધાતો અને પિચ્છિલ ક્લેદ નીકળતો હોય ત્યારે, ખાખરો, ધાવડી, જાંબુ, મજીઠ, મોચરસ (શેમળાનો ગુંદર), રાળ—એટલાં ઔષધોનું

ચૂર્ણ દબાવવું અને આરગ્વધાદિ વર્ગનાં ઔષધોના ક્વાથનું સેચન એ બે સ્તંભન ઔષધ તરીકે ઇચ્છાય છે.

યોનિને મૃદુ કરવાનો ઉપાય

स्तब्धानां कर्कशानां च कार्यं मार्दवकारकम् ।
धारणं वेसवारस्य कृसरापायसस्य च ॥ ५८ ॥

અક્કડ થઈ ગયેલી અને અડકવામાં ખર હોય એવી યોનિઓને મૃદુ બનાવવા માટે વેસવારને અને કૃસરા તથા દૂધપાકને યોનિમાં રાખવા.

યોનિની દુર્ગંધ મટાડવાનો ઉપાય

दुर्गन्धानां कषायः स्यात्तैलं वा कल्क एव वा ।
चूर्णो वा सर्वगन्धानां
पूतिगन्धा(न्ध्य)पकर्षणः ॥ ५९ ॥

ગંધાતી યોનિઓની દુર્ગંધ બધાં સુગંધિ દ્રવ્યોનો ક્વાથ રેડવાથી, બધાં સુગંધિ દ્રવ્યો વડે પકવેલું તેલ ચોપડવાથી, બધાં સુગંધિ દ્રવ્યોના કલ્કનો લેપ કરવાથી કે બધાં સુગંધિ દ્રવ્યોનું ચૂર્ણ દબાવવાથી મટી જાય છે.

કફ, પિત્ત અને વાયુવાળી યોનિના ઉપાય

श्लेष्मलानां कटुप्रायाः समूत्रा वस्तयो हिताः ।
पित्ते समधुकक्षीरा वाते तैलाम्लसंयुताः ॥ ६० ॥

કફથી દૂષિત થયેલી યોનિઓમાં તીખાં ઔષધો જેમાં વધારે હોય એવાં ઔષધોવાળી અને ગાયના મૂત્રવાળી ઉત્તરબસ્તિ આપવાથી ફાયદો થાય છે. પિત્તથી દૂષિત થયેલી યોનિઓમાં જેઠીમધ અને દૂધવાળી ને વાયુથી દૂષિત થયેલી યોનિઓમાં તેલ અને ખટાશવાળી ઉત્તરબસ્તિ આપવાથી ફાયદો થાય છે.

ત્રિદોષથી બગડેલી યોનિના ઉપાય

सन्निपातसमुत्थायाः कर्म साधारणं हितम् ।

ત્રણે દોષોથી દૂષિત થયેલી યોનિ માટે ત્રણે દોષને મટાડે એવી ક્રિયા હિતકર છે.

ગર્ભ ક્યારે રહે?

एवं योनिषु शुद्धासु गर्भं विन्दन्ति योषितः ॥ ६१ ॥
अदुष्टे प्राकृते बीजे जीवोपक्रमणे सति ।

આ પ્રમાણે જે યોનિઓ શુદ્ધ થયેલી હોય, જે પોતપોતાની પ્રકૃતિ પ્રમાણેનું બીજ (વીર્ય અને આર્તવ) બગડે નહિ (વાયુથી, પિત્તથી કે કફથી બગડે નહિ) તથા જો એમાં જીવ દાખલ થાય તો સ્ત્રીઓને ગર્ભ રહે છે.

पञ्चकर्मविशुद्धस्य पुरुषस्यापि चेन्द्रियम् ॥ ६२ ॥
परीक्ष्य वर्णैर्दोषाणां दुष्टं तद्घ्नैरुपाचरेत् ।

પંચકર્મ કરીને શુદ્ધ થયેલા પુરુષનું વીર્ય પણ કયા દોષથી બગડેલું છે એ બાબતની દોષોના રંગો ઉપરથી પરીક્ષા કરીને જે દોષથી વીર્ય બગડ્યું હોય તે દોષ મટી જાય એવા ઉપાય કરવા.

ફલઘૃત

मञ्जिष्ठाकुष्ठतगरत्रिफलाशर्करावचाः ॥ ६३ ॥
द्वे निशे मधुकं मेदां दीप्यकं कटुरोहिणीम् ।
पयस्याहिङ्गुकाकोलीवाजिगन्धाशतावरीः ॥
पिष्ट्वाऽक्षांशा घृतप्रस्थं पचेत्क्षीरचतुर्गुणम् ।
योनिशुक्रप्रदोषेषु तत्सर्वेषु प्रशस्यते ॥ ६५ ॥
आयुष्यं पौष्टिकं मेध्यं धन्यं पुंसवनं परम् ।
फलसर्पिरिति ख्यातं पुष्पे पीतं फलाय यत् ॥
म्रियमाणप्रजानां च गर्भिणीनां च पूजितम् ।
एतत्परं च बालानां ग्रहघ्नं देहवर्धनम् ॥ ६७ ॥

મજીઠ, ઉપલેટ, તગર, ત્રિફળા, સાકર, વજ, હળદર, દારુહળદર, જેઠીમધ, મેદા, અજમો, કડુ, ક્ષીરકાકોલી, હિંગ, કાકોલી, આસોદ અને શતાવરી–એ દરેક ઔષધ એક-એક તોલો લઈને એના કલ્ક વડે ઘીથી ચારગણા ગાયના દૂધમાં એક પ્રસ્થ ઘી પકવવું. એ ઘી (પીવા માટે) યોનિ અને વીર્ય વાયુ, પિત્ત કે કફથી બગડ્યાં હોય એ બધા રોગોમાં વખણાય છે. આ ઘી આવરદા માટે સારું, પૌષ્ટિક, મેધા વધારે એવું, ધન માટે સારું અને છોકરો અવતરે એવું ઉત્તમ ઔષધ છે. આ ઘી ફલઘૃતને નામે પંકાય છે. એ ઘી અટકાવના દિવસોમાં પીવામાં આવે, તો તે ગર્ભરૂપી ફળ આપે છે. જેનાં છોકરાં મરી જતાં હોય એવી સ્ત્રીઓને માટે અને સગર્ભા સ્ત્રીઓને માટે એ ઘી પૂજાય છે. એ ઘી બાળકોના વળગાડનો નાશ કરે એવું અને બાળકોનું શરીર હૃષ્ટપુષ્ટ કરે એવું ઉત્તમ ઔષધ છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने गुह्यरोगप्रतिषेधो
नाम चतुस्त्रिंशोऽध्यायः ॥ ३४ ॥

અધ્યાય ૩૫ મો–ઝેર મટાડવાના ઉપાય

अथातो विषप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે વિષ (ઝેર) મટાડવાના ઉપાય સમજાવીશુ. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છેઃ

વિષની ઉત્પત્તિ ✓

मथ्यमाने जलनिधावमृतार्थं सुरासुरैः ।
जातः प्रागमृतोत्पत्तेः पुरुषो घोरदर्शनः ॥ १ ॥
दीप्ततेजाश्चतुर्दंष्ट्रो हरिकेशोऽनलेक्षणः ।
जगद्विषण्णं तं दृष्ट्वा तेनासौ विषसंज्ञितः ॥ २ ॥
हुंकृतो ब्रह्मणा मूर्ती ततः स्थावरजङ्गमे ।
सोऽव्यतिष्ठन्निजं रूपमुज्झित्वा वञ्चनात्मकम् ॥

જ્યારે દેવો અને દાનવો અમૃત મેળવવા માટે સમુદ્રને વલોવતા હતા, ત્યારે અમૃત નીકળ્યુ તે પહેલાં ભયંકર દેખાવનો, સળગતા તેજવાળો, ચાર દાઢવાળો, પીળચટ્ટા વાળવાળો, દેવતા જેવી આંખોવાળો એક પુરુષ (સમુદ્રમાથી) નીકળ્યો, એને જોઈને જગતને વિષાદ (ખેદ, દિલગીરી) થયો તેથી (વિષાદ ઉપરથી) એનુ નામ વિષ પડ્યુ. પછી બ્રહ્માએ એની સામે હુંકારો કર્યો તેથી પોતાનુ નાયાવી સ્વરૂપ છોડીને એ સ્થાવર વિષ અને જંગમ વિષ નામના મૂર્ત સ્વરૂપે રહ્યો.

સ્થિર (સ્થાવર) વિષ 0

स्थिरमत्युल्बणं वीर्यं यत्कन्देषु प्रतिष्ठितम् ।
कालकूटेन्द्रवत्सास्यशृङ्गीहालाहलादिकम् ॥ ४ ॥

જે વિષ કંદમા રહેલું હોય છે તે વીર્ય- (શક્તિ, અસર)મા બહુ જ ઉગ્ર હોય છે. સ્થાવર વિષ અનેક પ્રકારનું હોય છેઃ કાલકૂટ, ઇંદ્ર (ઇંદ્રાયુધ), વત્સ (વત્સનાભ), શૃંગી, હાલાહલ વગેરે.

(ઝાડના દસ અંગ છે. મૂળ, પાંદડા, ફળ, ફૂલ, છાલ, દૂધ, સાર, ગુંદર, ધાતુઓ અને કંદ–સુશ્રુત કલ્પસ્થાન અ. ૨/૪. એ દરેક અંગમાં ઝેર રહી શકે છે. કંદમાં રહેલું ઝેર સહુથી વધારે અસર કરે છે.)

(અષ્ટાંગસંગ્રહમા સ્થાવર વિષના નીચેના પ્રકાર ગણાવ્યા છે. કાલકૂટ, વત્સનાભ, સાકતુક વાલક, કર્દમક, વૈરાટ, મુસ્તક શૃંગી, પુંડરીક, મહાવિષ, હાલાહલ, મર્કટ, કર્કટ, કાશપુષ્પક, ઇંદ્રાયુધ અને તૈલ–અષ્ટાંગસંગ્રહ ઉત્તરસ્થાન અ. ૪૦.)

જંગમ વિષ ⊘

सर्पलूतादिदंष्ट्रासु दारुणं जङ्गमं विषम् ।

સાપ, કરોળિયા વગેરે પ્રાણીઓની દાઢમા (+નખમા, શીંગડામા, પેશાબમા વગેરેમા) જે ઝેર હોય છે તે જંગમ વિષ છે. તે દારુણ હોય છે.

અકૃત્રિમ વિષ

स्थावरं जङ्गमं चेति विषं प्रोक्तमकृत्रिमम् ॥ ५ ॥

સ્થાવર વિષ અને જંગમ વિષ એ બને અકૃત્રિમ વિષ કહેવાય છે.

ગર (કૃત્રિમ વિષ) ◊

कृत्रिमं गरसंज्ञं तु क्रियते विविधौषधैः ।
हन्ति योगवशेनाशु चिराच्चिरतराच्च तत् ॥ ६ ॥
शोफपाण्डूदरोन्माददुर्नामादीन् करोति वा ।

જુદાજુદા ઔષધોમાથી ઝેર બનાવવામા આવે છે. એ બનાવેલા (કૃત્રિમ) ઝેરને ગર કહે છે. ગર બનાવવામા વાપરેલા ઔષધોના યોગને લીધે તે (ગર) તરત, લાંબે વખતે કે બહુ જ લાંબે વખતે મારી નાખે છે અથવા (જો એ મારી ન નાખે તો) સોજા, પાંડુરોગ, ઉદરરોગ, ગાંડપણ, હરસ વગેરે રોગો કરે છે.

(ગર ઉપર ગણાવેલી ચાર પ્રકારની અસરમાથી કેવી અસર કરશે તેનો આધાર ગર બનાવવામા વાપરેલા ઔષધોના યોગ કેવો થાય છે, તેના ઉપર છે.)

વિષના ગુણ

तीक्ष्णोष्णरूक्षविशदं व्यवाय्याशुकरं लघु ॥ ७ ॥
विकाषि सूक्ष्ममव्यक्तरसं विषमपाकि च ।

વિષ તીક્ષ્ણ, ઉષ્ણ, રૂક્ષ, વિશદ, વ્યવાયી, આશુકારી, લઘુ (હલકું), વિકાષી, સૂક્ષ્મ, અવ્યક્તરસ અને અપાકી હોય છે.

(અપાકી=મંત્રતંત્રથી પાકે પણ ખોરાકની માફક જઠરાગ્નિથી ન પાકે એવું. અવ્યક્તરસ=જેનો સ્વાદ જણાય નહિ એવું.)

ओजसो विपरीतं तत् तीक्ष्णाद्यैरन्वितं गुणैः ॥८॥
वातपित्तोत्तरं नृणां सद्यो हरति जीवितम् ।

વિષ તીક્ષ્ણ વગેરે (ઉપરના શ્લોકમાં ગણાવેલા) ગુણોવાળું હોવાથી ઓજસથી ઊલટું છે (ઓજસના ગુણથી વિરુદ્ધ ગુણવાળું છે). ઝેર વાયુ અને પિત્તને વધારે કોપાવતું હોવાથી એ માણસોનો જીવ તરત લે છે.

विषं हि देहं सम्प्राप्य प्राग् दूषयति शोणितम् ॥९
कफपित्तानिलांश्चानु समं दोषान् सहाशयान् ।
ततो हृदयमास्थाय देहोच्छेदाय कल्पते ॥ १० ॥

કારણ કે, ઝેર શરીરમાં જઈને પહેલાં લોહીને બગાડે છે; પછી કફ, પિત્ત, વાયુ અને એ ત્રણે દોષના આશયો (સ્થાનો) એ બધાંને એકી સાથે બગાડે છે, પછી હૃદયમાં વ્યાપી જઈને શરીરનો નાશ કરવાને શક્તિમાન થાય છે.

વિષના સાત વેગોનાં લક્ષણ

स्थावरस्योपयुक्तस्य वेगे पूर्वे प्रजायते ।
जिह्वायाः श्यावता स्तम्भो
मूर्च्छा त्रासः क्लमो वमिः ॥ ११ ॥

સ્થાવર વિષનો ઉપયોગ કર્યો હોય તો એના પહેલા વેગમાં જીભ બદામી રંગની થઈ જાય છે, શરીર સજડ થઈ જાય, મૂર્છા આવે, ત્રાસ (ભડકવું), કલમ અને ઊલટી થાય છે.

(ક્લમ—મહેનત કર્યા વિના શરીરનો જે થાક વધે પણ સાથે હાંફ ન ચઢે અને ઇંદ્રિયને પોતાનો વિષય મેળવવામાં આડો આવે એ થાકને કલમ જાણવો—સુશ્રુત શા. ૪/૫૧)

द्वितीये वेपथुः स्वेदो दाहः कण्ठे च वेदना ।
विषं चामाशयं प्राप्तं कुरुते हृदि वेदनाम् ॥ १२ ॥

બીજા વેગમાં શરીર કંપે, પરસેવો, બળતરા, ગળામાં પીડા થાય અને ઝેર હોજરીમાં જઈને હૃદયમાં પીડા કરે છે.

तालुशोषस्तृतीये तु शूलं चामाशये भृशम् ।
दुर्बले हरिते शूने जायेते चास्य लोचने ॥ १३ ॥
पक्वाशयगते तोदहिध्माकासान्त्रकूजनम् ।

ત્રીજા વેગમાં તાળવું સુકાય, હોજરીમાં ખૂબ શૂળ આવે, અને એની આંખો નબળી, હરિત રંગની, સૂજેલી થઈ જાય છે, અને ઝેર પક્વાશયમાં જઈને તોદ, હેડકી, ઉધરસ અને આંતરડાંમાં ગડગડાટ કરે છે.

चतुर्थे जायते वेगे शिरसश्चातिगौरवम् ॥ १४ ॥

ચોથા વેગમાં માથું બહુ જ ભારે થઈ જાય છે.

कफप्रसेको वैवर्ण्यं पर्वभेदश्च पञ्चमे ।
सर्वदोषप्रकोपश्च पक्वाधाने च वेदना ॥ १५ ॥

પાંચમા વેગમાં મોમાંથી (લાળની માફક) કફ ગળે છે (નીકળે છે), શરીરનો રંગ બગડી જાય છે, પર્વમાં ભેદ જેવી પીડા થાય છે, બધા દોષો કોપે છે અને પક્વાશયમાં પીડા થાય છે.

षष्ठे संज्ञाप्रणाशश्च सुभृशं चातिसार्यते ।

છઠ્ઠા વેગમાં ભાન જતું રહે છે અને ઘણા ઝાડા છૂટી જાય છે.

स्कन्धपृष्ठकटीभङ्गो भवेन्मृत्युश्च सप्तमे ॥ १६ ॥

સાતમા વેગમાં ખભા, પીઠ અને કેડ ભાંગી જાય છે અને મૃત્યુ થાય છે.

સાતે વેગોના ઉપાય

प्रथमे विषवेगे तु वान्तं शीताम्बुसेचितम् ।
सर्पिर्मधुभ्यां संयुक्तमगदं पाययेद् द्रुतम् ॥ १७ ॥

વિષના પહેલા વેગમાં દરદીને વમન કરાવીને, ઠંડું પાણી છાંટીને ઘી અને મધમાં મેળવીને ઔષધ (ઝેર મટાડે એવું ઔષધ) ઝટ પાવું. (ઔષધ=શ્લોક ૨૩થી ૩૨ વાળું)

द्वितीये पूर्ववद्वान्तं विरिक्तं चानु पाययेत् ।

બીજા વેગમાં પહેલાંની માફક (દરદી ઉપર પાણી છાંટીને), ઊલટીઓ કરાવીને અને જુલાબ કરાવીને પછી ઝેરનો નાશ કરે એવું ઔષધ (શ્લોક ૨૩થી ૩૨) પાવું.

तृतीयेऽगदपानं तु हितं नस्यं तथाऽञ्जनम् ॥१८

ત્રીજા વેગમાં ઝેરનો નાશ કરે એવું ઔષધ (શ્લોક ૨૩થી ૩૨) પાવું, નસ્ય અને અંજન હિતકર છે.

चतुर्थे स्नेहसंयुक्तमगदं प्रतियोजयेत् ।

ચોથા વેગમાં સ્નેહ (ગાયનું ઘી) સાથે વિષનો નાશ કરે એવું અગદ પાવું.

पञ्चमे मधुकाथमाक्षिकाभ्यां युतं हितम् ॥१९

પાંચમા વેગમાં જેઠીમધના ક્વાથ અને મધ સાથે મેળવીને ઝેરનો નાશ કરે એવું અગદ પાવું હિતકર છે.

षष्ठेऽतिसारवत्सिद्धिः

છઠ્ઠા વેગમાં અતિસાર મટાડવાના ઉપાય કરવા.

अवपीडस्तु सप्तमे ।
मूर्ध्नि काकपदं कृत्वा सासृग्वा पिशितं क्षिपेत् ॥२०

સાતમા વેગમાં અવપીડ નસ્ય આપવું અથવા માથામાં કાકપદ(કાગડાનું પગલું)ના આકારનો છેદ મૂકીને તેમા લોહીવાળું માંસ મૂકવું.

સર્વવિષઘ્ની યવાગૂ

कोशातक्यग्निकः पाठा सूर्यवल्ल्यमृताभयाः ।
शेलुः शिरीषः किणिही हरिद्रे क्षौद्रसाह्वया ॥२१
पुनर्नवे त्रिकट्वर्कं बृहत्यौ सारिवे बला ।
एषां यवागूं निर्यूहे शीतां सघृतमाक्षिकम् ॥२२॥
युञ्ज्याद्वेगान्तरे सर्वविषघ्नीं कृतकर्मणः ।

જે દરદીને દરેક વેગ માટે કરવાની (વમન વગેરે) ક્રિયા કરવામા આવી હોય, તેને એ વેગોમાંથી ગમે તે એક વેગમાં તૂરિયાં, ચિત્રો, કાળીપાડ, સૂરજમુખી, ગળો, હરડે, ગૂંદાં, સરસડો, ગરણી, હળદર, દારુહળદર, વટમાક્ષિક, ધોળાં ફૂલની સાટોડી, પીળાં ફૂલની સાટોડી, ત્રિકટુ, ઊભી ભોરીંગણી, બેઠી ભોરીંગણી, સારિવા, ઉત્પલ સારિવા, ખળદાણુ-એમના ક્વાથમાં યવાગૂ બનાવીને એ ઠંડી પડે ત્યારે એમાં ઘી અને મધ નાખીને પાવી. તેથી બધાં વિષનો નાશ થાય છે.

तद्वन्मधूकमधुकपद्मकेसरचन्दनैः ॥ २३ ॥

મહુડાં, જેઠીમધ, કમળ, કેસર અને સુખડના ક્વાથમાં યવાગૂ બનાવીને એ ઠંડી પડે ત્યારે એમાં ઘી અને મધ નાંખીને પાવી.

ચંદ્રોદય

अञ्जनं तगरं कुष्ठं हरितालं मनःशिला ।
फलिनी त्रिकटु स्पृक्का नागपुष्पं सकेसरम् ॥२४॥
हरेणुर्मधुकं मांसी रोचना काकमालिका ।
श्रीवेष्टकं सर्जरसः शताह्वा कुङ्कुमं बला ॥२५॥
तमालपत्रतालीसभूर्जोशीरनिशाद्वयम् ।
कन्योपवासिनी स्नाता शुक्लवासा मधुद्रुतैः ॥२६
द्विजानभ्यर्च्य तैः पुष्ये कल्पयेदगदोत्तमम् ।
वैद्यश्चात्र तदा मन्त्रं प्रयतात्मा पठेदिमम् ॥ २७ ॥
'नमः पुरुषसिंहाय नमो नारायणाय च ।
यथाऽसौ नाभिजानाति रणे कृष्णपराजयम् ॥२८
एतेन सत्यवाक्येन अगदो मे प्रसिद्ध्यतु ।
नमो वैडूर्यमाते हुलुहुलु रक्ष मां सर्वविषेभ्यः ॥
गौरि गान्धारि चाण्डालि मातङ्गि स्वाहा ।'
पिष्टे च द्वितीयो मन्त्रः–
'हरिमायि स्वाहा ॥ ३० ॥'
अशेषविषवेतालग्रहकार्मणपाप्मसु ।
मरकव्याधिदुर्भिक्षयुद्धाशनिभयेषु च ॥३१॥
पाननस्याञ्जनालेपमणिबन्धादियोजितः ।
एष चन्द्रोदयो नाम शान्तिस्वस्त्ययनं परम् ॥
[वासवो वृत्रमवधीत्समालितः किलामुना ।]

ઉપવાસ કરેલી, નાહેલી, ધોળાં વસ્ત્ર પહેરેલી કન્યાએ બ્રાહ્મણોનું પૂજન કરીને રસવંતી, તગર, ઉપલેટ, હરતાલ, મણશીલ, ઢાંગ, ત્રિકટુ, બ્રાહ્મી (કે લજામણી), નાગકેસર, કમળનુ કેસર, રેણુકબીજ, જેઠીમધ, જટામાસી, ગોરોચના, કાકમલ્લિકા, સરલવૃક્ષનો ગુંદર, રાળ, વરિયાળી, કેસર, ખળદાણુ, તમાલપત્ર, તાલીસપત્ર, ભોજપત્ર, વીરણવાળો, હળદર, દારુહળદર–આટલાં ઔષધોને મધમાં કાલવીને પુષ્ય નક્ષત્રમા આ ઉત્તમ ઔષધ બનાવવું, અને સંયમી વૈદ્યે એ કન્યા ઔષધ તૈયાર કરતી હોય (લસોટતી હોય) તે વખતે પાસે બેસીને નીચેનો મંત્ર જપવો:

'नमः पुरुषसिंहाय नमो नारायणाय च ।
यथाऽसौ नभिजानाति रणे कृष्णपराजयम् ॥
एतेन सत्यवाक्येन अगदो मे प्रसिद्ध्यतु ।
नमो वैडूर्यमाते हुलुहुलु रक्ष मा सर्वविषेभ्यः ॥
गौरि गान्धारि चाण्डालि मातङ्गि स्वाहा'

એ ઔષધો લસોટાઈ રહે ત્યારે નીચેનો બીજો મંત્ર ભણવો:

'हरिमायि स्वाहा ॥'

બધાં ઝેર, વૈતાલ, વળગાડ, કામણટૂમણ, પાપ, મરકીનો રોગ (જનપદવિધ્વંસકારી રોગ), દુકાળ, યુદ્ધ અને વીજળી પડે—એટલા અનિષ્ટ પ્રસંગોમાં આ ચંદ્રોદય નામનું અગદ (ઔષધ) પીવાથી, નસ્ય, અંજન, લેપ, માદળિયુ વગેરે તરીકે વાપરવાથી અનિષ્ટની શાંતિ કરે એવું ઉત્તમ સ્વસ્ત્યયન છે.

[આ ચંદ્રોદયનો પોતાના શરીર પર લેપ કરીને ઇંદ્રે વૃત્રને માર્યો હતો એવું કહેવાય છે.]

સ્વસ્ત્યયન—શુભને માટે કરાતાં વેદોક્ત મંત્રોચ્ચાર, ગ્રહશાંતિ વગેરે.)

દૂષીવિષ

जीर्णं विषघ्नौषधिभिर्हतं वा
दावाग्निवातातपशोषितं वा ।
स्वभावतो वा न गुणैः सुयुक्तं
दूषीविषाख्यां विषमभ्युपैति ॥ ३३ ॥
वीर्याल्पभावादविभाव्यमेतत्
कफावृतं वर्षगणानुबन्धि ।
तेनार्दितो भिन्नपुरीषवर्णो
दुष्टास्त्ररोगी तृड्रोचकार्तः ॥ ३४ ॥
मूर्च्छन् वमन् गद्गदवाक् विमुह्यन्
भवेच्च दूष्योदरलिङ्गजुष्टः ।
आमाशयस्थे कफवातरोगी
पक्वाशयस्थेऽनिलपित्तरोगी ॥ ३५ ॥
भवेन्नरो ध्वस्तशिरोरुहाङ्गो
विलूनपक्षः स यथा विहङ्गः ।
स्थितं रसादिष्वथवा विचित्रान्
करोति धातुप्रभवान् विकारान् ॥३६॥

જે (સ્થાવર કે જંગમ) વિષ જૂનું થઈ ગયું હોય, ઝેરનો નાશ કરે એવાં ઔષધો વડે જેની અસર મરી ગઈ હોય; દાવાગ્નિ, પવન અને તડકાને લીધે જે સુકાઈ ગયું હોય, જે સ્વભાવે જ ગુણો (શ્લોક ૭ જુઓ)વાળું ન હોય, એવા વિષને દૂષીવિષ કહે છે. દૂષીવિષનું વીર્ય (તાકાત) ઓછું હોવાથી એ ઝેર છે એવું સ્પષ્ટ જણાતું નથી. કફથી છવાઈ ગયેલા ઝેરમાંથી ઉગ્રતાનો ગુણ ઓછો થઈ જાય છે, તેથી એ પણ ઝેર છે એવું જણાતું નથી. ન પાકવાને લીધે અનેક વર્ષો સુધી સ્થિર રહે અને મારે નહિ એ ઝેર પણ ઝેર છે એવું જણાતું નથી

દૂષીવિષનાં લક્ષણ

એનાથી (આવા દૂષીવિષથી) પીડાતા માણસનો રંગ ભાંગલ ઝાડા જેવો થઈ જાય છે, એને લોહી બગડવાથી થતા રોગ થાય છે, એ તરસ અને અરુચિથી પીડાય છે, એને મૂર્છા આવે છે, ઊલટીઓ થાય છે, એ ગળગળું બોલે છે; ગભરાય છે અને ત્રિદોષના ઉદરરોગનાં લક્ષણો (નિ. ૧૨/૧૯ થી ૨૧ જુઓ) એને થાય છે.

દૂષીવિષ કયા આશયમાં હોય તો કયા ઉપદ્રવ થાય છે?

દૂષીવિષ આમાશયમાં હોય ત્યારે માણસને કફ અને વાયુના રોગ થાય છે, પક્વાશયમાં હોય તો વાયુ અને પિત્તના રોગ થાય છે, વાળ ખરી પડે છે, શરીર ઢીલું થઈ જાય છે, પાંખો કાપી નાંખેલા પક્ષી જેવો તે થઈ જાય છે, અથવા જો એ દૂષીવિષ રસ વગેરે ધાતુઓમાં રહ્યું હોય તો ધાતુથી ઉત્પન્ન થતા રોગ (અન્નની ઇચ્છા ન થાય, અરુચિ થાય વગેરે—સુશ્રુત ક. ૨/૨૮ જુઓ—ડલ્હણ.) કરે છે.

દૂષીવિષ નામ પડવાનું કારણ

प्राग्वाताजीर्णशीताभ्रदिवास्वप्नाहिताशनैः ।
दुष्टं दूषयते धातूनतो दूषीविषं स्मृतम् ॥ ३७ ॥

સામો પવન, અજીર્ણ, ઠંડી, વાદળાં, દિવસે ઊંઘવું, અપથ્ય ભોજન કરવું—એ કારણોથી બગડેલું દૂષીવિષ ધાતુઓને બગાડે છે; માટે એને આયુર્વેદમાં દૂષીવિષ કહ્યું છે

દૂષીવિષના ઉપાય

दूषीविषार्तं सुस्विन्नमूर्ध्वं चाधश्च शोधितम् ।
दूषीविषारिमगदं लेहयेन्मधुनाऽऽप्लुतम् ॥३८॥

દૂષીવિષથી પીડાતા માણસને સારી રીતે શેક કરીને, ઊંચેથી (ઊલટીઓ કરાવીને) અને નીચેથી (જુલાબ કરાવીને) સંશોધન કરીને દૂષીવિષના અગદને (શ્લોક ૩૯ થી ૩૯ જુઓ) મધમાં કાલવીને ચટાડવું.

દૂષીવિષનું અગદ(ઔષધ): દૂષીવિષારિ

पिप्पल्यो ध्यामकं मांसी रोध्रमेला सुवर्चिका।
कुटन्नटं नतं कुष्ठं यष्टी चन्दनगैरिकम् ॥ ३९ ॥
दूषीविषारिर्नाम्नाऽयं न चान्यत्रापि वार्यते।

પીપર, રોહિસખડ, જટામાંસી, લોધર, એલચી, સાજીખાર, મોથ, તગર, ઉપલેટ, જેઠીમધ, સુખડ અને ગેરુ–આ ઔષધનું નામ દૂષીવિષારિ (દૂષીવિષનો દુશ્મન) છે. દૂષીવિષ સિવાયના બીજાં (તીક્ષ્ણ સ્થાવર અને જંગમ) વિષોના ઉપાય તરીકે એને વાપરવાની મના નથી. (વાપરવાની રીત શ્લોક ૩૭ક્રે, ૩૮ પ્રમાણે.)

ઝેર ચોપડેલું શસ્ત્ર કે અસ્ત્ર વાગ્યું હોવાનાં લક્ષણ

विगन्धि येन विद्धस्तु प्रताम्यति मुहुर्मुहुः ॥४०॥
विवर्णभावं भजते विषादं चाशु गच्छति।
कीटैरिवावृतं चास्य गात्रं चिमिचिमायते ॥४१॥
श्रोणिपृष्ठशिरःस्कन्धसन्धयः स्युः सवेदनाः।
कृष्णदुष्टास्रविस्रावी तृण्मूर्च्छाज्वरदाहवान् ॥
दृष्टिकालुष्यवमथुश्वासकासकरः क्षणात्।
आरक्तपीनपर्यन्तः श्यावमध्योऽतिरुग्व्रणः ॥४३॥
शूयते पच्यते सद्यो गत्वा मांसं च कृष्णताम्।
प्रक्लिन्नं शीर्यतेऽभीक्ष्णं सपिच्छिलपरिस्रवम् ॥

જેને ઝેર ચોપડેલુ શસ્ત્ર કે અસ્ત્ર વાગ્યું હોય તેને વારવાર અધારા આવે છે, શરીરનો રંગ બગડી જાય છે, તરત દિલગીરી થાય છે, જાણે શરીર ઉપર કીડા પ્રસરી ગયા હોય તેમ શરીરે સળવળાટ થાય છે; કમ્મર, પીઠ, માથું અને સાધામા પીડા થાય છે; કાળું અને બગડેલું લોહી ઘામાથી નીકળે છે, સાથે તરસ, મૂર્છા, તાવ અને બળતરા થાય છે, ક્ષણમા દૃષ્ટિ ડહોળી (મેલી) થાય છે; ઊલટી, હાંફ અને ઉધરસ થાય છે; ઘાના ફરતા છેડા આછા લાલ કે પીળા થઈ જાય છે પણ ઘા વચમા બદામી રંગનો હોય છે, ઘામાં બહુ પીડા થાય છે, ઘા સૂજી જાય છે, પાકે છે અને ઘાનુ માસ કાળું થઈ જઈને, ક્લેદવાળું થઈને છિન્નભિન્न થઈ જાય છે અને ઘામાથી સતત પિચ્છિલ રસી નીકળે છે.

ઝેર ચોપડેલું શસ્ત્ર કે અસ્ત્ર વાગ્યું હોય તેના ઉપાય

कुर्याददिमर्मविद्धस्य हृदयावरणं द्रुतम्।

ઝેર ચોપડેલુ શસ્ત્ર કે અસ્ત્ર જેને મર્મમાં ન વાગ્યુ હોય તેનુ હૃદયાવરણ (હૃદયનું રક્ષણ કરવાના ઉપાય) ઝટ કરવુ.

(ચરકસંહિતા ચિ. ૨૩/૪૬,૪૬ક્રે, ૪૭માં કેટલાક હૃદયાવરણના ઉપાય આપ્યા છે. તેમાથી જે વખતે જે મળે તે કરવો. ૧ મધ, ઘી, મજ્જા, ગાયનું દૂધ અને ગેરુ પીવું, ૨ ગાયના છાણનો રસ પીવો, ૩ શેરડીનો રસ પીવો, ૪ બરાબર પાકેલા કાગડાને નીચોવીને એનો રસ પીવો વગેરે.)

शल्यमाकृष्य तप्तेन लोहेनानु दहेद्व्रणम् ॥४५॥
अथवा मुष्ककश्वेतासोमत्वक्काम्रवल्हितः
शिरीषाद् गृध्रनख्याश्च क्षारेण प्रतिसारयेत् ॥४६
शुकनासाप्रतिविषाव्याघ्रीमूलैश्च लेपयेत्।

પછી શલ્યને ખેંચી કાઢીને તપાવેલા લોઢાથી ઘાને ડામવો, અથવા કાંટાવાળો ખાખરો, ગરણી, ધોળો ખેર, મજીઠ, સરસડો અને ચણીબોરના ક્ષાર વડે ઘાનુ પ્રતિસારણ કરવુ તથા શુકનાસા, અતિવિષ અને ભોરીંગણી–એ ત્રણના મૂળ વડે ઘામા લેપ કરવો.

कीटदंष्ट्रचिकित्सां च कुर्यात्तस्य यथार्हतः ॥४७

તેના (ઝેર ચોપડેલું શસ્ત્ર કે અસ્ત્ર વાગ્યુ હોય તેના) કીટદંશ જેવા ઉપાય(ઉ. અ. ૩૭)માંથી જે પ્રસગે જે યોગ્ય હોય તે ઉપાય કરવા.

व्रणे तु पूतिपिशिते क्रिया पित्तविसर्पवत्।

ઘાનું માંસ ગંધાતુ હોય તેવા વ્રણમાં પિત્તવિસર્પ જેવા ઉપાય કરવા.

કોણ શા માટે ગર આપે તેના કેટલાક દાખલા

सौभाग्यार्थं स्त्रियो भर्त्रे
राज्ञे वाऽरातिचोदिताः ॥ ४८ ॥
गरमाहारसम्पृक्तं यच्छन्त्यासन्नवर्तिनः।

(વંઠેલી, વ્યભિચારી) સ્ત્રીઓ પોતાના સુખ

માટે પતિને તથા રાજાની પાસે રહેતા માણસો દુશ્મનની ચઢવણીથી રાજાને ગર મેળવેલો આહાર આપે છે.

ગર એટલે શું ?

नानाप्राण्यङ्गशमलविरुद्धौषधिभस्मनाम् ॥ ४९ ॥
विषाणां चाल्पवीर्याणां योगो गर इति स्मृतः ।

અનેક પ્રકારનાં પ્રાણીઓના ઝાડા, વિરુદ્ધ ઔષધિઓની ભસ્મ અને થોડી શક્તિવાળાં (હળવાં) ઝેરનો યોગ એ ગર છે એવું આયુર્વેદ કહે છે.

ગરનાં લક્ષણ (અસર)

तेन पाण्डुः कृशोऽल्पाग्निः
कासश्वासज्वरार्दितः ॥ ५० ॥
वायुना प्रतिलोमेन स्वप्नचिन्तापरायणः ।
महोदरयकृत्प्लीही दीनवाग्दुर्बलोऽलसः ॥५१॥
शोफवान् सततान्मातः शुष्कपादकरः क्षयी ।
स्वप्ने गोमायुमार्जारनकुलव्यालवानरान् ॥ ५२ ॥
प्रायः पश्यति शुष्कांश्च वनस्पतिमलाशयान् ।
मन्यते कृष्णमात्मानं गौरो, गौरं च कालकः ॥
विकर्णनासानयनं पश्येत्तद्विहतेन्द्रियः ।

ગરને લીધે માણસ ફિક્કો, દૂબળો અને મંદાગ્નિવાળો થઈ જાય છે; એને ઉધરસ અને દમ થાય છે, તાવ આવે છે, એનો વાયુ પોતાનો સ્વાભાવિક માર્ગ છોડીને બીજે માર્ગે ગતિ કરે છે; દરદી સ્વપ્ન અને ચિંતામાં ડૂબી જાય છે; એનાં પેટ, કાળજું અને બરલ મોટાં થઈ જાય છે, વાણી દીન થઈ જાય છે; એ નબળો, આળસુ, સોજાવાળો અને સતત આધ્માનવાળો થાય છે; એના હાથપગ સુકાઈ જાય છે; સ્વપ્નમાં એને શિયાળ, બિલાડી, નોળિયો, સાપ અને વાંદરાં તથા સૂકાં ઝાડ અને જળાશયો દેખાય છે; પોતે ગોરો હોય તો પોતે કાળો છે એમ માને છે અને પોતે કાળો હોય તો પોતે ગોરો છે એમ માને છે; પોતાની ઇંદ્રિયોની શક્તિનો નાશ થયેલો હોવાથી બીજા એને કાન, નાક અને આંખ વિનાના દેખાય છે.

एतैरन्यैश्च बहुभिः क्लिष्टो घोरैरुपद्रवैः ॥ ५४ ॥
गरार्तो नाशमाप्नोति कश्चित्सद्योऽचिकित्सितः ।

ગરથી પીડાતા કોઈ માણસની જો તાબડતોબ ચિકિત્સા ન થાય તો તે આ (શ્લોક ૫૦થી ૫૩ સુધીવાળા) અને બીજા અનેક ઘોર ઉપદ્રવોથી પીડાઈને નાશ પામે છે.

ગરના ઉપાય

गरार्तो वान्तवान् भुक्त्वा
तत्पथ्यं पानभोजनम् ॥ ५५ ॥
शुद्धहृच्छीलयेद्धेम सूत्रस्थानविधेः स्मरन् ।

ગરથી પીડાતા માણસે પહેલાં વમન કરીને પછી ગરને માટે પથ્ય હોય એવું પીણું અને ભોજન ખાઈપીને, હૃદયની શુદ્ધિ કરીને (સૂ. ૭/૨૬ થી ૨૭) પછી સૂત્રસ્થાનમાં કહેલો વિધિ (સૂ. ૭/૨૭ થી) યાદ કરીને રોજ સોનું (સોનાના વરખ) ખાવું.

शर्कराक्षौद्रसंयुक्तं चूर्णं ताप्यसुवर्णयोः ॥ ५६ ॥
लेहः प्रशमयत्युग्रं सर्वयोगकृतं विषम् ।

સુવર્ણમાક્ષિક અને સોનાના ચૂર્ણમાં સાકર અને મધ મેળવીને ચાટવાથી યોગથી બનાવેલાં બધાં ઉગ્ર વિષ (ગર) શાંત થઈ જાય છે.

मूर्वामृतानतकणापटोलीचव्यचित्रकान् ॥५७॥
वचामुस्तविडङ्गानि तक्रकोष्णाम्बुमस्तुभिः ।
पिबेद्रसेन वाऽम्लेन गरोपहतपावकः ॥ ५८ ॥

ગરને લીધે જેનો જઠરાગ્નિ મંદ થઈ ગયો હોય તેણે મોરવેલ, ગળો, તગર, પીપર, પટોળ, ચવક, ચિત્રો, વજ, મોથ અને વાવડિંગનું ચૂર્ણ, છાશ, સહેજ ગરમ પાણી અને મસ્તુ સાથે અથવા (કાંજી વગેરે) ખટાશ સાથે પીવું.

पारावतामिषशठीपुष्कराह्वशृतं हिमम् ।
गरतृष्णारुजाकासश्वासहिध्माज्वरापहम् ॥ ५९ ॥

કબૂતરનું માંસ, કાળીપાડ, પુષ્કરમૂળ એ ત્રણના ક્વાથને ઠંડો પાડીને પીવાથી ગરને લીધે થયેલા તરસ, પીડા, ઉધરસ, દમ, હેડકી અને તાવરૂપી ઉપદ્રવો મટે છે.

વિષસંકટ

विषप्रकृतिकालान्नदोषदूष्यादिसङ्गमे ।
विषसङ्कटमुद्दिष्टं शतस्यैकोऽत्र जीवति ॥ ६० ॥

વિષ, વિષને અનુકૂળ પ્રકૃતિ (પિત્તપ્રકૃતિ), વિષને અનુકૂળ ઋતુ (વર્ષાઋતુ), વિષને અનુકૂળ

અન્ન (સરસવ વગેરે) વિષને અનુકૂળ દોષ (પિત્ત) વિષને અનુકૂળ દૃષ્ય (લોહી વગેરે) (શ્લોક ૬૦ટૈથી ૬૨ટૈ) એક સાથે ભેગાં થઈ જાય તેને વિષસંકટ કહે છે. એમાં (વિષસંકટમાં) સેંકડે એક માણસ જીવે છે.

શાનાથી વિષ વધે છે?

क्षुत्तृष्णाघर्मदौर्बल्यक्रोधशोकभयश्रमैः ।
अजीर्णवर्चोद्रवनापित्तमारुतवृद्धिभिः ॥६१॥
तिलपुष्पफलाघ्राणभूवाष्पघनगर्जितैः ।
हस्तिमूषिकवादित्रनिस्वनैर्विषसङ्कटैः ॥ ६२ ॥
पुरोवातोत्पलामोदमदनैर्वर्धते विषम् ।

ભૂખ, તરસ, ઘામ (તાપ), નબળાઈ, ક્રોધ, શોક, ભય, થાક, અતિસાર, પિત્ત વધે, વાયુ વધે, તલનાં ફૂલ અને તલનાં ફળ સૂંઘવાં, જમીનમાંથી વરાળ (બાફ) નીકળે, વાદળાંનો ગડગડાટ, હાથીનો અવાજ, ઉંદરનો અવાજ, વાજાંનો સૂર, વિષસંકટો (શ્લોક ૫૯ટૈ, ૬૦), સામો પવન, કાળા કમળની સુવાસ અને મદ કરે એવાં દ્રવ્યો કે ક્રિયાથી (અથવા વિષયેચ્છા વધારે એવાં સાધનોથી) વિષ વધે છે.

ઝેરની શક્તિ વધવાઘટવાની ઋતુ

वर्षासु चाम्बुयोनित्वात्संक्लेदं गुडवद्गतम् ॥६३॥
विसर्पति घनापाये, तदगस्त्यो हिनस्ति च ।
प्रयाति मन्दवीर्यत्वं विषं तस्माद्घनात्यये ॥६४॥

જેમ વર્ષાઋતુમાં ગોળ કલેદવાળો થઈને પ્રસરે છે, તેમ વિષ પણ પાણી(સમુદ્ર)માંથી જન્મેલું હોવાથી વર્ષાઋતુમાં કલેદવાળું થઈને પ્રસરે છે. પણ વર્ષાઋતુ વહી જાય છે, ત્યારે અગસ્ત્યનો તારો એને (ઝેરીને) મારી નાખે છે (ઝેરની શક્તિ ઓછી કરે છે), તેથી શરદઋતુમાં ઝેરની શક્તિ મંદ (ધીમી) બની જાય છે.

ઝેરના ઉપાય કરતા પહેલાં વિચારવાની બાબતો

इति प्रकृतिसात्म्यर्तुस्थानवेगबलाबलम् ।
आलोच्य निपुणं बुद्ध्या कर्मानन्तरमाचरेत् ॥६५॥

આ રીતે પ્રકૃતિ, સાત્મ્ય, ઋતુ, સ્થાન અને વેગના બળ અને અબળનો બુદ્ધિથી ઊંડો વિચાર કરીને પછી ક્રિયા (ઉપાય) કરવી.

કફના આશયમાં ગયેલા વિષના ઉપાય

श्लैष्मिकं वमनैरुष्णरूक्षतीक्ष्णैः प्रलेपनैः ।
कषायकटुतिक्तैश्च भोजनैः शमयेद्विषम् ॥६६॥

કફના આશય(સ્થાન)માં ગયેલા વિષને ઊલટીઓ કરાવીને, ગરમ, લૂખા અને તીક્ષ્ણ લેપ કરીને તથા ગરમ, લૂખાં, તીક્ષ્ણ, તૂરાં, તીખાં અને કડવા ભોજનોથી શમાવવું.

પિત્તના આશયમાં ગયેલા વિષના ઉપાય

पैत्तिकं स्रंसनैः सेकप्रदेहैर्भृशशीतलैः ।
कषायतिक्तमधुरैर्घृतयुक्तैश्च भोजनैः ॥६७॥

પિત્તનાં આશય(સ્થાન)માં ગયેલા વિષને વિરેચનો વડે, ખૂબ ઠંડા સેચન અને લેપો વડે તથા ખૂબ ઠંડાં, તૂરાં, કડવાં, ગળ્યાં અને ઘીવાળાં ભોજનો વડે શમાવવું.

વાયુના આશયમાં ગયેલા વિષના ઉપાય

वातात्मकं जयेत्स्वादुस्निग्धाम्ललवणान्वितैः ।
सघृतैर्भोजनैर्लेपैस्तथैव पिशिताशनैः ॥ ६८ ॥

વાયુના આશય(સ્થાન)માં ગયેલા વિષને ગળ્યાં, સ્નિગ્ધ, ખાટાં, લવણવાળાં અને ઘીવાળાં ભોજનોથી તથા એવા જ લેપોથી તથા માંસના ભોજનોથી મટાડવું.

વિષ મટાડવા માટે ઘીની જરૂર

नाघृतं स्रंसनं शस्तं प्रलेपो भोज्यमौषधम् ।

વિષ મટાડવા માટે વિરેચન, લેપ, ભોજન અને ઔષધ ઘી વિનાનાં હોય એ સારું નથી.

सर्वेषु सर्वावस्थेषु विषेषु न घृतोपमम् ॥६९॥
विद्यते भेषजं किञ्चिद्विशेषात प्रबलेऽनिले ।

બધાં વિષોમાં, વિષની બધી અવસ્થાઓમાં, અને ખાસ કરીને વિષમાં વાયુનું જોર વધારે હોય ત્યારે ઘી જેવું બીજું કોઈ ઔષધ નથી.

સાધ્યઅસાધ્ય

अयत्नाच्छ्लेष्मगं साध्यं,
यत्नात् पित्ताशयाश्रयम् ॥ ७० ॥
सुदुःसाध्यमसाध्यं वा वाताशयगतं विषम् ॥७०ટૈ

કફના સ્થાનમાં ગયેલું વિષ સહેલાઈથી મટાડી શકાય છે, પિત્તાશયમાં ગયેલા વિષને મટાડતાં મુશ્કેલી પડે છે; વાયુના આશયમાં ગયેલું વિષ બહુ દુઃસાધ્ય અથવા અસાધ્ય છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने विषप्रतिषेधो
नाम पञ्चत्रिंशोऽध्यायः ॥ ३५ ॥

અધ્યાય ૩૬મો–સાપના ઝેરના ઉપાય

अथातः सर्पविषप्रतिषेधं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે સાપનું ઝેર મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમા આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

સાપની મુખ્ય જાતો

दर्वीकरा मण्डलिनो राजीमन्तश्च पन्नगाः ।
त्रिधा समासतो भौमाः,
भिद्यन्ते ते त्वनेकधा ॥ १ ॥
व्यासतो योनिभेदेन नोच्यन्तेऽनुपयोगिनः ।

જમીનના સાપ ટૂંકામાં ત્રણ જાતના હોય છે: દર્વીકર (અ. કોબ્રા), મંડલી અને રાજીમાન. જે જુદીજુદી યોનિઓમાં એ જન્મ્યા હોય તે ઉપરથી એ વિસ્તારપૂર્વક અનેક પ્રકારના છે એમ કહેવાય છે. પણ ચિકિત્સા કરવાની દૃષ્ટિએ એ બધા પ્રકાર ઉપયોગી ન હોવાથી એ પ્રકારો કહેવામાં આવ્યા નથી, (દર્વીકર, મંડલી અને રાજીમાનનાં લક્ષણ શ્લોક ૪થી ૬માં કહ્યાં છે).

ત્રણે જાતના સાપના ઝેરનાં લક્ષણો

विषं वातरूक्षकटुकमम्लोष्णं स्वादुशीतलम् ॥ २ ॥
विषं दर्वीकरादीनां क्रमाद्वातादिकोपनम् ।

દર્વીકર સાપનુ ઝેર લૂખું અને તીખું હોવાથી એ ખાસ વાયુને કોપાવે છે; મંડલી સાપનું ઝેર ખાટું અને ગરમ હોવાથી એ ખાસ પિત્તને કોપાવે છે અને રાજીમાન સાપનુ ઝેર ગળ્યુ અને ઠંડુ હોવાથી એ ખાસ કફને કોપાવે છે.

(ઝેર અવ્યક્ત રસવાળું છે એમ ઉ. ૩૫/૭ફ્રૈમાં કહ્યુ છે; છતાં અહીં ઝેરના રસ ગણાવ્યા છે તે એના અનુરસ છે એમ સમજવું.)

કયા સાપનું ઝેર કયારે વધારે ઉગ્ર થાય?

तारुण्यमध्यवृद्धत्वे वृष्टिशीतातपेषु च ॥ ३ ॥
विषोल्बणा भवन्त्येते व्यन्तरा ऋतुसन्धिषु ।

દર્વીકર સાપનુ ઝેર એની જુવાનીમાં અને ચોમાસાના ચાર મહિનામાં, મંડલી સાપનું ઝેર જુવાની અને ઘડપણના વચગાળામાં અને શિયાળાના ચાર મહિનામાં તથા રાજીમાન સાપનુ ઝેર વડપણમાં અને ગરમીના ચાર મહિનામા વધે છે. વ્યંતર સાપોનું (શ્લોક ૭, ૭ફ્રૈ) ઝેર ઋતુઓના સંધિકાળ(સૂ. ૩/૫૭ફ્રૈ, ૫૮)માં વધે છે.

દર્વીકર સાપનાં લક્ષણ

रथाङ्गलाङ्गलच्छत्रस्वस्तिकाङ्कुशधारिणः ॥४॥
फणिनः शीघ्रगतयः सर्पा दर्वीकराः स्मृताः ।

(ફેણમાં) ચક્ર, હળ, છત્રી, સાથિયો અને અંકુશની આકૃતિઓવાળા, ફેણવાળા, ઝડપથી ચાલનારા સાપને દર્વીકર (અં. કોબ્રા) કહે છે.

મંડલી સાપનાં લક્ષણ

ज्ञेया मण्डलिनोऽभोगा मण्डलैर्विविधैश्चिताः ॥५॥
प्रांशवो मन्दगमनाः

જે સાપને ફેણ ન હોય (કે બહુ જ નાની હોય), જેના શરીર પર ગોળ ચકરડાં ખીચોખીચ પડેલા હોય, જે લાંબા હોય અને ધીમે ચાલતા હોય તેમને મંડલી સાપ જાણવા.

રાજીમાન સાપનાં લક્ષણ

राजीमन्तस्तु राजिभिः ।
स्निग्धा विचित्रवर्णाभि–
स्तिर्यगूर्ध्वं च चित्रिताः ॥६॥

રાજીમાન સાપ સ્નિગ્ધ અને જેના શરીર પર અનેક રંગની આડી અને ઊભી લીટીઓ ચીતરેલી હોય છે એવા હોય છે.

ગૌધેર સાપ

गोधासुतस्तु गौधेरो विषे दर्वीकरैः समः ।
चतुष्पाद्

(દર્વીકરથી થયેલા) ગોધા(=ઘો)ના પુત્રને ગૌધેર કહે છે. એનું ઝેર દર્વીકર સાપ જેવું હોય છે. એને ચાર પગ હોય છે.

વ્યંતર (વર્ણસંકર) સાપ

व्यन्तरान् विद्यादेतेषामेव सङ्करात् ॥ ७ ॥
व्यामिश्रलक्षणास्ते हि सन्निपातप्रकोपनाः ।

દર્વીકર, મંડલી અને રાજીમાન એ ત્રણનાં અંદરઅંદર ભેગા થવાથી જે સાપની જાતો ઉત્પન્ન થાય છે તેને વ્યંતર સાપ જાણવા.

એમનાં લક્ષણ ભેગાં હોય છે અને એમનું વિષ ત્રણે દોષને કોપાવે છે.

સાપ કેટલાં કારણસર કરડે છે? કયા કારણસર કરડવાથી વધારે ઝેર ચડે છે?

आहारार्थं भयात् पादस्पर्शादतिविषात् क्रुधः ॥
पापवृत्तितया वैराद्देवर्षियमचोदनात् ।
दशन्ति सर्पास्तेषूक्तं विषाधिक्यं यथोत्तरम् ॥९॥

આહાર માટે, બીકથી, પગ અડકવાથી, બહુ ઝેર ભરાઈ જવાથી, ક્રોધથી, પાપી સ્વભાવને લીધે, વેરને લીધે; દેવ, ઋષિ કે યમની પ્રેરણાથી સાપ કરડે છે. તેમાં ઉત્તરોત્તર વધારે વિષ હોય છે એમ કહ્યું છે. (આહાર માટે સાપ કરડે તેમાં સૌથી ઓછું વિષ, પગ અડકવાથી કરડે તેમાં વધારે વિષ, સાપમાં બહુ ઝેર વધી જવાથી કરડે તેમાં તેથીયે વધારે વિષ–એમ કરતાંકરતાં છેવટે યમની પ્રેરણાથી કરડે તેમાં સૌથી વધારે વિષ હોય છે.)

કારણ જાણવાની રીત

आदिष्टात् कारणं ज्ञात्वा प्रतिकुर्याद्यथायथम् ।

સાપ ઉતારવાનો મંત્ર જાણનાર પાસે સાપને બોલાવડાવીને એને હુકમ કરીને એની પાસેથી કરડવાનું કારણ જાણીને તે તે કારણ પ્રમાણે યોગ્ય ઉપચાર કરવા. (आदिष्टात्નો બીજો અર્થ: 'ઉપર શ્લોક ૮, ૮½, ૯માં કહેલાં કારણોનાં લક્ષણો ઉપરથી.')

व्यन्तरः पापशीलत्वान्मार्गमाश्रित्य तिष्ठति ॥

વ્યંતર સાપ સ્વભાવે પાપી હોવાથી કરડવા માટે રસ્તો રોકીને પડયો હોય છે.

જાતજાતના દંશનાં લક્ષણ

यत्र लालापरिक्लेदमात्रं गात्रे प्रदृश्यते ।
न तु दंष्ट्राकृतं दंशं तत्तुण्डाहतमादिशेत् ॥ ११ ॥
एकं दंष्ट्रापदं द्वे वा व्यालीढाख्यमशोणितम् ।
दंष्ट्रापदे सरक्ते द्वे व्यालुप्तं, त्रीणि तानि तु ॥१२॥
मांसच्छेदादविच्छिन्नरक्तवाहीनि दष्टकम् ।
दंष्ट्रापदानि चत्वारि तद्वद्दष्टनिपीडितम् ॥ १३ ॥
निर्विषं द्वयमत्राद्यमसाध्यं पश्चिमं वदेत् ।

જેમાં અંગ ઉપર ફક્ત લાળની ભીનાશ દેખાય છે પણ દાઢથી કરેલો દંશ (ડંખ) દેખાતો નથી, તેને તુંડાહત દંશ કહેવો. એક કે બે દાઢના છેદ (કાપ) પડયા હોય પણ લોહી ન આવ્યું હોય તેને વ્યાલીઢ દંશ કહે છે. લોહીવાળા દાઢના બે છેદ હોય તે વ્યાલુપ્ત દંશ છે. દાઢના ત્રણ છેદ પડયા હોય અને માંસ કપાવાથી એમાંથી સતત લોહી નીકળતું હોય તેને દષ્ટક છેદ કહે છે. દાઢના ચાર છેદ હોય અને બીજું બધું તેના (દષ્ટકના) જેવું હોય તેને દષ્ટનિપીડિત છેદ કહે છે. આમાંથી (આ પાંચ દંશમાંથી) પહેલા બે (તુંડાહત અને વ્યાલીઢ) નિર્વિષ (વિષ વિનાના) છે અને છેલ્લા બે (દષ્ટક અને દષ્ટનિપીડિત) અસાધ્ય છે એમ કહેવું. (વચલો વ્યાલુપ્ત દંશ કૃચ્છ્રસાધ્ય છે એવું સમજી લેવું.)

લોહીમાં ગયા વિના સાપનું ઝેર પ્રસરતું નથી

विषं नाहेयमप्राप्य रक्तं दूषयते वपुः ॥ १४ ॥
रक्तमण्वपि तु प्राप्तं वर्धते तैलमम्बुवत् ।

સાપનું ઝેર લોહીમાં પહોંચ્યા વિના શરીરને બગાડતું નથી, પણ જો એને (સાપના ઝેરને) એક ટીપું લોહી પણ મળી જાય તો તે પાણીમાં તેલની માફક પ્રસરી જાય છે.

સર્પાઙ્ગાભિહત

भीरोस्तु सर्पसंस्पर्शाद्भयेन कुपितोऽनिलः ॥ १५
कदाचित्कुरुते शोफं सर्पाङ्गाभिहतं तु तत् ।

બીકણ માણસને સાપ જરા અડકે તોપણ બીકને લીધે એનો વાયુ કોપે છે. તેથી કોઈ વાર સોજો આવે છે. આ સર્પાંગાભિહત (સાપના શરીરનો અભિઘાત) છે.

શંકાવિષ

दुर्गान्धकारे विद्धस्य केनचिद्दष्टशङ्कया ॥ १६ ॥
विषोद्वेगो ज्वरश्छर्दिर्मूर्च्छा दाहोऽपि वा भवेत् ।
ग्लानिर्मोहोऽतिसारो वा तच्छङ्काविषमुच्यते ॥१७

ગાઢ અંધકારમાં કોઈ પ્રાણી કરડે ત્યારે સાપ કરડ્યો હશે એવા વહેમથી માણસને ઝેર ચઢવાથી ચિત્તનો જેવો ઉદ્વેગ થાય છે તેવો ઉદ્વેગ થાય, તાવ આવે, ઊલટી થાય, મૂર્છા આવે અથવા લાય પણ બળે, અથવા દિલગીરી,

મોહ અને અતિસાર થાય એને શંકાવિષ કહે છે.

સવિષ અને નિર્વિષ દંશનાં લક્ષણ

तुद्यते सविषो दंशः कण्डूशोफरुजान्वितः ।
दह्यते ग्रथितः किञ्चिद्विपरीतस्तु निर्विषः ॥ १८ ॥

સવિષ (ઝેરી) દંશમાં તોદ થાય છે, ખણુજ આવે છે, સોજો આવે છે, પીડા થાય છે, બળે છે અને જરા ગંઠાઈ જાય છે. એનાથી વિરુદ્ધ લક્ષણોવાળો દંશ નિર્વિષ હોય છે.

દર્વીકરના વિષના વેગોનાં લક્ષણ

पूर्वे दर्वीकृतां वेगे दुष्टं श्यावीभवत्यसृक् ।
श्यावता तेन वक्त्रादौ सर्पन्तीव च कीटकाः ॥१९॥
द्वितीये ग्रन्थयो वेगे, तृतीये मूर्ध्नि गौरवम् ।
दृग्रोधो दंशविक्लेदश्चतुर्थे ष्ठीवनं वमिः ॥ २० ॥
सन्धिविश्लेषणं तन्द्रा पञ्चमे पर्वभेदनम् ।
दाहो हिध्मा च, षष्ठे तु हृत्पीडा गात्रगौरवम् ॥२१॥
मूर्च्छाऽविपाकोऽतीसारः, प्राप्य शुक्रं तु सप्तमे ।
स्कन्धपृष्ठकटीभङ्गः सर्वचेष्टानिवर्तनम् ॥ २२ ॥

દર્વીકર સાપના વિષના પહેલા વેગમાં લોહી બગડીને કાળું થઈ જાય છે તેથી મોં વગેરે ઉપર કાળાશ આવે છે અને જાણે કીડા ચાલતા હોય એવુ સળવળે છે; બીજા વેગમાં ગાંઠો થાય છે; ત્રીજા વેગમાં માથું ભારે થઈ જાય છે, આંખે દેખાતું નથી, ડંખમાંથી ક્લેદ નીકળે છે; ચોથા વેગમાં થૂંક (લાળ) આવે છે, ઊલટી (ઊબકા) આવે છે; પાંચમા વેગમાં શરીરના સાંધા છૂટા પડતા હોય એવું લાગે છે, ઘેન રહે છે, પર્વ તૂટે છે, લાહ્ય બળે છે અને હેડકી આવે છે; છઠ્ઠા વેગમાં હૃદયમાં પીડા થાય છે, શરીર ભારે લાગે છે, મૂર્ચ્છા આવે છે, પચતું નથી, અતિસાર થાય છે, અને સાતમા વેગમાં ઝેર વીર્યમાં પહોંચે છે તેથી ખભો, પીઠ અને કેડ ભાંગે છે અને બધી ચેષ્ટા (ક્રિયા) બંધ થઈ જાય છે.

મંડલીના વિષના વેગોનાં લક્ષણ

अथ मण्डलिदष्टस्य दुष्टं पीतीभवत्यसृक् ।
तेन पीताङ्गता दाहो, द्वितीये श्वयथूद्भवः ॥२३॥
तृतीये दंशविक्लेदः स्वेदस्तृष्णा च जायते ।
चतुर्थे ज्वर्यते, दाहः पञ्चमे सर्वगात्रगः ॥ २४ ॥

હવે જેને મંડલી સાપ કરડ્યો હોય તેને વિષના પહેલા વેગમાં લોહી પીળું થઈ જાય છે તેથી આખું શરીર પીળું થઈ જાય છે અને લાહ્ય બળે છે; બીજા વેગમાં સોજો આવે છે; ત્રીજા વેગમાં દંશમાં ક્લેદ થાય છે, પરસેવો થાય છે અને તરસ લાગે છે; ચોથા વેગમાં તાવ આવે છે અને પાંચમા વેગમાં આખા શરીરમાં લાહ્ય બળે છે.

રાજીમાનના વિષના વેગોનાં લક્ષણ

दष्टस्य राजिलैर्दुष्टं पाण्डुतां याति शोणितम् ।
पाण्डुता तेन गात्राणां,
द्वितीये गुरुताऽति च ॥ २५ ॥
तृतीये दंशविक्लेदो नासिकाक्षिमुखस्रवाः ।
चतुर्थे गरिमा मूर्ध्नो मन्यास्तम्भश्च, पञ्चमे ॥२६
गात्रभङ्गो ज्वरः शीतः

રાજીમાન (રાજિલ) સાપ જેને કરડયો હોય તેને ઝેરના પહેલા વેગમાં લોહી બગડીને ધોળું થઈ જાય છે; તેથી અવયવો ધોળા થઈ જાય છે; બીજા વેગમાં બહુ ભાર લાગે છે, ત્રીજા વેગમાં દંશનો ક્લેદ થાય છે અને નાક, આંખ અને મો ગળે છે (સ્રાવ થાય છે); ચોથા વેગમાં માથું ભારે રહે છે અને મન્યાનો સ્તંભ થાય છે; પાંચમા વેગમાં શરીર ભાંગે છે અને ઠંડો તાવ આવે છે.

शेषयोः पूर्ववद्वदेत् ।

બાકીના બે (છઠ્ઠા અને સાતમા) વેગમાં પહેલાંના જેવાં (દર્વીકરના વિષના છઠ્ઠા અને સાતમા વેગ જેવાં) લક્ષણો કહેવાં.

કેટલા વેગ સુધી ઉપાય કરવા?

कुर्यात्पञ्चसु वेगेषु चिकित्सां, न ततः परम् ॥

પહેલા પાંચ વેગો દરમ્યાન ઉપાય કરવા, પછી (છઠ્ઠા અને સાતમા વેગોમાં) નહિ.

થોડા ઝેરવાળા સાપ

जलाप्लुता रतिक्षीणा भीता नकुलनिर्जिताः ।
शीतवातातपव्याधिक्षुत्तृष्णाश्रमपीडिताः ॥ २८ ॥
तूर्णं देशान्तरायाता विमुक्तचिरकञ्चुकाः ।
कुशौषधीकण्टकवद्ये चरन्ति च काननम् ॥२९॥
देशं च दिव्याध्युषितं सर्पास्तेऽल्पविषा मताः ।

પાણીમાં ઓળેલા, મૈથુન કરીને થાકેલા, બીનેલા, નોળિયાએ હરાવેલા; ટાઢ, પવન, તડકો, રોગ, ભૂખ, તરસ અને થાકથી પીડાયેલા, બીજા પ્રદેશમાંથી તરતના જ આવેલા, જેમણે કરડીને તરતમાં જ ઝેર કાઢવ્યું હોય એવા, જેમણે તરતમાં જ કાંચળી ઉતારી હોય એવા, જે ડાભ, ઔષધિ અને કાંટાવાળા વનમાં ફરતા હોય એવા અને દિવ્ય લોક રહેતા હોય તે પ્રદેશમાં જે ફરતા હોય એવા સાપ થોડા ઝેરવાળા હોય છે એવું મનાય છે.

અસાધ્ય

इमशानचितिचैत्यादौ पञ्चमीपक्षसन्धिषु ॥३०॥
अष्टमीनवमीसन्ध्यामध्यरात्रिदिनेषु च ।
याम्याग्नेयमघाश्लेषाविशाखापूर्वनैर्ऋते ॥ ३१ ॥
नैर्ऋताख्ये मुहूर्ते च दष्टं मर्मसु च त्यजेत् ।

સ્મશાન, ચિતા, યજ્ઞમંડપ વગેરે સ્થળે; પાંચમે, અમાસે, પૂનમે, આઠમે, નોમે; સંધ્યાકાળે, મધરાતે, બપોરે; ભરણી, કૃત્તિકા, મઘા, આશ્લેષા, વિશાખા, પૂર્વ (પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ) અને મૂળ–એટલાં નક્ષત્રોમાં; નૈર્ઋત નામના મુહૂર્તમાં (દિવસના બારમા મુહૂર્તમાં=સૂર્યોદય પછી ૮ કલાક ૪૮ મિનિટથી ૯ કલાક ૩૬ મિનિટ સુધીમાં) અને મર્મસ્થાનોમાં જેને સાપ કરડ્યો હોય તેને (અસાધ્ય સમજીને) છોડી દેવો.

दष्टमात्रः सितास्याक्षः शीर्यमाणशिरोरुहः ॥ ०
स्तब्धजिह्वो मुहुर्मूर्च्छन्
शीतोच्छ्वासो न जीवति ।

સાપ કરડે કે તરત જ જે માણસનાં મોં અને આંખ ધોળાં થઈ જાય, વાળ ખરી પડે, જીભ સજજડ થઈ જાય, જેને વારંવાર મૂર્છા આવે અને જેનો ઉચ્છ્વાસ ઠંડો હોય તે માણસ જીવતો નથી.

हिध्मा श्वासो वमिः कासो
दष्टमात्रस्य देहिनः ॥ ३३ ॥
जायन्ते युगपद्यस्य स हृच्छूली न जीवति ।

સાપ કરડે કે તરત જ જે માણસને એકસાથે હેડકી, હાંફ, ઊલટી, ઉધરસ અને હૃદયનું શૂળ એટલા ઉપદ્રવો થાય છે તે જીવતો નથી.

फेनं वमति निःसंज्ञः श्यावपादकराननः ॥३४॥
नासावसादो भङ्गोऽङ्गे
विड्भेदः श्लथसन्धिता ।
विषपीतस्य दष्टस्य दिग्धेनाभिहतस्य च ॥३५॥
भवन्त्येतानि रूपाणि सम्प्राप्ते जीवितक्षये ।

જેણે ઝેર પીધું હોય, જેને સાપ વગેરે કરડ્યાં હોય, જે ઝેર ચોપડેલા શસ્ત્ર કે અસ્ત્રથી ઘવાયો હોય, એ માણસને જો મોંએ ફીણ આવે, એ બેભાન થઈ જાય, એનાં પગ, હાથ અને મોં બદામી રંગનાં થઈ જાય, એનું નાક બેસી જાય, શરીર તૂટે, એને ઝાડો થઈ જાય, એના સાંધા ઢીલા થઈ જાય તો એ મરવાનું પાસે આવ્યું હોવાનાં લક્ષણો છે.

न नस्यैश्चेतना तीक्ष्णैर्न क्षतात् क्षतजागमः ॥
दण्डाहतस्य नो राजिः प्रयातस्य यमान्तिकम् ।

જે માણસ યમ પાસે જવાને ચાલી નીકળ્યો હોય (જે થોડા વખતમાં મરવાનો હોય) તેને તીક્ષ્ણ નસ્યથી ભાન આવતું નથી, એને ઘામાંથી લોહી નીકળતું નથી તથા એને લાકડી વાગવાથી સોળ પડતો નથી.

સાધ્ય વિષ મટાડવાના તાબડતોબ ઉપાય કરવા

अतोऽन्यथा तु त्वरया प्रदीप्तागारवद्भिषक् ॥३७
रक्षन् कण्ठगतान् प्राणान्
विषमाशु शमं नयेत् ।

પણ જો એવું ન હોય તો (અસાધ્ય ન હોય તો) સળગતા મકાનની માફક કંઠે આવેલા (નીકળી જવાને તૈયાર થયેલા) પ્રાણને બચાવી લેતા વૈદ્યે વિષનું એકદમ શમન કરવું.

એનું કારણ

मात्राशतं विषं स्थित्वा दंशे दष्टस्य देहिनः ॥३८॥
देहं प्रक्रमते धातून् रुधिरादीन् प्रदूषयन् ।

જેને સાપ વગેરે કરડ્યું હોય તેના ડંખમાં ઝેર એક સો માત્રા જેટલા સમય સુધી સ્થિર રહીને (પચ્યું રહીને), લોહી વગેરે ધાતુઓને બગાડતું બગાડતું શરીરમાં પ્રસરે છે.

સામાન્ય ચિકિત્સા

(શ્લોક ૩૯ થી ૫૫II)

एतस्मिन्नन्तरे कर्म दंशस्योत्कर्तनादिकम् ॥ ३९॥
कुर्याच्छीघ्रं यथा देहे विषवल्ली न रोहति ।

એટલી મુદ્દતમાં (કરડ્યા પછી સો માત્રા જેટલા વખતમા) ડંખવાળો ભાગ કાપી નાખવો, (ઝેર દબાવીને બહાર કાઢી નાખવું, ચૂસી લેવું) વગેરે ક્રિયા એવી ઝડપથી કરવી કે શરીરમા વિષરૂપી વેલો ઊગે નહિ.

दष्टमात्रो दशेदाशु तमेव पवनाशिनम् ॥ ४० ॥
लोष्टं महीं वा दशनैश्छित्त्वा चानु ससम्भ्रमम् ।
निष्ठीवेन समालिम्पेद्दंशं कर्णमलेन वा ॥ ४१ ॥

સાપ કરડે કે તરત એ કરડનાર સાપને જ બચકું ભરવું અથવા માટીનું ઢેફું કે જમીનને દાંતથી કાપીને પછી તરત જ ડંખ ઉપર મોંનું થૂક ચોપડવું અથવા ડંખ ઉપર કાનના મેલનો લેપ કરવો.

दंशस्योपरि बध्नीयादरिष्टां चतुरङ्गुले ।
क्षौमादिभिर्वेणिकया सिद्धैर्मन्त्रैश्च मन्त्रवित् ॥
अम्बुवत् सेतुबन्धेन बन्धेन स्तभ्यते विषम् ।
न वहन्ति सिराश्चास्य विषं बन्धाभिपीडिताः ॥४२

મંત્રવિદ્યા જાણનારે સિદ્ધ મંત્રો ભણીને ડંખથી ચાર આંગળ ઊંચે ક્ષૌમ વગેરે વસ્ત્રથી માથાના અંબોડાની માફક (પુષ્કળ આંટા મારીને) અરિષ્ટાબંધ બાધવા. પાણીની આડે બંધ (પાળ) બાંધવાથી જેમ પાણી આગળ વહેતુ રોકાય છે, તેમ આ પાટો બાંધવાથી ઝેર પ્રસરતું અટકી જાય છે અને પાટાથી ભિંસાઈ ગયેલી એની (દરદીની) શિરાઓ વિષને વહેતી નથી (ફેલાવતી નથી). (અરિષ્ટા–મંત્રીને કે દોરડાં વડે ઝેર પર પાટો બાંધવો તે–ચક્રપાણિદત્ત. મંત્ર ભણીને વસ્ત્ર વગેરેથી પાટો બાંધવો તે–ડલ્હણ).

निष्पीड्यानूद्धरेद्दंशं मर्मसन्ध्यगतं तथा ।
न जायते विषाद्वेगो बीजनाशादिवाङ्कुरः ॥४३

પછી જો ડંખ મર્મસ્થાનમાં કે સાંધામાં ન હોય તો દબાવીને (નીચોવીને) ડંખને (ડંખ માંના ઝેરને) બહાર કાઢી નાખવો. જેમ બીનો નાશ કરવાથી અંકુર ફૂટતો નથી તેમ એવું કરવાથી (ઝેરને બહાર કાઢી નાખવાથી) વિષનો વેગ ઉત્પન્ન થતો નથી.

दंशं मण्डलिनां मुक्त्वा पित्तलत्वादथापरम् ।
प्रतप्तैर्हेमलोहाद्यैर्दहेदाशूल्मुकेन वा ॥ ४५ ॥
करोति भस्मसात्सद्यो वह्निः किं नाम तु क्षतम् ।

મંડલી સાપનો દંશ પિત્ત કરે એવો હોવાથી મંડલી સાપના દંશ સિવાયના બીજા દંશ ઉપર તપાવેલું સોનું, લોઢું વગેરે કે બળતું લાકડું તરત ચાંપી દેવું દેવતા બધાને બાળીને ભસ્મ કરી નાખે છે, તો ક્ષત(ઘા)ને બાળીને ભસ્મ કરે એમાં તો નવાઈ જ શી!

आचूषेत् पूर्णवक्त्रो वा मृद्भस्मागदगोमयैः॥४६
प्रच्छायान्तररिष्टायां मांसलं तु विशेषतः ।
अङ्गं सहैव दंशेन लेपयेदगदैर्मुहुः ॥ ४७ ॥
चन्दनोशीरयुक्तेन सलिलेन च सेचयेत् ।

અથવા (જો દંશ પિત્ત કરે એવો હોય તો) વૈદે મોંમાં માટી, રાખ, અગદ અને છાણુ ભરીને અરિષ્ટા(શ્લોક ૪૧૩)ની વચ્ચે પ્રચ્છાન કરીને દંશને ચૂસી લેવો. માંસલ જગાએ દંશ હોય તો તો ખાસ કરીને આ રીતે દંશને ચૂસી લેવો. દંશ સાથે આસપાસના અંગ ઉપર વારંવાર અગદોના (ઉ. અ. ૩૫) લેપ કરવા અને સુખડ અને વીરણવાળો નાખેલા પાણી વડે વારંવાર સેચન કરવું.

विषे प्रविसृते विध्येत्सिरां सा परमा क्रिया ॥४८
रक्ते निर्ह्रियमाणे हि कृत्स्नं निर्ह्रियते विषम् ।

જો ઝેર શરીરમાં પ્રસરી ગયુ હોય તો ફસ ખોલવી, એ ઉત્તમ ક્રિયા છે; કારણ કે લોહી નીકળે તેની સાથે બધુ ઝેર નીકળી જાય છે.

સવિષ અને નિર્વિષ લોહી ઓળખવાની રીત

दुर्गन्धं सविषं रक्तमग्नौ चटचटायते ॥ ४९ ॥
यथादोषं विशुद्धं च पूर्ववल्लक्षयेदसृक् ।

ઝેરવાળું લોહી ગંધાય છે અને એને અગ્નિમાં નાખવાથી તડતડ અવાજ થાય છે (તડતડિયાં ઊડે છે). શુદ્ધ લોહી (ઝેર વિનાનું લોહી) અગાઉ કહેવાઈ ગયેલી રીતે (સૂ. ૨૭/૧, ૩૯થી ૪૧) દોષવાર લક્ષણો ઉપરથી ઓળખવું.

सिरास्वदृश्यमानासु योज्याः शृङ्गजलौकसः ॥५०

(સોજા વગેરે કારણસર) શિરાઓ ન દેખાતી હોય તો (લોહી કાઢવા માટે) રૂમડી અને જળોનો ઉપયોગ કરવો.

शोणितं स्रुतशेषं च प्रविलीनं विषोष्मणा ।
लेपसेकैः सुबहुशः स्तम्भयेद् भृशशीतलैः ॥५१॥

(ફસ ખોલીને, રૂમડીથી કે જળો મૂકીને) લોહી કાઢ્યા પછી બાકી રહી ગયેલા તથા ઝેરની ગરમીથી પાતળા બનેલા લોહીનું અનેક પુષ્કળ ઠંડાં લેપ અને સેચનથી સ્તંભન કરવું (ઠરી જઈને શરીરમાં પ્રસરે નહિ એવું કરવું).

अस्कन्ने विषवेगाद्धि मूर्च्छायमदहृद्‌द्रवाः ।
भवन्ति तान् जयेच्छीतैर्वीजेच्चारोमहर्षतः ॥

લોહી ઠરી (થીજી) ન જાય તો વિષના વેગને લીધે મૂર્છા, મદ અને હૃદ્દ્રવ થાય છે. રૂંવાડાં ઊભાં થઈ જાય ત્યાં સુધી ઠંડા ઉપાયો કરીને અને પંખો નાખીને એ ઉપદ્રવોને મટાડવા.

स्कन्ने तु रुधिरे सद्यो विषवेगः प्रशाम्यति ।

લોહી થીજી જાય તો વિષનો વેગ તરત શમી જાય છે.

હૃદયાવરણની ક્રિયા

विषं कर्षति तीक्ष्णत्वाद् हृदयं तस्य गुप्तये ॥५३॥
पिबेद् घृतं घृतक्षौद्रमगदं वा घृतप्लुतम् ।
हृदयावरणे चास्य श्लेष्मा हृद्युपचीयते ॥५४॥

વિષ તીક્ષ્ણ હોવાથી હૃદયનું કર્ષણ કરે છે. તેના રક્ષણ માટે (હૃદયનું કર્ષણ ન થવા દેવા માટે) ઘી, ઘી અને મધ કે ઘીમાં કાલવેલું અગદ પીવું. હૃદયનું આવરણ (રક્ષણ) થાય તો એનો (દરદીનો) કફ વધે છે. (તેથી ઝેરની તીક્ષ્ણતા હૃદય ઉપર માઠી અસર કરી શકતી નથી.)

प्रवृत्तगौरवोत्क्लेशहृल्लासं वामयेत्ततः ।
द्रवैः काञ्जिककौलत्थतैलमद्यादिवर्जितैः ॥५५॥
वमनैर्विषहृद्भिश्च नैवं व्याप्नोति तद्वपुः ।

પછી (કફ વધી પડવાથી) ભાર, ઉત્ક્લેશ અને હૃલ્લાસ એ ઉપદ્રવો શરૂ થાય તો દરદીને કાંજી, કળથીનો કવાથ વગેરે બનાવટો, તેલ, દારૂ વગેરે સિવાયનાં પ્રવાહી વમન ઔષધો વડે અને ઝેરને મટાડે એવાં ઔષધો વડે ઊલટીઓ કરાવવી. એમ કરવાથી તે (ઝેર) શરીરમાં પ્રસરતું નથી.

વિશેષ ચિકિત્સા

भुजङ्गदोषप्रकृतिस्थानवेगविशेषतः ॥५६॥
सुसूक्ष्मं सम्यगालोच्य
विशिष्टां चाचरेत्क्रियाम्

સાપ (કઈ જાતનો સાપ કરડ્યો છે), દોષ (કયો દોષ કોપ્યો છે), પ્રકૃતિ (દરદી કઈ પ્રકૃતિનો છે), સ્થાન (કયા પ્રદેશમાં સાપ કરડ્યો છે તથા મર્મસ્થાનમાં કરડ્યો છે કે નહિ), વેગ (વિષનો કેટલામો વેગ ચાલે છે) એ બધી વિશેષ બાબતો ઉપરથી બરાબર બહુ ઝીણો (ઊંડો) વિચાર કરીને તે તે પરિસ્થિતિ માટે યોગ્ય હોય એવી ખાસ ચિકિત્સા કરવી.

અગદો

દર્વીકરની ખાસ ચિકિત્સા

सिन्दुवारितमूलानि श्वेता च गिरिकर्णिका ॥५७॥
पानं दर्वीकरैर्दष्टे नस्यं मधु सपाकलम् ।

દર્વીકર સાપ કરડે ત્યારે નગોડનાં મૂળ અને ધોળી ગરણી એ બે ઔષધો પાવાં તથા ઉપલેટ અને મધનું નસ્ય આપવું.

कृष्णसर्पेण दष्टस्य लिम्पेद्दंशं हृतेऽसृजि ॥५८॥
चारटीनाकुलीभ्यां वा तीक्ष्णमूलविषेण वा ।
पानं च क्षौद्रमञ्जिष्ठागृहधूमयुतं घृतम् ॥५९॥

જેને કાળો (દર્વીકર) નાગ કરડ્યો હોય તેનું લોહી કાઢીને (ફસ ખોલીને) ડંખ ઉપર સ્થળકમળ અને બોરીંગણીનો અથવા તીક્ષ્ણ મૂળિયાંના વિષનો (=વછનાગ વગેરેનો) લેપ કરવો તથા મધ, મજીઠ અને ઘરનો ધુમાડો એ ત્રણ વસ્તુ ઘીમાં નાખીને એ ઘી પીવું.

મંડલીની ખાસ ચિકિત્સા

तन्दुलीयककाश्मर्यकिणिहीगिरिकर्णिकाः ।
मातुलुङ्गी सिता शेलुः पाननस्याञ्जनैर्हितः ॥६०॥
अगदः फणिनां घोरे विषे राजीमतामपि ।

તાંદળજો, શીવણનાં ફળ, અઘાડો, ગિરિકર્ણિકા (ગરણી), બિજોરું સાકર, ગૂંદા—એટલાં ઔષધો (ભેગાં કરીને) પીવાં, નસ્ય તરીકે

અને આંજવા માટે વાપરવાં એ રાજીમાન સાપના ઘોર વિષ માટે પણ અગદ છે. (તો બીજાં વિષ માટે હોય એમાં શી નવાઈ!)

समाः सुगन्धामृद्वीकाश्वेताख्यागजदन्तिकाः ॥६१
अर्धांशं सौरसं पत्रं कपित्थं बिल्वदाडिमम्।
सक्षौद्रो मण्डलिविषे विशेषादगदो हितः ॥६२॥

રાસ્ના, કાળી દ્રાક્ષ, ગરણી અને દંતીમૂળ એ ચાર ઔષધો વજનમાં સરખાં લેવાં. તુળસીપત્ર, કોઠું, બીલું અને દાડમ–એ ચાર ઔષધો ઉપરના ઔષધો કરતાં અડધાં લેવાં. એ બધાંને મધ સાથે ચાટવા, નસ્ય તરીકે વાપરવાં અને આંજવાં એ મંડલી સાપના ઝેર માટે નો ખાસ અગદ છે.

હિમવાન અગદ

पञ्चवल्कवरायष्टीनागपुष्पैलवालुकम्।
जीवकर्षभकौ शीतं सिता पद्मकमुत्पलम् ॥६३॥
सक्षौद्रो हिमवान्नाम हन्ति मण्डलिनां विषम्।
लेपाच्छ्वयथुवीसर्पविस्फोटज्वरदाहहा ॥६४॥

પંચવલ્કલ, ત્રિફળા, જેઠીમધ, નાગકેસર, ચણકબાબ, જીવક, ઋષભક, સુખડ, સાકર, પદ્મકાષ્ઠ, કાળું કમળ–એટલાં ઔષધોને મધમાં કાલવીને બનાવેલા આ હિમવાન નામના અગદનો લેપ કરવાથી મંડલી સાપનું ઝેર મટે છે તથા સોજો, રતવા, વિસ્ફોટ, તાવ અને ખજતરા મટે છે.

(પંચવલ્કલ=સરસડો, પીપળો, વડ, પીપર ને નેતર–એ પાંચ ઝાડની અંતરછાલ–અરુણદત્ત).

स्नर्यं वटशुङ्गानि जीवकर्षभकौ सिता।
श्रेष्ठा मधुकं चेति दष्टो मण्डलिना पिबेत् ॥६५॥

જેને મંડલી સાપ કરડયો હોય તેણે શીતળ-ફળ, વડની વડવાઈ, જીવક, ઋષભક, કર, મજીઠ, જેઠીમધ–એટલાં ઔષધ પીવાં.

અષ્ટાંગ અગદ

…र्वबीजकटुकापाटलीबीजनागरम्।
…शरीषबीजातिविषे मूलं गावेधुकं वचा ॥६६॥
पिष्टो गोवारिणाऽष्टाङ्गो हन्ति गोनसजं विषम्।

વાંસની છાલ, વાસનાં બી, કડુ, પાડળનાં બી, સૂંઠ, સરસડાનાં બી, અતિવિષની કળી, ગવેધુકનાં મૂળ અને વજ–એટલાં ઔષધોને ગાયના મૂતર સાથે લસોટીને તૈયાર કરેલું અષ્ટાંગ અગદ (પીવા વગેરે ક્રિયા કરવાથી) ગોનસ સાપના ઝેરને મટાડે છે (ગોનસ=૧. તાપથી તપી ગયેલી ગાયના નાકમાંથી ઉત્પન્ન થતો–ઇંદુ. ૨. ફેણ વિનાના મંડળી સાપ–શિવદાસ સેન.)

રાજીમાનની ખાસ ચિકિત્સા

कटुकातिविषाकुष्ठगृहधूमहरेणुकाः ॥६७॥
सक्षौद्रव्योषतगरा घ्नन्ति राजीमतां विषम्।

કડુ, અતિવિષની કળી, ઉપલેટ, ઘરનો ધુમાડો, રેણુકબીજ, મધ, ત્રિકટુ અને તગર રાજીમાન સાપનું ઝેર મટાડે છે.

કાંડચિત્રાની ખાસ ચિકિત્સા

निखनेत्काण्डचित्राया दंशं यामद्वयं भुवि ॥६८॥
उद्धृत्य प्रच्छितं सर्पिर्धान्यमृद्भ्यां प्रलेपयेत्।
पिबेत्पुराणं च घृतं वराचूर्णावचूर्णितम् ॥६९॥
जीर्णे विरिक्तो भुञ्जीत यवान्नं सूपसंस्कृतम्।

કાંડચિત્ર નામની સાપણના ડંખવાળા શરીરના ભાગને છ કલાક સુધી જમીનમાં દાટી રાખવો. પછી એને બહાર કાઢીને એ ભાગનું પ્રચ્છાન કરીને એના ઉપર ઘી અને અનાજના મૂળને ચોંટેલી માટી વડે લેપ કરવો. જૂના ઘીમાં ત્રિફળાનું ચૂર્ણ નાખીને પીવું. એ ઘી પચી જાય ત્યારે વિરેચન લઈને જુલાબ થઈ ગયા પછી સૂપ નાખીને જવનું અન્ન ખાવું. (અહીં સૂપ=રાઈતું, છાશમાં કરેલું અથાણું–ઇંદુ.)

વ્યંતર સર્પની ખાસ ચિકિત્સા

करवीरार्ककुसुममूललाङ्गलिकाकणाः ॥७०॥
कल्कयेदारनालेन पाठामरिचसंयुताः।
एष व्यन्तरदष्टानामगदः सार्वकार्मिकः ॥७१॥

કણેરના અને આકડાનાં ફૂલ અને મૂળ, રતવેલિયો, પીપર, કાળી પાડળ અને મરી–એટલાં ઔષધોનો આરનાલ સાથે કલ્ક કરવો. જેને વ્યંતર સાપ (શ્લોક ૭, ૭½) કરડયો હોય તેને માટે આ કલ્ક બધા (પીવાના, નસ્યના, અંજનના) કામમાં આવે એવું

અગદ છે.

शिरीषपुष्पस्वरसे सप्ताहं मरिचं सितम् ।
भावितं सर्पदष्टानां पाननस्याञ्जने हितम् ॥७२॥

જેને સાપ કરડયો હોય તેને સરસડાના ફૂલના સ્વરસમાં સાત દિવસ સુધી ભાવના દીધેલાં ધોળા મરી પાવાથી અને આંજવાથી ફાયદો થાય છે. (સિતમરિચ=૧ ધોળાં મરી, ૨ સરગવાનાં બી.)

તક્ષક નાગ કરડ્યો હોય તેને પણ સુખ થાય એવું ઔષધ

द्विपलं नतकुष्ठाभ्यां घृतक्षौद्रं चतुष्पलम् ।
अपि तक्षकदष्टानां पानमेतत्सुखप्रदम् ॥७३॥

તગર અને ઉપલેટ મળીને બે પલ, ઘી અને મધ મળીને ચાર પલ–એ રીતે છ પલ પીવાથી તક્ષક નાગ જેને કરડયો હોય તેને પણ સુખ મળે છે (મટી જાય છે).

દર્વીકરના વિષની વેગવાર ચિકિત્સા

अथ दर्वीकृतां वेगे पूर्वे विस्राव्य शोणितम् ।
अगदं मधुसर्पिर्भ्यां संयुक्तं त्वरितं पिबेत् ॥७४॥

હવે દર્વીકર સાપના વિષના પહેલા વેગમાં ફસ ખોલીને લોહી કાઢીને પછી તરત ઘી અને મધ સાથે (દર્વીકર માટેનું) અગદ પીવું.

द्वितीये वमनं कृत्वा तद्वदेवागदं पिबेत् ।

બીજા વેગમાં વમન કરીને એ જ પ્રમાણે (ઘી અને મધ સાથે) અગદ પીવું.

विषापहे प्रयुञ्जीत तृतीयेऽञ्जननावने ॥ ७५ ॥

ત્રીજા વેગનાં વિષનો નાશ કરે એવા અંજન અને નસ્ય આપવાં.

पिबेच्चतुर्थे पूर्वोक्तां यवागूं वमने कृते ।

ચોથા વેગમાં વમન કરીને પછી અગાઉ કહેવાઈ ગયેલી (ઉ. ૩૫/૨૦થી ૨૨વાળી) યવાગૂ પીવી.

पञ्चषष्ठयोः शीतैर्दिग्धं सिक्तमभीक्ष्णशः ॥७६॥
पाययेद्वमनं तीक्ष्णं यवागूं च विषापहैः ।

પાંચમા અને છઠ્ઠા વેગમા દરદીને વારંવાર શીતવીર્ય દ્રવ્યોનો લેપ કરીને અને એ દ્રવ્યો વડે સેચન કરીને પછી તીક્ષ્ણ વમન ઔષધ પાઈને ઊલટીઓ કરાવીને પછી ઝેરનો નાશ કરે એવાં દ્રવ્યોથી બનાવેલી યવાગૂ (ઉ. ૩૫/૨૦થી ૨૨વાળી) પાવી.

अगदं सप्तमे तीक्ष्णं युञ्ज्यादञ्जननस्ययोः ॥ ७७ ॥
कृत्वाऽवगाढं शस्त्रेण मूर्ध्नि काकपदं ततः ।
मांसं सरुधिरं तस्य चर्म वा तत्र निक्षिपेत् ॥७८

સાતમા વેગમાં તીક્ષ્ણ અગદનાં અંજન અને નસ્યની ક્રિયા કરવી. પછી શસ્ત્ર વડે માથામાં ઊંડું કાકપદ (કાગડાના પગલા જેવા આકારનો છેદ) કરીને તેમાં લોહીભર્યું માંસ અથવા લોહીવાળી ચામડી મૂકવી (ખોસવી).

મંડલીના વેગોના ઉપાય

तृतीये वमितः पेयां वेगे मण्डलिनां पिबेत् ।

(પહેલા અને બીજા વેગ માટે જુઓ શ્લોક ૮૧.)

મંડલીના વિષના ત્રીજા વેગમાં વમન કરીને પછી પેયા પીવી.

अतीक्ष्णमगदं षष्ठे गणं वा पद्मकादिकम् ॥७९॥

(ચોથા અને પાંચમા વેગ માટે જુઓ શ્લોક ૮૧.)'

છઠ્ઠા વેગમાં તીક્ષ્ણ ન હોય એવું (મંડલીના વિષ માટેનું) અગદ કે પદ્મકાદિ ગણનાં ઔષધો (પીવા વગેરે માટે) વાપરવાં.

રાજીમાનના વેગોના ઉપાય

आद्येऽवगाढं प्रच्छाय वेगे दष्टस्य राजिलैः ।
अलाबुना हरेद्रक्तं पूर्ववच्चागदं पिबेत् ॥ ८० ॥

જેને રાજીમાન સાપ કરડ્યો હોય તેના વિષના પહેલા વેગમાં ડંખવાળા ભાગ ઉપર ઊંડું પ્રચ્છાન કરીને પછી તૂમડી વડે લોહી કાઢવું અને પહેલાના જેવું (તીક્ષ્ણ ન હોય એવું, રાજીમાનના વિષ માટેનું) અગદ પીવું.

षष्ठेऽञ्जनं तीक्ष्णतममवपीडं च योजयेत् ।

(બીજાથી પાંચમા તથા સાતમા વેગ માટે જુઓ શ્લોક ૮૧.)

રાજીમાનના વિષના છઠ્ઠા વેગમા તીક્ષ્ણમાં તીક્ષ્ણ અંજન અને અવપીડ નસ્યની ક્રિયા કરવી.

अनुक्तेषु च वेगेषु क्रियां दर्वीकरोदिताम् ॥ ८१॥

જે વેગ માટે જુદી ક્રિયા કહી નથી તે વેગ માટે દર્વીકરના વિષના એટલામા વેગની ક્રિયા કરવી.

ગર્ભિણી, બાળક અને વૃદ્ધની ચિકિત્સા

गर्भिणीबालवृद्धेषु मृदुं, विध्येत्शिरां न च ।

ગર્ભિણી, બાળક અને વૃદ્ધને હળવા ઉપાય કરવા (આકરા ઉપાય કરવા નહિ), તથા એમની ફસ ખોલવી નહિ.

બધાં વિષનું રામબાણ અગદ (વજ્રચૂર્ણ)

त्वङ्मनोह्वा निशे वक्रं रसः शार्दूलजो नखः ॥८२
तमालः केसरं शीतं पीतं तन्दुलवारिणा ।
हन्ति सर्वविषाण्येतद्वज्रं वज्रमिवासुरान् ॥ ८३ ॥

તજ, મણશીલ, હળદર, દારુહળદર, તગર, હીરાબોળ, વાઘનો નખ, તમાલપત્ર, કેસર અને સુખડ–એટલાં ઔષધોના ચૂર્ણને વજ્રચૂર્ણ કહેવામાં આવે છે. જેમ વજ્ર અસુરોનો નાશ કરે છે તેમ એ વજ્રચૂર્ણ પીવાથી બધાં ઝેરનો નાશ થાય છે.

बिल्वस्य मूलं सुरसस्य पुष्प
फलं करञ्जस्य नतं सुराह्वम् ।
फलत्रिकं व्योषनिशाद्वयं च
बस्तस्य मूत्रेण सुसूक्ष्मपिष्टम् ॥८४॥
भुजङ्गलूतोन्दुरवृश्चिकाद्यै-
र्विसूचिकाजीर्णगरज्वरैश्च ।
आर्तान्नरान् भूतविधर्षितांश्च
स्वस्थीकरोत्यञ्जनपाननस्यैः ॥ ८५ ॥

બીલીના ઝાડનું મૂળ, તુળસીનું ફૂલ (માંજર), કણજીનું ફળ, તગર, દેવદાર, ત્રિફળા, ત્રિકટુ, હળદર, દારુહળદર–એટલાં ઔષધોને બકરીના મૂત્રમાં ખૂબ બારીક લસોટીને આંખમાં આંજવાથી, પીવાથી અને નસ્ય લેવાથી સાપ, કરોળિયા, ઉંદર, વીંછી વગેરે (કરડવા)થી પીડાતા; કોગળિયું (અં. કોલેરા), અજીર્ણ, ગર અને તાવથી પીડાતા; અને ભૂતના વળગાડવાળા માણસો સ્વસ્થ (સાજા) થાય છે.

ડંખમાં પણ ઝેર રહી જાય તો શું થાય?

प्रलेपाद्यैश्च निःशेषं दंशादप्युद्धरेद्विषम् ।
भूयो वेगाय जायेत शेषं दूषीविषाय वा ॥८६॥

જાડા લેપ વગેરે કરીને ઝેરને પૂરેપૂરું ડંખમાંથી પણ કાઢી નાખવું (એવું કાઢી નાખવું કે શરીરમાં તો શું પણ ડંખમાંયે ન રહી જાય), કારણ કે શરીરમાં બાકી રહી ગયેલા વિષના ફરીથી વેગ આવે છે કે એનું દૂષીવિષ બની જાય છે.

ઝેર નીકળી ગયા પછી કરવાના દોષોના પ્રકોપના ઉપાય

विषापायेऽनिलं क्रुद्धं स्नेहादिभिरुपाचरेत् ।
तैलमद्यकुलत्थाम्लवर्ज्यैः पवननाशनैः ॥ ८७ ॥
पित्तं पित्तज्वरहरैः कषायस्नेहबस्तिभिः ।
समाक्षिकेण वर्गेण कफमारग्वधादिना ॥ ८८ ॥

ઝેર નીકળી રહ્યા પછી, જો વાયુ કોપ્યો હોય તો તેલ, દારૂ, કળથી અને ખટાશ–એ ચાર જેમાં ન હોય એવા, વાયુ મટાડે એવા સ્નેહ વગેરેથી ઉપાય કરવા; પિત્ત કોપ્યું હોય તો પિત્તજ્વરને મટાડે એવા કવાથો અને સ્નેહબસ્તિઓ આપવારૂપી ઉપાય કરવા અને જો કફ કોપ્યો હોય તો આરગ્વધાદિ વર્ગના ઔષધોને મધ સાથે વાપરીને (ચૂર્ણને મધ સાથે ચટાડીને કે ઠંડા પડેલા કવાથમાં મધ નાખીને પાઈને) કફના ઉપાય કરવા.

સર્પાંગાભિહત અને શંકાવિષના ઉપાય

सिता वेगन्धिको द्राक्षा पयस्या मधुकं मधु ।
पानं समन्त्रपूताम्बु प्रोक्षणं सान्त्वहर्षणम् ॥८९॥
सर्पाङ्गाभिहते युञ्ज्यात्तथा शङ्काविषार्दिते ।

સાકર, ત્રિજાતક, કાળી દ્રાક્ષ, ક્ષીરકાકોલી, જેઠીમધ, અને મધ એટલી વસ્તુઓને મંત્રથી પવિત્ર કરેલા પાણી સાથે પીવી, એ ઔષધોવાળું પાણી મંત્રીને છાંટવું તથા દરદીને હિંમત આપવી અને આનંદમાં રાખવો–એટલું જેના શરીરને સાપ અડકયો હોય (કે ઘસાયો હોય) તથા જે શંકાવિષથી પીડાતો હોય તેને કરવું.

શરીરે પહેરવાની વસ્તુઓ

कर्केतनं मरकतं वज्रं वारणमौक्तिकम् ॥ ९० ॥
वैडूर्यं गर्दभमणिं पिचुकं विषमूषिकाम् ।
हिमवद्गिरिसम्भूतां सोमराजीं पुनर्नवाम् ॥ ९१ ॥
तथा द्रोणीं महाद्रोणीं मानसीं सर्पजं मणिम् ।
विषाणि विषशान्त्यर्थं वीर्यवन्ति च धारयेत् ॥९२

પીરોજા મણિ, પન્નો, હીરો, હાથીના કુંભસ્થળમાંથી નીકળતું મોતી, લસણિયો મણિ,

ગર્દભમણિ, મીંઢળ, વિષમૂષિકા, ધોળી વજ, બાવચી, માનસ સરોવર ઉપર ઊગેલો કૂબો અને મોટો કૂબો, નાગની ફેણમાંથી નીકળેલું મણિ અને વીર્યવાળાં (બહુ અસર કરે એવાં) વિષ-એટલી વસ્તુઓ વિષને શાંત કરવા માટે શરીરે (હાથે, પગે, માથે, ગળામાં) પહેરવી.

સાપ ન કરડે તે માટે રાખવાની સાવચેતી

छत्री झर्झरपाणिश्च चरेद्रात्रौ विशेषतः।
तच्छायाशब्दवित्रस्ताः प्रणश्यन्ति भुजङ्गमाः।

ખાસ કરીને રાત્રે માથે છત્રી ઓઢીને અને હાથમાં ઘૂઘરાવાળી (ખખડતી) લાકડી રાખીને ફરવું. એની (છત્રીની) છાયાથી અને (લાકડીના) ખખડાટથી બીનેલા સાપ નાસી જાય છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने सर्पविषप्रतिषेधो नाम षट्त्रिंशोध्यायः ॥ ३६ ॥

અધ્યાય ૩૭ મો—કીડા, કરોળિયા વગેરેના ઝેરના ઉપાય

अथातः कीटलूतादिविषप्रतिषेधं व्याख्यास्यामः।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः।

ત્યારે હવે અમે કીટ (કીડા), લૂતા (કરોળિયા) વગેરેના ઝેર મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છેઃ

ચાર પ્રકારના કીટ

सर्पाणामेव विण्मूत्रशुक्राण्डशवकोथजाः।
दोषैर्व्यस्तैः समस्तैश्च युक्ताः कीटाश्चतुर्विधाः॥

સાપનાં જ ઝાડો, પેશાબ, વીર્ય, ઈંડું, મડદું—એ બધાંના કોહવાટમાંથી જન્મેલા કીટ છૂટાછૂટા ત્રણ દોષોના ત્રણ અને ત્રિદોષનો એક એમ કુલ ચાર પ્રકારના હોય છે.

ચાર પ્રકારના કીટના દંશનાં લક્ષણ

दष्टस्य कीटैर्वाय्व्यैर्दंशस्तोदरुजोल्बणः।

જેનામાં વાયુ વધારે હોય એવો કીટ જેને કરડ્યો હોય તેને પહેલા ડંખમાં તોદ અને પીડા પુષ્કળ થાય છે.

आग्नेयैरल्पसंस्रावो दाहरागविसर्पवान्॥ २॥
पक्वपीलुफलप्रख्यः खर्जूरसदृशोऽथवा।

જેનામાં પિત્ત વધારે હોય એવો કીટ જેને કરડ્યો હોય તેને ડંખમાંથી થોડો સ્રાવ થાય છે; ડંખમાં દાહ, રતાશ અને વિસર્પ થાય છે; ડંખ પાકા પીલુડાના ફળ જેવો અથવા ખજૂર જેવો હોય છે.

कफाधिकैर्मन्दरुजः पक्वोदुम्बरसन्निभः॥ ३॥

કફ જેનામાં વધારે હોય એવો કીટ જેને કરડ્યો હોય તેના ડંખમાં મંદમંદ પીડા થાય છે અને ડંખ પાકા ઉમેડાના ફળ જેવો હોય છે.

स्रावाढ्यः सर्वलिङ्गस्तु विवर्ज्यः सान्निपातिकैः।

જેનામાં ત્રણે દોષ વધારે હોય (કોપેલા હોય) એવો કીટ જેને કરડ્યો હોય, તેના ડંખમાં ત્રણે છૂટાછૂટા દોષના દંશનાં લક્ષણો ભેગાં હોય છે તથા એના ડંખમાંથી પુષ્કળ સ્રાવ થાય છે. એ અસાધ્ય છે.

वेगाश्च सर्पवच्छोफो वर्धिष्णुर्विस्ररक्तता॥४॥
शिरोक्षिगौरवं मूर्च्छा भ्रमः श्वासोऽतिवेदना।

સાપના વિષના વેગોના જેવા ત્રિદોષના કીટના વિષના પણ વેગો આવે છે; સોજો વધે છે, લોહી ગંધાય છે, માથું અને આંખ ભારે થઈ જાય છે, મૂર્છા આવે છે, ફેર આવે છે, હાંફ ચડે છે અને ઘણી પીડા થાય છે.

ચારે પ્રકારના કીટના દંશના સામાન્ય ઉપદ્રવો

सर्वेषां कर्णिका शोफो ज्वरः कण्डूररोचकः॥५॥

બધા કીટના ડંશમાં માંસનો મસો થાય, સોજો, તાવ અને ખણુજ આવે અને અરુચિ થાય.

વીંછીના ઝેરનાં લક્ષણ

वृश्चिकस्य विषं तीक्ष्णमादौ दहति वह्निवत्।
ऊर्ध्वमारोहति क्षिप्रं दंशे पश्चात्तु तिष्ठति॥ ६॥
दंशः सद्योऽतिरुक् श्यावस्तुद्यते स्फुटतीव च।

વીંછીનું ઝેર તીક્ષ્ણ છે. એ શરૂઆતમાં દેવતાની માફક બળે છે (ડંખમાં અગન ઊઠે છે), એ ઝડપથી ઊંચું ચડે છે અને પછી ડંખમાં આવીને સ્થિર થાય છે. વીંછીએ જ્યાં ડંખ માર્યો હોય ત્યાં એકદમ બહુ પીડા થાય

છે, એ ભાગ બદામી રંગનો થઈ જાય છે, ત્યાં તોદ થાય છે અને જાણે ચિરાતું હોય એવુ થાય છે.

શામાંથી પેદા થયેલા વીંછીનું ઝેર કેવું હોય છે?

ते गवाहिशकृत्कोथाद्विग्धदष्टादिकोथतः ॥ ७ ॥
सर्पकोथाच सम्भूता मन्दमध्यमहाविषाः ।

ગાય વગેરેના છાણ(વિષ્ટા)ના કહોવાટમાંથી ઉત્પન્ન થયેલા વીંછીઓનુ ઝેર ધીમું હોય છે; ઝેર ચોપડેલું શસ્ત્ર વાગ્યું હોય તે ભાગમા અથવા સાપ કરડ્યો હોય તે ભાગમાં થયેલા વગેરે કહોવાટમાંથી ઉત્પન્ન થયેલા વીંછીઓનું ઝેર સાધારણ હોય છે અને સાપના કહોવાટમાંથી ઉત્પન્ન થયેલા વીંછીઓનું ઝેર ઉગ્ર હોય છે.

મંદ વિષવાળા વીંછીનાં લક્ષણ

मन्दाः पीताः सिताः श्यावा रूक्षाः कर्बुरमेचकाः ॥
रोमशा बहुपर्वाणो लोहिताः पाण्डुरोदराः ।

મંદ વિષવાળા વીંછી પીળા, ધોળા, બદામી રંગના, લુખા, કાબરચીતરા, કાળા, રૂંવાડાંવાળા, બહુ પર્વવાળા, લાલ. અને ધોળા પેટવાળા હોય છે.

સામાન્ય વિષવાળા વીંછીનાં લક્ષણ

धूम्रोदरास्त्रिपर्वाणो मध्यास्तु कपिलारुणाः ॥९॥
पिशङ्गाः शबलाश्चिनाः शोणिताभा

સામાન્ય વિષવાળા વીંછી ધુમાડા જેવા રંગના પેટવાળા, ત્રણ પર્વવાળા, પીળચટ્ટા અને આછા લાલ રંગના હોય છે.

ઉગ્ર વિષવાળા વીંછીનાં લક્ષણ

महाविषाः ।
अग्न्याभा द्व्येकपर्वाणो रक्तासितसितोदराः ॥१०॥

ઉગ્ર વિષવાળા વીંછી દેવતા જેવા રંગના, એક કે બે પર્વવાળા; લાલ, કાળા કે ધોળા પેટવાળા હોય છે.

ઉગ્ર વિષવાળો વીંછી કરડે તો શું થાય?

तैर्दष्टः शूनरसनः स्तब्धगात्रो ज्वरार्दितः ।
खैर्वमन् शोणितं कृष्णमिन्द्रियार्थानसंविदन् ॥
स्विद्यन् मूर्च्छन् विशुष्कास्यो विह्वलो वेदनातुरः ।
विशीर्यमाणमांसश्च प्रायशो विजहात्यसून् ॥ १२ ॥

એમના (ઉગ્ર વિષવાળા વીંછી) વડે કરડાયેલા માણુસની જીભ સૂજી જાય છે, શરીર સજડ થઈ જાય છે, એને તાવ આવે છે, એનાં રૂંવાડેરૂંવાડે (કે નાક, કાન, મો વગેરે ઓનોમાંથી) કાળું લોહી નીકળે છે, ઇંદ્રિયો પોતાના વિષયનો અનુભવ કરી શકતી નથી, પરસેવો થાય છે, મૂર્ચ્છા આવે છે, મોં સુકાઈ જાય છે. બહાવરો બને છે, પીડાને લીધે અધીરો બને છે, એનું માસ છિન્નભિન્ન થતુ જાય છે. આવો માણસ સામાન્ય રીતે મરી જાય છે.

ઉચ્ચિટિંગ(ઉષ્ટ્રધૂમ. રાત્રિક)ના દંશનાં લક્ષણ

उच्चिटिङ्गस्तु वक्त्रेण दशत्यभ्यधिकव्यथः ।
साध्यतो वृश्चिकात् स्तम्भं शेफसो हृष्टरोमताम् ॥ १३ ॥
करोति सेकमङ्गानां दंशः शीताम्बुनेव च ।
उष्ट्रधूमः स पर्वोक्तो रात्रिचाराच रात्रिकः ॥१४

પણ ઉચ્ચિટિંગ વીંછી મોંથી કરડે છે. મટી શકે એવો વીંછી કરડયાની વેદના કરતા એની વેદના વધારે હોય છે (પણ મહાવિષ. વીછીની વેદના કરતા ઓછી હોય છે), એ કરડે ત્યારે મૂત્રેંદ્રિય અક્કડ થઈ જાય છે, વાળ ખડા થઈ જાય છે, જાણે અવયવો ઉપર ઠંડું પાણી રેડાતું હોય એવું થાય છે. એને (ઉચ્ચિટિંગને) જ ઉષ્ટ્રધૂમ કહે છે અને એ રાતે ફરનો હોવાથી એને રાત્રિક પણ કહે છે.

કોના ઝેરમાં કયો દોષ વધારે હોય છે?

वातपित्तोत्तराः कीटाः,
श्लैष्मिकाः कणभोन्दुराः ।
प्रायो वातोल्वणविषा वृश्चिकाः सोष्ट्रधूमकाः ॥

કીટમાં (કીટના ઝેરમાં) વાયુ અને પિત્ત વધારે હોય છે, કણભ નામના કીટ અને ઉંદરના ઝેરમાં કફ વધારે હોય છે, વીંછીના અને ઉષ્ટ્રધૂમકના ઝેરમાં સામાન્ય રીતે વાયુ વધારે હોય છે.

ઉપાય શી રીતે કરવા?

यस्य यस्यैव दोषस्य लिङ्गाधिक्यं प्रतर्कयेत् ।
तस्य तस्यौषधैः कुर्याद्विपरीतगुणैः क्रियाम् ॥

જે જે દોષનાં લક્ષણ (શ્લોક ૧૬૬થી ૧૯) વધારે જણાય તે તે દોષથી વિરુદ્ધ ગુણવાળાં ઔષધો વડે ઉપચાર કરવા.

વિષમ કયો દોષ વધારે હોય તો શાં શાં લક્ષણો થાય?

हृत्पीडोर्ध्वानिलस्तम्भः शिरायामोऽस्थिपर्वरुक् ।
घूर्णनोद्वेष्टनं गात्रश्यावता वातिके विषे ॥१७॥

વિષમાં વાયુ વધારે હોય તો હૃદયમાં પીડા થાય, વાયુ ઊંચો ચઢે, સ્તંભ થાય, શિરાઓ ફૂલી જાય, હાડકાંમાં અને પર્વમાં પીડા થાય, ઝોકાં આવે છે, ઉદ્વેષ્ટન થાય અને શરીરનો રંગ શ્યામ થાય.

संज्ञानाशोष्णनिश्वासौ हृद्दाहः कटुकास्यता ।
मांसावदरणं शोफो रक्तपीतश्च पैत्तिके ॥१८॥

વિષમા પિત્ત વધારે હોય તો ભાન જતું રહે છે, નિશ્વાસ ગરમ હોય છે, હૃદયમાં બળે છે, મો તીખું રહે છે, માંસ જાણે ચિરાતું હોય એવુ થાય છે તથા રાતો કે પીળો સોજો આવે છે.

छर्द्यरोचकहृल्लासप्रसेकोत्क्लेशपीनसैः ।
सशैत्यमुखमाधुर्यैर्विद्याच्छ्लेष्माधिकं विषम् ॥

ઊલટી, અરુચિ, હૃલ્લાસ, લાળ પડે, ઉત્ક્લેશ, સળેખમ, ટાઢ વાય, મો ગળ્યું રહે-એટલા ઉપદ્રવો ઉપરથી સમજવું કે ઝેરમાં કફ વધારે છે.

દોષવાર ઉપાય

पिण्याकेन व्रणालेपस्तैलाभ्यङ्गश्च वातिके ।
स्वेदो नाडीपुलाकाद्यैर्बृंहणश्च विधिर्हितः ॥२०॥

જો વિષમાં વાયુ વધારે હોય તો ડંખના વ્રણ ઉપર ખોળનો લેપ કરવો, તેલ ચોપડવું; નાડીસ્વેદ, પુલાકસ્વેદ વગેરે પ્રકારના શેક કરવા અને બૃંહણનો વિધિ (સૂ. ૧૪/૯,૯૬) કરવો એ હિતકર છે.

पैत्तिकं स्तम्भयेत्सेकैः प्रदेहैश्चातिशीतलैः ।

જો વિષમાં પિત્ત વધારે હોય તો ખૂબ ઠંડાં સેચનો વડે અને ખૂબ ઠંડા જાડા લેપો વડે વિષનું સ્તંભન કરવું.

लेखनच्छेदनस्वेदवमनैः श्लैष्मिकं जयेत् ॥२१॥

જો વિષમા કફ વધારે હોય તો લેખન, છેદન, સ્વેદન અને વમન એ ચાર ક્રિયાઓ વડે એ કફવાળા વિષને મટાડવુ.

સ્વેદન, લેપ અને સેચન સશેકાં ક્યારે કરવાં?

कीटानां त्रिप्रकाराणां त्रैविध्येन क्रिया हिता ।
स्वेदालेपनसेकांस्तु कोष्णान् प्रायोऽवचारयेत् ॥२२॥
अन्यत्र मूर्च्छिताद्दंशपाकतः कोथतोऽथवा ।

(કફના, પિત્તના અને વાયુના) ત્રણ પ્રકારની કીટની ત્રણ પ્રકારની પોતપોતાની જુદી-જુદી ક્રિયા કરવી એ હિતકર છે. પણ જો મૂર્છા ન આવી હોય, ડંખ પાકતો ન હોય અથવા સડતો ન હોય તો સામાન્ય રીતે ત્રણ દોષના કીટમા સ્વેદન, લેપ અને સેચન સશેકાં કરવાં. (ત્રિદોષના કીટ કરડે તે અસાધ્ય હોવાથી એ ચોથા પ્રકારના કીટની ચિકિત્સા કરવાની હોતી નથી).

બધા ઝેરી ડંખનો ઉત્તમ ઉપાય

नृकेशाः सर्षपाः पीता गुडो जीर्णश्च धूपनम् ॥२३
विषदंशस्य सर्वस्य काश्यपः परमब्रवीत् ।

માણસના વાળ, પીળા સરસવ અને જૂનો ગોળ એ ત્રણ વસ્તુઓ વડે ઝેરી ડંખવાળા ભાગને ધૂપ દેવો. એ બધી જાતના ઝેરી ડંખ માટે ઉત્તમ છે એવું ભગવાન કાશ્યપ કહી ગયા છે.

विषघ्नं च विधिं सर्वं कुर्यात्संशोधनानि च ॥२४॥

વળી વિષનો નાશ કરે એવો બધો વિધિ (ક્રમ) તથા સંશોધનો કરવા.

ઉગ્ર ઝેરવાળા કીડા અને વીંછી કરડ્યાના ઉપાય

साधयेत्सर्पवद्दष्टान् विषोग्रैः कीटवृश्चिकैः ।

જેનું ઝેર ઉગ્ર હોય એવા કીડા કે વીંછી જેને કરડ્યા હોય તેને સાપ કરડ્યા જેવી ચિકિત્સા (ઉપાય) કરીને મટાડવું.

तन्दुलीयकतुल्यांशां त्रिवृतां सर्पिषा पिबेत् ॥२५
याति कीटविषैः कम्पं न कैलास इवानिलैः ।

તાંદળજા જેટલું નસોતર અને તાંદળજો ઘી સાથે પીવાં. એમ કરવાથી જેમ પવનોથી કૈલાસને ક્ષોભ થતો નથી, તેમ કીડાનાં વિષોથી માણસને ક્ષોભ થતો નથી.

क्षीरिवृक्षत्वगालेपः शुद्धे कीटविषापहः ॥२६॥

શોધન થઈ રહ્યા પછી ક્ષીરીવૃક્ષોની અંતર્છાલનો લેપ કરવાથી કીડાનું ઝેર મટી જાય છે.

मुक्तालेपो वरः शोफतोददाहज्वरप्रणुत् ।

સોજો, તોદ, બળતરા અને તાવ-એટલા ઉપદ્રવો મટાડે એવો (મટાડવા માટે) મોતીનો લેપ ઉત્તમ છે.

દશાંગ અગદ

वचा हिङ्गु विडङ्गानि सैन्धवं गजपिप्पली ॥२७॥
पाठा प्रतिविषा व्योषं काश्यपेन विनिर्मितम् ।
दशाङ्गमगदं पीत्वा सर्वकीटविषं जयेत् ॥२८॥

વજ, હિંગ, વાવડિંગ, સેંધવ, ગજપીપર, કાળીપાડ, અતિવિષની કળી, ત્રિકટુ (સૂંઠ, મરી અને પીપર) એ દશ અંગનું બનેલું ભગવાન કાશ્યપે નિર્માણ કરેલું અગદ પીને બધા કીડાનું ઝેર મટાડવું.

વીંછી કરડ્યાના ઉપાય

सद्यो वृश्चिकजं दंशं चक्रतैलेन सेचयेत् ।
विदारिगन्धासिद्धेन कवोष्णेनेतरेण वा ॥२९॥
लवणोत्तमयुक्तेन सर्पिषा वा पुनः पुनः ।
सिञ्चेत्कोष्णारनालेन सक्षीरलवणेन वा ॥३०॥

વીંછી કરડે કે તરત જ વીંછીના ડંખ ઉપર ચક્રતેલનું અથવા શાલિપર્ણી વડે સિદ્ધ કરેલા બીજા સશેકા તેલથી અથવા ઘીમાં સૈંધવ નાખીને એ ઘી વડે અથવા છડેલા ઘઉંની (ખાટી) કાંજીમાં દૂધ અને સૈંધવ નાખીને એ કાંજી વડે સેચન કરવું.

उपनाहो घृते भृष्टः कल्कोऽजाज्याः ससैन्धवः ।

જીરાના કલ્કમાં સૈંધવ નાખીને એને ઘીમાં શેકીને એનું પોટીસ વીંછીના ડંખ ઉપર બાધવું.

आदंशं स्वेदितं चूर्णैः प्रच्छाय प्रतिसारयेत् ॥३१॥
रजनीसैन्धवव्योषशिरीषफलपुष्पजैः ।

વીંછીના ડંખ ઉપર (વીંછી કરડ્યો હોય તે ભાગ ઉપર) બધી બાજુએ ફરતો શેક કરીને પછી ડંખ ઉપર પ્રચ્છાન કરીને હળદર, સેંધવ, ત્રિકટુ, સરસડાનાં ફળ અને સરસડાનાં બી એટલાંના ચૂર્ણો વડે પ્રતિસારણ કરવું.

मातुलुङ्गाम्लगोमूत्रपिष्टं च सुरसाग्रजम् ॥३२॥
लेपः सुखोष्णश्च हितः
पिण्याको गोमयोऽपि वा ।

બિજોરાના રસમાં, ખટાશમા અને ગાયના મૂતરમા તુળસીની માંજરો (કે પાદડાં) વાટીને એનો વીંછીના ડંખવાળા ભાગ ઉપર લેપ કરવો અથવા સહેવાય એટલા ગરમ ખોળનો કે સહેવાય એટલા ગરમ ગાયના છાણનો લેપ કરવો એ ફાયદાકારક છે.

पाने सर्पिर्मधुयुतं क्षीरं वा भूरिशर्करम् ॥३३॥

ઘીમા મધ નાખીને પાવું અથવા ગાયના દૂધમાં પુષ્કળ સાકર નાખીને પાવુ.

पारावतशकृत् पथ्या तगरं विश्वभेषजम् ।
बीजपूररसोन्मिश्रः परमो वृश्चिकागदः ॥३४॥

કબૂતરની (કે હોલાની) હગાર, હરડે, તગર અને સૂંઠ-એટલી વસ્તુઓને બિજોરાના રસમાં મેળવીને પીવુ એ વીંછીનું ઉત્તમ અગદ છે.

सशैवलोष्ट्रदंष्ट्रा च हन्ति वृश्चिकजं विषम् ।

શેવાળ (લીલ) સાથે ઊંટની દાઢ ઘસીને ચોપડવાથી વીંછીના ઝેરનો નાશ થાય છે.

हिङ्गुना हरितालेन मातुलुङ्गरसेन च ॥३५॥
लेपाञ्जनाभ्यां गुटिका परमं वृश्चिकापहा ।

હિંગ, હરતાલ અને બિજોરાના રસ વડે બનાવેલી ગોળીઓ ઘસીને લેપ અને અંજન કરવાં, એ વીંછીના ઝેરનો ઉત્તમ રીતે નાશ કરે છે.

करञ्जार्जुनशेलूनां कटभ्याः कुटजस्य च ॥३६॥
शिरीषस्य च पुष्पाणि मस्तुना दंशलेपनम् ।

કણજી, સાદડ, ગૂંદાં, અરણી, કડુ અને સરસડાનાં ફૂલ-એટલાં ઔષધોને દહીંમાંથી છૂટેલા પાણી સાથે વાટીને એનો વીંછીના ડંખ ઉપર લેપ કરવો.

यो मुह्यति प्रश्वसिति प्रलपत्युग्रवेदनः ॥३७॥
तस्य पथ्यानिशाकृष्णामञ्जिष्ठातिविषोषणम् ।
सालाबुवृन्तं वार्ताकरसपिष्टं प्रलेपनम् ॥ ३८ ॥

વીંછીનું ઝેર ચડવાથી જેને મૂર્ચ્છા આવતી હોય. જે હાંફતો હોય, લવરી કરતો હોય અને જેને બહુ પીડા થતી હોય તેને હરડે, હળદર, પીપર, મજીઠ, અતિવિષની કળી, મરી અને દૂધીનું ડીંટું, એટલી વસ્તુઓને વંતાકના રસમાં લસોટીને ડંખ ઉપર લેપ કરવો.

सर्वत्र चोग्रालिविषे पाययेद्दधिसर्पिषी ।
विस्र्यत्सिरां विद्ध्याच्च वमनाञ्जननावनम् ।
उष्णस्निग्धाम्लमधुरं भोजनं चानिलापहम् ॥३९

વીંછીનું ઝેર ઉગ્ર હોય એવા બધા પ્રસંગોમા દહીં અને ઘી ભેગાં કરીને પાવાં, ફસ ખોલવી, વમન, અંજન અને નસ્યની ક્રિયાઓ કરવી તથા વાયુને મટાડે એવું ગરમ, સ્નિગ્ધ, ખાટું અને ગળ્યું ભોજન આપવું.

नागरं गृहकपोतपुरीषं
बीजपूरकरसो हरितालम् ।
सैन्धवं च विनिहन्त्यगदोऽयं
लेपतोऽलिकुलजं विषमाशु ॥ ४० ॥

સૂંઠ, પાળેલા કબૂતરની હઘાર, બિજોરાનો રસ. હરતાલ અને સૈંધવ–એ બધાનો લેપ કરવો; આ અગદ (લેપ કરવાથી) ગમે તે જાતના વીંછીના ઝેરનો તરત નાશ કરે છે.

अन्ते वृश्चिकदष्टानां समुदीर्ण भृशं विषे ।
विषेणालेपयेद्दंशमुच्चिटिङ्गेऽप्ययं विधिः ॥४१॥

જે વીંછીના ઝેરનું જોર બહુ જ વધી પડે તો છેવટે (બીજા ઉપચાર કર્યા છતાં ન મટે તો) જેને વીંછી કરડ્યો હોય તેને ડંખ ઉપર સ્થાવર વિષનો લેપ કરવો. ઉચ્ચિટિંગ વીંછી માટે પણ આ જ વિધિ છે.

नागपुरीषच्छत्रं रोहिषमूलं च शेलुतोयेन ।
कुर्याद् गुटिकां लेपादिषमलि-
विषनाशनी श्रेष्ठा ॥ ४२ ॥

હાથીની હગારમાં ઊગેલા બિલાડીના ટોપ, રોહિસ ખડનાં મૂળ, એ બેની ગૂંદાના રસમાં ગોળીઓ વાળવી. એ ગોળીઓ ઘસીને ડંખ ઉપર લેપ કરવો, એ વીંછીના ઝેરનો નાશ કરવાનું ઉત્તમ ઔષધ છે.

अर्कस्य दुग्धेन शिरीषबीजं
त्रिर्भावितं पिप्पलिचूर्णमिश्रम् ।
एषोऽगदो हन्ति विषाणि कीट-
भुजङ्गलूतोन्दुरवृश्चिकानाम् ॥ ४३ ॥

સરસડાનાં બીને આકડાના દૂધની ત્રણ વાર ભાવના દેવી. પછી એમાં પીપરનું ચૂર્ણ ભેળવવું. આ અગદ, કીટ, સાપ, કરોળિયા, ઉંદર અને વીંછીના ઝેરનો નાશ કરે છે. (આ ચૂર્ણ વડે પ્રતિસારણ કરવું.)

शिरीषपुष्पं सकरञ्जबीजं
काश्मीरजं कुष्टमनःशिले च ।
एषोऽगदो रात्रिकवृश्चिकानां
संक्रान्तिकारी कथितो जिनेन ॥ ४४ ॥

સરસડાનાં બી, કણજીનાં બી, કેસર, ઉપલેટ અને મણશીલ–એટલાં દ્રવ્યોનું અગદ લેપ કરવાથી કે ઘસવાથી રાત્રિક (ઉચ્ચિટિંગ-શ્લોક ૧૪) વીંછીઓના ઝેરને કાઢી નાખે છે; એવું ભગવાન બુદ્ધ કહી ગયા છે.

લૂતા (કરોળિયા)

कीटेभ्यो दारुणतरा लूताः षोडश ता जगुः ।
अष्टाविंशतिरित्येके ततोऽप्यन्ये तु भूयसीः ॥
सहस्ररश्म्यनुचरा वदन्त्यन्ये सहस्रशः ।
बहूपद्रवरूपा तु लूतैकैव विषात्मिका ॥ ४६ ॥

કીટો (કીડા) કરતાં પણ લૂતા (કરોળિયા) વધારે ભયંકર છે. મુનિઓ કહે છે કે લૂતા સોળ જાતની છે. બીજા કેટલાક કહે છે કે લૂતા અઠ્ઠાવીસ જાતની છે. બીજા કહે છે કે, લૂતા એનાથીયે વધારે જાતની છે. બીજા વળી સૂર્યના અનુચરો કહે છે કે લૂતા હજારો જાતની છે. પણ (અમારો મત એવો છે કે) લૂતાઓ અનેક જુદાજુદા ઉપદ્રવોવાળી અને અનેક આકારની હોવા છતાં એ બધી ઝેરી હોવાથી એક જ જાતની છે.

લૂતાના દોષવાર પ્રકાર પાડવાનું કારણ

रूपाणि नामतस्तस्या दुर्ज्ञेयान्यतिसङ्करात् ।

नास्ति स्थानव्यवस्था च
दोषतोऽतः प्रचक्षते ॥५७॥

લૂતાનાં જુદાંજુદાં નામો ઉપરથી એનાં લક્ષણો જાણવાં બહુ મુશ્કેલ છે; કારણ કે જુદાજુદા નામની લૂતાનાં લક્ષણો તદ્દન જુદાંજુદાં નથી પણ બહુ સેળભેળ થઈ જાય એવાં છે. વળી લૂતા જે સ્થાનમાં જન્મી હોય તે ઉપરથી પણ એના પ્રકાર પાડીને દરેક પ્રકારનાં લક્ષણો કહેવાં પણ શક્ય નથી; કારણ કે કીડાની બાબતમાં જે ઉત્પત્તિસ્થાનનો નિયમ છે એવો લૂતાની બાબતમાં નથી. તેથી દોષોને ધોરણે લૂતા વિષે કહેવામાં આવશે.

સાધ્યઅસાધ્ય

कृच्छ्रसाध्या पृथग्दोषैरसाध्या निचयेन सा ।

છૂટાછૂટા દોષને કોપાવે એવા વિષવાળી લૂતા કૃચ્છ્રસાધ્ય છે, ત્રણે દોષને સાથે કોપાવનારી લૂતા અસાધ્ય છે.

લૂતાના દોષવાર દંશનાં લક્ષણ

तद्दंशः पैत्तिको दाहतृट्स्फोटज्वरमोहवान् ॥
भृशोष्मा रक्तपीताभः क्लेदी द्राक्षाफलोपमः ।

પિત્ત કોપાવે એવો એનો ડંખ હોય તો દાહ, તરસ, ફોલ્લા, તાવ અને મોહ થાય છે. ડંખ બહુ ગરમ હોય છે, લાલ કે પીળો હોય છે, ક્લેદવાળો અને કાળી દ્રાક્ષના ફળના જેવા આકારનો થઈ જાય છે.

श्लैष्मिकः कठिनः पाण्डुः परूषकफलाकृतिः ॥
निद्रां शीतज्वरं कासं कण्डूं च कुरुते भृशाम् ।

લૂતાનો કફને કોપાવે એવો ડંખ (લૂતા કરડી હોય તે જગા) કઠણ, ધોળો, ફાલસા જેવા આકારનો થઈ જાય છે, એને લીધે પુષ્કળ શીતજ્વર, ઉધરસ અને ખુજ આવે છે.

वातिकः परुषः श्यावः पर्वभेदज्वरप्रदः ॥५०॥

વાયુને કોપાવે એવી લૂતા કરડી હોય તો જ્યાં એ કરડી હોય તે જગા (દંશ, ડંખ) પરુષ, બદામી રંગની થઇ જાય છે તથા એને લીધે શરીરનાં પર્વ જાણે તૂટે છે અને તાવ આવે છે.

तद्विभागं यथास्वं च दोषलिङ्गैर्विभावयेत् ।

દરેક દોષનાં લક્ષણો ઉપરથી કઈ લૂતા કયા પ્રકારની છે (વાયુની, પિત્તની, કફની કે ત્રિદોષની છે) તે નક્કી કરવું.

અસાધ્ય લૂતાનાં લક્ષણ

असाध्यायां तु हृन्मोहश्वास-
हिध्माशिरोग्रहाः ॥ ५१ ॥
श्वेतपीतासितारक्ताः पिटिकाः श्वयथूद्रवः ।
वेपथुर्वमथुर्दाहस्तृडान्ध्यं वक्रनासता ॥ ५२ ॥
श्यावौष्ठवक्त्रदन्तत्वं पृष्ठग्रीवावभञ्जनम् ।
पक्वजम्बूसवर्णं च दंशात्स्रवति शोणितम् ॥५३॥

અસાધ્ય લૂતા કરડે ત્યારે હૃદયનો મોહ થાય છે, હાંફ અને હેડકી આવે છે, માથું જકડાઈ જાય છે; ધોળી, પીળી અને કાળી ફોલ્લીઓ થાય છે, સોજો આવે છે, કંપ થાય છે, ઊલટી થાય છે, અગન બળે છે, તરસ લાગે છે, અંધાપો આવે છે, નાક વાંકું થઈ જાય છે; હોઠ, મોં અને દાંત કાળા પડી જાય છે; પીઠ અને ડોક ભાંગી જાય છે તથા ડંખમાંથી પાકા જાંબુ જેવા રંગનું લોહી નીકળે છે.

सर्वाऽपि सर्वजा प्रायो व्यपदेशस्तु भूयसा ।

સામાન્ય રીતે બધી લૂતા ત્રિદોષની હોય છે પણ ત્રણે કોપેલા દોષમાંથી જે દોષ વધારે કોપ્યો હોય તે ઉપરથી એ અમુક દોષની લૂતા છે એવું નામ આપવામાં આવે છે.

तीक्ष्णमध्यावरत्वेन सा त्रिधा हन्त्युपेक्षिता ॥
सप्ताहेन दशाहेन पक्षेण च परं क्रमात् ।

લૂતાનું ઝેર તીક્ષ્ણ છે કે સાધારણ છે કે હલકું (નરમ) છે એ ધોરણે લૂતા ત્રણ પ્રકારની છે. લૂતાના ઝેરના વખતસર યોગ્ય ઉપાય કરવામાં ન આવે તો તીક્ષ્ણ લૂતાનું ઝેર સાત દહાડામાં, સાધારણ ઝેરવાળી લૂતાનું ઝેર દશ દહાડામાં અને હળવા ઝેરવાળી લૂતાનું ઝેર એક પખવાડિયામાં મારી નાખે છે.

લૂતા કરડે તેનાં સામાન્ય લક્ષણ

लूतादंशश्च सर्वोऽपि दद्रुमण्डलसंनिभः ॥५५
सितोऽसितोऽरुणः पीतः श्यावो वा मृदुरुन्नतः
मध्ये कृष्णोऽथवा श्यावः
पर्यन्ते जालकावृतः ॥ ५६ ॥
विसर्पवांश्छोफयुतस्तप्यते बहुवेदनः ।

ज्वराशुपाकविक्लेदकोथावदरणान्वितः ॥ ५७ ॥
क्लेदेन यत्स्पृशत्यङ्गं तत्रापि कुरुते व्रणम्।

ગમે તે જાતની લૂતા કરડે તોપણ એનો ડંખ (કરડેલી જગા) દાદરનાં ચકરડાં જેવો; ધોળો, કાળો, આછો લાલ, પીળો કે બદામી રંગનો; મૃદુ, ઊપસી આવેલો; વચમાં કાળો કે બદામી રંગનો પણ ફરતી કિનાર ઉપર માંસનાં જાળાંજાળા પડી ગયાં હોય એવો; વિસર્પવાળો, સોજાવાળો, તપેલો, બહુ પીડાવાળો હોય છે. એને લીધે તાવ આવે છે, એ ઝટ પાકે છે, એમા ક્લેદ, સડો અને દરણ થાય છે. એનો ક્લેદ જે અંગને અડકે ત્યાં પણ વ્રણ થાય છે

લૂતાનું વિષ ક્યાંક્યાંથી બહાર નીકળે છે?

श्वासदंष्ट्राशकृन्मूत्रशुक्रलालानखार्तवैः ॥ ५८ ॥
अष्टाभिरुद्वमन्त्येता विषं वक्त्राद्विशेषतः।

લૂતા પોતાનું વિષ શ્વાસ, દાઢ, ઝાડો, પેશાબ, વીર્ય, લાળ, નખ અને આર્તવ–એ આઠ વાટે બહાર કાઢે છે, પણ ખાસ તો એ મોવાટે કાઢે છે. (લૂતાનો શ્વાસ અડકે, એ કરડે, એ નખ મારે વગેરે આઠ રીતે એનું ઝેર માણસના શરીરમાં દાખલ થઈ શકે છે.)

लूता नाभेर्दशन्त्यूर्ध्वमूर्ध्वं चाधश्च कीटकाः ॥५९
तद्दूषितं च वस्त्रादि देहे पूक्तं विकारकृत्।

લૂતા ડૂંટીથી ઉપરના શરીરના કોઈ ભાગમાં કરડે છે, કીટ ડૂંટીથી ઉપરના અને નીચેના કોઈ પણ ભાગમાં કરડે છે. એમણે (લૂતા અને કીટે) બગાડેલુ વસ્ત્ર વગેરે જો શરીરને અડકે તો રોગ થાય છે.

લૂતાનું તીક્ષ્ણ ઝેર સાત દિવસમાં કેવી રીતે મારી નાખે છે?

दिनार्धं लक्ष्यते नैव दंशो लूताविषोद्भवः ॥६०॥
सूचीव्यधवदाभाति ततोऽसौ प्रथमेऽहनि।
अव्यक्तवर्णः प्रचलः किञ्चित्कण्डूरुजान्वितः ॥६१

લૂતાના ઝેરથી થયેલો ડંખ અડધો દિવસ સુધી તો ઓળખાતો જ નથી. પછી પહેલે દિવસે એ ડંખ સોયના ઘોચ જેવો દેખાય છે, એનો રંગ જુદો તરી આવે એવો હોતો નથી, એ ડંખ ચંચળ હોય છે અને એમા જરા ખણુજ આવે છે.

द्वितीयेऽभ्युन्नतोऽन्तेषु
पिटिकाभिरिवाऽऽचितः।
व्यक्तवर्णो नतो मध्ये कण्डूमान् ग्रन्थिसन्निभः॥

બીજે દિવસે ડંખની ફરતી ધાર ઊપસી આવે છે અથવા જાણે ખીચોખીચ ફોલ્લીઓ થઈ હોય એવું થઈ જાય છે, ડંખનો રંગ જુદો તરી આવે છે, ડંખ વચ્ચેથી ખાડાવાળો હોય છે, એમાં ખણુજ આવે છે અને ગાંઠ જેવો લાગે છે.

तृतीये सज्वरो रोमहर्षकृद्रक्तमण्डलः।
शरावरूपस्तोदाढ्यो रोमकूपेषु सास्रवः ॥ ६३ ॥

ત્રીજે દિવસે તાવ આવે છે, વાળ ખડા થઈ જાય છે, રાતા ચકામા પડે છે, કોડિયા જેવો આકાર થઈ જાય છે, પુષ્કળ તોદ થાય છે અને રૂંવાડાંનાં છિદ્રોમાં સ્રાવ થાય છે.

महांश्चतुर्थे श्वयथुस्तापश्वासभ्रमप्रदः।

ચોથે દિવસે બહુ સોજો આવે છે, તપી જાય છે, હાફ ચડે છે અને ફેર આવે છે.

विकारान् कुरुते तांस्तान् पञ्चमे विषकोपजान्॥

પાંચમે દિવસે વિષના પ્રકોપને લીધે ઉત્પન્ન થતા જુદાજુદા અનેક ઉપદ્રવો થાય છે.

षष्ठे व्याप्नोति मर्माणि
सप्तमे हन्ति जीवितम्।

છઠ્ઠે દિવસે એ મર્મસ્થાનોમા પ્રસરે છે.

સાતમે દિવસે એ મારી નાખે છે.

इति तीक्ष्णं विषं,
मध्यं हीनं च विभजेदतः ॥६५

આ તો તીક્ષ્ણ વિષનાં લક્ષણ કહ્યાં. મધ્ય (સાધારણ) અને હીન (મંદ) વિષના લક્ષણ આ ધોરણે જ જુદાં નક્કી કરવાં.

લૂતાનું વિષ તદ્દન શમી જવાની મુદત

एकविंशतिरात्रेण विषं शाम्यति सर्वथा।

લૂતાનું વિષ એકવીસ રાતે તદ્દન શમી જાય છે.

લૂતાના વિષના ઉપાય

કરડે કે તરત શું કરવું?

अथाशु लूतादष्टस्य शस्त्रेणादंशमुद्धरेत् ॥ ६६ ॥
दहेच्च जाम्बवौष्ठाद्यैर्न तु पित्तोत्तरं दहेत् ।

હવે લૂતાના ડંખને (ડંખવાળા ભાગને) જલદીથી શસ્ત્ર વડે કાપીને કાઢી નાખવો. જાંબવૌષ્ઠ વગેરે (સૂ. ૩૫/૩૫, ૩૫ૃ) યંત્રો વડે એ ભાગને બાળવો પણ જેમાં પિત્ત વધારે કોપ્યુ હોય એવા ડંખને બાળવો નહિ.

કેવા ડંખને ન કાપવો કે ન બાળવો?

कर्कशं भिन्नरोमाणं मर्मसन्ध्यादिसंश्रितम् ॥ ६७
प्रसृतं सर्वतो दंशं न छिन्दीत दहेन्न च ।

જે ડંખ કઠણ, ફાટેલા વાળવાળો, મર્મસ્થાન ઉપર કે સાંધા ઉપર થયેલો, બધી બાજુએ પ્રસરેલો હોય તે ડંખને કાપવોયે નહિ અને બાળવોયે નહિ.

ડંખને બાળ્યા પછી શું કરવું?

लेपयेद्दग्धमगदैर्मधुसैन्धवसंयुतैः ॥ ६८ ॥
सुशीतैः सेचयेच्चानु कषायैः क्षीरिवृक्षजैः ।

ડંખને બાળ્યા પછી અગદોમાં મધ અને સૈંધવ નાખીને ડંખ ઉપર લેપ કરવો, અને પછી ક્ષીરીવૃક્ષોના બહુ જ ઠંડા કવાથો વડે સેચન કરવું.

सर्वतोऽपहरेद्रक्तं शृङ्गाद्यैः सिरयाऽपि वा ॥६९॥
सेकलेपास्ततः शीता बोधिश्लेष्मातकाक्षकैः ।

શિંગડી વગેરેથી અથવા ફસ ખોલીને બધી બાજુથી લોહી કાઢી નાખવુ. પછી પીપળો, ગૂંદાં અને બહેડાંનાં ઠંડાં સેચન અને લેપ કરવાં.

પદ્મક અગદ

હળદર, દારુહળદર, રતાંજળી, મજીઠ, તગર અને કેસર સાથે મધ અને ઘી–એ ચંપક નામનુ અગદ પહેલાંના (શ્લોક ૭૦કે, ૭૧ વાળા અગદ) કરતાં વધારે ચડિયાતું છે.

तद्वद्गोमयनिष्पीडशर्कराघृतमाक्षिकैः ॥ ७२ ॥

ગાયના છાણના રસમાં સાકર, ઘી અને મધ મેળવવાથી એના (ચંપક અગદના) જેવુ જ અગદ બને છે.

મંદર અને ગંધમાદન અગદો

अपामार्गमनोह्वालदार्वीध्यामकगैरिकैः ।
नतैलाकुष्ठमरिचयष्ट्याह्वघृतमाक्षिकैः ॥ ७३ ॥
अगदो मन्दरो नाम तथाऽन्यो गन्धमादनः ।
नतरोध्रवचाकट्वीपाठैलापत्रकुङ्कुमैः ॥ ७४ ॥

અઘાડો, મણશીલ, હરતાલ, દારુહળદર, રોહિસ ખડ, ગેરુ, તગર, એલચી, ઉપલેટ, મરી, જેઠીમધ, ઘી અને મધ વડે મંદર નામનું અગદ બને છે.

તથા તગર, લોધર, વજ, કડુ, કાળી પાડ, એલચી, તમાલપત્ર અને કેસર વડે બીજું ગંધમાદન નામનું અગદ બને છે.

સંશોધન

विषघ्नं बहुदोषेषु प्रयुञ्जीत विशोधनम् ।

જે માણસોમાં દોષો બહુ હોય તેમનું, વિષનો નાશ કરે એવાં દ્રવ્યોથી સંશોધન કરવું.

यष्ट्याह्वमदनाङ्कोल्लजालिनीसिन्दुवारिकाः ॥ ७५ ॥
कफे ज्येष्ठाम्बुना पीत्वा विषमाशु समुद्वमेत् ।
शिरीषपत्रत्वङ्मूलफलं वाऽङ्कोल्लमूलवत् ॥ ७६ ॥

કફના પ્રકોપમાં જેઠીમધ, મીંઢળ, અંકોલનાં મૂળ, પટોળ, નગોડ એટલી વસ્તુઓના

ત્રિફળા, ગળી, નસોતર વગેરેનો રેચ આપવો.

निवृत्ते दाहशोफादौ कर्णिकां पातयेद् व्रणात् ॥७७

જ્યારે દાહ, સોજો વગેરે મટે ત્યારે વ્રણમાંથી કર્ણિકાને (માંસના ડોડાને) પાડવો (ખેરવી નાખવો).

કર્ણિકાને પાડવાના (ખેરવવાના) ઉપાય

कुसुम्भपुष्पं गोदन्तः स्वर्णक्षीरी कपोतविट् ।
त्रिवृता सैन्धवं दन्ती कर्णिकापातनं, तथा ॥ ७८ ॥
मूलमुत्तरवारुण्या वंशनिर्लेखसंयुतम् ।
तद्वच्च सैन्धवं कुष्ठं दन्तीकटुकदौग्धिकम् ॥ ७९ ॥
राजकोशातकीमूलं, किण्वो वा मथितोद्भवः ।

કસૂંબાનાં ફૂલ, હરતાલ, દારૂડી, કબૂતરની હગાર, નસોતર, સૈંધવ, નેપાળો—એ બધાં મળીને કર્ણિકાને પાડનારું ઔષધ છે. તે જ પ્રમાણે દૂધીના મૂળ, વાંસની બહુ જ પાતળી છાલ—એ બે મળીને કર્ણિકાને પાડનારું ઔષધ છે. તે જ પ્રમાણે સૈંધવ, ઉપલેટ, નેપાળો, કડુ, દૂધી અને ગલકાંનાં મૂળ—એ બધાં મળીને કર્ણિકાને પાડનારું ઔષધ છે. અથવા મથિતમાં તળે બેઠેલો રગડો એ પણ કર્ણિકાને પાડનારું ઔષધ છે.

कर्णिकापातसमये बृंहयेच्च विषापहैः ॥ ८० ॥

કર્ણિકા પાડતી વખતે વિષનો નાશ કરે એવાં દ્રવ્યો વડે બૃંહણ કરવું.

સ્નેહન ઘી વડે જ કરવું

स्नेहकार्यमशेषं च सर्पिषैव समाचरेत् ।
विषस्य वृद्धये तैलमग्नेरिव तृणोलुपम् ॥ ८१ ॥

જ્યાં સ્નેહન કરવાનુ કહ્યું હોય ત્યાં સ્નેહનમાં જે કંઈ કરવાનુ હોય તે બધું ઘી વડે જ કરવું; કારણ કે જેમ સૂકા કુમળા ઘાસ અને વેલાથી અગ્નિ વધે છે, તેમ તેલને લીધે ઝેર પ્રસરી જાય છે.

લૂતાના ઝેર માટે અગદો

ह्रीबेरवैकङ्कतगोपकन्या-
मुस्ताशमीचन्दनटिण्टुकानि ।
शैवालनीलोत्पलवक्रयष्टी-
त्वङ्नाकुलीपद्मकराठमध्यम् ॥ ८२ ॥
रजनीघनसर्पलोचना-
कणशुण्ठीकणमूलचित्रकाः ।
वरुणागुरुबिल्वपाटली-
पिचुमन्दामयशेलुकेसरम् ॥ ८३ ॥
बिल्वचन्दननतोत्पलशुण्ठी-
पिप्पलीनिचुलवेतसकुष्ठम् ।
शुक्तिशाकवरपाटलिभार्गी-
सिन्दुवारकरघाटवराह्वम् ॥ ८४ ॥
पित्तकफानिललूताः पानाञ्जननस्यलेपसेकेन ।
अगदवरा वृत्तस्थाः कुगतीरिव वारयन्त्येते ॥ ८५ ॥

૧. ખસનો વાળો, વીકળો, સારિવા, મોથ, શમી, સુખડ, અરડૂસો, પાણીની લીલ, કાળું કમળ, તગર, જેઠીમધ, તજ, ભોરીંગણી, પદ્મકાષ્ઠ અને મીંઢળનો ગર્ભ (બી), (પિત્તની લૂતા માટે);

૨. હળદર, મોથ, નોરવેલ, પીપર, સૂંઠ, પીપરીમૂળ, ચિત્રો, વાયવરણો, અગર, બીલાં, પાડળ, લીમડો, ઉપલેટ, ગૂંદાં અને કેસર; (કફની લૂતા માટે);

૩. બીલાં, સુખડ, તગર, કાળું કમળ, સૂંઠ, પીપર, જલવેતસ, નેતર, ઉપલેટ, નખલો, ડોડી, પાડળ, ભારંગ, નગોડ, મીંઢળ અને તજ; (વાયુની લૂતા માટે).

જેમ વૃત્ત(સદાચાર)માં રહેનારા માણસો (મરણ પછીની) અવગતિને રોકે છે તેમ ઉપરનાં ત્રણ વૃત્તો (શ્લોકોમાં) લખેલાં (ત્રણ) શ્રેષ્ઠ અગદો પીવાથી, આંજવાથી, નસ્ય લેવાથી, લેપ કરવાથી અને એનું સેચન કરવાથી અનુક્રમે પિત્તની, કફની અને વાયુની લૂતાઓને રોકે છે (તે તે લૂતાઓના ઝેરનો નાશ કરે છે.)

रोध्रं सेव्यं पद्मकं पद्मरेणुः
कालीयाख्यं चन्दनं यच्च रक्तम् ।
कान्तापुष्पं दुग्धिनीका मृणालं
लूताः सर्वा घ्नन्ति सर्वक्रियाभिः ॥ ८६ ॥

લોધર, વીરણ વાળો, પદ્મકાષ્ઠ, કમળની રજ (પરાગ), પીળું ચંદન, રતાંજળી, કાંગનાં ફૂલ, કડવી દૂધી અને મૃણાલ (કમળનાં કુમળાં મૂળ);—આ બધાં ઔષધોનુ અગદ બધી ક્રિયાઓથી (પીવાથી, આંજવાથી, નસ્ય લેવાથી, લેપ કરવાથી અને સેચન કરવાથી) બધી લૂતાઓનો નાશ કરે છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने कीटलूतादिविषप्रतिषेधो नाम सप्तत्रिंशोऽध्यायः ॥ ३७ ॥

લૂતાના વિષના ઉપાય

કરડે કે તરત શું કરવું?

अथाशु लूतादष्टस्य शस्त्रेणादंशमुद्धरेत् ॥ ६६ ॥
दहेच्च जाम्बवौष्ठाद्यैर्न तु पित्तोत्तरं दहेत्।

હવે લૂતાના ડંખને (ડંખવાળા ભાગને) જલદીથી શસ્ત્ર વડે કાપીને કાઢી નાખવો. જાંબવૌષ્ઠ વગેરે (સૂ. ૨૫/૩૫, ૩૫½) યંત્રો વડે એ ભાગને બાળવો પણ જેમાં પિત્ત વધારે કોપ્યુ હોય એવા ડંખને બાળવો નહિ.

કેવા ડંખને ન કાપવો કે ન બાળવો?

कर्कशं भिन्नरोमाणं मर्मसन्ध्यादिसंश्रितम् ॥ ६७
प्रसृतं सर्वतो दंशं न छिन्दीत दहेच्च च।

જે ડંખ કઠણ, ફાટેલા વાળવાળો, મર્મસ્થાન ઉપર કે સાંધા ઉપર થયેલો, બધી બાજુએ પ્રસરેલો હોય તે ડંખને કાપવોયે નહિ અને બાળવોયે નહિ.

ડંખને બાળ્યા પછી શું કરવું?

लेपयेद्दग्धमगदैर्मधुसैन्धवसंयुतैः ॥ ६८ ॥
सुशीतैः सेचयेच्चानु कषायैः क्षीरिवृक्षजैः।

ડંખને બાળ્યા પછી અગદોમાં મધ અને સૈંધવ નાખીને ડંખ ઉપર લેપ કરવો, અને પછી ક્ષીરીવૃક્ષોના બહુ જ ઠંડા કવાથો વડે સેચન કરવું.

सर्वतोऽपहरेद्रक्तं शृङ्गाद्यैः सिरयाऽपि वा ॥६९॥
सेकलेपास्ततः शीता बोधिश्लेष्मातकाक्षकैः।

રૂમડી વગેરેથી અથવા ફસ ખોલીને બધી બાજુથી લોહી કાઢી નાખવું. પછી પીપળો, ગૂંદાં અને બહેડાંનાં ઠંડાં સેચન અને લેપ કરવાં.

પદ્મક અગદ

फलिनीद्विनिशाक्षौद्रसर्पिर्भिः पद्मकाह्वयः॥ ७० ॥
अशेषलूताकीटानामगदः सार्वकार्मिकः।

ઠાંગ, હળદર, દારુહળદર, મધ અને ઘી વડે બનાવેલુ અગદ એ બધાં લૂતા અને કીટ માટે (પીવું, નસ્ય, અંજન, લેપ વગેરે) બધા કામમાં લઈ શકાય એવુ અગદ છે.

ચંપક અગદ

हरिद्राद्वयपत्तङ्गमञ्जिष्ठानतकेसरैः ॥ ७१ ॥
सक्षौद्रसर्पिः पूर्वस्मादधिकश्चम्पकाह्वयः।

હળદર, દારુહળદર, રતાંજળી, મજીઠ, તગર અને કેસર સાથે મધ અને ઘી—એ ચંપક નામનું અગદ પહેલાંના (શ્લોક ૭૦½, ૭૧ વાળા અગદ) કરતાં વધારે ચડિયાતું છે.

तद्वद्गोमयनिष्पीडशर्कराघृतमाक्षिकैः ॥ ७२ ॥

ગાયના છાણના રસમાં સાકર, ઘી અને મધ મેળવવાથી એના (ચંપક અગદના) જેવું જ અગદ બને છે.

મંદર અને ગંધમાદન અગદો

अपामार्गमनोह्वालदार्वीश्यामकगैरिकैः।
नतैलाकुष्ठमरिचयष्ट्याह्वघृतमाक्षिकैः ॥ ७३ ॥
अगदो मन्दरो नाम तथाऽन्यो गन्धमादनः।
नतरोध्रवचाकट्वीपाठैलापत्रकुङ्कुमैः ॥ ७४ ॥

અઘાડો, મણશીલ, હરતાલ, દારુહળદર, રોહિસ ખડ, ગેરુ, તગર, એલચી, ઉપલેટ, મરી, જેઠીમધ, ઘી અને મધ વડે મંદર નામનું અગદ બને છે.

તથા તગર, લોધર, વજ, કડુ, કાળી પાડ, એલચી, તમાલપત્ર અને કેસર વડે બીજું ગંધમાદન નામનું અગદ બને છે.

સંશોધન

विषघ्नं बहुदोषेषु प्रयुञ्जीत विशोधनम्।

જે માણસોમાં દોષો બહુ હોય તેમનું, વિષનો નાશ કરે એવાં દ્રવ્યોથી સંશોધન કરવું.

यष्ट्याह्वमदनाङ्कोल्लजालिनीसिन्दुवारिकाः ॥ ७५ ॥
कफे ज्येष्ठाम्बुना पीत्वा विषमाशु समुद्वमेत्।
शिरीषपत्रत्वङ्मूलफलं वाऽङ्कोल्लमूलवत् ॥ ७६ ॥

કફના પ્રકોપમાં જેઠીમધ, મીંઢળ, અંકોલનાં મૂળ, પટોળ, નગોડ એટલી વસ્તુઓના ચૂર્ણને ચોખાના ધોવડામણ સાથે પીને ઝેર તરત ઓકી કાઢવું, અથવા સરસડાનાં પાંદડાં, અંતર્છાલ, મૂળ અને ફળના ચૂર્ણને અંકોલના મૂળના ચૂર્ણમાં ભેળવીને એ ભેગું ચૂર્ણ ચોખાના ધોવડામણના પાણી (ચોખા ઓરતા પહેલાં ચોખાને ધોવાથી જ પાણી નીકળે તે પાણી) સાથે પીને ઝેર તરત ઓકી કાઢવું.

રેચ શાનો આપવો?

विरेचयेच्च त्रिफलानीलिनीत्रिवृतादिभिः।

ત્રિફળા, ગળી, નસોતર વગેરેનો રેચ આપવો.

निवृत्ते दाहशोफादौ कर्णिकां पातयेद् व्रणात् ॥७७

જ્યારે દાહ, સોજો વગેરે મટે ત્યારે વ્રણ-માંથી કર્ણિકાને (માંસના ડોડાને) પાડવો (ખેરવી નાખવો).

કર્ણિકાને પાડવાના (ખેરવવાના) ઉપાય

कुसुम्भपुष्पं गोदन्तः स्वर्णक्षीरी कपोतविट् ।
त्रिवृता सैन्धवं दन्ती कर्णिकापातनं, तथा ॥७८॥
मूलमुत्तरवारुण्या वंशनिर्लेखसंयुतम् ।
तद्वच्च सैन्धवं कुष्ठं दन्तीकटुकदौग्धिकम् ॥७९॥
राजकोशातकीमूलं, किण्वो वा मथितोद्भवः ।

કસુંબાનાં ફૂલ, હરતાલ, દારૂડી, કબૂતરની હગાર, નસોતર, સૈંધવ, નેપાળો–એ બધાં મળીને કર્ણિકાને પાડનારું ઔષધ છે. તેજ પ્રમાણે દૂધીના મૂળ, વાંસની બહુ જ પાતળી છાલ–એ બે મળીને કર્ણિકાને પાડનારું ઔષધ છે. તેજ પ્રમાણે સૈંધવ, ઉપલેટ, નેપાળો, કડુ, દૂધી અને ગલકાના મૂળ–એ બધાં મળીને કર્ણિકાને પાડનારું ઔષધ છે. અથવા મથિતમા તળે બેઠેલો રગડો એ પણ કર્ણિકાને પાડ-નારું ઔષધ છે.

कर्णिकापातसमये बृंहयेच्च विषापहैः ॥८०॥

કર્ણિકા પાડતી વખતે વિષનો નાશ કરે એવાં દ્રવ્યો વડે બૃંહણ કરવું.

સ્નેહન ઘી વડે જ કરવું

स्नेहकार्यमशेषं च सर्पिषैव समाचरेत् ।
विषस्य वृद्धये तैलमग्नेरिव तृणोलुपम् ॥८१॥

જ્યા સ્નેહન કરવાનુ કહ્યુ હોય ત્યાં સ્નેહન-મા જે કંઈ કરવાનુ હોય તે બધું ઘી વડે જ કરવુ; કારણ કે જેમ સૂકા કુમળા ઘાસ અને વેલાથી અગ્નિ વધે છે, તેમ તેલને લીધે ઝેર પ્રસરી જાય છે.

લૂતાના ઝેર માટે અગદો

ह्रीबेरवैकङ्कतगोपकन्या-
मुस्ताशमीचन्दनटिण्टुकानि ।
शेवालनीलोत्पलयष्टयष्टी-
त्वङ्नाकुलीपद्मकराठमध्यम् ॥८२॥
रजनीघनसर्पलोचना-
कणशुण्ठीकणमूलचित्रकाः ।
वरणागुरुबिल्वपाटली-
पिचुमन्दामयशेलुकेसरम् ॥८३॥
बिल्वचन्दननतोत्पलशुण्ठी-
पिप्पलीनिचुलवेतसकुष्ठम् ।
शुक्तिशाकवरपाटलिभार्गी-
सिन्दुवारकरघाटवराङ्गम् ॥८४॥
पित्तकफानिललूताः पानाञ्जननस्यलेपसेकेन ।
अगदवरा वृत्तस्थाः कुगतीरिव वारयन्त्येते ॥८५॥

૧. ખસનો વાળો, વીકળો, સારિવા, મોથ, શમી, સુખડ, અરડૂસો, પાણીની લીલ, કાળું કમળ, તગર, જેઠીમધ, તજ, ભોરી ગળી, પદ્મકાષ્ઠ અને મીંઢળનો ગર્ભ (બી), (પિત્તની લૂતા માટે);

૨. હળદર, મોથ, નોરવેલ, પીપર, સૂંઠ, પીપરીમૂળ, ચિત્રો, વાયવરણો, અગર, બીલાં, પાડળ, લીમડો, ઉપલેટ, ગૂંદા અને કેસર; (કફની લૂતા માટે);

૩. બીલાં, સુખડ, તગર, કાળું કમળ, સૂંઠ, પીપર, જલવેતસ, નેતર, ઉપલેટ, નખલો, ડોડી, પાડળ, ભારંગ, નગોડ, મીંઢળ અને તજ; (વાયુની લૂતા માટે).

જેમ વૃત્ત (સદાચાર)માં રહેનારા માણસો (મરણ પછીની) અવગતિને રોકે છે તેમ ઉપ-રના ત્રણ વૃત્તો (શ્લોકોમાં) લખેલા (ત્રણ) શ્રેષ્ઠ અગદો પીવાથી, આંજવાથી, નસ્ય સેવાથી, લેપ કરવાથી અને એનુ સેચન કરવાથી અનુક્રમે પિત્તની, કફની અને વાયુની લૂતાઓને રોકે છે (તે તે લૂતાઓના ઝેરનો નાશ કરે છે.)

रोध्रं सेव्यं पद्मकं पद्मरेणुः
कालीयाख्यं चन्दनं यच्च रक्तम् ।
कान्तापुष्पं दुग्धिनीका मृणालं
लूताः सर्वा घ्नन्ति सर्वक्रियाभिः ॥८६॥

લોધર, વીરણ વાળો, પદ્મકાષ્ઠ, કમળની રજ (પરાગ), પીળુ ચંદન, રતાંજળી, કાંગનાં ફૂલ, કડવી દૂધી અને મૃણાલ (કમળના કુમળાં મૂળ);–આ બધા ઔષધોનું અગદ બધી ક્રિયા-ઓથી (પીવાથી, આંજવાથી, નસ્ય લેવાથી, લેપ કરવાથી અને સેચન કરવાથી) બધી લૂતા-ઓનો નાશ કરે છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने कीटलूतादिविष-
प्रतिषेधो नाम सप्तत्रिंशोऽध्यायः ॥ ३७ ॥

અધ્યાય ૩૮ મો–ઉંદરના અને હડકાયા કૂતરાના ઝેરના ઉપાય

अथातो मूषिकालर्कविषप्रतिषेधं
व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ॥

ત્યારે હવે અમે ઉંદરનું અને હડકાયા કૂતરાનું ઝેર મટાડવાના ઉપાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છેઃ

ઉંદરની અઢાર જાત

लालनश्चपलः पुत्रो हसिरश्चिक्किरोऽजिरः ।
कषायदन्तः कुलकः कोकिलः कपिलोऽसितः ॥ १
अरुणः शबलः श्वेतः कपोतः पलितोन्दुरः ।
छुच्छुन्दरो रसालाख्यो दशाष्टौ चेति मूषिकाः ।

લાલન, ચપલ, પુત્ર, હસિર, ચિક્કર, અજિર, કષાયદંત, કુલક, કોકિલ, કપિલ, અસિત, અરુણ, શબલ, શ્વેત, કપોત, પલિતોન્દુર, છછુંદર અને રસાલ–એ અઢાર જાતના ઉંદર છે.

ઉંદરના ઝેરનાં લક્ષણ

शुक्रं पतति यत्रैषां शुक्रदिग्धैः स्पृशन्ति वा ।
यदङ्गमङ्गैस्तत्रास्रे दूषिते पाण्डुतां गते ॥ ३॥
ग्रन्थयः श्वयथुः कोठो मण्डलानि भ्रमोऽरुचिः ।
शीतज्वरोऽतिरुक्सादो वेपथुः पर्वभेदनम् ॥ ४॥
रोमहर्षः स्रुतिर्मूर्च्छा दीर्घकालानुबन्धनम् ।
श्लेष्मानुबद्धबह्वाखुपोतकच्छर्दनं सतृट् ॥ ५॥

જ્યાં એમનું (ઉંદરોનું) વીર્ય પડે છે કે વીર્ય વડે ખરડાયેલાં પોતાનાં અંગોથી ઉંદરો માણસના જે અંગને અડકે છે, ત્યાં લોહી બગડીને પાંડુ (ધોળું, ફિક્કું) થઈ ગયા પછી ગાંઠો, સોજો, કોઢ, ચકામાં, ફેર, અરુચિ, શીતજ્વર, બહુ પીડા, સાદ, કંપ, પર્વ તૂટતાં હોય એવી પીડા, વાળ ટટ્ટાર થઈ જાય, સ્રાવ, મૂર્છા–એટલા ઉપદ્રવો થાય છે. લાંબા વખત સુધી ચાલુ રહે એવી ઉંદરનાં બચ્ચાંના આકારના માંસના પુષ્કળ ટુકડા અને પછી કફ એ બે વાનાંની ઊલટી થાય છે તથા તરસ લાગે છે.

व्यवाय्याखुविषं कृच्छ्रं भूयो भूयश्च कुप्यति ।

ઉંદરનું ઝેર વ્યવાયી, કૃચ્છ્રસાધ્ય અને ફરીફરીને કોપે એવું હોય છે.

અસાધ્યનાં લક્ષણ

मूर्च्छाङ्गशोफवैवर्ण्यक्लेदशब्दाश्रुतिज्वराः ॥ ६॥
शिरोगुरुत्वं लालासृक्छर्दिश्चासाध्यलक्षणम् ।

મૂર્છા, અંગ ઉપર સોજો, શરીરનો રંગ બદલાઈ જાય, ક્લેદ, અવાજ ન સંભળાય, તાવ, માથું ભારે રહે, લાળ પડે, લોહીની ઊલટી થાય–એ અસાધ્યનાં લક્ષણ છે.

शूनबस्तिं विवर्णौष्ठमाखवाभैर्ग्रन्थिभिश्चितम् ॥ ७॥
छुच्छुन्दरसगन्धं च वर्जयेदाखुदूषितम् ।

ઉંદરના ઝેરથી દૂષિત થયેલા માણસનું મૂત્રાશય સૂજી ગયું હોય, હોઠ વિવર્ણ થઈ ગયા હોય, શરીરે ઉંદર જેવા આકારની ગાંઠો નીકળી હોય અને એ માણસમાંથી છછુંદર જેવી ગંધ આવતી હોય તો એને (અસાધ્ય ગણી) છોડી દેવો.

કૂતરાના હડકવાનાં સંપ્રાપ્તિ અને લક્ષણ

शुनः श्लेष्मोल्बणा दोषा संज्ञां संज्ञावहाश्रिताः ॥ ८
मुष्णन्तः कुर्वते क्षोभं धातूनामतिदारुणम् ।
लालावानन्धबधिरः सर्वतः सोऽभिधावति ॥ ९॥
स्रस्तपुच्छहनुस्कन्धः शिरोदुःखी नताननः ।

કફ જેમાં વધારે હોય એવા દોષો સંજ્ઞાને વહન કરનારાં સ્રોતોમાં રહીને કૂતરાની સંજ્ઞા-(ભાન)ને હરી લઈને ધાતુઓનો બહુ ભયંકર ક્ષોભ (ખળભળાટ, સખળડખળ) કરે છે. તેથી એ કૂતરાને લાળ પડે છે; એ આંધળું અને બહેરું થાય છે, બધી બાજુએ દોડાદોડ કરે છે; એનાં પૂંછડી. જડબાં અને ખભા લબડી પડે છે, એનું માથું દુખે છે અને એનું મોં નીચું રહે છે.

હડકાયું કૂતરું કરડ્યાનાં લક્ષણ

दंशस्तेन विदष्टस्य सुप्तः कृष्णं क्षरत्यसृक् ।
हृच्छिरोरुग्ज्वरस्तम्भतृष्णामूर्च्छोद्भवोऽनु च ।

એ જેને કરડ્યું હોય તેનો દંશ (જ્યાં દાંત બેઠા હોય તે ભાગ) બહેરો (સ્પર્શની ખબર ન પડે એવો) હોય છે, દંશમાંથી લોહી નીકળે છે; અને ... યમાં પીડા, માથાનો દુખાવો,

તાવ, સ્તંભ, તરસ અને મૂર્ચ્છા એટલાં લક્ષણો થાય છે.

બીજાં કરડે એવાં શિકારી પશુઓ કરડ્યાનાં લક્ષણ

अनेनान्येऽपि योद्धव्या व्याला दंष्ट्राप्रहारिणः ॥
शृगालाश्वतराश्वर्क्षद्वीपिव्याघ्रवृकादयः।

શિયાળ, ખચ્ચર, ઘોડો, રીંછ, ચિત્તો, વાઘ, વરુ વગેરે દાઢથી પ્રહાર કરનારાં (કરડનારાં) બીજાં શિકારી પશુઓ કરડ્યાં છે કે નહિ ને આ લક્ષણો (શ્લોક ૧૦, ૧૦½) ઉપરથી જાણવું.

ઝેરી બચકાંનાં લક્ષણ

कण्डूनिस्तोदवैवर्ण्यसुप्तिक्लेदज्वरभ्रमाः ॥ १२ ॥
विदाहरागरुक्पाकशोफग्रन्थिविकुञ्चनम्।
दंशावदरणं स्फोटाः कर्णिका मण्डलानि च ॥
सर्वत्र सविषे लिङ्गं, विपरीतं तु निर्विषे।

બધા પ્રસંગે (દાઢ બેસાડનારું ગમે તે શિકારી પશુ કરડ્યું હોય ત્યારે) જો બચકું ઝેરી હોય તો ખણજ, તોદ, બચકાવાળા ભાગનો રંગ બદલાઈ જાય, સ્પર્શની ખબર ન પડે, ક્લેદ, તાવ, ફેર, બહુ દાહ, રતાશ, પીડા, પાક (બચકું પાકે), સોજો, ગાંઠો, અંગનો સંકોચ, બચકામાં દરણ થાય, ફોલ્લા, કમળના ડોડા જેવા આકારના માંસના મસા થાય, ચકામાં (ચકરડાં) પડે-એટલાં લક્ષણો થાય છે; પણ જો બચકું ઝેરી ન હોય તો એથી ઊલટું થાય છે (એ લક્ષણો થતાં નથી).

અસાધ્યનાં લક્ષણ

दष्टो येन तु तच्चेष्टारुतं कुर्वन् विनश्यति ॥१४॥
पश्यंस्तमेव चाकस्मादादर्शसलिलादिषु।

જે પશુ કરડ્યું હોય તેના જેવી ચેષ્ટા (ચાળા) કરનાર, તેના જેવો (ભસવા વગેરેનો) અવાજ કરનાર અને ચાટલું, પાણી વગેરેમાં કંઈ પણ કારણ વિના (એ પશુ હાજર ન હોવા છતાં) એ પશુને દેખનાર દરદી મરી જાય છે.

જલસંત્રાસ

योऽद्भ्यस्त्रस्येददष्टोऽपि शब्दसंस्पर्शदर्शनैः ॥
जलसन्त्रासनामानं दष्टं तमपि वर्जयेत्।

જેને કૂતરું કે બીજું કોઈ પશુ ન કરડ્યું હોય છતાં જેને પાણીનો અવાજ સાંભળવાથી, પાણીને અડકવાથી કે પાણીને જોવાથી ત્રાસ થાય (બીએ, ભડકે), એવા જલસંત્રાસ નામના દષ્ટને પણ (અસાધ્ય ગણીને) છોડી દેવો. (દષ્ટ=ખરી રીતે એને કંઈ કરડ્યું નથી છતાં પાણીથી એ ભડકે છે માટે કરડ્યા જેવું જ હોવાથી એને દષ્ટ કહે છે.)

ઉંદરનાં ઝેરની ચિકિત્સા

आखुना दष्टमात्रस्य दंशं काण्डेन दाहयेत् ॥१६
दर्पणेनाथवा, तीव्ररुजा स्यात्कर्णिकाऽन्यथा।

ઉંદર કરડે કે તરત એના દંશને સરકટથ કે કાચથી (અગિયા કાચથી, અ.Convex lensથી) બાળવો, નહિ તો તીવ્ર પીડા કરે એવી કર્ણિકા (કમળના ડોડા જેવા આકારનો માંસનો અંકુર) થાય.

दग्धं विस्रावयेद्दंशं प्रच्छितं च प्रलेपयेत् ॥ १७
शिरीषरजनीवक्रकुङ्कुमामृतवल्लिभिः।

દંશને બાળીને પછી ત્યાં પ્રચ્છાન કરીને લોહી કાઢવું. પછી સરસડો, હળદર, તગર, કેસર અને ગળોનો લેપ કરવો.

अगारधूममञ्जिष्ठारजनीलवणोत्तमैः ॥ १८ ॥
लेपो जयत्याखुविषं कर्णिकायाश्च पातनः।

ઘરનો ધુમાડો (રસોડામાં સળગતાં લાકડા વગેરેની ધૂણી રસોડામાં વળગી હોય તે), મજીઠ, હળદર અને સેંધવનો લેપ ઉંદરના ઝેરને મટાડે છે અને કર્ણિકાને (૧૬½) ખેરવી નાખે છે.

ततोऽम्लैः क्षालयित्वाऽनु
तोयैस्तु च लेपयेत् ॥ १९ ॥
पालिन्दीश्वेतकटभीबिल्वमूलगुडूचिभिः।
अन्यैश्च विषशोफघ्नैः सिरां वा मोक्षयेद् द्रुतम् ॥

પછી (લેપની અસર પૂરી થયા પછી) કાંજી વગેરે ખાટાં દ્રવ્યોથી અને ત્યાર પછી પાણીથી ધોઈ નાખવું. પછી માળવી નસોતર, ધોળી ગરણી, બીલીના ઝાડના મૂળ, ગળો અને બીજાં વિષ અને સોજાનો નાશ કરે એવાં ઔષધોનો

લેપ કરવો; અથવા તરત ફસ ખોલવી.

ક્યાં ઔષધોથી ઊલટી કરાવવી?

छर्दनं नीलिनीक्वाथैः शुकाख्याङ्कोल्लयोरपि ।

ગળીનાં પાંદડાંના ક્વાથ વડે અને સરસડાના અને અંકોલના ક્વાથ વડે વમન કરાવવું.

कोशातक्याः शुकाख्यायाः फलं जीमूतकस्य च ॥ २१ ॥
मदनस्य च सञ्चूर्ण्य दध्ना पीत्वा विषं वमेत् ।

તૂરિયાં, સરસડો, કૂકડવેલ અને મીંઢળ એ ચાર વૃક્ષનાં ફળનું ચૂર્ણ કરીને દહી સાથે એ ચૂર્ણ પીને ઝેર ઓકી કાઢવું.

वचामदनजीमूतकुष्ठं वा मूत्रपेषितम् ॥ २२ ॥
पूर्वकल्पेन पातव्यं सर्वोन्दुरविषापहम् ।

અથવા વજ, મીંઢળ, કૂકડવેલ અને ઉપલેટને ગાયના મૂત્રમાં લસોટીને એ દહીં સાથે પાવુ. તેથી બધા ઉંદરનુ ઝેર મટે છે.

ક્યાં ઔષધનો રેચ આપવો?

विरेचनं त्रिवृन्नीलीत्रिफलाकल्क इष्यते ॥ २३ ॥

નસોતર, ગળી (વૃક્ષ) અને ત્રિફળા એ ત્રણનો કલ્ક રેચ આપવા માટે ઇચ્છાય છે.

નસ્યનાં ઔષધ

शिरोविरेचने सारः शिरीषस्य फलानि च ।

સરસડાનાં સાર અને ફળ નસ્ય તરીકે આપવાં.

મધ અને ગળોથી સિદ્ધ કરેલું ઘી, (૩) ગરણીનાં મૂળથી સિદ્ધ કરેલું ઘી અથવા (૪) કોઠાના ઝાડનાં પાંચે અંગથી (કોઠાંનાં પાંદડાં, ફળ, મૂળ, ફૂલ અને અંતર્છાલથી) સિદ્ધ કરેલું ઘી પીવાથી ફાયદો થાય છે.

પીવાની દવા: લેપ

सिन्दुवारं नतं शिग्रुविल्वमूलं पुनर्नवा ।
वचाश्वदंष्ट्राजीमूतमेषां क्वाथं समाक्षिकम् ॥२७
पिबेच्छाल्योदनं दध्ना भुञ्जानो मूषिकार्दितः ।

જે ઉંદરના ઝેરથી પીડાતો હોય તેણે ખોરાકમાં શાલિ ચોખાનો ભાત દહીં સાથે ખાવો અને નગોડ, તગર, સરગવાનું મૂળ, બીલીના ઝાડનુ મૂળ, સાટોડી, વજ, ગોખરુ, અને કૂકડવેલ–એટલાં દ્રવ્યોનો ક્વાથ મધ નાખીને પીવો.

तर्केण शरपुङ्खाया बीजं सञ्चूर्ण्य वा पिबेत् ॥

અથવા સરપુંખાનાં બીનુ ચૂર્ણ કરીને છાશ સાથે પીવુ.

अङ्कोल्लमूलकल्को वा बस्तमूत्रेण कल्कितः ।
पानालेपनयोर्युक्तः सर्वाखुविषनाशनः ॥ २९ ॥

અથવા અંકોલના મૂળનો બકરીના મૂતરમાં કલ્ક કરીને પીવામાં અને લેપમાં વાપરવાથી બધા ઉંદરના વિષનો નાશ થાય છે.

कपित्थमक्ष्यतिलकतिलाङ्कोल्लजटाः पिबेत् ।

નસ્ય વગેરે

सिन्दुवारस्य मूलानि बिडालास्थि विषं नतम् ।
जलपिष्टोऽगदो हन्ति नस्याद्यैराखुजं विषम् ॥

નગોડનાં મૂળ, બિલાડીનું હાડકું, અતિવિષની કળી, તગરે–એટલી વસ્તુઓને પાણીમાં લસોટીને તૈયાર કરેલું અગદ નસ્ય વગેરે (નસ્ય, લેપ અને સેચન) તરીકે વાપરવાથી ઉંદરનું ઝેર મટે છે.

બાકી રહી ગયેલું ઉંદરનું ઝેર ક્યારે કોપે છે?

सशेषं मूषिकविषं प्रकुप्यत्यभ्रदर्शने ।
यथायथं वा कालेषु दोषाणां वृद्धिहेतुषु ॥ ३३ ॥

શરીરમાં બાકી રહી ગયેલું ઉંદરનું ઝેર વાદળાં દેખાય ત્યારે અથવા વાયુ વગેરે-(વાયુ, પિત્ત અને કફ)ના પોતપોતાના પ્રકોપના કારણરૂપ કાળમા (સૂ ૧/૭ફે, સૂ. ૧૨/૨૪, ૨૪ફે) કોપે છે.

तत्र सर्वे यथावस्थं प्रयोज्याः स्युरुपक्रमाः ।
यथास्वं ये च निर्दिष्टास्तथा दूषीविषापहाः ॥

તેમાં (રહી ગયેલું ઉંદરનું વિષ ફરી કોપે ત્યારે) રોગીની અને રોગની અવસ્થાનો વિચાર કરીને બધા ઉપચાર કરવા, તેમ જ દૂષીવિષ મટાડવાના ઉપચાર કરવા.

હડકાયું કૂતરું કરડયાના ઉપાય

બચકાને શી રીતે બાળવું?

दंशं त्वलर्कदष्टस्य दग्धमुष्णेन सर्पिषा ।
प्रदिह्यादगदैस्तैस्तैः पुराणं च घृतं पिबेत् ॥३५॥

હડકાયું કૂતરું જેને કરડ્યું હોય તેના શરીર પર પડેલા કૂતરાના દાંતના ઘાને (બચકાવાળા ભાગને) કકડતા (પુષ્કળ ગરમ કરેલા) ઘીથી બાળવા (સાણુશીથી કપડાનો ડૂચો પકડીને એ ડૂચાને કકડતા ઘીમાં બોળીને એ ડૂચો બચકા પર દબાવીને એ ભાગ બાળવો). પછી એના પર જુદાંજુદાં અગદો વડે લેપ કરવો અને પછી જૂનું ઘી પીવું.

રેચ શાનો આપવો?

अर्कक्षीरयुतं चास्य योज्यमाशु विरेचनम् ।

એને આકડાના દૂધમાં મેળવીને રેચનું ઔષધ તરત આપવુ.

પીવાની દવા

अङ्कोलोत्तरमूलाम्बु त्रिपलं सहविःपलम् ॥ ३६ ॥
पिबेत्सधत्तूरफलां श्वेतां वाऽपि पुनर्नवाम् ।

અંકોલનાં ઉત્તર દિશાનાં મૂળના ત્રણ પલ ક્વાથમાં એક પલ ઘી નાખીને પીવું અથવા ધંતૂરાના ફળ સાથે ધોળી સાટોડીને (પાણી સાથે) પીવી.

एकध्यं पललं तैलं रूपिकायाः पयो गुडः ॥३७॥
भिनत्ति विषमालर्कं घनवृन्दमिवानिलः ।

જેમ પવન વાદળાંના સમૂહને ભેદે છે તેમ પલલ (તલનું કચરિયું), તેલ, આકડાનું દૂધ અને ગોળ–એ બધાંને ભેગા કરીને પાણી સાથે પીવાથી હડકાયા કૂતરાનું ઝેર નાશ પામે છે.

નવડાવવાનો વિધિ

समन्त्रं सौषधीरत्नं स्नपनं च प्रयोजयेत् ॥ ३८ ॥

મંત્રો ભણીને વનસ્પતિ અને રત્ન સાથે દરદીને નવડાવવો.

(નીલમ, માણેક વગેરે) રત્નો અને વનસ્પતિનાં બી જેમાં નાખ્યાં હોય એવા ઠંડા પાણીથી ભરેલા ઘડા વડે દરદીને નદીને કિનારે નીચે આપેલો મંત્ર ભણીને નવડાવવો તથા ચકલામાં (કે હોળીચકલે) બલિ (ઉતાર) મૂકવો અને તેમાં (બલિમાં) ખોળ, તલનું કચરિયું, દહીં, રંગબેરંગી ફૂલની માળાઓ, તથા કાચું અને રાંધેલુ માંસ એટલાં વાના મૂકવાં. નવડાવતી વખતે નીચેનો મંત્ર ભણવો:

अलर्काधिपते यक्ष सारमेयगणाधिप ।
अलर्कजुष्टमेतन्मे निर्विषं कुरु माचिरात् ॥
(સુશ્રુત, કલ્પ. ૭/૬૯ની ૬૧।।)

બિનહડકાયાં ચોપગાં અને બેપગાં પ્રાણીનાં બચકાં અને નહોરનાં લક્ષણ અને ઉપાય

चतुष्पाद्भिर्द्विपाद्भिर्वा नखदन्तपरिक्षतम् ।
शूयते पच्यते रागज्वरस्रावरुजान्वितम् ॥ ३९ ॥

(હાથી, ઘોડા વગેરે) ચોપગાં કે (માણસ, મોર, કૂકડો વગેરે) બેપગાં પ્રાણી હડકાયાં કે ગાંડાં ન થયાં હોય તેના નખ અને દાંતથી જે ઘા પડે તે ઘા સૂજી જાય છે, રાતો થાય

લેપ કરવો; અથવા તરત ફસ ખોલવી.

કયાં ઔષધોથી ઊલટી કરાવવી ?

छर्दनं नीलिनीक्वाथैः शुकाख्याङ्कोल्लयोरपि ।

ગળીનાં પાંદડાંના ક્વાથ વડે અને સરસડાના અને અંકોલના ક્વાથ વડે વમન કરાવવું.

कोशातक्याः शुकाख्यायाः

फले जीमूतकस्य च ॥ २१ ॥

मदनस्य च सञ्चूर्ण्य दध्ना पीत्वा विषं वमेत् ।

તૂરિયાં, સરસડો, કૂકડવેલ અને મીંઢળ એ ચાર વૃક્ષના ફળનું ચૂર્ણ કરીને દહીં સાથે એ ચૂર્ણ પીને ઝેર ઓકી કાઢવું.

वचामदनजीमूतकुष्ठं वा मूत्रपेषितम् ॥ २२ ॥
पूर्वकल्पेन पातव्यं सर्वोन्दुरविषापहम् ।

અથવા વજ, મીંઢળ, કૂકડવેલ અને ઉપલેટને ગાયના મૂત્રમાં લસોટીને એ દહીં સાથે પાવું. તેથી બધા ઉંદરનું ઝેર મટે છે.

કયાં ઔષધનો રેચ આપવો ?

विरेचनं त्रिवृन्नीलीत्रिफलाकल्क इष्यते ॥ २३ ॥

નસોતર, ગળી (વૃક્ષ) અને ત્રિફળા એ ત્રણેનો કલ્ક રેચ આપવા માટે ઇચ્છાય છે.

નસ્યનાં ઔષધ

शिरोविरेचने सारः शिरीषस्य फलानि च ।

સરસડાનાં સાર અને ફળ નસ્ય તરીકે આપવાં.

આંજવાની દવા

अञ्जनं गोमयरसो व्योषसूक्ष्मरजोन्वितः ॥ २४ ॥

ત્રિકટુનું બહુ જ બારીક ચૂર્ણ ગાયના છાણના રસમાં નાખીને આંજવું.

ચાટવાની દવા

कपित्थगोमयरसो मधुमानवलेहनम् ।

કોઠું અને ગાયના છાણના રસમાં મધ નાખીને ચાટવું.

કયું ઘી પીવું

तन्दुलीयकमूलेन सिद्धं पाने हितं घृतम् ॥ २५
द्विनिशाकटभीरक्तायष्ट्याह्वैर्वाऽमृतान्वितैः ।
आस्फोतमूलसिद्धं वा, पञ्चकापित्थमेव वा ॥

(૧) તાંદળજાનાં મૂળથી સિદ્ધ કરેલું ઘી, (૨) હળદર, દારુહળદર, ગરણી, મજીઠ, જેઠીમધ અને ગળોથી સિદ્ધ કરેલું ઘી, (૩) ગરણીનાં મૂળથી સિદ્ધ કરેલું ઘી અથવા (૪) કોઠાના ઝાડનાં પાંચે અંગથી (કોઠાંનાં પાંદડાં, ફળ, મૂળ, ફૂલ અને અંતર્છાલથી) સિદ્ધ કરેલું ઘી પીવાથી ફાયદો થાય છે.

પીવાની દવા : લેપ

सिन्दुवारं नतं शिग्रुबिल्वमूलं पुनर्नवा ।
वचाश्वदंष्ट्राजीमूतमेषां क्वाथं समाक्षिकम् ॥२७
पिबेच्छाल्योदनं दध्ना भुञ्जानो मूषिकार्दितः ।

જે ઉંદરના ઝેરથી પીડાતો હોય તેણે ખોરાકમાં શાલિ ચોખાનો ભાત દહીં સાથે ખાવો અને નગોડ, તગર, સરગવાનું મૂળ, બીલીના ઝાડનું મૂળ, સાટોડી, વજ, ગોખરુ, અને કૂકડવેલ–એટલાં દ્રવ્યોનો ક્વાથ મધ નાખીને પીવો.

तक्रेण शरपुङ्खाया बीजं सञ्चूर्ण्य वा पिबेत् ॥

અથવા સરપુંખાનાં બીનું ચૂર્ણ કરીને છાશ સાથે પીવું.

अङ्कोल्लमूलकल्को वा बस्तमूत्रेण कल्कितः ।
पानालेपनयोर्युक्तः सर्वाखुविषनाशनः ॥ २९ ॥

અથવા અંકોલનાં મૂળનો બકરીના મૂતરમાં કલ્ક કરીને પીવામાં અને લેપમાં વાપરવાથી બધા ઉંદરના વિષનો નાશ થાય છે.

कपित्थमध्यतिलकतिलाङ्कोल्लजटाः पिबेत् ।
गवां मूत्रेण, पयसा मञ्जरीं तिलकस्य वा ॥३०

કોઠાનો ગલ, તિલક, કાળા તલ અને અંકોલનાં મૂળ–એટલી વસ્તુઓને ગાયના મૂતર સાથે પીવી, અથવા તિલકની માંજરો ગાયના દૂધ સાથે પીવી.

अथवा सैर्यकान्मूलं सक्षौद्रं तन्दुलाम्बुना ।

અથવા ચોખાના ધોવડામણના પાણીમાં કાંટાશેળિયાનાં મૂળનું ચૂર્ણ નાખીને એમાં મધ નાખીને પીવું.

कटुकालाबुविन्यस्तं

पीतं वाऽम्बु निशोषितम् ॥ ३१ ॥

અથવા કડવી દૂધીની તૂમડીમાં આખી રાત ભરી રાખેલું પાણી પીવાથી પણ બધા ઉંદરોનું ઝેર મટે છે.

નસ્ય વગેરે

सिन्दुवारस्य मूलानि विडालास्थि विषं नतम्।
जलपिष्टोऽगदो हन्ति नस्याद्यैराखुजं विषम्॥

નગોડનાં મૂળ, બિલાડીનું હાડકું, અતિવિષની કળી, તગર—એટલી વસ્તુઓને પાણીમાં લસોટીને તૈયાર કરેલું અગદ નસ્ય વગેરે (નસ્ય, લેપ અને સેચન) તરીકે વાપરવાથી ઉંદરનું ઝેર મટે છે.

બાકી રહી ગયેલું ઉંદરનું ઝેર ક્યારે કોપે છે?

सशेषं मूषिकविषं प्रकुप्यत्यभ्रदर्शने।
यथायथं वा कालेषु दोषाणां वृद्धिहेतुषु॥ ३३॥

શરીરમાં બાકી રહી ગયેલું ઉંદરનું ઝેર વાદળાં દેખાય ત્યારે અથવા વાયુ વગેરે-(વાયુ, પિત્ત અને કફ)ના પોતપોતાના પ્રકોપના કારણરૂપ કાળમા (સૂ ૧/૭ર્, સૂ. ૧૨/૨૪, ૨૪ર્) કોપે છે.

तत्र सर्वे यथावस्थं प्रयोज्याः स्युरुपक्रमाः।
यथास्वं ये च निर्दिष्टास्तथा दूषीविषापहाः॥

તેમાં (રહી ગયેલું ઉંદરનું વિષ ફરી કોપે ત્યારે) રોગીની અને રોગની અવસ્થાનો વિચાર કરીને બધા ઉપચાર કરવા, તેમજ દૂષીવિષ મટાડવાના ઉપચાર કરવા.

હડકાયું કૂતરું કરડ્યાના ઉપાય

બચકાને શી રીતે બાળવું?

दंशं त्वलर्कदष्टस्य दग्धमुष्णेन सर्पिषा।
प्रदिह्यादगदैस्तैस्तैः पुराणं च घृतं पिबेत्॥३५॥

હડકાયું કૂતરું જેને કરડ્યું હોય તેના શરીર પર પડેલા કૂતરાના દાંતના ઘાને (બચકાવાળા ભાગને) કકડતા (પુષ્કળ ગરમ કરેલા) ઘીથી બાળવા (સાણસીથી કપડાનો ડૂચો પકડીને એ ડૂચાને કકડતા ઘીમાં બોળીને એ ડૂચો બચકા પર દબાવીને એ ભાગ બાળવો). પછી એના પર જુદાંજુદાં અગદો વડે લેપ કરવો અને પછી જૂનું ઘી પીવું.

રેચ શાનો આપવો?

अर्कक्षीरयुतं चास्य योज्यमाशु विरेचनम्।

એને આકડાના દૂધમાં ભેળવીને રેચનું ઔષધ તરત આપવું.

પીવાની દવા

अङ्कोल्लोत्तरमूलाम्बु त्रिपलं सहविःपलम्॥ ३६॥
पिबेत्सधत्तूरफलां श्वेतां वाऽपि पुनर्नवाम्।

અંકોલનાં ઉત્તર દિશાનાં મૂળના ત્રણ પલ ક્વાથમાં એક પલ ઘી નાખીને પીવું અથવા ધંતૂરાના ફળ સાથે ધોળી સાટોડીને (પાણી સાથે) પીવી.

पेकथ्यं पललं तैलं रूपिकायाः पयो गुडः॥३७॥
भिनत्ति विषमालर्कं घनवृन्दमिवानिलः।

જેમ પવન વાદળાંના સમૂહને ભેદે છે તેમ પલલ (તલનું કચરિયું), તેલ, આકડાનું દૂધ અને ગોળ—એ બધાંને ભેગાં કરીને પાણી સાથે પીવાથી હડકાયા કૂતરાનું ઝેર નાશ પામે છે.

નવડાવવાનો વિધિ

समन्त्रं सौषधीरत्नं स्नपनं च प्रयोजयेत्॥ ३८॥

મંત્રો ભણીને વનસ્પતિ અને રત્ન સાથે દરદીને નવડાવવો.

(નીલમ, માણેક વગેરે) રત્નો અને વનસ્પતિનાં બી જેમાં નાખ્યાં હોય એવા ઠંડા પાણીથી ભરેલા ઘડા વડે દરદીને નદીને કિનારે નીચે આપેલો મંત્ર ભણીને નવડાવવો તથા ચકલામાં (કે હોળીચકલે) બલિ (ઉતાર) મૂકવો અને તેમાં (બલિમા) ખોળ, તલનું કચરિયુ, દહીં, રંગબેરંગી ફૂલની માળાઓ, તથા કાચું અને રાંધેલુ માંસ એટલાં વાના મૂકવાં. નવડાવતી વખતે નીચેનો મંત્ર ભણવો:

अलर्काधिपते यक्ष सारमेयगणाधिप।
अलर्कजुष्टमेतन्मे निर्विषं कुरु माचिरात्॥
(સુશ્રુત, કલ્પ ૭/૫૯થી ૬૧॥)

બિનહડકાયાં ચોપગાં અને બેપગાં પ્રાણીનાં બચકાં અને નહોરનાં લક્ષણ અને ઉપાય

चतुष्पाद्भिर्द्विपाद्भिर्वा नखदन्तपरिक्षतम्।
शूयते पच्यते रागज्वरस्रावरुजान्वितम्॥ ३९॥

(હાથી, ઘોડા વગેરે) ચોપગાં કે (માણસ, મોર, કૂકડો વગેરે) બેપગા પ્રાણી હડકાયાં કે ગાંડાં ન થયાં હોય તેના નખ અને દાંતથી જે ઘા પડે તે ઘા સૂજી જાય છે, રાતો થાય

છે, તાવ આવે છે, એમાંથી સ્રાવ થાય છે અને પીડા થાય છે.

सोमवल्कोऽश्वकर्णश्च गोजिह्वा हंसपादिका ।
रजन्यौ गैरिकं लेपो नखदन्तविषापहः ॥ ४० ॥

નખ અને દાંત વાગવાથી શરીરમાં દાખલ થયેલું ઝેર ધોળો ખેર, સાલવૃક્ષ, ગળજીભી, હંસપદીનો વેલો, હળદર, દારુહળદર અને ગેરુ— એટલી વસ્તુઓનો લેપ કરવાથી નાશ પામે છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने मूषिकालर्कविषप्रतिषेधो नामाष्टत्रिंशोऽध्यायः ॥ ३८ ॥

અધ્યાય ૩૯ મો–રસાયનવિધિ

अथातो रसायनविधिमध्यायं व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

ત્યારે હવે અમે રસાયનના વિધિનો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે:

રસાયનનું ફળ

दीर्घमायुः स्मृतिं मेधामारोग्यं तरुणं वयः ।
प्रभावर्णस्वरौदार्यं देहेन्द्रियबलोदयम् ॥ १ ॥
वाक्सिद्धिं वृषतां कान्तिमवाप्नोति रसायनात् ।
लाभोपायो हि शस्तानां रसादीनां रसायनम् ॥

રસાયનથી લાંબું આયુષ્ય, સ્મરણશક્તિ, મેધા, આરોગ્ય, જુવાની મળે છે, તેજ, રંગ અને અવાજ ઉદાર (સુંદર) થાય છે. શરીરમાં અને ઇંદ્રિયોમાં શક્તિ આવે છે; વાચાસિદ્ધિ (જે બોલે તે ફળે એવી શક્તિ), મૈથુનશક્તિ (પુષ્કળ વીર્ય વધે) અને કાંતિ આવે છે.

રસાયન એટલે શું ?

રસાયન એટલે ઉત્તમ રસ વગેરે ધાતુઓ મેળવવાનો ઉપાય.

રસાયન ક્યારે અને કેવી સ્થિતિમાં આપવું ?

पूर्वे वयसि मध्ये वा तत्प्रयोज्यं जितात्मनः ।
स्निग्धस्य स्रुतरक्तस्य विशुद्धस्य च सर्वथा ॥३

જે માણસે પોતાનું મન માર્યું હોય તેવા માણસને પહેલી ઉંમરમાં (બાળક મટીને જુવાનીમાં દાખલ થાય ત્યારે) અથવા વચલી ઉંમરમાં (ભરજુવાનીમાં), સ્નેહન કર્યા પછી, ફસ ખોલીને લોહી કાઢ્યા પછી અને બધી રીતનું સંશોધન કર્યા પછી રસાયન આપવું.

કારણ

अविशुद्धे शरीरे हि युक्तो रासायनो विधिः ।
वाजीकरो वा मलिने वस्त्रे रङ्ग इवाफलः ॥ ४ ॥

જેમ મેલા વસ્ત્રને રંગ ચઢાવેલો નકામો જાય છે, તેમ તદ્દન શુદ્ધ થયા વિનાના શરીરમાં કરેલો રસાયનનો વિધિ કે વાજીકરણનો વિધિ નકામો જાય છે.

બે જાતનો રસાયનપ્રયોગ

रसायनानां द्विविधं प्रयोगमृषयो विदुः ।
कुटीप्रावेशिकं मुख्यं वातातपिकमन्यथा ॥ ५ ॥

ઋષિઓ રસાયનનો બે જાતનો પ્રયોગ જાણે છે: ૧. કુટીપ્રાવેશિક (શ્લોક ૫થી ૭), તે મુખ્ય છે અને ૨. વાતાતપિક તે ગૌણ છે. (વાતાતપિક=કુટીમાં રહ્યા સિવાય હવામાં અને તડકામાં હરતાંફરતાં–હમેશની જેમ રહેતાં-રહેતાં કરી શકાય એવો).

રસાયનપ્રયોગ માટેની કુટી (ઘર)

पुरे प्राप्योपकरणे हर्म्यनिर्वातनिर्भये ।
दिश्युदीच्यां शुभे देशे
त्रिगर्भां सूक्ष्मलोचनाम् ॥ ६ ॥
धूमातपरजोव्यालस्त्रीमूर्खाद्यविलङ्घिताम् ।
सज्जवैद्योपकरणां सुमृष्टां कारयेत्कुटीम् ॥ ७ ॥

શહેરમાં જ્યાં ઔષધ વગેરે સાધનો મળી શકે એવા, હવેલીઓને લીધે પવન વિનાના અને નિર્ભય, શુભ (દુકાળ, રોગચાળો વગેરે ઉપદ્રવ વિનાના) પ્રદેશમાં ત્રણ કોઠાનું, ઝીણી આંખોવાળું (આંખો જેવાં ઝીણાં છિદ્રોવાળું), ધુમાડો, તાપ, ધૂળ, સાપ, સ્ત્રી, મૂર્ખ વગેરે ન આવે એવું, જેમાં વૈદ્ય અને જરૂરી સાધનો તૈયાર રાખ્યાં હોય એવું અને લીંપીગૂંપીને સારી રીતે શુદ્ધ કરેલું મકાન કરાવવું.

રસાયન કેવા માણસે કરવું ?

अथ पुण्येऽह्नि सम्पूज्य
पूज्यांस्तां प्रविशेच्छुचिः ।
तत्र संशोधनैः शुद्धः सुखी जातबलः पुनः ॥

ब्रह्मचारी धृतियुतः श्रद्दधानो जितेन्द्रियः।
दानशीलदयासत्यव्रतधर्मपरायणः॥ ९॥
देवतानुस्मृतौ युक्तो युक्तस्वप्नप्रजागरः।
प्रियौषधः पेशलवागारभेत रसायनम्॥ १०॥

હવે પવિત્ર દિવસે (દેવ, ગુરુ, બ્રાહ્મણ વગેરે) પૂજવા લાયક વ્યક્તિઓનું પૂજન કરીને પવિત્ર થઈને એ કુટીમાં પેસવું. પછી (શ્લોક ૧૦૩થી ૧૧૨માં કહ્યા પ્રમાણે વારંવાર) સંશોધન કરીને શુદ્ધ થયેલા, સુખી (શરીર, વાણી કે મનના દુઃખ વિનાના), (સંશોધન પછી શ્લોક ૧૨, ૧૨૩, ૧૩વાળા ક્રમથી) જેનામાં ફરી પાછું બળ આવ્યું હોય એવા, બ્રહ્મચર્ય પાળનાર, ધીરજવાળા, શ્રદ્ધાવાળા, જેણે પોતાની ઇંદ્રિયોને વશ કરી હોય એવા, દાન, સદાચાર (શિયળ), દયા, વ્રત અને ધર્મમાં તલ્લીન રહેનાર, ઇષ્ટ દેવતાના સ્મરણમાં લાગેલા, ઊંઘવાજાગવામાં પ્રમાણ જાળવનાર, જેને ઔષધ ગમતાં હોય એવા અને કોમળ વાણીવાળા માણસે રસાયન શરૂ કરવું.

રસાયન માટેનું વિરેચન

हरीतकीमामलकं सैन्धवं नागरं वचाम्।
हरिद्रां पिप्पलीं वेल्लं
गुडं चोष्णाम्बुना पिबेत्॥ ११॥
स्निग्धस्विन्नो नरः पूर्वं, तेन साधु विरिच्यते।

માણસે પહેલાં સ્નેહન અને સ્વેદન કરીને પછી હરડે, આમળાં, સૈંધવ, સૂંઠ, વજ, હળદર, પીપર, વાવડિંગ અને ગોળ–એટલી વસ્તુઓ ગરમ પાણી સાથે પીવી. તેથી ખરાબર રેચ થાય છે.

વિરેચન થયા પછી બળ લાવવા માટે શું કરવું ?

ततः शुद्धशरीराय कृतसंसर्जनाय च॥ १२॥
त्रिरात्रं पञ्चरात्रं वा सप्ताहं वा घृतान्वितम्।
दद्याद्यावकमाशुद्धेः पुराणशकृतोऽथवा॥ १३॥

પછી શરીર (ઉપર કહેલા વિરેચનથી) શુદ્ધ થાય એટલે એને સંસર્જનનો ક્રમ કરાવીને પછી (જેનામાં ઓછો ઝાડો રહ્યો હોય તેને) ત્રણ રાત (ત્રણ દિવસ), (જેનામાં સાધારણ ઝાડો રહ્યો હોય તેને) પાંચ રાત અથવા (જેનામાં બહુ ઝાડો રહ્યો હોય તેને) સાત રાત સુધી, અથવા જૂના ઝાડાવાળાને (=બહુ જ વધારે ઝાડો રહી ગયો હોય તેને) જૂનો મળ નીકળી જતાં સુધી ઘી સાથે જવની વાનીઓ ખાવા આપવી.

इत्थं संस्कृतकोष्ठस्य रसायनमुपाहरेत्।
यस्य यद्यौगिकं पश्येत्
सर्वमालोच्य सात्म्यवित्॥ १४॥

આ પ્રમાણે કોઠો શુદ્ધ કરીને રસાયન વિધિ કરનારને શું માફક આવશે એ સમજનાર વૈદ્યે દોષ, દૂષ્ય વગેરે બાબતોનો વિચાર કરીને જેને માટે જે રસાયનનો યોગ યોગ્ય હોય તેને તે રસાયનનો યોગ આપવો.

રસાયનના યોગો

કુટીપ્રવેશવિધિથી કરવાના રસાયનયોગો

બ્રાહ્મરસાયન

(શ્લોક ૧૪ા થી ૧૪૨ા)

पथ्यासहस्रं त्रिगुणधात्रीफलसमन्वितम्।
पञ्चानां पञ्चमूलानां सार्धं पलशतद्वयम्॥१५॥
जले दशगुणे पक्त्वा दशभागस्थिते रसे।
आपोथ्य क्वाथ्य व्यस्थीनि विजयामलकान्यथ॥
विनीय तस्मिन्निर्यूहे योजयेत्कुडवांशकम्।
त्वगेलामुस्तरजनीपिप्पल्यगुरुचन्दनम्॥ १७॥
मण्डूकपर्णीकनकशङ्खपुष्पीवचाप्लवम्।
यष्ट्याह्वयं विडङ्गं च चूर्णितं तुलयाऽधिकम्॥
सितोपलार्धभारं च पात्राणि त्रीणि सर्पिषः।
द्वे च तैलात् पचेत्सर्वं तदग्नौ लेहतां गतम्॥१९
अवतीर्णं हिमं युञ्ज्याद्विंशैः क्षौद्रशतैस्त्रिभिः।
ततः खजेन मथितं निदध्याद् घृतभाजने॥२०॥
या नोपरुन्ध्यादाहारमेकं मात्राऽस्य सा स्मृता।
षष्टिकः पयसा चात्र जीर्णे भोजनमिष्यते॥२१॥
वैखानसा वालखिल्यास्तथा चान्ये तपोधनाः।
ब्रह्मणा विहितं धन्यमिदं प्राश्य रसायनम्॥२२॥
तन्द्राश्रमक्लमवलीपलितामयवर्जिताः।
मेधास्मृतिबलोपेता बभूवुरमितायुषः॥ २३॥

એક હજાર મોટી હરડે, ત્રણગણાં (ત્રણ હજાર) આમળાં અને બારસો તોલા પાંચે જાતનાં પંચમૂળ (પાંચે જાતનાં પંચમૂળનું કુલ

વજન બારસો તોલા)-એટલાં ઔષધોને એ ઔષધો કરતાં દશગણા પાણીમાં પકવીને જ્યારે પકવતાં પકવતાં દસમા ભાગનો કવાથ બાકી રહે, ત્યારે એને મસળીને, હરડેના અને આમળાંના ઠળિયા છૂટા પાડીને એ ઠળિયા કાઢી નાખીને પછી એ કવાથમાં તજ, એલચી, મોથ, હળદર, પીપર, અગર, સુખડ, બ્રાહ્મી, નાગકેસર, શંખાવળી, વજ, ક્ષુદ્ર મોથ, જેઠીમધ અને વાવડિંગ-એટલાં ઔષધો દરેક એક એક કુડવ લઈને એમનું ચૂર્ણ નાખવું. પછી એમાં અડધો ભાર અને ચારસો તોલા સાકર, ત્રણ આઢક ઘી અને બે આઢક તેલ-એ બધું દેવતા પર પકવવું. એ જ્યારે ચાટવા જેવું થાય ત્યારે એને દેવતા પરથી ઉતારી લઈને ઠંડું પડવા દઈને પછી એમાં ત્રણસો ને વીસ પલ મધ નાખવું. પછી એને કડછા(કે તવેથા)થી હલાવીને એકરસ કરીને ઘી ભરવાના રીઢા ગાડવામાં ભરવું.

રસાયનની માત્રા (માપ)

જે માપમાં રસાયન લેવાથી સાંજે ભૂખ ન લાગવાથી સાંજે ખાવાનું માંડી ન વાળવું પડે તે રસાયનનું માપ છે. (રસાયન એટલા જ માપથી ખાવું કે સાંજે વાળુ કરવાની ભૂખ લાગે, ભૂખ મરી ન જાય. રસાયન ખાધા પછી સવારે ખાવાની ભૂખ ન લાગવી જોઈએ પણ સાંજના વાળુ વખતે ભૂખ લાગવી જોઈએ).

રસાયન પચ્યા પછી ભોજન

જ્યારે એ રસાયન પચી જાય ત્યારે ગાયના દૂધ સાથે સાઠીચોખા ખાવા એવું ઇચ્છાય છે.

વૈખાનસો, વાલખિલ્યો અને બીજા તપસ્વીઓ બ્રહ્માએ બનાવેલું આ ધન્ય રસાયન ખાઈને તંદ્રા, શ્રમ, કલમ, કરચલીઓ, ધોળા વાળ અને રોગ વિનાના તથા મેધા, યાદશક્તિ અને બળવાળા તથા અમાપ આયુષ્યવાળા બન્યા.

વૈખાનસ=વાનપ્રસ્થ આશ્રમમાં રહેતો તપસ્વી.

વાલખિલ્ય=બ્રહ્માના શરીરમાંથી ઉત્પન્ન થયેલા, હાથના અંગૂઠા જેવડા સાઠ હજાર દિવ્ય પુરુષો. એમનું કામ સૂર્યના રથની આગળ ચાલવાનું છે.

અભયામલક રસાયન

अभयामलकसहस्रं
निरामयं पिप्पलीसहस्रयुतम्।
तरुणपलाशक्षारद्रवीकृतं स्थापयेद्भाण्डे ॥२४॥
उपयुक्ते च क्षारे छायासंशुष्कचूर्णितं योज्यम्।
पादांशेन सितायाः
चतुर्गुणाभ्यां मधुघृताभ्याम् ॥ २५ ॥
तद्घृतकुम्भे भूमौ निधाय षण्माससंस्थमुद्धृत्य
प्राह्णे प्राश्य यथानल-
मुचिताहारो भवेत्सततम् ॥ २६ ॥
इत्युपयुज्याशेषं वर्षशतमनामयो जरारहितः।
जीवति बलपुष्टिवपुः-
स्मृतिमेधाद्यन्वितो विशेषेण ॥ २६ ॥

હરડે અને આમળાં બંને મળીને કુલ એક હજાર, એક હજાર લીંડીપીપર-આ ત્રણે ઔષધો સડ્યા વિનાનાં અને રસકસવાળાં (निरामय) લઈને એમને બહુ કુમળાંયે નહિ અને ઘરડાંયે નહિ એવાં તરુણ ખાખરાનાં પાંદડાંના ક્ષારની ભાવના દઈને વાસણમાં ભરવાં. જ્યારે ક્ષાર વપરાઈ જાય (ક્ષારનું પાણી ઔષધો ચૂસી લે) ત્યારે એને છાંયડામાં સૂકવીને એ સુકાય ત્યારે એનું ચૂર્ણ કરીને એમાં હરડે, આમળાં અને પીપરના ભેગા વજનથી ચોથા ભાગની સાકર અને હરડે, આમળાં અને પીપરના ભેગા વજનથી ચારગણાં મધ, ઘી (મધ અને ઘી બંને મળીને ચારગણાં) ભેળવવાં. એ બધું ઘીના રીઢા ગાડવામાં ભરીને એ ગાડવાને જમીનમાં છ મહિના સુધી દાટી રાખીને પછી એને બહાર કાઢીને જે રોજ સવારે ભૂખ પ્રમાણે ખાઈને રોજ પથ્ય ભોજન કરે અને એ રીતે જે તૈયાર કરેલું બધું રસાયન ધીમેધીમે પૂરું કરે, તો માણસ એકસો વરસ સુધી રોગ અને ઘડપણ વિના અને ખાસ કરીને બળ, પુષ્ટિ, શરીરસૌંદર્ય, યાદશક્તિ, મેધા વગેરેવાળો થઈને જીવે છે.

આમલકરસાયન

नीरुजार्द्रपलाशस्य छिन्ने शिरसि तत्क्षतम् ।
अन्तर्द्विहस्तं गम्भीरं पूर्यमामलकैर्नवैः ॥२८॥
आमूलं वेष्टितं दर्भैः पद्मिनीपङ्कलेपितम् ।
आदीप्य गोमयैर्वन्यैर्निर्वाते स्वेदयेत्ततः ॥२९॥
स्विन्नानि तान्यामलकानि तृप्त्या
खादेन्नरः क्षौद्रघृतान्वितानि
क्षीरं शृतं चानु पिबेत्प्रकामं
तेनैव वर्तेत च मासमेकम् ॥३०॥
वर्ज्यानि वर्ज्यानि च तत्र यत्नात्
स्पृश्यं च शीताम्बु न पाणिनाऽपि ।
एकादशाहेऽस्य ततो व्यतीते
पतन्ति केशा दशना नखाश्च ॥३१॥
अथाल्पकैरेव दिनैः सुरूपः
स्त्रीष्वक्षयः कुञ्जरतुल्यवीर्यः ।
विशिष्टमेधाबलबुद्धिसत्त्वो
भवत्यसौ वर्षसहस्रजीवी ॥३२॥

સડયા વિનાના રસકસવાળા ખાખરાના ઝાડની ટોચ કાપી નાખીને એની અંદર બે હાથ ઊંડી બખોલ કરીને એ બખોલને નવાં આમળાંથી ભરી દઈને, ઝાડના મૂળથી તે ટોચ સુધી થડની આસપાસ ડાભ વીંટીને એના ઉપર તળાવમાં જયાં કમળ ઊગ્યાં હોય તે ભાગમાંનો કાદવ છાંદીને પછી જંગલમાં આપો-આપ સુકાઈ ગયેલાં છાણનાં અડાયાં વડે ઝાડ-ને સળગાવીને ત્યાં પવન ન આવે એવી રીતે બાફવું. પછી એ રીતે બફાયલાં આમળાંને મધ અને ઘી સાથે માણસે ધરાઈને ખાવાં અને પછી ઉકાળેલું દૂધ ધરાઈને પીવું. આટલા-થી જ એક મહિના સુધી ગુજારો કરવો (બીજું કંઈ ખાવુંપીવું નહિ) અને રસાયનવિધિમાં જે અપથ્ય ગણ્યું છે (મૈથુન, દારૂ, ક્ષાર વગેરે) તે ચીવટપૂર્વક છોડી દેવું, અને ઠંડા પાણીને તો હાથ પણ ન અડકાડવો. પછી જ્યારે આમ કરતાં અગિયારમો દિવસ પૂરો થાય ત્યારે (બારમે દિવસે) એના વાળ ખરી પડે છે, દાંત પડી જાય છે અને નખ ઊખડી જાય છે અને પછી થોડા જ દિવસમાં એ માણસ બહુ રૂપાળો, સ્ત્રીઓના સંગ છતાં શરીર ઊતરે નહિ એવો, હાથી જેટલા વીર્યવાળો, અસાધારણ મેધા, બળ, બુદ્ધિ અને સત્ત્વવાળો તથા હજાર (કે હજારો) વર્ષ જીવે એવો બની જાય છે.

ચ્યવનપ્રાશ

दशमूलबलामुस्तजीवकर्षभकोत्पलम् ।
पर्णिन्यौ पिप्पली शृङ्गी मेदा तामलकी त्रुटिः ॥३३
जीवन्ती जोङ्गकं द्राक्षा पौष्करं चन्दनं शठी ।
पुनर्नवर्द्धिकाकोलीकाकनासामृताद्वयम् ॥३४॥
विदारी वृषमूलं च तदैकथ्यं पलोन्मितम् ।
जलद्रोणे पचेत्पञ्च धात्रीफलशतानि च ॥३५॥
पादशेषं रसं तस्माद्व्यस्थीन्यामलकानि च ।
गृहीत्वा भर्जयेत्तैलघृताद् द्वादशभिः पलैः ॥३६॥
मत्स्यण्डिकातुलार्धेन युक्तं तल्लेहवत् पचेत् ।
स्नेहार्धं मधु सिद्धे तु तवक्षीर्याश्चतुष्पलम् ॥३७॥
पिप्पल्या द्विपलं दद्याच्चतुर्जातं कणार्धितम् ।
अतोऽवलेहयेन्मात्रां कुटीस्थः पथ्यभोजनः ॥३८॥
इत्येष च्यवनप्राशो यं प्राश्य च्यवनो मुनिः ।
जराजर्जरितोऽप्यासीन्नारीनयननन्दनः ॥३९॥
कासं श्वासं ज्वरं शोषं हृद्रोगं वातशोणितम् ।
मूत्रशुक्राश्रयान् दोषान् वैस्वर्यं च व्यपोहति ॥४०
बालवृद्धक्षतक्षीणकृशानामङ्गवर्धनः ।
मेधां स्मृतिं कान्तिमनामयत्व-
मायुःप्रकर्षं पवनानुलोम्यम् ।
स्त्रीषु प्रहर्षं बलमिन्द्रियाणा-
मग्नेश्च कुर्याद्विधिनोपयुक्तः ॥४१॥

દશમૂળ, બળદાણા, મોથ, જીવક, ઋષભક, કાળું કમળ, મુદ્‌ગપર્ણી, માષપર્ણી, પીપર, કાકડાશીંગ, મેદા, ભોંઆંબલી, નાની એલચી, ડોડી, અગર, કાળી દ્રાક્ષ, પુષ્કરમૂળ, સુખડ, ષડકચૂરો, સાટોડી, ઋદ્ધિ, કાકોલી, કાકનાસા, ગળો, હરડે, વિદારીકંદ, અરડૂસીનાં મૂળ—આ દરેક ઔષધ એકએક પલ લઈને અને એમાં પાંચસો આમળાં નાખીને એ બધું એકસાથે પક-વતાં પકવતાં ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યાં સુધી પકવવું. પછી એ ક્વાથનું પાણી નિતારી લઈને એ પાણીમાં ક્વાથમાંનાં આમળાંના ઠળિયા કાઢી નાખીને બાકીનો આમળાંનો ભાગ

(ક્વાથના પાણીમાં) નાખીને એ બધું (ક્વાથનું પાણી અને ઠળિયા વિનાનાં આમળાં) બારબાર પલ તેલ અને ઘીમાં સાંતળવું. પછી એમાં બસો તોલા સાકર નાખીને ચાટણા જેવું પકવવું. એ સિદ્ધ થઈ જાય ત્યારે (એને ઠંડું પાડીને) એમાં સ્નેહ કરતાં અડધું (બાર પલ) મધ, ચાર પલ વંશલોચન, બે પલ પીપર અને પીપરથી અડધું (એક પલ) ચાતુર્જાત નાખવું. એ ચાટણામાંથી માત્રા (શ્લોક ૨૦½) ચાટવી. આ પ્રયોગ કરનારે કુટીમાં (શ્લોક ૫½થી ૭) રહેવું અને પથ્ય ભોજન કરવું. આ ચ્યવનપ્રાશ છે. ઘડપણથી ખખડી ગયેલા ચ્યવન મુનિ પણ એ (ચ્યવનપ્રાશ) ખાઈને સ્ત્રીઓની આંખને આનંદ આપે એવા બની ગયા. આ ચ્યવનપ્રાશ જો વિધિપુરઃસર ખવાય તો એ ઉધરસ, દમ, તાવ, ક્ષય, હૃદયના રોગ, પત, પેશાબ અને વીર્યમાં રહેલા દોષો અને અવાજની કર્કશતા-(બેસૂરાપણુ)ને મટાડે છે, મેધા, યાદશક્તિ, કાંતિ, નીરોગીપણું, દીર્ઘાયુષ્ય, વાયુની સ્વાભાવિક સવળી ગતિ, સ્ત્રીઓમાં ખૂબ હર્ષ તથા ઇંદ્રિયોનું તથા અગ્નિનું બળ કરે છે (આપે છે).

ત્રિફલારસાયન

मधुकेन तवक्षार्या पिप्पल्या सिन्धुजन्मना ।
पृथग्लोहैः सुवर्णेन वचया मधुसर्पिषा ॥४२॥
सितया वा समा युक्ता समायुक्ता रसायनम् ।
त्रिफला सर्वरोगघ्नी मेधायुः स्मृतिबुद्धिदा ॥४३

જેઠીમધ, વંશલોચન, પીપર, સિંધવ, દરેક પ્રકારનું લોહ (મંડૂર), સોનું, વજ, મધ, ઘી કે સાકર–આટલી વસ્તુઓમાંથી ગમે તે એક વસ્તુ લઈને એમાં (વજનમાં) એના જેટલી જ ત્રિફળા ભેળવીને એક વરસ સુધી વાપરવાથી (ફાકવા કે ચાટવાથી) એ ત્રિફળા બધા રોગનો નાશ કરે એવી, મેધા, યાદશક્તિ અને બુદ્ધિ આપે એવી તથા રસાયન બને છે. (મધ અને ઘી છૂટાંછૂટાં નહિ, પણ બન્ને ભેગાં લેવાં.)

मण्डूकपर्ण्याः स्वरसं यथाग्नि
क्षीरेण यष्टीमधुकस्य चूर्णम् ।
रसं गुडूच्याः सहमूलपुष्प्याः
कल्कं प्रयुञ्जीत च शङ्खपुष्प्याः ॥४४॥
आयुष्प्रदान्यामयनाशनानि
बलाग्निवर्णस्वरवर्धनानि ।
मेध्यानि चैतानि रसायनानि
मेध्या विशेषेण तु शङ्खपुष्पी ॥४५॥

(૧) બ્રાહ્મીનો સ્વરસ, (૨) દૂધ સાથે જેઠીમધનું ચૂર્ણ, (૩) ગળોનો સ્વરસ, (૪) શંખાવળીનાં મૂળ અને ફૂલ સાથે શંખાવળીનો કલ્ક જઠરાગ્નિના બળ પ્રમાણે (પચી શકે એટલા જ માપમાં) આપવાં. (આ ચાર રસાયનમાંથી ગમે તે એક આપવું) આ (ચાર) રસાયનો આયુષ્ય આપે એવાં, રોગનો નાશ કરે એવાં, બળ, જઠરાગ્નિ, રંગ અને અવાજને વધારે એવાં અને મેધા માટે સારાં છે, પણ શંખાવળી મેધા માટે ઘણી જ સારી છે.

नलदं कटुरोहिणी पयस्या
मधुकं चन्दनसारिवोग्रगन्धाः ।
त्रिफला कटुकत्रयं हरिद्रे
सपटोलं लवणं च तैः सुपिष्टैः ॥४६॥
त्रिगुणेन रसेन शङ्खपुष्प्याः
सपयस्कं घृतनल्वणं विपक्वम् ।
उपयुज्य भवेज्जडोऽपि वाग्मी
श्रुतधारी प्रतिभानवानरोगः ॥४७॥

વીરણવાળો, કડુ, ક્ષીરકાકોલી, જેઠીમધ, સુખડ, સારિવા, વજ, ત્રિફળા, ત્રિકટુ, હળદર, દારુહળદર, પટોળ અને સિંધવ–એટલી વસ્તુઓને બરાબર લસોટીને એમના કલ્ક વડે અને શંખાવળીના ત્રણગણા રસ સાથે દૂધ અને એક આઢક ઘી પકવીને એ ઘી પીવાથી જડ માણસ પણ વાચાળ, સાંભળેલું (ભણેલું) યાદ રાખી શકે એવો, પ્રતિભાશાળી અને નીરોગી બને છે. (શંખાવળીનો રસ ઘીથી ત્રણ ગણો લેવો–અત્રિદેવ.)

પંચારવિંદ ઘી

पद्मैर्मृणालबिसकेसरपत्रबीजैः
सिद्धं सहेमशकलं पयसा च सर्पिः ।
पञ्चारविन्दमिति तत्प्रथितं पृथिव्यां
प्रभ्रष्टपौरुषबलप्रतिभैर्निषेव्यम् ॥४८॥

કમળનાં કૂણાં મૂળ, કમળની કૂણી દાંડી, કમળનું કેસર (તંતુઓ), કમળનાં પાંદડાં અને કમળનાં બી–એ પાંચ વસ્તુઓના કલ્ક સાથે, સોનાના ટુકડા સાથે અને દૂધ સાથે પકવેલું ઘી પૃથ્વીમાં પંચારવિંદ ઘી તરીકે પ્રસિદ્ધ છે. જેમનાં પુરુષાતન, બળ અને પ્રતિભા નાશ પામ્યાં હોય તેમણે એ ઘીનુ સેવન કરવું.

ચતુષ્કુવલયરસાયન

यन्नालकन्ददलकेसरवद्विपक्वं
नीलोत्पलस्य तदपि प्रथितं द्वितीयम् ।
सर्पिश्चतुष्कुवलयं सहिरण्यपत्रं
मेध्यं गवामपि भवेत् किमु मानुषाणाम् ॥

જે ઘી કાળા કમળનાં નાળ, કંદ, પાંદડાં અને કેસર(કમળના તંતુઓ)ના કલ્ક સાથે અને સોનાના વરખ સાથે પકવ્યુ હોય તે ચતુષ્કુવલય નામે ઓળખાતું બીજું ઘી (પીવાથી) ગાયોની (પશુઓની) મેધા માટે પણ સારું છે તો પછી માણસોની મેધા માટે સારું હોય એમાં શી નવાઈ!

ब्राह्मीवचासैन्धवशङ्खपुष्पी-
मत्स्याक्षकब्रह्मसुवर्चलैन्द्र्यः ।
वैदेहिका च त्रियवाः पृथक्स्यु-
र्यवौ सुवर्णस्य तिलो विषस्य ॥ ५० ॥
सर्पिश्च पलमेकत एत-
द्योजयेत्परिणते च घृताढ्यम् ।
भोजनं समधु वत्सरमेवं
शीलयन्नधिकधीस्मृतिमेधः ॥ ५१ ॥
अतिक्रान्तजराव्याधितन्द्रालस्यश्रमक्लमः ।
जीवत्यब्दशतं पूर्णं श्रीतेजःकान्तिदीप्तिमान् ॥
विशेषतः कुष्ठकिलासगुल्म-
विषज्वरोन्मादगरोदराणि ।
अथर्वमन्त्रादिकृताश्च कृत्याः
शाम्यन्त्यनेनातिबलाश्च वाताः ॥ ५३ ॥

બ્રાહ્મી, વજ, સેંધવ, શંખાવળી, મત્સ્યાક્ષક, બ્રહ્મસુવર્ચલા, ઇંદ્રવરણાં અને પીપર–એ દરેક વસ્તુ વજનમાં ત્રણત્રણ જવ જેટલી લેવી; સોનું (સોનાનો વરખ) વજનમાં બે જવ જેટલુ લેવું; અતિવિષની કળી એક તલ જેટલી લેવી; ઘી ચાર તોલા લેવું. એ બધું ભેગું કરીને ચાટવું. પછી જ્યારે એ પચી જાય ત્યારે પુષ્કળ ઘીવાળું ભોજન મધ સાથે લેવું. આ પ્રમાણે એક વરસ સુધી રોજ કરનાર માણસની બુદ્ધિ, યાદશક્તિ અને મેધા વધે છે; ઘડપણ, રોગ, સુસ્તી, આળસ, થાક અને કંટાળો એને આવતાં નથી; એ પૂરાં એકસો વર્ષ સુધી જીવે છે; એનામાં લક્ષ્મી, તેજ, કાંતિ અને દીપ્તિ (પ્રભા) આવે છે; આ પ્રયોગથી ખાસ કરીને કુષ્ઠ, કિલાસ, ગોળો, વિષ, તાવ, ગાંડપણ, ગર, ઉદરરોગ, અથર્વવેદના મંત્રોથી ઊભી કરેલી કૃત્યાઓ અને બહુ બળવાન વાયુઓ શાંત થઈ જાય છે.

કૃત્યા=ધન વગેરેથી ફોડી શકાય એવી, ખરાબ શક્તિશાળી દેવતા.

નાગબલારસાયન

शरन्मुखे नागबलां पुष्ययोगे समुद्धरेत् ।
अक्षमात्रं ततो मूलाच्चूर्णितात्पयसा पिबेत् ॥५४
लिह्यान्मधुघृताभ्यां वा क्षीरवृत्तिरनन्नभुक् ।
एवं वर्षप्रयोगेण जीवेद्वर्षशतं बली ॥ ५५ ॥

શરદઋતુની શરૂઆતમાં પુષ્ય નક્ષત્રમાં નાગબલાને મૂળ સાથે ઉખેડી લાવવી. એના મૂળિયાંનું એક તોલો ચૂર્ણ (ગાયના) દૂધ સાથે પીવુ અથવા ઘી અને મધ સાથે ચાટવું. ખોરાકમાં માત્ર ગાયનું દૂધ પીને રહેવું અને બીજું કંઈ પણ ખાવુંપીવુ નહિ (એકલા દૂધ ઉપર રહેનારે પાણી પણ પીવુ નહિ). આ પ્રયોગ એક વરસ સુધી કરવાથી માણસ બળવાન બનીને સો વરસ સુધી જીવે છે.

ગોક્ષુરકરસાયન

फलोन्मुखो गोक्षुरकः समूल-
श्छायाविशुष्कः सुविचूर्णिताङ्गः ।
सुभावितः स्वेन रसेन तस्मान्
मात्रां परां प्रासृतिकीं पिबेद्यः ॥ ५६ ॥
क्षीरेण तेनैव च शालिमश्नन्
जीर्णे भवेत्स द्वितुलोपयोगात् ।
शक्तः सुरूपः सुभगः शतायुः
कामी ककुद्मानिव गोकुलस्थः ॥ ५७ ॥

જેને ફળ આવવાની તૈયારી હોય એવા ગોખરુના છોડને મૂળ સાથે છાંયડામાં સૂકવીને એનાં પંચાંગનું બારીક ચૂર્ણ બનાવીને એ ચૂર્ણને એના જ (ગોખરુના જ) સ્વરસ વડે ભાવના દઈને એમાંથી એક પ્રસૃતિની ઉત્તમ માત્રા (માપ) દૂધ સાથે જે માણુસ પીએ અને એ પચે, ત્યારે એની (દૂધની) જ સાથે જે શાલિચોખા ખાય તે માણુસ એ રીતે જ્યારે આઠસો તોલા ચૂર્ણનો ઉપયોગ કરી રહે, ત્યારે સશક્ત, રૂપાળો, સુખી, સો વર્ષના આવરદાવાળો અને ગાયોના ટોળામાં મહાલતા આખલા જેવો કામી બને છે.

વારાહીકંદરસાયન

वाराहीकन्दमार्द्रार्द्रं क्षीरेण क्षीरपः पिबेत् ।
मासं निरन्नो मासं च
क्षीरान्नादो जरां जयेत् ॥ ५८ ॥

ખહુ જ લીલો (દૂધભર્યો) ડુક્કરકંદ દૂધ સાથે પીવો અને ખોરાક તરીકે દૂધ પીવુ પણ બીજું કંઈ ખાવુંપીવુ નહિ (પાણી પણ નહિ). એ પ્રમાણુ એક મહિનો કરવું. પછી એક મહિને બહુ જ લીલો ડુક્કરકંદ દૂધ સાથે પીવો અને ખોરાક તરીકે ક્ષીરાન્ન (દૂધ અને અન્ન) ખાવું. આમ કરનાર ઘડપણને જીતે છે.

तत्कन्दश्लक्ष्णचूर्णं वा स्वरसेन सुभावितम् ।
घृतक्षौद्रप्लुतं लिह्यात्तत्पक्वं वा घृतं पिबेत् ॥५९

અથવા એ જ (ઉપરના શ્લોકમાં કહેલા) વારાહીકંદના મૂળના બારીક ચૂર્ણને વારાહીકંદના સ્વરસમાં ભાવના દઈને પછી એ ચૂર્ણને ઘી અને મધમાં કાલવીને ચાટવું અથવા વારાહીકંદના મૂળના કલ્કથી સિદ્ધ કરેલું ઘી પીવું.

तद्वद्विदार्यतिबलाबलामधुकवायसीः ।
श्रेयसीश्रेयसीयुक्तापथ्याधात्रीस्थिरामृताः ॥ ६०
मण्डूकीशङ्खकुसुमावाजिगन्धाशतावरीः ।
उपयुञ्जीत मेधावीवयःस्थैर्यबलादाः ॥ ६१ ॥

ભોંયકોળું, અતિબલા, બલા, જેઠીમધ, કાકમાચી, ગજપીપર, રાસ્ના, રાસ્ના (=રાસ્નાના બે ભાગ), હરડે, આમળાં, સમેરવો, ગળો, બ્રાહ્મી, શંખાવળી, આસોંદ અને શતાવરી– એમાંથી દરેકનો (ગમે તે એકનો) તેની માફક (શ્લોક ૫૭થી ૫૯માં કહેલાં વારાહીકંદના પ્રયોગની માફક) ઉપયોગ કરવો. તેથી મેધા, બુદ્ધિ, જુવાની, સ્થિરતા અને બળ મળે છે.

ચિત્રાના પ્રયોગો

यथास्वं चित्रकः पुष्पैर्ज्ञेयः पीतसितासितैः ।
यथोत्तरं स गुणवान् विधिना च रसायनम् ॥

પીળાં, ધોળાં અને કાળાં ફૂલ ઉપરથી તે તે જાતનો ચિત્રો ઉત્તરોત્તર વધારે ગુણવાળો સમજવો (પીળાં ફૂલવાળા ચિત્રા કરતાં ધોળાં ફૂલવાળો અને ધોળાં ફૂલવાળા કરતાં કાળાં ફૂલવાળો ચિત્રો વધારે ગુણ કરે છે.) અને એનો વિધિપુરઃસર ઉપયોગ થાય તો એ રસાયન છે.

छायाशुष्कं ततो मूलं मासं चूर्णीकृतं लिहन् ।
सर्पिषा मधुसर्पिर्भ्यां पिबन् वा पयसा यतिः ॥
अम्भसा वा हिताहाशी शतं जीवति नीरुजः ।
मेधावी बलवान् कान्तो
वपुष्मान् दीप्तपावकः ॥ ६४ ॥

ચિત્રાના મૂળને છાંયડામાં સૂકવીને એનું ચૂર્ણ કરીને એ ચૂર્ણ એક મહિના સુધી ઘી સાથે કે મધ અને ઘી સાથે ચાટનાર માણુસ કે દૂધ સાથે એ ચૂર્ણ પીને બ્રહ્મચર્ય પાળનાર માણુસ કે પાણી સાથે એ ચૂર્ણ પીને પથ્ય ભોજન કરનાર માણુસ નીરોગી, મેધાવાળો, બળવાન, કાંતિવાળો, પહેલવાન અને પ્રદીપ્ત જઠરાગ્નિવાળો થઈને સો વરસ જીવે છે.

(ઉપર પ્રમાણેનો અર્થ સર્વાંગસુંદર ટીકામાં કરેલો છે, પણ ઉપર ગણાવેલાં ગમે તે અનુપાન સાથે ચિત્રોના મૂળનું ચૂર્ણ લેનારે બ્રહ્મચર્ય પાળવું જોઈએ અને પથ્ય ભોજન કરવું જોઈએ એવો અર્થ પણ થઈ શકે છે.)

तैलेन लीढो मासेन वातान् हन्ति सुदुस्तरान् ।
मूत्रेण श्वित्रकुष्ठानि पीतस्तक्रेण पायुजान् ॥

ચિત્રાના મૂળનું ચૂર્ણ એક મહિના સુધી તેલ સાથે ચાટવાથી ગમે તેવા કૃચ્છ્રસાધ્ય વાયુના રોગો પણ મટે છે. ગાયના મૂતર સાથે ચિત્રાનું ચૂર્ણ એક મહિનો પીવાથી ધોળો કોઢ

અને કુષ્ઠ મટે છે તથા છાશ સાથે ચિત્રાનું ચૂર્ણ એક માસ પીવાથી હરસ મટે છે.

ભિલામાના પ્રયોગો

भल्लातकानि पुष्टानि धान्यराशौ निधापयेत् ।
ग्रीष्मे संगृह्य हेमन्ते स्वादुस्निग्धहिमैर्वपुः ॥
संस्कृत्य तान्यष्टगुणे सलिलेऽष्टौ विपाचयेत् ।
अष्टांशशिष्टं तत्क्वाथं सक्षीरं शीतलं पिबेत् ॥
वर्धयेत्प्रत्यहं चानु तत्रैकैकमरुष्करम् ।
सप्तरात्रत्रयं यावत् त्रीणि त्रीणि ततः परम् ॥
आचत्वारिंशतस्तानि ह्रासयेद् वृद्धिवत्ततः ।
सहस्रमुपयुञ्जीत सताहैरिति सप्तभिः ॥ ६९ ॥
यन्त्रितात्मा घृतक्षीरशालिषष्टिकभोजनः ।
तद्वत् त्रिगुणितं काले प्रयोगान्तेऽपि चाचरेत् ॥
आशिषो लभतेऽपूर्वा वह्नेर्दीप्तिं विशेषतः ।
प्रमेहकृमिकुष्ठार्शोमेदोदोषविवर्जितः ॥ ७१ ॥

દળદાર (મોટા) ભિલામાને ગ્રીષ્મ ઋતુમાં ઝાડ પરથી ભેગાં કરીને ધાનના ઢગલામાં દાટવાં. પછી હેમંત ઋતુમાં ગળ્યાં, સ્નિગ્ધ અને ઠંડાં દ્રવ્યો વડે શરીરને સંસ્કૃત (યોગ્ય સંસ્કારવાળું) બનાવીને એમાંથી આઠ ભિલામાંનો આઠગણા પાણીમાં ઉકળતાં ઉકળતાં પાણી આઠમા ભાગનું બાકી રહે ત્યાં સુધી ક્વાથ કરવો. એ ક્વાથ ઠંડો પડે ત્યારે એમાં દૂધ નાખીને પીવો. રોજ એકએક ભિલામો વધારતા જવો (તે પ્રમાણે પાણી પણ માપસર વધારતા જવું અને આઠમા ભાગનું પાણી બાકી રહે ત્યાં સુધી ઉકાળીને ક્વાથ કરવો). આમ, એકવીસ દિવસ સુધી કરવું. ત્યાર પછી ત્રણત્રણ ભિલામાં રોજ વધારતા જવાં. સરવાળે ચાળીસ ભિલામાં થાય ત્યાં સુધી એમ કરવું. પછી જે ક્રમે ભિલામાં વધાર્યાં હતાં તે ક્રમે ઓછાં કરતા જવાં. આ રીતે ઓગણપચાસ દિવસમાં સરવાળે એક હજાર ભિલામાંનો ક્વાથ પીવો. આ પ્રયોગ દરમ્યાન ઇંદ્રિયોને વશ રાખવી અને ઘી દૂધ, શાલિચોખા અને સાઠીચોખા ખાઈને રહેવું. પ્રયોગ પૂરો થયા પછી પણ (૪૯ દિવસ પછી પણ) એનાથી ત્રણગણા સમય સુધી (૨૧ અઠવાડિયાં સુધી) એ જ પ્રમાણે વર્તવું (ઇંદ્રિયોને વશ રાખવી અને ઘી, દૂધ, શાલિચોખા અને સાઠીચોખા ખાઈને રહેવું). આમ કરવાથી માણસને અપૂર્વ આશિષો (ફાયદા, ગુણ) મળે છે, ખાસ કરીને અગ્નિ પ્રદીપ્ત થાય છે અને માણસ પ્રમેહ, કૃમિ, કુષ્ઠ, હરસ તથા ચરબીના દોષ વિનાનો બને છે.

पिष्टस्वेदनमक्लेः पूर्णं भल्लातकैर्विजर्जरितैः ।
भूमिनिखाते कुम्भे प्रतिष्ठितं कृष्णमृल्लिप्तम् ॥७२॥
परिवारितं समन्तात्पचेत्ततो
गोमयाग्निना मृदुना ।
तत्स्वरसो यश्च्यवते गृह्णीयात्तं
दिनेऽन्यस्मिन् ॥ ७३ ॥
अमुमुपयुज्य स्वरसं मध्वष्टमभागिकं
द्विगुणसर्पिः ।
पूर्वविधियन्त्रितात्मा प्राप्नोति
गुणान् स तानेव ॥ ७४ ॥

અધકચરા ખાંડેલા, નીરોગી (સડા વિનાના અને રસકસવાળા) ભિલામાં વડે પિષ્ટસ્વેદન વાસણ ભરીને એ વાસણને જમીનમાં દાટી રાખેલા એક ઘડા ઉપર મૂકવું. (પિષ્ટસ્વેદન વાસણની તળે છિદ્ર રાખવું કે જેથી ભિલામાંમાંથી છૂટો પડતો સ્વરસ ટપકીને ભોંયમાં દાટેલા ઘડામાં પડી શકે.) પિષ્ટસ્વેદન વાસણ- (હાંડલી)ને કાળી માટી વડે લીંપવુ (કંટેવાળો કરવો). લીંપીને ઘડા સાથે હાંડલીને એકમેક કરી દેવી. હાંડલીનું મોં સીડી દેવુ. પછી ગાયના છાણનાં છાણાં એની આસપાસ ગોઠવીને એના આછા તાપથી પકવવું. એનો (ભિલામાંનો) જે સ્વરસ (નીચેના ઘડામાં) ટપકે તે બીજે દિવસે લેવો. એ સ્વરસમાં સ્વરસથી આઠગણું મધ અને સ્વરસથી બમણું ઘી નાખીને પહેલા (શ્લોક ૬૯થી ૭૧ વાળા) પ્રયોગની માફક જાત ઉપર અંકુશ રાખીને (આહારવિહારની પરેજ પાળીને) વાપરનારને એ જ (શ્લોક ૭૦, ૭૧ વાળા) લાભ થાય છે.

पुष्टानि पाकेन परिच्युतानि
भल्लातकान्याढकसम्मितानि ।

घृष्टेष्टिकाचूर्णकणैर्जलेन
प्रक्षाल्य संशोष्य च मारुतेन ॥ ७५ ॥
जर्जराणि विपचेज्जलकुम्भे
पादशेषघृतगालितशीतम् ।
तद्रसं पुनरपि श्रपयेत
क्षीरकुम्भसहितं चरणस्थे ॥ ७६ ॥
सर्पिः पक्वं तत्र तुल्यप्रमाणं
युञ्ज्यात्स्वेच्छं शर्कराया रजोभिः ।
एकीभूतं तत्खजक्षोभणेन
स्थाप्यं धान्ये सप्तरात्रं सुगुप्तम् ॥ ७७ ॥
तममृतरसपाकं यः प्रगे प्राशमश्नन्
अनु पिबति यथेष्टं वारि दुग्धं रसं वा ।
स्मृतिमतिबलमेधासत्त्वसारैरुपेतः
कनकनिचयगौरः सोऽश्नुते दीर्घमायुः ॥

બરાબર પાકવાને લીધે ઝાડ પરથી આપો-આપ ખરી પડેલા હળદાર ભિલામા એક આઢક લેવાં. એમને ઈંટોને ઘસીને કરેલા ભૂકાની ધૂળ વડે ઘસવા. પછી એમને પાણીથી ધોઈ નાખવા. પછી એમને (તડકે નહિ પણ છાંયડે) પવનથી સૂકવવા. સુકાયા પછી એમને અધકચરા ખાંડીને એક દ્રોણુ પાણીમાં પકવવા. ઊકળતાં ઊકળતાં ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉતારીને ગાળી લઈને ગાળેલો ક્વાથ ઠંડો પડવા દેવો. એ રસમાં (ગાળી લીધેલા ક્વાથમાં) એક દ્રોણુ દૂધ નાખીને ઊકળતાં ઊકળતાં ચોથા ભાગનું બાકી રહે ત્યાં સુધી એ ક્વાથ અને દૂધને ઉકાળવાં. પછી એમાં એના (=૧. દૂધના–ઇંદુ; ૨. ક્વાથના-ચંદ્ર) જેટલું જ ઘી પકવીને એમાં વૈદ્યની કે દરદીની મરજીમાં આવે એટલો સાકરનો ભૂકો નાખીને એને વલોવવાનો રવૈયો ફેરવીને એકમેક કરી નાખીને પછી એ વાસણને ધાનના ઢગલા-માં સાત રાત સુધી બરાબર સંભાળપૂર્વક (ચારે પાસથી બરાબર દટાઈ રહે એ રીતે) દાટી રાખવું. એ અમૃતરસના પાક જેવા અવલેહ(ચાટણા)ને જે માણસ સવારે ખાય છે અને પછી ઉપર પાણી, દૂધ કે માંસરસ મરજી મુજબ પીએ છે તે યાદશક્તિ, બુદ્ધિ, બળ, મેધા, સત્ત્વ અને સારવાળો અને સોનાના ઢગલા જેવો ગોરો થઈને લાંબું આયુષ્ય ભોગવે છે.

द्रोणेऽम्भसो व्रणकृतां त्रिशताद्विपक्वात्
क्वाथाढके पलसमैस्तिलतैलपात्रम् ।
तिक्ताविषाद्वयवरागिरिजन्मतार्क्ष्यैः
सिद्धं परं निखिलकुष्ठनिबर्हणाय ॥ ७९ ॥

ત્રણસો ભિલામાને એક દ્રોણુ પાણીમાં ઉકાળતાં ઉકાળતાં એક આઢક પાણી બાકી રહે ત્યારે એ એક આઢક ક્વાથમાં કડુ, વિષા, અતિવિષા (અતિવિષ), ત્રિફળા, શિલાજિત અને રસવંતી–એ દરેક એકએક પલ લઈને એમનો કલ્ક (એ ક્વાથમાં) નાખીને એના વડે સિદ્ધ કરેલું તલનું એક આઢક તેલ બધી જાતના કુષ્ઠ મટાડવા માટે ઉત્તમ છે. (તેલ પીવાનું છે.)

सहामलकशुक्तिभिर्दधिसरेण तैलेन वा
गुडेन पयसा घृतेन यवसक्तुभिर्वा सह ।
तिलेन सह माक्षिकेण पललेन सूपेन वा
वपुष्करमरुष्करं परममेध्यमायुष्करम् ॥ ८० ॥

આમળાંની છાલ, દહીંની તર, તેલ, ગોળ, દૂધ, ઘી, જવનો સાથુ, તલ, મધ, તલનું કચરિયું કે માંસરસ–એ ૧૧ વસ્તુઓથી ગમે તે એકની સાથે ભિલામો ખાવાથી શરીર બહુ સારું બને છે, મેધા બહુ સારી થાય છે અને આવરદા વધે છે.

ભિલામાના ગુણ

भल्लातकानि तीक्ष्णानि पाकीन्यग्निसमानि च ।
भवन्त्यमृतकल्पानि प्रयुक्तानि यथाविधि ॥ ८१ ॥

ભિલામો તીક્ષ્ણ, ઝટ પચે એવો, અગ્નિ જેવો છે. એ વિધિપુરઃસર વપરાય તો અમૃત જેવો બને છે.

कफजो न स रोगोऽस्ति
न विबन्धोऽस्ति कश्चन ।
यं न भल्लातकं हन्याच्छीघ्रमग्निबलप्रदम् ॥ ८२ ॥

એવો કોઈ પણ કફનો રોગ નથી, એવો કોઈ વિબંધ નથી કે જેને અગ્નિને ઝટ બળ આપે એવો ભિલામો ન મટાડે.

ભિલામાના પ્રયોગમાં ખાસ અપથ્ય

वातातपविधानेऽपि विशेषेण विवर्जयेत् ।
कुलत्थदधिशुक्तानि तैलाभ्यङ्गाग्निसेवनम् ॥ ८३ ॥

ભિલામાનો પ્રયોગ વાતાતપવિધિથી (શ્લોક ૫) કરનારે પણ કળથી, દહીં, સરકો, તેલ વડે અભ્યંગ અને અગ્નિના સેવનનો તો ખાસ ત્યાગ કરવો.

ચેરિયાના પ્રયોગો

वृक्षास्तुवरका नाम पश्चिमार्णवतीरजाः।
वीचीतरङ्गविक्षोभमारुतोद्धूतपल्लवाः॥ ८४ ॥
तेभ्यः फलान्याददीत सुपक्वान्यम्बुदागमे।
मज्ज्ञः फलेभ्यश्चादाय शोषयित्वाऽवचूर्ण्य च॥
तिलवत् पीडयेद् द्रोण्यां,
क्वाथयेद्वा कुसुम्भवत्।
तत्तैलं सम्भृतं भूयः पचेदासलिलक्षयात्॥ ८६
अवतार्य करीषे च पक्षमात्रं निधापयेत्।
स्निग्धस्विन्नो हृतमलः पक्षादुद्धृत्य तत्ततः॥८७॥
चतुर्थभक्तान्तरितः प्रातः पाणितलं पिबेत्।
मन्त्रेणानेन पूतस्य तैलस्य दिवसे शुभे॥ ८८॥
'मज्जसार महावीर्य सर्वान् धातून् विशोधय।
शङ्खचक्रगदापाणिस्त्वामाज्ञापयतेऽच्युतः' ॥८९॥
तेनास्योर्ध्वमधस्ताच्च दोषा यान्त्यसकृत्ततः।
सायमस्नेहलवणां यवागूं शीतलां पिबेत्॥९०॥
पञ्चाहानि पिबेत्तैलमित्थं वर्ज्यान् विवर्जयन्।
पक्षं मुद्गरसान्नाशी सर्वकुष्ठैर्विमुच्यते॥ ९१ ॥

તુવરક (તવરિયાં ચેરિયાં) નામના વૃક્ષો પશ્ચિમ સમુદ્રને કિનારે ઊગે છે. (એ દરિયા-કિનારે ઊગતાં હોવાથી) એમના પાદડાં નાનાં અને મોટાં મોજાના ઉછાળાથી આવતા પવનમાં ઊડે છે. વર્ષાઋતુની શરૂઆતમાં એ વૃક્ષો ઉપરથી બરાબર પાકેલાં ફળ લેવાં. એ ફળો-માથી મીંજ લઈને, એ મીંજને સૂકવીને, એનુ ચૂર્ણ કરીને એને તલની માફક ઘાણીમાં પીલવુ અથવા કસુંબીની માફક ઉકાળવું (અને ઉપર તરી આવે તે લઈ લેવું). એ રીતે (=ક્વાથ કરીને) ભેગા થયેલા ચેરિયાના તેલને તેલમાનો પાણીનો ભાગ બળી જાય ત્યાં સુધી ઉકાળવુ. પછી એને દેવતા પરથી ઉતારી લઈને એક પખવાડિયા સુધી અડાયામા (અથવા છાણના ઉકરડામાં) મૂકી રાખવું. ચેરિયાની મીંજને તલની માફક પીલીને તેલ કાઢ્યુ હોય તો એને ઉકાળીને પાણી બાળવાનું હોતુ નથી તેથી એને ખારોખાર જ એક પખવાડિયા સુધી અડાયામાં મૂકી રાખવુ.) પછી એ તેલને બહાર કાઢવું. માણસે પહેલાં પોતાનુ સ્નેહન, સ્વેદન અને સંશોધન કરી રહ્યા પછીના ભોજનના ચાર ટંક સુધી (=બે દિવસ સુધી) આ ચેરિયાનું તેલ પીવુ નહિ, પણ ભોજનના પાચમા ટંકની પહેલાં (સંશોધન પૂરું થઈ રહ્યા પછીના ત્રીજા દિવસ-ની સવારે) નીચેના મંત્રથી પવિત્ર કરેલા એ તેલમાથી એક કર્ષ તેલ શુભ દિવસે પીવું. તેનાથી એના (માણસના) દોષો અનેકવાર (ઊલટી વાટે) ઊંચે અને (ઝાડા વાટે) નીચે જાય છે. પછી સાંજે સ્નેહ અને લવણ વિનાની ઠંડી યવાગૂ પીવી. આ પ્રમાણે પાંચ દિવસ સુધી તેલ પીવુ અને જે વસ્તુઓનો ત્યાગ કરવા જેવો હોય તેનો ત્યાગ કરવો. પછી એક પખ-વાડિયા સુધી ખોરાકમા ફક્ત મગના પાણી સાથે અન્ન ખાવુ; આવુ કરનારને બધી જાતના કુષ્ઠ મટી જાય છે.

ભણવાનો મંત્રઃ-

'मज्जसार महावीर्य सर्वान् धातून् विशोधय।
शङ्खचक्रगदापाणिस्त्वामाज्ञापयतेऽच्युतः॥

અર્થ: હે મહાશક્તિશાળી મીંજના સાર! તું બધી ધાતુઓને શુદ્ધ કર. શંખ, ચક્ર અને ગદા જેના હાથમાં છે એવા અચ્યુત વિષ્ણુ ભગવાન તને આજ્ઞા કરે છે.

तदेव खदिरक्वाथे त्रिगुणे साधु साधितम्।
निहितं पूर्ववत्पक्षं पिबेन्मासं सुयन्त्रितः॥९२॥
तेनाभ्यक्तशरीरश्च कुर्वन्नाहारमीरितम्।
[भिन्नस्वरं रक्तनेत्रं शीर्णाङ्गं कृमिभक्षितम्।]
अनेनाशु प्रयोगेण साधयेत्कुष्ठिनं नरम्॥ ९३ ॥

એ જ ચેરિયાના તેલને એ તેલથી ત્રણ-ગણા ખેરના ક્વાથમા સિદ્ધ કરીને પહેલાની માફક (શ્લોક ૮૬ફ્ર) એક પખવાડિયા સુધી અડાયામા મૂકી રાખીને પછી એ તેલ એક મહિના સુધી બરાબર પરેજ પાળીને પીવું. અને એ તેલ વડે શરીરે અભ્યંગ કરીને પહેલાં (શ્લોક ૯૧મા) કહેલો આહાર ખાવો. [જેનો

સ્વરભંગ થયો હોય, આંખો લાલ રહેતી હોય, કુષ્ઠને લીધે શરીર ફાટીતૂટી ગયું હોય, કૃમિ જેને ખાતા હોય એવા] કુષ્ઠરોગવાળા માણસને આ પ્રયોગથી કુષ્ઠ ઝટ મટાડવો.

सर्पिर्मधुयुतं पीतं तदेव खदिराद्विना।
पक्षं मांसरसाहारं करोति द्विशतायुषम्॥९४॥

(શ્લોક ૯૧૩મા કહેલા) ખેર વિના પણ જો એકલું ચેરિયાનું તેલ ઘી અને મધમાં મેળવીને એક પખવાડિયા સુધી પીવામા આવે અને માંસરસનો જ આહાર કરવામા આવે તો બસો વર્ષનુ આયુષ્ય થાય છે.

तदेव नस्ये पञ्चाशद्दिवसानुपयोजितम्।
[वलीपलितनिर्मुक्तं स्थिरस्मृतिरुचद्विजम्।]
वपुष्मतं श्रुतधरं करोति त्रिशतायुषम्॥९५॥

એ જ ચેરિયાના તેલનુ જો પચાસ દિવસ સુધી નસ્ય સેવામા આવે તો માણસ (વળિયા અને પળિયાં વિનાનો, મજબૂત યાદશક્તિ, વાળ અને દાંતવાળો), સારા શરીરવાળો, સાંભળેલું (કે ભણેલું) યાદ રાખી શકે એવો અને ત્રણસો વર્ષનો થાય છે.

પીપરના પ્રયોગો

पञ्चाष्टौ सप्त दश वा पिप्पलीर्मधुसर्पिषा।
रसायनगुणान्वेषी समामेकां प्रयोजयेत्॥९६॥

રસાયનના ગુણ (ફાયદા) મેળવવાની ઇચ્છાવાળા માણસે રોજ એક વરસ સુધી પાચ, આઠ, સાત કે દસ પીપરો મધ અને ઘી સાથે ચાટવી.

तिस्रस्तिस्रस्तु पूर्वाह्णे भुक्त्वाऽग्रे भोजनस्य च।
पिप्पल्यः किंशुकक्षारभाविता घृतभर्जिताः॥
प्रयोज्या मधुसम्मिश्रा रसायनगुणैषिणा।

રસાયનના ગુણની ઇચ્છા રાખનારે ખાખરાના ક્ષારમાં ભાવના દઈને ઘીમા શેકેલી ત્રણ પીપરો સવારે અને ત્રણ પીપરો જમતા પહેલા મધમાં કાલવીને ચાટવી.

સહસ્ર પીપરનો પ્રયોગો

क्रमवृद्ध्या दशाहानि दशपैप्पलिकं दिनम्॥
वर्धयेत्पयसा सार्धं तथैवापनयेत्पुनः।
जीर्णोपधश्च भुञ्जीत षष्टिकं क्षीरसर्पिषा॥९९॥

पिप्पलीनां सहस्रस्य प्रयोगाऽयं रसायनम्।
पिष्टास्ता बलिभिः पेया शृता मध्यबलैर्नरैः॥
[शीतीकृता हीनबलैर्वीक्ष्य दोषामयान् प्रति।]

પહેલે દિવસે દસ પીપર, બીજે દિવસે વીસ પીપર એમ રોજ દસદસ પીપર અને તેની સાથે પીવાનું દૂધ પણ દસ દિવસ સુધી વધતા જવુ, (આ રીતે દશમે દિવસે ૧૦૦ પીપર થશે અને પહેલા દસ દિવસમાં મળી કુલ ૫૫૦ પીપર થશે.) પછી એ જ પ્રમાણે પાછા (રોજ દસદસ પીપર અને દૂધ) ઘટતા જવું. (આ રીતે ૧૧મા દિવસથી ૧૯મા દિવસ સુધીની મળી કુલ ૪૫૦ પીપર થશે. ઓગણીસ દિવસનો આ પ્રયોગ છે.) આ રીતે (૧૯ દિવસ સુધી) દૂધ સાથે પીપર પીવી. જ્યારે પીપર અને દૂધ પચે ત્યારે દૂધમાથી બારોબાર (દહી છાશ કર્યા વિના) બનાવેલા ઘી સાથે સાઠી-ચોખા ખાવા. આ હજાર પીપરનો પ્રયોગ રસાયન છે. જે બળવાન હોય તેમણે પીપરો લસોટીને પીવી, જેમનામા સાધારણ બળ હોય તેમણે પીપરનો ક્વાથ કરીને પીવો. (અને જેમનામાં ઓછું બળ હોય તેમણે દોષ અને રોગનો વિચાર કરીને પીપરનો હિમ પીવો.)

तद्वच्च छागदुग्धेन द्वे सहस्रे प्रयोजयेत्।

એ જ (શ્લોક ૯૮થી ૧૦૦ વાળા) ક્રમે બકરીના દૂધ સાથે બે હજાર પીપર પીવી.

પીપરના પ્રયોગોનું ફળ

एभिः प्रयोगैः पिप्पल्यः कासश्वासगलग्रहान्
सुक्ष्ममेहग्रहण्यर्शःपाण्डुत्वविषमज्वरान्।
घ्नन्ति शोफं वमिं हिध्मां प्लीहानं
वातशोणितम्॥१०२॥

આ ચાર પ્રયોગો પ્રમાણે પીપર વાપરવાથી (સેવાથી) ઉધરસ, દમ, ગળગ્રહ, ક્ષય, પ્રમેહ, ગ્રહણી, હરસ, પાંડુરોગ, વિષમજ્વર, સોજા, ઊલટી, હેડકી, પ્લીહોદર અને પત નાશ પામે છે (મટી જાય છે).

લોહલેપન રસાયનો

बिल्वार्धमात्रेण च पिप्पलीनां
पात्रं प्रलिम्पेदयसो निशायाम्।

प्रातः पिबेत्तत्सलिलाञ्जलिभ्यां
वर्षं यथेष्टाशनपानचेष्टः ॥१०३॥

રોજ રાતે લોખંડના વાસણમાં બે તોલા પીપરનો કલ્ક ચોપડવો. એ કલ્કને સવારે બત્રીસ તોલા પાણી સાથે એક વરસ સુધી પીવો અને આહારવિહાર મરજી મુજબ રાખવાં (કંઈ પરેજ નથી). (આ પ્રયોગનું ફળ શ્લોક ૧૦૧થી ૧૦૨ જેવું છે.)

शुण्ठीविडङ्गत्रिफलागुडूची-
यष्टीहरिद्रातिबलाबलाश्च ।
मुस्तासुराह्वागुरुचित्रकाश्च
सौगन्धिकं पङ्कजमुत्पलानि ॥१०४॥
धवाश्वकर्णासनबालपत्र-
सारास्तथा पिप्पलिवत् प्रयोज्याः ।
लोहोपलिप्ताः पृथगेव जीवे-
त्समाः शतं व्याधिजराविमुक्तः ॥१०५॥

સૂંઠ, વાવડિંગ, ત્રિફળા, ગળો, જેઠીમધ, હળદર, અતિબલા, બળદાણા, મોથ, દેવદાર, અગર, ચિત્રો, રોહીસ ઘાસ, ધોળું કમળ, કાળું કમળ; ધાવડાનાં, સાલવૃક્ષનાં અને બીબલાનાં કુમળાં પાંદડાં અને સાર–એટલામાંથી ગમે તે એક ઔષધને રોજ રાતે લોખંડના વાસણમાં ચોપડી રાખીને પીપરની માફક (શ્લોક ૧૦૨^½,૧૦૩) પીવાથી માણસને રોગ અને ઘડપણ આવતાં નથી અને એ સો વરસ જીવે છે.

क्षीराञ्जलिभ्यां च रसायनानि
युक्तान्यमून्यायसलेपनानि ।
कुर्वन्ति पूर्वोक्तगुणप्रकर्ष-
मायुःप्रकर्षं द्विगुणं ततश्च ॥१०६॥

લોઢાના વાસણમાં ચોપડીને વાપરવાનાં આ (શ્લોક ૧૦૨½થી ૧૦૫માં કહેલાં) રસાયનો જો (પાણીને ઠેકાણે) બત્રીસ તોલા દૂધ સાથે પીવામાં આવે, તો તે તે રસાયનના આગળ કહેવાઈ ગયેલા ગુણોમાં વધારો થાય છે અને આયુષ્ય એના કરતાં બમણું થાય છે.

બાવચીના પ્રયોગો

असनखदिरयूषैर्भावितां सोमराजीं
मधुघृतशिखिपथ्यालोहचूर्णैरुपेताम् ।
शरदमवलिहानः पारिणामान् विकारां-
स्त्यजति मितहिताशी तद्वदाहारजातान् ॥१०७॥

બીબલો અને ખેરના ક્વાથની અલગ–અલગ ભાવના દીધેલી બાવચીમાં મધ, ઘી, ચિત્રો, હરડે અને લોખંડના ક્ષારનું ચૂર્ણ ભેળવીને રોજ એક વરસ સુધી ચાટનાર માણસ જો માપસર અને માફકસર ખોરાક ખાય તો એને ઘડપણને લીધે થતા (વળિયાં–કરચલીઓ, પળિયાં–ધોળા વાળ વગેરે) વિકારો થતા નથી તથા આહારને લીધે થતા રોગ થતા નથી.

(બાવચી એટલે તકમરિયાં નહિ, પણ ધૂપેલ બનાવવામાં વપરાય છે તે બાવચી. કેટલાક પ્રદેશમાં એને બાવચો પણ કહે છે.)

तीव्रेण कुष्ठेन परीतमूर्ति-
र्यः सोमराजीं नियमेन खादेत् ।
संवत्सरं कृष्णतिलद्वितीयां
स सोमराजीं वपुषाऽतिशेते ॥१०८॥

જેને આખે શરીરે સખત કુષ્ઠ ફરી વળ્યો હોય (વ્યાપી ગયો હોય) તે માણસ રોજ એક વરસ સુધી નિયમપૂર્વક (આહાર–વિહારની પરેજ પાળીને) કાળા તલ સાથે બાવચી ખાય તો એનું શરીર (એક ચંદ્ર તો શું પણ), ચંદ્રની હાર કરતાં પણ ચડી જાય છે.

ये सोमराज्या वितुषीकृताया-
श्चूर्णैरुपेतात् पयसः सुजातात् ।
उद्धृत्य सारं मधुना लिहन्ति
तक्रं तदेवानु पिबन्ति चान्ते ॥१०९॥
कुष्ठिनः शीर्यमाणाङ्गा-
स्तेजाताङ्गुलिनासिकाः ।
भान्ति वृक्षा इव पुनः प्ररूढनवपल्लवाः ॥११०॥

જે કુષ્ઠરોગીઓનાં અંગ ખરી પડતાં હોય તેઓ જો બાવચીનાં છોડાં કાઢી નાખીને પછી એ બાવચીનું ચૂર્ણ દૂધમાં નાખીને પછી બરાબર આખરેલા દહીંની છાશમાંથી કાઢેલું માખણ મધ સાથે ચાટે અને પછી એ જ છાશ પીએ તો એમનાં આંગળી અને નાક ફરી ઊગે છે અને જાણે ફરીથી નવી કૂંપળો ફૂટી હોય

એવાં ઝાડ જેવા શોભે છે.

લસણના પ્રયોગો

[शीतवातहिमदग्धतनूनां
स्तब्धभग्नकुटिलव्यथितास्थ्नाम् ।
भेषजस्य पवनोपहतानां
वक्ष्यते विधिरतो लशुनस्य ॥ १ ॥]

[જેમનાં શરીર ટાઢ, પવન અને હિમથી ખળેલાં હોય, જેમનુ હાડકુ' સજડ થઈ ગયુ હોય, ભાંગ્યુ હોય, વળી ગયુ હોય કે દુખતું હોય, તેમના ઔષધરૂપ લસણનો વિધિ હવે કહેવામાં આવશે.]

લસણની ઉત્પત્તિ અને ગુણ

राहोरमृतचौर्येण लूनाद्ये पतिता गलात् ।
अमृतस्य कणा भूमौ ते रसोनत्वमागता ॥ १११ ॥
द्विजा नाश्नन्ति तमतो दैत्यदेहसमुद्भवम् ।
साक्षादमृतसम्भूतेर्ग्रामणीः स रसायनम् ॥ ११२ ॥

અમૃતની ચોરી કરી હોવાના અપરાધને માટે રાહુના કાપી નાખેલા ગળામાંથી અમૃતનાં જે ટીપાં જમીન પર પડ્યાં તે લસણ બન્યાં. તેથી લસણ દૈત્યના શરીરમાંથી ઉત્પન્ન થયેલુ' હોવાથી દ્વિજો (બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો) લસણ ખાતા નથી, પણ એ અમૃતમાંથી થયેલુ' હોવાથી શ્રેષ્ઠ રસાયન છે.

કોણે, કઈ ઋતુમાં, કેવી રીતે લસણ ખાવું ?

शीलयेल्लशुनं शीते, वसन्तेऽपि कफोल्बणः ।
घनोदयेऽपि वातार्तः
सदा वा ग्रीष्मलीलया ॥ ११३ ॥
स्निग्धशुद्धतनुः शीतमधुरोपस्कृताशयः ।
तदुत्तं सावतंसाभ्यां चर्चितानुचराजिरः ॥ ११४ ॥

શિયાળામાં (હેમ'ત અને શિશિર ઋતુઓ માં) દરેકે રોજ લસણ ખાવુ'. જેનામાં કફ વધારે હોય એણે તો વસ'ત ઋતુમાં પણ રોજ લસણ ખાવુ'. વાયુથી પીડાતા માણસે વર્ષા ઋતુમાં પણ રોજ લસણ ખાવુ' અથવા (વાયુથી પીડાતા માણસે) પોતાના શરીરનુ' સ્નેહન અને શોધન કરીને, પોતાના આશયને ઠ'ડાં અને ગળ્યાં દ્રવ્યોથી સ'સ્કૃત (એવાં દ્રવ્યોના સ'સ્કારવાળુ' કરીને, એવાં દ્રવ્યો યોગ્ય પ્રમાણમાં ખાઈપીને આશયને લસણ માટે તૈયાર કરીને) તથા સેવકોને તેના (લસણના) શણગાર માથે અને કાને સજાવીને આંગણામાં ઊભા રાખીને ગ્રીષ્મની ઋતુચર્યા પ્રમાણે વર્તીને બારે માસ લસણ ખાવુ'.

तस्य कन्दान् वसन्तान्ते हिमवच्छकदेशजान् ।
अपनीतत्वचो रात्रौ तीमयेन्मदिरादिभिः ॥ ११५ ॥
तत्कल्कस्वरसं प्रातः शुचिवान्तवपीडितम् ।
मदिरायाः सुरूढायास्त्रिभागेन समन्वितम् ॥ ११६
मद्यस्यान्यस्य तक्रस्य मस्तुनः काञ्जिकस्य वा ।
तत्काल एव वा युक्तं युक्तमालोच्य मात्रया ॥ ११७
तलसर्पिर्वसामज्जक्षीरमांसरसैः पृथक् ।
क्वाथेन वा यथाव्याधि रसं केवलमेव वा ॥ ११८ ॥
पिबेद्गण्डूषमात्रं प्राक् कण्ठनाडीविशुद्धये ।

હિમાલયના પ્રદેશમાં અથવા શકલોકોના દેશમાં ઊગેલા લસણના કદ(ડળાં)ની છાલ ઉખાડીને (ફોલીને) એની કળીઓને રાતે દારૂ (×ખિજૈરાનો રસ) વગેરેમા પલાળી રાખવી. પછી સવારે એનો કલ્ક કરીને એ કલ્કને ચોખ્ખા સુતરાઉ વસ્ત્રમાં મૂકીને એની પોટલીને દબાવીને સ્વરસ કાઢવો. એ લસણના સ્વરસમાં સ્વરસથી ત્રણગણો ઘણો જૂનો દારૂ, બીજુ' મદ્ય, છાશ, મસ્તુ કે કાંજી મેળવીને તે સ્વરસને (દેશ, કાલ વગેરેનો વિચાર કરીને) તેલ, ઘી, વસા, મજ્જા, દૂધ અને માંસરસમાંથી ગમે તે એક સાથે માપસર પીવો અથવા રોગ પ્રમાણે રોગને યોગ્ય ક્વાથ સાથે પીવો અથવા કશી મેળવણી વિનાનો એકલો લસણનો સ્વરસ ગળાની નાડી(નળી)ની શુદ્ધિ માટે પહેલો એક જ ઘૂ'ટડો પીવો.

એના ઉપદ્રવોના ઉપાય

प्रतते स्वेदनं चानु वेदनायां प्रशस्यते ॥ ११९ ॥
शीताम्बुसेकः सहसा वमिमूर्च्छाययोर्मुखे ।

લસણનો સ્વરસ પીધા પછી જો વેદના થાય તો લાંબા વખત સુધી શેક કરવાની ભલામણ કરવામાં આવે છે અને જો ઊલટી અને મૂર્છા આવે તો તરત જ મોં ઉપર ઠ'ડુ પાણી છાંટવુ.

બાકીનો સ્વરસ ક્યારે પીવો ?

शेषं पिबेत् क्रमापाये स्थिरतां गत ओजसि ॥

બાકીનો (એક ઘૂંટડો પીધા પછી બાકી રહેલો) સ્વરસ કલમ દૂર થાય અને ઓજસ સ્થિર થાય ત્યારે પીવો.

બળતરા થાય તેના ઉપાય

विदाहपरिहाराय परं शीतानुलेपनः ।
धारयेत्साम्बुकणिका मुक्ताकर्पूरमालिकाः ॥ १२१

બળતરા મટાડવા માટે અતિશય ઠંડા લેપ કરવા અને પાણી છાંટેલી મોતીની અને કપૂરની માળાઓ પહેરવી.

લસણનું ઉત્તમ માપ

कुडवोऽस्य परा मात्रा तदर्धं केवलस्य तु ।
पलं पिण्डस्य तन्मज्ञः
समक्तं प्राक् च शीलयेत् ॥ १२२ ॥

સુરા સાથે પીવા માટે લસણના સ્વરસની ઉત્તમ માત્રા સોળ તોલા છે, પણ લસણનો સ્વરસ એકલો પીવા માટે એની ઉત્તમ માત્રા એનાથી અડધી (આઠ તોલા) છે, એની કળીઓને લસોટીને કે ખાંડીને ખાવા માટે કળીઓની ઉત્તમ માત્રા ચાર તોલા છે. આ (લસણનો સ્વરસ કે વાટેલું લસણ) રોજ ખોરાક સાથે અને ખાતા પહેલાં ખાવું.

લસણના પ્રયોગ દરમ્યાન ખોરાક

जीर्णशाल्योदनं जीर्णे शङ्खकुन्देन्दुपाण्डुरम् ।
भुञ्जीत यूषैः पयसा रसैर्वा धन्वचारिणाम् ॥१२३

જ્યારે એ લસણ પચી જાય ત્યારે શંખ કે ડોલરના ફૂલ જેવો ધોળો જૂના શાલિચોખાનો ભાત યૂષો સાથે, દૂધ સાથે કે જાંગલ પ્રદેશનાં પ્રાણીઓના માંસરસો સાથે ખાવો.

લસણના પ્રયોગમાં તરસ ચાલુ જ રહે તો શું પીવું ?

मद्यमेकं पिबेत्तत्र तृट्प्रबन्धे जलान्वितम् ।
अमद्यपस्त्वारनालं फलाम्बु परिसिस्थकाम् ॥

એમાં તરસ ચાલુ જ રહે તો (દારૂ પીનારે) પાણી નાખીને ફક્ત દારૂ જ પીવો અને દારૂ ન પીનારે આરનાલ, બિજોરાંનો રસ અને ઘટ્ટ ન હોય એવી પેયા પીવાં.

લસણના પ્રયોગો (ચાલુ)

तत्कल्कं वा समघृतं घृतपात्रे खजाहतम् ।
स्थितं दशाहादश्नीयात्तद्वद्वा वसया समम् ॥

અથવા લસણના કલ્કમાં કલ્ક જેટલું જ ઘી નાખીને એને ઘીના વાસણમાં ભરીને પછી રવૈયાથી વલોવીને એ વાસણમાં દસ દિવસ સુધી રાખી મૂકીને પછી એ ખાવું, અથવા તે જ પ્રમાણે વસા સાથે (લસણના કલ્કમાં વસા ભેળવીને એને ઘીના વાસણમાં ભરીને રવૈયાથી વલોવીને એ વાસણમા દસ દિવસ રાખી મૂકીને પછી) ખાવું.

विकञ्चुकप्राज्यरसोनगर्भान्
सशूल्यमांसान् विविधोपदंशान् ।
निमर्दकान् वा घृतशुक्तयुक्तान्
प्रकाममद्याल्लघु तुच्छमश्नन् ॥ १२६ ॥

છોલેલું પુષ્કળ લસણ જેમા હોય એવાં, શેકેલા માંસવાળાં, જાતજાતનાં ખાટાં અથાણાં કે ઘી અને સરકાવાળા નિમર્દકો (ચટણી) પેટ ભરીને ખાવાં પણ ખોરાક હલકો અને થોડો ખાવો.

વાયુ માટે લસણની ઉત્તમતા અને મર્યાદા

पित्तरक्तविनिर्मुक्तसमस्तावरणावृते ।
शुद्धे वा विद्यते वायौ न द्रव्यं लशुनात्परम् ॥

પિત્ત અને વાયુ સિવાયનાં બધા આવરણોવાળા વાયુ માટે (નિ. ૧૬/૩૧થી ૫૫) અથવા શુદ્ધ વાયુ માટે લસણથી વધારે ઉત્તમ કંઈ નથી.

લસણ કોને નડે ?

प्रियाम्बुगुडदुग्धस्य मांसमद्याम्लविद्विषः ।
अतितिक्षोरजीर्णं च रसोनो व्यापदे ध्रुवम् ॥

જેને પાણી, ગોળ અને દૂધ બહુ ભાવતાં હોય (બહુ ખાતો હોય), જે માસ, દારૂ અને ખટાશનો દ્વેષ કરતો હોય (ન ખાતો હોય) અને જે અજીર્ણને સહન ન કરી શકતો હોય તેને લસણ ચોક્કસ નડે છે.

લસણના પ્રયોગ પછી હળવો રેચ

पित्तकोपभयादन्ते युञ्ज्यान्मृदु विरेचनम् ।
रसायनगुणानेवं परिपूर्णान् समश्नुते ॥ १२९ ॥

લસણનો પ્રયોગ પૂરો થયા પછી હળવો

એવા ઝાડ જેવા શોભે છે.

લસણના પ્રયોગો

[शीतवातहिमदग्धतनूनां
स्तब्धभग्नकुटिलव्यथितास्थ्नाम् ।
भेषजस्य पवनोपहतानां
वक्ष्यते विधिरतो लशुनस्य ॥ १ ॥]

[જેમના શરીર ટાઢ, પવન અને હિમથી ખળેલા હોય, જેમનુ હાડકું સજડ થઈ ગયુ હોય, ભાગ્યુ હોય, વળી ગયુ હોય કે દુખતુ હોય, તેમના ઔષધરૂપ લસણનો વિધિ હવે કહેવામા આવશે.]

લસણની ઉત્પત્તિ અને ગુણ

राहोरमृतचौर्येण लूनाद्ये पतिता गलात् ।
अमृतस्य कणा भूमौ ते रसोनत्वमागताः ॥ १११ ॥
द्विजा नाश्नन्ति तमतो दैत्यदेहसमुद्भवम् ।
साक्षादमृतसम्भूतेर्ग्रामणी स रसायनम् ॥ ११२ ॥

અમૃતની ચોરી કરી હોવાના અપરાધને માટે રાહુના કાપી નાખેલા ગળામાથી અમૃતના જે ટીપા જમીન પર પડ્યા તે લસણ બન્યા. તેથી લસણ દૈત્યના શરીરમાથી ઉત્પન્ન થયેલુ હોવાથી દ્વિજો (બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો) લસણ ખાતા નથી, પણ એ અમૃતમાથી થયેલું હોવાથી શ્રેષ્ઠ રસાયન છે.

કોણે, કઈ ઋતુમાં, કેવી રીતે લસણ ખાવુ ?

शीलयेल्लशुनं शीते, वसन्तेऽपि कफोल्बणः ।
घनोदयेऽपि वातार्तः
सदा वा ग्रीष्मलीलया ॥ ११३ ॥
स्निग्धशुद्धतनुः शीतमधुरोपस्कृताशयः ।
तदुत्तंसावतंसाभ्यां चर्चितानुचराजिरः ॥ ११४ ॥

શિયાળામા (હેમત અને શિશિર ઋતુઓમા) દરેકે રોજ લસણ ખાવુ. જેનામા કફ વધારે હોય એણે તો વસંત ઋતુમા પણ રોજ લસણ ખાવુ. વાયુથી પીડાતા માણસે વર્ષા ઋતુમા પણ રોજ લસણ ખાવુ અથવા (વાયુથી પીડાતા માણસે) પોતાના શરીરનુ સ્નેહન અને શોધન કરીને, પોતાના આશયને ઠંડાં અને ગળ્યાં દ્રવ્યોથી સંસ્કૃત (એવા દ્રવ્યોના સંસ્કારવાળું કરીને, એવા દ્રવ્યો યોગ્ય પ્રમાણમા ખાઈપીને આશયને લસણ માટે તૈયાર કરીને) તથા સેવકોને તેના (લસણના) શણગાર માથે અને કાને સજાવીને આગણામાં ઊભા રાખીને ગ્રીષ્મની ઋતુચર્યા પ્રમાણે વર્તીને બારે માસ લસણ ખાવુ.

तस्य कन्दान् वसन्तान्ते हिमवच्छकदेशजान् ।
अपनीतत्वचो रात्रौ तीमयेन्मदिरादिभिः ॥ ११५ ॥
तत्कल्कस्वरसं प्रातः शुचितान्तवपीडितम् ।
मदिरायाः सुरूढायास्त्रिभागेन समन्वितम् ॥ ११६
मद्यस्यान्यस्य तक्रस्य मस्तुनः काञ्जिकस्य वा ।
तत्काल एव वा युक्तं युक्तमालोच्य मात्रया ॥ ११७
तैलसर्पिर्वसामज्जक्षीरमांसरसैः पृथक् ।
क्वाथेन वा यथाव्याधि रसं केवलमेव वा ॥ ११८ ॥
पिबेद्गण्डूषमात्रं प्राक् कण्ठनाडीविशुद्धये ।

હિમાલયના પ્રદેશમા અથવા શકલોકોના દેશમા ઊગેલા લસણના કદ (કળા)ની છાલ ઉખાડીને (ફોલીને) એની કળીઓને રાતે દારૂ (ખજૂરીઆનો રસ) વગેરેમા પલાળી રાખવી. પછી સવારે એનો કલ્ક કરીને એ કલ્કને ચોખ્ખા સુતરાઉ વસ્ત્રમા મૂકીને એની પોટલીને દબાવીને સ્વરસ કાઢવો. એ લસણના સ્વરસમા સ્વરસથી ત્રણગણો ઘણો જૂનો દારૂ, બીજું મદ્ય, છાશ, મસ્તુ કે કાજી મેળવીને તે સ્વરસને (દેશ, કાલ વગેરેનો વિચાર કરીને) તેલ, ઘી, વસા, મજ્જા, દૂધ અને માસરસમાથી ગમે તે એક સાથે માપસર પીવો. અથવા રોગ પ્રમાણે રોગને યોગ્ય ક્વાથ સાથે પીવો અથવા કશી મેળવણી વિનાનો એકલો લસણનો સ્વરસ ગળાની નાડી(નળી)ની શુદ્ધિ માટે પહેલો એક જ ઘૂટડો પીવો.

એના ઉપદ્રવોના ઉપાય

प्रततं स्वेदनं चानु वेदनायां प्रशस्यते ॥ ११९ ॥
शीताम्बुसेकः सहसा वमिमूर्च्छाययोर्मुखे ।

લસણનો સ્વરસ પીધા પછી જો વેદના થાય તો લાબા વખત સુધી શેક કરવાની ભલામણ કરવામા આવે છે અને જો ઊલટી અને મૂર્ચ્છા આવે તો તરત જ મો ઉપર ઠંડુ પાણી છાટવુ.

બાકીનો સ્વરસ ક્યારે પીવો ?

शेषं पिवेत् क्लमापाये स्थिरतां गत ओजसि ॥

બાકીનો (એક ઘૂંટડો પીધા પછી બાકી રહેલો) સ્વરસ ક્લમ દૂર થાય અને ઓજસ સ્થિર થાય ત્યારે પીવો.

બળતરા થાય તેના ઉપાય

विदाहपरिहाराय परं शीतानुलेपनः ।
धारयेत्साम्बुकणिका मुक्ताकर्पूरमालिकाः ॥ १२१

બળતરા મટાડવા માટે અતિશય ઠંડા લેપ કરવા અને પાણી છાંટેલી મોતીની અને કપૂરની માળાઓ પહેરવી.

લસણનું ઉત્તમ માપ

कुडवोऽस्य परा मात्रा तदर्धं केवलस्य तु ।
पलं पिष्टस्य तन्मज्ञः
समक्तं प्राक् च शीलयेत् ॥ १२२ ॥

સુરા સાથે પીવા માટે લસણના સ્વરસની ઉત્તમ માત્રા સોળ તોલા છે, પણ લસણનો સ્વરસ એકલો પીવા માટે એની ઉત્તમ માત્રા એનાથી અડધી (આઠ તોલા) છે, એની કળીઓને લસોટીને કે ખાંડીને ખાવા માટે કળીઓની ઉત્તમ માત્રા ચાર તોલા છે. આ (લસણનો સ્વરસ કે વાટેલું લસણ) રોજ ખોરાક સાથે અને ખાતા પહેલાં ખાવું.

લસણના પ્રયોગ દરમ્યાન ખોરાક

जीर्णशाल्योदनं जीर्णं शङ्खकुन्देन्दुपाण्डुरम् ।
भुञ्जीत यूषैः पयसा रसैर्वा धन्वचारिणाम् ॥१२३

જ્યારે એ લસણ પચી જાય ત્યારે શંખ કે ડોલરના ફૂલ જેવો ધોળો જૂના શાલિચોખાનો ભાત યૂષો સાથે, દૂધ સાથે કે જાંગલ પ્રદેશનાં પ્રાણીઓના માંસરસો સાથે ખાવો.

લસણના પ્રયોગમાં તરસ ચાલુ જ રહે તો શું પીવું ?

मद्यमेकं पिवेत्तत्र तृट्प्रबन्धे जलान्वितम् ।
अमद्यपस्त्वारनालं फलाम्बु परिसिक्थकाम् ॥

એમાં તરસ ચાલુ જ રહે તો (દારૂ પીનારે) પાણી નાખીને ફક્ત દારૂ જ પીવો અને દારૂ ન પીનારે આરનાલ, બિજોરાંનો રસ અને ઘટ્ટ ન હોય એવી પેયા પીવાં.

લસણના પ્રયોગો (ચાલુ)

तत्कल्कं वा समघृतं घृतपात्रे खजाहतम् ।
स्थितं दशाहादश्नीयात्तद्वद्वा वसया समम् ॥

અથવા લસણના કલ્કમાં કલ્ક જેટલું જ ઘી નાખીને એને ઘીના વાસણમાં ભરીને પછી રવૈયાથી વલોવીને એ વાસણમાં દસ દિવસ સુધી રાખી મૂકીને પછી એ ખાવું, અથવા તે જ પ્રમાણે વસા સાથે (લસણના કલ્કમાં વસા ભેળવીને એને ઘીના વાસણમાં ભરીને રવૈયાથી વલોવીને એ વાસણમાં દસ દિવસ રાખી મૂકીને પછી) ખાવું.

विकञ्चुकप्राज्यरसोनगर्भान्
सशूल्यमांसान् विविधोपदंशान् ।
निमर्दकान् वा घृतशुक्तयुक्तान्
प्रकाममद्याल्लघु तुच्छमश्नन् ॥ १२६ ॥

છોલેલું પુષ્કળ લસણ જેમાં હોય એવાં, શેકેલા માંસવાળાં, જાતજાતનાં ખાટાં અથાણાં કે ઘી અને સરકાવાળા નિમર્દકો (ચટણી) પેટ ભરીને ખાવાં પણ ખોરાક હલકો અને થોડો ખાવો.

વાયુ માટે લસણની ઉત્તમતા અને મર્યાદા

पित्तरक्तविनिर्मुक्तसमस्तावरणावृते ।
शुद्धे वा विद्यते वायौ न द्रव्यं लशुनात्परम् ॥

પિત્ત અને વાયુ સિવાયનાં બધાં આવરણોવાળા વાયુ માટે (નિ. ૧૬/૩૧થી ૫૫ રૂ) અથવા શુદ્ધ વાયુ માટે લસણથી વધારે ઉત્તમ કંઈ નથી.

લસણ કોને નડે ?

प्रियाम्बुगुडदुग्धस्य मांसमद्याम्लविद्विषः ।
अतितिक्षोरजीर्णे च रसोनो व्यापदे ध्रुवम् ॥

જેને પાણી, ગોળ અને દૂધ બહુ ભાવતાં હોય (બહુ ખાતો હોય), જે માંસ, દારૂ અને ખટાશનો દ્વેષ કરતો હોય (ન ખાતો હોય) અને જે અજીર્ણને સહન ન કરી શકતો હોય તેને લસણ ચોક્કસ નડે છે.

લસણના પ્રયોગ પછી હળવો રેચ

पित्तकोपभयादन्ते युञ्ज्यान्मृदु विरेचनम् ।
रसायनगुणानेवं परिपूर्णान् समश्नुते ॥ १२९ ॥

લસણનો પ્રયોગ પૂરો થયા પછી હળવો

રેચ દેવો; કે જેથી પિત્તનો પ્રકોપ થવાનો ભય રહે નહિ. એમ કરવાથી પૂરેપૂરા રસાયન-ગુણોનો લાભ થાય છે.

શિલાજિતના પ્રયોગો

શિલાજિતની ઉત્પત્તિ

ग्रीष्मेऽर्कतप्ता गिरयो जतुतुल्यं वमन्ति यत्।
हेमादिषड्धातुरसं प्रोच्यते तच्छिलाजतु ॥१३०॥

ગ્રીષ્મ ઋતુમા સૂર્યના તાપથી તપેલા પર્વતો જે લાખ જેવો સોનું વગેરે છ ધાતુઓનો રસ બહાર કાઢે છે તેને શિલાજિત કહે છે.

શિલાજિતના ગુણ : સારું કયું ?

सर्वं च तिक्तकटुकं नात्युष्णं कटु पाकतः।
छेदनं च विशेषेण लौहं तत्र प्रशस्यते ॥ १३१ ॥

બધી જાતનું શિલાજિત (છમાંથી ગમે તે ધાતુનું શિલાજિત) કડવુ, તીખું, બહુ ગરમ નહિ એવુ, પચે ત્યારે તીખું અને ખાસ કરીને છેદન હોય છે. તેમા લોઢાનુ શિલાજિત વખણાય છે.

સૌથી ઉત્તમ શિલાજિત કયું ?

गोमूत्रगन्धि कृष्णं गुग्गुल्वाभं विशर्करं मृत्स्नम्।
स्निग्धमनम्लकषायं
मृदु गुरु च शिलाजतु श्रेष्ठम् ॥ १३२ ॥

ગાયના મૂતર જેવી ગંધવાળું, કાળું, ગુગળ જેવા રંગનુ, પર્વતની કાંકરી કે કસકસ વિનાનું, ભૂકા જેવું, સ્નિગ્ધ, ખાટું ન હોય એવું, તૂરું ન હોય એવું, મૃદુ અને ભારે શિલાજિત ઉત્તમ છે.

શિલાજિત વાપરવાની રીત

व्याधिव्याधितसात्म्यं
समनुसरन् भावयेदयःपात्रे।
प्राक् केवलजलधौतं
शुष्कं क्वाथैस्तनो भाव्यम् ॥ १३३ ॥

કયા રોગમાં અને કયા રોગીને શિલાજિત માફક આવશે એ બરાબર યાદ કરીને શિલાજિતને પહેલાં પાણીથી ધોઈને પછી સૂકવીને એ સુકાય એટલે એને ક્વાથોની ભાવના આપવી.

શિલાજિતને ભાવના દેવાની રીત

समगिरिजमष्टगुणिते
निःक्वाथ्यं भावनौषधं तोये।
तन्निर्यूहेऽष्टांशे पूतोष्णे प्रक्षिपेद् गिरिजम् ॥१३४
तत्समरसतां यात संशुष्कं प्रक्षिपेद्रसे भूयः।
स्वैः स्वैरेवं क्वाथैर्भाव्यं वारान् भवेत्सप्त ॥१३५

જે ઔષધના ક્વાથની ભાવના આપવાની હોય તે ઔષધ શિલાજિત જેટલું જ લઈને એ ઔષધથી આઠગણા પાણીમાં એ ઔષધ નાખીને ઉકળતાં ઉકળતાં આઠમા ભાગનુ પાણી બાકી રહે ત્યારે એ ક્વાથને ઉતારી લઈને ગાળી લઈને એ ગાળી લીધેલા ગરમાગરમ ક્વાથમાં શિલાજિત નાખવું. જ્યારે એ ક્વાથ સાથે શિલાજિત એકરસ થઈ જાય ત્યારે એને (શિલાજિતને) સૂકવી દેવું. સુકાયા પછી ફરી પાછું એ ક્વાથમાં નાખવું. આ રીતે જે જે ક્વાથોની ભાવના આપવાની હોય તે તે ક્વાથોની સાત વાર ભાવના આપવી.

શિલાજિત લેતા પહેલાં કરવાનો સંસ્કાર

अथ स्निग्धस्य शुद्धस्य घृतं तिक्तकसाधितम्।
त्र्यहं युञ्जीत गिरिजमेकैकेन तथा त्र्यहम् ॥१३६
फलत्रयस्य यूषेण पटोल्या मधुकस्य च।
योगं योग्यं ततस्तस्य कालापेक्षं प्रयोजयेत् ॥१३७
शिलाजमेवं देहस्य भवत्यत्युपकारकम्।
गुणान् समग्रान् कुरुते सहसा व्यापदं न च ॥

હવે જેનું સ્નેહન અને શોધન થઈ ગયું હોય એવા માણસને તિક્ત ગણનાં ઔષધો વડે સિદ્ધ કરેલું ઘી ત્રણ દિવસ પાવું. પછી ચોથા દિવસથી ત્રિફળાના ક્વાથ સાથે ત્રણ દિવસ શિલાજિત પાવું, પછી પટોળના ક્વાથ સાથે ત્રણ દિવસ શિલાજિત પાવું, પછી જેઠીમધના ક્વાથ સાથે ત્રણ દિવસ શિલાજિત પાવું. (આમ કુલ બાર દિવસ સુધી શરીરને સંસ્કાર આપીને શરીરને નવું શિલાજિત પીવાને લાયક બનાવીને) પછી ઋતુને હિસાબે યોગ્ય હોય એવા યોગ (મેળવવાનાં દ્રવ્ય) સાથે શિલાજિત આપવું. આ પ્રમાણે આપેલુ શિલાજિત શરીરે બહુ ઉપકારક (ઉપયોગી) થઈ પડે છે, બધા

ગુણ કરે છે અને એકાએક નડતું નથી (ઉપદ્રવ કે રોગ કરતું નથી).

શિલાજિત કેટલા દિવસ અને કેટલું લેવાય?

पकत्रिसतसप्ताहं कर्षमर्धपलं पलम् ।
हीनमध्योत्तमो योगः शिलाजस्य क्रमान्मतः ॥

સમયની દૃષ્ટિએ એક અઠવાડિયું, ત્રણ અઠવાડિયાં અને સાત અઠવાડિયા અને માપની દૃષ્ટિએ એક તોલો, બે તોલા અને ચાર તોલાએ શિલાજિતનો અનુક્રમે હીન (હલકો), મધ્ય (સાધારણ) અને ઉત્તમ યોગ મનાય છે.

શિલાજિતના પ્રયોગ (ચાલુ)

संस्कृतं संस्कृते देहे प्रयुक्तं गिरिजाह्वयम् ।
युक्तं व्यस्तैः समस्तैर्वा ताम्रायोरूप्यहेमभिः ॥१४०
क्षीरेणालोडितं कुर्याच्छीघ्रं रासायनं फलम् ।
कुलत्थान् काकमाचीं च
कपोतांश्च सदा त्यजेत् ॥१४१॥

શ્લોક ૧૩૩થી ૧૩૫ પ્રમાણે સંસ્કૃત કરેલા શિલાજિતને તાંબું, લોઢું, રૂપું અને સોનું એ ચારમાંથી ગમે તે એક સાથે કે એ ચારે સાથે ભેળવીને દૂધ સાથે ડોહીને શ્લોક ૧૩૫થી ૧૩૮ પ્રમાણે સંસ્કૃત કરેલા શરીરમા યોજવાથી (પીવાથી) તરત રસાયનનું ફળ આપે છે. આ પ્રયોગ કરનારે કળથી, પીલુડી અને કબૂતરનો સદા ત્યાગ કરવો.

શિલાજિતના પ્રયોગોનું ફળ

न सोऽस्ति रोगो भुवि साध्यरूपो
जत्वश्मजं यं न जयेत् प्रसह्य ।
तत् कालयोगैर्विधिवत् प्रयुक्तं
स्वस्थस्य चोर्जां विपुलां दधाति ॥ १४२॥

પૃથ્વી પર એવો કોઈ સાધ્ય લક્ષણોવાળો (સુસાધ્ય અને દુઃસાધ્ય) રોગ નથી કે જેને ઋતુને હિસાબે યોગ્ય દ્રવ્યો સાથે ભેળવીને વિધિ પ્રમાણે આપેલું શિલાજિત પરાણે મટાડી ન શકે, અને એ સાજા માણસને પુષ્કળ શક્તિ આપે છે.

કુટીપ્રવેશવિધિ અને વાતાતપિક વિધિ કોણે કરવા?

कुटीप्रवेशः क्षणिनां परिच्छदवतां हितः ।
अतोऽन्यथा तु ये तेषां सौर्यमारुतिको विधिः ॥१४३

નવરા અને પરિચ્છદવાળા (સાધનસંપત્તિ અને માણસોવાળા) માણસો માટે કુટીપ્રવેશ છે (કુટીપ્રવેશવિધિથી રસાયનપ્રયોગો કરવા), પણ જે એવા નથી (જેમને કામધંધો હોય અને જેમની પાસે સાધનસંપત્તિ અને માણસોની છૂટ ન હોય) તેમને માટે સૌર્યમારુતિક (વાતાતપિક) વિધિ છે.

वातातपसहा योगा वक्ष्यन्तेऽतो विशेषतः ।
सुखोपचारा भ्रंशेऽपि ये न देहस्य बाधकाः ॥१४४

તેથી જે યોગો પવન અને તડકાને સાખી શકે અને જે સહેલાઈથી કરી શકાય અને જે કરતાંકરતાં ભૂલ થાય તોપણ શરીરને નુકસાન કરે નહિ એવા રસાયનયોગો ખાસ કહેવામા આવશે.

વાતાતપિક વિધિથી કરીશકાય એવા યોગો : એમના ગુણ

ઠંડું પાણી, દૂધ, મધ અને ઘીના પ્રયોગો

शीतोदकं पयः क्षौद्रं घृतमेकैकशो द्विशः ।
त्रिशः समस्तमथवा प्राक् पीतं स्थापयेद्वयः ॥ १४५

ઠંડું પાણી, દૂધ, મધ. ઘી–એ ચારમાથી ગમે તે એક કે ગમે તે બે કે ,ગમે તે ત્રણ કે ચારેને જમતા પહેલા પીવાથી જુવાની પાછી આવે છે.

સમ પ્રકૃતિવાળાએ પાણીનો, પિત્તપ્રકૃતિવાળાએ દૂધનો, કફપ્રકૃતિવાળાએ મધનો. વાત પ્રકૃતિવાળાએ ઘીનો અને તે તે ભેગા દોષની પ્રકૃતિવાળાએ તે તે ભેગા દ્રવ્યોના પ્રયોગ હિતાહિતનો વિચાર કરીને કરવો—ડલ્હણ.

હરડેના પ્રયોગો

गुडेन मधुना शुण्ठ्या कृष्णया लवणेन वा ।
द्वे द्वे खादन् सदा पथ्ये जीवेद्वर्षशतं सुखी ॥ १४६

ગોળ, મધ, સૂંઠ, પીપર કે સૈંધવ એ પાચમાથી ગમે તે એક સાથે રોજ બબ્બે હરડે હમેશાં ખાનાર સો વરસ સુધી સુખમાં જીવે છે.

हरीतकीं सर्पिषि सम्प्रताप्य
समश्नतस्तत् पिबतो घृतं च ।

भवेच्चिरस्थायि बलं शरीरे
सकृत् कृतं साधु यथा कृतज्ञे ॥१४७॥

જેમ કદરદાન માણસનું એક વાર ભલું કર્યું હોય તે લાંબા વખત સુધી ટકી રહે છે (કદરદાન માણસ પોતાના પર થયેલો ઉપકાર લાંબા વખત સુધી ભૂલતો નથી) તેમ એક હરડેને ઘીમાં તળીને એ હરડે ખાઈને તેના ઉપર એ ઘી પીનારનું બળ લાંબા વખત સુધી ટકી રહે છે.

આમળાંના સ્વરસનો પ્રયોગ

धात्रीरसक्षौद्रसिताघृतानि
हिताशनानां लिहतां नराणाम्।
प्रणाशमायान्ति जराविकारा
ग्रन्था विशाला इव दुर्गृहीताः ॥१४८॥

જેમ ખરાબ રીતે ભણાયેલા મોટા ગ્રંથો નાશ પામે છે, તેમ જે માણસો આમળાંનો સ્વરસ, મધ, સાકર અને ઘી એ ચારેને ભેગાં કરીને ચાટે છે તથા પથ્ય ભોજન કરે છે તેમના ઘડપણના (કરચલીઓ, ધોળા વાળ વગેરે) વિકારો નાશ પામે છે.

આમળાં, વાવડિંગ અને બીબલાનો પ્રયોગ

धात्रीकृमिघ्नासनसारचूर्णं
सतैलसर्पिर्मधुलोहरेणु ।
निषेव्यमाणस्य भवेन्नरस्य
तारुण्यलावण्यमविप्रणाशम् ॥१४९॥

આમળાં, વાવડિંગ, બીબલાનો સાર એ ત્રણનું ચૂર્ણ જે માણસ તેલ, ઘી, મધ અને લોઢાની ભૂકી સાથે રોજ ખાય છે, તેનાં જુવાની અને લાવણ્ય (રૂપ, સૌંદર્ય) નાશ ન પામે એવાં બને છે. (નાશ પામ્યાં હોય તોપણ ફરી પાછાં આવીને ટકી રહે છે. —અરુણદત્ત.)

વાવડિંગનો પ્રયોગ

लौहं रजो वेल्लभवं च सर्पिः
क्षौद्रद्रुतं स्थापितमब्दमात्रम्।
समुद्गके बीजकसारकॢप्ते
लिहन् बली जीवति कृष्णकेशः ॥१५०॥

લોઢાનું ચૂર્ણ, વાવડિંગનું ચૂર્ણ—એ બેને ઘી અને મધમાં કાલવીને એક વર્ષ સુધી બીબલાના સારના બનાવેલા સંપુટમાં ભરી રાખીને પછી એ રોજ ચાટનાર માણસ બળવાન બનીને અને કાળા વાળવાળો બનીને જીવે છે.

વાવડિંગ, ભિલામો અને સૂંઠનો પ્રયોગ

विडङ्गभल्लातकनागराणि
येऽश्नन्ति सर्पिर्मधुसंयुतानि ।
जरानदीं रोगतरङ्गिणीं ते ।
लावण्ययुक्ताः पुरुषास्तरन्ति ॥१५१॥

વાવડિંગ, ભિલામો અને સૂંઠ—એ ત્રણને જે ઘી અને મધ સાથે ચાટે છે, તે માણસો રૂપાળા બનીને ઘડપણરૂપી નદીને અને રોગરૂપી નદીને તરી જાય છે.

ત્રિફળાનો પ્રયોગ

खदिरासनयूषभावितायाः
त्रिफलाया घृतमाक्षिकप्लुतायाः ।
नियमेन नरा निषेवितारो
यदि जीवन्त्यरुजः किमत्र चित्रम् ॥१५२॥

ખેર, બીબલો—એ બેના કવાથ વડે ભાવના દીધેલી ત્રિફળાને ઘી અને મધમાં કાલવીને જેઓ નિયમસર ચાટે છે, તેઓ નીરોગી રહીને જીવે એમાં નવાઈ શી!

બીબલાનો પ્રયોગ

बीजकस्य रसमङ्गुलिहार्यं
शर्करां मधु घृतं त्रिफलां च ।
शीलयत्सु पुरुषेषु जरत्ता
स्वागताऽपि विनिवर्तत एव ॥१५३॥

બીબલાનો આંગળીથી લેવાય એવો ઘટ્ટ રસ, સાકર, મધ, ઘી અને ત્રિફળા—એ પાંચ વસ્તુઓને ભેગી કરી રોજ ચાટનાર માણસોને પૂરેપૂરું ઘડપણ આવ્યું હોય તોપણ તે (ઘડપણ) પાછું જતું રહે છે (ફરી જુવાની આવે છે).

સાટોડીનો પ્રયોગ

पुनर्नवस्यार्धपलं नवस्य
पिष्टं पिबेद्यः पयसाऽर्धमासम् ।
मासद्वयं तत्त्रिगुणं समां वा
जीर्णोऽपि भूयः स पुनर्नवः स्यात् ॥१५४॥

જે માણસ તાજી સાટોડીનો બે તોલા કલ્ક

(કે ચૂર્ણ) દૂધ સાથે અડધો મહિનો, બે મહિના, છ મહિના કે વરસ સુધી પીએ છે, તે ઘરડો થઈ ગયો હોય તોપણ ફરી નવજુવાન (તાજો) બની જાય છે.

મોરવેલ વગેરેના પ્રયોગ

मूर्वावृहत्यंशुमतीवलाना-
मुशीरपाठासनसारवाणाम् ।
कालानुसार्यागुरुचन्दनानां
वदन्ति पौनर्नवमेव कल्पम् ॥ १५५ ॥

મોરવેલ, ભોરીંગણી, સમેરવો, બળદાણા, કાળો વાળો, કાળીપાડ, બીખલો, સારિવા, ઉત્પલ, સારિવા, અગર અને સુખડ—એ દરેકની કલ્પના (બનાવટ, પ્રયોગ) સાટોડીના પ્રયોગ જેવો જ છે એમ કહે છે.

શતાવરીનો પ્રયોગ

शतावरीकल्ककषायसिद्धं
ये सर्पिरश्नन्ति सिताद्वितीयम् ।
तान् जीविताध्वानमभिप्रपन्ना-
न्न विप्रलुम्पन्ति विकारचौराः ॥ १५६ ॥

જીવનને રસ્તે ચઢેલા (જીવનરૂપી મુસાફરી કરતા) જે માણસો શતાવરીનો કલ્ક અને શતાવરીનો ક્વાથ એ બેથી સિદ્ધ કરેલા ઘીમાં સાકર નાખીને ખાય છે, તેમને રોગોરૂપી ચોરો (લૂંટારા) લૂંટી શકતા નથી.

આસોંદનો પ્રયોગ

पीताऽश्वगन्धा पयसाऽर्धमासं
घृतेन तैलेन सुखाम्बुना वा ।
कृशस्य पुष्टिं वपुषो विधत्ते
बालस्य सस्यस्य यथा सुवृष्टिः ॥ १५७ ॥

જેમ સારો વરસાદ ઊગતા પાકને પોષણ આપીને મોટો કરે છે, તેમ અડધા મહિના સુધી ઘી, તેલ કે સહેલા પાણી સાથે પિવાયેલી આસોંદ દૂબળા શરીરને હૃષ્ટપુષ્ટ બનાવે છે.

કાળા તલનો પ્રયોગ

दिने दिने कृष्णतिलप्रकुञ्चं
समश्नतां शीतजलानुपानम् ।
पोषः शरीरस्य भवत्यनल्पो
दृढीभवन्त्यामरणाच्च दन्ताः ॥ १५८ ॥

જે માણસો રોજરોજ ચાર તોલા કાળા તલ ચાવીને ખાય છે અને પછી ઉપર ઠંડું પાણી પીએ છે, તેમના શરીરનું બહુ પોષણ થાય છે (શરીર બહુ હૃષ્ટપુષ્ટ થાય છે) અને એમના દાંત ઠેઠ મરતાં સુધી મજબૂત રહે છે.

ગોખરુના અને આમળાંના ચૂર્ણનો પ્રયોગ

चूर्णं श्वदंष्ट्रामलकामृतानां
लिहन् ससर्पिर्मधुभागमिश्रम् ।
वृषः स्थिरः शान्तविकारदुःखः
समाः शतं जीवति कृष्णकेशः ॥ १५९ ॥

જે માણસ ગોખરુ અને આમળાંના ચૂર્ણને ચૂર્ણના જેટલાં જ ઘી અને મધ સાથે મેળવીને ચાટે છે તેનું વીર્ય વધે છે. એ સ્થિર થાય છે, એનાં રોગ અને દુઃખ શમી જાય છે, એના વાળ કાળા બની જાય છે અને એ સ્થિતિમાં એ સો વરસ જીવે છે.

કાળા તલ, આમળાં, બહેડાં અને હરડેનો પ્રયોગ

सार्धं तिलैरामलकानि कृष्णै-
रक्षाणि संक्षुद्य हरीतकीर्वा ।
येऽद्युर्मयूरा इव ते मनुष्या
रम्यं परीणाममवाप्नुवन्ति ॥ १६० ॥

જેઓ કાળા તલ સાથે આમળાં, બહેડાં કે હરડે ખાંડીને ખાય છે તે માણસો મોર જેવા (કાળા વાળવાળા) થાય છે અને એમને સુંદર ઘડપણ આવે છે (ઘડપણમાં પણ એમની સુંદરતા ટકી રહે છે).

શિલાજિત વગેરેનો પ્રયોગ

शिलाजतुक्षौद्रविडङ्गसर्पि-
र्लौहाभयापारदताप्यभक्षः ।
आपूर्यते दुर्बलदेहधातु-
स्त्रिपञ्चरात्रेण यथा शशाङ्कः ॥ १६१ ॥

જે માણસના દેહની ધાતુઓ દુર્બળ હોય તે શિલાજિત, મધ, વાવડિંગ, ઘી, લોઢાનું ચૂર્ણ, હરડે, પારો અને સુવર્ણમાક્ષિક ખાય તો પંદર દિવસમાં એનું શરીર ચંદ્રની માફક ભરાઈ જાય છે.

ભાંગરાનો પ્રયોગ

ये मासमेकं स्वरसं पिबन्ति
दिने दिने भृङ्गरजःसमुत्थम् ।
क्षीराशिनस्ते बलवीर्ययुक्ताः
समाः शतं जीवितमाप्नुवन्ति ॥ १६२ ॥

જે લોકો એક મહિના સુધી રોજરોજ ભાંગરાનો રસ પીએ છે અને ખોરાકમાં દૂધ જ પીએ છે, તેઓ બળ અને વીર્યવાળા બનીને સો વર્ષની જિંદગી મેળવે છે.

વજનો પ્રયોગ

मासं वचामप्युपसेवमानाः
क्षीरेण तैलेन घृतेन वाऽपि ।
भवन्ति रक्षोभिरधृष्यरूपा
मेधाविनो निर्मलमृष्टवाक्याः ॥ १६३ ॥

જે લોકો એક મહિના સુધી દૂધ, તેલ કે ઘી સાથે વજ રોજ પીએ છે, તેમનો ઘાટ (શરીરનો બાંધો) રાક્ષસોથી પણ ગાંજ્યો ન જાય એવો બને છે, એ મેધાવાળા અને નિર્મળ, મીઠી વાણીવાળા બને છે.

બ્રાહ્મીનો પ્રયોગ

मण्डूकपर्णीमपि भक्षयन्तो
भृष्टां घृते मासमनन्नभक्षाः ।
जीवन्ति कालं विपुलं प्रगल्भा-
स्तारुण्यलावण्यगुणोदयस्थाः ॥ १६४ ॥

જેઓ ઘીમાં તળીને બ્રાહ્મી એક મહિના સુધી ખાય છે અને કંઈ અન્ન ખાતાપીતા નથી, તેઓ પ્રતિભાશાળી થઈને, જુવાની, સૌંદર્ય વગેરે ગુણોના ઉદયમાં રહીને ઘણા લાંબા સમય સુધી જીવે છે.

लाङ्गलीत्रिफलालोहपलपञ्चाशता कृतम् ।
मार्कवस्वरसे पथ्या गुलिकानां शतत्रयम् ॥१६५
छायाविशुष्कं गुलिकार्धमद्यात्
पूर्वं समस्तामपि तां क्रमेण ।
भजेद्विरिक्तः क्रमशश्च मण्डं
पेयां विलेपीं रसकौदनं च ॥ १६६ ॥
सर्पिःस्निग्धं मासमेकं यतात्मा
मासादूर्ध्वं सर्वथा स्वैरवृत्तिः ।
वर्ज्यं यत्नात्सर्वकालं त्वजीर्णं
वर्षेणैवं योगमेवोपयुञ्ज्यात् ॥ १६७ ॥
भवति विगतरोगो योऽप्यसाध्यामयार्तः
प्रबलपुरुषकारः शोभते योऽपि वृद्धः ।
उपचितपृथुगात्रश्रोत्रनेत्रादियुक्त-
स्तरुण इव समानां पञ्च जीवेच्छतानि ॥

રતવેલિયો, ત્રિફળા (હરડે, બહેડાં, આમળાં), લોઢાનું ચૂર્ણ (ક્ષાર)–એ પાંચ મળીને પચાસ પલ લેવાં. એના ચૂર્ણની ભાંગરાના સ્વરસમાં ૩૬૦ ગોળીઓ વાળવી. એ ગોળીઓને છાંયડે સૂકવવી. સુકાયા પછી શરૂઆતમાં રોજ અડધી ગોળી ખાવી. પછી ધીમે-ધીમે તે બધી ખાઈ જવી. પછી આ ગોળીથી વિરેચન થઈ જાય એટલે અનુક્રમે મંડ, પેયા, વિલેપી અને માંસરસ સાથે ભાત ખાવાં (થોડા દિવસ પેયા, પછી થોડા દિવસ વિલેપી એ પ્રમાણે આ રીતે એક મહિના સુધી સંયમ રાખીને ઘીથી સ્નિગ્ધ કરેલું ખાવું. મહિના પછી બધી બાબતમાં ઇચ્છામા આવે તેવા આહારવિહાર રાખવા, પણ આખોયે વખત (આખા વરસ સુધી) અજીર્ણ કાળજીપૂર્વક ત્યાગ કરવો (અજીર્ણ તો ન જ થવું જોઈએ). આ પ્રમાણે એક વરસ સુધી આ યોગનો ઉપયોગ કરવો. જે માણસ અસાધ્ય રોગથી પીડાતો હોય તે પણ આમ કરવાથી નીરોગી બને છે, જે ઘરડો હોય છે તે પણ પ્રબળ પુરુષાર્થ કરીને શોભે છે તથા ભરાવદાર વિશાળ અંગો, કાન, આંખ વગેરે વાળો બનીને જુવાનની માફક (જુવાન રહીને) પાંચસો વર્ષ જીવે છે.

નરસિંહ ઘૃત (નારાયણ ઘૃત)

गायत्रीशिखिशिंशिपासनशिवा-
वेल्लाक्षकारुष्करान्
पिष्ट्वाऽष्टादशसंगुणेऽम्भसि पृतान्
खण्डैः सहायोमयैः ।
पात्रे लोहमये त्र्यहं रविकरै-
रालोडयन् पाचये-
दग्नौ चानु मृदौ सलोहशकलं
पादस्थितं तत्पचेत् ॥ १६९ ॥

पूतस्यांशः क्षीरतोंऽशास्तथांऽशौ
भार्ङ्गीनिर्यासाद् द्वौ वरायास्त्रयांऽशाः ।
अंशाश्चत्वारश्चेह हैयङ्गवीना-
देकीकृत्यैतत्साधयेत्कृष्णलोहे ॥ १७० ॥
विमलखण्डसितामधुभिः पृथक्
युतमयुक्तमिदं यदि वा घृतम् ।
स्वरुचिभोजनपानविचेष्टितो
भवति ना पलशः परिशीलयन् ॥ १७१ ॥
श्रीमान्निर्धूतपाप्मा वनमहिषबलो
वाजिवेगः स्थिराङ्गः
केशैर्भृङ्गाङ्गनीलैर्मधुसुरभिमुखो
नैकयोषिन्निषेवी ।
वाङ्मेधाधीसमृद्धः सुपट्टहुतवहो
मासमात्रोपयोगाद्
धत्तेऽसौ नारसिंहं वपुरनलशिखा-
तप्तचामीकराभम् ॥ १७२ ॥
अत्तारं नारसिंहस्य व्याधयो न स्पृशन्त्यपि ।
चक्रोज्ज्वलभुजं भीता नारसिंहमिवासुराः ॥ १७३ ॥

ખેર, ચિત્રો, સીસમ, બીખલો, હરડે, વાવડિંગ, બહેડાં, ભિલામો—એટલી વસ્તુઓને લસોટીને એમના કુલ વજનથી અઢારગણા પાણીમા નાખીને એમા લોખંડના ટુકડા નાખીને લોખંડના વાસણમાં ભરીને ત્રણ દિવસ સુધી હલાવતાં હલાવતા સૂર્યનાં કિરણો વડે પકવવું. પછી ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યાં સુધી એને ધીમે તાપે પકવવું. પછી એ કવાથને ગાળી લેવો. પછી એક ભાગ એ ગાળી લીધેલો કવાથ, એક ભાગ દૂધ, બે ભાગ ભાંગરાનો કવાથ, ત્રણ ભાગ ત્રિફળા, ચાર ભાગ હૈયંગવીન (=ગઈ કાલે દોહેલા દૂધનું આજ બનાવેલું ઘી)—આ બધું ભેગું કરીને પોલાદ(ગજવેલ)ના વાસણમાં પકવવું. આ રીતે સિદ્ધ કરેલું ઘી જે ચોખ્ખી ખાંડ, સાકર કે મધ સાથે પીવામાં આવે અને જે માણસ પોતાની રુચિ પ્રમાણે ખાનપાન અને વિહાર કરે તો એ રીતે એ ઘી રોજ ચારચાર તોલા ફક્ત એક મહિના સુધી લેવાથી માણસ ધનવાન, નિષ્પાપ, જંગલી પાડા જેવો બળવાન, ઘોડા જેવો વેગીલો, સ્થિર શરીરવાળો, ભમરાના શરીર જેવા કાળા વાળવાળો, મધ જેવી સુવાસથી મહેકતા મોંવાળો, અનેક સ્ત્રીઓને ભોગવી શકે એવો; વાણી, મેધા અને બુદ્ધિની સમૃદ્ધિવાળો, બહુ પ્રદીપ્ત જઠરાગ્નિવાળો બને છે. એ માણસ અગ્નિના ભડકામાં તપાવેલા સોના જેવી કાંતિવાળું શરીર ધારણ કરે છે. જેમ સુદર્શન ચક્રને લીધે ચળકતા હાથવાળા નરસિંહ ભગવાનને બીનેલા અસુરો અડકી શકતા નથી તેમ આ નરસિંહ ઘૃત ખાનારને રોગો અડકી શકતા નથી.

भृङ्गप्रवालानमुनैव भृष्टान्
घृतेन यः खादति यन्त्रितात्मा ।
विशुद्धकोष्ठोऽसनसारसिद्ध-
दुग्धानुपस्तत्कृतभोजनार्थः ॥ १७४ ॥
मासोपयोगात् स सुखी जीवत्यब्दशतत्रयम् ।
गृह्णाति सकृदप्युक्तमविलुप्तस्मृतीन्द्रियः ॥ १७५ ॥

કોઠાનું શોધન કર્યા પછી અને સંયમી જીવન ગાળીને જે માણસ એક મહિના સુધી રોજ એ જ (શ્લોક ૧૬૮થી ૧૭૩વાળા) નરસિંહ ઘૃતમાં ભાંગરાના કુમળાં પાંદડાં તળીને ખાય છે. પછી અનુપાન તરીકે બીબલાના સાર વડે સિદ્ધ કરેલું દૂધ પીએ છે અને એ જ (બીબલાના સાર વડે સિદ્ધ કરેલું દૂધ) પીને રહે છે (બીજું કંઈ ખાતોપીતો નથી), તે સુખી થઈને ત્રણસો વરસ જીવે છે, તેની સ્મરણશક્તિ અને ઇંદ્રિયોનો નાશ થતો નથી અને એક વાર કહેલું પણ એ ગ્રહણ કરે છે.

નરસિંહ તેલ

अनेनैव च कल्पेन यस्तैलमुपयोजयेत् ।
तानेवाप्नोति स गुणान् कृष्णकेशश्च जायते ॥ १७६ ॥

આ જ કલ્પથી (શ્લોક ૧૬૮થી ૧૭૩ સુધીમાં કહેલી બનાવટ કરીને) જે માણસ એમાં ઘીને બદલે તેલ વાપરીને એ તેલનો ઉપયોગ કરે છે, એને પણ એ જ ગુણો (ફાયદા) થાય છે અને એના વાળ કાળા થઈ જાય છે.

આ ગ્રંથમાં કેવાં રસાયનો કહ્યાં છે?

उक्तानि शक्यानि फलान्वितानि
युगानुरूपाणि रसायनानि ।

महानुशंसान्यपि चापराणि
प्राप्त्यादिकष्टानि न कीर्तितानि ॥१७७॥

જે રસાયન (વાગ્ભટ્ટના સમયમાં) કરી શકાય એવાં છે, જેનું ફળ કહેલું છે અને જે જમાનાને યોગ્ય છે, એવાં જ રસાયનો (આ ગ્રંથમાં) કહ્યાં છે, બીજાં રસાયનો બહુ વખણાયલાં હોય છતાં એમને મેળવવા વગેરે બાબતમાં મુશ્કેલી પડે એવી હોય તે રસાયનો કહ્યાં નથી.

રસાયનનો વિધિ ચૂકવાથી થતા રોગના ઉપાય

रसायनविधिभ्रंशाज्जायेरन् व्याधयो यदि ।
यथास्वमौषधं तेषां कार्यं मुक्त्वा रसायनम् ॥ १७८

રસાયનનો વિધિ ચૂકવાથી જો રોગો થાય તો રસાયન પ્રયોગ છોડી દઈને જે રોગ થયો હોય તેની દવા કરવી (અથવા જે દોષ કોપ્યો હોય તેના ઉપાય કરવા).

રોજનું રસાયન : એનું ફળ

सत्यवादिनमक्रोधमध्यात्मप्रवणेन्द्रियम् ।
शान्तं सद्वृत्तनिरतं विद्यान्नित्यरसायनम् ॥ १७९॥

સાચાબોલો, ક્રોધ ન કરતો, આત્મા તરફ જેણે ઇંદ્રિયોને વાળી હોય એવો, શાંત અને સદ્વર્તનમાં તલ્લીન માણસ રોજ રસાયન કરી રહ્યો છે એમ સમજવું.

गुणैरेभिः समुदितः सेवते यो रसायनम् ।
स निवृत्तात्मा दीर्घायुः परत्रेह च मोदते ॥ १८०॥

આ (ઉપરના શ્લોકમાં કહેલા) ગુણોના સમૂહવાળો જે માણસ રસાયનનું સેવન કરે છે તેના મનને શાંતિ મળે છે, એનો આવરદા લાંબો થાય છે અને પરલોકમાં તથા આ લોકમાં આનંદ કરે છે.

સંપૂર્ણ રસાયન કયું ?

शास्त्रानुसारिणी चर्या चित्तज्ञाः पार्श्ववर्तिनः ।
बुद्धिरस्खलितार्थेषु परिपूर्णं रसायनम् ॥ १८१ ॥

શાસ્ત્ર પ્રમાણે જીવન જીવવું, આજુબાજુનાં માણસો મન વરતી જાય એવાં હોય, વિષયોમાં બુદ્ધિ બગડે (ચળે) નહિ—એ સંપૂર્ણ રસાયન છે.

इत्यष्टाङ्गहृदये षष्ठे उत्तरस्थाने रसायनविधिर्नाम
एकोनचत्वारिंशोऽध्यायः ॥ ३९ ॥

અધ્યાય ૪૦ મો—વાજીકરણુવિધિ

अथातो वाजीकरणविधिमध्यायं
व्याख्यास्यामः ।
इति ह स्माहुरात्रेयादयो महर्षयः ।

હરિ ૐ, ત્યારે હવે અમે વાજીકરણુ કરવાના વિધિનો અધ્યાય સમજાવીશું. એ વિષયમાં આત્રેય વગેરે મહર્ષિઓ નીચે પ્રમાણે કહી ગયા છે :

વાજીકરણુ : વાજિન્=ઘોડો. વાજીકરણુ=જે ઘોડો ન હોય તેને ઘોડો બનાવવો. (જેનામાં ઘોડા જેવી શક્તિ (ખાસ કરીને મૈથુનશક્તિ) ન હોય તેનામાં એ શક્તિ આણવી.)

વાજીકરણુ કોણે અને કયારે કરવું ?

वाजीकरणमन्विच्छेत्सततं विषयी पुमान् ।

વિષયી પુરુષે રસાયન પછી સતત વાજીકરણુ ઔષધ ઇચ્છવું (અથવા વાજીકરણુ ઔષધ સતત લેવું).

બાળક, બહુ વૃદ્ધ, નપુંસકો અને સ્ત્રીઓએ વાજીકરણુ કરવું નહિ એવું દેખાડવાને ‘પુરુષ’ શબ્દ અહીં વાપર્યો છે. રસાયનની અસર લાંબા વખત સુધી ટકી રહે છે, પણુ વાજીકરણુ ઔષધની અસર તો સામાન્ય રીતે વાજીકરણુ ઔષધ લીધું હોય તે દિવસ પૂરતી જ રહે છે; માટે વાજીકરણુ ઔષધ ‘સતત’ લેવું એમ લખ્યું છે.

વાજીકરણુથી શું શું થાય ?

तुष्टिः पुष्टिरपत्यं च गुणवत्तत्र संश्रितम् ॥ १॥
अपत्यसन्तानकरं यत्सद्यः संप्रहर्षणम् ।

વાજીકરણુ (મનને) સંતોષ આપે છે. શરીરને હૃષ્ટપુષ્ટ કરે છે, વાજીકરણુ ઉપર ગુણુવાન બાળક થવાનો આધાર છે, એને લીધે બાળકોની પરંપરા ચાલુ રહે છે અને એ તરત જ સંપ્રહર્ષણુ (૧. હર્ષ ૨. ઇંદ્રિયનું ઉત્થાન) કરે છે.

વાજીકરણુ નામની સાર્થકતા

वाजीवातिबलो येन यात्यप्रतिहतोऽङ्गनाः ॥ २॥
भवत्यतिप्रियः स्त्रीणां येन येनोपचीयते ।
तद्वाजीकरणं तद्धि देहस्योर्जस्करं परम् ॥ ३॥

જેનાથી પુરુષ ઘોડા જેવો બળવાન થઈને પાછો પડ્યા વિના (થાકયા વિના) સ્ત્રીઓ પાસે જાય છે (સ્ત્રીઓને ભોગવે છે), જેના વડે પુરુષ સ્ત્રીઓને બહુ વહાલો લાગે છે અને જેના વડે પુરુષની પુષ્ટિ થાય છે (હષ્ટપુષ્ટ થાય છે), તે વાજીકરણ છે. એ વાજીકરણ શરીરની ઊર્જા (તાકાત, ઉત્સાહ) કરવાનું ઉત્તમ સાધન છે.

નૈષ્ઠિક બ્રહ્મચર્યમાં જ ખરું કલ્યાણ

धर्म्यं यशस्यमायुष्यं लोकद्वयरसायनम् ।
अनुमोदामहे ब्रह्मचर्यमेकान्तनिर्मलम् ॥ ४ ॥

તદ્દન શુદ્ધ બ્રહ્મચર્ય ધર્મ માટે અને યશ માટે હિતકર છે તથા એ આ લોક અને પરલોકનું રસાયન છે; તેથી અમે નૈષ્ઠિક બ્રહ્મચર્ય જ પસંદ કરીએ છીએ.

વાજીકરણ કોને માટે અને શા માટે છે?

अल्पसत्त्वस्य तु क्लेशैर्बाध्यमानस्य रागिणः ।
शरीरक्षयरक्षार्थं वाजीकरणमुच्यते ॥ ५ ॥

(પણ દુનિયામાં બધા પુરુષો બ્રહ્મચર્ય પાળી શકે નહિ તેથી) જેનામાં સત્ત્વગુણ થોડો હોય, જેને કલેશો નડતા હોય અને રાગ-(આસક્તિ, વિષયેચ્છા)વાળા હોય તેમના શરીરની રક્ષા માટે (જે લોકો બ્રહ્મચર્ય પાળી શકે એમ જ નથી, તેમનું શરીર મૈથુનથી ઘોવાઈ ન જાય તે માટે) વાજીકરણ કહેવામાં આવે છે.

કલેશ=અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ. અસ્મિતા=અહંકાર. અભિનિવેશ=મરણનો ભય.

कल्यस्योदग्रवयसो वाजीकरणसेविनः ।
सर्वेष्वृतुष्वहरहर्व्यवायो न निवार्यते ॥ ६ ॥

નીરોગી જુવાન પુરુષ વાજીકરણનું સેવન કરે તો એને બધી ઋતુઓમાં દરરોજ મૈથુન કરવાની મના નથી.

વાજીકરણના યોગો આપતા પહેલાં શું શું કરવું?

अथ स्निग्धविशुद्धानां निरूहान् सानुवासनान् ।
घृततैलरसक्षीरशर्कराक्षौद्रसंयुतान् ॥ ७ ॥
योगविद्योजयेत्पूर्वं क्षीरमांसरसाशिनाम् ।
ततो वाजीकरान् योगान् शुक्रापत्यबलप्रदान् ॥

હવે યોગ જાણનાર (કયાં ઔષધો ભેગાં કરવાથી એ બધાંની ભેગી શી અસર થશે તે જાણનાર) વૈદે પ્રથમનું નામ દઈને જેમનું સ્નેહન અને શોધન થઈ ગયું હોય એવા માણસોને પહેલાં નિરૂહ બસ્તિઓ અને ઘી, તેલ, માંસ-રસ, દૂધ, સાકર, મધ વગેરે નાખેલી અનુવાસન બસ્તિઓ આપવી અને ખોરાક તરીકે દૂધ અને માંસરસ ખવડાવવાં. પછી વીર્ય, બાળક અને બળ આપે એવા વાજીકરણના યોગો આપવા.

વાંઝિયાની નિંદા

अच्छायः पूतिकुसुमः फलेन रहितो द्रुमः ।
यथैकश्चैकशाखश्च निरपत्यस्तथा नरः ॥ ९ ॥

છાયડા વિનાનું, દુર્ગંધી ફૂલોવાળું, ફળ વિનાનું, એકલવાયુ અને એક જ શાખાવાળું ઝાડ જેવું લાગે છે, તેવો સંતતિ વિનાનો માણસ લાગે છે.

બાળકની પ્રશંસા

स्खलद्गमनमव्यक्तवचनं धूलिधूसरम् ।
अपि लालाविलमुखं हृदयाह्लादकारकम् ॥ १० ॥
अपत्यं तुल्यतां केन दर्शनस्पर्शनादिषु ।
किं पुनर्यद्यशोधर्ममानश्रीकुलवर्धनम् ॥ ११ ॥

ચાલતા ચાલતાં, પડતા આખડતાં, કાલું-કાલું બોલતાં, ધૂળથી મેલા થયેલા, વળી લાળથી ખરડાયલા મોંવાળા અને હૃદયને આનંદ આપે એવા બાળકને જોવામાં, અડકવા વગેરેમાં જે આનંદ પડે તેની સરખામણી શાની સાથે થઈ શકે? (એની સરખામણી કશા સાથે થઈ શકે નહિ, એ અજોડ છે.) તો પછી જે યશ, ધર્મ, માન, લક્ષ્મી અને કુળને વધારે એવા બાળકની સરખામણી તો કશાની સાથે થઈ જ કેમ શકે?

વાજીકરણમાં રાખવાની કાળજી

शुद्धकाये यथाशक्ति वृष्ययोगान् प्रयोजयेत् ।

પુરુષના શરીરનું સંશોધન થઈ ગયા પછી એની શક્તિ પ્રમાણે (એના જઠરાગ્નિના બળનો વિચાર કરીને) વૃષ્ય પ્રયોગો કરવા.

વૃષ્ય યોગો
(શ્લોક ૧૨ થી ૩૪)

शरेक्षुकुशकाशानां विदार्या वीरणस्य च ॥ १२ ॥
मूलानि कण्टकार्याश्च जीवकर्षभकौ बलाम् ।
मेदे द्वे द्वे च काकोल्यौ शूर्पपर्ण्यौ शतावरीम् ॥
अश्वगन्धामतिबलामात्मगुप्तां पुनर्नवाम् ।
वीरां पयस्यां जीवन्तीमृद्धिं रास्नां त्रिकण्टकम् ॥
मधुकं शालिपर्णीं च भागांस्त्रिपलिकान् पृथक् ।
माषाणामाढकं चेतद् द्विद्रोणे साधयेदपाम् ॥१५
रसेनाढकशेषेण पचेत्तेन घृताढकम् ।
दत्त्वा विदारीधात्रीक्षुरसानामाढकाढकम् ॥ १६ ॥
घृताच्चतुर्गुणं क्षीरं पेष्याणीमानि चावपेत् ।
वीरां स्वगुप्तां काकोल्यौ
यष्टीं फल्गूनि पिप्पलीम् ॥ १७ ॥
द्राक्षां विदारीं खर्जूरं मधुकानि शतावरीम् ।
तत्सिद्धपूतं चूर्णस्य पृथक् प्रस्थेन योजयेत् ॥१८
शर्करायास्तुगायाश्च पिप्पल्याः कुडवेन च ।
मरिचस्य प्रकुञ्चेन पृथगर्धपलोन्मितैः ॥ १९ ॥
त्वगेलाकेसरैः श्लक्ष्णैः क्षौद्रद्विकुडवेन च ।
पलमात्रं ततः खादेत् प्रत्यहं रसदुग्धभुक् ॥ २० ॥
तेनारोहति वाजीव कुलिङ्ग इव हृष्यति ।

સરકટ, શેરડી, ડાભ, કાસડો, વિદારી કંદ (ભોંયકોળું), વીરણવાળો અને ભોંયરીંગણી–એટલાનાં મૂળ; જીવક, ઋષભક, ખળદાણા, મેદા, મહામેદા, કાકોલી, ક્ષીરકાકોલી, મુદ્‌ગપર્ણી (જંગલી મગ), માષપર્ણી (જંગલી અડદ), શતાવરી, આસોંદ, અતિબલા, કૌચાં, સાટોડી, મહાશતાવરી, સૂરજમુખી, ડોડી, ઋદ્ધિ, રાસ્ના, ગોખરુ, જેઠીમધ, શાલિપર્ણી–એટલાં ઔષધો દરેક બારબાર તોલા લેવાં. એક આઢક અડદ લેવા. એ બધું (સરકટનાં મૂળથી અડદ સુધીનું બધું) બે દ્રોણ પાણીમાં પકવવું. જ્યારે પાકતાંપાકતાં એક આઢક પાણી રહે, ત્યારે (ક્વાથ ગાળી લઈને) એ એક આઢક ક્વાથમાં ભોંયકોળું, આમળાં અને શેરડી–એ ત્રણેનો દરેકનો એકએક આઢક રસ નાખીને તથા ઘી કરતાં ચારગણું દૂધ નાખીને એ બધાં સાથે એક આઢક ઘી પકવવું. પછી એમાં મહાશતાવરી, કૌચાં, કાકોલી, ક્ષીર કાકોલી, જેઠીમધ, કાળો ઉમેંડો, પીપર, કાળી દ્રાક્ષ, ભોંયકોળું, ખજૂર, મહુડાં, શતાવરી–એટલી વસ્તુઓનો કલ્ક (સરવાળે ઘીથી ચોથા ભાગનો) આવાપ તરીકે નાખવો. પછી એ ઘીને સિદ્ધ કરીને ગાળી લઈને (ઠંડું પડ્યા પછી) એમાં એક પ્રસ્થ સાકર, એક પ્રસ્થ વાંસકપૂર, એક કુડવ પીપર, ચાર તોલા મરી; તજનું, એલચીનું અને કેસરનું બે બે તોલા ખારીક ચૂર્ણ અને બે કુડવ મધ એટલું મેળવવું. એમાંથી રોજ એકએક પલ ખાવું અને ખોરાકમાં ફક્ત માંસરસ અને દૂધ લેવાં. એમ કરવાથી પુરુષ ઘોડાની માફક સ્ત્રી ઉપર ચઢી શકે છે અને ચકલાની માફક પુષ્કળ આનંદ ભોગવે છે (કે, ઇંદ્રિય ટટાર રહે છે),

विदारीपिप्पलीशालिप्रियालेक्षुरकाद्रजः ॥ २१ ॥
पृथक् स्वगुप्तामूलाच्च कुडवांशं तथा मधु ।
तुलार्धं शर्कराचूर्णात् प्रस्थार्धं नवसर्पिषः ॥२२॥
सोऽक्षमात्रमतः खादेत् यस्य रामाशतं गृहे ।

જેના ઘરમાં એક સો સ્ત્રીઓ હોય તેણે ભોંયકોળું, પીપર, શાલિચોખા, ચારોળી અને એખરાનું ખારીક ચૂર્ણ, કૌચાંનું મૂળ અને મધ–એ દરેક એકએક કુડવ, બસો તોલા સાકરનું ચૂર્ણ અને અડધો પ્રસ્થ નવું ઘી–આટલી વસ્તુઓ ભેગી કરીને એમાંથી રોજ એકએક તોલો ખાવું.

स्वात्मगुप्ताफलान् क्षीरे गोधूमान्
साधितान् हिमान् ॥ २३ ॥
माषान् वा सघृतक्षौद्रान् खादन्
गृष्टिपयोऽनुपः ।
जागर्ति रात्रिं सकलामखिन्नः खेदयन् स्त्रियः ॥

જે પુરુષ કૌચાંનાં ફળો અને ઘઉં એ બને અથવા અડદને દૂધમાં સિદ્ધ કરીને પછી ઠંડા પાડીને મધ અને ઘી સાથે ખાય છે અને પછી ઉપર પહેલી જ વાર વિવાયેલી ગાયનું દૂધ પીએ છે તે અનેક સ્ત્રીઓને થકવી નાખીને પોતે થાકયા વિના આખી રાત જાગે છે.

बस्ताण्डसिद्धे पयसि भावितानसकृत्तिलान् ।

यः खादेत्ससितान् गच्छेत्स
स्त्रीशतमपूर्ववत् ॥ २५ ॥

બકરાના અંડ વડે સિદ્ધ કરેલા દૂધ વડે વારંવાર ભાવના દીધેલા તલમાં સાકર નાખીને જે ખાય છે, તે પુરુષ જાણે જીવનમાં પહેલી જ વાર મૈથુન કરતો હોય એ રીતે સો સ્ત્રીઓને ભોગવે છે.

चूर्णं विदार्या बहुशः स्वरसेनैव भावितम् ।
क्षौद्रसर्पिर्युतं लीढ्वा प्रमदाशतमृच्छति ॥ २६ ॥

ભોંયકોળાના ચૂર્ણને ભોંયકોળાના સ્વરસ વડે અનેકવાર ભાવના આપીને પછી એ ચૂર્ણમાં મધ અને ઘી ભેળવીને ચાટવાથી પુરુષ સો જુવાન સ્ત્રીઓ પાસે જાય છે.

कृष्णाधात्रीफलरजः स्वरसेन सुभावितम् ।
शर्करामधुसर्पिर्भिर्लीढ्वा योऽनु पयः पिबेत् ॥
स नरोऽशीतिवर्षोऽपि युवेव परिहृष्यति ।

જે પુરુષ પીપર અને આમળાંના ચૂર્ણને પીપર અને આમળાના કવાથની ભાવના દઈને એ ચૂર્ણને સાકર, મધ અને ઘી સાથે ચાટીને પછી તેના ઉપર દૂધ પીએ છે, તે પુરુષ ૮૦ વર્ષનો હોય તોપણ જુવાનની માફક એની ઇંદ્રિય ટટાર રહે છે.

कर्षं मधुकचूर्णस्य घृतक्षौद्रसमन्वितम् ॥ २८ ॥
पयोऽनुपानं यो लिह्यान्नित्यवेगः स ना भवेत् ।

જે પુરુષ એક કર્ષ જેઠીમધના ચૂર્ણને ઘી અને મધ સાથે ભેળવીને ચાટે છે અને તેના ઉપર દૂધ પીએ છે, તેનો મૈથુનનો વેગ કાયમ રહે છે.

कुलीरशृङ्ग्या यः कल्कमालोड्य पयसा पिबेत् ॥
सिताघृतपयोऽन्नाशी स नारीषु वृषायते ।

જે પુરુષ કાકડાશીંગના કલ્કને દૂધમાં ડોહીને પીએ છે અને સાથેસાથે ખોરાકમાં ફક્ત સાકર, ઘી અને દૂધ જ લે છે, તે (મૈથુનમાં) અનેક સ્ત્રીઓ વિષે આખલાની માફક વર્તે છે.

यः पयस्यां पयःसिद्धां खादेन्मधुघृतान्विताम् ॥
पिबेद्बाष्कयणं चानु क्षीरं न क्षयमेति सः ।

જે પુરુષ દૂધમાં સિદ્ધ કરેલી ક્ષીરકાકોલીમાં મધ અને ઘી નાખીને ખાય છે અને તે ઉપર બાખડી (પારેઠ) ગાયનું દૂધ પીએ છે તેનું વીર્ય ખૂટતું નથી.

स्वयंगुप्तेक्षुरकयोर्बीजचूर्णं सशर्करम् ॥ ३१ ॥
धारोष्णेन नरः पीत्वा पयसा रासभायते ।

કૌંચાનાં અને એખરાનાં બીજના ચૂર્ણમાં સાકર ભેળવીને એ ચૂર્ણને ધારોષ્ણ દૂધ સાથે પીને પુરુષ (મૈથુનમાં) ગધેડા જેવું કામ આપે છે.

ધારોષ્ણ દૂધ=દૂધની ધાર આંચળમાંથી પડે તે દૂધ કુદરતી રીતે જ ગરમ હોય છે. આંચળમાંથી વાસણમાં કે મોંમાં ઝીલેલું દૂધ તરત ને તરત પી જવું એને ધારોષ્ણ દૂધ પીવું કહે છે.

उच्चटाचूर्णमप्येवं शतावर्याश्च योजयेत् ॥ ३२ ॥

એ જ રીતે (શ્લોક ૩૧, ૩૧કેવાળી રીતે) ધોળી ચણોઠીનુ કે શતાવરીનુ ચૂર્ણ આપવું.

चन्द्रशुभ्रं दधिसरं ससिताषष्टिकौदनम् ।
पटे सुमार्जितं भुक्त्वा वृद्धोऽपि तरुणायते ॥३३

ચંદ્ર જેવી ધોળી દહીંની તરમાં સાકર અને સાઠી ચોખાનો ભાત ભેળવીને એ બધુ કપડામાં છણીને ખાવાથી ઘરડો પણ (મૈથુનની બાબતમાં) જુવાન બની જાય છે.

श्वदंष्ट्रेक्षुरमाषात्मगुप्ताबीजशतावरीः ।
पिबन् क्षीरेण जीर्णोऽपि गच्छति प्रमदाशतम् ।

ગોખરુ, એખરો, અડદ, કૌંચાનાં બી અને શતાવરી–એટલી વસ્તુઓને દૂધ સાથે પીનાર ઘરડો હોય તોપણ સો યુવાન સ્ત્રીઓ પાસે જાય છે.

વૃષ્ય કોને કહેવાય? —

यत्किञ्चिन्मधुरं स्निग्धं बृंहणं बलवर्धनम् ।
मनसो हर्षणं यच्च तत्सर्वं वृष्यमुच्यते ॥ ३५ ॥

જે કંઈ ગળ્યું, સ્નિગ્ધ, બૃંહણ, બળ વધારે એવુ અને મનને ઉત્સાહમાં આણે એવું હોય તે બધું વૃષ્ય કહેવાય છે.

સ્ત્રી પાસે ક્યારે જવું?

द्रव्यैरेवंविधैस्तस्माद्दर्पितः प्रमदां व्रजेत् ।
आत्मवेगेन चोदीर्णः स्त्रीगुणैश्च प्रहर्षितः ॥ ३६ ॥

માટે આવાં (વૃષ્ય) દ્રવ્યો વડે મસ્તીમાં આવેલા, પોતાને આવેલા મૈથુનના વેગથી ઉશ્કે-

રાયલા (પ્રેરાયલા) અને સ્ત્રીના (સૌંદર્ય, કોમળતા વગેરે) ગુણોથી જેને ઇંદ્રિયનું ઉત્થાન થયું હોય એવા પુરુષે સ્ત્રી પાસે જવું.

સ્ત્રીના શરીરની પ્રશંસા

सेव्याः सर्वेन्द्रियसुखा धर्मकल्पद्रुमाङ्कुराः ।
विषयातिशयाः पञ्च शराः कुसुमधन्वनः ॥३७॥

બધી ઇંદ્રિયોના સુખરૂપ, ધર્મરૂપી કલ્પવૃક્ષના અંકુરરૂપ, કામદેવના (પાંચ) બાણોરૂપ પાંચ વિષયોના અધિકપણાનું સેવન કરવું જોઈએ.

इष्टा ह्येकैकशोऽप्यर्था हर्षप्रीतिकराः परम् ।
किं पुनः स्त्रीशरीरे ये सङ्घातेन प्रतिष्ठिताः ॥३८

શબ્દ, સ્પર્શ રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોમાંથી એકએક મનગમતો વિષય ભોગવવાથી પણ પરમ હર્ષ અને પ્રીતિ થાય છે, તો પછી સ્ત્રીના શરીરમાં એકસાથે રહેલા પાંચે વિષયો ભોગવવાથી પરમ હર્ષ અને પ્રીતિ થાય એમાં શી નવાઈ!

કેવી સ્ત્રી પોતે જ વાજીકરણ ઔષધ રૂપ છે?

नामापि यस्या हृदयोत्सवाय
यां पश्यता तृप्तिरनाप्तपूर्वा ।
सर्वेन्द्रियाकर्षणपाशभूता
कान्तानुवृत्तिव्रतदीक्षिता या ॥ ३९ ॥
कलाविलासाङ्गवयोविभूषा
शुचिः सलज्जा रहसि प्रगल्भा ।
प्रियंवदा तुल्यमनःशया या
सा स्त्री वृष्यत्वाय परं नरस्य ॥ ४० ॥

જેનું નામ સાંભળતાં જ હૃદયમાં ઉત્સવ થાય, જેને જોનારને પહેલાં કદી ન થઈ હોય તેવી તૃપ્તિ થાય, જે બધી ઇંદ્રિયોને આકર્ષવા માટેની જાળરૂપ હોય, જેણે પોતાના પ્રિયતમની મરજી જાળવવાના વ્રતની દીક્ષા લીધી હોય, જેણે કળા, વિલાસ (હાવભાવ), (સુંદર) શરીર અને જુવાનીરૂપી શણગાર સજ્યા હોય, જે પવિત્ર, શરમાળ, મૈથુન વખતે બેશરમ, મીઠાબોલી અને પુરુષના જેટલી જ કામનાથી ઉત્તેજિત થાય એવી હોય તે સ્ત્રી પોતે પુરુષનું વાજીકરણ કરવા માટેનો ઉત્તમ ઉપાય છે.

મૈથુનની મર્યાદા

आचरेच्च सकलां रतिचर्यां
कामसूत्रविहितामनवद्याम् ।
देशकालबलशक्त्यनुरोधा-
द्वैद्यतन्त्रसमयोक्त्यविरुद्धाम् ॥ ४१ ॥

દેશ, કાળ, બળ અને શક્તિ પ્રમાણે, આયુર્વેદના સિદ્ધાંતોથી (કે શરતોથી) વિરુદ્ધ ન હોય એવી રીતે કામસૂત્રમાં કહેલી બધી નિષ્પાપ રતિચર્યા કરવી.

(બળ=સ્વાભાવિક બળ. શક્તિ=દવા વગેરેથી આણેલું કૃત્રિમ બળ.)

વાજીકરણનાં સાધનો

अभ्यङ्गनोद्वर्तनसेकगन्ध-
स्रक्चित्रवस्त्राभरणप्रकाराः ।
गान्धर्वकाव्यादिकथाप्रवीणाः
समस्वभावा वशगा वयस्याः ॥ ४२ ॥
दीर्घिका स्वभवनान्तनिविष्टा
पद्मरेणुमधुमत्तविहङ्गा ।
नीलसानुगिरिकूटनितम्बे
काननानि पुरकण्ठगतानि ॥ ४३ ॥
दृष्टिसुखा विविधा तरुजातिः
श्रोत्रसुखः कलकोकिलनादः ।
अङ्गसुखर्तुवशेन विभूषा
चित्तसुखः सकलः परिवारः ॥ ४४ ॥
ताम्बूलमच्छमदिरा
कान्ता कान्ता निशा शशाङ्काङ्का ।
यद्यच्च किञ्चिदिष्टं
मनसो वाजीकरं तत्तत् ॥ ४५ ॥

અભ્યંગ, ઉદ્વર્તન, સેચન, સુગંધ, ફૂલના હારગજરા, ચિત્ર, વસ્ત્ર, ઘરેણાં—એ બધાંના અનેક પ્રકારો; સંગીત, કાવ્ય વગેરેમાં હોશિયાર અને વાતો કરવામાં હોશિયાર, સમોવાડિયા, અનુકૂળ મિત્રો; પોતાના મકાનમાં બનાવેલી, કમળના પરાગ અને મધ(મકરંદ)થી મસ્ત બનેલાં પક્ષીઓવાળી વાવ; નીલ રંગના શિખરવાળા પર્વતના શિખર ઉપર અને મધ્ય ભાગમાં, શહેરની ભાગોળે વનો; આંખને [illegible] લાગે એવાં જાતજાતનાં વૃક્ષો;

કાનને ગમે એવો કોયલને મીઠો અને કાલો ટહુકો; શરીરને સુખ થાય અને ઋતુને અનુકૂળ હોય એવા શણગાર; મનને આનંદ આપે એવો બધો પરિવાર; પાનબીડું, પાતળો દારૂ, મનગમતી સ્ત્રી, (પૂર્ણ) ચંદ્રવાળી રાત તથા મનને જે જે કંઈ ગમે તે તે વાજીકરણ છે.

કામ ઉત્પન્ન થાય એવી વસ્તુઓ અને સંયોગો

मधु मुखमिव सोत्पलं प्रियायाः
कलरणना परिवादिनी प्रियेव ।
कुसुमचयमनोरमा च शय्या
किसलयिनी लतिकेव पुष्पिताग्रा ॥४६॥

देशे शरीरे च न काचिदर्ति-
रर्थेषु नाल्पोऽपि मनोपघातः ।
वाजीकराः सन्निहिताश्च योगाः
कामस्य कामं परिपूरयन्ति ॥४७॥

પ્રિયાના મુખ જેવો, કમળવાળો દારૂ; પ્રિયા જેવો મીઠો રણકાર કરતી વીણા; જેના અગ્રભાગમાં ફૂલ ઊગ્યાં હોય એવી, કળીઓવાળી નાજુક લતા જેવી, ફૂલના ઢગલાને લીધે મનોહર અને કળીઓવાળી પથારી; દેશમાં અને દેહમાં કંઈ પીડા ન હોય, ઇંદ્રિયોના વિષયો (કે ધન) મેળવવામાં મનને મારવુ ન પડતું હોય અને વાજીકરણ યોગો પાસે જ (સુલભ) હોય–આટલી વસ્તુઓ (સંયોગો) કામદેવની કામના પૂરી પાડે છે.

શ્રેષ્ઠ ઔષધ અને ક્રિયાનો સંગ્રહ

मुस्तापर्पटकं ज्वरे, तृषि जलं मृद्भृष्टलोष्टोद्भवं,
लाजाश्छर्दिषु, बस्तिजेषु गिरिजं,
मेहेषु धात्रीनिशे ।
पाण्डौ श्रेष्ठमयोऽभयाऽनिलकफे,
प्लीहामये पिप्पली,
सन्धाने कृमिजा, विषे शुकतरु-
र्मेदोनिले गुग्गुलुः ॥४८॥

वृषोऽस्रपित्ते, कुटजोऽतिसारे,
भल्लातकोऽर्शःसु, गरेषु हेम ।
स्थूलेषु ताक्ष्यं, क्रिमिषु कृमिघ्नं,
शोषे सुरा च्छागपयोऽथ मांसम् ॥४९॥

अक्ष्यामयेषु त्रिफला, गुडूची
वातास्ररोगे, मथितं ग्रहण्याम् ।
कुष्ठेषु सेव्यः खदिरस्य सारः,
सर्वेषु रोगेषु शिलाह्वयं च ॥५०॥

उन्मादं घृतमनवं, शोकं मद्यं, व्यपस्मृतिं ब्राह्मी ।
निद्रानाशं क्षीरं जयति, रसाला प्रतिश्यायम् ॥५१

मांसं कार्श्यं, लशुनः प्रभञ्जनं,
स्तब्धगात्रतां स्वेदः ।
गुडमञ्जर्याः खपुरो नस्यात् स्कन्धांसबाहुरुजम् ॥५२
नवनीतखण्डमर्दितमौष्ट्रं मूत्रं पयश्च हन्त्युदरम् ।
नस्यं मूर्धविकारान्,
विद्रधिमचिरोत्थमस्रविस्रावः ॥५३॥
नस्यं कवलो मुखजान्,
नस्याञ्जनतर्पणानि नेत्ररुजः ।
वृद्धत्वं क्षीरघृते, मूर्च्छां शीताम्बुमारुतच्छायाः ॥
समशुक्तार्द्रकमात्रा मन्दे वह्नौ, श्रमे सुरा स्नानम् ।
दुःखसहत्वे स्थैर्ये व्यायामो, गौक्षुरर्हितः कृच्छ्रे ॥५५
कासे निदिग्धिका, पार्श्वशूले पुष्करजा जटा ।
वयसः स्थापने धात्री त्रिफला गुग्गुलुर्व्रणे ॥५६॥

बस्तिर्वातविकारान्,
पैत्तान् रेकाः, कफोद्भवान् वमनम् ।
क्षौद्रं जयति बलासं,
सर्पिः पित्तं, समीरणं तैलम् ॥५७॥
इत्यग्र्यं यत्प्रोक्तं रोगाणामौषधं शमायालम् ।
तद्देशकालबलतो विकल्पनीयं यथायोगम् ॥५८॥

તાવમાં મોથ અને પિત્તપાપડો, તરસના રોગમાં માટીની ઈંટ તપાવીને છમકારેલું પાણી, ઊલટીના રોગમા ડાંગરની ધાણી, મૂત્રાશયના રોગોમાં શિલાજિત, મેહરોગોમાં આમળાં અને હળદર, પાંડુરોગમાં લોઢું શ્રેષ્ઠ છે, વાયુના અને કફના રોગમાં હરડે, બરલના રોગમાં પીપર, હાડકું સાંધવામાં લાખ, ઝેરના રોગમાં સરસડો, ચરબીના અને વાયુના રોગમાં ગૂગળ, રક્તપિત્તમાં અરડૂસી, અતિસારમાં કડાછાલ, હરસમાં ભિલામો, ગરના રોગોમાં સોનુ, સ્થૂલ (બહુ જાડા) માણસોને (શરીર ઉતારવા માટે) રસવંતી, કૃમિરોગોમાં વાવડિંગ, ક્ષયરોગમાં સુરા, બકરીનાં દૂધ અને માંસ; આંખના રોગમાં

ત્રિફળા, પતમાં ગળો, ગ્રહણીમાં મથિત, કુષ્ઠ રોગોમાં ખેરસારનું સેવન કરવું અને બધા રોગોમાં શિલાજિતનું સેવન કરવું. જૂનું ઘી ગાંડપણને, દારૂ શોકને, બ્રાહ્મી વાઈને, દૂધ શિથ ન આવવારૂપી રોગને, શિખંડ સળેખમને, માંસ દૂબળાપણાને, લસણ વાયુને, શેક શરીરના સજડપણાને, ગુડમંજરી(મહુડાનું ઝાડ, કાળા શીમળાનું ઝાડ)ના ગુંદરનું નસ્ય સ્કંધ, અંસ અને બાહુની પીડાને; માખણનો લોચો અડદિયા વાને, ઊંટડીનું મૂતર અને ઊંટડીનું દૂધ જળંધરને, નસ્ય માથાના રોગોને, લોહી કઢાવવાની ક્રિયા તરતના થયેલા ગડને, નસ્ય અને કવલગ્રહ મુખરોગોને; નસ્ય, અંજન અને તર્પણની ક્રિયાઓ આંખની પીડાને, દૂધ અને ઘી ઘડપણને; ઠંડાં પાણી, પવન અને છાંયડો મૂર્છાને જીતે છે (મટાડે છે). મંદ અગ્નિમાં માપસર લીધેલાં સરખે ભાગે સરકો અને આદું, થાકમાં સુરા અને સ્નાન, શરીરને દુઃખ વેઠી શકે એવું અને સ્થિર બનાવવા માટે કસરત, મૂત્રકૃચ્છ્રમાં ગોખરુ, ઉધરસમાં બેઠી ભોરીંગણી, પડખામાં શૂળ આવે ત્યારે પુષ્કરમૂળ, જુવાની આણવા અને રાખવા માટે આમળાં અને વ્રણરોગમાં ત્રિફળા અને ગૂગળ હિતકર છે. બસ્તિ વાયુના રોગોને, રેચ પિત્તના રોગોને, વમન કફના રોગોને, મધ કફને, ઘી પિત્તને, તેલ વાયુને જીતે છે (મટાડે છે).

આમ જે શ્રેષ્ઠ ઔષધ કહ્યું તે રોગોનું શમન કરી શકે છે. દેશ, કાળ અને બળનો વિચાર કરીને યોગ્ય યોગ કરીને (જે પ્રસંગે જે ઔષધો મેળવવાં યોગ્ય હોય તે મેળવીને) એની (ઉપર કહેલાં શ્રેષ્ઠ ઔષધોની) જુદીજુદી બનાવટો કરવી.

इत्यात्रेयादागमय्यार्थसूत्रं
तत्सूक्तानां पेशलानामतृप्तः।
मेडादीनां सम्मतो भक्तिनम्रः
पप्रच्छेदं संशयानोऽग्निवेशः ॥५९॥

આ પ્રમાણે ભગવાન આત્રેય (પુનર્વસુ) પાસે અર્થસૂત્ર (આયુર્વેદશાસ્ત્ર) ભણીને એ કોમળ (મધુર) સુવાક્યોથી ન ધરાયલા, ભક્તિથી નમ્ર બનેલા, જેને શંકા થઈ હતી એવા અગ્નિવેશે ભેડ વગેરેની સંમતિ સાથે નીચે પ્રમાણે પ્રશ્ન કર્યો:

આયુર્વેદની જરૂર

સંપૂર્ણ ચિકિત્સાની જરૂર વિષે અગ્નિવેશ વગેરેની શંકા

दृश्यन्ते भगवन् केचिदात्मवन्तोऽपि रोगिणः
द्रव्योपस्थातृसम्पन्ना वृद्धवैद्यमतानुगाः ॥६०॥
क्षीयमाणामयप्राणा विपरीतास्तथाऽपरे।
हिताहितविभागस्य फलं तस्मादनिश्चितम् ॥६१॥
किं शास्ति शास्त्रमस्मिन्
इति कल्पयतोऽग्निवेशमुख्यस्य।
शिष्यगणस्य पुनर्वसु-
राचख्यौ कार्त्स्न्यतस्तत्त्वम् ॥६२॥

'હે ભગવાન (પુનર્વસુ), સંયમી (મિત અને હિત આહારવિહારવાળા), રોગ મટાડવાને જરૂરી દ્રવ્યો અને સારવાર કરનાર યોગ્ય માણસોની છૂટવાળા તથા વૃદ્ધ વૈદ્યોના મતને અનુસરનારા રોગીઓ પણ કેટલાક સાજા થતા અને કેટલાક મરી જતા જણાય છે; તેમ જ એથી વિરુદ્ધ જાતના (આહારવિહારનું કુપથ્ય કરનારા, રોગ મટાડવા માટે જરૂરી દ્રવ્યો અને સારવાર કરનાર યોગ્ય માણસો વિનાના તથા વૃદ્ધ વૈદ્યોના મતને ન અનુસરનારા) બીજા રોગીઓ કેટલાક સાજા થતા અને કેટલાક મરતા જણાય છે, તેથી હિત અને અહિત એ વિભાગનું ફળ (પરિણામ) નક્કી નથી. (અહીં, હિત=સૂ. ૧/૨૬ઠ્ઠેથી૨૯ વાળી સાધનસંપત્તિ; અહિત=એ સાધનસંપત્તિનો અભાવ.) આમાં શાસ્ત્ર શું શીખવે છે? (=કંઈ શીખવતું નથી).' આવી શંકા કરતા, અગ્નિવેશ જેમાં મુખ્ય છે એવા શિષ્યોના સમૂહને પુનર્વસુએ સંપૂર્ણ સિદ્ધાંત કહ્યો.

ભગવાન આત્રેયે કરેલું શંકાનું સમાધાન: ચિકિત્સા અને અચિકિત્સાનાં પરિણામમાં ફેર

न चिकित्साऽचिकित्सा च
तुल्या भवितुमर्हति।

विनाऽपि क्रियया स्वास्थ्यं
गच्छतां षोडशांशया ॥ ६३ ॥

(૧) સોળે કળાએ સંપૂર્ણ ચિકિત્સા (સૂ. ૧/૨૬કૈથી ૨૯) અને (૨) સોળે કળાએ સંપૂર્ણ ચિકિત્સા વિના પણ જે લોકો સાજા થાય છે તેમની અચિકિત્સા (=સોળમાંથી ઓછી કળાવાળી ચિકિત્સા અથવા સમૂળગી ચિકિત્સા જ ન કરવામાં આવે એવી સ્થિતિ) એ બે (=સંપૂર્ણ ચિકિત્સા અને અચિકિત્સા) સરખાં હોઈ શકે નહિ (એ બન્નેનું ફળ સરખું હોઈ શકે નહિ).

(સોળે કળાવાળી ચિકિત્સા વિના જે રોગ મટે એમ હોય એ રોગમાં પણ સોળે કળાવાળી ચિકિત્સા કરવાથી રોગ વધારે વહેલો મટે છે એટલો ફેર તો જરૂર પડે છે. અને જે રોગ સંપૂર્ણ ચિકિત્સા વિના મટે એવો ન હોય તે તો ચિકિત્સા વિના મટતો જ નથી. આમ હોવાથી ચિકિત્સા અને અચિકિત્સાના પરિણામમાં ફેર છે.)

आनङ्कपङ्कमग्नानां हस्तालम्बो भिषग्जितम् ।
जीवितं म्रियमाणानां सर्वेषामेव नौषधात् ॥६४॥

રોગરૂપી કાદવમાં ખૂંપી ગયેલા માણસોને માટે ઔષધ (ચિકિત્સા, આયુર્વેદ) હાથના ટેકારૂપ છે. (જેમ કાદવમાં પડેલા માણસને કોઈની મદદ વિના પોતાની મેળે કાદવમાથી નીકળતા બહુ મહેનત પડે અને વાર લાગે પણ બીજો કોઈ માણસ એને પોતાના હાથનો ટેકો આપે તો એ ઓછી મહેનતે ઝટ બહાર નીકળી શકે છે, તેમ આયુર્વેદના ઉપદેશ પ્રમાણે વર્તવાથી રોગ ઓછી મહેનતે અને ઝટ મટી જાય છે.) બધા મરનાર (અસાધ્ય રોગવાળા) માણસોને ઔષધ જિવાડી શકતું નથી. (અસાધ્ય રોગમાં તો ચિકિત્સા થાય કે ન થાય તોપણ એ રોગ મટવાનો નથી.)

न ह्युपायमपेक्षन्ते सर्वे रोगा, न चान्यथा ।
उपायसाध्याः सिध्यन्ति, नाहेतुर्हेतुमान् यतः ॥

બધા રોગોને કંઈ ઉપાય(ચિકિત્સા)ની જરૂર હોતી નથી (કારણ કે પ્રાકૃત રોગોમાં ઋતુફેર થવાથી વગેરે અનેક રીતે કુદરત પોતે ઉપાય કરી લે છે અને અસાધ્ય રોગમાં ઉપાય કરવા છતાં રોગ મટતો નથી. આમ રોહિણી વગેરે જે રોગો ઉપાય કરવામા આવે તો જ મટી શકે એવા છે, તે રોગોમાં ઉપાય કર્યા વિના ચાલતું નથી.) પણ જે રોગો ઉપાયસાધ્ય છે (સંપૂર્ણ ચિકિત્સાથી જ મટે એવા છે) તે બીજી રીતે (સંપૂર્ણ ચિકિત્સા કર્યા વિના) મટતા નથી, કારણ કે રોગ હેતુવાળો (નિદાનવાળો, કારણને લીધે થયેલો) હોય તે કંઈ હેતુ વિનાનો (કારણ વિનાનો) બની જાય નહિ. (રોગનું કારણ હોય છે. તે કારણ દૂર થયા સિવાય રોગ મટે નહિ અને કારણ દૂર કરવા માટે ઉપાય કરવાની જરૂર રહે છે. પ્રાકૃત રોગો જો વૈકૃત ન થાય તો ઋતુ બદલાતાં મટી જાય છે તેમા પણ કુદરતે રોગનું કારણ દૂર કરવાનો ઉપાય કર્યો હોય છે. તેથી એમાં આયુર્વેદની સોળે કળાવાળી સંપૂર્ણ ચિકિત્સાની જરૂર રહેતી નથી. જરૂરી ચિકિત્સા કુદરત આપોઆપ કરી લે છે. હવે અસાધ્ય રોગોમાં પણ સંપૂર્ણ ચિકિત્સાની જરૂર હોતી નથી; કારણ કે સંપૂર્ણ ચિકિત્સા કરવા છતા એ રોગો મટતા નથી. આમ હવે ઉપાયસાધ્ય રોગોનો વિચાર કરવાનો રહ્યો. રોહિણી જેવા કેટલાક રોગો એવા છે કે જે ઉપાય કર્યા વિના મટે જ નહિ. તેમાં ચિકિત્સાનો લાભ અને અચિકિત્સાનો ગેરલાભ સ્પષ્ટ જણાઈ આવે છે. એવા રોગોમાં ચિકિત્સા ન થાય તો રોગનું કારણ દૂર થાય નહિ અને તેથી રોગ મટે પણ નહિ. ત્યારે શું અચિકિત્સામાં માનનાર એવું કહેવા માગે છે કે એમની ખાતર હેતુમાન (કારણથી થયેલો) રોગ અહેતુ (કારણ વિનાનો) બની જાય છે કે જેથી કારણ દૂર કરવાને ચિકિત્સાની જરૂર ન પડે? હેતુવાળો રોગ હેતુ વિનાનો કદી બની શકે નહિ.)

यदुक्तं सर्वसम्पत्तियुक्तयाऽपि चिकित्सया ।
मृत्युर्भवति, तत्रैव नोपायेऽस्त्यनुपायता ॥ ६६ ॥'

વળી જે એમ કહેવામાં આવ્યુ છે કે (સૂ. ૧/૨૬કૈથી ૨૯વાળી) બધી સાધનસંપત્તિ-

કુપાત્ર વૈદ્યના હાથમાં આવેલું આયુર્વેદરૂપી અમૃત પણ ઝેર બને છે

एतत्तदमृतं साक्षाज्जगदायासवर्जितम्।
याति हालाहलत्वं तु सद्यो दुर्भाजनस्थितम्॥

આ (આયુર્વેદ) તો જગતને દરિયો વલોવવાની મહેનત આપ્યા વિના સાંપડેલુ સાક્ષાત્ અમૃત છે. પણ એ આયુર્વેદરૂપી અમૃતને કુપાત્રમાં (૧. ખરાબ વાસણમા, ૨. અનધિકારી માણસમાં) રાખવામાં આવે, તો એ હળાહળ ઝેર બની જાય છે.

કુપાત્રવૈદ્ય કેવા હોય? એમનાથી દૂર રહેવું

अज्ञातशास्त्रसद्भावान्
शास्त्रमात्रपरायणान्।
त्यजेद् दूराद् भिषक्पाशान्
पाशान् वैवस्वतानिव॥७६॥

જે આયુર્વેદ શાસ્ત્રનો ખરો અર્થ (રહસ્ય) સમજ્યા ન હોય અને જે ફક્ત આયુર્વેદના શાસ્ત્રમાં જ આયુર્વેદનો પાઠ કરવામાં, આયુર્વેદના આચરણમાં નહિ, પણ ફક્ત આયુર્વેદના શાસ્ત્રમાં જ) રચ્યાપચ્યા રહેતા હોય એવા વૈદ્યો રૂપી ફાંસાને જમના ફાંસાની માફક દોઢ ગાઉ દૂર રાખવા.

સુપાત્ર વૈદ્યોની પ્રશંસા

भिषजां साधुवृत्तानां भद्रमागमशालिनाम्।
अभ्यस्तकर्मणां भद्रं भद्रं भद्राभिलाषिणाम्॥

ચારિત્ર્યશાળી, આયુર્વેદવિદ્યાથી શોભતા અને આયુર્વેદમાં કહેલી ક્રિયાઓ અનેક વાર જાતે કરી હોય એવા અને (સર્વનું) કલ્યાણ ઇચ્છનારા વૈદ્યોનુ ભલુ થજો, ભલું થજો, ભલું થજો.

અષ્ટાંગહૃદયની જરૂર

અષ્ટાંગસંગ્રહ હતો છતાં અષ્ટાંગહૃદય કેમ રચવું પડ્યું?

इति तन्त्रगुणैर्युक्तं तन्त्रदोषैर्विवर्जितम्।
चिकित्साशास्त्रमखिलं
व्याप्य यत् परितः स्थितम्॥७८॥
विपुलामलविज्ञानमहामुनिमतानुगम्।
महासागरगम्भीरसङ्ग्रहार्थोपलक्षणम्॥७९॥
अष्टाङ्गवैद्यकमहोदधिमन्थनेन
योऽष्टाङ्गसङ्ग्रहमहामृतराशिराप्तः।
तस्मादनल्पफलमल्पसमुद्यमानां
प्रीत्यर्थमेतदुदितं पृथगेव तन्त्रम्॥८०॥

આમ તંત્રના ગુણોવાળું પણ તંત્રના દોષો વિનાનુ, આખા ચિકિત્સાશાસ્ત્રને વ્યાપીને એને પોતાનામા સમાવીને રહેલું, વિશાળ અને વિમળ વિજ્ઞાનવાળા મહામુનિઓના મતને અનુસરતુ, મહાસાગર જેવા અગાધ અષ્ટાગસંગ્રહ નામના ગ્રંથનો અર્થને સૂચવતુ, અષ્ટાગ આયુર્વેદ(સૂ. ૧/૫, ૫૬)રૂપી મહાસાગરને વલોવવાથી જે અષ્ટાગસંગ્રહરૂપી મોટો અમૃતનો જથ્થો મળ્યો છે, તેમાથી જુદુ બનાવીને મહાફળવાળું આ (અષ્ટાગહૃદયરૂપી) તંત્ર થોડી મહેનત કરી શકે એવા માણસોને ખુશી કરવા માટે જુદું જ કહ્યું છે.

આ ગ્રંથની પવિત્રતા

इदमागमसिद्धत्वात्प्रत्यक्षफलदर्शनात्।
मन्त्रवत्संप्रयोक्तव्यं न मीमांस्यं कथञ्चन॥८१॥

આ તંત્ર (અષ્ટાંગહૃદય) આયુર્વેદથી સિદ્ધ થયેલુ હોવાથી અને એનુ ફળ પ્રત્યક્ષ અનુભવાતું હોવાથી એનો મંત્રની માફક ઉપયોગ કરવો, એ ખરું હશે કે નહિ એવી શંકા (તપાસ) કરવી નહિ.

આ ગ્રંથના પાઠ, અભ્યાસ અને આચરણનું ફળ

दीर्घजीवितमारोग्यं धर्ममर्थं सुखं यशः
पाठावबोधानुष्ठानैरधिगच्छन्त्यतो ध्रुवम्॥८२॥

આમાંથી (અષ્ટાંગહૃદયમાથી) આ ગ્રંથનો પાઠ કરવાથી, સમજવાથી અને એમા કહ્યા પ્રમાણે કરવાથી માણસને લાબી જિંદગી, આરોગ્ય, ધર્મ, અર્થ, સુખ અને યશ ચોક્કસ મળે છે.

एतत्पठन् सङ्ग्रहबोधशक्तः
स्वभ્યस्तकर्मा भिषगप्रकम्प्यः।
आकम्पयत्यन्यविशालतन्त्र-
कृताभियोगान् यदि तन्न चित्रम्॥८३॥

આ (અષ્ટાંગહૃદય નામનુ તંત્ર) ભણીને, અષ્ટાંગસંગ્રહ નામનો ગ્રંથ સમજવાને શક્તિ-

વાળી ચિકિત્સાથી પણ (=ચિકિત્સા કરવા છતાં પણ) દરદી મરી જાય છે એ વાત ખરાબર નથી. જે જેનો ઉપાય છે તે તેનો ઉપાય ન હોય એવું બની શકે નહિ. (ચારે પાદની સાધન-સંપત્તિવાળી ચિકિત્સાથી જ જે રોગ મટે એવો હોય તે રોગમાં એવી ચિકિત્સા ઉપાય છે, એવા રોગમાં એવી ચિકિત્સા ઉપાય ન હોય એવું બની શકે નહિ.)

अपि चोपाययुक्तस्य धीमतो जातुचित् क्रिया।
न सिध्येद्दैववैगुण्यान्न त्वियं षोडशात्मिका॥

અને વળી ઉપાયવાળા બુદ્ધિશાળી માણસને પણ દુર્ભાગ્યને લીધે (નસીબ આડું આવતું હોવાથી) કેટલીક વાર ક્રિયા ફળતી નથી (ક્રિયા કરવાથી રોગ મટતો નથી) પણ તેવા પ્રસંગોમાં તો એ ક્રિયા સોળે કળાએ (સૂ. ૧/૨૬ક્રે થી ૨૯) સંપૂર્ણ હોતી નથી (કારણ કે દૈવ કંઈ ને કંઈ બાબતની કટોકટી ઊભી કરીને સોળમાંથી એક કે વધારે કળાનો લાભ ન મળી શકે એવી પરિસ્થિતિ ઊભી કરે છે.)

कस्यासिद्धोऽग्नितोयादिः स्वेदस्तम्भादिकर्मणि।
न प्रीणनं कर्शनं वा कस्य क्षीरं गवेधुकम्॥६८
कस्य माषात्मगुप्तादौ वृष्यत्वे नास्ति निश्चयः।
विण्मूत्रकरणाक्षेपौ कस्य संशयितौ यवे॥६९॥
विषं कस्य जरां याति मन्त्रतन्त्रविवर्जितम्।
कः प्राप्तः कल्यतां पथ्यादृते रोहिणिकादिषु॥

શેક કરવાના કામમાં દેવતા કોને નિષ્ફળ નીવડ્યો? સ્તંભ વગેરે કરવામાં પાણી વગેરે કોને નિષ્ફળ નીવડ્યું? દૂધે કોનું પ્રીણન ન કર્યું? ગવેધુકથી કોણ દૂબળું નથી પડ્યું? અડદ, કૌંચાં વગેરે વૃષ્ય છે એવો કોને નિશ્ચય નથી થયો? જવ ઝાડોપેશાબ બનાવીને બહાર કાઢે છે એ વાતમાં કોને સંશય છે? મંત્ર ભણ્યા વિના ઝેર કોને પચી ગયું? રોહિણી વગેરે રોગોમાં પથ્ય વિના કોણ સાજું થયું? (આ બધા દાખલા ઉપરથી સિદ્ધ થાય છે કે જે જેનો ઉપાય છે તે તેનો ઉપાય ન હોય-એ ઉપાય એમાં નિષ્ફળ જાય-એવું બનતું નથી.)

अपि चाकालमरणं सर्वसिद्धान्तनिश्चितम्।
महताऽपि प्रयत्नेन वार्यतां कथमन्यथा॥७१॥

વળી મરણ અકાળે થાય છે (મનુષ્યના આયુષ્યનો કાળ સો વરસનો છે; છતાં સો વરસે મરણ ન થતાં રોગ વગેરે કારણોથી એ વહેલું આવે છે) એવું બધા સિદ્ધાંતે નક્કી છે તો પછી ગમે તેટલો મોટો પ્રયત્ન કરીએ તોપણ એ અકાળ મરણ ચિકિત્સા સિવાય બીજી કઈ રીતે રોકી શકાય? (ચિકિત્સા વિના રોગ મટે નહિ, રોગ ન મટે તો માણસ પૂરાં સો વર્ષ જીવી શકે નહિ, માણસ પૂરાં સો વર્ષ જીવે નહિ તો આયુર્વેદ, ધર્મશાસ્ત્ર બધાંએ સર્વાનુમતે બાંધેલી મનુષ્યના આયુષ્યની સો વર્ષની મુદત ખોટી ઠરે, પણ એ મુદત ખોટી નથી તેથી ચિકિત્સાની જરૂર છે.)

चन्दनाद्यपि दाहादौ रूढमागमपूर्वकम्।
शास्त्रादेव गतं सिद्धिं ज्वरे लङ्घनबृंहणम्॥

દાહ વગેરે રોગોમાં ચંદન વગેરેનો ઉપાય પણ રૂઢ થઈ ગયો છે (લોકોમાં તે ચલિત થઈ ગયો છે) તે આયુર્વેદને આધારે જ થયો છે. તાવમાં પહેલી (તાવ ઊતરે ત્યાં સુધી) લાંઘણ અને પછી બૃંહણ એ ક્રમે જે સિદ્ધ થઈ ગયો છે (લોકોમાં પ્રચલિત થઈ ગયો છે) તે પણ આયુર્વેદશાસ્ત્રમાંથી જ થયો છે.

चतुष्पाद्गुणसम्पद्ये सम्यगालोच्य योजिते।
मा कृथा व्याधिनिर्घातं विचिकित्सां चिकित्सते॥७३॥

તેથી (સૂ. ૧/૨૬ક્રેથી ૨૯વાળા) ચારે પાદના સોળે ગુણોવાળી ચિકિત્સા બરાબર વિચાર કરીને કરવામાં આવે, તો રોગનો નાશ થાય એ બાબતમાં શંકા આણવી નહિ.

एतद्धि मृत्युपाशानामकाण्डे छेदनं दृढम्।
रोगोत्त्रासितभीतानां रक्षासूत्रमसूत्रकम्॥७४॥

આ (આયુર્વેદ) તો રોગોરૂપી અણધાર્યા મોતના ફાંસાને કાપી નાખવાનું મજબૂત સાધન છે અને (રોગ થયા પછી) રોગથી ત્રાસેલા અને બીનેલા લોકોની સૂતર (દોરા) વિનાની રાખડી છે.

કુપાત્ર વૈદ્યના હાથમાં આવેલું આયુર્વેદરૂપી અમૃત પણ ઝેર બને છે

एतत्तदमृतं साक्षाज्जगदायासवर्जितम्।
याति हालाहलत्वं तु सद्यो दुर्भाजनस्थितम्॥

આ (આયુર્વેદ) તો જગતને દરિયો વલોવવાની મહેનત આપ્યા વિના સાંપડેલું સાક્ષાત્ અમૃત છે. પણ એ આયુર્વેદરૂપી અમૃતને કુપાત્રમાં (૧. ખરાબ વાસણમાં, ૨. અનધિકારી માણસમાં) રાખવામાં આવે, તો એ હળાહળ ઝેર બની જાય છે.

કુપાત્ર વૈદ્ય કેવા હોય? એમનાથી દૂર રહેવું

अज्ञातशास्त्रसद्भावान्
शास्त्रमात्रपरायणान्।
त्यजेद् दूराद् भिषक्पाशान्
पाशान् वैवस्वतानिव॥७६॥

જે આયુર્વેદ શાસ્ત્રનો ખરો અર્થ (રહસ્ય) સમજ્યા ન હોય અને જે ફક્ત આયુર્વેદના શાસ્ત્રમાં જ આયુર્વેદનો પાઠ કરવામાં, આયુર્વેદના આચરણમાં નહિ, પણ ફક્ત આયુર્વેદના શાસ્ત્રમાં જ) રચ્યાપચ્યા રહેતા હોય એવા વૈદ્યો રૂપી ફાંસાને જમના ફાંસાની માફક દોઢ ગાઉ દૂર રાખવા.

સુપાત્ર વૈદ્યોની પ્રશંસા

भिषजां साधुवृत्तानां भद्रमागमशालिनाम्।
अभ्यस्तकर्मणां भद्रं भद्रं भद्राभिलाषिणाम्॥

ચારિત્ર્યશાળી, આયુર્વેદવિદ્યાથી શોભતા જણે આયુર્વેદમાં કહેલી ક્રિયાઓ અનેક વાર જાતે કરી હોય એવા અને (સર્વનું) કલ્યાણ ઇચ્છનારા વૈદ્યોનુ ભલું થજો, ભલું થજો, ભલું થજો.

અષ્ટાંગહૃદયની જરૂર

અષ્ટાંગસંગ્રહ હતો છતાં અષ્ટાંગહૃદય કેમ રચવું પડ્યું?

इति तन्त्रगुणैर्युक्तं तन्त्रदोषैर्विवर्जितम्।
चिकित्साशास्त्रमखिलं
व्याप्य यत् परितः स्थितम्॥७८॥
विपुलामलविज्ञानमहामुनिमतानुगम्।
महासागरगम्भीरसङ्ग्रहार्थोपलक्षणम्॥७९॥
अष्टाङ्गवैद्यकमहोदधिमन्थनेन
योऽष्टाङ्गसङ्ग्रहमहामृतराशिराप्तः।
तस्मादनल्पफलमल्पसमुद्यमानां
प्रीत्यर्थमेतदुदितं पृथगेव तन्त्रम्॥८०॥

આમ તંત્રના ગુણોવાળું પણ તંત્રના દોષો વિનાનું, આખા ચિકિત્સાશાસ્ત્રને વ્યાપીને એને પોતાનામાં સમાવીને રહેલું, વિશાળ અને વિમળ વિજ્ઞાનવાળા મહામુનિઓના મતને અનુસરતું, મહાસાગર જેવા અગાધ અષ્ટાંગસંગ્રહ નામના ગ્રંથના અર્થને સૂચવતું, અષ્ટાંગ આયુર્વેદ(સૂ. ૧/૫, પૃ.)રૂપી મહાસાગરને વલોવવાથી જે અષ્ટાંગસંગ્રહરૂપી મોટો અમૃતનો જથ્થો મળ્યો છે, તેમાંથી જુદું બનાવીને મહાફળવાળું આ (અષ્ટાંગહૃદયરૂપી) તંત્ર થોડી મહેનત કરી શકે એવા માણસોને ખુશી કરવા માટે જુદું જ કહ્યું છે.

આ ગ્રંથની પવિત્રતા

इदमागमसिद्धत्वात्प्रत्यक्षफलदर्शनात्।
मन्त्रवत्संप्रयोक्तव्यं न मीमांस्यं कथञ्चन॥८१॥

આ તંત્ર (અષ્ટાંગહૃદય) આયુર્વેદથી સિદ્ધ થયેલું હોવાથી અને એનું ફળ પ્રત્યક્ષ અનુભવાતું હોવાથી એનો મંત્રની માફક ઉપયોગ કરવો, એ ખરું હશે કે નહિ એવી શંકા (તપાસ) કરવી નહિ.

આ ગ્રંથના પાઠ, અભ્યાસ અને આચરણનું ફળ

दीर्घजीवितमारोग्यं धर्ममर्थं सुखं यशः
पाठावबोधानुष्ठानैरधिगच्छत्यतो ध्रुवम्॥८२॥

આમાંથી (અષ્ટાંગહૃદયમાંથી) આ ગ્રંથનો પાઠ કરવાથી, સમજવાથી અને એમાં કહ્યા પ્રમાણે કરવાથી માણસને લાંબી જિંદગી, આરોગ્ય, ધર્મ, અર્થ, સુખ અને યશ ચોક્કસ મળે છે.

एतत्पठन् सङ्ग्रहबोधशक्तः
स्वभ्यस्तकर्मा भिषगप्रकम्प्यः।
आकम्पयत्यन्यविशालतन्त्र-
कृताभियोगान् यदि तन्न चित्रम्॥८३॥

આ (અષ્ટાંગહૃદય નામનું તંત્ર) ભણીને, અષ્ટાંગસંગ્રહ નામનો ગ્રંથ સમજવાને શક્તિ-

માન થઈને, ક્રિયાઓ કરવાની સારી રીતે ટેવ પાડીને કોઈથી ગાંજ્યો ન જાય એવો ખનેલો વૈદ્ય બીજાં (અષ્ટાંગહૃદય કરતાં) મોટાં તંત્રોમાં મહેનત કરીને તૈયાર થયેલા વૈદ્યોને મુંઝાવી નાખે (હંફાવે) તો એમાં કાંઈ નવાઈ જેવું નથી.

આ ગ્રંથની અપૂર્વતા

यदि चरकमधीते तद् ध्रुवं सुश्रुतादि-
प्रणिगदितगदानां नाममात्रेऽपि बाह्यः।
अथ चरकविहीनः प्रक्रियायामखिन्नः
किमिव खलु करोतु व्याधितानां वराकः॥

જો કોઈ એકલા ચરકનો જ અભ્યાસ કરે તો એ માણસને સુશ્રુત વગેરેએ કહેલા રોગોનાં નામ પણ આવડતાં નથી (કારણ કે સુશ્રુતમાં શલ્યશાલાક્ય તંત્ર લખેલાં છે પણ ચરકમા એ તંત્રો વિસ્તારથી લખેલા નથી); હવે જો એક માણસ ચરકનો અભ્યાસ ન કરે પણ ફક્ત સુશ્રુતનો જ અભ્યાસ કરે, તો એણે ચરકમાં કહેલી પ્રક્રિયાઓ શીખવાની મહેનત કરેલી ન હોવાથી એ બિચારો રોગીઓનું શું ભલું કરે? (માટે ચરક અને સુશ્રુત બંનેનો જેમાં સમાવેશ થાય છે એવું અષ્ટાંગહૃદય ભણવાથી દરદીનું ભલું થઈ શકે છે.)

આ ગ્રંથ આયુર્વેદના નિચોડરૂપ અને ટૂંકો છે

अभिनिवेशवशादभियुज्यते
सुभणितेऽपि न यो दृढमूढकः।
पठतु यत्नपरः पुरुषायुषं
स खलु वैद्यकमाद्यमनिर्विदः॥ ८५॥

હવે બ્રહ્માએ મૂળ કહેલા આયુર્વેદ ઉપર આસક્તિને લીધે જે માણસ આ સારી રીતે કહેવાયલા અષ્ટાંગહૃદયમાં ચિત્ત પરોવતો નથી તે મહામૂર્ખ આખા માનવજીવનભર (સો વર્ષ સુધી) કંટાળ્યા વિના વૈતરું કર્યા કરીને ભલે મૂળ (બ્રહ્માએ કહેલો એક લાખ શ્લોકોવાળો) આયુર્વેદ ભણ્યા કરે.

સારી રીતે રજૂ કરેલા સત્યનો સ્વીકાર ગમે તેની પાસેથી પણ કરવો

वाते पित्ते श्लेष्मशान्तौ च पथ्यं
तैलं सर्पिर्माक्षिकं च क्रमेण।
एतद् ब्रह्मा भाषते ब्रह्मजो वा
का निर्मन्त्रे वक्तृभेदोक्तिशक्तिः॥८६॥

તેલ, ઘી અને મધ અનુક્રમે વાયુનું, પિત્તનું અને કફનું શમન કરે છે એ હકીકત બ્રહ્મા કહે કે બ્રહ્માના પુત્ર (સનત્કુમાર વગેરે) કહે. બોલનાર બદલાય તેથી મંત્ર ન હોય એવી (તેલ, ઘી અને મધ જેવી) વસ્તુઓની શક્તિમાં ફેર પડતો નથી. (મંત્ર ભણનારની શક્તિ ઉપર મંત્રની શક્તિનો આધાર છે, પણ તેલ વગેરેની શક્તિનાં ગુણગાન કોણ કરે છે તેના ઉપર તેલ વગેરેની શક્તિનો આધાર નથી. જે ઉપદેશ બ્રહ્માએ આપ્યો છે તે જ ઉપદેશ વાગ્ભટે આપ્યો છે. તે પછી બ્રહ્માએ કહ્યું તે ખરું અને એ જ ઉપદેશ વાગ્ભટે કહ્યો તેથી ખોટો એવું હોઈ શકે નહિ.)

अभिधातृवशात् किंवा द्रव्यशक्तिर्विशिष्यते।
अतो मत्सरमुत्सृज्य
माध्यस्थ्यमवलम्ब्यताम्॥ ८७॥

દ્રવ્યમાં કંઈ કંઈ શક્તિ રહેલી છે તે વાત કહેનાર માણસને લીધે દ્રવ્યની પોતાની શક્તિમાં શું કંઈ વધારો થઈ જતો હશે? (તેલથી વાયુ મટે છે એવું વાગ્ભટ કહે તેથી તેલની વાયુ મટાડવાની શક્તિ ઘટી જાય અને એ જ વાત બ્રહ્મા કહે તેથી શું તેલની વાયુ મટાડવાની શક્તિ વધી જતી હશે?) માટે દ્વેષ છોડી દઈને તટસ્થ બનો. (ગ્રંથ સારો છે કે નહિ તેનો નિર્ણય એ કોણે લખ્યો છે તે ઉપરથી ન કરતાં એમાં શું લખ્યું છે તે ઉપરથી કરો).

ऋषिप्रणीते प्रीतिश्चेन्मुक्त्वा चरकसुश्रुतौ।
भेडाद्याः किं न पठ्यन्ते
तस्माद्ग्राह्यं सुभाषितम्॥ ८८॥

જો ઋષિઓએ રચેલા ગ્રંથો (તંત્રો) ઉપર પ્રીતિ હોય તો ચરક અને સુશ્રુતને છોડી દઈને ભેડ વગેરે મુનિઓના ગ્રંથોનો અભ્યાસ કેમ કરતા નથી? (ભેડ, જાતૂકર્ણ વગેરે મુનિઓના ગ્રંથોનો અભ્યાસ ન કરતાં વૈદ્યો ચરક અને સુશ્રુતનો અભ્યાસ કરે છે તે ઉપરથી સાબિત

થાય છે કે) સુભાષિતનો (જે સત્ય સારી રીતે કહેવાયેલું હોય તેનો) સ્વીકાર થવો જોઈએ. (અષ્ટાંગહૃદયમાં પણ આયુર્વેદનો જ ઉપદેશ સારી રીતે રજૂ કરેલો હોવાથી એનો સ્વીકાર કરવો જોઈએ.)

'અષ્ટાંગહૃદય' નામની સાર્થકતા

हृदयमिव हृदयमेतत्सर्वायुर्वेदवाङ्मयपयोधेः ।
कृत्वा यच्छुभमाप्तं
शुभमस्तु परं ततो जगतः ॥८९॥

માણસના હૃદય જેવું આખા આયુર્વેદના બધા સાહિત્ય(ગ્રંથો)રૂપી સાગરનું આ હૃદય (અષ્ટાંગહૃદય) બનાવવાથી મને જે પુણ્ય થયું છે, તે પુણ્યથી જગતનું કલ્યાણ થાવ (મને થયેલું પુણ્ય હું જગતને સમર્પણ કરું છું).

જેમ મનુષ્યનું હૃદય શરીરમાં અમુક જગાએ રહેલું હોવા છતાં પોતાનામાંથી નીકળતી દશ મૂળ શિરાઓ દ્વારા આખા શરીરમાં વ્યાપેલું છે તેમ આ અષ્ટાંગહૃદય આયુર્વેદના ગ્રંથોમાંનો એક જ ગ્રંથ હોવા છતાં એના છ સ્થાનો અને આઠ અંગો દ્વારા આખા આયુર્વેદના બધા ગ્રંથોમાં વ્યાપેલું છે અને આ ગ્રંથ આયુર્વેદના સાહિત્યના હૃદયરૂપ છે.

इत्यष्टाङ्गहृदये संहितायां षष्ठे उत्तरस्थाने वाजीकरणविधिर्नाम चत्वारिंशोऽध्यायः ॥४०॥

समाप्त